॥ ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

શ્રીશ્વેતાયનવ્યાસ વિરચિતા

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા





પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

આંતરરાષ્ટ્રીય વિદ્વાન વિશ્વવંદનીય પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
(M.A., Ph.D., D.Phil., D.Litt)

: સંહિતાના સંક્ષિપ્ત ગુજરાતી અનુવાદક :
અનાદિ મહામુક્તરાજ પુજ્ય શ્રીહેમંતભગત

: પ્રાપ્તિ સ્થાન :
પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :
શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો ગુજરાતી સારાંશ અનુવાદ કરનાર પૂજ્ય હેમંત ભગત

મહારાજના અનંત મુક્તોમાના એક અનાદિમહામુક્ત એટલે પૂજ્ય હેમંત ભગત જેમનો જન્મ તા.૧૫-૭-૧૯૪૨ (અષાઢ સુદ-૨)ના રોજ જેતપુર ગામે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ નાનજીભાઈ કાચા તેમજ માતુશ્રીનું નામ અંબાબેન કાચા હતું. તેમણે ૧૧ વર્ષની નાની ઉંમરે મહારાજની શરણાગતી સ્વીકારી જનોઈ-દીક્ષામંત્ર ગ્રહણ કર્યા. ત્યારથી હંમેશાને માટે મહારાજની આજ્ઞા પ્રમાણે જ તે પવિત્રપણે જીવન જીવતા.

મહારાજના શિષ્ય સંત મંડળમાં મુખ્ય શિષ્ય કોઠારી શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી, શ્રી આત્મપ્રકાશદાસજી સ્વામી, શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી, શ્રી જ્ઞાન પ્રકાશદાસજી સ્વામી તેમજ હેમંત ભગત હતા. સૌ શિષ્યો પોતાની સમજણ અને શક્તિ પ્રમાણે મહારાજની સેવા કરતા પરંતુ પૂજ્ય હેમંત ભગતને મહારાજનો પરિપૂર્ણ મહિમા સમજાયો હતો. જેથી તેઓએ રાતદિવસ મહારાજની આજ્ઞા પ્રમાણે સેવા-ભક્તિ કરી એટલું જ નહી પરંતુ જે ભક્તો જૂનાગઢ મહારાજના દર્શને આવતા તેમને મહારાજનો યર્થાથ મહિમા સમજાવતા અને કંઈ રીતે મહારાજની સેવા કરી વિશેષ રાજી કરવા તે જ્ઞાન પણ આપતા ઉપરાંત ભક્તોને મીઠો આવકાર ચા-પાણી મહાપ્રસાદ જમાડીને પણ રાજી કરવા આવી અનેક પ્રકારની સેવા ભક્તોની પણ કરતા.

હેમંત ભગતે પોતાના જીવનમાં ભેગી થયેલી ધોતિયાની, દક્ષિણાની મુડી પણ ફુલવાડી મંદિરના કાર્યમાં અર્પણ કરી હતી. તેમજ ભવિષ્યમાં શ્રીહરિશરણાગતિ મંડળમાં ભક્તોને કથાવાર્તા કરવામાં અતિ ઉપયોગી થાય તે માટે રાત-દિવસ મહેનત કરી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો ગુજરાતી સારાંશ ગ્રંથ તૈયાર કરી મંડળને અર્પણ કર્યો. આ રીતે ૪૦ વર્ષ સુધી સેવા કરી અંતે બાવન વર્ષની ઉંમરે તા.૧૨-૨-૧૯૯૮ (મહા વદ-૧)ના રોજ પરમધામ સીધાવ્યા.

હેમંત ભગતના દિવ્ય દેહનો અગ્નિ સંસ્કાર ફુલવાડી મંદિરની ભૂમિ પર ભક્તો દ્વારા કરવામાં આવ્યો. તે પ્રસાદીના સ્થાનમાં હાલમાં સ્મૃતિ મંદિર છે. આ રીતે મહારાજે પોતાના હનુમાન જેવા સેવક અનાદિ મહામુક્તરાજ હેમંત ભગતને પોતાની સાથે દિવ્યરૂપે ફુલવાડી મંદિરમાં પણ પોતાની સેવામાં રાખ્યા છે.

પૂજ્ય હેમંત ભગતમાં રહેલા જે સંતના સદ્‌ગુણો અને મહારાજની આજ્ઞા અને ઉપાસનાનું બળ આપણા સૌ ભક્તોમાં પણ આવે એવી પ્રાર્થના સાથે જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ...

લી. શ્રી કૃષ્ણપ્રકાશ સ્વામી, જૂનાગઢધામ

❖ મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો મહિમા ❖

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ - અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીશ્વેતાયન વ્યાસ રચિત આ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા ચાર ભાગમાં છે.

૧. કૃતયુગ સંતાન (અધ્યાય-૫૯૦), ૨. ત્રેતાયુગ સંતાન (અધ્યાય-૩૦૦), ૩. દ્વાપરયુગ સંતાન (અધ્યાય-૨૩૭), ૪. તિષ્યયુગ સંતાન (અધ્યાય-૧૨૩).

આ રીતે સંહિતામાં કુલ ૧૨૫૦ અધ્યાયો છે. શ્લોક સંખ્યા ૧,૨૬,૦૦૦ છે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના ચાર ભાગ અથવા એક ભાગ અથવા એક અધ્યાય અથવા એક શ્લોક પણ જે વાંચશે કે શ્રવણ કરશે તેના સર્વ સંકલ્પ પૂર્ણ થશે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા રાધાની જેમ સંપત્તિ આપનારી, ગંગાની જેમ પાપનો નાશ કરનારી, શંકરની જેમ સુખકારી, ગણેશની જેમ વિઘ્નો નાશ કરનારી, હનુમાનની જેમ મહાશક્તિ આપનારી, કામધેનુની જેમ સર્વ સંકલ્પ પુરનારી તેમજ કલ્પવૃક્ષ સમાન, ચિંતામણી સમાન, વાસના તોડનારી, સર્વે વ્રતથી ભરપૂર અનાદિશ્રીકૃષ્ણનારાયણની શબ્દમૂર્તિ એવી આ સંહિતા લાખો અશ્વમેધ યજ્ઞના ફળને આપનારી છે અને લાખો વિષ્ણુયાગના ફળને આપનારી છે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવાથી, શ્રવણથી તેમજ પુજનથી આ બ્રહ્માંડનું દાન કર્યુ હોય તેટલું ફળ પ્રાપ્ત થાય છે. સંહિતાના શ્રવણથી ભગવાન સ્વયં આત્મામાં વાસ કરે છે, મનુષ્ય લક્ષ્મી અને બ્રહ્મશક્તિવાળો થાય છે અને પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરે છે. પરમધામ, અક્ષરધામ, અવ્યાકૃતધામ, અમૃતધામ, ગોલોક, વૈકુંઠ, વૈરાજપદ, બ્રહ્મપદ, ઈન્દ્રપદ આદિક સર્વલોકની પ્રાપ્તિ આ સંહિતાના સાંભળવાથી થશે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અનાદિશ્રીકૃષ્ણનારાયણના હૃદય સમાન છે. તેથી તે સર્વ પ્રતિષ્ઠાના ફળને આપનારી, સર્વ સેવાના ફળને આપનારી, સર્વ વિદ્યાના ફળને આપનારી, પતિવ્રતા સતીધર્મના ફળને આપનારી, સર્વે વાસનાનો નાશ કરનારી, સર્વ ભોગ સમૃદ્ધિ આપનારી તેમજ સર્વ વ્રત, દાન, યજ્ઞ, પુણ્ય, કર્મ, તપ, દિક્ષા, ત્યાગ, ધર્મ સર્વના ફળને આપનારી છે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા ઘરમાં વસાવી તેનું દર્શન પુજન કરવાથી સંપત્તિ અને મોક્ષ અપાવનારી છે તેમજ કાળ અને માયાનો નાશ કરનારી છે. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ બ્રહ્મપ્રિયાઓ, મુક્તમંડળ, સર્વે નારાયણો અને ઈશ્વરો સહિત વાસ કરે છે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા, પારાયણ તેમજ પુરુશ્ચરણ કરાવવાથી અસદ્ ગતિમાં ગયેલાનો તથા ભૂતાદિનો મોક્ષ થાય છે, દુઃખ દારિદ્ર નાશ પામે છે તેમજ ધન, સંપત્તિ અને વંશ વૃદ્ધિ થાય છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના વક્તા અને મારામાં જરાપણ ફેર ન ગણવો કારણ કે, મારો પ્રવેશ વક્તામાં થાય છે. વ્યાસપીઠેથી મેળવેલા આશિર્વાદ સફળ થાય છે. વક્તા વ્યાસના પ્રસાદીના હારથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વ્યાસના દર્શનથી શ્રીકૃષ્ણના દર્શન તુલ્ય ફળ થાય છે. વક્તા વ્યાસના સ્પર્શથી પ્રભુના સ્પર્શનું ફળ પ્રાપ્ત થાય છે. વક્તા વ્યાસના દર્શનથી પણ નરનારી દિવ્ય બને છે માટે વક્તા વ્યાસની અન્ન-ધન-વસ્ત્રથી યથાશક્તિ પુજા કરવી.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા દરમિયાન સુવર્ણના આસન પર સ્થાપના કરી તેમજ મહામંડપની રચના કરી કથા સાંભળવી તથા સંહિતાની નિત્યપુજા-આરતી કરવી તેમજ કથા દરમિયાન સાધુ-સાધ્વી, વિપ્રો, અનાથ, ગરીબ બાળકોને ભોજન કરાવવા અને કથાની પૂર્ણાહુતિએ સંહિતાને શણગારી હાથી પર, વાહનમાં અથવા મસ્તક પર મુકી ગામમાં અને શહેરમાં પોથીયાત્રા કરવી અને સાથે હજારો ભક્તોએ ધુન-કિર્તન, ઉત્સવ કરવા પછી રાજમહેલમાં શ્રીમંતને ત્યાં, વૈષ્ણવ ભક્તોને ત્યાં સંહિતાને પધરાવવી. કુમારિકાઓ તથા સૌભાગ્યવતીઓએ વિદ્યા-ધન-સંતાન-આરોગ્ય સર્વ પ્રાપ્તિ માટે કંકુચોખાથી સંહિતાની પુજા કરવી.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા ગ્રંથ માનવસમાજને ભક્તિનો માર્ગ બતાવનારો, જ્ઞાન-વિજ્ઞાન સમજાવનારો, મનુષ્ય માત્રને પોતાનાં કર્તવ્યનું ભાન કરાવનારો છે. હિન્દુ સમાજના તમામ ધર્મો આમાં સમાયેલા છે તેમજ આ સંહિતા ઋષિમુનિઓને, જ્ઞાનીઓને, વિજ્ઞાનીઓને, પંડિતોને તેમજ રાજશ્રીઓને પણ ત્રણ કાળનું દર્શન, વિશ્વનું દર્શન અને ભગવાનનું દર્શન કરાવનારો છે અને આ ગ્રંથ ભગવાનના લીલા-ચરિત્રોથી ભરપુર છે. મનુષ્યોની સામાજીક, રાજકીય, વ્યવહારિક તેમજ આધ્યાત્મિક માર્ગમાં મનુષ્યોને કોઈપણ કઠિન સમસ્યા હશે તેનો ઉકેલ આ ગ્રંથમાં મળી રહેશે, એટલે જેને જેવો જોઈતો હશે તેવો સાર આ ગ્રંથમાં મળી રહેશે.

આ ગ્રંથ ભવિષ્યમાં હિન્દુઓના મહાધર્મ ગ્રંથ તરીકે ઓળખાશે. આ ગ્રંથ તુલ્ય કોઈ શાસ્ત્ર નથી માટે જ વિશ્વના અનેક વિદ્વાન પંડિતોએ આ ગ્રંથને હૃદયથી વખાણ્યો છે.

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણનું મુક્તમંડળ એટલે શ્રીહરિ શરણાગતિ મંડળના અનેક ભક્તોના સંકલ્પને ધ્યાનમાં રાખી જગતના ધર્મપ્રેમી ભક્ત સમુદાયને અતિ ઉપયોગી એવું આ દિવ્ય કલ્યાણકારી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા જેનું સંસ્કૃતમાંથી ગુજરાતી

સારાંશ અનુવાદ અનાદિમહામુક્તરાજ પુજ્ય શ્રીહેમંત ભગતે મહામહેનતે કર્યુ હતું. તેમની હસ્તલિખીત પ્રત પરથી અતિ સુંદર શાસ્ત્રનું પ્રકાશન કાર્ય પ્રગટ ભગવાન તેમજ મુક્ત ભક્તોના રાજીપા અર્થે પ્રગટ ભગવાનની ૧૧૬મી જન્મજયંતિ નિમિત્તે જૂનાગઢધામ દ્વારા કરવામાં આવ્યું છે. અત્યંત ધ્યાનપૂર્વક આ શાસ્ત્રનું કાર્ય કરવા છતાંય કયાંય કોઈપણ પ્રકારની ભૂલ રહી ગઈ હોય તો અમને ક્ષમા કરવા તેમજ પરત ધ્યાન દોરવા વિનંતી છે.

અંતમાં આ મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં રહેલ દિવ્ય કલ્યાણકારી ઉપદેશો તેમજ આજ્ઞા-ઉપાસનાને આપણે સૌ કોઈ જીવનમાં અપનાવીને પ્રગટ ભગવાનના કૃપાપાત્ર બની દિવ્ય પરમધામમાં વાસ કરીયે એ જ અભ્યર્થના છે.

અનંત જીવાત્માઓના કલ્યાણ અર્થે આ શાસ્ત્રના પ્રકાશન કાર્યમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ પૂજ્ય નિર્ગુણજીવનદાસજી સ્વામીના શિષ્ય ધર્મવીર, દાનવીર, શૂરવીર, અક્ષરધામના મુક્તરાજ ભક્તરાજ શ્રી નારણભાઈ પ્રેમજીભાઈ ખોલીયા (ગામ - જામવંથલી, હાલ - પુના)'' જે ભક્તએ સેવા કરી છે તેમના પર પ્રગટ ભગવાન વિશેષ રાજી થઈ તેમને સર્વ પ્રકારે મહાસુખિયા કરે - સર્વ સંકલ્પો પૂર્ણ કરે તેમજ વિશેષ સેવાભક્તિનું બળ આપે એ જ પ્રાર્થના...

લી. શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી - જૂનાગઢધામ

*****

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ - શ્રીહરિશરણાગતિ મંડળ પરિચય

અનંત જીવાત્માઓના કલ્યાણ અર્થે સ્વયં અવતારી પરબ્રહ્મ પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ - શ્રીશ્વેતાયન વ્યાસ - શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સૌરાષ્ટ્રમાં મોટી કુંકાવાવ ગામની દિવ્યભૂમિ પર આસો વદ આઠમનો શનિવારે તા. ૨૧-૧૦-૧૯૦૫ ના પ્રાતઃકાળે ૪-૪૨ મિનિટે સૂર્યોદય પહેલા દેવાણી પટેલ કુળમાં માતા કંભરાલક્ષ્મી તેમજ પિતા ગોપાલકૃષ્ણના ખોળે પ્રગટ થયા.

પૃથ્વી પર ભગવાનના ઘણા અવતાર થયા પણ આ વખતે સ્વયં અવતારી પ્રભુ કૃપા કરી અનેક ભક્તોને શરણમાં લીધા અને પોતાના ધામનું સુખ અહિંયા આપી અનંત જીવોનું ઉદ્ધાર કરવા માટે શ્રીહરિ શરણાગતિ મંડળની સ્થાપના કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણ સંપ્રદાય ચાલુ કર્યો અને સંતોની પ્રણાલિકા ચાલુ કરી. મંદિર બાંધવા, બીજા જીવોને ભગવાન તરફ વાળવા શરણાગતિ મંડળના ભક્તોને ભગવાને પોતે સ્વહસ્તે દીક્ષા આપી સંત બનાવ્યા તેમજ અનંત અપાર ચમત્કાર, પરચા, ઐશ્વર્ય, દિવ્ય પ્રતાપ વાપરીને અનંત જીવોને શરણાગતિ આપી તેમજ યુગના આધારે અનેક શાસ્ત્રોની રચના કરીને સેવા, ભક્તિ, આજ્ઞા, ઉપાસના પ્રવર્તાવીને આત્યંતિક મોક્ષ પરમધામનો માર્ગ સુગમ કર્યો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના ૮૧ વર્ષના દિવ્ય જીવનકાળ દરમિયાન અનેક અકલ્પનીય અને અદ્‌ભુત કલ્યાણકારી દિવ્ય લીલાચરિત્રો કરી લોકકલ્યાણાર્થે દિવ્ય જીવન જીવી, તા. ૨૮-૨-૧૯૮૬ના રોજ પ્રાતઃકાળે જૂનાગઢના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પોતાના નિવાસસ્થાન શ્રીબાલમુકુંદભવનમાં સ્વેચ્છાએ પોતાના પંચભૌતિક દિવ્યદેહનો ત્યાગ કરી પોતાના પરમધામમાં સિધાવ્યા.

વર્તમાન સમયમાં શ્રીહરિશરણાગતિ મંડળના સૌ ભક્તો સાથે મળી પ્રગટ ભગવાનની આજ્ઞા પ્રમાણે કાર્યો કરી રહ્યાં છે તેમજ ધર્મમય દિવ્ય જીવન વ્યતિત કરી રહ્યાં છે. ઉપરાંત સૌ ભક્તો હિન્દુ ધર્મના પવિત્ર તહેવારો જેવા કે, 'શ્રાવણમાસ, અધિકમાસ, જન્માષ્ટમી, ગુરુપૂર્ણિમા તેમજ મહારાજની જન્મજયંતી-આસો વદ આઠમ અને સ્વધામગમન તિથી- મહા વદ ચોથ' આદિક પવિત્ર દિવસોએ કથા-વાર્તા, સત્સંગ, ધૂન-કિર્તન, યજ્ઞ અને મહાપ્રસાદ-જમણવાર આદિક આયોજનો કરી ધામધૂમપૂર્વક મહામહોત્સવો પણ ઉજવે છે.

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના હાલમાં બે ભવ્ય શિખરબંધ મંદિરો કુંકાવાવ તેમજ જામવંથલીમાં છે. તેમજ જૂનાગઢ, રાજકોટ, ખજૂરીપીપળીયા, અંજાર-કચ્છ, સુરત, મુંબઈ, પુના, ભંડારા, અગરવાડા (મધ્યપ્રદેશ) અને આલુર (આંધ્રપ્રદેશ) આદિક સ્થળોએ નાના હરિમંદિરો છે. શિખરબંધ મંદિરોમાં મધ્ય શિખરમાં મહારાજની પંચધાતુની મૂર્તિ તેમજ હરિમંદિરોમાં આરસની મૂર્તિ અને ચિત્ર પ્રતિમાની મૂર્તિ ભક્તોએ પધરાવી છે. પોતાની મૂર્તિમાં પ્રગટપણે રહી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સૌ ભક્તોને સર્વપ્રકારે મહાસુખીયા કરી, સૌનું કલ્યાણ કરે છે.

ભારતમાં અનેક સંપ્રદાયો છે, તેમાનો આ પણ એક 'અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સંપ્રદાય' છે, તેનું તમામ પ્રકારનું સંચાલન શ્રીહરિશરણાગતિ મંડળના ભક્તો કરી રહ્યા છે.

*****

વિદ્વાનોની દૃષ્ટિએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું દિવ્ય જીવન તેમજ સદ્ગુણો

ભારત પરમ પૂણ્ય ભૂમિ છે. વિદ્યાલય સંબંધ, ગુરુ પરંપરા, શાસ્ત્રોની સમાનતા, ઋષિ પરંપરાની સુરક્ષા વગેરેને કારણે વૈદિક આચાર તથા વિવિધ અવતારોની ભક્તિથી પવિત્ર બનેલી ભૂમિ એટલે ભારત દેશ.

ભારતની બે પ્રતિષ્ઠાઓ છે. એક દેવભાષા સંસ્કૃત અને બીજી ધાર્મિક સંસ્કૃતિ. ભારત વર્ષમાં ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના સમય પછી જગતને શાસ્ત્રીય સંશુદ્ધ-સંસ્કારિત શુદ્ધ ધન સાહિત્યરૂપે અર્પણ કરી ભારતની બંને પ્રતિષ્ઠા સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક જો કોઈ થયા હોય તો તે આંતરરાષ્ટ્રીય વિદ્વાન પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ થયા છે.

જ્યારે કોઈ રાષ્ટ્રના પૂર્વ સંચિત પૂણ્યનો ઉદય થાય છે ત્યારે એ રાષ્ટ્રનાં વિદ્યા, શૌર્ય, ચારિત્ર્ય, જ્ઞાન, ધર્મ અને સુસંસ્કારનો અદ્ભૂત વૈભવ લઈને કોઈ એવા મહાપુરુષ અવતરિત થાય છે, જે પોતાના નિષ્કલંક ચારિત્ર્ય, અલૌકિક પ્રતિભા અને અનંત જ્ઞાન-ગરિમાથી પોતાના રાષ્ટ્ર અને સમાજને સર્વકાલીન પુણ્યભાવિત કરી જાય છે. આ પુણ્યશાળી મહાનુભાવ એવું જંગમ તીર્થ હોય છે કે, કોઈપણ જીવ અલ્પકાળ માટે પણ એના સંપર્કમાં આવે તો તે જીવ તેજ સમયે ધર્મવર્ચસ્વ અને જ્ઞાનવર્ચસ્વનો અલૌકિક ચમત્કાર પામીને કથીરમાંથી સુવર્ણ બન્યા વિના રહેતો નથી.

એવી જ ઉદ્દાત સાત્ત્વિક પરંપરાના મુર્ધન્ય પરમપુરુષ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ (પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ)ના પ્રાગટ્ય વડે સૌરાષ્ટ્રનું કુંકાવાવ ગામ, તેમનું દેવાણી પટેલ કૂળ પવિત્ર બન્યું છે, તેઓશ્રીના માતા કંભરાલક્ષ્મી અને પિતા ગોપાલકૃષ્ણ પણ કૃતાર્થ બન્યા છે. તેમજ સ્વયં પૃથ્વી દેવી પણ વિશેષ પુણ્યશાળી બની છે.

મહારાજ બાળપણથી જ યોગીરાજ જેવા સુખ-શાંતિવાળા દૈવીમૂર્તિ, તેજસ્વી મૂર્તિ હતા. ભગવાનની મૂર્તિ પાસે બેસી તાલી પાડી ભજન કરતા, પાંચમા વર્ષથી જ પૂજા કરતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતીભાશાલી મહાન લેખક છે, ગૌરવશાળી સંત છે, ભારતીય સંસ્કૃતિના પરમ પવિત્ર મહાત્મા છે તથા સંસ્કૃત સાહિત્ય, વ્યાકરણ, કાવ્ય, પુરાણ, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર, ન્યાય, તર્ક, વેદાંત, મિમાંસા, સાંખ્ય, યોગ તેમજ વેદોનાં અવિવાદાસ્પદ તેજસ્વી મહાન સ્કોલર પણ છે. તેથી મહારાજની ગણના વિશ્વના પ્રથમ કોટિના વિદ્વાનો, મહાકવિઓ અને સંસ્કૃતના પ્રકાંડ પંડિતોમાં થાય છે.તેમજ તેમની લેખિની બધાં તત્ત્વજ્ઞાનોની અભિવ્યક્તિ કરવામાં અપ્રતિહત સફળ ગતિવાળી છે.

મહારાજે સંસ્કૃતના શાસ્ત્રોનાં અધ્યયન, અધ્યાપન, લેખન, વ્યાખ્યાન આદિ ખૂબ કુશળતાપૂર્વક કર્યા છે, તેમજ કઠિનમાં કઠિન ગણાતા ગહન વિષયોને પોતાની કુશળતા વડે સર્વ સામાન્યને માટે પ્રભાવશાળી રીતિઓ વડે સર્વ સુલભ બનાવ્યા છે.

આપણાં દેશમાં મહાપુરુષોની ખાણો છે, પણ વિદ્વતા, સર્વશાસ્ત્રીય વિદ્વતા, ભક્તિમત્તા, નૈષ્ઠિકતા, શાસ્ત્રરચયિતૃતતા, સારસ્વતોપાસના, વૈષ્ણવતા, સાત્ત્વિકતા, નિર્વ્યસનિતા, શુદ્ધિ, પંચદેવોપાસના, ધાર્મિકતા, દ્વિજતા, કલ્યાણ વ્રતિમત્તા આવા અમૂલ્ય ગુણો જેમાં મળે તે તો ઈશ્વરનો પણ ઈશ્વર છે માટે જ મહારાજના જ્ઞાન-કર્મ-ભક્તિનાં પવિત્ર ત્રિવેણી સંસ્પર્શથી જ સમગ્ર વાતાવરણ પવિત્ર થઈ જાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં હજારો સંતોમાં એકમાત્ર સ્વામીશ્રી સંસ્કૃતના તમામ વિષયોમાં આચાર્ય થઈ મહાન વિદ્વાન બન્યા, જેથી તેઓ 'આચાર્ય' પદ્વીને પ્રાપ્ત કરીને 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ' એવાં શુભ નામથી સંપ્રદાયમાં તેમજ વિશ્વમાં પ્રસિદ્ધીને પામ્યા છે.

મહારાજના અદ્ભૂત શાસ્ત્રો ભારતીય સંસ્કૃત તેમજ સંસ્કૃતિનું રક્ષણ કરનારા તેમજ ગૌરવ વધારનારા હોવાથી આવા સર્વશ્રેષ્ઠ વિદ્વાન સંત સરકારને અને દેશને સદા માન્ય થયા છે.

મહારાજનું જીવન ત્યાગી સંત તેમજ મુમુક્ષુ બંને માટે જબરદસ્ત પ્રેરણાદાયક છે.

જે રાષ્ટ્રની સંસ્કૃતિ તેમના તત્ત્વચિંતકો પાસેથી સંસ્કારો મેળવે છે તેમજ મહારાજ જેવા સંતોના મહાન કાર્યોને બિરદાવે છે, તે રાષ્ટ્ર ચોક્કસ મહાન જ હોય છે. તેમાં બે મત નથી.

એક તરફ ન્યાય તાર્કિક, બીજી તરફ શ્રુતિ વૈદાંતિક, ત્રીજી તરફ સાંખ્ય યૌગિક, ચોથી તરફ મીમાંસાનુષ્ઠાનિક, પાંચમી તરફ ઐતિહાસિક, છઠ્ઠી તરફ સર્વ દાર્શનિક અને સાતમી તરફ કાવ્યક્ષેત્રિક એવા સંસ્કૃતના ગહન વિષયોમાં જેમની તલસ્પર્શી ગતિ છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કેવલ સ્વામિનારાયણ સંપ્રદાયના અલંકાર છે એમજ નથી, પણ સમસ્ત વિદ્વાન મંડલોના તેમાં પણ પૃથ્વીના અને વિશેષપણે ભારતના મહાઅલંકાર છે, એમાં અતિશયોક્તિ નથી માટે જ મહારાજના આદર્શ વ્યક્તિત્વ તથા કુશળ કર્તૃત્વ વિશે કયા બુદ્ધિશાળીને ગર્વ ના થાય ?

સંસ્કૃત જગતમાં વિદ્વાનો તો ઘણાં હોય છે, તેઓ કોઈ એક, બે કે ત્રણ વિષયમાં જ વિદ્વાન હોય છે. તેમજ ઘણાં વિદ્વાનો પોતાની વિદ્યાનો શાસ્ત્ર દ્વારા લોકકલ્યાણ માટે ઉપયોગ પણ નથી કરી શકતા પરંતુ મહારાજ તો સંસ્કૃતના સાંખ્યયોગ, દર્શન, મીમાંસા, વેદાંત, ન્યાય આદિક તમામ વિષયોમાં વિદ્વાન છે અને એ તમામ વિષયો પર લોકકલ્યાણાર્થે એમણે અદ્ભૂત શાસ્ત્રો પણ રચ્યા છે, એ મહારાજનું વ્યાસપણું સિદ્ધ કરે છે.

મહારાજની અવગણના કરનારા ઘણાં તેજોદ્વેષી વલખાં મારે છે, પણ મહારાજના કોઈ પ્રબળ સામર્થ્યને કારણે જેઓ પોતે જ હલકાં બનતાં જાય છે.

વિખ્યાતી પામેલા મહારાજને પાછા પાડવા અનેક ડોળિયા ઈર્ષ્યુકોએ વાવાઝોડાં ઉપદ્રવો ઉપજાવ્યા, ખોટાઈઓ પ્રેરી પણ તેઓ તેમની જ કપટ-માયામાં, ઈર્ષ્યામાં, બળતરામાં દાઝીને કોલસા જ બની રહ્યાં. પણ મહારાજની વિદ્યાને તથા કીર્તિને કોઈ પહોંચી શક્યા નહિં.

યુગનાં વર્તમાન પ્રતિનિધિ એજ મહાપુરુષ છે કે, જે પોતાના પૂર્વાચાર્યોથી પ્રાપ્ત જ્ઞાનની સાથે જીવનભરની આદ્યાત્મિક સાધનાઓ દ્વારા અનુભૂત વિજ્ઞાનને પણ એ જ પરંપરામાં પોતાની કલમ દ્વારા પ્રગટ કરે છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પણ આજ ભારતીય દર્શનના એક એવા જ યુગ પ્રતિનિધિ મહાપુરુષ તેમજ પરમપુરુષ પરમાત્મા છે.

મહારાજે પોતાનાં સ્વયં સિદ્ધ દિવ્ય જ્ઞાન દ્વારા આખા જગતને પ્રકાશિત કરીને યુગો સુધી પોતાનો પ્રભાવ છોડી ગયા છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે નિજ જીવનમાં સંહિતા, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, સૂત્ર, ભક્તિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર આદિનાં ૧૦૮ પારાયણ સંપૂર્ણ કર્યા છે. તેમજ કુરાન, બાઈબલ, ગુરૂગ્રંથસાહેબ વિશ્વપટ્ટદર્શન, જૈનતત્ત્વપ્રકાશ, ભારત વર્ષના તમામ ઉપાસક સંપ્રદાય વગેરેનો ઊંડો અભ્યાસ કરી તેમના પર વ્યાખ્યાનો પણ આપ્યા છે, ઘણાંય તપસ્વી અનુષ્ઠાનો કર્યા છે, ઘણે સ્થળે સ્વામિનારાયણ મંદિરના જીર્ણોદ્ધાર તેમજ સભામંડપો કરાવ્યા છે.

મહારાજમાં જ્ઞાન-વિજ્ઞાન સાગર સાથે મુનિવ્રત, શક્તિઓ સાથે ક્ષમાવ્રત, ત્યાગશીલતાઓ સાથે અપ્રશંસાવ્રત, સન્માનો હોવા છતાં નિર્માનવ્રત, આજીવન નૈષ્ઠિકશીલવ્રત, સંજ્ઞસ્થિતી, ભાગવતી ભક્તિ, ગ્રંથવિદ્યા, પરિશીલન, ભજન-કિર્તન, નિયમ-રક્ષણ તથા પરોપકારી વિદ્યા ભણાવવી, ઉપદેશ કથા પારાયણ વગેરેમાં જીવનવ્રતવાળા છે.

મહારાજની પ્રતિભા તેમનું વ્યક્તિત્વ અને કૃતિત્ત્વની વિશાળતા અને પ્રગલ્ભતા તેમને આ યુગના વ્યાસ તરીકે તો ઓળખાવે જ છે. પરંતુ અસંખ્ય લોકોએ તેમનામાં ભગવાનપણાના તમામ ગુણો, ઐશ્વર્યો, લીલાચરિત્રો તેમજ ચિહ્નોના કરેલા સાક્ષાત દર્શન એ મહારાજને સ્વયં જાણે અનંત જીવાત્માઓનું કલ્યાણ કરવા માટે પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ જ આ પૃથ્વી પર કૃપા કરીને પરમધામથી પધાર્યા હોય તેવું અવશ્ય લાગે છે.

સંસ્કૃત વિદ્યાભ્યાસ તેમજ શાસ્ત્રોનો મહિમા

ભારતના પ્રસિદ્ધ વિદ્વાન, સર્વશાસ્ત્ર સંપન્ન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે જગતના અને ભારતભરનાં ઉપકાર માટે ૫૭ જેટલા ગ્રંથો સંસ્કૃત-હિન્દી-ગુજરાતી આદિકમાં લખ્યાં છે.

ભારતના પરીક્ષા વિભાગમાં કેટલાક ગ્રંથો પ્રચલિત છે. ઈંગ્લેન્ડ, જર્મની, ળાન્સ, ઈટલી, અમેરિકા, જાપાન, સિલોન આદિના સંસ્કૃત વિભાગોમાં વિશ્વની પ્રસિદ્ધ લાયબ્રેરીઓમાં આ ગ્રંથો સ્વીકૃત છે. ઓક્સફર્ડ, કેમ્બ્રિજ આદિ યુનિવર્સિટીઓમાં કોઈને કોઈ ગ્રંથોએ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. બનારસ, કલકત્તા, નદીયા, અમૃતસર, પૂના, દ્રાવિડ, મદ્રાસ, વડોદરા આદિ વિદ્યા શિક્ષાની પરીક્ષા સંસ્થાઓમાં પણ ઘણાં ગ્રંથો માનપાત્ર થયા છે.

મહારાજના તમામ શાસ્ત્રો સમસ્ત જગત માટે અવશ્ય ઉપકારી નિવડે તેવા છે.

મહારાજના ગ્રંથોએ પ્રાચ્ય અને પાશ્ચાત્ય બંને સંસ્કૃતિની સમાન સેવા કરી છે. તેમજ રાષ્ટ્ર અને ધર્મની પણ સમાન સેવા કરી છે.

વિદ્વાનોને તો મહારાજના શાસ્ત્રોની યાદી જોતાં જ એમની શાસ્ત્રજ્ઞતા અને વિદ્યાપાસના માટે આદર ઉપજે છે.

ભારતના મનીષિઓ ભારતીય સંસ્કૃતિના જે ઉચ્ચ સંસ્કારો ઊગતી પેઢીઓમાં સિંચવા ઈચ્છતા હતા અને દેશાંતરને પણ આપવા ઈચ્છતા હતા તે જ વસ્તુ મહારાજના ગ્રંથોએ વિશ્વને તેમજ ભારતને આપી છે.

ભગવાન ધનવન્તરીએ જે કાર્ય આયુર્વેદ માટે કરેલ છે તથા અશ્વિનીકુમારોએ જે ઔષધીઓ ખોળી છે, તેવું રસપ્રદ અમર કામ જ્ઞાનૌષિધિઓની શોધ, મહારાજે સંસ્કૃત સાહિત્ય માટે સંપૂર્ણ કરેલી છે.

એમણે શાસ્ત્રોની નવી રચનાઓમાં વેદ વ્યાસનું તથા શંકરાચાર્યજીનું તથા રામાનુજાચાર્યજી જેવું અજોડ અદ્‌ભુત કાર્ય કરેલ છે.

મહારાજે અનેક રાષ્ટ્રીય માન-સન્માન પ્રાપ્ત કર્યા છે. અનેક પ્રાચીન ગ્રંથો પર ટીકાઓ લખીને સ્વામીશ્રીએ ખૂબ મોટું અને ચિરંજીવ સર્જન કાર્ય કર્યું છે. તર્ક, સાંખ્ય, યોગ, મીમાંસા, અને ન્યાયશાસ્ત્ર પર એમણે કરેલું કાર્ય સદાકાળ યાદગાર રહેશે. એમના પ્રયત્નોથી, અનેક વિષયો પર એમણે કરેલા કાર્યથી અનેક અભ્યાસીને સરળતા પ્રાપ્ત થઈ છે. જે ભારતીય સંસ્કૃતિ પર મહારાજનો મોટો ઉપકાર છે.

મહારાજના ઘણાં તાત્ત્વીક દાર્શનીક ગ્રંથો ભણીને ઘણાં વિદ્વાનો, સાધુઓ, સન્યાસીઓ, યતિઓ, આચાર્યો, મુનિઓ, જતિઓ, સાધ્વીજીઓ પણ નિજ નિજ સંપ્રદાયના ધર્માનુયાયિપણાંને ટકાવવા સમર્થ થયા છે.

મહારાજે પોતાના શાસ્ત્રો દ્વારા હિન્દુઓના આચાર ધર્મ, ભાગવત ધર્મ, શરણાગતિ ધર્મ, બ્રહ્મસંબંધ ધર્મ, શુદ્ધાદ્વૈત ધર્મ, પ્રેમ ધર્મ, ઉપાસનાધર્મ, ભક્તિ ધર્મ, સર્વાર્પણ ધર્મ, ગુરૂ ધર્મ, સેવા ધર્મ વગેરે હિન્દુ સમાજમાં પૂરેપૂરો પ્રવર્તાવ્યો કે જેની અત્યંત આવશ્યકતા હતી. હવે આનાથી અનેક માનવો સૈદ્ધાંતિત ઉપાસના વડે ગોલોક, વૈકુંઠ, કૈલાસ આદિક બ્રહ્મલોકની મુક્તિ મેળવશે.

મહારાજ રચિત સાહિત્ય ફક્ત સંસ્કૃતને જ નહિ, કિંતુ સર્વપ્રકારના વિદ્યાપ્રેમીઓને પ્રેરણા આપનારું છે. તેમની અનેક કૃતિઓ સર્વ પ્રકારના સાહિત્ય માટે પૂર્ણ નિર્દેશન અને માર્ગદર્શન પુરું પાડનારી છે.

ભારતીય સંસ્કૃત ભાષાને જીવતી રાખવા માટે મહારાજનો પ્રયત્ન ખૂબ જ સ્તુત્ય છે; તેમના રચિત શાસ્ત્રો દ્વારા રાષ્ટ્રીય સંસ્કૃતિની અવિચળ ઉપયોગીતા ખૂબ જ વધતી રહેશે.

વાતચીતમાં વખત જાય તે તેટલી ક્ષણ પુરતો ઉપયોગી થાય, પણ તે વખત લેખનમાં સાર્થક થાય તો ભવિષ્યમાં કરોડોને ઉપયોગી થાય. ગીતા અર્જુનને ઉપયોગી થઈ, પણ વ્યાસજીએ લખી તો વિશ્વને ઉપયોગી થઈ પડી છે. આમ ક્ષણનું મૂલ્ય સમજનારા મહારાજે જગતને ઉપયોગી એવા ગ્રંથો રચી આપ્યા છે.

મહારાજનાં વિદ્વતાપૂર્ણ શાસ્ત્રો પરથી 'ધર્માચાર્ય જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ તેમજ અનેક વિદ્વાન પંડિતોએ સ્વામીશ્રીને 'શ્વેતાયન વ્યાસ' માન્ય ગણ્યા છે.

દેશ-વિદેશનાં વિદ્વાન પંડિતોના મતે આંતરરાષ્ટ્રીય વિદ્વાન વિશ્વવંદનીય પ્રકાંડ પંડિત પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો આ ભારત દેશ સદાય ઋણી રહેશે અને સમગ્ર ભારતવર્ષમાં ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક તરીકે આ પરમપુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અમર બનીને ભારતભૂમિને હંમેશા પ્રકાશિત કરતા જ રહેશે.

અભિનંદન ગ્રંથમાં દેશ-વિદેશના અનેક વિદ્વાનોનાં અભિપ્રાયો પરથી 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ' એ માત્ર શાસ્ત્રોની રચના કરનાર માત્ર મહાન વિદ્વાન જ નહિ પરંતુ અનંત જીવાત્માઓનું આત્યંતિક કરનારા સર્વગુણ, ચિહ્ન ઐશ્વર્યસંપન્ન, સ્વયં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ જ હતા.' જેમને માત્ર મુમુક્ષુ પવિત્ર જીવાત્મા, બુદ્ધિશાળી વ્યક્તિ કે વિદ્વાન પુરુષ જ પરિપૂર્ણ ઓળખી શકે. મંદમતિ કે અવગુણીયા કે અપવિત્ર જીવાત્મા કદાપી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો યથાર્થ મહિમા નહિ જાણી શકે.

એક વ્યક્તિમાં તમામ વિદ્યાઓને સ્થાન હોય તે સર્વજ્ઞ વ્યક્તિ ઈશ્વરાંશ આચાર્ય વિદ્યા સજીવનાર્થ પ્રગટ થયા ગણાય છે.

અસીમ વિદ્યાઓ છે, તે તમામ વિદ્યાઓને માનવ એક જન્મમાં મેળવી શકતો નથી. સ્વામીશ્રીમાં પ્રાગ્ભવીય વિદ્યાઓ નૈસર્ગિક છે જ નિત્ય સર્વજ્ઞને ભણવું પડતું નથી, માત્ર લોકરીતિ દેખાડે છે.

મહારાજના વિષયમાં જે કાંઈ લખવું તે તો સૂર્યને પ્રકાશ કરવા પતંગિયા તથા ડૂંભારણા દેખાડવા જેવું ગણાય. મહારાજની કર્મશક્તિનું ગહન પરિમાપન કોઈપણના સામર્થ્યથી બહાર છે. મહારાજની પ્રશંસામાં વાણી વિરામ પામે છે. મહારાજના શાસ્ત્રોનું જીવનનું પૂર્ણ સદ્‌ગુણોનું વર્ણન કદાચ ન પણ થઈ શકે તો આશ્ચર્ય વિષય નથી.

*****

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - કૃતયુગ સંતાન - ભાગ-૧ - સંક્ષિપ્ત ગુજરાતી

ક્રમ	અધ્યાય - વિષયસૂચિ	પેજ નં.
૧.	શ્રીલક્ષ્મીનારાયણની મૂર્તિમાં નારદજી લીન થયા	૧
૨.	શ્રીહરિએ મુક્ત-ઈશ્વર-જીવ આદિક સૃષ્ટિનું સર્જન કર્યું	૧
૩.	પ્રભુના સ્વરૂપમાંથી ગોલોક અને વૈકુંઠધામની રચના થઈ	૨
૪.	પ્રકૃતિ પુરૂષ, ગુણ પ્રાગટ્ય	૨
૫.	ઈશ્વરસૃષ્ટિનું સંચાલન	૩
૬.	ભૂમાપુરુષ પ્રાગટ્ય અને અવ્યાકૃતધામ રચના	૩
૭.	અક્ષરધામના સીમ પ્રદેશમાં સર્વે ધામોની રચના	૩
૮.	સૃષ્ટિઓ અને ચૌદલોકની રચનાનાં દર્શન	૪
૯.	વિષ્ણુ અને બ્રહ્મા વચ્ચે યુદ્ધ	૪
૧૦.	મોટાઈ મેળવવા બ્રહ્માએ કપટ કર્યું	૪
૧૧.	બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની ઉત્પત્તિ	૫
૧૨.	બ્રહ્માંડો અને મેરુ પર્વતની ઉત્પત્તિ	૫
૧૩.	કાળ સમય અને યુગની ગણતરી	૬
૧૪.	માયા દ્વારા અવિદ્યાઓની ઉત્પત્તિ	૬
૧૫.	ધર્મદેવ અને રૂદ્ર પ્રાગટ્ય	૬
૧૬.	રૂદ્રથી સાત્વિક સૃષ્ટિની ઉત્પત્તિ	૭
૧૭.	સનકાદિકોનું પ્રાગટ્ય અને કાર્ય	૭
૧૮.	પ્રગટ ભગવાનનાં સંત-મુક્તોની સેવાનું ફળ	૮
૧૯.	મહાગીતા પ્રાગટ્ય અને મહિમા	૮
૨૦.	સાધ્વી દ્વારા સ્તુતિ - શ્રવણ ફળ	૯

૨૧.	શ્રીહરિના શરીરમાંથી સર્વ બ્રહ્મવિદ્યાઓનું પ્રાગટ્ય	૯
૨૨.	મહામંત્ર જ્ઞાન અને સરસ્વતી પ્રાગટ્ય	૯
૨૩.	એકાદશી ઉત્પત્તિ અને જયંતિ મહિમા	૯
૨૪.	માતા ભક્તિદેવી પ્રાગટ્ય અને કાર્ય	૧૦
૨૫.	ભક્તિના પ્રકારો અને મહિમા	૧૦
૨૬.	સતી-સાધ્વી અને યોગીની મહાત્મ્ય	૧૧
૨૭.	ભગવાન તુલ્ય સંત-સાધ્વીના ગુણ ચિહ્નોનું વર્ણન	૧૧
૨૮.	અવતાર તેમજ અવતારીના ચિહ્નોનું વર્ણન	૧૨
૨૯.	ગ્રહસ્થોને મોક્ષ માટેનાં ઉપાયો	૧૩
૩૦.	પૂજાની પવિત્ર સામગ્રીઓનું પ્રાગટ્ય	૧૩
૩૧.	ગૌ મહાત્મ્ય અને ગૌ-દાન ફળ	૧૪
૩૨.	પંચાગ્નિ ઉત્પત્તિ અને ગુણ-દોષ	૧૪
૩૩.	પત્નીવ્રત દ્વિજ પ્રાગટ્ય અને માતા-પિતાની સેવાનું ફળ	૧૫
૩૪.	ગૃહસ્થધર્મ વર્ણન	૧૫
૩૫.	ગૃહસ્થોને સત્પુત્ર માટે ગર્ભદાનનું જ્ઞાન	૧૫
૩૬.	બ્રહ્મા દ્વારા સૃષ્ટિસર્જન અને સત્યુગ વર્ણન	૧૬
૩૭.	પિતૃશ્રાદ્ધ વિધિ અને મહાત્મ્ય	૧૬
૩૮.	સૂર્ય-હિરણ્યમય પુરુષ પ્રાગટ્ય	૧૭
૩૯.	તારાઓની ઉત્પત્તિ અને ચંદ્રક્ષય	૧૭
૪૦.	શંકરની સોમનાથ નામે પ્રતિષ્ઠા	૧૮
૪૧.	શંકરે ચંદ્રને મસ્તક પણ ધારણ કર્યો	૧૮
૪૨.	દસ માનસી-રાજસી સૃષ્ટિનું વર્ણન	૧૯
૪૩.	યજ્ઞમાં ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી	૧૯
૪૪.	દધીચી ઋષિના અસ્થિમાંથી વજ્ર નિર્માણ	૧૯
૪૫.	ઈન્દ્રએ વૃત્રાસુરનો નાશ કર્યો	૨૦

૪૬.	પૃથુ અવતાર પ્રાગટ્ય	૨૦
૪૭.	મનુ-શતરૂપા કથા - મૃત્યુ સમીપના ચિહ્નોનું વર્ણન	૨૦
૪૮.	હિંસામય યજ્ઞથી વસુરાજાને શાપ	૨૧
૪૯.	અનાદિશ્રીકૃષ્ણનારાયણના તીર્થોનું રહસ્ય	૨૨
૫૦.	સૌરાષ્ટ્ર પ્રદેશ તેમજ જૂનાગઢતીર્થ	૨૩
૫૧.	રેવતાચળ (ગીરનાર)ની ઉત્પત્તિ	૨૩
૫૨.	ખટવાંગ રાજાની કથા - કુંકુમવાપી (કુંકાવાવ) તીર્થની કથા	૨૩
૫૩.	પત્નીવ્રતદ્વિજના શિષ્ય દ્વારા બર્હિષાંગદ રાજાને શાપ	૨૪
૫૪.	શ્રીશ્વેતાયન વ્યાસ પ્રભુનો હાટકાંગદ રાજાને ઉપદેશ	૨૫
૫૫.	બર્હિષાંગદ રાજાની કુહક સર્પથી રક્ષા તેમજ મોક્ષ	૨૬
૫૬.	દ્વાપરયુગ વર્ણન - યમદેવ, શ્રાદ્ધદેવ,યમુના નદી ઉત્પત્તિ	૨૭
૫૭.	સૂર્યપત્ની સંજ્ઞાની કથા	૨૭
૫૮.	સૂર્યપત્ની સંજ્ઞાનું ઘોડીરૂપે તપ	૨૮
૫૯.	યમદેવ, ધર્મદેવ અને ચિત્રગુપ્તનું કાર્ય	૨૮
૬૦.	પાપ પ્રમાણે યમપુરીનાં ચુમ્માલીસ નર્ક કુંડોના દુઃખો	૨૯
૬૧.	પાપ પ્રમાણે જીવાત્માને બીજા જન્મમાં દુઃખ	૨૯
૬૨.	પુરુષના શરીર ચિહ્નો વડે ભાગ્ય વર્ણન	૩૧
૬૩.	નારીના શરીર ચિહ્નો વડે ભાગ્ય વર્ણન	૩૧
૬૪.	મનુષ્યએ જીવતા જ સત્કર્મ કરી લેવું	૩૨
૬૫.	પ્રેત દ્વારા અનેક દુઃખો - ઉપાય - પિતૃશ્રાદ્ધ વિધિ	૩૨
૬૬.	જીવાત્મા કયા પાપે પ્રેતયોનીને પામે ?	૩૩
૬૭.	વિધિ-નિષેધ તેમજ શ્રાદ્ધ સમજણ	૩૪
૬૮.	પ્રાણગતિ, ગર્ભવિકાસ અને પિંડબ્રહ્માંડ એકતાનું જ્ઞાન	૩૪
૬૯.	જીવાત્માની મુક્તિના ઉપાયો	૩૫
૭૦.	પ્રેતની સદ્ગતિ માટે નારાયણબલી વિધિ	૩૬
૭૧.	ધન્વંતરી અવતાર પ્રાગટ્ય	૩૬

૭૨.	દીવોદાસ રાજા દ્વારા "કાશીવિશ્વનાથ મહાદેવ"ની પ્રતિષ્ઠા	૩૬
૭૩.	દીવોદાસ રાજા દ્વારા દેવોનો અપરાધ	૪૦
૭૪.	ગુરૂના અપમાનથી ઈન્દ્રના રાજ્ય-સંપત્તિનો નાશ	૪૧
૭૫.	દેવો અને દૈત્યો દ્વારા સમુદ્ર મંથન	૪૧
૭૬.	દૈત્યોના વિનાશ માટે વિષ્ણુનો મોહિની અવતાર	૪૨
૭૭.	પુત્રપ્રાપ્તિ માટે પાર્વતીની શંકરને પ્રાર્થના	૪૩
૭૮.	પાર્વતીના પુત્રપ્રાપ્તિ માટે વ્રત-નિયમ	૪૪
૭૯.	છ ઋષિપત્નીઓથી કાર્તિક સ્વામીનું પ્રાગટ્ય	૪૪
૮૦.	કાર્તિક સ્વામીએ તારકાસુરનો નાશ કર્યો	૪૫
૮૧.	શ્રીગણેશ પ્રાગટ્ય કથા	૪૫
૮૨.	ગણેશ અને શંકર વચ્ચે યુદ્ધ	૪૬
૮૩.	ગણેશના હાથીના મસ્તકની કથા	૪૭
૮૪.	શંકર પાર્વતી દ્વારા ગણેશજીનું પૂજન - આશિર્વાદ	૪૭
૮૫.	સૂર્યપિતા કશ્યપ દ્વારા શંકરને શાપ	૪૮
૮૬.	ગણેશ દ્વારા શિવ-પાર્વતીની પ્રદક્ષિણા	૪૮
૮૭.	ગણેશના રિદ્ધિ-સિદ્ધિ સાથે લગ્ન	૪૯
૮૮.	તપના પ્રકારોનું જ્ઞાન	૪૯
૮૯.	સૌથી કઠોર તપ કરનાર - નરનારાયણ	૫૦
૯૦.	બ્રહ્મચર્ય વ્રતનું મહાત્મ્ય	૫૦
૯૧.	અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસેથી મંત્રદીક્ષા લઈ શંકર વૈષ્ણવ થયા	૫૦
૯૨.	પાર્વતી શંકર પાસેથી મંત્રદીક્ષા લઈ વૈષ્ણવી થયા	૫૧
૯૩.	અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા વિધિ	૫૧
૯૪.	અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહામંત્રનો મહિમા	૫૨
૯૫.	પુરુષોત્તમ નારાયણના સ્વરૂપમાંથી લક્ષ્મીજીનું પ્રાગટ્ય	૫૨
૯૬.	અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ તેમજ પરમધામ વર્ણન	૫૩
૯૭.	રાધા-કૃષ્ણના ગોલોકધામનું વર્ણન	૫૫

૯૮.	લક્ષ્મીનારાયણના વૈકુંઠધામનું વર્ણન	૫૫
૯૯.	જલના આવરણમાં રહેલા બીજા વૈકુંઠધામનું વર્ણન	૫૭
૧૦૦.	શ્વેતદ્વિપમાં રહેલા ત્રીજા વૈકુંઠધામનું વર્ણન	૫૭
૧૦૧.	ક્ષીર સમુદ્રમાં રહેલા ચોથા વૈકુંઠધામનું વર્ણન	૫૮
૧૦૨.	શંકરનું ત્રિપુંડ, ભસ્મ અને રૂદ્રાક્ષ ધારણ કરવાનું કારણ	૫૮
૧૦૩.	મત્સ્ય અવતાર પ્રાગટ્ય	૫૯
૧૦૪.	ચાર પ્રકારનાં વલય	૫૯
૧૦૫.	વરાહ અવતાર પ્રાગટ્ય	૬૦
૧૦૬.	ભગવાન વરાહ દ્વારા હિરણ્યાક્ષ વધ	૬૧
૧૦૭.	શંકરનું હિરણ્યકશિપુને વરદાન	૬૧
૧૦૮.	હિરણ્યકશિપુ દ્વારા પુત્ર પ્રહલાદને અનેક દંડ	૬૨
૧૦૯.	નૃસિંહ અવતાર પ્રાગટ્ય	૬૩
૧૧૦.	ભગવાન નૃસિંહ દ્વારા ભક્ત પ્રહલાદની રક્ષા	૬૪
૧૧૧.	નૃસિંહ પ્રભુનું ભક્ત પ્રહલાદને વરદાન	૬૪
૧૧૨.	જૂનાગઢના તીર્થોનું વર્ણન - મહિમા	૬૫
૧૧૩.	વામન અવતાર પ્રાગટ્ય મહાધર્મિષ્ઠ બલિરાજાની કથા	૬૫
૧૧૪.	પુત્રપ્રાપ્તિ માટે પયોવ્રત વિધિ	૬૮
૧૧૫.	સ્વર્ણરેખા નદી તીર્થ વ્રત, દાન અને તીર્થોનો મહિમા	૬૮
૧૧૬.	ગીરનારમાં ઈન્દ્રેશ્વર મહાદેવ તીર્થ	૬૯
૧૧૭.	રેવતાચળ (ગીરનાર) મહાત્મ્ય	૬૯
૧૧૮.	અલક્ષ્મી કલહાનું નિવાસસ્થાન	૭૦
૧૧૯.	બારસનું વ્રત રૈવતરાજાને ત્યાં પુત્રી રેવતીનો જન્મ	૭૦
૧૨૦.	નારાયણધરા, દામોદરકુંડ અને ગીરનારની પ્રદક્ષિણાનું મહાત્મ્ય	૭૦

૧૨૧.	મહામાયા તે પરબ્રહ્મની અર્ધાંગના શક્તિ થઈ	૭૨
૧૨૨.	દેવી કાત્યાયની દ્વારા મહિષાસુરનો વધ	૭૨
૧૨૩.	મહિષાસુરની પત્ની કુંઢી દ્વારા કાત્યાયનીને શાપ	૭૩
૧૨૪.	પાર્વતીના સ્વરૂપમાંથી મહાકાલીનું પ્રાગટ્ય	૭૩
૧૨૫.	મહાકાલી દ્વારા શુંભ-નિશુંભ દાનવોનો વધ	૭૪
૧૨૬.	દેવતાઓ દ્વારા મહાકાલીની પૂજા-સ્તુતિ	૭૪
૧૨૭.	દક્ષ પ્રજાપતિને ત્યાં સતીનું પ્રાગટ્ય	૭૪
૧૨૮.	સતી અને શિવનાં વિવાહ	૭૫
૧૨૯.	પરબ્રહ્મનું જ્ઞાન, સેવા-ભક્તિનાં પ્રકાર અને મહિમા	૭૬
૧૩૦.	દક્ષનાં યજ્ઞમાં શંકરનું અપમાન થવાથી સતીનો દેહત્યાગ	૭૭
૧૩૧.	વીરભદ્ર દ્વારા દક્ષયજ્ઞનો ભંગ તેમજ દક્ષનો વધ	૭૮
૧૩૨.	શંકરનો સતી વિયોગ	૭૯
૧૩૩.	શંકરે ભિક્ષામાં મેના પાસે સતી માંગ્યા	૮૦
૧૩૪.	નારદજીએ પાર્વતીના ચિહ્નો પરથી ભાગ્ય જોયું	૮૦
૧૩૫.	શંકરની પ્રાપ્તિ માટે પાર્વતીનું તપ	૮૧
૧૩૬.	મંગળ ગ્રહ-અપ્સરા-કામદેવ-વસંતઋતુ-હનુમાન આદિની ઉત્પત્તિ	૮૧
૧૩૭.	શંકરનું તપ ભંગ કરવા બદલ કામદેવને શાપ	૮૨
૧૩૮.	સપ્ત ઋષિઓ દ્વારા પાર્વતીની પરીક્ષા	૮૨
૧૩૯.	શંકર દ્વારા પાર્વતીની પરીક્ષા	૮૩
૧૪૦.	હિમાલય અને મેના દ્વારા શંકર-પાર્વતીના વિવાહનો સ્વીકાર	૮૩
૧૪૧.	શિવ-પાર્વતી વિવાહ પત્રીકા વિતરણ	૮૪
૧૪૨.	શંકરનું રૂદ્રરૂપ અને ભૂતોની જાન જોઈને મેના શોકમગ્ન	૮૪
૧૪૩.	વિષ્ણુ દ્વારા મેનાને શિવસ્વરૂપનું જ્ઞાન	૮૫
૧૪૪.	શંકર-પાર્વતી વિવાહ વિધિ પતિવ્રતાધર્મ વર્ણન	૮૬
૧૪૫.	પાર્વતીને તપથી ગૌરવર્ણની પ્રાપ્તિ	૮૭

૧૪૬.	શિવલીંગ પૂજા - બાર જ્યોતિર્લિંગમાં શંકરનો વાસ	૮૭
૧૪૭.	આચાર્ય, વ્યાસ તેમજ ગુરૂ મહિમા - પૂજા વિધિ	૮૮
૧૪૮.	રતિ-કામદેવ તેમજ સોનાની ખાણની ઉત્પત્તિ	૮૯
૧૪૯.	નારદના અન્ય જન્મોની કથા બ્રહ્મા દ્વારા નારદને શાપ	૮૯
૧૫૦.	નારદજીને શંકર પાસેથી દીક્ષામંત્રની પ્રાપ્તિ	૯૧
૧૫૧.	શંકર દ્વારા નારદને નિત્યપૂજા વિધિ - જ્ઞાન ઉપદેશ	૯૧
૧૫૨.	નરનારાયણ દ્વારા નારદને આશિર્વાદ અને આજ્ઞા	૯૨
૧૫૩.	નારદજીનું માર્કન્ડેય તીર્થ તેમજ અન્ય તીર્થોમાં સ્નાન	૯૩
૧૫૪.	નારદજી ભક્તિમાર્ગના આચાર્ય થયા	૯૩
૧૫૫.	અગ્નિના અનેક વંશો	૯૪
૧૫૬.	દ્વાપરયુગની મૈથુની સૃષ્ટિની કથા	૯૪
૧૫૭.	કશ્યપ ઋષિના ગોત્રપુત્રો	૯૪
૧૫૮.	બ્રહ્માના વારાહકલ્પનું વર્ણન	૯૪
૧૫૯.	કળીયુગના અધર્મોનું વર્ણન	૯૫
૧૬૦.	કળીયુગના પાંચ હજાર વર્ષ પછીની પરિસ્થિતી	૯૫
૧૬૧.	શ્રીકૃષ્ણના મણિથી આનર્તરાજા દ્વારા સૌરાષ્ટ્રની સ્થાપના	૯૬
૧૬૨.	દ્વારકાપુરીનું વર્ણન	૯૭
૧૬૩.	ચક્રતીર્થ અને ગોમતીસાગર તીર્થ મહાત્મ્ય	૯૭
૧૬૪.	શ્રીકૃષ્ણ દ્વારા નૃગરાજાનો મોક્ષ - નૃગકૂપ તીર્થ મહાત્મ્ય	૯૭
૧૬૫.	રૂક્મણી તીર્થ મહાત્મ્ય	૯૮
૧૬૬.	ગોપીતળાવ, બ્રહ્મકુંડ, દેવસરોવર, કુશેશ્વર આદિ તીર્થોનું મહાત્મ્ય	૯૮
૧૬૭.	દ્વારિકા તીર્થમાં નિવાસ અને સ્નાન મહાત્મ્ય	૯૯
૧૬૮.	પિતૃઓના કહેવાથી સોમશર્માનું ગોમતીમાં પિતૃશ્રાદ્ધ	૯૯
૧૬૯.	શ્રીહરિને પ્રિય હરિવાસર વ્રતવિધિ	૧૦૦
૧૭૦.	ગોદાવરી નદી પાપ રહિત થઈ	૧૦૦

૧૭૧.	દ્વારિકાની યાત્રાથી રાક્ષસ પાપ રહિત થયો	૧૦૧
૧૭૨.	શ્રીહરિને પ્રિય ત્રિસ્પૃશાવ્રત વિધિ અને મહાત્મ્ય	૧૦૧
૧૭૩.	શ્રીહરિના એકાદશ ઈન્દ્રિયોમાંથી એકાદશીનું પ્રાગટ્ય અને મહિમા	૧૦૨
૧૭૪.	ઉન્મીલની એકાદશી વ્રત-પૂજનવિધિ	૧૦૩
૧૭૫.	પક્ષવર્ધિની એકાદશી વ્રત-પૂજનવિધિ	૧૦૩
૧૭૬.	એકાદશી વ્રત-જાગરણ મહિમા	૧૦૪
૧૭૭.	માગશર વદ પક્ષની એકાદશી - મરૂધન્વા રાજાની કથા	૧૦૪
૧૭૮.	માગશર સુદની મોક્ષદા એકાદશી - વૈશ્વાનર રાજાની કથા	૧૦૫
૧૭૯.	પોષ વદની સફલા એકાદશી - પાપી લુંભની કથા	૧૦૫
૧૮૦.	પોષ સુદની પુત્રદા એકાદશી - કેતુમાન રાજાની કથા	૧૦૬
૧૮૧.	માઘ વદની ષટ્તીલા એકાદશી - કપિલા બ્રાહ્મણીની કથા	૧૦૭
૧૮૨.	માઘ સુદની જયા એકાદશી - માલ્યવાન ગાંધર્વની કથા	૧૦૭
૧૮૩.	ફાગણ વદની વિજયા એકાદશી - પરશુરામની કથા	૧૦૮
૧૮૪.	ફાગણ સુદની આમલકી એકાદશી - આંબળાના વૃક્ષની કથા	૧૦૯
૧૮૫.	ચૈત્ર વદની પાપમોચની એકાદશી - મંજુઘોષા અપ્સરાની કથા	૧૦૯
૧૮૬.	ચૈત્ર સુદની કામદા એકાદશી - ગાંધર્વ દંપતીની કથા	૧૧૧
૧૮૭.	વૈશાખ વદની વરૂથીની એકાદશી - બ્રહ્માના માનસપુત્ર વરૂથની કથા	૧૧૧
૧૮૮.	વૈશાખ સુદની મોહિની એકાદશી - ધૃષ્ટબુદ્ધિની કથા	૧૧૨
૧૮૯.	જેઠ વદની અપરા એકાદશી - સલભા યોગિનીની કથા	૧૧૨
૧૯૦.	જેઠ સુદની નિર્જળા એકાદશી - બ્રહ્માના માનસપુત્ર અગ્નિની કથા	૧૧૩
૧૯૧.	અષાઢ વદની યોગિની એકાદશી - હેમમાલીની કથા	૧૧૩
૧૯૨.	અષાઢ સુદની દેવશયની એકાદશી - ભક્ત બલીરાજાની કથા	૧૧૪
૧૯૩.	શ્રાવણ વદની કામિકા એકાદશી - કામદેવ પત્ની રતિની કથા	૧૧૫
૧૯૪.	શ્રાવણ સુદની પવિત્રા એકાદશી - ચંદ્રપૌત્ર પુરૂરવા રાજાની કથા	૧૧૫
૧૯૫.	ભાદરવા વદની અજા એકાદશી - હરિશ્ચંદ્ર રાજાની કથા	૧૧૬
૧૯૬.	ભાદરવા સુદની પદ્મા એકાદશી - માંધાતા રાજાની કથા	૧૧૭

૧૯૭.	આસો વદની ઈન્દિરા એકાદશી - ઈન્દ્રસેન રાજાની કથા	૧૧૮
૧૯૮.	આસો સુદની પાશાંકુશા એકાદશી - વેદશિરા ઋષિની કથા	૧૧૯
૧૯૯.	કાર્તિક વદની રમા એકાદશી - મુચકુંદપુત્રી ચંદ્રભાગાની કથા	૧૨૦
૨૦૦.	કાર્તિક સુદની પ્રબોધિની એકાદશી - ભાદરકાંઠાના બ્રાહ્મણની કથા	૧૨૦
૨૦૧.	કાર્તિક માસમાં પુણ્યો આપનારા ચાંદ્રાયણ વ્રતોનો વિધિ - ફળ	૧૨૧
૨૦૨.	પુરુષોત્તમ માસની વદ પક્ષની કમલા એકાદશી - શાક્યયન વિપ્રની કથા	૧૨૩
૨૦૩.	પુરુષોત્તમ માસની સુદ પક્ષની ધામદા એકાદશી - પુંડરિક રાજાની કથા	૧૨૪
૨૦૪.	સર્વે એકાદશીનું સંપૂર્ણ ફળ આપનારો ઉદ્યાપન વિધિ	૧૨૫
૨૦૫.	એકમની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૫
૨૦૬.	બીજની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૬
૨૦૭.	ત્રીજની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૬
૨૦૮.	ચોથની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૭
૨૦૯.	પાંચમની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૭
૨૧૦.	છઠ્ઠની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૭
૨૧૧.	સાતમની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૮
૨૧૨.	આઠમની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૮
૨૧૩.	નવમીની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૯
૨૧૪.	દશમની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૨૯
૨૧૫.	દશમ-એકાદશી-બારસની તિથિએ દુર્ગુણનો ત્યાગ કરી ઉપવાસ કરવો	૧૩૦
૨૧૬.	બારસની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૩૦
૨૧૭.	તેરસની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૩૦
૨૧૮.	ચૌદશની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૩૧
૨૧૯.	પૂનમની તિથિએ કોનું પૂજન કરવું ?	૧૩૨
૨૨૦.	બાર માસનાં વ્રત ઉત્સવ	૧૩૩
૨૨૧.	લક્ષ્મીનારાયણ વ્રતવિધિ - ધ્વજારોહણ પૂજનવિધિ	૧૩૩
૨૨૨.	હરિપંચક વ્રતવિધિ - શ્રાવણ, ભાદરવો, આસોમાં ઉપવાસ ફળ	૧૩૪

૨૨૩. કયા દિવસે કોની પૂજા કરવી ? ૧૩૫

૨૨૪. રુકમાંગદ રાજાને એકાદશીનો મહિમા ૧૩૫

૨૨૫. રુકમાંગદ રાજા અને મોહિનીનો વિવાહ પ્રસંગ ૧૩૬

૨૨૬. કાર્તિક માસનાં વ્રત ન કરવા મોહિનીની હઠ ૧૩૬

૨૨૭. રુકમાંગદ રાજાની એકાદશી વ્રત પ્રત્યેની દૃઢતા ૧૩૭

૨૨૮. મોહિનીનું શાપ નિવારણ - તે વેધવાળી એકાદશી થઈ ૧૩૮

૨૨૯. પુરુષોત્તમ માસ મહિમા - અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજાવિધિ ૧૩૯
પુરુષોત્તમ માસની સુદ એકમની તિથિની પૂજનવિધિ

૨૩૦. પુરુષોત્તમ માસની સુદ બીજની તિથિની પૂજનવિધિ ૧૪૦
નરનારાયણ મળમાસને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસે લાવ્યા

૨૩૧. પુરુષોત્તમ માસની સુદ ત્રીજની તિથિની પૂજનવિધિ ૧૪૧
અનાદિશ્રીકૃષ્ણનારાયણે મળમાસને પોતાનું "પુરુષોત્તમ" નામ આપ્યુ

૨૩૨. પુરુષોત્તમ માસની સુદ ચોથની તિથિની પૂજનવિધિ ૧૪૨
ક્ષીરસાગર પુત્રી રમા નારાયણના પત્ની થયા

૨૩૩. પુરુષોત્તમ માસની સુદ પાંચમની તિથિની પૂજનવિધિ ૧૪૩
દેવી સરસ્વતી પરાવિદ્યા, વાણી અને નદીરૂપે થયા

૨૩૪. પુરુષોત્તમ માસની સુદ છઠ્ઠની તિથિની પૂજનવિધિ ૧૪૩
નારાયણ, બ્રહ્મા અને કૃષ્ણ પિતૃકન્યાઓના જમાઈ થયા

૨૩૫. પુરુષોત્તમ માસની સુદ સાતમની તિથિની પૂજનવિધિ ૧૪૫
વિશ્વકર્માની પુત્રીઓ સિદ્ધિ-બુદ્ધિ ગણેશને પામી

૨૩૬. પુરુષોત્તમ માસની સુદ આઠમની તિથિની પૂજનવિધિ ૧૪૬
પૂજાની સામગ્રીઓ ઝાલર, ટોકરી આદિકની ઉત્પત્તિ

૨૩૭. પુરુષોત્તમ માસની સુદ નવમીની તિથિની પૂજનવિધિ ૧૪૭
અગ્નિ અને સુવર્ણ જગતપૂજ્ય થયા

૨૩૮. પુરુષોત્તમ માસની સુદ દશમની તિથિની પૂજનવિધિ ૧૪૯
શ્રીહરિનું યુગે-યુગે અવતાર ધારણનું પૃથ્વીદેવીને વરદાન

૨૩૯. પુરુષોત્તમ માસની સુદ એકાદશીની તિથિની પૂજનવિધિ ૧૫૦
મૂર્તિદેવીએ પુરુષોત્તમ નારાયણને પુત્રરૂપે પ્રાપ્ત કર્યા
૨૪૦. પુરુષોત્તમ માસની સુદ બારસની તિથિની પૂજનવિધિ ૧૫૧
સાવિત્રીદેવીએ જગતમાતાનું બિરૂદ બ્રહ્માને પ્રાપ્ત કરીને મેળવ્યું
૨૪૧. પુરુષોત્તમ માસની સુદ તેરસની તિથિની પૂજનવિધિ ૧૫૩
જયા, લલીતા, પાર્વતી, પ્રભા એ મુક્તાનીના સ્વરૂપને પામી
૨૪૨. પુરુષોત્તમ માસની સુદ ચૌદશની તિથિની પૂજનવિધિ ૧૫૪
શ્રી માણિકી અને લક્ષ્મી પુરુષોત્તમ નારાયણની પત્નીઓ થઈ
૨૪૩. પુરુષોત્તમ માસની પૂનમની તિથિની પૂજનવિધિ ૧૫૫
શ્રેયસી-પ્રેયસી બંને કન્યાઓ ભુક્તિ-મુક્તિ નામે પ્રસિદ્ધ થઈ
૨૪૪. પુરુષોત્તમ માસની વદ એકમની તિથિની પૂજનવિધિ ૧૫૭
સહસ્ત્રાક્ષ રાજા વૈરાટ નારાયણના પદને પ્રાપ્ત થયો
૨૪૫. પુરુષોત્તમ માસની વદ બીજની તિથિની પૂજનવિધિ ૧૫૮
સર્વહુત રાજા અને ગોઋતંભરા રાણી બ્રહ્મા અને ગાયત્રી થયા
૨૪૬. પુરુષોત્તમ માસની વદ ત્રીજની તિથિની પૂજનવિધિ ૧૫૯
બ્રહ્મસવિતા રાજા અને ભૂરિશૃંગા રાણી તે સૂર્યપદને પ્રાપ્ત થયા
૨૪૭. પુરુષોત્તમ માસની વદ ચોથની તિથિની પૂજનવિધિ ૧૬૧
પીયુષ રાજા ચંદ્ર થયો અને તેની સત્યાવીશ રાણીઓ નક્ષત્રો થઈ
૨૪૮. પુરુષોત્તમ માસની વદ પાંચમની તિથિની પૂજનવિધિ ૧૬૨
વસુધાન રાજા અને રાધ્યાસા રાણી કુબેર-કુબેરાણી થયા
૨૪૯. પુરુષોત્તમ માસની વદ છઠ્ઠની તિથિની પૂજનવિધિ ૧૬૪
બ્રાહ્મણ દેવયવ અને દેવજુષ્ટા ઈન્દ્ર અને ઈન્દ્રાણી થયા
૨૫૦. પુરુષોત્તમ માસની વદ સાતમની તિથિની પૂજનવિધિ ૧૬૫
અરૂંધતી (સંધ્યા) નિષ્પાપ થઈ વશિષ્ઠ ઋષિ સાથે સ્વર્ગમાં ગઈ
૨૫૧. પુરુષોત્તમ માસની વદ આઠમની તિથિની પૂજનવિધિ ૧૬૭
કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણને ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પ્રાગટ્ય

૨૫૨.	પુરુષોત્તમ માસની વદ નોમની તિથિની પૂજનવિધિ	૧૬૯
	શ્રીરામના પૂર્વેના અવતાર રામાદિત્ય અને નરાદિત્યનું પ્રાગટ્ય	
૨૫૩.	પુરુષોત્તમ માસની વદ દશમની તિથિની પૂજનવિધિ	૧૭૧
	રાધાપુત્રી વિકુંઠાનો છ ધામમાં લક્ષ્મી સ્વરૂપે વાસ	
૨૫૪.	પુરુષોત્તમ માસની વદ એકાદશીની તિથિની પૂજનવિધિ	૧૭૨
	પાર્વતીપુત્રી વમ્રી પુરુષોત્તમ નારાયણને પતિભાવે પામી ધામમાં ગઈ	
૨૫૫.	પુરુષોત્તમ માસની વદ બારસની તિથિની પૂજનવિધિ	૧૭૩
	જોષ્ટ્રીદેવી તથા બાર કન્યાઓ પુરુષોત્તમ નારાયણને પત્નીભાવે પામી	
૨૫૬.	પુરુષોત્તમ માસની વદ તેરસની તિથિની પૂજનવિધિ	૧૭૫
	શ્રીપુત્રી સુદુધા કથા - મેઘાવતી પતિરૂપે પાંચ પાંડવ અને કૃષ્ણને પામી	
૨૫૭.	પુરુષોત્તમ માસની વદ ચૌદશની તિથિની પૂજનવિધિ	૧૭૬
	દંઢધન્વા અને ચિત્રબાહુ રાજાને કુટુંબે સહિત સહિત બ્રહ્મલોકની પ્રાપ્તિ	
૨૫૮.	પુરુષોત્તમ માસની અમાસની તિથિની પૂજનવિધિ - ઉદ્યાપન	૧૭૮
	વાનરમોક્ષ - પતિવ્રતાધર્મ - પત્નીવ્રતધર્મ અને કથાશ્રવણ-દાનફળ	
૨૫૯.	શ્રીકૃષ્ણનારાયણની તેર ધર્મપત્નીઓનું પ્રાગટ્ય	૧૮૦
૨૬૦.	કાળનેમીની પુત્રી વૃંદા અને રુદ્રના અંશ જાલંધરના વિવાહ	૧૮૧
૨૬૧.	જાલંધર સાથે યુદ્ધમાં દેવોનો પરાજય	૧૮૨
૨૬૨.	જાલંધર અને વિષ્ણુ વચ્ચે યુદ્ધ	૧૮૩
૨૬૩.	જાલંધરની શંકર પાસેથી પાર્વતીની માંગણી	૧૮૪
૨૬૪.	શંકર અને જાલંધર વચ્ચે યુદ્ધ	૧૮૫
૨૬૫.	વિષ્ણુ દ્વારા વૃંદાના પતિવ્રતા ધર્મનો ભંગ	૧૮૫
૨૬૬.	જાલંધરનું યુદ્ધમાં મૃત્યુ - વૃંદાની ભસ્મમાંથી તુલસીવનની ઉત્પત્તિ	૧૮૬
૨૬૭.	વિષ્ણુ-તુલસીવિવાહની લોકમાં પ્રસિદ્ધ	૧૮૭
૨૬૮.	લક્ષ્મી તુલસીરૂપે, સરસ્વતી વાણીરૂપે અને ગંગા નદીરૂપે થયા	૧૮૯
૨૬૯.	ગણેશ દ્વારા તુલસીને શાપ	૧૯૦
	વિષ્ણુ સાથે વિવાહથી તુલસીનો મહિમા	

૨૭૦.	નારાયણ અને લક્ષ્મીના અવતારો - તુલસી પ્રાગટ્ય	૧૯૧
૨૭૧.	સુદામા પાર્ષદ શંખચૂડ થયો તુલસીના પ્રથમ વિવાહ શંખચૂડ સાથે થયા	૧૯૩
૨૭૨.	શંકર અને શંખચૂડ વચ્ચે યુદ્ધ - શંખચૂડનો પરાજય	૧૯૪
૨૭૩.	શંખચૂડના શંખ થયા અને તુલસી ગંડકી નદીરૂપે થઈ	૧૯૫
૨૭૪.	તુલસી-શાલીગ્રામ અને શંખ મહાત્મ્ય	૧૯૭
૨૭૫.	વૃંદાવનમાં વિષ્ણુ સાથે તુલસીના વિવાહ	૧૯૭
૨૭૬.	નર્મદાના શિવલીંગ-શાલીગ્રામ-પુલહાશ્રમ-ગંડકી નદી આદિક કથા	૨૦૦
૨૭૭.	ઋષિકેશ તીર્થ કથા	૨૦૧
૨૭૮.	અનાદિશ્રીકૃષ્ણનારાયણના અનંત અવતારોનું વર્ણન મથુરા-યમુના મહિમા	૨૦૧
૨૭૯.	રાજા યક્ષ્મધનુ અને રાણી પિયરીનો વૃંદાવન-મથુરાની યાત્રાથી ગોલોકધામમાં વાસ	૨૦૩
૨૮૦.	સુઘન ભક્તે એકાદશીના જાગરણનું ફળ આપીને બ્રહ્મરાક્ષસને મોક્ષગતિ આપી	૨૦૪
૨૮૧.	મથુરા-વૃંદાવન તીર્થયાત્રા મહાત્મ્ય	૨૦૫
૨૮૨.	બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિતની કથા - વરાહમૂર્તિ દ્વારા મથુરાનું રક્ષણ	૨૦૫
૨૮૩.	વણિકનું મથુરામાં શ્રાદ્ધ - વિમતી રાજા સાથે વરાહ ભગવાનનું યુદ્ધ	૨૦૬
૨૮૪.	મથુરાના વિશ્રામઘાટના સ્નાનના પુણ્યથી રાક્ષસની મુક્તિ યમુનાના જળથી ભૂત-પ્રેતોની મુક્તિ	૨૦૮
૨૮૫.	મથુરામાં ગોકર્ણેશ્વરતીર્થ અશ્વપટ સરોવરના ઘાટ પર ગોકર્ણેશ્વર મહાદેવની સ્થાપના	૨૦૯
૨૮૬.	કેવા પાપથી પ્રેત થાય ? પ્રેતનો ઉદ્ધાર કઈ રીતે થાય ?	૨૧૦
૨૮૭.	કૃષ્ણગંગાતીર્થમાં સ્નાન કરવાથી વસુ અને તિલોત્તમા નિષ્પાપ થયા	૨૧૧
૨૮૮.	યમુનામાં સૂર્ય આરધનાથી સાંબની કોઢના રોગથી મુક્તિ	૨૧૨
૨૮૯.	યમુનાના ધ્રુવતીર્થમાં ચંદ્રસેન અને પ્રભાવતી દ્વારા પિતૃશ્રાદ્ધ - મુક્તિ	૨૧૩
૨૯૦.	નિમી રાજા દ્વારા પુત્ર શ્રીમાનનું શ્રાદ્ધ શ્રાદ્ધ ક્યારથી શરૂ થયા ?	૨૧૪

૨૯૧.	પવિત્ર બ્રાહ્મણ પાસે જ શ્રાદ્ધવિધિ કરાવવી યમરાજાએ નચિકેતાને આત્મજ્ઞાન આપીને વરદાન આપ્યુ	૨૧૫
૨૯૨.	કેવા પાપથી યમપુરીની પ્રાપ્તિ ? - યમપુરી, યમરાજ અને યમદૂતોનું વર્ણન	૨૧૬
૨૯૩.	યમદૂતો દ્વારા પાપીઓને અનેક પ્રકારના દંડો	૨૧૮
૨૯૪.	યમપુરીમાં પાપ પ્રમાણે દંડ - કેવા પાપે જીવાત્મા કેવા જન્મને પામે ?	૨૧૯
૨૯૫.	ચિત્રગુપ્ત દ્વારા જીવાત્માને પાપ-પુણ્ય પ્રમાણે સ્થાન નરકમાં કોણ ન જાય ? - કયાં દાનથી શું પ્રાપ્ત થાય ?	૨૨૦
૨૯૬.	પતિવ્રતા રૂપવતીનું સૂર્યને વરદાન - પતિવ્રતા ધર્મનો મહિમા	૨૨૧
૨૯૭.	ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનું રહસ્ય અને આત્મજ્ઞાન ઉપદેશ	૨૨૨
૨૯૮.	સાવિત્રીએ પતિવ્રતાના પ્રભાવથી બ્રહ્માને સજીવન કર્યા	૨૨૪
૨૯૯.	સરમાએ પતિવ્રતાના પ્રભાવથી દૈત્યોનો ભસ્મ કર્યા	૨૨૬
૩૦૦.	સતી સાવિત્રીના પતિવ્રતાના પ્રભાવથી સત્યવાની રક્ષા	૨૨૭
૩૦૧.	શુભ-અશુભ કર્મો તેમજ ભક્તિના પ્રકારોનું જ્ઞાન	૨૨૮
૩૦૨.	જીવાત્મા કેવા કર્મથી સ્વર્ગ-નરક, જન્મ અને કયા ધામને પામે ?	૨૩૦
૩૦૩.	હરિભક્તિની રીત તેમજ નરકના ૮૬ કુંડોમાં પાપીઓને દંડ	૨૩૨
૩૦૪.	ભક્તિ-મુક્તિ જ્ઞાન તેમજ સતી સાવિત્રી દ્વારા સત્યવાનનો પુનર્જન્મ	૨૩૫
૩૦૫.	પતિવ્રતા પદ્મા દ્વારા ધર્મદેવને શાપ અને આશિર્વાદ	૨૩૭
૩૦૬.	વૈકુંઠમાં નારાયણ દ્વારા લક્ષ્મીનો ગર્વ નાશ	૨૩૮
૩૦૭.	સતી શચી દ્વારા નુહુર્ષ રાજાનો અસ્વિકાર સતી શચી દ્વારા ઈન્દ્રને ફરી ઈન્દ્રાસનની પ્રાપ્તિ	૨૪૦
૩૦૮.	અહલ્યાએ પતિવ્રતાના પ્રભાવથી અનેકને જીવતા કર્યા-અહલ્યા શીલારૂપે થઈ	૨૪૨
૩૦૯.	શ્રીરામ અને પતિવ્રતા સતી સીતાનું ઉત્તમ ચરિત્ર	૨૪૫
૩૧૦.	પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞામાં રહેવું અને કુટુંબમાં સર્વેની સેવા કરવી	૨૪૬
૩૧૧.	માટુલીએ પતિવ્રતાના પ્રભાવથી પતિ ભાલુકનો રોગ નાશ કર્યો	૨૪૮
૩૧૨.	પતિવ્રતાના ધર્મપાલનથી ભક્તિ અને મુક્તિની પ્રાપ્તિ	૨૪૯
૩૧૩.	પતિવ્રતા હરિણીએ પતિ સાત્રાયણ ઋષિ તેમજ અન્યનું રક્ષણ કર્યુ	૨૫૦

૩૧૪. પતિવ્રતા રેણુકાએ જમદગ્નિ ઋષિને જીવીત કર્યા ૨૫૦
પરશુરામ દ્વારા અધર્મી ક્ષત્રિયોનો વિનાશ
૩૧૫. શ્રીકૃષ્ણનારાયણ સાથે ભાર્ગવી લક્ષ્મીનો વિવાહ ૨૫૩
૩૧૬. ભાર્ગવી લક્ષ્મી દ્વારા નારાયણના નામના અર્થો ૨૫૬
૩૧૭. પતિવ્રતા શૈલ્યાએ પતિ શતધતુ અને પિતૃઓનો ઉદ્ધાર કર્યો ૨૫૮
૩૧૮. પતિવ્રતા સુશ્રુતિએ પતિ વેદશ્વા ઋષિ સાથે દેહત્યાગ કર્યો ૨૬૦
૩૧૯. વરાહ ભગવાનની ભક્તિથી રાજા નંદસાવર્ણી અને રાણી પંકિલાની મોક્ષગતિ ૨૬૧
૩૨૦. ઋષભદેવનો પોતાના પુત્રને ઉપદેશ ૨૬૨
૩૨૧. પતિવ્રતા સુકન્યા અને ચ્યવનઋષિની કથા ૨૬૩
૩૨૨. પતિવ્રતા સુશીલા દ્વારા પતિ કૌશિક બ્રાહ્મણની રક્ષા ૨૬૫
૩૨૩. પતિવ્રતા મદાલસાએ પોતાના ત્રણ પુત્રોને ઉપદેશ આપી સાધુ બનાવ્યા ૨૬૬
૩૨૪. મદાલસાના ચોથા પુત્ર અલર્ક રાજાનો કાશીરાજા સાથે યુદ્ધમાં પરાજય ૨૬૭
૩૨૫. દત્તાત્રેય દ્વારા અલર્ક રાજાને તત્ત્વજ્ઞાન અને આત્મજ્ઞાનનો ઉપદેશ ૨૬૯
૩૨૬. ગુરુ દત્તાત્રેયે અલર્ક રાજાને ગુણ-ક્રિયાનું જ્ઞાન આપ્યુ ૨૭૦
૩૨૭. વેંકટાચળમાં શ્રીનિવાસ પ્રભુ અને લક્ષ્મીરૂપ પદ્મિનીના વિવાહ ૨૭૧
૩૨૮. તોંડમાન રાજા દ્વારા વેંકટાચળ પર્વત પર વેંકટેશ પ્રભુની મૂર્તિની સ્થાપના ૨૭૨
૩૨૯. સુમતીઋષિ દ્વારા ધર્મગુપ્ત રાજાનો મોક્ષ ૨૭૩
૩૩૦. શ્રીવેંકટેશ પ્રભુની સુમુતી, ભદ્રમતિ અને રામાનુજ વિપ્ર પર કૃપા ૨૭૩
૩૩૧. દાનનાં યોગ્ય પાત્રો ૨૭૪
વેંકટાચળનાં ચક્રતીર્થ અને જાબલી તીર્થનો મહિમા
૩૩૨. કેશવનો વેંકટાચળની સુવર્ણમુખરી નદીમાં સ્નાન દ્વારા બ્રહ્મરાક્ષસથી મુક્તિ ૨૭૫
૩૩૩. જૂનાગઢમાં નારાયણધરો અને સ્વર્ણરેખા નદીની ઉત્પત્તિ ૨૭૫
૩૩૪. ખ્યાતિદેવી અને જયંતિના પતિવ્રતા ધર્મનો પ્રભાવ ૨૭૬
૩૩૫. પતિવ્રતા માલાવતીએ પતિ ઉપબ્રર્હણને સજીવન કર્યો ૨૭૭
૩૩૬. વીરા - પ્રભાવતી - અરૂધંતી અને અદ્રશંતિના પતિવ્રતાનો પ્રભાવ ૨૭૮
૩૩૭. પતિવ્રતા પદ્માવતી અને લક્ષ્મીરૂપ શ્રીમતીની કથા ૨૭૮

૩૩૮. અધર્મના નિવાસસ્થાનો ૨૮૦
૩૩૯. અપ્સરા - દાસી અને ગણિકાઓ માટે કલ્યાણમાર્ગ ૨૮૦
૩૪૦. પરમાત્મા વિશે પતિવ્રતાની ભક્તિનું જ્ઞાન ૨૮૧
૩૪૧. પતિની સેવા પ્રભુની સેવા માનીને કરે તે સ્ત્રી રાધા-લક્ષ્મી સમાન છે ૨૮૧
૩૪૨. રૈવત રાજાની પુત્રી રેવતીના બળદેવ સાથે વિવાહ ૨૮૨
૩૪૩. શ્રીકૃષ્ણનારાયણની મુખ્ય પાંચ પતિવ્રતા પત્નીઓનો બ્રહ્માંડોમાં વાસ ૨૮૩
અનંત પતિવ્રતા લક્ષ્મી, સતી, સાધ્વીઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પતિભાવે પામી
૩૪૪. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણને વરદાન ૨૮૫
૩૪૫. ચાર યુગનાં ધર્મો - લક્ષ્મીનારાયણ સંહિતાના ધર્મોથી મોક્ષ ૨૮૫
૩૪૬. પતિવ્રતા ત્રિવેણીએ ભરતરાજાનો અદ્‌ભુત સત્કાર કર્યો ૨૮૬
૩૪૭. શ્રીરામની કૃપાથી પંપાસરોવર અને શબરી તીર્થરૂપ થયા ૨૮૬
૩૪૮. સતી ચિત્રલેખા અનેક જન્મે પણ ફરી નારાયણને પતિભાવે પામી ૨૮૭
૩૪૯. વિપ્રપત્ની કલહા બીજે જન્મે રાક્ષસી થઈ ૨૮૮
૩૫૦. વિષ્ણુદત્ત બ્રાહ્મણને ભગવાન વિષ્ણુ વૈકુંઠ લઈ ગયા ૨૮૮
૩૫૧. શ્રીકૃષ્ણે ગોપીઓને પત્નીભાવે ગ્રહણ કરી ૨૮૯
૩૫૨. બ્રહ્મા અને શ્રીકૃષ્ણે ગોપીઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણના પ્રાગટ્યની વાત કહી ૨૯૦
૩૫૩. પતિવ્રતા કાંતિમતિ દ્વારા વિપ્ર વિરબાહું રાજાનો ઉદ્ધાર ૨૯૧
૩૫૪. શ્રીકૃષ્ણે રાધાજી અને ગોપીઓનો મહિમા કહ્યો ૨૯૨
૩૫૫. પાંચાલ દેશના રાજા દાદક અને તેની બહેનો જીવંતી અને લાવણવંતીની કથા ૨૯૨
ઉત્મત્તગંગા કાંઠે દુર્ગપુરમાં દાદક રાજા દ્વારા ગોપીકૃષ્ણના મંદિરનું નિર્માણ
૩૫૬. દુર્વાષા ઋષિ, શિષ્ય સત્યવ્રત લક્ષ્મીનારાયણ સંહિતાની કથાથી સંતુષ્ટ થયા ૨૯૪
૩૫૭. યાજક ઋષિ દ્વારા હેમંત રાજાને ઉપદેશ - મોક્ષગતિ ૨૯૫
૩૫૮. બ્રાહ્મણની કૃપાથી પતિદ્રોહી કૂતરી પણ બીજા જન્મે શ્રેષ્ઠ અપ્સરા ઉર્વશી થઈ ૨૯૬
૩૫૯. રાજા વિદ્યુમ અને રાણી મૃગાવતી ચક્રતીર્થમાં સ્નાન કરી સત્યલોકને પામ્યા ૨૯૭
૩૬૦. પતિવ્રતા ગાલવ ઋષિકન્યાએ પ્રેત થયેલા ગાંધર્વનો ઉદ્ધાર કર્યો ૨૯૮
૩૬૧. જસુકરૂ મુનિ અને પતિવ્રતા જસુકાર્વીએ સર્પોની રક્ષા કરી ૨૯૮

૩૬૨.	પતિવ્રતા સુમિત્રા દ્વારા રાજા મતિજવને ફરી રાજ્યની પ્રાપ્તિ	૩૦૦
૩૬૩.	મથુરાના રાજા પુણ્યનિધિની વિપ્રરૂપ વિષ્ણુ દ્વારા પરીક્ષા	૩૦૧
૩૬૪.	ધર્મદેવ દ્વારા અપ્સરા વર્ધિનીને પતિવ્રતા ધર્મનો ઉપદેશ	૩૦૨
૩૬૫.	ધર્મારણ્યમાં યજ્ઞમાં વિઘ્ન કરતાં રાક્ષસોનો અનેક દેવીઓ દ્વારા નાશ	૩૦૨
૩૬૬.	ગૃહસ્થોને ભક્તિ માર્ગદર્શન ગીરનાર, નારાયણધરે વિષ્ણુ અને દેવી-દેવતાઓનો વૃક્ષવેલીરૂપે વાસ	૩૦૧
૩૬૭.	સુતપા ઋષિ દ્વારા સુયજ્ઞ રાજાને શાપ તેમજ આજ્ઞા	૩૦૪
૩૬૮.	સુતપા ઋષિ દ્વારા સુયજ્ઞ રાજાને પત્નીવ્રત ધર્મનું જ્ઞાન	૩૦૫
૩૬૯.	રાજા સુયજ્ઞના પત્નીવ્રત ધર્મના પાલનથી મોક્ષગતિ	૩૦૬
૩૭૦.	દેવગુરુ બૃહસ્પતિ અને ગુરૂપત્ની તારાએ કર્મોનું ફળ ભોગવ્યુ	૩૦૭
૩૭૧.	નારી કઈ રીતે દૂષિત થતી નથી ? સતી તારામાં ચંદ્રપુત્ર બુધ ગ્રહનો જન્મ	૩૦૮
૩૭૨.	પતિવ્રતા કલાવતીના ઉપદેશથી દાસાહર રાજા ભક્ત બન્યો	૩૦૯
૩૭૩.	પતિવ્રતા સીમંતિ દ્વારા રાજા ચિત્રવર્માની રક્ષા થઈ	૩૧૦
૩૭૪.	પતિવ્રતા સીમંતિના પ્રતાપથી બ્રાહ્મણ સોમવાન સ્ત્રી બન્યો	૩૧૦
૩૭૫.	પાર્વતીના પયોવ્રત તપથી સ્વયં શ્રીકૃષ્ણ પુત્ર ગણેશરૂપે થયા	૩૧૧
૩૭૬.	શંકરે પ્રસન્ન થઈ શબરીને સજીવન કરી	૩૧૨
૩૭૭.	વેદરથ વિપ્રની પુત્રી શારદાને ઉમા-મહેશ્વરનું વ્રત કરવાથી ગર્ભ રહ્યો	૩૧૩
૩૭૮.	નંદી ગામની ગણિકા પ્રભુભક્તિથી ધામને પામી	૩૧૪
૩૭૯.	પતિવ્રતા બંદુલા પતિ વિદૂર સાથે વૈકુંઠધામમાં ગઈ	૩૧૫
૩૮૦.	પતિવ્રતા લોપામુદ્રા દ્વારા વિંધ્યાચળ પર્વતનો ગર્વનાશ	૩૧૬
૩૮૧.	પરશુરામની ક્ષત્રિયનાશની પ્રતિજ્ઞા	૩૧૮
૩૮૨.	સહસ્ત્રાર્જુન રાજાનો નાશ - પતિવ્રતા મનોરમાનું આખ્યાન	૩૧૯
૩૮૩.	વૈશ્વાનરની પત્નીએ પતિને સજીવન કરી ઈન્દ્રને દંડીત કર્યો	૩૨૦
૩૮૪.	કર્ણાટકનાં રાજા મલયકેતુ અને રાણી કલાવતીની મોક્ષગતિ	૩૨૧
૩૮૫.	બ્રહ્મા દ્વારા નિર્માણ કરેલી નારી સદા પવિત્ર છે.	૩૨૨

૩૮૬.	સૂર્ય દ્વારા દ્રૌપદીને વરદાનમાં અક્ષયપાત્ર	૩૨૨
૩૮૭.	ગરૂડે પોતાની માતા વનિતાને દાસીપણામાંથી છોડાવી	૩૨૩
૩૮૮.	લક્ષ્મીનારાયણ દ્વારા લીલાવતીને પતિવ્રતા ધર્મનું જ્ઞાન	૩૨૪
૩૮૯.	ધૂતપાપાએ તપ કરી ધર્મદેવને પતિરૂપે પ્રાપ્ત કર્યા	૩૨૪
૩૯૦.	રાધા પ્રાગટ્ય - રાધા વિવાહ - રાધાના માતા-પિતાને મોક્ષનું વરદાન	૩૨૬
૩૯૧.	કલાવતી અને ત્રણેય સખીઓ કૃષ્ણ સાથે વિવાહ કરી ગોલોક થઈ	૩૨૬
૩૯૨.	બ્રાહ્મણ પત્નીઓનો ત્રણ સ્વરૂપે સ્થાનોમાં વાસ	૩૨૭
૩૯૩.	નાગપત્નીની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણે કાલીનાગને જીવનદાન આપ્યુ	૩૨૮
૩૯૪.	શંકરની કૃપાથી ગાંધર્વકન્યા માધવી ગોલોક ધામમાં ગઈ	૩૨૮
૩૯૫.	મંદિરના આશ્રય અને અજાણતા પ્રસાદ ગ્રહણથી જીવાત્માની અંતે સદ્‌ગતિ	૩૨૯
૩૯૬.	તપ કરતા યમરાજ, પોપટ અને ઋષિપુત્રી શચીને વરદાન	૩૨૯
૩૯૭.	માગશર સુદ ત્રીજના વ્રતથી મલયગંધીને ત્યાં તેજસ્વી પુત્રનો જન્મ	૩૩૦
૩૯૮.	ઓર્વ ઋષિપુત્રી કદવીખી અને દુવાર્ષા ઋષિની કથા	૩૩૧
૩૯૯.	શ્રીકૃષ્ણનારાયણની ભક્તિથી વિશ્વકર્માને ચોસઠ કળાઓ પ્રાપ્ત થઈ	૩૩૨
૪૦૦.	કાશીમાં ગંગાને સામે કાંઠે ભગવાન વેદવ્યાસનો નિવાસ	૩૩૨
૪૦૧.	ભગવત્કૃપાથી વાલ્મિકી ઋષિ દ્વારા રામાયણકાવ્યની રચના	૩૩૩
૪૦૨.	ધોળખનક રાક્ષસ અને અવંતનગરીનો રામ-સીતા દ્વારા ઉદ્ધાર	૩૩૪
૪૦૩.	ભગવાન વેદવ્યાસ અને શુકદેવજીનું પ્રાગટ્ય	૩૩૫
૪૦૪.	ઋષિપંચમીનું વ્રત કરવાથી નારીઓના સર્વદોષોનો નાશ	૩૩૬
૪૦૫.	સતી અનસુયાને ત્યાં ત્રિદેવોના અંશરૂપ ચંદ્ર, દુર્વાષા અને દત્તાત્રેય પુત્રરૂપે થયા	૩૩૭
૪૦૬.	પતિવ્રતા કુમુદાએ ચંદ્રની રક્ષા કરી ઋતુદાન સમજણ	૩૩૮
૪૦૭.	કાશીરાજા ચિત્રસેન બીજા જન્મે શંકરનો ગણ થયો	૩૩૯
૪૦૮.	નાગમતિમાં સ્નાનથી મેનકા અને વિશ્વામિત્રના શાપનું નિવારણ દેવગુરુ બૃહસ્પતિના શાપથી ઈન્દ્રથી સંપત્તિ અને ગર્વનાશ	૩૩૯
૪૦૯.	મનસાદેવીએ ધન્વંતરીથી સર્પોની રક્ષા કરી	૩૪૧

૪૧૦.	શ્રીકૃષ્ણ-ગોપીઓના રાસલીલાના દર્શન કરી અષ્ટાવક્ર ઋષિ ગોલોક ગયા	૩૪૧
૪૧૧.	કળશ રાજા દુર્વાષાના શાપથી છૂટીને પરમપદને પામ્યા	૩૪૨
૪૧૨.	શર્મવંતી ભાગ્યહીન હોવા છતાં પણ તપ-ભક્તિથી પ્રભુને પામી	૩૪૩
૪૧૩.	બ્રાહ્મણ દંપતી રોગમુક્ત થઈ શ્રીહરિના ધામમાં ગયા	૩૪૪
૪૧૪.	લક્ષ્મીના અવતારરૂપ શાંડિલી માધવીની કથા	૩૪૪
૪૧૫.	લક્ષ્મી અને શાંડિલીનો પરસ્પર શાપ	૩૪૬
૪૧૬.	અંબા અને વૃદ્ધાના વ્રતથી પ્રસન્ન મહાદેવી દ્વારા અધર્મી યવનોના કુળનો નાશ	૩૪૬
૪૧૭.	અગ્નિ દ્વારા હાથી, પોપટ, દેડકાં, માછલી તેમજ કાચબાંને શાપ અને આશિર્વાદ	૩૪૭
૪૧૮.	દશરથના પુત્રેષ્ઠિ યજ્ઞ દ્વારા ચાર પુત્રનું પ્રાગટ્ય	૩૪૮
૪૧૯.	મોક્ષ આપનારા અડસઠ તીર્થ તેમજ અન્ય તીર્થોનું વર્ણન	૩૪૯
૪૨૦.	અડસઠ ગામોનું એક નામ ચમત્કારપુર તીર્થ પડ્યું	૩૫૦
૪૨૧.	સતી ભાદ્રીકાનો નાગમાતા રેવતીને શાપ	૩૫૧
૪૨૨.	સત્યસંધા રાજાની પુત્રી કણોત્પલાનો કામદેવ સાથે વિવાહ	૩૫૧
૪૨૩.	વિશ્વકર્મા દ્વારા સૌપ્રથમ આશ્રમનું વાસ્તુપૂજન	૩૫૨
૪૨૪.	પતિવ્રતા દીર્ઘિકાએ સૂર્યની ગતિ અટકાવીને પતિને સજીવન કર્યો	૩૫૩
૪૨૫.	જાબાલી ઋષિ અને પુત્રી ફલવતીનો પદ્મશીલામાં વાસ	૩૫૪
૪૨૬.	વ્યાસજીના દ્વિતીય પુત્ર કંપીજલથી વંશ આગળ વધ્યો	૩૫૫
૪૨૭.	તિલોત્તમા અપ્સરા દ્વારા શંકરને પાંચ મુખ થયા	૩૫૬
૪૨૮.	જમદગ્નિ ઋષિના જન્મની કથા	૩૫૭
૪૨૯.	કંસારી દ્વારા પિપ્લાદનો જન્મ - શનિદેવનું પિપ્લાદને વરદાન	૩૫૮
૪૩૦.	કાશીના રાજાની રાણી અર્ચાએ પુત્રપ્રાપ્તિ માટે ગૌરીવ્રત કર્યુ	૩૬૦
૪૩૧.	દૈત્યોનું બળ ઓછું કરવા બ્રહ્મા દ્વારા યજ્ઞ	૩૬૦
૪૩૨.	બ્રહ્માના યજ્ઞમાં વિપ્રરૂપે આવેલા શ્રીહરિનો સર્વને ઉપદેશ	૩૬૧
૪૩૩.	પુલત્સ્યપુત્ર વિશ્વાસુ રાક્ષસ થયો અને ઉદુંબરી દેવી થઈ	૩૬૧
૪૩૪.	બ્રહ્મા સાથે યજ્ઞમાં ગોપકન્યા આયરના બેસવાથી સાવિત્રીનો સર્વેને શાપ	૩૬૨
૪૩૫.	રાજકન્યા રત્નવતી અને વિપ્રકન્યા છાંદોગ્ય શ્રીહરિને પતિભાવે વરી	૩૬૩

૪૩૬.	રાધા સખી નાગલીલા અને વિપ્રકન્યાને ગોલોકધામની પ્રાપ્તિ	૩૬૪
૪૩૭.	તપ કરતાં નપુંસકોનો મા બહુચરાજી દ્વારા મોક્ષ	૩૬૪
૪૩૮.	શ્રીકૃષ્ણનારાયણ દ્વારા દૈત્ય વક્ર અને ત્રિપુરાસુરથી શંકરની રક્ષા	૩૬૫
૪૩૯.	અંધકાસુર સાથે યુદ્ધમાં શંકરનો વિજય	૩૬૬
૪૪૦.	ઈન્દ્રદ્યુમ્ન રાજાને લોમશ ઋષિના દર્શન, ઉપદેશ અને આજ્ઞા	૩૬૬
૪૪૧.	લોમશ ઋષિ દ્વારા ઈન્દ્રદ્યુમ્ન રાજાને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા	૩૬૮
૪૪૨.	વેદમાતા સાવિત્રી દ્વારા નારદને વેદનું જ્ઞાન - નારદ દ્વારા પ્રભુની સ્તુતિ	૩૬૯
૪૪૩.	ઈન્દ્રદ્યુમ્ન રાજાએ લોમશ ઋષિ પાસેથી મંત્રદીક્ષા લીધી	૩૭૦
૪૪૪.	ભગવાનનાં ધામમાં સમય-દિવસની ગણતરી લોમશ ઋષિનું દિવ્ય જીવન	૩૭૧
૪૪૫.	કપિલ ભગવાન અને જૈગીષ્ય ઋષિનો અશ્વશીરા રાજાને ઉપદેશ	૩૭૨
૪૪૬.	કાશ્મીરનો વસુ રાજા અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી પરમધામમાં ગયો	૩૭૩
૪૪૭.	સનત ઋષિએ રૈભ્યમુનિને સંસારમાં મોક્ષ અપાવનારા સાધન વિશે જ્ઞાન આપ્યું	૩૭૪
૪૪૮.	પરમધામ વર્ણન અને શુભ સ્વપ્નફળ જ્ઞાન	૩૭૪
૪૪૯.	સૂર્ય-ચંદ્ર અને રાહુનું ગ્રહણ - અશુભ સ્વપ્નફળ જ્ઞાન	૩૭૬
૪૫૦.	ગુરુ મહિમા અને શુભ-અશુભ કર્મોના ફળનું જ્ઞાન	૩૭૭
૪૫૧.	અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતિએ સર્વે કુંકુમવાપી પધાર્યા	૩૭૮
૪૫૨.	ચિંતામણીની પ્રાપ્તિ માટે દુર્જય રાજાનું યુદ્ધ - નૈમિષારણ્યક્ષેત્રની ઉત્પત્તિ	૩૭૯
૪૫૩.	મહાતપા ઋષિનો પ્રજાપાલ રાજાને ભક્તિનો ઉપદેશ	૩૮૧
૪૫૪.	અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને કુંકુમવાપી તીર્થનો મહિમા	૩૮૧
૪૫૫.	શંકર-પાર્વતી સર્વે પ્રભુની જન્મજયંતિએ કુંકુમવાપી પધાર્યા	૩૮૨
૪૫૬.	પ્રભાસક્ષેત્ર-સોમનાથક્ષેત્ર ઉત્પત્તિ તીર્થમાં દાનનું ફળ	૩૮૩
૪૫૭.	સમુદ્રતીર્થ અને સરસ્વતીતીર્થનો મહિમા	૩૮૪
૪૫૮.	પ્રભાસ - સોમનાથ અને તુલસીશ્યામ તીર્થનું મહાત્મ્ય ભૂત, પ્રેત, પિશાચ આદિકના નિવાસ સ્થાનો	૩૮૫

૪૫૯.	કામદંડ - માર્કન્ડેય - યાદવાસ્થલી - નંદી - ત્રીતતીર્થ મહાત્મ્ય	૩૮૬
૪૬૦.	શિકારી તપ કરી વિદ્વાન સત્યતપાના નામથી પ્રસિદ્ધ થયો	૩૮૭
૪૬૧.	કઈ તિથિએ કોનું પૂજન કરવું ?	૩૮૯
૪૬૨.	ધન્વા રાજાની મોક્ષગતિ - મૃગતીર્થ અને ચ્યવનતીર્થ ઉત્પત્તિ	૩૯૦
૪૬૩.	ત્રણ ભાઈઓ તેમજ નૃગરાજા, કૃતુધ્વજરાજા અને વિપ્ર દુઃસહની કથા	૩૯૦
૪૬૪.	નરનારાયણ દ્વારા વિશાલ રાજાને ઉપાસનાથી પ્રાપ્તિનું જ્ઞાન	૩૯૧
૪૬૫.	ગુરુ મહિમા - મુક્તપાલ રાજા પ્રભુના ધામને પામ્યો	૩૯૨
૪૬૬.	ગુપ્તપ્રયાગ તીર્થ તેમજ નારદ તીર્થનો મહિમા	૩૯૪
૪૬૭.	વેનરાજાની શ્રાદ્ધ દ્વારા મુક્તિ - લોમશ ઋષિનો ઉપદેશ	૩૯૪
૪૬૮.	નારદ દ્વારા અગત્સ્યમુનિને સૌરાષ્ટ્રના તીર્થોનું મહાત્મ્ય	૩૯૫
૪૬૯.	ગૌતમ ઋષિ - પતિવ્રતા અહલ્યા - ગોદાવરી અને વેલુરાજાની કથા	૩૯૬
૪૭૦.	શ્રીહરિ દ્વારા બ્રહ્માને મોક્ષ પ્રાપ્તિ માટે ઉપદેશ	૩૯૭
૪૭૧.	કેંદરકુર્ચ - મંકણક - અમરીષ - ઋષિકેશ આદિક તીર્થોની કથા	૩૯૮
૪૭૨.	અર્બુદાચલનાં તીર્થોનો મહિમા - શંકરનો પાર્વતીને ઉપદેશ	૩૯૯
૪૭૩.	હિમાલયની પવિત્ર નદીઓ અને નમર્દા ઉત્પત્તિ તેમજ મહિમા	૪૦૧
૪૭૪.	નમર્દાકાંઠે પિતૃશ્રાદ્ધ મહિમા - નારાયણી દ્વારા મહિષાસુરનો વધ	૪૦૨
૪૭૫.	કલહંસ - કલ્માષપાદ તીર્થ - ધર્મદેવ દ્વારા અનેક ઋષિઓની મુક્તિ	૪૦૩
૪૭૬.	રંતિદેવ રાજા - હરિકેશ બ્રાહ્મણ - સાલંકાયન રાજાની કથા	૪૦૪
૪૭૭.	નર્મદાકાંઠે રહેલા મંડપેશ્વર - હર્વીધામેશ્વર - કરમર્દન તીર્થની કથા	૪૦૫
૪૭૮.	રેવાચરૂ - જાલેશ્વર - ૐકારેશ્વર તીર્થની કથા	૪૦૬
૪૭૯.	અમરકંટક તીર્થ અને વ્યાઘ્રેશ્વર તીર્થની કથા	૪૦૮
૪૮૦.	ગૌદાન તેમજ અન્ન-જલના દાનનો મહિમા	૪૦૯
૪૮૧.	ચંદ્રસેન, ધુંધુમાર અને ભરતરાજા તેમજ દુવાર્સા ઋષિની કથા	૪૦૯
૪૮૨.	ગૃહસ્થો કેવા કર્મો કરવાથી ભુક્તિ, મુક્તિ અને ધામને પામે ?	૪૧૦
૪૮૩.	આત્મનિવેદી ભક્તો માટે શ્રીહરિની પૂજાવિધિનું વર્ણન	૪૧૧
૪૮૪.	કોણ સુખી રહે ? - કોણ દુઃખી રહે ? - કોણ પ્રભુને પામે ?	૪૧૨

૪૮૫. તીર્થમાં મૃત્યુ પામનાર જીવાત્મા મોક્ષને પામે છે ૪૧૩
૪૮૬. હવલશ્વ રાજા - મુચકુંદ રાજા અને શશાંક રાજાની કથા ૪૧૩
૪૮૭. માયાનું વર્ણન - શ્રીહરિએ સોમશર્મા ઋષિને માયાનું સ્વરૂપ બતાવ્યું ૪૧૪
૪૮૮. હરિદ્વારના કુલ્જામ્ર તીર્થમાં સ્નાન-દાનથી કૌશલ દેશના રાજા-રાણીની મુક્તિ ૪૧૬
૪૮૯. માતંગેશ્વર તીર્થ અને કપીલા તીર્થનો મહિમા ૪૧૭
૪૯૦. વિશોકા - સુવર્ણદ્વિપ અને વાગુરેવા તીર્થનો મહિમા ૪૧૭
૪૯૧. શુક્લ - મેઘનાદક્ષેત્ર - પિપલેશ અને લુબ્ધેશ્વર તીર્થનો મહિમા ૪૧૮
૪૯૨. ભૃગુતીર્થ - તામ્રપાત્ર અને મંત્રદીક્ષા મહાત્મ્ય ૪૨૦
૪૯૩. સારા-નરસા કર્મોનું ફળ અને પ્રાયશ્ચિત - પાપનાશક બ્રહ્મકુર્ચ વ્રત ૪૨૧
શંકરનો કૈલાસ અને સ્મશાનમાં વાસ - મૂર્તિના અપરાધ અને પ્રાયશ્ચિત
૪૯૪. કલીંગ રાજાનો પુત્ર અને કાંચી રાજાની પુત્રી બંનેની સદ્‌ગતિ થઈ ૪૨૨
૪૯૫. વૈશ્ય કુટુંબ અને રાક્ષસની સદ્‌ગતિ - મંદિરમાં સેવા-ભક્તિનો મહિમા ૪૨૩
૪૯૬. નર્મદાના રેવા - લીનેશ્વર - ગોપાલશ - પરાશર આદિક તીર્થનો મહિમા ૪૨૫
૪૯૭. સોમેશ્વર - વ્યાસ - માર્કન્ડેય અને જલશાહી તીર્થની કથા ૪૨૬
શુદ્ધિ-અશુદ્ધિ જ્ઞાન
૪૯૮. પુરુષોત્તમ ક્ષેત્ર એવા જગન્નાથપુરીની ઉત્પત્તિ ૪૨૮
૪૯૯. જગન્નાથપુરીમાં કાષ્ઠની ચારેય મૂર્તિમાં પ્રભુનો વાસ અને મહિમા ૪૨૯
૫૦૦. પુંડરીક અને અંબરીષ બંને ભક્તિપરાયણ રહી અંતે ધામમાં ગયા ૪૩૧
૫૦૧. શ્રીહરિ દ્વારા ઈન્દ્રદ્યુમ્ન રાજાને જગન્નાથપુરીમાં મંદિર બનાવવાની આજ્ઞા ૪૩૨
૫૦૨. ભક્તિનાં પ્રકાર ૪૩૪
જગન્નાથપુરીમાં મૂર્તિ પ્રતિષ્ઠા માટે રાજાને શંકરની આજ્ઞા
૫૦૩. નારાયણે વિપ્રરૂપે આવી ઈન્દ્રદ્યુમ્ન રાજાને જગન્નાથજીની મૂર્તિ વિશે કહ્યું ૪૩૫
૫૦૪. જગન્નાથજીની મૂર્તિ અને રથની પ્રતિષ્ઠા માટે બ્રહ્માજીને આમંત્રણ ૪૩૬
૫૦૫. બ્રહ્માજી દ્વારા મૂર્તિપ્રતિષ્ઠા - જગન્નાથ ભગવાનનો સર્વને આશિર્વાદ ૪૩૮
૫૦૬. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના કૃતયુગ સંતાનનું પૂજન, ઉત્સવ અને મહિમા ૪૩૯
૫૦૭. કૃતયુગ સંતાનનાં અંતિમ અધ્યાયમાં પ્રગટ ભગવાનની સ્તુતિ-આશિર્વાદ ૪૪૧

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - ત્રેતાયુગ સંતાન - ભાગ-૨ - સંક્ષિપ્ત ગુજરાતી

ક્રમ	અધ્યાય - વિષયસૂચિ	પેજ નં.
૧.	શ્રીકૃષ્ણ દ્વારા રાધિકાજીને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા	૪૪૨
૨.	હિરણ્યકુર્ચ અને હિરણ્યઅંડનો નાશ - મેરૂ પર્વતથી પૃથ્વી-ગ્રહોની ઉત્પત્તિ	૪૪૩
૩.	માતા કંભરાલક્ષ્મી-પિતા ગોપાલકૃષ્ણના ખોળે કુંકુમવાપી તીર્થમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પ્રાગટ્ય (બાલકૃષ્ણનો પ્રથમ જન્મોત્સવ)	૪૪૪
૪.	શ્રીબાલકૃષ્ણ પ્રભુએ દેવ-ઈશ્વર આદિક સર્વેને અધિકારો આપ્યા	૪૪૬
૫.	ષષ્ઠીદેવીએ દૈત્યોથી બાલકૃષ્ણપ્રભુનું રક્ષણ કર્યુ	૪૪૭
૬.	શ્રીબાલકૃષ્ણ પ્રભુની નામકરણ વિધિ તેમજ સાણાસુર વધ	૪૪૮
૭.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પ્રેંખા ઉત્સવ - તલાજા રાક્ષસીની મુક્તિ	૪૪૯
૮.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો દુગ્ધપાન ઉત્સવ - રાક્ષસ-રાક્ષસીઓની મુક્તિ	૪૫૧
૯.	ગુરુ લોમશ ઋષિ દ્વારા બાલપ્રભુને મંત્રદીક્ષા - ક્રોધન અસુરની મુક્તિ	૪૫૨
૧૦.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ઉપવેશ સંસ્કાર - પૃથ્વીપુત્રી સિંહીકાની કથા	૪૫૩
૧૧.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો કર્ણવેધ સંસ્કાર - તન્નવાયઆશ્રમ તીર્થ	૪૫૪
૧૨.	શ્રીબાલકૃષ્ણ પ્રભુએ દમનક અસુરનો ઉદ્ધાર કર્યો	૪૫૫
૧૩.	બાલકૃષ્ણના રક્ષણ માટે પ્રભુપત્નીઓ અને રાક્ષસીઓ વચ્ચે યુદ્ધ	૪૫૭
૧૪.	બાલકૃષ્ણના શરણે આવવાથી રાક્ષસીઓ દિવ્ય કન્યાઓ થઈ	૪૫૮
૧૫.	લોમશ ઋષિએ કન્યાઓને ધર્મ, વ્રત, ભક્તિ, જ્ઞાનનો ઉપદેશ આપ્યો	૪૫૯
૧૬.	ચાર્તુમાસના વ્રત-નિયમો બાલપ્રભુ દ્વારા કંકતાલ અસુરોનો ઉદ્ધાર	૪૬૦
૧૭.	બાલપ્રભુએ દૈત્યપત્નીઓનો ઉદ્ધાર કર્યો છ પ્રકારની ભક્તિ	૪૬૧
૧૮.	પિતૃકન્યાઓની ઉત્પત્તિ અને વાસ કર્મ પ્રમાણે દંડ	૪૬૩
૧૯.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો દ્વિતીય અને તૃતિય જન્મજયંતિ મહોત્સવ	૪૬૫

૨૦.	નરનારાયણ સાથે યુદ્ધમાં પ્રહલાદનો પરાજય	૪૬૮
૨૧.	સોળ પ્રકારનાં ધર્મનું જ્ઞાન - વાસના નિવૃત્તિ ઉપાય - રાક્ષસોનો ઉદ્ધાર	૪૬૯
૨૨.	શ્રીબાલકૃષ્ણ પ્રભુના ચૌલ સંસ્કાર વિધિનું વર્ણન	૪૭૦
૨૩.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પુષ્પદોલોત્સવ	૪૭૨
	સાલમાલ અસુરનો ઉદ્ધાર	
૨૪.	શ્રીબાલકૃષ્ણ પ્રભુ દ્વારા સાલવંશના અસુરોનો નાશ - ઉપદેશ	૪૭૩
૨૫.	લોમશ ઋષિ દ્વારા દૈત્યપત્નીઓને ધર્મ, વ્રત, ભક્તિનો ઉપદેશ	૪૭૪
૨૬.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ચતુર્થ જન્મજયંતિ મહોત્સવ	૪૭૫
૨૭.	શાવદીનનો પુત્રપ્રાપ્તિ માટે મહાકાલીને બાળકના બલિનો પ્રયત્ન	૪૭૬
૨૮.	મહાકાલીએ શાવદીન રાજાનો વધ કર્યો	૪૭૭
	કુરુક્ષેત્ર ઉત્પત્તિ	
૨૯.	કાલિકા તીર્થ	૪૭૯
	યુગે યુગનાં ધર્મમાં પરિવર્તનનું કારણ	
૩૦.	શ્રીબાલકૃષ્ણ પ્રભુની નવ ગ્રહોને આજ્ઞા - કોને નડવું - કોને ન નડવું	૪૮૦
૩૧.	શ્રીબાલકૃષ્ણ પ્રભુ દ્વારા વલ્લિદીન અસુરનો ઉદ્ધાર	૪૮૧
૩૨.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પાંચમો જન્મજયંતિ મહોત્સવ	૪૮૨
૩૩.	શ્રીબાલકૃષ્ણ પ્રભુને પ્રસન્ન કરવા શંકર દ્વારા નાટ્યોત્સવ	૪૮૩
૩૪.	શ્રીબાલકૃષ્ણ પ્રભુના વિદ્યાભ્યાસનો પ્રારંભ	૪૮૫
	વરાટક અસુર કથા	
૩૫.	બાલપ્રભુએ મલેચ્છ જાતિનો ઉદ્ધાર કરી સૌરાષ્ટ્રનાં જનોને સુખી કર્યા	૪૮૬
૩૬.	બાલપ્રભુના યોગથી રાક્ષસો અને ઋષિઓનો ઉદ્ધાર	૪૮૭
૩૭.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો છઠ્ઠો જન્મજયંતિ મહોત્સવ	૪૮૯
૩૮.	અશ્વપટ સરોવરકાંઠે ઉર્જવ્રત ઋષિ દ્વારા લક્ષ્મીનારાયણ સંહિતાની કથા	૪૯૦
૩૯.	રાજા કંથાધાર અને રાણી હડકાયીની કથા	૪૯૧
૪૦.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સાતમો જન્મજયંતિ મહોત્સવ	૪૯૩
૪૧.	રણંગમ રાજા અને ભક્ત લક્ષ્મણઆર્યની કથા	૪૯૪
૪૨.	શ્રીબાલકૃષ્ણ પ્રભુ દ્વારા સામુદ્રિક માત્રાગસ્કર રાક્ષસનો ઉદ્ધાર	૪૯૫

૪૩.	લોમશ ઋષિના કન્યાઓને ઉપદેશ - અનાદિશ્રીકૃષ્ણનારાયણ મંત્રજ્ઞાન	૪૯૭
૪૪.	ઈડા, પીંગલા, સુષુમ્ણા ત્રણેય બહેનો બાલપ્રભુના દર્શને આવી	૪૯૮
૪૫.	બ્રહ્માની બોત્તેર હજાર કન્યાઓ બાલપ્રભુના દર્શને ગઈ	૪૯૯
૪૬.	જુમાસેમ્લા રાજા અને દંડ રાજાની કથા	૫૦૦
૪૭.	વૈષ્ણવગણો દ્વારા કરોડો રાક્ષસોનો નાશ	૫૦૧
૪૮.	વિશ્વાવસુ ગાંધર્વે પોતાની ત્રણસો કન્યા અનાદિશ્રીકૃષ્ણનારાયણને અર્પણ કરી	૫૦૨
૪૯.	દિવ્ય વિમાન પર વિજય મેળવવા અસુરોની કપટયુક્તિ - પરાજય	૫૦૩
૫૦.	સનત ઋષિ દ્વારા જુમાસેમ્લા રાજાને ઉપદેશ	૫૦૪
૫૧.	અનાદિશ્રીકૃષ્ણનારાયણે જુમાસેમ્લા રાજાના કુટુંબનો મોક્ષ કર્યો	૫૦૫
૫૨.	જુમાસેમ્લા રાજા અને તેના સેનાપતિઓની પૂર્વ જન્મની કથા	૫૦૬
૫૩.	યમરાજ દ્વારા આરબીજ દેશનાં રક્તબીજ આદિક દૈત્યોનો સંહાર	૫૦૭
૫૪.	આરબીજ દેશના રક્તબીજ અસુરની કથા	૫૦૮
૫૫.	ભાલ દેશના સુધન વણિક અને પ્રેત અંતે પ્રભુના ધામમાં ગયા	૫૦૯
૫૬.	ઉદયપુરના ધીરવીર સરોવરમાં ડુબતા મનુષ્યોનું પ્રભુ દ્વારા રક્ષણ	૫૧૦
૫૭.	શ્રીહરિના ચરણામૃતના પ્રતાપથી ક્રૂરસિંહ રાક્ષસનો સ્વર્ગવાસ	૫૧૦
૫૮.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો આઠમો જન્મજયંતિ મહોત્સવ	૫૧૧
૫૯.	પ્રભુએ સમુદ્રમાં કુર્મરૂપ ધારણ કરી વણિક કુટુંબની રક્ષા કરી	૫૧૨
૬૦.	સૌરાષ્ટ્રનાં ગોપનાથ તીર્થનું મહાત્મ્ય	૫૧૩
૬૧.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો વૈશાખ સુદ ત્રીજમાં યજ્ઞોપવીત મહોત્સવ	૫૧૩
૬૨.	પ્રભુનો દિવ્ય, ભવ્ય ભોજન સમારંભ - નારદજી દ્વારા પરાવિદ્યાનો ઉપદેશ	૫૧૫
૬૩.	શ્રીબાલકૃષ્ણ પ્રભુને સર્વએ દાન આપ્યા - પ્રભુએ દિવ્ય દર્શન આપ્યા	૫૧૬
૬૪.	પ્રભુ કઈ સેવા - દાન અને આરાધનાથી પ્રસન્ન થાય ?	૫૧૮
૬૫.	જયામઘ રાજાના પૂર્વના છ જન્મોની કથા	૫૧૯
૬૬.	શ્રીનારાયણ દ્વારા બ્રહ્માજીને જીવાત્માનાં મોક્ષ માટે જ્ઞાનઉપદેશ	૫૨૦
૬૭.	કુંકુમવાપી તીર્થમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા	૫૨૨
૬૮.	પ્રભુએ સુધન ભક્તની લૂંટારાઓથી રક્ષા કરી	૫૨૩
૬૯.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો નવમો જન્મજયંતિ મહોત્સવ	૫૨૪

૭૦.	પ્રભુએ સંતાપન રાક્ષસોનો ઉદ્ધાર કરી વિપ્ર બાળકોને સજીવન કર્યા	૫૨૫
૭૧.	પીડિત બ્રાહ્મણોને પ્રભુએ પાપમુક્ત કર્યા - સુરતાયન ઋષિનો ઉપદેશ	૫૨૬
૭૨.	અનાદિશ્રીકૃષ્ણનારાયણે જામવંથલી પધારી ભક્તોને ઉપદેશ અને આજ્ઞા આપી	૫૨૭
૭૩.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો દશમો જન્મજયંતિ મહોત્સવ સર્વાત્મનિવેદી ભક્ત બલેશ્વર રાજાની શ્રીહરિ દ્વારા વનેચરરૂપે પરીક્ષા	૫૨૮
૭૪.	શ્રીહરિએ સુદર્શનચક્ર આપી જયધ્વજ રાજાનાં યજ્ઞની રક્ષા કરી	૫૩૦
૭૫.	જયધ્વજ રાજાનો પર્વતોને બ્રહ્મઉપદેશ - રાજાની મોક્ષગતિ	૫૩૧
૭૬.	પુલસ્ત્ય ઋષિ દ્વારા પત્ની ઐલવિલાને ચાર યુગનાં ધર્મનું જ્ઞાન	૫૩૩
૭૭.	ઐલવિલાના પૌલસ્ત્ય વંશમાં રાવણ, કુંભકર્ણ આદિક થયા	૫૩૪
૭૮.	શ્રીહરિના અપરાધના ફળસ્વરૂપ અધર્મજીવ રાક્ષસની અધોગતિ	૫૩૫
૭૯.	પાપનો નાશ કરી શાશ્વત શાંતિ આપનારું તીર્થ કયું છે ?	૫૩૬
૮૦.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો અગિયારમો જન્મજયંતિ મહોત્સવ	૫૩૭
૮૧.	શંકરની આજ્ઞાથી ભૈરવી મહામારીએ પાપીઓનો નાશ કર્યો	૫૩૮
૮૨.	મહામારીના રોગમાં મરેલા પાપીઓનું શ્રીહરિ દ્વારા પુર્નજીવન	૫૩૯
૮૩.	જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ અને પરબ્રહ્મનું જ્ઞાન - ઉપદેશ	૫૪૦
૮૪.	અશ્વપટ સરોવરકાંઠે ચતુર્વ્યુહ તીર્થ અને સ્વંયપ્રકાશ તીર્થ	૫૪૧
૮૫.	ઉષ્ણાલય ખંડમાં સમુદ્રરેલ્યાનાં આપત્તકાળમાં પ્રભુ દ્વારા પ્રજાનું રક્ષણ	૫૪૨
૮૬.	અનેક ઋષિમુનિઓનું શ્રીહરિ દ્વારા રક્ષણ	૫૪૪
૮૭.	સનતઋષિ અને ઉર્વશી અપ્સરા પરસ્પર શાપથી બિલાડો-ચકલી થયા	૫૪૫
૮૮.	શ્રીહરિ દ્વારા નિંભાડામાં બિલાડીનાં બચ્ચાંઓનું રક્ષણ	૫૪૬
૮૯.	લક્ષ્મી અને ઉર્વશી ચકલી હિમાલય પર તપ કરી શાપ મુક્ત થઈ	૫૪૭
૯૦.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો બારમો જન્મજયંતિ મહોત્સવ	૫૫૨
૯૧.	શ્રીહરિ દ્વારા કીંપુરુષખંડમાં રાક્ષસોથી કન્યાઓની રક્ષા	૫૫૨
૯૨.	રશિયાન પ્રદેશમાં મીનકંગુ નદી કાંઠે મહાવૈષ્ણવ યજ્ઞ	૫૫૩
૯૩.	મહાયજ્ઞને અંતે શ્રીહરિએ સર્વેને પારિતોષિકો આપ્યા - નદીઓ તીર્થરૂપ કરી	૫૫૪
૯૪.	અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રસન્ન કરવાના સાધનોનો ઉપદેશ	૫૫૫

૯૫.	કુંકુમવાપીમાં શ્રીબાલકૃષ્ણ પ્રભુની પ્રસન્નતાર્થે પુષ્પદોલોત્સવ થયો	૫૫૮
૯૬.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો તેરમો જન્મજયંતિ મહોત્સવ	૫૫૮
૯૭.	કુંકુમવાપીમાં દત્તાત્રેય - પવમાન અને વરાહ તીર્થનો વાસ	૫૫૯
૯૮.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ચૌદમો જન્મજયંતિ મહોત્સવ	૫૫૯
૯૯.	દેવાયતન ભગતે ધુન-કિર્તન-મંત્રના પ્રતાપથી અનેક જીવોનો ઉદ્ધાર કર્યો	૫૬૦
૧૦૦.	શ્રીહરિની આજ્ઞાથી દેવતાયન ઋષિનો રશિયાના પ્રદેશોમાં મંત્રઉપદેશ	૫૬૨
૧૦૧.	શીબી રાજા દ્વારા પ્રથમ મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ	૫૬૩
૧૦૨.	થર્કુટ રાજા દ્વારા દ્વિતીય મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ	૫૬૬
૧૦૩.	વીરજાર રાજા દ્વારા તૃતિય મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ	૫૬૭
૧૦૪.	શાકત્યક્ષિ રાજા દ્વારા ચતુર્થ મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ	૫૬૯
૧૦૫.	કાલિમેશ રાજા દ્વારા પંચમ મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ	૫૭૧
૧૦૬.	શ્રીહરિએ લાલાસન યોગીને મંત્રદીક્ષા આપી - મંત્રદીક્ષા મહાત્મ્ય	૫૭૨
૧૦૭.	શ્રીહરિએ શુરજાર રાજા અને વરૂથીની રાણીને દિવ્યગતિ આપી	૫૭૩
૧૦૮.	શ્રીહરિએ કૃપા કરી દેવતાયન ભક્તને દેવાલયમાં વાસ આપ્યો	૫૭૪
૧૦૯.	પચ્ચીશ પ્રકારનાં મંદિરોનું વર્ણન	૫૭૫
૧૧૦.	શ્રીહરિ દ્વારા દેવતાયન ભક્ત પાસે મંદિર રચના-મૂર્તિપ્રતિષ્ઠા વર્ણન	૫૭૫
૧૧૧.	ધનમોદ નામના ધીવરને શ્રીહરિએ મત્સયરૂપે દર્શન આપી મોક્ષ કર્યો	૫૭૭
૧૧૨.	મુંગા વેયુને શ્રીહરિએ કપિલરૂપે દર્શન આપી બોલતો કર્યો	૫૭૮
૧૧૩.	શ્રીહરિ દ્વારા વૈશ્યભક્ત ધ્રુવિશ્રામની ગાયોની રક્ષા	૫૭૮
૧૧૪.	શ્રીહરિ દ્વારા વૃકાયન ઋષિ અને નિલકર્ણની અતિવૃષ્ટિથી રક્ષા	૫૭૯
૧૧૫.	હેતુમાલ ખંડ (યુરોપ)માં ભક્તિ કરાવવા વૃકાયન ઋષિનું વિચરણ	૫૮૦
૧૧૬.	શ્રીહરિ દ્વારા હેતુમાલ ખંડનાં રાસાયનારણ્યમાં મહાવિષ્ણુયાગ	૫૮૦
૧૧૭.	પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને પરમધામનું યથાર્થ મહાત્મ્ય	૫૮૫
૧૧૮.	રાજધાની ઓંકારેષ્ટ અને જરસ્થળીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૮૬
૧૧૯.	રાજધાની વીયાનાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૮૮
૧૨૦.	રાજધાની તીરાણમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૮૯
૧૨૧.	અલ્વીનર રાજાની ગત્વાર્થશ્રીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૦

૧૨૨.	જીનવર્ધી રાજાની રામપુરીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૧
૧૨૩.	અલ્પકેતુ રાજાની જીવનીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૨
૧૨૪.	જયકૃષ્ણવ રાજાની વરણાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૩
૧૨૫.	પરીશાન રાજાના રાજ્યમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૪
૧૨૬.	મુદ્રાંડ રાજાની મદ્રિટાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૫
૧૨૭.	ગંડક રાજાની લીશવનનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૫
૧૨૮.	લીનોર્ણ રાજાની વારૂણીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૬
૧૨૯.	બલલીન રાજાની વિશાલનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૭
૧૩૦.	વરસિંહ રાજાની વાશીલાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૮
૧૩૧.	રાયગામલ રાજાની રીગાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૫૯૯
૧૩૨.	ફેનતંતુ રાજાની ત્રિનયાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૦૦
૧૩૩.	સ્તોકહોમ રાજાની ઉમાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૦૦
૧૩૪.	કાષ્ઠક રાજાની તુન્નયામાનપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૦૧
૧૩૫.	કોલક રાજાની મુરમાષાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૦૨
૧૩૬.	દિનમાનાર્ક રાજાની અપશનાવિકાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૦૩
૧૩૭.	રાયકિન્નર રાજાના અમરીપ્રદેશમાં શ્રીહરિ દ્વારા દિવ્ય ભવ્ય મહાયજ્ઞ	૬૦૪
૧૩૮.	રણજીત રાજાના મીનાર્કકૃષ્ણપતન રાજ્યમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૦૯
૧૩૯.	રાયવાકક્ષ રાજાની તૂર્યપદાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૦
૧૪૦.	રાયમારીષ રાજાના ઋદ્ધીશાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૧
૧૪૧.	રાયબાલેશ્વર રાજાની વાયુફેનાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૨
૧૪૨.	રાયલંબાર રાજાની કિમુવકાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૪
૧૪૩.	રાયનવાર્ક રાજાની ચિચાંગોપુરીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૫
	રાયહંડેશ્વર રાજાની માક્ષિકાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	
૧૪૪.	રાયકૂપેશ રાજાની હવાનાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૫
૧૪૫.	વનજવાલા રાજાની સાનુજ્યોષ્ટ્રીપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૬
૧૪૬.	પરાવર રાજાની કાયનીપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૭

૧૪૭.	કોટીશ્વર રાજાની પેયિસ્થાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૮
૧૪૮.	સતીષ રાજાની સંચાલાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૯
૧૪૯.	કર્કશ રાજાની ફાંકલાશીપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૧૯
૧૫૦.	આંડજરા રાજાના ચિલ્લી દેશમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૨૦
૧૫૧.	રાયસોમન રાજાની વાયુમાનનગરીમાં પધરામણી અને ઉપદેશ	૬૨૧
૧૫૨.	ઉરૂગવાક્ષમાન રાજાની રાયગ્રામાપુરીમાં પધરામણી અને ઉપદેશ	૬૨૨
૧૫૩.	પરાંગવ્રત રાજાની આશાસનાપુરીમાં પધરામણી અને ઉપદેશ	૬૨૩
૧૫૪.	બ્રાહ્મીલ રાષ્ટ્રમાં ગોયાજનાનગરીમાં શ્રીહરિ દ્વારા દિવ્ય ભવ્ય મહાયજ્ઞ શ્રીહરિ દ્વારા યજ્ઞની પૂર્ણાહુતિએ સર્વને આશિર્વાદ અને ઉપદેશ	૬૨૪
૧૫૫.	રાયપતિ રાજાની વ્યોનોજરાશાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ	૬૨૯
૧૫૬.	શ્રીહરિ દ્વારા લાપલાત્રીપુરી નગરમાં નવજીવન દૈત્યનો ઉદ્ધાર	૬૩૦
૧૫૭.	અનાદિશ્રીકૃષ્ણનારાયણ દ્વારા કુંકુમવાપીમાં શરદપૂર્ણિમાએ દિવ્ય રાસોત્સવ	૬૩૦
૧૫૮.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પંદર અને સોળમો જન્મજયંતિ મહોત્સવ	૬૩૨
૧૫૯.	બાવળનાં વૃક્ષરૂપે રહેલા બર્બુર રાજાનો બાલપ્રભુ દ્વારા મોક્ષ	૬૩૩
૧૬૦.	કચ્છ દેશનાં સંપર્ક રાજાની દત્તાત્રેયરૂપે બાલપ્રભુએ રક્ષા કરી	૬૩૪
૧૬૧.	બાલપ્રભુ અન્નકુટ ઉત્સવ કરી જમ્યા અને સર્વને પ્રસાદી જમાડી	૬૩૫
૧૬૨.	બાલપ્રભુના પુંડરીક રાજાને હંસરૂપે અને ચોલ રાજાને નૃસિંહરૂપે દર્શન	૬૩૬
૧૬૩.	બાલપ્રભુના વીતિહોત્ર યોગીને સહસ્ત્ર ઋષભદેવરૂપે દર્શન	૬૩૬
૧૬૪.	કુંકુમવાપીમાં બાલપ્રભુના દર્શન કરવા પતંજલિ ઋષિનું આગમન	૬૩૮
૧૬૫.	પંકિલ ઋષિએ અશ્વપટ સરોવરકાંઠે વામન મંદિર કરી વાસ કર્યો	૬૩૮
૧૬૬.	હેમકલ્ગી રાજા દ્વારા અશ્વપટ સરોવરકાંઠે પરશુરામ મંદિર નિર્માણ	૬૩૯
૧૬૭.	અશ્વપાટલ રાજાને સોમયજ્ઞ દરમિયાન લોમશ ઋષિ દ્વારા મોક્ષજ્ઞાન	૬૪૦
૧૬૮.	લોમશ ગીતા - ગુરુ લોમશ ઋષિ અને શિષ્ય અશ્વપાટલ રાજાનો સંવાદ શ્રદ્ધાનું મહત્વ - માયિક પંચવિષયનાં દ્વાર કઈ રીતે બંધ થાય ?	૬૪૧
૧૬૯.	ત્યાગમાર્ગનું ફળ શું ? - કોના આશ્રયથી મોક્ષ થાય ?	૬૪૫
૧૭૦.	આત્મા પાપવાળો કેમ થાય છે ? - મુક્તિ કેમ થાય છે ?	૬૪૬

૧૭૧. કેવું જ્ઞાન ધામની પ્રાપ્તિ કરાવે ? - જ્ઞાનરહિત હોય તેનો મોક્ષ કેમ થાય ? ૬૪૭
૧૭૨. આ લોક-પરલોકમાં સુખી કેમ થવાય ? - કલ્યાણનું મૂળ સાધન કયું ? ૬૪૯
૧૭૩. સર્વ દેવો ક્યાં સાધનથી પ્રસન્ન થાય ? - કોની ઉપાસનાથી કેવી મુક્તિ થાય ? ૬૫૦
૧૭૪. યોગનું બળ કેટલું છે ? - પરમધામ કેવું છે ? ૬૫૨
૧૭૫. જીવાત્મા સંસારને ત્યજી ધામમાં જવા પ્રયત્ન કેમ કરતો નથી ? ૬૫૩
૧૭૬. આત્મા દેહથી કઈ રીતે નીકળે છે ? કોની ઉપાસનાથી કયાં ધામની પ્રાપ્તિ ? ૬૫૪
૧૭૭. આનર્ત રાજા અને કુશલા દેવીનો જ્ઞાનરૂપી સંવાદ ૬૫૫
૧૭૮. અનાદિશ્રીકૃષ્ણનારાયણ દ્વારા શિષ્ય સ્વયંપ્રકાશને મોક્ષ ઉપદેશ ૬૫૭
૧૭૯. યોગી કઈ રીતે પરમગતિને પામે ? ૬૫૮
૧૮૦. પરબ્રહ્મ પરમધામાધિપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા ૬૫૮
૧૮૧. બાલપ્રભુ દ્વારા સીતા-રામરૂપે ભાણવીર્ય રાજાની રક્ષા ૬૬૦
૧૮૨. બાલપ્રભુ અને સૂર્યદેવ દ્વારા ઉર્જવૃતની કોઢના રોગથી મુક્તિ ૬૬૦
૧૮૩. બાલપ્રભુના મંત્રના પ્રતાપથી મુંગો શાર્ગધર બોલતો થયો ૬૬૧
૧૮૪. બાલપ્રભુની ભક્તિ દ્વારા પાષ્ણીરદ શુદ્રના સર્વે પાપ નષ્ટ ૬૬૨
૧૮૫. બાલપ્રભુએ વિપ્ર ધર્મસુમંતુને ચિતામાંથી બેઠો કરી નવજીવન આપ્યું ૬૬૨
૧૮૬. બાલપ્રભુની કૃપાથી રક્ષાંગાર રાજા અને સત્યારાણી મોક્ષભાગી થયા ૬૬૩
૧૮૭. પ્રબોધ ઋષિના ઉપદેશથી અમોહાક્ષ રાજાનો કુંકુમવાપીમાં મોક્ષ ૬૬૪
૧૮૮. બાલપ્રભુના લક્ષ્મીનારાયણરૂપે અભયાક્ષ રાજાને દર્શન ૬૬૫
૧૮૯. દેવાણી ભક્ત - બ્રહ્મસ્તંભ ઋષિ - અમરી કન્યા અને કુપ્યવાલની કથા ૬૬૬
૧૯૦. કુંકુમવિપ્ર - સતીશા ચારણ - વણીકપત્ની અને ચૈત્યબ્રહ્મ વિપ્રની કથા ૬૬૭
૧૯૧. ગોપાલકૃષ્ણનું તપ - અશ્વપટ સરોવર ઉત્પત્તિ - અશ્વપાટલ રાજાની ત્યાગીદીક્ષા ૬૬૮
૧૯૨. બાલપ્રભુ દ્વારા સાધુધર્મો - સુક્ષ્મધર્મો - સ્થૂળધર્મો અને મોક્ષધર્મોનું જ્ઞાન ૬૭૦
૧૯૩. કુંકુમવાપી નિવાસી શ્રીબાલકૃષ્ણ પ્રભુ સાથે ૬૭૧
કાશી નિવાસી દુઃખહા લક્ષ્મીના લગ્નોત્સવની દિવ્ય કથા
શ્રીબાલકૃષ્ણ પ્રભુના ચાર કરોડ, ચાર લાખ, પંચાવન હજાર, છસ્સો બાવીસ (૪,૦૪,૫૫,૬૨૨) રાજકન્યાઓ સાથે લગ્નોત્સવની દિવ્ય અને ભવ્ય કથા

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - દ્વાપરયુગ સંતાન - ભાગ-૩ - સંક્ષિપ્ત ગુજરાતી

ક્રમ	અધ્યાય - વિષયસૂચિ	પેજ નં.
૧.	બ્રહ્માના એકાવનમાં વારાહકલ્પમાં તેમજ બ્રહ્માના ત્રેપન વર્ષોમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુના અવતારોનું વારંવાર પ્રાગટ્ય	૬૯૮
૨.	લોકકલ્યાણ કેમ થાય ? - પતિવ્રતા સ્ત્રીઓના ધર્મ અને મહાત્મ્ય	૭૦૮
૩.	નિર્ગુણ ભક્તિયોગ કોને કહેવાય અને તે કેમ પ્રાપ્ત થાય ?	૭૦૯
૪.	અષ્ટાંગયોગ અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં કઈ રીતે સિદ્ધ કરવો ?	૭૧૧
૫.	પુણ્ય રહિત મુમુક્ષુએ શું કરવું અને કેમ વર્તવું ?	૭૧૧
૬.	ગુરુ મહાત્મ્ય - સંત, ગુરુની સેવાથી કલ્યાણની કથાઓ વ્રત, તપ, જપ કરવામાં અશક્ત હોય તેણે કલ્યાણ માટે શું કરવું ?	૭૧૨
૭.	અનાદિશ્રીકૃષ્ણનારાયણનો કલ્યાણકારી ઉપદેશ	૭૧૫
૮.	કુરુક્ષેત્ર તીર્થની કથા	૭૧૭
૯.	અનાદિશ્રીકૃષ્ણનારાયણ કેમ પ્રસન્ન થાય ?	૭૧૮
૧૦.	સાધ્વી સ્ત્રી હોય તે પતિવ્રતા કેમ કહેવાય ?	૭૧૯
૧૧.	લોમશ આશ્રમમાં પાંચસો સાધુનો વાસ	૭૧૯
૧૨.	નીચ વર્ણની સ્ત્રીઓ સદ્‌ગતિ કઈ રીતે પામે ?	૭૨૦
૧૩.	કયાં સદ્‌ગુણોથી સાધુ ભગવાન કહેવાય ?	૭૨૦
૧૪.	સંતનો સમાગમ ન મળે તેનો મોક્ષ કેમ થાય ?	૭૨૧
૧૫.	અભિમાનીનું કલ્યાણ કેમ થાય ?	૭૨૧
૧૬.	બ્રાહ્મણ, ગૃહસ્થ અને સાધુમાંથી શ્રેષ્ઠ કોણ ?	૭૨૧
૧૭.	સંતના યોગ વિના પાપીનો ઉદ્ધાર કેમ થાય ?	૭૨૩
૧૮.	શુભ કાર્યોમાં, આપત્તકાળમાં સ્ત્રીઓએ કયો મંત્ર જપવો ?	૭૨૩
૧૯.	સંત, સતી, ધર્મ અને શ્રીહરિ આ બધામાં શ્રેષ્ઠ કોણ ?	૭૨૫
૨૦.	ભગવાનનું પૃથ્વી પર અવતાર ધારણ કરવાનું કારણ શું ?	૭૨૫

૨૧.	પુરુષોત્તમ નારાયણની મુક્તાનિકા રમા-પદ્માવતી કોણ હતી ?	૭૨૬
૨૨.	જીવાત્મા પ્રેતપણાને પામ્યો હોય તેનો ઉદ્ધાર કેમ થાય ?	૭૨૭
૨૩.	કઈ તિથિમાં કયું દાન આપવાથી શું પ્રાપ્તિ થાય ?	૭૨૭
૨૪.	નરશાય ચોર-કુંદધર્મા કન્યા-શંભલવાર શુદ્ર અને દેવાનીક કલ્યાણબાપાની કથા	૭૨૮
૨૫.	અનાદિશ્રીકૃષ્ણનારાયણના હજાર મંત્રોનું મહાત્મ્ય - ફળ પ્રાપ્તિ અને કથા	૭૨૯
૨૬.	બ્રહ્મસતી બ્રાહ્મણી - વૈવર્ત રાજા - શેમપાદ પશુપાલ અને ભંડાસુરની કથા	૭૨૯
૨૭.	શ્રીમહાલક્ષ્મી સ્ત્રોત, મંત્ર અને જાપફળ	૭૩૦
૨૮.	સર્વ વિઘ્નોને નાશ કરનારું "સાધુસેવા વ્રત"નું મહાત્મ્ય	૭૩૧
૨૯.	દાનનાં પ્રકાર તેમજ દાનનું મહાત્મ્ય	૭૩૨
૩૦.	દાન માટે ઉત્તમ દિવસ કયો ? - ગ્રહોની શાંતિ માટેનો ઉપાય	૭૩૩
૩૧.	મહાલક્ષ્મીના વ્રતોની વિધિ અને મહાત્મ્ય	૭૩૪
૩૨.	વ્રત કરવામાં અશક્ત હોય તેનું કલ્યાણ કેમ થાય ?	૭૩૫
૩૩.	ચાર યુગનાં ધર્મોનું વર્ણન	૭૩૫
૩૪.	ભગવાનનું નામ-સંકિર્તન કઈ રીતે કરવું ?	૭૩૬
૩૫.	દૈવીકોપ, દુષ્ટ સ્વપ્ન અને ઉપદ્રવોનું નિવારણ	૭૩૬
૩૬.	અનેક પાપોનું નિવારણ નવનિધિના નામ અને તેનો ઉપયોગ	૭૩૭
૩૭.	કુંભારકન્યા સરોજિનીની સેવાભક્તિ દ્વારા મુક્તિ	૭૩૮
૩૮.	પ્રભુનું લક્ષ્મીજી સાથે અનેક તીર્થોને પાવન કરી કુંકુમવાપીમાં આગમન	૭૩૮
૩૯.	હીરા-મોતી - માણેક-રત્નો શેમાંથી થયા ?	૭૩૯
૪૦.	ચૌદ મન્વંતરોમાં પ્રભુના અવતારોનું વર્ણન	૭૪૦
૪૧.	આ લોક-પરલોકમાં સુખી થવા શું કરવું ?	૭૪૦
૪૨.	સંસારરૂપી ઝેર અમૃત કેમ થાય ?	૭૪૧
૪૩.	ભક્તોએ આપત્કાળમાં શું કરવું ?	૭૪૧
૪૪.	સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરવાનો લાભ	૭૪૨
૪૫.	શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં મન માયા તરફ કેમ જાય છે ?	૭૪૩

૪૬. ભિક્ષાયનઋષિ, વિધવા નિત્યાશ્રયી, વાઘજી ભગત અને વિરાલ વૈશ્યની કથા ૭૪૪
૪૭. રાજા પૃથ્વીધર, સાગર ભક્ત અને વૃકણદેવ ભક્તની કથા ૭૪૫
૪૮. ગાંડો મંજુલકેશ, શુદ્ર બાણાંગર, મોચી ભૂતાદન અને શંકુધર ચોરની કથા ૭૪૭
૪૯. વનેચંદ વણિક, ધનિષ્ઠકોષ વિપ્ર અને વાટાસિનોરના રાજાની કથા ૭૪૮
૫૦. ચક્રધર રાજા, હર્ષુલ ભક્ત, શાણધર ભક્ત અને નીંબ ભક્તની કથા ૭૪૯
૫૧. પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો દિવ્ય ઉપદેશ ૭૫૧
૫૨. ભાંડ ભક્ત, રાયણ ભક્ત, વ્રતર્દી ભક્ત, દરજી ભક્ત અને કઠિયારાની કથા ૭૫૧
૫૩. વેપારી વાત્સલ્યધીર, શૂદ્ર તિલકરંગ અને શુરવીર નાથભક્તની કથા ૭૫૩
૫૪. સાગર-સારિકા, મેર સારંગ ભક્ત અને ખારવા પુસ્કસની કથા ૭૫૪
૫૫. કપિક્ષય ચાંડાલ, નાલીકાર લુહાર, મંગળદેવ મોચી અને હરિદાસ સુતારની કથા ૭૫૬
૫૬. દામશીલાદ ભક્ત, સંજયદેવ શિલ્પી, સંભર ચિત્રકાર અને મોતીશ્વર વેપારીની કથા ૭૫૭
૫૭. ચક્રધર શૂદ્ર, વાટધર ભક્ત, શિવવિજય શિલ્પી અને ભરવાડ ભક્તની કથા ૭૫૮
૫૮. દિર્ઘરવ, સંગરજાદવ, રત્નપાલ ભક્ત અને ગદાર્દન વૈદ્યની કથા ૭૬૦
૫૯. દેશ્યાવન, હર્ષધર્મ, રૂટાણકી તેમજ ધીરપર્વની કથા ૭૬૧
૬૦. જલ્લાદ, જ્વાલાપ્રસાદ, લવાદન, વિખંડલ અને જીર્ણોદભવ ખેડુની કથા ૭૬૩
૬૧. શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સત્તર, અઢાર અને ઓગણીસમો જન્મજયંતિ મહોત્સવ ૭૬૩
૬૨. દ્વાપરયુગ સંતાન કથાશ્રવણ, વાંચન તેમજ દાનનું મહાત્મ્ય ૭૬૪

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - તિષ્યયુગ સંતાન - ભાગ-૪ - સંક્ષિપ્ત ગુજરાતી

ક્રમ	અધ્યાય - વિષયસૂચિ	પેજ નં.
૧.	નરનારાયણ, બદ્રીકાશ્રમ, બદ્રીવૃક્ષ અને હિમાલય ઉત્પત્તિ કથા	૭૬૬
૨.	બદરરાજા બોરરૂપે અને પ્રભુના અંશ નર બીજરૂપે થયા	૭૬૭
૩.	સુશીલ વિપ્રના પિતાની મુક્તિ - દારાભાગ્ય રાજાને પ્રભુસેવાનું ફળ	૭૬૭
૪.	ધર્મયશ વિપ્રના પુત્ર નિકામદેવ દ્વારા બાલયોગિનીને આશ્રય	૭૬૮
૫.	બાલયોગિની દ્વારા નારીઓને મહાભાગવત ધર્મનું જ્ઞાન	૭૬૯
૬.	વિષય, વાસના, સંકલ્પના નાશનો ઉપાય તેમજ પરબ્રહ્મનો મહિમા	૭૭૦
૭.	નાગ્નમુખી ચારણ બાઈ અને દેવલપત્ની વિનોદિનિ મુક્તાની બની	૭૭૧
૮.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સત્તરમો જન્મજયંતિ મહોત્સવ	૭૭૨
૯.	બાલયોગિની દ્વારા માતા સુરેશ્વરીને જ્ઞાન-ઉપદેશ	૭૭૨
૧૦.	અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાથે બાલયોગિની (લક્ષ્મી)ના વિવાહ	૭૭૩
૧૧.	જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કેમ થાય ?	૭૭૫
૧૨.	વિશિષ્ટ બ્રહ્માદ્વૈત સિદ્ધાંતનું જ્ઞાન - નિકામદેવ વિપ્રદંપતીનો મોક્ષ	૭૭૬
૧૩.	ઘીવર દંપતી, કુમળી સગરાણી અને વિષલાણી મોચીની કથા	૭૭૭
૧૪.	સુરદેવાયન સાધુનો ઉપદેશ - સર્વશ્રેષ્ઠ અવતાર કયો ?	૭૭૯
૧૫.	પ્રભુકૃપાથી કુંભાર દંપતીને પુત્રપ્રાપ્તિ - આરતીનું ફળ શું ?	૭૭૯
૧૬.	હેમસુધા સોની, વિદ્રુમણી ભક્તાણી અને માલવાણી ચાંડાલીની કથા	૭૮૦
૧૭.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો વીસમો જન્મજયંતિ મહોત્સવ કારેલીકા શૂદ્રી, ગોમીત શૂદ્રી અને કનકામગદાની કથા	૭૮૧
૧૮.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો એકવીસમો જન્મજયંતિ મહોત્સવ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા દ્વારા રાયહરિ રાજા અને દાસી ભાણવાણીનો મોક્ષ	૭૮૩
૧૯.	ઘોતિકા કંસારી, કુંભારભક્ત કુટુંબ અને રંજનકોવિદ નાટ્યકારની કથા	૭૮૬
૨૦.	ક્ષારપુરના રાજા-રાણી, સોમિકા ગણિકા તેમજ મદ્યપાની મિષ્ટાશવની કથા	૭૮૭

૨૧.	યાસ્કવાદ - ગંડવાતા, શુદ્રી દ્વિવદંતી અને સુરપ્રસાદ વિપ્રની કથા	૭૮૮
૨૨.	નાગવિક્રમ રાજા, શાલમિત્ર રાજા અને યુદ્ધપતનના રાજાની કથા	૭૮૯
૨૩.	અનંગવલ્લરી ગણિકા, ષંઢવૃજ નપુંસક, યવસંઘ હિંસકની કથા	૭૯૧
૨૪.	ભંડશીલ ભાંડ, હરિવીર મલ્લ, નાગાદ વાદીની કથા	૭૯૨
૨૫.	વિલાસદેવ વિપ્ર, પ્રધાન વિપ્ર અને ધર્મભટ્ટ વિપ્રની કથા	૭૯૩
૨૬.	મુકુંદ સાવિત્ર, વિશાલ વૈશ્ય, ચોર, ગોવાળ અને ભરવાડની કથા	૭૯૪
૨૭.	સથવારા - લૂંટારા, કુશલા દાસી, સંઘવાટ શુદ્ર, સાગરદાન બારોટ અને કીરતાર ભાટની કથા	૭૯૫
૨૮.	દેવમતી વિપ્ર, વજ્રવિક્રમ રાજા, સપ્તાબ્ધિસિંહ રાજા અને હર્ષનયન-સૌરભની કથા	૭૯૬
૨૯.	શર્કરાનગરમાં શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા કથાની પૂર્ણાહુતિ	૭૯૭
૩૦.	દેશ-વિદેશના અનેક રાજાઓની પ્રાર્થનાથી પ્રભુની સર્વેના રાજ્યમાં પધરામણી	૭૯૮
૩૧.	પ્રભુની સહાયથી નંદીભીલ રાજા સાથેના યુદ્ધમાં નાગવિક્રમ રાજાનો વિજય	૭૯૯
૩૨.	ગૃહસ્થ ધર્મ અનેક દોષવાળો છે છતાં તેનો મોક્ષ કેવી રીતે થાય ?	૮૦૧
૩૩.	ત્યાગી અને ગૃહી બંનેમાં કયાં ગુણ અને દોષો છે ?	૮૦૧
૩૪.	વ્રત-નિયમ, તીર્થયાત્રા ન કરી શકે તેનો ઉદ્ધાર કેમ થાય ?	૮૦૩
૩૫.	ગૌદાન કરવા અસમર્થ હોય તેણે મોક્ષ માટે શું કરવું ?	૮૦૪
૩૬.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો બાવીસમો જન્મજયંતિ મહોત્સવ	૮૦૪
૩૭.	અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુની ચૌદ લોકમાં પધરામણી	૮૦૫
૩૮.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ત્રેવીસમો જન્મજયંતિ મહોત્સવ	૮૦૭
૩૯.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ચોવીસમો જન્મજયંતિ મહોત્સવ	૮૦૮
૪૦.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પચ્ચીસમો જન્મજયંતિ મહોત્સવ	૮૦૮
૪૧.	શ્રીબાલકૃષ્ણ પ્રભુનો છવ્વીસમો જન્મજયંતિ મહોત્સવ	૮૧૦
૪૨.	અનાદિશ્રીકૃષ્ણનારાયણની આઠ બ્રહ્મપત્નીના પુત્ર અને પુત્રીના નામો	૮૧૧
૪૩.	દ્વાપરયુગ, ત્રેતાયુગ, સત્યુગ અને કળીયુગની સ્થિતિનું વર્ણન	૮૧૨
૪૪.	સનત્મુનીએ અધર્મી માયાપાલ રાજાને ધર્મરાજાના દંડથી મુક્ત કર્યો	૮૧૪
૪૫.	કળીયુગના અંતે સત્યુગની સ્થાપના માટે શ્રીહરિનું પ્રાગટ્ય	૮૧૫

૪૬. પ્રભુએ દિલાવરીનું રાજ્ય નાગવિક્રમ રાજાના પુત્ર મુકુંદવિક્રમને આપ્યું ૮૧૬
૪૭. મુકુંદવિક્રમ રાજા દ્વારા દિલાવરીના રાજ્યમાં પ્રભુના પુત્રોની નિયુક્તિ ૮૧૭
૪૮. પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના દિવ્ય પરમધામનું વર્ણન ૮૧૮
૪૯. શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સત્યાવીશ અને અઠ્યાવીશમો જન્મજયંતિ મહોત્સવ ૮૨૧
૫૦. શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ઓગણત્રીસ અને ત્રીસમો જન્મજયંતિ મહોત્સવ ૮૨૩
૫૧. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના શ્રવણ, વાંચન, પૂજન અને દાનનું મહાત્મ્ય ૮૨૩
૫૨. લક્ષ્મીનારાયણ સંહિતાનો કન્યારૂપે આવિર્ભાવ તથા સંહિતાને પ્રભુના વરદાનો ૮૨૫

*****

નોંધ : આ ગ્રંથની અનુક્રમણિકામાં જે વિશેષ કલ્યાણકારી ૧૨૫ અધ્યાયો છે, (જે અધ્યાયના ક્રમાંક નંબર નીચે પ્રમાણે દર્શાવેલ છે) તે અધ્યાયના શ્રવણ અને વાંચન માત્રથી ખૂબ જ ફળ પ્રાપ્ત થાય છે તેથી ભક્તોએ એકાદશી, પૂનમ તેમજ વદ-આઠમ આદિક શુભ દિવસોમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના રાજીપાર્થે તેમજ પિતૃઓના મોક્ષાર્થે અને પોતાના જીવાત્માના કલ્યાણ અર્થે આ અધ્યાયોનું અવશ્ય શ્રવણ અને વાંચન કરવું, જેથી આ લોક અને પરલોકમાં મહાસુખીયા થવાય.

કૃતયુગ સંતાન			ત્રેતાયુગ સંતાન				દ્વાપરયુગ સંતાન	તિષ્યયુગ સંતાન
૧૮	૩૧૭	૪૨૯	૧	૧૮	૫૩	૧૧૭	૧	૬
૪૯	૩૩૫	૪૪૩	૨	૧૯	૫૬	૧૫૭	૪	૧૭
૫૦	૩૩૭	૪૪૪	૩	૨૦	૫૮	૧૫૮	૧૮	૧૮
૫૨	૩૪૩	૪૪૭	૪	૨૧	૬૧	૧૫૯	૨૮	૩૬
૫૪	૩૫૨	૪૫૦	૫	૨૨	૬૩	૧૬૦	૨૯	૪૦
૯૩	૩૫૫	૪૫૧	૬	૨૩	૬૪	૧૬૧	૪૩	૪૧
૯૬	૩૫૭	૪૫૪	૭	૨૬	૬૭	૧૬૩	૫૧	૪૮
૨૨૦	૩૬૧	૪૫૫	૮	૨૭	૬૯	૧૭૭	૫૯	૪૯
૨૨૨	૩૬૯	૪૫૬	૯	૨૮	૭૨	૧૭૮	૬૧	૫૦
૨૬૬	૩૭૫	૪૬૦	૧૦	૨૯	૭૩	૧૮૦		૫૧
૨૭૫	૩૮૦	૪૭૧	૧૧	૩૦	૮૦	૧૯૧		૫૨
૨૭૬	૩૮૧	૪૭૭	૧૨	૩૧	૯૦			
૨૮૪	૩૮૨	૪૭૮	૧૩	૩૨	૯૪			
૨૮૫	૪૦૮	૪૮૨	૧૪	૩૫	૯૫			
૩૦૮	૪૦૯	૪૮૩	૧૫	૩૭	૯૬			
૩૧૪	૪૧૦	૪૮૪	૧૬	૪૦	૯૮			
૩૧૫	૪૧૯	૪૯૬	૧૭	૪૪	૧૦૪			

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - કૃતયુગ સંતાન - ભાગ-૧ - સંક્ષિપ્ત ગુજરાતી

અધ્યાય - ૧

❖ શ્રીલક્ષ્મીનારાયણની મૂર્તિમાં નારદજી લીન થયા ❖

સર્વત્ર બ્રહ્માંડોમાં વ્યાપીને રહેલા પરબ્રહ્મને સર્વના અંતર્યામિ અવતારી શ્રી અને લક્ષ્મી જેના પત્ની છે, અગ્નિ જેનું મુખ છે, સંત જેનું હૃદય છે, ધ્યાનમાં દેખી શકાય એવા શાંતિ આપનારા અનાદિશ્રીકૃષ્ણનારાયણને કોટી નમસ્કાર.

નારાયણે લક્ષ્મીને જે સંહિતા કહી તે કથા બદ્રિકાશ્રમમાં શ્રીશ્વેતાયન વ્યાસ પોતાના ચાર શિષ્યો શ્વૈતિ, સુશિખ, શ્વેતાશ્વ, શ્વેત લોહિતને કહેતા હતા. અને નારાયણ સૌરાષ્ટ્રમાં કુંકુમવાપીમાં લોમશ આશ્રમમાં આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કહેતા હતા. સવા લાખ શ્લોકની સંહિતા વાંચવા માત્રથી મોક્ષ આપનારી છે.

એક સમયે નારદ વૈકુંઠમાં દર્શને ગયાં. ત્યાં સર્વે મુક્તોના દર્શન કર્યા. લક્ષ્મીએ પૂછ્યું : હે નારદ, ભરતખંડમાં અત્યારે સાધુ, સાધ્વી, તીર્થો, વિપ્રો, ગાયોની કેવી સ્થિતિ પ્રવર્તે છે ? નારદજીએ કહ્યું : હે લક્ષ્મી, અત્યારે પ્રગટ પ્રભુનો વિશ્વાસ, વરણં, ન્યાસ, કાર્પણ્યં, સ્થિરમતી, અનુકુલ સંકલ્પ આ છ પ્રકારની શરણાગતિ લઈને નારાયણ પરાયણ થઈ મનુષ્યો નવધા ભક્તિ કરે છે. આવી વાત નારદજીએ કરી ત્યાં તો તે પોતે લક્ષ્મીનારાયણમાં લીન થઈ ગયાં.

અધ્યાય - ૨

❖ શ્રીહરિએ મુક્ત-ઈશ્વર-જીવ આદિક સૃષ્ટિનું સર્જન કર્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ભક્તનો ભગવાનમાં લીન ભાવ થવો તેમાં મારી કૃપા જ કારણ છે. શ્રીહરિએ મુક્તસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, જીવસૃષ્ટિનું સર્જન કર્યું. તેમાં આત્મા છે તે ઈન્દ્ર છે. અંતઃકરણ તથા ઈન્દ્રિયો છે. તે આત્માની શક્તિ છે. તે શક્તિ પદાર્થોમાં જાય તો બાહ્યાકાર થાય. પાછી વાળીને આત્મામાં સ્થિર કરે તો આત્મામાં રહેલો પરબ્રહ્મ હું સાક્ષાત્કાર થાવ છું. આત્મા મારા યોગથી પૂર્ણ શક્તિવાળો થઈ, પૂર્ણ સ્નેહવાળો થઈ, મારામાં લીન થાય છે, મારા સર્વ બ્રહ્માનંદ રસને ભોગવે છે.

હું પરબ્રહ્મ એક જ છું. બ્રહ્મને સેવા કરવાની ઈચ્છા થઈ બે સ્વરૂપે થયા. એક સ્વરૂપે પુરુષોત્તમ નારાયણની સેવામાં, બીજે સ્વરૂપે અક્ષર બ્રહ્મધામરૂપે મુક્તોને ધરી રહેલા છે. તે મુક્તો પણ મારી મૂર્તિમાં વાસ કરે છે તે મુક્ત સૃષ્ટિ સર્વે અંગો હોવા છતાં છ

કોશથી રહિત, રતિવાસથી રહિત દિવ્ય શરીરવાળા થઈ પરબ્રહ્મના આનંદને ભોગવે છે. તે સર્વેમાં મારી કૃપા જ કારણ છે.

અધ્યાય - ૩

❖ પ્રભુના સ્વરૂપમાંથી ગોલોક અને વૈકુંઠધામની રચના થઈ ❖

પરબ્રહ્મ શ્રીહરિએ પોતાના ડાબા ભાગમાં જે શક્તિ રહેલી છે તે લક્ષ્મીરૂપે બહાર આવી. મુક્તો જોઈ આશ્ચર્ય પામી શ્રીહરિને કહે : હે પ્રભુ, અહિં તો બધા પુરુષાકાર છે. પતિ-પત્ની રૂપ બીજું ધામ રચો. ત્યારે શ્રીહરિએ પોતાની મૂર્તિમાંથી બીજું વાસુદેવનારાયણ સ્વરૂપ પ્રગટ કરી વૈકુંઠધામની રચના કરી. ત્યાં લક્ષ્મીનારાયણને રાખ્યા. ત્યાં દિવ્ય પાર્ષદ-પાર્ષદાણીઓ દિવ્ય ભોગોનો આનંદ પ્રાપ્ત કરે છે. ત્યારપછી પરબ્રહ્મની શક્તિમાંથી રાધા રૂપ પ્રગટ થયું.

તેજસ્વી રાધાની પ્રાર્થનાથી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે પોતાનામાંથી બીજું સ્વરૂપ કૃષ્ણ નામનું પ્રગટ કરીને અક્ષરધામના સીમપ્રદેશમાં ગોલોકધામની રચના કરીને રાધા-કૃષ્ણને ત્યાં રાખ્યા. અનંત પાર્ષદો અસંખ્ય દાસ-દાસીઓ તે ગોલોક ધામના દિવ્ય સુખને તથા રાધા-કૃષ્ણના દિવ્ય સુખને ભોગવતા થકા કાયમ ગોલોકમાં વાસ કરે છે અને જે પરબ્રહ્મની શક્તિ છે. તે ત્રિગુણી માયાથી સૃષ્ટિ થાય છે. આ રીતે પુરુષોત્તમ નારાયણે પોતાના સ્વરૂપમાંથી ગોલોક અને વૈકુંઠ ધામની રચના કરી.

અધ્યાય - ૪

❖ પ્રકૃતિ પુરૂષ, ગુણ પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : પુરુષોત્તમ નારાયણે મહાકાળને આજ્ઞા આપી કે માયાને ક્ષોભ કર. તે માયાને જોઈને શ્રીહરિની ઈચ્છાથી એક મુક્ત માયા સાથે જોડાણો તે પ્રકૃતિપુરુષ. તેનાથી પ્રધાનપુરુષ થયા, પ્રધાનપુરુષ તે મહત્ત્વ. તે પ્રધાનપુરુષથી મહાવિષ્ણુ થયા તે અહંકાર, તે બે સ્વરૂપે થયા તે એક રૂપે હીરણમય પુરુષ, બીજે રૂપે બ્રહ્માંડરૂપી વૈરાટ. મહાલક્ષ્મી મહાવિષ્ણુ તેનાથી ત્રણ ગુણ પ્રગટ થયા. રજો ગુણમાંથી દશ ઈંન્દ્રિયો અને મન થયા. સાત્વિક દેવો પ્રગટ થયા. તમોગુણથી પંચભૂત પંચવિષય થયા. તે ચોવીશ તત્વાત્મક બ્રહ્માંડના નાભિ પ્રદેશમાં બ્રહ્મા રહીને શ્રીહરિની આજ્ઞાથી ઈચ્છાથી મનુષ્ય, પશુ, પક્ષી, વેલી, સ્થાવર, જંગમ, સૃષ્ટિ, જીવસૃષ્ટિનું સર્જન કર્યું.

બ્રહ્માંડોના સર્વે ઈશ્વરોને ઉપાસ્ય મૂર્તિ સગુણબ્રહ્મ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન સંકર્ષણ તથા નિર્ગુણબ્રહ્મ વાસુદેવને શ્વેતધામ અમૃતધામમાં રાખ્યા. તે ચતુર્ભુજ ઈશ્વર સૃષ્ટિનો પાલન પોષણ લય કરે છે. જીવસૃષ્ટિમાં-ઈશ્વરસૃષ્ટિમાં ઉપાસના ભક્તિ પ્રમાણે જીવાત્મા તે તે ધામમાં

જાય છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની સર્વોપરી ઉપાસના હોય તો તેને પરમધામની પ્રાપ્તિ થાય છે.

અધ્યાય - ૫

❖ ઈશ્વરસૃષ્ટિનું સંચાલન ❖

વાસુદેવ કહે : મને શું કામ પ્રગટ કર્યો ? ત્યારે શ્રીહરિએ વાસુદેવને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ ત્રણ રૂપ બતાવીને કહ્યું કે, આ ત્રણે સ્વરૂપ તમારામાં રહીને બ્રહ્માંડોના ઈશ્વર સૃષ્ટિનું સંચાલન કરશે અને હું તમારામાં રહીશ.

અધ્યાય - ૬

❖ ભૂમાપુરુષ પ્રાગટ્ય અને અવ્યાકૃતધામ રચના ❖

શ્રીનારાયણ કહે : વૈરાટની નાભીમાંથી કમળો થયા, તે કમળોમાં ચાર માથાવાળા બ્રહ્મા, આઠ માથાવાળા, સોળ, બત્રીસ, પચાસ, સો, પાંચસો, હજાર, દશ હજાર, લાખ, કરોડ, અબજ માથાવાળા બ્રહ્મા થયા. તેને બધાને બ્રહ્માંડોના કાર્યોના અધિકારી નિમ્યા. એકવાર વૈરાજના રાજસૂયયજ્ઞમાં અનેક ભૂજાવાળા વિષ્ણુઓ અનેક નેત્રવાળા રુદ્રો આવ્યા. તેમાં પહેલી પૂજા કોની કરવી ? કેટલાક કહે : અબજો મુખવાળા બ્રહ્માની, કેટલાક કહે : અબજો નેત્રોવાળા રુદ્રની. એ વિવાદમાં મહાવિષ્ણુએ કહ્યું કે, આનો નિર્ણય પરબ્રહ્મ જ કરી શકે. તે સમયે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે પોતાની મૂર્તિમાંથી ભૂમાપુરુષ ભુમ્નિ લક્ષ્મી પ્રગટ કરી અવ્યાકૃત ધામ રચી ત્યાં રાખ્યા.

ભૂમાપુરુષ પ્રકૃતિપુરુષ પ્રધાનપુરુષ મહાવિષ્ણુ વૈરાટ વગેરે ઈશ્વરોના ન્યાય આપનારા છે. તે ભૂમાપુરુષ પણ શ્રીહરિનું સ્વરૂપ છે. તે ભૂમાપુરુષ અનંત બ્રહ્માંડોમાં જ્યાં જેવો જ્યારે ફેરફાર કરવો હોય ત્યારે રામ કૃષ્ણાદિક અવતારોને મોકલી ધર્મ વ્યવસ્થા કરાવે છે. એવી રીતે ઈશ્વરોના અવતારોની ગણતરી નથી. તે પ્રમાણે શ્રીહરિના અવતારો પણ અસંખ્ય છે.

અધ્યાય - ૭

❖ અક્ષરધામના સીમ પ્રદેશમાં સર્વે ધામોની રચના ❖

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વના સુખને માટે અક્ષરપ્રદેશમાં બદ્રિકાશ્રમ રચતા હતા અને તપથી, બ્રહ્મચર્યથી સર્વે સિદ્ધિ, સર્વે સુખની પ્રાપ્તિ કરવા માટે પોતે નર (સેવક) નારાયણ (સ્વામી) સોળ વર્ષનું સ્વરૂપ ધારણ કરી ઉર્ધ્વરેતા બ્રહ્મચારી રહ્યા. તે નરનારાયણના દર્શન કરવા ઈશ્વરો, ઋષિ, મુનિઓ, યોગી, સિદ્ધ તપસ્વીઓ, નૈષ્ઠિકો આવતા. આવી રીતે હે લક્ષ્મી મેં મારી મૂર્તિમાંથી બધાં સ્વરૂપો અવતારો પ્રગટ કરીને અક્ષરધામના પ્રદેશમાં ધામો રચી ત્યાં રાખેલા છે.

ગોલોકમાં રાધા-કૃષ્ણ, વૈકુંઠમાં લક્ષ્મીનારાયણ, અમૃતધામમાં વાસુદેવ ચતુર્વ્યુહ, બદ્રિકાશ્રમ ધામમાં નરનારાયણ, અવ્યાકૃતધામમાં ભૂમા ભૂમ્નિ નારાયણ. આ સર્વે ધામો અક્ષરપ્રદેશમાં હોવાથી ગોલોકની મધ્યે અક્ષરધામ એમ બોલાય છે. પરંતુ અક્ષર સર્વત્ર વ્યાપ્ય વ્યાપકભાવે રહેલું છે. પ્રકૃતિની સીમા સુધી ઈશ્વરોના લોક છે.

અધ્યાય - ૮

❖ સૃષ્ટિઓ અને ચૌદલોકની રચનાના દર્શન ❖

શ્રીનારાયણ કહે : વૈરાટના નાભી કમળમાંથી બ્રહ્મા થયા. તેમણે ચારેબાજુ જોયું. પાણી-પાણી કમળના નાળમાં ચાલ્યા ચાર હજાર યુગ સુધી અંત ન આવ્યો. પાછા વળ્યા. મૂંઝાણા ત્યાં આકાશવાણી થઈ તપ કરો, જ્ઞાન થશે. તપમાં બેઠા જ્ઞાન થયું સૃષ્ટિ માટે મારો જન્મ છે. ત્યાં કેવી સૃષ્ટિ કરવી એવો વિચાર થતાં નારાયણની મૂર્તિ દેખાઈ તેમાં પૂર્વેની સૃષ્ટિઓ અને ચૌદલોકની રચનાના દર્શન થયા.

બ્રહ્મા હથેળીમાં આભલું દેખે તેમ સર્વે દેખીને નારાયણની સ્તુતિ કરવા લાગ્યા કે, હે મુક્તોએ પૂજેલા અવતારોએ પૂજેલા ઈશ્વરોએ સેવેલા અક્ષરમાં નિવાસ કરનારા અનેક સ્વરૂપને ધારણ કરનારા તમને નમસ્કાર. સર્વેના અંતર્યામિ અન્વય છતાં વ્યતિરેક સ્વરૂપે રહેલા તમને નમસ્કાર. અનેક દિવ્ય ગુણવાળા માનવરૂપે રહેલા મુક્તોને આનંદ આપનારા તમને નમઃ બ્રહ્માએ સ્તુતિ કરી ત્યાં વૈરાટના હૃદયમાં વિષ્ણુ પ્રગટ થયા.

અધ્યાય - ૯

❖ વિષ્ણુ અને બ્રહ્મા વચ્ચે યુદ્ધ ❖

શ્રીનારાયણ કહે : સૂર્ય જેવા તેજસ્વી સુવર્ણના વસ્ત્રાભૂષણથી શોભાયમાન વિષ્ણુને જોઈ બ્રહ્માએ પૂછ્યું તું કોણ છો, અહીં શા માટે આવ્યો છું ? બ્રહ્માનું વચન સાંભળીને વિષ્ણુ કહે : હું સૃષ્ટિનો કરનારો છું. હું બ્રહ્માંડનો પોષક અંદર બહાર બધે છું. બન્નેને વાદ-વિવાદ થતા પરસ્પર અસ્ત્રોથી લડાઈ થઈ. વિષ્ણુએ ચક્ર છોડ્યું તો બ્રહ્માએ પ્રાર્થના કરી વિષ્ણુને શાંત કર્યા.

અધ્યાય - ૧૦

❖ મોટાઈ મેળવવા બ્રહ્માએ કપટ કર્યું ❖

બ્રહ્મા અને વિષ્ણુના અસ્ત્રો-શસ્ત્રોને શાંત કરનારા તેજને જોઈ બન્ને દેવો વિસ્મય પામ્યા. તે તેજમાંથી આકાશવાણી થઈ. જે આ તેજનો નીચે અથવા ઉપર અંતને પામે તે મોટો. વિષ્ણુ ગરૂડ પર બેસીને નીચે ગયા. સો વર્ષ ચાલ્યા, થાક્યા, પાછા હતા ત્યાં આવીને બેસી ગયા. બ્રહ્મા હંસ ઉપર બેસીને ઉપર ગયા, સો વર્ષ ચાલ્યા, અંત ન પામ્યા, થાક્યા,

બેઠા, ચિંતામગ્ન થયા. શ્રીહરિ કહે : આ બન્ને દેવો બાળક જેવા છે. જેનો આદિ અંત નથી તેનો અંત લેવા બેઠા. તે સમયે ઉપરથી કેતકી પુષ્પ આવતું હતું. તેને બ્રહ્માએ પૂછ્યું, તું ક્યાંથી આવે છે ? કેતકીએ કહ્યું : ભગવાનની પૂજામાં હતું, ત્યાંથી આવું છું. સો યુગ થયા પણ હજી ક્યારે અંત આવશે.

બ્રહ્માએ કહ્યું : તું મારું કામ કર, મારી સાક્ષીમાં રહેજે. કેતકી કહે : ભલે સારું. બન્ને આવ્યા વિષ્ણુ પાસે, બ્રહ્માએ વિષ્ણુને કહ્યું, હું તેજનો અંત લાવ્યો છું. આ પુષ્પ સાક્ષી છે. કેતકીએ ખોટી સાક્ષી પુરી. વિષ્ણુએ બ્રહ્માને મોટા માની પૂજા કરી. ત્યાં તેજમાંથી સંકર્ષણરૂપ સદાશિવ પ્રગટ થયા અને બોલ્યા, પરબ્રહ્મના લલાટમાંથી હું પ્રગટ થયો છું આ તેજ તે પરબ્રહ્મનું એક કિરણ છે. તે સર્વત્ર વ્યાપક છે. બ્રહ્માંડમાં સુષુમ્ણા માર્ગે રહેલો છે. તેનો કોઈ પાર પામે તેમ નથી. બ્રહ્મા સદાશિવના પગે પડ્યા માફી માંગી.

અધ્યાય - ૧૧

❖ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : સદાશિવ બ્રહ્માને કહે, તમે મોટા થવા કપટ કર્યું માટે તમે પૂજ્યપણાને નહીં પામો. પરંતુ યજ્ઞમાં ગૃહમાં તમારો બલી ભાગ રહેશે. કેતકી પુષ્પને કહ્યું, તારું સ્થાન મંદિરમાં રહેશે પણ મારી પૂજામાં નહીં. ત્યાં વૈરાટનારાયણ આવ્યા અને બ્રહ્મા, વિષ્ણુ, શંકરને પગે લાગ્યા. એ ત્રણે દેવોએ પોતાના સ્વરૂપ વૈરાટનારાયણમાં જોયા.

વૈરાટનારાયણના લલાટમાં શંકર, હૃદયમાં વિષ્ણુ, નાભિમાં બ્રહ્મા રહ્યાં. પછી ત્રણે દેવો પોતાને ભાઈઓ માની ભેટી પડ્યા. ત્યારે વૈરાટનારાયણે તે ત્રણેય દેવો માટે ઈશ્વરોના લોકમાં સ્થાનો રચી દીધા. વિષ્ણુ માટે વૈકુંઠ, બ્રહ્મા માટે સત્યલોક, શંકર માટે કૈલાશ. તે ત્રણે દેવોએ પોતાની પત્ની, દાસ-દાસીઓ સાથે પોતાના સ્થાનમાં નિવાસ કર્યો.

અધ્યાય - ૧૨

❖ બ્રહ્માંડો અને મેરુ પર્વતની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માંડોની ઉત્પતિ સાંભળો. બ્રહ્માએ ચોવીસ તત્ત્વવાળા વૈરાટના શરીરથી પિંડો લઈ હાથમાં ચોળી અસંખ્ય અણુ જેવા કર્યા પછી હાથમાં રાખી ફૂંક મારીને ઉડાડ્યા. મહાકાશમાં તે અંડગોળાઓ બ્રહ્માંડો થયા અને સ્થિર રહ્યા. પછી બ્રહ્માએ સંકલ્પ કર્યો દરેક બ્રહ્માંડમાં ચૌદ લોક થાવ. તે રીતે થયા. તે બ્રહ્માંડમાં અતિ અંધારું હતું.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણે દેવો પોતાની યોગ શક્તિથી અંદર પ્રવેશતા હતા. બ્રહ્માએ તેજ તત્ત્વોનો સંકલ્પ કર્યો તેથી બ્રહ્માંડમાં અજવાળું થયું. તેમાં બ્રહ્મા ઉપર સત્યલોકમાં રહ્યા. મધ્યલોકમાં કૈલાશમાં શંકર રહ્યા. પાતાલ નીચે ક્ષીર સમુદ્રમાં વિષ્ણુ વાસ કરતા

હતા. બ્રહ્માએ ચૌદ લોક વચ્ચે એક થાંભલો કર્યો તે મેરુ પર્વત. અને પૃથ્વીમાં હિમાલયમાં બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાનને જનોના સુખ માટે તપ કરવા રાખ્યા. ત્રણે દેવોના સ્થાનો ભૌતિક આવરણમાં છે.

અધ્યાય - ૧૩

❖ કાળ સમય અને યુગની ગણતરી ❖

શ્રીનારાયણ કહે : બ્રહ્માંડની ઉત્પત્તિની સાથે જ કાળને નિત્ય સંબંધ છે. તે કાળ સમયની ગણતરી ક્ષણથી કરવામાં આવી છે. ચાર ક્ષણનો એક કૂટ, ત્રણ કુટની એક ત્રૂટી. ત્રણ ત્રૂટીનો લવ, ત્રણ લવનો નિમેષ, પંદર નિમેષની કાષ્ઠા, પંદર કાષ્ઠાની નાડીકા, બે નાડીકાનું મુહૂર્ત, બે મુહૂર્તનો પ્રહર, ચાર પ્રહરનો દિવસ, ચાર પ્રહરની રાત્રિ, પંદર દિવસનો પક્ષ, બે પક્ષનો માસ, છ માસનું અયન, બે અયનનું વર્ષ, એવા બાર હજાર વર્ષના ચાર યુગ થાય, એવા એક હજાર યુગની ચોકડી થાય, ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે. તેવડી જ રાત્રિ. સાંજે ત્રિલોકીનો લય, સવારે ઉત્પત્તિ.

બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ અને ચૌદ ઈન્દ્ર થાય. તે બ્રહ્મા પણ પોતાના સો વર્ષ રહે છે. બ્રહ્માનું એક વર્ષ વૈરાટનો એક દિવસ, વૈરાટનું એક વર્ષ મહાવિષ્ણુનો એક દિવસ, મહાવિષ્ણુનું એક વર્ષ પ્રધાનપુરુષનો એક દિવસ, પ્રધાનપુરુષનું એક વર્ષ પ્રકૃતિપુરુષનો એક દિવસ, પ્રકૃતિપુરુષના સો વર્ષ એટલે અક્ષરનું એક નિમેષ (મટકું) અક્ષરબ્રહ્મના મટકામાં સૃષ્ટિઓનો ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે. એજ રીતે ક્ષણ, વિપળ, પળ, ઘડી, કલાક અને દિવસ-રાત્રિ કહેલા છે.

અધ્યાય - ૧૪

❖ માયા દ્વારા અવિદ્યાઓની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : બ્રહ્માએ માયાને ગ્રહણ કરી મોહ, મહામોહ, તામીસ, અંધતામીસ્ર, અવિદ્યા, હિંસા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ-મત્સર, આશા, તૃષ્ણા, કુશીલાદ્રોહ અનેક પ્રકારની અવિદ્યાઓ ઉત્પન્ન કરી, બ્રહ્માંડમાં હાહાકાર થઈ ગયો, ક્યાંય શાંતિ ન મળી.

અધ્યાય - ૧૫

❖ ધર્મદેવ અને રૂદ્ર પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, ત્યારપછી મેં બ્રહ્માને પ્રેરણા કરી એથી બ્રહ્માએ પોતાના હૃદયમાંથી શ્વેતવર્ણવાળા, પ્રકાશવાળા, વિદ્યાશક્તિયુકત સુખ, સ્વર્ગ, મોક્ષ આપનારા ધર્મદેવ પ્રગટ કર્યા અને ધર્મની પત્નીઓ શ્રદ્ધા, શાંતિ, દયા, ગતિ, મેધા, તૃષ્ટિ, પુષ્ટિ, મૈત્રિ, લજ્જા,

ક્રિયા, ઉન્નતિ, મૂર્તિ, બુદ્ધિ, તિતિક્ષા વગેરે તથા ભક્તિ-આરાધના ધર્મની સાથે પ્રગટ થયા. તેની પ્રજા પણ સૌમ્ય અને સુખ આપનારી થઈ.

ઐશ્વર્ય, જ્ઞાન, તપ, વૈરાગ્ય, સ્થિર, ક્ષેમ, સત્ય, શૌચ, સરલ, શામ, દમ, ત્યાગ, યોગ, યજ્ઞ, સંતોષ, નિગ્રહ, આસ્તિક, પ્રસન્નતા, સ્વાધ્યાય, ઉદ્યમ, આશ્રય, લાભ, ગંભીરતા, નિર્ભયતા, શરણ્યતા, બ્રહ્મણ્યતા, દિવ્યતા, સુંદરતા, અહિંસા વગેરે ધર્મદેવના પુત્રો-પુત્રીઓ પ્રગટ થયા તે જોઈ બ્રહ્મા શાંતિ-સુખ પામ્યા. ત્યાં બ્રહ્માના લલાટમાં રૂદ્ર થયા તે પાંચ માથા, ત્રણ નેત્ર, દશ હાથ તેનાથી પ્રજા થઈ તે તામસી. બ્રહ્મા કહે : રૂદ્ર, આનો સંહાર કરી નાખ. રૂદ્રે તામસી સૃષ્ટિ અદૃશ્ય કરી. બ્રહ્માએ તો રૂદ્ર પુત્રને મહરલોકમાં વાસ આપ્યો. જ્યારે સત્યલોક બ્રહ્મા પાસે જવાની ઈચ્છા કરે ત્યારે જઈ શકે. જે સત્યનું આચરણ કરે તે સત્યલોકમાં જઈ શકે.

અધ્યાય - ૧૬, ૧૭

❖ રૂદ્રથી સાત્વિક સૃષ્ટિની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : બ્રહ્માએ તે રૂદ્રથી સાત્વિક સૃષ્ટિ ઉત્પન્ન કરી. જે સૂક્ષ્મ શરીરવાળા, વૈરાગ્યવાળા, નિર્મોહ, દયાવાળા, સુખ-દુઃખથી પરાભવ ન પામનારા, વિદ્યાના અનેક સદ્‌ગુણવાળા, તપ બ્રહ્મચર્યવાળા તેઓને બ્રહ્માએ શીવપુર ધામમાં રાખ્યા. જ્યાં માયા પરાભવ કરતી નથી.

સાત્વિક રૂદ્રથી દાસ, દાસીગણો ઉત્પન્ન થયા. તે બધા વિરૂપ હોવા છતાં તપ, ત્યાગવાળા પરંતુ ભક્તિથી રહિત હતા તેથી બ્રહ્માએ વ્યવહાર સાથે ભક્તિ કરી શકે તેવી ઈચ્છા કરી.

અધ્યાય - ૧૮

❖ સનકાદિકોનું પ્રાગટ્ય અને કાર્ય ❖

બ્રહ્માએ શ્રીહરિનું ધ્યાન કરી પ્રાર્થના કરી. હે પ્રભુ, ભક્તિવાળા પુરુષો બ્રહ્મનો બોધ કરે, મોક્ષ આપે, બ્રહ્માનંદમાં લીન રહે. એવા ગુરુઓ ઈશ્વર જેવા મારે પુત્રો થાય. બ્રહ્માનો સંકલ્પ જાણી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે અક્ષરધામથી ચાર મુક્તો મોકલ્યા. તે બ્રહ્માના માનસપુત્રો જન્મ સાથે પાંચ વર્ષના સનક, સનંદ, સનાતન, સનત આ ચાર સાધુગુણેયુક્ત, બ્રહ્મ તેજથી શોભતા, દર્શન માત્રથી કલ્યાણ કરનારા, રાગ, દ્વેષ, ઈર્ષ્યાથી રહિત, તપવાળા, સુખ-દુઃખમાં સમાન, નિંદાથી રહિત હરિભક્તિ વિના ક્ષણ પળ વ્યતિત નહીં કરનારા, પાપીનો પણ ઉદ્ધાર કરનારા, બ્રહ્મા પિતાને નમસ્કાર કરી બોલ્યા, તમારી શું આજ્ઞા છે.

બ્રહ્માએ કહ્યું, રૂદ્રની સાત્વિક સૃષ્ટિને બ્રહ્મનો બોધ આપી નૈષ્ઠિકો તપસ્વી વેદના જ્ઞાન જાણનારા તમારા જેવા કરો. ચાર સનકાદિકો એ સત્યલોકમાં રહી તે કાર્ય કરતા થકા વિચરતા હતા. તે સનકાદિકોનું પરમાર્થવાળું કાર્ય જોઈ બ્રહ્માને સંતોષ થયો.

અધ્યાય - ૧૯

❖ પ્રગટ ભગવાનનાં સંત-મુક્તોની સેવાનું ફળ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, સાધુ શ્રેષ્ઠ એટલા માટે છે તેના સર્વ કામકાજ ભગવાનમય જ હોય છે, વેદનો પ્રચાર કરી લોકોને સુખી કરનારા. ભક્તિનું બળ બતાવી સંસારથી વિરક્ત કરી મોક્ષમાં મોકલનારા, સનકાદિક સમાન બાળપણથી બ્રહ્મચારી રહી પ્રણાલીકાને જાળવનારા સંતો સ્વયં બ્રહ્મની જ મૂર્તિ ભગવાન સમાન છે. રાધા, રમા, શ્રી, લક્ષ્મી પણ સંત સમાન થઈ શકતા નથી. તેના ચરણનું જલ પૃથ્વીને પવિત્ર કરે છે. તેની ચરણરજને માથે ચડાવવી, સંત ચરણ છાતીમાં લેવા, માથા પર લેવા તે મોક્ષને આપનારા છે.

સાધુના ચરણસેવાથી પિંડી દાબવાથી સમ્રાટ થાય, સાથળ દાબવાથી સાર્વભોમ થાય, કેડ્ય દાબવાથી ત્રિલોકોનો રાજા થાય, વાંસો દાબવાથી બ્રહ્મા થાય, હાથ દાબવાથી વૈરાજ થાય, આખું શરીર દાબવાથી વિષ્ણુપદ મળે. સંતનું શરીર એટલે ભગવાનનું શરીર તેથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ પાંચ વિષયને સંત ગ્રહણ કરે તો તે પાંચ વિષય પણ દિવ્ય બની જાય છે. માટે સર્વે સૃષ્ટિઓના જીવ ઈશ્વરોને સંત પુરુષો પવિત્ર કરે છે.

અધ્યાય - ૨૦

❖ મહાગીતા પ્રાગટ્ય અને મહિમા ❖

લક્ષ્મી પૂછે : હે નારાયણ, તમે સંત પુરુષોનો જે મહિમા કહ્યો, તે રીતે સતી-સાધ્વી બ્રહ્મચારિણીઓ સેવા કરવા યોગ્ય છે કે નહીં ? જે રીતે સંત સેવા થાય તે જ રીતે સાધ્વીની સેવાથી મોક્ષ થાય. તેવી સતી-સાધ્વીઓ બ્રહ્માએ પ્રગટ કરી ? નારાયણ કહે : પરબ્રહ્મની મૂર્તિમાંથી ગીતા રૂપે પ્રગટ થયેલી બાર વર્ષની કન્યારૂપે બ્રહ્મ તેજસ્વી. તે જ્યારે પુરુષોત્તમ નારાયણ પૃથ્વી પર પ્રગટ થાય છે. ત્યારે સાથે જ હોય છે. તે મહા ગીતા શ્રીહરિએ મુક્તોને આપી. ત્યારપછી મોક્ષને માટે ઈશ્વરોને આપી, પછી જીવને આપી.

તે ગીતામાંથી હજારો દિવ્ય દેવીઓ, સાધ્વીઓ, બ્રહ્મચારિણીઓ, યોગિનીઓ પ્રગટ થઈ તે સર્વે બ્રહ્મશીલ પરાયણ, પવિત્ર ભક્તિવાળી, મોક્ષ આપનારી, જ્ઞાનવાળી એવી સાધ્વીના શરણે જવાથી જીવાત્મા સંસારને તરે છે. અથવા ભગવાનના મુખમાંથી નીકળેલી વાણી ગીતા કથારૂપી ગીતા શબ્દમૂર્તિ તે સાંભળવાથી, તેનો આશ્રય કરવાથી ગમે તેવી પાપી સ્ત્રી તે પણ તરી જાય છે. તે નારાયણગીતા, હરિગીતા, વિષ્ણુગીતા, સતીગીતા, વધુગીતા તે ઉદ્ધાર કરનારી છે.

અધ્યાય - ૨૧

❖ સાધ્વી દ્વારા સ્તુતિ - શ્રવણ ફળ ❖

શ્રીનારાયણ કહે : ઉપનિષદની જે શ્રુતિઓ છે તે પણ સાધ્વીરૂપે સૃષ્ટિમાં ફરે છે અને તે ઉપનિષદની શ્રુતિઓ મુમુક્ષુઓએ આત્મતૃપ્તિ માટે, કર્મનાશ માટે, અજ્ઞાન નિવૃત્તિ માટે, નિત્ય આનંદ માટે સાંભળીને ગ્રહણ કરવી. તે શ્રુતિ ગીતા પરબ્રહ્મનું નિરૂપણ સ્તુતિ, પરબ્રહ્મ પ્રાપ્ત કરાવનારી છે. શ્રીહરિના અંગમાંથી તે શ્રુતિ દેવીઓ પ્રગટ થયેલી છે તેથી મોક્ષ આપનારી છે.

અધ્યાય - ૨૨

❖ શ્રીહરિના શરીરમાંથી સર્વ બ્રહ્મવિદ્યાઓનું પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : અક્ષીવિદ્યા, મધુવિદ્યા, દહર વિદ્યા, આદી અનેક પ્રકારની બ્રહ્મવિદ્યાઓ શ્રીહરિના શરીરમાંથી પ્રગટ થઈ. સર્વે સૃષ્ટિઓ દિવ્યરૂપે વિચરી શરણે આવેલાને હરિકૃષ્ણમાં હેત કરાવી પરબ્રહ્મની સાથે જોડી દે છે. તે બ્રહ્મવિદ્યાઓ સેવિકા થઈને ઉપાસના કરનારા ભક્તિ ધ્યાનમાં મગ્ન રહેનારા નરનારીઓને પરમપદને પમાડે છે.

અધ્યાય - ૨૩

❖ મહામંત્ર જ્ઞાન અને સરસ્વતી પ્રાગટ્ય ❖

લક્ષ્મી પૂછે છે : હે નારાયણ, સર્વ મંત્રમાં શ્રેષ્ઠ મંત્ર કયો ? અને બધા દેવ તમારો મંત્ર જપે છે. તમે કેનો મંત્ર જપો છો ? શ્રીનારાયણ કહે : સર્વે મંત્રોમાં શ્રેષ્ઠ હું છું. સર્વેનું કલ્યાણ કરનારો છું. છતાં પણ લોકશિક્ષાને માટે મારી મૂર્તિમાંથી પ્રગટ થયેલા અવતારો મહાવિષ્ણુ વગેરેના મંત્રો શાંતિ આપનારા છે. જ્યારે બ્રહ્માએ મારી પાસે વેદો માગ્યા ત્યારે મે મારા હૃદયમાં રહેલી ગાયત્રી કન્યા બ્રહ્માને આપી, તેનો જપ કરવાથી મોક્ષ આપનારી છે.

બ્રહ્મા કહે, ભાષા વિના જપ કેમ થાય ? ત્યારે શ્રીહરિએ મુખમાંથી, જીભમાંથી સરસ્વતીને વાણી સ્વરૂપે ભાષા અક્ષરો રૂપે પ્રગટ કરી તે બ્રહ્માને દીધી. તે સરસ્વતીદેવી ગાયત્રી કરોડો સ્વરૂપે થઈને મંત્રોરૂપે થઈ. તે સર્વે શ્રીહરિની મૂર્તિઓ છે. તે મંત્રોનો જપ કરનારાને સુખી કરી બ્રહ્મલોકમાં પહોંચાડે છે.

અધ્યાય - ૨૪

❖ એકાદશી ઉત્પત્તિ અને જયંતિ મહિમા ❖

શ્રીનારાયણ કહે : પૂર્વે ક્ષીર સમુદ્રમાં મહાવિષ્ણુ અંતર્વૃતિ કરી સૂતા હતા ત્યારે શરીરમાંથી દિવ્ય કન્યા પ્રગટ થઈ. તેને જોઈ મુરદાનવ મોહ પામ્યો. વરવાનું કહ્યું. કન્યા

કહે, મને જીતી લે તો તને વરુ. મુરદાનવ અને કન્યાને યુદ્ધ થયું. કન્યાએ શસ્ત્રોથી તેનું મસ્તક કાપી નાખ્યું. પ્રભુએ પ્રસન્ન થઈ કન્યાને એકાદશીમાં વાસ આપ્યો. કન્યાને ચોવીસરૂપે એકાદશીના વ્રતમાં સ્થાપી. તેથી તેના વ્રત ઉપવાસથી નર-નારીઓ મોક્ષ મેળવે છે. એકાદશી અને ભગવાનની જયંતિ તે મનુષ્યોને મુક્તિ અપાવનારી છે. તેમાં પ્રગટ પ્રભુની જયંતિનો વિશેષ મહિમા છે, તે મોક્ષ આપનારી છે.

અધ્યાય - ૨૫

❖ માતા ભક્તિદેવી પ્રાગટ્ય અને કાર્ય ❖

લક્ષ્મી કહે : હે મહારાજ, તમે ગીતા ઉપનિષદ વગેરે બ્રહ્મવિદ્યાઓ કહી તે વિના પ્રભુ પ્રાપ્તિનો સરલ માર્ગ ક્યો છે ? બાળક, યુવાન, વૃદ્ધ, સ્ત્રીઓ, મૂર્ખ, પંડિત, સંપત્તિવાળો, દરિદ્ર આ બધાને ભગવાન પુરુષોત્તમની પ્રાપ્તિ થાય. એવો સરળ માર્ગ બતાવો. શ્રીનારાયણ કહે, પૂર્વે મેં ઈશ્વર સૃષ્ટિ કરી ત્યારે વાસુદેવે પ્રાર્થના કરી કે, હે પરમપિતા જીવ ઈશ્વરો માટે કરોડો શક્તિઓ પ્રગટ કરી પરંતુ બધાને માટે એક શક્તિ એવી આપો જેથી સૌને તમારી (પરબ્રહ્મ)ની પ્રાપ્તિ થાય તે વાસુદેવ વિષ્ણુ આદિક અવતારોની પ્રાર્થના સાંભળી મારી મૂર્તિમાંથી ભક્તિદેવી પ્રગટ કર્યા. તે ભક્તિદેવી સર્વે અવતારોની, ઈશ્વરોની, જીવોની માતા છે. તે બે સ્વરૂપે રહે છે. એક રૂપે મારી મૂર્તિમાં મૂર્તિમાન, બીજે રૂપે અર્મૂત ભક્તિ કરનારના આત્મામાં.

તે ભક્તિમાતા સર્વેનો મોક્ષ કરનારી છે. તે અમારા પણ માતા છે. બ્રહ્માંડમાં રહેનારા આત્માઓ તે દેવ-દૈત્ય કે મનુષ્ય હોય, યક્ષ રાક્ષસ કે દાનવ હોય. ભૂત-પ્રેત કે પિશાચ હોય પણ જેને પુરુષોત્તમ નારાયણનો આશરો હોય તેનો ભક્તિમાતા મોક્ષ કરે છે. ભક્તિદેવીએ શ્રીહરિને પૂછ્યું - શું કાર્ય કરું ? શ્રીહરિએ કહ્યું, મારા શરણાગત ભક્તોનું પોષણ કરો. એમ કહી શ્રીહરિએ મુક્તિ દાસી આપી અને જ્ઞાન, વૈરાગ્ય બે પુત્રો આપ્યા. તે ભક્તિને નારદ વગેરે સાધુએ પુષ્ટિ કરી. અનેક સાધનોથી હું વશ થતો નથી પણ મારામાં સ્નેહભક્તિથી વશ થાઉં છું.

અધ્યાય - ૨૬

❖ ભક્તિના પ્રકારો અને મહિમા ❖

શ્રીનારાયણ કહે : પરબ્રહ્મ શ્રીહરિમાં સ્નેહ સહિત સેવા તે ભક્તિ જાણવી. કામથી, ક્રોધથી, લોભથી, સ્વાર્થથી પણ ભગવાનમાં ભક્તિ તે મુક્તિ આપનારી છે. પતિભક્તિ, પત્નીભક્તિ, આત્મભક્તિ, દેશભક્તિ, દેવભક્તિ, આ બધા કરતા શ્રીહરિની ભક્તિ શ્રેષ્ઠ છે અને મુક્તિ અપાવનારી છે. બ્રહ્માંડમાં તત્ત્વભેદથી ભક્તિ પોતાના દાસ-દાસીરૂપે અનેક

સ્વરૂપે રહેલી છે. શ્રીહરિમાં પ્રેમપૂર્વક નવધા ભક્તિ, તે નવ વિના બીજા પણ ભક્તિરસના પ્રકારો છે. આરાધનાદાસી, પૂજાદાસી, નીરાજનાદાસી, પ્રદક્ષિણાદાસી, સ્તુતિદાસી, સમાધીદાસી, ધ્યાનદાસી, વંદના, ધારણા, પુષ્પાંજલિ. આ સર્વ દાસીઓ શ્રીહરિની મૂર્તિમાંથી પ્રગટ થયેલી છે. આ બધી બાર વર્ષની તેજસ્વી દિવ્ય કન્યાઓ રૂપે રહેલી છે.

બ્રહ્મા મારી આજ્ઞામાં રહ્યા છે માટે તેની આજ્ઞાભક્તિ, આરાધના, સાધનાભક્તિ, પૂજાસત્કારભક્તિ, આરતી રક્ષણ કરનારી ભક્તિ, પ્રદક્ષિણા, શરીર, ભગવાનને અર્પણ, સ્તુતિ ગુણગાનભક્તિ, સમાધી શ્રીહરિમાં લીનભાવ, વંદન ભક્તિ, પુષ્પાંજલિ, હૃદયનો પ્રેમ પુષ્પથી પ્રગટ થાય છે. માટે શ્રીહરિમાં અનંત પ્રકારની ભક્તિ કરનારા દેવો-ઈશ્વરો ઋષિ-મુનિઓ માનવો તામસી, રાજસી, સાત્વિકી તે સર્વે અંતે પરમપદને પામે છે.

અધ્યાય - ૨૭

❖ સતી-સાધ્વી અને યોગીની મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : સર્વે શક્તિઓ, રાધા, રમા, લક્ષ્મી, મહાલક્ષ્મી, વૃંદા વગેરે મારી મૂર્તિ હોવા છતાં તેને જુદો વાસ આપ્યો છે. તે સર્વે શક્તિઓ અષ્ટસિદ્ધિ નવનીધિ આપી સાથે પ્રભુની ભક્તિ કરાવનારી છે. તે બધી મારી શક્તિઓ રજસ્વલાથી રહિત નૈષ્ઠિક બ્રહ્મચારિણીઓ ગંગા, હરિદ્વાર વગેરે અક્ષરધામની પ્રાપ્તિ કરાવનારી છે.

તેવી જ રીતે ભગવાવસ્ત્રવાળી સતી-સાધ્વી પતિવ્રતાના દર્શનથી દુ:ખ નાશ પામે છે, સેવાથી સુખ થાય છે, વંદનથી વિષ ઉતરે છે, શ્રવણથી શુદ્ધ થાય છે, અર્ચનથી અર્ચી માર્ગ મોક્ષમાં જાય છે. શ્રીહરિ અર્થે મુંડન કરવાથી મુંડીની કહેવાય છે. ધર્મભક્તિ પ્રવર્તાવવાથી આચાર્યાણી કહેવાય છે. ઐશ્વર્ય હોય તો ભગવતી કહેવાય. અનેકને શ્રીહરિનો આશ્રય કરાવે તો લક્ષ્મી કહેવાય. તે સતી-સાધ્વી યોગિનીમાં હું રહીને સર્વના સંકલ્પ પૂર્ણ કરું છું.

અધ્યાય - ૨૮

❖ ભગવાન તુલ્ય સંત-સાધ્વીના ગુણ ચિહ્નોનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, મારા જે દિવ્ય ગુણો સંતમાં આવે છે તે સંત ભગવાનતુલ્ય સેવા કરવા જેવા છે. સત્ય બોલનારા, શૌચવાળા, દયા, ક્ષમાવાળા, સંતોષી, સરલતા, શામ-દામ, સામ્ય, તપ, તિતિક્ષા, શ્રુતતા, વિરામ, જ્ઞાન, ઐશ્વર્ય, શૌર્ય, બલ, સ્મૃતિ, કૌશલ, કાંતિ, ધૈર્ય, માર્દવ, પ્રાગલ્ભ્ય, પ્રશ્રય, શીલ, સહન, ઓજસ, ભગ, ગંભીરતા, કિર્તી, મૌન, આસ્તિક, અમાનિત્વં, અગર્વ, અદંભ, મિતાહાર, દક્ષતા, મૈત્રી, ઉપકાર, અદ્રોહ, માનદ ષડ્ઉર્મિ રહિત શરણ્ય, અનિહ, અપરિગૃહ આવા દિવ્ય મારા ગુણોથી યુક્ત સાધ્વી હોય તો તે પણ લક્ષ્મી સમાન મોક્ષ આપનારી છે. તે પૂજ્ય વંદનીય સેવા કરવા યોગ્ય છે. મારા વસ્ત્રો ધારણ કરનારા મારી દીક્ષાવાળા મારાથી જરા પણ ન્યુન નથી, જુદા નથી.

મારી મૂર્તિમાંથી પ્રગટ થયેલી શક્તિઓ પૃથ્વી પર યોગિની થઈ વિચરીને દિવ્ય દેહવાળી તે જીવાત્માના અજ્ઞાનને ટાળી મોક્ષ આપે છે. એવી દેવીઓ પૃથ્વીમાં પ્રગટ થાય ત્યારે તેના શરીરમાં શ્રીહરિના ચિહ્નો હોય છે. બંને સ્તન વચ્ચે ઉર્ધ્વ પુંડ્ર રેખા હોય, પેડુમાં બાણરેખા, લલાટમાં મુગટરેખા, મધ્યે શોણ બિંદુ, છાતીમાં વિષ્ણુના હાથની રેખા, ડાબા બાવડામાં ગદા ચિહ્ન, ડાબા સાથળમાં પાદુકાનું ચિહ્ન, હૃદયમાં હારની રેખા, હાથમાં કમળ અને હાથીનું ચિહ્ન, જમણા પગના અંગુઠામાં શંખનું ચિહ્ન, આંગળીમાં વિમાનનું ચિહ્ન, ટચલી આંગળીમાં નૌકા ચિહ્ન, ફણામાં શંખ, ગદા, મત્સ્ય, શિખર, નાગરવેલ, જવ, મહેલ, છત્ર, અને ઉર્ધ્વરેખા આટલા ચિહ્નો જમણા ચરણમાં હોય છે.

અધ્યાય - ૨૯

❖ અવતાર તેમજ અવતારીના ચિહ્નોનું વર્ણન ❖

ધ્વજ, અંકુશ, કુમુદ, શ્રીફળ, કળશ, કમળ, બીજની રેખા, અંગુઠાની આંગળીઓમાં દશ ચક્ર. આટલા ચિહ્નો ડાબા ચરણમાં હોય તે સાક્ષાત લક્ષ્મીજીનો અવતાર છે એમ માનવું તથા બે, ત્રણ, ચાર, પાંચ ચિહ્નો હોય તો તે લક્ષ્મીનો અંશ છે એમ માનવું. અને જ્યારે નારાયણ માનવરૂપે પૃથ્વી પર હોય ત્યારે તેના જમણા હાથમાં ધ્વજ, વજ્ર, કમળ, વેણું, સ્વસ્તિક, ધનુષ-બાણ, મત્સ્ય, શંખ, ચક્ર, સૂર્ય, હાથી, મયૂર આ બધા ચિહ્નોમાંથી એક, બે, ત્રણ ચિહ્ન હોય તો તે મારો અવતાર છે. છાતીમાં હારની રેખા, ઉદરમાં ત્રીવળી, લીંગમાં તલ, લલાટમાં તિલકરેખા, લલાટમાં લાંબી રેખા, ડાબા સાથળમાં સફેદ લક્ષ્મીનું ચિહ્ન, બન્ને ચરણમાં ત્રણ-ત્રણ ઘુટીઓ, સ્વસ્તિક, ધ્વજ, અંકુશ, જવ, દંડ, અષ્ટકોણ, વજ્ર, જાંબુ, કમળ, અર્ધ ચંદ્ર, કળશ, ગોપદ, ત્રિકોણ, ઈન્દ્રધનુષ, ઉર્ધ્વરેખા, બન્ને ચરણમાં આટલા ચિહ્ન હોય તેમાંથી એક બે-ત્રણ ચિહ્ન હોય તો તે શ્રીહરિનો અંશ છે. તે અંશરૂપે રહેલા પણ સંસારમાં નિર્લેપ રહે છે. સ્ત્રીધનમાં બંધાતા નથી. માયાને પણ દિવ્ય બનાવે છે. પોતાનો યોગ આપી પાપી પતિતને પણ પાવન કરે છે.

અગ્નિમાં ધાતુ જેમ સ્વચ્છ થાય છે તેમ શ્રીહરિમાં કામાદિદોષો નિર્ગુણ થાય છે. બંને હાથની આંગળીઓમાં ચક્રો, મધ્ય આંગળીમાં શંખ ચિહ્ન. આવા ચિહ્નોવાળા ત્યાગી હોય કે ગૃહસ્થ હોય તે સાક્ષાત્ નારાયણ જ છે. તેઓ અજ્ઞાનીઓનો પણ ઉદ્ધાર કરે છે. તે હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વેનો ઉદ્ધાર કરનારો છું. ભક્તના કાર્ય માટે આવું છું. શાસ્ત્રે કહેલા ચિહ્ન વડે જાણનારા સત્ય ભક્તો મારા ચમત્કાર વિના પણ મને પામે છે. સ્વાર્થી ભક્તો કાર્ય સાધીને દૂર રહે છે. સત્ય ભક્તોને ચમત્કારની જરૂર નથી. ક્યારેય વિકૃતિદોષ ગ્રહણ કરતા નથી. અંશાવતારના પણ સર્વ કાર્યો દિવ્ય હોય છે. હાથમાં આઠ ચક્રવાળા સ્વામી કરોડો સ્ત્રીઓના પતિ થાય. સર્વજ્ઞ વ્યાસરૂપ હોય, સર્વ વિદ્યાવાળા, સર્વે ચિહ્નવાળા શ્રીહરિ નારાયણનો શાસ્ત્રોથી નિશ્ચય કરી ભક્તિથી, પ્રીતિથી, રતિથી હેત કરીને મોક્ષભાગી થવું.

અધ્યાય - ૩૦

❖ ગ્રહસ્થોને મોક્ષ માટેનાં ઉપાયો ❖

લક્ષ્મીજી પૂછે છે : હે પ્રભુ, તમે કહ્યા એવા ચિહ્નોવાળા અવતારો - અંશો તથા તમારા સદ્‌ગુણોવાળા સાધુ-સાધ્વીનો પણ યોગ ન મળે દર્શન ન થાય ત્યારે ગૃહસ્થોનો મોક્ષ કઈ રીતે થાય ? ગૃહસ્થ ધર્મ તો ખોટું બોલવું, કપટથી ભરેલો છે, સ્વાર્થવાળો છે, મલીન છે. કુટુંબ માટે અન્ન, ધન, વસ્ત્ર, વાહન મેળવવા જ ગુંથાયેલો હોય છે માટે સાધુ સંગ વિના મોક્ષ કેમ થાય ? માયાના રાગ દ્વેષ, નિંદા, વેર, નાસ્તિકતા વગેરે અનેક દોષોમાં રહેલા ગૃહસ્થોને દાનથી પુણ્ય થાય. પુણ્યથી સાધુનો સમાગમ મળે. તે દાન ઘણા કહ્યા છે. તેમાં પુણ્યથી સારી પત્ની મળે, તપથી સારો પતિ મળે, દાનથી સારો પુત્ર મળે, દક્ષિણાથી સમૃદ્ધિ મળે, ઘી દાનથી નેત્રોની તેજસ્વિતા પ્રાપ્તિ થાય, પ્રયત્ન વિદ્યાથી સિદ્ધિ મળે, યજ્ઞથી સ્વર્ગ, સત્કાર્યથી કીર્તિ, સેવાથી સ્વામી વશ થાય, આ બધું મળવા છતાં સાધુ-સાધ્વીનો સમાગમ મળવો દુર્લભ છે. તેથી મેં મારી મૂર્તિમાંથી પતિવ્રતાપણુ પૃથ્વીમાં સ્થાપન કર્યું છે.

સર્વ દેવો મારામાં રહ્યા છે. તીર્થો મારામય છે. તે કન્યારૂપે બહાર આવ્યા. તેમાં મે સર્વે પવિત્રપણું મૂક્યું. કન્યાએ કહ્યું, હે સ્વામિનારાયણ મારે શું કાર્ય કરવું ? પ્રભુએ કહ્યું - રાધા, રમા, લક્ષ્મી સમાન સતીમાં, નારીમાં પતિવ્રતામાં તારે વાસ કરવો, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિવાળા ગૃહમાં વાસ કરવો, દાન-પુણ્ય સત્કાર્ય યજ્ઞ ષટ્‌કર્મ આત્મનિવેદિ ભક્ત સાધુ-સાધ્વીમાં તારે વાસ કરવો. પતિવ્રતા સ્ત્રીઓના શારીરિક દોષો તે પોતાને બાધ કરતા નથી. પતિવ્રતાના બધા સ્વભાવો પતિના સુખને માટે હોય છે.

અધ્યાય - ૩૧

❖ પૂજાની પવિત્ર સામગ્રીઓનું પ્રાગટ્ય ❖

શ્રીહરિએ પોતાની મૂર્તિમાંથી સુગંધી દ્રવ્યો હોઠમાંથી કંકુ, ચંદન, અક્ષત પ્રગટ કર્યા. તે વડે લક્ષ્મીએ કન્યાનું પૂજન કર્યું. પછી શ્રીહરિએ ભોજન માટે ભુમિમાં અગ્નિ પ્રગટ કર્યો. તાળવામાંથી અમૃત પ્રગટ કરી પિંડો કર્યો તેની સુરભિ ગાય થઈ લક્ષ્મીએ દોહી. જીભના અગ્ર ભાગથી રસ ઝર્યો તે સાકર થઈ. તે દૂધપાક અમૃત કહેવાય છે. વાયુપ્રકોપ ન થાય તે માટે શ્રીહરિએ નાસિકામાંથી એલચી-કેસર પ્રગટ કર્યા. ચરણથી ઘઉં વગેરે પ્રગટ કર્યા, અનાજ કર્યા, મુખમાંથી અમૃત કર્યું, તે બધાં ફળો નાળિયેર, નાગરવેલ પાન વગેરે થયા. ભૃકુટીના બિંદુથી સોપારી થઈ, ત્વકમાંથી લવિંગ વગેરે તેજાના થયા. આ રીતે બધી વસ્તુ શ્રીહરિની મૂર્તિમાંથી પ્રગટ થયેલી છે. તે લક્ષ્મીજી ભગવાનને અર્પણ કરી રાજી કરતા હતા.

અધ્યાય - ૩૨

❖ ગૌ મહાત્મ્ય અને ગૌ-દાન ફળ ❖

લક્ષ્મી પૂછે છે : હે સ્વામિનારાયણ, સમર્થ હોય તે જનોને તારી શકે. ગાય, પશુજનોને કેમ તારે ? શ્રીનારાયણ કહે, માયાના દોષમાં રહેલા બધા પશુ જ છે. શ્રીહરિનો મંત્ર પ્રાપ્ત કરે છે તે દિવ્ય થાય છે. ગાયો ગોલોકમાં મારા સમાન બ્રહ્મમય દેહવાળી કૃષ્ણ-કૃષ્ણ ભજન કરે છે. વૈકુંઠમાં પણ મુક્તાણીઓ ગાયો સ્વરૂપે ભજન કરે છે. તે ગાયો ભગવાનના મુખેથી નીકળેલી ભગવાનની આજ્ઞાથી પૃથ્વી પર બધાના સુખને માટે રહેલી છે. તેને પશુ ન જાણવી પણ દેવી જાણવી.

ગાયના શરીરમાં હું રહેલો છું. લલાટમાં બ્રહ્મધામ, શિંગળા ધ્વજદંડ, નેત્રમાં ગોલોક વૈકુંઠ, નાકમાં અવ્યાકૃતધામ, મુખમાં માયાધામ, જીભમાં મહતત્ત્વ, દાંતમાં સોળ તત્ત્વો, હોઠમાં રજ તમ, ભાંભરવામાં પ્રણવ, કાનમાં શ્વેતદ્વિપ બદ્રિકાશ્રમ, શ્વાસમાં મહાવિષ્ણુ, કંઠમાં શિવ, પગમાં ચારવેદ, ઉદરમાં વૈરાટ, પીઠમાં બ્રહ્મા, જઠરમાં બ્રહ્મ, તેજ ગૌમૂત્રમાં ગંગાજળ, ગાયના છાણમાં લક્ષ્મી, પૂંછમાં સ્વર્ગ, રોમમાં દેવતાઓ, આંચળમાં સમુદ્ર, આંતરમાં પિતૃઓ, ખરીમાં પાતાલ. આ રીતે ગાય સર્વે અંગે પવિત્ર છે. તેની પૂજા કરવાથી પુણ્ય મળે. તર્પણથી બુદ્ધિ. ગૌદાન પાપને બાળી અમૃત આપે છે. પ્રદક્ષિણાથી પૃથ્વીની પ્રદક્ષિણા થાય. દરિદ્રતાને હરનારી સર્વને સુખ આપનારી ગાયની વત્સની સેવા કરી તેણે પૃથ્વીનું પાલન કર્યું. તેના દાનથી સુખ, સમૃદ્ધિ, સ્વર્ગ અને પરમધામની પણ પ્રાપ્તિ થાય છે.

અધ્યાય - ૩૩

❖ પંચાગ્નિ ઉત્પત્તિ અને ગુણ-દોષ ❖

શ્રીનારાયણ કહે : સૃષ્ટિની રચના વૃદ્ધિ સંચાલન અને મનુષ્યોના સુખને માટે મેં પાંચ અગ્નિઓ ઉત્પન્ન કર્યા. પહેલો ધાતુ અગ્નિ, બીજો લિંગ અગ્નિ, ત્રીજો યોનિ અગ્નિ, ચોથો ગર્ભ અગ્નિ, પાંચમો બાલસ્વરૂપ અગ્નિ, કામ અને રતિ તે પણ મારી મૂર્તિમાંથી જ પ્રગટ થયેલા છે. તે દોષ શ્રીહરિથી જે વિમુખ છે, તેને દૂષણરૂપ થાય છે. શ્રીહરિના શરણથી યોગથી તે દોષ ગુણરૂપ બને છે, બ્રહ્મદૃષ્ટિવાળાને આનંદ બ્રહ્મનું રૂપ છે. ભેદદૃષ્ટિવાળાને બંધન કરે છે.

અધ્યાય - ૩૪

❖ પત્નીવ્રત દ્વિજ પ્રાગટ્ય અને માતા-પિતાની સેવાનું ફળ ❖

શ્રીનારાયણ કહે : મારી મૂર્તિમાંથી પત્નીવ્રત દ્વિજની ઉત્પત્તિ કરી. તે બ્રાહ્મણ જન્મતા જ સોળ વર્ષનો યુવાન થયો. મેં આશીર્વાદ આપ્યા. રૂપેગુણે મારી સમાન થા. તે પુત્રે કહ્યું, પિતા શું આજ્ઞા છે. પ્રભુએ કહ્યું, પૃથ્વી પર માતૃભક્તિ, પિતૃભક્તિ પ્રવર્તાવો, જે માતા-પિતાની સેવા કરે તે જ સુપુત્ર કહેવાય છે. જે માતા-પિતાની સેવા કરી પ્રસન્ન રાખે છે, તેની ઉપર સર્વદેવો શ્રીહરિ પ્રસન્ન થાય છે. જે માતા-પિતાની સેવા કરી આશીર્વાદ પ્રાપ્ત કરે છે તેની પાસે યમદૂતો કે કાળ પણ આવતો નથી. જે સવારે ઊઠીને માતા-પિતા, ગુરુને વંદન કરે છે તે સર્વે અર્થનો ભાગીદાર થાય છે અને તેના વિઘ્નો નાશ પામે છે. મારામાંથી પ્રગટ થયેલો બ્રહ્મમૂર્તિ એવો પત્નીવ્રત દ્વિજ તું કૃષ્ણવલ્લભ આચાર્ય થા, મારો જ અવતાર તું અનેક સાધ્વીઓનો પતિથા અને મોક્ષ કર. સર્વે સૃષ્ટિમાં વ્યાપક દિવ્ય રૂપ નરે નરમાં નિવાસ કરીને પત્નીવ્રત દ્વિજથી પ્રસિદ્ધ થા.

અધ્યાય - ૩૫

❖ ગૃહસ્થધર્મ વર્ણન ❖

શ્રીનારાયણ કહે : જગતની શિક્ષા માટે પત્નીવ્રત પુત્રને બ્રહ્મચારિણી દીક્ષા ઉપવિત આપી વેદનો, શાસ્ત્રોનો અભ્યાસ, પરબ્રહ્મની ઉપાસના, ભક્તિ, સ્નાન, સંધ્યા, નારાયણ, ગાયત્રી જપ, વિષ્ણુ પૂજન, વૈશ્વદેવ, નૈવૈદ્ય વગેરે સત્કર્મ પૃથ્વી પર પ્રવર્તાવ્યા પછી પતિવ્રતા નામે કન્યા સાથે લગ્ન કરાવી ગૃહસ્થ ધર્મ કહ્યા. શરીર બે, આત્મા, મન એક તે ગૃહસ્થધર્મ. કાર્યમાં પરસ્પર એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી થવું તે ગૃહસ્થધર્મ. જ્યાં રમણી પૂજાય છે, ત્યાં દેવોનો વાસ થાય છે. જ્યાં રમણી સંતોષ પામે છે ત્યાં સંપત્તિ રહે છે. પત્ની છે તે પતિની છાયા છે. પતિને જમાડીને જમે છે, સૂવાડીને સૂવે છે, ભુખ-તરસ સહન કરી ગૃહકામ કરે છે, તેવી પત્ની રાધા, રમા, જયા, પદ્મા, શારદા, સરસ્વતિતુલ્ય છે. તેને ક્યારે પણ તાડન કરવું નહિ. શારીરિક રોગ અથવા ખોટ હોય તો પણ કડવા વચનોથી તીરસ્કાર કરવો નહીં. તેમ પાલન કરવાથી પતિ કહેવાય છે.

અધ્યાય - ૩૬

❖ ગૃહસ્થોને સત્પુત્ર માટે ગર્ભદાનનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, પૂર્વજન્મમાં દાન-પુણ્ય કે ભક્તિ કરી હોય તો પતિ, પત્ની કે પુત્રો ગુણવાળા પ્રાપ્ત થાય છે, બહુધા સંસાર ઋણાનુબંધનુસાર ચાલે છે, કોઈ પુત્ર લેણદાર આવે છે, કોઈ પુત્ર દેણદાર આવે છે. દેણદાર પુત્ર માતા-પિતાની આજ્ઞાનું

પાલન કરી, સેવા કરી, સંપત્તિમાં વધારો કરી, આશીર્વાદ મેળવે છે. લેણદાર પુત્ર માતા-પિતાની આજ્ઞામાં રહેતો નથી. તિરસ્કાર કરી પિતાની સંપત્તિનો નાશ કરે છે. તેથી સત્પુત્રો માટે પતિ-પત્નીએ સાત્વિકપણે રહેવું તથા રજસ્વલાની ચાર રાત્રિ ત્યજીને સોળ રાત્રિ સુધીમાં ગર્ભદાન કરવું. એકી રાત્રિમાં પુત્રી થાય. બેકી રાત્રિમાં પુત્ર થાય. રજસ્વલા પછી જેમ વધારે રાત્રિ જાય તેમ સંતાનો ગુણિયલ થાય. સ્ત્રીઓએ ઋષિપંચમીનું વ્રત કરવાથી રજસ્વલાથી થયેલા દોષો નાશ પામે છે.

અધ્યાય - ૩૭, ૩૮, ૩૯

❖ બ્રહ્મા દ્વારા સૃષ્ટિસર્જન અને સત્યુગ વર્ણન ❖

શ્રીનારાયણ કહે : બ્રહ્માએ સૃષ્ટિસર્જન માટે તપ કરી પહેલે દિવસે સૃષ્ટિ રચી ત્યારે પહેલા સત્યુગમાં સર્વ બ્રાહ્મણો સંસ્કૃત ભાષી હતા તેમજ ખાવાનું પણ બધાને દિવસમાં એકવાર જ દૂધ અને ફળ. સર્વે પુરુષો સોળ વર્ષના. સ્ત્રીઓ બાર વર્ષની. બ્રહ્મયજ્ઞ કરનારા, વિકારે રહિત. રજસ્વલારહિત ઈચ્છારૂપ ધારણ કરી ચૌદ લોકમાં ગતિ કરનારા હતા ત્યારે વર્ણ આશ્રમ નહીં, બાળવૃદ્ધાપણું નહીં, ખેતરવાડી નહીં, નદી તળાવ પર્વત ગુફામાં વાસ કરી તપ કરનારા હતા. તે બધાને શ્રીહરિમાં પ્રેમભક્તિ હતી. તપસ્વી થઈને મુક્તોની જેમ વિચરતા. તેઓનું ભાગ્ય સ્વયં શ્રીહરિ હતા.

શ્રીનારાયણ કહે : બ્રહ્માની આ પહેલી સૃષ્ટિ માનસ સંકલ્પવાળી હતી. ૮૮,૦૦૦ ઋષિઓ તથા ૬૦,૦૦૦ વાલ્ખીલ્યો તથા વસિષ્ઠ, વિશ્વામિત્ર, પુલહ, પુલત્સ્ય, ક્રતુ, ભૃગુ, અંબરીશ, કશ્યપ, વગેરે લાખો ઋષિઓથી આ સૃષ્ટિ ભરેલી હતી. તે બધા માનસ સૃષ્ટિવાળા હતા. બ્રહ્મચર્યપરાયણ તપસ્વી હતા. ત્યારે ગોપાલકૃષ્ણ કંભરાલક્ષ્મી દંપતી ઋષિ હતા.

શ્રીનારાયણ કહે : મહરલોક, જનલોક, તપલોકમાં પણ પિતૃઓની માનસસૃષ્ટિ હતી. લાખો ઋષિઓનાં કોઈ અનેક પ્રકારના યજ્ઞો કરનારા, કોઈ કર્મકાંડ કરનારા, કોઈ તપ કરનારા, કોઈ વેદશાસ્ત્રનો અભ્યાસ કરનારા હતા. તેથી તે ઋષિઓ તે શાખાવાળા થયા તથા દક્ષ પુત્રો શબલાશ્વા તથા હર્યશ્વા તે પણ તપ કરીને સત્યલોકમાં ગયા. આ રીતે બ્રહ્માના પહેલે દિવસે આદિ સત્ય યુગમાં માનસી સૃષ્ટિ તપ કરનારી હતી.

અધ્યાય - ૪૦, ૪૧

❖ પિતૃશ્રાદ્ધ વિધિ અને મહાત્મ્ય ❖

શ્રી લક્ષ્મી કહે : હે પ્રભુ, પિતૃઓને પિંડદાનનો વિધિ શું છે ? શ્રીનારાયણ કહે, ત્રણ પેઢીના નામ લઈને પિંડદાન કરી શકાય. તથા પિતૃઓના શ્રાદ્ધ તર્પણ પણ થાય. તેથી પિતૃઓ પુણ્યશાળી હોય તો સ્વર્ગમાં અથવા પિતૃલોકમાં રહે છે. પુણ્યશાળી ન હોય તો અનેક

લોકમાં ફરતા જન્મોમાં ફરતા તે પિતૃઓને તેમના શ્રાદ્ધનો પુણ્યનો ભાગ મળી જાય છે. પિતૃઓમાં અર્યમાં તથા સોમ તે મુખ્ય છે. પિતૃઓની શ્રાદ્ધ તિથિમાં શક્તિ પ્રમાણે સાધુ-સાધ્વી, બ્રાહ્મણો, અનાથ, ગરીબો, બાળકો, કન્યાઓ, સ્ત્રીઓ, વૃદ્ધોને ગામ આખાને જમાડવું. યજમાને પિતૃના નામ લઈને શ્રીહરિ બધામાં છે એમ માની જમાડવા, દાન દેવા, તેથી શ્રીહરિ વ્યાપક સ્વરૂપે પિતૃઓમાં રહેલા છે. તે પિતૃઓને જ્યાં હોય ત્યાં તૃપ્તિ પમાડે છે. પશુ-પક્ષીને પણ આપવું. કિડી વગેરે જીવ-જંતુને પણ આપવું. તેથી સર્વ અંતરાત્મા રાજી થઈ યજ્ઞ ફળ આપે છે.

શ્રીનારાયણ કહે : પિતૃઓની સ્તુતિ કરી નમસ્કાર કરી યજ્ઞ કરવો. યજ્ઞમાં પિપળો, વડલો, ઉમરો, ખાખરો, બિલ્વ, ચંદન દેવધરૂ વગેરે કાષ્ઠો ઉત્તમ માનેલા છે. તે શ્રાદ્ધ પિંડદાન તથા હોમ હવન તે તીર્થમાં, નદીમાં, દેવાલય, ગુરુઆશ્રમ, તળાવ, પર્વત, પવિત્ર વૃક્ષ વગેરે સ્થાનમાં કરવા. આવા પવિત્ર સ્થાનોમાં લક્ષ્મીનારાયણ વાસ કરે છે. ભૂખ્યા, તરસ્યાને દાન આપવું તેથી પણ યજ્ઞ ફળ થાય છે.

અધ્યાય - ૪૨

❖ સૂર્ય-હિરણ્યમય પુરુષ પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : બ્રહ્માએ સૃષ્ટિ રચી ત્યારે શ્રીહરિનું સ્મરણ કરી તેજ પ્રગટ કર્યું. અને રસોઈ માટે બીજું તેજ પ્રગટ કર્યું. તે શક્તિ પુષ્ટિ માટે પણ અજવાળા વિના કોઈપણ વસ્તુ દેખાય નહીં. તેથી શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીહરિએ નેત્રમાંથી તેજનો કણ પ્રગટ કર્યો. તેમાંથી કેટલાક કણો થયા તે બ્રહ્માંડમાં વ્યાપી ગયા. તે બધા સૂર્ય થયા. બ્રહ્માએ તેને સ્વર્ગમાં વાસ આપ્યો. પણ તે સૂર્ય બ્રહ્માને કહે : મારું તેજ ક્ષય થાય છે. મારું રક્ષણ કરો. બ્રહ્માએ શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીહરિએ પ્રાર્થના સાંભળીને પોતાની મૂર્તિમાંથી જમણા નેત્રથી હિરણ્યમય પુરુષ પ્રગટ કરીને સૂર્યમાં મૂકી દીધો તેથી સૂર્ય હિરણ્યમય પુરુષ કહેવાય છે. સોળ વર્ષના નખશિખા પર્યંત સુવર્ણ જેવા હજારો કિરણોવાળા સૂર્ય બ્રહ્માંડને પ્રકાશિત કરે છે. તે સૂર્યનો મંત્ર "ૐ ૐ ૐ ભૂર્ભુવઃ સ્વસ્તત્ ૐ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધીયો યોનઃ પ્રચોદયાત્" આ મંત્ર દશ હજાર વાર બોલે તો સૂર્યસમાન તેજસ્વી થાય છે. રોજ સૂર્યને નમસ્કાર કરવાથી નિરોગી રહે છે.

અધ્યાય - ૪૩

❖ તારાઓની ઉત્પત્તિ અને ચંદ્રક્ષય ❖

સૂર્યનું અતિ તેજ જોઈ બ્રહ્મા ભય પામ્યા. આ સૂર્ય બ્રહ્માંડને બાળી નાખશે. ફરી એમ વિચારી શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિએ પોતાના ડાબા નેત્રથી શીતલ તેજ પ્રગટ

કર્યું. તે ઠંડું અમૃત વર્ષાવનારું હતું. તેમાંથી અબજો કણો થયા. તે બધા તારાઓ થયા. તે ચંદ્રને પોષણ આપવા માટે સૂર્યનું કિરણ ચંદ્રને પુષ્ટિ આપે છે. તે ચંદ્ર પક્ષપાતથી તેજમાં ક્ષયવાળો થયો. લક્ષ્મીજીએ પૂછ્યું : ચંદ્ર ક્ષયવાળો કેમ થયો ? શ્રીનારાયણ કહે : બ્રહ્માના માનસપુત્રો દક્ષ પ્રજાપતિ તે દક્ષની માનસ કન્યાઓ સતાવીશ જે નક્ષત્રો છે તે ચંદ્રને આપી. ચંદ્ર રોહિણી પત્ની પ્રત્યે વધારે સ્નેહ રાખતો તેથી ચંદ્રની બીજી પત્નીઓએ પિતા દક્ષને પક્ષપાતની ફરિયાદ કરી. દક્ષ પ્રજાપતિને દીકરીઓની ફરિયાદ સાંભળીને ઘણું દુઃખ થયું.

અધ્યાય - ૪૪

❖ શંકરની સોમનાથ નામે પ્રતિષ્ઠા ❖

શ્રીનારાયણ કહે : દક્ષે ચંદ્રને બોલાવી બધી પત્નીઓ પ્રત્યે સરખો ભાવ રાખી પક્ષપાત ન કરવો વગેરે શિક્ષાના વચનો કહ્યા. ત્રણ, ચાર વાર કહ્યા છતાં ચંદ્ર માન્યો નહીં. ત્યારે દક્ષ પ્રજાપતિએ ચંદ્રને શાપ આપ્યો - ક્ષયરોગી થા, નપુંસક થા અને રોહિણીને શાપ આપ્યો તું રક્તસ્રાવ રોગી થા. ચંદ્ર અતિ ક્ષીણ પડી ગયો. ત્યારે પશ્ચિમ સમુદ્ર કાંઠે સો વર્ષ તપ કર્યું. તે સમયે ચંદ્ર વિના સર્વે ઔષધીઓ પોષણ વિનાની થઈ ગઈ. ત્યારે બ્રહ્માએ શંકર પાસે જઈ વાત કરી. શંકર ચંદ્ર પાસે આવ્યા. દર્શન આપી કહ્યું, શું ઈચ્છા છે ? ચંદ્રે કહ્યું, બે વરદાન આપો. એક મારો રોગનાશ કરો, બીજું મેં તપ કર્યું ત્યાં તમે મારા નામથી અહીં વાસ કરો. ત્યારે શંકરે તથાસ્તુ કહી બ્રહ્મા વગેરે દેવો ઋષિ-મુનિઓને બોલાવ્યા. બ્રહ્માએ યજ્ઞ કરાવીને શંકરની સોમનાથ નામે પ્રતિષ્ઠા પત્નીવ્રત બ્રાહ્મણ પાસે કરાવી. જે પત્નીવ્રત બ્રાહ્મણને અનાદિશ્રીકૃષ્ણનારાયણે પોતે પોતાની મૂર્તીમાંથી પ્રગટ કરીને નારાયણના અવતાર સમાન પૃથ્વીમાં ધર્મસ્થાપન માટે કુંકુમવાપી ક્ષેત્રમાં રાખ્યા.

અધ્યાય - ૪૫

❖ શંકરે ચંદ્રને મસ્તક પર ધારણ કર્યો ❖

શ્રીનારાયણ કહે : શંકર ચંદ્રને સાથે લઈ દક્ષ પાસે ગયા. દક્ષને કહ્યું, ચંદ્રનો રોગ નાશ કરો. દક્ષે કહ્યું, ચંદ્ર પક્ષપાત પત્નીઓ પ્રત્યે ન કરે એટલે શાપ નીવારણ થાય. ચંદ્રએ માફી માગવા છતાં પોતાનું તેજ વૃદ્ધિ ન પામ્યું ત્યારે શંકર તથા બ્રહ્માએ કહ્યું, બધી ઔષધીઓ માટે સમાન તેજની જરૂર નથી માટે તારા તેજમાં સોળ તિથીઓ પ્રમાણે તેજ વધતું રહેશે. પછી ઘટતું રહેશે. આ પ્રમાણે ચંદ્રનું તેજ શુદ-વદ પક્ષમાં વધતું ઘટતું રહે છે. પછી શંકરે બ્રહ્મા પાસે બીજની કલાનો ચંદ્ર લલાટના ભૂષણરૂપે માગી લીધો.

અધ્યાય - ૪૬

❖ દસ માનસી-રાજસી સૃષ્ટિનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : પછી બ્રહ્માએ માનસી-રાજસી સૃષ્ટિ કરી. ૧લી સૃષ્ટિ મહતત્વની ગુણવિષમતાની, ૨જી દ્રવ્યજ્ઞાન ક્રિયાના અહંકારની, ૩જી પંચમહાભૂત-પંચવિષયની, ૪થી જ્ઞાન કર્મ ઈન્દ્રિયોની. પમી દેવતાઓની, ૬ઠ્ઠી અવિદ્યાની, ૭મી વનસ્પતિની, ૮મી ગાયોની, ૯મી મનુષ્યોની, ૧૦મી દેવસૃષ્ટિ પછી હિંસક પશુની અને પક્ષીની સૃષ્ટિસર્જન કરતા હતા તથા દૈત્યો દાનવો રાક્ષસો, યક્ષો, ગંધર્વો, નાગો વિગેરેની સૃષ્ટિ કરી. તે બધાના ભોજન બ્રહ્મા પોતાના શરીરમાંથી પ્રગટ કરતા હતા. ઋષિઓ માટે દૂધ, પિતૃઓને કવ્ય કાચું પિંડ, સિદ્ધો માટે સિદ્ધિ, દૈત્યોને સુરા, દાનવોને આસવ, ગાંધર્વોને સંગીત, અપ્સરાઓને સૌભાગ્ય, વિદ્યાવાળાને આકાશવિદ્યા, યક્ષ-રાક્ષસ ભૂત-પ્રેતને માંસ-લોહીનું ભોજન, હિંસકને માંસ, વૃક્ષવેલીઓને વિવિધ રસ, પર્વતોને જુદી જુદી ધાતુ, દેવોને અમૃત, મનુષ્યોને અનાજ, પશુ-પક્ષીઓ માટે વનસ્પતિ ઉત્પન્ન કરતાં હતા.

અધ્યાય - ૪૭

❖ યજ્ઞમાં ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી ❖

શ્રીનારાયણ કહે : આદિ સત્યુગ પુરો થયા પછી ત્રેતાયુગમાં યજ્ઞોની પ્રવૃત્તિ થઈ, યજ્ઞોથી સર્વે સિદ્ધિઓ પ્રાપ્ત થતી. તે યજ્ઞમાં ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી, તેના ચાર વિભાગ કરીને પૃથ્વીમાં, પાણીમાં, વૃક્ષમાં, સ્ત્રીઓમાં મૂકી. લક્ષ્મીજીએ પૂછ્યું : હે પ્રભુ, ઈન્દ્રને બ્રહ્મહત્યા કેમ લાગી ? શ્રીનારાયણ કહે : બ્રહ્માના પુત્ર મરીચી, તેના કશ્યપ તેની પત્ની અદિતીનો ત્વષ્ટાને પુત્ર થયો. ત્વષ્ટા પત્ની રચનામાં વિશ્વરૂપ થયો. એક વખત ઈન્દ્ર સભામાં દેવગુરુ બૃહસ્પતિ આવ્યા. ઈન્દ્રે આદરસત્કાર કર્યો નહીં. બૃહસ્પતિગુરુ પદત્યાગ કરી સભામાંથી ચાલ્યા ગયા. ઈન્દ્રે ગુરુપદ વિશ્વરૂપને આપ્યું.

અધ્યાય - ૪૮

❖ દધીચી ઋષિના અસ્થિમાંથી વજ નિર્માણ ❖

ઈન્દ્રે યજ્ઞ કર્યો. તેમાં વિશ્વરૂપને ગુરુ સ્થાપ્યા. વિશ્વરૂપ દેવોને બલીદાન આપતા તથા દૈત્યોને પણ મામા થતા હોવાથી બલી આપતા હતા. ઈન્દ્રે આ દશ્ય જોઈને ક્રોધ પામી વિશ્વરૂપનું માથું કાપી નાખ્યું. તેથી ચાર બ્રહ્મહત્યા થઈ. તે સ્ત્રીમાં રજસ્વલા રૂપે. પૃથ્વીમાં ખાડામાં નાખી ત્યાં ખારરૂપે રહી. વૃક્ષમાં ગુંદરૂપે, પાણીમાં શેવાળરૂપે રહી પછી વિશ્વરૂપના પિતા ત્વષ્ટાએ યજ્ઞ કર્યો ઈન્દ્રને મારવા માટે. યજ્ઞમાંથી કાળ જેવો પુરુષ હાથમાં ત્રિશૂળ સાથે ઉત્પન્ન થયો. તે વૃષાસુર દેવોને મારવા લાગ્યો. તે સમયે દેવોએ શ્રીહરિની સ્તુતિ

કરી. શ્રીહરિ આવી ઈન્દ્રને કહે : દધીચી ઋષિનું અસ્થિ માગી લાવ. ઈન્દ્રએ દધીચી ઋષિ પાસે અસ્થિની માંગણી કરી. પરોપકારના સ્વભાવવાળા ઋષિએ પોતાનું શરીર યોગથી તજી દીધું. ઈન્દ્રે તે ઋષિના ધડમાંથી વજ્ર બનાવ્યું.

અધ્યાય - ૪૯

❖ ઈન્દ્રએ વૃત્રાસુરનો નાશ કર્યો ❖

શ્રીનારાયણ કહે : પછી ઈન્દ્રાદિ પછી દેવો વૃત્રાસુર સામે લડવા ગયા. શ્રીહરિએ દેવોની સહાય કરી. ત્યારે વૃષાસુર ઈન્દ્રને કહે : તારી સાથે વિષ્ણુ ઊભા છે. તેથી હું મરીશ તોય મારું કલ્યાણ થશે. અને જીતીશ તો સ્વર્ગ મળશે. અને મારા ત્રિશૂળથી તું મરીશ તો તને પણ સ્વર્ગની પ્રાપ્તિ થશે. માટે લડાઈ કર. પછી ઈન્દ્ર વૃત્રાસુરના પેટમાં જઈ વજ્રથી તેના આંતર કાપી નાખ્યા તો પણ ઈન્દ્રને બ્રહ્મહત્યાઓ લાગી હતી. તે દુઃખ આપતી. પછી ઋષિઓએ કહ્યું - બ્રહ્મહત્યારો ગાય, માતા, પિતા, ગુરુ, બાળક, સ્ત્રીની હત્યા કરનારો યજ્ઞથી શુદ્ધ થાય છે. પછી ઈન્દ્ર અશ્વમેધ યજ્ઞ કરી પાપરહિત થયો. વૃત્રાસુરનો નાશ થયો તેનો આત્મા વિષ્ણુમાં લીન થયો.

અધ્યાય - ૫૦

❖ પૃથુ અવતાર પ્રાગટ્ય ❖

પાણીમાં શયન કરનારા વૈરાટનારાયણે બ્રહ્માની પ્રાર્થનાથી પૃથ્વીનો સ્થૂળ ભાવ કરી વરાહ સ્વરૂપે પૃથ્વીને પાણી ઉપર લાવી સ્થિર કરી. પછી શ્રીહરિએ પૃથુ અવતાર ધારણ કરીને પૃથ્વીને સરખી કરી. જ્યાં પથ્થરો હતા ત્યાં પર્વત કર્યો. જ્યાં ખાડા હતા ત્યાં નદી-તળાવ કર્યા.

અધ્યાય - ૫૧

❖ મનુ-શતરૂપા કથા ❖ મૃત્યુ સમીપના ચિહ્નોનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : દ્વાપરને અંતે મૈથુન સૃષ્ટિવાળી પ્રજા થઈ. બ્રહ્માના ધ્યાનથી મનુ અને શતરૂપા પતિ-પત્ની થયા. તેના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ બે પુત્રો થયા. આકૃતિ અને પ્રસુતિ બે કન્યા થઈ. તે મૈથુની પ્રજા હતી. પ્રસુતિ દક્ષને આપી. આકૃતિ રુચિઋષિને આપી. આકૃતિમાં યજ્ઞો અને દક્ષિણા થયા. પ્રસુતિમાં ચોવીસ કન્યાઓ થઈ. તે સર્વે દક્ષ કન્યાઓ બ્રહ્મવાદીની યોગિની હતી. તેર ધર્મને આપી, અગિયાર ઋષિઓને આપી. તે મૈથુની સૃષ્ટિ થયા પછી બ્રહ્માએ શંકરને કહ્યું કે, હવે તમે રૂદ્ર તામસી સૃષ્ટિનું સર્જન કરતા નહીં એટલે શંકર આજીવન પર્યંત ઉર્ધ્વરેખા બ્રહ્મચારી રહીને પૃથ્વીનો પ્રલય થાય ત્યાં સુધી પરબ્રહ્મના ધ્યાનમાં બ્રહ્માનંદમાં મગ્ન રહે છે. જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, તપ, સત્ય, ક્ષમા, ધીરજ, સર્જન,

આત્મજ્ઞાન, સંહારનો અધિકાર, આ દશ ઐશ્વર્યો શંકરમાં સદા વસે છે. શંકરની પ્રસન્નતાથી મનુષ્ય ત્રિદંડી બને છે. મૌન રહેવું અથવા ભગવાનનાં સંબંધ વિનાનું ન બોલવું તે વાણી દંડ, ભગવાનના અવતારોના દિવ્ય અને મનુષ્ય ચરિત્ર વિના બીજું મનન ન કરવું તે મન દંડ, ભગવાન ગુરુ સત્પુરુષ વિના જગતના કોઈ કામ શરીરથી ન કરવા તે શરીર દંડ. આ ત્રીદંડી સંન્યાસી જગતમાં ક્યાંય પણ બંધન પામતો નથી. તે મુક્ત બની પૃથ્વી પર વિચરે છે. તેને પોતાનું જીવન પુરું થાય ત્યારે ચિહ્નો પરથી ખબર પડે છે અને પરબ્રહ્મમાં વૃત્તિને સ્થિર કરે છે.

સૂર્યને કિરણ વિનાનો અને અગ્નિને કિરણવાળો જુએ તે વર્ષથી વધારે નથી જીવતો. પોતાના સ્વપ્નમાં, મળમૂત્રમાં સોનુ-ચાંદી દેખાય તો દશ માસ સુધી જીવે. ધૂળ કે કાદવમાં પોતાના પગલાં ન દેખાય તો સાત માસ જીવે. કાગડો, હોલો, ગીધ, માંસ ખાનારા પક્ષી માથા પર ઉડે તો છ માસ જીવે. કાગડાઓ પોતાની છાંયાને પકડે અથવા છાંયાં વિકૃત દેખાય તો ચાર-પાંચ માસ જીવે. દક્ષિણ દિશામાં વાદળા વિના વીજળી તથા ઈન્દ્રધનુષ જુએ તો બે ત્રણ માસ જીવે. પાણીમાં કાં અરીસામાં પોતાનું પ્રતિબિંબ ન જોઈ શકે અથવા માથા વિનાનું જુવે તે ૧ માસ જીવે. પોતાના શરીરમાં શબની ગંધ આવે તો પંદર દિવસ જીવે. સ્નાન કરીને પાણી તરત સુકાઈ જાય તો દશ દિવસ જીવે. સ્વપ્નમાં રીંછ, બકરો, વાનર જોડેલો રથ દક્ષિણ દિશામાં જતો જુએ તો મૃત્યુ સમીપે, સ્વપ્નમાં પોતાને કાદવમાં પડતો જુએ તો મૃત્યુ સમીપે. સ્વપ્નમાં નદીમાં અંગારા, ભસ્મ, કેશ, સર્પોને જુએ તો દશ દિવસ જીવે. વારંવાર શ્વાસ ઉપડે, દીવાની ગંધ ન આવે, દિવસે તારાઓ દેખાય, એક નેત્ર સ્રવે, કાન, નાક નમી જાય, નખ કાળા થઈ જાય, તે મૃત્યુ સમીપે. ઊંટ, ગધેડા જોડેલો રથ દક્ષિણ દિશામાં જાય, કાનેથી ન સંભળાય, આંખેથી ન દેખાય, મુત્ર ગરમ પડે, સ્વપ્નમાં અગ્નિ પ્રવેશ, સ્વપ્નમાં શ્વેત, કાળો પોતાને જુએ તેનું મૃત્યુ સમીપે. સ્વપ્નમાં લાલવસ્ત્ર પહેરેલ અથવા નગ્ન સ્ત્રીને જુએ અથવા પોતાને આલિંગન કરે તો તે એક દિવસ જીવે. આવા મૃત્યુ ચિહ્નો જાણીને ભગવાન ને ભક્તોએ સર્વેમાંથી વૃત્તિ તોડીને ભગવાનનું ભજન કરવું. યાત્રા પ્રવાસમાં નીકળવાના સમયે કાળો સર્પ દેખાય તો કાં મરણ થાય કાં મૃત્યુ સમાન દુઃખ આવે. આગળ ધોબી પાછળ વાણંદ મધ્યમાં ચાલવું નહીં. સિંહાસનેથી રાજા પડી જાય, મૂર્તિ રૂદન કરે, ધૂમકેતુ તારો દેખાય તો દેશમાં આપત્તિ આવે અને કેટલાક રાજા-પ્રજાજનો નાશ પામે તેથી સર્વે આપત્કાળમાં શ્રીહરિનું સ્મરણ કરવું, તો દુઃખ મુક્ત થવાય.

અધ્યાય - ૫૨

❖ હિંસામય યજ્ઞથી વસુરાજાને શાપ ❖

શ્રીનારાયણ કહે : પૂર્વે ઉતાનપાદનો પુત્ર વસુરાજા હતો. તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો. તેમાં સર્વે દેવો, ઋષિ-મુનિઓ, યક્ષો, ગંધર્વો રાજસી તામસી સાત્વિકી ત્રિલોકીના વાસી

આવ્યા. ત્યારે યજ્ઞ હોમ કરવા માટે બાંધેલા પશુને જોઈ સાત્વિક ઋષિઓ બોલ્યા, રાજા આ પશુને શા માટે બાંધ્યા છે. રાજાએ કહ્યું : હિંસામય યજ્ઞ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય. ઋષિઓએ કહ્યું, રાજા તારા શરીરને કાપીને હોમી દેવાથી તને સ્વર્ગની પ્રાપ્તિ થશે ? વસુરાજાએ વિચાર કરીને ઈન્દ્રને કહ્યું, યજ્ઞમાં હિંસા કરવી કે નહીં ? ઈન્દ્રએ હા કહી. ઋષિઓએ ઈન્દ્રને કાપીને હોમવાનું કહ્યું, ઈન્દ્ર કંપવા લાગ્યા. ત્યારે ઋષિઓ બોલ્યા, જે રીતે પોતાના શરીરમાં ભય દુઃખ દેખાય છે તેજ રીતે સર્વે દેહધારીને શરીરમાં ભય દેખીને દુઃખ થાય છે, આટલું કહ્યા પછી ઋષિએ વસુરાજાને પૂછ્યું કે, તું હિંસામાં માને છે કે અહિંસામાં ? ત્યારે વસુરાજા ઈન્દ્રનો પક્ષ લઈ બોલ્યો, વેદમાં બન્ને યજ્ઞો બતાવ્યા છે. ઋષિએ કહ્યું કે, તું વેદ અર્થને જાણતો નથી. અન્ન, ફળફૂલ, દૂધ, જવ, ડાંગર વગેરે અનેક વસ્તુથી યજ્ઞ થઈ શકે છે. પરંતુ માંસ પ્રિય રાજાઓ તે વેદના - તાત્પર્યને જાણતા નથી. પછી ઋષિઓએ વસુરાજાને શાપ આપ્યો - તારી અધોગતિ થાવ. તે વસુરાજા ત્રિલોકીમાં ફરતો ચક્રવર્તી રાજા હોવા છતાં અધર્મ અને હિંસાથી તેનું પતન થયું.

અધ્યાય - ૫૩

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણના તીર્થોનું રહસ્ય ❖

શ્રીનારાયણ કહે : પૂર્વે મનુના પ્રિયવૃત્ત રાજા થયા તેના પુત્ર રૈવતરાજા થયા તે ધર્મપરાયણ ભક્તિવાળો હતો. તેને ત્યાં નારદજી આવ્યા. રૈવતરાજાએ આસન આપી પૂજા કરી પગે લાગ્યો અને કહ્યું, મારા ધન્ય ભાગ્ય તમારા દર્શન થયા. નારદ વીણા વગાડતા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા રાજાને કહ્યું, તું ભગવાનની ભક્તિ કરે છે. તેથી તારી ઉપર લક્ષ્મીનારાયણ પ્રસન્ન થઈને મને તારી પાસે મોકલ્યો છે. તે હું તને પરમધામના પતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું રહસ્ય કહેવા આવ્યો છું. તે ભગવાન આ પૃથ્વી પર જન્મ ધારણ કરવા માટે બ્રહ્મપ્રદેશને અહીં વાસ કરાવવા લાવવા ઈચ્છે છે. તેનું કારણ પશ્ચિમ સમુદ્રકાંઠે સો ગાઉનું છીદ્ર છે. નીચે પાતાળમાંથી દૈત્યો આવીને દેવતાઓને ત્રાસ આપે છે. તે છીદ્રને પુરીને તે અક્ષર પ્રદેશનું રાજ્ય રૈવતરાજાને આપવું. જ્યાં સોનરખ નદી -ઊર્જા નામની પ્રભુની પત્ની તે ઓજત નદી જ્યાં વાસ કરશે. જ્યાં ભાદર નદી પવિત્ર વહે છે, તથા જ્યાં લક્ષ્મીજીના લલાટનું કંકુ ખર્યું તે કુંકુમવાપી ક્ષેત્ર થશે. જ્યાં ખટવાંગ રાજા ભક્ત થશે.

જ્યાં સોમનાથ મહાદેવ વાસ કરશે. જ્યાં તલ નામે રાક્ષસના નાશથી તુલસીશ્યામ તીર્થ થશે. જ્યાં ગુપ્તપણે વાસ કરવાથી ગુપ્ત પ્રયાગ થશે. જ્યાં દત્તાત્રેય ભગવાને તપ કર્યું તે ત્યાં વાસ કરશે. જ્યાં ઉન્મત ગંગા વહેશે. જ્યાં જયા, લલિતા, રાધા, લક્ષ્મી પ્રગટ થશે. જ્યાં આનર્ત રાજા તપ કરશે. જ્યાં અનેક ચિહ્નોવાળા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થશે. જ્યાં ગોપાલકૃષ્ણ, કંભરાલક્ષ્મી પ્રગટ થશે. જ્યાં મારા અંશો દેવાનીક પ્રગટ થશે. જ્યાં મારા

અવતારો ઋષિઓ પ્રગટ થાય છે. જ્યાં મારું નક્કી સ્થાન રાજકોટમાં યુગલ લક્ષ્મીનારાયણ સ્વરૂપ સ્વયં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્થાપન કરાશે. જ્યાં મારું અનાદિશ્રીકૃષ્ણનારાયણનું નિધન થશે તે સ્થાન દિવ્ય થશે. તે દ્વિપ દિવ્ય થશે. નારદજીએ કહ્યું, હે રૈવતરાજા, આ મેં તને લક્ષ્મીનારાયણનું તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું રહસ્ય કહ્યું.

અધ્યાય - ૫૪

❖ સૌરાષ્ટ્ર પ્રદેશ તેમજ જૂનાગઢતીર્થ ❖

નારદજી કહે : માટે હે રૈવત રાજા, તું મારી સાથે વૈકુંઠમાં આવ તને શ્રીહરિ તે પ્રદેશ આપશે. તેનું અહીં પશ્ચિમ સમુદ્ર કાંઠે સ્થાપન કરજે, તેથી તારા નામથી રવૈતાચળ ગીરનાર પર્વત થશે. તેની પ્રદક્ષિણા કરવા લાખો માનવો કાર્તિક માસમાં ત્યાં આવશે. તે નગરનું નામ રૈવતનગર પડશે. ત્યારપછી તારો પુત્ર ખટવાંગ રાજા તે પણ ભક્ત રાજા થશે તેના નામથી ખટવાંગપુર થશે. તેના વંશમાં હાટકેશ રાજા થશે, તે રાજા પાતાળમાંથી હાટકેશ મહાદેવ લાવશે. તેથી હાટકેશપુર નામ થશે. તેના વંશમાં મણિમાન રાજા થશે તેના નામથી મણિપુર થશે. જૂના મહેલો, ગઢ દેખાશે એટલે મનુષ્ય જુનાગઢ નામ રાખશે. આ પ્રદેશ સૌરાષ્ટ્ર નામથી પ્રસિદ્ધ થશે.

અધ્યાય - ૫૫

❖ રૈવતાચળ (ગીરનાર)ની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : રૈવતરાજાએ નારદ સાથે વૈકુંઠ આવી શ્રીહરિની સ્તુતિ કરી કે, હે પ્રભુ તમે વ્યાપક સ્વરૂપે અંતર્યામીરૂપે બધે રહેલા છો તમને નમસ્કાર. હે પ્રભુ હું તમારે શરણે આવ્યો છું. તમારી જે ઈચ્છા હોય તે લોકના કલ્યાણ માટે મને આજ્ઞા કરો. શ્રીહરિએ રૈવત રાજાને વૈકુંઠની અણુ ભૂમિ આપી જ્યાં છીદ્ર છે ત્યાં મુકજે. રૈવત રાજા તે વૈકુંઠની અણુભૂમિને છીદ્રમાં મુકી, ત્યાં તો સ્થૂળતાને પામી તે ભૂમિકા પાતાળ સુધીના ખાડાને બૂરીને વિકાસ પામીને મણિથી સૌરાષ્ટ્ર પ્રદેશ થયો. તે આ અતિ પવિત્ર દેશ છે. તથા મણિ આપ્યો તે સ્થૂળતાને પામ્યો તે રૈવતાચલ થયો. તે રૈવત રાજાનો પુત્ર ખટવાંગ રાજા મહાન ભક્ત થયો. તેણે રાજ્યમાં જાહેર કર્યું, જે ભક્ત થાય તેનો કરદાણ માફ. માટે તેના રાજ્યમાં કોઈપણ અભક્ત ન હતા.

અધ્યાય - ૫૬

❖ ખટવાંગ રાજાની કથા ❖ કુંકુમવાપી (કુંકાવાવ) તીર્થ ❖

શ્રીનારાયણ કહે : ખટવાંગ રાજાને વિષ્ણુની નવધા ભક્તિ કરતા વૈરાગ્યના વેગથી તપ કરવાની ઈચ્છા થઈ. અશ્વપટ સરોવર કાંઠે વાવ હતી ત્યાં અનેક ફળવાળા વૃક્ષ નીચે

શાલીગ્રામ મૂકીને ખટવાંગ રાજા તપમાં બેસી ગયો. એક હજાર વર્ષ જાંબુડા ખાઈને, એક હજાર વર્ષ વૃક્ષનો ગુંદ ખાઈને, એક હજાર વર્ષ દાડમ ખાઈને, એક હજાર વર્ષ બોર ખાઈને, એક હજાર વર્ષ આંબલીના કાતરા ખાઈને, એક હજાર વર્ષ કંદમૂળ ખાઈને, એક હજાર વર્ષ વૃક્ષના પાંદડા ખાઈને, એક હજાર વર્ષ પાણી પીને, એક હજાર વર્ષ વાયુ ભક્ષણ કરીને, એક હજાર વર્ષ નિરાહાર રહી અંગુઠા પર ઉભા રહી તપ કર્યું. દશ હજાર વર્ષ તપ કરતા શાલીગ્રામમાં કૃષ્ણનારાયણનું ભજન કરતો. ત્યાં તેના મસ્તકમાંથી અગ્નિ પ્રગટ થયો. ત્રિલોકીમાં વ્યાપી ગયો. મનુષ્યો, દેવો ક્ષોભ પામ્યા. પૃથ્વી કંપવા લાગી. સાગર ખળભળ્યો, તરત જ લક્ષ્મીનારાયણે દેહભાનથી રહિત તપ કરતા ખટવાંગ રાજા પાસે આવીને મસ્તક પર અમૃત સિંચન કર્યું. તરત જ અગ્નિ શાંત થયો. નારાયણ કહે : હે ભક્ત, તપ બંધ કર. તારે જે જોઈએ તે માંગ. તારા જેવા ભક્તને હું બધું આપી દઉં છું. રાજાએ નેત્રો ખોલ્યા. દર્શન કરી નાચવા લાગ્યો. અહોભાગ્ય મારા. પ્રભુના ચરણમાં આળોટવા લાગ્યો. ખટવાંગ રાજા કહે : હે પ્રભુ, તમારા ચરણમાં વાસ આપી હંમેશાં તમારી સેવા આપજો. નારાયણ કહે : તથાસ્તુ. એમ કહી નારાયણે લક્ષ્મીને ચાંદલો કરવાની આજ્ઞા કરી.

લક્ષ્મીજીએ ખટવાંગ રાજાને ચાંદલો કર્યો. પછી હાથ, મુખ, વાવમાં ધોયું. પાણી પીને ખટવાંગ રાજાને સ્નાન કરાવી પાણી પાઈને શાલીગ્રામમાં લક્ષ્મીનારાયણ ભગવાને નિવાસ કર્યો. ત્યાં એક વાવમાં લક્ષ્મીના લલાટના કંકુ પડવાથી તે વાવ કંકુવાળી થવાથી તે ગામનું નામ કંકુમવાવી થયું. ખટવાંગ રાજા ત્યાં સાત માળનું લક્ષ્મીનારાયણનું મંદિર કરાવીને પૂજા કરતો હતો. તે લક્ષ્મીનારાયણ ગોપાલકૃષ્ણ કંભરાલક્ષ્મી પોતે તેને ત્યાં નારાયણના અંશ પત્નીવ્રત દ્વિજ અવતાર ધારણ કરી તપ કરતા હતા. તે લક્ષ્મીનારાયણ સ્વરૂપ ગોપાલકૃષ્ણ કંભરાલક્ષ્મીને ત્યાં આશ્રિતોને મોક્ષ આપનારા શ્રીકૃષ્ણવલ્લભ પ્રગટ થયા. તે કુંકુમવાપી ભૂમિ વૈકુંઠભૂમિ છે. ત્યાં દાન-પુણ્ય, યજ્ઞ, વ્રત, જપ, તપ કરે તે મોક્ષ આપનારા થાય છે. ત્યાંના વાસી સર્વે મનુષ્યો પશુ-પક્ષી વૃક્ષ વેલી જીવ-જંતુ વગેરેને વૈકુંઠના મુક્તો જાણવા અને ભગવાનના મુગટનો મણિ તે સૌરાષ્ટ્ર પ્રદેશ.

અધ્યાય - ૫૭

❖ પત્નીવ્રતદ્વિજના શિષ્ય દ્વારા બર્હિષાંગદ રાજાને શાપ ❖

શ્રીનારાયણ કહે : રૈવતરાજાનો પુત્ર ખટવાંગ થયો. તેનો બર્હિષાંગદ થયો. તે એકવાર શ્રી લક્ષ્મીનારાયણના દર્શન કરી ગુરુ પત્નીવ્રતદ્વિજના આશ્રમે દર્શને ગયાં. ત્યાં ગુરુ ધ્યાનમાં બેઠેલા. તેથી થોડીવાર બેસી રાહ જોઈ. ગુરુ ધ્યાનમાંથી ન જાગ્યા. રાજા ક્રોધિત થઈ કહે : હું આવ્યો સન્માન કરવું પડે તેથી ધ્યાનમાં બેસી ગયા. એમ કહીને મરેલો સર્પ ગળામાં નાખીને જતો રહ્યો. ગુરુનાં શિષ્યો સ્વયંપ્રકાશ વગેરે ત્યાં આવ્યા જોયું.

દુઃખ થયું, શાપ આપ્યો. ગુરુના ગળામાં સર્પ નાખનારનું એક માસમાં મૃત્યુ થાવ. ઉંદર સિંહ બનીને ઋષિને જ ખાવા આવ્યો. નિરપરાધિ એવા પત્નીવ્રતદ્વિજનું ગુરુનું આવું અપમાન ? માટે દંડ ભોગવ. ગુરુ સમાધીમાંથી જાગ્યા. શિષ્યો રોવા લાગ્યા. વૃતાંત કહ્યું. ગુરુએ કહ્યું કે, આપણે ક્ષમા રાખવી જોઈએ. ક્ષમાથી પુજ્યપણાને પામ્યા છીએ. સત્ય, શીલ, તપ, ધ્યાન, સ્વાધ્યાય, પૂજન વિગેરે સાધુનું ઐશ્વર્ય છે. તે ખંડિત ન કરવું. રાજા અથવા પ્રજા અજ્ઞાની કહેવાય. તે તો અજ્ઞાનથી કદાચ અપમાન કરે પણ સાધુએ ગુરુએ તો સહન કરી તેનું કલ્યાણ થાય તેવું ચિંતવન કરવું. માટે હે સ્વયંપ્રકાશ ત્યાં જઈને રાજાને કહો કે, એક માસમાં કુહક સર્પ તને દંશ આપશે.

સ્વયંપ્રકાશ શિષ્ય ત્યાં ગયા. રાજાને કહ્યું. રાજાને બહુ દુઃખ થયું. અહો મેં બ્રાહ્મણનું ગુરુનું અપમાન કર્યું. સંપત્તિ, યુવાન અવસ્થા, અભિમાન, અધિકાર, આ ચાર વસ્તુ જીવને અધોગતિમાં નાખે છે. રાજા તપમાં બેસી ગયો. ત્યાં દેવો બ્રાહ્મણો આવ્યા. રાજાએ પગે લાગી શાપ નિવારણ કરવાનું કહ્યું. કુહક સર્પ દંશથી મારું મૃત્યુ થાય તેની મને ચિંતા નથી. પરંતુ પ્રાણ જવાના સમયે સંત ઋષિ મંડળ હોય તો મારું કલ્યાણ થાય. ત્યાં શ્વેતાયન વ્યાસ આવ્યા જે પૂર્વ કલ્પમાં પ્રગટ થયા હતા. બર્હિષાંગદ રાજા પગે લાગી બોલ્યો. અમે ક્ષત્રિયો કર્મથી અધમ છીએ. તમારા જેવાની સેવા સમાગમથી અમારું કલ્યાણ થાય છે. શ્વેતાયન વ્યાસ કહે, રાજા જીવન આખું કામકાજમાં, રાત્રિ સૂવામાં, દિવસો પેટ ભરવામાં જાય છે. ગૃહસ્થનું જીવન એવું છે. ગઈકાલે જે મેળવ્યું હોય તે આવતીકાલે નાશ પામે છે. એવો જગતનો નાશવંત સ્વભાવ છે.

અધ્યાય - ૫૮, ૫૯

❖ શ્રીશ્વેતાયન વ્યાસ પ્રભુનો હાટકાંગદ રાજાને ઉપદેશ ❖

શ્વેતાયન વ્યાસ પ્રભુ કહે : જે ભગવાનના ભક્તો છે તે પણ સંસારમાં રહીને શ્રીહરિના ધૂન-કિર્તન, નામ સ્મરણ, કથાવાર્તા વગેરે નવધા ભક્તિ કરે છે. નિર્ગુણ સ્થિતિને પામેલા શુક સનકાદી નારદ વિગેરે પણ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા અખંડ કથાવાર્તા કરે છે. મેં પણ પૂર્વે લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળી છે. તે લક્ષ્મીનારાયણ સંહિતા બ્રહ્મસ્વરૂપી છે. શ્વેતાયન વ્યાસ પ્રભુએ બર્હિષાંગદના પુત્ર હાટકાંગદને કહ્યું કે, તારા પિતા આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળવાથી મુક્તિને પામશે. તેથી એક માસ સુધી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરાવો.

શ્રીશ્વેતાયન વ્યાસ કહે : હે રાજા, જેણે કૃષ્ણની કથા નથી સાંભળી તેના કાન રાફડાના દર જેવા જાણવા. જેણે જીભેથી પ્રગટ પ્રભુના ગુણ ગાયા નથી તેની જીભ દેડકી સમાન જાણવી. મસ્તકથી પ્રભુને નમન ન થયું તો ભાર રૂપ જાણવું. જેના હાથ ભગવાનની સેવામાં

કામમાં ન આવ્યા તેને લાકડાં જેવા જાણવા. નેત્રોથી ભગવાનના દર્શન ન કર્યા તો મોરપીંછમાં રહેલા ચાંદલા જેવા જાણવા. પગથી ભગવાનના મંદિરે ન જવાયું. પ્રદક્ષિણા ન થઈ તો વૃક્ષના થડ જેવા જાણવા. શ્રીહરિના ચરણરજની સેવાનો લાભ ન મળ્યો તો મનુષ્ય જીવન મરેલું જ છે. હરિકથામાં જેને રસ છે, સાંભળવાથી જેના નેત્રમાં આંસુ આવે છે, હૃદય પીગળે છે, રોમ પુલકિત થાય છે. એવા સાત્વિક આત્માઓમાં સાક્ષાત નારાયણ હું વાસ કરું છું. માટે પ્રભુની ભક્તિ નામ સ્મરણ કરી સ્તુતિ કરવી હે અધમ ઉદ્ધારણ પતિત પાવન અશરણના શરણ, અનાથના નાથ. સર્વે અવતારોમાં રહેલા વ્યાપક સ્વરૂપે રહેલા ભક્તોમાં રહેલા સાધુ-સાધ્વીમાં વિશેષ પણે રહેલા એવા હે પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણ હે હરિકૃષ્ણ તમોને કોટી નમસ્કાર.

અધ્યાય - ૬૦

❖ બર્હિષાંગદ રાજાની કુહક સર્પથી રક્ષા તેમજ મોક્ષ ❖

શ્રીશ્વેતાયન વ્યાસ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા હાટકાંગદને મુખ્ય રાખી સર્વેને સંભળાવતા હતા. તે સમયે કુહક સર્પ પશ્ચિમ દિશાથી બ્રાહ્મણનું રૂપ લઈને આવતો રસ્તામાં નદી કાંઠે વિશ્રામ કરતો હતો. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણે વૈદ્યનું રૂપ લઈ ત્યાં આવી પુછ્યું, તું કોણ છો ? બ્રાહ્મણે કહ્યું, હું કુહક છું. ઋષિના શાપથી રાજાને દંશ દેવા જાવ છું. વૈદ્ય કહે : તો હું રાજાને ઔષધ આપી જીવતો કરીશ. કુહક કહે : આ વડમાં હું ઝેર રેડું છું. તું તેને હતો તેવો નવપલ્લવિત કરી દે. એમ કહી બ્રાહ્મણે વડલામાં ઝેર ઓક્યો. વડ સુકાઈ ગયો. વૈદ્યે પાણીમાં ઔષધી પલાળી છાંટી વડ લીલો કર્યો. બ્રાહ્મણે કહ્યું, તમે કોણ છો ? વૈદ્ય કહે : હું નારાયણ છું. હાટક રાજા મારો ભક્ત છે. તેથી હું તેનું રક્ષણ કરીશ. બ્રાહ્મણ કહે : તમારી વાત સાચી પણ ઋષિ શાપ મિથ્યા ન થાય માટે હું ત્યાં નિમિત્તરૂપે જાવ છું. તમે આ મારા મસ્તકનો મણિ અને પરાર્ધ સુવર્ણ મુદ્રા લઈ જાવ. જેના સ્પર્શથી લોઢું સુવર્ણ બને. તે પ્રભુ સુવર્ણમુદ્રા લઈ ચાલતા થયા.

કુહક સર્પ બ્રાહ્મણરૂપે કથામાં આવી નિત્ય કથા સાંભળતો. ત્રિસમે દિવસે સાંજે પૂર્ણાહુતિ સમયે શ્વેતાયન વ્યાસે પ્રભુની આરતી પૂજા કરી. રાજાએ કહ્યું, હે પ્રભુ તમારી કૃપાથી મારૂ વિઘ્ન ગયું. શ્વેતાયન વ્યાસે પ્રસન્નતારૂપે યજમાન રાજા હાટકને હાર પહેરાવ્યો. ત્યાં કુહક સર્પ ઝીણી સળી રૂપે હારમાં બેસીને રાજાને કંઠમાં દંશ દીધો. રાજાનું મન તરત જ અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં લીન થયું તે સમયે રાજા દિવ્ય શરીર ધારણ કરી બ્રહ્મધામમાં ગયો. કુહક સર્પ પોતાનું શરીર બધાને બતાવી તરત અદૃશ્ય થઈ પોતાને સ્થાને ગયો. ત્યારપછી હાટક રાજાનો પુત્ર સ્વર્ણાંગદ તેણે સર્પ સત્ર કર્યો. તે યજ્ઞમાં મંત્રથી સર્પોના નામ લઈ બોલાવતા હતા. અને અગ્નિમાં પડતા હતા. તે સમયે કુહક ઈન્દ્રને શરણે ગયો.

મારું રક્ષણ કરો. ઈન્દ્રે રક્ષણ આપ્યું. સુપર્ણ બ્રાહ્મણે ધ્યાનથી જોયું. કુહક સર્પ ઈન્દ્રથી રક્ષાએલો છે. એટલે તેણે "ઓં અગ્નયે સ્વાહા કુહકસેન્દ્રં જીહોનિ" મંત્ર બોલ્યા. ત્યાં સ્વર્ગથી ઈન્દ્ર સાથે કુહક આવ્યો. અડધા યજ્ઞ કુંડમાં બળ્યા ત્યાં બ્રહ્માએ આવી કહ્યું. ઈન્દ્રને આ રીતે ન હોમો. તરત જ વિપ્રોએ ઈન્દ્રને કુહકને બહાર કાઢ્યા. ધન્વંતરી આવી ઔષધી આપી ઈન્દ્રને સ્વસ્થ કર્યો. શેષનારાયણ આવી કુહકને પ્રાણસીંધીની ઔષધીથી જીવતો કર્યો. કાળા-પીળા ધુમ્રવર્ણ મિશ્રિત રંગવાળા સર્પો તે કુહક જાતિના છે. પહેલા દ્વાપરયુગની આ કથા છે.

અધ્યાય - ૬૧

❖ દ્વાપરયુગ વર્ણન ❖ યમદેવ, શ્રાદ્ધદેવ, યમુના નદી ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દ્વાપરયુગ બેઠો ત્યારે અર્ધ સત્ય રહ્યું. લોકો ચોરી, નિંદા, રાગદ્વેષ, બળવાન ગરીબને પીડે, દ્રોહ, અપમાન વગેરે અનેક દોષો જોઈ બ્રહ્માએ શ્રીહરિને કહ્યું. આ બધાનું નિયમન કેમ કરવું ? શ્રીહરિએ ધર્મદેવને સંભાર્યા, આવ્યા, પગે લાગ્યા. શ્રીહરિએ કહ્યું, તમે લોકો દંડ દેવા બે સ્વરૂપ ધારણ કરો. સત્કાર્યનું ફળ પુણ્યશાળી મનુષ્યોને આપવા સૌમ્યરૂપે થાવ. પાપ કરનારાને દંડ આપવા માટે વિકરાળરૂપે થાવ. માટે તમે બીજે સ્વરૂપે સૂર્યના પુત્ર યમદેવ થઈને દક્ષિણ દિશામાં વિશાળ યમપુરીનું નિર્માણ કરી દઉં ત્યાં રહો. તમને કર્મના લેખ લખનારા ચિત્રગુપ્ત તથા દંડ આપનારા કરોડો દૂત આપું છું. ધર્મદેવે સૂર્યમાં પ્રવેશ કર્યો. તે સમયે વિશ્વકર્માએ પુત્રી સંજ્ઞા સૂર્યને આપી, તે સૂર્યનું તેજ સહન ન કરી શકી. તેથી સૂર્ય ગર્ભદાન સમયે ક્રોધિત થયા અને કહ્યું, આ પુત્ર બધાને દંડ આપે એવો થશે. તે યમદેવ થયા. ત્યારપછી શ્રાદ્ધદેવ મનુ થયા. પછી યમુના પુત્રી થઈ જે ગોલોકથી શ્રીકૃષ્ણે મોકલી નદીરૂપે થઈ. જન્મતાં જ સોળ વર્ષના.

અધ્યાય - ૬૨

❖ સૂર્યપત્ની સંજ્ઞાની કથા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, સૂર્યપત્ની સંજ્ઞાને તેજ સહન ન થવાથી સૂર્યને કહ્યું, મારે પિતાને ઘેર જવું છે. સૂર્ય કહે : છોકરા નાના છે પછી જજે. ફરી સંજ્ઞાએ બે-ત્રણ વાર કહ્યું. સૂર્યે કહ્યું, પુત્રી જો પિતાએ બોલાવ્યા વિના પિતાને ઘેર જાય તો પાર્વતીની જેમ અપમાનને પાત્ર થાય છે. લગ્ન થયા પછી સ્ત્રી પતિને ત્યાં શોભે છે. લગ્ન થયા પહેલાં કન્યા પિતાને ત્યાં શોભે છે. ત્યારે સંજ્ઞા સૂર્ય તેજ સહન નહીં થવાથી છાયાં સ્વરૂપ પ્રગટ કરી. સૂર્યની સેવામાં રાખી, પિતાને ઘેર ગઈ. ઘણા દિવસો પછી પિતા વિશ્વકર્માએ પૂછ્યું, તું પતિ ઘેર કેમ જતી નથી ? સંજ્ઞાએ પોતાનું દુઃખ કહ્યું. પિતાએ ધર્મ સમજાવી પતિ ઘરે મોકલી. ત્યારે સંજ્ઞા ઘોડીનું રૂપ લઈ ઉત્તર પ્રદેશમાં ઘાસ ખાઈ તપ કરતી હતી. સૂર્ય પાસે

છાંયામાં શનિ અને તાપી થયા એટલે સંજ્ઞાના પુત્રોમાંથી હેત મટી ગયું. એક દિવસ યમદેવે છાંયાને પાટુ માર્યું. છાયાએ શાપ આપ્યો. પૃથ્વીમાં પડ. યમદેવે સૂર્ય પિતાને કહ્યું, સૂર્યએ છાંયાને પૂછ્યું. છાંયાએ સર્વે વૃત્તાંત સંજ્ઞાનું કહ્યું. સૂર્ય વિશ્વકર્મા પાસે આવી કહે : સંજ્ઞા ક્યાં ? વિશ્વકર્મા કહે : મેં તમારે ત્યાં મોકલી છે. સૂર્યે સમાધીમાં જોયું.

અધ્યાય - ૬૩

❖ સૂર્યપત્ની સંજ્ઞાનું ઘોડીરૂપે તપ ❖

શ્રીનારાયણ કહે : સૂર્યે સમાધીમાં સંજ્ઞાને બદ્રિકાશ્રમમાં ઘોડી રૂપે તપ કરતા જોઈ. પછી વિશ્વકર્માએ સૂર્યને સરાણે ચડાવી સરખા કર્યા. બાર કટકાના બાર આયુધો કર્યા. ચક્ર વિષ્ણુને આપ્યું. ત્રિશૂલ શંકરને, શક્તિ કાર્તિકને, આઠ ધારવાળું વજ્ર ઈન્દ્રને, ભયંકર દંડ યમદેવને, મણિ કુબેરને, તલવાર કાલી માતાને, કૃપાલ અગ્નિને, બાણ નરને, ઉલ્કા વાયુને, દાતરડું દૈત્યને આપ્યા. પછી સૂર્ય સંજ્ઞા પાસે ગયા. અશ્વરૂપ થઈ સંગ કર્યો. તેના બે અશ્વિનીકુમારો દેવોના વૈદ્ય થયા. તથા એક પુત્ર રૈવત થયો. તે ગીરનારમાં આવી વસ્યો તેથી ગીરનારનું નામ રૈવતાચળ થયું. આ રીતે સૂર્યને સંજ્ઞામાં યમ યમી મનુ, અશ્વિનીકુમાર બે, રૈવત તથા છાંયામાં શનિ, તાપી સાવર્ણી, મનુ વગેરે નવ સંતાનો થયા. પછી સંજ્ઞા પતિને પગે લાગી અપરાધ ક્ષમા માગી.

અધ્યાય - ૬૪

❖ યમદેવ, ધર્મદેવ અને ચિત્રગુપ્તનું કાર્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સૂર્યે યમદેવને બ્રહ્માને સોંપ્યા. શ્રીહરિએ દક્ષિણ દિશામાં યમપુરી નિર્માણ કરી યમદેવને ત્યાં રાખ્યા. પાપીઓને દંડ આપવા ભયંકર વિકરાળ રૂપે દેખાય અને પુણ્યવાળાને સૌમ્ય સુખ આપનારા દેખાય છે. સો ગાઉના મહેલમાં સિંહાસન પર બેઠેલા ધર્મદેવને ચિત્રગુપ્ત લેખકો સર્વે મનુષ્યોના પાપ-પુણ્યના ખાતા બતાવે છે. તે યમરાજા પાપીઓને દૂતો દ્વારા દંડ આપે છે. સૌરીપુર, સુરેન્દ્રપુર, ગાંધર્વનગર, શૈલપુર, હુરપુર, કૌંચનગર, ચિત્રપુર, બહવાપન્નગર, આક્રંદપુર, સુતપ્તનગર, શૈદ્રપુર, પયોવૃષ્ટ, શીતપુર, બહુભય, ધર્મપુર યામ્યપુર આ અઢાર નગર યમપુરી જતા આવે છે. પાપી જીવને યમદૂતો યમપુરીમાં લઈ જઈ તેનું પાપનું ખાતું સંભળાવી દશમે દિવસે પ્રેતરૂપે કુટુંબ પાસે આવી બે દિવસ પિંડ ગ્રહણ કરીને વાયુ માર્ગે યમદૂતો તેને યમપુરીમાં અઢાર નગર અત્યંત દુઃખથી ભરેલા વર્ણન ન કરી શકાય તેવા ત્યાં થઈને લઈ જાય છે. ત્યારે તેની પાછળ કુટુંબીઓ જે દાન-પુણ્ય કરે છે તે પાપી પ્રેતને રાહતરૂપ બને છે.

અધ્યાય - ૬૫, ૬૬

❖ પાપ પ્રમાણે યમપુરીનાં ચુમ્માલીસ નર્ક કુંડોના દુઃખો ❖

શ્રીહરિએ બાર ચૈતન્ય દેવો બ્રહ્માને આપ્યા. બ્રહ્માએ યમદેવને આપ્યા. તે બાર શ્રવણ દેવતાઓ વાયુરૂપે આકાશમાં વિમાનમાં બેસી ફરતા રહીને ત્રિલોકીના જીવાત્માઓએ કરેલા કર્મો તે ચિત્રગુપ્તને કહે છે, તે પ્રમાણે પાપી જીવાત્માઓ યમપુરીમાં તામીસ્ર અંધતામીસ્ર, શૈરવ, મહાશૈરવ, કુંભીપાક, કાલસુત્ર, અસીપત્ર, વન, સૂકશસ્ય, અંધુકુપ, તપ્તસૂર્મી, વજ, કંટક, શાલ્માણ, પુવૈદ, વૈતરણી પ્રાણરોધ અયસ્થાન, અવીચી, શ્વાદન, લાળ, ભક્ષણ, સર્પદંશ, કૃમી, ભોજન, એકવીસ નરકના કુંડમાં પાપી જીવાત્માને નાખે છે. ગુરુ પિતૃ પૂજ્યની નિંદા કરનારો બેરો થાય, પગ ભાંગનારો લંગડો થાય, હાથ ભાંગનારો ઠૂંઠો થાય છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જે કુટુંબમાં વંશમાં કોઈપણ પિંડદાન કરનારું ન હોય તેવા પાપી જીવને યમદૂતો લઈ જાય છે. જે પાપી જીવ બીજાનું ધન, સ્ત્રી, પુત્રને લઈ જાય છે તે તામીસ્ર કુંડમાં પડે છે. જ્યાં ભુખ-તરસ પીડા કરે છે. છેતરીને ધન, સ્ત્રીને હરનારા અંધતામીસ્રમાં પડે છે. હિંસા કરનારા શૈરવમાં પડે છે. બીજાને દુઃખ આપનારા મહા શૈરવમાં પડે છે. પશુને દુઃખ આપનારા કુંભીપાકમાં પડે છે. ગુરુમાતા, પિતા, બ્રાહ્મણ, સાધુ-સાધ્વીનો દ્રોહ કરનારા કાલસૂત્રમાં પડે છે. પોતાના ધર્મને હણનારો પાખંડી, અસીપત્ર વનમાં રખડે છે. ચોરીથી, બળજબરીથી સોનુ, રત્નો લઈ જનારો સર્પદંશ વીંછી કુંડમાં પડે છે. બળાત્કારથી સ્ત્રીને ભોગવનાર તપ્તસુર્મી કુંડમાં પડે છે. પશુ આદિને કાપે છે તે વજ્ર કંટકમાં પડે છે. શિકાર કરી માંસ ભક્ષણ કરનારાને દારૂ પિનારાને લોઢાનો ગરમ રસ પવાય છે. ઝેર આપનારા, અગ્નિ લગાડનારા શ્વાદન કુંડમાં પડે છે. વનમાં અગ્નિ લગાડનારાને અગ્નિમાં નાખે છે. આ રીતે અનેક પ્રકારના પાપો કરનારા યમપુરીના ચુમ્માલીશ નરકના કુંડમાં પડે છે, અને અનેક કષ્ટો ભોગવે છે.

અધ્યાય - ૬૭

❖ પાપ પ્રમાણે જીવાત્માને બીજા જન્મમાં દુઃખ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ખોટું બોલનારો, દેવની નિંદા કરનારો ગળતા કોઢવાળો, તોતડો-મુંગો થાય છે. જીવ-હિંસા કરનારો ક્ષયરોગી થાય છે. દારૂ પિનારો શિયાળ થાય છે. સોનુ ચોરનારો કાળા નખવાળો થાય, ઈર્ષ્યાવાળો અંધ થાય, ફળની ચોરી કરનારો વાંદરો થાય, ભોજનની ચોરી કરનારો કાગડો થાય, દ્રવ્યની ચોરીથી ગરોડી, ઝેર આપનારો સર્પ, સ્ત્રી પર બળાત્કાર કરનારો પિશાચ થાય, અનાજની ચોરીથી ઉંદર થાય, પાણીની નહેરને તોડનારો માછલો થાય, છેતરનારો ઘુવડ થાય, છાનું ખાનારો કુતરો થાય, નિંદા

સાંભળનારો શિયાળ થાય, ચોરીને ખાનારો ભૂંડ થાય, વડીલોનું અપમાન કરનારો કાચબો થાય, બધાને તિરસ્કાર કરનારો ચાંડાલ થાય, કરજ કરનારો બળદ, અશ્વ, ગધેડો થાય, માંસ ખાનારો બિલાડો થાય, રતિભંગ કરનારો નપુંસક થાય, બીજાનું લેનારો તેતર થાય, પરાણે પોતાને આધીન રાખનારો સ્ત્રી બળાત્કારથી ભોગ કરનારો લિંગ ભંગ ગુપ્ત અંગના રોગી થાય.

પશુના ઘાત કરનારો હિંસક પશુ થાય, કોઈનું મકાન પાડનારો જંગલી પશુ થાય, વિદ્વાનની નિંદા કરનારો મુર્ખ થાય, જંતુને વિશ્વાસમાં લાવી બાંધી ઘાત કરનારા પાંજરાના પશુ-પક્ષી થાય, મનુષ્યની હત્યા કરનારો પારધી થાય, પશુને મારનારો સો જન્મ સુધી બકરો થાય, માછલાં ખાનારો માછલો, બીજાનું અન્ન વસ્ત્ર ઘર હરનારો મારવાડમાં વૃક્ષ થાય, ગંધ, ચંદનની ચોરી કરનારો નકટો થાય. ગુરુ, પિતૃ, પૂજ્યની નિંદા કરનારો બેરો થાય, પગ ભાંગનારો લંગડો થાય, હાથ ભાંગનારો ઠુઠો, નારીને દુઃખ આપનારો કુંભારનો ગધેડો થાય, પતિને દુઃખ આપનારી ગધેડી થાય, નોકરના પગારને કાપનારો દરિદ્ર થાય, મલીન માખી થાય, ક્રોધી સર્પ થાય, દોષી કૂતરો, કીડીઓના જન્મને પામે, બળદના વૃષણનો ઉચ્છેદ કરનાર બળદ થાય, ધર્માદાનું અન્ન દ્રવ્ય વસ્ત્ર હરનારો સડેલ કૂતરો થાય, પારકુ અન્ન ખાનારો કૂતરી થાય, શુભ કાર્ય અટકાવનારા શિયાળ થાય, પીરસવાના વાસણની ચોરી કરે તો વડવાંગળી થાય.

સ્ત્રીનું અપહરણ કરનારો રાક્ષસ થાય, મંત્ર તંત્ર મુઠચોટ કરનારા પિશાચ થાય, વાસનાવાળા ભૂત થાય. ક્રૂર દૃષ્ટિવાળા શાકીની, ઈર્ષ્યાવાળા ડાકીની થાય, મલીન વિદ્યાવાળા પિશાચીની થાય, ગર્ભને હણનારી ગણિકા થાય, બીજાના સંતાનને દેખી ન શકે તે સંતાન રહિત થાય, બીજાના ખેતરમાં મોલ બગાડનારો જીવિકા વિનાનો થાય છે, વેચવામાં છેતરે તો શ્વાસનો રોગી થાય, છળકપટ કરનારો ભીલ ચાંડાલ થાય, શેરીમાં ચોકમાં કચરો કરે તો ભંગી થાય, નાવાનો નિષેધ કરે તો ધોબી થાય, સારું દેખી ન શકે તો બિલાડો થાય, ખોટું ઔષધ આપનારો નોળિયો થાય, કુમારીપણું દુષિત કરનારો પત્ની વિનાનો થાય, પશુ-પક્ષીના માંસ ખાનારા ગીધ થાય, કન્યા વિક્રય કરનાર યોનીના કીડા થાય, રસમાં ભેળ કરનારા વિષ્ટાના કીડા થાય, યુગલ પતિ-પત્નીની ઈર્ષ્યા કરનારા દેડકા થાય, વાગ્બાણથી દુઃખ કરનારા કાચિંડા, કરચલા થાય, લોટ ચોરનારા રીંછ થાય, સ્નાન ન કરે તો મૃગ ગેંડો થાય. દામ્પત્ય ભંગ કરનારા જન્મો જન્મ વિધુર રહે છે, પતિનો ઘાત કરનારી જન્મો જન્મ વિધવા રહે છે, સાસુનો દુઃખ આપનારી ગધેડી થાય છે, વહુનો દ્વેષ કરનારી બિલાડી થાય છે, ભગવાનને ધર્યા વિના રસાસ્વાદ કરે તો ગીધડા-ગીધડી થાય, બાળહત્યા, ગર્ભહત્યા, બીજહત્યા કરનારી રાક્ષસી થાય, અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : આ રીતે હે

લક્ષ્મી, અનેક પ્રકારના પાપકર્મો કરી પાપી જીવાત્માઓ લક્ષચોરાસીમાં દુઃખ ભોગવે છે. ફરીને પાછા પાપકર્મ કરી યમપુરીના દુઃખ ભોગવે છે.

અધ્યાય - ૬૮

❖ પુરુષના શરીર ચિહ્નો વડે ભાગ્ય વર્ણન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મનુષ્યના નરનારીઓના શરીરોના ચિહ્નો પરથી, આકૃતિ પરથી તે કેવા ભાગ્યવાળો છે તે ખબર પડે છે. દરિદ્ર માણસના પગ સુપડા જેવા. આંગળીઓના નખ સૂકા હોય. હત્યા કરનારાના બંને પગના અંગુઠા ખીલા જેવા હોય છે. રાજા અને શાસ્ત્ર ભણેલો વિદ્વાન તેને એક રોમમાં બે રોમ હોય. જેના ગોઠણ પર માંસ ન હોય તે ભાગ્યશાળી. મોટા ગોઠણ વધારે જીવે. આંગળીઓ ભેગી, નખ લાલ તે રાજા થાય. અલ્પ લિંગ સંતાન રહિત થાય. સ્થૂળ લિંગ સંતાનોવાળો પણ ધન રહિત થાય. પેટમાં એકવળ સો વર્ષ જીવે. બે વળ પડે તો સંપત્તિવાળો. ત્રણ વળ પડે તો આચાર્ય થાય. ઉદરમાં રોમ જમણી બાજુ વળે તો રાજા થાય. ડાબી બાજુ વળેલા હોય તો દુઃખી થાય. અધર્મી રાજાના માથાના વાળ ઊભા રહે છે. શુષ્ક ગળાવાળા દરિદ્ર. શંખ જેવા ગળાવાળા ધનવાન. સમાન છાતીવાળો ધનવાન. પહોળી છાતીવાળા રમાપતિ વિષ્ણુ. જાડા ગળાવાળો શુરવીર. લાંબા ગળાવાળો વધારે ખાનારો. જેના હાથ ગોઠણને અડતા હોય તે દેવ કે આચાર્ય હોય. બે મત્સ્યના ચિહ્ન હાથમાં હોય તો યજ્ઞ કરનારો થાય. હાથમાં વજ્ર ચિહ્ન હોય તો વિદ્વાન રાજા થાય. હથેળીમાં ત્રિકોણ હોય તો ધાર્મિક થાય. મોટા કાનવાળો રાજા થાય. નાના કાનવાળો લોભી થાય. પોપટની ચાંચ જેવું નાક હોય તો ભાગ્યશાળી. કુંચિત નાકવાળો ચોર હોય. પિંગળી આંખવાળો ક્રૂર હોય. ગંભીર નેત્રોવાળો ઈશ્વર થાય. મોટા નેત્રોવાળો મંત્રી થાય. નીલ નેત્રવાળો વિદ્વાન થાય. વિશાળ ભાલવાળો આચાર્ય થાય. સ્વસ્તિક, ધનુષ, ત્રિશૂળ, ધ્વજ, મત્સ્યરેખા હોય તો શ્રીહરિના અંશ કહેવાય છે. નર ચિહ્નવાળી નારી, નારી ચિહ્નવાળો નર તે બંને મંગલ કરનારા નથી.

અધ્યાય - ૬૯

❖ નારીના શરીર ચિહ્નો વડે ભાગ્ય વર્ણન ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, તે જ રીતે સૌભાગ્યવાળી નારીઓને ભક્તિવાળી નારીઓને પતિવ્રતાઓને પણ દૈવી ચિહ્નો એક, બે હોય છે. આખા શરીરમાં વિષ્ણુના આયુધોના ચિહ્નો હોય તે લક્ષ્મીજીનો અવતાર છે. વૈકુંઠમાં, ગોલોકમાં, અમૃતધામમાં, શ્વેતદ્વિપમાં, સત્યલોકમાં, પિતૃઓના લોકમાં રહેલી નારી પણ સર્વે મારી ભક્તિવાળી છે. અનેક સ્વરૂપને ધારણ કરનારો હું ત્યાં સર્વેને ભાવના પ્રમાણે દર્શન આપું છું. મારી ભક્તિ વડે મારા યોગને પામીને સર્વે નારીઓ લક્ષ્મીતુલ્ય થાય છે. જે નારીઓ મારો આશરો

ભજન-ભક્તિ નથી કરતી તે પોતાના કર્મે કરીને આ લોકમાં, પરલોકમાં, યમપુરીમાં, ચોરાસી ખાણમાં, જન્મો ધારણ કરે છે. ટૂંકી ડોક હોય, લાંબો શ્વાસ લેતી હોય તે સ્ત્રી ક્રોધી હોય. પગના અંગુઠા પાસેની આંગળી અને ટચલી આંગળી પૃથ્વીનો સ્પર્શ ન કરે તે સ્ત્રી ચંચલ હોય. બહુ મોટા લલાટવાળી કજીયાળી હોય. સ્તન પર રોમ અને હોઠ પર રોમ, માથાના કેશ છુટા રહેતા હોય, મોટા દાંત હોય તે પણ કલેશ કરનારી હોય છે. મોટા કાનવાળી, મૃદુવાળી, ટુંકા કપાળવાળી નેત્રે લાલ તે ઘાતકી હોય છે. તેથી સત્કર્મથી સારું શરીર પ્રાપ્ત થાય છે. અસત્કર્મથી શરીરમાં ખોટવાળા થાય છે. માટે સત્કાર્યો કરવા, જેથી અન્ન, ધન, વસ્ત્ર, ગૃહ સ્ત્રી, પુત્રો સર્વે સારું પ્રાપ્ત થાય. તેથી મનુષ્ય શરીરમાં યાત્રા નિર્વાહ પુરતું પ્રાપ્ત કરી નારાયણને ભજી લેવા.

અધ્યાય - ૭૦

❖ મનુષ્યએ જીવતા જ સત્કર્મ કરી લેવું ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના, સત્સંગ, સેવા, વિવેક નથી એવા જીવાત્માઓ પોતાના આત્માની મુક્તિ માટે કાંઈ કરતા નથી. સત્કાર્યો, દાન, પુણ્ય, સાધુ-સાધ્વીને જમાડતા નથી. અતિથિ, ગરીબોને આપતા નથી. તે મરવા સમયે અફસોસ કરે છે. મર્યા પછી વિચાર કરે છે. અરે મેં મારે હાથે કોઈને કાંઈ આપ્યું નહીં. હવે મને યમપુરીમાંથી કોણ છોડાવશે ? અથવા જીવતા ભલામણ કરે મારી પાછળ આટલું દાન-પુણ્ય કરજો. તે કરતાં પોતાને હાથે દાન-પુણ્ય કરી લેવા તે ઉત્તમ છે. જ્યાં સુધી શરીર સ્વસ્થ હોય ત્યાં સુધીમાં ભજન-ભક્તિ સેવા કરી લેવા. પછી શરીર પરતંત્ર થાય ત્યારે કાંઈ થતું નથી. મૃત્યુ પણ રાહ નથી જોતું આનું કેટલું કામ બાકી છે. ત્યારે બહુ દુઃખ થાય. અરે મેં ભગવાનના ગુણ-કિર્તન ગાયા નહીં. કથા સાંભળી નહીં. પૂજા-સ્મરણ કર્યા નહીં. ગુરુ-સંતની સેવા કરી નહીં. સ્તુતિ નમસ્કાર કર્યા નહીં. કેવળ એકલા શરીરનું જ પોષણ કર્યું. પ્રભુએ નીરોગી શરીર આપ્યું. પતિ અનુકુળ, નારી અનુકુળ, કુટુંબ અનુકુળ છતાં મેં મારા જીવાત્મા માટે કાંઈ ન કર્યું. એવી રીતે અનેક વિચાર કરતો શોક કરે છે.

અધ્યાય - ૭૧

❖ પ્રેત દ્વારા અનેક દુઃખો - ઉપાય - પિતૃશ્રાદ્ધ વિધિ ❖

શ્રીનારાયણ કહે : એવા પાપી જીવાત્માઓ યમપુરીના દુઃખ ભોગવીને ભૂતપ્રેત થઈને પોતાના કુટુંબને પીડે છે. ભૂખ-તરસથી પીડાતા તે પ્રેતો કુટુંબમાં, પત્નીમાં, પુત્રમાં, ભાઈના શરીરમાં પ્રવેશી કહે છે - તમે મારે માટે મારી પાછળ કેમ કાંઈ ના કર્યું ? એમ કહીને તેના ઘરમાં વાસ કરે છે. તે પ્રેતોને મળ-મૂત્ર વિના બીજું કંઈ ખાવાનું હોતું નથી. કુટુંબમાં જેની પર દૃષ્ટિ કરે તે રોગવાળો થાય છે. અપવિત્ર રહેનારો, અશુદ્ધ ભોજન કરનારો, ક્રિયાથી

નીચ, દેવપૂજાથી રહિત આવા મનુષ્યને પ્રેત વધારે દુઃખ આપે છે. જેને એક પુત્ર જન્મી મરી જાય પછી બીજો પુત્ર ન થાય તે પ્રેતદૃષ્ટિ. ગર્ભ ગળી જાય તે પ્રેતદૃષ્ટિ. કુટુંબમાં કલેશ થાય, પશુ મરણ પામે. મગજ અસ્થિર થાય, ખાધેલું પાચન ન થાય, તાવ આવે પેટમાં દુખે, ધન-ધાન્યમાં દરિદ્રતા આવે, ખેતીમાં પાકે નહીં, ચોરી કરવાની વૃત્તિ થાય, સેવા કરનારી પત્ની કલેશ કરે. પુત્રો શત્રુ થાય. આ બધી પ્રેત પીડા છે.

આ રીતે પ્રેત કુટુંબને હેરાન કરી છિન્ન-ભિન્ન કરી અંતે વંશનો નાશ કરે છે. દુષ્ટના સંગથી, ધર્મનું પાલન નહીં કરવાથી, દૃષ્ટ મૃત્યુથી, વાસનાથી, ભૂખ્યા-તરસ્યા મરવાથી, પ્રેત થાય છે. તે પ્રેત સ્વપ્નમાં આવી ખાવાનું લૂંટી જાય છે. સ્વપ્નમાં ઘોડો, હાથી, બળદ, બિલાડો સર્પના રૂપાંતર કરીને બિવડાવે છે. તે સ્વપ્નમાં અથવા શરીરમાં પ્રવેશીને પાણી માગે, પિંડદાન માગે છે. નારાયણબલી તીર્થમાં નદી, સરોવર કાંઠે, મંદિરમાં, સાધુના આશ્રમમાં કરાવવું. જેથી પ્રેતને શાંતિ થાય અને આશીર્વાદ આપી ચાલ્યા જાય. જે પ્રેતની સદગતિ કરતો નથી, પ્રેતને માનતો નથી તેને પ્રેત મરીને પ્રેત યોનિમાં લઈ જાય છે. તેથી ગૃહસ્થોએ દર વર્ષે પિતૃશ્રાદ્ધ કરવું.

અધ્યાય - ૭૨

❖ જીવાત્મા કયા પાપે પ્રેતયોનીને પામે ? ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, આત્મઘાત કરનારા, સર્પદંશથી મરેલા, અકસ્માતથી મરેલા, મહાદુઃખમાંથી મરેલા, અભિચાર મંત્રો વગેરે મેલી વિદ્યા કરનારા, નિર્જન સ્થાનમાં મરનારા, વાસનાવાળા પ્રેત થાય છે. ગાયના મોઢેથી લઈ લેનારા, વૃક્ષ-બગીચાને ભાંગનારા, દેવની જીવિકા તોડનારા, ગરીબોની રોજી તોડનારા, દાન કર્મનો નાશ કરનારા, પુણ્ય કાર્યો અટકાવનારા, બહુને દુઃખ આપનારા તે મરીને પ્રેત થઈને આકાશમાં ફરે છે. ભૂત-પ્રેતને માતા-પિતાથી જન્મ નથી. યમદેવના દંડથી વાયુના શરીરવાળા થઈ અંતરિક્ષમાં ફરે છે. આ લોકમાં જેટલા પ્રકારના દુઃખ દેખાય તે બધાં પ્રેત સમાન છે. તેથી પ્રેત ત્રણ પ્રકારના છે. એક યમપુરીમાં કષ્ટો ભોગવનારા, બીજા પ્રેત આકાશમાં ફરનારા અને ત્રીજા પ્રેત જેને ભગવાનનો આશરો નથી, પ્રભુનું નામ લેતો નથી, સત્કાર્યો કરતો નથી, દાન-પુણ્ય કરતો નથી, અપવિત્ર રહે છે, મદ્ય-માંસ, લસણ-ડુંગળી ન ખાવાનું ખાય છે, જે મનુષ્ય દેહથી ભગવાનની ભક્તિ કરી સંતની સેવા કરી મોક્ષ નથી મેળવતો તે પણ મનુષ્ય રૂપે રહેલો પ્રેત જ છે. મરેલા પ્રેત અશુદ્ધ ખાય છે અને જીવતા પ્રેત પણ અશુદ્ધ ખાય તો બંનેમાં ફેર શું ? કાંઈ નહીં.

અધ્યાય - ૭૩

❖ વિધિ-નિષેધ તેમજ શ્રાદ્ધ સમજણ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, મનુષ્યને વિધિ-નિષેધના જે નિયમ છે તેનું પાલન કરવાથી સુખ થાય છે. પાંચ વર્ષના બાળકને તેના કર્મનું પાપ લાગતું નથી. બાર વર્ષ સુધીનાને અર્ધું પાપ લાગે છે. બાર વર્ષ પછીનાને પોતાને કરેલા સર્વે કર્મનું ફળ ભોગવવું પડે છે. પિતા જ્યારે પુત્રનું મુખ જુવે ત્યારે પુત્ર ઋણમાંથી મુક્ત થાય છે. તે ઔરસ પુત્ર તેણે પિતૃઓનું શ્રાદ્ધ, ત્રિમાસિક, અથવા છમાસિક અથવા વર્ષે કરવું. પુત્ર ન હોય તો પત્નીએ. પત્ની ન હોય તો ભાઈએ, ભાઈ ન હોય તો ભત્રીજાએ અથવા પુત્રીએ શ્રાદ્ધ કરવું. પિતાના પ્રાણ જવાના સમયે પુત્ર-કુટુંબ વગેરે દાનનો સંકલ્પ કરીને રામ કૃષ્ણ, હરે કૃષ્ણ, શ્રીહરિ શરણં મમ, વાસુદેવ નારાયણ હરે વગેરે ભગવાનના નામનું ઉચ્ચારણ કરી ધૂન કરવી. જેથી મરનારની વૃત્તિ ભગવાનમાં રહે.

અધ્યાય - ૭૪, ૭૫

❖ પ્રાણગતિ, ગર્ભવિકાસ અને પિંડબ્રહ્માંડ એકતાનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : અંતકાળે જે ગાયનું દાન કરે તે સ્વર્ગમાં જાય છે. ત્યારપછી પણ મરનારની પાછળ દાન, શય્યા, અન્ન, વસ્ત્ર, કુંભદાન, પશુદાન, વાહનદાન, વગેરેનું દાન અગિયારમે દિવસે કરવું. પુણ્યશાળી મનુષ્યના પ્રાણ કેડથી ઉપરના ભાગમાં રોમમાંથી અથવા ઈન્દ્રિયોના ગોલોકામાંથી નીકળે છે. જેના પુણ્ય નથી તેવા મનુષ્યના પ્રાણ કેડથી નીચેના ભાગમાંથી નીકળે છે. મરનારા જીવાત્મા સૂક્ષ્મદેહ ધારણ કરી પુણ્ય-પાપ સાથે લઈ જરાયુજ અંડજ સ્વેદજ ઉદ્‌ભીજ જાતિના દેહ કર્મને અનુસરે ધારણ કરે છે.

ગર્ભધાન સમયે જેવા વિચારો હોય એવું બાળક થાય છે. રક્ત અધિક હોય તો કન્યા જન્મે, શુક્ર અધિક હોય તો પુત્ર જન્મે, રક્ત શુક્ર સમાન હોય તો નપુંસક થાય, તે ગર્ભ પાંચ દિવસે પાણીના ટીપાં જેટલો થાય. દશ દિવસે ચણા જેવડો. વીસ દિવસે માંસવાળો થાય. એક માસે અવયવો ફૂટે, બે માસે ચરબી અસ્થિ થાય, ચાર માસે કેશા, પાંચમે માસે કાન અને નાક થાય, સાતમે માસે ગુહ્ય ચિહ્ન, આઠમે માસે અંગપૂર્ણતા, નવમે માસે બહાર આવવાની ઈચ્છા થાય, દશમે માસે જન્મ થાય. શરીરમાં લાળ, મૂત્ર, મજ્જા, શુક્ર, લોહી આ પાંચ પાણીના ભાગ, અસ્થિ, માંસ, નાડીઓ, ચામડી, રોમ આ પાંચ પૃથ્વીના ભાગ. તૃષ્ણા, ભુખ, કાંતિ, નિંદ્રા, આળસ આ પાંચ અગ્નિના ભાગ છે. પાન, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂકળ, દેવદત્ત ધનંજય આકાશના ભાગ. શ્વાસ, ગતિ, રોધ, સંકુચીત, પ્રસાર, આ વાયુના ભાગ. બ્રહ્માંડની આકૃતિ તેવી જ પિંડની આકૃતિ.

મસ્તકમાં સત્યલોક, લલાટમાં તપલોક, મુખમાં જનલોક, કંઠમાં મહરલોક, હૃદયમાં સ્વર, ઉદરમાં ભૂવર, નાભિમાં પૃથ્વી, પેડુમાં અતળ, ગુહ્ય ભાગમાં વીતળ, સાથળના મૂળમાં સુતળ, સાથળમાં તળાતળ, ગોઠણમાં મહાતળ, પગમાં પાતાલ, મુત્રમાં ખારો સમુદ્ર, દૂધમાં દૂધનો સાગર, લાળ-લીંટમાં દારૂનો સમુદ્ર, ચરબીમાં ઘીનો સમુદ્ર, મિષ્ટરસમાં રસનો સમુદ્ર, લોહીમાં દહીંનો સમુદ્ર, કુક્ષીમાં જળ તે મીઠો સમુદ્ર, ગર્ભમાં શુક્ર, નેત્રમાં સૂર્યચંદ્ર, હોઠમાં મંગલ, હૃદયમાં બુધ, જ્ઞાને ગુરુ, ધાતુમાં નાભિમાં શનિ, મુખમાં રાહુ, ગુહ્ય અંગમાં કેતુ. આ રીતે પિંડ બ્રહ્માંડની એકતા છે. આયુષ્ય, વિદ્યા, સંપત્તિ, યશ, અપયશ આ પાંચ ગર્ભમાંથી નિર્માણ થાય છે. જ્યારે ગર્ભથી બહાર આવે ત્યારે પહેલાં મસ્તક બહાર આવે છે. પછી શરીર. ગર્ભમાં પણ તે આ રીતે જ રહે છે.

શ્રીનારાયણ કહે : જેણે સત્કાર્યો કાંઈ પણ કર્યા નથી તેની પાછળ દાન કરવાથી યમપુરીમાં જતા કષ્ટ ઓછું થાય છે. માટે મરેલાની પાછળ શક્તિ પ્રમાણે દાન જરૂર કરવું.

અધ્યાય - ૭૬

❖ જીવાત્માની મુક્તિના ઉપાયો ❖

શ્વેતાયન વ્યાસ પોતાના શિષ્ય સુશીલને કહે : હાટક રાજાનો મોક્ષ થયો પછી સ્વર્ણાંગદ રાજા પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહાન ભક્ત થયો. પ્રભુએ મોક્ષના માર્ગ ઘણા બતાવ્યા છે. જ્ઞાનથી મુક્તિ થાય છે, કર્મના નાશની મુક્તિ થાય છે, વૈરાગ્યના વેગથી મુક્તિ થાય છે, તીર્થથી મુક્તિ થાય છે, સંતનો સંગ કરવાથી મુક્તિ થાય છે, ધર્મના આશ્રયથી, ગુરુના આશ્રયથી મુક્તિ થાય છે, નિષ્કામ કર્મથી મુક્તિ થાય, ત્યાગ, માર્ગ, સાધ્વી, ધર્મ, આશ્રય, સંન્યાસથી મુક્તિ થાય. કિર્તનથી મુક્તિ થાય, માતા-પિતાની સેવાથી મુક્તિ થાય, પતિની સેવાથી મુક્તિ થાય, સર્વે બ્રહ્માત્મ સર્વત્ર બ્રહ્મદૃષ્ટિથી મુક્તિ થાય, સર્વ સમર્પણથી મુક્તિ થાય, પરોપકાર કરવાથી મુક્તિ થાય, બીજાને સુખ આપવાથી મુક્તિ થાય, માગેલું આપવાથી, આત્મસંતોષથી મુક્તિ થાય, વાસના ક્ષયથી નિર્મળ બોધ ગ્રહણ કરવાથી મુક્તિ થાય, અહંમમત્વ રહિત કાર્ય કરવાથી મુક્તિ થાય, માયાના દુર્ગુણોથી દૂર રહે તો પણ મુક્તિ થાય. જીવાત્મા પોતે પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલી જાય તે જડ જેવો બંધાયેલો છે. પોતાના સ્વરૂપને ન ભૂલે તે મુક્ત. સદાવ્રત આપનારો, જ્ઞાન આપનારો, આત્મસુખ આપનારો, વિદ્યાદાન આપનારો, કન્યાદાન જીવનવૃત્તિ આપનારો તે પણ મુક્તિ પામે છે. નિષ્કામ ભાવે કરેલા સર્વેકર્મ મુક્તિ આપે છે.

અધ્યાય - ૭૭

❖ પ્રેતની સદ્‌ગતિ માટે નારાયણબલી વિધિ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, મરનારની પાછળ નારાયણબલી કરવાથી પ્રેતની પ્રેત દેહમાંથી મુક્તિ થાય છે. તે નારાયણબલીમાં સર્વે દેવતાઓનું પૂજન, ઈશ્વરોનું પૂજન પરમાત્માને ઉદ્દેશીને થાય છે, તેથી પ્રેતની સદ્‌ગતિ થાય છે.

અધ્યાય - ૭૮, ૭૯, ૮૦

❖ ધન્વંતરી અવતાર પ્રાગટ્ય ❖

શ્રીલક્ષ્મીએ પૂછ્યું : પ્રભુ ધન્વંતરીની કથા કહો તેણે શું કામ કર્યું ? શ્રીનારાયણ કહે, પૂર્વે સત્યુગ પૂરો થયા પછી બ્રહ્માએ શ્રીહરિને પ્રાર્થના કરી, હે પ્રભુ તમે અણું રૂપે, રજ પિંડ, પથ્થર, વૃક્ષ, ફળફૂલ રૂપે તમે જ રહેલા છો. તો મનુષ્યના લાભને માટે ખેતીનું જ્ઞાન તથા ઔષધીનું જ્ઞાન આપો. શ્રીહરિએ પોતાનો આશ્રમ મેરુ પર્વત પર બનાવીને આયુર્વેદનું જ્ઞાન લખીને બ્રહ્મા-વિષ્ણુને આપ્યું. બ્રહ્માએ ઋષિ-મુનિ પિતૃ દેવો મનુષ્યોને તે આયુર્વેદનું જ્ઞાન આપ્યું.

શ્રીનારાયણ કહે : પૂર્વે બ્રહ્માના માનસપુત્ર અતિ તપ કરતા હતા. તપના તેજથી સર્વે દિશાઓ વ્યાપ્ત થઈ. બ્રહ્માએ તે તેજ ચંદ્રને આપ્યું. તેનાથી વૃક્ષવેલી ઔષધીઓ પોષણ પામે છે. તે ચંદ્ર દેવગુરુ બૃહસ્પતિની પત્ની તારામાં બુધની ઉત્પતિ કરી. બુધનો પુરૂરવા થયો. પુરૂરવાને ઉર્વશી અપ્સરામાં છ પુત્રો થયા. તેમાં મોટો આયુ.

શ્રીનારાયણ કહે : તે આયુનો પુત્ર નહુષ થયો. તેનો ભાઈ ક્ષત્ર વૃદ્ધ તેના વંશમાં ભગવાન ધન્વંતરી થયા. તે કાશીના રાજા હતા. આયુર્વેદનો પ્રચાર કરવા આવ્યા. અને ત્રીજો અવતાર સમુદ્રમાં થયો. ધન્વંતરીના આ રીતે ત્રણ અવતાર થયા. તે ધન્વંતરીની ચોથી પેઢીએ દીવોદાસ પરમ વૈષ્ણવભક્ત થયો. તેણે કાશીમાંથી શંકરને રજા આપી. લક્ષ્મીજી કહે : કાશી તો શંકરની રાજધાની કહેવાય. છતાં પણ દીવોદાસે શંકરને કાશીમાંથી કેમ રજા આપી ?

અધ્યાય - ૮૧ થી ૮૭

❖ દીવોદાસ રાજા દ્વારા "કાશીવિશ્વનાથ મહાદેવ"ની પ્રતિષ્ઠા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, મંદરાચળ પર્વતે તપ કર્યું. શંકર પ્રસન્ન થયા. મંદરાચળે માંગ્યું - તમો અહીં વાસ કરો. જેથી હું મહાન તીર્થ થાઉં. દેવઋષિ-મુનિઓ સંતો મારે ત્યાં આવે તેના ચરણથી હું પવિત્ર થાઉં. શંકરે કહ્યું તથાસ્તુ. તે શંકરની સાથે સર્વે દેવોએ મંદરાચળ પર્વત પર વાસ કર્યો. ત્યારે કાશીમાં દીવોદાસ રાજાએ વિષ્ણુ ભગવાનની ભક્તિ

પ્રવર્તાવી. બધી પ્રજાને કહ્યું ધર્મનું પાલન કરી ભગવાનની ભક્તિ કરજો. જે કોઈ ભગવાનની ભક્તિ નહીં કરે તેને રાજયની બહાર કાઢી મૂકવામાં આવશે. દીવોદાસ રાજાની સામે કોઈ દેવો મનુષ્યો શસ્ત્રથી કે શાસ્ત્રથી લડવા તૈયાર ન હતા. ધર્મથી, કર્મથી, ભક્તિથી, જ્ઞાનથી, જપ, તપ, નિયમ, યજ્ઞ, સત્કાર્યોથી દીવોદાસની એટલી પ્રસિદ્ધિ થઈ કે કોઈ દેવ એની પાસે જઈ શકતા નહીં. દેવોએ બૃહસ્પતિને કહ્યું કે, દેવ કરતા મનુષ્યની યશકીર્તિ વધવી ન જોઈએ. બૃહસ્પતિએ શંકર પાસે જઈ નિવેદન કર્યું. શંકરે અગ્નિ, વરુણ, સૂર્ય, ચંદ્ર વગેરે અનેક દેવોને કાશીમાં મોકલ્યા. તે દેવોએ કહ્યું અમને કાશીમાં વાસ આપો. દીવોદાસ કહે : શ્રીહરિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની કૃપાથી હું સર્વેરૂપે થઈને પ્રજાને સુખ આપી શકું તેમ છું, મારે કોઈ દેવની જરૂર નથી.

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, પરબ્રહ્મનો પરમ ભક્ત પૃથુરાજા સમાન રાજા દીવોદાસના રાજયમાં કોઈ રોગથી કોઈ અકાળે મરણ થતું જ નહીં. સાક્ષાત યમદેવ તેના રાજયમાં આવી ન શકતા તે યમદૂતો આવી જ ન શકે. શંકર મંદારાચલમાં વિચારે છે કે, હવે મારે કાશીમાં કેમ જવું, સુખ-શાંતિ આપે તે કાશી. બ્રહ્મા, વિષ્ણુ, શંકરનો જ્યાં વાસ તે કાશી. સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી જયાં વાસ કરે તે કાશી. દીવોદાસના રાજયમાં ભૂત-પ્રેત, પિશાચ, ડાકીની, શાકીની, રોગ, વિઘ્ન, ગ્રહ, કોઈ દુષ્ટ તત્ત્વો પ્રવેશતા જ ન હતા. શંકર વિચારે જો અધર્મ પ્રવેશ થાય તો પ્રજા અધર્મી થાય. તો સૌ દેવો પોતપોતાના કામ કરવા જઈ શકે. એમ વિચારી શંકરે યોગિનીઓને કાશીમાં મોકલી. તે યોગિનીઓ અનેક દેવીઓના રૂપ લઈ કાશીમાં પ્રવેશ કર્યો.

શ્રીનારાયણ કહે : કોઈ તપસ્વીની ભિક્ષુકી સંન્યાસીની ચોસઠ યોગિની જે ચોસઠ કળા કામ કહેવાય તેવા સ્વરૂપો ધારણ કરી ત્યાં રહી. બધે ચારે બાજુ ભગવાનની ભક્તિ અને ધર્મનું પાલન બસ બીજી વાત નથી. બાર સૂર્ય પણ તેના રાજયમાં રહી શ્રીહરિની ભક્તિ કરતા. તે યોગિનીઓને ક્યાંય પણ અધર્મ કરવાનો દોષ બતાવવાનો પ્રસંગ દેખાયો જ નહીં. નટી, નર્તકી, ગણિકા, ધાત્રી, વાહીત્રી અનેક કામમાં રહેલી તેને ક્યાંય પણ દુર્ગુણ ન જોયો.

શ્રીનારાયણ કહે : પછી શંકરે બ્રહ્માને કાશીમાં રાજા દીવોદાસ પાસે મોકલ્યા. બ્રહ્મા વૃદ્ધ વિપ્રનું રૂપ લઈ કાશીમાં રાજા પાસે ગયા. કહ્યું તારા રાજયમાં ત્રણ તીર્થ છે. ગંગા નદી, પવિત્ર પૃથ્વી અને પરબહ્મની ભક્તિ. તારા રાજયમાં એક યજ્ઞ કરવાની ખામી છે. તે યજ્ઞથી ભગવાન રાજી થાય. સાધુ વિપ્રને ભોજન આપીને દાન-દક્ષિણા આપી તેના આશીર્વાદ મેળવવા દીવોદાસ રાજાએ બ્રહ્માને યજ્ઞ કરવાની રજા આપી. બ્રહ્માએ ગંગા નદીના કાંઠે દશાશ્વમેઘ યજ્ઞનો આરંભ કર્યો. રોજ ઘી, જવ, તલ, ડાંગર વગેરેથી હોમ કરી સાત્વિક

યજ્ઞમાં બધા દેવોનું પૂજન થતું. તે દીવોદાસ ભક્તિ સત્સંગથી સત્યલોકમાં વૈરાટના ધામમાં, વિષ્ણુના ધામમાં જતા હતા. તે યજ્ઞ જેઠ સુદ-૧ પડવાને દિવસે પૂરો થયો. તે દિવસે જે કાશીમાં ગંગામાં સ્નાન કરી જપ, તપ, દાન, હોમ, પિતૃતર્પણ, સ્વાધ્યાય કરે તેને અક્ષયફળ થાય છે. પછી બ્રહ્માએ કાશીમાં જ વાસ કર્યો. પણ દીવોદાસ રાજા કે તેની પ્રજા ભગવાન શ્રીહરિની ભક્તિમાંથી સત્સંગમાંથી ચલાયમાન ન થયા. શંકર મંદરાચળમાં વિચારે જેને જેને કાશીમાં મોકલું છું તે કોઈ પાછા આવતા જ નથી. એમ વિચારી શંકરે બેતાલીશ ગણોને સિદ્ધિ સહિત કાશીમાં મોકલ્યા.

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, શંકરે મોકલેલા બેતાલીશ ગણો કાશીમાં આવી પોતાના નામથી શંકરની સ્થાપના કરી દીવોદાસ રાજાની આજ્ઞામાં રહ્યા. ગણો કહે : અહીં કાશીમાં કૈલાશ અને વૈકુંઠ બંન્ને છે. કાશી ત્યજીને ક્યાંય પણ જવું નથી. શ્વેતાયન વ્યાસ કહે : હે લક્ષ્મી, જે બધું દાન કરી કાશીમાં કુટુંબ સહિત વાસ કરે છે તેનો મોક્ષ થાય છે. અથવા અંત સમયે પણ કાશીમાં મરણ થવાથી મોક્ષ થાય છે. શંકરે પાર્વતીને કહ્યું ગણોને મોકલ્યા તે પણ આવ્યા નહીં. હવે ગણેશને મોકલીએ. શંકરે ગણેશને બોલાવી કહ્યું : હે પુત્ર, તું તારી બુદ્ધિથી દીવોદાસને કાશીમાંથી કાઢીને કાશીને સ્વાધિન કર. ગણેશ જ્યોતિષવેતા બ્રાહ્મણ બની કાશીમાં આવ્યા અને બધાની હસ્તરેખા જોઈને ફળ કહેવા માંડ્યા તથા બધાના સ્વપ્રની વાત કહેવા માંડ્યા. તને આજે આવું અપશુકનવાળું સ્વપ્ન થયું. સ્વપ્રમાં તેને શુભ-અશુભ બતાવી સવારે તેને ઘેર જઈને કહે : તને આવું સ્વપ્ન થયું. સૂર્ય પશ્ચિમમાં ઊગશે. આકાશમાંથી પથરા પડશે. ધૂમકેતુ આકાશમાં દેખાશે. રાજ્યનો નાશ થશે. દેશનો નાશ થશે. તથા સ્વપ્રમાં મહેલ પરથી ધજા પડી માટે રાજાને માથે, પ્રજાને માથે વિઘ્ન છે. સમુદ્ર રેલાશે, પૂરને બોળી દેશે વગેરે અનેક વાતો જ્યોતિષ- બ્રાહ્મણ ગણેશે કરીને કાશીના શ્રીમંતો ખેડૂઓ વગેરેના મન ઉંચક કરી દીધા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગણેશ કાશીમાં બધાને આ રીતે વિશ્વાસમાં લાવીને રાણીઓના અંતઃપુરમાં ગયા. સર્વે રાણીઓની ભાગ્યરેખા જોઈ કહે : તારે આટલા પુત્ર-પુત્રીઓ છે. સગર્ભા રાણીને કહે : તારે કન્યા આવશે. બીજીને કહે : તું રાજાની માનીતી છે. ત્રીજીને કહે : તારે પુત્ર થશે તેને રાજા અર્ધુ રાજ્ય આપશે. રાણીઓ કહે : આ વૃદ્ધ વિપ્ર સાચું કહે છે. જે જે કહ્યું તે બધું સાચું છે. દીવોદાસની પટરાણી લીલાવતી રાજાને કહે એક વિપ્ર જ્યોતિષી કહે તે પ્રમાણે જ સર્વે થાય છે. સાંભળી રાજાએ વિપ્રને બોલાવ્યો. ગણેશે આવી આશીર્વાદ આપ્યા. તારા મહેલમાં શિવનો વાસ થાય. તારો વૈકુંઠમાં વાસ થાય. દીવોદાસ કહે : આશીર્વાદ આપો છો કે શાપ. શંકર કાશીમાં આવે અને હું મરીને વૈકુંઠમાં જાઉં આવો તમારો ગૂઢાર્થ છે. ગણેશ રાજાનું સર્વજ્ઞપણું જાણી આશ્ચર્ય પામ્યા.

પછી રાજાએ ગણેશને કહ્યું પ્રજામાં ભાવિ સારું નથી એવી વાત આવી છે તો તમે શું કહો છો. ગણેશ કહે : હે રાજા, તું સર્વ દેવોને પૂજ્ય છો. સર્વ દેવોની શક્તિ તારામાં છે. સરસ્વતી તારા મુખમાં છે. લક્ષ્મી તારા હાથમાં છે. નારાયણ તારા હૃદયમાં છે માટે રહસ્ય કહું છું. સત્ય છે, કડવું છે. આજથી અઢારમે દિવસે બ્રાહ્મણ આવશે. તારા મનની વાત કહેશે. હું જાઉં છું. પછી ગણેશે પોતાના ગણાધી પતિનાયક લંબોદર વગેરે છપ્પન નામ ધારણ કરી કાશીમાં વાસ કર્યો.

શ્રીનારાયણ કહે : શંકર મૂંઝાયા, શોક કરવા લાગ્યા. કાશીમાંથી સર્વે દેવો-દેવીઓ, યોગિની, ગણો, ગણેશ કોઈ પાછાં આવતા જ નથી. વિષ્ણુ કહે : હું જાઉં. શંકર કહે : આ બધાથી ન થયું તે તમારાથી શું થશે. વિષ્ણુ કહે : પ્રયત્ન કરવો તે પ્રાણીનો ધર્મ છે. ફળ આપવું તે શ્રીહરિના હાથમાં છે. શ્રીહરિ કૃપાથી અસાધ્ય હોય તે સાધ્ય બને છે. વિષ્ણુ-લક્ષ્મી ગરૂડ સાથે ગયા. ગંગામાં સ્નાન કરી સર્વે તીર્થ કરી સંન્યાસીનું રૂપ લીધું. લક્ષ્મીજી સંન્યાસીની થયા. ગરૂડ શિષ્ય થયો. સંન્યાસી વિષ્ણુએ પ્રજામાં નાસ્તિક ધર્મ ફેલાવ્યો. સ્નાન કરવાથી સુક્ષ્મ જંતુનો નાશ થાય છે. યજ્ઞ કરવાથી હિંસા થાય છે. દીવો કરવાથી જંતુ નાશ પામે છે. ધર્મ નથી, અધર્મ નથી, પાપ-પુણ્ય નથી, સ્વર્ગ-નરક નથી, ઉપવાસ કરી કર્મોનો નાશ કરવાથી આ આત્મા પરમાત્મા થાય છે. દાન-પુણ્ય ન કરવા, સત્કાર્યો ન કરવા. સર્વે પુણ્ય કાર્યો કરવાથી સ્વર્ગ મળે છે એમ કહે છે પણ સ્વર્ગ દેખાતું તો નથી.

આ રીતે પ્રજામાં અવળો ઉપદેશ આપીને પ્રજામાંથી ધર્મનો નાશ કર્યો. જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સત્કાર્યો, યજ્ઞ, દાન-પુણ્ય વગેરે ધર્મકર્મનો નાશ કર્યો. પ્રજામાં પાપના કાર્યો થવા લાગ્યા. સત્કાર્યોનો નાશ થવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ. તેથી પ્રજાના પાપથી રાજાનું સામર્થ્ય લીન થયું. પછી અઢારમેં દિવસે વિપ્ર રૂપે આવી કહ્યું બે માસે તારું રાજ્ય નાશ પામશે. હે રાજા તારા જેવો કોઈ રાજા પૃથ્વી પર થયો નથી. તું પરમ વૈષ્ણવ ભક્ત છે. તે સર્વે દેવોને વાસ આપ્યો છે. પરંતુ એક શંકરને તે દૂર રાખ્યા છે તે એક અપરાધ મહાન છે. તેથી કાશીવિશ્વનાથના નામથી એક લિંગની સ્થાપના કરી, પ્રતિષ્ઠા કરી, પછી સાતમે દિવસે વિમાન આવશે તેમાં બેસીને શ્રીહરિના ધામમાં જઈશ. દીવોદાસ રાજાએ પણ વિપ્રરૂપે આવેલા વિષ્ણુને દાન આપી પરમભાવથી નમસ્કાર કર્યા. પછી શંકરના લિંગની કાશીવિશ્વનાથ નામથી પ્રતિષ્ઠા કરવા રાજ્ય કાર્યોમાંથી વૃત્તિ તોડીને "ૐ નમો ભગવતે વાસુદેવાય" તે જપ કરવા લાગ્યો. ગંગાને સામે કાંઠે મંડપ કરાવીને ત્યાં પંડિતોને, કારભારીઓને, રાણીઓ અને પાંચસો પુત્રોને બોલાવીને કહ્યું આજથી સાતમે દિવસે મારું મરણ થશે. તો મારા રાજ્યમાં મારો ભક્તકુમાર સમરંજયને હું ગાદી પર બેસાડીને અભિષેક કરું છું અને કાશી વિશ્વનાથનું મોટું મંદિર કરાવજો. હું આજથી લક્ષ્મીનારાયણ સંહિતાની

કથા સાંભળીશ. તે સમયે શંકર પોતાના ગણ-મંડલ પરિવાર સહિત પધાર્યા. વિષ્ણુ પોતે કથા વાંચતા હતા. શંકર સહિત પાઠમાં બેઠા. દેવો અને પ્રજાજનો શ્રોતા હતા. ઋષિઓ જપ કરતા હતા. કથા, ધર્મ, યજ્ઞ મહાન થયો. સાતમે દિવસે પૂર્ણાહુતિમાં સ્વયં અગ્નિ ત્યાં આરતી ઉતારવા આવ્યા. ત્યાં મંદિર તૈયાર થયું. તેમાં શંકરના લિંગની કાશી વિશ્વનાથ નામથી પ્રતિષ્ઠા કરી. યજ્ઞની પૂર્ણાહુતિમાં સર્વેને યજ્ઞનો પ્રસાદ જમાડ્યો.

ત્યાં સંધ્યા સમયે તેજસ્વી વિમાન આવ્યું. તેમાંથી લક્ષ્મીનારાયણે બધાને દિવ્ય મનોહર દર્શન આપ્યા. દીવોદાસને કહ્યું ચાલ તૈયાર થા. દીવોદાસ તરત જ પ્રભુને પગે લાગી સ્તુતિ કરી બોલ્યા, હે પ્રભુ, મારી પ્રજાએ પણ તમારી ભક્તિ કરી છે. તેને પણ સાથે વિમાનમાં બેસાડીને ધામમાં લઈ જાઓ. શ્રીહરિએ કહ્યું, દીવોદાસ કાશીમાં ઘોષણા કરી દે જેને ધામમાં આવવું હોય તે તૈયાર થાય. ત્યારે લાખો ભક્તો રાજા દીવોદાસની સાથે ધામમાં જવા વિમાનમાં બેસી ગયા. તે સમયે આકાશમાં વિમાન એવડું મોટું દેખાતું હતું કે સૂર્ય ચંદ્ર પણ તેની પાસે ફૂલ જેવા દેખાતા હતા. પછી શંકર, ગણ, દેવો સાથે વાસ કરતા હતા. શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, એ પ્રમાણે દીવોદાસ ભક્તરાજા આત્મનિવેદિ ભક્તિ કરી પ્રજાને કરાવીને પરમપદને પામ્યો. આ દીવોદાસની કથા જે કહેશે, સાંભળશે તે પણ અનેક જીવોનો ઉદ્ધાર કરનારો થશે અને દીવોદાસની સમાન આ લોકમાં વૈકુંઠની સમાન સુખ ભોગવશે.

અધ્યાય - ૮૮

❖ દીવોદાસ રાજા દ્વારા દેવોનો અપરાધ ❖

લક્ષ્મી પૂછે છે : પ્રભુ, મંદરાચળની પ્રાર્થનાથી શંકર મંદરાચળ પર્વતમાં રહ્યા. તેમાં દીવોદાસને દેવનો અપરાધ ક્યો થયો ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી સાંભળો. એક વખત કાશીમાં અતિવૃષ્ટિ થઈ. ત્યારે શંકર ધ્યાનમાંથી જાગ્યા. બહુ દુઃખ થયું. બારે મેઘ જટામાં બાંધીને દશ વર્ષ સુધી સમાધીમાં બેસી ગયા. અનાવૃષ્ટિથી પ્રજા મરવા લાગી. યજ્ઞો બંધ થયા, પૂજા બંધ થઈ, તે સમયે દીવોદાસ તપમાં બેઠો હતો. રાજા વિના દુઃખી દેવો માનવોએ બ્રહ્માને કહ્યું, પ્રતાપી રાજાને મોકલો. બ્રહ્મા દીવોદાસ પાસે જઈ કહે : રાજન તપ બંધ કર. તારા અને લોકના કલ્યાણ માટે રાજય કરી પરોપકાર કર. પરોપકાર કરવાથી ભગવાનની ભક્તિ થાય છે. અને ભક્તિ કરીને ભગવાન રાજી થાય છે. તો જેની ઉપર શ્રીહરિ રાજી થયા તેને તપની શું જરૂર અને જેને ભક્તિ ન કરી શ્રીહરિને રાજી ન કર્યા તેને પણ તપથી શું ? અત્યારે શંકર કૈલાસમાં સમાધીમાં બેસી ગયા છે. તેથી તું કાશીનું રાજય કર. જે પિતાની આજ્ઞા નથી માનતો તે પોતાના ભાગ્યને ઠોકર મારે છે. દીવોદાસ કહે : જેવી તમારી મરજી. પછી બ્રહ્માએ દીવોદાસને ગાદીએ બેસાડ્યો. દીવોદાસે બ્રહ્માને કહ્યું પૃથ્વી પર દૈત્યો ફરે છે. તેના સમાન ધર્મ નથી તો મારે શું કરવું ? બ્રહ્મા કહે :

તલવાર અને માળા બંને રાખી રાજ્ય કર. માળાથી ભગવાનની ભક્તિ કરજે, કરાવજે. તલવારથી અપરાધીને દંડ દેજે. બ્રહ્માએ દેવોને કહ્યું તમારે સ્વર્ગમાં પર્વતમાં વાસ કરવો. ત્યારપછી મંદરાચળની પ્રાર્થનાથી શંકર ત્યાં મંદરાચળ પર રહ્યા. ત્યારે સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, વરુણ સર્વે દેવોએ ક્રોધિત થઈ પોતાના કાર્યો બંધ કર્યા. ત્યારે દીવોદાસે નારાયણની ભક્તિથી, તપથી પોતે સૂર્યના, ચંદ્રના, વાયુના, વરૂણના, અગ્નિના કાર્યો કર્યા. અને સર્વે પ્રજામાં શ્રીહરિની ભક્તિ કરાવી. તીલક, ચાંદલો, માળા, કંઠી, પૂજા, કથા, સામા મળે તો ભગવાનનું નામ બોલવું વગેરે પ્રજામાં ભક્તિ પ્રવર્તાવી. પણ દેવોને રજા આપી તે અપરાધ કર્યો.

અધ્યાય - ૮૯

❖ ગુરૂના અપમાનથી ઈન્દ્રના રાજ્ય-સંપત્તિનો નાશ ❖

લક્ષ્મી પૂછે : હે સ્વામિનારાયણ, સમુદ્રમાંથી ધન્વંતરી કેમ થયા તે કથા કહો. શ્રીનારાયણ કહે : પૂર્વે દ્વાપરયુગમાં ધર્મ નિયમનો ભંગ થયો ત્યારે ઈન્દ્રે દેવોની સભા ભરી. ત્યાં નૃત્ય થતા હતા. ત્યાં દેવ ગુરુ આવ્યા. સન્માન ન થયું. પછી બૃહસ્પતિએ કહ્યું, ગુરુના આશીર્વાદથી રાજયમાં શુભકાળ પ્રવર્તે છે. તે જો ગુરુનું અપમાન કરે તો સંપત્તિ રાજ્ય નાશ પામે છે. ઈન્દ્ર પછી ફરવા નીકળ્યો. સામે દુર્વાસા મળ્યા. પ્રસાદીનો હાર આપ્યો. ઈન્દ્રે હાર લઈ હાથીના મસ્તક પર મૂક્યો. હાથીએ લઈ પગ નીચે કચડી નાખ્યો. દુર્વાસાએ શાપ આપ્યો. તારી સંપત્તિ રાજ્ય નાશ પામો. તું ગર્વવાળો થયો છો. ત્યારે ઈન્દ્રનો મુગટ પડી ગયો, અંબાડી પડી ગઈ. ઐરાવત હાથી જંગલમાં ભાગી ગયો. આ રીતે ગુરુના અપમાનથી અને દુર્વાસાના ક્રોધથી ઈન્દ્રની રાજ્ય, સંપત્તિ નાશ પામી અને સમુદ્રમાં ચાલી ગઈ.

અધ્યાય - ૯૦

❖ દેવો અને દૈત્યો દ્વારા સમુદ્ર મંથન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બૃહસ્પતિનું સભામાં અપમાન થવાથી યજ્ઞ કરી કૃત્યા ઉત્પન્ન કરી સ્વર્ગમાં મોકલી. તેમાંથી સર્વે ભય પામ્યા. સ્વર્ગની સંપત્તિ રત્નો સમુદ્રમાં પડ્યા. શુક્રાચાર્યની કૃપાથી બલીરાજા વગેરે દૈત્યોએ સ્વર્ગ મેળવ્યું. પરંતુ સ્વર્ગની લક્ષ્મી સમુદ્રમાં ચાલી ગઈ. ઉચ્ચૈશ્વા અશ્વ, ચંદ્ર, કામધેનુ ગાય, કલ્પવૃક્ષ, પારીજાત, સર્વેસ, અમૃત પાણીમય થયું. શુક્રાચાર્ય કહે : ઈન્દ્રએ સો અશ્વમેધ યજ્ઞ કર્યા. સ્વર્ગમાં ઈન્દ્રપદ પ્રાપ્ત કર્યું પણ ગુરુનું અપમાન કર્યું, તો ભોગવી ન શકયો. પછી ઈન્દ્ર સર્વે લોકપાલ દેવોને બ્રહ્માને સાથે લઈને ક્ષીર સમુદ્રમાં શેષનારાયણ પાસે ગયા. સ્તુતિ નમસ્કાર કર્યા, દેવોને દુઃખમાં સહાય કરવાનું કહ્યું. નારાયણે કહ્યું. અત્યારે દૈત્યો સર્વે દેવોની સાથે સંપ કરીને સમુદ્રનું મંથન કરો. હું સાથ આપીશ. ઈન્દ્ર સ્વર્ગમાં બલી પાસે ગયો. સંપત્તિ વિના સ્વર્ગ શું કામનું માટે આપણે સમુદ્ર મંથન કરીએ. પણ મંથન કરવું કેમ ? ત્યારે આકાશવાણી થઈ મંદરાચળ

લાવો. તેથી દેવો-દૈત્યો સાથે મળી મંદરાચળ ઉપાડતા કેટલાય દૈત્યો દબાઈ મરી ગયા. પછી શ્રીનારાયણની આજ્ઞાથી ગરૂડે મંદરાચળને ઉપાડી સમુદ્રમાં મૂક્યો.

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, મંદરાચળને વાસુકી નાગનું નેતરુ કરી દેવો-દૈત્યો સમુદ્ર મંથન કરવા લાગ્યા. મંદરાચળ ડુબવા લાગ્યો ત્યારે વિષ્ણુ ભગવાન કાચબારૂપે સમુદ્રના તળિયે રહ્યાં. પ્રથમ મંથનથી અગ્નિ ઉત્પન્ન થયો. દૈત્યો ભાગ્યા, ત્યારે વિષ્ણુ સંકર્ષણરૂપે અગ્નિનું પાન કરી ગયા. પછી ઝેર ઉત્પન્ન થયું. શંકરે બધાના કલ્યાણને માટે ઝેર પીને પચાવી ગયા અને શંકરે બધાને કહ્યું, તમે કાર્યના આરંભમાં ગણેશનું પૂજન કર્યું નથી. તેથી તમને વિઘ્નો આવે છે. તેથી બધાએ ગણપતિનું પૂજન કર્યું. તેથી શંકર પ્રસન્ન થયા. પછી ચંદ્ર ઉત્પન્ન થયા તે પણ શંકર લઈ ગયા. પછી કામદુધા ગાય પ્રગટ થઈ. તે ઋષિઓ લઈ ગયા. તેમાંથી અનેક રંગવાળી ગાયો થઈ. પછી કલ્પવૃક્ષ પ્રગટ થયું. પારીજાત આમ્ર વૃક્ષ વગેરે થયા. તેને સમુદ્ર કાંઠે સ્થાપ્યા. પછી કૌસ્તુભ મણિ નીકળ્યો. તે વિષ્ણુને આપ્યો. ચિંતામણી ઈન્દ્રને આપ્યો. હીરા માણેક દૈત્યોને આપ્યા. પછી ઉચ્ચૈશ્રવા અશ્વ ઉત્પન્ન થયો તે સૂર્યને આપ્યો. તે પછી ચાર દાંતવાળો ધોળો હાથી ઐરાવત બહાર આવ્યો તે ઈન્દ્રને આપ્યો. પછી મદિરા, કડવી વેલ, અફીણ, ગાંજો, તમાકુ, ધતુરો વગેરે નીકળ્યા તે દૈત્યોએ ગ્રહણ કર્યા. પછી હાથમાં વરમાળા સહિત લક્ષ્મી સમુદ્રમાંથી બહાર આવ્યા. તે લક્ષ્મીજી એ દેવોને રજોગુણી જોયા, દૈત્યોને તમોગુણી જોયા પછી સર્વે સદ્‌ગુણ સંપન્ન વિષ્ણુ ભગવાનને જોઈને લક્ષ્મીજીએ વરમાળા વિષ્ણુને પહેરાવી. રમણીય, મનોહર, તેજસ્વી એવા લક્ષ્મીનારાયણને વંદન કરીને ફરી સર્વે સમુદ્રમંથન કરવા લાગ્યા. પછી ધન્વંતરી પ્રભુ હાથમાં અમૃતનો કળશ ધારણ કરી પ્રગટ થયા. બાર વર્ષની તેજસ્વી અવસ્થા જોઈ સર્વે મોહ પામ્યા. ત્યારે બલીએ કહ્યું, ભગવાન હાથમાં શું રાખ્યું છે ? પ્રભુએ કહ્યું, આ કળશમાં અમૃત છે. ત્યાં તો વૃષપર્વા વગેરે દૈત્યો કળશ લઈને ભાગી ગયા. વિષ્ણુએ વિચાર્યું કે, આ દૈત્યો અમૃત પીશે તો પૃથ્વીમાં કોઈને સુખે રહેવા નહી દે. એવું ધારી મનોહર તેજસ્વી યુવાન સ્ત્રી વસ્ત્ર, અલંકારોથી શોભતું મોહિની સ્વરૂપ ધારણ કરી દૈત્યો પાસે આવી. દૈત્યો-દાનવો મોહ પામ્યા. પહેલા મેં જોઈ માટે આ સ્ત્રી મારી એમ પરસ્પર ઝઘડવા લાગ્યા.

અધ્યાય - ૯૧, ૯૨, ૯૩

❖ દૈત્યોના વિનાશ માટે વિષ્ણુનો મોહિની અવતાર ❖

મોહિનીએ કહ્યું : તમે બધા પહેલાં અમૃત પી લ્યો. પછી ઝઘડો કરો. તેમાં અમૃતમાં દેવો - દૈત્યો બધાનો ભાગ છે. માટે ડાબી બાજુ દેવો બેસી જાવ અને જમણી બાજુ દૈત્ય-દાનવો બેસી જાવ. બલી રાજા કહે બરાબર છે. મોહિની પ્રભુ એ મદીરાનો ઘડો લઈ દૈત્યો દાનવોને પાવા માંડ્યા. પ્રભુની માયાથી દૈત્યો દાનવોને મદીરા પણ મીઠી લાગી પછી દેવોને

અમૃત પાતા હતા. તે વખતે રાહુ નામનો દૈત્ય દેવનું રૂપ લઈને દેવની પંક્તિમાં બેસી ગયો. સૂર્ય-ચંદ્રની વચ્ચે બેસવાથી અમૃત મળી ગયું, પીધું. વિષ્ણુને ખબર પડી ચક્રથી મસ્તક કાપી નાખ્યું. પણ અમૃત શરીરમાં વ્યાપી ગયું હતું. તેથી રાહુ અને કેતુ આ બે સ્વરૂપ થયા. તેણે દૈત્યો-દાનવોને કહ્યું, આ વિષ્ણુએ માયા કપટથી તમને મદીરા પાઈ દેવોને અમૃત પાયું. તે રાહુ-કેતુ આકાશમાં ધૂમાડારૂપે, ગ્રહરૂપે રહે છે. પૂનમે, અમાસે સૂર્ય-ચંદ્રની આડા આવીને આવરણ કરે છે પણ પકડાતા નથી.

શ્રીનારાયણ કહે : બધા દૈત્યો દાનવો ભેગા થઈને કહેવા લાગ્યા કે, વિષ્ણુ આવી રીતે કાયમ કપટ કરે છે. માટે હવે તો તેની સાથે યુદ્ધ જ કરવું છે. બલી વિગેરે બધા દૈત્યો, દાનવો, અસ્ત્રો, શસ્ત્રો લઈને દેવો સામે લડવા તૈયાર થયા. ઈન્દ્ર વગેરે દેવો સૂર્ય, ચંદ્ર, યમ, કુબેર, વરુણ, અગ્નિ, શિવ, બ્રહ્મા વગેરે બધા વાહનો પર બેસી અસ્ત્રો-શસ્ત્રો લઈ યુદ્ધ માટે તૈયાર થયા. દેવોએ અમૃત પીવાથી મરણનો ભય ન હતો. દૈત્યો દાનવો રાહુ-કેતુને આગળ રાખી લડતા હતા. કાળનેમી મહાઅસુર તે સર્વે દેવોને શસ્ત્રોથી પરાજીત કરતો હતો. દેવોએ વિષ્ણુને પ્રાર્થના કરી કે, પ્રભુ તમારા વિના આ મહાન અસુરને કોઈ નહીં મારી શકે. વિષ્ણુ ભગવાને સુદર્શનચક્રથી તેના કટકા કરી નાખ્યા.

અધ્યાય - ૯૪

❖ પુત્રપ્રાપ્તિ માટે પાર્વતીની શંકરને પ્રાર્થના ❖

લક્ષ્મી પૂછે : હે પ્રભુ, ગણેશપૂજન ક્યારથી શરૂ થયું ? શ્રીનારાયણ કહે : પાર્વતીને પુત્રની ઈચ્છા થઈ. શંકરને પ્રાર્થના કરી. હે દેવ, પુત્ર વિના જીવન સુનું લાગે છે. ગૃહસ્થોને માટે નારીને પહેલું સુખ સ્વામીનું. બીજું સુખ સંતાનનું. ત્રીજું સુખ ધન-ધાન્યનું. ચોથું સુખ યશ-કીર્તિનું. પાંચમું સુખ શરીર નીરોગીનું. આ પાંચ સુખ આલોકમાં સ્વર્ગ જેવા છે. નારીને પહેલું દુઃખ પતિનો વિયોગ, બીજું દુઃખ પતિ હોવા છતાં રતિ નહીં. ત્રીજું દુઃખ સંતાન ન હોય. પાર્વતી કહે : હે પ્રભુ તમે ત્રિલોકી નાથ તમારા જેવો પૂજય પુત્ર આપો. શંકરે કહ્યું, સર્વેમાં શ્રેષ્ઠ શ્રીહરિનું વ્રત અને જપ કરો એમ કહીને શંકરે પાર્વતીને મંત્ર આપ્યો. "ૐ નમો હરિકૃષ્ણાય પતિરૂપધરાયચ, બીજાયગર્ભરૂપાય પત્યરૂપાય શંભવે, સંકલ્પ ગર્ભહઠાય નમઃ પુત્રપ્રદાયચ, વિજેત્રે ગાર્ચ્યરૂપાય નમો દેહિ સુપુત્રકમ્". પાર્વતી આ મંત્રનો જપ કરવા લાગ્યા. પછી પાર્વતીએ પૂછ્યું, વ્રત વિધિ કેવી રીતે કરવા ?

અધ્યાય - ૯૫, ૯૬

❖ પાર્વતીના પુત્રપ્રાપ્તિ માટે વ્રત-નિયમ ❖

શંકરે કહ્યું : માઘ સુદી તેરસથી આરંભ કરી એક વર્ષ સુધી એક ટાણું ભોજન કરી માઘ સુદી બારસે પૂર્ણ કરવું. પછી વિદ્વાન વિપ્રને બોલાવી અથવા મંદિરમાં ઉદ્યાપન મંડપ પુરવું. તથા શક્તિ પ્રમાણે સાધુ-સાધ્વી, બ્રાહ્મણ, બાળકોને જમાડી દાન આપવા. વ્રતના નિયમમાં હંમેશાં સૂર્યોદય પહેલાં જાગી સ્નાનશુદ્ધિ કરી શ્રીહરિની પૂજા કરવી તથા એક વર્ષના વ્રત્તમાં બ્રહ્મચર્યનું પાલન કરવું. તો મહાન ભગવદ્ ભક્ત પુત્ર થાય. એ રીતે પાર્વતીએ વ્રતનો આરંભ કર્યો.

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, આ વ્રત પૂર્વે બ્રહ્માના પુત્ર મનુ રાજા તેની રાણી શતરૂપાએ કર્યું તેથી પ્રિયવ્રત ઉતાનપાદ પુત્રો થયા. ઉતાનપાદના પત્ની સુરુચીએ આ વ્રત કરી ધ્રુવપુત્ર પ્રાપ્ત કર્યો. દેવહુતિએ કપિલ ભગવાનને પ્રાપ્ત કર્યા. અદિતીએ વ્રત કરવાથી વામન ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કર્યા. કંભરાલક્ષ્મીએ વ્રત કરી પુત્ર કૃષ્ણવલ્લભને પ્રાપ્ત કર્યા. પછી પાર્વતી સનત્કુમારને બોલાવી પૂજા સામગ્રી તૈયાર કરી. તે સમયે બ્રહ્મા સાવિત્રી સાથે આવ્યા લક્ષ્મીનારાયણ આવ્યા. શંકર પણ ધ્યાન તજીને ત્યાં આવ્યા. અનેક ઋષિ મુનિ આવ્યા. લોમશ મહાશ્વેતાયન વ્યાસ સ્વયંપ્રકાશ નરનારાયણ વગેરે આવ્યા. પાર્વતીએ બધાને જમાડ્યા, પૂજા કરી, દાન-દક્ષિણાઓ આપી. સર્વેએ આશીર્વાદ આપ્યા 'પુત્રવતી ભવ'. તે સમયે શ્રીહરિએ દર્શન આપી પાર્વતીને કહ્યું, તમને બે પુત્રો થશે. એક પુત્ર તારકાસુરનો નાશ કરનારો સ્કંદ કાર્તિક સ્વામી બીજો પુત્ર સર્વમાં અગ્ર પૂજ્ય ગણેશ થશે. ત્યારે પાર્વતી શ્રીહરિના સ્વરૂપમાં પોતાના બન્ને પુત્રોનું દર્શન કરતા હતા.

અધ્યાય - ૯૭, ૯૮

❖ છ ઋષિપત્નીઓથી કાર્તિક સ્વામીનું પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, શંકરના ધાતુને પાર્વતી સહન ન કરી શક્યા. તે અગ્નિ લઈ ગયો તેણે સહન ન થવાથી ગંગા નદીમાં નાખ્યો, તે ગંગા પણ સહન ન થવાથી કાંઠે કાઢી નાખ્યો. ગંગાકાંઠે છ ઋષિ પત્નીઓ નાહીને તાપતી હતી. તેના શરીરમાં શંકરનો ધાતુ પ્રવેશી ગયો. તે કાર્તિક સ્વામી છ માતાના પુત્ર કહેવાયા. ત્યાં પાર્વતીના સ્તનમાંથી દૂધની ધારા છુટી મહાદેવને કહ્યું આ શું ? ત્યાં નારદે આવી સર્વે વૃત્તાંત કહ્યું. શંકર પાર્વતી ગંગા કાંઠે ગયા. પુત્ર રત્ન પ્રાપ્ત કરીને અતિ પ્રસન્ન થયા.

શંકર કહે : આ પુત્ર પ્રતાપી છે. જન્મતાં જ યુવાન. સર્વે દેવોને બોલાવી સેનાપતિ પદે નિયુક્ત કર્યા. તારકાસુરને મારવા માટે સર્વે દેવોએ, ઈશ્વરોએ આયુધો અસ્ત્ર-શસ્ત્ર આપ્યા.

અધ્યાય - ૯૯, ૧૦૦

❖ કાર્તિક સ્વામીએ તારકાસુરનો નાશ કર્યો ❖

શ્રીનારાયણ કહે : તે સમયે તારકાસુર કરોડો અસુરો, દૈત્યો, દાનવોને લઈને દેવોની સામે યુદ્ધ કરવા આવ્યો. તે તારકાસુરે તપ કરી બ્રહ્મા પાસે વરદાન માગ્યું હતું. જન્મથી ૭ દિવસે મને મારી શકે. તે વિના હું કોઈથી ન મરું. ત્યાં આકાશવાણી થઈ આ પાર્વતીપુત્ર તારો નાશ કરશે. દેવ અને અસુરોનું ભયંકર યુદ્ધ થયું. ત્યારે કાર્તિકકુમારે તારકાસુરને કહ્યું, દેવોને, મનુષ્યોને દુઃખ આપનાર તારો અત્યારે જ નાશ કરું છું. કાર્તિક સ્વામીએ શક્તિથી તેનો નષ્ટ કર્યો.

લક્ષ્મી પૂછે : હે પ્રભુ, તે તારકાસુર કોનો પુત્ર હતો. શ્રીનારાયણે કહ્યું, બ્રહ્માના દક્ષ તેની પુત્રી દીતી તે કશ્યપને આપી તેનો વજ્રાંગ થયો. તે ઈન્દ્રને પાટું મારી ગાદી પરથી ઉઠાડીને ત્રિલોકીનો રાજા થયો. તેનો પુત્ર તારકાસુર થયો. તેના પિતા વજ્રાંગે કહ્યું, દેવો આપણા શત્રુ છે. દેવોને જીતવા હોય તો તપ કર. તારકાસુરે નીચે અગ્નિ પ્રગટાવી ઉંધે માથે દશ હજાર વર્ષ તપ કર્યું. બ્રહ્મા પ્રસન્ન થયા. વરદાન માંગવા કહ્યું. તારકાસુર કહે : હું કોઈનાથી ન મરું. બ્રહ્મા કહે : મૃત્યુલોકમાં એવો કોઈ છે જ નહીં. જન્મે તેનું મૃત્યુ થાય જ. તારકાસુર કહે : બાળક જન્મે તે સાત દિવસ સુધી મને મારી શકે. તે વિના મારું મૃત્યુ કોઈથી ન થાય. બ્રહ્મા કહે : તથાસ્તુ. પછી તે તારકાસુર સર્વે દેવ-ઈશ્વરોને જીતી વશ કરી, ત્રિલોકીનો રાજા થયો પણ દેવોને દુઃખ દેવાથી કાર્તિક સ્વામીએ તેનો નાશ કર્યો.

અધ્યાય - ૧૦૧, ૧૦૨

❖ શ્રીગણેશ પ્રાગટ્ય કથા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, હવે હું તમને ગણેશની કથા કહું. શંકર-પાર્વતી રજોગુણમાં હતા ત્યાં વિષ્ણુ વિપ્રનું રૂપ લઈને આવ્યા. ભિક્ષા માંગી. શંકરનો સત્ત્વ પાર્વતીના શરીરને ચોંટી ગયો. શંકર બહાર આવ્યા. અતિથિનું પૂજન કરી પગે લાગી પૂછયું, શું જોઈએ છે ? વિપ્ર કહે : મને તૃપ્ત કરશો તો હું તમારો પુત્ર થઈશ. અને તમે મારા પિતા થશો. પિતા પાંચ પ્રકારના કહ્યા છે. વિદ્યા આપનારા, અન્ન આપનારા, કન્યાદાન કરનારા, ભયથી રક્ષણ કરનારા અને જન્મ આપનારા. માતાઓ આઠ કહેલી છે. જન્મદાત્રી, ધવરાવનારી, ગુરુપત્ની, પિતાની બહેન, માતાની બહેન, અપરમાતા, પુત્રવધુ, અન્ન આપનારી. પુત્ર પાંચ પ્રકારના કહ્યાં છે - નોકર, શિષ્ય, ઘોષણા કરેલો, શરણાગત, ઔરસ, માતાથી જન્મેલો. પછી વિપ્રરૂપ તે શ્રીહરિએ આશીર્વાદ આપતા કહ્યું, હું જન્મો જન્મ તમારો પુત્ર થઈશ.

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, પાર્વતીએ વિષ્ણુને ભીક્ષા આપી ત્યાં વિષ્ણુ પાર્વતીના સ્વરૂપમાં અદૃશ્ય થયા. પછી શંકર ગણો સહિત નદીએ ન્હાવા ગયા. નાહીને ધ્યાનમાં બેસી ગયા. પાર્વતીએ સ્નાન કરવા માટે પોતાના શરીરમાં ચોંટેલો શંકરનો સત્વ ઉતારી પુતળું બનાવ્યું. એ બાળક સજીવન થયું. તે પુત્રને પાર્વતીએ કહ્યું, હું સ્નાન કરું છું. તું દરવાજે ઊભો રહે કોઈને અંદર આવવા દઈશ નહીં. પાર્વતી પુત્રને એમ કહી શણગાર કરી દરવાજે રાખ્યો અને આયુધો આપ્યા. પાર્વતીપુત્ર શ્રીગણેશ ત્રિશૂલ, તલવાર વગેરે લઈ દરવાજે ઊભા રહ્યાં.

અધ્યાય - ૧૦૩

❖ ગણેશ અને શંકર વચ્ચે યુદ્ધ ❖

શંકર ધ્યાનમાંથી જાગી એકલા આશ્રમે આવ્યા. જ્યાં પ્રવેશ કરવા જાય ત્યાં ગણેશે અટકાવ્યા. શંકર કહે - તું કોણ છે, તું ક્યાંથી આવે છે, દરવાજામાં પૂછ્યા વગર પ્રવેશ કેમ કરે છે, પાછા ચાલ્યા જાવ, જે માર્ગેથી આવ્યા તે માર્ગેથી ચાલ્યા જાવ. ગણેશે કહ્યું, મારી માતાની આજ્ઞા છે. અંદર કોઈને આવવા દેતો નહીં. તો પણ શંકરે સાંભળ્યું જ ન હોય તેમ અંદર જવા લાગ્યા. ગણેશ તરત જ પાસે જઈને કહે, મારી મા અંદર સ્નાન કરે છે. પાછો વળી જા. શંકર કહે : મારા ઘરમાં મને અટકાવનાર તું કોણ ? ચાલ્યા જાવ, મારા દરવાજેથી એમ કહી ગણેશને હાથ પકડીને બહાર કાઢયા. ત્યાં તો ગણેશે શંકરને બે હાથે પકડી ખેંચી બહાર કાઢ્યા. શંકરે જાણ્યું કે, આતો બળવાળો છે આને શરીરથી જીતાશે નહીં કળથી જીતાશે. કોક રાક્ષસે આવીને આ કૈલાશને પોતાને આધીન કર્યો લાગે છે. હવે હું ગણ પાસે જાઉં તો મારે નીચું મુખ કરવું પડે. શંકરે ગણેશને સમજાવ્યા. આ મારો કૈલાશ છે. પાર્વતી મારી પત્ની છે. તું મને અંદર જવા દે. ગણેશ કહે : જંગલમાં રહેનારા શઠજાડા મારી મા પાર્વતીને તું પત્ની કહે છે. દૂર જા. શંકર કહે : હે બાળક, તારા માતા-પિતા કોઈ નથી. શા માટે પ્રાણને ત્યજવા ઈચ્છે છે. જો મને અંદર નહીં જવા દે તો ત્રિશૂલથી મારી નાખીશ. એમ કહી શંકરે ગણેશને પકડ્યા. ગણેશ પણ શંકરને પકડીને મુઠ્ઠીઓ, કોણીથી, પગથી પાટુઓ મારવા લાગ્યા. શંકર પણ તેવી જ રીતે યુદ્ધ કરવા લાગ્યા. ગણેશે શંકરને ઉપાડી હેઠા પછાડી છાતી માથે ચડી બેઠાંને મુઢમાર માર્યો. શંકર કહે : અરે હું મરી ગયો મૂકી દે. તારી પૂજા કરી તને લાડુ આપીશ. ગણેશ પડખે ઊભા રહ્યા. શંકરે ઊભા થઈ જટા સરખી કરી ધૂળને ખંખેરી ત્રિશૂલ લઈને ગણેશને કીધું. અંદર તારી માને પૂછી આવ શંકર તારે શું થાય ?

ગણેશ કહે : તું ધૂતારો છો તને શસ્ત્રથી મારવો જોશે. શંકર કહે : આજ તું મરવાનો થયો છે. ગણેશ કહે : માતા-પિતા પત્ની માટે સાધુ માટે પ્રાણ આપે તો સ્વર્ગમાં જાય અથવા

મોક્ષ થાય. એમ કહીને બંને પરસ્પર ત્રિશૂલથી યુદ્ધ કરવા લાગ્યા. જ્યાં સુધી જાણ્યું નથી, ત્યાં સુધી સ્નેહ થતો નથી. એક બીજાના આયુધો કાપવા, ભાંગવા લાગ્યા. પછી ક્રોધિત થયેલા શંકરે ત્રિશૂલથી ગણેશનું મસ્તક કાપી નાખ્યું. ક્રોધિત લાલ નેત્રોવાળા શંકર પાર્વતી પાસે આવ્યા. પાર્વતી પગે લાગ્યા. મહાદેવ તમે ક્રોધવાળા કેમ છો. શરીરે લોહી કેમ ચોંટ્યું છે. શંકર પાર્વતીને કહે : દરવાજે જડ જેવો કોને રાખ્યો હતો ? પાર્વતી કહે : તે તો તમારો પુત્ર ગણેશ. તમે ન્હાવા ગયા તમારો સત્વ મારા શરીરે ચોંટ્યો હતો તેનું મેં પૂતળું બનાવ્યું. તે બાળકપુત્ર ગણેશ થયો. શંકર કહે : તેણે તો મને અંદર આવવા ન દીધો. હેરાન-પરેશાન કરી મૂક્યો પછી મેં ત્રિશૂલથી મારી નાખ્યો. પાર્વતી આ સાંભળીને ટીંટોડીની જેમ રાડો પાડી રોવા લાગી. અરે મારે પુત્રનો શોક કરવો કે પતિનો શોક કરવો. અરે પુત્ર તું સ્વયં કૃષ્ણ જન્મી મરી ગયો. હે શંકર જો તમે તેને જીવતો નહીં કરો તો હું અનાજ નહીં લઉ. અહો લોકમાતા શોકવાળા નહીં હોવા છતાં શોક કરે છે. આ લોકમાં દેહનો સંબંધ જ્ઞાનીને પણ શોક કરાવે છે. પાર્વતીનો વિલાપ સાંભળી સર્વે ગણો, દાસીઓ આવ્યા. બ્રહ્મા, વિષ્ણુ વગેરે ચૌદ લોકના દેવો આવ્યા. શંકર ગણેશને જીવતો કરવા વિચારવા લાગ્યા.

અધ્યાય - ૧૦૪

❖ ગણેશના હાથીના મસ્તકની કથા ❖

શ્રીનારાયણ કહે : ત્યાં આકાશવાણી થઈ. હે સતી તારો પુત્ર મરણ પામ્યો નથી. તે શાશ્વત છે. બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિ જેનું ધ્યાન કરે છે તે પરમેશ્વર હતા. તેઓ સર્વે પૂજ્ય થશે. આ સાંભળી પાર્વતી શોક રહિત થયા. પછી બ્રહ્માએ વિષ્ણુને કહ્યું તમે સર્વજ્ઞ છો. હવે શું કરવું તે કહો. વિષ્ણુ કહે : પૂર્વે મે પાણીમાં કૂંડથી જેનું રક્ષણ કર્યું તે હાથી ઉત્તર દિશાના વનમાં છે. તેનું મસ્તક લઈ આવું. એમ કહી ગરૂડ પર બેસી ત્યાં ગયાં. તે હાથીને કહ્યું : દાન કર તો સારૂ ફળ મળે. હાથી કહે : મને ફળફૂલ, પાન, ડાળા, વિના શું મળવાનું છે ? વિષ્ણુ કહે : તારા મસ્તકનું દાન કર તો તને લાડુ અને પૂજ્યપણું મળે. હાથી કહે : બહુ સારું. વિષ્ણુએ ચક્રથી મસ્તક ઉતારી ગરૂડ પર મૂકી આવ્યા. હાથીને બીજું માથું કરી જીવાડ્યો. ગણેશના ધડ પર વિષ્ણુએ હાથીનું મસ્તક મૂકી સજીવન કર્યા. ત્યાં તો ગણેશે ચીત્કાર કર્યો બધા દેવો રાજી થયા. પાર્વતી-શંકર પ્રસન્ન થયા. પછી સર્વે દેવોએ ગણેશને સિંહાસન, મુગટ, વસ્ત્ર, અલંકારો છત્ર, ચામર વગેરે આપ્યું.

અધ્યાય - ૧૦૫

❖ શંકર પાર્વતી દ્વારા ગણેશજીનું પૂજન - આશિર્વાદ ❖

વાહન માટે ઊંદર આપી ગણપતિને વેદોક્ત મંત્રોથી સ્નાન કરાવી ષોડ્શોપચારથી પૂજા કરી. ધૂપ-દીપ આરતી ઉતારી પછી જવ તલ ઘઉંના લાડુનો પર્વત ધર્યો. ગંગાજલ

લાવી આપીને સ્તુતિ કરી. વિઘ્નેશ, ગણેશ, હેરંબ, ગજાનન, લંબોદર, એકદંત, સૂર્યકર્ણ, વિનાયક આ આઠ નામનો જપ કરવાથી વિઘ્ન નાશ પામે છે. શ્રીકૃષ્ણે પ્રથમ પૂજા કરી આશીર્વાદ આપ્યા - શિવ સમાન જ્ઞાની થાવ, ચિરાયુ થાવ. પછી સર્વે દેવો, ઈશ્વરોએ, ઋષિ -મુનિઓએ પૂજા કરી આશીર્વાદ આપ્યા. બ્રહ્માએ કહ્યું, યશ-કીર્તિવાળા થાવ સર્વ અગ્ર પૂજ્ય થાવ. શંકર કહે : મારા તુલ્ય દાતા ભવ. લક્ષ્મી કહે : મારા ઘરમાં અને શરીરમાં તમારો વાસ થાવ. સાવિત્રીએ કહ્યું, વત્સવેદ જ્ઞાની થા, હિમાલય કહે : કૃષ્ણમાં ભક્તિવાળો થા, કૃષ્ણ સમાન ગુણોવાળો થા. મેના કહે, સમુદ્ર સમાન ગંભીર થા. પૃથ્વી કહે, મારી સમાન ક્ષમાવાળો થા, સર્વ રત્નોવાળો થા. પાર્વતી કહે : તારા પિતાતુલ્ય સિદ્ધિ આપનારો થા.

અધ્યાય - ૧૦૬

❖ સૂર્યપિતા કશ્યપ દ્વારા શંકરને શાપ ❖

લક્ષ્મી કહે : હે પ્રભુ, વિષ્ણુ ભગવાને તે હાથીનું જ મસ્તક કેમ કાપ્યું ? શ્રીનારાયણ કહે : પૂર્વે દુર્વાસાએ પ્રભુની પ્રસાદીનો હાર ઈન્દ્રને આપ્યો. ઈન્દ્રે હાથીના મસ્તક પર મૂક્યો. તેથી તે મસ્તક પવિત્ર હતું. તથા માલી-સુમાલી દૈત્યને સૂર્યે માર્યા તેથી શંકરે સૂર્યને ત્રિશૂલ મારી રથથી પાડી દીધા. ત્યારે સૂર્યપિતા કશ્યપે શંકરને શાપ આપ્યો તારા છોકરાનું મસ્તક પણ આવી રીતે કપાશે. તથા ગણેશ પાર્વતીના રક્ષણ માટે દરવાજે ઊભા હતા ત્યારે શનિની દૃષ્ટિ ગણેશ પર પડી તેથી આવા બધા યોગો ભેગા થયા હતા.

અધ્યાય - ૧૦૭

❖ ગણેશ દ્વારા શિવ-પાર્વતીની પ્રદક્ષિણા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, ગણેશ મોટા થયા. વિશ્વરૂપને પોતાની રિદ્ધિ-સિદ્ધિ બન્ને કન્યાઓનાં લગ્ન શિવ પુત્રો સાથે કરવાની ઈચ્છા થઈ. શંકર કહે : બંનેમાં પહેલા લગ્ન કોના કરવા ? તો જે પૃથ્વીની પ્રદશિણા કરી પહેલા આવે તેના લગ્ન કરવા, કાર્તિક સ્વામી પોતાનું વાહન મોરને લઈ ઉપડ્યા. ગણેશે વિચાર્યું કે, મારું જાડું શરીર વાહન ઊંદર પહોંચાશે નહીં. તેથી માતા પાર્વતી શંકર બેઠા હતા ત્યાં તેને સાત પ્રદક્ષિણા ફરી, ગાય અને પોઠિયાને સાત સાત પ્રદક્ષિણા કરી, શંકર-પાર્વતી પાસે આવી નમસ્કાર કરી. ગણેશ કહે, માતા-પિતા મારા લગ્ન કરી દ્યો હું પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યો. પાર્વતી કહે : એટલીવારમાં પૃથ્વીની પ્રદક્ષિણા ક્યારે કરી ? ગણેશ કહે, શાસ્ત્રમાં લખ્યું છે - માતા પૃથ્વી છે, પિતા સ્વર્ગ છે, ગાય પૃથ્વી છે, પોઠિયો ધર્મ છે. આ બધાની મેં પ્રદક્ષિણા કરી છે. પુત્રને માતા-પિતા તે તીર્થરૂપ છે. પત્નીનું તીર્થ પતિ છે. પતિનું તીર્થ પતિવ્રતા સ્ત્રી છે. શંકર-પાર્વતી કહે, તે શાસ્ત્ર પ્રમાણે બુદ્ધિનું કામ કર્યું છે. કાર્તિક સ્વામી આવ્યા, જુએ તો માતા-પિતા પાસે ગણેશને જોયા.

અધ્યાય - ૧૦૮

❖ ગણેશના રિદ્ધિ-સિદ્ધિ સાથે લગ્ન ❖

શ્રીનારાયણ કહે : વિશ્વરૂપ પ્રજાપતિ રિદ્ધિ-સિદ્ધિ કન્યાઓને લઈ શંકર પાસે આવ્યા. બંને કન્યાઓ ગણેશના રૂપ ગુણ જોઈ ગણેશને વરી. ગણેશના લગ્ન ધામધૂમથી થયા. ત્રિલોકમાંથી સર્વે મહેમાનો આવ્યા. બધાએ દંપતીને આશીર્વાદ આપ્યા. ગણેશ તે બંને પત્નીઓથી સુખ પામ્યા. આલોકમાં જેનું ભાગ્ય ફૂટી જાય તેને બે પત્ની થાય. બે પત્નીવાળો અડધો મરેલો છે. એક સેવા કરે બીજી ઈર્ષ્યા કરે. એકને પુત્ર થાય બીજી નિંદા કરે. એક રૂપવાળી હોય તો બીજીનો ઉત્સાહ ભાંગી જાય. ખાવા-પીવા રહેવામાં સર્વે રીતે દુઃખ, સાક્ષાત કુંભીપાક નરક જેવું દુઃખ તેથી એક પત્નીવાળાને સ્વર્ગસમાન સુખ રહ્યું છે. પછી કાર્તિક ત્યાં આવ્યા. ગણેશના લગ્ન થઈ ગયા જાણી માતા-પિતાને નમસ્કાર કરીને ક્રોધ કરી ક્રૌચ પર્વત ઉપર તપ કરવા ચાલ્યા ગયા. પાર્વતી શંકરને કહે : આપણે પણ ત્યાં કાર્તિક પાસે જઈએ. શિવ-પાર્વતી ત્યાં મલ્લીકાર્જુન નામથી સ્થાપન થયેલા છે. કાર્તિક ત્યાં તપ કરી પ્રભુને પ્રસન્ન કરી સ્વામી પદ પ્રાપ્ત કર્યું. પછી ગણેશને લાભ-શુભ બે પુત્ર થયા.

અધ્યાય - ૧૦૯

❖ તપના પ્રકારોનું જ્ઞાન ❖

લક્ષ્મી પૂછે : હે પ્રભુ હે જગતગુરુ, કાર્તિક સ્વામીએ તપ કરીને ભગવાનને રાજી કર્યાના તપના પ્રકાર કેટલા છે. શ્રીનારાયણ કહે, લક્ષ્મી તપ, ધર્મ, યજ્ઞ, ધન, પુણ્યવ્રત, નિયમો આ બધા યુગ પ્રમાણે જ ફરતા રહે છે. મુખ્ય તપ બે પ્રકારના છે. એક તપ બહાર શરીરનું છે. બીજું તપ અંદર ઈન્દ્રિયો અંતઃકરણનું છે. વ્રત, નિયમ, ઉપવાસ કરીને શરીર દુર્બળ કરવું તે બહારનું તપ છે. નેત્રથી ભગવાન સંત ભક્તો વિના કોઈના દર્શન ન કરવા તે નેત્રનું તપ છે. કાનથી ભગવાન સંતભક્તોની કથા વિના જગતના શબ્દો ન સાંભળવા તે કાનનું તપ છે. જીભથી ભગવાન સંતભક્તોના ગુણગાન ગાવા, મહાપ્રસાદ લેવા તે જીભનું તપ છે. નાસિકાથી ભગવાન સંતભક્તોને ધરાવ્યા જે પુષ્પો તેની જ સુગંધ લેવા તે નાસિકાનું તપ કહ્યું છે. તે જ રીતે હાથથી, પગથી ભગવાન મંદિર સંતભક્તોની જ સેવા કરવી તે હાથ-પગનું તપ છે. તેવી જ રીતે મનમાં ભગવાનનો નિશ્ચય, લીલા ચરિત્રો તેનું જ મનન કરવું તે મનનું તપ છે. હું પ્રભુનો, પ્રભુના ભક્તોનો દાસ છું. તે અહંનું તપ છે. બુદ્ધિથી ભગવાનના સ્વરૂપો જાણવા તે બુદ્ધિનું તપ છે.

અધ્યાય - ૧૧૦

❖ સૌથી કઠોર તપ કરનાર - નરનારાયણ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, એક હાથ ઊંચો રાખી એક પગે ઊભા રહી તપ કરવા કરતા અન્નનો ત્યાગ તે કઠણ છે. તેના કરતા પાણી પણ ન પીવું તે તપ કઠીન છે. તેના કરતા મૌન રહેવું તે કઠણ છે. તે સર્વે કરતા ઉર્ધ્વરેતા બ્રહ્મચારી રહેવું તે તપ કઠીનમાં કઠીન છે. તે નરનારાયણ વિના બીજો કોઈ રાખી શકતો નથી. અક્ષર બ્રહ્મધામમાં જ બદ્રિકાશ્રમ નિર્માણ કરી ત્યાં તપ કરતા નર તે બ્રહ્મ છે અને નારાયણ તે પરબ્રહ્મ છે. તે નરનારાયણ મારું જ સ્વરૂપ છે તે બંને ધર્મદેવ પિતા, ભક્તિમાતાની આજ્ઞાનું પાલન કરતાં તપ કરે છે.

અધ્યાય - ૧૧૧

❖ બ્રહ્મચર્ય ધર્મનું મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : બ્રહ્મચર્ય સમાન એકેય ધર્મ નથી. યજ્ઞવ્રત, દાન-પુણ્ય, તપ, જપ, નિયમ જેટલા સાધનો છે તે સર્વે સાધનો બ્રહ્મચર્ય વ્રતમાં આવી જાય છે. બ્રહ્મચર્ય વ્રતવાળાને આ બ્રહ્માંડમાં એવી કોઈ વસ્તુ નથી જે પ્રાપ્ય ન થાય. અહિંસા, સત્ય, અસ્તેય, શૌર્ય, સંતોષ, સ્વાધ્યાય, આસન, પ્રાણાયામ, પ્રત્યહાર, ધ્યાન, ધારણા, સમાધિ સર્વે બ્રહ્મચર્ય વ્રતમાં આવી જાય છે. તત્ત્વજ્ઞાન, અષ્ટસિદ્ધિ, નવનિધિ, બ્રહ્મચારીને પ્રાપ્ત થાય છે. બ્રહ્મચારીને ઈન્દ્રપદ, બ્રહ્માનુંપદ, વૈરાજપદ, અવ્યાકૃતધામ, અમૃતધામ, વૈકુંઠ, ગોલોક વગેરે સર્વે ધામોની પ્રાપ્તી થાય છે. બ્રહ્મચર્યથી હનુમાન, કાર્તિક બ્રહ્મભાવને પામેલા છે. ધર્મપિતા નરનારાયણને કહે, હે પુત્રો તમે બ્રહ્મચારી રહી તપ કરો. બ્રહ્મચારીની પૂજાથી, ભોજન કરાવવાથી, દર્શનથી, સ્પર્શથી, સેવાથી, નમસ્કારથી, જલપાનથી, પાસે વાસ કરવાથી પરબ્રહ્મની સેવા થાય છે. બ્રહ્મચારીના ઈંન્દ્રિયો અંતઃકરણમાં પરબ્રહ્મનો નિવાસ છે. તેથી કાર્તિકે તપ કરી શિવ-પાર્વતીને રાજી કર્યા.

અધ્યાય - ૧૧૨

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસેથી મંત્રદિક્ષા લઈ શંકર વૈષ્ણવ થયા ❖

લક્ષ્મી પૂછે : હે હરિકૃષ્ણ, શંકરને વૈષ્ણવ કહ્યા છે. તે ક્યારે થયા ? શ્રીનારાયણ કહે : હિમાલયમાં જે નરનારાયણ છે તે નર નાના બે ભૂજાવાળા પીંગળા છે. નારાયણ ચાર ભૂજાવાળા શ્વેત છે. એકવાર શંકરે તપ કર્યું. નારાયણે દર્શન દીધાં. શંકરે બે વરદાન માગ્યા. એક તો હું શિવ મહાવૈષ્ણવ ભક્ત બનું. બીજું મારે આશરે આવે તેને મારી પ્રસન્નતાથી મુક્તિ આપું. નારાયણે કહ્યું, તથાસ્તુ. હે શિવ તમે મારી પાસેથી મંત્ર દિક્ષા ગ્રહણ કરો.

એમ કહીને "બ્રહ્માહં બ્રહ્મ ભક્તોઽસ્મિ" એ મંત્ર આપી સદા જપ કરવાનું કહ્યું તથા પ્રપતિ શરણે આવેલાને શ્રીમન્નારાયણ તથા લક્ષ્મીનારાયણ મંત્ર આપવો. સ્વામિનારાયણ મંત્ર મોક્ષ આપનારો કહ્યો છે. અર્થસિદ્ધિ તથા નરનારાયણ બ્રહ્મગતિ તથા હરિનારાયણ દુઃખ નાશ, કૃષ્ણનારાયણ ઐશ્વર્ય, વાસુદેવનારાયણ ઐશ્વર્ય, રામનારાયણ પાપનાશ, ૐ શ્રીનારાયણ મુક્તિ-ભક્તિ તથા શ્રીહરિ શરણં મમ આ દશ પ્રકારના મંત્રો ભુક્તિ-મુક્તિ આપનારા છે. તે મંત્રો તમે બ્રહ્માંડમાં દેવોને, મનુષ્યોને, શિષ્યોને, ભક્તોને આપજો તથા મારા ચિહ્નો શંખ, ચક્ર, ગદા, પદ્મ તે તપ્તમુદ્રા બાવડા પર ધારણ કરજો તથા ષોડ્શોપચારથી મારી પૂજા-લક્ષ્મીએ સહિત કરી ધ્યાન કરજો. તથા પચ્ચીસ લક્ષણવાળી ગાયત્રી મંત્રનો જાપ કરવો. "ૐ નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધિમહિ તન્નો બ્રહ્મ પ્રચોદયાત્." તથા તુલસીની બેવડી કંઠી કંઠમાં ધારણ કરવી. તથા તુલસીની માળા એકસો આઠ પારાવાળી મંત્રજપ કરવા માટે રાખવી. આ રીતે શંકર પોતે પરબ્રહ્મ નારાયણ પાસેથી મંત્રદિક્ષા લઈ વૈષ્ણવ થયા.

અધ્યાય - ૧૧૩

❖ પાર્વતી શંકર પાસેથી મંત્રદિક્ષા લઈ વૈષ્ણવી થયા ❖

પાર્વતીએ પૂછ્યું : હે મહાદેવ, તમે કોનું ધ્યાન કરો છો ? શંકર કહે : પરબ્રહ્મ નારાયણનું. જે સર્વે અવતારોના કારણ છે. જેને પરમેશ્વર કહે છે. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણે મને મંત્ર દિક્ષા આપીને વૈષ્ણવભક્ત બનાવ્યો છે. પાર્વતી કહે : અત્યાર સુધી મને કેમ ન કહ્યું. શંકર કહે, તું કહે ત્યારે મંત્ર આપું. પછી શંકરે એકાદશીનો ઉપવાસ કરાવી મંડપ પુરાવી શ્રીકૃષ્ણનું પૂજન કરાવીને "શ્રીહરિઃ શરણં મમ" તથા "બ્રહ્માહં બ્રહ્મ ભક્તોઽસ્મિ" એ બે મંત્રો આપી પાર્વતીને વૈષ્ણવી બનાવ્યા.

અધ્યાય - ૧૧૪, ૧૧૫

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા વિધિ ❖

પાર્વતી કહે : હે મહાદેવ, હવે મને પૂજા વિધિ કહો. શંકર કહે : જગતના કલ્યાણ માટે તે પ્રશ્ન સારો પૂછ્યો. પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ મુક્તપતિ અક્ષરપતિ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ જે સર્વેના હૃદયમાં રહ્યા છે તેનો મહિમા કોઈ વર્ણવી શકે તેમ નથી. તેવા શ્રીહરિનું ધ્યાન કરવું. તે પ્રભુના ચિહ્નો શંખ, ચક્ર, ગદા, પદ્મ શરીરમાં ધારણ કરવા. ઉર્ધ્વપુંડ્ર, તિલક, ચાંદલો ધારણ કરવા. તેના મંત્રોનો જપ કરવો, તેની પૂજા-અર્ચના ભક્તિ કરવી, કિર્તન કરવા, નામસ્મરણ કરવું, કથા શ્રવણ ભક્તિ કરવી, એકાદશી વગેરે વ્રતો કરવા, મંદિર વાળવું લીંપવું, મંદિરની સર્વે સેવા કરવી, સાધુ-બ્રાહ્મણ, વૈષ્ણવ ભક્તોને માનવા, પૂજવા. ભગવાનના ભક્તને કંકુનો ચાંદલો ન હોય તો પિતૃઓ પણ શ્રાદ્ધમાંથી પાછા ચાલ્યા જાય છે. સ્નાન, સંધ્યા, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, યજ્ઞ, પિતૃક્રિયા,

સર્વે ઉર્ધ્વપુંડ્ર, તિલક વિના નિષ્ફળ થાય છે. તેથી સર્વે સત્કાર્યો ભગવાનના ચિહ્નો ધારણ કરી કરવા.

શંકર કહે : હે પાર્વતી, તે તિલક કેશર-ચંદન કરવું. અથવા ગંગા-ગોમતી વગેરે તીર્થની માટીનું કરવું. અથવા પ્રભુની પ્રસાદી પીળી માટી, ધોળી માટીથી કરવું. અથવા પ્રભુની જન્મભૂમિ કુંકુમવાપીની માટીનું તિલક કરવું. અથવા બિલ્વ પીપળો, તુલસી, વડલો, આંબલી, દેવ-દારૂ, ઉમરો વગેરે પવિત્ર વૃક્ષોની માટીનું તિલક કરવું. તે તિલક જેના લલાટમાં હોય તે નારાયણનું મંદિર છે. તે તિલક પ્રભુનું ચરણ છે. તેની મધ્યે ચાંદલો તે લક્ષ્મીજી છે.

અધ્યાય - ૧૧૬

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહામંત્રનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, જે મંત્રમાં ભગવાનના અવતારનું નામ આવતું હોય તે સબીજ મંત્ર કહેવાય છે. તે સબીજ મંત્ર મુક્તિ આપે છે. તે સબીજ મંત્ર પણ ભક્તિવાળા આચાર્ય અથવા ગુરુ પાસેથી જ લેવો. જેનામાં ભગવાનની ભક્તિ ન હોય તેની પાસેથી મંત્ર લેવાથી મંત્રની સિદ્ધિ થતી નથી. પ્રભુનો મંત્ર આપનારા ગુરુને સાક્ષાત નારાયણનું સ્વરૂપ કહેલું છે. તથા મોક્ષ આપનારા છે. મંત્રો અનેક છે. "તેમાં બ્રહ્માહં બ્રહ્મ ભક્તોઽસ્મિ" આ મંત્ર સર્વમાન્ય તથા એક અક્ષરનો મંત્ર "ૐ" તેમાં અ.ઉ.મ. ત્રણ અક્ષર રહેલા છે. અ-વિષ્ણુ, ઉ-લક્ષ્મી, મ-પાર્ષદો. અ. પરબ્રહ્મ, ઉ, બ્રહ્મ, મ, મુક્તો. મનુષ્યોનો સમુદાય તે નાદ નારાયણ. તેમાં વાસ કરે તે નારાયણ શ્રીહરિ જે જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિના નિયામક અંતર્યામિ સર્વેનું શાસન કરનારા એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે ભજવા-પૂજવા લાયક છે. તેની શરણાગતિમાં મંત્ર લઈ તેનો આશરો કરવો તે શરણાગતિ છ પ્રકારની છે. પ્રથમ વિશ્વાસ વરણં ન્યાસ કૃપણતા સ્થિરમતિ અનુવૃતિ આ રીતે પ્રગટ પ્રભુની શરણાગતિ લઈને તેની અનુવૃતિમાં રહેવું તે પ્રભુનો દૃઢ આશરો છે.

અધ્યાય - ૧૧૭

❖ પુરુષોત્તમ નારાયણના સ્વરૂપમાંથી લક્ષ્મીજીનું પ્રાગટ્ય ❖

પાર્વતી કહે : પરબ્રહ્મની કથાથી મને અતી તૃપ્તિ થઈ હવે તે પરબ્રહ્મનો મહિમા કહો. શંકર કહે : જીવ, ઈશ્વરો, ભક્તો, મુક્તોને સુખ આપનારા પુરુષોત્તમ નારાયણના સ્વરૂપમાંથી લક્ષ્મીજી પ્રગટ થયા. તેને માટે વૈકુંઠધામની રચના કરી. પોતે બીજે સ્વરૂપે ત્યાં રહ્યા. પછી રાધિકા માટે ગોલોક ધામની રચના કરી. પોતાની મૂર્તિમાંથી કૃષ્ણરૂપ પ્રગટ

કરી ગોલોકમાં રાખ્યું. એવી જ રીતે અક્ષરધામના સીમ પ્રદેશમાં અવ્યાકૃત અમૃતધામ રચીને શ્રી લીલા વિભૂતિ વગેરે અનેક સ્વરૂપો ત્યાં રાખ્યા. એ રીતે બ્રહ્મસૃષ્ટિ રચીને પછી નારાયણી શક્તિ મહામાયાની સૃષ્ટિ રચી તે અવ્યકૃત કારણરૂપે વ્યક્ત સૃષ્ટિ રૂપે થઈ. મહામાયા, મહાલક્ષ્મી, લક્ષ્મી, શ્રી રાધિકા, સતી શ્યામા, મહાદેવી વૈષ્ણવી, નારાયણી, મહાવિદ્યા, વિષ્ણુ પત્ની મહેશ્વરી, ગૌરી સરસ્વતી, શાંતિ, પ્રભા, સ્વાહા, સ્વધારતિ, સાવિત્રી, કંભરાદેવી, પાર્વતી સર્વેના અભ્યુદય માટે આ અઢાર નામનો સદા પાઠ કરવો.

અધ્યાય - ૧૧૮, ૧૧૯

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ તેમજ પરમધામ વર્ણન ❖

શંકર કહે : સતી, હવે હું તમને અક્ષરધામની વાત કહું. તે પરમધામ એટલું તેજસ્વી છે કે તેનું વર્ણન કોઈથી થઈ શકે નહીં. ત્યાં જે તારાઓ છે તે સૂર્યસમાન પ્રકાશ કરે છે. બ્રહ્માથી કરોડગણું તેજ વૈરાટના કંઠમણિમાં છે. તેથી કરોડગણું તેજ મહાવિષ્ણુના શિરોમણિમાં છે. તેથી કરોડગણું તેજ વાસુદેવના મણિમાં છે. તેવા અનંત તેજવાળા મણિઓ અવ્યાકૃતધામમાં, બદ્રિકાશ્રમમાં, અમૃતધામમાં, શ્વેતદ્વિપમાં, શ્રીપુરમાં, વૈકુંઠમાં, ગોલોકમાં એવા તેજસ્વી મણિઓ છે. તે બધા ધામોનો તેજનો પિંડો કરીએ તો અક્ષરધામમાં સોપારી જેટલા પ્રદેશમાં લીન થાય. તેવું અક્ષરધામનું તેજ તથા મુક્તોનું તેજ તે બધું તેજ શ્રીહરિના એક રોમમાં સમાય જાય. એવું પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિનું તેજનું કોઈ વર્ણન કરવા સમર્થ નથી. તેથી સર્વે વેદો તથા શાસ્ત્રો નઈતિ નઈતિ કહે છે.

શંકર કહે : હે પાર્વતી, તે પુરુષોત્તમ નારાયણ દિવ્ય મણિઓ, રત્નોથી શોભતા સિંહાસનમાં બિરાજમાન છે. સર્વે મુક્તો ચકોર પક્ષી જેમ ચંદ્રની સામુ જોઈ રહે તેમ મટકુ માર્યા વિના પ્રભુના દર્શન કરે છે. કરોડો સૂર્ય-ચંદ્ર અગ્નિની સમાન પ્રકાશવાળા મણિઓથી શોભતા કુંડળને ધારણ કરનારા. એવા જ તેજસ્વી મણિરત્નોથી શોભતા મુગટવાળા દિવ્ય હીરામોતી, રત્નોના હારવાળા, સોનાના હાર ધારણ કરેલા, તેજસ્વી ભાલમાં કેશર-ચંદન તથા તિલક, કુંકુમ, ચાંદલાથી શોભતા. મણિરત્નોવાળા સોનાના બાજુબંધમાં પોચીથી શોભતા, સ્ફટિકમણિ સમાન શોભતા નેત્રોવાળા. કોમળ સાત વળવાળી જલેબી જેવા કાનવાળા. દિવ્યશરીરમાં રહેલા અનેક તિલોથી શોભતા. સુવર્ણના વેઢ, વીંટીઓ, તોડા ઝાંઝરથી શોભતા, દાડમની કળી જેવા દાંત પંક્તિથી શોભતા, સત્યાવીશ સેરવાળો સોનાના કંદોરાને ધારણ કરનારા. મલમલની ગાદી-તકિયાથી શોભતા. છત્ર, ચામર, અબદાગિરિ વગેરેથી શોભતા, હજારો ફેણવાળા, છત્રરૂપી મહામુકતથી શોભતા એવા તે રાજાધિરાજ પરમેશ્વર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેની મૂર્તિનું, વસ્ત્ર આભૂષણ-અલંકારોનું પણ કોઈ વર્ણન કરવા સમર્થ નથી.

તે શ્રીહરિનો દિવ્ય મંડપ તથા દિવ્ય સિંહાસન તેમાં રહેલા થાંભલાઓ હિરામણિ, રત્નો તે સર્વે મુક્તોના સ્વરૂપ છે. મુક્તો કિશોર અવસ્થા તે સ્વરૂપ ધારણ કરી પુરુષોત્તમ નારાયણની સેવા કરે છે. શ્રીહરિના મહામંડપમાં રહેલી શોભા તે સર્વે મુક્તમય છે. પરમધામમાં પરબ્રહ્મનો મહેલ તે એક લાખ યોજનના વિસ્તારવાળો છે. એક હજાર યોજન ઊંચો. હજાર થાંભલાની એક પંક્તિ એવી એક હજાર પંક્તિ થાંભલાની, ચાર ખુણે ચાર શિખરો, મધ્યે ઘુમ્મટ, મહેલ ઉપર એક હજાર યોજનનો કોઠલો, કોઠલા ઉપર પંદરસો યોજનનું શિખર. શિખર ઉપર પાંચસો યોજનની પદ્મશિલા. તેની ઉપર દિવ્ય સોનાના સો કળશો. તેની પર એક કળશી. પાંચસો યોજન ઊંચો ધ્વજદંડ. કરોડો સૂર્ય સમાન તેજસ્વી બે પૂંછડીવાળી પાંચસો યોજન લાંબી ધજાથી શોભતા તે શિખરનું કોઈ વર્ણન કરી શકે તેમ નથી. ધ્વજ દંડની પાટલી તે મુક્તાનિકાનું સ્વરૂપ છે. તથા તેમાં રહેલી ઘુઘરીઓ તે પણ મુક્તાનિકાના સ્વરૂપો છે. તે શિખર પર મુક્તો વિમાનમાં બેસી પ્રદક્ષિણા કરે છે. ત્યાં ઠંડા-ગરમ પાણીના કુંડો, મંદ, શિતળ, સુગંધવાળો વાયુ, દૂધ જેવો પ્રકાશ, સંકલ્પ પ્રમાણે સર્વે વસ્તુરૂપે થનારા તે મુક્તોથી ત્યાં સર્વ દર્શનમય જ હતું.

ત્યાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સ્વામિનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીહરિની પાસે ગુણાતિતાનંદ, ગોપાળાનંદ, બ્રહ્માનંદ, મુક્તાનંદ, પ્રેમાનંદ, શુકાનંદ, શતાનંદ સૂવ્રત, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, વિદ્યાત્રનંદ, વાસુદેવાનંદ, નિત્યાનંદ, અચિંત્યાનંદ, કૃષ્ણાનંદ, ત્યાગાનંદ, કૃપાનંદ, સ્વયંપ્રકાશ વગેરે પરમહંસો ચૈતન્યમય અક્ષર સ્વરૂપે નિર્ગુણ સ્વરૂપે શ્રીહરિની દિવ્ય સેવાઓ સંકલ્પ પ્રમાણે કરે છે. તથા અનંતકોટી હરિસ્વરૂપ મુક્તો તે શ્રીહરિના દિવ્ય સ્વરૂપનું દર્શન કરીને તૃપ્તિ પામતા જ નથી.

શંકર કહે : હે પાર્વતી, આવો તે શ્રીહરિનો મહામંડપ તથા શિખર મંદિર છે. ત્યારપછી ક્રમથી દિવ્ય પાંચ ગઢમાં પાંચ પ્રકારના મુક્તો રહેલા છે. તેનો પણ શ્રીહરિની મૂર્તિના જ દર્શન થાય છે. તે મુક્તોના ભેદ અનંત છે. ત્યારપછી અક્ષરધામના સીમપ્રદેશમાં સર્વે અવતારોના ધામો તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ, અવ્યાકૃત, અમૃતધામ, બદ્રિધામ વગેરે ધામો રહેલા છે. તથા મત્સ્યધામ, કુર્મધામ, વરાહધામ, કપિલધામ, હરિધામ, વાસુદેવધામ, પૃથુધામ, દત્તાત્રેયધામ, હંસધામ, નરસિંહધામ, યજ્ઞધામ, ઋષભધામ, વામનધામ, પરશુરામધામ, રામશાકેતધામ, કુમારધામ, હયગ્રીવધામ, નારદધામ, રાજરાજધામ, વ્યાસધામ, બુદ્ધધામ વગેરે અન્ય ધામો રહેલા છે. અવતારોની કોઈ સંખ્યા જ નથી.

અધ્યાય - ૧૨૦, ૧૨૧, ૧૨૨

❖ રાધા-કૃષ્ણના ગોલોકધામનું વર્ણન ❖

શંકર કહે : હે પાર્વતી, હવે તમને ગોલોક ધામનું વર્ણન કહું. પચાસ કરોડ યોજનનો ગોળો દશ કરોડ યોજન ઊંચો સો પર્વતવાળો એક પર્વત ઉપર દશ હજાર યોજનનું રાસમંડળ છે. તેવડું જ વૃંદાવન તેમાં બત્રીશ વનો છે. ત્યાં ગોપ-ગોપીઓ, ગાયો, જરા મૃત્યુથી રહિત થઈ ચૈતન્યમય મુક્ત સ્વરૂપે શ્રીકૃષ્ણ અને રાધાની સેવામાં રહેલા છે. ચારે બાજુ વીરજા નદી રહેલી છે. ચૈતન્યમય હિરા-મોતી રત્નોની ખાણો, દિવ્ય વનોમાં ભગવાન શ્રીકૃષ્ણ અનેક દાસ-દાસીઓ, પાર્ષદો, ભક્તો, મુક્તો, ગોપીઓ સાથે રાસ-રમણ કરે છે. તથા સર્વે ભક્તો અબીલ-ગુલાલ, કંકુ, કેસર-ચંદન, વસ્ત્ર અલંકારો, આભૂષણોથી પૂજા કરી શ્રીકૃષ્ણ ભગવાનનું દિવ્ય સુખ લ્યે છે. આ મહા ગોલોક શ્રીકૃષ્ણનો કહ્યો.

હવે નિજ ગોલોક રાધિકાનો છે તે કહું છું. તે રાધાજીને તેના ભક્તો-ગોપીઓ સખી ભાવે સેવા ભજન ભક્તિ કરે છે. પાર્ષદો સો વર્ષની કન્યા બાર વર્ષની એવા દિવ્ય સ્વરૂપો ધારણ કરીને શ્યામાજી-રાધાજીની સેવા ભક્તિ કરે છે. ત્યાંના સર્વે મહેલો, વનો, બગીચાઓ, વૃક્ષો સર્વે દિવ્ય છે. ત્યાં અનંતમુક્તો રાધા-કૃષ્ણનો વેષ ધારણ કરી નૃત્ય ગીત કરે છે. વાજિંત્ર વગાડી પ્રભુની પ્રેમમય ભક્તિ કરી રાધા-કૃષ્ણને રાજી કરે છે. તે નિજગોલોકમાં પણ સોળગઢમાં સોળ પાર્ષદો, વૃષભાનુ વગેરે મહાભક્તો રહેલા છે.

શંકર કહે : પાર્વતી, તે ગોલોક ધામમાં સુવર્ણના રત્ન સિંહાસનમાં બેઠેલા રાધા-કૃષ્ણના દર્શન કરવા સરસ્વતી મહામાયા રૂપ મહાલક્ષ્મી તે સર્વે રથમાં બેસી દર્શન કરવા આવે છે. સ્વયં શ્રીહરિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તે શ્રીકૃષ્ણ સ્વરૂપે અનંત ભક્તો-મુક્તો ગોપ-ગોપીઓને દિવ્ય સુખ આપે છે. તે ગોલોક ધામના સુખ પણ માયાના ત્રણ ગુણથી રહિત દિવ્ય છે.

અધ્યાય - ૧૨૩ થી ૧૨૬

❖ લક્ષ્મીનારાયણના વૈકુંઠધામનું વર્ણન ❖

ગોલોક ધામનું વર્ણન સાંભળી પાર્વતી અતિ હર્ષ પામ્યા, અને કહ્યું હવે મને વૈકુંઠધામની કથા કહો. શંકર કહે : હે દેવી, જેવી રીતે અક્ષરબ્રહ્મની સીમામાં ગોલોકધામ છે તેવી જ રીતે લક્ષ્મીનારાયણ માટે મહાવૈકુંઠ ધામની રચના અક્ષરધામના સીમપ્રદેશમાં જ કરેલી છે. શ્રીહરિના ભક્તોને શ્રીહરિના રસ વિના બીજા સર્વે રસો ખોટા અને ખારા લાગે છે. મહા વૈકુંઠધામમાં પણ માયાના વિકારથી રહિત દિવ્ય ભોગ, મહેલો, બાગ-બગીચા, સર્વે દિવ્ય છે. નારાયણની મૂર્તિમાં આનંદવાળા તે ભક્તો સંકલ્પ પ્રમાણે ભગવાનની મૂર્તિના

સુખ લ્યે છે. ત્યાં સરયુ નદી બ્રહ્મરસથી ભરેલી છે. નિત્ય આનંદ આપનારી થાય છે. હીરામોતી, રત્નો, માણેકથી શોભતાં મહેલો, કલ્પવૃક્ષ, પારીજાત અનેક પ્રકારના ફળફૂલ આપનારા વૃક્ષો, ભગવાનના અવતારોના યોગથી પ્રસંગથી તે ભક્તો, મુક્તો તે વૃક્ષરૂપે, ફળરૂપે, ફૂલરૂપે, હંસ-પક્ષીરૂપે થાય છે અને લક્ષ્મીનારાયણની સેવા કરે છે. તે સાકેતધામ પણ કહેવાય છે, ત્યાં કરોડો મહેલો છે. અબજો ભક્તો રહેલા છે. વૈષ્ણવ-વૈષ્ણવી, રમા - રામા નામથી પ્રસિદ્ધ છે. ત્યાં સર્વે બાર વર્ષની અવસ્થાવાળા દિવ્ય ભક્તો ભગવાનનું સુખ લ્યે છે.

મહા વૈકુંઠમાં સાકેત નગરીના મહેલનો રાજમાર્ગ એક કરોડ યોજન લાંબો છે. ત્યાં બંને બાજુ વૃક્ષ, વાવ, કુવા, તળાવ, ધર્મશાળા, શાંતિશાળા, બ્રહ્મપનસ, લક્ષ્મીપનસ વૃક્ષો શોભે છે તથા નારાયણસમાન રૂપવાળા ચતુર્ભુજ વૈષ્ણવો તથા ચતુર્ભુજ લક્ષ્મી સમાન રૂપવાળી વૈષ્ણવીઓ બાર વર્ષની તે પચાસ કરોડ બ્રહ્મ પ્રિયાઓ લક્ષ્મીનારાયણના દિવ્ય અલૌકિક દર્શન કરે છે. જે સ્ત્રી-પુરુષો લક્ષ્મીનારાયણની ભક્તિ પરાયણ થયેલા હોય તે મહાવૈકુંઠમાં લક્ષ્મીનારાયણની સેવામાં રહે છે. તે મહા વૈકુંઠધામમાં પણ સાત વ્યૂહની રચના છે. એક વ્યૂહમાં કરોડો, અબજો વૈષ્ણવો રહેલા છે. ત્યાં પણ કલ્પવૃક્ષની સમાન સંકલ્પ પ્રમાણે સર્વે સેવા થાય છે.

સાત વ્યૂહની અંદર આઠ દરવાજા ત્યાં અંદર રમા આદિ દાસીઓના આઠ મહેલો તે અયોધ્યા નગરીમાં રહેલા છે. તેમાં મહાલક્ષ્મીનો મહેલ અનંત શોભાથી યુક્ત છે. ત્યાં રહેલા સર્વે ભક્તો નારાયણ પરાયણ એક નારાયણમાં જ પ્રેમવાળા નારાયણના જ દર્શન કરનારા છે. એક નારાયણને જ પતિ ભાવે ભજનારા છે.

સૂર્ય-ચંદ્ર સમાન તેજસ્વી આઠ પાંખડીવાળા કમળના દિવ્ય સિંહાસનમાં બેઠેલા મહાલક્ષ્મી નારાયણની પૂજા કરવા અનંત વૈષ્ણવો-વૈષ્ણવીઓ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય વગેરે ખાદ્ય પદાર્થો તથા પૂજાની સામગ્રી લઈને હંમેશા પૂજા કરવા આવે છે. સુવર્ણના મુગટ-કુંડળો, બુટિયા, ચેન, કંઠી, હાર, બાજુબંધ, કડા, પોચી, વેઢ, વીંટી, કંદોરો, તોડાં વગેરે સુવર્ણના વસ્ત્ર અલંકારો ધારણ કરાવીને કેશર-ચંદન, અબીલ-ગુલાલ, કંકુથી પૂજા કરી આરતી ઉતારી લક્ષ્મીનારાયણ ભગવાનનું અનંત સુખ લ્યે છે. ત્યાં નંદસુનંદ, ચંડ પ્રચંડ, ગરૂડ, વિશ્વકસેન, બલ-પ્રબલ, જય-વિજય વગેરે ભક્ત પાર્ષદો મુખ્ય છે. તથા ડાબી બાજુ ધરણી લીલા યોગી વિમલા-સગુણા, જ્ઞાના-પદમા, જયા, પાંચાલી, ભાર્ગવી, લલીતા, રમા, પાર્વતી, પ્રભા, માણિકી, લક્ષ્મી, મંજુલા, ઊર્જા, ધનેશ્વરી, દીપાવલી, પ્રેમી, દેવાંશી દેવી, શુભાબાલેશ્વરી, ઓજસ્વતી, કાંતા, શાંતા, ચતુરા, હંસા, અમૃતા, મુલીકા, કસ્તુરીકા, સાવિત્રી, મૌકતી, કેશરી, જયદા, ઈશ્વરી, ભાગુલી, નંદા, દમયંતિ, રત્ના, પુષ્કરા,

નિર્મલામણિ, રલીયંતી, ચંપા, દયા, રમા, જયેશ્વરી, પાનેશ્વરી, સવિતા, પ્રભા, શાંતિ, સુખકરી વગેરે નારાયણની પટરાણીઓ પૂજાની સામગ્રી લઈને પતિ નારાયણની પૂજા કરે છે તથા પ્રભુ મૂર્તિનું સુખ લ્યે છે.

અધ્યાય - ૧૨૭

❖ જલના આવરણમાં રહેલા બીજા વૈકુંઠધામનું વર્ણન ❖

શંકર કહે : હે સતી, હવે હું તમને જલના આવરણમાં રહેલા બીજા વૈકુંઠધામની કથા કહું. તે વૈરાજ નારાયણના પુત્ર વિષ્ણુનું ધામ છે. તે પાંચ અબજ યોજન વિસ્તારવાળો છે. ત્યાં દેવ- ગંગા પવિત્ર નદી વહે છે. તેને કાંઠે અનેક ઈશ્વરો, મુક્તો, હંસરૂપે વાસ કરે છે તથા વન-ઉપવનથી શોભે છે. ફળ-ફૂલવાળા અનેક વૃક્ષોથી શોભે છે. લાખ યોજનના વિસ્તારવાળા ચાર દરવાજાથી દેવવતી નગરી શોભે છે. તથા કિશોર અવસ્થાવાળા વૈષ્ણવો નરનારી, ભક્તો સર્વે પાર્ષદ-પાર્ષદાણીઓ, દાસ-દાસીઓ સર્વે, સોનાના રત્ન સિંહાસન પર બેઠેલા શ્રીનારાયણ તથા જગતમાત હિરણ્યમયી તેની દિવ્ય વસ્ત્ર અલંકારોથી પૂજા કરી દિવ્યદર્શનનો આનંદ લ્યે છે. તે વિષ્ણુની ડાબી બાજુ પૃથ્વી દેવી તથા વિમલા, શ્યામલા, સુશીલા, સુમતિ, કુશલા, જયંતિ, સુખા, કનકા, ભાગીરથી, વિદ્યુલ્લતા, ચંદ્રકલા વગેરે અનેક પત્નીઓ પોતાના પતિ વિષ્ણુની હંમેશાં ષોડ્શોપચારથી પૂજા કરી દિવ્ય સુખ આનંદ પ્રાપ્ત કરે છે.

અધ્યાય - ૧૨૮

❖ શ્વેતદ્વિપમાં રહેલા ત્રીજા વૈકુંઠધામનું વર્ણન ❖

શંકર કહે : સતી, હવે હું તમને શ્વેતદ્વિપની ત્રીજા વૈકુંઠની કથા કહું. ક્ષીર સમુદ્રને કાંઠે તે વૈકુંઠધામમાં સનકાદીક મુનિઓ અનેક યોગીઓ પંચશીખ વગેરે બ્રહ્માના માનસ પુત્રો અનેક ઋષિઓ નિરન્નમુક્તો, તપસ્વીઓ વાસ કરે છે. તેમાં કેટલાક પાણી પીનારા, કેટલાક એકવાર જમતાં ફળફૂલ ખાનારા, મૂળકંદ ખાનારા, પાંદડા ખાનારા, વાયુના આહારવાળા, સૂર્યકિરણનું પાન કરનારા, વલ્કલ ધારણ કરનારા, દિગંબર રહેનારા, તિલક-ચાંલ્લો, કંઠી-માળા ધારણ કરનારા, સર્વે વૈરાગ્યવાળા રાગદ્વેષથી રહિત શ્રીહરિની ભક્તિપરાયણ રહેનારા તે નિરન્નમુક્તો અનેક શોભાથી યુક્ત ઐરાવતી નગરીમાં રહેલા સુવર્ણના સિંહાસન પર બેઠેલા ચતુર્ભુજ નારાયણનું પૂજન કરી નવધાભક્તિ કરે છે. તેની ડાબી બાજુ લક્ષ્મી બાર વર્ષની અવસ્થાવાળા તેજસ્વી બેઠેલા છે. તેની સેવામાં અનંતદાસીઓ રહેલી છે. ત્યાંના ભક્તો મુક્તો, દાસ-દાસીઓ પણ માયાના વિકારે રહિત છે. ત્યાંના વાસીઓ મહાવિષ્ણુની ઉપાસના કરે છે.

અધ્યાય - ૧૨૯

❖ ક્ષીર સમુદ્રમાં રહેલા ચોથા વૈકુંઠધામનું વર્ણન ❖

શંકર કહે : સતી, હવે હું તમને ક્ષીર સમુદ્રમાં ચોથું વૈકુંઠ રહેલું છે તે કથા કહું. પ્રભુ દેવોના કાર્યને કરવા માટે ત્યાં રહેલા છે. મેઘસમાન શ્યામવર્ણવાળા દૂધ જેવી પૃથ્વી પર તેજસ્વી સુદર્શનચક્રથી સમુદ્રને સ્થિર કરીને ત્યાં રહેલા છે. દૂધ જેવા ધોળા મહેલ, દીવાલચોક દરવાજા, વનો, વૃક્ષ સર્વે વસ્ત્રો, આભૂષણો, ખાન-પાન, વાહન, શય્યા સર્વે દૂધ જેવા ધોળા તથા સુખ-શાંતિ આપનારા છે. શ્રીહરિની ઈચ્છાથી સર્વે સમૃદ્ધિ ત્યાં રહેલી છે. ત્યાં હજાર મુખવાળા શેષશય્યામાં કમલાપતિ નારાયણ વસ્ત્ર અલંકારોથી શોભે છે. તેમની સેવામાં લક્ષ્મીજી ચરણસેવા કરે છે. તે ક્ષીર સમુદ્રમાં અનેક નદીતીર્થ, પર્વતતીર્થ, સરોવર તીર્થ, તે મુક્તોના સ્વરૂપ ધારણ કરીને શેષનારાયણના દર્શન ભક્તિ કરે છે. તથા માર્કન્ડેય બલીબા અશ્વસ્થામાં, હનુમાન, વિભીષણ, નીમી, પરશુરામ, વ્યાસ મનુ, સત્યવ્રત, નંદગયરાજા વગેરે અનેક દેવો ત્યાં વાસ કરે છે. બ્રહ્મા, રૂદ્ર દેવોથી પૂજાયેલા છે. તે ભગવાન દૈત્યો રાક્ષસોનો નાશ કરવા દેવોને સહાય કરીને ક્ષીર સમુદ્રમાં વૈકુંઠમાં શેષ-શય્યામાં સદા વાસ કરે છે. મોક્ષની ઈચ્છાવાળાએ ઈન્દ્રીયોની વૃત્તિ કુંઠીત થાય ત્યારે માનવું આપણે વૈકુંઠમાં વાસ કર્યો છે.

શંકર કહે : સતી, એવી રીતે અનંત અવતારોના અનંત ધામો, અનંત દિવ્ય વૈભવો, અનંત દિવ્ય મુક્તોનો કોઈ પાર લઈ શકે જ નહીં. તે પ્રભુના ધામમાં જવા માટે પ્રભુની શરણાગતિ મંત્ર લઈ અનુવૃત્તિમાં રહી તે પ્રભુની ભક્તિ કરવાથી આ લોકમાંથી મુક્તિ મળે છે. તેથી મેં પરબ્રહ્મ, પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની શરણાગતિ મંત્ર લઈ તેમના ચિહ્નો, તિલક, ચાંદલો, કંઠી, માળા, મુદ્રા વગેરે ધારણ કરું છું અને તને પણ મંત્ર દિક્ષા આપી તથા સર્વે મુમુક્ષુઓનો મંત્ર દિક્ષામાં આપું છું. તે પરબ્રહ્મની પ્રાપ્તિ ભક્તિથી, જ્ઞાનથી, ધ્યાનથી, યોગથી, તપથી, યજ્ઞથી, વૈરાગ્યથી, જપથી, કથાશ્રવણ વગેરેથી થાય છે. એમ કહી શંકરે પાર્વતીને "બ્રહ્માહં બ્રહ્મ ભક્તોસ્મિ" એ મંત્ર આપી આત્મનિવેદી ભક્તો બનાવ્યા. ત્યારથી પાર્વતી અન્નજળ લક્ષ્મીનારાયણને અર્પણ કરી ગ્રહણ કરતા તથા લક્ષ્મીનારાયણની ષોડ્શોપચારથી પૂજા કરતા. ત્યારથી શંકર-પાર્વતી જગત પરમેશ્વર થયા.

અધ્યાય - ૧૩૦

❖ શંકરનું ત્રિપુંડ, ભસ્મ અને રૂદ્રાક્ષ ધારણ કરવાનું કારણ ❖

લક્ષ્મીજીએ પૂછયું : હે નારાયણ, તો પછી શંકર ત્રિપુંડ, ભસ્મ અને રૂદ્રાક્ષ કેમ ધારણ કરે છે ? શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, પૂર્વે નમુચી દૈત્ય ત્રિલોકીનું શાસન કરી દેવોને દુઃખ આપતો હતો. દેવો વિષ્ણુ પાસે ગયા. દુઃખથી મુક્ત કરવા સ્તુતિ કરી. વિષ્ણુએ શંકરને

બોલાવીને કહ્યું - તમે નમુચી દૈત્યને મોહ પમાડવા કપટ ધર્મનું, પાખંડ ધર્મનું આચરણ કરી તેનો નાશ કરો. ત્યારે શંકર કહે : વૈષ્ણવપણાનો ત્યાગ કરું વૈષ્ણવના ચિહ્નોનો ત્યાગ કરું તો તો મારો નાશ થાય. વિષ્ણુ કહે : મારી આજ્ઞાથી પરોપકારને માટે તમને બાધ નહીં આવે. મારી આજ્ઞામાં રહી મારો જપ કરનાર સંસારમાં ક્યાંય બંધાતો નથી. માટે "ૐ હરયે નમઃ" આ મંત્ર બોલી તમે મારી આજ્ઞાનું પાલન કરો. મારી આજ્ઞા છે, તેજ ધર્મ છે. કામ, ક્રોધ, લોભ, કપટ હિંસા વગેરે દોષ છે. છતાં જો મારી આજ્ઞામાં હોય તો તે ધર્મ છે. તેથી જેમ હું નિર્લેપ છું, તેમ તમે પણ નિર્લેપ રહેશો. પછી શ્રીહરિની આજ્ઞાથી શંકરે વૈષ્ણવ ચિહ્નો તિલક, કંઠી, માળા વગેરે બહારથી ત્યાગ કરી હૃદયમાં રાખ્યા. બહાર ભસ્મ, અસ્થિ, કપાલ, મૂંડમાળા, સ્નાન રહિત વગેરે તામસી ધર્મો સ્વીકારી ફરવા લાગ્યા. દૈત્યો પણ તેવી રીતે શંકરને જોઈ પોતે આચરણ કરવા લાગ્યા. પાશુપત શાસ્ત્રો પ્રમાણે દારૂ-માંસનું ભક્ષણ કરવા લાગ્યા. સ્નાન-દાનથી યજ્ઞ, સત્કાર્યોથી રહિત થયા તેથી તે નમુચી વગેરે દૈત્યોની શક્તિ ઓછી થઈ તેથી દેવોએ દૈત્યોને જીતી સ્વર્ગ પ્રાપ્ત કર્યું. તેથી જે તામસી છે, દૈત્યો છે તેમને તામસી દેવ જાણીને ભાંગ-ગાંજો ધરે છે. પણ હું શ્રીહરિના સાત્વિક પ્રસાદ વિના કાંઈ પણ ગ્રહણ કરતો નથી.

અધ્યાય - ૧૩૧

❖ મત્સ્ય અવતાર પ્રાગટ્ય ❖

લક્ષ્મી પૂછે : પ્રભુ, દૈત્યોનો વિષ્ણુ નાશ કરે છે ફરી પાછા ક્યાંથી થાય છે ? શ્રીનારાયણ કહે : પૂર્વે બ્રહ્માના મરીચી તેના કશ્યપ થયા. તે એકવાર સંધ્યા સમયે સમુદ્ર કાંઠે બેઠા હતા ત્યારે તેની પત્ની દિતીએ તે સમયે રજોગુણમાં આવી પતિ પાસે સંગની માંગણી કરી. કશ્યપે ના પાડવા છતાં માની નહીં. સંધ્યા સમયે ગર્ભદાન સમયે ત્યાં પાણીમાં જળઘોડા અવાજ કરતા હતા. તેથી દિતીને તે ગર્ભનો જન્મ થતા શરીર મગરનું, માથું ઘોડાનું, તે હયગ્રીવ દૈત્ય થયો. મોટો થઈ પિતામહ બ્રહ્મા પાસે ગયો. વેદ લાવો. બ્રહ્માએ કહ્યું - પુત્ર તું વેદ ભણીશ. દૈત્ય કહે : વેદ ભણાય નહીં, ભણાવાય નહીં, વિધિ-નિષેધ પાળવા પડે, યજ્ઞો કરવા પડે, ધર્મ કરવા પડે. બધું બંધ કરી વેદને સમુદ્રમાં લઈ ગયો. પૃથ્વી પર સત્કાર્યો બધા બંધ થયા ત્યારે શ્રીહરિએ મત્સ્યરૂપ ધારણ કરી હયગ્રીવ દૈત્યને મારી વેદને લાવી બ્રહ્માને આપ્યા. ત્યારે ફરીથી વેદની પ્રવૃત્તિ વિધિ-નિષેધ યજ્ઞો, પૂજન સર્વે સત્કાર્યો ચાલુ થયા.

અધ્યાય - ૧૩૨

❖ ચાર પ્રકારનાં પ્રલય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માનો દિવસ પૂરો થાય સાંજ પડે ત્યારે પાતાળથી ઉપર સ્વર્ગ સુધી દશલોક નાશ થાય છે. પ્રથમ સો વર્ષ દુષ્કાળ પડે ત્યારે નદી, સમુદ્ર સુકાઈ

જાય. દેહધારીઓ નાશ પામે. પછી સો વર્ષ સૂર્ય તપે તે પૃથ્વી પર્વતને બાળીને ભસ્મ કરી દે. પછી સો વર્ષ સુધી બારે મેઘ વર્ષે સ્વર્ગ સુધી પાણી ભરાય. તે ત્યારે પુણ્યશાળી જીવો મહરજન, તપ અને સત્યલોકમાં રહે છે. આ રીતે બ્રહ્માને સાંજે દિવસ પુરો થાય ત્યારે દશ લોકનો નાશ થઈ સવારે બ્રહ્મા ફરી સ્વર્ગ, પાતાલ વગેરે સર્જન કરે તેને બ્રહ્માનો નિત્ય પ્રલય કહેવાય છે. ત્યારે શ્રીહરિ મત્સ્ય અવતાર ધારણ કરીને વહાણમાં ભરેલા બીજરૂપ જીવનું આખી રાત ચાર હજાર યુગ સુધી રક્ષણ કરી સવારે બ્રહ્માને સોંપે છે. બ્રહ્માના સો વર્ષ પૂરા થાય ત્યારે સત્યલોક સહિત ચૌદ લોકના બ્રહ્માંડનો નાશ થાય તે નિમિત્ત પ્રલય કહેવાય છે. અને જીવાત્માને પ્રભુનો યોગ થાય અને પ્રગટ પ્રભુની ભક્તિ કરે તેનો મોક્ષ થાય. તે આત્યંતિક પ્રલય કહેલો છે. મૂળ માયામાંથી થયેલા ચોવીસ તત્ત્વો સહિત અનંત બ્રહ્માંડનો પ્રલય થાય છે. તે પ્રાકૃત પલય કહેવાય છે અને જીવાત્માને પ્રભુનો યોગ થાય અને પ્રગટ પ્રભુની ભક્તિ કરે તેનો મોક્ષ થાય તે આત્યંતિક પ્રલય કહેલો છે. આ રીતે નિત્ય, નિમિત્ત, પ્રાકૃત, આત્યંતિક ચાર પ્રકારના પ્રલયની કથા વાર્તા સાંભળે તો જીવને જ્ઞાન થાય છે. ટૂંક સમય જીવવું અને ભગવાનને ભૂલી ન જવાય તે અનુસંધાન રાખવું.

અધ્યાય - ૧૩૩

❖ વરાહ અવતાર પ્રાગટ્ય ❖

લક્ષ્મીએ પૂછ્યું : હે હરિકૃષ્ણ, પ્રભુએ વરાહ અવતાર ક્યારે ધારણ કર્યો ? શ્રીનારાયણ કહે : વિષ્ણુએ હયગ્રીવને માર્યો. દિતીને શોક બહુ થયો. કશ્યપને કહે : મને બે બળવાન પુત્રો આપો જે વિષ્ણુને મારીને ત્રિલોકને વશ કરે. દિતીએ સો વર્ષ તપ કર્યું. પચાસ વર્ષ કંદમૂળ ખાધા, પચીસ વર્ષ પાણી પીધું, પચીસ વર્ષ નિરાહાર રહી બ્રહ્માને પ્રસન્ન કર્યા. બ્રહ્માએ વરદાન માંગવાનું કહ્યું. દિતીએ કહ્યું, વિષ્ણુ જેવા બે પુત્રો આપો. બ્રહ્મા કહે : વિષ્ણુ જેવો બીજો કોઈ છે જ નહીં, તું બેસ હું હમણાં આવું છું. એમ કહી બ્રહ્મા વૈકુંઠમાં ગયા. વિષ્ણુને વાત કરી. વિષ્ણુ કહે : પૂર્વે જય-વિજયને સનકાદિકના શાપ થયેલા છે. તે બંને મારા દ્વારપાળને દિતીને ત્યાં જન્મ ધારણ કરવાનું કહું છું. તમે દિતીને વરદાન આપો. તે નિમિત્તે મારે પૃથ્વી પર અવતાર ધારણ કરવાનું થાય અને ભક્તો મારા લીલા ચરિત્રોના ગાન કરી, કથા શ્રવણ કરી ભક્તિ કરે. પૂર્વે શ્રીહરિની પ્રેરણાથી બ્રહ્માના માનસપુત્રો સનક-સનંદન, સનત, સુજાત, સનાતન આ ચાર સાધુ પાંચ વર્ષના બાળક બની વૈકુંઠમાં વિષ્ણુના દર્શને આવ્યા. દ્વારપાળ જય-વિજયે રોક્યા, લાકડી મારી અપમાન કર્યું. વસ્ત્ર વિના અંદર ક્યાં જાવ છો. સનકાદિકોએ શાપ આપ્યો. તમે પ્રભુના દરવાજે રહેવા લાયક નથી જાવ પૃથ્વી પર મનુષ્ય જન્મ ધારણ કરો. ત્યાં લક્ષ્મીનારાયણ આવ્યા. સનકાદિકને પગે લાગીને કહ્યું. તમારા જેવા સાધુનો મારા હાથ દ્રોહ કરે તો હાથને કાપી નાખું. તમે

શાપ દંડ આપ્યો તે સારું કર્યું. તે ત્રણ જન્મ સુધી દૈત્ય ભાવે મારું ભજન કરી પાછા વૈકુંઠ આવશે. તે બંને હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા.

અધ્યાય - ૧૩૪

❖ ભગવાન વરાહ દ્વારા હિરણ્યાક્ષ વધ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, સો વર્ષ સુધી બંને માતાના ગર્ભમાં રહી જન્મ્યા. હિરણ્યકશિપુ મોટો. હિરણ્યાક્ષ નાનો. બંને પર્વત જેવા આઠ આવરણમાં ફરનારા સૂર્ય-ચંદ્ર વરૂણ યમ-કુબેર સર્વેને જીતી વશ કરીને ત્રિલોકીના રાજા થયા. એક વખત તો મેરુપર્વત જેવું મોટું સ્વરૂપ કરી હજાર હાથથી આ પૃથ્વી આખી ઉપાડીને પાતાળમાં લઈ ગયો ત્યારે દેવ-મનુષ્યો, ઋષિ-મુનિઓમાં હાહાકાર થયો. સર્વ દેવો શ્રીહરિને શરણે ગયા, પ્રભુ રક્ષણ કરો. તમારા વિના અમારું બીજું કોઈ રક્ષણ કરનાર નથી. ત્યારે સર્વે દેવોને વિશ્વાસ આપી બ્રહ્માંડમાં વ્યાપી જાય એવું વરાહ સ્વરૂપ ધારણ કરી, મહાજળમાં પ્રવેશ કરી સો વર્ષ સુધી ગદાથી હિરણ્યાક્ષ સાથે યુદ્ધ કરી તેનો નાશ કરી પોતાના દાંત ઉપર પૃથ્વી મૂકી ઉપર આવ્યા. દેવોએ, બ્રહ્માએ, ઋષિ-મુનિઓએ પૂજા કરી, સ્તુતિ કરી : "નમો વરાહાય સ્વરૂપાય નમો નમઃ" વરાહ પ્રભુએ પૃથ્વી બ્રહ્માને સોંપી.

અધ્યાય - ૧૩૫, ૧૩૬

❖ શંકરનું હિરણ્યકશિપુને વરદાન ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, હિરણ્યાક્ષનો નાશ થવાથી મોટો હિરણ્યકશિપુ બધા દૈત્યોને બોલાવીને કહે : વિષ્ણુ વરાહનું રૂપ લઈ મારા ભાઈને મારી નાખ્યો. માટે વેર લેવું છે. દૈત્યો સર્વે જીવતા છે. અને વિષ્ણુ સુખેથી જીવે તો આપણે બધાં ઘાસ ખાતા કહેવાય. માટે કાં વિષ્ણુ નહીં, કાં આપણે નહીં. હું તપ કરવા જાઉં છું. તમે બધા બ્રાહ્મણના વેશ લઈ યજ્ઞ ધર્મ-કર્મનો નાશ કરો તેથી દેવોનું બળ ઘટી જાય. એમ દૈત્યોને કહીને મંદરાચળ પર દશ હજાર વર્ષ નિરાહાર રહી તપ કર્યું. તેના તપના તેજથી સર્વે લોકો, દેવો ત્રાસ પામ્યા. ક્ષીર સમુદ્રમાં રહેલા વૈકુંઠમાં શેષશાયી વિષ્ણુ પાસે આવ્યા પ્રથમ બ્રહ્મા પાસે આવ્યા. બ્રહ્મા શંકરને લઈને હિરણ્યકશિપુ પાસે આવ્યા. બ્રહ્મા કહે : આ શંકર તને વરદાન દેવા આવ્યા છે. તપમાંથી બેઠો થા. હિરણ્યકશિપુ શંકરને નમસ્કાર કરીને કહે, જો તમારે મને વરદાન આપવું હોય તો હું કોઈનાથી ન મરુ. દેવ-દૈત્ય, અસુર, રાક્ષસ, દાનવ, માનવ જીવપ્રાણીમાત્ર, જળ, ચૈતન્ય, પશુ-પક્ષી, આકાશમાં, પૃથ્વીમાં, ઘરમાં, બહાર કોઈથી ન મરું. રૂદ્ર કહે : તથાસ્તુ. કહી પોતાના સ્થાનમાં ગયા.

વરદાન પ્રાપ્ત કરી હિરણ્યકશિપુ સર્વે દેવોને જીતી પોતાને વશ કર્યા. બ્રહ્માના સત્યલોક સિવાય બધા લોકની સંપત્તિ કબજે કરી. દૈત્યો સર્વે દેવોને, ઋષિ-મુનિઓને, સાધુઓને પીડવા લાગ્યા. યજ્ઞ, કર્મકાંડ, પૂજન, વિધિ સર્વે બંધ કર્યા. કોઈ રક્ષણ કરનારું રહ્યું નહીં. ત્યારે સર્વે ઈન્દ્રાદીક દેવો પિતૃઓ વગેરે ક્ષીર સમુદ્રમાં વિષ્ણુ પાસે આવ્યા સ્તુતિ કરી "શરણાય નમઃ".

અધ્યાય - ૧૩૭, ૧૩૮

❖ હિરણ્યકશિપુ દ્વારા પુત્ર પ્રહલાદને અનેક દંડ ❖

વિષ્ણુ કહે : તમે બધા દેવો શ્રીહરિનું ભજન કરો. વિષ્ણુએ પ્રહલાદને ભક્ત બનાવી હિરણ્યકશિપુનો નાશ કરવાનો વિચાર કર્યો. દેવ, બ્રાહ્મણ, સાધુ-સાધ્વી, ગાય, ધર્મ વગેરે દ્વેષ કરનારાને પ્રભુ દંડ આપે છે. કદાચ એવો કોઈ ભક્ત હોય તો પણ પ્રભુ તેને શિક્ષા કરે છે. ઉતાનપાદ રાજાની કન્યા તે હિરણ્યકશિપુની પત્નીમાં પ્રહલાદ, આહલાદ, સંહલાદ, હલાદ આ ચાર પુત્રો થયા. તેમાં પ્રહલાદ જન્મથી જ વિષ્ણુનો ભક્ત. સંતની સેવા, વિષ્ણુની ભક્તિ, વ્યસનથી રહિત, આત્મનિષ્ઠાવાળો, ભગવાનનો એકાંતિક ભક્ત હતો. બાલક્રિડામાં જરાય રસ નહીં. કેવળ શ્રીહરિનું નામ સ્મરણ, ભક્તિ કરતો. ખાતા-પિતાં, ચાલતા, સૂતા, બેસતા, ન્હાવામાં સર્વ ક્રિયામાં શ્રીહરિકૃષ્ણ વિના કંઈ બીજું બોલતો નહીં. તે પ્રહલાદને શુક્રાચાર્યના પુત્ર ષંડામર્ક તેની પાસે આસુરી વિદ્યા ભણાવવા રાખ્યા. પ્રહલાદ આસુરી વિદ્યા તજી સર્વે બ્રહ્મવિદ્યા વેદશાસ્ત્રનો અભ્યાસ કરી આત્મા-પરમાત્માનું જ્ઞાન મેળવી પિતા પાસે આવી પગે લાગ્યો.

હિરણ્યકશિપુએ પૂછ્યું, બેટા, શું ભણ્યો. પ્રહલાદ કહે : કુટુંબમાંથી પ્રિતી તોડી આત્મામાં પ્રિતી કરી આત્માને વિષ્ણુમાં જોડવો. સર્વે અર્થ વિદ્યા આપનારા પરમેશ્વર છે. તે સર્વેમાં રહ્યા છે. પુત્રની જ્ઞાનની ગર્ભિતવાણી સાંભળી ષંડામર્કને બોલાવી કહ્યું, તમે પ્રહલાદને વિષ્ણુની વિદ્યા કેમ શીખવાડી. ષંડામર્ક કહે : અમે તો આસુરી વિદ્યા ભણાવતા હતા. પણ તેને ગ્રહણ ન કરી. ષંડામર્ક ફરી ભણાવવા લાગ્યા. તમારા પિતા નારાયણ છે. પ્રહલાદ કહે : સર્વેના પિતા નારાયણ વિષ્ણુ પરમેશ્વર છે. તે પિતા સમાન આત્માનું રક્ષણ કરનારો કોઈ જ નથી. હિરણ્યકશિપુ કહે : મારા પુત્રને આવું કોણ ભણાવે છે. પ્રહલાદ કહે : પિતા હું જન્મથી જ આવું ભણેલો છું. સાધુના સંગ વિના, સાધુ સેવા વિના, નારાયણની ભક્તિ જ્ઞાન સમજાતા નથી. ક્રોધ કરી હિરણ્યકશિપુ કહે : આને લઈ જાવ મારી નાખો. આ છોકરો વિષ્ણુના પક્ષનો છે. આપણો શત્રુ છે, રોગ અને શત્રુ ઉગતા જ નાશ કરવા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હિરણ્યકશિપુની આજ્ઞાથી સર્વે દૈત્યો અસ્ત્રો-શસ્ત્રો લઈ મારવા આવ્યા. શ્રીહરિએ પ્રહલાદનું શરીર વજ્રનું બનાવી દીધું. તેથી શસ્ત્રો બધા પાછા

પડ્યા. દૈત્યોએ હિરણ્યકશિપુને કહ્યું, શસ્ત્રો પ્રહલાદને અડતા જ નથી. હિરણ્યકશિપુ તેને મારવા મંત્ર, ગળે ટૂંપો, કેટલાય પ્રયોગ કર્યા. બધા નિષ્ફળ. શ્રીહરિએ માતાની જેમ રક્ષા કરી. હિરણ્યકશિપુએ સર્પોને બોલાવી દંશો અપાવ્યા. સર્પો ઝેર વિનાના થયા, દાઢો ભાંગી ગઈ. શ્રીહરિએ મોકલેલા ગરૂડને જોઈ સર્પો ભાગી ગયા. હિરણ્યકશિપુએ હાથીને મોકલ્યો. હાથીના દાંત ભાંગી ગયા પણ પ્રભુકૃપાથી પ્રહલાદને કાંઈ ન થયું. પછી અગ્નિ પ્રગટાવી અગ્નિમાં પ્રહલાદને નાખ્યો. ચારેકોર હાહાકાર થઈ ગયો કે આ પિતા છે કે શત્રુ. તે અગ્નિ પણ ઠંડા પાણી જેવો થઈ ગયો. તો પણ મૂઢ, અજ્ઞાની હિરણ્યકશિપુ જાણતો નથી કે આ પુત્રનું રક્ષણ કરનારો કોણ છે ? ખાણમાં નાખ્યો, પર્વત પરથી પછાડ્યો તો પણ મર્યો નહીં. ત્યારે હિરણ્યકશિપુ ભયભીત થઈને કહે : આને સમુદ્રમાં નાખી આવો, હિમાલયમાં નાખી આવો, દૈત્યો પાછા આવે તે પહેલા પ્રહલાદ આવી જાય.

અધ્યાય - ૧૩૯

❖ નૃસિંહ અવતાર પ્રાગટ્ય ❖

હિરણ્યકશિપુ કહે : તું કહે છે વિષ્ણુ મારું રક્ષણ કરે છે તો તે વિષ્ણુ છે ક્યાં તે બતાવ. પ્રહલાદ કહે : તમારામાં છે, મારામાં છે. સર્વેમાં છે, વ્યાપક છે, કોઈ એવી જગ્યા નથી જ્યાં પ્રભુ ન હોય. હિરણ્યકશિપુ કહે : તને આવું જ્ઞાન કોણે, ક્યારે આપ્યું ? પ્રહલાદ કહે : તમે તપ કરવા ગયા ત્યારે ઈન્દ્ર મારી માતાનું અપહરણ કરી મને મારી નાખતો હતો. ત્યાં નારદજી કહે : ઈન્દ્ર આ કન્યાને તું મારી પાસે મૂકી જા. કલ્યાણીના ગર્ભમાં પ્રભુનો ભક્ત છે. તેને આત્મા-પરમાત્માનું જ્ઞાન આપવું છે. ઈન્દ્ર કલ્યાણીને નારદના આશ્રમમાં મૂકી જતો રહ્યો. નારદજીએ કલ્યાણીને ઉપદેશ આપ્યો. આ આત્મા નર નથી, નારી નથી, નપુંસક નથી, કોઈ બાપ નથી, કોઈને દીકરો નથી. દૈત્ય-દાનવ આ રાક્ષસ, અસુર કાંઈ નથી. સચ્ચિદાનંદ સ્વરૂપ એવો આત્મા સત્વગુણમાં હોય ત્યારે સુખ-શાંતિ રહે છે. રજોગુણમાં હોય ત્યારે રાગ-રંગ દ્વેષ પ્રવૃત્તિ થાય છે. તમોગુણમાં હોય ત્યારે હિંસા-આદિક પાપમાં પ્રવૃત્તિ થાય છે. ત્રણે દેહ, ત્રણ અવસ્થા બાળ, યુવાન અને વૃદ્ધ આ બધાં શરીરનાં ધર્મો છે. તે જાણીને જો પરમાત્માનો આશ્રય કરતા આ જીવાત્મા ભગવાનનો ભક્ત બની ભગવાનની ભક્તિ કરી ભગવાનને પામે છે. હે પિતાજી હે મિત્રો, આ જ્ઞાન મને નારદજીએ ગર્ભમાં આપેલું છે. એટલે મને મરણનો ભય ટળી ગયો છે. હિરણ્યકશિપુ કહે : દુષ્ટ ઈશ્વર હું છું, મારા વિના બીજો કોઈ ઈશ્વર નથી. મને કહે તારો રક્ષણ કરનારો પરમેશ્વર ક્યાં છે. આ થાંભલામાં છે તો બતાવ. ત્યાં તો થાંભલો ફાટ્યો તેમાંથી નૃસિંહ પ્રભુ પ્રગટ થયા. બ્રહ્માંડ ફાટી જાય એવી ગર્જના કરીને દૈત્યોના કાન ફાટી ગયા, પડી ગયા, ભાગી ગયા, મૂર્છા પામ્યા, અતિ તેજસ્વી નૃસિંહ પ્રભુએ હિરણ્યકશિપુને ત્યાં જ દ્વારમાં પકડી લીધો.

અધ્યાય - ૧૪૦

❖ ભગવાન નૃસિંહ દ્વારા ભક્ત પ્રહલાદની રક્ષા ❖

નૃસિંહ ભગવાને અતિ તેજસ્વી વિકરાળ ભયંકર સ્વરૂપ બતાવ્યું. તે જોઈ દૈત્યો યુદ્ધ કરવા આવ્યા. સર્વે દૈત્યોનો નાશ કરી નૃસિંહ પ્રભુ હિરણ્યકશિપુને આપેલા વરદાન પ્રમાણે નાશ કર્યો. તે સમયે દેવો, ગાંધર્વો, સિદ્ધો, ચારણો, વિદ્યાધરો, કિન્નરો, કીં પુરુષો પુષ્પ વૃષ્ટિ કરી સ્તુતિ કરતા હતા. અક્ષર સ્વરૂપ મુક્તોએ પૂજેલા અનેક અવતારો ધારણ કરી ધર્મભક્તિ સાધુ-બ્રાહ્મણ, ગાય, દેવો, માનવોનું રક્ષણ કરનારા, તમોને નમસ્કાર શાંત સ્વરૂપ હોવા છતાં અત્યારે ભક્તના રક્ષણ માટે ક્રોધને ગ્રહણ કરનારા તમને નમસ્કાર. તે સમયે લક્ષ્મીજી આવ્યા. દેવોએ કહ્યું તમો પ્રભુ પાસે જઈ ક્રોધ શાંત કરો. પણ લક્ષ્મી પાસે જઈ શક્યા નહીં. ત્યારે પ્રહલાદે નૃસિંહ પ્રભુ પાસે જઈ દંડવત કર્યા, પગે લાગ્યો. પ્રભુએ પ્રેમથી માથે હાથ મૂકી ભેટ્યા, છાતીમાં ચરણારવિંદ આપી પ્રહલાદને હેતથી ચાટવા લાગ્યા. પછી લક્ષ્મીએ પૂજા, સ્તુતિ કરી. પ્રભુએ પ્રહલાદને વરદાન માગવાનું કહ્યું. પ્રહલાદ કહે : પ્રભુ તમારું સૌમ્ય સ્વરૂપનું દર્શન કાયમ થાવ. તમારા સંત-ભક્તોનો સમાગમ હંમેશાં રહો. આ તમારા વિકરાળ સ્વરૂપથી નથી બીતો પણ માયાના દોષ રૂપી જે શત્રુ છે, તેનાથી વધારે ભય પામું છું. તેથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર રાગ-દ્વેષ ઈર્ષ્યા, અભિમાન વગેરે માયાના અનંત દોષ થકી રક્ષણ કરજો. નૃસિંહ પ્રભુએ આશીર્વાદ આપી કહ્યું તને માયાના દોષો બાધ નહીં કરી શકે પછી પ્રભુએ પ્રહલાદને ગાદીએ બેસાડી અભિષેક કર્યો અને પ્રભુ અતિ પ્રસન્ન થયા.

અધ્યાય - ૧૪૧

❖ નૃસિંહ પ્રભુનું ભક્ત પ્રહલાદને વરદાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નૃસિંહપ્રભુએ પ્રહલાદની પરીક્ષા કરવા માટે પૂછ્યું. બોલ બ્રહ્માંડ રાજ્ય જોઈએ છીએ કે વૈરાટ વિષ્ણુપદ દઉં. પ્રહલાદ કહે, પ્રભુ મારે તો શાશ્વત એવું તમારું ધામ અને મુક્તિ વિના બીજું કાંઈ જોઈતું નથી. પ્રભુ તમારી કૃપાથી પ્રકૃતિપુરુષ પર્યંત સર્વે નાશવંત છે એવું નારદજીએ સમજાવ્યું છે. તેથી જો આપવું હોય તો તમારી નવધા ભક્તિ તથા તમારા સંતોની સેવા આપો. પ્રભુ અતિ રાજી થઈ કહે : પ્રહલાદ જે ભક્ત મારી પાસે નથી માંગતો તેને હું વણમાંગ્યુ બધુ આપું છું. જે મારી પાસે આશાથી ભક્તિ કરે છે તેને હું મારાથી દૂર રાખું છું. આવો મારો સ્વભાવ છે. તેથી હે ભક્ત હું તને પાતાલનું રાજ્ય આપું છું. તે સર્વે વસ્તુ પદાર્થ મને અર્પણ કરી ઉપયોગમાં લઈશ તો તને બંધન નહીં થાય.

અધ્યાય - ૧૪૨, ૧૪૩

❖ જૂનાગઢના તીર્થોનું વર્ણન - મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે હું તમને વામન પ્રભુની કથા કહું. પ્રહલાદનો વીરોચન થયો તેનો બલીરાજા થયો. તેણે ગીરનારની દૈવીભૂમિમાં યજ્ઞ કર્યો. જ્યાં નારાયણ ધરો, દામોકુંડ, સ્વર્ણરેખા નદી જેવા મહાન તીર્થો રહેલા છે. જે સૂર્યપુત્ર રૈવત તે હિમાલયમાંથી પર્વત લાવ્યો તેથી રૈવતાચલ નામ થયું. જ્યાં સર્વે અવતારો વાસ કરે છે. યોગિનીઓને રહેવાનું ધામ છે. જ્યાં દેવ-દેવીઓ કૃષ્ણપ્રિયાઓ વાસ કરે છે. રાધામંદિર છે. જે રૂકમાંગદ રાજાએ રાજધાની સ્થાપી છે. અનેક ફળફૂલવાળા વૃક્ષોથી શોભતું વન. જ્યાં બ્રહ્મકુંડ ભવેશ્વર મહારાજ બિરાજે છે. જ્યાં ચક્રતીર્થ છે. જ્યાં કાર્તિક માસમાં લાખો યાત્રાળુઓ પ્રદક્ષિણા કરવા આવે છે. જ્યાં જપ કરવાથી સ્વર્ગ મળે છે. ગીરનાર પર્વત જ સ્વર્ગ સમાન છે. જ્યાં અનેક સાધુ-સાધ્વીઓ રૂપે દેવ-દેવીઓ વિચરે છે. જ્યાં કાર્તિક માસમાં સર્વે અવતારો બ્રહ્માદીક ઈશ્વરો-દેવો પ્રદક્ષિણામાં આવે છે. જ્યાં પરબ્રહ્મ શ્રીહરિનું મંદિર રહેલું છે. તેમાં હરિકૃષ્ણ, રાધા-રમણ-રણછોડરાય, ત્રિકમરાય, સિદ્ધેશ્વર, હનુમાન, ગણપતિ બિરાજી ભક્તોના સંકલ્પ પૂર્ણ કરી મોક્ષ પ્રદાન કરે છે. જ્યાં ગયરાજાએ પૂર્વે યજ્ઞ કરી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. જ્યાં ઋષિઓ તપ કરીને, ભક્તો ભક્તિ કરીને તથા યાત્રાળુ દાન કરીને વિષ્ણુના પાર્ષદો સાથે વિમાનમાં બેસી ધામમાં જાય છે. એવું આ તીર્થ છ ગાઉનું વસ્ત્રાપથ નામે પ્રસિદ્ધ છે. જે ગીરનારની પશ્ચિમે વામનસ્થલી આવેલી છે. આવી ગીરનારની પવિત્ર ભૂમિમાં બલીરાજાએ યજ્ઞ કરવાનો શુભ સંકલ્પ કર્યો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જે ગીરનારની પૂર્વે અશ્વપટ સરોવર કુંકુમવાપી રહેલું છે. ઉત્તરમાં ભદ્રાવતી નદી વહે છે. દક્ષિણમાં સોમનાથ રહેલા છે. એવા ગીરનાર પર અનેક અવતારો દેવ-દેવીઓનો વાસ રહેલો છે.

અધ્યાય - ૧૪૪ થી ૧૪૭

❖ વામન અવતાર પ્રાગટ્ય ❖ મહાધર્મિષ્ઠ બલિરાજાની કથા ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે છે કે, એવા તીર્થોમાં હું પણ વાસ કરું છું એવી આ ભૂમિની રજ કોઈ માથે ચડાવશે તેનો મોક્ષ થશે. બલીરાજા મહા ધર્મિષ્ઠ થયો. ઈન્દ્રાદી દેવો તેની આજ્ઞામાં રહેતા હતા. નારદજીને મનમાં થયું હમણાં દેવો-દૈત્યોની લડાઈ કેમ નથી થતી, માટે પરસ્પર કલેશ કરાવું. ઈન્દ્ર પાસે ગયા અને કહ્યું, અત્યારે સર્વે દેવો બલીરાજાની આજ્ઞામાં રહે છે. સ્વર્ગની સંપત્તિ સર્વે બલીરાજા પાસે છે. રંભા, મેનકા, ઉર્વશી, તિલોતમા આ અપ્સરાઓ પણ બલીને આધીન છે. તારું તો કોઈ નામ નથી લેતું. ઈન્દ્રાણી પણ બલીને

ઈન્દ્ર માને છે. આવું કહી નારદ ચાલ્યા ગયા. ઈન્દ્ર દેવો ઋષિઓ સાથે વિષ્ણુ પાસે ગયા. પ્રાર્થના કરી વિષ્ણુએ કહ્યું, તપ કરો. ત્યારે કશ્યપ અને અદિતીએ પયોવ્રત કર્યું. નારાયણ પ્રસન્ન થયા. કશ્યપ કહે : હે હરિ, બલી તમારો ભક્ત છે. છતાં દેવ અને દૈત્ય પક્ષનું સારું થાય તેવું કાર્ય કરીને ઈન્દ્રાદિ દેવોને રાજી કરો. તેથી મારે ત્યાં તમે ઈન્દ્રના નાના ભાઈ ઉપેન્દ્ર નામે પ્રગટ થાવ. વિષ્ણુએ કહ્યું, તથાસ્તુ. પછી એક સમયે બલીરાજાને યજ્ઞ કરવો હતો. તેથી સૌરાષ્ટ્ર જીતવા નીકળ્યો. ત્યારે અદિતીએ કશ્યપને કહ્યું, આ બલી સર્વે સંપત્તિ લઈ અને આપણો પુત્ર દશ વર્ષનો વેંત એકનો વામન છે. તેનું શું કરશું. કશ્યપ કહે : તું ધીરજ રાખ. તે પ્રભુ વામન છે. પણ વૈરાટનું કામ કરશે. બલીએ સર્વે પૃથ્વી જીતી યજ્ઞનો આરંભ કર્યો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વામન પ્રભુ ભરતખંડના સર્વે તીર્થોને પવિત્ર કરી સૌરાષ્ટ્રમાં આવ્યા. ત્યાં સર્વે ઋષિઓ વામનજીને ચિહ્નોથી જાણી પગે લાગ્યા. વામનજીએ તે ઋષિઓને ગૌતમ, અત્રી, ભારદ્વાજ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, નારદ વગેરેને કહ્યું, તમે બલીરાજાના યજ્ઞમાં જાવ હું ત્યાં આવીશ. તે બલીના યજ્ઞમાં ચૌદ લોકના વાસી આવ્યા હતા. તેના યજ્ઞમાં આવો, બેસો, ખાવો, પીવો, દ્યો, લ્યો આ પાંચ શબ્દો બંધ થતા જ નહીં. સોના-ચાંદી હીરા, મોતી, રત્નોના દાનની કોઈ ગણતરી જ નહીં. તે બલી રાજાના યજ્ઞમાં આવવા વામનજી ગીરનાર પર જઈને આવતા હતા. દૈત્યના બાળકો તથા બ્રાહ્મણ બાળકો વામનજીનું સ્વરૂપ, જાડા ટૂંકા હાથ - પગ મોટું માથું, મોટું પેટ, શિખા બાંધેલી, છત્ર કમંડલું ધારણ કરી વેદના મંત્રો બોલતા એવા વામનજીને જોઈ અને લઈને યજ્ઞ મંડપમાં આવ્યા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વામનજીને જોઈને યજ્ઞમંડપમાં મોટો કોલાહલ થયો. તેજસ્વી વામનનું રૂપ જોઈને બધા હસવા લાગ્યા. વામન પ્રભુ તો વેદના મંત્રો જ બોલતા યજ્ઞ પાસે બ્રાહ્મણો પાસે ઊભા. તે સમયે બલીરાજા રાજી થઈને બોલ્યા. મારા મહાન ભાગ્ય આ નિસ્પૃહ બ્રાહ્મણ વામન અહીં આવ્યા પણ કાંઈ માગતા નથી. અતિથિ તો વિષ્ણુનું સ્વરૂપ છે. જે માગે તે આપું. ૯૯ નવાણું યજ્ઞો મેં કર્યા. આ સોમો છેલ્લો યજ્ઞ છે. સો યજ્ઞ પૂરાં થાય એને ઈન્દ્રપદ મળે. હજાર યજ્ઞ કરે તેને બ્રહ્માનું પદ મળે. તે છેલ્લા યજ્ઞનું ફળ મને મળી જશે. માટે આ યજ્ઞમાં શરીર, સ્ત્રી, પુત્રો, ધન, ધાન, કુટુંબ પરિવાર જે માગે તે આપવું છે. કોઈ વસ્તુની ના પાડવાની જ નથી. હે વામનજી, કાંઈક માગો જે માગો તે આપું.

બલીરાજાની પ્રાર્થનાથી વામન પ્રભુ રાજી થઈ બોલ્યા. હે બલી, મને યજ્ઞની ભૂમિના ત્રણ પગલા આપ. ભૂમિદાન આપનારો પૃથ્વી પતિ બને છે. બલીરાજા જ્યાં આપવાનો

વિધિ કરી સંકલ્પ વિધિ કરે છે ત્યાં ગુરુ શુક્રાચાર્ય કહે : બલી, પૃથ્વી દાન વિના બીજું જે દેવું હોય તે દે. હે વામન ટુંકા, લુલા, લંગડા, ઠૂંઠાં, બેરા મુંગા રોગી આવા અતિથીને યજ્ઞની બહાર દાન અપાય. નહીં તો યજ્ઞ ખંડિત થાય અને દાનનું ફળ મળે નહીં. બ્રાહ્મણ કર્મથી રહિત હોય, અપરણિત હોય પતીત અધર્મી, ગુરુની સેવા નહીં કરનારો, માતા-પિતાની સેવા નહીં કરનારો, કૃતઘ્ની, વેદને વેચનારો, નિંદા કરનારો, કુટિલ અસુર, સંધ્યાકર્મ રહિત આટલાને દાન આપવાથી ફળ મળતું નથી. બલી કહે, ગુરુ આ વિપ્ર તો વેદમંત્ર બોલે છે. મને તો વિષ્ણુ સમાન દેખાય છે. વામન પ્રભુને પગે લાગીને કહે : બોલો શું આપું ? પ્રભુ કહે : ત્રણ પગલાં પૃથ્વી દે. ઝૂંપડી બનાવીને શિષ્યોને વેદ ભણાવીશ. શુક્રાચાર્ય કહે : આપતો નહીં આ વિષ્ણુ પોતે તને છેતરવા આવ્યા છે. બલી કહે : ગુરુ આથી બીજું સત્પાત્ર જગતમાં મળવાનું નથી. જેને માટે હું યજ્ઞ કરું છું તે પ્રભુ કૃપા કરી પધાર્યા છે. શુક્રાચાર્યે ના પાડવા છતાં બલીએ વામન પ્રભુના હાથમાં પાણી આપી કહ્યું, તમે જે માગ્યું તે મેં આપ્યું. બલીએ વામન પ્રભુના પગ ધોઈ પાણી પીધું, માથે ચડાવ્યું અને કહ્યું. પ્રભુ આ બધું તમારું જ છે. રાજય, સંપત્તિ, દાસ-દાસી જે જોઈએ તે આપું. અનંત જન્મ તપ કરવા છતાં તમો પ્રાપ્ત થતા નથી તે પ્રભુ તમે મારે ત્યાં કૃપા કરી પધાર્યા એમ કહીને બલી રાજા વામનજીના ચરણમાં આળોટવા લાગ્યો.

વામનજી કહે : બલી મારા ત્રણ પગલામાં સર્વે રહેલું છે. તારી ભક્તિથી પ્રસન્ન થયો છું. તું જો પગલામાં પૃથ્વી માપી લઉં એમ કહી વામનમાંથી વિરાટ થયા. ત્યાં તો દેવો-ઋષિઓ સ્તુતિ કરવા લાગ્યા જય વિષ્ણુ, જય કૃપાવાળા, જય ટૂંકા સ્વરૂપવાળા, જય લાંબા સ્વરૂપવાળા, ભિક્ષુક માનવ તમને નમો નમઃ પ્રભુએ એક પગલામાં પૃથ્વી લીધી. બીજો પગ ઊંચો કરીને સત્યલોક, બ્રહ્માંડ ઉપર મૂક્યો. બ્રહ્માંડ ભેદીને ગંગા નીચે આવ્યા. બ્રહ્માએ કમંડલું ભરી પ્રભુના પગ ધોયા. તે ગંગા મેરુપર્વત પર થઈ ચારે દિશામાં જગતને પાવન કરવા વહેવા લાગી. પૂર્વમાં સીતા નામે, દક્ષિણમાં અલકનંદા, પશ્ચિમમાં ચક્ષુ, ઉત્તરમાં ભદ્ર નામે થઈ. તે મંદાકિની સ્વર્ધુની સ્વર્ગમાં, પૃથ્વીમાં ગંગા અને પાતાલમાં ભોગવતી નામે થઈ.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વામનજીનું આવું કપટવાળું કામ જોઈ અસુરો બળી ઉઠ્યા, આયુધો લઈ લડવા આવ્યા પણ બલીરાજાએ યુદ્ધ કરવાની ના પાડવાથી પાછા વળી ગયા. ગરૂડે બલીને પાશથી બાંધ્યા. વામનજી કહે : બલી એક પગલું હજી બાકી છે. બલી કહે : પ્રભુ તે એક ચરણ મારા મસ્તક પર મૂકી મને પાવન કરો. બલી પત્ની સંધ્યાવલી કહે : પ્રભુ તમે આપ્યું, તમે ભોગવ્યું, તમે જ પાછું લ્યો છો. તમારું ક્રિડામય આ જગત છે. તેમાં મારું માન્યું તે બંધાણા. વામનજીએ ત્રીજું પગલું બાકી હતું તે બલીના માથા પર મૂકી તેને

પાતાલમાં લઈ ગયા. પ્રભુ પ્રસન્ન થયા. માગવાનું કહ્યું. બલી કહે : પ્રભુ તમે મારે ત્યાં સદા વાસ કરો. પ્રભુએ બલીને ત્યાં એક સ્વરૂપે વાસ કરી તેને ચક્ર આપી દેવો પાસે આવીને ઈન્દ્રને સ્વર્ગનો રાજા બનાવી મુગટ પહેરાવ્યો. પછી વામનજીએ ત્યાં ગીરનારની ભૂમિમાં વાસ કર્યો. તે વામન સ્થલીપુર થયું. પછી બલી ઈન્દ્ર થશે. બ્રહ્માના કલ્પમાં વામનજી એકવાર જન્મ ધારણ કરી બલી પાસે આવે છે.

અધ્યાય - ૧૪૮

❖ પુત્રપ્રાપ્તિ માટે પયોવ્રત વિધિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પયોવ્રતનો વિધિ કહું : ફાગણ સુદ પડવાથી તેરશ સુધી તેર દિવસનું વ્રત કરવું. ત્રણ સમય સ્નાન કરી પૃથ્વીની પૂજા કરવી. બ્રહ્મચર્યવ્રત પાળવું. પ્રભુના ધુન-કિર્તનો કથા-વાર્તા કરવા. ષોડ્શોપચારથી સવારે-સાંજે વિષ્ણુની પૃથ્વીની પૂજા કરી માંગવું કે, પુત્રની ઈચ્છા પૂરી કરજો. પછી પતિમાં શ્રીહરિ રહ્યા છે એમ માની પતિની પૂજા કરવી તથા "હરિકૃષ્ણાય નરનારાયણાય નમો નમઃ" આવા જાપ કરવા. આ પયોવ્રત વૈધવ્યપણું આવવા દેતું નથી. તથા પુત્રની પ્રાપ્તિ કરાવી પ્રસન્નતા થાય છે અને મુક્તિ અપાવે છે.

અધ્યાય - ૧૪૯ થી ૧૫૨

❖ સ્વર્ણરિખા નદી તીર્થ ❖ વ્રત, દાન અને તીર્થોનો મહિમા ❖

બલીએ યજ્ઞ કરવાથી વામનજીએ સ્વર્ણરેખા નદી તીર્થ રૂપે કરી. તેમાં સ્નાન કરવાથી ભોજરાજાની પત્નીને સાત જન્મનું જ્ઞાન થયું. તથા સારસ્વત વિપ્રે ભોજરાજાને યાત્રામાં જવા માટે શુભ-અશુભ નક્ષત્રો જોઈને મંગલ પ્રયાણ કર્યું.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તીર્થમાં ગયેલાઓએ એકાદશી, પુનમ, અમાસ, પર્વના, અવતારોના જન્મના દિવસોમાં તથા એકાદશી પૂનમ અમાસે દાન કરવા. અન્ન, વસ્ત્ર, વાહન, ગાય, છત્ર, જોડા, પુસ્તક વગેરેના દાન કરવા. દાન ગ્રહણ કરનારાએ પણ વિચારીને દાન ગ્રહણ કરવું. દાન લેનારા પોતાના તપ પુણ્યને ઓછું કરે છે. અથવા દાનના બદલામાં તેટલા વધારાના જપ, તપ, નિયમ-વ્રત કરવા. તેથી દાન લેનારા અને દેનારા બંને પરબ્રહ્મની પ્રસન્નતા થાય છે અને પ્રભુની ભક્તિ અને મુક્તિના ભાગીદાર થાય છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તીર્થોમાં જનારાઓએ તીર્થમાં એકવાર જમવું. શરીરથી, વાણીથી, મનથી પવિત્રપણે રહી બ્રહ્મચર્ય પાળવું. તીર્થમાં દિવ્યતા રાખવી. ભુખ્યાને અન્ન આપવામાં પરીક્ષા ન કરવી. તીર્થોમાં માયાના સર્વે દુર્ગુણોનો ત્યાગ કરવો. પ્રભુના નામ-સ્મરણ ભક્તિ વિના સમય વ્યર્થ જવા દેવો નહીં. કોઈની નિંદા, રાગદ્વેષ કરવા નહીં તો તીર્થયાત્રાનું ફળ પૂરું મળે છે. તીર્થમાં સાધુ-સાધ્વી, વિપ્રોને, અનાથ, ગરીબોને શક્તિ પ્રમાણે

જમાડવા. ચાતુર્માસમાં તીર્થો વિશેષ કરવા તથા ચાતુર્માસમાં વ્રત નિયમો વધારે પાળવા તથા એક માસ સુધી કૃચ્છ્ર ચાંદ્રાયણો કરવા. અમાસથી એકગ્રાસથી પુનમ સુધી વધતા (૧૫) પંદર ગ્રાસ પૂનમથી એકગ્રાસ ઘટતા અમાસ સુધી ઘટતા અમાસે એક ગ્રાસ. અથવા પૂનમથી ચાલુ કરે તો પ્રથમ ગ્રાસ ઘટીને પછી વધારવા. તે કૃચ્છ્ર ચાંદ્રાયણ કહેવાય છે. તથા બાર દિવસનું વ્રત કરવું. ઉપવાશે બાર દિવસ દૂધ પીને રહેવું તે દૂધકૃચ્છ્ર, દહીકૃચ્છ્ર, ફલકૃચ્છ્ર, જલકૃચ્છ્ર, તુંડલકૃચ્છ્ર, પુષ્પકૃચ્છ્ર, બીજકૃચ્છ્ર, તીલકૃચ્છ્ર, ચણકકૃચ્છ્ર, સકતુકૃચ્છ્ર, આ સર્વે કૃચ્છ્ર વ્રતો કાર્તિક માસમાં કરવા. તે વ્રતો ભુક્તિ-મુક્તિ માટે કરવા.

અધ્યાય - ૧૫૩

❖ ગીરનારમાં ઈન્દ્રેશ્વર મહાદેવ તીર્થ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે ગીરનારમાં એક શિકારી એક વખત શિકાર કરવા નીકળ્યો ચારે બાજુ રખડ્યો પણ શિકાર મળ્યો નહીં. સાંજે પીપળાના વૃક્ષ નીચે બેઠો તે માઘ વદ-ચૌદશ શિવરાત્રિ હોવાથી શિકારીને ઉપવાસ થયાથી બુદ્ધિ નિર્મળ થઈ. ત્યાં હરિહર સ્વરૂપે વિષ્ણુ શંકર આવ્યા. પિતાંબર પહેરેલું, ચામડું ઓઢેલું, મુગટ જટાવાળા ચક્ર, ત્રિશૂળને ધારણ કરીને શિકારીને દર્શન દીધાં. અદ્રશ્ય થયા. પીપળામાં શિકારીએ વનમાંથી પુષ્પ ફળ-ફૂલ બીલીપત્રો લાવી આખી રાત શંકર-વિષ્ણુનું ભજન કરી પીપળાને પાણી રેડી ફૂલ બીલીપત્રો ચડાવ્યા. સવાર થયું ત્યાં વિમાન આવ્યું. અપ્સરાઓ કહે : ચાલો સ્વર્ગમાં. ત્યાં ઈન્દ્રે પૂછ્યું, તું પાપી અહીં સ્વર્ગમાં કેમ આવ્યો ? શિકારીએ કહ્યું, શિવરાત્રિનું વ્રત અને શિવ-વિષ્ણુ પૂજન કરવાથી. ત્યારપછી ઈન્દ્રે ત્યાં શંકરના લિંગની સ્થાપના કરી. તે ઈન્દ્રેશ્વર મહાદેવ તીર્થ છે.

અધ્યાય - ૧૫૪

❖ રેવતાચળ (ગીરનાર) મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અવતારોના ચરણથી અતિ પવિત્ર થયેલી ગીરનારની ભૂમિમાં બદ્રિકાશ્રમ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ, સીતારામ, જગન્નાથ, સરસ્વતી વગેરે સર્વે તીર્થો વાસ કરે છે. રૈવતાચલમાં સર્વે પર્વતોનો નિવાસ છે. પૂર્વે પર્વતોને પાંખો હતી. શંકર ગીરનારની ભૂમિમાં વાસ કરતા હતા. મંદરાચળ કુમુદ શંકરના દર્શને આવ્યા. ઈન્દ્ર વજ્રથી પર્વતની પાંખો કાપવા ગયો. ત્યાં શંકરે જડની જેમ સ્તંભિત કરી દીધો. ઈન્દ્રે શંકરની પ્રાર્થના કરી. તે પૂર્વ સ્થિતિમાં આવ્યો. હિમાલયમાંથી મહા નદી સરસ્વતી વડવાનળ અગ્નિનેલ નિકળ્યા. તે અર્બુદાચલ થઈ સિદ્ધપુર, શ્રીનગર થઈ ધોળકા, સારંગપુર, દુર્ગપુર, ઉન્મત્ત ગંગામાં ભળી ભોગાવામાં થઈ ભદ્રાવતીમાં ભળી વામનસ્થલીમાં થઈ પ્રાંચી પીપળા જઈ ગુપ્ત પ્રયાગમાં જઈને દક્ષિણ સમુદ્રમાં તે સરસ્વતી વડવાનળને સમુદ્રમાં પધરાવી

રૈવતાચલ આવી ત્યાં રહેલા બધા કુંડમાં વાસ કર્યો. તેથી ગીરનારની ભૂમિમાં સર્વે તીર્થોનો વાસ છે.

અધ્યાય - ૧૫૫

❖ અલક્ષ્મી કલહાનું નિવાસસ્થાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બલીરાજાની પત્ની સંધ્યાવલીએ વિષ્ણુપત્ની મહાલક્ષ્મીને કહ્યું. મારા પતિનું સર્વે લઈ લીધું તેમ તારે પણ સમુદ્રમાં જવું પડશે. તે સમુદ્રમંથન સમયે લક્ષ્મીની મોટી બહેન અલક્ષ્મી કલહા તે શાપરૂપે બહાર આવી. વિકરાળ બિહામણા વેશવાળી દેવ-દૈત્યો કોઈએ ગ્રહણ ન કરી. તે ઉદ્રાલક ઋષિને આપ્યા. તે અલક્ષ્મી દરિદ્રતાનું પ્રતિક છે. જે આળસુ, અપવિત્ર હોય, અધર્મી, નાસ્તિક હોય, નિંદા, હિંસા કરતો હોય, ચોરી કરતો હોય, કપટ, છેતરામણી કરતો હોય, તમો ગુણી હોય જેને ત્યાં સવાર-સાંજ પ્રભુ પાસે દીવા-ધૂપ ન થતા હોય ત્યાં આ અલક્ષ્મી કુટુંબમાં નિવાસ કરી પરસ્પર કલેશ કરાવે છે.

અધ્યાય - ૧૫૬, ૧૫૭

❖ બારસનું વ્રત ❖ રૈવતરાજાને ત્યાં પુત્રી રેવતીનો જન્મ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જે તે એકાદશી મારા શરીરમાં પ્રગટ થઈ તે રીતે તું પણ મારી મૂર્તિમાં વાસ કરતી હોવાથી સમુદ્રમાંથી બારસને દિવસે પ્રગટ થઈ છો. તેથી બારસના દિવસને લક્ષ્મીવાસર અથવા હરિવાસર કહેવાય છે. તે બારસને દિવસે એકટાણું અથવા ઉપવાસ કરીને જે લક્ષ્મીનું વસ્ત્ર, અલંકારોથી પૂજન કરશે તેને લક્ષ્મીનારાયણ બંને પ્રાપ્ત થશે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સૂર્યપુત્ર રૈવતરાજાની પુત્રી રેવતી તે દુદમ રાજાને આપી તેમાં ફરીથી રેવત જન્મ થયો. ફરીથી આનર્ત પુત્ર રેવતને ત્યાં રેવતીનો જન્મ થયો તે રેવતીના લગ્ન માટે બ્રહ્માને પૂછ્યું. બ્રહ્માએ કૃષ્ણના મોટાભાઈ બળભદ્ર સાથે રેવતીના લગ્ન કરવાનું કહ્યું.

અધ્યાય - ૧૫૮ થી ૧૬૧

❖ નારાયણધરા, દામોદરકુંડ અને ગીરનારની પ્રદક્ષિણાનું મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે નારાયણધરામાં પિતૃઓના શ્રાદ્ધ કરવાથી મોક્ષ થાય છે. તથા પડવે શ્રાદ્ધ કરે તો સારી પત્ની મળે. બીજનું શ્રાદ્ધ કરવાથી સારો પુત્ર પ્રાપ્ત થાય. ત્રીજથી અશ્વો મળે. ચોથથી દૂધવાળા પશુ મળે. પાંચમે ઈશ્વરો જેવા પુત્ર થાય. છઠનું શ્રાદ્ધ કરવાથી નીરોગી રહે. સાતમથી ખેતી મળે. આઠમથી વેપારમાં લાભ થાય. નોમથી પશુઓ

મળે, દશમથી ગાયો-ભેંસો મળે. એકાદશીએ વસ્ત્ર-વાસણ મળે. બારસે સુવર્ણ મળે. તેરસે જ્ઞાતિમાં મોટો થાય. ચૌદશે યુદ્ધમાં વિજય, પૂનમે સમૃદ્ધિવાળો. અમાસે શ્રાદ્ધ કરનારાના સર્વે સંકલ્પ પૂર્ણ થાય તથા અનેક પ્રકારની ઈચ્છાવાળા સકામ ભક્તોએ સર્વ નક્ષત્રોમાં પિતૃ શ્રાદ્ધ કરવા, પૂર્વે થયેલા ઋષિઓએ પણ પિતૃ શ્રાદ્ધ કરેલા છે. જાણતા-અજાણતા થતા પાપો શ્રાદ્ધ તથા દાન આપવાથી તથા સાધુ-બ્રાહ્મણોને જમાડવાથી પાપ નાશ પામે છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કુંકુમવાપીના નારાયણના અંશ પત્નીવ્રતદ્વિજે કાર્તિકમાં તે દામોદર કુંડમાં સ્નાન કરી દામોદરની પૂજા કરી વિપ્રોને ભોજન કરાવતા હતા. દામોદર પ્રભુ વિપ્રરૂપે આવી કહ્યું, અહીં નારાયણધરો છે. સ્વર્ણરેખા નદી છે. જ્યાં સાક્ષાત અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સ્નાન કરેલું છે એમ કહી નારાયણધરાનું પાણી પીધું. ત્યાં તો વિપ્રની વૃત્તિઓ શાંત થઈ. પોતાના આત્માના તેજમાં અક્ષરધામ જોયું. તો પોતાને જોયા, મુક્તોને જોયા, પરબ્રહ્મના દર્શન કર્યા. ત્યાંથી દામોદર વિપ્ર તથા પત્નીવ્રતદ્વિજ ગોલોકમાં આવ્યાં. ત્યાં શ્રીકૃષ્ણના, ગોપ-ગોપીઓના દર્શન કરી વૈકુંઠમાં આવ્યા. ત્યાં લક્ષ્મીનારાયણના દર્શન કરીને ભૂમા પુરુષના લોકમાં ત્યાંથી આવ્યા. અવ્યાકૃતધામમાં પ્રકૃતિપુરુષના લોકમાં, ઈશ્વરોના લોકમાં થઈને નારાયણધરે આવ્યા. વિપ્રોએ સર્વે ધામોમાં નારાયણધરાનો મહિમા સાંભળ્યો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દામોદર ભગવાન વિપ્રરૂપે તથા પત્નીવ્રતદ્વિજ નારાયણના અંશ બેય વિપ્રો ત્યાં નારાયણધરે આત્મામાં રહેલા પરબ્રહ્મ પરમાત્માને શ્રાદ્ધ અર્પણ કરતા હતા. તથા મુક્તોને સંભાળીને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય આ ચાર પ્રકારના ભોજનો શ્રાદ્ધમાં આપીને પ્રસન્ન કરતા હતા. બ્રહ્મપ્રિયાઓ આ શ્રાદ્ધથી તૃપ્તિ પામી. પિતૃઓ, ઈશ્વરો, દેવો-દેવીઓ સર્વે જડ ચેતન શ્રાદ્ધથી તૃપ્તિ પામો. ગોલોકમાં રહેલા શ્રીકૃષ્ણ-રાધા, સખીઓ, ગોપ-ગોપીઓ, દાસ-દાસીઓ સર્વે શ્રાદ્ધથી તૃપ્તિ પામો. મહાલક્ષ્મી, મહામાયા, જ્ઞાનક્રિયા, યોગી, પદવી, સત્યસેની પદ્મા, જયા, પાંચાલી, ભાર્ગવી, લલીતા, રમા, પાર્વતી, પ્રભા, માણિકી, લક્ષ્મી, ઈશ્વરી, અમૃતા, પ્રદીપા, કૃષ્ણા, કુંભસ્તની, અમુલા, તક્ષિણી, પ્રેમા, ચતુરા, મણિ, ધની, ઉજની, ઓજસ્વતી, નંદના, કુરુની, મીની, નવવૃત્તા, મનોવરા, રત્ના, જાનુ, લડુ, મૌકતી, આનંદા, મુક્તા, કસ્તુરી, શાંતિ, હંસા, રેવા, સવિતા, મૂળી, રૂઠી, મંજુદેવી, નિર્મળા, ગોદાવરી, રળીયાત, જટી, દયા, રમા, પાનીચંપા, પ્રેમી, મીઠી, મનુ, વજી, પુષ્પા, હેમની, રાજતી, નલિની, માધવી વગેરે બ્રહ્મપત્નીઓ તથા પ્રભુના પાર્ષદોને સંભારીને શ્રાદ્ધ ભોજન આપતા હતા અને સ્તુતિ કરતા હતા. અમારી ઉપર પ્રસન્ન થાઓ. એ રીતે તે બંને વિપ્રો નારાયણ અવતારો તે નારાયણધરે શ્રાદ્ધ કરીને પુરુષોત્તમ નારાયણને ભક્તિરૂપ તર્પણ કરતા હતા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રૈવતાચલમાં એક માસ રહી ભોજન કરી વાસ કરશે તથા નારાયણધરામાં દામોદરકુંડમાં પાણી પીશે તેનો પણ મોક્ષ થશે. ગીરનારની પ્રદક્ષિણા કાર્તિકમાં કરશે તેને પૃથ્વીની પ્રદક્ષિણાનું ફળ મળશે.

અધ્યાય - ૧૬૨

❖ મહામાયા તે પરબ્રહ્મની અર્ધાંગના શક્તિ થઈ ❖

લક્ષ્મી કહે : હે પ્રભુ, શંભુ પત્ની સતીની કથા કહો. શ્રીનારાયણ કહે : અનંત મુક્તપતિ ભગવાન એકલા રમતા નથી તેથી પોતાના ડાબા ભાગમાંથી ઈચ્છાશક્તિરૂપી દિવ્યા, બ્રહ્મસ્વરૂપા મહામાયા પ્રગટ કરી. તે રાધિકા મહાલક્ષ્મી રમા, સાવિત્રી લક્ષ્મી સ્વરૂપે થાય છે. વૈરાટનારાયણના લલાટમાંથી શંકર પ્રગટ થયા. ત્યારે મહામાયા એ દક્ષ પ્રજાપતિને ત્યાં સતી નામે પ્રગટ થયા. પૂર્વે બ્રહ્મા સૃષ્ટિ રચવાને સમય ધ્યાનમાં હતા. ત્યાં કાનમાં ખંજવાળ આવી. સળીથી મેલ કાઢ્યો ત્યાં તો તેમાંથી બે અસુરો મધુ, કૌટભ થયા. તે પાણીમાં વિષ્ણુની સાથે પાંચ વર્ષ સુધી લડ્યા. તોય મર્યા નહીં ત્યારે વિષ્ણુએ મહામાયાને બોલાવી. તે પાર્વતી આવ્યા. વિષ્ણુ કહે : તમે મારામાં પ્રવેશ કરી અસુરોને મોહ પમાડો. પાર્વતીએ વિષ્ણુમાં પ્રવેશ કર્યો. મધુ-કૌટભ બંને મોહ પામીને કહે : અમારી સાથે લગ્ન કર. મહા માયા મોહીની સ્વરૂપે રહેલા વિષ્ણુએ ચક્રથી બંને અસુરોનો નાશ કર્યો. આ રીતે મહામાયા તે પરબ્રહ્મની અર્ધાંગના શક્તિ છે.

અધ્યાય - ૧૬૩, ૧૬૪

❖ દેવી કાત્યાયની દ્વારા મહિષાસુરનો વધ ❖

લક્ષ્મી કહે : પ્રભુ, મહિષાસુરની કથા કહો. શ્રીનારાયણ કહે : પૂર્વે રંભ કરંભ બંને ભાઈ અસુરો પાણીમાં પુત્ર માટે તપ કરતા હતા. કરંભને ઈન્દ્રે મારી નાખ્યો. રંભ તલવારથી પોતાનું શરીર કાપી અગ્નિમાં નાખવા ગયો ત્યાં અગ્નિ પ્રગટ થઈ કહે : તારે શું જોઈએ છે. રંભ કહે : ત્રિલોકીમાં વિજય કરે તેવો પુત્ર. અગ્નિ કહે : તથાસ્તુ. પણ ક્યાંય મોહ પામશે તો મરણ થશે. રંભ વનમાં ગયો. ભેંસ પર આસક્ત થયો. પાડાઓએ ભેગા થઈ રંભને મારી નાખ્યો. યક્ષોએ તેનો અગ્નિસંસ્કાર કર્યો. તે અગ્નિમાંથી પુરુષ નીકળ્યો. તેણે વનમાં પાડાઓને મારીને પિતાનું વેર લીધું. તે મહિષાસુર થયો. બીજું નામ રક્તાસુર. તે દેવોને, પિતૃઓને, બ્રાહ્મણ, સાધુને અતિ દુઃખ આપવા લાગ્યો. ત્યારે ઈન્દ્રાદી દેવો વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ કહ્યું, કાત્યાયન ઋષિ પાસે જાવ. ત્યાં મહામાયા પાર્વતી કાત્યાયનીનું સ્વરૂપ ધારણ કરી, અઢાર ભૂજાવાળી કન્યારૂપે રહેલી છે. સર્વે દેવો ત્યાં જઈને કાત્યાયીનીને અઢાર હાથમાં ધારણ કરાવ્યા. અને મહિષાસુરનો નાશ કરવા પ્રાર્થના કરી.

કાત્યાયીની મહાકાલીદેવી દેવોને લઈને વિધ્યાંચલ પર્વત આવી ત્યાં દેવ અને દૈત્યોને ભયંકર યુદ્ધ થયું. મહિષાસુરના બે દૂત ચંડ-મુંડ તે અસુર પાસે જઈને કહે : સૂતો છો શું ? ત્રિલોકમાં આવા સ્વરૂપવાળી કન્યા ક્યાંય નહીં મળે. એને વર્યા વિના તારું જીવન નકામું છે. મહિષાસુર યુદ્ધમાં આવ્યો કાત્યાયની દેવીને જોઈ મોહ પામ્યો. અગ્નિનું વરદાન હતું જેમાં મોહ પામશે તેનાથી મરણ થાશે. દેવીએ ખેડૂ જેમ મોલ વાઢે તેમ દૈત્યોના માથા કાપી મહિષાસુરનો નાશ કર્યો. બ્રહ્મા, ઈન્દ્રાદી દેવોએ ઋષિ -મુનિઓએ સ્તુતિ કરી. હે પરમેશ્વરી, નારાયણી, મહાલક્ષ્મી, ત્રિગુણી મહામાયા સર્વે વિઘ્નોને નાશ કરનારી ભક્તિ, મુક્તિ આપનારી તને નમો નમઃ

અધ્યાય - ૧૬૫

❖ મહિષાસુરની પત્ની કુંદી દ્વારા કાત્યાયનીને શાપ ❖

શ્રીનારાયણ કહે : મહિષાસુરની પત્ની કુંદી તેણે કાત્યાયનીને શાપ આપ્યો - તું પણ મારી જેમ વિધવા થઈ અગ્નિમાં બળીશ. દેવીને દુઃખ થયું. બ્રહ્માએ કહ્યું, જે થવાનું છે તે થશે. દક્ષના યજ્ઞમાં શંકરનો ભાગ અને આસન દક્ષે કાઢી નાખ્યા. મહાન પુરુષોને માનહાની થાય તે મરણ સમાન છે. સતીને યજ્ઞમાં શંકરનું આસન નહીં જોવાથી તે યજ્ઞમંડપમાં જ યોગ અગ્નિ પ્રગટ કરી દેહને બાળી દીધો. શાપ નિવારણ થયો. ત્યાં કશ્યપની પત્ની દનુ તેના ત્રણ પુત્ર શુંભ, નિશુંભ, અનમુચી. તેમાંથી શુંભ, નિશુંભ પોતાના ભાઈઓને મહિષાસુર વિગેરેને કાત્યાયીની દેવીએ માર્યા છે. એવું સાંભળીને વેર લેવા વિંધ્યાચલ પર્વતમાં આવ્યા. ત્યાં દેવો પણ પાર્વતીજી પાસે જઈને કહ્યું, અત્યારે દાનવોનું જોર વધી ગયું છે. તેથી દેવોને પીડા કરે છે.

અધ્યાય - ૧૬૬

❖ પાર્વતીના સ્વરૂપમાંથી મહાકાલીનું પ્રાગટ્ય ❖

દેવો સ્તુતિ કરવા લાગ્યા - હે મહામાયા મુકતાણી તમને નમસ્કાર. હે બ્રહ્માણી વાસુદેવી હિરણ્યમયી નારાયણી રાધા-લક્ષ્મી મહાલક્ષ્મી તમને નમસ્કાર. જડ-ચેતનમાં વ્યાપીને રહેલી અનેક સ્વરૂપોને ધારણ કરનારી તમને નમસ્કાર. ત્યારે પાર્વતીએ કહ્યું, મારા સ્વરૂપમાંથી એક કન્યા ઉત્પન્ન કરું છું. તે તમારું રક્ષણ કરશે. એમ કહીને પાર્વતીએ કૌશિકી કન્યા પ્રગટ કરી દેવોને આપી. તે કાળા વર્ણવાળી હોવાથી મહાકાલી નામે પ્રસિદ્ધ થઈ. તે દેવી-દેવોને લઈ વિંધ્યાચલ પર્વતમાં આવી. શુંભ-નિશુંભ દેવીનું રુપ જોઈને મોહ પામ્યા. દેવીને વરવાનું કહ્યું. દેવી કહે : મારી સાથે યુદ્ધમાં મને જીતે તેને વરું. દૈત્યો-દાનવો યુદ્ધ કરવા આવ્યા. દેવીએ ચંડ-મુંડનો નાશ કરવાથી ચામુંડા નામથી પ્રસિદ્ધ થયા. કેટલાય દૈત્યો ને દાનવોનો નાશ કર્યો.

અધ્યાય - ૧૬૭

❖ મહાકાલી દ્વારા શુંભ-નિશુંભ દાનવોનો વધ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્યાં શુંભ-નિશુંભ દાનવો આવ્યા. મહાકાલીને કહે : સુંદરી તું કોમળ છે. તને શસ્ત્રથી મારવામાં અમને શું લાભ. માટે તું અમારી પત્ની થઈ જા. તો અમને લાભ થાય. મહાકાલી કહે : હું તો યુદ્ધમાં મને જીતે તેને વરુ. યુદ્ધમાંથી ભાગી જાય તે નારી અથવા નપુંસક કહેવાય છે. તેવા નપુંસકને વરવામાં મને શું લાભ. આમ કહી તે મહાકાલીએ રક્તબીજને માર્યો. તે રક્તબીજના લોહીમાંથી અનેક રક્તબીજો થયા. દેવીએ તે બધાનો નાશ કર્યો. તે સમયે ચૌદભુવનમાંથી કરોડો-અબજો દેવીઓના સૈન્ય આવ્યા અને દૈત્યો-દાનવોની સાથે તે દેવીઓનું યુદ્ધ અસ્ત્રો-શસ્ત્રોથી ભયંકર થતું હતું. દેવીઓ બ્રહ્મા અને મહાકાળની આજ્ઞાથી દૈત્યોના કાળનો કોળિયો કરતી હતી.

અધ્યાય - ૧૬૮

❖ દેવતાઓ દ્વારા મહાકાલીની પૂજા-સ્તુતિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે મહાકાલી અને કરોડો દેવીઓએ શુંભ-નિશુંભ વગેરે ચોરાસી કરોડ દૈત્યો દાનવોનો નાશ કર્યો. પછી દેવોએ મહાકાલીની ષોડ્શોપચારથી પૂજા કરી. સ્તુતિ કરતા હતા. હે કાલિકા હે ત્રિશૂલીની કુમારી વૈષ્ણવી તમને નમો નમઃ હે નારાયણી, બ્રાહ્મી, ચક્રધારિણી નમો નમઃ બીજરૂપે, મોહરૂપે, મુક્તિરૂપે, સ્ત્રી સ્વરૂપે રહેનારી તમને નમો નમઃ દેવો સ્તુતિથી પ્રસન્ન થયેલા મહાકાલી કહે : પ્રભુપ્રસન્નતાથી આપણો વિજય થયો છે. મારા નામનો તથા સ્તોત્રનો જે પાઠ કરશે તેના સર્વે વિઘ્નો નાશ પામશે. આઠમ, નોમ, ચૌદશનું એકટાણું કરી આ કથા સાંભળશે તેને ચોર, શત્રુ, સર્પ, પાણી, અગ્નિ વગેરેથી ક્યારેય પણ ભય નહીં આવે. કોઈ મારો આશ્રય કરશે તેને નારાયણની ભક્તિ, મુક્તિપદ જ્ઞાન વિગેરે સર્વે પ્રદાન કરીશ.

અધ્યાય - ૧૬૯, ૧૭૦, ૧૭૧

❖ દક્ષ પ્રજાપતિને ત્યાં સતીનું પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માએ રાત્રિ રૂપે રહેલી વિભાવરીને દક્ષ પ્રજાપતિને ત્યાં કન્યારૂપે પ્રગટ થવાનું કહ્યું. તે વિભાવરી દક્ષ પુત્રી સતી નામે પ્રગટ થયાં. પરબ્રહ્મ અને નારાયણી શક્તિ તે એક જ સ્વરૂપ છે. ક્યારેક નારાયણ પૃથ્વી પર નરરૂપે પ્રગટ થાય. ક્યારેક નારાયણી નારી લક્ષ્મી રૂપે પ્રગટ થાય. તે જ રીતે નારાયણ અને શિવ તે બંને બ્રહ્મ હોવાથી બંનેનું ઐક્યપણું છે. તે જ રીતે શિવ-પાર્વતી દેખવામાં બે સ્વરૂપો છે. બ્રહ્મમય સ્વરૂપે એક છે.

લક્ષ્મી પૂછે : પ્રભુ, તે વિભાવરી કોણ હતી ? શ્રીનારાયણ કહે : ગોલોકમાં શ્રીકૃષ્ણ પ્રભુએ ડાબા પડખામાં શક્તિરૂપે મહામાયા રાધિકાને સદાવાસ આપ્યો છે. તે રાધિકાને એક વખત ક્રિડા સમયે કૃષ્ણના નેત્રમાં નિદ્રાને જોઈને શાપ આપ્યો. તું અત્યારે રતિક્રિડામાં ભંગ કરવા ક્યાં આવી. જા પૃથ્વી પર, જીવસૃષ્ટિમાં, નિંદ્રા વિરામ રૂપે વાસ કર. તે રાત્રિ અંધકારરૂપે થઈ. પછીથી શ્રીકૃષ્ણે પોતાની મૂર્તિમાંથી ગોપ-ગોપી, ગાયો, શિવ-શિવા, લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી વગેરે પ્રગટ કર્યા. ત્યારે શિવને શિવા આપતા હતા. પણ શિવે ના પાડી પ્રકૃતિ માયા બંધન કરનારી છે. તેથી શંકરે ગ્રહણ ન કર્યા. તે શિવાને કૃષ્ણે નેત્રમાં રાખ્યા. તે વૈરાજપુત્રી થયા. તે દક્ષપુત્રી સતી થયા પછી હિમાલયની પુત્રી પાર્વતી થયા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દક્ષ પ્રજાપતિને ત્યાં સતીનો જન્મ થયો, ઉત્સવ થયો, મોટો થયો, નારદ દક્ષને ત્યાં આવ્યા. સતીના હાથની રેખા જોઈ. જમણા હાથમાં કમળ, બાણ, અંકુશ, શંખ, ચક્ર, પરશુ તથા ડાબા હાથમાં ધનુષ, મીન, કેતુ, સ્વસ્તિક, ત્રિશુલ, દીપક તથા શરીરમાં બીજા ચિહ્નો જોઈને દક્ષને કહ્યું, આ સતી મનુષ્ય કે દેવ નથી આ સતી તો જગતમાતા શિવની અર્ધાંગના છે. પછી સતી કન્યાએ એક વર્ષ સુધી શંકરના વ્રત-નિયમ, જપ, તપ, ષોડ્શોપચારથી પૂજા કરી. સતીના બારમાં વર્ષે જન્મજયંતીમાં બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્રાદી દેવો દક્ષ પ્રજાપતિને ત્યાં આવ્યા. બ્રહ્માદી દેવોએ આશીર્વાદ આપ્યા. પછી સતીનું શંકરને વિષે સ્નેહ, ભક્તિ, તપ જોઈને બ્રહ્મા, વિષ્ણુ, શંકર પાસે ગયા. સ્તુતિ કરી. હે યોગી બ્રહ્મચારી નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ નિર્વાકાર વૈષ્ણવ સદાશિવ તમને નમો નમઃ જ્ઞાની તપસ્વી તમને નમો નમઃ લક્ષ્મીનારાયણ બ્રહ્માદી દેવોની સ્તુતિથી પ્રસન્ન થયેલા શિવે સર્વેને આવવાનું કારણ પૂછ્યું. વિષ્ણુએ કહ્યું, આપણે ત્રણ ભાઈઓમાં તમે એક જ પરણ્યા નથી. અને સંસારમાં લગ્ન વિનાનો અમંગલ ગણાય છે. અને સતી તમારે માટે જ તપ કરે છે. તેથી તમે તે દક્ષ કન્યા સતી સાથે લગ્ન કરો. શંકર કહે : મને લગ્ન કરવાની જરાય રૂચી નથી. યોગમાં, જ્ઞાનમાં, દાનમાં, ભજનમાં, માયા બંધન કરે છે. વિષ્ણુ કહે : તમે તો સ્વયં બ્રહ્મ, નારાયણસમાન નિર્લેપ છો, નિર્વિકાર છો. બંધન તો જગતના જીવોને થાય ભગવાનના ભક્તને માયા બંધન કરતી જ નથી. પછી શંકરે સતીના તપનું ફળ આપવા બ્રહ્માદી દેવોને કહ્યું, બહુ સારું તમારા મનોરથ સફળ થાઓ.

અધ્યાય - ૧૭૨

❖ સતી અને શિવનાં વિવાહ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આસો સુદ-આઠમે સતીએ નંદાવ્રત કરી ષોડ્શોપચારથી શંકરની પૂજા કરી. ત્યાં શંકર પ્રગટ થયા. સતી શરમાયા. શંકરે કહ્યું, મારી પત્ની થા. એવો આશીર્વાદ આપીને અદૃશ્ય થયા. પછી શંકરે બ્રહ્મા નારદ ઋષિઓને સતી શંકરના

લગ્ન માટે દક્ષને ઘેર મોકલ્યા. બ્રહ્મા, નારદ વગેરે ઋષિઓ દક્ષને ત્યાં આવી સતીના લગ્ન શંકર સાથે કરવાનું પાકું કરીને કૈલાસ આવ્યા. કૈલાસમાં શંકરે ચૌદ લોકના વાસી દેવો-દેવીઓ, સિદ્ધો, ચારણો, ગાંધર્વો, વિદ્યાધરો, ઋષિ-મુનિઓ, પિતૃઓને બોલાવી તૈયાર કર્યા. ત્યાં તો ગોલોકથી રાધા-કૃષ્ણ આવ્યા. વૈકુંઠથી લક્ષ્મીનારાયણ આવ્યા. સૂર્ય-ચંદ્ર, યમ-કુબેર વગેરે ઈશ્વરો આવ્યા. સર્વે શંકરના ગણો તૈયાર થયા. શંકર તો યોગી હોવાથી શણગારની જરૂર નહીં. શોભામાં જટામાં ચંદ્ર, જનોઈને સ્થાને વાસુકી નાગ, કંઠમાં રૂદ્રાક્ષ, મુંડમાળા, હાથમાં ત્રિશુલ, હાથીનું ચર્મ પહેરેલું, શરીરે ભસ્મ, પોઠિયા પર બેસી ચાલતા થયા. સર્વે પોતાના વાહનો પર બેસી ચાલતા થયા. આવ્યા દક્ષ રાજાને ત્યાં, સામૈયું કર્યું, જમાડ્યા, મંડપમાં આવ્યા, અગ્નિ પ્રગટ કર્યો ત્યારે સતી શંકરનું તેજ જોઈ સર્વે આશ્ચર્ય પામ્યા.

સતીનો હાથ શંકરના હાથમાં મૂક્યો તે સમયે બ્રહ્માને સતીનું મુખ જોવાની ઈચ્છા થતાં અગ્નિમાં ભીના લાકડાં નાખ્યા, ધુમાડો થયો, શંકર જાણીને આંખો મીંચી ગયા. બ્રહ્માએ વસ્ત્ર ઊંચું કરી સતીનું મુખ જોયું. ત્યાં તો બ્રહ્માનો ધાતુ સ્ત્રવી ગયો અને પવનમાં ઊડી ગયો. તેના ૮૮,૦૦૦ વાલખિલ્ય ઋષિ અંગુઠા જેવડાં શરીરવાળા થયા. તે ઋષિઓ સૂર્યની સન્મુખ પાછા પગે ચાલીને મંદેહા રાક્ષસોથી સૂર્યનું રક્ષણ કરે છે. પછી વિધિ પ્રમાણે અગ્નિને ફેરા ફરી લગ્નવિધિ પૂરો થયો ત્યારે સતી-શંકર પર પુષ્પવૃષ્ટિ થઈ, વાજિંત્રો વાગ્યા. શંકરે બ્રહ્માને કહ્યું, તમે લગ્ન કાર્ય કરાવ્યું. દક્ષિણા ગ્રહણ કરો. બ્રહ્માએ દક્ષિણા લીધી. પછી સર્વ પોતપોતાના સ્થાનો પર ગયા. શંકર પણ દક્ષની આજ્ઞા લઈને સતીને પોઠિયા પર બેસાડીને ગણો સહિત કૈલાસ આવ્યા. સતી ઈશ્વર શંકરની હંમેશા ષોડ્શોપચારથી પૂજા કરતા હતા. યજ્ઞના આરંભમાં તથા વિવાહના સમયે જે નરનારીઓ વર-કન્યા આ સતી-શંકરના લગ્નની કથા સાંભળશે તેને કોઈપણ વિઘ્ન નહીં આવે.

અધ્યાય - ૧૭૩

❖ પરબ્રહ્મનું જ્ઞાન, સેવા-ભક્તિનાં પ્રકાર અને મહિમા ❖

એકવાર સતી શંકરને કહે : આ તમારા કૈલાસમાં બરફના પર્વત વિના બીજું કાંઈ દેખાતું જ નથી. મારી બીજી બહેનો છે તેને કેવા સરસ ભવનો છે. સંસારમાં પહેલું દુઃખ રહેવા ઘર નહીં, બીજું દુઃખ ખાવા અનાજ નહીં, ત્રીજું દુઃખ ધન સંપત્તિ નહીં, ચોથું દુઃખ સંતાન નહીં, પાંચમું દુજાણું નહીં, છઠ્ઠું રોગ, સાતમું મલિનતા, આઠમું દુઃખ આ પોઠિયો, સિંહ, સર્પો બાધ્યા કરે. તે તમને યોગીને તો દુઃખ દેખાતા નથી. પણ મને દેખાય છે. પછી શંકરે સતીને રાજી રાખવા, બગીચા, વૃક્ષો, ભવનો નિર્માણ કરી સતીનો સંકલ્પ પૂર્ણ કર્યો. મહાદેવ શંકરથી સુખ પ્રાપ્ત કરી એકવાર સતીએ વૈરાગ્યવૃતિથી પૂછ્યું, હે મહાદેવ તમે પરબ્રહ્મમાં ધ્યાનમગ્નથી તાદાત્મ્યપણાને પામેલા છો. તેથી હું મારા અહોભાગ્ય માનું છું.

તમારા જેવા પતિ મળ્યા તેથી તમારાથી પરબ્રહ્મનું જ્ઞાન-વિજ્ઞાન જાણવા ઈચ્છુ છું. જે સાંભળીને જગતના જીવો પ્રભુના દાસ થયા.

શંકર કહે, પૂર્વે હું નરનારાયણના આશ્રમે જઈને વૈષ્ણવ થયેલો છું. તો પરબ્રહ્મની આરાધના, ઉપાસના, ભક્તિ કરવી તેને જ પ્રભુનું વિજ્ઞાન કહેલું છે. નારાયણ બીજા સાધનોથી તરત પ્રાપ્ત થતાં નથી, પણ તેની નવધા ભક્તિ, શ્રવણ, કિર્તન, સ્મરણ, ચરણસેવા, દાસપણું, સ્નેહથી, પૂજા, વંદન, સખા, સખીભાવ, આત્મનિવેદન આ નવ પ્રકારે શ્રીહરિની ભક્તિ કરવી, શ્રીહરિની કથા શ્રવણ કરી હૃદયમાં તે મૂર્તિના લીલા ચરિત્રોનું સ્મરણ કરવું. તે શ્રીહરિ ધામમાં રહ્યા છે. વ્યાપક સ્વરૂપે સર્વ સ્થાનમાં રહ્યા છે. અનન્યપણે અવતારોમાં, ઈશ્વરોમાં, દેવોમાં, સર્વમાં તથા અંતર્યામીપણે જીવ પ્રાણી માત્રમાં રહ્યા છે. તે પરબ્રહ્મ શ્રીહરિની ષોડ્શોપચારથી પૂજા કરવી. પંચામૃતથી સ્નાન, વસ્ત્ર, આભૂષણો ધરાવવા, અબિલ-ગુલાલ, કંકુ, અત્તર, ચંદનથી પૂજા કરવી. તુલસી, પુષ્પના હાર, ધૂપ, દીપ, નૈવેદ્ય, મુખવાસ ધરાવવું. આરતી ઉતારવી, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ, નમસ્કાર કરી ક્ષમા પ્રાર્થના કરવી.

આ શ્રીહરિની ભક્તિ તે ભુક્તિ-મુક્તિ અપાવનારી છે. તથા તે વિના બીજા ભક્તિના સેવાના ઘણા પ્રકારો છે. મંદિરમાં જઈ વાળવું, પાણી ભરવું, સ્વચ્છ રાખવું. આ સર્વે સેવાને ભક્તિ કહેલી છે તે સેવા શ્રીહરિમાં પ્રિતી કરાવી જ્ઞાન આપનારી થાય છે. તથા ભક્તિ મુખ્ય બે પ્રકારની થાય છે. સકામ ભાવનાથી જે ભક્તિ થાય છે તે સગુણ ભક્તિ કહેવાય છે. નિષ્કામ ભાવનાથી કેવળ ભગવાનને રાજી કરવા માટે ભક્તિ સેવા થાય તે નિર્ગુણ ભક્તિ છે. તે નિર્ગુણ ભક્તિ પણ સ્વભાવથી અને આજ્ઞાથી બે પ્રકારે થાય છે. તેમાં પણ બે પ્રકારે એક પરાભક્તિ બીજી અપરાભક્તિ, શરણાગત સાધનરૂપે અપરાભક્તિ કહેલ છે. પરિપકવ નિષ્ઠાવાળી સાધ્યભક્તિ પરાભક્તિ કહેલી છે. આ રીતે પરાભક્તિ કરતાં શ્રીહરિનું સ્મરણ કરતાં દેહનો તજીને પરમપદ પમાય છે. હે સતી પૂર્વ મેં ૬૦ હજાર વર્ષ તપ કર્યું. શ્રીહરિએ મનોહર કિશોર સ્વરૂપે દર્શન આપી કહ્યું : શંભુ શું ઈચ્છે છે ? મેં કહ્યું, પ્રભુ તમને અર્પણ કર્યા વિના કોઈ વસ્તુ ગ્રહણ ન કરું, એવું આત્મનિવેદીપણું આપો.

અધ્યાય - ૧૭૪, ૧૭૫

❖ દક્ષાનાં યજ્ઞમાં શંકરનું અપમાન થવાથી સતીનો દેહત્યાગ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર દક્ષપુત્રી સ્નેહથી શંકર પાસે આવ્યા. શંકરે આદરસત્કાર કર્યો. બીજી વાર આવ્યા શંકર તો જોગી. માન, સન્માન ન આપ્યું. ત્રીજીવાર આવ્યા. શંકરને અભાવ આવ્યો. દક્ષ રાજાએ નૈમિષારણ્યમાં યજ્ઞ કર્યો. ત્યાં શંકરનું આસન ન રાખ્યું. ભૃગુરાજાએ કહ્યું, શિવનું આસન કેમ ન રાખ્યું ? દક્ષ કહે, શિવ અમંગલ છે. પછી બીજો યજ્ઞ હિમાલયમાં કનખલમાં કર્યો. સર્વે દેવો, ઈશ્વરો આવ્યા પણ શંકરને આમંત્રણ

ન આપ્યું. આસન પણ ન રાખ્યું. સતીની બહેનોના વિમાન કૈલાસ પરથી નીકળ્યા. સતીને કહે : ચાલ પિતાજી યજ્ઞ કરાવે છે. સતી કહે : તમે જાવ હું આવું છું. દધીચી ઋષિએ દક્ષ પ્રજાપતિને કહ્યું, શંકરનું આસન યજ્ઞમાં નથી તેથી પરિણામ સારું નહીં આવે. દક્ષે ઋષિનું અપમાન કરી બહાર કાઢ્યા. ત્યારે દધીચી ઋષિએ શાપ આપ્યો. મૂર્ખ તું અભિમાનથી શંકરની નિંદા કરે છે. અને મારું અપમાન કરે છે. તેથી યજ્ઞનો અગ્નિ તારા માથા પર પડશે. એમ શાપ આપી યજ્ઞસ્થાનમાંથી બહાર નીકળી ગયા.

સતીએ શંકરને પિતા દક્ષના યજ્ઞમાં જવાનું કહ્યું. શંકર કહે, સતી તારા પિતાની આજ્ઞા નથી. મારો દ્રોહ કરે છે. ત્યાં યજ્ઞમાં મારું આસન રાખ્યું નથી, મારી નિંદા કરે છે અને આપણને આમંત્રણ નથી તેથી ત્યાં જવું યોગ્ય નથી. સતીએ કહ્યું, મારી સર્વે બહેનો જાય છે. અને પિતાને ઘેર જવામાં આમંત્રણની જરૂર નથી. શંકરે કહ્યું, સતી તમારે શું અપૂર્ણ છે. ત્યાં જવાથી પરિણામ સારું નહીં આવે. મને ત્યાં જવામાં શાંતિ નથી દેખાતી. તું ત્યાં જઈને મને મારવાની શું કામ ઈચ્છા કરે છે. છતાં સતીએ નારી હઠથી જવાનો આગ્રહ કર્યો. શંકર કહે, આજે જવામાં નક્ષત્ર યોગ સારો નથી. તેથી ફરીને મારું મુખ જોવા નહીં મળે. શંકરે ના પાડવા છતાં સતી જવા તૈયાર થયાં. શંકરને પગે ન લાગ્યા અને નીકળ્યા. શંકરે સાથે ગણોને મોકલ્યા. સતી પિતા દક્ષને ઘેર આવ્યા. માતા-પિતાને પગે લાગ્યા અને પુછ્યું - શંકરને કેમ ન બોલાવ્યા ?

દક્ષ કહે : બ્રહ્માએ શંકરના બહુ વખાણ કર્યા એટલે મેં તને શંકરને આપી પણ જોગી વિવેક વગરનો છે. વ્યવહારની ખબર નથી. સ્મશાનમાં રહે, ભસ્મ લગાવે, ભૂત ભેગો રહે, એને સંસારનું જ્ઞાન નથી. હું ત્રણવાર આવ્યો, મને બોલાવ્યો ? સતીએ શંકરની નિંદા સાંભળીને તરત જ કાનમાં આંગળી નાખી સાંભળવું બંધ કર્યું. પછી સતી યજ્ઞ મંડપમાં ગયા. ત્યાં સર્વે દેવોને જોઈને શંકરનું આસન ન જોયું ત્યારે સતીએ વિષ્ણુને કહ્યું, તમે શંકરને ત્યજીને કેમ આવ્યા ? બ્રહ્માને કહ્યું, તમે પણ શિવને ત્યજીને આવ્યા. એવી રીતે સર્વે દેવોને કહ્યું. પછી પિતાને કહ્યું શિવનું આસન કેમ નથી ? દક્ષે ફરી શંકરની નિંદા કરી. ત્યારે સતીથી સહન ન થયું. ત્યાં યજ્ઞ મંડપમાં યોગથી શરીરમાં રહેલા છ ચક્રો ભેદી પોતાના આત્માને બ્રહ્મરંધથી બહાર કાઢીને યોગઅગ્નિ પ્રગટ કરી શરીર બાળી દીધું. યજ્ઞ મંડપમાં હાહાકાર થઈ ગયો.

અધ્યાય - ૧૭૬, ૧૭૭

❖ વીરભદ્ર દ્વારા દક્ષયજ્ઞનો ભંગ તેમજ દક્ષનો વધ ❖

તે સમયે ભૃગુ ઋષિ અને બ્રાહ્મણોને પરસ્પર શાપ થયા. શંકરને નહીં જાણનારા તમે મૂઢ ભક્તિથી રહિત થશો. શિવને ન જાણવાથી દરિદ્ર રહેશો. પછી નારદજીએ શંકર

પાસે જઈ સતીનું સર્વે વૃત્તાંત કહ્યું. શંકર આત્મસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનીઓને શિક્ષા કરવા ક્રોધ કરી, જટા પછાડી, વીરભદ્ર ઉત્પન્ન કરી કહ્યું, જા દક્ષના યજ્ઞનો ભંગ કર. વીરભદ્ર પગથી પર્વત ઉખેડતો દક્ષના યજ્ઞમાં આવી મંડપ ભાંગી નાખ્યો. ગણોએ દક્ષના સૈન્યનો નાશ કર્યો. તે સમયે દક્ષને અપશુકનો થવા લાગ્યા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દક્ષ પ્રજાપતિએ બ્રહ્મા-વિષ્ણુને શરણે જઈ રક્ષણ કરવાનું કહ્યું. વિષ્ણુ કહે : જ્યાં અપૂજ્યની પૂજા થાય અને પૂજ્યનું અપમાન થાય ત્યાં દારિદ્ર મરણ અને ભય રહે છે. સતીના નાશથી સર્વેને દુઃખ થયું. તે જ્ઞાનના અભિમાનથી શિવનું અપમાન કર્યું. શિવ નારાયણપરાયણ મહાભક્ત છે. ભક્તનો અપરાધ ભગવાન માફ નથી કરતા. જ્ઞાનનો આશ્રય કરી ઈશ્વરને, ભક્તિને તજી દે છે, તે મૂઢ કર્મમાં સદા ડૂબેલો રહે છે. ત્યાં દક્ષના યજ્ઞમાં યમ, કુબેર, વરુણ, ઈન્દ્રાદી દેવો, બ્રહ્મા, વિષ્ણુ વગેરે હતા ત્યાં વીરભદ્ર અને ગણો આવ્યા. દેવો અને ગણોનું ભયંકર યુદ્ધ થયું. તે સમયે વિષ્ણુએ ચક્ર વીરભદ્ર પર છોડ્યું. પણ શંકર કંઠમાં આવીને બેસી ગયા. તેથી ચક્ર પાછું વિષ્ણુના હાથમાં જતું રહ્યું. તે સમયે વીરભદ્રે વિષ્ણુને કહ્યું, ક્યાં ગયો દક્ષ જે જીભથી શિવની નિંદા કરે છે, તે જીભને ખેંચી લઉં. મોઢેથી શંકરનું આપમાન કર્યું છે. તે મોઢાને કાપી નાખું. જે માથું શંકરને નમ્યું નથી તે માથાને કાપી નાખું. એમ કહી તલવારથી વીરભદ્ર દક્ષનું માથું કાપવા ગયો પણ શસ્ત્રથી કપાયું નહીં. તેથી વીરભદ્રે હાથેથી દક્ષનું માથું ધડથી ઉખાડીને યજ્ઞના કુંડમાં હોમી દીધું. પછી વિષ્ણુ, બ્રહ્મા, શંકરને બોલાવી આવ્યા. બ્રહ્માએ શંકરને કહ્યું, આ સર્વેને સજીવન કરો. શંકરે અમૃત અને સંજીવની તથા મંત્રોથી સર્વેને સજીવન કર્યા. શંકરની આજ્ઞાથી વીરભદ્રે દક્ષનું મુખ બકરાનું કરીને પોતાનો ગણ બનાવ્યો. આ રીતે મહાન પુરુષોનો, સત્પુરુષોનો, ઈશ્વરોનો, દ્રોહ કરવાથી દુઃખદ પરિણામ આવે છે. વિધુર શંકર હિમાલયમાં તપ કરવા ગયા. વીરભદ્ર કૈલાસનું રક્ષણ કરવા રહ્યો, દક્ષે કાશી જઈ તપ કર્યું, શંકરે પ્રસન્ન થઈ દક્ષના પાપ નાશ કર્યા.

અધ્યાય - ૧૭૮

❖ શંકરનો સતી વિયોગ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકર, ઈશ્વર કે પરમેશ્વર હોય પ્રકૃતિના બ્રહ્માંડમાં આવે એટલે લોકરીતિથી જગતને બતાવવા મનુષ્ય ચરિત્ર કરવું પડે છે. ગુરુના ગુરુ જ્ઞાની, યોગી હોવા છતાં શંકરને સતીનો શોક થયો. અરે સતી તું ક્યાં ગઈ હવે મને ક્યારે મળીશ. સતીના-ભસ્મ અસ્થિ ગંગાકાંઠે લાવી રોવા લાગ્યા. બ્રહ્મા, વિષ્ણુ કહે : શંભુ માયાના સુખ-દુઃખ મિશ્રિત છે. તમે તો ગુણાતિત છો. તમને શોક કરવો ન ઘટે. સતી તો તમારી આદ્યાશક્તિ પત્ની સ્વરૂપે મળવાની જ છે. સદા તમારી સાથે જ રહેવાની છે. શરીર બે કહેલા છે. એક

નિત્ય શાશ્વત. બીજું, પ્રાકૃત નાશવંત. સતીનું પ્રાકૃત શરીર નષ્ટ થયું. આત્મારૂપી શાશ્વત શરીર તમારી સાથે જ છે. તો પણ ગોલોકમાં કૃષ્ણની સાથે રહેલી રાધા તથા વૈકુંઠમાં વિષ્ણુ સાથે રહેલી મહાલક્ષ્મી આ બધા મહામાયાના સ્વરૂપો છે. તેની તમે સ્તુતિ કરો, એટલે સતી પ્રાપ્ત થશે. શંકર સ્તુતિ કરવા લાગ્યા. હે રાધીકા, વેદમાતા, નારાયણી, જ્ઞાનરૂપા, ચરાચર સ્વરૂપે રહેલી સર્વ સિદ્ધિ આપનારી મારી પર પ્રસન્ન થાઓ. ત્યાં તો તરત જ તેજસ્વી વસ્ત્ર અલંકારોથી શોભતા સો ભૂજાવાળી સતીને જોઈને શંકર પ્રસન્ન થયા. સતી બોલ્યા, હે મહાદેવ - હું તો જન્મો જન્મમાં તમારી જ પત્ની થઈશ. તમે વિરહનો ત્યાગ કરો, હું હિમાલયની પુત્રી થઈને તમારી પત્ની થઈશ.

અધ્યાય - ૧૭૯, ૧૮૦

❖ શંકરે ભિક્ષામાં મેના પાસે સતી માંગ્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકર હિમાલયમાં ફરતાં ફરતાં મેનાના ઘેર ગયા અને ભિક્ષા માંગી. હિમાલય પત્ની મેનાએ ભિક્ષા આપી. શંકર કહે : આ ભિક્ષા તો સર્વેને માટે છે. જેમાં બીજાનો ભાગ ન હોય એવી ભિક્ષા આપ. મેના કહે : તમારો ગૂઢાર્થ મને સમજાતો નથી. ચોખ્ખુ કહો. શંકર કહે : તારે ત્યાં પુત્રી જન્મે તે ભિક્ષામાં મને આપજે. મેના રાજી થઈ. પૂર્વે પિતૃ કન્યા મેના, ધન્યા, કલાવતી, શ્વેનદ્વિપમાં વિષ્ણુના દર્શન કરી સભામાં બેઠી. ત્યાં સનકાદિકો પ્રભુના દર્શને આવ્યા. ત્યારે ત્રણેય કન્યાઓ ઊભી ન થઈ એટલે સનકાદિકોએ શાપ આપ્યો, જાવ પૃથ્વી પર મનુષ્ય જન્મ ધારણ કરો. શાપ સાંભળી ત્રણેય કન્યાઓ સનકાદિકને પગે લાગી. અપરાધ ક્ષમા માંગી. સનકાદિકે કહ્યું, આ પ્રભુ તમારો જમાઈ થશે. તે મેના હિમાલયનાં પત્ની થયાં. ધન્યા, શીરધ્વજ જનકના પત્ની થયાં. કલાવતી વૃષભાનુના પત્ની થયાં.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરે મેનાને કહ્યું, તમારે ત્યાં સતી જન્મ લેશે. ત્યારે હિમાલય અને મેના બંને ઉગ્ર તપ કરતા હતા. સતી પ્રસન્ન થઈ બોલ્યા શું જોઈએ. મેના કહે : તમે મારે ત્યાં કાલી નામથી અવતાર ધારણ કરી શંકરના પત્ની થાવ. સતી કહે : તથાસ્તુ. પછી હિમાલય મેનાને ત્યાં સતીએ જન્મ ધારણ કર્યો. દેવો-ગાંધર્વોએ ઉત્સવ કર્યો.

અધ્યાય - ૧૮૧

❖ નારદજીએ પાર્વતીના ચિહ્નો પરથી ભાગ્ય જોયું ❖

એક વખત નારદ શૈલ મેના પાસે આવ્યા. પર્વતે પાર્વતીને નારદને પગે લગાડી ભાગ્ય જોવાનું કહ્યું. નારદે પાર્વતીના હાથમાં હાથી, ધજા, પદ્મ, ત્રિશૂલ, કમલ, સ્વસ્તિક વગેરે ચિહ્નો જોઈ કહ્યું, ઈશ્વરની પત્ની થશે તથા શરીરના પગમાં ચિહ્નો જોઈ કહ્યું,

મહેશ્વરી થશે. પણ એક રેખા અંગુઠા પર એવી છે કે ફળ તેનું થાય કે ન થાય. પણ પાર્વતીનો પતિ માતા-પિતા વિનાનો જોગી નગ્ન, ગુણહીન, નિષ્કામ થશે. હિમાલય પર્વત અને મેના કહે : એવો કોઈ તમારી નજરમાં હોય તો કહો. નારદ કહે : સ્વયંભૂ અજન્મા સદાશિવ નિત્ય સનાતન ઈશ્વર છે. ગુણહીન માયાના ત્રણ ગુણથી રહિત છે. માતા-પિતા વિનાનો એટલે સ્વયં બ્રહ્મસ્વરૂપ પોતે શંકર આ પાર્વતીના પતિ થશે. પર્વત મેના નારદનું આવું વચન સાંભળી કહેવા લાગ્યા પણ તે શંકર મહાદેવ આપણને પ્રાપ્ત કેમ થાય ? નારદ કહે : તપ કરીને શંકર પ્રસન્ન કરો. તેથી કાર્ય સિદ્ધ થશે અને તમે જેમ શંકરને જમાઈ કરવાની ઈચ્છા કરો છો, તેમ શંકર પણ પાર્વતી સાથે જ લગ્ન કરવાની ઈચ્છા કરે છે તેથી તમારી પુત્રી પાર્વતી કાળી તે મહાકાળને જ વરશે.

અધ્યાય - ૧૮૨

❖ શંકરની પ્રાપ્તિ માટે પાર્વતીનું તપ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એક સમયે પાર્વતીને સ્વપ્ન આવ્યું. તેમાં શંકરના દર્શન થયા અને તપ કરવાનું કહ્યું. પાર્વતીએ માતા-પિતાને કહીને તપનો આરંભ કર્યો. એકવાર ફળનો આહાર કરી એક સ્વસ્તિકાસને બેસી એક હજાર માળા શંકરના નામની ફેરવતા હતા. વલ્કલ ધારણ કરી સ્તોત્ર પાઠ કરતા. શંકરે જાણ્યું પાર્વતી તપ કરે છે, તેથી દર્શન આપવા વિચાર કર્યો.

અધ્યાય - ૧૮૩, ૧૮૪

❖ મંગળ ગ્રહ-અપ્સરા-કામદેવ-વસંતઋતુ-હનુમાન આદિની ઉત્પત્તિ ❖

એક સમયે શંકર સતીના વિરહમાં સમાધીમાં બેઠા હતા. ત્યાં લલાટમાંથી તપ અને વિરહનું બિંદુ પડ્યું તેમાંથી મંગલ ગ્રહની ઉત્પતી થઈ. તે સતી વિરહમાં મંગલનો જન્મ થયો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સતીના વિરહમાં શંકર હિમાલયમાં ફરતા હતાં ત્યાં આકાશવાણી થઈ ગોલોકમાં જાવ. શંકર ગોલોકમાં ગયા. ત્યાં સતીના દર્શનથી વિરહ શાંત થયો. પછી કૃષ્ણ શંકરને પાછા હિમાલયમાં લાવવા માટે મોહિની સ્વરૂપ ધારણ કરી શંકરને સાથે લઈને સત્યલોકમાં આવ્યા. ત્યાં બ્રહ્મા મોહિનીરૂપ જોઈ મોહ પામ્યા. ધાતુ સ્રવી ગયો. તે અપ્સરાઓ થઈ તથા કામદેવ, શ્રૃંગાર અને વસંતઋતુનો જન્મ થયો. તે મોહિનીરૂપ શ્રીકૃષ્ણ હિમાલયમાં આવીને શંકરને ભેટી પડ્યા. શંકરનો ધાતુ સ્રવી જતાં વાયુ લઈ ગયો. અંજની તપ કરતી હતી તેના કાનમાં પ્રવેશ થયો. તે અંજનીમાં હનુમાન જન્મ્યા. તે હનુમાન

સૂર્યને ફળ માની લેવા ગયા. અંજની માતાને લઈ વૈકુંઠમાં જઈ વૈષ્ણવભક્ત બની આવતા શનિને પોતાના પગ નીચે સદાને માટે દબાવીને રાખીને તે પનોતી નામે થઈ.

અધ્યાય - ૧૮૫

❖ શંકરનું તપ ભંગ કરવા બદલ કામદેવને શાપ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકર હિમાલયમાં તપ કરતા હતા, ત્યાં હિમાલયે આવી સ્તુતિ કરી. હે યોગી, વિકાર રહિત શાંત પરિપૂર્ણ સુખરૂપ તમને નમસ્કાર. તમારા દર્શન કરી આજ મારો જન્મ સફળ થયો. શંકર કહે : તમારો સંકલ્પપૂર્ણ થાવ. હિમાલય કહે : હું તમારી સેવા કરવા આવ્યો છું. શંકર કહે : તપમાં એકાગ્રતા ન થાય તો સિદ્ધિ થતી નથી. હિમાલય કહે : તમે સ્વતઃ સિદ્ધ છો. જગત તમને આદ્યાશક્તિ પ્રકૃતિ સહિત પૂજે છે. તેથી તું સેવામાં રહે પાર્વતી અને મને તપ કરવા દે. તે સમયે તારકાસુર દેવોને પીડા કરવા લાગ્યો. તેથી ઈન્દ્રે વિચાર્યું. જો શંકર કામદેવને ગ્રહણ કરે તો જ પાર્વતી પુત્ર સ્કંદ તારકાસુરનો નાશ કરે. એમ વિચારીને કામદેવને તપ કરતા શંકર પાસે મોકલ્યો. શંકરે તપમાં ભંગ થવાથી જરાક ક્રોધથી લલાટના ત્રીજા નેત્રમાંથી અગ્નિ પ્રગટ કરી કામદેવને બાળી નાખ્યો. કામદેવની પત્ની વિલાપ કરતી શંકરને પ્રાર્થના કરવા લાગી. પ્રભુ મારા પતિને જીવિત કરો. શંકર કહે : તારો પતિ ભવિષ્યમાં પ્રદ્યુમ્ન થશે ત્યારે તું શંબર કન્યા થઈને કામદેવ તારા પતિને પ્રદ્યુમ્ન રૂપે પ્રાપ્ત કરીશ. ત્યારે શંકરના નેત્રમાંથી નીકળેલો વડવાગ્નિ ચારેકોર ફેલાવા માંડ્યો. બ્રહ્માએ તેને કહ્યું, તું સમુદ્રમાં વાસ કર ત્યાં સમુદ્રમાં રહેજે. ખારું પાણી પીજે. બ્રહ્માની આજ્ઞાથી સમુદ્રે વડવાનલને પોતામાં સમાવ્યો.

અધ્યાય - ૧૮૬

❖ સપ્ત ઋષિઓ દ્વારા પાર્વતીની પરીક્ષા ❖

શ્રીનારાયણ કહે : શંકરે કામને બાળ્યો તેથી પાર્વતીને દુઃખ થયું. હવે મને શંકર ક્યારે ગ્રહણ કરશે. ત્યાં નારદ આવ્યા. પાર્વતીને કહે, તપથી સર્વે સિદ્ધ થાય છે. પણ તેમાં ગુરુ કરવા જોઈએ. એમ કહીને પાર્વતીને મંત્ર આપ્યો. "ૐ નમઃ શિવાય" એ મંત્રનો જાપ કરજે તેથી શંકર પ્રત્યક્ષ દર્શન આપશે. માતા-પિતાએ ના પાડવા છતાં પાર્વતી શિવને પ્રાપ્ત કરવા તપમાં અને જપમાં બેસી ગયા. પાંચ હજાર વર્ષ ફળપત્ર ખાઈને પાણી પીને તપ કરતા હતા પછી તો પાણી પણ મૂકી દીધું. ત્યાં સાત ઋષિઓ આવ્યાને પૂછ્યું, બેટા કોના માટે તપ કરે છે ? પાર્વતી કહે : શંકરને માટે. ઋષિઓ કહે, તે તો જોગી વિરક્ત છે. સંસારથી ઉદાસ છે. તે તારી પાસે નહીં આવે. માટે તું તે શંકરની આશ છોડી તપ બંધ કર. પાર્વતી કહે : મારા પિતા હિમાલય પર્વત ખસે તેવા નથી. તેની પુત્રી હું મન દૃઢ કરીને બેઠી છું. શંકર આવે તો જ તપમાંથી ઊભી થઈશ. ઋષિઓ આશીર્વાદ આપી ચાલ્યા ગયા.

અધ્યાય - ૧૮૭

❖ શંકર દ્વારા પાર્વતીની પરીક્ષા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાત ઋષિએ પાર્વતીના ઉગ્ર તપની શંકરને વાત કરી. શંકર વૃદ્ધ વિપ્રનું રૂપ લઈ પાર્વતી પાસે આવીને કહે, આવું કષ્ટ કોના માટે સહન કરો છો ? પાર્વતી પગે લાગીને કહે, શિવને પ્રાપ્ત કરવા. શંકર કહે : તું તો રમા, સરસ્વતી, લક્ષ્મી જેવી છે. અને શિવ તો વિરક્ત ઘરકુટુંબ વિનાનો છે. ભસ્મ ચોળનારો, રૂપવિનાનો સર્પના ઘરેણાવાળો છે. જેના ઘરમાં સુખ નથી, એવા જંગલમાં ભટકતા શિવને વરવાની તું શું કામ ઈચ્છા કરે છે. પાર્વતી કહે : તમે વિપ્ર છો, વૃદ્ધ છો, એટલે તમને કાંઈ કહેતી નથી. પણ હવે જો શિવની નિંદા કરી તો લાકડી મારીશ. શિવ જોગી હોય કે ભોગી સગુણ કે નિર્ગુણ, કામી કે નિષ્કામી તારે શું છે. જે છે તે સર્વે મારા માટે સર્વસ્વ છે. આખું જીવન ગમે તેટલું પુણ્ય કર્યું હોય પણ જો શિવની નિંદા કરે તો સર્વે પુણ્ય બળી જાય છે. એમ કહી પાર્વતી ઊઠ્યા. ત્યાં શંકરે સોળ વર્ષના યુવાન તેજસ્વી રૂપે દર્શન આપ્યા. પરીક્ષા કરી માટે ક્ષમા માંગી. પાર્વતીને શંકરે દર્શન આપ્યા તે ગૌરીશંકર તીર્થ છે. પછી પાર્વતી શંકરને કહે : તમે મારા પિતા પાસે જઈ મારી યાચના કરો. શંકરે કહ્યું, યાચના કરવાથી પુરુષ હલકો થાય છે તેથી સાત ઋષિઓને વાગ્દાન માટે મોકલીશ.

અધ્યાય - ૧૮૮

❖ હિમાલય અને મેના દ્વારા શંકર-પાર્વતીના વિવાહનો સ્વીકાર ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરે વિશ્વામિત્ર વગેરે સાત ઋષિઓને સંભાર્યા, તરત આવ્યા, પગે લાગ્યા. આજ્ઞા માંગી શંકર કહે : તમે હિમાલય પાસે જઈ મારે માટે પાર્વતીની માંગણી કરો. સપ્તઋષિઓ ગયા. હિમાલય પગે લાગી કહે : મારા અહોભાગ્ય કે, સપ્તઋષિઓ મારા આંગણે પધાર્યા હું પવિત્ર થયો. બોલો શું આજ્ઞા છે ? ઋષિઓ કહે , શંકરે અમને મોકલ્યા છે. તમારી પુત્રી પાર્વતી શંકરને પતિ કરવા ઈચ્છા કરી તપ કરે છે. તો જગતના પુજ્ય દેવના દેવ ઈશ્વર શંકર માટે અમો તમારી પુત્રી પાર્વતીની માંગણી કરવા આવ્યા છીએ. તમારી પુત્રી શંકરને આપવાથી પુજ્યપણાને પામશે. ઋષિઓનું વચન માંગણી હિમાલય મેના કુટુંબે વધાવી લીધી. પછી ઋષિ વસિષ્ઠ વગેરે લગ્નતિથિ નક્કી કરીને હિમાલયને કહ્યું - માગશર સુદ-૭નો સોમવારે જાન આવશે.

અધ્યાય - ૧૮૯, ૧૯૦

❖ શિવ-પાર્વતી વિવાહ પત્રીકા વિતરણ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હિમાલય મેનાએ પૃથ્વીના સર્વે પર્વતોને તથા દેવો-ઈશ્વરોને, ઋષિઓને પાર્વતીના લગ્નની પત્રિકાઓ મોકલતા હતા. સર્વે સ્થાનોમાંથી આવેલા મહેમાનોને મિષ્ટાનો, ફરસાણો, પુરી, શાક, દાળ, ભાત, સંભારા, ભજિયાં, અથાણાં, પાપડ, ચટણી સર્વે રસોઈ જમાડતા હતા. તે હિમાલય વિશ્વકર્મા પાસે મંડપની રચના કરાવતા હતા તથા આવેલા પર્વતો, વનો, નદીઓ, તીર્થો, દેવો, દેવીઓ વગેરેને ઉતારા અપાતા હતા તથા બધાનો સત્કાર કરતા હતા.

હિમાલયે કૈલાશમાં શંકરને લગ્નપત્રિકા મોકલી. શંકર વાંચી પ્રસન્ન થયા. અને નારદને બોલાવીને કહ્યું, ચૌદ લોકમાં આમંત્રણ આપી આવો. સર્વે ઈશ્વરો, ઈશ્વરાણીઓ, દેવો, દેવીઓ, સિદ્ધો, ગાંધર્વો, વિદ્યાધરો, ચારણો, ઋષિમુનિઓ, પૃથ્વીના સર્વે જીવ પ્રાણીમાત્ર તે સર્વે શંકરની જાનમાં આવશે. જે જાનમાં નહીં આવે તે મારો ભક્ત નથી. સર્વે સ્થાનોમાંથી સર્વે ઈશ્વરો વગેરે કૈલાસમાં શંકર પાસે આવી જાનમાં જવાની તૈયારી કરતા હતા.

અધ્યાય - ૧૯૧, ૧૯૨

❖ શંકરનું રૂદ્રરૂપ અને ભૂતોની જાન જોઈને મેના શોકમગ્ન ❖

શંકરને પીઠી ચોળીને સ્નાન કરાવીને શણગારતા હતા. વાઘનું ચામડું પહેરાવ્યું, હાથીનું ચામડું ઓઢાડ્યું, શરીરે ભસ્મ લગાવી, રૂદ્રાક્ષની માળાઓ પહેરાવી, સર્પોના ઘરેણાં પહેરાવ્યા તથા સોના-હીરા મોતીના ઘરેણાં પહેરાવ્યાં. પછી શંકરે સર્વે ગણોને ભૂત, પ્રેત, પિશાચ, ડાકીની, શાકિની, ભૈરવ, ભૈરવી, વૈતાલીની વગેરે કરોડો અને અબજોની સંખ્યામાં રહેલા સેવકોને જાનમાં આવવા માટે તૈયાર કરતા હતા તે સર્વે સેવકો વાજિંત્રો ડમરું, ડાકલા, ભેરી ભુંગળો, શરણાઈ, તુરી, ઢોલ, નગારાં, ત્રાંસા વગેરે વગાડતાં નાચતા, તૈયાર થયા. શંકર પ્રથમ નારદને હિમાલય પાસે મોકલતા હતા. શંકર કૈલાસમાં વિઘ્ન શાંતિ માટે દેવપૂજન, વેદપૂજન, વિપ્રપૂજન વગેરે માંગલિક કાર્યો કરી દાન આપતા હતા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારદ હિમાલય પાસે આવી મંડપની રચના જોઈ આશ્ચર્ય પામ્યા. પછી હિમાલયે મેનાને કહ્યું, શંકર મહાદેવની જાન આવે છે. એટલે પાર્વતીમાતા મેના પોતાના જમાઈને જોવા નારદજીને લઈને અગાશીમાં આવી. વાયુ, વરૂણ, યમ, કુબેર, સૂર્ય, ચંદ્ર, જાનમાં પોતાના સેવકો સહિત આવતા હતા. મેનાએ પૂછ્યું, આ મારા જમાઈ છે ? નારદ કહે : ના તે સર્વે શંકરના સેવકો છે. મેના વિચાર કરવા લાગી જેના સેવકો આવા

ઐશ્વર્યવાળા છે. તેના સ્વામી કેવા હશે. પછી તેજસ્વી બ્રહ્મા, વિષ્ણુ આવ્યા. મેનાએ નારદને પૂછ્યું, આ અમારા જમાઈ છે ? નારદ કહે : તે શંકરના ભાઈઓ છે. મેના અતિ રાજી થયા. પછી ભક્તો સહિત રાધા-કૃષ્ણ આવ્યા. મેનાએ પુછ્યું, આ મારા જમાઈ છે ? નારદ કહે : આ શંકરના માતા-પિતા છે. મેના અતિ આશ્ચર્ય પામી.

ત્યાં અતિ તેજસ્વી કૃષ્ણ જેવા રૂપવાળા શંકરને જોઈને નારદે વિચાર્યુ કે, આ દર્શન હિમાલય મેનાને થશે તો અતિ આશ્ચર્યથી તેના દેહ રહેશે નહીં. તરત મુક્તિમાં જશે. લગ્નમાં વિઘ્ન થશે. તેથી શંકર પાસે જઈને નારદે કહ્યું, તમારું તેજસ્વીરૂપ સંકેલી લ્યો. શંકરે કૃષ્ણસમાન રૂપ સંકેલીને રુદ્ર રૂપ ધારણ કર્યું. જટા, ત્રિશુલ, ધનુષ્ય, મુંડમાળા, પાંચ માથા, દશ હાથ, ભિક્ષાપાત્ર એવું સ્વરૂપ જોઈને મેના કહે : નારદ આ સર્વેમાં મારો જમાઈ કોણ છે ? નારદ કહે : ગણો અને ભૂતોથી વિંટળાયેલા શંકર તમારા જમાઈ છે. મેના તો આવા તેના નાક-કાન વિનાના ખાડા, ખોબડા, લુલા, લંગડા, ઠૂંઠા, બુંઠા, કાણા, ફાંગા, કાળા-પીળા, માથા વિનાના પશુ-પક્ષી જેવાં, ડમરૂ, ડાકલાં વગાડતા ગણોને જોઈને ભૂતોને જોઈને ભય પામી દુઃખી થઈ અતિ શોક કરતી નારદને કહેવા લાગી. અરે અમને સાત ઋષિઓએ છેતર્યા તેં પણ અમને છેતર્યા. અમને દુઃખના દરિયામાં નાખ્યા. મારી પુત્રી પાર્વતી પુષ્પ જેવી વેલને કાંટામાં નાંખી.

અધ્યાય - ૧૯૩

❖ વિષ્ણુ દ્વારા મેનાને શિવસ્વરૂપનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મેના રોતી રોતી નારદને કહે : તેં તો મારી દીકરીને કાદવમાં નાખી, તને શાપ આપું છું. તને કોઈ કન્યા નહીં આપે. અરે પુત્રી તેં તપ કરીને આવા વાંદરા જેવા વરને કેમ પસંદ કર્યો. હજી તું કહે તો આ વરને પાછો મોકલી દઉં. તને ચૌદ લોકના ઈશ્વરો ન સારા લાગ્યા. અને આને પસંદ કર્યો. એમ કહી મેનાએ દેવોને બ્રહ્મા વિષ્ણુને બોલાવ્યા અને કહ્યું. મારી પુત્રી પાર્વતીને કૂવામાં નાખીશ, ઝેર આપીને મારી નાખીશ, કાપી નાખીશ, પણ ભૂત જેવા રુદ્રને નહીં આપું. ત્યારે વિષ્ણુએ ઘણું સમજાવ્યા, માતા તમે પર્વતો જે રીતે ઈચ્છા પ્રમાણે સ્વરૂપો ધારણ કરો છો તે જ રીતે અમે ઈશ્વરો પણ અનેક સ્વરૂપ ધારણ કરીએ છીએ. શંકરનું તમે જે રુદ્ર રૂપ જોયું તે તો ક્યારેક જ બતાવે છે. સદાશિવ તો તેજસ્વી, સ્વયં બ્રહ્મ છે. અમારા સર્વેથી સુંદર રૂપ શંકરનું છે.

મેં પણ એકવાર શંકરને મોહ પમાડવા મોહિનીરૂપ ધારણ કર્યું હતું. માટે હઠનો ત્યાગ કરી લગ્નની તૈયારી કરો અને હવે તમારા જમાઈરાજનું રૂપ કેવું છે તે જો જો એમ કહી વિષ્ણુ શંકર પાસે જઈને કહે, તમારું જોગી જટાનું રૂપ બદલાવીને પહેલા જેવું કરી લ્યો. શંકર કહે, લગ્ન કરવામાં રૂપ બદલવા પડે. એમ કહીને પોતાનું સ્વરૂપ કૃષ્ણ સમાન

બનાવી દીધું અને સર્વે ગણોના સ્વરૂપો ગોલોક, વૈકુંઠના પાર્ષદો સમાન બનાવ્યા. પછી હિમાલય મેનાએ શંકરને વધાવ્યા તથા ષોડ્શોપચારથી પૂજા કરી, આરતી ઉતારી સ્તુતિ કરી પગે લાગ્યા. વિષ્ણુ સમાન તેજસ્વી શંકરનું રૂપ જોઈ હિમાલય તથા મેના પોતાના ધન્ય ભાગ્ય માનતા હતા. પછી સર્વે મહેમાનોને ભોજન પાન કરાવ્યા. પછી સર્વે મહેમાનોએ રાત્રિ વિશ્રામ કર્યો.

અધ્યાય - ૧૯૪

❖ શંકર-પાર્વતી વિવાહ વિધિ ❖ પતિવ્રતાધર્મ વર્ણન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પાર્વતીએ કુળદેવીનું પુજન કરી વેદમંત્રોથી મહાદેવનું પુજન કર્યું. પછી મહાદેવ શંકરે મોકલેલા વસ્ત્રો, આભૂષણો પાર્વતીને ધારણ કરાવ્યા. પછી હિમાલય પત્નીવ્રત દ્વિજને શંકરને પાણી ગ્રહણ માટે મંડપમાં બોલાવતા હતા. મહાદેવ લગનમંડપમાં આવ્યા પછી ગર્ગાચાર્ય કહે : કન્યાદાન સમય થયો છે કન્યાને બોલાવો. પછી હિમાલય-મેનાએ શંકરની આરતી ઉતારી. ત્યાં પાર્વતી લગ્નમંડપમાં આવ્યા. ગર્ગાચાર્યે એક ઘડી સ્વસ્તિ વાંચન કરી શંકર પાર્વતી ઉપર ચોખા નાખ્યા. તે સમયે હિમાલયે શંકરને કહ્યું : તમારું કૂળ-ગોત્ર, પ્રવર શાખા વેદ શું છે તે કહો, શંકર મૌન રહ્યા. નારદ કહે : શંકર કુળ બ્રહ્મ છે. ગોત્ર નાદ છે. વેદ સત્ય સંકલ્પ છે. પ્રવર ત્રણ છે - હરિ, નારાયણ, વૈરાટ. શાખા સદાશિવ છે. પિતા કૃષ્ણ, માતા રાધિકા, વધારે હું જાણતો નથી. હિમાલય જાણીને પ્રસન્ન થયા. પછી પાર્વતીનો હાથ શંકરના હાથમાં આપીને કહે, મારી કન્યા હું તમને અર્પણ કરું છું. ગર્ગાચાર્ય વેદમંત્રથી પાર્વતીનું પાણી ગ્રહણ શંકર પાસે કરાવતા હતા. બંનેના છેડા-છેડી બાંધી અગ્નિ પ્રદક્ષિણા કરાવતા હતા. પાર્વતીએ શંકરને વરમાળા પહેરાવી. તે સમયે હિમાલયે અનેક પ્રકારના દાન આપ્યા. આ પ્રમાણે લગ્ન વિધિ પૂરો થયા પછી સર્વે મહેમાનોને ભક્ષ્ય, ભોજન, લેહ્ય, ચોસ્ય અનેક પ્રકારના ભોજન જમાડ્યા. ઘણા દિવસો રોકાયા પછી સર્વે બ્રહ્મા, વિષ્ણુ વગેરેએ કહ્યું, હવે અમે જઈએ.

જાન વિદાયમાં હિમાલય મેનાએ પાર્વતીને પતિવ્રતા પત્નીના ધર્મ કહ્યા. પતિના સુખમાં સુખ, પતિના દુ:ખમાં દુ:ખ માનવું. પતિને જમાડ્યા પછી જમવું. સુવાડ્યા પછી સૂવું. પતિને રાજી રાખવા. વસ્ત્ર, અલંકારોનું ધારણ કરવું. તાડન કરે તો પણ સહન કરવું. ઘંટી-ખાંડણી, સાંબેલુ, સાવરણી ઉપર બેસવું નહીં. ડેલીએ બેસવું નહીં, જમવાના સમયે ઉદ્વેગ થાય તેવી વાત ન કરવી. આ રીતે ઘણા પતિવ્રતાના ધર્મો કહ્યા. પરસ્પર ક્ષમાયાચના કરી જાન વિદાય થઈ. તે સમયે પાર્વતી માતા-પિતા-વડીલો ગુરુજનોને પગે લાગી મહાદેવ સાથે શિબિકામાં બેસી કૈલાસ આવ્યા. શિવ-પાર્વતીના લગ્નની કથા જે કહેશે, સાંભળશે તે સર્વે આયુષ્ય સંપત્તિ ભુક્તિ-મુક્તિ પામશે. વિઘ્નો નાશ પામી સર્વે મંગલ થશે.

અધ્યાય - ૧૯૫

❖ પાર્વતીને તપથી ગૌરવર્ણની પ્રાપ્તિ ❖

લક્ષ્મી કહે : પ્રભુ, પાર્વતી જન્મથી કાળા હતા. ગૌરી કેમ થયા ? શ્રીનારાયણ કહે, લગ્ન કર્યા પછી શંકરે એકવાર મશ્કરી કરી પાર્વતીને કહે : જેના ઘરમાં પત્ની કાળી હોય તેના સંતાન કાળા થાય. તું કાળી છે તને જોઉં છું, ત્યારે મારો મોહ ટળી જાય છે. પણ ભાગ્યમાં હતું તે મળ્યું. પાર્વતી કહે : પતિને સર્વે સુખનું સ્થાન નારી છે તે હું તમને નથી ગમતી તો પહેલા કેમ ન કહ્યું. માટે હવે તમને રાજી કરવા તપ કરીને ગૌર શરીર પ્રાપ્ત કરીશ. અથવા આ શરીરનો ત્યાગ કરીને બીજું શરીર જન્મથી જ ગૌર પ્રાપ્ત કરીશ માટે તપ કરવા રજા આપો. આ સાંભળીને શંકર કહે, હાસ્યમાં હાની થઈ, મશ્કરીમાં મરી ગયા, મેં તો હસતાં કહ્યું ત્યાં ક્રોધ કર્યો. અરે સતી હું મહાકાળ, તું કાળી એમાં ફેર શું ? તો પણ પાર્વતી મહાદેવને પગે લાગી પ્રદક્ષિણા કરી પર્વત પર તપ કરવા બેસી ગયા. પાર્વતી પાસે કોઈ પ્રાણી આવે તેના ભુખ-તરસ મટી જતા. સિંહ ત્યાં આવ્યો શાંત થઈ બેસી ગયો. દેવો-દેવી કહે : માતા તમારે શું અપૂર્ણ છે.

પાર્વતી કહે : પતિવ્રતા સાધ્વીને તપ કરવું જોઈએ. પાર્વતીના તપથી બ્રહ્મા પ્રસન્ન થયા કહ્યું, દેવી શું ઈચ્છા છે ? પાર્વતી કહે : મહાદેવને રાજી કરવા ગૌર શરીર આપો. બ્રહ્મા કહે : તથાસ્તુ. પછી પાર્વતીએ કાળી ચામડી ઉતારી કૌશિકી કન્યાને શુભ-નિશુંભ દૈત્યોને મારવા વિંધ્યાચલ મોકલી. પાર્વતી ગૌરી થયા. માતા-પિતાને પગે લાગીને સેવામાં રહેલા સિંહને સાથે લઈ શંકર પાસે આવ્યા. પગે લાગ્યા. મહાદેવ રાજી થઈ પાર્વતીને ભેટી પડ્યા. આ રીતે તપથી સર્વ પ્રાપ્ત થાય છે.

અધ્યાય - ૧૯૬

❖ શિવલીંગ પૂજા - બાર જ્યોતિર્લિંગમાં શંકરનો વાસ ❖

લક્ષ્મી કહે : પ્રભુ, શંકર તો મૂર્તિમાન છે તો લિંગ કેમ પૂજાય છે ? શ્રીનારાયણ કહે : પાર્વતી તપ કરવા ગયા ત્યારે શંકર દિગંબર વનમાં ફરતા હતા. બ્રાહ્મણો તપ કરતા હતા, પણ જંગલોના જોગી જતીને ઓળખતા નહીં. શંકર ભિક્ષા માગતા હતા, તેમાં બ્રાહ્મણ પત્નીઓ મોહ પામી. બ્રાહ્મણોએ આવી શંકરને માર્યા. એક બ્રાહ્મણે મંત્રથી સળી લિંગમાં મારી. લિંગ મૂળમાંથી તૂટી નીચે પડીને બાર કટકા થયા, તેમાંથી અગ્નિ પ્રગટ થયો. આકાશમાં ઊછળવા લાગ્યો. પૃથ્વીમાં બધા પીડા પામ્યા. ઋષિ, બ્રાહ્મણો, બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા કહે : શંકર પાસે જાવ. ઋષિઓ શંકર પાસે આવી પગે લાગી સ્તુતિ કરી કહે - ત્રિલોકીના સુખને માટે આ અગ્નિને શાંત કરો. શંકર કહે : જેનો તમે અપરાધ કર્યો છે,

તેની પૂજા કરો. પાર્વતીનું આહ્વાન કરી યોનિ પીઠમાં મારા લિંગની સ્થાપના કરી વેદમંત્રોથી પૂજા કરો તો અગ્નિ શાંત થાય. પછી તે ઋષિ બ્રાહ્મણો જ્યાં જ્યાં લિંગના કટકા પડ્યા હતા ત્યાં સ્થાપના કરી, પૂજા કરી. પૂર્વે શંકર હાટકેશ્વર અને નાગેશ્વર લિંગથી પ્રસિદ્ધ હતા અને બ્રહ્માએ પૂજા કરી હતી.

ત્યારપછી બાર જ્યોતિર્લિંગ થયા. સૌરાષ્ટ્રમાં સોમનાથ, શ્રી પર્વતમાં મલ્લીકાર્જુન, મહાકાલેશ્વર, ઓંકારેશ્વર, અમરેશ્વર, કેદારેશ્વર, ભીમેશ્વર, કાશી વિશ્વેશ્વર, ત્ર્યંબકેશ્વર, વૈદ્યનાથ, રામેશ્વર, ઘુશ્મેશ્વર, આ સર્વે શંકરના લિંગોની પ્રસાદી ગ્રહણ કરાય છે. તે જ્યોતિર્લિંગમાં શંકરનો વાસ સદાય રહે છે.

અધ્યાય - ૧૯૭

❖ આચાર્ય, વ્યાસ તેમજ ગુરૂ મહિમા - પૂજા વિધિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે આચાર્ય, વ્યાસ અને ગુરુની પૂજાવિધિ કહું છું. ચરણમાં મસ્તક મૂકી નમસ્કાર કરવો. પછી જમણા પગનો અંગુઠો થાળીમાં મૂકી જળથી અભિષેક કરી ચંદન, કંકુ, પુષ્પ, અક્ષતથી પૂજા કરવા. પછી ભાલમાં કંકુ-ચોખાથી પૂજા કરી હાર પહેરાવી ધોતિયા, ચાદર, શાલ, પટ્ટા, વસ્ત્ર વગેરેથી પૂજા કરવી તથા સુવર્ણ, ચાંદી, રૂપિયા, વસ્ત્રો, વાહન, પશુ અને ધન આભૂષણો વગેરે અનંત પ્રકારના દાન જેટલા પોતાના જીવનમાં ઉપયોગી વસ્તુ પદાર્થો છે તે સર્વેના દાન પોતાની યથાશક્તિ કરવા. આ રીતે જે સર્વસ્વ દાન કરે છે તે પરમ મોક્ષનો અધિકારી થાય છે. પછી આચાર્ય વ્યાસ ગુરુની આરતી ઉતારી દંડવત્ નમસ્કાર કરી સ્તુતિ કરી ક્ષમા માંગવી. મારાથી જાણે-અજાણે અપરાધ થયો હોય તો ક્ષમા કરજો. આ રીતે હંમેશાં સવારમાં ગુરુનું ધ્યાન કરી પૂજા કરવી. ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે. ગુરુદેવ શંકર છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ મોક્ષ આપનારા છે, ગુરુના શરીરમાં પરબ્રહ્મ શ્રીહરિ વાસ કરે છે. ગુરુના મસ્તકમાં અક્ષરબ્રહ્મ છે. લલાટમાં વાસુદેવ, નેત્રમાં સૂર્ય, ચંદ્ર નાકમાં, અશ્વિનીકુમાર મુખે યજ્ઞ નારાયણ, જીભમાં વેદ, વાણીમાં સરસ્વતી, હૃદયમાં વિષ્ણુ, ઉદરમાં વૈશ્વદન, હાથમાં લક્ષ્મી, ચરણમાં તીર્થો રહેલા છે. ગુરુમૂર્તિ મંત્ર મૂર્તિ છે. રૂપ અજ્ઞાનનો નાશ કરી રૂપ જ્ઞાન આપે તેને ગુરુ કહેવાય છે, તેને સંપ્રદાય કહેલો છે. ગુરુને ભોજન કરાવવાથી રાજસુય યજ્ઞનું ફળ મળે છે. ગુરુને વસ્ત્રદાનથી જ્યોતિષ્ટોમયજ્ઞનું ફળ મળે છે. ગુરુની પૂજાથી શ્રીહરિની પૂજા થાય છે. જેણે ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરી તેને કોઈ સાધના કરવી પડતી નથી.

અધ્યાય - ૧૯૮, ૧૯૯

❖ રતિ-કામદેવ તેમજ સોનાની ખાણની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માએ પૂર્વે સૃષ્ટિમાં માનસ પુત્ર કામદેવ તથા તેની પત્ની રતિનું સર્જન કર્યું.

સમુદ્ર મંથનમાં દૈત્યોને મોહ પમાડવા શ્રીહરિએ મોહિનીનું રૂપ લીધું ત્યારે શંકર પણ મોહ પામ્યા અને ધાતુ સ્ત્રવી ગયો, તે પૃથ્વીમાં સોનાની ખાણો થઈ. પછી શંકરે વિચાર્યું કે, મને કેમ મોહ થયો ? ત્યાં તો પ્રભુએ દિવ્ય દર્શન આપ્યું. શંકરે સ્તુતિ કરી - મોહિની સ્વરૂપને ધારણ કરનારા તમને નમસ્કાર હો. શ્રીહરિ કહે : તમે નિર્લેપ છો, નિર્ગુણ છો, નિર્બંધન છો. મારા ભક્તને માયા બંધન કરતી જ નથી. મહામાયા મહાલક્ષ્મી, કમલા, રાધિકા, રમા, સરસ્વતી, સાવિત્રી, પાર્વતી, રૂક્મણી, કંભરા, મોહિની, તુલસી, હંસા, મંજુલા, ચંપા, હેમી, દયા, પ્રભા, માણિકી, જયા, લલિતા, જીવી, મંગલા, પુષ્પા, મુક્તાદેવી, શાંતા તે સર્વે મારા યોગથી મોક્ષ આપનારી છે. મારી માયા તો અભક્તને જ બંધન કરે છે.

અધ્યાય - ૨૦૦, ૨૦૧, ૨૦૨

❖ નારદના અન્ય જન્મોની કથા ❖ બ્રહ્મા દ્વારા નારદને શાપ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે બ્રહ્માએ માનસ સૃષ્ટિ કરી ત્યારે સનકાદિકોને કહ્યું, તમે સૃષ્ટિ કરવામાં મદદ કરો. સનકાદિકે ના પાડી પછી નારદને કહ્યું. નારદ કહે : ભગવાનની ભક્તિ નામસ્મરણ રૂપી અમૃતનો ત્યાગ કરી સંસારના ખારા સમુદ્રમાં કોણ પડે ? ભગવાનની સેવાભક્તિ મૂકી જે જન સંસારમાં પડે છે તેનો અંત જ આવતો નથી. બ્રહ્મા કહે : પિતાના વાક્યોનો અનાદર કરી જ્ઞાની થઈ મને ઉપદેશ કરે છે. જા, ગંધર્વ થઈ પચાસ સ્ત્રીઓનો પતિ થા. નારદ કહે : જ્યાં જન્મ આપો ત્યાં મને શ્રીહરિની ભક્તિ, વૈષ્ણવપણું સદા રહે એવા પણ આશિષ આપો. બ્રહ્મા કહે : તથાસ્તુ. નારદ ઉપબર્હણ ગંધર્વ થયા. પુષ્કરમાં નિરાહાર સો વર્ષ તપ કર્યું. શંકર પ્રસન્ન થયા. શું ઈચ્છા છે ? નારદ કહે : શ્રીહરિમાં પ્રીતિ-ભક્તિ આપો. શંકર કહે, ભક્તિ તમે કરો છો, ભક્તિમાં સર્વે ઐશ્વર્ય રહેલું છે.

કરોડો જન્મના પાપ નાશ થાય ત્યારે શ્રીહરિનું દાસપણું પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી મનુષ્યને ભગવાનમાં પ્રીતિ-ભક્તિ થતી નથી ત્યાં સુધી પતિ-પત્ની, પુત્ર-પુત્રી ધનાદિક પદાર્થો સુખ-દુઃખ આપે છે. પણ ભગવાનમાં પ્રીતિ થાય ત્યારે ઈચ્છેલા સર્વે પદાર્થો સુખ આપે છે. ભક્તિરૂપી તલવાર કર્મમૂળને કાપી નાખે છે. શંકર કહે : ગંધર્વરાજ સિદ્ધિયોગ આપું. નારદ કહે : ભગવાનના ભક્ત ચાર પ્રકારની મુક્તિ પણ માગતા નથી. તો સિદ્ધિની ઈચ્છા

રાખે જ ક્યાંથી ? તેથી પિતાના શાપથી ભક્તપુત્ર વૈષ્ણવ કુટુંબ આપજો. પછી ગાંધર્વ નારદ સ્નાન કરવા ગયા. ત્યાં ચિત્રરથ ગાંધર્વની પચાસ કન્યાઓ મોહ પામીને નારદ ગાંધર્વને વરી. બે લાખ વર્ષ સંસાર ચાલ્યો. એક વખત સત્યલોકમાં બ્રહ્માની સભામાં ગવાણું કરતાં રંભા રૂપમાં મોહ પામવાથી બ્રહ્માએ શાપ આપ્યો. નારદ ગંધર્વ પૃથ્વી પર શુદ્ર થા. નારદ ગંધર્વે યોગથી દેહનો ત્યાગ કર્યો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ઉપબર્હણ ગાંધર્વ નારદે દેહ છોડ્યા પછી તેની પચાસ પત્નીઓ વિલાપ કરતી હતી. તેમાં માલાવતી ધર્મરાજને કહે : મારા પતિનું તમે અકાળે મૃત્યુ કેમ કર્યું ? બ્રહ્મા, વિષ્ણુ વગેરેને પ્રાર્થના કરી, મારા પતિને સજીવન કરો. પતિવ્રતા માલાવતીએ કાળરૂપે રહેલા યમરાજને કહ્યું : મારા પતિને સજીવન કરો. યમરાજ કહે : કાળ વિના મૃત્યુ થતું જ નથી. કાળના કાળ મહાકાળ શ્રીહરિને પ્રાર્થના કરો. તેની આજ્ઞામાં બ્રહ્મા, વિષ્ણુ, શંકર, વૈરાજ, ચંદ્ર, યમ સર્વે ઈશ્વરો રહે છે, તે શ્રીહરિની પ્રાર્થના કરવાથી તારો પતિ સજીવન થશે.

માલાવતીએ શ્રીહરિને પ્રાર્થના કરી - હે પ્રભુ, તમે જીવ પ્રાણી માત્રની રક્ષા કરો છો, ગર્ભમાં બાળકની રક્ષા કરો છો. તો તમારે શરણે આવેલા અમે અમારું દુઃખ નિવારણ કરો. જનાર્દન પ્રભુ દેવસભામાં આવીને ગાંધર્વ નારદને બેઠા કર્યા. દેવસભામાં આનંદ ઉત્સવ થયો, માલાવતીએ "ૐ નમો ભગવતે રાસમંડલેશાય સ્વાહા" આ મંત્રથી પ્રભુને પ્રસન્ન કરી પોતાના પતિને જીવિત કર્યા. પછી બ્રહ્માના શાપથી નારદ ગાંધર્વ દેહનો ત્યાગ કરી તથા તેની પત્નીએ દેહનો ત્યાગ કરી શુદ્રને ત્યાં જન્મ ધારણ કર્યો. દ્રુમીલની પત્ની કલાવતીમાં કશ્યપના દીકરા નારદથી નારદનો જન્મ થયો. તે સમયે નાર એટલે પાણીનો વરસાદ થયો તેથી તેનું નામ નારદ પાડ્યું. પૂર્વનું જાતિ સ્મરણ જ્ઞાન હોવાથી નાનપણથી જ પ્રભુની ભજન-ભક્તિ, સ્મરણ કરતા. એકવાર ચાર સનકાદિકો ઘેર આવ્યા. માતાએ પૂજા કરીને જમાડ્યા. સનકાદિકોએ જમીને નારદને તેની માતાને પ્રસાદી આપી. પછી સનકાદિકોએ નારદને શ્રીહરિના નામ મંત્ર આપ્યા. નારદ ભજન કરતા તેના માતા ઋષિઓની સેવા કરતા એક દિવસ નારદના માતાને સર્પ દંશ થવાથી મૃત્યુ થયું અને પ્રભુના ધામમાં ગયા. પછી નારદ પીપળા નીચે બેસી "ૐ નમો ભગવતે રાસમંડલેશાય સ્વાહા" જપ કરતા ધ્યાનમગ્ન થયા. ત્યાં દિવ્ય અલૌકિક કરોડો સૂર્ય સમાન તેજસ્વી રાધા-કૃષ્ણ મોરલી મનોહર પ્રભુના દર્શન કરી નારદજી અતિ આનંદ પામીને દેહનો ત્યાગ કરી ગોલોક ધામમાં ગયા. ફરીથી જગતના કલ્યાણ માટે બ્રહ્માના માનસપુત્ર થયા.

અધ્યાય - ૨૦૩

❖ નારદજીને શંકર પાસેથી દીક્ષામંત્રની પ્રાપ્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માએ ફરીથી નારદને સૃષ્ટિ કરવાનું કહ્યું. જન્મ આપનારા, મંત્રને વિદ્યા આપનારા, પિતાની આજ્ઞાનું પાલન કરવું. નારદ કહે : મારી પૂર્વે ઘણા ઋષિઓ થયા તેને કેમ ન કહ્યું ? અને મને કહો છો. મેં સંસારનો પૂર્વે અનુભવ કર્યો છે. તેમાં કોઈ સુખિયો થયો નથી. માયાના દોષો ભગવાન ભજવા દેતા નથી. પૂર્વે જન્મમાં મેં ત્રણ પ્રકારની સ્ત્રીઓ જોઈ. સાધ્વી, પતિવ્રતા, સ્વાર્થી અને વિરોધી. સાધ્વી સ્ત્રી પતિની આજ્ઞામાં જ રહે. સ્વાર્થી વસ્ત્ર, આભૂષણ, ખાવા-પીવાના ભોગ માટે પતિની સેવા કરે છે, વિરોધી સ્ત્રી પોતાના પતિનો વિરોધ કર્યા કરે તેથી જેમાં મારું તમારું અને જગતનું કલ્યાણ હશે તે કાર્ય કરીશ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેમાં મોક્ષની ઈચ્છાવાળાએ પિતાની આજ્ઞા મોક્ષ માટે પાલન કરવી. તેથી હે પિતાજી મને કૃષ્ણ મંત્ર આપો. જેથી હું ભક્તિ કરું અને કરાવું. બ્રહ્મા કહે : તો તું શંકર પાસે જા. તે જ્ઞાન અને ભક્તિના આચાર્ય છે. નારદે કૈલાસમાં શંકર પાસે જઈ પગે લાગી સ્તુતિ કરી. શંકરે આવવાનું કારણ પૂછ્યું. નારદ કહે : મંત્ર દીક્ષા માટે. શંકર પ્રસન્ન થઈ "શ્રીહરયે નમઃ" શ્રીહરિનો મંત્ર સ્તોત કવચ ધ્યાન સર્વે નારદને આપ્યું.

અધ્યાય - ૨૦૪

❖ શંકર દ્વારા નારદને નિત્યપૂજા વિધિ - જ્ઞાન ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારદ શંકરને નિત્ય વિધિ પૂછતા હતા. શંકર કહે : બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને ગુરુનું ભાલમાં ચિંતવન કરવું, બ્રહ્મરંધ્રમાં શ્રીહરિનું ધ્યાન કરવું, હૃદયમાં કૃષ્ણની પૂજા કરવી. ગુરુ મંત્ર આપે છે, ગુરુ વિધિ બતાવે છે, ગુરુ જ્ઞાન આપે છે, તેથી ગુરુ સમાન કોઈ નથી. પછી સ્નાનવિધિ કરવા સમયે સર્વે તીર્થો, નદીઓ, સંતો, ભક્તો, બ્રહ્મ પત્નીઓને સંભારી સ્નાન કરવું. પછી પવિત્ર આસન પર બેસી શ્રીહરિની પ્રતિમા-શાલિગ્રામને ષોડ્શોપચારથી પૂજા કરવી. શ્રીહરિને આસન આપવું. વસ્ત્ર આભૂષણ, આચમન, પુષ્પહાર, ચંદન, ધૂપ-દીપ, નૈવૈદ્ય ધરી મુખવાસ આપવો. આરતી, પ્રદક્ષિણા, દંડવત્, સ્તુતિ, નમસ્કાર, ક્ષમાયાચના, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય ચોસ્ય વગેરે ભગવાનને અર્પણ કરીને ગ્રહણ કરવું. તે વૈષ્ણવ ભક્ત કહેવાય છે. જીવ હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય રાખવું, દાનગ્રહણ ન કરવું, પ્રાપ્ત સંપત્તિમાં સંતોષ, દિવસે ઉદ્યમ કરવો. સાંજે મંદિરે જઈ ધૂન-કિર્તન કરવા. સર્વેમાં પરબ્રહ્મ પરમાત્મા હરિકૃષ્ણ રહ્યા છે એમ માની કોઈનો દ્રોહ ન કરવો. જડચેતન બધામાં પ્રભુ રહ્યા છે. એમ માનવું.

જડ પદાર્થો ચેતન માટે છે. તે જો સન્માર્ગે વાપરે તો મોક્ષ માટે થાય છે. માયા ત્રણ ગુણવાળી છે તેને જાણે તો બંધન ન થાય. જ્ઞાનથી કર્મ નાશ થાય. વૈરાગ્યથી બંધન ન થાય. ધર્મથી આગળ ગતિ થાય, ભક્તિથી શ્રીહરિની પ્રસન્નતા થાય. પૃથ્વીમાં જેટલી વસ્તુ પદાર્થ, ધન, સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા તે વાસના ને તૃષ્ણા જન્મો ધારણ કરાવે છે. જો સર્વે ઈચ્છા મટી ગઈ, તો શું ઘર શું ગૃહિણી કોણ સંતાન ? કોણ કુટુંબ ? આવું જ્ઞાન યોગીઓને થાય છે. તેથી તેને જગતમાં બંધન થતું નથી. આવું જ્ઞાન ન થાય તો સર્વે કર્તાહર્તા પ્રભુ જ છે ! બીજ વાવે ખેડુ, પાણી પાય બેડું, રક્ષણ કરે તૈયાર કરે ખેડુ, ખાય સર્વે. તેજ રીતે સર્વના કર્તા ખેડુ શ્રીહરિકૃષ્ણ છે. સર્વે પ્રભુનું છે એમ માને તો બંધન ન થાય. તે પ્રભુ સર્વે કરે છે, હું કાંઈ કરતો નથી એમ માની શ્રીહરિની ભક્તિ ઉપાસના કરવી.

અધ્યાય - ૨૦૫

❖ નરનારાયણ દ્વારા નારદને આશિર્વાદ અને આજ્ઞા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારદ શંકર પાસેથી મંત્ર નિત્ય વિધિ તથા જ્ઞાન પ્રાપ્ત કરી વિશેષ જ્ઞાન પ્રાપ્તી માટે બદ્રિકાશ્રમમાં નરનારાયણ પાસે આવ્યા. નરનારાયણ ભગવાનને દંડવત્ નમસ્કાર કરી વીણા વગાડી સ્તુતિ કરતા હતા. "જય જય હરિકૃષ્ણ સ્વામિનારાયણ, રાધા-રમણ કરં જય સતી સિદ્ધયતે ત્રયવિક્રમ રણ મોચન મધુરમ્" અનેક નામોને ધારણ કરનારા, જડ-ચેતનમાં વ્યાપીને રહેલા સર્વના આત્મા મુક્તોથી સેવાયેલા, પોતાના આત્મામાં જ રમણ કરનારા નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પોષણ કરનારા તપસ્વી વેષે રહેલા હે નરનારાયણ ભગવાન તમે જય પામો. નારદની સ્તુતિ સાંભળી નારાયણ પ્રસન્ન થઈ બોલ્યા : નારદ તારી સંગીત, તાલવાળી વીણા સાંભળી રાજી થયો છું. તું મારી ભક્તિ પ્રવર્તનારો થા, સદા યુવાન સ્વરૂપે રહે, સર્વ વિદ્યાનો જાણનારો થા, આ દેહથી મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરી સર્વ સ્થળે ગતિ કરનારો થા. તું મારું ભક્તિશાસ્ત્ર પંચરાત્ર નામે કરજે. તથા સર્વે દેવો, ઈશ્વરો જેની આજ્ઞામાં રહીને સૃષ્ટિનું કાર્ય કરે છે તે પરબ્રહ્મ શ્રીહરિનું ભજન કરજે. સર્વે તીર્થો, સર્વે શ્રુતિઓ, સર્વે સંતો, ભક્તો જેનો મહિમા ગાય છે તે પરબ્રહ્મ શ્રીહરિનું ભજન કરજે તથા લક્ષ્મી સમાન પત્ની પ્રાપ્ત કરી પત્નીવ્રત વાળો થજે. જે મનુષ્ય નારીનું અપમાન કરે છે તે પોતે અપમાનને પાત્ર થાય છે. આ રીતે નારદજીએ નરનારાયણ ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરી ગંગાના ઠંડા પાણીમાં સ્નાન કર્યું. ત્યાં તો નારદજીનું શરીર દિવ્ય મુક્તમય બની ગયું. પછી સર્વે તીર્થોના દર્શન કરવા નીકળ્યા.

અધ્યાય - ૨૦૬ થી ૨૦૯

❖ નારદજીનું માર્કન્ડેય તીર્થ તેમજ અન્ય તીર્થોમાં સ્નાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારદજી બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરી બદ્રિના બોર જમી પ્રદક્ષિણા કરી. અગ્નિ તીર્થના દર્શન કરી, માર્કન્ડેય તીર્થના દર્શન કરી, પૂજામાં ધ્યાનમાં બેઠા ત્યાં શ્રીહરિએ દિવ્ય દર્શન આપ્યાં. પૂર્વે માર્કંડ ઋષિને પુત્ર ન હોવાથી તપમાં બેઠા, શંકર પ્રસન્ન થયા. ઋષિ કહે : સત્પુત્ર આપો. શંકર કહે : તારા સાત જન્મમાં પુત્રનો યોગ નથી, પણ તે તપ કર્યું તેથી સોળ વર્ષ જીવનારો ધર્મવાળો પુત્ર થશે. તે અનેકના કલ્યાણ કરશે. માર્કંડ ઋષિ માર્કન્ડેયને પાંચમે વર્ષે વેદ વિદ્યા ભણાવતા હતા. સોળ વર્ષના થયા, પિતા ચિંતા કરવા લાગ્યા. ત્યાં નારદજી આવ્યા, આશીર્વાદ આપ્યા. ચિરંજીવ થા. માર્કન્ડેયને કહ્યું : શિવલિંગની સ્થાપના કરી શિવનો જપ કરવા માંડ. માર્કન્ડેય જપ કરતા હતા ત્યાં સાત ઋષિઓએ આવીને કહ્યું. ચિરંજીવ થા. માર્કંડ ઋષિ કહે : પુત્રનું આયુષ્ય પુરું થયું છે અને તમે ચિરંજીવ થા એમ કહો છો. ઋષિ કહે : સંતનું વચન મિથ્યા ન થાય. ત્યાં કાળનો દૂત મૃત્યુ આવ્યો. તરત જ લિંગમાંથી શંકરે પ્રગટ થઈ મૃત્યુને લાત મારી કહે : ચાલ્યો જા. બ્રહ્માના કલ્પ સુધી માર્કન્ડેય પાસે આવીશ નહીં. તેથી ત્યાં માર્કન્ડેય તીર્થ થયું.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્યાંથી નારદજી ગારુડી શિલાતીર્થ, પંચમુખી ગંગા તીર્થ, નારસિંહી શિલા તીર્થ, બ્રહ્મ તીર્થ, સરસ્વતિ તીર્થ, ઈન્દ્રપદ તીર્થ, માનસોદભેદ તીર્થ, પંચધારા તીર્થ, વસ્તુધારા તીર્થ વગેરે તીર્થના દર્શન કરી. સર્વે તીર્થમાં સ્નાન કરતા હતા. સોમ તીર્થ, ઉર્વશી તીર્થ, ચાર પુરુષાર્થ તીર્થ વગેરેમાં સ્નાન કરતા હતા તેમજ મેરૂ તીર્થ, દંડ પુષ્કરાણી તીર્થ, નરનારાયણ જન્મ તીર્થ, ધર્મ ઉર્વશી સંગમ તીર્થ, બ્રહ્માવર્ત તીર્થ, તે સર્વે તીર્થમાં સ્નાન કરી પ્રસાદીનું પાણી પીતા હતા.

અધ્યાય - ૨૧૦

❖ નારદજી ભક્તિમાર્ગના આચાર્ય થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બદ્રિનારાયણના સર્વે તીર્થ કરી નરનારાયણ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી નારદજી સત્ય લોકમાં આવ્યા. પિતાને પગે લાગી, બ્રહ્માએ સર્વે દેવો સંતો સાંભળતા નારદને કહ્યું, ભાવિ મિથ્યા થતું નથી. તારી પૂર્વેની પતિવ્રતા પત્ની માલાવતી અત્યારે સૂંજય કન્યા થયેલી છે. તેની સાથે વિવાહ કર. નારદજી પિતાની આજ્ઞા માથે ચડાવી માલાવતી સાથે લગ્ન કરી બે લાખ વર્ષ સુધી પૃથ્વી પર રહ્યા. એક લાખ પુત્રો, એક લાખ પુત્રીઓ થઈ. સર્વેને પ્રભુની ભક્તિ કરાવી. વૈષ્ણવ ભક્તો બનાવ્યા, પછી પોતે પૃથ્વી પર

વિચરી અનેક જીવના કલ્યાણને માટે શ્રીકૃષ્ણ મંત્ર તથા ભક્તિનો ઉપદેશ આપી ભક્તિ કરાવી અને ભક્તિ માર્ગના આચાર્ય થયા. પછી પોતે તપમાં બેસી શરીરનો ત્યાગ કરી દિવ્ય શરીર ધારણ કરી ગોલોક ધામમાં ગયા.

અધ્યાય - ૨૧૧

❖ અગ્નિના અનેક વંશો ❖

લક્ષ્મી કહે : પ્રભુ, અગ્નિ ક્યારે પ્રગટ થયા ? શ્રીનારાયણ કહે : શ્રીહરિની આજ્ઞાથી બ્રહ્માના માનસપુત્ર અગ્નિ થયા. તેના દિવ્ય ઓગણપચાસ વંશના સ્વરૂપો છે. યજ્ઞનો અગ્નિ, પિતૃઓના શ્રાદ્ધનો અગ્નિ, રાંધવાનો અગ્નિ, અગ્નિસંસ્કારનો અગ્નિ આદિક અનેક વંશો અગ્નિના થયા.

અધ્યાય - ૨૧૨

❖ દ્વાપરયુગની મૈથુની સૃષ્ટિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે હું તને દ્વાપરની મૈથુની સૃષ્ટિની કથા કહું. બ્રહ્માના પુત્ર દક્ષ તેણે પોતાની ચૌદ કન્યાઓ કશ્યપ ઋષિને આપી. તેમાં અદિતિના દેવો થયા, દિતિના દૈત્યો થયા, કૃદુના સર્પો થયા, વિનતાના ગરુડ, આદિ પક્ષીઓ થયા. સુરભિની ગાયો વગેરે પશુ, સરમાના કૂતરા વગેરે. હિંસાવાળા ચારપગવાળા, દુનુના દાનવો, તિમિના જીવ-જંતુ, તામાના બાજ, ગીધ, મુનિની અપ્સરાઓ, ક્રોધાવશાના કરચલા, વીંછી વગેરે ઝેરી પ્રાણી, ઈલાના વૃક્ષો, સુરસાના રાક્ષસો, ઈષ્ટાના ગાંધર્વો થયા, તે કશ્યપની પ્રજાથી આ જગત પ્રજામય છે.

અધ્યાય - ૨૧૩

❖ કશ્યપ ઋષિના ગોત્રપુત્રો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પછી કશ્યપ ઋષિએ તપ કરી સંકલ્પ કર્યો મારે ગોત્ર પુત્ર થાઓ. તે વત્સાલ્ય ગોત્રપુત્ર થયા. તેના નિર્ધૃત અને રૈભ્ય ઋષિ થયા. તેના વંશ-વારસો, સર્વ ઋષિઓ થયા. નિર્ધૃવના ક્ષત્રિય રાજઋષિઓ થયા. રૈભ્યના બ્રાહ્મણ ઋષિઓ થયા.

અધ્યાય - ૨૧૪

❖ બ્રહ્માના વારાહકલ્પનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માના દિવસમાં, કલ્પમાં, ચૌદ મનુ થાય. એક હજાર કલ્પોનું એક વર્ષ થાય. એક હજાર ચોકડીનો એક કલ્પ થાય. તેમાં આ વારાહ કલ્પ ચાલે છે. તેમાં સ્વયંભૂ મનુ છે. તેમાં સાતમાં વૈવસ્વત મનુ ચાલે છે. એવા બ્રહ્માના સો વર્ષ થાય

ત્યારે વૈરાટ પુરુષનો એક દિવસ થાય. વૈરાટના સો વર્ષ થાય, ત્યારે મહાવિષ્ણુનો એક દિવસ થાય. મહાવિષ્ણુના સો વર્ષ થાય, ત્યારે પ્રધાન પુરુષનો એક દિવસ થાય. પ્રધાન પુરુષના સો વર્ષ થાય, ત્યારે પ્રકૃતિ પુરુષનો એક દિવસ થાય. એવા પ્રકૃતિ પુરુષના સો વર્ષ થાય, ત્યારે સર્વ બ્રહ્માંડોનો લય થાય છે. મૂળમાયા સામ્યાવસ્થા કારણરૂપે અક્ષરપ્રદેશના સીમ ભાગમાં રહે છે.

અધ્યાય - ૨૧૫

❖ કળીયુગના અધર્મોનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે દ્વાપરયુગને અંતે કળિયુગના ધર્મો અને રીતની કથા કહું. ચોરી, હિંસા, ખોટું બોલવું, સ્વાર્થ, અશુદ્ધિ વગેરે દોષો વધારે દેખાશે. તૃષ્ણા, લોભ, દાન લેનારા થોડા, પુષ્પવાળા, જુગાર, દારૂ, માંસનું સેવન, નરનારીઓને પરસ્પર મૈથુનનો નિયમ નહીં રહે. કળીયુગનો સુવર્ણમાં, ખોટું બોલવામાં, વેર, કામનામાં, રજોગુણમાં આ પાંચમાં વધારે વાસ રહેશે. ગાય, વિપ્ર, બાળકની હત્યા કરનારા થશે, ધનવાળો હશે તે શ્રેષ્ઠ ગણાશે, કેશ અને વેશભૂષા વધશે, સાધુઓ દંભી થશે, સ્ત્રીઓ સ્વેચ્છાએ લગ્ન કરશે, અલ્પવસ્ત્રવાળી થશે. ગાયો બકરા જેવી થશે, ઔષધીઓ ખળ જેવી થશે, વૃષ્ટિ ઓછી થશે, સત્ય, તપ, ધન, દયા, કળીયુગમાં રહેશે નહીં. સર્વભક્ષી, સર્વભોગ્ય, સર્વવ્યસનોમાં રચ્યાપચ્યા રહેશે, નિદ્રા, આળસ, રાગ, દ્વેષ વધશે, શોક, મોહ, ભય, દીનપણું વધશે. રાજાઓ પ્રજારક્ષણ નહીં કરે, સાધુ ગૃહસ્થી થશે, વ્રતહીન થશે, જનો ઈચ્છા પ્રમાણે ફરનારા થશે, ખળ પુરુષો સતી-સાધ્વી પતિવ્રતાનું રક્ષણ નહીં કરે, ઈચ્છા પ્રમાણે રતિ-વિષયો ભોગવશે, રાજાઓ ચાંડાલ સમાન આચારવાળા થશે, પ્રજા નાસ્તિક થશે, પરસ્પર સ્નેહ વિનાના થશે, પશુ જેવું જીવન જીવશે, વિપ્રો શુદ્રો જેવા થશે, યોગી જ્ઞાની સિદ્ધ સ્થિતિવાળો કોઈ નજરમાં નહીં આવે, વિપ્રો કથાને વેચનારા થશે, કળીમાં દારૂ અમૃતસમાન મનાશે. કથા કરશે, સાંભળશે, પણ પાલન નહીં કરે. કથા શ્રવણ માત્ર પુરતી રહેશે. તીર્થમાં સ્નાન કરશે, વાસ કરશે પણ વ્રત નહીં કરે, કળીમાં મન સ્થિર નહીં રહેવાથી પરમાત્માનું ધ્યાન ઓછું થશે.

અધ્યાય - ૨૧૬

❖ કળીયુગના પાંચ હજાર વર્ષ પછીની પરિસ્થિતી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કળીયુગના પાંચ હજાર વર્ષ જાય ત્યારે ગંગા નદી વગેરે મહાન તીર્થ શ્રીહરિના ધામમાં વાસ કરે છે. શાલિગ્રામ શ્રીહરિની જગન્નાથ મૂર્તિ, તે તીર્થ પણ લય થાય છે. દીક્ષામંત્ર, દેવવિધિ શ્રાદ્ધ તર્પણ, સાત્વિક કર્મો, દાનપુણ્ય સર્વે નષ્ટ થશે. શ્રીહરિના નામ ગુણ-કિર્તન પૂજા વગેરે શ્રીહરિ પાસે ધામમાં રહેશે. સ્ત્રી-પુરુષોમાં

ભેદ નહીં રહે. જનોનું જીવન પશુ સમાન બની જશે. વિદ્યાની વાત સાંભળવા નહીં મળે. ઉત્તમ પુરુષો શુદ્રોના સેવકો થશે. વિપ્રો કર્મહીન થશે. વૃક્ષો ફળ વિનાના, ગાયો દૂધ વિનાની થશે, દંપતી પ્રજાશૂન્ય થશે, વાવ, કૂવા, તળાવ, પાણીરહિત થશે, નાચનારીઓ પૂજ્યપણાને પામશે, તપસ્વીઓ ગુપ્ત પાપ કરતા હશે, પત્ની, સાસુ, પુત્રવધુ, દીકરી, બહેન સંપત્તિ વગેરે નિયમો નહીં રહે, સર્વ ભોગી માનવો થશે, પતિ-પત્ની શબ્દ નહીં રહે, સધવા-વિધવા ભેદ નહીં રહે, વેષભૂષા નરનારીના સમાન થશે, શઠ-લુચ્ચા, દંભી, કપટી તેનું બળ વધશે, ગૃહ સરખા થઈ જશે, વનબગીચા, ગામ, નેહડા સર્વે એક થઈ જશે, ખાટલો, ખુરસી, ખાંડણિયો, કોઠી, પાણિયારું એક થશે, મનુષ્ય પશુ-પક્ષીનું જીવન એક થશે, આજ્ઞા ઉપદેશનો વિધિ નહીં રહે, અને કળિયુગને અંતે ગામ શહેર નહીં રહે, વૃક્ષ નીચે નદીના કોતર, બખોલ, ખાડામાં વાસ કરશે, ફરીથી સત્યુગથી શરૂઆત થશે ત્યારે શ્રીહરિના યોગથી સર્વજીવો બ્રહ્મશક્તિથી યુક્ત થશે અને ધર્મ-કર્મવાળા સાત્વિક મનુષ્યો થશે.

અધ્યાય - ૨૧૭

❖ શ્રીકૃષ્ણના મણિથી આનર્તરાજા દ્વારા સૌરાષ્ટ્રની સ્થાપના ❖

લક્ષ્મી પૂછે : પ્રભુ, દ્વાપરમાં આનર્તરાજાએ તપ કરી શ્રીકૃષ્ણ પ્રભુને સૌરાષ્ટ્રમાં સદા વાસ કરાવ્યો તે તીર્થની કથા કહો. શ્રીનારાયણ કહે : પશ્ચિમ સમુદ્ર કાંઠે કુશસ્થલીનો શર્યાતીરાજા હતો. પિતાએ રાજયના ભાગ પાડ્યા. પુત્ર આનર્ત તેણે રાજયભાગ ગ્રહણ ન કર્યો અને કહ્યું : મને રાજય કરવું ગમતું નથી, મને તો પરમાત્માની ભક્તિ કરવી ગમે છે. મનુષ્ય જન્મ કેવળ મોક્ષને માટે જ મળે છે. માટે હું તો તપભક્તિ કરીશ. એમ કહી સમુદ્ર કાંઠે તપ કરવા બેસી ગયો. કૃષ્ણ પ્રભુ પ્રસન્ન થયા. ભક્ત શું ઈચ્છા છે ? આનર્ત પ્રભુને પગે લાગી પ્રદક્ષિણા કરી કહે : પ્રભુ તમારા ગોલોક ધામમાં લઈ જાઓ. મને તૃષ્ણા નથી. શરીરમાં વાસના નથી. તમારા ચરણની સેવા વિના કાંઈ ઈચ્છા નથી. પ્રભુ કહે : ભક્ત તારા માટે નહીં પણ મારા માટે અને અનેકના કલ્યાણને માટે મારે તને મહાન રાજય આપવું છે. ચાલ મારી સાથે હું તને દિવ્ય ભૂમિ આપું. એમ કહી શ્રીકૃષ્ણ આનર્ત ભક્તને ગોલોક ધામમાં લઈ ગયા અને દિવ્ય મણિ આપીને કહ્યું. જયાં તે તપ કર્યું ત્યાં પશ્ચિમ સમુદ્રકાંઠે મુકજે. આનર્ત ભક્તે તે મણિને ત્યાં સ્થાપ્યો. ત્યાં વિશળતાને પામીને સો યોજનના વિસ્તારવાળો પ્રદેશ થયો. આનર્ત ભક્ત લાવ્યો તેથી આનર્તદેશ (સૌરાષ્ટ્ર) કહેવાયો. તેનો રાજા આનર્ત થયો. તે પૂજા કરતો હતો : ત્યારે શ્રીકૃષ્ણે દર્શન દઈને કહ્યું. દ્વાપરને અંતે હું જન્મ ધારણ કરીશ ત્યારે અહીં સૌરાષ્ટ્રમાં વાસ કરીશ. પછી જ્યારે શ્રીકૃષ્ણ સંકર્ષણ સાથે પૃથ્વી પર આવ્યા ત્યારે વિશ્વકર્મા પાસે દ્વારિકાની રચના કરાવીને ત્યાં વાસ કર્યો તેથી તે ભૂમિ તીર્થમય બની.

અધ્યાય - ૨૧૮

❖ દ્વારકાપુરીનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે દ્વારકાપુરની રચના એવી દિવ્ય હતી કે સર્વે ઈશ્વરો, દેવો દર્શન કરવા આવતા. હીરામણી રત્નોથી શોભતા મહેલો, અનેક ફળ-ફૂલોથી ભરપુર વૃક્ષોથી શોભતી દિવ્ય સરોવરોથી રમણીય દેખાતી તે નગરીને જોઈને આશ્ચર્ય પામતા. પછી શ્રીકૃષ્ણ પ્રભુએ સર્વે ઈશ્વરો, દેવો, ઋષિ, મુનિઓને બોલાવી સર્વેનો સત્કાર કરી, ઋષિ-મુનિઓની પૂજા કરી દ્વારકામાં વાસ કરતા હતા. અને કળિયુગના મનુષ્યોના કલ્યાણ માટે તે દ્વારિકા તીર્થરૂપ કરતા હતા.

અધ્યાય - ૨૧૯, ૨૨૦

❖ ચક્રતીર્થ અને ગોમતીસાગર તીર્થ મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્યાં પૂર્વે દેવોની પ્રાર્થનાથી વિષ્ણુએ ચક્ર મૂકી પાતાલ પાણી લાવેલા છે તેથી ત્યાં ચક્રતીર્થ તથા ગોમતીસાગર સંગમ તીર્થ થયેલું છે. ભારતની સર્વે નદી તીર્થ છે તે સર્વે ગોમતીસાગરમાં વાસ કરે છે તેથી અહીં જે દાન સ્નાન કરશે તેને અક્ષય પુણ્ય થશે. અંતે પ્રભુની ભક્તિ કરી ધામમાં જશે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે ગોમતીસાગર તીર્થમાં જે અડધું નારિયેળ તથા દાભડો જે આપશે તેની સ્તુતિ કરશે કે, હે રત્નાકર તું મને ભવસાગર પાર ઉતારજે તથા જલશાયી ભગવાનને સંભારીને દાન કરશે તેની પર લક્ષ્મીનારાયણ ભગવાન પ્રસન્ન થશે. તેમાં સ્નાન કરી સુવર્ણ ભુમિ, અશ્વદાન, વિદ્યાદાન, કન્યાદાન વગેરે આપે તે પરંપદને પામશે તથા અમાસે જે શ્રાદ્ધ કરે તેને પંદર દિવસ સુધી શ્રાદ્ધ કર્યાનું ફળ મળે તથા સર્વે શ્રાદ્ધ ગોમતી સાગર તીર્થમાં કરવાથી પિતૃઓ તૃપ્ત થાય છે.

અધ્યાય - ૨૨૧, ૨૨૨

❖ શ્રીકૃષ્ણ દ્વારા નૃગરાજાનો મોક્ષ - નૃગકૂપ તીર્થ મહાત્મ્ય ❖

નૃગરાજા યજ્ઞ કરી સાધુ-બ્રાહ્મણની પૂજા કરી, અનેક પ્રકારના દાનો, ગાયોના દાન આપતો અને શ્રીહરિની પૂજા કરતો. એક વખત ગૌતમ વિપ્રને ગાયો દાનમાં આપી તેમાંથી એક ગાય છૂટીને રાજાની ગાયો સાથે ભળી ગઈ. બીજે દિવસે સોમ શર્મા વિપ્રને ગાયો દાનમાં આપી. તેમાં પેલી ગાય ભેગી ભળી ગઈ. ગૌતમ તે જોઈને કહે : આ ગાય રાજાએ મને દાનમાં આપી છે. તું કેમ લઈ જાય છે ? સોમ શર્મા કહે : મને રાજાએ દાનમાં આપી છે. બંને ઝઘડતા રાજા પાસે આવ્યા. રાજા કહે : એકના બદલામાં બીજી જોઈએ તેટલી ગાયો આપું. પેલો કહે : ના મારે તો એ જ ગાયો જોઈએ. ત્રણ દિવસ સુધી ન્યાય ન થતા

બંને મુર્ખ વિપ્રોએ શાપ આપ્યો. જા કાકીડો થઈ જા. રાજા પગે લાગી કહે : મારી પર કૃપા કરો, મારી કાંઈ ભૂલ નથી. ત્યારે સોમશર્મા કહે : દ્વાપરને અંતે શ્રીકૃષ્ણ પ્રગટ થશે ત્યારે તારો ઉદ્ધાર કરશે. તે શ્રીકૃષ્ણે મોક્ષ કર્યો. તે નૃગકૂપ તીર્થ થયું છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે નૃગરાજાએ શ્રીકૃષ્ણ પાસે માગ્યું. અહીં જે સ્નાન કરે તે વૈકુંઠમાં જાય. શ્રીકૃષ્ણ કહે : તથાસ્તુ.

અધ્યાય - ૨૨૩

❖ રૂક્મણી તીર્થ મહાત્મ્ય ❖

એક વખત દુર્વાસા ઋષિ યાત્રા કરવા નીકળ્યા. દ્વારકા સમુદ્રમાં સ્નાન કરતા હતાં. ત્યાં શ્રીકૃષ્ણને ખબર થવાથી રૂક્મણિને સાથે લઈને દર્શને ગયા. દુર્વાસા ઋષિને પગે લાગ્યા. ઋષિ કહે : પત્ની સંપત્તિથી સુખી છો ? શ્રીકૃષ્ણ કહે : તમારા આશીર્વાદથી સુખી છું. દુર્વાષા ઋષિ કહે : તમારે પત્ની કેટલી છે ? શ્રીકૃષ્ણ કહે : સોળ હજાર, એકસોને આઠ પત્નીઓ છે. સર્વેને દશ દશ પુત્રો, એક એક પુત્રી છે, સર્વે પ્રજાને માટે નવ લાખ મહેલો કર્યા છે. પછી પરીક્ષા કરવા ઋષિ કહે : મને રથમાં બેસાડીને તમે બંને રથ હાંકો, ત્યારે શ્રીકૃષ્ણ રૂક્મણિએ સાથે રથને ચલાવ્યો. માર્ગમાં રૂક્મણિને તરસ લાગી એટલે શ્રીકૃષ્ણને કહ્યું. શ્રીકૃષ્ણે પગથી પૃથ્વીને ભેદી પાતાળ ગંગા કાઢી. રૂક્મણિએ ઋષિને પૂછ્યા વિના પાણી પીધું. ઋષિ ક્રોધ કરી બોલ્યા : મને પૂછ્યા વિના પાણી પીધું માટે તું અહીં જ વાસ કર. તને શ્રીકૃષ્ણ વિયોગ થશે. શ્રીકૃષ્ણે વિનયથી ઋષિને પ્રસન્ન કર્યા. ત્યારે ઋષિ કહે : શાપ મિથ્યા નહી થાય. પરંતુ તમારે સવારે રોજ અહીં રૂક્મણિ પાસે આવવું. શ્રીકૃષ્ણ કહે : મારા વિયોગથી રૂકમણી ગંગાજળની સાથે કાયમ અહીં વાસ કરશે. જે યાત્રિકો અહીં સ્નાન કરશે તેનો મોક્ષ થશે. ત્યાં રૂક્મણિના ત્રણ સ્વરૂપો થયેલા છે. એક સ્વરૂપે ત્યાં વાસ કરે છે, બીજે સ્વરૂપે જલરૂપે થયા. ત્રીજે સ્વરૂપે શ્રીકૃષ્ણ સાથે મહેલમાં વાસ કર્યો.

અધ્યાય - ૨૨૪ થી ૨૨૭

❖ ગોપીતળાવ, બ્રહ્મકુંડ, દેવસરોવર, કુશેશ્વર આદિ તીર્થોનું મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એક વખત પ્રભુને માતા-પિતા અને ગોપીઓનો સ્નેહ યાદ આવતા ઉદ્ધવને દ્વારિકાથી ગોકુલ મોકલ્યા. નંદ-જશોદાએ ઉદ્ધવનું સ્વાગત કરી કૃષ્ણના કુશળ પૂછ્યા. ઉદ્ધવે કહ્યું, કૃષ્ણ તમને બહુ યાદ કરે છે. ત્યાં ગોપીઓ આવી કહે : ઉદ્ધવ તમે આવ્યા કૃષ્ણને કેમ ન લાવ્યા ? એમ કહી ગોપીઓ અતિ રૂદન કરવા લાગી. ઉદ્ધવે આશ્વાસન આપી કહ્યું : કૃષ્ણ તમારો સ્નેહ ભૂલ્યા નથી. ગોપીઓ કહે : દેશ-વિદેશની રાણીઓ સાથે રહેતા અમારી ઉપર નિર્દય થયા. પરંતુ ઉદ્ધવ અમે તો તમારી સાથે તે પ્રભુના દર્શન કરવા આવશું. એમ કહી સર્વે ગોપીઓ ઉદ્ધવ કૃષ્ણના ગુણ-કિર્તન ગાતા દ્વારિકા આવ્યા. ઉદ્ધવે કૃષ્ણને કહ્યું : ગોપીઓ આવી છે.

પાદરમાં તળાવ પર બેઠી છે. તરત જ સ્નેહ ભૂખ્યા કૃષ્ણ પ્રભુ તળાવે ગયા, ગોપીઓ ભેટી પડી. તે ગોપીતળાવ તીર્થ થયું છે. તેમાં જે સ્નાનદાન કરશે તેનો મોક્ષ થશે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દ્વારિકામાં ગોપીઓએ શ્રીકૃષ્ણ દર્શન કરી પેંડા જમાડીને પ્રાર્થના કરી. પ્રભુ તમારા ચરણમાં સદા રાખો. શ્રીકૃષ્ણ કહે : જે મને નિત્ય સ્નેહપૂર્વક સંભાળે છે તે સદાને માટે મારા ચરણમાં જ વાસ કરે છે. પછી પ્રભુની આજ્ઞાથી ગોપીઓ ઉદ્ધવ સાથે ગોકુલ ગઈ. તે ગોપીતળાવ તીર્થ, ગોપાલકૃષ્ણ, ગોમતી, ગોપી તળાવની માટી અને ગાયનું દાન આ પાંચ પ્રકાર તે મોક્ષ આપનારા છે. ગોપી તળાવની માટીનું તિલક-ચાંદલો નરનારી, કન્યાકુમારી સાધ્વી-વિધવા કરશે તેને યમના દૂતનો ભય નહીં રહે. એ રીતે પ્રગટના સંબંધથી સર્વે નિર્ગુણ થાય છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દ્વારિકામાં રહેલા બ્રહ્મકુંડ, સૂર્ય, વરૂણ, કુબેર, દેવસરોવર, ઋષિતીર્થ વગેરેમાં સ્નાનદાન કરવાથી અનેક જન્મોના પાપો નાશ પામે છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દુર્વાસા સમુદ્રમાં ન્હાવા ગયા. કુશ દૈત્ય આવ્યો. સ્નાન ન કરવા દીધું. દુર્વાસાએ પ્રભુને સંભાર્યા. પ્રભુએ આવીને ચક્રથી કુશ દૈત્યનું મસ્તક કાપી નાખ્યું. તે શંકરનો ભક્ત હતો તેથી કુશેશ્વર તીર્થ થયેલું છે. તથા રૂક્મણિનું અપહરણ કરી આવ્યા ત્યારે રૂક્મિ લડવા આવ્યો શ્રીકૃષ્ણએ તેના અડધા દાઢી-મૂછ કાપી નાખ્યા. તે પટરાણી તીર્થ થયેલું છે.

અધ્યાય - ૨૨૮

❖ દ્વારિકા તીર્થમાં નિવાસ અને સ્નાન મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાશીમાં કલ્પ સુધી વાસ કરે તેને દ્વારિકામાં પાંચ દિવસ વાસ સમાન ફળ થાય છે. શ્રીકૃષ્ણનું પૂજન-કિર્તન કરવાથી વૈકુંઠ ગોલોકમાં વાસ થાય છે. સૂર્ય-ચંદ્રના ગ્રહણમાં કુરુક્ષેત્ર પુષ્કરમાં સ્નાન કરવાથી જે ફળ થાય તે જ ફળ દ્વારિકામાં ગોમતીમાં, સમુદ્રમાં, ગોપી તળાવમાં સ્નાન કરવાથી થાય છે. કળીયુગમાં લોકો "શ્રીકૃષ્ણ શરણં મમ" અષ્ટાક્ષર મંત્રનો જપ કરતા પૂજન કરે છે તે કૃષ્ણતુલ્ય થાય છે. તે શ્રીકૃષ્ણ મંદિરમાં દીપ દાન, નૈવૈદ્ય વગેરે જે અર્પણ કરે છે તે સર્વે નરનારી પ્રભુના પાર્ષદ પાર્ષદાણીઓ થાય છે.

અધ્યાય - ૨૨૯

❖ પિતૃઓના કહેવાથી સોમશર્માનું ગોમતીમાં પિતૃશ્રાદ્ધ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અવંતીનગરીનો સોમશર્મા શિવભક્ત હતો. તે સોમનાથની યાત્રા કરી દ્વારિકા દર્શને ગયો. સર્વે તીર્થમાં દર્શન કરી, ભગવાનનો પ્રસાદ જમીને રાત્રે

સૂતો. ત્યાં તેને સ્વપ્ન થયું તેમાં પોતાના પૂર્વજો પિતૃઓને રૂદ્રો જેવા ભયંકર જોયા. સોમશર્માએ પૂછ્યું, તમે કોણ છા ? તે કહે : તારા પિતૃઓ છીએ. હરિવાસર વ્રત નહીં કરવાથી પ્રેતપણાને પામ્યા છીએ તેથી તું અહીં ગોમતીમાં પિતૃશ્રાદ્ધ તર્પણ કરાવ જેથી અમારો મોક્ષ થાય. સવારે સોમશર્માએ પિતૃઓએ કહ્યા પ્રમાણે જ શ્રાદ્ધ કરાવ્યું, સર્વે પિતૃઓ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી ધામમાં ગયા.

અધ્યાય - ૨૩૦

❖ શ્રીહરિને પ્રિય હરિવાસર વ્રતવિધિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શ્રીકૃષ્ણએ શંખાસુરનો નાશ કરી શંખોદ્ધાર તીર્થ કરેલું છે. ત્યાંથી પિંડારકતીર્થમાં અગસ્ત્ય ઋષિનું તળાવ છે. પૂર્વે બ્રહ્માએ ત્યાં યજ્ઞ કરેલો ત્યારે દૈત્યોએ યજ્ઞમાં વિઘ્નો કર્યા, વિષ્ણુએ ચક્રથી દૈત્યોના હાથ કાપી નાખ્યા તેથી પિતૃઓ ત્યાં પિંડદાનની ઈચ્છા કરે છે. ત્યાં એકાદશી, દ્વાદશીએ જાગરણ કરવું, જેથી ભક્તની ઉપર પ્રભુની પ્રસન્નતા થાય. એક વખત શંકર રાત્રે ડમરુ વગાડીને નૃત્ય કરવા લાગ્યા. પાર્વતીએ પૂછ્યું, અત્યારે ડમરુ શા માટે વગાડો છો ? શંકર કહે : આજે હરિવાસર છે. એટલે શ્રીહરિને એકાદશી વ્રત્ત જેટલું પ્રિય છે, તેટલું જ હરિવાસર વ્રત પ્રિય છે. તે દિવસે ઉપવાસ કરી રાત્રે વાજિંત્રો સહિત ધૂન, કિર્તન, નૃત્ય પ્રભુ પાસે, પ્રભુની પ્રસન્નતા માટે કરવા, સર્વે તીર્થો, યજ્ઞો કરવાથી પણ જાગરણમાં સર્વે દેવો આવે છે તથા કૃષ્ણવલ્લભ આવે છે. નરનારીઓ જાગરણ કરવાથી પ્રિય થાય છે. આ પ્રમાણે શંકર-પાર્વતી કૃષ્ણવલ્લભમાં વિરામ પામ્યા.

અધ્યાય - ૨૩૧

❖ ગોદાવરી નદી પાપ રહિત થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એક વખત નારદ તીર્થોમાં ફરતા ગૌતમ ઋષિના આશ્રમે ગોદાવરી નદી કાંઠે આવ્યા. એક વર્ષ ત્યાં વાસ કર્યો. ત્યાં સર્વે તીર્થો ગોદાવરીમાં સ્નાન કરવા તથા દર્શન કરવા આવતા હતા, ત્યારે ગોદાવરી તીર્થે નારદજીને કહ્યું : સર્વે તીર્થો મારામાં પાપો મૂકી જાય છે. મારે ક્યાં જવું ? નારદજી કહે : જ્યાં પ્રત્યક્ષ ભગવાનથી અનેક તીર્થો થયેલા હોય તે તીર્થમાં પાપો બળી જાય છે. તેવું તીર્થ દ્વારિકા છે. જ્યાં પ્રભુ શ્રીકૃષ્ણે અનેક તીર્થ કરેલા છે. પછી નારદ, ગૌતમ ઋષિ તથા ગોદાવરી નદી તે સર્વે દ્વારિકા આવી સર્વે તીર્થોના દર્શન કરી પાપરહિત થયા.

અધ્યાય - ૨૩૨

❖ દ્વારિકાની યાત્રાથી રાક્ષસ પાપ રહિત થયો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાશીમાં માયાનંદ નામનો ત્રિદંડી સંન્યાસી હતો. તે કનિષ્ઠ સંગથી સ્ત્રી લંપટ થયો. દારૂ પિતો, માંસ ખાતો, ધર્મકર્મથી રહિત થયો. તે મરીને હલકી યોનિને પામ્યો. નારડો થયો, વાઘ થયો, વાંદરો થયો, શિયાળ થયો, ભુંડ થયો. પછી રાક્ષસ થઈ જંગલમાં ભટકતો હતો ત્યાં ગયાજીનો બ્રાહ્મણ દ્વારિકાની યાત્રા કરીને ગોમતીનું પાણી પીને ગોપી તળાવની માટીનું તિલક કરીને પોતાને ઘેર જતો હતો. રસ્તામાં પેલા રાક્ષસને બ્રાહ્મણના દર્શન થયા. દર્શન માત્રથી પાપ બળી ગયા. રાક્ષસે પગે લાગીને પૂછયું : ક્યાંથી આવો છો ? વિપ્ર કહે : દ્વારિકાથી યાત્રા કરીને, ત્યાં જવાથી સર્વે દર્શન કરવાથી સર્વે પાપો બળી જાય છે. વિપ્રનું વચન સાંભળી રાક્ષસ દ્વારિકાની યાત્રા કરી, ગોમતીમાં સ્નાન કરી સર્વે પાપથી રહિત થયો.

અધ્યાય - ૨૩૩

❖ શ્રીહરિને પ્રિય ત્રિસ્પૃશાવ્રત વિધિ અને મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે હું તમને ત્રિસ્પૃશાવ્રત વિધિ કહું છું. બ્રહ્મહત્યા, ગૌહત્યા, મદ્યમાસ ભક્ષણ, સ્ત્રીહત્યા, સુરાપાન વગેરે અનેક પ્રકારના પાપોનો નાશ કરનારું આ વ્રત્ત છે. તે કાર્તિક સુદ એકાદશીએ આવે છે. સૂર્યોદય સમયે એકાદશી હોય. પછીથી બારશ બેસી જાય, બારસના સૂર્યોદય ન થયો હોય ત્યાં તેરસ બેસી જાય તેને ત્રિસ્પૃશાવ્રત કહેવાય છે. એકાદશીએ વહેલા ઉઠીને શ્રીહરિ સ્વામિનારાયણ પ્રભુની માનસી પૂજા કરી, સ્નાનવિધિ કરી, લક્ષ્મીનારાયણપ્રભુની મૂર્તિને ઘી, દૂધ, દહિં, મધ, સાકરથી પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર આભૂષણો ધારણ કરાવીને ષોડ્સોપચારથી પૂજન કરવું. બારસને બપોરે સાધુ બ્રાહ્મણોને જમાડીને યથાશક્તિ દાન આપવું. એકાદશીએ આખો દિવસ ધૂન-કિર્તન, કથાવાર્તા વિના વ્યર્થ સમય જવા દેવો નહિ. રાત્રિએ જાગરણ કરવું. આ વ્રત નિરાહાર, જલાહાર, એકટાણું, નક્તભોજન કરીને થાય છે. આ વ્રત કરીને પ્રભુ પાસે પ્રાર્થના કરવી કે, હે પ્રભુ આ વ્રતમાં કોઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો. દશ હજાર સોમયજ્ઞ, એક હજાર અશ્વમેધ યજ્ઞના ફળને આપનારું આ વ્રત છે. પૂર્વે બ્રહ્માએ આ વ્રત કર્યુ હતું. સર્વે સકામ નિષ્કામ ભક્તોએ આ વ્રત વિધિપૂર્વક કરવું. સર્વતિર્થોના, સર્વદાનના ફળને આપનારું આ વ્રત છે.

અધ્યાય - ૨૩૪

❖ શ્રીહરિની એકાદશ ઈન્દ્રિયોમાંથી એકાદશીનું પ્રાગટ્ય અને મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે કશ્યપ ઋષિને સત્યુગમાં દનુમાં દાનવ તાલજંધ થયો, તેનો નાડીજંઘ થયો, તેનો મુરજંઘ દાનવ થયો. તેણે એક હજાર વર્ષ સુધી વાયુ ભક્ષણ, પાણી પાંદડા ખાઈને તપ કર્યું. તેની ઉપર રાફડો થઈ ગયો. તેની ઉપર વૃક્ષો ઊગી ગયા. તેના તપનો અગ્નિ ત્રિલોકીને દાહ કરવા લાગ્યો. દેવો, માનવો, ઋષિ-મુનિઓ ભય પામ્યા. ઈન્દ્રાદી દેવો બ્રહ્મા, વિષ્ણુ, શંકર વગેરે ક્ષીર સમુદ્રમાં શેષનારાયણ પાસે ગયા. સ્તુતિ કરી. હે સર્વેના રક્ષક અસુરોનો નાશ કરવા અવતાર ધારણ કરનારા તમને નમસ્કાર. દેવોની સ્તુતિ સાંભળી શેષશાયી ભગવાન કહે : બોલો શું કામે આવ્યા ? ઈન્દ્રાદિ દેવો કહે : અત્યારે મુર દાનવે તપ કરીને બ્રહ્મા પાસે એવું વરદાન માંગ્યું છે કે, તમારી સૃષ્ટિમાં હું કોઈથી ના મરું. બ્રહ્મા કહે : એવું વરદાન તો કોઈને અપાય નહીં. આ સૃષ્ટિમાં કોઈ અમર નથી. અસુર કહે : વરદાન દેવું હોય તો આપો નહીં તો ચાલ્યા જાવ.

બ્રહ્મા કહે : તું મારો વંશજ છો. તેથી વરદાન આપું છું જા. તથાસ્તુ. તે મુરદાનવ બ્રહ્મા પાસે વરદાન પ્રાપ્ત કરીને સ્વર્ગ, મૃત્યુ, પાતાળ ત્રિલોકીને જીતીને વશ કરી સર્વે દેવોને ઈશ્વરોને બાંધીને કેદમાં પૂર્યા. સર્વે અધિકારો દૈત્યોને આપ્યા. પોતાના તપના પ્રભાવથી ત્રિલોકીને પ્રકાશ કરવા લાગ્યો છે. તેથી હે પ્રભુ અમે તમારે શરણે આવ્યા છીએ. રક્ષણ કરો. જલશાયી પ્રભુ શ્રીહરિ તરત જ મુર દાનવ મેરુ પર્વત પર ચંદ્રાવતી નગરીમાં રહેતો હતો ત્યાં જઈને શંખ ફૂક્યો. અસુરને યુદ્ધ માટે બોલાવ્યો. મુર દાનવ પણ યુદ્ધ માટે અસ્ત્ર-શસ્ત્ર લઈને રણસંગ્રામમાં આવ્યો. અસ્ત્રો-શસ્ત્રોથી ભયંકર યુદ્ધ થયું. શ્રીહરિએ ગદાનો ઘા મુર દાનવ પર કર્યો. મૂરદાનવે ગદા ભાંગી નાંખી. વિષ્ણુએ ચક્ર ફેંકયું. મુરદાનવે વરદાનના પ્રભાવથી ચક્રને ભાંગી નાખ્યું. તે સમયે દેવો અને દૈત્યો દાનવોનું ભયંકર યુદ્ધ થયું. શ્રીહરિને શસ્ત્ર વિનાના જોઈને દેવો ભય પામી હતાશ થઈ ગયા. શ્રીહરિ પણ હિમાલયમાં સિંહવતી ગુફામાં જઈ સૂઈ ગયા. મુર દાનવ શ્રીહરિને શોધતો ગુફામાં આવ્યો.

શ્રીહરિને જોઈને કહે : અહો, ત્રિલોકીમાં પૂજ્ય ભય પામી ગુફામાં શું સૂઈ ગયો ? ચાલ મારી સાથે યુદ્ધ કર તને યમપુર મોકલી દઉં. યુદ્ધ ન કરવું હોય તો મારો દાસ થા. તને વૈકુંઠ આપી દઉં. આ પ્રમાણે બોલતાં મુર દાનવના નાશ માટે શ્રીહરિએ મહાલક્ષ્મીને સંભાર્યા. તરત શ્રીહરિના એકાદશ ઈંન્દ્રિયોમાંથી તપસ્વી-તેજસ્વી કન્યા પ્રગટ થયાં. દિવ્ય વસ્ત્રઅલંકારોથી શોભતી દિવ્ય સ્વરૂપવાળી કન્યાને જોઈ મુર દાનવ મોહ પામ્યો. કન્યાને વરવાની ઈચ્છા કરી. કન્યા કહે : તું મને જીતીને ગ્રહણ કર. આ મારી પ્રતિજ્ઞા છે. મુરદાનવ વિષ્ણુને ભૂલી કન્યા સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. કન્યાએ તલવારથી મસ્તક કાપી ગદાથી

શરીરને ભાંગી નાખ્યું. દૈત્યો સર્વે મુર મરી ગયો તેથી નાસી ગયા. વિષ્ણુ ભગવાન ગુફામાંથી બહાર આવી કહે : આ મુરને હું મારી ન શક્યો. તેને હે મહામાયા, હે મહાલક્ષ્મી તેં અસુરને મારીને મારી ઉપર, દેવો પર ઉપકાર કર્યો. શ્રીહરિ પ્રસન્ન થઈ કહે : વરદાન માંગ.

કન્યા કહે : હું તમારા એકાદશ ઈંન્દ્રિયોમાંથી પ્રગટ થઈ માટે મારું નામ એકાદશી પુણ્ય આપનારી થાઉં અને સુદ વદ એકાદશીએ કોઈ વ્રત કરશે, નિરાહાર, જલાહાર, ફલાહાર, એકટાણું અથવા નકતભોજન કરશે તે અશ્વમેધ યજ્ઞના ફળને પામશે. સર્વ તીર્થમાં સ્નાનના ફળને પામશે. હે પ્રભુ, આ વરદાન મને આપો. શ્રીહરિ કહે, તથાસ્તુ. તારું વ્રત કરશે તે વૈષ્ણવ થઈ ભક્તિ કરી ધામમાં જશે.

અધ્યાય - ૨૩૫

❖ ઉન્મીલની એકાદશી વ્રત-પૂજનવિધિ ❖

શ્રી લક્ષ્મી કહે : હે પ્રભો, છવીસ એકાદશીના નામો-પૂજન તથા વ્રતવિધિ કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી ઉન્મીલની એકાદશીનો મહિમા કહું છું. બ્રહ્મ મુહૂર્તમાં ઊઠીને શ્રીહરિનું ધ્યાન કરી સ્નાન કરીને શ્રીહરિની ષોડ્શોપચારે પૂજા કરવી. પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી અબિલ, ગુલાલ, કંકુ, ચંદન, ચોખા, ધૂપ-દીપ અત્તરથી પૂજા કરી નૈવૈદ્ય ધરવું. મુખવાસ આપી, આરતી ઉતારી દંડવત્ત, સ્તૂતી, નમસ્કાર કરી ક્ષમા માગવી, શ્રીહરિને પ્રાર્થના કરવી, હે પ્રભુ આજનું વ્રત મારું પુરું કરજો. એકાદશીએ આખો દિવસ શ્રીહરિના ધૂન-કિર્તન, કથા-વાર્તા કરવા. સેવા, ભક્તિ વિના વ્યર્થ સમય જવા દેવો નહીં. બારસને દિવસે સાધુ-સાધ્વી, વિપ્રોને ભોજન કરાવી યથાશક્તિ દાન આપવું. વેધવાળી એકાદશી વ્રત ન કરવું. બે એકાદશી હોય તો બીજી એકાદશી કરવી. બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, ગૌહત્યા વગેરે પાપોને નાશ કરનારું ભગવાનની ભક્તિ કરાવનારું, સર્વે સિદ્ધિ આપનારું, ધામ આપનારું એકાદશીનું વ્રત ભગવાનની પ્રસન્નતા માટે કરવું.

અધ્યાય - ૨૩૬

❖ પક્ષવર્ધિની એકાદશી વ્રત-પૂજનવિધિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મોક્ષ આપનારી પક્ષવર્ધિની એકાદશીનો વ્રત વિધિ કહું છું. સૂર્યોદય પહેલાં જાગી સ્નાન વિધિ કરી સાત ધાન્યથી મંડળ પુરી વચમાં તાંબાનો ઘડો મૂકવો. નારિયેળ આસોપાલવ વગેરેના પાન મૂકી સિંહાસનમાં હરિ કૃષ્ણ પ્રભુને પધરાવી ષોડ્શોપચારથી પૂજન કરીને નૈવેધ ધરી આરતી ઉતારવી. આખો દિવસ હરિકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવી. બારસે પારણા કરીને વ્રત પૂર્ણ કરવું. કાશીમાં સાઠ હજાર વર્ષ વાસ કરે, કુરૂક્ષેત્રમાં યજ્ઞ કરે તે સમાન એકાદશીનું ફળ થાય છે. ઉપવાસથી પુરું ફળ મળે છે. નકત

ભોજન એકટાણું કરવાથી અડધું ફળ મળે છે. એકાદશીનું જાગરણ ન કરે તો અડધું ફળ મળે છે. સર્વે તીર્થના ફળ એકાદશીનું વ્રત કરવાથી મળે છે.

અધ્યાય - ૨૩૭

❖ એકાદશી વ્રત-જાગરણ મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વે એકાદશીનું વ્રત કરીને એકાદશીને દિવસે નિદ્રા ન કરવી. રાત્રે પણ જાગરણ થાય ત્યાં સુધી કરવું. એકાદશીએ અન્નના આહારથી ઈન્દ્રિયો પુષ્ટ થઈ અને રજોગુણમાં પ્રવર્તે છે. તે નિદ્રા કરવાથી સ્વપ્નમાં વીર્યપાતથી એકાદશીનું ફળ મળતું નથી. મનમાં શ્રીહરિનું ધ્યાન કરીને શ્વાસે શ્વાસે શ્રીહરિનું નામ લે છે તેને ચારગણું ફળ થાય છે. રાત્રિના છેલ્લો પ્રહર, સવારનો પહેલો પ્રહર એટલે બ્રહ્મ મુહૂર્ત. સવારના ચારથી સાત વાગ્યા સુધી ત્રણ કલાક સતત શ્રીહરિનું નામ રટણ કરનારને એકાદશીએ અસંખ્ય ગણું ફળ થાય છે. આળસ-પ્રમાદને તજીને શ્રીકૃષ્ણની આગળ વાજિંત્રો સહિત ધૂન-કિર્તન ઉત્સવ કરી પ્રભુની પાસે નૃત્ય કરવું. પ્રભુ પાસે નાચનારની કોઈ મશ્કરી કરે તો પોતાની એકવીશ પેઢીને નરકમાં નાખે છે. એકાદશીના જાગરણમાં શ્રીહરિની કથા વાંચવી અથવા સાંભળવી.

અધ્યાય - ૨૩૮

❖ માગશર વદ પક્ષની એકાદશી - મરૂધન્વા રાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકાદશીના વ્રતમાં દૂધ, પાણી, ફળ, મૂળ, પત્ર, શાક તથા ઔષધ, ગુરુવાક્ય, વિપ્રવાક્ય, પરવશ્યતા આ અગિયાર પ્રકારો વ્રતનો નાશ કરતા નથી. મોક્ષની ઈચ્છાવાળાએ ઉપવાસ કરીને દૂધ, ફરાળ કરીને એકટાણું કરીને નકતભોજન સૂર્યાસ્ત પછી જમવું તે કરીને આખો દિવસ ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછા વાળીને ભગવાનની મૂર્તિમાં, ભક્તિમાં, સેવામાં રાખવા. એકાદશીએ નદી, તળાવમાં સ્નાન ઉત્તમ છે. વાયવ્યમાં સ્નાન મધ્ય છે, કૂવામાં સ્નાન કનિષ્ક છે.

પૂર્વે બ્રહ્માના ત્રીજા કલ્પમાં મરૂદેશનો રાજા મરૂધન્વા હતો. ન્યાય-નીતિથી રહિત અધર્મી હતો, તેથી પ્રજામાં પણ દોષ-દુર્ગુણો પ્રવર્તી ગયા. પ્રજા સત્કર્મથી રહિત થઈ તેથી સાત વર્ષ સુધી વૃષ્ટિ ન થઈ. દુષ્કાળ પડ્યા. રાજા પ્રજા અતિ પીડા પામ્યા ત્યારે સર્વેએ શ્રીહરિની ધૂન-કિર્તન, પ્રાર્થના, સ્તુતિ કરી, હે પ્રભુ અમારો ઉદ્ધાર કરો. ત્યારે આકાશવાણી થઈ - હે રાજન, આવતી માગશર કૃષ્ણ પક્ષની એકાદશી વ્રત વિધિપૂર્વક કરી દાન કરજે સર્વે સારું થશે. રાજાએ, રાણીએ, કુંવરે, પ્રજાએ સર્વે એ માગશર વદ એકાદશીનો નિર્જળા ઉપવાસ કરી શ્રીહરિનું ષોડ્શોપચારથી પૂજન કરી અનેક પ્રકારના દાન આપ્યા. તે

એકાદશીને પુણ્યના પ્રતાપે રાજા પ્રજા સર્વે સુખી થયા. પછી રાજા સ્વર્ગમાં ગયો ત્યાં ઘણા યુગ સુધી રહીને પૃથ્વી પર આવી શ્રીહરિની ભક્તિ કરી વૈકુંઠમાં ગયો.

અધ્યાય - ૨૩૯

❖ માગશર સુદની મોક્ષદા એકાદશી - વૈશ્વાનર રાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, માગશર સુદ મોક્ષદા એકાદશીનો વ્રતવિધિ કહું છું. સવારે સ્નાનવિધિ કરીને સાત ધાન્યથી મંડળ પુરી વચ્ચે તાંબાનો ઘડો મૂકી નારિયેળ આસોપાલવ વગેરે પત્રો મૂકીને દામોદર ભગવાનનું ષોડ્શોપચારથી પૂજન કરી, આરતી કરી પ્રભુ પાસે સ્તુતિ કરવી. હે પ્રભુ મારાથી જાણે-અજાણે પાપ થઈ જાય તો ક્ષમા કરજો.

પૂર્વે ચંપાપુરીમાં વૈશ્વાનર રાજા મહા વૈષ્ણવ ભક્ત હતો. તેને સ્વપ્નમાં પિતૃઓને અતિ દુ:ખી જોયા. પિતૃઓએ કહ્યું, અમે અધોગતિમાં ગયા છીએ અમારો ઉદ્ધાર કરો. સવારે રાજાએ બ્રાહ્મણોને સ્વપ્નની વાત કરી. પિતૃઓ અધોગતિમાં કેમ ગયા ? ત્યારે જૈગીસવ્ય ઋષિ કહે : પૂર્વે તારા પિતૃએ દેવમંદિરની જીવિકાવૃતિ લઈ લેવાથી નરકમાં પડ્યા છે. ચાંડાલી સ્મશાનમાં ચિત્તાના અગ્નિ ઉપર માણસની ખોપરીમાં કૂતરાનું માંસ દારૂ સાથે રાંધતી હતી ત્યાં ઈન્દ્ર નીકળ્યો. એટલે ચાંડાલીએ જોડો ઢાંકી દીધો. ઈન્દ્રે પૂછ્યું કેમ ઢાંકે છે? આમાં પવિત્ર શું છે ? ચાંડાલી કહે : દેવ, બ્રાહ્મણ, ગાય તેની જીવિકાવ્રતને હરનારો તેની છાયા પડે તો મારું રાંધેલું અભડાઈ જાય. આમ બન્યું. તેથી હે રાજા હવે માગસર સુદ મોક્ષદા એકાદશીનું વ્રત વિધિ પ્રમાણે કરીને સાધુ-સાધ્વીને, અનાથ બાળકોને ભોજન કરાવીને દાન આપજે તેથી તો પિતૃઓનો વ્રતદાનના પુણ્ય પ્રતાપે મોક્ષ થશે. જૈગીસવ્ય ઋષિના કહેવા પ્રમાણે વૈશ્વાનર રાજાએ એકાદશીનું વ્રત કરીને સર્વેને ભોજન કરાવી દાન આપ્યા. પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપી સ્વર્ગમાં ગયા. તે વૈશ્વાનર રાજા પણ પ્રભુભક્તિ કરી ધામમાં ગયો.

અધ્યાય - ૨૪૦

❖ પોષ વદની સફલા એકાદશી - પાપી લુંભની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે હું પોષ કૃષ્ણ સફલા એકાદશીનો વ્રત વિધિ કહું છું. તેના દેવ સંકર્ષણ ભગવાનને સુનંદા પત્નીએ સહિત પૂજા કરવી. મંડળ પૂરીને ષોડ્શોપચારથી પૂજન કરીને નૈવૈદ્ય ફળ ફૂલ ધરીને દીપદાન, વસ્ત્રદાન, સ્વર્ણદાન, ગૌદાન વગેરે કરવા. સર્વે યજ્ઞ, સર્વે તીર્થો, હજારો વર્ષ તપનું ફળ આ સફલા એકાદશીનું વ્રત કરવાથી મળે છે.

પૂર્વે મહિષ્મતી નગરીમાં રાજાને પાંચ પુત્રો હતા. મોટો લુંભ નામે નાસ્તિક થયો. દેવ-સાધુ બ્રાહ્મણોની નિંદા કરનારો વૈષ્ણવ ભક્તનો દ્રોહ કરનારો થયો. તેને રાજાએ કાઢી

મૂક્યો. તે લુંભ જ્યાંત્યાં રખડતો, ચોરી કરતો. બીજા રાજ્યમાં ગયો. ત્યાં રાજાના મંત્રીના ઘરમાં ચોરી કરી ત્યાં સૈનિકોએ પકડી જેલમાં પૂર્યો. લુંભ કહે : હું રાજાનો કુંવર છું. મને છોડી મૂકો નહીં તો યુદ્ધ થશે. રાજાએ છોડી મૂક્યો. તે લુંભ જંગલમાં રખડતો એક પીપળા નીચે બેઠો. ત્યાં ઓટા ઉપર વિષ્ણુની જૂની મૂર્તિ દેખી. તેને ત્યાં વાસ કરવાથી દૈવી વિચાર આવ્યો કે, અરે મેં ચોરી કરી, હિંસા કરી, માંસ ખાધુ, નિંદા કરી, પાપ કર્યા. તેનું પ્રાયશ્ચિત પણ થાય તેમ નથી. માટે હવે તો આ પીપળા નીચે વાસ કરી વિષ્ણુની પૂજા કરી ફળફુલ ખાઈ જીવન પુરું કરવું છે. પોષ વદ-એકાદશી હતી. આખો દિવસ ખાવા ન મળ્યું. રાત્રે નિદ્રા ન આવવાથી જાગરણ થયું. આખો દિવસ રાત્રિ ભજન કર્યું. સવારે અતિ ઠંડી લાગવાથી જડ જેવો થઈ ગયો. બપોરે પ્રભુનું ભજન કરતા ઊભો થવા ગયો. ત્યાં પડી ગયો. પ્રભુને સ્તુતિ કરી. હે પ્રભુ આખા જગતનું રક્ષણ કરો છો, મારું રક્ષણ કરજો, તરત સંકર્ષણ ભગવાન ચતુર્ભુજ રૂપે આવી બેઠો કરી કહ્યું, તારા રાજમાં તારા પિતા મરણ પામ્યા છે. ગાદી તને મળશે. પ્રભુ અદૃશ્ય થયાં લુંભ રાજ્યમાં ગયો. ત્યાં મંત્રીઓએ રાજ્યાભિષેક કર્યો. પછી પોતે શ્રીકૃષ્ણની ભક્તિ કરી પ્રજાને ભક્તિ કરાવી અંતે ગોલોકમાં ગયો.

અધ્યાય - ૨૪૧

❖ પોષ સુદની પુત્રદા એકાદશી - કેતુમાન રાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પોષ સુદ પુત્રદા એકાદશીનો વ્રત્તવિધિ કહું છું. બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું સ્મરણ કરી, સ્નાન કરી, શ્રીહરિને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર, આભૂષણો ધરાવી ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવૈદ્ય ધરી, આરતી ઉતારી, સ્તુતિ નમસ્કાર કરવા ક્ષમા માગવી.

પૂર્વે ભદ્રાવતીપુરીનો કેતુમાન રાજા પંચાવતી રાણી હતા. તેને પુત્ર ન હતો. જપ તપ કર્યા પણ પુત્ર ન થયો. તેથી સંસારથી કંટાળીને રાજા રાત્રે કોઈને કહ્યા વગર અશ્વ પર બેસી જંગલમાં ગયો. ત્યાં અશ્વપટ સરોવરમાં શ્રીહરિનો જપ કરતા દેવો ઋષિ-મુનિઓ સ્નાન કરતા હતા ત્યાં જઈ નમસ્કાર કરી પૂછયું. તમો કોણ છો ? દેવો બોલ્યા અમે સ્વર્ગના દેવો છીએ. આજ પુત્રદા એકાદશી હોવાથી રૈવતાચળ દર્શન કરી અહીં સ્નાન કરીને સ્વર્ગમાં જશું. રાજા કહે : હું પુત્ર વિના દુ:ખી છું. તેથી આ દિવ્ય સરોવરે તપ કરીશ. દેવો કહે : રાજા આજે પુત્રદા એકદશી છે. કાંઈ ખાતો નહી અશ્વપટ સરોવરનું પાણી પીજે તને પુત્ર થશે. તપ કરવાની જરૂર નથી. તે પુત્રદા એકાદશીનું વ્રત કરવાથી પુત્ર થયો. તેનું નામ કંકુમાન રાખ્યું તેના પરથી આ કાઠિયાવાડ કહેવાય છે.

અધ્યાય - ૨૪૨

❖ માઘ વદની ષટ્તીલા એકાદશી - કપિલા બ્રાહ્મણીની કથા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, માઘ વદની ષટ્તીલા એકાદશીનો વ્રતવિધિ કહું છું. લક્ષ્મી સહિત વાસુદેવનું ષોડ્શોપચાર પૂજન કરી મેથીના લાડુ અડદીયા વગેરે નૈવેદ્ય ધરી આરતી ઉતારી સ્તુતિ કરવી. હે પ્રભુ, હે સ્વામિનારાયણ તમારી ભક્તિમાં મારું મન રહો.

પૂર્વે કપિલા બ્રાહ્મણી વિદ્યાવાળી ભક્તિવાળી તપસ્વી કુમારી હતી. આત્મજ્ઞાનવાળી હતી. પરંતુ અન્ન-જળનું દાન કોઈ દિવસ આપતી નહીં. એક વખત કપિલ ભગવાન સાધુરૂપે આવી ભિક્ષા માંગી, બ્રાહ્મણીએ ધ્યાન ન આપ્યું. સાધુએ બીજીવાર માગ્યું ત્યારે પાણીથી માટીનો પીંડો કરી આપ્યો પણ અન્ન આપ્યું નહીં. તે બ્રાહ્મણી ભક્તિવાળી હોવાથી દેહ મૂકી વૈકુંઠમાં ગઈ. માટીના દાનથી મહેલ મળ્યો પણ ભોજન ન મળ્યું. કપિલા કહે : મારે ભોજન વિના શું કરવું કેમ જીવવું ? વિષ્ણુ ભગવાન કહે : હમણા દેવીઓ આવશે તું દ્વાર બંધ કરી દેજે. ખોલવાનું કહે : ત્યારે તારે કહેવું, ષટતિલા એકાદશીનું પુણ્ય આપો તો દ્વાર ખોલું. દેવીઓ આવી. તેની પાસેથી ષટતિલા એકાદશીનું પુણ્ય માગ્યું તે પ્રતાપે મહેલમાં અન્નના ગંજ થયા. ષટતિલા એકાદશીએ તલચૂર્ણ શરીરે લગાવવા, તલથી સ્નાન કરવું, તલથી હોમ કરવો, તલ સાથે પાણી પીવું, તલ ખાવા, તલનું દાન કરવું, સ્નાન દાન પૂજનમાં કાળા તલ શ્રેષ્ઠ છે. આ રીતે વ્રત કરવાથી વિદ્યાર્થી વિદ્યા પામે, ધનાર્થી ધન, પુત્રાર્થી પુત્ર, અન્નાર્થી અન્ન, સકામ ભાવે પણ વ્રત કરનારાના સર્વે સંકલ્પ પૂર્ણ થાય છે. નિષ્કામ ભાવે વ્રત કરનાર ઉપર પ્રભુની પ્રસન્નતા થાય છે. ભક્તિપૂર્વક વ્રત કરવાથી રાધા, રમા, દેવી સમાન ભક્ત થાય છે.

અધ્યાય - ૨૪૩

❖ માઘ સુદની જયા એકાદશી - માલ્યવાન ગાંધર્વની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, માઘ સુદ જયા એકાદશીનો વ્રતવિધિ કહું છું. પાપ નાશ કરનારી, સુખ આપનારી, મોક્ષ આપનારી, જય આપનારી આ એકાદશી છે. બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરી, શ્રીહરિને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર અલંકારો ધારણ કરાવી, કેશર-ચંદનનું તિલક કરવું, કંકુનો ચાંદલો કરવો, ધૂપ-દીપ, અત્તર પુષ્પ, તુલસી પૂજા કરી, અડદિયા, મગજ, મેસુબ, મોહનથાળ, મોતિયા, દૂધપાક, પુરી નૈવેધ ધરી મુખવાસ અર્પણ કરવો, સાત ધાન્યોથી મંડળ પૂરી વચ્ચે ઘડો મૂકી નારિયેળ, આસોપાલવના પાન વગેરે મૂકી જયા માધવ ભગવાનનું પૂજન કરવું.

પૂર્વે સ્વર્ગમાં નંદનવનમાં ઈન્દ્રને પ્રસન્ન કરવા અપ્સરાઓ નૃત્ય કરતી હતી. ગાંધર્વો ગાયન કરતા હતાં. તે સમયે માલ્યવાન ગાંધર્વ અને પુષ્પવતી અપ્સરા તે બંનેની દૃષ્ટિ મોહવાળી થતા ઈન્દ્ર કહે : તમે ગાવામાં નાચવામાં ભંગ કરો છો. જાવ, પૃથ્વી પર જંગલમાં પિશાચ થાવ. તે બંને પિશાચ થઈને જંગલમાં ભુખ તરસથી દુઃખી થયા. ઠંડીમાં અતિ દુઃખ પામતા પીપળા નીચે વાસ કર્યો. ત્યાં માઘ સુદ જયા નામની એકાદશી વ્રત અજાણતા થયું. ખાવામાં કંઈ ન મળ્યું. રાત્રિએ જાગરણ થયું. આખી રાત ઠંડીથી શ્રીહરિનું સ્મરણ કર્યું. બારસે સવારે પીપળામાંથી મેં વિષ્ણુરૂપે પ્રગટ થઈને દર્શન આપી વિમાનમાં સ્વર્ગમાં મોકલ્યા. ઈન્દ્ર કહે : તમે પિશાચપણાથી મુક્તિ કેમ પામ્યા ? ગાંધર્વ-અપ્સરા કહે : અમારે જયા એકાદશી વ્રત થયું. તેથી વાસુદેવ પ્રસન્ન થયા અને સ્વર્ગમાં મોકલ્યા. ઈન્દ્ર કહે : શ્રીહરિનો ભક્ત ગમે ત્યાં હોય તે મને પૂજ્ય છે એમ કહી પગે લાગ્યો. જયા એકાદશીનું વ્રત કરી શ્રીહરિની નવધા ભક્તિ કરશે તે ભુક્તિ અને મુક્તિ પામશે.

અધ્યાય - ૨૪૪

❖ ફાગણ વદની વિજયા એકાદશી - પરશુરામની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ફાગણ વદ વિજયા એકાદશીનો વ્રતવિધિ કહું છું. બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું સ્મરણ કરીને, સ્નાન કરીને પ્રદ્યુમ્નની પૂજા કરવી. ફળફુલ, તુલસી, નૈવેદ્ય ધરવા. ભગવાનના ભક્તો સાથે વાજિંત્રો સહિત ઉત્સવ કરવો. એકાદશીએ વારંવાર દૂધપાન, જલપાન, ક્રોધ, કલેશ કરવાથી અશ્રુપાતથી, ચોરી, મૈથુન, નિંદ્રા આદી દોષોથી ઉપવાસનું ફળ મળતું નથી. એકાદશીએ પ્રભુની સેવા, ભક્તિ, જપ, હોમ, ધ્યાન, આત્મવિચાર દાન વગેરે ફળની ઈચ્છાવાળાએ કરવા.

પૂર્વે કૌશિકી નદી કાંઠે જમદગ્નિ વાસ કરતા. યજ્ઞ કરનારા દેવ સેવાપરાયણ મૂર્તિમાન અગ્નિ એને ત્યાં વાસ કરતો. તેના પત્ની રેણુકા હતા. એકવાર સ્નાન કરી શ્રીહરિની પૂજા કરી, પતિની પૂજા કરી, તેને એવો વિચાર આવ્યો મારા પતિ આવા સમર્થ છે તો તેના થકી સમર્થ વિજયી પુત્ર થાય તો સારું. વેદ, વિદ્યા, કલા, બ્રહ્મચર્ય વગેરે સદ્‌ગુણથી યુક્ત પુત્ર થાય. સારું આવો સંકલ્પ થયો ત્યાં આકાશવાણી થઈ - દેવી પતિસેવાથી તારી ઉપર પ્રસન્ન થયો છું. હું તારે ત્યાં પુત્રરૂપે આવીશ. પુત્ર પ્રાપ્તિ માટે વિજયા એકાદશીનું વ્રત કરજે. રેણુકાએ વ્રત કર્યું. તેથી વિષ્ણુના અંશ પરશુરામે પ્રગટ થઈ ચતુર્ભુજ રૂપે દર્શન આપ્યા, પિતાએ યજ્ઞોપવિત આપી, વેદનો અભ્યાસ કરાવ્યો, એક વખત માહિષ્મતીનો રાજા સહસ્ત્રાર્જુન દત્તાત્રેય ભગવાનનો શિષ્ય હતો. તે શિકાર કરવા નીકળ્યો. જમદગ્નિ ઋષિના આશ્રમે આવ્યો. જમદગ્નિ ઋષિએ આદર-સત્કાર રાજાની રીત પ્રમાણે કર્યો. રાજાને વિચાર આવ્યો આટલી સંપત્તિ ઋષિ પાસે ક્યાંથી ? તપાસ કરી તો કામધેનુ ગાયને પ્રતાપે. રાજા

તે ગાય બળજબરીથી લઈને રાજયમાં આવ્યો. ઋષિપત્નિ રડવા લાગ્યાં. પરશુરામે કહ્યું : માતા શું આજ્ઞા છે ? રેણુકા કહે : મેં વિજયા એકાદશીનું વ્રત કરવાથી તું વિષ્ણુ મારે ત્યાં જન્મ્યો છો તો તું પણ વિજયા એકાદશીનું વ્રત કરી પ્રભુને પ્રસન્ન કરી વિજયવાળો થા. પરશુરામે વિજયા એકાદશીનું વ્રત કરી, શ્રીકૃષ્ણની પૂજા કરી. શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈ કહે : શાસન કરનારા ક્ષત્રિયો જો અધર્મીને માર્ગે જાય તો તેના શાસન માટે મેં બ્રાહ્મણ કર્યા છે. ક્ષત્રીયોનું બળ ધર્મથી છે. બ્રાહ્મણોનું બળ તપ અને બ્રહ્મવિદ્યાથી છે. તેથી તારો વિજય થાવ. પછી પરશુરામ કુહાડી અને ધનુષ્ય લઈને સહસ્ત્રાર્જુન સામે યુદ્ધ કરવા આવ્યા. પરશુરામે સહસ્ત્રાર્જુન રાજાના હજાર હાથ કાપીને તેને તેના સૈન્યનો નાશ કરી કામધેનું ગાય લાવી માતાને આપી. પછી પૃથ્વી ઉપર ફરી અધર્મીઓનો નાશ કર્યો. સહસ્ત્રાર્જુન રાજા દત્તાત્રેય ભગવાનનો શિષ્ય અને સુદર્શનનો અવતાર હતો. પણ અધર્મના માર્ગે ગયો તો પરશુરામે તેનો નાશ કર્યો. તેથી ભગવાનના ભક્તોએ ક્યારે પણ સાધુ-બ્રાહ્મણોનો દ્રોહ ન કરવો.

અધ્યાય - ૨૪૫

❖ ફાગણ સુદની આમલકી એકાદશી - આંબળાના વૃક્ષની કથા ❖

લક્ષ્મીએ એકવાર પ્રભુ પાસે લલાટના આભુષણની માગણી કરી. પ્રભુએ આંબળાનું વૃક્ષ ફાગણ સુદ એકાદશીએ પ્રગટ કર્યું. તે આમલકી એકાદશી લક્ષ્મીએ લલાટમાં ધારણ કરી. આંબળાનો હાર કરી પ્રભુને પહેરાવ્યો. સર્વે દેવીઓ, સર્વે દેવોએ આંબળા માગ્યા. તે પ્રભુએ પૃથ્વીમાં વધાર્યા. આમલકી એકાદશીએ પરશુરામની પૂજા કરી, નૈવેધ ધરી આરતી ઉતારવી, હિંડોળામાં શ્રીહરિને આંબળાના હાર પહેરાવી ઝૂલાવવા. આંબળા ખાવા, દાનમાં આપવાં. આંબળા લક્ષ્મીસ્વરૂપ છે. વ્રત-ઉપવાસ કરી, જાગરણ કરી શ્રીહરિના ધૂન-કિર્તન, કથાવાર્તા, ઉત્સવ કરવા. બીજે દિવસે સાધુ-બ્રાહ્મણોને, બાળકોને ભોજન કરાવવા તેથી સર્વે તીર્થ, સર્વે યજ્ઞનું ફળ મળે છે. નરનારી વ્રત કરવાથી લક્ષ્મીનારાયણ સમાન થાય છે.

અધ્યાય - ૨૪૬

❖ ચૈત્ર વદની પાપમોચની એકાદશી - મંજુઘોષા અપ્સરાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર કૃષ્ણ પાપમોચની એકાદશીનો વિધિ કહું. સવારમાં સ્નાન કરી સુશીલા સહિત અનિરુદ્ધની પૂજા કરવી. ષોડ્શોપચારથી પૂજા કરી નૈવેધ ધરી આરતી ઉતારવી. પછી શ્રીહરિને બોર વગેરે ફળો ધરાવવા. સર્વે સિદ્ધિ આપનારું પાપને મુકાવનારું આ વ્રત્ત છે.

પૂર્વે મંજુઘોષા અપ્સરા મોક્ષની ઈચ્છાથી ઋષિઓની સેવા કરતી. ત્યાં તપ કરતા મેઘાવી ઋષિ પાસે જઈ આશ્રમ વાળ્યો, પગે લાગી, વીણા વગાડી ઋષિને રાજી કરવા ગાવા

લાગી. મેઘાવી ઋષિને રજોગુણભાવ થતા વિચાર આવ્યો. મારામાં વિકાર કેમ થયો ? ઊભા થઈ ચાલતા થયા કામદેવ પાછળ ગયો. ઋષિ મોહ પામી અપ્સરા સાથે રજોગુણમાં પ્રવર્ત્યા. નવસો વર્ષ થઈ ગયા. અપ્સરા કહે : હું જાઉં. તો કહે : હજી અડધી રાત્રિ થઈ છે, સવારે જજે. બીજા પંચાવન વર્ષ થયા. અપ્સરા કહે : જાઉ છું. ઋષિ કહે : એક રાત્રિમાં મને તૃપ્તિ થઈ નથી. વધારે રોકાઈ જા. હું સંધ્યા કરીને આવું છું. અપ્સરા કહે : નવસો નવાણું વર્ષ થયા તોય હજુ તમને એક રાત જ થઈ. તમારી સંધ્યા તો કેટલી ગઈ. ત્યારે ઋષિ કહે : તપમાં ભંગ કરીને સેવાને બહાને મોક્ષ માર્ગમાંથી પાડનારી જા. પિશાચી થા. અપ્સરા ઋષિનો શાપ સાંભળી પગે લાગી કહે : મારો ઉદ્ધાર કરો. ઋષિ કહે : ચૈત્ર વદ પાપમોચની એકાદશીનું વ્રત કરીશ ત્યારે તારો મોક્ષ થશે. પછી વનમાં ભટકતી તે અપ્સરા પાપમોચની એકાદશીનું વ્રત જાગરણ કરી પાપથી મુક્ત થઈને સ્વર્ગમાં ગઈ.

અધ્યાય - ૨૪૭

❖ ચૈત્ર સુદની કામદા એકાદશી - ગાંધર્વ દંપતીની કથા ❖

શ્રીલક્ષ્મી કહે : હે પ્રભુ, તમારા વિના ઉદ્ધાર કરનારો કોઈ નથી. સાધુ વિના કોઈ પાપ બાળી શકે નહીં. વ્રત તપ વિના પાપનો નાશ થાય નહીં. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર સુદ કામદા એકાદશીનો વ્રતવિધિ કહું છું. સવારમાં જાગી શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરી, પંચામૃતથી રમા સહિત વિષ્ણુને સ્નાન કરાવી ષોડ્શોપચારથી પૂજન આરતી કરી નૈવેદ્ય, સાથવો, મિષ્ટાન્ન વગેરે ધરી મુખવાસ આપવો. સાત ધાન્યોથી મંડપ પૂરી વચ્ચે તાંબાનો ઘડો, નારિયેળ, પાંદડા મૂકી શ્રીહરિનું લક્ષ્મી સહિત પૂજન કરવું. વસ્ત્ર અલંકારો ધારણ કરાવી દંડવત્ પ્રદક્ષિણા નમસ્કાર સ્તુતિ કરી ક્ષમા માંગવી. પૂર્વે નાગપુરમાં પુંડ્ર રાજાને ત્યાં ગાંધર્વ દંપતી લલિત-લલીતા વાસ કરતા હતા. એક સમયે રાજાની સભામાં ગાંધર્વ લલિત ગાવણું કરતો હતો. પરંતુ પોતાનું મન ઘેર પત્નીમાં હોવાથી ગાવણામાં ભૂલ પડી. સભા હસવા લાગી. રાજાએ શાપ આપ્યો. જા વનમાં રાક્ષસ થઈ જા. લલિત રાક્ષસપણાને પામી વનમાં ભટકવા લાગ્યો. પત્ની લલીતાને ખબર પડી તે પતિની સાથે પતિની સેવામાં સાથે વનમાં રહી. વનવાસીઓને સાધુનું ઘણું દુઃખ થયું. ત્યાં શાતા તપ ઋષિના આશ્રમે આવ્યા. લલીતાએ ઋષિને પગે લાગી પોતાના પતિનું વૃત્તાંત કહ્યું, પ્રાર્થના કરી મારા પતિનો રાક્ષસ યોનિમાંથી ઉદ્ધાર કરો. ઋષિએ કહ્યું, ચૈત્ર સુદ કામદા એકાદશી નિર્જળા કરી શ્રીહરિનું પૂજન કરી ભક્તિ કરીને જપ કરી જાગરણ કરજે તેથી તારો પતિ તે વ્રતના પુણ્યથી રાક્ષસ યોનીથી મુક્ત થશે. લલીતાએ આશ્રમમાં જ ગુરુની પાસે કામદા એકાદશીનું વ્રત કરી પુણ્ય પતિને આપ્યું. તરત જ તે રાક્ષસપણાથી મુક્ત થયો. આ રીતે દંપતી સ્વર્ગ સમાન સુખ પામ્યા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી અનેક પાપોને નાશ કરનારું

સુખ-શાંતિ અને મોક્ષ આપનારું એકાદશીનું વ્રત છે. આ કથા કોઈ વાંચશે, સાંભળશે તેને પણ યજ્ઞનું ફળ થશે.

અધ્યાય - ૨૪૮

❖ વૈશાખ વદની વરુથીની એકાદશી - બ્રહ્માના માનસપુત્ર વરુથની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વૈશાખ વદ વરુથીની એકાદશીની કથા વ્રતવિધિ કહું છું. વાસના નાશ કરનારી મુક્તિ આપનારી છે. એકાદશીનું વ્રત કરનારાએ કાંસાના પાત્રમાં જમવું નહિ. માંસ, મસુરદાળ, ચણા, કોદરો, શાક, મધ, પારકુ અન્ન, બીજીવાર ભોજન, મૈથુન, જુગાર, નિદ્રા, વાદ-વિવાદ, ચોરી, હિંસા, ક્રોધ, આદી દોષોને જીતવા તો વ્રતનું ફળ મળે છે. એકાદશીએ શ્રીકૃષ્ણના મંદિરમાં મંડળ પુરીને પુરુષોત્તમ નારાયણનું ષોડ્શોપચારથી પૂજન કરવું. નૈવેધ ધરી, આરતી કરી વ્રતમાં વિઘ્ન ન થાય તેવી પ્રાર્થના કરવી.

પૂર્વે સત્યુગમાં બ્રહ્માનો માનસપુત્ર વરુથ મરીચી ઋષિના આશ્રમમાં રહીને ભણતો. ગુરુની આજ્ઞામાં સર્વે રહેલું છે. ગુરુને ભગવાન માની સેવાભક્તિ કરતો. એકવાર મરીચી ઋષિ બ્રહ્માની સભામાં જવાના હતા. વરુથને બોલાવી કહે : જેવી રીતે મારી સેવા કરે છે તેવી રીતે ગુરુ પત્ની કલાની આજ્ઞામાં રહી સેવા કરજે. એમ કહીને સત્યલોકમાં ગયા. વરુથ તો ગુરુની જેમ ગુરુ પત્નીની આજ્ઞાનું પાલન કરતો. એક વખત ગુરુ પત્ની રજોગુણમાં આવીને વરુથને કહે : મને કામ શાંતિ પમાડ. વરુથે આજ્ઞાનું પાલન કર્યું. ગુરુપત્ની કલાએ આશીર્વાદ આપ્યા. તું અક્ષયસુખ પ્રાપ્ત કર. ત્યાં મરીચી ઋષિ આવ્યા. બંનેની આયુરેખા તૂટી ગઈ. મરીચીએ કારણ પૂછયું. બન્નેએ બન્યું તેવું કહ્યું. ત્યાં યમદૂતો આવી બેયને યમરાજ પાસે લાવ્યા. મરીચી તેની પાછળ આવીને કહે. યમરાજ દંડ આપવો હોય તો મને આપો. મારી આજ્ઞામાં બેય રહેલા છે. યમરાજ મૂંઝાયા. શું કરવું ? વરૂચે શ્રીહરિને પ્રાર્થના કરી - જો હું ગુરુભક્ત ગુરુની આજ્ઞાનું પાલન કરનારો હોઉં તો મારું રક્ષણ કરો. ત્યાં આકાશવાણી થઈ. યમરાજ ગુરુ, ગુરુપત્ની કલા તથા વરુથએ ત્રણે આજે એકાદશી હોવાથી પાણી પણ પીધું નથી. તેથી તે પુણ્યથી તેની આયુરેખા વધી જાય છે માટે છોડી મૂકો. તે વરુથના નામથી વરુથીની એકાદશી થઈ. તેથી આ એકાદશી સર્વે પાપ હરનારી વૈધવ્યપણું મટાડનારી યમ ભયથી રક્ષણ કરનારી છે.

અધ્યાય - ૨૪૯

❖ વૈશાખ સુદની મોહિની એકાદશી - ધૃષ્ટબુદ્ધિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વૈશાખ સુદ મોહિની એકાદશીની કથા કહું. બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરી, મોહિની અવતાર મધુસૂદન માધવીનું ષોડ્શોપચારથી પૂજન કરી, થાળીમાં સોના-ચાંદીના સ્વસ્તિક, યજ્ઞોપવિત, તિલક ચાંદલો, સીડી, ચાખડી વગેરે મૂકીને આરતી ઉતારી નૈવેધ ધરવું. મુખવાસ, ફળ-ફૂલ આપવા. મંડળ પાસે ઢોલિયો, ગાદલું, ઓછાડ, ઓશિકું, તકિયો વગેરે મૂકવા. મધ્યાહ્ને પ્રભુને છપ્પન ભોગ ધરાવવા. રોંઢે, હિંડોળામાં ઝૂલાવવા. ધૂન-કિર્તન, કથાવાર્તા, ઉત્સવ આખો દિવસ કરવા, રાત્રે જાગરણ કરવું, પ્રભુ સાથે નૃત્ય કરવું. પૂર્વે ભદ્રાવતી કાંઠે ભાંડીરપુરમાં ધીરજસિંહ રાજાનો નગરશેઠ ધનપાલ હતો. તેનો મોટો પુત્ર અધર્મી હોવાથી કાઢી મૂક્યો. જ્યાં ત્યાં રખડતો, ચોરી કરી જે તે ખાઈ પડ્યો રહેતો. સંગથી ચોરી કરવા જતા પડકાઈ ગયો. ખૂબ માર મારી છોડી મૂક્યો. જંગલમાં જઈને વાનરની જેમ ભટકવા લાગ્યો. હિંસા કરી માંસ ખાવા લાગ્યો. ત્યાં જંગલમાં કૌડીન્ય ઋષિના આશ્રમે આવ્યો. વૈશાખ માસમાં નદીમાં સ્નાન કરી ઋષિને પગે લાગી પ્રાર્થના કરી કે મારો ઉદ્ધાર કરો. ઋષિએ "શ્રીહરિ શરણં મમ" મંત્ર બોલી શરીરે પાણી છાંટ્યું. ધૃષ્ટબુદ્ધિ કહે : મારા પાપ બાળીને મારો મોક્ષ કરો. તમારા જેવા સત્પુરુષના દર્શનથી, સ્પર્શથી, પતિત પણ પાવન થાય છે. ઋષિએ કહ્યું : વૈશાખ સુદ મોહિની એકાદશીનું વ્રત નિર્જળા કરી શ્રીહરિનું નામ સ્મરણ કરજે તેથી તારા સમગ્ર પાપો બળી જશે. તે વણિક પુત્ર ઋષિ વચનથી એકાદશીનું વ્રત કરી પાપથી રહિત થઈ ભગવાનનો ભક્ત થયો અંતે પ્રભુની ભક્તિ કરી વૈકુંઠ પામ્યો.

અધ્યાય - ૨૫૦

❖ જેઠ વદની અપરા એકાદશી - સલભા યોગિનીની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જેઠ વદ અપરા એકાદશીનો વ્રતવિધિ અને કથા કહું. બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિકૃષ્ણનું ધ્યાન કરવું. સ્નાન કરી શ્રીહરિકૃષ્ણ પુરુષોત્તમને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર અલંકારો ધારણ કરાવી ષોડ્શોપચારથી પૂજન કરી નૈવેધ ધરવું. મુખવાસ આપી આરતી કરીને પ્રભુ પાસે વ્રત પૂર્ણની પ્રાર્થના કરવી. પછી વાજિંત્રો સાથે ધૂન-કિર્તન ઉત્સવ કરવા. રાધા-રમણ, લક્ષ્મી, માણિકી, જયા, લલીતા, પાર્વતી, પ્રભા, ગોપીઓની રાસલીલાના, કૃષ્ણલીલાના, વિવાહના પદો ગાવા, કથા-વાર્તા કરી, જાગરણ કરવું તથા ગુરુના શરીરમાં પરબ્રહ્મનું શરીર છે એમ માની પૂજન કરવું. બારસને દિવસે ગુરુસંત વિપ્રોને ભોજન કરાવી યથાશક્તિ દાન આપવું. અનેક પ્રકારના પાપો, ખોટી સાક્ષી, હત્યા વગેરે પાપોનો નાશ કરી ભુક્તિ, મુક્તિ આપનારુ અપરા એકાદશીનું વ્રત છે.

પૂર્વે સનક ઋષિની શિષ્યા સલભા ભાગવતી દીક્ષાવાળી યોગિની હતી. પુષ્કર તીર્થમાં વાસ કરતી. આત્મજ્ઞાનવાળી હતી. એક સમયે વનમાં ફરતા હિંસક પશુનું મૈથુન જોયું. વારંવાર જોવાથી રજોગુણ ભાવ વધતો ગયો. પાસે વૃક્ષ પર રહેલા વાંદરાની સાથે મૈથુન કર્યું. તેનાથી ગર્ભ રહ્યો. અતિશય પશ્ચાતાપ થયો. પોતાના ગુરુ સનક ઋષિ પાસે આવી પગે લાગી. સનક ઋષિ અંતદૃષ્ટિથી જાણી સલભાને કહ્યું : બેટા, તે બ્રહ્મચર્યનો લોપ કર્યો. પરંતુ ગુરુ પાસે નિષ્કપટભાવે વર્તવાથી પાપનો નાશ થશે અને શરીર શુદ્ધ થશે. સલભા કહે : ગર્ભપાતનું પાપ અને બાળ હત્યાનું પાપનું પ્રાયશ્ચિત મારે કેમ કરવું ? ત્યારે ગુરુ સનક ઋષિ કહે : જેઠ વદ અપરા એકાદશી નિર્જળા કરજે તેથી તારું પાપ નાશ પામશે. ગુરુનું વાક્ય સાંભળી અપરા એકાદશીનું વ્રત નિર્જળા કરી, આત્માને પરબ્રહ્મમાં જોડી ગર્ભમાં રહેલા ચેતનને લઈને બ્રહ્મરંધ્રમાં પ્રાણ કાઢી બ્રહ્મલોકમાં ગઈ. આ રીતે અપરા એકાદશી સર્વે પાપોનો નાશ કરનારી છે.

અધ્યાય - ૨૫૧

❖ જેઠ સુદની નિર્જળા એકાદશી - બ્રહ્માના માનસપુત્ર અગ્નિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જેઠ સુદ નિર્જળા એકાદશીની કથા કહું. સવારે વહેલા ઊઠીને શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરી, પદ્મા સહિત ત્રિકમ ભગવાનની ષોડ્શોપચારથી પૂજા કરી, નૈવેધ ધરી, આરતી ઉતારી, દંડવત નમસ્કાર કરવા તથા સાધુ વિપ્રોને યથા દાન આપવા.

પૂર્વે બ્રહ્માના માનસપુત્ર અગ્નિ સર્વભક્ષી હોવા છતાં તૃપ્ત જ થયો નહીં. બ્રહ્માને કહ્યું, મારો જઠરાગ્નિ શાંત કરો. ત્યારે બ્રહ્મા કહે, યજમાન શ્રદ્ધા ભક્તિથી હોમહવન કરશે તેટલી તૃપ્તિ થશે તો પણ અગ્નિ શાંત ન પામ્યો ત્યારે બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાન પાસે પ્રાર્થના કરી. નરનારાયણ ભગવાન કહે : જેઠ માસની બંને એકાદશી નિર્જળા કરવાથી તારો જઠરાગ્નિ શાંત થશે. પછી અગ્નિએ જેઠ માસની અપરા અને નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી શાંત થયો અને હવિષ્યાન્નથી તૃપ્તિ પામ્યો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જેઠ સુદ નિર્જળા એકાદશી કરવાથી આખા વર્ષની એકાદશીનું ફળ મળે છે.

અધ્યાય - ૨૫૨

❖ અષાઢ વદની યોગિની એકાદશી - હેમમાલીની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અષાઢ કૃષ્ણ યોગિની એકાદશીની કથા કહું. બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરી, પંચામૃતથી નૃસિંહ ભગવાનને સ્નાન કરાવી. ષોડ્શોપચારથી પૂજા કરી નૈવેધ ધરી, આરતી, દંડવત, નમસ્કાર કરી વ્રત પૂર્ણની પ્રાર્થના કરવી તથા અન્નજલ, ઘી, દૂધ-દહીં, માખણ વગેરેનું દાન કરવું.

પૂર્વે અલ્કાપુરીમાં કુબેર શિવની પૂજા કરતો. તેનો સેવક યક્ષ બગીચામાંથી ફૂલ લાવતો. એક વખત કુબેરે માન સરોવરમાંથી કમળો લઈ આવવા કહ્યું. હેમમાલી પત્નીને સાથે લઈને કમળફૂલ લેવા ગયો. ત્યાં સુંદર બગીચાના વૃક્ષ જોઈને, રમણીય પ્રદેશ જોઈને રજોગુણમાં આવી પત્ની સાથે ક્રિડા કરવા લાગ્યો. મધ્યાહ્ન થવાથી કુબેરે બીજા સેવકને ત્યાં મોકલ્યો. તે દંપતી કમળના પુષ્પો કુબેરને આપી માફી માગી પણ કુબેર કહે : તમે પૂજામાં મોડું કર્યું તે પણ કામક્રિડા કરીને. માટે દંડને પાત્ર છો. તમે દેવનું અપમાન કર્યું છે તેથી પૃથ્વી પર જન્મ ધારણ કરી સ્ત્રીનો વિયોગ થા અને કોઢના રોગવાળો થા. કુબેરના શાપથી હિમાલયમાં રખડતો ભટકતો અતિ દુઃખી થયો. ત્યાં માર્કન્ડેય મુનિએ જોયો. પૂછ્યું કોના દ્રોહથી આવું કષ્ટ ભોગવશ. હેમમાલીએ પોતાનું વૃત્તાંત કહ્યું. માર્કન્ડેય ઋષિ કહે : અષાઢ વદ યોગિની એકાદશીએ ઉપવાસ કરી શ્રીકૃષ્ણનું પૂજન કરી વ્રત કરજે તે પુણ્યથી તારો અઢાર પ્રકારનો કોઢ નષ્ટ થશે. યક્ષે માર્કન્ડેય ઋષિના આશ્રમમાં જ તે વ્રત કરી ભગવાનની પૂજા કરી, ઋષિની પૂજા કરી દુઃખ મુક્ત થયો. ૮૮,૦૦૦ ઋષિને જમાડવાનું ફળ તથા ભુક્તિ-મુક્તિ આપનારું યોગિની એકાદશીનું વ્રત છે.

અધ્યાય - ૨૫૩

❖ અષાઢ સુદની દેવશયની એકાદશી - ભક્ત બલીરાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અષાઢ સુદ દેવશયની એકાદશીની કથા વ્રતવિધિ કહું. સવારે જાગી શ્રીહરિનું ધ્યાન કરીને પંચામૃતથી કમલા સહિત વામન પ્રભુને સ્નાન કરાવવું. પછી વસ્ત્ર આભૂષણો ધારણ કરાવી નૈવેધ અર્પણ કરી આરતી દંડવત્ સ્તુતિ નમસ્કાર કરવા.

પૂર્વે ત્રેતાયુગમાં દૈત્ય ભક્ત બલીરાજા વ્રત અને મારી ભક્તિથી ત્રિલોકીનો રાજા થયો. ઈન્દ્રાદિ દેવોનું બળ ઘટી ગયું. ઈન્દ્ર, બ્રહ્મા, શંકર, વિષ્ણુને કહે : તમે બલીરાજા યજ્ઞ કરે છે. તેની પાસેથી ત્રિલોકી દાનમાં માગી લ્યો. ત્યારે મેં વામન અવતાર ધારણ કરી બલી પાસે ત્રણ પગલાં પૃથ્વી માગી. શુક્રાચાર્યે ના પાડી. છતાં બલીએ આપી ત્યારે મેં વામનમાંથી વૈરાટ સ્વરૂપ ધારણ કરી એક પગલામાં પૃથ્વીને લીધી, બીજે પગલે સ્વર્ગ, ત્રીજું પગલું બલીની પીઠ પર મૂકી તેને પાતાલનું રાજ્ય આપ્યું. ત્યારે બલીએ માગ્યું - પ્રભુ મારે ત્યાં સદા વાસ કરો. ત્યારે મેં બે સ્વરૂપ ધારણ કરી એક રૂપે બલીને ત્યાં રહ્યો. બીજે સ્વરૂપે ક્ષીર સમુદ્રમાં શેષશય્યામાં સૂતો. તે દિવસ અષાઢ સુદ એકાદશી હોવાથી દેવશયની એકાદશી નામે પ્રસિદ્ધ થઈ. કાર્તિક એકાદશીથી પ્રબોધિની સુધી ચાતુર્માસ પર્યંતનું ભુક્તિ-મુક્તિ આપનારું તપ કહેલું છે. દેવશયની એકાદશીએ બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું પૂજન કરી ભગવાન પાસે ગુરુ પાસે, સાધુ-સાધ્વી પાસે શરીરના, મનનાં, ઈન્દ્રિયોના નિયમન માટે પ્રભુની પ્રસન્નતા માટે, ભક્તિના, તપના, સેવાના, વ્રતના, નિયમો ગ્રહણ કરવા.

ચાતુર્માસમાં ફલાહાર, દૂધપાન, એકટાણું કરવું. અન્ન - શાક ન ખાવું, ઘી ન ખાવું, દહીં ન ખાવું, શાકાહાર ગોળ-સાકરનો ત્યાગ, ધારણા - પારણા, મૌન, નામ, મંત્ર જપ કરવા. માયીકપંચ વિષય ગ્રહણ ન કરવા. ત્રણ વાર સ્નાન કરવું. પાંચ વાર પૂજા કરવી. ધ્યાન કરવું. મૂર્તિની ધારણા કરવી તે મહાન તપ કહેલું છે. ચાતુર્માસમાં દેવસેવા, સંતસેવા, પિતૃસેવા, પતિ સેવા, મહાવ્રત કહેલા છે. માયાના સર્વે દુર્ગુણોનો ત્યાગ તે મહાવ્રત છે. હર્ષ, શોક, રાગદ્વેષથી રહિત થવું તે છે, તથા અનેક પ્રકારના દાન આપી નવધાભક્તિ વિશેષ કરવી.

અધ્યાય - ૨૫૪

❖ શ્રાવણ વદની કામિકા એકાદશી - કામદેવ પત્ની રતિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શ્રાવણ વદ કામિકા એકાદશીની કથાવ્રત વિધિ કહું. બ્રહ્મ મુહૂર્તમાં જાગી શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરી, શ્રીકૃષ્ણનું ષોડ્શોપચારથી પૂજન કરવું. નૈવેધ ધરી, આરતી કરી દંડવત નમસ્કાર કરીને વ્રત પૂર્ણ માટે પ્રાર્થના કરવી. તુલસીપત્રથી પૂજન કરવાથી સુવર્ણ-ચાંદીના દાન કરતા ચારગણું ફળ થાય છે, અનેક પાપોનો નાશ થાય છે, તથા ઉભય મુખી ગાયનું દાન કરવાથી અક્ષય ફળ થાય છે. એકાદશીએ અખંડ દીપ દાનથી અક્ષય પુણ્ય થાય છે.

પૂર્વે ધર્મરાજાએ શ્રવણ નામે પુત્રોને કામ સોંપ્યું. મનુષ્યોના કર્મ જોઈને અહીં કહેજો. પણ પિતૃઓ જોઈ શકતા નથી, સાંભળતા નથી, કઈ રીતે સમાચાર આપે. ધર્મરાજાએ કહ્યું, તમે કામિકા એકાદશી વ્રત કરજો એટલે સર્વે સિદ્ધિ પ્રાપ્ત થશે. તે વ્રત કરવાથી ધર્મરાજા પ્રસન્ન થઈને કહે : તમે જીવાત્માના સુક્ષ્મ કર્મને જાણી શકશો. તો શ્રવણદેવો બાર અનેક સ્વરૂપ ધારણ કરી, સર્વે જોઈ સાંભળી, તે કર્મ સમાચાર ચિત્રગુપ્ત લેખકને પહોંચાડે છે. પૂર્વે શંકરે કામને ભસ્મ કર્યો ત્યારે તેની પત્ની રતિએ શંકરને પ્રાર્થના કરી, સ્ત્રીઓની શાંતિ માટે તથા મારા વિધવાપણાનો નાશ કરવા મારા પતિ કામદેવને સજીવન કરો. શંકર પ્રસન્ન થઈ કહે : કામિકા એકાદશી વ્રત કરી શ્રીકૃષ્ણનું પૂજન કરજે તેથી તારા પતિ કામદેવ સજીવન થઈ પ્રદ્યુમ્નરૂપે મળશે. તને અને જગતને સુખ કરશે. સર્વે દુઃખોને નાશ કરનારું, સર્વે સંકલ્પ પુરું કરનારું તથા મુક્તિ આપનારું કામિકા વ્રત છે. આ એકાદશીની કથા વાંચશે, સાંભળશે તે પણ અશ્વમેધ યજ્ઞના ફળને પામશે.

અધ્યાય - ૨૫૫

❖ શ્રાવણ સુદની પવિત્રા એકાદશી - ચંદ્રપૌત્ર પુરૂરવા રાજાની કથા ❖

લક્ષ્મી કહે : ધ્વજ, ધનુષ્ય, મત્સ્ય, સ્વસ્તિક ચિહ્નને ધારણ કરનારા પ્રભાપતિ, પાર્વતી પતિ, માણીકી પતિ સર્વે સુખ આપનારા હે સ્વામી શ્રાવણ સુદ એકાદશીનું નામ

તથા વ્રત વિધિ કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શ્રાવણ સુદ એકાદશી તે પુત્રદા નામની એકાદશી છે. સ્નાન કરી લક્ષ્મીનારાયણની પૂજા ષોડ્શોપચારથી કરી ફળફૂલ, નૈવેધ ધરી, મુખવાસ આપી, આરતી, દંડવત, પ્રણામ, સ્તુતિ, નમસ્કાર કરી, ક્ષમા માગી, વ્રત પૂર્ણ માટે પ્રાર્થના કરવી. આખો દિવસ શ્રીહરિના વાજિંત્રો સહિત ધૂન-કિર્તન ઉત્સવ કરવા. કથાવાર્તા નવધા ભક્તિ કરવી. બારસને દિવસે લક્ષ્મીનારાયણનું પૂજન કરી સાધુ-સાધ્વી, બ્રાહ્મણો, અનાથ બાળકો, અતિથીને ભોજન કરાવવા તથા દાન આપવા, ભણેલા સુપાત્ર ભક્તિવાળા વિદ્વાનને લક્ષ્મીનારાયણ સંહિતાનું દાન કરવું. તો આયુષ્ય, સંપત્તિ, યશ, ધન, ધાન્ય, પત્ની, પુત્ર, ખેતર, વાડી વગેરે સર્વેની પ્રાપ્તિ થાય છે.

પૂર્વે ચંદ્રપૌત્ર પુરુરવા રાજા નર્મદા કાંઠે શ્રીપુરનું રાજ્ય કરતો હતો. ધર્મથી પ્રજાનું પાલન કરતો. તેના ગુણ સાંભળી ઉર્વશી અપ્સરા તેની પાસે આવી પત્ની થઈને રહી. ઘણો સમય થયો પણ રાજાને પુત્ર નહીં થવાથી વિચારવા લાગ્યો, મેં કોઈ અપરાધ કર્યો નથી છતાં મને સંતાન પ્રાપ્તિ કેમ થતી નથી. તે રાજા લોમશઋષિ પાસે આવી પગે લાગી પૂછ્યું. મારે ત્યાં પુત્ર નથી તેનું કારણ શું ? લોમશઋષિ કહે : પૂર્વે જન્મે તું વણીક હતો. વેપાર કરી ધનવાન થયો. એકવાર જેઠ સુદ દશમીએ તળાવમાં તું સ્નાન કરતો હતો. ત્યાં ગાય-વાછરડીઓ સહિત પાણી પીવા આવી. તેને લાકડી મારીને કાઢી મૂકી. ગાયે શાપ આપ્યો તું પત્ની વિયોગ, પુત્ર વિનાનો થા. ગામના માણસોને ખબર પડી તેણે ખૂબ માર્યો. મરતાં પહેલાં સર્વે ધનનું દાનયજ્ઞ કર્યા તેથી તું રાજા થયો પણ ગાયના શાપથી તારે ત્યાં પુત્ર થયો નથી તેથી હવે શ્રાવણ સુદ પુત્રદા એકદશીનું વ્રત કરી ગાયોના દાન કરજે તેથી પુત્ર થશે. પુરુરવા રાજાએ, ઉર્વશી રાણીએ પુત્રદા એકાદશીનું વ્રત કરી ગાયોના દાન આપ્યા તેથી છ પુત્રો થયા. તેથી હે લક્ષ્મી, પુત્રદા એકાદશીનું વ્રત બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર, નરનારી, ભક્તોએ એકાદશીનું વ્રત કરીને શ્રીકૃષ્ણ વાસુદેવનું પૂજન કરી ઉપવીત ધારણ કરાવવી તથા પવિત્રા હાર પહેરાવવા તેથી ભુક્તિ-મુક્તિ બંનેની પ્રાપ્તિ થશે.

અધ્યાય - ૨૫૬

❖ ભાદરવા વદની અજા એકાદશી - હરિશ્ચંદ્ર રાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ભાદરવા વદ અજા એકાદશીની વૃત્તવિધિની કથા કહું. સવારમાં સ્નાન કરી જનાર્દન નારાયણનું ષોડ્શોપચારથી પૂજન કરવું. પાટલા, પુષ્પો અર્પણ કરવા, સોપારી આપવી. નૈવેધમાં ગોળના લાડુ આપવા, દાનમાં ભેંસ આપવી, બપોરે પણ હરિકૃષ્ણનું પૂજન કરી મિષ્ટાન્નો જમાડવા તથા હિંડોળામાં ઝૂલાવવા.

પૂર્વે સત્યુગમાં સરયુ કાંઠે સાકેતનગરીનો રાજા હરિશ્ચંદ્ર ધર્મિષ્ટ અતિથિ પૂજક હતો. સર્વે પ્રજા સુખી હતી. તેના રાજ્યમાં ભક્તિહીન, દાનહીન, પિતૃ સેવાહીન કોઈ ન હતો.

સત્યવ્રતવાળા તે રાજાની પરીક્ષા કરવા બ્રહ્મા, ઈન્દ્ર, શંભુ, વિશ્વામિત્ર વગેરે વિપ્રરૂપે રાજા પાસે આવ્યા. રાજાએ પગે લાગી સત્કાર કરી પુછ્યું : શું ઈચ્છા છે ? વિશ્વામિત્ર કહે, રાજ્ય આપી દે. હરિશ્ચંદ્ર રાજાએ પાણી લઈ સંકલ્પ કરી રાજ્ય આપી દીધું. વિશ્વામિત્ર કહે : દક્ષિણા આપ. હરિશ્ચંદ્ર રાજા પોતે શ્વપચને ત્યાં અને પત્ની પુત્રને વિપ્રને ત્યાં વહેંચી વિશ્વામિત્રને દક્ષિણા આપી. રાજા અતિ દુઃખી થયો, વિચારવા લાગ્યો, ક્યાં હું રાજા, ક્યાં શ્વપચનું દાસપણું, રાણી, કુંવર પણ દાસપણું કરે. પરંતુ સત્ય ધર્મથી ચલાયમાન ન થયો. ત્યાં ગૌતમઋષિ આવ્યા. રાજા પગે લાગ્યો. ઋષિ કહે, રાજા ભાદરવા વદ અજા એકાદશીનું વ્રત કરજે તેથી સર્વે દુઃખનો અંત આવશે. હરિશ્ચંદ્ર રાજાએ અજા એકાદશીનું વ્રત ઉપવાસ કર્યો. તે પુણ્યે બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઈન્દ્રાદી દેવો-દેવીઓ સર્વે આવીને હરિશ્ચંદ્ર રાજાને આશીર્વાદ આપી કહ્યું : તારું રાજ્ય ગ્રહણ કર અને બીજું શું જોઈએ છે ? હરિશ્ચંદ્ર રાજા કહે : મારી પ્રજાને સુખી રાખો. દેવો કહે : તથાસ્તુ. પછી હરિશ્ચંદ્ર રાજા રાજ્ય પુત્રને અર્પણ કરી પત્ની સહિત સ્વર્ગમાં ગયો. ત્યાં ઘણો સમય રહીને વૈકુંઠધામમાં ગયો. આ કથાનું શ્રવણ કરવાથી અશ્વમેધ યજ્ઞના ફળને પામશે.

અધ્યાય - ૨૫૭

❖ ભાદરવા સુદની પદ્મા એકાદશી - માંધાતા રાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ભાદરવા સુદ પદ્મા એકાદશીનો વ્રત, વિધિ, કથા કહું. સ્નાન કરી ઋષિકેશ ભગવાનનું ષોડ્શોપચારથી પૂજન કરી નૈવેધમાં તલપાક ધરવો. આરતી કરી, દંડવત પ્રણામ કરી, સ્તુતિ કરવી. દેવશયની-પરિવર્તીની-પ્રબોધિની આ ત્રણ એકાદશીઓ ભક્તોએ નિર્જલા અથવા નિરાહાર રહીને વ્રત કરવું. મંડળ પુરી વચ્ચે તાંબાનો ઘડો મૂકી, નારિયેળ, આસોપાલવના પાન વગેરે મૂકી પદ્મ, ઋષિકેશ ભગવાનની પૂજા કરવી. સુખ-શય્યા, છડી, ચાખડી વગેરે ભગવાનને અર્પણ કરવા, વાજિંત્રો સાથે ધૂન-કિર્તન ઉત્સવ કરવા. કથા-વાર્તા કરી જાગરણ કરવું. બારસે સાધુ-સાધ્વી, વિપ્રોને જમાડી, યથાશક્તિ અનેક દાન આપવા. અન્ન-જલ, વસ્ત્ર, ધન, ભૂમિ વગેરે કન્યાદાન, જ્ઞાનદાન, વ્રત અર્પણ, પુણ્યદાન વગેરે અનેક દાન આપવા. સર્વે દાન પ્રભુને સંભારીને આપવાથી અક્ષયફળ થાય છે. અંતે મુક્તિ થાય છે. આત્મજ્ઞાન, ભક્તિયોગ, શ્રીહરિના ગુણગાન, બ્રહ્મજ્ઞાન, યોગસિદ્ધિ, શરણાગતિ આ સર્વે મોક્ષના સાધન છે. સર્વ રીતે બીજાને તન, મન, ધનથી સુખ આપનારને પોતાને સુખ મળે છે. શરીરથી, મનથી, વાણીથી, ધનથી બીજાને દુઃખ આપે છે તેને સર્વે દુઃખ આવે છે.

પૂર્વે માંધાતા રાજા ધર્મથી પ્રજા પાલન કરતો. પ્રજા સર્વે રીતે સુખી હતી. તેના રાજ્યમાં એક શુદ્ર રાજ્યની ઈચ્છાથી તપ કરતો હતો. તે શુદ્રે સેવા, ધર્મ તજી ઋષિ ધર્મ

ગ્રહણ કર્યો તેથી ત્રણ વર્ષ દુકાળ પડ્યો. સત્કર્મો બંધ થયા, પ્રજા પીડાવા લાગી, રાજા સેવકોને લઈને વનમાં ગયા. ત્યાં અંગીરા ઋષિ મળ્યા. રાજાએ પગે લાગી દુકાળ પડવાનું કારણ પૂછ્યું. અંગીરા ઋષિ કહે : સત્યુગમાં સૌ પોતાના ધર્મમાં રહે તો દુષ્કાળ ન પડે. અત્યારે એક શુદ્ર તપ કરે છે તેને અટકાવો કાં વધ કરો તો વૃષ્ટિ થાય. માંધાતા રાજા વૈષ્ણવ ભક્ત હતો. તેથી ઋષિને કહે : તેનો વધ હિંસા તો નહીં કરું. અંગીરા ઋષિ કહે : તો ભાદરવા સુદ પદ્મા એકાદશીનું વ્રત કરી દાન કરજે. રાજાએ રાજ્યમાં આવી ભાદરવા સુદ એકાદશી વ્રત પોતે કુટુંબ સાથે કર્યું તથા દાન આપ્યા તથા પ્રજા પાસે એકાદશીનું વ્રત કરાવ્યું. તેથી વૃષ્ટિ થઈ.

અધ્યાય - ૨૫૮

❖ આસો વદની ઈન્દિરા એકાદશી - ઈન્દ્રસેન રાજાની કથા ❖

લક્ષ્મી કહે : હે સર્વેના નિયામક સ્વામિનારાયણ, આસો વદ એકાદશીનું નામ તથા તેના વ્રત-વિધિ કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આસો વદ ઈન્દિરા એકાદશીનો વ્રત વિધિ કથા કહું : સ્નાન કરી ઉપેન્દ્ર ભગવાનનું પૂજન ષોડ્શોપચારથી કરી વસ્ત્ર આભૂષણો ધરાવી, નૈવેધમાં જલેબી, ફળમાં આંબળા વગેરે ધરાવવા. થાળીમાં તલ, સાકર મૂકીને ગણેશ પૂજન કરવું. પછી શ્રીકૃષ્ણનું પૂજન કરી મૂર્તિ હૃદયમાં ધારવી. પિતૃઓને સંભારીને અનેક પ્રકારના દાન આપવા. બપોર પછી પિતૃઓના નામ લઈ શ્રાદ્ધ કરવું. દૂધ, પેંડા, ફળફુલ વગેરે અર્પણ કરવા. ધૂન-કિર્તન ઉત્સવ કથા-વાર્તા કરીને જાગરણ કરવું. બારસે સાધુ-સાધ્વી, બ્રાહ્મણો અનાથ બાળકોને જમાડી દાન દેવા.

પૂર્વે નર્મદા કાંઠે ઈન્દ્રસેન રાજા ધર્મથી પ્રજાપાલન કરતો ભક્તિ પરાયણ હતો. તેને ત્યાં એકવાર નારદ આવ્યા. રાજા પગે લાગી કહે : આજ મારો જન્મ, રાજ્યકુળ સફળ થયું. તમે મારે ત્યાં પધાર્યા. જેના ઘરમાં સંત પગલાં નથી થતા તે ઘર સ્મશાન તુલ્ય છે. નારદ કહે : હું ધર્મરાજાની સભામાં ગયો હતો. ત્યાં તારા પિતૃઓ ચંદ્રસેન વગેરે નિસ્તેજ બેઠા હતા. તેણે કહ્યું : મારા પુત્રને કહે : જો ઈન્દિરા એકાદશીનું વ્રત કરીને સાધુ-બ્રાહ્મણોને જમાડી દાન આપી તે પુણ્ય અમને આપે જેથી અમારો મોક્ષ થાય. એમ કહી નારદજી આશીર્વાદ આપી ચાલ્યા ગયા. ઈન્દ્રસેન રાજાએ ઈંન્દિરા એકાદશીનું વ્રત કરી શ્રીકૃષ્ણનું પૂજન કરી. નૈવેધ ધરી સાધુ-બ્રાહ્મણોને જમાડી અનેક પ્રકારના દાન આપ્યા ત્યારે નારદજીએ આવી કહ્યું. એકાદશીના વ્રતના પુણ્યથી તારા પિતૃઓ સ્વર્ગમાં ગયા. ઈન્દ્રસેન પણ શ્રીહરિની ભક્તિ કરી અંતે વૈકુંઠ ધામને પામ્યો.

અધ્યાય - ૨૫૯

❖ આસો સુદની પાશાંકુશા એકાદશી - વેદશિરા ઋષિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આસો સુદ, પાશાંકુશા એકાદશીનો વ્રત-વિધિ કથા કહું. સ્નાન કરીને પદ્માવતી સાથે પદ્મનાભ ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર - અલંકારો ધારણ કરાવી, સમીપત્રો, કામફળથી પૂજન કરી, ચોખાના લાડુ જમાડવા. આરતી કરી દંડવત્, નમસ્કાર, સ્તૂતી પ્રાર્થના કરવી. આ વ્રત કરનારનો એક પેઢીનો ઉદ્ધાર થાય છે. અને યમના પાશથી મૂકાય છે. અન્ન, વસ્ત્ર, જલ, જોડા, છત્રનું દાન કરનાર સામે યમદૂત જોતા જ નથી. જેના જીવનમાં વ્રત, દાન, પુણ્ય નથી તેનું જીવન લુહારના ધમણની જેમ નિષ્ફળ છે. સ્નાન, ધ્યાન, જપ, હોમ, દાન, સ્વાધ્યાય વિના, દિવસ વાંજિયો જવા દેવો નહીં. આખો દિવસ ધૂન, કિર્તન કથા-વાર્તા, ઉત્સવ કરી જાગરણ કરી ભગવાન પાસે નૃત્ય કરવું.

પૂર્વે સત્યુગમાં વામદેવ ઋષિના શિષ્યો કર્મકાંડી વેદ ભણનારા હતા. તેમાં એક વેદશિરા નામે ઋષિ હતા. તેને ચાતુર્માસમાં કંદમૂળનો આહાર કરવાથી પેટમાં જઠરાગ્નિ મંદ થયો. ઔષધ કર્યા પણ રોગ મટ્યો નહીં. તેથી સ્નાન, જપ, તપ, હોમ, સ્વાધ્યાય વગેરે ધીમે ધીમે બંધ કર્યા. પુણ્ય નષ્ટ થયું. સાત્વિક કર્મ નહીં કરવાથી પાપ થયું. દેહનો અંત આવ્યો. યમદૂતો આવ્યા. ધર્મરાજા પાસે લાવ્યા. ચિત્રગુપ્તે કહ્યું : વેદ-વિદ્યા ભૂલીને બ્રહ્મકર્મ બંધ કર્યા. તેથી બ્રહ્મઘાત કર્યો છે. ધર્મરાજા કહે : આને અસીપત્ર વનમાં નાખો. વેદશિરા કહે : મને રોગનો આપત્કાળ આવ્યો એટલે મારાથી બ્રહ્મકર્મ થઈ શક્યા નથી. આપત્કાળમાં અધર્મનું પાપ લાગતું નથી. ધર્મરાજા કહે : આપત્કાળ થોડો આવ્યો અને સર્વેધર્મ કર્મ મૂકી દીધા તેથી દંડ તો ભોગવવો પડશે. તે સમયે વેદશિરા ઋષિએ ગુરુ વામદેવને સંભાર્યા. તરત બ્રહ્મનો અવતાર વામદેવ આવ્યા. ધર્મરાજા પગે લાગી કહે : ગુરુ તમે કેમ પધાર્યા ? વામદેવ કહે : દંડ ભોગવવો ન પડે, કર્મ નિષ્ફળ થાય તેવું વાક્ય કહું તે તમે બંને સાંભળો. આસો સુદ એકાદશી પાશાકુંશાનું વ્રત ભક્તિપૂર્વક કરવાથી બ્રહ્મહત્યાદિક પાપો નાશ પામે છે. વ્રતના પુણ્યથી, ગુરુના પ્રતાપથી આયુષ્ય તૂટી ગયું છે તે સંધાઈ જશે. પછી વેદશિરાએ આસો સુદ એકાદશી વ્રત કરી સર્વે પાપથી રહિત થયા. આ એકાદશીનું જે વ્રત કરશે. તેના સર્વે પાપ નાશ થઈને આરોગ્ય પ્રાપ્ત થશે. અહંમમત્વના પાપ નાશ પામશે, રાગદ્વેષથી રહિત થઈ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૨૬૦

❖ કાર્તિક વદની રમા એકાદશી - મુચકુંદપુત્રી ચંદ્રભાગાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાર્તિક વદ રમા એકાદશીની વ્રત વિધિ કથા કહું. સ્નાન કરી હિરણ્યરુપ લક્ષ્મી સાથે શ્રીહરિને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર અલંકારો ધારણ કરાવી, નૈવેધ ધરી, સાકર, શ્રીફળ, સોપારી થાળીમાં મૂકી. આરતી ઉતારી, દંડવત, પ્રણામ, સ્તુતિ, પ્રાર્થના કરી, વ્રત પૂર્ણ માટે પ્રાર્થના કરવી. આખો દિવસ ભગવાનની નવધા ભક્તિ વિના જવા દેવો નહીં. સાત ધાન્યોથી મંડળ પૂરીને વિધિ પ્રમાણે વ્રત, દાન, પૂજન કરનારી નારી રમાલક્ષ્મી સમાન ભક્તિવાળી થાય છે. નરમુક્ત સમાન થાય છે.

પૂર્વે ઈન્દ્ર સમાન મુચકુંદ રાજા હતો. સર્વે દેવો તેને મિત્ર સમાન માનતા તે વિમાનમાં બેસી ત્રિલોકીમાં ફરતો. તેના રાજ્યમાં સર્વે ભક્તો હરિવાસર એકાદશી વ્રત કરતા. આખો દિવસ ભજન-ભક્તિ કરતાં. મુચકુંદ રાજાએ પોતાની પુત્રી ચંદ્રભાગાને શશીસેન રાજાને આપી. તે પણ પ્રભુનો ભક્ત હતો. એક વખત ચંદ્રભાગા પતિ સાથે પિતાને ત્યાં આવી. ત્યાં એકાદશી વ્રતને દિવસે પતિને અતિ તાવ આવ્યો. ચંદ્રભાગા વિચારવા લાગી પતિ ભૂખે મરે છે અને પિતાનું નિયમ કઠીન છે. અશક્ત હોય તો પણ વ્રત કરવું. કેમ કરવું જેમ થવાનું હશે તેમ થશે. શશીસેન એકાદશીએ ખાધા-પીધા વિના બીજે દિવસે સૂર્યોદય પહેલાં મરી ગયો. તેરમા એકાદશી વ્રતના પુણ્યથી સ્વર્ગમાં ઈન્દ્ર સમાન સુખ પામ્યો. સ્વર્ગમાંથી દૂત મુચકુંદ રાજા પાસે આવ્યો. મુચકુંદ રાજાએ પુત્રી ચંદ્રભાગાને કહ્યું. પુત્રીએ દૂતને કહ્યું : મને પણ મારા પતિ પાસે લઈ જા. તે ચંદ્રભાગા રમા એકાદશીના વ્રતથી સ્વર્ગમાં દિવ્ય દેહ ધારણ કરી પતિ પાસે ગઈ. પછી બંને ભક્તિ કરી અક્ષરધામમાં ગયા.

અધ્યાય - ૨૬૧

❖ કાર્તિક સુદની પ્રબોધિની એકાદશી - ભાદરકાંઠાના બ્રાહ્મણની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીની વ્રત, વિધિ કથા કહું. શેષશાયી ભગવાન આ એકાદશીએ જાગે છે. સ્નાન કરી રાધા સાથે દામોદર ભગવાનનું ષોડ્શોપચારથી પૂજન કરવું. કમળના પુષ્પોથી પૂજન કરી નૈવેધમાં મગસના લાડું ધરવા, આરતી, સ્તુતિ કરી, વ્રત પૂર્ણીની પ્રાર્થના કરવી. દાનમાં શુખશય્યાનું દાન કરવું. ચાતુર્માસની છેલ્લી એકાદશી હોવાથી પ્રબોધિની વ્રત સમાન એક પણ નથી પાપને નાશ કરનારું, પુણ્ય વધારનારું સર્વે યજ્ઞોના ફળ આપનારું, વિદ્યા, દાન, યશ, રાજ્ય વગેરે સર્વે સિદ્ધિ આપનારું આ વ્રત્ત છે. સો જન્મોના પાપોને નાશ કરનારું પરમ પદ આપનારું આ વ્રત છે. કાર્તિક માસમાં શ્રીહરિની કથા કરનારાને દશ હજાર યજ્ઞનું ફળ થાય છે. યજ્ઞોથી, જલથી, દાનથી

તે સર્વે કરતા શ્રીહરિની કથા કહેનાર તથા સાંભળનારને રોજ હજાર ગાયોના દાનનું ફળ મળે છે. તથા કાર્તિક માસમાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવી તથા સાંભળવી. તેથી રોજ કપિલા ગાયનું દાનનું પુણ્ય થાય છે. શ્રીહરિનો મંડપ કરી ચાર કળશો મૂકી વચ્ચે સાત ધાન્યોનું મંડળ પુરી શ્રીહરિનું ષોડ્શોપચારથી પૂજન કરી વસ્ત્ર અલંકારો ધારણ કરાવી આરતી ઉતારવી તથા ભગવાનને શુખશય્યા, થાળી, વાટકો, કળશ, છત્ર, ચામર, વિંઝણો, દર્પણ, પાદુકા વગેરે અર્પણ કરવા. અબિલ-ગુલાલ, કંકુ, કેશર-ચંદન ચોખા, કાજળ તથા અનેક પ્રકારના પુષ્પોના હારથી પૂજન કરવું તથા આરતી, દંડવત્, પ્રદક્ષિણા કરી ક્ષમાયાચના કરવી. પછી ગુરુની પૂજા કરી વસ્ત્ર, આભૂષણોથી દક્ષિણા આપવી, બારસને દિવસે સાધુ-સાધ્વી, બ્રાહ્મણોને બાળકોને અનાથ અતિથિઓને ભોજન કરાવી યથાશક્તિ દાન આપવા. તેથી ભુક્તિ મુક્તિને પામે છે. શ્રીહરિની પ્રસન્નતાથી પરમપદને પામે છે.

પૂર્વે અશ્વપટ સરોવરને કાંઠે બ્રહ્માએ શ્રીહરિનું મંદિર કરેલું. ત્યાં દર્શન કરીને જનો સદ્ગતિ પામતા. ભાદર કાંઠાનો એક બ્રાહ્મણ પાણીના પૂરથી સર્વે નાશ થતા ત્યાં મંદિરે આવી રહ્યો અને લાકડાં વેચી પોતાનું ગુજરાન કરતો અને મંદિરમાં આવી કિર્તન કરતો. તેમાં કાર્તિક સુદ પ્રબોધિની એકાદશી આવી. વિપ્ર મંદિરમાં જાગરણ કરવા આવતો હતો ત્યાં રસ્તામાં રાક્ષસ મળ્યો. વિપ્રને પકડ્યો. વિપ્ર હસવા લાગ્યો. રાક્ષસે પૂછ્યું કેમ હસે છે ? વિપ્ર કહે : આજે એકાદશી છે. કિર્તન-જાગરણ કરવા જાવ છું. આજ મારું મોત થાય તો મારી સદ્ગતિ થાય. ભક્તિ કરનારાની અધોગતિ થતી નથી. તેથી જો તને ભુખ હોય તો મને ખાઈજા. અથવા જાગરણ કરીને આવું પછી સવારે ખાજે. રાક્ષસ કહે : જે મૃત્યુના મુખમાંથી મુકાઈ જાય છે તે પાછો આવતો નથી. વિપ્ર કહે : તો મારી સાથે ચાલ. પ્રભુના ધૂન-કિર્તનથી તારૂ પણ કલ્યાણ થશે. રાક્ષસ વિપ્રની સાથે મંદિરે ગયો. વિપ્રે આખી રાત કિર્તન-ધૂન અને નૃત્ય કર્યું સવાર થતાં તે વિપ્રનો દેહ પડી ગયો. વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયો. ત્યાં ઘણો સમય રહીને પછી વૈકુંઠધામમાં ગયો. તે રાક્ષસની પણ મુક્તિ થઈ.

અધ્યાય - ૨૬૨

❖ કાર્તિક માસમાં પુણ્યો આપનારા ચાંદ્રાયણ વ્રતોનો વિધિ - ફળ ❖

લક્ષ્મી કહે : હે પ્રભુ, કાર્તિક માસમાં પુણ્યો આપનારા ક્યા વ્રતો કરવા ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાંભળો. કાર્તિક માસમાં મંદિરમાં, નદીમાં, તળાવમાં, કૂવામાં, વાવમાં, સમુદ્રમાં દીપદાન કરવું. તે સ્વર્ગ આપનારું છે. રોજ ત્રણ ગ્રાસ જમવા તે ઋષિ શશિવ્રત. એક માસ દૂધ પીને રહેવું તે દૂધ કૃચ્છ્ર વ્રત છે. છ દિવસ એકટાણું, ત્રણ ઉપવાસ તે સોમાયન વ્રત. એકટાણું નક્તભોજન, માગ્યા વિના ખાવું ઉપવાસ તે કૃચ્છ્ર વ્રત. એવી રીતે સોળ દિવસ રહેવું. એક દિવસ દૂધ, બીજે દિવસે ઘી, ત્રીજે દિવસે પાણી, ચોથે દિવસે ઉપવાસ

તે તપ્ત કૃચ્છ્ર. ત્રણ દિવસ ગરમ પાણી, ત્રણ દિવસ ગરમ દૂધ, ત્રણ દિવસ ગરમ ઘી પીવું. ત્રણ દિવસ ઉપવાસ આ બાર દિવસને તપ્ત કૃચ્છ્રવ્રત કહે છે.

૧ દિવસ પંચગવ્ય ૧ ઉપવાસ તે સાંતપન વ્રત. ૧ દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર, છાણ, દાભડો, ૭ ઉપવાસ મધ્ય સાંતવન, ૩ દિવસ દૂધ, દહી, ઘી, ગૌમૂત્ર, છાણ, દાભડો, ૩ ઉપવાસ મહાન સાંતપન વ્રત સમગ્ર પાપને બાળનારું છે. ખાખરો, ઉમરો, બીલી, કમળ, દાભડો પાણીમાં ઉકાળી પાંચ દિવસ પીવું પર્ણ કૃચ્છ્રવ્રત. એક માસ શ્રીફળ, ફળ, આંબળા, પાંદડા, પુષ્પ, મૂળ, જલ, દૂધ જે વસ્તુ કાર્તિક માસ પર્યંત એકવસ્તુથી વ્રત કરે તે કૃચ્છ્રવ્રત કહેવાય. એકટાણું, નક્તભોજન, માગ્યા વિના ખાવું, ચોથે દિવસે ઉપવાસ તે પાદ કૃચ્છ્રવ્રત. ૩ ઉપવાસ તે પાદ કૃચ્છ્રવ્રત. એકવીસ દિવસ દૂધ પીવું અતિ કૃચ્છ્રવ્રત. ૧૨ દિવસ પાણી પીવું અતિકૃચ્છ્રવ્રત. ૧૨ ઉપવાસ પારાક કૃચ્છ્રવ્રત. ૩ દિવસ તલનો સાથવો, ૬ દિવસ તલ ખાવા. ૬ દિવસ ઉપવાસ, તે તુલીપુરુષ કૃચ્છ્રવ્રત. દશમીએ પંચગવ્ય એકાદશીએ ઉપવાસ તે હરિ કૃચ્છ્રવ્રત. ૩ દિવસ ફરાળ, ૩ દિવસ ઉપવાસ તે મહેન્દ્ર કૃચ્છ્રવ્રત. ૫ દિવસ દૂધ, ૫ દિવસ દહીં, એકાદશી ઉપવાસ ભાસ્કર કૃચ્છ્રવ્રત. ૬ દિવસ ભાજી એકાદશી ઉપવાસ તે સપ્તર્ષિ કૃચ્છ્ર. ખાખરો, ઉંબરો બીલી, દાભડો, કમળપત્ર પાણીમાં ઉકાળીને પીવું, ૬ દિવસ ઉપવાસ તે બ્રહ્મ કૃચ્છ્ર વ્રત.

સર્વેમાં ઉત્તમ સર્વ પાપોને બાળનારું નોમનું વ્રત તેમાં પંચગવ્ય લેવું, દશમે દાભડાનું પાણી, એકાદશીએ ઉપવાસ. લાલ ગાય, ધોળી, કાબરી, શ્વેત ગાય, કપિલા કાળી, સુવર્ણા, શ્વેત, પિંગલા, કૃષ્ણ પીંગલા, નીલગાય આ દશ ગાયોનું અનુક્રમથી દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર, છાણ વગેરે પંચગવ્ય લેવા. ચૌદશથી ઉતરતા અમાસને દિવસે એક કોળિયો લેવા. પડવેથી વધારતા પુનમને દિવસે ૧૫ કોળિયા લેવા તે ચાંદ્રાયણ વ્રત. બાર દિવસ તલ ખાવા તે અગ્નિ કૃચ્છ્રવ્રત. આઠ દિવસ દહી, ત્રણ દિવસ ઘી, ત્રણ દિવસ ઉપવાસ. તે ઉદાલકવ્રત કહેલું છે. આ સર્વે કૃચ્છ્રવ્રતો શ્રીહરિની પ્રસન્નતા માટે ભક્તિપૂર્વક કરવા. તે સર્વે વ્રતો અનેક જન્મોના પાપને નાશ કરનારા, સુખ આપનારા, મુક્તિ આપનારા છે. મુખવાસ, સાકર, માખણ, ગોળ, દૂધ, તેલ તલ, મગફળી, ખજૂર, લવિંગ, એલચી, મરચાં, આદુ, ગુંદ શીલારસ, ચંદન, કસ્તુરી, ચંછામીઠું, મધ, ધુમ્રપાન વગેરે વ્રતમાં વિઘ્ન કરનારા છે. વ્રતને અંતે સાધુ-બ્રાહ્મણ અતિથી, બાળકો, અનાથ વગેરેને ભોજન કરાવીને યથાશક્તિ દાન આપવા.

લક્ષ્મી કહે : પ્રભુ, અતિકષ્ટથી થઈ શકે એવા આ કૃચ્છ્ર ચાંદ્રાયણો વ્રતો તથા તેના વિધિ તેના ફળ સર્વે તમારા મુખેથી સાંભળ્યા. તમારા વિના જીવનો ઉદ્ધાર કરનારો કોઈ નથી. કર્મફળના આપનારા પણ તમે છો. હે પ્રભુ, હે સ્વામી હવે પુરુષોત્તમ માસની

એકાદશીના નામ તથા વિધિ કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી એકાદશી આદિ વ્રતો તથા ચાંદ્રાયણ વગેરે વ્રતો કરનાર નર-નારીઓએ વ્રતને દિવસે બ્રહ્મચર્યનું પાલન કરી કામ, ક્રોધ, લોભ, મોહ, મધ્યસ્તર, આશા, તૃષ્ણા, અહંકાર, રાગ, દ્વેષ, કપટ, ઈર્ષા વગેરે માયાના દોષોનો ત્યાગ કરવો. તેથી વ્રતનું, તપનું ફળ સંપૂર્ણ મળે છે અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોતમ નારાયણ પરબ્રહ્મ હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નતા થાય છે. અને જીવાત્મામાં શાંતી રહે છે.

અધ્યાય - ૨૬૩

❖ પુરુષોત્તમ માસની વદ પક્ષની કમલા એકાદશી - શાક્યયન વિપ્રની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પુરુષોત્તમ માસની વદ પક્ષની કમલા એકાદશીનો વ્રતવિધિ કહું. બ્રહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરી, લક્ષ્મી સહિત પુરુષોત્તમ નારાયણની ષોડ્શોપચારથી પૂજા કરી. વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, નૈવેધ ધરી, આરતી, ઉતારી, દંડવત, પ્રણામ, સ્તુતિ કરી, ધૂન-કિર્તન કરવા તથા પુરુષોત્તમ માસમાં પડવાથી પ્રભુની પાસે નિયમો લેવા. હજાર અથવા લાખ મંત્ર જપ કરવા. ઘરમાં જપ કરવાથી, નદીમાં જપ કરે તો બમણું ફળ મળે. ગૌશાળામાં હજારગણું, અગ્નિશાળામાં લાખગણું, તીર્થમાં તુલસી પાસે, સાધુ પાસે દશ લાખ ગણું. પુરુષોત્તમ સમીપે અનંતગણું ચાતુર્માસમાં જે નિયમો લેવાતા હોય તે નિયમો પુરુષોત્તમ માસમાં લેવા. ઘી-ગોળ, તેલ, સુગંધી તેલ, રાગ, ત્યાગ, મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો, તુરો આ છ રસ ન લેવાના નિયમ લેવા. પતરાવાળીમાં જમવું, ફળફુલના નિયમ, દહીં-દૂધના નિયમો, એકટાણુ જમવું, કથા વાર્તા કરવી. મૌન રહેવું, શાકભાજી ન ખાવા, ગુરુની ચરણસેવા, મંદિરમાં નિત્ય દર્શન, દંડવત, પ્રદક્ષિણાના નિયમો લેવા, મંદિર ધોવું, વાળવું, લીંપવું, વાજિંત્રો સાથે ધૂન-કિર્તન નૃત્ય કરવા વગેરે નિયમો લેવા. તુલસીથી, પુષ્પોથી પુરુષોત્તમનું પૂજન કરવું, કાંસાના તાંબાના પાત્રમાં જમવું નહીં. પૃથ્વી પર સૂવું, વગેરે અનેક પ્રકારના નિયમો છે. તેમાંથી જેટલા નિયમો લેવાય તેટલા પ્રભુની ભક્તિ, પ્રસન્નતા માટે લેવા. તથા વ્રત-નિયમના સમયમાં અન્ન, જળ, વસ્ત્ર, સોનુ, ચાંદી, રૂપિયા ઘર વગેરેના દાન આપવા. વિષ્ણુ અને સાધુ આ બંને પુરુષોત્તમના સ્વરૂપો છે. તેથી ગુરુનું પૂજન કરી પ્રસન્ન કરવા. જે જે નિયમો લીધા હોય તે તે વસ્તુનું વ્રત કરવું અને અંતે દાન આપવું. કમલા એકાદશીનું વ્રત કરનારાને ત્યાં કમલા લક્ષ્મીનો વાસ થાય છે.

પૂર્વે હરિદ્વારમાં ગંગા કાંઠે શાક્યયન વિપ્ર રહેતો ભિક્ષા માગી નિર્વાહ કરતો. એકવાર વૃષ્ટિમાં ઘર તણાઈ ગયું. ચાલીને પ્રયાગરાજ તીર્થમાં આવ્યો. ભુખ-તરસથી પિડાતો હતો. ત્રિવેણીમાં સ્નાન કરી, ભારદ્વાજ ઋષિના આશ્રમે આવ્યો. ત્યાં પુરુષોત્તમ માસમાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથા મોક્ષ આપનારી ઋષિના મુખેથી સાંભળી. વિપ્રે ત્યાં વાસ

કરી કમલા એકાદશીનું વ્રત કરી. કૃષ્ણનું સ્મરણ કરી જાગરણ કર્યું. બારસના બ્રહ્મમુહૂર્તમાં કમલા લક્ષ્મી આવી દિવ્ય દર્શન આપી કહે : વરદાન માંગ, વિપ્ર કહે : તમે કોણ છો ? લક્ષ્મી કહે : હું વૈકુંઠથી આવું છું. તે વ્રત કર્યું તેથી પુરુષોત્તમે મને મોકલી છે. એમ કહી શાક્યયન વિપ્રને મણિ આપી અદૃશ્ય થયા. તે મણિના પ્રતાપે વિપ્ર રોજ અનેક પ્રકારના દાન આપતો અને ઈન્દ્ર સમાન પ્રસિદ્ધિ પામ્યો. એક વખત બ્રહ્માના પુત્ર પુલસ્ત્યઋષિ મણિની કિર્તી સાંભળી શાક્યયન વિપ્ર પાસે આવીને મણિની માંગણી કરી. નિસ્પૃહ બ્રાહ્મણે મણિ આપી દીધો. પુલસ્ત્યઋષિ તો મણી લઈ સિંહલદ્વિપ (લંકા) ગયા. ત્યાં જઈ પૂરવન સર્વે સુવર્ણ બનાવી દીધા. પછી તો મણિ કુબેરને આપ્યો. રાવણ કુબેર પાસેથી તો મણિ લાવીને લંકા સુવર્ણની બનાવી. એ રીતે કમલા એકાદશીનું વ્રત કરનારને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. પુરુષોત્તમ માસની કમલા એકદશીની કથા કોઈ કહેશે, સાંભળશે, તે પણ કમલા વ્રતને પામશે. શ્રીલક્ષ્મી કહે : હે નારાયણ, દુષ્ટ સ્વપ્નને નાશ કરનારી આ પવિત્ર કથા સાંભળી. હવે જે માસ સર્વે માસમાં ઉત્તમ છે, જે માસના અધિષ્ઠાતા પુરુષોતમ છે, જે પુરુષોત્તમને દેવતાઓ પૃથ્વીમાં જન્મ ધારણ કરી પુજવા ઈચ્છા કરે છે.

અધ્યાય - ૨૬૪

❖ પુરુષોત્તમ માસની સુદ પક્ષની ધામદા એકાદશી - પુંડરિક રાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પુરુષોત્તમ માસની સુદ પક્ષની ધામદા એકાદશીનો વ્રત વિધિથી કથા કહું. બ્રહ્મધામના પતિ અક્ષરાતીત એવા પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું અક્ષરા સહિત પૂજન કરવું. મુક્ત સ્વરૂપી લતા ફળ પુષ્પો અમૃતથી પૂજન કરવું. વેદ ઉપનિષદ વિદ્યારૂપી દાન આપવું. તથા દીક્ષાદાન, બ્રહ્મદાન, નિજાર્પણ, સર્વાપણ સર્વેદાનોમાં ઉત્તમ છે. તેથી સર્વે મોક્ષદાન આપનારા છે. આ એકાદશીએ મંડપ કરાવી, સાત ધાન્યોથી મંડળ પુરાવી, વચ્ચે ઘડો મૂકી, નારિયેળ, પાન મૂકી, અક્ષીરા સહિત પુરુષોત્તમનું ષોડ્શોપચારે પૂજન કરવું તથા રાધા-લક્ષ્મીનું વસ્ત્ર, અલંકારોથી પૂજન કરી અબિલ-ગુલાલ, કંકુ-ચોખા, ચંદન, ધૂપ-દીપથી પૂજન કરી નૈવેધ ધરી આરતી કરી દંડવત, પ્રદક્ષિણા કરી સ્તુતિ કરવી. હે અક્ષરાધિપતિ સદા તમારા ચરણમાં રાખજો. બારસે સાધુ-સાધ્વી, બ્રાહ્મણોને મિષ્ટાન્ન જમાડીને દક્ષિણા આપવી. વિધિ પ્રમાણે વ્રત કરનારને પ્રભુ વિમાનમાં બેસાડી ધામમાં લઈ જાય છે.

પૂર્વે સત્યુગમાં પુંડરિકરાજા વિષ્ણુભક્ત હતો. અડધો દિવસ પૂજા કરતો. એકાદશીએ આખો દિવસ પૂજા કરતો. તેની પત્ની કુમુદવતી પતિવ્રતા હતી. પતિને અર્પણ કર્યા વિના કાંઈ ખાતી નહીં. એક વખત બાગમાંથી ફળ લઈ ભૂલથી ખાઈ લીધું તેથી ધર્મભંગ થયો. તાવ આવ્યો, અતી વધી જવાથી રાજાએ ધામદા એકાદશીનું ફળ, પુણ્ય આપ્યું. તરત રાણીનો

દેહ પડી ગયો. વિમાન આવ્યું. અક્ષરા સહિત પુરુષોત્તમની સાથે રાણી વિમાનમાં બેસી ધામમાં ગઈ. ધામદા એકાદશીનું વ્રત કરનારા સકામ ભક્તો સમૃદ્ધિ પામશે. નિષ્કામી ભક્તો અક્ષર પરમબ્રહ્મધામ પામશે.

અધ્યાય - ૨૬૫

❖ સર્વે એકાદશીનો સંપૂર્ણ ફળ આપનારો ઉદ્યાપન વિધિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વે એકાદશીનો સંપૂર્ણ ફળ આપનારો ઉદ્યાપન વિધિ કહું છું. મંડપ રચી, સાત ધાન્યોથી મંડળ પુરી વચ્ચે તાંબાનો ઘડો મૂકી તેમાં નારિયેળ તથા પીપળો, ઉંબરો, આંબો, આસોપાલવ, વડ તેના પાંદડાઓ મૂકી, કમળના પુષ્પો લાવી વચ્ચે રમા સહિત વાસુદેવને સ્થાપન કરવા. ચારેબાજુ ચોવીસ એકાદશીના પતિને સ્થાપન કરવા. શ્રી કેશવ, પદ્મનારાયણ, માધવ ગોવિંદચંદ્રા, રમા-વિષ્ણુ, માધવી મધુસૂદન, ત્રિવિક્રમ પદ્માક્ષી, વામન કમલા, પદ્મનાભ, પદ્માવતી, શ્રીધરકાંતીમતી, ઋષિકેશ, અપરાજીતા, રાધા-દામોદર, સંકર્ષણ, સુનંદા, વાસુદેવ હરિણ્યા, પ્રદ્યુમ્નધીયા, અનિરૂદ્ધ, સુશિલા, નંદા, પુરુષોત્તમ, અધોક્ષજત્રયી, ક્ષેમકરી, નરસિંહ, અચ્યુત, વિજયા સુંદરી, જનાર્દન, ઉપેન્દ્ર, સુભગા, હરિહીરણ્યા, કૃષ્ણ-સુલક્ષણા. આ ચોવીસ એકાદશીને સ્થાપન કરી, પંચામૃતથી સ્નાન કરાવી. ષોડ્શોપચારથી પૂજન કરી. વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી. નૈવેધ, મિષ્ટાન, ફળ, ફુલ અર્પણ કરી. આરતી ઉતારી પ્રદક્ષિણા, દંડવત, નમસ્કાર કરી પ્રાર્થના કરવી. પૂજામાં ભૂલથી ક્ષમા માંગવી તથા ચોવીસ સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવી, યથાશક્તિ દાન આપવા.

દાન આપવામાં શઠતા ન કરવી. જેટલું દાન અપાય છે. તેથી હજાર ગણું પ્રાપ્ત થાય છે. ગાયને શણગારીને ગુરુને દાનમાં આપવી. અથવા ગોળ-ઘી, સાકર, દૂધ, તલ રસ મધ વગેરેની ગાય બનાવીને દાનમાં આપવી. ચોવીસ ગાયો દાનમાં આપવી. તથા ઘી, ગોળ ધાનના પર્વત બનાવી દાનમાં આપવા. ગુરુનું પૂજન કરી ગૃહ દાન આપવું. વિપ્રોને, યથા યોગ્ય ભિક્ષુકોને, અન્ન, વસ્ત્ર, દાન આપવું. પૂર્વે મનુ શતરૂપાએ ઉદ્યાપાન કરી પૃથ્વી દાનમાં આપી. રમા ઉદ્યાપાન કરીને વિષ્ણુ સાથે રહ્યા. પદ્માએ ઉદ્યાપન કરી વિષ્ણુ પ્રાપ્ત કર્યા. પાર્વતી પ્રભાએ પણ ઉદ્યાપન કરી પુરુષોત્તમ પ્રાપ્ત કર્યા. આ પ્રમાણે ઉદ્યાપન કરી તેના ફળ આ લોક-પરલોકમાં પ્રાપ્ત કરે છે.

અધ્યાય - ૨૬૬

❖ એકમની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે હું તને આખા વર્ષના વ્રતની, તિથિઓ તથા પૂજન કહું છું.

ચૈત્ર સુદ પડવાને દિવસે બ્રહ્માની તથા સરસ્વતિની પૂજા કરવી, બીજને દિવસે વિદ્યા પ્રારંભ કરવો, વૈશાખ પડવે કુર્મ પૂજા કરવી. જેઠ પડવે કરવીરની પૂજા કરવી, શ્રાવણ પડવે લક્ષ્મીનારાયણની પૂજા કરવી. ભાદરવે પડવે શિવ પૂજન કરવું. આશ્વિન પડવે અશોક પૂજન કરવું. નવરાત્રિમાં એકટાણું કરવા, કાર્તિક પડવે વિષ્ણુ પૂજન કરી અન્નકુટ ધરવો, એકસો એક મિષ્ટાન, ફરસાણ, દાળ, ભાત, શાક, રોટલી, ભક્ષ્ય ભોજ્ય, લેહ્ય, ચોસ્યવી, ધરી આરતી ઉતારવી, અન્નકુટ કરાવનારો ભક્ત મુક્તિ પામે છે. માગશર પડવે ધન પ્રાપ્તિ માટે વિષ્ણુ પૂજન કરવું. પોષ સુદ પડવે સૂર્યપૂજા કરવી. તેજપ્રાપ્તિ માટે, માઘ પડવે શંકરથી પ્રગટ થયેલા અગ્નિની પૂજા કરવી. ફાગળ પડવે નરનારાયણની પૂજા કરવી. વૈશાખ પડવે વૈરાજ સૂત વિષ્ણુની પૂજા કરવી. સર્વે વ્રતમાં એકટાણું જમી યથાશક્તિ દાન આપવું તથા વ્રતને દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું જેથી વ્રતનું ફળ સંપૂર્ણ મળે.

અધ્યાય - ૨૬૭

❖ બીજની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્રી બીજે બ્રહ્મા સાવિત્રીના લગ્ન થયા તથા ચંદ્ર અને સૂર્યપુત્રો અશ્વિનીકુમારનો જન્મ વૈશાખી બીજે થયો. બ્રહ્માએ તપ કર્યું. જેઠી બીજે સૂર્ય શ્રીહરિના નેત્રથી પ્રગટ થયા. અષાઢી બીજે સંકર્ષણ જન્મ પૂજા કરવી. શ્રાવણી બીજે વિશ્વકર્માની પૂજા કરવી. ભાદરવી બીજે ઈન્દ્ર જન્મ, આશ્વિન બીજે દુર્ગા પૂજા, કાર્તિક બીજે યમરાજ યમુના, માગશર બીજે પિતૃ પ્રગટ થયેલા, પોષ બીજે કામધેનુ પૂજા, માઘ બીજે સૂર્યપૂજા, ફાગણ બીજે શંકરપૂજા કરવી.

અધ્યાય - ૨૬૮

❖ ત્રીજની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વૈશાખ ત્રીજે ગૌરીશંકરની પૂજા કરવી. વ્રત જાગરણ કરી દાન આપવાથી ધન, પતિ, પુત્રી, વિદ્યા, સિધ્ધિ, યશ સર્વે પ્રાપ્તિ થાય છે. પૂર્વે લક્ષ્મી, રમા, માણિકી, પ્રભા, પાર્વતીએ આ વ્રત કરી શુલ, મીન, ધ્વજ, ધનુષ, ચક્ર, સ્વસ્તિકવાળા શ્રીહરિને પતિને મેળવ્યા. વૈશાખ ત્રીજે લક્ષ્મીનારાયણની પૂજા કરવી તથા પરશુરામ જન્મની પૂજા કરવી. જેઠ ત્રીજે રંભા ફળ ખાવું રંભાની પૂજા કરવી. અષાઢ ત્રીજે લક્ષ્મીએ તપ કર્યું. તેથી લક્ષ્મી-કેશવની પૂજા કરવી. શ્રાવણી ત્રીજે કાલી તપ કરી ગૌરી થયા. તેથી ગૌરીપૂજા કરવી. ભાદરવી ત્રીજે શંકર-પાર્વતીના લગ્ન થયા. તેથી શંકર-પાર્વતીનું પૂજન કરવું. ભાદરવા ત્રીજે મહિષાસુરને મારવા દુર્ગા કોટીશ્વરી થયા. તેનું પૂજન કરવું. આસો ત્રીજે ગૌરી પૂજન વ્રત કરવું. કાર્તિક ત્રીજે ગૌરીપૂજા કરે તો ગૌરીના લોકને પામે. માગશર ત્રીજે શંભુગૌરીનું વ્રત કરવાથી પતિ સુખ મળે. પોષ ત્રીજે બ્રહ્મગૌરી વ્રત કરવું, માઘ ત્રીજે લક્ષ્મી

સૌભાગ્યવ્રત કરવું. ફાગણ ત્રીજે શંકરથી પાર્વતી પુત્ર પામ્યા તેથી ગૌરીપૂજા કરવી. સર્વે વ્રતોમાં સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવીને દાન, દક્ષિણા આપવી તેથી પ્રભુની પ્રસન્નતા થાય.

અધ્યાય - ૨૬૯

❖ ચોથની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગોલોકવાસી શ્રીકૃષ્ણ પોતે શંકર-પાર્વતીના પુત્ર ગણેશ રૂપે થયા તેથી વાસુદેવ સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ આ ચતુર્વ્યુસ્વરૂપ ગણેશની પૂજા ચૈત્રી ચોથે કરવી. વૈશાખ ચોથે સંકર્ષણની પૂજા કરવી. જેઠ ચોથે પ્રદ્યુમ્નની પૂજા કરવી. અષાઢે અનિરૂદ્ધની પૂજા કરવી. શ્રાવણ ચોથે ગણેશની પૂજા કરવી. બપોરે વરાહ જન્મની પૂજા કરવી. ભાદરવા ચોથે ગણપતિનો જન્મ થયો તેથી ગણેશની વિધિપૂર્વક પૂજા કરી, ચૂરમાના લાડુ જમાડી, સ્તુતિ કરવી. હે લંબોદર અમારી પાસે આવતા વિઘ્નોનો નાશ કરજો. આશ્વિની ચોથે ગણપતિનું પૂજન કરવું. કાર્તિક ચોથે કરકા વ્રત કરવું. માગશર ચોથે ગણપતિનું પૂજન કરવું. પોષમાં ચોથે ગણપતિનું પૂજન કરવું. માઘ ચોથે ગૌરી પૂજન તથા ગણેશપૂજન કરી સાધુ, વિપ્રોને લાડુ, દૂધપાક જમાડવા. ફાગણ ચોથે ગણેશ ઢુંઢીરાજનું પૂજન કરી તલના લાડુ જમાડીને સ્તુતિ કરવી.

અધ્યાય - ૨૭૦

❖ પાંચમની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્રી પાંચમે મત્સ્ય ભગવાનની પૂજા કરવી. વૈશાખી પાંચમે શેષનારાયણની પૂજા કરવી. જેઠ પાંચમે પિતૃપૂજન કરવું. અષાઢે પાંચમે વાયુ પૂજન કરવું. શ્રાવણ વદ પાંચમે અન્નપૂજન કરવું. ચોથ સાંજે સર્વે અન્નપાણીમાં પલાળી સવારે સૂર્યોદય સમયે દેવોને પીતૃઓને ધરવા. શ્રાવણ પાંચમે ઈન્દ્રાણીની પૂજા તથા નાગપૂજા કરવી. આશ્વિનકૃષ્ણ પાંચમે ગોપાલકૃષ્ણની કુંકુમવાપીમાં પૂજા કરવી. આશ્વિન સુદ પાંચમે કંભરાલક્ષ્મી પ્રગટ્યા. તે લલિતાલક્ષ્મીનું વ્રત પૂજન કરવું. કાર્તિક પાંચમે જયા પૂજન કરવું. માગશર પાંચમે નાગપૂજન કરવું. પોષ પાંચમે શ્રીકૃષ્ણનું પૂજન કરવું. માઘમાં પાંચમે વસંત ઉત્સવ કરી શ્રીકૃષ્ણનું પૂજન કરવું. ફાગણ પાંચમે કંભરાલક્ષ્મીનો જન્મોત્સવ કરી મહાલક્ષ્મીનું પૂજન કરવું.

અધ્યાય - ૨૭૧

❖ છઠ્ઠની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ભુક્તિ-મુક્તિ આપનારા છઠ્ઠના વ્રત કહું છું. ચૈત્ર છઠે સ્કંદકાર્તિક સ્વામિની પૂજા કરવી. વૈશાખે છઠે કાર્તિક સ્વામિનું પૂજન કરવું. જેઠમાં છઠે

સૂર્યની પૂજા કરવી. અષાઢે છઠે સ્કંદની પૂજા કરવી. શ્રાવણમાં છઠે કામદેવની પૂજા કરવી. ભાદરવા વદ છઠે લલિતાલક્ષ્મીનું પૂજન કરવું. નૈવેદ્ય મીષ્ટાન ધરી આરતી કરવી. સર્વે તિર્થોમાં સ્નાનદાન ફળ મળે છે. ભાદરવા છઠે લક્ષ્મીનું પૂજન કરવું. સર્વે સમૃધ્ધિ પ્રાપ્ત થાય છે. આશ્વિન છઠે પાર્વતીસ્વરૂપ કાત્યાયીનીનું પૂજન કરવું. કાર્તિક છઠે કાર્તિક સ્વામિની પૂજા કરવી. માગશર છઠે કાર્તિકે તારકાસુરને માર્યો હતો. પોષ છઠે સૂર્ય જન્મ પૂજા કરવી. માઘ છઠે વરુણદેવની પૂજા કરવી. ફાગણ છઠે પશુપતિ શિવની પૂજા કરવી.

અધ્યાય - ૨૭૨

❖ સાતમની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર સાતમે દશ દીગ્પાલ દેવોની પૂજા કરવી. વૈશાખ સાતમે જાહ્નવીની પૂજા કરીને ગંગાવ્રત કરવું. તથા લીમડાના પાનથી સૂર્યપૂજા કરવી. તથા સાકરનું દાન અને ભોજન કરવું. જેઠ સાતમે ઈન્દ્રની પૂજા કરવી. અષાઢ સાતમે સૂર્યપૂજા કરવી. શ્રાવણ સાતમે પાર્વતી સ્વરૂપ શિતલાદેવીની પૂજા કરવી. ભાદરવા સાતમે શંકરે ચંદ્રને લલાટમાં ધારણ કર્યો તેથી સોમશંકરની પૂજા કરવી. આશ્વિન સાતમે પંચગવ્ય ગ્રહ કરી સૂર્યપૂજા કરવી. કાર્તિક સાતમે શાકાહાર કરી સાત શાક સાધુને આપવા. માગશર સાતમે મિત્ર નામના સૂર્ય જન્મની પૂજા કરવી. પોષ સાતમે ત્રણ સમયે સૂર્યપૂજા કરવી. માઘ વદ સાતમે સૂર્યપૂજન કરવું. માઘ સુદ સાતમે ત્રિલોચન જયંતિ પૂજા કરવી. ફાગણ સાતમે આકડાના પત્રથી સૂર્ય પૂજા કરવી. પાપનાશ કરી પુણ્ય આપનારું આ વ્રત છે. ભુક્તિ-મુક્તિ આપનારું છે.

અધ્યાય - ૨૭૩

❖ આઠમની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર આઠમે પાર્વતી જન્મની પૂજા આરતી કરવી. વૈશાખ આઠમે દુર્ગાપૂજા કરીને કુમારીકાઓને જમાડવી. જેઠ આઠમે શંકરની પૂજા કરવી. અષાઢ આઠમે પાર્વતી પૂજા કરવી. શ્રાવણ આઠમે દુર્ગાપૂજા કરવી. ભાદરવા આઠમે તુલસીપત્રોથી શ્રીહરિપૂજન કરવું. ભાદરવા વદ આઠમે કૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ કરવો. મંડપમાં ગોપ-ગોપીઓ, નંદ-જશોદાની રચના કરીને ષોડ્શોપચારથી બાલકૃષ્ણનું પૂજન કરી નૈવેદ્ય ધરી આરતી ઉતારવી. રાત્રે જાગરણ કરી જન્મોત્સવ કરવો. ભાદરવા આઠમે રાધાજન્મની રાધાકૃષ્ણની પૂજા કરી આરતી કરી નૈવેદ્ય ધરવું તથા દુર્ગાનું પૂજન કરવું, જેથી વૈધવ્ય ન આવે. આશ્વિન આઠમે દુર્ગા પૂજા કરવી, કાર્તિક આઠમે પુત્રની ઈચ્છાવાળાએ કરકાવ્રત કરવું. કાર્તિક વદ આઠમે કંભરા ગોપાલગૃહે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા તે જન્મજયંતીની આરતી કરવી. મંડપમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ પધરાવી, શ્રી, રમા,

લક્ષ્મી, માણિકી, પ્રભા, પાર્વતી શ્રીહરિની પ્રિયાઓનું સ્મરણ કરી, ઉત્સવ કરી, આરતી, નૈવેદ્ય ધરી પ્રસાદ ગ્રહણ કરવો. કાર્તિક આઠમે ગોપાલની પૂજા કરવી. માગશર આઠમે કૃષ્ણપૂજન, પોષ આઠમે પિતૃપૂજા કરવી. માઘ આઠમે પરાવિદ્યાનો પ્રચાર કરવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ કાશી ગયા. નવમીએ પ્રચાર કર્યો. તેથી બે દિવસ આરતી-ઉત્સવ કરવા. ફાગણ આઠમે શિવ-પાર્વતીની પૂજા કરવી.

અધ્યાય - ૨૭૪

❖ નવમીની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર નવમીએ રામજન્મ ઉત્સવ, આરતી કરવા. ષોડ્શોપચારથી પૂજન કરી નૈવેદ્ય ધરવું તથા ધર્મભક્તિથી પ્રગટ થયેલા હરિકૃષ્ણ શ્રીહરિનો જન્મોત્સવ કરી આરતી કરવી. નૈવેદ્ય, પંજરી ધરવી. વૈશાખ નવમી પુત્ર સંપત્તિ સૌભાગ્યને માટે રમા શ્રીહરિનું પૂજન કરવું. જેઠ નવમીએ ઉમાવ્રત કરી કુમારીઓને જમાડવી. અષાઢ નવમીએ ઈન્દ્રાણીની પૂજા કરવી. શ્રાવણ નવમીએ દુઃખને હરનારા લક્ષ્મીનું પૂજન કરવું. ભાદરવા નવમીએ દુર્ગા પૂજા કરવી. આશ્વિન નવમીએ મહાલક્ષ્મી દુર્ગાની પૂજા કરવી. બપોર પછી શમી પૂજન કરી, પ્રભુના આયુધોનું પૂજન કરવું. કાર્તિક નવમીએ પિપળા નીચે પિતૃતર્પણ કરવું. સૂર્યને અર્ઘ્ય આપી સાધુ બ્રાહ્મણોને જમાડવા. માગશર નવમીએ નંદાલક્ષ્મીની પૂજા કરવી.. પોષ નવમીએ મહાલક્ષ્મીનું પૂજન કરવું. માઘ નવમીએ નંદાલક્ષ્મીનું પૂજન કરવું. ફાગણ નવમીએ આંનદલક્ષ્મીનું પૂજન કરવું. સુપાત્રને દાન આપવું. દયાવાળા, જીતેન્દ્રિય શાસ્ત્ર ભણેલા, ભક્તિવાળા બ્રહ્મનિષ્ઠ સાધુને, ભક્તોને, બ્રાહ્મણોને ભોજન કરાવી દાન આપવા. ભીક્ષુક કરતા બ્રાહ્મણને દાન આપવાથી બેગણું ફળ મળે છે. આચાર્યને આપવાથી હજારગણું, સાધુને આપવાથી અનંતગણું ફળ થાય છે. બાળકો ભોજનપાત્ર છે. નારીઓ શ્રૃંગારપાત્ર છે. યુવાન કર્મપાત્ર છે. વૃદ્ધ સેવાપાત્ર છે. સંત પૂજનપાત્ર છે. ભીક્ષુક અન્નપાત્ર છે. દુઃખી દયાપાત્ર છે. સત્યપાત્ર ઉત્તમ પુરુષો છે. શરણે આવેલા રક્ષાને પાત્ર છે. દાનવાળા સ્વર્ગ પાત્ર છે. સંતોષી સુખપાત્ર છે.

અધ્યાય - ૨૭૫

❖ દશમની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર દશમે ધર્મરાજનું પૂજન કરી. સાધુ-બ્રાહ્મણોને જમાડવા. વૈશાખી દશમે વિષ્ણુપૂજા કરવી. જેઠ દશમે ગંગા પૃથ્વી પર આવ્યા તેથી ગંગાપૂજા કરવી, અષાઢ દશમે આદ્ય મનુ રાજા થયા તેથી પૂજા કરવી. શ્રાવણ દશમે શિવપૂજન કરવું. ભાદરવા દશમે મત્સ્ય, કુર્મ, વરાહ, નરસિંહ, વામન, રામકૃષ્ણ, પરશુરામ, બુદ્ધ અને કલ્કિ. આ દશ અવતારોનું પૂજન કરવું. આશ્વિની દશમે આંગણામાં ગાયના છાણના ચાર પિંડા

મૂકી વચ્ચે આયુધોવાળા ચતુર્વ્યુનું પૂજન કરવું. બપોર પછી શમી પૂજન કરવું. તે સર્વે કાર્યોમાં વિજય અપાવનારું છે. કાર્તિક દશમે દશે દિશાના દેવને બલિ આપી પ્રાર્થના કરવી. જે દિશાના મારા પાપ હોય તે દિશાના દેવ પાપને નાશ કરો અને મારું રક્ષણ કરો. માગશર દશમે રોગને નાશ કરાવનારા અશ્વિનીકુમાર તથા ધન્વંતરી ભગવાનની પૂજા કરવી. પોષ દશમે યજ્ઞના વિશ્વદેવોનું પૂજન કરવું. માઘ દશમે અંગરાઋષિની પૂજા કરવી. ફાગણ દશમે યમરાજનું પૂજન કરી, સાધુ-બ્રાહ્મણોને જમાડવા અને દાન આપવા.

અધ્યાય - ૨૭૬

❖ દશમ-એકાદશી-બારસની તિથીએ દુર્ગુણનો ત્યાગ કરી ઉપવાસ કરવો. ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વે માસની દશમ, એકાદશી, બારસ આ ત્રણ દિવસમાં માંસ, મસુરદાળ, ચણા, શાક, મધ, પારકુ અન્ન, બીજીવાર ભોજન, મૈથુન, નિંદ્રા, જુગાર, ચાડીયાપણું, વાદ-વિવાદ, હિંસા, ચોરી આદી દુર્ગુણનો ત્યાગ કરીને ઉપવાસ, એકટાણું અથવા નિર્જળા વ્રત કરવું. તે ભુક્તિ-મુક્તિ આપનારું છે.

અધ્યાય - ૨૭૭

❖ બારસની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્રી બારસે રતી સાથે કામદેવ શ્રીકૃષ્ણ લક્ષ્મીની પૂજા કરવી. વૈશાખ બારસે શ્રીહરિની પૂજા કરવી. જેઠ બારસે વૈરાટવામન પ્રભુની પૂજા કરવી. અષાઢ બારસે વામન પૂજા કરવી. શ્રાવણ બારસે શ્રીહરિની પૂજા કરવી. ભાદરવા બારસે વામન પ્રભુની મૂર્તિ કરી દંડ, કમંડલું, છત્ર ધારણ કરાવી પૂજા કરવી. આશ્વિની બારસે પદ્મનાભ પ્રભુનું પૂજન કરવું. કાર્તિક બારસે વાછડીઓ સહિત ગાયોનું પૂજન કરવું. માગશર બારસે સાધ્યદેવોની બાર સૂર્યની પૂજા કરવી. જનાર્દનનું પૂજન કરી, હરિકૃષ્ણપ્રભુને પ્રાર્થના સ્તુતિ કરવી. પોષ બારસે વિષ્ણુની પૂજા કરવી. માઘ બારસે શાલીગ્રામની પૂજા કરી દૂધપાક, લાડુ ધરાવવો. ફાગણ બારસે સુવર્ણની પ્રતિમાં શ્રીહરિની કરી ષોડ્શોપચારથી પૂજા કરી, નૈવેદ્ય ધરી, આરતી કરીને, મૂર્તિ વીપ્રને દાનમાં આપવી. ઉદ્યાતમા એકાદશી હોય પછી બારસ બેસે. બીજે દિવસે સૂર્યોદય પહેલા તેરસ બેસે તો તેને ત્રીસ્પૃશાવ્રત કહે છે.

અધ્યાય - ૨૭૮

❖ તેરસની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર વૈશાખ તેરસે કામતૃપ્તિ માટે રતિ સાથે કામદેવનું પૂજન કરવું. જેઠ તેરસે ભાગ્ય વધારવા નદીમાં સ્નાન કરી ધૂપ-દીપ કરી. સૂર્યની પ્રાર્થના સ્તુતિ કરવી. અષાઢ તેરસે જયાપાર્વતી વ્રત કરવું. શિવ-પાર્વતી સિંહ પર બેઠેલા એવી

મૂર્તિ બનાવી ત્રણ દિવસ પૂજા કરવી. ગુરુને દાનમાં આપી દેવી તથા ભોજન કરાવી દાન-દક્ષિણા આપવી. આ વ્રત કન્યા અને વિવાહીતા દામ્પત્ય સુખ માટે કરવા. શ્રાવણમાં તેરસે રતિ કામદેવનું પૂજન કરવું. ભાદરવા તેરસે લક્ષ્મીનારાયણને પંચામૃતથી સ્નાન કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરીને નૈવેદ્ય ધરી, આરતિ કરવી. પાંચ ગાયોનું એક દિવસનું ઘી દાનમાં આપવું. આશ્વિન તેરસે બાળકોનું શસ્ત્રોથી મરેલાનું શ્રાદ્ધ કરવું તથા અશોકવ્રત કરવું. ત્રીજે દિવસે હરમાના વૃક્ષ નીચે બાળકોને જમાડવા. કાર્તિક તેરસે મંદિરે દીપ દાન કરવું. કાર્તિક વદ તેરસે ધનલક્ષ્મી પૂજન લક્ષ્મીનારાયણની પૂજા કરવી. જલેબી, સાટા વગેરે મીષ્ટાન્ન ધરાવવા. ચાર દિવસ લક્ષ્મીનારાયણની પૂજા કરવી તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રસન્નતા માટે લક્ષ્મી, માણિકી, પાર્વતી, પ્રભાશંકર સૂર્ય વગેરે પૂજા કરવી. માગશર તેરસે વિપ્ર દંપતીને ભોજન કરાવી, પૂજા કરી, દક્ષિણા આપવી. પોષ તેરસે કમલાલક્ષ્મી શ્રીહરિનું પૂજન કરવું. માઘ તેરસે શ્રીહરિ તથા વિશ્વકર્માની પૂજા કરવી. ફાગણ તેરસે શિવરાત્રિ વ્રત નિરાહાર કરી, શિવ-પાર્વતીનું પૂજન કરવું. શત રુદ્રીનો પાઠ કરી રાત્રે મહાઅભિષેક કરવો. ભક્ષ્ય, ભોજન, લેહ્ય, ચોસ્ય વગેરે નૈવેદ્ય ધરી, રાત્રે ઉત્સવ કરવો. ઉત્સવ કરનારા કૈલાસ, વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામને પામે છે. ફાગણ તેરસે ધન પ્રાપ્તિ માટે કુબેરનું પૂજન કરવું.

અધ્યાય - ૨૭૯

❖ ચૌદશની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર ચૌદશે પૂર્વે નારાયણે લક્ષ્મી સાથે વિવાહ કર્યા. તેથી મંડપ કરીને કૃષ્ણ લક્ષ્મીનું પૂજન કરવું. નૈવેદ્ય ધરી આરતી કરવી. વિપ્રો સાધુ ભીક્ષુકોને ભોજન આપી દક્ષિણા આપવી. તેથી દાતા વૈકુંઠ ગોલોક બ્રહ્મધામમાં જાય. વૈશાખ ચૌદશે સાંજે નરસિંહ જન્મોત્સવ કરવો. હિરણ્યકશીપુનો નાશ કરનારા, પ્રહ્લાદનું રક્ષણ કરનારા નરસિંહ ભગવાનનું પૂજન કરી, નૈવેદ્ય ધરી, આરતી કરવી. જેઠ ચૌદશે શ્રીહરિનું પૂજન કરવું. અષાઢ ચૌદશે રુદ્રની પૂજા કરવી. શ્રાવણ ચૌદસે પવિત્રા ધરાવી લક્ષ્મીનારાયણની પૂજા કરવી. ભાદરવા ચૌદશે અનંત શેષનારાયણની પૂજા કરવી. આશ્વિન વદ ચૌદશે ઝેર, શસ્ત્ર, પાણી, અગ્નિ, સર્પ, આપ્તકાળ આદિમાં મરેલાનું શ્રાધ્ધ કરવું તથા વિપ્રો, સાધુ, સાધ્વી, બાળકો, વગેરેને ભોજન કરાવી, કુટુંબ સાથે બેસી જમવું. કાર્તિક ચૌદશે ધર્મરાજાનું પૂજન કરવું. તેલ, સિંદુર, આંકડાના પુષ્પની માળા ચડાવવી, અડદ વડા વગેરેનું નૈવેદ્ય ધરવું, તેથી ભુતપ્રેત વગેરે તામસી તત્ત્વોનો ઉપદ્રવ ન થાય.

કાર્તિક સુદ ચૌદસે શંકરની પૂજા કરવી. બ્રહ્મકુર્ચવ્રત કરવું તથા પંચગવ્ય પીવું તેથી જાણે-અજાણે થયેલા પાપો નાશ પામશે. માગશર ચૌદશે દત્તાત્રેય જન્મોત્સવ કરવો. પોષ ચૌદશે વિરૂપાક્ષ શિવનું પૂજન કરવું. માઘ ચૌદશે યમરાજાની પૂજા કરવી. ફાગણ વદ ચૌદશે

લિંગની અથવા મૂર્તિમાન શિવની પૂજા કરવી. સુદ ચૌદશે દુર્ગા પૂજા કરવી. સર્વેવ્રતો થાય તો ઉપવાસ અથવા નકત ભોજન અથવા એકટાણું કરીને વ્રત કરવું તથા વ્રતને દિવસે અથવા બીજે દિવસે સાધુ-સાધ્વી, બ્રાહ્મણો, અનાથ, ભીક્ષુકો અતિથી બાળકો વગેરે ને ભોજન કરાવી, યથાશક્તિ દાન દક્ષિણાઓ આપવી. જે જે દાનપુણ્ય કાર્યો, વ્રત, વિધિ, નિયમો, જપ, તપ કરવા તેમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારી ઉપર સર્વે પર પ્રસન્ન થાઓ તેવી ભાવના રાખવી, તો આ લોકમાં સર્વે સિદ્ધિ પ્રાપ્ત કરી અંતે પરમધામની મુક્તિ મેળવી પરબ્રહ્મની સેવામાં રહેવાય છે.

અધ્યાય - ૨૮૦

❖ પૂનમની તિથીએ કોનું પૂજન કરવું ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચૈત્ર પૂનમે હનુમાન જયંતીએ તેલ સિંદુર, આકડાના ફૂલથી પૂજન કરી લાડું, સુખડી, વડા વગેરે બનાવી નૈવેદ્ય ધરી, આરતી કરી, સ્તોત્રનો પાઠ કરવો. વૈશાખ અમાસે પિતૃશ્રાદ્ધ કરવા, વૈશાખ પૂર્ણિમાએ કુર્મજયંતિનો ઉત્સવ કરવો. મગજ, દૂધપાક ધરી આરતી કરવી. જેઠ પૂનમે વટસાવિત્રી વ્રત કરી દોરાથી પીપળાને એકસો આઠ પ્રદક્ષિણા કરવી. જગતમાતા સાવિત્રીની પૂજા કરવી. ત્રણ દિવસ બીલ્વપત્રોથી શંકરની પૂજા કરવી. બીલ્વપત્રો ખાવા, દાન દેવા, વૃક્ષ નીચે સૂવુ. તે વ્રત કરનારો કૈલાશમાં જાય છે. અષાઢ પૂનમે વ્યાસ સ્વરૂપ ગુરુનું પૂજન કરવું. અબિલ, ગુલાલ, કંકુ, ચોખા, ચંદન, કેશર, તુલસી, પુષ્પહારથી પૂજા કરી, આરતી ઉતારી, દંડવત્ પ્રણામ કરી, મિષ્ટાન્ન જમાડવા. પછી સોનું, ચાંદી, રૂપિયા, વસ્ત્ર, આભૂષણો, વાડી, ખેતર વગેરેના દાન આપવા. ગુરુ સ્વયં હરિ છે. મોક્ષને માટે ગુરુની સેવા કરવી. જેણે ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરી તેણે પુણ્ય, વ્રત, સુખ, જ્ઞાન, મોક્ષ સર્વે પ્રાપ્ત કર્યું.

શ્રાવણ પૂનમે કોકીલા વ્રતે પાર્વતી પૂજન કરવું. સૌભાગ્ય માટે ભાદરવી અમાસે પિતૃશ્રાદ્ધ કરવા. પૂનમે ઉમા-મહેશ્વરનું પૂજન કરવું. આશ્વિન અમાસે પિતૃશ્રાદ્ધ કરવા. હરિકૃષ્ણ પ્રભુને કૃષ્ણનારાયણ લક્ષ્મીને નૈવેદ્ય ફળો અર્પણ કરવા, આશ્વિની પૂનમે રાત્રે રાસલીલાનો ઉત્સવ, વાજીંત્રો સાથે કરવો. ગોપીઓ સાથે રાધાકૃષ્ણની મૂર્તિ કરવી, વસ્ત્ર અલંકાર ધારણ કરાવી, દૂધ-પૌવા, સાકર, પેંડા ધરાવવા, આરતી કરવી. આશ્વિન અમાસે લક્ષ્મીજી રાત્રે ફરવા નીકળે છે. મારા માટે કોણ જાગે છે ? તેને હું ધન આપું. મહાલક્ષ્મીનું પૂજન કરનારાને સંપત્તિ મળે છે. તેથી ષોડ્શોપચારથી શારદાપૂજન કરીને નૈવેદ્ય ધરી આરતી કરવી. કાર્તિક પૂનમે મંદિરમાં દીપદાન કરવું તથા ભક્તિ દેવીનું પૂજન કરવું. માગશર પૂનમે સોનાનું દાન આપવું. પોષ પૂનમે સર્વે ઔષધીથી સ્નાન કરવું. જેથી અમંગલ સર્વે નષ્ટ થાય. માઘ પૂનમે ઠંડા જળથી સ્નાનનો આરંભ થાય છે. ફાગણ પૂનમે નરનારાયણ જન્મોત્સવ કરવો, વાજીંત્રો સાથે કીર્તનો, ધૂન કરવાથી મોક્ષ થાય છે.

અધ્યાય - ૨૮૧

❖ બાર માસનાં વ્રત ઉત્સવ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બાર માસના વ્રત ઉત્સવ કહું છું. ચૈત્ર સુદ એકાદશીએ પુષ્પથી હીંડોળો શણગારી લક્ષ્મીનારાયણને ઝુલાવી આરતી કરવી. અષાઢી બીજે રથયાત્રાનો ઉત્સવ કરી કૃષ્ણનારાયણની આરતી કરવી. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ ત્રીજ સુધી હીંડોળા કરવા. શ્રાવણ માસમાં નવધા ભક્તિના નિયમો લેવા. ધનુર્માસમાં શ્રીહરિને અડદીયા, મગજ, રોટલો, દહીં માખણ ધરી, રીંગણાનો ઓળો વગેરે નૈવેદ્ય આપવા. શાસ્ત્રો અને કલમધારણ કરાવવા. મકરસંક્રાંતિએ તલના લાડુ શ્રીહરિને ધરી દાન આપવા. માઘ વસંતપંચમીથી ફાગણ પૂનમ સુધી હરિકૃષ્ણને શ્વેત વસ્ત્રો ધારણ કરાવી રંગ, ગુલાલથી ઉત્સવ કરવા. ચાર દિવસ કેસરિયા વાઘા લક્ષ્મીનારાયણને ધરાવવા. વૈશાખ ત્રીજથી એક માસ શ્રીહરિને કેશર, ચંદનના વાઘા ધરાવવા. અષાઢ સુદ છઠે કસુંબલ વાઘા ધરાવવા. માગશર બારસે શેષનારાયણની પૂજા કરવી. પોષ બારસે શ્રીહરિની પૂજા કરવી. માઘ બારસે માધવની પૂજા કરવી. ફાગણ બારસે ગોવિંદની પૂજા કરવી. ચૈત્ર બારસે વિષ્ણુ-કૃષ્ણની પૂજા કરવી. વૈશાખ બારસે મધુસૂદનની પૂજા કરવી. અષાઢ બારસે વામન પૂજા કરવી. શ્રાવણ બારસે શ્રીધરની પૂજા કરવી.

ભાદરવા બારસે ઋષિકેશની પૂજા કરવી. આશ્વિન બારસે પદ્મનાભની પૂજા કરવી. કાર્તિક બારસે દામોદરની પૂજા કરવી. એકાદશીએ સાત ધાન્યથી મંડળ પૂરીને વચમાં તાંબાનો ઘડો મૂકી, નાળિયેર પત્રો મુકી, થાળીમાં સોનાની, ચાંદીની, તાંબાની, લક્ષ્મીનારાયણની મૂર્તિ કરી, પંચામૃતથી સ્નાન કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી નૈવૈદ્ય ધરવું, આરતી ઉતારી વાજીંત્રો સાથે કીર્તન ઉત્સવો કરવા તથા જાગરણ કરવું. આવું ઉદ્યાપન કરનારો પોતાની એકવીશ પેઢીનો ઉધ્ધાર કરે છે. આ વ્રતની કથા વાંચશે તે શ્રીહરિના પરમપદને પામશે.

અધ્યાય - ૨૮૨

❖ લક્ષ્મીનારાયણ વ્રતવિધિ - ધ્વજારોહણ પૂજનવિધિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વપાપને હરનારું લક્ષ્મીનારાયણનું વ્રત કહું છું. માગશર પૂનમે બ્રાહ્મમુહૂર્તમાં સ્નાન કરીને, લક્ષ્મીનારાયણનું આવાહન કરીને, પંચામૃતથી સ્નાન કરાવીને, ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, આરતી, દંડવત, પ્રદક્ષિણા, સ્તુતિ, નમસ્કાર કરી, ક્ષમા યાચના કરવી. એવી રીતે એકવર્ષ સુધી વ્રત કરવું, વ્રતને અંતે ઉદ્યાપન કરાવવું તથા મંદિરમાં ધજા આરોપણ કરવી. જેથી ગંગાસ્નાન શિવપૂજન સમાન ફળ થાય

છે ધ્વજદંડ તે ધર્મનું રૂપ છે. મંદિરમાં ધજા ચડાવનારો જ્યાં સુધી ધજા રહે તેટલા યુગપર્યંત શ્રીહરિના ધામમાં રહે છે. પૂર્વ સત્યુગમાં સોમવંશમાં સુમતી રાજા ધર્મિષ્ઠ, વૈષ્ણવભક્ત હતો. તેની રાણી પણ પતિવ્રતા હતી. રાજા-રાણી શ્રીહરિની પૂજાપારાયણ રહી દર બારસે મંદિરમાં ધજા ચડાવતા તેની કીર્તિ સાંભળીને વિભાંડક ઋષિ રાજાને ત્યાં આવ્યા. રાજા પગે લાગી કહે, મારા અહોભાગ્ય તમારા દર્શન થયા. વિભાંડક ઋષિ કહે : તેં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારે પુરુષાર્થ સિધ્ધ કર્યા છે. છતાં તું દર બારસે ધજા કેમ ચડાવે છે ?

રાજા કહે : પૂર્વ જન્મમાં હું શુદ્ર હતો. મદ્ય, માંસ, ચોરી, વ્યભિચાર, હિંસા કરનારો, જંગલમાં રહેતો, ત્યાં વિષ્ણુનું જૂનું મંદિર હતું. તે સુધારી નવું કરી ત્યાં રહેતો. ત્યાં જંગલી સ્ત્રી આવી તેને પત્ની કરીને રાખી. અમે બન્ને દંપતીએ દશ વર્ષ મંદિરની સેવા કરી. ફાટેલા કપડાં સાંધી ધજા ચડાવતા. એક વખતે અમે બન્નેએ અતિ દારૂ પીધો, કપડાનું ભાન ન રહ્યું. નાચવા લાગ્યા. પ્રારબ્ધ કર્મથી બન્નેનું સાથે મૃત્યુ થયું. યમદૂતો આવ્યા, તરત વિષ્ણુ પાર્ષદો આવ્યા, યમદૂતોને કહે : અમારા પૂજારી છે. તમારો હક નથી. યમદુત કહે : આ બન્ને પાપી જીવો છે. પાર્ષદો કહે : મંદિરની સેવા કરવાથી, ધજા ચડાવવાથી, નૃત્ય કરવાથી તેના સર્વે પાપ નાશ થાય છે. યમદૂતો પાછા ગયા. વિષ્ણુ પાર્ષદો વિમાનમાં બેસાડીને દંપતીને વૈકુંઠમાં લઈ ગયા. પ્રભુએ ઈચ્છા નહીં હોવા છતાં રાજ્ય આપ્યું માટે હું વિભાંડક ઋષિ મંદિરની સેવા અને ધજા ચડાવી તેને પ્રતાપે પ્રભુએ રાજ્ય અને ભક્તિ, ભુક્તિ-મુક્તિ બન્ને આપ્યા.

અધ્યાય - ૨૮૩

❖ હરિપંચક વ્રતવિધિ - શ્રાવણ, ભાદરવો, આસોમાં ઉપવાસ ફળ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારીઓને સુખ આપનારું હરિપંચક વ્રતનો વિધિ કહું. માગશર સુદ દશમે એકટાણું કરી એકાદશીએ બ્રાહ્મમુહૂર્તમાં જાગી શ્રીહરિનું ધ્યાન કરી, સ્નાન કરીને, પંચામૃતથી શ્રીહરિને સ્નાન કરાવીને, વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવીને, અબિલ, ગુલાલ, કંકુ, ચોખા, કેશર, ચંદન, તુલસી, પુષ્પથી પૂજા કરી, ધૂપ-દીપ કરી, નૈવેદ્ય મુખવાસ ધરી, આરતી ઉતારી, દંડવત્, પ્રણામ, સ્તુતિ કરી, પ્રભુ પાસે પ્રાર્થના કરવી. હે સ્વામિ, આજથી હરિપંચક વ્રતનો આરંભ કરું છું. પૂર્ણ કરજો. એકાદશીથી પૂનમ સુધી નિરાહાર રહીને આ વ્રત થાય છે. આ રીતે દર મહિને વ્રત કરીને, એક વર્ષ થાય ત્યારે ઉદ્યાપન કરાવવું. સાધુ-બ્રાહ્મણોને ભોજન કરાવી, દાન આપવા.

શ્રાવણ, ભાદરવો, આસો માસમાં એક માસના ઉપવાસ કરવાથી રાજસૂયયજ્ઞનું ફળ થાય. બે માસ ઉપવાસથી બે ગણુ ફળ થાય, ૩ માસ ઉપવાસથી ચાર ગણુ ફળ થાય, ૪ માસ ઉપવાસથી અગ્નિષ્યેમ યજ્ઞનું ફળ થાય, ૫ માસ ઉપવાસ અતિ અગ્નિષ્ટોમ ફળ થાય, ૬ માસ ઉપવાસથી જ્યોતિષ્ટોમ ફળ થાય, ૭ માસ ઉપવાસથી વાજીમેર્ધ યજ્ઞ ફળ થાય, ૮

માસ ઉપવાસથી નરમેધ યજ્ઞ ફળ થાય, ૯ માસ ઉપવાસથી ગોમેધ આઠ યજ્ઞનું ફળ થાય, ૧૦ માસ ઉપવાસથી, બ્રહ્મમેધ યજ્ઞનું ફળ થાય. ૧૧ માસ ઉપવાસ કરે તો સારુપ્ય મુક્તિ પામે, ૧૨ માસ ઉપવાસ કરે તો સાલોક્ય સૃષ્ટિ સારૂપ્ય સામીપ્ય, આ પ્રકારની મુક્તિ પામી જીવાત્મા શ્રીહરિના પરમધામમાં વાસ કરે છે તેને ફરી જન્મ લેવો પડતો નથી. ગંગાસમાન તીર્થ નથી. માતાસમાન ગુરુ નથી. વિષ્ણુસમાન દેવ નથી. અન્નદાન સમાન તપ નથી. ક્ષમા, સમાન માતા નથી. કીર્તીસમાન દાન નથી. જ્ઞાનસમાન લાભ નથી. ધર્મસમાન પિતા નથી. વિવેકસમાન ભાઈ નથી. એકાદશીસમાન વ્રત નથી. બ્રહ્મસમાન પાત્ર નથી. પત્નિસમાન પ્રિય નથી. સાધુસમાન નૌકા નથી. હરિપંચક સમાન વ્રત નથી. આ વ્રતની કથા કોઈ વાંચશે, સાંભળશે તે પણ મોક્ષ મેળવશે.

અધ્યાય - ૨૮૪

❖ કયાં દિવસે કોની પૂજા કરવી ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રવિવારે એકટાણું કરી સૂર્યની પૂજા કરવી. "ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમં ભર્ગો દેવસ્ય ધીમહી ધિયો યોનઃ પ્રચોદયાત્" આ સૂર્ય ગાયત્રી મંત્ર એકસો આઠ વાર જપવા. સોમવારે એકટાણું કરી ચંદ્રની પૂજા કરવી. મંગળવારે એકટાણું કરીને શિવપુત્ર મંગલની પૂજા કરવી. બુધવારે એકટાણું કરી ચંદ્રપુત્ર બુધની પૂજા કરવી. ગુરુવારે એકટાણું કરી બૃહસ્પતિની પૂજા કરવી. શુક્રવારે એકટાણું કરી શુક્રની પૂજા કરવી. શનિવારે એકટાણું કરીને હનુમાનની અને પનોતીની તેલ-અડદથી પૂજા કરવી.

અધ્યાય - ૨૮૫

❖ રુકમાંગદ રાજાને એકાદશીનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : પૂર્વે સૌરાષ્ટ્રમાં રુકમાંગદ રાજા વૈષ્ણવ, ધાર્મિકભક્ત હતો. તે રાજા એકાદશીને આગલે દિવસે નગરમાં ઢોલ પીટાવી જાહેર કરતો કાલે એકાદશી હોવાથી સર્વે વ્રત કરી હરિભક્તિ કરજો. કોઈ આજ્ઞાનું પાલન નહીં કરે તેને નગર બહાર કાઢવો અથવા વધ કરવો. કુટુંબના કોઈપણ હોય તેણે એકાદશીનું વ્રત કરવું. તેના રાજયમાં મરે તે ગરૂડ પર બેસીને શ્રીહરિના ધામમાં જતા યમપૂરી માર્ગ બંધ થયો. નારદજી યમરાજ પાસે આવ્યા. કહે : યમપુરીમાં કેમ શૂન્ય છે ? યમરાજાએ રુકમાગદરાજાનું વૃતાંત કહ્યું. યમરાજ નારદ અને ચિત્રગુપ્તને લઈને બ્રહ્મા પાસે ગયા. મારે આ સત્તા નથી સાચવવી. સાવ નવરા થઈ ગયા. કાંઈક ઉપાય કરો. જેથી જમપુરીમાં જીવ આવે. આવું કામ પૂર્વે કોઈ રાજાએ કર્યું નથી. બ્રહ્મા કહે : યમરાજ શ્રીહરિનું ભજન કરે તે તો ઘણું સારું કહેવાય. સર્વે ઈશ્વરો, દેવો, શ્રીહરિનું ભજન ભક્તિ કરે, શ્રેષ્ઠ પદને પામ્યા છે. હું શ્રીહરિની ભક્તિથી વ્રતની ના પાડુ તો શ્રીહરિ મારું પદ બીજાને આપી દે માટે થતું હોય તેમ થવા દો.

અધ્યાય - ૨૮૬, ૨૮૭

❖ રુકમાંગદ રાજા અને મોહિનીનો વિવાહ પ્રસંગ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, યમરાજ બ્રહ્માને કહે : રાજા મનુષ્ય જો ભક્તિ કરાવી મોક્ષમાં મોકલે તો દેવો ઈશ્વરોની મોટાઈ ઘટી જાય. બ્રહ્મા કહે : વાત સાચી કાંઈ ઉપાય કરવો પડશે. સ્વર્ગનો અને યમપૂરીનો માર્ગ ચાલુ રાખવા બ્રહ્માએ મોહિની કન્યા ઉત્પન્ન કરી કહ્યું તું રુકમાંગદ રાજાને મોહ પમાડીને ભ્રષ્ટ કરજે. મોહિની રૈવતાચળ આવી તીર્થ કરી ભવેશ્વરના દર્શન કરી ત્યાં સંગીતમાં ગાવણું કરવા લાગી.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે સમયે રુકમાંગદરાજા પોતાના પુત્ર, ધર્માંગદને બોલાવી કહ્યું, આ રાજ્યની ગાદી તને સોંપું છું. ધર્મથી પ્રજાનું પાલન કરી શ્રીહરિની ભક્તિપરાયણ રહેજે અને એકાદશી વ્રત-નિયમનું ક્યારેય પણ ઉલ્લંઘન કરતો નહીં. પુત્ર ધર્માંગદ પિતાને પગે લાગી, આજ્ઞા માથે ચડાવી. રુકમાંગદ રાજા પત્ની સંધ્યાવલીને પુત્રની સાથે રાખી વૈરાગ્ય વ્રતથી અશ્વપટ સરોવર દર્શન કરી રૈવતાચળ દર્શન કરી ભવેશ્વર મહાદેવના દર્શન કરવા આવ્યો. ત્યાં મોહિનીને જોઈ મોહ પામ્યો. મોહિનીને કહે : તારે જે જોઈએ તે કહે, પણ મારી સાથે લગ્ન કર. મોહિનીએ કહ્યું, મારે કાંઈ જોતું નથી પણ પ્રતિજ્ઞા કરો, હું જ્યારે માગું ત્યારે તમારે ના પાડવી નહીં તે એક વચન આપો. રુકમાંગદ રાજા કહે : તને ન આપું એવું આ જગતમાં કાંઈ નથી. રાજાએ વચન આપ્યું. પછી બંનેએ દામોદર કુંડે વિષ્ણુ ભગવાન પાસે વિધિપૂર્વક લગ્ન કર્યાં. રાજાને મોહિની સાથે ચોપન વર્ષ નિમેષ માત્રમાં ચાલ્યા ગયા.

અધ્યાય - ૨૮૮

❖ કાર્તિક માસનાં વ્રત ન કરવા મોહિનીની હઠ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્યાં કાર્તિક માસ આવ્યો. એટલે રાજાએ મોહિનીને કહ્યું, કાર્તિક માસ વ્રત નિયમો માટે ઉત્તમ છે તેથી વ્રત કરી પ્રભુની ભક્તિ કરવી જોઈએ. એક માસ પક્ષ અથવા સાત દિવસનું વ્રત કરવું ત્યાં મોહિનીએ ના પાડી કહ્યું કે, આપણે વ્રત, નિયમ, તપની જરૂર નથી. ત્યાં ધર્માંગદ રાજાનો ઢોલ વાગ્યો. કાલે એકાદશીએ કોઈએ અન્ન ખાવું નહીં અને આખો દિવસ ભજનભક્તિ કરવા. જાહેરાત સાંભળી મોહિની રુકમાંગદરાજાને કહે : તમારી પાસે એકવચન માંગવાનું છે. તે આપો એકાદશી વ્રત તમારે કરવું નહીં. રાજા કહે : આટલા વર્ષોમાં ક્યારે પણ મેં વ્રતનો ભંગ કર્યો નથી. મોહિની કહે : જો તમે આપેલું વચન નહીં પાળો તો સત્યથી પડી જશો, સત્ય છે, એ જ ધર્મ છે, અને જો તમે વચન નહીં આપો તો તમને મારામાં પ્રીતિ નથી, અને પ્રીતિ હોય તો મારી સાથે ભોજન

કરો અથવા તમારું મસ્તક કાપી દો. રાજા કહે : અનેક દેશોથી આ કાર્તિક માસમાં ભક્તો પ્રદક્ષિણા કરી સાધુ-સાધ્વીના દર્શન કરે છે. આ રૈવતાચળની પ્રદક્ષિણામાં ઈશ્વરો, દેવો આવે છે એવા પવિત્ર સ્થાનમાં તું વ્રત કરવાની ના પાડે છે. ત્યાં પુત્ર ધર્માંગદ માતા સંધ્યાવલી તથા સૈન્ય સાથે ગીરનારની પ્રદક્ષિણા કરવા આવ્યો.

અધ્યાય - ૨૮૯, ૨૯૦

❖ રુકમાંગદ રાજાની એકાદશી વ્રત પ્રત્યેની દૃઢતા ❖

પુત્ર ધર્માંગદે પિતાના તથા અપરમાતાના દર્શન કર્યા. યાત્રામાં આવવાનું કહ્યું. મોહિનીએ ના કહી. રુકમાંગદ રાજાએ પુત્રને, પત્નીને સર્વે વૃતાંત કહ્યું. મોહિની કહે : સર્વે સાંભળો અન્ન છે તે સર્વેના પ્રાણ છે. અન્ન ન ખાવું તે તો યતિ, સાધુ, તપસ્વીનો ધર્મ છે. તે રાજાએ શા માટે ગ્રહણ કરવો, ત્યારે રાજા તથા ઋષિએ કહ્યું - શ્રીહરિની આજ્ઞા છે તે સત્ય છે. તપ, ધર્મ, ભક્તિ તે સર્વે આજ્ઞામાં રહેલું છે. ત્યાં નારદ, કાત્યાયન, વસિષ્ઠ વગેરે ઋષિઓએ આવીને કહ્યું, એકાદશીએ જે અશક્ત હોય તેણે દૂધ-ફરાળ અથવા અન્ન લેવા તેનો દોષ નથી પણ સશક્ત હોય તેણે ઉપવાસ કરવો. એકાદશીએ જે વ્રત ન કરે તે શિવનો, દેવનો, વિષ્ણુનો, ગણેશનો, કોઈના ભક્ત નથી તે પશુસમાન છે. ઋષિઓનું વચન સાંભળી રાજા કહે : અગ્નિ ઠંડો પડી જાય, સમુદ્ર સૂકાઈ જાય તોય વ્રતભંગ નહીં કરું.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મોહિની પોતાનું કાર્ય કરવા માટે અતિ ક્રોધ કરી બોલી તો હું તમારી પત્ની નથી તમે મારા પતિ નહીં. વચન આપીને ફરી જાવ છો તો તમારે ધર્મ નથી. ધર્માંગદ અને તેની માતા કહે : મોહિની તને અમે પગે લાગી છીએ તું આવો ખોટો આગ્રહ ન રાખ. સ્ત્રી પતિને પોતાનું ધાર્યું કરાવે છે. જે સ્ત્રી પતિની આજ્ઞામાં નથી રહેતી તે મરીને નરકમાં જાય છે. એ પછી ભૂંડથી છછૂંદર કાગડી, શિયાળવી, ગરોડીના જન્મને પામે છે. તેથી તું પતિવ્રતા સ્ત્રી નથી પણ પતિ અને પુત્રના પ્રાણ હરનારી છો. મોહિની કહે : તું પતિવ્રતા હો તો તારા પતિને બદલે તારા પુત્રનું મસ્તક આપી દે. જો રાજાને એકાદશી અન્ન ન ખાવું હોય તો રાજા તલવારથી પુત્રનું માથું કાપી મને આપે. ત્યારે ધર્માંગદ કહે : પિતાજી મારું માથું કાપી મોહિનીને આપો એટલે તમારી પ્રતિજ્ઞા સત્ય રહે અને મોહિની શાંત થાય. ધન, સ્ત્રી, ઘર, દેશ, સ્વર્ગ, મિત્ર, તીર્થ, ધર્મ, પુત્ર-પત્ની બધું તજી દેવું પણ હરિવાસર એકાદશી વ્રતનો ત્યાગ ન કરવો. અંતે રુકમાંગદ રાજાએ પોતાના પુત્ર ધર્માંગદનું મસ્તક ખડગથી કાપી નાખ્યું. ચારે કોર હાહાકાર થયો. મોહિની અતિ દુઃખ પામી શોક કરવા લાગી અરે મારું કાર્ય થયું નહીં અને પુત્ર હત્યા લાગી. યમપુરી માર્ગ ખુલ્લો કરવાને બદલે મારે યમપુરીમાં જવું પડશે.

આકાશમાં રહેલા શ્રીહરિએ તરત પ્રત્યક્ષ થઈને પુત્રનું મસ્તક હાથમાં લઈને કહે : રાજા તેં તારી પત્નીએ, તારા પુત્રે મોહિનીરૂપી મારી માયા જીતીને મારું વ્રત કરીને યમને માથે પગ દઈને પુત્રનું મસ્તક કાપીને મારી ભક્તિ કરીને મને પ્રસન્ન કર્યો છે. માટે ચાલ પત્ની-પુત્ર સેવકો સહિત વિમાનમાં બેસી જાવ ચાલો. ધામમાં સર્વે ચતુર્ભૂજરૂપ ધારણ કરી શ્રીકૃષ્ણ જેવા તેજસ્વી થઈ ધામમાં ગયા. આકાશવાણી થઈ ધર્મનો જય થાવ, દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. યાત્રાળુઓએ તેઓના પંચભૌતિક શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. મોહિની શોક કરવા લાગી. દેવો કહે : તે પ્રયત્ન તો ઘણો કર્યો પણ ફળ દૈવને આધીન છે. માટે શોક ન કર. ત્યાં રાજાના ગુરુ વસુ આવ્યા. દેવોને અને પુત્ર-પતિનો ઘાત કરનાર મોહિનીને ધિક્કાર છે એમ કહી પાણીની અંજલિ છાંટી મોહિનીને બાળીને ભસ્મ કરી દીધી. સર્વે કહેવા લાગ્યા ક્રોધને શાંત કરો, શાંત કરો.

અધ્યાય - ૨૯૧

❖ મોહિનીનું શાપ નિવારણ - તે વેધવાળી એકાદશી થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્રિલોકીમાં મોહિનીને સર્વે ધિક્કારવા લાગ્યા. કયાય રહેવાનું સ્થાન ન રહ્યું ત્યારે પિતા બ્રહ્મા પાસે ગઈને કહે : પિતાની આજ્ઞાનું પાલન ન થયું. પતિનો તિરસ્કાર કર્યો. પુત્રનો ઘાત કર્યો. સંધ્યાવલીનો નાશ કર્યો તેથી વસુએ શાપ આપ્યો. હવે મારો શાપ નિવારણ થાય તેમ કરો. બ્રહ્મા, દેવો, મુનિઓને લઈને વસુ પાસે આવ્યા, અને કહ્યું જેનાથી મોક્ષ મળે તે બંધુ, મિત્ર અને ગુરુ કહેવાય છે. આ મોહિનીએ રાજા-રાણી-પુત્રને મોક્ષમાં મોકલ્યા છે. તે સારું કામ કર્યું છે. માટે મોહિની પર કૃપા કરો, કોઈ સ્થાનમાં વાસ આપો. રુકમાંગદ રાજાનો ગુરુ જ્યોતિષવેતા વાસુદેવ કહે : તે મોહિનીને નિષેધ તિથિમાં વાસ આપવો ઉઘાતમાં ન હોય સાંજે એકાદશી હોય તે નિષેધતિથિ છે. આવી રીતે જે વ્રત રહેવાના હોય તે સૂર્યોદયમાં ન હોય સાંજે હોય તે નિષેધવાળી તિથિમાં મોહિનીને વાસ આપ્યો તે વેદ્ધા તિથિ કહેવાય છે. બે એકાદશી હોય તો બીજી રહેવી. પહેલી એકાદશીએ વ્રત કરે તેનું ફળ ન મળે અને બીજી એકાદશીએ અન્ન ખાય એનું પાપ લાગે, તે પાપ મોહિનીનું વેદ્ધાતિથિ છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે વેધવાળી એકાદશી કેમ થઈ તેની કથા કહી. આ કથા જે કહેશે અથવા સાંભળશે તે સર્વે પાપથી રહિત થશે.

અધ્યાય - ૨૯૨

❖ પુરુષોત્તમ માસ મહિમા - અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજાવિધિ ❖
❖ પુરુષોત્તમ માસની સુદ એકમની તિથીની પૂજનવિધિ ❖

શ્રી લક્ષ્મી કહે : હે પ્રભુ, તમારા મુખકમળથી મેં બાર માસનાં વ્રત, નિયમો, એકાદશી, વાર, તિથિઓ સર્વેનો વિધિ સાંભળ્યો હવે પુરુષોત્તમ માસનો, વ્રત, વિધિ તથા તેનો મહિમા કહો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાંભળો. બત્રીસ અથવા તેત્રીશ ચાંદ્ર માસ થાય ત્યારે એક માસ વધે છે તેને મળમાસ કહે છે. પરંતુ પુરુષોત્તમ એવા પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણને આશ્રયે ગયો તેથી તે મળમાસના અધિષ્ઠાતા દેવ પુરુષોત્તમ પોતે થવાથી પોતે પુરુષોત્તમતુલ્ય નામવાળો થયો. તે પુરુષોત્તમ માસમાં કેવળ સ્નાન કરવાથી સર્વે યજ્ઞોનું ફળ મળે છે. કેવળ સ્નાન કરવાથી સર્વે તિર્થોનું ફળ મળે છે. પુરુષોત્તમ માસમાં કેવળ સ્નાન કરવાથી કુંભમેળામાં કરેલા સ્નાન બરોબર ફળ થાય છે. કેવળ સ્નાન કરવાથી ચારધામ બદ્રીનારાયણ, જગન્નાથપુરી, રામેશ્વર, દ્વારકાની યાત્રાનું ફળ મળે છે. ભારતના સર્વે તિર્થોમાં સ્નાન કરવાનું જે ફળ થાય તે પુરુષોત્તમ માસમાં સ્નાન કરવાથી થાય છે.

પુરુષોત્તમ માસમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મારી પૂજા પંચામૃતથી સ્નાન કરાવી વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવી ષોડ્શોપચારથી પૂજા કરવી. અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, કેશર, ચંદન, અત્તર, ધૂપ-દીપ, તુલસી, પુષ્પથી પૂજા કરી, નૈવેદ્ય, તાંબુલ ધરી, આરતી કરીને, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ, નમસ્કાર, અપરાધની માફી માગીને પુરુષોત્તમ માસના નિયમ મૂર્તિ પાસે લેવા, એક માસ ફલાહાર, દૂધ વગેરે તથા એકટાણું અથવા નકત ભોજન તથા એક માસ સુધી પોતાને પ્રિય વસ્તુ ન ખાવી. એક માસ સુધી કથા શ્રવણ કરવી અથવા લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવી તથા સાંભળવી કિર્તન કરવા, ધૂન કરવી, માળા ફેરવવી, ધ્યાન કરવું, દંડવત કરવા, પ્રદક્ષિણા વગેરે નિયમો લેવા એક માસ પુરુષોત્તમ માસમાં બ્રહ્મચર્યનું પાલન કરવું તો ઉત્તમ વ્રત છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરવી - હે લક્ષ્મીપતિ, હે રાધા, હે રમા પતિ, હે માણિકી પતિ, હે પ્રભા, હે પાર્વતીપતિ મેં લીધેલા આ નિયમો પૂર્ણ થાવ. તો માટે તમે સહાય કરજો તથા શક્તિ પ્રમાણે સાધુ-સાધ્વી, વિપ્રો, પતિવ્રતા, સતિ, અનાથ, દીનબાળકોને, ભોજન કરાવી, દાન-દક્ષિણાઓ આપવી. આ પ્રમાણે વ્રત કરનારા નરનારીઓ ઉપર પુરુષોત્તમ નારાયણની પૂર્ણકૃપા થાય છે.

અધ્યાય - ૨૯૩

❖ પુરુષોત્તમ માસની સુદ બીજની તિથીની પૂજનવિધિ ❖
❖ નરનારાયણ મળમાસને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસે લાવ્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એક સમયે પૂનમે બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાનના દર્શન કરવા માટે વેદના પારને પામેલા નારદ, વ્યાસ, લોમશ, પત્નીવ્રત દ્વિજ માર્કંડેય વગેરે હજારો તપસ્વીઓ ઋષિઓ દર્શને આવ્યા. દંડવત્, પ્રણામ કરી, સ્તુતિ કરી, આસને બેઠા. તે સમયે યુગસંવત્સર સર્વે માસ, ઋતુઓ, પક્ષો, સર્વે નરનારાયણ ભગવાનના દર્શન કરી આસને બેઠા. ત્યાં સર્વેની પાછળ કાળો ભોજન વિના, શુષ્ક, મલિન, સ્નાન, પૂજા રહિત, સર્વેથી તિરસ્કાર કરાયેલો મળમાસ આવી બેઠો. પછી મળમાસે નરનારાયણ ભગવાનને સ્તુતિ કરી કહ્યું. હે પ્રભુ, તમે શરણાગતના રક્ષક છો. સર્વે માસના અવતાર ઈશ્વરો લક્ષ્મીઓ અધિષ્ઠાતા છે. તેથી સર્વે માસનો સત્કાર થાય છે. મારો તિરસ્કાર કરે છે. તેથી હું તમારે શરણે આવ્યો છું. નરનારાયણ ભગવાન કહે : તું શોક ન કર. હું તારો ઉદ્ધાર કરીશ. નરનારાયણ ભગવાન મળમાસને લઈ વૈકુંઠમાં ગયાં. મળમાસ લક્ષ્મીનારાયણ સંહિતાના દર્શન કરી, સ્તુતિ કરી. આશિર્વાદ મેળવી નરનારાયણ ભગવાન સાથે ગોલોકમાં ગયો. ત્યાં પીળા પિતાંબર ધારણ કરેલા, મોરલી મનોહર, ગોપીવૃંદથી સેવાયેલા રાધાકૃષ્ણના દર્શન કર્યાં. લક્ષ્મીનારાયણ ભગવાન પૂજા સામગ્રી લાવ્યા તેનાથી મળમાસ વીરજા નદીમાં સ્નાનથી શુદ્ધ થઈ, રાધાકૃષ્ણની પૂજા કરી. શ્રીકૃષ્ણે મળમાસને ભેટીને પોતાના સિંહાસનમાં સાથે બેસાડ્યો અને આવવાનું કારણ પૂછ્યું. મળમાસ કહે : આજે હું તમારા દિવ્ય દર્શનથી પૂજાથી આનંદવાળો થયો છું. તે પ્રભુ તમે સર્વેનું મંગલ કરનારા છો. તમે મારું મંગલ કરો.

કૃષ્ણનારાયણ કહે : અધિકમાસની દ્વિતીયાને દિવસે જે મારું પૂજન કરશે તે અનંત ફળને પામશે. તેથી તે આજે મારી પૂજા કરી તેથી પૂજ્યપણાને પામીશ. મળમાસ કહે : પણ મારા અધિષ્ઠાતા પતિ તમે થાવ. શ્રીકૃષ્ણ કહે : હું બીજા માસોનો સ્વામિ થયેલો છું. તેથી આપણે સર્વે અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ પાસે જઈએ. એમ કહી સર્વે નારાયણો પુરુષોત્તમ નારાયણ પાસે આવ્યા.

અધ્યાય - ૨૯૪

❖ પુરુષોત્તમ માસની સુદ ત્રીજની તિથીની પૂજનવિધિ ❖
❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણે મળમાસને પોતાનું "પુરુષોત્તમ" નામ આપ્યુ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી - નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, મળમાસ તે સર્વે અક્ષરધામના બ્રહ્મધરામાં સ્નાન કરીને પુરુષોત્તમરૂપ થઈને ગોલોકથી કરોડો ગણા તેજસ્વી પુરુષોત્તમ સમાનરૂપવાળા, દશ વર્ષની અવસ્થાવાળા થયા અને ત્યાના મુક્તોના મંડળોને જોઈને આશ્ચર્ય પામ્યા. પરમધામના મહેલો, બાગ-બગીચા, વિમાનો જોઈને તેમને પોતાના ધામનો વૈરાગ થયો. તેમજ ગોલોક વૈકુંઠથી લાવેલી પૂજાની સામગ્રી નિસ્તેજ દેખાતી હતી. ત્યાં અનંત યોજનમાં બ્રહ્મસરોવર જોયું. તેમાં પૂજાની સામગ્રી નાખી દીધી. ત્યાંથી આગળ લાખ યોજનનો પુરુષોત્તમ નારાયણનો મહેલ જોયો. અનંત મુક્તોથી સેવાયેલા પુરુષોત્તમ નારાયણના દર્શન કરી નરનારાયણ બેઠા. મળમાસ પાંચ દંડવત્ કરી પાસે હાથ જોડી ઊભો રહ્યો. પુરુષોત્તમ નારાયણે પૂછયું - કુશળ છો, આ સાથે કોણ છે ? લાભ માટે આવ્યા છો. નરનારાયણ ભગવાને પુરુષોત્તમ નારાયણની પૂજા કરીને, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, આરતી ઉતારી, સ્તુતિ કરીને વિનંતી કરી. આ મળમાસ સર્વે માસથી વધારાનો અને તિરસ્કાર કરાયેલો છે. તેનું આ મહાદુઃખ તમારા વિના કોઈ નાશ નહીં કરે. પુરુષોત્તમ નારાયણ કહે : તમે અહીં આવ્યા સારું કર્યું. તમે જેની પર કૃપા કરી તેની પર મારી કૃપા છે જ. હું મારું સર્વે ઐશ્વર્ય, સર્વે ગુણ સામર્થ્ય પરાક્રમ તે સર્વે આ અધિક માસમાં મૂકું છું.

આ મળમાસ સંકલ્પ પ્રમાણે ફળ આપનારો, પાપને નાશ કરનારો, મારા સમાન રૂપવાળો અને મોક્ષ આપનારો થશે. મારા સર્વે ગુણો આ અધિક માસમાં વાસ કરવાથી તે પુરુષોત્તમ માસથી જગતમાં પ્રસિદ્ધ થશે. તેનો સ્વામી હું પોતે પુરુષોત્તમ હોવાથી સર્વે માસમાં તે ઉત્તમ થશે. પુરુષોત્તમ માસમાં જે સ્નાનદાન, જપ, તપ, નિયમ જે કાંઈ સત્કર્મ કરશે તે મને પુરુષોત્તમ નારાયણને પામશે અનેક પ્રકારના તપ કરનારા, ટાઢ-તડકા વેઠનારા શરીરને સુકવી નાખનારાને જો પુરુષોત્તમની ભક્તિ ન હોય તો તે ધામમાં જતા નથી. પરંતુ પુરુષોત્તમ માસમાં મારી ભક્તિ કરનારાને હું ધામમાં લઈ જઈશ.

પુરુષોત્તમ માસમાં જપ, તપ, વ્રત, નિયમ, દાન કરનારા, ભક્તોના અવગુણ અપરાધને હું ગણતો નથી અને તેના સર્વે સંકલ્પ પૂર્ણ કરું છું. વાવ, કુવા, તળાવ, યજ્ઞ, આદિ સત્કર્મોથી રહિત, પૂજાથી રહિત, દેવ, તીર્થ, સાધુ-બ્રાહ્મણ, મંદિર, સાધ્વી, પતિવ્રતા, સતી, વગેરેની નિંદા કરનારા કાગડાં અને કૂતરાના જન્મને પામે છે. પુરુષોત્તમ માસના વ્રત કરનારાની કોઈ નિંદા કરશે, તાડન કરશે, દુઃખ આપશે તે ગધેડાના શિયાળના જન્મને

પામશે. કન્યા, યુવતી, સધવા, વિધવા, બાળક, યુવાન, વૃદ્ધ, સર્વેએ પુરુષોત્તમ માસ વ્રત, નિયમ, ભક્તિ વિના વ્યર્થ ન જવા દેવો. પુરુષોત્તમ માસની તૃતીયાને દિવસે જે મારી પુરુષોત્તમ નારાયણની મહાપૂજા કરશે. તે વૈકુંઠ, ગોલોક, અમૃતધામ, અક્ષરધામને પામશે. શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, હું એક હોવા છતાં અનેક સ્વરૂપે અનેક ધામોમાં રહેલો છું, તે હું જ જાણું છું. બીજા કોઈ જાણતા નથી. રાધા લક્ષ્મી સાથે પણ હું છું, અને માણિકી, પાર્વતી, પ્રભા સાથે પણ હું જ વીચરું છું.

અધ્યાય - ૨૯૫

❖ પુરુષોત્તમ માસની સુદ ચોથની તિથીની પૂજનવિધિ ❖
❖ ક્ષીરસાગર પુત્રી રમા નારાયણના પત્ની થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નરનારાયણ ભગવાન અને અધિક માસ અક્ષરધામમાંથી પુરુષોત્તમ નારાયણના આશિર્વાદ લઈને આ લોકમાં આવ્યા. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનથી સત્કાર પામ્યા. ત્યાંથી વૈકુંઠમાં આવ્યા. ત્યાં લક્ષ્મીનારાયણે સત્કાર કર્યો. એ રીતે પુરુષોત્તમ માસ પૂજ્યપણાને પામ્યો. પુરુષોત્તમ માસને જે જનો જે ભાવથી ભજશે તે જનો વૈકુંઠ, ગોલોક, બ્રહ્મધામમાં જશે. આ રીતે ભગવાનનાં પાર્ષદોએ ચૌદલોકમાં મહાનગારું વગાડ્યું. પુરુષોત્તમ માસની ચતુર્થીએ રમા દાસીઓ સાથે ક્ષીરસાગરથી વૈકુંઠ આવી નારાયણને વરમાળા પહેરાવી પત્ની થયા. લક્ષ્મીએ પૂછ્યું, નારાયણ તારા પતિ કેમ થયા ? ક્ષીરસાગર પુત્રી રમાએ કહ્યું, પુરુષોત્તમ નારાયણના પાર્ષદોનું પુરુષોત્તમ માસનું નગારું સાંભળીને નારાયણની પુરુષોત્તમની ચોથને દિવસે પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, કેશર, ચંદન, પુષ્પ, તુલસીથી પૂજા કરી, નૈવેદ્ય, મિષ્ટાન્ન ધરાવી, મુખવાસ અર્પણ કરી, આરતી, સ્તુતિ કરવાથી પુરુષોત્તમ નારાયણ પ્રસન્ન થયા અને મને પત્ની ભાવે ગ્રહણ કરી.

રમા કહે : કુમારીનું શરીર જન્મથી અશુદ્ધિવાળું યજ્ઞોપવિત સંસ્કારથી રહિત, એમ નારીનો દેહ અશુદ્ધ હોવા છતાં હું પુરુષોત્તમ નારાયણની ભક્તિથી પત્ની ભાવને પામી. લક્ષ્મીનારાયણ પ્રસન્ન થયા રમાને કહે : વરદાન માગ. રમા કહે : સદા કુમારી રહી, રજસ્વલાના દોષથી રહિત થાઉં, અને તમારી પત્નીભાવને પામું. નારાયણ કહે : તું મને પામીને સૌભાગ્યવાળી થઈ છો માટે તને ક્યારેય સગર્ભાપણુ નહીં થાય અને સદા મંગલ સ્વરૂપે રહીશ. એવી રીતે ક્ષીરસાગર પુત્રી રમાને લક્ષ્મીનારાયણ ભગવાને આશિર્વાદ આપી વૈકુંઠમાં વાસ આપ્યો.

અધ્યાય - ૨૯૬, ૨૯૭

❖ પુરુષોત્તમ માસની સુદ પાંચમની તિથીની પૂજનવિધિ ❖
❖ દેવી સરસ્વતી પરાવિદ્યા, વાણી અને નદીરૂપે થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અધિક માસની પંચમીની કથા કહું છુ. બ્રહ્મધામમાં રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણના શરીરમાંથી પ્રગટ થયેલી બ્રહ્મવિદ્યા શારદા તે વૈરાજ લોકમાં આવી બ્રહ્મ એવા વૈરાટનારાયણના શરીરમાં લીન થઈ. પછી બ્રહ્મા, વિષ્ણુ, શંકરની સાથે પ્રગટ થયા. તે વૈરાજપુત્રી શારદા તેણે વિચાર કર્યો. હું કુમારી સ્ત્રીરૂપે પ્રગટ થઈ, પણ મારો સ્ત્રીનો દેહ અપવિત્ર અસ્પૃશ્ય સંસ્કારથી રહિત, તેમાં રજસ્વલાપણું વગેરે મલીનતા વગેરે નષ્ટ થાય, સદા કુમારી પણુ રહે, એવું કંઈક સાધન કરું. ત્યાં પ્રભુના પાર્ષદોનું અધિક માસનું નગારું સાંભળ્યું. વૈરાજપુત્રી શારદાએ પુરુષોત્તમ માસની પંચમીએ બ્રહ્મમુહૂર્તમાં જાગી. લક્ષ્મીનારાયણ શ્રીહરિ પુરુષોત્તમની પૂજા કરી. પંચામૃતથી સ્નાન કરાવી ષોડ્શોપચારથી પુજન કરી, નૈવેદ્ય ધરી, આરતી, સ્તુતિ કરી, અપરાધ ક્ષમા માંગી. તરત વૈરાજ પુત્રી શારદાની ભક્તિથી પ્રસન્ન થયેલા લક્ષ્મીનારાયણ પ્રભુ કહે : વરદાન માગ તારે શું જોઈએ ?

શારદા કહે : પ્રભુ મારું કુમારીપણું સદા રહે, રજસ્વલાના દોષથી રહિત થઈ તમારી પત્ની ભાવને પામી ગર્ભથી રહિત રહું. લક્ષ્મીનારાયણ પ્રભુ કહે : કુમારીપણું, અને પત્નીપણું સાથે રહેતું નથી. છતાં તને આશિર્વાદ આપું છું, તારું કુમારીપણું સદા રહેશે. સ્ત્રીરાજ્ય, સ્વતંત્ર રાજ્ય, મહારાજ્ય તને આપી પત્નીભાવે ગ્રહણ કરી રજસ્વલાના દોષથી રહિત કરી, ગર્ભપણાના દોષથી રહિત કરીશ. માટે તું અનાદિશ્રીકૃષ્ણનારાયણની પરાવિદ્યાને ફેલાવનારી કુમારી રૂપે સરસ્વતી થા. વૈરાજ પુત્રી શારદા લક્ષ્મીનારાયણના આશિર્વાદ પ્રાપ્ત કરી અતિ પ્રસન્ન થઈ તથા સરસ્વતી ત્રણ સ્વરૂપે થયા. એક સ્વરૂપે પ્રભુના પત્ની થયા. બીજે સ્વરૂપે પરાવિદ્યા વાણીરૂપે થયા. ત્રીજે સ્વરૂપે સ્વયં નદી સ્વરૂપે થયા. એ રીતે જે નરનારીઓ પુરુષોત્તમ માસની પંચમીનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તે ઈચ્છિત સંકલ્પને પ્રાપ્ત કરી, પુરુષોત્તમ નારાયણની પ્રસન્નતા પ્રાપ્ત કરી, પુરુષોત્તમ નારાયણને પામશે.

અધ્યાય - ૨૯૮

❖ પુરુષોત્તમ માસની સુદ છઠ્ઠની તિથીની પૂજનવિધિ ❖
❖ નારાયણ, બ્રહ્મા અને કૃષ્ણ પિતૃકન્યાઓના જમાઈ થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પુરુષોત્તમ માસની છઠની કથા કહું છુ. પૂર્વે સૃષ્ટિના આરંભમાં પિતૃઓની માનસ કન્યા મેના, ધન્યા, કલાવતી હતી. તેણે શ્રીહરિનું પુરુષોત્તમ

માસનું નગારું સાંભળ્યું. તેથી તે ત્રણ કન્યાઓએ વિચાર કર્યો. આપણે પિતૃઓના ઉદ્ધાર માટે પુરુષોત્તમને પતિ ભાવે વરીએ અથવા પુત્રપણું માગીએ. પરંતુ વિવાહ વિધિમાં કુટુંબનો વિયોગ તે દુઃખ. સાસરા પક્ષમાં મર્યાદામાં રહેવું તે દુઃખ. પતિ પાસે હોય તો અપરાધ થાય, દૂર હોય તો સેવા ન થાય. અતિ યોગમાં મર્યાદા નહીં રહે, અમર્યાદા દુઃખદાયી, ભગવાન પાસે શું માગવું ? ત્યાં આકાશવાણી થઈ - પ્રભુની પાસે પુત્રીઓનું વરદાન માગી પ્રભુને કન્યાદાન આપી જમાઈ કરજો, જમાઈ પુત્ર સમાન કહેવાય છે. ત્યારે ત્રણે પિતૃ કન્યાઓ પુરુષોત્તમ માસની છઠે બ્રાહ્મમુહૂર્તમાં જાગી સ્નાન કરીને કૃષ્ણનારાયણ પુરુષોત્તમને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, આરતી, પ્રદક્ષિણા કરી, સ્તુતિ, પ્રાર્થના કરી. હે પુરુષોત્તમ અમે આજે તમારું વ્રત વિધિપૂર્વક કરી, હોમ-હવન કરશું. અમારું વ્રત પૂર્ણ થવામાં તમે સહાયરૂપ થજો.

ત્રણે કન્યાઓએ બપોરે પિતૃઓને, સાધુ, સાધ્વી, દેવો, મુનિઓને દૂધપાક, પૂરી, મિષ્ટાન્નથી તૃપ્ત કર્યા. સર્વેએ આશિર્વાદો આપ્યા. પછી મંડપ કરી સિંહાસનમાં ત્રણ મૂર્તિઓ બ્રહ્મા, કૃષ્ણ, નારાયણની પધરાવી પૂજન કરી વાજિંત્રો સાથે ઉત્સવ નૃત્ય કર્યું. પછી ધ્યાન ધર્યું. ત્યાં ધ્યાનમાં મેનાને તેજસ્વી બ્રહ્મ શંકરના દર્શન થયા. આશિર્વાદ આપી કહ્યું : મેના તું હિમાલયની પત્ની થઈશ. ત્યારે ત્યાં પાર્વતી પુત્રી રૂપે પ્રગટ થશે અને હું તારો જમાઈ થઈશ. પછી મેનાએ પોતાના ખોળામાં બેઠેલા પુત્રી પાર્વતીને જોયા. ધ્યાનમાં રહેલી ધન્યાને જટાવલ્કલને ધારણ કરનારા, ધનુષ્યવાળા વાસુદેવને જોયા અને પાસે રહેલી સીતાને જોઈ પ્રસન્ન થયેલા શ્રી રામે ધન્યાને કહ્યું, તું જનક રાજાની પત્ની થઈશ, અને આ મહાલક્ષ્મી સીતા તારી પુત્રી થશે. ત્યારે હું તારો જમાઈ થઈશ. એ પ્રમાણે આશિર્વાદ આપી અદૃશ્ય થયા. પછી ધ્યાનમાં કલાવતીને પિતાંબરધારી ચક્રવાળા બેભૂજાવાળા કૃષ્ણે દર્શન આપી આશિર્વાદ આપ્યા. પાસે રાધાજી હતાં શ્રીકૃષ્ણ કલાવતીને કહે : તું વૃષભાનુની પત્ની થઈશ. તારે ત્યાં આ રાધા પુત્રીરૂપે પ્રગટ થશે. ત્યારે હું તારો જમાઈ થઈશ. એ પ્રમાણે કહીને અદૃશ્ય થયા. મેના, ધન્યા, કલાવતી ત્રણે પિતૃ કન્યાઓ ધ્યાનમાંથી જાગૃત થઈ આશિર્વાદ પ્રાપ્ત થયાની વાત કહી. પછી સવારે પારણાં કરી વ્રત પૂરું કર્યું. પછી પિતૃઓએ તે કન્યાઓ મેના હિમાલયને આપ્યા. ધન્યા જનકરાજાને આપ્યા. કલાવતી વૃષભાનુને આપ્યા. તેને ત્યાં પુત્રીરૂપે પાર્વતી, સીતા, અને રાધા પ્રગટ થયા તેને શંકર, રામ, અને કૃષ્ણ પરણીને પિતૃ કન્યાના જમાઈ થયા. એ રીતે પુરુષોત્તમ માસનું છઠનું એક જ દિવસનું વ્રત કરીને પિતૃ કન્યાઓ નારાયણ - બ્રહ્મા - કૃષ્ણને જમાઈ ભાવે પામી. જેને પોતાની કન્યાને સુખી કરવી હોય તે પુરુષોત્તમ માસની છઠનું વ્રત કરવાથી સત્પાત્ર જમાઈને પ્રાપ્ત કરી ભુક્તિ-મુક્તિ પામે છે. જે નરનારીઓ આ વ્રત કરશે તે ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારે પુરુષાર્થની સિદ્ધિને પામશે, અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરીને પરમધામમાં જાશે.

અધ્યાય - ૨૯૯

❖ પુરુષોત્તમ માસની સુદ સાતમની તિથીની પૂજનવિધિ ❖
❖ વિશ્વકર્માની પુત્રીઓ સિદ્ધિ-બુદ્ધિ ગણેશને પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નગરની મહેલોની સભામંડપોની રચના કરનારા નારાયણના અંશ એવા વિશ્વકર્માની બે પુત્રીઓ સિદ્ધિ, બુદ્ધિ તે પુરુષોત્તમ નારાયણનું ચૌદ લોકમાં ફરતું નગારાનો અવાજ સાંભળીને પુરુષોત્તમ માસની સપ્તમીનું વ્રત આદરપૂર્વક કરતી હતી. માતા-પિતાની સેવાપરાયણ તે બંને બહેનોએ સાતમને દિવસે સવારે જાગી ત્યાં નગારું સાંભળ્યું બ્રહ્માંડમાં રહેનારા જે જનો અધિક માસનું વ્રત કરશે તેની મનોકામના પૂર્ણ થશે. આવી દિવ્યવાણી સાંભળીને સાતમને દિવસે બ્રાહ્મમુહૂર્તમાં જાગી સ્નાન કરી, પુરુષોત્તમ નારાયણનું પૂજન કરતા હતા. પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર અલંકારો ધારણ કરાવી, અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, કેશર, ચંદન, તુલસી, પુષ્પથી પૂજા કરી, નૈવેદ્ય ધરી, મુખવાસ, તાંબુલ આપી, આરતી કરી, દંડવત્ કરી, પ્રદક્ષિણા કરી, સ્તુતિ કરી. પૂજામાં કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા માંગી. ત્યાં શ્રી પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ પ્રત્યક્ષ આવી બંને બહેનોને દર્શન આપી કહ્યું, તમારો સંકલ્પ પૂર્ણ થશે. એમ કહીને અદૃશ્ય થયા.

સિદ્ધિ અને બુદ્ધિ બંને વિચારવા લાગી જાગ્રત છે કે સ્વપ્ન ત્યાં તો પાર્વતીના ખોળામાં બેઠેલા એક સૂંઢવાળા કૃષ્ણ સમાન રૂપવાળા શિવપુત્ર ગણેશને જોઈ મોહ પામી અને અતિ સ્નેહથી ગણેશને વારંવાર લાડુ જમાડીને પ્રસન્ન કર્યાં. ગણેશે બંનેને એકએક લાડુ પ્રસાદીનો આપી અદૃશ્ય થયા. સમય જતા વિશ્વકર્માએ વૃતાંત જાણી શ્રી ગણેશને બોલાવી સિદ્ધિ બુદ્ધિના વિધિપૂર્વક લગ્ન કર્યાં. આ પ્રમાણે સિદ્ધિ બુદ્ધિએ પુરુષોત્તમ માસનું સાતમનું એક દિવસનું વ્રત કરીને માતા-પિતાના આશિર્વાદ પ્રાપ્ત કરીને શ્રીકૃષ્ણ સ્વરૂપ ગણેશને પામી. પુરુષોત્તમ નારાયણ કહે : એવી રીતે જે જનો નર-નારી, કુમાર, કુમારી જે ઇચ્છાથી એક માસ પુરુષોત્તમ માસના વ્રત કરશે, તે સર્વે સુખને પામશે. કોઈ ઉપવાસ કરશે, નકત ભોજન કરશે, એકટાણું કરશે, ફળફૂલ ખાશે, એકલા દૂધ ઉપર રહેશે. જપ, તપ, નિયમ લેશે, શ્રીહરિની પૂજા પરાયણ રહેશે તે સર્વેને હું ધામમાં લઈ જઈશ. એક માસ, પંદર દિવસ, સાત દિવસ, ત્રણ દિવસ, અથવા એક દિવસ, પણ વ્રત કરનારને ભુક્તિ-મુક્તિ બંને પ્રાપ્ત થાય છે. બીજા સર્વે માસમાં વ્રત કષ્ટસાધ્ય છે. પુરુષોત્તમ માસમાં વ્રત સુગમ છે. તેથી હે જનો, આ પુરુષોત્તમ માસમાં મને એક સોપારી અર્પણ કરશે તો પણ બ્રહ્માના પદને પામશે. જલપાત્ર અર્પણ કરશે તો વૈરાજ પદ પામશે. એકટાણું કરશે તો ગોલોકને પામશે. ઉપવાસ ફલાહાર, નકત ભોજન કરશે તો નારાયણ સમાન થશે. તુલસીપત્ર પુષ્પનું દાન કરશે તો ઈન્દ્ર પદ પામશે. મંદિરમાં દીપ-દાન કરશે તો સૂર્ય-ચંદ્ર જેવા તેજસ્વી થશે. સારો પતિ,

સારી પત્ની, પુત્ર-પુત્રી, સંપત્તિ જે ઇચ્છા હશે તે આ પુરુષોત્તમ માસનું વ્રત કરવાથી મળશે. મારી લક્ષ્મી જેવા થવાની ઇચ્છા હોય તો લક્ષ્મી જેવી થઈ મને પુરુષોત્તમને પામશે. હે ભક્તો તમને ન અપાય એવી વસ્તુ આ બ્રહ્માંડમાં ક્યાંય નથી. મારો ભક્ત જે ઇચ્છે તેને વસ્તુ પદાર્થ સામર્થી સર્વે આપું છું. આ પુરુષોત્તમ માસની કથા અથવા એક અધ્યાય અથવા એક શ્લોક કોઈ વાંચશે અથવા સાંભળશે તેને પુરુષોત્તમ નારાયણમાં પ્રેમભક્તિ પ્રગટ થશે અને આલોકમાં જ અક્ષરધામનું અલૌકિક સુખ પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૩૦૦

❖ પુરુષોત્તમ માસની સુદ આઠમની તિથીની પૂજનવિધિ ❖
❖ પૂજાની સામગ્રીઓ ઝાલર, ટોકરી આદિકની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે બ્રહ્મા તપથી કલેશ પામ્યા. ત્યારે લલાટમાંથી તામસી સૃષ્ટિ થઈ. રુદ્રને કહ્યું, આનો સંહાર કરો. રુદ્રે સંહાર કર્યો. પછી બ્રહ્માને થયું સંતાન વિના સુનું લાગે છે. પુત્ર વિનાનું સ્વર્ગ જેવું ઘર નરક જેવું લાગે છે. પુત્ર વિના જમવાનું પણ સૂકું લાગે છે. બ્રહ્માએ ઇન્દ્રિયોનો સંયમ કર્યો. ત્યાં ત્રણ માનસ પુત્રો ઉત્પન્ન થયા તે નગારું, ટોકરો અને શંખ. પછી ત્રણ માનસ પુત્રીઓ ઉત્પન્ન થઈ તે ટોકરી, આરતી, અને ઝાલર. પછી ત્રણ થયા. તે કાંસા, પંચપાત્ર, અને ધૂપીયું. ત્રણ પુત્રો - ત્રણ પુત્રીઓ - ત્રણ નપુંષકો. તે બ્રહ્માના માનસસંકલ્પથી થયા. જેવો સંકલ્પ, જેવા ભાગ્ય, તે પ્રમાણે સંતાન થાય છે. તેથી બ્રહ્મા પ્રસન્ન થયા. તે સર્વે સવાર-સાંજ ભગવાનની ભક્તિ, વાજિંત્રો વગાડી પ્રભુ પાસે નૃત્ય કરી, પ્રભુને પ્રસન્ન કરતા હતા. ત્યાં અધિક માસમાં પુરુષોત્તમ નારાયણનું નગારું ચૌદ લોકમાં ફરતું ઘોષણા કરતું સાંભળાયું. સર્વે જડ, ચેતન, સ્થાવર, જંગમ, નર-નારી સર્વે સાંભળો. હું પુરુષોત્તમ માસની જાહેરાત કરું છું. મન, વચન, કર્મથી આજે આઠમનું વ્રત કરી, મૌન ધારણ કરી, પુરુષોત્તમની પૂજા કરી, એકટાણું કરી, વ્રત કરવું તથા સવારમાં સ્નાન કરી. પુરુષોત્તમ શ્રીકૃષ્ણનારાયણને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવેદ્ય કરી, મુખવાસ અર્પણ કરી, ધૂપ-દીપ આરતી કરીને, સ્તુતિ, પ્રાર્થના કરવી. હે પુરુષોત્તમ, આજે આઠમનું મારું વ્રત પૂર્ણ કરજો. આવું પુરુષોત્તમ નારાયણનું નગારું સાંભળીને બ્રહ્માના માનસપુત્રોએ નગારાને પૂછ્યું, તું કોણ છો ? ક્યાં વાસ કરે છે ? શું કામ કરે છે ? તારો પ્રભુ કોણ છે ?

મહાનગારું કહે : હું વૈકુંઠમાં વાસ કરું છું, મારા સ્વામિ શ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ છે. તેની આજ્ઞાથી બ્રહ્માંડમાં ફરી પુરુષોત્તમ માસમાં વ્રત-નિયમ, ભક્તિ કરાવું છું. બ્રહ્માના માનસપુત્રોએ પૂછ્યું, તે પ્રભુના વૈકુંઠ ધામ કેમ પ્રાપ્ત થાય ? પુરુષોત્તમ નારાયણના પાર્ષદ નગારાએ કહ્યું, આ અધિક માસમાં વ્રત, તપ, શ્રીહરિનું ત્રણ વાર, બે વાર અથવા એકવાર

પૂજન કરવાથી તથા શ્રીહરિની નવધા ભક્તિ કરવાથી વૈકુંઠ, ગોલોક, બ્રહ્મધામની પ્રાપ્તિ થાય છે. બ્રહ્માના પુત્રોએ પૂછ્યું, વૈકુંઠથી ગોલોકધામ પર છે અને ગોલોકથી પર બ્રહ્મધામ છે. તેના સ્વામિને અમે પામીએ કે નહીં ? વૈકુંઠ પાર્ષદ કહે : જો લક્ષ્મીનારાયણ ભગવાનના દર્શન કરવા હોય તો વૈકુંઠમાં જવું. રાધા કૃષ્ણના દર્શન કરવા હોય તો ગોલોકમાં જવું અને જો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા હોય તો બ્રહ્મધામમાં જવું પડે. તેનાથી પરકોઈ નથી. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી હું બ્રહ્માંડમાં ફરી પુરુષોત્તમ માસના વ્રતની જાહેરાત કરું છું.

વૈકુંઠથી કરોડો ગણું સુખ ગોલોકમાં છે. ગોલોકથી કરોડો ગણું સુખ અક્ષરધામમાં છે. તે અક્ષરધામના સુખ પાસે બ્રહ્મા, વિષ્ણુ, મહેશના સુખ નરક જેવા છે. આવું વચન સાંભળીને બ્રહ્માના પુત્રોએ પુરુષોત્તમ માસનું આઠમનું વ્રત કરી પુરુષોત્તમનું પૂજન કરી દિવ્ય દર્શન પામ્યા. પુરુષોત્તમ પાસે વરદાન માગ્યું, હે પુરુષોત્તમ અમે તમારી સેવા વિના બીજું કાંઈ માગતા નથી. તેથી જ્યાં તમારા મંદિર હોય ત્યાં અમે સર્વે સાથે રહીને તમારી દાસભાવે સેવા કરીએ. પુરુષોત્તમ નારાયણ પ્રસન્ન થઈને તે સર્વેને દાસભક્તિ આપી. એ રીતે પુરુષોત્તમ માસનું આઠમનું વ્રત કરી આરતી, ટોકરી, ઝાલર, નગારું, ટોકરો, શંખ, કાંસા, પંચપાત્ર, ધુપીયું તે મુક્ત સ્થિતિને પામી જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી પ્રભુની દાસભક્તિ કરશે. પછી બ્રહ્માએ પોતાના પુત્રો ભગવાનના ભક્તો થયા જાણીને આનંદ થયો અને બીજા માનસપુત્રો સનકાદિક વગેરે પ્રગટ કર્યાં. મંદિરમાં પ્રભુની સેવામાં રહેલા અચેતન જેવા દેખાતા તત્ત્વોની કોઈ નિંદા કરશે, કોઈ ભાંગશે, કોઈ વિરોધ કરશે, તે યમદૂતના દંડને પાત્ર થશે.

અધ્યાય - ૩૦૧

❖ પુરુષોત્તમ માસની સુદ નવમીની તિથીની પૂજનવિધિ ❖
❖ અગ્નિ અને સુવર્ણ જગતપૂજ્ય થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ પુરુષોત્તમ માસની કથા પરબ્રહ્મ પાસેથી વાસુદેવે સાંભળી. વાસુદેવ પાસેથી ભૂમાપુરુષે સાંભળી. ભૂમાપુરુષ પાસેથી વૈરાટ નારાયણે સાંભળી. વૈરાટનારાયણ પાસેથી તેનો પુત્ર અગ્નિદેવ વગેરે ત્રિલોકીએ સાંભળી. પૂર્વે અગ્નિ સર્વેને બાળતો હોવાથી તેનો ક્યાંય સત્કાર ન થતો, દેવો ઈશ્વરોમાં સન્માન ન પામતો. તેથી લોકાલોક પર્વતમાં જઈ વાસ કરી, તેના પુત્રપણાને પામ્યો. પણ અતિ દાહક શક્તિ હોવાથી કોઈ તેની પાસે જતું નહીં. તેને કોઈ બોલાવતું નહીં. તેથી તે અગ્નિ ઉદાસ થઈ વિચાર કર્યો, જેની પાસે વિદ્યા, સંપત્તિ, કીર્તિ, રાજસત્તા, સિદ્ધિ, ઐશ્વર્ય, ભક્તિ એ માંયલું કાંઈ નથી, તેનું જીવન મરણ સમાન છે. તેથી મેરુ પર્વત પરથી પડી અને મરી જાઉં. તે અગ્નિએ અને તેનો પુત્ર સુવર્ણ. તેણે એવો વિચાર કર્યો. ત્યાં સત્યલોકમાં ફરતું શ્રીહરિનું નગારું

તેણે જાહેરાત કરી અધિક માસમાં કોઈ જનો શોક ન કરશો. નારાયણને સંભારીને જે આજે પુરુષોત્તમ માસની નવમીનું વ્રત કરશે તે ઇચ્છેલું ફળ પ્રાપ્ત કરશે. એકટાણું કરવાથી, નકત ભોજનથી, અયાચિત ભોજનથી, ફળથી, દૂધથી, નિરાહારથી, વ્રત કરીને પુરુષોત્તમ નારાયણનું પૂજન એકવાર સવારે અથવા ત્રણ વાર પૂજન કરશે તે દરિદ્ર હશે, ગણતરી વિનાનો હશે તે દરિદ્ર મટી ગણનાપાત્ર થશે. હું પુરુષોત્તમ નારાયણની આજ્ઞાથી કહું છું કે, જડ હશે, તિરસ્કાર પામતો હશે, તેના સર્વે દુ:ખો નાશ થશે. પુરુષોત્તમ માસમાં જે પુણ્ય કરશે તે પવિત્રતાને પામશે. જે મારું પૂજન કરશે તે પૂજ્યપણાને પામશે. જે અધિક માસનું રક્ષણ કરશે તેનું હું રક્ષણ કરીશ. માટે ભક્તિથી મારું પૂજન કરો, દૂધનું ભોજન કરો, મારી પ્રાર્થના કરી, અભિષ્ટ મેળવો. થોડું કરો અને બહુ મેળવો. તેથી આ વ્રત જે નહીં કરે તેને હાનિ છે. જેનો કોઈ રક્ષણ કરનારો ન હોય, તેનો રક્ષણ કરનારો હું છું. માટે કુમાર-કુમારી, સધવા-વિધવા, યુવાન, વૃદ્ધ સર્વે આવો પુરુષોત્તમ માસનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનો રાજીપો મેળવો. આવું શ્રીહરિનું નગારાનું વાક્ય સાંભળી અગ્નિ અને સુવર્ણ સત્યલોકમાં નગારાને શરણે ગયા, પગે લાગ્યા. અગ્નિપુત્ર સુવર્ણને હાથે ગ્રહણ કરી અગ્નિને આપ્યો. અગ્નિએ પ્રાર્થના કરી અમારો ક્યાંય સત્કાર થતો નથી.

શ્રીહરિના પાર્ષદ નગારાએ તે બંને પિતા-પુત્રને આશ્વાસન આપીને કહ્યું કે, પુરુષોત્તમ માસની નવમીનું વ્રત કરી કૃષ્ણનારાયણને પંચામૃતથી સ્નાન કરાવી, પૂજા કરવી. પછી ષોડ્શોપચારથી પૂજન કરી, વસ્ત્ર-આભૂષણો ધારણ કરાવી, નૈવેદ્ય, મુખવાસ ધરી, ધુપ-દીપ, આરતી કરી, સ્તુતિ, પ્રદક્ષિણા કરી, ક્ષમા માગવી. આશ્રય વિનાનો ભૂખ્યો હે પુરુષોત્તમ હું તમારે શરણે આવ્યો છું. તમે મારો ઉદ્ધાર કરો. આવી રીતે અગ્નિ અને સુવર્ણ શ્રીહરિની સ્તુતિ કરજો. નારાયણ પ્રસન્ન થઈ તમારો ઉદ્ધાર કરશે. આવું નગારાનું વાક્ય સાંભળી અગ્નિ અને સુવર્ણ બંને પિતા-પુત્રએ વિધિ પ્રમાણે લક્ષ્મીનારાયણની મૂર્તિ કરીને પૂજન કરીને સ્તુતિ કરી. ત્યાં લક્ષ્મીનારાયણે પ્રત્યક્ષ દર્શન આપ્યા. પિતા-પુત્ર બંને પગે લાગી કહે : હે પ્રભુ, અમારો ઉદ્ધાર કરો. તેની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા હરિકૃષ્ણ કહે : તમે મારા મુખમાંથી ઉત્પન્ન થયા માટે, તમારો યજ્ઞના કુંડમાં નિવાસ થશે અને ભોજન પ્રાપ્ત કરશો. તારામાં જે હોમશે તે મને પ્રાપ્ત થશે. તું મારું મુખ છે માટે હું તારા દ્વારા જ સર્વે ગ્રહણ કરીશ, તારા વિના પૃથ્વીમાં કાંઈ કામ નહીં થાય. એક અગ્નિ સ્વરૂપે પૃથ્વી પર રહે, અને બીજે રૂપે ધામમાં પાર્ષદરૂપે રહે, અને તારો પુત્ર સુવર્ણ તેને હું મુગટ, કુંડળ રૂપે, અલંકારો રૂપે ગ્રહણ કરું છું, તેથી જગત તે સુવર્ણને ગ્રહણ કરશે. એ રીતે પુરુષોત્તમ માસનું નવમીનું વ્રત કરી અગ્નિ અને સુવર્ણ પિતા-પુત્ર પુરુષોત્તમ નારાયણ પાસેથી વરદાન પ્રાપ્ત કરી જગત પૂજ્ય થયા. પુરુષોત્તમ માસની નવમીની વ્રતની કથા જે વાંચશે સાંભળશે તે સર્વે ભુક્તિ-મુક્તિ પામશે.

અધ્યાય - ૩૦૨

❖ પુરુષોત્તમ માસની સુદ દશમની તિથીની પૂજનવિધિ ❖
❖ શ્રીહરિનું યુગે-યુગે અવતાર ધારણનું પૃથ્વીદેવીને વરદાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પુરુષોત્તમ નારાયણે નગારાને પૂછ્યું, તું ક્યાં ક્યાં ફરે છે ? નગારું કહે : બ્રહ્માંડમાં સર્વત્ર ફરું છું. મનુષ્યો પુરુષોત્તમ નારાયણના વ્રતો કરી ભુક્તિ-મુક્તિ પામે છે. ત્યાં પૃથ્વીએ આવી પ્રાર્થના કરી, પ્રભુ તમે પૃથ્વી પર પુરુષોત્તમ માસમાં વ્રત ભક્તિ કરાવી તેથી હું અતિ સુખી થઈ. હે પુરુષોત્તમ પાપીઓના પાપથી ધર્મ, કર્મથી રહિત, બ્રહ્મભક્તિથી રહિત, પરોપકાર દાનપુણ્યથી રહિત, સ્વાર્થ પરાયણ, બીજાના કાર્યો ભાંગી દુઃખ આપનારા, કપટવાળા, ચોરી હિંસા કરનારા, મદ્યમાંસ ખાનારા, વ્યભિચાર કરનારા, મીઠી વાણી બોલી છેતરનારા, કુટુંબઘાત કરનારા, માતા-પિતાની સેવા નહીં કરનારા, આજ્ઞાનું પાલન નહીં કરનારા, પતિ સેવાથી રહિત, પત્નીને તાડન કરનારા, બીજાના ભાગ્ય પર જીવનારા, આળસુ સત્કાર્યોથી રહિત, જે પુરુષોત્તમ માસના વ્રત્ત નથી કરતા, ભગવાનની ભક્તિ નથી કરતા, એવા જનોના પાપ, હું ભારવાળી થયેલી છું. તેથી હે પ્રભુ, તમને પ્રાર્થના કરું છું કે, મારે પાપ નાશ માટે શું કરવું તે કહો.

શ્રીહરિ કહે : પુરુષોત્તમ માસમાં સર્વે ચૌદલોકમાં ફરતું વાગતું બોલતું જાહેરાત કરતું મારું નગારું તે નથી સાંભળ્યું ? આજે અધિક માસનું દશમીનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરજે. જો પુરુષોત્તમ નારાયણ તને દર્શન ન આપે, પ્રાર્થના ન સાંભળે તો તું મારી પાસે આવજે. વિષ્ણુનું વચન સાંભળીને, નમસ્કાર કરીને, પૃથ્વી સત્યલોકમાં ગઈ. ત્યાં પુરુષોત્તમ નારાયણની સુવર્ણની મૂર્તિ બનાવીને પંચામૃતથી સ્નાન કરાવીને, વસ્ત્ર-આભૂષણો ધારણ કરાવી, ષોડ્શોપચારથી પૂજન કર્યું, પછી નૈવેદ્ય, મુખવાસ અર્પણ કરી, આરતી, સ્તુતિ, પ્રાર્થના, પ્રદક્ષિણા, નમસ્કાર કરી, ક્ષમા માંગી. સાંજે પણ તે જ રીતે પૂજન કર્યું. રાત્રે જાગરણ કરી, ગીત વાજિંત્ર સહિત નૃત્ય કર્યું, ત્યાં મધ્યરાત્રિએ શ્રીહરિ પુરુષોત્તમ નારાયણે આવી દિવ્ય અલૌકિક દર્શન આપી કહ્યું. અધિક માસમાં વ્રત કરનારાને જે ઈચ્છે તે હું આપું છું. બોલ તારે શું જોઈએ છે ?

પુરુષોત્તમ નારાયણનું વચન સાંભળી પૃથ્વી કહે : હે પુરુષોત્તમ નારાયણ જો તમે પ્રસન્ન થયા હોવ તો સદા તમારા ચરણમાં રાખી તમારી સેવા આપો, અને પૃથ્વી પર ભારરૂપે રહેલા પાપીઓનો, અધર્મીઓનો નાશ કરી, મારો ભાર ઓછો કરો અને અધિક-માસ વિના પણ તમે મારામાં વાસ કરો. જેથી મારું રક્ષણ થાય. માટે હે પ્રભુ તમે દિવ્યરૂપે અથવા મનુષ્યરૂપે પૃથ્વી પર વારંવાર આવો જેથી હું તમારી માતા બનીને તમારી લાલન-

પાલન સેવા કરી શકું, તથા ભક્તોને પણ અનેક પ્રકારની સેવાભક્તિનો લાભ મળે. આવું પૃથ્વી દેવીની પરોપકારી પ્રાર્થના સાંભળી પુરુષોત્તમ નારાયણ અતિ પ્રસન્ન થયા અને પૃથ્વીને દિવ્ય ચતુર્ભુજ અધિષ્ઠાત્રી પૃથ્વીદેવી થયા, અને પૃથ્વીને વરદાન આપ્યું. તે પુરુષોત્તમ માસનું દશમીનું વ્રત વિધિપૂર્વક કરવાથી હું પૃથ્વી પર યુગેયુગે વારંવાર અવતાર ધારણ કરી અધર્મીનો નાશ કરી, પાપીઓનો નાશ કરી સંત-ભક્તોને સુખિયા કરીશ. એમ કહીને પુરુષોત્તમ નારાયણ અદેશ્ય થયા. પૃથ્વી દેવી નગારાને નમસ્કાર કરીને પોતાના સ્થાનમાં આવી. એ રીતે પુરુષોત્તમ માસનું વ્રત કરીને પૃથ્વીદેવી વસુમતી સુવર્ણ રત્નોવાળી થઈ. તે જ રીતે જે જનો પુરુષોત્તમ માસનું વ્રત કરશે તે સિદ્ધિને પામશે. આ પુરુષોત્તમ માસની કથાનો અધ્યાય જે વાંચશે સાંભળશે તે પણ ભુક્તિ-મુક્તિને પામશે.

અધ્યાય - ૩૦૩

❖ પુરુષોત્તમ માસની સુદ એકાદશીની તિથીની પૂજનવિધિ ❖
❖ મૂર્તિદેવીએ પુરુષોત્તમ નારાયણને પુત્રરૂપે પ્રાપ્ત કર્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે બ્રહ્માના હૃદયમાંથી ધર્મદેવ અને મૂર્તિ પ્રગટ થયા પછીથી દક્ષ પ્રજા-પતિને ત્યાં મૂર્તિદેવી પ્રગટ થયા. તે મૂર્તિદેવી ધર્મનું પાલન કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી માતા-પિતાની સેવા કરતા. કુમારી હોવા છતાં ધર્મદેવને પતિભાવે સેવા કરવાથી ધર્મદેવે પ્રસન્ન થઈને આશિર્વાદ આપ્યા. તારા સૌભાગ્યના ફળરૂપે હરિકૃષ્ણ પુરુષોત્તમ તારા પુત્ર થશે. તે મૂર્તિદેવીએ નગારું બોલતું સાંભળ્યું. આજે પુરુષોત્તમ માસની એકાદશી છે. જે વ્રત કરશે તેને પુરુષોત્તમ નારાયણ ઈચ્છિત ફળ આપશે. બીજી સર્વે એકાદશીથી પુરુષોત્તમ માસની એકાદશીથી અબજોગણું ફળ થાય છે. પુરુષોત્તમ માસ પવિત્ર. તેમાં એકાદશી પવિત્ર, તેમાં તેનો દેવ હું પુરુષોત્તમ નારાયણ તે પણ પવિત્ર. મારી આજ્ઞાથી આ પુરુષોત્તમ માસ કમલાની એકાદશીનું જે વ્રત કરશે તેને પરાર્ધ તુલ્ય ફળ થશે. સંપત્તિ અને મારું ધામ બંને પ્રાપ્ત કરશે. માટે નરનારીઓ વૃદ્ધો બાળકોએ મને પ્રસન્ન કરવા પુરુષોત્તમ માસની એકાદશીનું વ્રત કરવું. તો હું શાશ્વત પદ પરમધામ આપીશ તથા ગોલોક વૈકુંઠ શ્વેતદ્વિપ સ્વર્ગ વગેરે જે ઈચ્છશે તે આપીશ.

આ એકાદશીનું વ્રત જે કરશે, તેને તપ યજ્ઞ તીર્થ કાંઈ કરવાનું બાકી નહીં રહે. આખું જીવન એકટાણું, ફલાહાર કરે. એક વર્ષ સુધી ટાઢ-તડકો અને વરસાદમાં તપ કરે, તેટલું ફળ આ એકાદશીથી થાય છે. એક હજાર કન્યાદાન, અશ્વદાન, હાથીદાન, ગૌદાન, સુવર્ણદાન કરે તો પણ આ એકાદશી તુલ્ય ફળ થતું નથી. પુરુષોત્તમ માસની કમલા એકાદશીનું વ્રત જે કરશે તેને અનાદી શ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણ એવો હું જે માગશે તે આપીશ. આવો લાભ ફરી નહીં મળે. આવું નગારાનું વાક્ય સાંભળીને મૂર્તિદેવીએ

એકાદશીનો વ્રત, વિધિ, નગારાને પૂછ્યો. નગારાએ વ્રતનો વિધિ કહ્યો. મૂર્તિદેવીએ એકાદશીએ, બ્રાહ્મ મુહૂર્તમાં જાગી. પુરુષોત્તમ નારાયણનું ધ્યાન કરી, સ્નાન કરી, લક્ષ્મીનારાયણની મૂર્તિ પંચ પાત્રમાં મૂકી, પંચામૃતથી અભિષેક કરીને, વસ્ત્ર-અલંકારો ધારણ કરાવી ષોડ્શોપચારથી પૂજન કરીને નૈવેદ્ય, લાડુ, દૂધપાક, પુરી, દાળ-ભાત, શાક, અથાણા, પાપડ, ભજીયા, ચટણીથી ભોજન કરાવી, મુખવાસ આપી, આરતી પ્રદક્ષિણા સ્તુતિ કરી. એ રીતે દિવસમાં સવાર-બપોર, સાંજ, ત્રણ વાર મહાપૂજન કર્યું. રાત્રિએ ગીત વાજિંત્ર સાથે નૃત્ય કર્યું.

એ રીતે મૂર્તિદેવીએ એકસો આઠ વસ્તુથી પુરુષોત્તમ નારાયણ લક્ષ્મીનારાયણનું પૂજન કર્યું. બારસને દિવસે સતિ-સાધ્વી, સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવી દાન આપ્યા. ત્યાં પુરુષોત્તમ નારાયણે પ્રત્યક્ષ દર્શન આપી કહ્યું. માતા શું ઇચ્છા છે ? મૂર્તિદેવી કહે : ધર્મદેવે આશિર્વાદ આપી કહ્યું છે. હરિકૃષ્ણ પુરુષોત્તમ તમારા પુત્ર થશે, તો તમે પુત્ર રૂપે મને પ્રાપ્ત થાવ. પુરુષોત્તમ નારાયણ કહે : તથાસ્તુ. હે માતા, તમે અત્યારે દક્ષ પ્રજાપતિને ત્યાં જન્મ ધારણ કરી ધર્મદેવને પતિભાવે પામશો. તેથી તમારે ત્યાં હું ચાર સ્વરૂપે પ્રગટ થઈશ. નર, નારાયણ, હરિ, કૃષ્ણ અને ભવિષ્યમાં પણ તમારા થકી ધર્મ ભક્તિથી જનોના કલ્યાણને માટે અવતાર ધારણ કરીશ. એમ કહી પુરુષોત્તમ નારાયણ અદૃશ્ય થયા. એ રીતે મૂર્તિ-દેવીએ પુરુષોત્તમ માસની કમલા એકાદશીનું વ્રત કરી લક્ષ્મીનારાયણનું પૂજન કરી પુરુષોત્તમ નારાયણને પ્રસન્ન કરી પુરુષોત્તમ નારાયણને પુત્રો રૂપે પ્રાપ્ત કર્યાં. તેથી પુરુષોત્તમ માસની આ એકાદશીનું જે વ્રત કરશે, નિર્જળા અથવા નિરાહાર અથવા દૂધ, ફરાળ કરીને મને પ્રસન્ન કરશે તેના ઘરમાં હું સદા નિવાસ કરી સુખ, શાંતિ, અને સમૃદ્ધિ સર્વે આપી અંતે મારા પરમધામમાં લઈ જઈશ. આ અધ્યાયની જે કથા વાંચશે સાંભળશે તે પણ મોક્ષ ભાગી થશે.

અધ્યાય - ૩૦૪

❖ પુરુષોત્તમ માસની સુદ બારસની તિથીની પૂજનવિધિ ❖
❖ સાવિત્રીદેવીએ જગતમાતાનું બિરૂદ બ્રહ્માને પ્રાપ્ત કરીને મેળવ્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરેલા શ્રીકૃષ્ણ અને રાધાજી ગોલોકમાં હતા. તે સમયે શ્રીકૃષ્ણ ઇચ્છાથી રાધાજીથી એક કન્યા પ્રગટ થઈ. રાધાજી જ્યારે શ્રીકૃષ્ણની સેવામાં હતા. ત્યારે કન્યા સાવિત્રી સમાધીમાં રહેતી. એક વખત સમાધીમાં શરીરમાં રહેલા મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞાચક્ર વગેરે છ ચક્રોને ભેદી બ્રહ્મરંધ્રમાં થઈ અનંત ઈશ્વરોની સૃષ્ટિમાં જઈને પિતામહ બ્રહ્માના સ્વરૂપમાં લીન થઈ. કન્યા સાવિત્રિએ સમાધીમાંથી જાગીને રાધાજીને

વૃતાંત કહ્યું. રાધાજી કહે : તું મારી સમાન બ્રહ્મ શક્તિવાળી છો, અને તને બ્રહ્માને માટે જ ઉત્પન્ન કરી છે. અનાદિકાળથી બ્રહ્માદિક ઈશ્વરો માટે નવી નવી બ્રહ્મ શક્તિઓ, મહામાયા સ્વરૂપે પ્રગટ થતી જ રહે છે. તેથી તે બ્રહ્માને પ્રાપ્ત કરવા, જગતની માતા થવા માટે આરાધના તપ કર્યાં. ત્યાં બ્રહ્માંડમાં ફરતું નગારું બોલ્યું : કૃપાવચન સાંભળો. પુરુષોત્તમ માસના એક દિવસના વ્રતથી પુરુષોત્તમ નારાયણ અનંતગણુ ફળ આપશે. પાણી પીને, દૂધ પીને, દહીં-ઘી પીને, તલ-ફળાહાર કરીને, શાક-કંદમૂળ ખાઈને, પત્ર-પુષ્પ ખાઈને, એકટાણું, નકત ભોજન વાયુ કરીને આ બારશનું હરિવાસરનું આ એક દિવસનું વ્રત કરી સ્વર્ગ ઈશ્વરોના લોક સત્યલોક વૈરાજ પુરુષનું ધામ પ્રાપ્ત કરો તથા અવ્યાકૃત, અમૃત, કૈલાશ, વૈકુંઠ, ગોલોક તથા બ્રહ્મપુર ધામને પ્રાપ્ત કરો તથા મહામાયાના ધામો સૂર્ય-ચંદ્ર નક્ષત્રોના સ્થાનો ઈન્દ્ર, વરુણ, યમ-કુબેર વગેરેના સ્થાનો પ્રાપ્ત કરો તથા આલોકમાં સાર્વભૌમ રાજય સંપત્તિ મેળવો. આ બારસ હરિવાસરનું વ્રત કરશે તે સર્વે ઈચ્છિત પામશે.

પુરુષોત્તમ નારાયણનું આવું કૃપાવાક્ય નગારાથી સાંભળીને સાવિત્રી કહે : મેં સમાધીમાં બ્રહ્માને જોયા. તેને પતિભાવે પામવા માટે મને વ્રતનો વિધિ કહો. નગારું કહે : સાવિત્રી દેવી - તમે સુવર્ણની લક્ષ્મીનારાયણની મૂર્તિ કરી, પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર-આભૂષણો ધારણ કરાવી, ષોડ્‌ષોપચારે પૂજન કરી, નૈવેદ્ય, મુખવાસ ધરી, ધૂપદીપ, આરતિ, સ્તુતિ કરી, પ્રદક્ષિણા, નમસ્કાર કરી, પ્રાર્થના કરજો. હે લક્ષ્મીનારાયણ અમારી પૂજામાં કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો અને અમારા મનોરથ પૂર્ણ કરજો. સાવિત્રીદેવીએ વિધિ પ્રમાણે વ્રત પૂજન કરી, સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવી, દાન આપ્યા. રાત્રિએ જાગરણ કરી, ધૂન-કીર્તનો, નૃત્ય ઉત્સવ કર્યાં, ત્યાં લક્ષ્મીનારાયણ પ્રગટ થઈને બોલ્યા, હે કલ્યાણી તારા મનમાં શું ઈચ્છા છે ? સાવિત્રીદેવી લક્ષ્મીનારાયણના દિવ્ય દર્શન કરી. સ્તુતિ કરવા લાગ્યા. હે લક્ષ્મીપતિ, હે માણિકીપતિ, હે રાધિકાકાન્ત, હે કમલાકાંત, હે પ્રભા પાર્વતીપતિ, જગતપિતા બ્રહ્માને હું પતિભાવે પામું. લક્ષ્મીનારાયણ કહે : તારો મનોરથ પૂર્ણ થશે. સવારે હિંડોળામાં શ્રીકૃષ્ણનારાયણને ઝૂલાવ્યા ત્યાં પુરુષોત્તમ નારાયણ આવ્યા અને સાવિત્રીદેવીને કહ્યું, દેવી અર્ધ્ય, પુષ્પ, ફળ, જળ આપી વ્રત પૂરું કરી વિસર્જન કરો. સાવિત્રીદેવીએ જયાં વિસર્જન કર્યું ત્યાં પુરુષોત્તમ નારાયણ અદૃશ્ય થયા અને બ્રહ્મા દેખાયા. બ્રહ્માએ સાવિત્રીને પત્ની ભાવે ગ્રહણ કર્યાં. પછી સાવિત્રીદેવીએ સુવર્ણની મૂર્તિ, પત્નીવ્રત નામના દ્વિજ ગુરુને દાનમાં આપી. એ રીતે પુરુષોત્તમ માસની બારસનું વ્રત કરીને સાવિત્રીદેવી જગતમાતાનું બિરુદ બ્રહ્માને પ્રાપ્ત કરીને મેળવ્યું.

અધ્યાય - ૩૦૫

❖ પુરુષોત્તમ માસની સુદ તેરસની તિથીની પૂજનવિધિ ❖
❖ જયા, લલીતા, પાર્વતી, પ્રભા એ મુક્તાનીના સ્વરૂપને પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે બ્રહ્માએ ચાર માનસપુત્રો સનક, સનંદન, સનાતન, સનત્ પ્રગટ કર્યા. તે જ રીતે ચાર માનસપુત્રીઓ જયા, લલિતા, પાર્વતી, પ્રભા, પ્રગટ કરી. પછી બ્રહ્મા કહે : સનક તું જયાને ગ્રહણ કર. સનંદન તું લલિતાને ગ્રહણ કર. સનાતન તું પાર્વતીને ગ્રહણ કર. સનત તું પ્રભાને ગ્રહણ કર. તમો ચારેય માનસી સૃષ્ટિ સર્જો. ગોલોકમાં વૈકુંઠમાં યુગલ ભાવથી માનસી સૃષ્ટિ છે. શ્રીકૃષ્ણની આજ્ઞાથી અમે સર્વે ઈશ્વરો ગૃહસ્થ ધર્મને આશ્રયે રહ્યા છીએ. તેથી તમે માનસી સૃષ્ટિ કરી મારા કામમાં મદદ કરો. ગૃહસ્થ ધર્મમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થની સિદ્ધિ થાય છે. ગૃહસ્થે અતિથિ દેવ, સાધુનું પૂજન કરી સ્વર્ગ પ્રાપ્ત કરી અંતે મોક્ષ મેળવવો. ગૃહસ્થ ધર્મ વિના માયાના દોષની નિવૃત્તિ થતી નથી. બાલઅવસ્થા, યુવાન, અનાદિ વૈરાગ્ય અને જ્ઞાન થતા નથી.

પિતા બ્રહ્માનું વાક્ય સાંભળી બ્રહ્મનિષ્ઠ જ્ઞાની યોગી સનકાદિક કહે : ગૃહસ્થ ધર્મ બંધન કરનારો છે. કર્મનો અંત આવતો નથી. રાગથી નવા નવા કર્મો થયા જ કરે છે. જ્ઞાન વિના ગૃહસ્થ ધર્મ અતિ બંધન કરનારો છે. પિતાને તારે તેને પુત્ર કહેવાય તે જ્ઞાનરૂપી પુત્ર પ્રાપ્ત કરવો જેથી પોતે તરી શકે, બીજાને તારી શકે. પણ વંશ વધારનારા, કર્મ કરનારા, એવાને પુત્ર કેવળ નામ માત્રથી કહેવાય છે. અમે તો બ્રહ્મમાર્ગનો ઉપદેશ આપનારા બ્રહ્મલોકના વાસી છીએ અને તેથી જ ગૃહસ્થ ધર્મમાં યજ્ઞ, પૂજા, બ્રહ્મ, આરાધના વગેરે. જ્ઞાનીઓએ કહ્યા છે તે ગૃહસ્થ ધર્મ બંધન ન કરે એટલા માટે જ કહ્યા છે. જે અન્ન જળ અને વસ્ત્ર પૂરતો પ્રયોજન રાખે તો તેને મોક્ષ હાથમાં રહેલો છે અને જે સંપત્તિ અને પદાર્થની અતિ તૃષ્ણા રાખે તેને અંત આવતો નથી. તેથી હે પિતાજી અમે ગૃહસ્થ ધર્મ નહીં કરીયે. અમે પુત્રો તારનારા છીએ. તેથી અમારા યોગે તમારો પણ મોક્ષ થશે અને આ કન્યાઓ પણ યોગિનીઓ છે. જ્ઞાન વિનાની મૂર્તિઓ છે. એમ કહી સનકાદિ વૈકુંઠમાં ગયા. જ્યાં લલિતા, પાર્વતી, પ્રભા તે શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતી હતી. ત્યાં સત્યલોકમાં ફરતું નગારું સંભળાયું. પુરુષોત્તમ માસ તેરસનું જે વ્રત કરશે, તે કુમારી હશે, સધવા-વિધવા, વૃદ્ધા, યોગિની, વિયોગિની, રાગવૈરાગી જે કોઈ આ વ્રત કરશે તેને અભિષ્ટ આપનારો હું પુરુષોત્તમ નારાયણ છું. આ પુરુષોત્તમ માસની તેરસે જે મારું પૂજન એક સો આઠ ઉપચારથી, છપન ઉપચારથી, બત્રીસ ઉપચારથી, ષોડ્શોપચારથી અથવા જેટલી પૂજાસામગ્રી મળે તેનાથી અથવા માનસીપૂજાથી, પ્રેમથી પુજા કરશે. તેના માનસ સંકલ્પો હું પૂર્ણ કરીશ.

આવું પુરુષોત્તમ નારાયણનું કૃપાવાક્ય નગારાથી સાંભળીને શ્રીહરિના આશ્રિત જયા, લલિતા, પાર્વતી, પ્રભાએ નગારાને નમસ્કાર કરી પૂછ્યું, શું આપે છે ?

નગારું કહે : સ્વર્ગ અને પુરુષોત્તમ નારાયણ. કન્યાઓ કહે, અમારે તો પુરુષોત્તમ નારાયણ જોઈએ છીએ. નગારું કહે, તો સુવર્ણની પુરુષોત્તમ નારાયણની મૂર્તિ બનાવીને પુરુષોત્તમ માસનું તેરસનું વ્રત પૂજા કરજો. પછી જયા, લલિતા, પાર્વતી, પ્રભાએ બ્રાહ્મમુહૂર્તમાં જાગી, સ્નાન કરી, પુરુષોત્તમ નારાયણની મૂર્તિને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર - અલંકારો ધારણ કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, મુખવાસ, તાંબુલ અર્પણ કરી, ધૂપ-દીપ, આરતી, પ્રદક્ષિણા, નમસ્કાર કરી, સ્તુતિ, પ્રાર્થના કરી. હે હરિ, હે કૃષ્ણનારાયણ અમો તમારી દાસી છીએ, અમારા કર ગ્રહણ કરો. એમ કહીને ગદ્ ગદ્ કંઠવાળા થયા. પછી બપોરે ભોજન કરાવ્યા. સાંજે પણ પૂજા કરી, આરતી કરી, રાત્રે જાગરણ કરી, ધૂન-કીર્તન કરી, નૃત્ય કરતા હતા. ત્યાં શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા, ચાર સ્વરૂપ ધારણ કરીને દર્શન આપ્યા. ચારેય કન્યાઓએ ફૂલમાળા પહેરાવી. પુરુષોત્તમ નારાયણે બ્રહ્માને આશિર્વાદ આપ્યા. બ્રહ્માએ વિધિપૂર્વક ચારેય કન્યાઓના પુરુષોત્તમ નારાયણ સાથે લગ્ન કર્યા અને અનેક ભેટ આપી. પુરુષોત્તમ નારાયણ ચારેય પત્નીઓને ગરુડ પર બેસાડી અક્ષરધામમાં લઈ ગયા. એવી રીતે પુરુષોત્તમ માસની તેરસનું વ્રત કરી. જયા, લલિતા, પાર્વતી, પ્રભા, પુરુષોત્તમ નારાયણને વરી અક્ષરધામને પામી અને મુકતાનીના સ્વરૂપને પામી. પુરુષોત્તમ નારાયણમાં મન રાખી જે આ કથા કહેશે અથવા સાંભળશે તેને પણ તેવું જ ફળ પ્રાપ્ત થશે.

અધ્યાય - ૩૦૬

❖ પુરુષોત્તમ માસની સુદ ચૌદશની તિથીની પૂજનવિધિ ❖
❖ શ્રી માણિકી અને લક્ષ્મી પુરુષોત્તમ નારાયણની પત્નીઓ થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વૈકુંઠમાં કલ્પવૃક્ષની પુત્રી શ્રી તથા વિભૂતિની પુત્રી માણિકી, ક્ષીર સમુદ્રની પુત્રી લક્ષ્મી. આ ત્રણ કન્યાઓ, કુમારીઓ શ્રીહરિમાં ભક્તિવાળી હતી. સદા શ્રીહરિની સેવાભક્તિ કરતી હતી. ત્રણે કુમારીઓની ભક્તિ જોઈને માતા-પિતાએ આશિર્વાદ આપ્યા કે, અનેક ધામોમાં પુરુષોત્તમ નારાયણની અનેક પત્નીઓ છે તમે પણ પુરુષોત્તમ નારાયણની બ્રહ્મપ્રિયાઓ થશો. અતિ પ્રેમથી શ્રીહરિને તે ત્રણે કન્યાઓ સ્નાન કરાવતી હતી. અતિ પ્રેમથી પૂજા કરીને ફળફૂલ, મેવા, મિઠાઈ, દૂધ, પેંડા વગેરે ભોજન કરાવી આરતી ઉતારતી હતી. તે ત્રણે કન્યાઓએ પુરુષોત્તમ માસની ચૌદશે પુરુષોત્તમ નારાયણનું નગારું સાંભળ્યું. પુરુષોત્તમ માસનું ચૌદશનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરો જે માગશો તે આપીશ. ફળથી, રત્નોથી, દૂધથી જે મારું પૂજન કરશે તેને વૈકુંઠ ગોલોક અને અક્ષરધામ

આપીશ. નારીઓ મારી ભક્તિ કરી સ્વર્ગની દેવીઓ થાય છે. દેવીઓ મારી ભક્તિ કરી ઋષિનીઓ થાય છે. ઋષિનીઓ મારી ભક્તિ કરી ઈશ્વરાણીઓ થાય છે. ઈશ્વરાણીઓ મારી ભક્તિ કરી નારાયણીઓ થાય છે. પુરુષોત્તમ નારાયણનું કૃપા વાક્ય નગારાથી સાંભળીને શ્રી, માણિકી, લક્ષ્મી આ ત્રણે કન્યાઓ નગારાને નમસ્કાર કરીને કહે : અમે પુરુષોત્તમ માસનું ચૌદશનું વ્રત કરશું. અમને પુરુષોત્તમ નારાયણ ક્યારે મળશે ?

નગારું કહે : વ્રત કરી જાગરણ કરી પુરુષોત્તમ નારાયણની પ્રાર્થના કરજો. એમ કહી નગારું બ્રહ્માંડમાં ફરવા ગયું. તે ત્રણે કન્યાઓએ વિધિ પ્રમાણે ચૌદશનું વ્રત કરી પૂજન કરી નૈવેદ્ય અર્પણ કરી આરતી ઉતારી સ્તુતિ, નમસ્કાર કરી, જાગરણ કરી, તાલી વગાડી, પગે ઘૂઘરા બાંધી નૃત્ય કરી ગીત ગાતી હતી. અને સ્તુતિ પ્રાર્થના કરતી હતી કે, સત્ય પરમધામમાં રહેનારા ઈશ્વરોના ઈશ્વર, અનંત જ્ઞાનવાળા, અનેક આકારવાળા, શાંત પાપોને બાળવામાં સૂર્યસમાન તેજસ્વી, બ્રહ્મના મહાઆનંદવાળા, એવા હે પરમેશ્વર અમે તમને વંદન કરીએ છીએ. ચરણકમળ જેના અક્ષરમુક્તોથી સેવાયેલા છે. ચૈતન્ય અમૃતધામમાં વિરાજમાન એવા મુક્તોને અમૃતસમાન સુખ આપનારા. અનેક ઈશ્વરોએ પૂજેલા એવા હે પુરુષોત્તમ અમે તમને વંદન કરીએ છીએ. અનેક ધામોના પતિ એવા હે પુરુષોત્તમ નારાયણ તમે અમારો કર ગ્રહણ કરો અને તમારી પત્ની કરી અક્ષરધામમાં રાખો. હે પ્રભુ અમારી પર કૃપા કરો.

ત્રણે કન્યાઓની અતિ સ્નેહની સ્તુતિ પ્રાર્થના સાંભળી સર્વે કારણના કારણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્વેત હાથી સાથે દિવ્ય વિમાન લઈને આકાશમાં પ્રત્યક્ષ દેખાયા. વૈકુંઠમાં ત્રણે કન્યાઓને દર્શન આપી આશ્વાસન આપ્યું. કલ્પવૃક્ષ, ક્ષીરસમુદ્ર, દિવ્ય વિભૂતિ, આ ત્રણે પિતાઓએ પોતાની ત્રણે કન્યાઓને વિધિ પૂર્વક પુરુષોત્તમ નારાયણને આપી. પુરુષોત્તમ નારાયણે ત્રણે કન્યાઓના પાણી ગ્રહણ કર્યા. પુરુષોત્તમ નારાયણ, શ્રી, માણિકી અને લક્ષ્મીના બે બે સ્વરૂપો કરીને એક સ્વરૂપ વૈકુંઠમાં રાખ્યું અને બીજું સ્વરૂપ અક્ષરધામમાં રાખ્યું. આ રીતે પુરુષોત્તમ માસની ચૌદશનું વ્રત કરીને શ્રી, માણિકી અને લક્ષ્મી પુરુષોત્તમ નારાયણની પત્નીઓ થઈ. આ અધ્યાયની કથા વાંચશે, સાંભળશે તેના પણ સર્વે મનોરથ પૂર્ણ થશે.

અધ્યાય - ૩૦૭

❖ પુરુષોત્તમ માસની પૂનમની તિથીની પૂજનવિધિ ❖
❖ શ્રેયસી-પ્રેયસી બંને કન્યાઓ ભુક્તિ-મુક્તિ નામે પ્રસિદ્ધ થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ધર્મદેવ અને ભક્તિ દેવીને શ્રેયસી અને પ્રેયસી બે પુત્રીઓ હતી. તે બંને માતાપિતાની અતિ સેવા કરતી હતી. સવારમાં સ્નાન કરી માતા-પિતાને પગે

લાગી શ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી જ્ઞાનદાન, આત્મબોધ, વિજ્ઞાન, બ્રહ્મકર્મ કરીને પછી ગૃહકાર્ય કરતી. શ્રેયસી સેવાથી પિતાને પ્રસન્ન કરવાથી, આશિર્વાદથી સર્વેને મોક્ષ સમાન સુખ આપનારી મુક્તિ નામે પ્રસિદ્ધ થઈ. પ્રેયસી સેવાથી પિતાને પ્રસન્ન કરીને આશિર્વાદ પામી ભુક્તિ નામે પ્રસિદ્ધ થઈ. જેણે માતા-પિતાની સેવા કરી તેણે સર્વે દેવોને રાજી કરી નારાયણને રાજી કર્યા. પુત્ર વિનાના મા-બાપની સેવા જો પુત્રી કરે તો પુત્રીને પુત્ર સમાન કહેલી છે. તે પુત્રીથી પિતૃઓનો ઉદ્ધાર થાય છે. જેને પુત્ર ન હોય તેને પુત્રીને ઉપવિત આપી યજ્ઞ, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃ તર્પણ વગેરે કરાવવા કરવા તથા પુત્રીએ જીવનપર્યંત બ્રહ્મચર્યનું પાલન કરી, માતા-પિતાની સેવા કરવી. બ્રહ્મચર્ય છે તે પાપોને બાળી નાખે છે. આવી રીતે જે શ્રેયસી, પ્રેયસી, માતા-પિતાની સેવા કરતી હતી, તેણે નગારું સાંભળ્યું. પુરુષોત્તમ માસનું પુનમનું વ્રત કરનારને હું પુરુષોત્તમ આપું છું.

પુરુષોત્તમ નારાયણનું કૃપાવાક્ય નગારાથી સાંભળી નમસ્કાર કરી બંને બહેનોએ પુરુષોત્તમ નારાયણની સુવર્ણની મૂર્તિ બનાવી. પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર-આભૂષણો ધારણ કરાવીને, ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, મિષ્ટાન્ન, દૂધપાક જમાડ્યા, મુખવાસ અર્પણ કર્યો, પછી આરતી કરી, સ્તુતિ, પ્રાર્થના કરી. હે પ્રભુ હે ધામના ધામી, અવતારોના અવતારી, હે પુરુષોત્તમ નારાયણ અમને સદા કુમારીપણુ આપજો. મુક્તિ, સ્થિતિ આપી સદા બ્રહ્મધામમાં વાસ આપજો. હે અક્ષરાધિપતિ પુરુષોત્તમ તમે માતા-પિતા, કૃપાનાથ ફળ આપનારા છો. હે અંતર્યામી પ્રસન્ન થઈ અક્ષરધામમાં લઈ જજો ત્યાં પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણે દિવ્ય કિશોર સ્વરૂપ ધારણ કરી હાથી પર બેસી અલૌકિક દર્શન આપ્યા. અનેક ચિહ્નોથી શોભતા વીજળી જેવી તેજસ્વી રેખાથી શોભતા, મનોહર વસ્ત્ર, અલંકારો, પુષ્પોના હારથી શોભતા, શુલ, મીન, ધ્વજ, ધનુષ, ચક્ર, સ્વસ્તિક, ચિહ્નોથી શોભતા. ઉદર પર ત્રીવળી, હૃદયમાં શ્રીવત્સના ચિહ્નવાળા, સાથળમાં શ્વેતલક્ષ્મીથી શોભતા, ત્રણ ઘુંટીવાળા, એવા અનાદી શ્રીકૃષ્ણનારાયણનું દિવ્યદર્શન કરી શ્રેયસી, પ્રેયસી અતિ આનંદ પામીને પુરુષોત્તમ નારાયણના કંઠમાં પુષ્પમાળા અર્પણ કરી.

પુરુષોત્તમ નારાયણ કહે, હું તમારી ભક્તિથી પ્રસન્ન થયો છું. પુરુષોત્તમ માસના પૂનમના વ્રતથી અને ભક્તિથી હું તમને દિવ્ય બનાવીને અક્ષરધામમાં લઈ જઈશ.એમ કહી અદૃશ્ય થયા. બંને બહેનોએ સાંજે પૂજન કરી ભોજન કરાવીને રાત્રે જાગરણ કરી ગીત, વાજીંત્ર સાથે નૃત્ય કર્યું. ત્યાં તેજસ્વી પુરુષોત્તમ નારાયણ આવ્યા. ધર્મદેવ, ભક્તિદેવી પણ આવ્યા તેમણે કહ્યું. હે પુરુષોત્તમ, તમે આ બંને કન્યાઓને અક્ષરધામમાં લઈ જાઓ. શ્રીહરિએ તે બંનેના બે-બે સ્વરૂપો કરી દીધા. શ્રેયસી-પ્રેયસીને અક્ષરધામમાં લઈ ગયા અને તેના બીજા બે સ્વરૂપો ભુક્તિ-મુક્તિ તે માતા-પિતાની સેવામાં રાખ્યા. તેથી જ્યાં

ધર્મદેવ, ભક્તિદેવી હોય ત્યાં ભુક્તિ-મુક્તિ હોય જ. જે ભક્તજનો પુરુષોત્તમ માસના આ અધ્યાયનો પાઠ કરશે, વાંચશે, સાંભળશે તે પણ આ વ્રતના ફળને પામશે અને પુરુષોત્તમ નારાયણને વિષે સ્નેહભક્તિ કરી પૂર્ણ પ્રસન્નતા પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૩૦૮

❖ પુરુષોત્તમ માસની વદ એકમની તિથીની પૂજનવિધિ ❖
❖ સહસ્ત્રાક્ષ રાજા વૈરાટ નારાયણના પદને પ્રાપ્ત થયો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વેની સૃષ્ટિમાં સમ્રાટ ચક્રવર્તી સહસ્ત્રાક્ષ રાજા ધર્મિષ્ઠ અને ભક્તિવાળો હતો. તે વિમાનમાં બેસી ચૌદ લોકમાં જતો. બ્રહ્માની સભામાં બેસતો પણ પોતાના મનમાં ઊંચા પદની ઇચ્છાથી એવો વિચાર થયો કે, હું સૂર્ય ચંદ્ર દિશાના ઈશ્વરો તેના જેવું ઊંચું શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરું. બ્રહ્મવેતા ઋષિઓને પૂછ્યું. બ્રહ્માથી શ્રેષ્ઠ સ્થાન કેમ પ્રાપ્ત થાય ? ઋષિઓ કહે : અગ્નિષ્ટોમ, વાજપેય, અશ્વમેધ, રાજસૂર્ય, મહારૌદ્ર, સૌત્રામણીથી અનેક મહાયજ્ઞો કરો તો શ્રેષ્ઠ પદ પ્રાપ્ત થાય. સો યજ્ઞો કરે તો ઈન્દ્ર થાય. હજાર યજ્ઞો કરે તો સૂર્ય થાય. દશ હજાર યજ્ઞો કરે તો ધ્રુવરાજ્ય મળે. લાખ યજ્ઞો કરે તો બ્રહ્માના સ્થાનને પામે. કરોડ યજ્ઞો કરે તો સો મુખવાળા બ્રહ્મા થાય. પરાર્ધ યજ્ઞો કરે તો વૈરાટ નારાયણના પદને પામે.

ઋષિઓ કહે : રાજા તારું આયુષ્ય થોડું. જાજા યજ્ઞો થાય નહીં, તેથી પ્રભુએ જે આપ્યું છે તે ભોગવ. વધારે તૃષ્ણારૂપી પિશાચીનો ત્યાગ કર. બીજાને વધારે સુખી જોઈને રાગદ્વેષથી પોતાને દુઃખી માને છે, તેને ક્યારેય સુખ થતું નથી. પોતાને જે મળ્યું છે તેમાં સંતોષ માને છે, તે સુખી થાય છે. ઋષિઓએ આવું કહ્યું છતાં રાજા નહીં માનીને દર વર્ષે યજ્ઞ કરતો. હજારો યજ્ઞો કર્યા. ત્યાં આયુષ્ય પૂર્ણ થવા આવ્યું. ત્યાં પુરુષોત્તમ નારાયણ નગારું સાંભળ્યું, પુરુષોત્તમ માસના વદ પડવાનું જે વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તેને જે ઈષ્ટ હશે તે પુરુષોત્તમ નારાયણ આપશે. કરોડો દાન કરી કરોડો યજ્ઞ કરીને જે ફળ થાય છે, તે ફળ આ એક જ દિવસના વ્રત પૂજનથી થાય છે. પુરુષોત્તમ નારાયણનું કૃપાવાક્ય નગારાથી સાંભળી રાજાએ પુરુષોત્તમ નારાયણની સુવર્ણની મૂર્તિ બનાવી પંચામૃતથી સ્નાન કરાવી ષોડ્શોપચારથી પૂજન કરી. વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, પુષ્પોના હાર, હીરા, મોતી, મણિના હાર પહેરાવી, નૈવેદ્ય, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય, ભોજન કરાવી, આરતી ઉતારી, પ્રદક્ષિણા કરી, સ્તુતિ, નમસ્કાર કરી, પ્રાર્થના કરી અને પત્નીવ્રત દ્વિજને બોલાવી અનેક પ્રકારના દાન આપી કહ્યું, હે બ્રાહ્મણ તમને પુરુષોત્તમરૂપ માનીને દાન આપું છું. મારો સંકલ્પ પૂર્ણ કરજો.

ત્યાં પત્નીવ્રત દ્વિજમાંથી પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈને કહે : હે રાજા ભક્તિભાવથી આપેલું દાન હું ગ્રહણ કરું છું, અને તારો સંકલ્પ પૂર્ણ થશે. તારા દેહનો અંત આવી ગયો છે. દેહ મૂક્યા પછી તું વૈરાજપદ પ્રાપ્ત કરીશ. એમ કહીને રાજાને માથે હાથ મૂકી આશિર્વાદ આપી અદશ્ય થયા. ત્યારપછી સહસ્ત્રાક્ષ એક વર્ષે દેહ મૂકીને ઈશ્વરોની સૃષ્ટિમાં ગયો. પુરુષોત્તમ નારાયણની કૃપા આશિર્વાદથી બ્રહ્માંડરૂપી શરીર ધારણ કરી, વૈરાજપદ પ્રાપ્ત કર્યું. વૈરાટ નારાયણના નાભિમાં કમળ થયું તેમાં બ્રહ્મા થયા. વૈરાટ નારાયણના હૃદયમાંથી વિષ્ણુ થયા. જે વૈરાટ નારાયણના લલાટમાંથી શંકર થયા. આ રીતે સહસ્ત્રાક્ષ રાજા પુરુષોત્તમ માસનું પ્રતિપાદનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરી, અનેક પ્રકારના દાન આપી, વૈરાટ નારાયણના પદને પ્રાપ્ત થયા. એજ રીતે જે પુરુષોત્તમ માસની કથાનું શ્રવણ કરશે, વાંચશે તે પણ ફળ પ્રાપ્ત કરશે, જે નાસ્તિક હશે, શ્રદ્ધા વિનાનો હશે, ખોટું બોલનારો હશે, નિંદા કરતો હશે, દોષ જોનારો હશે, તેને પ્રભુની પ્રસન્નતા અને ફળપ્રાપ્તિ થતી નથી. તેથી થોડું થાય તો થોડું કરવું પણ દોષનો ત્યાગ કરીને વ્રત, નિયમ, પૂજન, ભક્તિ વગેરે કરવા. જેથી પ્રભુની પ્રસન્નતા થાય.

અધ્યાય - ૩૦૯

❖ પુરુષોત્તમ માસની વદ બીજની તિથીની પૂજનવિધિ ❖
❖ સર્વહુત રાજા અને ગોઋતંભરા રાણી બ્રહ્મા અને ગાયત્રી થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સૃષ્ટિમાં સર્વહુત રાજા તથા ગોઋતંભરા રાણી તે બંને મારી ભક્તિપરાયણ યજ્ઞ કરનારા હતા. તે અનેક પ્રકારના દાન આપતો. તેણે જાહેર કર્યું કે, મારા રાજ્યમાં વાસ કરતા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, શ્વપચ વગેરે તથા બ્રહ્મચારી, વનપ્રસ્થ, ગ્રહસ્થો, સંન્યાસી સર્વેને હું અન્નનું સદાવ્રત આપું છું તથા વસ્ત્રો આપું છું તથા પાણીના પરબો કરાવ્યા છે. તેથી જેને અન્ન, વસ્ત્ર અને પાણી જે જોઈએ તે લઈ જજો. તેને માટે મેં ગામમાં, શહેરમાં, વનમાં, પર્વતમાં, નદીમાં, વાડી, ખેતરમાં, સર્વે જગ્યાએ સદાવ્રતો કરેલા છે. તથા પશુ-પક્ષી માટે પણ ઘાસચારો, અન્નકણ જે જોઈએ તે રાજ્યમાંથી લઈ જવું. સર્વહુત રાજાની કીર્તિ સાંભળી દેવો હંસનું રૂપ લઈને રાજા પાસે આવ્યા. તેજસ્વી રાજાને જોઈ દેવો આશ્ચર્ય પામ્યા. દેવીઓ પણ ગોઋતંભરા રાણીને જોઈને આશ્ચર્ય પામી. એક વખત રાણીએ રાજાને કહ્યું દેવો અને દેવીઓ આપણી પાસે આવે છે ત્યારે આપણે નીચે બેસવું પડે છે. તેથી આપણે ઊંચે સ્થાને બેસી એવો કંઈક ઉપાય કરો.

રાજાએ કહ્યું, દેવી આપણે મનુષ્ય છીએ, મનુષ્યોનું સ્થાન દેવો કરતા નીચું છે. તો પણ રાણી વારંવાર રાજાને કહેતી આપણે ઊંચું સ્થાન પ્રાપ્ત કરીએ. રાજાએ કહ્યું, પ્રભુએ જે આપ્યું છે એમાં સંતોષ માનવો પણ તૃષ્ણા જાજી ન રાખવી, તો જ પુણ્યના પ્રાબલ્યથી

મનુષ્ય ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરે છે. ત્યાં પુરુષોત્તમ નારાયણનું નગારું સાંભળ્યું. પુરુષોત્તમ માસના વદ બીજનું જે વ્રત કરશે. નિરાહાર, જલાહાર, ફલાહાર, દૂધપાન, એકટાણું, નકતભોજન કરીને જે પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તેને જે ઈચ્છા હશે, તે પુરુષોત્તમ નારાયણ પૂરી કરશે. પૃથ્વીનું, સ્વર્ગનું, પાતાલનું, સૂર્ય - ચંદ્રનું, બ્રહ્માના સત્યલોકનું રાજ્ય પણ પુરુષોત્તમ નારાયણ આપશે. મારા માટે થોડું કરશે તેને પણ હું કૃપાથી ઘણું મહાન ફળ આપીશ. આવું પુરુષોત્તમ નારાયણનું કૃપાવાક્ય નગારાથી સાંભળીને રાજા-રાણીએ પુષ્પોથી નગારાની પૂજા કરીને પુરુષોત્તમ માસની વદ બીજનું વ્રત કર્યું. સુવર્ણની કૃષ્ણનારાયણની મૂર્તિ બનાવી, પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર અલંકારો ધારણ કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવેદ્ય, મુખવાસ ધરી, આરતી કરી, પ્રદક્ષિણા સ્તુતિ કરી. એ રીતે બપોરે, સાંજે પૂજા કરી, ભોજન કરાવીને, જાગરણ કરી, વાજિંત્રો સહિત કીર્તન ઉત્સવ નૃત્ય કરતા હતા. પછી તે રાણી-રાજાએ સિંહાસન, પલંગ, છડી, છત્ર સર્વે શ્રીકૃષ્ણને દાનમાં આપ્યા. તથા શહેરો, ભવનો, અશ્વ, વાહનો, દાસ-દાસીઓ, સર્વે પૃથ્વી દાનમાં શ્રીકૃષ્ણનારાયણને આપી દીધી. ત્યાં પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈને રાજા-રાણીને કહે : તમારા વ્રતથી દાનથી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. વરદાન માગો. રાજા-રાણી કહે : પ્રભુ કૃપા કરી અમને બ્રહ્માનું પદ આપો. પછીથી તમારું અક્ષરધામ શાશ્વત મોક્ષ આપજો. શ્રીહરિ કહે, તથાસ્તુ. શ્રીહરિ રાણીને કહે : તું પુષ્કર તીર્થમાં આયર કન્યા થઈશ અને તે અરણ્યવાસી આયરો ગોપનો ગાયત્રો રાજા થશે. તેની પત્ની ઋષિમાં તું આર્ષી ગોમતી ગાયત્રી થશે અને આ રાજા બ્રહ્મા થઈને ત્યાં પુષ્કરમાં યજ્ઞ કરશે. તે યજ્ઞમાં સર્વે દેવો ઋષિ-મુનિઓ આવશે ત્યારે બ્રહ્મા યજ્ઞનું મુહૂર્ત ચૂકાઈ જતું હોવાથી ઈન્દ્ર સાવિત્રી લાવવાનું કહેશે ત્યારે ઈન્દ્ર ગોપકન્યા ગોમતીને લાવી બ્રહ્માની પાસે બેસાડી દેશે. તેથી તે ગાયત્રીપણાને પામશે. એ રીતે સર્વહુત રાજા અને ગોઋતંભરા રાણી બ્રહ્મા અને ગાયત્રી થયા. પુરુષોત્તમ માસની કથા જે સાંભળશે, વાંચશે તે સર્વે ફળભાગી થશે.

અધ્યાય - ૩૧૦

❖ પુરુષોત્તમ માસની વદ ત્રીજની તિથીની પૂજનવિધિ ❖
❖ બ્રહ્મસવિતા રાજા અને ભૂરિશૃંગા રાણી તે સૂર્યપદને પ્રાપ્ત થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માની પૂર્વ સૃષ્ટિમાં બ્રહ્મસવિતા ચક્રવર્તી રાજા હતો તેની પતિવ્રતા પત્ની ભૂરિશૃંગા નામે હતી. રાજા-રાણી બંને શ્રીકૃષ્ણનારાયણના ભક્ત હતા. સેવાભક્તિ પરાયણ રહેતા. અધર્મીઓનું નિયમન કરી. સાધુ, બ્રાહ્મણ, ગાયોની સેવા કરતા. તે રાજા-રાણીએ સર્વે રાજ્યોમાં મંદિરો બનાવી તેમાં દેવોનું પૂજન નૈવેદ્ય, આરતી, વગેરે ચાલુ કરાવ્યું તથા ચાતુર્માસમાં સાધુ-સાધ્વીઓ, બ્રાહ્મણો, અનાથ બાળકો, અતિથિઓને

ભોજન કરાવી અનેક પ્રકારના દાન આપે તો તે રાજા ચાતુર્માસમાં દેવાલયોમાં દીપ-દાન અખંડ રાખતો અને જાહેરાત ન કરતો કે, ચાતુર્માસમાં જે શ્રીહરિની નવધા ભક્તિ કરશે, તેને રાજય ભોજન આપશે. આવા ભક્તિ પરાયણ રાજા-રાણીએ પુરુષોત્તમ માસની વદ ત્રીજનું નગારું સાંભળ્યું. નર-નારી ચૌદલોકના વાસી પુરુષોત્તમ નારાયણનું વચન સાંભળો. જે પુરુષોત્તમ માસની વદ-ત્રીજનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થની સિદ્ધિને પામશે. આજે કોઈ ભોજન, દાન, આપશે તે નવ નિધિ પામશે. સુવર્ણ દાન કરશે, તેને કુબેરપદ મળશે, રત્નોના દાન કરશે તે ઈન્દ્ર થશે, સર્વે સ્વદાન કરશે તે અષ્ટ, સિદ્ધિ પ્રાપ્ત કરશે, દીપ-દાન કરશે તેને સૂર્યપદ મળશે, દૂધ દાન કરશે તેને ચંદ્રનું સ્થાન મળશે, આજ મારી પૂજા કરશે તે પૂજ્યપણાને પામશે, જે જે મારી પાસેથી ઇચ્છા રાખશે તે સર્વે હું આપીશ.

પુરુષોત્તમ નારાયણનું આવું કૃપા વાક્ય નગારાથી સાંભળી રાજા-રાણી પ્રભુના દૂતની પૂજા કરીને પુરુષોત્તમ માસની વદ ત્રીજનું વ્રત કરી પૂજન કરી, દીપ-દાન કરી, સૂર્ય થવાની ઇચ્છા રાખતા હતા. રાજા-રાણીએ મંડપ કરાવી, મંડળ પુરાવી, સુવર્ણ ઘડો મૂકી, પુરુષોત્તમ નારાયણની મૂર્તિને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, છપનભોગ નૈવેદ્ય ધરતા હતા. પછી આરતી, પ્રદક્ષિણા, દંડવત્, સ્તુતિ, નમસ્કાર, પ્રાર્થના કરી કે, હે પુરુષોત્તમ નારાયણ અમારી પૂજામાં કાંઈ ભૂલ થતી હોય તો ક્ષમા કરજો. એવી રીતે બપોરે, સાંજે આરતી કરી, ભોજન આપી, રાત્રે જાગરણ કરી, કીર્તન ભક્તિ કરતા હતા. ત્યાં શ્રીહરિ પ્રત્યક્ષ દર્શન આપી બોલ્યા કે, હું તમારી ભક્તિથી વ્રતથી દીપ-દાનથી ચાતુર્માસના નિયમથી પ્રસન્ન થયો છું, તેથી તમે ઇચ્છેલું સૂર્યપદ પ્રાપ્ત કરશો. એમ કહી અદૃશ્ય થયા. સવારે રાજા-રાણીએ ગાયો, ભેંસો, હાથી, ઘોડા, પશુ, વાહનો, સોનું, ચાંદી, વસ્ત્રો, પાત્રો, દાસ-દાસી, ખેતર, વાડી, બગીચા, ભૂમિ, સર્વે દાન સાધુ, બ્રાહ્મણોને, યતિ, ભિક્ષુકોને ભોજન કરાવીને આપ્યા. ત્યારે પુરુષોત્તમ નારાયણ ભિક્ષુકનું રૂપ લઈને આવ્યા. રાજારાણીએ ભોજન આપી સેવા કરી ત્યાં રાજા-રાણીને સમાધી થઈ. તેમાં રાજાએ પોતાને મૂર્તિમાં ન સૂર્યરૂપે જોયા અને રાણીને સંજ્ઞારૂપે જોઈ. ત્યાં રાજા રાણીના શરીરો પડી ગયા અને રાજા સૂર્ય થયા, રાણી સૂર્ય પત્ની સંજ્ઞા થઈ. એવી રીતે પુરુષોત્તમ માસનું વદ ત્રીજનું વ્રત પૂજન કરીને બ્રહ્મસવિતા રાજા અને ભૂરિશૃંગા રાણી તે સૂર્યપદને પ્રાપ્ત થયા. પુરુષોત્તમ માસની આ કથાનો અધ્યાય સૂર્યનારાયણની કથા કોઈ વાંચશે, સાંભળશે તે સૂર્યસમાન તેજસ્વી થશે.

અધ્યાય - ૩૧૧

❖ પુરુષોત્તમ માસની વદ ચોથની તિથીની પૂજનવિધિ ❖
❖ પીયુષ રાજા ચંદ્ર થયો અને તેની સત્યાવીશ રાણીઓ નક્ષત્રો થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માના પૂર્વ કલ્પમાં સમીતપીયુષ રાજા ધર્મિષ્ઠ ભગવદ્ ભક્ત હતો. તેને સત્યાવીશ પત્નીઓ હતી. સર્વે પતિવ્રતા પરાયણ હતી. પતિ સેવા કરીને દેવપૂજા, ધ્યાન, જપ, પિતૃકર્મ કરીને હજારો દાસી હોવા છતાં વિષ્ણુસેવા જાતે કરતી. પ્રભુને માટે જાતે રસોઈ કરવી, પાણી ભરવું વગેરે અનેક સેવા કરતી. જેણે રાજ્ય સંપત્તિ સર્વસ્વ પ્રભુને અર્પણ કર્યું હોય તેને આ શરીરથી ન થાય એવું કંઈ પણ નથી. અનિત્ય શરીરથી નિત્યઆત્માને માટે પુણ્ય મેળવવું. જેથી ભક્તિ અને મુક્તિ બંને મળે. જ્યાં સુધી શરીર સારું હોય, ઈન્દ્રિયો પોતાના વશમાં હોય, પેટમાં પાચન થતું હોય ત્યાં સુધીમાં આત્માનો કાર્ય મોક્ષ મેળવી લેવો. જ્યારે નેત્રથી નહીં દેખાય ત્યારે શ્રીહરિના દર્શન નહીં થાય. જ્યારે કાને નહીં સંભળાય. ત્યારે શ્રીહરિની કથા નહીં સંભળાય. જ્યારે શરીર પરતંત્ર થશે ત્યારે શરીરથી શ્રીહરિની કાંઈ પણ સેવા નહીં થાય. આવી રીતે તે રાજાની રાણીઓ વિચાર કરીને શ્રીહરિ પુરુષોત્તમની સેવાભક્તિ કરતી હતી. તે જ પ્રમાણે રાજા પણ પ્રભુભક્તિ કરતો.

એક સમયે તે સર્વે રાણીઓએ આસો વદ આઠમનો ઉપવાસ કરીને કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ અને શ્રી પુરુષોત્તમની મૂર્તિ બનાવી પૂજન કરી આરતી કરી. ત્યાં શ્રીકૃષ્ણનારાયણ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા. રાણીઓ દિવ્ય, અલૌકિક દર્શન કરી આશ્ચર્ય પામી. પછી રાણીઓ તરત જ વસ્ત્ર-આભૂષણો લાવી પ્રભુને ધારણ કરાવ્યા. સોનાનો મુકુટ, કુંડળ, તિલક, ચાંદલો, કર્યો. સોનાના બાજુબંધ, કડાં, પોચી, વેઢ, વીંટીઓ ધારણ કરાવ્યા. સોનાના હાર, કંદોરો તોડા વગેરે ધારણ કરાવી આરતી ઉતારી તથા મિષ્ટાન્ન, દૂધપાક જમાડીને સર્વે રાણીઓએ પુરુષોત્તમ નારાયણને અનેક ભેટ સામગ્રી આપી રાજી કરતા હતા. એ રીતે સર્વે રાણીઓની સેવા અંગીકાર કરી પુરુષોત્તમ નારાયણ આશિર્વાદ આપી અદૃશ્ય થયા. રાણીઓએ રાજાને દર્શનની વાત કરી, રાજા પ્રસન્ન થયો અને પત્નીઓ સાથે સ્વર્ગમાં જવાની ઈચ્છા રાખતો થઈ. ત્યાં નગારું સંભળાયું. નર-નારીઓ સાંભળો. પુરુષોત્તમ માસની વદ ચોથનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તેની પુરુષોત્તમ નારાયણ સર્વે મનોકામના પૂર્ણ કરશે. જે જનો આ વ્રત્ત કરી દાન આપશે તે સકામ હશે તો સ્વર્ગને પામશે, નિષ્કામ હશે તો બ્રહ્મલોકને પામશે, તથા આ લોકમાં સંપત્તિ, પતિ-પત્ની, પુત્ર વગેરે જે ઈચ્છશે તે પામશે.

પુરુષોત્તમ નારાયણનું કૃપાવાક્ય નગારાથી સાંભળીને સમીતપીયુષ રાજા તથા રાણીઓ, દાસીઓએ નગારાની પૂજા કરી. પુરુષોત્તમ માસની વદ ચોથનું વ્રત કરી પૂજન કરી, આરતી કરી, નૈવેદ્ય ભોજન કરાવી. રાત્રે જાગરણ કરી ગીત, વાજિંત્ર સહિત નૃત્ય કરતા હતા. સવારે શ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી, સાધુ, બ્રાહ્મણોને જમાડીને હીરા, રત્નો, મણિના દાન આપતો હતો. તે સમયે પુરુષોત્તમ નારાયણે વિપ્રનું રૂપ લઈ રાજા પાસે યાચના કરી. રાજા-રાણીઓએ સત્પાત્ર જાણીને રત્નોની માળા આપી નમસ્કાર કર્યા. વિપ્ર કહે : રાજન વરદાન માંગ. રાજા કહે : ચંદ્રનું રાજય આપો અને આ સર્વે મારી રાણીઓ મારી પત્નીઓ થાય. વિપ્રરૂપે રહેલા પુરુષોત્તમ નારાયણ કહે : તથાસ્તુ. એમ કહી અદૃશ્ય થયા. તે રાજા પુરુષોત્તમ માસની વદ ચોથનું વ્રત કરી ચંદ્ર થયો અને રાણીઓ તે દક્ષરાજાની પુત્રીઓ થઈ. તે સર્વે પુત્રીઓ ચંદ્રમાંને આપીને સત્તાવીશ નક્ષત્રો રૂપે આકાશમાં ચંદ્રની સાથે રહી. એ રીતે જે જનો પુરુષોત્તમ માસનું વદ ચોથનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તે ઈચ્છિત સર્વે પામશે. આ અધ્યાયની જે કથા કહેશે તથા સાંભળશે તે પણ ભક્તિ-મુક્તિ પામશે.

અધ્યાય - ૩૧૨

❖ પુરુષોત્તમ માસની વદ પાંચમની તિથીની પૂજનવિધિ ❖
❖ વસુધાન રાજા અને રાધ્યાસા રાણી કુબેર-કુબેરાણી થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે કલ્પમાં વસુધાન રાજા અને રાધ્યાસા રાણી મહાદેવના મહાન ભક્ત હતા. હંમેશાં મહાદેવને પંચામૃતથી સ્નાન કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, આરતી કરી, સાકર, નૈવેદ્ય ધરી, સ્તુતિ કરતા હતા, રોજ સાધુ-બ્રાહ્મણોને ભોજન કરાવી દાન આપતા હતા તથા યજ્ઞો કરીને દાન આપતા. તેના રાજ્યમાં કૃષ્ણ વિના ઉત્સવ થતા નહીં. શંકર વિના કીર્તન થતા નહીં. રાજાએ રાજ્યમાં સર્વે પુજારીઓને કહ્યું કે, સર્વે શિવાલયોમાં રોજ શિવ-પાર્વતીની પૂજા ષોડ્શોપચારથી કરી, ઘીનો દીવો અખંડ રાખવો અને સર્વે પ્રજાને આજ્ઞા કરી જે કોઈ શંકરના દર્શન કર્યા વિના રહેશે તેનો શિરચ્છેદ કરવામાં આવશે. રાજા-રાણી રોજ દરેક શિવાલયોમાં દર્શન કરી પછી ભોજન લેતા. એક દિવસ દર્શન કરી જમવા બેઠા ત્યાં શંકર પાર્વતી ભિક્ષુક રૂપે આવ્યા. રાજાએ જમવાનું આપ્યું. શંકર પાર્વતી કહે : ભગવાનને અર્પણ કર્યા વિના અમે જમતા નથી. અમે વૈષ્ણવ છીએ. આ ભોજનમાં તુલસીપત્ર નથી. વૈષ્ણવોએ પ્રભુને અર્પણ કર્યા વિના જળ પણ ગ્રહણ ન કરવું. તમે રાજા-રાણી પૂજા ભોજન દીવા કરો છો તે અમે જોઈએ છીએ પણ ગ્રહણ કરતા નથી. આત્મનિવેદી ભક્તનો તે ધર્મ છે કે, જડચેતન જેટલું પોતાનું છે તેટલું ભગવાનને અર્પણ કરીને અને ગ્રહણ કરે. પોતાના ઘર, પશુ-પક્ષી, વાહન સર્વેને શ્રીહરિનો મંત્ર આપી

કંઠી બાંધવી. જડચેતન સર્વેને વૈષ્ણવ ચિહ્નવાળા કરવા. અમારા કૈલાસ ધામમાં વૈષ્ણવ ચિહ્ન વિનાનું કોઈ નથી. તે પરબ્રહ્મના તેજમાંથી હું પ્રગટ થયેલો છું. તેથી રાજા તું અષ્ટાક્ષર મંત્ર ગ્રહણ કરી વૈષ્ણવ થા, એમ કહી શંકરે રાજાને કૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. પાર્વતીએ રાણીને મંત્ર આપ્યો. તુલસીકંઠી બાંધી અને તિલક ચાંદલો કર્યાં. શિવપાર્વતી આશિર્વાદ આપી અદૃશ્ય થયા. રાજા-રાણી શંકરની આજ્ઞાથી શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરવા લાગ્યા. ત્યાં પુરુષોત્તમ નારાયણનું નગારું સાંભળ્યું. દેવો, માનવો સર્વે સાંભળો. પુરુષોત્તમ માસની વદ પંચમીનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તે આલોકમાં તથા પરલોકમાં ઈશ્વરપદ પ્રાપ્ત કરશે. એ હું શ્રીહરિની આજ્ઞાથી જાહેર કરું છું.

પંચમીના એક જ દિવસના વ્રતથી રાજધાની, સામ્રાજય, ઈન્દ્ર, સૂર્ય, ચંદ્રપદ, બૃહસ્પતિ, કુબેરપદ જે ઈચ્છશે તે મળશે. રાજા-રાણી પુરુષોત્તમ નારાયણનું વચન નગારાથી સાંભળી નગારાને નમસ્કાર કરીને શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણની સુવર્ણની મૂર્તિ બનાવી, પંચામૃતથી સ્નાન કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, નૈવેદ્ય, મિષ્ટાન્ન, દૂધપાક ધરી, ધૂપ દીપ, આરતી, દંડવત્, પ્રદક્ષિણા કરી, સ્તુતિ કરી. રાત્રે જાગરણ કરી, ગીત-વાજિંત્ર સહિત નૃત્ય કરતા હતા. ત્યાં પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ લક્ષ્મીપતિ, શ્રીપતિ, રાધિકાપતિ, માણિકીપતિ, શ્રેયસી-પ્રેયસીનું પાલન કરનારા પાર્વતી, પ્રભાપતિ, જયા, લલિતા, પતિ અક્ષરાધિપતિ, મુક્તપતિ, ગોપપતિ, સર્વપતિ, અંતરાત્મા શ્રીહરિ પ્રગટ થઈ દર્શન દઈ બોલ્યા, તમે પંચમીનું વ્રત કરી મારું પૂજન કર્યું. તમે મારા વૈષ્ણવ ભક્ત થયા તેથી હું પ્રસન્ન થયો છું. બોલો શું ઈચ્છા છે ?

રાજા-રાણી પ્રભુને પગે લાગી કહે : ઈન્દ્રપદ દૈત્ય પીડા કરનારું છે. બ્રહ્માપદ સૃષ્ટિના સર્જન માનવો ઘડવા કરવા જેવું છે. માટે વૈકુંઠ જેવું હિરણ્ય સ્થાન કુબેરપદ આપો, જેથી સર્વેને સંપત્તિની જરૂર પડે અને સર્વેને હું માન્ય થાઉં. શ્રીહરિ તથાસ્તુ કહી અદૃશ્ય થયા. સમય જતા રાજા-રાણીના શરીરો પડી ગયા, અને રાજા કુબેર થયો, રાણી કુબેરાણી થઈ. બ્રહ્માના પિતા વૈરાટ, તેના પિતા મહાવિષ્ણુ, તેના પિતા ભૂમાનારાયણ, તેનો કૌશાધ્યક્ષ કુબેર. આવું મહાનપદ હે લક્ષ્મી, મારા વિના કોણ આપે તેથી પુરુષોત્તમ માસની વદ પંચમીનું વ્રત કરી. મારું પૂજન કરશે તે સર્વે સિદ્ધિને પામશે. જે જનો આ પુરુષોત્તમ માસની કથાનો અધ્યાય વાંચશે, સાંભળશે તે પણ તેવા જ ફળને પામશે.

અધ્યાય - ૩૧૩

❖ પુરુષોત્તમ માસની વદ છઠ્ઠની તિથીની પૂજનવિધિ ❖
❖ બ્રાહ્મણ દેવયવ અને દેવજુષ્ટા ઈન્દ્ર અને ઈન્દ્રાણી થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વે સુખ સંપત્તિ ઈષ્ટને આપનારી પુરુષોત્તમ નારાયણની કથા સાંભળો. પૂર્વે કલ્પમાં મરુદેશમાં દેવયવ નામે બ્રાહ્મણ હતો. તેની પત્ની દેવજુષ્ટા પતિવ્રતા હતી. દંપતી ધર્મકર્મવાળા, શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ પરાયણ રહેતા. મરુદેશના રાજાએ ભાસ્વતી નગરીમાં સાત શિખરનું વિષ્ણુ મંદિર કરાવ્યું. મધ્ય શિખરમાં ચતુર્ભુજ કૃષ્ણનારાયણ, લક્ષ્મી, રાધા પધરાવ્યા. જમણા શિખરમાં શ્રી પ્રભા, પાર્વતી પધરાવ્યા. ડાબા શિખરમાં માણિકી, લલિતા, જયા પધરાવ્યા. દેવયવ બ્રાહ્મણ પૂજારી મધ્ય શિખરમાં પૂજા કરતો. તેની પત્ની દેવજુષ્ટા જમણા શિખરમાં પૂજા કરતી. દેવયવની દાસી અદ્રીદ્યુતિ ડાબા શિખરમાં પૂજા કરતી. તેનો દાસ ગીરીક્ષીત બહાર વાળવું, ચંદન ઘસવું વગેરે સેવા કરતો. તે સર્વે પૂજા કરનારાને રાજા વેતન આપતો. અન્ન, વસ્ત્ર, દ્રવ્ય, દાન વગેરે આપતો. છતાં તે પૂજારી દર્શને આવતા યાત્રાળુઓ દેવને સોનું, ચાંદી, દ્રવ્ય, વસ્તુ વગેરે ભેટ આપતા તેમાંથી પોતે ચોરી લેતો. ચોરીનું દ્રવ્ય જેમાં ભળે છે તે દ્રવ્ય પણ દૂષિત થઈ નાશ પામે છે. ગુરુનું, આચાર્યનું, દેવનું, ભિક્ષુકનું, ગાયનું, વિપ્રનું, સ્ત્રીનું, અનાથ નિરાધારનું, દ્રવ્ય અગ્નિસમાન છે.

એક વખત કૌશલ રાજાએ મરુદેશ પર ચડાઈ કરી યુદ્ધ કરી, ભાસ્વતી નગરી જીતી લીધી અને સર્વેની પાસેથી ધન લૂંટી લઈ ગયો. ત્યાંથી પ્રાંચી પીપળે બેસી શ્રીહરિને સંભાર્યા. ગીરીક્ષીત કહે : આપણે દેવની પૂજા કરી પણ શ્રીહરિએ આપણું રક્ષણ ન કર્યું તો બીજા કોનું રક્ષણ કરે ? દેવયવ કહે : એવું બોલમાં આપણે જીવતા રહ્યા તે શ્રીહરિ રક્ષણ કર્યું છે. દેવનું દ્રવ્ય જો ચોર્યું તેથી સર્વે દ્રવ્ય લૂંટાઈ ગયું. તેથી લોભથી, અજ્ઞાનથી, અન્યાયથી પણ દેવનું દ્રવ્ય, અન્ન, વસ્ત્ર, વાહન, પાત્ર, પત્ર, પુષ્પ, ફળાદિક ક્યારે પણ ચોરી લેવું નહીં. દેવ દ્રવ્ય ખાનારો નાશ પામે છે. એને યમરાજ પણ સંઘરતા નથી. તેનું રક્ષણ શ્રીહરિ કરે છે. તેથી શ્રીહરિની શરણાગતિ લઈએ તો શ્રીહરિ રક્ષણ કરે. માટે વિશ્વાસ, વરણં, ન્યાસ, કાર્પણ્યં, સ્થિરમતી, અનુકૂલ સંકલ્પ, આ પ્રમાણે તેઓ શ્રીહરિનું શરણ લઈને ભજન કરવા લાગ્યા.

ત્યાં અધિક માસનું પુરુષોત્તમ નારાયણનું નગારું સાંભળ્યું. પુરુષોત્તમ માસમાં વદ છઠનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન સકામ, નિષ્કામ, ધનવાન, નિર્ધન કરશે તે સર્વેના સંકલ્પ પૂર્ણ થશે. તે વ્રત જલ પીને, નિર્જલ રહીને, દૂધ, ફલાહાર કરીને, નક્તભોજન

એકટાણું કરીને, પુરુષોત્તમ નારાયણની પૂજા કરવી. જેથી અનેક જન્મોના દોષ દુર્ગુણ પાપ નાશ પામે અને પુરુષોત્તમ નારાયણની પ્રસન્નતા થાય. અત્યારે પુરુષોત્તમ નારાયણ કૃપાસાધ્ય થયા છે. પુરુષોત્તમ નારાયણનો આવો સંદેશ નગારાથી સાંભળીને ચારેય બ્રાહ્મણો દરિદ્રતાનો નાશ થાય તે માટે પુરુષોત્તમ માસની વદ છઠનું વ્રત નિરાહાર રહી, માટીની પુરુષોત્તમ નારાયણની મૂર્તિ બનાવી, તુલસી, પુષ્પથી, પૂજા કરી, આરતી કરી, નૈવેદ્યમાં બિલ્વપત્ર, ફળ આપી પછી સ્તુતિ, પ્રાર્થના કરી, રાત્રે જાગરણ કરી, ધૂન કીર્તન કર્યાં. ત્યાં પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈને કહે : ભક્તો તમારા વ્રત અને પૂજન ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમારા સર્વે પાપ નાશ પામ્યા છે, વરદાન માંગો.

દેવયવ વગેરે વિપ્રો પ્રભુના દર્શન કરી સ્તુતિ કરી કહે : હે પ્રભુ, અમને ઈન્દ્ર પદ આપો. શ્રીહરિ તથાસ્તુ કહી અદૃશ્ય થયા. પુરુષોત્તમ માસ પુરો થયા પછી ચારેયના શરીરો પડી ગયા. તે દેવયવ ઈન્દ્ર થયો. તેની પત્ની દેવજુષ્ટા ઈન્દ્રાણી થઈ તેનો સેવક ગીરીક્ષીત તે જયંત થયો. તેની સેવિકા અહીદ્યુતિ તે જયંતી થઈ. આ રીતે પુરુષોત્તમ માસની વદ છઠનું વ્રત અને પુરુષોત્તમ નારાયણનું પૂજન કરીને તેમણે ઈન્દ્ર પદ પ્રાપ્ત કર્યું. પુરુષોત્તમ માસની કથાનો આ અધ્યાયનો જે પાઠ કરશે. વાંચશે સાંભળશે તે સર્વે પણ આ ફળને પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૩૧૪

❖ પુરુષોત્તમ માસની વદ સાતમની તિથીની પૂજનવિધિ ❖
❖ અરૂંધતી (સંધ્યા) નિષ્પાપ થઈ વશિષ્ઠ ઋષિ સાથે સ્વર્ગમાં ગઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી બ્રહ્માએ પ્રથમ માનસ સૃષ્ટિથી સપ્તઋષિ, દક્ષ અને સંધ્ય ઉત્પન્ન કર્યાં. પછી કામદેવને ઉત્પન્ન કરી કહ્યું કે, જગતના સુખ માટે, મૈથુનીસૃષ્ટિ માટે, સ્ત્રીને પુરુષને મોહ ઉત્પન્ન કર. કામદેવે તરત ધનુષ્ય લઈને હર્ષ, રોચન, મોહન, શોષણ, દ્રાવણ આ પાંચ બાણ ચડાવી અને છોડ્યા. ત્યાં દક્ષ, સંધ્યા, બ્રહ્મા, વિકાર પામ્યા. ધર્મદેવ તે જોઈને કહે : કામદેવ ધર્મ માટે ઉત્પન્ન કર્યો છે, અધર્મ માટે નહીં. કુટુંબમાં મા, બેન, દીકરી, ભાભી, બહેન વગેરેમાં વિકાર થશે તો પ્રજા ક્ષેમ કુશળ નહીં રહે. તેથી દક્ષ તું બદ્રિકાશ્રમ જઈ ગંગામાં નાહી તપ કરી, પવિત્ર થઈ પછી સૃષ્ટિ કરજે. બ્રહ્માને કહ્યું તમે યજ્ઞ કરો. બ્રહ્માએ યજ્ઞ કર્યો. વરસાદ થયો. અન્ન થયું, પછી ધર્મદેવે સંધ્યાને કહ્યું તું શ્વપચ કન્યા થા. પછી શુદ્ધ થઈશ. સંધ્યાએ હિમાલયમાં કર્મ ચંડાલને ત્યાં જન્મ લીધો. સાત ઋષિ આકાશમાં ફરતા ફરતા બદ્રિકાશ્રમ આવ્યા. કાશું અને ફળને દોષ કે સૂતક નથી એમ માની શ્વપચને ત્યાં ભિક્ષા માગવા ગયા. શ્વપચે ઋષિના પગ ધોઈ પાણી પીધું. પ્રાર્થના કરી, અમારો ઉદ્ધાર કરો, એમ કહી અન્ન, ફળ અને કન્યા આપી કહ્યું. આ કન્યા પણ ભિક્ષામાં આપું છું. સર્વે ઋષિની અનુમતિથી વશિષ્ઠે કન્યા ગ્રહણ કરી. ગંગામાં સ્નાન કરાવી,

કામધેનુ ગાયના મુખમાં પ્રવેશ કરાવી, મૂત્ર દ્વારા કાઢી પવિત્ર કરી. પછી ઉપવિત આપી, બ્રાહ્મણી બનાવી. પછી વશિષ્ઠ ઋષિએ રક્ષાસૂત્ર બાવળે બાંધી. ચંદ્ર ભાગા નદી કાંઠે તપ કરવા કહ્યું. તપ કરી ગૌરીને પ્રસન્ન કર્યાં.

પાર્વતી પ્રગટ થઈને કહે : અરુંધતિ તે પુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણનારાયણનું ભજન, જપ કર્યા તેથી સર્વે પ્રાપ્તિ થશે. ફલાહાર, કંદમૂળનો આહાર કરી રોજ એક હજાર માળા ફેરવજે, બે હજાર જપ કરજે. એમ કહી પાર્વતી અદૃશ્ય થયા. એ પ્રમાણે તપ જપ કરતી અરુંધતિને દિવ્યજ્ઞાન, દિવ્યદૃષ્ટિ, દિવ્યવાણી પ્રાપ્ત થઈ. ત્યાં પુરુષોત્તમ નારાયણનું નગારું વાગ્યું. તપસ્વી સર્વે સાંભળો, પુરુષોત્તમ માસની વદ સાતમનું વ્રત નિરાહાર રહી કરશે તથા પૂજાની સામગ્રીથી પુરુષોત્તમ નારાયણની પૂજા કરશે. રાત્રે જાગરણ કરશે. તે ઉત્તમ સુખને પામશે. અરુંધતિએ નગારાનું પૂજન કરી. સાતમનું વ્રત કરી તુલસી, પુષ્પોથી પુરુષોત્તમ નારાયણની પૂજા કરી. ફળફૂલ ધરી, રાત્રે જાગરણ કરી, સવારે બ્રહ્મમુહૂર્તમાં ધ્યાન કર્યું. ત્યાં શ્રીહરિએ પ્રગટ થઈ દિવ્યદર્શન આપ્યા. અરુંધતિએ સ્તુતિ કરી, હે જગતપતિ, નિત્ય આનંદવાળા, ઇચ્છેલું આપનારા, તમને નમો નમઃ તમે પરબ્રહ્મ છો, પરમાત્મા છો. હું સ્ત્રી કેટલું વર્ણન કરી શકું. વલ્કલ અને જટાવાળી અરુંધતિની પ્રાર્થના સાંભળી શ્રીહરિ કહે : હું તારી ભક્તિ તપ વ્રત અને સ્તુતિથી પ્રસન્ન થયો છું. વરદાન માંગ. અરુંધતિ કહે : પ્રથમ વરદાન હું કામ વિકારના પાપથી શુદ્ધ થાઉં. બીજું વરદાન જન્મતાની સાથે કામદોષ ન નડે, યુવાન થાય ત્યારે વિકૃતિ ભાવ થાય. ત્રીજું વરદાન સંધ્યા સમયે ઋતુદાન કરે તો પ્રજા પિશાચ જેવી થાય. ચોથું વરદાન હું ચાર સ્વરૂપે થાઉં. એકરૂપે સવારે સમયે શુભ કરનારી, બીજેરૂપે સાંજે સંધ્યા સમયે પુણ્ય આપનારી, ત્રીજે રૂપે સ્વર્ગમાં વશિષ્ઠની પત્નીરૂપે રહું, ચોથેરૂપે તમારા ધામમાં તમારી દાસીરૂપે રહું. સંધ્યાના વરદાન સાંભળી શ્રીહરિ કહે : અહીં મેઘાતિથિ ઋષિ યજ્ઞ કરે છે તે અગ્નિમાં તું શુદ્ધ થજે. તારા સર્વે સંકલ્પ પૂરા થશે. સંધ્યાએ કાષ્ઠમાં પ્રવેશ કર્યો. ઋષિએ યજ્ઞમાં કાષ્ઠ હોમ્યા બે સ્વરૂપ સંધ્યાના થયા. બે સ્વરૂપ કન્યાના થયા. એક કન્યાને વશિષ્ઠ ઋષિ પરણ્યા. બીજી કન્યા ધામમાં શ્રીહરિની સેવામાં રહી. આ રીતે પુરુષોત્તમ માસની વદ સાતમનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરી, સંધ્યા નિષ્પાપ થઈ અને વશિષ્ઠ ઋષિ સાથે સ્વર્ગમાં ગઈ. જે નર-નારીઓ આ વ્રત કરશે, પુરુષોત્તમ માસની આ કથા વાંચશે, સાંભળશે તેના સર્વે મનોરથો સફળ થશે.

અધ્યાય - ૩૧૫

❖ પુરુષોત્તમ માસની વદ આઠમની તિથીની પૂજનવિધિ ❖
❖ કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણને ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અધિક માસના અધિષ્ઠાતા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ થયા એથી શ્રીકૃષ્ણ ભગવાન ગોલોકમાં મહાન ઉત્સવ કરતા હતા. ગોપ-ગોપીઓ સાથે રાસમંડળની રચના કરતા હતા. તે સમયે રુકિમણિ મહાલક્ષ્મીએ પ્રાર્થના કરી કે, પ્રભુ આ મહાન ઉત્સવ મારે મહેલે કરો. શ્રીકૃષ્ણ કહે : બહુ સારું. સર્વે ધામવાસીઓ આવી શ્રીકૃષ્ણને દિવ્ય ભેટો આપી પોતાના સ્થાને બેસતા હતા. ગાંધર્વો ગાવા લાગ્યા, વાદકો વાજિંત્રો વગાડવા લાગ્યા, નર્તકો નૃત્ય કરવા લાગ્યા. ત્યાં શ્રીકૃષ્ણે ગોપીઓનો રાસ શરૂ કર્યો. સર્વે શ્રીકૃષ્ણના આનંદ બ્રહ્માનંદમાં તલ્લીન થયા. દર્શન, સ્પર્શ, સાંભળવું, સર્વે એકપણાને પામી ગયું. સુખ-સુખ, આનંદ, પરમાનંદ, વિના બીજું તત્ત્વ દેખાતું નહીં એવા ઉત્સવમાં રાધા, લક્ષ્મી, શ્રી રમા વગેરે શ્રીકૃષ્ણની સાથે એવા વેગથી રાસ રમતા નાચતા કૂદતા હતા કે તે સમયે શ્રીકૃષ્ણના મુગટની કલગીમાં રહેલો મણિ તે પડી ગયો તેની સાથે કલગી પણ પડી ગઈ. તો પણ શ્રીકૃષ્ણ રાસથી વિરામ ન પામ્યા. મણિ અને કલ્ગી મૂર્તિમાન થઈ રાસ રમવા લાગ્યા.

રાધાજીએ તે જાણીને શ્રીકૃષ્ણને કહ્યું, શ્રીકૃષ્ણે મણિ અને કલ્ગીને કહ્યું તમે તમારા સ્થાનમાં કેમ જાતા નથી. મને કલ્ગી મણિ વિનાનો મુગટ શોભતો નથી. એમ કહ્યું ત્યાં તે ઉત્સવમાં આનર્ત રાજા આવ્યો. આનર્ત રાજાના તપ, ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે આનર્તને ગોલોકની દિવ્ય ભૂમિનો કણ તથા મણિ આપ્યો. કલ્ગી કહે : હું મણિ વિના નહીં રહી શકું. શ્રીકૃષ્ણ કહે : તું આનર્ત સાથે જા. તને વિયોગ નહીં થાય. આનર્ત રાજા પૃથ્વી પર આવી પશ્ચિમ સમુદ્ર કાંઠે તે દિવ્ય ભૂમિકણ મૂક્યો તે વિસ્તાર પામી સૌરાષ્ટ્ર દેશ થયો. મણિ તે અશ્વપટ સરોવર કાંઠે દિવ્યદેહ ધારણ કરી પર્ણકુટી બાંધી તપ કરતા હતા તે નીંબદેવ નામથી પ્રસિદ્ધ થયા. કલ્ગી પણ દિવ્યદેહ ધારણ કરી નીંબદેવની સેવામાં રહેતા હતા. તે બંને ત્યાં અશ્વપટ સરોવર કાંઠે લક્ષ્મીનારાયણ સંહિતા કથા વાંચતા હતા તે કલ્ગી મિષ્ટાદેવી નામથી પ્રસિદ્ધ થયા. ત્યારપછી રૈવત રાજાનો પુત્ર ખટવાંગ અશ્વપટ સરોવર કાંઠે તપ કરતો હતો. તેને દર્શન દેવા લક્ષ્મીનારાયણ આવ્યા તે લક્ષ્મી રુકિમણિ હતા અને નારાયણ કૃષ્ણ હતા. પછી નીંબ દેવ મિષ્ટાદેવીને ત્યાં સ્વયં શ્રીકૃષ્ણે ગોપાલકૃષ્ણર રૂપે અવતાર ધારણ કર્યો. આશો વદ પાંચમે ગોપાલકૃષ્ણ કુંકુમવાપીમાં પ્રગટ્યા તથા શેત્રુંજી નદી કાંઠે ઓળિયા ગામે રૂકિમણીરૂપી લક્ષ્મી તે ફાગણ વદ પાંચમે પ્રેમજી પ્રેમમણિને ત્યાં કંભરાલક્ષ્મી નામે પ્રગટ્યા. માતા-પિતાએ દિવ્ય દૃષ્ટિથી જાણી ગોપાલકૃષ્ણને બોલાવી વિવાહ વિધિથી કંભરાલક્ષ્મી આપ્યા. એ રીતે કંભરા ગોપાલ દિવ્ય ભગવાનના અવતાર હતા.

એક વખત આ દંપતીએ પુરુષોત્તમ માસમાં વદ આઠમનું નગારું સાંભળ્યું. સર્વે પુરુષોત્તમ નારાયણના ભક્તો સાંભળો. અધિક માસને વિષ્ણુ ભગવાનને, કૃષ્ણ ભગવાનને તથા પુરુષોત્તમ નારાયણે નિર્મળ કરીને પુરુષોત્તમની ઉપમા આપી છે. એવા પુરુષોત્તમ માસની વદ આઠમનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તે ઇચ્છેલું પ્રાપ્ત કરશે અને મારા ધામને પામશે. અશ્વપટ સરોવરમાં નાહીને નીંબદેવ તે કલ્યાણ પિતાને - મીષ્ટાદેવીને, ગોપાલકૃષ્ણ કંભરાલક્ષ્મીને નમસ્કાર કરીને પૂજન કરીને સત્કાર પામીને ધામમાં ગયા. પછી પુરુષોત્તમ માસની વદ આઠમનું વ્રત નિર્જલા કરીને ગોપાલ કંભરા એ પુરુષોત્તમ નારાયણનું એકસો આઠ ઉપચારથી પૂજન કરી છપ્પનભોગ મિષ્ટાન્ન, નૈવેદ્ય ધરીને, એકસો આઠ વાટોથી આરતી ઉતારી, રાત્રે જાગરણ કરી, ધૂન કીર્તન કરતા હતા. ત્યાં શ્રીહરિ પ્રગટ થયા અને દિવ્ય અલૌકિક દર્શન આપી કહ્યું, તમારે શું ઇચ્છા છે ? હું સાક્ષાત પુરુષોત્તમ નારાયણ તમારા તપ-ભક્તિથી પ્રસન્ન થયો છું. કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ કહે : હે પ્રભુ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ જો તમારી ઇચ્છા હોય તો તમે અમારે ત્યાં અવતાર ધારણ કરી સેવાનો લાભ આપો અને ભક્તજનોને તમારો અનાદિશ્રીકૃષ્ણનારાયણનો યોગ દર્શનનો લાભ મળે. અમારા બંનેનું મૂળ સ્વરૂપ તમે છો.

કંભરા ગોપાલની સ્તુતિ સાંભળી પુરુષોત્તમ નારાયણ પ્રસન્ન થઈ કહે : હું તમારે ત્યાં અવશ્ય પ્રગટ થઈશ. એમ કહીને અદૃશ્ય થયા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે તરત જ બાલસ્વરૂપે પ્રગટ થઈ દર્શન આપીને યુવાન સ્વરૂપ ધારણ કરી લીધું પોતાની ઇચ્છાથી ધર્મ સ્થાપવા માટે ભક્તિ પ્રવર્તાવવા માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પ્રાગટ્ય થતાં દેવોએ દુંદુભી વગાડી, પુષ્પવૃષ્ટિ કરી. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, ગાંધર્વો ગાવા લાગ્યા. ધામોના અવતારો ઈશ્વરો, દેવો, દેવીઓ, ઋષિઓ જય જયકાર કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરતા હતા. બ્રહ્માંડોમાં જીવસૃષ્ટિમાં અવતારોમાં મહાન ઉત્સાવ થતો હતો. આસો વદ આઠમે સૂર્યોદય પહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા જાણીને વેદો સ્તુતિ કરવા લાગ્યા કે, કૃષ્ણવલ્લભ નામધારી સર્વે વિદ્યાના પારને પામ્યા. પ્રભા લક્ષ્મી પાર્વતી માણિકી શ્રીના પતિ અસંખ્ય ચમત્કારો દેખાડવા લાગ્યા. કાર્તિક સુદ એકાદશીએ દીક્ષા ઉપવિત લેતા કરતા હતા. માધ સુદ આઠમે કાશીમાં આવ્યા. નવમીએ બ્રહ્મવિદ્યાનો પ્રચાર કર્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે, ગોલોક ધામમાં રાધાપતિ, રુકિમણિપતિ છે. તે જ પ્રભુ આ વૈકુંઠમાં લક્ષ્મીનારાયણ છે, તે હું અનંત સ્વરૂપે રહું છું. આગમ-નિગમનો જાણનારો છું. સર્વે વિદ્યા, જ્ઞાન, વિજ્ઞાન મારામાં રહેલું છે. પૂર્વે સૃષ્ટિનું લયકલ્પનું જ્ઞાન મેં લક્ષ્મીનારાયણ સંહિતાના એક કરોડ શ્લોક રચીને સર્વે સૃષ્ટિઓને આપ્યું. તેમાં પચાસ લાખ વૈરાટ નારાયણને આપ્યા. જેમાં ઈશ્વરોનું વિશેષ વર્ણન કરેલું છે. પચીસ લાખ બ્રહ્માને આપ્યા. તેમાં અનંત બ્રહ્માંડોની

કથાઓ કહેલી છે. બાર લાખ પચાસ હજાર પિતૃઓને આપ્યા. તેમાં સર્વે પરમાર્થની કથાઓ છે. પાંચ લાખ સ્વર્ગમાં બૃહસ્પતિને આપ્યા. જેમાં દેવોનું જ્ઞાન કહ્યું છે. પાંચ લાખ પાતાલમાં દૈત્યગુરુ શુક્રાચાર્યને આપ્યા. તેમાં તામસી વિદ્યા કહેલી છે. સવા લાખ બ્રહ્મર્ષિને આપ્યા. જેમાં ત્યાગિ, બ્રહ્મર્ષીઓને બ્રહ્મપ્રાપ્તિ કરાવનારું જ્ઞાન કહ્યું છે. સવા લાખ વિપ્રો માનવોને આપ્યા. જેને બ્રહ્મચારી, ગ્રહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી, ચાર આશ્રમના મનુષ્યો ભણીને વાંચીને સાંભળીને ચાર પ્રકારની સિદ્ધિ મેળવશે અને મોક્ષ મેળવશે.

કાલાંતરે જ્યારે બ્રહ્માંડનો લય થાય ત્યારે તે બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ કરવા, વ્યાસ આચાર્ય ઋષિરૂપે હું પ્રગટ થાઉ છું. એ રીતે કરોડો વૈરાટોનો લય થયેલો છે. તો બ્રહ્માની તો વાત જ ક્યાં કરવી. તેને હું જાણું છું. હે લક્ષ્મી, તું કે બીજા અવતારો ઈશ્વરો પણ જાણી શકતા નથી. પુરુષોત્તમ માસની આઠમ નિમિત્તે આ મારી અનાદિશ્રીકૃષ્ણનારાયણની કથા તને કહી, તે વાંચનારા, સાંભળનારાને સ્વર્ગ અને મોક્ષ અપાવનારી છે. પત્નીની ઈચ્છાવાળો પત્ની પામશે. પુત્રની ઈચ્છાવાળો પુત્ર, ધનની ઈચ્છાવાળો ધન પામશે, યશ કીર્તિ વિજય સકામને સર્વે પ્રાપ્ત થશે. વિપ્રોને જ્ઞાન થશે. ક્ષત્રિયોનો વિજય થશે. વૈશ્યોને ધનધાન્ય સમૃદ્ધિ મળશે. શુદ્રોને સર્વે સમૃદ્ધિ મળશે. ઈતિશ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ ભાગમાં કૃતયુગ સંતાનમાં પુરુષોત્તમ માસ મહાત્મ્ય મળમાસના અધિષ્ઠાતા પુરુષોત્તમ નારાયણ થયા તે નિમિત્તે ગોલોકમાં રાસોત્સવ કર્યો. તેમાં શ્રીકૃષ્ણના મુગટનો મણિ અને કલ્ગી પડી ગયા. તે આનર્તરાજા સૌરાષ્ટ્રમાં લાવ્યા. તે અશ્વપટ સરોવર કાંઠે નીંબદેવ મીષ્ટદેવી થયા. તેને ત્યાં કંભરા ગોપાલ થયા. કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ પુરુષોત્તમ માસની વદ આઠમનું વ્રત, પૂજન કરવાથી તેને ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ અવતાર ધારણ કર્યો અને એક કરોડ શ્લોકની રચના કરી લક્ષ્મીનારાયણસંહિતા રચી.

અધ્યાય - ૩૧૬

❖ પુરુષોત્તમ માસની વદ નોમની તિથીની પૂજનવિધિ ❖
❖ શ્રીરામના પૂર્વેના અવતાર રામાદિત્ય અને નરાદિત્યનું પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે કલ્પમાં ધુમેરૂ ઈન્દ્ર પોતાની આયુષ્ય પૂરી થઈ પછી તે બીજા કલ્પમાં શતમખ નામે રાજા થયો. તેની પત્ની દ્યુવર્ણા પતિવ્રતા હતી. રાજા-રાણી બંને દેવ, ગાય, વિપ્ર, સાધુ-સાધ્વી, અતિથિના પૂજક અને ભક્તિપરાયણ હતા. તે રોજ યજ્ઞ કરતો તેમાં સર્વે સંતો, વિપ્રો આવતા. દેવો, દેવીઓ આવતા. તે યજ્ઞના દર્શને સાવિત્રી, ગાયત્રી, લક્ષ્મી, પાર્વતી, ઈન્દ્રાણી, સ્વાહા, સ્વધા, અરુંધતિ વગેરે દેવીઓ આવતી તથા ભક્તિદેવી, માણિકી, પ્રભા, ચંપા, દયા, રમા, હેમી, મુક્તા, ગોદાવરી, જયંતિ, શાંતિ, શાંતા, પ્રેમપાત્રા, દિવાળી, નંદી, ઉજી, રત્ના, દમયંતી, ચતુરાદેવી, કાંત, રેવા, સવિતા, મૂળી,

યોગિની, કસ્તૂરી, મંગલા, હંસારુચી, મંજુલા, નિર્મળા, અમૃતા, રળિયાત, જટી, પાની, પુતલી, વનિતા, મીઠી, પુષ્પા, મનુ, કૃષ્ણા, દાસી, કાંતા, સરસ્વતી, પદ્મા, શારદા તે સર્વે દેવીઓને રાજા-રાણી માનતા, પૂજતા. એક વખત રાજા-રાણી પોતાનું રાજ્ય સાકેતનગરી પ્રધાનને સોંપીને બદ્રિનારાયણની યાત્રા કરવા ગયા. ત્યાં ગંગામાં સ્નાન કરીને સાધુ, વિપ્રોને દાન કરીને, તિર્થોના નિયમોનું પાલન કરી, તપવ્રત કરી, નરનારાયણ ભગવાનને પ્રસન્ન કરવા રોજ પૂજા, આરતી, કિર્તન, સ્તુતિ કરતા હતા. નરનારાયણ ભગવાને પ્રસન્ન થઈ દર્શન આપી આશિર્વાદ આપ્યા કે, રાજા પુત્રવાળો થા, રાણીપુત્રી વાળી થા. રાજારાણી પ્રસન્ન થયાં ત્યાં અધિક માસનું નગારું સાંભળ્યું. પુરુષોત્તમ માસની વદ નવમીનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરી વિભૂતિ સમૃદ્ધિ સર્વે સંકલ્પ પૂર્ણ કરો.

નગારાનું વાક્ય સાંભળી રાજારાણીએ નરનારાયણનું ધ્યાન કર્યું. ત્યાં તેજસ્વી જટાવાળા રાજભવનને યોગ્ય વૈકુંઠવાસી બે કુમારોને જોઈને સંકલ્પ થયો. આવા પુત્રો મારે થાય તો સારું. નરનારાયણ કહે : તમારો સંકલ્પ પૂર્ણ થશે. રાજા-રાણીએ સુવર્ણની શ્રીહરિની મૂર્તિ બનાવી. ગંગામાં નવડાવી, પંચામૃતથી સ્નાન કરાવી, ષોડ્શોપચારથી પૂજા કરી, વસ્ત્ર અલંકારો ધારણ કરાવીને, નૈવેદ્ય, મિષ્ટાન્ન ધરી, આરતી કરી, પ્રદક્ષિણા, દંડવત્, સ્તુતિ, પ્રાર્થના, સાધુ, વિપ્રો, અતિથિઓને ભોજન કરાવી દાન-દક્ષિણા આપી, તીર્થ વિધિ કરી, પોતાના રાજ્યમાં આવ્યા. ત્યાં મંડપ કરાવીને યજ્ઞ કર્યો. તથા શ્રીહરિની મૂર્તિને હિંડોળામાં ઝૂલાવી, કીર્તન, ભક્તિ કરતા હતા તથા મંડપમાં મંડળ પૂરી ઉદ્યાપન કરી. બીજી પુરુષોત્તમ નારાયણની મૂર્તિ બનાવી. પૂજન કરતા હતા તથા દિન, અનાથ, સબળા, દરિદ્ર, ભિક્ષુક વગેરેને ભોજન આપી દાન આપતા હતા. ત્યાં તો મંડપમાં બપોરે તેજસ્વી જટાવાળા દિવ્ય, શંખ, ચંક્ર, ગદા, પદ્મને ધારણ કરતા પીળા પિતાંબરધારી બે કુમારો રામાદિત્ય, નરાદિત્ય પ્રગટ થયા. આ રામનો પહેલો અવતાર હતો.

રામચંદ્ર ભગવાને માતા-પિતાને પ્રણામ કરી કહ્યું, તમારી ભક્તિથી યજ્ઞ, વ્રત, તપથી પ્રસન્ન થયો છું. વરદાન માગો, વરદાન વાક્ય સાંભળી રાજા-રાણી અતિ રાજી થઈ બોલ્યા. ઊભા રહો ઊભા રહો, તમે ચાલ્યા જાવ નહીં, તમારું લાલન-પાલન કરી જમાડવા છે, ત્યાં બંને દિવ્ય કુમારો બાલ સ્વરૂપે થયા, ધ્રુવર્ણા રાણીએ સ્તનપાન કરાવ્યું. રાજા અતિ આનંદમાં આવી પુરુષોત્તમ એવા રામાદિત્ય, નરાદિત્યને રમાડવા લાગ્યો. ત્યાં તો સર્વે ઈશ્વરો, દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. નારદ વગેરે ઋષિ-મુનિઓ આવ્યા અને અધિક માસની વદ નવમીએ, મધ્યાહ્ને રામ અને નરને જોઈને દર્શન કરી અતિ આનંદ પામ્યા. પછી શતમખ રાજાએ સર્વેને ભોજન કરાવી ગાયોના દાન આપ્યા. પુરુષોત્તમ માસની વદ નવમીનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણ પૂજન કરશે તે બળવાન પુત્ર તથા સર્વે સંપત્તિને પામશે અને વૈકુંઠને

પામશે. આ અધ્યાયની જે કથા કહેશે, સાંભળશે તે સર્વે ઈષ્ટ પ્રાપ્ત કરી અંતે વૈકુંઠ ધામને પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૩૧૭

❖ પુરુષોત્તમ માસની વદ દશમની તિથીની પૂજનવિધિ ❖
❖ રાધાપુત્રી વિકુંઠાનો છ ધામમાં લક્ષ્મી સ્વરૂપે વાસ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અધિક માસના દેવ પુરુષોત્તમ થયા ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુએ ગોલોકમાં રાસોત્સવ કર્યો ત્યારે રાધાજીએ શ્રીકૃષ્ણ પાસે પુત્રીની યાચના કરી. પુત્રી વિના સૌભાગ્ય અડધું ગણાય છે. માતાની સેવા કરવામાં પુત્રીનીસમાન પુત્રવધૂ કે દાસી કે કુટુંબ થતા નથી. પુત્ર છે તે પિતાનું સ્વરૂપ છે. પુત્રી છે તે માતાનું સ્વરૂપ છે. માતાનું સર્વે કામ કરનારી પુત્રી છે. તેથી હે પ્રભુ, મને પુત્રી આપો. શ્રીકૃષ્ણ ભગવાને માનસ સંકલ્પથી પુત્રી પ્રગટ કરી. ગોલોકમાં સર્વે ગોપ-ગોપીઓ રાધા પુત્રીનું રૂપ જોઈ ઝાંખા પડી ગયા. સર્વેની વૃત્તિને રોકીને કુંઠિત કરી દે એવી તેજસ્વી પુત્રીનું નામ શ્રીકૃષ્ણે વિકુંઠા પાડ્યું. તે વિકુંઠા પિતા કૃષ્ણની સાથે નિત્ય અક્ષરધામમાં પુરુષોત્તમ નારાયણના દર્શન કરવા જતી. અનંત કૃષ્ણથી, નારાયણોથી મુકતોથી, સેવાયેલા અતિ મનોહર પુરુષોત્તમ નારાયણની પૂજા કરી પાછા વળ્યા ત્યારે વિકુંઠાનું અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં ચિત્ત અતિ ખેંચાઈ ગયું. તેથી પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું જ ધ્યાન સ્મરણ કીર્તન પૂજન કરતી, અને પુરુષોત્તમ નારાયણને પતિ ભાવે પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતી. ત્યાં શ્રીહરિનું નગારું વાગ્યું, પુરુષોત્તમ માસની વદ દશમીનું જે નર-નારી, કન્યા કોઈ દીન માનવ કરશે તેને અક્ષરાધિપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ જે ઇચ્છશે તે આપશે. પુરુષોત્તમ નારાયણનું પૂજન કરીને માગવામાં, પ્રાર્થના કરવામાં, સંકોચ ન કરતા. આવું કૃપાવાક્ય સાંભળીને વિકુંઠા પુરુષોત્તમ નારાયણને પતિભાવે પ્રાપ્ત કરવા દશમીનું વ્રત કર્યું.

સવારે ષોડ્શોપચારે પુરુષોત્તમ નારાયણનું પૂજન કરી, નૈવેદ્ય, ભોજન જમાડી, ફળફૂલ ધરાવી, આરતી કરી, સ્તુતિ કરી, જાગરણ કરી, ધૂન-કીર્તન કર્યાં. ત્યાં કોટિ કૃષ્ણસમાન તેજસ્વી પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈને બોલ્યા : તારી ભક્તિથી વ્રતથી પ્રસન્ન થયો છું. કૃષ્ણ પુત્રી બોલ શું ઇચ્છા છે ? વિકુંઠા કહે : પ્રાણનાથ સર્વે જાણો છો. તો પણ ભક્તોની જિજ્ઞાસા વધે તેમ તમે કરો છો. હે નાથ, તમે મારા પ્રાણપતિ થાવ. શ્રીહરિ કહે : તથાસ્તુ અને કહ્યું, હું અનેક સ્વરૂપે અનેક ધામમાં રહેલો હું અક્ષરધામમાં પુરુષોત્તમ રૂપે રહું છું. બીજે સ્વરૂપે મહાવૈકુંઠમાં, ત્રીજે સ્વરૂપે શ્વેતદ્વિપ વૈકુંઠમાં. ચોથે રૂપે જલના આવરણના વૈકુંઠમાં. પાંચમે રૂપે ક્ષીરસમુદ્રમાં વૈકુંઠમાં વાસ કરું છું. તેથી તું પણ તેટલા જ દિવ્યસ્વરૂપ ધારણ કરી સર્વે ધામમાં સાથે રહે, અને એક સ્વરૂપે તારી માતા રાધાની

સેવામાં રહે. એ રીતે પુરુષોત્તમ નારાયણ પ્રભુએ વિકુંઠાના છ સ્વરૂપો કરી એક સ્વરૂપ અક્ષરધામમાં, બીજું સ્વરૂપ ગોલોકમાં રાધાજીની સેવામાં પુત્રી રૂપે, ત્રીજે રૂપે વૈકુંઠમાં દિવ્ય ભૂમિરૂપે મહાવૈકુંઠમાં નારાયણ પત્ની મહાલક્ષ્મી રૂપે, ચોથે રૂપે જલના આવરણમાં વૈકુંઠમાં લક્ષ્મીરૂપે, પાંચમે રૂપે શ્વેતદ્વિપ વૈકુંઠમાં લક્ષ્મીરૂપે, ક્ષીરસમુદ્ર વૈકુંઠમાં લક્ષ્મી છઠ્ઠે રૂપે વાસ કર્યો. આ રીતે પુરુષોત્તમ માસની વદ દશમીનું વ્રત પૂજન કરીને વિકુંઠા પુરુષોત્તમ નારાયણની કૃપાથી છ સ્વરૂપે થઈને છ ધામમાં લક્ષ્મી સ્વરૂપે વાસ કર્યો. જે નરનારી પુરુષોત્તમ માસની આ કથા વાંચશે અથવા સાંભળશે તે પુરુષોત્તમને આત્મપતિ ભાવે પામશે.

અધ્યાય - ૩૧૮

❖ પુરુષોત્તમ માસની વદ એકાદશીની તિથીની પૂજનવિધિ ❖
❖ પાર્વતીપુત્રી વમ્રી પુરુષોત્તમ નારાયણને પતિભાવે પામી ધામમાં ગઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રાધાપુત્રી વિકુંઠાને જોઈને પાર્વતીને થયું હું પણ પુત્રીવાળી થાઉં. શંકરને પ્રાર્થના કરી. શંકરે માનસીપુત્રી વમ્રી આપી. શંકર-પાર્વતીને ત્યાં ઉત્સવ થયો. તેમાં દેવો, માનવો, ઋષિઓ આવ્યા. આશિર્વાદ આપ્યા. સાત ઋષિએ વમ્રીને જનોઈ વિધિ પ્રમાણે આપી. વમ્રી માતા-પિતાની સેવા કરી. વડ નીચે બેસી તપ કરતી. વૃક્ષની છાલના વસ્ત્ર, વલ્કલ, જટા ધારણ કરી, વડના પાન વડનો રસ પીને યોગ સમાધીમાં જતી. તપ કરતા યોગ સાધતા સર્વે સિદ્ધિને પ્રાપ્ત થઈ. સમાધીમાં મૂલાધાર ચક્રમાં ગણપતિના દર્શન કરતી. સ્વાધિષ્ઠાનચક્રમાં બ્રહ્માના દર્શન કરતી. મણીપુરચક્રમાં વિષ્ણુના દર્શન કરતી. અનાહતચક્રમાં શંકરના દર્શન કરતી. વિશુદ્ધચક્રમાં આત્મતત્ત્વનું દર્શન કરતી. આજ્ઞાચક્રમાં પરમ ગુરુનું ધ્યાન કરી સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનું દર્શન કરતી. વમ્રી ક્યારેક સમાધી કરી શ્રીપુર, અમૃત, વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં દર્શન કરવા જતી, તથા અનેક બ્રહ્માંડોમાં અનેક ઈશ્વરોના સ્થાનોમાં જતી. અનેક સ્વરૂપ ધારણ કરી અનેક સ્થાનોમાં જવા છતાં એકરૂપે વડ નીચે વાસ કરવાથી વટપુત્રી વટસાવિત્રી એવા નામથી પ્રસિદ્ધ થઈ. વટસાવિત્રી વ્રત કરવાથી પતિનો વિયોગ થતો નથી અને દારિદ્ર નાશ પામે છે.

તે વમ્રી સમાધીમાં બ્રહ્માંડમાં જ્યાં જ્યાં જતી ત્યાં ઈશ્વરોમાં, દેવોમાનવોમાં, દૈત્યોમાં, સર્વે સ્થાનોમાં સર્વેના યુગલ સ્વરૂપ જોઈને પોતાને પણ પતિ કરવાની ઈચ્છા થઈ. ત્યાં આકાશ માર્ગે દિવ્ય પ્રચેતા નામે દશ દેવોને જતા જોયા અને તેની વૃત્તિ રજોગુણવાળી થઈ. ત્યાં અધિક માસનું નગારું સાંભળ્યું. પુરુષોત્તમ માસની વદ એકાદશીનું વ્રત કરનારાને ઈષ્ટસિદ્ધિ પ્રાપ્ત થશે. માટે નરનારીઓ દેવદેવીઓ સર્વે આ વ્રત કરીને પુરુષોત્તમ નારાયણ પાસેથી વરદાન પ્રાપ્ત કરો. પ્રભુના પાર્ષદ એવા નગારાનું આવું વચન સાંભળી વમ્રી તેના પાસે આવી. નગારાની પૂજા કરી દશ વાર માગ્યું કે, મને પતિ આપો.

વમ્રીની યાચના સાંભળીને નગારું કહે : તથાસ્તું. એમ કહી નીકળી ગયું. વમ્રી વડ નીચે આવી બેસી ગઈ. ફરી નગારું કહે : પુરુષોત્તમ નારાયણનું પૂજન કરજે. તરત સંકલ્પ પૂર્ણ થશે. સાંભળીને વમ્રીએ પુરુષોત્તમ નારાયણની મૂર્તિ કરીને, પંચામૃતથી સ્નાન કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરીને, વસ્ત્ર-આભૂષણો ધારણ કરાવી, નૈવેદ્ય ધરી, આરતી કરી, દંડવત્ પ્રદક્ષિણા કરી, સ્તુતિ કરી, રાત્રે જાગરણ કરી, ગીત સાથે નૃત્ય કરી, ડમરું વગાડતી હતી. ત્યાં સર્વે વનદેવીઓ આવી. વમ્રીએ સર્વેને પ્રસાદ આપી પોતે ગ્રહણ કર્યો. શંકર આવું ભગવાનનું પૂજન જોઈને પ્રસન્ન થયા. આશિર્વાદ આપ્યા તારી ઈચ્છા પૂર્ણ થાય - સુખી થા. વમ્રીએ વિસર્જન કર્યું ત્યાં પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ પ્રગટ થઈ બોલ્યા, તારી ઉપર પ્રસન્ન થયો છું. તારા મનમાં જે ઈચ્છા હોય તે માગી લે. વમ્રી કહે : હે પ્રભુ, તમે મારા પતિ થાવ. પુરુષોત્તમ નારાયણ કહે : તું દશ વાર બોલી પતિ આપો. તેથી તું અનેક સ્વરૂપવાળી થઈશ. એક રૂપે તું ધામમાં મારી પત્ની રૂપે રહીશ. બીજે રૂપે પાર્વતીની સેવામાં પુત્રી રૂપે, ત્રીજે રૂપે રૂદ્ર પુત્રી કુમારી વટસાવિત્રી રૂપે રહીશ. તું દશ પ્રચેતા દેવોની પત્ની થઈશ. પણ તું આ શરીરને યોગ્ય નથી, તેથી તારા દશ સ્વરૂપો વૃક્ષ, વેલી, ખળ, થુંબળા, શાકપત્ર, કંદમોલ, ઠંડા, સળી કરું છું. તે દશ પ્રચેતારૂપ ગ્રહણ કરજે. એમ કહીને પુરુષોત્તમ નારાયણ તો વમ્રીને અક્ષરધામમાં લઈ ગયા. એ રીતે પુરુષોત્તમ માસની વદ કમલા એકાદશીનું વ્રત કરી, પુરુષોત્તમ નારાયણનું પૂજન કરી પાર્વત્રી પુત્રી પુરુષોત્તમ નારાયણને પતિભાવે પામીને અક્ષરધામમાં ગઈ. પુરુષોત્તમ માસની આ કથા વાંચનાર, સાંભળનાર પણ ઈષ્ટ સિદ્ધિને પામશે.

અધ્યાય - ૩૧૯

❖ પુરુષોત્તમ માસની વદ બારસની તિથીની પૂજનવિધિ ❖
❖ જોષ્ટ્રીદેવી તથા બાર કન્યાઓ પુરુષોત્તમ નારાયણની પત્નીભાવને પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વૈરાટ નારાયણના ચરણથી પ્રગટ થયેલી જોષ્ટ્રીદેવી બ્રહ્માને સેવિકા દાસી રૂપે આપી. બ્રહ્માએ તેમાં માનસપુત્રીઓ પ્રગટ કરી. અનશન પુત્રી ઋષિને આપી. પીપાસા પિતૃઓને આપી. અશના દેવોને આપી. વાસના ભૂત-પ્રેત પિશાચને આપી. કરા રાજાઓને આપી. વ્યવસાય માનવોને આપી. પ્રસહ્યા દાનવોને આપી. વિલાસ દૈત્યોને આપી. વિશ્વાસા પશુ-પક્ષીને આપી. મેઘા વૃક્ષવેલીને આપી. કર્દમાં કીડાજંતુ પતંગિયાને આપી. આ રીતે બ્રહ્માએ બાર પુત્રી પ્રજાને આપી. જે રીતે વિપ્રોને ષટ્કર્મ ક્ષત્રિયોને શૂરવીરતા, વૈશ્યોને દાન આપનારા છે. તેમ સેવા કરનારા, દાસ વર્ગને સેવકને સેવા ધર્મ મોક્ષ આપનારો થાય છે. તપસ્વીઓને તપ, ત્યાગીઓને ત્યાગ, યજ્ઞ, જપ, ધ્યાન સર્વે સુખ મોક્ષ આપે છે. તે જ રીતે કૃષ્ણસેવા, માતૃસેવા, પિતૃસેવા, આત્મસેવા, દેવસેવા, જનસેવા,

વૃદ્ધસેવા, આર્તીસેવા, પતિસેવા, સતીસેવા, પત્નીસેવા, ગાયસેવા, અનાથસેવા, અતિથિસેવા, સ્વામિસેવા વગેરે અનેક સેવાઓ આલોક-પરલોકમાં સુખ-શાંતિ અને મોક્ષ આપનારી છે. સર્વે સેવા બ્રહ્મ-દૃષ્ટિથી કરવી. શ્રદ્ધા અને ભાવના વિના સેવા થતી નથી. સ્વાર્થથી, ભાવનાથી, સકામથી, નિષ્કામથી વગેરે અનેક પ્રકારની સેવા કહેલી છે. સ્વાર્થની સેવા આ લોકનું સુખ આપે છે. સ્વાર્થ અને ભાવનાથી સેવા, સુખ અને ભક્તિ આપે છે. નિષ્કામ ભાવે કરેલી સેવા સુખ-શાંતિ, ભક્તિ અને મોક્ષ આપે છે. એ રીતે જોષ્ટ્રીદેવી બ્રહ્માની દાસી ભાવે સેવા કરતી.

ત્યાં અધિક માસની વદ દ્વાદશીનું નગારું બોલ્યું. આ વ્રત જે નિરાહાર, દૂધ-દહીં પીને, ફલાહાર, નકતભોજન, એકટાણું વગેરે કરીને પુરુષોત્તમ નારાયણનું પૂજન કરશે તેની સર્વે ઇચ્છા પુરુષોત્તમ નારાયણ પૂર્ણ કરશે. નહીં કરે તેની સંપત્તિ ચાલી જશે, યૌવન નાશ પામશે. શરીર ભસ્મ થઈ જશે. માટે શાશ્વતસુખ આપે એવી મારી કૃપા ગ્રહણ કરો. પુરુષોત્તમ નારાયણનું કૃપાવાક્ય નગારાથી સાંભળીને જોષ્ટ્રીદેવી અને તેની બાર કન્યાઓ પુરુષોત્તમ માસની વદ બારશનું વ્રત દૂધ પીને, તેરસનું મંડપ કરી મંડળ પૂરી, પુરુષોત્તમ નારાયણની મૂર્તિને પંચામૃતથી સ્નાન કરાવીને, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, નૈવેદ્ય, મિષ્ટાન્ન, દૂધપાક ધરીને, ધૂપદીપ, આરતી કરીને, પ્રદક્ષિણા સ્તુતિ કરી, ક્ષમા માંગી, રાત્રે જાગરણ કરી જોષ્ટ્રીદેવી તથા બાર કન્યાઓ ગીત વાજિંત્ર સાથે નૃત્ય કરી, પ્રભુને પ્રસન્ન કર્યા. ત્યાં પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈ બોલ્યા. તમારી સેવા ભક્તિથી રાજી થયો છું. બોલો ઈન્દ્રાણીપદ, બ્રહ્માણીપદ, વૈષ્ણવીપદ આપું. તમારા મનમાં જે ઇચ્છા હોય તે બોલો. હું સેવકનો સેવક છું. શાસકનો શાસક છું. મિત્રોનો મિત્ર છું. શરણાગતનો રક્ષક છું. પુરુષોત્તમ નારાયણનું વચન સાંભળી જોષ્ટ્રીદેવી અને કન્યાઓ કહે : પ્રભુ અમે દાસી ભાવે, પત્ની ભાવે, તમારે શરણે આવ્યા છીએ. સ્વામીનો ધર્મ છે કે, પત્નીનું પ્રિય કરવું. પુરુષોત્તમ નારાયણ તેઓનો ભાવ જાણીને કહે, તમારા સર્વેના દિવ્યરૂપ કરીને એક રૂપે ધામમાં પત્ની ભાવે રહો અને બીજે રૂપે પૃથ્વી પર પ્રજામાં રહો. તે અશના, પીપાસા વગેરે ભગવાન લેખે કરે તો મનુષ્યોને મોક્ષ આપે છે તે જોષ્ટ્રીદેવી ઈન્દ્રની સંપત્તિરૂપે, બ્રહ્માની બ્રાહ્મી શક્તિરૂપે અને ધામમાં પત્નીરૂપે રહી. એ રીતે પુરુષોત્તમ માસની વદ બારસનું વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરી પુરુષોત્તમ નારાયણની પત્નીભાવને પામ્યા. પુરુષોત્તમ માસની આ કથા જે વાંચશે, સાંભળશે તે પણ પુરુષોત્તમ નારાયણની પ્રસન્નતા પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૩૨૦

❖ પુરુષોત્તમ માસની વદ તેરસની તિથીની પૂજનવિધિ ❖

❖ શ્રીપુત્રી સુદુધા કથા - મેઘાવતી પતિરૂપે પાંચ પાંડવ અને કૃષ્ણને પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગોલોકમાં રાધાજીને પુત્રીવાળી જોઈને કૃષ્ણપત્ની શ્રીકૃષ્ણને કહે : મારે પણ પુત્રીની ઈચ્છા છે. શ્રીકૃષ્ણે માનસી દિવ્યપુત્રી પ્રગટ કરીને શ્રીને આપી. સર્વેના સંકલ્પપૂર્ણ કરનારી તેથી નામ સુદુધા પાડ્યું. ગોલોકમાં ઉત્સવ થયો, દેવો, ઋષિ-મુનિઓએ આશિર્વાદ આપ્યા. સુદુધાએ વિચાર કર્યો, મારે શું કામ કરવું ? ત્યાં શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી. તું સર્વે બ્રહ્માંડમાં ઈન્દ્રાદિ દેવોને તૃપ્તિ પમાડ. સુદુધા સ્વર્ગમાં અમૃત રૂપે થઈ. મહરલોકમાં પિતૃઓને તૃપ્તિ માટે પિંડરૂપે થઈ. મનુષ્ય, પશુ, વૃક્ષ માટે દૂધ, અમૃત અને રસરૂપે થઈ. જલમાં સ્નેહરસ, અગ્નિમાં પાચનરસ, આત્માને દેહમાં રહેવા માટે વિષયરૂપી અમૃતરૂપે યજ્ઞમાં આહુતિરૂપે એ રીતે સુદુધા અનેક રૂપે બ્રહ્માંડમાં સર્વેને સુખ આપનારી થઈ. તે સમયે મેઘાવીઋષિ પુણ્ય-સુખ અને પુત્રેષ્ટિ યજ્ઞ કરતા હતા.

સાક્ષાત્ વિષ્ણુ નારાયણ, કૃષ્ણ આવી યજ્ઞનો ભાગ ગ્રહણ કરી પ્રસન્ન થયા, અને બોલ્યા પૃથ્વીનું રાજય સ્વર્ગ પુત્ર જે ઈચ્છા હોય તે કહો. ઋષિ કહે : પુત્ર આપો. નારાયણ કહે : તારા સાત જન્મમાં પુત્ર નથી. તે પુત્રેષ્ટિ કરવાથી પુત્ર થશે. પણ ટૂંકાં આયુષ્યવાળો જન્મે ત્યારે સુખ થશે પછી દુઃખ થશે. માટે જો તમારી ઈચ્છા હોય તો પુત્ર થાય પણ અધિક ગુણવાળી પુત્રી આપું. ઋષિ કહે : સુખ અને શાંતિ આપનારી પુત્રી આપો. નારાયણ કહે : તથાસ્તુ. શ્રીકૃષ્ણે શ્રી પુત્રી સુદુધા મેઘાવી ઋષિને આપી. ટૂંક સમયમાં માતા મરણ પામી. પિતા પણ મરણ પામ્યા. મેઘાવતી રુદન કરવા લાગી. મારો કોઈ રક્ષક રહ્યો નહીં. તપસ્વીઓએ આવી આશ્વાસન આપ્યું. દુર્વાસા ઋષિ ત્યાં આવ્યા મેઘાવતીએ પૂજન કર્યું અને કહ્યું, મારે હવે સુખી થવા માટે શું કરવું ?

દુર્વાષા ઋષિ કહે : આજથી ત્રીજે મહિને પુરુષોત્તમ માસ આવે છે તેમાં વ્રત પૂજન કરજે તારે સર્વે સુખની પ્રાપ્તિ થશે. સર્વે તિર્થો દાનનું ફળ પુરુષોત્તમ માસમાં મળે છે. દુર્વાસા ગયા. મેઘાવતી પંચાગ્નિ કરી તપમાં બેસી શંકરની પૂજા કરી, સ્તુતિ કરી કે, સૂર્ય-ચંદ્ર અગ્નિ આ ત્રણ નેત્રોવાળા તમને નમઃ તપસ્વી પાર્વતીની ઈચ્છા પુરનારા તમને નમઃ. કુમારી અનાથ એવી હું મારો ઉદ્ધાર કરો. શંકર પ્રસન્ન થયા. મેઘાવતી કહે : પતિ આપો, પતિ આપો, પાંચ વાર બોલી. શંકર કહે : તે પાંચ વાર કહ્યું માટે પાંચ પતિ થશે. તે પૂર્વકલ્પમાં ઈન્દ્ર હતા તે અત્યારે સત્યલોકમાં છે. ચાલ મારી સાથે બતાવું એમ કહી શંકર મેઘાવતી આકાશમાર્ગે સત્યલોકમાં જતા માર્ગમાં નગારું સાંભળ્યું. પુરુષોત્તમ માસની વદ

તેરસેનું વ્રત કરવાથી પતિની પ્રાપ્તિ થશે. મેઘાવતી કહે : પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિ કેમ થાય ? નગારું કહે : પુરુષોત્તમ નારાયણનું પૂજન કરવાથી.

શંકર કહે : પુત્રી તે સારો વિચાર કર્યો. પ્રભુના સ્વાદ પાસે સર્વે સ્વાદ ફિક્કા છે. એમ કહી શંકરે સત્યલોકમાં રહેલા ધર્મવાયુ, અગ્નિ, અશ્વિનીકુમારના અંશો બતાવ્યા આ તારા પતિ થશે અને પુરુષોત્તમ મળશે. મેઘાવતીએ શંકરના ઉપદેશથી પુરુષોત્તમ માસની વદ તેરસનું વ્રત કર્યું. ઉપવાસ કરી પુરુષોત્તમ નારાયણને પંચામૃતથી સ્નાન કરાવી, વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવી, ષોડ્શોપચારથી પૂજન કરી, નૈવેદ્ય, ફલ અર્પણ કરી, આરતી કરી. સ્તુતિ કરી કે, હે પ્રભુ દર્શન આપો. તરત ગરૂડ પર બેસી લક્ષ્મીનારાયણ આવ્યા અને કહ્યું તારા વ્રત, તપ, ભક્તિથી પ્રસન્ન થઈને વરદાન આપું છું. તારા મનનો સંકલ્પ પૂર્ણ થશે. દ્વાપરને અંતે પૃથ્વી પર હું અધર્મનો નાશ કરવા અવતાર ધારણ કરીશ. ત્યારે તું યજ્ઞસેન રાજાના યજ્ઞના કુંડમાં પ્રગટ થઈશ. ત્યારે તને આ પાંચ પતિ મળશે અને મારા દર્શન થશે. તું યાજ્ઞસેની કૃષ્ણા નામે પ્રસિદ્ધ થઈશ. ત્યારે તારા આ પતિઓ અધર્મી રાજાઓનો નાશ કરશે. પછી તમે સર્વે મારા ધામને પામશો. ત્યાં સુધી તું આ સત્યલોકમાં વાસ કર. એ રીતે મેઘાવતી પુરુષોત્તમ માસની વદ તેરસનું વ્રત, પૂજન કરી, પાંડવો પતિ અને શ્રીકૃષ્ણને પામી. આ અધ્યાયની કથા કોઈ વાંચશે, સાંભળશે તો પણ વ્રતના ફળને પામશે.

અધ્યાય - ૩૨૧

❖ પુરુષોત્તમ માસની વદ ચૌદશની તિથીની પૂજનવિધિ ❖
❖ દૃઢ ધન્વા અને ચિત્રબાહુ રાજાને કુટુંબે સહિત બ્રહ્મલોકની પ્રાપ્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે દૃઢ ધન્વારાજા પ્રજાપ્રેમી અને શ્રીકૃષ્ણની ભક્તિ પરાયણ હતો. તેને વિચાર આવ્યો, મને ક્યા પુણ્યથી રાજ્ય મળ્યું હશે ? મૃગયા કરવા વનમાં ગયો ત્યાં પોપટ બોલ્યો, રાજ્યલક્ષ્મી શરીર સુખ સર્વે મળ્યું છતાં પ્રભુને ભજતો નથી તો સંસારપાર કેમ થઈશ ? રાજા પોપટનું વાક્ય સાંભળી રાજ્યમાં આવ્યો. ત્યાં વાલ્મીકિ ઋષિ આવ્યા. રાજાએ પોપટનું વાક્ય કહ્યું. વાલ્મીકિ કહે : સાંભળ તું પૂર્વજન્મમાં દ્રવિડ દેશમાં સુદેવ વિપ્ર હતો. ગૌતમી તારી પત્ની હતી. પુત્ર ન હોવાથી તમે નદી કાંઠે ચાર હજાર વર્ષ કંદમૂળ ખાઈ તપ કર્યું. પ્રભુ પ્રસન્ન થયા. ગૌતમી તપ ન કર. સુદેવ કહે : પ્રભુ પુત્ર આપો. શ્રીહરિ કહે : તારા સાત જન્મમાં પુત્ર સુખ નથી. ગૌતમી કહે : ભાગ્ય પાસે પ્રભુ નિરર્થક થાય તો પ્રભુથી પ્રયોજન શું ? શ્રીહરિ કહે : મારી આરાધના કદી નિષ્ફળ નહીં થાય. શ્રીહરિ તથાસ્તુ. કહી અદૃશ્ય થયા. સમય જતા સુદેવને પુત્ર થયો, જનોઈ આપી ભણાવ્યો. એક વખત દેવલ ઋષિ આવ્યા. પુત્રના હાથમાં છત્ર, ચામર, પદ્મ, ચિહ્નો જોઈને

કહ્યું. સુદેવ આ તારા પુત્રની આયુષ્ય બાર વર્ષની છે. પાણીમાં મૃત્યુ પામશે. અનિષ્ઠ સમયે વાવમાં ન્હાવા ગયો. ડૂબી મરી ગયો. સુદેવ ગૌતમી રૂદન કરવા લાગ્યા. અન્ન, જળનો ત્યાગ કર્યો. પુરુષોત્તમ માસ હોવાથી વ્રત થયું.

પ્રભુ પ્રસન્ન થઈ કહે : પુત્રનું આયુષ્ય બાર વર્ષનું જ હતું પણ પુરુષોત્તમ મહાત્મ્યથી લાંબું જીવનારો થયો. પછી તે પુત્ર સાથે ઘણો સમય રહીને સત્યલોકમાં ગયો. પછી તે દૃઢ ધન્વારાજા થયો અને તારો પુત્ર પોપટ થઈને કહેવા આવ્યો. વાલ્મીકિ કહે : પુરુષોત્તમ માસનું વ્રત અજાણતા પણ થવાથી આ રાજય સંપત્તિ મળે છે તો હવે પ્રભુની ભક્તિ કરજે. પું નામના નરકથી તારે તેને પુત્ર કહેવાય છે. તેથી વૈકુંઠથી તારા પુત્રે પોપટરૂપે આવી તને કહ્યું, દૃઢ ધન્વારાજા વાલ્મીકિને પુરુષોત્તમ નારાયણની પૂજાવિધિ કેમ કરવી તે પૂછ્યું. વાલ્મીકિ કહે : બ્રાહ્મમુહૂર્તમાં જાગીને પરબ્રહ્મનું ધ્યાન કરવું. પ્રભુનં નામ લઈ સ્નાન કરવું. પછી શુદ્ધ વસ્ત્ર પહેરી પૂર્વમુખે બેસી આચમન કરી જપ કરવો. તિલક, ચાંદલો, શંખ, ચક્ર, ગદા, પદ્મ ચિહ્ન શરીરમાં ધારણ કરવા. તુલસી, કંઠી, માળા ધારણ કરવી. કળશ પાણીનો ભરીને સ્થાપન કરી તે બ્રહ્મા, વિષ્ણુ, શંકરનું આવાહ્ન કરી, પૂજા, આરતી, નૈવેદ્ય અર્પણ કરી, સ્તુતિ કરવી તથા પુરુષોત્તમ માસમાં રોજ પૂજા કરી મંદિરમાં દીપ-દાન દેવું. પર્વે ચિત્રબાહુ રાજાને ત્યાં અગત્સ્ય મુનિ આવ્યા. રાજા પગે લાગ્યા સત્કાર કરી પૂછ્યું મને કયા પુણ્યે આ રાજય મળ્યું હશે ?

અગત્સ્ય મુનિ કહે : પૂર્વે તું ચમત્કારપુરમાં શુદ્ર હતો. નાસ્તિક હતો દારૂ, માંસ ખાતો. એક વખત વનમાં શિકારે ગયો ત્યાં ઋષિ તરસ્યા હતા તેને પાણી પાયું, તેથી આશિર્વાદ આપ્યાં તું સુખી થા, અને મંદિરમાં તેલ અથવા ઘીનો દીવો કરજે. ઋષિના વચન પ્રમાણે મંદિરમાં દીપ-દાન કરવાથી મણીગ્રીવ શુદ્ર તું ચિત્રબાહુ રાજા થયો. અધિક માસમાં મંદિરમાં દીપ-દાનથી ધન, ધાન્ય, પશુ, પુત્ર, સ્ત્રી સર્વે પ્રાપ્ત થાય છે. તે વંધ્યત્વ નાશ કરનારું છે. આમ કહી અગસ્તસ્ય મુનિ પ્રયાગ ચાલ્યા ગયા. વાલ્મીકિ કહે : દૃઢ ધન્વારાજા તું પણ આ રીતે પુરુષોત્તમ માસનું વ્રત કરી દીપ-દાન કરી અંતે મોક્ષને પામીશ. એમ કહી વાલ્મીકિ ચાલ્યા ગયા. ત્યાં રાજાએ નગારું સાંભળ્યું. આજે જ દીપ-દાન કરીને સ્વર્ગ મોક્ષ મેળવો. દૃઢ ધન્વારાજાએ પુરુષોત્તમ માસની વદ ચૌદશનું વ્રત નિરાહાર રહીને, કુટુંબ સહિત પુરુષોત્તમ નારાયણનું પૂજન કરી, આરતી, નૈવેદ્ય ધરી, પ્રભુ પાસે અખંડ દીવો રાખી, જાગરણ કરી, ઉત્સવ કર્યો તેમજ અનેક પ્રકારના દાન આપ્યા. ત્યાં પુરુષોત્તમ નારાયણે પ્રત્યક્ષ દર્શન આપીને દૃઢ ધન્વારાજાને કુટુંબ સહિત બ્રહ્મલોક લઈ ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પુરુષોત્તમ માસનો મહિમા કેટલો કહું. જે માસનો દાતા, પોષ્ટા, તુષ્ટા, પ્રદાતા, સમુદ્ધર્તા, પુરુષોત્તમ નારાયણ હું પોતે જ છું. જે આ કથા વાંચશે સાંભળશે તે પણ બ્રહ્મલોકને પામશે.

અધ્યાય - ૩૨૨

❖ પુરુષોત્તમ માસની અમાસની તિથીની પૂજનવિધિ - ઉદ્યાપન ❖
❖ વાનરમોક્ષ - પતિવ્રતાધર્મ - પત્નીવ્રતધર્મ અને કથાશ્રવણ - દાનફળ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અધિક માસને અંતે અક્ષરધામમાં સર્વે મુક્તોએ પુરુષોત્તમના મંદિરમાં ઉદ્યાપન કર્યું. ગોલોકથી રાધા-કૃષ્ણ આવ્યા. વાસુદેવાદિ ચતુર્વ્યુહ સેવકો સહિત આવ્યા. મહા વૈકુંઠથી લક્ષ્મીનારાયણ પાર્ષદો સાથે આવ્યા. અવ્યાકૃત, અમૃતધામ, શ્રીપુરધામ વગેરેથી નારાયણો આવ્યા. મહાવિષ્ણુ, હિરણ્ય, ગર્ભવૈરાટ, નારાયણ, જલતેજના આવરણમાં રહેલા વૈકુંઠથી આવ્યા. મહામાયાના કૈલાશધામના સર્વે આવ્યા. એવી રીતે સર્વે ઈશ્વરો, અવતાર આવ્યા. સત્યલોકથી બ્રહ્મા, પિતૃઓ, માતૃગણો, સર્વેદેવો આવ્યા. તિર્થોના દેવો, દેવીઓ, નદીઓ સમુદ્રો, પર્વતો, વનો, નક્ષત્ર મંડળ, સર્વે લોકવાસી, સ્થાવર જંગમ, સર્વે અધિક માસના અંતે ઉદ્યાપનમાં અક્ષરધામમાં આવ્યા. સર્વેએ ઈષ્ટ સિદ્ધિ માટે, ભુક્તિ-મુક્તિ માટે ઉદ્યાપન કરાવ્યું. પુરુષોત્તમ માસમાં સુદ, વદ તિથિમાં અષ્ટમી, નવમી, ચૌદશ, પૂનમ, અમાસ અને એકાદશીમાં ઉદ્યાપન કરાવવું.

દુંદુભિને કહ્યું, સર્વત્ર બ્રહ્માંડમાં જાહેર કરો ઉદ્યાપન કરનારને પુરુષોત્તમ માસનું ફળ પૂર્ણ મળશે. ઉપવાસ કરી, ભજન કરી, બ્રહ્મચર્યનું પાલન કરી, પૃથ્વી પર શયન કરી, બ્રાહ્મમુહૂર્તમાં જાગી પુરુષોત્તમ નારાયણનું ધ્યાન કરી, સ્નાન કરી, જપ, હોમ, સ્વાધ્યાય, સંધ્યા કરી, મહામંડપ કરી, સાત ધાન્યોથી મંડપ પૂરી, ચારે બાજુ કળશ મૂકી, વચ્ચે તામ્ર ઘંટ મૂકીને, નાળિયેર, આસોપાલવ, આંબાના પાન, સોપારી મૂકીને પુષ્પો, અબિલ, ગુલાલ, કંકુ, ચોખા વગેરે પૂજાની સામગ્રીથી સર્વે અવતારો, ઈશ્વરો દેવોનું આવાહ્ન કરી, પૂજન કરવું, નૈવેદ્ય, મિષ્ટાન્ન, દૂધપાક, મુખવાસ, તાંબુલ, ધૂપ-દીપ કરી, એકસો આઠવાર તર્પણ કરવું તથા હોમ કરીને કહેવું કે, દેવો, પિત્રુઓ પુરુષોત્તમ તૃપ્તિ પામો. પછી વૈષ્ણવ ભક્તોએ આરતી કરી, નમસ્કાર કરી, પ્રદક્ષિણા કરી, સ્તુતિ કરી, ક્ષમા માગવી. હે પુરુષોત્તમ, મારી પૂજામાં કોઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો. એવી પૂજાથી પ્રસન્ન થયેલા પુરુષોત્તમ પ્રગટ થઈ આશિર્વાદ આપી અનંત ફળ આપશે. પછી આચાર્ય ગુરુની પૂજા કરી, સોનું-ચાંદી, રૂપિયા, ગાય, વસ્ત્રો, ઘી, તેલ વગેરે દક્ષિણા આપવી તથા પુરુષોત્તમ નારાયણની મૂર્તિ તથા લક્ષ્મીનારાયણ સંહિતાનું દાન કરવું.

ત્રીસ માલપુડા કાંસાના પાત્રમાં મૂકી બીજું કાંસાનું પાત્ર ઢાંકી સંપુટ કરીને એવા ત્રીશ સંપુટના દાન કરવા. તે માલપુડામાં જેટલા છીદ્રો હોય તેટલા હજાર વર્ષ જીવાત્મા વૈકુંઠમાં વાસ કરે છે. ત્યારપછી ગોલોકમાં જાય. પછી અક્ષરધામમાં જાય તથા સાધુ-સાધ્વી,

વિપ્રો, બાળકોને દૂધપાક, મિષ્ટાન્ન જમાડવા, તથા દક્ષિણાઓ આપવી. પછી કુટુંબ સાથે બેસી ભોજન કરવું. પુરુષોત્તમ માસમાં જે ન ખાવાનું નિયમ લીધું હોય તેનું માસને અંતે દાન કરવું. બપોર પહેલા દેવ જમે છે. બપોરે મુનિઓ, બપોર પછી પિતૃઓ જમે છે. દિવસ આથમ્યા પછી નકત ભોજન કરનારો, નર થાય છે અને તેને અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. માટે અનિત્ય શરીરથી મોક્ષપદ સાધી લેવો. પૂર્વે કરેલ દેશમાં કદર્ય નામનો બ્રાહ્મણ ધર્મ, કર્મ, જપ, હોમ, ધ્યાન, સ્વાધ્યાયથી રહિત હતો, માગી ખાતો. એક બગીચામાં માળી પાસે રહ્યો, માળી બગીચો સોંપી બહારગામ ગયો. કદર્યે ફળની ચોરી કરી, વેચી નાખ્યા. તેના પાપે યમપુરીનો દંડ ભોગવીને વાંદરાના જન્મને પામ્યો. પણ વિપ્ર જન્મમાં પુરુષોત્તમ માસના વખાણ કર્યા હતા. તેથી તીર્થમાં વાંદરાનો જન્મ થયો. તીર્થનું પાણી પી તીર્થમાં મર્યો. તેથી તેનો મોક્ષ થયો. પુરુષોત્તમ માસની કથા સાંભળવાથી પણ ઉપવાસ અને પૂજાનું ફળ મળે છે. કથા સાંભળવાથી ધર્મ થાય, પાપ નાશ થાય, મોહ નિવૃત્ત પામે અને જ્ઞાન થાય.

પુરુષોત્તમ માસમાં મોક્ષ આપનારી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળવી. પતિવ્રતા સતિના પતિરૂપ પુરુષોત્તમ પોતે થાય છે. તેથી પોતાના પતિનો દુષ્ટ સ્વભાવ હોય, કુરૂપ હોય, રોગી, ક્રોધી, વૃદ્ધ, મૂંગો-બહેરો, અંધ, વિષયી, લંપટ ગમે તેવો હોય તો પણ દેવની જેમ પૂજવો. મન, વચન, શરીરથી સેવા કરવી. કામથી, લોભથી, બળથી, ધનથી, ભાવનાથી, આશ્રયથી, રૂપથી, તૃષ્ણા/વાદન, વસ્ત્રથી, આભૂષણોથી, સર્વેથી પતિને રાજી કરવો. આવી પતિવ્રતા સતિને જોઈને યમદૂતો દૂર ભાગી જાય છે. તે રીતે પુરુષે ત્રીશ માલપૂડા ભરી કાંસાનો સંપુટ કરીને દોરાથી વીંટીને કંકુથી પૂજીને દાન આપવું. તેને બ્રહ્માંડ દાન કહેલું છે. તે દાન દેવાથી સ્ત્રી પતિવ્રતા થાય છે. પરુષ પત્ની વ્રતવાળો થાય છે. પુરુષે પોતાના પ્રાણ સમાન સુખનું સ્થાન પત્નીને મધુર વચનથી બોલાવવી. ક્યારેય પણ તિરસ્કાર તાડન કરવું નહીં. વસ્ત્ર અલંકારોથી સુખના સાધનોથી સંતોષ પમાડવો. ભૂખ, તરસ, કર્મથી ઉદ્વેગ ન કરાવવો. દાસી સમાન પ્રિય પત્નીનું ક્યારેય અપમાન ન કરવું. વંશ આપનારી રતિ સુખ આપનારી, સુખ-દુઃખમાં સાથે રહેનારી, પત્નીને ધનાદિક પદાર્થોથી રાજી રાખવા. લક્ષ્મીસમાન પત્નીને તજીને બીજી સ્ત્રીને પ્રિય ન થવું. સ્વર્ગસમાન સુખ ઈચ્છનારે પરસ્ત્રીને વશ ન થવું. આવા દંપતી મોક્ષના ભાગીદાર થાય છે.

પૂર્વે ઈન્દ્ર, દ્યુમ્ન, શતદ્યુમ્ન, ભગીરથ વગેરે હજારો રાજાઓ પુરુષોત્તમ માસના વ્રત, પૂજન કરીને પુરુષોત્તમની આરાધના કરીને પુરુષોત્તમ પાસે પહોંચ્યા છે. પુરુષોત્તમ માસનું નગારું જેને સાંભળ્યું. તેણે વ્રત ઉધાપન ઉત્સવ કર્યો. પ્રભુએ પાર્ષદ મુક્ત સ્વરૂપે સંદેશાવાહક એવા નગારાની પૂજા કરીને જ્યારે પુરુષોત્તમ માસ આવે ત્યારે બ્રહ્માંડોમાં ફરીને ઘોષણા કરવી. એવી આજ્ઞા કરી. પુરુષોત્તમ માસમાં પુરુષોત્તમ નારાયણ રાધા-લક્ષ્મી, શ્રી, જયા,

રમા, માણિકી, પાર્વતી, પ્રભા સાથે પુરુષોત્તમ નારાયણનું પૂજન કરવું, ભોજન કરાવવું, સેવવા, ધ્યાન કરવું, પુરુષોત્તમ માસની કથાશ્રવણ કરવી. તેથી સર્વે તિર્થોનું ફળ, પૃથ્વી પ્રદક્ષિણાનું ફળ, બ્રહ્માંડ ઉદ્ધારનું ફળ થાય છે. પુરુષોત્તમ મહાત્મ્ય લખીને બંધણામાં બાંધીને દાન કરનારાની ત્રણ પેઢી ગોલોકમાં વસે છે. પુરુષોત્તમ માસની કથાના વક્તા, શ્રોતા, કથા કરાવનારો, વખાણ કરનારો, રક્ષણ કરનારો, વ્રત કરનારો, દાન આપનારો, સર્વે પુરુષોત્તમરૂપે થશે.

પુરુષોત્તમ માસમાં આદેશ આપનારા અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરવી. લક્ષ્મીનારાયણનું આ કૃપાવાક્ય સાંભળીને, અતિ તૃપ્તિ પામીને પુરુષોત્તમ નારાયણની પૂજા કરીને વ્યાસ સ્વરૂપ પતિને નમસ્કાર કર્યા.

અધ્યાય - ૩૨૩

❖ શ્રીકૃષ્ણનારાયણની તેર ધર્મપત્નીઓનું પ્રાગટ્ય ❖

શ્રીલક્ષ્મી કહે : પ્રાણનાથ, કૃષ્ણનારાયણ તમે તમારી તેર ધર્મપત્ની કહી તે સર્વે ક્યારે કોનાથી પ્રગટ થયેલી તે કહો. સ્વર્ગ અને મોક્ષ આપનારી પુરુષોત્તમના યોગવાળી કથા કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાંભળો. પરમધામમાં પુરુષોત્તમ નારાયણની હજારો દિવ્યશક્તિ રહેલી છે. પુરુષોત્તમ નારાયણે સંકલ્પ ઇચ્છા કરી હું અનેકરૂપે થાઉં ત્યારે પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી દિવ્ય ગુણવાળી શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તૃપ્તિ, પુષ્ટિ, સમુન્નતિ, ક્રિયા, બુદ્ધિ, મેધા, હીતિ, તિક્ષા વગેરે બાર શક્તિઓ પ્રગટ થઈ અને ભક્તિદેવી પ્રગટ થયા. સર્વે શક્તિઓ પુરુષોત્તમ નારાયણને કહે : અમારા જેવી સેવા હોય તે કહો. શ્રીહરિ કહે, તમે સર્વે છાયાંરૂપે મારામાં રહો. બીજેરૂપે સૃષ્ટિમાં, જીવજાતિમાં, મનુષ્યોમાં રહો. તે સર્વે શક્તિઓએ બદ્રિકાશ્રમમાં હજાર વર્ષ તપ કર્યું. પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈને કહે : તમે તપ કેમ કરો છો ? સર્વે કહે : પૃથ્વી પર દૈત્યો, દાનવો, અસુરોમાં અમને સુખ થતું નથી. તેથી અમે સદા સુખી રહીએ તેવી કૃપા કરો.

પુરુષોત્તમ નારાયણ કહે : પુરુષોત્તમ માસનું છેલ્લા દિવસે વ્રત કરી પુરુષોત્તમ નારાયણનું પૂજન કરજો. તે સર્વે શક્તિઓએ ગંગાનદી કાંઠે નિર્જળાવ્રત કરી પુષ્પફળથી પુરુષોત્તમ નારાયણનું પૂજન કર્યું. ત્યાં પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈ કહે : વરદાન માગો. સર્વે કહે : ધર્મનો આશ્રય આપો. પુરુષોત્તમ નારાયણ કહે : તમે સર્વે દક્ષ રાજાને ત્યાં જન્મ ધારણ કરો. દક્ષ પ્રજાપતિ વિધિપૂર્વક તમને ધર્મદેવને આપશે. પછી હું મૂર્તિદેવીમાં નરનારાયણ સ્વરૂપે પ્રગટ થઈને બ્રહ્મચર્યનું પાલન કરી ધર્મનું સ્થાપન કરીશ ત્યારપછી સત્યલોકમાં બ્રહ્માની સભામાં પુરુષોત્તમ માસને અંતે પુરુષોત્તમ નારાયણનું પૂજન કર્યું. દેવો, ઋષિ-મુનિ, માનવોની પૂજાથી પ્રગટ થઈને પુરુષોત્તમ નારાયણે ધર્મદેવ, તેની

પત્નીઓએ દર્શન દીધા. પુરુષોત્તમ નારાયણ કહે : તમારી ઈચ્છા હોય તે કહો. બ્રહ્મા કહે : પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણ આ તમારા ભક્તોને સુખી કરો. સકામ હોય તેને સર્વે સિદ્ધિ આપો. નિષ્કામ હોય તેને તમારા ધામમાં વાસ આપો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : તથાસ્તું. મારા સાત્વિક ભક્તોમાં આ ધર્મદેવ કુટુંબ સાથે વાસ કરશે.

અધ્યાય - ૩૨૪

❖ કાળનેમીની પુત્રી વૃંદા અને રુદ્રના અંશ જાલંધરના વિવાહ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મારી પ્રસન્નતામાં મારી કૃપા જ કારણ છે. પુરુષોત્તમ માસ વિના બીજા માસમાં ભક્તિથી તુલસીપત્ર સો હજાર લાખથી મારી પૂજા કરે તેની પર હું પ્રસન્ન થાઉં છું. લક્ષ્મી કહે : પ્રભુ તમો તુલસીને વધારે કેમ માનો છો ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી સાંભળો, ગોલોકમાં મારી હજારો પત્નીઓમાં રાધા સમાન વૃંદા હતી. એક સમયે રાધા સાથે રમતા મને જોઈને ઈર્ષ્યાથી મને ન કહી શકી. મેં બોલાવી તો પણ આવી નહીં તેથી મને સંકલ્પ થયો તું ધામમાં સેવા કરવા યોગ્ય નથી. તેથી તે પૃથ્વી પર જન્મ ધારણ કરી કાળનેમી દૈત્યની પુત્રી વૃંદા થઈ. એક વખત શંકર વસ્ત્ર વિના વનમાં ફરતા હતા. શિવરાત્રિનો દિવસ જાણી બૃહસ્પતિ અને ઈન્દ્ર શંકરના દર્શને આવ્યા. શંકર પરીક્ષા કરવા માર્ગમાં ઊભા. ઈન્દ્ર નગ્ન જટાવાળા જોગીને કહે : માર્ગ રોકીને કેમ ઊભો છો. અમને જવા દે. શંકરે કાંઈ જવાબ ન આપ્યો. ઇંન્દ્રે વારંવાર પૂછવા છતાં શંકર મૌન રહ્યા. ત્યારે ઈન્દ્રએ ક્રોધ કરી વજ્ર ઉગામ્યું. તિરસ્કાર કરીને કહે - મૂંઢ, પૂછવા છતાં જવાબ નથી આપતો. એમ કહીં જયાં મારવા ગયો ત્યાં શંકરે જડ જેવો કરી દીધો અને વિકરાળ સ્વરૂપ બતાવ્યું. ત્યાં બૃહસ્પતિ જાણી ગયા. આ પોતે શંકર છે. સ્તુતિ કરી. હે ત્રિલોચન દીગંબર વિકરાળરૂપે, શાંતરૂપે રહેલા તમને નમસ્કાર. એમ કહી બૃહસ્પતિ શંકરને પગે લાગી કહે : ક્રોધ શાંત કરો. ઈન્દ્ર ઉપર કૃપા કરો.

શંકર કહે : ઈન્દ્રને જીવતદાન આપું છું. પછી બૃહસ્પતિ અને ઈન્દ્રે શંકરની પૂજા કરી. પછી શંકરના લલાટમાં ક્રોધરૂપે રહેલા પરસેવાના ટીપાંને હાથમાં લઈ સમુદ્રમાં ફેંક્યું. તરત બાળકરૂપ ધારણ કરી સમુદ્રમાં જોરથી હસવા લાગ્યો. દિશાઓ ગજાવી મૂકી. પૃથ્વી કંપવા લાગી. સર્વે લોક ત્રાસ પામ્યા. દેવો ભય પામ્યા. આવ્યા બ્રહ્મા પાસે કોઈક અસુર બ્રહ્માંડને ભાંગવા આવ્યો છે. બ્રહ્માદિદેવોએ તપાસ કરતા સમુદ્ર પાસે આવ્યા. સમુદ્રે સર્વેનો સત્કાર કર્યો. બ્રહ્મા સમુદ્રને કહે : આ કોનો બાળક છે. હસવાથી જ બધાને ત્રાસ આપે છે. સમુદ્ર કહે : શંકરનો પુત્ર છે, ત્યાં તો બાળકે દોડીને બ્રહ્માની ડોક પકડીને ધુણાવી. નેત્રમાં પાણી લાવી દીધા. સમુદ્રે બાળકને ખેંચી લીધો. પાણીના આધારે રહ્યો. તેથી તેનું નામ જાલંધર પડ્યું. બ્રહ્મા કહે : શંકરનો પુત્ર હોવાથી રુદ્ર જેવો પરાક્રમી થશે. શસ્ત્ર, અસ્ત્ર

શાસ્ત્રનો જાણકાર થશે. દૈત્યનો રાજા થશે. રુદ્ર વિના કોઈથી નહીં મરે, અને કૃષ્ણપત્ની વૃંદા અત્યારે કાળનેમીની પુત્રી થઈ છે. તે જાલંધરની પત્ની થશે. એમ કહીને બ્રહ્માદિદેવો ગયા. સમુદ્રે શુક્રાચાર્યને બોલાવી જાલંધરનો ગાદી અભિષેક કર્યો. કાલનેમીને બોલાવીને તેની પુત્રી વૃંદાની માગણી કરી તે બંનેનાં લગ્ન ધામધુમથી થયાં.

અધ્યાય - ૩૨૫

❖ જાલંધર સાથે યુદ્ધમાં દેવોનો પરાજય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એક વખત જાલંધર ગુરુપૂર્ણિમાએ શુક્રાચાર્યની પૂજા કરવા ગયો. ત્યાં સર્વે દૈત્યો ગુરુપૂજન કરી બેઠા. ત્યારે જાલંધરે માથા વિનાના રાહુને જોઈને શુક્રાચાર્યને પૂછ્યું, આનું માથું કેમ નથી. શુક્રાચાર્ય કહે : પૂર્વે દુર્વાસાના શાપથી સ્વર્ગની લક્ષ્મી સમુદ્રમાં ચાલી ગઈ તેથી દેવો, દૈત્યોએ સંધિ કરી સમુદ્રમાંથી લક્ષ્મીને બહાર લાવવા સમુદ્ર મંથન કર્યું. ત્યારે સમુદ્રમાંથી અમૃત નીકળ્યું. વિષ્ણુ મોહિનીરૂપ લઈ દેવોને પાતા હતા. ત્યાં રાહુએ વચ્ચે બેસી પી લીધું. વિષ્ણુને જાણ થવાથી ચક્રથી મસ્તક કાપી નાખ્યું. અમૃત ગળા નીચે ઊતરી જવાથી મર્યો નહીં. તેથી ધડરૂપે રાહુ થયો. માથારૂપે કેતુ થયો. જાલંધર પૂર્વેનું વૃતાંત જાણી, અતિ ક્રોધ પામી, પોતાના દૂતને ઈન્દ્ર પાસે મોકલ્યો. દૂતે ઈન્દ્રને કહ્યું જાલંધરે કહ્યું છે કે મારા બાપ સમુદ્ર પાસે જે રત્નો લઈ ગયો છે તે રત્નો આપી દે અને મારે શરણે આવ નહીં તો તારું રાજ્ય નાશ પામશે. દૂતનું વચન સાંભળી ઈન્દ્ર કહે : મારો શત્રુ સંખાસુર તેને તારા પિતાએ સંઘર્યો. તેથી વિષ્ણુએ માર્યો. માટે વિષ્ણુ પાસે જા હું નિર્દોષ છું. તું દ્વેષથી મારી સાથે શત્રુતા ન કર યુદ્ધ કરવું હોય તો તૈયાર થઈ જજે. ઈન્દ્રએ કહેલું દૂત પાસેથી સાંભળીને જાલંધરે કરોડો અસુરોને દૈત્યોને યુદ્ધ માટે તૈયાર કર્યા. દેવોનું અને અસુરોનું મહાભયંકર યુદ્ધ થયું. અસ્ત્ર, શસ્ત્ર, બરછી, ભાલા, શક્તિ, તોમર, મુદગર, તલવાર, ગદા, ચક્ર, મુશલ, બાણ, પર્વત, શીલા વગેરે અનેક આયુધોથી લડતા હતા. મરતાં અસુરોને શુક્રાચાર્ય સંજીવની વિદ્યાથી જીવતા કરતા હતા. દેવોને બૃહસ્પતિ મંત્રથી પાણી છાંટી બેઠા કરતા હતા.

જાલંધર શુક્રાચાર્યને કહે : દેવો મરીને જીવતા કેમ થાય છે. શુક્રાચાર્ય કહે : બૃહસ્પતિ, દ્રોણ પર્વતમાંથી ઔષધી લાવીને જીવતા કરે છે. જાલંધરે દ્રોણ પર્વતને ઉપાડીને સમુદ્રમાં નાખી દીધો. બૃહસ્પતિ ઔષધી લેવા ગયા. દ્રોણ પર્વત જ ન મળે. બૃહસ્પતિ નિરાશ થયા. દેવો યુદ્ધમાંથી ભાગીને મેરુપર્વતમાં ચાલ્યા ગયા. સ્વર્ગમાં પણ દેવો, દેવીઓ મેરુપર્વતમાં ચાલ્યા ગયા. અસુરોએ જાલંધરનો જયઘોષ કર્યો. જાલંધરે સ્વર્ગ વગેરે ખાલી થયેલા દેવોના સ્થાનમાં દૈત્યોને અધિકાર આપ્યા. ત્યારે ઈન્દ્રાદિ દેવો બ્રહ્માદિ દેવો સર્વે તેજના આવરણમાં રહેલા વૈકુંઠમાં લક્ષ્મીનારાયણ પાસે ગયા. સ્તુતિ કરી. હે દૈત્યોને નાશ કરનારા વેદોને

લાવનારા દેવો ઋષિ-મુનિઓ માનવોના રક્ષણને માટે અનેક અવતારોને ધારણ કરનારા તમને નમઃ કંભરા ગોપાલ પુત્ર તમને નમઃ જ્ઞાનના આચાર્ય સાધુ-સ્વરૂપ કૃષ્ણવલ્લભ તમને નમઃ હસ્તકમળ, ચરણકમળમાં અનેક ચિહ્નોવાળા તમને નમઃ અવ્યાકૃત અમૃતધામમાં રહેલા ગોલોક, વૈકુંઠ આદિ અનેક ધામોમાં રહેલા તમને નમસ્કાર. હે પ્રભુ અમે તમારે શરણે આવ્યા છીએ. અમારું રક્ષણ કરો. જાલંધરે સર્વે દેવો, ઈશ્વરોને તેઓના સ્થાનમાંથી હાંકી કાઢી દૈત્યોને સર્વે અધિકારો આપ્યા છે. અમે વન, પર્વત, જંગલમાં ભટકીએ છીએ. હે પ્રભુ, અમારું રક્ષણ કરો.

ઈન્દ્રાદિ, દેવોની સ્તુતિ સાંભળી કરુણાસાગર વૈકુંઠનાથ બોલ્યા. દેવોને દુઃખ આપનારા જાલંધરનો હું નાશ કરીશ. એમ કહીને ગરૂડ પર બેસી જવા તૈયાર થયા ત્યાં લક્ષ્મીજી નેત્રમાં આંસુ લાવી કહે : પ્રભુ મારો ભાઈ, તમારો સાળો જાલંધરને ન મારશો. વિષ્ણુ કહે : હું દેવોની સહાય માટે જાઉં છું. રુદ્રનો અંશ હોવાથી બ્રહ્માના વચનથી અને તારા વચનથી જાલંધરને હું નહીં મારું એમ લક્ષ્મીજીને સાંત્વના આપી. દેવોને સાથે લઈ વિષ્ણુ ભગવાન જ્યાં જાલંધર હતો ત્યાં ગયા.

અધ્યાય - ૩૨૬

❖ જાલંધર અને વિષ્ણુ વચ્ચે યુદ્ધ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દૈત્યોનું સૈન્ય અને વિષ્ણુ ભગવાનને જોઈને જાલંધર અતિ ક્રોધ કરી અસુરો, દૈત્યો, દાનવો, રાક્ષસોના સૈન્ય સાથે રણસંગ્રામમાં આવ્યો. દેવો અને અસુરોનું મહાભયંકર યુદ્ધ થયું. અસુરો, દેવોના અનેક શસ્ત્રોને પરાભવ કરતા હતા. ઈન્દ્ર સહિત દેવો નાસભાગ કરવા લાગ્યા. હું તમારી સાથે છું કોઈને મરવા નહીં દઉં. એમ કહી મરેલા દેવોને સજીવન કરતા હતા. શુક્રાચાર્ય દૈત્યોને સજીવન કરતા હતા. વિષ્ણુ ભગવાન અને જાલંધર સાળો બનેવી અસ્ત્ર-શસ્ત્રથી લડતા એકબીજાના આયુધો ભાંગી કાપી નાખતાં હતા. પૃથ્વીમાં, સમુદ્રમાં, સર્વે લોકમાં, બ્રહ્માંડમાં હાહાકાર થવા લાગ્યો. જાલંધર, વિષ્ણુ સાથે લડતા થાક્યો. એટલે વિચાર કર્યો જે થવાનું હશે તે થશે, મારે તો બેયકોર લાભ છે. મરીશ તો વિષ્ણુના હાથે મરીશ અને જીતીશ તો વિષ્ણુને જીત્યા એમ કહેવાશે માટે યુદ્ધ બંધ કરવું નથી. વિષ્ણુ કહે : તું શુરવીર છો, રણમાંથી ભાગતો નહીં, પણ મારે હાથે તારું મૃત્યુ નથી. માટે ભય પામતો નહીં. તું રુદ્ર પુત્ર ક્ષત્રિયનું પાલન કર્યું છે. માટે મારી પાસે વરદાન માગ. જાલંધર કહે : પ્રભુ તમે પ્રસન્ન થયા હો તો તમે મારી બહેન સાથે પાર્ષદો સાથે મારે ઘેર વાસ કરો. તે સાંભળીને વિષ્ણુ ભગવાન કહે : તથાસ્તું. એમ કહી લક્ષ્મી સાથે, પરિવાર સાથે જાલંધરને ઘરે ગયા. જાલંધરે વિષ્ણુની પૂજા કરી. વિષ્ણુ વચનથી બંધાઈને ગયા અને જાલંધરને ઘેર વસ્યા. વળી જાલંધરે બ્રહ્માંડમાં હાહાકાર વર્તાવ્યો.

બ્રહ્માંડમાં વાત થવા લાગી. વિષ્ણુ પરાજય પામ્યા. ભક્તાધિન ભગવાન સ્નેહભક્તિથી લક્ષ્મી અને સાળાને વશ થઈ ગયા.

દેવો સર્વે નિરાશ થઈ શંકર પાસે ગયા. સ્તુતિ કરી કહે : અમારું રક્ષણ કરો. શંકર નારદને બોલાવી કાર્ય કરવાનું કહ્યું. દેવો પાસેથી પૂજા ગ્રહણ કરી અને વિષ્ણુ પરાજય પામ્યા. જાલંધરે અન્યાય કર્યો. એવું જાણી દેવોને સાંત્વના આપી નારદજી જાલંધર પાસે ગયા. નારદજીની પૂજા કરીને જાલંધર કહે : ગુરુ શું પધરામણી કરી ? નારદજી કહે : તારું શહેર, તારી સમૃદ્ધિ, આવું બ્રહ્માંડમાં ક્યાંય નથી. કોઈ ઈશ્વરોના લોકમાં પણ નથી, પરંતુ મેં એક રત્ન જોયું. તેની પાસે તારી સર્વે સમૃદ્ધિ ઝાંખી લાગે છે. જાલંધર કહે : ગુરુ એવું રત્ન કયું છે ? અને ક્યાં છે ? મને બતાવો, નારદજી કહે : કૈલાશમાં શંકર પાસે છે. તેના રૂપની આગળ સૂર્ય, ચંદ્ર, ઝાંખા લાગે એવું શંકર પત્ની પાર્વતીનું રૂપ છે અને શંકર તો જોગી જટાવાળા, રાખ ચોળનારા, સદા ધ્યાનમાં બેસનારા માટે શંકરને તે સ્ત્રી રત્ન નકામું છે. માટે તું જઈને તે રત્નને લઈ આવ તો તે મહાન કામ કર્યું કહેવાય. એટલું કહીને નારદજી દેવો પાસે આવ્યા. દેવો રાજી થયા પછી નારદજી વિષ્ણુ પાસે સત્યલોકમાં ગયા.

અધ્યાય - ૩૨૭

❖ જાલંધરની શંકર પાસેથી પાર્વતીની માંગણી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારદજી ગયા પછી જાલંધરે પોતાના દૂત રાહુને કહ્યું : તું કૈલાશમાં શંકર પાસે જઈને કહે : કે તમે તો યોગી છો તમારે પાર્વતીને વનવાસીને શું જરૂર છે. માટે પાર્વતી અને કૈલાશમાં રહેલી સમૃદ્ધિ તે સર્વે જાલંધરને આપી દો. ઐરાવત, ઉચ્ચૈશ્રવા, કલ્પતરુ, પારિજાત, વજ, વિમાન વગેરે સર્વે મેં મારે ઘેર રાખ્યા છે. તેથી એક પાર્વતી વિના અધૂરું છે. રાહુ દૂત શંકર પાસે આવીને કહે : તમારું સ્ત્રી રત્ન જાલંધરને આપો. તમારે ભીક્ષા માગી ખાનારાને સ્ત્રીને શું કરવી છે ! સ્ત્રી તો રાજાને ભોગ્ય છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આનું નામ દૈત્યની બુદ્ધિ જે પોતાની માતા પાર્વતીની માગણી કરે છે. શ્રીહરિની માયા કેવી છે. માતૃગામી સર્વે જાલંધર જેવા જ છે. ત્યાં શંકરના લલાટમાંથી ક્રોધરૂપી ગણ પ્રગટ થયો તે સિંહ જેવા મોઢાવાળો રાહુ, કેતુને પકડીને ખાવા ગયો. ત્યાં રાહુ કહે : પ્રભુ મારું રક્ષણ કરો. શંકરે ગણને ના કહી શરણે આવેલો અને દૂત હોય તેને ન મારવો. પછી રાહુએ જાલંધર પાસે આવી કહ્યું ત્યારે જાલંધર ક્રોધ કરી કહે : દૂતનું અપમાન કર્યું માટે સર્વે દૈત્યો શંકર સામે યુદ્ધ કરવા તૈયાર થાવ. સર્વે અસુરો દૈત્યો તૈયાર થયાં. તેમાં રાહુ માથા વિનાનો આગળ તે અપશુકન. બીજો શુક્રાચાર્ય કાણો તે બીજું અમંગળ. યુદ્ધમાં નીકળવા ટાણે જાલંધરનો મુગટ પડી ગયો. તે અમંગલ, દૈત્યોના હાથમાંથી આયુધો પડી ગયા તે અમંગળ. દેવો શંકરને કહે : ભોળાનાથ અમારો અને તમારી પાર્વતીનું રક્ષણ

કરવા કાંઈક વિચાર કરો. શંકરે વિષ્ણુને યાદ કર્યા, વિષ્ણુ આવ્યા. શંકર કહે : હજી તમે જાલંધરને માર્યો નથી, તેને ઘેર વસ્યા છો. વિષ્ણુ કહે : લક્ષ્મીનો ભાઈ થાય અને તમારો પુત્ર થાય તેથી નથી માર્યો. હવે તમે જ મારો. તમે યુદ્ધમાં જાવ. હું સહાયમાં છું. ત્યાં દૈત્યો અસુરોનો ભયંકર અવાજ થયો. અસુરોએ શંકરના ગણોને માર્યા, શંકરે ક્રોધ કરી કૃત્યા ઉત્પન્ન કરી. તે કૃત્યાએ શુક્રાચાર્યને યોનિમાં સંતાડી દીધા અને અદૃશ્ય થઈ ગઈ.

અધ્યાય - ૩૨૮

❖ શંકર અને જાલંધર વચ્ચે યુદ્ધ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જાલંધર કાળનેમી શુંભ-નિશુંભ વગેરે કરોડો અસુરોને લઈને શંકરની સાથે કાર્તિક સ્વામી, ગણેશ, નંદી વગેરે ગણોની સાથે અસ્ત્રો-શસ્ત્રોથી મહાભયંકર યુદ્ધ કરતા હતા. પરસ્પર એકબીજાને શસ્ત્રોથી ઘાયલ કરતા હતા. દૈત્યોનો નાશ થતો જોઈ જાલંધર કહે : શૂરવીર થઈને લડો મરશો તોય સ્વર્ગમાં જશો. એમ કહીને પોતે વીરભદ્ર સાથે લડવા ગયો. ત્યાં તેને પાર્વતી યાદ આવ્યા. એટલે રણસંગ્રામમાંથી નીકળીને માયાવી કપટ વિદ્યાથી શંકર જેવું રૂપ લઈ પાંચ મોઢા, દશ હાથ, ત્રણ નેત્ર, જટા, ચર્મભસ્મ, સર્પ ધારણ કરીને, પાર્વતી પાસે આવ્યો. પાર્વતીએ પણ શંકરને રજોગુણના ભાવવાળા જોયા એટલે પલંગ પર બેઠા. ત્યાં જાલંધરે આવીને પાર્વતીને જોયા. ત્યાં ધાતુ સ્ત્રવી ગયો અને જડ જેવો થઈ ગયો. પાર્વતી તરત જાણી ગયા અને સ્તનમાંથી દૂધ ટીપું ગયું, અદૃશ્ય થયા.

જાલંધર પાર્વતીને નહીં જોવાથી જાલંધર શાપના ભયથી પાછો યુદ્ધમાં આવ્યો. પાર્વતીએ મહાવિષ્ણુને સંભાર્યા. તરત જ મહાવિષ્ણુ આવ્યા. પાર્વતી કહે : જાલંધર મને છેતરવા શંકરનું રૂપ લઈને આવ્યો હતો. તે તમે ન જાણ્યું. વિષ્ણુ કહે : મેં સર્વે જાણ્યું આજ્ઞા આપો શું કરું. પાર્વતી કહે : જાલંધરે જેવું કપટ કર્યું તેવી રીતે તમે કપટ કરી વૃંદાને પતિવ્રતાના વ્રતમાંથી ખંડિત કરો તો જ જાલંધર મરશે. પતિવ્રતાધર્મ પતિનું રક્ષણ કરીને મોક્ષ અપાવે છે. વિષ્ણુ કહે : બહું સારું એમ કહીને, શંકરને જાણ કરીને કપટ કરીને વૃંદાને છેતરવા ગયા. વૃંદા પણ જાલંધર જય પામી આવે તેની વાટ જોતી હતી.

અધ્યાય - ૩૨૯

❖ વિષ્ણુ દ્વારા વૃંદાના પતિવ્રતા ધર્મનો ભંગ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જાલંધરનું જે બળ હતું તે વૃંદાના પતિવ્રતા ધર્મનું હતું. વિષ્ણુ ત્યાં ગયા. સાધુરૂપે બગીચામાં વાસ કરીને વૃંદાને સ્વપ્નમાં દૂષ્ટ, અપશુકનો બતાવ્યા. જાલંધરનું માથું હાથ-પગ કપાઈ ગયેલા જોયા. સવારે જાગીને વિપ્રને પૂછ્યું. વિપ્ર કહે :

અનિષ્ટ થશે. ત્યાં જમણું અંગ ફરકવા લાગ્યું. વિષ્ણુએ પ્રેરણા કરી એટલે વૃંદા બે સખી સાથે બગીચામાં આવી. વિષ્ણુની માયાથી બે સિંહ આવ્યા. વૃંદા ભય પામી સાધુ પાસે આવી. સાધુએ હુંકારો કર્યો સિંહ જતા રહ્યા. વૃંદા સાધુને કહે : તમે મારું રક્ષણ કર્યું હે મહાપુરુષ જો તમે જાણતા હો તો કહો : અત્યારે યુદ્ધમાં મારા પતિની કેવી સ્થિતિ છે. તેનો જય થશે કે પરાજય. સાધુ કહે : હું ભારદ્વાજ ઋષિનો પુત્ર છું. ત્રિકાળદર્શી છું. તારા પતિનું સ્વાસ્થ્ય અને મૃત્યુ બેય પરલોક સ્વર્ગમાં ગયા. સાંભળીને વૃંદા અતિ રોવા લાગી. અરે મેં, તેમને યુદ્ધમાં જવાની ના પાડી હતી. મારું સર્વ નષ્ટ થયું. એમ કહીને વૃંદા પોતાના શરીરમાંથી અગ્નિ પ્રગટ કરી બળવા તૈયાર થઈ. ત્યાં સાધુ એ ધીરજ આપી કહે : તારા પતિને હું જીવાડીશ. વિષ્ણુએ કપટ કરીને જાલંધર બનીને વૃંદાને બતાવ્યો.

વૃંદા પતિને જોઈને આનંદ પામી આલિંગન કર્યું. જાલંધર રૂપે રહેલા વિષ્ણુએ કહ્યું, દેવી શંકરે મારું માથું ચક્રથી કાપી નાખ્યું હતું. પણ આ સાધુએ મંત્રથી તારા સતિત્વથી મને જીવતો કર્યો. એમ કહીને મહાવિષ્ણુએ વૃંદાનું વ્રત ભંગ કરવા તેની સાથે રતિક્રીડા કરી. તેથી જાલંધરનું બળ ક્ષિણ થયું. વિષ્ણુએ ગરૂડને યુદ્ધમાં જોવા મોકલ્યો જાલંધર મર્યો કે નહીં. ગરૂડ સમાચાર લાવ્યો. હજુ સુધી મર્યો નથી. તે સાંભળીને ગરૂડ અને ચતુર્ભુજ વિષ્ણુને જોઈને વૃંદા ક્રોધ કરી કહે તમે ધર્મપુત્ર શ્રીહરિ થઈને અધર્મ કર્યો. તેથી તમારી પત્નીને રાક્ષસ હરી જશે. પત્ની દુઃખથી વાંદરાની સહાય લેવી પડશે. તમારી શય્યા, શેષને તે સર્પ સાથે તમારે વનમાં ભટકવું પડશે. વિષ્ણુ શાપ ગ્રહણ કરી અદૃશ્ય થયા. વૃંદા સખીને કહે : મારું સતિપણું વિષ્ણુએ ભંગ કર્યું. હવે મારો પતિ જીવતો નહીં રહે. એમ કહીને સરોવરમાં સ્નાન કરી. પદ્માસનવાળી મનને સ્થિર કરી ધ્યાન કરી, ચિતા ખડકી, અગ્નિ પ્રગટ કરી તેમાં બળીને ભસ્મ થઈ. તે ભસ્મમાંથી તુલસી વન થયું. મહાવિષ્ણુનું ધ્યાન કરતી તે તુલસી વિવાહ વિધિથી ફરીથી વિષ્ણુને પામી. વિષ્ણુ ઈચ્છાથી તુલસી વૃક્ષરૂપે થઈ. આ રીતે ગોલોકમાં રાધાજી સાથે ઈર્ષ્યા કરવાથી વૃંદા કાળનેમીની પુત્રી થઈ અને જાલંધરને પરણી અને જાલંધરનો નાશ કરવા વિષ્ણુએ વૃંદાનું પતિવ્રતા વ્રત ભંગ કર્યું. અંતે જેવી વૃતિ હોય તેવી ગતિ થાય છે. તે રીતે અંતે વૃંદા તુલસી વૃક્ષરૂપે વિષ્ણુને પામી.

અધ્યાય - 330

❖ જાલંધરનું યુદ્ધમાં મૃત્યુ - વૃંદાની ભસ્મમાંથી તુલસીવનની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દૂતે આવી જાલંધરને કહ્યું. વૃંદા બળી ગઈ. જાલંધર અતિ રોઈને કહે : જે જેવું કરે છે, તે તેવું પામે છે. મેં પાર્વતીને છેતરી તો શ્રીહરિએ વૃંદાને છેતરી. બનેવીને અને જમાઈને સદાને માટે ઘરમાં વાસ ના આપવો. ધીમે ધીમે ધન, સ્ત્રી, સર્વે લઈ જાય છે. જો વિષ્ણુને ઘરમાં વાસ આપ્યો તો મારી જ પત્નીને છેતરી. હવે જો

વિષ્ણુને મારવા જાઉં તો પાછળથી શંકર મારે. મારે તો બે શત્રુ થયા. હવે તો શંભુને જીતુ કા શંભુથી મરું. એમ વિચારી શંકર સાથે યુદ્ધ કરવા રણમાં આવ્યો. ત્યાં દૈત્યોના શબના ઢગલા જોઈને હતાશ થઈ ગયો. શંકરે બાણ મારી જાલંધરનું કવચ ભાંગી નાખ્યું. બીજું બાણ મારીને મૂર્છિત કર્યો. પછી જાલંધરે માયા રચીને પાર્વતીનું રૂપ બનાવી, પોતાના રથ ઉપર રાખ્યું. શુંભ દૈત્ય આવીને તે પાર્વતીને ત્રિશુળ પર ચડાવી આકાશમાંથી શંકરની આગળ પછાડીને મારી નાખી. શંકર ઉદાસ થઈને કહે : આ પાર્વતી રણચંડી થઈને શુંભને મારશે, એમ શાપ આપ્યો. ત્યાં બ્રહ્મા આવીને કહે : તે તો જાલંધરની માયાજાળ હતી. શંકર અતિ ક્રોધ પામી ચક્રથી જાલંધરનું માથું કાપી નાખ્યું. એટલે રણમાં પડી ગયો. જાલંધરનો નાશ થયો જાણી દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી શંકરનો જયકાર કરવા લાગ્યા. પછી સમુદ્રમાંથી દ્રોણ પર્વત લાવી દેવોને ઔષધિ પાઈ સજીવન કર્યા. કૃત્યાએ પણ શુક્રાચાર્યને મુક્ત કર્યા. સર્વે પોતાના કર્મ જેવા હોય તેવું ભોગવે છે. જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી સુખ-દુઃખ રહે છે. આ ઈતિહાસ કથા સાંભળીને દુઃખથી પરાભવ નહીં પામે. પછી વૃંદા તુલસીનો ત્યાગ કરી જઈ શકતા નહીં. તુલસીએ કહ્યું, પ્રભુ પહેલા હું તમારી પત્ની હતી. પછી જાલંધરની પત્ની થઈ. ફરી તમે પતિ ભાવે ગ્રહણ કરો.

વિષ્ણુ કહે : તું ત્રણ સ્વરૂપે ધામમાં છો. અહીં પણ ત્રણ સ્વરૂપે થા. ધામમાં ગૌરી લક્ષ્મી અને રમારૂપ છો, એમ કહીને વિષ્ણુએ બીજ દેવોને આપ્યા. દેવોએ કેદાર પર્વતમાં (હિમાલયમાં) બીજ નાખ્યા. તે ધાત્રી, માલતી, અને તુલસી થયા. પછી વિષ્ણુ દેવોને, બૃહસ્પતિને લઈને કેદારેશ્વર ગયા ત્યાં વૃંદાએ તુલસીને ધાત્રી, આંબળાની વરમાળા કરીને વિષ્ણુને પહેરાવી. બૃહસ્પતિએ વિધિપૂર્વક વૃંદાવનમાં તુલસી, વિષ્ણુના વિવાહ કર્યા. પવિત્ર એવી આ કથા કોઈ વાંચશે સાંભળશે તે સર્વે ઈષ્ટ સિદ્ધિને પામશે. બ્રાહ્મણને જ્ઞાન થશે. ક્ષત્રિયને રાજય મળશે. વૈશ્યને સંપત્તિ મળશે. શુદ્ર સુખી થશે. કાર્તિક માધ અને વૈશાખમાં તુલસીની પૂજા કરવી અને તુલસીથી વિષ્ણુપૂજન સદા કરવું. લક્ષ્મીનું એક સ્વરૂપ બદ્રિકાશ્રમમાં બોરડીરૂપે થયું.

અધ્યાય - 331

❖ વિષ્ણુ-તુલસીવિવાહની લોકમાં પ્રસિદ્ધ ❖

લક્ષ્મી કહે : પ્રભુ, બ્રહ્માએ પ્રજાની વૃદ્ધિ માટે સ્ત્રી બનાવી. સ્ત્રી તે માયાનું લક્ષ્મીનું રૂપ છે. નર છે તે વિષ્ણુ સમાન છે. તેમાં પણ વિષ્ણુ ભગવાન તો સર્વેના પતિ છે. તેમાં અધર્મ ક્યાં થયો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાંભળો. પૂર્વે નરનારીનું સર્જન બ્રહ્માએ કર્યું ત્યારે કોઈને રાગ, કામના, તૃષ્ણા ન હતી. કેવળ પ્રજાની ઉત્પત્તિ માટે જ વંશવૃદ્ધિ માટે જ નરનારી સેવા ધર્મપરાયણ હતા. આ ધર્મ સનાતન હતો. તે કેદાર કન્યાના શાપે સ્ત્રીઓ

રાગવાળી, તૃષ્ણાવાળી, કામનાવાળી થવાથી નરનારીઓને પરસ્પર રાગ વધતો ગયો. તે રાગ અને તૃષ્ણા ન હોય તો યોગ ન બને અને યોગ ન થાય તો બીજપ્રદાન ગર્ભ ન થવાથી વંશવૃદ્ધિ ન થાય. માટે ભોગની ઇચ્છાથી યોગ ને અધર્મ, નર કામ તૃપ્તિ માટે સ્ત્રી પાસે જાય તે રાગ અને તૃષ્ણા અને પ્રજા ઉત્પત્તિ માટે સ્ત્રી પાસે જાય. તે ધર્મ. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તેમાં પણ યુગયુગના ધર્મ જુદા જુદા હોય છે. પૂર્વે બ્રહ્માના મનુ રાજા શતરૂપા થયા. તેના પ્રિયવૃત ઉતાનપાદ થયા. ઉતાનપાદનો ધૃવ વૈષ્ણવ ભક્ત થયો. તેનો કેદાર રાજા મહાભક્ત થયો. તે રોજ સાધુ વિપ્રોને ભોજન કરાવી દાન આપતો. તે સર્વે મને લક્ષ્મીનારાયણને અર્પણ કરીને ગ્રહણ કરતો, તેની પૂજામાં મેં તેના રક્ષણ માટે ચક્ર રાખેલું હતું. એકવાર દ્વાદશીના પારણામાં સવારે દશ લાખ વિપ્રો ભોજન માટે આવ્યા. વિપ્રોએ રાજા પાસે યજ્ઞમાં હોમ કરાવી મિષ્ટાન્ન દૂધપાક વગેરે જમી દક્ષિણા પ્રાપ્ત કરી, આશિર્વાદ આપ્યા. તારે ઘેર લક્ષ્મીનો વાસ થાવ. મધ્યાહ્‌ને યજ્ઞમાં હવન કરતા વિષ્ણુની આજ્ઞાથી વૃંદા યજ્ઞ કુંડમાંથી પ્રગટ થયા. કેદારરાજાને કહે : હું પ્રભુની આજ્ઞાથી તમારે ત્યાં કન્યારૂપે આવી છું. પ્રગટ થતા જ યુવાન તેજસ્વી જોઈને કેદાર રાજાએ અને તેની રાણીએ પૂજન કર્યું. વૃંદા લક્ષ્મીને પ્રતાપે કેદાર રાજાની સંપત્તિનો પાર ન રહ્યો.

વૃંદા વિષ્ણુને પ્રાપ્ત કરવા માતા-પિતાને નમસ્કાર કરી યમુના કાંઠે વૃંદાવનમાં પૂર્વે ભસ્મ થયા હતા ત્યાં તપ કરવા ગયા. બ્રહ્માએ, પ્રસન્ન થઈ વરદાન આપ્યું. વિષ્ણુ કૃષ્ણરૂપે પ્રગટ થશે ત્યારે તને પ્રાપ્ત થશે. એકવાર વૃંદા વીણા વગાડતી બેઠી હતી. ત્યાં ધર્મદેવ આવ્યા પરીક્ષા કરી યુવાન વિપ્રનું રૂપ લઈ પૂછ્યું વનમાં એકલી તું કેને માટે તપ કરે છે. વૃંદા કહે : હું કેદાર રાજાની પુત્રી છું. વિષ્ણુ માટે તપ કરું છું. તું સમર્થ હો તો આશિર્વાદ વરદાન આપ નહીં તો ચાલ્યો જા. ધર્મદેવ કહે : પરમાત્માને શ્રી, લક્ષ્મી, રાધા, રમા, પાર્વતી, શારદા, માણિકી, પ્રભાવી અનેક પત્નીઓ છે તે તને કેમ વરે ? તે પ્રભુ વૈકુંઠમાં ચતુર્ભુજરૂપે ગોલોકમાં દ્વિભૂજરૂપે, અક્ષરધામમાં દ્વિભૂજરૂપે અનંત પત્નીઓથી સેવાએલા છે તે પરબ્રહ્મનો બ્રહ્મા ભવપાર પામતા નથી તે તને કેમ વરે. તેથી તું કોઈ રાજાને, ઈશ્વરને અથવા મને વરી લે. વૃંદા ક્રોધ કરી કહે : જે પોતાની પત્ની વિના બીજી સ્ત્રીનો યોગ કરે તે અધર્મ. તેથી મારા તપનો ક્ષય થાય, તારું વ્રત ભંગ થાય. પૃથ્વી, જળ, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, દિશાના ઈશ્વરો, યમ તથા સ્વર્ગમાં રહેલા અંતર્યામી આ સર્વેના કર્મને જાણે છે. માટે હે વિપ્ર તું જા નહીં તો તને ભસ્મ કરી દઈશ. તો પણ ધર્મ બળાત્કારથી વૃંદા પાસે જવા ગયા ત્યાં વૃંદાએ શાપ આપ્યો. તારો ક્ષય થાવ, ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આવ્યા.

વૃંદાના શાપથી ચેષ્ટા રહિત થયેલા ધર્મદેવને જોઈને વૃંદાને કહે : ધર્મદેવને ક્ષમા કર, ધર્મને જીવતા કર. જગતમાં ધર્મ વિના સર્વે નાશ થશે. અંધકાર થઈ જશે. સૂર્ય-ચંદ્ર

કંપવા લાગ્યા. શેષ પૃથ્વી ધ્રૂજવા લાગ્યા. દેવો કહે, ધર્મ રક્ષણ માટે તપ કરે છે અને ધર્મને શું કામ મારે છે. વિપ્રરૂપે આ ધર્મને તારી પરીક્ષા કરવા માટે બ્રહ્માએ પ્રેર્યા હતા. માટે ધર્મ નિર્દોષ છે. તપથી ધર્મ પ્રાપ્ત થાય છે. ધર્મથી મનુષ્યોને ફળ થાય છે. જો ધર્મનો ક્ષય થાય તો ફળ ક્યાંથી મળે. ધાર્મિક મનુષ્યો કર્મ, ધર્મ વિના નિષ્ફળ થાય છે માટે વૃંદા ધર્મને જીવતા કરો. વૃંદા કહે : હું બ્રાહ્મણરૂપે રહેલા ધર્મને નથી જાણતી. મને તો બળાત્કારથી પાસે આવ્યા એટલે મેં ક્ષય કર્યો છે. ધર્મને જીવતા કરીશ પણ મરેલા ધર્મને નહીં. યુગભેદથી દેશકાળના ભેદથી અન્ય ધર્મ જે પ્રવર્તશે તે ધર્મ રહેશે. જો મારું તપ સત્ય હોય વિષ્ણુપૂજન સત્ય હોય, તે પુણ્યથી વિપ્ર જીવતો થાય. તે વખતે ધર્મપત્ની મૂર્તિદેવીએ કહ્યું, જો હું ધર્મવાળી હોઉં તો ધર્મ જીવિત થાય. ત્યારે વિષ્ણુ પ્રસન્ન થઈ કહે : તમારા બંનેના તપ, ધર્મ, વ્રત, ભક્તિથી આ ધર્મદેવ જીવિત થાવ, અને આ ધર્મ સત્યુગમાં ચાર પગે, ત્રેતાયુગ ત્રણ પગે, દ્વાપર યુગમાં બે પગ, અને કળીયુગમાં એક પગે રહેશે. એમ કહીને નારાયણે ધર્મને બોલાવ્યા. ધર્મે જીવન પ્રાપ્ત કર્યું. મૂર્તિદેવી વૃંદા પ્રસન્ન થયા. સર્વે દેવોએ ધર્મને પૂજ્યા અને વૃંદાની પ્રશંસા કરી. વિષ્ણુએ વરદાન માગવાનું કહ્યું.

વૃંદા કહે : મેં વિષ્ણુ માટે તપ કર્યું છે. તેથી વિષ્ણુ મારા પતિ થાવ, અને મારી સાથે વિવાહ કરીને મને વૈકુંઠમાં લઈ જાય. શ્રીહરિ કહે : તથાસ્તુ. વૃંદા પ્રસન્ન થયાં. એવી રીતે કેદાર રાજાની કન્યા વૃંદા વિષ્ણુની સાથે વિવાહ કરીને વૈકુંઠમાં ગયા. પછી વિષ્ણુ વૃંદાને કહે : તું વૃંદાવનમાં તુલસી વૃક્ષરૂપે કાયમ રહે, હું આ વૃંદાવનનો ત્યાગ નહીં કરી શકું. તારી સાથે અહીં વાસ કરીને વિષ્ણુ તુલસી વિવાહ લોકમાં પ્રસિદ્ધ થશે. કાલાંતરે તું પણ પુત્રી રાધાની છાંયારૂપે થઈશ. ત્યારે ફરીથી તારી સાથે હું લગ્ન કરીશ. એ પ્રમાણે વિષ્ણુ વૃંદાની સાથે વિવાહ કરીને વૃંદાને વૈકુંઠમાં લઈ ગયા. દેવો સર્વે પોતાના સ્થાનમાં ગયા.

અધ્યાય - ૩૩૨

❖ લક્ષ્મી તુલસીરૂપે, સરસ્વતી વાણીરૂપે અને ગંગા નદીરૂપે થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વૃંદા મારી પત્ની તુલસીરૂપે થઈ તેની કથા કહું. ગોલોકમાં લક્ષ્મી, સરસ્વતિ, ગંગા, પ્રેમથી શ્રીહરિની સેવા કરતી. એકવાર શ્રીગંગા શ્રીહરિ સાથે બહુ વાર રમી. સરસ્વતિને ઉદ્વેગ કરાવવા ગંગા તેની સામું જોતી. શ્રીહરિ પણ ગંગા સાથે રમ્યા. પણ સરસ્વતિ સાથે ન રમ્યા. લક્ષ્મીજી ક્ષમાવાળા ઈર્ષ્યા ન કરી. સરસ્વતિએ સહન ન કર્યું. ગંગાને અને શ્રીહરિને કહ્યું સર્વે પત્ની પ્રત્યે સમભાવ રાખવો. તમે ગંગા અને લક્ષ્મી પ્રત્યે વધારે ભાવ રાખો છો તો મારું જીવન નિષ્ફળ થાય છે. આ સાંભળીને ભગવાન મૌન રાખી ઘર બહાર નીકળી ગયા. સરસ્વતી ગંગાને કહે : નિર્લજ તું નારાયણને રોકી રાખે છે. રૂપાળી હમણાં તને મારું છું. એમ કહીને હાથ ઉગામ્યો. ત્યાં વચ્ચે પદ્મા પડીને સરસ્વતીને

પાછી વાળી. ક્રોધ પામેલી સરસ્વતીએ પદ્માને શાપ આપ્યો. તું વૃક્ષરૂપે થા. ગંગાને શાપ આપ્યો તું નદીરૂપે થાય. ગંગા પદ્મા શાપ સાંભળીને નારાયણની મરજી જાણી ગંગાએ સરસ્વતીને કહ્યું તું પણ નદી રૂપે થા. વાણીરૂપે થા, અને ઋતુ વિનાની થઈને વંધ્યા રહે.

ત્યાં નારાયણ આવ્યા સર્વેને શાંત કર્યા. સર્વેને કહે : મારી ઇચ્છાથી થયું છે. શોક ના કરો. કમલા તું ધર્મધ્વજ રાજાને ત્યાં પ્રગટ થઈને પછી તુલસી થઈશ. પછી શંખચૂડની પત્ની થઈશ. પછી વિધિપૂર્વક વિવાહ કરીને મારી પત્ની થઈશ. ગંગા તું માનવોના અને સમુદ્રના મોક્ષ માટે નદીરૂપે થઈને સમુદ્ર પત્ની થઈશ. સરસ્વતિ તું વાણીરૂપે રહીને રજોગુણના દોષ વિનાની, બ્રહ્મ, વિદ્યારૂપે મોક્ષ કરનારી થઈશ. સર્વેનો યોગક્ષેમ હું વહન કરીશ. ત્રણ પત્ની, ત્રણ સાળા, ત્રણ નોકરો, ત્રણ ભાઈઓ, તે આલોકમાં સુખ પામતા નથી. જેને સારા સ્વભાવવાળી પત્ની છે. તેને આલોકમાં જ સ્વર્ગ અને મોક્ષ છે. તેથી ગંગા તું પવિત્ર તીર્થરૂપ નદી થા, અનેકના પાપ ધોનારી થા અને મારા સંતભક્તના સ્પર્શથી તીર્થ પણ પવિત્ર થાય છે. જે પોતાના મા-બાપ, પત્ની, સંતાન, કુટુંબ, બહેન, સાસુ-સસરો, વૃદ્ધ, અને ગુરુ તેનું પોષણ નથી કરતો તે પાતકી થાય છે. તેને મારા સંતભક્તો દર્શન સ્પર્શથી પવિત્ર કરે છે. મારા ભક્તના ચરણરજથી પૃથ્વી પાવન થાય છે. એવા ભક્તનું જેને દર્શન થયું. તેને મોટામાં મોટો લાભ થયો. તે તિર્થોને પણ પવિત્ર કરે છે. વેદશાસ્ત્રને જાણનારા ભક્ત સર્વથી ઉત્તમ છે. જે ભક્તને મારામાં જ હેત, મારી જ પૂજા, મારા જ ગુણગાન ગાનારો, કહેનારો, મારામય, ગદ્‌ગદ્‌ કંઠ થઈ આંસુ સાથે પોતાને પણ ભૂલી જાય એવો ભક્ત, આ લોકના સુખને તો નથી ઇચ્છતો પણ ચતુર્ધા મુક્તિને પણ નથી ઇચ્છતો તે સદા મારા ચરણની જ સેવાની ઇચ્છા રાખે છે.

નારાયણ કહે : હે પ્રિયાઓ, તમે પણ નદીરૂપે, તુલસી વૃક્ષરૂપે, તીર્થરૂપે રહી મારી સેવા કરી અનેકનો મોક્ષ કરીને કળીયુગના અંતે ફરી મને જ પામશો. પછી ગંગા બ્રહ્માંડમાં આવી બ્રહ્માના કમંડળમાં આવી વામન ભગવાનના ચરણ સ્પર્શ કરીને ભગીરથ સાથે શંકરની જટામાં આવ્યાં. ત્યાંથી બદ્રીનારાયણ આવી કાશીમાં આવ્યાં. કમલા લક્ષ્મી ધર્મધ્વજ રાજાને ત્યાં તુલસી કન્યા થયાં. તે તુલસી ગણેશના શાપથી શંખચૂડની પત્ની થયાં.

અધ્યાય - 333

❖ ગણેશ દ્વારા તુલસીને શાપ ❖ વિષ્ણુ સાથે વિવાહથી તુલસીનો મહિમા ❖

શ્રીલક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ, ગણેશે તુલસીને ક્યારે શાપ આપ્યો અને ક્યારે શંખચૂડની પત્ની થયા ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર તુલસી તીર્થ કરતી ગંગા કાંઠે આવી. ત્યાં યુવાનસ્વરૂપે ગણેશને જોઈને કામનાવાળી થઈ પૂછ્યું : હે લંબોદર, સ્ત્રીનું ધ્યાન કરો છો કે શંકરનું ? ધ્યાન તજીને મારી સાથે રમો. એમ કહી સ્પર્શ કર્યો ત્યાં ગણેશ

ધ્યાન ભંગ થયા. જાગીને વિચાર કર્યો, સાધુએ કોઈનો તિરસ્કાર ન કરવો. અનિષ્ટ થાય. તેમ સ્ત્રીગ્રહણ કરવાથી પણ ગર્ભપણાનો દોષ થાય માટે વિનયથી ગણેશે કહ્યું, તું કોની કન્યા છે. લક્ષ્મી જેવી લાગે છે. હું તો નિષ્કામી છું મારા ધ્યાનમાં ભંગ કેમ કર્યો, તારે શું જોઈએ છે ? ભોજન કર. પાણી પી. હું લંબોદર કુરૂપ છું, વૃંદલ છું પણ છતાં મારા સ્પર્શમાં તારું કલ્યાણ થશે. તુલસી કહે : તમે મારા પતિ થાવ. ગણેશ કહે : તું તો મારી માતા સમાન છે. તુલસી કહે : કામના, ઇચ્છાથી તમારી પાસે આવી તો તમે સ્ત્રીનું અપમાન કરો છો. તેથી તમારે સ્ત્રીને પત્ની કરવી જ પડશે. તુલસીનો આવો શાપ સાંભળીને ગણેશે સામે શાપ આપ્યો કે, તું દૈત્ય પત્ની થઈશ પછી તુલસી વૃક્ષરૂપે થઈશ એમ કહી ગણેશ બદ્રિકાશ્રમ ગયા. તુલસી દુઃખ પામી પુષ્કર ગઈ. ત્યાં તપ કરીને શંખચૂડની પત્ની થઈ પછી શંકરે શંખચૂડને માર્યો. ત્યારે તુલસી વૃક્ષરૂપે થયાં. તેને શ્રીહરિએ વિવાહથી ગ્રહણ કર્યા અને જગતમાં તુલસી પૂજ્યપણાને પામ્યા.

તુલસીપત્ર ડાળી મૂળ સર્વ પવિત્ર છે. તુલસીકાષ્ઠથી જે શબને અગ્નિ સંસ્કાર થાય તેને પુનર્જન્મ થતો નથી. તુલસીનો સ્પર્શ થાય તો પણ પાપ નાશ થાય છે. તુલસીકાષ્ઠની પાસે યમદૂતો જઈ શકતા નથી. તુલસીપત્રથી સેવાયેલા વિષ્ણુ પણ અતિ સંતોષ પામે છે. જે યજ્ઞમાં હોમમાં તુલસીકાષ્ઠ હોય તેનો અગ્નિષ્ટોમ યજ્ઞફળ થાય છે. મંદિરમાં તુલસી ધુપથી સો યજ્ઞફળ થાય છે. તુલસી કાષ્ઠથી રંધાયેલું નૈવેદ્ય પ્રભુને ધરાવવાથી મેરુતુલ્ય ફળ થાય છે. તુલસીકાષ્ઠને ઘસી ચંદન સાથે શ્રીહરિની પૂજા કરવાથી ભક્તિ-મુક્તિ મળે છે. પિતૃઓ પણ તુલસીપત્ર પિંડદાન સાથે ઇચ્છે છે. તુલસીની માટીથી સ્નાન કરવાથી તીર્થસ્નાન ફળ મળે છે. તુલસી માંજરથી જેણે શ્રીહરિની પૂજા કરી તેણે સર્વે ફૂલોથી પૂજા કરી. તેથી સર્વે ભક્તોએ તુલસીવૃક્ષ વાવી પોષણ કરવું. તેથી બ્રહ્મ હત્યાદિક પાપો નાશ પામે છે. તુલસી જ્યાં હોય ત્યાં શ્રીહરિનો વાસ છે. ત્યાં રોગ આવતા નથી. તુલસીના મૂળમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, વાસ કરે છે. તુલસીપત્રમાં દેવમંડળ રહે છે. મંજરીમાં ઋષિમુનિઓ રહે છે. એકાદશી, પૂનમ, અમાસ વ્રતને દિવસે મંદિરમાં તુલસી અર્પણ કરવા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કોઈ મનુષ્ય તુલસી તુલસી એમ બોલતા દેહ મૂકે તો પણ વૈકુંઠને પામે છે.

અધ્યાય - ૩૩૪

❖ નારાયણ અને લક્ષ્મીના અનંત અવતારો ❖ તુલસી પ્રાગટ્ય ❖

શ્રીલક્ષ્મી પૂછે : પ્રભુ, તુલસી ક્યાં જન્મ્યા ક્યાં દૈત્યની પત્ની થયા, પછીથી નારાયણ પતિને તપથી ક્યારે પ્રાપ્ત કર્યા તે કથા વિસ્તારથી કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાંભળો. વિષ્ણુનો અંશ મનુ દક્ષ સાવર્ણી હતા. તેની પાંચમી પેઢીએ વૃષધ્વજ રાજા શિવભક્ત થયો. તે કુટુંબથી પણ વધારે સ્નેહ શંકરમાં રાખતો, શંકરને પણ રાજા ઉપર એટલો જ સ્નેહ

હતો. તે રાજા શંકર વિના લક્ષ્મીનારાયણ સરસ્વતિ સૂર્ય દેવોને કોઈને ન માનતો. ત્યારે સૂર્યે રાજાને શાપ આપ્યો કે, તારી રાજયાલક્ષ્મી નાશ પામો. રાજા રક્ષણ માટે શંકરને શરણે ગયો. શંકર ત્રિશૂલ લઈને સૂર્યને મારવા ગયા. સૂર્ય ભયથી બ્રહ્માને શરણે ગયા. બ્રહ્મા સૂર્યને સાથે લઈને વૈકુંઠ ગયા. નારાયણને નમસ્કાર કરી. સર્વે નિવેદન કર્યું. નારાયણે અભય વચન આપ્યું. ત્યાં શંકર ત્રિશૂલ હાથમાં લઈ આવ્યા. નારાયણને નમસ્કાર કરી બેઠા. નારાયણ કહે : કેમ આવ્યા ? શંકર કહે : મારા ભક્તને સૂર્યે શાપ આપ્યો. ભક્તવત્સલતાથી સૂર્યને મારવા હું ગયો. સૂર્ય બ્રહ્માને લઈને તમારે શરણે આવ્યો. તમારે શરણે ધ્યાનથી, મનથી, શરીરથી આવે તે જન્મ-મરણથી નિર્ભય થઈ જાય. પણ મારો ભક્ત રાજા વૃષધ્વજ તેની રાજય સંપત્તિ નાશ થાય તેનું શું ?

નારાયણ શંકરને કહે : વૃષધ્વજ રાજા વૃદ્ધ થયો. તે મરી ગયો. તેનો પુત્ર હંસધ્વજ તે પણ વૃદ્ધ થયો તેનો પુત્ર ધર્મધ્વજ અને કુશધ્વજ છે તે વૈષ્ણવ ભક્ત છે. તે લક્ષ્મીનું પૂજન કરવાથી લક્ષ્મી પ્રસન્ન થશે અને આશિર્વાદ આપશે. ધનવાન પુત્રવાન થાવ. માટે હે શંભુ તમે અહીં વૈકુંઠમાં અર્ધી ઘડી બેઠા ત્યાં પૃથ્વી પર એકવીશ યુગ ચાલ્યા ગયા. પછી શંકર, બ્રહ્મા, સૂર્ય, સૌ પોતાના સ્થાનમાં ગયા. પછી કુશધ્વજ રાજાને ત્યાં લક્ષ્મી પ્રગટ થયા અને વેદવતી નામથી પ્રસિદ્ધ થયા. તે વેદવતીએ ગંધમાદમમાં તપ કર્યું. ત્યાં આકાશવાણી થઈ. તારા પતિ શ્રીહરિ થશે. તપમાં બેઠી થઈ ત્યાં આગળ વિપ્ર રાવણને જોયો. વેદવતીએ અતિથી સત્કાર કરી ફળજળ આપ્યા. ત્યાં રાવણ રજોગુણ ભાવથી વેદવતીનો સ્પર્શ કરવા ગયો ત્યાં વેદવતીએ તેને જડ જેવો બનાવી દીધો અને શાપ આપ્યો તું મારે માટે તારા કુટુંબ સાથે નાશ પામીશ. તે વેદવતી અદશ્ય થઈને પૃથ્વી પુત્ર જનક પુત્રી સીતાદેવી નામે પ્રસિદ્ધ થયા. જેને માટે રાવણ મરાયો. રાક્ષસોનો નાશ મારા વિના થતો નથી. તારા વિના તામસીઓનો વિનાશ કારણ બીજું નથી. રાવણ જ્યારે સીતાને હરવા આવ્યો ત્યારે અગ્નિએ સીતાને પોતામાં સમાવીને છાંયારૂપ રાવણ લઈ ગયો. પછી રામ લંકાનો નાશ કરી આવ્યા. સીતાની પરીક્ષા કરી, ત્યારે અગ્નિએ રામને સીતા સોંપ્યા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એવી રીતે તારા-મારા અવતારો ઘણા થયા તેને તું જાણતી નથી હું જાણું છું. સત્યુગમાં લક્ષ્મી વેદવતી નામે થયા. ત્રેતાયુગમાં રામ પત્ની સીતા થયા. દ્વાપરયુગમાં તેની છાંયા દ્રૌપદી થયા અને કળીયુગમાં માણિકી દેવી, નારાયણપરાયણ પુરુષોત્તમ નારાયણની અશ્વી ભાવે સેવા કરી. તે લક્ષ્મી બીજે રૂપે ધર્મધ્વજ રાજાને ત્યાં પદ્મિની નામે પ્રગટ થયાં અને તુલસી નામે પ્રસિદ્ધ થયા. તે બદ્રિકાશ્રમમાં તપ કરવા ગયા. બ્રહ્મા પ્રસન્ન થયા અને કહ્યું, પુત્રી શું કામે તપ કરે છે. શું ઇચ્છા છે? તુલસી કહે : હું કૃષ્ણપત્ની શાપથી પૃથ્વી પર આવી છું. કૃષ્ણને જ પતિ કરવા છે. બ્રહ્મા કહે : શાપથી

સુદામા પાર્ષદ શંખચૂડ થયો છે તેને પહેલા પતિભાવે પામીને પછી તુલસી વૃક્ષરૂપે થઈને કૃષ્ણને પામીશ. એમ કહીને તુલસીને મંત્ર આપ્યો. "ૐ રાધાકૃષ્ણાય નમઃ". બ્રહ્મા અદેશ્ય થયા. તુલસી મંત્ર, જપ કરવા લાગી. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાને દર્શન આપી કહ્યું, પહેલાં તું સુદામા પાર્ષદની પત્ની થઈશ પછી મને પામીશ.

અધ્યાય - ૩૩૫

❖ સુદામા પાર્ષદ શંખચૂડ થયો ❖ તુલસીના પ્રથમ વિવાહ શંખચૂડ સાથે થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર તુલસીને સ્વપ્નમાં સુદામા પાર્ષદ દેખાયો. વારંવાર આલિંગન કરતો હતો. તુલસી જાગીને ફરી સૂતી. ફરી સ્વપ્નમાં એ જ દેખાયું. તુલસી વિરહમાં વિલાપ કરવા લાગી. તે સમયે શંખચૂડ તપ કરી, બ્રહ્મા પાસે વરદાન પ્રાપ્ત કરી, બદ્રિકાશ્રમ આવ્યો. તેજસ્વી શંખચૂડને જોઈને તુલસી, વસ્ત્રથી મુખ ઢાંકી લજ્જાવાળી થઈ. શંખચૂડ પણ તેને ઓળખીને કહે : તું કોની પુત્રી છો ? લજ્જાનો ત્યાગ કરી મને કહે : તુલસી કહે, હું ધર્મધ્વજ રાજાની પુત્રી છું. તારે શું કામ છે? તારા જેવા તપસ્વીને સ્ત્રી તો મોક્ષ માર્ગથી પાડનારી છે. શંખચૂડ કહે : બ્રહ્માએ નારીના બે સ્વરૂપ બનાવ્યા છે. એક કૃત્યારૂપે છેતરનારી, દુઃખ કરનારી, બંધન કરનારી, મોક્ષ માર્ગે અટકાવનારી છે. બીજું સ્વરૂપ લક્ષ્મી, સરસ્વતિ, દુર્ગા, સાવિત્રી, માણિકી, પ્રભા, પાર્વતી, રાધિકા, કૃષ્ણા, પદ્મા, જયા તે સર્વે તથા તેના અંશો સાધ્વીઓ, પતિવ્રતા, શતરૂપા, દેવહુતિ, કંભરા, રોહિણી, છાંયા, સંજ્ઞા, શચી, લોપા, મુદ્રા, અનસૂયા, અદિતિ, અરુંધતિ, તારા, મંદોદરી, વૃંદા, ગંગા, આ સર્વે સતિ સાધ્વી છે. તેમ તું પણ લક્ષ્મીસમાન તુલસી છો. એમ જાણીને મેં તને બોલાવી છે. શ્રેષ્ઠ કુળમાં જન્મેલા કૃત્યાસમાન પરનારીને જોતા જ નથી.

હું પ્રભુનો પાર્ષદ સુદામા જન્મ ધારણ કરી શંખચૂડ થયો છું, અને તને ગાંધર્વવિવાહથી ગ્રહણ કરીશ. તુલસી કહે : વિદ્યા પ્રભાવથી મેં તને જાણી લીધો છે. કન્યા હંમેશાં શાંત, ગુણવાન, યુવાન, વિદ્વાન, ભક્તને આપવાથી દશ અશ્વમેધ યજ્ઞ ફળ થાય. દરિદ્રને, રોગીને, અંધને, બહેરાને, મુંગાને, ક્રોધીને, પાપીને, અપંગને, જડને, નપુંસકને, કન્યા આપવાથી કુંભી પાકસમાન દુઃખ ભોગવે છે. ત્યાં બ્રહ્મા આવ્યા તુલસીએ, શંખચૂડે બ્રહ્માને નમસ્કાર કર્યાં. બ્રહ્મા કહે : તમે બંને ગાંધર્વ વિવાહ કરો. જેવી રીતે લક્ષ્મીનારાયણ, બ્રહ્મા-સાવિત્રી, રાધા-કૃષ્ણ, શંકર-પાર્વતી, ધરા-વરાહ, મેના-હિમાલય છે. તેવી તમારી જોડ થશે. પાર્વતી-પ્રભા કૃષ્ણનારાયણમાં છે. તેવા આશિર્વાદ આપી બ્રહ્મા સ્વર્ગમાં ગયા. દેવોના દુંદુભિ વાગ્યા. પુષ્પવૃષ્ટિ થઈ. શંખચૂડે તપોબળથી ચંદ્રભાગા તટે રાજ્ય સ્થાપ્યું. શંખચૂડે સર્વે દેવોને જીતીને વશ કર્યાં. દેવો બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા, શંકર દેવો સર્વે વૈકુંઠમાં ગયા. અનેક ચતુર્ભુજ પાર્ષદોથી સેવાયેલા સરસ્વતિ, લક્ષ્મી, રમા, પ્રભા, માણિકી, પાર્વતી, ગંગા, જયા,

વિજયા, મંગલા, અમૃતાથી સેવાયેલા દિવ્ય સિંહાસન પર બેઠેલા ઘનશ્યામ શ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી, દંડવત્, નમસ્કાર કરીને બ્રહ્માએ સર્વે નિવેદન કર્યું. શ્રીકૃષ્ણ કહે : શંખચૂડ ગોપ મારો પાર્ષદ રાધાના શાપથી દૈત્ય થયો છે. એકવાર રાધાને તજી વિરજાની સાથે રાસમંડલ રમવા લાગ્યો.

ત્યાં રાધા ક્રોધ કરી વિરજાને કહે : તું નદી રૂપે થઈ જા. કૃષ્ણને કહે : લંપટ મને તજીને કુતરી પાસે ગયો. જા વિરજાને ઘેર મારે ત્યાં ક્યારેય ન આવતો. કૃષ્ણ મૌન રહ્યા. સુદામા કહે : માતા આટલો બધો ક્રોધ કેમ કરો છો ? રાજાનું અપમાન રાણીને ન કરાય. ત્યાં રાધા સુદામાને કહે : અરે શઠ, કૃષ્ણના પુંછડા, નોકર તું પણ કુટીલકામી છો. જા પૃથ્વી પર દાનવ થા. ત્યારે સુદામા કહે : તું ઈર્ષ્યાવાળી છો. તાડન કરનારી છો. તને કૃષ્ણ સામે બોલવામાં જરા પણ લજ્જા નથી. બિલાડી છછુંદર જેવી છો. કૂતરીની જેમ ભસે છે. જા તું પણ પૃથ્વી પર પશુતૂલ્ય થઈને જંગલમાં રખડ. સ્વામીનો તિરસ્કાર કરનારી તું તિરસ્કારને પાત્ર થા. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાન સર્વેને શાંતી પમાડી તો પણ રાધાએ સુદામાને બહાર કાઢવાની આજ્ઞા સખીઓને કરી. સુદામાને બહાર કાઢીને સર્વે ગોપ-ગોપીઓ પાર્ષદો, રાધા રોવા લાગ્યા. શ્રીકૃષ્ણ કહે : ભાવિ મિથ્યા ન થાય. હું પણ તમારી સાથે પૃથ્વી પર આવીને સર્વેને સુખ આપીશ. તે શંખચૂડ દાનવ કંઠમાં મંત્રવાળું કવચ રાખતો તેથી કોઈથી ન મરતો. શ્રીકૃષ્ણ કહે : શંકર તમે આ ત્રિશુલ લઈ જાવ. હું વિપ્રરૂપે કવચ માગી લઈશ અને તેની પત્નીનો વ્રત ભંગ કરું, ત્યારે તમે ત્રિશૂલ મારજો ત્યારે શંખચૂડનું મૃત્યુ થશે અને તેની પત્ની તુલસી વૃક્ષ રૂપે થશે એમ કહીને શંકરને ત્રિશૂલ આપ્યું. એ રીતે રાધાના કજીયાથી સુદામા પાર્ષદ શંખચૂડ થયો.

અધ્યાય - ૩૩૬

❖ શંકર અને શંખચૂડ વચ્ચે યુદ્ધ - શંખચૂડનો પરાજય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકર ત્રિશૂલ લઈને ચંદ્રભાગા નદીકાંઠે આવી વડ નીચે બેઠા અને દૂત, પુષ્પદંતને શંખચૂડ પાસે મોકલ્યો. દૂત શંખચૂડને કહે, શંકરે કહ્યું છે દેવોનું રાજ્ય અને અધિકારો દેવોને પાછા આપી દે નહીં તો યુદ્ધ માટે તૈયાર થઈ જા. શંખચૂડ કહે : કાલે સવારે આવીશ. દૂતે શંકર પાસે આવી નિવેદન કર્યું. શંકરે સર્વે ગણોને, ભૈરવોને, કુષ્માંડ, પિશાચોને તૈયાર કર્યા. સર્વે દેવો અસ્ત્રો, શસ્ત્રો, આયુધો લઈ આવી ગયા. શંખચૂડે તુલસીને શંકર સાથે યુદ્ધ કરવાની વાત કરી. તુલસી સાંભળી તરત દુઃખમાં ડુબી ગઈ. જમણું અંગ ફરકવા લાગ્યું અને કહે : આજે રાત્રે મને દુષ્ટ સ્વપ્ન આવ્યું. મહેલ પડી ગયો. પાડાનું વાહન લઈ મને કોઈક ઉપાડી ગયું. તુલસીનું વાક્ય સાંભળી શંખચૂડ કહે : પ્રિયે, જે કાળે જે થવાનું હોય તે થાય જ. શુભ, અશુભ, હર્ષ, સુખ-દુઃખ, ભય, શોક, અમંગલ,

સર્વે કાળકર્મ પ્રમાણે થયા કરે છે. કાળ પ્રમાણે વૃક્ષો ફળે છે, પાછા લીન થાય છે. બ્રહ્માંડની પ્રજા અને બ્રહ્મા પણ તે સર્વેના સર્જનારા, પોષણ કરનારા, અને સંહાર કરનારા શ્રીકૃષ્ણ છે. માટે તુલસી, કૃષ્ણનું ભજન કરજે, થવાનું હશે તે થશે. માટે કાળના કાળ કૃષ્ણનું શરણું લે. કોણ ભાઈ, કોણ કુટુંબ, સર્વે કર્મથી ભેગા થયેલા છે. વિપત્તિમાં, શોકમાં, અજ્ઞાની ભય પામે છે. પંડિત શોક કરતો નથી. પૂર્વે બદ્રિમાં તપ કરી મને પ્રાપ્ત કર્યો તેમ તપ કરી હરિને પામીશ. તું વૃંદાવનમાં ગોવિંદને, ગોલોકમાં કૃષ્ણને પ્રાપ્ત કરીશ. હું દાનવનું શરીર તજીને શાશ્વત, મુક્તિ, પરમપદ મેળવીશ. એમ કહી સવારે શ્રીકૃષ્ણનું ધ્યાન કરીને, તિલક, ચાંદલો કરી, દેવ પૂજા, પિતૃ તર્પણ, ગુરુવંદન કરી, ગાય પૂજા કરી, વિપ્રોને દાન આપી. સુચંદ્ર પુત્રને રાજગાદી સોંપી કુટુંબને મળી બખતર પહેરી અસ્ત્ર-શસ્ત્ર, આયુધો લઈને સર્વે સૈન્યને તૈયાર કર્યાં.

એક લાખ ઘોડા, પાંચ લાખ હાથી, દશ હજાર રથ, ત્રણ કરોડ ધનુષ્યવાળા, ત્રિશુલ, કવચવાળા ત્રણ કરોડ, ત્રણ લાખ અક્ષોહિણી સૈન્ય લઈને શંખચૂડ રણસંગ્રામમાં આવ્યો. તેજ રીતે શંકરનું સૈન્ય પણ પચીસ કરોડનું હતું. તે સર્વે ગણમાં સેનાપતિ કાર્તિક સ્વામિ હતા. દેવોના સૈન્યની ગણતરી જ ન હતી. શંખચૂડ નદીકાંઠે વડ નીચે બેઠેલા જોગી, જટાવાળા શંકરને નમસ્કાર કર્યાં. શંકરે પણ દનુ પુત્ર, દાનવ, શંખચૂડને આશિર્વાદ આપ્યા. અને કહ્યું તારા પક્ષમાં દૈત્યો, દાનવો અને અસુરો છે. મારા પક્ષમાં દેવો અને મારા ગણો છે. તારા પિતા દંભાસુર વિષ્ણુભક્ત અને મારો સખા હતો. તેણે પુષ્કરમાં તપ કરી કૃષ્ણનો જપ કરી તારા જેવો મહાન પુત્ર મેળવ્યો છે અને તું પણ પ્રભુનો પાર્ષદ સુદામા તેનો શંખચૂડ થયો છો. જો તું મને શંકર જાણતો હો અને તને ભક્ત માનતો હો તો તારે ચાર પ્રકારની મુક્તિ અને પ્રભુની સેવા વિના કાંઈ પણ ન ઈચ્છવું જોઈએ. તેથી ભગવાનના ભક્તોને રાજ્યથી શું કે કજીયાથી શું. માટે તું દેવોનું રાજ્ય દેવોને સોંપી દે, અને દેવોના અધિકાર દેવોને આપી દે અને તારું રાજ્ય તું ભોગવ. પરસ્પર ભાઈઓના વિરોધમાં સર્વ જ્ઞાતિભાઈઓ નાશ પામશે. માટે હે ભક્ત જ્ઞાનથી વિરોધ તજી દે. હું શંકર સર્વેનો સંહાર કરનારો કાળરૂપે છું. છતાં પણ કૃષ્ણકિર્તન કરું છું. તું પણ સર્વ તજી કૃષ્ણકિર્તન કર. આ રીતે શંકરે અનેક શાંતિના વાક્યો કહ્યા, ભક્તિના વચનો કહ્યા તો પણ શંખચૂડ શંકરનું જરાય માન્યો નહીં.

અધ્યાય - ૩૩૭

❖ શંખચૂડના શંખ થયા અને તુલસી ગંડકી નદીરૂપે થઈ ❖

૩૩૭. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંખચૂડ શંકરને કહેવા લાગ્યા. જો જ્ઞાતિનો વિવેક કહેતા હો તો, બલિનું સર્વ દેવને આપી પાતાળમાં શું કામે સ્થાપ્યો. હીરાણ્યકશીપું હિરણ્યાક્ષને

કેમ માર્યો. અમૃત દેવોને જ કેમ પાયું. તમે દાનવોને કેમ મારો છો. દેવોને-ગણોને કેમ મારતા નથી. સતી નિમિત્તે દક્ષને કેમ માર્યો માટે અમારી સાથે ઈર્ષ્યા કરો છો. તે શરમ નથી આવતી. પિતૃના વંશને ઊંચો લાવે તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. બીજાના વંશ ભેગો ભળે તે અધોગતિને પામે છે. માટે કાળે કરી જે બનવાનું છે તે ભલે થાય. અત્યારે તમે મારા મહાકાળ થાવ તોય મને સંતોષ છે. જો હું મરીશ તો ગોલોકમાં જઈશ. જય થશે તો બ્રહ્માનું પદ ભોગવીશ. માટે શંકર ઊભા થાવ. યુદ્ધ કરો. દુંદુભિ રણશિંગા વાગ્યા. સૈન્ય યુદ્ધ માટે તૈયાર થયું. શંકર સેનાના સેનાપતિ કાર્તિક સ્વામિ, અને શંખચૂડ સેનાના સેનાપતિ રાહુ હતો. પુષ્પવૃષ્ટિ થઈ યુદ્ધ શરૂ થયું. બંને સેનામાં બાણો, ત્રિશૂલ, ભાલા, શક્તિ, તોમર, મુદગર વગેરે અનેક આયુધો સામસામા ફેંકાતા હતા. છેદન, ભેદન, કાપવું, મારવું. એમ પરસ્પર ભયંકર યુદ્ધ થયું. મહાકાલીએ અનેક અસ્ત્રો ફેંક્યા. સર્વે અસ્ત્રો, શંખચૂડે કાપી નાખ્યા.

ત્યારે આકાશવાણી થઈ કે, શંખચૂડના કંઠમાં શ્રીહરિનું કવચ છે ત્યાં સુધી તથા તુલસીનું વ્રત ભંગ ન થાય ત્યાં સુધી શંખચૂડનું મૃત્યુ નહીં થાય. ત્યાં વિષ્ણુ વિપ્ર-વેશે ત્યાં આવ્યા. શંકરને કહ્યું, તમે મેં આપેલું ત્રિશૂલ લઈને યુદ્ધમાં જાવ. હું શંખચૂડ પાસે કવચની ભિક્ષા માગીને તુલસી પાસે જાઉં છું. એમ કહી શંખચૂડ પાસે જઈ કહે : ભિક્ષા આપ. શંખચૂડ કહે : શું જોઈએ ? વિપ્ર કહે : તારું કવચ આપ. શંખચૂડે કવચ આપી દીધું. વિષ્ણુ કવચ લઈ તુલસી પાસે શંખચૂડ રૂપે ગયા. ત્યાં જયના નગારા વાગ્યા, ત્યાં તુલસીએ બારીમાંથી જોયું તો શંખચૂડને આવતો જોયો. તુલસીએ બ્રાહ્મણોને દાન આપ્યા. બ્રાહ્મણોએ આશિર્વાદ આપ્યા. વિષ્ણુ રથમાંથી ઘરમાં ગયા. તુલસી ભેટી પડી. આજ મારો જન્મ સફળ થયો. તમારો જય થયો. તુલસી કહે : શંકર સાથે તમારો જય કેમ થયો. વિષ્ણુ કહે : દેવો અને દાનવોનો ક્ષય થયો. ત્યાં બ્રહ્મા આવીને કહે, દેવોના રાજયમાં દેવો જાવ અને તું શંખચૂડ તારા રાજયમાં પત્ની સાથે સુખી થા. એમ મેળ કર્યો. પછી તુલસીએ શયન તૈયાર કર્યું. વિષ્ણુ તુલસી સાથે રતિક્રીડામાં ધાતુ સ્રાવ ન થવાથી સંશય થયો પૂછ્યું, મહારાજ તમે માયા સ્વરૂપે કોણ છો ? તમે કપટથી મારું સતિત્વ ભંગ કર્યું જલદી કહી દો. નહીં તો શાપ આપું છું, તરત જ નારાયણે પોતાનું દિવ્ય અલૌકિક દર્શન આપ્યું. કોટી કામદેવને મોહ પમાડે એવા તેજસ્વી, વસ્ત્ર, અલંકારોથી શોભતા, મંદ મંદ હસતા, એવા નારાયણને જોઈને તુલસી મોહ પામી ભેટી. નારાયણે વિર્યાધાન કર્યું ત્યાં શંકરે ત્રિશુળથી શંખચૂડને માર્યો. તે ચતુર્ભુજ રૂપ ધારણ કરી ધામમાં ગયો.

તુલસી નારાયણને કહે : તમે પથ્થર જેવા છો, મારો ધર્મ ભંગ કરીને મારા પતિને માર્યો. તેથી તમે નદીમાં પથ્થર થઈ જાવ. એક જન્મમાં જ્ઞાનહીન રહો. નારાયણને પગે

લાગી તુલસી રોવા લાગી. નારાયણ કહે : તારો પતિ શંખચૂડ તે મારો ભક્ત હોવાથી ધામમાં લઈ જવા સર્વેએ કપટ કર્યું અને શંકરે શંખચૂડના અસ્થિ સમુદ્રમાં નાખ્યા છે. તે શંખતીર્થ થશે તેમાં તેના વંશના શંખો થશે. તે સર્વે મંદિરમાં જ્યાં નારાયણ હશે ત્યાં શંખ સેવામાં હશે અને તું પણ મારા વિયોગે ગંડકી નદી રૂપે થઈશ. બીજેરૂપે ધામમાં રમા સમાન થઈશ, અને તારા રોમમાંથી તુલસી થશે તે ત્રિલોકીમાં દેવપૂજામાં ચડશે અને રાધાએ આપેલો શાપ નિવૃત્ત થશે અને તું વૃંદાવનમાં તુલસી થઈશ ત્યાં હું તને વિવાહવિધિથી ગ્રહણ કરીશ. પછી વિષ્ણુ શંકર પાસે ગયા અને એકબીજાને નમસ્કાર કર્યા. વિષ્ણુ, શંકર અને શુક્રાચાર્યે સંજીવની વિદ્યાથી દેવો-દાનવોને જીવિત કર્યા પછી યમુનામાં સ્નાન કરીને તુલસી વૃક્ષરૂપે થયા અને દિવ્ય કન્યારૂપે વૃંદાવનમાં રહ્યા.

અધ્યાય - ૩૩૮

❖ તુલસી-શાલીગ્રામ અને શંખ મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મારી કૃપાથી કોઈ એવું સ્થાન નથી જ્યાં તુલસી ન હોય. તુલસીપત્રવાળું પાણી પીવાથી ગંગા સ્નાન તુલ્ય ફળ થાય. તુલસી કંઠમાં હોય અને જીવ દેહ મૂકે તો સ્વર્ગમાં કરોડો યુગવાસ કરી વૈકુંઠમાં જાય. તુલસીપત્ર રાત્રે ન તોડવા. તુલસી શાપથી ગંડકીમાં શીલારૂપે રહેલા શાલિગ્રામમાં એક બાજુ ચક્ર અને વનમાલા બીજી બાજુ સોનાની રેખાવાળા હોય તે લક્ષ્મીનારાયણ જાણવા. એક બાજુ ચક્ર બીજી બાજું સોનાની રેખાવાળા તે લક્ષ્મી જનાર્દન જાણવા. બંને બાજુ ચક્ર, ગોપદ હોય તો રઘુનાથ જાણવા. નાના બે ચક્ર સાથે માળા રેખાવાળા પ્રભાકૃષ્ણ જાણવા. મોટા બે ચક્ર સાથે સોના રેખાવાળા પાર્વતી-કૃષ્ણ જાણવા. આ રીતે અનેક નામવાળા શાલિગ્રામ કહેવાય છે. શાલિગ્રામ અને તુલસીને જુદા ન કરવા. શાલિગ્રામ, શંખ અને તુલસી ત્રણેનું જે રક્ષણ કરે છે. તેને સ્ત્રી, ધન, સંપત્તિ, અખંડ રહે છે. એ રીતે તુલસીપૂજા, આરતી કરવી. તુલસીનો જન્મ કાર્તિક પૂર્ણિમાએ થયો છે. તેથી તે દિવસે શ્રીહરિ સાથે તુલસી પૂજન કરવું.

અધ્યાય - ૩૩૯

❖ વૃંદાવનમાં વિષ્ણુ સાથે તુલસીના વિવાહ ❖

શ્રીલક્ષ્મી કહે : પ્રભુ, તુલસી વિવાહ ક્યાં કેવી રીતે થયા ? કન્યાના માતા-પિતા, વરના માતાપિતા, તથા તેના પુરોહિત કોણ હતા. તે કથા સંભળાવો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી સાંભળો, વૃંદાવનમાં યમુના કાંઠે ગોવર્ધન પર્વત, કૌશલ દેશ, કુરુક્ષેત્ર અને ખાંડવ વન, સુધી તુલસી-વિષ્ણુ વિવાહનું સ્થળ હતું. વિષ્ણુની આજ્ઞાથી દેવોએ તે ભૂમિ સાફ કરી. પછી વિશ્વકર્માને બોલાવીને મહામંડપની રચના કરાવી. મુખ્ય મંડપ વૃંદાવનમાં આઠ યોજનનો હતો. બીજા મંડપો સો યોજનના વિસ્તારવાળા હતા. તુલસીના પિતા શિવભક્ત

હોવાથી શિવ-પાર્વતીને તુલસીના કન્યાદાન માટે વિષ્ણુએ માતા-પિતા થવાની આજ્ઞા આપી. વિષ્ણુએ પોતાનાં માતા-પિતા, રાધા-કૃષ્ણનું સ્મરણ કર્યું. તરત મંડળ સાથે આવ્યા. કન્યા કુટુંબના પુરોહિત બૃહસ્પતિને બોલાવ્યા. વર કુટુંબના પુરોહિત ધૌમ્ય ઋષિ, ગર્ગાચાર્ય સાથે આવ્યા. લોકાચાર પ્રમાણે મંગલ લગ્નપત્રિકા લખી મોકલી.

ચાર યોજનમાં વિવાહ મંડપ હતો. યજ્ઞકુંડ, વેદી, કળશ સ્થાપન, ગણેશપૂજન, માતૃકા પૂજન, ગૃહ પૂજન, માણેક, સ્તંભ વિધિ પ્રમાણે કરાવી કન્યાને પીઠી ચોળતા હતા. વર પક્ષના ઉતારા ખાંડવવનમાં હતા. કન્યા પક્ષના તુલસી વનમાં હતા. રાધા-કૃષ્ણે પતિવ્રત દ્વિજને બોલાવી કુંકુમ પત્રિકા લખાવીને જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ મોકલી તેમાં કાર્તિક સુદ બારસે મંડપારોપણ, તેરસના મંગલકાર્યો ગીતો વગેરે, ચૌદશે મહેમાનો આવ્યા. પૂર્ણિમાએ વિવાહ થયો. રાધાકૃષ્ણને ઘેર પરબ્રહ્મ બ્રહ્મા, પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણના મુકતો મુક્તાની સાથે આવ્યા. ગોલોકથી કૃષ્ણપત્નીઓ, ગોપગોપીઓ, પાર્ષદો આવ્યા. વૈકુંઠથી નારાયણપત્નીઓ, પાર્ષદ, પાર્ષદાણીઓ સાથે આવ્યા. વાસુદેવાદિક ચતુર્વ્યુહ પત્નીઓ, પાર્ષદો સાથે આવ્યા. અવ્યાકૃતધામથી ભૂમાપુરુષ મંડળ સાથે આવ્યા. વૈરાટ મહાવિષ્ણુ પ્રધાનપુરુષ પ્રકૃતિ પુરુષોત્તમ વગેરે અવતારો તુલસી વિષ્ણુના વિવાહમાં આવ્યા તથા તેની પત્નીઓ જયા, લલિતા, માણિકી, પાર્વતી, પ્રભા, શ્રીરામ, સીતા, સાવિત્રી, ગાયત્રી આવ્યા. સર્વે ઈશ્વરો દેવો, ઋષિ-મુનિઓ આવ્યા તથા શંકરના ગણો, ભૂત-પ્રેત, પિશાચ, ભૈરવ, યક્ષ, યોગિની મંડળ વગેરે તામસી સૃષ્ટિના સર્વે આવ્યા, સર્વે સ્થાવર જંગમ તિર્થો આવ્યા. આવેલા મહેમાનોને જમવા માટે મિષ્ટાન્નોના, સાકરના, ચોખાના, ફળના, માખણના પર્વતો કર્યા હતા. દહીં-દૂધ-ઘી, અમૃત, રસના સરોવરો ભર્યા હતા.

શંકરની આજ્ઞાથી પૂર્ણિમાએ દેવોએ યજ્ઞ શરૂ કર્યા. વાજિંત્રોના નાદ થયા. નારીઓ મંગલ ગીતો ગાવા લાગી. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. વિપ્રો વેદ-મંત્રોનો ઘોષ કરવા મંડ્યા. ત્યાં સર્વે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે દિવ્ય અલૌકિક દેખાતું હતું. સવારે ખાંડવવનથી જાન આવી. તેમાં વસ્ત્રો, અલંકારોથી શોભતા શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરતા પંદર વર્ષના વર વિષ્ણુ દિવ્ય શોભતા હતા. અનેક સૌભાગ્યવતી દેવીઓ કન્યાઓ સાથે સદાશિવે જાનનું સામૈયું કર્યું. સોનાની થાળીમાં અબિલ, ગુલાલ, કંકુ, ચોખા, શ્રીફળ, પુષ્પોથી વધાવ્યા. સર્વેને ભોજનપાન કરાવી, પૂજન, સત્કાર કરી, વિશ્રામ કરાવ્યા. વરપક્ષે મોકલેલા કન્યાના શણગારો તુલસીને ધારણ કરાવ્યા. તે સમયે શિવ-પાર્વતી સર્વે વિવાહ સામગ્રી લગ્ન મંડપમાં લાવીને વરવિષ્ણુને લગ્નમંડપમાં વધાવતા હતા. વેદ-મંત્રો શરૂ થયા. મંગલ ગીતો ગાતા હતા. વાજિંત્રો વાગ્યા. પુષ્પવૃષ્ટિ થઈ, ત્યારે વિષ્ણુ શ્રીફળ ફોડીને સિંહાસને બેઠા. વિષ્ણુએ કાંડે કામફળ (મીંઢોળ) બાંધ્યો હતો.

ગુરુએ સ્વસ્તિક વાંચન કર્યા પછી શંકર-પાર્વતીએ વિષ્ણુને તિલક ચાંદલો, ચોખાથી વધાવ્યા. તુલસીને લાવીને વિષ્ણુની ડાબી બાજુ બેસાડ્યા. પુરોહિતે પુષ્પ, કંકુ, ચોખાથી બંનેને વધાવ્યા. હવનમાં વિધિથી દ્રવ્ય હોમ્યા પછી ગોરના કહેવાથી તુલસીકન્યાએ વિષ્ણુને વરમાળા પહેરાવી. પછી અંગદેવતાનું પૂજન કરીને બંનેના મુખમાં ગ્રોસ આપ્યો. પછી વિષ્ણુના જમણા હાથમાં તુલસીનો ડાબો હાથ મૂકીને સાથે ધર્મ પાળનારા થાવ. એ મંત્ર સંભળાવ્યો. ત્યાં વાજિંત્રો વાગવા લાગ્યા. વિપ્રો વેદ બોલવા લાગ્યા. જય શબ્દો થવા લાગ્યા. પછી બંને અગ્નિ પ્રદક્ષિણા કરીને બેઠાં, ફરી હવન કર્યો. પછી હીરામાણેક, વસ્ત્રો, અલંકારોના, સોના, રત્નોના ગાય, ભૂમિના દાન બ્રાહ્મણોને આપતા હતા. વર-વહુને પારિતોષિક દાન આપતા હતા તથા વિધિપૂર્વક કરિયાવર રત્ન, હીરા, સોનુ, ખજાનો, કરોડો હાથી, અશ્વો, વાહનો, ગાયો વગેરે આપતા હતા. ભોજનપાન, જલપાન, કરાવી શંકરે કન્યાને વાહને બેસાડીને આશિર્વાદ આપ્યા. જાન ઉતારે આવી. બીજે દિવસે પડવાને દિવસે જાનૈયાઓને ભોજન કરાવી, સત્કાર કરીને, ક્ષમાયાચના કરીને, શિવ પાર્વતી જાનને વિદાય આપતા હતા. શિવ પાર્વતીને ત્યાં આવેલા મહેમાનોને પણ વિદાય આપીને પોતાના ગણો પાસે મહામંડપનો સંકેલો કરાવી. શિવપાર્વતી વિમાનમાં બેસી કૈલાશ ગયા. વૃંદાવનમાં લગ્ન સ્થળે તુલસી વૃક્ષરૂપે રહ્યા. પત્નીરૂપે ખાંડવ વનમાં રહ્યા. તો પણ વિષ્ણુએ ખાંડવવનનો સંહાર કરીને પત્નીને લઈને ગરૂડ પર બેસી વૈકુંઠમાં ગયા. એ રીતે પોતાની પત્નીને શાપથી મૂકાવી. તુલસી પણ ભગવાનને પતિભાવે પ્રાપ્ત કરીને પરમ આનંદવાળી થઈ.

જે નર-નારીઓ તુલસીથી મને પૂજશે તેને હું મારા ચરણમાં વાસ આપીશ. પૃથ્વીમાં શાલિગ્રામરૂપે તથા તુલસીરૂપે હું એક જ બે સ્વરૂપે થયેલો છું. હું આ તુલસી વિવાહની કથા સાંભળીને આચાર્યનું, વાંચનારનું, ધન, વસ્ત્ર, આભૂષણોથી, વસ્તુથી પૂજન કરવું, સોનું, ચાંદી, હીરા, રત્નો, અનાજ, ઘી, ગોળ, સાકર, ફળ, ફૂલ, પુષ્પથી પૂજન કરવું. ગાય, ભેંસ, વાડી, ખેતર, વાહન, ઢોલીયા, ગાદલું, ઓછાડ, ઓસીકું, મંચ વગેરે દાન આપવા. સાધુ, સાધ્વી બ્રાહ્મણોને, દીન-ગરીબ, અનાથોને બાળકોને જમાડવા. દાન આપવા. પિતૃપૂજા, દેવપૂજા, મહાપૂજા, શિવપૂજા, કરાવવી. તુલસીથી વિષ્ણુ, કૃષ્ણનારાયણનું પૂજન કરવું. સર્વે શ્રોતાઓને પ્રસાદ આપી પછી આરતી કરવી. સ્તુતિ કરી, ક્ષમા પ્રાર્થના કરી, દંપતીને દક્ષિણા આપવી, તો પૂજા કરનારો આ લોકની સર્વે સંપત્તિ પામે છે. તુલસી કૃષ્ણને ષોડ્શોપચારથી પૂજવાથી પુત્રની ઈચ્છાવાળો પુત્ર પામે છે. ધનની ઈચ્છાવાળો ધન પામે છે. રોગી રોગથી મુક્ત થાય છે. કરજવાળા કરજ મુક્ત થાય છે. કન્યા કૃષ્ણ સમાન પતિને મેળવે છે. આ તુલસી વિષ્ણુવિવાહની કથા કહેશે સાંભળશે સંભળાવશે તે સર્વે પાપથી રહિત થશે.

અધ્યાય - ૩૪૦, ૩૪૧

❖ નર્મદાના શિવલીંગ - શાલીગ્રામ - પુલહાશ્રમ - ગંડકી નદી આદિક કથા ❖

શ્રીલક્ષ્મીએ પૂછ્યું : પ્રભુ, તમારું નામ શાલીગ્રામ કેમ થયું ? શ્રીનારાયણ કહે : સાંભળો. પૂર્વે સત્યુગમાં સાલંકાયન ઋષિ પુત્રની ઈચ્છાથી તિર્થો કરી ગંડકી નદી કાંઠે સાજડના વૃક્ષના વનમાં આવ્યા. સાજડ વૃક્ષની છાલના વલ્કલ પહેરતા તેથી સાલંકાયન નામ થયું. દેવો સર્વેએ પણ ત્યાં આવી વાસ કર્યો તેથી શાલીગ્રામ નામ થયું. ત્યાં સાલંકાયન ઋષિએ તપ કર્યું મેં પ્રસન્ન થઈ દર્શન દીધા. આશિર્વાદ આપ્યા. ઋષિએ કહ્યું, પ્રભુ તમારા જેવો પુત્ર આપો. મેં કહ્યું તથાસ્તુ. શાલગ્રામ પર્વતમાં હું શીલારૂપે પથ્થરની જેમ વાસ કરું છું. સાલંકાયન ઋષિએ ત્યાં જ દેહત્યાગ કર્યો. શલાકા મારી માતાએ પણ સાથે જ દેહત્યાગ કર્યો. તેથી હું ત્યાં બંનેનો મોક્ષ કરીને ત્યાં જ વાસ કરું છું. વધારે શાપ કારણથી વાસ કરું છું. તે શાલગ્રામ પર્વતમાં મારી સાથે શંકર અને દેવો વાસ કરે છે. તેથી સમગ્ર શીલા મારા સ્વરૂપો છે. તેમાં પણ ચક્રના ચિહ્નવાળાની તો વાત જ શી કરવી.

લિંગ રૂપે રહેલા જે શીલા તે શંકરના સ્વરૂપો જાણવા. શાલગ્રામ પર્વતમાં એક શિવનું શિખર છે. ત્યાં રેવા નદિએ શંકર ઉપર તપ કરીને તમારા જેવો પુત્ર થાય એવું વરદાન માગ્યું. શંકરે કહ્યું તથાસ્તું. હું તારા ગર્ભમાં લિંગરૂપે વાસ કરીશ. એમ કહી શંકરે નર્મદામાં લિંગ પાષાણરૂપે વાસ કર્યો. તે સર્વે શિવરૂપ કહેવાય છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્યાં મેં તપ કરવાથી મારા ગંડસ્થળમાંથી પરસેવો નીકળ્યો. તો મૂર્તિમાન કન્યા થઈ. તેણે પુત્રની ઈચ્છાથી ત્યાં તપ કર્યું. હજાર વર્ષનો અંતે મેં દર્શન દીધું અને કહ્યું હું તારા તપથી પ્રસન્ન થયો છું. શું ઈચ્છા છે તારી કહે. ગંડકી કહે : પ્રભુ હું તમારા ગંડસ્થળમાંથી પ્રગટ થઈ માટે ગંડકી નદીથી પ્રસિદ્ધ થાઉં, અને તમે મારામાં સદા વાસ કરો. હે પ્રભુ આ અરણ્યમાં હું એકલી રહી ન શકું તેથી મેં આવું વરદાન માગ્યું છે. જાણતા-અજાણતા મગાયું હોય તોય તમે ઉદાર છો. મારા ગર્ભમાં રહી મારા પુત્રપણાને પામો. વિષ્ણુ કહે : ભક્તના અનુગ્રહ માટે તારું વચન સત્ય કરવા માટે મારે અહીં વાસ કરવો પડશે પણ અહીં મારી પત્ની તુલસી ગંડકીમાં વાસ કરવા આવશે તે ગંડકી નામથી પ્રસિદ્ધ થશે. માટે તું મારી સાથે વૈકુંઠમાં ચાલ એમ કહી તેને ગરૂડ પર બેસાડી વૈકુંઠમાં મૂકી શાલીગ્રામ ક્ષેત્રમાં ગંડકીમાં આવ્યો.

લક્ષ્મીએ પૂછ્યું, પ્રભુ તમે તપ શું કામ કર્યું ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, લોકના કલ્યાણ માટે મેં પૂર્વે નરનારાયણ ન હતા ત્યારે શાલિગ્રામ ક્ષેત્રમાં તપ કર્યું ત્યારે મારા શરીરમાંથી તેજ નીકળી બ્રહ્માંડમાં વ્યાપી ગયું. બ્રહ્મા દેવો સાથે શંકર પાસે આવી પૂછ્યું. આ તેજ ક્યાંથી નીકળ્યું. શંકર ધ્યાન કરીને કહે : વિષ્ણુ તપ કરે છે ત્યાં ચાલો જઈએ. સર્વે વિષ્ણુ પાસે આવ્યા. શંકરે પૂછ્યું તમે તો પૂર્ણ કામ છો તમારે તપ કરવાનું શું કારણ.

વિષ્ણુ કહે : લોકકલ્યાણ માટે અને આ ભૂમિ દેવભૂમિ થાય. સાંભળીને બ્રહ્માદિ દેવો શંકર કહે, તમે અહીં તપ કર્યું તેથી મુક્તિક્ષેત્ર ગંડકી નામથી પ્રસિદ્ધ થશે. તથા પૂર્વે પુલસ્ત્ય અને પુલહ ઋષિએ આશ્રમ બાંધી અહીં તપ કરેલું તેથી પુલહાશ્રમ નામે પ્રસિદ્ધ થશે અને ગંડકી નદીમાં મગરે હાથીનો પગ પકડી ખેંચ્યો. હાથીએ કમળ, ફૂલ અર્પણ કરી, સ્તુતિ કરી. મેં આવી સુદર્શન ચક્રથી મગરનું માથું કાપી હાથીને છોડાવ્યો. તે ચક્રથી સમગ્ર શીલા ચિહ્નરેખાવાળી થઈ તે શાલીગ્રામ અને મેં ચક્રને આજ્ઞા આપી. તારે ગંડકીમાં ફર્યા જ કરવું. મનુષ્યોના કલ્યાણ માટે હું શીલારૂપ મૂર્તિમાં રહું છું. જંતુના કલ્યાણ માટે કણપત્રમાં રહું છું. સર્વેના કલ્યાણ માટે જલપાન તીર્થમાં રહું છું. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે શાલીગ્રામનું પૂછ્યું તે મેં કથા કહી. આ અધ્યાય મંગલકારી છે. આ અધ્યાય જે વાંચશે, સાંભળશે તે સર્વે આ અધ્યાયમાં જેટલા અક્ષરો છે તેટલા હજાર વર્ષ મારા ધામમાં વાસ કરશે. "અધ્યાયના શ્લોક ૯૪ / અક્ષરો ૩૦૦૮ / ૩૦૦૮૦૦૦ વર્ષ ધામમાં રહે."

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જેણે શાલીગ્રામની કથા સાંભળી શાલીગ્રામનું પૂજન કર્યું. ગંડકીમાં પિતૃતર્પણ કરી પાણી પીધું તેને ભુક્તિ-મુક્તિ સર્વે મળી ગયું. સૃષ્ટિના આરંભમાં મેં આ તીર્થ કરેલું છે તે શાલીગ્રામ તીર્થમાં સાલંકાયન, સોમેશ્વર, ગંડકી, બાણગંગા, ત્રીવેણી, દેવીકા, ગજગ્રાહ, જલેશ્વર, ત્રીધારા, ત્રિશુલક્ષેત્ર, હરિહરક્ષેત્ર આદિ અનેક તિર્થો થયેલા છે.

અધ્યાય - ૩૪૨

❖ ઋષિકેશ તીર્થ કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ભૃગુઋષિના વંશમાં દેવદત થયા તે તપ કરતા હતા ત્યાં ઈન્દ્રે પ્રમ્લોચા અપ્સરા મોકલીને ઋષિને તપમાંથી પાડ્યા. પછી ઋષિએ તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા. તે શંભાંગેશ્વર તીર્થ થયું. પછી અપ્સરાએ બાળકીને જન્મ આપ્યો. તે વનમાં મૂકીને ચાલી ગઈ. રૂરૂ નામના મૃગે મોટી કરી. તેણે વિષ્ણુનું તપ કરી પ્રસન્ન કર્યા. વિષ્ણુ કહે, શું ઇચ્છા છે. રૂરૂ કન્યા કહે : મારા નામે અહીં તીર્થ થાય. તે તીર્થ રૂરૂનામે થયું. તે ઋષિકેશ કહેવાય છે. તથા બ્રહ્મપદ, વિષ્ણુસર, વરાહક્ષેત્ર, ભૃંગુકુંડ, મણીકુંડ, પંચસર, નારદ, વશિષ્ઠ, સપ્તર્ષી, શરભંગ, બૃહસ્પતિ, વૈશ્વાનર, કાર્તિક, મહેશ્વર, બ્રહ્મકુંડ વગેરે અનેક તિર્થો થયેલા છે.

અધ્યાય - ૩૪૩

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણના અનંત અવતારોનું વર્ણન ❖ મથુરા-યમુના મહિમા ❖

શ્રીલક્ષ્મી કહે : હે અનાદિ જ્ઞાનવાળા, સર્વેના સાક્ષી, સર્વે તિર્થો તમારાથી જ થયેલા છે. તમારા યોગથી જડચેતન સર્વે દેહધારીઓ તરી જાય છે. દેધારીઓને શરીરથી મોટો

લાભ મોક્ષ માનેલો છે. તે મોક્ષ ન મેળવ્યો તો સર્વે મરણને આધીન તો છે જ. વૃંદાવન, માથુર, શાલીગ્રામ, તુલસીક્ષેત્ર વગેરે અનેક તિર્થો તમે જ કરેલા છે. તો તમારા અવતાર કેટલા થયા અને કેટલા થશે ક્યાં થશે ? તે કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મારા અવતારો દેવ, મનુષ્ય, પશુ-પક્ષીમાં, પાણીમાં, વનમાં, ઋષિમાં, મુનિ, સાધુમાં, સતિ-સાધ્વીમાં, અસંખ્ય અવતારો થઈ ગયા. સર્વે યુગમાં કૃષ્ણ અવતાર ધારણ કરીને વૃંદાવનમાં, મથુરામાં, દૈત્યોના નાશ માટે આવું છું, વિચરું છું. નારાયણના એકસો અવતાર થયા. શેષનારાયણના પાંચસો અવતારો થયા. ત્રીસ કાચબારૂપે અવતારો થયા. વીશ મત્સ્ય અવતારો થયા. કૃષ્ણના એકસો આઠ અવતારો થયા. બુદ્ધના અવતારો તો હજારો થઈ ગયા. પરશુરામના ત્રીસ અવતારો થયા. રામના એકસો એક અવતારો થયા.

હે લક્ષ્મી, ક્યારેક તારી સાથે તો ક્યારેક મારા એકલા અવતારો થાય છે. અનેક બ્રહ્માંડો છે, અનેક દૈત્યો, દાનવો, દેવો, તપસ્વીઓને અનેક ઈચ્છાવાળા છે. તે સર્વેની ઈચ્છા પૂર્ણ કરવા, દુઃખીયાના દુઃખ ટાળવા, સંપત્તિની ઈચ્છાવાળાને સંપત્તિ આપવા માટે, સક્ષમ ભક્તોના સંકલ્પ પૂરા કરવા, સ્થળે સ્થળે મારે પ્રગટ થવું પડે છે. ક્યારેક અંશરૂપે, ક્યારેક પર્ણરૂપે, ક્યારેક આવેશરૂપે, ક્યારેક કલારૂપે, વિભૂતિરૂપે, રાજારૂપે, સાધુરૂપે તથા સદ્‌ગુરુરૂપે. ક્યારેક વ્યાસરૂપે, ક્યારેક વિજ્ઞાનીરૂપે અવતાર ધારણ કરું છું. વિષ્ણુરૂપે હું એક જ મુક્તમંડળમાં રહેલો છું. વૃંદાવન, મથુરામાં મારા અનેક જન્મો થયા છે. સર્વે તિર્થોમાં મહાન તીર્થ મથુરા છે. યુગે યુગે યમુના કાંઠે પ્રગટ થઈને અનંત સૃષ્ટિઓના દાસ-દાસી કરોડો અબજો સ્ત્રીઓના કામ ઈચ્છાભક્તિથી ખેંચાઈને હું કૃષ્ણ રાજારૂપ ધારણ કરું છું. પિતા વાસુદેવ માતા દેવકી, ભાઈ સંકર્ષણ, બીજા હોય કે ન હોય આ ત્રણ સાથે વાસ કરું છું. પ્રથમ દ્વાપરમાં હું સંકર્ષણ સાથે હતો, ત્યારે કાળનેમી વંશના અસુરો હતા, તેનો નાશ કર્યો ત્યારે તું મરૂત્ રાજાની પુત્રી કમલા મારી પત્ની હતી. ત્યારે હું કૃષ્ણ કમલાપતિ થયો. ત્યારથી મથુરા તીર્થ થયું. ત્યારપછી મારા હજારો અવતારો થયા. તેને વ્યાસ વર્ણન કરશે. મનુષ્યો મારા વર્ણન, લીલા, ચરિત્રો, ગાશે તે મુક્તિ પામશે.

હે લક્ષ્મી, હવે મથુરા ક્ષેત્રનો મહિમા કહું છું. સ્વર્ગ અને પાતાલમાં મથુરા જન્મભૂમિ સમાન તીર્થ નથી. ત્યાં વાસ કરવાથી મનુષ્ય સ્વર્ગ અને મોક્ષ મેળવે છે. પ્રયાગમાં માઘ સ્નાન તથા કાશીમાં હજાર વર્ષ વાસ. તેનું જે ફળ થાય તે યમુનામાં એક દિવસ સ્નાન કરવાથી થાય છે. પૃથ્વીમાં જેટલા તિર્થો છે તે સર્વે તિર્થો મથુરામાં આષાઢ સુદ એકાદશીએ આવે છે. મથુરામાં મરે તે મને પામે. મેં જ્યાં વિશ્રાંતિ લીધી તે વિશ્રામ ઘાટ તેના ત્રણ વાર દર્શન, બે પ્રદક્ષિણા, પાંચ વાર નમસ્કાર કરે તે વિષ્ણુલોકમાં જાય છે. તથા ગુપ્ત પ્રયાગ તીર્થ છે તથા કનખલ તીર્થ છે. તથા તિંદુક તીર્થ છે. પાંચાળનો તિંદુક વાણંદ પોતાના કુટુંબનો

સર્વે નાશ થવાથી મથુરા આવી વસ્યો સદા યમુનામાં સ્નાન કરતો. મરીને બ્રાહ્મણ વૈષ્ણવ થયો. ભક્તિ કરી ગોલોકમાં ગયો. ધનસંપત્તિની ઇચ્છાથી બલિ રાજાએ તપ કર્યું સૂર્ય પ્રસન્ન થઈ કહે તારે શું જોઈએ છે ? બલિ કહે, હું નિર્ધન છું. સૂર્યે બલિને મણિમાંથી ચિંતામણી આપ્યો. તે લઈને બલિ પાતાલમાં ગયો. તે સૂર્યતીર્થ થયેલું છે. ત્યાં સ્નાનદાન કરવાથી સ્વર્ગ મોક્ષ મળે છે. રવિ-સંક્રાતિ-ગ્રહણમાં સ્નાન રાજયજ્ઞ ફળ થાય. પૂર્વે ધ્રુવે જ્યાં તપ કર્યું. તે ધ્રૂવતીર્થ થયેલું છે. ત્યાંથી ઋષિતીર્થ, મોક્ષતીર્થ, કોટીતીર્થ, વાયુતીર્થ તથા અવતારતીર્થ, વગેરે તિર્થોમાં સ્નાન કરવાથી ભોજન, દાન કરવાથી માનવો સ્વર્ગ અને મોક્ષ મેળવે છે.

અધ્યાય - ૩૪૪

❖ રાજા યક્ષમધનુ અને રાણી પિયરીનો વૃંદાવન-મથુરાની યાત્રાથી ગોલોકધામમાં વાસ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરે તપ કર્યું. શ્રીકૃષ્ણ કહે, કેમ તપ કરો છો ? શંકર કહે : દૈત્યો દેવોને પીડા કરે છે. તેથી તમે અહીં અવતારણ કરી દૈત્યોનો નાશ કરો. શ્રીકૃષ્ણ કહે : ભલે બહુ સારું પછી શંકર કૈલાશ ગયા. જ્યાં તપ કર્યું તે શિવકુંડ તીર્થ છે. નૈમિષારણ્ય, નોભિલ, પાપી, મથુરામાં આવ્યો. રોજ યમુનામાં તરીને સામે કાંઠે જતો તેથી રોજ સ્નાન થતું. એક વખત સંયમન તીર્થમાં ડૂબી ગયો. મરણ થયું. તે બીજે જન્મે સૌરાષ્ટ્રનો ભદ્રાપતનનો રાજા યક્ષમધનુ થયો. તે સાધુનું પૂજન કરતો હતો. અશ્વપટ સરોવર કાંઠે પત્નીવ્રત દ્વિજ પાસે મંત્ર કંઠી લઈ કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણના દર્શન કરીને આકાશમાર્ગે વિમાનમાં કાશી યાત્રા કરવા ગયો. કાશી રાજાએ પરમ વૈષ્ણવભક્ત જાણી પોતાની કન્યા તેને આપી. રાજા યાત્રા કરી દાન કરી સૌરાષ્ટ્રમાં આવ્યો. ઘણા વર્ષો રાજય કરી સુખ ભોગવી, રાજય પુત્રોને સોંપી નિવૃત્તિ લઈ ભક્તિ કરતો.

એક રાત્રે તે સૂતો સૂતો બોલતો હતો કે - મથુરાતીર્થ, સંયમનતીર્થ. તેની પત્ની પીયરી સાંભળીને કહે : શું બોલ્યા ? રાજા કહે : જે તીર્થના પ્રતાપે હું રાજા થયો. તે તીર્થમાં જવું છે. પછી રાજાએ પુત્રને ધર્મનો ઉપદેશ આપી કહ્યું વિદ્યાસમાન નેત્ર નથી. નેત્રસમાન બળ નથી. રાગસમાન દુઃખ નથી. ત્યાગ સમાન સુખ નથી એમ કહીને પત્નીને લઈ વૃંદાવન, મથુરાની યાત્રા કરવા ગયો. યમુનામાં શ્રાવણ સુદ એકાદશી તથા ભાદરવા સુદ એકાદશીએ સ્નાન કરવાથી ઘણું જ ફળ થાય છે. તે રાજા-રાણીએ સ્નાન કરીને દાન આપીને દેહનો અંત આવવાથી મથુરામાં જ દેહ મૂકી ગોલોક ધામમાં ગયા.

અધ્યાય - ૩૪૫

❖ સુઘન ભક્તે એકાદશીના જાગરણનું ફળ આપીને બ્રહ્મરાક્ષસને મોક્ષગતિ આપી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મથુરામાં નાગતીર્થ, ઘંટાતીર્થ, વિઘ્નરાજતીર્થ, સોમસરસ્વતી તીર્થમાં સ્નાન, દાન કરવાથી કોટીગણું ફળ થાય છે. પૂર્વે સુઘન નામે મારો ભક્ત હતો તે સંપત્તિવાળો હતો. મારી પૂજા કરી સાધુ-સાધ્વીને ભોજન કરાવી દાન આપતો. યમુનામાં ત્રણ વાર સ્નાન કરતો. એકવાર કાર્તિક સુદ એકાદશીનું વ્રત કરી જાગરણ કરવા મંદિરમાં જતો હતો ત્યાં એક બ્રહ્મરાક્ષસ સુઘન ભક્તને પકડીને બોલ્યો, હું રાક્ષસ જંગલમાં રહું છું. ઘણા દિવસ થયા ભૂખ્યો છું. આજ મને તું ભોજન માટે મળ્યો. વણિક ભક્ત કહે : હું તને મારું મહાભોજન આપીશ પણ અત્યારે મને મંદિરમાં જાગરણ કરવા જવા દે. સવારે હું તારી પાસે આવી જઈશ. આ વિષ્ણુનું વ્રત પૂર્ણ કરવા દે. રાક્ષસ કહે : તું ખોટું બોલે છે. મૃત્યુના મુખમાંથી બચ્યો તે પાછો મૃત્યુમુખમાં જાય છે. વણિક ભક્ત કહે : જગત સત્યને આધારે રહેલું છે. સત્યને આધારે જીવે છે. જો તારી ભૂખ સત્ય હશે તો સત્ય ભક્ષ્ય આવી જશે. ભૂખ-તરસમાં બ્રહ્માએ જેને માટે જે નિર્માણ કરેલ છે, તે મિથ્યા થતું નથી. તારા માટે હું નિર્માણ થયેલો હોઈશ, તો તને પ્રાપ્ત થઈશ. અંતર્યામી પરમાત્મા તારામાં રહ્યા છે, તે મારામાં રહ્યા છે. જો હું ન આવું તો સર્વે પાપનો ભાગીદાર થાઉં.

વણિક ભક્તના વચન સાંભળી રાક્ષસ કહે : જા તરત આવજે. સુઘન ભક્ત મંદિરમાં જઈ નૃત્યકીર્તન કરી, જાગરણ કરી સવારે યમુનામાં નાહી, દંડવત્ કરી, રાક્ષસ પાસે જતો હતો. ત્યાં રસ્તામાં દિવ્ય અલૌકિક કૃષ્ણનારાયણના ચતુર્ભુજરૂપે દર્શન કરી કહે : ભગવાન તમને નમસ્કાર. ભક્તને મોક્ષ આપનારા, દિવ્ય દર્શન આપનારા તમને નમસ્કાર. ભગવાને પૂછ્યું વણિક ઉતાવળો ક્યાં જાય છે ? સુઘન કહે : રાક્ષસ પાસે. ભગવાને કહ્યું ન જતો, જીવતો હોઈશ તો ધર્મપાલન થશે. મરી જઈશ તો મોક્ષસાધન નહીં થાય. તો પણ પ્રભુને નમન કરી રાક્ષસ પાસે ગયો, અને કહ્યું મારું ભક્ષણ કર. હું સત્ય ધર્મનું રક્ષણ કરી તારી પાસે આવ્યો છું. હવે તને જેમ રુચે તેમ કર. રાક્ષસ આશ્ચર્ય પામી કહે : હું તારી પર રાજી થયો છું, તું જીતી ગયો છો. તે સત્યનું પાલન કર્યું છે. મારી ભૂખ નષ્ટ થઈ છે. પણ જાગરણનું ભજનનું પુણ્ય મને આપ. જેથી હું રાક્ષસ યોનિમાંથી મુક્તિ મેળવું.

વણિક ભક્ત કહે : તું જાગરણનું કેવું ફળ છે તે તું જાણે છે. એક ઘડી જાગરણ કરે તો ઈન્દ્રપદ મળે. બે ઘડી જાગરણ કરે તો બ્રહ્માપદ, અર્ધરાત્રિ જાગરણ કરે તો વૈરાજપદ, સવાર સુધી જાગરણ કરે તો બ્રહ્મલોકમાં જાય. અર્ધ ઘડી જાગરણ કરે તો સામ્રાજ્ય મળે, જાગરણ કરી નૃત્ય કરે તો ગોલોકમાં જાય. બોલ તને કેટલું પુણ્ય આપું. રાક્ષસ કહે : બધું જાગરણનું પુણ્ય આપ જેથી મારો મોક્ષ થાય. વણિક કહે : તારું પૂર્વ વૃતાંત કહે : પછી

પુણ્ય આપું. રાક્ષસ કહે : હું અગ્નિદત્ત નામે બ્રાહ્મણ હતો. કર્મકાંડ કરતો હતો. મેં મકાન કરવા માટે ચોરી કરી તો પણ મકાન ન થયું, પછી મારું મરણ થયું. વાસના રહેવાથી બ્રહ્મરાક્ષસ થયો છું. તેથી મિત્રભાવે દયા કરીને મારી ઉપર ઉપકાર કરી મારો ઉધ્ધાર કર. એક એકાદશીના જાગરણનું પુણ્ય મને આપીને મારી મુક્તિ કર. વારંવાર રાક્ષસની પ્રાર્થના સાંભળી સુઘનભક્તે પાણી લઈને સંકલ્પ કરી પુણ્ય આપ્યું. ત્યાં તરત રાક્ષસનું શરીર પડી ગયું. દિવ્ય દશ વર્ષનો પાર્ષદ ચતુર્ભુજ થઈને શોભવા લાગ્યો. વિષ્ણુ, પાર્ષદો સાથે વૈકુંઠમાં લઈ જવા આવ્યા. સુઘનભક્ત ભગવાનને પગે લાગીને કહે, ધન્ય પ્રભુ મને દર્શન દીધા. હવે મને પણ ધામમાં લઈ જાવ. વિષ્ણુ કહે : ચાલ તને પણ લઈ જાઉં. સુઘનભક્ત કુટુંબને કહે : જેને ધામમાં આવવું હોય તે વિમાનમાં બેસી જાવ. દયાળુ ભગવાન સર્વેને વૈકુંઠમાં લઈ ગયા. ત્યાં સુઘનતીર્થ થયેલું છે. ત્યાં કાર્તિક સુદ એકાદશીએ સ્નાન, દાન કરવાથી રાજસૂય યજ્ઞનું ફળ થાય છે.

અધ્યાય - ૩૪૬

❖ મથુરા-વૃંદાવન તીર્થયાત્રા મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મથુરામાં વત્સકીઠન, ભાંડીર, વૃંદાવન, મલયાર્જુન, ભાડાહદ, અર્કકુંડ, વિમલકુપ, વિરસ્થલ, કુશસ્થલ, ગોપીશ્વર, સપ્ત સમુદ્ર, વસુફાલ્ગુન, વૃષભાંજન, તાલ, વન, સંપીઠક, વિમલોદકકુંડ, વગેરે તિર્થો કરી મથુરાની પ્રદક્ષિણા વિશ્રામ ઘાટે પૂરી થાય છે તથા મધવન, તાલવન, કુંદવન, કામ્યકવન, બહુવન, ભદ્રવન, ખાદીરવન, મહાવન, લોહાર્ગ વન, બિલ્વવન, ભાંડીરવન અને વૃંદાવન આ બાર વનની યાત્રા કરનારો ઈન્દ્રલોકને પામે છે. મારા ભક્તો મારે માટે યાત્રા કરીને મારા ધામમાં જાય છે.

અધ્યાય - ૩૪૭

❖ બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિતની કથા ❖ વરાહમૂર્તિ દ્વારા મથુરાનું રક્ષણ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ઉદરપુરનો બ્રાહ્મણ, પુત્ર, પુત્રીને લઈને શાલીગ્રામ ક્ષેત્રમાં ગયો. ત્યાં રહ્યો ત્યાં કલાપ ગામનો સિદ્ધ દર્શને આવતો. બ્રાહ્મણે કહ્યું, અમને કલાપ ગામે લઈ જાઓ. સિદ્ધ કહે ત્યાં અતિ ઠંડીથી તમે નહીં રહી શકો. વિપ્ર કહે : તમારા યોગે અમે રહીશું. સિદ્ધ પોતાના યોગબળથી ત્રણને લઈ કલાપ પોતાના આશ્રમે આવ્યો. સમય જતા બ્રાહ્મણ માંદો પડ્યો. પુત્ર-પુત્રી, પિતાને ગંગાકાંઠે લાવ્યા. એક વખત પાક બનાવ્યો. ત્યાં કોઈક વિપ્ર ભિક્ષા માટે આવ્યો. પૂછ્યું કોણ છો ? કાંન્ય કુબ્જનો છું, સિદ્ધ છું. અહીં કલાપતીર્થમાં ફરું છું, સુખી છું. પેલા બ્રાહ્મણે પાત્ર જાણી પોતાની પુત્રી સિદ્ધને આપી. જમાઈ, સસરાને ત્યાં રહ્યો. સિદ્ધ સસરાને કહે : અહીં કલાપમાં વાસ કરતા તમે શૂદ્રનું અન્ન ખાધું તેથી તમને રોગ થયો. તે તમારા પગમાં રહ્યો છે. તે શૂદ્રનું અન્ન નીકળી જશે ત્યારે મૃત્યુ થશે.

બીજે દિવસે સર્વે બહાર ગયા ત્યારે પેલો બ્રાહ્મણ પથ્થર લઈ પોતાના પગને છૂંદી નાખ્યાં અને મૃત્યુ પામ્યો, અને સ્વર્ગમાં ગયો. ત્રણે બહારથી આવ્યા. પિતાને મરેલા જોઈ રોવા લાગ્યા. સર્પે કરડેલા, શિંગળા પશુએ મરેલા, હિંસક પ્રાણીએ મારેલા, આત્મઘાત કરેલા તે સંસ્કારને યોગ્ય રહેતા નથી. પછી અગ્નિસંસ્કાર કરીને બેઠા. ત્યાં પેલો સિદ્ધ આવીને કહે : તારે બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે. જમાઈ કહે : મેં વધ કર્યો નથી મને બ્રહ્મ હત્યા કેમ લાગે ? પેલો સિદ્ધ કહે : તે શૂદ્રનું અન્નનું પાપ કહ્યું તેથી તેણે આત્મહત્યા કરી. પાપીની સાથે બેસવાથી, સુવાથી, સાથે ભોજન, સાથે ચાલવું, સાથે વાત કરવાથી, પણ પાપ લાગે છે. તેથી પ્રાયશ્ચિત્ત કરવું પડશે. માટે તું મથુરા જા. તે ત્રણે મથુરા આવી કુશીક રાજાના યજ્ઞમાં પ્રસાદ જમતા અને ચક્રતીર્થમાં સ્નાન કરતાં. સર્વે બ્રાહ્મણોએ પૂછ્યું તમે કોણ છો ? ક્યાં જમો છો ? ત્યારે સિદ્ધે સર્વેએ વૃતાંત કહ્યું. બ્રાહ્મણો કહે : યજ્ઞ, પ્રસાદ અને ચક્રતીર્થમાં સ્નાનથી તમારું બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત થઈ ગયું. તેથી કલાપતીર્થથી મથુરા મહાન તીર્થ છે. મિથિલાનો સંઘ મથુરા દર્શને આવ્યો. તેમાં એક બ્રાહ્મણ બ્રહ્મહત્યાવાળો હતો. તે વૈકુંઠતીર્થમાં ન્હાવાથી શુદ્ધ થયો.

પૂર્વે સત્યુગમાં માંધાતા રાજાને મેં પ્રસન્ન થઈ મારી વરાહની મૂર્તિ આપી હતી. કપીલ ભગવાને પૂજેલી. ઈન્દ્ર પણ વરાહની મૂર્તિની પૂજા કરે છે. રાવણ ઈન્દ્રને જીતવા સ્વર્ગમાં ગયો ત્યાં વરાહ ભગવાને રાવણને બાંધ્યો. રાવણે સ્તુતિ કરી, પ્રભુએ છોડી મૂક્યો. રાવણ તે મૂર્તિને પૂજવા લેતો હતો, પણ પગ ઉપાડી ન શક્યો. પ્રભુ કહે : તું રાક્ષસ છો, તેથી તારે ત્યાં નહીં આવું. તું વૈષ્ણવ થા. પછી મને લઈ જજે. રાવણ વૈષ્ણવ થઈને વરાહ પ્રભુને લંકામાં લઈ ગયો. પછી રામે રાવણને મારી, વરાહ પ્રભુને પોતાની નગરીમાં લઈ આવ્યા. પછી તે મૂર્તિ લક્ષ્મણે મથુરામાં પધરાવી. તેથી તે વરાહ મૂર્તિ મથુરાનું રક્ષણ કરે છે. તે વરાહ ભગવાન પાસે કોઈ પિંડદાન કરશે. તે મુક્તિ પામશે.

અધ્યાય - ૩૪૮

❖ વણિકનું મથુરામાં શ્રાદ્ધ ❖ વિમતી રાજા સાથે વરાહ ભગવાનનું યુદ્ધ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મથુરાથી પશ્ચિમમાં રહેલા ગોવર્ધન પર્વતની પરિક્રમાથી મનુષ્યોના મોક્ષ થાય છે. માનસગંગામાં સ્નાન કરી, ચક્રતીર્થ અન્નકુટની પ્રદક્ષિણા કરી. રાધાકુંડમાં સ્નાન કરવાથી, અનેક હત્યાઓના પાપ નાશ પામે છે. દક્ષિણમાં પ્રતિષ્ઠાનપુરનો વૈશ્ય, સુશિલ સર્વે સત્કર્મોથી રહિત હતો. કેવળ કુટુંબપોષણ કરતો. ધર્મ નહીં, ભક્તિ નહીં, સત્સંગ નહીં, દાન નહીં, સર્વેનો તિરસ્કાર કરનારો તે કાળે કરી મરણ પામ્યો. પાણી વિનાના મરુદેશમાં પ્રેત થયો. મોટા દાંત, લાંબી દાઢીવાળા, બિલાડા જેવા મોઢાવાળો, મોટા પેટવાળો, એવો પ્રેત થયો. તે માર્ગે એક વણિક વેપારી નીકળ્યો. પ્રેતે પકડ્યો. ખાઈ જાઉં,

પ્રેત વચન સાંભળીને વણિક કહે : ધનની ઇચ્છાથી કુટુંબના પોષણ માટે જાવ છું. તું મને ભક્ષણ કરી જા તો મારા માતા-પિતા વગેરે દુઃખી થાય અને તને પ્રેતપણામાંથી મુક્તિ નહીં મળે.

પ્રેત કહે : તું ક્યાંથી આવે છે ? વણિક કહે : મથુરાથી ગોવર્ધનની પ્રદક્ષિણા કરી, યમુનામાં સ્નાન કરી, હવે ધન કમાવા જાઉં છું. પ્રેત કહે : તું મથુરા જઈને ચતુઃ સમુદ્રમાં પિંડદાન મને સંભારી કરજે અને દાન આપજે. એટલે મારો મોક્ષ થાય અને તારા ઘરમાં ધન દાટેલું છે, તે કાઢી લેજે. વણિક કહે : મથુરાના કુપમાં ચાર સમુદ્ર રહે છે. એવું તને કોણે કહ્યું? પ્રેત કહે : મારા ગામમાં અગસ્તસ્ય મુનિ, લક્ષ્મીનારાયણની કથા વાંચતા હતા. તેમાં પ્રેતનો મોક્ષ, તે કુપમાં સ્નાન, દાન, પિંડ આપવાથી થાય છે અને વાંચનારને એક ઢબ્બુ દાનમાં આપ્યું હતું તે કથાશ્રવણ અને ઢબ્બુંના દાનથી પૂર્વ જન્મનું જ્ઞાન મને છે. વણિક કહે : તું કેમ જીવે છે. પ્રેત કહે : મારા ઘર પાસે મેં પીપળ વાવી છે. તેના ફળ ખાઈને જીવ-જંતુની જેમ જીવું છું. પછી વણિક પ્રેતને આશ્વાસન આપી દ્રવ્ય કાઢીને મથુરા ચતુઃ સમુદ્રકુપમાં પ્રેત શ્રાદ્ધ કર્યું. પ્રેત આવી પિંડદાન ખાઈને સ્વર્ગમાં ગયો. વણિક ધનથી સુખી થયો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વે તિર્થોમાં પ્રેતને પિંડદાનથી પ્રેત મુક્તિ મળે છે. પુણ્ય નરનો રાજા વિમતી હતો. તેને ઘેર નારદ આવ્યા. રાજાએ પૂજન કર્યું. નારદ કહે : રાજા તું ધર્મવાળો છો. તારા પિતા સુમતિ મારા મિત્ર હતા. તેના મરણ પછી તે દાન, પુણ્ય ઘણાં કર્યા પણ તિર્થો કર્યા નહીં, તેથી તારા પિતાનું ઋણ તારી ઉપર છે. તે તું તીર્થ કરી ઋણ ચૂકવી ધર્મભાગી થા. એમ કહી નારદ બદ્રિકાશ્રમ ચાલ્યા ગયા.

રાજા પણ તીર્થમાં જવાની ઇચ્છાથી મથુરામાં આવ્યો. સર્વે તિર્થો ચાતુર્માસમાં અહીં આવે છે. એવું જાણી રાજા ચાતુર્માસ મથુરામાં કરવા રોકાયો. પરંતુ રાજાના દાસ-દાસીઓ શૂદ્ર જ્યાં ત્યાં તીર્થમાં મળમૂત્ર કરતા. વ્રતના દિવસે મૈથુન કરનારા, મદ્ય, માંસ, ખાનારા તે પાપ સર્વે રાજાને થાય છે. તેથી સર્વે તિર્થો કલાપ ગામે વરાહ ભગવાન પાસે ગયા, અને સ્તુતિ કરી તિર્થોના કષ્ટને નાશ કરનારા તમને નમસ્કાર. વરાહ પ્રભુ કહે : તમારે જે ઇચ્છા હોય તે માગો. તિર્થો કહે : પ્રભુ વિમતી રાજા અમારે ત્યાં આવી તેના દાસ-દાસી પાપ કરે છે, તેથી બચાવો. વરાહ પ્રભુ કહે : હું ત્યાં આવીને રાજાનું નિયમન કરીશ.એમ કહીને મથુરા આવ્યા. પોતાની તલવાર પૃથ્વીમાં રાખી ઘડી વિશ્રામ કર્યો અને રાજાની સાથે યુદ્ધ કરીને તેને અધર્મથી રોક્યો. તે વરાહ તીર્થ થયેલું છે. ત્યાં સ્નાન, દાન કરવાથી સર્વે તિર્થોનું ફળ થાય છે.

અધ્યાય - ૩૪૯

❖ મથુરાના વિશ્રામઘાટના સ્નાનના પુણ્યથી રાક્ષસની મુક્તિ ❖
❖ યમુનાના જળથી ભૂત-પ્રેતોની મુક્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ઉજ્જૈનનો વિપ્ર નાસ્તિક ધર્મકર્મથી રહિત હતો, નિંદક અને ચોર હતો. એકવાર ચોરી કરી ભાગવા ગયો ત્યાં કુવામાં પડીને મરણ પામ્યો. રાક્ષસ થઈ વૃક્ષમાં વાસ કરતો, પશુ-પક્ષીનું લોહી પીતો. ત્યાંથી સંઘ નીકળ્યો. ત્યાં નિવાસ કર્યો. તેમાં એક વિપ્ર કૂવા પાસે વૃક્ષ નીચે સુતો. ત્યાં રાક્ષસ આવ્યો અને કહે : તારે દ્રવ્ય જોતું હોય તો આપું પણ મને માણસ ખાવા દે. બ્રાહ્મણ કહે : હું કૃતઘ્ની ન થાઉં. દુષ્ટ રાક્ષસ સાથે મારે મૈત્રી કરવામાં શું લાભ ? તું રાક્ષસ કેમ થયો ? રાક્ષસ કહે, હું બ્રાહ્મણ હોવા છતાં અનાચારવાળો ષટકર્મથી રહિત, તેથી હું રાક્ષસ યોનિને પામ્યો. બ્રાહ્મણ કહે : મે ઘણા તિર્થો કર્યા છે, તે તિર્થોના ફળ તને આપું જેથી તારો ઉદ્ધાર થાય. રાક્ષસ કહે, તીર્થફળ આપવું હોય તો મથુરાના વિશ્રામઘાટનું આપ તો મારી મુક્તિ થાય.

બ્રાહ્મણ કહે, તને વિશ્રામઘાટ તીર્થનું જ્ઞાન કેમ થયું ? રાક્ષસ કહે : પૂર્વે ઉજ્જૈનમાં વિષ્ણુ મંદિરમાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વિપ્ર વાંચતો. તેમાં આ વિશ્રામ તીર્થનો મહિમા સાંભળ્યો. વાસુદેવ પરમબ્રહ્મ કૃષ્ણનારાયણ ત્યાં વિશ્રામ કરે છે, ત્યાં સ્નાન કરવા માત્રથી કરોડો યુગ સુધી, સ્વર્ગમાં વાસ કરી પરમપદને પામે છે. તેથી હે બ્રાહ્મણ ત્યાં એક જ વાર ન્હાવાનું પુણ્ય મને આપ જેથી મારી મુક્તિ થાય. સાંભળીને બ્રાહ્મણ પાણી લઈને સંકલ્પ કર્યો અને વિશ્રામઘાટમાં એકવાર સ્નાન કરવાનું પુણ્ય આપ્યું, તરત રાક્ષસ શુદ્ધ થઈ દિવ્ય શરીર ધારણ કરી, સ્વર્ગમાં ગયો. બ્રાહ્મણ સંઘ સાથે દેશમાં ગયો તથા શંકર તપ કરીને કૃષ્ણ પાસે વરદાન મેળવીને મથુરા નગરીનું રક્ષણ કરવા ક્ષેત્રપાલ સ્વરૂપે રહ્યા તથા સૌરાષ્ટ્રના રૈવતાચળના વાસી નારાયણના અંશ પત્નીવ્રત દ્વિજ કુટુંબ સાથે યમુનાની યાત્રાએ મથુરા આવ્યા. વિશ્રામઘાટમાં નાહીને મથુરાની ગોવર્ધનની, વૃંદાવન, તુલસીવન, વગેરેની પ્રદક્ષિણા કરીને અનેક બ્રાહ્મણોને ભોજન કરાવી દક્ષિણા આપી દેશમાં આવતા હતા. ત્યાં મરૂદેશમાં વનમાં ખીજડામાં ડાકિની, સાકીનીનો એકસોનો સંઘ નાચતા જોયો. કાળા વસ્ત્ર વિનાના વિકરાણ એવા તે ખાય જાવ, મારી નાખો, એમ રાડો પાડતા હતા.

પત્નીવ્રત દ્વિજે ચક્રવાળા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કર્યું. તરત પ્રભુએ આવી ચક્ર મૂક્યું. સર્વે બળવા લાગી અને કહે : હે બ્રાહ્મણ અમારું રક્ષણ કરો. અમે મરુરાજાની પત્નીઓ છીએ. માંસ, મદીરા ખાવા-પીવાથી, પાપ કરવાથી, રાજા મહામારીના રોગમાં મરણ પામ્યો. બીજા રાજાએ રાજ્ય લઈ લીધું. ભૂકંપ થયો. અમે તેમાં મરીને ભૂતયોનિને

પામ્યા છીએ. હે દેવ બ્રાહ્મણ હવે તીર્થનું જળ છાંટીને અમારો મોક્ષ કરો. સાંભળીને નારાયણના અંશ તે પત્નીવ્રત દ્વિજે યમુનાનું પાણી તેની પર છાંટી ભૂત યોનિથી મુક્તિ અપાવી. તે સર્વે ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરીને શ્રીકૃષ્ણ સાથે ગોલોકમાં ગયા. પત્નીવ્રત દ્વિજ રૈવતાચળ આવ્યા. આ અધ્યાયની જે કથા કહેશે, સાંભળશે તે પણ તીર્થના ફળરૂપે, સ્વરૂપે, સ્વર્ગ અને ગોલોક પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૩૫૦

❖ મથુરામાં ગોકર્ણેશ્વરતીર્થ ❖

❖ અશ્વપટ સરોવરના ઘાટ પર ગોકર્ણેશ્વર મહાદેવની સ્થાપના ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સૌરાષ્ટ્રમાં શેત્રુંજી નદી કાંઠે સુભદ્ર વિપ્ર ખેતી અને વેપારીવૃત્તિથી જીવન ચલાવતો. તેની પત્ની જીવતી પતિનું પ્રિય કરનારી હતી. ઘણો સમય જવા છતાં સંતાન ન થવાથી પત્ની પિતાને ઘેર કુંકુમવાપી આવી. તેના પિતાએ કહ્યું તું શ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કર. પત્નીવ્રતે કૃષ્ણના મંદિરમાં જઈને પ્રાર્થના કરી. હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ જીવતીના ભાગ્યમાં સંતાન સુખ નથી. પ્રાર્થના સાંભળી, પ્રભુ કહે : કંભરા મહાલક્ષ્મીના આશિર્વાદથી પુત્ર થશે. મથુરાના ગોકર્ણેશ્વર તીર્થથી પુત્ર લાભ ફળ થશે. સ્નાન કરી દીપમાળા પુરજે. તેથી તને પુત્ર થશે. જીવતીએ તેના પતિ પાસે જઈ આ વાત કરી. પતિ-પત્ની ચૈત્રી દશમે યમુનામાં સ્નાન કરી ગોકર્ણેશ્વર શંકરને નમન કરી, સવારમાં સ્નાન કરી પૂજા કરી.

શંકર પ્રસન્ન થઈને કહે : તમારે રૂપ ગુણવાળો પુત્ર થશે. પછી બ્રાહ્મણોને ભોજન કરાવી દક્ષિણા આપી. મથુરા મંડળની યાત્રા આખી કરીને ઘેર આવ્યા. દશમે માસે જીવતીને પુત્ર થયો. દાન આપ્યા. ગોકર્ણ નામ પાડ્યું. યુવાન થયો પરણાવ્યો. ચાર પત્ની હોવા છતાં પુત્ર નહીં થવાથી ગોક્ષુર પતન ગોખરવાળા પાસે ગોકર્ણેશ્વર શંકરની સ્થાપના કરી ત્યાંની પૂજા કરતા. એકવાર સંઘ સાથે રૈવતાચળની યાત્રાએ આવ્યો. ત્યાં સ્વર્ણ નદી પાસે ગુફામાં પાંજરામાં પોપટ બોલ્યો આવો ભૂદેવો. ફળો જમો, જે અતિથિનું સન્માન કરે છે, તેના પિતૃઓ સ્વર્ગમાં સુખ ભોગવે છે. જે અતિથિને કાંઈ આપતો નથી. આશા ભંગ કરે છે. તેના પિતૃઓ નરકમાં જાય છે. આવું પોપટનું નીતિવાક્ય સાંભળી, ગોકર્ણ કહે : તું પોપટરૂપે દેવ છો કે ઋષિ ? પોપટ કહે : પૂર્વે હું વામદેવનો શિષ્ય શુકોદર હતો. વારંવાર ગુરુને પ્રશ્ન કરતો, તર્ક કરતો, તેથી ગુરુ ક્રોધથી કહે, જા પોપટ થા. પછી મને કહ્યું, મથુરામાં તારું મરણ થશે અને ધામમાં જઈશ. ગોકર્ણ કહે : રૈવતાચળ સમાન કોઈ તીર્થ નથી તો આ સ્થાન તજીને મથુરા શું કામ જવું તે કહે. પોપટ કહે : ત્યાં મરણ થવાથી મુક્તિ થાય છે. ત્યાં બ્રહ્મસુરી ઋષિ આવ્યા. ગોકર્ણે પોપટને પુત્રની જેમ માગ્યો, ઋષિએ આપ્યો. ગોકર્ણ

પોપટને લઈને ગોક્ષુર પતન આવ્યો. પોપટને ત્યાં વાડીમાં રાખ્યો. એકવાર ગોકર્ણ પત્નીઓ સાથે કચ્છ નારાયણસરોવર ગયાં. ત્યાં દિવ્ય દેવીઓ જોઈ.

દેવીઓએ પોપટને પૂછ્યું ક્યાંથી આવો છો ? પોપટ કહે : મારા સ્વામી રત્નો માટે આવ્યા છે. તમને જાણ હોય તો કહો. તે દેવીઓ કહે : દુઃખ તેને કહેવું, જે દુઃખનો નષ્ટ કરે. મનુષ્યોને મોક્ષ આપનારી કુંકુમવાપી છે. અશ્વપટ સરોવર છે. ગુજરાતના રાજા ધર્મવીરે કાર્તિકમાં રૈવતાચળની યાત્રા કરીને કુંકુમવાપી યાત્રા કરી અશ્વપટ સરોવરમાં સ્નાન કરીને, બ્રહ્મભોજન કરાવ્યું. કંભરા ગોપાલનું પૂજન કર્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું દર્શન કરી મંદિરના બગીચામાં વાસ કર્યો. તે રાજાના સેવકોએ વૃક્ષવેલીનો નાશ કર્યો. તે સર્વે અમે વનદેવીઓ છીએ એમ કહીને રોવા લાગી. પોપટે દેવીઓને સાંત્વના આપી કહ્યું મારા સ્વામી સર્વને સજીવન કરશે. ગોકર્ણે તે વૃતાંત જાણ્યું. વૃક્ષવેલી, ફળફૂલ, સર્વે ધામના પાર્ષદ-પાર્ષદાણીઓ છે ગોલોકના ગોપ-ગોપીઓ, વૈકુંઠના ભક્તો-ભક્તાણીઓ, સર્વે કુંકુમવાપી ક્ષેત્રમાં અશ્વપટ સરોવરમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવામાં રહેલા છે. આવું જાણીને ગોકર્ણ, અશ્વપટ સરોવર, કુંકુમવાપી આવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું મંદિર નવું કરાવી, બગીચાઓ સજીવન કરાવી, વૃક્ષવેલી, ફળફૂલ, સજીવન નવા કરી, અશ્વપટ સરોવર ઘાટ બંધાવીને પોતાના નામથી ગોકર્ણેશ્વર મહાદેવની સ્થાપના કરીને પોતાને ગામ ગોક્ષુર વતન ગયો. આ અધ્યાય જે વાંચશે, સાંભળશે તેને ધનવાન પુત્રવાન થશે. આ તીર્થયાત્રા જે કરશે તે મોક્ષમાં જશે.

અધ્યાય - ૩૫૧

❖ કેવા પાપથી પ્રેત થાય ? - પ્રેતનો ઉદ્ધાર કઈ રીતે થાય ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગોક્ષુરમાં વાસ કરતા ગોકર્ણને પોપટે ફરી સંભાર્યું કે, મને મથુરામાં લઈ જાવ. ગોકર્ણ કુટુંબને, પોપટને લઈ મથુરા યાત્રા કરવા ગયો. ત્યાં બ્રહ્મભોજન કરાવ્યું, ત્યાં પોપટ દેહ મૂકી સ્વર્ગમાં ગયો. ગોકર્ણે ત્યાં શુકેશ્વર મહાદેવ પધરાવ્યા. ઘેર આવતા રસ્તામાં પુષ્કર તીર્થના દર્શન કર્યાં. ત્યાં પાંચ પ્રેત જોયા. પૂછ્યું તમે કોણ છો ? પ્રેત કહે : અમે પક્ષપાત કરનારા, બીજાને નહીં આપીને એકલા ખાનારા, ભીક્ષાનું અન્ન જમનારા, બીજાને દાન આપતા નહીં, આપતા હોય તેને ના પાડતા, ખોટા લેખ લખતા તેથી પ્રેત થયા છીએ. મદ્ય, માંસના ખાનારા, દેવ, બ્રાહ્મણ, ગુરુનું દ્રવ્ય હરનારા પ્રેત થાય છે. અનેક પ્રકારની વાસનાવાળા પ્રેત થાય છે. ગાય, વિપ્ર, સ્ત્રી, બાળકની હત્યા કરનારા પ્રેત થાય છે. કન્યા વિક્રય કરનારા, ગુરુના દ્વેષી, નાસ્તિક, મલીન આહાર કરનારા પ્રેત થાય છે. તેથી દ્વેષ ન કરવો. પુણ્ય કરવું. પુણ્યશાળી મનુષ્યો સાથે મૈત્રી કરવી. દુઃખી ઉપર દયા કરવી. બીજાને સુખી જોઈને આનંદ પામવો. પાપીઓ પાસે વાસ ન કરવો.

ચાંદ્રાયણાદિ વ્રતો કરનારા, દેવનું પૂજન કરનારા, સાધુ-વિપ્રનું પૂજન કરનારા, શ્રદ્ધાથી અન્ન જળવસ્ત્રનું દાન કરનારા, શ્રાદ્ધ કરનારા, પરોપકાર કરનારા, પ્રેત થતા નથી. માતા-પિતા, ગુરુ, વડીલો, વૃદ્ધ, પતિ, પત્ની, ગાય, અનાથ, અતિથિની સેવા કરી આશિર્વાદ મેળવનારા પ્રેત થતા નથી. મથુરામાં, યમુનામાં, ભાદરવા સુદ બારસે સ્નાન કરી વામન પૂજન કરી, સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવી, વસ્ત્ર, જોડા, છત્ર વગેરે દાન આપવાથી પ્રેતનો ઉદ્ધાર થાય છે. તે ગોકર્ણે એક દિવસનું સ્નાન પૂજનનું ફળ પ્રેતોને આપવાથી તેનો ઉદ્ધાર થયો અને સ્વર્ગમાં ગયા.

અધ્યાય - ૩૫૨

❖ કૃષ્ણગંગાતીર્થમાં સ્નાન કરવાથી વસુ અને તિલોત્તમા નિષ્પાપ થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સત્યુગમાં વ્યાસ ભગવાન યમુનામાં સ્નાન કરી શિષ્યોને વેદો ભણાવતા હતા. ત્યાં કૃષ્ણગંગાતીર્થ થયેલું છે. પાંચાલનો વિપ્ર વસુ દુકાળથી પીડાઈને વન પરત આવ્યો. ત્યાં નદી કાંઠે વાસ કરતો. તેને પુત્ર-પુત્રી બે સંતાન થયા. કન્યા બ્રાહ્મણને આપી તે બ્રાહ્મણ યુવાન અવસ્થામાં જ રોગથી પીડાઈને મરી ગયો. તેની સ્ત્રી પતિના અસ્થિ લઈને મથુરા આવી યમુનામાં બ્રાહ્મણના હાથે વહાવ્યા. પતિની સદ્‌ગતિ કરી અને તે તિલોતમાંએ ત્યાં મથુરામાં વાસ કર્યો ત્યાં કાન્ય કુબ્જના રાજાએ મથુરા આવી સદાવ્રત ખોલ્યું. સાથે નૃત્ય ગાયન કરનારા હતા. તેના પ્રસંગમાં તિલોતમાં બ્રાહ્મણી આવી. રાજાથી ભ્રષ્ટ થઈ. પાંચાલમાં રહેલો તેનો ભાઈ વેપાર માટે મથુરા આવ્યો. યમુનામાં સ્નાન કરી જતો ત્યાં તેની બહેન મળી પણ તિલોતમાને ઓળખી ન શક્યો, અને તેની બહેનમાં મોહ પામીને તેને ઘેરે જતો, આવતો અને ગામમાં વેપાર કરતો. ત્યાં યમુના કાંઠે રહેતા સુમંતુ ઋષિએ એકવાર સ્નાન કરતા બ્રાહ્મણના શરીરમાંથી જંતુ નીકળતા જોઈને કહ્યું. આ તીર્થમાં સ્નાન કરવાથી સર્વે પાપ બળી જાય છે. તારા શરીરમાંથી જંતુ સ્નાન કરવા ટાણે નીકળે છે, તેથી તારાથી કંઈક ગુપ્ત પાપ થાય છે.

બ્રાહ્મણ કહે : હું અહીં ત્રિગતેશ્વરમાં સ્નાન કરીને એક સ્ત્રીમાં મોહ પામ્યો છું, ત્યાં જાઉં છું. પછી બ્રાહ્મણે તે સ્ત્રી બ્રાહ્મણી, તિલોતમાં પાસે જઈને પૂછ્યું તું કોણ છો ? ક્યાંથી આવી છો ? તિલોતમાએ પોતાનું સર્વે વૃતાંત કહ્યું. પછી તિલોતમાંએ બ્રાહ્મણને પૂછ્યું તમે કોણ છો ? બ્રાહ્મણે પણ પોતાને દેશ ગામ વગેરે કહ્યા. ભાઈ-બહેન જાણીને પરસ્પર અતિ શોક થયો. માતા, ગુરુપત્ની, બહેન, પુત્રી અને પુત્રવધૂ એટલા સાથે ગમન કરે તો અગ્નિ પ્રવેશ કરે ત્યારે શુદ્ધિ થાય. બ્રાહ્મણ સુમંતુ ઋષિ પાસે આવી કહે : આ પાપની શુદ્ધિ માટે મારે અગ્નિ પ્રવેશ કરવો પડશે એમ કહીને ચિતા ખડકી ભાઈ-બહેન બંને અગ્નિ પ્રવેશ કરવા ગયાં ત્યાં આકાશવાણી થઈ. ભગવાનના ચરણથી સ્પર્શવાળી આ ભૂમિ અને યમુનામાં

રહેલા કૃષ્ણગંગાતીર્થમાં સ્નાન કરવાથી મનુષ્ય નિષ્પાપ થાય છે. સર્વે જગ્યાએ કરેલું પાપ તીર્થમાં નાશ પામે છે. તીર્થમાં કરેલું પાપ વજ્ર લેપ થાય છે. તે વજ્ર લેપ પાપ ગંગાસાગર સંગમમાં તથા ગોમતીસાગર સંગમમાં તથા યમુના પંચકતીર્થમાં સ્નાન કરવાથી નાશ થાય છે. મથુરામાં જાણતા-અજાણતા, યમુનામાં કૃષ્ણગંગાતીર્થમાં સ્નાન કરવાથી સર્વે દુષ્કૃત નાશ થાય છે. પછી તે પાંચાલનો બ્રાહ્મણ તથા બહેન તિલોતમાં સુમંતુ ઋષિ પાસે જઈ કહે : અમે શું પ્રાયશ્ચિત કરીયે. સુમંતુ ઋષિ કહે : આકાશવાણી કોઈ દિવસ ખોટી ન હોય. મેં પણ તું તીર્થમાં સ્નાન કરતો ત્યારે તારા શરીરમાંથી પાપરૂપી જંતુ નીકળતા જોયા છે. તેથી તું નિષ્પાપ છો. હવે તમે બંને ભાઈ-બહેન અહીં વાસ કરી નિત્ય યમુનામાં ત્રિગર્તેશ્વર પંચતીર્થ વિશ્રામઘાટ કૃષ્ણગંગાતીર્થ વગેરે તિર્થોમાં સ્નાન કરી જપ કરો એટલે સર્વે પાપથી રહિત થઈને બ્રહ્મલોકને પામશો. પછી ભાઈ-બહેન બંને ત્યાં રહી શ્રીકૃષ્ણની ભક્તિ કરી અંતે ગોલોકમાં ગયા.

અધ્યાય - ૩૫૩

❖ યમુનામાં સૂર્ય આરાધનાથી સાંબની કોઢના રોગથી મુક્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દ્વારકામાં પત્નીઓ સાથે વાસ કરતા શ્રીકૃષ્ણ પાસે નારદજી આવ્યા. શ્રીકૃષ્ણે સ્વાગત કર્યું. નારદજી કહે, એક રહસ્યની વાત કરવી છે. મેં સ્વર્ગમાં સાંભળ્યું. સાંબ અતિ રૂપાળો યુવાન છે. તેને જોઈને શ્રીકૃષ્ણની હજારો પત્નીઓ મોહ પામે છે. આ વાત સ્વર્ગમાં થાય છે. માટે યશ-કીર્તિ તે સ્વર્ગ છે અને અપકીર્તિ તે નરક છે. તેથી સાંબને અને તમારી પત્નીઓને સભામાં બોલાવો. નારદનું વચન સાંભળી શ્રીકૃષ્ણે પત્નીઓને બોલાવી તથા સાંબને બોલાવી પાસે બેસાડ્યો. સર્વે પત્નીઓ રૂપવાળા સાંબને જોઈને ક્ષોભ પામી. નારદ શ્રીકૃષ્ણને નમસ્કાર કરી ચાલ્યા ગયા. શ્રીકૃષ્ણ અવળુ મુખ કરી ગયા. વિચારવા લાગ્યા. સારા રૂપવાળા યુવાનને જોઈને નારીનું ચિત્ત આકર્ષાય છે. એક ચક્રથી રથ ચાલતો નથી નર વિના નારીને રસ નથી, નારી વિના નરને રસ નથી. સર્વે પત્નીઓ સાંબને જોઈને મોહ પામી. તેથી શ્રીકૃષ્ણે સાંબને કહ્યું, તારે પ્રાયશ્ચિત કરવું પડે એમ કહીને સાંબને શાપ આપ્યો જા વિરૂપ થા. સાંબ કોઢવાળો કુરૂપ થયો.

સાંબને જોઈને નારદ કહે : તારે રોજ સવારે સૂર્યદર્શન કરવું. તે સૂર્યનારાયણ તારો રોગ નાશ કરશે અને મથુરા જઈને કૃષ્ણગંગાતીર્થમાં સ્નાન કરી છ માસ સુધી સવારે અને બપોરે સૂર્ય આરાધના કરજે. સાંબ શ્રીકૃષ્ણની આજ્ઞાથી મથુરા જઈ યમુનામાં ષટ્‌સૂર્યની આરાધના કરતો. એવા સમયમાં સૂર્ય પ્રસન્ન થઈને સાંબને શરીરે સ્પર્શ કરી કોઢનો રોગ નાશ કર્યો. સાંબ સૂર્ય જેવો શોભવા લાગ્યો. નાના મોટા પાપો જાણતા-અજાણતા થતા પાપો સર્વે તિર્થો કરવાથી ધોવાય છે. દેવના અપરાધો ન કરવા. દેવના મંદિરમાં જોડા પહેરી ન

જવું. દેવને અંધારામાં ન જગાડવા. મંદિરમાં ગ્રામ્યવાર્તા ન કરવી. મધ, માંસ ન ખાવા પીવા. આ સર્વે શરીરથી થતા અપરાધો કહ્યા તથા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, તૃષ્ણા વગેરે મનના દોષ છે. તથા માતા-પિતા, ગુરુજનો, સાધુ, વિપ્ર, દેવ, તીર્થ, સાધ્વી, પતિવ્રતા વગેરેની નિંદા કરવી, તે વાણીના દોષ છે. તે સર્વે દોષની નિવૃત્તિ તીર્થસ્નાનથી, તીર્થયાત્રાથી, પંચગવ્યથી, ઉપવાસથી, ચાંદ્રાયણથી, બ્રહ્મકુર્ચ વ્રતથી, તપથી થાય છે.

અધ્યાય - ૩૫૪

❖ યમુનાના ધ્રુવતીર્થમાં ચંદ્રસેન અને પ્રભાવતી દ્વારા પિતૃશ્રાદ્ધ - મુક્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મથુરાનો રાજા ચંદ્રસેન તેને રાણી ચંદ્રપ્રભા હતી. સો દાસીઓમાં એક પ્રભાવતી હતી. પ્રભાવતીના પિતૃઓ પોતાના દોષથી નરકે ગયા હતાં. પ્રભાવતી કોઈ દિવસ પિતૃતર્પણ, શ્રાદ્ધ દાન કરતી નહીં. તેના પિતૃઓ મચ્છર જેવા જીણાં થઈને યમુના કાંઠે ફરતા હતા. તેને ત્રિકાલજ્ઞ ઋષિએ જોયા. તે ઋષિ સર્વે પિતૃઓને જળની અંજલિઓ આપતા. પિતૃઓ તૃપ્ત થતા. તે ત્રિકાલજ્ઞ ઋષિ એકાંતરા દૂધ પિતા. એક દિવસ દશેય દિશામાંથી લાખો પિતૃઓ આવી યમુનામાં ધ્રુવતીર્થમાં પાણી પીને પુત્રોએ કુટુંબોએ આપેલા પિંડદાન ગ્રહણ કરીને સ્વર્ગમાં જતા હતા. ઋષિ પોતાના તપોબળથી સર્વે જોઈને આશ્ચર્ય પામતા હતા. સર્વે પિતૃઓ ગયા પછી ઋષિએ એક પિતૃને દુબળો, પાતળો, ભૂખ્યો, તરસ્યો, બગાસા ખાતો જોયો. ઋષિએ પૂછ્યું તું કોણ છો. સર્વે પિતૃઓ ચાલ્યા ગયા. તારું કોઈ સ્થાન નથી. તું જા, પછી મારા જપ, તપ વગેરે નિત્યવિધિ થશે. અથવા તું કહે : તો તારું હિત કરું.

દુબળો પિતૃ કહે : આજે આ યમુનાના ધ્રુવતીર્થમાં શ્રાદ્ધ કરનારાઓએ જલાંજલિ, તિલોદક, અન્ન, વસ્ત્ર, ફળ, ફૂલ, શય્યા, જોડાં, છત્ર વગેરે અનેક દાન આપ્યા. તે પિતૃઓને લાખગણા તૃપ્તિ આપનારા થાય છે. તૃપ્તિ પામેલા પિતૃઓ, વંશજોને આશિર્વાદ આપે છે. તમારી સંતતિનું રક્ષણ થાવ, તમારી ઈચ્છા પૂર્ણ થાવ. તમે પારંગતી પ્રાપ્ત કરો. હે મુનિ પૂર્વ પાપ કર્મથી હું નરકમાં ગયો અને હવે રખડું છું, દર વર્ષે અહીં આવું છું. પણ મારા વંશમાં નાસ્તિક, કોઈ મને શ્રાદ્ધ તર્પણ કરતા નથી. સો વર્ષ થયા પણ કોઈએ મને પાણી પાયું નથી. તેથી હું દુબળો છું. ઋષિ દયાથી કહે : તું બેસ, હું આવું છું. તને તૃપ્તિ પમાડ્યા વિના હું દૂધ નહીં પીઉં. ઋષિએ પૂછ્યું તારા વંશમાં કોણ છે. પિતૃ કહે : અહીં ચંદ્રસેન રાજાની દાસી પ્રભાવતી છે, તે મારા વંશની છે. ઋષિ ચંદ્રસેન રાજા પાસે ગયા. રાજા પગે લાગ્યો. આવવાનું કારણ પૂછ્યું. ઋષિ કહે : તમારી દાસી પ્રભાવતીને બોલાવો, રાજાએ દાસીને બોલાવી. ઋષિએ એ કહ્યું, પિતૃ શ્રાદ્ધ, તર્પણ નથી કરતી.

પ્રભાવતી કહે : પિતૃ કોણ છે ? હું જાણતી નથી, ઓળખતી નથી. મેં કોઈ દિવસ પિતૃને પાણી પાયું નથી, ક્રિયા કર્મ જાણતી નથી. ઋષિ કહે : સર્વે મારી સાથે ચાલો. રાજા-રાણી, દાસી, સર્વે સાથે યમુના ધ્રુવતીર્થમાં આવ્યા. ઋષિએ પોતાના તપોબળથી લુખા-સૂકા પિતૃને બતાવ્યો. પિતૃને કહ્યું આ તારા વંશના પુત્ર સાથે અહીં આવ્યા છે. તેને તારી ઇચ્છા હોય તે કહે, પિતૃ પોતાના વંશને કહે : અહીં ધ્રુવતીર્થમાં સ્નાન કરી, મને પાણી પા. મને તર્પણ કરો પછી શ્રાદ્ધ, પિંડદાન કરો, પછી યથાશક્તિ દાન કરો. જેથી હું તૃપ્તિ પામું અને તમે સુખી રહો. પિતૃને સાંભળીને રાણી, દાસી પાસે તથા તેના પુત્ર સાથે પિતૃનું શ્રદ્ધ, તર્પણ, પિંડદાન વગેરે કરી મિષ્ટાન્ન, દૂધપાક, બ્રાહ્મણોને જમાડી, દાન આપ્યા. તેથી તે પિતૃ તૃપ્તિ પામી બોલ્યા. તમારી વંશવૃદ્ધિ થાવ, સદા સુખી થાવ. એમ આશિર્વાદ આપી સ્વર્ગમાં ગયો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ મથુરાના ધ્રુવતીર્થનો મહિમા કહ્યો, ત્યાં ભાદરવામાં કોઈ પિતૃ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓ સ્વર્ગમાં જશે અને તેના વંશજ સુખી રહેશે.

અધ્યાય - ૩૫૫

❖ નિમી રાજા દ્વારા પુત્ર શ્રીમાનનું શ્રાદ્ધ ❖ શ્રાદ્ધ ક્યારથી શરૂ થયા ? ❖

શ્રીનારાયણને લક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ, તમારા મુખેથી મથુરાનો મહિમા વિસ્તારથી સાંભળ્યો તથા શ્રાદ્ધ અને શ્રાદ્ધનું ફળ તે કથા સાંભળી. હવે શ્રાદ્ધ ક્યાંથી શરૂ થાય તે કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી સાંભળો. મારા નાભિ કમળમાંથી બ્રહ્મા થયા. તેણે દેવ, દાનવો, માનવો, ઋષિ -મુનિઓ, બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર, પશુ, પક્ષી, જીવ-જંતુ, વૃક્ષ-વેલી, સ્થાવર જંગમ સર્વે સૃષ્ટિ કરી. બ્રહ્માના નેત્રમાંથી માનસપુત્ર નિમી રાજા થયો. નિમિનો માનસપુત્ર શ્રીમાન થયો. જન્મ સાથે યુવાન, વેદનો જાણકાર, શ્રીહરિમાં પ્રીતિવાળો, શ્રીહરિનું ધ્યાન કરી તપમાં બેસી ગયો. પંચાગ્નિ તપ તો એક પગે ઊભા રહી, હાથ ઊંચા રાખી, પાંદડા, પાણી અને વાયુ ભક્ષણ કરતો. શિયાળામાં પાણીમાં બેસતો એ રીતે દશ હજાર વર્ષ તપ કર્યું. ત્યાં તેનું મરણ થયું. નિમી રાજાને શોક થયો. માઘ સુદ બારસે વિચાર કર્યો. પુત્ર માટે શું કરું ?

ત્યાં પુત્ર સ્વર્ગમાંથી દિવ્ય દેહે આવીને કહે : જળ, અન્ન, મિષ્ટાન્ન, વસ્ત્ર, આભુષણો, વાહનો આપો, ફળ-ફૂલ, કંદમૂળ, શાકભાજી સર્વે મને આપો, એમ કહી સ્વર્ગની ગંગાને કાંઠે બેઠો. નીમિ રાજાએ સાત ઋષિને બોલાવી સ્નાન કરી, પ્રદક્ષિણા કરી, સર્વે ઋષિને અન્ન, શાકભાજી, ફળફૂલ આપી પૂજા કરી. જમણા હાથે આગળ દાભડો રાખીને પુત્રનું નામ લઈને પિંડદાન કર્યું. પછી પુત્રને દૂધપાક આપ્યો. તે પીધો. પછી સાત ઋષિ માં પ્રવેશ કરીને જમ્યો પછી બોલ્યો તૃપ્તિ પામ્યો, અતિ તૃપ્તિ પામ્યો અને સર્વે વસ્તુ લઈને સ્વર્ગમાં ગયો. પછી નીમી રાજાને દુ:ખ થયું. અરે પુત્ર વિનાનું મારું જીવન વ્યર્થ છે. પુત્ર

હોય તો સ્વર્ગ સમાન સુખ થાય. પુત્ર હોય તો પિતામહ કહેવાય છે. પુત્રને લઈને પિતા આનંદ કરે છે. ત્યાં નારદજી આવ્યા. રાજાએ પૂજા સત્કાર કર્યો. નારદજી કહે : રાજા શોકનો ત્યાગ કરો. આ શરીર અનિત્ય છે. નાશવંત છે. તેનો જ્ઞાની પુરુષ શોક કરતા નથી. મરવાનું હતું. નષ્ટ થયું, જવાનું હતું તે ચાલ્યું ગયું. તેમાં બુદ્ધિશાળી હર્ષ શોક કરતો નથી. મૃત્યુલોકમાં હું કોઈને અમર જોતો નથી. સત્યલોકથી પાતાળ પર્યંત તું હું અને સર્વે પણ જવાના છીએ.

નારદનો ઉપદેશ સાંભળી નિમી રાજા કહે : તમે કહ્યું તે સાચું. ગયો તે પાછો આવતો નથી. પણ મેં શબની પાછળ પુત્રને ઉદેશીને તર્પણ કર્યું તે પૂર્વે કોઈએ કર્યું નથી. નારદ કહે : તું પિતા પાસે જા નિમી બ્રહ્મા પાસે આવ્યો. ત્યાં પુત્ર શ્રીમાન સામો આવી કહે : પિતા તમે જે મારી પાછળ કર્યું તે પિતૃ યજ્ઞ કર્યો છે. તે પૂર્વે બ્રહ્માએ પિતૃ યજ્ઞ ધર્મ પ્રગટ કરેલો છે. તે કર્મ યજ્ઞ મારા નિમિત્તે થયો. માટે શ્રાદ્ધ, યજ્ઞ, પિતૃયજ્ઞ પૂર્વે સૃષ્ટિથી થતો આવે છે. માટે શોક, મોહ, તજી દો. તેથી મરનારની પાછળ પ્રેતકર્મ, શ્રાદ્ધકર્મ અવશ્ય કરવું. મરનાર ગમે ત્યાં હોય શ્રાદ્ધ પહોંચી જાય છે અને મોક્ષમાં હોય તો શાશ્વત તૃપ્તિ મળે છે. રાજસી, તામસી, જીવાત્માઓ હોવાથી અસદ્‌ગતિમાં ગયેલાને સદ્‌ગતિ કરવા શ્રાદ્ધ ધર્મો કહેલા છે. પુત્રની તૃષ્ણા, ધનની તૃષ્ણા, લોકમાં મોટાઈની તૃષ્ણા, સ્ત્રીની તૃષ્ણા તે પ્રવાહમાં તણાતા મરનાર પરલોકમાં પ્રેત થાય છે. તે તૃપ્તિ માટે શ્રાદ્ધ, દાન, હવન વગેરે કર્મ બ્રહ્માએ જ કરેલા છે. તેથી લોક કલ્યાણ માટે શ્રાદ્ધ, દાન, પૂજા, સત્કાર અને હવન આ પાંચ અવશ્ય કરવા. શ્રાદ્ધ મરેલાને તૃપ્તિ આપે છે. દાન જીવતાને સુખી કરે છે. મૂર્તિપૂજા જીવને સુખી રાખી કલ્યાણ કરે છે. સત્કારથી જીવ પ્રાણી સુખી રહે. હવન કરવાથી દેવો તૃપ્તિ પામે છે. મરણ પથારીએ હોય, કંઠમાં પ્રાણ હોય ત્યારે મુખમાં સુવર્ણ મૂકીને ધૂન-કિર્તન કરવા, ગાય વગેરેના દાન કરવા તથા વ્રતના દાન આપવા એટલું કરવાથી મરનારની સદ્‌ગતિ થાય છે.

અધ્યાય - ૩૫૬, ૩૫૭

❖ પવિત્ર બ્રાહ્મણ પાસે જ શ્રાદ્ધવિધિ કરાવવી ❖

❖ યમરાજાએ નચિકેતાને આત્મજ્ઞાન આપીને વરદાન આપ્યુ ❖

લક્ષ્મીજીએ પૂછયું : હે પુરષોત્તમ નારાયણ, બ્રાહ્મણો પ્રેતનું ભોજન અને દાન ગ્રહણ કરે તો બ્રાહ્મણ કયા કર્મથી મુકાય અને દાન આપનારાને કેમ તારે તે કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી સાંભળો. જે બ્રાહ્મણ મહાભાગવત ભક્ત હોય, જ્ઞાની, યોગી, તપસ્વી, વેદશાસ્ત્રનો ભણેલો હોય યમ-નિયમનું પાલન કરી ષટ્‌કર્મ કરતો હોય તેવા બ્રાહ્મણના સ્પર્શથી પ્રેત દેવ થઈ થઈને સ્વર્ગમાં જાય છે. સાધુ સ્વભાવવાળો, અગ્નિ જેવો શુદ્ધ એવો બ્રાહ્મણ તે પ્રેતનું અન્ન ખાવાથી દાન ગ્રહણ કરવાથી લોપાતો નથી. રાત્રિએ કરેલું અંધારું

સૂર્યને પરાભવ કરી શકતું નથી. સ્વાગત ન કર્યું. ત્રીજે દિવસે યમનો મુગટ પડી ગયો. ત્યારે જાણ્યું અતિથિનું સ્વાગત ન થયું. ગૃહસ્થને ત્યાં સાધુ, સાધ્વી, વિપ્ર, સતી, યતિ, બ્રહ્મચારી તે અતિથિ કહેવાય. આવે અને શક્તિ પ્રમાણે ન આપે તો અતિથિ પોતાનું પાપ મુકી ગૃહીનું પુણ્ય લઈ જાય છે. આપે તો અતિથિ પોતાનું પુણ્ય ગ્રહસ્થને આપી પાપ લઈ જાય છે. પોતાના આશ્રીત, નિરાશ્રીત, માતા-પિતા, વૃદ્ધો, પ્રેત, બાળકો, અંધજન આ સર્વે અતિથિ કહેવાય છે.

યમરાજ નચિકેતા પાસે આવી પગે લાગી કહે : ભોજન આસન ગ્રહણ કરો. નચિકેતા કહે : તમે નારાયણનું સ્વરૂપ છો તેથી મને કૃપા કરી આત્મજ્ઞાન આપો. યમરાજ કહે : સુવર્ણરત્ન, કલ્પવૃક્ષ, ચીંતામણી, મહેલ, બગીચા જે માગે તે આપું. નચીકેત કહે : તમે જે કહ્યું તે સર્વે મને મળી ગયું. પણ આત્મજ્ઞાન આપો. યમદેવ કહે : પૃથ્વીનું, સ્વર્ગનું, પાતાલનું, સત્યલોકનું રાજ્ય સર્વે સમૃદ્ધિ આપું, પણ આત્મજ્ઞાનની પ્રાર્થના ન કર. આત્મજ્ઞાન યોગીઓને પણ દુર્લભ છે. નચીકેતા કહે, તમારી કૃપાથી મને સર્વે પ્રાપ્ત થયું છે. પણ પ્રભુ મારે તો આત્મજ્ઞાન જોઈએ છે. યમરાજ કહે : આત્મા દિવ્ય દૃષ્ટિથી જોવાય છે, તેથી હું તને દિવ્ય દૃષ્ટિ આપું છું. તારા હૃદયમાં રહેલા આત્માને જો. એમ કહી યમરાજે પાણી નેત્રમાં છાંટ્યું. તેથી નચીકેતાએ આત્માને દિવ્ય, તેજસ્વી, સુક્ષ્મ, સચ્ચીદાનંદ રૂપે જોયો અને અતિ આનંદ પામ્યો. યમરાજ પણ દૃઢ આગ્રહવાળો જોઈ પ્રસન્ન થઈ કહે : જે જોઈએ તે માગ. નચીકેતા કહે : મારા પિતાનો અપરાધ ક્ષમા કરો. બીજું હું અગ્નિરૂપે શાશ્વત રહું. યમરાજ કહે, તથાસ્તુ. અને પહેલા જે આપ્યું હતું તે સર્વે આપ્યું. પછી યમપુરીના મહેલો તથા નરકમાં સ્થાનો સર્વે જોઈને પોતાના શબ પાસે આવી સજીવન થઈ પિતાને પગે લાગ્યો. એ રીતે પિતાની, ગુરુની સેવાથી સિદ્ધિ પામેલા પુત્રને જોઈને પિતા અત્યંત પ્રસન્ન થયા. તેજસ્વી નચીકેતાને જોઈને અનેક પ્રકારના તપ કરનારા તપસ્વીઓ નચીકેતાને પૂછવા લાગ્યા. તે યમપુરીમાં શું જોયું, શું સાંભળ્યું, તે સર્વે કહે. યમરાજા કેવા છે ? ચિત્રગુપ્ત કેવા છે ? તે સર્વે કહે. જેથી મનુષ્યોને આલોક અને પરલોકમાં ઉપકાર થાય.

અધ્યાય - ૩૫૮

❖ કેવા પાપથી યમપુરીની પ્રાપ્તિ ? ❖

❖ યમપુરી, યમરાજ અને યમદૂતોનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નચીકેતાએ યમપુરીમાં જે જોયું તે ઋષિ તપસ્વીઓને કહેતો હતો. ખોટું બોલનારા, જીવ હિંસા કરનારા, સ્ત્રી-બાળકોની હત્યા કરનારા, સાધુ-બ્રાહ્મણોને દુઃખ આપનારા, વિશ્વાસઘાતી, કૃતઘ્ની, પરસ્ત્રીનું હરણ કરનારા, કન્યાનો ઘાત કરનારા, ધર્મમાર્ગનો નાશ કરનારા, મદ્ય-માંસ ખાનારા, છેતરનારા, નિંદા કરનારા, માતા

પિતા ગુરુની હત્યા કરનારા, સતી સાધ્વીને દુઃખ દેનારા, માતા-પિતાનો ત્યાગ કરનારા, ગુરુનો દેવનો દ્વેષ કરનારા, ઘર-ખેતર, વાડી લઈ લેનારા, માર્ગને પુલને તોડનારા, નાસ્તિકો, નિર્દય, અપવિત્ર, વ્રતભંગ કરનારા, સર્વભક્ષી, ગોત્ર-અગોત્રને નહી જાણનારા, કુટુંબ કલેશ કરનારા, મિથ્યાદોષ કલંક આપનારા, દેવાલય, સદાવ્રત ભાંગનારા, વૃક્ષ ભાંગનારા, કપટથી શાસન કરનારા, તીર્થને નિંદનારા વગેરે અનેક પ્રકારના પાપો કરનારા યમપુરીમાં જતા હતા. યમરાજને દરવાજે ચિત્રગુપ્ત બેઠો હતો. તે સર્વેના કરેલા કર્મ યમરાજને સંભળાવતો હતો.

યમરાજાનું શહેર એક હજાર યોજનનું હતું. સો યોજનમાં રહેલા મહેલોમાં તેના અધિકારીઓ રહેતા. સર્વે સિદ્ધિથી ભરપુર હતા. સર્વે સુખથી ભરપુર હતા. પુણ્યવાળાને તો વૈકુંઠની સમાન દેખાતું હતું. પુણ્યવાળા, ધર્મવાળાને તે દરવાજામાં થઈને જવાનું હતું. બીજો દરવાજો લોઢાનો ભયંકર તપેલો હતો. તેમાંથી પાપીઓને લઈ જવાતા જોયા. ત્રીજો દરવાજો અગ્નિવાળો બાળનારા તેમાંથી દુષ્ટ કાર્યો કરનારાને લઈ જવાતા હતા. યમરાજની સભામાં ધર્મી, તપસ્વી, સત્યવાદી જીતેન્દ્રિય એવાથી શોભતી હતી. તે જ સભા ન્યાય આપનારી હતી. તે સભામાં મનુરાજા, વ્યાસ, આપસ્તંબ, શુક્રાચાર્ય, બૃહસ્પતિ, ગૌતમ, શંખ, લિખિત, પત્નીવ્રત, પુલહ વગેરે ધર્માચાર્યો યમરાજની સાથે દરેક ક્રિયા વિચારતા હતા. તેની બાજુમાં બેઠેલા ઋષિઓ વેદ-વેદાંતના પારને પામેલા સત્યધર્મને જાણનારા ધર્મરાજાની આગળ કથા કરતા હતા. તેની બાજુમાં કાળા મોટા દાંતવાળા ભયંકર યમરાજનું સ્વરૂપ શિક્ષાને માટે ધારણ કરી નિર્ણયોને સાંભળીને પાપીઓને દંડ દેવાને માટે કરોડો દૂતોને આજ્ઞા આપતા હતા તથા યમદૂતો એક, બે, ત્રણ હાથવાળા એક, બે, ત્રણ પગવાળા હિંસક પશુ જેવા મોઢાવાળા, ભયંકર, વિકરાળ આયુધોવાળા દૂતો પાપીઓને દંડ આપતા તેથી કોલાહલ ભયંકર થતો હતો. અનેક પ્રકારના શરીરોને ધારણ કરનારા યમદૂતો સિદ્ધિવાળા દેખાતા હતા. સર્વે શક્તિવાળા, સર્વે પ્રકારનો દંડ આપનારા, કોઈથી પરાભવ ન પામે તેવા, તેનું વર્ણન ન થઈ શકે તેટલા તેવા હતા. કેટલાક નદી, પર્વતરૂપે રહેલા, કેટલાક ઈચ્છારૂપ ધારણ કરનારા, કેટલાક બ્રહ્માંડ જેવડા, કેટલાક અગ્નિ જેવા, કેટલાક સૂર્ય જેવા, જેવાને જેવો દંડ હોય તેવા રૂપે થનારા તે યમદૂતો હતા.

નચિકેતાએ સર્વે જોઈને સૌમ્ય રૂપે રહેલા ધર્મરાજાની સ્તુતિ કરી કે, શ્રાદ્ધને ધારણ કરનારા તમને નમસ્કાર, કાળના કાળ, પ્રેતનાથ તમને નમસ્કાર. કર્મને જાણી દંડ આપનારા તમને નમઃ સૂર્યવર્ણ, કૃષ્ણવર્ણ, ધર્મમૂર્તિ તમને નમસ્કાર. ઋષિ મુનીઓ તપસ્વીઓ તમારા વિના, ધર્મ વિના, ચાલવા સમર્થ ન થાય. આવી મારી સ્તુતિ સાંભળી ધર્મરાજ પ્રસન્ન થયા. અને બોલ્યા : કહે તારું શું કાર્ય કરું ? મેં કહ્યું, પ્રભુ તમારી યમપુરી બતાવો. પાપીઓને

જે દંડ દેવાય તે બતાવો. ધર્મરાજાએ દૂતોને આજ્ઞા કરી. નચીકેતાને સર્વે દંડના સ્થાનો બતાવો તથા તેનું રક્ષણ કરજો.

અધ્યાય - ૩૫૯

❖ યમદૂતો દ્વારા પાપીઓને અનેક પ્રકારના દંડો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, યમદૂતો નચીકેતાને પાપીઓને દંડ અપાતો હતો ત્યાં લઈ ગયા. ત્યાં યમદૂતો પાપીઓને બાંધતા, બાળતા, પછાડતા વારંવાર તાડન કરતા હતા. લાકડીથી ગાત્રો ભાંગી નાખતા, કાપી નાખતા. ભાંગેલી પીઠવાળા, માથાવાળા, ભયંકર રાડો પાડતા હતા. ત્યાં કોઈ રક્ષણ કરનારો ન હતો. કેટલાકને નરકમાં નાખતા, કેટલાકને અગ્નિમાં નાખતા, કેટલાકને ઉકળતા તેલમાં નાખતા. કેટલાકને યંત્રમાં નાખીને પીલતા તેથી લોહીની ધારો થતી. વૈતરણી નદીમાં નાખતા. ત્યાં મોટી દાઢોવાળા ઝેરી પ્રાણી દંશ દેતા. ભમરીમાં પડી અતિ દુઃખ પામતા દેખાતા હતા. હજારો પવનમાં સુકાતા, વમન કરતા, મૂર્છા પામતા હતા. ત્યાં કોઈ રક્ષણ કરનારો ન હતો. કેટલાક યમદૂતો શાલ્મલી વનમાં તલવારથી, લોઢાના કાંટાથી, પાપીઓને તાડન કરતા હતા. કેટલાક યમદૂતો પાપીના માંસ ખાતા, લોહી ચૂસી ફેંકી દેતા હતા. પાપીઓ ફરિયાદી હોય તેવા થઈ જતા, કેટલાક પથ્થરના વરસાદથી, ધૂળ-વંટોળથી દુઃખી થતા, અગ્નિમાં શેકાતા, પાણી આપો એમ રાડો પાડતા, ગરમ પાણી આપતા પીવાથી હૃદય બળી જતા, આવા અનેક પ્રકારે પાપીઓ દુઃખી થતા. અનેક પ્રકારના દુઃખો ભોગવતા જોયા.

ત્યારપછી સુખી મનુષ્યોને જોયા. તેને માટે અન્ન, મિષ્ટાન્નોના ઢગલાં, દહીં-દૂધ રસો, દૂધપાક તથા ફળોના ઢગલાં, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય, ચાર પ્રકારના ભોજનો, રસના ધરા ભરેલા, મુખવાસ વગેરે. પુણ્યશાળી તપસ્વીઓ માટે સુવર્ણના આસનો, દિવ્ય સ્ત્રીઓ પિરસનારી હતી, સેવા કરનારા હતા, ત્યાં ઉપદેશ કરનારા હતા. તથા કેટલાક દૂતો કહેતા : અરે પાપીઓ કોઈને દાન આપ્યું નથી. લોભિયાઓ કોઈને આપ્યું નથી, તો તમને કોણ આપે ? તમારા કર્મ ભોગવીને છૂટા થાવ પછી પાપ ન કરતા, પુણ્ય કરજો. જેથી સ્વર્ગની પ્રાપ્તિ થાય. પછી સારા દયાવાળા, ધર્મવાળા, ભક્તિવાળા કુટુંબમાં જન્મ ધારણ કરીને ભગવાનની ભક્તિ કરીને પરમગતિને પામશો. અથવા સક્ષમ ભાવનાથી ભક્તિ કરશો તો સ્વર્ગની પ્રાપ્તિ થશે. પછી યમદૂતો આગળ લઈ ગયા. ત્યાં પાપીઓને એટલો ત્રાસ અપાતો હતો કે જોઈ ન શકાય તો વર્ણન કેમ થાય. ત્યાંની પૃથ્વી લોઢાની અગ્નિથી તપાવેલી, લોઢાના ખીલાવાળી તેની ઉપર ચલાવતા. અગ્નિ શીલા પર પછાડતા હતા. ભયંકર કૂતરાઓથી કરડતા ભુખ્યા-તરસ્યા, પીડાતા હતા. ત્યાં અન્ન, પાણી મળતા નહીં. લોખંડની સ્ત્રીને અગ્નિથી તપાવીને નરને આલિંગન કરાવતા. અને કહેતા તે કોઈની સ્ત્રીઓ સાથે ગમન કર્યું છે. તેનું

ફળ ભોગવ તથા અનેક હિંસક પ્રાણીઓથી ભક્ષણ કરતાં. અસીતાલ વનમાં, સળગતા વનમાં બળતાં ખેંચતા હતા તથા યમદૂતો મુદગરથી મારતા તથા લોહીની નદી, તળાવ, કૂવા, વાવોમાં નાખતા. કીડા-જીવજંતુથી અપવિત્ર કુંડમાં વારંવાર ડૂબકા ખવરાવતા જોયા. અતિશય દુઃખથી દુઃખી થતાં ચારેકોર દોડતા, અરે મરી ગયા. એમ બોલતા પાપીના દુઃખનો અંત આવતો નહોતો.

દૂતોએ આઠ નરકો ભયંકર બતાવ્યા. મહાતમ્ર, શૈરવ, મહાશૈરવ, તામીસ્ર, અંધતામીસ્ર, કાલસૂત્ર, સમ્રતાલ અને તમ્ર આ આઠમા એક કરતા બીજામાં બે ગણુ, દુઃખ ત્રીજામાં ત્રણ ગણું એ રીતે આઠમાં આઠગણું દુઃખ, આગળ જતા વડલા નીચે ચૂલામાં ઊંધે માથે લટકાવી શરીરને શેકીને યમદૂતો ખાય છે. પછી ઠંડા પાણીની વાવ જોઈ, ત્યાં પાણી પીને વિશ્રાંતિ લ્યે છે. ત્યાં યમરાજાની બહેન યમુના ખાવાનું આપે છે. પછી આગળ પર્વતમાં ચલાવે છે.

અધ્યાય - ૩૬૦

❖ યમપુરીમાં પાપ પ્રમાણે દંડ ❖ કેવા પાપે જીવાત્મા કેવા જન્મને પામે ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી - યમદૂતો હાથી, સિંહના રૂપવાળા વાઘ, શિયાળ, પાડા, સર્પ અને વીંછીના જેવા રૂપને ધારણ કરીને પાપીઓને કરડી ખાતા. ચિત્રગુપ્તે આજ્ઞા કરેલા મંદેહા રાક્ષસો, ગીધ, શકરા, રીંછ, ગધેડાના રૂપને લઈને પાપીઓને દંડ આપતા યમરાજાએ આજ્ઞા આપેલા ચિત્રગુપ્તના શાસનથી દૂતો અને રાક્ષસો પાપીજીવને તપાવતા હતા. હિંસક પશુ પાસે ખવરાવતા હતા. માતા-પિતાની હત્યા કરનારાને શાલ્મલી વનમાં કાંટામાં ચલાવતા હતા. પશુ હિંસા કરનારને ઉકળતા તેલમાં નાખતા. પ્રાણીને ખાનારા તેજ પ્રાણી તેને ખાતા તથા દેવાલયને ભોગવનારાને મર્મ સ્થળે ખિલા મારતા. ચાડી કરનારા, ખોટી સાક્ષી પુરનારાને નિદંકને મોઢાંમાં, કાનમાં તપાવેલા ખીલા નાખતા હતા. અસત્ય બોલનારા, નિંદા કરનારાની જીભ કાપી નાખતા. બળાત્કાર કરનારાના લિંગ કાપી નાખતા, સુવર્ણની ચોરી કરનારને મૃદગરથી ભાંગી અગ્નિમાં નાખતા. કન્યાહરણ, ગાય વિપ્રના હત્યારાને વાઘ પાસે ખવરાવતા. દેવપૂજા રહિત, દેવ-દ્રવ્યનો નાશ કરનારાને ગરમ પાણીના ધરામાં નાખતા, અન્ન-પાણીની ચોરી કરનારાને લોઢાના ગરમ દંડથી મારતા. ગુરુનો, બાળકોનો ઘાત કરનારાને ક્ષયરોગ મૂકી ગુફામાં નાખી નાખતા. રસની ચોરી કરનારને વિષ્ટામાં નાખતા, બીજાનો ઘાત કરનારને ઊંધે માથે બાંધી નીચે તાપ કરતા.

ઝેર આપનારા, અગ્નિ લગાડનારા, વૃષણ ઉચ્છેદ કરનારા, પાંજરામાં પુરનારા ઘાત કરનારા, ઘોર નરકમાં પડીને પછી અપંગના જન્મને પામે છે. માથાના દુઃખાવાવાળા, જડ, અંધ, બેરા, કાણા, ફાંગા, કોઢવાળા, શ્વાસના રોગવાળા આવા અનેક પ્રકારના દુઃખ ભોગવે

છે. વાણીથી દોષ આપનારા, નિંદક, શઠ, નિર્દય, ઈર્ષ્યાવાળા નરકના દુઃખો ભોગવીને પશુ-પક્ષીના જન્મને પામે છે. પછી મનુષ્ય જન્મ પામી નષ્ટ ચિતવાળા, અસ્થિર મનવાળા થાય છે. ભૂતપ્રેતના અભિચારવાળા, મલિન વિદ્યાવાળા, દીન, નિર્ધન, નિરાશ્રિતને દુઃખ આપનારા, પાપીને વીંછીવાળી ઊંડી ખાઈમાં નાખતા હતા. એવાને નરકના દુઃખ ભોગવીને મનુષ્યમાં જ્યાં ભૂખ તરસનું દુઃખ હોય, રાજાનો ભય હોય, ચોરનો ભય હોય, ત્યાં જન્મો થાય છે.

અધ્યાય - ૩૬૧

❖ ચિત્રગુપ્ત દ્વારા જીવાત્માને પાપ-પુણ્ય પ્રમાણે સ્થાન ❖
❖ નરકમાં કોણ ન જાય ? - કયાં દાનથી શું પ્રાપ્ત થાય ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચિત્રગુપ્તની આજ્ઞાથી યમદૂતો નચીકેતાને અનેક નરકના સ્થાનો બતાવતા હતા અને પાપીઓને દુઃખો ભોગવાવીને સર્પના, વાઘના, કીટના, જીવ-જંતુના અનેક જન્મોમાં મોકલતા હતા. રૂદ્ર, સંકર્ષણ, ધર્મરાજ, ચિત્રગુપ્ત આજ્ઞા કરતા તે પ્રમાણે યમદૂતો પાપી જીવોને જાગ્રતમાં હોય કે નિદ્રામાં, સુષુપ્તિમાં હોય કે મૂર્છામાં આયુષ પૂર્ણ થયે લાવીને ધર્મરાજ પાસે હાજર કરતા. ચિત્રગુપ્ત કહેતા આ જીવ પુણ્યશાળી છે. આને સ્વર્ગમાં જવા દો. આ વૃક્ષવેલી થાવ. આ જીવે ગાય, બ્રાહ્મણ, સાધુ, દેશને માટે પ્રાણ આપ્યા છે. માટે આ જીવને સ્વર્ગમાં મોકલો. એક કલ્પ સુધી ત્યાં વાસ કરે. આ જીવે રત્નો, સુવર્ણના દાન આપ્યા છે. માટે આને અશ્વિનીકુમાર દેવોના લોકમાં મોકલો. આ જીવે પિતૃઓને તૃપ્તિ પમાડ્યા છે. તેને સત્યલોકમાં જવા દો. આ જીવે પૃથ્વીનું દાન કર્યું છે. તેને સ્વર્ગમાં જવા દો. આ જીવે અતિથી સત્કાર, બ્રાહ્મણ, સાધુને જમાડ્યા છે. માટે તેને વૈરાજલોકમાં જવા દો. દેવોને પૂજનારા સ્વર્ગમાં રહે ત્યાં સુધી સ્વર્ગમાં વાસ કરે તથા અન્ન, જળ, વસ્ત્ર, રસદાન કરનારાને સ્વર્ગમાં મોકલી પછી ભગવાનના ધામમાં જશે. દુધ, દહીં, ઘી, મધ, સાકર વગેરેથી શંકરને સ્નાન કરાવે, દૂધપાક વગેરે મિષ્ટાનોથી પિતૃઓને તૃપ્ત કરે તે અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે.

નચીકેતા ઋષિઓને કહે : ચિત્રગુપ્ત આ સર્વે વર્ણન કરતા હતા. ત્યાં સભામાં નારદજી આવ્યા. યમરાજે પૂજા કરી, આસને બેસાડ્યા. નારદજીએ પૂછ્યું : આ જીવ અમરપણું કેમ પામે ? જપથી, તપથી, દાનથી, નિયમથી કે ઉપાસનાથી ? શાશ્વત કિર્તી સ્થાનની પ્રાપ્તિ કેમ થાય ? કયા પાપકર્મથી નરકમાં જાય છે. તે સર્વે લોકકલ્યાણ માટે કહો. યમરાજે સર્વે સાંભળતા નારદજીને કહ્યું : મનુષ્યો, ધર્મ અને પુણ્યથી સ્વર્ગને મેળવે છે. અધર્મ અને પાપથી નરકમાં જાય છે. સત્યવકતા જ્ઞાની, શૂરવીર, ભૂમિદાન કરનારા, પત્નીવ્રત કપટથી રહિત સ્વામીભકતો, અહિંસક બ્રહ્મચર્યનું પાલન કરનારા, દાન કરનારા, પિતૃભકતો, સાધુ-

ભક્તો સર્વે ભૂત પ્રાણી માત્રમાં દયાવાળા આવા જીવાત્માઓ ક્યારે પણ નરકમાં જતા નથી. વૈરાગ્યવાળા, સેવા કરનારા, અન્નજળથી સદાવ્રત ચલાવનારા, યજ્ઞ કરનારા, ચાતુર્માસમાં વ્રતો કરનારા, તલ, ગાય, સોનુ, પૃથ્વીનું દાન કરનારા, કાર્તિકવ્રત કરનારા, ગુરુની આજ્ઞામાં રહેનારા, મૌનવ્રતવાળા, શાસ્ત્રના અભ્યાસવાળા, આત્મનિષ્ઠાવાળા, સર્વે ઈચ્છાએથી નિવૃત્ત થયેલા જીતેન્દ્રીય આવા જીવાત્માઓ ક્યારે પણ નરકમાં જતાં નથી અને અમરપણું પ્રાપ્ત કરે છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિથી અમરપદ પ્રાપ્ત કરે છે.

જ્ઞાનથી, અભયદાનથી, બ્રહ્મવ્રતથી, તપથી, જપથી, ઉપાસનાથી અમરપદ પ્રાપ્ત કરે છે. યશ-કિર્તી, સ્વર્ગભોગ, આયુષ્ય, જ્ઞાન, વિજ્ઞાન, આરોગ્ય, સૌભાગ્ય, ધનસંપત્તિ, પુત્ર-પુત્રી વગેરે સર્વે તપ અને વ્રતથી પ્રાપ્ત થાય છે. મૌનથી, વાણીથી, સિદ્ધિ થાય. સંતોષથી ઉત્તમ સુખ મળે. દાનથી ભોગ મળે. બ્રહ્મચર્યથી જીવન મળે. દીક્ષાથી પવિત્રપણુ, ફળફુલ ખાનારાને રાજ્ય, પાંદડા ખાનારાને સ્વર્ગ મળે, દૂધ પીનારો સ્વર્ગમાં જાય. દ્રવ્યદાન કરનારો શ્રીમંત થાય. ગુરુની સેવા કરનારા સારા સંતાનવાળા થાય. ગાયનું, રસનું દાન કરનારા, સાદડીનું આસન કરી નિંદ્રા લેનારા, તેના ઈચ્છેલા સર્વે સંકલ્પો પૂર્ણ થાય. પશુના દાનથી પશુ મળે, વાહનના દાનથી વાહન મળે, પુષ્પ, ગંધ, ફળ, વૃક્ષોના દાનથી સ્ત્રી, રત્નોવાળું ઘર મળે. ગૃહદાનથી ગૃહ મળે, શય્યાદાનથી શય્યા મળે. ઘી, તેલ, મધ, સાકરના દાનથી તેજસ્વી થાય. ફળના દાનથી પુત્ર થાય. પુષ્પદાનથી સૌભાગ્ય, છત્રદાનથી રાજ્ય મળે. રથના દાનથી વિમાન મળે. પ્રાણદાન અને અભયદાનથી સર્વે સંકલ્પ પૂર્ણ થાય છે. ધર્મરાજા કહે : હે નારદ જે વસ્તુ પદાર્થ મેળવવા હોય તેણે તે વસ્તુનું દાન કરવું. ધર્મરાજાનું આવું ધર્મદાન વૃત્તાંત સાંભળી નારદજી ધર્મરાજાને નમસ્કાર કરી સત્યલોકમાં ગયા.

અધ્યાય - ૩૬૨

❖ પતિવ્રતા રૂપવતીનું સૂર્યને વરદાન - પતિવ્રતા ધર્મનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નચીકેતાએ યમપુરીનું વર્ણન આ પ્રમાણે ઋષિઓને કહ્યું. પછી ધર્મરાજા તેજસ્વી વિમાનમાં બેઠેલા પ્રકાશ કરતા કુટુંબ સાથે સ્વર્ગમાં જતા તપસ્વીઓને જોઈને ઉદાસ થયા. મેં પૂછ્યું તમે કેમ ઉદાસ થાવ છો. ધર્મરાજા કહે : તપસ્વીઓ, સાધુઓ, સાધ્વીઓ, સતી, યોગીઓ, સ્વાધ્યાય કરનારા, અતિથી સત્કાર કરનારા તે સર્વે મારો અનાદર કરી ઉપરના લોકમાં જાય છે, તેઓ કહે છે અમે તમારે વશ નહીં થાય એમ કહી મારા મસ્તક ઉપર પગ દઈને જાય છે. તેથી મારું મુખ ઉદાસ થાય છે. ત્યાં પતિવ્રતા સાધ્વીનું વિમાન નીકળ્યું. તેણે કહ્યું : ધર્મરાજ તમે ઉદાસ ન થાઓ. સાધુ-સાધ્વી, પતિવ્રતા, બ્રાહ્મણ, બ્રહ્મચારી તપસ્વી એ સર્વે વંદનીય છે, પૂજનીય છે. સાધુ, બ્રાહ્મણ ઉપર ક્યારેય સત્તા ન વાપરવી, તેનો રાગદ્વેષ, રોષમોહ ન કરવો. એમ કહી નમસ્કાર કરી સત્યલોકમાં ગયા.

ધર્મરાજા કહે : પૂર્વે નિમીરાજાનો પુત્ર મીથી હતો તેણે મિથિલાનગરી બનાવી તેથી મિથિલાજનક નામે પ્રસિદ્ધ થયો. તેની પત્ની રૂપવતી પતિવ્રતા હતી. તેના રાજયમાં કોઈ રોગી, દરિદ્ર, દુઃખી ન હતો.

રાણીએ રાજાને કહ્યું : તમે યજ્ઞ બહુ કર્યા વિપ્રોને ભોજન કરાવી દાન આપ્યા. હવે ખજાનો ખાલી છે. કુટુંબ માટે કાંઈ નથી. રાજા કહે આપણે સો વર્ષ સુધી યજ્ઞો કર્યા દાન દીધા, રાજય ભોગવ્યું. હવે ખેતી કરશું. રાણી કહે, સર્વે નોકરોને કામે લગાવી દો. રાજા કહે : રાજયની સંપતીમાં હવે મારું કાંઈ નથી એમ કહી રાજા-રાણી જંગલમાં ખેતી કરવા ગયાં. ત્યાં તો સોનાના વૃક્ષો, ફળ-ફૂલના વૃક્ષો જોયા, ત્યાં ભોજન જોયા પણ પાણી ન દેખાયું. રાણીએ રાજાને પૂછ્યું : આ સર્વે વસ્તુ અહીં ક્યાંથી આવી ? રાજા કહે : જે વસ્તુના દાન કર્યા તે આગળ હાજર થાય છે. રાણીને તૃષા લાગી, તડકો તપ્યો. રાણીને મૂર્છા આવી. સૂર્ય સામે જોયું ત્યાં સૂર્ય અતી સમિપે શીતલ થયો અને કહ્યું : આ જલ ગ્રહણ કરો. ભોજનપાન, સુખશય્યા, પગરખાં, છત્ર સર્વે ગ્રહણ કરો. રાજા-રાણી સૂર્યને નમસ્કાર કરીને કહે : તમે કેમ આવ્યા ? સૂર્ય કહે : સતી સાધ્વી, પતિવ્રતાના તપથી હું તેજસ્વી છું. મારું રક્ષણ કરવા માટે મેં સર્વે વસ્તુ તમને આપી છે. પતિવ્રતા સ્ત્રીઓથી મને ક્યારે પણ ભય ન થાય. તેવા આશિર્વાદ આપો. રાણી કહે : તથાસ્તુ. સૂર્ય ગયા. તે પતિવ્રતાને પ્રતાપે રાજય, સંપત્તિ ફરી પ્રાપ્ત થઈ.

યમરાજ કહે : નચીકેતા, પતિવ્રતા તુલ્યે ઉપવાસ, દાન, કોઈ થતા નથી. પતિવ્રતાનું તપ સ્વતંત્રથી પતિને આધીન છે. પતિને જમાડ્યા પછી જમવું, સૂતા પછી સૂવું, જાગ્યા પહેલાં જાગવું, સેવામાં હાજર રહેવું, આજ્ઞાનું પાલન કરવું, મૌન ઠપકા સામે બોલવું નહીં. સૂર્યોદય પહેલાં ઊઠીને પતિનું દર્શન કરનારી પતિને રાજી રાખવા રાગરંગ કરનારી પતિ માટે સર્વસ્વનો ત્યાગ કરનારી પતિમાં સર્વસ્વ માનનારી પતિવ્રતા, સાધ્વી, સતી સ્ત્રી પોતાના અને પતિના મૃત્યુને જીતે છે.

અધ્યાય - ૩૬૩

❖ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનું રહસ્ય અને આત્મજ્ઞાન ઉપદેશ ❖

ધર્મરાજા કહે : બ્રહ્માએ માનવો કેવળ એક કલ્યાણ માટે જ સર્જ્યા છે. બીજા સર્વે જન્મમાં દુઃખ રહેલું છે. મનુષ્ય જન્મમાં ધર્મ, જ્ઞાન પરાયણ થઈને ભક્તિથી સ્વર્ગ અને મોક્ષ બંને મેળવી શકે છે. તપથી, દાનથી, સ્વર્ગમાં શરીર સુખ પામે છે. આત્મ ચિંતન, તૃષ્ણાનો ત્યાગ કરવાથી મોક્ષ થાય છે અને સ્વાર્થ બુદ્ધિથી કામના ક્રોધ તૃષ્ણાથી ન્યાયમાર્ગ તજી દે છે એટલે પાપમાં પ્રવૃત્તિ થાય છે. પાપને કરાવનારો બીજો કોઈ નથી પણ તૃષ્ણાથી જ પોતે પાપ કરે છે. ઈચ્છેલું ન મળે એટલે દ્વેષ કરે, ઈચ્છેલું મળે એટલે રાગ થાય. આ

રાગ અને દ્વેષ તૃષ્ણાથી થાય છે. તે અવિવેકથી આગળ દોડ્યો જાય છે. પાપથી ન કરવાના કાર્યો કરે છે. તેથી આત્માને અધોગતિમાં નાખી કરેલા કર્મો ચોરાશીમાં ભોગવે છે. આત્મા પોતે પોતાનો શત્રુ અને મિત્ર થાય છે. સારું દેખે, સારાં કાર્યો કરે તો સાધુ થાય છે અને પુણ્યનો ભાગીદાર થાય છે. સારું દેખી ન શકે, સારા કાર્યો કરી ન શકે તે દુષ્ટ થઈને નરકને ભોગવે છે તેથી શાસ્ત્રોથી કરવા યોગ્ય કર્મ અને ન કરવા યોગ્ય જાણીને કલેશને ક્ષય કરનારા, પાપને નાશ કરનારા, એવા કર્મો કરી પુણ્ય પ્રાપ્ત કરીને સ્વર્ગમાં દેવોની સાથે રહે છે અને તે શુભ કર્મોના ફળ આપનારાં અંતર્યામી પરમાત્મા છે.

શરીરથી, વાણીથી, મનથી થતા શુભ કર્મોથી તથા તપથી પૂર્વના પાપથી મુકાય છે. જે સર્વેમાં સમાન દૃષ્ટિવાળો, શાંત મનવાળો, પરોપકારી, બીજાને સુખ આપનારો તે પાપથી મુકાય છે. તત્ત્વને જાણનારો જડ-ચેતનના ગુણને જાણનારો ક્યાંય મોહ નહીં પામનારો સર્વે ઈચ્છા રહિત તે શાશ્વત પદ પામે છે. ગુણદોષને જાણનારો આત્મધ્યાન પરાયણ સર્વે પાપથી મુકાય છે. ન્યાયમાર્ગમાં રહેનારો, ધ્યાન ધારણા કરનારો, જેને કોઈ આશા નથી આત્મમાં તૃપ્ત રહેનારો તે પરમપદને પામે છે. દેવપૂજામાં ભક્તિવાળો, પિતૃ સેવા પરાયણ, ગુરુસેવા કરનારો, ઈર્ષ્યા રહિત, ઉદાર મનવાળો, સર્વ બંધનથી રહિત થાય છે. મંગળ ઉત્સવ કરનારો, સવારે ઊઠી માતા-પિતા, દેવગુરુ, બ્રાહ્મણ, સંત-સાધ્વીને નમસ્કાર કરનારો સર્વે પાપથી મુકાયને મોક્ષનો ભાગી બને છે. તથા શ્રીહરિના ભક્તો, દેવો-મુનિઓ, સતી-સાધ્વીઓ, બ્રહ્મચર્ય પરાયણ ગુરુના ચરણમાં મસ્તક મૂકી તેની આજ્ઞાપરાયણ સેવામાં રહેવું. ગુરુસંતની સેવાપરાયણ સર્વે પાપથી મુકાય છે. ગુરુની પ્રદક્ષિણા કરી ધ્યાન કરવાથી, પૂજા કરવાથી, ગુરુ હરિની સેવાથી પાપથી મુકાય છે. સો પ્રાણાયામ કરવાથી, સૂર્ય-ચંદ્રને નમન કરવાથી પાપથી મુકાય છે તથા ગાયની સેવાથી તથા પંચગવ્ય પીવાથી સર્વે પાપથી મુક્તિ થાય છે. ગાયના પૂછથી પાણી મસ્તક પર છાંટે તે સર્વે તીર્થના ફળને મેળવે છે. ગૌમૂત્રથી જે ન્હાય તે પાપથી રહિત થાય. નદીમાં કેડસમા પાણીમાં ઊભા રહી તલ સાથે સાત અંજલિ સૂર્યને આપી ત્રણ પ્રાણાયામ કરી શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરે તો આખા જીવનના પાપ નાશ પામે. તથા એકાદશી વ્રત કરી બારસના પારણા કરનાર પાપ મુક્ત થાય છે.

નારાયણના જે ભક્ત થાય તેને પાપ સ્પર્શતા નથી. વ્રતને દિવસે ઉત્સવોમાં સંક્રાંતિ વગેરે પર્વોમાં શુદ્ધ દૂધ, દહીં વગેરે સાધુ-બ્રાહ્મણને આપે તો પાપ મુક્ત થાય છે. બ્રાહ્મણનું હરનારા, બ્રાહ્મણનો ઘાત કરનારા, ગુરુદેવ મિત્રનો દ્રોહ કરનારા, સ્વામીનો દ્રોહ કરનારા, પરદ્રવ્ય હરનારા, પરસ્ત્રી પર બળાત્કાર કરનારા, અભક્ષ્ય ભક્ષણ કરનારા, સાધુ વેદ બ્રાહ્મણની નિંદા કરનારા, અસત્ય દાન લેનારા, હિંસાચોરી કરનારા, ધૂતારા, કપટી, શઠ આવા અધર્મી જીવાત્માઓ પણ જો એકાદશીનું વ્રત ભક્તિપૂર્વક કરે તો પાપ રહિત થઈ

પરમપદને પામે છે. સુદ એકાદશી ભક્તિ આપનારી છે. વદ એકાદશી મુક્તિ આપનારી છે. આખા માસમાં કરેલું પાપ એકાદશી બાળી નાખે છે. બારસના સૂર્યોદયમાં એક બે ઘડી એકાદશીનો ભાગ હોય તો તે હરિવાસર કહેવાય છે. તે દિવસે બારસના પારણા ન કરવા. હરિવાસરને દિવસે અનાજ ન ખાવું. વર્ષમાં એકવાર કે બે વાર હરિવાસર આવે છે. એકાદશીએ ઉપવાસ કરવા સમર્થ ન હોય તેણે નક્ત ભોજન એટલે સૂર્યાસ્ત પછી જમવું. અથવા દિવસે એકટાણું કરવું. અષાઢ સુદ એકાદશી દેવશયની ભાદરવા સુદ એકાદશી પરિવર્તીની જળજીલણી તથા કારતક સુદ એકાદશી પ્રબોધિની આ ત્રણ એકાદશીએ ઉપવાસ કરવાથી સર્વે પાપથી રહિત થાય છે. હજારો જન્મો સુધી પરમાત્માની આરાધના કરે ત્યારે પાપનો ક્ષય થાય છે, ત્યારે વૈષ્ણવ ભક્ત થાય છે. તે ભક્ત, મુક્ત, આખા જગતને પવિત્ર કરે છે તથા પરમપદને પામે છે. એવા ભક્તના દર્શનથી સ્પર્શથી, ચંડાલ પણ શ્રીહરિની ઈચ્છાથી ભગવદ્ ભક્ત થાય છે.

યમરાજા કહે : નચીકેતા ગમે તેવો પાપી, અધર્મી, હિંસક, સર્વભક્ષી, અપવિત્ર, અશુદ્ધ, મનુષ્ય પણ વૈષ્ણવ સાધુના પગ ધોઈને પાણી પી સ્નાન કરે, પગ ધોઈને પાણી પીએ તો તે પાપીના સર્વે પાપ બળી જાય છે. સંત પુરુષોની દૃષ્ટિથી ક્ષુદ્રો, ચાંડાલ અને સ્ત્રીઓ પવિત્ર થાય છે. સંતના સ્પર્શથી પાપ નાશ પામે છે. સંતની સેવાથી ભૌતિક સંપત્તિ અને શરીર દિવ્ય બને છે. સંતનો યોગ તે શ્રીહરિનો યોગ, વિષ્ણુના દૂતો સાધુ હોય ત્યાં યમદૂતો આવતા નથી. શ્રીહરિના પ્રત્યક્ષ યોગથી સાધુ-બ્રહ્મ નિર્ગુણ મૂર્તિ છે. સંત-પુરુષોના યોગમાં આવતી વસ્તુ પણ દિવ્ય થાય છે. યમરાજ કહે : નચીકેતા આ તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભગવાનની ભક્તિનું રહસ્ય તથા આત્મજ્ઞાન કહ્યું અને નચીકેતાની પૂજા કરી અને કહ્યું. આ જ્ઞાન સર્વેના ઉદ્ધાર માટે આપજે. નચીકેતાની વાત સર્વે ઋષિઓ, તપસ્વીઓ સાંભળીને સાધુની ચરણરજ માથે ચડાવતા હતા. કેટલાક તપસ્વીઓ સાધુના પગ ધોઈ પાણી પીતા હતા તથા હજારો ઋષિઓ, તપસ્વીઓ નચીકેતાનું આવું દિવ્ય રહસ્ય જ્ઞાન સાંભળીને બદ્રિકાશ્રમમાં જઈ નરનારાયણ ભગવાનના દર્શન કરી પગ ધોઈ પાણી પીતા હતા. નચીકેતા પણ પોતાના શિષ્યોને આત્મજ્ઞાનનો બોધ આપી સાધુધર્મનું પાલન કરાવતા હતા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નદી, તળાવ, કૂવા, વાવ, સરોવર, સમુદ્ર, સ્થાવર, જંગમ, જડ, ચૈતન્ય સર્વે તીર્થ સંતપુરુષના ચરણસ્પર્શથી પવિત્ર થયેલા છે.

અધ્યાય - ૩૬૪

❖ સાવિત્રીએ પતિવ્રતાના પ્રભાવથી બ્રહ્માને સજીવન કર્યા ❖

શ્રીલક્ષ્મીએ પૂછ્યું : હે નારાયણ, પહેલા મેં તમારા મુખેથી સાંભળ્યું હતું કે, તમારી મૂર્તિમાંથી પતિવ્રતા ધર્મ પ્રગટ થયો. તે ધર્મ વૈકુંઠમાં, ઈશ્વરોમાં, સત્યલોકમાં વૈરાજમાં

સ્વર્ગ, મૃત્યુ, પાતાલમાં સર્વે સ્થાનમાં રહ્યો. સૌ પ્રથમ કંભરા નામે મહાલક્ષ્મી થયા તમે સાક્ષાત નારાયણ ગોપાલકૃષ્ણ થયા. તેને ત્યાં પત્નીવ્રતદ્વિજ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વયં શ્રીહરિ મહારાજ સર્વે ધર્મ પ્રવર્તક થયા. તે પતિવ્રતા ધર્મ સુખ આપનારો, સ્વર્ગ આપનારો, મોક્ષ આપનારો તથા સર્વે ઈચ્છાપૂર્ણ કરનારો છે. તે પતિવ્રતા ધર્મ મનુષ્યને કેમ તારે ? સતી પતિવ્રતા સાધ્વીઓ સાધુ સેવાથી તરી જાય છે, તે સાધુ તમે છો. સતીધર્મ અને સાધુધર્મ તલવારની ધાર જેવો છે. જનક પત્નીનું સતીબળ જાણીને કામભોગ્યા નારીઓ પતિવ્રતાનું સામર્થ્ય જાણીને તેની કથા સાંભળીને તરી જશે. તેથી પતિવ્રતાના ઐશ્વર્ય ચમત્કારની કથા કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાંભળ. સ્ત્રીઓના કલ્યાણ માટે તું દયાવાળી છો તેથી જાણવાની જીજ્ઞાસા કરી. સતીઓના, કુમારીના, પરિણીતાના, બ્રહ્મચારીના, યોગિનીના, ઋષિપત્નીના, ભાગવતી સ્ત્રીના, બ્રહ્માના, દેવ-પત્નીના, કૃષ્ણ પત્નીના તથા સધવા-વિધવાઓના ચમત્કારોની કથા કહું છું સાંભળ. ગોલોકમાં રાધીકાએ પોતાના અંશરૂપે સાવિત્રી પ્રગટ કરી. બ્રહ્મા માટે ત્યારે બદ્રિકાશ્રમમાં પ્રિયવ્રત તપ કરતા હતા. ત્યાં નારદ આવ્યા.

રાજાએ પગે લાગી પૂછ્યું : સત્યુગમાં જે જોયું હોય, સાંભળ્યું હોય તે કહો. નારદ કહે, હું શ્વેતદ્વિપમાં ગયો ત્યાં આશ્ચર્ય જોયું. એક કુમારી સરોવર કાંઠે જોઈ મેં પૂછ્યું તું કોણ છો ? તે કુમારી ઉત્તર આપ્યા વિના મારી સામે જોઈ જ રહી. હું ચિંતાથી જડ જેવો થઈ ગયો. ત્યાં કુમારીના શરીરમાં દિવ્ય પુરુષ દેખાયો. તે પુરુષના હૃદયમાં બીજો પુરુષ દેખાયો. તેના હૃદયમાં ત્રીજો પુરુષ લાલ નેત્રવાળો, સૂર્યસમાન તેજસ્વી દેખાયો. તે ત્રણે પુરુષો કુમારીના શરીરમાં લીન થયા. મેં પૂછ્યું તું કોણ છો ? કુમારીએ કહ્યું, હું વેદોની માતા સાવિત્રી છું. મારા હૃદયમાં જે નારાયણ ઋગ્વેદ હતા. તે વિષ્ણુરૂપે નામમાત્રથી પાપ બાળનારા છે. તેના હૃદયમાં બીજો પુરુષ હતો તે યજુર્વેદ પિતામહ બ્રહ્મા હતા. તેના હૃદયમાં ત્રીજો પુરુષ તે શંકર હતા. હે નારદ, આ ત્રણે વેદ હતા. તેને તું ગ્રહણ કર અને વૈદીકી ગાયત્રી વૈષ્ણવી મંત્રનો જપ કર અને સર્વજ્ઞ થા. હે પુત્ર, આ વેદ સરોવરમાં સ્નાન કર આમાં સ્નાન કરવાથી અન્ય જન્મનું જ્ઞાન થશે. નારદે સ્નાન કરીને હજારો વર્ષનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ. પૂર્વે પુષ્કરમાં હું સારસ્વત વિપ્ર હતો. અત્યારે બ્રહ્માનો માનસપુત્ર છું. તે વેદમાતા સાવિત્રી મારા માતા અદૃશ્ય થયા. મેં દિવ્ય દૃષ્ટિથી સત્યલોકમાં જોયા. બ્રહ્માના ધર્મપત્ની પતિવ્રતાના પ્રભાવથી બ્રહ્માએ ભૂતોને સર્જીને પોતાના દેહનો ત્યાગ કર્યો. સાવિત્રીએ પતિવ્રતાના પ્રભાવથી બ્રહ્માને સ્પર્શથી સજીવન કર્યા. એવી રીતે ઘણીવાર દેહ છોડ્યો અને સાવિત્રીએ દેહને સજીવન કર્યો. પતિવ્રતાના પ્રભાવથી ત્રણે વેદને પોતામાં હોમી ફરીથી આપ્યા. હે લક્ષ્મી એ રીતે નારદજીએ પતિવ્રતાનો પ્રભાવ પ્રિયવ્રત રાજાને કહી નરનારાયણના દર્શન કરીને સત્યલોકમાં ગયા છે.

અધ્યાય - ૩૬૫

❖ સરમાએ પતિવ્રતાના પ્રભાવથી દૈત્યોને ભસ્મ કર્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વે દેવો ઈશ્વરોના જે વાહનો હાથી, અશ્વ, હંસ, ગરૂડ પોપટ, કામધેનુ ગાય, ઘેટાં, પાડા, સિંહ વગેરે જે છે તે ઈચ્છારૂપ ધારણ કરી દેવભાષા જાણનારા હતા તથા મોર, ઉંદર, સર્પ વગેરે પોતાના ધર્મપરાયણ રહેતા. તેમાં એક સરમા નામે ઈન્દ્રની કૂતરી સેવિકા હતી. તેનો પતિ દ્યુમેય તે ઈન્દ્રનો સેવક હતો. સરમા પતિવ્રતા હતી. દેવો પાસેથી ભોજન લાવી પતિને આપતી, પછી પોતે ગ્રહણ કરતી. એક વખત વિદ્યુત સુવિદ્યુત બે રાક્ષસો, ઈન્દ્ર સાથે યુદ્ધ કરવા આવ્યા. ઈન્દ્રાદી દેવો ભય પામી મેરુ પર્વતમાં જતા રહ્યાં. રાક્ષસો પણ તેની પાછળ ત્યાં ગયા. ઈન્દ્ર વિના સ્વર્ગમાં દેવો દુઃખી થયા. બૃહસ્પતિ કહે : ગોમેધ યજ્ઞ કરી દૂધ, ઘી વગેરે અગ્નિને ભોજન આપી બળ પ્રાપ્ત કરી વિજય મેળવો. દેવોએ કામધેનુ ગાય લાવી મેરૂપર્વતમાં યજ્ઞ કર્યો. કામધેનુ ગાયના રક્ષણ માટે ઈન્દ્રે પતિવ્રતા સરમાને સેવામાં રક્ષણમાં આપી. ગાય ચરતી હતી ત્યાં અસુરો આવ્યા. શુક્રાચાર્યે અસુરોને કહ્યું, ગાયને લઈ જાવ. એટલે યજ્ઞ અધુરો રહે. અસુરો ગાયને લઈ ગયા. સરમા તેની પાછળ ગઈ.

અસુરો કહે : તું દેવોને ન કહેતી કે ગાય દૈત્યો લઈ ગયા. અમે તને દૂધ આપીશું. એમ કહી દૂધ આપ્યું. સરમા કહે, જેનું અન્ન ખાય તેનું કામ કરવું. તેને માટે પ્રાણ આપે તો પણ કલ્યાણ થાય. હું ઈન્દ્રની દાસી, ઈન્દ્રનું ખાઈને તેનું કામ ન કરું તો નરકમાં જવું પડે. તમે દૈત્યો ગાય લઈ ગયા તે હું દેવોને કહીશ. અમે જેનું અન્ન ખાઈ તેને વફાદાર રહીએ. આ અમારો જાતી સ્વભાવ છે. અમે સ્વામીનો વિશ્વાસઘાત નથી કરતા. હું મારા પતિને દૂધ અર્પણ કર્યા વિના નહીં પીઉં. એમ કહી ત્યાંથી નીકળી. દૈત્યો તેને મારવા પાછળ ગયા. કૂતરાનું રૂપ ધારણ કરીને સરમાની પાછળ ગયા. સરમાએ દેવોને અને પોતાના પતિ શ્વાન દ્યુમેયને સંભાર્યા. ત્યાં તેનો પતિ આવ્યો. સરમા કહે, જો હું પતિવ્રતા હોઉં તો દૈત્યો અગ્નિથી બળીને ભસ્મ થઈ જાવ. હું પતિના કાર્યમાં સદા રાજી રહેતી હોઉં તો દૈત્યો અગ્નિથી બળી જાવ. જો હું પતિના સુખમાં સુખ, દુઃખમાં દુઃખ માનતી હોઉ તો દૈત્યો બળી જાવ, ત્યાં અગ્નિએ પ્રગટ થઈને સર્વે દૈત્યોને ભસ્મ કરી દીધા. સરમા પતિ સાથે ઈન્દ્ર પાસે આવી સર્વે વૃત્તાંત કહ્યું. દેવો સર્વે સરમાને લઈને ગાયને લઈ આવ્યા. શુક્રાચાર્યે સંજીવની ઔષધીથી દૈત્યોને સજીવન કર્યા. ઈન્દ્ર યજ્ઞ પુરો કરી બળ પામી દૈત્યો સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. દેવો-દૈત્યોનું યુદ્ધ થયું. દેવોની જીત થઈ. ફરી સ્વર્ગ પ્રાપ્ત કરી ઈન્દ્રાદિ દેવો સુખ પામ્યા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એ રીતે પતિવ્રતા સરમાએ પતિવ્રતાના પ્રભાવથી દૈત્યોને ભસ્મ કર્યા. અને દેવોને સુખી કર્યા.

અધ્યાય - ૩૬૬

❖ સતી સાવિત્રીના પતિવ્રતાના પ્રભાવથી સત્યવાનની રક્ષા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મહાસતી સાવિત્રીની કથા કહું સાંભળ. પૂર્વે મદ્ર દેશનો રાજા અશ્વપતિ હતો. તેની પત્ની માલતી રાણી હતી. વશિષ્ઠ ઋષિના ઉપદેશથી સાવિત્રીની ભક્તિ કરતા, સંતાનની ઈચ્છાથી રાજા-રાણીને રાજય સોંપી પુષ્કર તપ કરવા ગયો. સો વર્ષ તપ કર્યું. ત્યાં આકાશવાણી થઈ. ગાયત્રીના દશ લાખ જપ કર. ત્યાં પરાશર ઋષિ આવ્યા. રાજાએ પગે લાગી જપનો વિધિ પૂછ્યો. ઋષિ કહે : એકવાર ગાયત્રી મંત્ર જપે તો દિવસનું પાપ હરે. દશ વાર જપે તો રાત્રિ-દિવસનું પાપ નષ્ટ થાય. સો વાર જપે તો મહિનાનું પાપ નાશ પામે. હજાર જપ કરે તો વર્ષનું પાપ નષ્ટ થાય. એક લાખ જપ કરે તો જન્મના નાના-મોટા પાપ નાશ પામે. દશ લાખ જપ કરે તો ત્રણ જન્મના પાપનો નાશ થાય છે એક કરોડ જપ કરે સર્વે જન્મના પાપ નષ્ટ થાય છે. દશ કરોડ જપ કરે તો મોક્ષ થાય. એમાં સંશય નથી હાથને અંજલિ આપતા હોય એમ રાખી મુખ નીચું રાખી પૂર્વ મુખે જપ કરવો. મંત્રજપ તુલસીની માળાથી કરવો. મંદિરમાં, તીર્થમાં, દશ લાખ જપ કરવાથી હે રાજા સાક્ષાત સાવિત્રીના દર્શન થશે. સવાર, બપોર, સાંજે ત્રણ વખત સ્નાન કરી જપ કરજે. એકાદશી વ્રત નહીં કરનારો, તેની પૂજા અંગિકાર નથી. શ્રીહરિને ધર્યા વિના ખાનારો, શબનો સ્પર્શ કરી સ્નાન રહિત, શુદ્રને યજ્ઞ કરાવનારો, રજસ્વાલામાં ગમન કરનારો, મદ્ય-માંસ ખાનારો, કન્યા વિક્રય કરનારો, આટલા બ્રાહ્મણ કહેવાતા નથી.

જેઠ વદ તેરસે શુદ્ધ થઈને ચૌદશે નિરાહાર રહી ગણેશ, સૂર્ય, અગ્નિ, વિષ્ણુ, શિવ-પાર્વતીનું પૂજન કરી ફળ નૈવેધ ધરી મુખ્ય સાવિત્રી મૂર્તિનું ધ્યાન કરી સ્તુતિ કરવી. ષોડ્શોપચારથી પૂજા કરી. બ્રાહ્મણોને દક્ષિણા આપવી. પછી "શ્રી હ્રી કલીં સાવિત્ર્યૈ સ્વાહા" એકસો આઠ જપ કરવા. કૃષ્ણે રાધાથી પ્રગટ કરીને બ્રહ્માને આપી એવી હે વેદમાતા સાવિત્રી તમને નમસ્કાર. પરાશર ઋષિના કહેવાથી રાજાએ વિધિથી જપ કર્યા. ત્યાં સૂર્યસમાન તેજસ્વી સાવિત્રીના દર્શન થયા. પ્રસન્ન થઈ બોલ્યાં તારા અને રાણીના વ્રતજપથી પ્રસન્ન થઈ છું. તારી રાણીને કન્યાની ઈચ્છા છે તેથી પ્રથમ કન્યા થશે. પછી પુત્ર થશે. એમ કહી સાવિત્રી બ્રહ્મલોક ગયા. પછી રાજાને ત્યાં સાવિત્રી કન્યા રૂપે પ્રગટ થયા. કન્યા યુવાન થતા સ્વયંવરમાં બ્રહ્માનો અંશ દ્યુમત્સેનનો પુત્ર સત્યવાનને રાજાએ કન્યા આપી. એક વર્ષ ગયા પછી સત્યવાન વનમાં ફળફૂલ કાષ્ઠ લેવા ગયો. સાવિત્રી પતિવ્રતાના પ્રભાવથી ભાવિ જાણી સાથે ગઈ. સત્યવાને લાકડાં ભેગાં કર્યા ત્યાં માથામાં વેદના થવા લાગી. અને પ્રાણ ત્યાગ કર્યો. યમરાજ તેના સૂક્ષ્મ શરીરને લઈ ચાલતા થયા. સાવિત્રી પતિના દેહને પાંદડામાં રાખી યમદૂત પાછળ ગઈ, યમ કહે : સાવિત્રી તું ક્યાં આવે છે ? તારું શરીર મનુષ્યનું છે. જો તારે પતિ

સાથે આવવાની ઈચ્છા હોય તો દેહને તજી સાથે આવ. સદેહે ગતિ ન થાય. તારા પતિનો કાળ પુરો થયો છે. કર્મ ફળ ભોગવવા જીવ મારે ઘેરે આવે છે.

યમ કહે : કર્મથી જન્મ, મૃત્યુ, સુખ-દુખ, ભય, શોક સર્વેકર્મથી થાય છે. જીવાત્મા કર્મથી સ્વર્ગ, સત્યલોક, ઈશ્વરપદ પ્રાપ્ત કરે છે. કર્મ વડે શ્રીહરિનો દાસ થઈ શુભ કર્મોથી મુક્તિ પામે છે. કર્મથી જ બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર, અંત્યજ વગેરે જન્મો ધારણ કરે છે. કર્મથી જ પર્વત, વૃક્ષ, કીટના સ્થાવર જંગમ જન્મ પ્રાપ્ત કરે છે. કર્મથી જ દેવ થાય. કર્મથી જ રાક્ષસ થાય. કર્મથી જ પાપવાળો કર્મથી જ પુણ્યવાળો થાય છે. સુરુપ, કુરુપ, રોગ, નીરોગી અંધ, કાણો સર્વે કર્મથી જ થાય છે. યમરાજ કહે, સાવિત્રી તારા પતિનું આયુ પૂર્ણ થયું છે. તેથી મને જવા દે. તું તારે ઘેર જા. તારા પતિની આશા મુકી દે. પતિવ્રતાપરાયણ સાવિત્રી પાછી ન વળી અને યમરાજને શુભ-અશુભ કર્મ વિષે પૂછવા લાગી.

અધ્યાય - ૩૬૭

❖ શુભ-અશુભ કર્મો તેમજ ભક્તિના પ્રકારોનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાવિત્રી યમરાજને પગે લાગી પૂછ્યું. શુભ-અશુભ કર્મ કયા કારણથી થાય છે ? તેનું ફળ શું ? ફળ કોણ ભોગવે છે ? નિર્લેપ કોણ છે ? કર્મ નિર્મૂળ કેમ થાય ? સાધુ કેમ થાય ? જ્ઞાન કેમ થાય ? મન, બુદ્ધિ, પ્રાણ કોણ છે ? ઈન્દ્રિયો, દેવતા, વિષય ભોગવનારો અને આપનારો કોણ છે ? હે યમરાજ તમે જે જાણતા હો તે કહો. સાવિત્રીના પ્રશ્નો સાંભળી યમરાજ કહે : વેદશાસ્ત્રમાં કહેલા શુભકર્મ મંગલ કરનારા છે. અશુભ કર્મ દુઃખ આપનારા છે. કર્મનું મૂળ બીજ વાસના અને ભાવના છે. કર્મ ફળ આપનારા અંતર્યામી શ્રીકૃષ્ણનારાયણ સર્વમાં રહ્યા છે. શુભ ઈચ્છાથી શુભ કર્મ થાય છે. અશુભ ઈચ્છાથી અશુભ કર્મ થાય છે. કર્મનું કારણ પ્રયત્ન છે. પ્રયત્નનું કારણ ઈચ્છા છે. ઈચ્છાનું કારણ જ્ઞાન તે જીવમાં રહ્યું છે. જ્ઞાનનું કારણ સંકલ્પ તેમાં પરમેશ્વર રહ્યા છે. ઈશ્વરી શક્તિ ક્રિયાને જન્મ આપે છે તેથી શ્રીહરિની ઈચ્છા શક્તિથી જીવમાં જ્ઞાન અને ક્રિયા થાય છે. સર્વે કારણ અંતર્યામી પરમાત્મા સર્વના કર્મફળને આપે છે. જીવાત્મા તે કર્મફળ ભોગવે છે, અંતર્યામી નિર્લેપ છે. સાધુઓ કર્મફળથી રહિત છે. સાધુના સર્વે કર્મો ભગવાનની સેવાવાળા હોવાથી શુભ છે. ઈચ્છા સંકલ્પરહિત શ્રીહરિની પ્રસન્નતા માટે સાધુના સર્વે કર્મો ભક્તિરૂપ થાય છે અને તે કર્મ નિર્મૂળ, નિષ્કામ કહેવાય છે. શ્રીહરિના ભક્ત સદા મુક્ત કહેવાય છે.

મુક્તિ બે પ્રકારની છે. એક જીવન મુક્તિ, બીજી બ્રહ્મમુક્તિ. જીવનમુક્તિ તે ભક્તિરૂપ છે. તે હરિભક્તો ઈચ્છે છે. બ્રહ્મમુક્તિ છે. તે ધામમાં પરમ પ્રભુની સેવા સાધુઓ ઈચ્છે છે. જીવ અને ઈશ્વરોના ચોવીસ તત્ત્વોના દેહ છે. તેને સ્વરૂપ, ગુણ અને કાર્યથી

જાણવું. તેને જ્ઞાન કહેવાય છે. સર્વે વ્યવહારનું કારણ જ્ઞાન તે આત્મામાં રહેલું છે. મૂળ માયા સત્વ રજ અને તમોગુણી છે, તે જડ છે. તે બુદ્ધિરૂપે, મનરૂપે અને પ્રાણરૂપે થાય છે. મન સંકલ્પ કરનાર, બુદ્ધિ નિર્ણય કરનારી અને પ્રાણ જીવનું જીવન શ્વાસરૂપે છે. આત્માને ઈન્દ્ર કહેલો છે. તે કર્મ ઈન્દ્રિયો અને જ્ઞાન ઈન્દ્રિયોથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને પંચવિષયને ભોગવે છે. ઈન્દ્રિયોના દેવતા તે આત્માના મિત્ર છે. તેના દ્વારા આત્મા ભોક્તા કહેવાય છે. ભોગવનારા અંતર્યામી પરમાત્મા છે. ભોગ-સુખ-દુઃખનો સાક્ષાત્કાર છે. કર્મની નિવૃત્તિ, તે વૈરાગ્ય શાંતિ કહેલી છે. કર્મના નાશ માટે જે કર્મને આત્મામાં વૈરાગ્ય જાણવો. જીવાત્મા જ્યારે સ્થૂળ સૂક્ષ્મ અને વાસનામય કારણ દેહ તેને જાણીને જેને લઈને સુખ ભોગવે છે એવા અંતર્યામી પરમાત્માને ભજે છે ત્યારે આત્મા વાસના રહિત થાય છે. ત્યારે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિથી રહિત થાય છે. પ્રભુની ભક્તિ વિના સર્વે દુઃખની શાંતિ અને નિર્વાસનિક થવાનું બીજું બળવાન સાધન કોઈ નથી. સ્વર્ગ અને મોક્ષ આપનારા શ્રીહરિ પુરુષોત્તમ નારાયણ તેની નવધા ભક્તિ કરવી તો આ આત્માનો મોક્ષ થાય. શ્રીહરિની કથા, શ્રવણ, કિર્તન, સ્મરણ, શરીર સેવા, પૂજા, સ્તુતિ, દાસપણું, મિત્રપણું અને સર્વે સમર્પણ આ નવ પ્રકારની ભક્તિ મોક્ષ આપે છે.

ગુરુનો આશ્રય, દીક્ષામંત્ર, ગુરુસેવા, વિશ્વાસથી સારા માર્ગે જવું, સધર્મપાલન, શ્રીહરિ માટે ભોગ ત્યાગ, તીર્થભૂમિમાં વાસ, નિર્વાહ પુરતો વ્યવહાર, વ્રતપાલન, દૈવી વૃક્ષોની પૂજા આ દશ ભક્તિ વધારનારા છે. પુત્ર અને શિષ્યમાં હેત ન રાખવું. કુસંગીનો સંગ ન કરવો. બહુ મોટા કાર્યનો આરંભ ન કરવો. વૃથા વિવાદ ન કરવો. શોક-મોહનો ત્યાગ કરવો. શ્રીહરિ માટે દ્રવ્યદાન કરવું. બીજાને ઉદ્વેગ ન કરાવવો. ગુરુની, દેવની નિંદા ન કરવી. દેવનો અપરાધ ન કરવો. દેવની નિંદા સહન ન કરવી. શ્રીહરિના ચિહ્નો, તીલક, ચાંદલો, કંઠી, માળા ધારણ કરી દંડવત્ નમસ્કાર શ્રીહરિ પાસે કરવા. કિર્તનસ્ત્રોત્ર, પાઠ, પ્રસાદ, ગંધ ગ્રહણ કરવા તથા સંત, ભક્ત, તુલસી, શાસ્ત્ર, તીર્થ વગેરેનું પૂજન કરવું. યથાશક્તિ દાન સેવા કરવી. સત્પુરુષમાં પ્રિતી અને આત્મનિષ્ઠા આ ચુમાલીશ ગુણ શ્રીહરિમાં સ્નેહ વધારવાના અને ભક્તિમાં પુષ્ટિ કરનારા છે. સંતપુરુષોની સેવા કરી કૃપા મેળવવી. શ્રીહરિના ગુણ ચરિત્રો સાંભળવામાં શ્રદ્ધા રાખવી. શ્રીહરિમાં પ્રેમભક્તિ થાય તે આશ્રય ઉત્તમ છે. શ્રીહરિમાં રાગ-વૃદ્ધિ, શ્રીહરિના ધર્મમાં સ્થિતિ તે ભક્તમાં ભગવાનના ગુણનો વાસ થાય છે. આવી રીતે ભક્તિના અનેક પ્રકારો છે. હવે પરાકાષ્ઠા પ્રેમલક્ષણા ભક્તિમાં કોઈ વિધિ નથી. તે સર્વેથી શ્રેષ્ઠ મૂર્ધન્ય શાશ્વતી ભક્તિ કહેવાય છે. તે મુક્તની, બ્રહ્મની ભક્તિ બ્રહ્માનંદવાળી અમૃતના સાગર જેવી છે. જેને શ્રીહરિમાં પ્રેમભક્તિ થઈ તે સ્વપ્નમાં પણ યમપુરી જોતો નથી. કરોડો જન્મના પુણ્ય ભેળા થાય ત્યારે એવી પ્રેમભક્તિ શ્રીહરિમાં થાય છે. તે ભક્ત મુક્ત અતિપાપીને પણ પવિત્ર કરે છે. એવા ભક્તને ગ્રહો, યમદૂતો,

રાક્ષસો, ભૂતપ્રેત, પિશાચ કોઈ બાધ કરતા નથી. યમરાજ કહે : સાવિત્રી તે પ્રશ્નો પૂછ્યા તેના જવાબ આપ્યા હવે તારે માર્ગે જા. એમ કહી યમે સાવિત્રીને નમસ્કાર કર્યા.

અધ્યાય - ૩૬૮, ૩૬૯

❖ જીવાત્મા કેવા કર્મથી સ્વર્ગ-નરક, જન્મ અને કયા ધામને પામે ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાવિત્રી યમરાજને કહે : મારા પતિને મૂકીને અને તમારા જેવા જ્ઞાની ગુરુને મૂકીને ક્યાં જાઉં ? પ્રભુ મને પૂછવાની જીજ્ઞાસા થાય છે. જીવ કેવા કર્મ કરીને કેવી યોનિને પામે છે. ક્યા કર્મથી સ્વર્ગ અને નરકમાં જાય છે. અને કેવા કર્મથી મુક્તિ થાય છે ? યમરાજ કહે : તું જ્ઞાનમાં બ્રહ્માની પત્ની સાવિત્રીરૂપે અશ્વપતિ રાજાને ત્યાં જન્મી છો. પૂર્વે થયેલી અનેક પતિવ્રતાઓ સમાન તું છો. મૂર્તિ દેવહુતિ, અહલ્યા, અરુંધતી જેવી છો. સૂર્યની સંજ્ઞા અનાદી શ્રીકૃષ્ણનારાયણની માણિકી, પાર્વતી, પ્રભા સમાન તું છો. તેથી હું પ્રસન્ન થયો છું. વરદાન માંગ. સાવિત્રી કહે : સત્યવાનથી મારે સો પુત્રો થાય. મારા સસરા અંધ છે. તે દેખતા થાય અને રાજય મળે. મારે સો ભાઈઓ થાય. અંતે શ્રીહરિના ધામમાં જાઉ. આ વરદાન આપો.

યમરાજ કહે : સાવિત્રી, તે જે માંગ્યું તે સર્વે સત્ય થશે. યમરાજ કહે : તે પ્રશ્ન પૂછ્યા. તેના જવાબ સાંભળ. પૃથ્વીમાં મનુષ્ય શુભ-અશુભ કર્મ કરે છે તે આ લોકમાં જ ભોગવે છે તે દેવો, દૈત્યો, દાનવો, રાક્ષસો અને મનુષ્યો તે સર્વેનું જીવન સમાન નથી. શુભકર્મથી સ્વર્ગ, અશુભ કર્મથી નરક, રાજસ કર્મથી મનુષ્ય થાય છે. સાત્વિક પુણ્યથી દેવતા થાય છે. તામસી કર્મથી રાક્ષસ, પિશાચ, ભૂતપ્રેત, પશુ-પક્ષી, વૃક્ષવેલી, કીટ-જંતુ વગેરે ચોરાસી હજાર ખાણમાં અનેક દુઃખોને ભોગવે છે. કુકર્મથી રોગી થાય છે. શુભકર્મથી નીરોગી રહે છે. બીજાના નેત્રને નાશ કરનારો અંધ અને કાણો થાય છે. નિંદા સાંભળનારો બેરો થાય છે. બીજાને દુઃખ આપનારો ગાંડો થાય છે. બીજાનું દ્રવ્ય હરનારો દરિદ્ર થાય છે. અપમાન તિરસ્કાર કરનારો મુર્ખ થાય. ઘાતકીને ભોગ, સંપત્તિ ન મળે. ઋણીને જન્મ લેવો પડે. દાનથી સ્વર્ગને મેળવે છે. તપવ્રતથી સિદ્ધિ પ્રાપ્ત કરે છે. વિષ્ણુ ભક્તિથી વૈકુંઠ પ્રાપ્તી થાય છે. કૃષ્ણ ભક્તિથી ગોલોક ધામની પ્રાપ્તી થાય છે. શ્રીહરિની કૃપાથી ચાર પ્રકારની મુક્તિ મેળવે છે.

હે સાવિત્રી, કર્મો અસંખ્ય છે. પાપીઓ અસંખ્ય છે. નરકો અસંખ્ય છે. બીજાને દુઃખ આપે છે તેને દુઃખ આવે છે. મનુષ્ય જન્મમાં વિપ્ર, સાધુ, સાધ્વી શ્રેષ્ઠ છે. તે સર્વે સકામ કર્મયોગી ભક્તિવાળા ભક્ત કુટુંબમાં જન્મ લ્યે છે. નિષ્કામ ભક્તિવાળા બ્રહ્મ મુક્તને આવવું પડતું નથી. તીર્થમાં રહેલા તપસ્વી સત્યલોકમાં જાય છે. કન્યાદાન કરનારો ચંદ્રલોકમાં જાય. ગાય, ચાંદી, વસ્ત્ર, ફળ, જળના દાનથી સ્વર્ગમાં જાય. સોનાના દાનથી સૂર્યલોકમાં જાય.

ભૂમિદાનથી શ્વેતદ્વિપમાં જાય. જે જે દેવને દાન કરે તે તે દેવના લોકને પામે. પીપળો વાવનારો જનલોકમાં જાય. પુષ્પનો ફળનો બગીચો દાનમાં આપનારો વિષ્ણુલોકમાં જાય. હિંડોળો, પારણું દાન કરનારો વિષ્ણુલોકમાં જાય, રાજમાર્ગ, મહેલ સુધારે તો ઈન્દ્રલોકમાં જાય. આ લોકમાં જે આપે છે, દાન કરે છે તેને પરલોકમાં મળે છે, દાન આપ્યા વિના કાંઈ મળતું નથી. દાન કરેલું વ્યર્થ જતું નથી. સત્યવ્રત પ્રમાણે રહેવું.

અન્નદાન કરનારો સ્વર્ગમાં જાય. દેવ-વિપ્રને આસન આપનારો અગ્નિલોકમાં જાય. દેવ, વિપ્રને ગૌદાન કરે તો વૈકુંઠ, ગોલોકમાં યુગો સુધી વાસ કરે. વિંયાતી ગાય, ઉભયમુખીનું દાન કરે તો ગાયના રોમ તેટલા યુગો સુધી વૈકુંઠમાં વાસ કરે. છત્રના દાનથી વરૂણલોકમાં જાય. પાદુકા આપવાથી વાયુલોકમાં જાય. શય્યા આપનારો ચંદ્રલોકમાં, ઘી, તેલ દાન કરનારો, મંદિરમાં દીપદાન કરનારો એક મન્વંતર સત્યલોકમાં વાસ કરે. હાથીનું દાન કરનારો ઈન્દ્રના અર્ધ આસને બેસે. અશ્વદાનથી વરૂણ લોકમાં જાય. શિબિકા વાહનદાનથી વિષ્ણુલોકમાં જાય. ચામર વ્યંજન દેનારો વાયુલોકમાં જાય. દ્રવ્ય ગૃહદાન કરનારો કુબેરના લોકમાં જાય. ખેતરવાડી દેનારો સો મનુ સુધી વિષ્ણુના લોકમાં વાસ કરી પૃથ્વીમાં ધન, સ્ત્રી, પુત્રવાળો થાય. ગામ મંદિરમાં આપે તો લાખ મનુ સુધી વૈકુંઠમાં વાસ કરે. સર્વે તપ, સર્વે ઉપવાસ કરનારો, સર્વસ્વ દાન કરનારો, સર્વે સિદ્ધિવાળો થઈને વૈકુંઠમાં, ગોલોકમાં અક્ષરમાં અને પરમધામમાં જાય છે. તેની પુનરાવૃત્તિ થતી નથી. શ્રીહરિના મંત્રનો સતત જપ કરનારો મનુષ્ય શરીર તજી દિવ્ય શ્રીહરિ સમાન થઈને શ્રીહરિના ચરણને પામે છે. કૃષ્ણ-ભક્તો ગોલોકમાં કૃષ્ણ સમાન થાય છે. વૈષ્ણવો વૈકુંઠમાં નારાયણ સમાન થાય છે. દેવો, ઈશ્વરો, સિદ્ધો, બ્રહ્માંડો સર્વેનો લય થાય છે. પણ શ્રીહરિના ભક્તોનો લય થતો નથી. કાર્તિકમાં શ્રીહરિને જેટલા તુલસીપત્ર અર્પણ કરે તેટલા યુગ શ્રીહરિ પાસે વાસ કરે છે. કાર્તિકમાં દીપ દાન કરે તો શ્રીહરિ પાસે વાસ કરે. વૈશાખમાં પાણીનું પરબ બાંધી શ્રીહરિને ચંદન આપે છે તથા સાથવો આપે તો વૈકુંઠમાં વાસ કરે છે. કૃષ્ણ જન્માષ્ટમીથી વ્રત કરનારો સો જન્મના પાપથી શુદ્ધ થઈને ગોલોકમાં વાસ કરે છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણની અષ્ટમીનું વ્રતપૂજન કરનારો શ્રીહરિના ધામને પામે છે. શિવરાત્રિનું વ્રત કરનારો કૈલાસમાં જાય. રામનવમીનું વ્રત કરનારો સાત મનુ સુધી રામધામમાં વાસ કરી રામભક્ત થઈને વૈકુંઠને પામે. શરદપૂનમે શ્રીહરિની શંકરની ષોડ્શોપચારથી પૂજા કરવી, નૈવેધ ધરી, આરતી કરી, ગીત વાજિંત્ર સાથે નૃત્યરાસ કરનારો સાત મન્વંતર સુધી ધામમાં વાસ કરે છે. ભાદરવા સુદ આઠમે મહાલક્ષ્મીની પૂજા કરનારો વૈકુંઠમાં વાસ કરે. શરદપૂનમે રાધા-કૃષ્ણની પૂજા કરનારો ગોલોકમાં જાય. એકાદશીવ્રત કરનારો બ્રહ્માની આયુષ્ય સુધી વૈકુંઠમાં વાસ કરી હરિભક્ત થઈ વૈકુંઠમાં વાસ કરે. જેઠ

સુદ-ચૌદશે સાવિત્રીની પૂજા કરનારો સાત મનુ સુધી સત્યલોકમાં વાસ કરે છે. ગાય, સુવર્ણનું દાન કરનારો વૈકુંઠમાં વાસ કરે છે. જે શ્રીહરિના એક કરોડ નામ જપ કરે છે તે જીવનમુક્ત થાય છે. શાલિગ્રામની પૂજા કરીને પ્રસાદ જમનારો વૈકુંઠને પામે છે. સર્વે યજ્ઞોમાં શ્રેષ્ઠ વિષ્ણુયજ્ઞ કરનારો મુક્ત થાય છે. અને જ્ઞાન અને તેજ વડે વિષ્ણુતુલ્ય થાય છે. યમરાજ કહે : હે સાવિત્રી મુક્તિ આપનારી અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણકમળની સેવા, તેની કથા, તેનું ધ્યાન પૂજન, કિર્તન, ભજન, સ્તોત્ર, સ્મરણ, વંદન, જપ, તેનું ચરણામૃત, તેનો પ્રસાદ, ભોજન ગ્રહણ કરવું. હે સાવિત્રી - લે તારા પતિને ગ્રહણ કર અને તારે ઘરે જા એમ કહી યમરાજ મૌન થયા.

અધ્યાય - ૩૭૦

❖ હરિભક્તિની રીત તેમજ નરકના ૮૬ કુંડોમાં પાપીઓને દંડ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શ્રીહરિની ભક્તિનો મહિમા યમરાજ પાસેથી સાંભળીને સાવિત્રીએ પૂછ્યું, કઈ વિધિથી શ્રીહરિને ભજવા ? યમરાજ કહે : સવારમાં જાગી શ્રીહરિનું સ્મરણ કરવું. હૃદયમાં મૂર્તિનું ધ્યાન કરવું. સ્નાનક્રિયામાં, બાહ્ય અંતરમાં જમવામાં, ફરવામાં, સર્વેક્રિયામાં શ્રીહરિનું સ્મરણ કરવું. પરાભક્તિથી ઈન્દ્રિયો અંતઃકરણને શ્રીહરિમાં જોડવા. જીભથી કિર્તન કરવા. કાનેથી કથા સાંભળવી. નેત્રથી દર્શન, નાસિકાથી શ્રીહરિને ધરાવેલા પુષ્પ, ધૂપ, દીપના ગંધ ગ્રહણ કરવા. ત્વચાથી શ્રીહરિનો સ્પર્શ, હાથથી સેવા, પગથી મંદિરે જઈ પ્રદક્ષિણા સેવા, શ્રીહરિનો નિશ્ચય અને મનન, ચિંતન કરવું. સ્વાર્થ માટે પરાર્થ માટે કાંઈ નહીં કેવળ શ્રીહરિને માટે જ સર્વે કાર્યો કરવાથી શ્રીહરિના ધામમાં ગતિ થાય છે. યમરાજ પાસેથી શ્રીહરિની પરાભક્તિની વાત સાંભળી સાવિત્રીએ યમરાજની સ્તુતિ કરી. હે ધર્મના અંશ, શાંતિ કરનારા, પાપીને શુદ્ધ કરવા દંડ આપનારા, સર્વેની આયુકાળને જાણનારા, જેવું કર્મ તેવું દંડ આપનારા, સૂર્યપુત્ર તમને નમસ્કાર. પછી યમરાજે સાવિત્રીને શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. પછી અશુભ કર્મ કરનારા પાપીઓને ભોગવવાના નરકના કુંડો ૮૬, યમપુરીમાં રહેલા છે તે કહેવા લાગ્યા.

વહિનકુંડ, તામ્રકુંડ, ક્ષયકુંડ, વિટકુંડ, મૂત્રકુંડ, શલેસ્મકુંડ, ગર, દાહ, વસા, શુક્ર, અશુક્ર, અશ્રુ, મલ, વિર્ય, રજઃ, કર્ણ, ઉગ્ર, નખ, મજ્જા, માંસ, અસ્થિ, લોમ, કલેશ, તામ્ર, તિક્ષ્ણ, કંટક, વિષ, ધર્મ, તમ્ર, સુરા, વૃશ્ચિક, તામ્રતૈલ, દંત, કૃમિ, પુય, સર્પ, દંશ, મશડ, વજ, દ્રંષ્ટ્ર, શર, શુલ, ખણા, ગોધા, નક્ર, કાક, ધૃષ્ટ્રિ, ચૂર્ણ, બંધ, તૃમ્ર, પાષણ, તામ્રગ્રાવા, લાલ, અસી, ચક્ર, વજ્ર, કુર્મ, જ્વાલા, ભષ્મ, પુતિ, તામ્રસૂમી, અસીપત્ર, ક્ષુરધાર, કૃકલાશ, જગદંશ, ચીપીટક, કુંભીપાક, કાલસૂત્ર, અધઃકંદાર, પાંશુ, પાશ, પશુપતિ, કીલક, ઉલ્કામુખ, અંધ, કુપ, જલાબંધ, દેહચૂર્ણ, દલન, શોષણ, સર્પ, જવાલા, ક્ષ્વેડધુમ્ર, નાગપાશ, દ્વૈધીભાવ, લાવણ, ભૃગુપાત, વૈતરણી, ચર્મો-કિર્તન, ભ્રષ્ટ, કટાહ.

હે સાવિત્રી, પાપીઓને દંડ આપવાને માટે આ નરક જેવા દુઃખના કુંડો છે. યમદૂતો, શુલ, પાસ, તોમર, દંડ વગેરે આયુધો લઈને અનેક વિકરાળરૂપે પાપીઓને દંડ આપે છે. વાણીથી કુટુંબને દુઃખ આપે છે, તેને અગ્નિ કુંડમાં નાખે છે. પછી પશુના ત્રણ જન્મ પામે. ઘેર આવેલા અતિથી આશ્રિતને નિરાશ કરે છે તેને તપ્ત કુંડમાં નાખે છે. પછી મરૂ દેશમાં સાત જન્મ પક્ષી થાય. શ્રાદ્ધ દિવસે વ્રતમાં વસ્ત્રમાં રહેલા જંતુનો નાશ કરે છે તેને ક્ષાર કુંડમાં નાખે છે. સાત જન્મ ધોબણ થાય. બીજાયે આપેલી જીવિકાને લઈ લ્યે છે. તેને મળ-મૂત્રના કુંડમાં નાખે છે પછી સાત જન્મ ગરોળી થાય છે. એકલો મિષ્ટાન્ન ખાનારો શ્લેસ્મકુંડમાં પડે છે. માતા, પિતા, પત્ની, પુત્ર, ગુરુ અનાથ વગેરેનું પોષણ નથી કરતો તેને હજાર વર્ષ સુધી ક્વેક કુંડમાં નાખે છે. અતિથિને ક્રૂર ભાવે જોનારાના જલ પિંડદાન પિતૃગ્રહણ કરતા નથી તેને મલકુંડમાં નાખે છે. માતા-પિતા, ગુરુ પૂજ્યને તાડન કરનારાને લોહીના કુંડમાં લોહી પીવરાવે છે પછી શુદ્ર જન્મ પામે.

ભગવાન પાસે ગાતા, નૃત્ય કરતા હોય તેની મશ્કરી કરનારા અશ્રુકુંડમાં પડે છે, પછી ચાંડાલ થાય છે. સર્વેની મશ્કરી કરનારો ગાત્ર મલકુંડમાં પડે છે. પછી ગધેડા, શિયાળના જન્મને પામે છે. કન્યા વિક્રય કરનારાને માંસ કુંડમાં નાખે છે. પછી સાત જન્મ કૂતરાંના થાય. પૂર્ણિમાએ ગર્ભણી પ્રસવ ટાણે ગમન કરનારો તામ્રકુંડમાં પડે છે. રજસ્વલાનું અન્ન ખાનારો લોહી કુંડમાં પડે છે. પછી ધોબી, મોચી થાય. જે સ્નાન કર્યા વિના અપવિત્ર હાથે દેવ સેવા કરે તે ધર્મકુંડમાં પડે પછી સાત જન્મ નિર્ધન રહે. પતિનો તિરસ્કાર કરનાર કાંટાવાળી કુંડમાં પડે પછી ઘોડી થાય. ઝેર આપનારો, ખાનારો ઝેરના કુંડમાં પડે પછી કોઢનો રોગી થાય. લોઢાથી લાકડીથી ખીલા સળિયાથી જે પશુને મારે છે તેને કુંત કુંડમાં નાખે છે પછી જલોધરનો રોગી થાય છે. અભક્ષ્ય ભક્ષણ કરનારો કૃમિ કુંડમાં પડે છે પછી મ્લેચ્છ જન્મ પામે છે. પાપનું ખન્ન ખાનારો થુય કુંડમાં પડે છે. સર્પને મારનારો સર્પના કુંડમાં પડે છે, પછી સર્પ થાય છે. જીવ-જંતુને મારનારો હિંસક દંશ કુંડમાં પડે છે. પછી જીવ-જંતુના જન્મને પામે છે. માખોને મારી મધ લેનારો સાગર કુંડમાં પડીને માખી થાય છે. વગર વાંકે દંડ આપનારાને વજ્ર કંટકમાં નાખે છે. ધર્મ વિનાના વિપ્રને શરકુંડમાં નાખે છે. માછલા મારનારને નરક કુંડમાં નાખે છે. બીજાના દોષ જોનારો કાક કુંડમાં પડે છે. દેવનું દ્રવ્ય, સોનું, તાંબુ, લોઢું ચોરનારો વજ્રકુંડમાં પડે છે. ગાય મૂર્તિની ચોરી કરનારા ગરમ પથ્થરના કુંડમાં પડે છે. વેશ્યાનું અન્ન ખાનારો લાલકુંડમાં પડે છે. મ્લેચ્છની મિત્રતા કરનારો મષી કુંડમાં પડીને બકરો, સર્પ અને તાલવૃક્ષ થાય છે. અનાજ, પાગરણ, પૂજાની સામગ્રીની ચોરી કરનારો ચૂર્ણકુંડમાં પડે છે પછી વંશહીન, દરિદ્ર થાય છે. હિંસાના આયુધો, શસ્ત્રો બનાવનાર ચક્રકુંડમાં પડે છે.

ઘી-તેલને ચોરનાર જ્વાલા કુંડમાં પડે છે પછી માછલો, ઊંદર, બિલાડો થાય. ભૂમીચોર તપીકુંડમાં પડે છે. નરઘાતી, બ્રહ્મઘાતી, અસીપત્ર વનમાં પડે પછી વિકલાંગ જન્મ થાય. પછી ભૂંડ, કૂતરો, શિયાળ, નારડો, વાઘ થાય. ગામને અગ્નિ લગાડનારો ક્ષુરધારમાં પડે. પછી કોઢનો રોગી થાય. મિથ્યાકલંક આપનારો નિંદક સુચી કુંડમાં પડીને વીંછી, સર્પ થાય. ઘર ભાંગનાર બળદ, ઘેટો, બકરો થાય. ગાય, હાથી, અશ્વને મારનાર ગજદંશમાં પડે. ગાય, વિપ્ર, સાધુ, સ્ત્રી, પુત્ર, મિત્રની હત્યા કરનારો કુંભીપાકમાં પડે પછી ગીધ, ભૂંડ, કાગડા, સર્પના જન્મને પામે પછી મનુષ્ય જન્મમાં ક્ષયરોગી, વંશહીન, નપુંસક, પત્ની વિનાનો થાય. શ્રીહરિકૃષ્ણ નારાયણ, ભુમાપુરુષ, વાસુદેવનારાયણ, બ્રહ્મા, વિષ્ણુ, શંકરમાં ભેદબુદ્ધિ કરનારો બ્રહ્મહત્યા સમાન દોષવાળો ગણાય છે. અક્ષર, રાધીકા, લક્ષ્મી, શ્રી, રમા, પાર્વતી, પ્રભા, માણિકી, જયા લલીતામાં ભેદબુદ્ધિ કરનારો બ્રહ્મહત્યા સમાન દોષવાળો થાય. ગુરુ, ઈષ્ટદેવ, માતા-પિતા અને મૂર્તિમાં ભેદબુદ્ધિ કરનારો બ્રહ્મહત્યા સમાન દોષવાળો ગણાય છે.

પિતૃદેવ, ગુરુપૂજાની નિંદા કરનારને બ્રહ્મહત્યા, શિવ-પાર્વતી, લક્ષ્મીનારાયણની નિંદા કરનારો બ્રહ્મહત્યા દેવની પૂજા નહીં કરનાર, ગાય, બળદને મારનાર, ગોચરને હરનાર બ્રહ્મહત્યા સમાન, પોતાનો પતિ અને ભગવાનને ભેદ દૃષ્ટિથી જોનારી, વાણીથી પતિનું અપમાન કરનારી ગૌહત્યા સમાન ગણાય છે. ગુરુ પત્ની, રાણી, માતા, અપર માતા, બહેન, પુત્રી, પુત્રવધૂ, સાસુ, સગર્ભા પત્ની, ભાભી, મામી, માસી, ફઈ, ભત્રીજી, ભાણેજ, શિષ્ય, પત્ની એ આદિ સ્ત્રીઓને વિષે ગમન કરે તો બ્રહ્મહત્યા સમાન પાપ થાય છે. તે કુંભી પાકમાં પડે છે. શ્રીહરિની સેવાભક્તિ વિના કર્મનો નાશ થતો નથી. જે સ્ત્રી પતિને લાકડીથી મારે છે તે કાલસૂત્ર નરકમાં પડી સાત જન્મ વિધવા થાય. જે બ્રાહ્મણી સર્વભક્ષી થાય તેના સાત જન્મ થાય, કાગડી, ભૂંડણી, કુકડી, શિયાળવી, કબૂતરી, વાનરી, પછી ચાંડાલી થાય. હાથમાં તુલસીપત્ર લઈ પ્રતિજ્ઞા કરી પાલન ન કરે તથા સાધુ-સાધ્વી, વિપ્ર અગ્નિદેવને દક્ષિણા આપવાની પ્રતિજ્ઞા કરી ન આપે તો જ્વાલા કુંડમાં પડે. ખોટી સાક્ષી પુરનારો મુંગો, બહેરો થાય. મિત્રદ્રોહી નોળિયો થાય. કૃતઘ્ની, નપુંસક થાય. વિશ્વાસઘાતી વાઘ થાય. યમરાજ કહે : સાવિત્રી કરોડો અબજો પ્રકારના પાપ મનુષ્ય શરીરથી વાણીથી કરે છે, કરાવે છે, તેના ફળ રૂપે નરકના કુંડોમાં દુઃખ ભોગવીને ચોરાસી લાખ જાતના દેહ ધારણ કરે તો પણ દુઃખનો અંત આવતો નથી. તે સર્વે દુઃખના નાશનો ઉપાય શ્રીહરિકૃષ્ણનારાયણનું શરણ સેવા ભક્તિ તે જન્મ, મરણ, જરા, વ્યાધિ, રોગ, શોક, સંતાપને હરનારી છે. ભક્તિરૂપી વૃક્ષના અંકુરરૂપી હાથ કર્મ વૃક્ષને કાપી નાખે છે અને ચાર પ્રકારની મુક્તિને પામે છે.

શ્રીહરિના સેવકો, શ્રીહરિના વ્રત કરનારા ભક્તો સ્વપ્નમાં પણ યમદૂતોને જોતા નથી. ધર્મ માર્ગે રહેલા, મંદિરે જનારા એવા ગૃહસ્થ હરિભક્ત પાસે યમદૂતો આવતા નથી. ચિત્રગુપ્ત એવા ભક્તને પુષ્પાંજલિ આપી કહે, મારા લોકને સત્યલોકને ઉલ્લંઘીને ધામમાં જાવ. જો સંત-પુરુષ, યમપુરીમાં ઊભા રહે તો તેના દર્શન સ્પર્શથી યમપુરીના જીવોના પાપ નાશ થાય અને પવિત્ર થઈ પંચભૂતના શરીર વિના સૂક્ષ્મ શરીરથી જ ઉર્ધ્વગતિ પામે છે. યમપુરીમાં રહેલા જીવો સૂક્ષ્મ દેહે પાપકર્મને ભોગવે છે તે સૂક્ષ્મ દેહનો અંત આવતો નથી. દૂતો સૂક્ષ્મ દેહને બાળે છે, પાણીમાં ભીંજવે છે, કાપે છે, કટકા કરે છે, લોઢાથી પાષાણથી ટીપે છે તો પણ તેનો નાશ થતો નથી. યમપુરીમાં જરાય સુખ નથી. કૃષ્ણધામમાં જરાય દુઃખ નથી. તેથી હે સાવિત્રી, ભગવાનને ભજ અને તારા પતિના સૂક્ષ્મ દેહને લઈને જા.

અધ્યાય - ૩૭૧

❖ ભક્તિ-મુક્તિ જ્ઞાન તેમજ સતી સાવિત્રી દ્વારા સત્યવાનનો પુનર્જન્મ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, યમરાજને સાવિત્રીએ પૂછ્યું નરક કુંડો સર્વે કેવડા મોટાં છે. યમરાજ કહે : સો હાથ બસો હાથ ગાઉના, બે ગાઉના છે. યમરાજ કહે : હવે તું શું ઈચ્છે છે ? સાવિત્રી કહે : હું સર્વે પ્રાપ્ત કરીને સંતોષ પામી છું. તત્ત્વજ્ઞાનથી રહિત એવો સ્ત્રીનો દેહ બ્રહ્માએ સજ્યો છે તેથી ભાગવત ધર્મવાળી કૃષ્ણભક્તિ આપો એને હું ગ્રહણ કરી શકું એવું જ્ઞાન આપો. તપ, વ્રત, તીર્થ, અનશન સર્વદાનમાં શ્રેષ્ઠ અજ્ઞાનીને જ્ઞાન આપવું તે છે. પિતાથી, માતા સો ગણા મહાન છે. માતાથી સો ગણા જ્ઞાન આપનારા ગુરુ મહાન છે. યમરાજ કહે, સાવિત્રી તારી ભક્તિ શ્રીકૃષ્ણમાં અખંડ રહેશે. શેષ હજાર મુખે, શંકર પાંચ મુખે, બ્રહ્મા ચાર મુખે, કાર્તિક છ મુખે, પરબ્રહ્મ પુરષોત્તમ નારાયણના ગુણ કહેવા સમર્થ નથી. સરસ્વતી, ગણેશ, સનતકુમાર, ધર્મ, કપીલ, સૂર્ય, પત્નીવ્રત, દ્વિજ, નારદ, યોગી, સિદ્ધિ તે સર્વે ભગવાનના ગુણવર્ણન કરવા સમર્થ નથી. અમે તો થોડુંક ભગવાનની ભક્તિનું વર્ણન કરી તેથી તે વધારે જાણે છે. બ્રહ્મા તેથી વધારે જાણે છે. જ્ઞાનીના ગુરુ ગણેશ તે વિશેષ જાણે છે. સર્વજ્ઞ શંકર, તેથી અધિક પરાભક્તિ જાણે છે.

લક્ષ્મી, રાધા, માણિકી, પ્રભા, પાર્વતી, જયા, લલીતા તે સર્વે તથા મુક્તો સર્વે પરબ્રહ્મ સ્વરૂપથી પોતાનામાં સર્વે જ્ઞાન અને ભક્તિ એક રૂપે કર્યા છે તે પુરુષોત્તમ નારાયણનું જ્ઞાન કૃષ્ણે શંકરને આપ્યું. શંકરે ધર્મને આપ્યું. ધર્મએ સૂર્યને આપ્યું. સૂર્યએ મને આપ્યું. તે પુરુષોત્તમ નારાયણનું પૂર્ણ જ્ઞાન જાણવા કોઈ સમર્થ નથી. તે પ્રભુ ભક્તોની ઉપર કૃપા કરીને યુગલ સ્વરૂપ ધારણ કરીને અનેક જીવાત્માઓનો ઉદ્ધાર કરે છે. જેની પ્રસન્નતા પ્રાપ્ત કરી જેની આજ્ઞાથી દેવો, ઈશ્વરો સૃષ્ટિના અનેક કાર્યો કરે છે. જેના સંકલ્પથી અનેક સૃષ્ટિઓનું સર્જન થાય છે એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ છે. બ્રહ્મા, વિષ્ણુ,

શંકર સર્વે શ્રીકૃષ્ણના ભક્તો છે. ક્ષીર સમુદ્રમાં શેષનારાયણ અને વૈકુંઠના વિષ્ણુ તે કૃષ્ણ મૂર્તિમાં લીન થાય છે. શ્રીહરિના જ્ઞાનમાં શંકર લીન થાય છે. દુર્ગા બુદ્ધિમાં લય પામે છે. સ્કંદ હૃદયમાં લીન થાય છે. શ્રીકૃષ્ણના હાથમાં ગણેશ લય થાય. પદ્મા, રાધા, ગોપીઓ, સર્વે શ્રીકૃષ્ણના પ્રાણમાં લય પામે છે. સાવિત્રી અને સરસ્વતી પરમાત્માની જીભમાં રહે છે. અગ્નિ જઠરમાં રહે છે. તે ભગવાનના ગુણ-વર્ણન કરવા કોઈ સમર્થ નથી. એવા શ્રીહરિની ભક્તિ મુક્તોએ પણ વખાણી છે.

ભવપાર થવા માટે એક ભક્તિ જ કહેલી છે. તે શ્રીહરિની ભક્તિ સારૂપ્ય મુક્તિ આપનારી છે. બીજી સમૃદ્ધિ સામર્થી આપનારી છે. ત્રીજી સમીપે રાખનારી છે. ચોથીએ એકત્વ મુક્તિ આપનારી છે. પરંતુ ભક્તો ભગવાનની સેવા વિના બીજી કાંઈ ઈચ્છા રાખતા નથી. મુક્તિ છે તે સેવા રહિત છે અને ભક્તિ છે તે સેવા વધારનારી છે તેથી સદા ભક્તિ કરવી. શરીરથી, ઈન્દ્રિયોથી, અંતઃકરણથી, બુદ્ધિથી નરનારીઓને મોક્ષ આપનારી શ્રીહરિભક્તિ કરવી. યમરાજ કહે : પુત્રી સાવિત્રી આ જ્ઞાન તને સારમાં સાર કહ્યું. હવે તું તારા પતિ સાથે જા. સુખી થજે. સાવિત્રી આંખમાં આંસુ લાવી યમરાજના ચરણમાં મસ્તક મૂકી પગે લાગી વિયોગ દુઃખવાળી થઈ. સત્પુરુષોના વિયોગથી ભક્તને દુઃખ થાય છે. યમરાજ કહે : પુત્રી શોક ન કર. પુણ્ય ક્ષેત્રમાં લાખ વર્ષ સુખ ભોગવી શ્રીહરિની ભક્તિ કરી અંતે ગોલોક ધામને પામીશ. ઘેર જઈને સાવિત્રી વ્રત કરજે. નવ વર્ષ સુધી દર જેઠ સુદ ચૌદશે સાવિત્રીનું વ્રત પૂજન કરજે. તથા દશ વર્ષ સુધી દર ભાદરવા સુદ આઠમે મહાલક્ષ્મીનું વ્રત પૂજન કરજે અને કાર્તિક વદ આઠમે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું વ્રત પરમ પ્રિતીથી ભક્તિપૂર્વક પૂજન કરજે, જેથી શ્રીહરિના પરમપદની પ્રાપ્તી થાય.

જે નારી દર માસની સુદ આઠમને દિવસે કંભરાલક્ષ્મીનું વ્રત-પૂજન કરશે તે પતિ-પુત્રવાળી થઈ, સંપત્તિવાળી થઈ પૂજ્યપણાને પામશે, અંતે અક્ષરધામમાં જશે. એમ કહીને યમરાજ સતી સાવિત્રીને નમસ્કાર કરીને યમપુરી ગયા. સાવિત્રી પતિના સૂક્ષ્મ દેહને લઈ સત્યવાનના સ્થૂળ શરીર પાસે આવી. સત્યવાન ઊભો થયો. જાણે સુષુપ્તિમાંથી જાગૃત થયો હોય. ઘેર આવ્યા. સાવિત્રીએ સર્વે વૃત્તાંત કહ્યું, સાંભળી સર્વે આશ્ચર્ય પામ્યા. સાવિત્રીના પિતાને સો પુત્રો થયા. સાવિત્રીના સસરાને દૃષ્ટિ મળી રાજ્ય મળ્યું. સર્વત્ર આનંદ આનંદ પતિવ્રતાના પ્રભાવે થયો. સાવિત્રી સત્યવાનથી સો પુત્રો પામી. પતિવ્રતા વ્રત કલ્પવૃક્ષ સમાન છે. ચિંતામણીથી અધિક છે. યોગીઓની યોગ સંપત્તીથી વિશેષ છે. પતિવ્રતા મૃત્યુને પણ જીતે છે. મહાસતી સાવિત્રી લાખ વર્ષ સુખ ભોગવી પતિ સાથે વિમાનમાં બેસી ગોલોકમાં ગઈ. બીજે સ્વરૂપે સૂર્યની અધિષ્ઠાત્રી દેવી થઈ. ત્રીજે સ્વરૂપે વેદમાતા મંત્રોની અધિષ્ઠાત્રી દેવી થઈ. એવી રીતે પુરુષોત્તમ નારાયણની ભક્તિથી અનંતરૂપે થઈ. શ્રીનારાયણ કહે :

લક્ષ્મી, આ સાવિત્રીનું ઉત્તમ આખ્યાન કહ્યું. જે નારી આ કથા સાંભળશે તે સતીત્વ પ્રાપ્ત કરશે. સર્વે ઐશ્વર્યો, સર્વે સમૃદ્ધિઓ, સર્વે સિદ્ધિઓ પતિભક્તિમાં વસે છે. પતિવ્રતા સ્ત્રીને પતિના પગ ધોયેલા પાણીમાં સર્વે સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. પતિના મુખમાં મહદ્ બ્રહ્મ રહેલું છે. પતિના શરીરમાં તીર્થ રહેલા છે. પ્રાણમાં મોક્ષ રહેલો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થની સિદ્ધિને આપનારો પતિનો દેહ છે. પતિવ્રતાને પતિ એ જ પરબ્રહ્મ છે. તે જ કૃષ્ણ છે, તે જ વાસુદેવ છે. સર્વે દેવો, યજ્ઞો, જપ, માળા, દક્ષિણા, દાન, જ્ઞાન, યોગ, પરોપકાર, વ્રત, પૂજા, શુભ કર્મો, સર્વે ઉત્સવો પતિ એવા પ્રભુમાં જ કરવા. આ અધ્યાયનો જે પાઠ કરશે, વાંચશે, સાંભળશે, તેનું સ્મરણ કરશે તે ભક્તિ અને મુક્તિ પામશે.

અધ્યાય - ૩૭૨

❖ પતિવ્રતા પદ્મા દ્વારા ધર્મદેવને શાપ અને આશિર્વાદ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે મનુના વંશમાં અનરણ્ય નામે રાજા થયો. તેણે સો યજ્ઞ કરી ઈન્દ્રપદ મેળવ્યું. પણ ગ્રહણ ન કર્યું. તેને સો પુત્રો અને એક પુત્રી પદ્મા થઈ. પદ્મા ઉંમરલાયક થઈ. એટલે રાજાએ તેના લગ્ન કરવા વિચાર કર્યો. ત્યાં પીપ્લાદ ઋષિ આવ્યા. રાજાએ પગે લાગી સત્કાર કર્યો. બેઠો અને કહ્યું. ઋષિ જે ઈચ્છા હોય તે કહો. ઋષિ કહે : તારી કન્યા પદ્મા મને આપ. રાજા મૌન રહ્યો. ઋષિ કહે : કન્યા નહીં આપે તો સર્વ ભસ્મ કરી નાખીશ. રાજા-રાણી કુટુંબ ઋષિના તેજથી ક્ષોભ પામ્યા. અને શોક કરવા લાગ્યા. ઋષિ કહે : તારે કન્યા ગમે તેને આપવાની તો છે જ. તો હું સત્પાત્ર છું. મને આપ. સર્વેની શાંત થાય. તેથી પદ્મા કહે : પિતાજી મને ઋષિને આપી દો. રાજાએ પદ્માને શણગારી કરિયાવર ભેટ સાથે ઋષિને આપી. ઋષિ તપના પ્રભાવથી યુવાન રૂપ કરી પદ્મા સાથે રહ્યા. પદ્મા પતિવ્રતા ધર્મથી ઋષિની સર્વે સેવા કરતી. લક્ષ્મી જેમ નારાયણની સેવા કરે તેમ પદ્મા ઋષિને સ્નાન, ભોજન, પાન, પૂજન વગેરે સમય પ્રમાણે કરતી. યોગી, તપસ્વી, પતિને પામીને પદ્મા પોતાને ધન્ય માનતી. અનેક જન્મના પુણ્યથી પ્રભુ જેવો પતિ મળે છે.

ભોગ કરનારો, મારનારો, કામનારો પતિ સર્વત્ર મળે પણ સાધુ સ્વભાવવાળો, દેવગુણવાળો પ્રભુનો ભક્ત પતિ મળવો દુર્લભ છે. પદ્મા મન, વચન, કર્મથી પીપ્લાદને પ્રભુ માની પૂજતી. સુખ-દુઃખ, ભોગ, ભોજ્ય, વિશ્વાસ, વરદાન સર્વે મારું પતિમાં છે. દીનતા, શ્રેષ્ઠતા, વ્રત, ધર્મ, પુણ્ય, તીર્થ, દાન, પાઠ, પૂજા, સંધ્યા ઉત્સવ સર્વે મારું પતિમાં છે. ગુરુદેવો, ઈશ્વરો, ધામ ધરા રાજ્ય વિધિ નિષેધ, તૃપ્તિ સર્વે ઋષિમાં છે. એમ માની સેવા કરતી, એવી પતિવ્રતા પદ્માની પરીક્ષા કરવા ધર્મદેવ રાજા યુવાનરૂપે ત્યાં આવ્યા. પદ્માને કહે : ક્યાં તું રાજયલક્ષ્મી અને ક્યાં આ વૃદ્ધ તપસ્વી. ચાલ મારી સાથે રાજયમાં.

એમ કહી પાસે આવ્યા. પદ્મા કહે : મારો સ્પર્શ કરતો નહીં. દૂર જા નહીં તો ભસ્મ થઈ જઈશ. અધર્મી પુરુષના સ્પર્શથી પણ પુણ્ય નાશ પામે છે. તું રાજા થઈને બ્રાહ્મણ પત્ની પાસે આવ્યો. બ્રાહ્મણ પત્ની ગુરુપત્ની માતા સમાન ગણાય. માતાને સ્ત્રી તું માને છે. માટે જા તારો ક્ષય થાવ. પદ્માનો શાપ સાંભળીને ધર્મદેવે મનુષ્યરૂપ તજીને પોતાનું સ્વરૂપ બતાવીને કહ્યું : હે માતા, મને સર્વનો ગુરુ ધર્મ જાણો. હું સર્વે સ્ત્રીને માતા સમાન ગણીને લોકોનું રક્ષણ કરનારો છું. હું તમારી પરીક્ષા કરવા રાજાનું રૂપ લઈને આવ્યો હતો તો પણ મનુષ્ય જેમ પોતાનું કર્મ ભોગવે છે. તે મારે કર્મફળ ભોગવવું પડશે. તેથી મારો નાશ ન થાય તેવી પ્રાર્થના કરું છું. પદ્મા કહે : તમને શાપ આપ્યો તે મારે અપરાધ થયો. સાધ્વીનો શાપ મિથ્યા થાય નહીં. તમે ધર્મનાશ પામો તો જગતનો નાશ થાય. તેથી હે ધર્મ તમે જીવતા રહો અને મારો શાપ ખોટો ન થાય. તે કહું સાંભળો.

સત્યુગમાં તમે સત્ય, યજ્ઞ, તપ, દાન, આ ચાર પગે રહેશો. ત્રેતાયુગમાં યજ્ઞ, તપ, દાન આ ત્રણ પગે રહેશો. દ્વાપરમાં તપ દાન આ બંને પગે રહેશો. કળીમાં દાન એક પગે તે પણ કળીયુગને અંતે નાશ પામશે. ત્યારે તમે ગુપ્તપણે રહેશો. સાત્વિકમાં તમે પૂર્ણપણે રહેશો. હે ધર્મદેવ તમારે રહેવાનો આધાર હરિભક્તોમાં, વૈષ્ણવોમાં, સાધુ, સાધ્વીમાં, યતિ-મુનિમાં, બ્રહ્મચારીમાં, પતિવ્રતામાં, વિદ્વાનોમાં, સંતના સંગમાં રહેનારા, ચાર વર્ણમાંથી પીપળામાં, વડમાં, બીલ્વમાં, તુલસીમાં, ચંદનમાં, દીક્ષા, પરીક્ષા, ગૌશાળા, દેવાલય તીર્થમાં, વિવાહમાં, સર્વે પુષ્પોમાં, સંતોના આશ્રમમાં, કૃષ્ણના કિર્તનમાં, વ્રત, પૂજા, યજ્ઞમાં વગેરે શાસ્ત્રો, ગાય વગેરે સ્થાનોમાં તમારો વાસ રહેશે. એ વિના પાપના સ્થાનો, વિરોધના સ્થાનોમાં તમારો ક્યાંય વાસ નહીં રહે. પદ્માના આવા વચનો સાંભળી ધર્મદેવે આશીર્વાદ આપી કહ્યું તું પતિભક્તિવાળી થા, તારું કલ્યાણ થાવ. તારું યૌવન સ્થિર રહે, લાંબુ જીવ, દશ પુત્રની માતા થા. પદ્માએ ધર્મને પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા. ધર્મદેવ પોતાના સ્થાનમાં ગયા. શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, આ રીતે પતિવ્રતા સાધ્વી સ્ત્રી નાશ કરવા અને રક્ષણ કરવા સમર્થ થાય છે.

અધ્યાય - ૩૭૩

❖ વૈકુંઠમાં નારાયણ દ્વારા લક્ષ્મીનો ગર્વ નાશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અક્ષરધામના પતિ પુરષોત્તમ નારાયણે પોતાના હૃદયમાંથી ઈચ્છા સંકલ્પરૂપ મહાસતી લક્ષ્મી પ્રગટ કર્યા. લક્ષ્મીજીએ ધામમાં સર્વે મુક્તોના સ્વરૂપથી પોતાનું રૂપ વિલક્ષણ જોઈ પુરુષોત્તમ નારાયણને કહ્યું, મારા વાસ માટે જુદો મહેલ બનાવો. પુરુષોત્તમ નારાયણે અક્ષરધામના પ્રદેશમાં વૈકુંઠની રચના કરી પોતે બીજું પોતાનામાંથી ચતુર્ભુજ સ્વરૂપ પ્રગટ કરી લક્ષ્મીજીને સેવા માટે ત્યાં રહ્યા. તે ધામમાં અનંત સમૃદ્ધિ, દાસ,

દાસી, મહેલ, બગીચાથી શોભતા નારાયણની સેવામાં રહ્યા. લક્ષ્મીનારાયણની ભક્તિ કરનારા અનંત ભક્તો તે વૈકુંઠ ધામમાં દિવ્ય પાર્ષદ, પાર્ષદાણીઓ થઈને લક્ષ્મીનારાયણની સેવામાં રહે છે.

એકવાર વૈકુંઠમાં નારાયણ અનેક સ્વરૂપ ધારણ કરી સખી સાથે રમતા હતા. મહાલક્ષ્મી પોતાના ભવનમાં હતા. તે સમયે સનકાદીકો યોગબળથી ધામની રચના પ્રભુએ કરી છે તે જાણીને વૈકુંઠમાં દર્શને આવ્યા. બાળસ્વરૂપે રહેલા રતીક્રિયાને નહી જાણનારા, સ્ત્રીના યોગને નહીં જાણનારા એવા નારાયણના દર્શન કરવા અંતઃપુરમાં ગયા. નારાયણને પગે લાગી ભેટી પડ્યા. લક્ષ્મીજીના પગ દાબવા લાગ્યા. લક્ષ્મીજીએ ભોજન આપ્યું, પૂજયા. પછી દર્શન કરી ગયા. લક્ષ્મીજીએ નારાયણને કહ્યું, તમારા દર્શન કરવા દેવો, મુનિઓ આવે છે અને અમે સેવામાં હોઈ તેથી દરવાજે દ્વારપાલ રાખો. નારાયણે સ્મરણ કર્યું. ત્યાં જય-વિજય ચતુર્ભુજ રૂપે ત્યાં આવ્યા તથા નંદ-સુનંદ, પુષ્પદંત, સાત્વત, કુમુદ-કુમુદાક્ષ આઠ નારાયણના ઐશ્વર્ય પાર્ષદોને દ્વારપાલ બનાવીને દરવાજે રાખ્યા. સનકાદીકો બીજીવાર દર્શને આવ્યા. દર્શન કરી ચાલ્યા ગયા. લક્ષ્મીજી દરવાણીને કહે : કોઈને લક્ષ્મીનારાયણની આજ્ઞા વિના અંદર આવવા દેવા નહીં. સર્વે દ્વારપાલે આજ્ઞાનું પાલન કરવું. પતિવ્રતા મહાલક્ષ્મીનારાયણની સર્વે સેવા ભક્તિપૂર્વક કરતા. સ્નાન, શણગાર, ભોજન, પાન, શય્યા વગેરે અનેક સેવા સ્નેહથી કરતા. એકવાર લક્ષ્મી સખી સાથે બગીચામાં જઈ પોતાના વખાણ કરવા લાગ્યા. નારાયણ મારે વશ વર્તે છે. હું કહું એમ કહે : મને જ સંભારે. તમે ધણી છો પણ મારા જેવો કોઈ નહીં. આવી રીતે ગર્વ અભિમાન લક્ષ્મીજીને આવ્યું. તે નારાયણે જાણ્યું. લક્ષ્મીસખી સાથે બગીચામાંથી પાછા વળ્યા. નારાયણના દરવાજે આવ્યા. ત્યાં નારાયણની આજ્ઞાથી જય-વિજયે અંદર જવાની લક્ષ્મીજીને ના પાડી. પાર્ષદોથી પરાભવ પામી પોતાનો તિરસ્કાર જાણીને લક્ષ્મીજી તે સમયે શ્રીહરિનારાયણનું ધ્યાન કરી દેહ ત્યાગ કરવા તૈયાર થયા. તે સમયે નારાયણના દર્શન કરવા બ્રહ્માદી દેવો, ઋષિઓ આવ્યા હતા. તેણે કહ્યું. ક્ષમા કરો દેવી, તમારા જગત નિષ્ફળ થશે. તમે સર્વેના સંપત્તિરૂપ છો તમારી આરાધના કરીને મનુષ્યો, પત્ની, પુત્ર, સંપતી સર્વે વસ્તુને મેળવે છે.

દેવોની સ્તુતિ સાંભળી મહાલક્ષ્મી કહે, હું ક્રોધથી કે વૈરાગ્યથી દેહ નથી ત્યજતી પણ મારા હૃદયમાં વિચાર કર્યો છે કે, પતિને નોકર અને પત્નીમાં સમાન ભાવ છે. તો મારે આ જીવન શું કામનું. હું નારાયણની સર્વે પત્નીઓમાં મોટી છું. તે દરવાણીએ મારું અપમાન કર્યું. જે સ્ત્રી પોતાના પતિને સુખ નથી આપી શકતી તેને પોતાને ક્યાંય સુખ મળતું નથી. તેનું જીવન વૃથા થાય છે. જે સ્ત્રીના પતિને પ્રેમ નથી, તે સ્ત્રીનો જન્મ નિરર્થક થાય છે. જે સ્ત્રીને પતિમાં સેવા ભક્તિ નથી તે સદા અપવિત્ર, ધર્મહીન રહે છે. સ્ત્રીને પતિ

છે તે સર્વસ્વ છે. માતા-પિતા, બંધુ પુત્ર એ સર્વે અલ્પ આપે છે. પતિ સર્વસ્વ આપે છે. પતિવ્રતા સાધ્વી ક્યારે પણ પતિના દોષને કહેતી નથી. તેથી શ્રીહરિના દાસ દરવાણીએ મારો તિરસ્કાર કર્યો છે તેથી પ્રાણ ત્યાગ કરીશ. સ્ત્રીને પતિ સેવા છે. તે પરમ ધર્મ તપ અને દેવપૂજન છે. જે સ્ત્રી પતિના પગ ધોઈને પાણી પીવે છે, પતિની ઉચ્છીષ્ટ પ્રસાદી જમે છે તેના દર્શન દેવો ઈચ્છે છે.

લક્ષ્મીનું કહેવું સાંભળી બ્રહ્મા કહે : જે થવાનું હશે તે થશે પણ તમે જય-વિજયને શાપ ન આપતા. અને અમારી સાથે નારાયણ પાસે ચાલો. એટલે આ સર્વે દેવો, ઋષિઓને દર્શનનો લાભ થાય. ત્યારે લક્ષ્મીજી કહે : દેવો જો હું પતિવ્રતા હોઉં, પતિમાં લોભાયેલી, પતિ માટે પ્રાણ આપનારી, જો હું મારા ધર્મમાં રહેલી હોઉં તો પતિવ્રતાના બળથી નારાયણ મારી પાસે આવો. શ્રીહરિ માટે મે સર્વનો ત્યાગ કરી સર્વ શ્રીહરિ માટે જ કર્યું હોય તો દરવાજે દર્શન દેવા આવો. જો આત્માથી હું તમને વરેલી હોઉં તો નારાયણ તમે દર્શન દેવા આવો નહીંતર હું મરીશ. એમ કહી પગમાંથી અગ્નિ પ્રગટ કરી જ્યાં બળવા જાય ત્યાં નારાયણ આવી હાથ ઝાલી છાતી સાથે ભીડીને કહે, દેવી ક્ષમા કરો. મેં ક્રૂર કાર્ય કર્યું છે એમ કહી નેત્રમાં આંસુ લાવી કહે. તું સત્ય પતિવ્રતા છો, પતિવ્રતાના પ્રભાવથી જ હું અહીં આવ્યો છું. આવ દેવી, ક્રોધ ન કર. સાધ્વી થા. તારી પરીક્ષા માટે ગર્વનાશ માટે જ દરવાણી પાર્ષદને અંદર આવવા દેવાની ના કહી હતી. ભક્તમાં, ભાઈમાં અને પત્નીમાં મારે સમાન ભાવ છે. વિશેષ તો મારે પત્ની કરતા પણ મારી ભક્તમાં મને વધારે ભાવ રહે, એમ કહી લક્ષ્મીને અંદર લઈ ગયા. પાર્ષદોને બોલાવી કહે : વત્સ ભય ન રાખતો. હું અહીં છું. ત્યાં મારાં ભક્તને કોઈનો ભય નથી. મારા ભક્તનો શાસ્તા કોઈ નથી. આ મેં ચરિત્ર કર્યું તે જે ગાશે તેનો મોક્ષ થાશે. શ્રીહરિ દેવોને કહેવા લાગ્યા. સાંભળો સર્વેથી શ્રેષ્ઠ પતિવ્રતા ધર્મ છે. તેથી હું વશ થઈને સિંહાસનનો ત્યાગ કરી દરવાજે આવ્યો. પતિવ્રતાને આધારે સર્વે દેવતાઓ રહેલા છે. તેથી પતિવ્રતા સમાન એકે ધર્મ નથી. માટે નર-નારીઓ, ભક્તો પતિવ્રતાના ભાવથી મને સેવે છે, ભજે છે તે મને પામે છે. હું તેની પાસે જ છું. ભક્તિ અને મુક્તિ આપનારો પતિવ્રતાસમાન એકે ધર્મ નથી. બ્રહ્માદી દેવો લક્ષ્મીનારાયણના દર્શન કરી પોતાને સ્થાને ગયા.

અધ્યાય - ૩૭૪

❖ સતી શચી દ્વારા નુહુર્ષ રાજાનો અસ્વિકાર ❖
❖ સતી શચી દ્વારા ઈન્દ્રને ફરી ઈન્દ્રાસનની પ્રાપ્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે હું તને ઈન્દ્ર પત્ની પતિવ્રતા શચીની કથા કહું. એકવાર દેવગુરુ બૃહસ્પતિ સભામાં આવ્યા. સર્વે દેવો ઊભા થયા ઈન્દ્ર ઊભો ન થયો. બૃહસ્પતિ

અપમાન થવાથી ચાલ્યા ગયા. જ્ઞાની હોવાથી શાપ ન આપ્યો. ક્રોધ કરનારનું પુણ્ય બળી જાય છે. શાપ આપનારનું પુણ્ય નાશ થાય છે. તેથી કલ્યાણને ઈચ્છતા હોય તેણે ક્રોધ ન કરવો. ક્ષમા રાખવી. બ્રાહ્મણ, ગુરુ અને તપસ્વીનું અપમાન કરવાથી બ્રહ્મહત્યા સમાન પાપ થાય છે. તે પાપ ઈન્દ્રને વળગ્યો. તેથી તે પુષ્કરમાં તપ કરવા ગયો. દેવો, ઋષિઓએ ભેગા થઈને નુહુર્ષ રાજાને પ્રધાનપદે ઈન્દ્રાસને બેસાડ્યો. નુહુર્ષ ઈન્દ્રના ભવનમાં બગીચામાં વાહનમાં ફરતો ત્યાં ઈન્દ્રાણી શચીને જોઈને મોહ પામ્યો અને કહે, વિધિની વિચિત્રતા છે. તારા જેવી યૌવનરૂપવતીને મૂકીને ઈન્દ્ર અહલ્યા પાસે કેમ ગયો ? તારા સમાન રૂપવાળી ચૌદ લોકમાં નથી અત્યારે ઈન્દ્રની ગાદીએ છું માટે મારી સેવા કર.

નુહુર્ષ કહે : શચી હું તને દબાવીને નથી કહેતો પરંતુ પ્રાર્થના કરું છું. મને પરસ્ત્રીમાં મોહ નથી. પણ ઈન્દ્ર થયો છું એટલે ઈન્દ્રાણી વિના અધૂરું રહે. નુહુર્ષનું વચન સાંભળી શચી સાધ્વી માનવ રાજાને કહેવા લાગી : સાંભળ, બ્રહ્માએ મને ચૌદ ઈન્દ્ર સુધી નિર્માણ કરેલી છે. ચૌદમાં તું નથી. હું પતિવ્રતા દેવી છું, અને તું માનવ છો. મુનિઓએ દેવોનું કાર્ય તને સોંપ્યું છે. મને કે ઈન્દ્રાસનને નહીં, તેથી ગર્વ ન કર. તે મારી સાથે લગ્ન નથી કર્યા અને હું તારા માટે નિર્માણ નથી થયેલી. તેથી તું મને ભોગવવાનો આગ્રહ ન રાખ. એક ઈન્દ્ર ગયા પછી હું શરીરને બાળી નવું શરીર ધારણ કરું છું. તેથી હું પતિવ્રતા કહેવાઉ છું તારે મને પ્રાપ્ત કરવી હોય તો ચૌદમા ઈન્દ્રમાં તારી ગણના મેળવી લે પછી બ્રહ્મા મને તને આપે. પહેલાના રાજાની પત્ની તે રાજમાતા કહેવાય. ગુરુપત્ની, પુત્રવધૂ, શિષ્યપત્ની, નોકરપત્ની, મામી, માતા, ભાભી, સાસુ, બહેન, પુત્રી, ગર્ભધાત્રી, ઈષ્ટદેવી, અપરમાતા આ સોળ માત કહેવાય છે. માતૃગામી ક્યારેય પણ ન થવું. શચીએ આવા અનેક નીતિ-નિયમો કહ્યા. છતાં નુહુર્ષ ન માન્યો અને કહે : મનુષ્ય શુભ કર્મ કરી સ્વર્ગમાં સુખ ભોગવે છે. માટે આ કર્મભૂમિ નથી. આ ભોગભૂમિ છે તેથી તારે મારે આધીન થવું જ પડશે. શચી કહે, ખાલી ઈન્દ્રાસન પર માખી કે જંતુ બેસે તો ઈન્દ્ર નથી બની જતા. હું ઈન્દ્ર પત્ની પતિવ્રતા છું તે તારી પાસે ક્યારે પણ નહીં બેસું. તેમ છતાં તું ધર્મરાજાને, ગુરુ બૃહસ્પતિને પૂછી જો. મારી પાસે આવીશ તો તારું સર્વનાશ થશે. પતિવ્રતા ધર્મનારાયણ સમાન છે. તેનાથી સર્વે દેવો, ઈશ્વરો ભય પામે છે. પતિવ્રતા સ્ત્રી પતિને જીવાડી શકે, પ્રલય થતો અટકાવી શકે, અગ્નિ શાંત કરી શકે, મહાકાળ પાછો વાળી શકે, સૂર્ય-ચંદ્રની ગતિ અટકાવી શકે. વિષ્ણુના ચક્રને લોકને નાશ કરનારું બ્રહ્માસ્ત્રને અટકાવી શકે. પતિવ્રતા અપરાધીને દંડ દેવા સમર્થ છે. બ્રહ્માંડનો નાશ કરવા સમર્થ છે. પતિવ્રતા સાધ્વી સ્થળમાં જળ અને જળમાં સ્થળ કરે છે. નરને નારી, નારીને નર બનાવી દે છે. ત્યારે દેવગુરુ બૃહસ્પતિ આવ્યા. નુહુર્ષ પગે લાગી ચાલ્યો ગયો.

શચી ઈન્દ્રાણી દેવગુરુને કહે : તમે મારું રક્ષણ કરો. આ નુહુર્ષ મને પત્ની કરવા ઈચ્છે છે. સાધ્વીએ શાપ ન આપવો તેથી મેં શાપ નથી આપ્યો. અને જો મારું રક્ષણ નહીં થાય તો હું શાપ આપીશ તો નુહુર્ષનું સર્વનાશ થશે. માટે તમે ગુરુ છો. ગુરુ વિના કોઈ સંસાર પાર કરી શકતું નથી. વિદ્યામંત્ર અને જ્ઞાન આપનારા ગુરુ ઈશ્વર સમાન છે. બૃહસ્પતિ કહે : તારા જેવી પતિવ્રતા સ્ત્રી સર્વેનું રક્ષણ કરે છે. હું આશીર્વાદ આપું છું. સર્વે સારું થશે. પછી બૃહસ્પતિ નુહુર્ષ પાસે જઈને કહે : તું શચીને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે. તો પૂર્વે કોઈના વાહન ન થયા હોય એવા સાત ઋષિને શિબિકામાં જોડીને રાત્રે શચી પાસે જજે. નુહુર્ષ હર્ષ પામી પોતાના દૂત પાસે સાત ઋષિને તેડાવ્યા. ઋષિ આવ્યા. નહુર્ષ પગે લાગી કહે : તમે બ્રહ્માના પુત્ર પરોપકારવાળા રાગદ્વેષ વિનાના છો. તેથી મારી ઉપર કૃપા કરો. ઋષિ કહે : રાજા તારા મનમાં જે ઈચ્છા હોય તે માગ. નુહુર્ષ કહે : શચી સતી તમારું વાહન ઈચ્છે છે. ઋષિ સાંભળી હસવા લાગ્યા. રાજાને મોહ પામેલો જોઈને શિબિકામાં બેસાડી ખંભા પર લઈ ચાલતા થયા. ઋષિ વૃદ્ધ હોવાથી ધીમે ચાલતા.

રાજા મોહવશ થઈ કહે : જલ્દી ચાલો સરખા ચાલો. સાંભળીને ઋષિઓમાં આગળ દુર્વાસા હતા. તેણે શાપ આપ્યો. રાજન, તું અમને સર્વને સર્પ કહે છે. પણ તુજ સર્પ થા. નુહુર્ષ તરત જ અજગર થયો. ઋષિને પગે લાગી માફી માગી. ઋષિઓ કહે : ધર્મપુત્ર યુધિષ્ઠિરના દર્શનથી તારો મોક્ષ થશે. એમ કહી ઋષિઓ સત્યલોકમાં ગયા. પતિવ્રતા ઈન્દ્રાણી શચી આ વૃતાંત સાંભળી બૃહસ્પતિ ગુરુ પાસે આવી નમસ્કાર કર્યા. બૃહસ્પતિ પુષ્કરમાં ઈન્દ્ર પાસે ગયા. અને કહે : વત્સ હું તારો ગુરુ છું. ચાલ સ્વર્ગમાં. ઈન્દ્ર પગે લાગ્યા. દંડવત કર્યા. બૃહસ્પતિએ ઈન્દ્ર પાસે સોમયાગ કરાવી ઈન્દ્રને પુણ્ય આપીને ગાદીએ બેસાડ્યા. એક વર્ષ પાણી પીવાનું, એક વર્ષ ફલાહાર, એક વર્ષ સોમ લતા રસ પાન કરે ત્યારે ત્રણ વર્ષનું વ્રત કરી યજ્ઞ કરી. અનેક દક્ષિણા આપે તે સોમયાગથી બ્રહ્મહત્યા પાપ નિવારણ થાય તે વ્રતથી ઈન્દ્રે પતિવ્રતા સતી સાધ્વી શચીના પ્રભાવથી કરી ફરી ઈન્દ્રાસન પ્રાપ્ત કર્યું.

અધ્યાય - ૩૭૫

❖ અહલ્યાએ પતિવ્રતાના પ્રભાવથી અનેકને જીવતા કર્યા - અહલ્યા શીલારૂપે થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગૌતમ પત્ની સાધ્વી પતિવ્રતા અહલ્યાની કથા કહું સાંભળ. કાશીમાં ગંગા કાંઠે ગૌતમ ઋષિનો આશ્રમ હતો. એકવાર હિમાલયમાં બહું વરસાદ થયો. તેથી ગંગામાં પૂર આવ્યું. કાશીમાં ચારેકોર પાણી ફરી વળ્યું. વાડી, ખેતર ધોવાઈ ગયા. પશુ-પક્ષી, માનવો પાણીમાં મરવા લાગ્યા. હાહાકાર થયો. ગૌતમ ઋષિ ધ્યાનમાંથી જાગી પત્ની અહલ્યાને કહે : અરે જો તો આ ગંગાનું પાણી સર્વેને તાણી જાય છે. આપણો આશ્રમ,

તું, હું, ગાય સર્વેને તાણી જશે. મનુષ્યો તો વૃક્ષને આધારે જીવશે પણ ગાયો, પશુની કેવી દશા થશે. એમ કહી શોક કરી રુદન કરવા લાગ્યા. અહલ્યા કહે : જે થવાનું હશે તે થશે. પતિને પગે લાગી પ્રયત્ન કરું. એમ કહી અંદર જઈ અગ્નિ પ્રગટાવી હોમ કરી ગંગાનું સ્મરણ કર્યું. અહલ્યા કહે : અરે બહેન મારો શું કામ નાશ કરે છે. પતિવ્રતાના બળથી હું તને ભસ્મ કરી નાખીશ. ગંગા ભય પામી મૂર્તિમાન કન્યારૂપે આવી. દાસીરૂપે વંદન કર્યા. અહલ્યા કહે, ગંગા આવી દુર્દશા કેમ કરી. પાણીનો સંહાર કર. નહીં તો તારો હવન કરીશ. તું મરી જઈશ. ગંગા સાંભળીને ધ્રુજીને કહે : મારો દોષ નથી આ પાણી તો હિમાલયમાંથી આવે છે. અહલ્યા કહે : મારા આશ્રમમાં બેસ. એમ કહી હોમ કરી હિમાલયને બોલાવ્યો.

હિમાલય આવી સતીને નમન કરી કહે : મને કેમ સંભાર્યો. અહલ્યા કહે : પાણી બંધ કરો. હિમાલય કહે : એમાં મારો દોષ નથી. સાત દિવસથી વરસાદ ચાલુ છે. વન, પર્વત, જંગલ સર્વે પાણીમય થયું છે. વૃષ્ટિ બંધ જ નથી થતી. હું પણ પાણીમાં ડૂબી ગયો છું. સાંભળી અહલ્યા કહે : તું અહીં રહે. હું મેઘને બોલાવું છું. અગ્નિમાં મેઘને આહુતિ આપી બોલાવ્યો. બારે મેઘ મૃત્યુના ભયથી તરત આવ્યા. અહલ્યા કહે : અરે મેઘો શું તમારે પ્રલય કરવો છે. પાણીને સમાવી લ્યો નહીં તો મરી જશો. મેઘો કંપતા કહે : માતા અમારો દોષ નથી. અમે તો ઈન્દ્રની આજ્ઞાથી વરસીએ છીએ. અહલ્યાએ ઈન્દ્રને બોલાવ્યો. ઈન્દ્રાસનથી ઈન્દ્ર ખેંચાઈને અહલ્યાના આશ્રમમાં પડ્યો. મરી ગયો દેવો મારું રક્ષણ કરો. એમ બોલતો આશ્રમમાં ઊભો. અહલ્યા કહે : અરે ઈન્દ્ર અત્યારે પ્રાણીના મરણ થાય છે. વરસાદ બંધ કેમ નથી કરતો. વરસાદ બંધ કર નહીં તો તને અગ્નિમાં હોમી દઈશ. ઈન્દ્રે મેઘોને વર્ષા બંધ કરવા કહ્યું. વરસાદ બંધ થયો. પણ પાણી ઓછું ન થયું. ત્યારે અહલ્યા કહે : ઈન્દ્ર, મેઘ, હિમાલય, ગંગા પાણી ઓછું કેમ નથી થતું.

ઈન્દ્ર કહે : પાણીમાં વરૂણદેવ બેઠા છે. તે સંકોચન નથી કરતા. અહલ્યાએ વરૂણદેવને બોલાવ્યા. વરૂણ દેવ આવ્યા. અહલ્યા કહે : વરૂણ દેવ પાણી સમાવો નહીં તો તમારો અગ્નિમાં હોમ કરીશ. વરૂણદેવે તરત પાણી સમાવી લીધું પછી નદીના પાણીમાં મરેલા મનુષ્યોને જોઈને અગ્નિને પૂછયું. આ સર્વે જીવતા કેમ થાય ? સર્વેએ કહ્યું મરેલાને યમરાજ જીવતા કરે. અહલ્યાએ યમને બોલાવ્યા. યમ આવી હાથ જોડી કહે : શું કાર્ય કરું. અહલ્યા કહે : પાણીમાં મરેલા મનુષ્ય, પશુ, પક્ષીને તમારા બળથી જીવતા કરો. જો જીવતા નહીં કરો તો તમે મરી જશો. યમ કહે : હું તો રૂદ્ર સંકર્ષણને આધીન છું. અહલ્યાએ કાળના કાળ રૂદ્ર સંકર્ષણને સંભાર્યા. સંકર્ષણ આવીને સતીને નમન કરી ઊભા. અહલ્યા કહે : મરેલા સર્વેને જીવતા કરો નહીં તો તમને સર્વેને પતિવ્રતાના પ્રભાવથી જીવન નષ્ટ કરીશ. સંકર્ષણ કહે : સર્જન, પોષણ અને સંહાર તો નારાયણે નિર્માણ કરેલું છે તે કર્તા-

અકર્તા અન્યથા કર્તા સમર્થ છે. અમે સમર્થ નથી. સમર્થ શ્રીહરિ છે. અહલ્યાએ શ્રીકૃષ્ણનારાયણને સંભાર્યા. પતિવ્રતાના પ્રભાવથી શ્રીહરિ તરત આવ્યા. સતી શ્રીહરિને પગે લાગી કહે : પ્રભુ, હે સ્વામી, હે નારાયણઆ મહાવૃષ્ટિમાં મરેલા કરોડો જીવોને જીવતા કરો.

શ્રીહરિ અહલ્યાને કહે : તું એવો સંકલ્પ કર કે જો મેં પતિવ્રતા ધર્મનું પાલન કર્યું હોય તો વૃષ્ટિમાં મહેલા જીવો જીવતા થાય. એવી શ્રીહરિની આજ્ઞાથી અહલ્યાએ સંકલ્પ કર્યો. તરત મરેલા સર્વે દેહધારીઓ સજીવન થયા. પછી શ્રીહરિની આજ્ઞાથી ગંગા, મેઘ, ઈન્દ્રાદિ દેવો, હિમાલય, વરૂણદેવ, યમરાજ સંકર્ષણ સર્વે પોતાને સ્થાને સતીને નમસ્કાર કરીને ગયા. તે સમયે ઈન્દ્ર અહલ્યાનું રૂપ જોઈ મોહ પામ્યો. દૂર જઈ પાછો આવ્યો. પણ અહલ્યાને જોઈ નહીં એટલે નિરાશ થઈ સ્વર્ગમાં ગયો. બીજીવાર આવ્યો તો પણ ન દેખાઈ. પાપી મલીન હૃદયવાળાને પતિવ્રતા દૃષ્ટિમાં આવતા નથી. એકવાર રાત્રે ગૌતમના આશ્રમે આવ્યો તો એકલું તેજ દેખાયું. ઈન્દ્રે ચંદ્રને કહ્યું અહલ્યા પાસે જવું છે. ચંદ્ર કહે : તું ગૌતમ ઋષિનું રૂપ લે. હું કુકડાનું રૂપ લઉં તો તારું કામ થશે. એવી રીતે કપટથી કામ લે નહીં તો મરી જઈશ. ચંદ્ર કુકડો અને ઈન્દ્ર બીલાડો થઈને રાત્રે ગૌતમ ઋષિનો આશ્રમે આવ્યા. કુકડો બોલ્યો એટલે ઋષિ સ્નાન કરવા ગયા. બીલાડા રૂપે રહેલા ઈન્દ્રે ગૌતમ ઋષિનું રૂપ લઈ આશ્રમમાં ગયો. અહલ્યાએ ગૌતમ ઋષિ રાજસ ભાવવાળા જોઈને રતીક્રિડાનો ભાવ પૂરો કર્યો. ગૌતમ ઋષિ ગંગામાં ન્હાવા ગયા. ત્યાં ગંગાએ કહ્યું, ઋષિ નાવાનો સમય થયો નથી. જલ્દી ઘેર જાવ કપટ થયું છે. સતી પાસે જાવ. ગૌતમ ઋષિએ આશ્રમે આવી જોયું. ઈન્દ્ર સંભોગમાં હતો. તરત ઈન્દ્ર રૂપ બદલી ભાગવા ગયો ત્યાં બારણામાં ઋષિ ભેગા થયા. ઋષિએ કામાંધ ઈન્દ્રને જોઈને શાપ આપ્યો તું હજાર છીદ્રવાળો થા. અહલ્યાએ પણ જાણ્યું પણ પતિરૂપે રહેલા ઈન્દ્રને શાપ ન આપ્યો. ચંદ્ર ગુપ્ત રીતે ભાગી ગયો.

ઋષિ અહલ્યાને કહે : દેવી હવે તારી શું ઈચ્છા છે ? અતિરૂપ નારીને સુખ આપનારું થતું નથી. હું તૃપ્તીવાળો છું. વૈરાગ્યથી તજીસ તો તું દુઃખી થઈશ, પાસે રાખીશ તો આવી ઉપાધી આવશે. તેથી તને વિઘ્ન ન થાય. મને ચિંતા ન થાય. ઋષિને સાંભળી અહલ્યા કહે : હું તમારી સમીપે પથ્થરનું આસન થઈને વાસ કરીશ. તમે તો આસન પર બેસજો તમને ચિંતા નહીં. મને ધર્મ વિઘ્ન નહીં. તમારા યોગથી મારું પતિવ્રતાવ્રતનું પાલન થશે. એમ કહી ઋષિની પૂજા કરી અહલ્યા પથ્થરના આસનરૂપે થઈ ગઈ. ગૌતમ ઋષિ કહે : દેવી, રામ ભગવાન આવશે ત્યારે અહીં વિશ્રાંતિ કરશે અને તારો સ્પર્શ કરશે ત્યારે તું મારી સાથે વૈકુંઠમાં આવીશ. ત્યાં સુધી હું નિરાસન રહી તપ કરીશ. તે સર્વે સંસારની આશા છોડી તેથી મહાશાંતિ પામી. સર્વે આશાવાળા જગતના જીવો દુઃખી થાય છે. મુક્તિ છે તે પથ્થર જેવી વિઘ્નરહિત છે. તેને તેં પ્રાપ્ત કરી. પતિ ભક્તિથી શિલા આસનરૂપે થઈ તેના પર

બેસી હું તપ કરીશ. પછી ત્રેતાયુગમાં રામ, લક્ષ્મણ, સીતા, ગૌતમઋષિના આશ્રમે આવ્યા ત્યારે રામચંદ્રજીના સ્પર્શથી અહલ્યા દિવ્ય સ્વરૂપે થયા અને પતિ સાથે વૈકુંઠધામમાં ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી આ પતિવ્રતાની કથા કોઈ કહેશે, સાંભળશે તેને પતિવ્રતાપણું દૃઢ થશે.

અધ્યાય - ૩૭૬

❖ શ્રીરામ અને પતિવ્રતા સતી સીતાનું ઉત્તમ ચરિત્ર ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે તને લક્ષ્મીરૂપ પતિવ્રતા સીતાની કથા કહું. સાંભળો. પૃથ્વીની પુત્રી સીતાને કુશધ્વજ રાજાએ પાલન કરી મોટી કરી. શ્રી રામ ધનુષ્ય ભાંગી સીતાને પરણ્યા. સાકેત નગરીમાં શતમખ રાજા તેના પુત્ર રામાદિત્ય અને નરાદિત્ય બે પુત્રો થયા. તે અવતાર પ્રથમ ત્રેતાયુગમાં થયો. વિશ્વામિત્રે યજ્ઞમાં વિઘ્ન કરતા રાક્ષસોનો નાશ કરવા રામ અને નરને લઈ આવ્યા. પાષાણ રૂપે રહેલી અહલ્યાને દિવ્યગતિ આપી. પતિ સાથે વૈકુંઠમાં ગઈ. વિશ્વામિત્ર યજ્ઞમાં લાવ્યા. પછી મિથિલાનગરીમાં સ્વયંવરમાંથી સીતાને લાવ્યા પછી ગાદીએ બેસવા સમયે કૈકેયીના વચનથી વનમાં જવાનું થયું. સત્યપાલનથી શાશ્વત સુખ થાય છે. ઈચ્છા હોય કે ન હોય પણ સત્ય-પ્રતિજ્ઞાનું પાલન કરવું જ પડે. ન કરે તો કુંભીપાક નરકમાં પડવું પડે અથવા પોતે દેહ બાળીને ભસ્મ થાય તો પ્રાયશ્ચિત થાય. તેથી શ્રીરામ પિતાની અને માતાની આજ્ઞા પાલન કરવા જટા વલ્કલ ધારણ કરી રામાદિત્ય નરાદિત્ય જવા તૈયાર થયા. ત્યાં પતિવ્રતા સાધ્વી સતી સીતાદેવી પતિ સાથે જવા તૈયાર થયા.

રામાદિત્ય કહે : સતી તમે અહીં રાજ્યમાં રહો. વનમાં પગલેપગલે દુઃખ છે. તે સહન કરવા તમે સમર્થ નથી. સીતા કહે : પતિપરાયણ રહેનારી સાધ્વી પતિ પાસે જ સુરક્ષીત રહે છે. મારા પિતાએ તમને આપી છે. તે પતિની પાસે રહીને આજ્ઞા પાળવી તે મારો ધર્મ છે. હું પ્રાર્થના કરું છું. હે કૃપાસીંધુ વનમાં તમારી પાસે મારું મૃત્યુ થશે તો પણ મારી ગતિ થશે. અહીં હું તમારા વિના નહીં રહી શકું. જે સ્ત્રી પતિના સુખ, દુઃખનો ત્યાગ કરી કેવળ સ્વાર્થ સુખને ઈચ્છે તે સ્ત્રી નરકમાં પડે છે. પોતાનું સર્વસ્વ સ્વામીને અર્પણ કરનારી સ્ત્રીએ દેહથી અને પ્રાણથી પતિને રાજી કરવો. પતિવ્રતા સ્ત્રીને પતિ વિના રાજ્ય-સમૃદ્ધિ સર્વે સંન્યાસીના મુંડન જેવું લાગે છે. પતિ સાથે પર્ણ કુટીમાં હોય તો પણ ઈન્દ્રના સ્વર્ગથી અધીક માને છે. તેથી પત્નીએ સદા પતિ પાસે જ રહેવું. પતિ દૂર હોય તો નારીને જીવન સૂનું લાગે છે. એમ કહી સીતા રુદન કરતાં વલ્કલ ધારણ કરીને રામ સાથે વનમાં જવા તૈયાર થયા. રામ કહે : વનમાં ભુખ સહન નહીં થાય.

સીતા કહે : રાજ્યમાં ભુખ શાંત નહીં થાય. રામ કહે : વનમાં તૃષા મૃત્યુ લાવશે. સીતા કહે : ઘરમાં તૃષા મને મારશે. રામ કહે : વનમાં હિંસક પશુઓ મારશે, સીતા કહે : અહીં તમારો વિયોગ મને મારશે. રામ કહે : વનમાં તાપ પ્રાણ હરશે. સીતા કહે : ઘરમાં વિરહાગ્નિ બાળશે. રામ કહે : વનમાં દૈત્ય તને હરી જશે. સીતા કહે : તો તમારે કાર્ય કરવાનું છે તે થશે. રામ કહે : તો હું કલંક સાથે તને નહીં રાખું. સીતા કહે : તો હું સત્ય ધર્મ બહાર લાવીશ. રામ કહે : પછી તને વિયોગ થશે. સીતા કહે : તો વૈકુંઠમાં યોગ થશે. એમ કહી વનમાં ગયા. ત્યાં શુર્પણખા આવી. રામ કહે : હું એક પત્નીવ્રતવાળો છું, નર પાસે જા. નરે નાક, કાન કાપ્યા. તે શુર્પણખા કુબ્જા થઈ. લંકામાં રાવણને કહ્યું. રાવણ મંદોદરીએ ના પાડવા છતાં સીતાને હરી ગયો. રામ સુગ્રીવની સહાયથી હનુમાનને આશીર્વાદ આપી વીંટી આપી લંકા મોકલ્યા. નિરાહાર અને તપથી સૂકાઈ ગયેલા સીતાને હનુમાને રામનો સંદેશો ને વીંટી આપ્યા. આશ્વાસન આપી રામ પાસે આવ્યા. પછી રામ વાનરસેના લઈ રાવણને મારી, સીતાને પુષ્કર વિમાનમાં બેસાડી સાકેતનગરી આવ્યા. વિજય, ઉત્સવ કરીને લોકાપવાદથી રામે સીતાનો ત્યાગ કર્યો.

વાલ્મિકી આશ્રમમાં સીતાને સૂર્ય જેવા બે પુત્રો લવ અને કુશ થયા. પછી રામે બાર હજાર વર્ષ રાજ્ય કરી ધર્મસ્થાપન કર્યો. પછી સીતા પૃથ્વીમાં સમાયા. રામ વૈકુંઠમાં ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પતિવ્રતા સતી સીતાનું ઉત્તમ ચરિત્ર તથા રામ ચરિત્ર કહ્યું તેને જે સાંભળશે તે ભક્તિ-મુક્તિ બંને પામશે. પૃથ્વીમાં દયાળુ અને ધાર્મિક રામ જેવો પુરુષ થયો નથી થશે પણ નહીં. સતી પતિવ્રતા સીતા સમાન દુ:ખમાં જીવનારી કોઈ સ્ત્રી જન્મી નથી અને જન્મશે પણ નહીં.

અધ્યાય - ૩૭૭

❖ પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞામાં રહેવું અને કુટુંબમાં સર્વેની સેવા કરવી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગોલોકમાં કૃષ્ણપત્ની રાધીકા પણ પોતાની પુત્રીઓ લક્ષ્મી-ગંગા, સરસ્વતી, પદ્મા, પ્રભા, પાર્વતીને પતિવ્રતા ધર્મનો ઉપદેશ આપતી હતી. સ્ત્રીઓને પતિવ્રતાથી મહાન ધર્મ એકેય નથી. ત્યાગી ગૃહસ્થ વિધવા વૈષ્ણવોના સર્વે ધર્મોમાં પતિવ્રતા સમાન બીજો કોઈ ધર્મ નથી. પતિની સેવા કરી કૃષ્ણને નૈવેધ ધરી પ્રસાદ જમનારી જીવનમુક્તા થાય છે. મંત્ર ગ્રહણ કરી, ગુરુની સેવા કરી, ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કરી પતિવ્રતા થાય છે. પિતાથી માતા સો ગણા મહાન છે, માતાથી સોગણા મંત્ર આપનારા સદ્‌ગુરુ મહાન છે, ગુરુ, બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ગુરુ સાક્ષાત નારાયણ છે. ગુરુ પ્રસન્નતાથી શ્રીહરિ પ્રસન્ન થાય છે. ગુરુના ચરણામૃત પીવાથી સર્વે તીર્થફળ મળે છે. સ્ત્રીએ પતિના પગ ધોઈને તે પાણીથી સ્નાન કરવું. ગંગાજળથી શાલીગ્રામ જળ દશ ગણું શ્રેષ્ઠ છે. તેનાથી

દશગણું શ્રેષ્ઠ પતિના ચરણામૃતનું જળ છે. સાધ્વી સ્ત્રીએ પતિના પગ ધોઈને પાણી પીવું અને પ્રસાદ ભોજન લેવો તે દેવતા સમાન થાય છે. પતિસેવા પરાયણ મહાસાધ્વીના મુખમાંથી નીકળતું નારાયણનું નામ કોઈ સાંભળે તો તે પણ પવિત્ર થાય છે. એવી સાધ્વી લાખો માનવોનો ઉદ્ધાર કરે છે.

જાતીહિન, જ્ઞાનહિન, વિદ્યાહિન, ક્રિયાહિન હોવા છતાં જે પતિવ્રતા હોય તો લક્ષ્મી તુલ્ય થાય છે. ધનહિન, અલ્પાયુ, મુર્ખ, વિદ્યાહિન, વંશહિન, રોગી, ધર્મ, કર્મથી રહિત, દુરાચાર પતિત આ સર્વેને સાધ્વી પતિવ્રતા આશીર્વાદથી સુખીયા કરી જીવન સુધારી ભક્તી-મુક્તિ આપે છે. સંન્યાસથી નરનારાયણ થાય છે. તેમ પતિ સેવાથી નારી નારાયણી થાય છે. જેમ સંન્યાસીના ચરણથી પૃથ્વી પાવન થાય છે તેમ સતી, સાધ્વી, પતિવ્રતાથી પૃથ્વી પાવન થાય છે. પતિવ્રતાના દર્શનથી અશ્વમેઘ યજ્ઞનું ફળ થાય છે. ભોજન કરાવવાથી રાજસૂય યજ્ઞ ફળ થાય છે.

શ્રી રાધીકા કહે : હે પુત્રીઓ, તમને પતિસેવાના વિશેષ ધર્મ સમજાવું. વ્રત, તપ, પૂજન સર્વે પતિની આજ્ઞામાં રહીને કરવું. ચરણસેવા કરી મધુર વચનોથી સંતોષ પમાડવો. પરપુરુષને રજોભાવથી જોવો નહીં. યાત્રા, ઉત્સવ, નૃત્ય, ગાવું, ક્રિડા, સર્વે પતિની પ્રસન્નતા માટે કરવા. પોતાનો પતિ જે જમતો હોય તે જ સાધ્વીએ જમવું. પતિ સામો વિવાદ કરવો નહીં, તાડન કરવા છતાં ક્રોધ ન કરવો, પતિ સૂતો હોય તયારે જગાડવો નહીં, પુત્રથી પણ અધિક સ્નેહ પતિમાં કરવો, દેવોનું ઋષિ-મુનિઓનું તેજ સતીમાં રહે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ઋષિ-મુનિઓ સાક્ષાત નારાયણ પતિવ્રતાથી ભય પામે છે. ત્રિલોકીને ભસ્મ કરવા સતી સમર્થ છે.

સવારમાં જાગી સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી એકાંતિક ભાગવત ભક્ત જે રીતે પુરુષોત્તમ નારાયણની મૂર્તિની પૂજા, નૈવેધ, આરતી, સ્તુતિ, દંડવત, પ્રદક્ષિણા કરે છે તે જ રીતે પતિવ્રતાએ પોતાના પતિને પરમેશ્વર માનીને પૂજા કરવી. પૂર્વે પતિવ્રતાનો ધર્મ કંભરાલક્ષ્મી, પદ્મા, સરસ્વતી, ધરા, ગંગા, રમા, સાવિત્રી, પાર્વતીએ પાલન કર્યો હતો તથા જયા, લલીતા, માણિકી, મોહિની, પ્રભા તેણે પણ પતિવ્રતા ધર્મપાલન કરીને બીજી સ્ત્રીઓને પાલન કરાવ્યો છે. નરનારી જે આ પતિવ્રતાની કથા સાંભળશે તે ઈચ્છિત સર્વે પામશે. જેના ઘરમાં માતા નથી, પતિવ્રતા સ્ત્રી નથી તેનું ઘર સ્મશાન જેવું લાગે છે. જે સ્ત્રી પતિનો દ્વેષ કરે છે, તિરસ્કાર કરે છે, ભોજન નથી આપતી, દુષ્ટ વચનોથી દુઃખ આપે છે, એવી પાપી સ્ત્રીઓ આ જગતમાં તૃણ સમાન જીવન જીવી અંતે નારકી થાય છે. તેથી પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞામાં રહીને કુટુંબમાં રહેલા માતા-પિતા, ગુરુ, પુત્ર, શિષ્ય, ભાઈ, બહેન, સર્વેની સેવા કરવી. વડીલોમાં પૂજ્ય બુદ્ધિ રાખવી.

અધ્યાય - ૩૭૮

❖ માટુલીએ પતિવ્રતાના પ્રભાવથી પતિ ભાલુકનો રોગ નાશ કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ક્ષુદ્ર ભાલુક નામે હતો. તેની પત્ની માટુલી પતિવ્રતા હતી. ભાલુક વેશ્યા પાસે જતો. કમાયેલું ધન સર્વે વેશ્યાને આપી દેતો. છેલ્લે પત્નીના ઘરેણાં પણ વેશ્યાને આપી દીધા તો પણ પત્ની કંઈ ન બોલી. પછી ક્ષુદ્ર ભગંદરના રોગવાળો થયો ત્યારે તેને ઘણું દુઃખ થયું અને પત્નીને કહ્યું મેં તને ઘણું દુઃખ આપ્યું છે. તારો તિરસ્કાર કર્યો છે. તેથી મને આ રોગ થયો છે. પત્ની કહે : પૂર્વે જે પાપ કર્યા હોય તે દુઃખરૂપે આવે છે તેને જે સહન કરે તે વિદ્વાન. દુઃખ ભોગવવાથી દુઃખનો અંત આવશે એમ આશ્વાસન આપી પત્નીએ માતાજીની માનતા કરી. હું નવરાત્રિ રહીશ. તમારું પૂજન કરીશ, શ્રીફળ ધરીશ. પતિવ્રતાના પ્રભાવથી પતિનો રોગ મટી ગયો. થોડા વર્ષો રહી દેહ મૂકી દીધો. તેની પત્નીએ ચિતા ખડકી પતિના દેહ સાથે સૂતી અને પગમાંથી અગ્નિ પ્રગટ કરી પતિ સાથે દેહને બાળીને પતિ સાથે સ્વર્ગમાં ગઈ.

પૂર્વ સુમંતુ ઋષિએ પોતાની કન્યા કાષ્કિલાને કૌંડીન્ય બ્રાહ્મણને આપી. બેય ઘર સુખી હતા. એકવાર બ્રાહ્મણ રાજાને ત્યાં યજ્ઞમાં ગયો. ત્યાં ગણિકાઓને જોઈ. તેમાંથી બે ગણિકાને ઘેર લાવ્યો. થોડા સમયમાં સંપત્તિ ખલાસ. પત્નીને કહે : તારા ઘરેણા લાવ. પત્નીએ સર્વે આભૂષણો આપ્યા નહીં અને પિતાને ઘેર ચાલી ગઈ. પતિએ ઘરેણા વેશ્યામાં વાપરી નાખ્યા પછી એક વહાણ બનાવી સમુદ્રમાં ગયો. સમુદ્રમાં વહાણ ભાંગી ગયું. લાકડાંને આધારે બેટમાં ગયો. ત્યાં વૃક્ષ નીચે બેઠો. ત્યાં એક રાક્ષસ કાશી રાજાની પુત્રીનું હરણ કરી લાવ્યો. તેની પત્નીને કહે, એક મનુષ્ય વૃક્ષ નીચે બેઠો છે, તેને લઈ આવ ખાઈ જાઉ. તેની પત્ની બ્રાહ્મણ પાસે આવીને કહે : આ લે તલવાર તું રાક્ષસને મારી નાખજે. બ્રાહ્મણે તલવારથી રાક્ષસને મારી નાખ્યો. પછી તે રાક્ષસપત્ની ગુફામાંથી ધન લઈ આવી પોતે હાથણી બની બ્રાહ્મણ અને કન્યાને બેસાડીને આકાશ માર્ગે કાશીમાં ઉતરી. બ્રાહ્મણ અને કન્યા રાજા પાસે આવ્યા.

કન્યાએ પિતાને કહ્યું, હું સુતી હતી ત્યાં રાક્ષસ મને ઉપાડી ગયો. આ બ્રાહ્મણે મને બચાવી. રાજાએ બ્રાહ્મણને કન્યા આપી અને ભેટ કરિયાવર આપ્યો. રાક્ષસ પત્ની પણ બ્રાહ્મણી હતી. બ્રાહ્મણ બેય પત્ની અને સંપત્તિ લઈને ઘેર આવ્યો અને મને સર્વે સંપત્તિ આપી. પણ મારા ભાગ્યમાં પતિસેવા અને સંપત્તિનું સુખ ન હોવાથી હું મરણ પામી, પતિની સેવા નહીં કરવાથી યમપુરીના દુઃખ ભોગવીને લાકડામાં મુંડાનો જન્મ આવ્યો. તેથી શરીરથી, મનથી, વાણીથી, સંપતીથી જે સ્ત્રી પતિની સેવા નથી કરતી તેને અનેક યોનીમાં જન્મો ધારણ કરી, દુઃખો સહન કરવા પડે છે. અને કાષ્ઠીલાની જેમ કિડાના જન્મ આવે છે. માટે

પતિની સેવામાં પોતાના સ્વાર્થનો ત્યાગ કરવો, પતિ માટે ધન તજી દેવું, જીવન તજી દેવું, પતિ માટે ઘર, દેશ, રાજાને તજી દેવા, પતિ માટે સ્વર્ગ, મિત્ર અને ગુરુને પણ તજી દેવા. પતિ માટે તીર્થ અને ધર્મને તજવો. યોગદાન, જ્ઞાન, તપ, વિદ્યા, સિદ્ધિ, સર્વે પતિ માટે તજી દેવું. પતિ જે આજ્ઞા કરે તે નિઃશંક થઈ પાલન કરવું. ત્યારે પતિવ્રતા ધર્મનું પાલન થાય છે. પછી તે બ્રાહ્મણ પત્નીએ એક દિવસનું પતિ સેવાનું પુણ્ય મને આપ્યું. તેથી મારો ઉદ્ધાર થયો. મનુષ્યો અન્ય સ્ત્રીઓના અંગ જોઈ શકે છે, પણ ગુપ્તાંગ જોઈ નથી શકતા. તે પતિ વિના કોઈ જોઈ શકતા નથી. તેથી પતિવ્રતા સ્ત્રીઓએ પતિ વિના અન્ય પુરુષને ગુપ્તાંગ બતાવવું નહીં.

અધ્યાય - ૩૭૯

❖ પતિવ્રતાના ધર્મપાલનથી ભક્તિ અને મુક્તિની પ્રાપ્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હિમાલય પત્ની મેનાએ પુત્રી પાર્વતીને પતિવ્રતાના ધર્મ ભક્તિ અને મુક્તિ આપનારા સમજાવતા હતા કે, પતિવ્રતાના ધર્મથી પત્ની પૂજ્યપણાને પામે છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઋષિ-મુનિઓને માન્ય થાય છે. જે સ્ત્રી અતિ સ્નેહથી ભક્તિપૂર્વક અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવા પતિભાવે કરે છે તે આ લોકમાં સુખી થઈને ભગવાનના ધામને પામે છે. પતિવ્રતા સ્ત્રીએ પતિ મારવા છતાં બોલવું નહીં, પતિ બોલાવે ત્યારે ગૃહકામ સર્વે મૂકી પતિ પાસે આવવું, આજ્ઞા વિના ક્યાંય જવું નહીં, પતિની આજ્ઞા વિના વ્રત, ઉપવાસ પણ ન કરવા. પતિ પરબ્રહ્મ સ્વરૂપ છે. પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારી, પતિનો દ્વેષ કરનારી, વાદ-વિવાદ કરનારી, પતિ સામે ક્રોધ કરનારી, તિરસ્કાર-તાડન કરનારી સ્ત્રી, કૂતરી, શિયાળવી, વાંદરી થાય છે. પતિની સામે ઊંચે આસને ન બેસવું. અપવાદ કલંક ન આપવા. પતિ પાસે અભિમાન ન રાખવું. પતિને ત્યજીને મિષ્ટાન ખાય છે. તે ભુંડણી અને વડવાંદરી થાય છે. પતિને તુંકારો કરનારી મુંગી, તોતડી, અલ્પજીવી થાય છે. જેના ઘરમાં પતિવ્રતા પત્ની છે તેના માતા-પિતા, બાંધવો, કુટુંબ ધન્ય થાય છે. ગામ અને દેશ પણ ધન્ય થાય છે. પિતૃવંશના, માતાના વંશના, અને પતિના વંશના પતિવ્રતાના પુણ્યથી દેવો થાય છે. પતિવ્રતા સ્ત્રી જ્યાં હોય ત્યાં ભૂમિ વૈકુંઠધામ સમાન થાય છે.

એકવાર નારદ સ્વર્ગમાં ગયા ત્યાં પંચચૂડા અપ્સરાને પૂછ્યું, સ્ત્રીના સ્વભાવ કેવા હોય છે ? પંચચૂડા કહે : બ્રહ્માએ સ્ત્રીના સ્વભાવો ચંચળ બનાવ્યા છે. તે ચંચળ સ્વભાવ શાંત કરવા માટે પતિનું સ્વરૂપ બનાવ્યું. તેથી સ્ત્રી જો એમ સમજે મારે સર્વે સુખનું ધામ, શાંતિનું સ્થાન, કામના શાંતિ, લજ્જાનું પાત્ર, કુળ કુટુંબનું પાત્ર, વંશ-વૃદ્ધિનું પાત્ર, સેવાનું પાત્ર, મોક્ષનું પાત્ર, સર્વે સદ્‌ગુરુનું પાત્ર, મારું સર્વસ્વ પતિમાં છે. એમ સમજે તો માયાના સર્વે દોષને જીતી પતિ સાથે ભગવાનના ધામમાં વાસ કરે છે.

અધ્યાય - ૩૮૦

❖ પતિવ્રતા હરિણીએ પતિ સાત્રાયણ ઋષિ તેમજ અન્યનું રક્ષણ કર્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માની માનસ પુત્રી હરિણી, કૌશિક ગોત્રના સાત્રાયણ ઋષિને આપી. તે દંપતી તપ કરવા હરણ અને હરણીનું રૂપ લઈ વનમાં તપ કરતા. હરણી પતિવ્રતાનો ધર્મ પાળી હરણની સેવા કરતી. તેથી હરણાઓનાં ટોળાંથી છૂટા પડીને પુષ્કર તીર્થ રહેતા. ત્યાં વૃષ્ટિ નહીં થવાથી હરણીએ પતિવ્રતાના પ્રભાવથી વનને લીલું, હરિયાળું બનાવી દીધું. એક વખત કેટલાક સિંહો આવ્યા, હરણીએ શંકરને સ્તુતિ કરી. હે મહાદેવ અમે તમારા ભક્તો, તપ કરીએ છીએ અમારું રક્ષણ કરજો. શંકર તરત જ સર્પનું રૂપ લઈને આવ્યા અને સિંહ વગેરે હિંસક પશુઓથી રક્ષણ કર્યું.

એકવાર વનમાં અગ્નિ લાગ્યો. હરણીએ હરણને પગે લાગી કહ્યું. જો હું પતિવ્રતાનો ધર્મ પાળતી હોઉં તો અગ્નિ શાંત થાવ. અને પશુ-પક્ષીનું રક્ષણ થાવ. તરત અગ્નિ કાળા મૃગનું રૂપ લઈ હરણ પાસે આવી પગે લાગી. દેવી તારા ભયથી હું શાંત થયો છું. ત્યાં પરશુરામ આવ્યા. બંનેને આશીર્વાદ આપ્યા. તે ઋષિ દંપતી હરે નારાયણ, કૃષ્ણનારાયણ ભજન કરતાં વૈકુંઠ ધામને પામ્યા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે પતિવ્રતા ધર્મ મહાન છે, જે પોતાના પતિનું અને અનેકનું રક્ષણ કરીને કલ્યાણ કરે છે.

અધ્યાય - ૩૮૧

❖ પતિવ્રતા રેણુકાએ જમદગ્નિ ઋષિને જીવીત કર્યા ❖
❖ પરશુરામ દ્વારા અધર્મી ક્ષત્રિયોનો વિનાશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નર્મદા નદીકાંઠે આશ્રમમાં જમદગ્ની ઋષિ પતિવ્રતા પત્ની રેણુકા પુત્ર પરશુરામ કામધેનુ ગાય સાથે રહેતા હતા. હજારો શિષ્યો આશ્રમમાં રહેતા, ભણતા. પૂર્વે પતિવ્રતા પત્ની રેણુકા પતિની સેવા કરી ભીને વસ્ત્રે કૃષ્ણ પૂજા કરતી. સૂર્યપૂજા કરી એકટાણું જમતી. અગ્નિપૂજા અતિથિ ગાયની પૂજા કરતી. રેણુકાએ એકવાર એક વર્ષ ફલાહાર, એક વર્ષ પાંદડા, એક વર્ષ પાણી, એક વર્ષ વાયુ આહાર, એક વર્ષ બાષ્પ આહાર એમ તપ કરી બીજેરૂપે પતિની સેવા કરતી. તેથી પ્રસન્ન થયેલા કૃષ્ણનારાયણ પ્રભુ કહે : વરદાન માગ. રેણુકા કહે : તમે મારા પુત્ર રૂપે પ્રસન્ન થાવ. પ્રભુ કહે : તથાસ્તુ. પછી જમદગ્ની રેણુકાને ત્યાં પરશુરામ પ્રગટ થયા. એકવાર પરશુરામ માતાને નમસ્કાર કરી ભૃગુઋષિ પાસે ગયા. પગે લાગ્યા.

ભૃગુઋષિ કહે : પરશુરામ હિમાલયમાં જઈ તપ કરી શંકરને પ્રસન્ન કર તો તારું કલ્યાણ થાય. પરશુરામે હિમાલય જઈ તપ કરી શંકરને પ્રસન્ન કર્યા. શંકર કહે : આ

પરશુશાસ્ત્રથી શત્રુનો નાશ કરજે. એમ કહી દિવ્ય કુહાડી આપી. પરશુરામ અધર્મી શત્રુનો નાશ કરી પોતાને આશ્રમે આવ્યા. ત્યાં શંકરે આવી ધનુષ્ય બાણ આપ્યા અને કહ્યું આ દિવ્ય બાણનો ભાથો અક્ષય છે. એકવાર દત્તાત્રેય ભગવાનનો શિષ્ય સહસ્ત્રાર્જુન રાજા જમદગ્નિ ઋષિના આશ્રમે આવ્યો. પરશુરામ તપ કરવા ગયેલા. ત્યારે રેણુકાએ કામધેનુ ગાયના પ્રતાપે ત્યાં રાજમહેલ, બગીચા, સમૃદ્ધિ, દાસ-દાસીઓ, ખાવા-પીવાની ત્યાં સગવડતા તૈયાર કરી. ઋષિએ રાજાને આશીર્વાદ આપી કહ્યું, રાજા તમે અહીં સુખપૂર્વક નિવાસ કરો. રાજા ત્યાં રહ્યો. સ્વર્ગસમાન સમૃદ્ધિ જોઈને પ્રધાનોને કહે : કોઈ દિવસ જોયું ન હોય, દેખ્યું, સાંભળ્યું ન હોય તેવું સર્વે અહીં છે. તેનું કારણ શું ? સર્વે સમૃદ્ધિનું કારણ કામધેનુ ગાયને જાણી મંત્રીને ઋષિ પાસે મોકલ્યો.

મંત્રી જમદગ્નિ ઋષિને કહે : આ ગાય આપો. બદલામાં જોઈએ તેટલા રત્નો લ્યો. ઋષિ કહે : હું ગાય લઈને વેચનારો નથી. અમે ઋષિઓ હવીષ્યાન્ન માટે તથા પૂજવા માટે ગાય રાખીએ છીએ. મંત્રી ક્રોધ કરી કહે : તમારે ગાય આપવી જ પડશે. ઋષિ કહે : પરાણે બળજબરીથી ગાયને લઈ જશો તો તમારો નાશ થશે. અતિ ક્રોધ કરી મંત્રીએ સૈનિકોને આજ્ઞા આપી ઋષિને માર્યા. ગાય આકાશમાં જતી રહી. સૈનિકો વાછડીને લઈ ગયા. ત્યાં પરશુરામ આવ્યા. માતાને રૂદન કરતા જોઈ. પિતાને મરેલા જોઈ. પરશુરામ કહે, તમે એકવીશ વાર છાતી કૂટી છે. તેથી હે માતા હું પૃથ્વીમાં એકવીશવાર ફરી અધર્મી ક્ષત્રીઓનો નાશ કરીશ. રેણુકા કહે, પુત્ર તારા પિતા મૃત્યુ પામ્યા. તેથી હું પતિવ્રતા મારા શરીરથી અગ્નિ પ્રગટાવી શરીર બાળીને પરલોકમાં પતિ સાથે રહીશ. એમ કહી જ્યાં શરીરથી અગ્નિ પ્રગટ કરવા જાય ત્યાં આકાશવાણી થઈ તારા પતિને જગાડવા માટે સંકલ્પ કર. રેણુકા કહે : જો હું પતિવ્રતા હોઉં તો મારા પતિ સજીવન થાય. ભૃગુએ સંહિતા ઔષધી છાંટી તરત જમદગ્નિ ઋષિ બેઠાં થયા અને ભૃગૂ ઋષિને પગે લાગીને કહે, મારું મૃત્યું કરી રાજાએ પાપ કેમ કર્યું ?

ભૃગુ ઋષિ કહે : સહસ્ત્રાર્જુન રાજાએ વશિષ્ઠનું અપમાન કરવાથી શ્રાપ આપ્યો. તારુ મૃત્યુ પરશુરામથી થશે. તે સહસ્ત્રાર્જુન રાજા દત્તાત્રેય ભગવાનનો શિષ્ય હતો. તેની પાસેથી ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હતું. પણ જમદગ્નિ ઋષિની હત્યા અને પતિવ્રતાનું અપમાન કરવાથી પરશુરામ તેને મારીને સદગતિ આપશે. પછી પરશુરામે સહસ્ત્રાર્જુન રાજાને મારવાની પ્રતિજ્ઞા લીધી. જમદગ્નિ કહે, પુત્ર સંતપુરુષો અને વિપ્ર સંસારથી મનુષ્યોને મોક્ષ કરનારા છે. તેણે ક્યારે પણ ક્રોધ કરવો નહીં. નિંદા કરે, તાડન કરે તો પણ તિરસ્કાર કરવો નહીં. હે પુત્ર આપણે ક્ષમાથી પૂજ્યપણાને પામ્યા છીએ. દુષ્ટના દંડથી, તિરસ્કારથી, ક્ષોભ ન પામે તે સાધુ કહેવાય છે. પિતાનું વચન સાંભળી પરશુરામ કહે : સાધુ હોય તેને સહન

કરવું પણ ખળપુરુષનું સહન ન કરવું. પછી પરશુરામ શંકર પાસેથી દિવ્ય અસ્ત્રો, નાગપાશ, પાશુપત, બ્રહ્માસ્ત્ર, વારુનારાયણાસ્ત્ર વગેરે લઈને આવ્યા. કૃષ્ણની આરાધના કરી. પ્રભુ દર્શન દઈ કહે : ચંદ્રનો અવતાર સહસ્ત્રાર્જુન રાજાનો નાશ કર. પછી હું રામ અવતાર ધારણ કરીને તારું તેજ હરી લઈશ. પછી પરશુરામ માહિસ્મતિ નગરી ગયા અને સહસ્ત્રાર્જુન રાજાને અપશુકનો થવા લાગ્યા. મૃત્યુ ચિહ્નો દેખાવા લાગ્યા, કાળા વસ્ત્રવાળી સ્ત્રી, નાંચણ, નગ્ન સ્ત્રી સ્વપ્નમાં દેખાઈ, શિયાળ રાડો પાડતા, ભૈરવ બોલતી, આવા અનેક અપશુકનો જોવા છતાં તે રાજા યુદ્ધ કરવા નીકળ્યો. રાજા સો પુત્રો અને સો અક્ષૌહિણી સેના લઈ પરશુરામ સામે યુદ્ધ કરવા આવ્યો. તે સમયે પરશુરામે દિવ્ય અસ્ત્રો-શસ્ત્રોથી સૈન્યનો સહસ્ત્રાર્જુન રાજાનો અને તેના પુત્રોનો નાશ કર્યો. પછી કૈલાસમાં શંકરના દર્શન માટે ગયા. ત્યાં દરવાજે ગણેશે અટકાવ્યા. પરશુરામે ગણેશનો એક દાંત ભાંગી નાખ્યો અને શિવ-પાર્વતીના દર્શન કરી માતા-પિતા પાસે આવી પગે લાગ્યા અને કહ્યું તમારા આશીર્વાદથી રાજાનો નાશ કર્યો. પિતા જમદગ્નિએ પુત્રને શાંત કરી પ્રાયશ્ચિત આપ્યું. પછી પરશુરામ મહેંદ્રાચળ તપ કરી પ્રાયશ્ચિત કરતા હતા. પછી ઘણા સમયે સહસ્ત્રાર્જુન રાજાના પુત્રોએ આશ્રમે આવી જમદગ્નિનું માથું કાપી લઈ ગયા.

જમદગ્નિ પત્ની પતિવ્રતા રેણુકા પતિની સાથે ચિતામાં બળી પતિ સાથે સ્વર્ગમાં ગયા. પુત્રોએ સૌંદર્ય દૈહિક ક્રિયા કરી સ્નાન કર્યું. પછી ઘણા સમયે પરશુરામ આવ્યા. ખબર પડી એટલે પૃથ્વી પર ક્ષત્રિયોનો નાશ કરવા અને તેના લોહીથી પિતૃ તર્પણ કરીશ. એવો નિશ્ચય કરી માહિષ્મતિ આવી, ધનુષ્યનો ટંકાર કર્યો. રાજાના પુત્રો સૈન્ય લઈને યુદ્ધ કરવા આવ્યા. પરશુરામ તે સર્વે ક્ષત્રિયોનો નાશ કરી તેની નગરીને બાળીને મહેંદ્રાચળ પર જઈ તપ કરી ફરી પૃથ્વી પર ફરી ક્ષત્રિયોનો નાશ કર્યો. એવી રીતે પૃથ્વી પર એકવીસ વાર ફરીને પરશુરામ ભગવાને અધર્મી ક્ષત્રિય રાજાઓ, નાના મોટા સર્વેનો નાશ કર્યો. પરશુરામે મોટા મોટા છ હજાર રાજાઓને મારી કુરુક્ષેત્રમાં પાંચ સરોવર લોહીથી ભરી તેમાં સ્નાન કરી પિતૃ તર્પણ શ્રાદ્ધ કર્યું. ત્યાં જમદગ્નિ પિતૃ પ્રગટ થઈ કહે : પુત્ર હવે હિંસાથી પાછો વળી પ્રાયશ્ચિત કર. પછી પરશુરામ સર્વે તીર્થ ફરી અશ્વમેધ યજ્ઞ કરી પૃથ્વી બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ પતિવ્રતાનો પ્રભાવ તથા પરશુરામની પિતૃ ભક્તિની કથા કહી. જે નરનારી આ કથા કહેશે, સાંભળશે તે સર્વે ભક્તિ ફળને પામશે.

અધ્યાય - ૩૮૨, ૩૮૩, ૩૮૪

❖ શ્રીકૃષ્ણનારાયણ સાથે ભાર્ગવી લક્ષ્મીનો વિવાહ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તારું પતિવ્રતાપણું કહું. તું મને ત્યજી ક્યાંય પણ રહી શકતી નથી. એ જ રીતે હું પણ પત્નિવ્રત પરાયણ છું. પૂર્વે મારા શરીરમાંથી તને પ્રગટ કરીને વૈકુંઠમાં રાખી તો ત્યાં ચતુર્ભુજ નારાયણરૂપે તારી સાથે જ છું. ગોલોકમાં રાધા સાથે શ્રીકૃષ્ણ રૂપે છું. પ્રભા, પાર્વતી, માણિકી સાથે ધામમાં છું. તું જ્યાં લલિતા હતી ત્યાં હું હરિ કૃષ્ણ હતો. તું વાણીરૂપે, હું અર્થરૂપે, તું બુદ્ધિરૂપે, હું બોધરૂપે, તું પૃથ્વીરૂપે, હું વારાહરૂપે, હું યજ્ઞરૂપે તું દક્ષિણા રૂપે, હું વેદરૂપે તું વેદિકારૂપે, હું શંકરરૂપે તું પાર્વતીરૂપે, હું સૂર્યરૂપે તું તેજરૂપે આ રીતે જ્યાં હું ત્યાં તું. મારા વિના તું નથી રહી શકતી, તેમ તારા વિના હું નથી રહી શકતો. તે તું લક્ષ્મી જગતને પતિવ્રતાનો ધર્મ બતાવવા ભૃગૃ ઋષિને ત્યાં ખ્યાતીમાં ભાર્ગવી રૂપે પ્રગટ થઈ. જન્મ સાથે યુવાન અને મારા પતિ નારાયણ થાય. એવો સંકલ્પ કરી તપમાં બેસી ગઈ. એક હજાર વર્ષ ચોખાનો આહાર કર્યો, એક હજાર વર્ષ ફલાહાર, એક હજાર વર્ષ કંદમૂળ ખાધા, હજાર વર્ષ લીલાં પાંદડા, હજાર સૂકા પાંદડા, હજાર વર્ષ જલ-પાન, હજાર વર્ષ બાષ્પ આહાર, હજાર વર્ષ વાયુ આહાર આ રીતે દસ હજાર વર્ષ તપ કર્યું પછી સર્વે ઈન્દ્રિયોનો નિરોધ કરી આત્માને બ્રહ્મરંધ્રમાં ચડાવીને સમાધીમાં બેસી અને પ્રાણ ત્યજવા તૈયારી થઈ ત્યાં મેં આવી પ્રાણને રોકી દીધા.

ભાર્ગવી કહે : તમે મારી સાથે વિવાહ કરી પતિ થાવ નહીં તો મને પ્રાણ ત્યાગ કરવા દો. નારાયણ હસીને નેત્રમાં આંસુ ભાળીને કહે : તારું તપ બંધ કર. જ્યાં સુધી બ્રહ્મલોકની સૃષ્ટિ રહેશે ત્યાં સુધી તું મારી પત્ની રહીશ. જા તારા માતા-પિતાને કહે : શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ લગ્ન માટે આવે છે. ભાર્ગવી પ્રભુને નમસ્કાર કરી માતા પાસે જઈ વાત કરી. પ્રભુ વૈકુંઠમાં જઈ નારદ સમર્ષિ, રાધીકા, માણિકી, પાર્વતી, પ્રભાને સંભાર્યા. તેઓ આવી કહે : પ્રભુ શું આજ્ઞા છે ? પ્રભુ કહે : મેં ભાર્ગવીને વિવાહનું વચન આપ્યું છે. તેથી નર્મદા કાંઠે ભૃગૃ ઋષિના આશ્રમે જવા તૈયાર થાવ અને ત્યાં પતિવ્રતા ખ્યાતિ અને ભૃગૃ તીર્થ કરવા તેત્રીસ કરોડ દેવો સહિત હું ત્યાં વાસ કરીશ. તેથી વિશ્વકર્મા ત્યાં વૈકુંઠ સમાન રચના કરશે. ત્યાં માઘ માસમાં હું વિવાહ માટે જઈશ. એમ કહી કૃષ્ણનારાયણ સર્વને આજ્ઞા આપી પૃથ્વીને કહ્યું, નર્મદા કાંઠે સો યોજનમાં વૈકુંઠ સમાન શોભા બનાવો. તથા સર્વે દેવ-દેવીને આજ્ઞા આપી - તે સર્વે ત્યાં બાગ-બગીચા, વૃક્ષ-વેલી, ફળ-ફૂલ, ભવન, દાસ-દાસી, સમૃદ્ધિ, ઘી-સાકર, ગોળ, અનાજના પર્વતોસમા ગંજ કર્યા. દૂધ, દહીંના ધરા બનાવ્યા, રસના કુંડો કર્યા. પછી ભૃગૃ ઋષિએ લગ્નપત્રિકા લખી. નારદને સર્વે ધામોમાં મોકલ્યા.

સર્વેને શ્રીકૃષ્ણનારાયણના લગ્નમાં આવવાનું આમંત્રણ આપ્યું. સર્વે ધામોના અવતારો, મુક્તો, મુક્તાણીઓ, પાર્ષદ-પાર્ષદાણીઓ, દાસ-દાસીઓ સહિત સર્વે ઈશ્વરો-ઈશ્વરાણીઓ, સર્વે દેવ-દેવીઓ પોતાના સેવકો-સેવિકાઓ સાથે વાહનો સાથે લાખો, કરોડો, અબજોની સંખ્યામાં શ્રીકૃષ્ણ સાથે જાનમાં આવતા હતા. ચૌદલોક વાસીઓ, ઋષિ મુનિઓ, સાધુ-સાધ્વીઓ, યતિ, બ્રહ્મચારીઓ, સતી-યોગી વગેરે સર્વે માનવો તથા નદી, સમુદ્રો સર્વે તીર્થ, પર્વતો, સ્થાવર, જંગમ સર્વે ભગવાનની જાનમાં આવ્યા. હજારો ઋષિઓ પોતાના લાખો શિષ્યો સાથે જગદીશ્વરની જાનમાં આવ્યા. લોમશ ઋષિ શિષ્યો સાથે આવ્યા. સ્વયંપ્રકાશ સાથે હું પણ હતો. નારાયણ ભગવાન આવ્યા. પ્રભુની આજ્ઞાથી ત્યાં અષ્ટ સિદ્ધિ અને નવનીધિ હાજર હતા. નારાયણને લક્ષ્મી-ભાર્ગવીના લગ્નમાં આવેલા સર્વે જાનમાં, માંડવાના સર્વે મહેમાનોને બારસો ભોજન પાન, ભક્ષ્ય ભોજન, લેહ્ય, ચોસ્ય તથા અનેક પ્રકારના મિષ્ટાનો જમાડતા હતા તથા રાત્રિમાં સૌ પોતાની કળાથી ગીત-નૃત્ય, સંગીત, વાજિંત્રથી ઉત્સવથી ભગવાનને પ્રસન્ન કરતા હતા. પછી પ્રભુએ રાત્રિએ વિરામ કર્યો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શ્રીકૃષ્ણનારાયણ ભાર્ગવી લક્ષ્મીના વિવાહમાં આવેલા અવતારો, મુક્તો, ઈશ્વરો, દેવ-દેવીઓ, ચૌદ લોકવાસીઓને ઋષિ-મુનિ માનવોને, સાધુ-સાધ્વીઓને ત્રણ દિવસ સુધી ભોજનપાન કરાવ્યા. નારાયણની આજ્ઞાથી ત્યાં હજારો ઘીના કુંડ, દસ હજાર મધના કુંડ ભર્યા હતા. દહીંના, દૂધના દસ હજાર કુંડ ભર્યા હતા, તેલના ધરાઓ, ગોળના પર્વતો, સાકરના ઢગલાં, મિષ્ટાનોના પર્વતો, અનેક સામગ્રીઓના પર્વતો દેખાતા હતા. સો યોજનમાં આનંદ-ઉત્સવ, મંગલ ગીતો ગવાતા હતાં. પૂનમે સૂર્યોદય સમયે ભૃગૃ ઋષિએ જાનનો સત્કાર કર્યો. કરોડો ઋષિએ શ્રીહરિને મંગલ ફળ આપી. કંકુનો ચાંદલો કરી, ચોખા ચોડીને પુષ્પમાળા પહેરાવી. ત્યાં બૃહસ્પતિ આવ્યા શ્રીહરિને પુષ્પોથી વધાવ્યા. મુનિઓએ વેદના મંત્રોથી શ્રીહરિને વધાવ્યા. સર્વે કન્યાઓ, સ્ત્રીઓ, સાધ્વીઓ શ્રીહરિના દર્શન કરી અતિ તૃપ્તિ પામતી હતી. પિતામ્બર વસ્ત્ર, અલંકાર આભૂષણોથી શ્રીહરિ પુર્ણિમાના ચંદ્ર સમાન શોભતા હતા. સૂર્ય સમાન તેજસ્વી, અતિ અનંદ ભરેલા પુષ્પોના હારથી શોભતા શ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી ભાર્ગવી પોતાનું જીવન ધન્ય માનતી હતી. ખ્યાતિ અને ભૃગૃ કૃષ્ણને જમાઈ ભાવે પ્રાપ્ત કરી અતિ પ્રસન્ન થયા. અનંત શોભાને ધારણ કરતા શ્રીહરિ ભૃગુના આંગણામાં આવ્યા. પુરોહિત ઋષિઓએ હરિકૃષ્ણને નમસ્કાર કર્યા.

સર્વેને રત્નોના સિંહાસને બેસાડી ભૃગૃ ઋષિ કહે : આજ મારો જન્મ સફળ થયો. અવતારી, સ્વયં મારે ઘેર પધાર્યા. મારા અનંત જન્મના તપનું ફળ મળી ગયું. આજ મને મુક્તિ ભક્તિ સર્વે પ્રાપ્ત થયા. યોગી, સિદ્ધો, મુનિઓ, દેવતાઓ, માનવોને જે પ્રભુ સ્વપ્નમાં પણ ન દેખાય તે પ્રભુ કાળના કાળ અક્ષરપતિ મનુષ્યરૂપ ધરી મારી કન્યાનો જન્મ સફળ

કરવા માટે આંગણે આવ્યા. જેને અંતરમાં લક્ષ્મીઓ છે. તે પ્રભુ મારા આંગણે આવ્યા. દેવો, ઈશ્વરો, અવતારો, મુક્તોની સાથે આવેલા અવતારીને લઈને મારું કુટુંબ આશ્રમ, તીર્થરૂપ થયો અને હવે તે બ્રહ્માના કલ્પપર્યંત તીર્થરૂપે હશે. જેમ સર્વે તીર્થ સમુદ્રમાં સમાયેલા છે સંતના ચરણમાં પણ રહેલા છે. તેવા સંત પુરુષો, ઋષિમુનિઓ અહીં પધાર્યા છે. તેથી આ તીર્થ ભવરોગને નાશ કરનાર, અમૃત, ઔષધી સમાન છે. સર્વ વ્યાધીને નાશ કરનારા, સુખ આપનારા એવા શ્રીકૃષ્ણનારાયણનું આજ મને ચરણામૃત પ્રાપ્ત થયું. એમ કહી ભૃગુ ઋષિએ દંડવત કરી સ્તુતિ કરી, હે પ્રભુ, હું તમારો છું. મારી કન્યા તમારી છે. મારું સર્વે તમારું છે. અને તમે મારા છો, હે પ્રભુ પરંપદ આપી મારું જીવન પવિત્ર કરો. એમ કહી ચરણમાં મસ્તક મૂકી શ્રીહરિના બંને હાથ મસ્તકે મુકાવ્યા. પારીજાત પુષ્પની માળા પહેરાવી મસ્તક પર તેજસ્વી મુકુટ ધારણ કરાવ્યો. સાત તીર્થનું જલ લાવ્યા. આચમન કરાવ્યું. માણેક સ્તંભ રચ્યો, કળશ પૂજન, ગણેશ પૂજન, અગ્નિ પૂજન, માતૃકા પૂજન કરાવીને પૂર્ણિમાની રાત્રિએ ચંદ્ર મધ્યમાં આવ્યો ત્યારે લગ્નમંડપની વેદીએ શ્રીનારાયણને લાવ્યા. પુષ્પાંજલી અર્પણ કર્યા. વિપ્રો વેદના મંત્રો બોલ્યા. ઋષિઓએ મંત્રોથી આશીર્વાદ આપ્યા. ભૃગુ ઋષિએ નારાયણને દેહ શુદ્ધિ કરાવી. વેદમંત્રોનો ઘોષ થતો હતો. સ્વસ્તિક વાચન થતા હતા. મંગલ ગીતો ગવાતા હતા. વાજિંત્રો વાગતા હતા.

એ રીતે વિવાહનો મહાન ઉત્સવ થતો હતો. ભૃગુ ઋષિના આનંદનો પાર ન હતો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વરરાજા શ્રીકૃષ્ણનારાયણ પાસેથી પ્રાપ્ત થયેલા બ્રહ્મધામના દિવ્ય વસ્ત્ર અલંકારો, આભૂષણોથી ભાર્ગવી લક્ષ્મીને શણગારતા હતા. લક્ષ્મી, શ્રી, રમા, સાવિત્રી, પાર્વતી, માણિકી, જયા, પ્રભા, લલિતા વગેરે તથા ખ્યાતિ માતા કન્યાને શણગારતા હતા. પછી લગ્ન મંડપમાં લાવી શ્રીકૃષ્ણનારાયણને નમસ્કાર કરી અગ્નિને નમસ્કાર કરી. શ્રીકૃષ્ણની ડાબી બાજુ બેસાડ્યા. તે સમયે વાજિંત્રો વાગવા લાગ્યા. મંગલગીતો ગવાતા હતા. તે સમયે ભૃગુ ઋષિના કહેવાથી ભાર્ગવી લક્ષ્મીએ શ્રીકૃષ્ણનારાયણને કેશર ચંદનનું તિલક કર્યું. કંકુનો ચાંદલો કર્યો. ચોખા ચોડ્યા અને પુષ્પની વરમાળા કૃષ્ણના કંઠમાં અર્પણ કરી પગે લાગ્યા. સાત પ્રદક્ષીણા કરી પતિને નમસ્કાર કરી આસને બેઠા. પછી શ્રીકૃષ્ણ પ્રભુએ ભાર્ગવી લક્ષ્મીને ભાલમાં કંકુનો ચાંદલો કર્યો. અને ચોખા ચોડ્યા. ત્યારબાદ મસ્તક ઉપર બંને હાથ મૂકી પુષ્પાંજલિ કરતા હતા. તે સમયે બૃહસ્પતી શ્રીહરિના કંઠમા રહેલી પુષ્પમાળા નારદની સમક્ષ લક્ષ્મીના કંઠમાં પહેરાવતા હતા. ભૃગુ ઋષિએ કન્યાનો હાથ કૃષ્ણના હાથમાં દીધો. વેદમંત્રોથી કન્યાદાન કર્યું.

બૃહસ્પતિએ સ્વસ્તિ વાચન કર્યું. શ્રીહરિએ લક્ષ્મીનો હાથ ગ્રહણ કર્યો. પછી ભૃગુએ રત્નોના દ્રવ્યોના ગાયોના ભવનોના દાન આપ્યા. તથા પુત્રી ભાર્ગવી લક્ષ્મીને ભૃગુ કચ્છ

શહેર દાનમાં આપ્યું. દયાળુ પ્રભુ શ્રીહરિએ ભૃગુ ઋષિને ત્રીકાળનું જ્ઞાન અને મોક્ષ દાન આપ્યું. તે સમયે અવતારો, ઈશ્વરો, દેવો, વરવધુને અનેક ભેટ, દ્રવ્ય દાન આપતા હતા. પછી અગ્નિને ચાર ફેરા ફરી અગ્નિમાં ઘીનો હોમ કરી શ્રીહરિ વધુને વીંટી આપતા હતા. પછી અગ્નિને નમસ્કાર કરી ગુરુને પગે લાગી ખ્યાતિ માતાએ વરવધુને ભોજન કરાવ્યા. પછી સર્વે તીર્થના દર્શન કરી નર્મદામાં છેડાછેડી છોડી સતી-સાધ્વી સાથે ઉતારે આવ્યા. મુનિ-પત્નીઓએ સ્તુતિ કરી. સખીજનો વાર્તાલાપ કરતા હતા. પછી ખ્યાતિ માતાએ વરવધુને ભોજન પાન કરાવ્યા. પછી શારદાદેવીએ કૃષ્ણનારાયણના હાથમાં શ્લોક પત્રીકા આપી. પ્રભુ જોઈ રાજી થઈ કહે : વાંચો, શારદા દેવીએ પત્રીકા વાંચી. લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા, સાવિત્રી, રાધીકા, રમા, સતી, મેના, જયા, ખ્યાતિ, માણિકી, પાર્વતી, પ્રભા, તુલસી, પૃથ્વી, વૃંદા, અરૂંધતી, યમુના, અદિતી, ગંગા, સીતા, શતરૂપા, દેહવતી, નર્મદા, આ સર્વે દેવીઓ વરવધુનું મંગલ કરો. આશીર્વાદ પત્રીકા સાંભળી વરવધુ આનંદ પામ્યા. બીજે દિવસે ભૃગુ ઋષિએ સર્વે વરવધૂ, મહેમાનોને મિષ્ટાન્ન ભોજન જમાડ્યા. પછી વાજિંત્રોની ધ્વની સાથે સર્વેને વિદાય આપવા સમયે નારાયણ અને ભાર્ગવી માતા-પિતાને પગે લાગ્યા. ત્યારે માતા-પિતાએ પુત્રીને ભેટી કહયું. પુત્રી અમે તારા વિના કેમ જીવશું. તું નારાયણને કહે : આ ભૃગુ કચ્છ તમને દાનમાં આપ્યું છે. તો અહી સદાવાસ કરો. ભાર્ગવી રૂદન કરવા લાગી.

નારાયણે પૂછ્યું, કેમ લક્ષ્મી રૂદન કરે છે ? ભાર્ગવી કહે : માતા-પિતા કહે છે, પ્રભુ તમે અહીં સદા વાસ કરો. નારાયણે બંનેના બે સ્વરૂપ કરીને એક સ્વરૂપે ભૃગુ ગૃહે વાસ કર્યો. બીજે સ્વરૂપે કરોડો ભેટો સાથે જાનૈયાઓ સાથે પ્રભુ વૈકુંઠ ધામમાં પધાર્યા. ભૃગુ ઋષિએ પોતાની સિદ્ધિથી કરેલી સર્વે શોભાનો સંહાર કર્યો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ ભાર્ગવીરૂપે પતિવ્રતા લક્ષ્મી તારા વિવાહની કથા કહી. તું મારા હૃદયમાં રેખારૂપે રહેલી છે. તારાથી હું જુદો રહી શકતો નથી તે હું છું અને હું તે તું છે. તેમાં જરાય ભેદ નથી. આ અધ્યાયની કથા જે કહેશે, સાંભળશે તો સર્વે સ્વર્ગ અને મોક્ષ મેળવશે. નારીઓને શ્રીકૃષ્ણનારાયણની પ્રાપ્તી થશે.

અધ્યાય - ૩૮૫

❖ ભાર્ગવી લક્ષ્મી દ્વારા નારાયણના નામના અર્થો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તું મારા કેટલા નામનો અર્થ જાણે છે. ભાર્ગવી લક્ષ્મી કહે : દુઃખનો નાશ કરે અને ધામમાં લઈ જાય તે કૃષ્ણ શબ્દનો અર્થ. સંપત્તિ અને સન્માન અપાવે તે રામ શબ્દનો અર્થ. રમાની સાથે રમનારા તથા રમા જેમાં રમે છે તે રામ. મનુષ્યોના સમુદાયમાં વાસ કરનારા તે નારાયણ પાપને નાશ કરે તો નારાયણ. પાણીમાં વાસ કરે તે નારાયણ. નારા એટલે ભાર્ગવી લક્ષ્મી તેમાં વાસ કરનારા એવા મારા પતિ તમે

શ્રીકૃષ્ણનારાયણ. હરિ ભક્તના દુઃખને હરે તે હરિ. જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વિર્ય, તેજ આ છ ઐશ્વર્ય જેમાં હોય તે ભગવાન શબ્દનો અર્થ. ભક્તિરૂપી વૃક્ષનો અંકુર ભક્તના સંગથી ફૂટે છે અને વૃદ્ધિ પામે છે. હરિકથારૂપી અમૃતના સિંચનથી વૃદ્ધિ પામી મોક્ષરૂપી ફળ મળે છે. અભક્તરૂપી દીવાના અગ્નિથી તથા કંકાશથી અંકુર સુકાઈ જાય છે. બળી જાય છે. લક્ષ્મી કહે : તેથી અભક્તનો હું ત્યાગ કરું છું. જળમાંથી કમળ જેમ બહાર આવે છે તેમ તમારા કૃષ્ણ નામથી ભક્તનો ઉદ્ધાર થાય છે. હે પ્રભુ મારા ધન્ય ભાગ્ય છે. તમારા યોગથી કુંભરાલક્ષ્મી ધન્ય છે. ગોપાલકૃષ્ણ ધન્ય છે કે જેને ઘેર તમે અનાદિશ્રીકૃષ્ણનારાયણ વાસ કરો છો. સર્વે યજ્ઞો, સર્વે વ્રતો, સર્વે તિર્થો, સર્વે તપો, હજારો મંત્રપાઠ, સો વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરે તો પણ તમારા અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામના સોળમાં ભાગમાં ન થાય તેટલો તમારા નામનો મહીમા છે. માટે હે ભગવાન તમારા નામનું ભજન મારા હૃદયમાં રહો. શરીરથી, વાણીથી, મનથી, સર્વે કર્મેથી તમારી જ સેવા કરું. એટલું કહી ભાર્ગવી વિરામ પામી ત્યાં સર્વે સખી ભાર્ગવીને શણગારવા આવી.

નારાયણ સખા સાથે નર્મદા કાંઠે ફરવા ગયા. ત્યાં નારાયણની દિવ્ય પત્નીઓ આવી પ્રભાએ રત્નમાલા કંઠમાં આરોપી. પાર્વતીએ કમળ પુષ્પ આપ્યું. પદ્માએ ભાર્ગવીના બંને ચરણોમાં રંગ લગાવ્યો. માણીકીએ સિંદુર લગાવ્યું. પ્રભુની પત્નીઓ ભાર્ગવી લક્ષ્મીને પુષ્પો, કેશર, ચંદન વગેરે શણગારતી હતી. તે જ રીતે હજારો પ્રભુપ્રિયાઓ ચંપા, મંજુલા, રમા, દયા, શાંતા, જયા, અનીલા, શાંતિ, હૈમી, રતન, મુક્તા, દેવીપાનીકા, મૌકતી, કાંતિ, શિવા, મણી, દમી વગેરે ભાર્ગવીને શણગારતી હતી. ત્યાં અંતર્યામી શ્રીહરિ નર્મદા નદીથી ફરી આવ્યા. નારાયણની સર્વે પત્નીઓ પ્રભુને પગે લાગી. વર-વધુને એકાંત આપી બહાર આવી. તે સ્ત્રી કહેવાય છે જે પતિને પોતાનો ભાવના પ્રેમ આપે. તે પતિ છે જે પત્નીને પોતાનો સ્નેહ આપી પાલન કરે. ભમરો જેમ કમળમાં લોભાય છે. તેમ પતિવ્રતા પતિમાં લોભાય છે. દેડકાને કમળનો સ્વાદ નથી. વિણાનો સ્વાદ વગાડનારાને સંગીત જાણનાર છે, વીણાને નહીં. દૂધપાકનો સ્વાદ ભુખ્યાને છે, કડાયાને તાવીથાને નથી. ફળનો સ્વાદ ખાનારાને છે. તેમ પતિવ્રતા સ્ત્રી પતિની સેવાના સ્વાદને જાણે છે. તે જ રીતે પત્નીવ્રત પતિ એવા તમો અનાદિશ્રીકૃષ્ણનારાયણને પામીને મારો જન્મ સફળ થયો. ભાર્ગવીની ભક્તિ સ્તુતિ સાંભળી શ્રીહરિ કહે : ભાર્ગવી અક્ષર બ્રહ્મધામમાં મારી સાથે પતિવ્રતા ધર્મથી અનંતરૂપે લક્ષ્મીના સ્વરૂપો રહેલા છે. ગોલોકમાં રાધીકા સાથે હું ગોપીવેષે રાધીકા પતિ છું. વૈકુંઠમાં ચતુર્ભુજ નારાયણ લક્ષ્મી સરસ્વતી સાથે પણ હું જ છું. શ્વેતદ્વીપમાં ક્ષીર સમુદ્રમાં પણ લક્ષ્મી કમલા સાથે હું છું. નરનારાયણ સ્વરૂપે પણ હું છું.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : લક્ષ્મી, મારા અવતારોનો જેમ કોઈ પાર પામી શકતો નથી. તેમ તું પણ મારી સાથે જ રહીને પણ તારા અંશાવતારની ગણી શકતી નથી. પદ્મા તું છે, રમા તું છે. જયા લલિતા તું છો, માણિકી કંભરા તું છો. મારા દર્શનના યોગમાં જે આવે તે સર્વે તારા અંશો છે.

અધ્યાય - ૩૮૬

❖ પતિવ્રતા શૈલ્યાએ પતિ શતધનુ અને પિતૃઓનો ઉદ્ધાર કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે શતધનુ રાજા હતો. તેની રાણી શૈલ્યા પતિવ્રતા ધર્મવાળી હતી. રાજા-રાણી શ્રીકૃષ્ણનારાયણના ભક્ત હતા. એકવાર એકાદશીએ ગંગામાં સ્નાન કરી ઉપવાસ કરીને બારસે સવારે સ્નાન કરી રસોઈ તૈયાર કરી. દેવપિતૃને અર્પણ કર્યા વિના થાળમાં રાખીને શૈલ્યા બ્રાહ્મણ અતિથી ગુરુની વાટ જોતી હતી. ત્યાં આચાર્ય નામના ગુરુ આવી ઋષિ પિતૃ તર્પણ વૈશ્વદેવ ગૌગ્રાસવી કરી અમને પ્રસાદી આપશે તે અમે ખાશું. એમ વિચારતા હતા. ત્યાં મહેમાન આવ્યા. રાજા રાણીએ સ્વાગત કર્યું. તેમાં સમય ચાલ્યો ગયો. ગુરુ પણ ઘણા મહેમાન જોઈને રાજા વ્યવહારમાં રોકાઈ ગયા જાણીને દેવને પિતૃને થાળ અન્ન પાણી આપ્યા વિના ચાલ્યા ગયા. રોંઢાનો સમય થયો. દેવો પિતૃઓ પણ ભૂખ્યા. પૂજા ગ્રહણ કર્યા વિના અન્ન પાણી ખાધા વિના નિરાશ થઈ ક્રોધ પામી પોતાને સ્થાને ગયા.

રાણી શૈલ્યાએ પતિમાં દેવ રહેલા છે એમ માની પતિને જમાડીને પછી પોતે ખાધું. પણ દેવને ધર્યું નહીં. તેથી તે દોષ પતિને લાગ્યો. પણ પત્નિનો ન લાગ્યો. પછી ગુરુને બોલાવ્યા. બપોર પછી દેવપૂજન કર્યું. તો પણ સમયે પૂજા થાળ ન થયો. તે દોષ લાગ્યો. તેથી રાજાને તાવ આવ્યો અને મરણ પામ્યો. તેની પત્ની શૈલ્યા પતિ સાથે ચિતામાં બળીને વિમાનમાં બેસીને સ્વર્ગમાં જતા હતા. ત્યાં તેના પિતૃઓએ આકાશમાર્ગે રાજાની સામુ ક્રુર દૃષ્ટિથી જોયું. ત્યાં રાજા-રાણી વિમાનાંથી પૃથ્વી પર પડ્યા. રાજાનો પૂર્વેના દોષથી કૂતરાનો જન્મ થયો. રાણી કાશીની રાજકુમારી થઈ. ઉંમરલાયક થઈ તો પિતાએ લગ્નની વાત કરી. કન્યાએ ના પાડી. પિતાની આજ્ઞા લઈ યાત્રા કરવા નીકળી. પૂર્વ જન્મની સ્મૃતિથી પતિવ્રતાના પ્રભાવથી યોગબળથી પોતાનો પતિ કૂતરાનો જન્મ પામ્યો છે એમ જાણી કુતરારૂપે રહેલા પોતાના પતિ પાસે આવી. અને કુતરાને કહ્યું, દેવને પિતૃને ધર્યા વિના ખાધું. તે પાપે આ જન્મ આવ્યો છે. એમ કહી પ્રસાદી જમાડીને પ્રભુના ચરણામૃતનું જળ તેની પર છાંટ્યું ત્યાં તેના શરીરમાંથી પાપ બહાર નીકળ્યા. એક શિયાળરૂપે, બીજું નારડરૂપે, ત્રીજું ગીધરૂપે, ચોથું કાગડારૂપે, પાંચમું મોરલારૂપે. કુમારીએ પૂછ્યું તમે સર્વે કોણ છો. તો સર્વેએ કહ્યું અમે કુતરાના પાપ છીએ. રાજાએ બીજાના રાજયમાંથી ચોરી લાવ્યો તે અમે નારડા

શિયાળરૂપે છીએ. દેવનું ધન ખજાનામાં પડ્યું તે રાજાએ ખાધુ તે ગીધરૂપે થયું. અન્યાયથી અન્ન મેળવી રાજાએ ખાધું તે કાગડારૂપે થયું. નદી પર્વત ગૌચરનું રાજાએ ખાધું તે હું મોરલારૂપે છું. આ તારા પતિના પાંચ જન્મ થશે પછી રાજાનો જન્મ આવશે અને તને પ્રાપ્ત થશે. ત્યારે કુમારીએ સંકલ્પ કર્યો જો હું પતિવ્રતા હોઉં તો યમરાજ અહીં આવો. ત્યાં યમરાજા આવ્યા અને કહ્યું સતી મને કેમ સંભાર્યો. તારે શું ઈચ્છા છે.

શૈલ્યા કહે : કુતરાના દેહમાં રહેલા મારા પતિના સર્વે પાપ બળીને મને પ્રાપ્ત થાય. યમ કહે : સતી કર્મ ભોગવ્યા વિના પાપનો ક્ષય થતો નથી. પણ તું તારા ધર્મથી સંકલ્પ કર એટલે પાંચ દિવસમાં અંત આવશે. એટલે શૈલ્યાએ યમરાજા સામે કહ્યું. જો હું પતિવ્રતા હોઉં તો મારા પતિનો કુતરાનો દેહ પડી જાય. એમ કહી પાણી છાંટ્યું. તરત કુતરાનો દેહ પડી ગયો અને શિયાળ, પ્રેતરૂપે બહાર આવ્યો. બીજે દિવસે એવો જ સંકલ્પ કર્યો, શિયાળનો દેહ પડીને નારડારૂપે થયો. ત્રીજા દિવસે પાણી છાંટ્યું. નારડાનો દેહ પડીને ગીધ થયો. ચોથે દિવસે પાણી છાંટ્યું ગીધનો દેહ પડીને કાગડારૂપે થયો. પાંચમે દિવસે મોરલો થયો.

યમરાજે કહ્યું, હવે અશ્વમેધ યજ્ઞ કરી અવભૃથ સ્નાન કરી પાણી મોરલા ઉપર છાંટજે એટલે મોરલાનો દેહ પડી જશે અને યજ્ઞમાંથી યજ્ઞપુત્ર પ્રગટ થશે. જન્મ સાથે જ યુવાન થશે. તે તારા સ્વયંવરમાં આવશે ત્યારે તું તારા પતિને પામીશ. એમ કહીને યમરાજ પતિવ્રતા શૈલ્યાને નમસ્કાર કરી અદ્રશ્ય થયા. યમરાજે કહ્યું તે પ્રમાણે પતિવ્રતા શૈલ્યાએ છઠ્ઠે દિવસે મોરલા ઉપર સંકલ્પ કરીને પાણી છાંટ્યું. તરત મોરલાનો દેહ પડી ગયો અને યજ્ઞમાંથી પુત્ર પ્રગટ થયો. પ્રગટ થતાં જ યુવાન તે ઋતુધ્વજ નામે પ્રસિદ્ધ થયો. તે સાધ્વી પતિવ્રતા શૈલ્યાએ ઋતુધ્વજ પાસે આવી સ્મૃતિ કરાવી. પતિભાવે પ્રાર્થના કરી. પછી શૈલ્યાએ પોતાના પિતાને વિવાહ માટે સ્વયંવરની પ્રાર્થના કરી. તેથી તેના પિતાએ સ્વયંવર ભર્યો. ત્યાં ઋતુધ્વજ રાજા આવ્યો. શૈલ્યાએ વરમાળા ઋતુધ્વજ રાજાને ઓળખીને પહેરાવી. પછી વિધિ પ્રમાણે યજ્ઞ કરી. સાધુ-સાધ્વી, બ્રાહ્મણોને ભોજન કરાવીને અનેક દાન આપી પિતૃઓનો મોક્ષ કર્યો. પતિવ્રતા શૈલ્યાએ ઋતુધ્વજ રાજા સાથે એંશી હજાર વર્ષ પૃથ્વીમાં રહી શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી. પરમ વૈષ્ણવ ભક્ત થઈ પતિ સાથે દેહત્યાગ કરીને સ્વર્ગથી પર સત્યલોકથી પર પતિવ્રતાના પ્રભાવથી વૈરાજધામને વૈકુંઠ ધામને પામ્યા. એવી રીતે પતિવ્રતા સતી-સાધ્વી પોતાના ધર્મબળથી પતિનો અને પિતૃઓનો ઉદ્ધાર કરે છે. પતિવ્રતાની આ કથા કોઈ કહેશે, સાંભળશે તેનો પણ ઉદ્ધાર થશે.

અધ્યાય - ૩૮૭

❖ પતિવ્રતા સુશ્રુતિએ પતિ વેદશ્વા ઋષિ સાથે દેહત્યાગ કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સત્યુગમાં વેદશ્વા ઋષિ વનમાં રહી તપ કરી યજ્ઞ કરતા હતા. તેને પતિવ્રતા પત્ની સુશ્રુતિ નામે હતી. ઋષિ સમાધિનિષ્ઠ હતા. પત્ની પતિને પગે લાગી પૂજા કરતી હતી. પતિને પરબ્રહ્મનું કિરણ બ્રહ્મ માનીને સેવા કરતી. તે માનતી કે પતિની સેવાથી શ્રીહરિ પ્રસન્ન થાય છે. તેથી તે પણ સેવાથી સમાધીમાં જતી. ઋષિ પણ પત્નીને લક્ષ્મીસમાન માની શરીર સેવામાં ન જોડતા આત્મસ્વરૂપમાં લીન રહેતા. આ રીતે સાધુવૃત્તિવાળા બન્ને આત્મતૃપ્તિથી બ્રહ્મતૃપ્તિમાં રહેતા હતા. જેના દર્શનથી વનવાસીઓના પાપો નાશ પામતા. તે બન્ને પોતાના તપમાં વિઘ્ન ન થાય તેથી પશુ, પક્ષીના, વનચર જળચરના, શરીર ધારણ કરીને રહેતા હતા. ક્યારેક વર્ષા ઋતુમાં તપની સિદ્ધિથી વૃક્ષરૂપે પણ થઈ શકતા. આવા અનેક ઈચ્છા સ્વરૂપો ધારણ કરીને રહેતા હતા.

એક વખત ઋતુ ધર્મમાં આવેલી પત્નીની સાથે ઋષિ રતિક્રીડામાં હતા. ત્યાં કોઈ મનુષ્યનો અવાજ આવ્યો એટલે ઋષિ દંપતીએ મૃગના શરીરો ધારણ કર્યાં. કામ ધર્મમાં રહેલા પશુઓને મનુષ્યો નીંદતા નથી. તેમ પશુ પણ મૈથુનમાં મનુષ્યોને નીંદતા નથી, તો પણ મનુષ્ય શિકારીએ બાણથી મૃગ દંપતી સામે નિશાન તાક્યું. ત્યાં બન્ને મૈથુન ક્રિયા છોડીને દૂર જતા રહ્યા અને ઋષિરૂપ ધારણ કર્યા તો પણ તે શિકારી પાછો ન વળ્યો ને ઋષિને પકડી ને દુ:ખ દેવા લાગ્યો. ઋષિ પત્ની રોતી રોતી કહેવા લાગી, મને આશ્રય વિનાની ન કર હું તને પગે લાગુ છું. શરણે આવેલાને, સૂતેલાને, આશ્રિતને, દિનજનને, ગુરુ, પિતા, માતા, રોગી, બહેન, પત્ની, સાધુ-સાધ્વી, બાળક, ગાય, સ્ત્રી, આસક્ત, નિષ્પાપ રતિક્રીડામાં રહેલા એને ક્યારે પણ મારવા નહીં. માટે મારા પતિને મારતો નહીં. બ્રહ્મહત્યા સાથે ઋતુહત્યાનું પાપ લાગશે. આમ કહેવા છતાં પણ શિકારીએ નહીં માની ઋષિનું ભક્ષણ કર્યું.

ઋષિપત્નીએ શાપ આપ્યો કે, જે રીતે કામધર્મમાં તૃપ્તિ નહીં પામેલી હું મારા પતિ વિના દુ:ખી થાઉં છું, તેમ તું પણ તારી પત્ની સાથે રતિક્રીડામાં દુ:ખ પામીશ. એમ કહીને ઋષિના અસ્થિ હાથમાં લઈને પતિવ્રતાના પ્રભાવથી પોતાના પતિને જીવતો કર્યો. પછી તે શિકારી રાક્ષસને બાળવા તૈયાર થઈ ત્યાં આકાશવાણી થઈ આ સૌદાસ રાજા પૂર્વે વશિષ્ઠના શ્રાપથી રાક્ષસ થયેલો છે. પૂર્વે વશિષ્ઠ ઋષિ સૌદાસ રાજાને ત્યાં જમવાનું કહીને સ્નાન કરાવવા ગયાં. ત્યાં પાછળથી કોઈ રાક્ષસ વશિષ્ઠનું રૂપ લઈ આવી રાજાને કહે મારા માટે માંસ રાંધજે. રાજાએ માંસનું ભોજન તૈયાર કરી વશિષ્ઠને આપ્યું. વશિષ્ઠ ઋષિએ શાપ આપ્યો તું મને માંસનું ભોજન આપે છે માટે તું રાક્ષસ થઈજા. તેથી તે સૌદાસ રાજાએ ઋષિની પ્રાર્થના કરી. મારો કાંઈ વાંક નથી ગુરુ મને શાપ કેમ આપ્યો ?

વશિષ્ઠ ઋષિએ વૃતાંત જાણી રાજાની ઉપર અનુગ્રહ કરી બાર વર્ષ સુધીનું વનમાં કલ્માસયાદ નામે રાક્ષસરૂપે રહીશ. પછી તું વેદશ્વા ઋષિની પતિવ્રતા પત્ની સુશ્રુતિના રતિભંગથી શાપ પામીને રાક્ષસપણાંથી મુક્ત થઈ. આ પ્રમાણે આકાશવાણીએ સુશ્રુતિને કહ્યું. પછી તે સૌદાસ રાજા રાજ્યમાં આવી પોતાની પત્ની સાથે રહીને વશિષ્ઠ ઋષિના આશિર્વાદથી સો પુત્રોને પામી પોતાની પત્ની મધ્યંતિ સાથે સ્વર્ગસમાન સુખ ભોગવી. અંતે ઋષિ પત્નીના શાપથી પત્ની સાથે સ્વર્ગમાં ગયો. પછી વેદશ્વા ઋષિની પત્ની સુશ્રુતિ પણ પતિના દેહને કાષ્ઠચિતામાં મુકી પોતાના શરીરમાંથી અગ્નિ પ્રગટ કરી દેહનો ત્યાગ કરતી હતી. ત્યાં રહેલા વશિષ્ઠ આદી ઋષિઓ પતિવ્રતાનો આવો પ્રભાવ જોઈ સતીના દેહને નમસ્કાર કરતા હતા. સ્વર્ગમાં દેવો પુષ્પવૃષ્ટિ કરતા હતા.

અધ્યાય - ૩૮૮

❖ વરાહ ભગવાનની ભક્તિથી રાજા નંદસાવર્ણી અને રાણી પંકિલાની મોક્ષગતિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે વરાહ ભગવાનનો ભક્ત નંદસાવર્ણી રાજા હતો. વરાહ પ્રભુએ પ્રસન્ન થઈને રાજાને પૃથ્વીનું રાજ્ય અને ધરણી નામે પત્ની આપી. રાજારાણી હંમેશા ષોડ્શોપચારથી વરાહપ્રભુની પૂજા કરતા હતા. વરાહ પ્રભુએ દેહ મુક્તા સમયે ધરણીને કહ્યું તને શું આપું. ધરણી કહે, પ્રભુ તમે તમારી દાઢ આપો. વરાહ પ્રભુએ દાઢ આપી કહ્યું આ અસ્થિના પ્રતાપથી તારી સ્વર્ગ, પાતાલ, સર્વે સ્થળે ગતિ થશે. એમ કહી અદશ્ય થયા. નંદરાજા તથા ધરણીરાણી વિમાનમાં બેસી વરાહ ભગવાનના દાઢને પ્રતાપે સ્વર્ગ મૃત્યુલોક પાતાલ સર્વેલોકમાં જઈને ત્યાંથી સર્વે દેવોની પૂજા, ભેટ, સંપત્તિ વગેરે લઈને રાજ્યમાં આવ્યા. પછી આવેલી સંપત્તિ હીરા, રત્નો, માણેક, સોનું, ઝવેરાત વગેરેને ખજાનામાં મુકવા છતાં વધી પડ્યું. રાજાને અતિ લોભ લાગ્યો. આ ધન રાખવું કયાં, ત્યારે વરાહ ભગવાનના પત્ની ધરણીરાણીએ વરાહ ભગવાનની દાઢનું કહ્યું તે અસ્થિ લઈને સમુદ્રમાં જાવ. સમુદ્ર તમને જગ્યા આપશે.

નંદરાજા વરાહ ભગવાનની અસ્થિ લઈ સમુદ્રમાં ગયો અને સર્વે ધન ત્યાં મુકી આવ્યો. પછી રાજાને લોભ વધતો ગયો અને આખી પૃથ્વીનું ધન ભેળું કરી સમુદ્રમાં મુકી આવ્યો. એક વખત ધરણીએ રાજાને કહ્યું આપણે વૈષ્ણવ યજ્ઞ કરી સંપત્તિનો સદવ્યય કરી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરી સંતો, વિપ્રો, અતિથિઓને ભોજન કરાવીને આશિર્વાદ પ્રાપ્ત કરી બ્રહ્મયજ્ઞ કરી મોક્ષ મેળવી લઈએ. આ શરીર અને સંપત્તિ નાશવંત છે. માટે શરીરને સંપત્તિ પ્રભુ અર્થે વાપરી પરમપદ પ્રાપ્ત કરી લઈએ. રાણીએ વારંવાર કહેવા છતાં નંદરાજા અતિ લોભથી રાણીનું વચન ન માન્યો. એટલે રાણીએ વરાહ ભગવાનની સ્તુતિ કરી દેહનો ત્યાગ કર્યો. નંદરાજા અતિ દુઃખ પામ્યો. રાણીનું વચન યાદ કરીને

રાજાએ યજ્ઞ કર્યો. દાન આપ્યા. પછી રાજાએ બીજી રાણી સમુદ્રપુત્રી પંકીલાને રાણી બનાવી. નંદરાજાએ સમુદ્રમાં ધન રાખવાથી સમુદ્રને લોભ લાગ્યો. આ ધન મારી પાસે રહે તો ઠીક એમ વિચારી વિષ્ણુ પાસે ગયો. સર્વેવૃતાંત કહ્યું. વિષ્ણુએ નારદને કહ્યું. નારદ આવ્યા નંદરાજાની બીજી રાણી ઉપલા પાસે. આવી અને કહ્યું. તારું કલ્યાણ થાઉં. રાણીએ પૂજા કરી પગે લાગીને પૂછયું, કેમ શું કામ છે ?

નારદ કહે : મેં સ્વર્ગમાં સાંભળ્યું છે કે રાજા મરેલી રાણીના અસ્થિ પૂજામાં રાખે છે, માટે સત્ય જાણવા આવ્યો છું, કે રાજાને તારી પર કેટલું હેત છે. ઉપલા કહે રાજાને મારી પર હેત છે એટલું કોઈ પર નથી. મારા વિના ક્ષણ પણ રહી ન શકે. મારું મુખ જોયા વિના ખાતા નથી. નારદ કહે જો તારું વાક્ય સત્ય હોય તો દેવની વાણી ખોટી પડે છે અને દેવવાણી સત્ય હોય તો તારું વાક્ય ખોટું પડે માટે તપાસ કરજે. નંદરાજા ધરણી રાણીનું અસ્થિ જોયા વિના, પૂજા કર્યા વિના જમતા નથી. એમ કહી નારદે પૂજા જોવાનું કહ્યું ! ત્યાં પૂજામાં વરાહ ભગવાનની દાઢ હતી તે રાણીનું અસ્થિ માની નારદના કહેવાથી અગ્નિમાં નાખી દીધું. નારદ કાર્યસંતોષ માની ચાલતા થયા. સવારે રાજા પૂજા કરવા ગયો. વરાહ ભગવાનની દાઢ ન જોઈ રાણીને પૂછ્યું. રાણી કહે, તમે કપટી છો. જૂની રાણીનું હાડકું શું કામ રાખ્યું હતું. રાજા કહે, તે તો વરાહ ભગવાનની દાઢ હતી. તે ક્યાં મુકી દીધી ? રાણી કહે, તે તો મેં અગ્નિમાં નાખી દીધી. ભસ્મ કરી પાણીમાં વહાવી દીધી. તમે ખોટું બોલી મને છેતરો છો. રાજા મરેલીમાં શું કામ હેત રાખો છો ? ત્યારે રાજા અતિ લોભી હોવાથી અજ્ઞાનથી તે સમયે પ્રાણ ત્યાગ કરતો હતો તેની પાછળ રાણી પણ સતી થઈ. તેનો પુત્ર સાવર્ણી ધર્મથી રાજય કરવા લાગ્યો. વરાહ ભગવાનની ભક્તિથી રાજારાણી સ્વર્ગમાં ગયા અને ધન સમુદ્રમાં રહ્યું.

અધ્યાય - ૩૮૯

❖ ઋષભદેવનો પોતાના પુત્રને ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નાભી રાજાની પત્ની પતિવ્રતા મેરૂદેવી હતી. તે પતિને પરમેશ્વર માનીને પૂજા કરતી. સ્નાન કરાવી, ષોડ્શોપચારથી પતિની પૂજા કરતી, ભોજન કરાવતી, પગ ધોઈને પાણી પીતી, પ્રભુની પૂજા કરે તે રીતે જ પતિની પૂજા કરતી. ને પતિનો પ્રસાદ ગ્રહણ કરતી. એવી રીતે પૂજા કરતી. મેરૂદેવીને એક વખત તેજમાં શ્રીકૃષ્ણનારાયણના દર્શન થયા. પિતાંબર શંખ, ચક્ર, ગદા, પદ્મ, મુકુટ, કુંડળથી શોભતા, લક્ષ્મી સાથે દર્શન થયા. મેરૂદેવીએ પ્રભુની પૂજા કરી, સ્તુતિ કરી. હે પ્રભુ, તમે ભક્તોના સંકલ્પ પૂરનારા છો. તમે મારા પુત્ર રૂપે થાવ જેથી મને શાશ્વત સુખ મળે. પ્રભુએ કહ્યું : તથાસ્તુ. આશિર્વાદ આપી અદશ્ય થયા અને મેરૂદેવીમાં પ્રવેશ કર્યો. પ્રગટ થતાવેત યુવાન, સર્વજ્ઞાન, સંપૂર્ણ તેજસ્વી, રૂષભ નામે પ્રસિદ્ધ થયા. તે કૃષ્ણનારાયણનો અવતાર હતા.

એકવાર ઇન્દ્રે ત્રણ વર્ષ સુધી વરસાદ ન કર્યો ત્યારે ઋષભદેવે પોતાની યોગમાયાથી વરસાદ વરસાવ્યો. પુત્ર ઋષભદેવનું ધ્યાન કરી નાભીરાજાને મેરૂદેવી મોક્ષમાં ગયા. ઋષભદેવ ભગવાન પોતે જ રાજારૂપે, આચાર્યરૂપે થઈને સર્વ પ્રજાને ધર્મનું, શિક્ષણ અને વિદ્યા આપતા હતા. ઇન્દ્ર પોતાની પુત્રી જયંતિ લક્ષ્મીસમાન તે ઋષભને આપી. ઋષભ ભગવાને તેમાં સો પુત્રો પ્રગટ કર્યા. તેમાં ભરત રાજા થયા. કેવી, દારી, ચમસ, અંતરીક્ષ, પ્રબુદ્ધ, પીપ્પાલન, આવીહોત્ર, દ્રુમીલ, કરભાજન આ નવ યોગેશ્વરો થયા. ચોરાસિ સીદ્ધો થયા. બીજા યજ્ઞ કરનારા શાસ્ત્ર ભણનારા થયા.

તે સર્વે પુત્રોને ઋષભ ભગવાને ઉપદેશ કર્યો કે, હે પુત્રો, પંચભૂતોથી પોષણ પામેલા આ ક્ષરભંગૂર શરીરથી પરબ્રહ્મ પરમાત્માના જપ, તપ, આરાધના, ભક્તિ કરી મોક્ષ મેળવી લેવો. રાજય, સંપત્તિ, કુટુંબ, પદાર્થ, ખેતરવાડી, ઘર, પશુ સર્વમાં નાશવંત ભાવથી જોઈને વ્યવહાર કરવો. જેથી માયાના કોઈપણ પદાર્થ બંધન ન કરે. જેનું શરીર ઇન્દ્રિયો, અંતઃકરણ, પંચવિષયો, સર્વે જ્ઞાનમય, ભગવદ્મય, દિવ્ય થાય છે તે ભક્ત આ લોકમાં મુક્ત બની નીર્ગુણ સ્થિતિ પ્રાપ્ત કરે છે. જે મનુષ્ય સ્વાર્થ માટે કરે છે તેને બંધન થાય છે. પરમાર્થ માટે કામ કરે છે, તે મોક્ષ અપાવનારું થાય છે. મોહને તજી જ્ઞાનવાળો થાય તો કર્મબંધન ન થાય. જ્યારે સર્વે ઇચ્છાઓનો લય થાય ત્યારે તૃષ્ણા નાશ પામે છે. ત્યારે પરમહંસે એવા સદ્ગુરુનો આશ્રય કરવો ગમે છે. પછી સંત થકી ગુરુ પાસેથી ભગવાનનું સ્વરૂપ જાણી આત્મતત્વ જાણી ભગવાનની ભક્તિ કરી પરમપદને પ્રાપ્ત કરે છે. આ રીતે ઋષભ ભગવાને પુત્રોને ઉપદેશ આપી પૃથ્વી પર જપ, તપ અને જ્ઞાન પ્રવર્તાવ્યા.

અધ્યાય - ૩૯૦

❖ પતિવ્રતા સુકન્યા અને ચ્યવનઋષિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વૈકુંઠ ધામની કથા કહું. સાંભળો એક વખત આસો વદ આઠમ અનાદિશ્રીકૃષ્ણનારાયણના જન્મજયંતીને દિવસે વૈકુંઠમાં ભક્તો, મુક્તો, પાર્ષદો-પાર્ષદાણીઓ સર્વે મહાન ઉત્સવ ઉજવતા હતા. મહામંડપ રચીને વાજીંત્રો સહિત ધૂન, કિર્તન કરતા હતા. શ્રીકૃષ્ણનારાયણનું ષોડ્શોપચારથી પૂજન કરતા હતા તથા આરતી સ્તુતિ કરી, પ્રભુને નૈવેદ્ય ધરી, સર્વે પ્રસાદ ગ્રહણ કરતા હતા. તે સમયે ગાંધર્વો પ્રભુના ગુણગાન ગાતા હતા. સર્વે કન્યાઓ પ્રભુને વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવતી હતી. સોનાનો મુગટ, કુંડળ, ટુંપીયો અને મગમાળા, હાર, કંદોરો, સોનાના બાજુબંધ, કડા, પોંચી, વેંઢ, વીંટીઓ, સોનાના તોરા, ઘૂઘરીવાળા વગેરે ધારણ કરાવીને અબીલ, ગુલાલ, કંકુ, અક્ષતથી પ્રભુનું પૂજન કરતી હતી. તે સમયે સલી લઘુ ગાંધર્વ પ્રભુનું પૂજન કરતી

સુકન્યાને જોઈ મોહ પામ્યો. તે જોઈને સુકન્યાએ શાપ આપ્યો. પૃથ્વી પર મનુષ્ય થા. ગાંધર્વે પણ શાપ આપ્યો તું પણ પૃથ્વી પર સ્ત્રી રૂપે થા. તે ગાંધર્વ ચ્યવનઋષિ થયા અને વનમાં તપ કરતા હતા. તે કન્યા અર્યાતી રાજાની પુત્રી સુકન્યા થઈ. તે બંનેને પૂર્વ જન્મનું જ્ઞાન હતું. એક સમયે અર્યાતી રાજા કુટુંબ સાથે ફરવા નીકળ્યો ત્યાં વનમાં તપ કરતા માથે રાફડો થયેલા ચ્યવનજઋષિની બે આંખો ચમકતી હતી. તેને પતંગિયા માની રાજાની કન્યાએ કાંટાની શૂળ ભોંકાવી. ચ્યવનઋષિ રાફડામાંથી બેઠા થઈ શાપ આપ્યો કે મારી આવી સ્થિતિ જણે કરી તેના જાડો, પેશાબ બંધ થઈ જાવ.

રાજા સર્વેની આવી સ્થિતિ જોઈ ભયભીત થયો અને કહે : આ ભૂમિ કોઈ દૈવી ઋષિની અથવા રાક્ષસની હશે. તપાસ કરતા સર્વે વૃતાંત સુકન્યાએ પિતાને કહ્યું. રાજા કુટુંબ સહિત ત્યાં આવ્યો. ચ્યવનઋષિની માફી માંગી. ચ્યવનઋષિએ પૂર્વ જન્મને યાદ કરી રાજા પાસે સુકન્યાની માંગણી કરી. સુકન્યાએ પણ ઋષિની માંગણી અંગીકાર કરી. પિતાને પૂર્વે શાપની વાત કરી પછી રાજાએ પુત્રી સુકન્યા ચ્યવનઋષિને આપી. સર્વેને દુઃખમુકત કર્યા. રાજા રાજ્યમાં ગયો. ચ્યવનઋષિ તપથી સુકાયેલા કાષ્ઠ જેવા હતા, તો પણ સુકન્યા પતિ ચ્યવનઋષિને સ્નાન, વસ્ત્ર, પૂજા, સેવા, ખાવુ-પીવું વગેરે અતિ ભાવથી પરિચર્યા કરતી. ત્યાં યજ્ઞ માટે કાષ્ઠ, ફળફૂલ વગેરે અનેક સેવા કરતી. ત્યાં પ્રભુના ધૂન-કિર્તન ગુણગાન પતિને સંભળાવી રાજી કરતી. એક વખત ઋષિના વૃદ્ધ શરીરને જોઈ યુવાન કરવા માટે વિચાર કરી દેવના વૈદ્ય અશ્વિનીકુમારને સુકન્યાએ યાદ કર્યા. ત્યાં તો સૂર્યપુત્ર બન્ને ત્યાં આવ્યા ને નમન કરી બોલ્યા માતા શું આજ્ઞા છે.

ઋષિપત્ની કહે, મારા પતિનું શરીર મારા જેવું યુવાન, સુંદર, રૂષ્ટપુષ્ટ બનાવી દો. અશ્વિનીકુમારોએ સોમયજ્ઞ કરી, ઔષધીનો રસ કાઢી રસાયણનો કુંડ ભરી ચ્યવનઋષિને સ્નાન કરાવ્યું. તરત જ ચ્યવનઋષિ દેવીને મોહ પમાડે તેવા યુવાન બની ગયા. ઋષિપત્નીની પરીક્ષા કરવા અશ્વિનીકુમારે ચ્યવનઋષિ જેવું રૂપ ધારણ કર્યું. ઋષિ પત્નીએ પતિવ્રતાના પ્રભાવે અગ્નિને કહ્યું, મારા પતિ વિના અન્યને બાળી નાખ. અગ્નિ અશ્વિનીકુમાર, વૈદ્યો પાસે આવી બાળવા લાગ્યા. ત્યાં અશ્વિનીકુમારે સતીની પ્રાર્થના કરી. અગ્નિ પાછો વળી ગયો. અશ્વિનીકુમાર વૈદ્યો, સતીને, ઋષિને નમસ્કાર કરી સ્વર્ગમાં ગયા. પછી ચ્યવનઋષિ પોતાના સસરા અર્યાતિ રાજાને બોલાવી સોમયજ્ઞ કરાવી અનેક દાન-દક્ષિણા આપતા હતા. યજ્ઞમાં અશ્વિનીકુમારને બોલાવ્યા તેથી ઈન્દ્ર ક્રોધ કરી વજ્ર લઈને ચ્યવનઋષિને મારવા આવ્યો. ઋષિએ ઈન્દ્રને જડ જેવો બનાવી દીધો. ઈન્દ્રે ઋષિની પ્રાર્થના કરી, પગે લાગી સ્વર્ગમાં ગયો. પછી અર્યાતિ રાજાને આર્નત નામે ભગવાનનો ભક્તપુત્ર થયો. તેણે ગોલોકથી શ્રીકૃષ્ણ ભગવાનના મુગટનો મણિ લાવી પશ્ચિમ સમુદ્ર કાંઠે

મુક્યો. તે વિસ્તાર પામી સૌરાષ્ટ્ર દેશ થયો. તે આનર્ત રાજાનો પુત્ર રૈવત રાજા થયો. જેના નામથી ગીરનાર, રૈવતાચળ કહેવાય છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે પતિવ્રતાનો મહિમા અપાર છે.

અધ્યાય - ૩૯૧

❖ પતિવ્રતા સુશીલા દ્વારા પતિ કૌશિક બ્રાહ્મણની રક્ષા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પતિ સેવાનો ચમત્કાર કેવો છે તે કહું છું. પતિને કૃષ્ણસ્વરૂપ જાણી સેવા કરે છે તેનું શ્રીહરિ રક્ષણ કરે છે. પૂર્વે કૌશિક નામે બ્રાહ્મણ વેદ ભણેલો ધર્મ, કર્મકાંડ કરતો હતો. તે રાજાનો માનીતો હતો. એકવાર રાજાએ ઉત્સવમાં મનોરંજનમાં બ્રાહ્મણને બોલાવ્યો. કચેરીમાં દારૂપાન થતા હતા. નાચગાન થતા હતા. તે વખતે બ્રાહ્મણ નૃત્ય કરનારી ગણિકામાં મોહ પામ્યો. રાજાનો ઉત્સવ પૂરો થયો. કૌશિક વિપ્ર, ગણિકાને ઘરે ગયો. ધર્મ ભ્રષ્ટ થયો. વેદશાસ્ત્ર, ધર્મ, કર્મ, ભક્તિ, સત્કાર્ય, બધુ બંધ કર્યું. તેની પતિવ્રતા પત્ની સુશિલાને ખબર પડી. પતિસેવાથી જરા પણ ચલાયમાન ન થઈ. કૌશિક બ્રાહ્મણે પોતાની સર્વે સંપત્તિ ધીમે ધીમે મોહથી ગણિકાને આપી દીધી. પછી પત્ની સુશીલાને કહ્યું, તારા પિતાને ત્યાંથી ધન લઈ આવ. સુશીલા પિતાને ત્યાંથી ધન લાવી. પતિને આપ્યું. કૌશિક અતિમોહથી ગણિકામાં અંધ થયેલો હોવાથી સર્વે ધન ગણિકાને આપી દીધું. જતે સમયે કૌશિક બ્રાહ્મણ ધર્મકર્મને ભગવાનને ભૂલી જવાથી શરીરે કોઢવાળો થયોને પાપથી રોગ થયો તો પણ ગણિકાનો સંગ છોડી ન શક્યો. પછી ખાટલાવશ થવાથી પત્નીને કહ્યું, મને પેલી ગણિકાને ત્યાં લઈ જા. જો મને વાસના રહેશે તો મારી અધોગતિ થશે.

પતિનું વાક્ય સાંભળી સુશીલા પતિને સંતોષ પમાડતી ખંભા પર બેસાડીને ગણિકાને ત્યાં લઈ ગઈ. ઘણાં દિવસો પછી બ્રાહ્મણે આશિર્વાદ આપ્યા. તારો સતીલોકમાં વાસ થશે. આજે મને છેલ્લીવાર ગણિકાને ત્યાં લઈ જા. સુશીલા રાત્રે પતિને ખંભા પર બેસાડીને જતી હતી ત્યાં રસ્તામાં માન્ડવ્ય ઋષિ આસન કરી સૂતા હતા. અંધારામાં નહીં દેખાવાથી સુશીલાનો પગ ઋષિને ભટકાયો. ઋષિએ શાપ આપ્યો. મને ઠોકર મારનારનું સૂર્યોદયે મૃત્યુ થાવ. ઋષિનો શાપ સાંભળી સુશીલા કહે, જો હું પતિભક્તિ પરાયણ હોઉં તો સૂર્યોદય ન થાવ. આ સુશીલા પતિને ગણિકાને ત્યાં લઈ જઈ પાછી પોતાને ઘરે આવી. સંપત્તિ માટે લક્ષ્મીનું ચિંતવન કર્યું. લક્ષ્મીજી આવીને દિવ્ય ચિંતામણિ આપી અદૃશ્ય થયા. મણિ પ્રતાપે સંપત્તિનો પાર ન રહ્યો. પણ સવારે સૂર્યોદય ન થવાથી દેવોનું પિતૃઓનું પૂજન, તૃપ્તિ, બંધ થયા. બ્રહ્મા પાસે દેવો ગયા.

બ્રહ્મા કહે : પતિવ્રતા સુશીલા પાસે જઈ પ્રાર્થના કરો. દેવોએ સુશીલા પાસે આવી સ્તુતિ કરી. હે દેવી જો સૂર્ય ઉદય ન થાય તો જીવ પ્રાણીમાત્ર જીવી ન શકે માટે કૃપા કરી સૂર્યગતિ ન અટકાવો. સુશીલા દેવોને કહે મારો પતિ રોગી છે. તે નિરોગી થાય. તેનું મારી પેલા મૃત્યુ ન થાય. આ વરદાન આપો. દેવો કહે : તથાસ્તુ. પછી સુશીલાના કહેવાથી સૂર્યની પ્રાર્થનાથી સૂર્યોદય થયો અને બ્રહ્માંડમાં સર્વને સુખશાંતિ થઈ પછી દેવોએ અશ્વિનીકુમારને બોલાવી કૌશિકને રોગમુક્ત કરી યુવાન બનાવ્યો. આ રીતે પતિવ્રતા સ્ત્રીનો પ્રભાવ બતાવ્યો. પછી માંડવ્યઋષિએ બાળકો માટે નવા ધર્મોનો નિયમ કર્યો. પાંચ વર્ષ સુધીમાં બાળકોથી પાપ થાય તો તેને પાપ ન લાગે. પાંચથી દસ વર્ષના બાળકને અડધું પાપ લાગે. દસ વર્ષ પછી જે પાપ કરે તેનું ફળ તેને ભોગવવું પડે.

અધ્યાય - ૩૯૨, ૩૯૩, ૩૯૪

❖ પતિવ્રતા મદાલસાએ પોતાના ત્રણ પુત્રોને ઉપદેશ આપી સાધુ બનાવ્યા ❖

પૂર્વે ધર્મથી પ્રજાનું પાલન કરનારો, ભક્તિવાળો, જ્ઞાની, વિપ્રોને, સાધુને પૂજનારો ઋતુધ્વજ રાજા હતો. તેના દર્શન કરવા ચૌદલોકના વાસી આવતા. એકવાર પાતાલથી બે નાગના પુત્રો આવ્યા. રાજાની સાથે મિત્રતા થઈ. તે ઋતુધ્વજ રાજા એકવાર પાતાલમાં ગયો. ત્યાં વિશ્વાસુ ગંધર્વની પુત્રી મદાલસાને જોઈને પૂછ્યું, તું કોણ છે ? કન્યાએ પોતાનું વૃતાંત કહ્યું. હું સ્વર્ગની ગંધર્વ કન્યા છું. પાતાલકેતુ નામે દૈત્ય મારું અપહરણ કરી લાવ્યો છે અને મારી સાથે બળજબરીથી લગ્ન કરવાનો છે. તો તમે મારું રક્ષણ કરો. પછી ઋતુધ્વજ રાજાએ તે દૈત્યનો નાશ કરી મદાલસા સાથે લગ્ન કર્યાં. ટુંક સમયમાં મદાલસા મૃત્યુ પામવાથી ઋતુધ્વજ રાજાને અતિ સ્નેહ મદાલસામાં હોવાથી તપ કર્યું. મદાલસાનો ફરી અશ્વતર રાજાને ત્યાં જન્મ થયો. અને બીજીવાર લગ્ન કર્યા. બીજીવારના લગ્નમાં સતી મદાલસા પતિની સેવાની સાથે ભગવાનની અતિશય ભક્તિ કરતી. પ્રભુની ધૂન-કિર્તન, કથા કરતી અને સંભળાવતી. સમય જતા તેને પહેલો પુત્ર થયો. તેનું નામ વિક્રાંત પાડ્યું.

સતી મદાલસાના પુત્રને આત્માનો, બ્રહ્મનો સંસારની અસારતાનો ઉપદેશ આપવા લાગી. તું શુદ્ધ પવિત્ર જ્ઞાની છો. સંસારની માયાથી રહિત છો. તું માયાના દોષથી રહિત છો, પૂર્ણ છો. આત્મતૃપ્તિથી ભરેલો છો. સંત, ઘોર, મુઢ, આ શરીરના ધર્મ છે. ત્રણ ગુણ માયાના તેનાથી સર્વ કાર્યો થાય છે. જીવ, જલરૂપે હતો, વૃદ્ધિ પામ્યો, દ્રષ્ટીમાં આવ્યો કાર્યો કર્યા અને નાશ પામ્યો. આ સર્વે પંચભૂતના કાર્યો પંચભૂતમાં લીન થાય છે. તેથી આત્માને જન્મમાં ફરવાનું રહે છે. એ રીતે અનેક જન્મોને ધારણ કરતો ચોરાસીમાં ફરતો મનુષ્ય દેવ, દૈત્ય, યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પીશાચ, જીવજંતુ, પશુ, પક્ષી, વૃક્ષ વગેરે અનંત જન્મોને ધારણ કરતો આ આત્મા એટલું જાણી જાય કે મારે માતા નથી. પિતા નથી, કુટુંબ

નથી તેવા જ્ઞાનીને કોઈ કર્મ, માયા, દોષ, લેપ કરતા નથી. બંધન કરી શકતા નથી. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ આ પાંચ મહાભૂતોમાંથી શરીર થયેલું છે. તન માત્ર તે પંચ વિષયો છે. તે ઈન્દ્રિયો વડે ગ્રહણ થાય છે. ગ્રહણ કરનારા આત્મા સાર-અસારનો વિવેક કરીને રાધીકાપતિ એવા શ્રીકૃષ્ણનો આશ્રય કરે તો માયાના દોષ અને દુર્ગુણથી રહિત થાય. માટે હે પુત્ર તું પણ સર્વેશ્વર સર્વેના નિયંતા એવા તારા આત્મામાં રહેલા અંતર્યામી પરબ્રહ્મને જાણીને તેનું ભજન, ભક્તિ કર.

આ રીતે ઋતુધ્વજ રાજાની પત્ની પતિવ્રતા સતી મદાલસાએ પુત્રને બાળપણથી ઉપદેશ આપી જ્ઞાની ભક્ત બનાવ્યો. પુત્ર પણ રાગદ્વેષથી રહિત થઈને સાધુ થઈ તપ કરી, પ્રભુભક્તિ કરતો હતો. અને યુવાન થતાં મહાજ્ઞાની થઈ. સર્વ સિદ્ધિને પ્રાપ્ત કરતો હતો. પછી રાજાથી સતી મદાલસાને બીજો પુત્ર થયો. તેનું નામ સુબાહું રાખ્યું. સતી મદાલસા પહેલા પુત્રની જેમ જ બીજા પુત્રને પણ આત્મનિષ્ઠાનું જ્ઞાન આપ્યું. હે પુત્ર, શરીર પૂર્વે ન હતું, પછીથી નહીં રહે. આત્મભાવથી ન રહે તો વિશ્વાસઘાત કરનારું છે. તું તેજસ્વી છો, અજ્ઞાનરૂપી અંધકારમાં જતો નહીં. તારા મા-બાપ કૃષ્ણ છે. તારા કુટુંબ સર્વે કૃષ્ણ છે. તારું અહંમ ને મમ કૃષ્ણમય બનાવી દે. પારકું પોતાનું સર્વ પ્રભુ મય તારું સર્વસ્વ કૃષ્ણમય કરી, ભક્તિ કરી મોક્ષ પ્રાપ્ત કરી લે. જ્ઞાન-અજ્ઞાન, સુખ-દુઃખ સર્વે પરબ્રહ્મને અર્પણ કરી, નિર્લેપ થઈ, નિર્ગુણ થા. પત્ની તારી નથી. મહેલ, હાથી, દાસ-દાસી તારા નથી. આવું સમજી સંત સમાગમ કરી સદ્‌ગુરુની સેવા કરી. શ્રીહરિની નવધા ભક્તિ કરી મુક્તસ્થિતિ પ્રાપ્ત કરી લે.

આ રીતે સતી મહાલસાએ બીજા પુત્રને બ્રહ્મનો ઉપદેશ આપી મુક્ત બનાવી દીધો. પાપથી બચાવે તેને પિતા કહેવાય. ભક્તિ જ્ઞાન આપે તે માતા કહેવાય. પછી સતી મદાલસાને ત્રીજો પુત્ર શત્રુમર્દન થયો. તેને પણ આત્મા-અનાત્માનો વિવેક કહીને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો કે, તું આત્મા છો. તારે વિષે અંતર્યામી પરબ્રહ્મ રહ્યા છે. તેનું મનન, ચિંતન, ધ્યાન કરીને સાક્ષાતકાર કરી શાશ્વત આનંદનો અનુભવ કર. આ રીતે ઋતુધ્વજ રાજાની પતિવ્રતા સતી મદાલસાએ ત્રણ પુત્રને આત્મા-પરમાત્માનું જ્ઞાન આપી નિવૃત્તીવાળા સાધુ બનાવી મુક્ત સ્થિતિને પમાડ્યા. ધન્ય છે આવી ભારતની સન્નારી માતાને જેણે પુત્રને મોક્ષ માર્ગે મોકલ્યા.

અધ્યાય - ૩૯૫

❖ મદાલસાના ચોથા પુત્ર અલર્ક રાજાનો કાશીરાજા સાથે યુદ્ધમાં પરાજય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પછી રાજાએ મદાલસાને કહ્યું, દેવી આ ચોથો પુત્ર અલર્કને પ્રવૃત્તિમાર્ગ, રાજ્ય નીતિનું જ્ઞાન આપો. જેથી આપણે રાજ્યથી નિવૃત્તિ લઈ અને પુત્રને રાજ્ય સોંપી વાનપ્રસ્થ ગ્રહણ કરી, તપ કરી, પ્રભુપારાયણ થઈએ. પછી મદાલસાએ ચોથા પુત્ર અલર્કને ઉપવિત સંસ્કાર કરી, રાજ્ય નીતિનું જ્ઞાન આપ્યું. ધર્મથી પ્રજાનું પાલન કરવું, યજ્ઞો, દેવપૂજન ચાલુ રાખવા, સંતસદ્‌ગુરુનો સમાગમ કરવો. વૃદ્ધ, વિપ્રોને વડીલોને નમન કરવું. સ્થાવર, જંગમ તીર્થની પુષ્ટિ કરવી. પૃથ્વી પર આલોક-પરલોકના કલ્યાણ માટે પરમધામના પતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરાવવી. આવો અનેક પ્રકારનો પ્રવૃત્તિ માર્ગ શીખવ્યો. હે પુત્ર, માયાના દોષીથી દૂર રહેજે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, ઈર્ષા, અભિમાન, રાગ-દ્વેષ વગેરે દુર્ગુણોનો ત્યાગ કરી સાત્વિક રહીને સત્કાર્યો કરતો રહેજે. કોઈને પણ શત્રુ, માનીશ નહીં. સર્વની સાથે મિત્રતા રાખી વ્યવહાર કરજે. એમ છતાં પણ પાડોશી રાજા તારી પર ચડાઈ કરે ત્યારે તારા મોટાભાઈને બોલાવજે. માતા-પિતાની આજ્ઞાનું પાલન કરી અલર્ક રાજ્ય કરવા લાગ્યો તથા માતાએ કહેલું વચન યાદ રાખ્યું કે જ્યારે દુઃખ આવે શત્રુનો ઉપદ્રવ થાય ત્યારે આંગળીમાં પહેરેલી વીંટીમાં ચીઠ્ઠી રાખી છે તે કાઢીને વાંચજે. એમ કહીને રાજાને રાણી મદાલસા પુત્ર અર્લકને રાજ્ય સોંપી વનમાં તપ કરવા ગયા. તપ કરી, દેહ તજી, રાજા-રાણી ધામમાં ગયા.

અર્લક રાજા રાજ્યકાર્યમાં એટલો બધો ગુંચવાઈ ગયો કે, સમય કેમ જાય છે તે પણ ખબર ન રહી. પોતાના પુત્રો પણ મોટા થયા તો પણ પુત્રોને રાજ્ય કારભાર સોંપ્યો નહીં. અર્લક રાજાના ત્રણ મોટાભાઈ સાધુ થયા તેમાંથી સુલાહ સંન્યાસી અર્લક પાસે આવી કહે, હવે તારા પુત્રો મોટા થયા છે તેને રાજ્ય સોંપીને વિષયથી પાછો વળીને આત્મવિદ્યા મેળવી વૈરાગ્ય પ્રાપ્ત કરી મોક્ષ મેળવી લે. મોટાભાઈએ કહ્યું, છતાં અર્લક રાજ્ય કાર્યમાંથી નિવૃત્ત ન થયો. ત્યારે મોટાભાઈએ કાશી રાજા દ્વારા રાજ્યના ભાગની માંગણી કરી. અર્લક કહે ભયથી રાજ્યભાગ નહીં આપું. મારી સાથે લડાઈ કરો તો ભાગ આપું. પછી કાશીરાજા સાથે લડાઈ કરી. તેમાં હાર્યો, બહું દુઃખ થયું ત્યારે માતાનું વચન યાદ કરી વીંટીમાં રહેલી ચીઠ્ઠી વાંચી તેમાં લખ્યું હતું. આપત્તકાળ આવે ત્યારે સંતનો સમાગમ ઔષધનું કામ કરે છે. તૃષ્ણા તજવી, ન જાય તો સંતને શરણે જવું. સંત વિવેક બતાવીને ભગવાનને શરણે મુકે છે. આવું વિચારી અર્લક રાજા રાજ્યનો ત્યાગ કરીને દત્તાત્રેય ભગવાનને શરણે થયો. દત્તાત્રેય ગુરુ ભગવાનને દંડવત્, નમસ્કાર કરી પગે લાગી, સંસારના દુઃખના નાશનો

ઉપાય બતાવવાનું કહ્યું અને મારી પર પ્રસન્ન થઈ આત્મશાંતિનો માર્ગ બતાવો. એમ પ્રાર્થના કરી.

અધ્યાય - ૩૯૬

❖ દત્તાત્રેય દ્વારા અલર્ક રાજાને તત્ત્વજ્ઞાન અને આત્મજ્ઞાનનો ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દત્તાત્રેય ભગવાને અલર્કને તત્ત્વોનો ઉપદેશ આપ્યો તે કહું સાંભળ. ગુરુ કહે, તને દુઃખ કેમ આવ્યું ? તે કહો તો તેનો ઉપાય બતાવું. અલર્ક કહે, મારા મોટાભાઈ સાધુ થયા છતાં મારી પાસેથી રાજ્ય માટે યુદ્ધ કરે છે. તે દુઃખ નાશ કરો. દત્તાત્રેય કહે રાજ્ય તારું પહેલા હતું નહીં. તારા પછી તારું રહેશે નહીં. રાજ્ય સાથે તારા આત્માને કઈ સંબંધ નથી. તો દુઃખ શેનું ! આ પાણી ગ્રહણ કરી પી અને માથે ચડાવ, નેત્રમાં છાંટ. પછી જો તારા આત્મામાં માયાનો એક પણ દુર્ગુણ નથી. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા બ્રહ્માંડમાં માયાના ત્રણ ગુણથી સર્વકાર્ય થાય છે તેને શરીર સાથે સંબંધ છે. શુદ્ધ સત્વગુણથી, જ્ઞાનમય વિચારથી, શાસ્ત્ર અભ્યાસથી, સાર-અસારના વિવેકથી, જડ ને ચૈતન્યનો વ્યવહાર સમજે તો પ્રકૃતિના પદાર્થ સંપત્તિના નાશથી આત્માને કોઈ હાની નથી. જડ એવા ચોવીસ તત્ત્વો તેમાં હું આત્મા જુદો છું. મારામાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, હાથ, પગ, મળ-મૂત્ર, ઈન્દ્રિયો વગેરે નેત્ર, નાસિકા, કાન, જીભ, ત્વચા, મન, બુદ્ધિ, ચીત, અહંકાર, પાન-અપાન, સમાન, વ્યાન, ઉદાન આ સર્વે જડ તત્ત્વોનો ચલાવનારો ચેતન હું આત્મા છું. જેમ રાજા પ્રજાને નિયમમાં રાખે છે. તે રીતે સંતગુરુ ભક્ત જ્ઞાની આ રીતે દેહનો વ્યવહાર કરી આત્માંથી જાણપણે પરબ્રહ્મ અંતર્યામી પરમાત્માને ભજે છે. માટે હે રાજા તું એમ માન કે આ મારું રાજ્ય નથી. અલર્ક મારું નામ નથી. મારે શત્રુ મિત્ર નથી. પૃથ્વી, પ્રજા, સંપત્તિ, સેના, હાથી, ઘોડા, મહેલ, બગીચા આ સર્વે મારું નથી. અથવા મારી સાથે આવવાનું નથી. આટલું જાણી લે પછી તને મારી જેમ ક્યાંય પણ બંધન દુઃખ નહીં થાય.

દત્તાત્રેય પ્રભુ કહે : કદાચ તને આવું બ્રહ્મજ્ઞાન ન થાય તો સર્વેમાં બ્રહ્મદૃષ્ટિથી જો તો પણ તને નષ્ટ પદાર્થનો શોક નહીં થાય. એવું પણ ન થઈ શકે તો સર્વે કર્તાહર્તા, ધર્તા, ઈશ્વર છે એમ જાણીશ તો પણ નાશવંતનું દુઃખ નહીં થાય. માટે હે રાજા, આત્મદર્શીને શ્રીહરિ વિના કોઈ રાજ્ય હોતું જ નથી. જેટલું પોતાનું મનાય તેટલું દુઃખ થાય છે. શરીર પુત્રમાં આત્મબુદ્ધિ છે પરંતુ શરીરના પરસેવાથી થતા લીખ, ટોલા વગેરેને મારવાનો પ્રયત્ન કરીએ છીએ. બન્ને શરીરના વિકારથી જ થયેલા છે છતાં પણ આટલો ભેદ રહે છે. ગુરુ દત્તાત્રેય પ્રભુથી આવું આત્મજ્ઞાન પ્રાપ્ત કરી અલર્ક રાજા શોકરહિત થઈ આત્મચિંતનમાં બેસી ગયો ને મુક્ત સ્થિતને પામ્યો.

અધ્યાય - ૩૯૭

❖ ગુરુ દત્તાત્રેયે અલર્ક રાજાને ગુણ-ક્રિયાનું જ્ઞાન આપ્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અલર્ક રાજાએ ગુરુ દત્તાત્રેયને પૂછ્યું કે હે પ્રભુ, યોગીના લક્ષણ કેવા હોય ? ક્રિયા કેવી હોય ? બ્રહ્મના માર્ગે કેમ ચાલતા હોય ? તેને ઓળખવા કઈ રીતે ? ગુરુ દત્તાત્રેય ભગવાન કહે, હે રાજા યોગી પુરુષો મર્યાદાથી પર રહ્યા છે. માન-અપમાનમાં સમાન રહ્યા છે. જે રાગદ્વેષ મનુષ્યોને ઉદ્વેગ કરાવીને દુઃખ કરે છે યોગીને ઝેર અમૃતસમાન દેખાય છે. યોગી જરૂર પૂરતો વ્યવહાર કરી સતત શ્રીહરિના નામનું ભજન કરે છે. યોગી એ પ્રસિદ્ધિને નથી ઇચ્છતા. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ પામે છે. ફળફૂલ, કંદમૂળ, ભાજી જે મળે તે શ્રીહરિ ને અર્પણ કરી ગ્રહણ કરે છે. વાણી કર્મને, મનને જે દંડ આપે તે ત્રિદંડીયોગી કહેલો છે. જપ કરતા કરતા જ્યારે મૂર્તિમાં લીન થાય તે યોગી સૂર્યચંદ્રના કિરણને પકડીને સૂર્યચંદ્ર ને અગ્નિ જેવો તેજસ્વી થાય છે. રાફડાની કળી જેમ માટીના કણને ભેગા કરી જેમ રાફડો બનાવે છે તેમ યોગી યોગને ધીમે ધીમે સાધે છે. મૃગ બાળકના શિંગ જેમ ધીમે ધીમે મોટા થાય છે, તેમ યોગી પણ યોગને વધારતો જાય છે. ખારું હોય કે ખાટું, તીખું હોય કે કડવું જાણવા છતાં બોલતો નથી. યોગી ભોજનના રસાસ્વાદને જીતી લ્યે છે. એ જ રીતે સર્વે ઇન્દ્રિયોના આહારને જીતી લ્યે છે.

હાથથી મંદિરની, સાધુની, દેવની, ગુરુની, સત્પુરુષની જ સેવા કરે છે તે યોગી કહેલો છે. કથા, કિર્તન, ભક્તિ સમુહમાં કેવળ ભગવત્ પ્રસન્નતાર્થે કરે છે. સર્વે કામમાં પરમાત્માને જ જુવે છે. પુરમાં, સીમમાં, નગરમાં, ખેતરમાં સર્વજગ્યાએ સમાન ભાવથી વિચરે છે. શરીરથી પર આત્મનિષ્ઠારૂપે રહેતો યોગી ક્યારેક હસે છે. ક્યારેક રૂદન કરે છે. ક્યારેક અંતરવૃત્તિથી રહે છે. ક્યારેક બાહરવૃત્તિમાં રહે છે. ક્યારેક શરીર પર ધૂળ નાખે છે. મુખમાં પાણો મૂકે છે. ક્યારેક દિગંબર અવસ્થામાં રહે છે. કાદવમાં, ધૂળમાં આળોટે છે. આત્મારામ એવા યોગીની કોઈ ક્રિયા જાણી શકતું નથી. આ સનકાદિક યોગીઓ ઋષભ, સુકદેવ, નાથ, અવધુત, હંસ, પરમહંસ, સાધુઓ, સાધ્વીઓ, સતીઓ, વૈષ્ણવો આવા અનેક પ્રકારના યોગીપુરુષો બ્રહ્મ સ્થિતિમાં રહી પરબ્રહ્માના આનંદને ભોગવે છે. હે રાજા, યોગીઓ મૃત્યુના ચિહ્નોની જાણ થતા સ્વતંત્ર શરીરનો ત્યાગ કરી ચિદાકાશમાં, તેજમાં, પરમધામમાં, પરબ્રહ્મની પાસે પહોંચી શાશ્વત સુખનો આનંદ ભોગવે છે.

અધ્યાય - ૩૯૮, ૩૯૯, ૪૦૦

❖ વેંકટાચળમાં શ્રીનિવાસ પ્રભુ અને લક્ષ્મીરૂપ પદ્મિનીના વિવાહ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે રાવણ જ્યારે સીતાનું હરણ કરવા આવ્યો ત્યારે સીતાએ પોતાનું છાયા સ્વરૂપ વેદવતી રાવણને આપ્યું અને પોતે અગ્નિમાં અદૃશ્ય રૂપે હતા તે છાયારૂપે વેદવતી જન્માંતરે દક્ષિણમાં વિયત રાજાને ત્યાં લક્ષ્મીરૂપે પ્રગટ થઈને વિષ્ણુ ભગવાનને વરવા વેંકટાચળ પ્રર્વત ઉપર તપ કર્યું. વિયત રાજાએ નારદજી પાસે કન્યાનું ભાગ્ય જોવરાવ્યું. નારદજીએ શરીરના ચિહ્નો જોઈને કહ્યું, આ કન્યા લક્ષ્મીનો અવતાર છે.

વિયત રાજાએ પૂછ્યું : હે નારદજી, લક્ષ્મીજીના અવતારના ચિહ્નો કહો. નારદજી કહે : શરીર રૂપાળું, તેજસ્વી, અવયવો સુંદર, નેત્રો આકર્ષણ, નમણી નાસિકા, હાથમાં શંખ, ચક્ર, ચંદ્ર, ગદા, પદ્મ, શિખર, મત્સ્ય, તથા ચરણમાં છત્ર, ઉર્ધ્વરેખા, મહેલ, કમળ, ધ્વજ, અંકુશ, શ્રીફળ, કળશ, તથા હાથની દસ આંગળીઓમાં દસ ચક્રો હોય તે લક્ષ્મીનો અવતાર કહેવાય. હે રાજા, આ કન્યા દેવ મનુષ્યને ન આપતો. આ તારી કન્યા પદ્મિની સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર છે. તેને પરણવા શ્રીનારાયણ પોતે આવશે. પછી પદ્મિનીના તપથી પ્રસન્ન થયેલા ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીનિવાસ નામે પ્રગટ થઈને શ્વેત અશ્વ પર બેસી વેંકટાચળ પર્વત પર આવી પદ્મિનીને દિવ્ય દર્શન આપી વિયત રાજાને સમાચાર આપી. લગ્નની તૈયારી કરાવી.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પદ્મિનીને તેની સખીઓ વસ્ત્રઅલંકાર, સુવર્ણના આભુષણોથી શણગારતી હતી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીનિવાસ ભગવાનને ઘરે લગ્નમાં સર્વે મહેમાનો આવતા હતા. વૈરાટનારાયણ, ભૂમાનારાયણ, સદાશિવ, હરિણ્યગર્ભ, વાસુદેવાદિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, લોકપાલો પિતૃઓ, ઋષિ-મુનિઓ, દેવો, દિકપાલો, સૂર્યચંદ્રાદિ ગ્રહો, નિધિઓ, નક્ષત્રો, તત્ત્વો, રુદ્રો, મનુઓ, ગુણી, ઈન્દ્રાદીદેવો, વાલખીલ્યો, નદી, પર્વતો, સર્વતિર્થો, સમુદ્રો, પૃથ્વી, વૃક્ષવેલી વગેરે જડચેતન, સર્વ શ્રીનિવાસ નારાયણના લગ્નમાં આવ્યા. વેંકટાચળમાં વિયત રાજાને ત્યાં નારાયણની જાનમાં કરોડો મુક્તો, અવતારો, ઈશ્વરો, સંતો, સાધ્વીઓ, બ્રહ્મચારીઓ, સંન્યાસીઓ, ભક્તો, વૈષ્ણવો વગેરે આવતા હતા. દેવો દુંદુંભી વગાડતા હતા. અપ્સરાઓ નૃત્ય કરતી હતી. વશિષ્ઠાદિ ઋષિઓ નારદ સનકાદિક વેદમંત્રનો ઘોષ કરતા હતા. એ રીતે સર્વે લગ્નમંડપમાં આવ્યા. વિયત રાજાએ લક્ષ્મીસ્વરૂપ પદ્મિનીનું કન્યાદાન કર્યું. પદ્મિનીએ વરમાળા શ્રીનિવાસ પ્રભુના કંઠમાં આરોપી. પ્રભુએ પણ પદ્મિનીને હાર પહેરાવ્યો. એ રીતે વેદ-વિધિથી વિવાહ કરી. પછી સર્વે મહેમાનોને ભોજન આપતા હતા. તૃપ્તિ પમાડતા હતા.

તે વિયત રાજા એ જાનમાં સર્વે મહેમાનોને ચાર દિવસ રોકીને નિત્ય નવા નવા મીષ્ટાન્નો જમાડતા હતા. ચોથે દિવસે રાજા ભોજનથી તૃપ્તિ પમાડીને મહેમાનોને વિદાય આપતા હતા. શ્રીનિવાસ પ્રભુ ત્યાંથી વિદાય લઈને સાસુ-સસરાને પગે લાગી લોકરીતિ પ્રમાણે આશિર્વાદ લેતા હતા. પદ્મિની માતા-પિતાને પગે લાગી આશિર્વાદ મેળવી શ્રીનિવાસ પ્રભુની સાથે વેંકટાચળ પર્વત પર વિશ્રામ કરતા હતા.

પછી પ્રભુ શ્રીહરિની આજ્ઞા માંગી સર્વે દેવો, ઋષિ-મુનિઓ, ઈશ્વરો, સર્વલોકના વાસીઓ, પોતાના સ્થાનમાં ગયા. પછી પદ્મિની પતિરૂપે પ્રાપ્ત થયેલા પુરુષોત્તમની નિત્ય પતિવ્રતાની ભક્તિથી સેવા કરતી હતી. પ્રાતઃ સમયે પ્રભુને અત્તર તેમજ ફુલો, સુગંધી કેશર, ચંદન, પંચામૃતથી સ્નાન કરાવી પિતાંબર ધારણ કરાવી સોનાના આભૂષણો પહેરાવીને ષોડ્શોપચારથી પૂજા કરતી હતી. પ્રભુને પ્રેમે પીરસીને નિત્ય ભોજન કરાવતી હતી. એવી રીતે ભગવાનની દિવ્ય સેવાનો સાશ્વત આનંદ લેતી હતી. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સીતાની છાયારૂપ રહેતી વેદવતીને આ રીતે વિષ્ણુ ભગવાન પદ્મિનીને ત્યાં આવીને વિવાહ કર્યો. શ્રી નિવાસ પ્રભુ અને લક્ષ્મીરૂપ પદ્મિનીના આ વિવાહના કથા જે કહેશે, સાંભળશે તે સર્વે ભક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૪૦૧

❖ તોંડમાન રાજા દ્વારા વેંકટાચળ પર્વત પર વેંકટેશ પ્રભુની મૂર્તિની સ્થાપના ❖

શ્રીલક્ષ્મી કહે : હે પ્રભુ, ભક્તોની પવિત્ર કથા મને સંભળાવો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી પૂર્વે વેંકટાચળમાં વસુ નામે ભીલ મારો મહાન ભક્ત હતો. તેની પત્ની ચિત્રવતી તે પણ પતિવ્રતા હતી. રોજ ભગવાનને નૈવેદ્ય ધરીને ભોજન કરે. એક વખત પતિ-પત્ની બહાર કામે ગયા. તેનો પુત્ર વિરરૂદ નાનો તે ઘરમાં બપોરે ભૂખ લાગી એટલે ડાંગર શેકી ભુકો કરી ભગવાનને ધરી ખાતો હતો. ત્યાં તેના માતા-પિતા આવ્યા અને કહ્યું, પ્રભુને ધર્યા વિના કેમ ખાધું. એમ કહી લાકડી ઉગામી ત્યાં પ્રભુ પ્રગટ થઈને કહે, મારીશ નહીં તારા કરતા પણ તારો પુત્ર મહાન ભક્ત છે. તે પુત્ર વિરરૂદ બીજે જન્મે દક્ષિણ દેશનો તોંડમાન નામનો રાજા થયો. તે એકવાર વેંકટાચળ પર્વત પર ગયો. ત્યાં વરાહ ભગવાને દર્શન આપી કહ્યું, તું અહીં રાજધાની કરી તારા કુટુંબને વસાવ અને શ્રીનિવાસ ભગવાનનું મહામંદિર કરાવ. તોંડમાન રાજાએ મંદિર કરાવી. વેંકટેશ પ્રભુની સ્થાપના કરી.

એકવાર એક બ્રાહ્મણ પોતાની પત્નીને મંદિરે મૂકી રાજાને સોંપી કાશી તીર્થ કરવા ગયો. કાશી, બદ્રી, પ્રયાગ વગેરે તિર્થો કરી વેંકટાચળ મંદિરે રાજા પાસે આવ્યો. પોતાની પત્નીની માંગણી કરી. રાજાએ જોયું ત્યાં બ્રાહ્મણ પત્ની મરી ગયેલી. રાજાએ શ્રીનિવાસ પ્રભુ વેંકટેશને પ્રાર્થના કરી. હે પ્રભુ આ બ્રાહ્મણ પત્નીને સજીવન નહીં કરો તો બ્રાહ્મણ

મને શાપ આપશે. તરત પ્રભુ પ્રગટ થઈને દર્શન આપી બ્રાહ્મણીને સજીવન કરી. તે શ્રીનિવાસ પ્રભુની પૂજા એક કુંભાર ભક્ત ભીમ નામે કરતો. તેથી તે મૃત્યુ સમીપે આવ્યો તે ભીમનો, તેની પત્નીનો મોક્ષ પ્રભુએ કર્યો.

અધ્યાય - ૪૦૨

❖ સુમતી ઋષિ દ્વારા ધર્મગુપ્ત રાજાનો મોક્ષ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તોંડમાન રાજા પોતાના પુત્ર ધર્મગુપ્તને રાજ્ય સોંપી વનમાં તપ કરવા ગયો. તેને પ્રભુ પ્રસન્ન થઈને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા. પછી ધર્મગુપ્ત રાજા એકવાર વનમાં શિકારે ગયો. ત્યાં સાંજ થવાથી વૃક્ષની નીચે સૂતો ત્યાં વાનર આવ્યો. વાનર કહે, રાજા તું અર્ધીરાત્રિ સૂઈ જા. હું રક્ષણ કરું છું. રાજા સૂતો ત્યાં સિંહ આવ્યો. વાંદરાને કહે : મને રાજાને ખાવા દે. વાંદરો કહે, મારા વિશ્વાસે સૂતો છે. તેથી તને નહીં મારવા દઉં, બ્રહ્મહત્યા કરતા પણ વિશ્વાસઘાતનું પાપ વધારે છે. પછી અર્ધીરાત્રિએ રાજા જાગ્યો અને વાંદરો સૂતો. સિંહે રાજાને કહ્યું, તું મને મારું ખાજ ખાવા દે. રાજાએ છૂટ આપી. ઋષિરૂપે રહેલા વાંદરાએ રાજાને શાપ આપ્યો. તેથી માનવજાતનો વિશ્વાસ પશુઓ નથી કરતાં પછી રાજાની પ્રાર્થનાથી સુમતી ઋષિએ રાજાનો મોક્ષ કર્યો.

અધ્યાય - ૪૦૩

❖ શ્રીવેંકટેશ પ્રભુની સુમુતી, ભદ્રમતિ અને રામાનુજ વિપ્ર પર કૃપા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સીતાની છાયારૂપે રહેલી વેદવતી તે વેંકટાચળ પર્વતમાં વિયત રાજાને ત્યાં લક્ષ્મીરૂપે પ્રગટ થઈ. તે શ્રીનિવાસ પ્રભુનો મહિમા હું કેટલો કહું. પૂર્વે સુમુતી બ્રાહ્મણ ધર્મકર્મથી રહિત થઈ બ્રહ્મરાક્ષસ જેવો થયો. તેના પિતાએ વેંકટેશ પ્રભુના દર્શન કરાવી ત્યાં તીર્થમાં સ્નાન કરાવી બ્રહ્મરાક્ષસથી મુક્તિ મેળવી. એ જ રીતે ભદ્રમતિ બ્રાહ્મણ અતિ દરિદ્ર હતો. ધર્મવાળો શાસ્ત્રને જાણનારો હતો. પણ આ જગતમાં સંપત્તિવાળો પંડિત ગુણીયેલ અને ડાયો ગણાય છે. સંપત્તિ વિનાનો મુર્ખ, ગુણહિન ગાંડો ગણાય છે. બ્રાહ્મણની પતિવ્રતા પત્ની કહે, તમે વેંકટાચળ પર્વત પર રહેલા સુવર્ણ મુખરી તીર્થમાં જાવ, તે પ્રભુ આપણું દારિદ્રય જરૂર ટાળશે. તે તીર્થમાં સ્નાન કરવાથી સર્વે પાપથી રહિત થવાય છે. દાન કરવાથી અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. વિપ્ર ત્યાં ગયો. વેંકટેશ પ્રભુના દર્શન કરી તીર્થમાં સ્નાન કરી દાન કર્યું. ત્યાં પ્રભુએ પ્રગટ થઈને દર્શન દીધા. વિપ્રે સ્તુતિ કરી.

પ્રભુએ આશિર્વાદ આપ્યા કે, આ લોકમાં સુખસંપત્તિ મેળવી મારી ભક્તિથી અંતે મારા ધામને પામીશ. ત્યાં રામાનુજ નામે બ્રાહ્મણે જપ અને તપથી પ્રસન્ન થયેલા પ્રભુ

વિપ્રને કહ્યું, વરદાન માંગ. વિપ્ર કહે, પ્રભુ હું તમારા દર્શનથી કૃતાર્થ થયો છું. હે પ્રભુ, યોગીઓ, જ્ઞાનીઓ, તપસ્વીઓ, નૈષ્ઠિકો, કર્મકો, દેવો, પિતૃઓ તમારા દર્શન કરી શકતા નથી. તે પ્રભુ તમે મને દર્શન આપ્યા. મારા અહોભાગ્ય. હે પ્રભુ, તમારામાં મારી ભક્તિ અવિચળ રહો. પ્રભુ મને તમારા ચરણમાં વાસ આપો. રામાનુજ વિપ્રની સ્તુતિથી પ્રસન્ન થયેલા વેંકટેશ પ્રભુ કહે જે મારી ભક્તિ કરનારા ભક્તોમાં મારા દર્શન કરે છે. તે સર્વે વૈષ્ણવો કૃષ્ણતુલ્ય છે. અને જે મારી ભક્તિ કરનારી નારી છે તે સર્વે રાધા-રમા, શ્રી, માણકી, લક્ષ્મી, પ્રભા અને પાર્વતી સમાન છે.

અધ્યાય - ૪૦૪

❖ દાનનાં યોગ્ય પાત્રો ❖

❖ વેંકટાચળનાં ચક્રતીર્થ અને જાબલી તીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તીર્થમાં જે દાનપાત્ર છે તે કહું છું. ધર્મવાળા સાધુને, વિદ્યાવાળા મહાત્માને દાન આપવું. બ્રહ્મવેતાને, ગુરુને, ભક્તને, દાન આપવું. હરિકૃષ્ણ ભગવાનની પત્નીઓ સતી, સાધ્વીઓને દાન આપવું. પત્ની, બહેન, પુત્ર, ભાણેજ તો પણ દાનપાત્ર છે. ગુરુપત્ની, ગુરુપુત્ર તથા શિષ્યને દાન આપવું. પ્રત્યક્ષ ભગવાનને અપાયેલું દાન અક્ષયફળ આપે છે. દેવને પૂજારીને ભણાવનાર રક્ષણ કરનાર તો સર્વે દાનપાત્ર છે. નિંદા કરનાર દંભી, ચોરને દાન ન આપવું. હિંસા કરનાર કૃતઘ્ની, મુર્ખ અને ઈર્ષાવાળાને આપેલા દાન નિષ્ફળ થાય છે. બીજાને દુઃખ દેનાર નાસ્તિક, કપટી, પાખંડી, સઠ, ખળ, અધર્મી વગેરેને દાન આપવાથી નિષ્ફળ થાય છે. વેંકટાચળ પર્વત પાસે પદ્મનાભ બ્રાહ્મણે વાયુઆહાર કરી બાર વર્ષ તપ કર્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કંભરા ગોપાલપુત્ર પ્રગટપ્રભુ પ્રસન્ન થઈ કહે, હે વિપ્ર તું અહીં વાસ કર. ત્યાં બ્રાહ્મણ પ્રભુની ભક્તિ કરી વાસ કરતો હતો. ત્યાં રાક્ષસ આવ્યો. વિપ્રે પ્રભુને પ્રાર્થના કરી કે પ્રભુ મારું રક્ષણ કરો. પ્રભુએ આવી ચક્રથી રાક્ષસનું મસ્તક કાપી નાખ્યું. તે ચક્રતીર્થ થયેલું છે. પૂર્વે દૂરાચાર નામે બ્રાહ્મણ ધર્મકર્મથી પડી ગયો તેને વૈતાલ વળગ્યો. તે રખડતો વેંકટાચળ પર્વત પર આવ્યો. ત્યાં જાબલી ઋષિ તપ કરતા હતા તેને બ્રાહ્મણોને તે તીર્થમાં સ્નાન કરાવી મોક્ષ કર્યો. તે જાબલી તીર્થ થયેલું છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે તિર્થોમાં સ્નાન કરવાથી દાન કરવાથી સર્વે પાપ રહિત થઈ મુક્તિ મેળવે છે.

અધ્યાય - ૪૦૫

❖ કેશવની વેંકટાચળની સુવર્ણમુખરી નદીમાં સ્નાન દ્વારા બ્રહ્મરાક્ષસથી મુક્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વેંકટાચળમાં મુખ્ય છ તિર્થો છે. સ્વર્ણ, મુખરી, સ્વામી, પુષ્કરીણી, વિયત, ગંગા, કુમાર ધારીકા, તુંબરૂ. તીર્થમાં કુંભ લગ્નમાં પૂર્ણિમાના મધા નક્ષત્રમાં સ્નાન કરવાથી રાજસૂય યજ્ઞફળ થાય છે અને મોક્ષ ગતિમાં જવાય છે. લક્ષ્મીનારાયણ સંહિતાની કથા આ તીર્થમાં કરશે, કરાવશે. લક્ષ્મીનારાયણ સંહિતાનું દાન આપશે તે સર્વે મોક્ષ ગતિમાં જશે. લક્ષ્મીનારાયણ સંહિતાની કથામૃતથી અજર-અમર બનાય છે. મારા પ્રવેશ વિના કોઈ આ કથા કરવા સમર્થ નથી. સાંભળવા પણ સમર્થ નથી.

હે લક્ષ્મી, જ્યાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથા થાય છે. ત્યાં હું રાધા, લક્ષ્મી, પાર્ષદો, સાથે વાસ કરું છું. વાંચનાર વક્તા બાળક હોય કે યુવાન કે વૃદ્ધ હોય કે દરીદ્ર કે દુર્ભાગ્ય હોય તે સર્વે પૂજનીય છે. વક્તા વ્યાસ સમાન જ્ઞાન આપનારા છે. રાજા સમ્રાટ આચાર્ય ગુરુદેવ આ સર્વે વ્યાસ પાસે નાના છે. આ સર્વે આવે ત્યારે વક્તાએ વ્યાસાસન પરથી ઉભું ન થવું. કથાની નિંદા કરનારા, કથામાં વિઘ્ન કરનારા, વ્યાસાસનથી ઉંચા બેસનારા, લાંબા પગ કરીને બેસનારા, પગ પર પગ ચડાવીને બેસનારા, કાગડાને વૃક્ષ થાય છે. વ્યાસને, કથાને નમન કર્યા વિના કથામાં બેસનારા શ્રોતા, કથા સાંભળનારા ઝેરી વૃક્ષ થાય છે. કથા સાંભળી, ધાબળી વગેરે ઉનના દાન તથા વસ્ત્ર દાન કરે છે. તે શાશ્વત બ્રહ્મપદને પામે છે.

આવો લક્ષ્મીનારાયણ સંહિતાની કથાનો મહિમા વેંકટાચળમાં શ્વેતવરાહના મુખથી દેવો, મુનિઓ, ઈશ્વરો, પિત્રુઓ વગેરે સર્વે સાંભળતા હતા. અનેકને ભોજન દાન આપતા હતા. તે વરાહ તીર્થ થયેલું છે. એકવાર કેશવ નામનો બ્રાહ્મણ વેદકર્મથી રહિત થઈ માતા-પિતાની સેવાથી રહિત થઈ સ્વકેન્દ્રી બની અધર્મી આચરણ કરતો તેથી તેને બ્રહ્મ રાક્ષસ વળગ્યો. તેના પિતા પદ્મનાભ કેશવપુત્રને લઈ વેંકટાચળ આવી સુવર્ણ મુખરી નદીમાં સ્નાન કરાવી બ્રહ્મરાક્ષસથી મુક્ત કર્યો.

અધ્યાય - ૪૦૬

❖ જૂનાગઢમાં નારાયણઘરો અને સ્વર્ણરેખા નદીની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હું બ્રહ્માના દરેક કલ્પમાં પ્રગટ થાઉં છું. વેંકટાચળમાં વરાહરૂપે હતો ત્યારે દક્ષિણનો રાજા શંખ નામે મારો પરમ વૈષ્ણવ ભક્ત હતો. તે પોતાનો પુત્ર વ્રજને રાજ્ય આપી વેંકટાચળ આવી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળી મારા સાક્ષાત દર્શન પામ્યો. તે વેંકટાચળના સુવર્ણ મુખરી તીર્થમાં માતા અંજલિએ તપ કરી પુત્ર

હનુમાનને પ્રાપ્ત કર્યો. એકવાર વેંકટાચળ ઉડીને મેરુપર્વત પાસે જતો હતો. ત્યારે તેના ખખડાટથી ઘણા જીવોનો નાશ થયો. તેથી સર્વેની પ્રાથર્નાથી વરાહ ભગવાનના કહેવાથી ઈન્દ્રે પર્વતોની પાંખો કાંપી નાખી. એકવાર વેંકટ જન્માષ્ટમીએ કુસ્થલી ગોમતીમાં ન્હાવા ગયો. ત્યારે ગીરનારમાં રહેતા નારાયણ નામે બ્રાહ્મણ અને તેની પત્ની પતિવ્રતા સ્વર્ણરેખા તેની પ્રાર્થનાથી વેંકટાચળ ગિરનારમાં જ રોકાઈ ગયો અને તે પતિવ્રતા સ્વર્ણરેખા તે નદીરૂપે થઈ. તેનો પતિ તે નારાયણ ધરો થયો. આ રીતે જુનાગઢના તિર્થો સર્વે અવતાર તથા અવતારી એવા પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના યોગથી તેમજ દેવો, ઋષિ-મુનિઓ, સતી, સાધ્વીઓ, પતિવ્રતાઓ, મહાવૈષ્ણવ, ભગવદ્ ભક્તોથી પવિત્ર થયેલા છે.

અધ્યાય - ૪૦૭

❖ ખ્યાતિદેવી અને જયંતિના પતિવ્રતા ધર્મનો પ્રભાવ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પતિવ્રતાનો પ્રભાવ કેટલો છે. તે તને કહું. દેવોને, દૈત્યોને વારંવાર યુદ્ધ થતું. તેમાં ક્યારેય દૈત્યોનું બળ વધી જાય ક્યારેક દેવોનું બળ વધી જાય. એકવાર દેવોનું બળ વધતાં દૈત્યો શુકાચાર્ય પાસે ગયા. શુક્રાચાર્ય કહે, તમે રસાતળમાં જાવ હું તપ કરવા જાઉં છું. એમ કહી શુક્રાચાર્ય હિમાલયમાં એક હજાર વર્ષ ઉંધે માથે તપ કર્યું. ત્યારે દૈત્યો પૃથ્વી પર ફરવા આવ્યા. ત્યાં દેવોએ માર્યા. તેથી દૈત્યો ભૃગુ ઋષિના પત્ની પતિવ્રતા ખ્યાતિદેવી પાસે આવી શરણ માગ્યું. ભૃગુ પત્ની ખ્યાતિદેવીએ દૈત્યોને પોતાના આશ્રમમાં વાસ આપ્યો ત્યારે વિષ્ણુ ઈન્દ્ર વગેરે દેવો ભૃગુ આશ્રમમાં દૈત્યોને મારવા આવ્યા. ત્યારે પતિવ્રતાના પ્રભાવથી ભૃગુ પત્ની ખ્યાતિએ ઈન્દ્રને જડ જેવો બનાવીને કહ્યું, કે વિષ્ણુ સહિત તને નાશ કરી નાખીશ. ત્યારે વિષ્ણુએ તરત સુદર્શનચક્રથી ખ્યાતિનું મસ્તક કાપી નાખ્યું. ત્યારે ભૃગુઋષિએ શાપ આપ્યો. સ્ત્રી અવધ્ય છે, આ ધર્મ તમે જાણવા છતા ભંગ કર્યો માટે તમારું પણ મસ્તક કપાસે. તેથી કૃષ્ણરૂપ ગણેશનું મસ્તક શિવના હાથે કપાયું.

પછી ભૃગુ ઋષિએ કહ્યું, જો મેં પત્નીવ્રતા ધર્મપાલન કર્યો હોય તો મારી પત્ની સજીવન થાય. તરત જ ખ્યાતિ જીવતા થયા. સર્વે આશ્ચર્ય પામ્યા. પણ ઈન્દ્રને શાંતિ ન થઈ તેથી પુત્રી જયંતિને કહ્યું, કે તું શુકાચાર્ય તપ કરે છે તેની પાસે જઈ તેનું તપ બંધ કર. જયંતિ શુકાચાર્ય પાસે આવી નમ્રભાવે સેવા કરી પત્ની થઈને રહી. હજાર વર્ષ તપ કરી શંકરને કહે તમે પ્રસન્ન કેમ થતા નથી. પતિવ્રતાના પ્રભાવથી તમને બાળી મુકીશ. તરત શિવ પ્રગટ થઈ કહે, તારા પતિ શુક્રાચાર્ય દેવોના નાશ માટે તપ કરે છે. જયંતિ કહે, બન્ને સારું થાય તેવું કરો. પછી શંકરે શુકાચાર્ય પર પ્રસન્ન થઈને સંજીવની વિદ્યા આપી. પછી

શુક્રાચાર્યને દેવયાની પુત્રી થઈ. દૈત્યો સર્વે શુક્રાચાર્ય તપમાં હોવાથી બૃહસ્પતિને ગુરુપદે માન્યા તેથી શુક્રાચાર્યે આવી દૈત્યોને શાપ આપ્યો કે, તમે દેવોથી વારંવાર પરાભવ પામશો.

અધ્યાય - ૪૦૮

❖ પતિવ્રતા માલાવતીએ પતિ ઉપબ્રર્હણને સજીવન કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે નારદપત્ની માલાવતીના પતિવ્રતાના પ્રભાવની કથા કહું છું. બ્રહ્માએ નારદને સૃષ્ટિમાં મદદ કરવા કહ્યું. નારદ કહે, મુક્તિ આપે અપાવે તેને પિતાતુલ્ય કહેવાય છે. માતા, ભાઈ, પત્ની, પતિ સર્વે જો ભક્તિ ન કરે ન કરવા દે તે માયાના બંધન કરનારા જાણવા. માટે તમે જ્ઞાની થઈ મને જગતમાં શું જોડો છો. ત્યારે બ્રહ્મા ક્રોધ પામી શાપ આપી કહે, તું મૃત્યુ પામી જન્મ ધારણ કરી પત્નીવાળો થઈ જ્ઞાનહિન થા. પછી દાસીપુત્ર થા. નારદે બ્રહ્માને કહ્યું, તમે ક્યાંય પૂજ્ય નહીં થાઓ. પછી નારદ વિશ્વાસુ ગંધર્વપુત્ર ઉપબ્રર્હણ થયા. મોટા થતા તપ કર્યું. ગાંધર્વ પચાસ કન્યાએ ઉપબ્રર્હણને જોઈ મોહ પામી. નેવરીએ તેની સાથે બે લાખ વર્ષ સંસાર ચલાવ્યો.

એકવાર બ્રહ્માની સભામાં નૃત્યમાં ગાવણામાં રંભાને જોઈ ઉપબ્રર્હણ ચંચળ થયા. તેથી સંગીતમાં ધ્યાન ન રહ્યું. દેવો મશ્કરી કરવા લાગ્યા. ત્યારે બ્રહ્માએ શાપ આપ્યો કે, શુદ્ર થા. નારદે તરત પોતાના યોગબળથી, શરીરથી આત્માને ખેંચી દેહ ત્યાગ કર્યો. તેની પચાસ પત્નીમાં માલાવતી પતિવ્રતા હતી. તે તરત પોતાના પતિવ્રતાના પ્રભાવથી કહે, હે પ્રભુ જો હું પતિવ્રતા હોવું તો મારો પતિ ઉપબ્રર્હણ સજીવન થાય. એમ કહી સર્વેદેવોને, કાળને, યમને શાપ આપવા જાય છે. ત્યાં વિષ્ણુ ભગવાન બ્રાહ્મણરૂપે આવી માલાવતીને કહે, દેવી કોઈને શાપ ન આપીશ. તારા જેવી સતીઓથી આ સ્વર્ગ, મૃત્યુ, પાતાલ, ત્રિલોકીની સ્થિતિ રહે છે. તારા જેવી સતીઓથી સર્વે દેવો પૂજ્યપણાને પામે છે. માટે તું પ્રભુની સ્તુતિ કર. માલાવતીએ અક્ષર બ્રહ્મધામનાપતિ પુરુષોત્તમનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ગદ્‌ગદ્‌ ભાવે સ્તુતિ કરી. પ્રભુ તરત પ્રગટ થઈ અને ઉપબ્રર્હણ ગંધર્વના સર્વે ઈન્દ્રિયો અંતઃકરણ દેવતાને જાગ્રત કર્યા. તરત ઉપબ્રર્હણ સુષુપ્તિમાં જાગે તેમ બેઠો થયો. માલાવતી વગેરે સર્વે પત્નીઓ હર્ષ પામી. પછી માલાવતીએ સાધુ, વિપ્રોને ભોજન કરાવી અનેક દાન આપ્યા. ઋષિ, મુનિઓએ આશિર્વાદ આપ્યા. નારદના ઉપબ્રર્હણ ગાંધર્વની કથા જે કહેશે અથવા સાંભળશે તે ભુક્તિ, મુક્તિ સર્વે પામશે. ત્યાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારે પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત કરી સૌભાગ્ય પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૪૦૯, ૪૧૦

❖ વીરા - પ્રભાવતી - અરૂધંતી અને અદ્રશંતિના પતિવ્રતાનો પ્રભાવ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અવિક્ષીત પત્ની વીરા તથા મરૂત પત્ની પતિવ્રતા પ્રભાવતીના પ્રભાવથી રાક્ષસોનો નાશ થયો.

બ્રહ્માના પુત્ર વશિષ્ઠ તેની પત્ની અરુંધતિને સો પુત્રો થયા. મોટો શક્તિ નામે હતો. તે એકવાર જંગલમાં લાકડાં લેવા ગયો. તેને રાક્ષસ પકડીને ખાઈ ગયો. તેને નવાણું ભાઈઓ શોધવા ગયા. તેને પણ રાક્ષસ ખાઈ ગયો. વસિષ્ઠ ઋષિ અતિ દુઃખી થયા. દુઃખના શોકથી મરવા તૈયાર થયા ત્યારે તેની પત્ની અરુંધતિ તથા પુત્રવધૂ અદ્રશંતીએ વશિષ્ઠ ઋષિને મરવા ન દીધા અને પોતાના પતિવ્રતાનો પ્રભાવ બતાવ્યો. અદ્રશંતીએ કહ્યું, જો હું પતિવ્રતા હોઉં તો કાળ રુદ્ર, યમ, વિશ્વામિત્ર અને રાક્ષસો પથ્થર થઈ જાવ. તે સમયે કાળ કાળા પથ્થરરૂપે થયો. રુદ્ર સમુદ્રમાં લોઢાની પુત્રીરૂપે થયા. તેની પાસે જાય તે ચોંટી જાય. વિશ્વામિત્ર મરુભૂમિમાં પથ્થર થયા. તેના પરસેવાથી વિશ્વામિત્રી નદી થઈ. રાક્ષસ તે સમુદ્રમાં પર્વત થયો. બ્રહ્માદિદેવોએ સતી, પતિવ્રતા અદ્રશંતીની પ્રાર્થના કરી કે, સર્વદેવોને સજીવન કરો. સતી કહે, મારા પતિને જીવતા કરો તો દેવો સજીવન થાય.

બ્રહ્મા કહે : તારા પતિનું શરીર, હાડકાં, ચામડી, ભસ્મ કાંઈ પણ રહ્યું નથી. તો હું કઈ રીતે જીવતા કરું. તો પણ સૂક્ષ્મરૂપે તેને જીવતા કરી આપું છું. અદ્રશંતિ કહે, હું પણ પતિવ્રતાના પ્રભાવે સર્વે દેવોને સૂક્ષ્મરૂપે સજીવન કરીશ. એમ કહીને સર્વેદેવોને અણુરૂપે ચૈતન્ય ભાવે વશિષ્ઠના સો પુત્રોને સજીવન કર્યાં. એ રીતે સતીથી સર્વે દેવો ભય પામે છે પછી બ્રહ્માએ શક્તિ વગેરે વશિષ્ઠના સો પુત્ર સજીવન કર્યા. તે શક્તિના પુત્ર પરાશર થયા તેના પુત્ર વેદવ્યાસ થયા તેના પુત્ર બ્રહ્મનિષ્ઠ શુકદેવ થયા.

અધ્યાય - ૪૧૧

❖ પતિવ્રતા પદ્માવતી અને લક્ષ્મીરૂપ શ્રીમતીની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હજારો સ્ત્રીઓમાં વૈષ્ણવી શ્રેષ્ઠ છે. હજારો વૈષ્ણવીઓમાં સ્વામીવ્રતવાળી પતિવ્રતા શ્રેષ્ઠ છે. ત્રિશંકુરાજની પત્ની પદ્માવતી પતિવ્રતા સાથે શ્રીકૃષ્ણનારાયણની પરમ ભક્તાણી હતી. તેણે દસ હજાર વર્ષ સુધી ભક્તિ કરી. ત્યારે નારાયણ એકવાર પ્રસન્ન થઈ બોલ્યા કલ્યાણી, તારી શું ઈચ્છા છે. પદ્માવતી કહે : પ્રભુ, મહાભાગવત ભક્ત એક પુત્ર આપો. પ્રભુ કહે, તથાસ્તુ. એમ કહી ફળ આપ્યું. રાણીએ તે વાત ત્રિશંકુ રાજાને કહીને ફળ ખાધું તેથી સર્વગુણે સંપન્ન મહાન ભક્ત અંબરીષ પુત્ર થયો. મોટા થતા તેના પિતા એ અંબરીષરાજાને રાજ્ય સોંપી તપ કરવા ગયા. અંબરીષ

રાધાલક્ષ્મી સહિત નારાયણ પુરુષોત્તમનું પૂજન કરવા લાગ્યો. શ્રીનારાયણ ઈન્દ્રનું રૂપ લઈ રાજાને કહે, માંગ શું જોઈએ ? અંબરીષ રાજા કહે, હું સ્વર્ગમાં ભોગ માટે કે આલોકની કોઈપણ ઈચ્છાથી તપ ભક્તિ નથી કરતો. હું તો પ્રભુ પ્રસન્ન કરવા ભક્તિ કરું છું. શ્રીનારાયણ ચતુર્ભુજ રૂપે દર્શન આપી કહ્યું, હું તારા પર પ્રસન્ન થયો છું. ભક્ત તારે શું ઈચ્છા છે.

અંબરીષરાજા કહે : પ્રભુ હું તમારી ભક્તિ કરી આખા જગતને વૈષ્ણવ ભક્ત બનાવું. યજ્ઞ હોમી દેવોને તૃપ્ત કરું. ભક્તિનું પાલન કરી ધામમાં મોકલું. એ વરદાન આપો. પ્રભુ કહે, તથાસ્તુ. એમ કહી સુદર્શનચક્ર આપ્યું. આ ચક્ર રોગ, દુઃખ, શોક, તપ, શાપ, સર્વેનો નાશ કરશે. અબરીષરાજાએ ચક્રને સિંહાસનમાં પધરાવી માતા પદ્માવતી સાથે તેનું પૂજન કરતો. એકવાર હિમાલયમાં બહું વૃષ્ટિ થઈ ત્યારે પદ્માવતીએ શ્રીહરિને કહ્યું, ભગવંત સાકેત નગરીનું રક્ષણ કરો. વૈષ્ણવ ભક્તનું રક્ષણ કરો. પતિવ્રતા પદ્માવતીની પ્રાર્થનાથી સુદર્શન ચક્રે આકાશમાં રહેલા મેઘના વાદળાનો નાશ કર્યો. એકવાર અંબરીષ રાજાને ત્યાં નારદ આવ્યા. અંબરીષ રાજાએ પુત્રી શ્રીમતીનું ભાગ્ય પૂછ્યું. ત્યાં નારદ હસ્તરેખા જોવા લાગ્યા. ત્યાં પર્વત ઋષિ આવ્યા ને બન્નેએ કન્યાની માંગણી કરી. અંબરીષ રાજા કહે, કાલે સ્વયંવરમાં આવજો. કન્યા ઈચ્છા પ્રમાણે વરશે. નારદને પર્વત વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન પાસે ગયા. પરસ્પર એકબીજાના રૂપ સારા માગ્યા અને બીજાનું રૂપ વાંદરા જેવું થાય. તેવું માંગ્યુ. ભગવાન કહે, તથાસ્તુ. બીજે દિવસે સ્વયંવરમાં ગયા આગળ બેઠા. કન્યા, શ્રીમતી બન્નેના વાંદરાના રૂપ જોઈ ભય પામી દૂર જતી રહી. ત્યાં નારાયણ આવ્યા. એટલે કન્યાએ વરમાળા પ્રભુને પહેરાવી. પ્રભુ શ્રીમતીને લઈને વૈકુંઠ જતા રહ્યા પછી નારદને પર્વતઋષિ વૈકુંઠમાં પ્રભુના દર્શને ગયા. ત્યાં શ્રીમતી કન્યાને પ્રભુની પાસે સિંહાસનમાં બેઠેલી જોઈ.

નારદે અને પર્વતે પ્રભુને શાપ આપ્યો કે, અમારા રૂપ વાંદરાના બનાવી તમે કન્યા લઈ ગયા પણ તમે વાંદરાની સહાયથી સ્ત્રીને ફરી પામશો. પ્રભુએ બન્નેનો શાપ ગ્રહણ કરી કહ્યું કે, આ શ્રીમતી પૂર્વે માંર્કંડેય ઋષિની માનસ પુત્રી હતી. તે કંભરાલક્ષ્મી સાથે તપ કરતી હતી. તે મને પતિભાવે ઈચ્છતી હતી. તેથી હે નારદ-પર્વત તેનો સંકલ્પ પૂરો કરવા મેં સ્વયંવરમાં તેની વરમાળા ગ્રહણ કરી. ત્યાં તો અંબરીષ રાજા પાસે રહેલું સુદર્શનચક્ર નારદ અને પર્વતની પાછળ થયું. બન્ને મુનિઓ ત્રીલોકીમાં ફર્યાં. કોઈએ રક્ષણ ન કર્યું. વૈકુંઠમાં પ્રભુ પાસે આવી કહ્યું, હે ભગવાન કન્યાને તમે લઈ ગયા અને સુદર્શન અમારી પાછળ પડ્યું છે. માટે અમારું રક્ષણ કરો. દયાળુ પ્રભુએ ચક્રને પાછુ વાળ્યું. પછી બંને મુનિઓએ નિશ્ચય કર્યો. આજથી આ શરીર રહે ત્યાં સુધી કોઈ દિવસ લગ્ન કરવાનો

સંકલ્પ ન કરવો. પછી અંબરીષ રાજા શ્રીહરિની ભક્તિ કરી ધામમાં સેવામાં રહ્યા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ પતિવ્રતા પદ્માવતી તથા લક્ષ્મીરૂપ શ્રીમતીની કથા કોઈ કહેશે, વાંચશે સાંભળશે તે ભુક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૪૧૨

❖ અધર્મના નિવાસસ્થાનો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માની પીઠમાંથી અધર્મનો જન્મ થયો. તેનો માનસપુત્ર દુઃસહ. તેની પત્ની ચાર. દરિદ્રતા, ભુખ, કલહ, મલીનતા. જે સ્નાન, દાન, જપ, હોમ, ધ્યાન, પૂજાથી રહિત હોય તેના ઘરમાં અધર્મનો નિવાસ થાય છે. જે બીજાની ઉન્નતી ભાગ્ય ને ઈર્ષાથી નથી જોઈ શકતો. તેના ઘરમાં દરિદ્રતા વગેરે ચાર પત્નીનો વાસ થાય છે. પછી તે અધર્મ સર્ગનો વંશ બ્રહ્માને, વિષ્ણુને, ઈન્દ્રને, યમરાજને કહે, અમારે ક્યાં વાસ કરવો ? સર્વે દેવો કહે, જ્યાં માતા-પિતા, ગુરુ, બ્રાહ્મણ, અતિથિ દેવ વગેરેની સેવા ન થતી હોય ત્યાં તારે કુટુંબ સહિત વાસ કરવો. જ્યાં સ્ત્રીઓની નિંદા, વૃદ્ધોનું અપમાન થતું હોય. ત્યાં તારે વાસ કરવો.

જ્યાં પરોપકાર ન હોય. કથા શ્રવણ ન હોય. ત્યાં તારે વાસ કરવો. જ્યાં લસણ ડુંગળી વગેરે દુર્ગંધવાળા ભોજન થતાં હોય, જ્યાં મૈથુન પછી સ્નાન શુદ્ધિ ન થતી હોય ત્યાં તારે વાસ કરવો. જ્યાં મધ, માંસ ભોજન થતા હોય જ્યાં નાટક, ભાંડ, ભવાઈ, વેશ્યામાં પ્રીતિવાળા મનુષ્યો હોય ત્યાં અધર્મ તારે કુટુંબ સહિત વાસ કરવો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે અધર્મસર્ગ ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી અને પડવાને દિવસે ફરવા નીકળે છે. જ્યાં ડેલીએ, દરવાજે, ચોકમાં દીવો ન હોય, રંગોળી સ્વસ્તિક પુર્યા ન હોય, સ્વચ્છતા ન હોય ત્યાં વાસ કરે છે. જ્યાં પતિવ્રતા નારી હોય પત્નીવ્રત નર હોય વૈષ્ણવ ભક્તો હોય જ્યાં લક્ષ્મી પૂજન, ગણેશ પૂજન થતું હોય ત્યાં ક્યારેય પણ અધર્મ વાસ કરતો નથી.

અધ્યાય - ૪૧૩

❖ અપ્સરા - દાસી અને ગણિકાઓ માટે કલ્યાણમાર્ગ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર બ્રહ્માની સભામાં સર્વેદેવો ઋષિ-મુનિઓ ગાંધર્વો વિદ્યાધરો બેઠા હતા. ત્યારે અપ્સરાઓએ બ્રહ્માને પૂછ્યું, અમે પતિરહિત પરપુરુષ દેવને સેવનારી દાસી, ગણિકા વગેરેનું કલ્યાણ થાય તે માર્ગ બતાવો. બ્રહ્મા કહે, તમારા દાસીવર્ગને, ગણિકાવર્ગને, પરપુરુષને નારાયણ ભાવથી સેવવો તથા યથાશક્તિ દાન, પુણ્ય, વ્રત, નિયમ, ભક્તિ સેવા કરવાથી તમારો ઉદ્ધાર થશે.

અધ્યાય - ૪૧૪

❖ પરમાત્મા વિશે પતિવ્રતાની ભક્તિનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પરમાત્માને વિશે જે પતિવ્રતાની ભક્તિ કરવી તે શ્રીકૃષ્ણે શંકરને કહી, શંકરે નારદને કહી, તે ભક્તિ હું કહું છું. જે સ્ત્રી શ્રીહરિને પતિભાવે ભજે છે તે પોતાની એકવીસ પેઢીને તારે છે. જે સ્ત્રી શ્રીહરિને ભજે છે તેના માતા-પિતા, ભાઈ, પતિ, કુટુંબ સર્વે ધન્યવાદને પાત્ર છે. અનેક જન્મમાં કરેલા પાપો પતિવ્રતાના પ્રભાવથી નષ્ટ થાય છે. શંકર કહે, પાર્વતી તને જેવો મારામાં સ્નેહ છે તેવો જ મને શ્રીકૃષ્ણમાં સ્નેહ છે. સર્વે દેહધારીઓનો રક્ષક, પોષક, પાલન, એક પતિ પરમેશ્વર જ છે. તરસ્યા જેમ એક પાણીને સંભાળે ઠંડીથી ધ્રુજતા એક અગ્નિને સંભાળે દૂર રહેલો જેમ એક ઘર સંભાળે. ચાતક જેમ મેઘને ઈચ્છે. ઋષિઓ જેમ મનમાં શ્રીહરિને સંભાળે. હંસ જેમ માન સરોવરમાં જાય. બ્રહ્મને જાણનારા બ્રહ્મવિદ્યાની ઈચ્છા રાખે. તેમ હું પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને સંભારું છું. ભક્તિની ઈચ્છા એક ભક્ત રાખે. વ્યસની વ્યસનમાં ચોંટે, અજ્ઞાની શરીરમાં આસક્ત રહે. ભમરા જેમ પુષ્પને ઈચ્છે, પક્ષી જેમ સૂર્યને સંભારે, તેમ હું શ્રીહરિને સંભારું છું.

હે સતી, શ્રીહરિની ભક્તિ વિના સર્વ નાશવંત છે. ઈન્દ્રાદી દેવો સ્વર્ગમાં અમૃત પીવા છતાં ભક્તિ વિના દુઃખી છે. માટે સર્વેના પતિ એવા ભગવાનને પ્રાપ્ત કરીને જરાય દુઃખ નથી રહેતું તેથી સતી, સાધ્વી, પતિવ્રતા કૃષ્ણપતિને પામે છે. જેમ માયારૂપી વસ્ત્રની પોટલીમાં પાણી રહેતું નથી તેમ ભક્તિ વિનાના મનુષ્યોને ઉપદેશ પણ ઝેર જેવો લાગે છે. સર્પને પાયેલું દૂધ જેમ ઝેર બને છે. જગત આખું કર્મથી બંધાયેલું છે તે કર્મ જો ભગવાન લેખે કરવા માંડે તો ભવપારના બંધનથી છુટી જાય છે જેથી માયામય એવા કર્મો બંધન નથી કરતા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરે પાર્વતી ને કહ્યું - હે સતી, નરનારી જે આ રીતે નવધા ભક્તિથી શ્રીહરિમાં સ્નેહ કરે છે. તેવા ભક્તોને જગતના કોઈપણ પદાર્થ, સંપત્તિ, વસ્તુ, દેહ, કુટુંબ, સંસારમાં પ્રીતિ થતી જ નથી. એવા ભક્તો દેહ મુકી પરમધામમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના શાશ્વત સુખને ભોગવે છે.

અધ્યાય - ૪૧૫

❖ પતિની સેવા પ્રભુની સેવા માનીને કરે તે સ્ત્રી રાધા-લક્ષ્મી સમાન છે ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્મપતિ, મુક્તપતિ, સર્વપતિ, આત્મપતિ એવા અંતર્યામી અનાદિશ્રીકૃષ્ણનારાયણને જ્યાં સુધી જીવાત્મા પતિરૂપે જાણતો નથી ત્યાં સુધી સુખશાંતિ અને અલૌકિક આનંદને પ્રાપ્ત કરતો નથી. સ્વર્ગ મૃત્યુ પાતાલ વગેરે ચૌદલોકના

સુખ તથા ઇન્દ્ર, બ્રહ્મા, વૈરાટના સર્વે સુખો અનિત્ય અને નાશવંત છે. શાશ્વતસુખ કૃષ્ણપતિ વિના મળતું નથી. દૂધ પાયેલ લીંબડો જેમ કડવાસ નથી તજતો તે રીતે માયા સ્વભાવરૂપી પતિ સંસાર જન્માવે છે. અગ્નિ જેમ સુવર્ણ વગેર ધાતુને શુદ્ધ કરે છે. તેમ અગ્નિ જેવા કૃષ્ણપતિથી આત્મા શુદ્ધ થાય છે.

બ્રહ્માદિ દેવોને સ્વપ્નમાં દુર્લભ જે કૃષ્ણ તે કૃષ્ણ ગોપગોપીઓને સુલભ થયા. હે પ્રભુ બીજાએ મુક્તિ ન મેળવી. તે કુબજાએ મેળવી તેવી પ્રસન્નતા અમારી ઉપર કરી અમને ઉગારજો. ગોપને વશ રહેલી ગોપીઓ કૃષ્ણની ભક્તિથી તરી ગઈ. પુત્રમાં વંશ છે. બીજમાં વૃક્ષ રહેલું છે. શરીરમાં કામ રહેલો છે. તેમ પતિ-પત્નીમાં આનંદ આપનારા શ્રીહરિ રહ્યા છે. તેને જાણવાથી સંસારમાં નિર્લેપ રહેવાય છે. જેમ લાકડામાંથી બનાવેલું વહાણ તરે છે. તેમ સતી સ્ત્રી કૃષ્ણભક્તિથી પતિને તારે છે. પતિવ્રતા પતિની સર્વ ક્રિયા પ્રભુની સેવા છે. એમ માની સેવા કરે છે તે રાધાલક્ષ્મી સમાન છે.

અધ્યાય - ૪૧૬

❖ રૈવત રાજાની પુત્રી રેવતીના બળદેવ સાથે વિવાહ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, અનંત જન્મના પુન્ય ભેગા થાય ત્યારે પ્રભુ જેવો પતિ મળે છે. કશ્યપના પુત્ર અનંત નામે શેષનારાયણને તેની પત્ની પતિવ્રતા નાગલક્ષ્મી તેણે પતિને કહ્યું, તમારે વિષ્ણુ ભગવાન સાથે પૃથ્વી ઉપર જવાનું થાય ત્યારે મારે સાથે આવવું છે. તે શેષનારાયણ જ્યારે બળદેવ થયા ત્યારે તેની પત્નીએ ચાક્ષુસ રાજાને ત્યાં યજ્ઞકુંડમાં પ્રગટ થયા. યુવાન થતા રાજાએ ઇન્દ્રને પૂછ્યું, આ કન્યા કોને આપુ ? ઇન્દ્ર કહે, બળવાળા વાયુને આપ. રાજાએ વાયુને બોલાવ્યો. પવનદેવ કહે, મારાથી બળવાન પર્વતો છે. રાજાએ પર્વતોને બોલાવ્યા. પર્વતો કહે, અમારાથી પૃથ્વી બળવાન છે. રાજાએ પૃથ્વીને કહ્યું કન્યા કેને આપું. પૃથ્વી કહે, વિષ્ણુના અંશ સંકષર્ણ છે. શેષ નારાયણ છે તે સર્વથી બળવાન છે. જેના મસ્તક પર આ ચૌદલોકનું બ્રહ્માંડ રહેલું છે.

રાજાએ પુત્રીને કહ્યું, બેટા એવો પતિ જોઈતો હોય તો તપ કરવું પડે. સાક્ષુસ રાજાની કન્યા જ્યોતિષ્મનીએ વિંધ્યાચળમાં લાખ વર્ષ તપ કર્યું. ઉનાળામાં પંચાગ્નિ તાપે, ચોમાસામાં વર્ષાધારે, શિયાળામાં કંઠ સુધી પાણીમાં બેસે એવું તપ કર્યું. ત્યાં સર્વે દેવો આવ્યા. પરીક્ષા કરી. સૂર્ય કહે, મારી પત્ની થા. બ્રહ્માંડમાં પ્રકાશ કર. યમ કહે, મારી પત્ની થા. કાળદંડ આપું. કુબેર કહે, મારી પત્ની થા ધનભંડાર આપું. ચંદ્ર કહે, મારી પત્ની થા નક્ષત્રોની ગણનાપાત્ર થા. એવી રીતે સર્વેદેવોએ પ્રલોભના આપ્યા. કન્યા કહે, હું અનંત શેષનારાયણની પત્ની છું. તે પૃથ્વી ઉપર પ્રગટ થવાના છે. તેની પત્ની થઈશ. હે દેવો તમે સર્વે મારે પૂજ્ય છો. આવી અયોગ્ય કેમ માંગણી કરો છો. પછી દેવો સર્વે ગયા.

કન્યા રામકૃષ્ણ જપ કરતી તપમાં બેસી ગઈ. બ્રહ્મા હંસ પર બેસી આવ્યા અને કહે, બેટા શું ઇચ્છે છે. કન્યા કહે, શેષનારાયણ મારા પતિ થાય. બ્રહ્મા કહે, સતાવીસના દ્વાપરને અંતે કૃષ્ણ પ્રભુ પ્રગટ થશે. સાથે શેષનારાયણ બળદેવ નામથી થશે ત્યારે તને પ્રાપ્ત થશે. તેથી તું રૈવતરાજાને ત્યાં જન્મ ધારણ કરી રેવતી નામે થા. નાગલક્ષ્મી રેવતી થયા. તેને બળદેવ પરણ્યા.

અધ્યાય - ૪૧૭, ૪૧૮

❖ શ્રીકૃષ્ણનારાયણની મુખ્ય પાંચ પતિવ્રતા પત્નીઓનો બ્રહ્માંડોમાં વાસ ❖

❖ અનંત પતિવ્રતા લક્ષ્મી, સતી, સાધ્વીઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પતિભાવે પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગોલોક ધામમાં મારી પતિવ્રતા પત્નીઓ પુત્રી સાથે રહે છે. તેમાં પાંચ મુખ્ય છે. લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, પાર્વતી, રાધીકા સર્વે યશમંગલ ધર્મ, સત્ય, પુણ્ય મોક્ષ આપનારી, તથા શોકદુઃખ નાશ કરનારી. શરણે આવેલાનું રક્ષણ કરનારી, સિદ્ધી-બુદ્ધિ, નિંદ્રા, ભુખ, તરસ, દયા, સ્મૃતિ, શાંતિ, ક્ષાંતિ, ક્રાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ આ સર્વે લક્ષ્મીના સ્વરૂપો છે. મહાલક્ષ્મી વૈકુંઠમાં રહ્યા. સ્વર્ગલક્ષ્મી સ્વર્ગમાં, રાજ્યલક્ષ્મી રાજાઓમાં, ગૃહલક્ષ્મી ઘરમાં, શોભાલક્ષ્મી શરીરમાં, પ્રિતીલક્ષ્મી પુણ્યશાળીમાં, દયાલક્ષ્મી ભક્તોમાં, કજીયાલક્ષ્મી પાપીઓમાં એ રીતે સર્વે ઠેકાણે લક્ષ્મી રહેલી છે. તે ન હોય તો જગત સુનું લાગે, તે જ રીતે સરસ્વતિ, વાણી, બુદ્ધિ, વિદ્યાજ્ઞાન, કવિતા, કલખ્નામાં, વકતૃત્વ, સંગીત, સર્વે કળારૂપે રહેલી છે. તે ન હોય તો જગત સર્વે મુંગુ થઈ જાય, તે જ રીતે સાવિત્રી મંત્ર, તંત્ર, જપ, તપ, તીર્થરૂપે, બ્રહ્મતેજ રૂપે, રહેલી છે. તે ન હોય તો જગત સર્વે મુઢ જેવું લાગે, એ જ રીતે પાર્વતી સર્વશક્તિરૂપે, અસુરોને નાશ કરવા રૂપે, બ્રહ્મચારીણીરૂપે રહેલી છે. તેના વિના જગત અસકત મરેલા સમાન લાગે.

તે સતી વિજય અપાવનારી અને દૈત્યોનો સંહાર કરનારી પ્રલ્યરૂપે રહેલી છે, એવી જ રીતે મહામાયા ભાગવતી, સતી, રાધા, પ્રેમરૂપા, સૌભાગ્ય આપનારી સર્વની માતા કૃષ્ણ સમાન પૂજ્યા રાસમંડળની અધિષ્ઠાત્રી ભગવાનમાં દાસભક્તિ કરાવનારી છે. જેના ચરણથી આ પૃથ્વી પવિત્ર થયેલી છે. કૃષ્ણના હૃદયમાં જેનું સ્થાન છે. રસિકભક્તોને આનંદ અપાવનારી, પૂર્વે બ્રહ્માએ સાંઠ હજાર વર્ષ તપ કર્યું તો પણ સ્વપ્નમાં દર્શન ન થયા તો પ્રત્યક્ષ દર્શન ક્યાંથી થાય. એવી રીતે પાંચ પ્રકૃતિ મારી સર્વે બ્રહ્માંડોમાં રહેલી છે. તેના અંશ, કલા, સ્વરૂપો સર્વે સ્ત્રીઓરૂપે રહેલી છે તે કહું છું.

પ્રભુના ચરણમાં થયેલી તે ગંગારૂપે થઈ. જેના દર્શન, સ્પર્શ, સ્નાન, પાપ કરવાથી મોક્ષ થાય છે. બીજી તુલસીરૂપે રહેલી લક્ષ્મી તે પણ મોક્ષ આપનારી છે. કલ્પવૃક્ષસમાન તુલસી વિના સર્વે સત્ક્રિયા નિષ્ફળ થાય છે. ત્રીજી લક્ષ્મી, આસ્તિક નાગમાતા જરતકાર્વી

ત્રણ લાખ વર્ષ તપ કરી ભગવત ભક્ત જરતકીર મુનિને પતિતભાવે પામી. ચોથી લક્ષ્મી સાષ્ઠીદેવી જે બાળકોનું રક્ષણ કરે છે. પાંચમી લક્ષ્મી મંગલ, ચંડ્રીકા પ્રકૃતિના મુખમાંથી થયેલી પ્રલયમાં ક્રોધરૂપે થનારી એવી અનેક અવતારોની, અનેક ઈશ્વરોની, અનેક લક્ષ્મીઓ છે. પતિવ્રતા, સતી, સાધ્વી, તપ કરીને પ્રસન્ન કરે છે. ત્યાં અહલ્યા, અરુંધતિ, કંભરાલક્ષ્મી, સત્રૂપા, રુચિ, દેવહુંતિ, લોપામુંદ્રા, કુંતિ, દ્રૌપદી, યશોદા, દેવકી, ગાંધારી, કલાવતી, માણિકી, પાર્વતી, લક્ષ્મી, પ્રભા, જયા, લલિતા, મંદોદરી, કૌશલ્યા, સુભદ્રા, સત્યભામા, કાંલીન્દી, લક્ષ્મણા, મિત્ર, વિંદા, રુક્ષ્મણિ, સીતા, રમા, પદ્મા, પદ્માવતી વગેરે અને પતિવ્રતા સતી, સાધ્વીઓએ પૂર્વે તપ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણને પતિ ભાવે પામી અને અવતારીણી લક્ષ્મીરૂપે ગણના પાત્ર થઈ. જેના દર્શનથી, સ્પર્શથી, સેવાથી, વંદનથી, પૂજનથી અનેક આત્માનો ઉદ્ધાર થાય છે. માટે હે લક્ષ્મી, કૃષ્ણનારાયણ હું છું. લક્ષ્મીનારાયણ હું છું. શ્રીમન્નારાયણ, નરનારાયણ પણ હું છું. સીતા-રામ બ્રહ્માનારાયણ પણ હું છું. મુક્તનારાયણ, સાક્ષીનારાયણ પણ હું છું. જે આ બ્રહ્મકુળને સંભારશે તે સર્વે ભુક્તિને-મુક્તિને પામશે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી તારાથી છાની વાત કાંઈ નથી રાખતો તેથી કહું છું કે, મારા અવતારો અનેક થયા છે. તેમાં મારા યોગને પામેલી અબજો, કરોડો મારી પત્નીઓ તે રાધાલક્ષ્મી સમાન પતિવ્રતા છે. અક્ષરબ્રહ્મ ધામમાં રહેલી અસંખ્ય મારી પ્રિયાઓ છે. પરમધામમાં બાર હજાર પત્નીઓ રહેલી છે. કેટલીક ગોલોકમાં, કેટલીક દ્વારપાલીકા, પાર્ષદાણીઓ, વૃંદાવનમાં રહેનારી, કેટલીક ગોવર્ધન પર્વત પર રહેનારી, કુંજ ગલીમાં રહેનારી, કરોડો અબજો પત્નીઓ છે. કેટલીક ગંગા-યમુના, મધુ, માધ્વી, સર્યુ, વિરજા, લલિતા સાથે રહેનારી છે. વાણી સર્વે શ્રુતિએ તેણે પૂર્વે દિવ્ય દર્શન માંગ્યા, મેં તેને ધામમાં દર્શન કરાવી, મારા દિવ્યદર્શન આપી. બ્રહ્મની પત્નીભાવથી ગ્રહણ કરી. અને તેને વૃંદાવનના રાસમાં પોતાનો યોગ ગોપીઓને આપ્યો તે જ રીતે પૂર્વે મેં રામા અવતારમાં મારામાં મોહ પામેલી કરોડો કામિનીઓને અંતર્યામીપણે કહ્યું, હું જ્યારે દ્વાપરને અંતે કૃષ્ણ અવતાર ધારણ કરીશ ત્યારે તમે વ્રજમાં ગોપીઓ થશો ત્યારે મારો યોગ તમને થશે. ત્યાં રામચંદ્રજી વનમાં ફર્યા ત્યાં પણ મોહ પામેલી સ્ત્રીઓને કૃષ્ણ અવતારમાં યોગ આપ્યો. ત્યાં શ્રી રામચંદ્રજી દર વર્ષે સુવર્ણની સીતાની પ્રતીમાં બનાવીને યજ્ઞમાં બેસતા પણ કૃષ્ણ અવતારમાં યોગ આપ્યો. રામચંદ્રજીએ કહ્યું આ અવતારમાં મેં એક પત્નીવ્રત રાખ્યું છે તેથી કૃષ્ણ અવતારમાં સર્વેને યોગ આપ્યો. લક્ષ્મી પુરુષોત્તમનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો એવો મહિમાં જાણી અતિ આશ્ચર્ય પામ્યા. આ કથાનો જે પાઠ કરશે, વાંચશે, સાંભળશે તેને પુરુષોત્તમ નારાયણમાં દાસ્યભક્તિ થશે.

અધ્યાય - ૪૧૯

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણને વરદાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સૃષ્ટિમાં આદીમાં અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપીમાં ગોપાલકૃષ્ણ વનમાં તપ કરવા જતા હતા. ત્યારે તેના પત્ની પતિવ્રતા કંભરાલક્ષ્મી પણ તૈયાર થયા. ગોપાલકૃષ્ણ કહે, વનમાં હિંસક પશુનો ભય લાગે, દુઃખ ઘણું પડે, કંભરાલક્ષ્મી કહે, કુટુંબમાં સૌ સૌનું ભાગ્ય લઈને આવે છે ને ખાય છે. તે પત્નીના ભાગ્ય એક પતિ જ છે. તેથી જ્યાં કાયા તથા છાંયા તેમ પતિ વિના સતી રહી શકતી નથી. એમ કહી વનમાં તપ કરવા સાથે ગયા. એક હજાર વર્ષ તપ કર્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણે સ્વયં ધર્મ ભક્તિ સાથે જયા, લલીતા, લક્ષ્મી સાથે આવી દિવ્ય અલૌકિક દર્શન આપી કહ્યું. વરદાન માંગો. કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ કહે : હે પ્રભુ, જો તમે પ્રસન્ન થયા હો તો આવા દિવ્ય સ્વરૂપે અમારે ઘેર વાસ કરો અને યુગધર્મના અનુસારે ધર્મનું રક્ષણ કરો. પુરુષોત્તમ નારાયણ કહે : જ્યારે જ્યારે યુગ પરિવર્તન થાય ત્યારે હું યુગધર્મ પ્રવર્તાવવા વારંવાર પ્રગટ થાઉં છું. એ જ પ્રમાણે અત્યારે ધર્મ પ્રર્વતાવવા તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટ થઈશ ને દિવ્યપણે તમારે ત્યાં વાસ કરીશ. એમ કહીને અનાદિશ્રીકૃષ્ણનારાયણ અદૃશ્ય થયા હતા.

અધ્યાય - ૪૨૦

❖ ચાર યુગનાં ધર્મો - લક્ષ્મીનારાયણ સંહિતાના ધર્મોથી મોક્ષ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સત્યુગ, ત્રેતા, દ્વાપર અને કળીયુગના ધર્મો જુદા જુદા રહેલા છે. સત્યુગમાં સર્વેના સંકલ્પ પ્રમાણે કાર્યને પુણ્ય થતા. માતા-પિતા, ગુરુદેવ, બ્રાહ્મણ, સતી, સાધ્વી, પતિવ્રતા, અતિથિ વગેરેનો સત્કારને સેવા થતી. ત્રેતાયુગમાં પા ભાગનો હ્રાસ થાય. દ્વાપર યુગમાં સર્વે સેવા, સત્કાર, ભક્તિ અડધા રહે. કળીયુગમાં ચોથા ભાગમાં ધર્મોનો ભાગ રહે. સત્યુગમાં સાત્વિક મનુષ્યો હોય. ત્રેતામાં રાજસી મનુષ્યો હોય. દ્વાપરમાં રજોગુણ, તમોગુણ હોય અને કળીયુગમાં મનુષ્યો તમોગુણી પ્રધાનપણે હશે.

કળીયુગના ચાર હજાર વર્ષ થશે ત્યારે કંભરા ગોપાલપુત્ર આચાર્ય સ્વયં ભગવાન શ્રીકૃષ્ણનારાયણ પૃથ્વી પર સત્યુગના ધર્મ સ્થાપન કરશે. વળી પાછો જ્યારે ધર્મનો લય થશે ત્યારે તિર્થો, વેદો, દેવપુજન, સત્કર્મ વગેરે નષ્ટ થશે. ત્યારે સઠ, ક્રુર, ચોર, દંભીક વૃત, જપ, તપ, યજ્ઞ, દાન, પૂન્ય રહિત પ્રજા થશે. ત્યારે હજાર વર્ષ કળીના જશે ત્યારે હે લક્ષ્મી હું ચમત્કારપુરમાં મહાયોગી બૃહધ્વૃત નામે પ્રગટ થઈને શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના ધર્મો પ્રવર્તાવીસ ત્યારે મારા ઉપદેશ વચનોથી નરનારીઓ સાત્વીક થશે અને મોક્ષમાં જશે. ત્યારપછી સત્યુગના ધર્મ સ્થાપન કરીને હું અંતર્ધાન થઈશ.

અધ્યાય - ૪૨૧

❖ પતિવ્રતા ત્રિવેણીએ ભરતરાજાનો અદ્‌ભુત સત્કાર કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તીર્થરાજ પ્રયાગમાં, ગંગા, યમુના, સરસ્વતી, ત્રિવેણી સંગમને કાંઠે, ભરદ્વાજ ઋષિએ લાખ વર્ષ તપ કર્યું ત્યારે એકવાર બ્રહ્મા કુંભસ્નાન કરવા આવ્યા. ત્યાં તેજસ્વી ભરદ્વાજ ઋષિને પોતાની માનસી કન્યા ત્રિવેણી અર્પણ કરી. ઋષિ પણ તેની સેવાથી પ્રસન્ન થયા. ત્રિવેણી પતિની સેવાથી પ્રસન્ન રહેતી. એકવાર અયોધ્યાના ભરત પ્રયાગમાં ત્રિવેણીમાં સ્નાન તીર્થ કરવા ત્યાં આવ્યા. ભરદ્વાજ ઋષિએ રાજાનો આદર સત્કાર કરી પૂછ્યું. એકલા કેમ આવ્યા. ભરત કહે, હાથી, ઘોડા, ઊંટ અધિકારી સર્વે છે પણ ગુરુને આશ્રમમાં આ સર્વે શાંતિનો ભંગ કરશે. તે પશુઆશ્રમને નુકશાન કરે તેથી દૂર રાખીને તમારા દર્શને આવ્યો છું.

ભરદ્વાજ ઋષિએ આજ્ઞા કરી કે, તારા સર્વે અધિકારીઓને તથા હાથી, ઘોડા તે અહીં આશ્રમમાં લાવ. મારે સર્વેનો સત્કાર કરવો છે. એમ કહી પોતાની પતિવ્રતા પત્નીને આજ્ઞા કરી. તારા પ્રભાવે અહીં સર્વે રહેવાનું, ખાવાનું, પીવાની સુવિધા કરી આપ. ત્યારે ત્રિવેણીએ પતિવ્રતાના પ્રભાવથી વિશ્વકર્મા પાસે પાંચ યોજનમાં મંડપ બનાવ્યો. તેમાં ભક્ષ્ય ભોજન, લેહ્ય, શાકાદી, ઘુતાદી વગેરે જમવાના તથા સ્વર્ગથી ગાંધર્વો, અપ્સરાઓ વગેરે બોલાવી નૃત્ય, ગીત, વાજીંત્ર થવા લાગ્યા. ભરતરાજા સર્વે સત્કાર પામી આશ્ચર્ય પામ્યા અને ઋષિને પૂછ્યું, આ સર્વે સમૃદ્ધિ તમારે ત્યાં કયાંથી ? ઋષિ કહે, એક મારા તપનાં પ્રભાવે. બીજું કારણ બ્રહ્મપુત્રી મારી પત્ની પતિવ્રતા ત્રિવેણીના પ્રતાપે છે. આ લોકમાં સતી, સાધ્વી, પતિવ્રતા ધારે તો સ્વર્ગને પણ પૃથ્વી પર લાવે અને અનેક જન્મોને પોતાના પ્રતાપથી સુખીયા કરે છે.

અધ્યાય - ૪૨૨

❖ શ્રીરામની કૃપાથી પંપાસરોવર અને શબરી તીર્થરૂપ થયા ❖

શ્રીનારાયણ કહે : એકવાર ગોલોકમાં રાધીકાએ ક્રોધ કરી ગંગા અને સરસ્વતીને શાપ આપ્યો કે, તમે પૃથ્વી પર જાવ. ત્યારે કૃષ્ણપત્ની શબરીને પંપા કહે, માતા તમે ક્રોધ ન કરો. રાધીકાજી કહે, મારા વિના કોઈ સખી કૃષ્ણ સાથે ફરશે તેને પૃથ્વી પર જાવું પડશે. એમ કહીને શબરીને પંપાને પણ શાપ આપ્યા કે, તમે પણ પૃથ્વી પર જન્મ પામો. રામચંદ્રજી અવતાર ધારણ કરી વનમાં જશે. ત્યારે તમારો ઉદ્ધાર કરશે. તે કૃષ્ણપત્ની શબરી દક્ષિણમાં ઋષ્ટામુક પર્વતના જંગલમાં તપ કરતી હતી અને પંપા તે સરોવરરૂપે રહીને તપ કરતી હતી. જ્યારે શ્રીરામ પ્રગટ થઈને વનમાં ગયા ત્યારે સીતાને રાવણ હરી

જવાથી રામલક્ષ્મણ સીતાને શોધતા પંપા સરોવર કાંઠે તપ કરી. મતંગ શીષ્યા શબરીને પંપા બન્નેએ રામ પ્રભુની પૂજા કરી. વન ફળો જમાડીને સ્તુતિ પ્રાર્થના કરી કે, હે પ્રભુ આજ તમારા દર્શનથી અમોને અતીતૃપ્તિ થાય છે. આ જ અમારા જન્મનું તપનું ફળ અમને મળ્યું છે. એમ કહીને પ્રભુને પાણી પાયું. ફળો જમાડ્યા પછી રામ પ્રભુ ટુંક સમય રહી કિષ્કિંધા ગયા પછી શબરી અને પંપાએ દેહ ત્યાગ કરી. પ્રભુની પાસે ગોલોક ધામમાં ગયા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મારા અવતાર અવતારીણી એવી લક્ષ્મીના અનંત અવતારો જનોના કલ્યાણ માટે થાય છે. તે જયા જયા જન્મ ધારણ કરે છે. ત્યાં સર્વે તીર્થરૂપ થાય છે. એ જ રીતે પંપા સરોવર અને શબરી તીર્થરૂપ થયેલા છે.

અધ્યાય - ૪૨૩

❖ સતી ચિત્રલેખા અનેક જન્મે પણ ફરી નારાયણને પતિભાવે પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે મારા અંશરૂપ ઋષભદેવ પૃથ્વી પર આવી ભરતને રાજ્ય સોંપી વનમાં ગયા. ત્યાં તપ કરી પરમહંસના ધર્મસ્થાપન કરી વૈકુંઠ ગયા. ભરતનો પુત્ર શતશૃંગ તેનો પુત્ર ઇન્દ્રદ્વીપ વગેરે આઠ તથા એક પુત્રી ચિત્રલેખા તે ગોલોકથી રાધાજીના શાપથી પૃથ્વી પર આવીને પ્રભુની નવધા ભક્તિ કરતી. પ્રભુનું પૂજન કરી નૈવેદ્ય ધરી ભોજન કરી. આત્મનિવેદી ભક્તા બની. અને કૃષ્ણનારાયણના સાક્ષાત દર્શન પામી અને પ્રભુએ આપેલો પ્રસાદ જમતી. તે ચિત્રલેખા રાધાજી સાથે વઢવડે થતા શાપ આપ્યો. તું જા બકરીના મુખવાળી થા. તેને આકાશ માર્ગે આવતા જોઈ સમુદ્ર મોહ પામ્યો. તેની પાછળ ગયો. તે કન્યા બકરીનું રૂપ લઈ જંગલમાં જઈ મહી નદી કાંઠે જ્યાં કુદીને પાણીમાં પડવા ગઈ ત્યાં વૃક્ષમાં માથું ભરાઈ ગયું. શરીર પડી ગયું.

તે બીજે જન્મે સિંહલદ્વિપમાં શતશૃંગ રાજાની પુત્રી ચિત્રલેખા થઈ. પણ મુખ બકરીનું પ્રજા સર્વે જોઈ આશ્ચર્ય પામીને અજામુખી માયા જાણીને તેને પુજવા લાગ્યા. મોટી થતા માતાપિતાને પૂર્વે વૃતાંત કહ્યું. માતા પિતાએ સેવકો આપીને સ્તંભ તીર્થ મહી નદી કાંઠે મોકલી ત્યાં તપ કરી પ્રભુ પ્રસન્ન કર્યા. પ્રભુએ કહ્યું, જ્યારે હું વૃંદાવનમાં પ્રગટ થઈ. ત્યારે મારો પુત્ર અનિરુદ્ધ એની ઉષા સખી તું ચિત્રલેખા થઈશ. ત્યારે મારો યોગ થશે. ત્યારપછી ફરીથી પાંચ હજાર વર્ષ જશે ત્યારે કૃષ્ણનારાયણ થશે ત્યારે તું મંજુલા નામે શ્રીહરિની પત્ની થઈને ગોલોકને પામીશ. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે શ્રીહરિમાં પ્રીતિવાળી પતિવ્રતા, સતી, સાધ્વી અનેક જન્મે પણ ફરી શ્રીહરિને જ પતિભાવથી ભજે છે ગ્રહણ કરે છે.

અધ્યાય - ૪૨૪

❖ વિપ્રપત્ની કલહા બીજે જન્મે રાક્ષસી થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે કરવીરપુરમાં ધર્મદત્ત વિપ્ર ધર્મકર્મવાળો મહાન ભાગવત ભકત હતો. વ્રતને દિવસે આખો દિવસ ભજન કરતો. એકવાર વહેલી સવારે પ્રભુનો જપ કરતા મંદિરે પૂજન કરવા જતો હતો. ત્યાં રસ્તામાં એક નગ્ન રાક્ષસી મળી અને ખાઉં ખાઉં કરતી વિપ્ર સામે આવી. ધર્મદત્ત પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો. હે રાધાપતિ રમાપતિ, જયાપતિ, લલિતાપતિ, પ્રભાપતિ, પાર્વતીપતિ, દયાપતિ, મંજુલાપતિ, ચંપાપતિ, શાંતાપતિ, હંસાપતિ, માણિકીપતિ, મુક્તાપતિ રક્ષણ કરો. એમ પ્રાર્થના કરી રાક્ષસીને કહે જો મને અડીશ તો રામના, કૃષ્ણના, દુર્ગાના, કાળના સમ છે. ત્યાં તો ભગવદ્ ભક્તના દર્શનથી અને પ્રભુ નામ સાંભળવાથી તે રાક્ષસીની બુદ્ધિ સાત્વિક થઈ અને પૂર્વ જન્મની સ્મૃતિ થઈ. પૂર્વે હું વિપ્ર પત્ની કલહા હતી. પતિની સેવા ન કરવાને બદલે પતિ પાસે સેવા કરાવતી. અનેકવાર દુઃખ આપતી. એકવાર ક્રોધથી વિપ્રે મને માર્યું પાડોશી આવ્યા અને કહ્યું આને કાઢી મેલ્ય. બીજા લગ્ન કર. વિપ્રે બીજા લગ્ન કર્યાં. મેં ઝેર પીધું મરીને યમપુરીમાં ગઈ.

ત્યાં યમદૂતોએ ખૂબ મારી મારીને અધમૂઈ કરી. પછી વળવાંગળીનો જન્મ પામી પછી ગધેડી, બિલાડી, ભુંડણીના જન્મને પામી. અત્યારે પ્રેત રાક્ષસી થઈ ને ભટકું છું. માટે હે દેવ, હે વિપ્ર, હે ભક્તરાજ મારો ઉદ્ધાર કરો. મેં પતિની સેવા કરી નથી. તેથી આવા દુઃખોને કારણે જન્મો લેવા પડ્યા છે. તેથી મારો ઉદ્ધાર કરો. ધર્મદત્તે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ" એ મંત્ર આપી તુલસીજળ તેની પર છાંટ્યું. ત્યાં તો પ્રેતના દેહથી રહિત થઈ. દિવ્ય કન્યાનું રૂપ ધારણ કર્યું અને વિમાન લઈને આવેલા બે પાર્ષદો સાથે આકાશ માર્ગે ગઈ. ધર્મદત્તે બન્ને કૃષ્ણ પાર્ષદોને નમસ્કાર કર્યાં. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સંતપુરુષોની કૃપાથી સર્વે પાપ નષ્ટ થાય છે. સંતની કૃપા તે ધન છે સુખ છે સ્વર્ગ છે પુણ્ય છે અને મોક્ષ છે. જે સ્ત્રી પતિની સેવા નથી કરતી, જે જનોને સંતની સેવા નથી મળતી તેનું સર્વે નષ્ટ થયેલું છે.

અધ્યાય - ૪૨૫

❖ વિષ્ણુદત્ત બ્રાહ્મણને ભગવાન વિષ્ણુ વૈકુંઠ લઈ ગયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, યજ્ઞથી, દાનથી ધ્યાન શ્રેષ્ઠ છે. ધ્યાનથી ભાવના શ્રેષ્ઠ છે. ભાવનાથી નિષ્કામ સ્નેહ ઉત્તમ છે. પૂર્વે કાંચીપુરમાં ચૌલરાજા યજ્ઞ દાન પુણ્ય કરી ધર્મથી પ્રજાનું પાલન કરતો. પુણ્યથી વિમાનમાં ફરતો. એકવાર ક્ષીર સમુદ્રમાં ગયો.

શેષનારાયણની મણિરત્નોથી પૂજા કરી. ત્યાં તે રાજયના વિષ્ણુદત્ત બ્રાહ્મણે આવી તુલસી પુષ્પથી પૂજા કરી. રાજા કહે, તેં મારી પૂજાના મણિ કાઢી લીધા. વિષ્ણુદત્ત બ્રાહ્મણ કહે, પ્રભુ પાસે મણિ, રત્નોની કિંમત નથી. પ્રભુ તો સ્નેહના ભુખ્યા છે. રાજા કહે, હું યજ્ઞ કરીને દાન કરીને પ્રભુને બોલાવું છું. તું પૂજા કરી બોલાવી દે. વિષ્ણુદત્ત બ્રાહ્મણ કહે, પ્રભુ રાગદ્વેષ, ઈર્ષ્યા અભિમાનથી નથી આવતા પણ પ્રેમ ભક્તિથી આવે છે. રાજા કહે, યજ્ઞદાનથી ઈશ્વરો પ્રસન્ન થાય છે. એમ કહી રાજયમાં આવી અભિમાનથી યજ્ઞનો આરંભ કર્યો. ઈર્ષાથી વિપ્રોને ભોજન કરાવી દાન આપ્યા. દેવો સર્વે હવિષ્યાન્ન અગ્નિમાં હોમેલું ગ્રહણ કરતા. પેલો વિષ્ણુદત્ત બ્રાહ્મણ રોજ પ્રભુને સ્નાન કરાવી તુલસી પુષ્પોથી પૂજા કરતો. બપોરે થાળ અદશ્ય થયો. બ્રાહ્મણ જમ્યો નહીં. બીજે દિવસે પણ તેમ જ થયું. એમ સાત દિવસ સુધી થાળ અદશ્ય થયો. સાત દિવસ સુધી બ્રાહ્મણ ભુખ્યો રહ્યો. સાતમે દિવસે વિષ્ણુદત્ત બ્રાહ્મણે મંદિરને ખુણે ઊભા રહી જોયું. ત્યાં એક દરિદ્ર ભીક્ષુક થાળી લઈ ભાગવા ગયો. બ્રાહ્મણને દયા આવી કહે શુષ્ક ભોજન ન કર. લે તને ઘી આપું. પેલો ભીક્ષુક ભયથી ભાગવા ગયો. ત્યાં પડી ગયો. વિષ્ણુદત્ત બ્રાહ્મણ લુગડા ખંખેરી પવન નાખીને હાથ જાલીને ઉભો કર્યો. પવન નાખ્યો ત્યાં તો સાક્ષાત વિષ્ણુએ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધા. બ્રાહ્મણ ગદ્‌ગદીત થઈ સ્તુતિ કરવા પણ સમર્થ ન થયો.

ચૌલરાજાને ત્યાં યજ્ઞમાં રહેલા દેવો સર્વે વૃતાંત જાણીને શ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા ગયા. વિષ્ણુદત્ત બ્રાહ્મણને ત્યાં આવ્યા. રાજા કહે, સર્વે ત્યાં કેમ જાવ છો. દેવો કહે, સાક્ષાત પ્રભુ વિષ્ણુદત્ત બ્રાહ્મણને ત્યાં પધાર્યા છે. સર્વે દેવો સ્તુતિ કરવા લાગ્યા. ગાંધર્વો ગાવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ચૌલરાજાનું અભિમાન, રાગ, દ્વેષ, ઈર્ષા સર્વે ચાલ્યા ગયા. રાજા ભાણેજને રાજય સોંપીને અગ્નિકુંડ પાસે ઉભા ત્યાં વિષ્ણુ ભગવાનનું વિમાન વિષ્ણુદત્ત બ્રાહ્મણને લઈ જતા જોયું. રાજા કહે, હે ભગવાન તમે યજ્ઞથી, પુણ્યથી, પ્રસન્ન થતા નથી પરંતુ ભાવના અને પ્રેમભક્તિથી પ્રસન્ન થાવ છો. એમ કહીને ચૌલરાજા અગ્નિકુંડમાં પડ્યો. ત્યાં કૃષ્ણનારાયણ પ્રભુ ચતુર્ભુજરૂપે રાજાને દર્શન આપીને વિમાનમાં બેસાડી વૈકુંઠ ધામમાં લઈ ગયા.

અધ્યાય - ૪૨૬

❖ શ્રીકૃષ્ણે ગોપીઓને પત્નીભાવે ગ્રહણ કરી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગોકુલ વૃંદાવનમાં રહેલી કન્યાઓએ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રસન્ન કરવા વ્રત કરવા ઈચ્છા કરી ત્યાં સ્વપ્નમાં શ્રીકૃષ્ણે દર્શન આપી કહ્યું. માગસર માસમાં મને પ્રસન્ન કરવા વ્રત કરી મારું પૂજન કરજો. તમારા સર્વે મનોરથ હું પૂર્ણ કરીશ. હે લક્ષ્મી પૃથ્વી પર રહેલા ભગવાનના મુક્તો પુરુષો હોય કે સ્ત્રીરૂપે હોય તે સર્વે પ્રભુના

યોગે દિવ્ય છે. તે સર્વે ગોપકન્યાઓ ગોપીઓ બ્રહ્મમૂહુર્તમાં કૃષ્ણના કિર્તન કરતી. ધ્યાન કરતી, યમુનામાં સ્નાન કરીને પત્રપુષ્પ, ફળ, જળ, અન્ન ભોજન દાન આપતી હતી. તથા એકસો આઠ ઉપચાર અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, ચંદન વગેરેથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, શ્રી પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિના સર્વે અંગનું ધ્યાન કરતી. અમારા શરીર ઇન્દ્રિયો અંતઃકરણમાં સર્વેમાં ભગવાન આવો એવી રીતે સર્વે ગોપીઓએ જયાં શ્રીકૃષ્ણનું આહવાન કર્યું. ત્યાં શ્રીકૃષ્ણ પ્રગટ થઇ અલૌકિક દિવ્ય દર્શન આપ્યા. તે સર્વે ગોપીઓને પત્નીભાવે ગ્રહણ કરી તેના મનોરથ પૂર્ણ કર્યા. પછી પ્રભુના દિવ્ય દર્શનથી શરીર અને સંસારનું ભાન ભુલેલી ગોપીઓને સર્વે કાર્યમાં શ્રીકૃષ્ણના જ દર્શન થતા અને સર્વે કામમાં મારું જ સ્મરણ કરતી.

એકવાર તે ગોપીઓ અને ગોપ કન્યાઓ સાથે મેં કુમારી કન્યાનું રૂપ ધારણ કરી યમુનામાં સ્નાન કરી બાહર કન્યા અને અંદર પુરુષ એ રીતે સર્વેના સંકલ્પ પૂર્ણ કર્યા અને બીજે સ્વરૂપે આવી સર્વેના વસ્ત્ર હરણ કર્યા. વસ્ત્ર વિના સ્નાન કરવાથી વરૂણ, સૂર્ય, ચંદ્ર વગેરે દેવોનું અપમાન થાય છે. એમ ઉપદેશ આપીને દર્શન આપીને પાછાં વસ્ત્રો આપી દીધા.

અધ્યાય - ૪૨૭

❖ બ્રહ્મા અને શ્રીકૃષ્ણે ગોપીઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણના પ્રાગટ્યની વાત કહી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકા વસ્યા ત્યારે અતિ શોકથી વિયોગથી ગોપીઓએ અન્નજળનો ત્યાગ કર્યો. ત્યારે પ્રભુએ તેની પાસે જઇ દર્શન આપી વિયોગ શાંત કર્યો. એકવાર સર્વે ગોપીઓ દર્શનાતુર થઇ ત્યાં સર્વેના બે સ્વરૂપ થયા. એક સ્વરૂપ ગોકુલમાં, બીજા સ્વરૂપે દિવ્યરૂપે આકાશ માર્ગે દ્વારકા આવી પ્રભુના દર્શન કર્યા. હજારો ગોપીઓને કૃષ્ણ પત્નીઓએ ભોજન કરાવ્યું. એકવાર શ્રીકૃષ્ણ રૈવતાચળ રમવા ગયા. ત્યાં ગોપીઓએ આવી દર્શન કર્યાં. ત્યાં રહેલી વનદેવીઓએ સર્વેને સુવર્ણ ચાંદીના પાત્રોમાં ભોજન કરાવ્યા. ભગવાન શ્રીહરિ તે ગોપીઓ સાથે સ્વર્ણ રેખા નદી અને નારાયણધરામાં સ્નાન કરી દર્શન સુખ આપી અતિતૃપ્ત કર્યા. પછી તે વનદેવીઓ અને ગોકુલ કન્યાઓ, ગોપીઓ કાર્તિક માસમાં મને અન્નકોટ ભોજન કરાવવાની ઇચ્છાથી સર્વે સામગ્રી નારાયણધરે લાવી. તે અન્નકોટ હું જમ્યો.

તેમાં કેશરીયા દૂધ, દૂધપાક, પુરી, રોટલી, શીખંડ, માખણ, સાકર, મગજ, મોતિયા, મોતીચૂર, મોહનથાળ, મેસુબ, સાટા, જલેબી, બુંદી, પેંડા, બરફી, જાંબુ, માલપુડા, પૂરણ પોળી, રોટલા ઘીથી ભરેલા, દહીંવડા, ભજીયા, ફૂલવડી, ગાંઠિયા, સુતરફેણી, ઘારી, અડદીયા, અમૃતપાક, જાદરીયું, સુખડી, શીરો, માનભોગ, દાળભાત, અથાણા, પાપડ, ચટણી, શાક કઠોળ વગેરે એકસો બાર વસ્તુ ભગવાનને પ્રેમથી પીરસી ભોજન કરાવી તૃપ્ત કર્યા. પછી સર્વેને પ્રસાદી આપી સુખી કર્યા. ઋષિઓને પ્રસાદ આપ્યો.

નારાયણધરામાં દેવો, માછલાઓ પ્રસાદ જમ્યા. પછી સર્વે ગોપીઓએ પ્રાર્થના કરી કે, હે પ્રભુ અહીં રૈવતાચળમાં તમારી પાસે સદાવાસ આપો. ત્યાં બ્રહ્માએ આવીને ગોપીઓને કહ્યું, કળીયુગના ધર્મ દેવો મનુષ્યોને સુખશાંતિ નહીં થવા દે. તેથી ધર્મનું રક્ષણ કરવા સૌરાષ્ટ્ર અશ્વપટ સરોવર કાંઠે અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામે પ્રગટ થઈ સર્વે વિદ્યા ધર્મના અધીષ્ઠાતા થશે. તેમના ઉપદેશમંત્રથી ધર્મભક્તિ પુષ્ટિ પામશે. લોકો સુખી થશે. મત્સ્ય, ધ્વજ, ધનુષ, ત્રીશૂલ, સ્વસ્તિક, વ્રજ વગેરે ચિહ્નોને જોઈ ભગવાન જાણી જનો તેમનો આશરો કરશે અને મોક્ષ પામશે. એ પ્રમાણે બ્રહ્માએ સ્તુતિ કરી પછી શ્રીકૃષ્ણ ભગવાન સર્વે ગોપીઓને કહ્યું. કળીયુગનો પરાભવ કરવા હું ફરીથી સૌરાષ્ટ્રમાં પ્રગટ થઈશ ત્યારે તમને મારો યોગ થશે. ત્યાં સુધી તમે આ ગીરનારમાં તપ કરો.

ગોપીઓ કહે, પ્રભુ તમારા વિયોગમાં પાંચ હજાર વર્ષ અમે કેમ કરી રહી શકશું. ત્યારે ભગવાને કહ્યું અત્યારે તમે બ્રહ્માની સાથે સત્યલોકમાં જાવ ત્યાં તમને એક ક્ષણની જેમ સમય ચાલ્યો જશે. પછી હું જ્યારે પ્રગટ થાઉં ત્યારે તમને મારો યોગ થશે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે મારામાં અતિપ્રીતિવાળી, ભક્તિવાળી પતિવ્રતા સતી સાધ્વીઓ માટે ધામની દાસીઓ, હરિપ્રિયાઓ, ગોપીઓ, મુક્તાનીઓ, ભક્તો માટે હું વારંવાર પ્રગટ થાઉં છું. આચાર્ય એવો હું સાધુરૂપે વિચરું છું. જે જનો મને ઓળખે છે, ભજે છે, તે કરોડો નરનારીઓ સુખી થશે. અને ધામમાં જશે. "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પતયે નમઃ" આ નામનો જપ કથા-કિર્તન શ્રવણ કરીને મારા ધામમાં જશે. મારા દર્શન સ્પર્શના યોગને પામેલી પતિવ્રતા, સતી, સાધ્વીના કોઈ દર્શન કરશે તે પણ મોક્ષમાં જશે. હે લક્ષ્મી, આ જો તને મારું રહસ્ય કહ્યું.

અધ્યાય - ૪૨૮

❖ પતિવ્રતા કાંતિમતિ દ્વારા વિપ્ર વિરબાહું રાજાનો ઉદ્ધાર ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાંપીલ્યનગરીનો બ્રાહ્મણ રાજાની રાણી કાંતિમતિ તેની કથા કહું સાંભળ. મહાભાગવત ભક્ત વિરબાહું પત્નિવ્રતા હતો. તેને ત્યાં ભારદ્વાજમુનિ આવ્યા. રાજા રાણીએ મુનિની પૂજા કરી. ભોજન કરાવ્યું. રાજા કહે, આજ મારો જન્મ સફળ થયો. તમે મારું રાજ્ય પવિત્ર કર્યુ. શ્રીહરિ પ્રસન્ન થાય તેને ઘરે સંતની પધરામણિ થાય છે. વૈષ્ણવભક્તોને આપેલું મેરુતુલ્ય થાય છે. જે ઘરમાં ભગવાનનો સંત ભક્તનો વાસ નથી. તે ઘર સ્મશાનતૂલ્ય થાય છે. ભારદ્વાજ મુનિ કહે રાજા સંપત્તિ સુલભ છે. પણ હૃદયમાં ભક્તિભાવ દુર્લભ છે. તને રાજયસુખ મળ્યું. તે તારી પત્ની પતિવ્રતા હતી. તેના પુણ્યથી પૂર્વ જન્મે તું હિંસાચારી વ્યભિચારી હતો, નાસ્તિક હતો પણ તારી પત્નિ પતિવ્રતા હતી. તેથી દેવશર્મા નામે મુનિની ખાવા, પીવા, સેવા કરવાથી, પ્રસન્ન થયેલા.

મુનિએ કહ્યું, તું પૂર્વે બ્રાહ્મણ હતો. તારી આજ્ઞાથી એકાદશીએ તારી પત્નીએ અન્ન રાંધ્યું અને અતિથિ બ્રાહ્મણને જમાડી દીધું તેથી પાપ અને પુણ્ય બેય થયું. માટે આ જન્મ તમારો શુદ્રમાં થયો. મારી સેવાથી તમારા સર્વે પાપ નષ્ટ થયા અને આ તારી પતિવ્રતા પત્નીના પ્રભાવે આવતો જન્મે તું મહા ભાગવત ભક્ત બ્રાહ્મણ રાજા થઈને ભગવાનની ભક્તિ કરીને પ્રભુના ધામમાં જઈશ. એ રીતે ભારદ્વાજ મુનિએ રાજા રાણીને તેનાં ત્રણ જન્મની કથા કહી તેનો મોક્ષ કર્યો અને આશિર્વાદ આપી ચાલ્યા ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એ રીતે પતિવ્રતા પત્નીથી પતિનો ઉદ્ધાર થાય છે.

અધ્યાય - ૪૨૯

❖ શ્રીકૃષ્ણે રાધાજી અને ગોપીઓનો મહિમા કહ્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગોલોકમાં રાધાજી સખીઓ સાથે સરોવરમાં સ્નાન કરવા ગયા. ત્યાં કાંઠે પગ લપસ્યો ને પડી ગયા. યમુના હસવા લાગી. રાધા કહે, મારી મશ્કરી કરે છે. જા પૃથ્વી પર નદીરૂપે થા. યમુના કહે, વગર વાંકે શાપ આપો છો તો તમે પણ પૃથ્વી પર જન્મ લ્યો. ત્યાં કૃષ્ણ ભગવાન આવી કહે, તમારા વિના હું ગોલોકમાં રહી શકીશ નહીં. માટે મારે પણ પૃથ્વી પર અવતાર ધારણ કરવો પડશે. હે યમુના, તું કલીંદ રાજાની કન્યા થઈ મને વરીશ. આ રાધા પણ ત્યાં આવશે. રાધા તે હું છું હું છું તે રાધા છે. મન, વચન, કર્મથી, આત્માથી, જે પતિવ્રતાની ભક્તિ મારે વિષે કરે છે તે પણ રાધા સમાન થઈ શકતી નથી. એ રીતે શ્રીકૃષ્ણ ભગવાને રાધાજીનો તથા ગોપીઓનો મહિમા કહ્યો.

અધ્યાય - ૪૩૦

❖ પાંચાલ દેશના રાજા દાદક અને તેની બહેનો જીવંતી અને લાવણવંતીની કથા ❖

❖ ઉન્મત્તગંગા કાંઠે દુર્ગપુરમાં દાદક રાજા દ્વારા ગોપીકૃષ્ણના મંદિરનું નિર્માણ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સ્વયં હું વક્તા ને શ્રોતા તુ તુલસી છે. એવી આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા જે બે માસ સાંભળે છે. તે મોક્ષને પામે છે. શ્રીકૃષ્ણના મુખથી રાધાજીએ સર્વે પતિવ્રતાના ધર્મો સાંભળ્યા તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ કાશીમાં કુંકુમવાપીમાં, બદ્રીમાં ત્યાં સર્વે ધામોમાં તથા સર્વે સૃષ્ટિમાં આ પતિવ્રતાની ભક્તિનું પાલન કરાવીને નરનારીઓને સુખી કર્યા. પાંચાલ દેશમાં નિર્ભય વર્મા, રાજા તપસ્વી વૈષ્ણવ ધર્મીષ્ઠ હતા. તેને દાનક નામે પુત્ર ભક્તિવાળો, ગોપીનાથ પારાયણ રહેતો. જ્યાં ઉનમંત ગંગા વહેતી ત્યાં બે પુત્રીઓ રાધા લક્ષ્મી સમાન જીવંતી ને લાવણવંતી તે પ્રત્યક્ષ હરિકૃષ્ણની ભક્તિ પારાયણ હોવાથી હાથોહાથ પ્રભુ તેની સેવા અંગીકાર કરતા. બન્ને બહેનો બ્રહ્મચર્યનું પાલન કરી શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરતી.

એકવાર દાનક રાજા ગીરના વનમાં તુલશીશ્યામ યાત્રા તીર્થમાં ગયા. ત્યાં વનમાં રાજાએ સો જેટલા સિંહો અને વાઘ જોયા. ભયથી વૃક્ષ પર ચડી ગયા. સિંહો વૃક્ષ પાસે આવ્યા. પછી રાજાએ બાણથી એક સિંહને વીંધીને મારી નાખ્યો. ત્યાં બીજા સર્વે સિંહો તપસ્વી મનુષ્યરૂપે થયા અને રાજાને કહ્યું, અમે રૈવતાચળમાં તપસ્વી ઋષિ છીએ. હે રાજા, તું અમને મારીશ નહીં. રાજા સાંભળીને ઘણો શોકવાળો થયો. અરે મેં ઋષિની હત્યા કરી. તીર્થમાં આ પાપનું પ્રાયશ્ચિત શું કરવું ? એમ કહીને ઋષિઓના પગમાં પડ્યો. ઋષિ કહે, રાજા તું ધર્મીષ્ઠ ભક્તિવાળો છે, તેથી તને ક્ષમાં આપી છે. અમે સર્વે સમર્થ છીએ. એમ કહી તીર્થનું ગરમ પાણી લાવીને છાંટ્યું. તરત જ ઋષિ જીવતા થયા. રાજાએ સર્વેની પૂજા કરી ઋષિ ગયા પણ રાજાને મનમાં ડંસ રહ્યો. ત્રિવેણીમાં સ્નાન કરી સોમનાથ દર્શન કરી પ્રાચી પીપળે આવ્યો. ત્યાં શ્રીપ્રીત મુનિના આશ્રમમાં સેવા કરી. સાધુ સેવાથી પાપ નષ્ટ થાય છે. દર્શનથી પુણ્ય થાય છે. ચરણ સેવાથી લક્ષ્મી મળે છે. રાજીપાથી મોક્ષ મળે છે. સંતચરણ ધોઈને પાણી પીવાથી બ્રહ્મહત્યાદિ નાશ પામે છે. તેવી રીતે દાનક રાજાના પાપ નાશ પામ્યા તો પણ યમદૂતો આવ્યા. દાનકે તરત જ શ્રીકૃષ્ણનારાયણને સંભાળ્યા.

હરિકૃષ્ણ ભગવાને પોતાના પાર્ષદોને કહ્યું, દાનકની રક્ષા કરો. પ્રભુના પાર્ષદોએ વનમાં દાનક રાજાની યમદૂતોથી રક્ષા કરી, પછી પ્રભુ પ્રગટ થઈ પ્રસન્ન થઈને કહે માગ શું જોઈએ ? રાજા કહે, તમારી ભક્તિ અને સેવા. પ્રભુ કહે હું તારે ત્યાં સદાવાસ કરી નારાયણસ્વામી નામે પ્રસિદ્ધ થઈશ. એકાંતિક ધર્મને ભક્તિનું સ્થાપન કરીશ. તારી બન્ને બહેનો છે, તે મારી રાધા-લક્ષ્મીનો અવતાર થશે અને તું મહા ભાગવતભક્ત થઈશ અને સાધુનો સેવક થઈશ. એ પ્રમાણે કૃપા આશિર્વાદ આપીને અદેશ્ય થયા. રાજા પોતાના રાજ્યમાં આવી કૃષ્ણનારાયણની ભક્તિ પરાયણ થઈને સાધુની સેવા કરતો પછી પોતાની સર્વે સંપત્તિ, રાજય, દરબાર દાનમાં આપી. ગોલોક સમાન મંદિર બનાવીને તેમાં ગોપીકૃષ્ણ પધરાવ્યા. જે રાજાના દરબારમાં પ્રભુ નારાયણસ્વામી સદાવાસ કરીને રહ્યા તથા તે રાજાની બન્ને બહેનો જીવંતી-લાવણ્યવતીએ પતિવ્રતા ભક્તિથી શ્રીહરિની સેવા કરી અલૌક્કિ સુખ પ્રાપ્ત કરતા હતા. તે ભાઈ-બહેન ત્રણેય ભગવાન શ્રીહરિના સર્વે કામકાજ કરતા હતા. ઉત્સવોમાં સાથે જ રહેતા હતા. સર્વેને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" આ મંત્રનો જપ કરાવી વૈષ્ણવ બનાવીને વૈકુંઠ ગોલોકને અક્ષરધામમાં મોકલતા હતા.

નારદજીએ એક વખત સર્વે વૈષ્ણવોને ધામમાં જતા જોઈને પુજયા. એકવાર યમપુરીમાં જઈ દાનકે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર, જપ, ભજન કરાવી, યમપુરી ખાલી કરી. તેથી નારદે પૂછ્યું ત્યારે સર્વે જીવોએ કહ્યું દાન કે મંત્ર, જપ, કરાવી યમપુરી ખાલી કરી. તેથી નારદને યમ શ્રીહરિ પાસે આવ્યા અને કહ્યું, ભગવાન પાપી માટે તો યમપુરી

છે. આ તમારો ભક્ત યમપુરી ખાલી કરે છે. શ્રીહરિ કહે, યમરાજ નારદ સાંભળો. જેના મુખમાંથી શ્રીહરિકૃષ્ણનારાયણ એવા નામનો ઉચ્ચાર થાય તેને જમપુરી ભોગવવી પડતી નથી. આવા કૃપાળુ શ્રીહરિ દુર્ગક્ષેત્રમાં વાસ કરી ઉન્મત ગંગામાં સ્નાન કરી વાસ કરી, દર્શન ઉપદેશ આપી, અનેકનો ઉદ્ધાર કરી પરમધામમાં વાસ આપે છે. આ કથા કોઈ વાંચશે, સાંભળશે તે પણ પરમપદને પામશે.

અધ્યાય - ૪૩૧

❖ દુર્વાષા ઋષિ, શિષ્ય સત્યવ્રત લક્ષ્મીનારાયણ સંહિતાની કથાથી સંતુષ્ટ થયા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં સર્વે ભાવે ભક્તિ કરવી. તેને પતિવ્રતાની ભક્તિ કહેલી છે. પુત્રની પ્રશંસા સાંભળીને માતા-પિતાને આનંદ થાય છે. પત્નીની પ્રશંસા સાંભળીને પતિને આનંદ થાય છે. શિષ્યોના વખાણ સાંભળીને ગુરુને અને ગુરુના વખાણ સાંભળીને શિષ્યોને આનંદ થાય છે. જેના પ્રત્યે સ્નેહભાવના હોય તેની પ્રશંસા સારી લાગે છે. તેમ ભક્તને સર્વે ક્રિયા ભગવાનમય કરવી. મારી સેવા, વ્રતપૂજન, મારી કથા, જપ, પૂજા, સ્મૃતિ, ઇચ્છા, જ્ઞાન વિજ્ઞાન, ધ્યાન, મારામાં સ્નેહ, કામ, રતિ, પ્રીતિ સર્વે મારામય કરનારને કથા વાંચવી. શાસ્ત્રજ્ઞાન આપનારા, મારો મહિમાં કહેનારા મારી ભક્તિની પુષ્ટિ કરનારા વક્તા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. તેને શ્રીહરિમાં પતિવ્રતાની ભક્તિવાળા કહેલા છે. પિતાથી માતા દશગણા મહાન છે. માતા-પિતાથી જ્ઞાન આપી મોક્ષ આપનારા ગુરુ મહાન છે. પૃથ્વી દાન, જીવિકાદાન, જીવનદાન કરતા પણ મોક્ષદાન મહાન છે. જ્યાં કથા વંચાતી હોય ત્યાં સર્વે તિર્થો, દેવો, ભક્તો, દેવીઓ, ઋષિઓ, મુનિઓ, ધર્મભક્તિ વગેરે સર્વે આવી વક્તા વ્યાસને નમસ્કાર કરે છે. ગોદાવરી તટે લક્ષ્મીનારાયણ સંહિતા કથા વંચાતી હતી. દુર્વાસાનો શિષ્ય સત્યવ્રત કથા વાંચતો હતો. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરી ભક્તિ કરતો, કરાવતો.

એકવાર કથા વાંચવા આવતા રસ્તામાં રાજાનું સૈન્ય ઊભું હતું. તેથી આવતા વાર લાગી તે સમયે સત્યવ્રતનું રૂપ ધારણ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણ કથા વાંચવા ગયા. કથા દિવ્ય સાંભળી સર્વે આશ્ચર્ય પામ્યા. ત્યાં સત્યવ્રત આવ્યા. કથામાં ભિન્નતા દેખાણી, ત્યાં દુર્વાસાનો બીજો શિષ્ય તપોવ્રત આવ્યો. તે કથાના વક્તાની નિંદા કરતો તે મરીને પિશાચ થયો. વનમાં રખડતો, દુઃખી થતો હતો. તે વક્તા સત્યવ્રતને પગે લાગીને કહે મારો ઉદ્ધાર કરો. સત્યવ્રતે તેને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" એ મંત્ર આપી માથે પાણી છાંટી એક દિવસની કથાનું ફળ આપ્યું. તરત પિશાચ દેહ ત્યાગ કરી દિવ્યદેહ ધારણ કરી શ્રીહરિનું સ્મરણ કર્યું. ત્યાં રાધાલક્ષ્મીપતિ, પ્રભા પાર્વતીપતિ, પદ્મા રમાપતિ, જયા લલિતાપતિ પ્રભુ વિમાન લઈને આવ્યા. તપોવ્રતને ધામમાં લઈ ગયા. ત્યાં ગુરુ દુર્વાસાઋષિ

આવ્યા કહેવા લાગ્યા. અહો મારા એક શિષ્યે પિશાચનો, શ્રોતાનો, જગતનો અને મારો પણ ઉદ્ધાર કર્યો. મારે દશ હજાર શિષ્ય હોવા છતાં આ એક સત્યવ્રત પાત્ર શિષ્યથી અને લક્ષ્મીનારાયણ સંહિતાની કથાથી હું સંતુષ્ટ થયો છું.

અધ્યાય - ૪૩૨

❖ યાજક ઋષિ દ્વારા હેમંત રાજાને ઉપદેશ - મોક્ષગતિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સૌરાષ્ટ્રમાં પાંચાલમાં હેમંત રાજા ધર્મથી રાજ્ય કરતો હતો. અતિ પુણ્યની ઇચ્છાથી સોનું, હીરા, રત્નોનું જ દાન કરતો. પણ અન્નજળનું દાન કરતો નહીં. તેથી અતિથિ નિરાશ થઈને જતા. તે પાપથી ગાયો, ભેંસો, હાથી, ઘોડા વગેરે પશુધણનો નાશ થયો. અને પોતે રોગીષ્ઠ થયો. દેશમાં દુકાળ પડ્યો, ખજાનો ખાલી થયો. બીજા રાજાએ આવી યુદ્ધથી પાંચાલ દેશ જીત્યો. હેમંત રાજા પત્ની સાથે રૈવતાચલ વનમાં આવી કંદ, ફૂલ-ફળનો આહાર કરી વિચારવા લાગ્યો કે, મેં દાન બહું કર્યા. માતા-પિતા, દેવ, પિતૃ, ગુરુ, વિપ્રનું પૂજન કર્યું તો પણ આવું દારિદ્રય કેમ આવ્યું ? મેં ચોરી, હિંસા વ્યાભિચાર કર્યા નથી છતાં દુઃખ કેમ આવ્યું ? ત્યાં વનમાં રહેતા યાજક ઋષિ પાસે રાજા આવ્યા. રાજાએ ફળફૂલથી પૂજા કરી પગે લાગી પૂછ્યું. ગુરુ આ સર્વે મારું રાજ્ય નષ્ટ થયું. સર્વે દુઃખ કેમ આવ્યું ?

ઋષિએ ધ્યાન કરીને કહ્યું, રાજા પૂર્વે જન્મે તું જંગલમાં શિકારી હિંસક હતો. ચોરી કરતો, ભગવાનથી વિમુખ હતો. હરણા, પશુ, પક્ષીને મારતો. રસ્તે જતા માણસોને લૂંટતો તે પાપે તારે છોકરા ન હતા. વિશ્વાસઘાત કરતો તેથી ભાઈઓ પણ ન હતા. સાધુનો તિરસ્કાર કરવાથી તું શત્રુથી પરાભવ પામી આ દુઃખને પામ્યો. પૂર્વે જન્મમાં તું આવુ પાપ કરતો, ત્યાં સંકર્ષણ ઋષિ તારી પાસે આવ્યા. તેં કહ્યું તારી પાસે જે દ્રવ્ય હોય તે આપી દે. ઋષિ કહે, મારી પાસે અવયવરૂપ ભગવાનના જ્ઞાનરૂપી દ્રવ્ય છે તે તને આપું. તે અત્યાર સુધીમાં કેટલી હત્યાઓ કરી ? શિકારી કહે, હજારો હત્યાઓ કરી છે.

સંકર્ષણ ઋષિ કહે, પડેલા તારા પાપ ધોવા પડશે. એમ કહી પ્રસાદીનું પાણી માથે છાંટી પાયું. પછી "ૐ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને નમઃ" એ મંત્ર ત્રણ વાર આપી કંઠીમાળા આપી. પાપ મૂર્તિમાન શરીરથી નિકળી નાસી ગયા પછી શિકારી ઋષિની સેવા પૂજા કરી પ્રસાદી જમ્યો. ઋષિ આશિર્વાદ આપી ચાલ્યા ગયા. હે રાજા પછી તારું શરીર પડી ગયું. તે ઋષિની સેવા કરવાથી આ જન્મે તું રાજા થયો. પણ પૂર્વના તારા પાપ ઋષિએ બાળ્યા નહતા. તેથી તે પાપ સર્વે તને વળગેલા છે. તેથી તું પ્રભુનું ભજન, નામ, સ્મરણ કરી પ્રાર્થના કર. હે હરિકૃષ્ણ, હે રાધિકાપતિ, હે જયા લલિતાપતિ, હે માણિકીપતિ, હે પ્રભા પાર્વતીપતિ કે સાધુ સાધ્વીના પતિ તમે મારો ઉદ્ધાર કરો, હું તમારે શરણે આવ્યો છું.

યાજક ઋષિના કહેવાથી રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરી. પછી યાજક ઋષિ કહે, રાજા તારે રાજ્ય જોઈએ કે સ્વર્ગ કે શ્રીહરિનું ધામ બોલ શું જોઈએ ? રાજા કહે, શત્રુથી પરાભવ ન પામું એવું રાજ્ય આપો. અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની પતિવ્રતા ભક્તિ આપો. ઋષિ કહે, ધન આપવાથી રાજ્ય મળે. સ્વર્ગ અને સંપત્તિ મળે. સેવા કરવાથી આયુષ્ય ભાગ્ય, ભોગ અને સંતાન મળે અને ભક્તિ કરવાથી ભગવાનનું ધામ મળે. સત્સંગથી મહાશાંતિ મળે. હે રાજા નારાયણધરામાં નાહીને દામોદરની પૂજા કરી અન્નજળનું દાન કરજે. જેથી તને ફરીથી રાજ્ય પ્રાપ્ત થશે અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની પતિવ્રતાની જેમ ભક્તિ કરી પરમધામને પામીશ. એવા આશિર્વાદ આપી યાજકઋષિ વનમાં ગયા. હેમંત રાજા સ્નાન કરી પ્રભુનું પૂજન કરી ધ્યાનમાં બેઠાં, ભજન કર્યું. ત્યાં રાત્રે સ્વપ્ન આવ્યું તેમાં હાથી પર બેઠો, દેવોએ સન્માન કર્યું. અપ્સરાઓએ હાર પહેરાવ્યા. લક્ષ્મીએ આવી માથે કળશ ઢોળ્યો. રાજા સ્વપ્નમાંથી જાગીને પત્નીને વાત કરી. પછી રાજાએ ભગવાનની ભક્તિથી ફરી રાજ્ય મેળવ્યું. તેને ધૃષ્ટદ્યુમ પુત્ર થયો. રાજા અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી સદા સત્સંગ કરી સેવા કરતો.

એકવાર અક્ષયતૃત્યાને દિવસે ભગવાન લક્ષ્મી સાથે ગરૂડ પર બેસી આવ્યા. હેમંત રાજાએ ષોડ્શોપચારથી પ્રભુની પૂજા કરી, પ્રભુ પાસે માગ્યું. હે પ્રભુ મારી ઈન્દ્રિયો - અંતઃકરણ, શરીર, તમારી સેવામાં સદા રહે. તમારી સેવા વિના કંઈ ઈચ્છા નથી. શ્રીહરિ કહે, તને વરદાન આપું છું. દસ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મારી ભક્તિ કરી કરાવીને કુટુંબ સાથે મારા ધામને પામીશ. અક્ષયતૃત્યાએ પુરુષોત્તમ નારાયણ એવો હું મારી પૂજા કોઈ કરશે તે અક્ષરધામને પામશે. પછી તે રાજા દશ હજાર વર્ષ આયુષ્ય ભોગવી રાજ્ય કરી અંતે શ્રીહરિના પરમપદને પ્રાપ્ત થયો. આ અધ્યાયની કથા જે કહેશે, સાંભળશે તે શ્રીહરિના ધામને પામશે.

અધ્યાય - ૪૩૩

❖ બ્રાહ્મણની કૃપાથી પતિદ્રોહી કૂતરી પણ બીજા જન્મે શ્રેષ્ઠ અપ્સરા ઉર્વશી થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાશ્મિરના સત્યશિવ બ્રાહ્મણને માલિની નામે પત્ની હતી. તે પતિને વશ કરવા મંત્ર-તંત્રવાળી સ્ત્રી પાસે ગઈ. તેણે પતિને વશ કરવા મંત્રેલી ભસ્મ ઔષધી આપી તથા "નમઃ કામાક્ષી દૈત્યૈ પતિ વશ કરું સ્વાહા" આ મંત્ર આપ્યો. બ્રાહ્મણીએ ખાવા-પીવામાં ઔષધી આપી. બ્રાહ્મણ માંદો પડ્યો. પરાધીન થયો એટલે પત્નીને વશ થયો પણ પતિની સેવા નહીં કરવાથી માલિની યમપુરીમાં ગઈ. ત્યાં અનેક દુઃખો ભોગવી કૂતરીના જન્મને પામી. એકવાર વિષ્ણુભક્ત, બ્રાહ્મણ પ્રભુ પૂજા કરી આવતો હતો ત્યાં તેના હાથમાં રહેલું તુલસી જળ, પ્રસાદી કૂતરી માથે પડ્યું. તે પ્રતાપે પાપનો નાશ થયો. પૂર્વનું ભાન થયું. બ્રાહ્મણને પૂર્વ વૃતાંત કહ્યું.

પ્રભુભક્ત બ્રાહ્મણે તેને ધર્મ ઉપદેશ આપ્યો. પતિ ઠૂંઠો, લંગડો, કાણો, બહેરો, ગાંડો. રોગી, વ્યસની ગમે તેવો તો પણ પતિને ઈશ્વર જાણીને સેવા કરનારી, નારી સ્વર્ગને પામે છે. ખાવા-પીવા વગેરે સર્વે સેવામાં પતિને પ્રસન્ન કરનારી નારી ઉપર કૃષ્ણનારાયણ પ્રસન્ન થાય છે. કુબ્જા-કૃષ્ણ પ્રસંગથી રાધાતુલ્ય થઈ. શબરી રામયોગે મુક્તા બની. જટાયુને રામનો યોગ થયો. અરુંધતિ ગાયના આશ્રયથી પવિત્ર થયા. દેવની કૂતરી સરમા સુરભિ સેવાથી મુક્તા બની. વૃંદા, તુલસી, કૃષ્ણ યોગે પૂજ્ય થયા. અજ્ઞાની જડ પણ પ્રભુના સંબંધથી ચેતન થાય છે. સંતપુરાણી બ્રહ્મયોગે દિવ્ય અને પૂજ્ય થયા. વિપ્રનો બ્રહ્મોપદેશ સાંભળી કૂતરીને અતિ પ્રશ્ચાતાપ થયો. પછી વિપ્રે શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી કૂતરીનો દેહ તજાવ્યો. ને નરનારાયણ ભગવાનની માનસી કન્યા ઉર્વશી થઈ અને સ્વર્ગમાં અપ્સરાઓમાં શ્રેષ્ઠ સ્થાન પામી વૈષ્ણવી ભક્ત બની નારાયણની આજ્ઞાથી સ્વર્ગમાં ઈન્દ્ર પાસે રહી શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરતી.

અધ્યાય - ૪૩૪

❖ રાજા વિધુમ અને રાણી મૃગાવતી ચક્રતીર્થમાં સ્નાન કરી સત્યલોકને પામ્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સત્યલોકમાં બ્રહ્માની સભામાં ઈશ્વરો, દેવો સનકાદિકો, ઋષિ-મુનિઓ વગેરે બેઠા હતા. ગાંધર્વો ગાતા હતા. અપ્સરાઓ નૃત્ય કરતી હતી. તે સમયે અલંબુસા અપ્સરાને જોઈને વિધુમયસુ મોહ પામ્યો. તેથી ગાવામાં નૃત્યમાં ભંગ થવાથી બ્રહ્માએ શાપ આપ્યો. તારા ચંચળ સ્વભાવથી તું પૃથ્વી પર મનુષ્ય જન્મ ધારણ કર. આ અલંબુસા તારી પત્ની થશે. ત્યારે વસુઓ બ્રહ્માને પગે લાગી શાપમુક્તિ માટે પ્રાર્થના કરી. બ્રહ્મા કહે, કૌશાલીમાં તું સતાનિક રાજાનો પુત્ર થઈશ. પછી અલંબુસામાં પુત્ર જન્માવી તેને ગાદીએ બેસાડી દક્ષિણ સમુદ્રના ચક્ર તીર્થમાં તમે બન્ને સ્નાન કરશો. ત્યારે શાપમુક્ત થશો. તે વિધુમ અયોધ્યાનો રાજા થયો. અલંબુસા તેની પત્ની મૃગાવતી થઈ. બન્ને કૃષ્ણભક્તિ પરાયણ હતા. તે રાજા ગુરુદેવ સંત સેવા કરતો. તેની પતિવ્રતા પત્ની પણ પતિની સેવા પ્રભુ માનીને કરતી. એકવાર રાજા-રાણી નદીમાં ન્હાતા હતા. ત્યાં વિકરાળ પક્ષી ચાંચમાં રાણીને પકડી વનમાં મૂકી ઉડી ગયો. રાણી પ્રભુને પતિને સંભારી રોવા લાગી. જમદગ્નિ પુત્ર કારૂણી ત્યાં આવ્યો. રાણીને પિતાના આશ્રમમાં લાવ્યો. આશ્રય આપ્યો ત્યાં રાણીને બાળકનો જન્મ થયો. મોટો થયો.

એકવાર એક જંગલીએ જમદગ્નિના આશ્રમે આવી નાગનો ખેલ બતાવ્યો. રાણીએ રાજી થઈ સુવર્ણકંકણ આપ્યું. જંગલી રાજા પાસે વેંચવા ગયો. રાજા કંકણને ઓળખી રાણી પાસે આવ્યો. જમદગ્નિ ઋષિ પાસે આવી સર્વે વૃતાંત કહ્યું. ઋષિઓએ કહ્યું, તારી પત્નીની ભક્તિથી તમો બન્ને ફરી સ્વર્ગને પામશો. પછી રાજા-રાણી બન્ને ચક્રતીર્થમાં સ્નાન કરી

શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી અંતે સત્યલોકને પામ્યા એવી રીતે પતિવ્રતા સ્ત્રીનું રક્ષણ ભગવાન પોતે કરે છે.

અધ્યાય - ૪૩૫

❖ પતિવ્રતા ગાલવ ઋષિકન્યાએ પ્રેત થયેલા ગાંધર્વનો ઉદ્ધાર કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મેરુપર્વતમાં ગાલવ ઋષિ તપ કરતા આશ્રમમાં રહેતા. ત્યાં તેની કન્યા શ્રીકૃષ્ણનારાયણને પતિભાવે ભજતી. એકવાર પ્રભુની પૂજા માટે ફુલ લેવા ગઈ ત્યાં આકાશમાં વિમાનમાંથી સુદર્શન વિદ્યાધર ઋષિ કન્યાનો હાથ પકડી કહે, તું મારી સાથે રમ. કન્યા કહે, હું કૃષ્ણનારાયણને પતિભાવે ભજુ છું. બીજા કોઈને પતિ કરવા ઇચ્છતી નથી. ગાંધર્વે પરાણે કહ્યું. કન્યાએ પિતાને બોલાવ્યા. ગાંધર્વ જતો રહ્યો. ઋષિએ શાપ આપ્યો. જા મનુષ્ય થા. નિંદા પાત્ર થા, પછી વૈતાલ થા. તરત વિમાનમાંથી પડીને યમુના કાંઠે ગોવિંદસ્વામીનો પુત્ર વિજયાદત્ત થયો. તે વિપ્ર પૂર્વ જ્ઞાનવાળો હતો. તેથી કાશીમાં રાજા પાસે આવ્યો. કાશીરાજા સાથે મિત્રતા થઈ સમય જતા મરીને પ્રેત થયો.

કાશીરાજા એકવાર ફરવા ગયો. ત્યાં પ્રેત થયેલો તેને કહ્યું, ગાલવ ઋષિની કન્યા શ્રીકૃષ્ણનારાયણની ભક્તિવાળી છે. તેથી તેની પાસે મારો અને મારા કુટુંબનો મોક્ષ કરાવો. કાશીરાજા તથા સર્વે પ્રેત ગાવલ ઋષિ પાસે આવી વાત કરી. ઋષિ કહે, મારી પુત્રી વૈષ્ણવી શ્રીકૃષ્ણનારાયણની ભક્તિપરાયણ છે. તે આશિર્વાદ આપે તો પ્રેતના દેહથી તે ગાંધર્વ છુટે. કાશી રાજાએ કન્યાને પ્રાર્થના કરી. ઋષિ કન્યાએ પ્રભુપ્રસાદીનું જલ પ્રેત પર છાંટી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર બોલી ગાંધર્વનો પ્રેતના દેહથી છૂટકારો કર્યો. તે પ્રેત તરત દિવ્ય દેહ ધારણ કરી ઋષિ કન્યાને નમસ્કાર કરી સ્વર્ગમાં ગયો. એ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પતિવ્રતા ભક્તિ કરનારી બ્રહ્મચારિણી ગાવલ ઋષિ કન્યાએ પ્રેત થયેલા ગાંધર્વનો ઉદ્ધાર કર્યો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અનાદિશ્રીકૃષ્ણનારાયણની પતિવ્રતા ભક્તિનું બળ આવું છે.

અધ્યાય - ૪૩૬

❖ જસુકરૂ મુનિ અને પતિવ્રતા જસુકાર્વીએ સર્પોની રક્ષા કરી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તારા અંશરૂપ પતિવ્રતા જસુકાર્વીની કથા કહું સાંભળ. તે કશ્યપની માનસી કન્યા હતી. તેણે ત્રણ યુગ તપ કર્યું. શ્રીકૃષ્ણનારાયણના અંશરૂપ જસુકરૂ મુનિ પુષ્કરમાં તપ કરતા હતા. તે મુનિને કશ્યપે પોતાની કન્યા આપી. જશુકાર્વી પતિની સેવા પ્રભુ માનીને કરતી. એકવાર સંધ્યા સમયે પતિ સૂતા હતા. તેને જગાડ્યા. મુનિ જાગી ક્રોધ કરી કહે, શા માટે જગાડ્યો ? તારી પતિવ્રતાની ભક્તિમાં ખોટ પડી તે પાપે તારે

કુંભી પાકમાં પડી ચાંડાલીને ત્યાં જન્મ લેવો પડશે. પત્ની કહે સૂર્યાસ્ત સંધ્યા સમયે સંધ્યા કર્યા વિના સૂવાથી બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. તેથી મેં તમને જગાડ્યા. મુનિ કહે, તને ખબર છે કે હું સૂતો હોઉં ત્યાં સુધી સૂર્યાસ્ત થાય નહીં. એમ કહીને સૂર્યને બોલાવ્યા. સૂર્ય આવી મુનિને પગે લાગી બોલ્યા તમે શાપ ન આપો. વિપ્ર ક્રોધથી જગત નાશ થાય છે. વિપ્ર સંતોષ પામે તો જગત સ્થિર રહે છે. વૈષ્ણવભક્ત સર્વનું મંગલ કરે છે. સૂર્યની સ્તુતિ સાંભળી મુનિ શાંત થઈ આશિર્વાદ આપ્યા. પછી મુનિએ પત્નીને કહ્યું મારે તપ કરવા જવું છે માટે તારો ત્યાગ કરું છું. મુનિપત્ની સાંભળી દુઃખી થઈ અને પતિવ્રતાના પ્રભાવથી શંકરને, શ્રીહરિને, પિતા કશ્યપને બોલાવ્યા. સર્વે તરત આવ્યા. મુનિ કહે, તમને કોણે બોલાવ્યા ?

કશ્યપ કહે, મુનિ આ તમારી પત્ની લક્ષ્મીનો અંશ છે. જગતને સુરક્ષિત રાખવા સમર્થ છે આનો તમે ત્યાગ કરશો તો ધર્મ લોપ થશે, નરકે જશો, ગૃહસ્થ પુત્રની ઉત્પતિ કર્યા વિના પત્નીનો ત્યાગ કરી મુનિ થાય તો તેનું તપ, પુણ્ય, નિષ્ફળ થાય છે. જેમ પાણી ચારણીમાં નથી રહેતું તેમ વૃક્ષ પણ વેલનો ત્યાગ નથી કરતું. શબ્દ અર્થશક્તિનો ત્યાગ નથી કરતો. સૂર્ય આકાશનો ત્યાગ નથી કરતો. તે રીતે હે મુનિ તમારે સાધ્વી પતિવ્રતાનો ત્યાગ કરવો યોગ્ય નથી. એમ કહી સર્વે દેવો ગયા. પછી સાધ્વી મુનિને કહે વિષયોનો ત્યાગ કરવો શ્રેષ્ઠ છે. પણ પતિએ પત્નીનો ત્યાગ કરવો શ્રેષ્ઠ નથી. પતિ પત્ની ત્યાગ કરે છે તે સ્ત્રીને માટે મરણ સમાન કહેવાય છે. તે સ્ત્રી તિરસ્કારને પાત્ર થાય છે અને ચાંદલો કાજળ અંબોડા વગેરે સર્વ સૌભાગ્યચિહ્નથી રહિત થાય છે. માટે તમારી આજ્ઞામાં રહી તમારી સાથે જ રહીશ. પત્નિનું આવુ ધર્મવાક્ય સાંભળીને મુનિએ પત્નીની નાભિને સ્પર્શ કરી, યોગ બળથી ગર્ભ આપ્યો. આશિર્વાદ આપ્યો. આ તને ધર્મિષ્ઠ, તેજસ્વી, જ્ઞાનીપુત્ર થશે. આ ભક્તપુત્ર કૂળનો ઉદ્ધાર કરશે અને તું પણ તેવી જ માતા થઈશ. ભગવાન ભજવાનું કહે તે માતા. શ્રીહરિ ભક્તિમાં સહાય કરે તે પુત્ર. તે ગુરુ કહેવાય છે જે પ્રભુભક્તિ કરાવે, જ્ઞાન આપી મોક્ષ કરે. જે યમના દુઃખથી છોડાવે તે માતા છે. જે માયાના બંધનથી મુકાવે તે પિતા છે. માટે હે સાધ્વી તું શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરજે. હું તપ કરવા જાઉં છું. તપ કરવામાં સ્ત્રી વિઘ્નરૂપ છે. એમ કહીને મુનિ પત્ની લઈ કૈલાશમાં શંકર-પાર્વતી પાસે ગયા, અને સર્વ વાત કરી.

શંકરે કહ્યું, યોગીને આત્મતૃપ્તિથી વિયોગનું દુઃખ થાતું નથી. પછી મુનિ પોતાની પત્નીને કૈલાશમાં શંકર-પાર્વતીને સોંપી પુષ્કરમાં તપ કરવા ગયા. સાધ્વી જસુકાર્વી ગુરુ-ગુર્વાણી શંકર-પાર્વતીને પામી તેની સેવામાં પ્રસન્ન રહેતી. સમય જતા સાધ્વીએ બાળકને જન્મ આપ્યો. શંકરે તેને વેદ ભણાવ્યા. બ્રહ્મજ્ઞાન આપી મહાભક્ત બનાવ્યો. તે સર્પ

આસ્તિક નામે પ્રસિદ્ધ થયો. જરતકારૂ મુનિ તપ કરી આવ્યા. પુત્રને આશિર્વાદ આપી શંકરને પગે લાગી ફરી તપ કરવા ગયા. ત્યારે પુત્ર પણ પિતાની સાથે ત્રણ લાખ વર્ષ તપ કર્યું. પછી માતાપિતાને નમસ્કાર કરી કશ્યપને પગે લાગી. તે સાધ્વીએ પતિવ્રતા ભક્તિથી તથા પ્રભુ ભક્તિથી સર્પસત્રમાં સર્વે સર્પોની રક્ષા કરી. એવી રીતે હે લક્ષ્મી, દેવોનું મંગલ કરનારી દૈત્યોનો નાશ કરનારી તું મારી સાથે જ છો અને અનંતરૂપે ધામમાં રહેલી છો.

ગોલોકમાં રાધા, દુર્ગા, સરસ્વતી, ગંગા અને પદ્મા આ પાંચ રૂપે છો. વૈકુંઠમાં અનંત લક્ષ્મીરૂપે છો. સર્વે ધામમાં લક્ષ્મીરૂપે રહેલીઓ છો. પરમધામમાં જયા, લલિતા, માણિકી, સીતા, પ્રભા, પાર્વતી, મંગલ, સતી, જગતમાતા, કંભરા, પદ્મિની, તુલસી, વૃંદા, ભાર્ગવી, માધવી વગેરે અનેક બ્રહ્મપત્નીઓ રહેલી છો. તથા હંસા, મંજુલા, ચંપા, દયા, મુક્તા, દેવીકા, શાંતિ, શાંતા, સવિતા, રૂક્ષ્મણિ, જયા, અનિલા, હેમી, સ્વર્ણા, સીતા, પદ્માવતી, રાધા, ગૌરી, કૌસ્તુરીકા, નલિની, વીજીપા, હરિણી, ચંદ્રા, લલિતા, કુમુદા, સરોજીની વગેરે હે લક્ષ્મી તારા અનેક અંશો યુગેયુગમાં મારી સેવામાં રહે છે. પાપને, તાપને નાશ કરનારું આ આખ્યાન પ્રભુભક્તિ પરાયણ સાધ્વી પતિવ્રતાનું કહ્યું. તે કથા જે કહેશે, સાંભળશે, તે આ લોકમાં સુખી થશે અને અંતે પરમધામને પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૪૩૭

❖ પતિવ્રતા સુમિત્રા દ્વારા રાજા મતિજવને ફરી રાજ્યની પ્રાપ્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સોમવંશમાં મતિજવ રાજા તેણે કોઈપણ દાનપુણ્ય, ધર્મ, કર્મ નહીં કરવાથી નાસ્તિક બુદ્ધિ થવાથી અભિમાન કરતો. કામ, ક્રોધ, લોભ, અહંકાર, મદ, હિંસા આ સર્વે દુર્ગુણો સંપત્તિનો નાશ કરે છે. તે રાજા પર ગોલોભ રાજાએ યુદ્ધ કરી તેનું રાજ્ય જીતી લીધું. મનોજવ રાજા તેની પતિવ્રતા રાણી સુમિત્રા વનમાં ગયા. રાજા કહે, મે દેવ બ્રાહ્મણ સાધુની પૂજા કરી નહીં. અનાથ ગરીબોને કાંઈ આપ્યું નહીં. પરોપકાર કર્યો નહીં યજ્ઞદાન કર્યા નહીં. તે પાપે મારું રાજ્ય નાશ પામ્યું. એમ કહી રાજા રૂદન કરવા લાગ્યો.

રાણી કહે, તમે દુઃખી ન થાવ ચિંતા ન કરો. પ્રભુનું નામ સ્મરણ કરો. ત્યાં પ્રભુ ઇચ્છાથી પરાશર મુનિ આવ્યા. રાજાનું દુઃખનું વૃતાંત સાંભળી કહે સંતગુરુના દર્શનથી પાપ નાશ પામે છે. એમ કહી રાજાના હાથમાં જળ આપી મંત્ર આપ્યો. "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" ત્યાં રાજાને ચેતન આવ્યું. મુનિને પગે લાગી પ્રાર્થના કરી. પ્રભુ મારું રક્ષણ કરો. મુનિ કહે ચાલીસ દિવસ બ્રહ્મચર્ય પાળી, યજ્ઞ કરી હોમ કરો એટલે તમે શત્રુ પર વિજય મેળવશો. રાજાએ તે પ્રમાણે કરવાથી યજ્ઞકુંડમાંથી દિવ્ય અસ્ત્ર, શસ્ત્રો, રથ, સૈન્ય, ભોજન વગેરે પ્રગટ થયા. તે વડે રાજાએ શત્રુને જીતી

રાજ્ય ફરીથી મેળવ્યું. પરાશર મુનિના આશિર્વાદથી અને પતિવ્રતા પત્નીના પ્રભાવથી રાજાએ રાજ્ય મેળવી યજ્ઞો કર્યા. દેવોનું પૂજન કર્યું. સાધુ-વિપ્રોને ભોજન કરાવી દાન આપ્યા અને રાજ્યમાં ધર્મકર્મ અને પ્રભુભક્તિ કરાવ્યા. અંતે રાજા-રાણી પ્રભુના કૃપાપાત્ર થઈ અક્ષરધામમાં ગયા.

અધ્યાય - ૪૩૮

❖ મથુરાના રાજા પુણ્યનિધિની વિપ્રરૂપ વિષ્ણુ દ્વારા પરીક્ષા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે મથુરાનો રાજા પુણ્યનિધિ ભક્તિવાળો હતો. તે એકવાર ધનુષ્ય કોટિ રામેશ્વરની યાત્રાએ ગયો. ત્યાં યજ્ઞ કર્યો. તે વખતે શ્રીહરિએ ત્યાં લક્ષ્મીને રાજાની પરીક્ષા કરવા મોકલ્યા. લક્ષ્મી આઠ વર્ષની કન્યાનું તેજસ્વીરૂપ ધારણ કરી રાજા પાસે ભોજન માગ્યું. રાજાએ આપ્યુંને પૂછ્યું, તું કોની પુત્રી છો ? કન્યા કહે, મારા કોઈ માતા પિતા નથી. રાજા કહે, તો મારી સાથે મારા રાજયમાં રહે. કન્યા કહે, પુત્રી કરી પાલન કરો તો રહું. પછી રાજાએ કન્યા રાણીને સોંપી. એકવાર તે કન્યા સખીઓ સાથે બગીચામાં ફૂલો ચૂંટતી હતી. ત્યારે વિષ્ણુ ભગવાન તીર્થવાસી વિપ્રનું રૂપ લઈ આવ્યા અને કન્યાનો હાથ પકડયો. કન્યાએ રાડ પાડી. માળીએ રાજાને કહ્યું. રાજાએ આવી વિપ્રને પકડી જેલમાં નાખ્યો.

રાત્રે રાજાને સ્વપ્નમાં વિષ્ણુ ભગવાનના દર્શન થયા. શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરતા, પીળા પિતાંબરધારી શ્રીવત્સના ચિહ્નવાળા સાથે લક્ષ્મી સેવામાં. એવા દર્શન કરી રાજા જાગ્યો. તે આશ્ચર્ય લાગ્યું સ્વપ્ન થયું કે જાગ્રત, ઉઠીને કન્યાના ઓરડામાં ગયો. ત્યાં કન્યા ન મળે રાજાએ રાણીને જગાડી રાજા જેલમાં જોવા ગયો. ત્યાં લક્ષ્મીનારાયણના દર્શન કર્યા. રાજારાણીને અલૌકિક આનંદ થયો. સવારે રાજા પુત્રી પાસે ગયો. ત્યાં સાક્ષાત્ વિપ્રરૂપે રહેલા વિષ્ણુની સેવા પૂજા કરતી હતી. રાજાએ વિપ્રરૂપ વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરી. હે સીતાપતિ, રાધા રમાપતિ, પ્રભા પાર્વતીપતિ તમને નમસ્કાર. હે પ્રભુ, મે તમને નહીં જાણીને જેલમાં પૂર્યા. તે અપરાધ માફ કરો. એમ કહી લક્ષ્મીરૂપ પુત્રીની સ્તુતિ કરી. હે મહાલક્ષ્મી તમને નમઃ હે જગત માતા પુત્રીરૂપે મારાથી અપરાધ થયો હોય તો ક્ષમા કરજો. રાજાની સ્તુતિથી પ્રસન્ન થયેલા લક્ષ્મીનારાયણ પ્રભુ કહે. રાજા હું તારી પર પ્રસન્ન થયો છું. તારી પાસે મારી લક્ષ્મીને મોકલીને હું તને દર્શન દેવા આવ્યો. મારી લક્ષ્મીનું તે ધર્મથી રક્ષણ કરી મને તે જેલમાં પૂર્યો. તેથી પણ હું પ્રસન્ન થયો છું. તારે શું જોઈએ ? વરદાન માંગ. રાજા કહે, પ્રભુ તમારી ભક્તિ આપો અને અંતે તમારા વૈકુંઠધામમાં વાસ આપજો. પ્રભુ તથાસ્તું કહીને લક્ષ્મીને લઈ અદૃશ્ય થયા.

અધ્યાય - ૪૩૯

❖ ધર્મદેવ દ્વારા અપ્સરા વર્ધિનીને પતિવ્રતા ધર્મનો ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ધર્મદેવ જનોના કલ્યાણ માટે ધર્મારણ્યમાં તપ કરતા હતા. તેની ઉપર રાફડા થઈ તે વૃક્ષ પણ થયા. ત્યારે ઈન્દ્રને એમ થયું ધર્મદેવ ઉગ્ર તપ કરે છે. શા માટે ? એમ વિચારી દેવો ભેગા થયા. વર્ધીની અપ્સરાને ધર્મદેવ પાસે મોકલી. અપ્સરા ધર્મદેવ પાસે આવી રાફડા પાસે જમીનવાળી સાફ કરી. ધર્મદેવે પૂછ્યું, તું શા માટે આવી છે ? વર્ધિની અપ્સરાએ કહ્યું કે, ઈન્દ્રે કહ્યું છે કે, ધર્મદેવ ઈન્દ્રાસન માટે તપ કરતો હોય તો તપમાં વિઘ્ન કરજે અને મનુષ્યોના કલ્યાણ માટે તપ કરતો હોય તો પુત્રી થઈને સેવા કરજે. પછી ધર્મદેવે વર્ધીને પતિવ્રતા સ્ત્રીના ધર્મ કહ્યા. જે સ્ત્રી પતિની સેવા કરી પતિની આજ્ઞામાં રહે છે તે આ લોકમાં સ્વર્ગસુખ ભોગવી અંતે ભગવાનના ધામને પામે છે. જે સ્ત્રી પતિની આજ્ઞામાં નથી રહેતી, સેવા નથી કરતી, પતિનો તિરસ્કાર કરે છે તે સ્ત્રી બીજે જન્મે કૂતરી, શિયાળવી, વળવાંગડી, ચિબરી, ચકલી, બિલાડી વગેરેના જન્મને પામે છે. જે સ્ત્રી કૃષ્ણનારાયણનું ભજન કરી પતિભાવે ભજે છે તે કુમારી હોય કે વિવાહીતા સધવા હોય કે વિધવા, બ્રહ્મચારી હોય કે યોગિની, સંન્યાસીની હોય કે વૈરાગી, રંડામુંડા ગમે તેવી હોય તે સર્વે મંગળરૂપ છે અને અનેકનું કલ્યાણ કરે છે. ધર્મદેવનો ઉપદેશ સાંભળીને વર્ધીની પિતા ધર્મદેવને પગે લાગી આશિર્વાદ મેળવીને સ્વર્ગમાં ગઈ.

અધ્યાય - ૪૪૦

❖ ધર્મારણ્યમાં યજ્ઞમાં વિઘ્ન કરતાં રાક્ષસોનો અનેક દેવીઓ દ્વારા નાશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શ્રીકૃષ્ણ ભગવાને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરેલા પત્નિવ્રતા બ્રાહ્મણ ધર્મારણ્યમાં પોતાની પત્ની સહિત આવ્યા. તેના માનસપુત્રો અઢાર હજાર ઋષિ-મુનિઓ તપસ્વીઓ થયા. તેના મુખ્ય ચોવીસ ગોત્ર ભારદ્વાજ, કૌશિક વગેરે થયા. પછી તેના વંશો થયા. બ્રહ્માએ ગોલોકમાં કૃષ્ણ ભગવાન પાસે જઈ પ્રાર્થના કરી કે, ધર્મારણ્યમાં ઋષિઓ લોકકલ્યાણ માટે યજ્ઞ કરે છે. તે યજ્ઞમાં જુંતીક રાક્ષસ, યક્ષ, પિશાચ સાથે વિઘ્ન કરે છે. શ્રીકૃષ્ણ ભગવાન ગોલોકથી પત્નીઓ, ગોપીઓને પૃથ્વી ઉપર લઈ જઈ યજ્ઞનું રક્ષણ કરવા આજ્ઞા કરી. તે સર્વે વિશ્વાસુની માનસ કન્યાઓ માતંગી, ભદ્રા, આશાપુરા, ચામુંડા વગેરે થઈ. તે સર્વે લોકમાતાઓ તથા કુળદેવીઓ નામે પ્રસિદ્ધ થઈને રાક્ષસોનો નાશ કરી ઋષિ-મુનિઓને ભયમુક્ત કર્યા. ત્યારપછી ધર્મારણ્યમાં ફરી લોકજીવહત્યા કરનાર હર્ણાટ રાક્ષસનો નાશ કરવા ધર્મદેવે યજ્ઞ કર્યો. તેમાં પણ કૃષ્ણ ભગવાને ગોલોકથી સાઠ હજાર અને લાખો દેવીઓ મોકલી. તે સર્વે પૃથ્વી પર આવી

બ્રહ્મચારિણી રહીને રાક્ષસોનો નાશ કર્યો. તે દેવીઓ સર્વે કૃષ્ણપત્નીઓ હતી. તેની ધર્મદેવે યોગિની નામે સ્થાપના કરી.

અધ્યાય - ૪૪૧

❖ ગૃહસ્થોને ભક્તિ માર્ગદર્શન ❖

❖ ગીરનાર, નારાયણઘરે વિષ્ણુ અને દેવી-દેવતાઓનો વૃક્ષવેલીરૂપે વાસ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જે સ્ત્રીઓને પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ છે તે ભુક્તિને મુક્તિ અપાવે છે. સ્ત્રીભાવયુક્ત સર્વાંગે સંપૂર્ણ, નેત્ર, શરીરના રોગથી રહિત, બહેરી, મૂંગી ન હોય, ચંચળ ન હોય, એવી કન્યા સાથે લગ્ન કરવા. તેને ગૃહિણી કહેવાય છે. તેવી પતિવ્રતા સાધ્વી સ્ત્રીઓએ સ્નાનથી પવિત્ર રહી શ્રીકૃષ્ણનારાયણની પૂજા કરવી તથા લક્ષ્મીરૂપ તુલસીની પૂજા કરવી. પંચયજ્ઞ કરવા. તે ગૃહસ્થ ધર્મથી પ્રભુ પ્રસન્ન રહે છે. બ્રાહ્મલગ્ન, દેવલગ્ન, પ્રજાપત્ય અને આવર્શ લગ્ન તે ઉત્તમ કહેલા છે. પ્રાતિભ, ગાધર્વ તે મધ્યમ લગ્ન કહેલા છે. આશુર, રાક્ષસ, ઘાતક, પિશાચ લગ્ન તે અધમ કહેલા છે. આ દશ લગ્ન કહેલા છે. ઔરસ, ક્ષેત્રજ, દત્તક, તીમગઢ, અપવિધિ કાનીન, સહોઢજ, ક્રીત, પૂનર્ભવ આ દશ પ્રકારના પુત્રો કહેલા છે. તે સર્વે કુટુંબને કૃષ્ણભક્તિ અને સદ્‌ગુરુની સેવા તે મોક્ષ અપાવે છે.

પૂર્વે પૈજવન શુદ્રને ઘેર ગાલવ ઋષિ આવ્યા. શુદ્ર પગે લાગ્યો. ઋષિએ આશિર્વાદ આપી ગૃહસ્થધર્મનો ઉપદેશ અને ભગવાનની ભક્તિ કરવાનું કહ્યું. ગમે તે જાતિ હોય પણ સંતસેવા, પ્રભુ ભજનથી તરી જાય છે. પિંગલા સ્નેહધર્મથી તરી ગઈ. ગોપીઓ પ્રેમભક્તિથી તરી ગઈ. જયા, લલિતા, માણકી, પ્રભા, પાર્વતી એ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પતિભાવે ગ્રહણ કર્યા. વૃંદા, તુલસી, પ્રેમથી પત્નીભાવે પામ્યા. તેથી પ્રભુને પામવા સ્નેહભક્તિ કરાવી. પૂર્વે સર્વે પિતૃઓ ભોજન માટે બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા શ્રીહરિ પાસે ગયા અને પિતૃઓને તૃપ્તિ કેમ થાય એમ પૂછ્યું. ત્યારે શ્રીહરિ કહે, હું પીપળાના વૃક્ષરૂપે રૈવતાચળમાં અવતાર ધારણ કરું છું. તે પીપળાને જે પાણી પાસે તેથી પિતૃઓ તૃપ્તિ પામશે એમ કહી પ્રભુએ રૈવતાચળમાં નારાયણ ધરે સ્વર્ણરેખા નદી પાસે પીપળારૂપે થયા ત્યારે દેવીઓ સર્વે દેવો દર્શન કરવા આવ્યા. પણ પ્રભુ દેખાણા નહીં ત્યારે દેવોએ બૃહસ્પતિને કહ્યું, પ્રભુ ક્યાં છે ?

ત્યારે બૃહસ્પતિ કહે, પ્રભુ વૃક્ષરૂપે થયા છે. તમો પણ વૃક્ષરૂપે થાવ. તો પ્રભુ દેખાય તે સર્વે દેવો વૃક્ષરૂપે ગીરનારમાં થયા તેમાં લક્ષ્મી તુલસી થયા. પાર્વતી બિલીપત્ર થયા. બ્રહ્મા વડલા થયા. સાવિત્રી તલ થયા. ઈન્દ્ર જવ થયા. ઈશ્વરો આંબારૂપે થયા. ગાંધર્વો ચંદન વૃક્ષ થયા, યક્ષો સોપારી વૃક્ષ થયા, નાગ-નાગરવેલ પાન થયા. અગ્નિ

આંજળી થયા. વરૂણ ખજુર થયા, રુદ્રો બોરડી થયા. સાત ઋષિઓ એલાયચી વૃક્ષ થયા. મ્લેછો જાંબુડા થયા. સૂર્ય આકડો થયા, ચંદ્ર ખાખરો થયા, મંગલ ખરે, શુક્રાચાર્ય ઉબરો થયા, શનિ ખીજડો, રાહુ-કેતુ દાભડો થયા. એ રીતે ભગવાન વિષ્ણુ સાથે સર્વે દેવદેવીઓ વૃક્ષના રૂપ ધારણ કરી ગિરનારમાં વાસ કર્યા. જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી પીપળારૂપે રહેલા ભગવાનથી ઋષિઓને તૃપ્તિ આપી જનોના કલ્યાણ કરશે. આ રીતે ગાલવ ઋષિએ પ્રભુના પીપળાના અવતારની કથા ભગવદ ભક્ત વૈષ્ણવોને કહી. તેણે આપેલા ભોજનને જમીને ચાલતા થયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એ રીતે સ્થાવરજંગમ સર્વે સૃષ્ટિમાં મારો વાસ છે.

અધ્યાય - ૪૪૨

❖ સુતપા ઋષિ દ્વારા સુયજ્ઞ રાજાને શાપ તેમજ આજ્ઞા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માના મનુ રાજા થયા. તેના ઉતાનપાદ થયા. તેનો પુત્ર ધ્રુવ થયો. તેનો ઉત્કલરાજા થયો. તેણે એક હજાર રાજસૂર્ય યજ્ઞ કરેલા. તેમાં લાખો કરોડો સાધુ, બ્રાહ્મણો, અતિથિ જમતા. તે રાજા દાન-દક્ષિણા એટલી આપતો કે લઈ જનાર ઉપાડી ન શકતા. ઘણા યજ્ઞ કરવાથી તે સુયજ્ઞ નામે પ્રસિદ્ધ થયો. એકવાર મેલા કપડાંવાળો કુરૂપ બ્રાહ્મણ ત્યાં આવ્યો. રાજાને નમન કર્યા પણ રાજા આસનથી ઊભો ન થયો. એટલે બ્રાહ્મણે શાપ આપ્યો. તું રાજ્યભ્રષ્ટ થા, રોગી થા, બુદ્ધિહીન થા, ત્યાં તો સર્વે સભાસદો તથા ઋષિઓ બ્રાહ્મણને પગે લાગી શાંત કર્યો અને કહ્યું, ક્ષમા કરો આશિર્વાદ આપો. અમારી ભૂલ થઈ. બ્રાહ્મણ કહે, અતિથિનો સત્કાર નથી કરતોને તિરસ્કાર કરે છે તેનું પુણ્ય નષ્ટ થાય છે. રાજાએ વશિષ્ઠ ઋષિને પૂછ્યું, પાપનું પ્રાયશ્ચિત શું ?

વશિષ્ઠઋષિ કહે, સ્ત્રીહત્યાથી ગાયની હત્યાનું પાપ બે ગણું, ગૌહત્યાથી બ્રહ્મહત્યાનું પાપ ચાર ગણું અને કૃતઘ્નિના પાપનું પ્રાયશ્ચિત જ નથી. ગૌહત્યા કરી હોય તો એક વર્ષ સુધી તીર્થ કરી દાન કરી કાચું અન્ન ખાઈ ગાયનું દાન કરે તો પાપથી મુકાય. સ્ત્રીહત્યા કરી હોય તો સાંઠ હજાર વર્ષ યમપુરીનું દુઃખ ભોગવી પછી ભૂંડ સર્પનો જન્મ પામે છે. બ્રહ્મહત્યા કરે તો લાખ વર્ષ કુંભી પાકમાં પડી સાત જન્મ સર્પ થાય. પ્રતિજ્ઞાનું પાલન ન કરે તો કૃતઘ્ની ચાર યુગ સુધી યમપુરીના દુઃખ ભોગવી સાત જન્મ શુદ્ર થાય. દેવોનું, ગુરુનું, પુણ્યનું, ધર્મનું, સત્યનું, વિશ્વાસનું કાર્ય ન કરે તે કૃતઘ્ની તેના પાપે યમદૂત પૂરીના દુઃખ ભોગવી હલકા નિમ્ન જન્મને પ્રાપ્ત થાય છે. પછી રાજાએ બ્રાહ્મણને પૂછ્યું, તમે કોણ છો ? બ્રાહ્મણ કહે, હું બ્રહ્માના વંશનો સુતપા ઋષિ છું. મેં તને શાપ આપ્યો તે આશિર્વાદરૂપે આપ્યો છે. રાજા તું તારા પુત્રને ગાદી આપી વનમાં જઈ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી તપ કરી શરીરના રોગમુક્ત થા. પ્રભુ સ્મરણ કરી, બુદ્ધિ નિર્મળ કરી, રાજ્યના

આડંબર વાળી બુદ્ધિનો ત્યાગ કર. પછી રાજાએ ઋષિની આજ્ઞાથી શાંતિમાર્ગ ગ્રહણ કરી વૈરાગ્ય પ્રાપ્ત કરી અને ધામની ને પ્રભુની પ્રાપ્તિ કેમ થાય તે પ્રશ્ન પૂછ્યો.

અધ્યાય - ૪૪૩

❖ સુતપા ઋષિ દ્વારા સુયજ્ઞ રાજાને પત્નિવ્રત ધર્મનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સુતપા ઋષિ સુયજ્ઞ રાજાને કહે, પ્રકૃતિથી ઉત્પન્ન થયેલું જેટલું છે તે નાશવંત છે. બ્રહ્માનો પુત્ર મનુરાજા શંકર પાસેથી શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લઈ ભજન કરી ગોલોકમાં ગયો. તેવી રીતે ચૌદ મનુઓ થયા પણ આ પૃથ્વીનું રાજ્ય કરી સાથે ભગવાનની ભક્તિ કરી મહાજ્ઞાની થયા અને પ્રભુના ધામમાં ગયા. તે ચૌદ મનુઓ બ્રહ્માના એક દિવસમાં થાય છે. એવડી જ રાત્રિ બ્રહ્માના દિવસને સાંજે પ્રલય થાય તેને નિત્યપ્રલય કહે છે. બ્રહ્માના સો વર્ષ પૂરા થાય તેને નિમિત પ્રલય કહે છે. ત્યારે વૈરાટનારાયણનો એક દિવસ થાય છે. વૈરાટનારાયણના સો વર્ષ પુરા થાય ત્યારે મહાવિષ્ણુનો એક દિવસ થાય છે. મહા વિષ્ણુના સો વરસ થાય ત્યારે પ્રધાનપુરુષનો એક દિવસ થાય છે. પ્રધાનપુરુષનાં સો વર્ષ પૂરા થાય ત્યારે પ્રકૃતિપુરુષનો એક દિવસ થાય. પ્રકૃતિ પુરુષનાં સો વર્ષ પૂરા થાય. ત્યારે મહામાયા સાથે અક્ષર બ્રહ્મમાં લીન થાય છે તેને પ્રાકૃતિક પ્રલય કહે છે. તે રાધાજી મહામાયા પ્રકૃતિ કહેવાય છે. જીવાત્માનો મોક્ષ થાય ત્યારે તેને આત્યંતિક પ્રલય કહેવાય છે. માટે આ તારી પત્ની છે. તે રાધાના અંશરૂપે છે અને પતિવ્રતા છે. તેની સામે જો. રાજાએ પત્ની સામું જોયું ત્યારે તે રાધારૂપે દર્શન થયા. પછી રાધાએ ઋષિના કહેવાથી રાધાજીનો મંત્ર "ૐ શ્રીં હ્રીં કલીં રાસેશ્વર્ય રાધીકાયે સ્વાહા" ગ્રહણ કર્યો. હે રાજા, કૃષ્ણ તે રાધા છે અને રાધા તે કૃષ્ણ છે.

તને પત્નીવ્રત ધર્મ કહું તે સાંભળ. સવારમાં સ્નાન કરી કૃષ્ણની સાથે રાધાજીની પૂજા કરી, નૈવેદ્ય ધરી, આરતી, સ્તુતિ કરવા તથા ઘરમાં રહેલી પત્નીને ગૃહલક્ષ્મી માનવી. રાજા પણ પત્ની વિના શોભતો નથી અને રંક પણ પત્ની વિના શોભતો નથી. જેના ઘરમાં સારા સ્વભાવવાળી પત્નિ નથી તેનું ઘર અરણ્ય જેવું છે. સુખનું મૂળ ક્રિયાનું મૂળ સર્વે સુવાસના સંસારનું મૂળ પત્ની છે. સર્વે રત્નોમાં શ્રેષ્ઠ પત્ની રત્ન છે. હે રાજા, જો સ્ત્રી ઘરમાં ન હોય તો ઘર સુકું લાગે છે. કમળ જેમ જલ વિના રહી શકતું નથી. તેમ પત્ની વિના ઘર નથી કહેવાતું. માટે હે રાજા, આ તારી પત્ની તે રાધાનો અંશ છે. સુતપા ઋષિ કહે, રાજા હું વિશેષ પત્નીવ્રત સમજાવું સાંભળ. જેની પત્ની સતી, સાધવી, પતિવ્રતા હોય તે સાક્ષાત્ લક્ષ્મી કહેવાય છે. તેની રાજદૃષ્ટિથી દર્શન કરી, દાસી પાસે સેવા કરાવવી. અથવા પોતે સ્વયં તેના કેશ ઓળવા વગેરે સેવા કરવી, શૃંગાર વગેરે આભુષણો ધારણ કરાવવા તથા ભોજન વગેરે કરાવવા તથા ભગવાનની કથાનું જ્ઞાનવિજ્ઞાન, પત્નીને

કહેવારૂપી સેવા કરવી તથા નવધા ભક્તિ કરાવવારૂપી સેવા કરવી. ભગવાન વિના કોઈના દર્શન સ્પર્શ વાત ન સાંભળવી વગેરે સેવા કરવી તથા સમય પ્રમાણે પત્નીને રતિસુખ આપવું તે પત્નીવ્રતા પુરુષે પોતાની પત્ની વિના કોઈ સ્ત્રીનો સ્પર્શ, વાત ન કરવા, તેમજ પરસ્ત્રીનું ચિંતન પણ ન કરવું, તે પત્નીવ્રત પુરુષે અન્ય સ્ત્રીએ આપેલું કાંઈ પણ ખાવું નહીં, પીવું નહીં. સમાજના ઉત્સવોમાં જવું નહીં. સદા પોતાની પત્નીને સાથે રહીને સંતોષ પમાડવો. સુતપા ઋષિ કહે કે, રાજા આ રીતે સંસારમાં રહે તો તેને સ્વર્ગસમાન સુખની પ્રાપ્તિ થાય છે. અને દેહને અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે.

અધ્યાય - ૪૪૪

❖ રાજા સુયજ્ઞના પત્નિવ્રત ધર્મના પાલનથી મોક્ષગતિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સુતપા ઋષિના કહેવાથી સુયજ્ઞ રાજા પત્ની સાથે પુષ્કર તીર્થમાં આવી રાધાજીનો મંત્ર જપ કરી રાધાજીનું ધ્યાન કરતો હતો. ચંપાના પુષ્પ જેવા રૂપાળા, ચંદ્રસમાન મુખવાળા, સૂર્યસમાન તેજસ્વી, સુવર્ણના વસ્ત્ર અલંકારોને ધારણ કરતા અનેક શોભાથી યુક્ત રાધાજીનું ધ્યાન કરી ષોડ્શોપચારથી એક સો આઠ વસ્તુથી પૂજન કરી છપ્પન ભોગ ધરી આરતી સ્તુતિ કરી કે, હે રાસેશ્વરી શ્રીકૃષ્ણ ભગવાનની દાસ્યભક્તિ આપજો. કાર્તિકી પૂર્ણિમાએ જે નર રાધાજીનું આવી રીતે પૂજન કરશે તે રાજસૂય ફળ પામશે. જે નારી રાધાજીનું પૂજન કરશે તે સૌભાગ્ય પ્રાપ્ત કરશે. 'રા' એટલે સંપત્તિ, 'ધા' એટલે ધામ. સંપત્તિને ધામ આપે તે રાધા. રાજાએ સો વર્ષ ફળફુલ ખાઈ રાધાજીનું જપ તપ કર્યું. સુતપાઋષિ રાજાની તપ ભક્તિ સ્તુતિથી રાધાજી પ્રગટ થઈ દિવ્ય અલૌકિક દર્શન આપી કહ્યું, હે રાજા તું પત્નીવ્રતવાળો હોવાથી તને અમારામાં અખંડ ભક્તિ રહેશે. તે તારી પત્નીને ક્યારેય પણ તિરસ્કાર કર્યો નથી. તેથી પ્રભુએ મને આશિર્વાદ આપવા મોકલી છે.

હે રાજા આત્મા બુદ્ધિ વિના રહેતો નથી. દિવસરાત્રિ વિના, કૃષ્ણ રાધા વિના, સતચિત આનંદ વિના રહી શકતું નથી. તેમ દંપતી જીવન પણ રાધાકૃષ્ણ વિનાનું નથી પણ તેને જે જાણે તે નિર્ગુણ સ્થિતિ પામે છે. માટે હે રાજા તું પત્નીવ્રતથી ભક્તિ કરે છે. તેથી પત્ની સાથે વિમાનમાં બેસી ગોલોક ધામમાં ચાલ. તે તારી પત્ની સાથે ચાતુર્માસ વ્રતો કર્યા છે. કાર્તિકમાં કૃચ્છ વ્રતો કર્યા છે તથા ધર્મથી પ્રજાનું પાલન કર્યું છે. પરનારીનો સ્પર્શ કર્યો નથી. દાસ-દાસીને પુત્ર-પુત્રીની જેમ રાખ્યા છે. પરસ્ત્રીને માતા સમાન માની છે. સતીસમાન સાધ્વીને પાર્વતીસમાન માની છે. તેથી હે રાજા, પ્રજાને પણ વૈષ્ણવી બનાવીને તું ઋણમુક્ત થયો છે. એમ કહી રાધાજી રાજા રાણીને દિવ્ય દેહ ધારણ કરાવી વિમાનમાં બેસાડીને ગોલોક ધામમાં લઈ ગયા. આ અધ્યાયનો જે પાઠ કરશે, વાંચશે, સાંભળશે તે સર્વે ભક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૪૪૫

❖ દેવગુરુ બૃહસ્પતિ અને ગુરુપત્નિ તારાએ કર્મોનું ફળ ભોગવ્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માના અત્રિ તેનો પુત્ર ચંદ્ર તો એકવાર ગંગામાં સ્નાન કરતી તારાને જોઈ મોહપામી કહે, તું મારી મનોકામના પૂર્ણ કર. ગુરુપત્ની તારા કહે, હું દેવગુરુ બૃહસ્પતિની પત્ની પતિવ્રતા છું. તારી માતા સમાન થાઉં માટે એવો દુષ્ટ ભાવ મારામાં કરીશ તો તું પાપવાળો ને રોગવાળો થઈશ. તો પણ ચંદ્ર બળાત્કારથી તારાને સ્વર્ગમાં લઈ જઈ પત્નિવ્રત ભંગ કર્યું. તારા એ સૂર્યને, ધર્મને, વાયુ, અગ્નિને સાક્ષી રાખી પાણી હાથમાં લઈ ચંદ્રને ભસ્મ કરવા ગઈ ત્યાં આકાશવાણી થઈ તારા શાપ ન આપતી. સર્વે પોતાનું કર્મફળ ભોગવે છે. તું તારાં પિતાને ઘરે દશ વર્ષની હતી ત્યારે કૂતરીના મૈથુનને લાકડી મારી છુટા પાડ્યા હતા ત્યારે કૂતરીએ શાપ આપ્યો હતો. તેનું આ ફળ ભોગવવું પડ્યું. તેથી જે મનુષ્ય પશુ, પક્ષી કોઈ પ્રાણીના મૈથુન સુખમાં વિઘ્ન કરે તેને પતિ-પત્નીનો વિયોગ થાય છે. અથવા મહારોગ થાય છે. હે તારા, બૃહસ્પતિએ મોટાભાઈ ઉથીપની પત્ની બળાત્કારથી ભોગવી તેથી તેને પણ પાપ થવાથી તારે આવુ ફળ મળ્યું. માટે તું ચંદ્રને શાપ ન આપીશ. પરંતુ ચંદ્રથી તારાને ગર્ભ રહ્યો એટલે ચંદ્ર ભય પામી શુકાચાર્ય પાસે ગયો. શુકાચાર્ય અભયદાન ચંદ્રને આપ્યું અને કહ્યું, તું બૃહસ્પતિને પગે લાગી તારા સોંપી દે.

શુકાચાર્યે કહ્યું, તારું તપ, જપ, ધર્મ સર્વે સત્ય હોય તો ચંદ્ર પાપથી રહિત થાવ. એમ કરીને ચંદ્રને પાપથી રહિત કર્યો. પછી તારાને બૃહસ્પતિએ ગ્રહણ કરી. શુકાચાર્ય કહે, આપત્કાળમાં બળાત્કારથી ભોગવાયેલી સ્ત્રી દોષ પામતી નથી અને રજસ્વલાથી શુદ્ધ થાય છે. પછી સર્વે દેવો ઇન્દ્ર, બ્રહ્મા વગેરે શંકર પાસે ગયા. શંકર ભગવાન કહે, બૃહસ્પતિ તમે ઉદાસ કેમ છો ? શું તમે તપથી પડી ગયા કે સંધ્યા કરતા ચૂકી ગયા કે પત્ની, પુત્રો, શિષ્યો તમારી આજ્ઞામાં નથી રહેતા. તમારે શું દુ:ખ આવ્યું ? બૃહસ્પતિ કહે, ચંદ્ર મારી પત્નીને લઈ ગયોને સગર્ભા બનાવી. શંકર ભગવાન કહે, બૃહસ્પતિ સર્વે મનુષ્યોને દેવોને પણ કરેલું ફળ ભોગવવું પડે છે. તેજ રીતે તમે પણ આ મોટાભાઈ ઉતીપની પત્ની સાથે વ્યવહાર કર્યો તેનું ફળ તમારે ભોગવવું પડ્યું છે પણ તમે ચંદ્ર ને શાપ ન આપ્યો તેથી તમારું ગુરુપણું જળવાઈ ગયું છે. મહા વૈષ્ણવભક્તો ક્યારેય પણ અપરાધીઓને શાપ કે દંડ આપતા નથી. તેથી સૂર્ય અગ્નિ બ્રહ્માને હું શંકર જગતમાં પૂજ્યપણાને પામ્યા છીએ.

અધ્યાય - ૪૪૬

❖ નારી કઈ રીતે દૂષિત થતી નથી ? ❖
❖ સતી તારામાં ચંદ્રપુત્ર બુધ ગ્રહનો જન્મ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકર પાસેથી જ્ઞાન વૈરાગ્ય ને ભગવાનની ભક્તિનો મંત્ર પ્રાપ્ત કરી બૃહસ્પતિ બ્રહ્મા વગેરે સર્વે દેવો સ્વર્ગમાં આવી સભા કરી. તેમાં બ્રહ્માએ સર્વેને ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારે બૃહસ્પતિ પત્ની તારા આવી બ્રહ્માને પગે લાગી. બ્રહ્માએ આશિર્વાદ આપ્યા. તેનું છાયારૂપ સૂર્યપ્રભા પુરુષોત્તમ માસનું વ્રત કરી અક્ષરધામને પામ્યું. મૂળ તારા બૃહસ્પતિને આપી. બ્રહ્મા કહે સતી, સાધ્વી, આપતકાળમાં દૂષિત થતી નથી. પતિ આજ્ઞાથી બીજાથી ભોગવાયેલી નારી દુષિત થતી નથી. થોડા સમય અથવા સદાને માટે પત્ની દાનમાં અપાયેલી નારી દુષિત થતી નથી. નિર્જન સ્થાનમાં પરપુરુષથી ભોગવાયેલી નિષ્કામી નારી દુષિત થતી નથી. પતિમાં પ્રવેશ કરી યોગી સિદ્ધ પુરુષોથી ભોગવાયેલી નારી દુષિત થતી નથી.

પતિ, પિતા પુત્ર વગેરે કુટુંબના આપતકાળમાં તેના રક્ષણ માટે ભોગવાયેલી નારી દુષિત થતી નથી. તેથી વસ્તુ ખાવાથી મૂર્છામાં નિંદ્રામાં ભોગવાયેલ નારી દુષિત થતી નથી. સંતાન માટે, ગાય માટે, અક્ષતકુમારી કન્યા માટે, દેશ-ગામના રક્ષણ માટે, પ્રાણ નાશ થવાના સમયે ભોગવાયેલી નારી દુષિત થતી નથી. ગાધર્વ વિધિથી રજસ્વલા પછી પતિના વિયોગમાં કાર્ય સિદ્ધ માટે અન્ય યોગમાં આવેલી ભોગવાયેલી નારી દુષિત થતી નથી. તપસ્વીના વિઘ્ન માટે ઈન્દ્રે મોકલેલી અપ્સરાઓ દુષિત થતી નથી. રાજાની સેવામાં અપાયેલી દાસી, સેવિકા દુષિત થતી નથી. યોગીના શાપના ભયથી ભોગવાયેલી નારી દૂષિત થતી નથી.

શ્રીકૃષ્ણનારાયણ અને તેના અંશોથી ભોગવાયેલી નારી દૂષિત થતી નથી, પરંતુ જગતપૂજ્યા થાય છે. જેમ વિષ્ણુ યોગથી વૃંદા, કૃષ્ણયોગે ગોપીઓ, વંશ રાખવા પુત્ર માટે બીજાથી ભોગવાયેલી નારી દૂષિત થતી નથી. દિવ્ય દેહથી ભોગવાયેલી, સ્વપ્નમાં ભોગવાયેલી, ભૂતપ્રેતથી ભોગવાયેલી, નારી દુષિત થતી નથી અને જ્યારે માસિકે રજસ્વલા થાય ત્યારે નારી શુદ્ધ થાય છે. માટે હે બૃહસ્પતિ, આ તારી પતિવ્રતા સતી સાધ્વી શુદ્ધ જ છે. તેને ગ્રહણ કર. પૃથ્વી જેમ બીજ વાવવાથી, પાણી પાવાથી જેમ પાક આપે છે તે જ રીતે નારી રજસ્વલા પછી અપાયેલ ગર્ભદાનથી બાળકરૂપી ફળ આપે છે. નારીને પૃથ્વીસમાન કહી છે. એ રીતે સર્વે દેવો તારાને આશિર્વાદ આપી સ્વસ્થાને ગયા. તે તારામાં ચંદ્રપુત્ર બુદ્ધ આકાશમાં ગ્રહ થયો.

અધ્યાય - ૪૪૭

❖ પતિવ્રતા કલાવતીના ઉપદેશથી દાસાહર રાજા ભક્ત બન્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે મથુરાનો દાસાહર રાજા વેદશાસ્ત્ર ભણેલો ન્યાય નીતિવાળો હતો. તે કાશીરાજાની કન્યા કલાવતીને પરણ્યો. તે રાણી શ્રીકૃષ્ણનારાયણની ભક્તા અને પતિવ્રતા હતી. અખંડ પ્રભુની સેવામાં જ રહેતી. રાજા રાત્રે તે રાણીના શયનમાં ગયો. રાણી રાજાને પગે લાગી બહાર નીકળી ગઈ. બીજીવાર પણ તેમજ થયું. ત્રીજીવાર રાજા અતિ કામનાથી રાણી પાસે આવ્યો. ત્યારે રાણીએ કહ્યું, રાજન મારો સ્પર્શ કરતા નહીં હું વ્રતમાં છું. વ્રત ભંગ કરનારને દુઃખ આવે છે. પુરુષે ક્યારેય પણ રજસ્વલા પત્નીની ઇચ્છા વિના પાસે જવું નહીં. દંપતીને સ્નેહના યોગે જ સુખ મળે છે. રાણીએ આમ કહેવા છતાં રાજાએ સ્પર્શ કર્યો. ત્યારે રાણીના શરીરમાં ગૂઢ અગ્નિ પ્રગટ થયો. તે રાજાને તાપ આપવા લાગ્યો. રાજા આ ચમત્કાર જોઈ આશ્ચર્ય પામી રાણીને પૂછ્યું તારું શરીર અગ્નિમય કેમ થયું.

રાણી કહે, મેં પૂર્વે જન્મે બ્રહ્મચર્ય પાળ્યું છે. તેથી આ જન્મે અગ્નિ મારી રક્ષા કરે છે. માટે રાજા મારી ઇચ્છા વિના ઋતુધર્મ વિના મારો સ્પર્શ કરીશ તો ભસ્મ થઈશ. દુર્વાસા ઋષિએ મને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ પતયે સ્વાહા" મંત્ર આપ્યો છે. તેનો હું સતત જપ કરું છું. હે રાજા તું માંસ ભોજન કરી, મદિરા પીને, ગણિકા, દાસી, કુલટા સાથે વ્યવહાર કરે છે. તેથી તું ક્ષત્રિય હોવા છતા નિસ્તેજ દેખાય છે. તું સ્નાન કરતો નથી. જપ, તપ, શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરતો નથી. તેથી મારો સ્પર્શ કરી શકતો નથી. માટે હે રાજા કામ સુખનો ત્યાગ કરી. આત્મસુખ, બ્રહ્મસુખ પ્રાપ્ત કર, યોનિલુબ્ધ યોનિ જન્મને પામે છે. શ્રીહરિના ભક્તો હરિધામ પામે છે. રસકસવાળું ભોજન ધાતુની પુષ્ટિ કરી કામસુખને વધારે છે. તેથી શ્રીહરિને સંભાર્યા વિના જે ભોજન કરે છે તેને ધિક્કાર છે. જે દંપતી સર્વ ક્રિયામાં શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ નથી કરતા તેને ધિક્કારે છે.

માટે હે રાજા જેમ રોગીને ઔષધમાં, તરસ્યાને પાણીમાં, ભુખ્યાને અન્નમાં, પિતાને સદ્‌ગુણી પુત્રમાં જેમ હેત થાય છે. તેમજ કામી પુરુષને સ્ત્રીમાં હેત થાય છે. તેવી રીતે જેને શ્રીહરિમાં ને બ્રહ્મનિષ્ઠ સંતમાં સ્નેહ થયો તેને આ સંસાર તરવો સુગમ થાય છે. આ રીતે રાણીએ રાજાને ઉપદેશ આપ્યો. ત્યાં ગર્ગાચાર્ય આવ્યા. રાજા ગર્ગાચાર્યને આસન આપી પગે લાગીને કહે, ગુરુ આને મંત્ર આપી શુદ્ધ કરો. ગર્ગાચાર્ય રાજાને યમુના નદી કાંઠે લઈ જઈ સ્નાન કરાવી પૂર્વે મુખે બેસાડીને મસ્તક પર પાણી છાંટી હાથ મુકી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર આપ્યો. ત્યાં રાજાના શરીરમાંથી હજારો કાગડાઓ નિકળી રાડો પાડતા પૃથ્વી પર પડી ભસ્મ થઈ ગયા. રાજા-રાણી આ દૃશ્ય જોઈ

આશ્ચર્ય પામીને ગુરુને પૂછ્યું, આમ કેમ થયું ? ગર્ગાચાર્ય કહે, રાજા તારા પૂર્વના હજાર જન્મના પાપો આ પ્રભુનો મંત્ર લેવાથી તારા શરીરમાંથી નિકળી ભસ્મ થયા. હવે તુ આ પ્રભુના મંત્રનો એક લાખ જપ કરજે. એટલે તું તેજસ્વી થઈશ અને તારી પત્નીને સ્પર્શ કરવા યોગ્ય થઈશ. પછી રાજા ગુરુની આજ્ઞા પ્રમાણે મંત્ર જપ કરી પ્રભુનો ભક્ત વૈષ્ણવ બની પતિવ્રતા ભગવાનની ભક્તા પત્ની પાસે જઈ શક્યો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ અને પતિવ્રતાથી જે ચમત્કાર થયો તે તને કહ્યો.

અધ્યાય - ૪૪૮

❖ પતિવ્રતા સીમંતિ દ્વારા રાજા ચિત્રવર્માની રક્ષા થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ચિત્રવર્મા રાજાને સીમંતિની કન્યા હતી. તે કન્યા ચંદ્રાગંદ રાજાને પરણાવી. તે રાજા એકવાર વહાણમાં બેસી યમુના નદીમાં વિહાર કરતો હતો. ત્યાં વહાણ ડૂબી ગયું. ચંદ્રાગદ અને સાથે બેઠેલા સર્વે ડૂબી ગયા. રાજાને હજારો નાગ કન્યાઓ તક્ષક નાગ પાસે લઈ ગઈ. તક્ષક નાગ ચંદ્રાગદને કહે, આ કન્યાઓને ગ્રહણ કરી અહીં રહી સુખ ભોગવો. ચંદ્રાગદ કહે, હું પરણેલો છું. મારી પત્ની મારો વિયોગ-વિલાપ કરતી હશે. તક્ષકે તરત જ ચંદ્રાગદને સજીવન કરી મોકલી દીધો. તે સમયે ચંદ્રાગદની પત્ની યમુના કાંઠે આવી પ્રતિજ્ઞા કરી કે, હે શ્રીકૃષ્ણનારાયણ હું તમારી ભક્ત હોઉં તથા પતિવ્રતા હોઉં તથા મે સોમવારનું વ્રત કરી શંકર-પાર્વતીનું પૂજન ભક્તિભાવથી કર્યું હોય તો મારા પતિ યમુનામાં ડુબી ગયા છે. તે બહાર આવો. તરત જ સમુદ્રે રત્નો લાવી સીમંતિની પૂજા કરી કહ્યું, તારા પતિને નાગ કન્યાઓ અહીં મુકી જશે તું ચિંતા ન કર. બીજે દિવસે નાગકન્યાઓ ચંદ્રાગદ રાજાને તેની પત્ની પાસે મુકી ગઈ.

અધ્યાય - ૪૪૯

❖ પતિવ્રતા સીમંતિના પ્રતાપથી બ્રાહ્મણ સોમવાન સ્ત્રી બન્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે વિદર્ભ દેશમાં સારસ્વત બ્રાહ્મણનો પુત્ર સોમવાન યુવાન થતાં તેના પિતાએ કહ્યું, તું રાજા પાસે જઈ દાન લઈ આવ તો તારા વિવાહ થઈ જાય. સોમવાન પોતાના મિત્રને લઈને રાજા પાસે ગયો. યાચના કરી. રાજા કહે, મારી પુત્રી સીમંતિની નિષેધ રાજાની પત્ની છે. તે સતી પતિવ્રતા છે. તેની પાસે તમે કન્યાનું રૂપ લઈ દક્ષિણા લઈ આવો તો હું દક્ષિણા આપું. બ્રાહ્મણ યુવાને કહ્યું એવું કપટ કામ કરવામાં અમને ભય લાગે છે. રાજા કહે, ગુરુ અને રાજાની આજ્ઞાનું ઉલંઘન ન કરવું. તેથી બન્ને વિપ્રો સોમવાન સ્ત્રીના કપડાં પહેરીને રાણી સીમંતિની પાસે ગયા. સીમંતિની કૃષ્ણનારાયણ પ્રભુનું તથા શંકર-પાર્વતીનું પૂજન કરી મંદિર બહાર આવ્યા. ત્યાં વિપ્રોને જોયા. દંપતી માનીને આશિર્વાદ આપ્યા અને દાન દક્ષિણા આપી. પ્રતિવ્રતાના પ્રભાવથી સ્ત્રીનો વેષધારી

સોમવાન સ્ત્રી બની ગયો. અને મિત્ર સાથે રજોગુણની ચેષ્ટા કરવા લાગ્યો. મિત્રો તેના પિતાને કહ્યું.

પિતાએ રાજાને કહ્યું. રાજાને દુઃખ થયું. પછી બ્રાહ્મણે સીમંતિની પાસે આવી સ્તુતિ, પ્રાર્થના કરી કહે, મારા પુત્રનું સ્ત્રીત્વ મટાડો. સીમંતિની કહે, પુત્ર સાંબે ઋષિની મશ્કરી કરવાથી યાદવ કુળ નાશ પામ્યું. તે પ્રમાણે કર્મફળ સર્વેને ભોગવવું પડે છે. માટે આ તારી કન્યા થયેલીને સાથે આવેલા મિત્ર બ્રાહ્મણને સોંપી દે અને તને પ્રભુ બીજો પુત્ર આપશે. પછી બ્રાહ્મણે તે બન્નેના વિવાહ કર્યા અને સીમંતિનીના આશિર્વાદથી બ્રાહ્મણને બીજો પુત્ર થયો. પતિવ્રતા સતી સાધ્વીનો પ્રતાપ આવો છે.

અધ્યાય - ૪૫૦

❖ પાર્વતીના પયોવ્રત તપથી સ્વયં શ્રીકૃષ્ણ પુત્ર ગણેશરૂપે થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરને પાર્વતીની પવિત્ર કથા સાંભળો. પાર્વતીને પુત્રની ઇચ્છા થઇ એટલે શંકરને કહ્યું. પાર્વતીને ઋતુદાન સમયે દેવો, દૈત્યો, રક્ષણ માટે શંકર પાસે આવ્યા. શંકરનો સત્વ વ્યર્થ જવાથી પૃથ્વી ઉપર પડ્યો. તેના સોના-ચાંદી થયા. રતિભંગ થવાથી પાર્વતીએ દેવોને શાપ આપ્યો કે, તમે પણ સત્વહિન ને પુત્ર વિનાના રહેશો. પછી શંકરે પાર્વતીને પુત્ર ફળ આપનારું પુષ્યક નામનું પયોવ્રત કરવાનું કહ્યું. એક વર્ષનું આવું વ્રત શ્રીહરિનો મંત્ર ગ્રહણ કરી માઘ સુદ તેરસથી આરંભ થાય. છ માસ એકટાણું જમવું, પાંચ માસ દૂધ ફળાહાર. પંદર દિવસ એકટાણું. પંદર દિવસ દૂધ એ રીતે એક વર્ષ વ્રત કરી હોમ કરી સાધુ-બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપવી. પાર્વતી પયોવ્રત કરીને ઋષિ-મુનિઓને જમાડીને દક્ષિણા આપતા હતા. ત્યાં સનકાદિક કહે, અમને દક્ષિણામાં ભગવાન શંકર આપો. પાર્વતી મૂંઝાણા શું કરવું. શંકરને દાનમાં આપું તો પુત્ર કેમ થાય ? બીજ ન હોય તો વૃક્ષ કેમ થાય ?

શંકર કહે, એક મુહૂર્તમાં દાન ન આપતો બે ગણું થાય. ને એક દિવસ ન આપ તો ચાર ગણુ થાય, માટે જલ્દી કરો. બ્રહ્મા કહે, દાન આપી ધર્મનું રક્ષણ કરો ધર્મ કહે, શંકરનું દાન આપી મારું રક્ષણ કરો. પાર્વતી કહે, જો હું શંકરને દાન આપું તો મારે વ્રત, તપ, જપ, સર્વે વ્યર્થ જાય. પાર્વતી કહે, સૃષ્ટિમાં ક્યાંય એવું સાંભળ્યું નથી કે સ્ત્રીએ પતિનું દાન કર્યું. ત્યાં લક્ષ્મીનારાયણ ભગવાન આવ્યા. સર્વે દેવોએ લક્ષ્મીનારાયણની પૂજા કરી. ભગવાને નિર્ણય કર્યો. દાનના બદલામાં સોનું, ચાંદી જેમ યજ્ઞમાં વિપ્રોને અપાય છે. તેમ પતિદાનમાં, પત્ની દાનમાં, પુત્રદાનમાં અથવા પોતાના દાનના બદલામાં ગૌદાન આપવાથી કર્મફળ પૂર્ણ પ્રાપ્ત થાય છે. માટે પાર્વતી પહેલા શંકરને દાનમાં આપી પછી સોનું ચાંદી ગૌદાન આપી શંકરને પાછા પ્રાપ્ત કરી લેજો. ત્યારે પાર્વતીએ શંકરને દાનમાં આપીને એક લાખ ગાયો આપીને કહે શંકરને પાછા આપો.

ત્યારે સનકાદિકો કહે, અમારે ગાયો નથી જોતી. અમારે તો ભગવાન શંકર જોઈએ છે. પાર્વતી કહે, તો હું અત્યારે જ શરીરમાંથી અગ્નિ પ્રગટ કરીને બળી મરું. એમ કહીને અગ્નિ પ્રગટ કર્યો. ત્યાં તો તરત જ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પ્રગટ થઈ સતીનો હાથ જાલી લીધો અને કહ્યું હું પોતે તમારા પુત્રરૂપે પ્રગટ થઈશ. એમ કહીને શ્રીહરિએ સતીને શંકર સોંપ્યા. પછી શંકર પાર્વતી સાથે રમ્યા. ત્યાં શ્રીકૃષ્ણનારાયાણ ભગવાન વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ કહે, માતા ભિક્ષા આપો એમ કહીને બાળકરૂપે થઈ ગયા. એ રીતે પાર્વતીના વ્રતથી શ્રીકૃષ્ણનારાયણ ભગવાન ગણેશરૂપે થયા. સતીના અધ્યાયની જે કથા કહેશે, સાંભળશે તે સૌભાગ્ય અને પુત્ર પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૪૫૧

❖ શંકરે પ્રસન્ન થઈ શબરીને સજીવન કરી ❖

શ્રીનારાયણ કહે : પાંચાલનો રાજા સિંહકેતુ તેનો નોકર ચંદ્રક નામે ભિલ હતો. તેની પત્ની શબરી નામે પતિવ્રતા હતી. દંપતી સુખસંતોષ શાંતિથી રહેતા. ખાવા પીવામાં કોઈ દિવસ કહેતો નહીં. ખારું, તીખું, તાજું, વાસી જેવું મળે તેવું ખાઈને આનંદ માનતો. દંપતી સાધુસેવા પરાયણ હતા. જયાં દંપતી નિષ્કપટ ભાવથી રહે છે. ત્યાં લક્ષ્મીનારાયણ પણ સંત, પાર્ષદ, લાભ, શુભ, સર્વ સિદ્ધી રહે છે. એકવાર રાજા વનમાં શિકાર કરવા ગયો. સાથે શબર હતો. ત્યાં વનમાં જીર્ણ શિવાલયમાં શંકરનું લિંગ જોઈને શબર રાજાને કહે, મને પૂજાવિધિ કહો. હું શંકરને ઘરે લઈ જાઉં. તું ભીલ શંકરની પૂજા ન કરી શકે. સવારમાં સ્નાન, અભિષેક, પુષ્પોથી, પૂજા, નૈવેદ્ય વગેરે ધરવું પડે. ચિતાભસ્મ લાવવી પડે. મંત્ર ૐ નમઃ શિવાય જપ કરવો પડે. રાજાના કહેવા છતાં પણ શબર તો રાજી થઈ શિવલિંગને ઘરે લઈ ગયો. રાજાએ કહ્યા પ્રમાણે રોજ દંપતી શિવની પૂજા કરે. શંકર ભગવાને પણ ભિલની ભક્તિથી પ્રસન્ન થઈ તે દંપતી કુટુંબને અન્ન, વસ્ત્ર, દુજાણાથી સુખી કર્યા. એકવાર ચોમાસામાં ઘરમાં રાખેલી ચિતાભસ્મ ધોવાઈ ગઈ. બહાર ક્યાંય મળે તેમ ન હતી. તેથી પત્નીને કહ્યું, આજે ભસ્મ વિના પૂજા કેમ કરવી. પૂજા કર્યા વિના ખાવું કેમ ? વરસાદ બંધ થાય. કોઈનું મરણ થાય પછી ચિતાભસ્મ મળે.

પત્ની કહે, શંકર ભગવાને આપણને સુખી કર્યા છે. તો આ શરીરથી શંકર ભગવાનને પ્રસન્ન કરી હું કૈલાશમાં જાઉં અને તમે મારા વિયોગે પ્રાણત્યાગ કરી કૈલાશમાં આવજો માટે હું અગ્નિમાં પ્રવેશ કરું તે મારી ભસ્મથી શિવપૂજા કરજો. શબર કહે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે મળેલું શરીર તેને તું અગ્નિમાં બાળી દે છે. શબરી કહે, અરે મેં પૂર્વે તપ, જપ, યજ્ઞ, દાન, પુણ્ય, કાંઈ કર્યા નથી તો અત્યારે આ શરીર એક જ વાર શિવને અર્પણ કરવા દો. શબરે ના કહેવા છતાં શબરીએ અગ્નિ પ્રગટાવી. શિવને પ્રાર્થના

કરી. મને જન્મોજન્મ તમારી સેવા આપજો. એમ કહી અગ્નિમાં પ્રવેશ કર્યો. ધડ બળી ગયું. શબરે ભસ્મથી શિવપૂજા કરી ત્યાં શબરીને જોઈ આશ્ચર્ય પામ્યો ને પૂછ્યું. આ સ્વપ્ન છે કે, જાગ્રત. શબરી કહે, મારી પાસે શંકરે આવીને મને અમૃત પાયું. મને અગ્નિએ સ્પર્શ ન કર્યો. આવો ચમત્કાર જોઈ જાણીને હજારો મનુષ્યો દર્શને આવ્યા. શિવ મંત્ર લઈને વૈષ્ણવો થયા. અંતે દંપતી વિમાનમાં બેસી કૈલાશ ધામમાં ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી સર્વથી શ્રેષ્ઠ પતિવ્રત છે. તેથી પણ આત્માર્પણ વ્રત શ્રેષ્ઠ છે.

અધ્યાય - ૪૫૨

❖ વેદરથ વિપ્રની પુત્રી શારદાને ઉમા-મહેશ્વરનું વ્રત કરવાથી ગર્ભ રહ્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પતિદેવ, ગુરુદેવ, શિવદેવ, આ ત્રણ દેવની જેણે પૂજા કરી તેને દુઃખ હોય તો પણ સુખ થાય. ખોટું હોય તો પણ સાચું થાય. વ્યંધ્યાપણું હોય તો પુત્ર થાય. દુર્ભાગ્ય હોય તો ભાગ્યવાન થાય. વિધવાપણું થવાનું હોય તો તે ન થાય. સૌરાષ્ટ્રમાં ચમત્કારપુરમાં વેદરથ વિપ્રને શારદા નામે કન્યા હતી. જન્મથી જ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતી. લોકો આશ્ચર્ય પામીને સતીને વંદન કરતા. શારદા માતા-પિતાને વંદન કરી શિવપૂજા કરી સેવા કરતી. બાર વર્ષની થતા માતા-પિતાએ પદ્મનાભ વિપ્ર સાથે શારદાના લગ્ન કર્યા. પદ્મનાભ નદીએ સાંજે સંધ્યા કરવા ગયો ત્યાં સર્પ કરડ્યો. તેનું મૃત્યુ થયું. શારદા તેના માતા-પિતા ભાઈઓ દુઃખી પામ્યા પછી શારદા પિતાને ઘરે રહીને શ્રીકૃષ્ણનારાયણને પતિ માની જપ તપ ભજન કરતી.

એકવાર વૃદ્ધ અંધ સાધુ તેને ત્યાં આવ્યા. શારદાએ આસન આપી પૂજન કરી ભોજન આપ્યું. તૃપ્તિ પામેલા સાધુએ આશિર્વાદ આપ્યા. પતિ સુખ પામીને ગુણિયલ પુત્રી થઈને કૃષ્ણની કૃપાવાળી થા. શારદા કહે, પથ્થર પણ પાણી જેમ નિષ્ફળ જાય. તેમ પતિ વિનાની હું તમારો આશિર્વાદ નિષ્ફળ જશે ? સાધુ કહે, પુત્રી સંતના વચનમાં શ્રીહરિ રહેલા છે. શિવની પ્રેરણાથી હું આવેલો છું. માતા-પિતા સંતની સેવા કરનારી દુઃખી થતી નથી. જા તું સૌભાગ્યવાળી થઈશ. એમ આશિર્વાદ આપી ઉમા મહેશ્વર વ્રત કરવાનું કહ્યું. માગશર અથવા ચૈત્ર સુદ આઠમ અથવા ચૌદશ પૂનમે પાર્વતીનું ષોડ્શોપચારથી પૂજન કરી. નૈવેદ્ય, આરતી, સ્તુતિ, જપ, તપ કરી પ્રસન્ન કરવા. પછી શિવ-પાર્વતીની મૂર્તિ દાનમાં આપવી. સાધુ બ્રાહ્મણોને ગૌદાન કરવું. રૂદ્ર અધ્યાયનો પાઠ કરવો. તે રીતે વ્રત કરવાથી શિવ-પાર્વતી પ્રસન્ન થશે.

સાધુ શારદાને કહે, તું પૂર્વે જન્મમાં દ્રાવિડ દેશમાં વિપ્ર પત્ની હતી. તારા પતિને બે પત્નીઓ હતી તું નાની હતી. તારો પતિ મોહ પામીને તને સેવતો. મોટીની સેવા ગ્રહણ ન કરતો. તે મોટીને પતિસુખ ન લેવા દીધું. તેથી આ જન્મે તને વૈધવ્ય આવ્યું છે. પણ તું

કૃષ્ણભક્તિ કરે છે. તેથી પૂર્વજન્મનો તારો પતિ તને સ્વપ્નમાં રતિસુખ આપશે. તેથી તને વિષ્ણુતુલ્ય પુત્ર થશે. એમ શંકરે આશિર્વાદ આપ્યા. ત્યાં તેનો પૂર્વજન્મનો પતિ આવ્યો. સૌભાગ્યચિહ્ન સિંદૂર, ચાંદલો, કાજલ વગેરે કરી પુષ્પમાળા પહેરાવી. પછી શંકર આશિર્વાદ આપી અદૃશ્ય થયા. તેનો પૂર્વજન્મનો પતિ પણ અદૃશ્ય થયો. શારદાની સેવાભક્તિથી વશ થયેલા શ્રીકૃષ્ણનારાયણ ભગવાન રોજ રાત્રે શારદાના પતિનું રૂપ લઈ આવતા અને શારદાને રતિસુખ આપતા. તે રીતે શંકર ભગવાનના આશિર્વાદથી શારદાને ગર્ભ રહ્યો. પરંતુ અજ્ઞાની મનુષ્યો કહેવા લાગ્યા કે આ શારદા બ્રાહ્મણી વ્યભિચારીણી છે. વિપ્ર જ્ઞાતિ ભેગા મળ્યા. શારદાના માતાપિતાને પૂછ્યું. ગર્ભ કેમ રહ્યો ? માતા-પિતા એ કહ્યું, પૂર્વજન્મના પતિથી ગર્ભ રહ્યો છે. ત્યારે જ્ઞાતિ વિપ્રોએ ન માન્યુ અને મશ્કરી કરી પછી સર્વે પંડિતોની સભા બોલાવી તેમાં શ્રીકૃષ્ણ ભગવાન તથા શંકરભગવાન પણ પંડિત વેશે સભામાં આવ્યા. એક વિપ્ર બોલ્યો શારદાએ એવું કામ કર્યું. માટે તેનું મુંડન કરી નાક કાન કાપી લ્યો. પંડિતરૂપે રહેલા શ્રીકૃષ્ણભગવાન કહે, આ શારદાએ ઉમા મહેશ્વરનું વ્રત કર્યું છે. તેથી તેને સૌભાગ્ય પ્રાપ્ત થયેલું છે.

બીજો વિપ્ર કહે, સ્વપ્નમાં ગર્ભ ન રહે જ્યાં એમ બોલ્યો ત્યાં તેની જીભ કપાઈ ગઈ. પછી સભામાં ભયથી કોઈ કાંઈ બોલ્યા નહીં. ત્યારે પંડિતરૂપે રહેલા શંકરભગવાન કહે દેવની આ ગતિ છે. શ્રીકૃષ્ણની આ માયામય સૃષ્ટિમાં શું થાય શું ન થાય ? તે કોઈ કહી શકતું નથી. વિભાંડક ઋષિનો ધાતું પાણીમાં પડ્યો. તે મૃગલીએ પીધું તેના ઋષિ સ્પર્શશૃંગ થયા. સત્યવતી માછલીમાં થઈ આશિર્વાદના ફળથી ગર્ભ રહ્યો. ઋષિના શાપથી સાંબને સાંબેલું જન્મ્યું. ગૌતમના શાપથી અહલ્યા પથ્થર થઈ પછી રામસ્પર્શથી યુવતી થઈ. સમુદ્રમાંથી લક્ષ્મી પ્રગટ થયા. પૃથ્વીમાંથી સીતા થયા એ રીતે અનેક દૃષ્ટાંતો આપી શંકરભગવાને શારદાને સભામાં નિષ્પાપ જાહેર કરી પછી સભામાં સર્વને શ્રીહરિએ દિવ્ય દર્શન આપ્યા.

અધ્યાય - ૪૫૩

❖ નંદી ગામની ગણિકા પ્રભુભક્તિથી ધામને પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે નંદી ગામમાં ગણિકા ભગવાનની ભક્તાણી હતી. પ્રભુનું પૂજન જપ, તપ, વ્રત, કરતી. એકવાર એને ત્યાં વણિક આવ્યો. તેણે સુવર્ણ કંકણ પહેર્યું હતું. ગણિકા કહે, આ કંકણ તો મને શોભે એવું છે. શેઠ કહે, તું કંકણના બદલામાં શું આપે ? ગણિકા કહે, ત્રણ દિવસ સુધી તમારી પત્નીની રીતે રહું, અમારો ગણિકાનો આ નિયમ છે. પુરુષને પતિ વિષ્ણુ માની બેસવું, સ્વર્ગમાં અપ્સરાઓનો આ નિયમ ધર્મ છે. શેઠ ગણિકા માટે સંમત થયા. ગણિકા પણ ત્રણ દિવસ તેની પત્ની થવા તૈયાર થઈ. બીજે

દિવસે અકસ્માત અગ્નિ લાગ્યો. ઘરમાં રહેલી સર્વ સામગ્રી બળી ગઈ. ઘરમાં રહેલ હરિહરની મૂર્તિ, મંદિર, પૂજા, સર્વે ભસ્મ જોઈને વણિકને દુઃખ થયું અને તે આઘાતથી મરણ પામ્યો.

ગણિકા કહે, નિયમથી હું તેની ત્રણ દિવસની ધર્મપત્ની હોવાથી મારે ધર્મની ચિતામાં અગ્નિમાં પ્રવેશ કરી બળી મરવું જોઈ. એમ વિચારી સર્વે ના પાડવા છતાં "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણને સ્વાહા" એમ ભજન કરતી જ્યાં ચિતામાં પ્રવેશ કર્યો ત્યાં શ્રીહરિ પ્રગટ થઈ ગણિકાનો હાથ પકડી લીધો અને બોલ્યા, તે સત્યધર્મનું પાલન કરીને ભક્તિ કરી છે. તેથી મે કૃષ્ણ પોતે વણિકરૂપે આવી અગ્નિ પ્રગટ કરી તારી પરીક્ષા કરી છે. બોલ તારે શું જોઈએ ? ગણિકા કહે, પ્રભુ તમારી ચરણસેવા ભક્તિ વિના કાંઈ નથી જોઈતું. શ્રીહરિ કહે, મારી પ્રસન્નતાથી તમે આવતે જન્મે કાશ્મીરના રાજા અને પ્રધાન થશો. રાજય કરી ભક્તિ કરી અંતે દેહ ત્યજીને મારા અક્ષરધામને પામશો. આ રીતે ગણિકા પણ પ્રભુ ભજનથી ધામને પામી.

અધ્યાય - ૪૫૪

❖ પતિવ્રતા બંદુલા પતિ વિદૂર સાથે વૈકુંઠધામમાં ગઇ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પતિની આજ્ઞા શુભ હોય કે અશુભ, ધર્મ હોય કે અધર્મ વચન હોય પણ તેનું પાલન કરવાથી પતિવ્રતાનું ફળ મળે છે. દક્ષિણ દેશમાં જંગલી શુદ્ર પ્રજા ખેતી કરી જીવન વિતાવતી હતી. ત્યાં એક વિદુર બ્રાહ્મણ રહેતો. તે પણ શુદ્રની સાથે રહેવાથી સાથે ખાવાથી ધર્મકર્મથી રહિત થયો અને એક શૂદ્ર સ્ત્રી સાથે તેનો વહેવાર થયો. તેને ધન આપતા બ્રાહ્મણ પાસે કાંઈ ન રહ્યું. ત્યારે પોતાની પતિવ્રતા બંદુલાને કહે, કોઈ શ્રીમંતની સેવા કરી ધન લઈ આવ. બંદુલા પતિની આજ્ઞાથી શ્રીમંતની સેવા કરી ધન કમાઈને પતિને આપ્યું. બ્રાહ્મણ પેલી શૂદ્રીને વહેવારમાં આપતો. એકવાર તે ગામમાં કથાકાર આવ્યો. કથા સાંભળીને સર્વેજનો સંસ્કારી થયા. ભજનભક્તિ કરવા લાગ્યા. પેલા વિદુર બ્રાહ્મણને પણ પસ્તાવો થયો અને પોતે પણ શુદ્ધ થઈ સ્નાન, સંધ્યા, જપ, તપ ધર્મકર્મ કરવા લાગ્યો. ત્યાં તેના દેહનો અંત આવ્યો અને યમદૂતો દેખાણા. વિદુર રાડો પાડવા લાગ્યો.

પત્ની કહે, કેમ રાડો પાડો છો. બ્રાહ્મણ કહે, યમદૂતો મને લઈ જાય છે. પત્ની હાથમાં પાણી લઈને કહે જો મેં પતિને પરમેશ્વર માનીને સેવા કરી હોય તો યમદૂતો ચાલ્યા જાવ. તરત જ યમદૂતો ચાલ્યા ગયા. પછી બીજીવાર પાણી હાથમાં રાખીને કહે જો મેં પતિવ્રત ધર્મપાલન કર્યો હોય તો કર્મફળથી મારા પતિની સદ્‌ગતિ થાય. ત્યાં વિષ્ણુ પાર્ષદો આવી વિમાનમાં બેસાડી તેના પતિને વૈકુંઠમાં લઈ ગયા. ફરી બંદુલાએ સંકલ્પ કર્યો. મેં

પતિને રાજી કર્યા હોય તો હું પતિની સાથે જાઉં. તરત જ બંદુલાનો દેહ પડી ગયો. દિવ્યદેહે પતિ સાથે ધામમાં ગઈ. તે વિમાનમાં બેઠેલા દંપતીને જોઈને કથાશ્રવણ કરનારાઓએ દિવ્ય ચમત્કાર કથાનો માની, પ્રભુ ભજનનો મહિમા માની સર્વે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર ગ્રહણ કર્યો તથા કથાકારે પતિવ્રતાનો મહિમા કહ્યો. કથાના વક્તાને તથા શ્રોતાને લક્ષ્મીનારાયણ ભગવાનના દિવ્ય દર્શન થયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કૃષ્ણનારાયણની કથાથી ચિત્ત નિર્મળ થાય છે. ચિત્ત નિર્મળ થવાથી પ્રભુનું ધ્યાન થાય છે. પ્રભુના ધ્યાનમાં એકાગ્રતામાં, માયાના રાગ અને દોષોની નિવૃત્તિ થાય છે. માયાના દોષોની નિવૃત્તિ અને પ્રભુની સેવા ધ્યાન ભજન, ભક્તિ તેને જ મોક્ષ કહેલો છે. અનેક જન્મના પાપોને, તાપને, અજ્ઞાનને બાળનારી, ટાળનારી પ્રભુની કથા રોજ રોજ સાંભળવી, મૂહુંર્ત ઘડી, અડધી ઘડી પાવનકારી કથા સાંભળવી. કથાના વક્તા જ્ઞાન આપનારા, મોક્ષ આપનારા ગુરુના ગુરુ છે. કથા શ્રવણથી વાસનાનો લય થાય છે અને ભક્તિભાવના ઉદય થાય છે.

અધ્યાય - ૪૫૫

❖ પતિવ્રતા લોપામુદ્રા દ્વારા વિંધ્યાચળ પર્વતનો ગર્વ નાશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અગત્સ્ય ઋષિપત્ની પતિવ્રતા લોપામુદ્રાની કથા કહું. સાંભળ. એકવાર નારદજી બદ્રિકાશ્રમમાં જતાં હતા ત્યાં આકાશમાં વિંધ્યાચળને જોયો. વિંધ્યાચળે નારદને નમસ્કાર કર્યા. નારદ કહે, તું હિમાલય જેવો છે પણ મેરુ પર્વત સમાન ન થઈ શકે. એટલું કહીને ચાલ્યા ગયા. વિધ્યાચળ પર્વતને અહંમ આવ્યું. મારાથી મોટા કોઈ નહીં એટલે આકાશમાં વૃદ્ધિ પામીને સૂર્યની ગતિ અટકાવી. સૂર્ય એક અર્ધ નિમેષમાં, બે હજાર બસો યોજન ગતિ કરે તે સૂર્ય અટકી ગયા. સર્વે દેવો, ઋષિઓ, બ્રહ્મા પાસે ગયા. કાળ, સમય, અટકી જાય તો બ્રહ્માંડનો વ્યવહાર કેમ ચાલે. બ્રહ્મા, ઈન્દ્ર, વગેરે દેવો ઋષિ-મુનિઓ સર્વે અગત્સ્ય ઋષિના આશ્રમે આવ્યા. જ્યાં સિંહ અને મૃગ પાણી પિતા હતા. નોળીયો સર્પ વેરને તજી સાથે રહેતા હતા. જ્યાં યજ્ઞ કર્મકાંડ વેદ અભ્યાસ થતો હતો. ત્યાં સર્વે આવી અગત્સ્ય મુનિને પગે લાગી કહે, અમે સાંભળ્યું છે કે, તમારા પત્ની ભક્તિવાળા, બ્રહ્મનિષ્ઠ, પતિવ્રતા છે. તેના દર્શન કરવા અને એક કાર્ય માટે અમે આવ્યા છીએ.

જે સ્ત્રી પતિને જમાડી ને જમે, પતિને સૂવાડી ને સુવે, આજ્ઞામાં રહે, આજ્ઞા વિના કોઈ ઉત્સવમાં જાય નહીં, પતિને રાજી રાખવા શૃંગાર કરનારી, ક્યારેય પણ પતિને ઉદ્વેગ નહીં કરાવનારી, રૂપવાળા કે કુરૂપ રોગીને, દ્વરિદ્રી ગમે તેવો હોય તો પણ પતિની ઈશ્વરની જેમ સેવા કરનારી આવી પતિવ્રતા સ્ત્રી અને ગંગામાં કાંઈ ભેદ નથી. તેના દર્શનથી પાપી પણ પાવન થઈ જાય છે. બ્રહ્માદિ દેવોની સ્તુતિ અને પતિવ્રતાની પ્રસંશા

સાંભળી અગત્સ્યમુનિ પુરુષોત્તમ નારાયણનું ધ્યાન કરી લોપામુદ્રાને કહેવા લાગ્યા કે, પ્રિયે આપણે કાશીમાં ગંગા કાઠે બહું રહ્યા. હવે દેવોના કાર્ય માટે જવું પડશે. એમ કહી પત્નીને સાથે લઈ પોતાના યોગબળથી પતિવ્રતાના પ્રભાવથી આકાશ માર્ગે એક નેમિષમાં વિંધ્યાચળ પર્વત પાસે આવ્યા.

વિંધ્યાચળ અગત્સ્યમુનિ અને તેની પત્નીને જોઈ કંપવા લાગ્યો. નિચો નમી અગત્સ્યમુનિને પગે લાગ્યો. અગત્સ્યમુનિએ આશિર્વાદ આપ્યા. હું જ્યાં સુધી પાછો ન આવું ત્યાં સુધી ઊભો ન થાતો. એમ કહીને પત્ની સાથે દક્ષિણ દિશામાં ગોદાવરી નદીએ ગયા. તે હજુ સુધી ઉત્તર દિશામાં ગયા નથી. અને વિંધ્યાચળ ત્યાં જ સ્થિર રહ્યો છે અને સૂર્યની ગતિ યથાવત ચાલુ થઈ. જે બીજાની સામર્થી નહીં જાણી પોતાની સામર્થી બતાવે છે. તે હાસ્ય પાત્ર થાય છે. પછી અગત્સ્યમુનિ અને તેના પત્ની દક્ષિણ દિશામાં ગોદાવરી કાંઠે આવ્યા. ત્યાં મહાલક્ષ્મીના દર્શન થયા. મુનિ પત્ની પગે લાગી. સ્તુતિ કરી, હે જગતમાતા તમને નમઃ તમે વિશ્વવ્યાપી છો, સર્વને સુખ, સંપત્તિ, શાંતિ આપનારા તમને નમસ્કાર. સ્તુતિ સાંભળી પ્રસન્ન થયેલા મહાલક્ષ્મીએ આશિર્વાદ આપ્યા. લોપામુદ્રાએ પતિ અગત્સ્યમુનિને પૂછ્યું કે, ક્યાં ક્યાં તિર્થો મોક્ષ આપનારા છે ? અગત્સ્યમુનિ કહે, પ્રયાગ કુરુક્ષેત્ર, નૈમિષારણ્ય, અવંતિ, હરદ્વાર, અયોધ્યા, મથુરા, દ્વારકા, કુંકુમવાપી, સરસ્વતી, ગંગાસાગર, સંગમ, કાંચી, ત્રંબકેશ્વર, પ્રભાસ, બદ્રીવન, તિર્થો મોક્ષ આપનારા છે.

સત્ય, ધર્મ, ક્ષમા, ઈન્દ્રિય, નિગ્રહ, દયા, દાન, સંતોષ, બ્રહ્મચર્ય, તપ, ધીરજ, જ્ઞાનથી મન શુદ્ધ થાય છે. જળથી મન શુદ્ધ થતું નથી. મળ ત્યાગથી શરીર શુદ્ધ થાય છે. પણ ભાવનાથી સત્ય પ્રકાશથી કામાદિ દોષ નિર્મળ થાય છે. તેથી આ લોકની તૃષ્ણાનો ત્યાગ તે મુનિઓએ મનની શુદ્ધી કહી છે. આ સર્વે ગુણરૂપી તિર્થો છે. એવા સદ્‌ગુણીજનો જ્યાં વાસ કરે તેનો તીર્થ કહેવાય છે. તેના દર્શન, સ્પર્શ, સેવા સમાગમથી મોક્ષ પ્રાપ્ત થાય છે તથા પતિવ્રતા, સાધ્વી, સતી, સંત, ગુરૂ, આત્મા આ સર્વે કૃષ્ણયોગથી મહાતિર્થો કહેવાય છે તથા કથા, યજ્ઞ, દેવ, મંદિર, મૂર્તિ, એકાદશી, ગૌશાળા, તુલસી આ સર્વે તિર્થો બ્રહ્મલોક અપાવનારા છે. હે સતી, પૃથ્વીની ઉપર વાયુનો લોક છે. તેમાં ભુત, પિશાચ રહે છે. તેથી પર ગ્રહદેવ રહે છે. તે સમૃદ્ધિથી ભરપુર છે. તેથી પર ગાંધર્વ ચારણો રહે છે. તેથી પર વિદ્યાધરો રહે છે. તેથી પર ધર્મપુરીમાં ધાર્મિક રહે છે. તેથી પર મહાપુણ્યશાળીઓ સ્વર્ગમાં સર્વે સુખ, વૈભવો ભોગવે છે. તેથી પર અપ્સરાઓ રહે છે. તે લોક પાલ દિશાની સેવિકા છે. તે સર્વ વિદ્યાઓની જાણનારી, દેવો, ઈશ્વરોને સુખ આપનારી, ઉર્વશી, મેનકા, રંભા, તિલોતમા વગેરે અનંત અપ્સરાઓ નારાયણે નિર્માણ કરેલી છે.

આ સર્વે વાત કર્યા પછી અગત્સ્યમૂનિ અને તેના પત્ની લોપમુદ્રા તિર્થોના દર્શન કરી આકાશ માર્ગે વેંકટાચલ દર્શન કરી કાશી આવ્યા. પછી વેંકટમાં વાસ કર્યો. કાશીમાં સર્વે દેવીઓ અગત્સ્યમુનિના આશ્રમે આવ્યા. ત્યાં લોપામુદ્રાને જોવાથી વેંકટાદી આવ્યા. પરસ્પર મળ્યા સાથે કાશીમાં આવી વાસ કર્યો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પતિવ્રતા લોપામુદ્રાના આ અધ્યાયની કથા જે કન્યા વાંચશે, સાંભળશે તો સતી, સાધ્વી, પતિવ્રતા, લક્ષ્મીસમાન ભક્તિવાળી થશે.

અધ્યાય - ૪૫૬

❖ પરશુરામની ક્ષત્રિયનાશની પ્રતિજ્ઞા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દત્તાત્રેય ભગવાનનો શિષ્ય સહસ્ત્રાર્જુન રાજા એકવાર મૃગયા કરવા વનમાં ગયો. ત્યાં જમદગ્નિ ઋષિના આશ્રમમાં સર્વે સમૃદ્ધિવાળી ગાય જોઈ. તેથી જમદગ્નિ ઋષિને મારીને કામધેનું ગાય રાજયમાં લાવ્યો. જમદગ્નિ ઋષિપત્ની રેણુકા અગ્નિમાં પડી પતિ પાછળ સતિ થઈ. જમદગ્નિના પુત્ર પરશુરામ આવ્યા. પ્રતિજ્ઞા કરી કે, ક્ષત્રિયોનો નાશ કરીશ અને પૃથ્વી અને ધન બ્રાહ્મણોને આપીશ. પછી બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા કહે, શંકર પાસે જઈ શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ગ્રહણ કરો. પરશુરામ કૈલાશ ગયા. શંકર પાસે મંત્ર ગ્રહણ કર્યો -"શ્રીકૃષ્ણાય સ્વાહા" પ્રભુ મારું સર્વકાળે, સર્વસ્થાને, સર્વ અવયવોનું નખશિખા પર્યંત રક્ષણ કરો.

મંત્ર લઈ નર્મદા કાંઠે સૂતા ત્યાં સ્વપ્નમાં શુકનો જોયા. હાથી, ઘોડા, પર બેઠેલા પોતાને જોયા. પુષ્પમાળા, પીળા વસ્ત્ર ગૌમુત્રથી છંટાતા વીણા વગાડતા. દહીં, ઘી, મધ, દૂધપાક જમતા. બ્રાહ્મણો આશિર્વાદ આપતા. ફળ, પુષ્પ, દીપ દેખાતા આવા શુભ શુકન જોઈ જાગ્રત થઈ સહસ્ત્રાર્જુન સાથે યુદ્ધ કરવા પુષ્કર જતા રસ્તામાં શુકનો થવા લાગ્યા. આકાશમાં દેવ દુદુંભી વગાડવા લાગ્યા. હાથી, સિંહની ગર્જના થવા લાગી. નોળિયો, રાજહંસ, મોરલો, કોયલ વગેરે બોલવા લાગ્યા. સ્વસ્થા, ગાય, કન્યા, વિપ્ર, બાલ વગેરે અનેક શુકનો થવા લાગ્યા. સહસ્ત્રાર્જુન રાજાને સ્વપ્નમાં અપશુકનો દેખાવા લાગ્યા. ગધેડા પર બેસી લાલવસ્ત્ર, લોઢા, અલંકારો પહેરી દક્ષિણ દિશામાં જતો હતો. લાલવસ્ત્રવાળી, છુટા કેશવાળી, વિધવા કપાયેલા નાકવાળી જોઈ, પૃથ્વી હાડકા અને ખોપરીથી ભરેલી જોઈ. હાથમાંથી કળશ પડતા. આકાશમાં સૂર્યને પડતા જોયા. નગ્ન પુરુષો જોયા. પોતાની પત્ની મનોરમાંને વનમાં ભીખ માંગતી જોઈ. આવા અનેક અનિષ્ટો જોઈ બીજે દિવસે યુદ્ધ કરવા જતા. પોતાના પતિ સહસ્ત્રાર્જુનના રથ પર મનોરમાં દિવ્ય શરીર ધારણ કરી બેસી ગઈ. રણસંગ્રામમાં પણ સહસ્ત્રાર્જુન રાજાને અપશુકનો થવા લાગ્યા. કુંભાર, ઘાચી, શિકારી, સર્પ, ગરોડી, ઝેર, ખાલી ઘડો કુતરો, શિયાળના અવાજો વગેરે અનેક અનિષ્ટો જોયા.

અધ્યાય - ૪૫૭

❖ સહસ્ત્રાર્જુન રાજાનો નાશ - પતિવ્રતા મનોરમાનું આખ્યાન ❖

પરશુરામ કહે : રાજા, તે દત્તાત્રેયનો શિષ્ય થઈને જમદગ્નિ ઋષિ બ્રાહ્મણની હત્યા કરી. તારી કિર્તી હતી, તે હવે અપકિર્તી થશે. તે કરેલાં ઘોર પાપનું ફળ તને હમણાં જ બતાવું છું. સહસ્ત્રાર્જુન રાજા કહે, તું શ્રીહરિનો અંશ છો અને બ્રાહ્મણ છો માટે તું યુદ્ધ કરવા યોગ્ય નથી. બ્રહ્મનું ચિંતન કરે તેને બ્રાહ્મણ કહેવાય છે. તપ કરી સહનશીલ તેજસ્વી તે બ્રાહ્મણ કહેવાય. ક્ષત્રિય રાજર્ષિ છે. તેથી રાગથી અંધ થઈને ગાય માંગી તો તારા પિતા એ મારા સૈન્યોનો નાશ કર્યો. તેથી મેં તારા પિતાનો વધ કર્યો. પણ તું તો બ્રાહ્મણ પૃથ્વીને નિક્ષત્રિય કરવા તૈયાર થયો છે. રાજાના આવા વચનોથી પરશુરામ કહે, મેં તારા જેવા અધર્મીનો નાશ કરવા પ્રતિજ્ઞા લીધી છે.

રાજાના આવા વચનોથી પરશુરામે ક્રોધ પામી બાણો છોડ્યા પણ રથ પર બેઠેલી સહસ્ત્રાર્જુન રાજાની પત્ની પતિવ્રતાના પ્રભાવથી બાણો સ્વયં કપાણા પછી પરશુરામના ચાર ભાઈઓ તથા શિષ્યો રાજાના સૈન્યોનો નાશ કરતા હતા. રાજાએ ફેકેલા દિવ્ય અસ્ત્રોને મુનિઓ કાપી નાખતા હતા. પછી પરશુરામ ત્રિશુળ ફેંકતા હતા. ત્યાં આકાશવાણી થઈ. રાજાએ શિવનું દિવ્ય કવચ પહેર્યું છે. તેથી ત્રિશૂળ નિષ્ફળ જશે. જેથી પરશુરામે યતિનું રૂપ લઈ દિવ્ય કવચ માંગી લીધું. પછી પરશુરામે બાણથી રાજાને મૂર્છિત કર્યા. રાણીએ પતિવ્રતાથી રાજાને જાગ્રત થવા કહ્યું. રાજા તરત બેઠો થયો. પછી રાણીએ રાજાને કાંડે લક્ષ્મીકવચ બાંધ્યું. ત્યાં પરશુરામ કુહાડી લઈ મારવા આવ્યા. ત્યાં વિષ્ણુ ભગવાને કહ્યું. રાજાને કાંડે કવચ છે. તેથી તે મરશે નહીં.

વિષ્ણુ ભગવાન બ્રાહ્મણ રૂપે રાજા પાસે આવી કવચની ભિક્ષા માંગી. રાણીએ ના પાડવા છતાં રાજાએ કવચ છોડી નાખ્યું. વિષ્ણુ ભગવાને પરશુરામને કવચ આપ્યું પછી પરશુરામે શંકરે આપેલા પાશુપત શસ્ત્રથી સહસ્ત્રાર્જુન રાજાનો નાશ કર્યો અને રાજાની નગરી માહીસ્મતી બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. એવી રીતે વિષ્ણુના અંશરૂપ પરશુરામે એકવીસ વાર પૃથ્વી પર ફરીને અધર્મી ક્ષત્રિયોનો નાશ કરી સર્વે પૃથ્વી બ્રાહ્મણોને દાનમાં આપી દીધી પછી પરશુરામથી ભય પામેલી કેટલીક ક્ષત્રિયાણીઓ ગર્ભવાળી હોવાથી હિમાલયની ગુફાઓમાં વાસ કર્યો. તેનાથી ફરી ક્ષત્રિયો આ પૃથ્વી પર થયા પછી પરશુરામે તે ક્ષત્રિયોના લોહીના કુંડથી માતાપિતાને શ્રદ્ધાંજલિ આપી પછી અન્નજળનું શ્રાદ્ધ કરી ભોજન કરાવ્યું. પછી પરશુરામ પ્રતિજ્ઞા પુરી કરી શંકરને પૂજવા કૈલાસમાં જતા દરવાજે ગણેશે અટકાવ્યા. પરશુરામે ક્રોધથી ગણેશનો એક દાંત ખેચી લીધો તેથી ગણેશ એકદંત કહેવાયા. પરશુરામે શિવ-પાર્વતીની પૂજા કરી મહેન્દ્ર પર્વત પર તપ કરવા ચાલ્યા ગયા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ તને સહસ્ત્રાર્જુન રાજાની રાણી પતિવ્રતા મનોરમાનું આખ્યાન કહ્યું તેને જે વાંચશે સાંભળશે તે સર્વે ભુક્તિ અને મુક્તિ પામશે.

અધ્યાય - ૪૫૮

❖ વૈશ્વાનરની પત્નિએ પતિને સજીવન કરી ઈન્દ્રને દંડીત કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સ્વર્ગ પરથી અર્ચીસ્મતિપુરીમાં ત્યાં યજ્ઞ કરનારા પંચાગ્નિ તાપનારા, અગ્નિપૂજા કરનારા એક પત્નિવ્રત દિવ્ય સુખ ભોગવી વાસ કરે છે. ત્યાં જવાની ઈચ્છાવાળા બ્રાહ્મણ વિશ્વાનર નર્મદા કાંઠે રહી પંચયજ્ઞ પરાયણ રહી બ્રહ્મયજ્ઞ કરતા હતા. તેની પત્ની કહે તમારી કૃપાથી સર્વશાંતિમય છે પણ વંશ રાખનાર એક પુત્ર આપો. બ્રાહ્મણ કાશી ગંગા કાંઠે તપ કરવા ગયો. એક માસ એકટાણું. એક માસ નક્ત ભોજન. એક માસ અયાચિત અનશન, એક માસ ફળફુલ, એક માસ ભાજી, એક માસ દૂધ, એક માસ મુઠી તલ, મહિનો પાણી, મહિનો ચાંદ્રાયણ, મહિનો શ્વાસભક્ષણ, એ રીતે એક વર્ષ તપ, જપ કર્યું. ત્યાં લિંગમાં શંકરે બાણરૂપે પ્રગટ થઈ દર્શન દીધા. બ્રાહ્મણે સ્તુતિ કરી કહ્યું. પ્રભુ પુત્ર આપો. શંકર કહે, હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈશ. બ્રાહ્મણ ઘરે ગયો. સમય જતા પુત્ર થયો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. ઋષિમુનિઓએ આવી આશિર્વાદ આપ્યા. પિતાએ ગૃહપતિ નામ પાડ્યું. નવમે વર્ષે પુત્રને વેદાભ્યાસ કરાવ્યો.

ત્યાં નારદજી આવી કહે, તમે દંપતી ભક્તિવાળા હોવાથી આ ગુણિયલ પુત્ર પ્રાપ્ત થયો છે. માતા-પિતાની સેવા તે તીર્થરૂપ છે. બાળકની હસ્તરેખા શરીર ચિહ્ન જોઈ કહે, આ તમારો પુત્ર રાજા થશે. અનેક સુલક્ષણો હોવાથી તમારો પુત્ર બાર વર્ષના થશે ત્યારે અગ્નિથી રક્ષણ કરવું. નારદ એમ કહી ચાલ્યા ગયા. પછી બાળકના પિતા કાશીમાં ગંગાકાંઠે મૃત્યુંજય મંત્રનો જપ કરી તપ કર્યું. બે વર્ષ સુધી તપ કર્યું. ત્યાં અહીં ઘેર ઈન્દ્ર આવી કહે વરદાન માંગ. બાળક કહે, મારે તારી પાસેથી વરદાન નથી જોતું. મને તો શંકરભગવાન વરદાન આપશે. ત્યારે ઈન્દ્રે ક્રોધ પામીને બાળક પર વજ્ર ફેક્યું. શંકરભગવાન પ્રગટ થઈ વજ્ર હાથમાં લઈ લીધું પણ બાળકને લાગવા દીધું નહીં. પછી ઈન્દ્ર સ્વર્ગમાં ગયો. શંકરભગવાન બાળકને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" એ મંત્ર તથા ચિરંજીવીના આશિર્વાદ આપી કહ્યું કે, રાજ્યવાળો થઈશ અને વૈશ્વાનર અગ્નિરૂપે થઈશ. પછી વૈશ્વાનર તપ કરી ઘેર આવ્યો. પુત્રને જીવતો જોઈ આનંદ પામી સર્વએ ઉત્સવ કર્યો. તેમાં દેવો આવ્યા. ઈન્દ્રે આવી વૈશ્વાનર પર વજ્ર ફેંક્યું. વૈશ્વાનર મૂર્છિત થયો. વૈશ્વાનરની પત્નીએ પતિવ્રતાના પ્રભાવથી વૈશ્વાનરને જીવિત કર્યો અને ઈન્દ્રને આકાશથી નીચે પાડ્યો. ઈન્દ્રે સતીને પ્રાર્થના કરી. વૈશ્વાનર પત્ની કહે, કૃષ્ણભક્તમાં, સતીમાં, ગુરુભક્તમાં, જો તું વજ્રનો ઉપયોગ કરીશ તો નિષ્ફળ જશે.

અધ્યાય - ૪૫૯

❖ કર્ણાટકનાં રાજા મલયકેતુ અને રાણી કલાવતીની મોક્ષગતિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે - ઈશાન દેવ પૃથ્વી પર ફરવા નીકળ્યા. તેને સ્નાન કરવાની ઇચ્છા થઈ. તેથી ત્રિશૂલ પૃથ્વીમાં નાખ્યું. ત્યાં નારાયણના અંગમાંથી પાણી આવ્યું. ત્યાં ઈશાનદેવે શિવલિંગને સ્નાન કરાવ્યું તે કાશીમાં જ્ઞાનવાપી તીર્થ થયું. પછી પોતે સ્નાન કર્યું. ત્યાં વિશ્વેશ્વર શંકરે પ્રગટ થઈને આશિર્વાદ અને જ્ઞાન આપ્યું. કાશીમાં હરિસ્વામી વિપ્રની કન્યા સુશીલા કૃષ્ણનારાયણની ભક્તા હતી. આખો દિવસ કૃષ્ણભક્તિ કરતી. તેને શંકરનો ભક્ત વિદ્યાધર ગાંધર્વ વિધિથી પરણ્યો. સુશીલા પતિને પરમેશ્વર માની પૂજતી. એકવાર રાક્ષસે તેના પતિને મારી નાખ્યો. સતીએ શાપ આપી રાક્ષસને ભસ્મ કર્યો. પછી પોતે પતિ પાછળ સતી થઈ અને બીજે જન્મે કર્ણાટક દેશમાં પતિ-પત્ની મલયકેતુ અને કલાવતી નામે રાજારાણી થયા. કલાવતી પૂર્વજન્મનાં સંસ્કારને લઈને કૃષ્ણનું અને શિવનું ભજન કરતી. વ્રત, જપ, તપ, દાન, પૂજા, ઉત્સવ, કથા, ગુરુ પૂજન, કર્મ, ધર્મ, સત્યઆચરણ, ભગવદ્ ભક્તિ કરનારી આર્યનારી સાધ્વી પતિવ્રતા કહેવાય છે. તે પોતાનો અને પતિના કુટુંબનો મોક્ષ કરે છે. એ રીતે રાણી કલાવતી ધર્મકાર્ય કરી ભગવાનની પૂજા ભક્તિ કરતી હતી.

એકવાર રાજાએ કહ્યું, આપણે કાશી તીર્થ કરવા જઈએ. ત્યાં શંકર ભગવાન તથા સર્વે દેવો વાસ કરે છે. તથા જ્ઞાનવાપી, ગંગાનદી, કાશીવિશ્વનાથ વગેરે તિર્થોમાં દર્શન કરી આ આત્માનો મોક્ષ સાધી લઈએ. રાજા પણ મુમુક્ષુ હોવાથી પોતાના પુત્રને રાજ્ય ગાદી આપી રાજારાણી બન્ને કાશીમાં આવી. ગંગામાં સ્નાન કરી વિપ્રોને ભોજન દાન આપી કાશીમાં સર્વે તિર્થોના દર્શન કરી, જ્ઞાનવાપી તીર્થમાં આવી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળતા હતા. ત્યાં શંકરભગવાન જટાવાળા જોગી વેષે આવી આશિર્વાદ આપીને રાજારાણીને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" એ મંત્ર આપ્યો અને કહ્યું ધ્યાનમાં બેસો અને ચાલો મોક્ષમાં. રાજારાણી ધ્યાનમાં મગ્ન થયા ત્યાં દેહ પડી ગયો. વિમાન આવ્યું ને ચતુર્ભુજરૂપ ધારણ કરી પ્રભુના પાર્ષદો સાથે ગોલોક ધામમાં ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે પતિવ્રતાના પ્રભાવથી સુશીલાને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થઈ. આ તીર્થના અધ્યાયની કથા જે વાંચશે, સાંભળશે તે સર્વ મોક્ષને પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૪૬૦

❖ બ્રહ્મા દ્વારા નિર્માણ કરેલી નારી સદા પવિત્ર છે ❖

શ્રીલક્ષ્મી પુછે : હે પ્રભુ, તમારા મુખથી પતિવ્રતાની કથાઓ અને ધર્મ સાંભળ્યા. હવે સ્ત્રીના દેહ સંસ્કારથી પવિત્ર છે કે વિવાહથી તે કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સ્ત્રીઓ સદાને માટે પવિત્ર છે. તે ક્યારે પણ દૂષિત થતી નથી. પૂર્વે ચંદ્ર, ગાંધર્વ, અગ્નિ વગેરે દેવોએ સ્ત્રીઓને ગ્રહણ કરી છે. પછી મનુષ્યોએ ગ્રહણ કરી તેથી સ્ત્રી પવિત્ર જ છે. આઠ વર્ષે ગૌરી, નવ વર્ષે રોહિણી દસથી ચૌદ વર્ષ સુધી કન્યા કહેવાય છે. પછી રજસ્વલા થાય છે. શયન, આસન વાહનશબ સ્ત્રી મુખ, દાભડો, વ્યાતિ ગાય, વત્સ આ સર્વે પવિત્ર છે. અને અગ્નિ સ્વભાવથી પવિત્ર તે રીતે વંશ વધારનાર બ્રહ્માએ નિર્માણ કરેલી નારી સદા પવિત્ર છે. તેમ આપત્કાળે, બળાત્કારે, ચોર વગેરેથી ભોગવાયેલી નારીનો ત્યાગ ન કરવો.

ભાગ્યને ઈચ્છતા પુરુષોએ અન્ન, વસ્ત્ર, આભુષણોથી નારીનો સત્કાર કરવો જેથી દેવો પ્રસન્ન રહે છે. જે ઘરમાં પતિથી પત્ની સંતોષ પામે છે. પત્નીથી પતિ સંતોષ પામે છે. તે ઘરમાં પગલે પગલે કલ્યાણ રહેલું છે. અશ્વ મુખથી પવિત્ર છે, ગાય પુચ્છથી પવિત્ર, સાધુઓ ભગવા વસ્ત્રથી પવિત્ર, સ્ત્રીઓ રજસ્વલાથી પવિત્ર, ધાતુથી ગર્ભપવિત્ર, બાળક જન્મથી પવિત્ર, મંત્ર ઉચ્ચારણથી પવિત્ર, શિષ્યો દિક્ષાથી પવિત્ર, શરીર વ્રતથી પવિત્ર, સંત યતિથી પવિત્ર, પત્ની સ્નાનમાં દૂધ સદા પવિત્ર, ભાવનાથી કન્યા, યુવતી અને વૃદ્ધા પવિત્ર છે.

અધ્યાય - ૪૬૧

❖ સૂર્ય દ્વારા દ્રૌપદીને વરદાનમાં અક્ષયપાત્ર ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જગતમાતા પાર્વતીના અંશરૂપે દ્રૌપદી યજ્ઞકુંડમાંથી પ્રગટ થઈ ઈશ્વરીયઅંશો પાંચ પતિ કરી વનમાં પાંડવોની સેવા કરતી હતી. ત્યાં અતિથિઓ પણ ઘણા આવતા. તેથી દ્રૌપદીએ સૂર્યની સ્તુતિ ઉપાસના કરી, પ્રસન્ન કર્યા. સૂર્યએ આવી વરદાન માગવા કહ્યું. દ્રૌપદી કહે, એવું ધન આપો જે સાચવવું ન પડે અને અતિથિ સેવા થાય. સૂર્યે થાળી, અક્ષયપાત્ર આપ્યું. જેટલા અન્નાર્થીઓ આવશે તેટલા તૃપ્ત થશે. તારા જેવી સાધ્વી પતિવ્રતા જગતમાં ધારે તે કરી શકે. તું લક્ષ્મી, પાર્વતીસમાન છે. જયા, લલિતાસમાન છે. પ્રભા, પાર્વતી, રાધા, રમા, સીતા, તુલસી, રૂક્ષ્મણિસમાન છે અને તારી સહાયમાં સાક્ષાત પ્રભુ શ્રીકૃષ્ણ રહેલા છે. તેના ભક્ત પાંડવોની તું પત્ની છે. કાગડી હંસી થતી નથી. દાસી કદી રાણી થતી નથી. માટે દ્રૌપદી શ્રીકૃષ્ણનું ભજન કરજે. એમ કહી સૂર્ય અદૃશ્ય થયા.

તે સમયે દુર્યોધનના કહેવાથી દુવાર્ષા ઋષિ દશ હજાર શિષ્યો લઈને અતિથ્ય કરવા પાંડવો પાસે આવ્યા. પાંડવોએ ભોજન કરી અક્ષયપાત્ર ખાલી કર્યું હતું. દ્રૌપદીને ચિંતા થઈ શ્રીકૃષ્ણ ભગવાનને સંભાર્યા. તરત આવ્યા. પાત્રમાં રહેલ ભાતનો દાણો તથા એક પાંદડું મુખમાં મુકી કૃષ્ણ પ્રભુ બોલ્યા, વિશ્વંભરતૃપ્ત. ત્યાં દુર્વાષા ઋષિ અને શિષ્યો તૃપ્તિ પામી ઓડકાર ખાવા લાગ્યા. નદીએથી બારોબાર વનમાં ગયાં. એ રીતે દ્રૌપદી પતિવ્રતાના પ્રભાવથી અને પ્રગટ ભગવાનની ભક્તિથી અતિથિ સત્કાર વગેરે ધર્મકર્મ કરતા.

અધ્યાય - ૪૬૨, ૪૬૩

❖ ગરૂડે પોતાની માતા વનિતાને દાસીપણામાંથી છોડાવી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે બ્રહ્માના કશ્યપથી વનિતાને ગરૂડ થયા. જન્મતા જ મા પાસે ખાવાનું માગ્યું. વિનતા કહે, તારા પિતા મેરુ પર્વત પર છે, તેની પાસે જા. ગરૂડ પિતા કશ્યપ પાસે જઈ કહે, મને ભુખ લાગી છે. ખાવાનું આપો. કશ્યપ કહે, સમુદ્રમાં માછલા છે. તે ખાવા માંડ. ગુરુડે માછલા ખાધા ત્યારે પેટમાં અગ્નિ વૃદ્ધિ પામ્યો. પછી સમુદ્રમાંથી કાચબો અને હાથી ઉપાડીને વૃક્ષ પર બેઠા ત્યાં ડાળ ભાંગી. ત્યાંથી સત્યલોકમાં ગયા. ત્યાં બ્રહ્મા વિષ્ણુને કહ્યું. મારી ભુખ શાંત કરો.

ત્યારે વિષ્ણુ કહે, મારું વાહન થઈને મારી ભુજા પર બેસીને મારી ભુજાને ખાવા માંડ. પછી ગરૂડની ભુખ શાંત થઈ પછી વનિતા પુત્ર ગરૂડને કહે, મને દાસીપણાથી મુક્ત કર. એકવાર વનિતાને કશ્યપ પત્ની કહે સૂર્યના અશ્વો ધોળા છે કે કાબરા ? ત્યારે વિનતા કહે ધોળા. ત્યારે કહુંએ પોતાના પુત્ર સર્પને કહ્યું, તમે સૂર્યના અશ્વોને ચોંટી જજો. બીજે દિવસે સર્પો અશ્વને વિંટાઈ ગયા. કહું કહે, જો સૂર્ય અશ્વ કાબરા છે. વિનતા હારી ગઈ તેથી કહુંનું દાસીપણું કરવું પડ્યું. ગરૂડ કહે, મારા જેવો પુત્ર અને તારે દાસીપણું કરવું પડે નહીં. તો માટે ઉપાય બતાવ. વનિતા કહે, સ્વર્ગમાંથી અમૃતનો ઘડો લાવીને કહુંને આપીશ. તો હું દાસીપણાથી મુક્ત થઈશ.

ગરૂડ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતો સ્વર્ગમાંથી અમૃત કળશ લેવા ઉપડ્યો. ત્યાં ઈન્દ્રે આવી વજ્રનો ઘા કર્યો. ગરૂડ કહે, હું માતૃભક્ત પ્રભુનો ભક્ત હોઉ તો વજ્રથી મારું રક્ષણ થાય. રક્ષણ થયું પછી ગરૂડે અમૃત કળશ લાવી વિનતા માતાને આપ્યો. વનિતા એ કહુંને આપી દાસીપણાથી મુક્ત થઈ. પછી ગરૂડ કહે, અમૃત સ્નાન કર્યા વિના પીવાય નહીં. પછી સમુદ્રમાં સ્નાન કરી પછી પીજો. સર્પો સમુદ્રમાં સ્નાન કરવા ગયા. ગરૂડે અમૃતકળશ દાભડામાં મુક્યો. ત્યાં ઈન્દ્ર આવી અમૃત કળશ લઈને ઝેરનો કળશ ઢોળી નાખ્યો. સર્પો સ્નાન કરીને આવ્યા અને દાભડામાં અમૃત માની ચાટવા લાગ્યા તેથી સર્પની જીભો બે-બે થઈ.

અધ્યાય - ૪૬૪

❖ લક્ષ્મીનારાયણ દ્વારા લીલાવતીને પતિવ્રતા ધર્મનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે કાશીમાં દિવોદાસ રાજાની પત્ની લીલાવતી લક્ષ્મીનારાયણની ભક્તાણી અને પતિવ્રતા હતી. એકવાર તેને વિચાર આવ્યો પહેલા કોની પૂજા કરું. ત્યાં લક્ષ્મીનારાયણ ભગવાને પ્રગટ થઈ કહ્યું. પહેલી પૂજા પતિની કરવી. તે પતિ બે કહેવાય. એક શરીરના પતિ, બીજા આત્માના પતિ. શરીરનું પાલન કરે તે શરીરનો પતિ, આત્માનું પાલન કરે તે આત્મપતિ ભગવાન છે. તેથી બ્રહ્મચર્યથી શરીરનું રક્ષણ કરી પતિવ્રત પાળી શિલવ્રતવાળા યોગી, બ્રહ્મચારીઓ બ્રહ્મલોકમાં જાય છે. તેથી નરનારીઓએ નિયમથી જ પ્રજાની ઉત્પતિ માટે વ્યવહાર કરી સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરવો. તથા અન્નપણ દેહનું જીવન છે. તેથી અન્નને બ્રહ્મ કહ્યું છે. તે અન્નથી પાંચ યજ્ઞો કરવા તે પતિવ્રતા કહેવાય છે. અન્નવસ્ત્રનું દાન સ્વર્ગ અને મોક્ષ આપે છે.

વૃદ્ધ માતા-પિતા, સાસુ, સસરા, વડીલ, ત્યાગી, વિદ્વાન તપસ્વી શ્રેષ્ઠ પુરુષ ગુરુ, રાજા વગેરેનું અપમાન ન કરવું. તે પણ પતિવ્રત કહેવાય છે તે સ્વર્ગ અને મોક્ષ આપે છે. તથા રાગદ્વેષથી યુક્ત કામ, ક્રોધ, લોભ, મોહ, વાસનાવાળા મનનું સાત્વિક ભાવથી રક્ષણ કરવું. તે પણ પતિવ્રત છે. વશ થયેલું મન સ્વર્ગ અને મોક્ષ અપાવે છે તથા જ્ઞાનવિજ્ઞાન આત્મા પરમાત્માના શરીરનું જ્ઞાન કરાવનારું કૃષ્ણરૂપી અમૃત તે પણ પતિવ્રત છે. તે શાશ્વત આનંદ આપે છે તે પરબ્રહ્મ છે. તે પ્રભુની નવધાભક્તિ, શ્રવણ, કિર્તન, સ્મરણ, સેવા, અર્ચન, વંદન, દાસભાવ, સખાભાવ, આત્મનિવેદનથી શ્રીહરિકૃષ્ણ આત્મામાં દર્શન આપે છે અને પોતાના ધામમાં મૂર્તિનું સુખ આપે છે. એ રીતે લીલાવતી, મહાન વૈષ્ણવભકત દિવોદાસ રાજા પાંચ પ્રકારે પતિવ્રતાથી પૂજન કરી અંતે પ્રભુના ધામને પામ્યા.

અધ્યાય - ૪૬૫

❖ ધૂતપાયાએ તપ કરી ધર્મદેવને પતિરૂપે પ્રાપ્ત કર્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જ્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સ્નાન કર્યું છે, બેઠા છે. તે કાશીમાં પંચગંગા તીર્થમાં વેદશીરા મુનિ તપ કરતા હતા. ત્યાં શુશી અપ્સરા આવી. મુનિનો સત્વ પાણીમાં પડ્યો. શુશીએ પીધો. ગર્ભ રહ્યો. મુનિ કહે, જેનું મન સંસારમાં આશક્ત નથી તેને દોષ લાગતો નથી, શુશી ગર્ભને જન્મ આપી કન્યાને મુનિ પાસે મુકી સ્વર્ગમાં ચાલી ગઈ. મુનિએ કન્યાને મૃગલીનું દૂધ પાઈ મોટી કરી. દશ વર્ષની થઈ પછી પિતા વેદશીરાએ કન્યા ધૂતપાયાને પૂછ્યું, તને કોની સાથે પરણાવું ? ધૂતપાયા કહે, જે

પવિત્ર હોય, આ લોક-પરલોક સુખ, શાંતિ, આનંદ આપનાર હોય, જે ક્યારે પણ નાશ ન થાય, જે સર્વે આપત્કાળથી રક્ષા કરે, જે સદા પડખે રહે, જેની પાસે ભય નથી, જેને આધારે સર્વે બ્રહ્માંડો રહે છે. એવા ગુણો જેમાં હોય તેની સાથે મને પરણાવો.

મુનિ કહે, બેટા તારા જેવી પુત્રી તો કુળનો ઉદ્ધાર કરે છે. તું ધર્મવાળી અને જ્ઞાનવાળી છો અને એવા જ્ઞાનવાળા તો ધર્મદેવ છે. તે તો તપ કરવાથી પ્રાપ્ત થાય અથવા બહું જન્મના પુણ્ય હોય તો પ્રાપ્ત થાય. પિતાનું વચન સાંભળી ધૂતપાયાએ કઠીન તપશ્ચર્યા કરી. ઉનાળામાં પંચાગ્નિ તાપે. શિયાળામાં પાણીમાં બેસે. ચોમાસામાં વર્ષાધારે રહે. ખાવાપીવાનું છોડી દીધું. તપથી બ્રહ્મા પ્રસન્ન થઈ કહે, વરદાન માંગ. ધૂતપાયા કહે, મને સર્વેથી અતિ પવિત્ર કરો. બ્રહ્મા કહે, તારા જેવી તપસ્વી કન્યાના રોમરોમમાં તિર્થો રહેલા છે. અડસઠ તિર્થો પણ તારા શરીરમાં રહેલા છે. એમ કહી બ્રહ્માએ આશિર્વાદ આપ્યા. બીજા જન્મમાં તું ધર્મપત્ની મૂર્તિદેવી દક્ષને ત્યાં પ્રગટ થઈશ અને તારે ત્યાં શ્રીહરિ પ્રગટ થશે. ધૂતપાયા પિતા પાસે ગઈ, પિતા જાણી ખુશી થયા. પછી ધૂતપાયા ધર્મદેવની પતિભાવે સેવા પૂજા કરવા લાગી. ધર્મદેવ આવી વેદશીરા મુની પાસે આવી કન્યાની યાચના કરી. મુનિએ આપી. ધર્મદેવ ધૂતપાયાએ દિવ્યરૂપે ગંગા નદીમાં વાસ કર્યો. તે ધર્મનદ તીર્થ કહેવાય છે. સૂર્યએ ત્યાં તપ કર્યું. તેને પરસેવો વળ્યો તેની કિરણા નામે નદી થઈ. તે કિરણા, ગંગા, યમુના, સરસ્વતિ અને ધૂતપાયા આ નદી ભેગી થવાથી પંચગંગા તીર્થ થયેલું છે. ત્યાં દાનપુણ્ય, પિતૃતર્પણ કરવાથી સર્વ પાપથી રહિત થવાય છે.

એકવાર ધર્મદેવ ચાતુર્માસમાં પંચનદ તીર્થમાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથાપારાયણ વાંચતા હતા. તેમાં દેવો, ઋષિ, મુનિઓ પિતૃઓ, માનવો, સર્વ કથા શ્રવણ કરવા આવ્યા. ત્યારે ધૂતપાયાએ સંકલ્પ કર્યો. જો હું ધર્મદેવની પતિવ્રતા ધર્મવાળી હોઉં તો પચાસ ગાઉંના નગરની રચના અને ખાવા-પીવાની સર્વે વસ્તુથી ભરપુર થાઉં. ત્યાં દૂધ દહીંનાં, ઘી, મધના કુંડ, અન્ન, સાકરના પર્વતથી યુક્ત નગરીની રચના થઈ. પૃથ્વીના સર્વે રાજાઓ સમૃદ્ધિઓ જોઈ આશ્ચર્ય પામ્યા. ચતુર્માસ કથાયજ્ઞ, હોમહવન, યજ્ઞભોજન યજ્ઞ થતા તેમાંથી શ્રીહરિની દેવીઓ દુર્ગા, સરસ્વતી, લક્ષ્મી, સાવિત્રી, રાધા, જયા, લલિતા, દયા, રમા, પદ્મા, પાર્વતી, પ્રભા, હંસા, મંજુલા, શાંતિ, શાંતા, પદ્મિની, હેમલતા, મુક્તા, મૌકિત દેવી સર્વે સેવામાં હતા. કથાને અંતે સર્વેને ધર્મદેવે દાન, દક્ષિણાઓ, ભેટ વગેરે આપ્યા. યજ્ઞને અંતે સર્વે સમૃદ્ધિ અદૃશ્ય થઈ.

અધ્યાય - ૪૬૬

❖ રાધા પ્રાગટ્ય - રાધા વિવાહ - રાધાના માતા-પિતાને મોક્ષનું વરદાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રાધાના માતા-પિતા પૂર્વજન્મમાં હિમાલયમાં સુચંદ્ર રાજા-રાણી હતા. મોક્ષની ઇચ્છાવાળા રાજાએ બે હજાર વર્ષ તપ કર્યું. માથે રાફડો જામી ગયો. રાણી કલાવતી પતિનું કેવળ હાડપિંજર જોઈને રોવા લાગી. ત્યાં બ્રહ્મા આવ્યા. રાજાને વરદાન માગવા કહ્યું. રાજાએ મોક્ષ માગ્યો. રાણી ઉદાસ થઈને કહે, પિતામહ તમે મારા પતિને મોક્ષ આપો, તો હું એકલી કેમ રહી શકુ ? કન્યાનું રક્ષણ પિતા કરે. પત્નીનું રક્ષણ પતિ કરે. વૃદ્ધાપણમાં પુત્ર રક્ષણ કરે. પત્નીનું સર્વસ્વ પતિ છે. તેથી મને પણ મારા પતિ સાથે જવા દો.

બ્રહ્મા પ્રસન્ન થઈ કહે, તમે બન્ને મોક્ષ પ્રાપ્ત કરશો. પણ પ્રભુની ભક્તિ વિના મોક્ષમાં જવાતું નથી. તેથી તમો સ્વર્ગમાં ગયા પછી જન્મ ધારણ કરશો. તેમાં તમને પ્રભુ મળશે. પછી સુચંદ્ર રાજા યમુનાતટે વૃષભાનું અને સુરભાગુ પુત્રી કલાવતી થયા અને કલાવતી કાન્યકુબ્જ દેશમાં જન્મ લઈને પદ્માવતી થઈ તે વૃષભાનુને વરી. તેને રાધા નામે કન્યા થઈ. તે રાધાનો વિવાહ શ્રીકૃષ્ણ ભગવાન સાથે બ્રહ્માએ કરાવ્યો. એકવાર રાધાજીએ વૃંદાવનમાં એકાંતમાં શ્રીકૃષ્ણ ભગવાનને યમુના જળથી સ્નાન કરાવ્યું. ત્યારે પ્રભુએ ગોલોકની ગાયો સંભારી. તરત સુનંદા સમુના સુશીલા સુરભિ કપિલા આ પાંચ ગાયો આવી અને જન્મજયંતિએ પ્રભુને દૂધથી સ્નાન કરાવીને કાશીમાં આવી શંકરને દૂધથી નવરાવ્યા તે કપિલાહદ તીર્થ થયું. પછી ગાયો ગોલોકમાં ગઈ.

અધ્યાય - ૪૬૭

❖ કલાવતી અને ત્રણેય સખીઓ કૃષ્ણ સાથે વિવાહ કરી ગોલોક ગઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે એક નર્તકી શંકરને પતિ માની શિવાલયમાં ગીત નૃત્યુ કરતી હતી. તે બીજે જન્મે કાશીમાં ગાંધર્વ કન્યા થઈ. તે કલાવતી પોતાની ત્રણ સખીઓ સાથે શિવાલયમાં રોજ ગીત-સંગીત સાથે નૃત્ય કરી શંકરને પ્રસન્ન કરતી.

એકવાર શંકર ભગવાનને કલાવતીએ પૂછ્યું, પ્રભુ તમે આ કંઠી, તિલક, ચાંદલો વૈષ્ણવ ચિહ્ન ધારણ કર્યા છે. તે કોના છે. હું તો તમને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જાણું છું. શંકર કહે, બાલા તે બહું સારું પૂછ્યું. આ તિલક મારા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનારાયણનું ચરણ છે. ચાંદલો તે લક્ષ્મીજી છે. તુલસીની કંઠી, માળા છે. તે શ્રીહરિની પત્ની છે. શંકરનું વચન સાંભળી કલાવતી કહે, પ્રભુ તમે જેનો જપ કરો છો તે મારા પતિ થાય. શંકર કહે, તથાસ્તુ. આ તારી સખીઓ પણ કૃષ્ણ પત્નીઓ થશે. કલાવતી અને ત્રણે સખીઓને રાત્રે

સ્વપ્નમાં શ્રીકૃષ્ણનારાયણ દર્શન, સ્પર્શ, રતિસુખ આપી અદૃશ્ય થયા. સવારે જાગીને એકબીજાને વાત કરી માતા-પિતાને વાત કરી મહાદેવની પ્રસન્નતાથી વરદાનથી અમારા પતિ કૃષ્ણનારાયણ થશે. માતા-પિતાએ મંડપ તૈયાર કરાવ્યો. કૃષ્ણનારાયણ આવે તો તમારા વિવાહ પ્રભુ સાથે કરી દઈશ. કન્યાઓ પ્રભુના કિર્તન, નૃત્ય કરતી હતી ત્યારે રાત્રે કૃષ્ણનારાયણે આવી સર્વને દિવ્ય દર્શન આપ્યા. પીળા પિતાંબર, સુવર્ણના અલંકારોથી શોભાયમાન અલૌકિક મૂર્તિના દર્શન કરી કન્યાના માતા-પિતાએ બ્રાહ્મમુહૂર્તમાં અગ્નિની સાક્ષીએ કૃષ્ણનારાયણને કન્યાદાન આપ્યું. અનેક ભેટો આપી. તે સર્વે પ્રભુએ ગ્રહણ કરી. સર્વે કન્યાઓને રાધાલક્ષ્મી સમાન રૂપ ધારણ કરાવી વિમાનમાં બેસાડીને ગોલોકમાં લઈ ગયા. એ રીતે જે નર, નારીઓ પ્રભુને પતિભાવે ભજે છે તેને ભગવાન પોતાના ધામમાં લઈ જાય છે.

અધ્યાય - ૪૬૮

❖ બ્રાહ્મણ પત્નિઓનો ત્રણ સ્વરૂપે સ્થાનોમાં વાસ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર શ્રીકૃષ્ણ ભગવાન બળદેવની સાથે ગાયો ચારતા હતા ત્યારે ગોપ-ગોવાળોને ભુખ લાગી. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, અહીં બ્રાહ્મણો યજ્ઞ કરે છે તેની પાસે જઈ માગો. તે ન આપે તો તેની પત્નીઓ પાસે જઈ માંગજો. બાળકો યજ્ઞ કરતા બ્રાહ્મણો પાસે ગયા અને કહ્યું કૃષ્ણ બળદેવને અને અમને ભુખ લાગી છે. ખાવાનું આપો. બ્રાહ્મણોએ સાંભળ્યું જ નહીં. ધ્યાન આપ્યું નહીં. એટલે બાળકો બાજુમાં રસોઈ કરતી બ્રાહ્મણ પત્નીઓ પાસે જઈ કહે, કૃષ્ણ ભગવાન ભૂખ્યા થયા છે, તો કાંઈ ખાવાનું આપો. બ્રાહ્મણ પત્નિઓ કહે, ક્યાં છે કૃષ્ણ પ્રભુ ? બાળકો કહે, મધુવનમાં બેઠા છે. બ્રાહ્મણ પત્નીઓ દૂધપાક-મિષ્ટાન્ન લઈને બાળકો સાથે કૃષ્ણ પ્રભુ પાસે આવી. દર્શન કરી, સ્તુતિ કરવા લાગ્યા. હે પ્રભુ, તમે બ્રહ્મ છો. સગુણ છો, નિર્ગણ છો, સાકાર છો, નિરાકાર છો, નિર્લેપ છો, મુક્તથી સેવાયેલા રાધા-રમાથી સેવાયેલા, યોગીના ધ્યાનમાં ન આવે એવા હે પ્રભુ, તમને કોટી નમસ્કાર.

બ્રાહ્મણ પત્નીઓની સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રભુ કહે, સર્વેને ભોજન આપો. પછી સર્વેને ભોજન આપ્યા તેથી પ્રસન્ન થયેલા પ્રભુ કહે, પૂર્વે તમે સાત ઋષિ-પત્ની હતા. અગ્નિએ રજોગુણથી તમારું વ્રત ભંગ કરવાથી અંગિરા ઋષિએ અગ્નિને નપુંસક થવાનો શાપ આપ્યો કે, તમે મનુષ્યજન્મ પામી બ્રાહ્મણ પત્નીઓ થશે. ઋષિ પત્નીઓ કહે, અમારી પર અનુગ્રહ કરો અમારો કોઈ દોષ નથી. અંગિરા ઋષિ કહે, તમે શ્રીકૃષ્ણ ભગવાનને ભોજનદાન આપશો તેથી તમે શાપમુક્ત થઈ પ્રભુના ધામને પામશો. એ રીતે શ્રીકૃષ્ણે બ્રાહ્મણ પત્નીને વૃતાંત જણાવીને કહ્યું કે, હવે તમે કન્યારૂપે ગોલોક ધામમાં રહેશો.

દેવીરૂપે ઋષિલોકમાં રહેશો. છાયારૂપે વિપ્રો પાસે રહેશો, એ રીતે તમે ત્રણ સ્વરૂપે થશો. એમ વરદાન માંગ્યું.

અધ્યાય - ૪૬૯

❖ નાગપત્નીની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણે કાલીનાગને જીવનદાન આપ્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર કૃષ્ણપ્રભુ ગોવાળીયા, ગાયો, વાછરડાંને ચારતા યમુના કાંઠે પાણી પીવા લઈ ગયા. ત્યાં સર્વેએ પાણી પીધું. પાણી ઝેરવાળુ હોવાથી કેટલાક મૂર્છા પામ્યા. કેટલાક મરી ગયા. શ્રીકૃષ્ણે સર્વેને જીવતા કરી કદંબના વૃક્ષ પર ચડી વિરાટ રૂપે યમુનામાં પડ્યા. કાલી નાગ ક્રોધ કરી પકડવા ગયો. ત્યાં પ્રભુએ માથામાં પ્રહાર કર્યો. તેથી લોહીનું વમન થયું. તરત નાગપત્ની આવી પ્રભુને પ્રાર્થના કરી. અમારા પ્રભુને જીવતદાન આપો. અમે તારા શરણે આવ્યા છીએ. શ્રીકૃષ્ણ પ્રભુએ સર્વેને અભયદાન આપી કહ્યું, મારા પગના ચિહ્નવાળા તારા વંશના સાપ કોઈ મારશે તેને બ્રહ્મહત્યા લાગશે. તે શાપથી ખરડાશે. અને તું હવે રમણિક દ્વિપમાં જતો રહે. કાલીનાગ કહે, પ્રભુ અમને ગરૂડ ખાઈ જતો હતો. તેથી આ યમુનામાં રહ્યા. એકવાર સાંભરી ઋષિ યમુના કાંઠે તપ કરતા હતા ત્યાં ગરૂડ આવી માછલાં ખાવા માંડ્યો. સાંભરી કહે, મારી સામે તું હિંસા કરે છે. માટે જા અહીં તું આવીશ તો તારૂ મૃત્યુ થશે. તેથી ગરૂડ અહીં યમુનામાં આવી શકતો નથી. એ રીતે પ્રગટપ્રભુના શરણથી નાગપત્નીએ કાલી નાગનું રક્ષણ કર્યું.

અધ્યાય - ૪૭૦

❖ શંકરની કૃપાથી ગાંધર્વકન્યા માધવી ગોલોક ધામમાં ગઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાશીક્ષેત્રમાં શિવાલયમાં એક દેડકી રહેતી તે શિવપ્રસાદ જમતી, પ્રદક્ષિણા કરતી. એકવાર કાગડે આવી ચાંચથી મારી નાખી. તે બીજે જન્મે માધવી ગાંધર્વ કન્યા થઈ. રોજ શિવમંદિરમાં આવી મધુર કંઠથી આલાપ, તાનથી અનેક રાગોમાં શિવની સ્તુતિ કિર્તન કરતી. એકવાર વૈશાખ સુદ ચૌદશે વ્રત ઉપવાસ કરી રાત્રે ભેગા થયેલા ભક્તોમાં જાગ્રત રહી કિર્તન ઉત્સવ કરી સવારે મંદિર વાળી શિવની પૂજા કરી ધ્યાન કરતી હતી. ત્યાં આ શરીરથી શિવની મૂર્તિમાં લય પામી ગઈ. તેજમાં તેજ સમાય તેમ એકતાન થઈ ગઈ. શંકરે તેને "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમઃ" મંત્ર આપ્યો. પછી તુલસી કંઠી પહેરી, તિલક કરી, અને ગોલોક ધામમાં ગઈ. તે દિવ્ય સ્વરૂપે આવી મત્સ્યોદર ઘાટે સ્નાન કરી દગૌ ઘાટે રહેલા ઘનશ્યામ મંદિરમાં, સાત શિખરવાળા મંદિરમાં લક્ષ્મીનારાયણના તથા કૃષ્ણનારાયણના દર્શન કરી તથા જે હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ કંભરાપુત્ર પૃથ્વી પર વિચરું છું. તે દર્શન કરીને, હનુમાન, ગણેશના દર્શન કરીને જતી રહેતી.

અધ્યાય - ૪૭૧

❖ મંદિરના આશ્રય અને અજાણતા પ્રસાદ ગ્રહણથી જીવાત્માની અંતે સદ્‌ગતિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શિવમંદિરમાં એક યુગલ કબુતર-કબુતરી અન્નકણ ખાઈ પ્રદક્ષિણા કરતા. એકવાર બાજપક્ષી યુગલનો શિકાર કરવા આવ્યો. માદા કહે, આપણે મંદિર અંદર જતા રહીએ. કબુતર કહે, શિવમંદિરમાં આપણું મૃત્યુ થશે તો સદ્‌ગતિ થશે અને બીજે જશું તો મૃત્યુ છોડશે નહીં. ત્યાં શિકારી આવી કબુતરને મારી, પછી કબૂતરીને મારી ખાઈ ગયો. તે કબૂતર શિવપ્રસાદના પુણ્યથી સરયુ કાંઠે સાકેત નગરીમાં પરિમલ વિદ્યાધર થયો. અને કબૂતરી કલાવતી ગાંધર્વી નામે થઈ.

તેમણે પૂર્વજન્મના જાતિસ્મરણથી ઉત્સવ કરી જાગરણ કર્યું. ત્યાં કલાવતી અને તેની બે સખીઓ રસ્તાવલી અને પ્રભાવલી તે ત્રણેય પર પ્રસન્ન થયેલા શંકર ભગવાને દર્શન આપી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ નમઃ" એ મંત્ર ત્રણવાર આપી તુલસીની કંઠી માળા આપી અને કહ્યું તારો પૂર્વ જન્મનો પતિ તને મળશે. એમ કહી અદૃશ્ય થયા. બે સખીઓ પૂર્વજન્મે વાંદરી હતી તે પણ તીર્થમાં શિવમંદિરમાં પ્રસાદ જમીને તીર્થમાં દેહ મૂકવાથી ગાંધર્વી થઈ. તો ત્રણે કન્યાઓ શિવના ભક્ત પરિમલ વિદ્યાધરનો વરી અને સદા શંકર ભગવાનની આજ્ઞાથી શ્રીકૃષ્ણનારાયણનું પૂજન-ભજન કરતા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતીનો ઉત્સવ કરતા. એ રીતે પ્રગટ પ્રભુનું પૂજન કરતા. તે બન્નેના દેહનો અંત આવ્યો. ત્યાં ગોલોકમાંથી વિમાન આવ્યું અને પ્રભુ ગોલોક ધામમાં ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એ રીતે મંદિરનો આશ્રય પ્રસાદ અજાણતા પણ આ જીવાત્માંને શ્રેષ્ઠ જન્મ અંતે સદ્‌ગતિ આપી. અંતે ભગવાનની ભક્તિ કરાવી ધામની પ્રાપ્તિ કરાવે છે. તેથી ગમે તે જાતિમાં જન્મ હોય પણ પ્રભુનો આશરો અને ભક્તિ આત્માનો મોક્ષ કરે છે.

અધ્યાય - ૪૭૨

❖ તપ કરતા યમરાજ, પોપટ અને ઋષિપુત્રી શચીને વરદાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શિવક્ષેત્ર કાશીમાં સૂર્યપુત્ર યમ તપ કરતા હતા. શિવે પ્રસન્ન થઈ કહે વર માંગો. યમ કહે, તમારું રુદ્ર સ્વરૂપ મને આપો. શિવ રાજી થઈ શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર અને તુલસીની કંઠી માળા આપીને યમપુરીના વિકરાળરૂપે રાજા બનાવ્યા. પછી યમની સાથે રહેલા પોપટના બચ્ચાને પણ વરદાન આપવા કહ્યું. પોપટના બચ્ચા કહે ઉત્તમ શું છે ? શિવ કહે : દેવ, દૈત્ય, મનુષ્ય પશુ પક્ષીમાં અનેક જન્મો આવવા છતા જો ભગવાનના ગુણકિર્તન, ભજન, ગાન કથા ન કરી તો અનેક જન્મોનો અંત આવતો

નથી. પોપટના બચ્ચા કહે, તો તમારી ભક્તિ આપો. શિવે બચ્ચાઓને શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. તે બચ્ચાઓ મંત્ર જપ કરી શિવકૃપાથી ઇચ્છારૂપ ધારણ કરી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચતા. ત્યાં ઋષિ પુત્રી શચી આવી. કથા સાંભળી વ્રત, જપ, તપ કર્યા. શિવ પ્રસન્ન થયા. કહે વર માંગ.

શચી કહે : દેવોમાં શ્રેષ્ઠ હોય, રૂપમાં સુખમાં શ્રેષ્ઠ હોય તે મારા પતિ થાય અને મને ક્યારે પણ વિધવાપણુ ન રહે. શંકર કહે, એક વર્ષ સુધી દરેક માસની સુદ ત્રીજ વ્રત કરવું. નક્ત ભોજન અથવા એકટાણું કરવું. ગણેશ પૂજન કરી ચાર કુમાર-કુમારિકાને ભોજન કરાવી દાન આપવા. આ વ્રત કરવાથી સારો પતિ-પત્ની સંતાન સંપત્તિ સર્વે પ્રાપ્ત થાય છે. એમ કહી શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી અને આશિર્વાદ આપ્યા કે, તું ઇન્દ્રની પત્ની થઇશ. એ રીતે એક વર્ષ વ્રત કરીને શચી વૈષ્ણવી થઇ. ઇન્દ્રને પામી અને આયુષ્ય ભોગવી અંતે ગોલોક ધામને પામી.

અધ્યાય - ૪૭૩

❖ માગશર સુદ ત્રીજના વ્રતથી મલયગંધીને ત્યાં તેજસ્વી પુત્રનો જન્મ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે અમિત્રજીત રાજા માયાના દોષથી રહિત મહાન વૈષ્ણવ ભક્ત હતો. હે પ્રભાનાથ, પાર્વતીનાથ, અક્ષરેશ, રાધેશ, કંભરેશ એમ સતત ભજન કરતો. રાજાના મહેલમાં શ્રીહરિની કથા વિના બીજી વાત સંભળાતી જ નહીં. તેના રાજ્યમાં બાળકો, યુવાન, વૃદ્ધો, સ્ત્રીઓ, પશુઓ પણ હરિવાસર દિવસે ભોજન લેતા નહીં. તે રાજાને ત્યાં નારદજી આવ્યા. રાજાએ પૂજા કરી. નારદ કહે, રાજા જે નિષ્કામભાવે ભક્તિ કરે છે. તેની પર સદા શ્રીહરિ પ્રસન્ન રહે છે. એવા પ્રભુએ મને તારી પાસે મોકલ્યો છે. ચંપાપુરીનો રાજા વિદ્યાવરની પુત્રી મલયગંધીને, કંકાલકેતુ દાનવ લઇ ગયો છે. તે કન્યા તને આપવાના છે. માટે કૃષ્ણભક્તા ને કન્યાનું રક્ષણ કર. વિદ્યાધર તો ત્યાં ગયો. શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતો કન્યા પાસે આવ્યો અને કન્યા પાસે રહેલ ત્રિશૂલથી દાનવનો નાશ કર્યો. કન્યા પ્રસન્ન થઇ કહે, તમે મહાન ભક્ત છો. તેથી મારું પાણી ગ્રહણ કરો. ત્યાં નારદે આવી બન્નેના લગ્ન કર્યા. વિદ્યાધરરાણીએ કાશીમાં આવી વાસ કર્યો.

ત્યાં રાણીએ પુત્ર માટે માગશર સુદ ત્રીજનું વ્રત કરી પ્રભુનું પૂજન, ધૂન, કિર્તન, ઉત્સવ જાગરણ કર્યા. બીજે દિવસે સાધુ બ્રાહ્મણને ભોજન કરાવી હજારો ગાયો દાનમાં આપી અને પાર્વતી, લક્ષ્મી, સાવિત્રી દેવીનું પૂજન ધુન, કિર્તન, ઉત્સવ જાગરણ કર્યા. બીજે દિવસે સાધુ, બ્રાહ્મણને, ભોજન કરાવી હજારો ગાયો દાનમાં આપી. ત્યાં પાર્વતી, લક્ષ્મી, સાવિત્રી પ્રગટ થઇ દર્શન આશિર્વાદ આપી અદૃશ્ય થયા. પછી રાજાની પતિવ્રતા રાણીને વિષ્ણુના અંશસમાન પુત્ર થયો. સ્તનપાન વિના સોળ વર્ષનો યુવાન હોય તેવો તેજસ્વી પુત્ર

જોઈ રાજા-રાણી પ્રસન્ન થયા. પછી તે પુત્રે કાશીમાં શંકરની ભક્તિ કરી પ્રસન્ન કર્યા. શંકર કહે, વરદાન માંગ. કુંવર કહે, તમે મારા નામથી વિરવીરેશ્વર નામે પ્રસિદ્ધ થાવ અને મને ગોલોક ધામની પ્રાપ્તિ કરાવો. શંકરે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વાહા" એ મંત્ર આપી ભજન કરાવી તેની પત્ની સાથે તેને ગોલોક ધામની પ્રાપ્તિ કરાવી.

અધ્યાય - ૪૭૪, ૪૭૫

❖ ઔર્વ ઋષિપુત્રી કદવીખી અને દુવાર્ષા ઋષિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દુર્વાષાઋષિ પોતાના આશ્રમમાં તપ કરતા હતા. ત્યાં બલી પુત્ર તિલોતમા અપ્સરા સાથે આશ્રમમાં રતિક્રીડામાં પ્રવૃત થયો. દુર્વાસાએ બન્નેને શાપ આપ્યો. તું ધનકાસુર થા. અપ્સરાને કહ્યું, તું બાણપુત્રી ઉષા થઈને અને અનિરૂદ્ધની પત્ની થા. તિલોતમાએ દુર્વાષાને શાપ આપ્યો કે, તમે પણ કામથી પરાભવ થશો. દુર્વાષા ઋષિના કદવીખી સાથે લગ્ન થયા. દુર્વાસાને કદવીખીમાં વીસ પુત્રો અને વીસ પુત્રીઓ થઈ. કદવીખી સ્વભાવ પ્રમાણે દુર્વાસાને ગાળ વિના ઉઠાડે નહીં, ભોજન કરાવે નહીં, ઋષિ સર્વ સહન કરતા.

એકવાર સંતાનોને લઈને દુર્વાષા શંકર પાસે ગયા. એક છોકરું કેડે, બે ખંભા પર, મળ-મૂત્ર કરેલા શંકર પાસે આવ્યા. ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, સનકાદિક હતા. સર્વેએ કહ્યું, ઋષિરાજ આ શું ? દુર્વાષા ઋષિ કહે, ગૃહસ્થાશ્રમમાં દુઃખનો અનુભવ કરુ છું, પણ હવે શું કરવું ? કદવીખીને સંતાનોનો ત્યાગ કેમ કરવો ? પછી દુર્વાષાના શાપથી કદવીખી ભસ્મ થઈ ગઈ અને આત્મસ્વરૂપે દુર્વાષાની સ્તુતિ કરી કે, મારો અપરાધ ક્ષમા કરો. ત્યાં જનાર્દનપ્રભુએ બ્રાહ્મણ રૂપે ત્યાં આવી યોગાસનમાં બેઠેલા દુર્વાષાને દર્શન આપ્યા.

બ્રાહ્મણ બાળકરૂપે રહેલા પ્રભુએ દુર્વાષાને ઉપદેશ આપ્યો કે, આત્મા કોઈનો પતિ નથી. કોઈની પત્ની નથી. માયા સર્વેરૂપ ધારણ કરી સર્વને મોહ પમાડે છે. પછી તે કદવીખી કેળરૂપ થઈ અને દુર્વાસા કાદવરૂપે થયા. તથા પ્રભુએ વરદાન આપ્યું. આવતા કલ્પમાં તે કદવીખી વસુદેવ પુત્રી એકાંતશા નામે થશે અને તમારી પત્ની થશે. પછી ઔર્વ ઋષિને ખબર પડતા પુત્રીનો શોક કરવા દુર્વાસા પાસે આવ્યા અને કેળરૂપે રહેલી પુત્રીને લઈ ગયા. પોતાના આશ્રમમાં રોપી કદવીખીના પુત્રો કેળારૂપે થયા પછી ઔર્વ ઋષિના શાપથી દુર્વાષા મહાવૈષ્ણવ ભક્ત અંબરીષથી પરાભવ થયા પછી કલ્પાંતરે દુર્વાસા મુનિ એકાંતશા સાથે વિવાહ કરી પત્ની સાથે સત્યલોકમાં ક્રોધન મુનિ નામે વાસ કરતા. એ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભક્તો પતિવ્રતા ભક્તિથી અંતે પ્રભુને પામે છે.

અધ્યાય - ૪૭૬

❖ શ્રીકૃષ્ણનારાયણની ભક્તિથી વિશ્વકર્માને ચોસઠ કળાઓ પ્રાપ્ત થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માના પુત્ર વિશ્વકર્મા ઉપવિત લીધા પછી ગુરુ પાસે વેદનો અભ્યાસ કરતા. ગુરુસેવા કરતા હતા. એકવાર ગુરુ કહે, સર્વે ઋતુમાં અનુકૂળ પડી ન જાય એવી પર્ણકુટી બનાવ. વિશ્વકર્મા કહે, સારું. ઋષિપત્ની કહે, મારા માટે એક વલ્કલનું વસ્ત્ર બનાવ. જે પહેરવાથી બીજા વસ્ત્રની જરૂર ન પડે. ગુરુપુત્ર કહે, મારે માટે પાદુકા બનાવજે પહેરીને પાણીમાં, પૃથ્વીમાં ચાલી શકાય. ગુરુપુત્રી કહે, હાથીદાંતના ઘરેણાં, ઘરના રસોઈના સર્વે સાધનો બનાવી આપ. વિશ્વકર્માને કંઈ ન આવડતું હોવાથી વનમાં ગયો. તપસ્વી મળ્યો. તેને કહ્યું, તું શંકર પાસે જા તપ કર. વિશ્વકર્માએ ત્રણ વર્ષ તપ કર્યું. શંકર પ્રસન્ન થઈ કહે, શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ગ્રહણ કર તો તને સર્વ જ્ઞાન થશે. એમ કહી શંકરે "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમઃ" એ મંત્ર આપી કહ્યું હવે કૃષ્ણ કૃપાથી તને સર્વે કળાઓ પ્રાપ્ત થશે. એમ કહી શંકર અદૃશ્ય થયા. શ્રીકૃષ્ણનારાયણની ભક્તિથી વિશ્વકર્માને ચોસઠ કળાઓ પત્નીરૂપે વરી અને વિશ્વકર્માએ ગુરુના સર્વ કાર્યો કર્યા. તે સર્વે કળાઓ વિશ્વકર્માને શ્રીકૃષ્ણનારાયણ જાણીને પ્રભુનું ભજન કરતી. તેને પણ પ્રભુએ દર્શન આપી આશિર્વાદ આપ્યા.

અધ્યાય - ૪૭૭

❖ કાશીમાં ગંગાને સામે કાંઠે ભગવાન વેદવ્યાસનો નિવાસ ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, વિદ્યા, મુક્તિ અને લક્ષ્મી આ ત્રણ કાશીમાં મળે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ ત્રણેય કાશીમાં રહે છે. બ્રહ્મ, બ્રહ્માણી અને પરબ્રહ્મ આ ત્રણે કાશીમાં વસે છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ આ ત્રણ કાશીમાં વસે છે. આવું જાણીને એકવાર ભિક્ષા માંગવા વ્યાસ ભગવાન ગંગાને કાંઠેથી કાશી આવ્યા પણ ગામમાં કોઈએ ભિક્ષા ન આપી. એટલે ક્રોધથી શાપ આપ્યો કે, કાશીમાં ત્રણ પેઢી સુધી વિદ્યા અને ધન નહીં રહે, એમ કહી ચાલી નિકળ્યા. ત્યાં પાર્વતીએ કહ્યું, અરે પ્રભુ તમે આજે ભિક્ષા માગવા આવ્યા છો તો અમારા અતિથિ થાવ. મારા પતિ શંકર અતિથિને જમાડ્યા વિના જમતા નથી. વ્યાસ કહે, કલ્યાણી તું કોણ છો ? લક્ષ્મી છો, મૂર્તિદેવી છો, પાર્વતી છો, તમને જોઈને મારો આત્મા પ્રસન્ન થાય છે. પાર્વતી કહે : આ કાશીના પતિની સતી છું. વ્યાસ કહે હું એકલો નથી. મારા દશ હજાર શિષ્યો છે. તારાથી અતિથિ સત્કાર થાય તો હા પાડજે. પાર્વતી કહે, હું એવી સ્ત્રી નથી કે અતિથિને બોલાવીને પછી અનાદર કરું. મારા પતિના પ્રભાવથી સર્વેને ભોજન કરાવીશ, પછી વ્યાસ ભગવાન દશ હજાર શિષ્યોને બોલાવી.

પંક્તિ કરી જમવા બેસી ગયા. પાર્વતીએ શિવભક્તિથી સંકલ્પ કર્યો. ત્યાં આકાશમાંથી દિવ્ય પાક, મિષ્ટાન્ન આવ્યા અને સર્વને ભોજનથી તૃપ્તિ પમાડ્યા. પછી પાર્વતી પગે લાગી અને કહે, તીર્થમાં રહેનારાનો ધર્મ શું ?

વ્યાસ ભગવાન કહે, મન વાણી અને કર્મથી જે સ્ત્રી પતિની સેવા કરે છે. તેને આલોકમાં કાંઈ અસાધ્ય નથી. ત્યારે શંકર ભગવાન કહે, તમે ક્રોધ કરીને શાપ આપ્યો તેથી તમે ગંગાને સામે કાંઠે વાસ કરો. એટલે વ્યાસ ભગવાન ગંગાને સામે કાંઠે આશ્રમ બાંધી રહ્યા. ત્યાં તો કાશીમાં રહેલા સર્વે દેવો સરસ્વતિ શાસ્ત્રો, વિધ્વાનો, મુક્તો, ભક્તો સર્વે વ્યાસ ભગવાન જ્યાં રહેવા ગયા ત્યાં ગયા. શંકરની કાશી ખાલી થઈ ગઈ. શિવ-પાર્વતી વ્યાસ ભગવાન પાસે આવી કહે, ક્ષમા કરો. એમ કહી પૂજા કરી સ્તુતિ કરી કે, હે વ્યાસનારાયણ તમને કાશી બહાર કાઢવાથી કાશી વેદશાસ્ત્ર, સરસ્વતી વિનાની થઈ ગઈ. વિપ્રો અહીં આવવાથી ત્યાં કોઈ મંત્રોચ્ચાર નથી કરતા, તમારા વિના કાશી સુની અને મૂંગી થઈ ગઈ છે. તેથી તમે કાશીમાં નિવાસ કરો. વ્યાસ ભગવાન કહે, તમે સરસ્વતી મંદિર કરાવો. એટલે દર માસની પૂર્ણિમા સર્વે દેવો, માનવો દર્શન કરવા આવશે. પછી શંકરે સરસ્વતી મંદિર કરાવ્યું. તેમાં સર્વે દેવોએ આવી વાસ કર્યો. વ્યાસ ભગવાન આવી આશિર્વાદ આપી પાછા પોતાને આશ્રમે આવ્યા.

અધ્યાય - ૪૭૮

❖ ભગવત્કૃપાથી વાલ્મિકી ઋષિ દ્વારા રામાયણકાવ્યની રચના ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ભૃગવંશમાં સુમતી અને કૌશુકીમાં અગ્નિશર્મા પુત્ર થયો. વનમાં ચોરના સંગે લુટારો થયો. વનના માર્ગમાં જે નિકળે તેને લુંટે. એકવાર સાત ઋષિઓ નિકળ્યા. અગ્નિશર્મા કહે, વસ્ત્ર છત્ર વગેરે જે હોય તે લાવો નહીં તો મારી નાખીશ. અત્રીઋષિ કહે, અમને તપસ્વીઓને પીડા કરી તો તને પાપ થશે. અગ્નિશર્માએ કહે, મારા કુટુંબને ચોરી લૂંટ કર્યા વિના પોષણ કેમ કરવું. તેથી શુભ, અશુભ ગણ્યા વિના પાપ કરું છું, અત્રી કહે, તું તારા કુટુંબને પુછી આવ કે મારા પાપમાં કોઈ ભાગીદાર થશે. અગ્નિશર્માએ માતા-પિતા, પત્ની, ભાઈ, બહેન, પુત્રોને પૂછ્યું : ચોરી હિંસાના પાપમાં તમે કોઈ ભાગીદાર થશો કે નહીં ? સર્વેએ ના કહી. અગ્નિશર્મા ઋષિઓ પાસે આવી કહે, મારું તો કોઈ નથી. મેં કરેલા પાપથી મારો ઉદ્ધાર કરો. હું તમારે શરણે આવ્યો છું.

અત્રી કહે, આ વૃક્ષ નીચે બેસી "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્રનો જપ કર. તે પ્રભુ તારા પાપોનો નાશ કરશે. એમ કહી કંઠી, માળા આપી ચાલ્યા ગયા. અગ્નિશર્માએ તેર વર્ષ સુધી ધ્યાનમાં બેસી પાણી પીધા વિના જપ કર્યો. શરીર પર રાફડો થઈ ગયો. ફરીથી ઋષિ ત્યાંથી નીકળ્યા. મંત્ર ધ્વનિ સાંભળ્યો. તેને ગંગાજળ છાંટી

જગાડ્યો. અગ્નિશર્મા પગે લાગી કહે, મારો ઉદ્ધાર કરો. હવે મારો મોક્ષ કરો. ઋષિ કહે, તપ કરતા માથે રાફડો થયો. તેથી વાલ્મીકિ નામે પ્રસિદ્ધ થઈશ. ઋષિઓ ગયા. વાલ્મીકિ ત્રિકાળ જ્ઞાની થયા. રામાયણ કાવ્ય કરીને પૃથ્વી પર રામનું ભજન કરાવ્યું. વાલ્મીકિ નિત્ય પૂજા કરતા. નૈવેદ્ય કરતા. એકવાર ફળફૂલ ન મળવાથી પ્રભુને પ્રાર્થના કરી. તમને શું આપું ? ત્યાં ગાય લઈને ગોપાલ આવ્યો. દૂધ દોઈને વાલ્મીકિને આપ્યું. વાલ્મીકિએ દૂધ ધરી જ્યાં પીધુ ત્યાં આત્મામાં પ્રકાશ થયો. તેમાં અક્ષરબ્રહ્મમાં રાધાકૃષ્ણના દિવ્ય દર્શન થયા. વાલ્મીકિ નાચવા લાગ્યા. પ્રભુ અદૃશ્ય થઈ ગયા. પછી વાલ્મીકિ નિત્ય દિન તે સ્વરૂપનું ચિંતવન કરતા અંતે વૈકુંઠધામને પામ્યા. એ રીતે ગમે તેવા પાપી હોય પણ પ્રભુ શરણથી મોક્ષને પામે છે.

અધ્યાય - ૪૭૯

❖ ઘોળખનક રાક્ષસ અને અવંતનગરીનો રામ-સીતા દ્વારા ઉદ્ધાર ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર શ્રીરામ-સીતા-લક્ષ્મણ સાથે વનમાં ફરતા ક્ષીપ્રા નદી કાંઠે અવંતીનગરીમાં આવ્યા. ત્યાં રામે લક્ષ્મણને કહ્યું, પાણી ભરી આવ. લક્ષ્મણ કહે, હું પાણી લઈ આવું તો સીતા શું કરશે ? હું તમારું દાસપણું નહીં કરું. લક્ષ્મણનું વચન સાંભળી રામ સીતા મૌન રહ્યા. સીતા પાણી ભરી આવ્યા. પાણી પીને મહાકાલેશ્વર દર્શન કરવા ગયા ત્યાં રાત્રિ રહી સવારે રામ કહે ચાલો. લક્ષ્મણ કહે, હું તમારું દાસપણું નહી કરું. હું તમારી સાથે નહીં આવું અને અયોધ્યા પણ નહીં જાઉં. રામ કહે, ક્રોધ શા માટે કરે છે ? ધીમે ધીમે સીતા સાથે ચાલ્યો આવ. અથવા તારે તપસ્વીઓ સાથે રહેવું હોય તો રહે. લક્ષ્મણ કહે, હું તમારું એક પણ વચન નહીં માનું. તમારું દાસપણું નહીં કરું તો સાથે આવું. રામ કહે, ભલે બહું સારું. રામ, સીતા આગળ ચાલ્યા. લક્ષ્મણે ધનુષ્યમાં બાણ ચડાવ્યું. અને વિચાર કર્યો. રામને મારું કે સીતાને ? ત્યાં રામ-સીતા પાસે આવ્યા. ત્યાં મનમાં અતિદુઃખ થયું અરે, મને આવો વિચાર કેમ આવ્યો ?

રામ કહે, લક્ષ્મણ તારો દોષ નથી. આ ભૂમિ એવી જ છે. અહીં પુત્ર પિતાનું સાંભળતો જ નથી. પિતા પુત્રનું સાંભળતો નથી. ગુરુ શિષ્યનું સાંભળતો નથી. શિષ્ય ગુરુનું સાંભળતો નથી. લક્ષ્મણ કહે : ચેતનને જડ બનાવી દે, તે આ ભૂમિ કેમ થઈ ? રામ કહે, પૂર્વે અહીં ઘોળખનક રાક્ષસ હતો. તે ઈચ્છારૂપ ધારણ કરતો. ક્યારેક નરનારી, પશુ, પક્ષી, સિંહ, મૃગ, સર્પ, વાનરો, રીંછ થઈને બાળકોને સ્ત્રીઓને મારી ખાઈ જતો. એક ગાઉમાં તેનો આશ્રમ હતો. માયાજાળથી નગરની રચના કરતો.

એકવાર ગોપાલકૃષ્ણ, કંભરાલક્ષ્મી ત્યાંથી નીકળ્યા. રાક્ષસ રાજાનું રૂપ લઈને તે દંપતીની પૂજા કરવા આવ્યો. ભોજન કરાવી આરામ કરાવ્યો. તે દંપતી સૂતા હતા ત્યાં રાક્ષસ તલવાર લઈને મારવા આવ્યો. ત્યાં કંભરાલક્ષ્મી જાગ્યા, પતિને કહ્યું. ગોપાલકૃષ્ણ તરત જ અદૃશ્ય થયા. રાક્ષસો તલવાર જોરથી નીચે પછાડી બે ટુકડા થયા. એક કટકો ઉડીને તેના ગળામાં લાગ્યો ને પડી ગયો. ત્યારે કંભરાલક્ષ્મીએ શાપ આપ્યો કે, તું કપટ કરી, ચોરી અને હિંસા કરે છે, ક્રુર થઈ માણસોને મારે છે માટે તારું જ્યાં મૃત્યુ થશે તે ભૂમિ પણ શાપિત થશે. ત્યાં ધોળખનક રાક્ષસે દેહત્યાગ કર્યો. ગોપાલકૃષ્ણ કહે દેવી આપણી પૂજા કરવાથી, સેવાના ફળથી, આ રાક્ષસ દેહથી મુકાઈને દક્ષિણના દ્વિપમાં જન્મ ધારણ કરશે. ત્યાં રામ જઈને તેનો ઉદ્ધાર કરશે. શ્રીરામ કહે, લક્ષ્મણ તેથી આ ભૂમિ શાપિત છે. માટે અહીં સર્વેના અંતઃકરણ ફરી જાય છે. તેમ તારાં મનમાં પણ આવા વિચારો આવ્યા. હું પત્નીવ્રવાળો છું અને સીતા પતિવ્રતવાળી છે. તેથી તેના મનમાં કાંઇ ફેર ન પડ્યો. એવી રીતે જે નારીઓ પ્રભુની પતિવ્રતા ભક્તિવાળા છે તેને ભૂમિના દોષો બાધ કરી શકતા નથી. પ્રભુ તેની રક્ષા કરે છે.

અધ્યાય - ૪૮૦

❖ ભગવાન વેદવ્યાસ અને શુકદેવજીનું પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગંગા નદીમાં પરાશરમુનિએ બાર વર્ષ સુધી કુંભક પ્રાણાયામ કરી ઉગ્રતપ કર્યું. બહાર આવી જોયું ત્યાં વહાણવાળા માછીમારની કન્યાને જોઈ મોહ પામ્યા. કન્યા કહે, તમે મહાન તપસ્વી છો અને હું નીચ જાતિની છું. મુનિ કહે, તું રાજકન્યા છો. જમ્બુદ્વીપનો રાજા વસુ જલૈચ્છ રાજા સાથે લડવા ગયો. ત્યારે રાજાની રાણી ઋતુધર્મમાં આવી. તેણે પોપટ સાથે સંદેશો આપ્યો. વસુરાજા એ ધાતુ પડીયામાં બાંધી આપ્યો. પોપટ લઈને જતો હતો ત્યાં બાજ પક્ષી ખાવાનું જાણી ઝડપ મારી પડીયો સમુદ્રમાં પડ્યો. ધાતુ માછલી ગળ ગઈ. માછીમારો માછલીને લાવી કાપી. તે ગર્ભમાંથી બાળકી અને બાળક નીકળ્યા. તે બાળક રાજાને આપ્યો. બાળકી સત્યવતી થઈ. એમ કહી પરાશરે મત્સ્યગંધા સાથે રતિક્રીડા કરી. તરત તેજસ્વીપુત્ર વ્યાસ પ્રગટ થયા. જપ, કમંડલ, દંડ, જનોઈ, મેખલા, ધારણ કરેલા માયાના ગુણથી રહિત પુત્રને જોઈ મત્સ્યગંધા અતિ આનંદ પામી. પરાશર મુનિએ આશિર્વાદ આપ્યો. શંતનું પત્ની થઈશ. વનમાં ગયા. મત્સ્યગંધા વ્યાસને કહે, તારી માતામાં તને સ્નેહ હોય તો કાંઇક ઉપદેશ આપતો જા. વ્યાસ કહે, સર્વે કર્મનો સાર શ્રીહરિને અર્પણ કરવું તે છે. માટે હે માતા શ્રીકૃષ્ણ નારાયણનો જપ કરજો.

માતા કહે : પુત્ર તારા વિના હું નહીં રહી શકું. વ્યાસ કહે, મા ખેદ ન કરો. પ્રભુનું સ્મરણ કરો. મોક્ષને આપનારા મારા દિવ્યરૂપને જુઓ. એમ કહીને વસ્ત્ર આભૂષણોથી

શોભતા અલૌકિક દર્શન આપતા સત્યવતી પુત્ર નારાયણને દિવ્ય જાણી આનંદ પામી. ત્યાં વિમાન આવ્યું. વ્યાસ કહે, માતા તમે એક સ્વરૂપે ધામમાં જાવ, અને બીજે સ્વરૂપે અહીં કન્યારૂપે શંતનુંની પત્ની થશો. એમ કહી વ્યાસે ગંગાનું પાણી છાંટી માતાના બે સ્વરૂપ બનાવ્યા અને કહ્યું, તમે ખેદ ન કરો. જ્યારે તમે મને સંભારશો, ત્યારે હું હાજર થઈશ. એમ કહી વ્યાસ વનમાં ગયા. નારદે સર્વે દેવ-દેવીઓને, સર્વે તિર્થોની પાસે પ્રગટ થવાના સમાચાર આપ્યા. પછી વ્યાસ ભગવાન ભારતના સર્વે તિર્થો કરવા નીકળ્યા. કેદારેશ્વર, બદ્રિકાશ્રમ ગંગામાં સ્નાન કરી હરિદ્વાર, પુષ્કર, નારાયણસરોવર, દ્વારકા, ગોમતી, ચમત્કારપુર (જામનગર), કુંકુમવાપી (કુંકાવાવ), અશ્વપટ સરોવર, ભદ્રાવતી, વામનસ્થળી, રેવતાદી સ્વર્ણરેખામાં સ્નાન કરી. ત્રંબકેશ્વરના દર્શન કરી. ઉજજૈન ઉૅંકારેશ્વર ચંદ્રભાગા, સેતુબંધ, શ્રીશૌલના દર્શન કરી જગન્નાથપુરી, કામાક્ષી, બ્રહ્મપુત્રમાં સ્નાન કરીને ગયા. કાશી, અયોધ્યા, ગંડકી, પ્રયાગ, નૈમિષારણ્ય, કુરુક્ષેત્રમાં સ્નાન કરીને નર્મદા કાંઠે આવ્યા. ત્યાં પંચાગ્નિ તપ કર્યું. તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થઈ દર્શન આપી આશિર્વાદ આપ્યા. પછી વ્યાસે શુકી નામે પત્ની કરી. તેમાં શુક નામે પુત્ર થયા. પછી વ્યાસ ભગવાને નર્મદાને કહ્યું, તું મને અહીં આશ્રમ કરવા માટે વાસ આપ. નર્મદા કહે, પ્રભુ તમે અહીં સદા વાસ કરો. હું સદા તમારી પતિવ્રતાભાવે સેવા કરીશ. પછી વ્યાસભગવાન નર્મદાને ઉતરકાંઠે આશ્રમ બાંધી રહ્યા. ત્યાં વ્યાસ તીર્થ થયેલું છે. તે નર્મદા રોજ વ્યાસ ભગવાનને સ્નાન કરાવી પૂજા કરતી. જે જનો નર્મદામાં સ્નાન કરશે તે શ્રીહરિની પતિવ્રતા ભક્તિને પામશે.

અધ્યાય - ૪૮૧

❖ ઋષિપંચમીનું વ્રત કરવાથી નારીઓના સર્વદોષોનો નાશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ઋષિ પત્નીઓની પવિત્ર કથા કહું સાંભળ. એકવાર સાત ઋષિ પત્નીઓ ગંગામાં સ્નાન કરી દાભડાની થુંબડીમાં તેજસ્વી અગ્નિ માની તાપતિ હતી. તે અગ્નિ ન હતો. પણ શંકરનો ધાતુ હતો. તે ઋષિ પત્નીના શરીરમાં ગર્ભરૂપે થયો. તેથી ઋષિઓએ ત્યાગ કર્યો. તે ઋષિપત્નીને નારદ મળ્યા અને પૂછ્યું, તમે વનમાં કેમ ભટકો છો ? ઋષિપત્નીઓ કહે, અગ્નિ માની તાપતા હતા તેથી ગર્ભ રહ્યો. તે દોષથી અમારો ત્યાગ કર્યો. હવે અમે શું કરીએ ? નારદ કહે, ભાદરવા સુદ પાંચમનું વ્રત કરી પ્રભુનું પૂજન કરી ભજન કરી જાગરણ કરજો. તેથી તમારા સર્વે દોષ નાશ પામશે. ઋષિ પત્નીઓએ તે વ્રત કર્યું. તેથી ઋષિઓએ પત્નીઓને ગ્રહણ કર્યા. તે દિવસથી ઋષિપંચમી તિથી કહેવાય છે.

નારદજીના મુખેથી સાંભળીને આ વ્રત લક્ષ્મી, રાધા ગૌરી, જયા, પ્રભા, પાર્વતી, પદ્મા, મંજુલા, માણિકી, સાવિત્રી, સંજ્ઞા, શચી વગેરે એ આ વ્રત કર્યું. ઋષિપાંચમનું વ્રત કરવાથી સ્પર્શદોષ, કામાધિ દોષ, રજસ્વલા, આશ દોષ, પરાધીન દોષ વગેરે અનેક દોષોથી નરનારીઓ રહિત થઈ પવિત્ર થાય છે. દુર્ભાગ્ય નષ્ટ થાય છે. પુત્ર, પતિ અને ધનનો વિયોગ થતો નથી. વ્રત કરી શ્રીકૃષ્ણનારાયણની કથા સાંભળી દાન કરનારો અશ્વમેધયજ્ઞ ફળને પામે છે. સધવા કે વિધવાએ આ વ્રત કરી નારાયણ એવા પતિમાં સર્વસ્વ અર્પણ થવું. તેથી પતિરૂપ પ્રભુ તેનું રક્ષણ કરે છે.

અધ્યાય - ૪૮૨

❖ સતી અનસુયાને ત્યાં ત્રિદેવોના અંશરૂપ ચંદ્ર, દુર્વાષા અને દત્તાત્રેય પુત્રરૂપે થયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માના પુત્ર અત્રિ ઋષિ તપસ્વી જ્ઞાની અને યજ્ઞ કરનારા હતા. તેને પુત્રની ઇચ્છા થઈ. તેના પતિવ્રતા પત્ની અનસુયાને કહ્યું, મેં બહું તપ કર્યું. તો પણ પુત્ર પ્રાપ્તિ ન થઈ. અનસુયા કહે, પતિવ્રતા સ્ત્રી બ્રહ્માંડમાં ધારે તે કરી શકે છે. મને તપ કરવાની આજ્ઞા કરો તો હું પુત્ર માટે તપ કરું. અત્રિ કહે, દેવ પિતૃ અને મનુષ્યનું ઋણ પુત્રથી અપાય છે. બીજા પુત્રની સમાન તારનારા, પત્ની સમાન કોઈ નથી માટે પુત્ર પ્રાપ્તિ અર્થે તપ કર. પતિની આજ્ઞા મેળવી અનસુયા તપમાં બેઠા. ભુખ્યા, તરસ્યા, સો વર્ષ તપ કર્યું, ત્યારે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ બ્રાહ્મણ વેશે આવી, વેદમંત્રો બોલવા લાગ્યા. અનસુયા સાંભળી આશ્રમથી બહાર આવી અતિથિ દેવોને પગે લાગી, પગ ધોઈને પાણી પીધું, માથે ચડાવ્યું. પૂજા કરી, સ્તુતિ કરી. પ્રદક્ષિણા કરી, પ્રસન્ન થયેલા દેવો કહે, તારા પતિવ્રતા ધર્મથી અમો સંતોષ પામ્યા છીએ. શું ઇચ્છાથી તપ કરે છે ? અનસુયા કહે, યુવાનીમાં તપ, ભક્તિ, ધર્મ, પરમગતિ અને પુત્ર આ સર્વેની પ્રાપ્તિ થાય છે. વૃદ્ધપણામાં કંઈ થતું નથી. આ સાંભળીને ત્રણેય દેવો પ્રસન્ન થયાં, અને કહે, તારા મનમાં જે ઇચ્છા હોય તે વર માંગી લે.

અનસુયા કહે, તમે ત્રણે દેવો મારે ત્યાં પુત્રરૂપે થાવ. ત્યારે વિષ્ણુભગવાન કહે, અમે ગર્ભમાં આવતા નથી. પણ વાયુને આજ્ઞા કરીએ છીએ તે ગર્ભરૂપે સર્વને બતાવે છે અને જન્મ સમયે બાળકરૂપે થઈએ છીએ. એમ કહી ત્રણે દેવો બાળકરૂપે થયા અને અદૃશ્ય થયા. અનસુયા પ્રસન્ન થઈને પતિ અત્રિ પાસે આવી. વરદાનની વાત કરી. પછી દશમે માસે અનસુયાને બ્રહ્માના અંશરૂપ ચંદ્રપુત્ર થયો. શંકરના અંશરૂપ દુર્વાષા થયા અને વિષ્ણુના અંશરૂપ દત્તાત્રેય થયા. એ રીતે ત્રણ પુત્રો થયા ને ત્રણે દેવોની પત્નીએ આવી પોતાના પતિની તથા સાસુ સસરાની પૂજા કરી. પછી ત્રણે દેવો કહે, અમે તપ કરવા જઈએ. ત્યારે માતાએ કહ્યું, લાલનપાલન માટે પુત્રો થયા અને તપ કરવા શું કામ જાવ છો ?

સાંભળીને દેવપુત્રો કહે, માતા અમે બે સ્વરૂપ ધારણ કરી એકરૂપે તમારી પાસે રહેશું. બીજે રૂપે તપ કરવા જશું. એ રીતે સતી અનસુયાનો પુત્રપણાનો સંકલ્પ પ્રભુએ પૂર્ણ કર્યો. પછી અત્રિ ઋષિએ શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર દત્તાત્રેય પાસેથી લીધો અને ભક્તિ કરી.

અધ્યાય - ૪૮૩

❖ પતિવ્રતા કુમુદાએ ચંદ્રની રક્ષા કરી ❖ ઋતુદાન સમજણ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ચંદ્રપત્ની રોહિણીએ નર્મદા કાંઠે તપ કર્યું. શ્રીકૃષ્ણનારાયણ પ્રસન્ન થઈ બોલ્યા શું ઇચ્છા છે ? રોહિણી કહે, પ્રભુ એક તમારી ભક્તિ આપો. બીજુ વરદાન ચંદ્રની સર્વ પત્નીમાં હું ચંદ્રને વિશેષ પ્રિય થાઉં. પ્રભુ કહે, તથાસ્તુ. રોહિણીના બે સ્વરૂપ કરી એક સ્વરૂપ વૈકુંઠ ધામમાં લઈ ગયા. બીજુ સ્વરૂપ ચંદ્રને આપ્યું. ચંદ્રની બીજી પત્ની કુમુદા તેનો પુત્ર અમૃત તે દેવોએ ગ્રહણ કર્યો. દૈત્યોએ ચંદ્ર પાસે અમૃતની માંગણી કરી. ચંદ્રે ના પાડી. દૈત્યોએ ચંદ્રને સ્વર્ગથી નીચે પછાડ્યો. ચંદ્ર પત્ની કુમુદા કહે, જો હું પતિવ્રતા હોઉં તો દૈત્યો ભસ્મ થાવ. દૈત્યો બળી ભસ્મ થયા. શુક્રાચાર્યે આવી સજીવન કર્યા અને કુમુદાને પગે લાગ્યા. કુમુદાએ પોતાના સામર્થ્યથી ચંદ્રને ફરી સ્વર્ગમાં સ્થાપિત કર્યા.

નર્મદાકાંઠે વાસ કરતા સુવર્ણ ઋષિને તેની પત્ની પુરુહુંતા કહે, પુત્ર માટે મને ઋતુદાન આપો. પુત્ર વિના પિતૃઓની ગતિ નથી. તેથી આજે પૂર્ણિમાના દિવસે ગર્ભદાન આપો. ઋષિ કહે, વ્રત અને પૂર્ણિમાના દિવસે મૈથુન કરનારાનું માસ પિતૃઓ ખાય છે તથા હજાર વર્ષ કરેલું તપ નષ્ટ થાય છે. આ પર્વમાં નર્મદામાં નાહીને ચાંડાલ પણ સ્વર્ગમાં જાય છે. તે મને ધીક્કારે છે કે તારું તપ નિષ્ફળ જાય છે. બોલ તને આ ધર્મ દેખાતું હોય તો ઋતુ દાન કરું. ત્યાં એક ભીલડી આવી કહે, ઋષિ તમને ધીક્કાર છે. તે સ્નાન, જપ, હોમ, સ્વાધ્યાય, પૂજન, યોગ આ સર્વ કર્યું નથી, એક તપ કર્યું છે તેથી તારું સર્વ તપ નિષ્ફળ થશે. ઋષિ કહે, તું કોણ છો? ભીલડી કહે, હું પૂર્વજન્મમાં નૈમિષારણ્યમાં પ્રિય પત્ની હતી. ઋતુકાલે પુત્ર માટે પૂર્ણિમાના દિવસે મેં પતિ પાસે ઋતુદાન માગ્યું. વિપ્ર કહે, પૂર્ણિમાને દિવસે અયોગ્ય માંગણી કરે છે. તેથી તું નિષ્યાદી ભીલડી થઈ જા. મેં પણ શાપ આપ્યો. તમે પણ નિષાદ થાવ. હે ઋષિ, અમે બન્ને આ નર્મદા કાંઠે જંગલી ભીલ થયા છીએ. આજે પૂર્ણિમાના દિને નર્મદામાં નાહીને લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળીને વૈકુંઠધામમાં જવું‌તું પણ તપની સાથે શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરજે તો તારું તપ સાર્થક થશે.

તે ભિલડીનું વાક્ય સાંભળી ઋષિ પત્ની પુરુએ સુવર્ણ ઋષિને પગે લાગી માફી માંગી. ઋષિ કહે, આ સનાતન ધર્મ છે કે પવિત્ર પર્વ ને દિવસે તથા વ્રતને દિવસે પત્નીને પુત્ર માટે અથવા રજોગુણથી ઋતુદાન મૈથુન ન કરવું. પછી તે દંપતી શ્રીકૃષ્ણનારાયણના

ભજન કરી અંતે વૈકુંઠ ધામમાં ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ તને ઋષિનો ધર્મ અને જ્ઞાન કહ્યો. તે સાંભળીને શ્રોતાઓને પણ ધર્મજ્ઞાન વૃદ્ધિને પામશે.

અધ્યાય - ૪૮૪

❖ કાશીરાજા ચિત્રસેન બીજા જન્મે શંકરનો ગણ થયો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાશીનો રાજા ચિત્રસેન મૃગયા કરવા વનમાં ગયો. બહું દૂર નીકળી ગયો. શિકાર મળ્યો નહીં. દિશા ભૂલી ગયો. નદીમાં સ્નાન કરી પ્રભુને સંભાળી પાણી પીધું. ઋષિ શૃંગ મૃગનું રૂપ લઈ મૃગના ટોળામાં ફરતા હતા. રાજાએ બાણથી મૃગને વિંધી નાખ્યું. મૃગ મનુષ્યવાણીથી કહેવા લાગ્યો. રાજા મને મારવાથી તને શું લાભ થયો. અમે મૃગરૂપે તપ કરીએ છીએ. રાજા કહે, મેં અજાણતા બાણ માર્યું. મારો અપરાધ માફ કરો. ઋષિ કહે, મારા માતા-પિતા વૃદ્ધ છે. મારા ભાઈઓ શોક કરશે. મારા વિના મારા માતા-પિતા મરણ પામશે. તું તેની પાસે જા. રાજા ઋષિ શૃંગના પિતા દિર્ઘતયા પાસે ગયો. ઋષિએ સ્વાગત કર્યું.

રાજા કહે, ગુરુમહારાજ, હું સ્વાગતને યોગ્ય નથી. મેં તમારા પુત્રને અજાણતા બાણ માર્યું. તે મૃત્યુ પામ્યો છે. તે સાંભળીને દિર્ઘતયા તથા તેના કુટુંબીઓ, અતિશોકથી રૂદન કરવા લાગ્યા અને રાજાને કહ્યું, મારા પુત્રના અસ્થિ અને અમારા અસ્થિ નર્મદાના શુલભેદ તીર્થમાં પધરાવજો. એમ કહીને સર્વે કુટુંબીઓએ દેહ ત્યાગ કર્યો. પછી રાજા સર્વના અસ્થિ લઈને નર્મદામાં આવી અસ્થિ વિસર્જન કર્યું. ત્યાં સર્વે ઋષિઓ દિવ્ય શરીર ધારણ કરી પ્રભુના પાર્ષદો સાથે વિમાનમાં બેસી જતા હતા. રાજા હર્ષ પામ્યો. ઋષિઓ કહે, રાજા તારી પ્રસન્નતાથી અમારી દિવ્યગતિ થઈ છે. અમે તને આશિર્વાદ આપીએ છીએ તું નિષ્પાપ થઈશ. પછી રાજા પ્રાણ ત્યાગ કરવા તૈયાર થયો. શંકર પ્રગટ થઈને કહે, રાજા તું યુવાન છો દેહત્યાગ ન કર. તું સુખપૂર્વક રાજ્ય ભોગવી આવતે જન્મે નંદીમાં મારો ગણ થઈશ. એમ કહી અદૃશ્ય થયા. રાજા કાશીનું રાજ કરી બીજે જન્મે શંકરનો ગણ થયો.

અધ્યાય - ૪૮૫

❖ નાગમતિમાં સ્નાનથી મેનકા અને વિશ્વામિત્રના શાપનું નિવારણ ❖
❖ દેવગુરુ બૃહસ્પતિના શાપથી ઈન્દ્રની સંપત્તિ અને ગર્વ નાશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આનર્ત સૌરાષ્ટ્રમાં ચમત્કારપૂરમાં નાગમતિમાં સ્નાન કરવાથી માનવો મોક્ષ મેળવે છે. ચૈત્ર સુદ ત્રીજનો રવિવારે બપોરે એક મૃગલી તેમાં પડી મરી ગઈ. મેનકા અપ્સરા થઈ. ત્યાં વિશ્વામિત્ર ન્હાવા આવ્યા. મેનકાને સર્વગુણે સંપન્ન રૂપયૌવન યુક્ત જોઈ પૂછ્યું. તારામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વ્યવહાર, પ્રિતી સર્વે છે. તેનું

કારણ શું ? મેનકા કહે, અમે ઋષિ-મુનિ, તપસ્વી, ગૃહસ્થો, સંતોની સેવા કરી આશિર્વાદ મેળવીએ છીએ. તેથી અમે સદા સ્વર્ગમાં વાસ કરીએ છીએ. અમે કામસુખ સમાન બીજુ પુણ્ય માનતા નથી. અને રતિભંગ સમાન કોઈ પાપ નથી.

ધન, વસ્ત્ર, આભૂષણ, ભોજન તથા દેહસેવાથી પરલોકમાં સુખ પ્રાપ્ત કરે છે. જે આ લોકમાંથી બીજાને દુઃખ આપે છે તે પરલોકમાં દુઃખ પામે છે. બ્રહ્માએ સંસારમાં ત્રણ પ્રકારની નારીઓનું સર્જન કર્યું. એક વિવાહિતા પતિ પરાયણ, બીજી અમે અપ્સરા સર્વ સેવાપરાયણ, ત્રીજી બ્રહ્મચર્ય પરાયણ સાધ્વીઓ કામકર્મથી રહિત. તેથી અમે અપ્સરાઓ, દાસી, કીંકરી, દેવીઓ કહેવાય છે. તમારા જેવા ઋષિને પ્રસન્ન કરી, સેવા કરી, આશિર્વાદ પ્રાપ્ત કરીએ છીએ. જો તમારી ઇચ્છા હોય તો તમને ભગવાન માની તમારી સેવા કરીએ. વિશ્વામિત્ર કહે, તું સ્વર્ગની દેવી મારાથી દૂર રહે મારે બ્રહ્મચર્ય વ્રત છે. સ્ત્રી અગ્નિસમાન છે. પુરુષ હરિસમાન છે. સ્પર્શ કરવાથી પિગળે છે. મેનકા કહે, નરનારાયણ ભગવાનની પુત્રી ઉર્વશીને જોઈને સ્વર્ગ અપ્સરા ઝાંખી પડી તે જોઈને ઇન્દ્રે પ્રભુ પાસે ઉર્વશીની માગણી કરી. ઉર્વશી કહે, મારે સ્વર્ગમાં જઈને દેવોનો સ્પર્શ નથી કરવો.

નરનારાયણ ભગવાન કહે, સ્વર્ગમાં રહેનારી અપ્સરાઓને દેવોની સેવા કરવામાં પાપ થતું નથી અને યમપુરી ભોગવવી પડતી નથી. તેથી હે મુનિ તમે મને ગ્રહણ કરો અને તમારો બ્રહ્મચર્યની હઠ તજી દો. વિશ્વામિત્ર તે સ્નાન તજી ચાલતા થયા. ત્યારે મેનકાએ વિશ્વામિત્રને શાપ આપ્યો. તમે કામધર્મને નથી જાણતા માટે વૃદ્ધ થઈ જાવ. મુનિએ પણ શાપ આપ્યો. તું પણ યુવા અવસ્થાના વેગમાં શાપ આપે છે. તેથી તું પણ વૃદ્ધા થા. પછી તે બન્ને નાગમતી નદીમાં સ્નાન કરી શાપ નિવારણ પામ્યા. હવે ચમત્કારપુરમાં જે ઇન્દ્રના ગર્વનો નાશ થયો તે સાંભળો.

એકવાર ઇન્દ્રને અભિમાન આવવાથી ગુરુ બૃહસ્પતિનું ઉભા થઈ સન્માન ન કર્યું. બૃહસ્પતિએ શાપ આપ્યો. તારી સંપત્તિ નાશ પામશે. પછી ઇન્દ્ર મોહથી અહલ્યા પાસે ગયો. ત્યાં ગૌતમે શાપ આપ્યો તેથી પદભ્રષ્ટ થઈ વનમાં રખડતો. ગુરુએ કૃપા કરી યજ્ઞ કરાવી ફરી ઇન્દ્રને ગાદીએ બેસાડ્યા. ત્યાં સ્વર્ગમાં બંગલાની સજાવટમાં વિશ્વકર્માને છુટા થવા દેતો નથી. ત્યાં નારાયણ બ્રાહ્મણ બાળકરૂપે આવી ઇન્દ્રને કહે, તું આટલા બધા કામમાં શું અવરાઈ ગયો છો ? ઇન્દ્ર કહે, તમે કોણ છો ? નારાયણ કહે : તારા જેવા કેટલા ઇન્દ્ર, બ્રહ્મા, વૈરાટ, મહાવિષ્ણુને જોનારો હું છું. ત્યાં કીડીની હાર નીકળી અને કહ્યું, જો કર્મથી કીડીઓ થાય. મનુષ્યો થાય, દેવ થાય, અને ઋષિ થાય. તારું આયુષ્ય પુરું થવા આવ્યું છે. તેથી હું તને કહેવા આવ્યો છું. ત્યાં લોમશઋષિ આવ્યા ઇન્દ્રે પગે લાગી પૂછ્યું. ક્યાંથી આવો છો ? લોમશઋષિ કહે, વૈકુંઠમાંથી પ્રભુના દર્શન કરી આવું છું. ઇન્દ્ર કહે,

તમારો આશ્રમ કયા છે? લોમશઋષિ કહે, મહાકાળ ચારેકોર ફરે છે. ત્યાં આશ્રમ કયાં કરવો. આ તૃણની સાદડી પાથરી બેસી જાઉ. ઠંડી લાગે તો ઓઢી લઉં. વરસાદમાં પણ રક્ષણ થાય. ઈન્દ્ર કહે, તમારી આયુષ્ય કેટલી ? લોમશઋષિ કહે, કાંઈ ખબર નહીં. તારા જેવાં ઈન્દ્ર એક ગાદી પરથી ઉતરે એટલે છાતીમાંથી એક રોમ કાંઢી ફેંકી દઉં. એમ કહીને ઈન્દ્રને "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર આપી લોમશ અને નારાયણ બન્ને અદેશ્ય થયા. પછી ઈન્દ્ર નારાયણનો જપ કરી અંતે મોક્ષમાં ગયો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ અધ્યાયની કથા વાંચશે, સાંભળશે તેના ગર્વ અભિમાનનો નાશ થઈ પરમ ભક્તિને પામી મોક્ષને પામશે.

અધ્યાય - ૪૮૬

❖ મનસાદેવીએ ધન્વંતરીથી સર્પોની રક્ષા કરી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારાયણના અંશ સમુદ્રમાં પ્રગટ થયેલા ધનવંતરીએ એકવાર સૂર્ય ઉપર મંત્ર પ્રયોગ કરી મુર્છિત કર્યા. બીજા સર્પો વાસુકી પાસે જઈ કહે, અમારું રક્ષણ કરો. વાસુકીએ કાલી વગેરે મહાન સર્પોને મોકલ્યા. ધન્વંતરી અને તેના શિષ્યોએ તેને પણ મુર્છિત કર્યા ત્યારે વાસુકી નાગે મનસાદેવીને સંભાળ્યા. દેવી આવી શ્રીહરિને શંભુને સંભારીને દૃષ્ટિમાત્રથી મૂર્છિત પામેલા સૂર્યને જીવતા કર્યા. પછી દેવી કહે તમે સિદ્ધપણાનું અભિમાન તજી દો. એમ કહી મંત્રેલ કમળ ફેંક્યું. ધન્વંતરીએ ત્રીશૂલથી કાપી નાખ્યું. દેવીએ નાગપાસ ફેંક્યું. ધન્વંતરીએ ગરૂડાસ્ત્ર ફેંક્યું. ત્યાં બ્રહ્માંડમાં પ્રલય અગ્નિસમાન ભય વ્યાપી ગયો. ત્યાં શંકર, બ્રહ્મા આવ્યા અને કહ્યું, ધન્વંતરી સર્પોની માતા મનસાદેવીની પૂજા કરો. ધન્વંતરી અભિમાનનો ત્યાગ કરી મનસાદેવીની પૂજા કરી, સ્તુતિ કરી. મનસાદેવીએ પ્રસન્ન થઈ આશિર્વાદ આપ્યા. સર્વે દેવો પોતાના સ્થાનમાં ગયા. આ અધ્યાયની કથા જે સાંભળશે તેને સર્પથી ભય નહીં રહે.

અધ્યાય - ૪૮૭

❖ શ્રીકૃષ્ણ-ગોપીઓના રાસલીલાના દર્શન કરી અષ્ટાવક્ર ઋષિ ગોલોક ગયા ❖

લક્ષ્મી કહે : પ્રભુ, શ્રીકૃષ્ણનારાયણ અને ગોપીઓના શરદઋતુની રાસની લીલા સંભળાવો. શ્રીનારાયણ કહે : નવ લાખ ગોપીઓ સાથે પ્રભુ નવ લાખ રૂપ ધારણ કરી રાસ રમ્યા. એકવાર શ્રીકૃષ્ણે શરદ પૂર્ણિમાએ ચંદ્રોદય થયો ત્યારે વૃંદાવનમાં મોરલી વગાડી. તે સાંભળીને રાધા તેની સખીઓ, ગોપીઓ કોઈ ફૂલમાલા, કોઈ મોતીમાળા, કોઈ અબીલ, ગુલાલ, ધૂપ, દીપ, ચંદન, કસ્તુરી, વસ્ત્ર, અલંકારો, આભૂષણો લઈને વૃંદાવન આવી. અતિ તેજસ્વી, મનોહર, દિવ્ય, અલૌકિક શોભતા પ્રભુની પૂજા કરી. પછી ધૂન-કિર્તન કરી રાસ રમ્યા. તાલી વગાડી, દાંડીયારાસથી અનેક પ્રકારના રાસ રમીને થાક્યા.

પછી ગોપીઓની કામભાવના જાણી નવ લાખ ગોપીઓ સાથે નવલાખ રૂપ ધારણ કરી શ્રીકૃષ્ણ રમતા હતા. અનેક પ્રકારની રતિક્રીડાના સર્વજ્ઞ પ્રભુ ગોપીઓના મનોરથ પુરા કરતા હતા અને પોતે ઉર્ધ્વરેતા રહી અલૌકિક સમર્થ્ય બતાવ્યું. એ શરદ રાત્રિને છ માસની કરી સર્વને અતિ સુખ આપ્યું. આકાશમાં સર્વ દેવ-દેવીઓ અલૌકિક રાસલીલા જોઈને આનંદ પામ્યા. પછી સવારે ગોપીઓએ સર્વે પૂજાની સામગ્રીથી પ્રભુની પૂજા કરી. પછી શ્રીકૃષ્ણ એકલા ઘરે જતા માર્ગમાં અષ્ટાવક્ર ઋષિ સામા મળ્યા. પ્રભુને પગે લાગી દેહત્યાગ કર્યો. સાઠ હજાર વર્ષ તપ કરી અસ્થિ માત્ર રહેલા તેમના દેહને પ્રભુએ અગ્નિસંસ્કાર કરીને ભસ્મ પોતાના ભક્તોને આપી.

બ્રહ્માના પુત્ર પ્રચેતા તેનો અસીન તેનો દેવલ તે અપુત્ર હોવાથી તપ કરવા ગયો. તો પણ પુત્ર ન થયો. એટલે દેહ તજવા તૈયાર થયો. ત્યાં શંકર પ્રગટ થઈ કહે, "રાધીકાયૈ શ્રીકૃષ્ણાય નમોઃ સ્તુતે" આ મંત્રનો જપ કર. સો વર્ષ જપ કર્યો એટલે શંકરસમાન જ્ઞાનીભક્ત દેવલ પુત્ર થયો. તે તપ કરવા વનમાં ગયો. ત્યાં રંભા અપ્સરા આવી. દેવલ ઋષિએ તપમાં ભંગ ન થાય તેથી તેનો ગ્રહણ ન કરી. રંભાએ શાપ આપ્યો. તું સ્ત્રીના કામદુઃખને જાણતો નથી. જા અષ્ટાવક્ર વૃદ્ધ થા. તે દેવલઋષિ અષ્ટાવક્ર થયા. સાઠ હજાર વર્ષ તપ કરી ધ્યાનમાં રાસમંડળના દર્શન કરી શ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવ્યા. દિવ્ય દર્શન કરી ગોલોક ધામમાં ગયા. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રાસની કથા જે સાંભળશે તેને પ્રભુની પ્રાપ્તિ થશે.

અધ્યાય - ૪૮૮

❖ કળશ રાજા દુર્વાષાના શાપથી છૂટીને પરમપદને પામ્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચમત્કારપુર નાગમતી નદીથી દક્ષિણમાં પાંચ યોજનના સરોવરમાં દુર્વાસા સ્નાન કરી કળશ રાજા પાસે ગયા અને કહ્યું, મે ચાર્તુમાસનું તપ કર્યું છે. પારણુ કરવું છે. ભુખ લાગી છે. ભોજન આપ. રાજાએ મિષ્ટાન્ન વગેરે ભોજન આપ્યું પણ માંસયુક્ત હતું. દુર્વાસાને જ્યાં ખબર પડી તો રાજાને શાપ આપ્યો. તે મને માંસવાળુ ભોજન આપી વ્રત ભંગ કરાવ્યું. માટે તું માંસ ખાનારો વનમાં વાઘ થા, રાજા પગે લાગી કહે, અજાણતા અપરાધ થયો ક્ષમા કરો, કૃપા કરો. દુર્વાસા કહે, નંદીની ગાય અહીં શંકરને દૂધથી સ્નાન કરાવવા આવશે. ત્યારે તારો મોક્ષ થશે.

એકવાર ગાયો ત્યાં ચરતી હતી. તેમાં નંદીની ગાયે ત્યાં રહેલા શિવલિંગ પર દૂધનો સ્રાવ કર્યો. વાઘે આવી ગાયને પકડી. ગાય કહે, મારા વાછડાને ધવરાવીને આવું. પછી મને ખાઈ જજે. જો હું પાછી ન આવું તો અસત્યનું પાપ સર્વે મને લાગે. ગાય વાછરડાને ધવરાવીને આવી. વાઘને કહે, મને ખાઈ જા. વાઘ કહે, સત્યને મારે કેમ મરાય. ગાય કહે :

સત્યુગમાં તપ, ત્રેતાયુગમાં ધ્યાન, દ્વાપરયુગમાં યજ્ઞ અને કળીયુગમાં દાન અને શ્રીહરિનું નામ તે તારનારું છે. તેથી હે વાઘ આ જગ્યાએ પૃથ્વીમાં શંકર રહ્યા છે. તેથી પૂજા-પ્રદક્ષિણા કર. પછી વાઘે શંકરની પ્રદક્ષિણા કરી ત્યાં શંકર પ્રગટ થયા અને વાઘને રાજાનારૂપે બનાવ્યો. રાજાએ ગાયની તથા શંકરની પૂજા કરી. શંકરે રાજાને "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમઃ" એ મંત્ર આપ્યો. પછી રાજા એ મંત્રનો જપ કરી મહાન ભક્ત થયો. અને અંતે પ્રભુના ધામમાં ગયો. એ રીતે કળશ રાજા દુર્વાસાના શાપથી મુકાઈને પરમપદને પામ્યા.

અધ્યાય - ૪૮૯

❖ શર્મવંતી ભાગ્યહીન હોવા છતાં પણ તપ-ભક્તિથી પ્રભુને પામી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સૌરાષ્ટ્રમાં ચંદ્રવંશનો રાજા વક્ર અને તેની રાણીને વૃદ્ધ અવસ્થામાં એક કન્યા થઈ. રાજાએ જ્યોતિષીઓને બોલાવ્યા. જ્યોતિષીઓએ કહ્યું, આ કન્યા ચિત્ર નક્ષત્ર ચૌદસ રવિવારની રાત્રિમાં જન્મી છે. તેથી ગ્રહ પ્રમાણે તેના માબાપની સંપત્તિ નષ્ટ થાય અને કન્યાનું પાણીગ્રહણ કરે તે છ માસમાં મૃત્યુ પામે. તેથી હે રાજા આ વિષ કન્યા છે. તેનો ત્યાગ કરી તું સુખેથી રાજ્ય ભોગવ અથવા આ તારી કન્યાને સાધ્વી, યતિ, સાંખ્યયોગીની બનવા દે તો બન્ને કુળનો ઉદ્ધાર કરે. કન્યા યતિમણિ મોતી, ઔષધી, સોનું સર્વે મંત્ર દીક્ષાથી દિવ્ય બને છે. બ્રાહ્મણોએ આ રીતે કહ્યું. છતાં રાજા જેવું ભાગ્યમાં હશે તેવું થશે. સર્વે કર્મને ભોગવે છે. તે રીતે મારી પુત્રી કર્મને લઈને આવી છે. તેને તજીને હું બાળહત્યારો શા માટે થાઉં ? એમ છતાં પુત્રીને લઈને ધન નાશ પામશે તો શ્રીહરિનું ભજન કરીશ. રાજા આવો વિચાર કરી પુત્રી શર્મવંતીનું પાલનપોષણ કરતો. કન્યા પણ યુવાન થતા માતા-પિતાની સેવા કરી કૃષ્ણનારાયણનું ભજન કરતી.

એકવાર બીજા રાજ્યના શત્રુએ ચડાઈ કરી. યુદ્ધ કરી રાજ્ય લઈ લીધું. રાજાને મારી નાખ્યો ત્યારે પ્રજાએ કહ્યું. રાજાએ કન્યાનો ત્યાગ ન કર્યો તેથી રાજ્ય ગયું અને પોતે મરણ પામ્યો. માટે કન્યાને મારી નાખો. જેથી બીજાનો નાશ ન થાય. કન્યાને ખબર પડવાથી રાજ્યમાંથી નીકળી વનમાં ચાલી ગઈ. હાટકેશ્વર શિવાલયમાં શંકરને નમસ્કાર કરી ધ્યાનમાં બેઠી ત્યાં તેને પૂર્વ જન્મની સ્મૃતિ થઈ. પૂર્વે ચાંડાલી બહુ પુત્રીવાળી હતી. એકવાર તરતી ગાયને પાણી પાવાથી રાજકન્યા થઈ. શિવાલયમાંથી સોનાની પાર્વતીની મૂર્તિની ચોરી કરી ભાંગી વેચવા ગઈ ત્યાં રાજ્યનાં માણસોએ પકડી જેલમાં પુરી મારી, ત્યાં મરી ગઈ. તે ચોરીથી વીષ કન્યા થઈ. પછી તે શર્મવંતીએ શિવાલયમાં અતિ કઠીન તપ કરી શંકર પાર્વતીની આરાધના પૂજા કરી. પાર્વતી ઈન્દ્રાણીરૂપે આવી કહે, ચાલ સ્વર્ગમાં. શર્મવંતી કહે, મારે પાર્વતી વિના કોઈ પાસે કાંઇ વરદાન નથી જોઈતું.

શર્મવંતીની દૃઢતા જોઈ પાર્વતીએ દર્શન આપ્યા. શર્મવંતી કહે મને શંકરના દર્શન કરાવો. પાર્વતીએ કૈલાશમાં જઈ શંકરના દર્શન કરાવ્યા. શંકરે "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર આપી કંઠી માળા આપી ભજન કરાવી શ્રીહરિના ધામમાં મોકલી. એ રીતે કર્મહીન, ભાગ્યહીન પણ તપ અને આરાધનાથી પ્રભુને પામે છે.

અધ્યાય - ૪૯૦

❖ બ્રાહ્મણ દંપતી રોગમુક્ત થઈ શ્રીહરિના ધામમાં ગયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સમુદ્ર કાંઠે વીટંકપુરમાં કુષ્ઠિસર બ્રાહ્મણ રહેતો. તેની પત્ની સાધુ સેવા સારી કરતી. તે કોઢના રોગથી પીડાતો હતો. એકવાર તેને ત્યાં અતિથિઓ આવ્યા. બ્રાહ્મણ દંપતીએ ભોજન કરાવી પૂછ્યું, ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના છો. અતિથિ કહે કાંતીપુરી રહું છું. ચમત્કારપુર સૂર્યમંદિરે દર્શન ગયો હતો. ત્યાં એક વર્ષ રહી રવિવારનું વ્રત કરી ધૂન-કિર્તન કરતો. વર્ષ પુરું થયું ત્યારે રવિવારે રાત્રે સ્વપ્નમાં સૂર્યનારાયણે દર્શન આપી "ૐ હ્રાં હ્રીં હ્રૌં સૂર્યાય નમઃ" મંત્ર આપી શરીરે હાથ ફેરવી, સ્નાન કરાવી અદૃશ્ય થયા. સવારે જાગ્યો ત્યાં મને શરીરે કોઢ ન હતો. માટે હે વિપ્ર, તું પણ સૂર્યમંદિરે જઈ સૂર્યની આરાધના જપ, કર. તું પણ કોઢના રોગથી મુક્ત થઈશ. એમ કહી અતિથિ ચાલ્યો ગયો. બ્રાહ્મણ દંપતી ચમત્કારપુર સૂર્યતીર્થ આવ્યા. ત્યાં સ્નાન કરી જપ, તપ, વ્રત, નિયમનું પાલન કરી શ્રીકૃષ્ણનારાયણની આરાધના ભક્તિ કરવા લાગ્યા. સર્વે તપસ્વીઓ કોઢ રોગ જાય કે ન જાય પણ ભવરોગ જરૂર જાશે. આવા વિચારથી ભીક્ષા માંગી ભજન કરતા.

એક વર્ષે શ્રાવણી અમાસે લાખો લોકો સ્નાન કરતા હતા. તે સમયે તે બ્રાહ્મણ દંપતીને સૂર્યનારાયણ અને કૃષ્ણનારાયણ આવી આકાશમાં દિવ્ય દર્શન આપી રોગમુક્ત કર્યા. પછી સર્વે લોકોએ બ્રાહ્મણ દંપતીની પૂજા કરી અંતે બ્રાહ્મણ દંપતી એ શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી ચમત્કારપુરમાં શ્રીહરિના ધામમાં ગયા.

અધ્યાય - ૪૯૧

❖ લક્ષ્મીના અવતારરૂપ શાંડિલી માધવીની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ચમત્કારપુરમાં ગરૂડના મિત્ર ભૃગુ બ્રાહ્મણની કન્યા માધવી તેના લગ્ન માટે ગરૂડને કહ્યું, તું યોગ્ય વર બતાવ. ગરૂડ કહે, તમે મારી પીઠ પર બેસી જાવ પછી ગરૂડ સાથે ચૌદ લોકમાં ફર્યા પણ યોગ્ય વર ન મળ્યો. જેમાં રૂપ તેમાં ગુણ નહીં, જેમાં ગુણ તેમાં રૂપ નહીં, રૂપગુણવાળા પાસે દાન નહીં. પછી ફરતા બદ્રીઆશ્રમ, ક્ષીરસમુદ્ર અને વૈકુંઠ ગયા ત્યાં પ્રભુને ન જોયા એટલે નારદને પૂછ્યું,

નારાયણ કયાં છે ? નારદ કહે, નારાયણ સર્વત્ર વ્યાપક છે. જેનું મન વાસના રહિત નિર્ગુણ દિવ્ય થયું હોય તે જ પ્રભુને દેખી શકે છે. ઓળખી શકે છે. ચમત્કારપુર નાગમતી નદીમાં પ્રભુ ચાર્તુમાસ જલસાયીરૂપે શ્રીકૃષ્ણનારાયણ વાસ કરે છે ત્યાં તમને પ્રભુ મળશે. સર્વે નાગમતી નદીએ આવ્યા. ગરૂડ કહે પ્રભુ તપ અને જપથી પ્રાપ્ત થાય છે. એમ કહીને ગયા.

પિતા-પુત્રી ત્યાં નિરાહાર રહી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પતયે નમઃ" એ મંત્રનો જપ કરતા હતા. ઘણા વર્ષો પછી ગરૂડ ત્યાંથી નીકળ્યો. પ્રભુની સેવામાં લક્ષ્મી પાસે માધવી શાંડિલીની જોઈ નારાયણને પૂછ્યું આ કોણ છે ? નારાયણ કહે : તે મારી મહાલક્ષ્મી છે. એકવાર તેને ગર્વ આવ્યો. મારા જેવું કોઈ નહીં. પ્રભુ મારી પાસે જ આવે. તે લક્ષ્મી બગીચામાં ફરવા ગયા. નારાયણે જય-વિજય પાર્ષદને કહ્યું, લક્ષ્મીને અંદર આવવા ન દેતા. લક્ષ્મી ફરીને આવ્યા. પાર્ષદે પ્રભુની આજ્ઞા સંભળાવી. લક્ષ્મીને અપમાન લાગવાથી દેહત્યાગ કરવા તૈયાર થયા. બ્રહ્માદિ સર્વદેવો આવ્યા. ઋષિ-મુનિઓ આવી સ્તુતિ કરી. તમારા વિના જગત નષ્ટ થશે. તમે બ્રહ્માંડોમાં સર્વ સંપત્તિ સુખરૂપે સર્વને આનંદ આપો છો. દેવોની સ્તુતિ સાંભળી લક્ષ્મી કહે, હું ક્રોધથી વૈરાગ્યથી દેહત્યાગ કરતી નથી પણ આ પાર્ષદ નોકર મારું અપમાન કરે તે કેમ સહન કરું. જે નારીનું સૌભાગ્ય પતિ છે, ભોજનમાં શયનમાં પતિનો પ્રેમ નથી જોતી તેનો જન્મ નિરર્થક છે. માટે સતી, સાધ્વી, પતિવ્રતાએ પતિમાં કોઈ દોષ જોવો નહીં. પતિની સેવા તે તપ છે. ધર્મ, સત્ય, વ્રત, તીર્થ, દાન, પૂજન સર્વ પતિસેવામાં આવી જાય છે. જે સતી પતિના પગ ધોઈ પાણી પીએ છે. તે સતીના દર્શન સ્પર્શ દેવતાઓ ઈચ્છે છે. એમ કહીને મહાલક્ષ્મી રૂદન કરવા લાગ્યા. ત્યારે બ્રહ્માદિદેવો ભય પામ્યા અને ભક્તિથી મસ્તક નમાવી લક્ષ્મીજીને કહ્યું, માતાજી ચાલો તમને નારાયણ પાસે લઈ જાઉં.

સર્વે નારાયણ પાસે આવી સ્તુતિ કરી કે, પ્રભુ તમે દયાળુ છો. સર્વજ્ઞ છો. આ મહાલક્ષ્મી વિના અમે જીવી શકીએ નહીં. નારાયણ કહે : મારે તો સર્વે ભક્તો પ્રત્યે સમાનતા છે. પરંતુ ચમત્કારપુરમાં શાંડીલ્ય બ્રાહ્મણને ત્યાં આ લક્ષ્મી માધવી નામથી પ્રગટ થશે. તે મને જ પતિ કરવાની ઈચ્છાવાળી છે. ગરૂડ તું આ કથાને જાણતો નથી. તેથી લક્ષ્મી પાસે બેઠેલી શાંડીલી સાધ્વીને જોઈ ગરૂડે સંશય કર્યો કે, સ્ત્રી યુવાનમાં બ્રહ્મચર્ય કેમ રાખી શકે. એવી શંકા કરી ત્યાં ગરૂડની બેય પાંખો ખરી ગઈ. પછી ગરૂડે લક્ષ્મીરૂપી શાંડીલી માધવીની સ્તુતિ કરી. પ્રસન્ન થયેલા શાંડીલીએ ગરૂડને પીઠ પર હાથ ફેરવ્યો ત્યાં પાંખો હતી તેવી થઈ ગઈ. લક્ષ્મીના આ અવતારની કથા જે સાંભળશે તે દાસ્યભક્તિ પામશે.

અધ્યાય - ૪૯૨

❖ લક્ષ્મી અને શાંડિલીનો પરસ્પર શાપ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ક્ષીરસમુદ્રમાં શેષ શય્યામાં નારાયણની સેવામાં જમણો પગ લક્ષ્મી દાબતા હતા. ડાબો પગ શાંડિલી દાબતા હતા. લક્ષ્મી કહે, ડાબો પગે મને દાબવા દે. શાંડિલીએ ના પાડી. લક્ષ્મીએ શાપ આપ્યો. અશ્વમુખી થા. શાંડીલીએ શાપ આપ્યો તું ગજમુખી થા. બેય દુઃખી થઈ નારાયણને પ્રાર્થના કરી. નારાયણ કહે : મારે પણ ધર્મ, રક્ષણ માટે પૃથ્વી પર અવતાર ધારણ કરવો છે. માટે શાંડીલી તું કૃષ્ણની બહેન સુભદ્રા અશ્વમુખી થઈશ. તને અર્જુન પરણશે અને લક્ષ્મી ગજમુખી મહાલક્ષ્મી નામથી પ્રસિદ્ધ થશે અને મને પરણશે.

અધ્યાય - ૪૯૩

❖ અંબા અને વૃદ્ધાના વ્રતથી પ્રસન્ન મહાદેવી દ્વારા અધર્મી યવનોના કુળનો નાશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચમત્કારપુરના રાજાની બે કન્યા અંબા અને વૃદ્ધા. તે કાશીરાજાને પરણી. સમય જતા યવનરાજાએ કાશીરાજાને મારી નાખી રાજ્ય લઈ લીધું. કાશીરાજાની બન્ને પત્નીઓ પિતાને ઘરે ચમત્કારપુર આવી અને હાટકેશ્વર મંદિરમાં સો વર્ષ તપ કરી દુર્ગાદેવીનું પૂજનહવન કર્યું તો પણ દેવી પ્રસન્ન ન થયા. પછી વૈરાગ્ય પામી વેદમંત્રોથી શરીરનું માંસ કાપીને યજ્ઞકુંડમાં હોમવા લાગી. ત્યારે યજ્ઞકુંડમાંથી ચાર હાથવાળી, આઠ નેત્રોવાળી, શ્વેતવસ્ત્રોવાળી, સૂર્યની સમાન તેજસ્વી હાથમાં આયુધોવાળી દેવી બહાર આવી. કાશીરાજ પત્નીઓએ સ્તુતિ કરી કહ્યું. યવનોએ અમારા પતિને મારી નાખ્યો છે તેથી તે શત્રુનો નાશ કરો. દેવી કહે, તથાસ્તુ. ત્યાં કુંડમાંથી અનેક ચિત્રવિચિત્ર રૂપવાળી હજારો દેવીઓ પ્રગટ થઈ. એક, બે, પાંચ, સાત, હાથ અને મોઢાવાળી તે સર્વેદેવીઓ આયુધો લઈને અધર્મી યવનોના કુળનો નાશ કરવા ગઈ. યવનોના કુટુંબનો દેશનો નાશ કરી પછી ચમત્કારપુર આવી અને કહ્યું, અમને ભોજન આપો અને વાસ આપો. ત્યારે મહાદેવી એને ભોજન અને વાસ આપ્યો કે, જે નારીઓ સંધ્યાકાળે શયન કરે અને તે ગર્ભવાળી હોય તેનો ગર્ભ તમારું ભોજન તથા સંધ્યાકાળે અને પ્રભાતે મૈથુન કરે તથા સવારમાં સ્નાન ન કરે તે તથા બાળકની છઠ્ઠીને જાગરણ ન કરે તે બાળકનું તમારે ભોજન કરવું તથા સુતિકાગૃહમાં જે અગ્નિ ન રાખે તથા સંધ્યા સમયે બાળકને આકાશ દેખાય તેમ સૂવાડે તે બાળકો તમારું ભોજન છે. બાળકના જન્મ દિવસે માંગલિક કાર્ય ન કરે, તેલ ચોળી સ્નાન ન કરે તે મનુષ્યો તથા જમ્યા પછી એઠું રાખનાર, મોઢું નહીં ધોનાર, આ સર્વનું તમારે ભોજન કરવું. એ રીતે સર્વ દેવીઓએ ચમત્કારપુરમાં વાસ કર્યો.

પછી રાજાએ હાટકેશ્વરનું વિશાલ મંદિર કરાવ્યું અને તેમાં કન્યા અંબાની પાદુકા પધરાવીને પૂજા કરી અને કહ્યું, આ પાદુકાને કોઈ મંદિર બહાર કાઢતા નહીં તથા કન્યાઓને અંબાએ મંત્ર આપ્યો "ૐ શ્રીં હ્રીં ક્લીં અંબાયે નારાયણો સ્વાહા નમઃ" આ મંત્રથી પાદુકાની પૂજા કરનારી નરનારી સુખી રહે છે અને કન્યાનો વંશ વધે છે.

અધ્યાય - ૪૯૪

❖ અગ્નિ દ્વારા હાથી, પોપટ, દેડકાં, માછલી તેમજ કાચબાંને શાપ અને આશિર્વાદ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચમત્કારપુરમાં પૂર્વે પ્રતાપી રાજા હતો. તેને બે પુત્ર હતા. એક દેવાપી બીજો શંતનું. રાજા મરણ પામ્યો. દેવાપી વનમાં તપ કરવા ગયો. શંતનું ગાદીએ બેઠો. ત્યાં ત્રણ વર્ષ સુધી દુકાળ પડ્યો. પ્રજા ભુખ-તરસથી પીડાવા લાગી. લોકો ધર્મ કર્મ વ્રતહીન થયા. માતાપિતા બાળકો તજી દેતા. પતિ પત્ની તજી દેતો. એવો સમય આવવાથી વિશ્વામિત્ર ઋષિઓ ભુખ-તરસથી પીડાઈને ફરતા હતા. ક્યાંય પણ ખાવાનું ન મળવાથી આપત્કાળનો ધર્મ જાણી ચારેકોર મરેલા પડેલા શબોમાંથી એક મરેલું કૂતરું લઈ તેને રાંધી પિતૃ તર્પણ કરી યજ્ઞમાં હોમવા ગયા. ત્યાં અગ્નિ અદૃશ્ય થયો.

ઋષિઓ દેવી સાથે અગ્નિને ગોતવા નીકળ્યા. ત્યાં વનમાં હાથી મળ્યો તેને પૂછ્યું, અગ્નિ જોયો. હાથી કહે, વાંસના વનમાં છે. અગ્નિએ હાથીને શાપ આપ્યો. તારી જીભ ટુંકી થશે. એમ કહી આગળ ગયો. દેવો આગળ વધ્યા. ત્યાં પોપટ મળ્યો. તેને પૂછ્યું તે અગ્નિને જોયો. પોપટ કહે, આ ખીજડાની બખોલમાં છે. મારા બચ્ચા પણ ત્યાં હતા. અમે સર્વે દાઝયા અને ભાગ્યા. અગ્નિએ જાણ કરવા બદલ પોપટને શાપ આપ્યો. તારી વાણી સ્પષ્ટ કોઈને સમજાશે નહીં. ત્યાંથી અગ્નિ પુષ્કર તીર્થમાં આવ્યો અને પાણીમાં રહ્યો. દેવીએ પાણીમાં રહેલા માછલાને પૂછ્યું, તમે અગ્નિને જોયો. માછલાઓએ કહ્યું, પાણીમાં છે. અગ્નિએ માછલાને શાપ આપ્યો. તમને તમારી જાતિના જ ખાઈ જશે. ત્યાંથી અગ્નિ અશ્વપટ સરોવરમાં આવ્યો. દેવોએ કુંકુમવાપી આવી કાચબાને પૂછ્યું, અગ્નિ ક્યાં છે ? કાચબાએ કહ્યું, અશ્વપટ સરોવરમાં છે. ત્યાં અગ્નિએ કાચબાને શાપ આપ્યો કે, તમારો વંશ વૃદ્ધિ નહીં પામે. એમ શાપ આપી હાટકેશ્વર નાગમતી નદીમાં આવ્યો. ત્યાં દેડકાઓને શાપ આપ્યો. દેવોને જે નૈવેધ ધરાયેલું હોય તે તમે ચોરી ખાનારા થશો. પછી બ્રહ્મા કહે, અગ્નિ તું સર્વે દેવોમાં મુખ્ય છે. તારામાં હોમ થાય તે સૂર્યને પહોંચે તેનાથી વૃષ્ટિ થાય. તેથી અન્ન પાકે સર્વજગત સંતોષ પામે તારે આશ્રયે સર્વે જીવે છે.

અગ્નિ કહે, ઈન્દ્રે વરસાદ ન કર્યો. એટલે વિશ્વામિત્ર મને માંસ અર્પણ કર્યું. તે અભક્ષ્યથી હું ભય પામ્યો. બ્રહ્મા કહે ઈન્દ્રે વરસાદ કેમ ન કર્યો. ઈન્દ્ર કહે, મોટોભાઈ દેવાપીને તજીને શંતનું ગાદીએ બેઠો તેથી. બ્રહ્મા કહે, તે પાપે તો શંતનું ગાદી ભોગવશે.

પણ પ્રજા દુઃખી થાય છે. માટે ઈન્દ્ર વૃષ્ટિ કર, પછી ઈન્દ્રે વૃષ્ટિ કરી. સર્વત્ર દેવ, ઋષિઓ, મુનિઓ, માનવો સુખી થયા. અગ્નિ પણ અનેકરૂપે હવિષ્યાન્ન જમતો. પછી અગ્નિએ જેને શાપ આપ્યા હતા. તેને આશિર્વાદ આપ્યા. હાથીને કહ્યું તું રાજ સન્માન પામીશ. પોપટને કહ્યું, તે બોલીશ તે સર્વને ગમશે. દેડકાને કહ્યું, તમે બોલશોને વરસાદનું સુચન ગણાશે. માછલાને કહ્યું, તમારા એકથી સો માછલા થશે. કાચબાને કહ્યું, તમારી આવરદા સો વર્ષની રહેશે, અને તમારા વંશમાં ભગવાન અવતાર ધારણ કરશે. એ રીતે પ્રજા સુખી થઈ.

અધ્યાય - ૪૯૫

❖ દશરથના પુત્રેષ્ઠિ યજ્ઞ દ્વારા ચાર પુત્રનું પ્રાગટ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સાકેત નગરીનો રાજા અજાપાલ તેણે વિચાર કર્યો. પૂર્વે કોઈ રાજાએ કામ ન કર્યું હોય તેવું કામ કરું. પ્રજા પાસેથી કર ન લેવો. કર લીધા વિના પ્રજાનું સૈન્યનું પાલન ન થાય. તેથી મારા તપથી સર્વનું રક્ષણ કરું. વસિષ્ઠ ઋષિ કહે, હાટકેશ્વર તીર્થમાં પાર્વતીની આરાધના કર. રાજાએ પાર્વતીની પૂજા કરી. પ્રસન્ન કર્યા. રાજા કહે, પ્રજાના રક્ષણ માટે દિવ્ય અસ્ત્રો આપો. પાર્વતી કહે, તે વસ્તુ કોઈને મળે તેમ નથી. છતા તારા તપના ફળરૂપે આપું છું. એમ કહી દિવ્ય અસ્ત્ર, શસ્ત્ર, મંત્ર આપ્યો. અને કહ્યું કોઈને આપીશ નહીં. રાજાએ રાજયમાં આવીને અનેક પ્રકારના દાન આપ્યા અને દિવ્ય શસ્ત્રોને પ્રતાપે તેના રાજયમાં કોઈ રોગ, અકાળે મૃત્યુ, વ્યાધિ, શોર, શત્રુ પ્રવેશી શકતા નહીં. કોઈ ગુન્હો કરે તેને દિવ્ય શસ્ત્ર દંડ આપે. યમરાજ વિચાર કરે, મારે ત્યાં કોઈ પાપી જીવ આવતો નથી. એમ વિચારી, બ્રહ્મા વિષ્ણુ અને શંકર પાસે આવ્યા.

યમરાજ કહે, અજાપાલ રાજાની આયુષ્ય સાઈઠ હજાર વર્ષની છે ને હજી પાંચ હજાર વર્ષ થયા છે. પંચાવન હજાર વર્ષો બાકી છે. તો કેમ કરવું ? પછી શંકર શિકારીનું રૂપ લઈ રાજા પાસે આવ્યા. રાજાએ સર્વે શસ્ત્રો છોડ્યા. શંકર સર્વે શસ્ત્રોને ગળી ગયા. ત્યારે રાજા વ્યાઘ્ર સાથે લડવા લાગ્યા. ત્યારે શંકરે હાથમાં ત્રિશૂલ સાથે રાજાને દર્શન આપ્યા. રાજાએ શંકરને પગે લાગી સ્તુતિ કરી. પ્રભુ તમને જાણ્યા નહીં. અપરાધ થયો ક્ષમા કરો. શંકર કહે, પૂર્વે કોઈએ કાર્ય ન કર્યું હોય તેવું તે પ્રજાનું રક્ષણ કર્યું છે. અલૌકિક કામ કર્યું છે. હવે તું તારી પત્ની સાથે કૈલાશમાં ચાલ. અહીં દેવોની વિરુદ્ધ થઈને યમનો વિરોધ કરી ને તારે હવે પૃથ્વી પર ન રહેવું. એમ કહી શંકરે અસ્ત્રો પાછા આપ્યા. રાજા ચમત્કારપુર આવી સર્વ અસ્ત્ર, શસ્ત્ર, પાર્વતીને પાછા આપ્યા. રાજા પાર્વતીને પગે લાગ્યો અને આશીર્વાદ લઈ સાકેત નગરી આવી પત્નીને સાથે લઈ શંકર સાથે કૈલાશ આવ્યો. ત્યાં શંકરે "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" આ મંત્ર રાજારાણીને આપી. તુલસીની કંઠી, માળા આપી. રાજા ભજન કરી પત્ની સહિત શ્રીહરિના ધામમાં ગયો. તે અજાપાલ રાજાનો પુત્ર દશરથ થયો. તે ત્રીલોકીમાં ગતિ કરતો. તેને ત્યાં સ્વયં વિષ્ણુ રામચંદ્રપ્રભુ પ્રગટ થયા.

એકવાર ગ્રહ શનિએ રોહિણી નક્ષત્રનો ભેદ કર્યો. તેથી બાર વર્ષ સુધી દુષ્કાળ પડે. તે જાણીને દશરથ રાજા ઈન્દ્રે આપેલા વિમાનમાં બેસી ધનુષ્ય તૈયાર કરી શનિને કહ્યું, રોહિણીનો માર્ગ મૂકી દે, નહીં તો તારો બાણથી નાશ કરીશ. શનિ કહે, મારી પાસે વરદાન માંગો. દશરથ કહે, તારા વારને દિવસે શરીરે તેલ લગાવે તેને સાત દિવસ સુધી તારે પીડા ન કરવી. તથા તલદાન, લોઢાનું દાન, શનિવારે કરે તેને એક વર્ષ સુધી પીડા ન કરવી તથા તારી ગૃહશાંતિ કરાવે તેને સાડા સાત વર્ષ પીડા ન કરવી. શનિ કહે, તથાસ્તું. એકવાર દશરથ ઈન્દ્ર સભામાં ગયા ત્યાંથી પાછા આવ્યા. ત્યારે ઈન્દ્રે આસન સાફ કર્યું. દશરથે જાણીને પૂછ્યું, આસન કેમ સાફ કર્યું ? ઈન્દ્ર કહે, તારે પુત્ર નથી માટે આસન સાફ કર્યુ. પિતૃઋણવાળા દેવ પછી દશરથ રાજાએ વશિષ્ઠના કહેવાથી પુત્રેષ્ઠિ યજ્ઞ કર્યો. તેથી રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ચાર પુત્રો થયા.

અધ્યાય - ૪૯૬

❖ મોક્ષ આપનારા અડસઠ તીર્થ તેમજ અન્ય તીર્થોનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મોક્ષ આપનાર અડસઠ તિર્થો છે તે ગણાવું. સોમનાથ - રેવતાચલ (જૂનાગઢ) - કુંકુમવાપી (કુંકાવાવ) - દ્વારિકા - ચમત્કારપુર (જામનગર) - નારાયણ સરોવર - અર્બુદાચલ - પુષ્કર - હીંગળાજ - હરિદ્વાર - કાશ્મીર - બદ્રિકાશ્રમ - કેદારનાથ - કુરુક્ષેત્ર - શાલીગ્રામ - કામાક્ષી - પાશુપત - કપિલાશ્રમ - મુક્તિનાથ - મહાલક્ષ્મીક્ષેત્ર - હરિહર - જગન્નાથપુરી - ગયા - સાકેતનગરી - પરશુરામકુંડ - મથુરામંડલ - સિદ્ધપુર - પ્રયાગરાજ - કાશીક્ષેત્ર - વિષ્ણુકાચી - ચીદંબર - જનાર્દન - ભૂતપૂરી - કન્યાકુમારી - ધર્મારણ્યે - રામેશ્વર - મલ્લીકાઅર્જુન - મલયાચલ - તામપણી - ઉજ્જૈન મહાકાલ વન - નૈમિષારણ્યક્ષેત્ર - કાલંજર - ગોકણ્ય - અમરકંટક - ગોકર્ણ - વિંધ્યાચળ - ત્રિકુટાચળ - પક્ષીતીર્થ - તાપી સાગર સંગમ - મહેન્દ્ર પર્વત - વિશાલાવન - સપ્ત ગોદાવરી - મહાકૈલાશ - જમદગ્નિઆશ્રમ - પુલહાશ્રમ - કાવેરી નદી - વરાહ ઋષભક્ષેત્ર - નૃસિંહાચલ - મીનાક્ષી - ત્ર્યંબકેશ્વર - ૐકારેશ્વર - શુકલતીર્થ - ભૃગુક્ષેત્ર - ચંદ્રભાગા તુલસી - અરુણાચલ - શ્રીશેલતીર્થ - શિવકાંક્ષી પદ્મનાભ તથા નાના મોટા તેત્રીસ કરોડ તિર્થો થયેલા છે. તે સર્વે તારનારા છે.

તથા દેવો, ઋષિ-મુનિઓ સતી, સાધ્વીઓ, શુદ્ધ પુરુષો, પરમહંસો, સાંખ્યયોગી જ્યાં વસે છે. તે સર્વે તિર્થો થાય છે. અને માતા-પિતા, પતિવ્રતા, ગાય આ સર્વે તિર્થો કહેવાય છે. તથા ગુરુતીર્થ - હરિતીર્થ - જ્ઞાનતીર્થ - ભકિત તીર્થ - હાસ્યતીર્થ - સેવાતીર્થ સર્વેમાં ઉતમ છે. તથા "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમઃ" એ મંત્ર જપ પણ તીર્થ છે. સર્વાર્પણ તીર્થ મહાન છે. કિર્તનભક્તિ તીર્થ જેથી પ્રભુ પ્રસન્ન થાય છે કામતીર્થ ગોપીઓનું જેથી વૃજેશ્વર પ્રસન્ન થયા. એવી રીતે સર્વ તિર્થો મોક્ષ આપનારા છે.

અધ્યાય - ૪૯૭

❖ અડસઠ ગામોનું એક નામ ચમત્કારપુર તીર્થ પડ્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચમત્કારપુરનો રાજા આનર્ત દર સંક્રાતિએ પૃથ્વી, ગજ, અશ્વ, ગાયો, વગેરેનાં દાન આપતો અને બ્રાહ્મણોના આશિર્વાદ મેળવતો. એકવાર મકરસંક્રાતિએ આનર્તરાજા અને દમયંતિ રાણી શહેરમાં દાન દેવા નીકળ્યા. તલ, મીષ્ટાન્ન, અન્ન, વસ્ત્ર, અલંકારો જે જોઈએ તે દાન લ્યો. તે સમયે નાગમતી નદી કાંઠે રહેતા બોતેર બ્રાહ્મણ કુટુંબો પાસે રાજા-રાણી આવ્યા. સર્વે બ્રાહ્મણો આકાશ માર્ગે કેદારકાશી અને પુષ્કર તીર્થમાં ગયેલા બ્રાહ્મણ પત્નીઓને રાણી કહે, તમે અમારું કાંઈ દાન ગ્રહણ કરો તો અમારું ધન શુદ્ધિ થાય અને અમારું કલ્યાણ થાય. તેથી તમારી જે ઈચ્છા હોય તે હીરા, મોતી, ઘરેણા દાનમાં લ્યો. ત્યારે બ્રાહ્મણ પત્નીઓએ પોતાને જે વસ્તુની ઈચ્છા હતી તે દાન લીધું. રાણીએ પાંચ દિવસ સુધી દાન આપ્યા. તેમાં ચાર બ્રાહ્મણ પત્નીઓએ દાન ન લીધા. ત્યારે રાણીએ પરાણે કહ્યું ત્યારે બ્રાહ્મણ પત્નીઓ કહે, અમે અમારા પતિની આજ્ઞા વિના ગ્રહણ કરતા નથી. પતિની આજ્ઞા વિના દેહની શોભા પતિવ્રતા કરતી નથી. એમ કહીને ચાર બ્રાહ્મણ પત્નીઓએ દાન ન લીધા. તે સર્વે બ્રાહ્મણ આકાશમાં આવતા હતા. તેમાંથી અડસઠ બ્રાહ્મણ તરત જ પૃથ્વી પર ઉતરી ગયા અને ચાર બ્રાહ્મણ આકાશ માર્ગે નાગમતી નદી કાંઠે પોતાના આશ્રમમાં આવ્યા અને જાણ્યું કે, રાણીએ દાન આપવાથી આકાશમાં ગતિ અટકી ગઈ. ત્યારે ચાર બ્રાહ્મણોએ શાપ આપ્યો કે, રાણી પત્થર બની જાવ. રાણી તરત પત્થર રૂપ થઈ ગઈ. રાજાને ઘણું દુ:ખ થયું. પછી અડસઠ બ્રાહ્મણો ચાલીને આવ્યા. ત્યારે પોતાની પત્નીને પૂછ્યું શું થયું ?

સર્વે કહે, અમે દરિદ્રતાથી લોભાઈને દાન લીધા તેથી તમારી આવી સ્થિતિ થઈ. પરંતુ અહીં આલોકમાં પંચવિષયનો ત્યાગ કરવો પડે છે. અમે સર્વે વસ્ત્ર અલંકાર માલોભાઈને અન્ન મિષ્ટાન્નના દાન લીધા. તેથી તમારી આકાશમાં ગતિ બંધ થઈ ગઈ. ત્યારે અડસઠ બ્રાહ્મણો હાથમાં પાણી લઈ શાપ આપવા તૈયાર થયા. પણ તેમની પત્નીઓએ કહ્યું શાપ ન આપશો. તમારા સર્વે કુટુંબો દુ:ખી થશે. અને નારી હત્યાનું પાપ થશે. તે પાપે તમે કુંભી પાકમાં પડશો. ત્યારે બ્રાહ્મણોએ તો પાણી પૃથ્વી પર નાખી દીધું. તેથી તો ભૂમી ખાર ભૂમિમાં કંઈ પણ ઉગતુજ નથી. પછી પેલા ચાર બ્રાહ્મણ ના કહેવાથી તેની પત્નીઓએ પત્થર થયેલી રાણીની ઉપર બેસીને સ્નાન કર્યું. ત્યાં તો તરત રાણી આળસ મરડીને બેઠી થઈ. સર્વત્ર આનંદ થયો. રાજાએ યજ્ઞ કરાવીને અડસઠ બ્રાહ્મણને અડસઠ ગામ દાનમાં આપ્યા તે બ્રાહ્મણો હિમાલયમાં તપ કરવા ગયા. તપ કરી ભક્તિ કરી અંતે મોક્ષમાં ગયા. અડસઠ બ્રાહ્મણને પણ શંકર પાસેથી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય" એ મંત્ર ગ્રહણ કરી ભજન કરી ગોલોકમાં ગયા ત્યારે પછી તે ગામનું નામ ચમત્કારપુર પડ્યું.

અધ્યાય - ૪૯૮

❖ સતી ભાદ્રીકાનો નાગમાતા રેવતીને શાપ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરની ભક્તિથી પાતાલથી સર્પો આવી હાટકેશ્વર તીર્થમાં રહેતા અને નાગમતી નદીમાં રહેતા. એકવાર એક સર્પનું બચ્ચું નદીમાં પડ્યું. તેને એક વિપ્રે લાકડી મારી તો તે નાગબાળ મરી ગયું. સર્વે સર્પો મનુષ્યરૂપ ધારણ કરી બ્રાહ્મણને મારી નાખ્યો. બ્રાહ્મણની બહેન ભાદ્રીકા તે વિધવા હતી અને કૃષ્ણનારાયણની ભક્તિપરાયણ હતી. તેને નાગમાતા રેવતીને શાપ આપ્યો કે, તું વંશ સહિત નાશ પામીશ. ત્યારે રેવતીએ આરાધના કરી પાર્વતીને પ્રસન્ન કર્યા. અને કહ્યું, ભાદ્રીકાનો શાપ નિવારણ કરો. પાર્વતી કહે, શાપ નાશ નહીં પામે. પણ તક્ષકનાગ સૌરાષ્ટ્રમાં રૈવતરાજા રૂપે થશે. ત્યારે તું તેની પુત્રી થઈશ. શેષનારાયણ બલરામ તારો પતિ થશે. ત્યારે વંશ વિસ્તાર થશે.

એકવાર ભાદ્રીકા નાગમતિમાં સ્નાન કરતી હતી. ત્યાં તક્ષક આવી પાતાલમાં લઈ ગયો. પરંતુ શાપના ભયથી પાછી મુકી ગયો પછી ભાદ્રીકા કલંકના ભયથી ચીતા ખડકી બળી મરવા તૈયાર થઈ. પણ અગ્નિ ઠંડો પડી ગયો. ત્યાં આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. દેવો કહે, ભાદ્રીકા તું શુદ્ધ છે. ત્યાં શ્રીકૃષ્ણનારાયણ વિપ્રરૂપે આવી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ નમઃ એ મંત્ર આપી અદૃશ્ય થયા. ભાદ્રીકા તે મંત્રનો જપ કરી શ્રીહરિના ધામમાં ગઈ. તે ભાદ્રીકાતીર્થ નામે પ્રસિદ્ધ થયું. એ રીતે સતીનું બળ કહેલું છે.

અધ્યાય - ૪૯૯

❖ સત્યસંધા રાજાની પુત્રી કણોત્પલાનો કામદેવ સાથે વિવાહ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આનર્ત દેશમાં સત્યસંધા રાજાને કણોત્પલા નામે કન્યા હતી. તે શ્રીકૃષ્ણનારાયણની ભક્તિપરાયણ હતી. યુવાન થતા રાજાએ ત્રિલોકમાં જોયું કન્યાને યોગ્ય વર માટે પુત્રીને સાથે લઈને રાજા સત્યલોકમાં બ્રહ્મા પાસે ગયા અને કહ્યું. કન્યા માટે યોગ્ય વર બતાવો. બ્રહ્મા કહે, તું અહીં આવ્યો તેમાં ત્રણ યુગ લાગ્યા. આ તારી પુત્રી માનુષી નથી, લક્ષ્મીનો અંશ છે. પૃથ્વી પર જા. સૌ વૃદ્ધ થઈ જાશો અને આ કન્યા બીજે જન્મે પ્રીતિ નામે થશે અને કામદેવની પત્ની થશે. પછી રાજા પુત્રી સાથે પૃથ્વી પર આવી જોયું. ત્યાં સર્વ પરિણામ પામી ગયું. એટલે બૃહદબલ રાજા વૈરાગ્ય પામી શંકરની ભક્તિ કરવા લાગ્યો. શંકર પ્રસન્ન થઈ કહે બોલ શું ઈચ્છા છે?

રાજા કહે, તમારી ભક્તિ આપો. શંકરે શ્રીકૃષ્ણનો મંત્ર આપી ભજન કરાવ્યું. પછી બૃહદબલ રાજા ધામમાં ગયો ત્યારે સત્યસંગ રાજાએ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. દાન આપ્યા પછી કન્યાએ પાર્વતીની આરાધના કરી પ્રસન્ન કર્યા. પાર્વતી કહે, પુત્રી શું ઈચ્છા છે ?

કણોત્પલા કહે, હું વૃદ્ધ થઈ. મારા માતા-પીતા મારા માટે વર ન ગોતી શક્યા. મારું યુવાન સ્વરૂપ કરી, મારે યોગ્ય વર આપી મારા માતાપિતાને સંતોષ આપો. પાર્વતી કહે, માઘ શુદ ત્રીજના સ્નાન કરી વ્રત ઉપવાસ કરજે. એમ કહી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામી પતિશ્ચમે" મંત્ર આપ્યો. કન્યાએ સ્નાન કરી મંત્ર જપ કર્યો. ત્યાં કામદેવ આવી કહે, મને બ્રહ્માએ તારી પાસે મોકલ્યો છે. કન્યા કહે, મારા માતા-પિતા પાસે માંગણી કરો. પછી કામદેવે સત્યસંધા રાજા પાસે જઈ કન્યાની માંગણી કરી. રાજાએ અગ્નિની સાક્ષીએ કન્યા કામદેવને આપી. પછી રાજા પ્રભુની ભક્તિ કરી ધામમાં ગયો. આ કથા કોઈ વાંચશે, સાંભળશે તે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ આ ચાર સિદ્ધિને પામશે.

અધ્યાય - ૫૦૦

❖ વિશ્વકર્મા દ્વારા સૌપ્રથમ આશ્રમનું વાસ્તુપૂજન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ધર્મારણ્યમાં વેદનાપારને પામેલા શાકલ્ય ઋષિ હતા. તે આશ્રમમાં યાજ્ઞવલ્ક્ય આદી ઘણાં શિષ્યોને વેદ ભણાવતા. તે ઋષિ વર્ધમાન રાજાના ગુરુ હતા. એકવાર ઋષિ યાજ્ઞવલ્કયને કહે, આ પ્રસાદીનું પાણી અને આશિર્વાદ રાજાને આપી આવ. યાજ્ઞવલ્ક્ય સ્નાન કર્યા વિના રાજા પાસે ગયા. રાજા કહે, તમે સ્નાન નથી કર્યું. મેં પણ સ્નાન નથી કર્યું તો પાણી યજ્ઞશાળાના થાંભલામાં નાખી દો. યાજ્ઞવલ્ક્ય અપમાન થયું જાણી પાણી થાંભલામાં નાખ્યું. ત્યાં થાંભલો લીલો પલ્લવીત થયો. રાજા અતિ પસ્તાવો કરી કહે, આશિર્વાદ આપો અને પાણી પ્રસાદીનું આપો હું પુત્રવાળો થાવ. યાજ્ઞવલ્ક્ય કહે તે ગુરુનું અપમાન કર્યું. તેથી તું આશિર્વાદને યોગ્ય નથી.

સંતગુરુઓ સ્નાન કર્યા વિના પણ સદા પવિત્ર છે. તેમાં પણ વિદ્વાન ઐશ્વર્યવાળા સિદ્ધપુરુષો સદાપવિત્ર છે. નારી સંગ કરવા છતા પવિત્ર છે. મંત્રથી, તપથી, બ્રહ્મથી, સિદ્ધી પ્રાપ્ત કરેલા માતા-પિતા, પતિ, સતી, ગાય, ગુરુ, સાધુ, દેવ, શ્રીહરિ તેમાં ક્યારે પણ દોષ જોવો નહીં. તેમના કામ, ક્રોધ, લોભ, વાસના સર્વે દિવ્ય છે. સમર્થને દોષનો સ્પર્શ થતો નથી. પવિત્ર તપમાં રહેનારા સંત શાસ્ત્રને જાણનારા એવા એકાંતિક ગુરુસર્વ તિર્થોને પાવન કરી લાખો મનુષ્યોનો ઉદ્ધાર કરે છે. એવા ગુરુને સાક્ષાત્ નારાયણ જ કહેલા છે. એવા ગુરુ પાસેથી મંત્ર જલ આશિર્વાદ ગ્રહણ કરવાથી જીવનમુક્ત થવાય છે. માટે રાજા તે ગુરુનું અપમાન કર્યું છે. રાજા કહે, ફરીથી પ્રસાદીનું પાણી અને આશિર્વાદ લઈ આવો તો તમને અન્ન, ધન, વસ્ત્ર અને વાહન આપું. યાજ્ઞવલ્ક્ય કહે, રાજા એ સર્વે વસ્તુને ઋષિઓ ઈચ્છતા નથી. પછી બીજે દિવસે ગુરુએ કહ્યું, રાજાને જલ અને આશિર્વાદ આપી આવ. યાજ્ઞવલ્ક્ય કહે, રાજા નાસ્તિક છે માટે હું નહીં જાવ. ગુરુ કહે, તો મારી વિદ્યા પાછી લાવ. યાજ્ઞવલ્કયે નમન કરી વિદ્યા પાછી આપી. પછી હાટકેશ્વર જઈ તપ કરી ગાયત્રીમંત્રનો જપ કર્યો. એક વર્ષે સૂર્ય પ્રસન્ન થયા અને કહ્યું વરદાન માંગ.

યાજ્ઞવલ્કય કહે : વેદવિદ્યા, મંત્રવિદ્યા, પરાવિદ્યા વગેરે સર્વ વિદ્યા આપો. સૂર્ય કહે, સિદ્ધિ ગ્રહણ કરીને મારા અશ્વના કાનમાં બેસીને સર્વ વિદ્યા મારી પાસેથી ભણી લો. એ રીતે સર્વ વિદ્યા પ્રાપ્ત કરી યાજ્ઞવલ્કયે મૈત્રેયી અને કાત્યાયની બે પત્નીઓ કરી તથા એક પુત્ર થયો. તેને સર્વ વિદ્યા ભણાવી. તે પુત્ર કાત્યાયન મહા ઐશ્વર્યવાળો થયો. એકવાર પૃથ્વીમાં કાત્યાયને મંત્રથી ભયંકર ભૂત દેવો પાસે મોકલ્યું. દેવોએ મારવા છતાં મર્યું નહીં, ત્યારે બ્રહ્મા ઈન્દ્રને કહે, દેવો અને દૈત્યોને યુદ્ધ કરવું નથી તેથી આ ભૂતને કહ્યું, તારી પૂજા કરી તને સર્વ જગ્યાએ વાસ આપશું. ભૂત કહે, જે નવું મકાન કરી તેનું વાસ્તુપૂજન ન કરે તે મનુષ્યનો હું નાશ કરીશ. સર્વ દેવો કહે, ભલે. પછી કાત્યાયને કાટકેશ્વર ક્ષેત્રમાં આશ્રમ બનાવી સર્વપ્રથમ અક્ષય તૃતીયાને દિવસે વાસ્તુપૂજન વિશ્વકર્મા પાસે કરાવી અને પ્રર્વતાવ્યું. વાસ્તુપૂજનથી ભૂમીદોષનો નાશ થાય છે અને રાજ્ય સમાન સુખ મળે છે.

અધ્યાય - ૫૦૧

❖ પતિવ્રતા દીર્ઘિકાએ સૂર્યની ગતિ અટકાવીને પતિને સજીવન કર્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે હારિત ઋષિને પૂર્ણકલા પત્ની હતી. એકવાર તેને વસ્ત્રવિના સ્નાન કરતી જોઈને કામદેવ મોહ પામ્યો. તેની પાસે આવી ભિક્ષા માંગી. ઋષિપત્ની પણ તેજસ્વી પુરુષને જોઈ મોહ પામી. ત્યાં ઋષિ આવ્યાં. તું મારી પત્નીને મોહ પમાડે છે. માટે કોઢવાળો થા. પત્નીને કહ્યું, તું પથ્થર થઈ જા. કામદેવ કહે, પાપ ત્રણ પ્રકારના છે. મનથી, વાણીથી, અને શરીરથી. મન, વાણીના પાપ સ્તુતિ કરવાથી નષ્ટ થાય છે. શરીરના પાપ પ્રાયશ્ચિત કરવાથી નાશ થાય છે. મેં શરીરથી પાપ કર્યું નથી. માટે મારી પર કૃપા કરો. તે કામદેવે એક માસ નાગમતી નદી કાંઠે સૂર્યની આરાધના કરી. સૂર્યે આવી કોઢ રોગ નાશ કર્યો અને ઋષિ-પત્નીને સજીવન કરી. નારાયણ મંત્ર આપી આકાશમાં ગયા. પૂર્ણકલા ઋષિને પગે લાગી. નિત્યમંત્ર જપ કરીને મહાવૈષ્ણવી થઈ. તેની પાસે એક કન્યા આવતી. તે પણ કૃષ્ણનારાયણનો જપ કરતી. તેનું નામ દીર્ઘિકા.

તે શરીરથી બહુ લાંબી હતી અને માથાના વાળ ટુંકા હતા. તેથી તેને કોઈ પરણવા તૈયાર થતુ નહીં. તેથી તે તપ, જપ, વ્રત, નિયમ ચાંદ્રાયણ કરતી. તેથી તે આકાશમાં ગતિ કરે તેવી સિદ્ધિવાળી થઈ. સ્વર્ગમાં ઈન્દ્રની સભામાં જતી પણ તે પાછી આવે ત્યારે તેનું આસન ઈન્દ્ર સાફ કરાવે. તે જાણીને કારણ પૂછ્યું. ઈન્દ્ર કહે, સ્ત્રી પરણ્યા વિના અશુદ્ધ કહેવાય છે. ઋતુકાલ પછી પતિના યોગથી શુદ્ધ થાય છે. દીર્ઘિકા પૃથ્વી પર આવી કહે, કોઈ મને પરણે તો મારા તપનું અડધું ફળ તેને આપું. લોકો સાંભળી તેની સામુ જોઈ કદરૂપી હોવાથી હસવા લાગ્યા. એક કોઢના રોગવાળો તેને પરણવા તૈયાર થયો. લગ્ન થયા પછી દીર્ઘિકા કહે, હું તમારી શું સેવા કરું ? પતિ કહે, મારે અડસઠ તિર્થો કરવા છે.

જો તું સમર્થ હો તો કરાવ. પતિને એક વાસનો સુંડલો બનાવી તેમાં રૂનું કોમળ આસન બનાવીને પતિને કહ્યું, આમા સુખેથી બેસો તેનો કોઢ રોગ ધીમે ધીમે નષ્ટ થયો. તેમણે ફરતા ફરતા ચમત્કારપુર નાગમતી નદી કાંઠે આવી વિશ્રામ કર્યો.

સવારે નદીએ નાવા જતા રસ્તામાં માર્કન્ડેય ઋષિ સૂતા હતા. અંધારામાં નહીં દેખાવાથી લાકડી અને પગ માર્કન્ડેય ઋષિને અડી ગયા. ઋષિ કહે, કોણ મુંઢ મને લાકડી મારે છે. સૂર્યોદય પહેલા તેનું મૃત્યુ થાય. પતિ પત્નીને કહે, ઋષિના શાપથી સૂર્યોદય પહેલા મારું મૃત્યુ થશે. દીર્ઘિકા કહે, જો હું પતિવ્રતા હોવ પતિની સેવા અને વિધિ પ્રમાણે તીર્થયાત્રા કરી હોય, મારું વ્રત સત્ય હોય તો સૂર્યઉદય ન થાય. તરત સૂર્યના અશ્વો થંભી ગયા. નિત્ય વિધિ હોમહવન પૂજા, દાન, અધ્યાયન સર્વ બંધ થયું. દેવો સૂર્ય પાસે જઈ કહે. તમારા વિના સર્વે વ્યાકુળ થાય છે. સૂર્ય કહે, પતિવ્રતા સતીથી ભય પામું છું. દેવો સર્વે દીર્ઘિકા પાસે આવી કહે દેવી સૂર્યોદય વિના ધર્મકર્મ સર્વનષ્ટ થાય વ્યતિ કર્મ થાય. તેથી સૂર્યોદય થાય તેવું કંઈ કરો. દીર્ઘિકા કહે, સૂર્યોદય થાય તો મારો પતિ મૃત્યુ પામે તો મારે સૂર્ય પાસે કાંઈ પ્રયોજન નથી. દેવો કહે, તારા પતિને રોગમુક્ત કરી તને અને તારા પતિને યુવાન બનાવી દઈએ. પછી દીર્ઘિકાએ કહ્યું, હે, સૂર્યનારાયણ તમે દેવના સત્યથી ઉદય પામો. પછી સૂર્યોદય થયો અને દીર્ઘીકાના પતિનું શરીર પડી ગયું. દેવોએ બન્નેના શરીર પર સ્પર્શ કરી યુવાન કરી રોગમુક્ત કરી આશિર્વાદ આપ્યા. દીર્ઘિકા કહે, મારા નામથી આ તીર્થ થાય અને અંતે અમારો મોક્ષ થાય. તે દંપતી ઘણા વર્ષો સુધી પ્રભુનું ભજન કરી અંતે બ્રહ્મલોકને પામ્યા. દીર્ઘીકાની આ કથા જે નારી વાંચશે, સાંભળશે તે ભુક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૫૦૨

❖ જાબાલી ઋષિ અને પુત્રી ફલવતીનો પદ્મશીલામાં વાસ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જાબાલી ઋષિને અતિ કઠીન તપશ્ચર્યા કરતા જોઈને દેવો ભય પામ્યા. ઈન્દ્રે રંભા અપ્સરાને ઋષિ પાસે મોકલી. રંભા ઋષિ તપ કરતા હતા ત્યાં આવી. નદીમાં વસ્ત્ર વિના સ્નાન કરી, અર્ધ વસ્ત્ર પહેરી, ઋષિને પગે લાગી. ઋષિએ મોહ પામી પૂછ્યું તું કોણ છે ? રંભા કહે, હું સ્વર્ગની અપ્સરા છું. તમારી સેવા કરવા આવી છું. ઋષિ કહે, મારી પણ એવી ઈચ્છા છે. પછી ઋષિ રંભા સાથે રજોગુણમાં આખો દિવસ પ્રવર્ત્યા પછી રંભાએ સ્વર્ગમાં ઈન્દ્ર પાસે જઈ વાત કરી. રંભા અપ્સરાને ઋષિથી ગર્ભ રહ્યો. બાળકીનો જન્મ થયો. તે ઋષિના આશ્રમમાં મુકી ગઈ. જાબાલી ઋષિએ મોટી કરી. પૂજામાં ફળફૂલ લાવી દયે. એકવાર વનમાં ચિત્રાંગદ ગંધર્વ કહે, તું કોની પુત્રી છો ? ફલવતી કહે, જાબાલી ઋષિની. ગાંધર્વ કહે, મારી સાથે લગ્ન કર. ફલવતી કહે, તમે મારા

પિતા પાસે મારી માંગણી કરો. ગાંધર્વ કહે, તારા પિતા ના પાડે તો ? તેથી ચિત્રાંગદ ફલવતી સાથે રતીક્રીડામાં જોડાયો. દિવસ અસ્થ થયો. પુત્રી આવી નહીં એટલે ઋષિએ આવીને જોયું. ત્યાં વસ્ત્ર વિના પુત્રીને જોઈ ગાંધર્વ આકાશમાં જતો રહ્યો.

ઋષિએ લાકડીથી પુત્રીને મારી અને ગાંધર્વને શ્રાપ આપ્યો. તું પીશાચ થા. કોઢવાળો થા. તું અને મારી પુત્રી ફલવતી આ હાટકેશ્વર તીર્થમાં નગ્ન રહો. પછી ચૈત્ર માસમાં શંકર ભગવાન અર્ધરાત્રિએ યોગી સાથે ત્યાં આવ્યા. એટલે આ બન્ને પીશાચોએ નૃત્ય કર્યું. શંકરે પ્રસન્ન થઈ તેનું પીશાચપણું નષ્ટ કરી આકાશમાં ફરવાનું સામર્થ્ય આપી શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. પછી ચિત્રાંગદે ઋષિને શ્રાપ આપ્યો. ફલવતી પણ કહે, તમે મારી ને સ્ત્રીની નિંદા કરો છો. તમે પણ રંભા અપ્સરામાં મોહ પામ્યા. ઋષિ કહે, સ્ત્રી મોક્ષમાં વિઘ્ન કરનારી છે. પુત્રી કહે, વિપ્ર પગથી પવિત્ર, ગાય પુછથી પવિત્ર, બકરી મોઢેથી પવિત્ર અને સ્ત્રી સર્વાંગે પવિત્ર છે. પછી ઋષિ પુત્રીનું જ્ઞાન સાંભળીને રાજી થયા. પછી જાબાલી ઋષિ તથા પુત્રી યોગીની શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી મોક્ષને પામ્યા અને પ્રભુએ પિતા પુત્રીને પદમશીલામાં વાસ આપ્યો.

અધ્યાય - ૫૦૩

❖ વ્યાસજીના દ્વિતીય પુત્ર કંપીજલથી વંશ આગળ વધ્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સૂર્ય, વસુ, રૂદ્ર, વરૂણ, ઈન્દ્ર, અશ્વિનીકુમાર વગેરે તેત્રીસ કરોડ ઈશ્વરો આ સૃષ્ટિના કાર્યમાં રહેલા છે. તે સર્વ પૂજય છે. દેવો દાનવો અને માનવોએ તેની પૂજા કરવી. આઠમ-ચૌદશ તિથી એ રુદ્રની પૂજા કરવી તો અપમૃત્યુ ન થાય. સુદ દસમીએ વસુઓ પૂજવા, છઠ-સાતમે સૂર્ય પૂજન કરવું. બારસે અશ્વિનીકુમાર પૂજવા. રુદ્ર પ્રસન્ન થઈ પરમપદ આપે છે. વસુઓ સ્વર્ગ આપે છે. આદિત્ય ઐશ્વર્ય આપે છે. અશ્વિનીકુમાર નિરોગી કરે છે. જ્ઞાન અને મોક્ષ આપનારા વ્યાસગુરુ સદા પૂજય છે. તે વ્યાસ જાબાલીની કન્યા સુકીને પરણ્યા તેમાં બાર વર્ષ ગર્ભ રહ્યો. તેને વ્યાસે શાસ્ત્રનું જ્ઞાન ગર્ભમાં આપ્યું. તે શુકદેવ થયા. વ્યાસ કહે, તું કોણ છો ? ગર્ભથી બહાર કેમ નથી આવતો ? શુકદેવ કહે, ચોરાશી લાખ દેહ ધરીને આવ્યો છું. હું જાણતો નથી હું કોણ છું. વ્યાસ કહે, હું તને જ્ઞાન અને મોક્ષનો માર્ગ બતાવું. તે તું બીજાને બતાવજે. શુકદેવ કહે, ગર્ભથી બહાર આવું તો માયાનો દોષ લાગે. જ્ઞાન નષ્ટ થાય. જો તમે મારા સાક્ષી થઈને, રક્ષણ કરો તો બહાર આવું. વ્યાસ કહે, શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતો બહાર આવ. શુકદેવ પ્રભુનું સ્મરણ કરતા બહાર આવી માતા-પિતાને નમસ્કાર કરી ચાલતા થયા. વ્યાસ કહે, જાતસંસ્કાર કરવા દે. શુકદેવ કહે, હજારો જન્મોમાં સંસ્કાર કર્યા. વ્યાસ કહે, પિતાજીને ત્યજી વનમાં જાય તે નરકમાં પડે છે. શુકદેવ કહે, ગયા જન્મે તમે મારા પુત્ર હતા અને

તમને પણ ત્યજી મારા પિતા પરાસર વનમાં ગયા. વ્યાસ કહે, પ્રથમ બ્રહ્મચારી રહેવું. પછી ગૃહસ્થમાં જોડાવું. પછી ત્યાગ કરવો તો મોક્ષ થાય.

શુકદેવ કહે : જો બ્રહ્મચર્યથી મોક્ષ થતો હોય તો નપુંસકનો મોક્ષ થાય અને ગૃહસ્થ થવાથી મોક્ષ થતો હોય તો આખા જગતનો મોક્ષ થાય. વનમાં જવાથી, ત્યાગથી મોક્ષ થતો હોય તો મૃગલાઓનો મોક્ષ થાય માટે ચિંતામણિ મળે તો પછી કાંકરાને શું કરવા. એક કોટડીમાંથી નીકળી બીજી કોટડીમાં કોણ પુરાય. સુવર્ણરસ મળ્યા પછી કાદવ કોણ ચૂંથે. એમ કહી શુકદેવ વનમાં ગયા. વ્યાસ પત્નીને કહે, વંશ રાખે તેવો પુત્ર આપો. વ્યાસે શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી જપ કર્યો. પ્રભુ પ્રસન્ન થઈ કહે, તમારી ઈચ્છા પૂર્ણ થશે. પછી વ્યાસથી કંપીજલ નામે પુત્ર થયો. તે ભરદ્વાજની કન્યાને પરણી તેનાથી તેત્રીસ પુત્ર થયા. તે પ્રાગ્જયોતિષ પૂરના પર્વતમાં રહ્યા ત્યાંના રાજા થયાં ત્યાનાં ગુરુ થયા. ત્યાં એક પુરૂષ અને સો સ્ત્રી હતી. તે પોતાના તપના પ્રભાવથી સમાન પુરૂષો અને સમાન સ્ત્રીઓ કરીને રહ્યાં ત્યાં બાલવાકુંડ વગેરે તિર્થો થયેલા છે.

અધ્યાય - ૫૦૪

❖ તિલોત્તમા અપ્સરા દ્વારા શંકરને પાંચ મુખ થયા ❖

શ્રીલક્ષ્મી કહે : પ્રભુ, તમારા સ્વરૂપનું ધ્યાન કરે છે તે ભક્તિ અને મુક્તિ મળે છે. સનકાદિકો, શંકર, માર્કન્ડેય, યાજ્ઞવલ્કય, ધર્મ, શેષ, બલી, વિભીષણ, હનુમાન, જાંબુવન, અશ્વત્થામા, પ્રહલાદ, પંચશીખ, દિવોદાસ, અંબરીષ, ઉધ્ધવ વગેરે તમારા ભક્તો તમારી ભક્તિમાં લીન રહે છે. તેમાં શંકરને પાચ મુખ કેમ થયા ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્માએ સૃષ્ટી કરી ત્યારે સર્વમાંથી થોડું થોડું તેજ લઈને એક તિલોત્તમા અપ્સરા બનાવીને શંકર પાસે ધૈર્ય જોવા મોકલી. શંકર પરબ્રહ્મના ધ્યાનમાં લીન હોવાથી આસપાસ તેજ મંડળ દેખાતુ. તેમાં આ અપ્સરાનું તેજ દેખાણુ. શંકર કહે, આ શું ? બીજું તેજ ક્યાંથી આવ્યું. આંખ ખોલી તો અપ્સરા જમણી બાજુ ગઈ. શંકરે મુખ ફેરવ્યું નહીં પણ જોવાની ઈચ્છા થઈ એટલે જમણી બાજું મુખ ઉત્પન્ન થયું. અપ્સરા ભયથી પાછળ ગઈ. ત્યાં શંકરે પાછળ મુખ ઉત્પન્ન કર્યું. અપ્સરા ડાબી બાજુ આવી. શંકરને ડાબી બાજુ મુખ ઉત્પન્ન થયું. પછી તે અપ્સરા આકાશમાં ગઈ. ત્યાં શંકરને પાંચમું મુખ ઉત્પન્ન થયું. ત્યાં નારદે પાર્વતીને કહ્યું. પાર્વતીએ શંકરના નેત્રમાં પ્રવેશ કરીને શ્રાપ આપ્યો. મારા મહાદેવની આવિકૃતિ કરી તેની આંખ્યો ઝીણી, દાંત મોટા, નાક ભાંગેલુ થઈ જાવ.

શાપથી તરત તિલોત્તમા કુરૂપ થઈ ગઈ. પછી તિલોત્તમાએ પાર્વતીને પ્રાર્થના કરી. પાર્વતીએ શંકર પાસે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ પતયે સ્વાહા" એ મંત્ર અપાવ્યો અને હાટકેશ્વર તીર્થમાં રહી નાગમતીમાં સ્નાન કરીશ એટલે તને ફરી રૂપ પ્રાપ્ત થશે એમ કહ્યું.

પછી તિલોતમાં એ એ રીતે કરવાથી હતી તેવી થઈ. પછી સત્યલોકમાં પિતા બ્રહ્મા પાસે જઈ વાત કરી. બ્રહ્મા કહે, હવે તું સદા અહીં વાસ કર અને તારી કીર્તિ ત્રિલોકમાં ગવાશે અને પૃથ્વી રહેશે ત્યાં સુધી શંકર પાંચ મુખવાળા રહેશે.

અધ્યાય - ૫૦૫

❖ જમદગ્નિ ઋષિના જન્મની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર ભૃગુપુત્ર ઋચિક ઋષિ તીર્થ કરતા ગાધી રાજાના રાજ્યમાં આવ્યા. ત્યાં કૌશિકી નદીમાં સ્નાન કરી જપ કરવા બેઠા ત્યાં રાજકન્યા ગૌરીપૂજન કરવા આવી. ઋષિ મોહ પામીને રાજા પાસે આવ્યા. રાજાએ પગે લાગી આવવાનું કારણ પૂછ્યું. ઋષિ કહે, તારી કન્યા મને પરણાવ. રાજા કહે, કન્યા ન આપવી પડે તે માટે રાજા વૃદ્ધ ઋષિને કહે, તેની કિંમત આપવી પડે. ઋષિ કહે, શું કિંમત ? રાજા કહે, એક બાજુ કાળા કાનવાળા સાતસો સફેદ અશ્વો. ઋષિ કહે, બહું સારું. એમ કહી ગંગા કાંઠે જઈ વરૂણ દેવને જપ કરી બોલાવી. તેની પાસે અશ્વો માંગ્યા. વરૂણે અશ્વો આપ્યા. ઋષિએ આવી રાજાને આપ્યા. રાજાએ અશ્વો જોઈને ઋષિને રેણુકા કન્યા અગ્નિની સાક્ષીએ આપી. ઋષિ વનમાં તપ કરવા જવા તૈયાર થયા. ત્યાં કન્યાએ પોતાની માતાને વાત કરી.

માતા કહે, ઋષિ પાસે પુત્રની માંગણી કર. તારા માટે બ્રહ્મ તેજવાળો પુત્ર અને મારા માટે ક્ષત્રિય તેજવાળો પુત્ર માંગી લે. કન્યાએ ઋષિને સર્વ વાત કરી. ઋષિએ વિધિ પ્રમાણે પુત્રેષ્ઠિ યજ્ઞ કરી દૂધપાકના બે ચરૂ યજ્ઞદેવ માટે તૈયાર કરી કહ્યું. બ્રહ્મતેજવાળો ચરૂ પત્નીને આપી કહ્યું, પી જા. અને પીપળાને આલિંગન કર. બીજો ચરૂ તારી માતાને પાઈને વડલાને આલિંગન કર, એટલે પુત્ર થશે. માતા કહે, પુત્રી મારા કરતા તારો ચરૂ શ્રેષ્ઠ છે. તે મને આપ. પુત્રી કહે લ્યો, તે ગ્રહણ કરો. પરિણામે ક્ષત્રિય તેજવાળો પુત્ર ઋષિને થયો અને ઋષિએ કહ્યું કે, તારો પુત્ર બ્રાહ્મણના આચારથી રહિત થશે અને તારી માતાનો પુત્ર ધર્મ, કર્મવાળો ભક્તિવાળો થશે. એવી રીતે ઋચિકને જમદગ્નિ ઋષિ થયા. રેણુકા કહે, મને બ્રાહ્મણ પુત્ર આપો. ઋષિ કહે, તારા પૌત્રો સર્વ બ્રાહ્મણ થશે. તે પરશુરામ વગેરે સર્વ બ્રાહ્મણ થયા અને ગાધીરાજાની પત્નીને પુત્ર થયો તે વિશ્વામિત્ર યુવાન થતા ગાધીરાજા વિશ્વામિત્રને ગાદી સોંપી વનમાં ગયા.

વિશ્વામિત્ર વૈરાગ્યવાળા હોવાથી વનમાં ગયા ત્યાં વશિષ્ઠ સામા આવ્યા. વશિષ્ઠ ઋષિએ સ્વાગત કર્યું. વિશ્વામિત્ર આશ્ચર્ય પામી ગયા. ક્ષત્રિય તેજ કરતા બ્રહ્મતેજ વિશેષ છે. વિશ્વામિત્રે વશિષ્ઠ પાસે નંદીની માગણી કરી. વશિષ્ઠ કહે, હવન કરવા દૂધ, દહી, ઘી, માખણની જરૂર પડે તેથી ગાય વેચાય નહીં. વિશ્વામિત્ર કહે, રાજ્યમાં જે હોય તે રાજાનું

કહેવાય એમ કહીને નોકર પાસે ગાયને બાંધીને લઈ જતા. વશિષ્ઠ સામે જોઈને કહ્યું, તમે મને રજા આપો છો. વશિષ્ઠ કહે, હું તને રજા આપતો નથી. તારું રક્ષણ તું કર. નંદીની ગાયે ગર્જના કરી. સૈન્ય ઉત્પન્ન કરી વિશ્વામિત્રના સૈન્યનો નાશ કર્યો. હિમાલયમાં હજારો વર્ષ અનશન તપ કર્યું. ઈન્દ્ર પ્રસન્ન થઈ કહે, વર માગો. વિશ્વામિત્ર કહે બ્રહ્મપણુ આપો. ઈન્દ્ર કહે, આ દેહે પ્રાપ્ત ન થાય. બીજો જન્મ લેવો પડે. ફરી વિશ્વામિત્રે હજાર વર્ષ તપ કર્યું. બ્રહ્મા પ્રસન્ન થયા. વિશ્વામિત્ર કહે, બ્રાહ્મણપણું આપો. બ્રહ્મા કહે, ક્ષત્રિય શરીરને વિપ્રપણુ ન મળે. વિશ્વામિત્ર કહે, વિપ્રપણુ પ્રાપ્ત કરીશ અથવા દેહનો ત્યાગ કરીશ. મારા પિતામહ ઋચિકે મને બ્રહ્મર્ષિપણું આપેલુ છે. એટલે બ્રહ્માએ સર્વ ઋષિઓને કહ્યું, આજથી વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહેજો. પણ એક વશિષ્ઠ ઋષિને બ્રહ્મર્ષિ ન કહેતા. વિશ્વામિત્ર વિશિષ્ઠના આશ્રમમાં આવી રાગદ્વેષથી આશ્રમ ઉપર મંત્ર વિદ્યાથી અગ્નિ વર્ષા કરવા માંડી. વશિષ્ઠ ઋષિએ તપોબળથી સ્તંભીત કરી.

અધ્યાય - ૫૦૬

❖ કંસારી દ્વારા પિપ્લાદનો જન્મ - શનિદેવનું પિપ્લાદને વરદાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સરસ્વતી નદી કાંઠે વશિષ્ઠ અરુંધતી આશ્રમ બાંધી વાસ કરતા હતા તથા તેની સાથે દેવશર્માની ધારા નામે કન્યા રહેતી હતી. વિશ્વામિત્રએ રાગદ્વેષથી સરસ્વતી નદીનું પાણી મંત્રબળથી લોહી જેવું બનાવી દીધું તેથી સર્વદેવો પુષ્કર તીર્થમાં ગયા. સરસ્વતી નદીએ વશિષ્ઠને કહ્યું. ભૂતપ્રેતને ઉપયોગમાં આવે એવું મારું પાણી થવાથી દેવો મને તજી ગયા છે. વશિષ્ઠ યોગકળાથી નદીના તળીયે બેસી ગયો એટલે તરત જ નદીનું પાણી શુદ્ધ થયું. બીજો પાણીનો પ્રવાહ થઈ વહેવા લાગ્યો. ત્યાં સાબરમતી નદીએ યાજ્ઞવલ્ક્ય ઋષિ પોતાની બહેન બ્રહ્મચારીણી કંસારી સાથે તીર્થ કરવા આવ્યા. સાબરમતી નદી કાંઠે વાસ કર્યો. રાત્રે યજ્ઞવલ્ક્ય ઋષિને સ્વપ્નદોષ થવાથી કોપીન કાઢી બીજુ વસ્ત્ર પહેરી સુતા. થોડીવાર પછી બહેન કંસારી ઋતુધર્મમાં આવી અને ઉઠી. અજાણતા કોપીનથી સાફ કરી ફરી સૂતી. સવારે ઋષિ જાગી કહે, મારી કોપીન અહીં રાખી હતી તે ક્યાં ? કંસારી કહે, તે હું નદીએ ધોઈ આવુ એમ કહી ધોવા ગઈ. શંકા ગઈ. એક માસ પછી રજસ્વલા ન થવાથી ભાઈને કહ્યું, હું બીજા તીર્થમાં જાઉં છું. પછી પાર્વતી પાસે આવી વ્રત કરી પ્રસન્ન કર્યા. પાર્વતી કહે પુત્રી ગર્ભનું રક્ષણ કર. એમ કહી પેટે હાથ ફેરવી પુત્ર પ્રસવ કરાવ્યો. કંસારી પુત્રને કપડામાં વીટી પીપળા નીચે મુકી કહે, તમે વિષ્ણુરૂપ છો, મારા પુત્રનું રક્ષણ કરજો. એમ કહી રોવા લાગી. ત્યાં માનસી ષષ્ઠીદેવી આવી કહે, મને પાર્વતીએ મોકલી છે. તારા પુત્રનું રક્ષણ હું કરીશ તું રોમા. ત્યાં આકાશવાણી કહે આ બૃહસ્પતિ તારા ઉદરમાં અંશરૂપે આવ્યા છે તે પીપળાનો રસ, મધ

પીને મોટો થશે. તેથી પિપ્લાદ નામથી પ્રસિદ્ધ થઈને શાસ્ત્રને વિસ્તારસે. પછી કંસારી પુત્રને સ્તનપાન કરાવી ચુંબન કરી જતી રહી.

વનમાં તપસ્વીઓને ઋષિઓને ખબર પડી કે, દૈવી બાળક પીપળા વૃક્ષ નીચે સૂતો છે, બધા દર્શન કરવા આવ્યાં. કેટલાકને દેખાય, કેટલાકને ન દેખાય. વાત સાંભળી યાજ્ઞવલ્ક્ય ઋષિ આવ્યા. પોતાના જેવા રૂપગુણવાળો પુત્ર જોઈને આશ્ચર્ય પામ્યા. બાળક બોલ્યો પિતા નમસ્કાર. ત્યાં ઋષિ પત્ની કાત્યાયની મૈત્રેયી તથા બહેન કંસારી આવ્યા. પિપ્લાદ મંત્ર જપ કરવા લાગ્યો. "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" સાંભળીને માતા કંસારી કહે, પુત્ર મારી મુક્તિ કર જેથી હું લોકમાં નિદાને પાત્ર ન થાઉ. પિપ્લાદે શ્રીહરિને સંભાર્યા. પ્રભુ આવ્યા. કંસારીને મંત્ર આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. યાજ્ઞવલ્ક્ય ઋષિ આશ્ચર્ય પામ્યા પછી ષષ્ઠી દેવીએ પુત્રની જન્મની વાત કરી. વૃતાંત જાણી યાજ્ઞવલ્ક્ય પોતાને આશ્રમે ગયા પછી નારદ આવી કહે, આ વનમાં તુ નિર્ભય રહે છે. તો કેનો પુત્ર છો. પિપ્લાદ કહે, આ પીપળો મારો પિતા-માતા મારી ષષ્ઠી દેવી બીજુ હું કંઈ જાણતો નથી.

નારદ કહે, તુ બ્રહ્મસ્પતિ છો. પૂર્વે તે તારા ભાઈ ઉતથ્યની પત્ની ભોગવી તેથી તું મનુષ્ય થયો છું. પછી નારદે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" એ મંત્ર આપી કહ્યું, તુ મહાન શાસ્ત્રવેતા થઈશ. પિપ્લાદ કહે, મને વનમાં વાસ અને માતાનો વિયોગ કેમ થયો. નારદ કહે તારા જન્મ સમયે શનિ ગ્રહની દૃષ્ટિ તારા પર હતી. તે શનિ સામુ જોયુ તો શનિ નીચે પડ્યો. નારદ કહે, તું બાળક સામે જોતો નહીં. પિપ્લાદને કહ્યું, ક્રોધ કરીશ નહીં. ગ્રહ, ગાય, રાજા, બ્રાહ્મણ, સંત આ સર્વે પૂજ્ય છે અને શનિની ક્રૂર દૃષ્ટિ જેની પર પડે તે નાશ પામે છે. પછી પિપ્લાદે શનિની સ્તુતિ કરી કે, કાળા વર્ણવાળા રુદ્રરૂપ ભષ્મ કરનારા તને નમસ્કાર. આ સ્તુતિ સાંભળી શનિ પ્રસન્ન થયા. શનિ કહે, બાળક વરદાન માંગ. પિપ્લાદ કહે, તમારે આઠ વર્ષ સુધીના બાળકને પીડા કરવી નહીં. તમારી દૃષ્ટિ જેની પર હોય તે દર શનિવારે તમને તેલ ચડાવે તેને પીડા કરવી નહીં. જેને સાત વર્ષની પનોતી હોય તે તમારા વારે તલનું, લોઢાનું દાન આપે તેને પીડા કરવી નહીં. શનિ કહે, તથાસ્તુ. પછી યાજ્ઞવલ્ક્ય આવી પિપ્લાદને ઉપવિત આપી. વેદનો અભ્યાસ કરાવ્યો. તે પિપ્લાદ મહાન શાસ્ત્રવેતા અને યોગી થયો. આ કથા વાંચશે, સાંભળશે તેનું સર્વે પાપ નષ્ટ થશે અને મહાન ભક્ત થશે.

અધ્યાય - ૫૦૭

❖ કાશીના રાજાની રાણી અર્ચાએ પુત્રપ્રાપ્તિ માટે ગૌરીવ્રત કર્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે કાશીના રાજાને ત્યાં દુર્વાષા ઋષિ આવ્યા. રાજા પગે લાગી કહે, મારી અર્ચા નામની પત્નીને પુત્ર નથી. તેનુ શું કારણ ? દુર્વાષા કહે, તારી આ પત્નીએ પૂર્વજન્મમાં જેઠ સુદની વૃષભ રાશીમાં સૂર્ય હોય ત્યારે ગૌરી વ્રત માટીના પાંચ પિંડા કરી ષોડ્શોપચારથી પૂજન કરેલું. જેથી રાજય મળ્યું, સંપત્તિ મળી, રાણી પદ પણ મળ્યું પણ પુત્ર ન મળ્યો. હવે હાટકેશ્વર ક્ષેત્રમાં જઈ પાંચ પિંડીકા માટીના કરીને ગૌરીવ્રત કરી પુત્રની પ્રાપ્તિ કર. તે રીતે રાણીએ ગૌરીવ્રત કરી પુત્ર પ્રાપ્ત કરી પ્રભુની ભક્તિ કરી વૈકુંઠમાં પ્રભુની દાસી થઈને રહી.

અધ્યાય - ૫૦૮

❖ દૈત્યોનું બળ ઓછું કરવા બ્રહ્મા દ્વારા યજ્ઞ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર નારદ સત્યલોકમાં જઈ પિતામહ બ્રહ્માને પગે લાગી કહે અત્યારે પૃથ્વી પર દૈત્યનું બળ વધી જવાથી દેવો મનુષ્યો ભક્તો પીડા પામે છે. તો યજ્ઞ કરો તો દૈત્યનું બળ ઓછુ થાય. એટલે બ્રહ્માએ સર્વે દેવોને ઋષિઓને યજ્ઞની તૈયારી કરવાનું કહ્યું. હાટકેશ્વર ક્ષેત્રમાં યજ્ઞ શરૂ થયો. બ્રહ્માએ નારદને કહ્યું, સાવિત્રીને જલદી બોલાવો. નારદ કહે, વસ્ત્ર અલંકારો ધારણ કરી માથું ઓળાવી આવે છે. બીજીવાર બ્રહ્માએ ઈન્દ્રને કહ્યું, તું જલ્દી સાવિત્રીને લઈ આવ. ઈન્દ્ર ગયો ત્યાં હજી સાવિત્રી તૈયાર થયા ન હતા એટલે ઈન્દ્ર ગોપકન્યા આયરને લઈ ગાયના મુખમાં પ્રવેશ કરાવી મુત્રાશયથી કાઢી પવિત્ર કરી સ્નાન કરાવી વસ્ત્રો અલંકારો પહેરાવી બ્રહ્માની પાસે બેસાડી દીધી. ત્યાં કોઈક વિપ્રે વિરોધ કર્યો. આ ગોવાળની કન્યા શુદ્રીને યજ્ઞમાં ક્યાં બેસાડવી ? ત્યાં શ્રીહરિ પ્રગટ થઈ કહે, તે શુદ્રી નથી બ્રાહ્મણી છે.

પૂર્વે પુરૂષોત્તમ નારાયણે પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરી ગોલોકમાં રાખી અને કહ્યું કે, બ્રહ્મા જ્યારે પૃથ્વીમાં યજ્ઞ કરે ત્યારે તું પૃથ્વીમાં જન્મ ધારણ કરજે તેથી તેના માતા-પિતા બ્રાહ્મણ છે. પત્નીવ્રત અને પતિવ્રતા છે અને મારા અંશરૂપે છે એમ શ્રીહરિએ કહ્યું, ત્યાં કન્યાના માતા-પિતા ગોભિલ, ગોભિલા આવ્યા અને બ્રહ્માને પગે લાગી પૂજા કરી, સ્તુતિ કરી પછી યજ્ઞમાં શંકર ભિક્ષુક વેશે ખપ્પર હાથમાં લઈ ભીક્ષા માંગવા આવ્યા. વિપ્રો કહે, આ ખપ્પર અશુદ્ધ છે. આને યજ્ઞની બહાર કાઢો એમ કહી શંકરનું અપમાન કર્યું. ત્યાં યજ્ઞમાં એક-બે-પાંચ સો-બસો હજાર લાખો ખપ્પર દેખાયા આશ્ચર્ય થયું. બ્રહ્મા શંકરનું વૃતાંત જાણી સર્વે બ્રાહ્મણોને કહ્યું, હવે આજથી યજ્ઞમાં ભોજન વિના યજ્ઞ પૂર્ણાહુતિ નહીં કહેવાય.

અધ્યાય - ૫૦૯

❖ બ્રહ્માના યજ્ઞમાં વિપ્રરૂપે આવેલા શ્રીહરિનો સર્વને ઉપદેશ ❖

બીજે દિવસે ચારે દિશાથી વિપ્રો, ઋષિમુનિઓ, બ્રહ્માના યજ્ઞમાં આવ્યા. કોઈ વેદમંત્રો બોલનારા, ગાનારા, જપ કરનારા, હોમ કરનારા વગેરે સર્વે આવ્યા. ત્યાં બાળબ્રહ્મચારીએ આવી ડમરૂ વગાડી સભામાં સર્પ ફેંક્યાં. ચ્યવનઋષિએ શાપ આપ્યો કે, અહીં સર્પ નાખે છે. તને સર્પ ચોંટશે. બ્રહ્મા કહે, મેં સર્પોની સૃષ્ટિ કરી છે તેથી શ્રાવણ સુદ પાંચમે સર્પનું પૂજન કરશે તેને સર્પ નહીં કરડે અને આ હાટકેશ્વરમાં નાગતીર્થ થશે. ત્યાં શ્રીકૃષ્ણનારાયણ વિપ્ર વેશે ત્યાં આવ્યા. બ્રહ્માએ પૂછ્યું, તમે કોણ છો ? તમારા ગુરુ કોણ છે ? વિપ્ર કહે, પિંગલા, દાદૂર, સર્પ, ભ્રમર, ધનુષ્કાર, કુમારી, આ સર્વમાંથી મેં જ્ઞાન ગુણ લીધા છે તે સર્વ મારા ગુરુ છે. પિંગલરાણી કોઈની ઈર્ષ્યા કર્યા વિના સુખે સૂઈ જાય છે. સમડી પાસે માંસનો કટકો હતો. તે તજી દેવાથી સર્વે પક્ષી માસના કટકા પાછળ પડ્યા. સમડી સુખી થઈ. સર્પ બીજાએ બનાવેલા ઘરમાં વાસ કરી બીજી જગ્યાએ ચાલ્યો જાય છે. તેથી બંધન થતુ નથી. હાથી પણ વનમાં ફરતો ચરતો ક્યાંય બંધન પામતો નથી. તેજ રીતે ભમરો પણ સર્વમાંથી સુગંધરૂપી ગુણ ગ્રહણ કરી પોતાનું કાર્ય સાધી લ્યે છે. એવી રીતે બાણથી નિશાન લેનારો જેમ એક ધ્યાનથી નિશાન લ્યે છે. તેમ સર્વ ભક્તોએ એક ભગવાનરૂપી નિશાન લેતાં આડાં આવતા વિઘ્નો સામે જોવું નહીં. તેણે મોક્ષરૂપી નિશાન મેળવી લેવું.

એવી રીતે મુમુક્ષોઓ અને જ્ઞાનીઓએ સર્વમાંથી ગુણ ગ્રહણ કરીને મોક્ષ સિદ્ધ કરી લેવો. એ રીતે ભક્ત જ્ઞાની થાય ત્યારે તેને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ અહંકાર મમત્વમાંથી પ્રકૃતિમાં સર્વમાં શ્રીહરિને દેખે છે. સ્થાવર, જંગમ, વૃક્ષવેલી, જીવજંતુ સર્વેમાં શ્રીહરિ નિજભાવનાના દર્શન કરે છે. યજ્ઞમાં રહેલા સર્વે બ્રાહ્મણોને વિપ્ર રૂપે રહેલા શ્રીકૃષ્ણનારાયણે આવું દિવ્ય અલૌકિક જ્ઞાન આપી, દિવ્ય દર્શન કરાવી કહ્યું કે, હું અશ્વપટ સરોવર કાંઠે રહેલો છું અને અત્યારે આ યજ્ઞમાં તમને અતિથિ રૂપે દર્શન દેવા આવ્યો છું પછી સર્વે ઋષિઓ બ્રાહ્મણોએ અતિથિરૂપે રહેલા શ્રીહરિની પૂજા કરી.

અધ્યાય - ૫૧૦

❖ પુલત્સ્યપુત્ર વિશ્વાસુ રાક્ષસ થયો અને ઉદુંબરી દેવી થઈ ❖

અતિથિરૂપે રહેલા શ્રીહરિ કહે : હું બ્રહ્માંડમાં જીવલોક, ઈશ્વરલોક, બ્રહ્મલોક સર્વ સ્થાને રહેલો છું. સર્વ સ્થળે ગતિ કરનારો છું. તેથી સર્વ તિર્થોમાં ફરી પાવન કરી અહીં બ્રહ્મા યજ્ઞ કરે છે તે સાંભળીને આવ્યો છું. સર્વ વિપ્રો કહે, તમે સત્પાત્ર છો. આ યજ્ઞ

તમને પ્રસન્ન કરવા માટે જ થાય છે. તમે અત્યારે ગોપાલકૃષ્ણ અને કંભરાલક્ષ્મીને તપનું ફળ આપવા માટે પ્રગટ થયેલ છો. કર્મ ફળ આપનારા છો. રાધા, રમા, લક્ષ્મીનારાયણ ઈશ્વર તમે જ છો. માટે તમને અર્પણ કરાયેલું સર્વને પહોંચી જાય છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્યારથી અતિથિ સત્કાર શરૂ થયો માટે અતિથિ જેના ઘરે સત્કાર પામે છે તેને સર્વ પુણ્ય મળે છે. અતિથિ આશાભંગ થાય તો પોતાનું પાપ મૂકીને જાય છે માટે સાધ્વીકન્યા અન્નાર્થી ભિક્ષુક સર્વ અતિથિ કહેવાય છે. તેને આપવાથી પિતૃઓ તૃપ્ત થાય છે. પછી યજ્ઞ કર્મ શરૂ થયું. ત્યાં કોઈ ભુખ્યો બ્રાહ્મણ આવી હોમ કરવાનું દ્રવ્ય ખાઈ ગયો. બ્રાહ્મણોએ શાપ આપ્યો કે, જા રાક્ષસ થા. તો બ્રહ્મા પાસે આવ્યો. બ્રહ્મા કહે, ચમત્કારપુરમાં ભૂત, પ્રેત, પિશાચ, કુંષ્માંડ રહે છે તેનો રાજા થા, અને તલ અને દાભડા વિના શ્રાધ્ધ કરે તે ભોજન તારે કરવું. દેવને અર્પણ થયા વિનાનું, લોખંડના પાત્રમાં રહેલું, સ્નાન કર્યા વિનાનું, અપવિત્રપણે જમનારા તે સર્વેનું તારે અન્ન ખાવું. એ રીતે પુલત્સ્યપુત્ર વિશ્વાસુ હોમ દ્રવ્ય ખાવાથી રાક્ષસ થયો. અપર્વત ઋષિની પુત્રી ઉદુંબરીએ ત્યાં આવી અને યજ્ઞ દર્શન પ્રસાદ પામીને દેવીપણું પ્રાપ્ત કર્યું. એ રીતે યજ્ઞમાં આવનારા દેવ દેવીઓ પણ શ્રીહરિની પ્રસન્નતા મેળવતા.

અધ્યાય - ૫૧૧

❖ બ્રહ્મા સાથે યજ્ઞમાં ગોપકન્યા આયરના બેસવાથી સાવિત્રીનો સર્વેને શાપ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તે યજ્ઞમાં આવેલા શંકરની અડસઠ યોગિનીઓને બ્રહ્માએ પૃથ્વી પર માતૃકા ગણના સ્થાન આપી કુળદેવીનું સ્થાન આપ્યું પછી યજ્ઞ પુરો થવાથી યજ્ઞને અંતે અવભૃથ સ્નાન નાગમતી નદીમાં કર્યું. તેથી કાર્તિક પડવાને દિવસે જે ગોમતીમાં સ્નાન કરશે તે યજ્ઞફળ પ્રાપ્ત કરશે. ત્યાં ક્ષયરોગ આવ્યો ને કહે, મારે ક્યાં વાસ કરવો ? બ્રહ્મા કહે, યજ્ઞમાં જે યજમાન બ્રાહ્મણોને ભોજન દાનથી સંતોષ ના કરે તેમાં તારે વાસ કરવો. ત્યાં સાવિત્રી આવ્યા અને આશુદ્રી ગોપાળની કન્યાને યજ્ઞમાં બેસેલી જોઈ સર્વને શાપ આપ્યો.

વિષ્ણુને શાપ આપ્યો કે, તમે મનુષ્ય થઈને બલિને ત્યાં નોકરપણુ કરશો. શંકરને શાપ આપ્યો કે, તમને લાંબો સમય પત્નીનો વિયોગ રહેશે. અગ્નિને શાપ આપ્યો કે, તું સર્વ ભક્ષી થઈશ. ઈન્દ્રને શાપ આપ્યો કે, તું શત્રુઓથી પરાભવ પામીશ. દેવોને શાપ આપ્યો કે, તમે પુત્ર વિનાના થશો અને બ્રાહ્મણોને શાપ આપ્યો કે, તમે સદા દરિદ્ર રહેશો. પછી સર્વ દેવોએ માતા સાવિત્રીની પૂજા કરી પ્રસન્ન કર્યા. ત્યારે સાવિત્રીએ સર્વેને આશિર્વાદ આપી સુખી કર્યા. તેથી બ્રાહ્મણો ત્યારથી ગાયત્રી મંત્રનો જપ અને પૂજન કરે છે પણ સાવિત્રીનું પૂજન કરતા નથી.

અધ્યાય - ૫૧૨

❖ રાજકન્યા રત્નવતી અને વિપ્રકન્યા છાંદોગ્ય શ્રીહરિને પતિભાવે વરી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચમત્કારપુરના રાજાની કન્યા રત્નવતી અને તેના પુરોહીતની કન્યા છાંદોગ્ય બન્ને સખીઓ પૂર્વની ભક્તિ સંસ્કારવાળી હતી. સાથે રહેવું, ખાવું, પીવું, સુવું, ફરવું સર્વ ધર્મક્રિયા સાથે શિવ-પાર્વતીની ભક્તિ કરી શિવ પાસેથી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્રનો જપ કરીને સિધ્ધિને પ્રાપ્ત થઈ હતી. રાજાએ પુરોહિતે રાજાના કુંવર સાથે રાજકન્યાનું અને પુરોહિતના પુત્ર સાથે વિપ્ર કન્યાનું સગપણ કર્યું. બન્ને કન્યાઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી મનથી પ્રભુને વરી હતી તેથી કોઈ મનુષ્ય સાથે લગ્ન ન કરવાની ઈચ્છા છતા રાજાએ અને પુરોહીતે પરાણે સગપણ કર્યું. બન્ને વર પરણવા આવ્યા તે સમયે રાજ કન્યાએ સિંહણનુંરૂપ લીધું અને વિપ્ર કન્યાએ વાઘનું રૂપ લીધું. તે જોઈને મંડપમાં રહેલા સર્વજનો નાસી ગયા. ગામમાં હાહાકાર થયો. પછી અતિ તેજસ્વી બન્ને કન્યાના રૂપ જોઈને માતા-પિતાએ પાર્વતી સ્વરૂપ માની પૂજા કરી. ગામના સર્વને ખબર પડી તે સર્વે એ આવી બન્ને દેવીઓની પૂજા કરી. પછી તે બન્ને સખીઓએ હાટકેશ્વર તીર્થમાં જઈને પ્રભુને પ્રાર્થના કરી કે, હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમને અમે પતિ ભાવે વર્યા છીએ. માટે તમે આવી અમને ધામમાં લઈ જાવ. રાજકન્યા અને વિપ્રકન્યાની આવી પ્રાર્થના સાંભળી. બન્ને કન્યાના માતા-પિતા કહે, પુત્રીઓ તમને યોગ્ય વર ગોતી આપીશું. પછી પ્રભુનું ભજન સુખેથી કરજો.

બન્ને કન્યાઓ કહે, માતા અમે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ વિના કોઈને પતિ કરવાની નથી. જો તમે પરાણે લગ્ન કરશો તો અમે યોગ અગ્નિથી દેહ ત્યાગ કરીને પ્રભુ પાસે જશુ માટે અમને જપ, તપ, ધ્યાન, ભજન, ભક્તિ કરવા દો અને તમે પણ પ્રભુનું સ્મરણ કરો. જેણે પોતાના સર્વકામ પ્રભુ લેખે કર્યા, જેણે પોતાનું કુટુંબ ભગવાનની સેવામાં રાખ્યું તેનો પ્રભુ ઉધ્ધાર કરે છે. તે માતા-પિતા છે જે ભગવાનનું ભજન કરાવે, તે ભાઈ-બહેન છે જે કૃષ્ણનું સ્મરણ કરાવે, તે ગુરુ છે જે ભગવાન ઓળખાવે, તે મિત્ર છે જે પ્રભુ બતાવે. એ રીતે બન્ને કન્યાઓએ સદ્‌ઉપદેશ આપી માતા-પિતાને પ્રભુના ભક્ત બનાવ્યા પછી કન્યાઓએ સો વર્ષ તપ કર્યું. ત્યારે પ્રભુએ પ્રસન્ન થઈ દિવ્યરૂપ ધારણ કરી અને માતા-પિતાએ કરેલા યજ્ઞમાં પ્રભુ ગરૂડ પર બેસી આવી રાજકન્યા અને વિપ્ર કન્યાને ગરૂડ પર બેસારીને ગોલોક ધામમાં લઈ ગયા. ત્યારથી નાગમતી નદીમાં રત્નસર નામે તીર્થ થયેલું છે. તેમાં સ્નાન કરવાથી મોક્ષ થાય છે.

અધ્યાય - ૫૧૩

❖ રાધા સખી નાગલીલા અને વિપ્રકન્યાને ગોલોકધામની પ્રાપ્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કુરૂક્ષેત્ર, હાટકેશ્વર, પ્રભાસ, આ ત્રણેય તિર્થો મોક્ષ આપનારા છે. પુષ્કર, નૈમિષારણ્ય, ધર્મારણ્ય તથા વારાણસી, દ્વારિકા, અવંતિકા, વૃંદાવન, દ્વૈતવન, ખાંડવવન, કાલગ્રામ, શાલીગ્રામ, નંદીગ્રામ, અગ્નિતીર્થ, શુકલતીર્થ, પિતૃતીર્થ, શ્રીશૈલ, આબુ, ગિરનાર, ગંગા, નર્મદા, સરસ્વતી, જ્ઞાનવાપી, કુંકુમવાપી, નારાયણ સરોવર, ઈન્દ્ર સરોવર, માનસરોવર, પાર્વતી, પ્રભા, લક્ષ્મી, માણિકી, જયા, રમા, રાધા, પદ્મા આ તિર્થો પાપને બાળી સ્વર્ગ અને મોક્ષ આપનારા છે. ગોલોકમાં નાગલીલા રાધાની સખી હતી. રાધાએ ચોટલો ગુથ્યો, સખીએ બેવાર છૂટો કરી નાખ્યો. રાધા કોધ કરી કહે : જા, પૃથ્વી પર આયર કન્યા થા. શ્રીકૃષ્ણ પ્રભુ તને ગ્રહણ કરશે. ત્યારે તું ગોલોકમાં આવીશ. તેણે શ્યામસુર અને રાણીકાને ત્યાં જન્મ ધારણ કર્યો.

એકવાર કોઈ આયર રજોગુણથી આવ્યો. ત્યારે નાગલીલા નદી રૂપે થઈ ગઈ. તે ચમત્કારપુરમાં એક ચાંડાલ ધુક્કર્ણ તે એક વિપ્ર કન્યા મોટા દાંત, મોટા પેટવાળી, ત્રણ સ્તનવાળી તેને જે પરણે તે છ માસમાં મરી જાય. તે કન્યા સાથે ચાંડાલ પરણ્યો. હું વિપ્ર છું, એમ ખોટું બોલીને પરણ્યો. પછી ચાંડાલે પોતાની જાત કહી અને બીજે ગામ ગયો. કન્યાએ તેના મા-બાપને કહીને અગ્નિ પ્રવેશ માટે તૈયાર કરી. અગ્નિમાં પગ મુક્યો. ત્યાં અગ્નિ ઠંડો થઈ ગયો. ત્યાં શ્રીકૃષ્ણનારાયણ સાધુ વેશે ત્યાં આવી કહે, આ નાગમતી નદી ગોલોકધામથી આવી છે. તેમાં સ્નાન કરવાથી સર્વ પાપથી રહિત થઈ શુદ્ધ થવાય છે. પછી તે વિપ્ર કન્યાએ નદીમાં સ્નાન કર્યું. ત્યાં તેના શરીરમાંથી કાળી શ્વપચી નીકળી ગઈ. ત્યાં સર્વેએ સ્નાન કર્યું. તેના પાપો કાગડા અને ઘુવડરૂપે ઉડવા લાગ્યા. પછી પ્રભુ તે વિપ્રકન્યા અને નાગલીલા સખીને પ્રભુ ગોલોક ધામમાં લઈ ગયા.

અધ્યાય - ૫૧૪

❖ તપ કરતાં નપુંસકોનો મા બહુચરાજી દ્વારા મોક્ષ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે બ્રહ્માએ સૃષ્ટી સંચાલન માટે મોહિની સ્ત્રીસ્વરૂપ પ્રગટ કર્યું ને સર્વેને મોહ પમાડીને પૃથ્વી પર ફરીને આવીને સત્યલોકમાં બ્રહ્માની સભામાં બ્રહ્માને મોહ પમાડવા લાગી. બ્રહ્મા કહે, હું તો પિતાતુલ્ય છું અને આ સભામાં હજારો ઋષિઓ બેઠા છે તે સર્વે મારા પુત્ર છે. તે તું સ્વર્ગમાં જા. મોહિની કહે, તમે સ્ત્રીને ગ્રહણ નહીં કરીને અપમાન કરો છો. સ્ત્રીની ઈચ્છા જાણતા નથી તો તમે પૃથ્વી પર અપૂજ્ય રહેશો અને વૃદ્ધ ઋષિ પણ હાસ્યપાત્ર થશે. એમ શાપ આપી મોહિની સ્વર્ગમાં જતી રહી.

પછી બ્રહ્માએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રેરણાથી ચમત્કારપુરની નાગમતી નદીમાં શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતા સ્નાન કર્યું. ત્યાં શરીરમાંથી હજારો નપુંસકો પ્રગટ થયા. તેણે કહ્યું, અમારો ઉધ્ધાર કરો.

બ્રહ્મા કહે : તપ કરો. નપુંસકોએ નાગમતી કાંઠે તપ કર્યુ. ત્યાં બહુચરા પ્રસન્ન થઈ કહે, હું પૂર્વે મોહિની હતી. મારો તિરસ્કાર બ્રહ્માએ કર્યો. તેથી ષંઢો થયા. જે નારીનો તિરસ્કાર કરે, રતિક્રીડાનો ભંગ નિંદા કરે, તે નપુંશક થાય છે. નરનારીના ચિહ્નો અને રતિક્રીડાના સુખથી રહિત તે ષંઢોને બહુંચરાજીએ મંત્ર આપ્યો. "ૐ શ્રીં હ્રીં ક્લીં કામલાત્યૈ સ્વાહા" આ મંત્ર આપી મોક્ષ કર્યો. એ રીતે નાગમતી નદી અતિ પવિત્ર છે.

અધ્યાય - ૫૧૫

❖ શ્રીકૃષ્ણનારાયણ દ્વારા દૈત્ય વક્ર અને ત્રિપુરાસુરથી શંકરની રક્ષા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે વક્ર નામે દૈત્યે કેદારેશ્વરમાં હજાર વર્ષ તપ કર્યું. શંકર પ્રસન્ન થઈ કહે, વરદાન માંગ. દૈત્ય કહે, હું જેની માથે હાથ મૂકું તે ભષ્મ થાય. શંકર કહે, તથાસ્તુ. દૈત્ય શંકરના માથે હાથ મુકવા ગયો તો શંકર ભાગ્યા. ત્યારે શ્રીકૃષ્ણનારાયણ મોહિની રૂપ લઈ દૈત્યને મોહ પમાડી નૃત્ય કરાવીને માથે હાથ મુકાવી ભષ્મ કર્યો. આવુ શંકરનું કાર્ય કર્યું તો પણ શંકરને ગર્વ રહ્યો કે, હું સૃષ્ટીનો સંહાર કરનારો છું.

એકવાર શંકર ત્રિપુરાસુરને મારવા રણમાં ગયા. અસુરે રથ ભાંગી શિવને મૂર્છીત કરી દીધા. ત્યારે પ્રભુએ આવી શિવને જગાડ્યા અને ત્રિશૂલ વગેરે આયુધો આપ્યા અને શંકરે અસુરનો નાશ કર્યો. પછી શંકર ઉદાસપણે રહેવા લાગ્યા. અતિ તીવ્ર વૈરાગ્યથી ભસ્મ વાઘચર્મ, ગજચર્મ, શાસન, મૃગચર્મ, હાથે પગે ડોકે સર્પો વિંટાયેલા, દિગંબર એવા ધ્યાન સમાધીમાં રહેવા લાગ્યા. એકવાર શંકર એકલા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો પ્રસાદ જમવાથી પાર્વતીએ શંકરને શાપ આપ્યો કે, મને મુકીને એકલા પ્રભુનો પ્રસાદ જમી ગયા તો આજથી તમારો પ્રસાદ એકલા કોઈ જમશે તે એક જન્મ કૂતરાને પામશે. શંકર પાર્વતીને શાંત કરી આંસું લુછીને કહે, હવે પ્રભુ માટે પકવાન બનાવો. આપણે બન્ને પ્રસાદ જમીએ. પછી પાર્વતીએ પકવાનથાળ તૈયાર કર્યો. પ્રભુ આવી થાળ જમ્યા. શંકરે પાર્વતીને પ્રસાદ આપી આશિર્વાદ આપ્યો કે, આજથી મારી મૂર્તિનો પ્રસાદ જમવો અને મૂર્તિ અને લિંગ સાથે હોય તો તે પ્રસાદી ગ્રહણ કરવી પણ એકલા શિવલીંગની પ્રસાદી ગ્રહણ ન કરવી. શિવલીંગની પ્રસાદી ચંડ, પ્રચંડ આદિ ગણો માટે નિર્માણ કરેલી છે.

નારાયણ કહે : લક્ષ્મી, શંકર મારું સ્વરૂપ છે. મને અર્પણ કર્યા વિના કાંઈ પણ ગ્રહણ કરતા નથી. તેથી શંકર દિવ્ય નિર્ગુણ મૂર્તિ છે અને તે શિવ-પાર્વતી મારી ભક્તિ પ્રવર્તાવવા પૃથ્વી પર વિચરે છે.

અધ્યાય - ૫૧૬, ૫૧૭

❖ અંધકાસુર સાથે યુદ્ધમાં શંકરનો વિજય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નૃસિંહ પ્રભુએ હિરણ્યકશિપુને માર્યા પછી પ્રહલાદ ભક્તિ વૈરાગ્યવાળો હોવાથી રાજ્યગાદીએ ન બેઠો. એટલે પ્રહલાદનો નાનો ભાઈ અંધક ગાદીએ બેઠો અને બ્રહ્માને પ્રસન્ન કરી ઈન્દ્રાદી દેવોને વશ કરીને યજ્ઞમાંથી દેવોનો ભાગ કાઢી નાખ્યો. દેવો શંકર પાસે ગયા અને બધી વાત કરી. શંકરે દૂતને અંધકની પાસે મોકલ્યા અને કહ્યું, દેવોનો અધિકાર આપી દે. અંધક કહે, તમે સ્મશાનવાસી જોગી તમે મારી શું ગણત્રીમાં. તમારે રહેવું હોય તો કાશીમાં ચાલ્યા જજો. નહીં તો યુદ્ધ કરી કૈલાશનું રાજ્ય લઈશ. તે રાત્રે અંધકને અપશુકનના દુષ્ટ સ્વપ્નો થવા લાગ્યા. તેની પત્નીને પણ દુષ્ટ સ્વપ્નો દેખાવા લાગ્યા. તે સમયે ઈન્દ્રને શુકન થવા લાગ્યા અને સારા સ્વપ્ન આવવા લાગ્યા. ઈન્દ્રે શુકન તથા સારા સ્વપ્નની વાત શંકરને કરી. શંકર કહે, મને પણ સારા ચિહ્નો દેખાય છે. પછી શંકર અને ઈન્દ્રાદી દેવો અંધકાસુર સાથે યુદ્ધ કરવા રણમાં આવ્યા.

શ્રીનારાયણ કહે : અંધકનો સેનાપતિ કાર્તિક અને ગણેશ સામે લડતો હતો. શંકુકર્ણ સામે વીરભદ્ર, મહીષાક્ષ સામે ભૈરવ, વ્રકાશન સામે વૃષશૃંગ યુદ્ધ કરતા હતા. કરોડો અસુરો દેવોની મહા ભયંકર લડાઈ થતી હતી. અંધક પોતે શંકર સામે યુદ્ધ કરવા આવ્યો. તે અનેક આયુધોથી દિવ્ય મંત્રવાળા અશસ્ત્રો-શસ્ત્રોથી યુદ્ધ કરતા થાક્યો. ત્યારે અંધક શંકરની સ્તુતિ કરવા લાગ્યો કે, હે પ્રભુ હું પાપી છું, અધર્મી છું, મારો ઉધ્ધાર કરો. હે શિવ તમારું નામ લેવાથી પાપ પણ પવિત્ર થાય છે. પ્રસન્ન થયેલા શંકરે અંધકને પોતાના ત્રિશૂલ પર સ્થાપિત કરી ભૃંગીગણ નામ આપ્યું અને તેના પુત્ર વ્રકનો પણ નાશ કરી દેવોના અધિકારો દેવોને આપી સ્વર્ગનું રાજ્ય ઈન્દ્રને પાછું આપ્યું.

અધ્યાય - ૫૧૮

❖ ઈન્દ્રદ્યુમ્ન રાજાને લોમશ ઋષિના દર્શન, ઉપદેશ અને આજ્ઞા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મનુષ્ય, દેવ, દૈત્ય સર્વે દેહધારી આત્માઓ માયાને વશ થઈ જીવન વ્યતિત કરે છે. અબજો વર્ષનું આયુષ્ય હોવા છતાં માયા કોઈ સાથે જતી નથી. પૂર્વે ઈન્દ્રદ્યુમ્ન રાજા યજ્ઞો કરી, સાધુ બ્રાહ્મણોને ભોજન કરાવી દાન આપતો. ધર્મથી પ્રભુનુ પાલન કરતો. તેના રાજ્યમાં યજ્ઞ વિનાની ભૂમિ ન હતી. તેના રાજ્યમા દુષ્કાળ પડતો નહીં. ચોર, લૂંટારાનો ભય ન રહેતો. કોઈ વ્યાધી રોગી ન હતા. દશમને દિવસે ઢોલ પીટાવતો. આવતી કાલે એકાદશી હરિવાસર છે તો કોઈ ભોજન કરશો નહીં.

ઈન્દ્રદ્યુમ્ન રાજા સદેહે સત્યલોકમાં બ્રહ્મ પાસે ગયો. ઘણો સમય રહ્યો. પછી બ્રહ્મા કહે, પૃથ્વી પર તારી કીર્તિ તારું નામ કોઈ જાણે છે. ઈન્દ્રદ્યુમ્ન પૃથ્વીમાં આવી પૂછ્યું, અહીં ઈન્દ્રદ્યુમ્ન રાજા ક્યારે થયો ? ભરતખંડના મનુષ્ય કોઈ ઈન્દ્રદ્યુમ્ન રાજાનું નામ જાણતા જ નહીં પણ નૈમીષારણ્યમાં માર્કન્ડેય ઋષિ બ્રહ્માના દશ દિવસની આયુષ્યવાળા છે. તેને પુછો.

ઈન્દ્રદ્યુમ્ન રાજા માર્કન્ડેય ઋષિ પાસે જઈ કહે, તમે ઈન્દ્રદ્યુમ્નનું નામ સાંભળ્યું છે ? માર્કન્ડેય ઋષિ કહે, મે જોયો નથી અને સાંભળ્યો પણ નથી પણ મારાથી એક મોટો બકઋષિ હિમાલયમાં રહે છે. તેની પાસે જઈ પુછીએ. માર્કન્ડેયઋષિ અને ઈન્દ્રદ્યુમ્ન બકઋષિ પાસે આવી અને પૂછ્યું. બકઋષિ કહે, બ્રહ્માના વીસ કલ્પમાં મે ઈન્દ્રદ્યુમ્ન રાજાને જોયો નથી અને સાંભળ્યો નથી. સર્વે કહે, તમારાથી કોઈ વધારે આયુષ્યવાળો છે ? બકઋષિ કહે, એક ઉલ્લુકઋષિ કૈલાસ શિખર પર તપ કરે છે. ત્યાં સર્વ ગયા, પૂછ્યું. ઉલ્લુકઋષિ કહે, બ્રહ્માના ચાલીસ કલ્પમાં મે ઈન્દ્રદ્યુમ્ન રાજાનું નામ સાંભળ્યુ નથી પણ મારાથી મોટા એક ગધઋષિ ગૃધમાર્દન પર્વત પર તપ કરે છે. તેને પુછો. સર્વ ત્યાં જઈને પૂછ્યું. ત્યારે ગૃધઋષિ કહે, મારી આવરદામાં મેં ઈન્દ્રદ્યુમ્નનું નામ સાંભળ્યુ નથી ત્યારે ઈન્દ્રદ્યુમ્ન નિરાશ થયો પછી ગૃધઋષિ કહે, મારાથી એક મોટા કચ્છપ ઋષિ માનસરોવરમાં છે. ત્યારે સર્વ ઋષિઓ આકાશ માર્ગે માનસરોવર કચ્છપ ઋષિ પાસે આવ્યા. ત્યાં કચ્છપઋષિ તો ભાગવા માંડ્યા.

ગૃધઋષિએ પૂછ્યું, તમે શા માટે ભાગી જાવ છો ? કચ્છપઋષિ કહે, આ તમારી સાથે રહેલા ઈન્દ્રદ્યુમ્ન રાજાએ કેટલા યજ્ઞ કર્યા તેની ગણતરી જ નથી. યજ્ઞ વિનાની ભૂમિ ક્યાંય ન રહી ત્યારે મારી પીઠ ઉપર યજ્ઞ કર્યા.તે હજુ સુધી મારી પીઠ બળે છે. તેથી માનસરોવરમાં જળમાં કાચબારૂપે રહું છું. ઈન્દ્રદ્યુમ્ન રાજા કહે, તમારી આટલી બધી આયુષ્ય કેમ થઈ ? અને ઈચ્છા પ્રમાણે કાચબારૂપ ધારણ કઈ રીતે કર્યુ ? પછી કચ્છપઋષિએ સર્વનું માન સન્માન ભોજનપાન કરાવી સત્કાર કરી પૂર્વ વૃત્તાંત કહેવા લાગ્યા.

કચ્છપઋષિ કહે : હું વૈકુંઠમાં બસુહારી નામે પ્રભુનો પાર્ષદ હતો. વાડી બગીચામાંથી કમળના પુષ્પો લાવીને લક્ષ્મીજીને આપતો. લક્ષ્મીજી હાર બનાવી પ્રભુને પહેરાવતા. એકવાર સરોવરમાં સ્નાન કરવા ગયો તેમાં મોડું થયું. લક્ષ્મીજી આવીને કહે, પૂજાનો સમય પૂરો થયો. તોય ફુલ દેવા આવ્યો નહીં અને અહીં કાચબાની જેમ પાણીમાં પડ્યો છો જા કાચબો થા. પછી ગંગા પૃથ્વી પર આવી એની સાથે હું પણ આવ્યો. પણ પ્રભુજીએ કૃપા કરી. સૃષ્ટિ સમયે શેષ પણ સાથે આવ્યો. અસુરોનો નાશ કર્યો. ત્યારે

પ્રભુજીએ શેષ પર શયન કર્યું તે શેષની નીચે હું હતો. શેષના ફેણ પર બ્રહ્માંડ રહેલું. ત્યાં બ્રહ્માને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ આશિર્વાદ આપી કહ્યું, વરદાન માંગો. બ્રહ્મા કહે, આ તમારો પાર્ષદ કાચબો અને અનંત શેષ બન્નેને દાસપણુ આપો. પ્રભુ કહે, તથાસ્તુ. ત્યાં લોમશઋષિ પ્રભુના દર્શને આવ્યા. મેં કહ્યું, તમે ક્યા વાસ કરો છો ? લોમશઋષિ કહે, સો બ્રહ્મા નાશ પામ્યા તે મેં જોયા છે અને હું બ્રહ્માંડમાં વિચરું છું. મહાકાળને નજરે જોઉં છું તેથી ક્યાંય આશ્રમ બાંધ્યો નથી પણ અત્યારે અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયેલા છે. તેથી ત્યાં પાંચ યોજનમાં આશ્રમ છે. ત્યાં અગિયાર રુદ્રો, બાર સૂર્યો, આઠ વસુઓ અને તેત્રીસ કરોડ દેવો વાસ કરે છે.

કચ્છપ ઋષિ કહે : રાજા, તે લોમશઋષિના દર્શન કરી સર્વ તિર્થોમાં ફરીને રેવતાચળમાં ગયો ત્યારે ત્યાં ઈન્દ્રદ્યુમ્ન રાજા રાજય કરતો હતો. બીજી રાજધાની મહાકાલ વનમાં હતી. ત્રીજી રાજધાની પુરૂષોત્તમપુરીમાં હતી. તે બ્રહ્માના ચાલીસ કલ્પો વીતિ ગયા. તેની પહેલા ઈન્દ્રદ્યુમ્ન રાજા આ પૃથ્વી પર હતો. રાજાએ લોમશઋષિની આજ્ઞાથી મારી પીઠ પર યજ્ઞ કર્યા તેથી મારી પીઠ બળે છે. એટલે હું માનસરોવરમાં વાસ કરું છું માટે હે રાજા તે લોમશઋષિના દર્શન કરવા જા તે તને આત્મજ્ઞાનનો બોધ આપશે. પછી ઈન્દ્રદ્યુમ્ન રાજા સર્વ તિર્થોના દર્શન કરી અશ્વપટ સરોવર આવી. કુંકુમવાપી આવી કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણના દર્શન કરી સાત શિખરવાળા મંદિરમાં વિરાજતા પરબ્રહ્મ પુરૂષોત્તમનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી લોમશઋષિ પાસે આવ્યા. એક વર્ષ સુધી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળી પછી લોમશઋષિએ ઈન્દ્રદ્યુમ્ન રાજાને આત્મજ્ઞાનનો બોધ આપ્યો. જે જ્ઞાન પ્રભુએ લોમશઋષિને પૂર્વે આપ્યું હતું.

અધ્યાય - ૫૧૯

❖ લોમશ ઋષિ દ્વારા ઈન્દ્રદ્યુમ્ન રાજાને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા ❖

ઈન્દ્રદ્યુમ્ન રાજાએ લોમશઋષિને પૂછ્યું : હે રાજા, આત્મશાંતિ કેમ થાય ? લોમશઋષિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરી કહે, અતિ તેજસ્વી બ્રહ્મધામ પરમધામના મુક્તોથી સેવાયેલા યુવાન દિવ્ય અલૌકિક સુવર્ણ જેવા ચળકતા એવા શ્રીહરિનું ધ્યાન કર તે શ્રીહરિ સર્વના સ્વામી અંતર્યામી બે ભૂજાવાળા છે. પૂર્ણ ચંદ્રમુખવાળા, કમળપત્રસમાન નેત્રવાળા, નમણિ નાશિકા, કેશર, ચંદન, તિલક, કુંકુમના ચાંદલાથી શોભતા ભાલમાં લાંબી રેખાથી શોભતા, સોનાના મુગુટ કુંડળથી શોભતા, શંખના જેવી ડોકવાળા, શ્રીવત્સના ચિહ્નવાળા, સર્પની ફેણસમાન ભૂજાવાળા, વસ્ત્ર અલંકારોથી શોભતા એવા શ્રીહરિનું ધ્યાન કરવાથી આત્માને શાશ્વત શાંતી મળે છે. શ્રીહરિનાધામનું ઐશ્વર્યનું વિભૂતિનું ચિંતવન કરવું તથા પ્રભુના પત્નીઓ રાધા, લક્ષ્મી, રમા, માણિકી, પદ્મા, પ્રભા,

પાર્વતી, જયા, લલીતાનું ધ્યાન કરી અશ્વપટ સરોવર, કુંકુમવાપીના ઈશ્વર જગતના કારણ શ્રીકૃષ્ણવલ્લભનાથનું સ્મરણ કરી નૈવેધ ધરાવવું. ધુપ-દીપ, આરતી કરી, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ કરી, પ્રભુને આત્મા અર્પણ કરી, સર્વોપણ ભક્તિ કરવી. કામ, ક્રોધ, લોભ શ્રીહરિ માટે. સુખ, સ્નેહ, મોહ સર્વે શ્રીહરિ માટે. દાન, દયા, દમન, દોષ શ્રીહરિ માટે. વહાણ જેમ પથ્થર તારે છે, તેમ શ્રીહરિ દોષવાળા ભક્તને તારે છે. જે શ્રીહરિ માટે વેદ સ્તુતિ કરે છે. ચતુર્મુખ બ્રહ્મા શેષ શંકર સર્વે જેની સ્તુતિ કરે છે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું તું ભજન કર. ઈન્દ્રદ્યુમ્ન રાજા આ પરથી પર જ્ઞાન તને આપ્યું. તેથી મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનારા રાજ્યનો ત્યાગ કર. પુણ્ય આપનારા યજ્ઞોનો પણ ત્યાગ કર.

કોણ કોનો પુત્ર ? કોણ કોનો પિતા ? સર્વ કર્મથી ભરેલો સંસાર છે. સર્વે કર્મથી ભેળા થાય છે. કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર થાય છે. કર્મથી સ્ત્રી-પુરુષ થાય છે. કર્મથી પશુ-પક્ષી, જીવ-જંતુ,કટી પતંગ વૃક્ષવેલી સર્વે થાય છે. પ્રજા ભૂમિદાન સંપત્તિનો વિયોગ મૂઢને મરણથી અધીક થાય છે. વિદ્વાનને મોહ થતો નથી. તેનું દુઃખ પણ નથી, માટે પૃથ્વી આદિ બ્રહ્માંડોના આધાર વૈરાટ મહાવિષ્ણુ અને ભૂમાપુરૂષ જેને ભજે છે, તે પરબ્રહ્મ પુરૂષોત્તમનારાયણ કંભરાનંદન શ્રીકૃષ્ણનારાયણનું ભજન કર. તે પ્રભુ ગોલોકથી પર, અક્ષરધામથી પણ પર પરમધામમાં વિરાજેલા હરિકૃષ્ણનું ભજન કર. તે પ્રભુ ગોલોકમાં રાધા-કૃષ્ણ છે. વૈકુંઠમાં લક્ષ્મીનારાયણ છે. કૈલાશમાં શંકરરૂપે, સત્ય પરબ્રહ્મરૂપે, અગ્નિરૂપે, યમરૂપે, મહાકાળરૂપે, કામદેવરૂપે, ઈન્દ્રરૂપે, ઈશાનરૂપે, કુબેરરૂપે, સુવર્ણરૂપે, કૌસ્તુભમણિરૂપે, તુલસીરૂપે, ફળરૂપે, સર્વ ઋતુ માસરૂપે, રવિવારરૂપે, એકાદશી માતારૂપે, અમૃતરૂપે, ઘીરૂપે, કામધેનુરૂપે, ગંગારૂપે, તીર્થરૂપે, વાણીરૂપે, મંત્રરૂપે, ગુરુરૂપે અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વમાં રહેલા છે.

અધ્યાય - ૫૨૦

❖ વેદમાતા સાવિત્રી દ્વારા નારદને વેદનું જ્ઞાન - નારદ દ્વારા પ્રભુની સ્તુતિ ❖

લોમશઋષિ ઈન્દ્રદ્યુમ્ન રાજાને કહે : એકવાર નારદ શ્રીકૃષ્ણનારાયણનો જપ કરતા બદ્રીકાશ્રમમાં નરનારાયણ ભગવાનના દર્શન કરવા આવ્યા. ત્યાં પ્રિયવ્રત રાજા હતો. તેને નારદને પગે લાગી પૂછ્યું, વર્તમાન યુગમાં તમે શું જોયુ ? નારદ કહે, શ્વેતદ્વીપમાં મેં એક કુમારીને પૂછ્યું, તું કોણ છો ? ત્યાં કુમારીના હૃદયમાં પુરૂષ દેખાયો. તે પુરૂષના હૃદયમાં બીજો પુરૂષ દેખાયો. તેમાં ત્રીજો પુરૂષ દેખાયો. નારદે પૂછ્યું કોણ છે ? કુમારી કહે, હું બ્રહ્માની પત્ની વેદમાતા સાવિત્રી છું અને ગાયત્રી છુ. મારામાં રહેલો ઋગ્વેદ નામે વેદનારાયણ છે. તેનું નામ લેવાથી અગ્નિની જેમ પાપને બાળે છે. તેના હૃદયમાં રહેલો

યજુર્વેદરૂપે બ્રહ્મા છે. તેના હૃદયમાં રહેલો સામવેદરૂપ મહા ભાગવત ભક્ત શંકર છે. તે સૂર્ય સમાન છે. પાપને બાળે છે.

જે વેદ અને ગાયત્રીને નથી જાણતો તે વિપ્રને વેદનું જ્ઞાન થતું નથી. જન્મ આપનારી માતા સાવિત્રી અને ગાયત્રી સમાન છે. તે માતા-પિતાની જે સેવા નથી કરતો, જે માતૃપૂજન નથી કરતો તે જડ અને મુર્ખ કહેવાય છે. એમ કહી વેદમાતા સાવિત્રીએ નારદને વેદનું જ્ઞાન આપ્યું. પછી નારદ અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપીક્ષેત્ર આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણની આરાધના કરી. ત્યારે અનંત લક્ષ્મીઓ, અનંત બ્રહ્મપત્નીઓના પતિ પર પુરૂષોતમનારાયણ કંભરાગોપાલ બાલપ્રભુએ પ્રત્યક્ષ દર્શન આપ્યા નારદે સ્તુતિ કરી કે, અનંત એશ્વર્યવાળા ધોળા, પીળા, લાલ, કાળા રૂપને ધારણ કરનારા શૂલ, ભિન, ધ્વજ, ધનુષ્ય, ચક્ર, સ્વસ્તિકના ચિહ્નવાળા સત્પુરૂષોના પતિ મારા પર પ્રસન્ન થાવ. નારદની સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રગટ પ્રભુ કહે, વર માંગો. નારદ કહે, પ્રભુ મારો મોક્ષ કરો.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : મારી આજ્ઞાથી પ્રવૃત્તિ માર્ગમાં રહે તો પણ મોક્ષમાં રહેલો છે અને મારી આજ્ઞામાં ન હોય તો નિવૃત્તી માર્ગમાં હોય તો પણ બંધનમાં રહેલો છે. નાર-જ્ઞાન, દ-આપવું. આત્મા-પરમાત્માનું જ્ઞાન આપે તે નારદ કહેવાય. આ રીતે લોમશઋષિએ ઈન્દ્રદ્યુમ્ન રાજાને નારદનું વૃતાંત કહીને પ્રત્યક્ષ પુરૂષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પરાભક્તિ અને જ્ઞાન કહ્યું. તે સાંભળી રાજા અતિ તૃપ્તિ પામ્યો.

અધ્યાય - ૫૨૧

❖ ઈન્દ્રદ્યુમ્ન રાજાએ લોમશ ઋષિ પાસેથી મંત્રદીક્ષા લીધી ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ત્યારપછી લોમશઋષિએ ઈન્દ્રદ્યુમ્ન રાજાને બ્રહ્મ અને પરાવિદ્યાનો ઉપદેશ આપ્યો. બ્રહ્મતેજવાળા અક્ષરબ્રહ્મમાં વાસ કરનારા એવા દિવ્ય મૂર્તિ પરબ્રહ્મને નમસ્કાર સુવર્ણ જેવા ચળકતા કેશવાળા અતિ તેજસ્વી સર્વના નિયંતા જીવ ઈશ્વર મુક્ત અને અક્ષરબ્રહ્મમાં પણ મૂળરૂપે આધારરૂપે રહેલા. જેની પાસેથી ઐશ્વર્ય મેળવી ઈશ્વરો સામર્થ્યવાળા થયેલા છે. જેની પાસેથી સર્વ વિદ્યા સંપત્તિ સત્તા, તૃપ્તિ વગેરે મેળવે છે. એવા સર્વ વિદ્યાના ખજાનારૂપે રહેલા અંતર્યામી પુરૂષોત્તમનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમસ્કાર. મન સમાન વેગવાળા દેખાય છતાં ન ઓળખાય તેવા, સાંભળવા છતાં ન જાણી શકાય તેવા, અધ્યાત્મ યોગથી જાણી શકાય તેવા, જીણામાં જીણા, મોટામાં મોટા, હળવામાં હળવા, ભારેમાં ભારે તે પરમાત્મા બુદ્ધિથી વાણીથી પ્રાપ્ત થતા નથી. તે પ્રભુ જેની પર પ્રસન્ન થાય તેને વરે છે. એક હોવા છતા અનેક રૂપે દેખાય છે. તે પ્રભુને સૂર્ય, ચંદ્ર, અગ્નિ વીજળી પ્રકાશ કરી શકતા નથી. નીચે ઉપર ચારે કોર બ્રહ્મ અને પરબ્રહ્મથી સર્વવ્યાપ્ત છે. તે પ્રભુને નેત્રથી કર્મથી, તપથી, પુન્યથી જોઈ શકાતા નથી પણ તે

પ્રભુને શુદ્ધ ચિત્તવાળા, જ્ઞાનવાળા આત્માઓ અતિ દૂર રહેલા અતિ પાસે રહેલા પ્રભુને જોઈ શકે છે.

આત્મામાં પરમાત્મા રહેલા છે, તેને જે જ્ઞાનથી જાણે છે, તે સંસારમાં બંધન પામતો નથી. એવા પુરૂષોત્તમનારાયણ એક રસ ચૈતન્ય મૂર્તિ જેનો ભાગ ત્યાગ થાય તેમ નથી. એવા પ્રભુ પૃથ્વી પર પ્રગટ થયા છે. તેનું હે રાજા તું ધ્યાન ભજન ભક્તિ ઉપાસના સેવા કર. જેથી આ દેહે જ તને મુક્તિ પ્રાપ્ત થશે. ઈન્દ્રદ્યુમ્ન રાજાએ લોમશઋષિ ગુરુ પાસેથી આવુ આત્મા પરમાત્માનું જ્ઞાન-વિજ્ઞાન તથા પરાભક્તિનો ઉપદેશ સાંભળી ગુરુ પાસે "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણે પતયે સ્વામીને નમઃ" એ મંત્ર લઈ રાજા પોતાના આત્મામાંના પ્રગટ પુરૂષોત્તમ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધ્યાન કરવા લાગ્યો. નખશિખ સુધી ચિહ્નોથી ભરેલી દિવ્ય અલૌકિક મૂર્તિનું ધ્યાન કરતા જ સત્યલોકમાંથી દેવદૂત વિમાન લઈ આવ્યો અને કહ્યું, રાજા વિમાનમાં બેસી જાવ. સત્યલોકમાં બ્રહ્મા પાસે ચાલો. રાજા કહે, લોમશઋષિના ઉપદેશથી હવે મને પ્રગટ પ્રભુ વિના કાંઈ પણ ઈચ્છા નથી. એમ કહીને રાજા ધ્યાનમાં ગુરુકૃપાથી યોગ નિંદ્રામાં ગયો.

અધ્યાય - ૫૨૨

❖ ભગવાનનાં ધામમાં સમય-દિવસની ગણતરી ❖ લોમશ ઋષિનું દિવ્ય જીવન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ઈન્દ્રદ્યુમ્ન રાજાએ સવારે જાગી સ્નાન કરી ગુરુ લોમશઋષિને પગે લાગી કહ્યું, તમે મોક્ષ આપનારાં સદ્‌ગુરુ છો પણ માયાથી પર છો.તેથી પ્રશ્ન કરું છું કે, ભગવાનના ધામમાં સમય સેવા અને દિવસની ગણત્રી કઈ રીતે છે. લોમશઋષિ કહે, બ્રહ્મધામમાં પુરૂષોત્તમનારાયણની મૂર્તિમાંથી જ્યારે શ્વેત પ્રકાશ નીકળે ત્યારે દિવસ થાય છે. મૂર્તિમાંથી લાલ પ્રકાશ નીકળે ત્યારે સંધ્યા થાય છે અને મૂર્તિમાંથી શ્યામ પ્રકાશ નીકળે ત્યારે રાત્રિની કલ્પના કરવામાં આવે છે. મૂર્તિમાં લીન સ્થિતિ તે નિંદ્રા, હાસ્ય સેવા તે જાગ્રત અવસ્થા. ગોલોક અને વૈકુંઠ ધામમાં પણ નારાયણના તેજના કિરણોથી જ વ્યવહાર છે.

રાજા કહે : ગુરુ, તે પ્રભુ પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે માતાના ગર્ભમાં આવે છે કે નથી આવતા તથા તે પ્રભુનું શરીર સર્વના જેવુ જ કેમ હોય છે ? લોમશ ઋષિ કહે, જ્યારે પ્રભુ પ્રગટ થવાના હોય ત્યારે વાયુને આજ્ઞા કરે છે કે માતાને ગર્ભવાળા બનાવજે. જ્યારે પ્રસવ થવાનો હોય ત્યારે વાયુ અદૃશ્ય થાય અને પ્રભુ બાળક બની માતાની ગોદમાં આવે છે, તે પ્રભુની ગતિને કોઈ જ જાણી શકતું નથી. એ જ રીતે મુક્તની સ્થિતિ છે. એ જ રીતે હે રાજા નિત્ય તૃપ્તિવાળો હું મારું ખાવું, પીવું, રહેવુ સર્વ ક્રિયા દેખવા માત્ર ભક્તની ભાવના માટે છે. મારી સર્વ ક્રિયા દિવ્ય છે.

ઈન્દ્રદ્યુમ્ન કહે : ગુરુ તમે આશ્રમ કેમ બાંધ્યો નથી ? તમારી આયુષ્ય કેટલી છે ? લોમશ ઋષિ કહે, ત્રણ લાખ પાસઠ હજાર કલ્પો ગયા અને તેટલા જ કલ્પો બાકી છે. પછી પ્રભુના ધામમાં જઈશ. સો બ્રહ્મા તો ચાલ્યા ગયા તે મેં જોયા અને મને મહાકાળ દેખાય છે. તેથી આશ્રમ બાંધ્યો નથી. ઈન્દ્રદ્યુમ્ન કહે, ગુરુ તમે આટલી આયુષ્ય કેમ મેળવી ? લોમશ ઋષિ કહે, પૂર્વે હું દરિદ્ર શુદ્ર હતો. ભુખ્યો-તરસ્યો, નર-નારાયણ ભગવાનની પૂજા કરતો. એકવાર ઠંડીથી મૃત્યુ થયું. વિપ્રને ત્યાં જન્મ થયો. પૂર્વ જન્મનું જ્ઞાન હતું. તેથી કંઈ ન બોલતો. વૈરાગ્યથી નારાયણનું ભજન કરતો. પ્રભુ પ્રસન્ન થઈ કહે, માંગ. મે કહ્યું, જન્મ મરણથી રહિત કરો.

નારાયણ કહે : મૃત્યુલોકમાં કોઈ અમર નથી પણ એક કલ્પ થશે એટલે તારો એક રોમ ઓછો થશે. એમ કહી પ્રભુ અદૃશ્ય થયા. ત્યારથી હું અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્રમાં વાસ કરૂ છું. પછી ઈન્દ્રદ્યુમ્ન રાજા સાથે આવેલા માર્કન્ડેયઋષિ, બકઋષિ, ગૃધઋષિ, કચ્છપઋષિ વગેરે ઋષિ પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લઈ સદાને માટે જપ કરી ચિરંજીવી થયા. કચ્છપઋષિ કચ્છ દેશમાં નારાયણ સરોવરમાં વાસ કરે છે. ધુકઋષિ હાટકેશ્વર તીર્થ નાગમતી નદી કાંઠે વાસ કરે છે. ગૃધઋષિ ગીરનારમાં દત્તાત્રેયના તપસ્થાનમાં વાસ કરે છે. બકઋષિ સોમનાથ ક્ષેત્રમાં રહે છે. માર્કન્ડેય ઋષિ તુલશીશ્યામ ગીરમાં વાસ કરે છે. અમે સર્વ ઋષિઓ કાર્તિકમાં ગિરનારની પ્રદક્ષિણામાં પાંચ દિવસ વાસ કરીને ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધ્યાન કરતાં. મૂર્તિમાં લીન થયા ત્યાં મુકતો વિમાન લાવ્યા. તેમાં બેસી ઈન્દ્રદ્યુમ્ન રાજા બ્રહ્મલોકમાં ગયો. નારાયણ કહે : લક્ષ્મી, આ ઋષિ અને ઈન્દ્રદ્યુમ્નની કથા કોઈ વાંચશે, સાંભળશે તે સર્વે અક્ષરધામમાં પ્રભુની સેવા પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૫૨૩

❖ કપિલ ભગવાન અને જૈગીષ્ય ઋષિનો અશ્વશીરા રાજાને ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અશ્વપટ સરોવર લોમશઋષિના આશ્રમે કપીલ ભગવાન અને અશ્વશીરા રાજા દર્શને આવ્યા. ત્યાં અશ્વશીરા રાજાએ કપિલ ભગવાનને પૂછ્યું. મોક્ષ જ્ઞાનથી થાય છે કે કર્મથી ? કપિલ ભગવાને કહ્યું, મનુષ્ય સારું-નરસુ કર્મ પ્રભુને અર્પણ કરે તો સંસારમાં નિર્લેપ રહે છે. ગંગા કાંઠે એક શિકારી રહેતો. તે મૃગલાને મારતો. તે જોઈને બ્રાહ્મણ કહે, તને પાપ થશે. પેલો શિકારી કહે, સર્વ માયાથી જન્મે છે. માયામાં લીન થાય છે. હું મારતો નથી, હું દુઃખાતો નથી. આ સર્વ કર્મ પરમાત્મા મારી પાસે કરાવે છે અને હું પ્રભુને સર્વ કર્મ અર્પણ કરૂ છું. હું કાંઈ કરતો નથી. વિચારે કંઈ, બોલે બીજું, કાર્ય જુદુ. તે પોતાનો સ્વાર્થ સાધી બીજાનો નાશ કરે છે. માટે મારી પરીક્ષા કરવી હોય તો

કરો. ત્યારે બ્રાહ્મણે અગ્નિ પ્રગટાવી. તેની જાળ અગ્નિમાં મૂકી. જાળ બળી નહીં અને તે શિકારીએ અગ્નિમાંથી જાળ કાઢી પણ તેને અગ્નિનો સ્પર્શ ન થયો. તે જોઈ સર્વ આશ્ચર્ય પામ્યા. એ રીતે તે શિકારી નિર્લેપ હતો. મનુષ્ય અહંકારરહિત થઈ સર્વ કર્મ પ્રભુને અર્પણ કરે તો બંધન ન થાય. આવુ કપિલ ભગવાનનું વચન સાંભળી અશ્વશીરા રાજાએ માન્યું કે, કર્મ પ્રભુને અર્પણ કરવાથી મોક્ષ થાય છે.

ત્યાં જૈગીષ્ય ઋષિ આવ્યા. તે પચાસ કલ્પની આયુષ્યવાળા હતા. અશ્વશીરા રાજાએ જૈગીષ્ય ઋષિને પૂછ્યું, શ્રીહરિની ભક્તિ કેમ કરવી ? ઋષિ કહે, કપિલ અને અમારા જેવા અનંત સર્વથી પર વૈકુંઠ ગોલોકથી પર પરમધામમાં રહેલા એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ આ અશ્વપટ સરોવર કુંકુમવાપીમાં શ્રીકૃષ્ણવલ્લભરૂપે પ્રગટ થયા છે. તે સર્વ અવતારોના અવતારી છે. તેના દર્શન કરવા અમે સર્વ આવ્યા છીએ. હે રાજા, તે પ્રગટ પ્રભુની સર્વાપણ ભાવે ભક્તિ કરવી. પ્રત્યક્ષ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનનો આવો મહિમા જાણી અશ્વશીરા રાજા પુત્રને ગાદી સોંપી ભક્તિ કરવા લાગ્યો. પ્રસન્ન થયેલા શ્રીહરિ અશ્વશીરા રાજાને વિમાનમાં બેસારી અક્ષરધામમાં લઈ ગયા.

અધ્યાય - ૫૨૪

❖ કાશ્મીરનો વસુ રાજા અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી પરમધામમાં ગયો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, કાશ્મીરનો વસુ રાજા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહાન ભક્ત હતો. તે પ્રત્યક્ષ પ્રભુ પાસેથી મંત્ર ગ્રહણ કરી. તુલસી કંઠી પહેરી. તુલસીની માળા રાખી નિત્ય અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતો. તે એકવાર બદ્રિકાશ્રમ યાત્રા કરવા ગયો. ત્યાં તેને પૂર્વ જન્મનું જ્ઞાન થવાથી તપમાં બેસી ગયો. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર મહાતત્વ, પ્રકૃતિ, વાક, પાણી, પાદ, પાયુ, ઉપસ્થ, શ્રોત્ર, ત્વક, ચક્ષુ, રસના, ઘાણ, પાન, અપાન, વ્યાન, ઉદાન, સમાન આ ચોવીસ માયાના તત્ત્વોથી પોતાના આત્માને જુદો માની તેમાં પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતો ધ્યાન કરતો હતો. ત્યાં તેના શરીરમાંથી કાળો પાપરૂપ પુરૂષ નીકળ્યો.

વસુરાજાએ પૂછ્યું, તું કોણ છો ? તેણે કહ્યું, હું તારા પૂર્વજન્મનું પાપ બ્રહ્મહત્યા છું. તે પૂર્વજન્મમાં મૃગરૂપ ઋષિનો શિકાર કર્યો. તે ઋષિ મરણ પામ્યા ન હતા. તેણે શાપ આપ્યો તે બ્રહ્મહત્યારૂપ પાપ હું તારા શરીરમાં હતો. તે આ જન્મમાં ભક્તિથી અને તપથી તારા પાપ બળી ગયા પછી પ્રભુના પાર્ષદો વિમાન લઈને આવ્યા. તેમાં બેસી વસુરાજા અનાદિશ્રીકૃષ્ણનારાયણના પરમધામમાં ગયો.

અધ્યાય - ૫૨૫

❖ સનત ઋષિએ રૈભ્યમુનિને સંસારમાં મોક્ષ અપાવનારા સાધન વિશે જ્ઞાન આપ્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રૈભ્યમુનિ ગયામાં પિંડદાન કરતા હતા. ત્યાં સનતકુમાર આવી ધન્યવાદ આપી ઉપદેશ આપ્યો કે, આ ગયામાં પિતૃઓનું શ્રાદ્ધ કરીને બ્રાહ્મણોને દાન આપી ભક્તિ કરી વિશાલ રાજા ભગવાનના ધામમાં ગયો હતો. તેથી સંસારમાં મોક્ષ અપાવનારા સાધન છે તે કહું છું. સર્વ ક્રિયામાં શ્રીહરિનું સ્મરણ કરવું. પ્રભુની પૂજા કરવી. લક્ષ્મી, સરસ્વતી, ગંગા, તુલસી, દુર્ગા, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ, ગુરુ, વિપ્ર, સંત, સૂર્ય, અતિથિ વગેરેની પૂજા કરવી. માતા-પિતાને તીર્થતુલ્ય માનવા. સૂર્ય, ચંદ્ર, ઉદય, અસ્ત સમયે જોવા નહીં. મળ-મૂત્ર જોવા નહીં. પાણીમાં સૂર્ય ચંદ્ર જોવા નહીં. પાપી પુરુષોની સાથે ચાલવું નહીં. ખાવુ પીવું નહીં. સ્પર્શ આસન કરવું નહીં. સંત, વિપ્ર સતી ગાય તેની નિંદા ન કરવી. દેવગુરુનું દ્રવ્ય લેવું નહીં. તેથી સર્વ નાશ થાય છે.

દેવગુરુને ન નમે તો પાપનો ભાગીદાર થાય છે. જે સ્ત્રી પતિની સેવા નથી કરતી તે કુંભી પાકમાં પડે છે. વાણીના તિરસ્કારથી કાગડો થાય છે. હિંસા કરવાથી ભુંડ થાય છે. ક્રોધથી સર્પ, ગર્વથી ગધેડાના જન્મને પામે છે. શિવ-પાર્વતી, ગણેશ, સૂર્ય, વૈષ્ણવ, માતા-પિતા, બહેન, પતિ-પત્ની, સતી, ગુરુ, કન્યા તેની નિંદા કરવાથી નરકમાં જાય છે. પ્રભુનો પ્રસાદ જમનારો વૈકુંઠમાં વાસ કરે છે. શિવલિંગ શાલીગ્રામ પ્રભુની પ્રતિમા તેને જ્યાં ત્યાં અપવિત્ર જગ્યામાં મુકે તો પ્રજાહીન, દરિદ્ર, રોગી, અંધ, અપંગના જન્મને પામે છે. એ પ્રમાણે સનત ઋષિ ઉપદેશ આપી, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી અદેશ્ય થયા. રૈભ્યમુનિ મંત્ર જપ કરતા તલ્લીન થયા ત્યાં શ્રીહરિનું વિમાન આવ્યું. તેમાં બેસી વૈકુંઠ ધામમાં ગયા. આ અધ્યાય જે વાંચશે. સાંભળશે તે ભક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૫૨૬

❖ પરમધામ વર્ણન ❖ શુભ સ્વપ્નફળ જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર આવપ્યઋષિ રૈવતાચળની પ્રદક્ષિણા કરી શિવરાત્રિમાં લોમશ ક્ષેત્રમાં આવી દર્શન કરી રાત્રે સુતા ત્યાં સ્વપ્નમાં વિમાનમાં બેસી સત્યલોકમાં ગયા. ત્યાંથી વિષ્ણુલોકમાં, ત્યાંથી કૈલાશમાં, ત્યાંથી વૈકુંઠમાં, ત્યાંથી ગોલોકમાં, ત્યાંથી અક્ષરધામમાં ગયા પછી પરમધામમાં અનંત મુક્તોથી સેવાયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યાં. પ્રભુએ પૂછ્યું, સર્વેલોકમાં તમે શું જોયું ? ઋષિ કહે, અહીં જે દર્શન સુખ શાંતિ અને સેવાનું સામ્રાજ્ય છે. તે ક્યાંય નથી. અક્ષરધામ, ગોલોક, વૈકુંઠ અને કૈલાશ આ ચાર ધામમાં પ્રભુના ભક્તોને સેવા અંતે સ્મરણનો દિવ્ય આનંદ છે.

તે વિના સર્વલોકમાં ભોગભૂમિ છે. પ્રભુના પરમધામમાં મૂર્તિનો આત્માનંદ છે. ગોલોકમાં દાસ્યભાવનો આનંદ છે. વૈકુંઠમાં સખી ભાવનો આનંદ છે. અક્ષરધામમાં સેવાનો આનંદ પૂજાનો આનંદ વિશેષ છે, સત્યલોકમાં બીજા સ્વર્ગ આદિલોકમાં પણ આનંદ છે.

હે પ્રભુ, તમે અક્ષર પરમધામમાં છો. ગોલોક વૈકુંઠમાં પણ તમે છો. કૈલાશમાં પણ તમે શિવ રૂપ છો. તમારી શક્તિ સર્વત્ર વ્યાપી રહી છે. તે પાર્વતી લક્ષ્મી છે. જયા લક્ષ્મી લલીતા છે. રમા માધવી છે. રાધા માણિકી છે. પ્રભા પાર્વતી છે. શક્તિ મુક્તા છે. પ્રભુ તમારી શક્તિ અને ભક્તિનો પાર આવે તેમ નથી. પ્રભુ અનેક જન્મોના પુન્યોથી પણ તમારું દર્શન ન થાય પણ આજે તમારી કૃપા મને તમારું દર્શન થયું. ત્યાં આવપ્યઋષિની નિંદ્રા ગઈ અને જાગ્યા. ત્યાં પ્રત્યક્ષ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ સામે દેખાયા. ઋષિ કહે, પ્રભુ આવુ સ્વપ્ન કેમ આવ્યું ? પ્રભુ કહે, હું અશ્વપટ સરોવર ક્ષેત્રમાં પ્રગટ થયો છું તેથી આવુ સ્વપ્ન આવ્યું. એમ કહી મંત્ર, કંઠી, માળા આપ્યા.

શ્રીહરિએ શુભ સ્વપ્નફળ જ્ઞાન કહ્યું. સારૂ સ્વપ્ન રાત્રિના પ્રથમ પ્રહરમાં આવે તો એક વર્ષમાં ફળ મળે છે. બીજા પ્રહરમાં સ્વપ્ન થાય તો આઠ માસે, ત્રીજા પ્રહરમાં સ્વપ્ન થાય તો ત્રણ માસે, સવારે સ્વપ્ન આવે તો તેનું ફળ તરત જ મળે છે. રોગી અને પાપીને દુષ્ટ સ્વપ્નનું સારૂ ફળ આવતું નથી. દિવસે સ્વપ્નનું ફળ નિષ્ફળ છે. સ્વપ્ન થાય પછી જાગીને સૂવું નહીં. સ્વપ્નની વાત રાત્રે કોઈને કરવી નહીં. સ્વપ્નમાં ગાય દર્શન, ઘોડા, હાથી પર બેસવું, મહેલ, પર્વત, વૃક્ષ પર ચડવું તે ધન આપનારૂ થાય છે. સ્વપ્નમાં ભોજન, રૂદન, સંગીત, વાડી, દેખાય તો ભૂમિ મળે. સ્વપ્નમાં અસ્ત્ર-શસ્ત્રથી ઘાયલ થાય, લોહી વિષ્ટાથી ખરડાય તો ધન પ્રાપ્ત થાય. સ્વપ્નમાં નગર પ્રવેશ, રકત, સમુદ્રમાં પ્રવેશ, અમૃત આવે તો ધન લાભ થાય. સ્વપ્નમાં હાથી, પોઠીયો, ગાય, રાજા, સોનુ, દીપ, અન્ન, ફળફૂલ, કન્યા, છત્ર, રથ દેખે તો કુટુંબમાં કીર્તિ મેળવે. સ્વપ્નમાં કમળપત્રમાં, દૂધપાક, મિષ્ટાન્ન, ઘી, દૂધ, માખણ, મધ ખાતા દેખે તો રાજા થાય. ઘોડી, કુકડી, સમડીને દેખે તો પત્ની લાભ થાય. સ્વપ્નમાં જેલમાં બંધાયેલો દેખે તો પુત્ર લાભ થાય. પાણીમાં વીંછી, સર્પને જોવે તો ધનપુત્ર લાભ થાય. સ્વપ્નમાં માથા પર મુગટ દેખે તો પ્રધાન થાય. દેવ, વિપ્ર, ગાય, માતા, પિતા, સાધુ, ગુરુ, પતિ-પત્ની, કન્યા, પતિવ્રતા રાજા સ્વપ્નમાં જે આવે તે વસ્તુ પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં હાથી સુંઢ મસ્તક પર મુકે તો આચાર્ય અથવા ગુરુ થાય. સ્વપ્નમાં આઠ વર્ષની કુમારી રત્ન અલંકારોથી શોભતી સ્વપ્નમાં પુસ્તક આપે તો કવિ-પંડિત થાય. સ્વપ્નમાં મુકતો-મુકતાણી, દેવ, ઈશ્વરોના દર્શન થાય તો મોક્ષમાં જાય. પ્રભુ કહે, ઋષિ આ સ્વપ્નનું જ્ઞાન કહ્યું. આવપ્ય ઋષિ કહે, પ્રભુ દશ કલ્પો થયા તિર્થોમાં ફરૂ છું પણ આ અશ્વપટ સરોવર તીર્થ, લોમશગુરુ અને તમે પ્રભુ મળ્યા એટલે મારો મોક્ષ થયો. પછી ઋષિ શ્રીહરિ સાથે વિમાનમાં બેસી ધામમાં ગયા.

અધ્યાય - ૫૨૭

❖ સૂર્ય-ચંદ્ર અને રાહુનું ગ્રહણ ❖ અશુભ સ્વપ્નફળ જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગાય, બ્રાહ્મણની હત્યા કરનારો, કૃતઘ્ની, માતા-પિતાને હરનારો, વિશ્વાસઘાતી, દેવ, ગુરુનું દ્રવ્ય ચોરનારો, પીપળો તુલસીનો નાશ કરનારો, આવા પાપીને જોઈને સ્નાન કરવું તથા સૂર્ય ચંદ્રગ્રહણ થાય ત્યારે સ્નાન કરી એકસો આઠ જપ કરવા. લક્ષ્મી કહે : રાહુ, સૂર્ય, ચંદ્ર કેમ ગ્રસી છે ? શ્રીનારાયણ કહે : જમદગ્નિ નર્મદા કાંઠે વનમાં દિવસે પત્ની રેણુકાની ઈચ્છાથી મૈથુનમાં પ્રવર્ત્યા. ત્યાં સૂર્ય આવી કહે, તમે ધર્મનું પાલન કરનારા દિવસે મૈથુન કેમ કરો છો ? જમદગ્નિ કહે, હું મારી ઈચ્છાથી નથી પ્રવર્ત્યો. પત્નીની ઈચ્છાથી પ્રવર્ત્યો છું. પત્નીની ઇચ્છા પૂરી કરવી તે પતિનો ધર્મ છે અને તે મારો રતિ ભંગ કર્યો તેથી શાપ આપું છું. તને રાહુ ગ્રહણ કરશે. મેઘોથી ઢંકાયેલો રહીશ. રાહુ ગ્રસી અને પાણીમાં તને જોશે તેને પાપ થશે. સૂર્ય કહે, તમે પણ ક્ષત્રિયથી પરાભવ પામશો. ત્યાં બ્રહ્મા આવી કહે, જમદગ્નિ ક્ષત્રિયથી પરાભવ પામશો ત્યારે તમારો સ્વર્ગમાં વાશ થશે અને સૂર્યને કહ્યું, સૂર્ય તું ઉદય અસ્ત સમયે અર્ધ રહીશ ત્યારે તું પાપવાળો થઈશ. પછી તારૂ દર્શન પુન્યવાળુ થશે. તે જ રીતે ચંદ્રે ભાદરવા સુદ ચોથને દિવસે ગુરુ બૃહસ્પતિની પત્ની તારાનું અપહરણ કર્યું તેથી ભાદરવા સુદ ચોથને ચંદ્ર દર્શન ન કરવું. તે કલંક આપે છે.

શ્રીનારાયણ કહે : હવે અશુભ સ્વપ્નફળ કહું છું સ્વપ્નમાં હસે, વિવાહ જુવે, નૃત્યગીત દેખે તેને વિપત્તિ આવે છે. ધનહાનિ થાય. શરીર પીડા આવે. સ્વપ્નમાં કન્યા ઘડો લઈને ઘરમાંથી નીકળે. સ્ત્રી ક્રોધયુક્ત ઘર બહાર જાય તો લક્ષ્મી નાશ થાય. દરિદ્ર થાય. સ્વપ્નમાં શરીરે તેલ ચોપડી, ગધેડા, ઊંટ, પાડા પર બેસી દક્ષિણ દિશામાં જતો સ્વપ્નમાં જુવો તો મરણ થાય. સ્વપ્નમાં તેલ, મીઠું દેખે તો લક્ષ્મી નાશ થાય. સ્વપ્નમાં કાળી નાક કપાયેલી વિધવા ભીક્ષાપાત્ર દેખે તો દુઃખ આવે. ગાતી હસતી, કાળા વસ્ત્રવાળી વિધવા દેખાય તો મૃત્યુ થાય. સ્વપ્નમાં મરેલો વાછડો, મનુષ્ય-મૃગની ખોપરી સ્વપ્નમાં દેખે તો વિપત્તિ આવે. લાલમાળા, લાલ વસ્ત્રો, લાલ લેપથી કોઈ સ્વપ્નમાં ઢાંકે તો દુઃખ આવે. સ્વપ્નમાં સ્મશાન, સુકુ લાકડું, લોઢુ, અશ્વ, ખીજડો દેખે તો દુઃખ આવે. સ્વપ્નમાં પાદુકા, પાટીયું, અડદ, મગ, મસુર દેખે તો ઘાયલ થાય. સ્વપ્નમાં વાનર, પર્વત, રીંછ, શિયાળ દેખે તો વ્યાધિ થાય. સ્વપ્નમાં ફૂટેલો ઘડો, શુદ્ર, રોગી, લાલ વસ્ત્રવાળો, જટાવાળો, ભુંડ અને પાડો દેખાય તો ભય આવે. સ્વપ્નમાં યમદૂતો, ફાટેલ વસ્ત્રવાળો મ્લેચ્છ, શસ્ત્ર, ફાંસલો હાથમાં દેખાય તો મૃત્યુ થાય. સ્વપ્નમાં પોતાનું શબ દેખાય, દાંત પડતા, કેશ ખરતા દેખાય તો મૃત્યુ થાય. સ્વપ્નમાં વૃક્ષથી, પર્વતથી, રથથી, મહેલથી,

હાથીથી, અશ્વથી પડતો દેખે તો વિપત્તિ આવે. સ્વપ્નમાં બળથી ક્રોધથી પકડે, છત્ર, પાઘડી, લઈ લ્યે તેના ગુરુ પિતા અથવા રાજા દેહ મુકે છે. સ્વપ્નમાં ઘરમાંથી ગાય, વાછરડા સહિત ભય પામી ભાગે તેની સંપત્તિ નાશ પામે છે. સ્વપ્નમાં જ્યોતિષી, બ્રાહ્મણ, સતી, સાધુ, ગુરુક્રોધ પામી શાપ આપે તેને દુઃખ આવે છે.

આવા દુષ્ટ સ્વપ્ન આવે ત્યારે ગાયત્રીમંત્રના હજાર પાઠ કરવા અથવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જાપ કરવા તો અનિષ્ટ ન થાય. તથા વિષ્ણુ, નારાયણ, કૃષ્ણ, રામ, શ્રીહરિ, શિવ, શ્રી, લક્ષ્મી, રાધિકા, જાનકી, પ્રભા, પાર્વતી આ બાર નામે જપ કરવાથી દુષ્ટ સ્વપ્ન પણ સારું આપનારું થાય છે. અને "ૐ હ્રીં શ્રીં ક્લીં દુઃખહંત્ર્યૈ દુર્ગાયતે નમઃ" આ મંત્ર દસ વાર જપવાથી દુષ્ટ સ્વપ્ન સારું ફળ આપે છે. સ્વપ્નની વાત ભક્ત, ગુરુદેવ, પવિત્ર બ્રાહ્મણ, જ્ઞાનીને કહેવાથી સારું ફળ આપે છે.

અધ્યાય - ૫૨૮

❖ ગુરુ મહિમા અને શુભ-અશુભ કર્મોના ફળનું જ્ઞાન ❖

શ્રીનારાયણને લક્ષ્મીએ પૂછ્યું : પ્રભુ, ગૃહસ્થાઓને કેવા વ્રતો કરવા ? કેવા કર્મો કરવા જેથી મોક્ષ થાય તે કહો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શરીરથી, વાણીથી, મનથી, કોઈની હત્યા ન કરવી. તે સર્વથી શ્રેષ્ઠ વ્રત પુણ્ય આપનારું છે તથા સર્વના આશિર્વાદ લેવાથી મોક્ષ થાય છે. તથા સ્નાન કરી મારી પૂજાધ્યાન કરી નૈવેદ્ય ધરી મારી સેવા કરી મનુષ્ય મોક્ષ મેળવે છે તથા ગુરુ પાસે પ્રભુનો મંત્ર ગ્રહણ કરી ગુરુ સેવાથી મોક્ષ થાય છે. સર્વથી મહાન પિતા છે. તેથી સોગણા માતા મહાન છે. તેથી મંત્ર આપનારા ગુરુ મહાન છે. તે સર્વથી જ્ઞાન આપનારા મોક્ષ આપનારા ગુરુ સાક્ષાત નારાયણ છે. ગુરુમાં સર્વ દેવો વાસ કરે છે. ગુરુ પ્રસન્ન થવાથી શ્રીહરિ પ્રસન્ન થાય છે. ગુરુચરણ ધોઈ પીવાથી સર્વ પાપ રહિત થવાય છે.

જ્ઞાનભક્તિથી રહિત હોય એવા ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ ન કરવો. પૂર્વે ધર્મવ્યાધની પુત્રી માતંગ બ્રાહ્મણીને આપી. પુત્રીને તેની સાસુએ હિંસક પુત્રી, અપવિત્ર એવા અનેક તિરસ્કાર વચનો કહ્યા. પુત્રીએ પિતાને ત્યાં આવી કહ્યું, મારી સાસુ મને અપવિત્ર અધર્મી કહે છે. પિતા ધર્મવ્યાધ જમાઈને ત્યાં ગયો. જમવાનું આપ્યું. ત્યાં ધર્મવ્યાધ કહે, પ્રભુને ધર્યા વિના હું જમતો નથી. અને આવું અપવિત્ર ભોજન કેમ બનાવ્યું. પ્રભુને અર્પણ કર્યા વિનાનું અન્ન માંસ તુલ્ય છે. તમને પવિત્ર બ્રાહ્મણ જાણીને મેં મારી પુત્રી આપી છે. પાપનું ખાઈને નરકમાં જવા માટે નહીં. હું અને મારી પુત્રી સ્નાનપૂજા કર્યા વિના પ્રભુને નૈવેધ ધર્યા વિના ભોજન કરતા નથી. અમે જાતિથી શુદ્ર છીએ પણ કર્મથી શુદ્ર નથી. તમે જાતિથી બ્રાહ્મણ છો પણ કર્મથી શુદ્ર છો. તેથી મારી પુત્રી તમારે ત્યાં નહીં મોકલું. એમ કહી ધર્મવ્યાધ પોતાને ઘરે ગયો. પછી પિતા-પુત્રી પ્રભુનું ભજન કરી અંતે ધામમાં ગયા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શુભ-અશુભ કર્મ ભોગવ્યા વિના ક્ષય થતો નથી. પરંતુ પુણ્યના બળથી પાપથી રક્ષણ થાય છે અથવા ભગવાનની ભક્તિ કરવાથી પાપ નષ્ટ થાય છે. અથવા કરેલા સર્વ કર્મ પ્રભુને અર્પણ કરવાથી નિષ્પાપ થવાય છે. અથવા જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મને બાળે છે. જીવાત્મા કર્મને આધિન થઈ ઉચ્ચ-નીચ દેહને પામે છે. ફરી પાપકર્મ કરે છે અને ફરી નરકચોરાશીમાં ભમે છે. ગાય બ્રાહ્મણની હત્યા કરનારો ચંડાલ અંધ મ્લેચ્છ અને વિષ્ટાના કીડા થાય છે. સ્ત્રી હત્યારો રોગી-દરીદ્ર થાય, ગર્ભ-મનુષ્ય હત્યા કરનારો, કૂતરો, મગર, હાથી અને ભીલ થાય છે. કુકડાને મારનારો કુકડો થાય છે. બિલાડાને મારનારો બિલાડો છે. સર્પને મારનાર સર્પ થાય છે. જીવજંતુ મારનારા જંતુ થાય છે. ખોટી-સાક્ષી કૃતઘ્ની, વિશ્વાસઘાતી મરીને ગીધ થાય છે. વસ્ત્ર-રસ-દ્રવ્ય-રૂપિયા-મોતીની ચોરી કરનારો દરિદ્ર કોઢિયો થાય છે. નદી, તળાવ, કુવા, વાવ ભાંગનારો, પાણી નાશ કરનારો કાચબો, માછલો, મગર થાય છે. જેની ચોરી કરે તે દેહને ધારણ કરવો પડે છે. કન્યા વિક્રયથી વ્યાઘ્ર થાય છે. કલંક આપનારો ધોબી થાય. મલીન મંત્ર, અભિચાર કરનારો પ્રેત થાય છે.

અધ્યાય - ૫૨૯

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતિએ સર્વે કુંકુમવાપી પધાર્યા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતિ આસો વદ આઠમે રૈવતાચલના વાસી સર્વઋષિ-મુનિઓ અશ્વપટસરોવર, કુંકુમવાપી ક્ષેત્ર લોમશ આશ્રમે આવ્યા. લોમશઋષિએ સર્વનો સત્કાર કરી આસન આપ્યા. ત્યાં તેજસ્વી બ્રહ્માના પુત્ર સનાતનઋષિ આવ્યા. સર્વેને નમસ્કાર કર્યા. સનાતન ઋષિએ આશિર્વાદ આપી કહ્યું, અત્યારે પ્રત્યક્ષ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણની કૃપાથી સર્વે ઋષિમુનિઓને કુશલ વર્તે છે. સર્વે શ્રીહરિને લઈને કુશલ છે. ત્યાં સર્વ દેવો-દેવીઓ સાથે ત્યાં આવ્યા. પ્રભુએ સર્વનું સન્માન કર્યું. સર્વએ પ્રભુની પૂજા કરી. આસને બેઠા પછી સનત ઋષિ સભામાં બોલ્યા કે, હું પરમધામમાં ગયો પણ ત્યાં અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણને ન જોયા. ત્યાંથી ગોલોકમા ગયો, ત્યાં શ્રીકૃષ્ણને ન જોયા, ત્યાંથી વૈકુંઠમાં ગયો ત્યાં પણ લક્ષ્મીનારાયણને ન જોયા. ત્યાંથી ક્ષીરસમુદ્રમાં ગયો ત્યાં રમા નારાયણને ન જોયા પણ અનેક યોજન મોટો કાચબો જોયો. તેને મેં કહ્યું, તને ધન્ય છે કે તું પ્રભુ પાસે રહે છે.

કાચબો કહે, મારા જેવા ક્ષીર સમુદ્રમાં ઘણા રહે છે. માટે ક્ષીર સમુદ્રને ધન્ય છે. સમુદ્ર કહે, ધન્યવાદને પાત્ર પૃથ્વી છે. અમારા જેવા સાત સમુદ્રો પૃથ્વીમાં રહે છે. પૃથ્વી કહે, ધન્યવાદને પાત્ર શેષનારાયણ છે. જેની ફેણ ઉપર આવા અનેક બ્રહ્માંડો રહેલા છે. બ્રહ્માંડરૂપે રહેલી પૃથ્વી કહે ધન્યવાદને પાત્ર જળ, તેજ, વાયુ અને આકાશ છે. આકાશ

કહે, ધન્યવાદને પાત્ર ચીદાકાશ છે. તેમાં આવા અનંત બ્રહ્માંડો રહેલા છે. ચીદાકાશ કહે, ધન્યવાદને પાત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છે જેના એક રોમના કિરણથી સર્વે ધામો અવતારો વાસુદેવાદિ, ચર્તુવ્યુહ, બ્રહ્માંડો સર્વે તેજોયમાન થયેલા છે. તે પરમધામમાં મુક્તોને પૂછ્યું પુરુષોત્તમ નારાયણ પ્રભુ ક્યા ? મુક્તો કહે, પ્રભુ પૃથ્વી પર પ્રગટ થયા છે. પછી મેં યોગદૃષ્ટિથી જાણી અને આ ક્ષેત્ર કુંકુમવાપી અશ્વપટ સરોવર આવ્યો. ત્યાં પ્રગટ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી અતિ આનંદ અનુભવ્યો. માટે હે ઋષિ-મુનિઓ, સર્વથી ધન્યવાદને પાત્ર આ અત્યારે પ્રગટ થયેલા કંભરાગોપાલ પુત્ર અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે જ છે. તેના દિવ્ય અલૌકિક દર્શન કરવાથી સર્વે ધન્યવાદને પાત્ર થાય છે.

એવી રીતે સભામાં વાત કરી સનત ઋષિ પ્રગટપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા કે, મુક્તોના પતિ સ્વામીને વલ્લભને નમો નમઃ, અવતારોને ધારણ કરનારા, રાધા લક્ષ્મીના પતિ, જયા લલીતાના પતિ, વૃંદા તુલસી પ્રભા પાર્વતીના પતિ, મંજુલા કમલા, હંસા, પદ્માના પતિ તમને નમો નમઃ, સુવર્ણના વસ્ત્રઅલંકારને ધારણ કરનારા, અસુરોનો નાશ કરી ભક્તોનું રક્ષણ કરનારા, ભક્તોએ ઈચ્છેલું આપનારા તમને નમસ્કાર. અશ્વપટ સરોવરને ધન્ય છે. કુંકુમવાપીને ધન્ય છે. લોમશમૂનિને ધન્ય છે. ત્યાંના પશુ-પક્ષી, વૃક્ષ, વેલ, ફળ, ફૂલને ધન્ય છે. જ્યાં તમે પુરુષોત્તમ નારાયણ નિવાસ કરો છો. એ રીતે સ્તુતિ કરી કરોડો, દેવો, દેવીઓ, ઋષિ-મુનિઓએ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી, આરતી કરી. નૈવેધ ધરી સર્વેએ પ્રસાદ ગ્રહણ કર્યો. ચરણામૃત પીધું. શુભ આશિર્વાદ લઈને સર્વે પોતાના સ્થાનમાં ગયા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું આ સ્તવન ઐશ્વર્ય સુખ આપનાર મોક્ષ આપનારુ છે. આ અધ્યાય વાંચશે, સાંભળશે તે સર્વે સિદ્ધિને પ્રાપ્ત કરશે. સર્વે બંધનથી મુક્ત થઈ પરમપદનો અધીકારી થશે.

અધ્યાય - ૫૩૦, ૫૩૧

❖ ચિંતામણીની પ્રાપ્તિ માટે દુર્જય રાજાનું યુદ્ધ - નૈમિષારણ્યક્ષેત્રની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સત્યુગમાં સુપ્રતિક રાજાને બે રાણીમાં દુર્વાષાના આશિર્વાદથી બે પુત્ર થયા. દુર્જય અને સુદ્યુમી. બે પુત્રોમાં દુર્જયને ગાદી પર બેસાડી રાજા તપ કરવા ગયો. દુર્જય સૈન્ય લઈ પૃથ્વીના રાજાને જીતી સમ્રાટ થયો. પછી નારદના કહેવાથી ઈન્દ્ર સાથે યુદ્ધ કર્યું. શંકરે આપેલા ત્રિશૂલથી ઈન્દ્રાદિદેવોને જીતી લીધા. ત્યાં બે દૈત્યો વિદ્યુત-સુવિદ્યુત કહે, અમારી સાથે યુદ્ધ કર અથવા સ્વર્ગનું રાજ્ય આપ. તેની સાથે સંધી કરી સ્વર્ગનું રાજ્ય દૈત્યને આપ્યું.

એકવાર દુર્જય રાજા સૈન્ય સાથે જંગલમાં ફરવા નીકળ્યો. ત્યાં હિમાલયમાં અનેક ઋષિઓથી સેવાયેલા ભગવત ભક્ત ગૌરમુખ ઋષિનો આશ્રમ હતો. તેમાં ઋષિઓ અનેક કુમાર કુમારીઓને વેદશાસ્ત્રનો અભ્યાસ કરાવતા હતા. ત્યાં દુર્જય રાજા દર્શને આવ્યો. ગૌરમુખ ઋષિએ સત્કાર કરી રાજાને કહ્યું, તમારા અનુચરોને સૈન્ય સહિત સર્વને ભોજન કરાવશું. તમે આરામ કરો ફરો. એમ કહી ગૌરમુખ ઋષિએ ધ્યાનમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરી ગંગામાં સ્નાન કરી પ્રભુની સ્તુતિ કરી. હે પ્રભુ તમે ભક્તોનું રક્ષણ કરનારા છો. સર્વને ભોજન આપી તૃપ્તિ પમાડનારા છો. આ રાજા અતિથિરૂપે આવ્યો છે તેનું ભોજન સત્કાર કરો.

સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ દિવ્ય દર્શન આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર અને ચિંતામણિ આપી અદૃશ્ય થયા. ગૌરમુખ ઋષિ ચિંતામણિથી હજારો લાખો મહેલ બગીચા સર્વે સમૃદ્ધિ દાસ-દાસી સર્વે તૈયાર થયું. ગજશાળા, અશ્વશાળા, ગૌશાળા, ભોજનશાળા વગેરે રાજા કરતા સોગણી સુવિધા જોઈને રાજા આશ્ચર્ય પામ્યો. ખાવું, પીવું, ગીત, સંગીત નૃત્ય વગેરેથી રાજાની સેવા કરી. સંપત્તિનું કારણ ચિંતામણિ છે. એવું જાણી દુર્જય રાજાએ ગૌરમુખ ઋષિ પાસે ચિંતામણિની માંગણી કરી. ઋષિ કહે, રાજા દાન આપનારો છે અને બ્રાહ્મણ દાન લેનારો છે તેને બદલે તું પૃથ્વીનો સમ્રાટ થઈને ગોલોકનો રાજા થઈને બ્રાહ્મણ પાસે મણિની યાચના કરે છે. આવી તારી દરીદ્રતા, અજ્ઞાની સંતુષ્ટિ, અનુતૃષ્ણવાળાને ક્યારે પણ શાંતિ થતી નથી. રાજા રાજ્યમાં આવી દૂતને મોકલ્યો. ઋષિનો ચિંતામણિ લઈ આવ. ત્યાં મણિમાંથી કરોડો શસ્ત્રોવાળું સૈન્ય બહાર આવ્યું. રાજાને ખબર પડી એટલે સૈન્ય લઈ લડવા ગયો. ભયંકર યુદ્ધ થયું. રાજાનું પંદર અક્ષૌહીણી સૈન્ય નાશ પામ્યું. ત્યારે દૈત્યોનું ત્રીશ અક્ષૌહીણી સૈન્ય પૃથ્વીને કાપતું આવ્યું. યુદ્ધ થયું. લોહીની નદી ચાલી ત્યારે ગૌરમુખ ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને સંભાર્યા. પ્રભુ ગરૂડ પર બેસી આવ્યા.

ઋષિ કહે, પ્રભુ આ દૈત્ય સૈન્ય અને દુર્જય રાજાનો નાશ કરો. પ્રભુએ સુદર્શનચક્રથી સર્વેનો નાશ કર્યો. જે વનમાં નાશ થયો તે વન નૈમિષારણ્ય નામથી પ્રસિદ્ધ થયું. દુર્જેયનો પ્રભુમાં લય થયો. પછી પ્રભુ મણિ લઈને અદૃશ્ય થયા. ગૌરમુખ ઋષિ ત્યાંથી તીર્થ કરવા નીકળ્યા. પ્રભાસ સમુદ્રમાં સ્નાન કર્યું. રૈવતાચળ દામોદર નારાયણધરામાં સ્નાન કરી અશ્વપટ સરોવર, કુંકુમવાપી આવ્યા. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા. લોમશઋષિના દર્શન કર્યા. માર્કન્ડેયના દર્શન કરી પૂછ્યું, આ સર્વે મરેલા દૈત્યોનો મોક્ષ કેમ થાય ? માર્કન્ડેય મુનિ કહે, પ્રભુ અહીં બિરાજે છે, તેનો મંત્રજપ કરો તો સર્વની મુક્તિ થાય. ગૌરમુખ ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર જપ કર્યો. વિમાનો આવ્યા. સર્વ દૈત્યોની શ્રાધ્ધ તર્પણ કરી મુક્તિ કરી પછી ગૌરમુખ ઋષિ પણ શ્રીહરિ સાથે વિમાનમાં બેસી ધામમાં ગયા.

અધ્યાય - ૫૩૨

❖ મહાતપા ઋષિનો પ્રજાપાલ રાજાને ભક્તિનો ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે પ્રજાપાલ રાજા ધર્મવાળો હતો. તે એકવાર વનમાં ઋષિનો આશ્રમ જોવા ગયો. ત્યાં મહાતપસ્વી મહાતપાઋષિનાં દર્શન કર્યાં. જેના આશ્રમમાં સર્વે પ્રાણીઓ વેરવૃત્તિનો ત્યાગ કરી રાગદ્વેષથી રહિત થઈ વાસ કરતા હતા. ઋષિએ રાજાનું આસન ભોજનપાનથી સ્વાગત કર્યું. રાજાએ પ્રશ્ન પુછ્યો : ગુરુ, સંસારસમુદ્રમાં ડૂબેલા જીવવાની ઈચ્છાવાળા મનુષ્યોને સુખ માટે શું કરવું ? ઋષિ કહે, સમુદ્રમાં તરવામાં એક વહાણની જરૂર પડે છે. તેમાં સંસારમાં શ્રીહરિ પુરુષોત્તમ તેનો દૃઢ આસરો તેજ એક સુખનું સાધન છે. અને પૂજા દાન કરી ધ્યાન અને સ્વાર્પણ આ તે પ્રભુની ભક્તિના પગથિયા છે. તે પ્રભુની પૂજા ભક્તિ કરવાથી અપારનો પણ પાર પામી જવાય તે શ્રીહરિની પૂજા કેવી રીતે કરવી ?

ઋષિ કહે, ધાતુની મૂર્તિ શાલીગ્રામ કે શિવની પૂજા કરવી. તથા સાધુ-સાધ્વીમાં ગાયમાં, ગુરુમાં શ્રીહરિની ભાવના કરવી. પતિમાં, પત્નીમાં, માતા-પિતામાં, સૂર્ય, અગ્નિ વગેરે સ્થાવર જંગમ સર્વમાં શ્રીહરિની ભાવના કરવી. એ સર્વે શ્રીહરિનું શરીર છે. અથવા તેમાં શ્રીહરિ રહ્યા છે. અથવા તે સર્વે શ્રીહરિ સ્વરૂપ છે. રાજા કહે, મારે કઈ મૂર્તિની પૂજા કરવી ? ઋષિ કહે, રાજા, શરીરમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્વ, પ્રકૃતિ, ક્ષોત્ર, ત્વક, ચક્ષુ, રસના, પ્રાણ, વાક, પાણી, વાયુ, ઉપસ્ય, પાન, અપાન, સમાન, ઉદાન, મન, બુદ્ધિ, ચિત, અહંકાર આ ચોવીશ તત્ત્વોના દેવોને પરસ્પર વાદવિવાદ થયો કે કોણ મોટો ? ત્યાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો પ્રતિનિધિ અક્ષરપુરુષ વેદાંત પુરુષ પ્રગટ થઈને કહે, તમે સર્વ મારા શરીરમાંથી નીકળી જાવ. તમારા વિના હું જીવવાને સમર્થ છું. સર્વે દેવો કહે, અમારા વિના શરીર ન ચાલે. એમ કહીને સર્વે એક પછી એક શરીરમાંથી નીકળી ચાલ્યા ગયા. ત્યારે બ્રહ્માના શરીરમાં રહેલા પરબ્રહ્મ શ્રીહરિ સર્વેરૂપે પોતે થયા. ત્યારે સર્વદેવો, ઈશ્વરોનું અભિમાન ગર્વ નાશ પામ્યું. માટે હે રાજા, સર્વથી સમર્થ સર્વેના નિયંતા એક શ્રીહરિ તેની પૂજન, ભજન, ભક્તિ કર. તેથી તારો મોક્ષ થશે. મહાતપાઋષિનું વચન-ઉપદેશ સાંભળી રાજા રાજયમાં આવી ભક્તિ કરી ચારે સિદ્ધિઓ મેળવી.

અધ્યાય - ૫૩૩

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને કુંકુમવાપી તીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર શંકર ધ્યાનમગ્ન હતા. ત્યાં પાર્વતી અતિભાવથી શંકરના ખોળામાં બેસી પૂછ્યું. તમે અત્યારે કોનું ધ્યાન કરો છો ? શંકર કહે, દેવી તારાથી

કાંઈ છાનું રાખવાનું ન હોય. હું પ્રગટ પ્રભુનું ધ્યાન કરું છું. તે પ્રભુ અત્યારે અશ્વપટસરોવર, કુંકુમવાપી ક્ષેત્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામથી કુંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણને ત્યાં પ્રગટ થયેલા છે. તે પ્રભુમાં સાડા ત્રણ કરોડ તિર્થો વાસ કરે છે. જ્યાં લોમશ આશ્રમ આવેલો છે. જે સૌરાષ્ટ્રમાં મારું સોમનાથ પ્રભાસ તીર્થ રહેલું છે. જ્યાં પહેલા મણિક્ષેત્ર હતું. પછી પદ્મક્ષેત્ર થયું. પછી વૈષ્ણવક્ષેત્ર થયું પછી લોમશક્ષેત્ર થયું, પછી ઈન્દ્રદ્યુમ્ન ક્ષેત્ર થયું. પછી રૂકમાંગદ્ક્ષેત્ર થયું. પછી કુંકુમવાપીક્ષેત્ર થયું તે અશ્વપટસરોવર તીર્થ નામથી પ્રસિદ્ધ છે. જ્યાં ગીરનાર પર્વત અનાદિશ્રીકૃષ્ણનારાયણના વાસથી તીર્થરૂપ થઈને મોક્ષ આપનારો છે. જ્યાં ગોપીનાથ સિદ્ધેશ્વર વાસ કરે છે. જે રાજધાનીમાં લક્ષ્મીનારાયણ પ્રભુ બિરાજે છે. જ્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની અનંત પત્નીઓ વાસ કરે છે. તે આર્નત નામથી પ્રસિદ્ધ છે. જ્યાં કલ્યાણ માટે અનેક નરનારીઓ સાધુ, સાધ્વીઓ, યોગિનીઓ, બ્રહ્મચારીઓ, તપસ્વીઓ, જ્ઞાનીઓ વાસ કરે છે. જ્યાં જ્યાં સાધુની સેવા કરનારા, સર્વસ્વ અર્પણ કરનારા, સ્વામિનારાયણના ભક્તો વાસ કરે છે. જ્યાં વારંવાર વિભૂતિઓ પ્રગટ થાય છે, એવી તીર્થભૂમિનું હું દેવી ધ્યાન ધરું છું. જે ક્ષેત્ર ભવિષ્યમાં કૃષ્ણવલ્લભક્ષેત્ર કહેવાશે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ ભજન કર.

શિવના મુખથી પરબ્રહ્મનો મહિમા જાણી પાર્વતી ધ્યાનમગ્ન થયા. ત્યાં બાલપ્રભુએ દર્શન આપી કહ્યું, માતા મારા ક્ષેત્રમાં કેમ નથી આવતા ? પાર્વતીએ ધ્યાનમાંથી જાગીને અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન થયાની વાત કરી અને કહ્યું, હે મહાદેવ આજે મેં આ સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ કુંકુમવાપીનો મહિમાં જાણ્યો. શંકર કહે, તે પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણની આ સૌરાષ્ટ્ર ભૂમિની સર્વ નદીઓ, વાવો, કૂવાઓ, તળાવો, સમુદ્ર સર્વતીર્થરૂપ છે. તે પ્રભુના ચરણથી અંકિત થયેલી આ સૌરાષ્ટ્ર ભૂમિ મહાન તીર્થરૂપ છે. સતી પૃથ્વીના કણ ગણાય. સમુદ્રનાં બિંદુ ગણાય પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના ગુણ કોઈ ગણી શકે નહીં. પછીથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને તેમના તીર્થનું હંમેશા પાર્વતી ધ્યાન કરતા અને તૃપ્તિ અનુભવતા. આ અધ્યાયની કથા કોઈ વાંચશે, સાંભળશે તે ભુક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૫૩૪

❖ શંકર-પાર્વતી સર્વે પ્રભુની જન્મજયંતિએ કુંકુમવાપી પધાર્યા ❖

શ્રીનારાયણ કહે : હે લક્ષ્મી, એકવાર પાર્વતીએ શંકરને કહ્યું કે, સર્વના નિયંતા એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા કુંકુમવાપી ક્ષેત્ર તીર્થનાં દર્શન કરવા જવું છે. જે પરબ્રહ્મ પ્રભુની મૂર્તિમાંથી મત્સ્ય, કુર્મ, વરાહ, નૃસિંહ, હરિ, વામન, પૃથુ, વાસુદેવ, દત્તાત્રેય, હંસ, ઋષભ, યજ્ઞનારાયણ, સનકાદિક, રામ, હયગ્રીવ, નારદ, વ્યાસ, બુદ્ધ,

કલ્કી, મોહિની વગેરે સર્વે અવતારો જેમાંથી પ્રગટ થાય છે. તથા રાધા, રમા, લક્ષ્મી, પદ્મા, પદ્માવતી, પ્રભુા, પાર્વતી, જયા, લલિતા, કૃષ્ણા, માણિકી, તુલસી, વૃંદા, કમલા, સીતા, રૂકમણિ, દ્રૌપદી, શીવા, ગંગા, સરસ્વતી, હંસા, શારદા, મંજુલા, રતી, મૂર્તિ, માનસા, સંધ્યા, ગાયત્રી, મૂળપ્રકૃતિ, સાવિત્રી, દેવીકા, મુક્તિ, શાંતિ, ભક્તિ વગેરે અનંત લક્ષ્મીઓ પણ જેમાંથી પ્રગટ થાય છે. જે અનંતધામના અનંત ઈશ્વરોના સ્વામી છે. તે પરબ્રહ્મના ધ્યાનમાં દર્શન થયા પછી તે બાલપ્રભુના દર્શન કરવાની મને તીવ્ર ઈચ્છા છે.

પાર્વતીનું વચન સાંભળી શંકર હનુમાન, ગણેશ, કાર્તિક, દુર્ગા, યોગી મંડળ, સર્વેગણ મંડળ, ઋષિ દુર્વાષા વગેરેને તૈયાર કરીને પ્રગટ પ્રભુના દર્શન કરવા અશ્વપટ સરોવર લોમશ આશ્રમ કુંકુમવાપી ક્ષેત્ર આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણના સાત શિખરવાળા મંદિરમાં આવ્યા. લોમશઋષિએ સર્વનું સ્વાગત કર્યું અને શિવ-પાર્વતીનું પૂજન કર્યું. પછી નીજમંદિરમાં વિરાજતા મુક્તોથી સેવાયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું શંકર પાર્વતીએ ષોડ્શોપચારથી પૂજન કરી, આરતી ઉતારીને અનેક પ્રકારની ભેટો મુકી. દંડવત્ કર્યા. પછી બાલકૃષ્ણ પ્રભુએ શંકર-પાર્વતીને પગે લાગી, પગ ધોઈ પાણી પીધું. પછી લોમશ આશ્રમમાં સર્વને ઉતારો કરાવી ભોજન કરાવ્યા. બીજે દિવસે આસો વદ આઠમ અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતી હોવાથી સર્વ મુક્તો, સાધુ-સાધ્વી, પતિવ્રતાઓ પ્રગટ પ્રભુને પંચામૃતથી સ્નાન કરાવી, પવિત્ર જલથી સ્નાન કરાવી, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, સુવર્ણના સિંહાસનમાં બેસાડ્યા. પૂજન કરીને નૈવેધ કરી સર્વને પ્રસાદ ભોજન આપ્યા. પછી ધુન કિર્તન, નૃત્ય, ઉત્સવ કરીને સર્વએ રાત્રિએ વિશ્રામ કર્યો. આ ઉત્સવનું જે સ્મરણ કરશે તેને કુંકુમવાપીની તીર્થ યાત્રાનું ફળ મળશે.

અધ્યાય - ૫૩૫

❖ પ્રભાસક્ષેત્ર-સોમનાથક્ષેત્ર ઉત્પત્તિ ❖ તીર્થમાં દાનનું ફળ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નવમીએ સવારે સર્વ દેવો, ઋષિઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કર્યું. પછી ગોપાલકૃષ્ણે શંકરનું પૂજન કર્યું. શંકર કહે, હું અહીં સદાવાસ કરીશ અને ગોપાલેશ્વર નામથી પ્રસિદ્ધ થઈશ. પછી કંભરાલક્ષ્મીએ પાર્વતીની પૂજા કરી. પાર્વતી કહે : હું અહીં વાસ કરીને કંભરા કમલેશ્વરી નામે પ્રસિદ્ધ થઈશ તથા ગણેશ, કાર્તિક, દુર્ગા, નંદી, વીરભદ્ર એ સર્વે પ્રભુના મંદિરમાં વાસ કર્યો. સર્વ દેવો, ઈશ્વરોએ, ચર્તુમાસ નિવાસ કર્યો. દત્તાત્રેય ભગવાને લક્ષ્મીનારાયણ સંહિતાની કથા માઘ માસ પર્યંત વાંચી. સર્વ ઋષિમુનિ, દેવો અને માનવોએ આ કથા સાંભળીને અતિ દિવ્ય, અલૌકિક આનંદનો અનુભવ કરતા હતા. તે ભૂમિના ભાગ્યને કોઈ વર્ણવી શકે તેમ નથી. શિવ પાર્વતીએ પોતાના સેવકો સહિત ત્યાંથી વિદાય લઈને શિવરાત્રિએ રૈવતાચલમાં

નિવાસ કર્યો. ત્યાંથી સોમનાથ પ્રભાત ક્ષેત્ર આવ્યા. પાર્વતીએ પૂછ્યું, આ ક્ષેત્રનું નામ પ્રભાસ કેમ થયું. શંકર કહે, સૂર્યપુત્રી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પત્ની પ્રભાનું અહીં આસન હોવાથી પ્રભાસ નામથી આ ક્ષેત્ર થયું તથા ચંદ્રને ક્ષયરોગ થયો. તેણે અહીં તપ કર્યું. હું પ્રસન્ન થયો તેથી સોમનાથ નામે તીર્થ થયું. હજારો ઋષિઓ સોમવારે ષોડ્શોપચારથી સોમનાથ મહાદેવનું પૂજન કરે છે. ભક્તિભાવથી મહાદેવનું પૂજન કરનારા શિવતુલ્ય થાય છે.

સ્વભાવનો દોષનો ત્યાગ કરી તીર્થમાં દોષ ન જોવા તો જ તીર્થનું ફળ મળે છે. તીર્થમાં સંત બ્રાહ્મણોને ભોજન કરાવી અન્ન, વસ્ત્ર, વાહન, શય્યા, છત્ર, જોડાં વગેરે દાન આપવા. તીર્થમાં પારકુ અન્ન ન ખાવું. તીર્થમાં "ૐ નમઃ સોમનાથાય પાર્વતી પતયે નમઃ" તથા "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" એ મંત્ર જપ કરવો. હે પાર્વતી, જગતમાં સૌરાષ્ટ્ર સમાન દેશ નથી. ત્યાં અનેક પ્રકારના દાનથી પણ મનુષ્યોનો મોક્ષ થાય છે. પૃથ્વીદાન, હાથીદાન, અશ્વદાન, ગાયદાન, સુવર્ણ ચાંદીના દાન, રત્નોમણિઓના દાન, કન્યાદાન, વિદ્યાદાન, જ્ઞાનદાન, મુક્તિદાન, ખેતરવાડીના દાન, વાવ, કુવા, સરોવરના દાન સર્વસ્વ અર્પણ દાન વગેરે અનેક દાન આપી. પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી મુમુક્ષુઓ મોક્ષ મેળવે છે. કેટલાક ભક્તો જપ, તપ, સેવા, ભક્તિ, કથાશ્રવણ, કિર્તન, નામ સ્મરણ, પૂજા, વંદન, ધ્યાન વગેરેથી પ્રભુને રાજી કરી મુક્તિ મેળવે છે. આ અધ્યાયની કથા જે વાંચશે, સાંભળશે તે તીર્થ યાત્રાના ફળને પામશે.

અધ્યાય - ૫૩૬

❖ સમુદ્રતીર્થ અને સરસ્વતીતીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે દેવોએ પ્રભાસમાં સોમનાથ સમુદ્ર કાંઠે યજ્ઞ કર્યો ત્યારે વિપ્રોને ભોજન કરાવી દાન પ્રભાસના વિપ્રોને આપી દીધું. ત્યાં આકાશમાર્ગેથી બીજા બ્રાહ્મણો આવ્યા દેવો પાસે દાન લેવા. કાંઈ ન હોવાથી સમુદ્રમાં ચાલ્યા ગયા ત્યારે સમુદ્રે મૂર્તિમાન આવી બ્રાહ્મણોને માંસ મિશ્રિત ભોજન કરાવ્યું. ભોજન કરી બ્રાહ્મણો આકાશ માર્ગે ચાલ્યા પણ ગતિ ન કરી શક્યા. એટલે યોગથી સમુદ્રનું કપટ જાણી શાપ આપ્યો કે, તું રોજ સુકાતો જઈશ અને બ્રાહ્મણથી અસ્પૃશ્ય રહીશ. ત્યારે સમુદ્રે દેવોને કહ્યું, દેવો બ્રહ્મા પાસે ગયા અને કહ્યું કે, સમુદ્રના પાણીના યોગ વિના વરસાદ ન થાય અને અનાજ ન પાકે માટે સમુદ્ર ન સુકાય તેવી રક્ષા કરો.

બ્રહ્માએ સમુદ્ર કાંઠે આવી બ્રાહ્મણોને સમુદ્ર પાસે દાન અપાવ્યા અને શાપ મુક્ત કર્યો તથા બ્રહ્માએ કહ્યું, તું ત્રણ પ્રકારે પવિત્ર રહીશ એક પર્વકાલે, બીજો નદીના સંગમથી, ત્રીજો કાંઠે રહેલા તિર્થોથી તારામાં સ્નાન કરશે તે સર્વે તીર્થનું ફળ મેળવશે. તથા

દેવપૂજનમાં, અભિષેકમાં તારું જલ સદા પવિત્ર મનાશે. પૂર્વે ઈન્દ્ર દૈત્યોને જીતીને અસ્ત્રો દધિચી ઋષિના આશ્રમમાં મૂકી સ્વર્ગમાં ગયો. દધિચિ ઋષિ નદીનું પાણી અને અસ્ત્રો લઈને હિમાલયમાં તપ કરવા ગયા. દેવો અસ્ત્રો લેવા આવ્યા. ઋષિ કહે, ગોલોકથી નંદા, સુભદ્રા, સુરભી, સુશીલા, સુમના, ગાયોને બોલાવી મારું પોતાનું શરીર ચટાવો તેથી મારા હાડકાં શસ્ત્રો થઈ જશે. એ રીતે કર્યું. એટલે દધિચી ઋષિના હાડકાં શસ્ત્રો થઈ ગયા. પછી દધિચી ઋષિનો પુત્ર પ્લક્ષ તપ કરતો હતો. તેના સાથળમાંથી વડવાનળ અગ્નિ નીકળ્યો. દેવોએ ભય પામી સરસ્વતીને કહ્યું, આને શાંત કરો. ત્યારે સરસ્વતીએ તે બાળક લઈ પ્રભાસના સમુદ્રમાં નાખ્યો. તે વડવાનળ આજ સુધી સમુદ્રનું ખારું પાણી પીને વરાળ રૂપે કરી. વાદળારૂપે થઈ વૃષ્ટિ કરે છે. તેથી અન્ન વગેરે વનસ્પતિ થાય છે. તે વડવાનળ અગ્નિથી સોમનાથ ભૂમિનો ધોળો પથ્થર થયો. તેના જૂનાગઢના મહેલો, હવેલીઓ થઈ.

સરસ્વતી કુંવારી હોવાથી સ્વયં પ્રગટ થઈને અશ્વપટ સરોવર, કુંકુમવાપી આવી પ્રભુને પગે લાગી કહે, પ્રભુ હું અનાથ છું. તેથી તમે મારા પતિ સ્વામીનાથ થાઓ. એમ કહી અનાદિશ્રીકૃષ્ણનારાયણને કંઠમાં પુષ્પનો હાર પહેરાવ્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ અક્ષય પીપળારૂપે થયા અને સરસ્વતિ તેના મૂળરૂપે ત્યાં રહ્યા અને બીજા અનેક સ્વરૂપે અનેક સ્થાનોમાં પ્રગટ થઈને તીર્થરૂપે થયા. તે સરસ્વતી પ્રભાસક્ષેત્રમાં પ્રગટ થઈને ત્રિવેણી રૂપે થયા. પૂર્વે બૃહદ્રથ રાજાની રાણી પૂર્વે જન્મમાં આયર કન્યા હતી. તેણે ત્રિવેણીમાં સ્નાન કરી બ્રાહ્મણને દાનમાં સુવર્ણકંકણ આપ્યું તે પુણ્યથી રાજકન્યા થઈ અને રાણી થઈ. એ પ્રમાણે શંકરે પાર્વતીને સરસ્વતીનો સોમનાથનો અને સમુદ્રનો તીર્થ મહિમા કહ્યો.

અધ્યાય - ૫૩૭, ૫૩૮

❖ પ્રભાસ - સોમનાથ અને તુલસીશ્યામ તીર્થનું મહાત્મ્ય ❖
❖ ભૂત, પ્રેત, પિશાચ આદિકના નિવાસ સ્થાનો ❖

શંકર કહે : પાર્વતી, પૂર્વે શરાબિંદુ રાજા પોતાની પત્ની સાથે વિમાનમાં બેસી સોમનાથના દર્શને આવ્યો. પાર્વતી કહે, તે પૂર્વે જન્મે કોણ હતો. શંકર કહે, તે પૂર્વે શુદ્ર હતો. એકવાર શિવરાત્રિએ કમળના પુષ્પો લઈને ગયો. શંકરની પૂજા કરી ત્યાં ગીત વાજીંત્ર સાથે નૃત્ય થતુ હતું. તે આખી રાત્રિ જાગરણ કરી જપ કર્યો અને દિવસે ઉપવાસ થયો. અને રાત્રે જાગરણ થયું તે પ્રતાપે આ જન્મે રાજા થયો. સોમનાથમાં સર્વે દેવો ઋષિ-મુનિઓ આવી તપ કર્યા છે. તેમના પણ તિર્થો થયેલા છે. તથા આઠ વસુઓ, બાર સૂર્યો, અગિયાર રુદ્રો તે પણ સોમનાથ પ્રભાસના દર્શને આવેલા છે. તેમના પણ તિર્થો થયેલા છે. તથા શંકર પાર્વતી સાથે ચોસઠ યોગિનીઓને પણ ત્યાં લઈ દર્શને આવેલા છે. તેમના પણ

તિર્થો થયેલા છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ રીતે શંકરે પાર્વતીને સોમનાથ પ્રભાસનો તીર્થનો મહિમા કહ્યો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે તલ નામે રાક્ષસ તપ કરી શંકર પાસે વરદાન પ્રાપ્ત કરી દેવોને જીતી શંકર પાસે ગયો અને શંકર સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. શંકરે અગ્નિ પ્રગટ કરી રાક્ષસને ભગાડી મુક્યો. તે રાક્ષસ સિહારણ્યમાં આવી સર્વ દેવ મનુષ્યોને ત્રાસ આપવા લાગ્યો. દેવો બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસે આવ્યા. પ્રગટ પ્રભુએ સુદર્શન ચક્રથી તે રાક્ષસને કાપી ત્યાં વનમાં દાટી દીધો. તેણે તલસ્વામી એવું નામ ધારણ કરવાથી ત્યાં તુલસીશ્યામ તીર્થ થયું છે. ત્યાં ગરમ પાણીનો કુંડ છે. તેમાં સ્નાન કરવાથી પાપ બળે છે અને સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

પાર્વતી સાથે વિવાહ કરી શંકર કૈલાશમાં કામ ભાવનાથી તૃપ્ત થયા પછી પાર્વતી સ્નાન કરવા ગયા. ત્યાં જલમાંથી ભૂત, પ્રેત, પિશાચ, ડાકીની, શાકીની વગેરે કદરૂપી ભયંકર ડમરું વગાડતી દશ કરોડ જેટલી બહાર આવી અને શંકર પાર્વતી પાસે ખાવાનું માગ્યું.

શંકર અને પાર્વતી કહે : તમારે જ્યાં સ્નાન કર્યા વિના અપવિત્ર રહેતા હોય, વસ્ત્ર ધોયેલા ન હોય, ઘર ફળીયું ચોક, શેરીવાળી, સ્વચ્છ ન રાખતા હોય ત્યાં તમારે વાસ કરી ભોજન કરવું. જ્યાં ત્યાં થુંકતા હોય, કચરો, મળમૂત્ર કરતા હોય, વિષ્ટાવાળા વોકળા વગેરે જગ્યાએ વાસ કરવો. એક બકરું, બે ગધેડા, ત્રણ બળદ, પાંચ પાડી, છ ઘોડા, સાત હાથી હોય ત્યાં તમારે વાસ કરવો. જ્યાં ખેતીના સાધનો જેમ તેમ પડ્યા હોય, ઘરમાં વાસણ સ્વચ્છ કર્યા વિના જેમ તેમ પડ્યા હોય ત્યાં વાસ કરવો. જ્યાં દેવ પૂજન, જપ, દીવો ન થતો હોય ત્યાં વાસ કરવો. જ્યાં સ્ત્રી ઊંબરા પર ખાંડણી પર ખાંડવા બેસતી હોય ત્યાં વાસ કરવો. જ્યાં રાધેલ અન્ન તથા શાસ્ત્રોનું ઉલંઘન થતું હોય ત્યાં વાસ કરવો. પછી તે સર્વે સિંહારણ્યમાં આવી વાસ કરી પ્રજાને પીડાવા લાગ્યા.

સર્વે પ્રજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરી રક્ષા કરવાનું કહ્યું, ત્યારે પ્રગટ પ્રભુએ તેમને ભગાડી મુક્યા. થોડા ઘણા રહ્યાં તે જંગલમાં તામસી દેવોથી પ્રસિદ્ધ થયા.

અધ્યાય - ૫૩૯, ૫૪૦

❖ કામદંડ - માર્કન્ડેય - યાદવાસ્થલી - નંદી - પ્રીતતીર્થ મહાત્મ્ય ❖

શંકર કહે : પાર્વતી, સોમનાથ પ્રભાસની ચારેય બાજુ યમ, વરુણ, કુબેર અને ઈન્દ્ર રહેલા છે. તથા જ્યાં શંકરે કામદેવને સજીવન કર્યો તે કૃતસ્મર પર્વતમાં કામદંડતીર્થ છે. તેમાં તેરસે સ્નાન કરવાથી રૂપવાળા થવાય છે. પ્રભાસમાં રહેલા સરસ્વતી તીર્થમાં અસ્થિ

વિસર્જનથી પિતૃ આઠ હજાર વર્ષ સુધી સ્વર્ગમાં વાસ કરે છે. તથા ત્યાં શ્રાદ્ધ કરવાથી રાજસૂય યજ્ઞફળ થાય છે.

શ્રાદ્ધમાં ત્રણ વસ્તુ પવિત્ર ગણાય છે. દાભડો, કાળા તલ અને ડાંગર. શ્રાદ્ધમાં વેદ ભણેલા ભાગવત ભક્ત વિપ્રને ગાયદાનમાં આપવી. ત્યાંથી માર્કન્ડેય તીર્થમાં જવું. ત્યાં મુનિએ તપ કરેલું છે. ત્યાંથી કૃષ્ણ યાદવાસ્થલી તીર્થમાં જવું. ત્યાં પૂર્વે અનેક ઋષિઓ આવેલા. ત્યાં વૃષાદર્ભી રાજા અનેક પ્રકારના દાન આપતો પણ ઋષિઓએ એ દાન ગ્રહણ ન કર્યાં. સર્વેએ કહ્યું, રાજાનું દાન ભારે હોવાથી તપરૂપી પુણ્યનો નાશ થાય છે તેથી કોઈએ દાન ગ્રહણ ન કર્યું. પછી રાજાએ રાજ્યમાં જઈ સુવર્ણનું દાન કર્યું.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે વશિષ્ઠઋષિ પાસેથી નંદરાજા "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર લઈને મહાનભક્ત થયેલો. નંદરાજા પ્રભુ કૃપાથી વિમાનમાં બેસી બ્રહ્માંડમાં ગતિ કરતો એકવાર માનસરોવર ગયો. ત્યાં રહેલા કમળને જોઈ મોહ પામ્યો. સારથીને કહ્યું, તે કમળ લઈ આવ. સારથી જ્યાં લેવા ગયો. ત્યાં મરી ગયો અને નંદરાજા કાળો થઈ ગયો તરત રાજાએ ગુરુ વશિષ્ઠ ઋષિને સંભાર્યા. વશિષ્ઠ ઋષિ આવ્યા. રાજાને પૂછ્યું, મારું આવું શરીર થયું તેનું કારણ શું ? વશિષ્ઠ ઋષિ કહે, આ નારાયણની નાભીમાંથી નીકળેલા કમળો છે. તેમાં અંગુઠા જેવો પુરુષ છે. તે બ્રહ્મા છે. તારો સારથી કમળના અને પાણીના સ્પર્શથી મુક્તિને પામ્યો છે અને તેં કમળ લેવાની ઇચ્છા કરી તેથી તારો આવો વર્ણ થયો છે. હું રોજ અહીં આવી નમસ્કાર કરી પુષ્કર જાઉં છું. હવે તું અનાદિશ્રીકૃષ્ણનારાયણ જ્યાં વાસ કરે છે ત્યાં કુંકુમવાપી તીર્થમાં દર્શન કરી, પ્રભાસ તીર્થ કરજે. ત્યાં સ્નાન કરવાથી તારું શરીર હતું તેવું થઈ જશે. ત્યાં નંદી તીર્થ થયેલું છે. એકત, દ્વિત, ત્રીત ત્રણ વિપ્ર ભાઈઓમાં પહેલા બે ભાઈએ ત્રીતને કૂવામાં નાખી દીધો. ત્રીતે કુવામાં ભગવાનને સંભારીને જલ અર્પણ કરી દેવોને અંજલી આપી. તેથી દેવોએ પ્રસન્ન થઈને ત્રીતને કૂવામાંથી કાઢ્યો, તે ત્રીતતીર્થ થયેલું છે.

અધ્યાય - ૫૪૧

❖ શિકારી તપ કરી વિદ્વાન સત્યતપાના નામથી પ્રસિદ્ધ થયો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે નાગમતી નદી કાંઠે આરૂણીઋષિ તપ કરતા હતા ત્યાં એક શિકારી આવ્યો અને બાણ ચડાવ્યું. ઋષિએ તપોબળથી જાણી શિકારીને કહ્યું, તેં આટલી બધી હિંસા કરી, હજુ બ્રહ્મહત્યા કરે છે. તારો ઉદ્ધાર ક્યારે થશે ? પાપીનો દેખવાથી બુદ્ધિ પાપવાળી થાય છે. પુણ્યશાળીના દર્શનથી બુદ્ધિ પવિત્ર થઈને સારો વિચાર આવે છે. શિકારીને પોતાના પાપનો પસ્તાવો થયો. ઋષિના ઉપદેશથી શિકારી મંત્ર લઈ વલ્કલ પહેરી વડ નીચે તપ કરવા બેસી ગયો. એકવાર સિંહ ઋષિને મારવા આવ્યો. ત્યાં

પેલા શિકારીએ બાણથી સિંહને મારી નાખ્યો એટલે ઋષિએ "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર બોલી પાણીમાં સ્નાન કર્યું. ત્યાં સિંહમાંથી દિવ્ય પુરુષ પ્રગટ થઈ ઋષિને પગે લાગી બોલ્યો, આજ તમારી કૃપાથી હું મોક્ષમાં જાઉં છું. હું પૂર્વે દિર્ઘબાહુ નામે વૈદિક વિપ્ર હતો. શાસ્ત્રોના વાદવિવાદ કરતો. તેથી ઘણા વિપ્રોએ મળી ક્રોધથી મને શાપ આપ્યો કે, તું સિંહ થા. આરૂણીઋષિના મુખેથી પ્રભુનો મંત્ર સાંભળીશ ત્યારે તારો મોક્ષ થશે. એમ કહી દિવ્યપુરુષ આકાશ માર્ગમાં ગયો. પછી ઋષિ પેલા શિકારી પર પ્રસન્ન થયા અને કહ્યું, તારે શું જોઈએ છે ? શિકારી કહે, તમે જે પ્રભુનો મંત્ર જપ કરો છો તે પ્રભુની ભક્તિ મને બતાવો. તે પ્રભુ મારી પર કેમ પ્રસન્ન થાય ?

આરૂણી ઋષિ કહે : તું જે કર્મ કરે તે સર્વ ભગવાનને અર્પણ કર. પ્રભુને અર્પણ કર્યા વિના કાંઈ પણ વસ્તુ પદાર્થ ગ્રહણ કરવા નહીં, અસત્ય બોલવું નહીં, આજ્ઞા પ્રમાણે વ્રત તપ કરવા ધ્યાન કરવું. તેથી પ્રભુ પ્રસન્ન થશે. એટલું કહીને ઋષિ ધ્યાનમગ્ન થયા. શિકારી પણ ભુખ લાગે ત્યારે ફળફૂલ, લીલાપાન પછી સુકા પાંદડા ખાઈને પછી ક્યારેક નિરાહાર રહીને જપ તપ કરતો. ત્યાં દુર્વાષાઋષિ આવ્યા. આશિર્વાદ આપી કહ્યું, મને ભુખ લાગી છે. ઘઉં, ચોખાનું મિષ્ટાન્ન દે. પેલો તપસ્વી ચિંતા કરવા લાગ્યો અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરવા લાગ્યો. ત્યાં આકાશમાંથી સોનાના પાત્રમાં મિષ્ટાન્ન આવ્યું. તે લઈને દુર્વાષાને આપ્યું અને કહ્યું, ગુરુ આ ભીક્ષા જમો. ત્યાં તો ગુરુકૃપાથી વનદેવીઓ છપ્પનભોગ મિષ્ટાન્નો લાવી. દુર્વાસા કહે, ભક્ત તારી પાસે પાણી નથી. પાણી વિના આચમન કેમ કરવું ? આચમન વિના ભોજન ન કરાય. ભક્ત વળી ચિંતામાં પડીને અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કર્યું અને નદીને કહ્યું, કે ગુરૂના ચરણ ધોવા માટે મારી પર કૃપા કરી અહીં આવ. તરત નદીનો પ્રવાહ વૃક્ષ પાસે આવ્યો. ભક્તે દુર્વાષાના ચરણ ધોઈ પછી આચમન કરાવી ભોજન કરાવ્યું. દુર્વાષા આશ્ચર્ય પામ્યા અને પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે, આજથી તારું પાપવાળું શિકારીનું શરીર નાશ પામ્યું છે. તું તપ જપ અને ગુરુના આશિર્વાદ સેવાથી ઋષિપણાને પામ્યો છે. તું વેદવેદાંગને જાણનારો થઈને સત્યતપા નામથી પ્રસિદ્ધ થઈશ. તપથી દીક્ષાથી ભક્તિથી વેદના અભ્યાસથી શરીર પરિવર્તન થાય છે.

ભક્ત કહે : હે ગુરુ, યોગીઓ સાધન વિના નારાયણની ભક્તિ કેમ કરી શકે ? દુર્વાષા કહે, સ્નાન કરી, ધ્યાન કરી, માનસી પૂજામાં પ્રભુને ભાવથી પૂજન, વંદન, અર્ચન સર્વ કરવું. તેથી પ્રભુ પ્રસન્ન થાય છે. મન અર્પણ, આત્મા અર્પણ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રહલાદે જપથી, ગોપીઓએ હૃદયથી, લક્ષ્મીએ દાસીભાવથી, પાર્વતીએ તપથી, અંબરીષે ભાવપૂજાથી પ્રભુને પ્રસન્ન કરેલા છે. વરાહ ભગવાને લક્ષ્મીજીને કહ્યું, કોઈ

બારસને દિવસે મારી પૂજા કરી મને ફળફૂલ જલપાત્ર અર્પણ કરશે તેને હું બ્રહ્મલોકમાં લઈ જઈશ. આ અધ્યાયની કથા જે વાંચશે, સાંભળશે તે ભક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૫૪૨

❖ કઈ તિથિએ કોનું પૂજન કરવું ? ❖

પાર્વતીએ પૂછ્યું : બ્રહ્માએ કઈ તિથિએ કોનું પૂજન કરવાનું કહ્યું ? શંકર કહે, બ્રહ્માએ સૃષ્ટિ સર્જનની ઇચ્છા કરી ત્યારે કાંઈ ન દેખાયું. એટલે ક્રોધથી લલાટમાંથી પરસેવાનું ટીપુ પડ્યું તે અગ્નિ થયો. તેને ત્રણ સ્વરૂપે પૃથ્વીમાં રાખ્યો. યજ્ઞમાં હવિષ્યાન્ન જમવા, જઠરમાં ભોજન જમવા, પૃથ્વીમાં ખનીજરૂપે અને પ્રતિપદાની પહેલી તિથિ અગ્નિની પૂજા માટે પ્રજાને આપી. બીજને દિવસે સૂર્યપુત્રો અશ્વનીકુમાર થયા. રોગ વ્યાધિના નાશ માટે પાન અપાન રૂપે રહેલા અશ્વનીકુમારની બીજને દિવસે પૂજા કરવી. પછી બ્રહ્માએ વાણીને ઉત્પન્ન કરી ગૌરીરૂપે શંકરને આપ્યા તેથી ત્રીજે પાર્વતીનું પૂજન કરવાથી સૌભાગ્ય વધે છે. ગૌરીના પુત્ર સ્વયં કૃષ્ણ ગણેશરૂપે ચોથને દિવસે પ્રગટ્યા. તેથી સર્વ વિઘ્ન નાશ માટે ચોથને દિવસે ગણેશ પૂજન કરવું. પંચમીએ સર્પોનો જન્મ થવાથી દૂધ, તલથી પંચમીએ નાગનું પૂજન કરવાથી સર્પદંશનો ભય રહેતો નથી.

છઠ્ઠને દિવસે પાર્વતીને ત્યાં કાર્તીકનો જન્મ થવાથી છઠ્ઠે કાર્તિકસ્વામીનું પૂજન કરવાથી અહંકારથી રક્ષણ થાય છે. સાતમને દિવસે લોકના તેજ માટે સૂર્ય પ્રગટ થયા અને આકાશમાં રહ્યા. તેથી સાતમે સૂર્ય પૂજન કરવાથી નેત્ર તેજ મળે છે. અંધક દૈત્યનો નાશ કરવા દેવોએ આઠ માતાઓ નિર્માણ કરી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, કામના, અહંકૃતી, ભ્રાંતી. તે મૂર્તિમાન માતૃ કામદેવીનું પૂજન આઠમે કરવું. વેત્રાસુરનો નાશ કરવા દુર્ગા નવમીએ પ્રગટ્યા તેથી નવમીએ દુર્ગા પૂજન કરવું. બ્રહ્માએ માનસ કન્યા દશ ઉત્પન્ન કરી દશ દિશાના દેવોને આપી તેથી દશમીએ દશ દિશાનું પૂજન કરવું. નારાયણના તેજમાંથી એકાદશી પ્રગટ થઈ માટે એકાદશીએ નારાયણનું પૂજન કરવું. બારશે નરનારાયણથી પદ્મનાભ ભગવાન પ્રગટ થયા. તે બારસે હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરવું. બ્રહ્માની છાતીમાં ધર્મ પ્રગટ થયા તે યુગ પ્રમાણે ધર્મ પરિવર્તન થવાથી કળીયુગમાં પીડા પામેલા ધર્મ પ્રજામાં દેવોમાં અધર્મરૂપે ફરવા લાગ્યા. તેથી બ્રહ્માએ ધર્મની પ્રાર્થના સ્તુતિ કરી કે, તમારાથી આ જગતની સ્થિતિ રહે છે. તમે જગતને પૂજ્ય છો. ત્યારે ધર્મદેવે શાંત દૃષ્ટિથી દેવો, મનુષ્યો સામે જોયું. ત્યારે ફરી ધર્મની પ્રવૃત્તિ થઈ. તેથી તેરસે ધર્મદેવનું પૂજન કરવું.

બ્રહ્માના લલાટમાંથી રુદ્ર થયા. તેને યજ્ઞમાં ભાગ આપ્યો તે તિથિ શિવરાત્રિ હોવાથી શંકરને આપી તેથી ચૌદશે શંકરનું પૂજન કરવું. પછી દક્ષને સો કન્યાઓ થઈ તેમાંથી તેર ધર્મદેવને આપી. તેર કશ્યપને આપી. સત્યાવીશ ચંદ્રને આપી. બે કામદેવને આપી. એક

પિતૃઓને આપી. પાંચ વરુણને આપી. પાંચ કુબેરને આપી. દસ રુદ્રને આપી. બાર આદિત્યોને આપી. આઠ વિશ્વદેવોને આપી. બે અશ્વનીકુમારને આપી. એક વાયુને આપી, એક લક્ષ્મી વિષ્ણુને આપ્યા. તે સર્વકન્યાઓથી આચરાચર જગત સ્થાવર જંગમ સર્વે દેહધારીઓ થયા.

અધ્યાય - ૫૪૩

❖ ધન્વા રાજાની મોક્ષગતિ - મૃગતીર્થ અને ચ્યવનતીર્થ ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સંવર્તઋષિના પચાસ પુત્રો મૃગના રૂપ ધારણ કરી પ્રભાસમાં જપ તપ કરતા હતા. ત્યાં વીર ધન્વારાજાએ આવી બાણથી મૃગ જાણી શિકાર કર્યો. પછીથી બ્રાહ્મણ જાણી મહા દુઃખ થયું. દેવરાત મુનિના આશ્રમે જઈ વાત કરી રોવા લાગ્યો. દેવરાત મુનિ કહે : રાજા, આ દેવીકા નદી કાંઠે યજ્ઞ કરી જપ તપ કરી બ્રાહ્મભોજન કરાવ. રાજાએ ઋષિના કહેવા પ્રમાણે કર્યું.

તે સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને લોમશ ઋષિ મૃગનું રૂપ લઈ આવ્યા. રાજાએ ખાવાનું આપ્યું તે સમયે શરીરમાંથી કાળી કન્યા નીકળી યજ્ઞમાં બળી ગઈ. પ્રભુ અને લોમશ ઋષિએ બન્નેએ દર્શન આપી કહ્યું, રાજા તારી બ્રહ્મહત્યા બળી ગઈ. પછી પ્રભુએ કહ્યું, હવે હિંસા ન કરતો. એમ કહી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ નમઃ" એ મંત્ર આપી કહ્યું, મારી જન્મજયંતિએ કુંકુમવાપી દર્શન કરવા આવજે. રાજા પ્રગટ પ્રભુના દર્શન કરી અંતે પરમધામને પામ્યો. તે મૃગતીર્થ નામે પ્રસિદ્ધ થયા.

એકવાર ચ્યવનઋષિએ સર્વ તિર્થોમાં તપ કરી સોમનાથ આવી એકસો આઠ સૂર્યના નામનો જપ કર્યો. સૂર્ય પ્રસન્ન થયા. ચ્યવનઋષિ કહે, એકસો આઠ નામથી વાસ કરી રક્ષણ કરો. સૂર્ય કહે, તથાસ્તું. પછી ચ્યવનઋષિ ત્યાં તપ કરવા બેઠાં ત્યાં શર્યાની રાજા આવ્યો અને પોતાની કન્યા સુકન્યા તપસ્વી ચ્યવનઋષિને પરણાવી. તે ચ્યવનતીર્થ થયેલું છે, ત્યાં સ્નાનદાન શ્રાદ્ધ કરવાથી સ્વર્ગ અને મુક્તિ મળે છે.

અધ્યાય - ૫૪૪

❖ ત્રણ ભાઈઓ તેમજ નૃગરાજા, કૃતુધ્વજરાજા અને વિપ્ર દુઃસહની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સત્યુગમાં અગત્સ્યઋષિ એક વર્ષ તીર્થ કરી પ્રભાસમાં આવ્યા. ત્યાં ત્રણ ભાઈઓ આતાપી, વાતાપી, ઈલ્વલ તેણે અગત્સ્યઋષિ પાસે પ્રાર્થના અને પૂજા કરી. અગત્સ્યઋષિએ કૃપાપાત્ર જાણી આશિર્વાદ આપ્યા. ત્યારે તે ત્રણે ભાઈ મળીને મંત્રોથી એક આશ્રમરૂપે થયો. બીજો ફળરૂપે થયો. ત્રીજો અતિથિ સત્કાર કરતો. ત્યાંથી નીકળતા ઋષિઓને ફળફૂલ આપી પછી પેટ ફાડી બહાર નીકળી ઋષિની

હત્યા કરી ખાઈ જતા. એકવાર ત્યાંથી અગત્સ્યઋષિ નીકળ્યા. આતાપીએ ફળરૂપ વાતાપીને આપ્યો. અગત્સ્યઋષિ ફળ ખાઈ જઠરાગ્નિમાં વાતાપીને બાળી દીધો. પછી ન્યંકુ નદીમાં સ્નાન કરી દેહશુદ્ધિ કરી ત્યાં અગત્સ્ય તીર્થ થયેલું છે.

પૂર્વે નૃગરાજા પ્રભાસની યાત્રાએ આવ્યો. રસ્તામાં સિંહારણ્યમાં રાત્રે વિશ્રામ કર્યો. ત્યાં ચોર આવ્યા. રાજાના શરીરમાં શસ્ત્રવાળી કન્યા નીકળીને ચોરને મારી નાખ્યા. પછી રાજા પ્રભાસમાં આવ્યો. ત્યાં નદી કાંઠે તપ કરતા વામદેવઋષિને પૂછ્યું, મારા શરીરથી કન્યા નીકળી તે કોણ હતી ? ઋષિ કહે, તું પૂર્વેજન્મમાં શૂદ્ર હતો. શ્રાવણ સુદ એકાદશી અને બારસ આ બે ઉપવાસ તે કરેલા તેથી તે પુણ્ય કરીને તારી રક્ષા તે કન્યાએ કરી. પૂર્વે કરેલા પુણ્ય આલોક પરલોકમાં સુખ આપી રક્ષણ કરે છે. ઋષિથી આવું પોતાનું વૃતાંત જાણી ઋષિની પૂજા કરી રાજા મહાભક્ત બન્યો. ત્યાં વામદેવ નૃગતીર્થ થયું.

પૂર્વે સોમશર્મા બ્રાહ્મણનો પુત્ર દુઃસહ ચોરી કરી જંગલમાં રખડતો, ભટકતો તેણે શિવાલયમાં દીપદાન કરેલું. એકવાર ચોરી કરવાથી લોકોએ પકડી ખૂબ માર્યો તેથી શિવાલયમાં મરણ પામ્યો. બીજે જન્મે ગાંધાર દેશનો રાજા થયો. પૂર્વનો જાતી સ્મરણ હોવાથી શંકરની ભક્તિ કરતો. દરેક શિવાલયમાં પૂજન, નૈવેધ, ધૂપ-દીપ કરતો, કરાવતો તે પ્રભાસ સોમનાથની યાત્રાએ ગયો. રસ્તામાં તેનું મરણ થયું. શંકરનો મહાન ભક્ત હોવાથી તેને કુબેર પદ મળ્યું. તેણે શિવને પ્રસન્ન કર્યા. શિવે ત્રણ વરદાન આપ્યા. મિત્રપણું, ધનપતિ અને ધ્વજદંડ તે કુબેરતીર્થ થયેલું છે. એક માછીમાર માછલી મારી ઝાળને શિવાલયના ધ્વજદંડ પર સૂકવતો. તે ઝાળ ધજાની જેમ દેખાતી તે પુણ્યે માછીમાર બીજે જન્મે સૌરાષ્ટ્રમાં કુંકુમવાપી ક્ષેત્રમાં કૃતુધ્વજ નામે રાજા થયો. તે લોમશઋષિ પાસેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ગ્રહણ કરી સદા જપ કરતો. તેણે દસ હજાર વર્ષ રાજ્ય કરી સોમનાથની ધજા ચડાવી તથા અશ્વપટ સરોવર કાંઠે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું મંદિર કરી અંતે વૈકુંઠ ધામને પામ્યો.

અધ્યાય - ૫૪૫

❖ નરનારાયણ દ્વારા વિશાલ રાજાને ઉપાસનાથી પ્રાપ્તિનું જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે કાશીમાં વિશાલ રાજા હતો. ભાઈઓએ રાજ્ય લઈ લીધું તેથી ગંધમાદન પર્વત પર તપ કરવા ગયો ત્યાં નરનારાયણ ભગવાન વિપ્ર વેષે આવી કહ્યું, કોનું ભજન કરે છે ? રાજા કહે, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરું છું. નરનારાયણ કહે : તારા મનમાં જે ઈચ્છા હોય તે વરદાન માંગ. રાજા કહે, તમે કોણ છો ? નર કહે, પૂર્વે સર્વે અવતારો ધારણ કરી સર્વનું કલ્યાણ કર્યું તે આ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પોતે છે. તે અત્યારે કુંકુમવાપી સૌરાષ્ટ્રમાં પ્રગટ થયા છે. વેદજ્ઞાનની પ્રાપ્તિ માટે

મત્સ્ય ભગવાનની ઉપાસના કરવી. શરીરપુષ્ટિ માટે કર્મની ઉપાસના કરવી. રાજ્ય લાભ માટે વરાહ ભગવાનની ઉપાસના કરવી. પાપી અને શત્રુના નાશ માટે નરસિંહ ભગવાનની ઉપાસના કરવી. સમ્રાટ રાજા થવા માટે વામન ભગવાનની ઉપાસના કરવી. શત્રુ નાશ માટે પરશુરામની ઉપાસના કરવી. ધર્મબુદ્ધિ માટે રામ ભગવાનની ઉપાસના કરવી. ગોલોક આદિ ધામની પ્રાપ્તિ માટે કૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી. રાગદ્વેષ આદિક દોષના નાશ માટે કલ્કી ભગવાનની ઉપાસના કરવી. પરમધામમાં જવા માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણની ઉપાસના ભક્તિ કરવી.

નરનારાયણ ભગવાન કહે : હે રાજા, તે પ્રભુને પ્રસન્ન કરવા. એકાદશી અને બારશ, હરિવાસર આ બે દિવસે ઉપવાસ કરી, ભજન કરજે. તેથી તું ફરીથી રાજ્ય અને સામર્થીને પામીશ. એમ કહીને સુદર્શનચક્ર આપી અદૃશ્ય થયા. વિશાલ રાજા પ્રભુના પ્રતાપે શત્રુને જીતી ચક્રવતી રાજા થયા. તેણે ઋષિઓ માટે પર્ણશાળાઓની નગરી રચી તેથી તેનું વિશાલ બદ્રી નામ થયું. તે વિશાલ રાજા કુંકુમવાપી તીર્થયાત્રા કરી શ્રીહરિની ભક્તિ કરી ધામમાં ગયો.

પૂર્વે સત્યુગમાં ભદ્રાશ્વ રાજા થયો. તે પત્ની સાથે તીર્થ કરતો, દાન કરતો, તેને ઘેર અગત્સ્ય ઋષિ આવ્યા. રાજાએ પગે લાગી આદર સત્કાર કર્યો. અગત્સ્યઋષિ કહે, રાજા તું અને તારી રાણી પૂર્વે જન્મે વૈશ્યના નોકરો હતા. પરંતુ દર બારશે વિષ્ણુ મંદિર જઈ ધૂપ, દીપ કરી, નૈવેદ્ય ધરી, ધ્યાન કરીને, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા. તે પુણ્યે આ જન્મે તમે રાજા-રાણી થયા છો. હે રાજન, એક જ દિવસના પુણ્યથી રાજ્યની પદવી મળે તો તે પ્રભુનું દરરોજ પુજન, વંદન, તુલસી, પુષ્પ, જળ, ફળ, નૈવધ અર્પણ, આરતી, સ્તુતિ કરે તેના પુણ્યનું વર્ણન કરવા કોઈ સમર્થ થતો નથી. મંદિર વાળવું, લીપવું, ધોવું, પાત્રો સ્વચ્છ કરાવી તથા પાદ પ્રક્ષાલન, શરીર દાબવું, વસ્ત્રો ધોવા વગેરે સેવાથી પ્રભુ અતિ પ્રસન્ન થાય છે. સત્યુગમાં એક વર્ષ પુણ્ય કરે. ત્રેતાયુગમાં છ માસ પુણ્ય કરે, દ્વાપરમાં ત્રણ માસ પુણ્ય કરે અને કળીયુગમાં એક દિવસ "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર નો જપ કરે તે સર્વેનું પુણ્ય સરખું થાય છે. તેથી શ્રીહરિનું ભજન કરનારા રાજા, પ્રજા, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, સ્ત્રી સર્વે સાધુ છે. પછી તે રાજાએ ભદ્રીકા નદીકાંઠે ભદ્રેશ્વર નામથી મહાદેવનું મંદિર કર્યું.

અધ્યાય - ૫૪૬

❖ ગુરુ મહિમા ❖ મુક્તાપાલ રાજા પ્રભુના ધામને પામ્યો ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ભદ્રાશ્વ રાજાએ અગત્સ્ય મુનિને પૂછ્યું કે, આત્મજ્ઞાન અને મોક્ષ કેમ થાય ? અગત્સ્ય મુનિ કહે : રાજા, જીવાત્મામાં ગુરુ વિના ગતિ કરી શકતા

નથી. ગુરુ બ્રહ્મા છે, ગુરુ શંકર છે, ગુરુ સાક્ષાત્ નારાયણ છે, ગુરુને પ્રસન્ન કરવાથી દેહધારીઓ મોક્ષને યોગ્ય થાય છે. બ્રહ્મનિષ્ઠ, ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવો, જ્ઞાન આપનારા ગુરૂ ભવસાગરથી તારે છે. એવા ગુરુનું પૂજન કરી ભોજન કરાવવાથી વૈષ્ણવ યજ્ઞ થાય છે. ગુરુ છે તે નારાયણની ચાલતી ચેતન મૂર્તિ છે. તેની પૂજા સુગંધી, ચંદન, કંકુ, ચોખા, પુષ્પ, પત્રજલ, તાંબુલ, કાજલ, આસન, વાહન, શય્યા, પાદુકા વગેરેથી સર્વ પ્રકારે સેવા કરવી. ગુરુ સ્નેહભક્તિ કરનારા સેવકોના પાપને બાળીને શાંતિ આપનારુ શાશ્વત સુખ આપે છે. ગુરુ છે તે પતિ, પત્ની, માતા, પિતા, પુત્ર રક્ષણપોષક અને તારનારા સર્વસ્વ છે. ભાઈ કરતા પિતાને દશ ગણા માનવા. માતાને સોગણા માનવા. ગુરુને હજાર ગણા માનવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણને અપાર ગુણવાળા ગુરુને પ્રત્યક્ષ દિવ્યમૂર્તિ માની સર્વ પ્રકારે સેવા કરવાથી શિષ્ય દિવ્યમુક્તિ સ્થિતિ પ્રાપ્ત કરે છે.

હે રાજા, પૂર્વે સત્યુગમાં મુક્તપાલ રાજા પ્રજાનું પાલન કરતો. પ્રજા પણ ધર્મવાળી પ્રભુભક્તિ કરતી. તેથી તેના રાજયમાં કોઈ રોગી, વ્યાધિવાળું દુઃખ ન હતું. તે રાજા એકવાર વનમાં ફરવા નીકળ્યો. ત્યાંથી સમુદ્રકાંઠે આવ્યો. ત્યાં હિંસક, અજ્ઞાની, દોષવાળી પ્રજા જોઈને રાજા ઉદાસ થયો. ત્યાં એક માયા તેજસ્વી સ્ત્રી આવી તેણે રાજાને મોહપમાડી પુત્રની માંગણી કરી. રાજાએ પુત્ર આપ્યો. તે અહંકાર થયો. ત્યારપછી મુક્તપાલ રાજાથી તે માયાથી બીજા પાંચ પુત્રો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ થયા. તો પણ રાજા પોતાની ભક્તિ, ધર્મ, સિદ્ધિથી જરા પણ ચલાયમાન ન થયો. પછી તે માયારૂપી સ્ત્રીને દશ પુત્રો ઈન્દ્રિયો રૂપી થયા. તો પણ રાજા મુક્ત પુરુષ હોવાથી પ્રભુનું ધ્યાન ભજન ન ભુલ્યો. તે ચલાયમાન ન થયો. પછી તે માયારૂપી સ્ત્રીને દશ પુત્રો ઈન્દ્રિયો અંતઃકરણ પંચવિષય તેના દેવોએ તે સર્વે મળી મુક્તપાલ રાજાનો નાશ કરવા તૈયાર થયા. ત્યારે રાજા જ્ઞાની ભક્ત હોવાથી કંટાળીને શરીરમાંથી નીકળવા પ્રયત્ન કરી ત્યાં સર્વ માયા જેવા થઈને જીવવાને માટે પ્રભુને પ્રાર્થના કરી. એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુએ સર્વ દેવોને ઈન્દ્રિયોમાં વાસ આપી તેના કાર્ય કરવા નિયુક્ત કર્યાં. પછી મુક્તપાલ રાજા વિવેકી, જ્ઞાની, ભક્તિવાળો હોવાથી ચોવીસ તત્ત્વોરૂપી ચોરથી બંધાયેલો હોવા છતાં માયાજાળને કાપી પોતાના આત્માને પરમાત્મામાં જોડી પરમ સમાધિમાં ઉતરી દેહનો ત્યાગ કરી પ્રભુના ધામને પામ્યો.

અગત્સ્ય મુનિ કહે : હે રાજન, એ રીતે જીવપ્રાણીમાત્ર માયાના ચોવીસ તત્ત્વોને આધિન વર્તે છે. પણ આત્મા, પરમાત્માના સ્વરૂપને જાણનારા ગુરુ પાસેથી વિવેકજ્ઞાન જાણે તો તે જીવાત્મા પ્રભુની ભક્તિથી અને ગુરુની કૃપાથી માયાને ભવસાગરને તરી જાય છે. એ રીતે અગત્સ્ય મુનિએ ભદ્રેશ્વર રાજાને આત્મજ્ઞાનનો ઉપદેશ આપી પ્રગટપ્રભુની ભક્તિ કરાવી ધામમાં મોકલ્યો.

અધ્યાય - ૫૪૭

❖ ગુપ્તપ્રયાગ તીર્થ તેમજ નારદ તીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ગુપ્ત પ્રયાગ તીર્થમાં ગંગા, જમના, સરસ્વતી આ ત્રણેય નદીઓ રહેલી છે તથા બ્રહ્મકુંડ, વિષ્ણુકુંડ, અને રૂદ્રકુંડ આ ત્રણે કુંડો આવેલા છે. તેમાં સ્નાન કરવાથી પ્રયાગમાં સ્નાન કરવાનું ફળ થાય છે. શ્રૃંગાલેશ્વર તીર્થમાં ગૌબ્રાહ્મણ હત્યારા આત્મઘાત સર્પથી મરેલાના શ્રાદ્ધ ત્યાં કરવાથી દુઃખ શોકથી મુક્ત થાય છે.

એકવાર નારદ તીર્થ કરતા થાકીને શીથિલ શરીરવાળા થઈ નિરાશ થયા. ત્યાં સૂર્ય આવ્યા ને પૂછ્યું, કેમ નારદજી ચિંતામાં શું પડ્યા ? નારદ કહે, સર્વની જેમ મને પણ જરા અવસ્થા દેખાય છે. સૂર્ય કહે, તમે અહીં પરનારાયણની પૂજા કરો તેથી તમારામાં ક્યારે પણ જરા અવસ્થા પ્રવેશ નહીં કરે. જે નરનારીઓ ફાગણ સુદ એકાદશીએ અહીં નારદ તીર્થમાં સ્નાન, દાન અને પુંડરીકાક્ષ ભગવાનનું પૂજન કરશે તથા રવિવારે સાતમનું સ્નાન કરશે તેને ક્યારે પણ રોગનો ભય નહીં રહે. બાલબ્રહ્મચારી રૂપે રહેલા નિષ્કપટ એવા બાળકોને ભોજન કરાવવાથી પ્રભુ પ્રસન્ન થશે. બાલસ્વરૂપ છે તે ભગવાનનું સ્વરૂપ છે. પૂર્વે ધ્રુવ, પ્રહલાદ, શુક, સનકાદિક બાલસ્વરૂપ એવા શ્રીકૃષ્ણનું ધ્યાન કરીને મોક્ષમાં ગયા છે.

અધ્યાય - ૫૪૮

❖ વેનરાજાની શ્રાદ્ધ દ્વારા મુક્તિ - લોમશ ઋષિનો ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે વેનરાજા ધર્મનો આશરો મુકી અધર્મ માર્ગે ચાલી વેદશાસ્ત્રનું ઉલ્લંઘન કરી વર્તન કરતો. સર્વ ઋષિઓએ કહ્યું, રાજા ધર્મનું પાલન કર. વેનરાજા કહે, ધર્મઅધર્મ સર્વે મેં કરેલા છે. રાજા ઈશ્વરોનો અંશ છે. મારી પૂજા કરો, મને માનો, મારી સમાન બળવાન પૃથ્વી પર કોણ છે ? અંતે રાજાના અધર્મથી સર્વ ઋષિઓએ ભેગા મળી અધર્મી વેનરાજાનો અથર્વમંત્રથી નાશ કર્યો. પછી તેના ડાબા હાથનું મંથન કર્યું. તેમાંથી પાપરૂપ ભીલ માછીમાર વગેરે નીકળ્યા. પછી જમણા હાથનું મંથન કર્યું. તેમાંથી સૂર્ય સમાન તેજસ્વી ધ્વજ, ધનુષ, શુલમીન, ચક્રના ચિહ્નવાળા પૃથુ રાજા પ્રગટ થયા. તેનો અભિષેક કરવા નદ, નદી, સમુદ્રો, ગાયરૂપે આવી અને સર્વ રસને આપવા લાગી પછી વેનરાજાની સદ્ગતિ કરવા પૃથુરાજાએ યજ્ઞ કર્યો. ત્યારે નારદે કહ્યું, વેનરાજા અત્યારે મેરુદેશમાં પૂર્વના પાપથી મ્લેચ્છ થયો છે. તેના ઉદ્ધાર માટે તું તીર્થયાત્રા કર. પૃથુરાજા કુરુક્ષેત્રમાં જઈ વિધિથી સ્નાન કર્યુ. તો પણ આ વેનના અતિ પાપ હોવાથી તે પાપો ન ધોવાણા. માટે સોમનાથ પ્રભાસમાં જઈ ત્યાં પવિત્ર પાંચ નદીઓનો પ્રવાહ વહે

છે. તેમાં સ્નાન કરાવી ઉદ્ધાર કર્યો પછી પૃથુરાજાએ પ્રભાસમાં ગૌસ્પદતીર્થ આવી પિતૃશ્રાદ્ધ કર્યું ત્યાં વેનરાજા પ્રેતદેહનો ત્યાગ કરી દિવ્યદેહે સ્વર્ગમાં ગયો.

એકવાર આપસ્તંબ ઋષિ વસ્ત્ર વિના પાણીમાં તપ કરતા હતા ત્યાં ધીવરો આવી પાણીમાં જાળ નાખી. માછલા પકડ્યાં સાથે ઋષિ પણ જાળમાં આવી ગયા. ધીવરોએ ભૂલ બદલ માફી માંગી. જ્ઞાનપુરુષ સ્વાર્થમાં પ્રીતિવાળા થાય તો જ્ઞાની અને અજ્ઞાની મનુષ્યોમાં ફેર શું ? જ્ઞાનીઓ અજ્ઞાનીને તજી દે તો અજ્ઞાનીઓ સુખ પામે. પોતાની શક્તિ બીજાને દુઃખ આપવા વાપરે તેને પાપ કહેવાય છે. બીજાના દુઃખને જાણે છે તેને નારાયણ અંશ કહેલા છે. સામર્થ્ય હોવા છતાં તે બીજાના દુઃખ નાશ નથી કરતો. તે પણ પાપનો ભાગીદાર થાય છે. તે મારી સામે માછલાઓ પકડયા તો હવે માછલાની સાથે મને પણ ખાઈ જા. અથવા મારી સાથે માછલાઓને પણ છોડી મુક. ધીવરો કહે, આ મારી મહેનતનું મૂલ્ય આપો એટલે માછલાંઓને છોડી મુકુ. ત્યાં નાભાગરાજા આવ્યા. રાજાએ કહ્યું, ઋષિના બદલામાં હજાર સોનામહોર, લાખો કરોડો સોનામહોર, અર્ધું રાજય, આખું રાજય આપું. ઋષિને છોડી મુકો. ઋષિ કહે, મારા તુલ્ય તારું આખું રાજય પણ ન થાય. ત્યાં લોમશઋષિ આવ્યા અને વૃતાંત જાણી રાજાને કહ્યું સાધુ, બ્રાહ્મણો, ગાયો, ઋષિઓ તેનું મૂલ્ય હોય જ નહીં. તે દિવ્ય છે, તેથી તું ગૌદાન કર. એટલે ઋષિસમાન મૂલ્ય થાય. કારણ ગાયનું શરીર, ગૌમુત્ર, ગૌમય, દૂધ, દહીં, માખણ, ઘી સર્વ પવિત્ર છે અને સર્વને પવિત્ર કરે છે. એ રીતે લોમશઋષિ પાસેથી ઋષિમુનિઓ ગાયનો મહીમા સાંભળીને નાભાગરાજાએ નદી કાંઠે યજ્ઞ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી અક્ષરધામમાં ગયો. ત્યાં પ્રભાસમાં દેવીકા નદી કાંઠે જાલેશ્વર તીર્થ થયેલું છે.

અધ્યાય - ૫૪૯

❖ નારદ દ્વારા અગત્સ્યમુનિને સૌરાષ્ટ્રના તીર્થોનું મહાત્મ્ય ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પ્રભાસમાં તુંડી સ્વામી તપ કરતા ત્યાં મૃગલા પાણી પીવા આવ્યા. પાણીમાં પડી ગયા. પણ ઋષિના તપોબળથી જીવતા રહ્યા. તે તુંડીતીર્થ થયું. ત્યાં અગત્સ્ય મુનિએ એક વર્ષ તપ કર્યું. ત્યાં નારદ આવ્યા અને કહ્યું કે. જે પ્રભુ શ્વેતદ્વીપમાં લક્ષ્મીનારાયણ છે જે બદિકાશ્રમમાં નરનારાયણ છે, જે મથુરામાં રાધાકૃષ્ણ છે, તે પ્રભુ કુંકુમવાપી ક્ષેત્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામે પ્રગટ થયા છે તેનાં દર્શન કરી આવું છું. તે પ્રભુએ કહ્યું છે કે, જે જનો લક્ષ્મીનારાયણ સંહિતાનો અભ્યાસ કરશે, કથા સાંભળશે, પ્રગટપ્રભુનું પૂજન કરશે તે મને પામશે. એમ કહી નારદ ગયા. તે નારદજ્ઞાન તીર્થ થયું.

ભાલકાતીર્થ, રૈવતાતીર્થ વગેરે સ્વર્ગ અને મોક્ષ આપનારા અનેક તિર્થો રહેલા છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂર્વમાં દ્વારિકા તીર્થ, પશ્ચિમમાં વામન તીર્થ, દક્ષિણમાં સોમનાથ

તીર્થ, તથા ઉત્તરમાં ચમત્કારપુર તિર્થો રહેલા છે. ત્યાં અનાદિ કૃષ્ણનારાયણના લાખો નરનારીઓ, ભક્તો બ્રહ્મમય છે. તે સર્વે વૈકુંઠ, ગોલોક અને અક્ષરપદના અધિકારી છે. એવો આ સૌરાષ્ટ્ર દેશ પવિત્ર છે. જ્યાં મહર્ષિઓ ભગવાન સમાન તેજસ્વી દેખાય છે. જ્યાં સતીઓ સાક્ષાત્ લક્ષ્મીસમાન તેજસ્વી દેખાય છે. જ્યાં બાળકો સૂર્યસમાન તેજસ્વી દેખાય છે. જેને જોઈને સૂર્ય, ચંદ્ર પણ ઘડીભર ક્ષોભ પામે છે, આશ્ચર્ય પામે છે.

અધ્યાય - ૫૫૦

❖ ગૌતમ ઋષિ - પતિવ્રતા અહલ્યા - ગોદાવરી અને વેલુરાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રૈવતાચલની પશ્ચિમે બલીખાત - વસ્ત્રાપથ - પરી તળાવ વગેરે તિર્થો રહેલા છે તથા હેડંબાવન - સાગર કાંઠે માંગરોળ - કુતિયાણા - માણાવદર - પોરબંદર - દ્વારિકા વગેરે તિર્થો રહેલા છે. શંકર પાર્વતીને સાથે લઈ શ્રાવણ માસમાં પ્રભાસમાં યજ્ઞ કરી દ્વારિકા એક માસ રહી ચમત્કારપુર આવ્યા. ત્યાં શંકરે અડસઠ યોગીનીની નવરાત્રીમાં પૂજા કરી. પછી ત્યાંથી આસો માસમાં પુષ્કર તીર્થમાં વશિષ્ઠ ઋષીના આશ્રમમાં આવ્યા. ત્યાં અર્બુદાચલમાં બ્રહ્મા અને વશિષ્ઠ ઋષિએ શંકરની પુષ્પ, પત્ર, ફળ, જલથી પૂજા કરી પછી શંકર પાર્વતીને કહે, આ આબુ પર્વતમાં પૂર્વે ગૌતમ ઋષિએ તપ કર્યું તેથી દિવ્ય છે. તે ગૌતમ ઋષિ પતિવ્રતા અહલ્યા સાથે દંડકારણ્યમાં આશ્રમમાં રહેતા હતા.

એકવાર દુષ્કાળમાં હજારો બ્રાહ્મણો અન્ન ભોજનની ઈચ્છાથી ઋષિ પાસે આવ્યા. ગૌતમ ઋષિએ બ્રહ્માની સ્તુતિ પ્રાર્થના કરી એટલે બ્રહ્મા પ્રસન્ન થઈને કહે, શું જોઈએ છે ? ગૌતમ ઋષિ કહે, આ વિપ્રો માટે અન્ન જોઈએ છે તેથી ઘઉં, જવ, સવારે વાવુ અને બપોરે તૈયાર થઈ જાય એવું વરદાન આપો. બ્રહ્મા કહે, તથાસ્તુ. એ રીતે ઘઉં બપોરે તૈયાર થયા. એટલે વૈશ્વદેવ કરીને સર્વ વિપ્રોને ભોજન કરાવતા હતા. ત્યાં પત્ની અહલ્યાએ પતિવ્રતાના પ્રભાવે મહારસોડું, પાત્રો, ગાયો, દાસ-દાસી, ખાવા-પીવાની સર્વ સામગ્રીઓ દેવો પીરસનારા વગેરે તૈયાર કરાવ્યા. એ રીતે સર્વને એક વર્ષ સુધી ભોજન કરાવ્યા. પછી વિપ્રો જવા તૈયાર થયા. પણ ગૌતમ ઋષિએ રોક્યા. એટલે એક વિપ્ર ગાયનું રૂપ લઈ ઋષિ પાસે આવ્યો. ઋષિએ હાથ અડાડયો ત્યાં ગાય પડી ગઈ.

સર્વ વિપ્રો કહે, તમે ગૌહત્યારા છો. તેથી હવે અમે તમારે ત્યાં નહીં રહીએ. ગૌતમ ઋષિ કહે, ગાય મરી નથી, મૂર્છામાં પડી છે. તેને ગંગાના જલથી હમણા બેઠી કરું છું. એમ કહીને ઋષિ કૈલાશમાં શંકર પાસે ગયા. ગંગાજલ માંગ્યું. શંકરે જટામાંથી આપ્યું. ઋષિએ ગંગાજળ લાવી ગાયના શરીર પર છાંટ્યું. તે ગંગા ગૌતમી સ્વરૂપે આશ્રમમાં રહીને ગોદાવરી નામે પ્રસિદ્ધ થઈ. પછી ગૌતમ ઋષિએ તે વિપ્રોને શાપ આપ્યો કે, તમે કપટ, ધર્મવાળા, ક્રોધી અને નિંદા કરનારા થશો. તે આબુ પર્વતમાં અચલેશ્વર મંદિરની પ્રદક્ષિણા

એક પોપટ કરતો. તે મરીને વેલુ નામે રાજા થયો. તે રોજ મંદિરની પ્રદક્ષિણા કરતો. નારદજી અને ઋષિઓએ પૂછ્યું, પ્રદક્ષિણા કેમ ફરો છો ? રાજાએ પૂર્વવૃતાંત કહ્યું. પછી તે રાજા શંકર પાસેથી "અનાદિશ્રીકૃષ્ણનારાયણ" મંત્ર ગ્રહણ કરી પ્રભુની ભક્તિ કરી વૈકુંઠમાં ગયો.

અધ્યાય - ૫૫૧

❖ શ્રીહરિ દ્વારા બ્રહ્માને મોક્ષ પ્રાપ્તિ માટે ઉપદેશ ❖

આબુ પર્વતમાં અગત્સ્યમુનિએ શંકરની પૂજા કરી પ્રશ્ન પૂછ્યો. ચીરંજીવિતા કેમ પ્રાપ્ત થાય ? શંકર કહે, અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ વિના ચીરંજીવી પણું પ્રાપ્ત થતું નથી. તે પ્રભુ અત્યારે સૌરાષ્ટ્રમાં પ્રગટ થયા છે. તેના વિના દિવ્યપણું થતું નથી. અમે બ્રહ્મા, વિષ્ણુ, શંકર સર્વ દેવો તેને ભજીને દિવ્ય થયા છીએ. દિવ્ય પ્રભુના યોગ વિના દિવ્ય થવાતું નથી. માટે તે પ્રગટ પ્રભુનું ભજન કર.

એકવાર અગત્સ્યમુનિ અશ્વપટ સરોવર લોમશઋષિના આશ્રમે દર્શન કરી કાશી જઈ હિમાલય આકાશ માર્ગે આવી. માનસરોવર આવી ત્યાં ઈલાવૃત ખંડ આવ્યા. ત્યાં પૂર્ણકુટીમાં એક મુનિ બેઠા હતા. જપ કરતા તેજસ્વી મુનિને પૂછ્યું તમે કોણ છો ? મુનિએ શ્લોક બોલી યજ્ઞમાં હોમ કર્યો. ત્યાં કુંડમાંથી પાંચ કન્યા નીકળી. એકે સિંહાસન આપ્યું બીજીએ પગ ધોયા, ત્રીજીએ વીંઝણો લઈ પવન નાખ્યો, ચોથી પાંચમીએ ચામળ ઢોળ્યાં. ત્યાં મુનિએ બીજીવાર શ્લોક બોલી હોમ કર્યો. ત્યાં સો કન્યાઓ આવી વસ્ત્ર, અલંકાર, નૈવેધ અર્પણ કરી અદૃશ્ય થઈ. અગત્સ્યમુનિ આ જોઈ આશ્ચર્ય પામ્યા અને આંખ બંધ કરી. ત્યાં મેરુ પર્વત પર બેઠેલા ત્યાંથી પૃથ્વી અને સાત સમુદ્રો જોયા તથા ચૌદલોકમાં ગતિ કરીને વૈકુંઠમાં લક્ષ્મીનારાયણના દર્શન કર્યા. જ્યાં આંખ ખોલી તો પોતે લોમશઋષિના આશ્રમમાં બેઠા હતા. તે દિવસથી અગત્સ્યમુનિને દિવ્ય દૃષ્ટિ અને ચીરંજીવીતા પ્રાપ્ત થઈ. અગત્સ્યમુનિએ શંકરને પૂછ્યું, પ્રભુના ધામની પ્રાપ્તિ કેમ થાય. શંકર કહે, અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કર્યા વિના અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી. તે પ્રભુ ગોલોકમાં કૃષ્ણરૂપે, વૈકુંઠમાં નારાયણરૂપે આવ્યા. અવ્યાકૃત ધામમાં વાસુદેવ રૂપે બદ્રિકાશ્રમમાં નરનારાયણ રૂપે તેજ પ્રભુ ક્ષીરસમુદ્રમાં શ્વેતદ્વિપમાં વિષ્ણુરૂપે છે. તે પ્રભુ અનીરુદ્ધ, પ્રદ્યુમ્ન સંકષર્ણરૂપે થાય છે. તે પ્રભુના જ અંશરૂપ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે ઈશ્વરો છે. તે પ્રભુ સત્યુગમાં ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. ત્રેતામાં યજ્ઞથી પ્રાપ્ત થાય છે. દ્વાપરમાં કથાપૂજનથી અને કળીયુગમાં અનેક પ્રકારની ભક્તિ તેમજ સત્કર્મોથી પ્રાપ્ત થાય છે. આ સર્વે રૂપમાં ભેદબુદ્ધિ દ્વેષબુદ્ધિથી ભજે તો તેની મુક્તિ થતી નથી. પતિવ્રતા પરાયણ થઈને એકને ભજે અને અને જો બીજા સ્વરૂપની નિંદા કરે તો દુર્ગતિને પામે છે.

પૂર્વ બ્રહ્માએ શ્રીહરિને પૂછ્યું : હે દેવના દેવ, કર્મ કરનારા મનુષ્યોને મોક્ષની પ્રાપ્તિ કેમ થાય ? સ્વર્ગમાં કેમ જાય ? અને નરકમાં કેમ પડે છે ? શ્રી હરિ કહે : વેદમાર્ગને તજીને, તામસી સ્વભાવથી, તામસી ભૈરવાદિની ઉપાસનાથી હિંસા કરી મધ, માંસ, ખાનારાને નરકમાં જવું પડે છે. દેવો, ઈશ્વરોની નિંદા કરનારા, ગુરુને છેતરનારા નરકમાં પડે છે. તથા સકામ ભાવનાથી સ્વાર્થથી, દાન્ય-પુણ્ય સત્કર્મથી, સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ થાય છે, તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ પરમાત્માની નિષ્કામ ભાવનાથી ભક્તિ કરીને મુમુક્ષુઓ રાગદ્વેષથી રહિત થઈને પરમધામમાં પ્રભુની સેવામાં પહોંચે છે.

અધ્યાય - ૫૫૨

❖ કેંદરકુર્ચ - મંકણક - અમરીષ - ઋષિકેશ આદિક તીર્થોની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરે અગત્સ્યમુનિને પરબ્રહ્મ પરમાત્માનું દિવ્ય જ્ઞાન આપી પછી પ્રભુની સ્તુતિ કરી કે, અનાદિ સર્વમાં વ્યાપીને રહેલા તમને નમસ્કાર. અક્ષરથી પર સર્વસ્વ વિદ્યામૂર્તિ તમને નમસ્કાર. શંકરની સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિ કહે, વરદાન માંગો. શંકર કહે, સૃષ્ટિનું જ્ઞાન આપો. દેવો અને મનુષ્યના કલ્યાણ માટે તમે મનુષ્યસ્વરૂપ પ્રગટ થાવ તેનું હું ધ્યાન કરું. પ્રભુ કહે, તથાસ્તું. તમે જ્ઞાની થશો, મારામાં પ્રીતિવાળા થશો. લોકમાં પુજય થશો. ત્યાં કેંદરકુર્ચ તીર્થ થયેલું છે. ત્યાં એકવાર મંકણક ઋષિ તપ કરતા શરીરમાં અસ્થિ માત્ર રહેવાથી પોતે તપના આનંદમાં અતિરેકમાં નાચવા લાગ્યા. ત્યાં વૃક્ષવેલી, જડ, ચેતન, સ્થાવર જંગમ સર્વ નાચવા લાગ્યા. દેવો કહે, પૃથ્વી કંપવા લાગશે એટલે શંકરને કહ્યું. શંકર મંકણક ઋષિ પાસે આવી કહે, આટલા આનંદમાં કેમ આવી ગયા ? ઋષિ કહે, મારા શરીરમાં તપ કરતા લોહી સુકાઈ ગયું. શંકરે આંગળીની ચપટી વગાડીને આગળીમાંથી સફેદ ભસ્મ કાઢી કહે, જુઓ મારામાં તો પાણી પણ નથી રહ્યું. ત્યારે મંકણક ઋષિનો ગર્વ ગળી ગયો અને શંકરને પગે પડ્યો અને કહ્યું, મારો ઉદ્ધાર કરો. તે મંકણકતીર્થ થયું. ત્યાં સ્નાન કરવાથી સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

આબુમાં અંબરીષ રાજાએ પૂર્વે હજારો વર્ષ તપ કર્યું. ત્યારે નારાયણ ઈન્દ્રનું રૂપ લઈ હાથી પર બેસીને આવ્યા અને અંબરીષ રાજાને કહ્યું, વરદાન માંગ. રાજા કહે, તું મોક્ષ આપવા સમર્થ નથી માટે સ્વર્ગમાં જા. એમ કહીને આંખ બંધ કરી નારાયણનું ધ્યાન કરવા લાગ્યા. ત્યાં નારાયણના દર્શન થયા. નેત્ર ખોલ્યા ત્યાં સામે નારાયણ ગરૂડ પર બેઠેલા જોયા.

અંબરીષ રાજાએ પ્રભુને પગે લાગી પૂછ્યું : પ્રભુ સંસાર કેમ તરાય ? પ્રભુ કહે, સુર્યોદય પહેલા જાગી મારું કિશોરસ્વરૂપ ધ્યાન કરી, સ્નાન કરી, મારી પૂજા

ષોડ્શોપચારથી કરવી. ચંદન, પુષ્પ, ધુપ, દીપ, અબીલ, ગુલાલ, કંકુ, ચોખાથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, આરતી, પ્રદક્ષિણા, દંડવત, સ્તુતિ, પ્રાર્થના, નમસ્કાર, ક્ષમાયાચના કરી મારી કથા, વાર્તા, ધૂન, કિર્તન, ભજન, સ્મરણ વગેરે મારી નવધા ભક્તિ કરવી તથા મારા મુખરૂપે રહેલા સંત વિપ્રોને ભોજન કરાવવા તથા ધન, સંપત્તિ, ઘર, કુટુંબ, સર્વસ્વ મારા પરાયણ મને અર્પણ કરી સંસાર તરી જવાય છે. એવી રીતે અંબરીષ રાજાએ નારાયણની આત્મનિવેદી ભક્તિ કરી અક્ષરધામમાં ગયો. તે અંબરીષ તીર્થ થયેલું છે. તથા ત્યાં અંબરીષે પ્રભુની આરાધના કરી તેથી તે ઋષીકેશ તીર્થ થયેલું છે. ત્યાં એકાદશીનું વ્રત કરી જાગરણ કરવાથી તથા દર્શન કરવાથી કપિલા ગાયનું દાન કરવા બરાબર ફળ થાય છે. ત્યાં ચાતુર્માસ વાસ કરી વ્રત, નિયમ, જપ, તપ, કરે તો પરબ્રહ્મના ધામમાં જાય છે. એકબાજુ સર્વતિર્થો, એકબાજુ આ ઋષીકેશ તીર્થ કરવાથી સમાન ફળ થાય છે.

સત્પાત્રને સર્વદાન કરવાથી જે ફળ થાય તે ઋષીકેશના દર્શનથી થાય છે. હિમાલયમાં દેહ તજવાથી બ્રહ્મજ્ઞાન કહેવાથી જે ફળ થાય તે ઋષીકેશના દર્શનથી થાય છે. ગયામાં શ્રાદ્ધ કરવાથી, બીજા તીર્થમાં ચાર્તુમાસ રહેવાથી ચાંદ્રાયણ કરવાથી જે ફળ થાય છે તે ફળ ઋષીકેશનાં દર્શનથી થાય છે. ત્યાં ધજા ચડાવશે તે પણ મુક્તિને પામશે. આ અધ્યાયની કથા કહેશે, સાંભળશે તે ધનવાન, પુત્રવાન થશે અને મોક્ષમાં જશે.

અધ્યાય - ૫૫૩, ૫૫૪

❖ અર્બુદાચલનાં તીર્થોનો મહિમા ❖ શંકરનો પાર્વતીને ઉપદેશ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અર્બુદાચલમાં સિદ્ધતીર્થ - શુકલતીર્થ - યમતીર્થ - પુંઘેદતીર્થ - શ્રીમાતૃવિદ્યાચલતીર્થ - મંકીતીર્થ - પુંડ્રોતીર્થ - રક્તોદ્ધારતીર્થ - મુદગલ તીર્થ - માંમુંચતીર્થ વગેરે અનેક તિર્થો રહેલા છે. તેમાં સ્નાન દાન કરવાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

શંકર કહે : પાર્વતી, અર્બુદાચલના શીખરમાં ગંગા કુંડ છે. જ્યાં વિંધ્યાવાસીની દેવીએ મહિષાસુરનો નાશ કર્યો ત્યાં ગંગા દર વર્ષે શંકરના દર્શન કરવા આવે છે. ત્યાં અચલેશ્વર તીર્થમાં એક શુદ્ર પાસે એક ભીક્ષુક આવ્યો. તેને સાથવો આપ્યો. તે ભીક્ષુક પાત્રમાં સાથવો મૂકી સૂતો. ત્યાં કૂતરો આવી સાથવો ખાઈ ગયો. ભીક્ષુકે જાગીને જોયું સાથવો ન મળ્યો. સ્નાન કરી મહાદેવનું પૂજન, જપ કર્યું. તેનો અંતકાળ થવાથી બીજે જન્મે અને સાથવાના પુન્યથી વિદર્ભ દેશનો રાજા ભીમ થયો. તે રાજા સાથવાનું દાન આપતો. ગાલવઋષિએ પૂછ્યું : રાજા તું હાથી, અશ્વરથનું દાન નથી આપતો અને સાથવાનું દાન કેમ આપે છે ? રાજા કહે, મેં પૂર્વે સાથવાનું દાન આપ્યું છે તેથી આ જન્મે રાજા થયો છું. તેથી સાથવાનું અન્નનું દાન આપું છું.

પૂર્વે અપ્રસ્તુત રાજા ધર્મ, કર્મ, જ્ઞાન, દાનથી રહિત હતો. તેણે અન્યાયથી ધન ભેળું કર્યું. વૃદ્ધોએ કહ્યું, તું ધર્મ કર્મ કર તો તારું મરણ સુધરે. રાજા કહે, મેં મારા બળથી આ સર્વે મેળવ્યું છે. તે મારા ભોગવિલાસ માટે બીજાને માટે નહીં. તે રાજાના પિતૃઓ આવી રાજાને કહે, તું દાન ધર્મ કાંઈ નથી કરતો. તેથી અમે સ્વર્ગથી પડી ગયા છીએ. માટે તું શ્રાદ્ધ યજ્ઞ કર પછી રાજાએ અર્બુદાચલ આવી પિતૃમેધ યજ્ઞ બ્રાહ્મણોને બોલાવી કરાવ્યો તથા સાધુ બ્રાહ્મણોને ભોજન દાન દીધા. તે કુલસંતારણ તીર્થ થયેલું છે તથા પૂર્વે પરશુરામે ત્યાં તપ કરેલું છે. તથા બ્રહ્માએ અને વશિષ્ઠઋષિએ યજ્ઞ કરવાથી તે મહાન તીર્થ થયેલું છે. તથા લોમશઋષિએ ત્યાં આવી અનેક ઋષિઓને બ્રહ્મજ્ઞાન આપી વિષ્ણુ યજ્ઞ કરાવ્યો છે. તથા લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરાવી તે મહોત્વમાં જંબુદ્વિપના સર્વે તિર્થો ત્યાં આવી અવભૃથ સ્નાન તે જલાશયમાં કર્યું તેથી જંબુતીર્થ થયુ અને ત્યાં જાંબુડાનું વૃક્ષ થયું હતું.

શંકર કહે : પાર્વતી, અહીં આવીને આ સર્વ તિર્થોનો મહિમા મેં તને કહ્યો. જેની પત્નીભક્તિ પરાયણ દાન ધન તીર્થ પરાયણ હોય તો પુરુષ જ ભાગ્યશાળી છે. હે પાર્વતી, હું ભાગ્યશાળી છું કે તારા જેવી મને તપસ્વી પતિ સેવા પરાયણ પત્ની મળી. ગાય, બ્રાહ્મણ, સાધુ, સાધ્વીનું સન્માન કરનારી નારાયણની દાસી થઈ રહેનારી. ક્ષમા વડે પૃથ્વીસમાન, વૈરાગ્યમાં વૃક્ષસમાન, શીતલમાં બ્રહ્મસમાન, સેવામાં સ્નેહ રાખનારી, દાનમાં આત્મ સમર્પણ કરનારી, પરલોક માટે સહાય કરનારી, આવી સ્ત્રી જેને ઘેર છે. તેનો ગૃહસ્થાશ્રમ ધન્યવાદને પાત્ર છે. એવા ગૃહસ્થોને સાધુ અને સાધ્વી કહેલા છે. જે સ્ત્રી પતિને કડવા વચનો કહે છે. તિરસ્કાર કરે છે. ક્રુર દૃષ્ટિથી જુવે છે, તે આ લોકમાં સુખી થતી નથી. જેના ઘરમાં પુણ્ય નથી પ્રભુની સેવા નથી, ભોજનમાં ઉત્સાહ નથી, વસ્ત્રમાં શોભા નથી, વાણીમાં મીઠાસ નથી, દેખવામાં સ્નેહ નથી. એવા કુટુંબનું જીવન વ્યર્થ છે. અબળાના, બાળકોના, યોગીના સતીના, સત્પુરુષોના, આશ્રય વિનાના, ભૂખ્યા-તરસ્યાઓના આશિર્વાદો મેળવવા. જે ઘરમાં સ્ત્રીઓ દેવીઓ આનંદ પામે છે, ત્યાં સંપત્તિ સ્વર્ગ અને મોક્ષ રહેલા છે.

શંકર કહે : સતી, તે તપ કરીને મને પ્રાપ્ત કરીને મારું મૂલ્ય વધારી દીધું છે. તે પૂર્વ જન્મમાં દક્ષના યજ્ઞમાં તારા દેહને યોગ અગ્નિથી બાળને મારું સ્વામીપણું બતાવી દીધું. તે પૂર્વે દૈત્યોનો નાશ કરીને મારું શ્રેષ્ઠપણું બતાવ્યું. ગણેશ અને કાર્તિક જેવા બે પુત્રો આપી તેમને લોકમાં પુજ્યપણાને પમાડ્યા. હે દેવી, તારી સાથે વનમાં રહેવાથી પણ સ્વર્ગ મોક્ષ બન્ને છે. હવે કૈલાશ ધામ જઈએ એમ કહીને શંકર પાર્વતીના ગુણ કહીને વિરામ પામ્યા.

અધ્યાય - ૫૫૫

❖ હિમાલયની પવિત્ર નદીઓ અને નર્મદા ઉત્પત્તિ તેમજ મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકર પાર્વતી વિમાનમાં બેસી આકાશ માર્ગે જતા એક પર્વત આવ્યો. પાર્વતીએ પૂછ્યું, આ પર્વત કયો છે ? શંકર કહે, ઋક્ષપર્વત છે. ત્યાં હું ૐકારેશ્વર નામે તપસ્વીઓ સાથે વાસ કરું છું. પાર્વતીએ પૂછ્યું, હિમાલયથી સમુદ્ર સુધી કેટલા પર્વતો અને કેટલી નદીઓ છે. શંકર કહે : મહેન્દ્ર, મલય, સહ્યાદિ, શક્તિમાન, ઋક્ષ, વિંધ્ય, પરાયાત્ર આ કુલ સાત પર્વત કહેવાય છે. બીજા મંદિર, શાર, કૈલાશ, દર્દુર, મૈનાક, વિદ્યુત, વીરંધમ્, પાંડુરતુંગ, પ્રસ્થર, કૃષ્ણ, ગીરી, જયંત, ઋષ્યમુક, ઐરાવત, ગોમંત, ચિત્રકુટ, ચરોકકુટ શ્રીશૈલ, શત્રુંજીત, કૃત, સમર, રૈવતાદિ, બરદાદ, શાલમાલ વગેરે પર્વતો તીર્થમય છે તથા હજારો શીખરોવાળો સર્વશ્રેષ્ઠ હિમાલય પર્વત છે. જેમાંથી મહાપવિત્ર નદીઓ નીકળે છે. ગંગા, સીંધુ, શુદ્ર, વીતસ્તા, સરસ્વતી, ચંદ્રભાગા, યમુના, સરયુ, વિયાશા, દેવીકા, ઈરાવતી, કુહું, ગોમતી, બાહુંદ, ધુતપાપા, દેષ, ધ્રતી, નીસ્વીરા, કૌશીકી, ચક્ષુ, સ્મતી, ગંડકી, લોહિતા, બ્રહ્મપુત્રા, નર્મદા, સુરસા, મંદાકીની, દશાર્ણા, તમસા, પીપ્પલા, કરતોયા, વિશાલા, વંજીકા, વાલુ, વાહીની, વીરજા, શક્તિમતી, પંકીની, પઘોષ્ણી, તાપી, મણિનાલા કુંમુદ્વાતી, વેષ્ણા, પાશાવૈતરણી, દુર્ગા, તોયા, વૈદીપાલા, વંજુલા, ગોદાવરી, કૃષ્ણવેણી, ભીમરથી, તુંગભદ્રા, તામ્રપાર્ણી, પુષ્પાવતી, શતમાલા, પંલાશીની, તુલસી, ત્રિષીકા, મંદગામા, ગોમતી, ઓજસ્વતી, સ્વર્ણરેખા, નાગમતી, દેવીકા, સાબરમતી, હીરણ, ન્યુકુમતી, શેત્રુંજી, મનોરમા, ચંદ્રકલા, તારાષણી, મોહેશ્વરી આ સર્વ નદી તીર્થરૂપ છે અને પાપનો નાશ કરી મોક્ષ આપનારી છે.

પાર્વતી કહે : સર્વ નદીઓમાં તમે મૂર્તિમાન ક્યાં વાસ કરો છો ? શંકર કહે : નર્મદા નદીમાં હું મૂર્તિમાન રહું છું. પછી શંકર-પાર્વતી ઋષ પર્વતમાં થઈને નર્મદા કાંઠે ઉતર્યા. ત્યાં સ્નાન કરી જલ લઈને ભોજનપાન કર્યા. પછી પાર્વતી શંકરને કહે : રૈવતા નદીની ઉત્પત્તિ કહો ? શંકર કહે, પૂર્વે હિરણ્યકશિપુએ દેવોને પીડા કરી. દેવો નારાયણ પાસે ગયા ત્યારે નારાયણે નૃસિંહરૂપ ધારણ કરી દૈત્યનો નાશ કર્યો. ત્યારે દેવોની પ્રાર્થનાથી વૈકુંઠ ધામથી નારાયણની દિવ્ય દાસી દેવોને પાવન કરવા સ્વર્ગમાં ઘણા વર્ષો રહી. પછી પૃથ્વી પર હિરણ્ય નામે રાજા થયો. તે તપ કરી શંકરને પ્રસન્ન કરવા માટે લોકના કલ્યાણ માટે નર્મદાને પૃથ્વી પર લાવવા શંકરને પ્રાર્થના કરી કે, હે પ્રભુ આ નર્મદાને પૃથ્વી પર મોકલો. શંકર કહે : તથાસ્તુ. એમ કહી રેવા નદીને કહ્યું, તું પૃથ્વી પર જા. તે અહીં આવીને નર્મદારૂપે થઈ. તેમાં સ્નાન દાન પિતૃતર્પણ કરવાથી અનંતગણુ ફળ થાય છે.

પૂર્વ પુરુરવા રાજા પાસે તેના પિતૃઓ આવ્યા. રાજાએ પૂછ્યું, તમે ભૂત પ્રેતના આકારવાળા કોણ છો ? પિતૃઓ કહે, તારા પૂર્વજો છીએ. આ નર્મદામાં અમારું શ્રાદ્ધ તર્પણ કરી દાન કર જેથી અમારો મોક્ષ થાય. પછી પુરુરવા રાજાએ નર્મદામાં સ્નાન કરી પૂર્વજોનું શ્રાદ્ધ પિતૃ તર્પણ, પિંડદાન વગેરે કર્યા. તેથી તે સર્વ પિતૃઓની મુક્તિ થઈ. એવા શ્રીકૃષ્ણનારાયણના અંગમાં રહેનારી નર્મદા નદી મુમુક્ષુઓનું કલ્યાણ કરનારી અને મુક્તિ આપનારી છે.

અધ્યાય - ૫૫૬

❖ નર્મદાકાંઠે પિતૃશ્રાદ્ધ મહિમા - નારાયણી દ્વારા મહિષાસુરનો વધ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સત્યુગમાં સૂર્યવંશી મનુરાજા સાકેત નગરીમાં રાજ્ય કરતો હતો. સરીયુ નદી કાંઠે તે સાકેતનગરી સો યોજનના વિસ્તારવાળી હતી. એકવાર રાજાએ વશિષ્ઠ ઋષિને પૂછ્યું, યજ્ઞ કરવા માટે સારું સ્થાન બતાવો. વશિષ્ઠ ઋષિએ ઋક્ષપર્વતની તળેટીમાં, રેવા નદી કાંઠે યજ્ઞ કરવાની આજ્ઞા કરી. મનુ રાજાએ અશ્વમેઘયજ્ઞ કરી. બ્રાહ્મણોને ભોજન કરાવી. પૃથ્વી દાન, સુવર્ણના દાન આપ્યા અને અવભૃથ સ્નાન કરી રેવા નદીની સ્તુતિ કરી કે, હે સર્વનું પાપ નષ્ટ કરનારી, કલ્યાણ કરનારી, પિતૃઓનો ઉદ્ધાર કરનારી માતા તમને અનંત વાર પ્રણામ. રેવા પ્રસન્ન થઈ કહે, વરદાન માંગ. રાજા કહે, તમે સરિયુ નદીમાં વાસ કરો. રેવા કહે, તથાસ્તું. એમ કહી રેવાએ સરિયુ નદી કુંડમાં નિવાસ કર્યો. પછી વિષ્ણુ ભગવાનને સરિયુના બ્રહ્મકુંડમાં વાસ કર્યો માટે ત્યાં સ્નાન કરવાથી મોક્ષ મળે છે.

પૂર્વે કન્યાપુરમાં હરિકેશ નામે રાજા હતો તેણે તુંગભદ્રા નદી કાંઠે ઘણા યજ્ઞો કર્યા. એકવાર યજ્ઞ કરતા અગ્નિ કુંડમાંથી જ્વાળા નીકળીને મંડપને બાળી દીધો તથા કેટલાક બ્રાહ્મણો પણ બળી ગયા. રાજાએ સર્વનું પ્રાયશ્ચિત કેમ થાય ? એમ વિદ્વાન બ્રાહ્મણોને પૂછ્યું, બ્રાહ્મણોએ કહ્યું, સર્વ તીર્થમાં સ્નાન કરી. ગાયનું દાન કરીને પછી નર્મદા નદી કાંઠે યજ્ઞ કરજો. એ પ્રમાણે હરિકેશ રાજાએ નર્મદા કાંઠે વૈષ્ણવ યજ્ઞ કરી અનેક દાન આપી પિતૃતર્પણ કર્યું તથા મરેલાનું શ્રાદ્ધ તર્પણ કર્યું. તે સર્વે પિતૃઓ દિવ્ય વિમાનમાં બેસી વૈકુંઠ ધામમાં ગયા. એ રીતે નર્મદામાં સ્નાન, દાન, પિતૃતર્પણ કરવાથી અનંતગણુ ફળ થાય છે. તેમજ અંતે પ્રભુના ધામમાં વાસ મળે છે. રેવા નદી કાંઠે જમદગ્નિઋષિએ તપથી શંકરને પ્રસન્ન કરેલા છે તેથી પ્રભુએ પ્રસન્ન થઈ જમદગ્નિ ઋષિ માટે ગોલોકથી ગાય મોકલી. તે ગાયને પ્રતાપે જમદગ્નિ ઋષિની પ્રસિદ્ધિ ત્રિલોકમાં પ્રસરી ગઈ. પછી જમદગ્નિઋષિએ મહિષ્મતિ નગરીના અરણ્યમાં વાસ કર્યો.

એકવાર વિપ્રચિતિ દૈત્યની કન્યા ભેંસનું રૂપ લઈને તપસ્વી ઋષિઓને ભય આપવા લાગી. સર્વે ઋષિઓએ શાપ આપ્યો કે, તને પાડારૂપ પુત્ર થશે. ત્યારે તારી બુદ્ધિ સ્થાને આવશે. પછી તેણે નર્મદાકાંઠે વાસ કરી પાણી પીધું ત્યાં મહિષાસુર પુત્રરૂપે જન્મ્યો. તે સર્વે ઋષિઓને ત્રાસ આપતો હોવાથી નારાયણી મહાશક્તિએ જમદગ્નિના આશ્રમ પાસે તે અસુરનો નાશ કરી સર્વ ઋષિઓને નિર્ભય કર્યા.

અધ્યાય - ૫૫૭

❖ કલહંસ - કલ્માષપાદ તીર્થ ❖ ધર્મદેવ દ્વારા અનેક ઋષિઓની મુક્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તાપી અને નર્મદાનો સંગમ જ્યાં થયેલો છે ત્યાં પૂર્વ કલહંસમુનિ તપ કરતા હતા. ત્યાં ઈન્દ્રે આવીને કહ્યું, વરદાન માંગો. મુનિ કહે, શિવ ભક્તિ વિના બીજું કાંઈ નથી જોઈતું. ઈન્દ્ર કહે, તથાસ્તુ. ત્યાં શંકર પ્રસન્ન થયા. મુનિ કહે, અહીં જે દેહત્યાગ કરે તેનો મોક્ષ થાય. શંકર કહે, તથાસ્તુ. તે કલહંસ તીર્થ થયેલું છે. ત્યાં એક રકર્તેદ્વમાં ભીલ આવ્યો. નિત્ય નર્મદામાં નાહી શંકરને નવરાવતો. ફળફુલ ખાઈ નિર્વાહ કરતો. એક દિવસ શંકરની મૂર્તિમાં ત્રીજુ નેત્ર ન જોયું. તેથી કોઈ ચોરી ગયું હશે એમ માની બાણથી પોતે પોતાની એક આંખ કાંઢી શંકરને ચોડી દીધી. શરીરમાં કંપ પીડા કંઈ ન થયું. શંકર પ્રસન્ન થઈને કહ્યું, ભક્ત, વરદાન માંગ. ભીલ ભક્ત કહે, સર્વ ભીલ, પશુ, પક્ષી, દેહધારી સર્વની મુક્તિ થાવ. શંકર કહે, તથાસ્તું. તે પ્રમાણે અહીં સર્વેની મુક્તિ થઈ.

પૂર્વે મથુરાનો રાજા કલ્માષપાદ હતો. તેનું વિમાન આકાશમાં ઊંચે જતું ન હતું પણ સાકેત નગરીના રાજા નાભાગનું વિમાન આકાશમાં ઊંચે જતું હતું. તેથી કલ્માષપાદ રાજાએ શંકરને પૂછ્યું, મેં ઘણા યજ્ઞો કર્યા છતાં મારું વિમાન નીચું કેમ છે ? શંકર કહે : નાભાગ રાજાએ રેવા નદી કાંઠે લક્ષ મેઘ તીર્થ છે ત્યાં એક વૈષ્ણવ યજ્ઞ કર્યો હતો તેના પુણ્યથી વિમાન ઊંચુ જાય છે. શિવનું વચન સાંભળી કલ્માષપાદ રાજાએ ત્યાં દશ યજ્ઞો કર્યા. વૈષ્ણવ, રૂદ્ર, અશ્વમેઘ, વાજપેય, વિશ્વજીની, પુંડરીક, નરમેઘ, ગોમેઘ વગેરે યજ્ઞો કર્યા. રેવા નદી કાંઠે કર્યા અને લક્ષ્મીનારાયણ સંહિતાનો જ્ઞાન યજ્ઞ પણ કર્યો. તે પુણ્ય પ્રતાપે તેનું વિમાન સર્વલોકથી પર સત્ય લોકમાં થઈને વૈકુંઠમાં ગયું. લક્ષ્મીનારાયણ ભગવાને પ્રસન્ન થઈ રાજાને દિવ્યમાળા કંઠમાં પહેરાવી. તે પ્રતાપે તે રાજા વૈકુંઠમાં જતો આવતો એવો સમર્થ થયો. તે કલ્માષપાદ તીર્થ થયું.

નર્મદા કાંઠે અઘમર્ષઋષી તપ કરતા હતા ત્યાં ધર્મ વૈશ્યરૂપે આવ્યા. ઋષિએ મૃગચર્મ, આસન, વગેરે આપ્યા. તે સર્વ ઋષિઓની સાથે તપ કરતા. તેથી વિષ્ણુ પ્રસન્ન થયા અને ધર્મરૂપ વૈશ્યને કહે, ચાલો વિષ્ણુલોકમાં. ધર્મ કહે, પ્રભુ મારી સાથે આ દશ હજાર ઋષિઓ તપ કરે છે તેને પણ ધામમાં સાથે લઈ જાવ. ત્યારે બીજા સર્વે તપસ્વીઓ

ધર્મરૂપ વૈશ્યનો તિરસ્કાર કરીને કહેવા લાગ્યા કે, તારા કહેવાથી અમે વિષ્ણુલોક નહીં જઈએ તું તો વૈશ્ય છો વિપ્ર નથી. તું શું તપ કરી જાણે, તું તો ખેતી કરી જાણે, માટે જા ખેતી કર.

બ્રાહ્મણોએ ક્રોધથી આમ કહ્યું ત્યારે વૈશ્યરૂપે રહેલા ધર્મદેવ કહે, ક્રોધ ન કરવો અને શાંતપણે રહેવું. આ બ્રાહ્મણોનો પરમશ્રેષ્ઠ ધર્મ છે. અહંતા મમતા અને ક્રોધયુક્ત હોય તે નથી બ્રાહ્મણ કે નથી બ્રહ્મ. તેનું તપ શ્રાદ્ધ સર્વે નિષ્ફળ જાય છે. જાતિનો નિર્ણય તે દેવતાઓ પણ કરી શકતા નથી. બ્રાહ્મણ સમાન આચાર કરનારા વૈશ્યને બ્રાહ્મણ કહેવાય છે. ક્રૂર, ધ્યાન વિનાનો, કૃતઘ્ની લાંબી કોપીનવાળા બ્રાહ્મણના કર્મથી રહિત હોય તેને વૈશ્ય કહેવાય છે, તે સાંભળી સર્વ બ્રાહ્મણો કહે, તમે કોણ છો ? વૈશ્યરૂપે રહેલા ધર્મદેવ કહે, હું ધર્મ છું. તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. માટે અહંમતાનો ત્યાગ કરી પરમેશ્વરને ભજો તો બ્રહ્મવ્રતથી મુક્તિમાં જાશો. ધર્મદેવનું આવું વચન સાંભળીને સર્વ બ્રાહ્મણોએ ધર્મની પૂજા કરી ક્ષમા માંગીને નિર્દોષ થયા. ત્યાં દિવ્ય વિમાનો આવ્યા. તેમાં બેસી સૌ વૈકુંઠમાં ગયા. તે ઉત્તમ તીર્થ થયેલું છે. તેમાં સ્નાનદાન કરનાર યજ્ઞ ફળને પ્રાપ્ત કરી ધન, સ્ત્રી, પુત્રને પ્રાપ્ત કરે છે.

અધ્યાય - ૫૫૮

❖ રંતિદેવ રાજા - હરિકેશ બ્રાહ્મણ - સાલંકાયન રાજાની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રેવા નદી કાંઠે પૂર્વે ચાંડીલ્ય, કૌંડીન્ય, માંડવ્ય ઋષિના આશ્રમ હતા ત્યાં એક ઉંદરને બિલાડીએ પકડ્યો અને અડધો ખાધો. ત્યાં નારડો આવ્યો તો બિલાડી ભાગી ગઈ. ઉંદર મરીને રેવા નદીમાં ગયો તેનું શરીર તણાઈ ગયું. તેથી યજ્ઞનું રૂપ ધારણ કરી વિમાનમાં બેસી કુબેરના લોકમાં ગયો.

એકવાર નર્મદા કાંઠે વશિષ્ઠ ઋષિની આજ્ઞાથી રંતિદેવ રાજાએ મહા વૈષ્ણવયજ્ઞ કર્યો. તેમાં સર્વ દેવો, ઈશ્વરો, નારાયણ લક્ષ્મી સહિત આવ્યા. રાજાએ યજ્ઞમાં દાન આપવા માટે દશ લાખ ગાયો, દશ લાખ અશ્વો, એક લાખ હાથી વગેરે તૈયાર કર્યા. તે સમયે કૌચપુરનો મહાબાહું દાનવ યજ્ઞમાં વિઘ્ન કરવા આવ્યો. ત્યારે બ્રહ્મા કહે : રાજા, આ દૈત્યને પાછો વાળ નહીં તો યજ્ઞમાં વિઘ્ન કરશે. ત્યારે રંતિદેવ રાજા શ્રીહરિનું સ્મરણ કરીને કહે : જો મને શ્રીહરિમાં અને બ્રહ્મનિષ્ઠ ભક્તોમાં પરાભક્તિ હોય તો આ સર્વ દૈત્યો દાનવો અને રાક્ષસોને યુદ્ધ કર્યા વિના ચાલ્યા જાય. તરત વિષ્ણુ ભગવાન શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરી ત્યાં આવ્યા અને ચારેય દિશામાં રક્ષણ મંત્રવાળી દર્ભની સળીઓ ફેંકી. તેથી અગ્નિથી બળતા તે રાક્ષસો ચારેય દિશામાં ભાગી ગયા. પછી યજ્ઞકુંડમાં આહુતી આપી. ત્યાં યજ્ઞ કુંડમાંથી પ્રજ્જવલીત અગ્નિ જેવા લિંગરૂપે શંકર બહાર આવ્યા ત્યાં બિલ્વ તીર્થ થયું છે.

એક હરિકેશ બ્રાહ્મણે અયોધ્યાના રાજા અંબરીષ પાસે જઈને કહ્યું, મને સો વર્ષ ચાલે તેટલું દાન, ગાયો, ખેતરો, વાડી આપો. અંબરીષ રાજાએ દાન આપ્યું પણ તે બ્રાહ્મણ અતિદાન લેવા પાત્ર નહીં હોવાથી મૃત્યુ પામીને મેરુ દેશમાં બ્રહ્મરાક્ષસ થયો. તે બ્રાહ્મણનો ધર્મ નહિં પાળવાથી તૃષ્ણાથી દાન વાસનાથી રાજાના દાન પાત્ર નહીં હોવાથી બ્રહ્મરાક્ષસ થઈને વૃક્ષોમાં રહે તે આ બ્રહ્મરાક્ષસ પ્રેત થઈને પોતાના કુટુંબ પાસે આવી કહે : મારો ઉદ્ધાર કરો. તેના પુત્રે નર્મદા કાંઠે બીલ્વ તીર્થમાં નારાયણબલી કરાવ્યું. તેથી તેનો ઉદ્ધાર થયો. પછી સર્વે કુટુંબ ત્યાં સ્નાન કરી શંકર અને નારાયણની પૂજા કરી મહાભક્ત થયા. અંતે શ્રીહરિના ધામને પામ્યા. અયોધ્યાના રાજા સાલંકાયનના રાજ્યમાં દુકાળ પડ્યો તેથી રાજાએ માર્કન્ડેય મુનિને પૂછ્યું. માર્કન્ડેય મુનિ કહે, તારા રાજ્યમાં સકામ ભાવનાથી સાત ચાંડાલો ઊંધે માથે તપ કરે છે. તે ચાંડાલોને તપમાં અધિકાર નથી માટે હે રાજા, તેના તપ બંધ કરાવ. તો વૃષ્ટિ થશે. રાજાએ સેવકો પ્રધાનને લઈને ચાંડાલોને તપ કરતા બંધ કરાવી જોઈતી વસ્તુ આપીને પછી નર્મદા કાંઠે મહાવૈષ્ણવ યજ્ઞ કરાવી સાધુ બ્રાહ્મણોને ભોજન કરાવી અનેક પ્રકારના દાન આપ્યા. તેથી મહાવૃષ્ટિ થઈ અને પ્રજા સુખ આનંદવાળી થઈ.

અધ્યાય - ૫૫૯

❖ નર્મદાકાંઠે રહેલા મંડપેશ્વર - હર્વીધામેશ્વર - કરમર્દન તીર્થની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચમત્કારપુરમાં નાગમતી નદી કાંઠે આરૂણી ઋષિ પાસે દુર્વાષાએ એક શિષ્ય મોકલ્યો. તે વ્યાઘ્ર સત્યતપા નામે હતો. ઋષિના યોગથી શુદ્ધ મનવાળો હતો. તેથી તપ કરવા લાગ્યો અને કર્મથી બ્રાહ્મણપણાને પામ્યો. તે સત્યતપા તીર્થ કરવા નીકળ્યો. નર્મદામાં નાહીને હિમાલયમાં તપ કરવા ગયો. ત્યાં વૃક્ષ નીચે તપ કરતા સત્યતપા આગળ વિષ્ણુ વરાહનું અને ઈન્દ્ર વ્યાઘ્રનું રૂપ લઈ પરીક્ષા કરવા આવ્યા. સત્યતપા આગળથી વરાહ ઝડપથી નીકળ્યું. એ તેણે જોયું. થોડીવાર પછી ઈન્દ્રે ત્યાં આવી તપ કરતા સત્યતપાને પૂછ્યું, અહીંથી મારો શિકાર નીકળતા જોયો છે ? ઈન્દ્રના હાથમાં ધનુષ્ય-બાણ જોઈ સત્યતપા વિચારવા લાગ્યો કે, હા પાડીશ તો આ હિંસા કરશે અને ના પાડીશ તો હું અસત્ય બોલ્યો કહેવાઈશ. આમ વિચારી છતાં જીવહિંસા બચાવવા ખોટો જવાબ આપ્યો કે, મે વરાહને નથી જોયો. તેથી ઈન્દ્ર અને વિષ્ણુએ પ્રસન્ન થઈ તેને દર્શન આપ્યા. ત્યાં દુર્વાષા આવ્યા, ગુરુ આરૂણી આવ્યા અને કહ્યું તું સિદ્ધ થયો, તું બ્રહ્મ થયો છે. પછી તે સર્વે નર્મદામાં યજ્ઞ તીર્થમાં આવી સ્નાન કરી દુર્વાશા કૈલાશ ગયા અને સત્યતપા પ્રભુના ધામને પામ્યો.

એકવાર અયોધ્યાનો રાજા અજાપાલ વનમાં ગયો. ત્યાં બ્રહ્માના બે માનસપુત્રો બાદરાયણ અને શાકટ રહેતા હતા તેને પગે લાગીને કહ્યું મારા પિતૃઓના ઉદ્ધાર માટે

મારી પાસેથી કંઈક દાન ગ્રહણ કરો. એમ કહીને હાથી અને ધનનું દાન આપી રાજા રાજ્યમાં આવ્યો. બન્ને ઋષિઓએ ધનમાં મોહ પામી તપ તજી દીધું અને ધર્મકર્મ મુકી ભોગમાં આસક્ત થયા. રાજાનું ઘોર પાપવાળું ધન બ્રહ્મ વિના કોઈ પચાવવાને સમર્થ નથી. તે બન્ને મરીને સંગદોષથી કૂતરાના જન્મને પામ્યા તેથી બ્રહ્મા પાસે જઈને કહ્યું, બ્રહ્માએ પ્રાયશ્ચિત માટે નર્મદાના મંડપેશ્વર યજ્ઞ તીર્થમાં સ્નાન કરવાથી તમારી મુક્તિ થશે એમ કહ્યું. તે બન્ને નર્મદામાં નાહીને પાપ રહિત થયા.

પૂર્વે હવીર્ધાન રાજા હતો તે હરિકેશ બ્રાહ્મણ પત્ની પાસે ગયો અને તેની સાથે રજોગુણમાં પ્રવર્ત્યો. બ્રાહ્મણે આ દશ્ય જોઈને કહ્યું, માતા, ગુરુપત્ની, બહેન અને દિકરી સાથે જે મૈથુન કરે તો અગ્નિમાં પ્રવેશ કરે તો પ્રાયશ્ચિત થાય. માટે તમને શાપ આપું છું. તમે બન્ને ગધેડો અને ગધેડી થાવ. પછી બન્નેએ નર્મદા કાંઠે રહેલા અગત્સ્યમુનિને પ્રાર્થના સ્તુતિ કરી કહ્યું, અમારો ઉદ્ધાર કરો. અગત્સ્યમુનિ કહે, તમે નર્મદામાં કાયમ સ્નાન કરી ત્યાં જ વાસ કરજો. તેથી તમારો ઉદ્ધાર થશે. એ રીતે તે બન્ને ત્યાં વાસ કરવાથી સ્નાન કરવાથી ગધેડાના શરીરનો ત્યાગ કરી નારાયણના ધામને પામ્યા. તે હર્વીધામેશ્વર તીર્થ થયેલું છે. એકવાર ત્યાં રાક્ષસો ગાયોને ખાવા માટે આવ્યા ત્યારે બ્રાહ્મણોની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણનારાયણ આવી સુદર્શનચક્રથી રાક્ષસોનો નાશ કર્યો. તે કરમર્દન તીર્થ થયેલું છે. આ કથાશ્રવણથી હજારો ગૌદાનનું ફળ થાય છે.

અધ્યાય - ૫૬૦

❖ રેવાચરૂ - જાલેશ્વર - ઉંકારેશ્વર તીર્થની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નૈમિષારણ્ય ક્ષેત્રમાં હિરણ્યનગરીમાં હિરણ્યબાહું રાજા હતો. તેણે ઋષિઓને પૂછ્યું, યજ્ઞ ક્યાં કરવો જોઈએ ? ઋષિએ કહ્યું, પુષ્કરમાં યજ્ઞ કરવાથી કોટીગણુ ફળ થાય છે. પછી રાજાઓ યજ્ઞ માટે સર્વે સામગ્રી તૈયાર કરી તથા દાન આપવા માટે હાથી, અશ્વ, ગાય, ધન, સંપત્તિ, વસ્ત્ર, આભૂષણો વગેરે લઈને યજ્ઞનો આરંભ કર્યો. પરંતુ બ્રહ્મ વિના કોઈ દેવો ઈશ્વરોને યજ્ઞમાં બ્રાહ્મણોએ બોલાવ્યા નહીં. તેથી યજ્ઞમાં દૈત્યો, રાક્ષસો વિઘ્ન કરવા આવ્યા અને યજ્ઞમંડપને ભાંગી નાખ્યો. રાજા કહે, આ લોભી બ્રાહ્મણોએ સૂર્ય, ચંદ્ર, રુદ્ર વગેરે દેવોને યજ્ઞમાં ન બોલાવ્યા. તેથી વિઘ્ન થયું. તેથી રાજાએ બ્રાહ્મણોને શાપ આપ્યો કે, પાણી વિનાના કાંટાવાળા પ્રદેશમાં તમે બ્રહ્મરાક્ષસ થાવ. બ્રાહ્મણોએ પણ રાજાને શાપ આપ્યો કે, તું ક્ષત્રિય હોવા છતાં યજ્ઞનું રક્ષણ ન કરી શક્યો તેથી તું વનમાં ગધેડો, રાક્ષસ થા. તે હિરણ્યબાહું રાજાની આવી સ્થિતિ જોઈને નારદ ત્યાં આવ્યા. ગધેડારૂપે રહેલા રાજાએ નારદને મોક્ષનું કારણ પૂછ્યું. નારદે કહ્યું, નર્મદામાં સ્નાન કરી નારાયણનું સ્મરણ કરજે. તે રીતે રાજા સ્નાન કરી ગધેડાના જન્મથી મુક્તિ પામ્યો. તે રેવાચરૂતીર્થ થયેલું છે ત્યાં જાલેશ્વરતીર્થ પણ છે.

પૂર્વે બ્રહ્મપુત્ર સુપર્ણઋષિ નર્મદા કાંઠે વાસ કરતા. એકવાર તેના પત્ની ઋતુમાં આવ્યા. પછી પુત્રની માંગણી કરી ત્યાં સુપર્ણ ઋષિએ ઋતુદાન આપી નર્મદામાં સ્નાન કરી જાણતા અજાણતા થયેલા કર્મની ક્ષમા માગી. સમય જતા ઋષિપત્નીને સૂર્ય જેવો તેજસ્વી પુત્ર થયો. પછી સુપર્ણઋષિ અને તેના પત્ની કાંલાતરે પ્રભુની ભક્તિ કરીને પરમપદને પામ્યા.

પૂર્વે ઈન્દ્રદ્યુમ્ન રાજાએ ઋષિઓને પૂછ્યું, યજ્ઞ કરવાનું ઉત્તમ સ્થાન કયું છે ? ઋષિઓ કહે, નીલગંગા, નર્મદામાં ઉત્તરાકાંઠે સાવિત્રીએ તપ કર્યું. તે સ્થાન ઉત્તમ છે પછી ઈન્દ્રદ્યુમ્ન રાજાએ યજ્ઞની સર્વે સામગ્રી હવીષ્યાન્ન અન્ન, ભોજન વગેરે તથા હાથી, અશ્વ, ગાય, વસ્ત્ર, આભૂષણો ધન વગેરે લઈને નર્મદા આવી ત્રીશ યોજનમાં યજ્ઞ મંડપ કરી. બ્રાહ્મણો બોલાવી યજ્ઞમાં વેદ મંત્રોથી હવિષ્યાન્ન હોમવા લાગ્યા. તે યજ્ઞમાં બ્રહ્મા, વિષ્ણુ, શંકર, રુદ્રો અગિયાર, બાર સૂર્યો, વિશ્વ દેવો વસુઓ, લોકપાલો વગેરે તથા સર્વે તિર્થો આવ્યા હતા. સર્વને આહુતિ આપી ભોજનથી તૃપ્ત કર્યાં. પછી ઈન્દ્રદ્યુમ્ન રાજાએ ૐકારેશ્વર મહાદેવની મહાપૂજા કરી. બ્રાહ્મણોને અનેક પ્રકારના દાન આપ્યા. શંકર પ્રસન્ન થઈ રાજાને કહે, વરદાન માંગ. રાજા કહે, તમે અહીં નર્મદામાં લીંગરૂપે સદા વાસ કરી મરેલાનો મોક્ષ કરો. શંકર કહે, તથાસ્તું.

પછી ઈન્દ્રદ્યુમ્ન રાજાએ શ્રીહરિની પૂજા કરી સ્તુતિ કરી કે, હે ગોવિંદ, હે માધવ, હે કંભરાગોપાલ બાલ, હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ, હે પુરુષોત્તમનારાયણ, હે પાર્વતી, હે પ્રભામાણિકીપતિ, હે લક્ષ્મીનારાયણ, હે હંસા જયાનાથ તમને નમસ્કાર. હે અક્ષરેશ, મુક્તેશ અનેક અવતારોને ધારણ કરનારા, બ્રહ્મવ્રતવાળા તમને નમસ્કાર. સાધુ સ્વરૂપ ધારણ કરનારા, અર્ધનારી સ્વરૂપ કર્મફળને આપનારા આનંદના ખજાના રૂપે રહેલા તમને નમસ્કાર. દેશ્ય-અદેશ્યરૂપે રહેલા જ્ઞાન આપનારા, દુ:ખ ટાળનારા. હે પ્રભુ, તમારા ચરણમાં સદાવાસ આપો. ઈન્દ્રદ્યુમ્ન રાજાની સ્તુતિ સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ કહે : રાજા, વરદાન માંગ. ઈન્દ્રદ્યુમ્ન રાજા કહે, અહીં ૐકારેશ્વર તીર્થમાં સદાવાસ કરો, અને અહીં તીર્થમાં આવતા દર્શન કરતા દેહધારીઓનો મોક્ષ કરો. શ્રીહરિ કહે, તથાસ્તુ. એમ કહીને રેવા નદીને કહ્યું અહીં તું સાત પ્રવાહ વાળી થા અને સર્વ જીવનો મોક્ષ કર. તે રીતે રેવા નર્મદા સાત પ્રવાહરૂપે જીવોને સર્વ તિર્થોમયી થઈને મોક્ષ આપનારી થઈ. પછી ઈન્દ્રદ્યુમ્ન રાજા બ્રહ્મા, વિષ્ણુ, શંકર વગેરે સર્વે દેવોને નમસ્કાર કરી પોતાના રાજયમાં ગયો. શંકર કહે, પાર્વતી આ અધ્યાયની જે કથા કહેશે, સાંભળશે તે હજાર ગાયના દાનના ફળને પામશે.

અધ્યાય - ૫૬૧

❖ અમરકંટક તીર્થ અને વ્યાઘ્રેશ્વર તીર્થની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, વસુદાન રાજા ઋક્ષ પર્વતમાં યજ્ઞ કરતો હતો, ત્યાં યજ્ઞમાં વિઘ્ન કરવા અસુરો આવ્યા. તેથી રાજાએ રેવા નદી કાંઠે યજ્ઞ કર્યો અને લાખો ગાયોના દાન આપ્યા. તે ગાયોના મુત્રનો પ્રવાહ નર્મદામાં ભળી ગયો. તેથી ત્યાં કપીલા, નર્મદા સંગમતીર્થ થયું છે. યજ્ઞથી, દાનથી, પ્રસન્ન થયેલા વિષ્ણુ રાજાને કહે, અહીં કપીલાતીર્થમાં જે સ્નાન કરશે તેને નારાયણ અને શંકરના દર્શન થશે. અંતે પરમપદને પામશે.

મથુરાનો રાજા વિશ્રવા તીર્થ કરતો નર્મદામાં અમરકંટક તીર્થમાં આવ્યો. ત્યાં સ્નાન કરીને ધ્યાન કરવા બેઠો ત્યાં અગ્નિ જેવા બે સૂર્ય જોયા તે ભૂમીને બાળવા લાગ્યા. રાજા ધ્યાનમાંથી જાગી પાણી પીવા ગયો ત્યાં પાણી ન મળે. રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને સંભાર્યા એટલે એક વૃક્ષ નીચે તેજસ્વી સુતેલી મૂર્તિ જોઈ તેની પાસે ચાર પાણીના ભરેલા ઘડા જોયા. એક સ્ત્રી છુટા કેશવાળી કેડ્યે બાલીકાને તેડીને ઉભેલી જોઈ. તે સ્ત્રીએ રાજાને કહ્યું, આ પાણી પીને તૃષા છીપાવ. હું પૃથ્વી છું. આ મારો બાળક બ્રહ્મા છે. આ બાલીકા નર્મદા છે. આ વડકલ્પ વૃક્ષ છે. આ ચાર ઘડાઓ સાગરો છે. સૂતેલા તે શંકર છે. ઉભા તે વિષ્ણુ છે. રાજાએ પાણી પીધું ત્યાં તો સર્વે અદૃશ્ય થયા. એ રીતે નર્મદામાં શંકર, વિષ્ણુ, બ્રહ્મા તીર્થરૂપે સદાવાસ કરે છે.

પૂર્વે બભ્રુરાજાએ પિતૃશ્રાદ્ધમાં ભારદ્વાજ વગેરે ઋષિઓ અને વિપ્રોને ભોજન કરવા બોલાવ્યા. ભોજનમાં સાત્વીક, રાજસી સાથે તામસી ભોજન માંસ વગેરે પીરસ્યું. એટલે ભારદ્વાજ ઋષિએ કહ્યું : રાજા, આ તામસી ભોજન અમને પીરસ્યું, અભક્ષ્ય અમને ખાવા આપ્યું માટે તમે રાજા-રાણી હિંસક વાઘ વાઘણ થાવ. રાજપત્ની પતિવ્રતા સુઘમા કહે, મને વગર વાંકે શાપ આપ્યો છે તેથી તમે બ્રાહ્મણો મરૂદેશમાં રાક્ષસો થાવ. ભારદ્વાજ ઋષિએ બ્રહ્મા પાસે જઈને કહ્યું. બ્રહ્મા કહે, વેદમાં કહેલું હોય પણ લોકમાન્ય ન હોય તો તે કર્મ ન કરવું. વેદમાં કહેલું હોય પણ લોકમાન્ય હોય તે કરવું. પછી બ્રહ્માએ કહ્યું, પ્રાયશ્ચિત માટે નર્મદા કાંઠે માર્કન્ડેય મુનિ પાસે જાવ. સર્વે માર્કન્ડેય મુનિ પાસે આવ્યા. મુનિએ સર્વને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને સ્વાહા" એ મંત્ર આપ્યો અને કહ્યું કે, એક માસ સુધી આ મંત્રનો જપ કરી સ્નાન કરી પાણી પીજો. એ રીતે કરવાથી સર્વ બ્રાહ્મણો રાજા-રાણીના શાપરહિત અને શ્રીહરિના દિવ્ય વિમાનમાં બેસી ધામમાં ગયા. ત્યાં નર્મદામાં વ્યાઘ્રેશ્વર તીર્થ થયેલું છે.

અધ્યાય - ૫૬૨

❖ ગૌદાન તેમજ અન્ન-જલના દાનનો મહિમા ❖

લક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ, ગૌદાનનું પુણ્ય, મહત્વ અને વિધિ શું ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે વિનીતાશ્વરાજા યજ્ઞ કરી બહું દાન આપતો. સુવર્ણ, ભવન, ગાયોના દાન આપતો, પણ અન્નજલને તુચ્છ માની દાન ન આપતો. રાજા ગંગા કાંઠે મરણ પામ્યો ત્યારે સ્વર્ગમાં ગયો. બ્રાહ્મણે તેના શરીરને ગંગા કાંઠે દાટી દીધું. અન્ન, જલનું દાન નહીં આપવાથી તે રાજાને સ્વર્ગમાં ક્યાંય ખાવા ન મળ્યું તેથી પોતાના દાટેલા શરીરને ચાટવા રોજ આવતો. પુરોહિત જોઈને કહે : રાજા, તમે સર્વદાન આપ્યા પણ અન્ન, જલ તુચ્છ માની દાન ન આપ્યા. એટલે તમને સ્વર્ગમાં તે મળ્યું નહીં. પછી રાજાએ પોતાના વંશજને અન્ન, જલ, રસ, દૂધ, દહીં, મધ, સાકર, મીઠું, તલ, ગોળ, શેરડી, ડાંગર વગેરે સર્વદાન આપવાનું કહ્યું. તેના વંશોએ સર્વે રસ અન્નના દાન આપવાથી રાજાને સર્વ પ્રાપ્ત થયું.

વસ્ત્ર અલંકારોથી શણગારેલી ગાયને દાનમાં આપવાથી જીવાત્મા સાઠ હજાર વર્ષ સ્વર્ગમાં વાસ કરે છે. કપિલા ગાયનું દાન કરવાથી હજારો ગૌદાનનું ફળ થાય છે. તેને એક પ્રદક્ષિણા કરવાથી પૃથ્વીની પ્રદક્ષિણા થાય છે, પૃથ્વીનો પ્રલય થાય ત્યાં સુધી સ્વર્ગસુખ મેળવે છે અને દશ જન્મોના પાપ નાશ થાય છે. સુવર્ણ, કપિલા, ગૌરકપીલા, રક્તાક્ષી, ગુડપીંગલા, બહુંવાર્ણશ્વેત, પીંગલા, પાટલા અને પુરછ પીંગલા. આ દશ પ્રકારની કપિલા ગાયો કહેવાય છે. તેનું ઘી, દૂધ, દહીં યજ્ઞ માટે ઉત્તમ છે. આથી કપીલા ઉભય મુખી વીયાનીનું ગૌદાન કરવાથી અનંત કલ્પ સુધી સ્વર્ગમાં વાસ મળે છે, પછી વૈકુંઠમાં વાસ મળે છે. ગૌદાન કરનારે માઘ સુદી બારસ અથવા કાર્તિક સુધી બારશને પુનમે દાન કરવું, દાનને દિવસે દૂધ પીને રહેવું. અથવા પાણી પીને રહેવું. દાન સુપાત્ર ભક્તિવાળા બ્રાહ્મણ અથવા ગુરુને આપવું તેથી પૃથ્વી દાન ફળતુલ્ય થાય છે.

અધ્યાય - ૫૬૩

❖ ચંદ્રસેન, ધુંધુમાર અને ભરતરાજા તેમજ દુવાર્સા ઋષિની કથા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નર્મદામાં ઉૅંકારેશ્વર પાસે કોટી તીર્થમાં ચણોઠીભાર સોનાનું દાન કરનારો હજારો યુગ સુધી સ્વર્ગમાં વાસ કરે છે. પૂર્વે ચંદ્રસેન રાજા ધર્મકર્મથી રહિત હતો. દારૂ માંસનું સેવન કરતો. એકવાર વનમાં ગયો. ત્યાં શાંડીલ્ય ઋષિની પત્ની પાસે ગયો અને કહ્યું, તું રાજ્યમાં આવીને રાજ્યભોગ ભોગવ. ઋષિપત્ની કહે, રાજા હું રજસ્વલા છું તું મારો સ્પર્શ કરીશ તો ચાંડાલપણાને પામીશ. તો પણ રાજાએ ઋષિપત્નીનો સ્પર્શ કર્યો. તરત રાજા કાળાવર્ણનો ચાંડાલ જેવો થઈ ગયો. રાજ્યમાં આવ્યો. સર્વે પ્રજાને

નિંદાપાત્ર થયો. પછી વશિષ્ઠઋષિ કહે, તું ઋષિદંપતી પાસે જઈ ક્ષમા માંગ. રાજા ઋષિ પાસે જઈ ક્ષમા માંગી અને ત્યાં રહેલા ચંડેશ્વર હરિની પૂજા કરી અને નિષ્પાપ થયો. પૂર્વે દુર્વાષા તીર્થ કરતા ગયામાં પિંડદાન કર્યું તો પણ પિતૃઓને ન જોયા. તેથી નર્મદામાં આવી એરંડમુનિ તપ કરતા હતા તેને સાથે લઈ પિંડદાન કર્યું. તરત પિતુઓ આવ્યા અને બ્રહ્માએ આપેલા પાણીથી દુર્વાષા અને એરંડમુનિએ સ્નાન કર્યું. તે પિતૃઓનો ઉદ્ધાર કરનારું એરંડીતીર્થ થયેલું છે.

પૂર્વે ભરત રાજાએ યજ્ઞ કર્યો. અસુરો વિઘ્ન કરવા આવ્યા. ભરતે બાણથી અસુરોનો નાશ કરી નદીમાં બે પ્રવાહ કર્યા. શલ્પા, વિશલ્પા. તે બંનેને બૃહસ્પતિ એ અસુરોના નાશ માટે યજ્ઞ કરવા બ્રહ્માએ કહ્યું. બ્રહ્માએ ત્યાં યજ્ઞ કર્યો. ત્યાં શંકર સ્વયં પ્રગટ થયા તેથી અસુરો ભાગી ગયા અને દેવો નિર્ભય થયા. પૂર્વે ધુંધુમારરાજા કોટિ તીર્થમાં આવ્યો. ત્યાં વરાહને જોયો. રાજા વરાહને મારવા ગયો ત્યાં વરાહે પાણીમાં પડીને દિવ્યદેહ ધારણ કર્યો. રાજાએ પૂછ્યું, તું કોણ છો ? તેણે કહ્યું, હું શંકરનો ગણ છું. ઉર્વશીને જોઈને મોહ પામ્યો. તેથી નંદીએ મને શાપ આપ્યો કે, તું વરાહ થઈને અને કોટી તીર્થમાં સ્નાન કરીશ પછી તારી મુક્તિ થશે. તેથી હું અહીં સ્નાન કરી દિવ્ય દેહને પામ્યો છું.

અધ્યાય - ૫૬૪

❖ ગૃહસ્થો કેવા કર્મો કરવાથી ભુક્તિ, મુક્તિ અને ધામને પામે ? ❖

શ્રી લક્ષ્મીએ પૂછ્યું : ગૃહસ્થો કેવા કર્મો કરવાથી ભુક્તિ અને મુક્તિ પામે ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, સર્વે માયાના દોષથી મુક્ત જો મારામાં મન રાખે અને અહંતા, મમતા તજી સર્વ મને અર્પણ કરે તથા આઠમ, બારસ, ચૌદશ, અમાસ વ્રત્તને દિવસે મૈથુનનો ત્યાગ કરે અને રાગદ્વેષથી રહિત મારામાં ભક્તિવાળો મારી પૂજા કરી મારા ધામને પામે છે.

શ્રીલક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ તમારી પૂજા ક્યારે કેવી રીતે કરવી ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, દાનથી કે યજ્ઞથી હું પ્રસન્ન થતો નથી. હું તો પ્રેમભક્તિથી વશ થાઉં છું. જે નરનારી બીજે ક્યાંય પણ ચિત્ત નહીં રાખીને રાત્રે, દિવસે મને સંભારે છે. સવારે, બપોરે, સાંજે, અર્ધરાત્રિએ પણ જે મારામાં ચિતને રાખે છે તેથી હું સંતોષ પામું છું. જમવામાં, પ્રવૃત્તિમાં, સૂવામાં, બેસવામાં, સર્વક્રિયામાં, મને સાથે રાખે છે તે ભક્ત મારી સાથે છે અને હું તે ભક્ત સાથે છું. એવો મારો ભક્ત જે માંગે તે હું આપું છું. જલાહાર, રસાહાર, અન્નાહાર, ફલાહાર સર્વ મને અર્પણ કરીને જમનારો મારી ભક્તિ પરાયણ, ધર્મ, કર્મ કરનારો, શાસ્ત્રને અનુસારે ચાલનારો, જીતેન્દ્રીય એવો મારો ભક્ત મારા ધામને પામીને મારા ભોગને ભોગવે છે. આવું બ્રહ્મ કર્મ કરનારો બ્રાહ્મણ પણ મને પામે છે. દાનમાં શુરવીર ક્ષત્રિય ભક્ત મને પામે છે. લાભ-અલાભમાં સમાન માનનારો વૈશ્ય ભક્ત પણ મને પામે છે. ગુરુ પૂજન કરતા દંપતી,

ભક્તો પણ મને પામે છે. એ રીતે મારે માટે જ નિષ્કામ કર્મ કરતા ગૃહસ્થો ભક્તિ મુક્તિ પામે છે.

અધ્યાય - ૫૬૫

❖ આત્મનિવેદી ભક્તો માટે શ્રીહરિની પૂજાવિધિનું વર્ણન ❖

શ્રીનારાયણ કહે : શ્રીહરિના અનન્ય આત્મનિવેદી ભક્ત તેણે સવારે, બપોરે અને સાંજે ષોડ્શોપચારથી શ્રીહરિનું પૂજન કરવું. પ્રભુને સ્નાન વસ્ત્ર આભૂષણો ભોજનપાન, મુખવાસ, પુષ્પાંજલી, આરતી, દંડવત્, નમસ્કાર કરી ક્ષમા પ્રાર્થના કરવી. શિયાળામાં ગરમ પાણીથી સ્નાન કરાવી ઉનના વસ્ત્રો પહેરાવવા. ઉનાળામાં ઠંડા પાણીએ સ્નાન કરાવી સુક્ષ્મ વસ્ત્રો પહેરાવવા. ઋતુ પ્રમાણે ફળ ફૂલ ભોજન આપવા, ઉનાળામાં સુગંધી ચંદન, સાકરીયા, સરબત વગેરે આપવા. અત્તર, તેલ, ફૂલેલ સુગંધીમાન આપવા. ધૂપ-દીપ કરી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી તથા પ્રભુને કોમળ શય્યામાં, ગાદલું, ઓછાડ, રજાઈ, ઓશિકા વગેરે અર્પણ કરવા તથા શ્રીહરિની ડાબી બાજુ જયા, લલિતા, રાધા, લક્ષ્મી, શ્રી શિવા, માણકી, પ્રભા, પાર્વતી, હંસા, મંજુલા, શાંતા, મંછા, સરસ્વતી, દુર્ગા, ગંગા, કમલા, સાવિત્રી, વીરજા વગેરે ભગવાનની પત્નીઓના આસનો કલ્પવા.

પ્રભુને લાલ વસ્ત્ર ધરાવવાથી સંપત્તિ પ્રાપ્ત થાય છે. પીળું વસ્ત્ર ધરાવવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ભગવાનને શ્વેત વસ્ત્રો ધરાવવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. નીલ વસ્ત્રો ન ધરાવવા. વસંતમાં શ્વેત, ફાગણમાં કેશરી, અષાઢમાં કસુંબલ, આસોમાં જરીના વસ્ત્રો ધરાવવા. નિત્ય નવા વર્ણના વસ્ત્ર ધરાવવા. ઉત્સવમાં ચિત્રવિચિત્ર રંગના વસ્ત્ર ધરાવવા તથા નૈવેધમાં દૂધ, દહી, ઘી, મધ, સાકર, ગોળ, મધ વગેરે રસો ધરાવવા તથા સર્વ ફળો, સર્વ શાક, ચીભડા, કાકડી, વગેરે ધરાવવાં તથા શ્રીખંડ, દૂધપાક, બાસુંદી, સર્વ મિષ્ટાન્નો, સર્વ ફરસાણ, સર્વ અથાણા, પાપડ વગેરે નૈવધ ધરીને પ્રભુને પ્રેમથી પ્રાર્થના કરવી. હે પ્રભુ, તમે પ્રેમથી આરોગો, ઈચ્છા પ્રમાણે જમો. પછી પ્રભુને મુખવાસ આપવો. પછી પગચંપી કરવી.

અશુદ્ધ શરીરથી ભગવાને ન અડવું. મંદિરમાં મુંગે મોઢે જવું. અશુદ્ધ વસ્તુનો સ્પર્શ ન કરવો. મંદિરમાં અપશબ્દો બોલવા નહિં. ગ્રામ્ય વાર્તા કરવી નહીં. પ્રભુને પીઠ બતાવવી નહિં. અશુદ્ધ વસ્ત્ર પહેરવા નહિં. અશુદ્ધ હાથે ભગવાનને અડવું નહીં. સમય વિના પ્રભુને જગાડવા નહીં. રાજા શ્રીમંત માટે પણ કુસમયે જગાડવા નહીં. પડદો આડો રાખ્યા વિના વસ્ત્ર, આભૂષણો, પુષ્પમાળા વગેરે ધરાવવા નહીં. આવી રીતની ભક્તિ કરનારા મર્યાદા પાળનારા મારા આત્મનિવેદી ભક્તો ત્યાગી હોય કે ગૃહસ્થો હોય તો દેહ મુકીને વૈકુંઠ, ગૌલોક, અક્ષરધામ અને પરમધામમાં જાય છે. એવા ભક્તોનું અકસ્માત મૃત્યુ થવાથી પણ

મારી દીક્ષાવાળા મારામાં ચિતવાળા ભક્તો મારા ધામમાં લક્ષ્મી અને વિષ્ણુ સમાન થાય છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, અક્ષરધામમાં સીમ પ્રદેશમાં અસંખ્ય ગોલોકાદિ ધામો છે. તેમાં મારા ભક્તો દિવ્ય ભોગને ભોગવે છે તેમાંથી વિરામ પામીને પછી પરમધામમાં જાય છે અને મારી મૂર્તિને સુખે સુખીયા થાય છે.

અધ્યાય - ૫૬૬

❖ કોણ સુખી રહે ? - કોણ દુઃખી રહે ? - કોણ પ્રભુને પામે ? ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જે જનોને મારી ભક્તિ નથી, તેને દુઃખો આવે છે અને જે સુખ થાય છે તે મારા યોગથી ભક્તિથી થાય છે. અનેક આશાથી ઘેરાયેલો અસંતોષી, અતિ તૃષ્ણાવાળો, ઉદ્વેગ અને કલેશ કરનારો તેને દુઃખ આવે છે. ધર્મથી રહિત હોય, અપવિત્ર આત્મા હોય, દયા દાનથી રહિત હોય તેને દુઃખ આવે છે. બીજાને છેતરનારો, દુઃખ આપનારો, મારી પૂજા સેવાથી રહિત હોય તેને દુઃખ આવે છે. નાસ્તિક, પુર્નજન્મને નહીં માનનારો, સર્વભક્ષી, સર્વ વસ્તુ વેચનારો, અતિથિને આપ્યા વિના ખાનારો, તે દુઃખ પામે છે. સારા કુટુંબમાં જન્મ પામી સર્વ સાધન સંપન્ન હોવા છતાં પ્રભુની ભક્તિ ન કરે તે દુઃખ ભોગવે છે. સ્વાર્થી વૃત્તિ રાખે. શાશ્વત સુખ મેળવે તેનો મનુષ્ય જન્મ વૃથા છે.

મને નૈવેધ અર્પણ કરી પ્રસાદ જમનારો, ત્રણવાર મારા દર્શન કરનારો તે સુખ અને શાંતિ મેળવે છે. મહિનામાં એકવાર સાધુ, બ્રાહ્મણ, પિતૃઓને તૃપ્ત કરે છે. તે સદા સુખી રહે છે. મોહરહિત, કામનાહિન, ચિંતાત્મા, સુવર્ણને લોઢાની સમાન દેખનારો તે સુખી થાય છે. દ્રવ્યની ચિંતા નહીં કરનારો, વ્યસનરહિત, રોગરહિત તે સુખ ભોગવે છે. શ્રીહરિનું ચિંતન કરનારો સદાય સુખિયો રહે છે. બીજાનું પોષણ કરનારો, થોડું ખાનારો, સહજ ભજન કરનારો, સકામ હોય કે નિષ્કામ મંદિરમાં વાસ કરનારો, સદા સુખી રહે છે. માતા, પિતા, પત્ની, ગુરુ બાળકોને દેવ સમાન માનનારો, જ્ઞાની વિવેકવાળો, ધીરજવાળો, નિસ્પૃહ એવા નર-નારી સદા સુખી રહે છે. શિયાળો, ઉનાળો, ચોમાસાની ઋતુમાં ભૂખ-તરસને સહન કરનારો, ભક્તિ રૂપી ધનવાળો, આળસરહિત તેઓ આત્માનું સુખ પામે છે. સત્ય વાણી બોલનારો, બ્રહ્મચર્ય પરાયણ રહેનારો, પોતાની પત્નીમાં સંતોષ માનનારો, પવિત્ર આત્મા સદા સુખી રહે છે.

સંત ભક્તોની સેવાપરાયણ આવા મારા ભક્તો ફરી ક્યારે પણ ગર્ભવાસમાં આવતા નથી. વૃથા વાદ વિવાદ ન કરવો. શઠ પણુ ન કરવું. ધર્મકર્મની નિંદા ન કરવી. કામ, ક્રોધ લોભને જીતનારા પુરુષો તે મને જ પામે છે. દેવ અતિથિ ગુરુ ગાયને માનનારા, તીર્થયાત્રા કરનારા તે મને પામે છે. સાધુ-સાધ્વીનું પુજન કરનારા, અનાથોનું પાલન કરનારા, ક્રોધ

પામેલા ગુરુને પણ પ્રસન્ન કરનારા, પતિવ્રતા સ્ત્રીનું પાલન કરનારા, ગુરુ ભક્ત તે મને જ પામે છે. સર્વ ભૂતપ્રાણીમાત્ર પર દયા રાખનારા, બીજાના ધામની ઇચ્છા નહીં રાખનારા, આવા મારા ભક્તો મને જ પામે છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, આ તને મેં મારું રહસ્યજ્ઞાન કહ્યું. આ જ્ઞાન દેવતાઓ પણ મેળવી શકતા નથી. આ રહસ્યજ્ઞાન શંકરે પાર્વતીને ઋક્ષ પર્વતમાં કહ્યું હતું.

અધ્યાય - ૫૬૭

❖ તીર્થમાં મૃત્યુ પામનાર જીવાત્મા મોક્ષને પામે છે ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તીર્થમાં કોઈનું મરણ થયું હોય તો તે વિષ્ણુલોકને પામે છે. પૂર્વે એક માછીમાર કોકામુખ તીર્થમાં માછલા મારતો. તેમાં એક માછલું છટકી ગયું. તેને બાજ પક્ષીએ પકડીને મારી નાખ્યું. તેનું મરણ કોકામુખ તીર્થમાં થયું. તેથી બીજે જન્મે રાજકુમાર થયો. માછીમારની પત્ની માંસ વેચતી. તે માંસનો કટકો ખાવા સમડી આવી. માછીમારની પત્નીએ લાકડી સમડીને માથામાં મારી તેથી મરીને બીજે જન્મે રાજકન્યા થઈ. બંનેને પૂર્વજન્મની સ્મૃતિ હોવાથી કોકામુખ તીર્થમાં આવ્યા. ત્યાં પ્રભુના દર્શન કરી અનેક પ્રકારના દાન આપી રાજ્યમાં આવ્યા. અંતે શ્વેતદ્વિપ ધામમાં તીર્થના દર્શન કરી સ્નાન કરી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળીને ભક્તિ પરાયણ થઈને ભગવાનના ધામમાં ગઈ.

અધ્યાય - ૫૬૮

❖ હવલશ્વ રાજા - મુચકુંદ રાજા અને શશાંક રાજાની કથા ❖

પૂર્વે હવલશ્વ રાજાએ અનેક યજ્ઞો કરી અનેક તિર્થો કર્યા પણ નર્મદા તીર્થમાં ન ગયો. એકવાર તેણે સૂર્યગ્રહણમાં કુરુક્ષેત્રમાં જઈને હજારો લાખો હાથી, ઘોડા, સુવર્ણના દાન આપ્યા. પોતાની પાસે હતું તે સર્વે દાનમાં આપી રાજ્યમાં આવ્યો. તે સમયે મુચકુંદ રાજા સૂર્યગ્રહણમાં નર્મદાના ઓમકાલેશ્વર તીર્થમાં આવ્યો. તે મહાવૈષ્ણવ ભક્ત હતો. તેણે નર્મદામાં સ્નાન કરી બ્રાહ્મણોને અનેક પ્રકારના દાન આપ્યા. સમય ગયા પછી બન્ને રાજા કૃપલપાશ્વ અને મુચકુંદ રાજા વિમાનમાં બેસી સ્વર્ગમાં જતા હતા. હવલશ્વ રાજાએ મુચકુંદ રાજાનું વિમાન ઉંચુ જોઈને પૂછ્યું, તમે કયા પુણ્યે સ્વર્ગમાં જાવ છો ? ત્યાં મુચકુંદ કહે : હું નર્મદામાં ૐકારેશ્વર, અમરકટક, કપીલાશ્વર વગેરે તીર્થમાં સ્નાન કરી અને વિષ્ણુ ભગવાનના લોકમાં જાઉં છું. યમપુરીમાં રહેલા પાપી જીવો પણ શ્રીહરિનું સ્મરણ કરતા નર્મદા, નર્મદા નામનો ઉચ્ચાર કરે તો તેનો પણ ઉદ્ધાર થાય છે અને યમના દૂતોથી મુક્તિ થાય છે.

તીર્થમાં ગૌદાન, સુવર્ણદાન, તલદાન, અન્નદાન, રસદાન શક્તિ પ્રમાણે સર્વે પ્રકારના દાન આપે છે તે ક્યારેય પણ યમપુરીમાં જતો નથી. ભગવાનના ભક્તો ક્યારેય પણ યમલોકમાં જતા નથી. નરનારીઓને યૌવન અવસ્થા પ્રિય છે પણ જ્યારે વૃદ્ધાવસ્થામાં આવે ત્યારે પ્રિયપણું રહેતું નથી. તે વૃદ્ધાવસ્થાથી જ્યાં સુધી પરાભવ પામ્યો નથી. પત્ની, પુત્ર, બાંધવોથી પરાભવ પામ્યો નથી. ત્યાં સુધીમાં ધર્મ, અર્થ, કામ, મનનાં સંકલ્પને ભગવાનની નવધા ભક્તિમાં જોડવા અને મોક્ષ સાધી લેવો. મૃત્યુકાળ ક્ષણે ક્ષણે દેહધારીઓને લઈ જાય છે. તો રોગ મહાકાળને જપ, હોમ, દાનરૂપ વૈદ્યથી શાંતિ પામે છે. સર્પરૂપી રોગથી વિંટાયેલા ધન્વંતરી પણ પોતાની મેળે રોગમુક્ત થવા સમર્થ નથી. તેમ કાળથી ઘેરાયેલો દેહધારી તેનું રક્ષણ કરવા ઔષધ તપ, દાન, મિત્રો, બાંધવો કોઈ સમર્થ નથી. મૃત્યુસમાન દુઃખ નથી, મૃત્યુસમાન શત્રુ નથી, મૃત્યુસમાન કાળ નથી, મૃત્યુ સર્વના દેવતા સુખને કાપી નાખે છે તેથી સર્વ દુઃખને નાશ કરનારા સર્વ સુખને આપનારા અંતર્યામી કંભરાપુત્ર અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ, ભજન કરવું તથા સર્વ તિર્થોમાં ઉત્તમ રેવા, નર્મદામાં સ્નાનદાન કરવા, તે ઉત્તમ છે.

પૂર્વે શશાંક રાજાએ વિયાતિ ગાયનું દાન કર્યું તેથી પૃથ્વીના દાન તુલ્ય ફળ થયું. તે પ્રતાપે વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો. તે સમયે હરિશ્ચંદ્ર રાજા પણ કુરુક્ષેત્રમાં હજારો ગાયોનું દાન કરી વિમાનમાં બેસી સ્વર્ગમાં જતો હતો. તેણે શશાંક રાજાને જોઈને પૂછ્યું, મેં પણ હજારો ગાયોનું દાન કર્યું છે. તો પણ મારું સ્થાન નીચુ કેમ છે ? બ્રહ્મા કહે, આ શશાંક રાજાએ સૂર્યગ્રહણમાં નર્મદાના અમરકટંક તીર્થમાં અનેક યજ્ઞો કરી દાન કર્યાં છે. તે પુણ્ય પ્રતાપે તેને ઉંચુ સ્થાન પ્રાપ્ત થયું છે.

અધ્યાય - ૫૬૯

❖ માયાનું વર્ણન ❖ શ્રીહરિએ સોમશર્મા ઋષિને માયાનું સ્વરૂપ બતાવ્યું ❖

શ્રીલક્ષ્મીએ પૂછ્યું : હે નારાયણ, તમે કુરુક્ષેત્રથી નર્મદાનો મહિમા હજારગણો કહ્યો તથા નર્મદામાં રહેલા અમરકંટક ઊંકારેશ્વર વગેરે તિર્થોનો મહિમા વિશેષ કહ્યો તેનું કારણ શું ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ક્ષીરસમુદ્રમાં મારી સેવા કરનારી પત્ની રેવાને સાત કલ્પથી પૃથ્વી પર થયેલા મારા અવતારના યોગને પામીને નર્મદા નામ ધારણ કરી અનેક ઋષિમુનિઓને સુખ આપવા અનેક મુમુક્ષુઓના કલ્યાણ માટે મેં તેને પૃથ્વી પર રાખી છે અને તેમાં મારા અનેક તિર્થો થયેલા છે. તેથી કુરુક્ષેત્રથી હજારગણો નર્મદા તીર્થનો મહિમા છે. તે મારા વિના કોઈ જાણી શકતું નથી.

મારી માયાથી સર્વે નિર્માણ થયેલું છે. તેમાં પ્રવેશ કરીને હું સર્વે કામ કરું છું. ચંદ્ર એક પક્ષમાં વધે છે, એક પક્ષમાં ઘટે છે. તે પણ મારી માયા. મારી માયાથી જ પૃથ્વી,

જળ, તેજ, વાયુ, આકાશ વગેરે પંચ મહાભૂતની રચના થયેલી છે. શુક્ર અને રોહી જુદા જુદા શરીરમાં હોવા છતા બન્નેના યોગથી જ ગર્ભ રહે છે. તે મારી માયા. ગર્ભમાં જીવ પ્રવેશ કરીને સુખ દુઃખને પ્રાપ્ત કરે છે. શરીર વિના આત્માને સુખ-દુઃખ નથી. બીજ, અંકુર, પત્ર ફળ વગેરે સર્વે મેજ માયાથી નિર્માણ કરેલ છે. શરીરના પરસેવાથી માંકડ, માથામાં લીખ વગેરે થાય છે તથા વીર્યથી પુત્ર થાય છે. તેમાં મારા પણાની જ ભાવના તે મારી માયાને કોઈ જાણી શકતું નથી. સર્વે કીડા લોહી પીનારા છે. ગર્ભમાં જીવ લોહી પીનારો, પછી માતાના ખોળામાં દૂધ પીનારો, બાંધી અવસ્થામાં દ્રવ્ય પીનારો, યુવાનમાં સંપત્તિ પીનારો એ સર્વે મારી માયા છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નરનારીમાં પરસ્પર પ્રીતિ તેજ મારી માયા છે. હું સર્વ દેવો ઈશ્વરોરૂપે રહીને પ્રકાશ કરું છું. લોકો જાણે સૂર્ય સર્વને પ્રકાશ કરે છે. પરંતુ સૂર્યમાં રહીને હું જ સર્વ કાર્ય કરું છું. હે લક્ષ્મી, તું પણ મારી માયારૂપે રહેલી સ્ત્રી છો, તે પુરુષરૂપ થતી નથી છતાં પુરુષરૂપે પણ મારી માયા શક્તિ રહેલી છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર પણ મારી માયાને જાણી શકતા નથી. પૂર્વે સોમશર્મા ઋષિ મારી અતિશય ભક્તિ કરતો તેથી હું પ્રસન્ન થયો અને વરદાન માંગવા કહ્યું કે ધન, સંપત્તિ, રાજ્ય, સ્વર્ગ, ભોગ જે જોઈએ તે માંગ. સોમશર્મા કહે : પ્રભુ, તમે કહ્યું તે સર્વે મને મળી ગયું પણ તમારી માયા સત્ય છે, કે મિથ્યા છે તે બતાવો. શ્રીહરિ કહે, ભક્ત તારે માયાને જોઈને શું કરવી છે ? ભક્તિ કરીને સુખ પ્રાપ્ત કર. તો પણ તે સોમશર્મા ભક્તને માયા જોવાની ઈચ્છા થઈ. મેં કહ્યું, ગંગાતીરે જા ત્યાં તને સર્વે દેખાશે. તે ભક્ત સવારમાં ગયો. કથા, કમંડલુ, લાકડી, વસ્ત્ર, ગંગાકાંઠે મુકી સ્નાન માટે ગંગામાં ડુબકી મારી નીકળ્યો ત્યાં સગર્ભા ભીલડીને ત્યાં ગયો અને પસ્તાવો કરવા લાગ્યો કે, અરે મારા તપ, કર્મફળ જીવને ધિક્કાર છે. ક્યાં ગંગાજલ, ક્યાં મૂત્રક્યારો. પણ હવે બોલીને રોઈને શું કરવું. દસમે માસે પુત્રી રૂપે જન્મ થયો. યુવતી થઈ. તેને માછીમાર સાથે પરણાવી. હિંસા કરી. માંસ ખાધું, ન પીવાનું પીધું. છોકરા, સાત કન્યા થઈ. પછી પચાસ વર્ષની ઉંમરે એકવાર કપડાં ધોવા નદીએ ગઈ. કપડાં ધોઈને પાણીમાં સ્નાન કરવા માટે ડૂબકી મારી ત્યાં તો પોતાને સોમશર્મા ઋષિરૂપે જોયો. સવારે પોતે મુકેલા લાકડી, લોટો, વસ્ત્રને જોઈને થયું હજું બે પહોર પણ થયા નથી. આ શું ? આશ્ચર્ય થયું. વિચારવા લાગ્યો. અરે અભક્ષ્ય ખાધુ. અપેય પીધું. અપવિત્ર રહ્યો. જપ, તપ, કર્મ હીન થયો. ત્યાં ભીલ અને તેના બાળકો આવ્યા. બાળકો રોતા રોતા કહે, મારી મા ક્યાં ? ભીલ ઋષિને કહે, તમે મારી પત્નીને જોઈ હોય તો બતાવો. સોમશર્મા ભીલને કહે, હજુ સુધી અહીં શું કરો છો ? સોમશર્માએ વિચાર્યુ, તે સર્વે ભગવાનની માયા હતી. અહીં તો તારી પત્ની નથી. પણ હું પોતે તારી પત્નીરૂપે થઈ હતી. પછી બપોરે સર્વ બ્રાહ્મણો સ્નાન કરવા આવ્યા. ત્યારે સોમશર્માને પૂછ્યું, હજુ સુધી અહીં શું કરો છો ?

સોમશર્મા નિષ્કપટ ભાવે કહે, મેં પ્રભુને માયા દેખાડવાનું કહ્યું હતું. તે મને બે પહોરમાં, પચાસ વર્ષની માયા બતાવી. ત્યાં પ્રભુ આવ્યા. સોમશર્મા પ્રભુને પગે પડી રોવા લાગ્યો. પ્રભુ કહે, તે બહુ આગ્રહ કર્યો. એટલે તને માયાનું સ્વરૂપ દેખાડ્યું. હવે શ્વેતદ્વીપમાં જઈ મારી મૂર્તિને સુખે સુખીયો થા. એમ કહીને પ્રભુ સોમશર્માને ધામમાં લઈ ગયા.

અધ્યાય - ૫૭૦

❖ હરિદ્વારના કુલ્જામ્ર તીર્થમાં સ્નાન-દાનથી કૌશલ દેશના રાજા-રાણીની મુક્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે મારા ભક્ત રૈભ્યઋષિએ ગંગા નદીમાં પાણીમાં તળીયે બેસી પાણી પીને હજારો વર્ષ તપ કર્યું. પછી આંબાના વૃક્ષ નીચે બેસી શ્રીકૃષ્ણનારાયણનો જપ કર્યો. તેથી હું પ્રસન્ન થઈ તેને દર્શન દેવા ગયો. રૈભ્યઋષિ દંડવત કરી પગે લાગી પ્રભુને કહે, હે પ્રભુ તમે અહીં સદાવાસ કરો. રૈભ્ય ઋષિની પ્રાર્થના સાંભળી પ્રભુ કહે, તથાસ્તું. હે લક્ષ્મી, તે હરિદ્વારમાં ગંગા કાંઠે કુલ્જામ્રતીર્થમાં હું પુંડરીકાક્ષ નામથી વાસ કરું છું. ત્યાં મંદિરમાં રૈભ્યઋષિ પ્રભુની પૂજા કરતા હતા. એકવાર એક નાગણી મંદિરમાં આવી પ્રસાદી જમતી અને ત્યાં રહેતી. ત્યાં એક નોળિયો આવ્યો. બન્ને વચ્ચે યુદ્ધ થયું. બન્ને મંદિરમાં મરણ પામ્યા. માઘ સુદ બારશે મંદિરમાં મૃત્યુ થવાથી નાગણી પ્રાગજ્યોતિષપુરની રાજકુમારી થઈ અને નોળિયો કોશલ દેશનો રાજા થયો. પૂર્વ જન્મના સંસ્કારના યોગથી રાજકુમારી જ્યાં નોળિયાને દેખે ત્યાં મારવા દોડે અને રાજકુમાર નાગણીને દેખે ત્યાં મારવા દોડે. પ્રારબ્ધ કર્મથી બન્નેનો વિવાહ થયો. રાજ્યમાં સત્યોતેર વર્ષ ગયા.

એકવાર રાજારાણી બગીચામાં બેઠા હતા ત્યાં નાગણી નીકળી. રાજાએ મારી નાખી. રાણી ક્રોધે ભરાણી. પછી નોળીયો નીકળ્યો ત્યાં રાજાએ ના પાડવા છતાં રાણીએ નોળિયાને મારી નાખ્યો. રાજા ક્રોધ કરી કહે, નોળિયો મંગળરૂપ છે તેને ન મરાય. રાજા-રાણી બોલતા બંધ થયા. સર્વે પ્રજાને ખબર પડી એટલે પ્રધાનોએ આવી સમજાવ્યા. પછી રાજા-રાણીના માતા-પિતાએ કહ્યું, જપ, તપ, દાન, તીર્થ, યોગ, ભજન, ભક્તિથી સર્વે દુષ્ટ સંસ્કારોનો નાશ થયા છે. તેથી તમે હરિદ્વારમાં રહેલા ગંગા કાંઠે કુલ્જામ્રતીર્થમાં જાવ. તેથી રાજા-રાણી પ્રધાન વગેરે કુલ્જામ્રતીર્થમાં આવ્યા. ત્યાં પુંડરીકાક્ષ અને રાજકુમારી તેને પૂર્વે જન્મની સ્મૃતિ થઈ. પછી સ્નાન કરી હાથી, અશ્વ, ગાય, સુવર્ણ, રૂપિયાના દાન કરી પ્રભુના દર્શન કર્યાં. ત્યાં વિમાન આવ્યું. તેમાં બેસી શ્વેતદ્વીપ ધામમાં ગયા. પછી તેના માતાપિતા પણ પ્રભુની ભક્તિ કરી અંતે પ્રભુના ધામમાં ગયા. એ રીતે રૈભ્ય ઋષિની ભક્તિથી હરિદ્વારમાં કુલ્જામ્રતીર્થ થયું છે. હે લક્ષ્મી, અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મારું નામ, સ્મરણ, ભજન કરનારાને હું તેના સર્વે પાપ બાળીને અંતે મારા ધામમાં લઈ જાવ છું.

અધ્યાય - ૫૭૧

❖ માતંગેશ્વર તીર્થ અને કપીલા તીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ઋક્ષ પર્વતના અશોક વનમાં માતંગઋષિ આશ્રમમાં રહેતા. તે અતિ દુષ્કર તપ કરી ધર્મ અને જ્ઞાનના જાણકાર થયા. તેમના તપથી પ્રસન્ન થયેલા શંકર કહે, ભક્ત તારા મનમાં જે ઇચ્છા હોય તે માંગ. માતંગઋષિ કહે, અહીં મારા તીર્થ થાય અને અહીં પાપી, ચાંડાલ, શ્વપચ, ચર્મકાર વગેરે દર્શન કરવા આવે તેનો ઉદ્ધાર થાય. શંકર કહે, તથાસ્તુ. તો માતંગેશ્વર તીર્થ થયેલું છે. પછી શંકરે "ૐ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમઃ" એ મંત્ર આપ્યો અને કહ્યું, તું આ મંત્ર સર્વને આપજે. તેથી સર્વેનો મોક્ષ થશે.

તે માતંગઋષિ પૂર્વે જન્મમાં નિષાદ હતા. તે વનમાં એક શિકારી આવ્યો. રાત્રે સુતો. અગ્નિ લાગ્યો. તેમાં બળી મરી ગયો. તેના અસ્થિ પાણીના પ્રવાહમાં નર્મદામાં જવાથી યક્ષ થઈ સ્વર્ગમાં દશ હજાર વર્ષ રહ્યો. પૂર્વે યુવનાશ્વ રાજાએ વશિષ્ઠને પૂછ્યું, યજ્ઞ તીર્થ દેશમાં કે મંદિરમાં ક્યાં કરવો ? વશિષ્ઠ ઋષિ કહે, નૈમિષારણ્યમાં કરવો. પછી રાજાએ ત્યાં યજ્ઞ કરી બ્રાહ્મણ, સાધુ, અતિથિને ભોજન કરાવી અનેક પ્રકારના દાન આપ્યા. પછી રાજા આવતો હતો. રસ્તામાં વાંદરો મળ્યો. તેને કહ્યું, સત્યધર્મા રાજાએ યજ્ઞ કર્યો હતો એવો તારો યજ્ઞ નથી થયો. તેના યજ્ઞમાં નર્મદામાં કરેલા યજ્ઞમાં હું કંઠ સુધી સોનાનો થયો હતો અને મારા બચ્ચા સર્વે સોનાના થયા હતા. યુવનાશ્વરાજા વાંદરાને કહે, તું કોણ છો ? વાંદરો કહે, હું જાબાલી ઋષિનો પુત્ર કદંબ હતો. ફળ ચોરીને ખાધા તેથી વાંદરાનો જન્મ આપ્યો થયો. તે સત્યધર્મા રાજા એ બીજો યજ્ઞ કર્યો. ત્યારે વાંદરો કપીલા તીર્થમાં નર્મદાના તીર્થમાં યજ્ઞ કરી, શ્રીકૃષ્ણનારાયણ ભગવાનને પ્રસન્ન કરી વૈકુંઠ ધામમાં ગયો. આ તીર્થની કથા કોઈ કહેશે, વાંચશે, સાંભળશે તે પરમગતીને પણ પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૫૭૨

❖ વિશોકા - સુવર્ણદ્વિપ અને વાગુરેવા તીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે હારિત ઋષિ નર્મદાનાં પાણીમાં બેસી શ્રીકૃષ્ણનારાયણનો જપ અને તપ કરતા હતા. પ્રભુએ દર્શન આપ્યા. સાથે બ્રહ્મપત્નીઓ હતી. સાવિત્રી, અદિતી, કંભરાલક્ષ્મી, દાક્ષાયણી, પ્રભા, પાર્વતી, સંજ્ઞા, તારા, લક્ષ્મી, રાધા, માણિકી, હેમા, ચંપા, કસ્તુરી, સવિતા, દયા, જયા, લલીતા, મૌકિત વગેરે સાથે હતા. આસો સુદ ચૌદશે નર્મદામાં સ્નાન કરવાથી કુમારીકા અખંડ સૌભાગ્ય વાળી થાય છે.

પૂર્વે કાંચીપુરનો રવીચંદ્ર રાજા નર્મદા કાંઠે અગત્સ્યમુનિ પાસે આવી પગે લાગ્યો અને પૂછ્યું, ક્યાં સ્થાને યજ્ઞ કરવાથી દેવોને તૃપ્તિ થાય અને પિતૃઓનો મોક્ષ થાય ? અગત્સ્ય મુનિ કહે, નર્મદા કાંઠે અશોક વનમાં યજ્ઞ કરવાથી સર્વે કાર્ય સિદ્ધ થશે. રાજાએ સપ્તર્ષીઓ, લોમશઋષિ, વાલખીલ્યો વિગેરેને બોલાવી યજ્ઞ કરાવ્યો. ત્યાં દુર્વાષા આવી કહે, મારા વિના યજ્ઞનો આરંભ કેમ કર્યો ? રાજા કહે, આ યજ્ઞમાં દેવો, વિપ્રો, અતિથિ જે આવે તેને જે જોઈએ તે દાન ગ્રહણ કરે છે. દુર્વાષા કહે, પૂર્વે પાર્વતીના શાપથી બ્રાહ્મણો કૂતરા થઈને ફરે છે. તેનો મોક્ષ કર. રાજા કહે, તે કેમ શાપ પામ્યા ? દુર્વાષા કહે, તે વિપ્રો નેપાળમાં શંકરની પૂજા કરવા ગયા. પાર્વતીની પૂજા ન કરી એટલે પાર્વતીએ શાપ આપ્યો. એક હજાર વર્ષ કૂતરાના જન્મને પામો. પછી તે રાજાએ નોકરો પાસે તે કૂતરાઓને બોલાવી યજ્ઞનો પ્રસાદ જમાડી ઋષિના પ્રભાવથી મુક્તિ અપાવી. તે સર્વે ઋષિઓ રાજાની સ્તુતિ કરી સ્વર્ગમાં ગયા. દુર્વાષા ઋષિ કહે, રાજા તારા જેવો પરોપકારી કોઈ થયો નથી. પ્રાણ ત્યાગ કરવો સહેલો છે. પુણ્યનો ત્યાગ કરવો પણ સહેલો છે. પણ તપ, યજ્ઞ કરી પુણ્ય બીજાને આપી ઉદ્ધાર કરવો દુષ્કર છે. તો એ કર્યુ માટે વરદાન માંગ. રાજા કહે, આ યજ્ઞનો પ્રસાદ જે જમ્યા હોય, આ તીર્થમાં જે નાહ્યા હોય. તે સર્વેનું કલ્યાણ થાય. દુર્વાષાદિક ઋષિઓ કહે, તથાસ્તું. યમરાજાએ પ્રસન્ન થઈ વર માંગવા કહ્યું. રવીચંદ્ર રાજા કહે, યમપુરીમાં રહેલા જીવો સ્વર્ગમાં જાય. ધર્મરાજા કહે, તથાસ્તું. એમ કહીને રાજાને "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર આપી ગયા. રાજા મંત્રનો જપ કરતા અંતે અક્ષરપદને પ્રાપ્ત થયો. તે વિશોકા તથા સુવર્ણદ્વીપ તીર્થ થયેલું છે.

પૂર્વે કૌશલ દેશનો સૂર્યવંશી બ્રહ્મદત્ત રાજાએ વાગુરેવા તીર્થમાં દશ યોજનમાં યજ્ઞ કરી સર્વે પ્રેતોની મુક્તિ કરી. રાજાએ તે સર્વે પ્રેતોને પૂછ્યું, તમે પ્રેત કેમ થયા ? પ્રેત કહે, પૂર્વે બ્રહ્મા, વિષ્ણુ, શુક્રાચાર્ય મહર્ષિઓએ પુષ્કરમાં કાર્તિકમાં યજ્ઞ કર્યો. તેમાં વૈષ્ણવ તપસ્વી બ્રાહ્મણો પણ હતા તે સમયે કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણમાં હરિશ્ચંદ્ર રાજા દાન આપતા હતા. તેથી તે સર્વે બ્રાહ્મણો લોભથી દાન લેવા ગયા. રાજાએ રાજી થઈને બહું દાન આપ્યા. રાજાનું દાન ભારે હોવાથી અને પોતે પાત્ર નહીં હોવાથી તે સર્વે બ્રાહ્મણો પ્રેત થયા. તે સર્વે અમે છીએ. તે તમારા યજ્ઞનો પ્રસાદ અને આ નર્મદાના વાગુરેવા તીર્થમાં સ્નાન દર્શનથી અમારી પ્રેતના દેહથી મુક્તિ થઈ.

અધ્યાય - ૫૭૩

❖ શુક્લ - મેઘનાદક્ષેત્ર - પિપલેશ અને લુબ્ધેશ્વર તીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નર્મદા કાંઠે રહેલા શુકલતીર્થના દર્શન કરનાર ક્યારેય પણ યમપુરીમાં જતો નથી. જ્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા સર્વે તિર્થોવાસ કરે છે. જ્યાં

ઇન્દ્રે શંકરની બીલ્વપત્રની પૂજા કરી છે. જ્યાં દિકપાલ દેવોએ શ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી છે. ત્યાં પૂર્વે યયાતિ રાજાએ એકવાર યજ્ઞ કરાવ્યો અને તે યજ્ઞમાં શ્રીહરિ અને શંકરના બ્રાહ્મણોએ સ્થાપન ન કર્યા અને સર્વે દેવો આવ્યા ત્યારે જયસુરનામે દૈત્ય આવી યજ્ઞનો દૂધપાક, હવિષ્યાન્ન વગેરે ખાઈ ગયો તથા સોમરસનું પાન કરી ગયો ત્યારે દેવો મૃગલાના રૂપ લઈને નીકળી ગયા. યયાતિ રાજા શસ્ત્ર લઈ શ્રીહરિનું શિવનું સ્મરણ કરી દૈત્યો સાથે યુદ્ધ કરવા ગયો અને દૈત્યોનો નાશ કર્યો. ફરી યજ્ઞ શરૂ થયો. તે વખતે શ્રીહરિ અને શંકરે આવી તે સ્થાનને પોતાના તેજથી તેજોયમાન કર્યું. તેથી તે તીર્થ શુક્લ તીર્થ નામે પ્રસિદ્ધ થયું. ત્યાં યયાતિ રાજાએ માધવેશ્વર લિંગ અને નરનારાયણની સ્થાપના કરી. ત્યાં સ્નાનદાન, યજ્ઞ કરવાથી સર્વે ઇચ્છાઓ પૂર્ણ થાય છે. યજ્ઞ પૂરો કરી યયાતિ રાજા પોતાના રાજ્યમાં આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી ધામમાં ગયો.

એકવાર રાવણ પૃથ્વીમાં ફરતો ફરતો દેવગીરી આવ્યો. મયદાનવે તપ કરતી પોતાની કન્યા મંદોદરી વિધિપૂર્વક રાવણને પરણાવી. રાવણ તેને લઈને સિંહલદ્વિપ આવ્યો. તેને પુત્ર થયો. જન્મતા જ મેઘ જેવો અવાજ કરવાથી મેઘનાદ નામ પડ્યું. તેણે શંકર-પાર્વતીની પૂજા કરતો. તેણે એકવાર કૈલાશ જઈ પાષાણનું લિંગ લાવી નર્મદામાં સ્થાપન કરી પૂજા કરી ત્યાં મેઘનાદક્ષેત્ર તીર્થ થયેલું છે. ઇન્દ્રના સારથી માતલીએ દારૂકવનમાં તપ કરી શંકરને પ્રસન્ન કર્યા. શંકરે પ્રસન્ન થઈને "ૐ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમઃ" એ મંત્ર આપી કહ્યું કે, શ્રીકૃષ્ણ પ્રભુનો અવતાર થશે ત્યારે તારો મોક્ષ થશે. તે માતલીનો વાસુદેવના યોગથી મોક્ષ થયો.

પૂર્વે ગોવિંદ નામે બ્રાહ્મણ દંપતી પ્રભુભક્ત નર્મદા કાંઠે રહેતા. એકવાર વનમાંથી લાકડાનો ભારો લાવી સાંજે ફળીયામાં અંધારામાં નાખ્યો. ત્યાં લાકડાના ભારા નીચે પોતાનું બાળક દબાઈને મરી ગયું. પછી ખબર પડતા પત્નીને પતિના શરીરમાં બાળહત્યારૂપી કીડા દેખાણા પછી દંપતી નર્મદામાં સ્નાન કરી પ્રભુની સ્તુતિ કરી બાળકને સ્નાન કરાવ્યું ત્યાં તો બાળક સજીવન થયું. તે પિપલેશ તીર્થ થયેલું છે. પૂર્વે એક શિકારી મૃગ પાછળ પડ્યો. મૃગ નર્મદામાં પડી મરણ પામી દિવ્ય દેહ ધારણ કરી આકાશમાં ગયો. તે જોઈને શિકારી આશ્ચર્ય પામી પોતે પણ નર્મદામાં મરવા પડ્યો તે ગાંધર્વ થયો. ત્યાં લુબ્ધેશ્વર તીર્થ થયું છે.

ભક્તોએ અનેક પુષ્પોને સંભારીને પ્રભુની પૂજા કરવી. ફૂલને પહેલું પુષ્પ, દૂધ તે બીજું પુષ્પ, ધૂપદીપ તો ત્રીજું પુષ્પ, ચંદનાદિક તે ચોથું પુષ્પ, કંદમૂળ તો પાંચમું પુષ્પ, વનસ્પતિ ફળફુલ તે છઠ્ઠું પુષ્પ. તથા પવિત્ર અન્નથી પૂજા કરવી તે પહેલું પુષ્પ, અહિંસા બીજું પુષ્પ ઇંદ્રિયોનો નિગ્રહ, ત્રીજું પુષ્પ દયા, ચોથું પુષ્પ શ્રીહરિનું સ્મરણ, પાંચમું પુષ્પ

સદ્‌ગુરુની સેવા, છઠ્ઠું પુષ્પ પિતૃપૂજન, સાતમું પુષ્પ સ્વામીની સેવા, આઠમું પુષ્પ શ્રીનારાયણનો આશ્રમ. એ સર્વેની પૂજા કરવાથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રાપ્ત થાય છે. રાધા તે પહેલું પુષ્પ, લક્ષ્મી તે બીજું પુષ્પ, પાર્વતી તે ત્રીજું પુષ્પ, પ્રભા તે ચોથું પુષ્પ, માણિકી તે પાંચમું પુષ્પ, લલીતા તે છઠ્ઠું પુષ્પ, મંજુલા તે સાતમું પુષ્પ, હંસા તે આઠમું પુષ્પ, સગુણા તે નવમું પુષ્પ, ચંપા તે દશમું પુષ્પ, દયાદેવિકા તે અગિયારમું પુષ્પ. આ અનેક પુષ્પો સંભારીને પ્રભુની પૂજા કરવી. તથા ભૃગુ ઋષિએ કન્યા ભાર્ગવી વિષ્ણુને આપી ત્યાં ભૃગુતીર્થ થયું છે.

અધ્યાય - ૫૭૪

❖ ભૃગુતીર્થ - તામ્રપાત્ર અને મંત્રદીક્ષા મહાત્મ્ય ❖

લક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ, ભૃગુતીર્થમાં કન્યાદાન કઈ રીતે કરવું ? શ્રીનારાયણ કહે : પોતાની પાસે સંપત્તિ હોય તે પ્રમાણે કન્યાનો વિવાહ કરવો. સંપત્તિ ન હોય તો અગ્નિ બ્રાહ્મણ અને જલની સાક્ષીએ તુલસીપત્રનો સ્પર્શ કરી કન્યાદાન કરવું. કન્યાએ પુષ્પવરમાળા વરને પહેરાવવી અને યથાશક્તિ ભોજન કરાવવું. પણ ક્યારેય કન્યાવિક્રય ન કરવો. કન્યાદાનમાં શ્રીહરિના ધૂન, કિર્તન કરવા. પછી મારા ભક્તોએ મારી નવધા ભક્તિ કરવી.

લાખો ભક્તોમાં મારી ભાગવતી દીક્ષા કોઈ લોકો જ મેળવે છે. મારી દીક્ષા વિના મારું પૂજન નિષ્ફળ છે. તે દેવો પણ જાણી શકતા નથી. મારી મૂર્તિમાં મન રાખી ગુરુનું ષોડ્‌શોપચારથી પૂજન કરવું. તથા ગુરુએ આપેલી મૂર્તિનું પૂજન, ધ્યાન, ભજન કરવું તથા ભક્ષ્ય, ભોજય, લહેય, ચોસ્ય વગેરે નૈવેધથી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને પ્રસન્ન કરવા તથા ગુરુ પાસેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ગ્રહણ કરી તેનો જપ કરવો. તે મંત્ર નરનારી સર્વેને આપવો. મંત્ર લેનારો ભગવાનનો શિષ્ય ભક્ત થાય છે. મંત્ર લેનારો શુદ્ર પણ ભગવાનનો ભક્ત થાય છે. મંત્ર દીક્ષા લીધા પછી વૈષ્ણવ ભક્તોને ભોજન કરાવવું. મંત્રનો તુલસી માળાથી ગૌમુખીમાં રોજ એક મૂર્તિ સુધી જપ કરવો. પછી પ્રાપ્ત થયેલી પૂજાની સામગ્રીથી અતિસ્નેહથી મારી પૂજા કરવી.

હે લક્ષ્મી, સર્વે કરતા મને તાંબાનું પાત્ર વધારે પ્રિય છે. પૂર્વે ગુડાકેશ અસુર તામ્રરૂપે મારી પૂજા કરતો. ચૌદ હજાર વર્ષે પૂજા કરી એટલે હું દર્શન દેવા ગયો અને વરદાન માંગવા કહ્યું. ગુડાકેશે કહ્યું : હે પ્રભુ, તમારામાં મારી નિશ્ચળ ભક્તિ રહે અને તમારા ચક્રથી મારો વધ થાય. શ્રીહરિએ ચક્રથી તેનું શરીર નાશ કર્યું. તેના લોહીમાંથી તામ્રપાત્ર થયું. તે મારો ભક્ત થયો તેથી મને તામ્રપાત્ર વધારે પ્રિય છે.

અધ્યાય - ૫૭૫, ૫૭૬

❖ સારા-નરસા કર્મોનું ફળ અને પ્રાયશ્ચિત - પાપનાશક બ્રહ્મકુર્ચ વ્રત ❖
❖ શંકરનો કૈલાશ અને સ્મશાનમાં વાસ - મૂર્તિના અપરાધ અને પ્રાયશ્ચિત ❖

શ્રીલક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ, તમારા મુખેથી મંત્રદીક્ષા અને પૂજાવિધિ સાંભળ્યો. તેમાં ભુલ થાય તો તેનું ફળ કેવું થાય અને તેનું નિવારણ કેમ કરવું તે કહો. શ્રીનારાયણ કહે : મારા વૈષ્ણવ ભક્તોએ ક્યારેય પણ રાજાનું અન્ન ખાવું નહીં. રાજસી, તામસી, પાપથી ભરેલું તે અન્ન મને નૈવેદ્ય ધરીને પ્રસાદી લેવી તો પાપનો ભાગીદાર ન થવાય. મને ધર્યા વિના ખવાય તો એક ઉપવાસ કરવો. મંદિરમાં મૂર્તિ પાસે સ્નાન કર્યા વિના અપવિત્ર પણે ક્યારે પણ ન જવું. તે અપરાધ થાય તો સો માળા ફેરવવી. મૈથુન કરી સ્નાન ન કરે, મળમુત્ર કરી સ્નાન કર્યા વિના મૂર્તિને અડે તો ત્રણ દિવસ તલનો ભુકો અથવા જવ ખાવા અને ચોથા દિવસે ઉપવાસ કરવો.

રજસ્વલા તથા શબનો સ્પર્શ થાય તો સ્નાન કરવું. ન કરે તે દરિદ્ર અને બુદ્ધિ રહિત થાય. મંદિરમાં મૂર્તિ પાસે અપાન વાયુ છોડે તો માખી, ઉંદર, કુતરાના જન્મને પામે. મનુષ્ય થઈ ક્રોધયુક્ત થઈ મૂર્તિનો સ્પર્શ કરે તો શમડાં, શકરાના જન્મને પામે. રજસ્વલાવાળા મલિન વસ્ત્રોથી મૂર્તિનો સ્પર્શ કરે તો એક માસ એકટાણાં કરવા તથા એક હજાર માળા ફેરવવી. અંધારામાં મૂર્તિનો સ્પર્શ કરે તો પાંચ દિવસ એકટાણાં કરી સો માળા કરવી. મારી મૂર્તિને કાળા વસ્ત્ર ક્યારે પણ ધરાવે તો નોળિયો અને કાચબાના જન્મને પામે. તેનું પ્રાયશ્ચિત સાત દિવસ એકટાણા કરી, સો માળા ફેરવવી. હાથી, અશ્વ, ઉંટ, શિયાળનો સ્પર્શ કરે તો સો માળા ફેરવવી. સ્મશાનમાં જઈને સ્નાન ન કરે તો પ્રાયશ્ચિત હજાર માળા ફેરવવી. માળા ન ફેરવે તે શિયાળ, ગીધના જન્મને પામી પિશાચ થાય.

લક્ષ્મીએ પૂછ્યું : પ્રભુ, સ્મશાન અપવિત્ર હોય તો તમારા મહાન ભક્ત શંકર સ્મશાનમાં કેમ નિવાસ કરે છે ? શ્રીનારાયણ કહે : લક્ષ્મી, શંકરે ત્રીપુરાસુરનો નાશ કર્યો ત્યારે નેપાળના સ્ત્રી, બાળકો, વૃદ્ધો તેનો પણ નાશ થયો. શિવનું ઐશ્વર્ય યોગબળ નષ્ટ થવાથી પોતાની ક્રિયા કરવા સમર્થ ન રહ્યા. ત્યારે મારી પ્રાર્થના કરી. હે પ્રભુ, હવે મારે પ્રાયશ્ચિત કેમ કરવું ? મેં કહ્યું, સ્મશાનમાં ભૂતપ્રેત સાથે વાસ કરો. મુંડમાળા પહેરો અને મારી માનસી પૂજા કરો. સો વર્ષ પછી તમે ગૌતમ ઋષિના આશ્રમે જઈ મારા પ્રસાદથી તથા પયોવ્રત બ્રહ્મકુર્ચ વ્રતથી શુદ્ધ થશો ત્યારે મારી બાહ્યપૂજા કરી શકશો. શંકરે તે રીતે સ્મશાનમાં વાસ કર્યો તેથી જગતમાં કહે છે શંકર સ્મશાનમાં રહે છે. પછી શંકરે સાત્વિક સ્વરૂપે કૈલાશમાં વાસ કર્યો. અને છાયા સ્વરૂપે સ્મશાનમાં વાસ કર્યો. તે સ્વરૂપે ભૂત, પ્રેત,

પિશાચો ઉપાસે છે. સ્મશાનમાં રહે તે મારો ભક્ત નથી તે રુદ્રના તામશી સ્વરૂપને તામશીજનો ઉપાસે છે. પરંતુ મહાવૈષ્ણવ ભાગવતભક્ત શંકરને સ્મશાન પ્રિય નથી.

હે લક્ષ્મી, ઉપવાસને દિવસે પંચગવ્ય લેવું. તુલસી પત્ર ભોજન કરવું તેથી જાણતા-અજાણતા થયેલા મૂર્તિના અપરાધોનું પ્રાયશ્ચિત થાય છે. તથા તુલસીપત્રો ખાખરાના પાન, આંબળા તેનું પાણી ઉકાળીને પાચન થાય તે રીતે પીવું. અઠવાડિયું પંદર દિવસ કે મહિનો પીવું તે બ્રહ્મકુર્ચ વ્રત કહેવાય છે. તે સર્વ પાપનો નાશ કરે છે તથા ધાતુની શુદ્ધિ કરે છે. ડુંગરીનું શાક ખાય તો ભૂંડ થાય. મારો અપરાધ કરનારો કૂતરો અને શિયાળ થાય તે અપરાધ કરે તો સો માળા ફેરવવી. બીજાએ ધોયેલ વસ્ત્ર પહેરી મૂર્તિને ન અડવું. નવું અનાજ મને અર્પણ કર્યા વિના ખાય તો એક ઉપવાસ કરી સો માળા ફેરવવી. જોડાં, ચંપલ પહેરી મૂર્તિ પાસે જાય તો પંદર દિવસ એકટાણા કરી, રોજ સો માળા ફેરવવી. આ પ્રાયશ્ચિત ન કરે તો મોચી અને ભૂંડના જન્મને પામે. ટોકરી, નગારું, ઘંટ વગાડ્યા વિના મૂર્તિને મૂંગે મોઢે જગાડે તો એક ઉપવાસ કરી સો માળા ફેરવવી.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મારા મૂર્તિના થતાં અનેક અપરાધોનું જે પ્રાયશ્ચિત કરે છે. તે ભક્ત મારા લોકને પામે છે. આ વિધિ-નિષેધનો અધ્યાય જે વાંચશે, સાંભળશે. તે પાપથી લેવાતો નથી, અને તે મારા ધામને પામે છે. આરોગ્યનું પરમ આરોગ્ય, રહસ્યનું પરમ રહસ્ય, તપસ્વીઓનું પરમ તપ ભક્તિવાળું આ મેં કહ્યું. તે મારા ભક્તોએ પાલન કરવું. મુમુક્ષુ, યોગી, સાધુ, સાધ્વીઓ માટે, મારી ભક્તિવાળા માટે આ કથન મેં કહેલું છે. નાસ્તિક, રાગદ્વેષ, ઝેરવાળા, રાક્ષસ સ્વભાવવાળા માટે આ કથન નથી.

અધ્યાય - ૫૭૭

❖ કલીંગ રાજાનો પુત્ર અને કાંચી રાજાની પુત્રી બંનેની સદ્‌ગતિ થઈ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હિમાલયમાં કાંપીલ્ય નગરીમાં બ્રહ્મદત્ત રાજાનો કુમાર સોમદત્ત પિતૃશ્રાદ્ધ માટે વનમાં શિકાર કરવા ગયો ત્યાં એક શિયાળવીને બાણથી મારી અને એક વૃક્ષ પર રહેલા ગીધને માર્યો. તે બંનેના ગંગા કાંઠે તીર્થમાં મરણ થવાથી ગીધ કલિંગ રાજાનો પુત્ર થયો. શિયાળવી કાંચી રાજાની પુત્રી થઈ. બન્નેના એકબીજા સાથે વિવાહ થયા. એકવાર રાણીએ કહ્યું, મારે બપોરે સુધી એકાંતમાં રહેવું છે. તો મારી પાસે કોઈ ન આવે. રાજાને થયું કે, જપ, વિધિ કરવો હશે. એટલે રાણીએ સર્વને પાસે જવાની ના કહી હશે. એમ કરતા સત્યોતેર વર્ષ થયા. અઠયોતેરમે વર્ષે રાજાએ વિચાર કર્યો કે, રાણી શું કરતી હશે તે જાણવું પડશે. એમ વિચારી રાણીના પલંગ નીચે ગુપ્ત રીતે બેઠો. ત્યાં રાણી પલંગ પર બેઠી રોવા લાગી. અરે, મારા માથાની પીડા કોને કહું. પતિને કહું તો મારું મરણ થાય. ન કહું તો પીડા કે દુઃખ મટે નહીં. સહન કરવાથી દુઃખ મટે નહીં. આવું

રાણીનું રોવું અને બોલવું સાંભળી રાજાએ રાણીને ધીરજ આપી કહે, વૈદ્યો ઘણા છે. તે ઔષધીથી તારી પીડા મટાડી દેશે. તે વ્રતને બાને ગુપ્ત પણે રહી તેથી તને આ દુઃખ પીડા વધી ગઈ. પહેલાં જો તે મને કહ્યું હોત તો આપણે તે તીર્થમાં સાથે જાત.

રાણી કહે, ગુપ્ત વાત કરું તો મરણ થાય. પરંતુ હવે તો કહેવી જ પડશે. આ અંતપુરમાં ઘણી રાણીઓ છે. તમે સુખેથી વાસ કરજો. રાજા કહે, ગુપ્ત વાત હોય કે જાહેર વાત હોય તે પતિની આગળ તો કહેવી જ પડે. આ સતી પતિવ્રતાનો ધર્મ છે. રાણી કહે, તો આપણે બદ્રિકાશ્રમ તીર્થ કરવા જઈએ. રાજા-રાણી સેવકો, વગેરે લઈને હિમાલયમાં બદ્રીકાશ્રમના વરાહ તીર્થમાં આવ્યા. ત્યાં તીર્થમાં ગંગા કાંઠે છ માસ વાસ કરી કૃષ્ણનારાયણનું ભજન કરી ત્રણ દિવસ ઉપવાસ કર્યો અને હાથી, અશ્વ, ગાયો, ધન, વસ્ત્ર, આભૂષણોના દાન આપ્યા. પછી રાણી કહે : પૂર્વે જન્મમાં હું અહીં શિયાળવી હતી. સોમદત્તે મને બાણ મારી અહીં મારી નાખી હતી ત્યારે માથામાં બાણ લાગવાથી મને માથામાં પીડા થાય છે પરંતુ તીર્થમાં મરણ થવાથી હું રાજકન્યા થઈને તમારી રાણી થઈ. રાજાને પણ પૂર્વેજન્મની સ્મૃતિ થઈ કે, હું ગીધ હતો. અહીં મારું મરણ થવાથી આ જન્મે રાજા થયો. ત્યાં દેશના હજારો નાગરિકો આવ્યા હતા. તે સમયે રાજા-રાણી શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. ત્યાં વિમાન આવ્યું. સ્વર્ગમાં નગારા વાગવા લાગ્યા તે સમયે રાજા-રાણી ભૌતિક શરીરનો ત્યાગ કરી, દિવ્ય ચતુર્ભુજ શરીર ધારણ કરી વિમાનમાં બેસી બ્રહ્મલોકમાં ગયા. એવી રીતે તીર્થના પ્રભાવથી પુણ્યશાળી જીવ ફરી જન્મ પ્રાપ્ત કરી શ્રીહરિના વૈષ્ણવ ભક્ત થઈને પરમપદને પામ્ત કરે છે.

અધ્યાય - ૫૭૮

❖ વૈશ્ય કુટુંબ અને રાક્ષસની સદ્‌ગતિ ❖ મંદિરમાં સેવા-ભક્તિનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એક પક્ષીનું ગંગામાં પડીને મરણ થવાથી વરાહ તીર્થના પ્રભાવથી તેને ધનવાન વૈશ્યને ત્યાં જન્મ થયો. યુવાન થતાં જ તેના માતા-પિતાને કહ્યું, મારે તમારી ઈચ્છા હોય તો યાત્રા કરવી છે અને તીર્થમાં ગાયો અને ધન, ધાન્યના દાન આપવા છે. માતા-પિતાએ કહ્યું, બેટા આ તારો વિચાર બહું સારો છે. કારણ કે મનુષ્ય જન્મમાં માતા-પિતાની સેવા, તીર્થયાત્રા, શ્રીહરિની ભક્તિ તે મોક્ષ આપનારી છે. માતા-પિતા, પત્ની પુત્ર હજારો જન્મમાં મળે છે. પણ સંસારની અસારતા સમજાવી શ્રીહરિની ભક્તિ કરાવી મુક્તિ અપાવે તે માતા-પિતા સત્ય કહેવાય. પછી બધા વૈશાખ સુદ બારસે બદ્રિકાશ્રમમાં ગંગા કાંઠે વરાહ તીર્થમાં આવ્યા. છ માસ સુધી રહ્યા. કાર્તિક સુદ એકાદશી સુધી જપ તપ ભક્તિ કરી દાન આપી. પોતાના પૂર્વજન્મની વાત માતા-પિતાને કરી અને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" એ મંત્ર જપ કર્યો. ત્યાં વિમાન આવ્યું અને તે

ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરીને પ્રભુના પાર્ષદો સાથે ધામમાં ગયો. તેના માતા-પિતા પણ આ જોઈને આશ્ચર્ય પામ્યા. તેઓ પણ પ્રભુની ભક્તિ કરી અને પ્રભુના ધામમાં ગયા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મારા મંદિરમાં કોઈ ગાર, માટીથી લીપે તે સકામ હોય તો રાજા થાય. નિષ્કામ હોય તો મારા ધામને પામે. મંદિરમાં સ્નાન માટે, વાસણ ધોવા માટે, રસોઈ માટે, પાણી ભરી લાવે તે જેટલા પાણીના ટીપાં હોય તેટલા વર્ષ સ્વર્ગમાં વાસ કરે છે. જે નર-નારીઓ મંદિર વાળે છે ત્યારે જેટલી રજ ઉડે તેટલા વર્ષ સ્વર્ગમાં વાસ કરી પછી, પૃથ્વી પર રાજા થઈ ભગવાનના ધામને પામે છે. ધૂન કિર્તન કરનારો જેટલા અક્ષરો ધૂન, કિર્તનના હોય છે તેટલા વર્ષ સ્વર્ગમાં વાસ કરી પછી પૃથ્વી પર વૈષ્ણવ રાજા થઈ ભગવાનના ધામને પામે છે.

પૂર્વે એક ચાંડાલ વનમાં મારી મૂર્તિ પાસે કિર્તન કરતો હતો. એકવાર રાક્ષસે આવી ખાવા માટે તેને પકડ્યો. ચાંડાલે કહ્યું, હું કિર્તન બોલી લઉ પછી મને ખાજે. આજે મારે વ્રત છે, જાગરણ છે, પ્રભુને પ્રસન્ન કરવા ગાઉં છું. સવારમાં હું તારી પાસે આવીશ. જો હું ન આવું તો બ્રહ્મહત્યા, ગૌહત્યા, સુરાપાન, વ્યભિચાર, ચોરી આ સર્વનું પાપ મને લાગે. ચાંડાલનું વચન સાંભળી રાક્ષસે ચાંડાલને મૂકી દીધો. ચાંડાલે સવાર સુધી કિર્તન કર્યાં. સવારે શ્રીહરિ વિપ્ર વેશે આવ્યા. ચાંડાલને કહ્યું, રાક્ષસ પાસે ન જતો. ચાંડાલ કહે, સત્યનું મૂળ જગત છે. સત્યને આધારે સર્વ રહેલું છે. હું અસત્ય નહીં બોલું. એમ કહી ચાંડાલ રાક્ષસ પાસે ગયો. રાક્ષસ કહે, તે સત્યનું પાલન કર્યું છે. હવે મને પ્રભુના નામ કિર્તનનું ફળ દે જેથી હું રાક્ષસ યોનીથી મુક્ત થાઉં. ચાંડાલે ભગવાનના કિર્તનનું ફળ આપ્યું તે રાક્ષસ દેહનો ત્યાગ કરી વૈકુંઠધામમાં ગયો. તે ચાંડાલ પણ પ્રભુ ભક્તિ કરી ચતુર્ભુજ થઈને તે પ્રભુની સેવામાં રહ્યો. એ રીતે પ્રભુના નામ, ધૂન, કિર્તન, ભજન, પાપને બાળી, સ્વર્ગ અને મોક્ષને આપે છે.

જે નરનારીઓ મારા મંદિરમાં મારી મૂર્તિ પાસે વાજંત્ર વગાડે છે, નૃત્ય કરે છે તે મારા ધામને પામી શાશ્વત સુખને પામે છે. તેને હું જાગ્રતમાં મારી મૂર્તિના સુખને પામે છે. હું ગૌદાન કરનારાને ગોલોકમાં મારા મુક્તમંડળમાં વાસ આપું છું. હું અન્નનું દાન કરનારાને અમૃતભોજન આપું છું. જલનું દાન કરનારાને અક્ષરતૃપ્તિ આપું છું. ગંધ પુષ્પનું દાન કરનારાને દિવ્ય શરીરનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. ધૂપ-દીપનું કરનારો મારી મૂર્તિ જેવો સુંગધવાળો થાય છે. દીપનું દાન કરનારો સૂર્ય જેવો તેજસ્વી થાય છે. નૈવેધ ફળ અર્પણ કરનારો વૈકુંઠધામને પામે છે. જપ યજ્ઞ કરનારો સાર્વભોમ રાજા થાય છે. મારી સેવા ભક્તિ પરાયણ થનારા નરનારીઓને જે ઇચ્છા હોય તે આપું છું. દેવપણુ દેવીપણુ, ઈશ્વર ઈશ્વરીપણુ, મુક્ત મુક્તાણીપણુ, બ્રહ્મપણુ, કૃષ્ણપણુ, નારાયણ

નારાયણીપણુ, અવતારપણુ જેવી ભક્તિ જેવુ પુણ્ય તે પ્રમાણે સર્વે આપું છું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું સર્વ આપવા સમર્થ છું. એમ પરમધામમાં હું પુરુષોત્તમ રૂપે રહેલો છું. ભક્તને મારું દાસપણું દુર્લભ છે. તે દાસપણું હું મારા ભક્તને શાશ્વત આપું છું.

અધ્યાય - ૫૭૯

❖ નર્મદાના રેવા - લીનેશ્વર - ગોપાલશ - પરાશર આદિક તીર્થનો મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એકવાર યાજ્ઞવલ્કય આદિ ઋષિઓ નર્મદામાં રેવા તીર્થમાં ભેળા થયા. ત્યાં ઋષિઓએ લાલ વસ્ત્રવાળી સ્ત્રી અને વિકરાળ પુરુષ આયુધ સાથે જોઈને પૂછ્યું, તમે કોણ છો ? તીર્થમાં તમે પાપરૂપે કેમ વાસ કરો છો ? તેઓ કહે, હું કાળપુત્રી જરા છું આ પુરુષ યમરાજ છે. ભૃગુ ઋષિ અહીં વાસ કરવાથી આ તીર્થ મોક્ષ આપનારું છે. આ તીર્થની કોઈ નિંદા કરે તેને યમપુરીમાં લઈ જવા માટે અહીં રહું છું. ત્યાં ઋષિઓએ પાંચ પુરુષોને સ્નાન કરી દેવનું પૂજન કરતા જોયા. એક પુરુષે ગુરુ પત્નીનો સંગ કરેલો, બીજાએ સુવર્ણની ચોરી કરેલી, ત્રીજીએ બ્રહ્મહત્યા કરેલી, ચોથાએ મદ્યપાન કરેલું, પાંચમાએ ગૌહત્યા કરેલી. તે સર્વે તીર્થમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જપ કરવા લાગ્યા ત્યાં રેવાતીર્થમાંથી દિવ્ય વિમાન આવ્યું. તેમાં બેસીને પુરુષો સ્વર્ગમાં ગયા. તેને યમ તથા કાળપુત્રી રોકી શક્યા નહીં.

લીનેશ્વર તીર્થમાં દાનવ તપ કરતો હતો. શંકર પ્રસન્ન થઈ કહે, વરદાન માંગ. દાનવ કહે, હું જેના પર હાથ મૂકું તે ભસ્મ થઈ જાય. શંકર કહે, તથાસ્તું. એટલે તે દૈત્ય શંકર પાછળ દોડ્યો અને કહે : જો તમારું વચન સત્ય હોય તો પહેલા તમારી ઉપર હાથ મૂકું. એટલે શંકર અનાદિશ્રીકૃષ્ણનારાયણના શરણે ગયા અને દુઃખ નિવેદન કર્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્ત્રીનું રૂપ ધારણ કરી દૈત્યને મોહ પમાડ્યો. દૈત્ય કહે, તું મારી પત્ની થા. યુવતી કહે, મારી સાથે નૃત્ય કરતા મને જીતી લે તો હું તને વરું અને તારી પત્ની થાવ. દૈત્ય કહે, સારું. તે યુવતી સાથે નૃત્ય કરવા લાગ્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણે મોર કળાની જેમ નૃત્ય કરતા હાથ મસ્તક પર મૂકી દીધો તેથી દૈત્ય બળીને ભસ્મ થઈ ગયો. ત્યાં શંકર પાણીમાંથી બહાર આવ્યા અને પ્રભુને નમસ્કાર કર્યા. તે લીનેશ્વર તીર્થ થયેલું છે.

એકવાર કામધેનુ ગાયે તપ કરી શંકરને પ્રસન્ન કરી પુત્રનું વરદાન માગ્યું. શંકર કહે, તારે ધર્મ પુત્ર થશે. તે ચાર પગે લોકની રક્ષા કરશે. તે ગોપાલશતીર્થમાં કાર્તિક વૈશાખ પૂર્ણિમાએ સ્નાન કરશે તે વૃષભના રોમ જેટલા વર્ષ કૈલાશમાં વાસ કરશે. પરાશર ઋષિએ તપ કરી વિષ્ણુને પ્રસન્ન કરી નારાયણના અંશ પુત્રને પ્રાપ્ત કર્યો. તે પરાશરતીર્થ થયેલું છે તથા નારદેશ, ભીમેશ્વર, હનુમાનેશ્વર, જમદગ્નિ વગેરે તિર્થો થયેલા છે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે સુપર્ણ રાજાનો ભરતકુમાર વૈષ્ણવ શતબાહું નામે હતો. તે તિર્થો કરતો વિંધ્યાચળ આવ્યો. ત્યાં બ્રાહ્મણ ભેળો થયો. કુમારે પૂછ્યું, ક્યાના છો ? ક્યાં જાવ છો? બ્રાહ્મણ કહે, કામ્ય, કુલ્જ દેશનો શિખંડી રાજાનો ગોર છું. તે રાજાએ પુત્ર માટે તપ કર્યું પણ પુત્રી થઈ તેથી તેના વિવાહ કરવા રાજા ઈચ્છે છે પણ કન્યાએ કહ્યું, હું પૂર્વે જન્મમાં મોર સાથે મયૂરી ઢેલ હતી. ત્યાં કોઈ શિકારી આવી અમને બંનેને બાણથી મારી નાખ્યા. અર્ધુ શરીર અગ્નિમાં શેકી ખાઈ ગયા. અર્ધુ નર્મદા તીર્થમાં નાખ્યું. તે પુણ્યબળથી હું રાજપુત્રી થઈ તેની સાક્ષી રૂપે નર્મદાના ત્રણ ફળવાળા વડનીચે પીળા પથ્થર પર મારા અસ્થિ પડેલા છે. તેથી રાજાની આજ્ઞાથી તે રાજકન્યાના અસ્થિ ગોતીને નર્મદામાં હનુમાનેશ્વરમાં નાખવા આવ્યો છું. અસ્થિ નાખ્યા ત્યાં તો રાજકન્યાનો દેહ પડી ગયો. બ્રાહ્મણની આ વાત સાંભળી સતબાહું કુમારને પણ પોતાનો પૂર્વ મોરનો જન્મ યાદ આવ્યો. તે પણ અતિ શોક કરી તીર્થમાં મૃત્યુ પામ્યો. તરત બ્રાહ્મણને પણ પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ ગઈ કે, હું શિકારી હતો. તેણે પણ નર્મદા તીર્થનું જલ પીને દેહત્યાગ કર્યો. તરત દિવ્ય વિમાન આવ્યું તેમાં બેસી ત્રણે જીવાત્માઓ મોક્ષમાં ગયા. આ સર્વ કથા ચમત્કાર આખ્યાનો શંકર ઋક્ષ પર્વતમાં પાર્વતીને કહેતા હતા. આ કથા અધ્યાય કોઈ વાંચશે, સાંભળશે તે મુક્તિ અને ભક્તિ ને પામશે.

અધ્યાય - ૫૮૦

❖ સોમેશ્વર - વ્યાસ - માર્કન્ડેય અને જલશાહી તીર્થની કથા ❖
❖ શુદ્ધિ-અશુદ્ધિ જ્ઞાન ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે શંબર રાજાનો પુત્ર ત્રીલોચન તેનો પુત્ર કંઠ નામે હતો. તે પાપી અને હીંસક હતો. એકવાર મૃગના ટોળામાં બાણ મારતા એક બ્રાહ્મણ મૃગરૂપે હતો તે મરી ગયો. તેને બ્રહ્મહત્યા લાગી તેથી ફરતો ફરતો નર્મદા તીર્થમાં આવ્યો અને પાણી પીધું. ત્યાં એક બ્રાહ્મણ સોમેશ્વર મહાદેવનું પૂજન કરવા આવ્યો. તે બ્રાહ્મણ કંઠરાજા પાસે આવી કહે, અર્ધ ગાઉ ઉપર એક સ્ત્રી રૂદન કરતી કહે છે કે, હું કંઠ રાજાની બ્રહ્મહત્યા છું. અહીં તીર્થમાં જો તે રહેશે તો હું તેને વળગી શકીશ નહિં. આ લોકમાં ચોર લૂંટારાને દંડ આપનારા રાજા છે અને ગુપ્ત પાપીઓને દંડ આપનારા યમરાજા છે. પરંતુ આ તીર્થમાં કોઈ દંડ આપી શકતું નથી. બ્રાહ્મણનું વચન સાંભળી કંઠ રાજા તીર્થનો મહિમા જાણી નર્મદાના સોમેશ્વર તીર્થમાં સ્નાન કરી શ્રીકૃષ્ણનારાયણનો જપ, સ્મરણ, ધ્યાન કરતો કહે, પ્રભુ મારી સદ્‌ગતિ કરજો. એમ કહી અગ્નિ પ્રગટાવી તેમાં પ્રવેશ કર્યો. તરત દિવ્ય વિમાન આવ્યું. તેમાં બેસી અનંતમુક્તોથી સેવાયેલા, લક્ષ્મી માણિકીથી સેવાયેલા, પ્રભા, પાર્વતી, હંસા, મંજુલાથી સેવાયેલા, ચંપા, દયા, રમા, હેમી, દેવી, મુક્તોથી સેવાયેલા એવા શ્રીહરિના ધામમાં ગયો.

એકવાર જલશાયી પ્રભુ સુદર્શન ચક્ર લઈને ગરૂડ પર બેસી આવ્યા. હિમાલયમાં યુદ્ધ થયું. શ્રીહરિએ ચક્રથી નલમેઘ અને ધુંધુમારને મારી નાખ્યો. તેની ચૌદ હજાર કન્યાઓ હિમાલયની ગુફામાં રાખી હતી. તેથી દૈત્યોની સર્વે દેવીઓ, દૈત્યનો નાશ સાંભળીને શ્રીકૃષ્ણનારાયણને વરી. શ્રીહરિ સર્વ પત્નીઓ સાથે નર્મદામાં જલશાયી તીર્થમાં સ્નાન કરી સર્વ પત્ની સાથે અશ્વપટ સરોવર, કુંકુમવાપી આવ્યા. સર્વ દેવીઓ લોમશઋષિ પાસે મંત્ર લઈ ત્યાં વાસ કરતી હતી અને શ્રીહરિની દિવ્ય કથાઓ સાંભળતી હતી.

આ લોકમાં જે નરનારીઓ સાક્ષાત્ પ્રભુના યોગને પામે છે. તે દિવ્ય થાય છે. પૂર્વે ચંડમુંડે તપ કરી સૂર્ય-ચંદ્રની સ્થાપના કરી ત્યાં વ્યાસતીર્થ, માર્કન્ડેયતીર્થ વગેરે અનેક તિર્થોમાં ફરીને શંકર-પાર્વતી કૈલાશમાં ગયા હતા. તે નર્મદા સાગર સંગમમાં સ્નાન, દાન, પિતૃ તર્પણ કરશે તેના સાત કુળનો હું ઉદ્ધાર કરી મોક્ષમાં લઈ જઈશ. જે તીર્થમાં રહેલો મને જાણે છે તેને તીર્થનું ફળ મળે છે.

લક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ, અશુદ્ધિમાં હોય ત્યારે સ્ત્રી તમારી પૂજા કઈ રીતે કરી શકે ? શ્રીનારાયણ કહે : સ્ત્રીભક્તોના સુખ અને મોક્ષ માટે તે સારું પૂછ્યું. બાળકની સેવામાં રહેલી, કપડા ધોવામાં રોકાયેલી, પતિ સેવામાં, ઘરકામમાં રહેલી, ઋતુધર્મમાં રહેલી, આવી અનેક અશુદ્ધિમાં સ્ત્રીઓ રહેલી છે. તેથી મારા ભક્ત સ્ત્રીઓના મનમાં હું સદા વાસ કરું છું. બ્રહ્માએ સ્ત્રીઓના શરીર સ્વભાવથી શુદ્ધ જ નિર્માણ કરેલા છે. સ્ત્રીરૂપી ક્ષેત્ર તે સર્વથા શુદ્ધ છે. અશુદ્ધ કાર્યોમાં પણ સ્ત્રી શુદ્ધ જ છે. સ્ત્રીઓ સ્નાન માત્રથી શુદ્ધ થાય છે. સ્ત્રીઓએ રજસ્વલા ધર્મમાં ચાર દિવસ મારા દૂરથી દર્શન કરવા. ત્યારે માનસી પૂજા કરી લેવી. તેથી હું સંતોષ પામું છું.

હે લક્ષ્મી, આલોકની શુદ્ધિ અશુદ્ધિ મને સ્પર્શ કરતી નથી. મારા યોગમાં અશુદ્ધિ દિવ્યપણાને પામે છે. પરંતુ આચારશુદ્ધિના રક્ષણ માટે સર્વ નિયમો કરેલા છે. મન બુદ્ધિ મારામાં રાખી, ઇંદ્રિયોનો નિગ્રહ કરી જે મારી આંતર પૂજા, બાહ્ય પૂજા કરે છે, તેના દોષને હું ગણતો નથી. મારી ભક્તિ કરનારો મારામાં મન રાખનારો કર્મ કરવા છતાં સિદ્ધીને પ્રાપ્ત કરે છે. જાગૃતમાં સ્વપ્નમાં જોવામાં સાંભળવામાં જે મારામાં જ ચિત રાખે છે તે બ્રાહ્મણ હોય કે ચાંડાલ તેની હું પ્રસંશા કરું છું. તેથી સ્ત્રીઓ મારી મૂર્તિમાં મનને રાખી મારી પ્રેમ પરાયણ ભક્તિ કરવાથી મારા ભાવને પામે છે. સ્ત્રીઓ પાંચમે દિવસે ઋતુ દાનથી શુદ્ધ થાય છે. શુદ્ધિ માટે તથા પુત્ર માટે ઋતુદાન તે ગૃહસ્થોને બ્રહ્મચર્ય કહેલું છે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, એ રીતે પુરુષો દાસભાવે અને સ્ત્રીઓ દાસીભાવે મારી ભક્તિ કરી મારાધામને પામે છે. અજ્ઞાનથી મોહ પામેલા મને ન જાણનારા એવા મૂંઢ મનુષ્યો મને ઓળખી શકતા નથી. મારી ભક્તિ કરી શકતા નથી. તેથી ચોરાશીના ફેરામાં ફરતા તેનો અંત આવતો નથી.

અધ્યાય - ૫૮૧

❖ પુરુષોત્તમ ક્ષેત્ર એવા જગન્નાથપુરીની ઉત્પત્તિ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જગન્નાથપુરીમાં પુરુષોત્તમ રૂપે મૂર્તિમાં હું સદાવાસ કરું છું. લક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ, તમે કાષ્ટની મૂર્તિરૂપે ક્યારે થયા. તે કૃપા કરી કહો. શ્રીનારાયણ કહે : પૂર્વે બ્રહ્માએ મનુષ્યોના કલ્યાણ માટે અને પોતાના મોક્ષને માટે વિચાર કર્યો કે, હું અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રસન્ન કરું. એમ વિચાર કરી સ્તુતિ કરવા લાગ્યો કે, હે મુક્તપતિ, રાધા લક્ષ્મીના પતિ તમને નમઃ હે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તમે સર્વ અવતાર રૂપે રહેલા છે, અંતર્યામી છો, વ્યાપક છો, અણુ છો, મહાન છો, દ્રવ્ય કર્મ ભાવ અભાવ માયા, કારણ, કાર્ય સર્વ તમે છો. એવા તમને નમસ્કાર. હે પ્રભુ, મારો મોક્ષ કરો. બ્રહ્માની સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિ કહે, પૂર્વે તમે જે કર્મ કર્યું છે. તેથી જો તમને બ્રહ્માનું પરમપદ આપ્યું છે. તે ભોગવ્યા વિના કર્મનાશ થતું નથી. પણ જો મારી ભક્તિ કરશો. મારામાં મન રાખશો તો તમારો મોક્ષ થશે. માટે મારી આજ્ઞાથી તમને જે કાર્ય સોપ્યું છે તે કરો. હું તમારા હૃદયમાં નિવાસ કરીશ. મારા કંઠમાંથી મણિ કાઢી જ્યાં મેં સ્થાપન કર્યો તે નીલ પર્વત દક્ષિણ સમુદ્ર કાંઠે છે. ત્યાં મેં પૂર્વ મધુકૈટામ બે દૈત્યોને મેં માર્યા હતા અને પૃથ્વીની રક્ષા કરી ત્યારે પૃથ્વીએ મારી સ્તુતિ કરે કે, હે સ્વામિનારાયણ હે પુરુષોત્તમ તમે અહિં સદા વાસ કરો. પૃથ્વીની સ્તુતિથી પ્રસન્ન થઈને મેં કહ્યું હતું કે, ભક્તોના કલ્યાણ કરવા કૃપાથી વશ થયેલો હું અહીં પુરુષોત્તમ નામે વાસ કરીશ. જેમ અક્ષરધામમાં વાસ કરું છું તેમજ રોહિણી કુંડમાં પણ ઐશ્વર્ય ચિહ્નો સહિત વાસ કરીશ. એમ કહી બ્રહ્માને દિવ્ય જ્ઞાન દર્શન આપી પુરુષોત્તમ નારાયણ અદૃશ્ય થયા ત્યાં કાગડો રોહિણી કુંડમાં આવી પડ્યો. સ્નાન કરી દેહત્યાગ કરી ચર્તુભુજરૂપ ધારણ કરી દિવ્યગતિ પામ્યો. તેથી એ પુરુષોત્તમક્ષેત્રનો મહિમા વિશેષ જાણીને પુરુષોત્તમ નારાયણનો મહિમા જાણ્યો.

ત્યાં યમરાજ આવી નીલપર્વત તથા જગન્નાથ શ્રીહરિને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા કે, એક બે અનંતરૂપે રહેલા તમને નમો નમઃ સ્વર્ગમાં રહેલા, સર્વને ધારણ પોષણ કરનારા સાક્ષીરૂપે રહેલા તમને નમો નમઃ માયાચક્ર કાપનારા, જન્મ મૃત્યુને હરનારા, નીલ પર્વતમાં પુરુષોત્તમ રૂપે વાસ કરનારા, લક્ષ્મીનારાયણ સ્વરૂપ, રાધાકૃષ્ણ સ્વરૂપ, કંભરાપુત્ર પ્રભા, પાર્વતી, નારાયણ તમને નમો નમઃ યમરાજની સ્તુતિથી પ્રસન્ન થયેલા. શ્રીહરિની આજ્ઞાથી લક્ષ્મી ત્યાં પ્રગટ થઈને યમરાજને કહે : અહીં પુરુષોત્તમ ક્ષેત્રમાં પુરુષોત્તમનો વાસ હોવાથી આ તીર્થના દર્શન કરનારા મોક્ષમાં જાય છે. તે ક્યારેય પણ યમલોકમાં જતા નથી. દિશાના સર્વે દેવો તથા બ્રહ્માદિ દેવો તથા તમે યમરાજ તમારો અધિકાર આ ક્ષેત્રમાં રહેતો નથી. સર્વ દુષ્ટ કર્મવાળાને દંડ આપનારા તમે છો. પણ

પુરુષોત્તમ પુરીના દેહધારીને દંડ આપવા તમે સમર્થ નથી. અહીં રહેનારા દર્શન કરનારા સર્વ પાપથી રહિત થાય છે. લક્ષ્મીજીના મુખેથી જગન્નાથપુરી પુરુષોત્તમ ક્ષેત્રનો મહિમા સાંભળી યમરાજ કહે : હે માતા, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આવો મહિમા પૂર્વે સાંભળ્યો ન હતો. ભાગ્યથી રહિત દેવો અમે શ્રીહરિની ઇચ્છા બળ જાણી શકતા નથી.

અધ્યાય - ૫૮૨

❖ જગન્નાથપુરીમાં કાષ્ઠની ચારેય મૂર્તિમાં પ્રભુનો વાસ અને મહિમા ❖

શ્રીલક્ષ્મીજી કહે : યમરાજ, જગન્નાથપુરીની યાત્રાનું ફળ કહું તે સાંભળો. આ જગતનો પ્રલય થાય તો પણ હું જેમ પુરુષોત્તમ નારાયણના વક્ષ સ્થળમાં વાસ કરું છું. તેમ હું આ પુરુષોત્તમ ક્ષેત્રને પુરુષોત્તમ નારાયણના હૃદયમાં દેખું છું. એકવાર સમુદ્ર કાંઠે દિવ્ય વડવૃક્ષ નીચે ચર્તુભુજ રમણિય સોળ વર્ષના હસતા બોલતા શ્રીહરિ માર્કન્ડેય મુનિને કહેતા હતા કે, હે મુનિ, આ વડ પાસે આવો તે વડ પાણીથી ભીંજાતો નહતો. અગ્નિથી બળતો ન હતો. એવા દિવ્યવડ અને ક્ષેત્રને જોઈને માર્કન્ડેય મુનિ આશ્ચર્ય પામ્યા. અરે અરે, અત્યારે પૃથ્વીનો પ્રલય થયો. ચારેકોર સમુદ્રનું પાણી છે અને આ પુરુષોત્તમ ક્ષેત્ર અને વડ સ્થિર કેમ રહ્યા. અને મહા વાવાઝોડામાં આ વડનું પાદડું પણ કેમ નથી હલતું ? એમ ચિંતન કરતા માર્કન્ડેય મુનિએ પ્રભુ પાસે સ્તુતિ કરી કે, હે કૃપાસાગર, અક્ષરધામ, અમૃતધામ, ગૌલોક, વૈકુંઠ વગેરે સર્વે ધામોમાં રહેલા એવા હે, પ્રભુ તમને વારંવાર નમસ્કાર. જેવી રીતે તમારી સેવામાં આ લક્ષ્મી રહ્યા છે. તેવી રીતે મને અહીં રાખી તમારી સેવા આપો. માર્કન્ડેય મુનિની સ્તુતિ સાંભળી પ્રસન્ન થયેલા પ્રભુ મુનિને કહે : મેં તમને આ વડપુરી ક્ષેત્ર દેખાડ્યું. અહીં તમે આશ્રમ પર્ણશાલા બાંધીને રહેજો. તમારે નિમીતે હું અહીં વાસ કરીશ. માર્કન્ડેય મુનિ પરમેશ્વરની આજ્ઞા સાંભળીને વડ નીચે પર્ણશાલા બાંધી. તેમાં શ્રીહરિને અંદર બેઠેલા જોયાને એક ક્ષણમાં શ્રીહરિની મૂર્તિમાં લીન થયા. અને મૂર્તિમાં કરોડો બ્રહ્માંડો જોયા. એક બ્રહ્માંડમાં ચૌદલોક, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, લોકપાલો, દિકપાલો, સિદ્ધો, ગાંધર્વો, દૈત્યો, રાક્ષસો, દેવો, માનવો, પિતૃઓ, પર્વતો, સાગરો, પૃથ્વીના આધાર રૂપે રહેલ શેષ, કચ્છપ, જલ, તેલ, વાયુ, આકાશ, ચીદાકાશ, તેજ, વૈકુંઠ, ગોલોક, દિવ્યપ્રકાશમાં અક્ષરધામ દેખાયું. ત્યાં પોતે માર્કન્ડેય મુનિએ બનાવેલી પર્ણશાલામાં લક્ષ્મીપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણને જોયા. પોતાને જોયા, નીલ પર્વતને જોયો. દિવ્ય સમુદ્ર અને પુરુષોત્તમ પુરી જોઈ. ફરી પ્રભુની ઇચ્છાથી એક ક્ષણમાં પહેલાંની જેમ પોતાના હૃદયમાં શ્રીહરિને લક્ષ્મીયુક્ત પર્ણશાલામાં બેઠેલા જોયા. તેથી અતિ આશ્ચર્ય પામી સ્તુતિ કરી કહેવા લાગ્યા કે, હે પુરુષોત્તમ નારાયણ તમે મને આ અદ્‌ભુત આશ્ચર્ય કેમ બતાવ્યું ?

શ્રીહરિ કહે, પૃથ્વી પર મેં મારું બીજું ધામ વડ સાથે પુરુષોત્તમ પુરી જગન્નાથ નામથી સ્થાપન કરેલ છે. અને તે મારું અક્ષરધામ છો. તે મેં તને દેખાડ્યું. મને પુરુષોત્તમ જાણી આ ક્ષેત્રમાં પ્રવેશ કરે છે તે શુદ્ધ આત્મા મારા ધામને પામે છે. શ્રીહરિનું આવું કૃપા વાક્ય સાંભળી માર્કન્ડેય મુનિએ ત્યાં વાસ કર્યો અને પ્રભુને કહ્યું કે, હું ક્યારેય પણ મૃત્યુને વશ ન થાઉં તેવી કૃપા કરો. તે સમયે યમરાજ ત્યાં આવીને કહે કે, મુનિ હું પણ તમારી સાથે તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને શ્રીલક્ષ્મી સાથે અહીં વાસ કરીશ. પ્રલયને અંતે અને ફરી સૃષ્ટિમાં પણ હું અહીં સદાવાસ કરીશ. આ પર્ણનગરી પુરુષોત્તમ પુરી, જગન્નાથપુરી નામે પ્રસિદ્ધ થશે. એમ કહી પુરુષોત્તમ નારાયણ અદૃશ્ય થયા.

માર્કન્ડેય મુનિએ તે દિવ્ય વડ નીચે પર્ણશાલા કરી વાસ કર્યો. અને તપ કરી મૃત્યુને જીત્યો. ત્યાં માર્કન્ડેય આશ્રમ છે. પાંચ ગાઉમાં તે તીર્થક્ષેત્ર થયેલું છે. તે હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ તિર્થોમાં મારી અનંત લક્ષ્મીઓ સાથે વાસ કરું છું. હું પૂર્વમાં લક્ષ્મી સાથે જગન્નાથરૂપે રહું છું. પશ્ચિમમાં દ્વારિકામાં પ્રભા સાથે રહું છું. ઉત્તરમાં માણિકી સાથે નારાયણરૂપે રહું છું. દક્ષિણમાં પાર્વતી સાથે જર્નાદનરૂપે રહું છું. સાડા ત્રણ કરોડ તિર્થોનો રાજા પુરુષોત્તમ પુરી છે. તેથી તેને તીર્થરાજ કહેવાય છે. ત્યાં દિવ્ય રોહિણી કુંડમાં જે સ્નાન કરશે તે નરનારી નારાયણ સમાન થાય છે. અહીં વાસ કરનારા દેહધારીઓ મોક્ષના અધિકારી થાય છે. માટે હે યમરાજ, હે બ્રહ્મા, તમે આ સ્થાનમાં ધર્મકર્મની ચિંતા કરતા નહીં. એવી રીતે લક્ષ્મીએ યમરાજને કહ્યું. તે પુરુષોત્તમ પુરીમાં નૃસિંહ તથા શંકરનો પણ સદાવાસ હોવાથી મંત્ર બોધનો ઉપદેશ થયા કરે છે. તથા મંગલા, વિમલા સર્વ મંગલા, અંબીકા, કાળ, રાગી, ચંડરૂપા, મરી, ચીકા, વૈષ્ણવી વગેરે આઠ પ્રભુની દાસીઓ તેના દર્શનથી અશ્વમેઘ યજ્ઞ ફળ થાય છે. શંકર પણ "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" એ મંત્રનો જપ કરતા, તપ કરતા પ્રભુને પ્રાર્થના કરે છે કે, હે પ્રભુ, હું તમારું ભજન કરતો સદા અહીં વાસ કરું. તેથી પુરુષોત્તમનારાયણે પ્રસન્ન થઈને શંકરની આઠ સ્વરૂપે પુરુષોત્તમપુરીમાં સ્થાપના કરી. ક્ષેત્રપાલેશ્વર, કપાલમોચનેસ ક્ષેત્ર, યેશયમેશ્વર, માર્કન્ડેય ઈશાન, બીલવેશ, નીલકંઠેશ, વેકંટેશ. લક્ષ્મીનાં મુખેથી પુરુષોત્તમ પુરીનો મહિમાં સાંભળી યમરાજ શ્રીહરિનું ભજન કરતા યમપુરીમાં ગયા. પછી શ્રીહરિ બ્રહ્માને કહે, અહીં ઈન્દ્રદ્યુમ્ન રાજા આવી પ્રભુની પ્રસન્નતા માટે હજારો યજ્ઞ કરશે. ત્યારે શ્રીહરિ કૃપા કરી એક લાકડામાંથી ચાર સ્વરૂપ વિશ્વકર્મા પાસે મૂર્તિ ઘડાવશે અને ઈન્દ્રદ્યુમ્ન રાજા પાસે તમારા હાથે પુરુષોત્તમની પ્રતિષ્ઠા કરાવશે. પછી બ્રહ્મા શ્રીહરિનું અને લક્ષ્મીનું પૂજન કરી સત્યલોકમાં ગયા.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ચર્મચક્ષુવાળાને મારી મૂર્તિ કાષ્ઠ સમાન લાગશે અને દિવ્ય દૃષ્ટિવાળાને દિવ્ય દેખાશે. તે ચાર સ્વરૂપે હું જગન્નાથ, સંકર્ષણ, સુભદ્રા અને સુદર્શન ચક્રરૂપે મૂર્તિમાં રહું છું. તે હું પરબ્રહ્મ પોતે મોક્ષ આપનારો મૂર્તિમાં સદાવાસ કરું છું. શ્રીનારાયણ કહે : ત્યાં દર્શન કરનારાના દોષને નહીં જોઈને હજારો અપરાધોને માફ કરી થોડી ભક્તિ હશે તો પણ હું ધામમાં લઈ જઈશ. એમ કહી પ્રભુ વિરામ પામ્યા.

અધ્યાય - ૫૮૩

❖ પુંડરીક અને અંબરીષ બંને ભક્તિપરાયણ રહી અંતે ધામમાં ગયા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હું મૂર્તિ રૂપે દિવ્ય છું. સુખ અને મોક્ષનો આપનારો છું. જે રીતે પૃથ્વી આદિ પંચમહાભૂત જીવાત્માને રહેવાનું ઘર છે. તે રીતે મૂર્તિ તે મારે રહેવાનું ઘર છે. એકતત્વરૂપે આત્મરૂપે મને કોઈ જોઈ શકતા નથી. તેવા માયીક દૃષ્ટિવાળા માટે હું મૂર્તિરૂપે થયો છું. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ તે સર્વ મારું શરીર છે તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તે રૂપે પણ હું થયો છું. મન, બુદ્ધિ તે રૂપે પણ હું થયો છું. બ્રહ્મશરીર, મુક્તશરીર, તે પણ મારું શરીર છે. સર્વરૂપે હું થયેલો છું. વેદ મંત્રો પ્રતિષ્ઠા, કર્મકાંડ તે સર્વ હું છું. ચેષ્ટા વિનાની કાષ્ટની પ્રભુની મૂર્તિને જો દિવ્ય લીલાવાળી જાણે તો તેના કોટી અપરાધ માફ કરીને તેનો મોક્ષ કરું છું.

પૂર્વે કુરુક્ષેત્રમાં બ્રાહ્મણ અને ક્ષત્રિય બે મિત્ર હતા. ધર્મ, કર્મ, ભક્તિહીન હતા. અધર્મનું આચરણ કરતા. એકવાર કુરુક્ષેત્રમાં વિષ્ણુયાગ થયો હતો. તેને યજ્ઞનાં દર્શન કર્યા અને વેદ મંત્રો સાંભળ્યા. ત્યાં તેની બુદ્ધિ નિર્મળ થઈ. તે બન્નેને એવો વિચાર આવ્યો કે, આપણે પાપ ધોવા માટે સંસાર સમુદ્ર તરવા માટે વિદ્વાન વિપ્રને પુછીએ. એટલે બ્રાહ્મણને પૂછ્યું, દારૂ પીનારા, માંસ ખાનારા, વ્યભિચાર, ચોરી, હિંસા કરનારાના પાપ કઈ રીતે નાશ પામે અને મુક્તિ કેમ થાય ? વૈદિક વિપ્રો કહે, સર્વ તીર્થમાં ઉત્તમ પુરુષોત્તમ પુરી જગન્નાથ ક્ષેત્ર છે ત્યાં પુરુષોત્તમ નારાયણ વાસ કરે છે તેથી ત્યાં મુક્તિ થાય છે. પછી બંને મિત્રો ઋષિને લઈને ત્યાં પુરુષોત્તમપુરી આવી સમુદ્રમાં સ્નાન કરી મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં મૂર્તિ ન દેખાણી એટલે નિરાશ થઈને ત્રણ દિવસ અનશન વ્રત લઈ શ્રીહરિનું નામ, ધૂન, કિર્તન કર્યાં. ત્રીજી રાત્રિએ મંદિરમાં બેઠા હતા ત્યાં તેજ દેખાયું અને ફરી લીન થયું. સાતમી રાત્રિએ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમના લક્ષ્મીએ સહિત આયુધો સાથે વસ્ત્ર, આભૂષણોથી શોભતા, ચર્તુભુજ સ્વરૂપે દર્શન કર્યાં. અનેક શોભાવાળા નારદ સનકાદિથી સ્તુતિ કરાયેલા એવા પ્રભુનું દિવ્ય દર્શન કરી બન્ને મિત્રોને દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું, અને સ્તુતિ કરવા લાગ્યા કે, હે પુરુષોત્તમનારાયણ એમ કામી, ક્રોધી, પાપી આચારવાળા છીએ. આ ઋષિની કૃપાથી તમારે શરણે આવ્યા છીએ. હે જગન્નાથ, અમને

તમારો મંત્ર આપો જનો જપ કરી અમે ભવપાર ઉતરીએ. ચોવીશ તત્ત્વોરૂપે રહેલા આત્મરૂપે રહેલા એવા તમને નમસ્કાર. યોગ તપ વિના પણ દર્શન આપનાર હે પ્રભુ કૃપા કરી અમને તમારી દાસ્યભક્તિ આપો. એવી રીતે સ્તુતિ કરી, દંડવત કરતા તે પુંડરીક અને અંબરીષ બેય મિત્રોને શ્રીલક્ષ્મીનારાયણ પ્રભુએ કાષ્ઠ રૂપે દિવ્ય દર્શન આપ્યા. મંદહાસ્યવાળા, શ્રીવત્સના ચિહ્નવાળા, પીતાંબરધારી, કેશર ચંદનવાળા પુષ્પોના હારોથી શોભતા, સુવર્ણના આભૂષણોથી શોભતા, ધનુષ, ધ્વજ, ત્રિશુલ, સ્વસ્તિક, મત્સ્યના ચિહ્નવાળા એવા શ્રીહરિ પુરુષોત્તમ તથા સંકર્ષણ અને તેજસ્વી લક્ષ્મી તથા સુભદ્રાને જોઈને અતિ આશ્ચર્ય પામ્યા.

સમુદ્ર કાંઠે દિવ્ય વડ નીચે કાષ્ઠની દિવ્ય પ્રતિમામાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચાર સ્વરૂપના દર્શન કરીને બેય મિત્રોએ વિચાર કર્યો કે, આપણે બન્ને અહીં જ રહીએ. એવો નિશ્ચય કરી ત્યાં રહી શ્રીહરિની ભક્તિ પરાયણ થયા અને અંતે શ્રીહરિના અક્ષરધામમાં ગયા. એ રીતે જગન્નાથપુરી પુરુષોત્તમ ક્ષેત્રમાં રહેનારા નરનારીઓ સકામ હશે તો પણ સ્વર્ગમાં ભોગ ભોગવી અને પછી શ્રીહરિના ધામમાં જાશે. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, ઉત્કલ દેશમાં દક્ષિણ સમુદ્ર કાંઠે રહેનારા મારા વૈષ્ણવ ભક્તો ઋષિ કુલના મારી ભક્તિ પરાયણ છે. ત્યાં મારા ભક્તોમાં સદા સત્યુગ વસેલો છે. તે દેશ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારો પ્રસિદ્ધ છે. તેના દર્શનથી પણ ભક્તિ અને મુક્તિ બન્ને પ્રાપ્ત થાય છે.

અધ્યાય - ૫૮૪

❖ શ્રીહરિ દ્વારા ઈન્દ્રદ્યુમ્ન રાજાને જગન્નાથપુરીમાં મંદિર બનાવવાની આજ્ઞા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પૂર્વે ઈન્દ્રદ્યુમ્ન રાજા થયો. તેને માર્કન્ડેય મુનિ, બકઋષિ, ગૃદ્ધઋષિ ઈન્દ્ર વગેરે કોઈ જાણતું નહીં. કર્મ અને લોમશઋષિ જ તેને જાણતા. તે રાજા બ્રહ્માના પાંચમાં વંશમાં થયો. તે રાજા મહાવૈષ્ણવ સર્વમાં પ્રભુનું દર્શન કરનારો સર્વ વિદ્યાનો જાણનારો હતો. તેણે હજારો યજ્ઞ કરી, દાન આપી પ્રભુને પ્રસન્ન કર્યા હતા. રાજધાની અવંતીમાં તે રાજા મન, વાણી, શરીરથી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરતો. તેથી પ્રભુ સાક્ષાત તેને દર્શન આપી પૂજા અંગીકાર કરી નૈવેધ જમતા. એકવાર પ્રભુએ તેને દર્શન આપી કહ્યું, રાજા તું પુરુષોત્તમપુરી જઈ મારું મહા મંદિર બનાવ. પ્રભુની આજ્ઞાથી રાજાએ સૌ પ્રથમ વિપ્ર વાચસ્પતિને પુરુષોત્તમપુરી મોકલ્યાં. વાચસ્પતિ અડધા દિવસમાં વિમાનમાં બેસી ઓઢ્રદેશ નીલપર્વત સમુદ્ર કાંઠે આવ્યા. ત્યાંના સર્વેજનોને શ્રીહરિના જેવા રૂપવાળા ચર્તુભુજ જોયા. ત્યાં રહેતા પ્રભુના ભક્તો શબરોને નમસ્કાર કરીને કહ્યું. અમને પ્રભુના દર્શન કરાવો. અમને ઈન્દ્રદ્યુમ્ન રાજા એ મોકલ્યા છે. શબરભક્ત પણ રાજાની ઈચ્છા જાણીને રાજી થયો અને કહ્યું કે, અમે લક્ષ્મીનારાયણ

સંહિતા વાંચી હતી તેમાં વર્ણન હતું કે, ઈન્દ્રદ્યુમ્ન રાજા અહીં વાસ કરશે અને કાષ્ઠની જગન્નાથની મૂર્તિ પ્રતિષ્ઠા કરશે.

તે પ્રભુ અત્યારે નીલમાધવ નામે પાષાણ મૂર્તિરૂપે રહેલા છે. તેના દર્શન કરવા જઈએ. એમ કહી સર્વે કાંટા, કાંકરાવાળા માર્ગે ચાલી રોહિણી કુંડ આવ્યા. તેની પાસે દિવ્ય વડ હતો તે વડ નીચે નીલમાધવની મૂર્તિના દર્શન કર્યા. કુંડમાં સ્નાન કર્યું. પછી વાચસ્પતિ એ સ્તુતિ કરી કે, હે અક્ષરાતિત તેજ રૂપે રહેલા સર્વને આનંદ આપનારા કમલાપતિ તમને નમસ્કાર. હે પ્રભુ અમારો ઉદ્ધાર કરો. ઈન્દ્રદ્યુમ્ન રાજાનો સંકલ્પ પૂર્ણ કરો. પછી તે શબર ભક્ત બ્રાહ્મણ વાચસ્પતિને ઘેર લઈ ગયો. શબરની ઘરની સંપત્તિ, સમૃદ્ધિ રાજા જેવી જોઈ વાચસ્પતિ કહે તારે ત્યાં આવા વૈભવો કેમ છે ? શબર કહે, શ્રીહરિ મારે ઘેર વાસ કરતા હોવાથી સર્વ દેવો રોજ પૂજા કરવા આવે છે. તે શ્રીહરિનું પુજન કરી ભેટ આપી સ્તુતિ કરી અને જાય છે. તેથી આ સર્વે સમૃદ્ધિ છે અને અમે નિરોગી અને દીર્ઘાયુષ્યવાળા છીએ. પ્રભુની પ્રસાદી, ભોજનથી અમારા સર્વપાપ નષ્ટ થાય છે, તેથી અમે દિવ્યપણાને પામ્યા છીએ.

વિપ્ર વાચસ્પતિ, શબર ભીલભક્તનું વચન સાંભળી આશ્ચર્ય પામી કહે, જેના પૂર્વના પુણ્ય હોય તેને શ્રીહરિની સેવા મળે છે. માટે અમે પણ તમારી સાથે રહી શ્રીહરિના દર્શન સેવા કરશું. શબર કહે, બહું સારું. તમે ઈન્દ્રદ્યુમ્ન રાજાને અહીં લાવો અને વાસ કરો. ટુંક સમયમાં નીલમાધવની મૂર્તિ અદૃશ્ય થશે. અહીં શ્રીહરિની ઈચ્છાથી અતિ વાવાઝોડાથી રેતીથી મૂર્તિ ઢંકાઈને અદૃશ્ય થશે. તેથી હે બ્રાહ્મણ, તમે તરત ત્યાં જઈ રાજાને કહો. વાચસ્પતિએ તરત અવંતિ ઈન્દ્રદ્યુમ્ન રાજા પાસે આવી પ્રભુ પ્રસાદીના પુષ્પનો હાર આપી સર્વે વૃંતાત કહ્યું, તેજ સમયે જગન્નાથપુરીમાં વાવાઝોડું થયું. રેતી ઉડીને રોહિણી કુંડ, નીલમાધવ, પાષાણની મૂર્તિને સર્વે પર રેતીનો પર્વત થઈ ગયો. ત્યારે સર્વ ભક્તોએ પ્રાર્થના કરી કે, પ્રભુ તમે મૂર્તિરૂપે અદૃશ્ય કેમ થયા. મંદિર મહેલ સેવકોનો તજીને કેમ જાવ છો ? ત્યારે આકાશવાણી થઈ કે, હે દેવો હે ભક્તો, મારી ઈચ્છાથી આ સર્વે થયું છે. અને બ્રહ્મા અહીં આવીને તમને સર્વ વૃતાંત કહેશે. પછી પુષ્પોની પ્રસાદીની માળા ઈન્દ્રદ્યુમ્ન રાજાએ મસ્તક પર ચડાવીને પ્રાર્થના કરી કે, હે પ્રભુ જ્યાં તમે છો, ત્યાં મને લઈ જાવ. ઈન્દ્રદ્યુમ્ન રાજા એ રીતે પ્રાર્થના કરી શ્રીહરિનું ધ્યાન કરતો હતો.

અધ્યાય - ૫૮૫

❖ ભક્તિનાં પ્રકાર ❖ જગન્નાથપુરીમાં મૂર્તિ પ્રતિષ્ઠા માટે રાજાને શંકરની આજ્ઞા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પુરોહિતે વાચસ્પતિ પાસેથી પુરુષોત્તમપુરીની સર્વ વાત સાંભળી. રાજા પ્રસન્ન થયો. પુરોહિતે કહ્યું, રાજા મોક્ષનું કાર્ય કાલે જે કરવાનું હોય તે આજે કરવું. તેથી રાજાએ ત્યાં જઈ યજ્ઞ કરી પ્રભુને રાજી કરવા. એવો વિચાર કર્યો. ત્યાં નારદજી આવ્યા. રાજાએ પગે લાગી સત્કાર કર્યો. નારદ કહે, રાજા દેવો પાસેથી તારી કિર્તી સાંભળી તારી પાસે આવ્યો હું. તું જગન્નાથપુરી જઈને યજ્ઞ કરવાનો છે. તે જાણીને હું પ્રસન્ન થયો છું. હે રાજા, હજારો જન્મના પુણ્ય અને અભ્યાસથી શ્રીહરિમાં ભક્તિ થાય છે. બ્રહ્મા પણ તે પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરી પિતામહનું પદ પામ્યા છે. તેનો હું પુત્ર છું. તેના વંશમાં તું થયેલો છે.

અનાદિ અજ્ઞાનરૂપી અવિદ્યાનો નાશ કરવા એક શ્રીહરિની ભક્તિ જ સમર્થ ઔષધ સમાન છે. તે ભક્તિના અનંત પ્રકારો છે. તેમાં ત્રણ પ્રકાર મુખ્ય છે. અભિચાર, મલીન, મંત્રવાળી, સ્વાર્થ પરાયણ તે તામસી ભક્તિ છે. ભોગની ઈચ્છાથી સ્વાર્થ અને પરમાર્થની તે રાજસી ભક્તિ છે. બીજાના સુખને માટે પરમાર્થવાળી ભક્તિ તે સાત્વિક ભક્તિ કહેલી છે. ફળની ઈચ્છાથી રહિત શ્રીહરિમાં અતિ પ્રેમમય મિશ્રીતભક્તિ તેને નિર્ગુણ ભક્તિ કહેલી છે. તે નિર્ગુણ ભક્તિથી, મુક્તિ સ્થિતિને પમાડીને શ્રીહરિના ધામમાં શ્રીહરિની સેવા ભક્તિ આપે છે. સાત્વિક ભક્તિ વડે બ્રહ્માના સત્યલોક આદિ સ્થાનને પામે છે. રાજસી ભક્તિથી સ્વર્ગને પામે છે. તામસી ભક્તિથી પિતૃલોકને પામી ફરી પૃથ્વી પર જન્મ ધારણ કરે છે. ફળ અને આચારથી હીન હોય તો પણ શ્રીહરિમાં ઉત્તમ ભક્તિ હોય તો તે પૂજ્ય થાય છે. સર્વ વિદ્યાનો જાણનારો હોય પણ જો તેમાં શ્રીહરિની ભક્તિ ન હોય તો તે નિંદાને પાત્ર થાય છે. હે રાજા, સર્વત્ર પ્રભુને દેખનારો રાગદ્વેષથી રહિત દયાવાળો કંઠી, માળા, તિલક, ચાંદલાને ધારણ કરનારો આવો ભક્ત માયાની વાસનાથી રહિત થાય છે.

પછી નારદજીના કહેવાથી ઈન્દ્રદ્યુમ્ન રાજા જેઠ સુદી પાંચમને સૈન્ય સાથે જગન્નાથપુરી જવા તૈયાર થયો. હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરેને તૈયાર કરી નારદ સાથે ચાલતો થયો. ત્યાં સામેથી ઓઢ્ર દેશનો સેવક આવી કહે, અમારા રાજા તમારો સત્કાર કરવા ઈચ્છે છે. અને તે નદી તીરે તમારી રાહ જુવે છે. ઈન્દ્રદ્યુમ્ન રાજા ઓઢ્ર દેશના રાજાને વૈષ્ણવ ચિહ્નથી યુક્ત જોઈ પ્રસન્ન થયો. ઓઢ્ર રાજાએ કહ્યું, વાવાઝોડાથી પ્રભુની મૂર્તિ, મંદિર, કુંડ કાંઈ પણ દેખાતું નથી. ઈન્દ્રદ્યુમ્ન રાજા કહે, મને પુરુષોત્તમ પુરીમાં નીલમાધવના દર્શન નહીં થાય તો હું અનશન લઈશ. નારદજીએ રાજાને ધીરજ આપી કહ્યું કે, વૈષ્ણવ ભક્તની ઈચ્છા ક્યારે પણ નિષ્ફળ જતી નથી. પછી રાજાએ સર્વને નીલપર્વત

જવાની આજ્ઞા આપી. બન્ને રાજાઓ સર્વ તિર્થોના દર્શન કરતા એકામ્ર વનમાં આવ્યા. ત્યાં ચિત્રોત્પલા નદી કાંઠે કોટિ લિંગેશ્વરની સ્થાપના બ્રહ્માએ કરી છે.

પૂર્વે શંકરે લગ્ન થયા પછી ઘણા વર્ષો સુધી હિમાલયમાં વાસ કર્યો ત્યારે મેના, પાર્વતીને કહ્યું મહાદેવ અહીં ક્યાં સુધી રહેશે ? પછી શ્રીપુરુષોત્તમ નારાયણની આજ્ઞાથી શિવપાર્વતી જગન્નાથપુરીના દશ યોજનાના વનમાં પુરુષોત્તમ પુરીનું રક્ષણ કરવા રહ્યા. તે શંકરની રાજાએ પૂજા કરી દાન આપ્યા. એટલે શંકર પ્રસન્ન થઈ કહે, રાજા તારા જેવો ભક્ત અત્યારે કોઈ નથી. અહીં તું બ્રહ્માની આજ્ઞાથી વાજીમેઘ યજ્ઞ કરજે. એટલે દિવ્ય વડ દેખાશે. બ્રહ્મતરુ દેખાશે. તેમાંથી વિશ્વકર્મા કાષ્ઠની ચાર પ્રતિમા કરશે અને બ્રહ્મપ્રતિષ્ઠા કરશે. એમ કહી શંકર અદેશ્ય થયા.

અધ્યાય - ૫૮૬

❖ નારાયણે વિપ્રરૂપે આવી ઈન્દ્રદ્યુમ્ન રાજાને જગન્નાથજીની મૂર્તિ વિશે કહ્યું ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, જગન્નાથપુરીમાં શંકર સુક્ષ્મ શરીર ધારણ કરી તપ કરતા હતા. ત્યાં દાનવો પાતાલમાંથી મનુષ્યોને મારવા આવ્યા ત્યારે શ્રીહરિએ ત્યાં પૃથ્વીના છીદ્રમાં બીલ્વફળ વાવી વૃક્ષ ઉગાડી ત્યાં શંકરની સ્થાપના કરી તે બીલ્વેશ્વર તીર્થ કહેવાય છે. તથા ત્યાં સુક્ષ્મ સ્વરૂપ ધારણ કરવાથી શંકર કયોતેશ્વર નામથી પ્રસિદ્ધ થયા. પછી ઈન્દ્રદ્યુમ્ન રાજાને ડાબુ અંગ ફરકીને અપશુકન થયું. નારદજી કહે, અત્યારે પ્રભુ અદેશ્ય થયા હોવાથી દર્શન નહીં થાય. આ સાંભળી રાજા પુરોહિતને કહે, મારા પુત્રનો ગાદીઅભિષેક કરી આવો તો હવે હું અહીં સદાવાસ કરીશ. જ્યાં સુધી શ્રીહરિ મને દર્શન નહીં આપે ત્યાં સુધી અહીં જ રહીશ. ત્યારે નારદે કહ્યું, રાજા તું હજાર યજ્ઞ પુરા કરીશ પછી શ્વેતદ્વીપ ધામમાં પ્રભુ તને લઈ જશે. તેથી તું અહીં અશ્વમેઘ યજ્ઞ શ્રીહરિની પ્રસન્નતા માટે કર. તે પ્રભુ અત્યારે નીલ પર્વતમાં નૃસિંહરૂપે રહે છે. તે પ્રતિમાનું પૂજન કરજે. જેથી સર્વ વિઘ્ન નાશ પામે.

તે સમયે નારદ સાથે રાજા નીલ પર્વત પર ગયા. નૃસિંહ ભગવાનને જોઈને પૂજા કરી. રેતીથી ઢંકાયેલો દિવ્ય વડ જોયો. પછી નારજીના કહેવાથી યજ્ઞ કર્યો. ત્યાં મનુષ્યરૂપે બ્રહ્મપુત્ર વિશ્વકર્માએ આવીને ચાર દિવસમાં નૃસિંહ મંદિર કરી દીધું. ત્યારે નારદજી દેવો, દેવીઓ સાથે આવી જેઠ સુધી બારશે ઉત્સવ કરીને નૃસિંહ ભગવાનની ષોડ્શોપચારથી પૂજા કરી. નૈવેધ આરતી, કરી વૈશાખ સુદ ચૌદશ સુધી યજ્ઞમાં સર્વ દેવો ઋષિઓ બ્રાહ્મણો વૈષ્ણવો સર્વની પૂજા કરી ભોજન દાન આપ્યા. પછી યજ્ઞને અંતે રાજાએ સર્વએ અવભૃથ સ્નાન કર્યું. ત્યાં સ્વપ્નમાં રાજાને શ્વેતદ્વીપ ધામના દર્શન થયા. ક્ષીર સમુદ્ર મધ્યે શ્રેષ્ઠ સિંહાસન પર બેઠેલા. શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરતા. પીતાંબરધારી એવા

નારાયણના દર્શન કર્યાં. જમણી બાજુ સંકર્ષણ શેષને જોયા. ડાબી બાજુ લક્ષ્મીરૂપ સુભદ્રાને જોયા તથા સનકાદિકથી સ્તુતિ કરાયેલા એવા શ્રીહરિના દર્શન કરીને રાજાને અલૌકિક આનંદ થયો.

બીજા દિવસે રાજાએ નારદજીને સ્વપ્નની વાત કરી ત્યાં આકાશવાણી થઈ કે, જ્યાં યજ્ઞ કર્યો છે તે વેદીકા વસ્ત્રથી ઢાંકી દેજો. પંદર દિવસ પછી ત્યાં મૂર્તિ સ્વયં બની જશે. ત્યાં નારાયણ વિપ્રનું રૂપ લઈ આવ્યા અને કહ્યું કે, દ્વાર બંધ કરી દેજો. બહાર વાજીંત્રો વગાડજો. અંદર પ્રવેશ કોઈને કરવા દેશો નહીં. જ્યાં સુધી મૂર્તિ નિર્માણ નહિં થાય ત્યાં સુધી કોઈએ જોવું નહીં. જે દેખશે તેને ભય અને અંધપણું આવશે. એ પ્રમાણે કહીને નારાયણરૂપ વિપ્ર અદૃશ્ય થયા.

અધ્યાય - ૫૮૭

❖ જગન્નાથજીની મૂર્તિ અને રથની પ્રતિષ્ઠા માટે બ્રહ્માજીને આમંત્રણ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, રોજ મૂર્તિ વૃદ્ધિ પામતી હતી. દિવ્ય સુગંધ આવતી હતી. દિવ્ય સંગીતનો નાદ થતો હતો. ચંદનની વૃષ્ટિ થતી હતી. આકાશમાં અદૃશ્ય દેવો પૂજા કરવા આવતા હતા. પૂરા પંદર દિવસ થયા ત્યાં યજ્ઞની વેદિકા પર દિવ્ય સિંહાસન પર ચતુર્ભુજ જગન્નાથ, શેષ, સુભદ્રા અને ચક્ર આ ચાર મૂર્તિના દર્શન થયા. ત્યાં આકાશવાણી થઈ. રાજા વિષ્ણુને લીન, બલભદ્રને શ્વેત લક્ષ્મી અને ચક્રને લાલરંગ કરાવજો. હે રાજા, અહીં મહામંદિરનું શીખર કરાવી તેમાં મારી પ્રતિષ્ઠા કરાવી વિશ્વાસુ શબરભીલ ભક્ત તથા પુરોજ્ઞાનનો વંશ મારી સેવા પૂજામાં રાખજે. પછી ઈન્દ્રદ્યુમ્ન રાજાએ મહા મંદિર કરાવી વેદવિધિથી શ્રીહરિ જગન્નાથ, શેષ, સુભદ્રા અને ચક્રની પ્રતિષ્ઠા કરી અને અશ્વમેધ યજ્ઞના અંગભૂત અનેક ગાયોના દાન આપ્યા તે ગાયોના ખરીયાથી તળાવ થયું. તેમાં પાણી આવ્યું તે ઈન્દ્રદ્યુમ્ન સરોવર થયું. ત્યાં જલદાનથી પિતૃઓનો ઉદ્ધાર થાય છે. સ્નાન કરવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. તે પાણી પીવાથી વૈકુંઠ ધામની પ્રાપ્તિ થાય છે. ત્યાં દાન કરવાથી સમૃદ્ધિ મળે છે. ત્યાં વાસ કરવાથી મોક્ષ મળે છે. પછી રાજાએ સર્વને ભોજન કરાવી અનેક દાન આપ્યા અને સર્વને કહ્યું કે, મારી પાસે જે કોઈ સંપત્તિ છે તે સર્વે હું આ જગન્નાથ મંદિરમાં અર્પણ કરું છું અને મારી મુક્તિ માટે મારું શરીર પણ પ્રભુની સેવામાં અર્પણ કરું છું.

તે સમયે મૂર્તિની પાછળથી વિપ્રનારાયણ દર્શન દઈને સર્વેને કહેવા લાગ્યા કે, પરમધામ, અક્ષરધામ, અમૃતધામ, અવ્યાકૃતધામ, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરીકાશ્રમ વગેરે અનંત ધામોમાં જેને જવાની ઈચ્છા હોય તેણે અહીં વાસ કરવો. પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, બ્રહ્મમુક્તો, અવતારો, વ્યુહો, અંશો, વિભૂતિઓ તેને જોવાની ઈચ્છા હોય તેણે પુરુષોત્તમ નારાયણની મૂર્તિના દર્શન કરવા. હે રાજા, તારે આ મૂર્તિનું નખશીખા પર્વત

ધ્યાન ભજન કરવું. તેથી તારો મોક્ષ થશે. તું વિદ્વાન સાથે મહાવૈષ્ણવ ભકત છે. એમ કહીને વિપ્ર મૂર્તિમાં અદેશ્ય થયા. નારદ સાથે ઈન્દ્રદ્યુમ્ન રાજા બ્રહ્મા પાસે ગયા અને મંદિરની તથા મૂર્તિની વાત કરી. તમારી કૃપાથી સર્વે તૈયાર છે. હવે તમે આવી જગન્નાથ પ્રભુની પ્રતિષ્ઠા કરો.

બ્રહ્મા કહે, રાજા તું અહીં આવ્યો ત્યાં પૃથ્વી પર સો યુગ ચાલ્યા ગયા અને કરોડો રાજા મરી ગયા. પણ દિવ્ય પુરુષોત્તમ પુરીનો નાશ થયો નથી. તેથી પ્રભુની આજ્ઞાથી હું પ્રતિષ્ઠા કરવા આવું છું. તું સર્વે તૈયારી કર. બ્રહ્માએ પોતાના સેવક પદ્મનિધિને નારદ અને રાજાની સાથે મોકલ્યો. નારદજીએ પ્રતિષ્ઠાની સર્વ સામગ્રી લખી લીધી. પદ્મનીધીએ સર્વ વસ્તુ હાજર કરી. અનેક યોજનોમાં મંડપની રચના કરી. યજ્ઞ કુંડ કરાવ્યા. સોળ ચક્રવાળો ગરૂડની ધજાવાળો સુવર્ણનો રથ વિષ્ણુ માટે કરાવ્યો. ચૌદ ચક્રવાળો દર્પણની ધજાવાળો બલભદ્રનો રથ કરાવ્યો, તથા બાર ચક્રવાળો પદ્મનિ ધજાવાળો સુભદ્રાનો રથ કરાવ્યો. રથની પ્રતિષ્ઠા કાર્ય વિના રથમાં દેવને બેસારવા નહીં. રથની પૂજા પ્રતિષ્ઠા કરી તેમાં પ્રભુને બેસાડીને નગરના દરેક દેવાલયોમાં તે રથને ફેરવીને પ્રભુના મંદિરમાં લાવવો. વેદભણેલા બ્રાહ્મણોને સાથે રાખી વૈષ્ણવ ભકત પાસે તે રથને ચલાવવો. વેદમંત્રોથી પુરુષુકતના મંત્રોથી રથને ધીમે ધીમે ચલાવવો.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, તેમાં વિઘ્ન થવાના હોય તેના ચિહ્ન કહું તે સાંભળો. રથના બન્ને ઈષુ ભાંગે તો બ્રાહ્મણોને ભય આવે. રથનો અક્ષ ભાંગે તો ક્ષત્રિયનો નાશ થાય. તુલ ભંગ થવાથી વૈરાગ્યનો નાશ થાય. શમી ભંગ થાય તો શુકનો નાશ થાય. ધુરા પડી જાય તો વૃષ્ટિ ન થાય, રથની ભીઠ ભાંગે તો પ્રજાને ભય આવે, ચક્ર ભાંગે અથવા ધજા પડી જાય તો બીજા રાજાનું આસન આવે. રથમાંથી મૂર્તિ પડી જાય તો મરણ થાય. અથવા દેશમાં યુદ્ધ થાય. રથ ઉંધો પડે તો દેશનો નાશ થાય. પ્રતિષ્ઠામાં આવા વિઘ્નો આવે તો પવિત્ર કાષ્ઠથી અગ્નિ પ્રગટ કરી. યજ્ઞ કરી તેમાં ઘીનો હોમ કરી શાંતિ પાઠ તથા સ્વસ્તિવાંચન કરાવવા જેથી સર્વનું કલ્યાણ થાય, ભકતોનું કલ્યાણ થાય. સ્ત્રી, પુરુષ, ગાય, પશુનું કલ્યાણ થાવ. સર્વ જગતનું કલ્યાણ થાય. શાંતિ થાય માટે વગેરે સર્વ વિધિ કરવો. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, નારદજીએ ઈન્દ્રદ્યુમ્ન રાજા પાસે નિર્વિઘ્ન શાંતિ માટે પ્રથમની સર્વવિધિ કરાવી. જગન્નાથ પ્રભુ શ્રીહરિને પ્રાર્થના કરી કે, હે પ્રભુ અમારી સર્વ પ્રકારે રક્ષા કરજો.

અધ્યાય - ૫૮૮

❖ બ્રહ્માજી દ્વારા મૂર્તિપ્રતિષ્ઠા - જગન્નાથ ભગવાનનો સર્વને આશિર્વાદ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, બ્રહ્મા સત્યલોકથી વિમાનમાં આવ્યા. મંદિર, મંડપ, યજ્ઞશાળા, રથ વગેરેની શોભા જોઈ પ્રસન્ન થયા. પછી બ્રહ્માએ કૃષ્ણના રથની પૂજા કરી પછી બલભદ્ર પછી સુભદ્રાના રથની પૂજા કરી. પછી સ્તુતિ કરી. આસને બેઠા પછી બ્રહ્માની આજ્ઞાથી સર્વ દેવો ઋષિમુનિઓ વૈદિકો બ્રાહ્મણો સર્વે બેઠા. તે સમયે ચૌદલોકના વાસી અબીલ, ગુલાલ, પુષ્પો, કંકુ, ચોખાથી પ્રભુની રથની પૂજા કરવા. હું પ્રથમ, હું પહેલા એમ કહી દર્શન કરવા દોડતા હતા. ભારદ્વાજ મુનિએ યજ્ઞ શરૂ કર્યો. ઈન્દ્રદ્યુમ્ન રાજાએ સર્વ દેવોની પૂજા કરી. મહામંદિરને વિધિપૂર્વક વેદમંત્રોથી ધજા ચડાવી. પછી બ્રહ્માએ વિપ્રો પાસે પ્રભુની મૂર્તિ લઈને મંદિરમાં સિંહાસનમાં પધરાવી. ત્યાં આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. સર્વે જયઘોષ કરવા લાગ્યા. હે જગન્નાથ, સુભદ્રા, બલભદ્ર તમે જય પામો. પછી બ્રહ્માએ તીર્થજલથી પ્રભુની મૂર્તિઓને અભિષેક કર્યો. સુવર્ણ સળીથી નેત્રને આંજળ કર્યું. વૈદિક મંત્રથી સર્વ અંગ ન્યાસ કર્યો. વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી આરતી ઉતારી. સ્તુતિ, પ્રાર્થના કરી કે, હે પ્રભુ તમે આ મૂર્તિમાં વાસ કરો. તમારી આજ્ઞાથી અહીં તમારી પ્રતિષ્ઠા કરી છે. મારા અહીં વાસ કરવાથી સર્વ દેવો આદિ વાસ કરશે. પછી બ્રહ્માએ નૈવેદ્ય છપ્પન ભોગ ભગવાનને ધરીને સર્વને મહાપ્રસાદ આપ્યો. વૈશાખ સુદ આઠમે પ્રતિષ્ઠા કરી. સર્વને ભેટ દાન આપ્યા. તે દિવસે જે જપ, તપ, દાન, સ્નાન વ્રત, પુણ્ય કરે તે અક્ષય થાય છે અને મારા ધામમાં નિવાસ કરે છે.

તે દિવસે સાંજે સર્વને શ્રીકૃષ્ણની મૂર્તિમાં નૃસિંહ ભગવાનના દર્શન થયા. થોડીવાર પછી મત્સ્ય અને કૂચ્છ પ્રભુના દર્શન થયા. એક ક્ષણ પછી વરાહ, હંસ, હયગ્રીવ, કપીલ, હરિ, વાસુદેવના દર્શન થયા. પછી પૃથુ દત્તાત્રેય, વૃષભ, વામન, યજ્ઞ, નારાયણ, રામ, કુમાર, સનકાદિકો, નારદ, રાજરાજ, વ્યાસ, બુદ્ધ, સર્વના દર્શન થયા પછી સર્વ અદૃશ્ય થઈ શ્રીકૃષ્ણનારાયણમાં લીન થયા. પછી લક્ષ્મીનારાયણ નરનારાયણના દર્શન થયા. સર્વએ જાણ્યું. સર્વે અવતારો પુરુષોત્તમના છે. પછી બ્રહ્માએ ઈન્દ્રદ્યુમ્ન રાજાને કહ્યું કે, તારા હજારો જન્મની ભક્તિનું ફળ તને આજે મળી ગયું. ત્યારે જગન્નાથ ભગવાનની મૂર્તિ હસતા થકા બોલી કે, હે રાજા તારા અતિ ભક્તિભાવથી હું પ્રસન્ન થયેલો છું કે, તને વરદાન આપું છું. તને સદા મારામાં ભક્તિ રહેશે. હે રાજા, તે કરોડો રૂપિયાથી આ મહામંદિર કર્યું છે. તે પડી જશે. તો પણ હું આનો ત્યાગ નહીં કરું. સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી આ મૂર્તિમાં વાસ કરીશ. દર ઉત્સવમાં મારી મૂર્તિને અભિષેક સ્નાન, પૂજા, નૈવેદ્ય-ઉત્સવ કરશે. તથા વર્ષના સર્વ અવતારોના ઉત્સવ કરશે. તે અશ્વમેધ યજ્ઞના ફળને પામશે અને અંતે મારા ધામને

પામશે. જગન્નાથ ભગવાન શ્રીહરિએ પછી બ્રહ્માને કહ્યું, તમે સત્યલોકમાં જાવ. દેવોને કહ્યું, તમે સ્વર્ગમાં જાવ. ઈન્દ્રદ્યુમ્ન રાજાને કહ્યું, તું મારી સેવામાં અહીં રહેજે. એમ કહી શ્રીહરિ મૂર્તિમાં લીન થયા. પછી રાજા પ્રભુની સેવામાં રહ્યો.

જેઠ સુદ એકાદશીએ માર્કન્ડેય મુનિ ત્યાં આવી સમુદ્રમાં સ્નાન કરી શંકર પાર્વતીનું પૂજન કરી. જગન્નાથ મંદિરે આવી. પુરુષોત્તમ, નારાયણ, બલભદ્ર, સુભદ્રાના દર્શન કરી ત્રણ પ્રદક્ષિણા કરી. આચમન કરી ત્રણ પ્રાણાયામ કરી. પૂર્વે મુખે સ્તુતિ કરી કે, પૂર્વે દિશામાં ગોવિંદ ભગવાન મારું રક્ષણ કરો. દક્ષિણ દિશામાં સંકર્ષણ ભગવાન મારું રક્ષણ કરો. પશ્ચિમ દિશામાં પ્રદ્યુમ્ન ભગવાન મારું રક્ષણ કરો. ઉત્તમ દિશામાં ઋષિકેશ ભગવાન મારું રક્ષણ કરો. અગ્નિ દિશામાં નૃસિંહ ભગવાન મારું રક્ષણ કરો. નૈઋત્ય દિશામાં મધુસુદન મારું રક્ષણ કરો. વાયવ્ય દિશામાં શ્રીધર મારી રક્ષા કરો. ઈશાનમાં ગદાધર મારી રક્ષા કરો. આકાશમાં વામન પ્રભુ મારું રક્ષણ કરો. પૃથ્વી પર વરાહ ભગવાન મારું રક્ષણ કરો. સ્વામિનારાયણ ભગવાન સર્વત્ર મારું રક્ષણ કરો. એકાદશીએ નારાયણની પૂજા કરવી. જેઠ સુદ દસમીએ નિલ માધવની પૂજા કરવી. તેરશે પ્રધુમ્નની પૂજા કરવી. ચૌદશે નૃસિંહ ભગવાનની પૂજા કરવી. પૂનમે સર્વે દેવોની પૂજા કરવી. સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવી દાન આપનારા ગૌદાન કરનારાને સર્વ સંકલ્પ પૂર્ણ થાય છે અને અંતે મોક્ષમાં જાય છે.

અધ્યાય - ૫૮૯

❖ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના કૃતયુગ સંતાનનું પૂજન, ઉત્સવ અને મહિમા ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, પુરુષોત્તમપુરી એવી જગન્નાથપુરીની યાત્રા વૈશાખ અક્ષય તૃતીયાએ કરવી. અષાઢી બીજે રથયાત્રા કરવી. ચાર્તુમાસમાં પ્રભુને નૈવેધ ધરી ગ્રહણ કરવાનો નિયમ લેવો. પ્રભુનો પ્રસાદ ગંગાજળ સમાન છે. જેઠ માસમાં પગપાળા પંચતીર્થ કરવા. કાર્તિકમાં પ્રબોધિની ઉત્સવ કરવો. માગશરમાં ગરમ વસ્ત્ર ધારણ કરાવવા. પોષમાં મકર સંક્રાતિનો ઉત્સવ કરવો. માઘમાં વસંત ઉત્સવ કરવો. ફાગણ, શ્રાવણમાં પુષ્પદોલોત્સવ કરવો. એ રીતે બાર માસના ઉત્સવો મોક્ષ આપનારા છે. જગન્નાથપુરીમાં પ્રભુ જાતીભેદ ગણતા નથી ત્યાં સર્વ નર-નારીઓ દોષરહિત દિવ્ય છે. જગન્નાથપુરીમાં એકાદશીને દિવસે અન્ન લેવામાં પણ દોષ નથી.

મારી સેવા, ગુરુસેવા, સાધુસેવા મુક્તિ આપનારા છે. મારી સર્વ ક્રિયા દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે છે. તે દિવ્યપણાને પામે છે. હું વૃંદાવનમાં અને કુંકુમવાપીમાં પુરુષોત્તમપુરીમાં અને દુર્ગપુરમાં પ્રસિદ્ધિપણાને પામ્યો છું. હું જેની પર પ્રસન્ન થયેલો છું. તેને કાંઈ સાધન કરવું બાકી રહેતું નથી. શ્રીનારાયણ કહે : લક્ષ્મી, મારું દર્શન મારો સ્પર્શ દૂરથી મારું સ્મરણ કરશે. તે પણ મોક્ષ ભાગી થશે. લક્ષ્મીનારાયણ સંહિતાના આ પ્રથમ

ભાગમાં સત્યુગમાં રહેલી જે કથાઓ તેની તો કોઈ ગણત્રી કરી શકે તેમ નથી. આ અધ્યાયનો જે પાઠ કરશે, વાંચશે, સાંભળશે, સ્મરણ કરશે તે સંહિતાના પાઠનું ફળ મેળવશે તથા આ પ્રથમ ખંડની એક માસની જે પરાયણ કરશે તે અશ્વમેધ યજ્ઞફળ, તીર્થફળ, દાનફળ, અને મોક્ષફળ મેળવશે. જેના વક્તા સાક્ષાત નારાયણ છે. શ્રોતા લક્ષ્મી સ્વયં છે એવી આ કથા યોગીઓને પણ દુર્લભ બ્રહ્મદેશ પ્રાપ્ત કરાવનારી સામવેદ સમાન છે. હે લક્ષ્મી, જેટલી તું મને પ્રિય છે તેટલી જ આ સંહિતા પ્રિય છે. આ લક્ષ્મીનારાયણ સંહિતા લખીને ઘરમાં રાખવાથી સંપત્તિ અને મોક્ષ અપાવનારી છે. લક્ષ્મીનારાયણ સંહિતા તુલ્ય કોઈ શાસ્ત્ર નથી. તેથી મંડપની રચના કરાવી. સુવર્ણના આસનમાં સ્થાપન કરી તેની કથા સાંભળવી. તથા નિત્ય પૂજા કરવી. આરતી કરવી. પછી વ્યાસ સ્વરૂપ એવા શ્રીકૃષ્ણવલ્લભની ધન, અન્ન, વસ્ત્ર, આભૂષણોથી પૂજા કરી. ઘી, દૂધ, સાકરથી સંતોષ પમાડવા.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના વક્તા અને મારામાં જરા પણ ફેર ન ગણવો. કારણ કે મારો પ્રવેશ વક્તામાં થાય છે. વ્યાસપીઠેથી મેળવેલા આશિર્વાદ સફળ થાય છે. વક્તા વ્યાસના પ્રસાદીના હારથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વ્યાસના દર્શનથી કૃષ્ણના દર્શન થાય છે. વક્તા વ્યાસના સ્પર્શથી પ્રભુના સ્પર્શનું ફળ થાય છે. લક્ષ્મીનારાયણ સંહિતાની કથાના વક્તા વ્યાસના દર્શનથી પણ નરનારી દિવ્ય બને છે. આ કથાનો વિસ્તાર કોઈ લખે એવા વ્યાસને કૃષ્ણ સ્વરૂપ માનીને રાજાએ હાથી, અશ્વ, ગાયો, ગામ, ધન, દાનમાં આપવા. લક્ષ્મીનારાયણ સંહિતાની કથાની પૂર્ણાહુતિમાં સંહિતાને શણગારી હાથી પર, વાહનમાં અથવા મસ્તક પર મૂકી ગામમાં શહેરમાં પોથીયાત્રા રૂપે ફેરવવી. સાથે હજારો ભક્તોએ ધુન, કિર્તન, ઉત્સવ કરવા પછી રાજ મહેલમાં શ્રીમંતને ત્યાં વૈષ્ણવ ભક્તોને ત્યાં પધરાવી. કુમારીકાઓ તથા સૌભાગ્યવતીઓએ કંકુ, ચોખાથી, પૂજા કરવી. વિદ્યા, ધન, સ્ત્રી, સંતાન, આરોગ્ય સર્વ પ્રાપ્તિ માટે પોતાના ગૃહમાં લક્ષ્મીનારાયણ સંહિતા વસાવી પૂજા કરવી. પરમધામ, અક્ષરધામ, અવ્યાકૃત, અમૃતધામ, ગોલોક, વૈકુંઠ, વૈરાજપદ, બ્રહ્મપદ, ઈન્દ્રપદ, સર્વલોકની પ્રાપ્તિ આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળવાથી થશે.

શ્રીનારાયણ કહે : લક્ષ્મી લક્ષ્મીનારાયણ સંહિતાનો આ પ્રથમ ભાગ સત્યુગ સંતાન તેના શ્લોક પંચાવન હજાર છે. તે મારા મસ્તકના કેશરૂપે છે. આ પ્રથમ ભાગ તે મારું મસ્તકરૂપી બ્રહ્મરંધ્ર છે. તે સર્વનું મંગલ કરનારું છે.

અધ્યાય - ૫૯૦

❖ કૃતયુગ સંતાનનાં અંતિમ અધ્યાયમાં પ્રગટ ભગવાનની સ્તુતિ-આશિર્વાદ ❖

શ્રીનારાયણ કહે : લક્ષ્મી, હવે પછી મારી ત્રેતા સંતાનની કથા ગોલોકમાંથી શ્રીકૃષ્ણ રાધિકાને પૂર્વે સૌરાષ્ટ્રમાં આસો વદ આઠમે મારો પાદુર્ભાવ થયો, તેની કથા કહેશે. સત્યુગના દેવો આત્મારુપે ભક્તો અને ધર્મો તે સર્વે અમારી રક્ષણ કરો. સત્યવ્રતવાળા સત્ય એવા પરમાત્મામાં અર્પણ થયેલા તે સતી, સ્ત્રીઓ, બ્રહ્મપત્નીઓ, અમારું રક્ષણ કરો. જે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતાની ઇચ્છાથી સૃષ્ટિની રચના કરીને તેમાં પ્રવેશ કરી અંતર્યામી રૂપે રહેલા છે. તે પ્રભુ જય પામો. જે પ્રભુ યુગલ ભાવને રાધાપતિ, લક્ષ્મીપતિ નામને ધારણ કરનારા એવા નારાયણ વાણીરૂપે રહેલા તે પ્રભુ જય પામો જય પામો. પરબ્રહ્મ તથા તેના દિવ્ય શરીરવાળા મુક્તો તથા અવતારો ઇશ્વરો, ઇશ્વરાણીઓ, તત્વના દેવતાઓ, ઋષિ, પિતૃઓ, અસુરો, જડચૈતન્ય, સર્વે વિભૂતિઓ, તે આ સત્યુગ સંતાન ગ્રંથઅર્પણ વિધિમાં સર્વના કલ્યાણ રૂપ થાવ.

બ્રહ્માના વંશના કાશ્યપ ગોત્રના સર્વે મારા સ્પર્શને પામેલા, મને અર્પણ થયેલાને સર્વના વંશને હું પરમધામમાં લઇ જઇશ અને બ્રહ્મ મુક્તિ અપાવીશ. કોઈ ધર્મથી, કોઈ ભક્તિથી, કોઈ યજ્ઞથી, કોઈ સેવાથી, કોઈ કામ ક્રોધથી પણ મારું સ્મરણ કરશે. તે મારા શાશ્વતપદને પામશે. શ્વેતાયન વ્યાસ નામે હું વ્યાસ એવા શ્રીહરિમાં લક્ષ્મીનારાયણ સંહિતાનો આ પ્રથમ ભાગ અર્પણ કરું છું. પ્રત્યક્ષ શ્રીહરિ સ્વામી સ્વરૂપ મનુષ્યોના કલ્યાણને માટે નિત્ય પ્રત્યક્ષ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ જય પામો. દેહ ઇંદ્રિયો, અંતઃકરણમાં રહેલા ગુણ કર્મમાં રહેલા વ્યાપક સ્વરૂપે રહેલા મૂર્તિ રૂપે રહેલા એવા શ્રીહરિ સર્વદા જય પામો.

ઇતિ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના પ્રથમ ભાગ - કૃતયુગ સંતાન - સંક્ષિપ્ત ગુજરાતી પૂર્ણ.

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય.

શ્રીશ્વેતાયન વ્યાસ મહાપ્રભુની જય. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.

શ્રીકંભરાગોપાલ બાલની જય. શ્રીબાલકૃષ્ણ લાલજી મહારાજની જય.

શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય. શ્રીહરિ શરણાગતિ મંડળની જય.

શ્રીવિઘ્નવિનાયકદેવની જય. શ્રીકષ્ટભંજનદેવની જય.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની જય.

卐 卐 卐

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - ત્રેતાયુગ સંતાન - ભાગ-૨ - સંક્ષિપ્ત ગુજરાતી

અધ્યાય - ૧

❖ શ્રીકૃષ્ણ દ્વારા રાધિકાજીને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા ❖

શ્રીરાધિકા કહે : હે કૃષ્ણકાંત, પરબ્રહ્મ પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણ. પરમધામના પતિ, ત્રેતાયુગના સંતાનના પિતાને, રાધાલક્ષ્મી પતિને નમો નમઃ શ્રી માણિકી વાહીને નમો નમઃ, શ્રી પ્રભા, પાર્વતી, મંજુલા, હંસા, સગુણા પતિને નમો નમઃ, કુંકાવાવમાં પ્રગટ થયેલા સર્વધામના પતિ સ્વર્ગ અને મોક્ષ આપનારા એવા અંતર્યામી શ્રીહરિને નમો નમઃ, અસંખ્ય મુક્તોથી સેવાયેલા અતિશય ઐશ્વર્ય ગુણ વૈભવવાળા એક હોવા છતાં અનેક રૂપે દેખાતાં, પરાવિદ્યાના સ્વામી, આત્મપતિ, સર્વપતિ, સેવા કરનારાને શાંતિ આપનારા, પ્રેમ સખીના પતિ, હેમંતના ઈશ્વર એવા તમને નમો નમઃ, નંદી, દુર્ગા, વિજયા, જયા, સંધ્યા, પુષ્પા, કસ્તુરી, પતિ તમને નમો નમઃ, સાવિત્રી, સંધ્યા, શબરી, ચંપા, પદ્માવતી, ભાર્ગવી, પદ્મિની, જરાકાર્વી, લીલા, કાંતિ, રેવા, સુમિત્રા, સુશીલા, માધવી, મંગલા, હેમિના પતિ તમને નમો નમઃ.

શ્રીકૃષ્ણ કહે : હે રાધિકા, અનંત મુક્તોથી સેવાયેલા જે પ્રભુ દિવ્ય પરમધામમાં રહેલા છે. તે પ્રભુ સૌરાષ્ટ્ર દેશમાં કુંકાવાવમાં કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણના પુત્રપણાને પામીને, અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામે અત્યારે પૃથ્વીમાં પ્રગટ થયેલા છે. જે પરમબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાંથી હું કૃષ્ણ પ્રગટ થયેલો છું. લક્ષ્મીનારાયણ પ્રગટ થયેલા છે. તથા બદ્રિધામ, અવ્યાકૃત, અમૃતધામ, કૈલાશ, ક્ષીર સમુદ્ર વગેરે અનંતધામો, અનંત અવતારો, અનંત નારાયણો, અનંત ઈશ્વરો, પ્રગટ થયેલા છે. એવા અસંખ્ય ગણને ધારણ કરનારાને નમો નમઃ

શ્રીરાધિકા કહે : હે કૃષ્ણકાંત, જેમની મૂર્તિમાંથી આપણે બંને પ્રગટ થઈ ગોલોકમાં વાસ કર્યો છે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણની દિવ્ય કથા તેના અવતારો તે મૂર્તિની સેવા કરનારા દેહધારીઓ તથા તે પ્રભુપત્નીઓની કથા સર્વના મોક્ષ માટે કહો. શ્રીકૃષ્ણ કહે : રાધા, મારા જેવા કરોડો કૃષ્ણના રૂપો જે મૂર્તિમાંથી પ્રગટ થઈ અને લીન થાય છે તથા કરોડો અબજો રાધા રમા જેના એક રોમમાંથી પ્રગટ થાય છે. એવા શ્રીહરિ પુરુષોત્તમની મૂર્તિનું શું વર્ણન કરું. જેની એક પત્ની જયા, લલિતા કે પ્રભા, પાર્વતી આ ગોલોક ધામમાં આવે તો તેના તેજ પાસે ગોલોકના સર્વના તેજ ઝાંખા થઈ જાય. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ સૃષ્ટિઓ જેના સંકલ્પથી થાય છે. એવા મારા પરમપિતા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું

હૃદયમાં હું ધ્યાન કરું છું. જેના નખમાં મહામાયા રહેલી છે. જેના હાથમાં ઈશ્વરો રહેલા છે. એવા શ્રીહરિનું હે રાધે તું ચિંતવન કર. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી ધ્યાન કરી સર્વને તું અખંડ સૌભાગ્ય આપનારી થા. સર્વે અવતારોનું અવતારપણું તે છે. સર્વ ઈશ્વરોનું ઐશ્વર્ય તે છે સૃષ્ટિઓના સર્જક, રક્ષણ કરનારાના રક્ષક તે છે. સંહાર કરનારામાં પણ તે છે. સર્વમાં શ્રેષ્ઠ પ્રાપ્ત સ્થાન તે છે. સર્વ તીર્થોમાં પરમ તીર્થ તે છે. સર્વ આનંદમાં શ્રેષ્ઠ શાશ્વત આનંદ તે છે. વહાલામાં વહાલું પ્રેમનું સ્થાન તે છે. સાધુમાં ઉત્તમ સાધુ તે છે. સર્વ વ્રતમાં ઉત્તમ વ્રત તે છે. સર્વ અર્થોનું પરમાર્થ તે છે. સર્વ સત્યનું પરમ સત્ય તે છે. સર્વ જપમાં ઉત્તમ જપ તે છે. સર્વ સંપત્તિની સંપત્તિ તે છે. સર્વ આધારોનો આધાર તે છે. સર્વમાં તેનું બળ છે. એવા શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું હે રાધા હું ભજન કરું છું. જેનાથી મહાકાળ પ્રગટ થઈને સમયનો વિભાગ કરે છે. જેનાથી પ્રકૃતિ પુરુષ પ્રગટ થઈને મહાપુરુષ નામે પ્રસિદ્ધ થાય છે. જેનાથી વાસુદેવ સ્વરૂપે પ્રગટી અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ આ ચતુર્વ્યુહ નામે પ્રસિદ્ધ થયા છે. એવા પરમધામના નિવાસી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું હે રાધા તું ચિંતવન કર.

અધ્યાય - ૨

❖ હિરણ્યકુર્ચ અને હિરણ્યઅંડનો નાશ - મેરૂ પર્વતથી પૃથ્વી-ગ્રહોની ઉત્પત્તિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, હિરણમય પુરુષથી એવા મહાવિષ્ણુ પ્રગટ થયા. તેમ મહાવિષ્ણુથી વૈરાટનારાયણ પ્રગટ થયા. તેનાથી આઠ આવરણવાળા અનેક બ્રહ્માંડો થયા. તે વૈરાટના નાભિમાંથી એક કમળ થયું તે કમળમાં બ્રહ્માએ પ્રગટ થઈ શ્રીહરિની આજ્ઞાથી ચૌદ લોકની રચના કરીને વચ્ચે મેરૂ પર્વત થાંભલાની જેમ રાખ્યો. વૈરાટની સાથે બે અસુરો ઉત્પન્ન થયા. તે પણ વૈરાટ જેવડા હતા. તે બ્રહ્માંડને ગજાવતા, ઈશ્વરોને ત્રાસ આપતા, ભૂખ્યા ચારેકોર દોડતા, વૈરાટનો ઉપાડી ચાલતા થયા. ત્યારે વૈરાટ નારાયણે પિતા મહાવિષ્ણુને સંભાર્યા, સ્તુતિ કરી. તરત મહાવિષ્ણુ અનેક આયુધો લઈને આવ્યા. જોરથી શંખનાદ કર્યો. તે સાંભળીને સંકર્ષણ પ્રભુ વૈરાટ અને મહાવિષ્ણુ વગેરેનું રક્ષણ કરવા દિવ્ય ગદા લઈને આવ્યા.

જેનું મસ્તક વૈકુંઠધામને અડેલું, દશ હજાર હાથવાળા, દશ હજાર પગવાળા, હાથમાં બ્રહ્માંડને દડાની જેમ રમાડતા, એવા સંકર્ષણ સાથે બંને હિરણ્યકુર્ચ અને હિરણ્યઅંડ અસુરોએ ગદાથી ભયંકર યુદ્ધ કર્યું. અસુરોએ મહાવિષ્ણુને લલાટમાં ગદા મારી મૂર્છા પમાડી. પછી અસુરો બ્રહ્માંડને પકડીને સંકર્ષણ ઉપર ફેંકતા હતા. સંકર્ષણે ગદાથી તે બ્રહ્માંડને ભાંગી નાખ્યું અને હિરણ્યકુર્ચે અસુરની છાતીમાં ગદા મારી મૃત્યુદંડ આપ્યો. એટલે બીજો અસુર બ્રહ્માંડની અંદર મેરૂ પર્વતમાં સૂક્ષ્મરૂપ ધારણ કરી ગુફામાં સંતાઈ ગયો. સંકર્ષણે

તેની પાછળ મેરૂ પર્વતમાં આવી તેને પકડ્યો. અસુર ત્યાંથી માયાવી વિદ્યા કરી મેરૂની પ્રદક્ષિણા કરી, સંકર્ષણને પીઠમાં ગદા મારી, સંકર્ષણે પણ તેના માથામાં ગદા મારી. તે બંનેની ગદાથી મેરૂ પર્વતમાંથી અગ્નિ ઝરતો હતો અને પૃથ્વી જેવડા ટુકડા થઈ ચારેકોર પડતા હતા.

ચારેકોર લાગેલા અગ્નિને મહાવિષ્ણુએ અમૃતથી શાંત કર્યો. દશ, વીશ, પચીશ, ત્રીસ, ચાલીશ, પચાસ, સાઠ, સીતેર, એશી હજાર યોજનનાં તથા લાખ યોજનના ગ્રહો કાળા વર્ણવાળા, સ્વર્ગ નીચે આકાશમાં ઉડતા હતા. કેટલાંક કટકા પાણીમાં, કેટલાક કટકા વાયુમાં તારોડીયા થઈ રહેતા હતા. પછી સંકર્ષણે અસુરને જોરથી ગદા છાતીમાં મારી મૃત્યુને શરણ કર્યો. તે સમયે સંકર્ષણની ગદાથી મેરૂ પર્વતનો જમણો ભાગ ખર્યો તે એક લાખ ગાઉનો પૃથ્વીનો ભાગ ખારા સમુદ્ર સાથે થયો તે સાથે હિમાલય, મહેન્દ્ર, ઉરલ, આમ્બ્રિક, અબ્રિકત વગેરે પર્વતો થયાં તથા સમુદ્રમાં હજારો બેટ થયા. એવી રીતે સાંઠ હજાર ગાઉનો ખારો સમુદ્ર થયો અને ચાલીશ હજાર ગાઉમાં પૃથ્વીનો ભાગ થયો. એક લાખ ગાઉનો ગ્રહ આકાશમાં થયો. તેમાં પણ કાળ પ્રમાણે જળ હોય ત્યાં સ્થળ થાય છે. સ્થળ હોય ત્યાં જળ થાય છે. વન હોય ત્યાં વસવાટ થાય છે અને વસવાટ હોય ત્યાં વન થાય છે. એવી રીતે હે રાધા સર્વ પરિવર્તન થાય છે. અત્યારે ભગવાન નરનારાયણ જ્યાં તપ કરે છે તે હિમાલયના પવિત્ર આનર્ત દેશમાં સૌરાષ્ટ્રમાં કુંકાવાવમાં અશ્વપટ સરોવર કાંઠે ગોપાલકૃષ્ણ અને કંભરાલક્ષ્મીથી પ્રાદુર્ભાવ પામેલા પરમેશ્વર અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શને જઈએ. સંકર્ષણના હાથે મરાયેલો અસુર તેની આ મેરૂ પર્વતની હિરણ્યમય ભૂમિ તેમાં પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા તે પહેલાની આ બ્રહ્માંડની પૃથ્વીની ઉત્પત્તિની કથા તને કહી. તે આ પવિત્ર ભૂમિમાં પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયેલા છે.

અધ્યાય - 3

❖ માતા કંભરાલક્ષ્મી - પિતા ગોપાલકૃષ્ણના ખોળે કુંકુમવાપી તીર્થમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ - શ્રીબાલકૃષ્ણ પ્રભુનું પ્રાગટ્ય (પ્રથમ જન્મોત્સવ) ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, દિવ્ય આનંદથી ભરેલી અનાદિશ્રીકૃષ્ણનારાયણના પ્રાગટ્યની કથા કહું સાંભળ. તે પ્રભુએ ધામો, અવતારો, ઈશ્વરો, અસંખ્ય બ્રહ્માંડો તેનું નિર્માણ કરી. દેવો, દૈત્યો, રાક્ષસો, ઋષિ, મુનિ, સતિ-સાધ્વી, સૂર્ય-ચંદ્ર, ગ્રહ, નદી-પર્વતો સ્થાવર જંગમ સર્વનું સર્જન કરીને તેમાં અંતર્યામી રૂપે સર્વમાં રહ્યા છે. તો પણ સર્વને ન દેખાય એવા થયા. પણ જ્યારે દેખાય ત્યારે શાશ્વત શાંતિ, સુખ અને આનંદ આપનારા છે. અવતારો, દેવો, ઈશ્વરો પોતાના લોકમાં અને પૃથ્વી પર અવતાર ધારણ કરવા માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરે છે. ત્યારે પરમધામમાં રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ

અક્ષરની પ્રાર્થનાથી બીજું સ્વરૂપ ધારણ કરી અક્ષરધામમાં અક્ષરની સેવાપૂજા ગ્રહણ કરે છે. તથા અક્ષર મુક્તોને સુખ આપે છે. તે જ પ્રભુ ગોલોકમાં મારી પ્રાર્થના સ્વીકારી મારી પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણ રૂપે રહે છે. તેનો "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" મંત્ર હું જપ કરું છું. તે પ્રભુ ત્રીજું સ્વરૂપ ધારણ કરીને મારા માટે, તારા માટે ગોપ-ગોપીને સુખ આનંદ આપતા રહે છે. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ચોથું સ્વરૂપ ધારણ કરી વૈકુંઠમાં લક્ષ્મીનારાયણ રૂપે, અનંત ભક્તોને સુખ આપે છે.

તે જ પ્રભુ અનંત સ્વરૂપ ધારણ કરી સર્વ અવતારોના ધામમાં રહે છે. તે જ પ્રભુ પ્રકૃતિપુરુષ, પ્રધાનપુરુષ, મહાવિષ્ણુ વૈરાજના ધામમાં રહે છે. તે જ પ્રભુ બ્રહ્મા, વિષ્ણુ, મહેશના લોકમાં રહે છે. તે જ પ્રભુ સર્વલોકમાં રહે છે. તે જ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણ મુક્તોના ભવનમાં, દેવીદાસીના ભવનમાં, પતિવ્રતાના મહેલમાં, સાધ્વીના આશ્રમમાં, ગૃહસ્થોના ઘરમાં, સાધુ-યોગીમાં, સુખી કુમારીમાં વાસ કરે છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ તે સર્વેની ઇચ્છા પૂર્ણ કરવા સમયે સમયે પૃથ્વી પર આવે છે. તેમાં જીવાત્માને પોતાનો યોગ આપી કલ્યાણ કરવું તેમાં મુખ્ય કૃપા જ કારણ છે. ક્યારેક દેવમાં, ક્યારેક ઋષિમાનવમાં, ક્યારેક પશુમાં ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી સ્થળ, જળ, સ્વર્ગ, વનમાં વાસ કરે છે. રેવતાચળથી પૂર્વમાં અશ્વપટ સરોવર કાંઠે કુંકાવાવ તીર્થમાં સત્યુગમાં ગોપાલકંભરા ગૃહે આસો વદ આઠમે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુનું પ્રાગટ્ય થયું. તે સમયે પત્નીવ્રતદ્વિજ હું ગોપાલકૃષ્ણ રૂપે હતો અને તું રાધા કંભરાલક્ષ્મી રૂપે હતી. આપણા બંનેના સંકલ્પ સૃષ્ટિથી કથન માત્ર, ગર્ભધારણ, દૃશ્ય માત્રથી તરત શય્યામાં પ્રભુ બાળક રૂપે થઈ ગયા. એ સમયે અવતારોએ ચંદન પુષ્પોની વૃષ્ટિ કરી, ધામધામની સખીઓ આવી મધુર કંઠથી ગીત ગાવા લાગી. સર્વ સૃષ્ટિની દેવીઓ આવી વધાવવા લાગી. શ્રીહરિનું મુખ જોઈ કન્યાઓ પ્રસન્ન થઈ. શ્રીહરિએ સર્વેને આશિર્વાદ આપ્યા. પછી ઈશ્વરો, દેવો, અપ્સરાઓ, ગાંધર્વો નૃત્ય કરી ગાન કરતા હતા. સર્વે ગોપીઓ, મુક્તાનીઓ બાલ પ્રભુને જોઈ આનંદ પામતી હતી. સર્વત્ર આનંદ ઉત્સવ થતો હતો.

તે સમયે બીજા બ્રહ્માંડોમાંથી હજાર લાખ અને કરોડો મસ્તકવાળા બ્રહ્મા વિષ્ણુ અને રુદ્રો પત્નીઓ સાથે આવી દર્શન કરી, આશિર્વાદ સુખ મેળવતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સર્વને તે સમયે પરમધામનું દર્શન કરાવ્યું. કોટી કૃષ્ણરૂપે, કોટી નારાયણરૂપે, કોટી વૈરાજ રૂપે, હજારો મહાવિષ્ણુ રૂપે, અનંત શક્તિ યુક્ત પોતાનું દર્શન કરાવ્યું. સર્વે ઈશ્વરો અનાદિશ્રીકૃષ્ણનારાયણનું આવું દિવ્ય કિશોર સ્વરૂપ જોઈને આશ્ચર્ય પામ્યા. પ્રભુએ ફરી પાછું પોતાના બાલસ્વરૂપનું દર્શન દીધું પછી સર્વ દેવો ઈશ્વરો બાલ પ્રભુનું પૂજન કરતા હતા.

અધ્યાય - ૪

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુએ દેવ-ઈશ્વર આદિક સર્વેને અધિકારો આપ્યા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પરમધામ અક્ષરધામ ગોલોક વૈકુંઠ વગેરે સર્વે ધામોના મુક્તો સર્વ ઈશ્વરો આકાશમાંથી કંભરાલક્ષ્મીના ગૃહ ઉપર પુષ્પવૃષ્ટિ કરતા હતા. વાજિંત્રો વગાડી ગીત ગાતા જયઘોષ કરતા હતા. સર્વ અવતારો ઈશ્વરો ભેટ મૂકી સ્તુતિ કરતા હતા કે, હે પ્રભુ, અમે તમારું આપેલું ઐશ્વર્ય ભોગવીએ છીએ. અમે સર્વે તમારાથી પ્રગટ થઈને તમારામાં જ લીન થયા છીએ, એવા સત્ય સ્વરૂપ તમને નમો નમઃ પુણ્યશાળીને સ્વર્ગ અને મોક્ષ આપનારા, દેવ, દૈત્ય માનવમાં, પિશાચમાં, વૃક્ષવેલીમાં, પશુ-પક્ષીમાં, નરનારીમાં, ચાંડાલમાં સમાન ભાવ રાખનારા તમને નમો નમઃ.

બીજા બ્રહ્માંડ કરતા આ બ્રહ્માંડના મહાભાગ્ય જે તમે અહીં અવતાર ધારણ કર્યો. તમારી કૃપા ન હોય તો સમ્રાટ હોય તે ભિક્ષુક બની જાય. તમારી કૃપા જેના પર થાય તે રાંક હોય તો રાજા બની જાય. તમારી ભક્તિ ન હોય તો તેજસ્વી પણ કાળો થઈ જાય. તમારી ભક્તિવાળો કાળો હોય તે તેજસ્વી થઈ જાય છે. સૌરાષ્ટ્ર ધન્ય છે. કુંકાવાવ અશ્વપટ સરોવર ધન્ય છે. અહીંના નરનારીઓ, વૃક્ષવેલી, કીટ, પતંગને ધન્ય છે, જેને તમારો નિત્ય યોગ છે. સર્વધામના દેવ, દેવીઓ અહીં સૌરાષ્ટ્રમાં કન્યાઓના જન્મ ધારણ કરી તમારી પાસે રહેશું. એવા વરદાન પૂર્વે પ્રાપ્ત કર્યા હતા. તેથી વૃક્ષવેલીઓ તે પણ દેવ દેવીઓના અવતારો છે તથા ગાયો બળદ વગેરે પશુઓ હંસ, સારસ, મેના, પોપટ, મોર, વગેરે પક્ષીઓ પણ દેવ, દેવીઓના અવતારો છે. તે સર્વે અશ્વપટ સરોવર કાંઠે અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન સ્પર્શથી મુક્ત સ્થિતિને પામેલા છે. આવા પરમધામ કુંકાવાવમાં વિરાજતા બાલસ્વરૂપ શ્રીહરિ પાસે સર્વ અવતારો, સર્વ ઈશ્વરોના દર્શન કર્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને જન્મદિવસે બ્રહ્માને પરમેષ્ઠિ પદ આપ્યું. લોકરક્ષા માટે વિષ્ણુને વૈકુંઠ આપ્યું. શ્વેતદ્વિપ નારાયણને, ક્ષીરસમુદ્ર શેષનારાયણને આપ્યુ. સનતકુમારને ઋષિપણું, નારદને દેવર્ષીપણું આપ્યું. ઈન્દ્રને મહેન્દ્રપદ, ધર્મરાજાને યામ્યપદ આપ્યું. કુબેરને ધનાઢ્ય પદ, વરુણને વારૂણ પદ આપ્યું, એ રીતે સર્વ અવતારો ઈશ્વરો દેવોને અધિકારો આપી મુગટ પહેરાવ્યા. પછી સર્વેએ શ્રીહરિની પૂજા કરી. પછી ગોપાલકૃષ્ણ આખો દિવસ ગાયો, વસ્ત્ર, આભૂષણો, પાત્રોના દાન આપતા હતા તથા સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવી, અનેક દાન આપતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણના જન્મદિવસે ગોપાલકૃષ્ણ અનાજ, કઠોળ, મગ, અળદ, ઘી, તેલ, ચોખા, દાળ વગેરે રાત્રિ સુધી દીન, અનાથ, ગરીબોને દાન, ભોજન, સર્વ સામગ્રી આપતા હતા. ચૌદલોકના વાસી સર્વે શ્રીહરિના દર્શન કરી આશ્ચર્ય પામી, ભેટ અને દાન લઈને જતા હતા. પછી શ્રીકૃષ્ણ કહે : રાધા, લોકદર્શિત પ્રમાણે બાલ પ્રભુનું

નાલછેદ મહામાયા અને મહાપુરુષે સ્વયં આવીને કર્યું પછી સ્નાન આદિ સંસ્કાર કર્યો પછી પ્રભુએ યોગ નિદ્રા ગ્રહણ કરી.

અધ્યાય - ૫

❖ ષષ્ઠીદેવીએ દૈત્યોથી બાલકૃષ્ણપ્રભુનું રક્ષણ કર્યું ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના છઠ્ઠે દિવસે બાળકોનું રક્ષણ કરનારી માનસાદેવી રાત્રે રક્ષા કરવા સેવા કરવા આવી. રાધા લક્ષ્મી સમાન તે દેવીએ પ્રભુનું પૂજન કર્યું. ભૂત-પ્રેત બાલગૃહ વગેરેથી રક્ષા કરવા ત્યાં કાળી ચૌદશની રાત્રિએ રહી. તે સમયે રાત્રિમાં પાતાલવાસી દૈત્યો કન્યાનારૂપ ધારણ કરી બાલપ્રભુને રમાડવા આવ્યા. તે સમયે પાતાલમાં સર્વ દૈત્યો ભેગા થઈ કહે : આપણો શત્રુ શ્રીહરિ અત્યારે સૌરાષ્ટ્રમાં જન્મ્યો છે. જે વારંવાર દેવોના પક્ષમાં રહી આપણો નાશ કરે છે, જે સર્વે અવતારોનો કારણ છે, જે સર્વનું મૂળ છે. તેનો નાશ કરીએ એટલે વૃક્ષની શાખા થાય જ નહીં. રોગ, શત્રુ અને અગ્નિ તેનો તરત નાશ કરવો, નહીં તો આપણો નાશ થશે. માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા આ બાળકરૂપે છે. ત્યાં જ એને મારી નાખી. એનો નાશ કરવાથી સર્વ અવતારો, ઈશ્વરો, દેવોનો નાશ થશે. એવું વિચારી સર્વ દૈત્યો દુર્ગંધથી ભરેલા શસ્ત્રો લઈને આવ્યા.

અશ્વપટ સરોવર કાંઠે કોઈએ ઘુવડના, ચીબરીના, ટીટોડીના, શિયાળના, બિલાડાના, નોળિયાના રૂપ લઈને વાસ કર્યો. રાત્રિમાં પ્રભુ પોઢ્યા હતા. માનસાદેવીએ તે કરડવા આવેલા દૈત્યોનો નાશ કર્યો. સવારે શયનમાં લોહીના ડાઘ જોઈને ગોપાલકૃષ્ણ શાંતિ પાઠ કરાવતા હતા. દિવાળીની રાત્રિએ તે દૈત્યો શસ્ત્રો લઈને શ્રીહરિને મારવા આવ્યા. ષષ્ઠિદેવીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જપ કરતાં અગ્નિ પ્રગટ કરી સર્વ દૈત્યોને ભસ્મ કર્યા તથા ભાગી ગયેલાને માનસાદેવીએ પોતાના શરીરમાંથી કન્યાનું સૈન્ય કાઢી દૈત્યોનો નાશ કર્યો પછી તે સર્વે કન્યાઓએ શ્રીહરિના દર્શન કરી વરદાન પ્રાપ્ત કરી કુંકાવાવમાં મુક્તિ તીર્થમાં વાસ કર્યો પછી લોમશ ઋષિના આશ્રમમાં વાસ કર્યો. લોમશ ઋષિ કહે : પ્રભુ, આ સર્વ કન્યાઓ તમારી પત્નીઓ થશે. કાર્તિક પડવે સર્વે અન્નકોટ શ્રીહરિને ધરીને સર્વપ્રસાદ ગ્રહણ કરી, રાત્રે સૂતા હતા. ત્યારે ફરીથી દૈત્યો આવ્યા તેમાં એક સુતક નામે દૈત્ય બાલપ્રભુને પાતાલમાં ઉપાડી ગયો. રાધા કહે : હે કૃષ્ણ, તે સુતક દૈત્ય કોણ હતો ? શ્રીકૃષ્ણ કહે : પૂર્વે સંકર્ષણે હિરણ્યકુર્ચ દૈત્યને માર્યો તેના શરીરના મેલમાંથી કેટલાય દૈત્યો થયાં. તેમાં એક સુતક નામે થયો. તેને સંકર્ષણે અભય દાન આપી જન્મથી દશ દિવસ સુધી પ્રસૂતા નારી પાસે વાસ આપ્યો તથા બીજા દૈત્યોને દુર્ગંધમાં વાસ આપ્યો.

સર્વ દૈત્યોએ મળી સુતક પુરુષને કહ્યું, આ બાળકને બાંધી દે તે તારો ધર્મ છે. એટલે સુતક પુરુષે બાલકૃષ્ણ પ્રભુનું અપહરણ કરીને દૈત્યોને આપ્યો. ત્યાં ધર્મરાજાના

શ્રવણ દેવે જઈને શેષ નારાયણને કહ્યું, આ દૈત્યો બાલપ્રભુનો નાશ કરશે. એટલે શેષનારાયણે શંખ ફૂંક્યો. દૈત્યો બાલપ્રભુને મૂકી યુદ્ધ કરવા આવ્યા. શેષનારાયણે સૂદર્શનચક્રથી દૈત્યોનો નાશ કર્યો. તે સમયે સુતક પુરુષે બાલપ્રભુને લઈને શેષનારાયણને શરણે આવ્યો. ત્યારે બાલપ્રભુને લક્ષ્મી, ગરૂડનંદ, સુનંદ, રમાડતા હતા, તથા રાધા, રમા, માણિકી, મંજુ, હંસા, સગુણા, લલિતા, જયા, મુક્તા, હેમી, દયા, ચંપા, મનુ, દેવીકા, શાંતિ, શાંતા સર્વે સખીઓ બાલપ્રભુને રમાડતી હતી. પછી સુતક પુરુષ બાલપ્રભુને લઈ લક્ષ્મી સાથે કંભરાગૃહે આવ્યા. સવારે લક્ષ્મીએ સુતક પુરુષની વાત પ્રભુના માતા-પિતાને કરી. પિતાએ શાંતિપાઠ કરાવ્યા પછી પ્રભુએ સુતક પુરુષને આશિર્વાદ આપી કહ્યું, આજથી તારો આસુર ભાવ નાશ પામશે. પછી સર્વને ભોજન કરાવી, દાન આપ્યા.

અધ્યાય - ૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુની નામકરણ વિધિ તેમજ સાણાસુર વધ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને અગિયારમે દિવસે ગોપાલ પિતાએ લોમશાદિ ઋષિઓને બોલાવ્યા અને પ્રભુના નામકરણ કરાવ્યા. ગણેશ, શંકર, માતૃકા પૂજન કરી પછી જન્માક્ષર જોઈને લોમશ ઋષિ કહે, જેનો આદિ નથી, અંત નથી માટે તે અનાદિ. સર્વ અવતારના પતિ, દુઃખને હરનારા માટે હરિ. દુઃખને ખેંચી લેનારા તેથી કૃષ્ણ. નર-નારીમાં વાસ કરનારા માટે નારાયણ સર્વ પુરુષોત્તમમાં ઉત્તમ માટે પુરુષોત્તમ. સર્વથી મોટા વ્યાપક તેથી પરબ્રહ્મ. સદા લક્ષ્મીથી યુક્ત માટે શ્રીકૃષ્ણવલ્લભ. સર્વના સ્વામી માટે સ્વામિનારાયણ. આ સર્વે નામોવાળા થશે.

લોમશ ઋષિ કહે : ગોપાલકૃષ્ણ, આ તમારા પુત્ર છત્રવાળા આચાર્ય થશે. જયા, લલિતા, રમા, માણિકી, લક્ષ્મી, પ્રભા, પાર્વતી, મંજુ, હંસા, સગુણા વગેરે અનંત પત્નીઓના સ્વામી પતિ થશે. આ બાળકના હાથમાં મત્સ્ય, ધનુષ, ધ્વજ, સ્વસ્તિક, બાણ, ત્રિશુલ છે. લલાટમાં દીર્ઘ રેખા છે. હૃદયમાં હારની રેખા, ઉદરમાં ત્રિવળી, ડાબા સાથળમાં ખાપાનું ચિહ્ન, ગોઠણ પર લક્ષ્મી ચિહ્ન, ગોઠણ સુધી લાંબા હાથ, ત્રણ ઘુંટીઓ, જમણા સાથળમાં રથ ચિહ્ન છે. ઉદરમાં કુંભની રેખા હોવાથી. આ તમારા પુત્ર અનેક સ્વરૂપો ધારણ કરનારા યોગીરાજ થશે. લિંગમાં શ્યામ તીલ છે. વાણી વેદમયી, શરીર સુંદર હોવાથી, આ તમારા પુત્ર પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વભક્તોના સંકલ્પ પૂર્ણ કરશે તેમજ અનેક નામધારી થશે. એટલું કહીને લોમશ ઋષિએ આશિર્વાદ આપ્યા. પછી કન્યાઓ ગીત ગાવા લાગી. ગોપાલ પિતાએ સર્વે સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવી દાન, દક્ષિણા આપી સર્વેને તૃપ્તિ પમાડ્યા. તે સમયે વાઘના વનમાં પર્વતની ગુફામાં રહેનારો સાણા નામે અસુર તે હિરણ્યઅંડના શરીરના મેલમાંથી જન્મેલો. તે પિતાનું વેર સંભારી અને

પ્રભુ પાસે બ્રાહ્મણ રૂપ લઈ આવ્યો. ભોજન કરી, દક્ષિણા લઈને ગયો, બીજે દિવસે શ્રીહરિને મારવા રાત્રે વાઘનું રૂપ લઈને ગામમાં આવ્યો. ગર્જના કરવાથી સર્વે ભય પામ્યા. ત્યાં વાઘ બાલપ્રભુ પાસે આવ્યો.

સર્વજનો પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ભગવાન અમારા બાળકનું રક્ષણ કરો. જ્યાં વાઘ પ્રભુને પકડવા ગયો ત્યાં શ્રીહરિએ કિશોર સ્વરૂપ ધારણ કરી આંગળીમાં વીંટી રૂપે રહેલું સુદર્શન ચક્ર મૂક્યું. સૂર્ય જેવું તેજસ્વી, હજાર આરાવાળું, તે ચક્ર જોઈને તે સાણાસુર ભાગ્યો. ચક્ર તેની પાછળ તેને બાળતું હતું. તે દક્ષિણ દિશામાં એક ગાઉં ગયો, ત્યાં સુદર્શન ચક્રે તેને બાળી ભસ્મ કર્યો. તે વાઘના દેહથી નીકળી દૈત્ય ચતુર્ભુજરૂપ ધારણ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જપ કરતો. સુદર્શન ચક્રને પગે લાગી, આકાશમાં અદૃશ્ય થયો. તે અશ્વપટ સરોવર કાંઠે વ્યાઘ્રારણ્ય તીર્થ થયેલું છે. પછી સુદર્શન ચક્ર પણ શાંત થઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણની આંગળીમાં વીંટી રૂપે થયું. પછી પ્રભુ પણ સુખ નિદ્રામાં પોઢ્યા. સવારે જાગ્યા ત્યારે વ્યાઘ્રાસુરને મરેલો જોઈને લોમશાદિ ઋષિએ વિઘ્ન શાંતિ કર્મ કર્યું. સર્વજનોએ વાઘનો નાશ થવાથી આ બાળક દૈવી છે એમ જાણ્યું. પછી માતા-પિતાએ સાધુ, બ્રાહ્મણોને અતિથી, બાળકોને ભોજન કરાવ્યા તથા ગાયોના દાન આપ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું આ ચરિત્ર જે ગાશે સાંભળશે તે પુત્ર ધન સંપત્તિ પામશે. તેના રોગ અને શોકનો નાશ થશે. સૌભાગ્ય વધશે. સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરશે. છ માસમાં સર્વ સિદ્ધિ પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૭

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પ્રેંખા ઉત્સવ - તલાજા રાક્ષસીની મુક્તિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને બારમે દિવસે પ્રેંખા ઉત્સવ કર્યો. તેના માટે હીરા-મોતી, સોનાના તારવાળું ચિત્ર, વિચિત્ર, કોમળ શય્યાવાળું, ઘોડીયું ગોપાળ દેવે કરાવ્યું. તેમાં જડેલા હીરામાં સૂર્ય, ચંદ્ર દેખાતા તથા અનેક ધામો દેખાતા એવું ઘોડિયું વિશ્વકર્માએ બનાવ્યું. તે વખતે હે રાધા, તું પણ દિવ્ય પ્રેંખા લઈ ગઈ હતી, તથા વૈકુંઠથી લક્ષ્મી અને અક્ષરથી બ્રહ્મપત્નીઓ પ્રેંખા લઈ ગઈ હતી. સર્વે ઈશ્વરાણીઓ બાલકૃષ્ણ માટે સોના-ચાંદીના પારણિયા લઈ આવી હતી. તે સર્વે પારણીયામાં અક્ષર, ગોલોક, વૈકુંઠ વગેરે ધામોના દર્શન સર્વને થતાં તથા બ્રહ્માંડોની રચના દેખાતી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ અનેક સ્વરૂપ ધારણ કરી સર્વ પારણિયામાં ઝૂલ્યા. કંભરાલક્ષ્મી તથા સર્વે ભક્તો અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આવો દિવ્ય અદ્‌ભુત ચમત્કાર જોઈ આશ્ચર્ય પામ્યા.

પ્રભુ અનેક રૂપ ધારણ કરી પારણિયામાં ઝૂલતા હતા તેથી કોઈ મૂળ રૂપને ઓળખી ન શક્યા. ત્યારે લક્ષ્મી, જયા, લલિતા, પ્રભા, પાર્વતી, માણિકી જે પ્રભુની નિત્ય યોગવાળી

યોગિની પત્ની હતી. તેણે બાલકૃષ્ણના જમણા અને ડાબા હાથમાં ચિહ્નો જોઈને તે ઉપરથી મૂળરૂપે રહેલા શ્રીહરિને ઓળખીને પછી તેડીને વારંવાર ચુંબન કરતી હતી. કેડ્ય પર બેસાડીને રમાડતી હતી. પછી પ્રભુએ સર્વના પારણિયા સર્વને પ્રસાદી કરી પાછા આપ્યા. તે સમયે સિંહારણ્યમાં નિવાસ કરતી તલદૈત્યની પુત્રી તલાજા તે બે સ્વરૂપ ધારણ કરી. એક રૂપે તેજસ્વી કન્યા રૂપે થઈ. બીજે રૂપે પારણિયા રૂપે થઈને શ્રીહરિ પાસે આવી. કંકુ, ચોખાથી પૂજા કરી બાલકૃષ્ણને પારણિયામાં માતા દેખે તેમ હીંચકાવા લાગી. પછી તલ દૈત્યે કૃષ્ણને મારવા મોકલેલી તે તલાજા મોટું વિકરાળ રૂપ ધારણ કરી, પારણિયામાંથી બાલકૃષ્ણને ઉપાડી આકાશમાર્ગે આઠ યોજન દૂર અરણ્યમાં એક ગુફામાં લાવી. શ્રીહરિએ તેની મારી નાખવાની ઇચ્છા જાણીને તેને ચતુર્ભુજરૂપે દર્શન દીધા. બીજે રૂપે કુંકાવાવ આવી પારણિયામાં ઝૂલવા લાગ્યા. જેથી કોઈને ખબર ન પડે શોક ન થાય. પછી તલાજા રાક્ષસી બાલકૃષ્ણને જોઈને મોહ પામી, અને વિચારવા લાગી. આ બાળકને મરાય નહીં આને તો રમાડાય. પ્રભુ પણ તેનો ભાવ જોઈ સ્તનપાન કર્યું. આઠ દિવસ પ્રભુને રાખ્યા. ત્યાં તેનો પિતા તલદૈત્ય, હજુ સુધી કેમ ન આવી કે બાલકૃષ્ણે મારી નાખી એમ વિચારી વનમાં શોધવા લાગ્યો અને ગુફામાં આવ્યો.

ત્યારે તલાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી કે, હે પ્રભુ મારા પિતા મને મારી નાખશે. મારું રક્ષણ કરો, તે સમયે બાલકૃષ્ણ પ્રભુ યુવાન સ્વરૂપ ધારણ કરીને શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરી ગુફા બાહર આવ્યા. ત્યાં દૈત્ય ભયથી ભાગીને પૃથ્વીમાં પેસી ગયો. તલાજા પ્રભુના રૂપમાં મોહ પામી. તેને લઈને શ્રીહરિ કુંકાવાવ આવ્યા. તલાજાને લોમશ ઋષિના આશ્રમમાં વાસ આપ્યો. પછી શ્રીહરિએ તેને બીજે રૂપે ડાંગરમાં વાસ આપ્યો. ત્રીજું દિવ્ય રૂપ મુક્તનું આપી ધામમાં વાસ આપ્યો.

એ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણના યોગને પામી તલાજા રાક્ષસી કૃષ્ણ પત્ની થઈ, અને ચાર સ્વરૂપે રહી. જેમ શેરીની ગટરનું પાણી ગંગામાં જાય અને ગંગાતુલ્ય થાય, તેમ દૈત્ય રાક્ષસ પણ શ્રીહરિના યોગને પામી મુક્ત ભાવને પામે છે. આઠ દિવસ પછી આ ચમત્કાર તલાજાએ લોમશ ઋષિને કહ્યો. લોમશ ઋષિએ માતા-પિતાને કહ્યો. પછી શાંતિપાઠ કરાવ્યા. સર્વ દેવો આવ્યા. ભોજન કરાવ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, આ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો પ્રેંખા ઉત્સવ તને કહ્યો.

અધ્યાય - ૮

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો દુગ્ધપાન ઉત્સવ - રાક્ષસ-રાક્ષસીઓની મુક્તિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના બીજા માસે માગશર નવમીને દિવસે દુગ્ધપાનનો ઉત્સવ થયો. તે કથા કહું તે સાંભળ. માતા કંભરાલક્ષ્મી મંગલા ગાયનું દૂધ, સાકર નાંખી શંખમાં ભરી પ્રભુને પાતા હતા. ત્યારે સ્વર્ગથી હજારો ગાયો આવી. કંભરા માતાને કહે : અમારું દૂધ શ્રી બાલકૃષ્ણને પાવ. માતા કહે : આ બાળક અતિ દૂધપાન કરે તો અપચો થાય. ગાયો કહે : અમે અભાગી શ્રીહરિની સેવા ન પામ્યા. ત્યાં આકાશમાં ગોલોકથી, વૈકુંઠથી, અવ્યાકૃત, અમૃતધામ, અક્ષરધામથી શ્રીહરિની ઈચ્છાથી કરોડો ગાયો આવી. તેના આંચળમાંથી દૂધ સ્રવીને નદી ચાલી તે અશ્વપટ સરોવરમાં મળી ગઈ તે દુગ્ધતીર્થ થયું. સર્વ ગાયોએ સ્તુતિ કરી, હે પ્રભુ તમારા ઉદરમાં તો બ્રહ્માંડ રહેલું છે. માટે અમારો દૂધ પાવાનો સંકલ્પ સફળ કરો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ સર્વ ગાયોની પ્રાર્થના સાંભળી કરોડો સ્વરૂપ ધારણ કરીને આચંળમાંથી થતી અલૌકિક દૂધની ધારાને પાઈને તે દૂધ પ્રસાદી, દેવોને, પિતૃઓને અને કન્યાઓને આપી. પછી એક રૂપે થયા. ત્યારે સર્વ ગાયોએ પ્રાર્થના કરી કે, હે પ્રભુ અમને તમારી પાસે સેવામાં રાખો. શ્રીહરિએ તે સર્વેના બે સ્વરૂપો કરી એક કન્યારૂપે લોમશ આશ્રમમાં રાખી, બીજી ગાય રૂપે સ્વસ્થાને મોકલી.

તે સમયે અજંતા ગુફામાં રહેતા દૈત્યો અને રાક્ષસો તેની પત્નીઓ ગાયોનું રૂપ લઈને સ્તનમાં ઝેર ચોપડીને આવી. બાલકૃષ્ણ પ્રભુ તેનો દુષ્ટ ભાવ જાણી પ્રાણ સહિત તેનું સ્તનપાન કરવા લાગ્યા. તે રાક્ષસીઓ ત્રાસ પામી, પ્રભુને પ્રાર્થના કરવા લાગી કે, હે પ્રભુ અમે સર્વ તમારા બાળકો છીએ. અમને માફ કરો. હે પ્રભુ ઝેરને અમૃત તમે બનાવો છો, હે પ્રભુ અમે ક્રુર કર્મ કરનારા છીએ. અમે પૂર્વજન્મમાં મરુદેશમાં બ્રાહ્મણ હતા. વેદ ભણેલા જપ, તપ કરનારા, દાન નહીં લેનારા, આકાશમાં ગતિ કરનારા, તીર્થો કરનારા હતા.

એકવાર મરુદેશમાં વૃષ્ટિ ન થવાથી દુકાળ પડ્યો. ખાવા-પીવા ક્યાંય મળે નહીં. એટલે ત્યાંથી નીકળતા તીર્થ કરનારા યાત્રાળુઓને લૂંટી લેતા. એકવાર ગાલવઋષિના આશ્રમમાં એક બ્રાહ્મણ દંપતી આવ્યા. તે પ્રભુના ભક્તિ, ધર્મવાળા હતા. તેને અમે લૂંટી લીધા. તે દંપતી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" એ મંત્રનો જપ કરતાં એક વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં કોઈ દિવ્ય પુરુષ આવી તે દંપતીને ખાવા-પીવાનું આપી ગયો. અમે તે ખાવા-પીવાનું પણ તેની પાસેથી લઈ લીધું. ત્યારે તે દિવ્ય પુરુષે અમને શાપ આપ્યો, તમે ક્રૂર, પાપી, નિર્દય, રાક્ષસ યોનિને પામી માંસ અને પશુનો આહાર કરનારા થાવ. તે દિવ્ય પુરુષ ગાલવઋષિ હતા. પછી અમે અપરાધની ક્ષમા માંગી અને કહ્યું, અમારો મોક્ષ થાય સુખ થાય એમ કરો. ત્યારે ગાલવઋષિએ કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણ સૌરાષ્ટ્રમાં

પ્રગટ થશે. તેનો તમને યોગ થશે, ત્યારે મોક્ષ થશે. પછી અમારી પર પથ્થર વૃષ્ટિ થઈ, અને અમે મરણ પામીને રાક્ષસ યોનિને પામ્યા. હે પ્રભુ, ત્યારથી અમે તમારું ચિંતવન કરીએ છીએ, ક્યારે તે પ્રભુ પ્રગટ થશે, ક્યારે અમારો મોક્ષ થશે, તેથી હે પ્રભુ, હવે અમારો મોક્ષ કરો. પછી બાલપ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણ તે દૈત્યો રાક્ષસોને દેવતારૂપ કર્યા. રાક્ષસીઓના બે સ્વરૂપો કરી. એક રૂપે ધામમાં મોકલ્યા. બીજે રૂપે કન્યાના શરીરો ધારણ કરાવી લોમશ ઋષિના આશ્રમમાં વાસ આપ્યો. માતા-પિતાએ કન્યાઓ પાસેથી પ્રભુનું આ દિવ્ય ચરિત્ર જાણ્યું.

અધ્યાય - ૯

❖ ગુરુ લોમશ ઋષિ દ્વારા બાલપ્રભુને મંત્રદીક્ષા - ક્રોધન અસુરની મુક્તિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ત્રીજા મહિનાનું ચરિત્ર કહું છું. ત્રીજે મહિને માતા-પિતા બાલપ્રભુને ઘર બહાર લઈ જતા હતા. વિપ્રો પાસે નાંદી પુણ્યાહ વાંચન કરાવીને લોમશ ઋષિ પાસે લઈ ગયા. ગુરુ લોમશ ઋષિ ભાલમાં તિલક ચાંદલો કરી માથે હાથ મૂકી પ્રભુને કાનમાં મંત્ર આપતા હતા. "અનાદિશ્રીકૃષ્ણનારાયણ શરણં મમ" બાલપ્રભુ મંત્ર સાંભળી ત્રણ વાર બોલ્યા. તે સાંભળી માતા-પિતા રાજી થયા, પછી તુલસીની કંઠી પહેરાવી, હાર પહેરાવ્યો. મુખમાં સાકર આપીને દૂધ પાયું. પછી સર્વ કન્યાઓ બાલપ્રભુને રમાડવા પરસ્પર ખેંચતાણ કરવા લાગી. ત્યારે પ્રભુએ અનેકરૂપ ધારણ કરી સર્વ કન્યાઓના મનોરથ પૂર્ણ કર્યા. ત્યારે કોઈ કન્યા પ્રભુને ચાંદલો, કોઈ કાજળ, કોઈ માખણ લગાવતી વગેરે સેવા કરતી હતી. કેટલીક કન્યાઓ પ્રભુને તેડીને પશુ-પક્ષી, વૃક્ષ વેલી વગેરે દેખાડતી હતી. તે વખતે પ્રભુ કન્યાઓને પોતાના મુખમાં બ્રહ્માંડ બતાવતા હતા. કોઈને અક્ષરધામ, કોઈને ગોલોક, વૈકુંઠ વગેરેના દર્શન કરાવતા હતા. તે જ પ્રભુ, લક્ષ્મીના હાથમાં ચતુર્ભુજ, માણિકીના હાથમાં દ્વિભૂજ, કંભરાની કેડ્યમાં રમતાં એવા બાલપ્રભુની સામર્થીને જોઈ સર્વે આશ્ચર્ય પામ્યા. પછી માતા-પિતાએ લોમશ ઋષિની ચંદન પુષ્પથી પૂજા કરી, વસ્ત્રો અર્પણ કર્યાં. ભોજન મિષ્ટાન્નો આપ્યા. લોમશ ઋષિનો આશ્રમ કન્યાઓથી સ્વર્ગ અને વૈકુંઠની સમાન શોભતો હતો. માયાથી શૂન્ય એવો બ્રહ્મચર્યાશ્રમ હતો.

શ્રીહરિની કૃપાથી લોમશ ઋષિ નિત્ય મુક્ત સ્થિતિએ વર્તતા, સર્વને શાશ્વત શાંતિ આપતા હતા. તે સમયે પ્રભા નામે કન્યા પ્રભુને રમાડવા બગીચામાં લઈ ગઈ. ત્યારે રૂદ્રના લલાટમાંથી જન્મેલો, પાણીમાં રહેનારો, જપ, તપ કરી સિદ્ધિને વરેલો દેવનો વિરોધી તે ક્રોધન નામે અસુર અનાદિશ્રીકૃષ્ણનારાયણને શત્રુ માની મારવા આવ્યો. બગીચામાં કન્યાનું રૂપ લઈને પ્રભાના હાથમાંથી પ્રભુને લઈ રમાડવા લાગ્યો. બાલકૃષ્ણ પ્રભુ, તેનો દુષ્ટભાવ જાણી તેને મુક્તિ આપવા તેની પાસે ગયા. તે ક્રોધના કન્યા પ્રભુને તેડીને વૃક્ષોમાં અદૃષ્ટા

થઈને આકાશમાં જતી રહી અને બાલકૃષ્ણને મારવા બે હાથે ગળું દબાવ્યું. ત્યાં બાલપ્રભુના શરીરમાં અગ્નિ પ્રગટ થઈ તેને બાળવા લાગ્યો. ત્યારે ક્રોધના રાડો પાડવા લાગી. બળું છું, મને મૂકી દે. તરત બાલપ્રભુ પ્રભા, કન્યા પાસે આવ્યા. પ્રભા પણ ભય પામી શ્રીહરિને લોમશ આશ્રમમાં લઈ ગઈ. પછી તે ક્રોધના કન્યા પ્રભુ પાસે આવી. પ્રાર્થના કરી, હે પ્રભુ હું શંકર પુત્રી છું. મારું રક્ષણ કરો, મારો મોક્ષ કરો. શ્રીહરિ કહે, તું કન્યાનું રૂપ લઈ મને મારવા આવી, તને ખબર નથી, સર્વના નાડી પ્રાણ મારા હાથમાં છે.

કન્યા કહે : પ્રભુ, હું તમારામાં મોહ પામીને આવી છું. તેથી મારો મોક્ષ કરો. પ્રભુ કહે : તથાસ્તું. એમ કહી તેના ત્રણ સ્વરૂપો કર્યાં. એક કન્યા રૂપે લોમશ આશ્રમમાં વાસ આપ્યો. બીજે રૂપે ધામમાં મોકલી. ત્રીજે ક્રોધન નામે મુનિ રૂપે થઈને ભવિષ્યમાં દુર્વાષા રૂપે થઈ. આવો પ્રભુનો ચમત્કાર જોઈ સર્વ આશ્ચર્ય પામ્યા. પછી રાત્રિએ માતા-પિતા પ્રભુને ચંદ્ર દર્શન કરાવતા હતા. શ્રીબાલકૃષ્ણ ચંદ્ર સામે આંગળી કરી કહે, ચંદ્રને મારી પાસે લાવો. ત્યારે ચંદ્ર શ્રીહરિની ઇચ્છા જાણી. પોતાની સત્યાવીશ પત્નીઓ સાથે શ્રીહરિનું દર્શન પૂજન કરવા આવ્યા. તેમને બાલપ્રભુએ આશિર્વાદ આપ્યા. માતા-પિતાએ ચંદ્રનું સ્વાગત કર્યું.

અધ્યાય - ૧૦

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ઉપવેશ સંસ્કાર - પૃથ્વીપુત્રી સિંહીકાની કથા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પિતા ગોપાલકૃષ્ણ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પાંચમે મહિને ઉપવેશના સંસ્કાર માટે પૃથ્વી પર બેસાડી સુંદર મંડપની રચના કરી. એકાદશીએ સાત ધાન્યનું મંડપ પૂરી. કળશ, ચંદન, પુષ્પ, કપૂર, કંકુ, ચોખા વગેરે પૂજાની સામગ્રી લાવી વચ્ચે વેદી પર સુવર્ણ આસન પર બાલપ્રભુને બેસાડી પૃથ્વીની તથા વરાહ ભગવાનની પૂજા કરી. લોમશાદિ ઋષિઓએ વેદમંત્રોથી વરાહ ભગવાનનું આવાહ્ન કરી પૂજન કર્યું. ત્યારે શ્રીહરિ ચતુર્ભુજ રૂપે વરાહ ભગવાનમાં દેખાતા હતા. પછી પૃથ્વી દેવીનું પણ વેદમંત્રોથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, આરતી કરતા હતા. કન્યાઓ ગીત ગાતી હતી. પછી પિતા ગોપાલકૃષ્ણ લોમશાદિ ઋષિની, વૈદિક વિપ્રોની, પૂજા કરી દાન આપતા હતા. તે સમયે સાક્ષાત્ પૃથ્વી દેવી શ્રીહરિને ખોળામાં બેસાડી દૂધપાક પાઈને, આશિર્વાદ આપતા હતા. બીજી સર્વ દેવીઓ શ્રીહરિની પૂજા કરતી હતી. પછી ગોપાળ દેવે સર્વને ભોજન પાન કરાવી, દાન આપ્યા. પછી બાલપ્રભુને પૃથ્વી પર બેસાડ્યા. તે સમયે એક ભિક્ષુકી કોઈ દિવસ ન જોઈ હોય તેવી આવી. માતા કંભરાલક્ષ્મીએ પૂછ્યું, તારે શું જોઈએ ? તું કોણ છો ? તે સ્ત્રી કહે : હું પૃથ્વી પુત્રી સિંહીકા નામે છું. મારી માતાએ તમારા પુત્રને રમાડ્યો. તેથી હું પણ તમારા પુત્રને રમાડવા આવી છું. હું વનમાં તપ કરું છું. આ બાલકૃષ્ણ મારા હૃદયમાં દેખાણા તેથી હું આવી છું, અને તે પ્રભુ માટે જ હું હજારો વર્ષથી નિરાહાર રહીને

તપ કરું છું, તથા મારી હજારો બહેનો છે, તે પણ તપ કરે છે, અમે સર્વે પર્વતમાં ગુફારૂપે રહીએ છીએ, અને પૃથ્વીની પુત્રીઓ છીએ. હું સત્ય કહું છું.

કંભરામાતા કહે : તું સત્ય કહેતી હો તો લે મારા પુત્રને રમાડ. સિંહીકા બાલપ્રભુને તેડીને ચુંબન કર્યું. રમાડી, પારણિયામાં સુવાડી, માતાને કહ્યું હું મારી બહેનોને બોલાવી આવું. એમ કહીને મેરુ આદિ સર્વ પર્વતોમાં, ગુફાઓરૂપે રહેલી દશ હજાર ધરા પુત્રીઓને લઈને આવી. તે દશ હજાર કન્યાઓએ કુંકુમવાપી આવી કંભરામાતાની સ્તુતિ કરી, હે માતા તમારા બાલકૃષ્ણ અમને રમાડવા આપો. કંભરા માતાએ બાલપ્રભુને આપ્યા પણ પહેલા હું રમાડું, પહેલાં હું રમાડું, એમ પરસ્પર કહેવા લાગી. અનાદિશ્રીકૃષ્ણનારાયણે સર્વનો ભાવ જાણી અનેક સ્વરૂપ ધારણ કરી એક સાથે સર્વ કન્યાઓના મનોરથ પૂર્ણ કર્યા. સર્વકન્યાઓએ પોતાનો જન્મ સફળ માની પ્રભુની પ્રાર્થના કરી, હે પ્રભુ, તમારી દાસી એવી અમને સદાસેવા આપો. શ્રીહરિ કહે : તથાસ્તું. તમારી પાસે યોગિઓ, તપસ્વીઓ, સાધુઓ, વૈરાગીઓ વાસ કરશે. તેની તમે સેવા કરજો. તેથી તમારી યશ-કીર્તિ થશે, પછી સર્વકન્યાઓએ લોમશ ઋષિના આશ્રમમાં વાસ કર્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, આ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુનું ચરિત્ર જોઈને માતા કંભરા આશ્ચર્ય પામ્યાં. આવા દિવ્ય દર્શન કૃપાનાથ પ્રભુ કૃપા કરે ત્યારે જ મળે છે.

અધ્યાય - ૧૧

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો કર્ણવેધ સંસ્કાર - તન્નવાયઆશ્રમ તીર્થ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, માતાથી પોષણ પામતા માતા-પિતાને આનંદ આપતા અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલચંદ્રની જેમ વૃદ્ધિ પામતા હતા. પ્રભુના દર્શન કરનારા પોતાને પુણ્યશાળી માનતા. યોગીઓ ઈશ્વર છે એમ કહેતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણને છઠ્ઠે મહિને પિતા લોમશ ઋષિને બોલાવી કર્ણવેધ સંસ્કાર કરાવતા હતા. અશ્વિનીકુમારનું પૂજન કર્યું ત્યાં સાક્ષાત્ અશ્વિનીકુમારે આવી બાલપ્રભુના બંને કાનમાં દવા-રસ લગાવી, સોનાની સોઈથી કાન વીંધ્યા. ત્યાં સોઈ દેવી આવી. માતા-પિતાને, પ્રભુને નમસ્કાર કરી બોલી, આજ મને નારાયણનો સ્પર્શ થવાથી હું માયાથી રહિત થઈ. હે માં હું બ્રહ્માની માનસપુત્રી સુચી છું. કાંટારૂપી દૈત્યોનો નાશ કરું છું. બ્રહ્માના પુત્ર વિશ્વકર્મા તેનો પુત્ર દરજી તે મારો સાસરો થાય. દોરાની સાથે મને પરણાવી છે. સાંધવાનું કામ કરું છું. કારણ દેવતારૂપે રહી ભૌતિક કાર્યો કરું છું. પછી શ્રીહરિએ તેને કુટુંબ સહિત અશ્વપટ સરોવર કાંઠે વાસ આપ્યો. તે તન્નવાય આશ્રમ તીર્થ થયું.

પછી ચૈત્રી પૂર્ણિમાએ માતા-પિતાએ લોમશ ઋષિને બોલાવી બાલપ્રભુને અન્નપ્રાશન દહીં, ઘી, મધ, મુખમાં આપતા હતા. તે સમયે કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ લોમશ ગુરુને,

બ્રાહ્મણોને, અતિથીને, ગરીબોને, સતિને, સાધુને, સાધ્વીને, કન્યાને, કુમારોને સર્વને ભોજન કરાવતા હતા. પશુ-પક્ષીને, વૃક્ષ-વેલને, પાણીમાં વાસ કરનારા સર્વ જીવજંતુને અન્નકણ આપતા હતા. સર્વને યથાયોગ્ય દાન, વસ્ત્ર, પાત્ર વગેરે દાન આપતા હતા. તે સમયે ત્યાં રહેલી સર્વ ઔષધિઓ બાલપ્રભુને જમાડવા ત્યાં આવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પણ લાખ સ્વરૂપ ધારણ કરી. સર્વેના ભોજન અંગિકાર કરતા હતા. તે સર્વ ઔષધિઓ, વન દેવીઓ, બાલપ્રભુને ખોળામાં બેસાડી ભોજન કરાવી, પૂજન કરી, ચૂંબન કરી, આનંદ પમાડતી હતી. પછી સર્વ દેવીઓએ સ્તુતિ કરી, હે પ્રભુ તમે અમારા પ્રાણ છો, પરમાત્મા છો, રસ બળ પણ તમે છો. ફળ-ફૂલ, પત્ર, પુષ્પ, ગર્ભ મંજરી, સર્વ તમે છો. મૂળ મધ્ય શાખા અંકુર સર્વ તમે છો. ભોક્તા, ભોજય તમે છો. સૃષ્ટિનું પાલન, રક્ષણ, પોષણ અને લય કરનારા સર્વે તમે છો. હે પ્રભુ, અમને સદા સેવામાં રાખો. પ્રભુએ પ્રસન્ન થઈ તો સર્વ દેવીઓના કન્યાના રૂપો ધારણ કરાવીને લોમશ ઋષિના આશ્રમમાં વાસ આપ્યો. બીજે રૂપે ઔષધિઓમાં વૃક્ષવેલીમાં ફળ પુષ્પોમાં વાસ આપ્યો.

પુત્રના ચમત્કાર ઐશ્વર્ય લોમશ ઋષિ પાસેથી જાણી ગોપાલ પિતા વિચારવા લાગ્યા, આ બાળક કોઈ દિવ્ય પુરુષ છે. પછી લોમશ ઋષિને પૂછ્યું, આ બાળક રાજા થશે કે મોટો દેવ થશે. ગુરુ થશે કે મહાત્યાગી, શું થશે તે કહો ? લોમશ ઋષિ કહે : તમારા પુત્ર પાસે વસ્ત્ર, ધન, પાત્રાદિ મૂકો એટલે જાણી શકાય. પછી પિતાએ બાલપ્રભુ પાસે વસ્ત્ર, પાત્ર, આયુધ, ધન, ગ્રંથ, લેખિની, લાકડી, દર્ભ, હીરો, માળા, અન્ન, યશપાત્ર, સોપારી, દોરો, ફળ, શંખ, ભિક્ષાપાત્ર, જલપાત્ર, દર્પણ, લીલો મોલ, રમકડા, દીપ, છત્ર, પથ્થર, કાષ્ઠ, ઘી, ઔષધ, પુષ્પ, લોઢું, પાદુકા, સોઈ, કલ્ગી વગેરે બત્રીશ વસ્તુઓ મૂકી પ્રભુએ બત્રીસ ભૂજા ધરી સર્વે વસ્તુનો સ્પર્શ કર્યો. લોમશ ઋષિ કહે : પૃથ્વી પર ચોસઠ કળાઓ છે. તે સર્વ પ્રભુથી પ્રગટ થયેલ છે. આ તમારા પુત્ર સર્વોપરી પરમાત્મા છે. સર્વ ગુરુના ગુરુ છે. પછી પ્રભુએ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી પુસ્તક, માળા, લેખિની અને દાભડો ધારણ કર્યાં, અને પછી બે ભૂજાવાળા થઈને માળા કંઠમાં નાખી પુસ્તક ખોળામાં રાખી પુષ્પ લઈને સૂંઘવા લાગ્યા અને હસતા થકા સર્વને આનંદ ઉપજાવવા લાગ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરિત્રો ભુક્તિ અને મુક્તિ આપનારા છે.

અધ્યાય - ૧૨

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુએ દમનક અસુરનો ઉદ્ધાર કર્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના આઠમાં મહિનાની ઐશ્વર્યવાળી કથા કહું છું સાંભળ. સૌરાષ્ટ્રમાં દક્ષિણમાં વાઘનું વન છે તથા સિંહનું જંગલ છે. પશ્ચિમ અરબસ્તાનથી આવેલો અસુર દમનક નામે રાજા પશ્ચિમ સમુદ્ર કાંઠે રાજય કરતો હતો. તે

અધર્મી હોવાથી ધર્મપુણ્ય, સ્વર્ગને માનતો નહીં. તેમજ બળથી રાજ્યસુખ સ્વર્ગ ભોગવાય છે. અગ્નિમાં ઘી હોમવાથી જપ કરવાથી કાંઈ મળતું નથી. સ્તુતિથી સમૃદ્ધિ નથી મળતી, યુદ્ધથી મળે છે. દેવ, સાધુ, બ્રાહ્મણ પૂજન સર્વ ખોટું છે. શાસ્ત્ર કથા કરનારા ખોટા છે. સર્વબળથી પ્રાપ્ત થાય છે તેવું રાજા માનતો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચાર સિદ્ધિઓ પણ બળથી જ પ્રાપ્ત થાય છે. આવું માનતો. તે રાજાએ વિચાર કર્યો, અત્યારે કુંકાવાવમાં સંપત્તિવાળા ગોપાલકૃષ્ણ છે અને તેનો પુત્ર બાલકૃષ્ણ છે. તેણે કેટલાય દૈત્યો-અસુરોને મારી, રૂપાળી કન્યાઓ લોમશ આશ્રમમાં રાખી છે. માટે ગોપાલકૃષ્ણને, બાલકૃષ્ણને, લોમશ ઋષિને મારી સર્વે સંપત્તિ અને કન્યાઓને ઉપાડી આવીએ. એવો દુષ્ટ સંકલ્પ કરી ભંડ, ષંડ, પ્રચંડ, હર્જાંડ, ગર્જાંડ વગેરે અનેક દૈત્યોને લઈને યુદ્ધ કરવા તૈયારી કરવા લાગ્યો.

ત્યારે કુસ્માંડે દમનક રાજાને કહ્યું, મેં પૂર્વે શંકર પાસે સાંભળ્યું છે કે તે બાલકૃષ્ણ પરમેશ્વર છે. સર્વ ઈશ્વરોના ઈશ્વર છે. સર્વ દૈત્યોના નાશ કરનારા છે. તે કન્યા શ્રીકૃષ્ણનારાયણનું ધન છે. જે લાંબું જીવવા ઇચ્છતો હોય તેણે પરદ્રવ્યની ઇચ્છા ન કરવી. શાશ્વત સુખની ઇચ્છા હોય તેણે લોભ ન કરવો. સ્ત્રી, દ્રવ્ય, અને પૃથ્વી જો પુણ્યથી પ્રાપ્ત થયા હોય તો તેનું રક્ષણ કરવું. તમારી પાસે રાણીઓ, દાસ-દાસીઓ સંપત્તિ સર્વ છે. તો વધારે તૃષ્ણા ન કરો. સંતોષમાં સર્વ સુખ રહેલું છે. ત્યાં બીજો દૈત્ય કહે : શૂરવીરનું મરણ યુદ્ધમાં, સ્ત્રી અને ધનને માટે જ થાય છે. જય થાય તો સર્વ મળે. પરાજય થાય તો વિનાશ થાય. રણમાં મરણ થાય તો સ્વર્ગ મળે. ત્યાં ત્રીજો દૈત્ય કહે : તેત્રિશ કરોડ દેવો શ્રીહરિનું પૂજન કરે છે. માટે તેને કોઈ નહી પહોંચી શકે. છતાં તે સર્વ દૈત્યો, આયુધો લઈને તૈયાર થયા. પણ અપશુકનો થવા લાગ્યા. મુગટ, શસ્ત્રો પડી ગયા. વાહન ભાંગી ગયા, કાળો સર્પ અને ઘુવડ દેખાયા. આગળ ધોબી, પાછળ વાણંદ, એવું દેખાવા છતાં લાખો દૈત્ય સૈન્ય લઈ કુંકુમવાપી આવી. લોમશ ઋષિને કહે : તમારા આશ્રમમાં કન્યાઓ છે તે સર્વ અમને આપી દો. લોમશ ઋષિ કહે : તે કન્યા ધન તો અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધન છે. તે મારાથી કેમ દેવાય. તમારે જોઈતું હોય તો પ્રભુ પાસે જાવ. ત્યારે દમનક દૈત્યે, સર્વે દૈત્યોએ આશ્રમને ચારેકોરથી આવરણ કર્યુ ત્યારે કન્યાઓ પ્રભુનું સ્મરણ કરવા લાગી. લોમશ ઋષિએ શ્રીહરિને સંભારીને દૈત્યો પર સ્તંભન મંત્ર ફેંક્યો. તરત જ સૈન્યના દૈત્યો જડ જેવા થઈ ગયા. હાહાકાર થયો, ભય પામ્યા, મૃત્યુના મુખમાં પડ્યા હોય એવું દેખાયું. તરત બાલકૃષ્ણ પ્રભુ આવ્યા. સર્વે કન્યાઓનું રક્ષણ કર્યું. સર્વ દૈત્યો દમનક રાજા લોમશ ઋષિને શરણે આવી કહે : હે પ્રભુ આત્મબળ પાસે, પ્રભુશરણ પાસે શરીરબળ નાશ પામે છે. હે પ્રભુ, અમે તમારે શરણે આવ્યા છીએ. અમને જીવન આપો. ત્યારે લોમશ ઋષિ સ્તંભન મંત્ર ખેંચી લીધો. છતા પણ દમનકે ફરીથી દુષ્ટ ભાવથી કન્યાઓને લઈ જવા આવ્યો. ત્યારે પ્રભુએ સુદર્શન ચક્રથી તે દમનક વગેરે લાખો દૈત્યોનો નાશ કર્યો, અને કન્યાઓનું

રક્ષણ કર્યું. તેથી ત્યાં અશ્વપટ સરોવરમાં ચક્રતીર્થ થયેલું છે. આ ચમત્કારની કથા જે વાંચશે, સાંભળશે, સંભળાવશે તે સર્વેનો મોક્ષ થશે.

અધ્યાય - ૧૩

❖ બાલકૃષ્ણના રક્ષણ માટે પ્રભુપત્નીઓ અને રાક્ષસીઓ વચ્ચે યુદ્ધ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અધમઉદ્ધારણ ભગવાન પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ દૈત્યોનો નાશ કરી ધામમાં લઈ ગયા. તે દૈત્યની પત્નીઓ પોતાના પતિનું વેર વાળવા કુંકુમવાપી આવી. દમનક પત્ની શલહા, બીજી હજારો રાક્ષસીઓ લાકડી, સાંબેલા, છરી, ચાકા, ચીપિયા, કુહાડી, દાતરડા વગેરે હથિયારો લઈ આવીને કહે : બાલકૃષ્ણ અને લોમશ ઋષિને મારી નાંખો. કન્યાઓને અનાથ કરો. અમને વિધવા કરનારને મારી નાખો. પતિ વિના જીવન સૂનું છે. પતિનું વેર વાળવું કા સતી થવું. આવું વિચારી દૈત્ય પત્નીઓ લોમશ ઋષિના આશ્રમે આવી. લોમશ ઋષિએ વિચાર્યુ, સ્ત્રીઓ સાથે પુરુષોએ યુદ્ધ ન કરવું. એમ કહી આશ્રમને ચારે બાજુ અગ્નિથી રક્ષણ કર્યું. ત્યાં દૈત્ય પત્નીઓ બાલપ્રભુને મારી નાખવા ગઈ. એટલે લોમશ ઋષિએ સર્વે કન્યાઓને રક્ષણ કવચ મંત્ર આપ્યા.

કન્યાઓએ શ્રીહરિનું સ્મરણ કરી આચમન કરી સ્વામી કવચ સંભળાવ્યું. શ્રીહરિનું મસ્તક મારા મસ્તકમાં રહો. મુખમાં મુખ, હાથમાં હાથ, છાતીમાં છાતી, ઉદરમાં ઉદર, પગમાં પગ, અમારા શરીરમાં શ્રીહરિનું શરીર રહો. ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ દિવ્ય વિમાનમાં બેસી અમારું રક્ષણ કરો. શંખ, ચક્ર, ગદા, પદ્મ, ધનુષ, બાણ, ત્રિશૂલને ધારણ કરનારા હે પ્રભુ સર્વ શસ્ત્રો થકી અમારું રક્ષણ કરો. રાક્ષસીઓથી રક્ષણ કરો, મૃત્યુ રોગથી કૃષ્ણવલ્લભ રક્ષણ કરો, તથા કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણ રક્ષણ કરો, તથા રાધાલક્ષ્મી, પ્રભા, પાર્વતી, રક્ષણ કરો. લોમશ ઋષિએ આ મંત્રો, કવચ, શસ્ત્રો આપી કન્યાઓને બાલકૃષ્ણભવને વાહન આપી મોકલી. ત્યાં તો રાક્ષસીઓને મારવા, પ્રભુના ઘેર રાધા, લક્ષ્મી, રમા, શ્રી, પાર્વતી, માણિકી, પ્રભા, રેવા, મંગળા, મનસા, ભાર્ગવી, સરસ્વતિ, ગંગા, મંજુ, ભુક્તિ, મુક્તિ, એકાદશી, રતિ, હંસા, સગુણા, તુલસી, કમલા, વીરજા, સતી, મૂર્તિ, ગોમતી, સ્વર્ણરેખા, જયા, નંદિની, દુર્ગા, લલિતા, સાવિત્રી, ઘેલા, પુષ્પા, કલાવતી, બદરી, માધવી, ચંપા, ષષ્ઠી, પ્રીતિ, ઋતધ્વજી, મૌક્તિ, લાડકી, દેવી, મનુ, કસ્તૂરી, સીતા, હૈમી, શાંતિ, શાંતા, ચંપા, ગોદાવરી, યમી, ઉજી, સવિતા, રત્ના, મિષ્ટા, અમૃતા, ધની, ચતુરા, વજી, મુક્તા, સુશીલા, શ્યામા, અમલા, સંતોક, ચંદ્રિકા, કાંતી, કુંવરી, શિવા વગેરે કૃષ્ણ પત્નીનો જય સ્વામિ જય નાથ "ૐ નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર જપ બોલતી રાક્ષસીઓ સામે લડતી હતી. માતા-પિતા, સર્વે રાક્ષસીઓને જોઈને ભય પામ્યા,

એટલે બાલકૃષ્ણ પ્રભુએ કિશોર સ્વરૂપ ધારણ કરી માતા-પિતાને કહ્યું, તમે ભય પામશો નહીં. આ સર્વે રાક્ષસીઓ વેર લેવા આવી છે, પણ પુરુષોએ ક્યારેય સ્ત્રીઓને મારવી નહીં. લોમશ ઋષિએ પણ કોઈ રાક્ષસીઓને મારી નથી, અને અગ્નિથી આશ્રમનું રક્ષણ કર્યું છે. પછી લોમશ ઋષિએ મોકલેલી સર્વે કન્યાઓ મંત્ર, જપ કરતી શસ્ત્રો લઈને રાક્ષસીઓ સાથે યુદ્ધ કરવા ત્યાં આવી. શ્રીહરિની આજ્ઞાથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે દેવોએ રથ, વિમાન વગેરે તથા વાહનો, હંસ, ગરૂડ, હાથી, અશ્વો વગેરે વાહનો આપ્યા. અશ્વપટ સરોવર કાંઠે કન્યાઓના અને રાક્ષસીઓના ભયંકર યુદ્ધનો આરંભ થયો. ત્યાં કોઈનો શબ્દ સંભળાતો જ નહીં.

અધ્યાય - ૧૪

❖ બાલકૃષ્ણના શરણે આવવાથી રાક્ષસીઓ દિવ્ય કન્યાઓ થઈ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણને મારવા આવેલી રાક્ષસીઓનું અને પ્રભુની પત્નીઓનું ભયંકર યુદ્ધ થયું. અશ્વપટ સરોવર કાંઠે અસ્ત્રો, શસ્ત્રો અને દિવ્ય આયુધોથી સામસામે લડતા હતા. રાક્ષસીઓએ બાસ્પ અસ્ત્ર છોડ્યું. લક્ષ્મીએ કિરણ અસ્ત્ર છોડી બાષ્પનો નાશ કર્યો. રાક્ષસીઓએ ધુમ્ર અસ્ત્ર છોડ્યું. અંજનીએ અગ્નિ, અસ્ત્ર મૂકી ધુમાડાનો નાશ કર્યો. રાક્ષસીએ નાગ અસ્ત્ર મૂક્યું. કમલાએ ગરૂડ અસ્ત્ર છોડી નાગનો નાશ કર્યો. પછી રાક્ષસીઓએ માયા રચી પથ્થરનો, પવનનો, વૃક્ષનો, માંસ, લોહીનો, વિષ્ટામુત્રનો ચારે કોર વરસાદ કર્યો. પ્રભુ પત્નીઓમાં અને કન્યાઓમાં હાહાકાર થઈ ગયો. ત્યારે મહાલક્ષ્મી બ્રહ્માંડ તુલ્ય શરીર ધારણ કરી, દશ હજાર ભૂજાઓ ધારણ કરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતી. આકાશમાંથી રાક્ષસીઓ ઉપર પડી. અડધી ઉપર રાક્ષસીનો નાશ કર્યો. બીજી લક્ષ્મીઓ પણ ચાર, આઠ, સોળ, બત્રિશ, ચોસઠ, સો ભૂજા ધારણ કરી, રાક્ષસીઓનો નાશ કરતી હતી.

એક રાક્ષસી દશ યોજનની દેડકીનું રૂપ લઈ સર્વ કન્યાઓને અને લોમશ ઋષિના આશ્રમને ગળવા આવી. ત્યારે બાલકૃષ્ણ કૃષ્ણા નામે કન્યાનું રૂપ લઈ તે દેડકીનું ગળું, ઉદર, સર્વ અવયવો સુદર્શન ચક્રથી કાપી નાખ્યા. ત્યારે દામિની રાક્ષસી તેજોમય રૂપ ધરી, સુદર્શન ચક્રને ગળવા લાગી. તે પણ બળી મરી. બીજી રાક્ષસી આવી, બાલકૃષ્ણ અને લોમશ ઋષિને ઉપાડી આકાશમાં લઈ ગઈ. પ્રભુએ અગ્નિ ઉત્પન્ન કરી તેનો નાશ કર્યો. ત્યાં રાક્ષસીએ કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણને આકાશમાં ઉપાડી ગઈ. ત્યારે લક્ષ્મીએ આવી રાક્ષસીનો નાશ કરી. માતા-પિતાની રક્ષા કરી. બાકી રહેલી સર્વ રાક્ષસીઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને શરણે આવીને કહે : હે પ્રભુ, અમને તમારા ચરણમાં શરણ આપો. અમે તમારા લક્ષ્મી, પત્નીઓની દાસી થઈને રહીશું. પૂર્વે તમારી પાસે જે જે જીવાત્માઓ

શરણે આવ્યા છે. તેનો તમે ઉદ્ધાર કર્યો છે. તે રીતે, હે પ્રભુ અમારો ઉદ્ધાર કરો. બાલકૃષ્ણ પ્રભુએ વિધવા રાક્ષસીઓની પ્રાર્થના સાંભળીને સર્વેને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર લોમશ ઋષિ પાસે અપાવી, સર્વેને કન્યાના સ્વરૂપો ધારણ કરાવી, કંઠી માળા, જનોઈ, પિતાંબર, શંખ, ચક્ર, ગદા, પદ્મના, ચિહ્નો, ધારણ કરાવી, લોમશ ઋષિના આશ્રમમાં વાસ આપ્યો તથા નાશ પામેલી રાક્ષસીઓના તેજ પોતાની મૂર્તિમાં લીન કરી, મૂર્તિમાંથી બહાર કાઢી કન્યાના સ્વરૂપો ધારણ કરાવી, લોમશ ઋષિ આશ્રમમાં વાસ આપ્યો. પછી બાલકૃષ્ણ પ્રભુએ સર્વ કન્યાઓ તથા લક્ષ્મીઓને અસ્ત્ર-શસ્ત્રના, યુદ્ધના શ્રમ, થાકથી રહિત કર્યા તથા સર્વે લક્ષ્મીઓએ પ્રભુને પૂજ્યા, જમાડ્યા, રમાડ્યા. પછી પ્રભુની આજ્ઞાથી યુદ્ધ ભૂમિ પૃથ્વી દેવીએ સાફ કરી. ત્યાં લક્ષતીર્થ થયેલું છે. શ્રીકૃષ્ણ કહે : રાધિકા, નારી યુદ્ધની આ અદ્‌ભુત કથા જે કહેશે, વાંચશે, સાંભળશે તે પ્રભુને પ્રિય થશે.

અધ્યાય - ૧૫

❖ લોમશ ઋષિએ કન્યાઓને ધર્મ, વ્રત, ભક્તિ, જ્ઞાનનો ઉપદેશ આપ્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના યોગથી લક્ષ્મીસમાન થયેલી કન્યાઓની પાવન કથા કહું છું સાંભળ. લોમશ ઋષિના આશ્રમમાં વાસ કરતી. જ્ઞાનહીન, ધર્મનિયમને નહીં જાણનારી, જપ-તપથી રહિત, પરંતુ મોક્ષની ઈચ્છાવાળી તે સર્વ કન્યાઓએ લોમશ ઋષિને પૂછ્યું - ગુરુ, આત્મશાંતિ અને મોક્ષ થાય એવું જ્ઞાન આપો. અમારો નારીદેહ વાસનાવાળો, દોષવાળો, જ્ઞાનરહિત હોવાથી પ્રભુ પ્રસન્ન થાય એવા સરળ ઉપાય બતાવો.

લોમશ ઋષિ કહે : સર્વ પાપને નાશ કરનારું, જેઠ સુદ એકાદશી વ્રત નિર્જળા કરવું અથવા નિરાહાર રહી જાગરણ કરવું. શ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરવું તથા સત્સંગ કરી ઈન્દ્રિયોનું દમન કરવું. તે વ્રત મોક્ષ આપનારું છે. સવારમાં બાલકૃષ્ણ શ્રીહરિ પાસે જઈને પત્ર, પુષ્પો, ફળ, જળથી, ચંદનથી, પૂજન કરવું. ભોજન, નૈવેદ્ય અર્પણ કરવું. પ્રભુ પાસે નૃત્ય ગીત કરવા, પારણિયામાં ઝૂલાવવા. એવી રીતે કન્યાઓએ વ્રત કરી પૂજન કર્યું. તેથી પ્રસન્ન થયેલા બાલકૃષ્ણ પ્રભુએ કન્યાઓને વૈકુંઠ દર્શન કરાવ્યું. લક્ષ્મી અને પાર્ષદોથી સેવાયેલા ચતુર્ભુજ પ્રભુનું દર્શન કરી, કન્યાઓ સ્વયંને ધન્ય માનતી હતી. પછી લોમશ ઋષિને પૂછ્યું : ગુરુ, પાપનો નાશ થાય, પુણ્ય આપે, યમપુરીના દુઃખ મટે, સ્વર્ગ અને મોક્ષ આપે એવો કયો ધર્મ છે અને કોની સેવા કરવી ? લોમશ ઋષિ કહે : પુત્રીઓ, સર્વ દેવોનો જેમાં વાસ છે, એવી તારનારી ગાયની સેવા નિત્ય કરવી. ગાય તીર્થ રૂપ છે, અને લાભદાયી છે. ગાયના દૂધથી શંકર પ્રસન્ન થાય છે, દહીંથી દેવો, ઘીથી અગ્નિ, દૂધપાકથી પિતૃઓ પ્રસન્ન થાય છે. ગાયનું દાન કરી ગાયનું દૂધ પીને પુરુષ પવિત્ર થાય છે. પંચગવ્ય પીનારો, અશ્વમેધ યજ્ઞફળને મેળવે છે. પછી કન્યાઓએ પૂછ્યું, ગાયની સમાન બીજી કઈ સેવા છે ?

લોમશ ઋષિ કહે : પતિસેવા પ્રભુ માનીને કરનારી સતિ સ્વર્ગ અને મોક્ષ મેળવે છે. પતિની સેવા કરનારી સ્ત્રી, લક્ષ્મી સમાન થાય છે. પતિ સેવા પરાયણ સ્ત્રી, રાત્રિ-દિવસ કોઈ કામમાં પતિને ભૂલતી જ નથી. એવી સ્ત્રીઓ, બ્રહ્મચર્ય પાલન કરનારી કન્યાઓ, ધર્મ પાળનારી વિધવાઓ, સંત પુરુષની સેવા કરનારા દાસ-દાસીઓ, ક્યારે પણ યમપૂરીમાં જતાં નથી. સ્વામિ અર્થે પ્રાણ આપનારી, માતા-પિતા, પતિ-ગુરુની સેવા કરનારી, તલ, ગાય, સુવર્ણનું દાન કરનારી, ક્યારેય પણ યમપૂરીમાં જતી નથી. ચાતુર્માસમાં કથા શ્રવણ કરનારી, વ્રત કરનારી, નિત્ય કથા શ્રવણ કરનારી, તપથી સ્વર્ગ, યશ, આયુષ, સુખ, જ્ઞાન, વિજ્ઞાન, રૂપ, સૌભાગ્ય સર્વ પામે છે. ગુરુની સેવાથી, ભુક્તિ-મુક્તિ પામે છે. પ્રભુના ધ્યાનથી મોક્ષ મળે. શ્રાદ્ધથી પુત્ર પ્રાપ્તિ થાય. શાકભાજી ખાનારો સ્વર્ગને મેળવે. ફળ-મૂળ, કંદ, ખાનારો રાજ્ય મેળવે છે. ગાયની સેવા કરનારો મોક્ષ પામે છે. અન્ન, જળના, દાનથી, તૃપ્તિ થાય છે, ફળના દાનથી પુત્ર, પુષ્પદાનથી સૌભાગ્ય મળે છે. અભયદાનથી સર્વ સંકલ્પ સિદ્ધ થાય છે. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુની સેવાથી અને સંતની સેવાથી અભયદાન, મોક્ષદાન મળે છે.

લોમશ ઋષિથી આવો ધર્મનો, વ્રતનો, ભક્તિ, જ્ઞાનનો ઉપદેશ સાંભળીને તે સર્વે કન્યાઓ ચાતુર્માસના વ્રત-નિયમ લઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણનું રોજ પૂજન કરી, ગુરુ લોમશ ઋષિનું પૂજન કરી, લક્ષ્મીનારાયણ સંહિતાની કથા રોજ શ્રવણ કરતી હતી, અને બાલકૃષ્ણનું ધ્યાન કરતી હતી. શ્રીકૃષ્ણ કહે : રાધા, કૃપા કરી જન્મધારણ કરનારા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પોતાના યોગમાં આવનારા નરનારીઓ, વૃક્ષ-વેલીઓ, જીવજંતુ સર્વનું કલ્યાણ કરતા હતા.

અધ્યાય - ૧૬

❖ ચાર્તુમાસના વ્રત-નિયમો ❖ બાલપ્રભુ દ્વારા કંકતાલ અસુરોનો ઉદ્ધાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, લોમશ ઋષિના ઉપદેશથી સર્વ કન્યાઓ અષાઢ સુદ એકાદશીએ સવારમાં સ્નાન કરી, બાલકૃષ્ણ પ્રભુનું ષોડ્શોપચારથી પૂજન કરી, ગુરુ લોમશ ઋષિને પગે લાગી, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધ્યાન કરી ધૂન, કિર્તન, નૃત્ય કરતાં પ્રભુનું દર્શન કરવા જતા હતા. પ્રભુએ અંતર્યામિપણે જાણી, અનેક કિશોર સ્વરૂપો ધારણ કરી, અશ્વપટ સરોવર કાંઠે સામા ગયા, અને સર્વ કન્યાઓની પૂજા અંગિકાર કરી. કોઈ કન્યાએ પ્રભુને ચંદન અર્ચ્યુ. કોઈએ કાજળ આંજ્યું. કોઈએ તિલક, ચાંદલો, હાર, બાજુબંધ ધારણ કરાવ્યા. કોઈએ પુષ્પ, મુગટ, તોરા, કલગી, અત્તર, પીળા, પિતાંબર વસ્ત્ર અલંકારો, સુવર્ણ આભૂષણો ધારણ કરાવી, મિષ્ટાન્ન, દૂધ, પાન, મુખવાસ આપી આરતી ઉતારી, પ્રદક્ષિણા, દંડવત્, સ્તુતિ, નમસ્કાર, આત્માર્પણ, ક્ષમા, પ્રાર્થના કરી.

કિશોર સ્વરૂપે અનંત રૂપે રહેલા પ્રભુએ સર્વ કન્યાઓના સર્વ સંકલ્પ પૂર્ણ કર્યા. પછી પ્રભુને પગે લાગી સર્વ કન્યાઓએ ચાતુર્માસના વ્રત નિયમો લીધા. કોઈએ ચાર માસ સુધી ફળ ખાવા, કોઈએ શાકભાજી ખાવા, કોઈએ દૂધ પીવાનું, કોઈએ મૌન રહેવાનું, એકટાણું જમવાનું, ફલાહાર કરવાનું, કોઈએ મીઠા વિનાનું ખાવું, મિષ્ટાન્ન ન ખાવા, દાળ ન ખાવી, શાક ન ખાવું, ઘી-દૂધ-દહીં-છાશ ન ખાવા, આવા અનેક પ્રકારના નિયમો લીધા, લોમશ ઋષિએ કહ્યું : પુત્રીઓ, સર્વે વ્રત શ્રીહરિને પ્રસન્ન કરવા માટે કરવા. જે વ્રત કરવાથી પ્રભુ પ્રસન્ન થાય તે સર્વોત્તમ વ્રત છે. ત્યારે સર્વ કન્યાઓએ શ્રીહરિને પૂછ્યું, હે પ્રભુ તમે કયાં વ્રતથી પ્રસન્ન થાવ ? શ્રીહરિ કહે : હું વ્રતથી, દાનથી, તપથી, યજ્ઞથી, દાનદક્ષિણાથી, ધનથી, યમ-નિયમથી પ્રસન્ન થતો નથી. હું તો સ્નેહ ભક્તિથી, નિષ્કામ, નિઃસ્વાર્થ ભક્તિથી પ્રસન્ન થાવ છું. માટે મને પ્રેમથી સંભારવો, પ્રેમથી પૂજવો, મારા ધૂન, કિર્તન કરવા, સર્વ દેહ ક્રિયામાં મને સંભારવાથી હું પ્રસન્ન થાઉં છું.

તે સમયે શેત્રુંજય પર્વતમાં રહેનારા, કંકતાલ નામના અસુરો મદ્ય માંસ ખાનારા, તાડિયા જેટલા ઊંચા, પશુ-પક્ષી ખાનારા, પ્રભુના પૂજન ઉત્સવમાં વિઘ્ન કરવા અને મારવા અસ્ત્રો-શસ્ત્રો લઈને આવ્યા. બાલકૃષ્ણ શત્રુને મારી નાખો, લોમશને મારી નાખો, એમ બૂમો પાડતા લાખો અસુરો આવ્યા. લોમશ ઋષિએ સર્વ અસુરોને સ્તંભન મંત્રથી જડ જેવા બનાવી દીધા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ વિરાટ સ્વરૂપ ધારણ કરી, ગરૂડને સંભાર્યા. ગરૂડ આવ્યા. તેની પર બેસી સુદર્શન ચક્રથી અને ગદાથી તે કંકતાલ અસુરો દૈત્યોના મસ્તક હાથ-પગ કાપી નાખ્યા. બાકી રહેલા પ્રભુના શરણે આવ્યા. તેને કન્યાનારૂપ ધારણ કરાવીને લોમશ આશ્રમમાં રાખ્યા, પછી પ્રભુની આજ્ઞાથી ગરૂડ અને ગદા વૈકુંઠમાં ગયા. પ્રભુએ બાલસ્વરૂપ ધારણ કરી સુદર્શન ચક્રને આંગળીમાં ધારણ કરી નિજભવન આવ્યા. પ્રભુની આજ્ઞાથી લોમશ ઋષિએ સર્વ કન્યાને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર આપી. તુલસીની, કંઠી, માળા આપી. સર્વેને વૈષ્ણવી બનાવી. તેનો અસુરભાવ નાશ કર્યો. તે અશ્વપટ સરોવર કાંઠે કંકતાલાખ્ય નામે તીર્થ થયેલું છે. શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુનું આ દિવ્ય ચરિત્ર જે ગાશે, સાંભળશે, તે ધનવાન, પુત્રવાન, શ્રીમાન, સ્વર્ગવાન થશે. તેમજ નારી સૌભાગ્યને પ્રાપ્ત થશે.

અધ્યાય - ૧૭

❖ બાલપ્રભુએ દૈત્યપત્નીઓનો ઉદ્ધાર કર્યો ❖ છ પ્રકારની ભક્તિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, કંકતાલ દૈત્યો પાછા ન આવ્યા. એટલે તેની દશ હજાર પત્નીઓ કુંકુમવાપી લોમશ ઋષિના આશ્રમમાં આવી. ત્યાં સાધુ-સાધ્વીઓ વાસ કરતા. તેમાં કેટલાક ઉપવાસ કરનારા, કેટલાક ફલાહાર, કેટલાક કંદમૂળ ખાનારા, કેટલાક આત્મનિષ્ઠાવાળા,

આવા અનેક પ્રકારે તપ કરતા હતા. જ્યાં કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણ, બાલકૃષ્ણ પ્રભુ હોવાથી શાશ્વત શાંતિ, સુખ અને આનંદ વર્તાતો હતો. અશ્વપટ સરોવર કાંઠે રહેલા બગીચામાં અનેક દેવો ફળ પુષ્પોવાળા વૃક્ષોના રૂપ ધારણ કરી, પ્રભુની શોભારૂપી સેવા કરી રહ્યા હતા. તે દરેક વૃક્ષોમાં સર્વે કન્યાઓ, શ્રાવણ માસમાં હીંડોળો બાંધીને બાલકૃષ્ણ પ્રભુને ઝૂલાવતી હતી. વૃક્ષરૂપે રહેલા દેવો, બીજે રૂપે શસ્ત્ર હાથમાં લઈને બાલપ્રભુની રક્ષા કરતા હતા. દૈત્યપત્નીઓ આ દૃશ્ય જોઈને અતિ ક્રોધ પામી અને દેવો સાથે અસ્ત્રો શસ્ત્રોથી યુદ્ધ કરવા લાગી. દેવો સ્ત્રીઓને મારતા ન હતા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ દેવોનો અભિપ્રાય જાણીને તરત કાલ લક્ષ્મીનું રૂપ ધારણ કરી, હજાર હાથવાળા થઈ, શ્વેત હાથી પર બેસી, આકાશમાંથી પૃથ્વી પર આવ્યા. ત્યાં સર્વે દૈત્યપત્નીઓ ભય પામી. કેટલીકને હાથીએ મારી, કેટલીક શસ્ત્રોથી મરી ગઈ, તે સર્વેનું તેજ બાલપ્રભુમાં લય પામ્યું. પછી કાલ લક્ષ્મીનું રૂપ અદૃશ્ય થયું. પછી પ્રભુએ કિશોર સ્વરૂપ ધારણ કર્યું. ત્યારે સર્વ બાકી રહેલી દૈત્ય પત્નીઓ પ્રભુને શરણે આવી. પ્રાર્થના કરવા લાગી, હે પ્રભુ અમને અનાથને શરણે લઈને કન્યાઓમાં વાસ આપો. અમને લોમશ ઋષિના આશ્રમમાં રાખી તમારી સેવા આપો. શ્રીહરિ કહે : તથાસ્તુ. પછી લોમશ ઋષિએ "ૐ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર આપી. તુલસીની કંઠી, માળા આપી. આશ્રમમાં વાસ આપ્યો, તથા બાલકૃષ્ણ પ્રભુના ચરણકમળો ધોઈને પાણી પાયું. પ્રસાદીનું અન્ન આપ્યું અને પ્રભુ ભક્તિનો ઉપદેશ આપ્યો, સો જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે ધર્મવાળી કન્યા થાય. લાખ જન્મના પુણ્ય, ભક્તિ ભેળા થાય ત્યારે પ્રભુની પત્ની થવાનો યોગ આવે છે. તમે સર્વે સાક્ષાત્ પ્રભુ મળવાથી માયાથી રહિત થઈને, લક્ષ્મી સમાન થઈ છો. તેથી તમારે સર્વે ક્રિયા ભક્તિમય જ કરવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારા આશ્રમમાં માયાના દોષ કામ, ક્રોધ, લોભ વગેરે બળીને ભસ્મ થઈ જાય છે. અહીં પશુને પણ રાગદ્વેષ થતા નથી. અહીં આશ્રમમાં વાસ કરનારા સર્વ દિવ્ય થાય છે.

માટે તમે સર્વ કન્યાઓ છ પ્રકારની પ્રભુની શરણાગતિ લઈને કેવળ પ્રભુનીજ ભક્તિ કરો. વિશ્વાસ - પ્રભુનો રાખવો. વરણં - પ્રભુને જ વરવું. ન્યાસ - પ્રભુમાં જ સર્વ અર્પણ કરવું. કાર્પણ્યં - પ્રભુને દીન-આધીન રહેવું. સ્થિરામતી - પ્રભુમાંથી સ્થિર બુદ્ધિ કરવી. અનુકૂલ વર્તન - મારા પ્રભુના ગમતામાં રહેવું. એવી રીતે વર્તીને કંભરાનંદન અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધ્યાન, ભજન, પૂજન, નવધા ભક્તિ કરવા. તે પ્રભુ કર્તા-અકર્તા, અન્યથા કર્તા છે. સર્વનો ઉદ્ધાર કરનારા છે. દૈત્યોને પણ દૈવ બનાવે છે. દેવને મુક્ત સમાન બનાવે છે.

અધ્યાય - ૧૮

❖ પિતૃકન્યાઓની ઉત્પત્તિ અને વાસ - કર્મ પ્રમાણે દંડ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ભાદરવા માસમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન પૂજન કરવા અર્યમાદિક પિતૃઓની હજારો કન્યાઓ અબિલ, ગુલાલ, કંકુ, ચોખા, ચંદન, કસ્તૂરી, કપૂર વગેરે પૂજા, સામગ્રી, સુવર્ણ પાત્રમાં ભરી આવી. બાલકૃષ્ણ પ્રભુ પણ કિશોર સ્વરૂપ ધારણ કરી લોમશ ઋષિના આશ્રમમાં આવ્યા. સર્વ પિતૃ કન્યાએ પૂજા કરી હાર પહેરાવી પગરજ મસ્તકે ચડાવી. સત્યલોકની કન્યાઓએ હંસ જેવું વિમાન પ્રભુને ભેટ આપ્યું. અપ્સરાઓએ સોના-ચાંદીના તારવાળી મખમલની મોજડી અર્પણ કરી, અર્થમાં કન્યાએ સુવર્ણ છત્ર આપ્યું. કુબેર કન્યાએ સુવર્ણ સિંહાસન આપ્યું. પર્વત કન્યાએ સુવર્ણ દંડ આપ્યો. ઈન્દ્ર કન્યાએ સોનાની છડી અર્પણ કરી. વાયુ કન્યાએ વીંઝણો આપ્યો. ઋતુ કન્યાએ પુષ્પના તોરા, ગજરા આપ્યા. વિશ્વકર્મા કન્યાએ સુવર્ણનો મુગટ, કુંડળ, ટુપીયો, હાર, કંદોરો, બાજુબંધ, વેઢ, વીંટી, કડાં, પોંચી, ઘુઘરીવાળા તોડા પ્રભુને પહેરાવ્યા. વૃક્ષ કન્યાએ વસ્ત્રો અર્પણ કર્યાં. શ્રવણ પિતૃ કન્યાએ પાણીથી ભરેલા ઘડા આપ્યા. સંવત્સર પિતૃ કન્યાએ પ્રભુને દૂધપાક, પુરી, શાક, ભોજન આપ્યા. કાળ કન્યાએ અભયચક્ર આપ્યું. અગ્નિ કન્યાએ બાલપ્રભુને થાળી-વાટકી, કળશો, તપેલી ચમચો વગેરે પાત્રો આપ્યા. પ્રેત કન્યાએ મુખવાસ, તાંબુલ આપ્યા. પૃથ્વીની ખનિજ કન્યાએ માંગલિક વસ્તુ તથા ધાતુઓ આપ્યા.

પછી સર્વે કન્યાઓએ પ્રભુને ભોજન કરાવ્યા. સ્વાદુ ફળ, જમાડ્યા. ઠંડા પીણા પાયા. પ્રભુ પણ લાખો કન્યાઓના સંકલ્પ પૂર્ણ કરવા, લાખો સ્વરૂપો ધારણ કરીને, સર્વ કન્યાઓના ભોજન, શ્રાદ્ધ જમીને સર્વે પિતૃઓને, દેવોને, ઋષિઓને, મુનિઓને, સર્વે દેવીઓને, તૃપ્તિ પમાડ્યા. પછી સર્વેને દાન, દક્ષિણાઓ આપીને સાંજે શ્રીહરિએ સૂર્યપુત્ર ધર્મરાજાને બોલાવ્યા. ધર્મરાજાએ આવી શ્રીહરિને પગે લાગી કહ્યું, પ્રભુ શું આજ્ઞા છે ? શ્રીહરિએ કહ્યું, આજનો દિવસ ઉત્તમ છે તેથી યમપુરીના સર્વે જીવોને, નારકી પાપી જીવોને, મારી પ્રસાદી આપી સ્વર્ગ અને મોક્ષમાં મોકલો. એમ કહી શ્રીહરિએ દૂધપાકની પ્રસાદી ધર્મરાજાને આપી. ધર્મરાજા તે પ્રસાદી યમપૂરીના સર્વે જીવોને આપી. સર્વે જીવોએ પ્રસાદી જમી. પ્રગટ પ્રભુની કૃપાથી કોઈ સ્વર્ગે ગયા, કોઈ સત્યલોકમાં ગયા, કોઈ મોક્ષમાં ગયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, એ રીતે કૃપાળુ ભગવાન પોતાના યોગમાં આવેલા અનંત જીવ આત્માઓને પોતાના ધામમાં લઈ જાય છે. રાધિકા કહે : હે કૃષ્ણ, અર્થમાં પિતૃઓ, દેવપિતૃઓ, ઈશ્વરો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ સર્વે શ્રાદ્ધ ભોજન કરનારા છે તથા અધોગતિમાં ગયેલા ભૂત-પ્રેત, પિશાચ, કુરમંડ, વૈતાલ તે પણ શ્રાદ્ધ ખાનારા છે, પરંતુ તમે તેની કન્યાઓને શ્રાદ્ધ ભોજનની વાસનાવાળી કહી, તે પ્રેત કન્યાઓ ક્યાં વાસ કરે છે ?

શ્રીકૃષ્ણ કહે : રાધા, ગોલોકધામમાં મારી મૂર્તિમાંથી ડાબા ભાગથી મેં નારીવર્ગ પ્રગટ કર્યો. તે રાધા, લક્ષ્મી, સતી, ગંગા, સરસ્વતી, વિરજા, શ્રીયમુના, દુર્ગા, સાવિત્રી તે સર્વે શ્રાદ્ધમાં ભોજન કરવા આવે છે. જે વાસનાવાળી સ્ત્રીઓ, વાસનાવાળી વિધવાઓ, ધર્મ-વ્રતથી રહિત, વાસનાવાળી પુત્રવધૂઓ, વાસનાવાળી કુમારિકાઓ, વાસનાવાળા વૃદ્ધો, કુટુંબ વિનાની, વંશ વિનાની, નિરાધાર, નિરાશ્રયી, અકાળે મૃત્યુ પામેલી, અકસ્માતથી મૃત્યુ પામેલી, ગર્ભ, પ્રસૂતિ, દોષથી મરેલી, અભિચાર મંત્રોથી મરણ પામેલી, મલિન મંત્રોવાળી, બળાત્કારથી મૃત્યુ પામેલી, આયુધથી મરેલી, યક્ષ રાક્ષસે મારેલી, યોનિ રોગથી મરેલી, પરાધિનથી મરણ પામેલી, ભૂત-પ્રેત પિશાચ વગેરેની છાયાથી મરેલી, આવી સ્ત્રીઓ, ધર્મથી, પુણ્યથી, વ્રત ઉત્સવથી રહિત હોવાથી મરીને પિત્રીઓ થાય છે.

તેમાં જે સ્ત્રીઓ વિવાહિતા, નિર્વંશ વાસનાવાળી હોય તે યમપુરીમાં રહે છે. વાસનાવાળી કુમારીઓ સત્ય, મહર, જન, તપલોકમાં રહે છે. પુણ્યવાળી નિર્વંશ તે સ્વર્ગમાં વાસ કરે છે. તે અપ્સરાઓ થાય છે, તથા ભૂતડી, પ્રેતડી, પિશાચી, ડાકિની, શાકિની, વૈતાલી, કૂષ્માંડીની, વૈનાયકી, ભૈરવી, રંડી, કૃત્યી, ષંઢી, સૂતકી, શવિ, ચિતા, સ્મશાની, નનાગ્નિ આ સર્વે વાસનાવાળી ભૂવલોકમાં વાસ કરે છે તથા નાગણી, ભીક્ષુકી, કિડી, માછલી, મઘરી, કાગડી, ગીધડી, અને રાક્ષસી. આ સર્વે પૃથ્વી પર અને પાણીમાં રહેનારી વાસનાવાળી નિર્વંશ મરણ પામેલી પિત્રીઓ છે. આ સર્વ પિત્રીઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને પ્રસાદી આપી વાસના રહિત કરી, પાપ નષ્ટ કરી, સ્વર્ગ અને મોક્ષ આપ્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, તે રાત્રે એક મહાચમત્કાર થયો. લોમશ આશ્રમમાં રાક્ષસો આવ્યા. એક માથા વિનાનો, બીજો નેત્ર વિનાનો, ત્રીજો નાક વિનાનો, ચોથો કાન વિનાનો, પાંચમો પગ વિનાનો, છઠ્ઠો પાતળો, સાતમો અવળા પગવાળો, આઠમો પાછળ મોઢાવાળો, આંધળો, બહેરો, મૂંગો, લંગડો, કોઢીયો, વાયુરોગી, જલોદરી, નપુષંક, કેડ ભાંગલો, આવા કેટલાય અન્ન, પાણી વિના દુઃખી થતા, રાડો પાડતા, પ્રેતરૂપે આવ્યા. લોમશ ઋષિએ પૂછ્યું, તમે કોણ છો ? પ્રેત કેમ થયા છો ? પહેલો કહે : મેં બ્રાહ્મણનું મસ્તક કાપ્યું તેથી માથા વિનાનો પ્રેત થયો. બીજો કહે : મેં ચોરી કરવામાં બીજાના નેત્રો ફોડી નાખ્યા તેથી હું અંધ થયો. ત્રીજો કહે : મેં પત્નીનું નાક કાપ્યું તેથી હું નકટો થયો. ચોથો કહે : મે વિપ્રના કાન કાપ્યા તેથી હું બહેરો થયો, પાંચમો કહે : મેં પ્રવાસીના પગ ભાંગી લૂંટી લીધો તેથી લંગડો થયો. છઠ્ઠો કહે : મેં લાકડીથી ગાયની કેડ ભાંગી તેથી હું કેડભાંગલો થયો. સાતમો કહે : મેં પત્નીને વગર વાંકે બાંધી દુઃખ આપ્યું તેથી અવળા પગવાળો થયો. આઠમો કહે : મેં બકરીના બચ્ચાને ડોક મરડી મારી નાખ્યું તેથી પાછળ મોઢાવાળો થયો. નવમો કહે : મેં શિકારમાં એક મૃગની આંખ ફોડી નાખી તેથી અંધ થયો. દશમો કહે : મેં ભગવાન અને ભક્તની નિંદા સાંભળી તેથી બહેરો થયો.

એવી રીતે જેણે જેણે જે જે દુઃખો આપ્યા હતા તે સર્વે દુઃખ પોતે પામીને, વાસનાવાળા, પુણ્યથી, ભક્તિથી રહિત હોવાથી સર્વે પ્રેતપણાને પામ્યા અને રાક્ષસો થયા છીએ. તે સર્વે પ્રેતો રાક્ષસોને અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનનો શરણં મંત્ર લોમશ ઋષિએ આપ્યો. એ મંત્રનો જપ કરતા સર્વે પ્રેતો બાલકૃષ્ણ પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ તેને પોતાનું ચરણામૃત પાઈને પ્રેતદેહ ત્યજાવી દિવ્ય દેહ ધારણ કરાવી વૈકુંઠધામ મોકલ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા, આ કથા જે વાંચશે, સાંભળશે તે સર્વે પાપથી રહિત થઈને સર્વ સંપત્તિવાળો થઈ મોક્ષ મેળવશે.

અધ્યાય - ૧૯, ૨૦, ૨૧

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો દ્વિતીય અને તૃતિય જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને એક વર્ષ પૂરું થયું. ત્યારે બીજા વર્ષના જન્મજયંતિ મહોત્સવમાં પિતા ગોપાલકૃષ્ણ સાતમને દિવસે આમંત્રણ પત્રિકા લખીને સર્વે ધામના ઈશ્વરો, દેવો, ઋષિ-મુનિઓ, સાધુ-સાધ્વીઓ, સતી, પતિવ્રતાઓ, ભક્તોને મોકલતા હતા. તે પત્રિકામાં લખ્યું હતું - કુટુંબ, સગા, દાસ-દાસી સાથે મારા પુત્રને આશિર્વાદ આપવા અને લેવા આવજો. પ્રભુના પાર્ષદોએ, દૂતરૂપે ચૌદ લોકમાં, સર્વે ધામોમાં, તે પત્રિકા પહોંચાડી દીધી. સર્વે પોતાના ધામથી શ્રેષ્ઠ વસ્તુ લઈને વિમાનમાં બેસી અનાદિશ્રીકૃષ્ણનારાયણના જન્મજયંતિ મહોત્સવમાં આવવા લાગ્યા. કુંકુમવાપીમાં લોમશ ઋષિ અને ગોપાલકૃષ્ણ સર્વે તૈયારી કરવા લાગ્યા. દૂધ, દહીં, ઘી, મધના કુંડો, ગોળ, સાકર, અનાજના પર્વત સમાન ગંજ કરાવ્યા. રસોડાની મહાદેવીએ કડાઈ, તાવેથો, સાંબેલું વગેરે રસોઈના સાધનો તૈયાર કરાવ્યા.

પ્રભુની આજ્ઞાથી બાર રાશીદેવીઓ સેવા કરવા આવી. તેમાં મેષ રાશી દેવીએ નવા અનાજ, દાળ, શાકભાજી, ફળ-ફૂલ, હીરા, રત્નમણિ, પુષ્પહાર વગેરે તૈયાર કરી પ્રભુને અર્પણ કર્યા. વૃષભ રાશી દેવીએ, ગોલોકથી હજારો કામધેનુ ગાયો લાવી, દૂધ, દહીં, છાશ, માખણ, ઘી તથા વાહનો લાવી. શ્રીહરિને આપ્યા. મિથુન રાશી દેવીએ શય્યા, આસન વગેરે તથા સંગીતના સાધનો રાજવૈભવો વગેરે ભગવાનને આપ્યા. કર્ક રાશી દેવીએ અનેક રસો, શામો, રાજગરો વગેરે પ્રભુને આપ્યા. સિંહ રાશી દેવીએ વનની કસ્તૂરી, ગંધ, ચામરી, રેશમી ગરમ ઉનના વસ્ત્રો, મૃગચર્મ, વાઘચર્મ, હાથીચર્મ, સિંહચર્મ, ખીણના રસો વગેરે પ્રભુને અર્પણ કર્યાં. કન્યા રાશી દેવીએ સર્વ શોભાઓ યુક્ત સુવર્ણના પાત્રો આપ્યા. તુલા રાશી દેવીએ શહેર બજારમાં સર્વવસ્તુ રૂપે અખૂટ રહેતી હતી. વૃશ્ચિક રાશી દેવીએ પૃથ્વીમાં રહેલા ગળ્યા-ખાટાં, તીખા, તૂરા, કડવા અને ખારા. આ છ રસો ભગવાનને અર્પણ કર્યાં. ધન રાશી દેવીએ ધનુષ્ય, બાણ, હાથી, અશ્વરથ, શિલિકા, ગાડા વગેરે વાહનો પ્રભુને અર્પણ

કર્યા, મકર રાશિ દેવએ સમુદ્ર રત્નોની ભેટ આપી. કુંભ રાશિ દેવીએ સુવર્ણના કરોડો ઘડા આપ્યા. મિન રાશી દેવીએ પૂજાના સોળ ઉપચાર આપ્યા. પછી વિશ્વકર્માને બોલાવી મહામંડપની રચના કરાવી. તેમાં ધર્મસભા, ઈન્દ્રસભા, બૃહસ્પતિ સભા, શુક્રસભા, બ્રહ્મસભા, વિષ્ણુસભા, શિવસભા તથા સુવર્ણના હજારો સિંહાસનો, દિવ્ય ચિત્ર-વિચિત્ર પંખીઓની શોભાવાળો, સર્વ દેવોથી શોભતો એવો મહામંડપ બનાવ્યો. તેવો મંડપ જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિમાં ક્યાંય પણ નહતો. ત્યાં અક્ષરબ્રહ્મ સર્વ શોભાને વધારતા હતા. સપ્તમીની રાત્રિએ મહામંડપમાં પ્રકાશ એટલો હતો કે રાત્રિ દેખાતી નહીં. સર્વે ઋષિ-મુનિ આસને બેસી જપ કરતા, વેદ પાઠ કરતા, લક્ષ્મીનારાયણ સંહિતાનો પાઠ કરતા હતા.

બ્રહ્મા યજ્ઞકુંડમાં ઘી, જવ, તલ, ડાંગર વગેરે હવિષ્યાન્નનો હોમ કરતા હતા. માતા કંભરાલક્ષ્મી, પિતા ગોપાલકૃષ્ણ આગળ યજમાન સ્થાને બેઠા હતા. લોમશ ઋષિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ષોડ્શોપચારથી વેદ વિધિથી પૂજન કરાવતા હતા. પુરુષોત્તમ નારાયણ પાસે બ્રહ્મમુક્તો ગોલોકના મુક્તો, વૈકુંઠના મુક્તો, બ્રહ્મ મુક્તો તથા અનંત ધામનામુક્તો બેઠાં હતા. હે રાધા, ત્યારે પ્રભુ પાસે હું (કૃષ્ણ) અને તું (રાધા) બંને બેઠા હતાં. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ બીજા વર્ષમાં પ્રવેશ કરતા હોવા છતાં કિશોરસ્વરૂપ ધારણ કરી ત્યાં મહામંડપમાં રહેલા સર્વને પોતાની દિવ્યમૂર્તિનું અલૌકિક દર્શન કરાવતા હતા. પોતાની મૂર્તિમાં અનેક અવતારો, અનેક ધામોનું દર્શન કરાવી, મહાઆશ્ચર્ય પમાડતા હતા તથા શરીરમાં રહેલા અગણિત ચિહ્નોના દર્શન કરાવી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતાની મૂર્તિનું અલૌકિક સુખ આપતા હતા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અવતારી પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમધામમાં જેમ બિરાજે છે તેમ જ અહીં શોભતા હતા. દિવ્ય સ્વરૂપને ધારણ કરીને પિતાંબર પહેરી ખંભે ખેસને ધારણ કરતા સુવર્ણનો મુગટ અલંકારોથી શોભતા હતા. દિવ્ય સુવર્ણના સિંહાસન પર બેઠા હતા. તેની પાસે લોમશ ઋષિ બેઠા હતા. તેની પાસે માતા-પિતા બેઠા હતા, ત્યારે સર્વ દેવો પ્રભુની પૂજા કરવા આવતા હતા, તે સમયની શોભા પૂર્વે કોઈ દિવસ જોઈ ન હતી, ન સાંભળી હતી. તેમાં સૌ પ્રથમ કંભરાલક્ષ્મીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુનું પૂજન કંકુ, ચોખા, ચંદન, કસ્તૂરી, અબીલ, ગુલાલ, પુષ્પ, ફૂલહાર, ફળ, જળ, સાકર, ગંધ, સુગંધથી કરતા હતા. લોમશ ઋષિ આશિર્વચન કહેતા હતા, મુક્તો આ બાલકૃષ્ણનું સ્વસ્તિ કરો. અક્ષરબ્રહ્મ આ બાલપ્રભુને દીર્ઘાયુ આપો. લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ આ બાળકનું કલ્યાણ કરો. વાસુદેવાદિ, ચતુર્વ્યુહ આ બાળકનું સ્વસ્તિ કરો. શંકર આદિ દેવો, ઈશ્વરો, આ બાલપ્રભુનું સ્વસ્તિ કરો. ઋષિ, પિતૃ, સિદ્ધ સાધુ, પતિવ્રતા સતી, સાધ્વી, કુમારી, સર્વે તીર્થો, દેવ-દેવીઓ, વૃક્ષવેલી, નદી, સમુદ્રો, પર્વતો, ખીણો, દૈત્યો, દાનવો, અસુરો, રાક્ષસો,

ભૂતપ્રેત, પિશાચ, માતૃકાઓ, સર્વે આ બાળકનું સ્વસ્તિ કરો. હનુમાન, ગરૂડ, નંદ-સુનંદ, પાર્ષદો આ બાલપ્રભુનું સ્વસ્તિ કરો. રાધા, લલિતા, પદ્મા, જયા, સરસ્વતી, માણિકી, શ્રી, કમલા, પાર્વતી, પ્રભા, રતિ, શારદા, વિરજા, ગંગા, લક્ષ્મી, સતી, નર્મદા, સાવીત્રી, મંજુલા, હંસા, અમૃતા, દુર્ગા, મંગલા, સગુણા. આ સર્વે બ્રહ્મપત્નીઓ તથા સોળ હજાર તથા કરોડો અબજો શક્તિઓ તે આ બાલકૃષ્ણ પ્રભુનું સ્વસ્તિ કરો. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, ધર્મભક્તિ, કંભરા, ગોપાલ, મુક્તા, ચંપા, જયા, હૈમી, રમા, શાંતા, વજ્ર, દયા, ભાનું, દિવાળી, ઉજ્જી તે સર્વે શ્રીહરિનું સ્વસ્તિ કરો.

આ પ્રમાણે લોમશ ઋષિએ સ્વસ્તિ વાંચન કરાવી, પાણી છાંટી પ્રભુને તિલક ચાંદલો કર્યા. માતાએ મુખમાં મિષ્ટાન્ન આપી દુખણા લીધા અને આશિર્વાદ આપ્યા. પુષ્પમાળા પહેરાવી. પછી પિતાએ પૂજા કરી આશિર્વાદ આપ્યા, શાશ્વત આયુષ્યવાળા થાવ. લોમશ ઋષિએ મંત્રોથી આશિર્વાદ આપ્યા, યોગ ઐશ્વર્યથી શાશ્વત આયુષ્યવાળા થાવ. તેજબળ, વૈરાગ્ય, માતા-પિતા ગુરુની સેવાથી શરણાગતોની રક્ષા કરનારા થાવ. સમદૃષ્ટિવાળા, સંતોષવાળા, દાનધર્મવાળા થાવ. એવી રીતે સર્વેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણની પૂજા કરી આશિર્વાદ આપ્યા.

પછી પરમધામમાં રહેલી શ્રીહરિની દિવ્ય પત્નીઓએ બાલકૃષ્ણની દિવ્ય પુષ્પહાર સુગંધીથી પૂજા કરી, આરતી કરી, દુઃખણા લઈ, ચરણામૃત પીધું. પછી અક્ષર અને અક્ષર મુક્તોએ, મુક્તાણીઓએ પ્રભુની પૂજા કરી. પછી રાધાકૃષ્ણે, બાલકૃષ્ણની પૂજા કરી, પછી વૈકુંઠવાસી, અવ્યાકૃત ધામ, અમૃતધામ, અન્ય ધામના મુક્તો, શ્રી બાલકૃષ્ણની પૂજા કરી. પછી અવતારો, ઈશ્વરો, મહેશ્વરો, દેવો, બ્રહ્માંડોના અધિપતિ, ચૌદલોકના વાસી, સર્વે બાલકૃષ્ણની પૂજા કરી આશિર્વાદ આપતા હતા. એકસો એક વાટની આરતી ઉતારી, પુષ્પાંજલિ કરી, દુઃખણા લીધા. અનાદિશ્રીકૃષ્ણનારાયણની બીજી જન્મજયંતિમાં આવેલા સર્વેનો લોમશ ઋષિએ સત્કાર કરી કહ્યું. શ્રીહરિ તમને આશિર્વાદ આપે છે, તમે સર્વે પૂજ્યપણાને પામો. પછી સર્વેને ભોજન કરાવ્યા. સર્વે સેવાકરનારાને દાન, પારિતોષિકો આપ્યા. પછી સર્વે પોતાના વિમાનોમાં બેસી પોતાના સ્થાનમાં ગયા. સર્વ કન્યાઓ લોમશ આશ્રમમાં ગઈ. બાલકૃષ્ણ પ્રભુએ નિંદ્રા ગ્રહણ કરી. આ દિવ્ય મહોત્સવને જે સંભારશે તે સર્વે મોક્ષ ભાગી બનશે.

શ્રીબાલકૃષ્ણ પ્રભુનો તૃતિય જન્મજયંતિ મહોત્સવ ઉત્તમ ધામધૂમો વડે ઉજવાયો હતો. તેમાં સર્વ સૃષ્ટિઓના રાજાઓ, દેવો, ઈશ્વરો, પ્રજાઓ પણ આવ્યા હતા. અનેક પેટાઉત્સવો, મહાદાનો, મંત્રજપો, હોમહવનો, દક્ષિણાઓ વગેરે થયા-અપાયા હતા, ઉત્સવવિસર્જન કરાયો હતો.

અધ્યાય - ૨૨

❖ નરનારાયણ સાથે યુદ્ધમાં પ્રહલાદનો પરાજય ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, એકવાર ચ્યવનઋષિ રસાતળ લોકમાં ગયા. ત્યાં નાગકન્યાઓએ પૂજન કર્યું. પછી પ્રહલાદ ભક્ત રાજા પાસે ગયા. પ્રહલાદ ભક્તે ઋષિને આસન આપી પૂજા કરી કહ્યું, આજે હું કૃતાર્થ થયો છું. તમારા જેવા સંતના દર્શનથી પાપ નષ્ટ થાય અને પુણ્ય ઉદય થાય છે. તમે અહીં વાસ કરી યજ્ઞ જપ કરાવો. હું તમારી સેવા કરીશ. ચ્યવનઋષિ કહે : દેવ વિપ્ર સંતનું પૂજન કરનારા, ધર્મપાલન કરનારા, તારા જેવા ભક્ત જ્યાં વાસ કરે છે ત્યાં મને રહેવું ગમે છે. પછી સ્વર્ગ પૃથ્વી કે પાતાલ હોય તે મારે માટે સામાન છે, પણ અત્યારે પૃથ્વી પર તીર્થો કરી સૌરાષ્ટ્રમાં કુંકુમવાપીમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા છે. તેના દર્શન કરવા તથા અશ્વપટ સરોવર તીર્થમાં સ્નાન કરવા જવું છે. તે સાંભળીને પ્રહલાદ, દૈત્યો, દાનવો, રાક્ષસોને લઈને ચ્યવનઋષિ સાથે પૃથ્વીના તીર્થ કરતા કુંકુમવાપી આવ્યા, અશ્વપટ સરોવરમાં સ્નાન કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી. કંભરા-ગોપાલને નમસ્કાર કરી, લોમશ ઋષિની પૂજા કરી. પુષ્કર થઈ બદ્રિકાશ્રમ આવ્યા. જ્યાં નરનારાયણ ભગવાન તપ કરતા હતા. માથે જટા વૃક્ષ નીચે ઋષિરૂપે રહેલા પડખે ધનુષ-બાણ પડેલા જોઈને પ્રહલાદે પૂછ્યું, તપ કરનાર તમેં ધનુષ-બાણ કેમ રાખ્યા છે ? તમે દંભી લાગો છો ?

નર કહે : તારે ચિંતા કરવાની શું જરૂર છે. અમે તપની સાથે કાળ જેવા દૈત્યોના નાશ માટે ધનુષ-બાણ રાખ્યા છે. પ્રહલાદ કહે : ધર્મનું રક્ષણ હું કરું છું. પછી તમારું શું કામ છે. નર કહે : દૈત્યોને શક્તિ અમે આપી છે. યુદ્ધમાં અમને નરનારાયણને જીતવા કોઈ સમર્થ નથી. અમે અનાદિશ્રીકૃષ્ણનારાયણના આત્મા છીએ ત્યારે પ્રહલાદે પ્રતિજ્ઞા કરી, કોઈપણ રીતે હું તમને જીતીશ. એમ કહી નરનારાયણ ભગવાન સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. ત્યારે ચ્યવનઋષિએ કહ્યું, પ્રભુ સાથે યુદ્ધ ન કર. તારાથી જીતાશે નહીં. પ્રહલાદ કહે : મેં પ્રતિજ્ઞા કરી છે. માટે યુદ્ધ કરવું પડશે. એમ કહીને ધનુષ્યમાંથી બાણ છોડવા માંડ્યો. નર પણ બાણ છોડવા લાગ્યા. સામસામા બાણો છોડતાં થાક્યા એટલે પ્રહલાદ મંત્રેલા અસ્ત્રો ફેંકવા લાગ્યો. પરસ્પર અગ્નિ, પાણી, વાયુ, પર્વત, નાગ, ગરૂડ, નારીનર, નપુષંક, યૌવનાસ્ત્ર વગેરે અનેક અસ્ત્રોથી લડતા હતા. પછી પ્રહલાદ ગદા લઈ નર પાસે આવ્યા ત્યારે નારાયણ યુદ્ધ કરવા આવ્યા. પ્રહલાદે નારાયણને માથામાં ગદા મારી નારાયણને નેત્રમાંથી પાણી નીકળવા લાગ્યું. ગદાના સો કટકા થયા. પ્રહલાદ બાણો છોડવા લાગ્યો. નારાયણ બાણોને કાપવા લાગ્યા. પ્રહલાદ લડતા થાક્યો, સાંજ પડી એટલે નારાયણ કહે : જા સવારે આવજે.

પ્રહલાદ વિચારવા લાગ્યો, આને કેમ જીતવા ? હજારો વર્ષ યુદ્ધ કરી પ્રહલાદ થાક્યો તો પણ નારાયણ જીતાયા નહીં. ત્યારે પૂછ્યું, તમે કોણ છો ? કેમ જીતાઓ ? મેં તમને જીતવાની પ્રતિજ્ઞા કરી છે માટે કહો. નારાયણ કહે : હું દેવોથી, અસુરોથી, અસ્ત્રો-શસ્ત્રોથી કોઈ બળથી જીતાવ એવો નથી. પ્રહલાદ કહે : મારી પ્રતિજ્ઞા ભંગ થાય તો હું તમારી પાસે પ્રાણ ત્યાગ કરીશ, માટે તમે કેમ જીતાઓ તે કહો. ત્યારે કૃપાળુ નારાયણ કહે : તું ભક્તિથી મને જીતી શકીશ. ત્યારે પ્રહલાદે સર્વે દૈત્યોને બોલાવીને પોતાનું રાજ્ય અંધકાસુરને આપી કહ્યું, આ નારાયણને હું ભક્તિથી જીતીને વશ કરીશ, પછી પ્રહલાદ નરનારાયણ ભગવાનને પગે લાગ્યો. ત્યારે નારાયણે પૂછ્યું, કેમ પગે લાગ્યો ? પ્રહલાદ કહે : હે પ્રભુ, તમને જીતવા કોઈ સમર્થ નથી. તમને યોગીઓ, ભક્તો, પતિવ્રતાઓ, પૂજીને, ભક્તિ કરીને વશ કરીને જીતી લ્યે છે. તમે સર્વે અવતારોને ધારણ કરી સર્વ કાર્ય કરો છો. એ રીતે પ્રહલાદ સ્તુતિ કરી વારંવાર પગે લાગ્યો. પછી નારાયણ કહે : તારી ભક્તિ સ્તુતિથી હું પ્રસન્ન થયો છું. વરદાન માંગ.

પ્રહલાદ કહે : પ્રભુ, મેં તમારી સાથે યુદ્ધ કર્યું તેથી પાપવાળું મારું માનસ નાશ થાવ અને તમારા ચરણમાં પ્રીતિ-ભક્તિ થાવ. નારાયણ કહે : અત્યારે તું કુંકુમવાપી જા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધ્યાન, દર્શન કરી, લોમશ ઋષિ પાસે મંત્ર લઈ, જપ કરજે અને દૈત્યો પર શાસન કરી ભક્તિ કરજે. પછી પ્રહલાદ લોમશ ઋષિ પાસેથી મંત્ર લઈને રસાતળ ગયો. આ પ્રહલાદ તીર્થ થયેલું છે.

અધ્યાય - ૨૩

❖ સોળ પ્રકારનાં ધર્મનું જ્ઞાન - વાસના નિવૃત્તિ ઉપાય ❖ રાક્ષસોનો ઉદ્ધાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રહલાદના ઉપદેશથી સર્વે દૈત્યો, દાનવો, અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શનને ઇચ્છતા હતા. તે સર્વેએ ચ્યવનઋષિને પૂછ્યું, આલોક-પરલોકમાં કલ્યાણકારી કયું સાધન છે ? ઋષિ કહે : ધર્મ અને પૂણ્ય આલોક પરલોકમાં સુખદાયી છે. ધર્મ પરમાત્માની શાંતિ આપે છે. પૂણ્ય આત્માની શાંતિ આપે છે. યજ્ઞક્રિયા, શાસ્ત્રોનો અભ્યાસ, પ્રભુનું પૂજન આ મનુષ્યનો ધર્મ છે. પૂજા ગ્રહણ કરી ભક્તોની રક્ષા કરવી તે દેવોનો ધર્મ છે. બાહુબળથી યુદ્ધ કરવું, વંદન શરણાગતિ તે પ્રાપ્તિ તે દૈત્યોનો ધર્મ. બ્રહ્મ ચિંતન કરી યોગથી સિદ્ધિ મેળવી ભક્તિ ઉપાસના શાંતિ મેળવવી તે સિદ્ધોનો ધર્મ. ગંધર્વોને ગીત નૃત્યધર્મ. વિદ્યાધરોને વિજ્ઞાન વિદ્યાધર્મ. કિન્નરોને સૂર્ય ભક્તિધર્મ. સત્ય તપ જપ દયા ક્ષમા તે ઋષિધર્મ. ત્યાગી સતિ સાધ્વીઓને સ્વામિની સેવા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં સર્વે અર્પણ કરે તે ધર્મ. બીજાને દબાવી લઈ લેવું તે રાક્ષસોનો ધર્મ. અપવિત્ર, અસત્ય, અવિવેક તે પિશાચનો ધર્મ. આ સોળ પ્રકારના ધર્મો છે. તેથી

પ્રભુની પૂજા, તપ, પરોપકાર, અહિંસા, સંતોષ, શ્રીહરિનો જપ આટલા ધર્મ કોઈ પણ મનુષ્ય ગ્રહણ કરે તો તે શાશ્વત શાંતિને પામે છે. પછી સર્વે દૈત્યો, દાનવો, પત્ની, પુત્રને સાથે લઈ ચ્યવન ઋષિ સાથે અશ્વપટ સરોવર, કુંકુમવાપી અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવ્યા. સર્વે લોમશ ઋષિના આશ્રમે આવી લોમશને પગે લાગ્યા. લોમશ ઋષિએ સર્વને સ્નાન ભોજન પાન આરામ કરાવ્યા.

ચ્યવનઋષિ કહે : આ લોમશ ઋષિની સેવાથી તમારા પાપના પુંજ બળી જશે. સાધુના દર્શનથી, સ્પર્શથી, સેવાથી, પાપ નાશ પામે છે. માટે સંત પુરુષને ભોજન, વસ્ત્ર-દાન આપી સંતોષ પમાડવા. શરીર, વાણી, મનથી બ્રહ્મનિષ્ઠ સંતની સેવા મુક્તિ અપાવે છે. અહં અને મમતા વાસના તૂટે છે. આ મારું રાજ્ય નથી. આ મારા પતિ-પત્ની પુત્રો કુટુંબી નથી એમ માને, એટલે વાસના નિવૃત્તિ પામે છે. માટે હે દૈત્યો તમે આ લોમશ ઋષિના યોગથી અને અશ્વપટ સરોવરમાં સ્નાન કરવાથી પવિત્ર થયા છો, અને પ્રભુનો મંત્ર ગ્રહણ કરવા યોગ્ય થયા છો. પછી સર્વે દૈત્યો, દાનવોએ લોમશ ઋષિના ચરણ ધોઈ પાણી પી મંત્ર "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" ગ્રહણ કરી તુલસીની કંઠી, માળા ધારણ કરી. મંત્ર જપ કરતા હતા. સાંજે અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા સર્વે ચ્યવનઋષિ સાથે આવ્યા. પ્રભુ પારણિયામાં પોઢ્યા હતા. કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણે, લોમશ ઋષિએ ચ્યવનઋષિનું શિષ્યો સાથે સ્વાગત કર્યું. સર્વેએ બાલકૃષ્ણના દર્શન કર્યા. પ્રભુની મૂર્તિમાં પ્રહલાદ, શુક્રાચાર્ય, કશ્યપ, દેવો, ઈશ્વરો, અવતારો, અનંત સૃષ્ટિઓના દર્શન થવા લાગ્યા. તે જોઈને દૈત્ય કન્યાઓ પાંચ હજાર પ્રભુને વરતી હતી.

આવું પરમ આશ્ચર્ય જોઈ સર્વે બાલકૃષ્ણ પ્રભુની પૂજા કરી. ભેટ, સામગ્રી પ્રભુને અર્પણ કરતા હતા. પછી સર્વેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની સ્તુતિ કરી, હે પ્રભુ અમને તમારી ભક્તિ આપી, તમારા ચરણમાં વાસ આપજો. શ્રીહરિ કહે : તથાસ્તુ. તે સમયે દશ હજાર દૈત્યોએ વૈકુંઠધામમાં જવા ઈચ્છા કરી. પ્રભુએ તેઓને વૈકુંઠમાં મોકલ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા બીજા વર્ષના શ્રાવણ માસમાં આ અદ્‌ભૂત ચરિત્ર થયું. પછી પ્રહલાદ વગેરે દૈત્યો દાનવો રસાતલમાં ગયા. પ્રહલાદ ચિરંજીવી ભક્ત થયા.

અધ્યાય - ૨૪

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુના ચૌલ સંસ્કાર વિધિનું વર્ણન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ત્રીજા વર્ષે માગશર સુદ તેરસે પિતા ગોપાલકૃષ્ણ બાલકૃષ્ણને ચૌલ સંસ્કાર ગર્ભકેશ મુંડન વિધિ પ્રમાણે કરાવતા હતા. સાધુ-સાધ્વી બ્રાહ્મણો અતિથી બાળકોને ભોજન કરાવી યથાયોગ્ય દાન આપતા હતા. રાધાએ પૂછ્યું, હે પ્રભુ મુંડન ચૌલ સંસ્કાર કેમ કરાવવો પડે છે ? શ્રીકૃષ્ણે કહ્યું, પૂર્વ જન્મના પાપ

તે બાળકના માથામાં કેશમાં રહે છે. તે મુંડનથી નષ્ટ થાય છે. ગર્ભમાં, અગ્નિમાં, નરકમાં, મુત્રાશયમાં, ધાતુમાં જે વાસ થાય છે. તે આત્માના પાપ છે. શરીરનો જન્મ, પાપ, અને પુણ્યથી જ થાય છે. પાપ વિશેષ મસ્તકમાં કેશરૂપે રહેવાથી શીખા અથવા જટા રાખવાથી શુદ્ધ થાય છે, અથવા તીર્થમાં મુંડન કરાવવાથી પાપ નષ્ટ થાય છે, અથવા તે કેશ ધોળા થાય ત્યાં સુધી પાપરૂપી વિષયો દેહધારીને ચોંટે છે. મધ્ય, યુવાન અવસ્થાને શાસ્ત્ર મર્યાદા છે. વૃદ્ધને પાપ પુણ્યની મર્યાદા નથી. પૂર્વે અધર્મ બ્રહ્માના વાંસામાંથી જન્મ્યો. તેની પત્ની હિંસા, તેનો પુત્ર પાપ, તે પાપ માતૃ-પિતૃ ભક્ત હોવાથી જ્યાં અધર્મ હોય ત્યાં હિંસા અને પાપ હોય. જ્યાં અધર્મ ન હોય ત્યાં હિંસા પાપ ન હોય. એ રીતે ચૌલ સંસ્કાર વિધિ છે.

પિતા ગોપાલકૃષ્ણએ બાલકૃષ્ણ પ્રભુનું કેશવપન વાણંદ પાસે કરાવી. તે કેશો અશ્વપટ સરોવરમાં નાંખ્યા. તે સર્વે હજારો અને લાખો ચતુર્ભુજ, અષ્ટભૂજા, શંખ, ચક્ર, ગદા, પદ્મ, વસ્ત્ર, આભૂષણોને ધારણ કરી, દિવ્ય, તેજસ્વી, નારાયણ ભગવાન જેવા દેખાતા આકાશમાં અદૃશ્ય થયા. કેટલાક લક્ષ્મીયુક્ત નારાયણ સમાન દેખાતા એવા સો હજાર હાથવાળા આકાશમાં અદૃશ્ય રૂપે રહીને સ્તુતિ કરતા હતા, હે પ્રભુ હે પરમબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અમે તમારી મૂર્તિમાં મસ્તકના કેશરૂપે રહેલા નારાયણો છીએ. હે પ્રભુ, તમે અસંખ્ય અવતારોના અવતારી છો. તમારી આજ્ઞાથી અમો બ્રહ્માંડનું પાલનપોષણ, લય કરીએ છીએ. તમારી મૂર્તિમાં મુક્તો, મુક્તાનીઓ સર્વે વાસ કરે છે. તમારી મૂર્તિમાં રાધા, રમા, જયા, લલિતા, લક્ષ્મી, પ્રભા, પાર્વતી, માણિકી, મંજુલા, પ્રેમરૂપે વાસ કરે છે.

સર્વે નારાયણોની સ્તુતિ સાંભળી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : મારી ઇચ્છાથી નિત્ય ઉત્પન્ન થતા બ્રહ્માંડમાં મારી આજ્ઞાથી, મારા આપેલા, ઐશ્વર્યથી બ્રહ્માંડનું સંચાલન કરો. તેમાં ચૌદલોકના બ્રહ્માંડમાં ચતુર્ભુજવાળા નારાયણ જાવ. અઠ્યાવીશ લોકના બ્રહ્માંડમાં અષ્ટ ભૂજાવાળા નારાયણ જાવ. છપ્પન લોકના બ્રહ્માંડમાં સોળ ભૂજાવાળા નારાયણ જાવ. એકસો આઠ લોકના બ્રહ્માંડમાં બત્રીશ ભૂજાવાળા નારાયણ જાવ. પાંચસો લોકના બ્રહ્માંડમાં સો ભૂજાવાળા નારાયણ જાવ. હજાર લોકના બ્રહ્માંડમાં હજાર હાથવાળા નારાયણ જાવ. પછી પ્રભુએ સર્વેને તેના હાથમાં રહેલા બ્રહ્માંડનું દર્શન કરાવી. સર્વે અવતારોને જવાની આજ્ઞા આપી. નારાયણના તે સર્વે અવતારો અનાદિશ્રીકૃષ્ણનારાયણને પગે લાગી બ્રહ્માંડોમાં ગયા.

લોમશ ઋષિ કહે : પ્રભુ, મને તે બ્રહ્માંડોનું દર્શન કરાવો. બાલકૃષ્ણ પ્રભુએ પાણીની અંજલિ લોમશ ઋષિના નેત્ર પર છાંટવાથી નેત્રો દિવ્ય થયા અને સર્વે બ્રહ્માંડોનું દર્શન નારાયણના અવતારોનું દર્શન કર્યું. શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચૌલ સંસ્કાર વિધિમાં અદ્‌ભૂત ઐશ્વર્ય જોઈને માતાપિતા અતિ હર્ષ પામ્યાં. પ્રગટ પ્રભુનું આ ચરિત્ર પાપને નાશ કરનારું અને મોક્ષને આપનારું છે.

અધ્યાય - ૨૫

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પુષ્પદોલોત્સવ ❖ સાલમાલ અસુરનો ઉદ્ધાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને ત્રીજે વર્ષે ફાગણ માસમાં, વસંત ઉત્સવ, પુષ્પ દોલોત્સવ કર્યો. તે ચરિત્ર કહું સાંભળ. સર્વ ઋતુમાં, શ્રેષ્ઠ ઋતુરાજ વસંતમાં, સર્વ વૃક્ષ વેલી, ફળ-ફૂલ ખીલવાથી, પ્રભુને બોલાવતા હોય તેમ ઝૂલતા હતા. અશ્વપટ સરોવરમાં ખીલેલા કમળો પણ પ્રભુને બોલાવતા હોય તેમ દેખાતાં હતા. સર્વે પક્ષીઓ પણ પોતાની ભાષામાં બાલકૃષ્ણને બોલાવતા હોય તેમ કિલ્લોલ કરતા હતા. તે સમયે હજારો બાલબાલિકાઓ અશ્વપટ સરોવર કાંઠે વૃક્ષોમાં હીંડોળા બાંધીને અબીલ, ગુલાલ, કંકુ, કેશર, કેશુડાના લાલ, પીળા, રંગથી રમતા હતા. રંગ ઉત્સવમાં કૃષ્ણના કિર્તનો ગાતાં હતાં તથા સર્વેએ સર્વ પુષ્પોથી વસંત ઋતુની પૂજા કરી પછી વસંત ઋતુએ પોતાની પત્ની સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી. હીંડોળામાં પધરાવી આરતી ઉતારી, તે સમયે કિશોરસ્વરૂપ ધારણ કરી, સર્વને અલૌકિક દર્શન આપી, સૌ સાથે રંગે રમી, ફરીથી બાલસ્વરૂપ ધારણ કર્યું. પછી માતા અશ્વપટ સરોવરમાં રંગવાળા પ્રભુને સ્નાન કરાવવા લઈ ગયા. ત્યાં સરોવરમાં ત્રીશ હાથના માછલાએ બાલપ્રભુને પકડ્યા. માતા ભય પામ્યાં.

રાધાએ પૂછ્યું, તે માછલો કોણ હતો ? શ્રીકૃષ્ણ કહે : પૂર્વે હીરણ્યકુર્ચ અસુરની ચામડીમાંથી જન્મેલો તે અસુર સાલમાલ નામનો સાત તાડીયા ઊંચો, સાલમાલ વનમાં રહેતો. તે પિતાનું વેર સંભારી શ્રીહરિને મારવા આવ્યો. બાલપ્રભુએ પાણીમાં મગરનું રૂપ લીધું અને બીજે રૂપે બાળરૂપે કાંઠે બેઠા. ત્યારે તે અસુર માછલામાંથી મનુષ્યરૂપ લઈ ગદા ધારણ કરી મગરના માથામાં મારી. પ્રભુએ તરત અદૃશ્ય થઈ ગદા ધારણ કરી. ત્યારે સાલમાલસુર સાત તાડીયા જેટલો ઊંચો થઈને પ્રભુની સામે યુદ્ધ કરવા આવ્યો. અસુરે શ્રીહરિના માથામાં ગદા મારવાથી ગદા ભાંગી ગઈ. શ્રીહરિએ અસુરની છાતીમાં ગદા મારી મૂર્છિત કર્યો. અસુર બેઠો થઈ મુદગર લઈ પ્રભુને મારવા દોડ્યો. ત્યારે પ્રભુ શ્રીહરિએ સુદર્શન ચક્ર મૂક્યું. સૂર્યસમાન તેજસ્વી હજાર આરાવાળા તે સુદર્શન ચક્રે અસુરનાં મસ્તકને કાપી નાખ્યું. મહા હાહાકાર થયો. દેવો પ્રસન્ન થયા. એક ગાઉમાં તે અસુરનો દેહ પડવાથી કેટલાય વૃક્ષો ભાંગી ગયા પછી ગરૂડ તેના શરીરને ઉપાડીને સાલમાલ વનમાં નાખી આવ્યા. ત્યાં સર્વે દૈત્યો તથા સાલમાલની સો પત્નીઓ અતિશોક કરવા લાગી. પછી પોતાની જાતિને અનુસારે તે અસુરની ઉર્ધ્વ દૈહિક ક્રિયા કરી. તે પાંચસો દૈત્યો, સો પત્નીઓ અને હજાર પુત્રો ક્યાંય સુખ ન પામવાથી વેર વાળવા વિચારવા લાગ્યા. પછી બાલકૃષ્ણ પ્રભુ સર્વની સાથે પુષ્પ દોલોત્સવ કરી. માતા-પિતા સાથે ઘેર આવ્યા. કન્યાઓ સર્વ લોમશ ઋષિના આશ્રમમાં ગઈ. સર્વેજનો ગામમાં પ્રભુના ચરિત્રને સંભારતા આવતા હતા. શ્રીકૃષ્ણ કહે :

રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના આ પુષ્પદોલોત્સવ તથા ચમત્કાર ચરિત્રને જે નરનારીઓ ગાશે, સાંભળશે તે પરમધામને પામશે.

અધ્યાય - ૨૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુ દ્વારા સાલવંશના અસુરોનો નાશ - ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ત્રીજા વર્ષના શ્રાવણ માસનો ચમત્કાર કહું સાંભળ. શ્રાવણ માસમાં સર્વે બ્રાહ્મણો અશ્વપટ સરોવર કાંઠે લોમશ ઋષિ આદિ હજારો ઋષિઓ પંચગવ્યથી સ્નાન કરી પિતૃ તર્પણ કરી, દેવો પૂજન કરી, હવન કરી, નવી જનોઈ ધારણ કરતા હતા. તે દિવસે રૂદ્રયાગ, વિષ્ણુ યાગ કરી, મહા રસોડામાં ચૂરમાના લાડુ, મોતિયા લાડું, દૂધ-પાક, પૂરી, શીખંડ, દાળ-ભાત, ભજીયા, શાક, અથાણા તૈયાર થતા હતા. ત્યારે બપોરે એક ગાઉ દૂરથી અવાજ આવવા લાગ્યો. લોમશ ઋષિ દિવ્યદૃષ્ટિથી જાણી ગયા કે, દૈત્ય પત્નીઓ અસુરો સાથે સાલમાલનું વેર વાળવા શસ્ત્રો લઈને આવે છે. તે દૈત્યો બોલતા હતા કે, આ બાલકૃષ્ણે આપણા પિતાને મારી નાખ્યો છે. માટે તેને મારી નાંખો. લોમશ આશ્રમને સળગાવી દો, સર્વે બ્રાહ્મણોનો વિનાશ કરો. એમ બોલતા આકાશમાંથી જયા યજ્ઞ ભૂમિમાં આવ્યા. ત્યાં લોમશ ઋષિએ અથર્વમંત્રથી તેને જડ જેવા બનાવી ત્યાં ઊભા રાખી દીધા.

પછી લોમશ ઋષિએ પ્રભુને સંભાર્યા એટલે અનાદિશ્રીકૃષ્ણનારાયણ કિશોર સ્વરૂપ ધારણ કરી ગરૂડ પર બેસી આવ્યા. સર્વે દૈત્યો પથ્થર, વૃક્ષો, શ્રીહરિ સામે ફેંકવા લાગ્યા. શ્રીહરિએ સુદર્શન ચક્ર મૂકી સર્વ સાલવંશના અસુરોનો નાશ કરી. તેનું તેજ પોતામાં લીન કર્યું. શાલ માલાસુરની સર્વે પત્નીઓ કન્યાઓ વૃક્ષ, વડ નીચે રહીને સ્તુતિ કરવા લાગી, હે પરમેશ્વર આ સર્વે અસુરોનો ઉદ્ધાર કરો અને અમારું રક્ષણ કરો ! તમારું શરણ આપો. અનાદિશ્રીકૃષ્ણનારાયણે ચક્રના તેજથી સર્વના પાપ બાળી પવિત્ર કરી. દિવ્ય સ્વરૂપો ધારણ કરાવી લોમશ આશ્રમમાં વાસ આપ્યો. લોમશ ઋષિએ તે સર્વેની પંચગવ્યથી શુદ્ધિ કરી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર આપી તુલસી, કંઠી, માળા આપી. પછી સર્વે બ્રાહ્મણોએ યજ્ઞ પૂર્ણ કરી પ્રસાદ જમી સર્વને પ્રસાદ આપ્યો. વસ્ત્ર આભૂષણોના દાન આપ્યા.

પછી સર્વ દૈત્ય, પત્નીઓએ લોમશ ઋષિને પૂછ્યું, કયા કર્મથી કલ્યાણ થાય ? લોમશ ઋષિ કહે : અહિંસા, સત્ય, દાન, ચોરી ન કરવી, દયા રાખવી, સદા નિર્માનિપણે રહેવું તથા તપ, સાધુની સેવા, પવિત્રપણું, બ્રહ્મચર્ય, શમ, દમ. આ તેર ધર્મો નરનારીઓ પાલન કરવાથી આલોક પરલોકમાં સુખી થાય છે. પ્રભુ ભક્તિ, ગુરુની સેવા, ભિક્ષા ભોજન, તે પણ શાશ્વત સુખ આપે છે. ગુરુપત્ની, ગુરુપુત્રની સેવા કરવાથી મૃત્યુને જીતે છે. બ્રાહ્મ મુહૂર્તમાં શ્રીહરિનું સ્મરણ ધ્યાન કરવું તથા સંત ભક્ત દેવને સંભારવા તેથી ઘણા મોક્ષમાં

ગયા છે. સર્વ અવતારોને ધારણ કરનારા અક્ષરથી પર એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ તથા અગણિત મુક્તો અમારો મોક્ષ કરો. મંગલ પ્રભાત કરો. કૃષ્ણનારાયણ લક્ષ્મીનારાયણ તથા મુક્તો-ભક્તો અમારું મંગલ પ્રભાત કરો. વાસુદેવ નારાયણ, માણિકી, પાર્વતી, પ્રભા અમારુ મંગલ પ્રભાત કરો. હીરણ્યગર્ભ, શંકર, બ્રહ્મા, ઈન્દ્ર, સૂર્ય, ચંદ્ર, શુક્ર, ધર્મ, ઈશ્વરો, ગણેશ, શનિ, ઋષિ, પિત્રુઓ અમારું મંગલ પ્રભાત કરો. સર્વ તીર્થો, પતિવ્રતા, રૂકમાંગદ, ધ્રૂવ, યજ્ઞ, પુંડરીક, પ્રહલાદ, સુવ્રત, અંબરીશ, દિવોદાસ, શુક, શ્રીકૃષ્ણવલ્લભ અમારો મોક્ષ કરો. અમારું મંગલ પ્રભાત કરો. આ સ્તોત્રનો પાઠ નિત્ય કરવો. દેવાલય દેવવૃક્ષ વિદ્વાન ગુરુ વૃદ્ધને પ્રદક્ષિણા કરવી. સત્પુરુષોનો સમાગમ કરવો. જે પોતાના માટે જપ તપ સ્વાધ્યાય નહીં કરતા દંભથી કરે છે તે બિલાડો કહેવાય છે. તે પરલોકમાં સુખી થતો નથી. સંપત્તિ હોવા છતાં જે ખાતો નથી આપતો નથી તે ઉંદર કહેવાય છે. જેના ઘરમાં ભગવાનની ભક્તિ નથી કથા નથી વ્રત નથી તે પરલોકમાં સુખી થતા નથી. માટે સર્વ શ્રીહરિમાં અર્પણ કરી શ્રીહરિનું સ્મરણ કરનારા ક્યારેય પણ કર્મોથી લેપાતા નથી.

અધ્યાય - ૨૭

❖ લોમશ ઋષિ દ્વારા દૈત્યપત્નીઓને ધર્મ, વ્રત, ભક્તિનો ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, દેવો, દૈત્યો, દાનવો, રાક્ષસો માનવો, ઋષિ-મુનિ, સર્વે શ્રીહરિના સમાન પુત્રો છે. પ્રભુને કોઈ પ્રિય નથી કોઈ અપ્રિય નથી. પણ ભક્ત શ્રીહરિને પ્રિય છે. ભક્તિ શ્રીહરિને પ્રિય છે. આત્મા દેવ નથી, અસુર નથી પણ માયાના દુર્ગુણો શરીરને દૈત્ય અસુર બનાવે છે. નારી નર અને નપુંસક - આ ત્રણ શરીરને અનુસાર કર્મો થાય છે. તે કર્મોમાં નિંદ્રામાં, જાગ્રતમાં, સ્વપ્નમાં, સ્થૂળમાં, સૂક્ષ્મમાં, હૃદયમાં, રાજસમા, તામસમાં સર્વે ક્રિયામાં શ્રીહરિને સંભારે તો દેવપણાને પામી મુક્તિ સ્થિતિ મેળવે છે. દેહધારી જીવાત્માઓમાં સ્વભાવો રહેલા જ છે. કૂતરાંમાં સહનતા, વૃક્ષમાં પરોપકાર, વાંદરામાં સ્વાર્થ, સાધુમાં દયા, ધનાઢ્યમાં ગર્વ, ગરીબમાં દીનતા, માતામાં વાત્સલ્યભાવ, શત્રુમાં ચોરમાં નિર્દયતા, વિદ્યાવાળામાં તર્ક, સ્ત્રીઓમાં લજ્જા, બાળકોમાં નિર્દોષપણું, રાગવાળાને વસ્ત્ર વધારે જોઈ, વૈરાગ્યવાળાને ઓછા.

આત્મા છે તે આકાશ જેવો છે. શરીર છે તે દિશા સંધ્યા અને દિવસ જેવું છે. માયાના સત્વરજ તમોગુણના વેગ આવે છે અને જાય છે. તે માયા આત્મામાં ચોંટેલી નથી. માયામાંથી આત્મા જન્મ્યો નથી. બંનેના રસ્તા જુદા છે. રાગદ્વેષ વાસનાથી સર્વે પ્રવૃત્તિ થાય છે. તેથી દૈત્ય કે અસુર પણ પરમાત્માને શરણે જાય તો દિવ્ય દેવ થાય છે. લોમશ ઋષિ દૈત્ય પત્નીઓને કહે : તમે આ તેર સાત્વિક ધર્મનું પાલન કરી પ્રગટ પ્રભુની ભક્તિ કરશો એટલે પ્રભુના પ્રેમને પ્રાપ્ત કરશો.

પૂર્વે સુકેશી નામે દૈત્યએ ઋષિમુનિ પાસેથી ધર્મઉપદેશ ગ્રહણ કરી પોતાના પુરમાં જઈ રાક્ષસોને બોલાવી સત્ય અહિંસા ધર્મનું આચરણ કરાવ્યું. તે ધર્મપાલનથી સુકેશી દૈત્યનું આકાશમાં રહેલું નગર પ્રકાશ કરવા લાગ્યું. દિવસે સૂર્યની જેમ પ્રકાશ કરે અને રાત્રે ચંદ્રની જેમ અજવાળું કરે, તેથી પૃથ્વી સર્વ કામકાજ દિવસ-રાત્રિના ફેરબદલીવાળા થયા. તેથી સૂર્યને સહન ન થવાથી નિશાચરનગરને સૂર્યે ચક્રથી બાળી નાંખ્યું. તે નગર આકાશમાંથી નીચે પડ્યું. ત્યારે સુકેશી દૈત્યએ ઊંચે અવાજે શંકરને સંભાર્યા. કૈલાશમાં શંકરે સમાધીમાંથી જાગીને જોયું. તરત ત્રીજા નેત્રથી સૂર્ય સામે જોયું ત્યાં સૂર્ય આકાશમાંથી નીચે પડ્યો. સૂર્યે શંકર પાસે ક્ષમા માગી એટલે શંકરે સૂર્યને હાથમાં લઈ રથમાં બેસાર્યા. તે સૂર્ય જ્યાં પડ્યા તે કાશીમાં લોલાર્ક નામે તીર્થ થયું. શંકરે સુકેશી દૈત્યને ફરી આકાશમાં તેના નગરની સ્થાપના કરી ત્યાં રાખ્યો. એ રીતે ધર્મથી રાક્ષસો પણ બળવાન થાય છે. ચાતુર્માસમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી ધર્મ વ્રત પાલન કરવું. ચાતુર્માસમાં બ્રહ્મચર્યનું પાલન કરવું તથા શ્રીહરિની કથાશ્રવણ, કિર્તનભક્તિ, સ્મરણભક્તિ, ચરણ સેવાભક્તિ, અર્ચનભક્તિ, વંદનભક્તિ, દાસ્યભક્તિ, સખાભાવની ભક્તિ, આત્મનિવેદન, સર્વસમર્પણ ભક્તિ આદિક નવા પ્રકારની સાધન ભક્તિ તથા પ્રેમસ્વરૂપ પરાભક્તિ પ્રભુની કરીને પ્રભુને પ્રસન્ન કરવા. શ્રીકૃષ્ણ કહે : રાધા, એ રીતે લોમશ ઋષિએ દૈત્ય પત્નીઓને પ્રત્યક્ષ ભગવાનની ભક્તિનો ઉપદેશ અને ધર્મવ્રત સમજાવ્યા.

અધ્યાય - ૨૮

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ચતુર્થ જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચોથા વર્ષમાં જન્મજયંતિ મહોત્સવમાં ગોપાલકૃષ્ણે સર્વેને ભોજન કરાવી દાન-દક્ષિણા આપી ત્યારે એક આશ્ચર્ય થયું. માનવ મસ્તકવાળો એક સ્વસ્તિકનાગ બાલકૃષ્ણ પ્રભુ પાસે આવી કહે : હે પ્રભુ મારું રક્ષણ કરો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : તારે શું દુઃખ છે ? નાગ કહે, હે પ્રભુ પાતાલમાં અમારી સર્પોની બહુ જાતિ છે. તેમાં બ્રહ્મા, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, આદિ અનેક જાતિઓ છે. તેમાં કારંડવ સર્પ રાજા તેનો મંત્રી સુમધુ છે તે અન્યાયી, અધર્મી હોવા છતાં પ્રજાનું હિત કરનારો તેથી રાજાનો માન્ય છે. રાજાએ હાટકેશ્વર શંકર ભગવાનનું શ્રાવણ માસમાં બીલ્વપત્રાદિથી પૂજન કરાવી ઉત્સવ કરાવ્યો છે. તેમાં સુમધુ મંત્રીને માન્ય હું સ્વસ્તિક શંકરના જપ કરવા બેઠો. મારા સો પુત્રો તે પણ પાઠમાં બેઠા હતા. મારી વીશ કન્યાઓ શંકરની પૂજા કરવા આવતી તે કન્યાઓને જોઈ મોહ પામેલો મંત્રી મને કહે : તારી કન્યાઓ મને પરણાવ. મેં કહ્યું, હું કન્યાઓને પૂછીને કહું.

મેં કન્યાઓને પૂછ્યું. કન્યાઓએ કહ્યું, અમે મનથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનને વરેલી છીએ. માટે કોઈની સાથે લગ્ન નહીં કરીએ. તે પ્રભુ અત્યારે પૃથ્વી પર પ્રગટ થયા છે. કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણનો ત્યાં પ્રગટ થયેલા તે પ્રભુને અનંત નાગકન્યાઓ વરેલી છે. પછી મેં મંત્રીને કહ્યું, કન્યાઓ તમને વરવાની ના કહે છે. મંત્રીએ કહ્યું, તારી કન્યાઓ તું મને નહીં આપે તો હું બળાત્કારથી ગ્રહણ કરીશ. મેં રાજાને આ વાત કરી. રાજાએ કહ્યું, તારી કન્યાઓ મંત્રીને આપી સુખી થા. તેથી હે પ્રભુ હું તમારે શરણે આવ્યો છું. મારું અને મારી કન્યાઓનું રક્ષણ કરો. અત્યારે તેણે મારી કન્યાઓને પકડીને કેદમાં નાખી છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણે સ્વસ્તિક નાગનું વૃતાંત સાંભળી તેને અભય વચન આપી ગરૂડ અને સુદર્શન ચક્રને સંભાર્યા. તે બંને આવ્યા. પ્રભુએ તેમને પાતાલમાં જવાની આજ્ઞા આપી. ગરૂડ સર્પ રાજા પાસે જઈ કહ્યું, ન્યાય કરો કાં યુદ્ધ કરો. કન્યાઓને છોડી મૂકો કાં યુદ્ધ કરો. અમને પ્રભુએ મોકલ્યા છે. ત્યાં તો સર્પો લાખો ભેગા થઈ ગયા. ગરૂડ અને ચક્રના બળને નહીં જાણતા યુદ્ધ કરવા લાગ્યા. ગરૂડે સર્પોનો નાશ કર્યો. પછી પાતાલનું રાજ્ય શેષને આપ્યું અને સ્વસ્તિકને મંત્રીપદે સ્થાપ્યો અને સર્વ કન્યાઓને કેદમુક્ત કરી. પછી શેષ અને સ્વસ્તિકનાગે અનાદિશ્રીકૃષ્ણનારાયણને સંભાર્યા. પ્રભુ કિશોર સ્વરૂપ ધારણ કરી હાથી પર બેસી પાતાલમાં આવ્યા. શ્રીહરિએ અનંત શેષને ભાલમાં તિલક કરી પાતાલનો રાજ્યાભિષેક કર્યો. પછી સ્વસ્તિક મંત્રીએ પોતાની વીશ કન્યાઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને અર્પણ કરી. પ્રભુ કન્યાઓને લઈ કુંકુમવાપી ક્ષેત્ર આવી લોમશ ઋષિના આશ્રમમાં મૂકી. લોમશ ઋષિએ કન્યાઓને મંત્રમાળા કંઠી આપી રક્ષણ કર્યું. પછી ચક્ર અને ગરૂડજી વૈકુંઠમાં ગયા. પછી શેષનારાયણની પત્ની સુનંદિની તેણે પ્રભુને સંભાર્યા. પ્રભુ પાતાલમાં દર્શન દેવા પધાર્યા. સુનંદિનીએ પ્રભુની પૂજા કરી. પ્રભુએ તેને મંત્રકંઠી માળા આપ્યા. તે સમયે યુદ્ધમાં મરેલા સર્પોની હજારો કન્યાઓ અનંત શેષ નારાયણે શ્રીહરિને અર્પણ કરી. પ્રભુ તે કન્યાઓને લઈને લોમશ ઋષિના આશ્રમમાં રાખી. શ્રીકૃષ્ણ કહે : રાધા, તે સર્વે કન્યાઓના ધન્ય ભાગ્ય કે પ્રભુએ તેને ગ્રહણ કરી.

અધ્યાય - ૨૯

❖ શાવદીનનો પુત્રપ્રાપ્તિ માટે મહાકાલીને બાળકના બલિનો પ્રયત્ન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચોથે વર્ષે માઘસ્નાનનો નિયમ નગરવાસીઓએ લીધો. અશ્વપટ સરોવરમાં વિપ્રો વગેરે સર્વે ઋષિઓ, માનવો, બાળકો રોજ સ્નાન કરતા. સરોવરમાં મોટાં મગર રહેતા. તે પાંચ છ બાળકોને રોજ પકડતા તેથી સર્વે ભય પામતા. આરદેશનો શાવદીન રાજા તેને સો પત્ની હોવા છતાં પુત્ર ન હતો. તેથી તેના ગુરુ યતિદીને રાજાને કહ્યું, તારા ભાગ્યમાં પુત્ર નથી. તો મહાકાલી માતાને એક પુત્રનો

બલિ ચડાવ તો તને પુત્ર લાભ થાય. રાજાએ પૂછ્યું, બલિ માટે બાળક કેવો જોઈએ ? યતિદીન કહે : પાંચ વર્ષનો તેજસ્વી, મત્સ્ય, ધનુષબાણ ચિહ્નવાળો, ચક્રવર્તી રાજા થાય એવો બાળક જોઈએ. રાજાએ એવો બાળક લાવવા શાવદીનને સૌરાષ્ટ્રમાં મોકલ્યો. તો મલિન વિદ્યાવાળો હતો. તે અશ્વપટ સરોવર આવી તેવા બાળક કંભરાનંદન અનાદિશ્રીકૃષ્ણનારાયણને જોઈ રાજા પાસે જઈ કહ્યું. રાજાએ યતિદીન વગેરેને અશ્વપટ સરોવર કુંકુમવાપી મોકલ્યા. તે સર્વે રોજ પાંચ-છ બાળકોનું અપહરણ કરી રાજા પાસે મોકલે. એવી રીતે ઘણા બાળકોને ઉપાડી ગયો. ગામમાં હાહાકાર થયો.

બાલકૃષ્ણ સ્નાન કરવા માતા સાથે અશ્વપટ સરોવર આવ્યા ત્યાં વિકરાળ મોટી દાઢ્યોવાળો જલમાનવ જોયો. તેણે બાલપ્રભુને પકડ્યા. પ્રભુએ બે સ્વરૂપ ધારણ કર્યા. ભક્તજનો ભય પામી ગામમાં જતા રહ્યા. લોમશ ઋષિને આવી કહ્યું, જલમાનવ બાળકોને, જનોને ત્રાસ આપે છે. તેના નાશ માટે શું કરવું. લોમશ ઋષિ ધ્યાન કરી કહે : યતિદીન, કાસદીન વગેરે પાંચ યતિઓ મલીન વિદ્યાવાળા અસુરો છે. તે રાક્ષસોના નાશ માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો અવતાર છે. એમ કહી શ્રીહરિને સંભાર્યા. પ્રભુ કિશોર રૂપ ધારણ કરી ગરૂડ પર બેસી ચક્ર લઈને આવ્યા. લોમશ ઋષિએ સર્વ વૃતાંત કહ્યું. શ્રીહરિ તરત અશ્વપટ સરોવર ગયા. ત્યાં સરોવરમાં જલ માનવ સાથે યુદ્ધ કરી ચક્રથી તેનું મસ્તક કાપી સરોવર બહાર ફેંક્યું. ભક્તજનો સર્વ જોઈને આશ્ચર્ય પામ્યા. બીજા ચાર યતિ પ્રભુને શરણે આવ્યા. પ્રભુએ તેમને અભયદાન આપ્યું. પછી પ્રભુ શ્રીહરિ આકાશ માર્ગે આરદેશ આવ્યા. જ્યાં પૃથ્વી રાતી, પાણી રાતુ, માનવો રાતા હતા. જ્યાં રાજા શાવદીન ગુરુ યતિદીન કાલિમાતા હતી ત્યાં આવ્યા. રાણી રાજકન્યાઓ બાલકૃષ્ણને જોઈને કહે : આ બાળક સર્વાંગે સુંદર કેટલો યોગ્ય છે. પ્રભુએ ત્યાં પાંચસો બાળકોને કેદમાં રાખેલા જોયા પછી રાજાએ સેનાપતિને કહ્યું, આ બાળકને પકડીને જેલમાં રાખો. કન્યાઓ શ્રીહરિનું બલિદાન થાય રાણીને પુત્ર થાય તેવું ઇચ્છતી હતી. સર્વ કન્યાઓ શ્રીહરિમાં મોહ પામી હતી તેથી પ્રાર્થના કરવા લાગી, હે શાવદીના મહાકાલી આ બાલકૃષ્ણનો બલિ ન થાય તો અમે એક માસ દૂધ પીને તારું વ્રત કરશું, રોજ પૂજન કરશું, પાંચ માળા ફેરવશું, તમને મિષ્ટાન્ન જમાડશું એ રીતે પ્રાર્થના કરતી હતી. શ્રીહરિએ બીજે સ્વરૂપે કુંકુમવાપીમાં આરદેશની સર્વ વાત કરતા હતા. લોમશ ઋષિ તે વાત સાંભળી આશ્ચર્ય પામતા હતા.

અધ્યાય - ૩૦

❖ મહાકાલીએ શાવદીન રાજાનો વધ કર્યો ❖ કુરુક્ષેત્ર ઉત્પત્તિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સવારે રાજાએ પ્રજામાં જાહેર કર્યું, મીન, ધ્વજ, ધનુષ, ચક્રવાળો સુલક્ષણો બાળક મળ્યો છે. તેનું બલિદાન દેવી આગળ થશે. જેને પુત્રની ઇચ્છા હોય તેણે

દેવી પૂજન કરી ઉત્સવ કરવો. અપવિત્ર બાળકને દેવી આગળ પવિત્ર કરવા મદ્યથી સંસ્કાર કરવો પડશે. તે ગુરુ સર્વે વિધિ કરશે. મલિન મંત્રોથી ગુરુએ વિધિ કરી. શાવદીના માતા આ સહન ન કરી શકી પણ શ્રીહરિ આજ્ઞા આપે ત્યારે સર્વ કાર્ય કરવું એમ વિચારવા લાગી. રાજા સર્વને દાન આપી રાજ્યમાં ગયો. રાત્રે મંદિરમાં બાલકૃષ્ણ પાસે માતા કન્યાનું રૂપ લઈ આવી કહે : હે પ્રભુ, આ રાજા પુત્રની ઇચ્છાથી આવા બલિ ચડાવવાના પાપ મારી પાસે કરે તે મને ગમતું નથી. તેથી તમે આજ્ઞા આપો એટલે રાજા એના ગુરુ અને કાસદીન પાપીઓનો નાશ કરું. શ્રીહરિએ પ્રસન્ન થઈ આજ્ઞા આપી.

પછી માતાએ ખડગ, ભાલુ, સાંગ, કુહાડી, પાશ, તોમર, મુગદલ, ગદા, ત્રિશૂલ, અંકુશ, મુશલ, ધનુષ, ચક્ર, શંખ, ગદા વગેરે આયુધો અઢાર હાથમાં ધારણ કરી કેસરીસિંહ પર બેસી વિકરાળ સ્વરૂપ ધારણ કરી. અગ્નિસમાન નેત્રોવાળી કાલીમાતા રાજાના મહેલે આવી. તલવારથી રાજાનું મસ્તક કાપી નાખ્યું. ત્રિશૂલથી રાજાના, ગુરુના બે કટકા કરી નાખ્યા. કાસદીન વગેરે યતિઓનો નાશ કર્યો. અંતઃપુરમાં હાહાકાર થઈ ગયો. સર્વત્ર ચર્ચા થવા લાગી રાજા બાળકોનું બલિદાન કરવાનો હતો તે પાપે મર્યો માટે નિર્દોષ બાળકોને મારવા નહીં. બાળકોને ત્રાસ આપવો નહીં. બાળકોમાં ઈશ્વરનો વાસ છે. પછી તે માતા કારાગારમાં આવી જ્યાં બાળકો અને બાલકૃષ્ણ હતા. માતા સુંદર સ્વરૂપ ધારણ કરી બાળકોને રમાડવા લાગી. બાલકૃષ્ણને પગે લાગી સર્વ બાળકોને ફળો આપ્યા. પછી રાજાની વિધવા રાણીઓ દેવી પાસે આવી રૂદન કરવા લાગી. દેવી મૂર્તિમાંથી કન્યાનું રૂપ ધારણ કરી કહે : જેની હું પત્ની છું, તે બાલકૃષ્ણને મારવા રાજા તૈયાર થયો. તેથી મેં તેનો નાશ કર્યો છે. તમે શોક ન કરો, અને તમારે સુખી થવું હોય, મોક્ષ પામવો હોય તો, અનાદિશ્રીકૃષ્ણનારાયણને શરણે જાવ. પછી સર્વ રાણીઓએ નારાયણ પાસે આવી સ્તુતિ કરી, હે પ્રભુ અમારો મોક્ષ કરો. બાલકૃષ્ણ પ્રભુએ તે સર્વેને અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્ર લોમશ આશ્રમ દેખાડ્યું. સર્વે આશ્ચર્ય પામ્યા. રાજકન્યાઓએ કહ્યું, તમે અમારા પતિ થાવ. શ્રીહરિ કહે, તથાસ્તુ. એમ કહી ગરૂડને સંભાર્યા. ગરૂડ આવ્યા. તે પર બેસીને દિવ્ય વિમાનમાં કન્યાઓને, બાળકોને, કાલીમાતાને બેસાડીને બદ્રિકાશ્રમ આવ્યા. ત્યાં ગંગામાં સ્નાન કરી સર્વને ચરણામૃત પાઈને નરનારાયણ ભગવાનની પૂજા કરીને કુરુક્ષેત્ર આવ્યા.

રાધા કહે : કુરુક્ષેત્ર તીર્થ ક્યારે થયું ? શ્રીકૃષ્ણ કહે : પૂર્વે સોમવંશમાં ઋક્ષ રાજા થયો, તેનો પુત્ર સંવરણ થયો. તે એકવાર વનમાં ગયો ત્યાં સૂર્યપુત્રી તાપી તપ કરતી હતી. સૂર્યને પૂછીને સંવરણે તાપી સાથે લગ્ન કર્યાં. તેનો પુત્ર કુરુ થયો. તે કુરુ મોટો થયો ત્યારે તેના પુત્રને ગાદી આપી પ્રયાગમાં તપ કરવા ગયો. તે કુરુ રાજાએ જ્યાં જમીન ખેડીને સદાવ્રત દાન-દક્ષિણા આપી યજ્ઞ કર્યાં. તે જોઈ પ્રસન્ન થઈ પ્રભુ કહે : વરદાન માંગ.

કુરુ રાજા કહે : મેં જેટલી જમીન ખેડી છે તે ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર નામે પ્રસિદ્ધ થાય. પ્રભુ કહે : તથાસ્તું. પછી બાલકૃષ્ણ પ્રભુ સરસ્વતીમાં સ્નાન કરી, કરાવી અશ્વપટ સરોવર આવી, જય જય ધ્વનિ શબ્દ કર્યા. સર્વે અશ્વપટ સરોવરમાં સ્નાન કરી, ભોજન કરી આરામ કર્યો. પછી સર્વ બાળકો તેનાં માતા-પિતાને આપ્યા. કન્યાઓને લોમશ ઋષિના આશ્રમમાં વાસ આપ્યો. લોમશ ઋષિએ સર્વને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ પતયે સ્વાહા" એ મંત્ર આપી ભજન કરાવી કૃષ્ણકૃપાથી દિવ્યદેહ ધારણ કરાવી વૈકુંઠમાં મોકલ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ એ રીતે બાળકોનું રક્ષણ કરી મ્લેચ્છોનો નાશ કર્યો. આ કથા વાંચશે, સાંભળશે તે સર્વ સ્વર્ગ અને મોક્ષને મેળવશે.

અધ્યાય - ૩૧

❖ કાલિકા તીર્થ ❖ યુગે યુગનાં ધર્મમાં પરિવર્તનનું કારણ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ શાવદીના કાલીમાતાને અશ્વપટ સરોવર કાંઠે વડમાં વાસ આપ્યો. તે કન્યાઓનું અને ખેતરવાડીનું રક્ષણ કરે છે. તે કાલિકાતીર્થ થયેલું છે. પછી સર્વ કન્યાઓએ ફાગણ માસમાં પયોવ્રત કર્યું. સવારમાં બાલકૃષ્ણને દૂધથી સ્નાન કરાવી પછી જલથી સ્નાન કરાવી વસ્ત્ર અલંકારો ધરાવી ભોજન કરાવતી દૂધ પીવરાવતી પછી પોતે દૂધ પીતી. રાધાએ પૂછ્યું, હે પ્રભુ ભગવાને મ્લેચ્છ કન્યાઓને કેમ ગ્રહણ કરી ? શ્રીકૃષ્ણ કહે : રાધા, પૂર્વે શંકરની પત્નીઓ અનેક તામસી દુર્ગા, કાલી, ભૈરવી વગેરે થયેલી છે. ભગવાનની પત્નીઓ તુલસી વૃંદા વગેરે દૈત્ય પત્નીઓ થયેલી છે. પ્રભુની દૃષ્ટિમાં નાતિજાતિ ઊંચનીચ છે નહીં.

પૂર્વે સત્યુગમાં વંશ રાખવા કોઈપણને કન્યા અપાતી. તે ધર્મ બીજા યુગમાં ન રહ્યો. સર્વ ધર્મના પ્રવર્તક ભગવાન છે. તેમાં કામ, ક્રોધ, લોભ, વ્યભિચાર, હિંસા, ચોરી તે દોષો ભગવાનને અડતા જ નથી. જ્યાં તેજ છે, ત્યાં અંધારાને પ્રવેશ નથી. જ્યાં દિવ્યપણું છે, ત્યાં માયા નથી. જેવો સ્નેહ પુત્ર, પુત્રીમાં, સ્ત્રી પુરુષમાં, માતા-પિતામાં છે, તેવો સ્નેહ સાધુમાં કરે તો મોક્ષને મેળવે છે. શ્રીહરિના યોગથી સાધુ-સાધ્વીના દોષો ભષ્મ થઈ જાય છે. તેથી શંકા ન કરવી. શ્રીહરિના યોગથી સર્વ શુદ્ધ થાય છે. પૂર્વે ઉદ્દાલક ઋષિ પુત્ર શ્વેતકેતુએ મર્યાદા સ્થાપન કરી. કોઈ અતિથિ બ્રાહ્મણે ઉદ્દાલક પાસે આવી પત્નીની માગણી કરી. ઉદ્દાલકે આપી. પુત્ર શ્વેતકેતુએ ક્રોધ કરી કહ્યું, મારી માને કેમ આપી. ઋષિ કહે : બેટા ક્રોધ ન કર આ ધર્મ સનાતન છે. પછી શ્વેતકેતુએ ધર્મમર્યાદા સ્થાપન કરી. તેથી યુગેયુગના ધર્મ બદલતા રહે છે. પૂર્વે સૌદાસ રાજાની પત્ની મધ્યંતી રાજાની આજ્ઞાથી વશિષ્ટ ગુરુ પાસે ગઈ. તેથી અશ્મક નામે પુત્ર થયો. પૂર્વે દેવગુરુ બૃહસ્પતિ તેની ભાભી ગર્ભવાળી હોવા છતાં તેની પાસે ગયાં. તેથી રજોગુણમાં પ્રવર્ત્યા. ગર્ભમાં રહેલા બાળકે બીજા ગર્ભની

ના પાડી તો બૃહસ્પતિએ શાપ આપ્યો, જા તું અંધ થઈશ. તેથી દિર્ઘતમા ઋષિએ ફરી ધર્મ માટે મર્યાદા સ્થાપન કરી, આજથી આરંભીને મનુષ્યે જીવતપર્યંત એક જ સ્ત્રી પરાયણ રહેવું. ત્યારે સર્વે પુત્રોએ ભેગા થઈ અંધ પિતા દીર્ઘતમાને વહાણમાં બેસારી ગંગામાં વહાવ્યા. દિર્ઘતમા ઋષિ લક્ષ્મીનારાયણનું ભજન કરતા હતા. ત્યાં બલિરાજાએ આશરો આપી પોતાને પુત્ર ન હોવાથી પોતાની રાણી સુદેષ્ણાનો યોગ કર્યો. તેમાં પાંચ પુત્રો થયા અને દાસીમાં અગિયાર પુત્રો થયાં.

શ્રીકૃષ્ણ કહે : રાધા, પરમેશ્વર એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે આ જગતના સૃષ્ટિના પાલનકર્તા છે. પત્નીરૂપે પોતે જ છે અને પતિરૂપે પણ પોતે જ છે. તેથી પરમેશ્વરને કોઈ ક્રિયા બાધ કરી શકતી નથી. ધર્મના સ્થાપક પ્રભુ પોતે જ છે. આ અધ્યાયની કથા જે વાંચશે, સાંભળશે તેને પૂર્વના ધર્મ તત્ત્વનું જ્ઞાન થશે, અને સંશયો સર્વે લય પામશે, અને પુણ્યનો ભાગીદાર થશે.

અધ્યાય - ૩૨

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુની નવ ગ્રહોને આજ્ઞા - કોને નડવું - કોને ન નડવું ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પિતા ગોપાલકૃષ્ણે ફાગણ માસમાં વિઘ્ન શાંતિ માટે, વિષ્ણુયાગ કરી બ્રાહ્મણોને ભોજન કરાવી, દાન આપ્યા તથા બ્રાહ્મણો પાસે બાળકોની રક્ષા માટે ગૃહશાંતિ કરાવી. તથા દેવો અને માતૃકાઓનું પૂજન કરાવ્યું. શ્રીરાધાએ પૂછ્યું : હે પ્રભુ, તે બાલગ્રહ કોણ છે. બાળકોને કેમ પીડા કરે છે અને ગ્રહો કેમ થયા ? શ્રીકૃષ્ણ કહે : શંકરના ધાતુને પાર્વતીએ ગંગામાં ફેંક્યો. તે કાંઠે આવ્યો. તે તેજસ્વી હોવાથી તેને અગ્નિ માની ઋષિ પત્નીઓ તાપવા ગઈ. તેથી ગર્ભ રહ્યો અને કાર્તિક સ્વામિનો જન્મ થયો. તેથી ઋષિઓએ તેમને તજી દીધી. તે કાર્તિક પાસે આવી કહે : અમે પતિથી અને સ્વર્ગથી પતિત થયા હવે અમારે શું કરવું. તેથી હે પુત્ર તું અમારું રક્ષણ કરી ઋણરહિત થા.

કાર્તિક સ્વામિ કહે : અત્યારે ચંદ્રપત્ની રોહિણીની બહેન અભિજીત તે તપ કરવા ગઈ છે. તે નક્ષત્રનું સ્થાન ખાલી પડ્યું છે. તે સ્થાનમાં તમે રહો. એમ કહીને આકાશમાં કૃતિકા નામના નક્ષત્રમાં તે ઋષિપત્નીઓને વાસ આપ્યો. બ્રાહ્મી, મહેશ્વરી, વૈષ્ણવી, નારાયણી, ગાયત્રી, દુર્ગા અને માયા- આ સાત માતૃકાઓ છે તેનું પૂજન કરવાથી તે બાળકોનું રક્ષણ કરે છે તથા બીજા પણ પિશાચી મહા ગ્રહો છે. તે બાળકોને પીડા કરે છે. તે ગ્રહ-શાંતિ કરાવવાથી બાળકોનું રક્ષણ કરે છે. તે માતૃકાઓ સર્વે સોળ વર્ષ સુધી બાળકોનું રક્ષણ કરે છે. સોળ વર્ષના પછી ગૃહો, તેને નરગૃહો કહે છે, તથા દેવગૃહ, પિતૃગૃહ, માહેશ્વરો, રાક્ષસો, ગાંધર્વો, ગ્રહો, પિશાચો, યક્ષો વગેરે અનેક પ્રકારના ગ્રહો છે. તેનું જે અપમાન કરે છે તેને શાપ આપે છે. ભક્તિ કરનારા આળસ રહિત શ્રદ્ધાવાળા ભક્તને

સાધુ-સાધ્વીને તે ગ્રહો નડતા નથી. જ્યાં હોમ હવન થતો નથી જ્યાં પ્રભુનું પૂજન થતું નથી ત્યાં ગ્રહો વાસ કરી નડતર કરે છે.

ગોપાલકૃષ્ણે કરેલા ગ્રહશાંતિમાં તે સર્વે ગ્રહો છવીશ સંખ્યાના હતા. તે સર્વે આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરીને દૂધપાક, પ્રસાદી જમ્યા. બાલકૃષ્ણ પ્રભુએ સર્વેને આશિર્વાદ આપી અશ્વપટ સરોવરમાં વાસ આપ્યો અને કહ્યું, મારા ભક્તોને, સાધુ-સાધ્વીને, બ્રહ્મનિષ્ઠ વિપ્રોને જપ, તપ, વ્રત કરનારા, પુણ્ય, સત્કાર્ય કરનારાને, ગાય, વિપ્ર, સાધુની સેવા કરનારાને, ક્યારેય પણ તમારે ગ્રહ પીડા કરવી નહીં. નાસ્તિક, નિંદા કરનારા, હિંસા, ચોરી કરનારા, મદ્યમાંસ ખાનારા, ધર્મ વિનાના, એવા અસત્પુરુષોને તમારે પીડા કરવી. પછી પ્રભુની આજ્ઞાથી લોમશ ઋષિએ "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી અને સર્વ ગ્રહોને કંઠી માળા પહેરાવી દિવ્ય વૈષ્ણવો બનાવ્યા અને કુંકુમવાપી ક્ષેત્રમાં વાસ આપ્યો. તે સર્વે ગ્રહો છાયા સ્વરૂપે આકાશમાં રહ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા, ગ્રહ શાંતિ નિમિત્તે આ પ્રભુનું દિવ્ય ચરિત્ર કહ્યું.

અધ્યાય - 33

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુ દ્વારા વલ્લિદીન અસુરનો ઉદ્ધાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, હરિકૃષ્ણ પ્રભુના ચોથા વર્ષનું ભાદરવા સુદ આઠમનું ચરિત્ર કહું છું, સાંભળ. કુંકાવાવની કન્યાઓ અને સ્ત્રીઓએ ઋષિપંચમીનું વ્રત કર્યું અને ગુરુ લોમશ ઋષિનું પૂજન કર્યું. છઠનું ગૌરીવ્રત કર્યું. આઠમે ગૌરી પૂજન કર્યું. ફળ જપ પુષ્પપત્રથી પૂજન કરી મિષ્ટાન્ન, ધરી, વિસર્જન કરવા અશ્વપટ સરોવર ગયા. ગૌરીની મૂર્તિ વહાણમાં પધરાવી, પૂજન કરી અમારું સદા રક્ષણ કરજો એમ સ્તુતિ કરી સરોવરમાં પધરાવી. સર્વે દેવો, ઋષિઓ, પિતૃઓ આનંદ પામ્યા. ત્યાં ગૌરીએ આશ્ચર્ય દેખાડ્યું. એક વિકરાળ વાઘ ગર્જના કરતો બાલકૃષ્ણને મારવા, પકડવા દોડ્યો. ત્યાં રહેલા હજારો નર-નારીઓ ભય પામી નારાયણનું ભજન કરવા લાગ્યા. માતા કંભરા તથા કન્યાઓએ ગૌરીને પ્રાર્થના કરી, હે પાર્વતી આ બાલકૃષ્ણનું રક્ષણ કરજો અમે રોજ સાંજે તારી પૂજા કરશું.

શ્રીરાધા કહે : પ્રભુ તે વાઘ કોણ હતો. ક્યાંથી આવ્યો હતો. શ્રીકૃષ્ણ કહે : આરદેશના શાવદીનનો નાનો ભાઈ વલ્લિદીન હતો. શ્રીહરિ તે દેશમાં જઈ બાળકોનું રક્ષણ કરી કન્યાઓ લઈને આવ્યા. ત્યારે તે વલ્લિદીન ત્યાં ન હોવાથી રાજાનું ગુરુનું વેર વાળવા કન્યાઓને પાછી લઈ જવા મ્લેચ્છ વિધિવાળો વાઘનું રૂપ લઈ ત્યાં આવ્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણને મારવા માટે ક્યારેક ગીધનું, કાગડાનું, નારડાનું, બળદનું રૂપ લેતો પણ પ્રભુને મારવાનો સમય મળ્યો જ નહીં. પણ જ્યારે મારવાની ઈચ્છાથી વાઘનું રૂપ લીધું અને જ્યાં બાલકૃષ્ણને પકડવા ગયો ત્યાં પ્રભુએ શરભનું રૂપ ધારણ કરી વાઘને પકડી મારી નાંખ્યો. દેવોએ

અસુરનું મરણ થવાથી જય શબ્દ કરી પુષ્પવૃષ્ટિ કરી, ત્યાં ગૌરી પાર્વતી કન્યારૂપે આવી પ્રભુને પગે લાગી કહે : પ્રભુ તમારું રક્ષણ હું ન કરી શકી. બાલકૃષ્ણ કહે : તે અસુરોનો અગ્રણી હતો તેથી તેને મેં માર્યો. હવે બીજા અસુરો આવશે તેનાથી તું સર્વનું રક્ષણ કરજે. બાલકૃષ્ણ પ્રભુએ શરભનું રૂપ ધારણ કર્યું તે શરભ તીર્થ થયેલું છે. પછી સર્વે અસુરો વાઘના રૂપ લઈને દેવીને અને બાલકૃષ્ણને મારવા આવ્યા. એટલે શ્રીહરિએ યુદ્ધનો શંખ ફૂંક્યો ત્યાં ગૌરી સિંહ વાહન પર આવ્યા. ગર્જના કરવા લાગ્યા તેમાંથી અનેક સિંહો થયા. તે જોઈને અસુરોએ પણ સિંહના રૂપ ધારણ કરી, ગર્જના કરી યુદ્ધ કરવા લાગ્યા. એકબીજાના આંતરડા નખથી ખેંચવા લાગ્યા. તે સમયે ગૌરી સિંહોનું અને અસુર સિંહોનું ભયંકર યુદ્ધ થયું. તેને નૃસિંહ ભગવાન ધામમાંથી જોવા આવ્યા. પછી અસુર સિંહો મરીને નૃસિંહ ભગવાનમાં લય થયા. બાકી રહેલા સિંહો શ્રીહરિને શરણે આવ્યા. તેને શ્રીહરિએ સિંહારણ્યમાં વાસ આપ્યો તથા વાઘ પણ શ્રીહરિને શરણે આવવાથી પ્રભુએ તેને વ્યાઘ્રારણ્યમાં વાસ આપ્યો. સિંહ અને વાઘનું યુદ્ધ થયું ત્યાં અશ્વપટ સરોવર કાંઠે સિંહવ્યાઘ્ર મહાતીર્થ થયેલું છે. પછી કાલીમાતા તેના સ્થાનમાં ગયા. સર્વેજનો લોમશ ઋષિને પગે લાગી પોતાને ઘેર ગયા. પછી માતાએ લોમશ ગુરુનું પૂજન કરી દાન દીધા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું આ ચરિત્ર જે ગાશે, સાંભળશે તે મોક્ષને પામશે.

અધ્યાય - ૩૪

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પાંચમો જન્મજંયતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના પાંચમાં જન્મજયંતિ મહોત્સવમાં પિતા ગોપાલકૃષ્ણની આજ્ઞાથી વિશ્વકર્માએ મહામંડપની રચના કરી. અનેક પ્રકારની શોભાથી યુક્ત એવા એ સભામંડપમાં સિંહાસન પર બેઠેલા બાલકૃષ્ણ પ્રભુની પૂજા કરવા ઈશ્વરો આવતા અને ભેટ ધરતા. પછી સર્વે દેવીઓ પૂજા કરવા આવી. ષોડ્શોપચારથી પૂજન કરી ભગવાનને ભોજન આપ્યા. ગોપાલપિતા સર્વને ભોજન પ્રસાદ આપતા હતા. પછી નગરના નરનારીઓ, કન્યાઓ, બાલકૃષ્ણનું પૂજન કરી આશિર્વાદ આપી ભેટ ધરતા હતા. સતિ, સાધ્વીઓ, સાધુ, બ્રહ્મચારીઓ પણ પ્રભુનું પૂજન કરી આશિર્વાદ આપતા હતા. પછી નારદ વગેરે ગાંધર્વો ગાયન ગાતા હતા. અપ્સરાઓ નૃત્ય કરતી હતી. પ્રસન્ન થયેલા બાલકૃષ્ણ પ્રભુએ સર્વને હીરા-મોતીના હાર, સોના ચાંદીના આભૂષણો, વસ્ત્રો વગેરે આપ્યા. પછી યક્ષો, દાનવો, રાક્ષસો, કિન્નરો, વિદ્યાધરો, સુત, માગધ, બંદિભાટ, ચારણો વગેરે સર્વને પિતા ગોપાલકૃષ્ણે અનેક પારિતોષિકો આપ્યા.

તે સર્વે ગયા પછી અક્ષર અમૃત ગોલોક વૈકુંઠધામના મુક્તો આવી આશિર્વાદ આપતા હતા. શ્રીહરિકૃષ્ણ અનેક સ્વરૂપ ધારણ કરી તે સર્વે મુક્તોને એકી સાથે ભેટતા હતા અને

એકી સાથે તે સર્વે મુક્તોની ચંદન, પુષ્પોની પૂજાને અંગિકાર કરતા હતા. પછી સર્વ મુક્તોને પિતા ગોપાલકૃષ્ણે ભોજનપાન કરાવ્યા અને તેથી સર્વત્ર પ્રસિદ્ધ થયું કે, ગોપાલકૃષ્ણ જેવા મહાદાનેશ્વર કોઈ નહીં. તે સાંભળી હિમાલયથી બક દાલભ્ય, સાલાયન વગેરે હજારો ઋષિઓ સર્વ તીર્થ કરતા અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપી આવ્યા. તેમની પાસે સિંહચર્મ, વાઘચર્મ, હાથીચર્મ, મૃગચર્મ વગેરે બેસવાના આસનો હતા. તે સર્વ લોમશ ઋષિના આશ્રમમાં આવ્યા. લોમશ ઋષિએ સર્વેનો આદર સત્કાર કર્યો. પછી સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શને આવ્યા. પ્રભુએ અનેકરૂપે સર્વને દર્શન આપ્યા. બીજે દિવસે સર્વે ઋષિઓ ગોપાલકૃષ્ણ પાસે સીધ્ધુ લેવા આવ્યા. શ્રીહરિએ સર્વને ઘી, સાકર, લોટ, દાળ, ચોખા વગેરે ખૂબ આપ્યું. સર્વે ઋષિઓ રસોઈ પકાવી પ્રભુને ભોગ ધરાવી ભોજન જમ્યા. પછી સાંજે શ્રીહરિ પિતા સાથે ઋષિઓ પાસે આવ્યા. સિંહચર્મ જોઈ શ્રી બાલકૃષ્ણ પિતાને કહે : મને તે આસન આપો. વારંવાર કહેવાથી દાલભ્ય ઋષિ કહે : તે બાળક શું કહે છે ? પિતા કહે : તે બાળકને સિંહનું ચામડું જોઈએ છે, ખોટી હઠ કરે છે. ઋષિ કહે : વનમાં રહેનારા, યોગી તપસ્વીઓ જ આ ચર્મ રાખી શકે. શ્રીહરિ કહે : મને મૃગચર્મ આપો. ઋષિ કહે : તું આ સિંહ પર બેસવા યોગ્ય નથી. ત્યારે શ્રીહરિ ઉચ્ચેથી સિંહગર્જના કરી તેથી સર્વે સિંહચર્મ સજીવન થયા. વાઘ, હાથી, મૃગ, સર્વ સજીવન થયા. સર્વે ઋષિઓ ત્રાસ પામી ચારેકોર દોડવા લાગ્યા. દાલભ્ય ઋષિ યોગબળથી પણ કોઈને રોકી શક્યા નહીં. તે સર્વે હિંસક પશુઓ પ્રભુને પગે લાગી વનમાં વયા ગયા.

સર્વે ઋષિ શ્રીહરિનો આવો ચમત્કાર જોઈને પગે લાગી સ્તુતિ કરવા લાગ્યા, હે પ્રભુ અનંત જીવોના કલ્યાણ કરવા પૃથ્વી પર પ્રગટ થયેલા અમારી ઉપર પ્રસન્ન થાઓ. સર્વ અવતારો ઈશ્વરો જેમની સ્તુતિ કરે છે. યોગીઓ જેમને ધ્યાનમાં જોઈ શકતા નથી. એવા હે બાલકૃષ્ણ તમને નમસ્કાર. એમ કહી સર્વે ઋષિ પગે લાગ્યા, ત્યાં શ્રીહરિના ડાબા અંગુઠામાંથી સિંહચર્મ નીકળવા લાગ્યા. તે સર્વે સિંહચર્મો સર્વ ઋષિઓને આપ્યા. પછી સર્વ ઋષિને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને સ્વાહા" એ મંત્ર તથા કંઠી માળા આપી વૈષ્ણવ બનાવ્યા. તે ઋષિ તીર્થ કરતા હિમાલયમાં ગયા ત્યાં અશ્વપટ સરોવર કાંઠે દાલભ્યતીર્થ થયેલું છે.

અધ્યાય - ૩૫

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુને પ્રસન્ન કરવા શંકર દ્વારા નાટ્યોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, એકવાર કૈલાશથી અર્ધ નારેશ્વર એવા શંકર પોતાના ગણો, નટમંડળને લઈને અશ્વપટ સરોવર આવ્યા. સાથે હજારો પુરુષો, પાંચસો કન્યાઓ, સો હાથી, સો અશ્વો, સો સિંહ, સો મૃગ, વીશ વાઘ, દશ રીંછ, વાંદરા પોપટ વગેરે અનેક

પશુ-પક્ષીઓ લાવ્યા અને પડાવ નાખી ભોજનપાન કરી અનેક પ્રકારના ખેલ શરૂ કર્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ લોમશ ઋષિ માતા-પિતા કન્યાઓ વગેરે લાખો માનવો જોવા ભેગા થયા. ખેલ-રમતના મંડપની શોભા દરવાજા વગેરે શોભા અલૌકિક હતી. પછી નટરૂપે રહેલા શંકર તથા નટો અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરતા હતા, હે મુક્તપતિ, હે અવતારો અને ઈશ્વરોના પતિ, અનેક ધામના પતિ તમને નમસ્કાર. કૃપા કરી કુંકુમવાપીમાં પ્રગટ થયેલા કંભરાગોપાલ બાલ તમને નમસ્કાર. આમ સ્તુતિ કરી ત્યાં શંકર તથા સર્વે નટો બાલકૃષ્ણની મૂર્તિમાં સર્વે ધામ, અવતારો, ઈશ્વરો, કોટી કૃષ્ણ, રામનારાયણ વગેરેના દર્શન કર્યા અને બ્રહ્માંડો તથા સ્થાવર જંગમ સર્વ સૃષ્ટિ જોઈને આશ્ચર્ય પામ્યા.

પછી પ્રભુએ સર્વેને આશિર્વાદ આપ્યા અને નટોનો ખેલ શરૂ થયો. નટો સુતરની દોરી બાંધી હાથમાં વાંસ લઈ દોરી ઉપર ચાલવા લાગ્યા. સામસામા એકબીજાને અડ્યા વગર ચાલતા હતા. થાળીમાં પગ મૂકી ચાલતા હતા. અંગકસરતના ખેલ કરતા, હીંચકવાના ખેલ કરતા. પશુ-પક્ષીના ખેલ થતા હતા તથા મસ્તક ઉપર, એક ઉપર, બીજા ઉપર, એમ સાત ઘડા મૂકી નૃત્ય કરતા. આકાશમાં કૂદકો મારી હાથી પર બેસી જતા. તથા હાથી પર સિંહ, અશ્વ, ઊંટ વગેરેને બેસારતા હતા. પછી મલ્લ યુદ્ધ થયા. પછી સર્વે નટો સર્વે પશુ પર બેસી ફરતા હતા. એવા અનેક પ્રકારના ખેલ કર્યા પછી નટેશ્વર શંકર છેલ્લો ખેલ બતાવવા આવ્યા. તે વખતે પાંચસો કન્યાનો ખેલ આકાશમાં યુદ્ધ કરવાનો ચાલતો હતો. તે સર્વે કન્યાઓ પૃથ્વી પર પડી અને મરણ પામી. એવો ખેલ બનાવટી સર્વને બતાવી ત્યાં રહેલો સેનાપતિ રોવા લાગ્યો, મારી કન્યાઓ મરણ પામી હવે કેમ જીવતી થશે. ત્યારે બાલકૃષ્ણ પ્રભુએ સર્વે કન્યાઓને દૃષ્ટિમાત્રથી જીવતી કરીને સર્વને આશ્ચર્ય પમાડ્યા. તે સર્વે કન્યાઓ પ્રભુની સ્તુતિ કરી પ્રભુને પતિ થવાનું વરદાન માગ્યું. શ્રીહરિ કહે : તથાસ્તું. એમ કહી લોમશ ઋષિના આશ્રમમાં સર્વ કન્યાઓને વાસ આપ્યો.

પછી સર્વ સિંહોને રંગભૂમિમાં વચમાં લાવી સર્વે નટ સિંહોના મોઢામાં પોતાનું માથું મૂકીને સર્વ જનોને આશ્ચર્ય પમાડતા હતા. તે સમયે અર્ધનારીશ્વર, નટેશ્વર નટના અધિપતિ શંકરે પણ સિંહના મોઢામાં પોતાનું માથું મૂક્યું. પણ ગર્વ થયો, મારા જેવું કામ કોઈ ન કરી શકે. તેથી ગર્વ ગંજન પ્રભુએ સિંહને પ્રેરણા કરવાથી ફાડેલું મોઢું દબાવી દીધું અને ગળું દબાવી દીધું. તેથી જનતામાં-નટમાં હાહાકાર થઈ ગયો. પાર્વતી શંકરના મસ્તિકને ખોળામાં રાખી રોવા લાગ્યા. બાલકૃષ્ણ પ્રભુ આસનેથી ઊઠી પાર્વતી પાસે આવી શંકરના મસ્તકને સ્પર્શ કર્યો. તરત જ શંભુ બેઠા થઈ, પ્રભુને પગે લાગી ગર્વનો ત્યાગ કર્યો. પછી પ્રભુએ શંકરને કહ્યું, તમે સર્વને અર્ધનારીશ્વર રૂપે દર્શન આપો. એટલે શંકરે અર્ધું અંગ પુરુષનું, અર્ધુ અંગ સ્ત્રીનું એ રીતે સર્વને દર્શન આપ્યા. પછી પ્રભુએ સર્વેને પારિતોષિક

દાનરૂપે ધામમાં વાસ આપવાનું વરદાન આપ્યું. શંકરે જ્યાં નટનો ખેલ કર્યો તે નટેશ્વર તીર્થ, અશ્વપટ સરોવર કાંઠે થયેલું છે તથા સર્વે ગણોને ત્યાં વડ, બિલ્વ, કદંબના વૃક્ષમાં વાસ આપ્યો. શ્રીકૃષ્ણ કહે : રાધા, આ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રસન્ન કરવા શંકરે નાટ્યોત્સવ કર્યો હતો.

અધ્યાય - ૩૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુના વિદ્યાભ્યાસનો પ્રારંભ ❖ વરાટક અસુર કથા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને પાંચમે વર્ષે માઘ માસમાં પિતા બાલકૃષ્ણને લોમશ ઋષિ પાસે લઈ જઈ વિદ્યાનો આરંભ કરાવતા હતા. સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ, સરસ્વતી, વેદ, ગણેશ વગેરેનું પૂજન કરાવી ઘીનો હોમ કર્યો, વિપ્રોને જમાડી દાન દીધા. તો સમયે સાક્ષાત્ સરસ્વતી, શારદા દર્શન આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં લીન થયા તથા જગતમાં રહેલી સર્વે વિદ્યા, કળાઓ, કન્યારૂપે લાવી બાલપ્રભુમાં લીન થઈ. સર્વ વિદ્યાઓ પ્રભુમાં રહેલી છે. પણ લોકરીતિ પ્રમાણે અક્ષર શબ્દોનો અભ્યાસ કર્યો. એ રીતે બાલકૃષ્ણ પ્રભુ રોજ ગુરુ લોમશ ઋષિ પાસે સવારે વિદ્યાભ્યાસ માટે જતા અને સેવા કરતા.

એકવાર દેવગુરુ બૃહસ્પતિ આવી બુદ્ધિ પરીક્ષા માટે પ્રભુને પૂછ્યું, ચણોઠી ભાર સોનાની કિંમત કેટલી ? પ્રભુએ કહ્યું, સોનાને સ્થિર રાખવાથી હોય તેટલી જ કિંમત રહે છે. પણ જો ઘરેણાં બનાવીને ફેરવે, વેચે તો કિંમત વધતી જાય છે. પ્રભુનો ઉત્તર સાંભળી બૃહસ્પતિ અતિ પ્રસન્ન થયા અને આશિર્વાદ આપ્ય, તમે સર્વ વિદ્યાના પારને પામશો. શાશ્વત આનંદ પ્રાપ્ત કરી સનાતન સ્વરૂપવાળા થશો. પછી બૃહસ્પતિએ કહ્યું, હે પ્રભુ અત્યારે પશ્ચિમ સમુદ્રકાંઠે સાલમાલ સુરનો પુત્ર વરાટક તે સૌરાષ્ટ્ર રાજ્ય મેળવવા અતિ ઉગ્ર તપ કરે છે તેનું તપ તમે બંધ કરાવો. શ્રીહરિ કહે : તમે તેની પાસે જઈ કહો, તપ તો વૈરાગ્યનો ધર્મ છે, બળવાળા પરાક્રમીનો ધર્મ નથી, માટે તું તપ બંધ કરી યુદ્ધ કર. બૃહસ્પતિ વરાટક દૈત્ય પાસે આવી કહે : બોલ તારી શી ઇચ્છા છે ? તને જોઈએ તે આપું. તપથી તને કાંઈ નહીં મળે. વરાટક કહે : હું રાજ્ય માટે તપ કરું છું. તમે મને વરદાન આપો મારે સૌરાષ્ટ્રનું રાજ્ય પ્રાપ્ત થાય, તો હું તપ બંધ કરું.

બૃહસ્પતિ કહે : તપ કરવું તે નિર્બળનો ધર્મ છે. ક્ષત્રિયનો ધર્મ યુદ્ધ કરવાનો છે. વિદ્વાનો વિદ્યાથી સર્વ પ્રાપ્ત કરે છે. બાળક રોઈને વસ્તુ મેળવે છે. સ્ત્રીઓ મોહથી મેળવે છે. પરાધિન સેવાથી સર્વ પ્રાપ્ત કરે છે. એમ તું યુદ્ધ કરી રાજ્ય મેળવ. મનુષ્ય પ્રયત્ન કરે તો સિદ્ધિ મેળવે, સૂતો રહે તો તેના મુખમાં કોળીયો આવતો નથી. પૂજા, ધ્યાન, ઈશ્વર, સંયમ, તપ સર્વે ખોટું છે. કિડી વગેરે જીવજંતુ પણ ખાવા માટે સર્વ સંગ્રહ કરે છે. ખેડૂ

પણ આળસ તજી ખેતી કરે છે તો અન્નપાક, મોલ મેળવે છે. બૃહસ્પતિએ તે વરાટક દૈત્યને અવળો ઉપદેશ આપી તપ કરતો બંધ કર્યો અને આશિર્વાદ આપી સ્વર્ગમાં ગયા. પછી વરાટક સર્વ દૈત્યોને બોલાવીને લીમડો, જીપ્ટો, ચેર, બાવળ, શેમળો, ભાંગ, ગાંજો, માજમ, અફીણ, તમાકું, લસણ, ડુંગળી, વછનાગ, વિષવેલ આ સર્વ ડુંગરામાં રહેનારા દૈત્યોને બોલાવીને કહ્યું, સૌરાષ્ટ્ર રાજ્ય મેળવવા યુદ્ધ કરવું પડશે. સર્વેએ કહ્યું, બહું સારું. એમ કહી યુદ્ધ માટે તૈયાર થયા અને પશ્ચિમ દિશાએથી આવ્યા. ત્યાં સૌરાષ્ટ્રના ભક્ત રાજા ખટવાંગ પણ યોદ્ધાઓને મોકલી દૈત્યો સાથે અસ્ત્રો-શસ્ત્રોથી યુદ્ધ કરવા લાગ્યા. ભયંકર યુદ્ધમાં દૈત્યો હારી ગયા. એટલે ભાગીને અશ્વપટ સરોવરમાં પાણીના તળીયે બેસી ગયા અને મનથી અનાદિશ્રીકૃષ્ણનારાયણને શરણે ગયા અને પ્રાર્થના કરી, હે પ્રભુ તમે અત્યારે પૃથ્વી પર પ્રગટ થયેલા છો. અમારું રક્ષણ કરો. શરણે આવેલાને જીવતદાન આપો. આ તમારા ભક્ત ખટવાંગ રાજાથી અમારું રક્ષણ કરો.

બાલકૃષ્ણ પ્રભુ તેની પ્રાર્થના સાંભળી અને રણસંગ્રામમાં આવી કહે : શરણે આવેલાને મારશો નહીં. તે સર્વે દૈત્યોને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ લોમશ ઋષિ પાસે મંત્ર, દંડ, પ્રાયશ્ચિત્ત અપાવીને વરાડ પર્વત, માખણીયો પર્વત, પાવાગઢ, સહયાદ્રિ, ચોટીલા ધાર વગેરે પર્વતોમાં વાસ આપ્યો. તે સર્વે પર્વતોમાં ઋષિઓના વાસ હોવાથી કલ્પાંતે તો રાક્ષસોને મોક્ષ થશે, અને બીજા પણ શરણે આવેલા દૈત્યોને શ્રીહરિએ સમુદ્ર કાંઠે એરકા નામે ઘાસમાં વાસ આપ્યો તથા ચેર વૃક્ષમાં વાસ આપ્યો. થોર અને કાંટાને વાડમાં વાસ આપ્યો. કડવો લીમડો મનુષ્યના દાતણ માટે કર્યો. બાવળ કાંટા રૂપે કર્યો. તેને નદી, પર્વતોમાં વાસ આપ્યો તથા શેમળો, જીપ્ટો, ખાજવણી, વેલ્ય, ઈન્દ્રામણા, ગાંજો, તમાકું, ધૂમ્રપાન માટે સર્જયા. લસણ, ડુંગળી, અફિણ, માજમ, ભાંગ, ગાંજો, વિષવેલ્ય વગેરે અનેક વૃક્ષો તે દૈત્યોના સ્વરૂપો હતા. તે પ્રભુના શરણે આવવાથી સર્વને વૃક્ષવેલીમાં વાસ આપી. અંતે તેનું કલ્યાણ કર્યુ.

અધ્યાય - ૩૭

❖ બાલપ્રભુએ મલેચ્છ જાતિનો ઉદ્ધાર કરી સૌરાષ્ટ્રનાં જનોને સુખી કર્યા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું એક બીજું ચરિત્ર કહું સાંભળ. સૌરાષ્ટ્રમાં મ્લેચ્છ જાતિના ડફેરો જંગલમાં અને સમુદ્રમાં ફરનારા, ધર્મથી રહિત, હિંસા ચોરી કરનારા, પશુ-પક્ષીનું માંસ ખાનારા, શિકાર કરનારા, ખેતી કરનારા, ખેડૂને પીડા કરનારા, લૂંટી લેનારા, મારી નાખનારા, તે ડફેરો સૌરાષ્ટ્રમાં ચારેકોર ત્રાસ વર્તાવતા હતા. તેથી ભય પામેલા સર્વેજનોએ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પાસે આવી નિવેદન કર્યું, હે પ્રભુ આ પાપીઓ અમને અસહ્ય દુઃખ આપે છે. સર્વેજનોની સ્તુતિ

પ્રાર્થના સાંભળી ભગવાન કહે : તેનું ઔષધ કરું છું એમ કહી સુદર્શન ચક્રને સંભાર્યું તથા ગરૂડને, ક્ષેત્રપાળને, કાલિમાતાને તથા અર્ધનારીશ્વર સૈન્યને સંભાર્યું.

સર્વે આવી શ્રીહરિને પગે લાગી કહે : શું આજ્ઞા છે પ્રભુ. શ્રીહરિ કહે : ડફેર જાતિના મ્લેચ્છો ખેડૂને પીડા કરે છે. વસ્તુ ચોરી જાય છે. ખેતીમાં નુકસાન કરે છે. વૃક્ષવેલીનો નાશ કરે છે. એવા પાપીઓનો નાશ કરો અથવા બીજા દેશમાં ભગાડી મૂકો, જેથી અહીંના જનો સુખી થાય. શ્રીહરિની આજ્ઞાથી સુદર્શન ચક્ર, ગરૂડ, હાથી, ક્ષેત્રપાળ, કાલીમાતા વગેરે સર્વે અસ્ત્રો, શસ્ત્રો લઈને, સર્વે ડફેર જાતિને કોઈને મારી નાખ્યા, કોઈને દેશ પાર કર્યા એ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની કૃપાથી સૌરાષ્ટ્રમાં સર્વેજનો સુખી થયા. પછી શ્રીહરિની આજ્ઞાથી સર્વે દેવીઓ પાર્ષદો પોતાના સ્થાનમાં ગયા. શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુનું આ અલૌકિક ચરિત્ર કહ્યું, તેને જે ગાશે, સાંભળશે તે સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૩૮

❖ બાલપ્રભુના યોગથી રાક્ષસો અને ઋષિઓનો ઉદ્ધાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાંચમે વર્ષે વૈશાખ માસમાં પૂર્વમાં દિશામાં બ્રહ્મવાડીમાં સાંજે સમાન વયના બાળકો સાથે ગયા. ત્યાં જારના, મકાઈના ડોડા શેકીને ખાતા હતા, તથા પવનથી પડેલા, પાકેલા ફળો, કેરી, સંતરા, ખારેક ખાતા હતા. ત્યાં ત્રણ રાક્ષસો બાળકનું રૂપ લઈ બાળકોની સાથે રમવા લાગ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણને મારવાની ઇચ્છાથી એક રાક્ષસે ગાડાનું રૂપ લીધું અને વાડીમાં પીપળા નીચે વાસ કર્યો. બીજો રાક્ષસ ભૂંડનું રૂપ લઈ ગર્જના કરતો, બાળકોને બીવડાવતો, ક્રૂર દેખાતો, પૂછડું ધુણાવતો, બાલકૃષ્ણને મારવા આવ્યો. તે ભૂંડથી ભય પામી બાળકો સર્વે ગાડામાં બેસી ગયા. બાલકૃષ્ણ પ્રભુએ રાક્ષસોનો દુષ્ટ ભાવ જાણી કાલીમાતાના વાહન કેશરી સિંહને સંભાર્યો તેથી સિંહ આવી પ્રભુને પગે લાગી, ભૂંડરૂપે રહેલા રાક્ષસ પાછળ દોડ્યો. તો ભૂંડે પણ સિંહનું રૂપ લીધું. બંને સિંહનું યુદ્ધ થયું. કાલિમાતાના સિંહે બીજા સિંહને મારી નાખ્યો. તેનો આત્મા કાલિમાતાના સિંહમાં લીન થયો.

પછી ગાડામાં બેઠેલાં બાળકોને નિરાધાર જાણી બીજો રાક્ષસ બાળકોનો નાશ કરવા ગાડાને આકાશમાં લઈ ગયો. ત્યારે બાલકૃષ્ણ પ્રભુએ પોતાના શરીરમાં અતિ ભાર વધાર્યો તેથી ગાડુ આકાશમાંથી ધીમે ધીમે નીચે આવ્યું. પછી પ્રભુએ સર્વે બાળકોને ગાડામાંથી ઉતારી, પોતે ગાડા ઉપર ડાબો પગ લાંબો કરી ઉદય ઉપર મૂકી, જમણો પગ માચડા ઉપર મૂકી, જોરથી ભાર દઈને, ગાડાને ભાંગી નાખ્યું. ત્યારે માચડાંમાં રહેલો ખિલ્લો ડાબા સાથળના મૂળમાં લાગ્યો તેથી લોહીની ધાર થઈ. તે બાળકોએ જોઈ. ફરીથી પ્રભુએ શરીરમાં ભાર મૂકી ગાડા પર ચડી ગાડું પૈડાં સહિત ભાંગી નાખ્યું. જેથી રાક્ષસ નાશ પામ્યો. તેનું તેજ બાલકૃષ્ણમાં

અદૃશ્ય થયું. સર્વે બાળકો આશ્ચર્ય પામ્યા. પછી ત્રીજા રાક્ષસે પર્વતનું રૂપ ધારણ કરી જ્યાં શ્રીહરિ ઉપર પડવા ગયો ત્યાં પ્રભુએ ગરૂડને સંભાર્યા. ગરૂડે આવી પગથી પર્વતને પકડ્યો ત્યાં શ્રીહરિએ સુદર્શન ચક્ર પર્વત નીચે મૂકી પર્વતને બાળી નાખ્યો. પછી આશ્ચર્ય પામેલા સર્વે બાળકો પાંદડાનો રસ, ઔષધિ લાવી બાલકૃષ્ણના ડાબા સાથળમાં ચોપડી જેથી પીડા શાંત થઈ. પ્રભુએ તે ધ્યાનીઓને ધ્યાન કરવા માટે ડાબા સાથળમાં શંકુ ચિહ્ન સદા રાખ્યું. તે અર્ધ-નારીશ્વર ચિહ્ન છે. બાળકોથી રાક્ષસોના નાશની વાત સાંભળી સર્વેજનો આશ્ચર્ય પામી, ત્યાં ગયાં તો એક ગાઉંમાં ભૂંડનું શરીર પડેલું, અને બે ગાઉંમાં ભસ્મ પડેલી, અને ભાંગેલુ ગાડું જોઈ સર્વે અતિ આશ્ચર્ય પામ્યા.

શ્રીરાધા કહે : પ્રભુ, તે ત્રણ રાક્ષસો કોણ હતા ? શ્રીકૃષ્ણ કહે : બ્રહ્માના માનસ પુત્રો અઠ્યાસી હજાર વાલખીલ્યો ઋષિ તથા બીજા ઋષિઓ તે જપ, તપ, યજ્ઞ કરનારા અને ગૃહસ્થો હતા. તેમાં ત્રણ ઋષિઓ વનસ્પતિ, નભસ્પતિ અને સરસ્વતી હતા. તેઓ વ્રત તપ કરતા પણ રાગદ્વેષ અને અભિમાનવાળા હતા. તેણે હજાર વર્ષ શંકર ઉપર તપ કર્યું, તો પણ શંકર પ્રસન્ન ન થયા. ત્યારે પાર્વતીએ કહ્યું, શંભુ તમે આ ત્રણ ઋષિ પર દયા કરી કાંઈક સિદ્ધિ આપો. શંકર કહે : દેવી તમે ધર્મનું તત્ત્વ જાણતા નથી. આ તપસ્વીઓ મૂઢ પણે જડ જેવા અજ્ઞાની થઈ તપ જ કરે છે તેમને ભગવાન, સંત, ભક્ત, શાસ્ત્ર, ભક્તિ, સત્સંગ તેનો મહિમા જરાય નથી. કામ, ક્રોધ, લોભથી પ્રેરાઈને સિદ્ધિ માટે તપ કરે છે. હે દેવી, તે ક્રોધી છે તે તમને બતાવું તમે જુઓ. એમ કહી શંકર તે ઋષિઓ તપ કરતા હતા ત્યાં નગ્ન ગયા. તેથી સર્વે ઋષિઓ લાકડી લઈ મારવા દોડ્યા. એટલે શંકર ઋષિ પત્નીઓ પાસે ગયા અને ભિક્ષા માંગવા લાગ્યા. ઋષિ પત્નીઓ મોહ પામી. એટલે વનસ્પતિ ઋષિ લાકડી લઈ મારવા દોડ્યા. નભસ્પતિ પથ્થર લઈ મારવા દોડ્યા. સરસ્વતિ દાતરડું લઈ મારવા દોડ્યા. ત્રણે શંકરને મારવા લાગ્યા અને શંકરના લિંગને કાપી નાખ્યું. એટલે શંકર પાર્વતી પાસે આવ્યા.

પાર્વતી શંકરની આવી સ્થિતિ જોઈને ત્રણે ઋષિને શાપ આપ્યો. વનસ્પતિને કહ્યું, તું કાષ્ટરૂપે થા. નભસ્પતિને તું પર્વત થા. સરસ્વતીને તું દાંઢવાળો ભૂંડ થા. બીજા ઋષિઓ ખડના થુંબડા થયા. પછી તે ત્રણે ઋષિએ પાર્વતીની પ્રાર્થના કરી અને કહ્યું અમારો ઉદ્ધાર કરો. પાર્વતી કહે : અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ સૌરાષ્ટ્રમાં પ્રગટ થશે ત્યારે તમારો ઉદ્ધાર થશે. એમ કહી સતિ પાર્વતી અદૃશ્ય થયા. શંકરનું લિંગ પડવાથી ચારેકોરે અગ્નિ થવા લાગ્યો એટલે સર્વ ઋષિઓએ બ્રહ્માને પ્રાર્થના કરી. બ્રહ્માએ કહ્યું, જેનો તમે અપરાધ કર્યો છે તેની પૂજા કરો તો તે અગ્નિ શાંત થશે. તે પ્રમાણે ઋષિઓ શંકરના લિંગની પૂજા કરવાથી સર્વ ઉત્પાત શમી ગયો. તે લિંગના બાર જ્યોતિર્લિંગ થયા. પછી તે ત્રણે ઋષિઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણપ્રભુ પાસે આવ્યા તેથી પ્રભુના યોગથી તેમનો ઉદ્ધાર થયો.

અધ્યાય - ૩૯

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો છઠ્ઠો જન્મજયંતિ મહોત્સવ ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણના છઠ્ઠા જન્મજયંતિ મહોત્સવમાં શ્રરાધાજીએ કૃષ્ણને કહ્યું, હે સ્વામિનાથ, આજે બાલકૃષ્ણનું દર્શન પૂજન કરવા જઈએ. શ્રીકૃષ્ણ ભગવાન પૂજાની સામગ્રીથી રથ તૈયાર કરી રાધાને રથમાં બેસાડી પોતે રથ ચલાવતા, ઈશ્વરોના લોક ઉલ્લંઘી સત્યલોકમાં થઈ પૃથ્વી પર આવ્યા. રાધા-કૃષ્ણના રથ પાસે સૂર્ય-ચંદ્રના તેજ ઝાંખા પડતા હતા. અશ્વપટ સરોવરકાંઠે કુંકુમવાપી બાલકૃષ્ણ પ્રભુને આંગણે આવી રાધાકૃષ્ણે બાલકૃષ્ણની પૂજા કરતાં સર્વે કન્યાઓને જોઈ. તે સર્વે કન્યાઓ રાધા કરતા અનેકગણી રૂપવાળી તેજસ્વી હતી.

રાધા કહે : આજ મારું ધન્ય ભાગ્ય. એમ કહી ગોલોકથી લાવેલા દૂધથી બાલકૃષ્ણને સ્નાન કરાવી સર્વ તીર્થજલથી સ્નાન કરાવી, વસ્ત્ર-અલંકારો, મુગટ, મોરપીંછ ધારણ કરાવી, અબિલ, ગુલાલ, કંકુ, ચોખા, ચંદનથી પૂજા કરી, આરતી કરી, આશિર્વાદ આપ્યા, દુખણા લીધા. પછી ગોલોકથી લાવેલા પેંડા, બરફી, દૂધપાક, પૂરી, મિષ્ટાન્ન ભોજન કરાવી, રાધાજી અતિ આનંદ પામ્યા. પછી શ્રીકૃષ્ણે બાલકૃષ્ણને સુરવાલ પહેરાવ્યો, ખેસ ઓઢાડ્યો, હાર પહેરાવ્યા. મખમલની મોજડી પહેરાવી, છત્ર, ચામર વગેરે અર્પણ કર્યાં. બંસી આપી, સર્વે સિદ્ધિવાળી છડી અર્પણ કરી સ્તુતિ કરી કે, હે સર્વે અવતારના કારણ પુરૂષોત્તમ નારાયણ પરમધામના પતિ તમને નમસ્કાર. તમારા એક અંશમાં સર્વે ધામ અવતારો લય થાય છે. એવા તમને નમો નમઃ, હે મહાયોગેશ્વર, સર્વજ્ઞ સાધુ, દયાળુ, સર્વરૂપે રહેલા તમને નમો નમઃ, ભક્તો ઉપર કૃપા કરીને પ્રગટ થયેલા તમને નમો નમઃ એવી રીતે રાધાકૃષ્ણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુની સ્તુતિ કરી, કંભરામાતા, ગોપાલ પિતાને નમસ્કાર કરી ગોલોક ધામ ગયા.

પછી વૈકુંઠથી લક્ષ્મીનારાયણ પૂજા કરવા આવ્યા. વાસુદેવાદિ, ચતુર્વ્યુહ, ભૂમાપુરુષ, નરનારાયણ ભગવાન, મહાવિષ્ણુ, શેષનારાયણ, મત્સ્ય, કુર્મ, વરાહ, કપીલ ભગવાન, હરિપૃથુ, દત્તાત્રેય, હંસ, નરસિંહ, ઋષભ, વામન, પરશુરામ, યજ્ઞ, રામ, હયગ્રીવ, નારદ, રાજ રાજવી વગેરે અવતારો આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય થાઓ. એમ કહી બાલકૃષ્ણ પ્રભુને અભિષેક કરી, પંચામૃતથી જલથી સ્નાન કરાવી, ચંદન, અક્ષતથી પૂજા કરી, ચાંદલો, તિલક કરી, પુષ્પહારો પહેરાવ્યા. પછી ધૂપદીપ, નવેદ્ય ધરી, બરાસ કપૂરની આરતી ઉતારી. પછી સર્વે દેવો, પિતૃઓ, ઋષિ-મુનિઓ, બ્રાહ્મણો, માનવો સર્વે બાલકૃષ્ણ પ્રભુની પૂજા કરવા આવ્યા. પ્રભુની પૂજા કરી પ્રસન્ન કર્યા પછી સ્થાવર જંગમ સર્વે તીર્થ, બાલકૃષ્ણ પ્રભુની પૂજા કરવા આવ્યા. પ્રભુની પૂજા કરી પ્રસન્ન કર્યા. પછી સ્થાવર

જંગમ સર્વે તીર્થ બાલકૃષ્ણ પ્રભુની પૂજા કરી આશિર્વાદ આપ્યા. પછી પિતા ગોપાલકૃષ્ણ, લોમશ ઋષિ, બ્રહ્મકન્યાઓ વગેરે શ્રીહરિની પૂજા કરી આશિર્વાદ આપ્યા પછી ગોપાલકૃષ્ણે સર્વે મહેમાનોને મિષ્ટાન્ન, ભોજન કરાવી તૃપ્ત કર્યા. સર્વે ગયા પછી એક યુગલ આવ્યું. નારી કાજળ જેવી, નર કોઢનો રોગી. તે પ્રભુ પાસે આવી કહે : અમારો ઉદ્ધાર કરો. શ્રીહરિએ જાણવા છતાં પૂછ્યું, તમે કોણ છો ? તમે શું પાપ કર્યું છે ? તમે કેમ રૂદન કરો છો ? તે પુરુષ કહે : અમે પૂર્વે જન્મમાં ગુજરાતમાં શ્રીનગરમાં દેવમંદિરમાં બ્રાહ્મણ પૂજારી હતા. શિયાળામાં સ્નાન કર્યા વિના દેવપૂજા કરવાથી તે અપરાધથી અતિ તાવ આવ્યો. મરણ પામીને સશ્વપચને ત્યાં જન્મ આવ્યો છે. પણ અમને પ્રભુની પૂજાના પુણ્યથી સ્વપ્નમાં તમારા દર્શન થયા કે, તમે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા છો અને અમે સાંભળ્યું છે કે, તમે અનેક જીવાત્માના પાપ બાળી ઉદ્ધાર કર્યો છે તેથી અમે અહીં આવ્યા છીએ. આ સાંભળી શ્રીહરિ કહે : તમે અશ્વપટ સરોવરમાં સ્નાન કરી પાણી પીને મારું ચરણામૃત પીઓ. તેથી તમારો મોક્ષ થશે. તેથી તેઓ શ્રીનગરથી કુંકુમવાપી ચાલીને આવ્યા. તેના જેટલાં પગલાં થયાં તેટલાં યજ્ઞનું ફળ પુણ્ય પ્રાપ્ત કરી, દિવ્ય દેહધારણ કરી વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રત્યક્ષ ભગવાન અને બ્રહ્મનિષ્ઠ સંતના દર્શન કરવા જતાં પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. આ તને છઠ્ઠા વર્ષની જન્મજયંતિનું અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુનું ચરિત્ર કહ્યું.

અધ્યાય - ૪૦

❖ અશ્વપટ સરોવરકાંઠે ઉર્જવ્રત ઋષિ દ્વારા લક્ષ્મીનારાયણ સંહિતાની કથા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, કુંકુમવાપી ક્ષેત્રમાં અશ્વપટ સરોવરકાંઠે ચોવીસ અવતારો તથા લક્ષ્મીનારાયણ નરનારાયણ, તે સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવ્યા તેથી ત્યાં તે સર્વના તીર્થો થયેલા છે. તે સર્વે તીર્થો મોક્ષ કરી ધામમાં વાસ આપનારા છે. પછી છઠ્ઠા વર્ષના માગશર માસમાં અનેક ઋષિઓ તથા તીર્થો દેવીઓ નદીઓ વગેરે આવી અશ્વપટ સરોવરમાં સ્નાન કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનના દર્શન કરી, લોમશ ઋષિના દર્શન કરી સુદ બીજે અશ્વપટ સરોવરકાંઠે વૃક્ષની છાયામાં ઉર્જવ્રત ઋષિ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચતા હતા ત્યાં ગયા. ત્યાં માર્કન્ડેય, પંચશીલ, લોમશ, જમદગ્નિ, હનુમાન, જાંબુવાન, વિભીષણ, વ્યાસ, પ્રહલાદ, બલિ, ઋભુ, ગાલવ વગેરે ઋષિ તથા બાલકૃષ્ણ પ્રભુ માતા-પિતા સાથે હજારો નરનારીઓ સાથે બેઠા હતા.

ત્યારે ઉર્જવ્રત ઋષિએ મંગલાચરણ કર્યું, જ્યારે જીવ ઈશ્વરોની સૃષ્ટિ ન હતી, ધામો ન હતા ત્યારે આ એક જ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ હતા. સર્વે રૂપે રહેલા એવા બાલકૃષ્ણ પ્રભુને નમો નમઃ જે પ્રભુ, કંભરા-ગોપાલને ત્યાં પ્રગટ થઈને સંત રૂપે રહેલા આદિ મધ્ય અને અંતમાં રહેલા એવા તમોને નમો નમઃ ભગવાન ભાઈ, સંતોકબેન, શુક અને વલ્લભ ભાઈ સાથે રહેનારા એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શિષ્યમંડળમાં અગ્રણી સ્વયંપ્રકાશ તથા ગુરુ લોમશ ઋષિને નમો નમઃ પૂર્વે આ પ્રભુએ જ બ્રહ્માને જ્ઞાન આપ્યું. આ પ્રભુએ જ સર્વ અવતારો ધારણ કરી, દૈત્યો દાનવોનો નાશ કરી દેવો ઋષિ મુનિઓને સુખી કર્યા એવા આ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરો. સાંખ્યયોગ, વેદાંત, મિમાંસા, ન્યાયના પ્રવર્તક તમને નમો નમઃ અન્વય વ્યતિરેકરૂપે રહેલા અંતર્યામિ, સર્વના જીવનપ્રાણ, સર્વનું રક્ષણ કરનારા, સ્નાન, સંધ્યા, ગાયત્રી જપ, પૂજનભક્તિ આ ષટ્કર્મ કરનારા પર પ્રસન્ન રહેનારા એવા તથા વિદ્વાનો તમને બ્રહ્મ પરબ્રહ્મ પણ કહે છે. એવા તમને નમો નમઃ પૃથ્વી જળ તેજ વાયુ આકાશ વગેરે ચોવીશ તત્ત્વો રૂપે તમે જ રહેલા છો. જડ ચેતન સ્થાવર જંગમ રૂપે પણ તમે જ છો. પવિત્રોમાં પવિત્ર મંગલોમાં મંગલ તમે છો. બ્રહ્મા, વિષ્ણુ, શંકર તમે છો. એવા તમારી મૂર્તિમાં અનંત ધામો રહેલાં છે. અનંત મુક્તો રહેલા છે. એવા હે કિશોર સ્વરૂપ પ્રભુ અમારા ઉપર પ્રસન્ન થાઓ. ઉર્જવ્રત ઋષિની સ્તુતિ પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા બાલકૃષ્ણ પ્રભુએ સર્વને દિવ્ય દૃષ્ટિ આપી અલૌકિક મૂર્તિના દર્શન કરાવ્યા. સર્વે ઋષિમુનિઓ, નરનારીઓએ પ્રભુને આવા દિવ્ય પૂર્વે કોઈ દિવસ નહીં જોયેલા. એવા દર્શન કરી આશ્ચર્ય પામ્યા. એવી રીતે અશ્વપટ સરોવરકાંઠે ત્રણ માસ સુધી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા થઈ, ત્યાં સંહિતાતીર્થ, ઋષિતીર્થ તથા કોટિતીર્થ થયેલા છે.

અધ્યાય - ૪૧, ૪૨

❖ રાજા કંથાધાર અને રાણી હડકાયીની કથા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સૌરાષ્ટ્રમાં કોડીનાર પુરમાં કંથાધાર નામે ધાર્મિક રાજા રાજ્ય કરતો હતો. તે શંકરના લિંગની પૂજા કરતો. પૂજા તપથી પ્રસન્ન થયેલા શંકરે રાજાને કાળદંડ આપ્યો. તેથી તેના રાજ્યમાં યમદૂતો, રોગ, વ્યાધિ, ચોરી, હિંસા વગેરે પ્રવેશ કરતા નહીં. તે રાજા રોજ "ૐ કાલકાલાય સંકર્ષણાય સંભવે નમઃ" એ મંત્રનો જાપ સવારથી બપોર સુધી કરતો. બપોર પછી એકવાર ફળનો આહાર કરી પૃથ્વી પર સૂતો. એકવાર તેને પુષ્કર તીર્થની યાત્રા કરવાની ઇચ્છા થઈ. ત્યાં એક માસ રોકાણો. વશિષ્ઠ ઋષિની સેવા કરી. વશિષ્ઠ ઋષિએ આશિર્વાદ આપ્યા. ચિરંજીવ થા. પછી રાજાએ રાજ્યમાં આવતા માર્ગમાં સ્વપ્ન થયું તેમાં વિપ્ર પુત્રને કોઈ લઈ જતા જોયો. રાજા રક્ષણ કરવા ગયો ત્યાં નિંદ્રા ઊડી ગઈ. રાજા રાજ્યમાં આવ્યો. ત્યાં પુરોહિતનો પુત્ર મરણ પામેલો. વિપ્રને રુદન કરતો જોઈ રાજા

આશ્વાસન આપી, કાળદંડ લઈ યમપૂરીમાં ગયો. દંડ યમદૂતોને અડાડ્યો ત્યાં યમદૂતો પડી ગયા અને યમરાજા પાસે જઈ વાત કરી. કોઈ માનવ દંડ લઈને આવ્યો છે, તેની પાસે અમે જઈ શકતા નથી. યમરાજાએ મૃત્યુને મોકલ્યો. રાજાએ તેને કાળદંડ બતાવ્યો તો પણ પાસે આવી ન શક્યો. એટલે યમરાજાએ કાળને મોકલ્યો. કાળ રાજાને નમન કરી સાથે લઈ યમરાજ પાસે આવ્યો.

યમરાજ કહે : તમે કોણ છો ? રાજા કહે : હું શંકરનો ભક્ત છું. તમારા દૂતો વિપ્ર પુત્રને અહીં લાવ્યા છે. તેને લેવા આવ્યો છું. તેનો પિતા અતિ રૂદન કરે છે તેથી તેને લેવા આવ્યો છું. યમરાજાએ ચિત્રગુપ્તને બોલાવી વિપ્ર પુત્રનું કર્મ જોયું. તે ગયા જન્મમાં દેવનો પૂજારી હતો. ન્હાયા વિના પ્રભુને જગાડતો, તે પાપે તેનું આયુ પૂર્ણ થયું હતું. રાજા કહે : હું તેને આયુષ્ય આપું છું. એમ કહી પાણી મૂક્યું. યમરાજા કહે : તું અહીં કેમ આવ્યો ? રાજા કહે : શંકરે આપેલા કાળદંડથી સર્વસ્થાનમાં હું ગતિ કરું છું, પછી યમરાજાએ પ્રસન્ન થઈ પોતાની પુત્રી હડકાયીની રાજાને પરણાવી તથા બ્રાહ્મણ પુત્રને આપ્યો. કંથાધાર રાજાએ બ્રાહ્મણને તેનો પુત્ર આપ્યો. રાજા નવી રાણી હડકાયીની સાથે યજ્ઞ હોમ, હવન, દાન-દક્ષિણા કરતો. રાજા શંકરની પૂજા કરી, બ્રાહ્મણોને ભોજન કરાવતો તે નવી રાણીને ગમતું નહીં. તેથી રાજાને ધર્મથી, દાનથી, પુણ્યથી, ભક્તિથી પાડવા માટે રાજાને કહે : તમારે આ યજ્ઞ, દાન, પુણ્ય, કરવાની જરૂર નથી. તમે રાજા ઈશ્વરનો અંશ છો. તેથી તમારે શંકરની પૂજા કરી બ્રાહ્મણોને ભોજન કરાવવાની જરૂર નથી. તમે જ બ્રહ્મા છો. વિષ્ણુ શંકર પ્રજાપતિ સર્વે તમે છો. તમે યમરાજાના જમાઈ છો. તમારાથી મોટું કોણ છે ? તમારાથી સર્વ દેવ નાના છે. આવી રીતે નવી રાણી હડકાયીનીએ કંથાધાર રાજાને નિત્ય અવળો ઉપદેશ આપી રાજાની બુદ્ધિ ફેરવી નાખી. પાપી અને નાસ્તિકના સંગની સાથે રહેવાથી, ભોજનથી, સ્પર્શથી, વાતથી, નાસ્તિક થવાય છે. શંકરે આપેલા કાળદંડથી વિમાનમાં બેસી કંથાધાર રાજા ત્રિલોકીમાં ફરતો, પરંતુ નાસ્તિક રાણીના કહેવાથી તે રાજાએ પ્રજામાં અધર્મ ફેલાવ્યો અને સત્કાર્યો બંધ કરાવવા લાગ્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, નાસ્તિક રાણીના યોગથી કંથાધાર રાજા અધર્મી થઈ ગયો અને પ્રજામાં જાહેર કર્યું કોઈએ યજ્ઞ કરવો નહીં, દાન કરવું નહીં, દેવનું પૂજન, સાધુ વિપ્રોને ભોજન કરાવવું નહીં, જે કાંઈ દેવું તે સર્વે મને આપવું. મારી પૂજા કરવી. સર્વેનું રક્ષણ કરનારો હું છું, પાલન કરનારો હું છું, ગૌદાન, ભોજન, દાન, દક્ષિણા જે કાંઈ દેવું તે સર્વે મને આપવું. રાજાના આવા અધર્મ નાસ્તિક વાક્યો સાંભળી યજ્ઞ કરનારા, વેદ ભણેલા વિદ્વાનો, રાજાને શિક્ષા આપવા નીતિ વચનો કહેવા લાગ્યા, રાજન્ યજ્ઞ વિના દેવો પ્રસન્ન થતા નથી. યજ્ઞ વિના વરસાદ થતા નથી. દેવ પૂજન વિના પ્રજા સુખ મેળવતી નથી. દેવોનું પૂજન ન થવાથી દુષ્કાળ પડે છે. દેશમાં યુદ્ધ થાય વગેરે અનેક આપત્કાળ આવે.

રાજા નાસ્તિક બુદ્ધિથી કહે : અગ્નિદેવ જમતાં નથી, તે તો સાધુ-બ્રાહ્મણોએ પોતાને જમવા માટે કલ્પેલું છે. મૂર્તિ પણ ધરેલું કાંઈ જમતી નથી, માટે યજ્ઞ, દાન, પૂજન સર્વ બંધ કરો. નહીં તો મારા કાળદંડને પાત્ર થશો. એ રીતે રાજાએ આજ્ઞા કરવાથી રાજ્યમાં સર્વે ધર્મ, કર્મ બંધ થવાથી, દેશમાં દુષ્કાળ પડવા લાગ્યા. પ્રજા પીડાવા લાગી. ભૂખે મરતી પ્રજા સર્વે રાજા પાસે આવી રૂદન કરીને અન્ન લઈ જવા લાગી. કાળદંડની સામર્થી પણ ન ચાલી, ત્યારે રાજા અતિ દુઃખી થઈ કહે : દેવોના અપરાધથી મારું સર્વે નાશ પામ્યું. પ્રજા સર્વે સમૃદ્ધિ લઈ ગયા. રાજા-રાણી ભયથી વનમાં ચાલ્યા ગયા. એક વર્ષના કુમાર બાળક રણંગમનું બ્રાહ્મણોએ રક્ષણ કર્યું. કાળદંડ અને વિમાન શંકર પાસે જતું રહ્યું. શ્રીકૃષ્ણ કહે : રાધા, માનવોની પાસે પુણ્ય વધવાથી સંપત્તિ, અને કીર્તિ વધે છે અને પાપ થવાથી સર્વ નાશ થાય છે. વનમાં રાજા મરણ પામ્યો. રાણી હડકાયીની અન્નજળનો ત્યાગ કરી મરણ પામી. તે બંને મ્લેચ્છ જન્મ પામી, મકરાલયમાં વાસ કરતા.

કુમાર રણંગમ બાર વર્ષનો થયો. પિતાની અસદ્‌ગતિ વિપ્રોથી જાણી બ્રાહ્મણો પાસે જનોઈ લીધી વેદ અભ્યાસ કરી રાજ્ય કરવા લાગ્યો. એકવાર સોમનાથ યાત્રાએ જતાં માર્ગમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના શિષ્ય સ્વયંપ્રકાશના દર્શન કરી પૂછ્યું, મારા માતા-પિતા વનમાં મરણ પામવાથી અસદ્‌ગતિ થઈ છે, તો તે અત્યારે ક્યાં હશે અને તેની સદ્‌ગતિ કેમ થાય ? સ્વયંપ્રકાશ દિવ્યદૃષ્ટિથી જાણી કહે : તારા માતા-પિતાએ અશ્વપટ સરોવરમાં સ્નાન કરીને તીર્થ કરવાથી, તેની મુક્તિ થશે. સ્વયંપ્રકાશનું વચન સાંભળી રણંગમ, રાજા તથા તેના સેવકો, પ્રજાજનો વગેરે મકરાલયથી કોઢ ક્ષયના રોગવાળા માતાપિતાને લાવી અશ્વપટ સરોવરમાં વારંવાર સ્નાન કરાવવાથી તેના સર્વ પાપો નાશ થવાથી દિવ્ય દેહને પામ્યા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરી. ત્યાં લોમશ ઋષિ પાસે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર ગ્રહણ કરી જપ કરતા પુત્રને આશિર્વાદ આપી વૈષ્ણવ પદને પામ્યા. ત્યાં કંથાધર તીર્થ થયેલું છે. તે યમરાજા પુત્રી એકરૂપે પ્રભુના ધામમાં ગઈ બીજે રૂપે હેડકી રૂપે મનુષ્યોમાં વાસ કર્યો. શ્રીકૃષ્ણ કહે : રાધા, આ ભક્તની પાવનકારી કથા કહી. આવો અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનનો મહિમા છે.

અધ્યાય - ૪૩

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સાતમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પછી રણંગમ રાજાએ માતાપિતાની ઔર્ધ્વ દૈહિક ક્રિયા કરી સાધુ, વિપ્રો, બાળકો, અતિથિને ભોજન કરાવી દાન આપ્યા. પછી લોમશ ગુરુ પાસે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર ગ્રહણ કરી તુલસીની કંઠી, માળા લઈ વૈષ્ણવ ભક્ત બની લોમશ ઋષિનો સમાગમ કરતો. શ્રીરાધાએ પૂછ્યું, તે કંથાધાર

રાજા કોના વંશમાં થયો ? શ્રીકૃષ્ણ કહે : ચંદ્રનો પુત્ર ઋક્ષ થયો તેનો પુત્ર સંવરણ થયો તેણે સૂર્યપુત્રી તપતિ સાથે લગ્ન કર્યાં. તેને બે પુત્રો થયાં. મોટો કુરુ. તેના નામથી કુરુક્ષેત્ર થયું. નાનો કંથાધર. તેને ભાઈ ભાગમાં સૌરાષ્ટ્ર કોડીનારનું રાજ્ય આવ્યું. તેનો પુત્ર રણંગમ થયો. તેણે અનાદિશ્રીકૃષ્ણનારાયણના છઠ્ઠા વર્ષના ચાતુર્માસમાં મહાવિષ્ણુયાગ કરવાની ઇચ્છાથી પોતાના રાજ્યમાંથી સર્વે અન્ન, ધન, વાહન, વસ્ત્ર વગેરે લાવી યજ્ઞની તૈયારી કરી. જપ કરનારા, પાઠ કરનારા બેસાડ્યા. રાજાએ ચોવીશ અવતારો સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કર્યું. બ્રહ્મ, મુક્તો, હંસ, પરમહંસો તથા રાધિકા, લક્ષ્મી, શ્રી, કમલા, પાર્વતી, પ્રભા, મંજુલા, સગુણા વગેરેનું પૂજન કર્યું, સર્વ દેવોનું પૂજન કર્યું, અષાઢ એકાદશીથી કાર્તિક એકાદશી પર્યંત સાધુ, સાધ્વી, ઋષિ-મુનિઓ, બાલ-બાલિકાઓને ભોજનથી તૃપ્ત કર્યાં. સ્વયંપ્રકાશ હોમ કરતા તે શ્રીકૃષ્ણનારાયણ અગ્નિરૂપે ગ્રહણ કરતા. તે વખતે રાજાએ નકારનો લોપ કરી કથા સિવાય સર્વસ્વ દાનમાં આપતા હતા.

આલોકમાં પવિત્ર તીર્થ દુર્લભ છે. સત્સંગી દુર્લભ છે. શ્રીહરિની કથા પ્રસાદ અને ચરણામૃત દુર્લભ છે. તે સર્વે સુલભ થયું માટે કુંકુમવાપી સરોવર ધન્ય છે. અશ્વપટ સરોવર ધન્ય છે. જ્યાં સાક્ષાત્ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બીરાજે છે. તેને તુલ્ય બ્રહ્મસરોવર, નારાયણસંહિતા, પુરુષોત્તમસંહિતા, માનસસંહિતા, પંપાસંહિતા થતાં નથી. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો સાતમો જન્મજયંતિ મહોત્સવ આસો વદ અષ્ટમીનો આવ્યો. તેમાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથાનો બીજો ભાગ વંચાવ્યો તથા હજારો લાખો નરનારીઓ બાળકોને તથા સાધુ-સાધ્વી વિપ્રોને ભોજન કરાવ્યા. કથાને અંતે ભક્તોએ ધૂન-કીર્તન ઉત્સવ રાસ-સ્મરણ ભગવાન શ્રીહરિ સાથે કર્યું પછી યજ્ઞ પૂર્ણ કરી અવભૃથ સ્નાન કરી રણંગમ રાજા પોતાના રાજ્યમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતો આવ્યો. ત્યાં રાજાની કીર્તિ સાંભળી ચિત્રમાલ પક્ષે પોતાની પુત્રી કૃતમાલા રાજાને પરણાવી. દાસ-દાસીઓ ધન વગેરે ભેટ આપ્યું.

અધ્યાય - ૪૪

❖ રણંગમ રાજા અને ભક્ત લક્ષ્મણઆર્યની કથા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, તે રણંગમ રાજાએ સોમનાથનું મંદિર નવું કરાવીને યજ્ઞ કરી બ્રહ્મભોજન કરાવ્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની ઉપાસના ભક્તિથી તે રાજા વિમાનમાં ફરતો. એકવાર વિમાનમાં બેસી દક્ષિણ દિશામાં ગયો. લાક્ષાદ્વિપ, માલદ્વિપ, મુરશેષદ્વિપમાં આવ્યો. ત્યાં મુર નામે અસુર યુદ્ધ કરવા આવ્યો. રાજાએ તેને વારુણ અસ્ત્રથી બાંધીને, અસુરને સમુદ્રમાં ફેંકી દીધો. આગળ જતા મગર જેવા મોંઢાવાળા, પાણીમાં રહેનારા, બરફ શેવાળ ખાનારા માણસ જોયા. આગળ જતા અંતાર્કી દેશમાં એક લક્ષ્મણ નામનો પર્વત જેવો શ્વેત પુરુષ મળ્યો. તેને જોઈને રાજા ભય પામ્યો. પેલો પુરુષ કહે :

તારી પાસે દિવ્ય વિમાન, દિવ્ય આયુધ, તારા ભાલમાં તિલક ચાંદલો છે, તેથી તું અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ભક્ત લાગે છે. હે ભક્ત તું મારે મહેલ ચાલ, મારો મહેલ પાવન કર. હું શેષનારાયણના વંશનો છું. લક્ષ્મણ મારું નામ છે. હું અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરું છું. તો બાલકૃષ્ણને વસ્તુભેટ આપવી છે માટે તું લેતો જા. મારા પ્રભુના ભક્ત તને નમો નમઃ એમ કહી માનવરૂપ, વૈષ્ણવરૂપ ધારણ કરી, રણંગમ રાજાને પૃથ્વીની અંદર રહેલા પોતાના આરસના મહેલમાં લઈ ગયો.

ત્યાં રાજાએ નગરની રચના, શોભાવાડી, બગીચા, નદી, સર્વે જોયું, પછી મોટો સભા મંડપ, તેમાં સિંહાસનમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ જોઈ. તે લક્ષ્મણની સો પત્નીઓ, બે હજાર કન્યાઓ, પાંચ હજાર કુમારો, સર્વે ત્યાં આવ્યા. પછી રણંગમ રાજાને સિંહાસનમાં બેસાડી, કંકુ-ચોખાથી પૂજા કરી અને માલીની કન્યા રણંગમને પરણાવી. પછી રણંગમ રાજાએ સર્વને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપ્યો. ત્યાં પ્રભુએ પ્રત્યક્ષ આવી સર્વને દર્શન દીધા. સર્વે શ્રીહરિના દિવ્ય દર્શન કરી અતિ આનંદ પામ્યા. પછી રાજા સાથે લક્ષ્મણઆર્ય તથા તેનું સર્વે કુટુંબ વિમાનમાં બેસીને પૃથ્વીથી બહાર આવી અંતાર્કી દેશ જલપાષાણ દેશ વીંધીને આગળ આકાશમાં જતા હતા.

અધ્યાય - ૪૫, ૪૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુ દ્વારા સામુદ્રિક માત્રાગસ્કર રાક્ષસનો ઉદ્ધાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, મુરશેષદ્વિપમાં માત્રાગસ્કર, દૈત્ય, ગદા, લઈને ઊભો હતો. પર્વત સમાન ઊંચો, સમુદ્ર તેને ગોઠણ સુધી થતો. માંજાલીકાનો પુત્ર સમુદ્રમાં રહેતો. મોટાં માછલાં ખાતો. શ્રીરાધા કહે : પ્રભુ માંજાલીકા કોણ હતી ? શ્રીકૃષ્ણ કહે : સૌરાષ્ટ્રમાં તલાજા રાક્ષસીની દાસી અજા નામે હતી. તે વનમાં રખડતી પશુ હિંસા કરી માંસ ભોજન કરતી. એકવાર સોમનાથ તીર્થમાં ગઈ. ત્યાં કથામાં સાંભળ્યું કે, નારાયણ ભજન કરવાથી, પ્રભુનું સ્મરણ, કિર્તન કરવાથી કલ્યાણ થાય છે. તે પરમાત્માએ સર્વના સુખ માટે ઈન્દ્રિયો, અંતઃકરણ, શરીર, ભોગ, વિષયો, પદાર્થ સર્વ નિર્માણ કરેલું છે. પ્રભુમાં સ્નેહવાળા દેવ થાય છે. મદ્યમાંસ, હિંસા પરાયણ રહેનારા દૈત્યો રાક્ષસો થાય છે. આત્મા દેવ નથી, રાક્ષસ નથી. કર્મથી દેવ-દાનવ અને માનવ કહેવાય છે. નારી દેહ અશુદ્ધ હોવા છતાં નારાયણનો આશ્રય કરવાથી સંસાર દુઃખને તરી જાય છે. પહેલા કર્મથી રાક્ષસ થાય છે. પછી દેહેથી પણ રાક્ષસ થાય છે. સત્ય, અહિંસા, દાન, પરોપકાર, વ્રત, સંતોષ, તપ, પવિત્રપણું, વૃદ્ધ સેવાઓ, આ સર્વે સ્વર્ગ સમાન સુખ આપનારું છે. મળ-મૂત્રથી ભરેલા આ શરીરથી જો ભગવાનનું ભજન ન થયું. ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત ન કર્યું તો ગયેલા દિવસો ફરી પાછા આવતા નથી અને આત્માને વારંવાર જન્મ-મરણમાં આવવું પડે છે.

તે રાક્ષસી આવી કથા સાંભળીને મન વાણી શરીરથી શ્રીહરિનો આશ્રય કરી કૃષ્ણનારાયણનું ભજન કરવા લાગી. પછી સોનાયન ઋષિએ તેને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર અને કંઠી આપી. તે કૃષ્ણ ભજન કરતી તલાજા રાક્ષસી પાસે આવી, તેનું દાસીપણું કરતી. એકવાર વનમાં તેને ફળફૂલ વીણતી જોઈને સમુદ્રનો રાક્ષસ ઝાંઝીવર મુરાલય ટાપુમાં ઉપાડી ગયો અને તેની સાથે લગ્ન કર્યા. તેનો પુત્ર થયો તે માત્રાગસ્કર. તે યુવાન થતાં એકવાર જલમાનવ સ્ત્રીને સમુદ્રમાંથી ઉપાડી લાવ્યો. જળમાં રહેનારી તેણે સ્થળમાં રહેવાથી રોગ થયો તેથી પીડાવા લાગી. તેથી આ રાક્ષસ માત્રાગસ્કર પત્નીને મારપીટ કરવા લાગ્યો. તેની મા માંજાલીકાએ ના પાડી, બેટા સ્ત્રીને તાડન ન કરાય. દયા રાખી તેનું રક્ષણ કર. રાક્ષસપણાનો ત્યાગ કરી મદ્યમાંસનો ત્યાગ કરી અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન ભક્તિ કર તો તારો ઉદ્ધાર થશે, મેં પણ પૂર્વે કથા સાંભળીને દુષ્ટ વૃત્તિનો ત્યાગ કરી પ્રભુને ભજ્યા છે તો હું રાજયને પામી સુખી થઈ છું. માટે તું પણ આસુરી વૃત્તિનો ત્યાગ કરી પ્રભુનું ભજન કર. શ્રીકૃષ્ણ કહે : રાધા, લીંબડાને સાકરનું પાણી પાય તો પણ લીંબડો કડવો જ થાય. તેમ આસુરી જીવને આપેલો અમૃત ઉપદેશ ઝેર રૂપ બને છે. તેમ અતિ ક્રોધ પામેલો રાક્ષસ માત્રાગસ્કર લાકડી લઈને માતાને અને પત્નીને મારવા લાગ્યો અને દોરડેથી બાંધી સમુદ્રમાં નાખી આવ્યો.

માંજાલીકા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરવા લાગી. પ્રભુએ તરત આવી ગરૂડ પર બંનેને બેસાડીને તેના ઘેર પહોંચાડ્યા. રાક્ષસના પિતાએ આ વૃતાંત જાણીને વિચાર્યું આ પુત્રને મારી નાખવો જોઈએ. માત્રાગસ્કરે મૃત્યુના ભયથી ભાગી અને સમુદ્રના ટાપુમાં વાસ કર્યો. તે ટાપુ તેના માત્રાગસ્કર નામનો થયો. તેના પિતાના નામે જે રાજ્ય હતું તે તેના ઝાંઝીવર નામે દેશ થયો અને અનાદિશ્રીકૃષ્ણનારાયણે માજાનું રક્ષણ કરવાથી તેના નામે જે દેશ થયો તે માંજાલીકા નામે પ્રસિદ્ધ થયો. શ્રીકૃષ્ણ કહે : રાધા, એ રીતે મ્લેચ્છ એવા દૈત્યો અને રાક્ષસો પણ પ્રભુનું ભજન કરે તો પૂજ્યપણાને પામે છે.

રાક્ષસ માત્રાગસ્કર તે રણંગમ રાજા સામે ગદા લઈ યુદ્ધ કરવા આવ્યો. તે બંનેનું અસ્ત્ર-શસ્ત્રથી ભયંકર યુદ્ધ થયા પછી લક્ષ્મણ આર્યે અનાદિશ્રીકૃષ્ણનારાયણને સંભાર્યા. પ્રભુએ આવી પોતાના પાર્ષદ તેજસ્વી પુરુષથી રાક્ષસને બાળી નાંખ્યો. દસ યોજનમાં તેની ભસ્મ પડી તે તેના નામનો દેશ થયો. પછી સર્વ વિમાનમાં બેસી કુંકુમવાપી આવ્યા. કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણના દર્શન કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ષોડ્શોપચારથી પૂજન કરી વસ્ત્ર અલંકારો ધારણ કરાવી લક્ષ્મણઆર્યે પોતાની બે હજાર કન્યા પ્રભુને અર્પણ કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને તે સર્વ કન્યાઓને તથા પાંચસો કુમારોને લોમશ ઋષિ પાસે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી ઉપદેશ અપાવ્યો. સર્વાર્પણ, વિશ્વાસ, મહિમા, ભાવના, સ્મરણ અને આત્માનું હેત આ છ વાના પરબ્રહ્મની

પ્રાપ્તિ કરાવનારા છે. વૃદ્ધ સેવામાં ઉત્સાહ, કર્તવ્ય, ન્યાય, મમતા રહિત, સરલતા આ છ પુણ્ય વધારનારા છે. દેવદર્શન, વિવેકદર્શન, ધ્યેયદર્શન, ફળદર્શન, અવિઘ્ન દર્શન, સંતદર્શન આ છ મુક્તિ અપાવનારા છે. ગુણ ગ્રહણ, ગુણ આપવા, ગુણ દૃષ્ટિ, ગુણમાં જોડવા, ગુણતત્ત્વમાં આનંદ માનનારા, અગુણમાં ઉદાસ રહેનારા આ છ આત્માને નિર્મળ કરી પરમાત્મામાં જોડનારા છે. લોમશ ઋષિ પાસેથી આ ઉપદેશ ગ્રહણ કરી રાજા અને લક્ષ્મણઆર્ય પોતાના કુટુંબ સાથે દેશમાં ગયા.

અધ્યાય - ૪૭

❖ લોમશ ઋષિનો કન્યાઓને ઉપદેશ - અનાદિશ્રીકૃષ્ણનારાયણ મંત્રજ્ઞાન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને વરેલી બે હજાર કન્યાઓને લોમશ ઋષિએ ઉપદેશ આપ્યો. તન, મન, અને ધન ક્ષણિક છે પણ આત્મા છે તે શ્રીહરિનું ઘર છે. ગર્ભ, બાળ, યુવાન, વૃદ્ધ, મરણ સર્વે પ્રભુએ નિર્માણ કરેલું છે. પાલનપોષણ કરનારા, માતા-પિતા પણ તે પ્રભુ જ છે. તેથી ભજવા પૂજવા લાયક પણ શ્રીહરિ એક જ છે. તપ સેવા શ્રીહરિમાં કરવી. સંયમ, નિયમ શ્રીહરિમાં, યજ્ઞ અર્પણ શ્રીહરિમાં, દર્શન, સ્પર્શ, ધ્યાન સર્વ શ્રીહરિમય કરવું. હે પુત્રીઓ, તે પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાથી શાશ્વત સુખ શાંતિ અને આનંદ મળે છે, જે સ્વરૂપમાં યોગીઓ રમણ કરે છે, તેને રામ કહેવાય છે. સર્વે રસના રસરૂપ તે છે. થાકેલાનું વિશ્રામસ્થાન છે. 'કુ' - એટલે સૂત્ર જનોઈ. 'મા' - એટલે ગાયત્રી, તેને મેળવનારી તે કુમારી કહેવાય છે. જનોઈ, કંઠી, માળા, બ્રહ્મવિદ્યા, ભક્તિ પ્રાપ્ત કરે તેને કુમાર અને કુમારી કહેવાય છે.

પું નામના નરકથી તારે તે પુત્ર અને પુત્રી કહેવાય છે. તેમ જ પત્ની વિના પણ ન વિશ્વાસ, ન આવકાર, શાંતિ મળતી નથી. હોમાદિ, યજ્ઞાદિ, પુણ્ય કાર્યો પણ પત્ની વિના થતા નથી. તેથી સ્વર્ગપ્રાપ્તિ પણ થતી નથી. માટે પુત્ર-પુત્રી, શિષ્ય-પત્ની, સર્વે શુભ કાર્યોમાં સહાય કરનારા છે. તેથી વિદ્વાનોએ છ પ્રકારના વારસદાર કહ્યા છે. છ પ્રકારની પ્રજા કહેલી છે. ત્રણ પ્રકારે પતિ કહ્યા છે. ત્રણ પ્રકારે પત્ની કહી છે. ઔરસ, ક્ષેત્રજ, દત્ત, કૃત્રિમ, ગૂઢ, આનીત. આ છ વારસદારો છે. કાનીન, સહોડક, કિત, પુનર્ભ્વન, સ્વયંદત્ત, નિમ્ન, વર્ણજ આ છ પ્રકારના પુત્રો પણ વારસદાર અને પિંડદાનના આપવા યોગ્ય ગણાય છે. શિષ્ય ત્રણ તેમાં દીક્ષાવાળો, સેવા કરનારો અને નોકર. તેમાં દીક્ષાવાળો જીવન અર્પણ કરવાથી વારસદાર ગણાય છે. વિધિથી લગ્ન કરેલા, પુનર્ભ્વન અને ગુપ્ત આ ત્રણ પત્નીઓ કહેવાય છે. વિધિથી પરણેલી પત્ની ઉત્તમ, તેવી રીતે વિધિથી પરણેલો પતિ ઉત્તમ, પુનર્ભ્વન મધ્યમ, ગુપ્ત કનિષ્ઠ. હે પુત્રીઓ, તમે અમારી શિષ્યાઓ છો, તેથી તમને અનાદિશ્રીકૃષ્ણનારાયણના સોળ અક્ષરજ્ઞાન રૂપી સુદર્શન ચક્ર આપું છું તેથી તમે સર્વજ્ઞ થશો.

ઊઁ કાર માથાનાં કેશમાં રહે છે તે પુરુષોત્તમ છે.

ન કાર બ્રહ્મરંધ્રમાં વાસ કરે છે તે સાક્ષાત નારાયણ સ્વરૂપ છે.

મઃ કાર મુખમાં રહે છે તે માણિકીપતિ ઈશ્વર છે.

શ્રી કાર બંને નેત્રોમાં વાસ કરે છે તે શ્રીપતિ કમલાપતિ છે.

કૃ કાર ગળાનાં કાકડામાં રહે છે તે કૃષ્ણ રૂપ છે.

ષ્ણ કાર હૃદયમાં વાસ કરે છે તે બાલકૃષ્ણ ઈશ્વર રૂપ છે.

ના કાર નાભિમાં રહે છે તે નરનારાયણ છે.

રા કાર સર્વે રોમમાં વાસ કરે છે તે રાધિકાપતિ રૂપ છે.

ય કાર યોનિ પીઠમાં રહે છે તે શેષનારાયણ છે.

ણ કાર સર્વ નાડીઓમાં વાસ કરે છે તે નરોત્તમ પ્રભુ છે.

ય કાર મનમાં સંકલ્પમાં રહે છે તે શ્રીહરિ છે.

પ કાર બંને પગમાં વાસ કરે છે તે પાર્વતીપતિ છે.

ત કાર બંને પિંડીમાં રહે છે તે પ્રભાપતિ છે.

યે કાર બંને ગોઠણમાં વાસ કરે છે તે ઐશ્વર્યપતિ છે.

સ્વા કાર સર્વ અવયવોમાં મંજુલાપતિ રહ્યાં છે.

હા કાર હંસ એવો હું દાસપણામાં હોમાયેલા રહેલાને પ્રાપ્ત થનારો છું.

એ રીતે લોમશ ઋષિ પાસેથી મંત્ર માળા ઉપદેશ ગ્રહણ કરી પ્રભુપત્નીઓ પ્રત્યક્ષ ભગવાનનું ભજન કરતી હતી.

અધ્યાય - ૪૮

❖ ઈડા, પીંગલા, સુષુમણા ત્રણેય બહેનો બાલપ્રભુના દર્શને આવી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના સાતમાં વર્ષમાં ચૈત્ર માસમાં નારદજીએ પોતાની ત્રણે બહેનોને કહ્યું, પૃથ્વીમાં પ્રભુ પ્રગટ થયા છે તેના દર્શન કરવા હું રોજ જાઉં છું. બ્રહ્માજીની કન્યાઓ ઈડા, પીંગલા, સુષુમણા ત્રણે બહેનો કહે : તે પ્રભુ કેવા છે ? નારદ કહે : સત્યલોકથી પર પૃથ્વીનું આવરણ, પછી જળનું, પછી તેજના આવરણમાં વૈરાજ લોક, તેથી પર મહાવિષ્ણુનું ધામ, તેથી પર પ્રધાનપુરુષનું અવ્યાકૃત ધામ, જેમાં ભૂમાપુરુષ રહે છે. તેથી પર લક્ષ્મીનારાયણનું વૈકુંઠ, તેથી પર ગોલોક જેમાં રાધિકાપતિ શ્રીકૃષ્ણ રહે છે. તેથી મુક્તોથી સેવાયેલું અક્ષરધામ. તેનાથી પર પરમધામમાં રહેલા પરબ્રહ્મ

પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ તે અશ્વપટ સરોવરકાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલા છે. નારદના મુખેથી પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયાની વાત સાંભળી ત્રણે બહેનો પૂજાની સામગ્રી વગેરે તૈયાર કરી, પિતાને પગે લાગી વિમાનમાં બેસી બદ્રિકાશ્રમ, કુરુક્ષેત્ર, પુષ્કર વગેરે તીર્થો કરી, પૂર્ણિમાએ સાંજે ચંદ્રોદય સમયે કુંકુમવાપી ક્ષેત્ર આવ્યા. દિવ્ય અશ્વપટ સરોવર, લોમશ ઋષિનો આશ્રમ વગેરે જોઈને આનંદ પામ્યા. પછી અશ્વપટ સરોવરકાંઠે વિમાન ઉતારી, બાલકૃષ્ણને ભવને ગયા. ત્યાં બહેન સંતોક તથા ભાઈ ભગવાન આવ્યા અને બ્રહ્મપુત્રીઓને પ્રભુ પાસે લઈ ગયા. ત્રણે બહેનોએ માતા કંભરાલક્ષ્મી અને પિતા ગોપાલકૃષ્ણને પગે લાગી પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ષોડ્શોપચારથી પૂજા કરી. સુવર્ણના વસ્ત્ર, અલંકારો ધારણ કરાવ્યા, મુગટ, કુંડળો, બાજુબંધ પોંચી, કડાં, વેઢ, વીંટીઓ, સોનાના, તોડાં, ઘુઘરીવાળા સોનાના હાર, હીરાના હાર, મોતીના હાર, બરાસકપૂરના હાર, પુષ્પોના હાર વગેરે કંકુ, ચોખાથી પૂજન કરી, કાજળ આંજી, ધૂપ-દીપ, નૈવેદ્ય, મિષ્ટાન્ન ધરી, દૂધપાક, પેંડા ધરી આરતી કરતા હતા.

પછી સ્તુતિ કરી, હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ આજ તમારા દર્શન કરી અમે ધન્ય થયા. આ જ અમારો જન્મ સફળ થયો. આ જ અમારું બ્રહ્મચારીપણું, કુમારીપણું સફળ થયું. એમ કહી બાલકૃષ્ણનું ચરણામૃત લીધું. પછી પ્રસાદ ભોજન કરી રાત્રે સૂતા. સવારે જાગી અશ્વપટ સરોવરમાં સ્નાન કરી. લોમશ ઋષિ પાસેથી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" એ મંત્ર માળા ગ્રહણ કરી આશ્રમમાં રહેલી દિવ્ય લાખો કન્યાઓનાં દર્શન કરી, બાલકૃષ્ણ પ્રભુ પાસે આવ્યા. તે સમયે શ્રીહરિએ ઈડા, પીંગલા, સુષુમ્ણા ત્રણ બહેનોને દિવ્ય કિશોર સ્વરૂપે દર્શન આપી, તેના મનોરથ પૂર્ણ કર્યા. પછી ત્રણે બહેનોએ પ્રભુને પગે લાગી કહ્યું, અમે પિતાની આજ્ઞા લઈ ફરી દર્શને આવશું. એમ કહી પ્રભુની પ્રસાદી હાર વગેરે લઈ વિમાનમાં મૂકી અશ્વપટ સરોવરને, કુંકુમવાપીને, બાલકૃષ્ણ ભવનને નમસ્કાર કરી જય જય શબ્દ બોલી વિમાનમાં બેસી આકાશમાં અદૃશ્ય થયા. આ અધ્યાયની કથા જે કહેશે, સાંભળશે તે ભક્તિના ભાગ્યવાળો થશે.

અધ્યાય - ૪૯

❖ બ્રહ્માની બોત્તેર હજાર કન્યાઓ બાલપ્રભુના દર્શને ગઈ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, બ્રહ્માની ત્રણે પુત્રીએ પૃથ્વીના સર્વે પર્વતોને જોયા. સર્વ દેશોને જોયા, સર્વ રણ, નદીઓ, સમુદ્રો, સરોવરો વગેરે તીર્થો જોઈને સત્યલોકમાં ગઈ. પિતાને પગે લાગી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ચરણામૃત, પુષ્પ, પ્રસાદી આપી અને નારદનો ઉપકાર માન્યો તથા પ્રભુનો મંત્ર બોલ્યા. તે સાંભળીને બ્રહ્માની બીજી બોંતેર હજાર કન્યાઓએ પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા જવા ઇચ્છા કરી અને પિતાને કહ્યું, અમારે

પણ પ્રભુના દર્શને જવું છે. બ્રહ્મા કહે : તમને ધન્ય છે; જે પ્રગટ પ્રભુના દર્શન કરી રાધા-લક્ષ્મી સમાન થવાય છે. ભક્તિથી, તપથી, વૈરાગ્યથી, યોગ, યજ્ઞથી જે પ્રાપ્ત થાય છે. તે પ્રભુ આજ સહેજે પ્રાપ્ત થયા છે. તે સર્વે ધર્મમય છે. સર્વે પુત્રીઓની દર્શને જવાની ઇચ્છા જાણી. બ્રહ્માએ નારદજીને બોલાવી કહ્યું, સર્વે ઐશ્વર્ય, સમૃદ્ધિ, સિદ્ધિવાળા, સર્વ અસ્ત્ર-શસ્ત્રવાળા વિમાનમાં આ સર્વે કન્યાઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શને લઈ જાઓ. સાથે સનતકુમાર, ધર્મરાજ અને રુદ્રને જવાની આજ્ઞા કરી. તે સમયે નારદના હાથમાંથી વીણા પડી ગઈ, તે અમંગળ થયું એટલે નારદ મંત્ર બોલ્યા "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" પછી મંગલયાત્રા શરૂ કરી વિમાનમાં બેસી સત્યલોકથી લોકાલોક થઈ પશ્ચિમ ભૂમિમાં આવ્યા.

અધ્યાય - ૫૦

❖ જુમાસેમ્લા રાજા અને દંડરાજાની કથા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, વિમાન અબરિક્ત દેશ ઉપર આવ્યું. ત્યાંના દેશવાસી મ્લેચ્છ રાક્ષસો, સૂર્યસમાન તેજસ્વી વિમાન જોઈને તથા સર્વ સમૃદ્ધિ સર્વ કન્યાઓના રૂપ જોઈને રક્તવાર્ધી, તુંગાનિક, લિંગરસ વગેરે અનેક રાક્ષસો અસુર મેલી વિદ્યાવાળા આકાશમાં ફરનારા શસ્ત્રો લઈ રણમાં આવ્યા. ત્યાંના રાજા જુમાસેમ્લાએ રક્તવાર્ધી દૂત સાથે કહેડાવ્યું કે, વિમાન અને કન્યાઓ અમને આપી દો અને પુરુષો સ્વર્ગમાં ચાલ્યા જાવ. નહીં તો અમે યુદ્ધ કરી સર્વનાશ કરશું. દૂતે નારદ પાસે આવી સર્વ વાત કરી. નારદ કહે : આ સર્વે બ્રહ્માની પુત્રીઓ છે અને અમે તમે પણ બ્રહ્માના વંશના છો તેથી આ સર્વ કન્યાઓ તમારી બહેનો થાય. તથા સાથે આવેલા ધર્મ, રૂદ્ર, સનતકુમાર વગેરે પૂજ્ય છે. પૂર્વ તારા પિતાએ તપ કરી શંકરને પ્રસન્ન કરી તારા જેવો પુત્ર પ્રાપ્ત કર્યો છે. તેથી તારે સર્વે પૂજ્ય છે અને પૂર્વે પાર્વતી માતામાં મોહ પામેલા અંધકાસુર, મહિષાસુર વગેરે દૈત્યો નાશ પામ્યા છે તથા પૂર્વની કથા કહું સાંભળ.

દંડ નામે રાજાએ યજ્ઞ કર્યો. તેમાં શુક્રાચાર્ય પુરોહિત હતા. શુક્રાચાર્યને દૈત્યોએ બોલાવ્યા એટલે પાતાલમાં ગયા ત્યારે યજ્ઞમંડપમાં શુક્રાચાર્યની પુત્રી સેવા કરતી હતી. રાજાએ રજોગુણના ભાવથી તેનો હાથ પકડ્યો. અરજાએ ના કહી અને કહ્યું પિતાજી તમને અને મને બાળી ભસ્મ કરશે, પણ દંડરાજા રજોગુણના અતિ વેગથી અરજાનો ભોગ કરી ચાલ્યો ગયો. શુક્રાચાર્ય આવ્યા. પુત્રીને રૂદન કરતી જોઈ વૃતાંત જાણીને, શુક્રાચાર્યે દંડરાજાને શાપ આપ્યો કે, સાત દિવસમાં તારું રાજ્ય અને કુટુંબ ભસ્મ થશે. પછી શુક્રાચાર્યે પુત્રી અરજાને કહ્યું, તું એક માસ પર્યંત જપ, તપ કરજે. માસ પછી રજસ્વલાથી શુદ્ધ થઈ તું પવિત્ર થઈશ. તે શાપથી દંડ રાજાનું રાજ્ય કુટુંબ સાથે ભસ્મ થયું. તે દંડકારણ્ય નામે પ્રસિદ્ધ થયું.

અધ્યાય - ૫૧

❖ વૈષ્ણવગણો દ્વારા કરોડો રાક્ષસોનો નાશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, નારદજીએ રક્તવાર્ધી દૂતને ઉપદેશ આપી શાંતિથી સમજાવ્યો. તે દૂતો મ્લેચ્છ રાજા જુમાસેમ્લા અસુર પાસે જઈ સર્વ વાત કરી. ક્રોધ પામેલો રાજા સર્વે સૈન્ય, અસ્ત્ર, શસ્ત્ર લઈ યુદ્ધ કરવા આવ્યો અને નારદજીને કહે : તમો ભિક્ષુકને, સનતકુમારને, રૂદ્રને, ધર્મદેવને અમારા વંશના ધર્મની શું ખબર પડે. અમારે મ્લેચ્છમાં પિતા એક હોય મા અનેક હોય. તેના પુત્ર-પુત્રીના વિવાહ થાય. એક માના પુત્ર-પુત્રીના વિવાહ ન થાય. હિરણ્યકશીપુની હજારો પત્નીઓ હતી તેના વંશમાં એકબીજા પરણેલા છે. એક પિતાથી ભિન્ન ગર્ભમાં જન્મેલા ભાઈ-બહેન થતા હોય તો પણ પરણે છે. આ અમારો ધર્મ છે. માટે વિમાન અને કન્યા અમને સોંપી દો નહીં તો યુદ્ધ કરો. એમ કહી રણશિંગા ફૂંકાવા લાગ્યા. કૂતરા, ચીબરા, ગધેડા જેવા અવાજો કરી અસુરો દૈત્યો રાક્ષસોને બોલાવી વિમાનને ઘેરી લીધું. ત્યારે રુદ્રે નંદી અને અગ્નિને બોલાવી વિમાનનું રક્ષણ કરવા આજ્ઞા આપી. રુદ્ર આજ્ઞાથી નંદીએ લાખો ગણોને બોલાવી યુદ્ધ માટે તૈયાર કર્યાં. હાથીના મોંઢાવાળા, પર્વત જેવડા, કાળ જેવા, ચાર નેત્ર, ચાર હાથવાળા તે ગણો, દૈત્યો સાથે અસ્ત્રો-શસ્ત્રોથી ઘોર યુદ્ધ કરવા લાગ્યા. પછી વૈષ્ણવગણો, બ્રહ્મગણો, લાખો કરોડો સૂર્ય જેવા તેજસ્વી આવીને દિવ્ય અસ્ત્રોથી, વીજળીઅસ્ત્ર, વાયુઅસ્ત્ર વગેરેથી દૈત્યો, અસુરો, રાક્ષસોનો નાશ કરતા હતા. કુકડાના પીંછા ખેરી નાખે તેમ મ્લેચ્છ સૈન્યોના અવયવો કાપી નાખ્યા. તે સર્વે અસુરો વિમાન પાસે જઈ શકતા નહીં. ત્યાં જતા અગ્નિથી બળતા. એટલે તે અસુર રાજા અતિ ક્રોધ કરી કહે : સર્વ ગણોનો નાશ કરો, કાપી નાખો, મારી નાખો, વિમાનને કન્યાઓને લૂંટી લ્યો. રણસંગ્રામમાંથી પાછું વળવું તે કાયરતા કહેવાય છે, પરંતુ મરેલા, ઘાયલ થયેલા, થાકેલા, સર્વે દૈત્યોને જોઈને સેનાપતિઓ રાજાને કહે : આ ગણો કોઈ રીતે જીતાય તેવા નથી. ત્યાં તો રુદ્ર આજ્ઞાથી મહાપ્રલય જેવો અગ્નિ આવી ચારેકોર ફરવા લાગ્યો. વન, પર્વત, અરણ્ય, નદી, પુર, શહેર, ગામ, સમુદ્રમાં રહેલા દૈત્યો, અસુરો રાક્ષસોનો અગિયાર કરોડ અગિયાર લાખનો નાશ કર્યો. તે સર્વે દૈત્યોના શરીર, માથા, નાડી, કેશ કાંઈ જોવા ન મળ્યું. સર્વે ભસ્મ કરી દીધું. તો પણ અતિ તૃષ્ણાવાળો તે અસુર જુમાસેમ્લા યુદ્ધ કરતા બંધ ન થયો.

અધ્યાય - ૫૨

❖ વિશ્વાવસુ ગાંધર્વે પોતાની ત્રણસો કન્યા અનાદિશ્રીકૃષ્ણનારાયણને અર્પણ કરી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, કરોડો અસુરોનો નાશ થયો, ત્યારે બાકી રહેલા અસુરોમાં હાહાકાર થયો અને કહેવા લાગ્યા, આપણો રાજા ન્યાય વિનાનો છે, અધર્મી છે. આટલી સંપત્તિ, રાજ્ય પત્નીઓ છે, છતાં વધારે તૃષ્ણા રાખી દેશ, રાજ્ય, કુટુંબ, સંપત્તિ સર્વનો નાશ નોતરે છે. કૂતરો પોતાની શેરીનો રોટલો મૂકી ગર્વથી બીજી શેરીમાં રોટલો ખાવા જાય, ત્યાં બીજા કૂતરાં ફાડી-ચીરી મારી નાખે. પાડો પોતાના ખેતરનું ઘાસ છોડીને અભિમાનથી જંગલમાં જાય ત્યાં સિંહ ફાડી ખાય. રાજ્ય, સંપત્તિ, શરીર, ભોગ, વિલાસ સર્વે ક્ષણિક છે. એવું જાણીને પોતાનું કલ્યાણ સાધે તો ક્યારેય પણ અધઃપતન ન થાય. ગર્વથી, તૃષ્ણાથી, અતિભોગથી, ઈચ્છાથી, ચારેકોર દોડતો ફરે તો કાળના ઝપાટામાં આવીને કલ્યાણના માર્ગથી પડી જાય છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા ઘર, કુટુંબ, પતિ-પત્ની, સંતાન, સંપત્તિ તે બંધન કરતા નથી પણ તે સર્વમાં વાસના તે બંધન કરે છે. જ્ઞાન વિના અશાંતિ અને રાગ રહે છે. ગર્વ કરનારાને સર્વ દોષ ભક્ષણ કરી જાય છે. તામસી વૃત્તિવાળા અસુરો, દૈત્યો, મ્લેચ્છો, દાનવો જગતને ઉદ્વેગમાં મૂકી દે છે. સૈન્ય અને યુદ્ધ રક્ષણ માટે છે, પ્રજાના નાશ માટે નહીં, તેથી સર્વે તૃષ્ણા વાસનાનો નાશ કરવો, કામતૃષ્ણા યુગલને જેલમાં જકડી રાખે છે. લોભ, તૃષ્ણા, પ્રવૃત્તિના પ્રવાહમાં લઈ જાય છે. મોહ, તૃષ્ણા, પ્રાપ્તિના પ્રવાસમાં દોડી જાય છે. ક્રોધ, તૃષ્ણાવિવાદ અને કલેશમાં નાખે છે. મદ, તૃષ્ણા, અહં મમતા કરાવે છે. જ્ઞાનીઓ અજ્ઞાની બંને યુદ્ધ કરે છે. તેમાં અજ્ઞાનીઓ પશુની જેમ દેહ માટે અને વિષય મેળવવા માટે યુદ્ધ કરે છે. જ્ઞાનીઓ માયાના દુર્ગુણો, દોષરૂપી જે શત્રુઓ તેની સાથે યુદ્ધ કરી જિતેન્દ્રિય બને છે. પૂર્વે ચિત્રકેતુ, યયાતિ, નહુષ વગેરે રાજાઓ અનેક પત્નીઓ સંપત્તિ હોવા છતાં તૃષ્ણાથી તૃપ્તિ ન પામ્યા અને નરનારાયણ ભગવાન, કપિલ ભગવાન, દત્તાત્રેય ભગવાન, લોમશ ઋષિ, સનકાદિકો સદા તપમાં રહી તૃપ્તિ પામ્યા. સતી શંકરમાં સદા તૃપ્ત રહ્યા. સાધુ-સાધ્વીઓ શ્રીહરિમાં સદા તૃપ્ત રહે છે. એકવાર વિશ્વાવસુદેવ ત્રણસો કન્યા લઈને સ્વયંપ્રકાશ ઋષિને દેવા આવ્યા. સૂર્ય જેવા તેજસ્વી મુનિને પગે લાગી કહે, તમે શ્રીકૃષ્ણનારાયણના શિષ્ય મહાયોગી ઉર્ધ્વરેતા બ્રહ્મચારી છો. અનેક રૂપને ધારણ કરનારા છો. તો આ મારી ત્રણસો કન્યાઓ તમારે યોગ્ય છે. તેને ગ્રહણ કરો. તેનું કલ્યાણ થાય, જો તમારું મન માનતું હોય તો, તેજસ્વીઓને લાલન-પાલન કોઈ દબાવી શકતું નથી.

સ્વયંપ્રકાશ કહે : તારું માનસ સત્ય છે. કન્યાઓનું કલ્યાણ કરવું તે પિતાનો ધર્મ છે, પરંતુ જેને કન્યાની ઈચ્છા હોય તેને કન્યા આપવી. પણ જેને કન્યાની ઈચ્છા ન હોય

તેને કન્યા આપવાથી કન્યાને કલેશ થાય છે. હું આત્મા, જન્મ, મૃત્યુ, રાગ, દ્વેષ, હર્ષ, શોક વગેરે દ્વંદ્વથી રહિત છું. શરીર દ્વંદ્વથી ભરેલું છે. સવારે, બપોરે, સાંજે, મળ, મૂત્ર, પરસેવો, થુંકવું, લાળલીટ, છીંકવું થયા જ કરે છે તે દેહની શુદ્ધિમાં જ સમય ચાલ્યો જાય છે. અને આ દેહની શાંતિના પરિશ્રમમાં જ, ભોજનમાં જવા આવવામાં મારો સમય જાય છે. તો હે વિશ્વાવસુ ગંધર્વરાજ તારી ત્રણસો કન્યાઓને શાંતિ સુખ આપવાનો મારી પાસે સમય જ ક્યાં છે. એક દેહની સેવામાં પણ પાર પહોંચતો નથી, તો ત્રણસો દેહની સેવા કરવાથી પાર કેમ આવે ? માટે મારી તો જરા પણ ઇચ્છા નથી. હું તો આત્મસુખથી પૂર્ણ છું. પછી વિશ્વાવસુ ગંધર્વે ત્રણસો કન્યાઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને અર્પણ કરી. તેથી જ્ઞાની, યોગીઓ ક્યારે પણ કલેશ માયાના દોષમાં પડતા નથી. ધન, સ્ત્રી, રાજ્ય, વિષયો તે સર્વે કલેશ આપનારા છે.

અધ્યાય - ૫૩

❖ દિવ્ય વિમાન પર વિજય મેળવવા અસુરોની કપટયુક્તિ - પરાજય ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, દૈત્યો અસુરો યુદ્ધમાં પાછા પડ્યા એટલે જુમાસેમ્લા અને સેનાપતિઓએ વિચાર કર્યો હવે આપણે શું કરવું ? એક અસુર સેનાપતિ બોલ્યો હવે આપણે કપટયુક્તિ રચી તેમની શરણાગતિ સ્વીકારી તેને આપણા પુરમાં લાવી, પાછળથી વિમાનની ઉપર હલ્લો કરવો. એમ વિચારી આકાશમાં ધજા નમાવી દીધી. નારદ શંકરને કહે : આ અસુરોએ શરણાગતિ સ્વીકારી. શંકર કહે : અસુરો કોઈ દિવસ દેવ ન થાય, ઉંદરને હંસ પાંખમાં રાખીને આશરો આપે તો ઉંદર હંસની પાંખ કાંપે, માટે શઠ પ્રત્યે શઠ થવું. સાધુ પ્રત્યે સાધુ થવું. બગલો માછલા માટે, બિલાડો ઉંદર માટે, વાઘ અશ્વ માટે મૌન ધારણ કરે પણ સમય આવ્યે ઘાત કરે છે. તેમ અસુરો દૈત્યોનો વિશ્વાસ સંત પુરુષોએ ન કરવો. શંકર ભગવાનના વચન સાંભળી સનત્કુમાર કહે : તેજસ્વીઓનો નાશ થતો નથી. પાપીઓ કપટીઓનો નાશ થાય છે.

ધર્મરાજા કહે : શરણે આવેલાના પાપ આપણે નાશ કરવા જોઈએ. ત્યાં જુમાસેમ્લા રાજા સેનાપતિ વગેરે આવી કહે : અમે તમારે શરણે આવ્યા છીએ. વિમાનને પૃથ્વી પર ઉતારો તમે અમારા પુરમાં પધારો અમને શરણાગતિ દીક્ષા આપો. અમારા પૂર પાવન કરો અમે તમારા દાસ છીએ. અસુરોના આવા વાક્યો સાંભળી શંકરે ત્રિશૂળ સર્વને સ્પર્શ કરાવી પાવન કર્યા. નારદે બ્રહ્મપાત્રમાંથી પાણી છાંટી સર્વે અસુરોને પવિત્ર કર્યા. નારદે સર્વેને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર અને માળા આપી પછી સર્વ અસુરોની સાથે નારદ, સનતકુમાર તેના નગરમાં ગયા. અગ્નિ, યમ, કાર્તિક, ગણો વગેરેને વિમાનના રક્ષણ માટે રાખ્યા. પ્રથમ જુમાસેમ્લા રાજાએ મહાદાના નગરીમાં પોતાના મહેલમાં

પધરામણી કરાવી. પછી નીંબકટુ, ચાલહોમ, શાબાન, આલદામ, આમેદ, નીરબીજ, કંગુ, તુંગાનીક, પ્રતારક, સુપાલ, વીરકેસર વગેરે રાજયોમાં ફેરવ્યા, પધરામણીઓ કરાવી. મિષ્ટાન્ન, દૂધપાક, ભોજન આપ્યા. દાસ-દાસીઓ, ધન, સંપત્તિ, રત્નો આપીને સર્વે સાથે એકમેક ભળી ગયા. પછી તે અસુરો નારદ, સનત, શંકરને પોતાના વાહનમાં બેસાડી હજારો ગાઉ દૂર મુરાર્કનગર લઈ ગયા, અને અહીં પાછળથી સેનાપતિ અને યોદ્ધા અસુરોએ અસ્ત્રોશસ્ત્રોથી વિમાન ઉપર હલ્લો કર્યો. મેલી વિદ્યાથી અગ્નિ ઉત્પન્ન કર્યો, પથ્થરની વૃષ્ટિ કરી વાવાઝોડું ઉપજાવ્યું. ત્યારે ગણેશ અને કાર્તિક સ્વામિએ ગદાથી સર્વ સેનાપતિના માથા ભાંગી નાખ્યા તથા સર્વે ગણોએ અસુરોનો શસ્ત્રોથી નાશ કર્યો. અસુરોની માયાઝાળનો નાશ કર્યો. ત્યાં નારદ, સનત, શંકરને ખબર પડી એટલે આવ્યા. શંકરે તરત બ્રહ્માંડ જેવડું શરીર ધારણ કરી બાકી રહેલા અસુરોને મસ્તકની જટામાં ગૂંચવી દીધા. સર્વ અસુરોનું સૈન્ય મહાત્રાસ પામવા લાગ્યું.

અધ્યાય - ૫૪

❖ સનત ઋષિ દ્વારા જુમાસેમ્લા રાજાને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અસુરો રાક્ષસોનો નાશ થયો એટલે લાખો રાક્ષસીઓ કાળા પર્વત જેવા છૂટા કેશવાળી તલવાર વગેરે આયુધો લઈ કન્યાઓને મારવા વિમાન પાસે આવી. ત્યાં વિમાનમાં રહેલા કલ્પવૃક્ષમાંથી દશ હજાર કૃત્યાઓ ઉત્પન્ન થઈ અને તે દશ લાખ રાક્ષસીઓનો નાશ કર્યો. પછી કન્યાઓએ કૃષ્ણનારાયણનું સ્મરણ કર્યું. પ્રભુ તરત ગરૂડ પર બેસી આવ્યા. શંકર, સનત, નારદ વગેરેએ પ્રભુની પૂજા કરી અને જુમાસેમ્લા રાજાને ઓળખાણ આપી. રાજાએ પ્રભુની ક્ષમા માગી. સેનાપતિઓ પણ પ્રભુ પાસે આવી પગે લાગી, પોતાના કપટ બદલ ક્ષમા માંગી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ તે સર્વેને દિવ્યદર્શન આપી મૂર્તિમાં અનંતકોટી, બ્રહ્માંડો, સ્થાવર, જંગમ સર્વ સૃષ્ટિ દેખાડી. રાજાએ પ્રભુ મૂર્તિમાં પોતાનું રાજય દેશ વિમાન સર્વ જોઈ આશ્ચર્ય પામી પ્રાર્થના કરી, હે પ્રભુ સંસારમાં લોભાયેલો હું, મેં તમારો અપરાધ કરી મહાપાપ કર્યું છે, તેથી મારો ઉદ્ધાર કરો. મધ, માંસનું સેવન કરનારા અમને તમારું દર્શન કયાંથી થાય. માટે હે પ્રભુ, અમારો ઉદ્ધાર કરી તમારી સેવા આપો. જુમાસેમ્લા રાજાની પ્રાર્થનાથી સનત ઋષિએ ઉપદેશ આપ્યો, રાજા તું ભગવાનની શરણાગતિ સ્વીકારવાથી નિષ્પાપ થયો છે.

પૂર્વે લક્ષ્મીના ચાર સ્વરૂપ થયેલા છે. શ્વેત વસ્ત્રરૂપે, શ્વેત પુષ્પહારરૂપે, શ્વેત હાથી પર બેઠેલા સાત્વિક રૂપે, વેદ કથા યજ્ઞ મંત્રરૂપે રહેલા એવા શ્વેત લક્ષ્મીને બ્રાહ્મણોએ રાખ્યા. લાલવર્ણ, લાલવસ્ત્ર, લાલ અશ્વ પર આરૂઢ રાજસી લક્ષ્મીને ક્ષત્રિયોએ ગ્રહણ કર્યા. પીળા વર્ણ, પીળા વસ્ત્ર, પુષ્પોની માળાવાળા લક્ષ્મી વૈશ્યોએ અંગિકાર કર્યા. નીલવર્ણ, નીલ વસ્ત્રો, નીલ

વૃષભ પર બેઠેલા લક્ષ્મીને દાસ્યભાવે સેવારૂપે શૂદ્રોએ ગ્રહણ કર્યા, તથા પૃથ્વીમાં લક્ષ્મી ચોસઠ કળારૂપે રહીને સર્વને સુખ-શાંતિ, આજીવિકા અને આનંદ આપે છે. જીવાત્મા કર્મને અનુસારે સુખ-દુઃખ પ્રાપ્ત કરે છે. તેમાં આપત્ત, દુઃખ આવે ત્યારે ખેદ ન પામવો, શોક ન કરવો અને અતિ સંપત્તિ પ્રાપ્ત થાય તો ફૂલાઈ જવું નહીં. ધનનો નાશ થાય તો મોહ પામવો નહીં. ધન આવે તો દૂષણ પામતા નથી, તે ધીર પુરુષો જ્ઞાની કહેવાય છે. તથા જે પુરુષો સુખ-દુઃખમાં શ્રીહરિનો આશરો લે છે, તે પુરુષો સંસાર તરી જાય છે. તેથી હે દાનવ આ પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણનો ભક્ત થા, તે તમારા સર્વનું કલ્યાણ કરશે. તારા રાગદ્વેષ સર્વ પ્રભુને અર્પણ કર તો તારે તારા પાપ ભોગવવા નહીં પડે. ચોર રાજા પાસે પોતાના અપરાધની ક્ષમા માગે છે. તો રાજા પ્રસન્ન થઈ તેને દંડ આપતો નથી. તેમ શ્રીહરિને ચરણે સર્વ સમર્પણ કરવાથી, તે દંડ આપતા નથી અને ફરી પાપ ન કરવા આજ્ઞા કરે છે. એવી રીતે સનત ઋષિએ ઉપદેશ આપી રાજાને સેનાપતિઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણને પગે લગાડી તેના સર્વ અપરાધ માફ કરાવ્યા. પછી પ્રભુ કહે : મારા સાધુના પ્રસંગથી તમારો દેશ, પૃથ્વી, નદી, તળાવ, વન, પર્વત, સર્વે પાવન થયા છે. પછી જુમાસેમ્લા રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરી, હે પ્રભુ તમે અહીં રણમાં ફરીને મરેલા સર્વેનો મોક્ષ કરો અને અહીંની ભૂમિ તીર્થરૂપ બનાવો જેથી ભવિષ્યમાં મુમુક્ષુઓનું કલ્યાણ થાય.

અધ્યાય - ૫૫

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણે જુમાસેમ્લા રાજાના કુટુંબનો મોક્ષ કર્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પ્રસન્ન થઈ કહે : રાજા, તારી બુદ્ધિ સંતને યોગે નિર્માણ થઈ છે. એમ કહીને વિમાનમાં બેસી તેની ભૂમિને પાવન કરવા ફરવા લાગ્યા. ચંડ નદી, ત્રિરાશી, પર્વત, અનંત, વૈર, શ્વેત, નિલ પાણીના સંગમમાં નાહી, તીર્થ કરી, મરેલા સર્વ પ્રેતને બોલાવી તેનો મોક્ષ કર્યો. જુંબા, નદી, રુદ્ર, બાષ્પ સરોવર, ન્યાજા, તુંગાનિકા, માતુર, કંગુર વગેરે નદી સરોવરમાં સ્નાન કરી તીર્થો કરીને આગળ લીંપા, પગા, કુબંગી, તુંબા સરોવર, કર્માંગી નદીમાં નાહીને, સમુદ્રકાંઠે કરોડો પ્રેતોનો ઉદ્ધાર કર્યો. કેડંડા, અંડસ, ફેનસ, ચંડસ, ગંબીકા, ફલ્ગુ, બીજ વગેરે અનેક નદીઓ સરોવરમાં સ્નાન કરી, તીર્થો કરીને વન-પર્વત, રણમાં ફરીને દશ હજાર ગાઉંની ભૂમિને, તીર્થરૂપ પવિત્ર કરી શ્રીહરિ જુમાસેમ્લા રાજાને કહે : હવે અમે રૈવતાચળ અશ્વપટ સરોવર, કુંકુમવાપી જશું.

રાજા કહે, પ્રભુ જ્યાં સુધી મોક્ષદાતા ન મળે ત્યાં સુધી જીવને માથે જન્મ મરણ અને સંસાર છે. હવે તમે મોક્ષદાતા મળ્યા તો મારો અને મારા કુટુંબનો મોક્ષ કરો. હે પ્રભુ મેં દશ લાખ વર્ષ રાજ્ય ભોગવ્યું. મારી પૂર્વે દૈત્યો કરોડો વર્ષ જીવી ગયા તે કોઈ પૃથ્વી,

સંપત્તિ, પ્રજા સાથે લેતા ગયા નથી. હું પણ કાંઈ સાથે લઈ જવાનો નથી. તેથી હે ભગવાન, તમે મારા પર કૃપા કરી ઉદ્ધાર કરી શાશ્વત સુખ આપો. હે પ્રભુ, તમે આ દેશ, પૃથ્વી, પવિત્ર કરી પ્રેતોનો ઉદ્ધાર કર્યો છે. હે પ્રભુ, આ મારી એક હજાર કન્યાનું તમે પાણીગ્રહણ કરો. એમ કહી કન્યાઓનો હાથ શ્રીહરિના હાથમાં આપી, પાણી લઈ સંકલ્પ કરી અર્પણ કરી અનેક ભેટો આપી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પણ પ્રસન્ન થઈ તે રાજાને કહ્યું કે તારા પાપ, પુણ્ય પુરા થશે ત્યારે તું મોક્ષને યોગ્ય થઈશ. ત્યારે એક ક્ષણમાં તારો મોક્ષ કરીશ. પછી રાજાએ આપેલી ભેટો હાથી, ઘોડા, ઊંટ, ગાય, ભેંસો, વસ્ત્ર, આભૂષણો, સોનું-ચાંદી, રૂપિયા, હીરા, મોતી, રત્નો, દાસદાસી સર્વે વિમાનમાં મૂકી. રાજાના સર્વ કુટુંબને નારદે પ્રભુનું ચરણામૃત પાયું. તેથી સર્વેને સમાધી થઈ. પછી સર્વના બે સ્વરૂપો થયા. એક રૂપે સ્વર્ગમાં દેવો થઈને રહ્યા. બીજે રૂપે દિવ્યદેહ ધારણ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણના ધામમાં ગયા. પછી તેની કન્યાઓએ તે સર્વની ભૂસમાધી (કબરો) કરાવી ઉત્તર ક્રિયા કરી. પછી પ્રભુએ અબ્રિક દેશના બે વિભાગ કરી દક્ષિણ રાજ્ય રૂદ્રશીરા ભક્ત યોગીને આપ્યું અને ઉત્તર રાજ્ય દીનમેરા ભક્તને આપ્યું. તે દીનમેરા રાજાએ ચંડસર રાજધાની સ્થાપી તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું મંદિર કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ સ્થાપી સાથે શંકર, સનત્, નારદ અને ધર્મદેવ સ્થાપ્યા.

એવી જ રીતે દક્ષિણ રાજ્યમાં રૂદ્રશીરા નામે રાજધાની સ્થાપી. તેમાં સુંદર શિખરોવાળું મંદિર કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ પધરાવી સાથે શંકર, સનત, નારદ, ધર્મદેવને સ્થાપ્યા. પછી ભક્ત રાજાઓએ આપેલી પૂજા અંગીકાર કરી આશિર્વાદ આપી વિમાનમાં બેસી પ્રભુ આગળ ગયા. ત્યાં પ્રભુએ ધર્મરાજાને કહ્યું, આ દેશમાં એક રક્તબીજ નામે અસુર તેના દશ હજાર અસુરો સાથે રહે છે તેનો નાશ કરી ત્યાં એક ઋષિ બકદાન પાણીમાં રહે છે. તેને અને શહેરમાં જનોને ભયમુક્ત કરી એક અરવ નામે ભક્ત છે તેને તે રાજ્ય આપજો, એમ કહીને શ્રીહરિ કુંકુમવાપી ક્ષેત્ર આવ્યા. ત્યાં જયઘોષ શબ્દ થયો જેથી જનોએ જાણ્યું પ્રભુ પધાર્યા.

અધ્યાય - ૫૬

❖ જુમાસેમ્લા રાજા અને તેના સેનાપતિઓની પૂર્વ જન્મની કથા ❖

શ્રીરાધાએ પૂછ્યું : હે કૃષ્ણકાંત, તે જુમાસેમ્લા રાજા અને તેના સેનાપતિઓ પૂર્વ જન્મમાં કોણ હતા. જેણે શ્રીહરિની શરણાગતિ સ્વીકારી. શ્રીકૃષ્ણ કહે : રાધા, બ્રહ્માના પુત્ર મનુ. તેનો પુત્ર પ્રિયવ્રત. તેનો પુત્ર સવન થયો. તે પુત્ર વિના મરણ પામી પ્રેત થયો. તેની પત્ની રોવા લાગી. આકાશવાણી કહે : તું રડીશમાં. તું અગ્નિમાં પતિ સાથે ચિત્તામાં બળી પતિને પામીશ. પત્ની કહે : હું મારા માટે નથી રોતી પણ પુત્ર વિના ગતિ નથી, તેથી પુત્ર

માટે રુદન કરું છું. આકાશવાણી કહે : તારું કથન સત્ય હશે તો તને પતિ મળશે અને સાત પુત્ર પણ થશે. એટલે રાણી પણ પુત્ર વાસનાથી પતિના શબને ચિત્તામાં લઈ સાથે બળી ગઈ. તરત બંનેના શરીરો દિવ્ય થયા. વિમાન આવ્યું તેમાં બેસી આકાશમાં પાંચ દિવસ રહ્યા, પણ તેના ભાગ્યમાં પુત્ર ન હોવાથી રાજાના શુક્રને ધારણ ન કરી શકી. તેથી ધાતુકણ આકાશમાં ઊડી ગયા. રાજા-રાણી સત્યલોકમાં ગયા. આકાશમાં રહેલી ઋષિ પત્નીઓ સુમાદા, નલિની, પુષ્યતિ, ચિત્રા, હરિતા, અનિલા, વિશાલા તેણે મોતીના કણ જાણી ગ્રહણ કરવાથી તેઓને ગર્ભ રહ્યો.

તેથી ઋષિઓએ તેનો ત્યાગ કરી, હિમાલયમાં મૂકી આવ્યા. તે ઋષિપત્નીઓએ પશ્ચિમ દિશામાં આવી અબ્રિકત દેશમાં બાળકોને જન્મ આપ્યો. ત્યાં બ્રહ્મા આવ્યા અને કહ્યું, આ સર્વે મરૂત દેવો બ્રહ્મક્ષત્રિય બીજ છે, પણ દૈત્યપણાને પામશે અને સર્વે ધાર્મિક ક્રિયાથી રહિત થશે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ યુદ્ધ નિમિત્તે અહીં આવશે ત્યારે તેના ચરણામૃતથી પવિત્ર થશે અને તે પુણ્યથી ફરી દેવપણાને પામશે. એમ કહી બ્રહ્મા ઋષિપત્નીઓને લઈને હિમાલયમાં આવી, ઋષિઓને કહ્યું, તમારી પત્નીઓ શુદ્ધ છે, શ્રીહરિની ઇચ્છાથી સર્વે થાય છે. તે ત્રણસો બાળકો તરત યુવાન થયા અને સર્વત્ર ત્રાસ વર્તાવા લાગ્યો. તેમાં સર્વથી મહાન અસુરપણાને પામ્યો હતો તે જુમસેમ્લા નામે થયો અને તેના વંશોમાં લાખો, કરોડો દૈત્યો, અસુરો, મલીન વિદ્યા, અસ્ત્ર-શસ્ત્રોમાં પારંગત થયા. તે સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન, સ્પર્શ, પ્રસાદ, મંત્ર, શરણાગતિથી પવિત્ર થઈ અને દેવપણાને પામ્યા.

અધ્યાય - ૫૭

❖ યમરાજ દ્વારા આરબીજ દેશનાં રક્તબીજ આદિક દૈત્યોનો સંહાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી યમરાજ કાળદંડ લઈને આરબીજ દેશમાં ગયા અને ત્યાં રહેલા રક્તબીજ આદિ દશ હજાર દૈત્યોને યુદ્ધ માટે બોલાવ્યા. સર્વે દૈત્યો ઊંટ, પોઠીયા, શિયાળ, નારડા, ગધેડા, પાડા, મગર, કુકડા, ગેંડા, પાડાના વાહન પર બેસી યમરાજ સાથે યુદ્ધ કરવા આવ્યા. મેલીવિદ્યાવાળા તે અસુર દૈત્યોએ અનેક પ્રકારના અસ્ત્રો ફેંક્યા. યમરાજે કાળદંડથી સર્વ શસ્ત્રોનો નાશ કરવા હજારો દંડ ફેંક્યા, જે દૈત્યને અડે તે બળીને ભસ્મ થઈ જાય. એ રીતે યમરાજે દશ હજાર આરબીજ દૈત્યોનો નાશ કરીને મહાન અસુર રક્તબીજ તેનો કાળદંડથી નાશ કર્યો. પછી ત્યાંના અરવ નામના ભક્તને આરબીજનું રાજ્ય આપ્યું. તેના વંશમાં આરવા થયા. ત્યાં નદીમાં પાણીને તળીયે બેઠેલા બકદાન ઋષિએ આ સર્વ સમાધીથી જાણી પાણીથી બહાર આવી યમરાજની સ્તુતિ સત્કાર કર્યા.

બકદાન ઋષિએ ત્યાં આશ્રમ બાંધી વાસ કર્યો. પછી યમરાજે વિમાન લઈને અશ્વપટ સરોવરકાંઠે કુંકંમવાપીક્ષેત્ર આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી મંત્ર ગ્રહણ કરી, વૈષ્ણવ થઈ શ્રીહરિની આજ્ઞાથી અશ્વપટ સરોવરકાંઠે વાસ કર્યો. નારદ, સનત્, સાથે રુદ્ર, રુદ્રગણ સાથે અશ્વપટ સરોવરકાંઠે પોતાના આવાસો બાંધી વાસ કર્યો. બોંતેર હજાર બ્રહ્માની પુત્રીઓ તે કંભરાલક્ષ્મીને ગોપાલકૃષ્ણને પગે લાગી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી. તે લોમશ ઋષિના આશ્રમમાં શ્રીહરિની આજ્ઞાથી વાસ કરતી હતી અને તે દિવ્ય વિમાન ગોકુલકૃષ્ણના બગીચામાં રહેતું હતું. આ કથા જે વાંચશે, સાંભળશે તેના વિઘ્નો નાશ પામશે. પુણ્યવાન થશે. મલિનતા નષ્ટ થશે અને યમદૂતોનો ભય નહીં રહે.

અધ્યાય - ૫૮

❖ આરબીજ દેશના રક્તબીજ અસુરની કથા ❖

શ્રીરાધા કહે : તે રક્તબીજ અસુર કોણ હતો ? શ્રીકૃષ્ણ કહે : પૂર્વે પ્રલય સમયે જીવરૂપી બીજ વહાણમાં ભર્યા હતા અને ભગવાને મત્સ્ય અવતાર ધારણ કરી જીવોનું રક્ષણ કરતા હતા. ત્યારે એક મોટો માછલો જીવોને ખાવા આવ્યો ત્યારે પ્રભુએ સુદર્શનથી તેને કાપી નાખ્યો. તેના લોહીના છાંટામાંથી રક્તબીજ થયા તે સર્વે રક્તબીજો રાક્ષસો અને દૈત્યો દશ હજાર થયા. તેનો રાજા તે રક્તબીજ મહાઅસુર થયો. તે સર્વેનો યમરાજાએ નાશ કર્યો. તે અસુર ભવિષ્યમાં ધંધુ નામે મહાઅસુર થશે, તે સ્વર્ગ, મૃત્યુ, પાતાલ, ત્રિલોકી જીતી ઈન્દ્ર થશે. તેના ભયથી દેવો સત્યલોકમાં જશે. પછી ધંધુ શુક્રાચાર્યને પૂછશે કે, સત્યલોકમાં કેમ જવાય. ત્યારે શુક્રાચાર્ય કહેશે, પૂર્વે ઈન્દ્ર સો વાજીમેધ યજ્ઞો કરવાથી સ્વર્ગમાં ગયો માટે તું સો વાજીમેધ યજ્ઞ કર. પછી ધંધુ શુક્રાચાર્યને બોલાવી યજ્ઞો કરશે, ત્યારે બ્રહ્મા ઈન્દ્ર વગેરે દેવો ક્ષીરસમુદ્રમાં પ્રભુ પાસે જઈ કહેશે, હે પ્રભુ આ ધંધુ અસુર યજ્ઞ કરી સત્યલોકને જીતવા ઈચ્છે છે. ત્યારે ભગવાન કહેશે તમે તમારા સ્થાનમાં જાવ. હું તે અસુરનો જીતવા જાઉં છું. એમ કહીને પ્રભુ વિપ્ર વામનરૂપ ધારણ કરી યજ્ઞ પાસે જશે. ત્યાં રહેલા સર્વે પૂછશે તમે કોણ છો, તમારે શું જોઈએ, ત્યારે વામન કહેશે મારા પિતા મરણ પામ્યા. મારામોટા ભાઈએ મને કાઢી મૂક્યો. હું બ્રાહ્મણ છું. ગતિભાસ મારું નામ છે. કોઈ મને આશરો આપે, ત્યાં મારે રહેવું છે એમ માની ફરું છું. ત્યાં અહીં યજ્ઞ થાય છે એવું સાંભળીને આવ્યો છું. તમારામાં કોઈ ઈન્દ્ર જેવો હોય તો મારી ઉપર દયા કરી મને આશ્રય આપો.

વામનનું વાક્ય સાંભળી વિપ્રો ધુંધુ પાસે જઈ સર્વ વામનની વાત કરશે. ધુંધુ પોતાના વખાણ સાંભળી ધન, વાહન, દાસ-દાસી ભોજન, વગેરે સર્વે મોકલશે. પણ ગતિભાસ વામન કંઈ પણ ગ્રહણ નહીં કરે અને ધુંધુ પાસે માત્ર ત્રણ પગલાં પૃથ્વી માંગી વૈરાટ રૂપ ધારણ

કરી એક પગલાંમાં પૃથ્વી, બીજા પગલાંમાં સ્વર્ગ લઈ, ત્રીજા પગલાંથી અસુરને પાતાલમાં લઈ જઈ સ્વર્ગનું રાજ્ય દેવોને આપી અદૃશ્ય થશે. ફરી જ્યારે શંકર અંધકાસુરને મારશે ત્યારે ભગવાન સુદર્શન ચક્રથી ધંધુનો નાશ કરશે. રાધા કહે : પ્રભુ, વિષ્ણુના ચક્રથી મરેલો માછલો તે પવિત્ર ન થયો અને તેના લોહીમાંથી રાક્ષસો કેમ થયા ? શ્રીકૃષ્ણ કહે : ચક્રથી નાશ પામેલો મત્સ્ય તે પછી તેના પાપ નાશ થવાથી ઈન્દ્ર થયો. પછી પૃથ્વીમાં સ્વર્ણાંગદ નામે રાજા વૈષ્ણવભક્ત થયો તે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહાન ભક્ત થઈને ભક્તિ કરી ભગવાનના ધામમાં ગયો. વંશનો નાશ કરનારા, બીજનો નાશ કરનારા, ઈંડા માંસ ખાનારા, ગર્ભનો નાશ કરનારા, આ સર્વે રાક્ષસો કહેવાય છે.

પૂર્વે પાર્વતી દેવીએ પુત્રની ઇચ્છાથી શંકર પાસે પુત્રની માંગણી કરી ત્યારે દેવોએ વિઘ્ન કરવાથી પાર્વતીએ દેવોને શાપ આપ્યો, તમે પણ પુત્ર વિનાના થશો. તમારી પત્નીઓ પણ ગર્ભ ધારણ નહીં કરી શકે. તેથી ઋતુદાનનું પુણ્ય મહાન છે. તેથી વંશદાનનું પુણ્ય મહાન છે. નિર્વંશનો ઉદ્ધાર થતો નથી.

અધ્યાય - ૫૯

❖ ભાલ દેશના સુધન વણિક અને પ્રેત અંતે પ્રભુના ધામમાં ગયા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ચરિત્ર કહું. ભાલ દેશનો સુધન વણિકને સૌરાષ્ટ્રમાં યાત્રાએ આવતા રસ્તામાં ચોર લોકોએ લૂંટી લીધો. તે એક વૃક્ષ નીચે વિરામ કરતો હતો. ત્યાં એક પ્રેત આવ્યો. વણિકને પૂછ્યું, તું કોણ છો ? વણિકે સર્વે લૂંટાયાની વાત કરી. પ્રેતે કહ્યું, સર્વને કર્મ પ્રમાણે સુખ-દુઃખ આવ્યા જ કરે છે. ક્યારેક શ્રીમંત થાય, ક્યારેક રંક થાય. માટે શોક ન કર, ત્યાં પ્રેત માટે આકાશમાંથી ભોજન આવ્યું. એટલે વણિકે પૂછ્યું, તું કોણ છો ? પ્રેત કહે : હું ગયા જન્મમાં એક શેઠનો રસોયો-બ્રાહ્મણ હતો. શેઠે દાન કરવાની છૂટ આપી, ખૂબ ધન આપતો પણ હું લોભી કોઈને દાનમાં કાંઈ ન આપતો. એકવાર સૂર્યગ્રહણમાં શેઠે લાખો રૂપિયાનું દાન આપ્યું અને મેં લાજશરમે એક બ્રાહ્મણને સિદ્ધાની થાળી આપી એક ધોતિયું આપ્યું. તે પુણ્યે અત્યારે મને અન્ન-વસ્ત્ર મળે છે, પણ અતિ લોભથી કોઈને દાન ન દીધું તેથી હું પ્રેત થયો છું, પણ હે વણિક અત્યારે અશ્વપટ સરોવરકાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયેલા છે. ત્યાં ભાદ્ર શુક્લ એકાદશીએ મારા નામે શ્રદ્ધા તર્પણ કરી દાન કરજે એમ કહીને વણિકને ઘણું ધન પ્રેતે આપ્યું. વણિકે કુંકુમવાપી આવી પ્રેતશ્રાદ્ધ કરી દાન કર્યા. ત્યાં વિમાન આવ્યું. પ્રેત પ્રભુનું ચરણામૃત પીને ગોલોક ધામમાં ગયો. તે વણિક પણ લોમશ ઋષિ પાસે મંત્ર ગ્રહણ કરી ભજન કરી અંતે પ્રભુના ધામમાં ગયો.

અધ્યાય - ૬૦

❖ ઉદયપુરના ધીરવીર સરોવરમાં ડુબતા મનુષ્યોનું પ્રભુ દ્વારા રક્ષણ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ઉદેપુરનો ઉદય રાજા ધાર્મિક અને ભગવાનનો ભક્ત હતો. તે એકવાર ધીરવીર સરોવરમાં સ્નાન કરી આર્યાયન ઋષિના આશ્રમમાં આવી પગે લાગી બેઠો. ઋષિએ રાજાને ઉપદેશ આપી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપ્યો. રાજા ઘેર આવી મંત્ર જપ કરતો હતો. ત્યાં શુલ, મીન, ધ્વજ, ધનુષ, ચક્ર, સ્વસ્તિક ચિહ્નોથી શોભતા, રાધા, લક્ષ્મી, પ્રભા, પાર્વતીથી સેવાયેલા મોરલીમનોહર પ્રભુએ દર્શન દીધા. પડખે કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણના દર્શન થયા તથા અશ્વપટ સરોવર, કુંકુમવાપી, લોમશ આશ્રમ વગેરે મૂર્તિમાં દર્શન કરીને રાજા અતિ આશ્ચર્ય પામીને સ્તુતિ કરવા લાગ્યો. એકરૂપે, અનેકરૂપે, ગુપ્તરૂપે રહેલા હે પ્રભુ તમને નમસ્કાર. અનેક ચિહ્નોવાળા, અનેક અવતારોને ધારણ કરનારા, દૈત્યોનો નાશ કરનારા, ભક્તોનું રક્ષણ કરનારા, એવા પુરુષોત્તમ નારાયણ તમને નમો નમઃ પોતાના ભક્તોને તથા શરણે આવેલા આત્માઓને ધામમાં લઈ જનારા, હે પ્રભુ તમને નમો નમઃ.

રાજાની સ્તુતિથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : રાજા ઋષિના યોગથી મારા મંત્ર જપથી તને મારું દર્શન થયું. તેથી આ નદી અને ધીરવીર સરોવર મહાતીર્થ થશે અને તે સ્તુતિ કરી, તે સ્ત્રોતનો જે પાઠ કરશે તેની પણ મુક્તિ થશે. તે સમયે અતિ વરસાદ થવાથી નદીમાં પાણી બહુ આવવાથી ઘણા માણસો ડુબવા લાગ્યા. રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુનું સ્મરણ કર્યું. તરત પ્રભુ વહાણ લાવી સર્વે ડૂબતા મનુષ્યોનું રક્ષણ કર્યું.

અધ્યાય - ૬૧

❖ શ્રીહરિના ચરણામૃતના પ્રતાપથી ક્રૂરસિંહ રાક્ષસનો સ્વર્ગવાસ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ઉદયપુરના રાજા ચાતુર્માસમાં ખંભાત તીર્થ કરવા ગયા. ત્યાં અતિ વરસાદ થવાથી મહી નદીમાં પુરમાં બસ્સો માનવો તણાવા લાગ્યા. ઉદય રાજાએ પ્રાર્થના કરી, હે પ્રભુ અમારું રક્ષણ કરો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ આવી સર્વને વહાણમાં બેસાડી કાંઠે ઉતાર્યા. પછી દિવ્ય વિમાનમાં સર્વને બેસાડી સ્તંભતીર્થ, ગોપનાથ, ચમત્કાર પુર વગેરે તીર્થો કરાવી, અશ્વપટ સરોવર, કુંકુમવાપી ક્ષેત્ર આવ્યા. વિમાન અદૃશ્ય થયું. યાત્રિકો આશ્ચર્ય પામ્યા. પછી કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણના દર્શન કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી ભોજન પ્રસાદ ગ્રહણ કરી લોમશ ઋષિ પાસેથી સર્વેએ મંત્ર ગ્રહણ કર્યા. લોમશ ઋષિએ કહ્યું, આ પ્રભુ સર્વત્ર વ્યાપક છે. તેનું સ્તોત્ર બોલવાથી સંસારથી રક્ષા કરે છે.

કવચસ્ત્રોત - બાલકૃષ્ણ પ્રભુ ચક્રથી મારું પૂર્વમાં દિશામાં રક્ષણ કરો. ગદાધર પ્રભુ મારું દક્ષિણમાં રક્ષણ કરો. સારંગ પાણી પ્રભુ પ્રશ્ચિમમાં મારું રક્ષણ કરો. ઋષિકેશ જનાર્દન પ્રભુ ચારે ખૂણામાં મારું રક્ષણ કરો. વરાહ પ્રભુ પૃથ્વીમાં મારું રક્ષણ કરો. નરસિંહ પ્રભુ આકાશમાં મારું રક્ષણ કરો. સુદર્શન ચક્ર, ભૂતપ્રેત, પિશાચ રાક્ષસોનો નાશ કરો. ગદા નિશાચરોનો નાશ કરો. શાંર્ગ કુષ્માંડનો નાશ કરો. શંખ, દૈત્યો, દુષ્ટો, સર્પો, સિંહ, વાઘ, ઝેરી પ્રાણીનો નાશ કરો. પદ્મ દુર્ગંધનો, શત્રુનો, વૈરવૃત્તિનો નાશ કરો. શ્રીહરિના કિર્તનથી મારી ઈન્દ્રિયો, અંતઃકરણ, દેહ પવિત્ર થાવ. "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" એ મંત્ર અને સ્તોત્ર બોલવાથી પ્રભુ સર્વત્ર રક્ષણ કરે છે.

પૂર્વે વટાસીનપુરમાં ક્રૂરસિંહ રાજા અધર્મી અને હિંસક હતો. સર્વની નિંદા કરી સર્વને પીડા કરતો. તે મરીને ઘોર વનમાં રાક્ષસ થયો અને પશુ-પક્ષી મનુષ્યનું ભક્ષણ કરતો. એકવાર નર્મદા કાંઠે જીતશ્રવા બ્રાહ્મણ જતો હતો. તેને રાક્ષસ ખાવા દોડ્યો. વિપ્ર રક્ષાસૂત્ર સ્તોત્ર બોલવા લાગ્યો. તેથી રાક્ષસ જડ જેવો થઈ ગયો. બ્રાહ્મણ આખો દિવસ જપ કરતો બેઠો રહ્યો. પ્રભુના નામમંત્ર સાંભળવાથી રાક્ષસની બુદ્ધિ નિર્મળ થઈ. તેણે બ્રાહ્મણને કહ્યું, મેં પૂર્વે જન્મમાં આજન્મે અનંત પાપ કર્યા છે મારો ઉદ્ધાર કરો. બ્રાહ્મણ કહે : અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા છે. ત્યાં જા. તો તારા પાપ બાળીને મોક્ષ કરશે. રાક્ષસ આકાશમાર્ગે કુંકુમવાપી આવ્યો. વ્યાઘ્રારણ્યમાં દશ દિવસ એકવાર આહાર કરતો. એકવાર આહાર ન મળવાથી બ્રાહ્મણે બ્રહ્મચારી બ્રહ્મપ્રકાશને પકડ્યો. બ્રહ્મચારી કહે : મને કેમ પકડ્યો. રાક્ષસ કહે : મને દસ દિવસ થયા ખાવા મળ્યું નથી. તેથી તને પકડ્યો છે. કાં મને ખાવા દે કાં મારો આ રાક્ષસના દેહથી ઉદ્ધાર કર. બ્રહ્મચારી કહે : શ્રીહરિની શરણાગતિ મંત્ર લેવાથી તેનો જપ, ભજન, ભક્તિ, સ્તુતિ કરવાથી સર્વનો ઉદ્ધાર થાય છે. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર અને રક્ષા સ્તોત્ર ગ્રહણ કર. એમ કહીને લોમશ ઋષિ પાસેથી મંત્ર અપાવી શ્રીહરિનું ચરણામૃત પાયું. ત્યાં રાક્ષસનો દેહ પડી ગયો અને દિવ્ય દેહ ધારણ કરી આકાશમાર્ગે સ્વર્ગમાં ગયો.

અધ્યાય - ૬૨

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો આઠમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ઉદયન રાજા તથા બસો નર-નારીઓ, કુંકુમવાપીમાં ચાતુર્માસ વાસ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન, ભક્તિ, જપ, તપ, કરતા હતા. ત્યાં બાલકૃષ્ણ પ્રભુનો આઠમો જન્મજયંતિ મહોત્સવ આવ્યો. તેમાં પિતા ગોપાલકૃષ્ણે સાધુ, વિપ્રો, બાળકો, અનાથ અતિથિઓને ભોજન આપી. દાન-દક્ષિણાઓ આપી. તે સમયે દેશાંતરથી આવેલા અંધ બહેરા, મુંગા, કાણા, લુલા, લંગડા, કુઠા, રોગી, દુઃખી સર્વેને અનાદિશ્રીકૃષ્ણનારાયણ

ભગવાને ભોજન કરાવી સાકર પ્રસાદી આપી. સર્વના શરીરે સ્પર્શ કરી સર્વના દુઃખ, રોગને મટાડ્યા અને સુખીયા કર્યાં. ત્યારે કેટલાક ષંઢ, નપુંસકો ત્યાં આવ્યા. તેમને શ્રીહરિએ અશ્વપટ સરોવરમાં સ્નાન કરવાનું કહ્યું. તે સર્વે અશ્વપટ સરોવરમાં સ્નાન કરવાથી નર-નારી જાતિવાળા થયા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરવા લાગ્યા. હે અક્ષરપતિ, મુક્તપતિ, અનેક ધામનાપતિ, ગોપીપતિ તમને નમો નમઃ જડ-ચેતન, સ્થાવર, જંગમ, જીવનપ્રાણી માત્રમાં રહી સર્વને સુખ આપનારા તમને નમો નમઃ એવી રીતે સ્તુતિ કરી.

સર્વે નરનારી તથા આર્યાયન ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી. પછી બાલકૃષ્ણ પ્રભુએ દિવ્ય વિમાનમાં બેસાડી ઉદયનરાજા ઋષિ તેના બસ્સો કુટુંબ સેવકોને ઉદયપુર પહોંચાડ્યા. તે રાજા સદા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જપ કરતા કરતા અંતે મુક્તિમાં શ્રીહરિના પરમધામમાં ગયો તથા હજારો લાખો ભક્તો ચાતુર્માસમાં અશ્વપટ સરોવરમાં સ્નાન કરવા આવતા તેને શ્રીહરિ સાક્ષાત્ દર્શન આપી આયુષ્ય પૂર્ણ થાય ત્યારે ધામમાં લઈ જતા હતા.

અધ્યાય - ૬૩

❖ પ્રભુએ સમુદ્રમાં કુર્મરૂપ ધારણ કરી વણિક કુટુંબની રક્ષા કરી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ આઠમે વર્ષે ભક્તોની રક્ષા કરી તે કથા કહું. નર્મદા કાંઠે ચંદ્રોદયપુરનો વણિક વૈષ્ણવધર્મ પરાયણ હતો. નદી કાંઠે શતાનંદ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચતા હતા. તેમાં અનેક ચિહ્નોવાળા અનાદિશ્રીકૃષ્ણનારાયણ કુંકુમવાપી પ્રગટ થયા છે. તેવું કથામાં સાંભળી વસુમેધ વણિક કુટુંબ સાથે સૌરાષ્ટ્ર યાત્રાએ નીકળ્યો. ગોપનાથ, સોમનાથ, દ્વારકા, ચમત્કારપુર, નારાયણ સરોવર વગેરે તીર્થો કરી સોમનાથ સમુદ્રમાં વહાણમાં બેસી જતા હતા. ત્યાં સમુદ્રનું તોફાન, વાવાઝોડું થયું. વહાણ વાંકુત્રાંસુ થવા લાગ્યું. વહાણમાં પાણી ભરાયું ત્યારે વણિકે કથામાં સાંભળેલા બાલકૃષ્ણ પ્રભુની સ્તુતિ સ્મરણ કરવા લાગ્યો. હે પ્રભુ અમે તમારે દર્શને આવીએ છીએ તમે અમારું રક્ષણ કરો. હે પ્રભુ અમે તમારે શરણે આવેલા છીએ. તરત અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ કુર્મરૂપ ધારણ કરી વહાણ નીચે રહી વહાણને સ્થિર કરી દીધું. પછી વાવાઝોડાને શાંત કરી વહાણને પોતે ચલાવી કાંઠે લાવી પાણીમાં પડી ગયેલા વીસ માનવોને કાઢીને સજીવન કર્યાં.

પછી તે વણિક કુટુંબ પ્રાચી પીપળે દર્શન કરી અશ્વપટ સરોવરકાંઠે કુંકુમવાપી આવી બાલકૃષ્ણ પ્રભુના દર્શન કરી સ્તુતિ કરવા લાગ્યા, હે પ્રભુ તમે સર્વનું રક્ષણ કરનારા છો સર્વત્ર રહેલા છો. ધામમાં દિવ્ય કિશોર સ્વરૂપે રહેલા દિવ્ય વસ્ત્ર અલંકારોને ધારણ કરનારા તમને નમો નમઃ હે પ્રભુ આજ તમારા પ્રત્યક્ષ દર્શન કરી હું અને મારું કુટુંબ ધન્ય થયા

છીએ. એમ કહી પ્રભુની પૂજા કરી, નૈવેદ્ય ધરી, આરતી ઉતારી. પછી પ્રભુએ પ્રસાદી વણિક કુટુંબને આપીને લોમશ ઋષિ પાસે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" એ મંત્ર અપાવી કહ્યું, તમે પતિ-પત્ની ભોજન કરજો. આજથી અગિયારમે દિવસે તમને ધામમાં લઈ જઈશ. એ રીતે ધામમાં લઈ ગયા. પછી તેના કુટુંબીઓ ઔધ્વ દૈહિક ક્રિયા કરી, પ્રભુઆજ્ઞાથી ઘેર ગયા.

અધ્યાય - ૬૪

❖ સૌરાષ્ટ્રનાં ગોપનાથ તીર્થનું મહાત્મ્ય ❖

શ્રીરાધા કહે : પ્રભુ, તમે ગોપનાથ તીર્થ કહ્યું તે ક્યારે થયું ? શ્રીકૃષ્ણ કહે : સૃષ્ટિની શરૂઆતમાં મેં મારા મુગટનો મણિ જ્યાં મૂક્યો તે સૌરાષ્ટ્રમાં સમુદ્ર કાંઠે મેં તારી સાથે ગોપ-ગોપી, ગાયો સાથે ત્યાં વાસ કર્યો. ત્યાં વિષ્ણુ અને શંકર આવ્યા. સનતકુમાર વિગેરે ઋષિઓ આવ્યા. ત્યાં શંકર અને વિષ્ણુની પૂજા કરી સર્વે ગોપગોપીઓ, તેં અને મેં ત્યાં તેમની સ્થાપના કરી. તેથી ગોપનાથ તીર્થ થયું છે. ત્યાં બ્રહ્મા આવ્યા. પૃથ્વી અને મેરૂ પર્વત આવ્યા. તે બંનેએ પુત્ર માટે પ્રાર્થના કરી. એટલે મેં સૌરાષ્ટ્રમાં મેરૂધર ગોપ નામે અવતાર લીધો અને રાધા તેં ક્ષમાદેવી ગોપીનો અવતાર લીધો અને સોમનાથ પાસે વાસ કર્યો. પછી ગોપ-ગોપી-ગાયો સાથે અને મેરુધર ક્ષમા દેવી સાથે શંકર અને વિષ્ણુ સમુદ્રકાંઠે આવ્યા. ત્યાં શંકર ગોપનાથ નામે પ્રસિદ્ધ થયા અને વિષ્ણુ ગોપીશ્વર થયા. તે સર્વેથી પહેલું તીર્થ સૌરાષ્ટ્રમાં થયું.

અધ્યાય - ૬૫, ૬૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો વૈશાખ સુદ ત્રીજમાં યજ્ઞોપવીત મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને આઠમે વર્ષે વૈશાખ માસમાં લોમશ ઋષિ ગોપાલકૃષ્ણને કહે : આ બાલકૃષ્ણ હવે ઉપવિત આપવાને યોગ્ય થયા છે. જે વેદના પ્રણેતા છે. જેણે બ્રહ્માને સર્વ સૃષ્ટિનું જ્ઞાન આપી સર્વ ધર્મ સમજાવ્યા છે. જેના સ્પર્શથી નરનારી પવિત્ર થાય છે. જેના સ્પર્શથી વૃક્ષવેલી, પશુ-પક્ષી, ભૂતપ્રેત, પિશાચ સર્વે શુદ્ધ થાય છે. તે પ્રભુ પણ આ લોકની રીતિ પ્રમાણે જનોઈ લઈને દ્વિજપણાને પામે છે. પિતા ગોપાલકૃષ્ણે આમંત્રણ પત્રિકા લખી મારા પુત્રને વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતીયાને દિવસે ઉપવિત આપવાની છે તો સહકુટુંબ સાથે પધારજો.

પ્રભુના પાર્ષદોને પત્રિકાઓ લઈને સર્વસૃષ્ટિઓમાં, સર્વ ધામોમાં મોકલ્યા. સર્વ અવતારો મુક્તો, મુક્તાનીઓ સાથે આવજો, સર્વ ઈશ્વરો-ઈશ્વરાણી, પાર્ષદો-પાર્ષદાણીઓ, સેવકો સાથે આવજો, સર્વે દેવો, વિદ્યાધરો, ગાંધર્વો, ચારણો, કિન્નરો કુટુંબ સાથે પધારજો.

ઋષિ-મુનિઓ, યતિ, બ્રહ્મચારીઓ, સાધુ-સાધ્વીઓ, સર્વે મારા પુત્રના યજ્ઞસૂત્ર ઉત્સવમાં આવી અને આશિર્વાદ આપશો. પછી અક્ષરધામના મુક્તોએ બ્રહ્મધામના, ગોલોકના, વૈકુંઠના, અમૃતધામના, ઈશ્વરલોક, સત્યલોકના વગેરે સર્વલોકના મહેમાનો માટે ભક્ષ્ય ભોજન, લેહય, ચોસ્ય વગેરે ખાવા-પીવાની દિવ્ય સામગ્રીઓ તેના ગંજના ગંજ કરતા હતા. તથા સર્વ લોકમાંથી રસોઈના પાત્રો આવતા હતા. આસન, પાગરણ, જમવાના પાત્રો વગેરે સર્વ ત્યાં આવતાં હતાં. ઘી, મધ, દહીં, રસ, અમૃતના કુંડો ભર્યા હતા. ગોળ, સાકરના પર્વતો કર્યા હતા તથા દાન ભેટ આપવા સોના-ચાંદીના રૂપિયાના પર્વતો કર્યા હતા. હીરા, મોતી, રત્નો, વસ્ત્રો, અલંકારોના ગંજ કર્યા હતા. તે સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિનારાયણ સર્વભક્તોને સંભારતા હતા. વૈશાખ સુદ ત્રીજે સવારે સર્વલોકના વાસી મહેમાનો આવ્યા. મુક્તો, અવતારો, ઈશ્વરો, સર્વદેવો, ચૌદલોકના વાસી, સ્થાવર જંગમ સર્વે તીર્થો આવતા હતા. બ્રહ્મપ્રિયા, કૃષ્ણપ્રિયા, દેવપ્રિયા, બ્રહ્મકન્યા, ઋષિકન્યા, જલકન્યા, નાગકન્યા, રાજકન્યા, કુબેરકન્યા, વાયુકન્યા, ઋતુ કન્યા, વિશ્વકર્માકન્યા વગેરે કરોડો અબજો કન્યાઓ આવીને અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંગલ કિર્તનો ગાતી હતી.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને આઠમે વર્ષે ઉપવિત-જનોઈ આપી શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ઉપવિત મહોત્સવમાં દેશાંતરોથી અગણિત ઋષિઓ પત્નીઓ સાથે પધારતા હતા. તથા સાધુ-સાધ્વીઓ યતિ, બ્રહ્મચારીઓ, સતિ, યોગિનીઓ આવતાં હતાં. બ્રહ્મા સાવિત્રી સાથે, શંકર સતી સાથે ગણેશ, કાર્તિક, નંદી, યમ, વરુણ, કુબેર, ઈન્દ્ર વગેરે આવતા હતા. ગોપાલકૃષ્ણ સર્વેને દંડવત્, પ્રણામ, વંદન કરતા હતા. પછી પિતા ગોપાલકૃષ્ણ સર્વનો સત્કાર કરી કહે : આજ મારું મહાભાગ્ય છે. પરપુરુષોત્તમ નારાયણ મુક્તો સાથે મારે ઘેર વાસ કરે છે. અહોભાગ્ય જે મારે ત્યાં અવતારો, ઈશ્વરો, ધામધામના મુક્તો, વૈરાજનારાયણ, મહાવિષ્ણુ, બ્રહ્મા વગેરે સર્વે આવ્યા છે. ચૌદલોકના વાસી સર્વ દેવ-દેવીઓ આવ્યા છે. તેથી કંભરાલક્ષ્મી ધન્ય છે. અશ્વપટ સરોવર ધન્ય છે. કુંકુમવાપી ધન્ય છે. સૌરાષ્ટ્ર દેશ ધન્ય છે. જ્યાં પુરુષોત્તમ નારાયણ વાસ કરે છે અને તેના દર્શન કરવા પધાર્યા છે. આજ મારો જન્મ સફળ થયો. મારે ત્યાં બ્રહ્મસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, જીવસૃષ્ટિ સર્વ આવ્યા. એમ અભિવાદન કરી પિતા ગોપાલકૃષ્ણે સર્વેને યોગ્ય આસનો આપ્યા અને સર્વનું પૂજન કર્યું. પછી લોમશ ઋષિનું પૂજન કરી, ગણેશ સ્થાપન કરી સર્વ મંગલ માટે વિધિથી ગણેશ પૂજન કર્યું. પછી રાધા-લક્ષ્મી, શ્રી, માણિકી, પાર્વતી, પ્રભા, રમા, મંજુલા, હંસા, સગુણા, જયા, લલિતા, દયા તથા સતી, સાધ્વીઓની પૂજા કરી. માતા કંભરાલક્ષ્મીએ સર્વે દેવીઓની પૂજા કરી, પરસ્પર કુશળ સમાચાર પછી ભેટી મંદિરમાં ઉતારો આપ્યો તથા સર્વે કન્યાઓની પૂજા કરી.

પછી સર્વેની મહાસભા થઈ. તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણ પિતા સાથે સભામાં પધાર્યા. સર્વે અવતારો, ઈશ્વરો ઋષિ-મુનિઓએ સ્તુતિ પ્રાર્થના કરી, હે પ્રભુ તમે સાક્ષાત્ પરબ્રહ્મ બાલકૃષ્ણ સ્વરૂપે વિરાજમાન છો. તમે સર્વે અવતારોને ધારણ કરનારા છો. સર્વના સાક્ષી છો. સર્વ સૃષ્ટિઓના કારણ છો. નિર્લેપ છો, અમે સર્વે મહાવિષ્ણુ, વૈરાટ, ભૂમા, શેષનારાયણ, બ્રહ્મા વગેરે તમારી પાસે મચ્છર જેવા છીએ. અસંખ્ય બ્રહ્માંડો શેષનારાયણને આધારે રહે છે. શેષનારાયણ કૂર્મ પ્રભુને આધારે રહે છે. કુર્મ જલને આધારે, જલ તેજને આધારે. તેજ વાયુને આધારે. વાયુ ચીદાકાશને આધારે રહે છે. ચીદાકાશ અક્ષરને આધારે રહે છે. બ્રહ્મભાવ અને અક્ષર પરમેશ્વરમાં રહે છે. તે તમે પરબ્રહ્મ કંભરાસુત, ગોપાલ બાલરૂપે, અમારા સર્વના નયનગોચર વર્તો છો.

આ પ્રમાણે અવતારો ઈશ્વરોએ સ્તુતિ કરાયેલા બાલકૃષ્ણ પ્રભુએ અતિ તેજસ્વી સ્વરૂપે સર્વ અવતારોને દ્વિભૂજરૂપે દિવ્યદર્શન આપ્યા. પછી ઋષિ બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી. લોમશ ઋષિની આજ્ઞાથી બ્રાહ્મણોને દાન આપતા હતા. પછી વિષ્ણુ, શિવ, ગણેશ, પાર્વતી, સૂર્ય, અગ્નિ વગેરે દેવોનું પૂજન કરી પિતા ગોપાલકૃષ્ણ પુત્ર બાલકૃષ્ણને વસ્ત્રો પહેરાવી કટીસૂત્ર કૌપીન ઉપવિત આપતા હતા. અને લોમશ ઋષિ ત્રણ વાર ગાયત્રી મંત્ર બોલાવીને મૌંજીબંધન, ઉપવિત વગેરે પહેરાવતા હતા અને મુનિધર્મનો ઉપદેશ આપતા હતા. પછી સર્વ દેવીઓએ ભિક્ષા આપી, આશિર્વાદ આપ્યા. ત્યાં આવેલા સર્વ બાલકૃષ્ણને આશિર્વાદ આપતા હતા. કન્યાઓ જનોઈના ગીત ગાતી હતી. પછી પિતા એ ગોત્ર પ્રવર વેદશાખા શીખવતા હતા. ગોત્ર તમે પોતે છો. અક્ષર શ્રીકૃષ્ણ શ્રીનારાયણ આ ત્રણ પ્રવરો છે. તમારા મુખેથી નીકળેલો વેદ શામ છે. શાખા પત્નીવ્રત્ત દ્વિજ છે.

અધ્યાય - ૬૭

❖ પ્રભુનો દિવ્ય, ભવ્ય ભોજન સમારંભ - નારદજી દ્વારા પરાવિદ્યાનો ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જનોઈવિધિ પૂર્ણ થયા પછી ગુણાતિત મુક્તો તથા બ્રહ્મ કન્યાઓ ભોજન સમયે બ્રહ્મનાદ કરતા હતા. કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ આવેલા સર્વ મહેમાનોને મિષ્ટ ભોજન કરાવવાની તૈયારી કરાવતા હતા. અવતારો, ઈશ્વરો, મુક્તો મુક્તાનિકાઓની પંક્તિઓ થતી હતી. સર્વે ધામોમાંથી આવેલી દિવ્ય વસ્તુઓ, બ્રહ્મપત્નીઓ પીરસતી હતી. ઘી-દહીં-દૂધપાક, મધ, સાકર, ભાત-દાળ, મિષ્ટાન્ન, મોહનથાળ, માલપુડા, મોતીયા, મગજ, સુતરફેણી, સાટા, જલેબી, ઘેબર, પુરણપોળી, બુંદી, મૈસુબ, સેવ-ગાંઠિયા, ભજીયા ચટણી, શાકભાજી, સંભારા, અથાણા વગેરે દિવ્ય મિષ્ટ રસો પીરસતા હતા અને કંઠ સુધી ભોજન કરાવતા હતા. પછી જલપાન કરાવી, મુખવાસ આપી. સૌને ઉતારે મોકલ્યા. પછી બ્રહ્મા, વિષ્ણુ, શંકર વગેરે દેવ-દેવીઓને ભોજન કરાવ્યા પછી ઋષિ-

મુનિ, સાધુ, યતિ, બ્રહ્મચારી, સતિ, યોગિની વગેરેને ભોજન કરાવ્યા. પછી ચૌદલોકનાવાસી, સ્થાવર, જંગમ, સર્વેને યથાયોગ્ય ભોજન આપ્યા. અનેકવિધ ભોજનો જમી સર્વે તૃપ્તિ પામ્યા. જ્યાં સ્વયં શ્રી, લક્ષ્મી, કમલા, રમા વગેરે પીરસનારી હોય ત્યાં કઈ વસ્તુની કમી હોય. જ્યાં સ્વયં અગ્નિ રાંધનાર હોય, તૃપ્તિ પીરસનારી હોય, અક્ષરનું અમૃત ભોજન થતું હોય, ત્યાં શું કહેવાપણું હોય.

સર્વેને ભોજન કરાવી લોમશ ઋષિ, બાલકૃષ્ણ, ગોપાલકૃષ્ણ, કંભરાલક્ષ્મી કુટુંબ સાથે ભોજન કરતા હતા. બપોર પછી સર્વે દેવ-ઈશ્વરોની સભા થઈ તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ ગજાસને બેઠા પાસે માતા-પિતા બેઠા. તેની પાસે રાધા-લક્ષ્મી બેઠા. હાથમાં ચામર લઈને હેમંત-ભગવાન બંને પાર્ષદો ઊભા હતા. અવતારો અવતારિણી, ઈશ્વર-ઈશ્વરાણી, દેવો-દેવી, ઋષિ-મુનિઓ, માનવો, અસુરો સર્વ સભામાં આવ્યા. ગાંધર્વો ગાયન ગાતા હતા. અપ્સરાઓ નર્તકો નૃત્ય કરતા હતા. મલ્લો, યુદ્ધ કૌશલ્ય બતાવતા હતા. સિદ્ધ, ચારણો, વિદ્યાધરો, ભાટ વગેરે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રશંસા કરતા હતા. નારદ સનકાદિકો કહેતા હતા કે, આવો દિવ્ય ઉત્સવ ક્યાંય થયો નથી કે થશે નહીં.

જેણે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા આ બાલકૃષ્ણનું પૂજન કર્યું તેણે સમગ્ર જગતનું પૂજન કર્યું. જેના હાથમાં સાત ચિહ્નો છે. ચરણમાં ચોત્રીસ ચિહ્નો છે એવા બાલકૃષ્ણનું પૂજન કર્યું. તે મોક્ષનો ભાગીદાર થયો. જેણે આ પ્રભુને અંતઃકરણમાં રાખ્યા તે અનાદિશ્રીકૃષ્ણનારાયણના પરમધામનો અધિકારી થયો. બાલકૃષ્ણમાં પતિવ્રતાની ભક્તિ જે કરશે તે જ્યાં શ્રીહરિવાસ કરે છે, ત્યાં જશે. શ્રીનારદ કહે : યજ્ઞ, દાન, ધર્મ, કીર્તિ, સર્વ કરવા છતાં શ્રીહરિ ન મળ્યા તો શું કર્યું ? સર્વ નિષ્ફળ. જેને શ્રીહરિ મળ્યા તેનો જય, તેનો મોક્ષ, તેને સર્વે લાભ મંગળ થયા. કરોડો તીર્થોનું ફળ શ્રીહરિ છે. તે શ્રીહરિને નિત્ય સંભારનારાનો સર્વનો મોક્ષ થાય છે. એ પ્રમાણે નારદે સભામાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા કહીને બાલકૃષ્ણના કંઠમાં રત્નની માળા પહેરાવી. એવા આ પરમેશ્વરના શરીરમાં બારસો ઓગણ સિત્તેર ચિહ્નો છે. સર્વે અવતારો આ બાલકૃષ્ણની મૂર્તિમાં રહે છે તથા અનંત સૃષ્ટિઓ મૂર્તિમાં રહેલી છે. એમ નારદજી તે મહાસભામાં એટલું કહીને વિરામ પામ્યા. એ રીતે પરાવિદ્યાનો ઉપદેશ આપ્યો.

અધ્યાય - ૬૮

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુને સર્વએ દાન આપ્યા - પ્રભુએ દિવ્ય દર્શન આપ્યા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સર્વે પર પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે કુબેર, કલ્પવૃક્ષ, રમા, પૃથ્વી, ચિંતામણી પાસે ભેટો સર્વેને અપાવતા હતા. અવતારોને મુગટ, કુંડળો આપ્યા. મુક્તોને દિવ્ય માળા આપી. ઈશ્વરોને હાર આપ્યા. બ્રહ્માદિને સિંહાસનો

આપ્યા. પિતૃઓને અક્ષયપાત્રો આપ્યા. દેવોને રત્નોના હાર દીધા. દૈત્ય, દાનવ, અસુરોને વાહનો આપ્યા. માનવોને ધન આપ્યું. નાગને મણિ, પશુને ભોજન, પક્ષીને ફળ, ફૂલ, આપ્યા. વિપ્રોને રૂપિયા, સાધુ-સાધ્વીને વસ્ત્રો વગેરે દાન આપ્યા. સતીઓને વસ્ત્ર-અલંકારો સૌભાગ્યનું દાન આપ્યું. જેને જે ઇચ્છા હતી તેને તે વસ્તુ પ્રાપ્ત થઈ. સર્વે કર્મચારી, દાસ-દાસીઓને યથાયોગ્ય પારિતોષિકો આપ્યા. બહેન, પુત્રી, કન્યા, દેવીઓને યથાયોગ્ય વસ્ત્રધન આપ્યા. કંભરાલક્ષ્મીએ સર્વે સ્ત્રીઓને વસ્ત્ર આભૂષણો આપ્યા.

એ રીતે સર્વે ઋષિઓને લોમશ ઋષિ યથાયોગ્ય ધન આપતા હતા. બાલપ્રભુના બહેન સંતોક તે પણ સ્ત્રીઓને વસ્ત્રનું દાન આપતા હતા. પછી પિતા ગોપાલકૃષ્ણ સભામાં બોલ્યા, મારા પુત્રના જનોઈ મહોત્સવમાં આવેલા સર્વેને ધન્યવાદ આપું છું. મારાથી સેવામાં કાંઈ અધુરું રહ્યું હોય તો ક્ષમા માગું છું. તમે સર્વે મારે ત્યાં પધાર્યા તેથી હું યશભાગી થયો છું. પછી રાધાકૃષ્ણે અનાદિશ્રીકૃષ્ણનારાયણ, બાલકૃષ્ણની પૂજા કરી ગોપવેશ પહેરાવી મુગટ ધારણ કરાવી, બંસી હાથમાં આપી. ચિંતામણિ કામધેનુ ગાય આપી, પછી લક્ષ્મીનારાયણે બાલકૃષ્ણની પૂજા કરી મુગટ કુંડળ, શંખ, ચક્ર, ગદા, પદ્મ, ગરૂડ, વિમાન આપ્યા. વાસુદેવાદિ અવતારોએ પ્રભુની પૂજા કરી. પ્રગટ પુરુષોત્તમની મહાવિષ્ણુ, ભૂમાપુરુષ, વૈરાટનારાયણ, સદાશિવ વગેરેએ પૂજા કરી તિલક, ચાંદલો, સુવર્ણ મોતીના હાર પહેરાવ્યા. દિશાના દેવો બ્રહ્માદિ દેવોએ બાલપ્રભુની પૂજા કરી સુવર્ણપાત્રો, કળશ, કમંડલુ આપી પુષ્પહારો પહેરાવ્યા. ઋષિ-મુનિઓએ છત્ર, ચામર ધરાવ્યા. દેવોએ પ્રભુની પૂજા કરી વાહનો દીધા. સૂર્ય-ચંદ્રે બાલપ્રભુની પૂજા કરી મણિ, રત્નમાળા આપ્યા. સર્પોએ પૂજા કરી મણિ મોતી આપ્યા. દૈત્યો, દાનવો, અસુરોએ પ્રભુની પૂજા કરી વૈભવો આપ્યા. નદી, પર્વત, સમુદ્ર, તીર્થોએ પ્રભુની પૂજા કરી મણિઓ આપ્યા. સર્વે મનુષ્યોએ પૂજા કરી વસ્ત્રો આપ્યા. વૃક્ષવેલીએ પૂજા કરી સર્વ રસો આપ્યા. પછી સર્વે અવતારો, ઈશ્વરો વગેરેએ એકસો એક ઉપચારથી બાલકૃષ્ણનું પૂજન કરી આરતી ઉતારી પ્રદક્ષિણા કરી, સ્તુતિ કરી, નમસ્કાર કરી આસને બેઠા.

પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ કૃપા કરી સર્વેને પોતાના મૂળ સ્વરૂપના દર્શન કરાવ્યા. પ્રથમ પરમધામ દેખાડ્યું. મુક્તો-મુક્તાણીઓ બતાવ્યા. પછી પ્રભુના મસ્તકમાં અક્ષરધામ દેખાડ્યું તેના મુક્તો-મુક્તાણીઓ બતાવ્યા. ભાલમાં હજારો અવતારો દેખાડ્યા. જમણા નેત્રમાં ગોલોક, ડાબા નેત્રમાં વૈકુંઠ બતાવ્યા. નાસિકામાં મહાવિષ્ણુ, ભ્રૂકુટીમાં કાળ બતાવ્યો. બંને ગંડસ્થળમાં પ્રધાનપુરૂષ પ્રકૃતિપુરૂષ બતાવ્યા. મુખમાં વૈરાટ, દાંતોમાં સો મુખવાળા બ્રહ્મા બતાવ્યા તથા રુદ્રો તથા વિષ્ણુઓ દેખાડ્યા. દાઢીમાં આઠ આવરણના ઈશ્વરો, ચીબુકમાં લક્ષ્મી તે સર્વે બ્રહ્મસૃષ્ટિ બતાવી. પછી કંઠ નીચે કારણસૃષ્ટિ બતાવી. હૃદયમાં,

સ્તનમાં અનેક ધામો, અવતારો ઈશ્વરો બતાવ્યા. ઉદરમાં મહામાયા બતાવી. પડખામાં શ્રીલક્ષ્મી દેખાડ્યા. પેડુમાં ઈશ્વરાણીઓ દેવીઓ દેખાડ્યા, લિંગના મૂળમાં સત્યલોક વગેરે દેખાડ્યા. કેડમાં શેષ કચ્છપ બતાવ્યા. સાથળમાં દૈત્યો દાનવો, રોમમાં ઋષિ પિતૃઓ, પિંડમાં અસુરો, ગોઠણમાં મનુષ્યો, પગમાં સર્પો વગેરે દેખાડ્યા. બ્રહ્મસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, જીવસૃષ્ટિ આ ત્રણ પ્રકારની સૃષ્ટિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણની મૂર્તિમાં જોઈ સર્વે આશ્ચર્ય પામી, પુરુષોત્તમ માની અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જયઘોષ કરતા હતા. પછી સભાવિસર્જન કરી સૌ પોતાના સ્થાનમાં ગયા. આ અનાદિશ્રીકૃષ્ણનારાયણની જે કથા કહેશે, સાંભળશે, સ્મરણ, કરશે તે મોક્ષને પામશે.

અધ્યાય - ૬૯

❖ પ્રભુ કઈ સેવા - દાન અને આરાધનાથી પ્રસન્ન થાય ? ❖

શ્રીકૃષ્ણને રાધાજીએ પૂછ્યું : પ્રભુ, તમે કઈ સેવા આરાધનાથી પ્રસન્ન થાવ ? અને ક્યાં દાન-પુણ્યથી રાજી થાવ ? શ્રીકૃષ્ણ કહે : પ્રભુને પ્રસન્ન કરવા સર્વ દાન કરવા. જે વસ્તુ પોતાને પ્રિય હોય તે વસ્તુ પ્રભુને રાજી કરવા આપવી. શ્રદ્ધાથી ભક્તિથી ભગવાનને ઉદ્દેશીને જે દાન દેવાય છે, તેનું ફળ અક્ષય થાય છે. તે તિથિ શ્રેષ્ઠ છે જેમાં ભગવાન મળે અને સંતની સેવા થાય. સંતની પૂજાથી પરમેશ્વરની પૂજા થાય છે. સંતમાં જે ઈર્ષ્યા કરે તે હલકા જન્મને પામે છે. જે નર-નારી ભક્તિથી મન, વચન, કર્મથી મારી મૂર્તિરૂપ એવા સંતનું પૂજન કરે છે, ભોજનથી તૃપ્ત કરે છે, શરીર દાબવું વગેરે સેવા દાસ્યભક્તિ કરે છે, તે મને જ પ્રસન્ન કરે છે. ફળફૂલ પુષ્પહારથી સંતનું પૂજન કરવું. માઘમાં તલ અને કાષ્ઠદાન કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. ફાગણમાં ચોખા, વસ્ત્ર, મૃગચર્મદાન આપવાથી રાજી થાય છે. ચૈત્રમાં જીણાવસ્ત્ર, આસન, શય્યા આપવું. વૈશાખમાં ચંદન, ઘડો, ગાય, આપવી અને કથા સાંભળવી તેથી ધનસંપત્તિ, પત્ની, દુજાણું મળે છે. શ્રીહરિ દર્શન અને કથા શ્રવણથી સર્વે તીર્થોનું ફળ મળે છે. જેઠ માંસમાં ઠંડુ જલ, છત્ર, જોડા વગેરે આપવું. અષાઢમાં પંખો, દૂધ, સાકર, વસ્ત્ર આપવા. શ્રાવણમાં સર્વદાન આપવા. ભાદરવામાં દૂધપાક, નવું અન્ન, મીઠું, ગોળ, ચોખા, ઘી મધ આપવા. આસોમાં સુવર્ણ, અશ્વ, પોઠીયો, તામ્રપત્ર, દીપ આપવા. કારતકમાં મણિ, મોતી, મિષ્ટાન્ન આપવા. માગશરમાં વાહન આપવા. પોષમાં પ્રભુને પ્રસન્ન કરવા પ્રસાદ ખટ-રસ દાનમાં આપવા.

પ્રભુને પામવા જે કૃષ્ણ મંદિર કરે છે તે અક્ષરધામમાં જાય છે અને તેના આગળના પાછળના એકસો આઠ કુળનો ઉદ્ધાર થાય છે. પિતૃઓ પણ એવી ઈચ્છા રાખે છે કે અમારા વંશમાં કોઈ ભગવાનનો ભક્ત થાય, મંદિર કરાવે, જીર્ણોદ્ધાર કરાવે, રંગ કરાવે, ધોવે, વાળે તો તેથી અમારો ઉદ્ધાર થાય.

પૂર્વે મનુરાજા થયો, તેણે કુંકુમવાપીમાં દેવાલયો કરાવ્યા અને ધનસંપત્તિ આપી, પૂજન, નૈવેદ્ય, દીપ કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી અને કૃષ્ણનારાયણની ભક્તિ કરી અંતે પત્ની સાથે અક્ષરધામમાં ગયો. એ રીતે જયામધ રાજા પણ પરાભક્તિ કરી પરમપદ પામ્યો. માટે હે રાધા, તું પણ મારું મંદિર કરી મારી પૂજા કરી મારા આશ્રયે રહેલા સાધુ-સાધ્વી, બ્રહ્મચારી, મારી ભક્તિ કરાવનારા, મારી કથા કરનારા વક્તા તેની અન્ન, જલ, ભોજન-પાન, વસ્ત્ર, વાહનથી સેવા પૂજા કરી મને પ્રસન્ન કર. શ્રીકૃષ્ણ પ્રભુના કહેવાથી રાધિકાએ ગોલોકમાં મહામંદિર કરાવી તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ પધરાવી પ્રતિષ્ઠા કરી અને સર્વે સેવા જાતે કરવા લાગ્યા. મંદિર વાળવું લીપવું ધોવું મૂર્તિને શણગાર ધરાવવાં, ભોજન, દૂધ, સાકર ધરાવવા, ધુપ-દીપ આરતી પ્રદક્ષિણા સ્તુતિ, નમસ્કાર, કિર્તન ઉત્સવ વગેરે નવધા ભક્તિ કરતા હતા. એવી રીતે રાધાજીની ભક્તિથી રાજી થઈને કૃષ્ણ કહે : હે રાધા, જેનું હું તથા સર્વે અવતારો ધ્યાન કરીએ છીએ. તે મૂળ સ્વરૂપ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણની ભક્તિ તારે સદા કરવી. તે પરબ્રહ્મ નારાયણ ગુરુમાં સદા વાસ કરે છે. તે પરંપરાથી જનોમાં પ્રવર્તેલું છે. તેથી ગુરુ, સંત પુરુષની સેવા કરવાથી, માયાના દોષથી રહિત થઈને, જન્મ જન્માન્તરોના પાપો નષ્ટ થાય છે અને આત્મા નિર્મળ થવાથી ભક્તિવાળો, જ્ઞાનવાળો થવાથી પરબ્રહ્મનો કૃપાપાત્ર થાય છે અને પ્રભુ પાસે વાસ કરે છે.

અધ્યાય - ૭૦

❖ જયામધ રાજાના પૂર્વના છ જન્મોની કથા ❖

શ્રીરાધાજીએ પૂછ્યું : પ્રભુ, જયામધ રાજાનું પૂર્વજન્મનું વૃતાંત કહો અને તેનો મોક્ષ કેમ થયો ? શ્રીકૃષ્ણ કહે : પૂર્વે ધનુમધ ઋષિનો પુત્ર કૌશિક થયો. તેનો પુત્ર જયામધ થયો. તે જડ જેવો હતો. તેના પિતાએ ભણવાનું કહ્યું. તેણે ભણવામાં ધ્યાન ન દેવાથી, પિતાએ માર્યું અને પૂછ્યું, તું કેમ ભણતો નથી ? જયામધ કહે : હું પૂર્વ જન્મમાં જ્યોતિષ જાણનારો હતો. નરનારીઓની હસ્તરેખા જોઈ મોહમાં પડ્યો અને મરણ પામ્યો. સંસારની વાસના રહેવાથી વાઘનો જન્મ આવ્યો. રાજાએ પાળીને રાખ્યો. તે એકવાર રાણી સાથે રજોગુણમાં જવા ગયો, ત્યાં રાજાએ આવી મારી નાખ્યો. વાસનાથી કુંભારને ત્યાં ગધેડાનો જન્મ આવ્યો. એકવાર કુંભાર પત્ની નદીમાં નહાતી હતી, તેને જોઈ હું રજોગુણમાં આવી તેની પાસે ગયો. ત્યાં કુંભારે લાકડી મારી, મારું મરણ થયું. ફરી વાસનાથી પોપટનો જન્મ આવ્યો. વણિક પુત્રીએ મને પાળ્યો. ત્યાં પણ રજોગુણથી મરણ થયું. પછી બળદનો જન્મ આવ્યો. ત્યાં પણ તે જ રીતે મરણ થવાથી મેં તમારે ત્યાં જન્મ લીધો છે.

હે પિતાજી મને પૂર્વના છ જન્મનું જ્ઞાન છે કે, મારે વારંવાર જન્મો કેમ લેવા પડ્યા. માટે આ જન્મે હું જાણીને અંધની જેમ દેખતો નથી. મુંગાની જેમ બોલતો નથી. બહેરાની

જેમ કાંઈ સાંભળતો નથી. જીવાત્મા જ્યારે પૂર્વ જન્મનું સ્મરણ કરે, ત્યારે પાપથી પાછો વળે છે. દાન, તપ, ધર્મ, યશ, ચોરી, હિંસા, ક્લેશ આ સર્વે પૂર્વ અભ્યાસને વશ છે. માટે હે પિતાજી, હું વનમાં જઈ તપ કરી પૂર્વના પાપનો ક્ષય કરીશ. એમ કહીને બદ્રીકાશ્રમ તપ કરી પાપ નષ્ટ થવાથી શુભ વાસનાથી શ્રી નગરના કર્કમધ રાજાને ત્યાં જન્મ લીધો અને જયામઘ નામે પ્રસિદ્ધ થયો. પણ પૂર્વ સંસ્કારથી કાંઈ બોલે નહીં. તપસ્વી અને ભક્તિપરાયણ રહેતો, ખાવું-પીવું, રાજ્યભોગ તેમાં જરા પણ રાગ પ્રીતિ વિનાનો સાધુ જીવન ગાળતો. યુવાન થતાં તેના પિતાએ લગ્ન કરાવ્યા પણ સદા ઉદાસ રહી મનમાં અખંડ પ્રભુનું ચિંતવન કરતો.

અધ્યાય - ૭૧

❖ શ્રીનારાયણ દ્વારા બ્રહ્માજીને જીવાત્માનાં મોક્ષ માટે જ્ઞાનઉપદેશ ❖

જયામઘ કહે : દેવી સાંભળો. શ્રીકૃષ્ણની શક્તિ મહામાયા જેનાથી આ સૃષ્ટિ થયેલી છે. તે સર્વને મોહ કરનારી છે. તેને તરવા બ્રહ્માદિ દેવો, ઈશ્વરો પણ સમર્થ નથી. તે માયાને તરવા શ્રીકૃષ્ણનારાયણની આરાધના ભક્તિ પરાયણ થાય તો મનુષ્ય તરી જાય છે. એકવાર પરમભક્ત ઈન્દ્રદ્યુતિ બ્રાહ્મણને માયા જોવાનું મન થયું. લક્ષ્મીએ તેને દર્શન દીધા. બ્રાહ્મણે પૂછ્યું, તમે કોણ છો ? લક્ષ્મી કહે : હું મહામાયા છું મને દેવોમુનિઓ પણ જોઈ શકતા નથી તો મનુષ્ય ક્યાંથી જોઈ શકે. મારામાં અને નારાયણમાં જરા પણ ભેદ નથી. જ્ઞાન અને કર્મભક્તિથી જે અનાદિશ્રીકૃષ્ણનારાયણને ભજે છે તે ભક્તો મને માયાને તરી મોક્ષ મેળવે છે. બ્રાહ્મણે પૂછ્યું, તે પ્રભુને કેમ જાણવા ? લક્ષ્મી કહે : તે તો પ્રભુ જ કહી શકે. એમ કહી અદૃશ્ય થયા. શ્રીહરિએ કૃપા કરી પ્રગટ થઈને દિવ્ય કિશોર સ્વરૂપે દર્શન આપ્યા. બ્રાહ્મણ સ્તુતિ કરવા લાગ્યો, સગુણ નિર્ગુણરૂપને ધારણ કરનારા અનંતરૂપે રહેલા, સર્વના માતા-પિતા બંધુ સર્વસ્વ તમને નમો નમઃ હે પ્રભુ તમારી ભક્તિ અને જ્ઞાન આપજો. પણ તમારી માયા ન આપશો. બ્રાહ્મણની સ્તુતિથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સ્પર્શ કર્યો ત્યાં બ્રાહ્મણના દિવ્ય ચક્ષુ થયા. પ્રભુ કહે : આ મારા દિવ્ય સ્વરૂપનું હૃદયમાં સદા ધ્યાન કરજે. માયિક જગતનો સંગ તજી કાર્યકારણરૂપે રહેલો અન્વય વ્યતિરેક રૂપે રહેલો હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારી ભક્તિ કરજે. શ્રીકૃષ્ણવલ્લભ વિના અણુ પણ ખાલી નથી. પોતાના આત્માને બ્રહ્મરૂપ માની કરેલા કર્મો બ્રહ્મને અર્પણ કરતો રહે તો કર્મથી લેપાતો નથી. તેવું જ્ઞાન નહીં જાણવાથી મૂઢપણે શ્રીહરિનો આશરો શરણાગતિ લઈને ભજન ભક્તિ કરનારો પણ પરબ્રહ્મને પામે છે.

તે પ્રભુની આરાધના ભક્તિ કરનારો ભક્ત ઐશ્વર્ય વિભૂતિને પામે છે. પરબ્રહ્મ સ્વામિનારાયણ એવો હું મેં પૂર્વે વિરાટ સર્જ્યો. તેનાથી બ્રહ્મા વિષ્ણુરૂપ થયા. બ્રહ્માએ

મહામાયાને જોઈને શ્રીહરિને કહ્યું. આ માયાને સૃષ્ટિમાં મોકલી સૃષ્ટિની વૃદ્ધિ કરો. જે નરનારી શ્રીહરિના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના, સાત્ત્વિક ગુણો તજી દેશે તેને આ માયા બંધન કરી વારંવાર સંસારમાં ભ્રમણ કરાવશે. જપ, તપ, યોગ, યજ્ઞ, દાન, પુણ્ય, સ્વાધ્યાય ઈશ્વરને અર્પણ કરનારાથી માયા દૂર રહેશે. મારા સાધુ, સાધ્વીની સેવા કરનારાને માયા બંધન કરતી નથી. મારો ભક્ત મારી માયા શક્તિ રૂપે રહેલી લક્ષ્મીનું પૂજન કરે છે તેને લક્ષ્મી યશ, ધન, બલ સર્વે આપે છે. તેથી પ્રવૃત્તિમાર્ગ અને નિવૃતિમાર્ગ બે કહેલા છે. નિવૃતિમાર્ગ તે જ્ઞાન પરાયણ છે. પ્રવૃતિમાર્ગ તે જો ભક્તિવાળો થાય તો પરમપદ પ્રાપ્ત કરાવે છે. નિવૃત્તિ માર્ગ જ્ઞાનપૂર્વક નિષ્કામ ભાવનાથી નિઃસ્વાર્થપણે સેવા કરે તો તે પણ મોક્ષને અપાવે છે.

દયા, ક્ષમા, શમ, દમ, નિર્લોભ, સરલતા, સત્ય, રાગદ્વેષથી રહિત સંતોષ, આસ્તિકપણુ, શ્રદ્ધા, ઈન્દ્રિયોનો નિગ્રહ, દેવતા પૂજન, અહિંસા, પ્રિયવાણી આ સર્વે સાધુના ધર્મ છે. તે સાધુ, યતિ, સતિ, બ્રહ્મચારી, ઋષિઓ, ત્યાગીઓ, યોગીઓ તે સર્વે ધર્મ પાલન કરીને વૈરાજપદને પ્રાપ્ત કરે છે તથા ભૂમાપુરુષ પદને અવ્યાકૃત ધામને પામે છે. આત્મા અને સર્વસ્વ અર્પણ કરનારા અને દૃઢ ભક્તિવાળા એવા બ્રહ્મઐશ્વર્યવાળા ભક્તો અનાદિશ્રીકૃષ્ણનારાયણના પરમધામને પામે છે.

પરબ્રહ્મને પામવાના બે માર્ગ છે. એક ત્યાગ માર્ગ છે. બીજો ગૃહસ્થ માર્ગ છે. ત્યાગ માર્ગ દેહ આત્માના વિવેક જ્ઞાનવાળો, આત્મતૃપ્તિવાળો, જ્ઞાનથી મોક્ષ મેળવનારો છે અને ગૃહસ્થ માર્ગ તે ભક્તિવાળો પ્રભુ સેવા પરાયણ છે. ગૃહસ્થને અનાસક્ત યોગી કહ્યો છે. હું આત્માબ્રહ્મ છું, પરબ્રહ્મનો ભક્ત છું આવી રીતે રહેનારો ગૃહસ્થ યોગીની જેમ નિર્લેપ રહે છે. એવી રીતે મેં પ્રજાને ત્રણ માર્ગ મોક્ષ માટે આપેલા છે. આ જ્ઞાન મેં બ્રહ્માને આપ્યું, બ્રહ્માએ ઋષિઓ, મુનિઓને આપ્યું. તે દિવ્યજ્ઞાન વડે ભક્તિવાળા સાત્ત્વિક આત્માઓ પ્રભુને પામે છે. બીજા જીવ પ્રાણીમાત્ર માયાના ત્રણ ગુણના કર્મથી એકબીજા સાથે જોડાયેલા રહે છે. તે પરમેશ્વરને ઓળખી-જાણી શકતા નથી. તેથી માયાને પણ તરી શકતા નથી અને ચોરાશી લાખ યોનિના ભ્રમણમાં ભમ્યા કરે છે અને જે સાત્વીક મારા ભક્તો છે તે જીવનપર્યંત મારી ભક્તિ કરી વૈષ્ણવ ચિહ્ન તિલક, ચાંદલો ધારણ કરી લલાટમાં બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને ધારણ કરે છે. તે આ બ્રહ્મજ્ઞાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને ઈન્દ્રદ્યુતિ વિપ્રને આપ્યું. વિપ્રે જયામઘ રાજાને આપ્યું. જયામઘ રાજાએ પોતાની પત્ની ધનાલસાને આપ્યું.

અધ્યાય - ૭૨

❖ કુંકુમવાપી તીર્થમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ પછી ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થ પછી સંન્યાસ ગ્રહણ કરવો. જેને તીવ્ર વૈરાગ્ય ન હોય તેણે ગૃહસ્થ આશ્રમમાં રહી ભગવાનની ભક્તિ કરવી. તીવ્ર વૈરાગ્ય વિના સાધુ, સન્યાસી, ત્યાગી, યોગી થાય તો તેનું માયાના દુર્ગુણથી પતન થાય છે. એક આશ્રમમાં રહી કર્મ કરતો, બ્રહ્મને અર્પણ કરતો રહેતો જ્ઞાન સંપન્ન થઈ પરમપદને પામે છે. પોતાના આત્મામાં પરબ્રહ્મના આનંદને ભોગવતો અહંમમતાથી રહિત થઈને જીવતા મુક્તિ-સ્થિતિ પામેલો શ્રીહરિમાં સદા લીન રહે છે. જયામઘ રાજાએ પત્નીને આવો બ્રહ્મ ઉપદેશ આપીને મુક્તા બનાવી દીધી. પછી રાજા નાનાભાઈને રાજ્ય આપી માતા-પિતાને પગે લાગી આશિર્વાદ મેળવી સાબરમતી નદી કાંઠે આશ્રમ બાંધી જપ તપ કરી સત્સંગ કરતો હતો. પછી પોતાના ભાઈ પાસે વૈષ્ણવ યજ્ઞ કરાવ્યો. તેમાં દેવો સાક્ષાત્ આવી હવિષ્યાન્ન જમતાં.

લક્ષ્મીજી આવી કહે : રાજા તારી ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીહરિએ મને તારી પાસે મોકલી છે. પણ હું એકલી રહેતી નથી તેથી તું અહીં મંદિર કરાવી તેમાં નારાયણની મૂર્તિ પધરાવજે ત્યાં હું વાસ કરીશ. પછી જયામઘ રાજાએ નારાયણઘાટે મંદિર કરાવી તેમાં લક્ષ્મીનારાયણ પધરાવી, પ્રભુની ભક્તિ કરી ધામમાં ગયો. જયામઘ રાજા પોતાની પત્ની ધનાલસા સાથે લક્ષ્મીજીના કહેવાથી કુંકુમવાપી આવી અશ્વપટ સરોવરમાં સ્નાન કર્યું. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ બટુક સ્વરૂપે રાજા પાસે આવી સર્વે તીર્થના દર્શન કરાવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભવને મૂકી અદૃશ્ય થયા. જયામઘ રાજા બાલકૃષ્ણ પ્રભુને ગજાસને બેઠેલા જોઈ દિવ્ય દર્શન કરી. માતા કંભરાલક્ષ્મી, પિતા ગોપાલકૃષ્ણ, સંતોકબેન, ભગવાનભાઈ, શુકવલ્લભ વગેરે ભાઈઓના દર્શન કરી આનંદ પામ્યા. પછી રાજારાણીએ ચંદન, કંકુ, ચોખા, અબિલ, ગુલાલ, પુષ્પ, તુલસી, કેશરથી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી હાર, વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવીને, નૈવેદ્ય, મિષ્ટાન્ન ધરી, મુખવાસ અર્પણ કરી, આરતી કરતા હતા. શ્રીહરિએ રાજા-રાણીનો આતિથ્ય સત્કાર કરી ભોજનપ્રસાદ આપ્યા. પછી રાજા અશ્વપટ સરોવરમાં સ્નાન કરી તેમાં રહેલા અગણિત તીર્થોની એકસો આઠ વાટયોથી આરતી ઉતારી. બીજે દિવસે બાલકૃષ્ણનું પૂજન કરી તીર્થમાં રહેલા, લોમશ ઋષિના આશ્રમમાં રહેલા સર્વે ઋષિમુનિઓ, વિપ્રોને, કન્યાઓ, અતિથિઓને ભોજન કરાવી સર્વને દાનદક્ષિણાઓ આપી.

પછી રાજા ચિંતવન કરવા લાગ્યો, અહીં પ્રભુનું મંદિર કેવું કરવું ? ત્યાં પ્રગટ પ્રભુએ પ્રત્યક્ષ બતાવ્યું. રાજાએ રાણીને બતાવ્યું, પછી જયામઘ રાજાએ અશ્વપટ સરોવરથી પશ્ચિમમાં

વિશાળ ઊંચું મંદિર કરાવી તેમાં શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વચમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણને પધરાવ્યા. ડાબી બાજુ શ્રી, લક્ષ્મી, પાર્વતી, પ્રભા, માણિકી, રાધા આ છ પત્નીઓ પધરાવ્યા. જમણી બાજુ ગોપાલકૃષ્ણ, કંભરાલક્ષ્મી, સંતોકબેન, ભગવાનભાઈ, પોપટભાઈ, વલ્લભભાઈને પધરાવ્યા. આ તેર મૂર્તિની પ્રતિષ્ઠા લોમશ ઋષિને બોલાવી વિપ્રો પાસે કરાવી અને લોમશ ઋષિ પાસે સાંખ્યયોગની દીક્ષા લઈ જયામઘ રાજા, ધનાલસા રાણી સર્વ સમર્પણ કરી આત્મનિવેદી ભક્તિ કરી મંદિરની સર્વે સેવા જાતે કરતાં. લોમશ ઋષિ પાસે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા"એ મંત્રનો જપ કરી રાજા-રાણી અષાઢ સુદ એકાદશીએ ધ્યાનમગ્ન થઈ દેહત્યાગ કરી પ્રભુના પાર્ષદો સાથે વિમાનમાં બેસી પરમપદને પામ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા, એ રીતે રાજા રાણી ભક્તિ કરી ભગવાનના ધામમાં ગયા. વકતા શ્રોતા પણ આ કથા સાંભળીને પરમપદને પામશે.

અધ્યાય - ૭૩

❖ પ્રભુએ સુધન ભક્તની લૂંટારાઓથી રક્ષા કરી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ગુજરાતમાં ધાધર નદીકાંઠે આમોદનગરમાં ઘણા વણિક શિવભક્તો નદી કાંઠે શિવાલયમાં રહેતા. વેદ ભણેલા વર્ચકાયન ઋષિ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરતાં. તેમાં સાંભળ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ અત્યારે સૌરાષ્ટ્રમાં કુંકાવાવ ગામે પ્રગટ થયા છે. તેથી અશ્વપટ સરોવર તીર્થ લોમશ ઋષિ વગેરેના દર્શન કરીને ઋષિ પાસે "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" એ મંત્ર ગ્રહણ કરી પૂજા કરવા સુધન વણિક અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ બનાવી રોજ પૂજન કરતા. શ્રીહરિ પ્રગટ થઈ તેની સેવા અંગિકાર કરી નૈવેદ્ય જમી પ્રસાદ આપતા.

એકવાર સુધનશેઠ પોતાના પુત્રને પરણાવવા જાન લઈને જંબુસર જતા હતા. લગ્ન કરી પાછાં વળતાં રસ્તામાં વીસ ચોર, લૂંટારા મળ્યા. તેણે સર્વે શેઠિયાઓને માર મારી લૂંટી લીધા. સ્ત્રીઓના વધૂના આભૂષણો લૂંટી લીધા. તેથી અતિ દુઃખી થઈ સુધન વણિક અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરવા લાગ્યા, હે કૃપાનાથ શરણાગતનું રક્ષણ કરનારા પૂર્વે તમે પ્રહલાદની ગજની રક્ષા કરી એ રીતે અમારી રક્ષા કરો. હે પ્રભુ અત્યારે તમે રક્ષા નહીં કરો તો આ સર્વજનો આશ ભંગ થશે. વણિક ભક્તની પ્રાર્થના સાંભળી અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિપ્રવેશે એક કોપીન પહેરી નંદીકાંઠે બેઠેલા ચોર લોકો પાસે આવ્યા. તે સર્વે રૂપિયા, ઘરેણાંનો ભાગ પાડતા હતા. ત્યાં આવી પ્રભુએ ભિક્ષા માંગી. ચોર કહે : અન્ન નથી ધન જોઈએ તો આપું. શ્રીહરિ કહે : ધન તો ધર્મ તજાવે, અહિંસા કરાવે, વેર કરાવે, ધનમાં બહુ દોષ રહેલા છે. ધન મેળવવામાં દુઃખ, રક્ષણ કરવામાં દુઃખ, વપરાય જાય તો દુઃખ, લૂંટાઈ જાય નાશ પામે તો દુઃખ માટે સુખ-શાંતિ જેને મેળવવી હોય તેણે

ધનની તૃષ્ણા ન રાખવી. પક્ષીઓ ફળ ખાંઈ શાંતિથી નિદ્રા લે છે. બાળકો ભોજન કરી નિશ્ચિત સૂઈ જાય છે. ધન અહં મમત્વ કરનારું રાગદ્વેષ વધારનારું છે, તેથી મારે તો ભોજન અન્ન જોઈએ છે. ધન નથી જોઈતું અને તમે સર્વે આ ધન જે શેઠિયાઓનું લૂંટ્યું હોય તેને પાછું દઈ આવો.

આ સાંભળી એક ચોર લાકડી લઈને વિપ્રને મારવા ગયો. ત્યાં પ્રભુ અદૃશ્ય થઈને રાજ્યના પચાસ સિપાઈઓનો વેશ લઈ ઘોડે બેસી આવ્યા અને સર્વે ચોરલૂંટારાને પકડી બાંધીને માર્યા. ત્યારે ચોરોએ માફી માગી. તેથી દયાળુ પ્રભુએ હવે પછી ચોરી, લૂંટ નહીં કરવાની પ્રતિજ્ઞા કરાવીને છોડી મૂક્યા અને સર્વે ધન, સંપત્તિ, વસ્ત્ર-આભૂષણો લાવી સુધનશેઠને આપ્યા. શેઠ પારિતોષિક આપવા લાગ્યા. સિપાઈરૂપે રહેલા શ્રીહરિ કહે : અમારો ધર્મ છે તે પારિતોષિક છે. તમે સદા અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરજો તેથી તમારું આલોક-પરલોકમાં સારું થશે. એમ કહીને નદી પાર તેને ગામ પહોંચાડી પ્રભુ અદૃશ્ય થયા. ત્યારે સુધનશેઠ આશ્ચર્ય પામી સર્વને કહે : પ્રભુ સ્વયં આપણું રક્ષણ કરવા આવ્યા હતા પણ આપણે ઓળખી ન શક્યા. એમ કહી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ધૂન કરી પ્રાર્થના કરવા લાગ્યા, હે દયાળુ હે હરિ અમારું મહાન ભાગ્ય અમારી રક્ષા કરી. હે પ્રભુ ક્યારે દર્શન આપશો ? તરત પ્રભુએ બાલકૃષ્ણ સ્વરૂપે દિવ્ય દર્શન આપી એક ક્ષણમાં દિવ્ય વિમાનમાં સર્વને બેસાડી અશ્વપટ સરોવર કુંકુમવાપી લોમશ ઋષિનો આશ્રમ માતાપિતા, સર્વ તીર્થોના દર્શન કરાવી ફરીને ત્યાં સર્વને તેને ગામ પહોંચાડ્યા. પછી સુધન શેઠનું કુટુંબ સર્વે પ્રગટ પ્રભુની ભક્તિમય થયું. ભાદરવા સુદ એકાદશીએ તે વણિક ભક્તોને રક્ષા કરવા રૂપી પરચો પ્રભુએ આપ્યો. પછી કાલાંતરે તે સર્વે ભક્તો પ્રગટ પ્રભુની ભક્તિ કરી પરમપદને પામ્યાં.

અધ્યાય - ૭૪

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો નવમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના નવમા જન્મજયંતિ મહોત્સવમાં મુકતો-મુક્તાનીઓ, અવતારો-અવતારિણીઓ, ઈશ્વરો-ઈશ્વરીણીઓ, દેવો-દેવીઓ, પિતૃઓ, ઋષિ-મુનિઓ, મનુષ્યો સર્વે સ્થાવર જંગમ સર્વે તીર્થો આવીને બાલકૃષ્ણને આશિર્વાદ આપતા હતા અને ભેટ આપતા હતા. પછી લોમશ ઋષિએ પૂજા કરી. સર્વેએ બાલકૃષ્ણની પૂજા કરી એકસો એક વાટ્યોથી આરતી ઉતારી. ગોપાલકૃષ્ણ કંભરાલક્ષ્મી સર્વેનો સત્કાર કર્યો. તે દિવસે કીમ નદીકાંઠે કોસંબાપુરમાં નદીકાંઠે, કૌશાંબિક ઋષિ આશ્રમમાં રહેતા અને લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા. તેની પાસે અંત્યજ પતિ-પત્ની બંને આવ્યા. તે દરિદ્ર અને કોઢના રોગી હતા. ઋષિને પગે લાગી કહે : અમને આવો મહારોગ કેમ થયો ?

કૌશાંબિક ઋષિ ધ્યાનમાં જોઈને કહે : તમે પૂર્વે જન્મમાં બ્રાહ્મણ હતા. લક્ષ્મીનારાયણના મંદિરમાં રહી પૂજા કરતા, પણ સ્નાન કર્યા વિના, પાણી ગાળ્યા વિના, થાળ કરતા. મેલા વસ્ત્ર પહેરી સ્નાન કર્યા વિના પૂજા કરતા. રજસ્વલાપણું પાળતા નહીં. તે પાપે તમને ચાંડાલનો જન્મ દરિદ્રપણું અને રોગ થયો છે. હવે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લઈ ભજન કરો તેથી તમારો રોગ નાશ પામશે. પછી તે દંપતીએ "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર લઈ ભજન કરવા લાગ્યા. તેથી તેના સર્વે પાપ નષ્ટ થયા અને જન્મજયંતિએ પ્રભુએ તેમને દર્શન આપી વિમાનમાં બેસાડી કુંકુમવાપીના તીર્થના દર્શન કરાવી પ્રસાદી ચરણામૃત પાઈ, રોગ નષ્ટ કરી, દિવ્યદેહ ધારણ કરાવી બ્રહ્મલોક મોકલી દીધા. શ્રીકૃષ્ણ કહે : રાધા, આ જન્મજયંતિનો મહામહોત્સવ ચમત્કારપુરના જનોએ જોયો. તે કીમ નદીકાંઠે પ્રભુએ કૌશાંબિક ઋષિને દર્શન આપ્યા તે તીર્થ થયું છે.

અધ્યાય - ૭૫, ૭૬

❖ પ્રભુએ સંતાપન રાક્ષસોનો ઉદ્ધાર કરી વિપ્ર બાળકોને સજીવન કર્યા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, તાપી નદીકાંઠે હિરણ્યકેશ ઋષિ આશ્રમમાં હજારો બાળકોને વેદાભ્યાસ કરાવતા હતા. ત્યાં વનમાં સંતાપન નામે રાક્ષસ અનેક દૈત્યો સાથે રહેતો. તે તાપીમાં સ્નાન કરવા આવતા, વનમાં ફળફૂલ ખાવા, લાકડાં લેવા આવતા તે બાળકોને દૈત્યો મારી ખાઈ જતાં. એવી રીતે બસ્સો, ચારસો, છસ્સો બાળકોને મારીને સંતાપન રાક્ષસ અને તે દૈત્યો મારી ખાઈ ગયા. તેની આખા દેશમાં પણ ખબર પડી કે વનમાં રહેનારા રાક્ષસોએ આ બાળકોને મારી નાખ્યા. તેના હાડકાંનો મોટો ઢગલો નદીકાંઠે ખાડામાં જોઈને હિરણ્યકેશ ઋષિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરવા લાગ્યા, હે પ્રભુ, આ બાળકોના માતા-પિતાને હું શું જવાબ આપીશ. હિરણ્યકેશ ઋષિએ કૌશાંબીક ઋષિથી કુંકુમવાપીનો પ્રગટ પ્રભુનો મહિમા જાણ્યો તેથી હિરણ્યકેશ ઋષિએ પ્રભુને પ્રાર્થના કરી, હે પ્રભુ આ રાક્ષસ દૈત્યોથી અમારું રક્ષણ કરી બાળકોને સજીવન કરો.

ઋષિની સ્તુતિ સાંભળી શ્રીહરિ ત્યાં જઈ દશ હજાર દૈત્યો અને સંતાપન રાક્ષસોને સુદર્શન ચક્રથી નાશ કરી, બાળકોને જીવતા કરી, બંને ઋષિને દિવ્ય દર્શન આપ્યા પછી દક્ષિણ નદીના તીર્થો કરવા ચાલ્યા. પાંચ હજાર દૈત્ય કન્યાઓ પ્રભુમાં મોહ પામીને પ્રભુને વરી હતી. પછી શ્રીહરિ ત્યાંથી મહાબલેશ્વર, કૃષ્ણા, તુંગભદ્રા, ભીમા નદીમાં સ્નાન કરી. શ્રી નિલગીરી પર્વત, એલાદ્રી, કૃષ્ણ, ગોદાવરી, મંજીરા, ચંદ્રાવતી, હુગલી, ગંગા, બ્રહ્મપુત્રા, ગંડકી, ગાગરા, યમુના, જેલમ, સિંધુ, નારાયણ સરોવર, ગોમતી, ભદ્રાવતી વગેરે અનેક નદીઓમાં સ્નાન કરી તીર્થો કરી કુંકુમવાપી પધાર્યા.

અધ્યાય - ૭૭, ૭૮

❖ પીડિત બ્રાહ્મણોને પ્રભુએ પાપમુક્ત કર્યા - સુરતાયન ઋષિનો ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, દેવોનું, ભક્તોનું, ગાય, બ્રાહ્મણનું, રક્ષણ કરનારા અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનનો ચમત્કાર કહું સાંભળ. પૂર્વે પુરાનંગપુરમાં બૃહદ્‌ચર્યા રાજા ધાર્મિક દેવ-સાધુ સેવા પરાયણ હતો. તેની પત્ની અને બસ્સો કન્યા, ત્રણસો પુત્રો તે સર્વે પ્રભુ ભક્તિ કરતા. એકવાર રાજાએ ફાગણ માસમાં સૂર્ય ગ્રહણમાં તાપીમાં સ્નાન કરી હજારો બ્રાહ્મણોને દાન આપ્યા. દાનમાં હાથી, ઘોડા, ગાય, ભેંસ, ખેતર વાડી, સોનું, ચાંદી, હીરા, મોતી, રૂપિયા વગેરે આપ્યું. રાજાને તે સર્વે ધનસંપત્તિ, અતિ પાપથી પ્રાપ્ત થયેલી હોવાથી, રાજાનું દાન અતિ ભારે હોવાથી, તે બ્રાહ્મણોએ અતિ લોભથી રાજાનું દાન વધુ લેવાથી તથા પોતે બ્રહ્મ, કર્મ, જપ, તપથી રહિત જ્ઞાન, પુણ્યથી રહિત હોવાથી, ભારે દાનને પચાવી ન શકવાથી તે બ્રાહ્મણો નિસ્તેજ, કાળા કોઢવાળા, રોગવાળા, ચાંડાલપણાને પામ્યા. તેનો રોગ મટાડવા કોઈ સમર્થ ન હતાં. તેથી ત્યાં જ તાપી નદીકાંઠે વાસ કરતા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા. જ્ઞાની ધ્યાનપરાયણ સિદ્ધપુરુષ સુરતાયન ઋષિ, ધ્યાનમાંથી જાગ્રત થઈ કુંકુમવાપીના ઈશ્વર અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા હતા. સર્વે બ્રાહ્મણો સુરતાયન ઋષિ પાસે આવી દંડવત્ પ્રણામ કરી રોગ મટે, દોષ નાશ પામે તેવી પ્રાર્થના કરી.

સુરતાયન ઋષિએ કહ્યું : હે વિપ્રો, અત્યારે સૌરાષ્ટ્રમાં કુંકુમવાપીમાં પ્રગટ થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુની શરણાગતિ લઈ તેની ભક્તિ કરો. કર્મથી, જ્ઞાનથી, ધ્યાનથી, ભક્તિથી તે પ્રભુ પ્રાપ્ત થાય છે. હે બ્રાહ્મણો તમે જે કર્મો કર્યા છે, કરવાના છો તે સર્વે કર્મો પ્રભુને અર્પણ કરતા રહો. તો તે કર્મ અથવા બીજા કર્મો તમને લેપ નહીં કરે. હે વિપ્રો જગતમાં સર્વે નરનારીઓ, બાળકો, યુવાનો, શ્રીહરિનો આશરો કરી સર્વ સમર્પણ શ્રીહરિને કરતા રહે તો તેઓને પણ જગતમાં બંધન થતું નથી, તમે તો બ્રહ્મ કર્મવાળા છો તમને તો કોઈ કર્મ બંધન કરી શકે જ નહીં. મન, વાણી, શરીરથી જે શ્રીહરિનું શરણ લઈ ભજન ભક્તિ કરે છે તે સદા આનંદમાં રહીને પુનર્જન્મ પામતો નથી. જેમ બાળક માટીને લીંપે છે, તેમાં હર્ષશોક પામતો નથી. તેમ તમારે પણ જ્ઞાનથી સર્વ કર્મો માટી સમાન માની તેમાં હર્ષશોક પામવો નહીં. ભમરાઓ જેમ બગીચામાં રહેલા પુષ્પોમાંથી રસમધ લઈ લે છે, પણ તેમાં ચોંટતા નથી. તેમ હે બ્રાહ્મણો તમારે પણ પંચ વિષયને ગ્રહણ કરી તેમાં ઓતપ્રેત થઈ બંધાવું નહીં. પક્ષીઓ વૃક્ષ શાખામાં વાસ કરી આકાશમાં ઊડી જાય છે. તે રીતે યોગીઓ પણ શરીરમાં વાસ કરતા અનેક સ્થાનમાં ફરવા જતાં ક્યાંય બંધન પામતા નથી. આત્મ-તૃપ્તિવાળા બ્રહ્માનંદવાળા યોગીઓ તેથી જ મુક્તિ સ્થિતિમાં વર્તે છે.

સુરતાયન ઋષિએ બ્રાહ્મણોને આવો બ્રહ્મ ઉપદેશ આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપીને ભજન ભક્તિ કરાવ્યા. તાપી નદી કાંઠે વૈષ્ણવ યજ્ઞ કરાવ્યો. સાતમે દિવસે અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલસ્વરૂપે આવી વિપ્રોને દિવ્ય દર્શન આપી કહ્યું, હું પ્રસન્ન થયો છું વરદાન માંગો. વિપ્રો સ્તુતિ કરી કહે : પ્રભુ, અમારા પાપ નષ્ટ કરી તમારી ભક્તિ આપી અંતે ધામમાં લઈ જજો. પછી પ્રભુની આજ્ઞાથી સૂર્યપુત્ર અશ્વિનીકુમારે આવી બ્રાહ્મણોને ઔષધ આપી રોગમુક્ત કર્યા અને પ્રભુને પગે લાગીને સ્વર્ગમાં ગયા. પછી સર્વે વિપ્રોએ શ્રીહરિની પૂજા કરી. તે હરિ તીર્થ થયેલું છે. પછી પ્રભુ કુંકુમવાપી પધાર્યા.

અધ્યાય - ૭૯

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણે જામવંથલી પધારી ભક્તોને ઉપદેશ અને આજ્ઞા આપી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સુરતાયન ઋષિને યોગે રોગ મુક્ત થયેલા ભક્તિ જ્ઞાન પામેલા તે બ્રાહ્મણો રોજ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન ધૂન કરતાં. એકવાર ચાતુર્માસમાં તાપીમાં સ્નાન કરી ધૂન કરી સ્તુતિ કરવા લાગ્યા, હે અક્ષરપતિ, મુક્તપતિ, આત્મપતિ, રાધાલક્ષ્મીપતિ, જયા લલિતાપતિ, માણિકીપતિ, પ્રભા પાર્વતીપતિ, હંસા મંજુલાપતિ, કસ્તુરી શાંતિપતિ, તમે સદા અમારું રક્ષણ કરજો. ભક્તો વિપ્રોની સ્તુતિ સાંભળી અનાદિશ્રીકૃષ્ણનારાયણે પાર્ષદો સાથે વિમાનમાં બેસી ત્યાં આવી દિવ્યદર્શન આપ્યા. મણિરત્નોથી શોભતા, મુગટ, કુંડળવાળા, રેખાવાળા, ભાલમાં તિલક ચાંદલાને ધારણ કરતાં, પિતાંબરધારી, સુંદર નેત્રો નાસિકાવાળા, શ્રી વત્સના ચિહ્નવાળા, હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરતા. હાથમાં શુલ, મીન, ધ્વજ, ધનુષ, ચક્ર, સ્વસ્તિકના ચિહ્નથી શોભતા ઉદરમાં ત્રિવળી, સાથળમાં ખાપાનું ચિહ્ન, લક્ષ્મી ચિહ્નથી શોભતા, બંને ચરણમાં ત્રણ ત્રણ ઘુંટીવાળા, ચરણમાં ચિહ્નોથી શોભતા મંદ હાસ્યવાળા શ્રીહરિની સર્વે વિપ્રોએ પૂજા કરી.

ત્યાં સુરતાયન ઋષિ આવ્યા. તેણે પણ ચંદન પુષ્પથી પ્રભુની પૂજા કરી ચરણમાં આળોટવા લાગ્યા. પછી સર્વે વિપ્રોએ પ્રભુની પ્રાર્થના કરી, અમોને કુંકુમવાપી ક્ષેત્રના દર્શન કરાવો. શ્રીહરિ તે સર્વે વિપ્રોને અશ્વિનીકુમાર તીર્થના સ્નાન કરાવી સુરતાયન ઋષિ સાથે પાંચ હજાર વિપ્રોને વિમાનમાં બેસાડી શેત્રુંજી નદીમાં સ્નાન કરી ગોપનાથ તીર્થના દર્શન કરાવી સોમનાથ થઈ ચમત્કારપુર (જામનગર) જઈને તીર્થો કરી જામવંથલીના ભક્તોની પ્રાર્થનાથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ વંથલીને પાવન કરવા શ્રાવણવદ પાંચમના રવિવારે આવ્યા.

ત્યાં સર્વે ભક્તોને ભોજનપ્રસાદ આપી ભવપાર થવાનો ઉપદેશ આપ્યો, હે મારા ભક્તો સાંભળો. મારામાં સર્વે અર્પણ કર્યા વિના પાપ પુણ્ય અને ભોગનો અંત આવતો નથી. હું નારાયણ છું. નરનારી નપુંસક સર્વેને નિષ્પાપ કરી મારા ધામમાં લઈ જઈશ. મારી થોડી કૃપાથી પણ મોક્ષ થાય છે. માટે હેતથી મારી ભક્તિ કરજો અને અહીં મંદિર

કરી તેમાં મારી મૂર્તિ પધરાવજો અને સતત મારું ભજન કરજો. શરણે આવેલા સર્વનો ઉદ્ધાર કરનારો હું છું. એ પ્રમાણે કહી ચરણામૃત પાઈ ભવરોગ નાશ કરી, રોગીઓનો રોગ નાશ કરી. વંથલીને પાવન કરી નરનારીઓને આશિર્વાદ આપી દર્શન, સ્પર્શ, ચરણસેવા આપી, પોતાની ભક્તિમાં જોડી પૂજા ગ્રહણ કરી એક જ ક્ષણમાં રાજકોટ આવ્યા. જ્યાં વિશાળ ઊંચા શિખરબંધ મંદિરમાં લક્ષ્મીનારાયણ અને પોતાની મૂર્તિ(સ્વામિનારાયણ)ને સ્પર્શ કરી ધર્મ ભક્તિ માતાપિતાનો સ્પર્શ કરી સૂર્ય શેષનારાયણ, દત્તાત્રેય, શિવ, હનુમાન, ગણપતિને ભેટી, એક ક્ષણમાં કુંકુમવાપી ક્ષેત્રના બગીચામાં વિમાન ઉતારી લોમશ ઋષિના દર્શન કરાવી, માતા કંભરાલક્ષ્મી, પિતા ગોપાલકૃષ્ણના દર્શન કરાવી, અશ્વપટ સરોવરમાં સ્નાન કરાવી, તે સર્વે વિપ્રોને ભોજન પ્રસાદ આપ્યો. પછી સર્વે વિપ્રોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી સો કન્યાઓ અર્પણ કરી. પછી પ્રભુએ તે સર્વે વિપ્ર કુટુંબોને વિમાનમાં બેસાડી તેના દેશમાં પહોંચાડ્યા. શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ કૃપાસાધ્ય છે. તે પ્રભુ વ્રત, દાન, હોમહવનથી પ્રસન્ન થતા નથી પણ પ્રેમભક્તિ, નામસ્મરણ ભક્તિ, સમર્પણ ભક્તિ, સેવકોની સેવાભક્તિથી પ્રગટ પ્રભુ રાજી રાજી થાય છે.

અધ્યાય - ૮૦, ૮૧

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો દશમો જન્મજયંતિ મહોત્સવ ❖
❖ સર્વાત્મનિવેદી ભક્ત બલેશ્વર રાજાની શ્રીહરિ દ્વારા વનેચરરૂપે પરીક્ષા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ભીમા નદી કાંઠે પૌંડુંકપુરનો રાજા બલેશ્વર કપિલ ભગવાનનો શિષ્ય મહાન વૈષ્ણવ ભક્ત હતો. કપિલ ભગવાને રાજાને ઐશ્વર્ય, સિદ્ધિ અને સાંખ્યયોગનું જ્ઞાન આપ્યું હતું. એકવાર બલેશ્વર રાજા કાર્તિક માસમાં પત્ની સાથે કપિલાશ્રમમાં આવી ફળ ફૂલનો આહાર કરી ચાંદ્રાયણ વ્રત કરી પૃથ્વી પર શયન કરી જપ તપ કરતો અને જે કોઈ અતિથિ આવે તેને જે ઈચ્છા હોય તે દાન આપતો. ત્યાં એક તારકાયન ઋષિ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી મંત્ર લઈ રાજા પાસે આવ્યા. રાજા ઋષિને પગે લાગી કહે : તમારા જેવા બ્રહ્મનિષ્ઠ એકાંતિક સંત જગતનું કલ્યાણ કરવા માટે વિચરે છે. તમે ક્યાંથી આવો છો ?

તારકાયન ઋષિ કહે : રાજા તારા જેવા ધર્મવાળા, ભક્તિવાળા પાસે જ સંતપુરુષો મોક્ષ કરવા આવે છે. જે પુરુષોત્તમ નારાયણ છે, જેમને વેદમાં પરબ્રહ્મ કહેલા છે, જે સર્વે અવતારોને ધરે છે. જે અત્યારે સૌરાષ્ટ્રમાં કંભરા ગોપાલને ત્યાં પ્રગટ થયા છે. જેના દર્શન કરવા સર્વ દેવો, ઈશ્વરો આવે છે. તે પ્રભુનો મંત્ર ગ્રહણ કરી જપ કર. એમ કહીને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી તુલસીમાળા આપી ઋષિ ચાલ્યા ગયા. રાજા મંત્રજપ અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિનારાયણનું સ્મરણ ભજન

કરવા લાગ્યો. શ્રીહરિ રાજાની પરીક્ષા કરવા બપોરે ભોજન પછી જંગલી સાધુના વેશે કોપીન પહેરી લોખંડના કડા પહેરીને આવ્યા. રાજા પગે લાગી કહે : મારે વ્રત નિયમ છે કે મારી પાસે સાધુ, અતિથી આવે તે માંગે તે આપું. જંગલી સાધુ કહે, હું તો તામસી ભોજન કરનારો કોઈનું રાંધેલું નહીં, એઠું નહીં એવું ભોજન કરું છું. તારાથી અપાય તો આપ. રાજા કહે : ફળ, ફૂલ, દૂધ, ખડધાન વિગેરે સામાન્ય ભોજન અન્ન મિષ્ટાન્ન રાંધેલું ભોજન છે. માંસ તામસી ભોજન છે. બોલો તમારે શું જમવું છે ?

સાધુ કહે : તારા પુત્રના હૃદયનું માંસ, તે પણ રાંધ્યા વિનાનું. કુમારી કન્યાને હાથે, વસ્ત્ર પહેર્યા વિના દાન આપે તો મારે ગ્રહણ કરી ભોજન કરવું છે. રાજા જરા ક્ષોભ પામ્યો, પણ રાણીએ હિંમત આપી પોતાની ત્રણે કન્યાઓ કૃષ્ણા, ભીમા અને તુંગભદ્રા તથા પુત્ર પુંડ્રકને બોલાવી ત્રણે કન્યાઓને વસ્ત્રહીન કરી પાસે બેસાડી. પછી રાજાએ તલવારથી પુત્રને કેડથી કાપી પુત્રનું હૃદય કન્યાને આપ્યું. જંગલી સાધુ કૃષ્ણાના સાથળ પર બેસી ભીમાના સાથળ પર હાથ મૂકીને તુંગભદ્રાએ આપેલું તામસી ભોજન કરી લોહી પીને ઊઠીને ચાલતો થયો. ત્યારે રાજા કહે : દક્ષિણા શું આપું ? જંગલી સાધુએ દક્ષિણામાં રાણી માંગી. રાજાએ રાણીને દાનમાં આપી. જંગલી સાધુએ રાણીને વસ્ત્ર શૂન્ય કરી વૃક્ષ નીચે રમણ કર્યું, ત્યારે રાજાએ કહ્યું હું ધન્ય છું, મારું કુટુંબ ધન્ય છે, જે મારું વ્રત, તપ, નિયમ, સર્વે સાધુ લેખે કામ આવ્યું. ત્યાં તો વૃક્ષ નીચે રાધાલક્ષ્મીયુક્ત પરમેશ્વરના દિવ્ય દર્શન થયા. મહાવિષ્ણુ છત્ર ધરી ઊભા હતા. અનંત મુક્તો, અવતારો, ઈશ્વરો સ્તુતિ કરતા હતા. પડખે રાણી તથા ત્રણે કન્યાઓ તથા પુત્ર પુંડ્રકને જોઈ રાજા અતિ આશ્ચર્ય પામીને, શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યો, હે દેવના દેવ તમે પરમાત્મા છો, મુક્તોથી સેવાયેલા તમે પરમધામમાં વાસ કરો છો, તમે સર્વે અવતારોને પૂજ્ય છો, ઈશ્વરો દેવો પણ તમારી જ આરાધના કરે છે. અનેક અવતારોને તમે જ ધારણ કરો છો, તમે વ્યાસરૂપ છો, જ્ઞાનરૂપે પણ તમે છો, સ્વામિ સ્વરૂપે ગુપ્ત રૂપે છો, કરોડો સ્વરૂપો ધારણ કરનારા તમે છો, ગુણના ભંડાર છો, દિવ્ય છો, પરીક્ષા કરનારા તમે છો. હે પ્રભુ અમારું રક્ષણ કરી ઉધ્ધાર કરો. હે પ્રભુ તમે નિર્લેપ છો. અમારી પર પ્રસન્ન થાવ. હે પ્રભુ મારી પત્ની શિલવતી ધન્ય છે. ત્રણે કન્યાઓને ધન્ય છે. પુત્ર પુંડ્રકને ધન્ય છે. જેને અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાક્ષાત્ લક્ષ્મીપતિ મળ્યા. અનેક નામવાળા હે પ્રભુ તમને નમો નમઃ હે પ્રભુ આજ તમને પ્રાપ્ત કરવાથી મેં સર્વ પ્રાપ્ત કર્યું.

રાજાની સ્તુતિથી રાજી થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : રાજા, આ મહાવિષ્ણુ દેખાય છે તે તું છો. મહાલક્ષ્મી તે તારી રાણી છે તારી કન્યા જે ભીમા તે શ્રી છે. કૃષ્ણા છે તે લક્ષ્મી છે. તુંગભદ્રા તે રાધા છે અને તારો પુત્ર પુંડ્રક છે તે વિષ્ણુ છે. અને મંત્ર આપનારા તારા ગુરુ તારકાયન હું પોતે જ છું. હે રાજા તારો પુત્ર મર્યો નથી, પણ મેં તને મારી માયા

બતાવી છે. અને તારી પરીક્ષા કરી છે. તમે છ મારા સ્વરૂપો છો તેથી અહીં વાસ કરજો અને દિવ્ય સ્વરૂપે કુંકુમવાપીમાં વસજો. એમ કહી બાલસ્વરૂપે દર્શન આપી ફરી કહ્યું, આ ત્રણે કન્યાઓ નદીરૂપે થઈ તીર્થરૂપે થશે. ત્યાં હું વાસ કરીશ. પછી તે ભીમા, કૃષ્ણા તથા તુંગભદ્રાના તીર્થો થયા. રાજા-રાણી મહાબલેશ્વર તીર્થરૂપે થયા. પુત્ર પુંડ્રક તેણે પુંડ્રપર (પંઢરપુર) વસાવી તીર્થ કર્યું. એવી રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સર્વે સ્થાનમાં વાસ કરી તીર્થો કર્યા.

પછી તારક ગુરુ સાથે આઠેયને વિમાનમાં બેસાડી બીજે રૂપે આવતા હતા. દેવો ઈશ્વરો પુષ્પવૃષ્ટિ કરી કહે : હે પ્રભુ, આ બલેશ્વર રાજાની પરીક્ષા કરી એવી પરીક્ષા કોઈની ન કરતા. તમે ભક્તને ન આપી શકો એવું કંઈ પણ છે જ નહીં. હે પ્રભુ, દિવ્ય એવા તમારી પરીક્ષા પણ દિવ્ય હોય છે, તેને માયામાં લોભાયેલો કઈ રીતે જાણી શકે. હે નાથ, તે તો તમે કૃપા કરો તો જ માયારહિત થઈ પાર પામી શકે એમ સ્તુતિ કરી પૂજા કરી. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ અશ્વપટ સરોવર લોમશ ઋષિના આશ્રમે વિમાનને ઉતારી, આઠ ભક્તોને માતા-પિતાના દર્શન કરાવી, લોમશ ઋષિના દર્શન કરાવી, અશ્વપટ સરોવરમાં સ્નાન કરાવી, સર્વ તીર્થોના દર્શન કરાવી અશ્વપટ સરોવરમાં વાસ આપ્યો. તારકાયન ઋષિને આશ્રમમાં વાસ આપ્યો. પછી શ્રીહરિએ બલેશ્વર રાજાને કહ્યું, તારા કારતક માસના સર્વે વ્રત નિયમ પૂરા થયા. યજ્ઞદાન સદાવ્રત પુરા થયા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણના દશમાં જન્મજયંતિ મહોત્સવમાં શ્રીહરિ ગજાસને વિરાજમાન થયા અને સર્વે ઈશ્વરો દેવો આવી પૂજા કરી પછી લોમશ ઋષિએ શ્રીહરિની પૂજા કરી આરતી કરી. પછી માતા કંભરાલક્ષ્મી પિતા ગોપાલકૃષ્ણ સર્વને ભોજન પ્રસાદ આપી સત્કાર કરતા હતા. પછી સાંજે મહાન સર્વે ઉત્સવ ધૂન, કિર્તન નૃત્ય કરતા હતા. પછી શ્રીહરિએ સર્વેને પારિતોષિકો ભેટો આપી. એ રીતે દશમો જન્મજયંતિ મહોત્સવ ઉજવ્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવામાં ઉત્સાહવાળા હેમંત અને ભગવાન બંને પાર્ષદો રાજાની સેવા કરે એમ સેવા કરતા હતા. શ્રીકૃષ્ણ કહે : રાધા આ અધ્યાયની કથા જે કહેશે સાંભળશે, તે ભુક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૮૨

❖ શ્રીહરિએ સુદર્શનચક્ર આપી જયધ્વજ રાજાનાં યજ્ઞની રક્ષા કરી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ચંદ્ર વંશનો રાજા સહસ્રબાહુ તેને પાંચસો પુત્ર હતા. સૌથી નાનો જયધ્વજ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ભક્ત હતો. તેના બીજા ભાઈઓ કહે : પિતાનો ધર્મ શિવ, સૂર્ય અને અગ્નિને માનવાનો છે, તેને તજી તું બીજાની ઉપાસના કેમ કરે છે ? જયધ્વજ કહે : અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમેશ્વરની આજ્ઞામાં રહી સર્વે દેવો ઈશ્વરો કામ કરે છે. માટે પછી જયધ્વજે યજ્ઞ કરાવ્યો તેમાં વશિષ્ઠ ઋષિને બોલાવ્યા અને પૂછ્યું કયા

દેવની ઉપાસના કરવી. વશિષ્ઠ કહે : જેણે જે દેવ માનેલા હોય તે દેવ તેને પ્રિય હોય, પણ સર્વ ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ સર્વેને પૂજ્ય છે. સર્વેજનો ફળ માટે દેવની ઉપાસના કરે છે. રસ ઔષધિને પકાવવા સૂર્ય-ચંદ્રને ઉપાસે છે. રાજાનું દૈવત વિષ્ણુ-ઈન્દ્ર છે. વિપ્રોનું દૈવત બ્રહ્મા, વિષ્ણુ, શંકર, અગ્નિ, સૂર્ય વગેરે છે. દેવોનું વિષ્ણુ, દાનવોનું શંકર, ગાંધર્વો યક્ષોનું દૈવત ચંદ્ર, વિદ્યાધરોનું વાણી, સિદ્ધોનું દૈવત શ્રીહરિ, ઋષિનું દૈવત પિતૃ સૂર્ય અગ્નિ જનાર્દન, સ્ત્રીઓનું દૈવત પતિ, સાધુનું ક્ષમા, બાળકોનું માતાપિતા, ઈશ્વરોનું વાસુદેવ, વૃક્ષોનું જલ, રોગીઓનું દૈવત ઔષધ, સર્વ જનોનું દૈવત અંતર્યામિ પરમાત્મા છે. તેથી જયધ્વજ તું શ્રીહરિનું ધ્યાન ભજન ઉપાસના કરે છે તે શ્રેષ્ઠ છે. સર્વે અવતારો શ્રીહરિમાં રહેલા છે. એ રીતે વશિષ્ઠ ઋષિએ કહીને યજ્ઞનો આરંભ કર્યો.

યજ્ઞમાં સર્વે દેવો હવિષ્યાન્ન સોમરસ અમૃત ભોજન કરી અતિ તૃપ્તિ પામ્યા પછી બ્રાહ્મણોની જમવા માટે પંક્તિ થઈ, ત્યાં વિદેહ નામે વિકરાળ રાક્ષસ ત્યાં આવ્યો. બ્રાહ્મણો વનમાં ચાલ્યા ગયા. જયધ્વજના પાંચસો ભાઈઓ શસ્ત્રો લઈ યુદ્ધ કરવા આવ્યા, પણ રાક્ષસોને જીતી શક્યા નહીં, પછી જયધ્વજ કુંવરે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરી સ્તુતિ કરી, હે પ્રભુ તમે ભક્તોનું રક્ષણ કરનારા છો. અત્યારે અમારું રક્ષણ કરો. તરત શ્રીહરિ પ્રગટ થઈ જયધ્વજને દર્શન આપી સુદર્શન ચક્ર આપી અદૃશ્ય થયા. જયધ્વજે સુદર્શન ચક્રથી રાક્ષસનું મસ્તક કાપી નાખ્યું અને સર્વે ઋષિ-મુનિ, સાધુને પગે લાગી કહે : તમારા આશિર્વાદથી આ રાક્ષસનો નાશ કર્યો, પણ તેના પાપનું પ્રાયશ્ચિત શું કરવું ? ત્યાં વિશ્વામિત્ર ઋષિ આવી અને જયધ્વજ રાજાને ગાદી અભિષેક કરી અને કહ્યું, તું અનાદિશ્રીકૃષ્ણનારાયણ જે સર્વે અવતારોના અવતારી છે. તે પ્રભુનો યજ્ઞ કરી તેનું પૂજન કર. પછી જયધ્વજ રાજાએ મહાવૈષ્ણવ યજ્ઞ કર્યો. તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન હોમહવન કર્યા અને બ્રાહ્મણો પાસે કરાવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિએ પ્રગટ થઈ દર્શન દીધા. સર્વેએ યજ્ઞને અંતે અવભૃથ સ્નાન કર્યું. ત્યાં ચાર પુરુષ કાળા વર્ણના સ્નાન કરવા આવ્યા. સ્નાન કરી શ્વેત વર્ણના થયા. સર્વ ઋષિઓએ પૂછ્યું, તમે કોણ છો ? તે કહે : અમે શ્રી પર્વત નીલગીરી, ઐલાદ્રિ, દ્રોણાચલ પર્વત છીએ. મેરુ પર્વતના વંશના છીએ. અમારામાં જનો આવી પાપ મૂકી જાય છે, તેથી અમે અહીં અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી સ્નાન કરીને પાપરહિત થયા. શ્રીકૃષ્ણ કહે : રાધા, શ્રીહરિની કૃપાથી સર્વનું કલ્યાણ થાય છે અને જીવાત્માઓ ભવપાર થાય છે.

અધ્યાય - ૮૩

❖ જયધ્વજ રાજાનો પર્વતોને બ્રહ્મઉપદેશ - રાજાની મોક્ષગતિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ચાર પર્વતોએ જયધ્વજ રાજાનો પૂછ્યું, તમે અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભક્ત છો, માટે કહો મનુષ્ય પાપરહિત થઈ, માયા કેમ તરી

જાય અને કોના સમાગમથી મુક્તિ થાય ? આલોકમાં નિર્લેપ કેમ રહેવાય ? જયધ્વજ રાજા કહે : મેં ઋષિમુનિઓ પાસેથી મેં લક્ષ્મીનારાયણ સંહિતાની કથામાં સાંભળ્યું છે કે, તીર્થમાં પાપ નષ્ટ થાય છે. તે તીર્થ સ્થાવર જંગમ બે પ્રકારના છે. સંતતીર્થ, આત્માતીર્થ મહાન છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ તીર્થ ઉત્તમમાં ઉત્તમ છે. ભક્ત સંત, સાધ્વી, યોગી, ધ્યાની, જ્ઞાની, વૈરાગી, સંન્યાસી આ સર્વ તીર્થો ચેતન આત્માઓને તારનારા છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિના યોગવાળા એવા પશુ-પક્ષી, વૃક્ષવેલી, વાડી, ખેતર, ગામ, શહેર, વન, પર્વત, નદી, તળાવ, સરોવર, સમુદ્ર, સર્વે શ્રીહરિના યોગથી તીર્થ રૂપ છે, અને તારનારા છે તથા શ્રીહરિને ધારી રહેલા સંત તે આત્મા, પરમાત્માનું જ્ઞાન આપી જીવાત્માને દિવ્ય બનાવીને માયાના દુર્ગુણો, દોષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, તૃષ્ણા વાસનાનો નાશ કરે છે. એવા બ્રહ્મનિષ્ઠ સંત શ્રીહરિ સમાન છે.

સંતપુરુષ સંસાર સમુદ્રમાં નૌકારૂપ થાય છે. જ્ઞાનરૂપી દીપક બને છે. માયાના ઝેરને ઉતારે છે. મહાભવ રોગને નાશ કરવામાં સંત ધન્વંતરી છે. જેમાં નારાયણ મૂર્તિમાન રહે છે. તેથી સાધુ-સાધ્વી, ગુરુ તીર્થ મહાન કહ્યાં છે. કાષ્ઠને યોગે લોઢું જેમ તરે છે તેમ સંતને યોગે પાપી તરે છે. કમળને જેમ પાણીનો લેપ લાગતો નથી, તેમ જ્ઞાની ભક્તને સંસારના કોઈ કર્મનો લેપ લાગતો નથી. જેમ તેલ પાણીમાં ઉપર તરે છે. તેમ જ્ઞાની પાપીની મધ્યમાં પણ પાપથી રહિત રહે છે. જ્ઞાન સંસારના પાપ કર્મને બાળે છે. તેમ જેને સુખમાં રાગ થતો નથી. દુઃખમાં દ્વેષ થતો નથી, તે સંસારના કોઈ કર્મોથી લેપાતો નથી. જેને સંસારના કોઈ પદાર્થની ઈચ્છા નથી તે કર્મમાં બંધાતો નથી. જેના સર્વે ભોગ ભગવાનમય છે. જેણે દેહ ઈન્દ્રિયોની અંતઃકરણની ક્રિયા કૃષ્ણાર્પણ કરી છે. તે પાપ અને પુણ્ય કર્મમાં નિર્લેપ રહે છે. આવા રાગદ્વેષથી રહિત તૃષ્ણા વિનાના શાંત જ્ઞાની સંત ભક્તથી શાશ્વતશાંતિ અનુભવાય છે. તેથી મોક્ષની ઈચ્છાવાળાએ ક્ષણિક સુખની અપેક્ષા ન રાખવી, પણ જડતા અજ્ઞાનનો ત્યાગ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી દિવ્યરૂપ થઈ શાશ્વત સુખ-શાંતિ મેળવવી.

હે પર્વતો, તે પ્રભુ અત્યારે અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલા છે. તેના દર્શન કરી દિવ્ય થાવ. જયધ્વજ રાજાના આ બ્રહ્મઉપદેશને સાંભળી ચાર પર્વતો રાજાને પગે લાગીને જતા હતા. ત્યાં કોલાર સરોવર, ચીલ સરોવર, શંભલ સરોવર, નારાયણ સરોવર આ ચારે સાથે સર્વે જયધ્વજ રાજા સાથે કુંકુમવાપી આવ્યા. અશ્વપટ સરોવરમાં સ્નાન કરી લોમશ ઋષિ પાસેથી "ઓં નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" એ મંત્ર ગ્રહણ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી ચરણામૃત પીધું અને પ્રાર્થના કરી હે પ્રભુ અમારો મોક્ષ કરો. શ્રીહરિએ કૃપા કરી તે સર્વેના ત્રણ રૂપ કર્યા. એક રૂપે તેના

સ્થાનમાં વાસ આપ્યો. બીજે રૂપે પોતાના પાસે રાખ્યા. ત્રીજે રૂપે ધામમાં વાસ આપ્યો. જયધ્વજ રાજા પણ માગશર માસ એક મહિનો પ્રભુની સેવા કરીને શ્રીહરિના વિમાનમાં બેસી પરમપદને પામ્યો.

અધ્યાય - ૮૪, ૮૫

❖ પુલસ્ત્ય ઋષિ દ્વારા પત્ની ઐલવિલાને ચાર યુગનાં ધર્મનું જ્ઞાન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, બ્રહ્માના પુત્ર પુલસ્ત્ય તેની પત્ની ઐલવિલા હતી. તે તૃણબિંદુ ઋષિની પુત્રી હતી. મહાભક્તિવાળી તેણે એકવાર પતિને પૂછ્યું, પૂર્વે યુગ ધર્મ કેવા હતા ? પુલસ્ત્ય ઋષિ કહે : સત્યુગમાં ધ્યાન અને તપનો ધર્મ હોય છે. ત્રેતાયુગમાં જ્ઞાન અને યજ્ઞપરાયણ મનુષ્યો રહે છે. દ્વાપરયુગમાં એકલા યજ્ઞ, ધર્મ હોય છે અને કળીયુગમાં લોકો દાનપરાયણ જ થશે અને અતિ કળીયુગ વ્યાપે ત્યારે તપસ્વી તામસી થશે. દુષ્કાળ પડશે. અધર્મી, અસત્ય બોલનારા, ચોરી હિંસા કરનારા, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એક પંક્તિમાં જમનારા થશે. બ્રહ્મહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા, બાળહત્યા થશે. વેદધર્મનો લોપ થશે. ગુરુઓ શિષ્યોનું હરણ કરનારા થશે. ઊંચનીચ નાશ પામશે, નરનારીનો ભેદ નહીં રહે. વિપ્રો શુદ્ર જેવા થશે. શુદ્ર વિપ્ર જેવા થશે. માંસ, મદિરાનું સેવન કરી વ્યભિચાર કરનારા થશે, અંતે પ્રજા ધર્મકર્મથી રહિત થશે. માતા-પિતા, પતિ-પત્ની, કુટુંબ જેવું ક્યાંય જોવા નહીં મળે. દીક્ષા, મંત્ર, શાસ્ત્ર, ગુરુ, સર્વનો લોપ થશે. મનુષ્ય પશુની જેમ જીવન જીવશે. નારી બે વર્ષ ગૌરી, ત્રણ વર્ષે કન્યા, ચાર વર્ષે યુવતી, પાંચમે વર્ષ ગર્ભવાળી, વર્ષમાં બે વાર પ્રસૂતિવાળી થશે, મનુષ્યોનું દશ-બાર વર્ષે મરણ થશે. પત્ની ઐલવિલાને પુલસ્ત્ય ઋષિ કહે : પછી પ્રભુ યુગપરિવર્તન કરવા પૃથ્વી પર પ્રગટ થાય છે. ઐલવિલા કહે : તે પ્રભુ આપણને કેમ મળે ? ઋષિ કહે : તપ અનો ભક્તિથી પ્રભુ પ્રાપ્ત થાય છે. આ સાંભળી ઐલવિલા અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રસન્ન કરવા સહ્યાદ્રિ પર્વત પર તપમાં બેસી ગઈ.

પતિએ આપેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિનારાયણનો મંત્ર જપ કરતી ઐલવિલા પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેની જપ, તપ, ભક્તિથી પ્રસન્ન થઈ અનેક સ્વરૂપે તેની પાસે રહેતા. ઐલવિલાને તપ કરતા માથે રાફડો થયો. ત્યારે બ્રહ્મા, વિષ્ણુ, શંકર દેવો આવી કહે : તારે શું જોઈએ. ઐલવિલા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જપ કરતા કહે : હું તો જેનો જપ કરું છું તેની પાસે વરદાન માંગીશ. ત્યાં પ્રભુએ સાક્ષાત્ પ્રગટ થઈ દિવ્ય દર્શન આપ્યા. સાથે રાધા, રમા, પ્રભા, પાર્વતી, જયા, લલિતા, હેમંત, ભગવંત, દેવપ્રકાશ, કેશવ પાર્ષદે આવીને ઐલવિલાને માથે હાથ મૂકી આશિર્વાદ આપ્યા. દેવોએ શ્રીહરિની સ્તુતિ કરી. પછી ઐલવિલા કહે : પ્રભુ પુત્ર અને પુત્રનો વંશ આપો. જેથી વંશના યોગે યુગપરિવર્તન થાય. તમે પ્રગટ થાવ. તમારી ભક્તિ થાય અને જીવાત્માનું કલ્યાણ થાય.

ઐલવિલા કહે : પ્રભુ, સર્વ ધર્મમાં શ્રેષ્ઠ ધર્મ સાધન કયો છે ? પ્રભુ કહે : જ્યાં પરમધામનાં પતિ પ્રગટ થયેલા છે એવા કુંકુમવાપી ક્ષેત્રમાં મારા ભક્તો જ્યાં વાસ કરી મારું ભજન કરે તેને કાંઈ સાધન જપ-તપ કરવું બાકી રહેતું નથી. પરંતુ મુમુક્ષુ પુણ્યવાળા, ભક્તિવાળા, દિવ્યદૃષ્ટિવાળા જ ભક્તો મને જાણી શકે છે. તમોગુણવાળા અજ્ઞાનીઓ અને મારી અક્ષરભૂમિને જાણી શકતા નથી અને મને પામી શકતા નથી. હું યજ્ઞથી, દાનથી, પુણ્યથી, વ્રતથી, વિદ્યાથી, પ્રાપ્ત થતો નથી પણ પરાભક્તિથી પ્રાપ્ત થાઉં છું તથા હું જ્યાં જ્યાં વિચર્યો છું તે નદી, પર્વત, તળાવ, સરોવર વગેરે તીર્થોથી જીવાત્મા મારી ઉત્તમગતિ, અક્ષરગતિને પામે છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણના મુખેથી આવો મહિમા સાંભળીને ઐલવિલા અતિ આશ્ચર્ય પામી અને સર્વ ઈશ્વરોના ઈશ્વર, સર્વે અવતારોના અવતારી એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન-સ્મરણ કરવા લાગી.

અધ્યાય - ૮૬

❖ ઐલવિલાના પૌલસ્ત્ય વંશમાં રાવણ, કુંભકર્ણ આદિક થયા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ઐલવિલાની પ્રાર્થનાથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ગરૂડ પર બેસાડીને તેને અક્ષરધામતુલ્ય કુંકુમવાપી ક્ષેત્રમાં લાવ્યા. જ્યાં અશ્વપટ સરોવરમાં હજારો તીર્થો અને ઋષિમુનિઓ વાસ કરી. જ્યાં વેદનો અભ્યાસ કરતા કરાવતા લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરતા હતા. જ્યાં શુકાદિપક્ષીઓ પણ સંસ્કૃત ભાષા બોલતા હતા. જ્યાં અનેક ગૌદાન થતા, જ્યાં લાખો યાત્રિકો દર્શને આવતા. જ્યાં હજારો દેવમંદિરોમાં દેવપ્રતિમાઓના દર્શન થતા. જ્યાં સદા તપસ્વી સાધુ-સાધ્વી, બ્રહ્મપ્રિયાઓ વાસ કરી પ્રભુની ભક્તિ કરાવીને દાનયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, સેવાયજ્ઞ, બ્રહ્મયજ્ઞ વગેરે કરાવી કંભરા ગોપાલનંદનની કૃપા પ્રાપ્ત કરતા હતા. બાલકૃષ્ણનું કીર્તન ધૂન કરતા હતા, વૈર વિનાના જનો લોમશ ઋષિના આશ્રમમાં જોઈને ઐલવિલા આશ્ચર્ય પામી. પછી કંભરાલક્ષ્મીની, ગોપાલકૃષ્ણની, લોમશ ઋષિની પૂજા કરી પછી તેને અનાદિશ્રીકૃષ્ણનારાયણની ષોડ્શોપચારથી પૂજા કરીને પ્રભુની પ્રાગટ્યભૂમિ અક્ષરક્ષેત્રમાં વાસ કરવાની ઈચ્છા થઈ.

શ્રીહરિએ ઐલવિલાને ચરણામૃત પાઈ ભોજન કરાવી. તેના બે સ્વરૂપ કરી એકરૂપે ત્યાં વાસ આપ્યો અને બીજેરૂપે પુલસ્ત્ય ઋષિને ત્યાં મોકલી. અનાદિશ્રીકૃષ્ણનારાયણના આશિર્વાદથી ઐલવિલાનો પુત્ર વિશ્રવા થયો. તેને તેની ચાર પત્નીઓમાં અનેક પુત્ર-પુત્રીઓ થયા. તેમાં દેવવર્ણિનીમાં કુબેર થયો. કૈકસીમાં રાવણ થયો કુંભકર્ણ, વિભીષણ અને સૂર્પણખા થયા. પુષ્પોત્કટામાં મહોદર પ્રહસ્ત મહાપાર્શ્વ અને ખર થયા તથા કુંભીનસીમાં સો કન્યાઓ જન્મી. આ સર્વે પૌલસ્ત્ય વંશ કહેવાયો. તે વંશમાં ચારે યુગના ધર્મો હતા. તથા દૈવ-દૈત્ય રાક્ષસોના સ્વભાવો હતા. તપદાન, રાગવાળા હતા. તે કળીયુગના ધર્મવાળા

રાક્ષસોના સ્વભાવોનો નાશ કરવા શ્રીહરિએ રામરૂપ ધારણ કરીને રાક્ષસોનો નાશ કરી વૈકુંઠમાં વાસ આપ્યો. હે રાધા, તે પ્રભુ આશરે આવનારા યક્ષ, રાક્ષસ, દૈત્ય, માનવ, સર્વનું કૃષ્ણ કલ્યાણ કરતા હતા.

અધ્યાય - ૮૭

❖ શ્રીહરિના અપરાધના ફળસ્વરૂપ અધર્મજીવ રાક્ષસની અધોગતિ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ભક્તો શ્રીહરિના ગુણ ગ્રહણ કરે છે અને અસુરો પ્રભુમાં અવગુણ જુવે છે. વિશ્રવાનો ખર પુત્ર. તેનો ખેચરીમાં અધર્મ જીવ નામે રાક્ષસ થયો. તે કેડભાંગલો, કોડી જેવી આંખો, કપટી, વિશ્વાસઘાતી અતિ ઈર્ષ્યાળુ હતો. એકવાર નદીએ રમવા ગયો અને ચમારના છોકરાને મારી માંસ ખાધું દારૂ પીધો તેથી છોકરાઓએ ભેગા થઈ પકડી બાંધી તેને કુંડમાં નાખ્યો. પછી કુંડમાંથી કાઢી જંગલમાં મૂકી આવ્યા. ત્યાં આ અધર્મજીવ રાક્ષસ પશુ-પક્ષીનું ભક્ષણ કરતો. ક્યારેક બાળકોને લઈ જઈ ખાઈ જતો. ત્યાં ભક્તરાજ વિભીષણ આવ્યા. શ્રીહરિ સ્મરણ ભજન કરતા કરતા કહે : વનમાં શું રખડે છે. નારાયણ હરિકૃષ્ણનું ભજન કર. વિભીષણનું વચન સાંભળી અધર્મજીવ રાક્ષસ કહે : કોણ નારાયણ ? કોણ હરિ ? કોણ કૃષ્ણ ? વિભીષણ કહે : દુઃખને હરે તેથી હરિ પરબ્રહ્મ કહેવાય છે. મનુષ્યોના સમુદાયમાં અંતર્યામીપણે વાસ કરે તેને નારાયણ કહે છે. દુઃખ કાપી સુખ આપે તે કૃષ્ણ કહેવાય છે.

અધર્મજીવ રાક્ષસ કહે : કોઈનું ધન સ્ત્રી હરણ કરવાથી હરિ, પાણીમાં વાસ કરવાથી સર્પ કે માછલો હશે તેથી નારાયણ, કાળુ પાપ કરનારો તેથી કૃષ્ણ કહેવાતા હશે. વિભીષણ કહે : અરે પુત્ર, તું પ્રભુના નામના અવળા અર્થ કેમ કરે છે. તે પ્રભુ તો પુરુષોત્તમ પરમાત્મા ભગવાન પરમધામમાં મુક્તોથી સેવાયેલા છે. અધર્મજીવ કહે, નારી ચિહ્નવાળો હશે માટે ભગવાન અને અતિ તામસી હશે માટે પુરુષોત્તમ કહેવાતા હશે. વિભીષણ કહે : પુત્ર તે સર્વે અવતારોને ધારણ કરે છે. ગોલોક વૈકુંઠ ધામના પતિ છે. તેને યોગીઓ આત્મામાં જોઈ શકે છે. તે મોક્ષ આપનારા છે માટે તેનું ભજન કર. અધર્મજીવ રાક્ષસ કહે : સર્વને છેતરવા માટે અનેક સ્વરૂપ ધારણ કરનારો હશે માટે વ્યૂહ અવતાર કહેવાતા હશે, મોટો પોઠિયો અથવા પોઠિયાને હાંકનારો હશે માટે ગોલોક પતિ કહેવાતા હશે, ઘરબાર વિનાનો હશે તેથી વૈકુંઠપતિ કહેવાતા હશે.

એવી રીતે વિભીષણે અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિના અનેક નામોગુણો કહ્યાં. ત્યારે અધર્મજીવ રાક્ષસે શ્રીહરિના સર્વે નામના અવળા અર્થ કર્યા અને ગુણમાં અવગુણ જ બતાવ્યા. એટલે વિભીષણે જોરથી માથામાં ગદા મારી પણ તે અધર્મજીવ રાક્ષસ મર્યો નહીં અને સિંહલદ્વિપમાંથી ભાગી કપટી મનુષ્ય થઈ શેત્રુંજી નદીકાંઠે ત્રિવયખ્યપુરે આવી વાસ

કર્યો. શ્રીહરિનો સંતનો દ્વેષી ખળ થઈને અનેકને છેતરતો અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાથે વૈર રાખતો. તે એકવાર કુંકુમવાપી ક્ષેત્ર આવ્યો. લોમશ આશ્રમમાં જઈ શ્રીહરિની નિંદા કરવા લાગ્યો. ત્યારે શંકરે શ્રીહરિની નિંદા સાંભળીને સેવક ભૈરવને મોકલ્યો. તે કુંકુમવાપી આવી ચામડાની દોરીથી બાંધીને અધર્મજીવન રાક્ષસ પિશાચને વિષ્ટાના ખાડામાં નાખ્યો. તેના મોઢામાં મળમૂત્ર કર્યા અને ત્રિશૂળથી મૂઢમાર માર્યો. પછી જ્યાં ગીધડા બેઠા હતા ત્યાં વૃક્ષની ડાળીએ ઊંધો બાંધ્યો. એવી રીતે શંકરના સેવક ભૈરવે બે મહિના સુધી તે રાક્ષસને દંડ આપ્યો. ભૂખ્યો, તરસ્યો મરીને યમપુરીમાં ગયો. એક હજાર વર્ષ કુંભીપાકમાં પડ્યો. એ રીતે રાક્ષસ પોતાના પાપે અધોગતિને પામ્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, મારા અને મારા એકાંતિક ભક્તના અપરાધ કરનારાની સદ્‌ગતિ થતી નથી. અપરાધ કરનાર જ્યારે શરણે આવે છે ત્યારે તેનો અપરાધ ક્ષમા થાય છે અને તેની સદ્‌ગતિ થાય છે. પરમેશ્વરને શરણે નહીં આવનારાની કરોડો જન્મો સુધી સદ્‌ગતિ થતી નથી. તે અધર્મજીવ રાક્ષસ મરી ગયો એ જાણી વિભીષણ રાક્ષસની માતાને લઈને સૌરાષ્ટ્રમાં આવી શ્રીહરિને પ્રાર્થના કરી, હે પ્રભુ આ રાક્ષસની સદ્‌ગતિ કરો. શ્રીહરિ કહે : જન્માન્તરે મારા હાથે મરશે ત્યારે તેની સદ્‌ગતિ થશે. પછી શ્રીહરિએ લોમશ ઋષિ પાસે તેની માતાને અને વિભીષણને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર અપાવ્યો. એક માસ ત્યાં વાસ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી વિભીષણ અને ખેચરી દિવ્ય થયા.

અધ્યાય - ૮૮

❖ પાપનો નાશ કરી શાશ્વત શાંતિ આપનારું તીર્થ કયું છે ? ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, એકવાર પ્રયાગમાં સર્વે ઋષિ મુનિઓ શ્રાવણમાં કુંભમેળામાં સ્નાન કરવા આવ્યા. ભારતનાં સર્વે તીર્થો, નદી, સરોવર, પર્વતો વગેરે તથા દેવો, દૈત્યો, માનવો પણ સર્વે કુંભસ્નાન કરવા આવ્યા. તેમાં બ્રહ્માના પુત્ર સનતકુમારને પાંચ વર્ષના તેજસ્વી જોઈ સર્વે નદીએ પૂછ્યું, સર્વે માનવો અમારામાં સ્નાન કરી પાપ મૂકી જાય છે. અમે બાર વર્ષે થતા પ્રયાગમાં કુંભસ્નાનમાં સર્વ પાપો ધોઈએ છીએ પણ સર્વ પાપ નષ્ટ થાય, બળી જાય અને શાશ્વત શાંતિ મળે એવું તીર્થ કયું છે ? સનતકુમાર કહે : એવું તીર્થ તો પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે જ છે. જે સર્વ અવતારોના અવતારી છે. જે પરમધામના પતિ છે. જેના યોગથી સર્વના કલ્યાણ થયા છે. જે પ્રભુ અત્યારે અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલા છે. તે પ્રભુના દર્શનથી સર્વ સુખની પ્રાપ્તિ થાય છે તેમજ શાશ્વત શાંતિ મળે છે.

અધ્યાય - ૮૯

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો અગિયારમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સનતકુમારનું વચન અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા સાંભળી સર્વે તીર્થો ઋષિ મુનિઓ કહે, ઋષિ એવા પ્રગટપ્રભુના દર્શન અમને કરાવો. પછી કુંભસ્નાન કરી સર્વે તીર્થો ઋષિ-મુનિઓ સનતકુમાર સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન ધૂન કરતા હતા. તે સાથે દેવો, સિદ્ધો, ચારણો, વિદ્યાધરો, ગાંધર્વો, કિન્નરો સર્વે શ્રીહરિના દર્શન કરવા આવતા હતા. તે સાથે ઈશ્વરો અવતારો પણ ગીત, સંગીત, વાજિંત્ર સાથે કિર્તન કરતા જયઘોષ કરતા પ્રગટ પ્રભુના દર્શન કરવા આવતા હતા. તે સર્વે અશ્વપટ સરોવર બ્રહ્મધરામાં સ્નાન કરી કીર્તન કરતા હતા. ત્યાં તે સર્વેનો સત્કાર કરવાના ઉત્સાહવાળા કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ, લોમશ ઋષિ, બ્રહ્મપ્રિયાઓ, કન્યાઓ સામા ગયા. તે સર્વ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણ પ્રભુના દર્શન કરી જય જય બોલતા પરસ્પર એકબીજાને ભેટ્યા, કુશળ સમાચાર પૂછ્યા. દર્શને આવેલા સર્વે શ્રીહરિના ચરણમાં આળોટવા લાગ્યા. અતિ આનંદ, ઉત્સાહમાં સર્વે નૃત્ય કરવા લાગ્યા અને પ્રગટ પ્રભુની ચરણરજ માથે ચડાવવા લાગ્યા. કેટલાંક અશ્વપટ સરોવરનું જલ માથે ચડાવતા અને પીતા હતા, પછી સર્વેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને સ્નાન કરાવી ષોડ્શોપચારથી પૂજન કરી પોતાનું ધન્ય ભાગ્ય માની મોક્ષ ભાગી થતા હતા. પછી લોમશ ઋષિના આશ્રમમાં આવ્યા. ત્યાં લોમશ ઋષિએ બ્રહ્મધામથી લાવેલા દૂધપાક મિષ્ટાન્નોથી સર્વે મહેમાનોને તૃપ્ત કર્યાં પછી સર્વે ઋષિમુનિઓ નદી, પર્વતો, તીર્થો, દેવો, પિતૃઓ, મનુષ્યો શ્રીહરિના દિવ્ય દર્શન કરીને સર્વથી પર અક્ષરધામમાં રહેલા તેમને જોઈને સાલોક્ય, સાર્ષ્ટિ, સારૂપ્ય અને સાયુજ્ય આ ચાર પ્રકારની મુક્તિને પ્રાપ્ત કરતા હતા.

કુંકુમવાપી તે સાર્ષ્ટિ મુક્તિ. અશ્વપટ સરોવર બ્રહ્મધરો તે સારૂપ્ય મુક્તિ. લોમશ ઋષિનો આશ્રમ તે સાલોક્ય મુક્તિ અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું જન્મસ્થાન તે સાયુજ્ય મુક્તિ. એ રીતે ચાર પ્રકારની મુક્તિ પ્રગટ પ્રભુના ધામમાં રહેલી છે. પછી બીજે દિવસે અનાદિશ્રીકૃષ્ણનારાયણના અગિયારમાં જન્મજયંતિના મહોત્સવમાં વિશ્વકર્માએ મહામંડપની રચના કરી ચારેકોર સર્વને બેસવાના આસનો, સિંહાસનો ગોઠવ્યા. વચ્ચે ગજાસન પર શ્રીહરિ વિરાજતા હતા. સર્વે મુક્તો, અવતારો, ઈશ્વરો, સાધુ-સાધ્વીઓ, દેવો, મહર્ષિઓ બાલકૃષ્ણનો જયઘોષ કરતા આસને બેઠા. પછી લોમશ ઋષિએ શ્રીહરિની પૂજા કરી, આરતી કરી આશિર્વાદ આપ્યા. પછી માતા-પિતાએ હાર પહેરાવી આશિર્વાદ આપ્યા. પછી હેમંત ભગવાન પાર્ષદોએ હાર પહેરાવ્યા. પછી સંતોક, અમૃત વગેરેએ હાર પહેરાવ્યા. પછી સર્વે અવતારો, મુક્તો, મુક્તાનીઓ, ઈશ્વરો, શ્રીહરિની પૂજા કરી, આરતી કરી, ભેટ મુકતા હતા.

પછી ઋષિ-મુનિઓ દેવો, પિતૃઓ, દેવીઓ, સર્વે તીર્થો અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણને વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવી, પૂજા કરી, આરતી ઉતારતા હતા. પછી શ્રીહરિ સર્વે મહેમાનોને ભોજન કરાવતા હતા. પછી સર્વેને આશિર્વાદ આપી કહ્યું, તમે સર્વે પુણ્યકાલે એકાદશીએ કાર્તિકમાં, માઘમાં, વૈશાખમાં, શ્રાવણમાં દર વર્ષે મારા જન્મદિવસે અહીં મારા દર્શને આવવું. પ્રગટ પ્રભુની એવી વાણી સાંભળીને સર્વે તીર્થો પોતપોતાના સ્થાનમાં ગયા.

અધ્યાય - ૯૦

❖ શંકરની આજ્ઞાથી ભૈરવી મહામારીએ પાપીઓનો નાશ કર્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, બદ્રિકાશ્રમમાં તપ કરતા નરનારાયણ ભગવાન તથા ધર્મદેવ, ભક્તિમાતા, ઋષિ, મુનિઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરી દર્શનની ઇચ્છા કરી. તે સર્વેને દર્શન દેવા શ્રીહરિ લોમશ ઋષિને સાથે લઈ કાર્તિક માસમાં બદ્રિકાશ્રમ આવ્યા. નારાયણ ભગવાને મહાવૈષ્ણવ યજ્ઞ કર્યો. ત્યારે સાક્ષાત્ પરમેશ્વર હવિષ્યાન્ન જમતા. તે યજ્ઞમાં પ્રભુના પ્રસાદની ઇચ્છાથી અક્ષરમુકતો ગોલોક વૈકુંઠના મુકતો તથા સર્વે દેવો આવી પ્રસાદ જમતા. તે સમયે સિંહલ દ્વિપમાંથી કુંભીનસી શ્રૃગી વગેરે બસ્સો રાક્ષસીઓ અધર્મજીવ રાક્ષસનું વેર લેવા કુંકુમવાપી કાળી ચૌદશની રાત્રિએ આવી મોઢામાંથી અગ્નિ કાઢી સર્વેને બાળી નાખો, કાપી નાખો, ભેદી, દબાવી મારી નાખો, એમ રાડ્યો પાડતી આવી. ત્યારે શંકરે સીમની રક્ષા માટે રાખેલી દૂતી ભૈરવીએ નાગપાસ મંત્રથી સર્વે રાક્ષસીઓને બાંધી. ત્યાં શંકર આવી કહે : તેનો નાશ કર. તે સમયે રાક્ષસીઓનું અને ભૈરવીનું ભયંકર યુદ્ધ થયું. ભૈરવીએ શંકરના બળથી વજ્રનો દેહ કરી સર્વે રાક્ષસીઓનો નાશ કર્યો. લોમશ ઋષિના આશ્રમમાં રહેલી કન્યાઓનું રક્ષણ કરી સર્વે રાક્ષસીઓનો નાશ કરવાથી શંકર પ્રસન્ન થઈ કહે : વરદાન માગ. ભૈરવી મહામારી કહે : મને ભૂખ બહુ લાગી છે. તેથી તૃપ્તિ થાય તેવું ભોજન આપો. શંકર કહે : અહીં તો પ્રભુનો વાસ હોવાથી તને તામસી ભોજન મળે તેમ નથી પણ સૌરાષ્ટ્રમાં જ્યાં તામસી અધર્મી પૂજાપાઠ, ભક્તિથી રહિત દંભી, શઠ, ચોરી, હિંસા કરનારા, પાપી માણસો હોય તેનું તું ભક્ષણ કરજે.

શંકર ભગવાનનું આજ્ઞા વચન સાંભળી ભૈરવી દૂતી મહામારી રોગરૂપે શંકરને નમસ્કાર કરી. કુંકુમવાપી ક્ષેત્રને પગે લાગી સૌરાષ્ટ્રની અધર્મી, દુષ્ટ પ્રજાનો નાશ કરવા આખા ભારત દેશમાં મહામારી રોગ રૂપે ફરીને પાપી પ્રજાનો નાશ કર્યો. તેમાં બાળ, યુવાન, વૃદ્ધ, રાજા-રાણી, નાના, મોટા, નર-નારી કોઈને જોયા વિના સર્વે તામસી મનુષ્યોનો નાશ કરી તેનું લોહી પીધું. એવી રીતે લાખો પાપીઓનો નાશ કર્યો. અશ્વપટ સરોવરના દશયોજનના વિસ્તારમાં મહામારીનો ભય ન હતો. એ રીતે શંકર રુદ્રની આજ્ઞાથી મહામારીએ દૈત્યો, દાનવો, રાક્ષસો, રાક્ષસીઓનો નાશ કર્યો. ત્યારે સર્વે પ્રજા ભય પામી.

પરમેશ્વરનું ભજન, સ્મરણ, પૂજન, માનતા કરવા લાગી, હે પ્રભુ, આ મહામારી રોગનો નાશ કરો, અમે સર્વે શિવાલય દેવાલયમાં નૈવેદ્ય કરશું. વસ્ત્ર-આભૂષણો દેવને ધારણ કરાવશું. યજ્ઞ કરી સદાવ્રત આપશું. પારાયણો કરાવી કથા સાંભળશું. શ્રીહરિની સંતની સેવા, ધર્મ કાર્યો કરશું. સૂર્ય, શિવ, પાર્વતી, ગણેશ, લક્ષ્મી, વિષ્ણુ વગેરેને માની પૂજા કરશું. પછી મહામારીને આણ દેવા મંડ્યા. તને શંકરની આણ અને પિતૃઓની શપથ છે. તને શ્રીકૃષ્ણનારાયણના શપથ છે. શ્રીકૃષ્ણ કહે : રાધા, પછી સાધુ-સાધ્વી, સતીઓ, વિપ્રો, આકાશ માર્ગે, બદ્રિકાશ્રમમાં જઈને સર્વરોગના દેવ મહાદેવને નમસ્કાર કરી સર્વ નિવેદન કર્યું.

અધ્યાય - ૯૧

❖ મહામારીના રોગમાં મરેલા પાપીઓનું શ્રીહરિ દ્વારા પુર્નજીવન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સર્વે ગંગામાં સ્નાન કરી નરનારાયણ ભગવાન અને ઋષિમંડળના દર્શન કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી લોમશ ઋષિને પગે લાગ્યા. શ્રીહરિએ સર્વનો સત્કાર કરી આવવાનું કારણ પૂછ્યું, સર્વે સંત ભક્તોએ રૂદન કરતા કહ્યું, હે પ્રભુ અધર્મજીવ રાક્ષસનું વેર લેવા રાક્ષસીઓ આવી હતી. તેનો ભૈરવી મહામારીએ નાશ કર્યો. પછી ભૂખી થઈ શંકર પાસે નરમાંસ ખાવા માગ્યું. શંકર કહે : શ્રીહરિ વૈષ્ણભક્તો શિવભક્તોને તજીને પાપી અધર્મી નાસ્તિકોનો નાશ કરી ખાઈ જા. તેથી મહામારીએ કાળરૂપે લાખો માનવોને મારી નાખ્યા. માટે તમે જલદી આવી અમારું સર્વનું રક્ષણ કરો. સંતભક્તોની પ્રાર્થના સાંભળી શ્રીહરિ ઉદાસ થયા.

નરનારાયણ ભગવાને કહ્યું : પ્રભુ, આપની ઈચ્છા વિના કંઈ થતું નથી. તમે અહીં પધાર્યા કાર્તિકમાં યજ્ઞ થયો સર્વેને તમારા દર્શન થયા. આ હિમાલયમાં ગંગા વગેરે તીર્થો પાવન થયા એમ કહીને નરનારાયણ ભગવાન, ધર્મદેવ, ભક્તિમાતા, ઋષિ-મુનિઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી, આરતી, પ્રદક્ષિણા કરી. શ્રીહરિએ સર્વને આશિર્વાદ આપી અશ્વપટ સરોવર કુંકુમવાપી આવવાનું કહીને ત્યાંથી માગશર પૂનમે નીકળી વિમાનમાં બેસી સાંજે કુંકુમવાપી આવી શંકરને બોલાવી કહ્યું, હવે મહામારીનું નિવારણ કરો. શંકરે મહામારીને બોલાવી પ્રભુની આજ્ઞા સંભળાવી. સર્વે નાશ થતો અટકાવ્યો. શ્રીહરિ કહે : આજથી મારા આશ્રિતો કંઠી માળા, તિલક, ચાંદલો ધારણ કરનારા, વૈષ્ણવ ભક્તોને તારે કદી મારવા નહીં અને અત્યારે જે મર્યા છે તેને જીવતા કર. મહામારી કહે : પ્રભુ અમે કોઈને સજીવન કરવા સમર્થ નથી. તેથી શ્રીહરિએ મહામારીને કલ્પલતા આપી તેનાથી સર્વને સજીવન કર્યાં. ત્યારથી આરંભી સર્વે જનો વૈષ્ણવો થયા અને ભજન કરવા લાગ્યા. સર્વેને શંકરની આજ્ઞાથી મહામારી એ "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી ભજન કરાવતી હતી. અનાદિશ્રીકૃષ્ણનારાયણની અસીમ કૃપાથી જીવતા થયેલા

જનો પોષ, માઘ, ફાગણમાં શ્રીહરિને દર્શને આવતા હતા. પછી નરનારાયણ ભગવાન ધર્મદેવ, ભક્તિમાતા, ઋષિમાતા વગેરે શ્રીહરિના દર્શને આવ્યા તેમના કુંકુમવાપીમાં તીર્થો થયેલા છે.

અધ્યાય - ૯૨, ૯૩

❖ જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ અને પરબ્રહ્મનું જ્ઞાન - ઉપદેશ ❖

એકવાર અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ એ ત્રણે વાસુદેવ નારાયણને પૂછ્યું જીવ ઈશ્વરનું જ્ઞાન કેમ થાય ? આત્મા શું છે ? સંસાર-માયાથી મુક્તિ કેમ થાય ? પરબ્રહ્મ શું છે તે કહો. વાસુદેવ નારાયણે હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કર્યું. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણના દર્શન થયા. પછી ગોલોક વૈકુંઠના દર્શન થયા, પછી અમૃતધામ, શ્વેતદ્વિપ, ક્ષીરસમુદ્રના દર્શન થયા. સર્વે ધામમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા પછી કુંકુમવાપી અશ્વપટ સરોવરના દર્શન થયા. લોમશ આશ્રમ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ તથા કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણના દર્શન થયા તથા પ્રભા, પાર્વતી, લક્ષ્મી, માણિકી, રાધા, મંજુલા, સગુણા, હંસા, જયા, લલિતા વગેરે એકસોબાર બ્રહ્મપત્નીઓનાં દર્શન કરી દિવ્ય, તેજસ્વી, અલૌકિક કિશોરમૂર્તિના દર્શન કરી શ્રીહરિની મૂર્તિમાં સર્વે અવતારોના દર્શન કર્યા પછી તે રહસ્યજ્ઞાન નાના ભાઈઓને કહેવા લાગ્યા. જે પરબ્રહ્મ પરમાત્માને દેવો જાણી શકતા નથી, તે પ્રભુને ઋષિમુનિઓ જ્ઞાનથી જાણીને બ્રહ્મરૂપ થાય છે. તે પરબ્રહ્મને ભજીને પૂર્વે ધામમાં ગયેલા મુક્તો તેને સંસારમાં આવવું પડતું નથી. આ આત્મા શુદ્ધ, સ્વચ્છ, સૂક્ષ્મ અને સનાતન છે. તેમાં અંતર્યામિ પરમાત્મા રહ્યા છે. તે જીવાત્માને પાપ પુણ્યના કર્મ ફળ ભોગવાવે છે અને કર્મફળને ભોગવતો પોતાને સુખી-દુઃખી માને છે, પણ અંતરાત્મામાં રહેલા પરમાત્માને જાણતો નથી, જોતો નથી, તેથી કર્મના સુખ-દુઃખ પામે છે. અને તે પરમાત્માથી આ માયાની સૃષ્ટિ થાય છે.

જીવાત્મા અહંમમત્વ, રાગદ્વેષ, અવિવેક વગેરે દોષોથી અજ્ઞાનથી ઘેરાયેલો રહે છે ત્યાં સુધી સંસારથી માયાથી મુકાતો નથી પણ માયાના દોષકર્મ તેનાથી રહિત એવો હું ચેતન આત્મા નિર્વિકારી પરમાત્માનો અંશ છું, ભક્ત છું. એમ માની આત્મામાં રહેલા પરમાત્માને શુભ-અશુભ કર્મો અર્પણ કરતો રહે તો તે કર્મો જ્ઞાનરૂપી અગ્નિથી ભસ્મ થઈ, અને તે કર્મ ભોગવવા પડતા નથી, ત્યારે આત્મામાં પ્રકાશ થાય છે અને અક્ષર જેવો શુદ્ધ થાય છે. જ્યારે પોતાના આત્મામાં સર્વને જુવે છે અને સર્વમાં પોતાના આત્માને જુવે છે. ત્યારે મુક્ત સ્થિતિ પામી પરમાત્મા સાથે એકપણાને પામે છે. જન્મ, જરા, દુઃખ, વ્યાધિ સર્વનું એક જ આ ઔષધ છે જે આત્માને બ્રહ્મવિજ્ઞાન થાય ત્યારે માયિક વૃત્તિ નિવૃત્તિ પામે છે અને બ્રહ્મ સંપત્તિ પ્રાપ્ત થાય છે. જેમ નદીઓ સમુદ્રને પામીને એકરૂપ થઈ જાય

છે, તેમ શુદ્ધ એવો આત્મા પોતાની અંદર રહેલા પરબ્રહ્મની ઉપાસનાથી શુદ્ધ અક્ષર જેવો થઈને, પરબ્રહ્મમાં એકતાને પામે છે ત્યારે સાક્ષાત્ પ્રત્યક્ષ દર્શન અદ્વૈત એકજનું થાય છે.

વાસુદેવ નારાયણ કહે : હે ભાઈઓ, આ તમને પરબ્રહ્મનું જ્ઞાન કહ્યું. તે જ્ઞાન જેને થાય છે તેને માયાનું પ્રપંચ વાસના રહેતી નથી. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી મોહ અને વાસના રહે છે. માટે મોહ તજીને આત્મામાં રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વે રસમય સર્વેરૂપે રહેલા પરમધામમાં રહેલા શ્રીહરિને સેવકો સેવાભક્તિથી પ્રાપ્ત કરે છે. તપસ્વીઓ નથી જોઈ શકતા, તે પરમાત્માને ઉપાસના કરનારા તત્ત્વચિંતકો જાણી શકે છે. માયામાં મોહ પામેલા દેવો જે પરબ્રહ્મને નથી જાણી શકતા નથી તે પ્રભુને ભક્તો ભક્તિથી મેળવે છે. માટે હે અનિરુદ્ધ, તારામાં જે સર્જન ઐશ્વર્ય છે તે પરબ્રહ્મ પરમાત્માનું છે. હે પ્રદ્યુમ્ન, તારામાં જે પોષણ કરવાનું જે ઐશ્વર્ય છે, તે પુરુષોત્તમ નારાયણનું છે હે સંકર્ષણ, તારામાં જે સંહાર શક્તિ છે, તે પરમેશ્વરની છે. જે માયાથી પર રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણને જે જાણે છે, તેને ધામમાં જઈને ફરી આલોકમાં આવવું પડતું નથી.

વાસુદેવ નારાયણ કહે : સર્વે અવતારો, ઈશ્વરો, માયા, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેના અંશ છે જેની આજ્ઞામાં રહીને બ્રહ્માંડોના કાર્ય કરે છે એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેની મન, વાણી, શરીરથી સેવાભક્તિ કરવી. તે પ્રભુ મૂર્તિ રૂપે રહે છે, ગુરુરૂપે રહે છે, સાધુમાં દિવ્યરૂપે વાસ કરે છે, માતા-પિતા રૂપે થાય છે, સતી, પતિ રૂપે થાય છે, આચાર્યરૂપે આવે છે. આ આઠ સ્વરૂપો સદા તારનારા છે. એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અત્યારે કુંકુમવાપી ક્ષેત્રમાં કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણને ત્યાં અનેક જીવાત્માઓનો મોક્ષ કરવા પ્રગટ થયેલા છે. એવા પ્રભુના આપણે દર્શન કરીએ છીએ. તે પ્રભુની કૃપા છે અને આપણા ભાગ્ય છે. એમ કહીને વાસુદેવ નારાયણ વિરામ પામ્યા. એટલે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ ત્રણેએ માનવરૂપે રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું હૃદયમાં ધ્યાન કર્યું.

અધ્યાય - ૯૪

❖ અશ્વપટ સરોવરકાંઠે ચતુર્વ્યુહ તીર્થ અને સ્વંયપ્રકાશ તીર્થ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ચતુર્વ્યુહ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા સૂક્ષ્મરૂપ ધારણ કરી બ્રહ્માંડમાં આવ્યા. ત્યાંથી નાનું રૂપ લઈ સત્યલોકમાં આવ્યા, એથી નાનું સ્વરૂપ ધારણ કરી સ્વર્ગમાં થઈ માનવરૂપે પૃથ્વી પર આવી અશ્વપટ સરોવર કુંકુમવાપીમાં તેજસ્વી વિમાન ઉતારી સુવર્ણ અલંકારોથી શોભતા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ, વાસુદેવનારાયણ આ ચતુર્વ્યુહ અશ્વપટ સરોવરમાં સ્નાન કરી લોમશ ઋષિના આશ્રમમાં આવ્યા. લોમશ ઋષિની પૂજા સત્કાર કરી આરતી કરી. કંભરા, ગોપાલ પાસે આવ્યા. માતા-પિતાએ ચતુર્વ્યુહની પૂજા કરી

પછી ચતુર્વ્યુહને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ પોતાની મૂર્તિમાં અનેક અવતારો અનેક ધામમાં દર્શન કરાવ્યા. પછી પરમધામમાં અનંત કોટી મુક્તોથી સેવાયેલા ગજાસન પર વિરાજમાન એવા દિવ્યદર્શન કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી આરતી કરી દંડવત્ કરી સ્તુતિ કરવા લાગ્યા. પછી વાસુદેવ નારાયણને પ્રભુએ મુગટ કુંડળ ધરાવ્યા. સંકર્ષણે તિલક, ચાંદલો કર્યો. પ્રદ્યુમ્ને સુગંધી દ્રવ્ય આપ્યા. અનિરુદ્ધે કંદોરો, કડાં, પાદુકા વગેરે ધારણ કરાવ્યા.

પછી સર્વે સ્તુતિ કરવા લાગ્યા, હે પ્રભુ તમે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અનંત મુક્તોથી સેવાયેલા છો. તમારી મૂર્તિમાંથી અમે વ્યૂહો અવતારો પ્રગટ થયેલા છીએ. હે પ્રભુ ઈશ્વરો, ઈશ્વરાણીઓ, માયા, કાળ, વૈરાજ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરો, દેવો સર્વે તમારી મૂર્તિમાંથી પ્રગટ થયેલા છે. હે પ્રભુ શ્રી, ભૂલીલા, સતી પદ્મા, ગંગા, સરસ્વતિ, પ્રભા, પાર્વતી, માણિકી, સગુણા, પ્રેમા, મંજુલા, સીતા, અમૃતા, સંતોષી, રમા, હંસા, દયા, જયા, તુલસી, હેમી, શાંતા, સાવિત્રી, ચંપા, લલિતા, કસ્તુરી, ઓજસ્વતી વગેરે અનંત શક્તિઓ તમારી છે તથા કપિલદત્ત, નૃસિંહ, વામન, મત્સ્ય, કુર્મ, વરાહ, રામકૃષ્ણ, પરશુરામ વગેરે અવતારો પણ તમારા જ છે. ભગવાન, શુક, વલ્લભ, હેમંત, દેવપ્રકાશ એ સર્વે તમારા અંશ વિભૂતિઓ છે. હે પ્રભુ આજ તમારા બાલકૃષ્ણ સ્વરૂપના દર્શન કરી અમે ધન્ય થયા છીએ. માટે અમને અહીં સદા તમારા ચરણમાં વાસ આપો.

ચતુર્વ્યુહની સ્તુતિ સાંભળી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેના ચતુર્વ્યુહના બે સ્વરૂપો કર્યા. એક રૂપે અમૃતધામમાં રહ્યા. બીજે રૂપે મુખ્ય શીષ્ય સ્વયં પ્રકાશમાં લીનરૂપે રહ્યા. તે અનિરુદ્ધ પત્ની સુશીલા, પ્રદ્યુમ્ન પત્ની ધીઃ, સંકર્ષણ પત્ની સુનંદા, વાસુદેવ નારાયણ પત્ની હરિણી આ ચારેય લક્ષ્મીઓ રોજ ચતુર્વ્યુહ જેમાં વાસ કરે છે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણના શિષ્ય સ્વયંપ્રકાશની પૂજા કરવા આવતી. પ્રભુએ ત્યાં અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ, વાસુદેવ આ ચતુર્વ્યુહને અશ્વપટ સરોવરમાં વાસ આપ્યો. તેથી ત્યાં ચતુર્વ્યુહતીર્થ તથા સ્વયંપ્રકાશતીર્થ થયેલું છે. શ્રીકૃષ્ણ કહે : રાધા જ્યાં અવતારો અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રસન્નતાને માટે દિવ્ય સ્વરૂપે વાસ કરે છે. જ્યાં મુક્તો બ્રહ્મપ્રિયાઓ દિવ્સ્વરૂપે વાસ કરે છે. તે ક્ષેત્રનો મહિમા વર્ણન કરવા કોણ સમર્થ થઈ શકે. તે ચતુર્વ્યુહતીર્થ જેઠ પૂર્ણિમાએ થયેલું છે તથા અષાઢી બીજે સ્વયંપ્રકાશ તીર્થ થયેલું છે.

અધ્યાય - ૯૫, ૯૬

❖ ઉષ્ણાલય ખંડમાં સમુદ્રરેલ્યાનાં આપત્તકાળમાં પ્રભુ દ્વારા પ્રજાનું રક્ષણ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પૂર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી અગસ્ત્ય ઋષિ અને તેના પત્ની લોપામુદ્રા ઉષ્ણાલય ખંડમાં વન પર્વતમાં વાસ કરતા. એકવાર તેઓ તપસ્વી ભક્તોને પાવન કરવા સમુદ્ર ઓળંગી આકાશ માર્ગે બાલસરોવરમાં ગયા. માંગી, શ્વાનિક,

કુવન, લાભરૂચિ, ઉતંગ, આર, તુરુ, ગ્રાગી વગેરે સરોવરોમાં સ્નાન કરી તથા મુરા, તુરા, ગોશંકુ, ઝીંકુ, રીંકુ, ફીંકુ, કારૂ, દારૂ, ચારૂ, લિંગી, ક્વીલ્પી, લવીંગાહેલી, ફીજરા વગેરે અનેક નદીઓમાં સ્નાન કરી તીર્થરૂપ કરી અને દેવની પૂજા કરી. ત્યાં હેમશાલા પર્વતમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંત્રનો જપ કરતા પત્ની સાથે વાસ કરતા તપસ્વી ભક્તો હેમશાલાયન, બાલાયન, રાવાસન, ઘરા, લિંગાયન, ભેકુ, દાનેય, મસીગ્રીવ, શાલવનાયન, આચાલ, ગ્રામાયન, વાટાયન, દિવાદિંગાયન વગેરે અગિયાર ઋષિઓએ અગસ્ત્ય મુનિની પૂજા કરી. અગત્સ્ય મુનિએ તે સર્વેને પુરુષોત્તમનું જ્ઞાન આપ્યું આત્મપતિ અંતર્યામિ તે પ્રભુ અત્યારે પ્રગટ થયા છે. તેનો મંત્ર ગ્રહણ કરી ભજન કરો, પછી સર્વે તપસ્વી ઋષિ "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર ગ્રહણ કરી સતત જપ કરતા હતા. તે રીતે અગત્સ્ય મુનિએ ત્યાં લાખો ઋષિ બ્રાહ્મણોને મંત્ર આપી સર્વને ભોજન કરાવીને અગસ્ત્ય મુનિ પત્ની સાથે આકાશમાર્ગે અશ્વપટ સરોવર આવી રહ્યા.

ત્યાં ઉષ્ણાલય ખંડમાં ભાદરવા માસમાં આકાશમાં ધૂમકેતુ ગ્રહ જોઈને સર્વે લોકો ભય પામ્યા અને બાલકૃષ્ણનું ભજન સ્મરણ કરવા લાગ્યા. પૂનમે વાવાઝોડાથી સમુદ્ર રેલાયો ચારેકોર પાણી ફરી વળ્યા. વન, પર્વત, ગામ, શહેર, વાડી, ખેતર, સર્વ સ્થાનમાં સમુદ્રનું પાણી ભરાઈ ગયું. મનુષ્ય પશુ-પક્ષીઓ, જીવ-જંતુઓ મરવા લાગ્યા. મનુષ્યો પર્વત પર ચડી જઈ રૂદન કરવા લાગ્યા. ત્યારે હેમશાલાયન વગેરે ઋષિઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરવા લાગ્યા, હે પ્રભુ તમે ગર્ભમાં સર્વનું રક્ષણ કરો છો માટે અમારા પાપને નહીં ગણી શરણાગતની રક્ષા કરો. હે સ્વામિનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અમારું રક્ષણ કરો. તમારું નામ હરિ છે દુઃખને કેમ નથી હરતા.

હે પ્રભુ, પૂર્વે ઘણા ભક્તોની તમે રક્ષા કરી છે. જો તમે અમારા ગુરુ હો, અમે તમારા ભક્ત હોય તો અમારું સર્વનું રક્ષણ કરજો. સર્વે ઋષિ, બ્રાહ્મણોની સ્તુતિ પ્રાર્થના સાંભળી દયાળુ કૃપાળુ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને લક્ષ્મી સાથે અગસ્તસ્ય મુનિ લોપામુદ્રાને લઈને વૈદ્ય અશ્વિનીકુમાર સંજીવની ઔષધી સાથે લઈ વિમાનમાં ઉષ્ણાલય ખંડમાં હેમશાલાયન ઋષિ વગેરે અગિયાર ઋતુ ઋષિ પાસે આવી જોરથી શ્વાસ લીધો અને વાવાઝોડાને પી ગયા. અગસ્ત્ય મુનિ ચારે કોર ફરી વળેલા પાણીને એક અંજલિ કરી પી ગયા. લોપામુદ્રાએ પૃથ્વીદેવીને પહેલા હતી તેવી જ થવા કહ્યું પછી પ્રભુએ પવનદેવને આજ્ઞા આપી, રેતીમાં ઢંકાયેલા પ્રાણીઓને બહાર કાઢો. વાયુએ તે કાર્ય કર્યું.

વન, પર્વતમાં, નદી, સરોવરમાં, સમુદ્રમાં, રણમાં, ગામ, શહેર, સીમવાડીમાં જ્યાં જ્યાં મનુષ્યો પશુ-પક્ષી મર્યા હતા. મૂર્છા પામેલા સર્વને શ્રહરિની આજ્ઞાથી અશ્વિનીકુમારોએ મંત્ર આપી સજીવન કર્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સર્વને નવું જીવન આપ્યું. એ

રીતે બે ઘડીમાં વાવાઝોડામાં નાશ પામેલા લાખો પ્રાણીઓને જીવંત કરી શ્રીહરિએ રક્ષણ કર્યું અને ઉપદ્રવ શાંત કર્યો. પછી સમુદ્ર વાયુએ પ્રભુને પગે લાગી ક્ષમા માગી. તેથી શ્રીહરિએ તેને અભયદાન આપી કહ્યું, જ્યાં મારા ભક્તો વાસ કરતા હોય ત્યાં તારે પ્રલય ન કરવો. ક્યારે પણ મર્યાદાનો લોપ ન કરવો. એ જ રીતે મેઘ પણ વૃષ્ટિ કરી પાક આપનારો થાવ પણ ઉન્મત થઈ પ્રલય ન કરવાની આજ્ઞા કરી. ત્યારથી આરંભીને સર્વ તત્ત્વો શ્રીહરિની આજ્ઞાથી નિયમથી રહેવા લાગ્યા પછી પ્રભુ હેમશાલય ઋષિ પાસે આવ્યા.

અધ્યાય - ૯૭

❖ અનેક ઋષિમુનિઓનું શ્રીહરિ દ્વારા રક્ષણ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ અગત્સ્ય મુનિ વગેરે વિમાનમાં બેસી પર્વતમાં રહેતા ઋષિઓ પાસે આવ્યા. સર્વે ઋષિઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી પૂજા સત્કાર કરી દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિએ સર્વને કુશળ સમાચાર પૂછ્યા. ઋષિઓ કહેવા લાગ્યા, પ્રભુ તમે સર્વેની રક્ષા કરી તેથી સર્વે કુશળ રહ્યા. પછી હેમશાલાયન ઋષિએ કહ્યું, હું નદી કાંઠે હતો ત્યાં સમુદ્રનું પાણી આવ્યું. હું તેમાં ડૂબી ગયો, મેં ગુરુને શ્રીહરિને સંભાર્યા તમે આવી રક્ષણ કર્યું. બાલાયન ઋષિ કહે : હું સમુદ્રમાં નાવા ગયો હતો ત્યાં વાવાઝોડાથી રેતી ઊડી તેમાં ઢંકાઈ ગયો ત્યાં તમે આવી મને જીવાડ્યો અને રક્ષા કરી. રાવાસન કહે : હું નદી કાંઠે સમાધીમાં હતો. ત્યાં રેતીમાં દટાઈ ગયો હતો. જાગ્યો ત્યાં તમે આવી રક્ષણ કર્યું. ધરાલિંગ કહે : હું વનમાં હતો ત્યાં વાવાઝોડાથી વૃક્ષ ભાંગી મારી માથે પડ્યું ને હું મરી ગયો. પણ કોણ જાણે શું થયું તમે આવી જીવતો કરી પાણી પાયું.

ભેકંદાનેય કહે : હું પર્વતમાં મારી પર્ણકુટીમાં હતો. પવનથી પર્ણકુટી ઊડી, હું સૂતો હતો ઊડીને પર્વતમાં પડી મરી ગયો પણ તમે આવી રક્ષા કરી. મષીગ્રીવ કહે : હું રણમાં હતો ત્યાં પાણી આવ્યું. મગર મને ખાઈ ગયો. પણ તમારી કૃપાથી ફરી જીવતો થયો. તમે મને જીવનદાન આપ્યું. શાલવન કહે : હું પર્વતમાં તમારું ભજન કરતો હતો. ત્યાં પવનથી ઊડી પાંચ યોજન દૂર સમુદ્રમાં પડ્યો. મરણ પામ્યો. ત્યાં તમે મારો હાથ જાલી જીવતો કર્યો. આચાલ ઋષિ કહે : હું યજ્ઞમાં હતો. કાષ્ઠમાં, વનમાં અગ્નિ લાગવાથી હું બળી ભસ્મ થયો, મેં ગુરુને તમને સંભાર્યા તમે આવી ભસ્મમાંથી મને જીવતો કર્યો. ગ્રામાયન કહે : હું સ્નાન કરી પૂજા કરતો હતો ત્યાં ભૂકંપ થયો. હું પર્વત પરથી પડી અતિ ઠંડીથી મરી ગયો પણ તમે દયા કરી મને સજીવન કર્યો. વાટાયન કહે : હું વાવાઝોડામાં આકાશમાં ઊડી વનમાં પડ્યો ત્યાં હાથી મને ખાઈ ગયો પણ કોણ જાણે શું થયું હું જીવતો થયો તમે રક્ષા કરી. દીવાદીંગાયન કહે : હું નદી કાંઠે હતો ત્યાં સમુદ્રનું પાણી આવ્યું તેમાં ડૂબી ગયો ફરી કાંઠે આવ્યો ત્યાં મારી માથે રેતી ઢંકાઈ ગઈ. ત્યાં તમે આવી મને જગાડ્યો.

ત્યાં મને વિમાનમાં તમારા દર્શન થયા. એ સર્વે તપસ્વી ઋષિઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરી, હે પ્રભુ, તમે સર્વે મનુષ્ય પશુ-પક્ષીને કૃપા કરી સજીવન કરી રક્ષા કરી ગુરુ અગસ્ત્ય મુનિ શંકર અશ્વિનીકુમાર વગેરે આવી સર્વે સમૃદ્ધિ આપી, અમે ધન્ય છીએ. હે પ્રભુ, તમે અહીં દિવ્ય દેહે અહીં પધારી આ ઉષ્ણાચલ દેશ પાવન કર્યો.

શ્રીહરિ કહે : તમે સર્વે મારી ભક્તિ કરો છો, તેથી મેં તમારું રક્ષણ કર્યું છે. હું મારા ભક્તને સર્વસ્વ આપું છું. પૂર્વે મેં ચકલીને પર્વત પર પાણી પાયું હતું. હું એક ભક્તને માટે અસંખ્ય ભક્તોનું રક્ષણ કરું છું. એક ભક્તને માટે અસંખ્ય પાપીનો નાશ કરું છું. અભક્ત માટે કાંઈ કરતો નથી. ભક્ત માટે સર્વ કાર્ય કરું છું. પૂર્વે મેં બિલાડીના બચ્ચાનું અગ્નિની ભઠ્ઠીમાં રક્ષણ કર્યું હતું. સર્વ ઋષિઓ શ્રીહરિની અમૃતવાણી સાંભળી આનંદ સાગરમાં ડૂબી ગયા. પછી હૃદયમાં ધ્યાન ધર્યું ત્યાં અંતરાત્મામાં પણ શ્રીહરિના દર્શન થયા.

અધ્યાય - ૯૮

❖ સનતઋષિ અને ઉર્વશી અપ્સરા પરસ્પર શાપથી બિલાડો-ચકલી થયા ❖

હેમશાલાયન ઋષિએ પૂછ્યું : પ્રભુ, તમે રક્ષા કરી તે ચકલી અને બિલાડી પૂર્વ જન્મમાં કોણ હતા ? શ્રીહરિ કહે : પૂર્વે બ્રહ્માના પુત્ર સનત ઋષિ ચૌદલોકમાં ફરતા કચ્છમાં નારાયણ સરોવર તીર્થમાં નાહીને ધ્યાન કરતા હતા. તેજસ્વી કિશોર સ્વરૂપ જોઈને ઉર્વશી અપ્સરા મુનિ પાસે આવી. સનત મુનિને મોહ પમાડવા નૃત્ય કરી હાવભાવ ચેષ્ટા કરવા લાગી. જ્યાં સ્પર્શ કર્યો ત્યાં મુનિ કહે : મને અડીશ નહીં. એમ કહી દૂર જઈ બેઠા. ઉર્વશી ત્યાં ગઈ. મુનિ કહે : તું નારાયણ પુત્રી થઈ ચકલીની જેમ કેમ ફરે છે. તને લજ્જા નથી આવતી. ઉર્વશી કહે : અમારો અપ્સરાનો આ ધર્મ છે. તે બ્રહ્મા, વિષ્ણુ, શંકરે અમને સર્વને મોહ પમાડવા આજ્ઞા આપેલી છે. તેમાં અમારા માટે, તમારા માટે ભાઈ-બહેનનો સંબંધ છે જ નહીં. નારાયણની સર્વે પત્નીઓ નારાયણના શરીરમાંથી જ થયેલી છે. કૃષ્ણના અંગમાંથી થયેલી રાધા કૃષ્ણની પત્ની છે. બ્રહ્માના શરીરથી થયેલી ગાયત્રી બ્રહ્માની પત્ની છે. બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ તેની પુત્રીઓ ધર્મની પત્નીઓ છે. તેથી દેવની સૃષ્ટિમાં પુત્ર-પુત્રીનો સંબંધ નથી. એમ કહીને ઉર્વશી સનત મુનિના ખોળામાં બેસી ગઈ. પણ મુનિ પ્રાણાયામ કરી સમાધીમાં બેસી ગયા.

ઉર્વશીએ સંકલ્પ પૂર્ણ ન થવાથી ઋષિને શાપ આપ્યો કે, સ્ત્રીના દુઃખને નહીં જાણનારો, સ્ત્રીની કિંમત નહીં કરનારો નપુંષક જેવો તું બિલાડી થઈ જા. એટલે તને સ્ત્રી જાતિનું ભાન થાય. ઉર્વશીના શાપથી સનત ઋષિ તરત બિલાડીના જન્મને પામ્યા. ક્રોધ પામેલા મુનિએ પણ ઉર્વશીને શાપ આપ્યો કે, તું મને વગર વાંકે શાપ આપે છે માટે તું પણ નિર્જન સ્થાનમાં ચકલી થા, જ્યાં પાણી પણ પીવા ન મળે. ઉર્વશી સખીઓને તજીને

તરત ચકલીના જન્મને પામી. ઈન્દ્રને ખબર પડી એટલે બ્રહ્મા પાસે આવ્યા, બ્રહ્મા અને ઈન્દ્ર નરનારાયણ ભગવાન પાસે આવ્યા. પૂજા કરી પ્રાર્થના કરી કહ્યું, હે પ્રભુ તમારી પુત્રી ઉર્વશી કામના દોષથી ચકલીના જન્મને પામી છે અને મારો પુત્ર સનત ઋષિ બિલાડી થયો છે તેનો ઉદ્ધાર કરો. તમે સમર્થ છો.

નરનારાયણ ભગવાન કહે : હું ટૂંક સમયમાં તે બંનેનો ઉદ્ધાર કરીશ. તે શાપથી થોડું કષ્ટ પામશે પછી ઉદ્ધાર થશે. પછી ઈન્દ્ર બ્રહ્મા નરનારાયણ ભગવાનને પગે લાગીને કચ્છમાં નારાયણ સરોવર આવ્યાં, જ્યાં ચકલી અને બિલાડીના શાપને પામ્યા હતા બ્રહ્મા ઈન્દ્ર પાસે ચકલી, બિલાડી રોવા લાગ્યાં. બ્રહ્મા કહે : જ્ઞાનીને કદી શોક થતો નથી, આવેલું દુઃખ સદા રહેતું નથી, માટે તમે સર્વના સ્વામિ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરજો. અજ્ઞાનીઓ જે દુઃખ માને છે. જ્ઞાનીઓ તેને સુખ માને છે. દુઃખ સર્વ ત્રીવિધ તાપના છે. યૌવન સદા દુઃખ આપનારું છે. તેની સાથે તૃષ્ણા ભળે છે. તેથી સુખી હોવા છતાં દુઃખ પામે છે. સંસાર જ દુઃખરૂપ છે તેથી મોક્ષને સદા સુખ રૂપ માનેલો છે. જ્ઞાની અને યોગીઓને વિષયભોગ તૃષ્ણા ક્ષય માટે હોય છે. તેથી તેને વિષયો બંધન કરી શકતા નથી. જ્ઞાનથી મૂઢતા, જડતા, અજ્ઞાન નાશ પામે છે. જ્ઞાન ગુરુથી થાય છે. ગુરુની પ્રાપ્તિ પુણ્યથી થાય છે. પુણ્ય શાસ્ત્ર શ્રવણથી થાય છે. શાસ્ત્ર શ્રવણ શ્રદ્ધાથી થાય છે. શ્રદ્ધા મુમુક્ષુતાથી થાય છે. મુમુક્ષુતા શ્રીહરિની કૃપાથી આવે છે. શ્રીહરિની કૃપા અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભજન સ્મરણ તેની શરણાગતિ લેવાથી થાય છે. માટે શ્રીહરિની પ્રેમમય ભક્તિ સદા કરવી. બ્રહ્મા એ રીતે ઉપદેશ આપી સત્યલોકમાં ગયા. ઈન્દ્ર સ્વર્ગમાં ગયો. તે ચકલી અને બિલાડી સદા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા નારાયણ સરોવરમાં વાસ કરતા હતા. પછી હિંસક પશુના ભયથી બિલાડીએ જ્યાં મનુષ્યો રહેતા હતા ત્યાં ખેતરમાં વાસ કર્યો.

અધ્યાય - ૯૯

❖ શ્રીહરિ દ્વારા નિંભાડામાં બિલાડીનાં બચ્ચાંઓનું રક્ષણ ❖

શાપને કારણે અતિ કષ્ટથી બિલાડાના યોગથી બિલાડીને પાંચ બચ્ચાં થયાં. તેનું રક્ષણ કરવા કુંભારના કાચા ઘડામાં તે બચ્ચાંને રાખ્યા. કુંભારે કાચા ઘડાઓ ભઠ્ઠીમાં મૂકી અગ્નિ લગાવ્યો. બિલાડીએ બહારથી આવી જોયું તો બચ્ચાં અને ઘડો ન મળે તેથી વિહ્વળ થઈ રૂદન કરવા લાગી. બચ્ચાના હેતથી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવા લાગી. હે હરિ, હે સ્વામિ ગર્ભમાં તમે રક્ષણ કરો છો. તમે સર્વસ્થાનમાં રક્ષણ કરવા સમર્થ છો. જો હું તમારી ભક્તા હોઉં તો મારા બચ્ચાંનું રક્ષણ કરજો. એમ સ્તુતિ ભજન કરતી ત્યાં બેઠી હતી. રાત્રિ દિવસ નિંભાડો અગ્નિવાળો હોવા છતાં અગ્નિ ઠરી ગયો ત્યારે નિંભાડામાંથી બચ્ચા બોલતા રમતા બહાર આવ્યા. બિલાડી બચ્ચાને હેતથી ચાટવા લાગી અને ધવરાવ્યા.

પછી રાત્રિ-દિવસ શ્રીહરિનું નારાયણનું ભજન કરવા લાગી. હવે મારે ક્યાંય જવું નથી. જે પ્રભુએ મારા બચ્ચાનું રક્ષણ કર્યું છે તે પ્રભુ અહીં ખાવાનું આપશે. ત્યાં કુંભાર આવ્યો. ઘડા પાકી ગયા અને આ બચ્ચાં જીવતાં રહ્યાં તે સર્વજનો જોવા આવ્યા. ત્યાં ભઠ્ઠીમાં ભગવાનના ચરણ જોયા. તેથી સૌએ માન્યું પ્રભુએ રક્ષણ કર્યું છે. પછી નરનારાયણ ભગવાને દર્શન આપી બિલાડીના દેહમાંથી મુક્ત કરી ફરી સનત ઋષિનું રૂપ આપ્યું. ત્યાં દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી. તે માર્જારપુર નામે ગામ થયું.

અધ્યાય - ૧૦૦ થી ૧૦૫

❖ લક્ષ્મી અને ઉર્વશી ચકલી હિમાલય પર તપ કરી શાપ મુક્ત થઈ ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : હવે ચકલીનું નરનારાયણ ભગવાન રક્ષણ કર્યું તે કહું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ હેમશાલાયન આદિ ઋષિને કહે : ચકલી સર્વે તીર્થો કરતી નેપાળ પ્રદેશમાં આવી. ત્યાં ગંડકીમાં લક્ષ્મી સમાન રૂપવાળી આઠ વર્ષની કન્યા શ્રીહરિનું ભજન કરતી અને પ્રાર્થના કરતી, હે પ્રભુ ક્યારે દર્શન આપશો ? તે કન્યા પાસે ચકલી આવી કહે, જ્યારે મને કૃષ્ણ મળશે ત્યારે તને મળશે. હું વિયોગવાળી છું તેમ તું પણ વિયોગવાળી છે. કન્યા કહે, તું કોણ છો ? ચકલી કહે : હું તો નરનારાયણની પુત્રી ઉર્વશી શાપથી ચકલી થઈ છું. પછી કન્યા કહે : હું સાક્ષાત્ લક્ષ્મી. અનાદિશ્રીકૃષ્ણનારાયણની પત્ની છું. મેં પ્રભુનો ત્યાગ કર્યો નથી, પણ પ્રભુને ભક્તમાં અને ભક્તિમાં હું વિઘ્નરૂપે થઈ એટલે શ્રીહરિ વૈકુંઠમાં મારો ત્યાગ કરી અહીં પૃથ્વી પર આવ્યા છે. મારા પિતા શિવરાજ શંકર અહીં ગંડકીકાંઠે સતી પાર્વતી સાથે રહે છે. તેમણે કૈલાશ ધામથી અહીં આવી મારા માતા-પિતાનારૂપે જન્મને ધારણ કર્યા છે પણ સમય થશે ત્યારે આવીને ઉદ્ધાર કરશે. ચકલી ઉર્વશી માતા લક્ષ્મીનું વચન સાંભળી કહે : માતા, તારા દર્શનથી આજ મારું દુઃખ નષ્ટ થયું છે. સર્વ કરતા માતાનું સુખ અધિક છે. માટે હે માતા હવે તું કહે તેમ કરું. માતાનું વચન વેદતુલ્ય છે. પુત્રી છે તે માતાનું ધન છે. પુત્ર છે તે પિતાનું ધન છે. પુત્ર પિતાને સહાય કરે છે. પુત્રી માતાને સહાય કરે છે. ચકલી કહે : માતા શ્રીહરિએ તમારો ત્યાગ કેમ કર્યો ? અનાદિશ્રીકૃષ્ણનારાયણ હેમશાલાયન ઋષિઓને હવે લક્ષ્મીજીને શ્રીહરિનો વિયોગ કેમ થયો તે કથા કહે છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, ભગવાન ભક્ત માટે લક્ષ્મીનો પણ ત્યાગ કરે છે. તો બીજાની શું વાત કરવી. મહા વૈકુંઠમાં લક્ષ્મીની સેવામાં કૃષ્ણા નામે દાસી હતી તથા તેના બે ભાઈઓ જય અને ચંદ્ર તે પ્રભુની સેવાપરાયણ પાર્ષદો હતા ત્યારે એક ધેનુપાલ સેવક હતો. એકવાર તે ચારેય ભક્તો ભેટ લઈ ભગવાનની પૂજા કરવા આવતા હતા. નારાયણની સેવામાં લક્ષ્મીજી હતા. સખી પાર્ષદોએ આવી લક્ષ્મીનારાયણની અતિ પ્રેમથી પ્રાર્થના કરી. નારાયણ શય્યા

તજીને ભક્તોને દર્શન દેવા બીજા ખંડમાં આવ્યા. સખી પાર્ષદોએ લક્ષ્મીનારાયણની ચંદન પુષ્પથી પૂજા કરી. શણગાર ધરાવ્યા હાર પહેરાવ્યા. ભેટ મૂકી ભોજનપાન કરાવ્યા. સ્તુતિ કરી ધ્યાનમાં બેસી ગયા. જાજીવાર થઈ ઊભા ન થયા એટલે લક્ષ્મી પોતાની સેવામાં વિઘ્ન કરનારા ઉપર ક્રોધે ભરાયા. પણ કાંઈ કહી ન શક્યા. ત્યાં શિવ-પાર્વતી આવ્યાં અને શ્રીહરિનું પૂજન કર્યું. પછી લક્ષ્મીએ આસન આપ્યું સતિ બેઠા અને શિવ પ્રભુને રાજી કરવા તાંડવનૃત્ય કરવા લાગ્યા. ભક્તવશ ભગવાને લક્ષ્મીમાં ધ્યાન ન આપ્યું, અને લક્ષ્મીનો ક્રોધ વધતો ગયો. ત્યારે ધીરજતાનો ત્યાગ કરી લક્ષ્મીએ શિવ-પાર્વતી, જય,ચંદ્ર, ધેનુપાલ અને કૃષ્ણા સખીને શાપ આપ્યો, તમે સર્વે પૃથ્વી પર મનુષ્યરૂપ ધારણ કરો. તમે સમયને નહીં જાણી મારી સેવાના સમયમાં વિઘ્ન કરો છો માટે વિઘ્નનું ફળ ભોગવો.

એમ કહી લક્ષ્મી શ્રીહરિનો હાથ જાલી અંદર લઈ ગયા અને કહ્યું, પ્રભુ આવા વેવલા ભક્તો તમારા કેટલાં છે. સમયને પણ જાણતા નથી. આવ્યા પછી જવામાં સમજતા નથી. શિવ-પાર્વતી, સખી, પાર્ષદો તે લક્ષ્મીનો શાપ સાંભળીને નિસ્તેજ પડી ગયેલા મુખવાળા થઈ ગયા. લક્ષ્મીનારાયણને નમસ્કાર કરી શ્રીહરિનું ચિંતવન કરતાં ત્યાંથી નીકળી ગયા. લક્ષ્મીએ શાપ આપ્યો તેથી વૈકુંઠમાં હાહાકાર થઈ ગયો. માટે તેજસ્વી પુરુષોનો સમય ખોટો ન બગાડવો. પછી શંકર-પાર્વતી નેપાળમાં હિમાલયમાં શિવરાજ નામે રાજા થયા. પાર્વતી જાનકી નામે થયા. ધેનુપાલ, જય અને ચંદ્ર શિવરાજના નાના ભાઈઓ થયા અને કૃષ્ણા શિવરાજ પુત્રી થઈ. સર્વે ભક્તો બ્રહ્મનિષ્ઠાવાળા, ધ્યાનયોગવાળા ભક્તિ પરાયણ એક કુટુંબમાં થયા. વૈકુંઠધામમાં શંકર લક્ષ્મીને શાપ આપવા સમર્થ હોવા છતાં દાસ ભક્ત હોવાથી અને લક્ષ્મી જગતમાતા હોવાથી સર્વ સહન કર્યું અને સર્વે શ્રીહરિની ઇચ્છાને જાણી દંડરૂપ હોવા છતાં વરદાન સમાન માન્યું, તે ભક્તોનું દાસપણું છે. શ્રીહરિમાં વિશ્વાસ, શ્રીહરિનું વચન તે વરદાન, શ્રીહરિમાં ન્યાસ, શ્રીહરિમાં કૃપણતા, શ્રીહરિમાં સદા સ્થિરમતિ, શ્રીહરિના ગમતામાં વર્તવું, શ્રીહરિને ન ગમે તેનો ત્યાગ કરવો. આ છ પ્રકારે શરણાગતિમાં રહેનારો ભક્ત તે દાસભક્ત કહેવાય છે. એમ માની શિવ-પાર્વતી તથા સખી પાર્ષદોએ શાપને સહન કર્યો. પાર્વતી પણ જાણતા હતા કે, નારાયણ આપણા ગુરુ છે. લક્ષ્મી ગુરુપત્ની છે, તે માતા સમાન ગણાય તે પૂજનીય, વંદનીય છે અને તેને રતિભંગ થયો તેથી શાપ આપ્યો છે, માટે તે દુઃખ સહન કરવું. એમ માની પાર્વતીએ પણ લક્ષ્મીને શાપ ન આપ્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, લક્ષ્મીએ ભક્તોને શાપ આપવાથી નારાયણ અતિ ઉદાસ થઈ ગયા. માતાપિતા પત્ની અથવા એકનોએક પુત્ર મરી ગયો હોય અથવા સર્વનાશ થયું હોય તેમ કોઈ સાથે કાંઈ બોલતા નહીં. લક્ષ્મી ઘણા પ્રયત્ન કરી નારાયણને બોલાવતા પણ નારાયણ ભક્તશોકથી લક્ષ્મીને કહે : મારા ઘરમાં મારા ભક્તને શાપ, દુઃખ થાય તો મારે

અહીં રહ્યાનું શું કામ છે. હું મારા ભક્તો માટે નરનારાયણ રૂપે બદ્રિકાશ્રમમાં તપ કરું છું. ક્ષીરસમુદ્રમાં, શ્વેતદ્વીપમાં, વૈકુંઠમાં, ગોલોકમાં, અવ્યાકૃત, અમૃતધામમાં, અક્ષરધામમાં હું ભક્તોને માટે જ સર્વ ધામોમાં રહેલો છું. તે સર્વ ભક્તો શિવ-પાર્વતી પાર્ષદોને શાપ આપ્યો તે મને જ આપ્યો છે. તું મારા ભક્તોનો મહિમા નથી જાણતી. મારા ભક્તોનો મહિમા નારદ, સનક, શુકદેવ આદિ જાણે છે. મારી પાસે આવેલા મારા ભક્તને મારા નેત્ર ન જુવે તો હું નેત્રને કાઢી નાખું. ભક્ત વિના મિષ્ટાન્ન ઝેર જેવું લાગે છે. ભક્ત વિના સુંદર રેશમી વસ્ત્ર બાણ જેવું લાગે છે. આભૂષણો માછલા જેવા લાગે છે. મારું મસ્તક ભક્તને ન નમે તો કાપી નાખું. કાન ભક્ત વચન ન સાંભળે તો કાપી નાખું. નાસિકા ભક્ત ગંધને ગ્રહણ ન કરે તો કાપી નાખું. એ રીતે મારું શરીર ઈન્દ્રિયો ભક્ત અર્થે ઉપયોગ ન આવે તો તેનો ત્યાગ કરી દઉં. લક્ષ્મી તને વધારે શું કહું. ભક્તને તું દુઃખ કરનારી થા, તો તારો પણ ત્યાગ કરું. અરે શિવ-પાર્વતી અને પાર્ષદોએ ક્યાં જન્મ ધારણ કર્યો હશે ? ત્યાં મારે જવું પડશે. એમ કહી નારાયણ સિંહાસનેથી ઉઠી લક્ષ્મી, ગરૂડ અને વૈકુંઠ ધામનો ત્યાગ કરી પૃથ્વી પર આવ્યા. લક્ષ્મી અતિરૂદન કરવા લાગ્યા.

નારાયણ અક્ષારક્ષેત્ર અશ્વપટ સરોવરમાં કુંકુમવાપીમાં રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં લીન થયાં. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી નારાયણ નેપાળ દેશમાં ગંડકી નદી કાંઠે જઈ જ્યાં શિવ-પાર્વતી પાર્ષદોએ જન્મ ધારણ કર્યો હતો ત્યાં જઈ તેની સાથે રહ્યા અને તે ભક્તોની પૂજા અંગિકાર કરતા. ક્યારેક કુંકાવાવ આદિ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવતા. વૈકુંઠમાં રહેલા લક્ષ્મી અતિશોક કરવા લાગ્યા. અરે મેં રાગદ્વેષથી તૃષ્ણાથી ભક્તોનો દ્રોહ કર્યો તે પાપે નારાયણ મને તજી ગયા. નારાયણ સદા મને પાસે રાખતા પણ મારા ચંચળ સ્ત્રી સ્વભાવથી, ભક્તોની અવગણનાથી પ્રભુને મેં કુરાજી કર્યાં. પ્રભુ મને મૂકીને ક્યાંય જતા નથી પણ અત્યારે મને અને ધામ તજી જતા રહ્યા. એમ લક્ષ્મી પ્રભુના ગુણને સંભારી અતિ રૂદન કરતા મૂર્છા પામ્યા. સર્વે સખીઓ આવી પવન નાખવા લાગી. પૂછ્યું શું થયું ? લક્ષ્મી કહે : નારાયણ મને મૂકીને જતા રહ્યા છે. સાંભળીને સર્વને અતિ દુઃખ થયું અને રોવા લાગ્યા. લક્ષ્મીજી કહે : હવે હું નારાયણ વિના ખાઈશ નહીં, પાણી નહીં પીઉં. હું નારાયણ વિના નહીં રહી શકું.

નારાયણ વિના શય્યા બાણ જેવી ભોજન ઝેર જેવું લાગે છે. પુષ્પમાળા ઝાળ જેવી, શણગાર રાક્ષસ જેવા લાગે છે. વૈકુંઠ હરિ વિના ખાલી ખાડા જેવું લાગે છે. એક ક્ષણ યુગ જેવી લાગે છે, તમે જ્યાં હશો ત્યાં હું આવીશ. એમ કહી લક્ષ્મીજી વૈકુંઠમાંથી સત્યલોકમાં આવ્યા, બ્રહ્મા વગેરે દેવોએ સત્કાર કર્યો, પૂજા કરી ભોજન કરાવ્યા. પછી પ્રભુએ પૂછ્યું, માતાજી કેમ આવવાનું થયું ? લક્ષ્મી કહે : નારાયણ મને તજી પૃથ્વી પર ગયા છે, તે ક્યાં

હશે ? બ્રહ્મા કહે : વિષ્ણુ અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં લીન ભાવે રહી, બીજે રૂપે નેપાળ પ્રદેશમાં, શિવરાજના ભક્ત કુટુંબમાં તેની સેવા અંગિકાર કરતા વાસ કરે છે. ત્યાં તમને તમારા પતિ મળશે. લક્ષ્મી પ્રસન્ન થઈ, બ્રહ્મા અને સાવિત્રીને નમસ્કાર કરી લાખો દાસદાસીઓ સાથે કુંકાવાવ આવ્યા. કંભરામાતાએ સર્વનું સ્વાગત કર્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા પણ ચતુર્ભુજ નારાયણ ન દેખાયા. જેથી લક્ષ્મીએ બે માસ તપ કરી યજ્ઞ કરી પાણી પીને રહ્યા. એટલે નારાયણે ચતુર્ભુજ દર્શન આપી કહ્યું, તું શિવરાજને ત્યાં પુત્રીરૂપે પ્રગટ થઈને શાપનું ફળ ભોગવ અને ત્યાં તને મારો યોગ થશે. પછી લક્ષ્મી તથા સર્વ પાર્ષદો નેપાળ શિવરાજ જાનકીને ઘેર આવ્યા, જ્યાં ચંદ્ર ધેનુપાલ કૃષ્ણાદાસ વગેરે ભક્ત કુટુંબ પણ હતું. શિવરાજે અતિ પ્રસન્ન થઈ લક્ષ્મીનું સ્વાગત કરી રાખ્યા પણ નારાયણને ન દેખ્યા. એટલે લક્ષ્મી શિવરાજને ત્યાં કન્યારૂપે પ્રગટ થયા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. કન્યાલક્ષ્મી તપ કરી નારાયણની સેવા પૂજા કરતા હતા.

એકવાર શ્રી નારાયણ કન્યાને કહે : હિમાલયમાં તપ કરવા સર્વ પાર્ષદો સાથે જાવ. લક્ષ્મી હિમાલયમાં તપમાં બેસી ગયાં. અનાદિશ્રીકૃષ્ણનારાયણ હેમશાલાયન આદિક ઋષિને કહે : તે લક્ષ્મી તપ કરતાં હતાં ત્યાં ચકલી આવી. લક્ષ્મી કહે : બેટા તપ કર્યા વિના નારાયણ પ્રસન્ન નહીં થાય. માટે હિમાલયમાં હનુમાન આશ્રમ છે. જ્યાં દેવો, ઋષિમુનિઓ વાસ કરે છે, ત્યાં દૈત્યો, દાનવો, રાક્ષસો આવી શકતા નથી, ત્યાં આપણે નિર્ભય રહીને તપ કરી શકીએ, એમ કહી માતા-પિતા શિવ-પાર્વતીની આજ્ઞા લઈને પગે લાગી લક્ષ્મી ચકલી ઉર્વશી સાથે શાપમુક્ત થવા નારાયણને પામવા માટે બદ્રિકાશ્રમમાં હનુમાન આશ્રમમાં તપ કરવા ગયા. ત્યાં હનુમાન આવી કહે : કન્યા ક્યાં જાવ છો ? અહીં મારા આશ્રમમાં અભક્તોને પ્રવેશ મળતો નથી. લક્ષ્મી કહે : હે મહાભક્ત રામને વહાલા તમને નમસ્કાર. તપસ્વીઓની રક્ષા કરનારા તમને નમસ્કાર, અમે અભક્ત નથી. આ ચકલી નારાયણ પુત્રી ઉર્વશી છે. હું નારાયણપત્ની સીતા છું. શાપ મુક્ત થવા અહીં તપ કરવા આવ્યા છીએ.

લક્ષ્મીજીનું વાક્ય સાંભળી હનુમાન પગે લાગી આશ્રમમાં નિર્ભય રહેવા અગ્નિકુંડ કરી આશ્રય આપ્યો અને કમંડલું, વલ્કલ આસન, જપમાળા, ફળફૂલ તથા નારાયણની ચતુર્ભુજ મૂર્તિ આપી. એ રીતે હનુમાનજીએ આશ્રમમાં વાસ આપ્યો. લક્ષ્મી અને ચકલી માગશર વદ બીજે તપમાં બેસી જપ શરૂ કર્યો "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" સદા સવારે ગંગામાં ત્રણ વાર સ્નાન કરી હનુમાનને નમસ્કાર કરીને શ્રીહરિનું પૂજન કરી અગ્નિકુંડમાં જપ સાથે હોમહવન કરતાં હતાં. એક માસ કંદનો આહાર કરી પૃથ્વી પર શયન કરતા. બીજે માસે ફળનો આહાર કર્યો. ત્રીજે માસે બોરડી વગેરેનાં પાંદડાનો આહાર કર્યો. ચોથે માસે પુષ્પનો આહાર કર્યો. પાંચમે માસે પાણી પીને રહ્યા. છઠ્ઠે માસે ઝાકળના

કણ પીને રહ્યા. સાતમે માસે વાયુ આહાર કરીને રહ્યા. આઠમે માસે શ્વાસ માત્ર ગ્રહણ કરી રહ્યા. નવમે માસે વૃક્ષની જેમ એક પગે ઊભા રહી તપ કર્યું. દશમે માસે તપ કરતા લક્ષ્મી અને ચકલી બંનેના શરીરો લાકડા જેવા થઈ ગયા. અગિયારમે માસે તે બંનેના શરીરમાંથી તપરૂપ અગ્નિ પ્રગટ થઈ ચારે કોર વ્યાપ્ત થવા લાગ્યો. હનુમાન આશ્ચર્ય પામી રામ, કૃષ્ણનો જપ કરવા લાગ્યા. શ્રી નારાયણ લક્ષ્મીજીના તપની પરાકાષ્ઠા જોઈને તપનું ફળ આપવા આવ્યા. કરોડો સૂર્યસમાન તેજસ્વી નારાયણને જોઈને હનુમાને દંડવત્ પ્રણામ કર્યા, પૂજા કરી ફળ પુષ્પો આપ્યા. શ્રી નારાયણે હનુમાન પાસે ગંગાનું જલ મંગાવી તે બંને પર છાંટી ચેતન કર્યા અને કહ્યું, તમારું તપ પૂર્ણ થયું છે. હવે કાંઈ બાકી રહ્યું નથી. તે બંનેએ નેત્રો ખોલ્યા ત્યાં આગળ પિતાંબરધારી મુગટ, કુંડળવાળા શ્રી પુરુષોત્તમ નારાયણના દર્શન કરી અતી હર્ષ પામ્યાં.

કૃપાળુ નારાયણ ભગવાન કહે : પ્રિયે કમલા, પુત્રી ઉર્વશી તમારે જે જોઈએ તે વરદાન માગો. લક્ષ્મી કહે : પ્રભુ મારો અપરાધ ક્ષમા કરી મારી સાથે વિવાહવિધિથી મને પત્ની ભાવે ગ્રહણ કરો. શ્રી નારાયણ કહે : તારા પિતા શિવરાજ વગેરે કુટુંબ તમે સર્વે કાશીમાં જજો. પછી હું ત્યાં આવી વિધિપૂર્વક તારી સાથે વિવાહ કરીશ. એમ કહી પાણી પાયું અને ફળ આપ્યા. પછી ઉર્વશી ચકલીને કહ્યું, લે પાણી પીને શાપ મુક્ત થા. ઉર્વશી કહે : તમે વિશ્વંભર છો, ભક્તને આધીન છો. મારે પાત્રમાં પાણી પીવું નથી. અહીં વૃષ્ટિ કરો, મારે તો શિખર પર બેઠા બેઠા પાણી પીવું છે. નારાયણ કહે : અહીં સુધી પાણી આવે કેટલા જીવ મરી જાય તો પાપ કેટલું થાય. ચકલી કહે : પાપને નાશ કરનારા તમે છો, પાપનો ભય બતાવશો તો તમારું ભજન કોણ કરશે ? ત્યાં નારાયણ અદૃશ્ય થયા. ચકલી ફરીવાર જપ, તપ કરવા લાગી. ચકલીના ઉગ્ર તપથી નારાયણના હોઠ પાણી પીવા છતાં સુકાવા લાગ્યા તેથી સર્વે દેવો ઈશ્વરો ભય પામ્યા. બ્રહ્માંડ સુકાવા લાગ્યું.

ત્યારે બ્રહ્મા પ્રભુ પાસે જઈ કહે : સર્વ બ્રહ્માંડોનો પ્રલય અટકાવવા તો તમે તે ચકલીને મેઘનું પાણી પાઈ તૃષ્ણા છીપાવો. પછી પ્રભુએ મેઘને આજ્ઞા આપી. તેથી અતિવૃષ્ટિ થઈ, ચારે કોર પાણી પાણી થઈ ગયું. શિખર પર પાણી પહોંચ્યું. ચકલીએ પાણી પીધું ત્યારે નારાયણની તૃષ્ણા શાંત થઈ અને બ્રહ્માંડમાં સર્વત્ર શાંતિ થઈ. ઉર્વશી પાણી પીઈ શાપ મુક્ત થઈ. પછી શિવરાજ સર્વ ભક્ત કુટુંબ નેપાળ પ્રદેશનો ત્યાગ કરી, કાશીમાં વરણા તટે આંબાના બગીચામાં વાસ કર્યો. ત્યાં કાશી રાજાના ઘણા સ્વાગત સત્કારને પામીને મહેલ હવેલી બનાવી ત્યાં રહ્યાં અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ પૂજન કરવા લાગ્યા.

અધ્યાય - ૧૦૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો બારમો જન્મજયંતિ મહોત્સવ ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણે હેમશાલાયન આદિ ઋષિઓને આ ઉર્વશી-લક્ષ્મીની રક્ષા કરી તે કહ્યું. તે સાંભળી સર્વ ઋષિ આશ્ચર્ય પામ્યા પછી ઋષિએ કહ્યું, હે પ્રભુ આ દેશમાં સર્વસ્થાનમાં ફરીને તેને તીર્થરૂપ બનાવો. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ અગસ્ત્ય મુનિને સાથે લઈ વિમાનમાં બેસી સર્વ નદીઓમાં સરોવરો સમુદ્રમાં સ્નાન કરી તીર્થરૂપ કરી સર્વ પર્વતોને, પૃથ્વીને, તીર્થરૂપ કરી ઉષ્ટ્રાલય દેશના રાજા દક્ષજવંગરની પ્રાર્થનાથી શ્રીહરિએ ત્યાં મહાવિષ્ણુયાગ કર્યો. સર્વને મંત્રો આપ્યા. તેમાં રાજાએ પ્રભુને રાજી કરવા સર્વને ભોજન કરાવી દાન આપ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ઉષ્ણાદતાંગરા નગરીમાં પધારી ત્યાંના રાજાની પ્રાર્થનાથી શ્રીહરિએ ત્યાં અગસ્ત્ય મુનિ પાસે મંદિર કરાવી શરદપૂર્ણિમાએ લક્ષ્મીનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી. પછી રાજાએ પ્રજા સાથે શ્રીહરિને કહ્યું, હે પ્રભુ અમને અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્રના દર્શન કરાવો. શ્રીહરિ કહે : તથાસ્તું. એમ કહીને શ્રીહરિએ સેંકડો વિમાનો તૈયાર કરાવી. દશ હજાર નર-નારીઓ ભક્તજનોને વિમાનમાં બેસાડી કુંકુમવાપી લોમશ આશ્રમ આવ્યા.

આસો સુદ ત્રીજને દિવસે અનાદિશ્રીકૃષ્ણનારાયણે ઉષ્ટ્રાલય દેશના સર્વજનોનું સ્વાગત કરી ભોજન પાન કરાવ્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણના બારમાં જન્મજયંતિ મહોત્સવ આસો વદ આઠમે સર્વભક્તોએ સુવર્ણના વસ્ત્ર-અલંકારો, હીરા-મોતીના પુષ્પોહાર, ધારણ કરાવીને ષોડ્શોપચારથી પૂજા કરી. પછી દુજ રાજાએ એક હજાર એક વાટ્યોથી આરતી ઉતારી અનેક ભેટો આપી. પોતાની સો કન્યાઓ પ્રભુને અર્પણ કરી તથા પ્રજાની એક હજાર કન્યાઓ અર્પણ કરી. પછી શ્રીહરિએ સર્વે ભક્તોને ભોજનપાન કરાવીને તેના દેશમાં મોકલ્યા. આ અધ્યાયની કથા જે કહેશે સાંભળશે તે સર્વ સિદ્ધિને પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૧૦૭

❖ શ્રીહરિ દ્વારા કીંપુરુષખંડમાં રાક્ષસોથી કન્યાઓની રક્ષા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા ચંદ્રાવતી, ઈરાવતી વગેરે વીસ પિતૃકન્યાઓ મેરુ પર્વત પર થઈને પૃથ્વી પર આવી. કીંપુરુષખંડના નદીઓમાં સ્નાન કરી અનેક પર્વતોમાં ફરીને દાસ-દાસીઓ સાથે વિમાનમાં આવતી હતી. ત્યાં સમુદ્રના રાક્ષસો ફુલાપા દેશના શસ્ત્રો લઈને લૂંટવા, કન્યાઓનું અપહરણ કરવા આવ્યા. પર્વત જેવા વિકરાળ માયાવી પિળા રંગના પાંચસો રાક્ષસો, હજારો દૈત્યો, પાંચ હજાર દાનવો, આવી

વિમાનને કબજે કર્યું. કન્યાઓએ પિતા અર્યમાને સંભાર્યા. તેમણે આવીને અગ્નિથી સર્વ રાક્ષસોને બાળી નાખ્યા. તેના ભસ્મમાંથી હજારો રાક્ષસો થયા પછી અર્યમા પિતૃએ કન્યા રક્ષણ માટે બ્રહ્મા, વિષ્ણુ, શંકરને બોલાવ્યા. સંકર્ષણે આવી ગદાથી સર્વ દૈત્યો, દાનવો રાક્ષસોનો નાશ કર્યો. બાકી રહેલા શરણે આવ્યા. બ્રહ્માને કહ્યું, અમારો મોક્ષ કરો. બ્રહ્મા, વિષ્ણુ કહે તમને બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠમાં વાસ આપીયે. દૈત્યો કહે : શાશ્વત સુખનું ધામ પરમપદ આપો. વિષ્ણુ કહે : તે તો પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ આપી શકે. ત્યારે સર્વે દાનવો પોતાના આત્મામાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતા ધ્યાનમગ્ન થયા.

અધ્યાય - ૧૦૮, ૧૦૯

❖ રશિયાન પ્રદેશમાં મીનકંગુ નદી કાંઠે મહાવૈષ્ણવ યજ્ઞ ❖

ત્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણે કુંકુમવાપીમાં મંકણકત્રિત શ્યામલ વગેરે ચૌદ ઋષિઓને કહ્યું, તમે વિમાનમાં બેસી કીંપુરુષખંડમાં પતકાય પર્વતમાં મરેલા તથા શરણે આવેલા દાનવોને મારો મંત્ર આપી મોક્ષ કરો અને પ્રાગ્જ્યોતિષ પુરમાં વિચરી ત્યાં મારો મંત્ર સર્વને આપી મારી ભક્તિ પ્રર્વર્તાવો. તે ઋષિઓ ક્ષણમાં જ કીંપુરુષખંડમાં પહોંચી ગયા. સૂર્યસમાન તેજસ્વી વિમાન અને ઋષિઓને જોઈને બ્રહ્માદિ દેવો, કન્યાઓ જયઘોષ કરવા લાગ્યા. ઋષિઓ પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ જય પામો એમ કહેતા વિમાનમાંથી નીચે ઉતર્યા. સર્વે દેવો, પિતૃઓ, કન્યાઓએ ઋષિઓનું સ્વાગત કરી પગ ધોઈ પાણી પીધું. પૂજન કર્યું. પછી ઋષિઓએ બ્રહ્મા, વિષ્ણુ, શંકરની પૂજા કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણના આશિર્વાદ કહ્યા અને સંદેશો આપ્યો કે, કીંપુરુષખંડમાં અરૂણના સેવકોને મંત્ર આપજો. પછી બ્રહ્માદિ દેવોએ ચંદ્રાવતી નદી કાંઠે યજ્ઞ કર્યો અને ઋષિએ ત્યાંની આરૂણી પ્રજાને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર કંઠી આપી હજારો વૈષ્ણવો કર્યા. પછી બ્રહ્મા, વિષ્ણુ, શંકરના સેવકોને, પિતૃ કન્યાને પણ મંત્ર આપી પુરુષોત્તમ નારાયણનું ભજન કરાવ્યું. પછી સર્વે સેવકોએ ઋષિઓને ભોજનદાન આપ્યા. પછી બ્રહ્માદિ દેવો, ઋષિ, મીનકંગુ નદી કાંઠે યજ્ઞની તૈયારી પચાસ યોજનમાં કરતા હતા.

બ્રહ્મા ઋષિઓને કહે : આ યજ્ઞમાં અવતારો, મુક્તો, ઈશ્વરો, સર્વે દેવો, ગાંધર્વો, વિદ્યાધરો, ઋષિ, પિતૃઓ, દેવીઓ સર્વને બોલાવ્યા. સર્વ બ્રહ્માંડોમાં વાસ કરતા સ્થાવર-જંગમ તથા સર્વ તીર્થોને બોલાવ્યા. તે યજ્ઞમાં બ્રહ્માને સ્થાને સ્વયં બ્રહ્મા-વિષ્ણુના સ્થાને વિષ્ણુ-શંકરના સ્થાને રૂદ્ર હતા. તે યજ્ઞમાં મુખ્ય દેવ અનાદિશ્રીકૃષ્ણનારાયણ હતા તે શ્રીહરિનું સ્મરણ કરવાથી તરત માતાપિતા સાથે તથા લોમશ ઋષિ અને બ્રહ્મપત્નીઓ સાથે શ્રીહરિ આવ્યા. યજમાન ગોપાલકૃષ્ણ પત્ની સાથે બેઠા. પાર્ષદોમાં હેમંત, ભગવંત, દેવપ્રકાશ હતા.

મંડપમાં ભગવાન સ્વયંપ્રકાશ વિરાજતા હતા. યજ્ઞમાં લોમશ ઋષિ સર્વને શરીરશુદ્ધિ, વરણ, પુષ્યાહવાચન, અંગ, દેવસ્થાપન કરી કુંડમાં અગ્નિ સ્થાપન કરતા હતા. પ્રાગ્જ્યોતિષના માનવો, મલયના માનવો સર્વદેશના જનોના કલ્યાણ માટે આ યજ્ઞનો આરંભ કર્યો છે એમ જાહેર કર્યા પછી બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો સર્વે આવી યજ્ઞના દર્શન કરીને ભોજન પ્રસાદ લઈને સર્વે "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર ગ્રહણ કરી જપ કરતા હતા. એ રીતે કરોડોજનો વૈષ્ણવો થયા તેથી ફીલીપાના તામસી ક્ષત્રિયો જે અસુરો હતા તે શસ્ત્રો લઈને આવ્યા અને યુદ્ધના રણશિંગા ગર્જના કરવા લાગ્યા.

જલપાન દેશનો રાજા મકરકેતુ લાખોનું સૈન્ય લઈને યુદ્ધ કરવા આવ્યો તથા ફીલીપાના ફલજંગમ, વારણીયનો વાર્ઘુષકેતન, આંધમાનનો કલ્માષ, કેસરીકાલ પ્રાલેયનો રણમદાંકન, પ્રાચીનનો બોધ વિહંગન, ચીપીંગનો પીંગલક, મંગુજાનો સમરમંગલ, મંચુરાનો હારકિરીટ, લાશહાનો ક્ષણાત્મવાદન, કર્વરીનો કારૂવર્મા, ઈલાવ્રતનો માંડલાક્ષી, પનામાનો પાદસહા, પ્રાકચયનનો પ્રાચીશાયન, અંગશીક્ષાંગનો શૃંગશોક આ સર્વે રાજાઓ પોતાનું લાખોનું સૈન્ય લઈ, અસ્ત્રો-શસ્ત્રો, દારૂગોળો, તોપો, અણુશસ્ત્રો, વીજળી, અગ્નિ, શસ્ત્રો લઈને સર્વે દેવો, ઈશ્વરો, દેવીઓ, ગણો માનવો સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે સર્વે વૈષ્ણવ ભક્તો દેવો અનાદિશ્રીકૃષ્ણનારાયણાયના મંત્રનું કવચ ધારણ કરી "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીહરિઃ શરણં મમ" આ મંત્ર બોલી, અમારા શરીરના સર્વે અવયવોમાં શ્રીહરિનો વાસ થાવ એમ કહી સર્વ દેવો માનવો પ્રભુના પાર્ષદો, અસુરો સાથે આયુધોથી યુદ્ધ કરવા લાગ્યા. મંત્રબળથી સર્વે દેવો, વૈષ્ણવો, અનાદિશ્રીકૃષ્ણનારાયણ જેવા દેખાતા હતા. સર્વે વૈષ્ણવ ભક્તોએ સુદર્શન ચક્રથી અસુરો, દૈત્યોના સૈન્યનો નાશ કર્યો. એ રીતે ચાર કરોડ દૈત્યો નાશ પામ્યા અને પચ્ચીસ લાખ જીવતા રહ્યા. તે શ્રીહરિને શરણે આવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની આજ્ઞાથી ઋષિઓએ તે સર્વેને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી સર્વને વૈષ્ણવો કર્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વની શુદ્ધિ માટે લાશહા સરોવર કાંઠે વૈષ્ણવયજ્ઞ કર્યો.

અધ્યાય - ૧૧૦, ૧૧૧

❖ મહાયજ્ઞને અંતે શ્રીહરિએ સર્વેને પારિતોષિકો આપ્યા - નદીઓ તીર્થરૂપ કરી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ ઋષિઓ પાસે શરણમંત્ર, રક્ષણમંત્ર, બ્રહ્મમંત્ર સર્વને આપીને ભોજનપ્રસાદ આપતા હતા. પછી યજ્ઞને અંતે શાલાવતી નદીમાં, અને બ્રહ્મપુત્રા નદીમાં અવભૃથ સ્નાન કરતા હતા. પછી શ્રીહરિએ બ્રહ્માદિ દેવોને,

ઋષિઓને પારિતોષિકો આપ્યા. બ્રહ્માએ શ્રીહરિની સ્તુતિ કરી - સર્વના સ્વામિ અવતારોના અવતારી પરમબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કુંકુમવાપીમાં પ્રગટ થયેલા કૃષ્ણવલ્લભ સ્વામિને નમો નમઃ. આ સ્તુતિથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ ત્યાંના વૈષ્ણવ ભક્તોને ત્યાંના રાજ્ય સોંપ્યા. લાશહા પ્રદેશ પ્રીત ઋષિને આપ્યો. કારૂરાજ્ય કુર્મઋષિને આપ્યું. ઈલાવ્રતનું આધિપત્ય બ્રહ્માને આપ્યું. પન્નામાં નદી કાંઠાનું આધિપત્ય વિષ્ણુને આપ્યું. પ્રાગ્જ્યોતિષના આધિપતિ શિવને નીમ્યા. પ્રાચીન દેશ વિનાયકોને આપ્યો. ચીપીંગ રાજ્ય શ્યામ ઋષિને આપ્યું. મલયાલયમ મલય ઋષિને આપ્યું. મંગુજા દેશનું રાજ્ય મંકણક ઋષિને આપ્યું. મંચુર દેશના ગુરુ મંકીરય ઋષિ ભૂતાન રાજ્ય રુદ્રગણોને આપ્યું. તે સર્વને કેસર ચંદન તિલક કરી મુગટ ધારણ કરાવ્યો પછી સર્વે બ્રહ્માદિ દેવો તથા ઋષિઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ પ્રાર્થના કરી.

શ્રીકૃષ્ણ કહે : રાધા, સ્તુતિથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ પરમધામમાં રહેલું દિવ્ય અલૌકિક કિશોર સ્વરૂપનું દર્શન બ્રહ્માદિ દેવો, ઋષિઓ, વૈષ્ણવોને કરાવ્યું. સર્વ સુખથી ભરેલા સર્વગંધરસથી યુક્ત, અમૃતના સાગર, અપાર દયાવાળા, વસ્ત્ર અલંકારો, સુવર્ણ આભૂષણોથી શોભતા, બ્રહ્મપત્ની, રાધાલક્ષ્મી, માણિકી, પ્રભા, પાર્વતી યુક્ત, અવતારો મુક્તોથી સ્તુતિ કરાયેલ, સગુણ, નિર્ગુણ, ઈશ્વરોથી વંદન કરાયેલા કંભરાપુત્ર બાલકૃષ્ણનું દર્શન કરી પિતૃકન્યાઓ વીસ અને તેની દશ હજાર દાસીઓ શ્રીહરિને વરતી હતી. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ બ્રહ્મપુત્રી નદી, સીંધુ, તેરી, આમુરા, હોમાંગા, શીક્ષાંગા, પન્ના, મીનકંગુ, ઈરાવતી, લાટીશા, કાનીશા, માપીંગા, સીક્યાંગા, તારી વગેરે અનેક નદી સમુદ્રમાં સ્નાન કરી, તીર્થરૂપ બનાવીને સર્વ નદીઓને બ્રહ્મપત્નીઓ સાથે ગણતરી કરી. શ્રીહરિએ કારાકોરમ પર્વતનું રાજ્ય, સીંધુ રાજ્ય, કરમેરા પ્રદેશ, અર્યમાં પિતૃને આપ્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : હે ભક્તજનો, આ સર્વે તીર્થોમાં સ્નાન કરી જલપાન કરનારા સાધુ-સાધ્વીને, અનાથ બાળકોને ભોજન દાન કરાવનારા તથા વસંતપંચમીએ યજ્ઞ કરી, લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરાવી, અનેક પ્રકારના દાન આપનારાને વૈકુંઠ, ગોલોક અને પરમધામની પ્રાપ્તિ થશે તથા આ નદી તીર્થોમાં માઘસ્નાન, કુંભસ્થાન કરશે તેને દરિદ્રતા તથા કોઈ પીડા નહીં થાય.

અધ્યાય - ૧૧૨, ૧૧૩, ૧૧૪

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રસન્ન કરવાના સાધનોનો ઉપદેશ ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણે માઘ સુદ એકાદશીથી પૂર્ણિમા સુધી લાશહા સરોવરમાં યજ્ઞ કરી. અનેક પ્રકારના દાન અપાવીને કહ્યું, માઘ માસમાં તીર્થમાં સ્નાન કરીને દાન કરવા. અન્નદાન, શાકપત્રદાન, ફળફૂલ દાન, શય્યા વસ્ત્ર દાન, સોના-ચાંદીના દાન, વિદ્યાકથા,

જ્ઞાનદાન, દાસ-દાસીદાન, કન્યાદાન, હવેલી મૂર્તિદાન તે સર્વ દાન સ્વર્ગ અને મોક્ષ આપનારા છે તથા દેહદાન, આત્મદાન, સર્વસ્વદાન વગેરે ગુરુને પરમાત્માને આપીને મોક્ષ મેળવવો. રક્તદાન, રતિદાન, ગર્ભદાન, ઔષધદાન, ધર્મશાળા, પાઠશાળા, સદાવ્રત તે સર્વ મોક્ષ આપનારા છે. દૂરશ્રવણ, દૂરદર્શન, ખેતીના સાધનો વગેરે જેને જે વસ્તુની જરૂર પડે તેને તે વસ્તુનું દાન કરનારા સ્વર્ગસમાન સુખ પ્રાપ્ત કરી મોક્ષ મેળવે છે, તથા મંદિર કરનારા, કરાવનારા, મૂર્તિ પ્રતિષ્ઠા કરી પૂજા કરનારા, કરાવનારા તથા મંદિરમાં ધૂપ-દીપ, મેવા, મીઠાઈ, થાળ, ભોજન આપનારા, ગંધ-સુગંધ અર્પણ કરનારા તે સર્વે મોક્ષને મેળવે છે તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણ જન્મજયંતિ મહોત્સવમાં સર્વ શૃંગાર પ્રભુને ધારણ કરાવી, આરતી કરી, ભોજનપાન કરાવી, સર્વ ભક્તોને ભોજન પ્રસાદ કરાવનારા પરમમોક્ષ મેળવે છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : ભક્તો, મારામાં પ્રિતી રાખી અને સર્વ ઉત્સવ કરજો. સવાર, બપોર, સાંજ, પૂજા કરી મને સર્વ અર્પણ કરવું. હું સર્વ સુખનો આપનારો છું. સર્વનો નિયંતા છું. જીવ પ્રાણી માત્રમાં અંદર બહાર હું જ રહેલો છું. ક્યારેક ઈશ્વરમાં-દેવમાં પ્રગટ થાઉં છું. ક્યારેક ઋષિમાં, ભક્તમાં પ્રગટ થાઉં છું. ક્યારેક જળમાં સ્થળમાં પર્વતમાં વનમાં પ્રગટ થાઉં છું. ક્યારેક પશુ-પક્ષીમાં વૃક્ષવેલીમાં સાધુ-સાધ્વીમાં રાજા પ્રજામાં ગોપમાં મારા અનંત અવતારો થાય છે. અત્યારે લોમશ ક્ષેત્રમાં હું પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામે પ્રગટ થયેલો છું. મારા ચરિત્રોની કથા મારા સંત ભક્તોની કથા વાંચવી, સાંભળવી. સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથનો અભ્યાસ કરવો. વાજિંત્રો સાથે ધૂન્ય કિર્તન કરવા. પગે ઘૂઘરા બાંધી પ્રભુ પાસે નૃત્ય કરવું. મારી સ્તુતિ પ્રાર્થના કરવી. એવી રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી ધાતુની, કાષ્ઠની, માટીની, મૂર્તિ બનાવીને, નર-નારીઓએ સર્વે અર્પણ કરી, સર્વ ભાવે મારી પ્રેમ સહિત, નવધા ભક્તિ કરવી, અને મારે આધીન થઈ મારી આજ્ઞામાં રહી સર્વ ક્રિયા કરવી.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પિતૃકન્યાઓને તથા શરણાગતિ મંત્ર ગ્રહણ કરેલા સર્વભક્તોને કહે : મારી મૂર્તિ રાખીને મારો મંત્રજપ, ભક્તિ કરતા વચ્ચે વિઘ્ન કરનારા કુટુંબ હોય તો તેનો પણ ત્યાગ કરવો. નેત્રથી મારા અંગે અંગનું દર્શન કરવું. કાનથી મારી કથા સાંભળવી. ત્વચાથી મારા સર્વ અંગનો સ્પર્શ કરવો. જીભથી મારા મંત્ર, જપ, ગુણનો ઉચ્ચાર કરવો. મુખથી પ્રસાદ, જલ ગ્રહણ કરવા. નાસિકાથી મારા તુલસી, પુષ્પ ગંધ લેવા. હાથથી મારી સેવા કરવી. પગથી પ્રદક્ષિણા કરવી. મસ્તકથી વંદન કરવું. મનબુદ્ધિથી મારા સ્વરૂપ નિશ્ચયની દૃઢતા કરવી. ચિત્તથી ચિંતવન કરવું. હું પ્રભુનો દાસ છું એવું અભિમાન કરવું. મારે અર્થે સર્વે વેપાર ક્રિયા, ખેતી, ઉદ્યમ કરવો. જે જે પોતાને વ્હાલી વસ્તુ હોય તે મને અર્પણ કરવી. સર્વ વસ્તુ મને ધરી પ્રસાદીની કરી ગ્રહણ કરવી.

હે ભક્તો મને અર્પણ કર્યા વિના પત્ર, પુષ્પ, જલ પણ ગ્રહણ ન કરવું. મારી પ્રસન્નતા માટે જપ, તપ, યજ્ઞ, દાન સર્વ કરવા. સાધુ-સાધ્વી, ભક્તોની સેવા મારી પ્રસન્નતા માટે કરવી. સંત ભક્તોના સર્વે અંગમાં મારા અંગો રહેલા છે. તેની સેવા કરવાથી સર્વે મનોરથો સફળ થાય છે. મહાભાગવત ભક્તો મારા પરાયણ હોવાથી ચાર પ્રકારની સિદ્ધિ અને ચાર પ્રકારની મુક્તિ હું આપું છું. મારા ભક્તો સંપત્તિ અને ઐશ્વર્ય ઇચ્છતા નથી તે ભક્તિમાં વિઘ્ન કરે છે. સંત ભક્તો યોગીને રમણીય પંચવિષય પણ દુઃખરૂપ લાગે છે. મારા વિના મારા ભક્તને ચંદન પણ ઝેર જેવું લાગે છે. મારા વિના પુષ્પ, આભૂષણો, ગરોળી જેવા લાગે છે. મારા વિના સ્ત્રી, શય્યા, વસ્ત્રો, સર્વ નરક જેવું લાગે છે. મારા વિના મહેલ, ગુફા જેવો લાગે છે. મારા ભક્તને મનુષ્યોના વસવાટમાં હું ન હોઉં તો ભૂતોના વાસવાળું વન હોય તેવું લાગે છે. મારા વિના સાદું ભોજનપાન ઝેર જેવા લાગે છે. મારા વિના મારા ભક્તને સર્વ સુખ-દુઃખ રૂપ લાગે છે એવો મારો ભક્ત મારામય થઈને ક્યારેક હસે છે. ક્યારેક રૂદન કરે છે. ક્યારેક મારી સાથે બોલીને મને ભેટે છે, ચુંબન કરે છે. ક્યારેક સ્નાન ભોજન કરાવે છે. ક્યારેક મૌન ધારણ કરી, હૃદયમાં મારું ચિંતવન કરે છે. ક્યારેક મને વનમાં લઈ જાય છે. રમાડે છે, ક્યારેક દાસી થઈ દાસપણું કરે છે.

ક્યારેક મારી પ્રાર્થના કરી અપરાધ ક્ષમા કરો એમ કહે છે. ક્યારેક હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ આત્મપતિ પરબ્રહ્મ પરમાત્મા તમે ક્યાં છો. એમ મને બોલાવે છે. આવા મારા ભક્ત, દાસ-દાસી, બ્રહ્માંડને પૃથ્વીને પાવન કરે છે. તેના ચરણરજથી દુઃખો દૂર ભાગી જાય છે. તે ભક્તના દર્શનથી જનો પવિત્ર થાય છે. એવા ભક્તના આશ્રયથી મુક્તિ થાય છે એવા સંત ભક્તની સેવાથી મારી સેવા થાય છે. મારામાં અને તેનામાં ભેદ નથી. તે મારું જ શરીર છે. તેના નેત્રમાં જોનારો હું છું. તેનામાં બોલનારો હું છું. તેવા સંતમાં ચાલનારો હું છું. તે ભક્તની સર્વ ક્રિયા ભક્તિરૂપ અને મોક્ષરૂપ જ છે. હું સંતરૂપે પ્રત્યક્ષ છું, જેને સંતનો યોગ નથી તેને હું પરોક્ષ છું. સર્વ વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. બ્રાહ્મણોમાં સાત્વિક શ્રેષ્ઠ છે. સાત્ત્વિકમાં મારા ભક્ત આત્મનિવેદી શ્રેષ્ઠ છે. આત્મનિવેદિમાં દીક્ષાવાળા સાધુશ્રેષ્ઠ છે. સાધુમાં શ્રેષ્ઠ હું છું. મારાથી પર કોઈ નથી. સંત છે તે મારી બ્રહ્મની મૂર્તિ છે. સંત સમાન મને કોઈ પ્રિય નથી. દેવ, ઈશ્વર, ગાંધર્વ, સાક્ષાત્ રાધાલક્ષ્મી પણ સંતસમાન પ્રિય નથી. એ રીતે મારો મંત્રજપ, મારી ભક્તિ કરજો અને મારો મંત્ર અન્યને આપી દેહધારીઓને મોક્ષ અપાવજો. આ પ્રમાણે પ્રભુએ દેવોને, ઋષિઓને, પિતૃકન્યાઓને આજ્ઞા આપી.

અધ્યાય - ૧૧૫

❖ કુંકુમવાપીમાં શ્રીબાલકૃષ્ણ પ્રભુની પ્રસન્નતાર્થે પુષ્પદોલોત્સવ થયો ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણે ભૂતાસન રાજ્ય ભૈરવને આપ્યું. શ્યામલ પ્રદેશ વિષ્ણુને આપ્યો. બાજુના પ્રદેશો યુદ્ધ કરનારાને આપ્યા ત્યારબાદ શ્રીહરિ વીશ હજાર પિતૃકન્યા અને દશ હજાર તેની દાસીને વિમાનમાં બેસાડીને ફાગણ માસમાં કુંકુમવાપી આવ્યા. ત્યાં સર્વ ભક્તોએ જય જયકાર કર્યો. પછી પુષ્પદોલોત્સવને દિવસે લોમશ ઋષિના આશ્રમમાં રહેલી સર્વ કન્યાઓએ તથા પુરના નરનારીઓએ અશ્વપટ સરોવર કાંઠે વૃક્ષોમાં પુષ્પોના હીંડોળા બાંધીને બાલકૃષ્ણ પ્રભુને ઝુલાવ્યા. તે સમયે અનેક સ્વરૂપ ધારણ કરી બાલકૃષ્ણ પ્રભુએ હેમંત, ભગવાન પાર્ષદોએ તૈયાર કરેલ રંગથી સર્વ સાથે રંગે રમીને આકાશ, પૃથ્વી અને અશ્વપટ સરોવરનું જલ રંગમય બનાવી દીધું. પછી પ્રભુ એકરૂપ થઈ ગયા. પછી શ્રાવણ માસ આવ્યો ત્યારે મેઘ મનુષ્ય રૂપે દિવ્ય વીજળી જેવો હીંડોળો લાવ્યો. તે હીંડોળામાં અક્ષર ગોલોક વગેરે સર્વ ધામો, મુક્તો, અવતારો ઈશ્વરો, દેવો, બ્રહ્મા વગેરેનું દર્શન થતું હતું. તે હીંડોળામાં અનાદિશ્રીકૃષ્ણનારાયણને ઝૂલાવ્યા.

શ્રીહરિએ મેઘને પૂછ્યું, આ હીંડોળો ક્યાંથી લાવ્યા ? મેઘ કહે : કાશી ગયો હતો ત્યાં વરણાકાંઠે શિવરાજ તેના પત્ની પાર્વતી, પુત્ર, જય, ચંદ્ર, ધેનુપાલ, કૃષ્ણા અને દુઃખહા લક્ષ્મીએ કુટુંબ તમારી ભક્તિવાળું છે. તે દુઃખહા લક્ષ્મીએ આ હીંડોળા તમારે માટે મોકલ્યો છે. એટલું કહી મેઘ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમસ્કાર કરી જતો રહ્યો. શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુનું આ ચરિત્ર ભુક્તિ અને મુક્તિ આપનારું છે.

અધ્યાય - ૧૧૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો તેરમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના તેરમાં જન્મજયંતિ મહોત્સવમાં પ્રાગજ્યોતિષપુરના ઉષ્ટ્રાલયના અબ્રિક્તના હિમપ્રદેશનાં પ્રાચીનના વૈષ્ણવો, ઋષિઓ, સતી, સાધ્વીઓ સર્વે આવ્યા. મહામંડપમાં ગજાસને બેઠેલા બાલકૃષ્ણને સ્નાન કરાવી, વસ્ત્ર, આભૂષણો, ધારણ કરાવ્યા. સર્વધામોથી ઈશ્વરો, દેવો આવી સુવર્ણના અલંકારો, પુષ્પહાર ધારણ કરાવી આરતી કરી. સર્વે ભક્તોએ, ઋષિ-મુનિઓએ, સાધુ-સાધ્વીઓ, કન્યાઓએ, નરનારી સર્વેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ષોડ્શોપચારથી પૂજા કરી, આરતી કરી, ભેટો ધરી. પછી માતા-પિતા, લોમશ ઋષિની પૂજા કરી. પછી સર્વેને ભોજન કરાવ્યા. પછી સૌ પોતાને સ્થાને ગયા.

બીજે દિવસે ત્યાં એક શરભ આવ્યો. તે પ્રભુના દર્શન કરી દેહ મૂકી ધામમાં ગયો. તે શરભ પૂર્વે જન્મમાં ગુર્જર દેશનો સમીરણ રાજા હતો. તે દત્તાત્રેય ભગવાનનો શિષ્ય ધાર્મિક ભક્તિવાળો અને પ્રજા પાલન કરનારો હતો. તે એકવાર મૃગયા કરવા ગયો ત્યાં વનમાં પાર્ષ્ણિગૃહ ઋષિના આશ્રમમાં રહેતા મૃગનો બાણથી શિકાર કર્યો. પાર્ષ્ણિગૃહ ઋષિ ત્યાં આવી રાજાને ક્રોધિત થઈ કહ્યું, તને ખબર છે. આ મૃગ રૂપે રહેલા સર્વે બ્રાહ્મણો છે અને તપ કરે છે. તું પાપી વ્યાઘ્રની જેમ મૃગલા મારે છે. મૃગલાઓએ તારું શું બગાડ્યું કે નિર્દોષ પ્રાણીની હત્યા કરે છે. માટે દુષ્ટ જા, શરભ થઈ જા. તેથી રાજા તરત પશુ યોનિને પામ્યો. પછી રાજાએ ઋષિની અતિ પ્રાર્થના કરવાથી, ઋષિએ કહ્યું, અશ્વપટ સરોવર કાંઠે, કુંકુમવાપી ક્ષેત્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થશે. ત્યારે તેના સ્પર્શથી અને પ્રસાદી જલથી તારો મોક્ષ થશે, તે શરભ દત્તાત્રેય ભગવાનનો શિષ્ય હોવાથી તે ગીરમાં સિંહારણ્યમાં વાસ કરતો. ત્યાં દત્તાત્રેય ભગવાન આવી તેને લઈને અશ્વપટ સરોવર આવ્યા. ત્યાં શરભ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી ચરણામૃત પી દેહ તજી દિવ્યદેહે ધામમાં ગયો. તે અશ્વપટ સરોવરમાં દત્તાત્રેય તીર્થ થયેલું છે.

અધ્યાય - ૧૧૭

❖ કુંકુમવાપીમાં દત્તાત્રેય - પવમાન અને વરાહ તીર્થનો વાસ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, વૈરાજનારાયણના મુખમાંથી નીકળેલો અગ્નિ ત્રણ રૂપે થયો. પવિ વીજળીરૂપે રહેલો અગ્નિ ઈન્દ્રને આપ્યો. પાવક બ્રહ્માને આપ્યો, તે પૃથ્વીમાં રસોઈ પકાવવામાં રહ્યો. પવમાન તે વનમાં ભટકતો ભૂખ્યો વૃક્ષવેલી જીવજંતુને બાળવા લાગ્યો, તેથી વનમાં પીચ્છલ ઋષિએ તેની દાહકશક્તિ ખેંચી લીધી તેથી તે અગ્નિ પીચ્છલ ઋષીને પગે લાગી કહે : હું સર્વના જઠરમાં રહીને બીજરસને પચાવું છું. માટે શક્તિ ઓછી ન કરો. ઋષિ કહે : તું નિર્દય થઈને સર્વને બાળવા લાગ્યો તેથી શાપ આપ્યો છે. હવે તું શૈલ પર્વતમાં જા. ત્યાં વરાહ ભગવાન શ્વેતરૂપે વાસ કરે છે. પછી પવમાન અગ્નિ ત્યાં ગયો. વરાહ ભગવાનના દર્શન કર્યાં. વરાહ ભગવાન પવનમાનને લઈને કુંકુમવાપી આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરાવ્યા. કૃપાસાગર શ્રીહરિએ પવમાન અગ્નિને અમૃત ફળ અને જલ આપ્યું અને શાપ મુક્ત કરી, સર્વ શક્તિયુક્ત કરી અશ્વપટ સરોવરમાં વાસ આપ્યો. ત્યાં પવમાન તીર્થ તથા વરાહ તીર્થ થયેલું છે.

અધ્યાય - ૧૧૮

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ચૌદમો જન્મજયંતિ મહોત્સવ ❖

જયંતનગરમાં સંતારણ વિપ્ર પત્ની તરણિકા બે પુત્રી - એક પુત્ર સાથે શાલિગ્રામ વિષ્ણુની પૂજા કરી નવધા ભક્તિ સેવા કરતા હતા. પ્રભુને નૈવેદ્ય ધરી સર્વને પ્રસાદી આપી,

ધૂન કિર્તન કરતા કરાવતા. એવા ભક્ત કુટુંબ પર પ્રસન્ન થયેલા પ્રભુએ અષાઢ સુદ એકાદશીએ જાગરણ કરતા ભક્તોને દર્શન દીધા. સુવર્ણના વસ્ત્ર-અલંકારો, મુગટ કુંડળથી શોભતા, છડી પાદુકાને ધારણ કરતા, મંદ મંદ હસતા શ્રીહરિ દિવ્ય દર્શન આપી સર્વને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી માથે હાથ મૂકી અદેશ્ય થયા. ત્યારથી રોજ સવારે આવી પૂજા ગ્રહણ કરતા. એમ કરતા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ચૌદમો જન્મજયંતિ મહોત્સવ આવ્યો. સંતારણ વિપ્ર પત્ની સંતાનો સાથે પ્રગટ પ્રભુના કહેવાથી સાતમે કુંકુમવાપી ક્ષેત્ર અશ્વપટ સરોવર આવી લોમશ ઋષિના માતાપિતા કંભરા ગોપાલના દર્શન કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણ, સર્વ સાધુ, સાધ્વી, કન્યાઓના દર્શન કરી પ્રભુનું પૂજન કરી, ભોજન કરી, રાત્રે જાગરણ ઉત્સવ સ્નેહથી ધૂન કિર્તન કરતા હતા. ત્યાં આકાશમાં વિમાનો જોયા તેમાં અક્ષર, ગોલોક, વૈકુંઠ વગેરે ધામોથી મુકતો આવતા હતા, તથા વૈરાજ, બ્રહ્મા, વિષ્ણુ, શંકર વગેરે ઈશ્વરો, દેવો-દેવીઓ, ઋષિ-મુનિઓ, સાધ્વીઓ, સાંખ્ય યોગિનીઓ, નરનારીઓ, અસંખ્ય અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવતા હતા. કંભરા, ગોપાલ, સંતોક, ભગવાન, શુક વલ્લભ, હેમંત, ભગવાન, મંજુલા, હંસા, સગુણાએ સર્વેનું સ્વાગત કરતા હતા. તે સમયે અશ્વપટ સરોવરમાં અનેક વહાણોમાં ભક્તજનો બેઠા હતા. તેમાં એક વહાણ બીજા સાથે ભટકાઈને ભાંગી ગયું તેમાં સંતારણ વિપ્ર કુટુંબ હતું. તેણે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરી. હે પ્રભુ, પૂર્વે તમે નદીમાં સમુદ્રમાં અનેક ભક્તોની વાવાઝોડામાં રક્ષા કરી છે. અત્યારે અમારી રક્ષા કરો. તરત બાલકૃષ્ણ પ્રભુ કાચબાનું રૂપ લઈને સંતારણ વિપ્ર તેની પત્ની સંતાનો વગેરે છ ભક્ત કુટુંબને પોતાની પીઠ પર બેસાડી અને કાંઠે લાવી. કિશોર સ્વરૂપે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ રક્ષણ કરી દર્શન દીધું. પછી અષ્ટમીએ સર્વે મુક્તો ઈશ્વરોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને પૂજા, ભેટ ધરી, પ્રસાદ લઈને ધામમાં ગયા. પછી સંતારણ વિપ્રે પ્રભુની પૂજા કરી બંને કન્યાઓ તરલીકા-કુમુદા શ્રીહરિને અર્પણ કરી. શ્રીહરિએ તે કન્યાઓને લોમશ આશ્રમમાં વાસ આપ્યો. પછી વિપ્ર પોતાને ગામ જયંતનગર ગયો. શ્રીકૃષ્ણ કહે : રાધા, આવા પ્રભુનું સ્મરણ પણ પાપ, તાપનો નાશ કરી મોક્ષ આપે છે. તો તે પ્રભુનું સેવન, પૂજન અને પ્રત્યક્ષ દર્શનની તો વાત જ શી કરવી.

અધ્યાય - ૧૧૯, ૧૨૦

❖ દેવાયતન ભગતે ધુન-કિર્તન-મંત્રના પ્રતાપથી અનેક જીવોનો ઉદ્ધાર કર્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સમઢીયાળાના આયર ભક્ત દેવાયતન, આખો દિવસ અને રાત્રિ હરિકૃષ્ણ બાલકૃષ્ણ હરે હરે, સ્વામિનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એમ ભજન કર્યા કરે. વાડી, ખેતરે, ઘરમાં, બહાર, સર્વ ક્રિયામાં ભજન કરે તેણે એકવાર ટીંબરૂના ફળ

પ્રભુને ધર્યાં. શ્રીહરિ સાક્ષાત્ આવી ફળ જમી પ્રસાદી ભક્તને આપીને નદીએ પાણી પીવા ગયા. દેવાયતન ભગત પણ મહારાજના દર્શન થવાથી દૃષ્ટિથી ઇન્દ્રિયોથી દેહથી દિવ્ય અને નિરાવરણ થઈ ગયા અને પ્રભુની પાછળ ગયા. શ્રીહરિ નદી પર્વત વનમાં થઈ આકાશ માર્ગે કુંકુમવાપી અશ્વપટ સરોવર આવ્યા. દેવાભગત પણ પ્રભુ પાછળ આવી સરોવરમાં સ્નાન કર્યું. ત્યાં દિવ્યદેહ થયો. ધૂન કરતા વિચાર કરવા લાગ્યા. શ્રીહરિના નામથી જીવનું કલ્યાણ થશે એમ ભજન કરતાં જંગલમાં ફરતા યમપુરીમાં પહોચ્યાં, ત્યાં ચારેય બાજુ ફરી પ્રગટ પ્રભુની ધૂન કરવા લાગ્યા. શ્રીહરિનું નામ સાંભળી પાપી જીવાત્માઓ પવિત્ર થઈ ધર્મરાજાને, દેવાભગતને નમસ્કાર કરી ધામમાં જવા લાગ્યા. યમદૂતોએ આશ્ચર્ય પામી યમરાજાને કહ્યું. યમરાજે દેવા ભગત પાસે આવી કહ્યું કે, પ્રભુનું નામ પાપીને પાવન કરે છે. જીવાત્મા કર્મથી જન્મે છે. કર્મથી લય પામે છે. જીવાત્મા પુણ્યકર્મથી સ્વર્ગ, પાપકર્મથી નરકના દુઃખો ભોગવે છે. તે સર્વ શ્રીહરિએ નિર્માણ કરી મને યમપુરી સોંપી, પાપીને દંડ આપવા મને નિમ્યો છે. તે પ્રભુની આજ્ઞામાં રહીને હું પાપીઓને તેના કર્મ પ્રમાણે દંડ આપું છું. માટે હે ભક્ત, તમે અહીં આવ્યા તે યોગ્ય નથી કર્યું. ભક્ત કહે : તમે અને ચિત્રગુપ્ત પણ શ્રીહરિનું ભજન કરી પ્રભુના ધામમાં જાવ, એમ કહી ધૂન્ય કરી આખી યમપુરી ખાલી કરી. યમરાજ તરત કુંકુમવાપી આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણને દંડવત્ કરી પગે પડી કહે : પ્રભુ, તમારો એક ભક્ત આવી મારી યમપુરી ખાલી કરે છે.

પ્રગટ પ્રભુ કહે : હું તો ભક્તને વશ છું. ભક્તને ક્યાંય પણ અટકાવવા બ્રહ્માદિ દેવો પણ સમર્થ નથી. માટે હે યમરાજ મારા ચૌદમાં જન્મજયંતિને દિવસે એકવાર મારા નામથી પાપીઓનો ઉદ્ધાર થવા દો. ભલે યમપૂરી ખાલી થાય અને તમારી યમપુરી તો ફરી પાપી જીવાત્માઓથી ભરાઈ જશે. પછી યમરાજ પાછા આવી દેવા ભક્તને નમસ્કાર કરી યમપુરીમાં ફેરવી સર્વ જીવોનો ઉદ્ધાર કરી સ્વર્ગમાં અને ધામમાં મોકલ્યા. જે પ્રભુનું સર્વ છે, જે પ્રભુ સર્વમાં રહ્યા છે, જે પ્રભુથી સર્વ થાય છે, જે પ્રભુને સર્વ વશ છે, એવા સર્વના શાસન કરનારા શ્રીહરિ શું ન કરી શકે.

યમરાજથી પુજાયેલા દેવાયતન ભક્ત પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, આઠેય દિશામાં જઈને ત્યાંના ઈશ્વરો તેના દાસ-દાસીઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણની ધૂન્ય નામ અને મંત્ર સંભળાવતા હતા. બાલકૃષ્ણ હરે હરે, સ્વામિનારાયણ હરે હરે, કંભરા ગોપાલનંદન હરે હરે, રાધા રમાપતિ, જયા લલિતાપતિ, પ્રભા પાર્વતિપતિ હરે હરે. મુક્તપતિ, આત્મપતિ, સર્વપતિ એ ધૂન્ય કિર્તન સંભળાવતા હતા અને સર્વને મંત્ર આપતા હતા. "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ ભક્તોહં, શ્રીહરિ શરણં મમ." એ મંત્રો આપી સર્વે દેવો-દેવીઓ, રૂદ્ર ગણોને,

યક્ષો, ગાંધર્વો, ચારણો, વિદ્યાધરોને વૈષ્ણવો બનાવીને ચતુર્ભુજ, અષ્ટભુજ ધારણ કરાવી વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં મોકલતા હતા. જનારા સર્વ મુક્તો અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય. એમ બોલી ધામમાં જતા હતા. પછી દેવાયતન ભક્ત કુંકુમવાપી આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણને દંડવત્ કરી પગે લાગ્યા. પ્રગટ થયેલા શ્રીહરિએ ભક્તને ભેટીને ભોજન, પ્રસાદ આપ્યા. હાર પહેરાવ્યા અને કાર્તિક માસમાં પંદર દિવસ પોતાની પાસે રાખીને નિજ મૂર્તિનું સુખ આપ્યું.

અધ્યાય - ૧૨૧, ૧૨૨

❖ શ્રીહરિની આજ્ઞાથી દેવતાયન ઋષિનો રશિયાના પ્રદેશોમાં મંત્રઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પરબ્રહ્મનો મુક્ત પણ પરબ્રહ્મ પ્રગટ ભગવાનની આજ્ઞાથી પરબ્રહ્મ જેવા કામ કરે છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણે દેવાયતન ભક્તને માગશર માસમાં કહ્યું, સર્વ અવતારોનો અવતારી એવો હું મારા નામ મંત્રથી યમપુરી ખાલી કરી અને દેવ-દેવીનું પણ કલ્યાણ કર્યું. હવે હિમાલયથી ઉત્તરમાં કીંપુરુષખંડમાં જઈને માનવોને મારું નામ મંત્ર સંભળાવીને તેનો ઉદ્ધાર કરો. તમને વિમાન સાથે મારું સ્વરૂપ પ્રદ્યુમ્ન અને કલ્પવૃક્ષ આપું છું. પછી દેવાયતન ભક્ત ઋષિ પ્રગટ પ્રભુને પગે લાગી વિમાનમાં બેસી સીંધુ નદી ઓળંગી કાશ્યપી સમુદ્ર, ઉરલ પહાડ, અનેક નદીઓ પસાર કરતા કીં પુરુષ ખંડમાં આવ્યા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની ધૂન, કિર્તન કરવા લાગ્યા. રાધાકૃષ્ણ હરે કૃષ્ણ પ્રભાકૃષ્ણ હરે હરે, લક્ષ્મીનારાયણ, સ્વામિનારાયણ, જય જય શ્રીકૃષ્ણવલ્લભ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ, કંભરાનંદન ગોપાલ બાલ, અશ્વપટ સરોવરના સૂર્ય, અક્ષરતુલ્ય કંભરાના ચંદ્ર તમે જય પામો. એવી રીતે સર્વ તેઓ રશિયાના પ્રદેશોમાં ફરી પ્રગટ પ્રભુના નામ ધૂન કિર્તન સંભળાવી ઉપદેશ આપતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરો તેની શરણાગતિ મંત્ર લઈને મંત્રજપ કરો. કથા સાંભળો, પૂજા, ધ્યાનસ્મરણ કરો. પ્રભુનો પ્રસાદ જમો અને મોક્ષ મેળવો. મનુષ્યદેહ દુર્લભ છે. મોક્ષગતિ દુર્લભ છે. તે આ દેહથી શ્રીહરિના નામ કિર્તનથી પ્રાપ્ત થાય છે. ભક્તનો ઉપદેશ સાંભળી સર્વજનો આશ્ચર્ય પામી પ્રભુના નામની ધૂન કરવા લાગ્યા અને ભક્ત દેવાયતન ઋષિને ગુરુ માનીને ઈશ્વરની જેમ માનવા લાગ્યા. શ્રીહરિનું નામ આપનારા તે સર્વે કુટુંબ જાણવા. દેવાયતન ભક્તને ત્યાં તપસ્વી, યોગી, બ્રહ્મ, ધ્યાન પરાયણ, એવા મેષાયન વગેરે બાર ઋષિઓ મળ્યા. ભક્તને નમસ્કાર કરી, સત્કાર કરી અને કહ્યું અમે બ્રહ્માના પુત્રો છીએ અને આ અમારા રાશિવંશ રાશીયાન પ્રજા રશિયા પ્રદેશમાં વાસ કરે છે. બ્રહ્માએ મેષાયન ઋષિને અ-લ-ઈ અક્ષરો આપ્યા. વૃષભાયન ઋષિને બ-વ-ઉ અક્ષરો આપ્યા. મિથુનાય ઋષિને ક-છ-ઘ આપ્યા. કર્કાયનાય ઋષિને હ-ડ આપ્યા. સિંહાયનાય ઋષિને મ-ટ આપ્યા, કન્યાયનાય ઋષિને

પ-ઠ-ણ આપ્યા. તુલાયનાય ઋષિને ૨-ત આપ્યા. વૃશ્ચિકાયનાય ઋષિને ન-ય આપ્યા. ધનાયનાય ઋષિને ભ-ફ-ઢ આપ્યા. મકરાય ઋષિને ખ-જ આપ્યા. કુંભાયનાય ઋષિને ગ-શ આપ્યા. મીનાયનાય ઋષિને દ-ચ-ઝ-થ આપ્યા. બ્રહ્મા તે સર્વ વર્ણ અક્ષરો વડે જીવ પ્રાણી માત્રના કર્મનો બોધ કરાવ્યો.

પછી દેવાયતન ભક્ત બાર ઋષિઓ સાથે રશિયા પ્રદેશમાં ફરતા દ્વિકલ સરોવરકાંઠે થકૂટ રાજાના રાજ્યમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની ધૂન્ય કરવા લાગ્યા. હરેકૃષ્ણ હરે સ્વામિન્ બાલકૃષ્ણ હરે હરે. પ્રજા સર્વે દેવાયતન ભક્તને, પ્રદ્યુમ્નને, ઋષિઓને, પુષ્પ ચોખાથી વધાવતી હતી. રાજાએ મહેલમાં સર્વને ઉતારો આપીને કુટુંબ સાથે રાજાએ મંત્રોગ્રહણ કરી તુલસીની કંઠી માળા લીધી. પછી સર્વે પ્રજાને "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીહરિઃ શરણં મમ" એ મંત્રો આપી, વૈષ્ણવી બનાવીને બાર ઋષિઓના દેશમાં સ્થાનમાં રહેલા રાજાઓ કીરગર્જન, વીરજાર, શીબી, શક્તિ, અક્ષી, કાલીમાશ તથા રાજ્યની પ્રજાને મંત્ર ઉપદેશ આપી નામ ધૂન્ય કરાવી સર્વને પાવન કર્યા. સર્વે રાજા પ્રજાએ દેવાયતન ભક્તની, પ્રદ્યુમ્નની, ઋષિઓની પૂજા કરી આશિર્વાદ પ્રાપ્ત કર્યા. દેવાયતન ભક્ત, પ્રદ્યુમ્ન, ઋષિઓ સર્વે રાજ્યની નદીઓ, સરોવરો, આમુનદી, ઉરલા, ત્રિવલા, ઈરા, ત્રીશાઓલી, તુંગાસીકા, અનાવારાયાના, અનાદિર વગેરે અનેક નદી, સરોવરો અને સમુદ્રમાં સ્નાન કરી, તીર્થરૂપ કરીને ત્યાંની સર્વે પ્રજાને નામમંત્રનો જાપ કરાવતા હતા. પછી સર્વરાજાએ ઋષિએ દેવાયતન ભક્તની પ્રાર્થના કરી કે, આજે તમારા યોગથી અમે સર્વે નારાયણ પરાયણ થયા. ગુરુ દ્વારા સાક્ષાત્ શ્રીહરિ પ્રાપ્ત થાય છે.

અધ્યાય - ૧૨૩, ૧૨૪, ૧૨૫

❖ શીબી રાજા દ્વારા પ્રથમ મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, થર્કુટ રાજાએ દેવાયતન ભક્તને ઋષિઓને કહ્યું, પૂર્વે બાલકૃષ્ણ ભગવાને આ રશિયાના પ્રદેશમાં લાશહા નદી શાલાવતી નદી કાંઠે યજ્ઞ કર્યો છે. આપણે પણ મહાવિષ્ણુયાગ કરી તે યજ્ઞમાં પ્રભુને પ્રાર્થના કરશું, તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાક્ષાત્ અહીં પધારશે અને સર્વને દર્શન થશે. દેવાયતન મુનિ કહે : બહુ સારું. પછી રાજાઓ, શ્રીમંતો, વૈષ્ણવોએ યજ્ઞનું નક્કી કરીને, ઋષિ-મુનિઓને કહ્યું, તમે સર્વત્ર જાહેર કરો. પહેલો મહાવિષ્ણુ યાગ બાલકૃષ્ણ સરોવર કાંઠે શીબી રાજા કરાવશે. તો યજ્ઞ માગશર વદ એકાદશીએ આરંભ થશે. તો સાત દિવસ સુધી થશે. તેમાં કુંકુમવાપીથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભક્તો સાથે પધારશે અને પ્રસાદ, ભોજન, દાન, દક્ષિણાઓ આપશે. બીજો યજ્ઞ થર્કુટ રાજા દ્વિકલ સરોવર કાંઠે કરાવશે. ત્રીજો યજ્ઞ ઓબી રાત્રિશા નદીકાંઠે

વીર જાર રાજા કરાવશે. ચોથો યજ્ઞ શક્તિઅક્ષી રાજા આલનૌકા સમુદ્ર કાંઠે કરાવશે. પાંચમો યજ્ઞ કાલીમાશ રાજા કાલીમા સમુદ્ર કાંઠે કરાવશે. એ રીતે સર્વે બ્રહ્માંડોમાં જાહેરાત કરી દીધી. પછી પ્રદ્યુમ્ન વિશ્વકર્મા પાસે સર્વ સ્થાનોમાં દશ યોજનમાં મહામંડપની રચના કરાવી યજ્ઞશાળા ઉતારા વગેરે કરાવતા હતા. દેવાયતન ભક્ત અને બાર ઋષિઓ વિમાન લઈ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસે આવી યજ્ઞમાં પધારવાની પ્રાર્થના કરી. શ્રીહરિ કહે : બહુ સારું. પછી લોમશ ઋષિએ હજારો ઋષિઓને દેવાયતન ભક્ત સાથે ત્યાં મોકલ્યા. તેણે સર્વના નિવાસો યજ્ઞના કુંડો વગેરે તૈયાર કર્યાં. મુક્તો, અવતારો, ઈશ્વરો, દેવો-દેવીઓએ, સર્વે તીર્થો, ઋષિ-મુનિઓ સર્વના ઉતારા તૈયાર કરી તેને માટે ઠંડા ગરમ પાણીના કુંડ, દૂધ-દહીં-ઘી-મધ અમૃતના કુંડ, સાકર, અનાજના પર્વતો તૈયાર કર્યાં. સર્વ માટે શણગાર શાળા, ગંધ-સુગંધ શાળા, ગીત સંગીત નૃત્ય શાળા, મનોરંજન શાળા, દૂરદર્શન, દૂરશ્રવણ, યંત્ર વગેરે અનેક રચનાઓ કરી.

તે યજ્ઞમાં શીબી રાજાની જાહેરાતથી અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની આજ્ઞાથી સર્વ આવવા લાગ્યા. અક્ષરથી મુક્તો આવ્યા. ઈશ્વરો, ઈશ્વરાણીઓ આવ્યા. સર્વે અવતારો પોતાના મુક્તો, મુક્તાનીઓ સાથે આવ્યા. દિક્પાલ, દેવ-દેવીઓ આવ્યા. સિદ્ધો, ચારણો, વિદ્યાધરો, ગાંધર્વો, કિન્નરો, ઋષિ-મુનિઓ આવ્યા. દેવો-પિતૃઓ, અપ્સરાઓ આવ્યાં. દૈત્યો, દાનવો, માનવો સર્વે આવ્યા. નારદ સનકાદિક સાધુઓ, સાધ્વીઓ, સાંખ્ય યોગિનીઓ સર્વે આવ્યા. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું વિમાન આકાશમાંથી નીચે ઉતર્યું સાથે લોમશ ઋષિઓ બ્રહ્મપત્નીઓ શ્રી, રાધા, રમા, પરાવિદ્યા, ગંગા, લક્ષ્મી, વિરજા, લલિતા, જયા, વિજયા વગેરે ગીત ગાતા હતા. વેદના મંત્રો ઋષિઓ બોલવા લાગ્યા. દેવતાઓ જય જયકાર કરવા લાગ્યા. ત્યાં પ્રગટ પ્રભુ સભામંડપમાં પધાર્યા સાથે માતા-પિતા, ભાઈઓ-બહેન, દેવાયતન ઋષિ, લોમશ ઋષિ, હેમંત, ભગવંત પાર્ષદ સર્વને રાશીયાન પ્રજાએ પુષ્પોથી વધાવીને શ્રીહરિને હારતોરા ધારણ કરાવ્યા. સભામંડપમાં પધારેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણને લોમશ ઋષિએ વેદ મંત્રો બોલીને કાંડું બાંધ્યું. તથા યજમાન શીબી રાજાને પંચગવ્યનું પ્રાશન કરાવી, દેહશુદ્ધિ કરાવી, કાંડુ બાંધી આચમન કરાવ્યું તથા પત્નીવ્રત દ્વિજને મુખ્ય આચાર્ય યુગલ સ્થાપી બાર બ્રાહ્મણોને રૂદ્ર રૂપે, રૂદ્ર સમીપે કાંડુ બાંધતા હતા. તેની પાસે બ્રહ્માની આગળ દશ હજાર ઋષિ-મુનિઓને જાપ કરવા માટે કાંડા બાંધતા હતા. તે યજ્ઞમાં સ્વયં બ્રહ્મા વેદ ઉપવેદના ગાનારા હતા તથા હોમ કરનારા સનકાદિકો હતા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, તે યજ્ઞમાં હોમ કરવા હવિષ્યાન્ન લાવનારા સિદ્ધો ઈશ્વરો અવતારો હતા. પાઠ કરનારા વશિષ્ઠ વાલખીલ્યો વગેરે અઠ્યાશી હજાર ઋષિઓ હતા.

લક્ષ્મીનારાયણ સંહિતાનો પાઠ કરનારા વેદ જાણનારા વ્યાસ અને બૃહસ્પતિ હતા. કલ્પવૃક્ષ યજ્ઞની સર્વ સામગ્રી પૂરી પાડતા હતા. અવતારો સર્વે અગ્નિ સ્વરૂપે શોભતા હતા. પછી પૃથ્વી પૂજન, વરાહ પૂજન, વેદિકા પૂજન, કુંડ પૂજન વગેરે લોમશ ઋષિ કરાવતા હતા તથા ગણેશ પૂજન, શંખ ચક્ર કળશ પૂજન, લક્ષ્મી પૂજન, રુદ્ર દુર્ગા માતૃકા પૂજન કરાવ્યું. મુખ્યપણે રહેલા હરિકૃષ્ણ પુરુષોત્તમ બાલકૃષ્ણની શીબી રાજાએ મહાપૂજા કરી. પછી અગ્નિની પૂજા કરી, નારાયણ સ્વયં યજ્ઞકુંડમાં અગ્નિરૂપે આવી સર્વ હવિષ્યાન્ન ગ્રહણ કરો. એ પ્રાર્થનાથી જીવસૃષ્ટિ, ઈશ્વર સૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ તે સર્વે અગ્નિ દ્વારા હવિષ્યાન્ન જમીને તૃપ્તિ પામતા હતા. તેથી શ્રીહરિ પણ તૃપ્તિ પામી પ્રસન્ન થતા હતા. એ રીતે સાત દિવસ સુધી વેદ વિધિથી પરમ શ્રેષ્ઠ વૈષ્ણવ યજ્ઞ થયો.

શ્રીરાધા કહે : હે પ્રભુ, ત્યારે જે દેવોને સંભારીને હોમ કર્યો હોય તો સર્વ મને સંભળાવો. શ્રીકૃષ્ણ કહે : સર્વપ્રથમ "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એમ બોલી હોમ કર્યો. પછી અક્ષરબ્રહ્મણે સ્વાહા - મુક્તેભ્યઃ સ્વાહા - બ્રહ્મપ્રિયાભ્યઃ સ્વાહા - કૃષ્ણાય સ્વાહા - રાધિકાયૈ સ્વાહા - ગોલોક ગોપ-ગોપી ધેનુભ્યઃ સ્વાહા - લક્ષ્મીનારાયણ વૈકુંઠ દાસ-દાસીભ્યઃ સ્વાહા - વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અનિરુદ્ધેભ્ય સ્વાહા - મહાકાળ મહાપુરુષ મહામાયાભ્યઃ સ્વાહા - અવ્યાકૃત પ્રધાન પુરુષાય સ્વાહા - અમૃત ભૂમાય સ્વાહા - મહાવિષ્ણુ અહંકારાય સ્વાહા - બ્રહ્મા વિષ્ણુ શંકર સદાશિવ વૈરાજ રૂપાય સ્વાહા - ઈશ્વર ઈશ્વરાણી ભ્યઃ સ્વાહા - તન્માત્રા ઇન્દ્રિયો પ્રાણભૂતે ભ્યઃ સ્વાહા - અષ્ટાવરણ વાસિભ્યઃ સ્વાહા - મત્સ્ય કુર્મ વરાહ કપીલ હરિ પૃથુ દત્તાત્રેય હંસાય નૃસિંહાય ઋષભાય વામનાય પરશુરામાય યજ્ઞાય કુમારાય રામાય હયગ્રીવાય નારદાય રાજરાજાય કલ્કયૈ મોહિન્યૈ સર્વ અવતારેભ્યઃ સ્વાહા - અંતર્યામિણે સ્વાહા - સત્યલોક બ્રહ્મા સાવિત્ર્યૈ ગાયત્ર્યૈ સરસ્વત્યૈ સ્વાહા - ઋષિભ્યઃ પિતૃભ્યઃ દક્ષ મનુ ધર્મ અધર્મ વંશ ગણાય સ્વાહા - દિશા ગુણ કર્મ દ્રવ્ય જાતિ યોગેભ્યઃ સ્વાહા - મહર સ્વર્ગ સિદ્ધ નિધિભ્યઃ સ્વાહા-સૂર્ય ચંદ્ર તિથિ કલા નક્ષત્ર તારકેભ્યઃ સ્વાહા - સ્થાવર જંગમ સર્વે તીર્થેભ્યઃ સ્વાહા - શિવાયપાર્વત્યૈ કૈલાશ યોગિની ચક્રાય ગણેશાય કાર્તિકાય હનુમતે સ્વાહા - ભૂતપ્રેત પિશાચેભ્યઃ સ્વધા વૃક્ષવેલી તૃણ લતાભ્યઃ વષટ્ - પશુપક્ષિભ્યઃ સરસૃપેભ્ય કીટેભ્યઃ વષટ્ - ગૃહ ગ્રામ ક્ષેત્ર આશ્રમ વન પર્વત સમુદ્રેભ્યઃ વષટ્ - દૈત્ય દાનવ રાક્ષસેભ્ય યક્ષેભ્યઃ વષટ્ - સાધ્વી નારી યોગિની શ્રૌષટ્ તથા સર્વ સૃષ્ટિઓમાં અંતર્યામિપણે વાસ કરનારા શ્રીહરિકૃષ્ણાય કૃષ્ણવલ્લભાય ગોપાલબાલકાય કંભરાસુતાય સ્વાહા - જયા લલિતા પતયે સ્વાહા - દુઃખહા લક્ષ્મી પ્રભા પાર્વતી પતયે સ્વાહા એ રીતે સાત દિવસ સુધી મંત્રથી હોમહવન કરી સર્વ મહેમાનોને ભોજન પ્રસાદ જમાડીને યજ્ઞ સમાપ્તિ કરી બાલકૃષ્ણ સરોવરમાં અવભૃથ સ્નાન કર્યું. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનને અતિ દાન-દક્ષિણાઓ આપી. શીબી રાજાએ હાથી, ઘોડા,

રથ, વાહન, વિમાન, સોનું, ચાંદી, હીરા, મોતી, અન્ન, વસ્ત્ર, દાસ-દાસીઓનાં દાન આપ્યા તથા પોતાની સો કન્યા બાલકૃષ્ણને આપી. પછી શીબી રાજાએ પોતાનાં રાજ્યમાં મંદિર કરાવીને રાધા, લક્ષ્મી, માણિકી, કમલા, રમા, શ્રી આ છ પત્નીઓ સાથે બાલકૃષ્ણ પ્રભુને પધરાવ્યા. આ અધ્યાયનો જે પાઠ કરશે વાંચશે સાંભળશે તે ભુક્તિ મુક્તિને પામશે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણે શીબીરાજાને આશિર્વાદ આપ્યા, તમારા વંશમાં અને તમારી પ્રજામાં કાયમ મારી ભક્તિ રહેશે. પછી શ્રીહરિએ સર્વેને કહ્યું, બીજો યજ્ઞ દ્વિકલ સરોવર કાંઠે થર્કુટ રાજાના રાજ્યમાં થશે. તમે ત્યાં જજો. અમે સર્વે ત્યાં આવશું. એમ કહીને સર્વ પ્રજાને મંત્ર આપી ઉપદેશ આપ્યો, વૈષ્ણવભક્તોએ આત્મામાં પરમાત્માને ધારવા. સત્ય, દયા, પવિત્ર, ત્યાગ, સંતોષ. એ સંતના ગુણ મેળવવા. સરલતા, શમ, દમ, ઉપરાંત તિતિક્ષા, તપ, જપ, શ્રુત, વૈરાગ્ય, શુરવીરતા, સ્વતંત્ર, કૌશલ, કાંતિ, ધૈર્ય, સહન, તેજ, પ્રગલ્ભ, ઐશ્વર્ય, ગાંભીર્ય, સ્થિર, આસ્તિકતા, મૌન, અગર્વ, નિર્દંભ, મૈત્રી, ઉપકાર વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત કરી સંત દશામાં વર્તવું. ગુરુ, સંત, ભક્તની સેવા કરવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી ભક્તિ કરવી. માતા-પિતા વૃદ્ધ, વડીલોની સેવા કરવી તથા સર્વ પ્રકારના દાન, પોતાને પ્રિય વસ્તુના દાન કરવા. અહીં મંદિર કરી મારી મૂર્તિ પધરાવશે. તેને હું ધામમાં લઈ જઈશ. શીબી રાજાના યજ્ઞમાં આવેલા મુક્તો, અવતારો, ઈશ્વરો, દેવો-દેવીઓ, ઋષિ-મુનિઓ, સર્વના તીર્થો કુંકુમવાપીક્ષેત્રમાં થયેલા છે. તેથી આ બાલકૃષ્ણ સરોવરમાં જે સ્નાન કરશે તે મોક્ષમાં જશે.

અધ્યાય - ૧૨૬

❖ થર્કુટ રાજા દ્વારા દ્વિતીય મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ ❖

શીબી રાજાના યજ્ઞમાં બીજે દિવસે હજારો નિસ્તેજ, દુબળા નરનારીઓ પ્રભુ પાસે આવી કહે : અમારો ઉદ્ધાર કરો. શ્રીહરિ કહે : તમે કોણ છો ? તેમણે કહ્યું, અમે સર્વે અસદ્‌ગતિ પામેલા પ્રેતો છીએ. શ્રીહરિએ તે સર્વને પ્રસાદી જલ પાઈને તેનો મોક્ષ કર્યો. પછી શીબી રાજા સાથે શ્રીહરિ વિમાનમાં બેસી બીના નદી કાંઠે થર્કુટ રાજાના રાજ્યમાં આવી, પચાસ યોજનમાં રહેલા મહામંડપને જોઈને આશ્ચર્ય પામ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણના આગમનને જાણીને પ્રજા, રાજા સર્વે જયઘોષ કરવા લાગ્યા અને પુષ્પ ચંદન ચોખાથી વધાવવા લાગ્યા. થર્કુટ રાજા મેષાયન ઋષિ સર્વએ શ્રીહરિને હાર પહેરાવ્યા. માગશર સુદ પાંચમે યજ્ઞનો આરંભ થયો. લોમશ ઋષિએ બાલકૃષ્ણનું અને થર્કુટરાજા યજમાનનું કાંડુ બાંધ્યું. સર્વનું પૂજન કરી, પ્રથમ યજ્ઞ કર્યો. તેવો જ બીજો યજ્ઞ પૂર્ણ કરીને શ્રીહરિએ થર્કુટ રાજાની છાતીમાં ચરણાવિંદ આપી કહ્યું, તમારો વંશ અવિચળ રહો, તમારી પ્રજા સુખી રહો અને મારી ભક્તિવાળી હો. પછી સર્વ મહેમાનોને દીન-અનાથોને ભોજન પ્રસાદ કરાવી દાન

આપી રાજાને કહ્યું, અહીં મંદિર કરી મારી મૂર્તિ છ પત્નીઓ સાથે પધરાવજો. આ તીર્થમાં સર્વ સ્નાન કરજો. લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચજો. હું નારાયણ સ્વામિ સર્વનો મોક્ષ કરનાર છું.

સર્વ પ્રકારે મારી ભક્તિ કરવી. મારા ભક્તોને સદા દિવ્ય માનવા. દોષની નિવૃત્તિ માટે મંદિરમાં વાસ કરી, દાસની જેમ સર્વ સેવા કરવી. હિંસા ન કરવી. પરસ્ત્રી ગમન ન કરવું, માંસ ન ખાવું, દારૂ ન પીવો, આત્મઘાત ચોરી ન કરવી, ખોટું કલંક ન દેવું, કોઈની નિંદા ન કરવી, તે પુણ્યનો નાશ કરે છે. નાસ્તિકોનો સંગન કરવો. સંત સેવા કરવી કારણ કે સંત મારી દિવ્ય મૂર્તિ છે. મારી આજ્ઞાપાલન કરનારા આલોકમાં સુખી રહે છે. તેને ત્યાં અષ્ટ સિદ્ધિઓ વાસ કરે છે. ભક્તિ અતિશય કરવી. ભોગ અતિ ન કરવો. નિદ્રા અતિ ન કરવી. સેવા અતિ કરવી. વસ્તુ પદાર્થની તૃષ્ણા અતિ ન રાખવી. એવી રીતે સર્વને ઉપદેશ આપીને સર્વનો મંત્ર - "कालमायापापकर्मशत्रुभ्योमृत्युहृद्भयात्, शुलमीनध्वजधनुष्यचक्रस्वस्तिकवान् अव, अनादिश्रीकृष्णनारायणः स्वामि पतिश्चमे, श्रीकृष्णवल्लभ स्वामी श्रीहरिः शरणं मम" વગેરે મંત્રો આપી રાજાના આવાસમાં વિશ્રામ કર્યો.

અધ્યાય - ૧૨૭, ૧૨૮, ૧૨૯

❖ વીરજાર રાજા દ્વારા તૃતિય મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સર્વને કહ્યું, પોષ વદ ત્રીજથી નોમ સુધી વીરજાર રાજાના રાજ્યમાં શાનદીના સંગમમાં ત્રીજો વિષ્ણુયાગ યજ્ઞ થશે. ત્યાં સર્વે મહેમાનો આવજો અમે પણ ત્યાં આવશું. ત્યાં પર્વતોમાંથી લાખો પ્રેતો આવ્યા અને અનાદિશ્રીકૃષ્ણનારાયણને કહે : અમે અહીં ભૂકંપમાં મરણ પામી પ્રેત થયા છીએ, અમારો ઉદ્ધાર કરો. ભૂખ્યા, તરસ્યા, અનેક રોગવાળા તે પ્રેતોનો શ્રીહરિએ પાણીની અંજલિ છાંટી પાપ બાળી તે પ્રસાદીનું જલ પાઈને ઉદ્ધાર કર્યો.

પછી શ્રીહરિએ થર્કુટરાજાને ઉપદેશ આપ્યો, હે રાજા તમારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનું પાલન કરવું. તેથી આલોક-પરલોકમાં સુખ થાય છે, તથા દયા રાખી દિન-અનાથ સ્ત્રી, સંતો, વૃદ્ધો, પ્રજાનું પાલન કરવું. બીજાને સુખ આપવું, દુઃખ ન આપવું, જેના મુખમાં પ્રભુનું નામ હોય તેને દંડ ન દેવો. વૈષ્ણવોને પૂજ્ય માનવા. સાત્ત્વિકનો સંગ કરવો. રાજસીનો સંગ થોડો કરવો. તામસીને ખોટા જાણીને તેનો સંગ ન કરવો. પરોપકારી સંત, ભક્તોનો વિશ્વાસ રાખવો, સ્વાર્થીનો વિશ્વાસ ન રાખવો. રાણી, પુત્ર, પ્રધાન વગેરેનો સાવધાન થઈ વિશ્વાસ કરવો. બહુ પત્ની ન કરવી. ધર્મ સ્થાનમાં રતિક્રીડા ન કરવી, રતિક્રીડામાં વૈરાગ્ય ન રાખવું, રાજાએ ગુપ્તવેષધરી પ્રજામાં સુખ-દુઃખ જાણવા, સર્વ વિકાસ

કરનારી ખેતીને વધારવી. સાત્વિક, તાત્વિક, યાંત્રિક, માંત્રિક, તાંત્રિક, રાસાયણિક વગેરે વિદ્યાનો વિકાસ કરવો. બીજાનો દેશ જીત્યો તે જય નથી પણ બ્રહ્મદેશને જીતીને બ્રહ્મલોકમાં સદા વાસ કરે તે વિજય છે. દેહ ઈન્દ્રિયોમાં શયન ન કરવું પણ આત્મામાં લીન ભાવે શયન કરવું. મારા વૈષ્ણવ રાજાઓએ પ્રમાદ, આળસનો ત્યાગ કરી મૃત્યુને જીતવું. મારી ભક્તિ કરી પ્રસન્નતા પ્રાપ્ત કરશો તો અક્ષર સામ્રાજ્ય આપીશ એમ આશિર્વાદ આપી રાજાને આજ્ઞા કરી. અહીં મંદિર કરી મારી મૂર્તિ રાધાલક્ષ્મી સહિત પધરાવજે. એમ કહીને અનાદિશ્રીકૃષ્ણનારાયણ માતાપિતા લોમશ ઋષિ સાથે વિમાનમાં બેસી વીરજાર રાજાના રાજ્યમાં આવ્યા. ઈરાત્રિશા નદીમાં સ્નાન કરી પચાસ યોજનના મંડપમાં રહેલા યજ્ઞશાળાના ગાજાસન પર બેઠા. સર્વેએ જયઘોષ કર્યો.

પોષવદ ત્રીજે ત્રીજા યજ્ઞનો આરંભ કર્યો. વશિષ્ઠ ઋષિએ શ્રીહરિ અને રાજા યજમાન વગેરે ના કાંડા બાંધ્યા. કુંડમાં મૂર્તિમાન યજ્ઞ નારાયણ આવી હવિષ્યાન્ન ગ્રહણ કરતા હતા. સર્વે મુક્તો, અવતારો, ઈશ્વરો, દેવો-દેવીઓ, ઋષિ-મુનિઓ, નરનારીઓ, સર્વે ભોજન પ્રસાદીથી તૃપ્તિ પામતા હતા. જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ, સ્થાવર જંગમ, જડ, ચેતન સર્વ તે યજ્ઞમાં પ્રસાદ પ્રાપ્ત કરી તૃપ્તિ પામતા હતા. એ રીતે સાત દિવસ સુધી યજ્ઞ કરી હોમ, હવન, જાપ કરી, યજ્ઞની પૂર્ણાહુતિ કરી, સર્વને દાન-દક્ષિણાઓ આપીને ઈરાત્રિશા અને ઓબી નદીમાં અવભૃથ સ્નાન કરી તીર્થરૂપ કરીને અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું, આ તીર્થોમાં જે સ્નાન કરશે તેના પાપના પર્વતો નાશ થશે. જલપાન કરશે, દાન યજ્ઞ કરશે, દેવસ્થાન, ધર્મશાલા, વૃક્ષારોપણ, વિદ્યાદાન વગેરે કરશે તેને હું ભુક્તિ-મુક્તિ આપીશ. પછી સર્વે સ્નાન કરી મંડપમાં આવ્યા. રાજાએ શ્રીહરિની પૂજા કરી સો કન્યા અર્પણ કરી ભેટ ધરી સ્તુતિ કરી, હે પ્રભુ તમે અહીં પધારવાથી મારું રાજય, સંપત્તિ, કુટુંબ, પ્રજા, વાહન સર્વે ધન્ય થયા. શ્રીહરિ પ્રસન્ન થઈ વીરજાર રાજાને પ્રસાદીનો હાર આપી. છાતીમાં ચરણ આપ્યા. પછી રાજા-રાણીઓને, પુત્ર-પુત્રીઓ તથા પ્રજાને શ્રીહરિએ મંત્રો આપ્યા. "અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પતિશ્ચમે" - "બાલકૃષ્ણ પરબ્રહ્મ મમ વૈશાશ્વતઃ પતિઃ પિતાબંધુ, સુહૃદ્, મિત્ર, રક્ષકઃ પાલકોસ્તુ સઃ" શરણ મંત્ર રક્ષણ મંત્ર બ્રહ્મમંત્ર વગેરે મંત્રો આપ્યા તથા "શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિ શરણં મમ" એ મંત્ર આપી સર્વને વૈષ્ણવ કર્યા પછી સર્વેને શ્રીહરિએ કહ્યું, ચોથો યજ્ઞ આલનૌકા સમુદ્રકાંઠે શક્તિ અક્ષિ રાજાના રાજ્યમાં થશે ત્યાં સર્વ આવજો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, તે સમયે એક આકાશમાંથી તેજસ્વી દિવ્ય ચતુર્ભુજ પુરુષ આવી બાલકૃષ્ણની જય બોલીને દિવ્ય સામગ્રીથી શ્રીહરિની પૂજા કરી સ્તુતિ કરી. રાજાએ શ્રીહરિને પૂછ્યું - આ કોણ છે ? શ્રીહરિએ તે પુરુષને જાણવા છતાં તેને જ પૂછ્યું, તે પુરુષે કહ્યું, હું

આ વીરજાર રાજાનો પિતા શુરજાર રાજા છું. હું દાન પુણ્ય ધર્મપાલન કરી સ્વર્ગમાં ગયો હતો, ત્યાં મેં દેવોના મુખેથી સાંભળ્યું, મારો પુત્રે યજ્ઞ કરાવી પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારો ઈશ્વરોને બોલાવી પ્રસાદ ભોજન કરાવીને શ્રીહરિને સો કન્યાદાન કર્યું. તે પુણ્યથી હું ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી અહીં શ્રીહરિના દર્શન કરી અક્ષરધામમાં જાવ છું. સર્વકુટુંબ પિતામહનું વચન સાંભળી આશ્ચર્ય પામ્યા. પછી શ્રીહરિએ તેને મંત્ર આપી તથા તેની પત્નીને મંત્ર આપી બે હાથવાળા કરી ધામમાં મોકલ્યા. પછી પ્રભુએ ઉપદેશ આપ્યો, જ્યાં નરનારી છે, ત્યાં વાસના છે, પણ જ્યાં હું પુરુષોત્તમ અને મારા સાધુ વાસ કરે છે, ત્યાં અક્ષરધામ છે. ત્યાં માયા વાસના રહેતી નથી. મારા યોગે માયા પણ પણ દિવ્ય થાય છે. મારા યોગે નરનારીઓ મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરે છે. મારા યોગે નરો નારાયણો થાય છે. નારાયણો પુરુષોત્તમ રૂપ થાય છે. તે સર્વે પુરુષોત્તમોનો પુરુષોત્તમ નારાયણ નિયામક હું છું પણ મારો નિયામક કોઈ નથી. એમ ઉપદેશ આપી આશિર્વાદ આપી રાત્રી વિશ્રામ કર્યો.

અધ્યાય - ૧૩૦, ૧૩૧

❖ શકત્યક્ષિ રાજા દ્વારા ચતુર્થ મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ ❖

એકાદશીએ સવારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિમાનમાં બેસી શકત્યક્ષિ રાજાના રાજ્યમાં આવ્યા. પચાસ ગાઉના મહામંડપમાં ઉત્તમ ગજાસન પર બેઠા. જયઘોષ સાથે વાજિંત્રો વાગવા લાગ્યા. લોમશ આદિ ઋષિઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ તથા રાજા યજમાન વગેરેના કાંડા બાંધ્યા. શ્રીહરિ રાજાએ અર્પણ કરેલા હવિષ્યાન્નને અગ્નિ મુખ દ્વારા ગ્રહણ કરતા હતા. સાત દિવસ સુધી તે યજ્ઞમાં મુક્તો, અવતારો, ઈશ્વરો, સર્વે દેવો બ્રહ્માંડવાસી સર્વે ભોજન પ્રસાદ પામી તૃપ્તિ પામતા હતા પછી શકત્યક્ષિ રાજાએ શ્રીહરિની સમીપે દાન આપ્યા. પછી દેવાયતન ભક્તે કહ્યું, યજ્ઞને અંતે પૂર્ણાહુતિમાં સ્નાન કરે તેને અવભૃથ સ્નાન કહે છે. તેથી સર્વ યજ્ઞમાં જે કંઈ શ્લોકમાં ભૂલ થઈ હોય તે ક્ષમા થાય છે. યજ્ઞમાં આચાર્યમાં શ્રીહરિ રહે છે. યાજ્ઞિકોમાં અવતારો રહે છે. ઋત્વિગોમાં ઈશ્વરો રહે છે અને અવભૃથ સ્નાનમાં સર્વે તીર્થો રહે છે. તેથી અવભૃથ સ્નાનથી શ્રીહરિમાં સ્નાન દર્શનતુલ્ય ફળ થાય છે. પછી સર્વેએ અનાવરા નદી આલનૌકા નદી અને સમુદ્રના સંગમમાં અવભૃથ સ્નાન કર્યું. તે તીર્થ પુરુષોત્તમ માસ અને બાલકૃષ્ણની મૂર્તિ આ ત્રણ મોક્ષ આપનારા છે. વૈષ્ણવ સાધુઓ, સાંખ્ય યોગિનીઓ અને લક્ષ્મીનારાયણ સંહિતા આ ત્રણ શ્રીહરિની મૂર્તિ છે. બ્રહ્મપત્ની, બ્રહ્મમુક્તો અને કુંકુમવાપી આ ત્રણ બ્રહ્મતીર્થ છે. કંઠમાં તુલસી કંઠી, તુલસી જપમાળા અને પ્રસાદ ભોજન આ ત્રણ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે. લલાટમાં તિલક, ચાંદલો, ભૂજામાં તપ્તમુદ્રા અને મુખમાં શ્રીહરિનું નામ તે યમદૂતોને નસાડનારા છે. જેની રાત્રિ શ્રીહરિની મૂર્તિમાં ધ્યાનમાં લીન થાય છે. સવારનો સમય પૂજામાં, બપોરનો સમય

જ્ઞાનમાં જાય છે તે મુક્ત સ્થિતિને પામેલો છે. અન્નદાનથી, ચાતુર્માસ વ્રતથી, હજારો ગૌદાનથી, વેદાભ્યાસથી જે ફળ થાય તે ફળ તીર્થોમાં સ્નાન કરવાથી થાય છે. એ રીતે શ્રીહરિએ રાજા-પ્રજાને ઉપદેશ આપી મંત્રો આપ્યા અને રાજાને પ્રસાદીનો હાર કંઠમાં પહેરાવ્યો. પછી શ્રીહરિએ સર્વેને કહ્યું, પાંચમો યજ્ઞ પોષ સુદ પાંચમે કાલિમેશ સમુદ્ર કાંઠે થશે. કાલિમેશ રાજાના રાજ્યમાં સર્વે ત્યાં જજો. અમે પણ ત્યાં આવશું. એમ કહીને શ્રીહરિએ શકત્યક્ષિ રાજાના મહેલમાં વાસ કર્યો. ત્યાં સર્વભક્તોએ પ્રભુની પ્રસન્નતા માટે રાત્રિએ ધૂન, કિર્તન, નૃત્ય, રાસોત્સવ કર્યો. પછી પ્રભુ સવારે જાગી નિત્ય વિધિ કરી બે દિવસ રોકાયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પ્રસન્ન થઈ શકત્યક્ષિ રાજાને કહે : તારા યજ્ઞ અને દાન કરવાથી હું બહુ પ્રસન્ન થયો છું અને તને આજ્ઞા કરું છું. તારા રાજ્યમાં મંદિર કરી તેમાં મારી મૂર્તિ રાધા, રમા, લક્ષ્મી, બ્રહ્મવિદ્યા, શ્રી, માણિકી સાથે પધરાવજે. જે રીતે કુંકુમવાપીમાં ધામમાં હુ વાસ કરું છું. એમ અહીં દિવ્ય સ્વરૂપે ભક્તોની ઈચ્છા પૂરી કરવા સેવા ગ્રહણ કરવા કલ્યાણ કરવા વાસ કરીશ. મારી મૂર્તિ સાડા પાંસઠ આંગળ તસુની બનાવજે. મારી જમણી બાજુ લક્ષ્મી, બ્રહ્મવિદ્યા, રમાની મૂર્તિ, સાંઠ તસુ (આંગળની)ની બનાવજે. મારી ડાબી બાજુ રાધા, માણિકી, શ્રીની મૂર્તિ બનાવજે. રાધાની મૂર્તિ સાંઠ તસુની, માણિકીની સતાવન તસુની, રમાની ચોપન તસુની બનાવજે. સર્વ મૂર્તિઓ સોળ વર્ષની યુવાન બનાવજે. મારી મૂર્તિ ચતુર્ભુજ અઢાર વર્ષ યુવાન પુષ્ટ અને પ્રસન્ન મુખવાળી બનાવજે તેને મધ્ય શિખરમાં પધરાવજે. જમણા શિખરમાં બાર વર્ષના ઘનશ્યામરૂપ એવા બાલકૃષ્ણ સાથે મારા માતા-પિતા કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણની મૂર્તિ પધરાવજે. ડાબી બાજુના શિખરમાં મારી સુખશય્યાની કરાવજે. મધ્ય શિખર મંદિર સમીપે હાથી અને ગરૂડ સ્થાપજે. ચોકમાં છત્રીમાં મારા ચરણાવિંદ પધરાવજે. દરવાજામાં મારા પાર્ષદો દેવાયતન, રણંગમ શસ્ત્રો સાથે બનાવજે. દ્વારપાલ હેમંત, ભગવંત કરાવજે. સ્વયંપ્રકાશ, ઘુપ્રકાશ બે સેવક કરાવજે તથા મંદિરના પહેલા ખંડમાં મોટા ભાઈ ભગવાન, પોપટ, વલ્લભ અને બહેન સંતોકને પધરાવજે તથા મંદિર ઉપર બાર ઋષિઓ મેષાયન આદિ તેની મૂર્તિઓ બેસાડજે તથા મંદિરના મુખ્ય મોટા ઘુમટમાં મારી એકસો ચાલીસ પત્નીઓનો રાસમંડળ કરાવજે તથા પુરુષોનો રાસમંડળ જુદો કરાવજે તથા ત્રીજો રાસમંડળ વચમાં મારી મૂર્તિ અને ફરતા બસ્સો ચોવીસ મારી પત્નીઓ એ રીતે કરાવજે. એ પ્રમાણે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ રાજાને આજ્ઞા કરી પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન પત્નીઓ સહિત મંદિર સાથે કરાવ્યું. શ્રીહરિનું દિવ્યદર્શન કરી રાજા કુટુંબ સાથે આશ્ચર્ય પામ્યો. પછી રાજા-રાણીએ પુત્ર-પુત્રીઓએ પ્રભુની પૂજા કરી. રાજાએ પોતાની સાઠ કન્યા શ્રીહરિને અર્પણ કરી કન્યાઓએ શ્રીહરિના કંઠમાં વરમાળા પહેરાવી. રાજાએ અનેક ભેટો આપી. પછી શ્રીહરિ જવાની તૈયારી કરતા હતા. ત્યાં એક પિશાચી સોષી રૂચિ સાથે આવી અને રોવા લાગી.

શ્રીહરિ કહે : તું કોણ છો ? પીશાચી કહે : હું રાજાની મોટી બેન છું. યુવાન વયમાં, અપરિણીત મરી ગઈ અને વાસનાથી વનમાં પિશાચી થઈ. મારી સાથે આ સો પિશાચી પણ વાસનાથી વનમાં મારી સાથે ભટકે છે. પિશાચીએ પોતાના ભાઈ રાજાને કહ્યું અમે યજ્ઞની વાત સાંભળી પણ પહોંચી ન શક્યા. પ્રસાદ પામ્યા નહીં. હવે અમારો મોક્ષ પ્રભુ પાસે કરાવો. રાજા કહે : તમે સર્વે કન્યાઓ પિશાચીપણાને કેમ પામી ? પિશાચી કહે : ક્રોધવાળી, કજીયાળી, દયા વિનાની, અધર્મી, માતા-પિતાની, સેવારહિત, પ્રભુ ભક્તિથી રહિત, કુટુંબને કલંક આપનારી, ઉદ્વેગ કરાવનારી, પોતાનો બીજાનો ઘાત કરનારી, કુટુંબનો ઘાત કરનારી, નિર્દોષ બાળકને મારનારી, ટોલા વગેરે જંતુને મારનારી, પશુ પક્ષીને મારનારી, મદ્યમાંસ ખાનારી, ગર્ભહણનારી તે સર્વે પિશાચીપણાને પામે છે. પછી રાજાએ શ્રીહરિને કહ્યું, હે પ્રભુ આ સર્વનો ઉદ્ધાર કરો. શ્રીહરિએ પ્રસાદી, ચરણામૃત, જલપાઈને સર્વને "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" મંત્ર આપ્યા. ત્યાં સર્વ પિશાચી દિવ્ય કન્યારૂપે થઈ અને શ્રીહરિને વરીને વરમાળા પહેરાવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સર્વને મંગલસૂત્ર આપ્યું અને વિમાનમાં બેસાડીને કાલી માસ રાજાના રાજ્યમાં આવ્યા. આ અધ્યાયનો જે પાઠ કરશે તે મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૧૩૨

❖ કાલિમેશ રાજા દ્વારા પંચમ મહાવિષ્ણુયાગ - શ્રીહરિનો ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ કાલિમા સમુદ્રકાંઠે વિમાન ઉતાર્યું. પચાસ યોજનમાં રહેલા મંડપમાં આવ્યા. ત્યાં સર્વએ જયઘોષ કર્યો અને ચોખા પુષ્પોથી વધાવ્યા. કાલિમેશ રાજા કુટુંબ સહિત સેવામાં રહ્યા. પાંચમે સવારમાં શ્રીહરિ યજ્ઞમંડપમાં આવ્યા. લોમશ ઋષિ, પત્નીવ્રતદ્વિજ તેણે શ્રીહરિનું તથા યજમાન કાલિમેશ રાજાનું કાંડુ બાંધ્યું. યજ્ઞમાં મુખ્ય દેવ અનાદિશ્રીકૃષ્ણનારાયણ હતા તથા મુક્તો, અવતારો, ઈશ્વરો, દેવો-દેવીઓ, મૂર્તિમાન વેદો ત્યાં હતા. પછી શ્રીહરિએ રાજાના હાથે હોમ કરાવ્યો. સાક્ષાત્ અગ્નિ આવીને હવિષ્યાન્ન જમતા હતા. ઋષિ-મુનિઓ મંત્ર જાપ કરતા હતા. લક્ષ્મીનારાયણ સંહિતાનું કથા-શ્રવણ કરતા હતા. શ્રીહરિએ ભોજન ગ્રહણ કર્યા પછી સર્વે ભોજન પ્રસાદ લેતા હતા. મુક્તો, અવતારો, ઈશ્વરો, ઈશ્વરાણીઓ, દેવો-દેવીઓ, બ્રહ્માંડવાસી સર્વે ભોજનપ્રસાદ જમીને તૃપ્તિ પામતા હતા. તે યજ્ઞમાં ઋષિમુનિઓ, સાધુ, બ્રહ્મચારીઓ, યતિ, સંન્યાસીઓ, સતિ, સાધ્વીઓ સર્વે ભોજનપ્રસાદ લઈ યજમાનને આશિર્વાદ આપતા હતા તથા નરનારીઓ દીન-અનાથ, પશુ-પક્ષી, કીટજંતુ સર્વે શ્રીહરિના પ્રસાદથી તૃપ્તિ પામતા હતા. એ રીતે સાત દિવસ સુધી યજ્ઞ કરી પોષ સુદ એકાદશીએ પૂર્ણાહુતિ કરી કાલીમા

સમુદ્રમાં અવભૃથ સ્નાન કરવા શ્રીહરિ વગેરે સર્વ ગયા. સમુદ્રમાં યાનિકા નદીમાં, કૂવા સરોવરમાં સ્નાન કરી તીર્થો કર્યાં. પછી પ્રભુના કહેવાથી કાલિમેશ રાજાએ હાથી, અશ્વો, રથ, વિમાન, વાહન, સોના, ચાંદી, હીરા, મોતી, ભૂમિ, ગૃહ, ખેતર, વાડી, અન્ન, વસ્ત્રો વગેરેના દાન આપ્યા. રાત્રે મહાલક્ષ્મી કન્યારૂપે આવી લક્ષ્મીનારાયણ સંહિતાના વ્યાસાસને બેસીને પ્રભુની આજ્ઞાથી લક્ષ્મીનારાયણ સંહિતા વાંચવા લાગ્યા. ત્યારે સર્વે નદીઓ સમુદ્ર પત્નીઓ દેવીઓ આવી મહાલક્ષ્મીની અને કંભરાલક્ષ્મીની પૂજા કરી આરતી ઉતારી ભેટ મૂકી. કંભરાપુત્ર બાલકૃષ્ણના કીર્તનો ગાવા લાગી અને સર્વેએ જાગરણ કર્યું. બીજે દિવસે કાલીમાશ રાજારાણીએ એકસોઆઠ ઉપચારોથી બાલકૃષ્ણની પૂજા કરી આરતી ઉતારી અને પોતાની બસ્સો કન્યાઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને ભેટ કરી તથા ચાર દાંતવાળા હાથી, ગરૂડ દાસ-દાસી આપ્યા. પછી પ્રભુએ પ્રસન્ન થઈને રાજાના મસ્તક ઉપર બંને હાથ મૂકી આશિર્વાદ આપી છાતીમાં ચરણાવિંદ આપ્યા અને પ્રસાદી હાર આપ્યો. રાણીઓને પણ પુષ્પોનો પ્રસાદીનો હાર આપ્યો અને શ્રીહરિએ સર્વને અલૌકિક દિવ્ય દર્શન આપ્યું. સુવર્ણ મુગટ, કુંડળથી શોભતા વસ્ત્ર, આભૂષણોથી શોભતા મુક્તો, અવતારો, ઈશ્વરોથી સ્તુતિ કરાયેલા એવા શ્રીહરિના દિવ્ય દર્શન કરી મહાઆનંદ પામી સૌ પોતાને કૃતાર્થ માનતા હતા.

પછી સર્વે રાજા-રાણીઓએ શ્રીહરિનું પૂજન કર્યું પછી ઋષિ સાધુઓ ભક્તોએ પ્રભુનું પૂજન કર્યું. પછી રાશીયાન દેશની પ્રજા શીબિ રાજાના કામચાટક આલાયુત દેશની પ્રજા સર્વે શ્રીહરિની પૂજા કરવા આવ્યા. રીંગજલ, પક્ષવાત, માલોષ્ઠ, સ્કૂટાક્ષ, થુરાયસ કુટલાનસ્વૈર, જેમીયાન વગેરે દ્વિપવાસી માનવો નર-નારીઓએ પ્રભુની પૂજા કરી. ત્યાં આકાશ માર્ગે કોઈ સિદ્ધ પરુષ લાલાસન સાધુ આવી શ્રીહરિને પગે લાગ્યો. પ્રભુએ તેને ભોજન પ્રસાદ આપ્યો. તેણે જમી લીધું ત્યાં આકાશમાં નગારા વાગ્યા. કાલીમેશ રાજાએ આ ચમત્કાર જોઈને પ્રભુને પૂછ્યું, વાજિંત્રો કેમ વાગ્યા ? શ્રીહરિએ કહે : આ લાલાસન યોગી ઘણો સમય કલ્પાંતર સુધી તપ કરી સિદ્ધગતિ દશા પામ્યો હતો. મને પરબ્રહ્મ જાણીને અહીં આવી પ્રસાદ જમ્યો અને તૃપ્તિ પામ્યો. તેથી આ પાંચ યજ્ઞો પૂર્ણ થયા. એક જ સાત્ત્વિક મુક્ત પુરુષ યજ્ઞમાં આવી જમે તો પણ ત્રિલોકી તૃપ્ત થાય છે. પછી તે યોગી આકાશ માર્ગે જતો રહ્યો. જેનું મન અખંડ પ્રભુ મૂર્તિમાં જ રહે છે એવા જડ જેવા દેખાતા ભક્તનું પણ સન્માન પૂજા સત્કાર કરવા જેથી શ્રીહરિ પ્રસન્ન થાય છે.

અધ્યાય - ૧૩૩

❖ શ્રીહરિએ લાલાસન યોગીને મંત્રદીક્ષા આપી - મંત્રદીક્ષા મહાત્મ્ય ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, બીજે દિવસે મહાસભામાં લાલાસન યોગી આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણને પગે લાગી પ્રગટ પ્રભુની જય બોલ્યા. પછી શ્રીહરિએ મંડળ પૂરી

વેદવિધિથી લાલાસાન યોગીનો મંત્રો, તુલસીની કંઠી અનો દીક્ષા આપી. "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લ્ભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" - "બાલકૃષ્ણ પરબ્રહ્મ મમવૈ શાશ્વતઃ પતિ, પિતાબંધુ સુહૃદ્ મિત્ર રક્ષકઃ પાલકોસ્તુ સઃ" વગેરે શરણમંત્ર, રક્ષણમંત્ર, અર્પણમંત્ર, બ્રહ્મમંત્રો આપી અને કહ્યું, તમે નરનારી સર્વેને આ મારા મહામંત્રો આપી અને ઉપરનું એક વસ્ત્ર ભગવા રંગનું આપજો તથા ચક્ર આદિના ચિહ્નો આપજો. આજથી તમારું નામ સચ્ચિદાનંદ છે. તમે મારી ભજન ભક્તિ કરજો અને સર્વને કરાવજો. પછી સચ્ચિદાનંદ યોગી પ્રભુને પગે લાગી સર્વને કહેવા લાગ્યા, મંત્ર દીક્ષા તે બ્રહ્મ પુત્રી છે. મોક્ષ અને ધામ અપાવનારી છે. મંત્ર દીક્ષા વિનાના નર-નારીઓનું આપેલું અન્ન જલ પ્રભુ ગ્રહણ કરતા નથી. દીક્ષાવાળા નરનારીઓએ આપેલ પત્ર, પુષ્પ, ફળ, જલને પ્રભુ પ્રેમથી અંગિકાર કરે છે. દીક્ષાવાળો ભક્ત તીર્થરૂપ છે. શ્રીહરિ ઉત્તમ તીર્થ છે. સર્વ તીર્થો શ્રીહરિના ચરણમાં વસે છે. દીક્ષાવાળામાં સર્વ દેવતા ઈશ્વરોનો વાસ કરે છે. દીક્ષાવાળાના સ્પર્શથી પાપ નાશ પામે છે. દીક્ષાવાળાની સેવાથી મોક્ષ મળે છે. દીક્ષાવાળાની અન્નજલની પ્રસાદી પાવન કરનારી છે. દીક્ષાર્થીની સાથે સત્સંગ ભગવાન તુલ્ય છે. દીક્ષાર્થીની સર્વ ક્રિયા દિવ્ય છે. દીક્ષાર્થીમાં સર્વે યજ્ઞો પુણ્યો વસેલા છે. ઋષિમુનિઓ યોગીઓ સિદ્ધો યતિઓ બ્રહ્મચારીઓ સર્વે દિક્ષાવાળાને નમે છે. દીક્ષાવાનને જે ભોજન કરાવે છે તે શ્રીહરિનો પાર્ષદ થાય છે.

હું લાલાસન દીક્ષાથી સચ્ચિદાનંદ થઈને શ્રીહરિના આનંદવાળો થયો છું. મંત્ર-દીક્ષા લીધા પછી મારું સર્વે તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનનું. અને જેટલું ભગવાનનું એટલું મારું. મારું અને પ્રભુનું કાંઈ જુદું છે જ નહિ. એવો બ્રહ્મભાવવાળો ભક્ત શ્રીહરિના શાશ્વત સુખને મેળવે છે. દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી જે માયાને તજતો નથી અને પરમેશ્વરને ભજતો નથી તેને પગલે પગલે દુઃખ જ છે. સચ્ચિદાનંદયોગીનો ઉપદેશ સાંભળી લાખો માનવો બાલકૃષ્ણ પાસે આવી મંત્રોગ્રહણ કરતા હતા અને દીક્ષા લેતાં હતા. કુલ પાંચ હજાર સાધુ થયા. તે સર્વને શ્રીહરિએ રાશિયાન પ્રદેશમાં જનોને ઉપદેશ આપવા મોકલ્યા.

અધ્યાય - ૧૩૪

❖ શ્રીહરિએ શુરજાર રાજા અને વરૂથીની રાણીને દિવ્યગતિ આપી ❖

તેરશને દિવસે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ રાજા પાસે વિદાય માગી. તરત રાજાએ ભોજન તૈયાર કરાવીને યજ્ઞમાં આવેલા મહેમાનોને જમાડીને શ્રીહરિને હાથે સર્વને દાન અપાવ્યા તથા સર્વે દાસ-દાસીઓ, ભાટચારણ, બંદીઓને પારિતોષિકો ભેટ આપ્યા. પછી

સર્વે અવતારો, ઈશ્વરો-દેવો પોતાના વાહનોમાં બેસીને પોતાને સ્થાને ગયા. શ્રીહરિ ભક્તો સાથે પૂનમ સુધી રોકાયા. શ્રીહરિએ રાજાના પ્રજાના કુટુંબના ધર્મો સમજાવ્યા, સર્વેને પ્રભુભક્તિ કરવા મંત્રદીક્ષા અને જનોઈ ગ્રહણ કરવી. વૈષ્ણવ થઈને શ્રીહરિના પરમધામને પ્રાપ્ત કરવું તથા એકાદશી આદિ વ્રતો કરવા. અનાદિશ્રીકૃષ્ણનારાયણના જન્માષ્ટમીના ઉત્સવો કરવા. ચાતુર્માસમાં કથા પારાયણો કરાવવી. શ્રીહરિનો ધર્મ ભક્તિ જ્ઞાનનો આ ઉપદેશ સાંભળી, સર્વે રાજાઓએ પ્રભુને પગે લાગી આજ્ઞાનું પાલન કરશું એમ કહ્યું.

પછી શ્રીહરિએ લાલાસન સચ્ચિદાનંદને ઉત્તર પ્રદેશમાં અમારા પ્રદેશમાં પ્રભુની ભક્તિ કરવા મોકલ્યા. પછી શ્રીહરિએ વીરજાર રાજાના માતાપિતા શુરજાર અને વુરૂથીનીદેવીને દિવ્યગતિ આપી. પછી બાલકૃષ્ણ સરોવરમાં સ્નાન કરવા ગયા. ત્યાં રુદ્ર સૃષ્ટિના પુરુષો અને યોગિનીઓ આવી તેને પ્રભુએ મંત્ર આપ્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ ત્યાં સર્વે નદીઓમાં સમુદ્રમાં, સરોવરમાં સ્નાન કરી શીબી રાજાના મહેલમાં વિશ્રામ કર્યો. બીજે દિવસે માઘ વદ પડવે સવારમાં મહાપૂજા કરીને સર્વેને ભોજન પ્રસાદ આપ્યા.

અધ્યાય - ૧૩૫

❖ શ્રીહરિએ કૃપા કરી દેવતાયન ભક્તને દેવાલયમાં વાસ આપ્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ શીબી રાજા પાસેથી વિદાય લઈને લોમશ ઋષિ, દેવો, ભક્ત, માતા-પિતા, પત્નીઓ, પાર્ષદો, ભાઈ-બહેન સાથે તથા રાજાઓએ અર્પણ કરેલી કન્યાઓ સાથે વિમાનમાં બેસી બદ્રિકાશ્રમ થઈ કાશી આવ્યા. ત્યાં પોતાના ભક્તો શિવરાજ, જાનકી, લક્ષ્મી, કૃષ્ણા, જય, ચંદ્ર વગેરેને મળી દર્શન આપી ગંગામાં સ્નાન કરી કાશી વગેરે દર્શન કરી અશ્વપટ સરોવર કુંકુમવાપી આવ્યા. સર્વે ભક્તોએ જયકાર કરી પુષ્પોથી વધાવી કુશળ સમાચાર પૂછ્યા. શ્રીહરિએ બીજે દિવસે સર્વને ભોજન પ્રસાદ આપી દેવાયતન ભક્તને માથે હાથ મૂકી કહ્યું, તમે ત્યાં પરદેશમાં જઈને સત્સંગનું કામ કર્યું તે કોઈ ન કરી શકે તેથી હું પ્રસન્ન થયો છું. વરદાન માગો. દેવાયતન ભક્ત કહે : પ્રભુ જ્યાં તમારો વાસ હોય ત્યાં હું વાસ કરું, એ વર માગું છું.

પ્રભુ કહે : હું પર સ્વરૂપે અક્ષરધામમાં તથા મંદિરમાં મૂર્તિમાં સંત હૃદયમાં મુખ્યપણે વાસ કરું છું તથા અવતારો, વ્યૂહ ઈશ્વરો, દેવો, અંશમાનવો સર્વમાં વાસ કરું છું. એમ કહીને દેવાયતન ભક્તને સર્વે દેવાલયમાં વાસ આપ્યો અને પોતાની મૂર્તિમાં દેવાયતન ભક્તની મંદિરરૂપી મૂર્તિ દેખાડી અને દેવાલયમાં વાસ આપ્યો અને ભક્તોને કહ્યું, જે અક્ષરબ્રહ્મમાં હું વાસ કરું છું. ત્યાં માયાપાર થયેલા મુક્તો વિના કોઈ રહી શકતા નથી. જીવાત્મા પ્રભુભક્તિ પરાયણ થઈ જીવભાવનો ઈશ્વરભાવનો ત્યાગ કરી માયાના કર્મને બાળી મારા ધ્યાન પરાયણ મારી મૂર્તિમાં મગ્ન રહે ત્યારે શુદ્ધ બ્રહ્મ થઈ મારી કૃપાથી અક્ષરભાવને

પામે છે. માયામાં લોભાયેલો, માયામાં રસવાળો, માયાના સ્વભાવવાળો, સ્વાર્થ સાધન કરતો, રાગ માટે પ્રયત્ન કરતો, મારા ભાવથી રહિત ક્યારે પણ બ્રહ્માના સ્થાનને પામતો નથી. મારી ભક્તિ વિના, મારા મંત્ર વિના, ક્યારે પણ બ્રહ્મપદ પામતો નથી. બીજું મારું સ્વરૂપ સંત છે. મારા કલ્યાણકારી ગુણો સંતમાં રહ્યા છે. તેથી મારા મંત્ર દીક્ષાવાળા તમારા સર્વમાં મારો વાસ છે. મારા ભક્તો વિના હું ક્યાંય પણ રહી શકતો નથી.

અધ્યાય - ૧૩૬ થી ૧૪૦

❖ પચ્ચીશ પ્રકારનાં મંદિરોનું વર્ણન ❖

શ્રીહરિ કહે : સર્વ વિઘ્નોના નાશ માટે સુખ, સંપત્તિ માટે દેવાલયો કરવા નદી કાંઠે બગીચામાં સિદ્ધ પુરુષોના આશ્રમમાં, ગુફામાં, ગામ શહેરમાં દરવાજા, દેવાલયો કરવા. તેમાં દરવાજામાં લક્ષ્મી, કુબેર, ગણેશ સ્થાપન કરવાથી વૈષ્ણવો સુખી થાય છે તથા સર્વ દેવાલયોના મંડો પર કુંભી, છજ્જુ, નાસા, મંડપ દ્વાર ઉંબરા વગેરેના માળ તથા ઘુમ્મટ, સિંહાસન તે દેવોના અંશના પ્રમાણે વગેરે કહ્યા. શિખરીયું, પંઢરા, પદ્મશિલા, કળશ વગેરેના માપ કહ્યા. ધ્વજ વિનાના મંદિર-દેવાલયોમાં રાક્ષસો વાસ કરે, ધ્વજના દાનથી દેવો, પિતૃઓ, આશિર્વાદ આપે છે. ધ્વજ દાનથી દશ અશ્વમેઘ યજ્ઞનું ફળ થાય છે અને એકસો એક કૂળનો ઉદ્ધાર થાય છે. તે સર્વે મંદિરોનાં બ્રહ્મ જાતિના પચ્ચીશ મંદિરો કહેવાય છે. અનંત શિખરવાળા, કળશોવાળા, હજાર થાંભલાવાળા, આસપાસ અનંત ભુવનોવાળા મંદિરને મેરુરાજ અક્ષર સમાન મંદિર કહેલું છે. નવસો નેવું થાંભલાવાળા મંદિરને ગોલોક સમાન કહેલું છે. એકલા શિખરવાળું વૈકુંઠ મંદિર કહેલું છે. એકલા ઘુંમટવાળું મંદિર અવ્યાકૃત કહેલું છે. ગૃહના જેવા આકારવાળું અમૃત મંદિર કહેલું છે. ચારે કોરે કમાનોવાળું હિરણ્યમય મંદિર કહેલું છે. પાટડા આધારે રહેલું અગ્નિ મંદિર કહેલું છે. હાથીઓની શોભાવાળું વૈરાજ મંદિર કહેલું છે. અશ્વોની શોભાવાળું ભૂમા મંદિર કહેલું છે. વૈષ્ણવ દાસદાસીના સ્વરૂપોવાળું વિષ્ણુનું મંદિર કહેલું છે. ગણોથી યુક્ત કૈલાશ મંદિર કહેલું છે. સર્વ ઋષિઓથી વસેલું વૈશાલ મંદિર કહેલું છે. તપસ્વિઓથી યુક્ત શ્વેતદ્વિપ મંદિર કહેલું છે તથા ચતુષ્કોણ, સર્વતોભદ્ર, શ્રીવત્સ, સ્વસ્તિક, હૈમ, હંસ, ગરૂડ, ગજ, વૃષ, શત, પાદ, દશપાદ આ પચીશ મુખ્ય મંદિરો કહેલા છે.

અધ્યાય - ૧૪૧ થી ૧૬૦

❖ શ્રીહરિ દ્વારા દેવતાયન ભક્ત પાસે મંદિર રચના-મૂર્તિપ્રતિષ્ઠા વર્ણન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ દેવાયતન ભક્તને મંદિરોની પ્રતિષ્ઠા ઉત્સવમાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ મંદિરના - ગણેશાદિ મૂર્તિના માપ, પ્રતિષ્ઠામાં વાસ્તુ પુરૂષ તથા તેના દેવોની સ્થાપના, મૂર્તિ પ્રતિષ્ઠામાં આચાર્યની વરણી, યજ્ઞ સામગ્રી પૂજન, ગણેશ

પૂજન, કળશ સ્થાપન, પુણ્યાહ વાચન, માતૃકાદિ આવાહન, નાન્દિશ્રાધ્ધ, આસન, પૂજન, ભોજન, દક્ષિણા, દાન, વિસર્જન. પ્રતિષ્ઠા ઉત્સવમાં આચાર્ય ઋત્વિગ વરણ સંભાર પોક્ષણ સ્વસ્તિવાચન, મંડપપૂજા, વાસ્તુપૂજા દેવોનું આવાહન નમસ્કાર વગેરે. વાસ્તુપૂજન, પ્રતિષ્ઠાન પૂજન, વાસ્તુદેવોનું પૂજન, નૈવેદ્ય બલિ ત્રિસૂત્રથી મંડપ વેષ્ટન અને મંત્રો. ચોસઠ જોગણી, પચાસ ક્ષેત્રપાલ, મંડપના સોળ દેવોનું આવાહન અને પૂજન, તોરણ, કળશ, દ્વાર, શાખા, ડેલી વગેરેના દેવોનું ષોડ્શોપચારથી પૂજન, અગ્નિ સ્થાપન, કુંડદેવ, મેખલાદેવ, યોનિવહિન પૂજન, નવગ્રહ પૂજન, અધિ દેવતા પૂજન, પ્રતિ અધિદેવતા વાહન, લોકપાલ ત્રિદેવદેવી ગ્રહ આવાહન, ઘટસ્થાપન સર્વતોભદ્રમંડલ પૂજન, છપ્પન દેવોનું પૂજન દર્શન.

કળશદેવ, દ્વારપાલ પૂજન, વરણ પ્રોક્ષણ પાત્રો, ચરૂ, આજય, આહુતિ, વારણ, ગ્રહહોમ, લોકપાલ, દિકપાલો માટે હોમ, દેવ અધિદેવ હોમ, વાસ્તુદેવ હવન, યોગીનિ, હવનક્ષેત્ર, પાલહવન, માતૃકાહવન, વસુ આદિત્યરૂદ્ર, માતૃ, ગણપતિ, પિતામહ વિષ્ણુ લક્ષ્મી સૂર્યાદિહવન. રાધા રમા શ્રી માણિકી લક્ષ્મી સરસ્વતિ વગેરે છ મુખ્ય પ્રભુ પત્નિઓનું પૂજન તથા એકસો ચુમ્માલીશ પત્નીઓનું પૂજન તથા કંભરા સંતોકનું પૂજન તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ તથા વ્યૂહ અવતારો વિષ્ણુ લોકપાલ ભૂતાદિપૂજા, બલિ પૂજન, ભોજન સમર્પણ. કુંભારો પણ તેના દેવોનું પૂજન, પ્રતિમાનું જલમાંવાસ, નગરયાત્રા, કળશ સ્થાપન, દિકપાલ બલિ, સુવર્ણ શલાકાથી નેત્રમાં અંજન, બહુઘટ સ્નાન, પત્રસ્નાન, પૂજન, આભૂષણ, નૈવેદ્ય, હોમ, પ્રણવન્યાસ, માતૃકાન્યાસ, નક્ષત્રન્યાસ, મૂર્તિમાં માસઋતુ, યુગ, વર્ણ, વેદ, વસુ, દિકૂપાલ, લોકપાલ, ક્ષેત્રપાલ, ભગવદ્ અવતાર, યજ્ઞ, અગ્નિ, હેતિભૂષણ, પ્રિયા, તત્ત્વ, મૂલમંત્ર, ગાયત્રી, બે અર્પણમંત્ર, પુરૂષસૂક્ત ન્યાસપૂજા, બલિ પ્રદાન, પૂર્ણાહુતિ, ન્યાસ, અધિવાસન, કુંભજલ, શિખરસ્નાન, ચરૂ શ્રવણ પ્રાસાદ, પુરૂષાકારતા, ધ્યાન, પૂજન, કુર્મશીલા, બ્રહ્મશીલા, પીંડીકા, રત્નાનિ દેવાર્ધ્ય. પીંડીકાનું સિંહાસનમાં સ્થાપન, પ્રાણપ્રતિષ્ઠા, ન્યાસ, આરતી, હોમ પૂર્ણાહુતિ હવન, આશીર્વાદ, સ્વસ્તિવાચન, દેવોની વિદાય, અવભૃથ સ્નાન, કળશ આરોહણ, માન સ્તંભ ધ્વજ આરોપણ, ચલમૂર્તિ પ્રતિષ્ઠા વિધિ, જીર્ણોધ્ધાર.

અનાદિશ્રીકૃષ્ણનારાયણના મુખેથી મંદિર રચનાની વાત સાંભળી દેવાયતન ભક્ત આશ્ચર્ય પામ્યા. પછી પ્રભુની પૂજા કરી આરતી કરી. શ્રીહરિની ઈચ્છાથી પોતે સ્વયં મંદિરરૂપે થયા અને બીજે રૂપે અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવામાં રહ્યાં. ઈન્દ્રે આવું મહામંદિર જોઈ આશ્ચર્ય પામી વિશ્વકર્માને બોલાવી સ્વર્ગમાં આવું મંદિર બનાવવાની આજ્ઞા કરી. વિશ્વકર્માએ કુંકુમવાપી આવી મંદિર જોઈને સ્વર્ગમાં જઈને હજાર કળશવાળું મંદિર કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ છ પત્નીઓ સહિત પધરાવી મહોત્સવ કર્યો. તે જોવા સર્વલોકવાસી આવ્યા. ચૌદલોકનાવાસી કુંકુમવાપીનું મંદિર જોઈને આનંદ પામ્યા.

અધ્યાય - ૧૬૧

❖ ધનમોદ નામના ધીવરને શ્રીહરિએ મત્સ્યરૂપે દર્શન આપી મોક્ષ કર્યો ❖

એક ધનમોદ નામનો ધીવર કુટુંબ સાથે કુંકુમવાપી દર્શન કરવા આવતા રસ્તામાં નદીકાંઠે મંદિરમાં હાથી પર બેઠેલા તુરી દેવીને જોયા. સ્નાન કરી તુરીદેવીની પૂજા કરી સ્તુતિ કરી, અમારું કલ્યાણ કરજો. ત્યારબાદ પત્ર, પુષ્પ, ફળ, જળથી પંદર દિવસ પૂજા કરી. મંદિરમાં નૃત્ય કરવા લાગ્યા. ત્યાં તૂરીદેવીએ દિવ્યદર્શન આપી કહ્યું, હું પોતે લક્ષ્મી છું. તમે મારું મંદિર વાળી સાફ કર્યું, પંદર દિવસ મારી પૂજા કરી. તેથી હું પ્રસન્ન થઈ છું માટે તમે વરદાન માગો.

લક્ષ્મી કહે : એકવાર મારું મંદિર વાળે તેનું દરિદ્ર નાશ કરી અને સ્વર્ગ આપું છું. એકવાર દીપદાન કરે તે હજારો યુગ સૂર્યલોકમાં વાસ આપું છું. એકવાર તુલસી પત્ર અર્પણ કરે તો તેને ચક્રવર્તી રાજા બનાવું છું. એકવાર પુષ્પહાર પહેરાવાથી સુવર્ણ આભૂષણો આપું છું. એકવાર ફળ આપવાથી ઈન્દ્રપદ આપું છું. એકવાર જલદાનથી વરૂણ પદ આપું છું. આત્મા અર્પણ કરી ભક્તિ કરે તેને શાશ્વત ધામ આપું છું. મારા પતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે. લક્ષ્મીજીના વચનો સાંભળી ધનમોદ ધીવર કહે, હે માતા મારે રાજ્ય, સંપત્તિ, ઐશ્વર્ય કંઈ નથી જોઈતું, હું કુટુંબ સાથે તમારી દાસ ભક્તિ કરું એવું વરદાન આપો. લક્ષ્મી કહે : સંસારમાં લાખો દાસ નોકરો છે પણ હૃદયથી, આત્માથી દાસ થવું દુર્લભ છે. કપટીદાસ થાય તે ક્લેશરૂપે થઈ લોહી પીનારા થાય છે. તેથી હું લક્ષ્મી જેવી પુરુષોત્તમ નારાયણની દાસી છું. તેવું દાસપણુ પ્રભુનું કરવું તથા જેમ પાર્વતી શંકરની દાસી, પ્રભા સૂર્યની દાસી, રાધા, રમા, જયા, લલીતા, માણિકી, મંજુ, હંસા, સગુણા શ્રીહરિની દાસી છે. તથા અક્ષર બ્રહ્મ, ગરૂડ, હનુમાન, હેમંત, ભગવંત આદિ દાસ છે. તે દરેક કલ્પમાં શ્રીહરિના દાસ થાય છે, માટે દાસ ભક્ત થવું.

લક્ષ્મી કહે : હે ધીવર, તું અત્યારે કુંકુમવાપીમાં મનુષ્યરૂપે રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા જાય છે. ત્યાં મારા જેવી કરોડો લક્ષ્મીઓ તે પ્રભુની સેવામાં રહે છે. તું ફળ પુષ્પ લઈને ત્યાં જા તારું કલ્યાણ થશે. એમ કહીને લક્ષ્મીજી અદૃશ્ય થયા. ધનમોદ નામનો ધીવર કુટુંબ સાથે માઘ માસમાં કુંકુમવાપી આવ્યો. અશ્વપટ સરોવર લોમશ ઋષિ આશ્રમ દિવ્ય બગીચા જોઈને આનંદ પામ્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંદિરે આવી ફળ-પુષ્પ અર્પણ કરી પૂજા કરી ચરણોદક પીધુ-ભોજનપ્રસાદ જમી અશ્વપટસરોવર ગયો. ત્યાં વડ નીચે વાસ કરી રાત્રે ધૂન-કિર્તન કરી રાત્રે સૂતો. સવારે સરોવરમાં માછલાં જોઈને જાતિ સ્વભાવથી માછલાં મારવાનું મન થયું. પ્રભુ પણ માછલાંનું રૂપ લઈ તેને હાથે પકડાઈ ગયાં. પછી મોટુ સ્વરૂપ ધારણ કરી શંખ, ચક્ર, ગદા, પદ્મ, ચતુર્ભુજ રૂપે દર્શન

દઈ કહ્યું, હે ધીવર તારા સ્વભાવને તજી દે અને મને ભગવાનને ભજી લે. પ્રભુની આજ્ઞાથી લક્ષ્મીના આશીર્વાદથી લોમશ ઋષિ પાસે મંત્ર લઈ ત્યાં વાસ કરી ભક્તિ કરી અંતે અક્ષરધામમાં ગયો. એ રીતે ધીવરોનો પણ પ્રભુએ મોક્ષ કર્યો. ત્યાં મત્સ્ય તીર્થ થયું છે.

અધ્યાય - ૧૬૨

❖ મુંગા વેયુને શ્રીહરિએ કપિલરૂપે દર્શન આપી બોલતો કર્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પાંચાલ દેશમાં સતોયુ નામે વૈષ્ણવ ભક્ત અપુત્ર હતો. તે શિબીકા ચલાવતો, મજૂરી કરતો. તેણે કથામાં સાંભળીને પાર્વતીની આરાધના કરી. પાર્વતી પ્રસન્ન થયા અને કહ્યું, તારે પુત્ર થશે પણ મુંગો થશે. દેવી પાર્વતીના આશીર્વાદથી પુત્ર થયો પણ મુંગો. કાંઈ બોલે નહીં. એકવાર સતોયુ યાત્રાળુ સાથે કુંકુમવાપી તીર્થમાં આવ્યો. ત્યાં લોમશ ઋષિના આશ્રમમાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વંચાતી હતી. તેમાં આવ્યું અત્યારે પ્રગટ થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ દયા કરી દરિદ્રને ધન આપે છે, બહેરાને સાંભળતા કરે છે. અંપગને ચાલતા કરે છે. રોગીને રોગ મુક્ત કરે છે. અંધને દેખતા કરે છે.

એવું સાંભળીને પોતાના પુત્ર વેયુને લઈને કુટુંબ સાથે અશ્વપટસરોવર કુંકુમવાપીમાં આવી લોમશ ઋષિ પાસે મંત્ર "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને સ્વાહા" એ મંત્ર લઈ શ્રીકૃષ્ણવલ્લભના મંદિરે જઈને ચરણામૃત જલ પીને નામ મંત્રનો જપ કરવા લાગ્યો. છ માસ સુધી તપ કરી જપ કર્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણે કપિલરૂપે, સાધુરૂપે આવી દર્શન દીધા અને ચિહ્નવાળા કરકમલથી કમંડલમાંથી પાણીની અંજલિ છાંટી. ત્યાં વોઢુ બોલતો થયો અને પ્રભુના આશીર્વાદથી, વેદવાણીથી સ્તુતિ કરવા લાગ્યો, દેવો-ઈશ્વરોને પણ અગોચર એવા હે ભગવાન તમે મારું રક્ષણ કરો. સર્વ અવતારોને ધારણ કરનારા અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમે મારું રક્ષણ કરો. એ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણની કૃપાથી વોઢુ બોલતો થયો, સર્વ શાસ્ત્ર વિશારદ થયો, અને સર્વને પ્રગટ પ્રભુનું જ્ઞાન આપ્યું.

અધ્યાય - ૧૬૩

❖ શ્રીહરિ દ્વારા વૈશ્યભક્ત દ્યુવિશ્રામની ગાયોની રક્ષા ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, કામ્યકપુરમાં દ્યુવિશ્રામ વૈશ્યભક્ત પશુપાલન કરી ખેતી કરતો. તે ધર્મકર્મ, દેવપૂજન કંઈ ન જાણતો. ગાયોના પગલાની રજ તે તેનું સ્નાન. ગાયોના નામ તે તેનો જપ. ગાયોનું રક્ષણ તે તેનું પૂજન. ગાયોને ઘાસ આપવું તે તેની સંધ્યા. ગાયોની સેવા તે પૂજન. તે બીજું કાંઈ ન જાણતો. એકવાર ભક્તમંડલ સાથે અશ્વપટસરોવર તીર્થ દર્શન કરવા ગયો. સૌની સાથે ધૂનકિર્તન કરતા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું નામ સ્મરણ ભજન કરવા લાગ્યો. સર્વે ભક્ત મંડળે પ્રગટ પ્રભુની સ્તુતિ કરી, સર્વ અવતારોને ધારણ કરનારા

કૃષ્ણવલ્લભ પ્રભુ તમે જડ ચેતનમાં અંતર્યામિપણે રહેલા છો. સર્વના કર્મફળને આપનારા, વિપ્રોને ધર્મ, ક્ષત્રિયોને બળ, વૈશ્યોને સંપત્તિ, શુદ્રોને સેવા આપનારા આપ બાલકૃષ્ણ છો. સર્વના નિયંતા સર્વનું તેજ સર્વરૂપે રહેલા આપ બાલકૃષ્ણ છો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સને ગ્રહણ કરી ભક્તોનું કલ્યાણ કરનારા, અનાસકત રહેનારા આપ બાલકૃષ્ણ છો. ભક્તમંડળની સ્તુતિ સાંભળી ધ્રુવિશ્રામે તેની પાસે મંત્ર લઈ કંઠી માળા લીધી અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવા લાગ્યો અને સર્વતીર્થના દર્શન કરી પોતાને ગામે ગયો. ફરી એકવાર કુટુંબ સાથે કુંકુમવાપી દર્શન કરવા આવ્યો. ત્યાં રાત્રે વિશ્રામ કરતા સિંહો આવ્યા અને ગર્જના કરવા લાગ્યા. ધ્રુવિશ્રામ કહે, પ્રભુ અત્યારે આ સિંહોથી ગાયો, વાછડાઓની રક્ષા કરો. તમને ગાય આપશું, દૂધ પાસું. તરત અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ સુદર્શન ચક્રને ધારણ કરી સિંહોનો નાશ કર્યો. જે જે ગાયોને સિંહોએ નખથી ઘાયલ કરી હતી ત્યાં પ્રભુએ હાથ ફેરવી સાજી કરી. પછી ભક્તો પાસે પ્રભુએ આવી દર્શન દીધા. ભક્તે ગાયો દોહીને પ્રભુને દૂધ પાયું.

અધ્યાય - ૧૬૪

❖ શ્રીહરિ દ્વારા વૃકાયન ઋષિ અને નિલકર્ણની અતિવૃષ્ટિથી રક્ષા ❖

બકસ્રા ગામમાં નદીકાંઠે સાત્વાણ નીલકર્ણ રહેતો. એકવાર સાત દિવસ સુધી અતિવૃષ્ટિ થતા કેટલાય મનુષ્યો, પશુઓ મરી ગયા. ત્યાં નદી કાંઠે વડ નીચે વૃકાયન ઋષિ સમાધિમાં બેઠા હતા. નિલકર્ણે વૃકાયન ઋષિ પાસે જઈ પગે લાગી જાગ્રત કરી સર્વ વાત કરી. એ વૃકાયન ઋષિ સમાધિમાંથી જાગી ચારે કોર પાણી જોઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન-સ્તુતિ કરવા લાગ્યા. હે કૃષ્ણવલ્લભ ગોપાલનંદન કંભરાપુત્ર કુંકુમવાપીમાં પ્રગટ થયેલા અક્ષરધામના પતિ અતિવૃષ્ટિથી દુઃખી થયેલા જનોનું રક્ષણ કરો. સ્તુતિ સાંભળી તરત બાલકૃષ્ણ પ્રભુ શ્વેત હાથી પર બેસી ચતુર્ભુજ સ્વરૂપે આવી વૃકાયન ઋષિ અને નિલકર્ણનાં કુટુંબને ભોજન અને વસ્ત્રો આપ્યા. વૃકાયને પ્રભુનું ભજન કરી સ્તૂતિ કરી, પૂર્વે તમે ધ્રુવ પ્રહલાદની રક્ષા કરી. દૈત્યોનો નાશ કરી દેવોનું રક્ષણ કર્યું એવા હે પ્રભુ તમને નમો નમઃ નિંભાડામાં બિલાડીના બચ્ચાનું રક્ષણ કરનારા, ચકલીને શિખર પર પાણી પાનારા, તમને નમો નમઃ વૃકાયન ઋષિ સ્તુતિ કરી વનમાં ગયા. બાલકૃષ્ણ પ્રભુ અદૃશ્ય થયા પછી નીલકર્ણ રોજ કુટુંબ સાથે ભજન કરવા લાગ્યો. બાલકૃષ્ણ હરે કૃષ્ણવલ્લભ હરે હરે. એકવાર ભક્ત મંડળી કુંકુમવાપી તીર્થમાં જતા હતા. તેની સાથે ગયા ત્યાં લોમશ ઋષિ પાસે "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને સ્વાહા" મંત્ર ગ્રહણ કરી અશ્વપટસરોવરમાં સ્નાન કરી મંદિરમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા. શ્રીહરિએ શિષ્ય સ્વયંપ્રકાશ પાસે સર્વને ચરણામૃત અપાવ્યું. પ્રસાદ ભોજન આપ્યા. જમીને સર્વે દિવ્ય દૃષ્ટિવાળા જ્ઞાનવાળા થયા. નિલકર્ણ સ્તુતિ

કરવા લાગ્યા, હે પ્રભુ આલોક પરલોકમાં અમારે તમારા દાસપણા વિના કાંઈ જોઈતું નથી. ત્યાં વૃકાયન ઋષિ આવ્યા. શ્રીહરિએ તે બંનેને કહ્યું, તમે વિમાનમાં બેસી કેતુમાલ ખંડ અને માલ્યવત ખંડમાં પ્રજાને મંત્ર આપીને મારું ભજન કરાવજો. વૃકાયન ઋષિ હેતુમાલ ખંડમાં નિપરા નદીકાંઠે નિલકર્ણને વિમાન ઉતારવાનું કહ્યું.

અધ્યાય - ૧૬૫

❖ હેતુમાલ ખંડ (યુરોપ)માં ભક્તિ કરાવવા વૃકાયન ઋષિનું વિચરણ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, વૃકાયન ઋષિ અને નીલકર્ણ ભક્ત હેતુમાલ ખંડમાં અનેક પ્રદેશોમાં ફરી અનેક નદીઓમાં સ્નાન કરી સર્વે પ્રજાને ભક્તિથી જાગ્રત કરવા પ્રગટ પ્રભુની ધૂનકિર્તન કરતા ફરતા હતા. ત્યાંની પ્રજા પણ સાથે "બાલકૃષ્ણ હરે કૃષ્ણ પરબ્રહ્મ હરે હરે" એમ ધૂન કરવા લાગ્યા. યવક્રીત, રોમાયન, યુગશાવ, રોમાયન, ગીરીશ, વલ્ગુરાય, ઈષ્ટલવ, સ્વેષ્ટજર, કેરૂન, પરીજ, પુર્તગંડ, સુપાન, વલ્લીજીવન પાલનાદ વગેરે અનેક દેશોમાં રાજાપ્રજાને પરમેશ્વરનું નામ રટણ કરાવ્યું. ત્યાં દિવ્ય અઠ્યાવીશ કન્યાઓ આવીને બાલકૃષ્ણની ધૂન કરવા લાગી. તથા સાંઠ દિવ્ય નરનારીઓ આવી વિમાનને, નીલકર્ણ ભક્તને વૃકાયન ઋષિને નમસ્કાર કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરવા લાગી, જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી કૃષ્ણનારાયણ લક્ષ્મીનારાયણ વાસુદેવાદિ ચતુર્વ્યુહ પ્રગટ થાય છે. તથા અવતારો પ્રગટ થાય છે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિ તમને નમો નમઃ નરનારીઓની સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રભુ બાલકૃષ્ણ ગંગા નદી અને અનેક પત્નીઓ સાથે પ્રગટ થઈ દિવ્ય દર્શન આપ્યા. ત્યારે સર્વે સાઠ નરનારીઓએ માતા ગંગા અને શ્રીહરિને પગે લાગી ચરણામૃત પીધું. પૂજા કરી આરતી ઉતારી કહ્યું, તમે અમારા દેશમાં પધારી અમને પાવન કર્યા. ભગીરથ રાજાના તપથી અમારા માતા ગંગા પૃથ્વી પર આવ્યા. ત્યારે શંકર ભગવાને અમારા માતા ગંગાને જટામાં રાખ્યા ત્યારે અમે વિખુટા પડીને આ દેશમાં રહ્યાં. આ વૃતાંત સાંભળી સર્વે આશ્ચર્ય પામ્યા અને આનંદમાં સર્વે શ્રીહરિનું કિર્તન કરવા લાગ્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભ હસતાં હસતાં અદેશ્ય થયા.

અધ્યાય - ૧૬૬ થી ૧૭૨

❖ શ્રીહરિ દ્વારા હેતુમાલ ખંડનાં રાસાયનારણ્યમાં મહાવિષ્ણુયાગ ❖

શ્રીરાધાજીએ પૂછ્યું : પ્રભુ, ગંગાને પુત્ર ક્યારે થયો ? શ્રીકૃષ્ણ કહે, એકવાર ગોલોકમાં તે પુત્રની ઈચ્છા કરી તેથી મેં તેને પુત્ર પુત્રીઓ રૂપે વિકુંઠી અને સાત સાગરો આપ્યા. તને સંતાનવાળી જોઈને ગંગાએ મારી પાસે સંતાનની માંગણી કરી. મેં ગંગાને અઠ્યાવીશ કન્યાઓ આપી પછી પાંચ પુત્રો આપ્યા. તો પણ સંતોષ ન પામી એટલે ચાર પુત્રો વધારે આપ્યા. ફરી ત્રેવીશ પુત્રો આપ્યા. એમ ગંગા નદીને સાંઠ સંતાનો આપ્યા.

ભગીરથ સગર પુત્રોનો ઉધ્ધાર કરવા ગંગાને પૃથ્વી પર લાવ્યા. ત્યારે શંકરે જટામાં બાંધી દીધા. ત્યારે તેના સંતાનોએ ભય પામી હેતુમાલ ખંડમાં ગયા. ત્યાં નદી, પ્રદેશ અને પર્વતરૂપે થઈ પ્રભુ ભજન કરતા. તેને દર્શન દેવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ અશ્વપટ સરોવરકાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થઈને નીલકર્ણ ભક્ત વૃકાયન ઋષિને ત્યાં સત્સંગ કરાવવા મોકલ્યા. તે સર્વેએ કહ્યું, પ્રભુ અહિ આવી ક્યારે દર્શન આપશે. વૃકાયન ઋષિએ સમાધિમાં જઈ પ્રભુને પુછી કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભગવાન અહિં શ્રાવણ શુદ ત્રીજે યજ્ઞ કરવા આ દેશમાં આવશે, માટે તમે સર્વે દેશમાં આ વાત પ્રસિધ્ધ કરજો. સાથે સૂદર્શનચક્ર આપ્યું. પછી ગંગાપુત્રોએ દેશમાં ફરીને સર્વત્ર જાહેરાત કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ તિષ્ઠપરા પ્રપીઠા નદીના સંગમે યજ્ઞ કરશે. તેમાં સર્વ અવતારો, ઈશ્વરો, દેવો-દેવીઓ, ઋષિ-મુનિઓ આવશે. તે પ્રભુના દર્શન કરવા, મંત્ર ગ્રહણ કરવા સર્વે યજ્ઞમાં આવજો. એમ કહીને સર્વને પ્રગટ પ્રભુના નામ ધૂન, કિર્તન "હરે કૃષ્ણ સ્વામી કૃષ્ણ બાલકૃષ્ણ હરે હરે" સંભળાવતા હતા. પછી સુદર્શન ચક્રે નિલકર્ણ ભક્તે વૃકાયન ઋષિએ વિમાનને નીપરા નદી અને પ્રથિકા નદીકાંઠે વિમાનને ઉતારીને અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન જય પામો. એમ જયઘોષ કરી. ઋષી મહર્ષીઓએ ગંગાપુત્રોએ વનમાં વિશ્રામ કર્યો પછી પ્રભુએ યજ્ઞની તૈયારી કરવા લોમશઋષિ, શ્વેતાયન વ્યાસ, ગણેશ, ગાલવ, સનત્કુમાર, સ્વયંપ્રકાશ, શતાનંદ, નારદ, બૃહસ્પતિ, શંકર, કપિલ, શુક, વામન, હેમંત, દેવપ્રકાશ વગેરેને વિમાનમાં મોકલ્યા. તે સર્વે શ્રાવણ સુદ પડવે હેતુમાલ ખંડમાં આવ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી વિશ્વકર્મા - દેવાયતને બે નદી વચ્ચે સોગાઉનો મંડપ રચી તેમાં યજ્ઞશાળા, પાઠશાળા, ભોજનશાળા ઉતારા વગેરે સર્વ સુવિધાઓ કરી. દેશ-પ્રદેશથી રાજાઓ, પ્રજાઓ આવવા લાગ્યા. રોમાયન ઋષિ સાથે કૃથકરાજા આવ્યા. કૃપાસ્થલ, યુગશાવ, વલ્ગુરાય, ગીરીશ, ઈષ્ટવ, આપ્યાયન, સ્વેષ્ટ, જર, ફેરૂન, ફરીજ, પુર્તગંડ, સુપાન, ફલાશન, વલ્લીજીવન, જરામૌન, પાલનાદ, લાતવાય, ફાલનાદ, સ્વાદવહન, નારરવ, લોપનાદ, વિષય વગેરે ઋષિઓ તથા રાજાઓ પૃથુ, હંકાર, જયકોષ્ઠલ, ઉષ્ટ્રાલ, તીરાણ, અલ્વીનર, જીનવર્ધી, અલ્પકેતુ, જય, કૃષ્ણ, પરીશાન, ઈંદુરાય, ગંડક, મુદ્રાંડ, લીનોર્ણ, બૃહદશર, બલલીન, યરસિંહ, રાયગામલ, ફેનતંતુ, સ્તોકહોમ, કાષ્ઠયાનકોલક, શાંકુતક વગેરે અનેક દેશથી રાજાએ કુટુંબ સાથે વાહનો લઈ લાખો પ્રજાજનોની સાથે આવ્યા. લાલાયન ઋષિ, વૃકાયન ઋષિ, ઈશાન, નિલકર્ણ, કપિલ, સ્વયંપ્રકાશ, દેવપ્રકાશ વગેરે આગેવાનો યજમાન રાજાઓ માટે યજ્ઞ કુંડો કરાવતા હતા. તે સમયે શ્રીહરિની પત્નીઓ શ્રી લક્ષ્મી, લીલા, વિભૂતિએ મિષ્ટાનોના પર્વતો દૂધ, દહીંના કુંડો, ઘી, મધ, અમૃતના કુંડો, ગોળ-સાકરના પર્વતો રચી દીધા. ગાંધર્વો ગાવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, શ્રીહરિના દિવ્ય વાજીંત્રો વાગવા લાગ્યા,

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની આજ્ઞાથી જલ રસરૂપે થયુ. પૃથ્વી ભોજનરૂપે થઈ ગઈ. સૂર્ય, ચંદ્ર વગેરે સર્વદેવોને આજ્ઞા કરી, ચૌદલોકનાવાસી હેતુમાલ ખંડમાં પ્રભુ યજ્ઞ કરે છે ત્યાં દર્શને આવજો.

પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ અક્ષરધામના પાર્ષદોને સંભાર્યા. મુક્તો કુંકુમવાપી આવ્યા. શ્રીહરિએ કુંકુમપત્રિકા લખી કે, સર્વે સૃષ્ટિના વાસી હેતુમાલ ખંડમાં યજ્ઞ થશે તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પધારશે. શ્રાવણ સુદ પાંચમથી યજ્ઞ શરૂ થશે. એકાદશીએ પૂર્ણાહુતિ થશે તો સર્વે આવજો. મુક્તો-સર્વસૃષ્ટિઓમાં એ રીતે સમાચાર આપી આવ્યા. ધામના વાસી અવતારો મુક્તો-મુક્તાણી સાથે પાર્ષદો દાસદાસી સાથે આવતા હતા. સર્વસૃષ્ટિના ઈશ્વરો, મહેશ્વરો, દેવોદેવીઓ તીર્થો સર્વે આવતા હતા. તેનું વર્ણન કોઈ કરી શકે તેમ નથી. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ કુંકુમવાપીથી ઋષિમુનિઓ, સૌરાષ્ટ્રના ભક્તો, બ્રહ્મપત્નીઓ કુટુંબ સાથે વિમાનમાં બેસી આકાશમાર્ગે જતા હતા. આગળ આગળ વેદ શારદા પાર્ષદો ગુણ ગાતા વિમાનો જતા જોઈને સર્વેને એમ થયું કે, સ્વર્ગ કે સાગર ઉમટ્યો કે શું ? એવો દિવ્ય અનુભવ સર્વને થતો હતો. અનાદિશ્રીકૃષ્ણનારાયણના તેજથી આકાશમાં બીજું કાંઈ પણ દેખાતું ન હતું. આકાશમાં દેવો પુષ્પવૃષ્ટિ કરતા હતા. પછી વિમાનમાંથી ઉતર્યા ત્યાં ઋષિ, મુનિઓ, રાજા-પ્રજા, નરનારીઓએ જયજયકાર કરીને અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, પુષ્પોથી પુરુષોત્તમ નારાયણને વધાવ્યા પછી ચાર દાંતવાળા ધોળા હાથીપર સુવર્ણની અંબાડીમાં બેસાડી છત્ર ચામર સહિત સન્માન કરી સુવર્ણહાર, અલંકારો ધારણ કરાવ્યા. શ્રીહરિ પણ સર્વને દિવ્યદર્શન આપતા. સર્વના સેવાસામગ્રીને ગ્રહણ કરતા, પ્રસાદીહાર આપતા. પછી રાત્રિએ ઉતારે આવી કુટુંબ સાથે વિશ્રામ કર્યો. રાત્રિમાં ચારેકોર કિર્તનો, ધૂન, રાસ, જ્ઞાનવાર્તાઓ થતી હતી. સર્વે કલાકારો પોતે પોતાની કળા બતાવી સર્વેના મનોરંજન કરતા હતા. ચતુર્થીએ સવારે શ્રીહરિ જાગી નિત્ય કર્મ કરી પિતૃદર્શન સાધુ સતીના દર્શન કરીને દૂધપાન કરી યજ્ઞભૂમિ જોવા માટે ગયા. વિશ્વકર્માએ રચેલા મહામંડપને જોઈને રાજી થયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ યજ્ઞ કુંડ વગેરેની રચના કરનારા દેવાયતન, ગણેશ, ઈશાન, કપિલ બૃહસ્પતિ વગેરેની પ્રશંસા કરી. પછી સર્વે રાજાઓ, ઋષિઓ, સતીઓ, પાર્ષદોએ શ્રીહરિની પૂજા કરી લોમશ ઋષિને નમસ્કાર કર્યા પછી સવારથી જ ભોજન પ્રસાદ સર્વેને જમાડવા લાગ્યા. સર્વે મુક્તો-મુક્તાણીઓ બ્રહ્મપત્નીઓ સર્વને યથાયોગ્ય ભાવતા ભોજન જમાડતા હતા. ચતુર્થીને દિવસે દેશવિદેશથી લાખો કરોડો ભક્તજનો આવતા હતા. રાશિયાન પ્રદેશના સોળ લાખ, પ્રાગ્યજ્યોતિષના એક લાખ, પ્રાચીનના દશ લાખ, બ્રહ્મદેશના લાખ, ઉષ્ટ્રાલયના લાખ, આજનાભના કરોડ, અબ્રિહતના

કરોડ, આરહતના લાખ, એ રીતે ત્યાં સંખ્યા ગણતરી જ થતી નહીં. પછી ચતુર્થીએ સવારે શ્રીહરિ સર્વે રાજાઓને, પ્રજાઓને મંત્રો આપતા હતા. "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ, શરણં શ્રીકૃષ્ણનારાયણોસ્તુ મમ સર્વદા, ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને સ્વાહા, બ્રહ્માહં શ્રીકૃષ્ણનારાયણ ભક્તોસ્મિ શાશ્વતઃ, બાલકૃષ્ણ પરબ્રહ્મ મમવૈ શાશ્વતઃ પતિ, પિતા બંધુ સુહૃદમિત્ર રક્ષકઃ પાલકોસ્તુ સઃ" એવા શરણમંત્ર, રક્ષણમંત્ર, બ્રહ્મમંત્ર આપ્યા. પછી લોમશ ઋષિએ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કહી. પાંચમે અનાદિશ્રીકૃષ્ણનારાયણ યજ્ઞ મંડપમાં આવી લોમશ ઋષિને યજ્ઞમાં આચાર્યની વરણી કરી. લોમશ ઋષિ ગણેશ સ્થાપન કરી મુખ્ય શ્રીહરિનું કાડું બાંધ્યું. વિધિથી સર્વદેવનુ ંપૂજન કર્યું. પછી ચોવીશ અવતારો ચતુર્વ્યૂહ લોકપાલો, દિક્પાલો, ઈશ્વરોનું પૂજન કર્યું અને સર્વને હવિષ્યાન્ન આપ્યું. એ રીતે સત્યાવીશ યજ્ઞકુંડોમાં રહેલા રાજા યજમાનો પાસે હોમહવન કરાવી પછી સર્વે સૃષ્ટિમાંથી આવેલા મહેમાનોને પ્રસાદ ભોજન કરાવ્યા. ઋષિ-મુનિઓ, નરનારીઓ જડચેતન સર્વે યજ્ઞપ્રસાદ જમીને અતિ તૃપ્તિ પામ્યા. એ રીતે છઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, એકાદશી પર્યંત સર્વએ ભોજન પ્રસાદ લીધો.

ભગવાન સનત્કુમાર લક્ષ્મીનારાયણ સંહિતા વાંચતા હતા. શ્વેત કૃષ્ણ વ્યાસ વિવેચન કરતા હતા. એકાદશીમાં અભિજીત નક્ષત્રમાં યજ્ઞ પૂર્ણાહુતિમાં ઋષિ-મુનિઓ શ્રીફળ વગેરે હોમ કરી "પરબ્રહ્મણે સ્વાહા" એમ કહીને પૂર્ણાહુતિ કરી. સર્વે યજમાનોને ઋષિઓએ આશીર્વાદ આપ્યા. પછી દર્શન અને યજ્ઞપ્રસાદ લેવા કરોડો ભક્તજનો આવતા હતા. તે સમયે માર્ગમાં, ચોકમાં, મંડપમાં, મહેલમાં, વૃક્ષ ઉપર, નદી સરોવરમાં જ્યાં જૂવે ત્યાં માનવો દેખાતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પણ અનંત સ્વરૂપ ધારણ કરી સર્વને દર્શન આપતા હતા. કોઈ રોગી પાસે વૈદ્ય થઈ જતા, કોઈ અજાણ્યા આવતા તેને માર્ગ દેખાડતા. ત્યાં કોઈ પોતાના કુટુંબથી જુદા ન પડતા. આવો અદ્ભુત યજ્ઞોત્સવ કોઈ દિવસ નહી જોઈને શંકર વાસુદેવાદિ ચતુર્વ્યૂહ ઈશ્વરો, આશ્ચર્ય પામતા હતા. બ્રહ્મપત્નીઓ પણ પોતાના પતિ શ્રીહરિનો આવો ચમત્કાર જોઈ અતિ આનંદ પામી. હેતુમાલ ખંડમાં રહેલા ગંગાનદીના પુત્રો-પુત્રીઓ તે સર્વે તીર્થરૂપ થયા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે, આ દેશમાં કોઈ યજ્ઞ કરશે, દીક્ષામંત્ર લેશે, નદી નિપરા અને પ્રપિઠામાં સ્નાન કરશે તે મોક્ષને પામશે. અહીં સાત દિવસ વાસ કરશે, વ્રત કરશે, દીપદાન કરશે તે સૂર્યલોકમાં વાસ કરશે. અહીં અનેક પ્રકારના દાન કરનારો મોક્ષ મેળવશે. એ બે નદી વચ્ચે લક્ષ્મીનારાયણ સંહિતાની કથા જે નરનારી સાંભળશે, સંભળાવશે તે મોક્ષમાં જશે. અશ્વદાન, ગજદાન, કન્યાદાન, ભૂમિદાન, પુત્રદાન, ગૃહદાન, ખેતરવાડીદાન, વૃક્ષવેલીના દાન, કાષ્ઠદાન, ધાતુ લોખંડદાન,

દહીં દૂધના દાન આવા અનેક પ્રકારના દાન કરનારા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી મોક્ષ મેળવે છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ એકાદશીએ યજ્ઞની પૂર્ણાહુતિ કરી સર્વેને આશીર્વાદ આપ્યા. ઋષિ-મુનીઓએ યજમાનોને આશીર્વાદો આપ્યા. પછી પ્રભુએ યજ્ઞનો પ્રસાદ, ભોજન સર્વમુક્તો, અવતારો, ઈશ્વરો, લોકપાલો, ચતુર્વ્યૂહ મહાવિષ્ણુ વૈરાજ ભૂમાપુરુષ વગેરેને તેમજ સર્વના પાર્ષદો, દાસદાસીઓને પણ ભોજન કરાવ્યા. બ્રહ્મસૃષ્ટિ, જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, સર્વે મહેમાનોને યજ્ઞનો ભોજનપ્રસાદ જમાડ્યો. સર્વેને કહ્યું. આજે એકાદશી છે તો પણ મારી આજ્ઞાથી મારો પ્રસાદ નિર્ગુણ છે. તે સર્વે નરનારીઓ પ્રસાદ જમો. પછી બાલકૃષ્ણપ્રભુ માતાપિતા સાથે, કુટુંબ સાથે ભોજન જમ્યા. પછી યજ્ઞને અંતે અવભૃથસ્નાન કરવા ભગવાન ઋષિમુનિઓ, સાધુ સાથે નિપરા નદી અને પ્રપિઠા નદીમાં નહાવા ગયા. સર્વને યજ્ઞનું પુણ્ય મળો એમ સંકલ્પ કરી સ્નાન કર્યું અને નદી તીર્થરૂપ કરી, પછી સર્વેએ સ્નાન કર્યું. તે સમયે ગંગાનાં નદીરૂપે રહેલા સાઠ સંતાનો આવ્યા. પૂજા કરી પ્રભુને પગે લાગી સ્તુતિ કરી, હે પ્રભુ અહીં આવી તમે અમનો તીર્થરૂપ બનાવ્યા છે, બહુ કૃપા કરી. પછી યજમાન રાજાઓએ અવભૃથ સ્નાન કરી અનેક પ્રકારના દાનો આપ્યા. ત્યાં એક દિવ્ય પુરૂષ પ્રગટ થયો. પ્રભુને પગે લાગી કહે : પ્રભુ, હું યમરાજ પુત્ર અવભૃથ છું. આ વૈષ્ણવ યજ્ઞ તમે કર્યો તેથી હું પુષ્ટિ પામ્યો છું. અહી આવેલા નરનારીઓ સર્વે ભક્તિ-મુક્તિ પામશે. એમ કહી પ્રસાદિ-પાણી પીધું. ત્યાં જલમાંથી કુમારી પ્રગટ થઈ અને પ્રભુની પૂજા કરી કહ્યું, તમે સર્વેને સૌભાગ્ય આપનારા છો. તેથી મને સૌભાગ્ય આપો. શ્રીહરિએ તૃપ્તિ નામની કુમારી અવભૃથકુમારને પરણાવી.

પછી હેતુમાલ ખંડના દેશના રીતરિવાજ નિયમો પ્રમાણે શ્રીહરિએ ઉપદેશ આપ્યો, દેવ મંદિરમાં ગુરુ અને આચાર્યની આજ્ઞાથી કન્યા પક્ષના અને વર પક્ષના ગુરુને, આચાર્યને પગે લાગી બેસે. પછી ગુરુની આજ્ઞાથી કન્યા વરને વરમાળા પહેરાવે. પછી બંને ગરૂને પગે લાગે. ગુરુ આશીર્વાદ આપે. આ દેશમાં સ્ત્રીનું સ્વતંત્રપણું અને પ્રધાનપણું છે. સ્ત્રીની આજ્ઞામાં પુરૂષને રહેવું પડે છે. એકપત્ની સાથે સ્વભાવમેળ ન થાય તો બીજી પત્ની કરે. પત્નીને પણ એક પતિ સાથે સ્વભાવ ન મળે તો બીજો પતિ કરે છે. એ રીતે સ્ત્રી પણ સ્વતંત્ર છે. તે દેશના નિયમ પ્રમાણે બાલકૃષ્ણ પ્રભુએ કેટલાયને કન્યાદાન કરાવ્યું અને બારસને દિવસે યજ્ઞમંડપમાં કરાડો વિવાહો એ રીતે થયા. તે સમુહલગ્નમાં સર્વને ભોજન કરાવી દાનભેટો આપી. પછી યજ્ઞમાં આવેલા મુક્તો, અવતારો, ભગવાનો, નારાયણો, ઈશ્વરો, દેવો-દેવીઓ, ચૌદલોકના વાસીઓ, સતી-સાધ્વીઓ, સાધુ, બ્રહ્મચારીઓ, રાજા, પ્રજા, નરનારીઓ સર્વે શ્રીહરિની પૂજા કરી પોતાના સ્થાનમાં ગયા. તેરસે સમ્રાટ રાજા

ઉરલકેતુએ પોતાના મહેલમાં શ્રીહરિને પધરાવ્યા. સાથે રાજાઓ અને શ્રીમંતો પણ આવ્યા. પછી રાજાએ શ્રીહરિની દિવ્ય ઉપચારોથી પૂજા કરી વસ્ત્ર, અલંકારો, આભૂષણો, મોતી, હાર, ધારણ કરાવી આરતી ઉતારી સુવર્ણમુદ્રા કરોડો ભેટ આપી. શ્રીહરિએ પ્રસન્ન થઈ રાજકુટુંબને ચરણામૃત પાયું. દાન સર્વે ઋષિ - બ્રાહ્મણોને આપી દીધું. પછી રાજાએ શ્રીહરિને ત્રીસ કન્યાઓનું દાન કર્યું. પછી સર્વે શ્રીમંતોએ પોતાના ગૃહમાં શ્રીહરિની પધરામણી કરી, પૂજા કરી ભેટ મુકી એ રીતે યવક્રીત આદિ ઋષિઓ સાથે ઉરલ રાજધાનીમાં ફરીને પધરામણી કરી, નરનારીઓને દર્શન આપી વૈષ્ણવ ભક્તો બનાવતા હતા. તથા વાસનાવાળા અસદ્‌ગતિને પામેલા કેટલાય આત્માઓને નિષ્પાપ કરી સદ્‌ગતિ આપતા હતા.

અધ્યાય - ૧૭૩

❖ પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને પરમધામનું યથાર્થ મહાત્મ્ય ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ એકાદશીએ યજ્ઞની પૂર્ણાહુતિ કરી. સર્વેને પોતાની મૂર્તિનું જ્ઞાન આપવા લાગ્યા, અનંતમુક્તો દિવ્યમુક્તોથી સેવાયેલો હું પરમધામમાં વાસ કરૂં છું. હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારા સ્વરૂપનું જ્ઞાન મારા મુક્તો, મુક્તાનિ, ભક્તો, રાધા, રમા, લક્ષ્મી - જયા, લલીતા વગેરે બ્રહ્મપત્નીઓને આપું છું, તે મારા સંપ્રદાય જ્ઞાનવાળા કહેવાય છે અને મોક્ષ આપે છે. કૃષ્ણ વગેરે મારા કરોડો અવતારો થયા છે. ચોવીશ અવતારો તથા મારા ઐશ્વર્યવાળા હજારો અવતારો થાય છે. બ્રહ્મા વિષ્ણુ શંકર તે મારા અંશાવતારો છે. રાધા-રમા વગેરે મારી શક્તિઓ છે. ગોલોક વૈકુંઠ વગેરે ધામો મારા અક્ષર સીમ પ્રદેશમાં રહેલા છે. અક્ષરથી પણ મારું પરમધામ મહાન છે. તે મારી મૂર્તિની ચારેકોર રહેલું છે. તે પરમધામમંથી તેજ નીકળ્યું તે અક્ષરધામમાં આવ્યું તેથી મારું પરમધામ મહાન કહેલું છે અને અક્ષરને મહાન કહ્યું છે તો બીજા ધામોની આગળ. અક્ષરધામના સીમ પ્રદેશમાં અનંત ધામો રહેલા છે. ત્યાર પછી ઈશ્વરોના કરોડો ધામ ચારેકોર રહેલા છે. ત્યારપછી આઠ આવરણ તે માયામાં રહેલા છે. ત્યાર પછી અનંત બ્રહ્માંડો અણુની જેમ ઊડે છે. તે સર્વેમાં હુ અંતર્યામીપણે રહેલો છું. જે હું અહીં છું તેજ હું ધામમાં રહેલો છું.

હું સદા પરમધામમાં એકરૂપે જ રહેલો છું. દેખનારા મને અનંત સ્વરૂપે જૂવે છે. મનુષ્ય મને માનવ જેવો દેખે છે. દેવો મને દેવ જેવો દેખે છે. ઋષિઓ ઋષિ જેવો, સિધ્ધો સિદ્ધ જેવો, પિતૃઓ પિતૃ જેવો, અવતારો અવતાર જેવો, મુક્તો મુક્ત જેવો, બ્રહ્મા બ્રહ્મ જેવો, ઈશ્વરો ઈશ્વર જેવો મને દેખે છે. માયાના જીવો મને માયિક જાણે છે. મહામુક્તો મને મહામુક્ત જેવો દેખે છે. સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્યથી હું અનંત અમાપ અને અપાર છું. મારા સ્વરૂપનો અંત આવતો નથી તો મારા વિભૂતિનો અંત તો ક્યાંથી આવે ? હું અપાર

આનંદવાળો છું. મારા આનંદથી સર્વે દેહધારી જીવે છે જ્યાં આનંદ છે ત્યાં હું છું. સર્વત્ર મારો જ આનંદ રહેલો છે, એમ માની જે નરનારી મને ભજે છે તે મોક્ષને પામે છે. શરીર ઇંદ્રિયો અંતઃકરણ પંચવિષય સર્વેકર્મમાં મારું ભાન રાખવું તે નિર્ગુણ કર્મ છે. સર્વે વસ્તુ પદાર્થમાં વ્યાપક સ્વરૂપે હું જ રહેલો છું. અણુ જેટલી જગ્યા પણ મારા વિના ખાલી નથી. એમ મને જાણીને સદા મારું ભજન ભક્તિ કરવા. આ જ્ઞાન પૂર્વે મેં માણિકી દેવીને આપ્યું, તેણે લક્ષ્મીને આપ્યું, લક્ષ્મીએ શંકરને આપ્યું. શંકરે ગણેશને આપ્યું. ગણેશે હિરણ્ય પુરૂષને આપ્યું. હિરણ્ય પુરૂષે અનેક શિષ્યોને આપી સંપ્રદાયો સ્થાપ્યા.

મંદિર અને શાસ્ત્રો વિના સંપ્રદાય અને શિષ્યોનું રક્ષણ થતું નથી. તેથી મેં જ્ઞાનનું રક્ષણ કરવા વેદનો બોધ કરનારી લક્ષ્મીનારાયણ સંહિતાની રચના કરી છે. તેનું સદા રક્ષણ કરવું. તેની કથા સાંભળીને હૃદયમાં રાખવી. લક્ષ્મીનારાયણ સંહિતા કથા વાચનાર જાણનાર દીક્ષાવાળો મારો ભક્ત તેને ગુરુ જાણવો. તથા તનમન ધનથી મંદિરો કરી તેમાં મારી મૂર્તિ રાધા, રમા, લક્ષ્મી, બ્રહ્મપત્નીઓ સાથે પધરાવવી. શ્રીમંતોએ ધનનું દાન કરી પરાવિદ્યાના પ્રચાર માટે વિદ્યાલયો, પાઠશાળાઓ કરાવવી. પૃથ્વીમાં લક્ષ્મીનારાયણ સંહિતાનો પ્રચાર કરવો. શાસ્ત્ર, મંત્ર, મંદિર, ગુરુ, મૂર્તિ, નામ સ્મરણ, આરાધના, શિષ્યવર્ગ આ પરાવિદ્યા છે. બીજી સર્વે વિદ્યાઓ વ્યવહાર માટે છે. જે સંપ્રદાયની અંદર જ્ઞાન આપનારા સંતોષી યમનિયમવાળા ગુરુ નથી તે સંપ્રદાય નાશ પામે છે. ત્યાગ, વૈરાગ્ય, જીતેન્દ્રિય ધર્મવાળા ગુરુ નથી તે સંપ્રદાય નાશ પામે છે. દ્રવ્યને હરનારા, વ્યસની, ખોટુ બોલનારા, દંભી, તૃષ્ણાવાળા, ગુરુ હોય તે સંપ્રદાય નાશ પામે છે. જ્યાં મારી મૂર્તિ, કથા, નિર્મળ સેવકો નથી, જ્યાં નાસ્તિક ભાવ રહે છે, તે સંપ્રદાય નાશ પામે છે. એવો ઉપદેશ આપી શ્રીહરિ રોમાયન ઋષિની પ્રાર્થનાથી કૃથકરાજાની રાજધાનીમાં જવા તૈયાર થયા.

અધ્યાય - ૧૭૪ થી ૧૭૮

❖ રાજધાની ઓંકારેષ્ટ અને જરસ્થળીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ઉરલ રાજા પ્રજાને આશીર્વાદ આપી. ઋષિ અને ભક્તો સાથે વિમાનમાં બેઠા. સર્વે જયજયકાર કરી વિદાય આપી. શ્રીહરિ કથકરાજાની રાજધાની ઓંકારેષ્ટનગરમાં આવ્યા. રાજાએ રાજરીતીથિ વાજીંત્રો વગાડી સ્વાગત કર્યુ. રાજા-પ્રજાએ જયકાર કરી પુષ્પ અક્ષતથી વધાવ્યા. રાજારાણી, પુત્રો, પુત્રીઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી વસ્ત્ર આભૂષણો ધારણ કરાવ્યા. પછી શ્રીહરિને ગજાસને બેસાડી રાજસભામાં લાવ્યા. વીજળીના દીવાથી સભા શોભતી હતી. બીજે દિવસે શ્રાવણસુદ ચૌદસે રાજા કુટુંબે શ્રીહરિની પૂજા કરી, આરતી કરી, સ્તુતિ કરી કહ્યું કે, હે પ્રભુ તમે આ ભૂમિ પાવન કરી તો અહીં મંદિર કરવા માટે મુહૂર્ત જોઈ આપો. શ્રીહરિ કહે,

જ્યારે પ્રભુ પૃથ્વી પર પ્રત્યક્ષ હોય ત્યારે તે કહે તે મુહૂર્ત શુભ. તેની આજ્ઞા જ્યારે થાય. રાત્રે કે દિવસે સંધ્યામાં કે સૂતકમાં, શુભ કે અશુભ, પ્રભુ કહે તે સર્વે શુભ. દેશકાળ સર્વે શ્રીહરિને આધિન છે.

પછી પ્રભુએ કયા માસમાં કઈ તિથિમાં કયું કામ કરવાથી કેવું શુભ અશુભ ફળ થાય તે કહ્યું તથા વ્યતિપાત, દુર્યોગ, અમાસ, સંક્રાતિ, જન્મતિથિ, અધિકમાસ, સૂર્ય ચંદ્રનું ગ્રહણ, ક્ષયવૃધ્ધિ. કઈ તિથિમાં માંગલિક કાર્યો ન કરવા, તે શ્રીહરિએ જ્યોતિષ ગણતરી પ્રમાણે કહ્યું, ચંદ્રબલ, તારાબલ નક્ષત્રોમાં શુભ-અશુભ કાર્ય તેનું ફલ યોગકરણ, ભદ્રાચક્ર, ભ્રમણ, સિધ્ધિ, યોગચક્ર રવિબલ તેમજ અઠ્યાવીશ યોગ, તિથિ, વાર, નક્ષત્ર, ઉત્પન્ન, દુષ્ટ, યોગ, ત્રિવિધ, ગંડાંતયોગ, કુલિકાદિમુહૂર્ત, દુદમુહૂર્ત, અભિજિત, છાયામુહૂર્ત, ઉચનીચ ફલ, પ્રતિષ્ઠાનમાં લગ્ન, કુંડલીમાં રહેલા ગ્રહોનું ફળ, ચંદ્રફળ, પિડાદિ યોગ, યુતિદોષ, લગ્નબલ, પૃથ્વી, સુપ્ત, પરિક્ષા વગેરે શ્રીહરિએ જ્યોતિષ શાસ્ત્રનો ઉપદેશ આપ્યો પછી પરમેશ્વર કૃષ્ણવલ્લભે વિશ્રામ કર્યો પછી રાજાએ શ્રીહરિને નગરીમાં ફેરવી પધરામણી કરાવી મહેલમાં પધરાવી પૂજા કરી પોતાની પાંચ કન્યાનું દાન શ્રીહરિને કર્યું. પછી પ્રભુ પૃથુ રાજાની રાજધાની જરસ્થળીમાં રોમાયન ઋષિ, લોમશ ઋષિ, કુટુંબ, ભક્તો, પત્નીઓ સાથે વિમાનમાં બેસી પધાર્યા.

પૃથુરાજાએ તથા પ્રજાએ વાજીંત્રો વગાડી જય ઘોષ કરી સ્વાગત કર્યું. રાજારાણી, કુમારો, કુમારીઓએ સર્વની પૂજા કરી. શ્રીહરિને રાજસભામાં સિંહાસનમાં પધરાવી પૂજા કરી. પછી શ્રીહરિ કહે, જેમ ચોમાસામાં વાદળા થાય અને પાછા લીન થાય, તેમ સર્વે જીવાત્માઓ માયામાંથી ઉત્પન્ન થાય પાછા તેમાં લીન થાય. ગર્ભમાં પાકે, બહાર પુષ્ટિ પામે. બાળ, યુવાન, વૃધ્ધ, ત્રણ અવસ્થા ભોગવી ચાલ્યો જાય છે. મન, શરીર સર્વ અસ્થિર છે. ક્યારે વિયોગ થાય ખબર પડતી નથી. રાજય, કુટુંબ, સેવક, પ્રજા, પત્ની, સંતાન, સર્વ પૂર્વકર્મને અનુસારે પ્રાપ્ત થાય છે. તે સર્વમાં પ્રભુની પ્રાપ્તિ બહુ પુણ્યવાળાઓને થાય છે. હે રાજા, તારા, પ્રજાના, કુટુંબના દેશના મહાન ભાગ્ય છે. જે હું ઋષિઓ સાથે તારા રાજ્યમાં આવ્યો.

રાજાએ પૂછ્યું : પ્રભુ, પૂર્વ જન્મમાં હું કોણ હતો ? શ્રીહરિ કહે, પૂર્વે તું અરણ્ય ઋષિ નામે હતો. તારી સાથે પચીશ ઋષિ હતા તે સર્વે આશ્રમમાં અતિથિઓની સેવા કરવાથી દેહ મુકી સ્વર્ગ અને સત્યલોકમાં ગયા પછી કોઈ મનુ થયા કોઈ સૂર્ય થયા તે સર્વ સેવાથી અત્યારે તમે આદેશમાં છવીશ ઋષિ હતા. તો છવીસ રાજાઓ થયા છો. અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ કૃષ્ણવલ્લભ હું તમારું કલ્યાણમોક્ષ કરવા આવ્યો છું. પછી પૃથુરાજા પોતાનું પૂર્વ વૃતાંત જાણી આશ્ચર્ય પામ્યા. રાજય કુટુંબે શ્રીહરિની પૂજા આરતી કરી ભેટ મુકી, રાજાએ શ્રીહરિને કન્યાઓ અર્પણ કરી. કન્યાઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી.

અધ્યાય - ૧૭૯

❖ રાજધાની વીયાનાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ઉષ્ટ્રાલ રાજાની પ્રાર્થનાથી તેની રાજધાની વીયાના નગરીમાં પધાર્યા તથા નાનોભાઈ ડંકાર તે ગુડાકેશનો રાજા હતો. ત્રીજો ભાઈ જયકાષ્ઠલ તે પ્રયાગનો રાજા હતો. તે ત્રણ રાજાના ગુરુ યુગશાવ ઋષિ હતા. શ્રીહરિનું વિમાન દિનપાનદી કાંઠે ઉતર્યું. રાજાઓ, શ્રીમંતો, પ્રજાએ જય શબ્દથી સ્વાગત કરી વાજીંત્રો વગાડી પુષ્પોથી વધાવ્યા પછી મોટા રાજાએ પ્રભુને મણિનો હાર, બીજાએ હીરાનો હાર, ત્રીજાએ મોતીનો હાર પહેરાવ્યા. રાણીઓએ સોનાના હાર પહેરાવ્યા. કુંવરો-કુંવરીઓએ પુષ્પોના હાર પહેરાવ્યા, પ્રભુના પગ ધોઈ પાણી પીધું અને હાથી પર બેસાડી રાજ સન્માનથી નગરમાં ફેરવ્યા. પુરના સ્ત્રીજનો પુષ્પ અક્ષતથી વધાવી શ્રીફળ, સાકર વગેરે અર્પણ કરતા તે સમયે શ્રીહરિનું દિવ્ય અલૌકિક તેજરૂપ જોઈને નરનારીઓ મુગ્ધ થતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ અનેક રૂપે દર્શન આપતા હતા. સર્વના ચિતને હરતા હતા.

શ્રીહરિ કહે : માળા, જપ, તપ, યજ્ઞ, યોગ, દાન સેવા સર્વ શ્રીહરિમાં રહેલા છે. માતા-પિતા, પતિ, પત્ની, ગુરુમાં જેવું હેત પૂજ્યભાવ છે તેવો ભાવ શ્રીહરિમાં કરવાથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારે સિદ્ધિ મળે છે. કરોડો પુણ્ય વડે સાક્ષાત્ પ્રભુ મળે છે. શરીર સંપત્તિ અને સમય ક્ષણિક છે. તેમાં શ્રીહરિને સાધી લેવા. રાજ્ય, ધન, કુટુંબ, મિત્ર, પત્ની, પુત્ર, ખેતર, વ્યાપાર, શરીરબળ, વાહન સર્વ મળ્યું પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવા ન મળી પ્રસન્ન ન કર્યા તો જન્મ વ્યર્થ ગયો. જો સેવાભક્તિથી પ્રભુને રાજી કર્યા તો જન્મ સાર્થક છે. શ્રીહરિનો આ દિવ્ય સંદેશ સાંભળી પ્રભુના બંને ચરણો રાજકુટુંબે મસ્તક પર ધારણ કર્યા. પછી શ્રીહરિને તથા સર્વે ઋષિમુનિ ભક્તોને ભોજન કરાવ્યા. પછી ઉષ્ટ્રાલ રાજાએ અર્પણ કરેલી દશ કન્યાનું પાણી ગ્રહણ કરી શ્રીહરિ હંકાર રાજાની ગુડાકેશી નગરીમાં આવ્યા. રાજાએ કુટુંબ સહિત પૂજા કરી આરતી કરી. નગરમાં ફેરવ્યા. રાજાએ પાંચ કન્યા શ્રીહરિને અર્પણ કરી. પ્રભુ સર્વેને આશીર્વાદ આપીને જયકાષ્ઠલ રાજાની નગરી પ્રયાગ પરત આવ્યા. રાજા, પ્રધાન, શ્રીમંત વર્ગ, પ્રજાએ વાદ્યઘોષ જયકારથી શ્રીહરિનું સ્વાગત કર્યું. પછી રાજ્યસભામાં લાવી પ્રભુનું પૂજન કર્યું. સભામાં ગાવણું કરનારા ગાંધર્વોને શ્રીહરિએ પારિતોષકો આપ્યા. પછી ભોજન દૂધપાન સર્વને કરાવ્યા. રાજા-રાણી, પુત્રીઓએ પ્રભુની પૂજા કરી. રાજાએ પાંચ કન્યા પ્રભુને અર્પણ કરી. શ્રીહરિએ સર્વને આશીર્વાદો આપ્યા.

અધ્યાય - ૧૮૦

❖ રાજધાની તીરાણમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ વલ્ગુરાય પ્રદેશના રાજા-રાણી રાજધાની તીરાણ પધાર્યા. શ્રીહરિ ત્યાં વિમાન દ્વારા આવ્યા. રાજા-પ્રજાએ જયઘોષથી સ્વાગત કરી, પુષ્પ, ચંદન, ચોખાથી વધાવીને તીરાણ રાજા તથા રાજકુટુંબે શ્રીહરિનારાયણના ચરણો ધોઈને ચરણામૃત પીધું. સુવર્ણના, મણિના, હીરામોતીના પુષ્પોના હાર પ્રભુને પહેરાવી સ્વાગત કર્યુ પછી સાત શ્વેત અશ્વ જોડેલા રથમાં શ્રીકૃષ્ણવલ્લભને બેસાડી છડી, છત્ર, ચામર સાથે તિરાણા રાજધાનીમાં ફેરવ્યા પછી રાજમહેલમાં પધરાવી શ્રીહરિને દૂધપાન કરાવ્યું. રાજાએ કુટુંબ સાથે પ્રભુની પ્રેમથી સેવા કરી. બપોર પછી લાખો નરનારીઓની સભા ભરાઈ. રાજાએ શ્રીહરિની પૂજા કરી પછી પૂછ્યું હે પ્રભુ, તમે મળ્યા એટલે કર્મ ટળ્યા. તો પણ જીવાત્માનો બધ્ધ સ્વભાવ હોવાથી રાજય કરવા છતાં બંધન ન થાય તે ઉપાય કહો.

શ્રીહરિ કહે, સ્થાવર જંગમ સર્વનું જીવન પ્રાણ છે. તે શરીરની સાથે ચાલ્યો જાય છે. તે પ્રાણ વગેરે ચોવીસ તત્ત્વોને આત્મા સાથે સંબંધ નથી. જેમ વૃક્ષ પર રહેલા મધને ગ્રહણ કરી મધમાખી વૃક્ષનો ત્યાગ કરે છે તેમ વિવેકથી સંસારમાં રહીને પૂણ્ય ભક્તિ પ્રભુનો અમૃત આનંદરૂપી મધ ગ્રહણ કરી સંસારનો ત્યાગ કરનારો, રાગ વિનાનો તેને રાજયનું બંધન થતું નથી. દોષરૂપી મળ તજશે ત્યારે દેહ છુટશે એમ માને તે બંધન પામતો નથી. પર્વત વૃક્ષની જેમ મમતા રહિત તથા સર્વ ભોગ્યની આશા તજે તેને બંધન થતું નથી. પૂર્વે વૈષ્ણવ વિપ્રો સંસારનો ત્યાગ કરી વનમાં તપ કરવા લાગ્યા. તેની પાસે ઈન્દ્રે આવી પૂછ્યું, તમે ગૃહસ્થાશ્રમ કેમ ન કર્યો ? વિપ્રો કહે, જેને સંસારમાં કોઈપણ પદાર્થ વસ્તુની ઈચ્છા નથી. તેને જગત તૃણ સમાન દેખાય છે. તે વનમાં રહે કે ગૃહમાં રહે સમાન છે. કાદવનો સ્પર્શ કરી કાદવથી હાથ ધોવા તેના કરતાં કાદવનો સ્પર્શ જ ન કરવો. જ્ઞાનરૂપી પાણીથી આત્માને શુધ્ધ કરવો અથવા તપ, યોગથી આત્માને શુધ્ધ કરવો અથવા શ્રીહરિની આરાધના-ભક્તિથી અથવા વિદ્યારૂપી ગુરુથી અવિદ્યારૂપી કાદવનો નાશ કરવો અથવા નિષ્કામ ભાવે કરેલા કર્મોથી પણ પ્રભુને પ્રસન્ન કરવા. તેથી હે ઈન્દ્રદેવ, સબળ હોય તેને ગૃહસ્થાશ્રમ કરવો અને નિર્બળ હોય તેણે ત્યાગ માર્ગ સરલ છે. ઈન્દ્ર કહે, ત્યાગી પોતાનું એકનું કલ્યાણ કરે છે, ગૃહસ્થ સંસારમાં રહીને અનેકનું કલ્યાણ કરે છે. જેમ ફળવાળા વૃક્ષનો આશ્રય સૌ કરે છે. તેમ નિષ્પૃહ એવા મહાત્માઓ ગૃહસ્થનો આશ્રય કરે છે. સર્વ ગૃહસ્થાશ્રમને આશ્રયે રહેલા છે. ભીક્ષુક અતિથિ પશુ પક્ષુ જંતુ સર્વગૃહીને આશ્રયે રહેલા છે. દેવો- પિતૃઓ પણ ગૃહીને આશ્રયે છે. તે સર્વને આપીને ભોજન કરનારો નિષ્પાપ રહે છે અને બંધન પામતો નથી. યજ્ઞ, દાન, તપ, હોમ, સ્વાધ્યાય અને ઈશ્વર અર્પણ આ છ

સાધનવાળા નિષ્પાપ થાય છે. પૂર્વે હું ઈન્દ્ર સૂર્ય ચંદ્ર વગેરે સર્વે કર્મથી નિષ્પાપ થઈને ઉચ્ચ પદવીને પામ્યા છીએ. ઈન્દ્રનો ઉપદેશ સાંભળી વિપ્રો ગૃહસ્થાશ્રમ કરી ધર્મનો આશ્રય કરી ભગવાનની ભક્તિ કરી ધામમાં ગયા. શ્રીહરિ કહે, રાજા એ રીતે ગૃહધર્મ કઠીન હોવા છતાં તેમાં પણ નિર્બંધન રહેવાય છે. પછી રાજકુટુંબે શ્રીહરિની પૂજા-આરતી કરી ભેટ મૂકી. છ રાજકન્યાઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી.

અધ્યાય - ૧૮૧

❖ અલ્વીનર રાજાની ગત્વાર્થશ્રીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ગીરીશ ઋષિની સાથે અલ્વીનર રાજાએ આવી પોતાની રાજધાનીમાં પધારવાની શ્રીહરિને પ્રાર્થના કરી. પ્રભુ વિમાનમાં બેસી એક ક્ષણમાં તેના રાજ્યમાં આવ્યા. રાજાએ જયઘોષ કરાવી શ્રીહરિનું રાજસન્માન કરી ગત્વાર્થશ્રી નગરીમાં ફેરવી પોતાની પ્રજા નરનારીઓને પાવન કરી રાજમહેલમાં લાવ્યા. પછી રાજકુટુંબે પ્રભુ પૂજા કરી ભોજન કરાવ્યા. ત્યાં એક રાક્ષસ આવ્યો. શ્રીહરિએ તેના માથે પગ દઈ રાક્ષણપણાથી મુક્તિ આપી દેવ કર્યો. તેણે પોતાનું પૂર્વ વૃતાંત કહ્યું, કે પ્રભુ પૂર્વ જન્મમાં મેં કુમારી પર બળાત્કાર કરવાથી, તેના શાપથી હું રાક્ષસભાવને પામ્યો હતો. પછી પ્રભુએ તેને ઉતર કેનાટ પ્રદેશમાં મંત્ર પ્રદાન અને સત્સંગ કરાવવા માટે જવાની આજ્ઞા આપી. પછી શ્રીહરિએ રાજા-પ્રજા સર્વને ઉપદેશ આપ્યો. ગૃહીધર્મી જો કૃષ્ણધર્મી બને તો નિર્ગુણ થાય. ગૃહસ્થ અભિમાન તજી શકતા નથી મને ભૂલી જાય છે તેથી તેને યમદૂતોથી ભય રહે છે. તેથી ગૃહસ્થ એ મને સંભારીને સર્વે કર્મ કરવા. વિદ્વાનોએ જ્ઞાનયજ્ઞ કરવા, સંતોએ ભક્તિ યજ્ઞ કરવા, ઋષિઓએ સ્વાધ્યાય યજ્ઞ કરવા, રાજાઓએ દ્રવ્યયજ્ઞ કરવા, ખેડૂએ અન્ન યજ્ઞ કરવા, યોગીઓએ ધ્યાન યજ્ઞ કરવો, સેવકોએ સેવાયજ્ઞ કરવા, સ્ત્રીઓએ સેવાયજ્ઞ કરવા, બ્રહ્મચારીઓએ બ્રહ્મયજ્ઞ અને ગૃહસ્થોએ દાન યજ્ઞ કરવા એ આદિ અનેક યજ્ઞ છે. યજ્ઞ કર્યા વિના મનુષ્ય પાપનો ભાગીદાર થાય છે. યજ્ઞ કરવાથી દેવો અને શ્રીહરિ પ્રસન્ન થાય છે. હરિભક્તિ યજ્ઞ સર્વે મનુષ્યોએ કરવો. એવો શ્રીહરિનો ઉપદેશ સાંભળી સર્વ રાજી થયા.

રાજાએ ગજ, અશ્વ, ગાયો, ભેંસો, ખેતરવાડી, બગીચા, ગામ, ગૃહ, સંપત્તિ, દાસદાસીના દાન કરવા તે શાશ્વતફળને આપનારા થાય છે. દાન નહીં કરનારા પાપના ભાગીદાર થાય છે. દાન દેનારો અખુટ મેળવે છે માટે દાન દેવામાં નપુંસક ન થવું. નપુંસકના ઘરમાં દેવાર્ચન માંગલિક કાર્યો થતા નથી. નપુંસક બ્રહ્મરાજ્ય, ભક્તિધન મેળવી શકતો નથી. માટે ગૃહસ્થોએ બ્રહ્મયજ્ઞ કરતા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવું. એમ કહીને શ્રીહરિએ રાજા, પ્રજા સર્વને મંત્રો આપી કંઠી-માળા આપી. પછી રાજારાણીએ પૂજા કરી. શ્રીહરિને પાંચ કન્યા અર્પણ કરી.

અધ્યાય - ૧૮૨, ૧૮૩, ૧૮૪

❖ જીનવર્ધી રાજાની રામપુરીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ ઈષ્ટલવ ઋષિ સાથે જીનવર્ધી રાજાની પ્રાર્થનાથી તેની રાજધાની રામપુરીમાં પધાર્યા. રાજા-પ્રજાએ હર્ષનાદ અને જય શબ્દોથી શ્રીહરિને વધાવ્યા. પછી હારતોરા કરી રાજસન્માનથી વાહનમાં બેસાડી નગરમાં ફેરવ્યા. લાખો નરનારીઓને દર્શન દઈને રાજમહેલમાં પધાર્યા. તુરંત સભા કરી. તેમાં શ્રીહરિએ કહ્યું, પ્રભુનો આશ્રય કરીને કાર્ય કરનારો, ભગવાનનું ધ્યાન કરનારો, પરમગતિને પામે છે. સત્પુરૂષોની સેવા કરી સત્યના માર્ગે ચાલનારો પરમગતિને પામે છે. સર્વે દેવો-દેવી, ઈશ્વરો મનુષ્યોને આપે છે તો મનુષ્યે પરમાત્માને અર્પણ કરી ગ્રહણ કરવું. પરમાત્માને અર્પણ કર્યા વિના ભોગવે તો નારકી થાય છે. સર્વ વસ્તુ પદાર્થ-સંપત્તિ પરમાત્માને અર્પણ કરે તો મોક્ષ મેળવે છે. સમુદ્ર, પૃથ્વી, મોલકણ, બીજ, દેહ, સર્વ પ્રભુએ નિર્માણ કર્યું છે. તે પ્રભુને આપવું એવું જાણીને જે સેવા-ભક્તિ કરશે તેનો ઉધ્ધાર હું કરીશ. અને મારો આશ્રય નહીં કરે તેને દંડ દેનારો પણ હું છું. મે યમરાજને, દેવને અને રાજાઓને પાપી, અધર્મીઓને દંડ આપવા માટે નિર્માણ કરેલા છે. ધર્મ દંડ છે. તે સૂતેલાને જગાડીને ધર્મ અર્થ કામ અને મોક્ષ આપે છે. હું સર્વસૃષ્ટિઓનો નેતા શાસક અને રક્ષક છું. મનુષ્યો, પશુપક્ષી, જંતુ સર્વ દંડના ભયથી પોતાની સ્થિતિમાં વર્તે છે. દેવ-દૈત્યો, રૂદ્ર, મહેંદ્ર, કાળ, વાયુ, કુબેર, યમ, વરુણ, રવિ, મૃત્યુ, શનિ વગેરે સર્વે પણ દંડથી નિયમમાં રહેલા છે. માટે આ લોકમાં ધર્મ નિયમથી રહેનારા મનુષ્યોને સ્વર્ગસમાન સુખ મળે છે. મારી જે આજ્ઞા છે તેજ ધર્મ દંડરૂપે છે અને ભય વિનાની છે. એમ સમજી સર્વે નરનારીઓ એ ભાગવત ધર્મનું પાલન કરવું. શ્રીહરિનો અલૌકીક આદેશ સાંભળી સર્વે રાજી થયા. પછી જીનવર્ધી રાજારાણી કુટુંબે પ્રભુની પૂજા કરી આરતી કરી ભેટ મુકી મંત્રો લીધા. પછી શ્રીહરિએ સર્વે પ્રજાને મંત્ર પ્રદાન કર્યું. રાજારાણીએ સાત કન્યા શ્રીહરિને અર્પણ કરી. કન્યાઓ કૃષ્ણવલ્લભને પામીને પોતાને ધન્યભાગ્ય માનવા લાગી. ત્યાં એક મનુષ્ય રુદન કરતો આવ્યો અને શ્રીહરિને કહ્યું, મારી પુત્રીને રાક્ષસ ઉપાડી ગયો છે. અને તે કેટલાય બાળકોને, યુવાનોને લઈ જઈ મારી નાખે છે. ત્યાં અલ્પપર્વતનો રાજા અલ્પકેતુ શ્રીહરિ પાસે આવ્યો. પ્રભુએ તે બંને રાજાને તથા સૈન્યને લઈ અપિનાયા પર્વતમાં જ્યાં રાક્ષસ રહેતો હતો ત્યાં આવ્યા. યુધ્ધનો શંખ ફુંક્યો ત્યાં દશ હજાર રાક્ષસો વસ્ત્ર વિનાના ભયંકર હાડકાંના શસ્ત્રો લઈને યુધ્ધ કરવા આવ્યા. શ્રીહરિ સમર્થ હોવા છતાં રૂદ્રને બોલાવ્યા. શંકર આવ્યા. શ્રીહરિએ આજ્ઞા આપી આ રાક્ષસોનો નાશ કરો. શંકર સૌમ્યરૂપ તજીને મહાભયંકર વિકરાળ, મહારૂદ્ર સ્વરૂપ ધારણ કરી યુધ્ધ માટે તૈયાર થયા. રાક્ષસો પણ પર્વતમાંથી, ગુફામાંથી બહાર આવીને મારી નાખો, ખાઈ જાવ, પકડી લ્યો, બાંધી દો, કાપી નાખો એમ રાડો પાડતાં યુધ્ધ કરવા આવ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સમુદ્રને અને ચંદ્રને યુધ્ધ માટે સંભાર્યા. તે પણ આવ્યા અને રાક્ષસો સાથે અસ્ત્રો-શસ્ત્રોથી ભયંકર યુધ્ધ થયું. ત્યાં રાક્ષસીઓ યુધ્ધ કરવા આવી એટલે શંકરે ડાબા ભાગમાંથી દુર્ગાદેવીને પ્રગટ કર્યા. તે દુર્ગાદેવી કરોડો રૂપ ધારણ કરી સિંહ પર આરૂઢ થઈ રાક્ષસીઓ સાથે યુધ્ધ કરી તેને ગળેથી પકડીને નાશ કરી. રાક્ષસોનો રાજા મારીચ શાર્દુલ મલીન વિદ્યાથી પર્વતો ઉપાડી ફેંકવા લાગ્યો. શ્રીહરિની આજ્ઞાથી વાયુએ પર્વતોને ચૂર્ણ કરી નાખ્યા. રાક્ષસોએ બાજપક્ષીઓ મોકલ્યા. શંકરે અનળ પક્ષી મોકલી સર્વનો નાશ કર્યો. રાક્ષસોએ ઝેરી સર્પો મોકલ્યા. શંકરે ગરુડમંત્રથી સર્પોનો નાશ કર્યો. પછી ભય પામેલા રાક્ષસો જ્યાં સમુદ્રમાં પ્રવેશ કરવા ગયા ત્યાં શ્રીહરિએ સુદર્શન ચક્રથી રાક્ષસોનો નાશ કર્યો અને પર્વતને પણ ભસ્મ કર્યો. સુદર્શનચક્રથી અગ્નિથી પર્વતમાં રસ થયો. તે જામીને લાલ, લીલા, પીળા, ધોળા, કાળા સર્વે મણિઓ થયા. સર્વે રાક્ષસોનો નાશ થવાથી આકાશમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી જય જય કાર કર્યો. તે રાક્ષસોએ અપહરણ કરેલી બે હજાર બસ્સો યુવતીઓ તથા નરનારી બાલ-બાલીકાઓને તે નગરીમાંથી શ્રીહરિએ કેદમુક્ત કર્યા.

શ્રીહરિએ શંકરને કહ્યું : આ સર્વને મંત્ર આપો. શંકરે સૌને મંત્ર આપી વૈષ્ણવો બનાવ્યા. બાવીસો યુવતીઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી પછી ત્યાં ખીણમાં રહેલા મનુષ્યના હાડકાંના ઢગલાને જોઈને શ્રીહરિએ તે સર્વેને જીવતા કર્યા. પછી તે મારીશા નગરીનું રાજ્ય જીનવર્ધી રાજાને આપ્યું અને રાજાએ પ્રજાને ઉપદેશ આપ્યો, આ શંકર ભગવાને તમારું સર્વનું રક્ષણ કર્યુ માટે તમો રવિવારે શંકરરૂપ ઈશાનદેવની આરાધના કરજો. કામ, ક્રોધ, લોભરૂપી રાક્ષસોથી રક્ષા કરવા દર રવિવારે પ્રાર્થના કરજો તથા શરીરનો અને મનનો વ્યાધિ-દુઃખ નાશ કરવા તથા દોષ-અભિમાન, રાગ, પ્રમાદરૂપી રાક્ષસોથી રક્ષા કરવા રવિવારે ઈશાનદેવની પ્રાર્થના કરજો. રવિવારે સર્વે રસ ભોગનો ત્યાગ કરનારા ઉત્તમ ગતિ મેળવે છે. રવિવારે સર્વ દુર્ગુણોનો ત્યાગ કરવો.

અધ્યાય - ૧૮૫

❖ અલ્પકેતુ રાજાની જીવનીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, જીનવર્ધી રાજાના આગ્રહથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભોજન કરી સર્વને પ્રસાદ આપી ત્યાંના આપ્યાયન ઋષિ સાથે અલ્પકેતુ રાજાની રાજધાની જીવનીનગરીમાં ભાદરવા વદ પાંચમે પધાર્યા. રાજા પ્રજાએ વાજીંત્રો સાથે જયઘોષથી વધાવ્યા. પછી અનેક વાહનો સાથે રાજસન્માનથી નગરમાં ફેરવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિજયતેતરામ્ - એવા સ્વાગત વાક્યોથી શહેરની શોભા દેખાતી હતી. નરનારીઓ પુષ્પહાર, ચંદન, ચોખાથી વધાવતા હતા.

પછી શ્રીહરિએ સભામાં આવી સર્વને ઉપદેશ આપ્યો, બ્રહ્મલોકમાં જવાના મુખ્ય ચાર સાધન છે. એક કથા, યજ્ઞ તે ઋષિનો માર્ગ છે. બીજો જ્ઞાનયજ્ઞ તે વિદ્વાનો માર્ગ છે. ત્રીજો કર્મયજ્ઞ તે ગૃહસ્થોનો માર્ગ છે. ચોથો તપયજ્ઞ તે સંતનો માર્ગ છે તથા સંતોષ છે તે સ્વર્ગસમાન સુખ છે, અસંતોષીને સુખ મળતું નથી. તપ, યજ્ઞ, વિદ્યા, ભીક્ષા, શામ, દામ, ધ્યાન, એકાંત અને જ્ઞાન આવિપ્રોના ધર્મ છે, તે સર્વે પ્રભુમાં અર્પણ કરવા. સંપત્તિ મેળવવી, પ્રજાનું રક્ષણ, દાન અને દંડ તે રાજાના ધર્મ છે તે શ્રીહરિમાં અર્પણ કરવા. વ્યાપાર, ખેતી, દાન, પાલન તે વૈશ્યનો ધર્મ છે, તે મારામાં અર્પણ કરવા. સેવાસહન, આજ્ઞાપાલન, શેષભોજન ગ્રહણ તે શુદ્ર ધર્મ છે. તે પણ મારામાં અર્પણ કરવા. પતિની સેવા, વૃધ્ધ, વડીલો, માતાપિતા ગુરુની સેવા, ઘરના સંસ્કાર, બાળકોનું રક્ષણ તે સ્ત્રીઓના ધર્મ છે, તે સર્વ ધર્મો મારામાં અર્પણ કરવાથી સર્વેને મોક્ષ કરનારો હું છું. પછી શ્રીહરિએ લોમશ ઋષિ પાસે સર્વને મંત્ર અપાવ્યા. પછી શ્રીહરિ ભોજન કરી વિશ્રામ કરી બીજે દિવસે રાજારાણીએ પ્રભુની પૂજા આરતી કરી સાત કન્યા અર્પણ કરી.

અધ્યાય - ૧૮૬

❖ જયકૃષ્ણવ રાજાની વરણાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષણ કહે : રાધા, વરણાનગરીનો રાજા જયકૃષ્ણવની પ્રાર્થનાથી સ્વેષ્ટજર ઋષિ સાથે વિમાનમાં બેસી રાહુનાયા નદીકાંઠે વરણા રાજધાનીમાં આવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન વિમાનમાંથી ઉતર્યા. ત્યાં રાજા, પ્રજા, નરનારીઓએ જય જયકાર કરી પુષ્પચંદન, ચોખાથી પ્રભુને વધાવ્યા. રાજા, પ્રજા, શ્રીમંતોએ, સુવર્ણહાર, પુષ્પહાર, ગજરાધારણ કરાવી શ્રીહરિના ચરણ ધોઈ પાણી પીધું. પછી પ્રભુને હાથી પર બેસાડીને નગરમાં ફેરવી પાવન કરી રાજમહેલમાં આવી ભોજન કરી બપોર પછી સભામાં ઉપદેશ આપ્યો કે, દેહધારી પાપ પુણ્ય કરે છે. તે સમય આવે સુખ દુઃખને ભોગવે છે. અત્યારે તમારું પુણ્ય ઉદય થયું છે. તેથી મારું દર્શન થયું. મંત્ર, ઔષધ, વૃષ્ટિ, વાવેલું બીજ, વૃક્ષ સર્વે સમય આવે ફળે છે. મનુષ્યો પરમેશ્વરને તજીને અજ્ઞાનથી લોભ તૃષ્ણાથી વિષયના વેગમાં જાય છે. તેને દુઃખ થાય છે. પછી દુઃખમાં પ્રભુને સંભારવાથી સુખ થાય છે. સુખદુઃખ સદા રહેતા નથી. તેથી શાશ્વત સુખની ઈચ્છા રાખી ભગવાનની ભક્તિ-સેવા કરી પ્રભુને પ્રસન્ન કરી શાશ્વત સુખ મેળવવું જે નાશ ન પામે. તે માટે શ્રીહરિનો આશરો અથવા સંતપુરૂષનું શરણ અને સેવા આ ત્રણ સાધન વિના દુઃખનો અંત આવતો નથી. પુણ્યથી સર્વે ભોગ પ્રાપ્ત થયા હોય પણ પરમાત્મા અને સત્પુરૂષને અર્પણ ન કર્યું તો સર્વે નિષ્ફળ થાય છે. કર્મની ગતિ વિચીત્ર છે. દરિદ્રને સંતાન ઘણા હોય, શ્રીમંતને પુત્ર ન હોય તે સર્વકર્મ પ્રમાણે થાય છે. અસંખ્ય જન્મોમાં માતા પિતા કર્યા, પતિ-પત્ની સંતાનો થયા. સંસારમાં આવ્યો. ભોગ તજી ચાલ્યો ગયો,

તેમાં કોણ તેનું, કોણ આપણું ? માટે આત્માનો પરમેશ્વર વિના કોઈ સંગાથી નથી. એવું જાણી શ્રીહરિનું નામ સ્મરણ કરવું. વેદ ભણવા છતાં વ્યાધિથી પરાભવ પામે. દોષનો નાશ કરે પણ મૃત્યુને ન તરી શકે. રસાયણ ઔષધ ખાય તો પણ વૃધ્ધપણું આવે. તપસ્વિ, દાની, યજ્ઞ કરનારા પણ લાંબુ જીવે છે પણ શાશ્વત સુખ તો મારો આશ્રય કરી, મારી ભક્તિ કરનારાને પ્રાપ્ત થાય છે. શ્રીહરિનો આ અલૌકિક ઉપદેશ સાંભળી રાજા પ્રજા સર્વે રાજી થયા. પછી રાજકુટુંબે પ્રભુની પૂજા આરતી કરી, ભેટ મુકી કન્યાદાન કર્યું. બાલકૃષ્ણ પ્રભુએ સર્વેને કંઠીમાળા આપી આશીર્વાદ આપ્યા.

અધ્યાય - ૧૮૭, ૧૮૮, ૧૮૯

❖ પરીશાન રાજાના રાજ્યમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ફેરૂનસ ઋષિની પ્રાર્થનાથી શ્રીહરિ પરીશાન રાજાના રાજ્યમાં જવા તૈયાર થયા. પરીશાન રાજાના રાજ્યમાં સેનાએ નદીકાંઠે વિમાનને ઉતાર્યું. સર્વેએ જય શબ્દોથી વધાવ્યા. તે સમયે નરનારીઓએ શ્રીહરિને ચકોરપક્ષી ચંદ્રને જોવે તેમ જોઈ રહ્યાં હતા. સ્વાતિજલ મળે અને ચાતક પક્ષી જેમ આનંદ પામે તેમ સર્વે બાલકૃષ્ણ ને જોઈને આનંદ પામ્યા. બાળકો જેમ સાકરથી, સતી પતિથી આનંદ પામે તેમ સર્વે પ્રભુથી આનંદ પામતા હતા. પતંગિયા તેજથી, સમુદ્ર પૂર્ણિમાના ચંદ્રથી આનંદ પામે તેમ સર્વજનો શ્રીહરિને જોઈને આનંદીત થતા હતા.

તે સમયે શ્રીહરિની અપાર શોભા હતી. મુગટ, કુંડળ, વસ્ત્ર, આભૂષણો, પુષ્પોના હાર વગેરે શોભતા, ડાબા હાથમાં ગજરાથી શોભતા, શુલમીન, ધ્વજ, ધનુષ, ચક્ર, સ્વસ્તિક બાણવાળા જમણા હાથથી અભય દાન આપતા એવા તેજસ્વી દિવ્યમૂર્તિ શ્રીહરિની જોઈ સર્વે અતિ આનંદ પામ્યા. પછી રાજાએ પ્રભુના પગ ધોઈ ચરણામૃત પીધું. પછી હજારો બંદૂકોવાળા તોપોવાળા સલામી આપતા સૈનિકોથી સ્વાગત કરી શ્રીહરિને હાથી પર બેસાડીને નગરમાં ફેરવતા હતા. નરનારીઓ જય જયકાર કરતા હતા. ઋષિઓ વેદમંત્રોનો ઘોષ કરતા હતા. નગરમાં જનો પ્રભુને અનેક ભેટો આપી પૂજા કરતા હતા. નાળિયેરી, શ્રીફળ, સોપારીથી પૂજા કરતા હતા. ધનાઢ્યો ધનથી, ભક્તો ભક્તિથી, દીનજનો માનસથી સેવા પૂજા કરતા હતા. એ રીતે આખી નગરીમાં શ્રીહરિને પધરાવ્યા તે સમયે નરનારી, બાળકો સર્વ કંભરાપુત્ર બાલકૃષ્ણનું રૂપ જોઈને દેહનું ભાન ભૂલી જતા હતા. પછી પ્રભુને રાજાએ પોતાના મહેલમાં વિશ્રામ કરાવ્યો.

અધ્યાય - ૧૯૦

❖ મુદ્રાંડ રાજાની મદ્રિટાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્વાગત કરી મુદ્રાંડ રાજાએ સુવર્ણના પુષ્પોના હાર પહેરાવી પૂજા કરી પછી રથમાં બેસાડીને છડી સવારીએ મદ્રિટા નગરીમાં ફેરવ્યા. નગરજનો નરનારીઓ આબાલવૃધ્ધો પ્રભુને પુષ્પો, ચંદન, ચોખાથી વધાવતા હતા. પ્રભુને પ્રસન્ન કરવા રાજાએ નગરીને શણગારી હતી. નગરજનો કહે, પ્રભુ તમે કૃપા કરી અમને દર્શન દીધા. પછી પ્રભુ રાજાના મહેલમાં આવ્યા. સભા ભરીને ઉપદેશ આપ્યો, જે રાજા વ્યસની થાય તે પ્રજાને ઉદ્વેગ કરાવે ને પરાભવ પામે છે માટે લોકોના હિતના કાર્યો કરવા. રાજાઓએ ધર્મકાર્યો કરવા. દેવાલયો કરવા. પાંચમો, દશમો, વીસમો, સોમો ભાગ કાઢી તીર્થોનું રક્ષણ કરવું, યજ્ઞો કરાવવા, ગાય વિપ્ર દીન અનાથોની રક્ષા કરવી. સવાર સાંજ શ્રીહરિની સ્તુતિ કરવી. કોઈને ત્રાસ ન આપવો તે આયુષ્યનો નાશ કરે છે. સંત ભક્તોને રાજ્યમાં વસાવવા. જેના ઘરમાં કથા, ભજન, દેવપૂજન, સંતપુરૂષોનું સન્માન થાય તે જીવાત્મા મોક્ષભાગી બને છે, રાજા જેવું વર્તન કરે છે, પ્રજા તો રીતે તેને અનુસરે છે. શ્રીહરિનો દિવ્ય ઉપદેશ સાંભળી રાજા પ્રજા સર્વરાજી થયા પછી રાજાએ શ્રીહરિને ભક્તોને ભોજન કરાવ્યું. પછી રાત્રિ વિશ્રામ કરી સવારે સર્વમંત્ર પ્રદાન કરી પૂજાદાન ભેટ ગ્રહણ કર્યા.

અધ્યાય - ૧૯૧

❖ ગંડક રાજાની લીશવનનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ પુર્તગંડ ઋષિના પ્રદેશમાં ગંડક રાજાની પ્રાર્થનાથી લીશવન નગરીમાં પધારવા માટે ઋષિઓ સાથે વિમાનમાં બેઠા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું વિમાન રાજાના બગીચામાં ઉતર્યું. રાજારાણી કુટુંબ, પ્રધાનવર્ગ, પ્રજા, સર્વ વાજીંત્રો વગાડી પુષ્પ ચોખાથી જયઘોષ કરી વધાવ્યા. પછી રાજાએ હરિકૃષ્ણને હાથી પર બેસાડીને તથા ઋષિઓને રથ-વાહનોમાં બેસાડ્યા. શ્રીહરિને નગરમાં ફેરવી રાજમહેલમાં લાવ્યા. રાજારાણી, કન્યાઓએ કૃષ્ણવલ્લભનું પૂજન કર્યું. વસ્ત્ર-અંલકારો ધારણ કરાવી હાર પહેરાવી ફળ, જળ, દ્રવ્ય, અર્પણ કર્યા. તથા શ્રીહરિને નવ રાજકન્યાનું દાન કર્યું. પછી પ્રભુને ઋષિ સર્વેને ભોજન કરાવ્યા.

બપોર પછી સભામાં બાલકૃષ્ણ પ્રભુએ સર્વને ઉપદેશ આપ્યો કે, રાજ્યમાં ઘરમાં, વાડીમાં કે વનમાં સંતવૃત્તિ કરનારો વિવેકી શાંતિ મેળવે છે. તૃષ્ણાતંતુ કાપે તો આત્મસ્થિતિ પ્રાપ્ત કરે, આલોકને નિરસ કરે ત્યારે શાંતિ પામે છે. શબ્દને આકાશનો ભાગ માને, સ્પર્શને અગ્નિ સમાન માને, રૂપને રોગસમાન જાણે તે શાંતિ પ્રાપ્ત કરે છે. હું દેવ નથી મારે ભોગ

નથી, હું ભોક્તા નથી, એવો વિવેકી થાય ત્યારે શાંતિ પામે છે. નદીકાંઠે, વનમાં, દેવ મંદિરમાં, તીર્થમાં, એકાંતમાં, વિવેકી શાંતિ મેળવે છે. સત્પુરૂષનો ગુણ લઈ સેવામાં રહેનારો મનમાં તરંગોને તજનારો શાંતિ મેળવે છે. જ્ઞાનવિજ્ઞાન, ધન મેળવવું. સંતોષ તૃપ્તિરૂપી શાંતિ મેળવવી. રાજાએ પુત્રની જેમ પ્રજાનું રક્ષણ કરવું. નીતિ, ધર્મને ગ્રહણ કરી શત્રુ, મિત્ર-દાસપણાની પરીક્ષા કરવી. શ્રીહરિના ઉપદેશમાં નીતિ વાક્યો સાંભળી ગંડરાજા કહે, તુચ્છ શરીર, તુચ્છ પંચ વિષય હોવા છતાં રાજા-પ્રજા એવો ભેદ કેમ પડ્યો ? શ્રીહરિ કહે, પહેલા સત્યુગમાં કલ્પવૃક્ષો હતા. સર્વ સુખ સ્વાધિન હતા. સમય જતા કલ્પવૃક્ષ અદેશ્ય થયા. એટલે આ તારું આ મારું એમ વિવાદ થવાથી દંડ દેવા રાજાની નિયુક્તિ કરી. તથા બ્રહ્માએ બૃહસ્પતિએ શુકાચાર્યે વગેરે નીતિ, ધર્મો, શાસ્ત્રો લખી પ્રજાને આપ્યા અને રાજા-પ્રજાનો ધર્મ રાખવા ધર્મવાળા ઋષિઓ થયા. પછી મેં મારા લલાટમાં વૈષ્ણવી લક્ષ્મીરૂપી સંપત્તિ ઉત્પન્ન કરી. તે સર્વ પ્રજાનો સંકલ્પ પૂર્ણ કરનારી અને મોક્ષ આપનારી થાય છે. તે સંપત્તિ લક્ષ્મી મને અર્પણ કરીને ભોગવે તો જીવાત્માઓ મને પામે છે. શ્રીહરિની દિવ્યવાણી સાંભળી રાજા-પ્રજાજનો સર્વે રાજી થયા. પછી પ્રભુએ ભોજન કરી વિશ્રામ કર્યો. રાજારાણીએ સેવા કરી. નવમીએ સવારે જાગી નિત્યકર્મ કરી દૂધપાન કરી રાજા-પ્રજાને આશીર્વાદ મંત્ર આપ્યા.

અધ્યાય - ૧૯૨

❖ લીનોર્ણ રાજાની વારૂણીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિમાનમાં બેસીને લીનોર્ણ રાજાની વારૂણી નગરીમાં આવ્યા. રાજા-પ્રજાએ જયજયકાર કરી હારતોરાથી સ્વાગત કર્યું. નગરીમાં ફેરવી રાજમહેલમાં લાવી રાજાએ શ્રીહરિને ભોજન કરાવી પૂજન કરી પોતાની ચાર કન્યાનું દાન કર્યું. પછી પ્રભુ રાજા-પ્રજાને આશીર્વાદ આપીને દશમને દિવસે વલ્લીજીવન મુનિ સાથે વિમાનમાં બેસીને દરિયાકાંઠે રહેલા બૃહદ્રથ રાજાના ધીવરા રાજયમાં આવ્યા. રાજાએ-પ્રજાએ વાજીંત્રોથી શ્રીહરિનું સ્વાગત કરી પુષ્પો, અક્ષતથી વધાવ્યા. શ્રીહરિને રાજમહેલમાં પધરાવી રાજારાણી, કન્યાઓએ પ્રભુનું પૂજન કર્યું. બે કન્યાઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી. રાજાએ દાન-ભેટ આપ્યા. પ્રભુ આશીર્વાદ આપી વિમાનમાં બેસી પશ્ચિમ સમુદ્રકાંઠે અંગ રાજાની મીલીંદાનગરીમાં પધાર્યા. રાજાએ સૈન્ય સાથે વાજીંત્રોથી સ્વાગત કરી શહેરમાં પ્રભુની પધરામણી કરાવી, રાજમહેલમાં લાવી, બપોરે શ્રીહરિને સર્વને ભોજન કરાવ્યા.

પછી શ્રીહરિએ સાંજની સભામાં આવેલા લાખો પ્રજાજનોને ઉપદેશ આપ્યો, પરબ્રહ્મની ભક્તિ કરવી. ખોટું બોલવું નહીં. ખોટા શપથ લેવા નહી. માતાપિતાની સેવા કરવી, ચોરી ન કરવી, પરધન, પરસ્ત્રી ગ્રહણ ન કરવા. પ્રજાઘાત, વિશ્વાસઘાત, ધર્મઘાત ન કરવો, ધર્મનું પાલન કરવું તેથી રાજાઓને સ્વર્ગ અને સુખની પ્રાપ્તિ થાય છે. કોઈનો દ્રોહ

ન કરવો, સર્વ સાથે સરલતાથી રહેવું. સ્વાધ્યાય, તપ, યોગ સાધે તો વિપ્ર સ્વર્ગ મેળવે છે. ખેતી, વ્યાપાર કરી પશુપાલન કરી ધન મેળવી યજ્ઞ દાન કરવાથી વૈશ્યો સ્વર્ગસુખ ભોગવે છે. સેવાદાસપણું, દૂતપણું કરીને દાસવર્ગ મહાસુખ મેળવે છે. સેવાધર્મ મહાન છે. સેવાથી સર્વે વશ થાય છે, સેવાથી રાજા ગુરુ ગ્રહ સિંહ વશ થાય છે. સેવાથી શત્રુ-મિત્ર પતિ-પત્ની સર્વે વશ થાય છે. ત્યાગી થઈને ધર્મ બ્રહ્મચર્યનું પાલન કરે અથવા ગૃહસ્થાશ્રમી થઈને મારા પરાયણ મારી ભક્તિ કરે તે પણ સાધુ છે. રાગદ્વેષથી રહિત થઈને મારા ધર્મનું પાલન કરે તે સાધુ મારા ધામને પામે છે. ઓછી નિંદ્રા આહાર કરનારો, આશારહિત બંધન નહીં પામનારો સાધુ મને પામે છે. આત્મતૃપ્તિવાળો, બ્રહ્મસુખવાળો, સંતોષી, નિષ્કપટી, સ્વપત્નીમાં તૃપ્તિવાળો દેવપૂજા કરનારો ક્ષમા દયાવાળો દાન કરનારો એવો ગૃહસ્થાશ્રમી તે મને પામે છે. પ્રવૃત્તિવાળો કે નિવૃત્તિવાળો મારો આશ્રય કરનારો, મારા યોગથી અસંખ્ય કર્મના પારને પામે છે. આવો શ્રીહરિનો અલૌકિક ઉપદેશ સાંભળી રાજા-પ્રજા અતિ રાજી થયા અને શ્રીહરિની આજ્ઞાથી લોમશ ઋષિ પાસેથી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને સ્વાહા" એ મંત્ર ગ્રહણ કર્યો. પછી રાજા-પ્રજાએ પ્રભુની પૂજા કરી પ્રભુએ આશિર્વાદ આપ્યા. રાજા રાણીએ પોતાની અગિયાર કન્યાઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને અર્પણ કરી.

અધ્યાય - ૧૯૩

❖ બલલીન રાજાની વિશાલનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ વિમાનમાં બેસીને ભાદરવા વદ એકાદશીએ બલલીન રાજાની રાજધાનીમાં જરામૌન ઋષિ સાથે આવ્યા. વિમાનમાંથી ઉતરી શ્રીહરિએ વિશાલનગરીમાં પ્રવેશ કર્યો. રાજાએ-પ્રજાએ રત્નહાર, પુષ્પહાર પહેરાવી કુંકુમ ચોખાથી વધાવ્યા. પછી રાજાએ શ્રીહરિને હાથીની અંબાડીમાં બેસાડી વિશાલ નગરમાં ફેરવી નગરીને પાવન કરી નરનારીઓને દર્શન કરાવતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ શહેરની શોભા જોતા દર્શન દેતા પૂજા ગ્રહણ કરતા. હાથી, અશ્વો, ઊંટ, પદાતિ વગેરે સૈન્ય સાથે બેન્ડવાજા, બંદૂક, તોપોની સલામી સાથે રાજમહેલમાં આવ્યા. રાજાએ પૂજા કરી ભેટ મુકી. એકાદશી રાત્રે જાગરણ કરી કિર્તન ઉત્સવ કર્યા.

પછી પ્રભુએ ધર્મનો ઉપદેશ આપ્યો, વ્રતમાં રહેલા મનુષ્યે જાગરણ કરી ધૂનાકિર્તન કરવા, વ્રતમાં નિંદ્રા દૂષણ છે. જાગરણથી તમોગુણનો નાશ થાય છે માટે આત્મબળથી વ્રત અને શ્રીહરિની ભક્તિ કરવાથી મનુષ્યજન્મ સફળ થાય છે. એકાદશી, જન્મજયંતિ, જન્માષ્ટમી વગેરે વ્રતની તિથિઓ સૂર્યના ઉદયમાં ગ્રહણ કરવી તથા રાત્રિના ઉત્સવ કાર્યમાં ચંદ્રોદય તીથિ ગ્રહણ કરવી અને દિવસના ઉત્સવમાં સૂર્યોદય તીથિ ગ્રહણ કરવી. જનસેવા આચાર્ય સાધુ સેવા કરનારો સુખી થાય છે, બીજાના દુઃખમાં ભાગ લેનારો આ લોકમાં

સુખી થાય છે. ધર્મનું પાલન, રક્ષણ, બળ, તપ, ત્યાગ, ધર્મને આશ્રયે રહેલાં તે સંસારસમુદ્રને તરી જાય છે. પ્રભુનો ઉપદેશ સાંભળી સૌ પ્રસન્ન થયા. પછી સવારે શ્રીહરિએ નિત્ય વિધિ કરી પારણા કર્યા. રાજારાણીએ પ્રભુનું પૂજન કરી ચરણામૃત પીધું અને ચાલીસ રાજકન્યાઓ શ્રીહરિને અર્પણ કરી તથા રત્નો, હાર, અલંકારો ભેટ આપ્યા.

અધ્યાય - ૧૯૪

❖ વરસિંહ રાજાની વાશીલાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ પાલનાદ ઋષિ સાથે વરસિંહ રાજાની પ્રાર્થનાથી વિમાનમાં બેસી વાશીલાનગરીમાં આવ્યા. રાજારાણી-પ્રધાનો વગેરેએ નારાયણને હાર પહેરાવ્યા. પ્રજાએ પુષ્પોથી વધાવ્યા. વરસિંહ રાજાએ શ્રીહરિના ચરણને ધોઈ પાણી પીધું. પછી યંત્રવાળી ગાડીમાં બેસાડી નગરમાં ફેરવ્યા. માર્ગમાં, ચોકમાં, શ્રીમંતો, નગરજનો શ્રીહરિની પૂજા કરતા હતા. સ્ત્રીઓ કૃષ્ણવલ્લભની યશકીર્તિનું ગાન કરતી હતી. પછી પ્રભુએ મહેલે આવી મોટી સભા કરી ઉપદેશ આપ્યો. પરમેશ્વર કૃપા કરી પૃથ્વી પર આવે છે, તે પ્રભુની આજ્ઞાનું પાલન કરવું. સર્વ અવતારોનો ધારણ કરનારો હું સ્વામી કૃષ્ણવલ્લભ સર્વને આ લોકમાં દર્શન આપું છું. જ્યાં મારો વાસ થાય છે ત્યાં તે ભૂમિ વૈકુંઠતુલ્ય થાય છે. જ્યારે રાજા નીતીધર્મવાળો હોય ત્યારે સત્યુગ પ્રવર્તે છે. જ્યારે રાજા ધર્મઅંશ તજે ત્યારે ત્રેતાયુગ પ્રવર્તે છે. ખેતી ખેડ્યા વિના મોક્ષ મોલ થતા નથી. રાજા ધર્મનું અર્ધુ પાલન કરે ત્યારે દ્વાપર યુગ પ્રવર્તે છે. વૃક્ષમાં, ખેતીમાં સર્વ રસોમાં અર્ધુ થવા માંડે છે. અને રાજા ધર્મ તજી અધર્મ આચરે ત્યારે કળિયુગની પ્રવૃત્તિ થાય છે. પ્રજા અધર્મ પરાયણ થાય છે. સર્વના મન ભિક્ષુક થાય, સર્વ વર્ણ નોકર થાય, વર્ણશંકરતા આવે, સત્કર્મો ઓછા થાય, વેદવાર્તા સાંભળવા ન મળે. સર્વે ઋતુઓ દુઃખકારી થાય સર્વજનો રોગી થાય. વૃષ્ટિ ઓછી થાય. માટે યુગકાળનું કારણ રાજા કહેવાય છે. દુષ્ટનો સંગ ન કરવો. સ્ત્રીનું સેવન અતિ ન કરવું. પથ્ય ખાવું અપથ્ય ન ખાવું. વિચાર્યા વિના દંડ ન દેવો. ગુપ્ત જાહેરાત ન કરવી. ગુરુને પૂજ્ય માનવા. દેવનું પૂજન, ભક્તિ કરવા. મોક્ષને માટે, શાંતિને માટે સંતની સેવા કરવી. મનુષ્ય ધર્મ, અર્થ, કામ, મોક્ષ તે સર્વ મારામાં અર્પણ કરવાથી આ લોકમાં સુખી થાય છે અને પરલોકમાં પણ તેની સદ્‌ગતિ થાય છે. માટે સર્વકાર્યો મારા આશ્રિતોએ, રાજા-પ્રજાએ મારા લેખે કરવા જેથી ભુક્તિ અને મુક્તિ બંને પ્રાપ્ત થાય. એમ ધર્મનો ઉપદેશ આપી શ્રીહરિએ મંત્ર આપ્યા પછી રાણીએ પ્રભુની પૂજા કરી પાંચ કન્યા પ્રભુને અર્પણ કરી. પછી ભોજન કરી રાત્રિ વિશ્રામ કરી સવારે નિત્ય વિધિ કરી દૂધપાન કર્યુ.

અધ્યાય - ૧૯૫

❖ રાયગામલ રાજાની રીગાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ રાયગામલ રાજાની પ્રાર્થનાથી લાતવાયુ મુની સાથે વિમાનમાં બેસી ઘુના નદીકાંઠે રીગાનગરીમાં વિમાનને ઉતાર્યું. પ્રજાએ જયઘોષ કરી પુષ્પોથી પ્રભુ શ્રીહરિને વધાવ્યા. રાયગામલ રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને હાર પહેરાવ્યો. રાણીએ ચરણ ધોઈ પાણી પીધું. કન્યાઓએ ગંધ અક્ષત પુષ્પોથી પ્રભુની પૂજા કરી. રાજાએ શ્રીહરિને ચાર દાંતવાળા ધોળા હાથીની અંબાડીમાં બેસાડીને રીગાનગરીમાં પધરામણી કરાવી. કુમારોએ છત્ર ચામર ધારણ કર્યા હતા. નરનારીઓ પૂજા કરી અને ભેટ આપી. પછી રાજમહેલમાં આવ્યા. રાજાએ પૂજન કરી પાંચ કન્યાઓનું દાન કર્યું.

પછી ભોજન કરી સભામાં શ્રીકૃષ્ણવલ્લભ સર્વને ઉપદેશ દેવા લાગ્યા, ભક્તોએ ભાગવતધર્મનું પાલન કરવું તેથી સર્વ અર્થ સિધ્ધ થાય છે. કેવળ ધનપરાયણ રહેનારા ધન-સંપત્તિને હિંસામાં વાપરવાથી ધન નાશ પામે છે. પૃથ્વીનું રક્ષણ ખેતી કરવાથી જેમ થાય છે તેમ ધર્મરૂપી આંચળમાંથી અર્થરૂપી દૂધ સ્ત્રવે છે. ભૂત પ્રાણીનું રક્ષણ કરવું તે દયાધર્મ છે. ભય પામેલાનું રક્ષણ કરનારા દશ હજાર વર્ષ સ્વર્ગમાં વાસ કરે છે. દેવતા, પિતૃઓ, સંતો દાનધર્મથી જીવે છે. દાન કરવું ગૃહસ્થનો ધર્મ છે. સર્વપ્રકારના દાન કરનારો, બીજાને સુખી કરનારો શાશ્વત સુખને પામે છે. પ્રાણસમાન દાન નથી તેનાથી ઉત્તમ અભયદાન, મોક્ષદાન છે, તે હું બાલકૃષ્ણ કૃષ્ણવલ્લભ ત્રણ પ્રકારના દાન આપું છું. ધનદાન, પ્રાણદાન અને મોક્ષદાન. તેથી સર્વે મનુષ્યે રાગદ્વેષરૂપી પાપને તજવા જેથી મોક્ષનો ઘાત ન થાય. મોક્ષનો ઘાત થવાથી આત્મઘાત થાય છે. મોહ અને પ્રમાદને તજવા તેથી આલોક પરલોકમાં સુખી રહેવાય. પૃથ્વી, જળ, તેજ, વાયુ સૂર્ય વગેરે પાપી અને પુણ્યશાળી માટે સમાન છે. પણ દેહધારીએ પાપ પુણ્યને તો ભોગવવા જ પડે છે. તેથી જ્ઞાન મોક્ષ અને ભગવાન આપનારા ગુરુ, સંત, સાધ્વીની પૂજા કરવી. મનુષ્ય જન્મથી મોક્ષ ન મેળવ્યો તો કાંઈ ન થયું. બળદથી ન ખેતી થઈ, તો ભારવાહક થયો શું કામનો, દૂધ ન આપે ઈ ગાય શું કામની, વંધ્યા પત્નીનો શું અર્થ, રક્ષણ ન કરે તે રાજા શું કામનો, લાકડાનો હાથી શું કામનો, એમ આ શરીરથી, ધનથી સંતસેવા ન થઈ તો શું કામનું. નપુંસક જન્મ, ખાર ભૂમિ, પાણી વિનાના વાદળા, બાણ વિનાનો ક્ષત્રિય વ્યર્થ છે. દાન વિના વ્રત, સ્નેહ વિના ભક્તિ વ્યર્થ છે તેમ જ્ઞાન વિના ગુરુ વ્યર્થ છે. પ્રભુનો દિવ્ય ઉપદેશ સાંભળી સર્વે પ્રસન્ન થયા. પછી રાજાએ પ્રભુની પૂજા કરી સુવર્ણ અંલકારો ભેટ આપ્યા.

અધ્યાય - ૧૯૬

❖ ફેનતંતુ રાજાની ત્રિનયાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ફેનતંતુ રાજાની પ્રાર્થનાથી શ્રીહરિ ફાલનાદ ઋષિ સાથે વિમાનમાં બેસી ભાદરવી ચૌદશે ત્રિનયાનગરીમાં આવ્યા. રાજા-પ્રજાએ સ્વાગત કરી શહેરમાં ફેરવી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનને રાજમહેલમાં લાવ્યા. પ્રભુએ રાત્રિએ સભામાં ઉપદેશ આપ્યો, સંસારમાં વાસનાવાળા મનને જીતવું. પંચવિષય ઈન્દ્રિયોને જીતવા, પરમેશ્વરને તજીને ખોટી ચિંતા ન કરવી. ભગવાનની ભક્તિ વિના વ્યર્થ દિવસ ન જવા દેવો. સંત સેવા વિના વ્યર્થ આયુષ્ય ન જવા દેવું. મારા નામ સ્મરણ, કિર્તન વિના વ્યર્થવાણી ન બોલવી. મારા ધ્યાન વિના રાત્રિ વ્યર્થ ન જવા દેવી. મારા મંદિર વિના ધન વ્યર્થ ન જવા દેવું. મારા વિના આત્મા બીજે ન જોડવો. મારી પૂજા કરી મને અર્પણ કર્યું તેનું સર્વે સાર્થક થયું. દ્રોહ ન કરવો, અભિમાન ન કરવું. સદ્‌ગુણ પ્રાપ્ત કરવા તેથી મુક્તિ થાય, તે મોક્ષ આપનારો હું છું. અહિંસા, સત્યવચન, શામ, દામ આ મહાતપ છે.

શરીરના તપથી મનનું તપ મહાન છે. મનના તપથી પ્રભુની દાસ્યભક્તિ મહાન છે. મારી આજ્ઞામાં રહેલો દાસભક્ત દૂર હોવા છતાં મારી પાસે જ છે. મારી આજ્ઞા નહીં પાળનારો પાસે હોવા છતાં દૂર છે. તેથી મારી આજ્ઞાનું મારા ભક્તોએ પાલન કરવું. તથા ગુરુની પિતાની પૂજ્ય વર્ગની જ્ઞાનીની આજ્ઞાનું પાલન કરવું. આલોકમાં ક્ષણેક્ષણે દુઃખ અને આપત્ આવે છે. સંતયોગ અજ્ઞાન અને દુઃખનો નાશ કરે છે. આપત્ અંદર-બહાર બે પ્રકારે છે. બહારનું આપત્ દુખ, દ્રવ્ય દાન, અન્નદાનથી ટળે છે. અંદરનું દુઃખ જ્ઞાનથી સહન કરવાથી ટળે છે. તથા સર્વદુઃખ નાશનું કારણ સંતના આશીર્વાદ છે. શ્રીહરિનો આશ્રય કરવાથી સર્વ સુખ મળે છે. જ્યાં હું છું ત્યાં સુખ-આનંદ રહેલા છે. જ્યાં પ્રભુ નથી ત્યાં દુર્ગુણ વાસ કરે છે. તથા જ્યાં રાજા દુર્બલ અને અધર્મી હોય ત્યાં પ્રજાને આપતકાળ આવે છે. એવો અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ઉપદેશ સાંભળી સર્વે રાજી થયા. પછી પ્રભુએ સર્વને વૈષ્ણવમંત્ર આપ્યો. પછી ભોજન કરી રાજાએ શ્રીહરિનું પૂજન કરી બે કન્યા અર્પણ કરી ભેટ આપી.

અધ્યાય - ૧૯૭

❖ સ્તોકહોમ રાજાની ઉમાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ સ્તોકહોમ રાજાની પ્રાર્થનાથી તેના દેશમાં ઉમાપુરીમાં જવા તૈયાર થયા. શ્રીહરિ સ્વાદન ઋષિ સાથે વિમાનમાં બેઠા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ઉમાપુરીમાં સ્તોકહોમ રાજા અને પ્રજાએ જયઘોષથી, પુષ્પહારથી સ્વાગત કરી ફળ, ફુલથી,

ચોખાથી વધાવ્યા. પછી રાજાએ પ્રભુની પૂજા કરી ચરણામૃત પીધું પછી શ્રીહરિને હજાર ફેણવાળા શેષનારાયણની શોભાવાળા રથમાં પધરાવીને તે રથને સાઈઠ માનવો વહન કરતા હતા. પ્રભુ રાજમાર્ગ પર ચોકમાં સર્વ નરનારીઓને દર્શન આપી રાજમહેલમાં આવ્યા. દૂધપાન કરી સિંહાસને બેસી સર્વને ઉપદેશ આપવા લાગ્યા, રાજા-પ્રજાએ પરમેશ્વરનું પૂજન સદા કરવું. હું બંનેમાં રહેલો છું. તેથી તમો ભુક્તિ અને મુક્તિ બંને પર વિજય મેળવશો. નિર્માની જીતેન્દ્રિય ધીરજવાળો ક્ષમાવાળો શાશ્વત ગતિને પામે છે. સત્યવ્રતવાળો બ્રહ્મનું ચિંતન કરનારો સંતોષી યજ્ઞ કરનારો મારા લોકને પામે છે. મારા ધાર્મિકજનો જ્યાં વસે છે. ત્યાં હું ગુપ્ત રીતે તેના રક્ષણ માટે વાસ કરૂં છું. રાજા-શ્રીમંત પ્રજાજનોએ અનાથ, કૃપણ, વૃધ્ધ, સ્ત્રી અને સેવા કરનારા તેની અન્નવસ્ત્રથી સેવા કરવી. પાપ નાશ કરનારા, મોક્ષ આપનારા, શુધ્ધ સાધુ, ગુરુમાં વનનાં હિંસક પશુઓ પણ વિશ્વાસ કરે છે.

ત્યાગી એવા સાધુની સેવાથી મોક્ષ થાય છે. માટે ધનવાન પુરૂષોએ પોતાના શહેરમાં ત્યાગી-તપસ્વી સાધુઓને વાસ આપવો તથા રાજાઓએ સર્વદોષનો નાશ કરનારા લોકરક્ષણ માટે સાધુને રાખવા. ધર્મનું પાલન કરનારો રાજા પણ સાધુ કહેવાય છે. અધર્મી રાજા નરકમાં જાય છે. માટે બુધ્ધિથી સર્વ ઈચ્છાઓનો ત્યાગ કરે ત્યારે સુખી થાય છે. એક તૃપ્તિવાળો વનમાં આનંદથી રહે છે. બીજો અસંતોષી વનમાં દુઃખી થાય છે. તૃપ્તિવાળો આત્મામાં પ્રસન્ન રહે છે, સાધુની જેમ રહેતો સર્વ દુઃખથી રહિત થાય છે. કામ, ક્રોધ, હર્ષ, ભયનો, દંભનો ત્યાગ કરી સાધુની સેવા કરી શાશ્વત સુખની પ્રાપ્તિ કરવી. માતાપિતા, ગુરુની પૂજા કરવાથી આલોકમાં યશ મળે છે. દશ શાસ્ત્રી કરતા એક આચાર્ય મહાન છે. દશ આચાર્ય કરતાં એ વિદ્યા આપનારા શિક્ષક મહાન છે. દશ શિક્ષક કરતા એક પિતા મહાન છે. દશ પિતા કરતાં એક માતા મહાન છે. માતાને પૃથ્વી સમાન કહી છે. માતાપિતા કરતાં આત્મા-પરમાત્માનું જ્ઞાન આપનારા, મોક્ષ આપનારા ગુરુ સર્વથી મહાન છે. માટે ગુરુનું અપમાન ન કરવું તથા માતા, પિતા, મિત્ર અને સ્ત્રીનું અપમાન, દ્રોહઘાત ન કરવો કારણ કે તેનું પ્રાયશ્ચિત નથી. શ્રીહરિનો ઉપદેશ સાંભળી સર્વ રાજી થયા. પછી પ્રભુએ ભોજન કર્યું. રાજાએ પૂજન કરી રાજકન્યા પ્રભુને અર્પણ કરી. રાજા-પ્રજાએ જય જયકાર કરી વિદાય આપી.

અધ્યાય - ૧૯૮

❖ કાષ્ઠક રાજાની તુન્નયામાનપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ કાષ્ઠક રાજાની પ્રાર્થનાથી તેના રાજ્યમાં જવા માટે લોપનાદ ઋષિ સાથે વિમાનમાં બેઠા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભાદરવા સુદ પડવાને દિવસે કાષ્ઠક રાજાની તુન્નયામાન પુરીમાં વિમાનમાંથી ઉતર્યા. રાજા-પ્રજાએ જયઘોષથી, વાજીંત્રોથી સ્વાગત કરી ચંદન, ચોખા, પુષ્પહારથી પ્રભુની પૂજા કરી હીરાનો હાર પહેરાવ્યો. શ્યામ અશ્વ પર

બેસાડીને પૂરમાં પધરાવ્યા. પ્રધાનોએ, શ્રીમંતોએ દરવાજામાં શ્રીહરિની આરતી ઉતારી. ગોરી પ્રજા, નરનારીઓ પ્રભુનું પૂજન કરતી હતી. સર્વને દર્શન આપી શ્રીહરિ રાજમહેલે આવી બગીચામાં સભા કરી ઉપદેશ આપ્યો, સંસારસાગર સુખદુઃખથી ભરેલો છે. તેમાં દોષરૂપી મદાર રહેલા છે. તે તરવા માટે ગુરુરૂપી વહાણની જરૂર પડે છે. અખંડ ભગવાનને ધારી રહેલા સંતો ડૂબેલાને તારી મોક્ષ કરે છે. તેથી સંત, આચાર્ય, ગુરુ અને અતિથિને માનવા, પૂજવા. પાપીનો નિગ્રહ, સાધુનું રક્ષણ કરવાથી, ભક્તિ, સેવાયજ્ઞ, દાનથી હું વશ થાઉં છું. દુષ્ટનો સંગ તજી સાધુનો સમાગમ કરવો. દુઃખમાં ભાગ લેવો તે મિત્રનું-સાધુનું લક્ષણ છે. મનમાં જુદું, વાણીમાં બીજું, કાર્યમાં જુદું તેને દુષ્ટ સ્વભાવ જાણવો. રાગ, દ્વેષ, હર્ષ, શોકથી રહિત નિરહંકારી વિવેકવાળા થવું. સર્વ નાશવંત સ્વભાવવાળું છે એવું જાણી સાધુ થવું. રાજા, ધનવાનો, ધન વિનાના સર્વનું જીવન ચાલે છે. એવું જાણી ચિંતા તજી સુખી રહેવું. રાજાને ઉપાધિ વધારે, ધનિકને ઓછી, નિર્ધનને જરા પણ ધન સાચવવાની ચિંતા નહીં, એમ સમજે તો સુખિયો રહે. કાળ સર્વને માટે સમાન છે. એક પુરૂષ ધર્મપાલન કરી કલ્યાણની ઈચ્છાથી ભક્તિ કરી પરલોકમાં સુખ મેળવે છે, એક પુરૂષ અતિલોભથી ધનને પુરૂષાર્થ માને છે પણ જ્ઞાનીઓ નાશવંત ધનને નિષ્ફળ ગણે છે. શ્રીહરિનો ઉપદેશ સાંભળી સર્વે રાજી થયા. પ્રભુએ મહેમાનોને ભોજન કરાવ્યા.

અધ્યાય - ૧૯૯

❖ કોલક રાજાની મુરમાષાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પ્રભુ કોલક રાજાની પ્રાર્થનાથી લેપનાદ ઋષિ સાથે વિમાનમાં બેસી મુરમાષાનગરી રાજધાનીમાં આવ્યા. રાજા-પ્રજાએ ભાવભર્યું ભગવાન કૃષ્ણવલ્લભનું સ્વાગત કરી જયઘોષ કરી પુષ્પચંદન, અક્ષતથી પૂજન કર્યું. શ્રીહરિને શિબિકામાં બેસાડી નગરમાં ફેરવી પ્રજાજનો દર્શન પૂજન કરી અનેક ભેટ આપી આરતી કરતા હતા. રાજમહેલે આવી સભા કરી બોલ્યા, મોક્ષની ઈચ્છાવાળાએ પરમેશ્વરનું ભજન-પૂજન કરવું. સત્યવ્રત રહેવું પણ સત્ય બોલવાથી બીજાને દુઃખ થતું હોય તો સત્ય ન બોલવું. અહિંસા છે તેજ ધર્મ છે. હિંસા થતી હોય તેમાં ખોટું બોલાય તો તે ધર્મ છે, ચોર પુરૂષ પાસે સત્ય ન બોલવું, તે ધર્મ છે. ચોરના હાથમાંથી છુટવા ખોટા સમ લઈ છુટી જવું તે ધર્મ. મરણના સંકટ સમયે અથવા વિવાહમાં ખોટું બોલાય તેનો દોષ નથી. સાધુ પાસે ખોટું ન બોલવું કારણ કે તે તારનારા છે. તેની પાસે મન, વચન, કર્મથી સત્યનું આચરણ કરવું. અહિંસક, ઓછું બોલનારો છતાં ઈર્ષ્યારહિત દુઃખને તરી જાય છે. નિર્માની બીજાને માન આપનારો, કૃષ્ણ કથા કરનારો જીતેન્દ્રિય અક્રોધિ તૃષ્ણારહિત તે પૂજ્ય થાય છે.

શ્રીહરિ કહે, સત્યવ્રતવાળા એવા કંભરાગોપાલના બાલકૃષ્ણ એવા મને હૃદયમાં રાખવાથી મારો આશ્રય કરવાથી નરનારી સર્વદુઃખને તરી જાય છે. એમ કહી શરણે આવેલા જનોને મંત્ર આપ્યો. પછી રાજકુટુંબે પ્રભુની પૂજા કરી પોતાની કન્યાનું દાન શ્રીહરિને કર્યું. પછી સર્વેએ ભોજન કરી વિશ્રામ કર્યો. ત્યાં ગંગાનદીના સંતાનો નદી-સરોવર સમુદ્રરૂપે રહેલા તે સર્વ આવી પ્રભુને વિનંતી કરી તેથી શ્રીહરિ અનેક સ્વરૂપો ધારણ કરી તે સર્વે નદીમાં સ્નાન કરી સર્વને તીર્થરૂપ કરી. ત્યાં નીલકર્ણ અને વૃકાયન ઋષિ અમરી કેનાટ પ્રદેશમાં ફરી પ્રભુ પાસે આવી દંડવત પ્રણામ કરી પગે લાગ્યા. શ્રીહરિએ તેમને ભેટીને ચરણવિંદ આપ્યા. પછી બંને ઋષિએ પ્રાર્થના કરી કે, પ્રભુ તે પ્રદેશોના રાજા-પ્રજા આપના દર્શન ઈચ્છે છે, તો ત્યાં આવી મહાવિષ્ણુયાગ કરો અને તે દેશને પાવન કરો.

અધ્યાય - ૨૦૦

❖ દિનમાનાર્ક રાજાની અપશનાવિકાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, દિનમાનાર્ક રાજાએ પ્રભુને પોતાના નગરમાં પધારવાની પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ હારિત ઋષિ સાથે વિમાનમાં બેસી સમુદ્ર ઓળંગી ગરીમાં દેશમાં અપશનાવિકાપુરીમાં વિમાનને ઉતાર્યું. દિવ્ય અલૌકિક બાલકૃષ્ણને જોઈને રાજારાણી, કુમારો, પ્રજા સર્વેને સમાધિ થઈ. સમાધિમાં અતિ તેજમાં ઈશ્વરો, ધામો અને અવતારો જોયા. કોટી ગોપ-ગોપીઓથી સેવાયેલા, ગોલોકમાં કૃષ્ણ ભગવાનને જોયાં. પરમધામમાં મુક્તોથી સેવાતા અનાદિશ્રીકૃષ્ણનારાયણને જોયા. સર્વ સમાધિથી જાગ્યા ત્યાં બાલકૃષ્ણ ભગવાનને આગળ રહેલા જોઈને આશ્ચર્ય પામ્યા. પછી પ્રભુનું સ્વાગત કરી હાર પહેરાવ્યા. ગોરી પ્રજાએ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણવલ્લભને ચંદન-પુષ્પોથી વધાવ્યા. પછી શ્રીહરિને યંત્રવાળા રથમાં બેસાડ્યા. રાજાએ છત્ર, રાણીએ વીંજણો, કુમારે છડી, કુમારીઓ ચામર ધારણ કરી સેવામાં રહ્યા. બીજા રથમાં શંકરને, ત્રીજા રથમાં કંભરામાતાને ગોપાલપિતાને, અન્ય રથોમાં ઋષિમંડળને, પડદાવાળા રથમાં શ્રીહરિની પત્નીઓને બેસાડ્યા.

રાજમાર્ગ પર ચોકમાં, બજારમાં, નગરના નરનારીઓ બાલકૃષ્ણ પ્રભુનું દિવ્યસ્વરૂપ જોઈને ચંદનપુષ્પથી અક્ષતસુંગધીથી પૂજા કરી, વસ્ત્ર અલંકારોની વગેરે ભેટ આપતા હતા. પછી રાજમહેલે આવી દૂધપાક ભોજન કરી રાજારાણીએ પૂજા કરી. બે રાજકન્યાઓએ પ્રભુને વરમાળા પહેરાવી, પછી પ્રભુએ ભાદરવા સુદ ચોથને દિવસે ગણેશની પૂજા કરી લાડુ જમાડ્યા. પ્રભુ પાંચમે સવારે દૂધ પીને સભામાં બેઠા. રાજા-પ્રજા જય જયકાર કરી આસને બેઠા. શ્રીહરિએ સર્વને આશીર્વાદ આપી રાજાને પ્રસાદીનો હાર આપ્યો. પછી સર્વને ઉપદેશ આપ્યો, મનુષ્યોએ લોભ, તૃષ્ણા તજી ભગવાન ભજી લેવા. તેમાં ઊંટ, સિંહ, નદી, વૃક્ષ વગેરેના દૃષ્ટાંતો આપ્યા. તેથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદમાન તજી મારો, મારા

સાધુ-સાધ્વીનો આશ્રય કરી સુખી થવું. પછી પ્રભુએ રાજકુટુંબને, પ્રજાને મંત્ર આપી આશીર્વાદ આપ્યા. શ્રીહરિ વિમાનમાં બેસી સમુદ્ર ઉલ્લંઘી કેનાટક પ્રદેશમાં આવ્યા. વિનાપાર સરોવર પાસે વિમાન ઉતાર્યું. ત્યાં લાલાસન યોગી આવ્યા.

અધ્યાય - ૨૦૧ થી ૨૦૭

❖ રાયકિન્નર રાજાના અમરીપ્રદેશમાં શ્રીહરિ દ્વારા દિવ્ય ભવ્ય મહાયજ્ઞ ❖

રાધાજીએ પૂછ્યું : હે કૃષ્ણ, કેનાટક અમરી પ્રદેશમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ ક્યાં ક્યાં ફર્યા. શું ચરિત્ર, ચમત્કાર બતાવ્યા. કોણે કોણે શું સેવા કરી તે સર્વ કથા કહો. પરબ્રહ્મની કથા સાંભળીને મને અતિતૃપ્તિ થાય છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને ત્યાં યજ્ઞ કર્યો, મંત્ર ઉપદેશ આપ્યો, તીર્થો કર્યા, દિવ્યદર્શન આપ્યા. જે નરનારીઓએ સેવા કરી, પ્રભુએ તેનો મોક્ષ કર્યો. તે કથા સંક્ષેપમાં કહું છું.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ લાલાયન અને દિવિમાન ઋષિને સાથે રાખી સમ્રાટ રાજા રાયકિન્નર પાસે વિનીપાર સરોવરે શેષકાષ્ઠા નદીકાંઠે યજ્ઞ કરાવતા હતા. તેમાં આમંત્રણ માટે સર્વરાજા અને પ્રજાને મંગલપત્રિકા મોકલી. સરોવર-નદીકાંઠે વિશાળ મંડપની રચના કરાવવા શ્રીહરિ યજ્ઞ સ્થળે જોવા આવ્યા. ત્યાં અનેક રાજ્યોમાંથી આવેલા રોકીશ્વર, રાયરણજીત, રાયવાકક્ષક, રાયમારીશ, રાયબાલેશ્વર, રાયલંબાર, રાયનવાર્ક, રાયહુંડેશરાય, કુપેશ વગેરે રાજાઓ સૈન્ય સાથે કરોડો ગોરી પ્રજા નરનારીઓ સાથે આવી ગીત-વાજીંત્રોથી, જયઘોષથી ભગવાન કૃષ્ણવલ્લભનું સ્વાગત કરી હીરામોતીના હારમણિ રત્નોના સોનાચાંદીના હાર, પુષ્પોના હાર પહેરાવી પૂજા કરી પછી પ્રધાનોએ શ્રીમંતોએ પૂજા કરી પુષ્પહાર પહેરાવ્યા. શ્રીહરિએ સર્વને કુશળ સમાચાર પૂછ્યા. સર્વ રાજાઓએ પ્રભુને કહ્યું કે, હે શ્રીહરિ તમે આ દેશમાં પધારવાથી પૃથ્વી પાવન થઈ. નરનારીઓ તમારા દર્શન કરી તૃપ્ત થયા. વન, પર્વત, નદી, સમુદ્ર, પશુ, પક્ષી, વાહન, જીવજંતુ, વૃક્ષવેલી સર્વે ધન્યભાગી થયા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ દશયોજનનો મહામંડપ વિશ્વકર્મા પાસે કરાવતા હતા. શંકરવિષ્ણુના પાર્ષદો તથા લોમશ ઋષિના શીષ્યો પાસે યજ્ઞશાળા પાઠશાળા ભોજનશાળા ઉતારા સ્નાન રસગાલા વગેરે કરાવ્યા. શ્રીહરિએ ઈન્દ્રને સંભાર્યા તેણે આવી અમૃતના કુંડ ભરી દીધા. ધામમાંથી કામદૂધા ગાયો આવી દૂધ, દહીં, ઘી વગેરેના કુંડો ભરી દીધા તથા અન્ન, સાકર, ગોળના પર્વતો હાજર કર્યા. પછી કુબેરને બોલાવ્યા. તેણે સુવર્ણ રૂપિયાના ગંજ કર્યા. શ્રીહરિની આજ્ઞાથી રાયકિન્નર રાજાએ છઠ્ઠને દિવસે બપોરે સર્વને મિષ્ટાન્ન, ભોજન કરાવ્યું. પછી રાજાએ ચાર દાંતવાળા ધોળા હાથીને શણગારીને સોનાની અંબાડીમાં શ્રીહરિને બેસાડ્યા. બીજા હાથી પર શ્રીહરિના માતાપિતા કુટુંબ વગેરે તથા ઋષિમંડળને બેસાડ્યા.

અને મણિપુરમાં ફેરવ્યા. અમરીદેશની ગોરીપ્રજા નરનારીઓ બાલકૃષ્ણનું દિવ્ય અલૌકિકરૂપ જોઈ આશ્ચર્ય પામી ચંદનપુષ્પોથી વધાવતી હતી. પછી પ્રભુ રાજાના મહેલમાં આવ્યા. રાજારાણીએ, કુમાર, કુમારીઓએ પ્રભુનું પૂજન કરી ચરણામૃત પીધું. દિવ્ય દર્શન દીધું. પછી રાજાએ સ્તુતિ કરી, પરમધામમાં મહામુક્તોથી સેવાયેલા અનંત શક્તિવાળા, અનેક ગુણવાળા હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમે જય પામો. હે પ્રભુ ગોલોક ધામમાં ગોપગોપીઓથી પૂજાયેલા કૃષ્ણ સ્વરૂપ પણ તમે જ છો. વૈકુંઠ ધામમાં લક્ષ્મીનારાયણ પણ તમે છો. ભૂમાનારાયણ, નરનારાયણ, શેષનારાયણ ચતુર્વ્યૂહ સ્વરૂપ સર્વરૂપે તમે રહેલા છો. દેવ, દૈત્ય, પિતૃઓ, રાજાઓ, જડચેતન સ્થાવરજંગમ સર્વ તમારામાં રહેલું છે. હે પ્રભુ તમારું આપેલું આ રાજ્ય હું ભોગવું છું. રાજાની સ્તુતિથી શ્રીબાલકૃષ્ણ પ્રસન્ન થયા. એકાવન રાજકન્યાઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી. પછી પ્રધાનોએ પોતાને ઘેર પ્રભુને પધરાવી પૂજા કરી ભેટ મુકી. શ્રીમંતોએ પણ પોતાને ઘેર પધરાવી પૂજા કરી ભેટ મુકતા હતા. સર્વ નરનારીઓ શ્રી બાલકૃષ્ણનું દિવ્ય તેજસ્વી રૂપ જોઈને આશ્ચર્ય મુગ્ધ થતા હતા અને પરમ આનંદ પામતા હતા. મણિપુરમાં નરનારીઓ જય જયકાર કરી પરસ્પર કહેતા હતા કે, આ બાલકૃષ્ણ પાસેથી આપણે યજ્ઞમાં મંત્ર ગ્રહણ કરશું. પછી પ્રભુ યજ્ઞશાળામાં આવ્યા. સર્વેએ ષોડ્ષોપચારથી પૂજા કરી વસ્ત્ર અલંકારો ધારણ કરાવ્યા. પછી શ્રીહરિએ રાજમહેલમાં આવી ભોજનપાન કર્યા. રાત્રે કિર્તન ઉત્સવ, નૃત્ય થયા. રાત્રિ વિશ્રામ કરી સવારે જાગી હરિકૃષ્ણ પ્રભુએ નિત્યકર્મ કરી દૂધપાન કરી વિશ્વકર્માએ રચેલો મહામંડપ જોવા ગયા.

યજ્ઞમંડપ જોઈને પ્રસન્ન થયેલા ભગવાન કૃષ્ણવલ્લભે પૃથ્વી દેવી અને લક્ષ્મીને બોલાવી આજ્ઞા આપી. આ યજ્ઞમાં તમારે અન્નપૂર્તિ સહાયરૂપે થવું. સર્વજનોને ભોજન પૂર્ણ થાય તે સેવા કરવી. વરૂણદેવને બોલાવી પાણીની સેવા આપી, કુબેરને દક્ષિણાની સેવા સોંપી, અશ્વિનીકુમારોને આરોગ્યની સેવા આપી, ધર્મરાજાને સર્વની રક્ષા કરવાની સેવા આપી, ગણપતિને સર્વ વિઘ્નો નાશ કરવાની સેવા આપી, સૂર્યને સર્વવસ્તુ અક્ષત રાખવાની સેવા આપી, શંકરની સર્વની રક્ષા કરવાની સેવા આપી, દાનદેવા વિષ્ણુની નિમણૂક કરી, સ્વાગત સેવા ઈન્દ્રને સોંપી, ભોજન પકાવવાની સેવા અગ્નિને આપી, વીજળીને પ્રકાશસેવા આપી. એ રીતે સર્વ દેવોને શ્રીહરિએ યજ્ઞસેવામાં નિયુક્ત કર્યાં. પછી કીન્નર રાજાને આજ્ઞા આપી સુવર્ણની નવ આંગળની નારાયણની મૂર્તિ બનાવજે અને આઠ આંગળની લક્ષ્મીજીની મૂર્તિ બનાવજે અને દશ આંગળની મારી મૂર્તિ બનાવજે. તથા માણિકી, રમા, પદમા, રાધા વગેરે મૂર્તિ બનાવજે તથા શીવ, પાર્વતી, ગણેશ, નંદીની, કાર્તિક વગેરે પાંચ મૂર્તિ કરાવજે. તથા સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, કંભરામાતા, ગોપાલપિતા વગેરેની પાંચ મૂર્તિઓ કરાવજે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનને નારદ સુદર્શન ચક્ર, ગરૂડ અને સનત્કુમાર - સચ્ચિદાનંદને પત્રિકાઓ આપી અને સર્વે સૃષ્ટિઓમાં બ્રહ્માંડોમાં મહાયજ્ઞમાં આવવાનું આમંત્રણ આપતા હતા કે, ભાદરવા સુદ સાતમે યજ્ઞારંભ થશે. પછી યમરાજને આજ્ઞા કરી. યમપુરી બંધ કરી યમદૂતોને યજ્ઞ સેવામાં રાખજો. નરનારાયણ ભગવાન, વાસુદેવ, ધર્મરાજા વગેરેને આજ્ઞા આપી, તમારે યજ્ઞમાં આવતા જનોનું સ્વાગત કરવું. લક્ષ્મી, સરસ્વતી, પાર્વતીને આજ્ઞા આપી. તમારે નારીઓનું સ્વાગત કરવું. ભારદ્વાજ, લોમશ ઋષિ ગંગાપુત્રોને આજ્ઞા કરી, તમારે સર્વેને અન્નજળ, ફળફુલ આપવા. બ્રહ્મધરાને બ્રહ્મરસને વિરજાને અમૃતને આજ્ઞા આપી, તમારે સર્વને ઈચ્છા પ્રમાણે તૃપ્તિ કરવી. અગ્નિને, વાયુને આજ્ઞા કરી, તમારે સેવામાં રહેવું. વિશ્વકર્માને આજ્ઞા આપી તમે આકાશમાં અવતારો, ઈશ્વરો, દેવોના નિવાસોની રચના કરો. તથા રોકીશ્વરરાજા આવી કહે, હે પ્રભુ મારી નગરી પાવન કરો. શ્રીહરિ ઋષિઓ સાથે લઈને તે નગરીમાં ગયા. ત્યાં રાજમહેલમાં પ્રભુને પધરાવી ષોડ્શોપચારથી રાજારાણી, કુમાર, કુમારીઓએ પૂજા કરી. આરતી કરી ભેટ મુકી. એકવીસ રાજકન્યાઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી, પછી રાજાએ પ્રભુને પુરમાં પધરાવ્યા. બાલકૃષ્ણનું દર્શન કરી નરનારીઓ સુવર્ણ, ચાંદી, વસ્ત્ર-અંલકારો ભેટ આપતા હતા. શ્રીહરિ તે સર્વે ભેટો ઋષિઓને યજ્ઞ માટે આપી દેતા હતા. શ્રીહરિ સર્વ સાથે યજ્ઞમંડપમાં આવી શોભા જોતા હતા. યજ્ઞમંડપ સ્વર્ગ, મહાસ્વર્ગ, બ્રહ્મસ્વર્ગ સમાન શોભતો હતો.

શ્રીહરિની આજ્ઞાથી પરમધામમાંથી મુક્તો મુક્તાનિઓ દિવ્ય વિમાનમાં બેસી આવ્યા. શ્રીહરિએ તેમનું સ્વાગત કર્યું. ધામોમાંથી અવતારો ઈશ્વરો આવ્યા. હે રાધા, હું પણ તારી સાથે ગોપગોપીઓને લઈને ગયો હતો. વૈકુંઠથી લક્ષ્મીનારાયણ પાર્ષદો સાથે આવ્યા. વાસુદેવાદિ ચતુર્વ્યૂહ, ભૂમાનારાયણ, મહાવિષ્ણુ વૈરાટનારાયણ આવ્યા. બાલકૃષ્ણ સર્વનું સ્વાગત કરતા હતા. માયામાં રહેલા આઠ આવરણોના ઈશ્વરો આવ્યા. કૈલાશધામથી શીવ, પાર્વતી, ગણો સાથે આવ્યા. ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ, બ્રહ્મા, વિષ્ણુ, ચૌદલોકના વાસી, સર્વદેવો, ગ્રહો, નક્ષત્રો, પિતૃઓ, સિધ્ધો, ચારણો, ગાંધર્વો, વિદ્યાધરો, અપ્સરાઓ સર્વે આવતા હતા. ઋષિમુનિઓ, સાધુ, સાધ્વીઓ, યતિ, બ્રહ્મચારીઓ, યોગી, સંન્યાસીઓ, સતી, ભક્તો, વૈષ્ણવો સર્વે યજ્ઞમાં આવતા હતા. દૈત્યો, દાનવો, રાક્ષસો, રૂદ્રો, સર્પો, પર્વતો, તીર્થો, નદીઓ, સમુદ્રો, સ્થાવર જંગમ સર્વે આવ્યા. સૌરાષ્ટ્રના-ઉષ્ટ્રાલયના, શીવરાજના, રાશીયાનના, અબ્રિકતના, અમરીપ્રદેશના સર્વે માનવો આવ્યા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને સર્વનું સન્માન કરી યથાયોગ્ય ઉતારા અપાવ્યા. યજ્ઞમાં આવેલા સર્વ મહેમાનોને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય અનેક પ્રકારના મિષ્ટાન્ન ભોજનથી તૃપ્તિ પમાડ્યા. પછી રાત્રિએ સૌ પોતાની કલા, મનોરંજન બતાવતા હતા. વાજીંત્રો

સાથે કિર્તનો કરતા હતા. સાતમે સવારે શ્રીહરિએ નિત્યકર્મ કર્યું. ત્યાં લોમશ ઋષિ આવી કહે, પ્રભુ તમારા શિષ્ય યોગી નૈષ્ઠિક બ્રહ્મચારી સ્વયંપ્રકાશને યજ્ઞમાં મુખ્ય રાખજો. ભગવાન કૃષ્ણવલ્લભ સ્વયંપ્રકાશને મુખ્ય રાખી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ, બૃહસ્પતિ, સનત્કુમાર, વશિષ્ઠ, ભૃગુ, ભારદ્વાજ વગેરે ઋષિને યજ્ઞમાં હોમ કરવા નિયુક્ત કરી હાર પહેરાવ્યા. તે સર્વના ગુરુ પદે લોમશ ઋષિ અને લાલાસનયોગીને રાખ્યા. મુખ્ય યજમાન પદે રાજા રાયકિન્નરને રાખ્યા. તે રાણી સાથે યજ્ઞમંડપમાં આવ્યા. સર્વે મહેમાનો યજ્ઞ મંડપમાં આવ્યા. સર્વ કર્મઠો, વયોવૃધ્ધ, જ્ઞાનવૃધ્ધ, તપોવૃધ્ધ, ગુણવૃધ્ધ, ધનવૃધ્ધ, વેદવૃધ્ધ રાજાઓ આવ્યા. જપપાઠ હોમ કરનારા સર્વ સેવા કરનારા આવ્યા. તેત્રિસ કરોડ દેવો તે યજ્ઞમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવ્યા. ચારેય દિશાથી રાજાઓ પત્ની સાથે દ્રવ્ય સામગ્રી લઈને આવ્યા. યજ્ઞની સર્વે સામગ્રી મૂર્તિમાન આવી હાજર થઈ ત્યાં સર્વદિવ્ય વાજીંત્રો વાગવા લાગ્યા. પછી પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ યજ્ઞમંડપમાં પધાર્યા. સર્વેએ જયઘોષ કર્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનેક રાજાઓ પત્નીઓ સાથે અને પોતાના ગુરુઋષિ સાથે યજ્ઞકુંડ પાસે યજમાનપદે બેઠા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રેષ્ઠ આસને બેઠા. લક્ષ્મીનારાયણને સ્થાપન કર્યા. ગણેશ સ્થાપન કરી સર્વ સ્થાનમાં સર્વ દેવોનું સ્થાપન કર્યું. લોમશ ઋષિ ઘઉં, જવ, ડાંગર, તલ, ઘી, માખણ, ગંધ, સુંગધ, ધૂપદીપ, નૈવેદ્ય, સાકર, ફળફુલ, સોપારી વગેરે સામગ્રી તૈયાર કરાવી, ઊનના આસનો તૈયાર કરી સ્વસ્તિ વાચન કર્યું. સર્વને દેહશુધ્ધિ કરાવી, માતૃપૂજા કરી યજમાનોને વૈષ્ણવી દીક્ષા આપી. પછી આચાર્ય બ્રહ્મા જપ કરનારા, પાઠ કરનારા વેદમંત્રનો જપ કરનારા હજારો લાખો બ્રાહ્મણોનું વરણ કરતા હતા. સપ્તર્ષિએ આશીર્વાદ આપ્યા. પછી લોમશ ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું રાધા, લક્ષ્મી, પૃથ્વી, માણિકી, પ્રભા, પાર્વતી સાથે સુવર્ણના આસન ઉપર સ્થાપન કર્યું. રાધાકૃષ્ણનું આવાહન કરી સ્થાપન કર્યું. સર્વ અવતારોનું શક્તિઓ સાથે આવાહન કરી સ્થાપન કર્યું. ચતુર્વ્યૂહ ભૂમા હિરણ્યગર્ભ વૈરાજ અષ્ટાવરણના ઈશ્વરો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સર્વેનું આવાહ્ન કરી સ્થાપન કર્યુ. મહામાયા, મહાપુરુષ, પિતૃઓ, મહર્ષિઓ, મરૂતો, વિશ્વદેવો, સાધ્યદેવો, સિધ્ધિઓ, નિધિઓ, ગ્રહ, ઉપગ્રહ, કલાતીર્થો, નદીઓ, સમુદ્રો, પર્વતો, યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, વિનાયક, વૈતાલ, સૂત, માગધ, બંદી, ભાટ, ચારણ, ગાંધર્વ, વિદ્યાધર, સિધ્ધો, ચારવર્ણ, ચાર આશ્રમવાસી, જળચર, સ્થળચર, વનચર, વૃક્ષવેલી, વનદેવીઓ, પશુ-પક્ષી, સર્પો, દૈત્યો, દાનવો, સ્થાવરજંગમ સર્વે મૂર્તિમાન ત્યાં યજ્ઞમાં આવ્યા. જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિમાંથી યજ્ઞમાં આવવામાં કોઈ બાકી ન હતું. મૂર્તિમાન વેદો, મંત્રો, ગીતિઓ, ઋચાઓ, સ્વર, વિદ્યા, બ્રહ્મવિદ્યા, સ્વાહા સ્વધા સર્વે મૂર્તિમાન યજ્ઞમાં હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભની હાજરીમાં તે યજ્ઞમાં વિઘ્નો નિર્વિઘ્ન

થયા. રોગ નીરોગ થયા. અધર્મવંશના દુર્ગુણો પણ ધર્મના ગુણરૂપે થતા હતા. ત્યાં દશકુંડના યજમાન પદે દશ રાજાઓ પત્ની સાથે બેઠા હતા. મુખ્ય યજમાન પદે રાયકિન્નર રાજા પત્ની સાથે બેઠા હતા.

પછી લોમશ ઋષિના કહેવાથી રાયકિન્નર રાજાએ માતાપિતા સાથે અનાદી પુરુષોત્તમ શ્રી બાલકૃષ્ણનું પંચામૃતથી, તીર્થ જલથી સ્નાન કરાવી ષોડ્શોપચારથી પૂજન કર્યું. વસ્ત્ર-આભૂષણો, તુલસી, પુષ્પહાર, ધૂપદીપ, નૈવેદ્ય અર્પણ કરી છત્ર, ચામર ધરી આરતી, દંડવત્ પ્રદક્ષિણા સ્તૂતિ ક્ષમા, પ્રાર્થના કરી. પછી સર્વ મુક્તો, અવતારો, ઈશ્વરો, દેવો, દેવીનું પૂજન કર્યું. ઋષિમુનિ, પિતૃનું પૂજન કર્યું. પછી ઘીનું પાત્ર લઈ શાંતિપાઠ, માંગલિક સ્વસ્તિવાચન વિપ્રોના મુખેથી સાંભળી લોમશ ઋષિ રાજાને અંગસંકલ્પ કરાવતા હતા. ભૂમી કુર્મ શેષનારાયણનું પૂજન કર્યું. તીર્થજલ અને પંચગવ્યનું પ્રોક્ષણ કર્યું. ગણેશ પૂજન, માતૃપિતૃનાં શ્રાધ્ધ, કળશ પૂજન વગેરે કર્યું. લોમશ ઋષિએ રક્ષાસૂત્ર રાજાને કાંડે બાંધ્યું. કળશમાં જલદેવીનું પૂજન કર્યું. ચોસઠ જોગણીનું પૂજન કર્યું. પછી સર્વતોભદ્રમંડળ પુરી મધ્યે અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સર્વ પત્નીયુક્ત પૂજન કર્યું. પછી રાધાકૃષ્ણનું ગોપગોપી સાથે પૂજન કર્યું. લક્ષ્મીનારાયણનું પાર્ષદ પાર્ષદાણીઓ સાથે પૂજન કર્યું સર્વ અવતારો શક્તિ સહિત ઈશ્વરોનું પૂજન કર્યું. બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ગણેશ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વરૂણ, યમ, કુબેર, પરદેવતા, ગુરુ, વેદવ્યાસ વગેરેનું પૂજન કર્યું. જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ, બ્રહ્માંડોમાંથી આવેલા સર્વે જડ ચેતન તત્ત્વોની પૂજા કરી તથા સ્થાવર, જંગમ, તીર્થરૂપ, સાધુ, સાધ્વી, ઋષિમુનિ, યોગી, બ્રહ્મચારી, ત્યાગી, સંન્યાસી, સતી, પતિવ્રતા, નદી, પર્વતો, સમુદ્રો વગેરે સર્વ તીર્થોની લોમશ ઋષિએ રાજા પાસે પૂજા કરાવી.

શ્રીકૃષ્ણ કહે : રાધા, વેદ વિધિથી કુંડમાં અગ્નિ સ્થાપન કરી ફરીથી રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની મહાઉપચારથી પૂજા કરી વસ્ત્ર-અલંકારો અર્પણ કરતા હતા. સેવક સેવિકા વાહનોનું પૂજન કર્યું. શ્રીહરિને સર્વ શણગાર ધરાવી આરતી કરી પ્રદક્ષિણા દંડવત્ પ્રણામ સ્તુતિ કરી પછી યજ્ઞકુંડમાં અગ્નિમાં હોમ કર્યો. પછી સર્વનું પૂજન કરી સર્વેને બલિ આપ્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણને, રાધાકૃષ્ણને, લક્ષ્મીનારાયણને, નરનારાયણને, વામન નારાયણને અવતારો, ઈશ્વરો, શક્તિઓ આવરણોના ઈશ્વરો, સર્વદેવો, દેવીઓને બલિ આપ્યો. યક્ષ, રાક્ષસ, ભૂતપ્રેત, પિશાચ, દૈત્યો, દાનવો, તામસી, રાજસી, સાત્વિકી સર્વેને બલિ આપ્યો. જરાયૂજ, અંડજ, ઉદ્બીજ, સ્વદેજ સર્વને બલિ ભોજન આપી તૃપ્ત કર્યા. પછી યજ્ઞમાં આવેલા સર્વ મહેમાનોને ભોજનથી તૃપ્તિ પમાડતા હતા. એ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી લોમશ ઋષિ ઘીની અખંડધારાથી યજ્ઞ કુંડમાં અગ્નિને તૃપ્તિ પમાડતા હતા. સાતમ, આઠમ, નોમ, દશમ અને એકાદશી પર્યંત યજ્ઞકાર્ય થયું ત્યાં

સુધી આપોઆપો જમોજમો એમ ઘોષણા થતી હતી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને કરોડો દાન દક્ષિણાઓ આપી. રાજાઓએ પણ ધન, વસ્ત્ર, આભૂષણો ગૃહદાન, કન્યાદાન કર્યા. પ્રજાજનો પણ દાન આપતા હતા. જ્યાં પરબ્રહ્મ રાધા લક્ષ્મીપતિ, પ્રભા પાર્વતીપતિ શ્રીકૃષ્ણવલ્લભ વિરાજતા હોય ત્યાં કોઈ વસ્તુની કમી ન હોય ત્યાં નિષેધ વિઘ્ન ન હોય, ત્યાં કાળ યમનું બંધન નથી ત્યાં સૂતક શોક નથી. ત્યાં કુમુહૂર્ત અપશુકનો નથી, જ્યાં પ્રભુ છે ત્યાં અશુભ નથી.

અધ્યાય - ૨૦૮

❖ રણજીત રાજાના મીનાર્કકૃષ્ણપતન રાજ્યમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, યુકાસના નદીકાંઠે મીનાર્કકૃષ્ણપતનનો રાજા રણજીત આલાયસ ઋષિ સાથે આવી શ્રીહરિને પોતાને પૂર પધારવાની પ્રાર્થના કરી. શ્રીહરિ અવતારો, ઈશ્વરો, લોમશ ઋષિ, રાધા, લક્ષ્મી વગેરેને સાથે લઈ વિમાનમાં બેસી મીનાર્કકૃષ્ણપતન આવ્યા. રાજા-પ્રજાએ સ્વાગત કરી વધાવ્યા. રાજકુટુંબે શ્રીહરિની પૂજા કરી દૂધપાન કરાવ્યું અને વીસ રાજકન્યાનું દાન કર્યું. પછી શ્વેત હાથી પર બેસી નગરમાં ફર્યા. નરનારીઓને દર્શન આપ્યા. પૂજા ગ્રહણ કરી રાજમહેલે આવી સભા કરી ઉપદેશ આપ્યો, મેં સર્જેલું બ્રહ્માંડ નાશ થવાનું છે. અવિનાશી આત્મા કર્મ ફળને ભોગવે, આત્મામાં રહેલા પરમાત્માને ઓળખે તો નિજાનંદવાળો થાય પછી શરીરના કર્મને ભોગવી પરલોકમાં શાંતિને સુખને પામે છે. તે શાંતિને સુખ પુણ્યથી, દાનથી, પરોપકારથી વૃધ્ધ અને સત્પુરૂષોની સેવાથી મળે છે. તેથી ઉત્તમ વૈકુંઠ ગોલોક ધામની પ્રાપ્તિ થાય છે. તેથી પણ ઉત્તમ મારા પરમધામમાં પાર્ષદોના મંડળમાં રહે છે. મારા યોગને પામે તે ધામમાં દિવ્યસ્વરૂપે થાય છે. ગોલોકમાં હું કૃષ્ણરૂપે છું. વૈકુંઠમાં નારાયણરૂપે છું. કૈલાશમાં શંકર રૂપે છું. સર્વ રૂપે હું થયો છું. અને સર્વને સુખ આપું છું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પંચ વિષય મારે યોગે દિવ્ય થાય છે.

આ લોકમાં બીજાની નિંદા કરવી નહીં, સાંભળવી નહીં, બુધ્ધિપૂર્વક કલેશને સહન કરવો. જેને મિત્ર અને દાસવર્ગ જ્ઞાની અને હિતવચન કહેનારો હોય તે સુખી થાય છે. સેવાધર્મ પરાયણ રહેનારો સુખી થાય છે. શ્રીહરિને ભજતો, તપમાં રહેનારો, સાત્વિક ભાવથી કંદમૂળ ખાનારો, જંગલનો જોગી સદા સુખી રહે છે. એવી રીતે શ્રીહરિએ રાજાને પ્રજાને જ્ઞાન આપી રાજાને રાજનીતિનો ધર્મ સમજાવી સર્વને પોતાના દિવ્યસ્વરૂપનું દર્શન કરાવ્યું. પછી રાજકુટુંબને તથા હજારો જનોને મંત્ર આપી વૈષ્ણવો કર્યા. પછી પ્રભુએ રાજાપ્રજાની પૂજાભેટ લઈને વિમાનમાં બેસી યજ્ઞ મંડપમાં આવી દૂધપાન કર્યું. રાત્રે મહોત્સવ થયો. ધૂન, કિર્તનો, રાસોત્સવ થયો. ઋષિમુનિઓ લક્ષ્મીનારાયણ સંહિતાની કથાના આખ્યાનો કહેતા હતા. પછી વિશ્રામ કરી શ્રીહરિ સવારે જાગી નિત્યકર્મ કરી સુવર્ણના આસને બેઠા.

આઠમના દિવસે લોમશ ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી સર્વે બ્રહ્મપત્ની મુક્તોનું પૂજન કર્યું. પછી સર્વે અવતારો, ઈશ્વરો, શક્તિઓ, તેત્રીસ કરોડ દેવોનું પૂજન કર્યું પછી અગ્નિપૂજા, કુંડપુજા કરી સર્વેને બલિ ભોજન આપી તૃપ્તિ પમાડ્યા. પછી યજ્ઞમાં આવેલા લાખો કરોડો મહેમાનો બ્રહ્મપત્ની અન્નપૂર્ણાદેવી, લક્ષ્મી, સરસ્વતી, પાર્વતીએ સર્વને ભોજનથી તૃપ્ત કર્યા.

અધ્યાય - ૨૦૯

❖ રાયવાકક્ષ રાજાની તૂર્યપદાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, વિષતુરીય દ્વિપમાં તૂર્યપદાપુરીનો રાજા રાયવાકક્ષ ચારૂલાષ ઋષિ સાથે આવી શ્રીહરિને પોતાને પુર પધારવાની પ્રાર્થના કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ માતા, પિતા, ભાઈ, ભગિની, લોમશ ઋષિશંકર સાથે વિમાનમાં બેસી સમુદ્ર ખાડી ઉલ્લંઘી તૂર્યપદાનગરીમાં આવ્યા. રાજાપ્રજાએ હર્ષનાદથી વધાવી સ્વાગત કર્યું. પછી રાજાએ શ્રીહરિને પુરમાં પધરામણી કરાવી, નરનારીઓને દિવ્યદર્શન કરાવી પોતાના મહેલમાં પધરાવ્યા. રાજારાણી, કુમારો, કુમારીઓ, શ્રીકૃષ્ણવલ્લભની ચંદન પુષ્પોથી, કંકુ, ચોખાથી પૂજા આરતી કરી, રત્નોની ભેટ મુકી, ત્રણ રાજકન્યાએ શ્રીહરિમાં મોહ પામીને વરમાળા પહેરાવી.

પછી પ્રભુએ સિંહાસનમાં બેસી રાજાપ્રજાને ઉપદેશ આપ્યો, સત્પુરૂષોની સેવા પુણ્ય અને મોક્ષ આપે છે. મારા આશ્રિતોએ સદા શ્રીહરિની ભક્તિ કરવી. ભૂત, પ્રાણીમાત્ર પર દયા રાખવી. બુધ્ધિથી મનનો સંયમ કરી દુઃખ સહન કરવાથી મોક્ષ થાય છે. ધર્મ સર્વનું રક્ષણ કરે છે માટે ધર્મનું રક્ષણ કરવું. સત્યધર્મ પાળવાથી માનવ દેવતુલ્ય થાય છે. સર્વનું ભરણપોષણ કરનારો હું છું. ધર્મનું મૂળ હું છું. ધર્મ, સહિત મારી ભક્તિ કરવાથી જનો તરી જશે. ધર્મ, અર્થ, કામના સર્વ મનમાં રહેલા છે. ધર્મથી શરીર બંધાયું છે. શરીર ધર્મ માટે છે, તેમાં કામના બંધન કરે છે. તેને ત્યજી સાત્વિક રહીને મારી ભક્તિ કરે તો નિવૃત પરાયણ થઈ મોક્ષ મેળવે છે. ધર્મ, અર્થ, કામ જો મારા પરાયણ ન કરે તો અનર્થ થાય છે. બુધ્ધિને મોક્ષને માટે નહીં વાપરે અને માયિક પંચવિષયમાં જવા દેશે તો બુધ્ધિનો નાશ થશે. બુદ્ધિનો નાશ થવાથી મોહ, તામસભાવ, નાસ્તિકતા, દુરાચાર વગેરે દુર્ગુણોથી પ્રજા વર્ણસંકર થાય છે. તેથી સદા મારી ભક્તિ કરી સત્પુરૂષોની મન, વચન, કર્મથી સેવા કરી આશીર્વાદ મેળવવા. શીલધર્મવાળા સાધુઓ કૃષ્ણની મૂર્તિઓ જ છે. ગુરુઓ મોક્ષ આપનારા છે. મારી દીક્ષામંત્રવાળા, મારી ભક્તિ કરનારા, મહાભાગવત, શીલધર્મવાળા સાધુઓ ધામમાં મોકલનારા છે. પ્રહલાદ પાસે બૃહસ્પતિ આવી આત્મજ્ઞાન આપી દક્ષિણા માગી. પ્રહલાદે શીલધર્મ દક્ષિણામાં આપ્યો. તેની સાથે સંપત્તિ ચાલી. પ્રહલાદ નિસ્તેજ થયા અને પૂછ્યું તમે ક્યાં જાવ છો ? લક્ષ્મી કહે, હું જ્યાં શીલધર્મ અને નારાયણ રહે ત્યાં રહું છું. પછી

પ્રહલાદે શીલધર્મ અને નારાયણની ભક્તિ રાખી તેથી લક્ષ્મીજી ત્યાં રહ્યા. એમ શ્રીહરિએ રાજાપ્રજાને ધર્મોપદેશ આપી સર્વને મંત્ર આપ્યા. પૂજા ગ્રહણ કરી આશીર્વાદ આપી વિમાનમાં બેસી દ્વિનસ્ક મીલ્વીલ વિલાસ બુલંદ વગેરે દ્વિપમાં ફરી રાત્રિએ શ્રીહરિ યજ્ઞ મંડપમાં આવ્યા. સ્નાન સંધ્યા કરી ભોજન કરી રાત્રે વિશ્રામ કર્યો. રાજકુટુંબે સેવા કરી. સવારે સૂત, માગધ, બંદીની સ્તુતિથી મંગલ ધ્વનિથી જાગી નિત્યકર્મ કરી યજ્ઞ મંડપમાં આવી આસને બેઠા. લોમશ ઋષિએ પ્રથમ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી પછી સર્વે મુક્તો, અવતારો ઈશ્વરો દેવોદેવીનું પૂજન કર્યું. વેદમંત્રોના ધ્વની સાથે યજ્ઞકુંડમાં હવિષ્યાન્ન દ્રવ્યો હોમવા લાગ્યા.

યજ્ઞમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રત્યક્ષ હોવાથી બ્રહ્મસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, જીવસૃષ્ટિના સર્વનું આવાહ્ન કરી સર્વને બલિ ભોજન આપતા હતા. તે પ્રત્યક્ષ આવી ગ્રહણ કરતા હતા. એ રીતે બલિ ભોજન આહુતિ પુષ્પાંજલિ આપી. નવમીએ સર્વ મહેમાનોને મિષ્ટાન્ન, ભોજન કરાવતા હતા. મેસુબ, મોહનથાળ, મગજ, મોતીયા, મોતીચૂર, ચૂરમાના લાડુ, જલેબી, સાટા, ઘેબર, માલપુડા, પુરણપોળી, પેંડા, બરફી, ખાજા, દૂધપાક, પુરી, શીરો, બીરંજ, કંસાર, બુંદીલાડુ, શ્રીખંડ, રાજગરાનો શીરો, ભજીયાં, દાળભાત, શાક, સંભારા, ચણા, અડદ, કઠોળ વગેરે સર્વને ભોજન કરાવ્યા. મુક્તોને દિવ્ય ભોજન જમાડ્યા. સત્વભોજન ઈશ્વરોને, સુધાભોજન દેવોને, અપક્વ પીંડ પિતૃને, રસભોજન તત્ત્વોને, મહાભોજન રાક્ષસોને એ રીતે સર્વ દેહધારીઓને યજ્ઞપ્રસાદ જમાડ્યો.

અધ્યાય - ૨૧૦

❖ રાયમારીષ રાજાના ઋદ્ધીશાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, રાયમારીષ રાજા દાનવ ઋષિ સાથે આવી શ્રીહરિને પોતાના રાજ્યમાં ઋદ્ધીશાનગરીમાં પધારવાનું કહ્યું. પ્રભુ લોમશ ઋષિ શીવ-પાર્વતીને સાથે લઈ વિમાનમાં બેસી આલીસ્મર દ્વિપમાં આવ્યા. રાજા-પ્રજાએ પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું. રાજાએ રાજમહેલમાં પધરાવી, પૂજા કરી, સોનું ચાંદી, રત્નો, ત્રણ કન્યાનું દાન કર્યું. પછી પ્રભુએ ઉપદેશ આપ્યો, સંસારમાં મારો યોગ મહાપુણ્યવાળાને થાય છે. તમારી ભાવનાથી હું અહીં આવ્યો છું. મને અર્પણ કરેલું સર્વ દિવ્ય થાય છે. તો નિર્ગુણ થઈ મોક્ષ આપનારું થાય છે. તેથી માયિક આશાનો ત્યાગ કરી આત્મશાંતિમાં રહેનારો મોક્ષ મેળવે છે. અન્યાયથી, કામના ભોગથી મહાદુઃખ થાય છે. યોગીજનો કદાચ આકાશનો પાર પામે પણ આશાઓનો પાર કોઈ પામી શકતું નથી. સાઠ હજાર વર્ષ ગૌતમ ઋષિએ તપ કર્યું. ત્યારે ધર્મરાજાએ પૂછ્યું, તપ શા માટે કરો છો ?

ગૌતમ ઋષિ કહે : પુણ્યલોકને પામી શાંતિ મેળવવા. ધર્મરાજા કહે, પુણ્યશાળી પુણ્યવિનાના તૃષ્ણાવાળા, વાસના ઈચ્છાવાળા સર્વે આ લોકમાં સમાન છે. તેથી તૃષ્ણા-

આશાનો ત્યાગ કરી શાશ્વત પરમધામની સુખ-શાંતિ પ્રાપ્ત કરવા આત્માનું તત્ત્વ બ્રહ્મની આશા કરવી અથવા જેની સર્વ ઈચ્છાઓમાં સાક્ષાત નારાયણ રહે તો શાશ્વત શાંતિ પામે. બ્રહ્મને જાણનારા સંતો શાશ્વત શાંતિ ભોગવે છે. ધર્મરાજાના વચનો સાંભળી ગૌતમ ઋષિ તપનો ત્યાગ કરી પ્રભુની ભક્તિ કરવા લાગ્યા. શ્રીહરિ કહે, તેથી રાજાએ પ્રજાએ નરનારીઓએ મારી પૂજા, ભક્તિ કથા, યજ્ઞ, સેવા કરી મને પ્રસન્ન કરી પરમપદને પ્રાપ્ત કરી પરમશાંતિ મેળવવી. મહાશાંતિ મારા ધામમાં મારી મૂર્તિમાં રહેલી છે. એમ કહીને રાજા-પ્રજાને મંત્ર આપ્યા. "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" પછી રાજાએ શ્રીહરિને ભોજન કરાવી પૂજા કરી ભેટ આપી. પછી પ્રભુ વિમાનમાં બેસી દ્વિપમાં ફરી સાંજે યજ્ઞમંડપમાં આવી સંધ્યા કરી, ભોજન કરી રાત્રિ વિશ્રામ કર્યો. સવારે જાગી નિત્યવિધિ કરી યજ્ઞમંડપમાં આવી કહ્યું, મારી પૂજા ભેટમાં આવેલું આ કરોડો રૂપિયાનું દ્રવ્ય યજ્ઞમાં વાપરો. એમ કહીને સર્વ દ્રવ્ય કુબેરને આપ્યું. એ રીતે રાજા, પ્રજા, આબાલવૃધ્ધોને પ્રભુ પોતાનું દર્શન આપી સર્વેને ભક્તિ કરાવતા હતા. નિત્યતૃપ્તિવાળા, સર્વેને આનંદ આપનારા શ્રીહરિ કેવળ કૃપાથી જ સર્વ સેવાને અંગિકાર કરે છે. જે જીવાત્માઓ જેવા ભાવથી ભજે છે. જેવા ભાવથી શરણે આવે છે તે ભક્તનાં સંકલ્પ પૂર્ણ કરી સેવા આપી શ્રીહરિ તેને પ્રસન્ન રાખે છે. દશમીએ શ્રીહરિ યજ્ઞમંડપમાં આવી સુવર્ણ આસન પર બેઠા. મહર્ષિઓએ પૂજા કરી સ્વસ્તિ વાચન કરી પ્રોક્ષણ કર્યું. સર્વપ્રથમ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી પછી સર્વ અવતારો, દેવોનું પૂજન કરી અગ્નિમાં હવિષ્યાન્નનો હોમ કરી બલિ અર્પણ કરી મહેમાનોને ભોજન કરાવ્યા.

અધ્યાય - ૨૧૧, ૨૧૨

❖ રાયબાલેશ્વર રાજાની વાયુફેનાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, રાયબાલેશ્વર રાજા માલાવન ઋષિ સાથે આવી પોતાની રાજધાની વાયુફેના નગરીમાં પધારવાની શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીહરિ કુટુંબ, લોમશ ઋષિ, શંકર પાર્વતી સાથે વિમાનમાં બેસી વાયુફેના નગરીમાં આવ્યા. રાજા, પ્રજાએ પુષ્પહારથી સ્વાગત કર્યું. રાજાએ મહેલમાં પધરાવી પ્રભુની પૂજા કરી સુવર્ણહાર પહેરાવ્યો. રત્નો, રૂપિયાની ભેટ આપી. પછી પ્રભુએ કહ્યું : પૂન્ય વિના પ્રભુ મળતા નથી. ભાવના વિના સેવા થતી નથી. શ્રધ્ધા અને ભાવના વિના પ્રભુ રાજી થતા નથી. સર્વ વસ્તુ, પદાર્થ, સંપત્તિ પ્રભુને અર્પણ કરવાથી પ્રભુના કૃપાપાત્ર થવાય છે, તેથી પ્રભુ વશ થાય છે. મારો યોગ સેવા ભક્તિ અને મુક્તિ આપનારા છે. સેવા, ભક્તિ, ધર્મમાં રહેતા ભક્તનું ભગવાન મહાભયથી રક્ષણ કરે છે. મારી સેવામાં રહેલાને સર્વ સુખ પ્રાપ્ત થાય છે. દેવ, પિતૃ, સંત, અતિથિ, અનાથ,

સ્ત્રીઓ વગેરેની સેવા કરવી પણ દ્રોહ ન કરવો. બ્રહ્મવેત્તા જ્ઞાની, સંત, વૃધ્ધ, તપસ્વિની સમયે સેવા કરવાથી યશકીર્તિ કલ્યાણ થાય છે. પછી પ્રભુને દૂધપાન, ભોજન કરાવ્યુ. ત્યાં રાણીએ શ્રીહરિની પૂજા કરી, ત્રણ રાજકન્યાએ પ્રભુને વરમાળા પહેરાવી. રાજાએ કરોડો સોના મહોર ભેટ આપી. નરનારીઓએ પૂજા કરી. પછી શ્રીહરિ વિમાનમાં બેસી સાંજે યજ્ઞમંડપમાં આવ્યા. ભોજન કરી રાત્રે વિશ્રામ કરી સવારે જાગી નિત્યકર્મ કરી યજ્ઞમંડપમાં આસને બેઠા.

એકાદશીએ સવારમાં સર્વ ઋષિ-મુનિઓ, વિપ્રોએ આવી સ્વસ્તિવાચન કરી યજ્ઞકુંડમાં હોમદ્રવ્યનો હવિષ્યાન્નથી હવન કર્યો. પછી એકાદશીની વ્રતપુષ્ટિ માટે શ્રીહરિના હાથે સર્વદેવોએ ફલાહાર કર્યો અને મહાતૃપ્તિ પામ્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ રાજાઓ પાસે વિપ્રોને કરોડો અબજો રૂપિયાના સુવર્ણમહોરના દાન અપાવતા હતા. પ્રભુએ મુખ્ય યજ્ઞકુંડમાં તથા સર્વ રાજાઓએ અન્ય યજ્ઞકુંડમાં પૂર્ણાહૂતિનો હોમ કર્યો. તે સમયે મુક્તો, અવતારો, ઈશ્વરો, સર્વ દેવો, મૂર્તિમાન તથા સ્થાવર-જંગમમાં સર્વ ચરૂ પ્રસાદ ગ્રહણ કરવા ત્યાં મૂર્તિમાન આવ્યા હતા. ત્યાં યજ્ઞકુંડમાં અગ્નિદેવ બે મસ્તક, ચાર કાન, છ નેત્રો, ત્રણ પગ, સાત હાથવાળા, સાત જીભવાળા મૂર્તિમાન ત્યાં આવ્યા. તે અગ્નિના મુખમાં ઘીની ધાર કરી સર્વે અવતારો, ઈશ્વરોના નામ લઈ આહુતિ આપી, તૃપ્તિ પમાડતા હતા. તથા સર્વ દેવો, લોકપાલો, દિક્પાલો તથા દેવીઓ, શક્તિઓ, સર્વે જડચેતન તત્ત્વોના દેવોને આહુતિ આપી તૃપ્તિ કરતા હતા. બ્રહ્મસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, જીવસૃષ્ટિ તથા બ્રહ્માંડવાસી, સાત્વિકી, રાજસી, તામસી, ચારવર્ણ, ચાર આશ્રમો, સાધુ-સાધ્વીઓ, યોગી, બ્રહ્મચારીઓ, સતી, યતિ, સંન્યાસી સર્વેના નામ લઈ અગ્નિમાં આહુતિ આપી તૃપ્તિ પમાડતા હતા. તથા પશુ, પક્ષી, વૃક્ષ, વેલી, કિટ, પતંગ, જીવજંતુ સર્વ આત્માઓને તૃપ્ત કર્યા. દૂધપાક, સાકર, મધ, ફળ, ફૂલ, ઘી, રસ, અમૃત, મિષ્ટાન્ન, ડાંગર, જવ, ઘઉં, તલ, અન્નકણ વગેરે હવિષ્યાન્નનો જમી તૃપ્ત થયેલા સર્વદેવો ઓડકાર ખાતા કહેતા હતા, પૂર્વે આવો યજ્ઞ કોઈએ કર્યો નથી અને કરશે નહિં. તે યજ્ઞનો ધુમાડો ત્રિલોકીમાં વ્યાપી ગયો. પછી સર્વને દક્ષિણાઓ આપી સર્વ દેવો સ્વસ્થાને ગયા. પછી યજ્ઞના વિપ્રોને-આચાર્યોને દાન દક્ષિણાઓ આપી સર્વને સંતોષ પમાડયા. સર્વે અનાથ ગરીબ ભિક્ષુકોને ભોજન આપી દાન આપ્યા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણથી તૃપ્ત થયેલા અગ્નિદેવ આશીર્વાદ આપતા હતા કે, આ ભૂમિ સમૃધ્ધિ સુખ, શાંતિ આપનારી થાવ. પ્રજા સર્વે સુખી દીર્ઘજીવી દેવતુલ્ય થાવ. રાજાઓ ન્યાયવાળા, ધનવાન થાવ, કુમાર, કુમારીઓ નીરોગી થાવ, બુધ્ધિશાળી થાવ, સ્ત્રીઓ સૌભાગ્યવાળી થાવ, પશુ દુજાણા, વૃક્ષ રસવાળા થાવ, દેશ દિવ્ય થાવ, માનવો દેવ ગુરુના પૂજન થાવ. એ રીતે અગ્નિદેવે આશીર્વાદો આપ્યા. પછી સર્વજનોએ યજ્ઞભસ્મ ગ્રહણ કરી,

સર્વ ભોજનપ્રસાદ લીધો. લ્યો લ્યો ઘો ઘો એમ ચારેયકોર પીરસનારાના શબ્દો સંભળાતા હતા. એકાદશીએ અસંખ્યજનોએ અનેક પ્રકારના દાન કર્યા. રાજા-પ્રજાએ કરોડો સુવર્ણના દાન આપ્યા. પછી શ્રીહરિ રાજા-પ્રજા ઋષિમુનિઓ સાથે યજ્ઞને અંતે અવભૃથસ્નાન કરવા નદી, સરોવર સંગમમાં ગયા. ઘી, તલ, ભસ્મ અને આંબળાથી સ્નાન તથા તીર્થજલથી સ્નાન કરવાથી યજ્ઞમાં થયેલી ભૂલદોષ માફ થાય છે, એમ કહી શ્રીહરિએ વિનીપાર સરોવરમાં સ્નાન કર્યું. સર્વ અવતારો, ઈશ્વરો, માનવોએ સ્નાન કર્યું. પછી પુરુષોત્તમ નારાયણ પ્રભુએ યજ્ઞના સર્વે કર્મચારીને સોનાચાંદીના, રૂપિયાના પારિતોષિકો આપ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ આચાર્ય કૃષ્ણવલ્લભે સર્વને પારિતોષિકોથી તૃપ્ત કર્યા.

અધ્યાય - ૨૧૩

❖ રાયલંબાર રાજાની કિમુવક્રાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, રાયલંબાર રાજા રૂપર્તુ ઋષિ સાથે આવી પોતાની રાજધાની કિમુવક્રાપુરીમાં પધારવાની પ્રભુને પ્રાર્થના કરી. શ્રીહરિ કુટુંબ અને લોમશ ઋષિ સાથે વિમાનમાં બેસી સાંજે તે પુરીમાં પધાર્યા. રાજાપ્રજાએ પુષ્પ, ચંદન, ચોખાથી વધાવી શ્રીહરિનું સ્વાગત કર્યું. રાજમહેલમાં પધરાવી રાજારાણીએ પૂજા કરી રત્નો ભેટ કર્યા. છ રાજકન્યાઓએ શ્રીહરિને કંઠમાં વરમાળા પહેરાવી, દૂધપાક ભોજન કરાવ્યા પછી રાજાએ આચાર્ય કૃષ્ણવલ્લભને સૈન્ય સાથે રાજમાર્ગ પર નગરમાં ફેરવ્યા. પ્રધાનો, શ્રીમંતો નરનારીઓએ ફળફૂલથી પ્રભુની પૂજા કરી ભેટ આપી પછી રાજમહેલે આવી રાત્રે વિશ્રામ કર્યો. રાજકુટુંબે સેવા કરી. પ્રભુ સવારે જાગી નિત્યક્રમ કરી, દૂધપાન કરી યજ્ઞસ્થળમાં આવ્યા. બારસને દિવસે સભા કરી સર્વનું સન્માન કર્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ અવતારોનું, ઈશ્વર-ઈશ્વરાણીઓનું, દેવ-દેવીઓનું, ઋષિમુનિઓનું સર્વનું સન્માન કરી ધન્યવાદ આપી કહ્યું, તમે સર્વે તમારા ધામ સ્થાન છોડીને યજ્ઞમાં આવ્યા તેથી અને યજ્ઞના સેવાકાર્યમાં રહ્યા તેથી હું પ્રસન્ન થઈને તમને આશીર્વાદ આપું છું કે, તમો સર્વે દિવ્યસિધ્ધિ, સમૃધ્ધિવાળા, ઐશ્વર્યવાળા થશો. હું તમને મારું દિવ્યજ્ઞાન, ભક્તિ, સેવા અને શાશ્વત સુખશાંતિ આપું છું.

એમ કહીને ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યે સર્વને સોના, ચાંદી, રૂપિયા, વસ્ત્ર, અલંકારો, પ્રસાદરૂપે પારિતોષિકો આપ્યા. એ રીતે નરનારી દાસવર્ગને પણ યથાયોગ્ય પારિતોષિકો આપ્યા. તથા શ્રીહરિએ સર્વે રાજાઓ પાસે યજ્ઞના વિપ્રો, આચાર્યોને, ઋષિઓને અનેક પ્રકારના દાન અપાવ્યા. પછી સર્વ મહેમાનોને બારસને દિવસે પારણાં, ભોજન કરાવ્યા. દૂધપાક, પુરી, મિષ્ટાન્ન, ભોજન કરાવ્યા. ઋષિને સાત્વિક ભોજન તથા સર્વને રાજસી ભોજન મિષ્ટાન્ન, ફરસાણ, દાળ-ભાત, શાક, સંભારા, અથાણાં, પાપડ વગેરે ખુબ જમાડી

તૃપ્ત કર્યા. મુખવાસ આપ્યો. પછી પ્રભુએ કુટુંબ સાથે રાધા, રમા, લક્ષ્મી, સતી, પ્રભા, પાર્વતી, માણિકી, મંજુલા, અમૃતા, સગુણા, શારદા, હંસા, દુર્ગા, સરસ્વતિ વગેરે પત્નીઓ સાથે માતા પિતા લોમશ ઋષિ સર્વ સાથે ભોજન કર્યું. બપોર પછી સર્વ મહેમાનો પ્રભુને પગે લાગી વિદાય થયા. વિશ્વકર્માએ યજ્ઞમંડપની રચના સર્વે સંકેલી લીધી.

અધ્યાય - ૨૧૪

❖ રાયનવાર્ક રાજાની ચિચાંગોપુરીનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖
❖ રાયહંડેશ્વર રાજાની માક્ષિકાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભાદરવા સુદ તેરસે સવારમાં નિત્યકર્મ કરી આસને બેઠા. ત્યાં રાયનવાર્ક રાજા આવી પોતના રાજ્યમાં પધારવાની વિનંતી કરી. સમ્રાટ રાજા રાયકિન્નર તથા રોકીશ્વર, રણજીત, મારીશ, વાયુકક્ષ, બાલેશ્વર, લંબાર વગેરે રાજાઓએ શ્રીહરિને વિદાય આપી. પ્રભુ વિમાનમાં બેસી ચિચાંગોપુરીમાં આવ્યા. રાજાપ્રજાએ સ્વાગત કર્યું. રાજાએ નગરમાં પધરામણી કરાવી. પ્રધાનો, શ્રીમંતો, નરનારીઓએ પુષ્પચંદનથી ચોખાથી, પ્રભુને વધાવી પૂજા કરી. પછી રાજારાણીએ પૂજા કરી. આરતી કરી ભેટ મુકી. સાત રાજકન્યાએ શ્રીહરિને વરમાળા પહેરાવી પછી પ્રભુને ભોજન કરાવી બીજું રાજ્ય સ્વર્લતિકા પુરીમાં પધરાવ્યા. ત્યાં સર્વેને દર્શન આપી પૂજા ગ્રહણ કરી.

ત્યાં રાયહંડેશ્વર રાજાએ પોતાની રાજધાની માક્ષીકાપુરીમાં પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિ વિમાનમાં બેસીને સાંજે માક્ષિકાપુરીમાં પધાર્યા. રાજા પ્રજાએ પુષ્પહારથી સ્વાગત કર્યું. રાજાએ શ્રીહરિને નગરમાં ફેરવી રાજમહેલમાં પધરાવ્યા. ત્યાં સભા કરી પ્રભુએ ઉપદેશ આપ્યો, સુખ માટે જનોએ ધર્મપાલન કરવું. હિંસા, પરપીડા, દ્રોહ, પાપચોરી, અસત્ય, છેતરવું, બીજાની જીવિકા તોડવી, વસ્તુનો નાશ વગેરે અધર્મના કાર્યો ન કરવા. સ્ત્રીઓને, બાળકોને પીડા ન કરવી. દાન, દયા, તપ, સેવા, તીર્થ વગેરે સુખ આપનારા સત્કાર્યોનું સેવન કરવું. શ્રીહરિનો ધર્મ સાંભળી રાજા-પ્રજા સર્વ રાજી થયા. પછી રાજારાણીએ પૂજા કરી. નવ રાજકન્યાએ પ્રભુને કંઠમાં વરમાળા પહેરાવી ત્યાં આવેલા વિરાક ઋષિનો મોક્ષ કર્યો.

અધ્યાય - ૨૧૫

❖ રાયકૂપેશ રાજાની હવાનાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, હવાના નગરીથી રાયકૂપેશ રાજાએ આવી પોતાના રાજ્યમાં પધારવા પ્રભુને પ્રાર્થના કરી. ભાદરવા સુદ ચૌદશે શ્રીહરિ વિમાનમાં બેસી હવાના નગરીમાં આવ્યા. ક્યુબા દેશમાં, સમુદ્રના બેટમાં, હવાનાનગરીમાં મહાનૌકામાં બેસી શ્રીહરિ તે રાજ્યમાં આવ્યા. રાજારાણી હેયતાયન ઋષિએ પ્રભુની પૂજા કરી પુષ્પહાર પહેરાવી સુવર્ણ

રથમાં બેસાડી નગરમાં ફેરવ્યા. નરનારીઓએ શ્રીહરિને કેશર, ચંદનથી પૂજા કરી ભેટ આપી. પછી રાજાએ પ્રભુને નૌકામાં બેસાડી સમુદ્રમાં ફેરવ્યા. બપોરે ભોજન કરાવ્યા. રાજારાણીએ પૂજા કરી શ્રીહરિને કન્યાદાન કર્યું. ત્યાં કાલીમંડલીન રાજા પુર્ણાસન ઋષિ સાથે આવી પ્રભુને પ્રાર્થના કરી. મારી વિગોષ્ઠિકાપુરીમાં પધારી સર્વને પાવન કરો. શ્રીહરિ વિમાનમાં બેસી તેના રાજ્યમાં પધાર્યાં. રાજાએ પુષ્પહાર પહેરાવી સ્વાગત કરી હાથી પર સોનાની અંબાડીમાં બેસાડીને વાજીંત્રો સાથે શહેરમાં ફેરવ્યા. પ્રધાનો, ધનવાનો, પ્રજાજનો યથાશક્તિ પ્રભુની પૂજા કરી ભેટ મુકતા હતા.

પછી પ્રભુએ ઋષિઓના આશ્રમમાં આવી સભા કરી ઉપદેશ આપ્યો, જેને દેવમાં વિશ્વાસ છે તેને ફળ મળે છે. તમને પરમેશ્વરમાં વિશ્વાસ હોવાથી હું તમને દર્શન દેવા અહીં આવ્યો છું. હું અંતર્યામીં છું, સર્વકર્મનો, સેવાફળને આપનારો છું. મારા શરણે આવનારા મુમુક્ષુઓએ વિશ્વાસની સ્થિતિ પ્રાપ્ત કરવી પછી મને વરવું. પછી મને સર્વ અર્પણ કરવું. મારી આજ્ઞામાં રહેવું. હું પ્રસન્ન થાવું એવું કર્મ કરવું. મારી આજ્ઞા વિરૂધ્ધ વર્તન ન કરવું. આ છ પ્રકારે મારી શરણાગતી લઈને મારી સેવાભક્તિ શાશ્વત સુખ અને મોક્ષને માટે કરવી. શ્રીહરિની વાણી સાંભળીને પ્રજાજનો પ્રભુ પાસેથી મંત્ર ગ્રહણ કરીને વૈષ્ણવો થયા. પછી રાજારાણીએ પ્રભુની પૂજા કરી અનેક રત્નો ભેટ આપ્યા. ચાર રાજકન્યાઓએ શ્રીહરિને કંઠમાં વરમાળા પહેરાવી પછી પ્રભુએ સર્વ સાથે ભોજન કરી રાત્રિ વિશ્રામ કર્યો. રાજકુટુંબે શ્રીહરિની દિવ્યભાવે સેવા કરી. સવારે જાગી નિત્યકર્મ કરી પૂર્ણિમાએ રાજકુટુંબે શ્રીહરિની પૂજા કરી સુવર્ણના વસ્ત્રઅલંકારો, મુગટ, કુંડળ, પુષ્પહાર ધારણ કરાવી આરતી કરી.

અધ્યાય - ૨૧૬

❖ વનજ્વાલા રાજાની સાનુજ્યોષ્ટ્રીપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, વનજ્વાલા રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસે આવી પ્રાર્થના કરી. હે પ્રભુ, મારી રાજધાની સાનુજ્યોષ્ટ્રીપુરી પધારો. શ્રીહરિ જવા તૈયાર થયા. કાલીમંડલી રાજા પ્રજાએ વિદાય આપી. શ્રીહરિ વિમાનમાં બેસી કુટુંબ-ઋષિઓ સાથે વનજ્વાલા રાજાના રાજ્યમાં આવ્યા. રાજાએ પુષ્પહાર પહેરાવી સ્વાગત કરી ચરણધોઈ પાણી પીધું. દંડવત્ નમસ્કાર કર્યા. પછી વાજીંત્રો સાથે નગરીમાં પધરામણી કરાવી. પ્રધાનો, શ્રીમંતો, પ્રજાજનોએ શ્રીહરિની રાજમાર્ગમાં, ચોકમાં, દરવાજામાં પુષ્પોથી વધાવી પૂજા કરી ભેટ ધરી. દિવ્યતેજોમય બાલકૃષ્ણને જોઈને સર્વ આશ્ચર્ય પામી કંકુ-ચોખાથી પૂજા કરતા હતા. તે સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણ કોઈને રાધાકૃષ્ણ, કોઈને ચતુર્ભૂજ નારાયણ, કોઈને નરનારાયણ, કોઈને સૂર્ય, કોઈને તપસ્વીરૂપે, કોઈને શેષનારાયણ અને ભક્તમંડળને ધામમાં બ્રહ્મપત્ની મુક્તોથી સેવાતા એવા દર્શન થતા હતા. પછી પ્રભુ રાજમહેલમાં આવી સિંહાસને બેઠા. રાણીએ પૂજા કરી, પાંચ રાજકન્યાએ પ્રભુને વરમાળા પહેરાવી.

શ્રીહરિએ રાજકુટુંબને મંત્ર આપી કહ્યું : મારો શરણાગતિ મંત્ર, આપત્કાળ, મૃત્યુકાળ, યમકાળ, અસદ્‌ગતીથી રક્ષણ કરે છે. હિમાલયમાં શાલ્મલી મહાવૃક્ષમાં પક્ષીનો આશરો હતો. નીચે છાયામાં પશુ બેસતા. ત્યાં નારદ આવી કહે : તું વાવઝોડામાં કેમ અડગ છો ? શાલ્મલી વૃક્ષ કહે, મને બ્રહ્માનો આસરો - વિશ્વાસ છે. તેથી પવન મને કાંઈ ન કરી શકે. નારદે વાયુ દેવને કહ્યું, વાયુદેવને અભિમાન આવ્યું. તેથી અતિ જોરથી વાવા લાગ્યો.શાલ્મલી વૃક્ષે બ્રહ્માને પ્રાર્થના કરી તેથી બ્રહ્માએ આવી વાયુદેવનું બળ ખેંચી લીધું અને વૃક્ષનું રક્ષણ કર્યું. એ રીતે ભગવાન ભક્તનું રક્ષણ કરે છે. પછી સર્વે નરનારીઓ પ્રભુ પાસે મંત્ર ગ્રહણ કરી કંઠીમાળા લીધી અને પ્રભુની પૂજા કરી ભેટ મુકી.

અધ્યાય - ૨૧૭

❖ પરાવર રાજાની કાયનીપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અંબિક ઋષિ સાથે પરાવર રાજા આવી શ્રીહરિને પ્રાર્થના કરી, મારે ગામ પધારો. શ્રીહરિ ભોજન કરી વિમાનમાં બેસી એનસ રાષ્ટ્રમાં આવ્યા. રાજારાણી, પ્રધાનો, નરનારીઓએ પુષ્પહારો પહેરાવી સ્વાગત કર્યું. ચાર દાંતવાળા હાથી પર સોનાની અંબાડીમાં શ્રીહરિને બેસાડ્યાં. બીજા હાથી પર બ્રહ્મપત્નીઓ, લોમશ ઋષિ બેઠા. સર્વને કાયનીપુરીમાં ફેરવ્યા. પૂરજનોએ વસ્ત્ર, આભૂષણથી પૂજા કરી.

રાજમહેલે આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણે પૂર્ણિમાની રાત્રે સિંહાસને બેસી ઉપદેશ આપ્યો કે, સર્વજનોએ લોભ અને મોહનો ત્યાગ કરવો. તેનાથી કામ, ક્રોધ અને તૃષ્ણા, રાગદ્વેષ વગેરે દોષો વધે છે. માન અને મોહ ધર્મનો, સંપત્તિનો નાશ કરે છે. જેને કલ્યાણની ઈચ્છા હોય તેણે દોષનો ત્યાગ કરવો. શરીરથી, મનથી માયિક પંચવિષયને તજે છે તેને આ લોક પરલોકમાં સુખ અને સિધ્ધિ પ્રાપ્ત થાય છે. દાનથી, તપથી, ઈન્દ્રિયોના નિગ્રહથી સર્વકર્મ મારામાં અર્પણ કરી, મારી ભક્તિ કરી, સત્પુરૂષોની સેવા કરી, બ્રહ્માના, વૈરાજના, અવ્યાકૃત, અમૃતધામ, વૈકુંઠ, ગોલોક અને મારા પરમધામને પામે છે. સત્ય, ધર્મ, તપ, યોગ, યજ્ઞ આ સર્વે બ્રહ્માના સ્વરૂપ છે. દાનથી તપ ઉત્તમ છે. તપથી અનશન શ્રેષ્ઠ છે. તેથી સંતોષ અને સત્ય ઉત્તમ છે. સર્વ વસ્તુપદાર્થમાં મને જોવાથી તૃષ્ણા અને ઈચ્છાનો લય થાય છે. માટે મારો શરણ મંત્રગ્રહણ કરો તેથી તમારું કલ્યાણ થશે. શ્રીહરિનો દિવ્ય સંદેશ સાંભળી પ્રજાજનોએ પ્રભુની પૂજા ગ્રહણ કરી મંત્ર ગ્રહણ કર્યા. પછી રાજા-રાણીએ પૂજા કરી. વસ્ત્રઅંલકારો ભેટ આપ્યા. ત્રણ રાજકન્યાએ શ્રીહરિને વરમાળા પહેરાવી, કપુરથી આરતી કરી, શ્રીહરિએ સર્વે દાનભેટ ઋષિઓને આપી દીધા.

અધ્યાય - ૨૧૮

❖ કોટીશ્વર રાજાની પેયિસ્થાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, બ્રાહ્મીલ દેશના ગોયાજનીપુરીના રાજા કોષ્ઠક ઋષિ સાથે આવી શ્રીહરિને પોતાના પુરમાં પધારવા વિનંતી કરી. શ્રીહરિએ રાજાને કહ્યું, તમે લોમશ ઋષિ, લાલાયન, વૃકાયન, નીલકર્ણ, યવકીત, સ્વયંપ્રકાશ વગેરેને સાથે લઈ જાવ. અમે પાંચમે ત્યાં આવશું અને પાંચમથી એકાદશી સુધી યજ્ઞ થશે તેવી દેશમાં જાહેરાત કરી દેજો. ત્યાં કોટીશ્વર રાજા આવ્યા. શ્રીહરિ આસો વદ પડવે તેના દેશમાં પધાર્યા. કોષ્ઠક ઋષિ સાથે પેયિસ્થા નગરીમાં આવ્યા.

સૂર્યસમા તેજસ્વી બાલકૃષ્ણનું રાજાપ્રજાએ જયજયકારથી પુષ્પ, ચંદન, અક્ષતથી વધાવી સ્વાગત કર્યું. કોટીશ્વર રાજાએ શ્રીકૃષ્ણવલ્લભને હાર પહેરાવી હાથી પર બેસાડીને પેયિસ્થાનગરીમાં ફેરવ્યા. નરનારીઓ હીરામોતી રત્નો સુવર્ણના હાર, પુષ્પોના હાર, પહેરાવી આરતી ઉતારી ભેટ મુકતા હતા. પછી શ્રીહરિને રાજમહેલમાં સિંહાસનમાં બેસાડીને રાજારાણીએ પૂજા કરી ચરણામૃત પીધું. પ્રભુને ભેટ ધરી, આરતી કરી. બે રાજકન્યાઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી પછી પ્રભુએ ઉપદેશ આપ્યો, લોભ ક્રોધ રસાસ્વાદ, માન અને ચોરી આ દોષો સ્ત્રી-પુરૂષોને સદા દુઃખ આપતા રહે છે. તે દોષોમાંથી અનંત દુર્ગુણો પ્રગટે છે અને જીવાત્માને અધોગતિમાં લઈ જાય છે. માટે અવસ્થા, સંપત્તિ, વસ્તુ, કળાથી સત્પુરૂષોની સેવા કરી આશીર્વાદ મેળવવાથી અને મારી ભક્તિ કરવાથી દોષથી રહિત થવાય છે. જે બીજામાં દોષ નહીં હોવા છતાં દોષ જુવે છે અને પોતાના દોષ જોતો નથી, સ્ત્રીને છેતરે છે, માતાપિતાની સેવા નથી કરતો તે નિંદાપાત્ર થાય છે. ધર્મ માટે જીવનારા, પ્રભુ પરાયણ રહેનારા તેને સાધુ જાણવા. તેનો આશ્રય કરવાથી મોક્ષ થાય છે. મારા કલ્યાણગુણે યુક્ત મારા સાધુ મારા સ્વરૂપો છે. લોભી, ધર્મભક્તિથી રહિત, આળસુ, સઠ એવા પાપીજનોનો સંગ ન કરવો. પાસે વખાણ-પાછળથી નિંદા કરનારો, સ્વાર્થમાં સરલ એવાનો સંગ ન કરવો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી ભક્તિ કરનારા સંતો-ભક્તો સર્વદોષથી રહિત છે. તેની સેવા, દર્શન, સ્પર્શ, પ્રસાદિ સર્વ દિવ્ય છે. તેનો આશ્રય આજ્ઞાપાલનથી મોક્ષ થાય છે. એવા મારા સાધુથી પુણ્ય અને ધર્મ પણ શ્રેષ્ઠ નથી. શ્રીહરિએ ધર્મોપદેશ આપી સર્વને મંત્ર આપી વૈષ્ણવો કર્યા.

અધ્યાય - ૨૧૯

❖ સતીષ રાજાની સંચાલાનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, કુષ્ઠક ઋષિ સાથે સતીષ રાજા આવી શ્રીહરિને પોતાના સંચાલાનગરીમાં પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિ વિમાનમાં બેસી ત્યાં ગયા. કરોડો કામદેવને મોહ પમાડનારા શ્રીહરિના દિવ્યરૂપને જોઈ રાજાપ્રજા સર્વે આશ્ચર્ય પામી પ્રભુને પુષ્પહારો પહેરાવી સ્વાગત કરી જયઘોષ કર્યો. શ્રીહરિ તથા સર્વને હાથી પર બેસાડીને ડંકાની શાન, ઢોલ, શરણાઈ, ત્રાંસો વગેરે વાજીંત્રો તથા સૈન્ય સાથે શહેરમાં ફેરવ્યા. દરવાજામાં, રાજમાર્ગ પર, ચોકમાં બજારમાં, શેરીમાં, અગાસીમાં, નરનારીઓ, બાલકૃષ્ણના દર્શન કરવા અતિ આતુર હતા. પ્રધાનો, શ્રીમંતો, પ્રજાજનો બાલકૃષ્ણને ચંદન, પુષ્પ ચોખાથી વધાવી આરતી ઉતારી વસ્ત્રઅલંકારો, ફળફુલ અર્પણ કરતા હતા. પછી શ્રીહરિએ રાજમહેલમાં આવી સભા કરી ઉપદેશ કર્યો આલોકમાં અનેક દોષો રહેલા છે. વૈરાગ્યવાળાને પણ દેશકાળ વિપરીત આવે છે, તેમાં મારો યોગ, તે કાળપાસથી રહિત કરી મોક્ષ આપનારો છે. ધન, સ્ત્રી, પુત્ર, કુટુંબ, નાશ પામે ત્યારે અતિ દુઃખથી શોક થાય, તે દુઃખ અને શોકનો નાશ કરનાર સાધુ સમાન કોઈ નથી, માટે ભગવાન અને સંતમાં પ્રિતી કરવી, તેવી જગતના જીવ પદાર્થ અને કુટુંબમાં પ્રીતી ન કરવી. અવિવેકીજનો પરમેશ્વરને ત્યજી કુટુંબમાં જ આસકત રહે છે, તેને દુઃખ-શોકનો અંત આવતો જ નથી. સ્ત્રી, પુત્ર, સંપત્તિ, ખેતરવાડી, વેપારમાં મોહથી ડૂબેલા, સૂતેલાને કાળ ક્યારે લઈ જાય તે જાણી શકતા નથી. માટે તૃષ્ણા, વાસના, ઈચ્છાઓને ત્યજી મોક્ષ માર્ગે ચાલવું. સંત સમાગમથી મોહ, મૃત્યુને જીતી પ્રભુના મહાઆનંદ અમૃતને મેળવવું. વધુ સંપત્તિવાળા સુવર્ણવાળા રાજાને વધારે ઉદ્વેગ રહે છે. સંપત્તિ વિનાના મનુષ્યને ચોર, શત્રુ, અગ્નિ, મૃત્યુનો ભય રહેતો નથી. આ રીતે શ્રીહરિએ ઉપદેશ આપી સર્વને શરણમંત્ર, રક્ષણમંત્ર, બ્રહ્મમંત્ર આપ્યા. પછી રાજારાણીએ પૂજા કરી આરતી ઉતારી ભેટ મુકી. ત્રણ રાજકન્યાએ શ્રીહરિને કંઠમાં વરમાળા પહેરાવી.

અધ્યાય - ૨૨૦

❖ કર્કશ રાજાની ફાંકલાશીપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, કર્ણફાલ ઋષિ સાથે કર્કશરાજા આવી શ્રીહરિને ફાંકલાશીપુરીમાં પધારવા પ્રાર્થના કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કુટુંબ ઋષિ સાથે વિમાનમાં બેસી ફાંકલાશીપુરીમાં આવ્યા. રાજા પ્રજાએ વાજીંત્રોથી જયજયકારથી પુષ્પહાર પહેરાવી સર્વનું સ્વાગત કર્યું. સોનાના રથમાં બેસાડીને શ્રીહરિને નગરમાં ફેરવ્યા. ચંદન, પુષ્પથી વૃષ્ટિ કરી. નરનારીઓ પ્રભુના દર્શન, સ્પર્શ, નમન કરી દાન આપતા હતા. પછી રાજમહેલે

આવી શ્રીહરિને દૂધપાન, ભોજન કરાવી સુવર્ણ સિંહાસને બેસાડ્યાં. રાજા-રાણીએ કેસર, ચંદન, તીલક ચાંદલો કરી સોનાનો હાર પહેરાવી આરતી કરી સાત રાજકન્યાઓએ શ્રીહરિને વરમાળા પહેરાવી પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણે ઉપદેશ આપ્યો. મનુષ્ય દેહથી પ્રભુની ભક્તિ કરી કથામાં રૂચિ રાખી પ્રભુનું સુખ લેવું. જે રાગદ્વેષથી રહિત થઈ સર્વ ઈચ્છાનો ત્યાગ કરે છે, તે સર્વ સુખ પામે છે. ધનનો, ઈચ્છાનો, તૃષ્ણાનો, ભોગનો અંત આવતો નથી. દરિદ્રને ધનમાં રાગ થાય છે. ધન મળવાથી રાગ વધે છે. ધન નાશ થવાથી શોકદુઃખ અને મૃત્યુ થાય છે.

નારદે સ્વયંપ્રકાશને પૂછ્યું, તમે સદા સુખી કેમ રહો છો ? જે રાગદ્વેષ, હર્ષશોક, હાનિ, વૃધ્ધિમાં સમાન ભાવ રાખી આત્મતૃપ્તિનાં આનંદમાં રહે છે. જેની ઈન્દ્રિયો પંચવિષય નિયમમાં છે તેને સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. જેઓ પરમાત્માને વશ વર્તે છે તેને કાળ, કર્મ, સ્વભાવ, માયા સર્વે વશ રહે છે તે સદા સુખી રહે છે. સ્વયંપ્રકાશ કહે, એ રીતે મહામુનિઓ આત્મસુખથી શાંતિ મેળવી સેવકોને સુખીયા કરે છે. એમ શ્રીહરિએ ઉપદેશ આપી સર્વને મંત્ર આપ્યા.

અધ્યાય - ૨૨૧

❖ આંડજરા રાજાના ચિલ્લી દેશમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ચિલ્લીદેશનો રાજા આંડજરા મંત્રાગ્નિ ઋષિ સાથે આવી શ્રીહરિને પ્રાર્થના કરી, હે પ્રભુ તમે મારી પુરીમાં પધારો. પ્રભુ વિમાનમાં બેસી તેના રાજ્યમાં આવ્યા. રાજાએ ચિલ્લી પ્રજા નરનારીઓએ ચંદનપુષ્પોથી વધાવી સ્વાગત કર્યું. શ્રીહરિને હાથી પર સોનાની અંબાડીમાં બેસાડીને રાજમાર્ગ, ચોકમાં, પધરામણી કરાવી રાજમહેલમાં લાવ્યા. સિંહાસને બેસાડીને સોનાનો મુગટ, કુંડળ, હાર, પહેરાવી પૂજા આરતી કરી. ચાર રાજકન્યાઓએ પ્રભુને વરમાળા પહેરાવી.

પછી રાત્રે શ્રીહરિ સભા કરી ઉપદેશ આપવા લાગ્યા, પ્રજ્ઞા મનુષ્યોનું કલ્યાણ કરે છે. શુધ્ધ બુધ્ધિથી જનો ધનવાન થાય છે. પછી રાજા થાય છે. પછી સ્વર્ગમાં દેવોના સુખને ભોગવે છે. શુધ્ધબુધ્ધિથી ઈશ્વરભાવને પામી બ્રહ્મપણાને પણ પ્રાપ્ત કરી બ્રહ્મલોકને પામે છે. તેથી પ્રજ્ઞાબુધ્ધિથી આત્મામાં રહેલા સનાતન બ્રહ્મ અંતર્યામી પરમાત્માને જાણીને ઉપાસના ભક્તિ કરવી. બ્રહ્મના દર્શન, સ્પર્શ, શ્રવણ, સેવા, ધ્યાન કરવાથી બ્રહ્મસમાન થાય છે. તેને માયિક સર્વ ઈચ્છા વિરામ પામે છે ત્યારે સર્વ તૃષ્ણાનો લય થાય છે. ધનવાળા, બળવાળાને પણ તૃષ્ણાદાસી થઈને બંધન કરી ક્લેશ આપે છે. દેડકો હોય કે વરાહ જંતુ હોય કે મનુષ્ય શુદ્ર હોય કે ચંડાલ, ઊંચ હોય કે નીચ સર્વદેહધારી શરીરમાં જ સુખ-સંતોષ માને છે. રોગી દરિદ્ર, અપંગ તો પણ શરીરમાં જ - પંચવિષયમાં સુખ માને છે. પણ પ્રજ્ઞાબુધ્ધિથી ચેતન

આત્માને જાણી મને પરમાત્માને ભજી મારું ધ્યાન જપ પૂજા કરે, વૃધ્ધ માતા-પિતાની સેવા કરે, સંત સેવા કરે તો શાશ્વત સુખને આપનારા એવા પરમધામને પામે છે. કંભરાપુત્ર ભગવાને એમ કહીને સર્વને મંત્રો આપ્યા. પછી પ્રભુની પૂજા કરી ભોજન પાન કરાવ્યા. ત્યાં બાલ્યરાજ રાજા શ્રીહરિ પાસે આવી પોતાની નગરી મંત્રિણાંગામાં પધારવા પ્રાર્થના કરી. પ્રભુ વિમાનમાં બેસી તેના રાજયમાં આવ્યા. રાજારાણીએ પુષ્પહાર પહેરાવી ચંદન ચોખાથી વધાવ્યા. પૂજાઆરતી કરી ચરણામૃત પીધું. રાજકન્યાઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને વરમાળા પહેરાવી અશ્વરથમાં શ્રીકૃષ્ણવલ્લભને બેસાડી નગરમાં ફેરવ્યા. રાજમહેલમાં લાવ્યા. રાજકુટુંબે શ્રીહરિની સેવા કરી.

અધ્યાય - ૨૨૨

❖ રાયસોમન રાજાની વાયુમાનનગરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, રાયસોમન રાજાએ આવી બાલકૃષ્ણને પ્રાર્થના કરી પોતાની રાજધાની વાયુમાન નગરીમાં પધારવા કહ્યું. શ્રીહરિ વિમાનમાં બેસી તેના રાજયમાં પધાર્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ આસો વદ ત્રીજે વાયુમાનપુરીમાં પધાર્યા. રાજાએ વાજીંત્રોથી જયકારથી, પુષ્પહારથી સ્વાગત કર્યું. રાજારાણીએ શ્રીહરિની પૂજા આરતી કરી પછી હાથી પર બેસાડી શહેરમાં ફેરવ્યા. રાજમાર્ગમાં, દરવાજામાં, ચોકમાં, શેરીમાં, નગરના પ્રધાનો, શ્રીમંતો, નરનારીઓ પ્રભુની પૂજા કરતા હતા. પછી રાજમહેલમાં આવી ભોજન કરી રાત્રિ વિશ્રામ કર્યો. રાજકુટુંબે સેવા કરી. સર્વ અવતારોના કારણ અનાદિશ્રીકૃષ્ણનારાયણે સવારે જાગીને નિત્યકર્મ કરી દૂધપાન કરી સભા કરી ઉપદેશ આપ્યો, સર્વે પ્રવૃત્તિ કર્મનો ત્યાગ શ્રીહરિમાં કરવો. તેથી સર્વકર્મ નિર્ગુણ થઈને મોક્ષનું કારણ બને છે. જે શ્રીહરિમાં કર્મ અર્પણ નથી કરતો તેને રાગદ્વેષથી કર્મનું બંધન થાય છે. ઈન્દ્રિયોથી જે પંચવિષય ગ્રહણ થાય છે તેમાં પ્રીતિ ન કરવી. મનનો નિગ્રહ કરી પ્રીતિથી પરમાત્માની ધારણા કરવાથી, બ્રહ્મમાં સર્વ અર્પણ કરવાથી, બ્રહ્મના શાશ્વત સુખનો અનુભવ થાય છે. જીવાત્મા અજ્ઞાનથી વાસનાથી બંધાઈને માયારૂપી ખાડામાં પડે છે. નિર્વાસનિકને જ્ઞાનરૂપી પ્રકાશ ધામ આપનારું થાય છે. બ્રહ્મવ્રતથી સર્વદોષને બાળી મુક્ત બુધ્ધિવાળો પરમપદને પામે છે. મારી ભક્તિ ધર્મપરાયણ સંત, દેવાલય, ગુરુ, સાધુ, સાધ્વિ, ધાર્મિક પુરૂષ તેની પ્રદક્ષિણા કરવી. અતિથિને ભોજનાદિથી તૃપ્ત કરવા. સદા એકવાર બે વાર પ્રભુને નૈવેદ્ય કરી ભોજન કરનારો સદા ઉપવાસી કહેલો છે.

સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ ગુરુતીર્થ છે. તેથી આયુષ, યશ, સંપત્તિ અને મોક્ષને અર્થે ગુરુની સેવા કરવી. ગાય પુચ્છથી પવિત્ર છે. સાધુ સર્વાંગે પવિત્ર છે. તેથી સર્વ પ્રકારની સંત સેવા કરવી. મારી દીક્ષા, કર્મ, ભક્તિ અને જ્ઞાનયુક્ત સંત મારા તુલ્ય છે. મારી ભક્તિ

કરનારા ગૃહસ્થો પણ મારા પુત્રો છે. મારા સાધુનો સ્પર્શ કરનારા, પ્રસાદી જમનારા તે પણ મોક્ષ ભાગી થાય છે. સાધુએ જે વસ્તુ, પદાર્થ, વસ્ત્ર અંગિકાર કર્યું તે સર્વ દિવ્ય થાય છે. સંત સેવા કરનારા સદા શુધ્ધ છે. જેણે સંત સેવા ગુરુસેવા કરી નથી તેણે કાંઈ કર્યું નથી. સંત સેવા કરનારો સંત થઈને પરમપદને પામે છે. એવો ભક્તિજ્ઞાનનો ઉપદેશ આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને સર્વને મંત્રો આપી વૈષ્ણવો બનાવ્યા. પછી સર્વ નરનારીઓએ પૂજન કરી ભેટ મુકી. પછી રાજારાણીએ શ્રીહરિની પૂજા કરી ભેટ મુકી વિદાય આપી. ત્યાં રાજા રાયપતિ રાજગીરઋષિ સાથે આવી પ્રભુને પોતાના પુરમાં પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિએ કહ્યું, હું તમારે ત્યાં તેરસને દિવસે આવીશ.

અધ્યાય - ૨૨૩

❖ ઉરૂગવાક્ષમાન રાજાની રાયગ્રામાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, રાયગ્રામાપુરીનો રાજા ઉરૂગવાક્ષમાન ત્રિવેદ ઋષિ સાથે આવી શ્રીહરિને આવવાની પ્રાર્થના કરી. શ્રીહરિ તે પુર પાસે હોવાથી કહ્યું, બહુ સારૂં તમે જાવ અમે આવશું. પછી પ્રભુ વિમાનમાં ઋષિઓ અને કુટુંબ સાથે બેસી રાયગ્રામાપુર આવ્યા. રાજાએ આખું શહેર ધજાપતાકા, વાવટાથી અનેક શોભાથી શણગાર્યું અને વાજીંત્રોથી, જયકારોથી, પુષ્પચંદન, ચોખાથી વધાવી શ્રીહરિનું સ્વાગત કર્યું. પછી શ્રીહરિને શ્વેત અશ્વના રથમાં તથા માતા-પિતા કુટુંબને બ્રહ્મપત્નીઓને અન્ય રથમાં બેસાડી નગરમાં ફેરવ્યા. દરવાજામાં, રાજમાર્ગપર ચોકમાં, શેરીઓમાં ચારે બાજું શહેરમાં, શ્રીમંતોએ, પ્રધાન કર્મચારીઓએ, નરનારીઓએ પરમાત્માની પૂજા કરી હાર પહેરાવ્યા. નાળીયેર, ફળફૂલ અર્પણ કર્યાં. સુવર્ણ, ચાંદી, રત્નો, રૂપીયા, વસ્ત્ર, આભૂષણોની ભેટ કરતા હતા. પછી રાજમહેલમાં આવી ઉરૂગવાક્ષમાન રાજાએ શ્રીહરિના બંને ચરણને દૂધથી અભિષેક કરી જલથી ધોઈ ચરણામૃત પીધું. રાજારાણીએ પૂજા કરી આરતી કરી. બે રાજકન્યાએ શ્રીહરિને વરમાળા પહેરાવી પછી પ્રભુને ભોજનપાન કરાવી સર્વ મહેમાનોને ભોજન કરાવ્યા. બપોર પછી સભામાં શ્રીહરિએ સર્વને ઉપદેશ આપ્યો, જ્યારે વાસનાવૃત્તિનો લય થાય છે ત્યારે શ્રીહરિ આત્મામાં દેખાય છે. યોગીઓ ધ્યાનથી પ્રભુને જોઈને સિદ્ધિને મેળવે છે. ધ્યાન અને જ્ઞાનથી તૃપ્ત થયેલા આ સંસારમાં ફરી જન્મ પામતા નથી, તે રાગદ્વેષથી રહિત થઈ સાત્વિકપણે રહી મુક્ત સ્થિતિને પામેલા વાદવિવાદ વિના મારી ભક્તિ કરે છે, મનને સદા મારામાં રાખી માયિક પંચવિષયને ગ્રહણ કરતા નથી. ચંચળ મન વિષયમાં જાય ત્યાંથી પાછું વાળી રમણિય વસ્ત્રઅલંકારોવાળી મારી મૂર્તિનું ધ્યાન કરે તો મન વશ થાય છે. એ રીતે ઈન્દ્રિયો અંતઃકરણની વૃત્તિઓ મૂર્તિમાં રહેવાથી મોક્ષ થાય છે. અથવા સર્વકાર્યોમાં મને સાથે રાખવો અથવા સર્વકાર્યો મને અર્પણ કરવા અથવા વ્યવહારમાં જોડાવું જ નહીં. તો ચિત્તવૃત્તિ મારામાં રહે.

યોગીએ સર્વ વસ્તુનો ત્યાગ કરવો અથવા કોઈ વસ્તુની ઈચ્છા ન કરવી અથવા મારે અર્થે જ સર્વક્રિયા કરે અને મારા નામનો જપ કરે તો મારા લોકને પામે છે. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં ઐશ્વર્યની ઈચ્છા તે સાત્વિકી માયા છે, તે જન્મ અપાવે છે માટે ભક્તિ, સેવા વિના બીજી ઈચ્છા ન કરવી. તૃષ્ણા અને ઈચ્છાઓ તે રાક્ષસી છે તેમાં જે રહે તેને ચિંતા પિશાચી વળગે છે. તે ત્રણ નરકમાં લઈ જનારા છે. રાગ-રાક્ષસ, મોહ-યક્ષ, દ્વેષ-પિશાચ આ ત્રણ જેને છે, તે સર્વે નરકમાં પડેલા છે. માયાના બ્રહ્માંડોમાં રહેલાં લોકપાલો, દેવો, ઈશ્વરો, સિધ્ધો સર્વે દુઃખ મિશ્રિત સુખમાં હોવાથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનના ધામના સુખ પાસે નરક જેવા છે. ગોલોક, વૈકુંઠ, અમૃત, અવ્યાકૃત વગેરે ધામો મારા યોગથી માયાથી રહિત દિવ્ય છે. જ્યાં મારો યોગ સંબંધ અર્પણ ભાવ નથી, ત્યાં કાળનું શાસન છે. જ્યા મારો વાસ છે, ત્યાં કાળ નથી. એવું વિચારી બુધ્ધિવાળાએ મારો સંબંધ નિત્ય રાખવો તો મારા ધામને પામી દિવ્ય સુખઆનંદને ભોગવશે. એમ ઉપદેશ આપી શ્રીહરિએ રાજકુટુંબને તથા સર્વે પ્રજાને મંત્રો આપ્યા.

અધ્યાય - ૨૨૪

❖ પરાંગવ્રત રાજાની આશાસનાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અલંત્રાત ઋષિ સાથે પરાંગવ્રત્ત રાજાએ આવી પ્રભુને પોતાના પુરમાં પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિ સર્વ સાથે વિમાનમાં બેસી આશાસનાપુરીમાં પધાર્યા. રાજાપ્રજા, નરનારીઓએ પુષ્પહારથી સ્વાગત કર્યું. શ્રીહરિને હાથી પર સોનાની અંબાડીમાં બેસાડીને શહેરમાં પધરામણી કરાવી. નરનારીઓએ પૂજા કરી. પછી પ્રભુ રાજમહેલે આવ્યા. રાજારાણીએ પૂજાઆરતી કરી ભોજન કરાવ્યા. બે રાજકન્યાએ પ્રભુને કંઠમાં વરમાળા પહેરાવી પછી પ્રભુએ સર્વને કહ્યું, આવતી કાલે પાંચમથી એકાદશી સુધી બ્રાહ્મીલ દેશમાં યજ્ઞ થશે. ત્યાં સાક્ષાત પુરુષોત્તમ નારાયણ હું હાજર રહીશ. હું યજ્ઞરૂપ છું. સર્વ યજ્ઞથી હું પ્રસન્ન થાઉં છું. હું સર્વમાં રહેલો છું. પણ જેમ અમાસનો ચંદ્ર દેખાતો નથી તેમ અજ્ઞાનરૂપી અંધકારવાળાને હૃદયમાં હું દેખાતો નથી. જેમ પૂર્ણિમાનો ચંદ્ર પૂર્ણ પ્રકાશ કરે છે તેમ ભક્ત જ્યારે ભક્તિથી પૂર્ણ થાય ત્યારે હૃદયમાં હું પ્રકાશ કરું છું. રાહુથી ગ્રહણ કરાયેલો ચંદ્ર જેમ પ્રકાશ કરતો નથી, તેમ માયાવાળાને આત્મામાં પ્રકાશ થતો નથી, અતૃપ્તને શાંતિ નથી, અશાંતને સુખ નથી, સુખશાંતિ વિના મોક્ષ નથી.

પહેલું દુઃખ વિષયોનું, ૨-ઈન્દ્રિયોનું, ૩-મનનું, ૪-વાસનાનું, ૫-કર્મનું, ૬-દુર્ગુણનું, ૭-ઘરમાં ક્લેશનું, ૮- દરિદ્રતાનું, ૯-શરીરમાં રોગનું, ૧૦-પરવસતાનું, ૧૧-અપકીર્તિનું, ૧૨-બુધ્ધિ ઓછીનું, ૧૩-અપુત્ર કુટુંબનું, ૧૪-દાસપણાંનું, ૧૫-અપંગનું, ૧૬-શત્રુનું, ૧૭-શરીરનું, ૧૮-શરીરના વિકારોનું. આ સર્વ સર્વ દુઃખો નરકરૂપ છે. જ્યાં સુધી પાપ

છે ત્યાં સુધી તૃષ્ણા ટળતી નથી. જ્યાં વિષય છે ત્યાં-ત્યાં તૃષ્ણા છે. જ્યારે ભગવાનનો આશરો નામ સ્મરણ ભક્તિ કરે છે ત્યારે પાપ તૃષ્ણા અને વિષયમાંથી વૃત્તિ તૂટે છે. પછી રાજારાણીએ પૂજા કરી ભેટ મુકી પ્રભુને વિદાય આપી.

અધ્યાય - ૨૨૫ થી ૨૩૦

❖ બ્રાહ્મીલ રાષ્ટ્રમાં ગોયાજનાનગરીમાં શ્રીહરિ દ્વારા દિવ્ય ભવ્ય મહાયજ્ઞ ❖

❖ શ્રીહરિ દ્વારા યજ્ઞની પૂર્ણાહુતિએ સર્વને આશિર્વાદ અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, શ્રીહરિઋષિઓ કુટુંબ સાથે વિમાનમાં બેસી આસો વદ પાંચમે બ્રાહ્મીલ રાષ્ટ્રમાં ગોયાજના નગરીમાં આવ્યા. રાજાપ્રજાએ વાજીંત્રોથી જયકારથી સ્વાગત કરી પુષ્પચંદન, ચોખાથી વધાવ્યા. શ્રીહરિ યજ્ઞ સ્થળમાં આવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિશ્વકર્માએ રચેલા વીશયોજનના યજ્ઞમંડપમાં આવ્યા. રાજા અને ઋષિમુનિઓએ પ્રભુને પુષ્પો અને સુવર્ણના હાર પહેરાવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી તે યજ્ઞમાં કેતુમાલ - પ્રાગ્જ્યોતિષપુર - રાશીયાન - પ્રાચીન - અમરી - ઉષ્ટ્રાલય - આજનાભ - અબ્રિકત તથા દ્વિપોના અનેક દેશના રાજાઓ કાલીમંડલી વનજેલેશ, પારાવારપીબ, કોટીશ્વર, સતીશત્રેતા, કર્કશ, પરાંગવ્રત, રાયપતિ, અંડજર, રાયસોમાન, બાલ્યરજ, ઉરૂડાવાક્ષ વગેરે રાજાઓ આવ્યા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણના આમંત્રણથી સર્વ અક્ષરમુક્તો, અવતારો, મુક્તો સાથે આવ્યા. ઈશ્વરો, દાસદાસીઓ સાથે આવ્યા. ચતુર્વ્યૂહ નારાયણ, ભૂમાપુરૂષ, મહાવિષ્ણુ, મહાકાળ, વૈરાટ સર્વે લોકપાલ, દિક્પાલ, દેવો-દેવીઓ, બ્રહ્માંડવાસી સર્વે તીર્થો મૂર્તિમાન આવ્યા. શ્રીહરિની આજ્ઞાથી અન્નપૂર્ણાદેવી તથા લક્ષ્મીએ ભોજનની સર્વે સામગ્રી તૈયાર કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી લોમશ ઋષિ, લાલાયન, શંકર, સ્વયંપ્રકાશ વગેરે ઋષિમુનિઓ, યજ્ઞકુંડો, યજ્ઞસામગ્રી વગેરે તૈયાર કરતા હતા. મુખ્ય યજમાન રાજા ઈશાનપાન પત્ની સાથે યજ્ઞમંડપમાં આવ્યા. લોમશઋષિએ સંકલ્પ કરાવી દીક્ષા આપી. ગણેશ સ્થાપન કરી સ્વસ્તિવાચન કર્યું. યજ્ઞવિધિ પ્રમાણે મુક્તોને, મુક્તાનીઓને, અવતારોને, આવાહન કરી સ્થાપન કરી, પૂજન કરી, ભોજન કરાવ્યું. સર્વે ઈશ્વરો, ઈશ્વરાણીઓ, દેવો-દેવીઓ, વ્યુહો, બ્રાહ્મણી, સતીઓ, બ્રહ્મ પત્નીઓ, બ્રહ્માંડો, સર્વે ઈશ્વરો, આવરણોના ઈશ્વરો સર્વના નામ લઈ આવાહ્ન કરી, પૂજન કરી, ભોજન આપ્યું તથા આદિત્યો, વસુઓ, રૂદ્રો, નિધિઓ, સિધ્ધિઓ, ઋષિમુનિઓ, સિધ્ધો, તીર્થો, કલાકૃતિકા, યજ્ઞ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, ડાકીની, શાકીની, સુત, માગધ, બંદી, વિદ્યાધર, ગાંધર્વ, ચારણ, કિન્નરો, દૈત્યો, દાનવો, ગણો, નદી, પર્વત, સાગર, વૃક્ષ, વેલી, સ્થાવર, જંગમ, જડચેતન, સર્વને આવાહન કરી પૂજન કરી બલિ ભોજન આપતા હતા. સર્વને યથાયોગ્ય બલિ આપી અગ્નિમાં હવિષ્યાન્ન

હોમી તૃપ્તિ પમાડતા હતા. લોમશ ઋષિ સર્વેને તૃપ્ત કરી વેદમંત્રો સાથે, વાજીંત્રો સાથે, સ્ત્રીઓના મંગલગીતો સાથે મહાઆરતી કરતા હતા. પછી રાજાએ પુષ્પાંજલિ અર્પણ કરી, પછી સર્વે વિપ્રોએ, યજમાન રાજાએ અભિષેક કર્યો. રાજાએ સર્વે વિપ્રોને ભોજન કરાવી દક્ષિણાઓ આપી. વિપ્રોએ આશીર્વાદ આપ્યા. લોમશ ઋષિએ વિસર્જન કર્યું. પછી સર્વે ઋષિમુનિઓને મહેમાનોને ભોજન કરાવી શ્રીહરિએ રાજાઓ સાથે કુટુંબ સાથે ભોજન કર્યું.

એવી રીતે પાંચમે બપોર પછી સર્વ માનવો સાથે સ્નાન કરી વરૂણદેવની પૂજા કરી શ્રીહરિ સર્વેને દાન આપવા લાગ્યા. મુક્તોને પાદુકાઓ આપી, અવતારોને મુગટો આપ્યા. મુક્તાની અવતારીણીઓને સુવર્ણ સાડીઓ આપી, ઈશ્વરોને મુગટ હાર આપ્યા. ઈશ્વરાણીઓને કંદોરા આપ્યા. ઋષિઓને સુવર્ણ કળશો આપ્યા. પિતૃઓને અમૃતથાળી આપી. દેવોને સુવર્ણ છત્રો આપ્યા. દેવીઓને કંઠના આભૂષણો આપ્યા. ભૂત-પ્રેત પિશાચોને વસ્ત્રો આપ્યા. માનવોને સુવર્ણમુદ્રા આપી. દૈત્યોને મણિઓ આપ્યા. અનાથ બાળકો, વૃદ્ધોને અન્નવસ્ત્રો આપ્યા. એ રીતે શ્રીહરિએ જેને જે જોઈએ તે વસ્તુના દાન જડચેતન સર્વને આપ્યા. પછી રાજાઓએ અન્ન, વસ્ત્ર, ગાયો, ગૃહ, ખેતરવાડી, કન્યાદાન વગેરે અનેક દાનો આપ્યા. પછી સર્વએ બાલકૃષ્ણ પ્રભુની આરતી ઉતારી. પછી પ્રભુએ રાત્રે સભા કરી સર્વને ઉપદેશ આપ્યો, પરબ્રહ્મની અક્ષરબ્રહ્મને પ્રેરણાથી ધામમાં રહેલો મુક્ત પુરૂષ સૃષ્ટિઓનું સર્જન કરવા પોતાની શક્તિ માયા સાથે જોડાય છે, તેથી માયામાં રહેલા સર્વે જીવો-ઈશ્વરો પોતાના કર્મથી શરીરો ધારણ કરે છે.

આ જીવાત્મા પંચભૂત ઈન્દ્રિયો અંતઃકરણ અને પંચવિષયના સમુદાયને પોતાનું સ્વરૂપ માનીને તેમા કર્મથી બંધાય છે અને વારંવાર અનેક શરીરો ધારણ કરે છે પણ અંદર રહેલા ચેતન આત્માને જાણે અને આત્મામાં રહેલા મને પરમાત્માને જાણે અને મારો આશ્રય કરે તો અગ્નિ જેમ કાષ્ઠને બાળી દે છે, તેમ હું તેના માયાના સ્વભાવ કર્મ સર્વ નાશ કરૂ છું. તથા મારા અંશ એવા સંતના યોગથી ભક્ત મારા સમાન થાય છે. વેગ વિનાનું બાણ જેમ પૃથ્વીમાં પડે છે તેમ વાસના વિનાનો જીવાત્મા અક્ષરને પામે છે. અગ્નિથી બળેલા બીજ જેમ ઉગતા નથી તેમ મારા જ્ઞાનામૃત, અભ્યાસથી મારામાં આસકત થયેલા ક્યારે પણ માયામાં જતા નથી. પાણીનો સ્વભાવ નીચે જવામાં છે તેમ પંચવિષયીજનો માયામાં જાય છે. બ્રહ્મને જાણનારા, અગ્નિ સ્વભાવવાળા સંત ઉર્ધ્વગતિમાં જાય છે. તેમ સંતના પ્રસંગથી મારી ભક્તિ કરનારા તેને માયા બાધ કરતી નથી. જે સ્નેહ સ્ત્રી પુત્ર ધન અને શરીરમાં છે તે સ્નેહ મારામાં કરવો. જે તૃષ્ણા માન યશ ભોગ સુખમાં છે, તે તૃષ્ણા મારામાં કરવી. સર્વ કાર્યોમાં જે વેગ છે, તે વેગ મારામાં કરવો. લાભ સંતોષમાં સુખમાં જે તૃપ્તિ રહી છે, તે તૃપ્તિ મારામાં કરવી. વસ્તુ પદાર્થમાં જે એકાત્મભાવ છે તો મારામાં કરવો. જે પ્રયત્ન

વિષય ધન અને પ્રાણને માટે કરે છે તે પ્રયત્ન મારા માટે કરવો. વાસના નારી, આત્મા, નરને રજોગુણી તમોગુણી કરીને માયાસાગરમાં ડુબાડે છે. તેથી નર હોય કે નારી તેણે રાગ રહિત થઈ વિવેક-વિચાર કરી મારી મૂર્તિમાં ચિતવૃત્તિનો નીરોધ કરી. તત્ત્વજ્ઞાનરૂપી અમૃતનું પાન કરી ભક્તિરસનું પાન કરી મારા સ્નેહ સુધાનું પાન કરી અક્ષરપદને ગ્રહણ કરવું. એ રીતે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપી સર્વ અવતારોના કારણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યે સર્વેજનોને મંત્રો આપ્યા. બીજે દિવસે છઠ્ઠે સવારમાં યજ્ઞમંડપમાં સર્વ ઋષિમુનિઓ વેદમંત્રોથી સર્વનું આવાહન કરી પૂજન કરીને અગ્નિમાં આહુતિ આપી સર્વને બલિ ભોજન આપ્યું.

પછી સર્વે મહેમાનોને ભોજન કરાવી શ્રીહરિએ ભોજન કરી સભા કરી ઉપદેશ આપ્યો, સર્વમાં શ્રેષ્ઠવ્રત્ત બ્રહ્મચર્ય છે. બ્રહ્મચારી કાળ, માયા, કર્મને જીતીને મારા ધામને પામે છે. તે બ્રહ્મચર્યવ્રત સિધ્ધ, યોગી, સતી, સાધ્વી, સાધુને સુલભ છે. વિષયીજનોને બ્રહ્મચર્યવ્રત દુર્લભ છે. બ્રહ્મચર્યનું રક્ષણ કરવાથી ઈંન્દ્રિયો, અંતઃકરણની શક્તિ વધે છે. શુક્રના ત્રણ બીજ છે. અન્ન, રસ અને મન. એ ત્રણને નિયમમાં કરવા. આહારને નિયમમાં કરવો. ધીમેધીમે ધ્યાન યોગ વધારીને આત્મપ્રકાશ મેળવવો. ત્યારપછી જ્ઞાન પ્રકાશવાળો થાય, તેમાં ભક્તિ પ્રકાશયુક્ત થવાથી દેવના જેવો પ્રકાશવાળો થાય, પછી આત્મામાં પ્રકાશ થવાથી સ્વયંપ્રકાશ થાય. તે કૃષ્ણવલ્લભ થાય. તે સર્વ બ્રહ્મચર્યવ્રતથી પ્રાપ્ત થાય છે. તે પરમશાંતિનો અનુભવ કરી અક્ષરપદને પામે છે. બ્રહ્મચર્યવ્રતમાં નિંદ્રાને જીતવી તે રજોગુણ વધાવનારી છે. તે શરીરનું તપ છે. મનમાં મારું ચિંતન તે મનનું તપ છે. મારી પ્રસાદી, ભોજન તે સર્વ પાપનાશ કરનારૂં છે. વાસનાનો નાશ કરવો તે બુધ્ધિનું તપ છે, આત્મનિષ્ઠા તે ચેતનતપ છે. કેટલાક આત્માને-અક્ષરને ઉપાસે છે. તે પણ બ્રહ્મગતિને પામે છે. મારો આશ્રય કરનારા પણ પરમગતિને પામે છે. મારા અંશ સાધુનો આશ્રય કરે તો પણ પરમધામને પામે છે. એ રીતે છઠ્ઠની રાત્રિએ આત્મનિષ્ઠાનો ઉપદેશ આપી આરામ કરી સાતમ સવારે જાગી નિત્ય કર્મ કરી બાલકૃષ્ણપ્રભુ રાજમહેલમાં આવ્યા. સર્વે રાજાઓએ શ્રીહરિની પૂજા કરી, આરતી કરી પછી પ્રભુ યજ્ઞમંડપમાં પધાર્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાતમે સવારે યજ્ઞમંડપમાં બેઠા. યજમાન રાજા આવ્યા. લોમશ ઋષિએ પ્રભુની પૂજા કરી. પછી સર્વે અવતારો, ઈશ્વરો-દેવોનું આવાહ્ન કરી પૂજન આરતી કરી બલિભોજન આપ્યા. પુષ્પાંજલિ અર્પણ કરી સર્વ વિપ્રોને દક્ષિણા આપી. પછી શ્રીહરિની આજ્ઞાથી સર્વે મહેમાનો દીન, અનાથને ભોજન કરાવ્યા. પછી સભા કરી અનાદિ બાલકૃષ્ણ સ્વામિનારાયણે સર્વેને કૃપાવચનો કહ્યા, હું પરબ્રહ્મ યજ્ઞરૂપે રહેલો છું. અગ્નિ મારું મુખ છે. મારી મૂર્તિમાં બ્રહ્મરંધ્રમાં અક્ષરધામ છે.

રોમમાં મુક્તો વસે છે. બંને ભૃકુટીમાં મુક્તાનિ રહે છે. મારા મુખમાં, નેત્રમાં, ભાલમાં, કાનમાં, ડાઢી, મૂછમાં સર્વ અવતારો વસે છે. ચિબુક-નાસીકામાં અવતારિણીઓ વસે છે. કંઠમાં વાસુદેવાદિ ચતુર્વ્યુહ વસે છે. સ્કંધ-પીઠમાં મહામાયા રહેલી છે. મારા પડખામાં મહાવિષ્ણુ, રૂદ્ર, સદાશિવ વૈરાટ છે. મારા હૃદયમાં મહાલક્ષ્મી-ઈશ્વરાણીઓ-મહાદેવીઓ વગેરે શક્તિઓ રહેલી છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈશ્વરકોટી મારા નાભિપ્રદેશમાં રહેલા છે. ઋષિ પિત્રુઓ સિધ્ધો મારા ઉદરમાં રહે છે. યક્ષો, રાક્ષસો, દૈત્યો, દાનવો, મારા ગુપ્તાંગ રોમમાં વસે છે. કામાદિક રાજસી દેવો ગુપ્તાંગમાં રહે છે. ભૂત, પ્રેત, પિશાચ વગેરે કોટીયો નિતંબમાં રહે છે. મારા સાથળ, ગોઠણમાં માનવો વસે છે. પિંડીમાં દૈત્યો વસે છે. ચરણમાં સર્પો, વૃક્ષવેલી રહે છે. રોમમાં સર્વ પશુ-પક્ષી કિટ વગેરે રહે છે. એવી રીતે મારી મૂર્તિમાં જડચેતન સર્વે સૃષ્ટિઓ વસેલી છે. મારી તૃપ્તિ આનંદથી સર્વે આનંદવાળા છે. આ મહાયજ્ઞમાં મારા ભક્તોને જે જમાડશે તેને અશ્વમેધ યજ્ઞનું પૂણ્ય થશે. વિપ્રોને જમાડશે તેને વાજપેય ફળ મળશે. મારું પૂજન કરી મારા સાધુને જમાડશે તેને રાજસૂય યજ્ઞફળ થશે, સતી-સાધ્વીને જમાડશે તેને અતિરાત્ર યજ્ઞફળ થશે. અનાથ દીનને જમાડશે તેને અગ્નિષ્ટોમ ફળ થશે. બ્રહ્મ પત્ની-કન્યાઓને ભોજન કરાવશે તેને ગવાયન ફળ થશે. યતિ સંન્યાસીને જમાડશે તેને સોમયાગ ફળ થશે. રાધામાણિકીનાથ શ્રીકૃષ્ણનું પૂજન કરી ગોપ-ગોપીને જમાડશે તેને વિશ્વજીત ફળ થશે. ગૌરીનાથનું પૂજન કરી માનવોને જમાડશે તેને રુદ્રયાગ ફળ થાય. યજ્ઞ સેવા કરનારાને જમાડશે તેને યજ્ઞફળ થાય.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ અવતારી એવો હું મારું પૂજન કરી મને જમાડશે તેને સર્વયજ્ઞ ફળ થશે અને તેના સર્વ સંકલ્પ પૂર્ણ થાય. સર્વવસ્તુંનું દાન કરનારો સ્વર્ગ-મોક્ષ મેળવે છે. લક્ષ્મીનારાયણ સંહિતાનું દાન કરનારો પરમધામમમાં જાશે. ભયથી, લોભથી કીર્તિ માટે દાન ન કરવું. પણ પરલોક હિત માટે સુપાત્ર વિદ્યાવાળા નિસ્પૃહ સહન કરનારા મારા સંતભક્તોને મુક્તિ માટે દાન આપવું. પ્રભુની પ્રસન્નતા માટે દેવાલય, ધર્મશાળા, સંત, આશ્રમો વગેરે બંધાવનાર તે સ્વર્ગને પામે છે. મારા મંદિર બંધાવનારા મારા ધામમાં વાસ કરે છે. પ્રતિષ્ઠા કરાવનારા ઈશ્વરપદ મેળવે છે. મારી મૂર્તિપૂજા કરનારા બ્રહ્મલોકને પામે છે. પરોપકાર માટે વાવ, તળાવ, કૂવા કરનારા, વૃક્ષો વાવનારા અનંત પુણ્ય મેળવે છે અને મારી પ્રસન્નતા માટે કરે તો ભક્તિયુક્ત થઈ મારા ધામને પામે છે. મારે યોગે આ દેશ ગોયાજની નગરીની ભૂમિ તે પણ તીર્થરૂપ થઈને મોક્ષ આપનારી થશે. આ યજ્ઞમાં જેણે પત્ર, પુષ્પફળ, જળ, અન્ન, વસ્ત્ર, જે આપ્યું હશે તેને હું અક્ષરધામમાં લઈ જઈશ. એ રીતે અનાદિ બાલકૃષ્ણ પ્રભુએ ઉપદેશ આપી સર્વને મંત્રો આપ્યા. પછી ઈશાનપાન, શિષ્ટા આદિ રાજાઓએ પ્રભુની પૂજા કરી આરતી કરી. આઠમે સવારે શ્રીહરિ નિત્યકર્મ કરી યજ્ઞમંડપમાં આવ્યા અને ગુરુ લોમશ ઋષિને નમસ્કાર કર્યા. સર્વ ઋષિ વિપ્રો યજ્ઞમાં વેદમંત્રો બોલી

હવિષ્યાન્ન હોમવા લાગ્યા. તથા સર્વ અવતારો ઈશ્વરો દેવો વગેરે આવાહન કરી પૂજન કરી બલિ ભોજન આપી પુષ્પાંજલિ અર્પણ કરતા હતા.

પછી સર્વ મહેમાનોને ભોજન કરાવી શ્રીહરિએ ભોજન કરી સાંજે સભા કરી ઉપદેશ આપ્યો, ત્યાગ સર્વસુખથી મહાસુખ આપનારો છે. જેનાથી દુઃખ થાય છે તે વસ્તુ-પદાર્થનો ત્યાગ કરવાથી સુખ થાય છે. તૃષ્ણાનો ત્યાગ કરવાથી મહાશાંતિ થાય છે. ભોગ ત્યાગથી વ્રત થાય, સુખ ત્યાગથી તપ થાય, સર્વનો ત્યાગ કરવાથી મોક્ષ થાય. માયાને તજી ગુણાતિત થાય ત્યારે બ્રહ્મનો આનંદ મેળવે છે. ઈષ્ટના ત્યાગથી સાત્વિકનો લય થાય છે. રાગદ્વેષના ત્યાગથી રાજસનો લય થાય છે. જડતા અજ્ઞાન-સ્વભાવના ત્યાગથી તામસનો લય થાય છે ત્યારે સચ્ચિદાનંદરૂપે થાય છે. અહંતા મમતાથી રહિત થાય ત્યારે કર્મથી લેવાતો નથી અને બંધન પણ પામતો નથી. સર્પને કાંચળી ત્યાગથી, પક્ષીને ખરેલા પીંછામાં બંધન થતું નથી, તેમ જ્ઞાની પુરૂષ દેહ તજી મહાસુખીયો થાય છે. જે મેળવવાનું છે તે મેળવે છે.જે જવાનું છે તે જાય છે. સુખ-દુઃખ જે આવવાના છે તે આવશે, એમ જાણી તેમાં મોહ ન પામવો. શ્રીહરિમાં ધ્યાન તે તપ. સરલપણુ, શ્રધ્ધા, સેવા તેથી સર્વ પાપથી રહિત થવાય છે. એ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ઉપદેશ આપી સર્વને મંત્રો આપી વૈષ્ણવ બનાવ્યા. પછી સર્વ મહેમાનોને ભોજન કરાવીને કુટુંબ સાથે પોતે ભોજન કરી, વિશ્રામ કરી નવમી સવારે જાગી નિત્યકર્મ કરી યજમાને સાથે યજ્ઞમંડપમાં આવ્યા. અગ્નિમાં આહુતિ આપી. સર્વેને ભોજન કરાવી શ્રીહરિએ ભોજન કર્યું. દશમને સવારે નિત્યકર્મ કરી યજમાનો સાથે યજ્ઞમંડપમાં આવી, અગ્નિમાં આહુતિ આપીને ભોજન કરાવી શ્રી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ ભોજન કર્યું. એકાદશી સવારે પ્રાતઃકર્મ કરી યજમાનો સાથે યજ્ઞમંડપમાં આવ્યા. બાલકૃષ્ણ પ્રભુ, ઋષિઓ-યજમાનોએ ઘીની હજારો ધારથી આહુતિ આપી. હવિષ્યાન્નનો હોમ કરી સર્વદેવોને તૃપ્ત કર્યા. પરબ્રહ્મને, મુક્તોને, અવતારોને, ઈશ્વરોને, દેવોને દેવીઓને, જડચેતન, સ્થાવરજંગમ સર્વને આહુતિ આપી તૃપ્ત કર્યાં. પછી સર્વને પુષ્પાંજલિ અર્પણ કરી નમસ્કાર કરી યજ્ઞની પૂર્ણાહુતિ કરી. શ્રીહરિએ તથા યજમાનોએ ઋષિ વિપ્રોને દક્ષિણાઓ આપી. લોમશ ઋષિ તથા હરિકૃષ્ણ ભગવાને સર્વેને આશીર્વાદ આપ્યા. પછી સર્વે મહેમાનોને ભોજન કરાવ્યા. અનાથદીનને, ભિક્ષુકોને ભોજન આપી દાન આપ્યા. પછી લોમશ ઋષિ યજમાન રાજા સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન અવભૃથ સ્નાન કરવા આમ્રજાની નદીએ ગયા.

પૂર્વે નર ભગવાને આંબાની મંજરીમાંથી આમ્રજાનીને ઉત્પન્ન કરી ઉર્વશીનો ગર્વનાશ કર્યો. તે આમ્રજાની બ્રાહ્મીલ દેશમાં સાત નદી સ્વરૂપે થઈ રાકાંતિકા-સનાગોનિકષા-પુરૂષા-માધ્વારિકા-ગોયાની-માના-સના આ સાત નદીઓમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ સ્નાન

કરીને તેને તીર્થરૂપ કરી. ત્યાં યજમાન રાજાઓ પાસે અનેક પ્રકારના દાન અપાવ્યા. એ રીતે ગોયાજની નગરીમાં મહાયજ્ઞ બાલકૃષ્ણને હસ્તે થવાથી મોક્ષ આપનારી થઈ. બારસને બપોરે સર્વને ભોજન આપી વિદાય કર્યા. ઈશાન, પાનશિષ્ટ, રાજારાણી, કન્યા વગેરે સર્વેએ શ્રીહરિની પૂજા આરતી કરી. એકતાલીશ રાજકન્યાઓએ શ્રીહરિના કંઠમાં વરમાળા પહેરાવી રાજારાણીએ અનેક ભેટો આપી.

અધ્યાય - ૨૩૧

❖ રાયપતિ રાજાની વ્યોનોજરાશાપુરીમાં પ્રભુની પધરામણી અને ઉપદેશ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, રાજા રાયપતિ, રાજગિર ઋષિ સાથે આવી પ્રભુને પોતાના પુરમાં પધારવા પ્રાર્થના કરી. પ્રભુ લોમશ ઋષિ શંકર વગેરે પાર્ષદો અને કુટુંબ સાથે વિમાનમાં બેસી તેરસને દિવસે પરિતા નદીકાંઠે વ્યોનોજરાશાપુરીમાં પધાર્યા. રાજાપ્રજાએ જયકારથી, વાજીંત્રોથી સ્વાગત કરી પુષ્પહાર પહેરાવ્યા. પછી રાજાએ કૃષ્ણવલ્લભને રથમાં બેસાડી પુરમાં પધરામણી કરાવી. નરનારીઓએ પ્રભુની પૂજા કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની સવારમાં પૂજા કરવા રાજા કુટુંબ સાથે આવ્યા. શ્રીહરિને કેસર, ચંદન, તિલક ચાંદલો કરી સોનાનો મુગટ, કુંડળ પહેરાવ્યા. હાર, કંદોરા, બાજુબંધ, કડા, પોંચી, વીંટી, તોડા, માંજર, પુષ્પહાર પહેરાવી આરતી કરી. ત્રીસ રાજકન્યાએ પ્રભુની પૂજા કરી કંઠમાં વરમાળા પહેરાવી રાજાએ સ્તુતિ કરી, હે પ્રભુ, આ રાજ્ય તમારું છે. અમે તમારા દાસદાસી છીએ. તમે કૃપા કરી અહીં આવી યજ્ઞ કર્યો. અમને ભવપાર કર્યા. હે પ્રભુ તમારા દર્શન માટે યોગીઓ સિધ્ધો તપ કરે છે તો પણ તેને તમારું દર્શન થતું નથી. એવા તમે અમને દર્શન આપ્યા. હે મુક્તપતિ, આત્મપતિ, બ્રહ્મપ્રિયાપતિ, સર્વપતિ, અંતર્યામિ, અવતારી તમને નમો નમઃ હે પ્રભુ આ દેશ ભૂમિ અમારું કુટુંબ, પ્રજા સર્વે ધન્ય છીએ.

રાજા કુટુંબની સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ સર્વને દિવ્યદર્શન આપ્યા. સર્વધામના દર્શન કરાવી ફરી કુંકુમવાપી ધામમાં બાલકૃષ્ણ રૂપે થયા. પછી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભે સર્વને શરણમંત્રો આપ્યા. અને રાજાને આજ્ઞા કરી, સાત શીખરનું મંદિર કરી લક્ષ્મી સાથે મારી મૂર્તિ પધરાવજે. પછી સર્વને ભોજન કરાવી સભા કરી શ્રીહરિએ ઉપદેશ આપ્યો, ગૃહસ્થોએ મન વાણી, ધનથી, માતા, પિતા, ગુરુની સેવા કરવી. તે ત્રણે દેવસ્વરૂપ છે. તેની પૂજા કરનાર આ લોકમાં પરલોકમાં સુખી થાય છે. તેની પ્રદક્ષિણા કરવાથી પૃથ્વીની પ્રદક્ષિણા થાય છે. તે ત્રણની સેવા કરવાથી સર્વયજ્ઞ ફળ થાય છે. આ ત્રણ તીર્થો જેને ત્યાં છે, તેને સર્વ પ્રાપ્તિ થાય છે. તૃષ્ણવાળા, વાસનાવાળા, અસદ્‌ગતિમાં ગયેલા પિતૃઓનું શ્રાધ્ધ તર્પણ કરવું તેથી પિતૃઓ વંશને આશીર્વાદ આપે છે.

અધ્યાય - ૨૩૨

❖ શ્રીહરિ દ્વારા લાપલાત્રીપુરી નગરમાં નવજીવન દૈત્યનો ઉદ્ધાર ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, રાજા રાયપતિ સાથે શ્રીહરિ વિમાનમાં બેસી લાપલાત્રીપુરી પધાર્યાં. રાજાએ નગરમાં ફેરવ્યા. પછી રાજમહેલમાં આવ્યા. રાજકુટુંબે શ્રીહરિની પૂજા કરી ભેટ મુકી આરતી ઉતારી. તે દિવસે સમુદ્રદ્વિપનો નવજીવન દૈત્યરાજ મહેલમાં આવી રાજાની નાની બહેન વિદ્યુમણિને ઉપાડી ગયો. શ્રીહરિએ શંકરને તે દૈત્ય સાથે યુધ્ધ કરવાની આજ્ઞા કરી પોતે વિમાનમાં બેસીને દૈત્યની નગરી નવજીવન દ્વિપમાં આવ્યા. રાજકન્યાએ પ્રભુને વરમાળા પહેરાવી પછી શ્રીહરિ રાજા સાથે વિમાનમાં બેસી સો યોજનની દૈત્યની નગરીમાં આવ્યા. નવજીવન દૈત્ય પણ સર્વે દૈત્યો વીસ લાખને સાથે લઈ શ્રીહરિ સામે યુધ્ધ કરવા આવ્યો. શંકરે કામનાયક આદિ દશ લાખ ગણો ઉત્પન્ન કર્યા. તે દૈત્યો સાથે ગણોનું ભયંકર યુધ્ધ થયું. ગણોએ સર્વ દૈત્યોનો નાશ કર્યો.

શ્રીહરિએ સુદર્શન ચક્રથી નવજીવન દૈત્યનો નાશ કરી તો સમુદ્રદ્વિપનું રાજ્ય કામનાયક ગણને આપ્યું. પછી શ્રીહરિ રાજા સાથે દ્વિનેદિષ્ઠપુર આવ્યા. ત્યાં પ્રજાજનોને દર્શન આપી પ્રભુ વિમાનમાં બેસી સીંહલદ્વિપમાં થઈને પંપા સરોવર આવ્યા. ત્યાંથી ગોપનાથતીર્થ કરી કુંકુમવાપી પધાર્યા. ત્યાં નરનારીઓ, બાળકો, બાલિકાઓ વૃધ્ધો સર્વે ઋષિ મુની ભક્તોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ, લોમશ ઋષિ, બ્રહ્મપત્ની વગેરેનું જયજયકાર કરી સ્વાગત કર્યું. પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા. પછી સર્વેએ ભોજન કર્યા. શ્રીહરિએ સર્વપત્નીઓને લોમશ ઋષિના આશ્રમમાં વાસ આપ્યો.

અધ્યાય - ૨૩૩

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ દ્વારા કુંકુમવાપીમાં શરદપૂર્ણિમાએ દિવ્ય રાસોત્સવ ❖

શ્રીરાધા કહે : હે કૃષ્ણકાંત, અનાદિશ્રીકૃષ્ણનારાયણે કુંકુમવાપી જે દિવ્ય ચરિત્રો કર્યા તે લીલા સંભળાવો. શ્રીકૃષ્ણ કહે : રાધા, તું હું અને લક્ષ્મીનારાયણ તે દેખવા માત્ર જુદા છીએ. તે પરબ્રહ્મમાં તારા-મારા જેવા કરોડો અવતારો રહેલા છે. તે કંભરાપુત્ર બાલકૃષ્ણના ચરિત્ર કહું સાંભળ. તે પ્રભુના ચરિત્રો કહેનારા, સાંભળનારા, સ્મરણ કરનારા, સાત્વિક રાજસી, તામસી સર્વજીવાત્માઓ ભક્તિવાળા મુક્તિને યોગ્ય થઈ નિર્ગુણ સ્થિતિ પામે છે. હે રાધા તું નિર્ગુણ છો, હું નિર્ગુણ છું. આ ગોલોકધામ, ગોપગોપીઓ, વૈકુંઠવાસી સર્વે દિવ્ય નિર્ગુણ છે. તે મારા પરમાત્માના ચરિત્રો, ચમત્કારો, ક્રિયા, યોગ તે સર્વ દિવ્ય અને બંધનથી રહિત છે અને મોક્ષ આપનારા છે. આસો સુદ શરદ પૂર્ણિમાએ ચંદ્રોદય થયો ત્યારે પ્રભુપત્ની વિદ્યુતમણિએ બાલકૃષ્ણને કહ્યું કે, હે પ્રભુ અશ્વપટ સરોવરકાંઠે આંબાના

બગીચામાં ચંદ્રના તેજમાં અમારે સર્વ બહેનોને તમારી સાથે રાસોત્સવ રમવો છે. હે નાથ, અમારી સાથે રાસ રમી અમને શાંતિ પમાડો.

પત્નીઓની પ્રાર્થના સાંભળી બાલકૃષ્ણ પ્રભુએ મુગટ, કુંડળ, મોરપીંછ, સુવર્ણના વસ્ત્ર, અલંકારો ધારણ કરી, મોરલી વગાડતા સ્નેહ વર્ષાવતા, મુગ્ધા, મધ્યા, પ્રૌઢાને મોહ પમાડતા અશ્વપટ્ટ સરોવરકાંઠે આંબાના બગીચામાં આવ્યા. મોરલીનો નાદ સાંભળી લોમશ આશ્રમમાંથી સર્વે કન્યાઓ લોમશ ઋષિને નમન કરી બગીચામાં આવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને અનેક પત્નીઓનો સંકલ્પ પૂર્ણ કરવા સો યોજનના વિસ્તારમાં અક્ષરધામ તુલ્ય દિવ્ય બગીચાની રચના કરી. તેમાં પાંચ લાખ સ્ત્રીઓનો એક રાસ ગોઠવ્યો. તેટલા સ્વરૂપો પોતે ધારણ કર્યા. તેવા કેટલાય રાસ ગોઠવ્યા. તેટલા સ્વરૂપે પોતે થયા.

તે રાસમાં સૌરાષ્ટ્રની એકસો ચુમ્માલીસ પ્રભુની પત્નીઓ હતી. તથા દેશ વિદેશથી આવેલી આજનાભી, મેઘનાદી, ષષ્ઠિ, માનસા, દીપાવલી, તલાજા, કામધેન્વી, આર્જતિ, ક્રોધનીકા, સૂચી, વનદેવી, રાક્ષસી, કંકતાલી, પિતૃકન્યા, રસાતલની, વાસંતી, સાલમાલી, નાગકન્યા, શાવદીની, ઈન્દ્રજાલી, વિદ્યા, લાક્ષ્મણિ, વૈધસી, વૈશ્વાસુની, જુમાશેલ્મી, સાંતપની, સૌરતી, બાલેશ્વરી, ઐલવીલા, દાક્ષજાવંગરી, પૈત્રિ, પ્રાચિની, સાંતારણી, શૈલી, થાકુંટી, વીરજારી, શક્તિ, આક્ષીકા, પિશાચીની, કાલી, માશી, ઉરલી, કાથડી,પાર્થરાજી, ઉષ્ટ્રાલી, હંકારી, કાષ્ઠલી, તીરાણી, આલ્વીનરી, આલ્પકેતિ, પારેશાની, ઈંદુરાયી, મુંદ્રંડી, લીનોર્ણી, બલલીની, વારસિંહી, રાયગામલી, સ્તોકહોમી, કોલકી, દિનમાની, કીન્નરી, ચેકીશ્વરી, રણજીતી, મારીશી, લંબારી, હુંડેસી, નવાર્કા, કાલીમંડળી, કુપેશી, જેલેશી, પારાવારી, કોટીશ્વરી, સાતીશી, કર્કશી, આંડજારી, બાલ્યરાજી, ગવાક્ષી, ઐશાની, રાયપાતી વગેરે દેશવિદેશની કન્યા જે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનમાં મોહ પામીને ભગવાનને વરી હતી તે સર્વે અશ્વપટસરોવરમાં રાસ રમવા આવી. શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીએ તે (૪,૦૪,૫૫,૬૨૨) (ચાર કરોડ ચાર લાખ પંચાવન હજાર છસો બાવીસ) સર્વ પત્નીઓ સાથે, અસંખ્ય દેવીઓ સાથે અસંખ્ય સ્વરૂપ ધારણ કરીને અનેક પ્રકારના રાસ રમી સર્વના સંકલ્પ પૂર્ણ કર્યા. દિવ્યાનંદમાં આત્માનંદમાં બ્રહ્માનંદમાં કામાનંદના વિકારો લીન થતા હતા. સર્વકૃષ્ણ પત્નીઓને એવો અનુભવ થયો કે, અમોએ ૧૦૦ યુગ સુધી ભગવાનનું સુખ લીધું. પછી પ્રભુએ મોરલી વગાડવાથી સૌને સવારનું ભાન થયું. પછી સર્વ બ્રહ્મપત્નીઓ અશ્વપટ સરોવરમાં સ્નાન કરી લોમશ ઋષિના આશ્રમમાં ગઈ. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું રાસોત્સવનું આ ચરિત્ર તને કહ્યું પછી પરમાત્માની ઈચ્છાથી તે રાસરમણની, બગીચાની અલૌકિક અક્ષરભૂમિ અદૃશ્ય થઈ.

અધ્યાય - ૨૩૪, ૨૩૫

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પંદર અને સોળમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં અતિ પ્રેમવાળી સર્વ બ્રહ્મપત્નીઓ શરદપૂનમના રાસોત્સવ પછી બાલકૃષ્ણ પ્રભુને જ સર્વે ક્રિયામાં સંભારતી અને વિરહાતુર થતી. પ્રાર્થના કરતી, હે પ્રભુ અમારે મંદિરે ક્યારે પધારશો. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની પંદરમી જન્મજયંતિ મહોત્સવ આસો વદ આઠમ આવી. શ્રીહરિએ વિશ્વકર્માને મંડપ રચવા આજ્ઞા કરી. વિશ્વકર્માએ કૃષ્ણવલ્લભને પગે લાગી અશ્વપટ સરોવરકાંઠે અનેક શોભાવાળો મહામંડપ તૈયાર કર્યો. બાલકૃષ્ણના શિષ્ય સ્વયંપ્રકાશ અવતારો અને ઈશ્વરોની સભા નિર્માણ કરાવતા હતા. પછી ગોપાલકૃષ્ણે શીવ-પાર્વતી, ગણેશ, લોમશ ઋષિ, સનત્કુમાર વગેરેને કહ્યું, તમે જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિમાં આમંત્રણ આપી આવો. અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતિમાં સર્વે આવજો. મુક્તો સર્વધામમાં આમંત્રણ આપી આવ્યા. શંકર ભગવાન સત્યલોકમાં, પાર્વતીએ સાધ્વીઓને, લોમશ ઋષિ સર્વઋષિઓને, લક્ષ્મી સર્વદેવીઓને, સનત્કુમાર સર્વલોકમાં આમંત્રણ આપી આવ્યા. સર્વે મહેમાનો પરિવાર દાસદાસી પાર્ષદો સાથે આવ્યા.

શ્રીહરિ સવારમાં સ્નાન કરી માતાપિતા, વૃધ્ધોને, ગુરુને પગે લાગી હાથી પર બેસીને મંડપમાં આવ્યા. નરનારીઓ જયકાર કરતા હતા. સ્ત્રીઓ ગીતો ગાતી હતી. લોમશ ઋષિઓ વેદમંત્રો બોલતા હતા. શ્રીહરિની પૂજા કરી આશીર્વાદ આપ્યા. માતાએ તિલકચાંદલો કરી ચોખાથી વધાવ્યા. પિતાએ મુગટ ધારણ કરાવ્યો, બ્રહ્મપત્નીએ ચાંદલો કરી પુષ્પહાર પહેરાવી આરતી ઉતારી. ધામના મુક્તોની મુક્તાણીઓ આવી બાલકૃષ્ણની પૂજા કરી, આરતી કરી. પછી સર્વે અવતારોએ, રાધાકૃષ્ણે, લક્ષ્મીનારાયણે, ચતુર્વ્યુહ તથા ઈશ્વરોએ પણ પ્રભુની પૂજા આરતી કરી યથાયોગ્ય આસને બેઠા. બ્રહ્માદિદેવો, લોકપાલો, દિક્પાલો પ્રભુની પૂજા આરતી કરી ભેટ મુકી આસને બેઠા. સાધુ, સાધ્વી, સિધ્ધો, વિદ્યાધરો, ચારણ, ગાંધર્વો, કિન્નરો સર્વેએ પૂજા કરી. ભગવાન, પોપટ, વલ્લભ વગેરે દાન આપતાં હતાં. છડીદાર હેમંત-ભગવંત શ્રીહરિના મહા કિર્તનનો નાદ કરતા હતા. એ રીતે બપોર સુધી પૂજન, ગીત, સાકર, ખારેક, પ્રસાદ વગેરે થયા પછી સર્વે આમંત્રિત મહેમાનોને મિષ્ટાન્ન ભોજન, ભક્ષ્ય ભોજન, લેહ્ય, ચોસ્ય જમાડ્યા. સર્વે સૃષ્ટિના વાસી સભામંડપની શોભા જોઈ આશ્ચર્ય પામતા હતા. અક્ષરધામતુલ્ય સભા અને શોભા દેખાતી હતી. જયાં જુએ ત્યાં કૃષ્ણવલ્લભ શ્રીહરિ જ દેખાતા હતા. પછી સર્વને દાન આપી. વિદાય આપી સૌરાષ્ટ્રના ભક્તો રોકાયા, રાત્રે ધૂન કિર્તનો, રાસનૃત્ય, ઉત્સવ, ગીતો પ્રભુ પાસે ગાતા હતા. શ્રીહરિએ સર્વને પારિતોષિક આપ્યા. રાત્રિ વિરામ કરી સવારે જાગી ભક્તોને વિદાય આપી. વિશ્વકર્માને

હાર-મુગટ આપી વિદાય આપી. હે રાધા, એ રીતે અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પંદરમી જન્મજયંતિ મહોત્સવ ધામધૂમથી સર્વએ ઉજવ્યો.

ત્યાં એક તામજ્ઞાક્ષી નામે ચંડાલ આવ્યો. તે ધર્મ, કર્મથી રહેતો, ચોરી-હિંસા કરતો નહીં. પાંચ દીકરા - બે દીકરી - બે પોતે નવ જણાં, ખાવાનું અન્ન નહીં મળવાથી રાત્રે પ્રભુ પાસે આવી કહેવા લાગ્યો, હે પ્રભુ અમને અન્ન નહીં મળવાથી મારી પત્ની અને બાળકો અશ્વપટસરોવરમાં આપઘાત કરવા માટે પડ્યા છે. અમારું રક્ષણ કરો. તરત બાલકૃષ્ણ પ્રભુ રાત્રે સરોવર જઈ સર્વને બહાર કાઢી અગ્નિ કરી, તાપણી કરી, સર્વની રક્ષા કરી પછી સર્વેને મિષ્ટાન્ન, ભોજન આપ્યું. પછી પ્રભુએ સવારે તે ચંડાલ કુટુંબને બોલાવી સર્વે સાધન સામગ્રીથી ભરેલું એક ઘર આપી કહ્યું : તું ગામમાં વાળવાની સેવા કરજે જેથી તારો નિર્વાહ થશે. એમ કહીને મંત્ર આપ્યો અને ભજન કરવાનું કહ્યું. તે રીતે ચંડાલે વાળવાની સેવા કરી કુટુંબ નિર્વાહ કરતો અને ભજન ભક્તિ કરતો. તેની એક પુત્રી દૂધીદેવી બ્રહ્મચારીણી રહી ભક્તિ કરીને ચંડાલોની દેવી થઈ. આ રીતે ચંડાલ કુટુંબ ભક્ત થયું. શ્રીકૃષ્ણ કહે : રાધા, કૃપાળુ ભગવાને આ રીતે ચંડાલનો પણ ઉધ્ધાર કર્યો.

શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સોળમો જન્મજયંતિ મહોત્સવ ઉત્તમ ધામધૂમો વડે ઉજવાયો હતો. તેમાં સર્વ સૃષ્ટિઓના રાજાઓ, દેવો, ઈશ્વરો, પ્રજાઓ પણ આવ્યા હતા. અનેક પેટાઉત્સવો, મહાદાનો, મંત્રજપો, હોમહવનો, દક્ષિણાઓ વગેરે થયા-અપાયા હતા, ઉત્સવવિસર્જન કરાયો હતો.

અધ્યાય - ૨૩૬

❖ બાવળનાં વૃક્ષરૂપે રહેલા બર્બુર રાજાનો બાલપ્રભુ દ્વારા મોક્ષ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણે ધનતેરસને દિવસે ધનલક્ષ્મી અને શ્રીની ષોડ્શોપચારથી પૂજન આરતી કરી, મિષ્ટાન્ન નૈવેદ્ય ધર્યું. લક્ષ્મી પ્રસન્ન થઈને કહે કે, તમે મારા પતિ થાવ. તમે યુવાન થયા છો. તેથી લોમશ ઋષિના આશ્રમમાં રહેલી સર્વ કન્યાઓના પતિ થાવ. પછી શ્રીહરિ બ્રહ્મપત્નીઓ સાથે અશ્વપટસરોવરમાં સ્નાન મહોત્સવ કરી કાંઠે રહેલા બાવળના વૃક્ષમાંથી એક ડાળી ખેંચી. ત્યાં વૃક્ષ મૂળમાંથી ઉખડી ગયું. તેમાંથી દિવ્ય પુરૂષ નીકળી હાથ જોડીને પ્રભુને પગે લાગ્યો. બ્રહ્મપત્નીઓએ પૂછ્યું, પ્રભુ આ કોણ છે ? પ્રભુના કહેવાથી તે પુરૂષે કહ્યું, હું પૂર્વે ગુર્જર દેશમાં બર્બુર રાજા હતો. સાબરમતી નદીકાંઠે એકવાર ફરવા ગયો. ત્યાં સાતરંગનો એક દૈવી અશ્વ જોયો. તેની પર સવારી કરી રાજયમાં લાવ્યો. તેને સાચવતો-ફેરવતો. એકવાર તે અશ્વ બોલ્યો, રાજા તે મારી પર અશ્વારી કરી મારો અપરાધ કર્યો છે. દેવગુરુ સાધુનું અપમાન કરવાથી આયુષ્યનો નાશ થાય છે. પરને પીડા, સ્ત્રી સંગથી, ખોટા પક્ષ રાખવાથી, માતા-પિતા, પતિ-પત્નીનું અપમાન કરવાથી આયુષ્યનો નાશ થાય છે.

હે રાજા, હું આશ્વલાયન ઋષિ છું. તને શાપ દઉં છું કે, તું બાવળના વૃક્ષના જન્મને પામ. રાજા કહે, મેં અજાણતાં તમારો અપરાધ કર્યો છે. તો ક્ષમા કરો અને મારી પર અનુગ્રહ કરો. તેથી આશ્વલાયન ઋષિ કહે, રાજા અશ્વપટ્ટ સરોવર કાંઠે કુંકુમવાપીમાં અત્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા છે તેથી તું ત્યાં વૃક્ષ થા અને તે પ્રભુ તારો મોક્ષ કરશે. તેથી હે ભગવાન હું દશ વર્ષ થયા અહીં બાવળના વૃક્ષના જન્મને પામ્યો હતો, આજ તમે મારો મોક્ષ કર્યો. પછી પ્રભુએ તેને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને સ્વાહા" એ મંત્ર આપી સ્વર્ગમાં મોકલ્યો. આ કથા જે કહેશે સાંભળશે તે અપરાધ શાપથી રહિત થઈ ધનવાન, મોક્ષવાન થશે.

અધ્યાય - ૨૩૭

❖ કચ્છ દેશનાં સંપર્ક રાજાની દત્તાત્રેયરૂપે બાલપ્રભુએ રક્ષા કરી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, કાળી ચૌદશે અનાદિશ્રીકૃષ્ણનારાયણે શીવની પૂજા રૂદ્રાક્ષ, ધતુરો, કરેણ, પુષ્પ, ભસ્મથી કરી. પાર્વતી ગણેશ કાર્તિક વગેરેની વસ્ત્ર અલંકારોથી પૂજન કરી કુંકુમવાપી ક્ષેત્રનું રક્ષણ કરવા કહ્યું. દિવાળીએ મહાલક્ષ્મીનું પૂજન કરી નૈવેદ્ય કરી આરતી કરી. સર્વે બ્રહ્મપત્નીઓએ શ્રીહરિનું પૂજન કરી ભોજન કરાવી આશીર્વાદ ગ્રહણ કર્યા. રાત્રે અશ્વપટ સરોવરમાં દીવા કર્યા. શોભા સ્વર્ગસમાન દેખાતી હતી. શ્રી શારદા, લક્ષ્મી, સરસ્વતી, પાર્વતી, આ પાંચ દેવીને બોલાવી રાત્રે શારદાપૂજન કરી આરતી કરી નૈવેદ્ય કર્યું. સવારે તે સમયે કચ્છ દેશનો રાજા સંપર્ક ધાર્મિક ભક્તિવાળો હતો. તે સોમનાથની યાત્રાએ કુટુંબ અને સૈન્ય સાથે નીકળ્યો. દ્વારકા, રૈવતાચલ તીર્થ કરી અશ્વપટસરોવર આવતા રસ્તામાં સૈન્ય સહિત રાજકુટુંબ મહામારીના રોગથી પીડા પામ્યા. તે રાજા દત્તાત્રેય ભગવાનનો શીષ્ય હોવાથી પ્રાર્થના કરવા લાગ્યો, હે દત્તગુરુ, હે સદ્‌ગુરુ, હે બાલકૃષ્ણ આ મહારોગથી અમારું રક્ષણ કરો. હે બાલકૃષ્ણ, હે કૃષ્ણ, હે નારાયણ દુઃખ હરો. એમ એકતાનથી ધૂન્ય કિર્તન - સ્તૂતિ કરતા કરતા અશ્વપટસરોવર આવ્યા.

ત્યાં પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ દત્તાત્રેય સ્વરૂપે વલ્કલ જટાકમંડલુ જપમાળાને ધારણ કરતાં. કાંખમાં ધ્યાન પાવડી, ચરણમાં પાદુકા પહેરી કૃષ્ણ નામ રટણ કરતા આવ્યા. રાજા દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યો. દત્તાત્રેય ભગવાને જોળીમાંથી ભસ્મ કાઢી રાજાને આપી કહ્યું, આ મુખમાં મેલ્ય અને સર્વે માથે ફેંક. રાજાએ પ્રસાદી ભસ્મ મુખમાં મેલી ત્યાં મહામારીનો રોગ ભય પામી શંકર પાસે જતો રહ્યો. બાલકૃષ્ણ પ્રભુએ રાજાને પોતાના દર્શન કરાવ્યા પછી સંપર્ક રાજા પ્રભુનો આશ્રિત થઈ પોતાના દેશ ગયો. તે રાજા સર્વ ક્રિયામાં સર્વ દુઃખ આપત્કાળમાં અવતારી પરમેશ્વર શ્રીહરિનું જ ભજન કરતો. શ્રીકૃષ્ણ કહે : રાધા, અશ્વપટસરોવર કાંઠે દત્તાત્રેય તીર્થ - સંપર્ક તીર્થ થયેલું છે. આ અધ્યાયનો જે પાઠ કરશે તે તીર્થ ફળ પામશે અને રોગના દુઃખથી રહિત થશે.

અધ્યાય - ૨૩૮

❖ બાલપ્રભુ અન્નકુટ ઉત્સવ કરી જમ્યા અને સર્વને પ્રસાદી જમાડી ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ નવા વર્ષે પડવાને દિવસે સર્વેને ભોજન કરાવવાની ઈચ્છાથી અન્નપૂર્ણા દેવી, લક્ષ્મી, બ્રહ્મપત્નીઓ તેમજ સર્વે રસદેવીઓને બોલાવી રસોઈ તૈયાર કરવા કહ્યું. અષ્ટસિધ્ધિ, નવનિધી વગેરે દેવીઓ આવી ભોજન, મિષ્ટાન્ન, ફરસાણ, દાળભાત, સંભારા, શાક, અથાણા, પાપડ, ચટણી, દહી, દૂધ, છાસ વગેરે તૈયર કર્યા. મધ્યાહને અનાદિશ્રીકૃષ્ણનારાયણ કરી સર્વને ભોજન માટે બોલાવી પોતે પીરસવા લાગ્યા. બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શુદ્ર સર્વની પંકિત થઈ. મોતિયાલાડું, જલેબી, ઘેબર, ખાજા, મેસુબ, મોહનથાળ, પેંડા, બરફી, બુંદી, મોતીચુર, ચુરમાના લાડુ, મગજ, સેવ, ગાંઠિયા, શીરો, કંસાર, પુરણપોળી, દૂધપાક, ઘારી, સુતરફેણી, માલપુવા, ઘુઘરા, સાટા, ગુંદપાક, તલપાક, વડાં, ભજીયા, અથાણા, પાપડ, દાળ, ભાત, સર્વે લીલા શાકભાજી, સર્વ મિષ્ટાન્ન સર્વ ફરસાણ દૂધ, દહીં, ઘી, માખણ વગેરે એકસો એક વસ્તુ સર્વને પીરસી જમાડી તૃપ્ત કર્યા. પછી બ્રહ્મપત્નીઓ બાલકૃષ્ણ પતિને ભોજન કરાવવા આવી. શ્રીહરિને સુવર્ણ આસન પર બેસાડી કેસર, ચંદનથી પૂજા કરી. લક્ષ્મીએ સોનાનો થાળ મુક્યો. રાધાએ સોનાના વાટકા મુક્યા. માણકીએ સોનાનો કળશ મૂક્યો. રમા પદ્માવતી ચામર, વીંઝણો લઈ પાસે ઉભા. અન્નપૂર્ણા દેવી પ્રભુને પીરસવા લાગી. સર્વેએ પ્રાર્થના કરી, પ્રભુ જમો અને અમને દર્શનથી તૃપ્ત કરો.

કૃષ્ણ પ્રભુ નવી નવી વસ્તુ જમતા જાય અને પૂછતા જાય, આ વસ્તુ કોને બનાવી બહુ સરસ છે. શારદા અને સરસ્વતિ પ્રભુને થાળ-કિર્તન-સ્તૂતિ-પ્રાર્થનાથી રાજી કરતા હતા. હે પ્રભુ, રસદાર સર્વ વસ્તુ ધીમેધીમે જમો અને ભક્તોને દર્શન આપી સંકલ્પ પૂર્ણ કરો. પછી શ્રીહરિ અનેકરૂપ ધારણ કરી સર્વના હાથે જમ્યા. સર્વેના હાથે મુખવાસ લીધો. મુખવાસ ગ્રહણ કરી સર્વને ભોજન પ્રસાદી આપી. એ રીતે પ્રભુએ અન્નકુટોત્સવ કરી સર્વને પ્રસાદી આપી તેમજ પશુ, પક્ષી, જીવજંતુ, વૃક્ષવેલી સર્વને તૃપ્ત કર્યા. એ રીતે અષ્ટસિધ્ધિ નવનિધિ વગેરે દેવીઓ શ્રીહરિની આજ્ઞા પાળી અન્નકુટોત્સવમાં સેવા કરી, પ્રભુને રાજી કરી કૃષ્ણવલ્લભનો જયકાર કરતી અદેશ્ય થઈ. આ કથા જે વાંચશે, સાંભળશે તો અન્નકુટ ફળને પ્રાપ્ત કરી ભુક્તિ-મુક્તિ પામશે.

અધ્યાય - ૨૩૯

❖ બાલપ્રભુના પુંડરીક રાજાને હંસરૂપે અને ચોલ રાજાને નૃસિંહરૂપે દર્શન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, શ્રીહરિનો ચમત્કાર કહું સાંભળ. ગુજરાતનો મહી નદી કાંઠાનો રાજા પુંડરીક ધાર્મિક ભક્તિવાળો હતો. તે પોતાના રાજ્યમાં ભગવાનની ભક્તિ-એકાદશીવ્રત કરાવતો હતો. એકવાર કાર્તિક સુદ દશમે અશ્વપટ્ટ સરોવર કુંકુમવાપી ક્ષેત્ર આવી સાધુવિપ્રોને જમાડી દાન આપ્યા. લોમશ ઋષિ બાલકૃષ્ણની પૂજા આરતી કરી. બીજે દિવસે નિરાહાર રહી એકાદશી વ્રત કરી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળી રાત્રે જાગરણ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણના ધૂન્ય કિર્તનો કર્યા. ત્યાં હૃદયમાં કૃષ્ણવલ્લભના દર્શન થયા. રાજા હંસ હંસ જપ કરવા લાગ્યો. લક્ષ્મી સાથે શ્રીહરિ હંસરૂપે આવ્યા. લક્ષ્મીએ રાજાને અભિષેક કર્યો. રાજા જાગી પ્રભુને પગે લાગ્યો અને મોક્ષ માગ્યો. પ્રભુ કહે, તથાસ્તુ. તરત રાજારાણી દેહત્યાગ કરી ચતુર્ભૂજ થઈ વૈકુંઠ ધામમાં ગયા. તે હંસતીર્થ થયું.

એજ રીતે ઉત્કલ દેશનો ચોલ રાજા કુટુંબ, સૈન્ય સાથે સોમનાથ દ્વારકા તીર્થ કરી કારતક પૂર્ણિમાએ અશ્વપટસરોવર આવી સ્નાન કરી પૂજામાં બેઠો. ત્યાં પૂજામાં નૃસિંહ ભગવાનની મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ. રાજાને એમ થયું પ્રભુનો અપરાધ થયો છે. તપાસ કરતા સૈન્યના પશુએ પ્રભુના બગીચાનો નાશ કરેલો. રાજને દુઃખ થયું ત્યાં આકાશવાણી થઈ. રાજા અત્યારે હું નૃસિંહ બાલકૃષ્ણરૂપે કૃષ્ણવલ્લભ પ્રગટ થયો છું. તું પૂજા કરી અશ્વપટ સરોવર કાંઠે નૃસિંહ મંદિર કરી પ્રતિષ્ઠા કરી ઋષિમુનિઓને ભોજન કરાવી, દાન આપજે. રાજાએ રાજી થઈ ષોડ્શોપચારથી બાલકૃષ્ણનું પૂજન કરી ભેટ મુકી. અશ્વપટ સરોવરકાંઠે નૃસિંહ મંદિર કરાવી બગીચો બનાવી આજીવીકા બાંધી સ્થાપન કરી પોતાના દેશમાં ગયો. તે નૃસિંહતીર્થ થયેલું છે. ત્યાં સ્નાન, દાન, વ્રત, તપ, જપ, જે કરશે તેના સર્વ સંકલ્પ પૂર્ણ થશે.

અધ્યાય - ૨૪૦

❖ બાલપ્રભુના વીતિહોત્ર યોગીને સહસ્ત્ર ઋષભદેવરૂપે દર્શન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, હિમાલયમાં રહેતા મહાયોગી વીતિહોત્ર હિમાલયમાં તપ કરતા હતા. દિવ્યદૃષ્ટિથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ જ્યાં જ્યાં યજ્ઞો, ઉત્સવો, જન્મજયંતિઓ ઉજવતા તે સર્વે દેખાતા. તે યોગી કંભરાપુત્ર બાલકૃષ્ણના દર્શન કરવા કુંકુમવાપી માગશર ત્રીજે આવ્યા. અશ્વપટ સરોવર કાંઠે વડલાની નીચે ધ્યાનમાં બેઠા. અને મનમાં સંકલ્પ કર્યો કે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારા ગુરુ ઋષભદેવરૂપે આવી હજાર સ્વરૂપે મને ભેટે તો હું તેનો દાસ થઈ તેની પાસે રહી મોક્ષ મેળવું. આવો દૃઢ નિશ્ચય કરી સમાધિમાં બેઠા.

જેનાથી આત્માની પુષ્ટિ થાય અને ભવસાગર તરાય જેનાથી મહાશાંતિ થાય એવા ગુરુનો આશ્રય કરવો. જેનાથી શીક્ષા મળે, ઐશ્વર્ય ચમત્કાર દિવ્યભાવ જોવા મળે, એવા ગુરુનો આશ્રય કરવો. જેનાથી ચિત્તવૃત્તિ શાંત થાય, વાસનાનો નાશ થાય, આત્મામાં પ્રકાશ થાય એવા ગુરુનો આશ્રય કરવો. લૌકિકગુરુ આલોકના કાર્યો સફળ થાય, એવા આશીર્વાદ આપે છે. અલૌકિક ગુરુ ભગવાન આપી મોક્ષ આપે છે. માતાપિતા ગુરુ કહેવાય છે. શરીરની રક્ષા કરનારા, ભાષા જ્ઞાન આપનારા, શિક્ષા કરનારા, વિદ્યાકલા શીખવનારા તે સર્વ ગુરુ કહેવાય છે. પણ શ્રીહરિનો મંત્ર આપી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, યોગ, સિધ્ધિ, બ્રહ્મસ્થિતિ તે પ્રાપ્ત કરાવે એવા ગુરુ અતિ શ્રેષ્ઠ છે. અંધકારરૂપી અજ્ઞાનનો નાશ કરી, જ્ઞાનરૂપી પ્રકાશ આપી પરમાત્મા પાસે પહોંચાડનારા મોક્ષદાતા ગુરુ સર્વશ્રેષ્ઠ છે. યોગી, ધર્મ, જ્ઞાનિ, બ્રહ્મચારી, વૈરાગ્યવાળા, સાધુ સ્વભાવવાળા, સર્વસ્વ આપનારા એવા ગુરુ શ્રીહરિ પોતે જ છે. તો સર્વ ઈશ્વરોના ઈશ્વર છે. અવતારોના અવતારી છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામીશ્રીકૃષ્ણવલ્લભ કંભરા ગોપાલપુત્ર પોતે જ સર્વ પ્રજાના ભક્તોના પરમગુરુ છે. આવો નિશ્ચય વિચાર કરી તે યોગી ધ્યાનમગ્ન થયા.

સર્વજનો તેજસ્વી યોગીને જોઈને આશ્ચર્ય પામતા બોલતા આ મુક્ત કયા ધામથી આવ્યા છે. તે યોગીના દર્શન કરવા ઋષિમુનિઓ, દેવો, પિતૃઓ, ઈશ્વરો ધામના મુક્તો પણ આવવા લાગ્યા. બાલકૃષ્ણ પ્રભુ વીતિહોત્ર યોગીનો સર્વ રહસ્ય દૃઢ નિશ્ચય જાણી, તેની પાસે જઈ તેને જગાડી એક હજાર સ્વરૂપ ધારણ કરી શ્રીહરિ તેનો સંકલ્પ પૂર્ણ કરી તેને ભેટતાં હતાં. તે યોગી પણ હજાર સ્વરૂપ યોગકળાથી ધારણ કરી પ્રભુને ભેટ્યા. શ્રીહરિ તરત સર્વસ્વરૂપ સંકેલી એક ઋષભદેવરૂપે જટાવાળા, વસ્ત્ર વિનાના તેની સામે ઉભા રહ્યા. તે યોગી સ્તુતિ કરવા લાગ્યા. હે પ્રભુ તમે ગુરુ છો. ઋષભદેવ તમે છો, બ્રહ્મ પરબ્રહ્મ અવતાર અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ તમે જ છો. હે પ્રભુ, સર્વે દેવ-દાનવ, માનવરૂપે તમે જ રહેલા છો. ચરાચર જગતરૂપે પણ તમે થયેલા છો. દીન, અનાથ, દરિદ્રોના રક્ષણ અને પોષક તમે છો. શરણે આવેલા આશ્રિતોના સંકલ્પ પુરા કરનારા તમે છો. નર-નારી, ગર્ભબીજ, ઈન્દ્રિયો, ફળ, પુષ્પ, નિદ્રા, જાગ્રત, રતિ, પ્રીતિજ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય તમે જ સર્વરૂપ છો. હે પ્રભુ સર્વ તત્વરૂપે રહેલા તમને નમો નમઃ. વીતિહોત્ર યોગીની સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ મૂળરૂપે દર્શન આપી કહ્યું, વરદાન માંગ. યોગી કહે, અહીં તમારા ચરણમાં વાસ આપી તમારી ભક્તિ આપો. અને અંતે તમારા ધામમાં વાસ આપો. શ્રીહરિ કહે, તથાસ્તુ. એમ કહીને વડલામાં અદૃશ્ય થયા. તે અશ્વપટ સરોવર કાંઠે વડલામાં ઋષભ તીર્થ થયેલું છે. ત્યાં સ્નાનદાન કરશે તે સર્વ સિધ્ધિ પામશે. અને તેના નાના મોટા સર્વ પાપ નાશ થાશે. આ અધ્યાયની જે કથા કહેશે, સાંભળશે તે તીર્થના ફળને પામશે તથા ભુક્તિ અને મુક્તિ પામશે.

અધ્યાય - ૨૪૧

❖ કુંકુમવાપીમાં બાલપ્રભુના દર્શન કરવા પતંજલિ ઋષિનું આગમન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા શેષનારાયણનો અવતાર પતંજલિ ઋષિ માગશર વદ પાંચમે આવ્યા. અનેક ચિહ્નોવાળા ગુણના ભંડાર એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા આરતી કરી. પતંજલિ ઋષિ અશ્વપટસરોવરમાં સ્નાન કરવા ગયા. ત્યાં સમયસ યોગીએ આવી પૂછ્યું, તમે કાશીમાં દિવ્યરૂપે વિચરો છો અને અહીં કેમ આવ્યા? પતંજલિ ઋષિ કહે, પુરૂષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવ્યો છું અને હવે તે શ્રીહરિના બ્રહ્મપત્ની શિવકુમારની પુત્રી ધનલક્ષ્મી તેના દર્શન કરવા સેવા કરવા કાશી જાઉં છું. તે નારાયણીલક્ષ્મી દુઃખ હરનારી સુખ કરનારી, મુક્તોને, અવતારોને ઐશ્વર્યની આપનારી છે. ત્યાં વૈવસ્વત રાજા આવીને અશ્વપટસરોવર કાંઠે ચમસયોગી અને પતંજલી ઋષિનો આશ્રમ જોઈને ત્યાં શેષ નારાયણનું મંદિર કરી પ્રતિષ્ઠા કરી ત્યાં પતંજલિ શેષતીર્થ થયેલું છે. તથા ત્યાં યજ્ઞ કરવાથી શિવ, ગણેશ, કાર્તિક, નાગસતી વગેરે તીર્થો થયેલા છે.

અધ્યાય - ૨૪૨

❖ પંકિલ ઋષિએ અશ્વપટ સરોવરકાંઠે વામન મંદિર કરી વાસ કર્યો ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, પૂર્વે વિપ્રકન્યા દાક્ષી, બાલપણમાં માતાપિતા મૃત્યુ પામવાથી ઋષિમંડલમાં રહી વેદશાસ્ત્રોનો યોગનો અભ્યાસ કરી બ્રહ્મચારીણી રહી વામદેવ ઋષિની સેવા કરતી, તેને હનુમાનની જન્મકથા સાંભળીને, પોતાને પણ માનસપુત્રની ઈચ્છા થઈ. તેથી તેણે જ્ઞાની સમાધીવાળા યોગી વામદેવ ઋષિ પાસેથી સ્પર્શસૃષ્ટિથી પુત્ર ગ્રહણ કર્યો. ગર્ભ વિના યુવાન પુત્રને જોઈને દેવી પ્રસન્ન થયા. તે પુત્ર આકાશમાં ગતિ કરી, ચાર દિશામાં સંધ્યા કરી, માતા-પિતાને પગે લાગી પછી ફળફુલનો આહાર કરી કાદવમાં વાસ-આસન કરતો તેથી માતાએ તેનું નામ પંકિલ પાડ્યું. એકવાર વામદેવની શિષ્યા પાંચ બહેનો ગંગામાં સ્નાન કરી જતી હતી ત્યાં રસ્તામાં કાદવમાં બેઠેલા સમાધીવાળા તેજસ્વી યોગી પંકિલ ઋષિને જોઈને પગે લાગી. પંકિલ ઋષિ મોટી બહેનને આસન આપી પગે લાગી, ચરણ રજ માથે ચડાવી. ઋષિએ યોગસિધ્ધિથી સર્વ સામગ્રી પ્રાપ્ત કરી પાંચેય બહેનોની પૂજા કરી ભોજન કરાવ્યું. પછી બહેનોએ આશીર્વાદ આપ્યા, તું પાંચ કલ્પ સુધી જીવી ભક્તિ કરી સર્વધામમાં ગતિ કરનારો થા. તેથી તે પંકિલ ઋષિ સર્વરૂપને ધારણ કરી સર્વલોકમાં ગતિ કરતા.

એકવાર અનેક ઋષિઓના આશ્રમવાળા કમળોથી શોભતા દિવ્ય અશ્વપટસરોવર તથા કુંકુમવાપી ક્ષેત્રને જોઈને પંકિલ ઋષિ ત્યાં નિવાસ કરવાનું મન થયું. તેથી કુંકુમવાપીમાં આવી અશ્વપટસરોવરમાં સ્નાન કરી જલ પીધું ત્યાં પરમ શાંતિ થઈ. ત્યાં અનેક સાધુ, ત્યાગી સાધુ, મહર્ષિઓને રોજ દર્શને આવતાં જતા જોઈ આશ્ચર્ય પામી ત્યાં વાસ કર્યો. ક્યારેક પંકિલ ઋષિ ગોપબાળકનું રૂપ લઈને કંભરાપુત્ર બાલકૃષ્ણના દર્શન કરવા જતા. એકવાર કન્યાનું રૂપ લઈ લોમશ ઋષિના આશ્રમમાં આવ્યા. લોમશ ઋષિએ પૂછ્યું, તું કોણ છો ? પંકિલ કહે, હું વામદેવ ઋષિની કન્યા છું મેં અહીં આશ્રમની કન્યાના દર્શન કરવા કન્યાનું રૂપ ધારણ કર્યું છે. એમ કહી સ્વરૂપ બદલી પંકિલ ઋષિ લોમશ ઋષિને પગે લાગ્યા. લોમશ ઋષિ પણ પૂર્વ યોગથી જાણીને તેને ભેટ્યા પછી લોમશ ઋષિ પાસેથી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામીને સ્વાહા" એ મંત્ર ગ્રહણ કરી જપ કરવા લાગ્યા અને અશ્વપટ સરોવરના જલમાં વાસ કર્યો. બીજે દિવસે લોમશ ઋષિ આવી કહે, પંકિલ ઋષિ અહીં આશ્રમ બાંધો.

પંકિલ ઋષિ કહે : મારી આયુષ્ય પાંચ કલ્પની છે, મેં પાણી અને કાદવમાં ધૂળમાં જ આસન કર્યું છે. અને બલિરાજાએ યજ્ઞ કર્યો ત્યારે વામન ભગવાને આવી ત્રિલોકી લઈ લીધા પછી મને આજ્ઞા કરી છે કે, તું અહીં મારું મંદિર કરી મારો સેવક થઈને વાસ કરજે માટે અહીં મારે મંદિર કરવું છે. એમ કહીને પંકિલ ઋષિએ યોગ ઐશ્વર્યથી વામન મંદિર કરી ત્યાં પોતે સેવકરૂપે વાસ કર્યો. તેથી ત્યાં અશ્વપટ સરોવર કાંઠે વામનતીર્થ, પંકિલતીર્થ, કન્યાતીર્થ થયેલું છે. ત્યાં સ્નાન દાન વામન પૂજા કરનાર પૃથ્વીના સ્વર્ગના રાજ્યને મેળવશે અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન સ્મરણ કરી પરમધામને પામશે. તથા કન્યાઓ તેમજ સાધુ સાધ્વીને ભોજન આપનાર રાજસુય યજ્ઞ ફળને પામશે. પંકિલ ઋષિની પાંચ બહેનો દિવ્ય દૃષ્ટિથી અનાદિશ્રીકૃષ્ણનારાયણને જાણીને વરવાની ઈચ્છાથી કુંકુમવાપી ક્ષેત્ર આવી કંભરાલક્ષ્મીની પૂજા કરી પછી બાલકૃષ્ણનું ષોડ્શોપચારથી પૂજન કર્યું ત્યાં પંકિલ ઋષિએ પાંચ બહેનોના હાથ શ્રીહરિના હાથમાં આપી કન્યાદાન કર્યું. પાંચે કન્યાઓએ પ્રભુને વરમાળા પહેરાવી. શ્રીહરિએ તેના સંકલ્પ પૂર્ણ કર્યા.

અધ્યાય - ૨૪૩

❖ હેમકલ્ગી રાજા દ્વારા અશ્વપટ સરોવરકાંઠે પરશુરામ મંદિર નિર્માણ ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, સૌરાષ્ટ્રમાં સ્વર્ણાંગદના વંશમાં હેમકલ્ગી રાજા થયો. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહાભક્ત હતો. તે પૂજામાં બેસતો ત્યારે સાક્ષાત્ પ્રભુ પધારતા. તેની રાણી કુમુદાક્ષી તે પણ પ્રભુપારાયણ રહેતી. પ્રભુના નૈવેદ્યમાં દૂધપાક, મગસ, અડદીયા વગેરે ધરીને પ્રભુ, પાસે સખી સાથે કિર્તન કરતી કે, શ્રીબાલકૃષ્ણ જનસૌખ્યકારી,

શ્રીકાંભરેયો જનપાપહારી - હે ગોપીઓમાં વિચરનારા, આપેલું ગ્રહણ કરનારા, ભક્તોને તારનારા, દુઃખ નાશ કરી જ્ઞાન આપનારા, માયાને ટાળનારા એવા હે પ્રભુ, તમે અમારા અંતરાત્મામાં વાસ કરો. આ સ્તૂતીથી પ્રસન્ન થયેલા બાલકૃષ્ણ પ્રભુએ હેમકલ્ગી રાજાને નિર્ભય બક્ષર આપ્યું. તે કવચ પહેરી રાજા કૃષ્ણનારાયણનું ભજન કરતો પૃથ્વીમાં અને સર્વલોકમાં ગતિ કરતો. યમરાજા, સંકર્ષણ, વરૂણ, શંકરના ગણો વગેરે કોઈ તે રાજાને કયાંય જતાં અટકાવી શકતા નહિ. એકવાર વિમાન બેસી રાજા સર્વ તીર્થો કરતો દંડકારણ્ય, ધર્મારણ્ય, નૈમિષારણ્ય ફરીને વિમાન અશ્વપટ્ટ સરોવર કાંઠે ઉતાર્યુ. ત્યાં તેજસ્વી વિમાન અને રાજાને જોઈને પરશુરામ આકાશમાર્ગે ત્યાં આવ્યા. રાજા રાણીએ બાલકૃષ્ણનું સ્મરણ કરી પાણી પીધું ત્યાં જટા-જનોઈ-કુહાડીને ધારણ કરતા ક્રોધવાળા પરશુરામ ત્યાં આવી હેમકલ્ગી રાજાને કહેવા લાગ્યા, તું ક્ષત્રિય મારી કુહાડીથી બચી ગયો છો પણ તને હમણા જ યમલોકમાં મોકલું છું. રાજાએ બ્રાહ્મણનો અપરાધ ન થાય તેમ પગે લાગી કહ્યું, વિપ્રો પૂજય છે, તમે પૂજય છો પણ તમે કુહાડી દેખાડીને બળ ન બતાવો અને ક્ષત્રિયથી પરાભવ ન પામો. હું ક્ષત્રિય વિપ્રનો, ગુરુમૂર્તિનો પરાભવ કરવા નથી ઈચ્છતો. હે વિપ્ર તમે ક્રોધ કરી પુણ્યનો નાશ ન કરો. એમ કહી રાજા પરશુરામની પૂજા કરવા લાગ્યા. ત્યાં તો પરશુરામે ક્રોધથી કુહાડી મારવા માટે ઊંચી કરી. ત્યાં રાજાએ તરત શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતાં પ્રભુએ આપેલા સુદર્શન ચક્રના તેજથી પરશુરામને બાંધી લીધા. પરશુરામનું તેજ હણાઈ ગયું અને જડ જેવા થઈ ગયા અને પૃથ્વી પર પડી ગયા.

રાજા કહે, હે વિપ્ર મને ક્ષમા કરો, તમે ક્રોધનો ત્યાગ કરો. પરશુરામ કહે, ચક્રના તેજથી હું બળું છું મને મુકી દે. પાશને કવચને અને ચક્રને હું નમસ્કાર કરું છું. હે રાજા, તું મારી પાસે વરદાન માંગ. રાજા કહે તમે આજથી ક્યારેય પણ હરિભક્ત ક્ષત્રિયને મારતા નહીં. ક્ષત્રિય અને વિપ્રથી પણ જન્મ પામેલા ભક્તને મારવો નહીં. બીજું વરદાન આ અશ્વપટસરોવર કાંઠે તમે મૂર્તિરૂપે વાસ કરો. પરશુરામ કહે : તથાસ્તુ. એમ કહીને અદૃશ્ય થયા પછી હેમકલ્ગી રાજાએ પૂર્વકાંઠે મંદિર કરી પરશુરામની પ્રતિષ્ઠા કરી પૂજા કરી. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંદિરે જઈ પ્રભુની પૂજા કરી. પોતાની રાજધાની હિમાવતી નગરી ગયો. તે પરશુરામતીર્થ - હેમકલ્ગી તીર્થ થયેલું છે. ત્યાં જે સ્નાન, દાન કરશે તે સર્વદોષથી રહિત થઈ ધનસંપત્તિ પુત્ર પ્રાપ્ત કરી ભુક્તિ અને મુક્તિને પામશે.

અધ્યાય - ૨૪૪ થી ૨૪૮

❖ અશ્વપાટલ રાજાને સોમયજ્ઞ દરમિયાન લોમશ ઋષિ દ્વારા મોક્ષજ્ઞાન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, માગશર વદ આઠમે અર્બુદાચલનો રાજા અશ્વપાટલ ભક્તિવાળો અને ધાર્મિક હતો. તે અશ્વપટ સરોવર સોમયાગ કરવા આવ્યો. હાથી અશ્વો ગાયો રથો

વાહનો હજારો સેવકોને સાથે લઈ તે લોમશ ઋષિના આશ્રમમાં આવી લોમશ ઋષિને પગે લાગી તેણે પાંચ દિવસનો સોમયજ્ઞ શરૂ કર્યો. લોમશ ઋષિ અને સર્વે વિપ્રો યજ્ઞમાં અશ્વપાટલ રાજારાણીને યજમાનપદે બેસાડીને અગ્નિમાં હવિષ્યાન્ન દ્રવ્યનો હોમ કરવા લાગ્યા. રાત્રિની સભામાં લોમશ ઋષિએ મોક્ષનો ઉપદેશ આપ્યો, ધનવાનોએ પ્રભુને પ્રસન્ન કરવા યજ્ઞો કરી સાધુ વિપ્રોને અનાથ બાળકોને ભોજન કરાવી દાન આપવા. જે રાગદ્વેષ નિંદા કરતા નથી, સર્વનું હિત કરે છે, કોઈને છેતરતા નથી, તે શ્રીહરિના ધામને પામે છે. જેને કોઈ શત્રુ-મિત્ર નથી. જે અહં મમતાથી પર રહે છે તે સર્વદોષથી રહિત થાય છે અને તે પ્રભુ પાસે પહોંચે છે. જે પરંપદને દેવો, ગાંધર્વો, પિતૃઓ પણ જાણતા નથી. તે પદને નિષ્પાપ મનવાળો પામે છે. જેનામાં ગુણનું અભિમાન નથી, જે સત્યવાણી બોલનારા, જે બધુ સહન કરનારા જીતેન્દ્રિય છે તે આલોક પરલોકમાં પૂજાય છે. તપ, જ્ઞાન, વિનય, તેજ, બુધ્ધિથી દુઃખ સહન કરી બીજાનું કલ્યાણ કરનારા તે આલોક પરલોકમાં પૂજાય છે. શાંત, ઉદાર, અક્રોધી, નિર્મોહી, અનાસક્ત, શ્રીહરિમાં દૃઢ ભક્તિવાળા, બીજાની ગુપ્તવાત પ્રકાશ નહીં કરનારા, દાની તે આલોકમાં પરલોકમાં પૂજાય છે અને પરબ્રહ્મને પામે છે. જીવાત્મા શમ દમ તપ ધ્યાનથી શબ્દબ્રહ્મથી ઉર્ધ્વગતિ અને બ્રહ્મને પામે છે. તપ વિદ્યા યજ્ઞથી વિપ્રો, રક્ષણથી ક્ષત્રિયો, યજ્ઞ-દાનથી વૈશ્યો, સેવાથી શુદ્રો સ્વર્ગને પામે છે. જેની કીર્તિ આલોકમાં હોય ત્યાં સુધી તે સ્વર્ગમાં વાસ કરે છે. સતી, સાધ્વી, સાધુ, અનાથ, દીનને આપનારો શાશ્વત સુખને પામે છે.

પૂર્વે ગૌતમઋષિ વિપ્રોને અન્નથી તૃપ્ત કરી સ્વર્ગમાં જઈને પછી નારાયણપદને પામ્યા. રંતિદેવ રાજા વશિષ્ઠને દાન આપી પ્રભુ પદને પામ્યા. ઈન્દ્રદ્યુમ્ન, શીલી, પ્રતર્દન, કાશીરાજ, ધર્માંગદ, સ્વર્ણાંગદ, અંબરિષ, વૃષાદર્ભી, યુવનાશ્વ, નિમિ, પરશુરામ, મરૂત્, બ્રહ્મદત્ત, મિત્રસહ, શતદ્યુમ્ન, દ્યુતિમાન, લોમપાદ, મદિરાશ્વ, પ્રશેનજીત આ સર્વે રાજાઓ યજ્ઞ કરી ઋષિ-મુનીઓને પૃથ્વીના, ધનના, કુટુંબના દાન આપી, શ્રીહરિની ભક્તિ કરીને પરમપદને પામ્યા. અગ્નિ, વિપ્ર, સતી, સંત, દેવ, વૃધ્ધને નમસ્કાર કરનારો ભક્તિવાળો થઈને સંસારસાગરને તરી જાય છે.

પછી બપોરે ઋષિ-મુનિઓ સર્વેએ ભોજનપ્રસાદ લીધો. બીજે દિવસે લોમશ ઋષિ અગ્નિમાં અનેક આહુતિઓ આપી હોમ હવન કરતા હતા. સૂર્ય ચંદ્ર દેવો વિષ્ણુ વગેરે સર્વના નામની આહુતિઓ આપીને સર્વેને ભોજન કરાવ્યા પછી લોમશ ઋષિએ મોક્ષનો ઉપદેશ આપ્યો, શ્રીહરિની ઉપાસના ભક્તિ સદા કરવી, સર્વ પદાર્થમાંથી વૃતિ પાછી વાળી ઈન્દ્રીયના આહારને નિયમમાં કરી મનને વશ કરી અહંમનો લય કરે ત્યારે બુદ્ધિથી આત્મજ્ઞાન થાય છે. જ્ઞાન થવાથી શાંતિ થાય છે. જીવાત્મા પોતાના સ્વભાવથી અનેક જન્મોને ભોગવે છે.

તે સ્વભાવ પાપ અને પુણ્યથી પ્રવર્તે છે. પાપ અને પુણ્યથી જ દરિદ્ર-ધનવાન થાય છે. તેમાં ભક્તિ કરી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે તો અંદર-બહાર પ્રભુનો પ્રકાશ થાય. પંચવિષયને જીતે તો ઈશ્વરભાવ પ્રાપ્ત થાય. સ્વભાવ, કર્મ, વાસના અને માયાને જીતે તો ઈશ્વરપદમાંથી અક્ષરપદમાં જાય. તપમાં રહે તો સત્યુગી. યજ્ઞધર્મમાં રહે તો ત્રેતાયુગી. દાનધર્મમાં રહે તો દ્વાપર યુગી, ધર્મ પાલન ન કરે તો કળીયુગી, બ્રહ્મપરાયણ રહે તો મોક્ષ સ્થિતિ, પરબ્રહ્મપરાયણ રહે તો અક્ષર સ્થિતિ મેળવે. પૂર્વે પ્રભુની આજ્ઞાથી બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કરી જીવાત્માઓને સર્વ ભોગ આપ્યા. ઈન્દ્રિયો અંતઃકરણ તેના દેવતા તેના વડે સર્વ ગ્રાહ્ય છે. પણ જીવાત્મામાં રહેલા અંતર્યામિ પરમાત્માને ઓળખીને ભક્તિરૂપી ગાડામાં બેસી જાય તો અક્ષરપદમાં પહોંચી જાય. જેની આજ્ઞાથી કાળ સર્વજીવોને ભમાવે છે. એવા અંદર-બહાર, સ્થૂળ-સુક્ષ્મરૂપે રહેલા પરમાત્માને જાણે તો દિવ્ય અમૃત અક્ષરપદને ભોગવે. ઉદારતાથી લોભને-વિચારથી ક્રોધને - સત્વભાવથી કામને આ ત્રણ જીતી સર્વે ઈન્દ્રિયોને જીતનારો શ્રીહરિની ધ્યાન ભક્તિથી સત્પુરૂષોના આશીર્વાદથી પ્રકૃતિ-સ્વભાવને જીતીને બ્રહ્મપણાને પામે છે. એ રીતે લોમશ ઋષિ મોક્ષનો ઉપદેશ આપી વિરામ પામ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, સોમયાગમાં ત્રીજે દિવસે દશમીએ લોમશ ઋષિ વિધિ પ્રમાણે વિપ્રો પાસે યજ્ઞપૂજન કરાવીને અશ્વપટલ રાજા પાસે હોમ કરાવતા હતા. વેદમંત્રોથી યજ્ઞકુંડમાં ઘીની આહુતિઓ આપતા હતા. પછી બપોરે સર્વે મહેમાનોને દૂધપાક, મિષ્ટાન્ન, ભોજન કરાવ્યા. રાત્રે સભામાં લોમશ ઋષિએ ઉપદેશ આપ્યો, બ્રહ્મચર્યથી ઋષિ-મુનિઓ સર્વલોકને જીતીને શાશ્વતપદને પામે છે તથા વનમાં રહેનારા, ફળફુલનો આહાર કરી તપ કરનારા, દેવમંદિરમાં વાસ કરી ભક્તિ કરનારા, જીવ પ્રાણીનું હિત કરનારા, બ્રહ્મચારીઓ ગૃહસ્થો સાધુઓ શ્રીહરિએ કહેલી આજ્ઞાનું પાલન કરી ભક્તિ કરનારા પરમગતિને પામે છે. વેદ અને ગુરુ બ્રહ્મ છે. ગુરુની સેવા દાસભાવે કરવાથી શ્રીહરિ પાસે બ્રહ્મલોકમાં વાસ મળે છે. ગૃહસ્થોએ પણ દેવ ગુરુ સતીપતિની સેવા કરવી. સાધુ, સાધ્વી, ધાર્મિક તપસ્વિઓને ભોજન આપી પછી જમવું તે નિષ્પાપ ભોજન છે. દેવ, આચાર્ય, શ્રીહરિ, પિતા, રાજા, અતિથિ તેની પાસે વાદ ન કરવો. સંબંધી, ભાઈઓ, રાજા, માતા-પિતા તેનો વિરોધ ન કરવો. વૃધ્ધ, બાળકો, દુઃખી, દુર્બળ તેનું અપમાન ન કરવું. ભાઈને પિતા સમાન માનવો. પત્ની, પુત્ર, પુત્રી પોતાના સ્વરૂપ છે તેમ માની રક્ષણ કરવું. એવી રીતે ગૃહધર્મ પાળી શ્રીહરિની ભક્તિ કરી બ્રહ્મગતિને પ્રાપ્ત કરે છે અથવા સાધુ થઈ વનમાં વાસ કરી સાત્વિકપણે ફળફુલ કંદમૂળનો આહાર કરી અલૌકીક બ્રહ્મપુત્ર થઈને પરબ્રહ્મમાં સંલગ્ન રહેતો મોક્ષને મેળવે છે. મનથી ઇંદ્રીયોની વૃત્તિને રોકે છે, બુધ્ધિથી મનને નિયમમાં રાખે છે તેને આત્મપ્રકાશ થાય છે. પછી તેને પ્રભુમાં સ્નેહ થાય છે. ત્યારે જ્ઞાની થઈને બ્રહ્મરૂપ થાય છે અને સંસાર સાગરને તરી જાય છે. આત્મા સ્ત્રી નથી, પુરૂષ નથી, નપુસંક નથી,

સનાતન બ્રહ્મરૂપ છે. પરબ્રહ્મથી પુષ્ટિ પામેલો તેના આનંદવાળો રસવાળો તેના સરખું તેનું સુખ લેનારો તેમાં વાસ કરનારો છે, આવું જાણે ત્યારે પરબ્રહ્મમાં લીન થાય છે, જ્યારે સર્વમાં શ્રીહરિને જુવે છે, સર્વમાં પોતાને જુવે છે, પોતામાં સર્વને દેખે છે ત્યારે વાસના બંધનથી મુક્ત થાય છે. જ્ઞાનથી શાંતિ થાય છે. શાંતીથી તૃપ્તિ થાય છે. તૃપ્તિથી શ્રીહરિમાં સ્થિતિ થાય છે ત્યારે જગતના પદાર્થનો ત્યાગ કરી શ્રીહરિના શાશ્વત સુખનો અનુભવ કરે છે. તે મુક્તાત્મા બ્રહ્મરૂપ થઈને માયાના સત્વ, રજ અને તમોગુણ આ ત્રણ ગુણ જીતીને અક્ષરધામને પામે છે તેને ક્યારે પણ આ માયાના બ્રહ્માંડમાં આવવું પડતું નથી. એ રીતે લોમશ ઋષિએ જ્ઞાનોપદેશ આપી વિશ્રામ કર્યો.

સોમયજ્ઞને ચોથે દિવસે એકાદશીએ સવારે લોમશ ઋષિ યજ્ઞ મંડપમાં આવી સ્વસ્તિવાચન કરી પ્રોક્ષણ કરી વિપ્રો અગ્નિમાં હવિષ્યાન્નનો હોમ કરવા લાગ્યા. યજમાન અશ્વપટલ રાજા પત્ની સાથે ઘીની આહુતિઓ આપતા હતા. પછી બપોરે સર્વને દૂધપાન કરાવી કિર્તન ઉત્સાવ કરતા હતા. રાજા-રાણીએ શ્રી અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ષોડ્શોપચારથી પૂજન કરી, રાત્રે જાગરણ કરી, વ્રત ઉદ્યાપન કરતા હતા. સવારે અનાદિશ્રીકૃષ્ણનારાયણે મોરલી વગાડતા રાધા, રમા, સાથે દિવ્ય તેજસ્વી સ્વરૂપે દર્શન દીધા, જમણી બાજુમાં માતા કંભરાલક્ષ્મી, ડાબી બાજુ પિતા ગોપાલકૃષ્ણના દર્શન કરી સર્વેએ પૂજા કરી. પ્રભુએ કહ્યું, તમારા વ્રત અને યજ્ઞથી પ્રસન્ન થયો છું. એમ કહી અદૃશ્ય થયા. પછી લોમશ ઋષિએ કહ્યું, લોકમાં અનેક પ્રકારના ધર્મ છે. તે સર્વથી પ્રભુ પ્રસન્ન થાય છે. યજ્ઞધર્મ, સેવાધર્મ સ્વર્ગ અને ધામ આપે છે. બીજાને સુખ આપવાથી પોતે સુખી થાય છે. અતિથિને સંતોષવાથી પરલોકમાં સહાય થાય છે.

પૂર્વે જટીલાયન ઋષિ તપ કરતા હતા. તેની જટામાં ચકલીએ માળો કર્યો, ઈંડા મુક્યા, બચ્ચાં થયા, મોટા થયાં, ઉડવા લાગ્યા, ઉડીને ચાલ્યા ગયા, તો પણ ઋષિએ બચ્ચાંની રાહ જોઈ, ન આવ્યા એટલે જટામાંથી માળો કાઢ્યો. ત્યાં એક શીકારી આવી કહે, મને માંસ રાંધવા દે. ઋષિએ સગવડતા આપી. વ્યાધે માંસ રાંધી ખાધું. પછી ઋષિને કહ્યું, મારા પગ દાબ. ઋષિએ પગ દાબતા પ્રભુ પ્રાર્થના કરી, અતિથિમાં રહેલા પ્રભુ પ્રસન્ન થજો. ત્યાં શિકારી અદૃશ્ય થયો અને ચતુર્ભુજ નારાયણ લક્ષ્મી સાથે દર્શન દીધા અને કહ્યું, ઋષિ શું ઈચ્છા છે ? ઋષિ કહે, પ્રભુ તમારા ધામમાં વાસ આપો. પ્રભુએ ઋષિના દેહનો ત્યાગ કરાવી અક્ષરધામમાં લઈ ગયા. એ રીતે સેવાધર્મ શરણાગત રક્ષાધર્મ તે સર્વ યજ્ઞરૂપ છે, તેથી પ્રભુ પ્રસન્ન થાય છે.

પૂર્વે વણિક શાક વેચતો, તે જે શાક લેવા આવે તેને વૈષ્ણવ બુધ્ધિથી નમસ્કાર કરી વેપાર કરતો. માતા પિતાની સેવા કરી પ્રભુ નામ સ્મરણ કરતો. જેને ભગવાનના નામનો

ભક્તિનો મહિમા જણાય છે તે પ્રભુની કથા વિના બીજું સાંભળતો નથી. પ્રભુના દર્શન વિના બીજું દેખતો નથી, પ્રભુના નામ ચરિત્રો સેવા વિના બીજું બોલતો નથી, રાગદ્વેષથી પર થઈ જે બીજાને ભય નથી આપતો તેને કોઈનાથી ભય રહેતો નથી. અહિંસાવાળા એવા સાધુજનો અભયપદ પામે છે. જે હિંસા કરનારા છે તે નીચ યોનિને પામી અતિદુઃખ ભોગવે છે. એકવાર શ્રીહરિ વણિકને ત્યાં શાક લેવા આવ્યા, વણીકે નમસ્કાર કરી શાક આપ્યું, પ્રભુ દર્શન આપી વિમાનમાં બેસાડીને ધામમાં લઈ ગયા. લોમશ ઋષિ કહે, પ્રભુના ધામમાં જવા પરમપદ પામવા કંભરા ગોપાલપુત્ર અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભનું ભજન કરો. એમ કહીને લોમશ ઋષિ અશ્વપટસરોવરમાં સ્નાન કરવા ગયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, બારસને સવારે લોમશ ઋષિ સર્વે વિપ્રો સાથે વેદમંત્રોથી યજ્ઞકુંડમાં અગ્નિદેવને જવ, ઘઉં, ડાંગર, તલ, ઘી, હવિષ્યાન્નનો હોમ કરી આપતા હતા. શ્રીહરિ, ઈન્દ્ર, વરૂણ, સરસ્વતિ, સૂર્ય, ચંદ્ર વગેરેનું પૂજન કરી બલિ ભોજન આપતા હતા. એ રીતે પાંચ દિવસમાં સોમયજ્ઞની પુર્ણાહૂતિ કરી સર્વે મહર્ષિઓ સોમરસનું પાન કરતા હતા. પછી રાજારાણી સર્વે મહેમાનોએ યજ્ઞનો ભોજનપ્રસાદ ગ્રહણ કર્યો. રાત્રીએ યજ્ઞ નારાયણે દર્શન આપી રાજાને આશીર્વાદ આપી કહ્યું, અહીં મારું મંદિર કરી મારી પ્રતિષ્ઠા કરજે. અશ્વપાટલ રાજાએ ત્યાં મંદિર કરી યજ્ઞ નારાયણની પ્રતિષ્ઠા કરી, ભોજન કરાવી, દાન આપ્યા. પછી લોમશ ઋષિ પાસેથી "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા". એ મંત્ર ગ્રહણ કરી ભજન કરવા લાગ્યો. ત્યાં અશ્વપટ સરોવરમાં ઈશાનમાં સોમયજ્ઞ તીર્થ થયેલું છે.

અધ્યાય - ૨૪૯

❖ લોમશ ગીતા - ગુરુ લોમશ ઋષિ અને શિષ્ય અશ્વપાટલ રાજાનો સંવાદ ❖
❖ શ્રદ્ધાનું મહત્વ - માયિક પંચવિષયનાં દ્વાર કઈ રીતે બંધ થાય ? ❖

માગશર વદ તેરસે લોમશ ઋષિએ સભામાં સર્વેને ઉપદેશ આપ્યો, શ્રધ્ધાથી જે સેવાકાર્ય કરાય છે. તેનું ફળ મળે છે. શ્રધ્ધા વિના કરે તેને ફળ મળતું નથી. ઘી, દૂધ, દહીં, સોમ ફળ વગેરેની શ્રધ્ધાથી આહુતિ આપે છે તેને યજ્ઞફળ મળે છે. શ્રધ્ધા છે તે ભક્તિ, શાંતિ, સુખ અને બ્રહ્મધામ આપનારી છે. શ્રધ્ધા છે તે માતા છે, અહિંસા બહેન છે. માતા-બહેનનો નાશ કરનારો કોણ સુખી થાય ? શ્રધ્ધા, ભક્તિ, સેવા, સર્વયજ્ઞ ફળ આપનારા શ્રીકૃષ્ણવલ્લભની પૂજા કરવી તેથી પર બીજો કોઈ યજ્ઞ નથી. ધર્મ નથી-ગતિ નથી.

અશ્વપાટલ રાજા કહે : લોકો પરલોકમાં શ્રેષ્ઠગતિ કેમ પામે ?

લોમશ ઋષિ કહે : બ્રહ્મદૃષ્ટિ રાખનારો અહિંસા સત્ય-માયાના દોષથી રહિત થઈને પરબ્રહ્મના આશ્રિત તેને શ્રેષ્ઠ ગતિ પોતાના હાથમાં જ છે. આ ઉપનિષદ્ વિદ્યા છે. જ્ઞાન, ભક્તિ, ધર્મ, વૈરાગ્ય, મંદિરમાં વાસ, પ્રસાદ લોભથી કોઈપણ ઈચ્છાથી શ્રીહરિ પાસે જાય તે સર્વે ઉપનિષદ્ વિદ્યા છે. યજ્ઞ, સેવા, સ્વાર્થ, દાન, તૃષ્ણા વગેરે જે ભાવથી મંદિરે જાય, સાધુ પાસે જાય તે સર્વે ઉપનિષદ્ વિદ્યા છે. તે સત્સંગીને બ્રહ્મપ્રાપ્તિ કરાવનારી છે. ગોપીઓને કામ ભાવથી પ્રભુ પ્રાપ્તિ થઈ. વિપ્રોને યજ્ઞોથી, ગોપબાળકોને મિત્રતાથી, સુદામાને લોભથી, હાથીને જીવનથી, ધ્રુવને તપથી, પ્રહલાદને નિશ્ચયથી, પૂતનાને વૈરભાવથી, નારદને કિર્તનથી પ્રભુ પ્રાપ્તિ થઈ તે સર્વે ઉપનિષદ્ વિદ્યા બ્રહ્મ પ્રાપ્તિ કરાવનારી છે.

લોમશ ઋષિ કહે : અશ્વપાટલ રાજા તો અહિં સોમયાગ કરી દિવ્યમૂર્તિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભની પ્રાપ્તિ કરી તે પણ ઉપનિષદ્ વિદ્યા છે. સર્વ યજ્ઞમાં જો પ્રભુની ભક્તિ ન હોય તો તે મોક્ષ આપતા નથી. સતી, સાધ્વીઓ, બ્રહ્મચારી, સાધુઓ સર્વે માયિક પંચવિષયના દ્વાર બંધ કરી બ્રહ્મદ્વાર ખોલે છે. રાજા કહેઃ દ્વાર બંધ કેમ કરવા, અને તેનું ફળ શું ? લોમશ ઋષિ કહે : હાલવું, ચાલવું, સ્પર્શ, સૂંઘવું, સાંભળવું, ચોકમાં બેસવું, અસત્ય સંકલ્પ વગેરે ઈન્દ્રિયો અંતઃકરણની જે ક્રિયા છે, તે સર્વે ભક્તિમય ભગવાન પરાયણ કરવાથી માયિક પંચવિષયના દ્વાર બંધ થાય છે. તેનું ફળ આત્મામાં રહેલા અમૃતરૂપ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. સૂર્યના તાપથી પાણી સૂકાઈ જાય છે. તેમ માયિક દ્વાર બંધ કરવાથી ઈન્દ્રિયોની વૃત્તિઓ લય પામે છે.

અધ્યાય - ૨૫૦

❖ ત્યાગમાર્ગનું ફળ શું ? - કોના આશ્રયથી મોક્ષ થાય ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : ત્યાગમાર્ગથી શું ફળ થાય ? ગુરુ તમે પણ હર્ષશોકને તો પામો છો કે નહી ?

લોમશ ઋષિ કહે : શ્રીહરિમાં સર્વ અર્પણ કરવું તે સર્વોત્તમ ત્યાગ છે. તેથી સર્વત્યાગ કનિષ્ઠ છે. પ્રભુ પ્રસન્નતાથી આત્મસુખનો પ્રત્યક્ષ લાભ થાય છે. તેથી હું મારા આત્મામાં રહેલા પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રત્યક્ષ ઉપાસના કરૂં છું. તે શ્રીકૃષ્ણવલ્લભ લક્ષ્મીપતિ, સત્પુરૂષોનાપતિ, મુક્તપતિ, બ્રહ્મપ્રિયાપતિ, આત્મપતિ, વિદ્યાપતિ તે સર્વપતિ છે. તેની ઉપાસના ભક્તિ મારા આત્માથી કરવાથી હું દેહથી હર્ષ-શોક પામું છું. પણ મારા આત્મામાં હર્ષશોક પ્રવેશતા નથી. તેજ રીતે માર્કંડેય મુનિ, સનત્કુમાર, નારદ, સ્વયંપ્રકાશ, શંકર, કપિલ વગેરે જાણે છે. તે પૃથ્વીમાં જલકમળની જેમ નિર્લેપ રહે છે. બીજાઓ સ્વાર્થથી ભરેલા લેપવાળા છે. અમે સંત સતત નારાયણના ભજન પરાયણ રહેતા હોવાથી અમને ચિંતા રોગ થતો નથી. જે ચિંતા દેહધારી આત્માઓને સદા જીવતા બાળ્યા જ રાખે છે. માટે

હે રાજા, તું પણ શ્રીહરિના ભજન ભક્તિ પરાયણ થઈને અમારી જેમ નિર્લેપ થા. રોગનું મૂળ વાસના છે. તે નારાયણમાં અર્પણ કરવી. નારાયણ ધન્વંતરીને ચિંતારોગની નાડી અર્પણ કરવી. શુષ્કજ્ઞાનથી નિરામય નથી થવાતું પણ પ્રભુમાં અર્પણ ભક્તિથી નિરામયતા થાય છે. પ્રભુએ આપેલા જ્ઞાનકર્મથી સર્વ પ્રભુમય કરવાથી તથા એકાત્મપણે વર્તવાથી અમે જ્ઞાનવાળા ભવરોગથી રહિત છીએ. વાદવિવાદ કરનારા, મોહમાં પડેલા, તમોગુણીજનો ભવરોગથી રહિત થતા નથી. યજ્ઞ, દાન, અભ્યાસ, સંપત્તિ, કુટુંબ સર્વ પ્રાપ્ત કરીને જો તે સર્વે સાધનથી શ્રીહરિની ભક્તિ કરીને મોક્ષ ન મેળવ્યો તો તે સર્વ ધિક્કારને પાત્ર છે. વૈરાગ્યથી વનમાં રહ્યો, નિસ્પૃહ રહ્યો સર્વદુઃખ સહન કર્યાં પણ જો ભક્તિ ન કરી, આત્મા પ્રભુને અર્પણ ન કર્યો તો સર્વ નિષ્ફળ છે. જેને પ્રત્યક્ષ પરબ્રહ્મ શ્રીહરિમાં શ્રધ્ધા થઈ તેનો જન્મ, કર્મ, વિદ્યા, સર્વ સફળ થયા.

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : હે ગુરુ, સર્વે મનુષ્યો ધર્મ, અર્થ, કામને ઈચ્છે છે. તેમાં કેટલાંક મોક્ષની ઈચ્છા રાખે છે, તે કોના આશ્રયથી મોક્ષ થાય છે ?

લોમશ ઋષિ કહે : સર્વ સંકલ્પ કામના દુઃખ, દોષથી ભરેલા છે. અર્થ સંપત્તિમાં પણ દુઃખ રહેલું છે, તે શાંતિ આપનારા નથી. ધર્મ એક મનુષ્યને શાંતિ સુખ સ્વર્ગ અને મોક્ષ આપે છે. તેમાં સકામ ધર્મ ભાવનાવાળા સ્વર્ગને પ્રાપ્ત કરે છે અને નિષ્કામ ધર્મવાળા શ્રીહરિના ભક્તો પરમપદને પામી શાશ્વતસુખને મેળવે છે. તેથી ધર્મથી તપથી સર્વ પ્રાપ્ત થાય છે.

અધ્યાય - ૨૫૧

❖ આત્મા પાપવાળો કેમ થાય છે ? - મુક્તિ કેમ થાય છે ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : ધર્મવાળો શુધ્ધ આત્મા, રાગવાળો અને પાપવાળો કેમ થાય છે ? પછી મુક્તિ કેમ થાય અને મુક્તિ થયા પછી ક્યાં વાસ કરે છે. ત્યાં કઈ રીતે રહે છે અને પાછો અહીં કેમ આવતો નથી ?

લોમશ ઋષિ કહે : સચ્ચિદાનંદ એવો આત્મા માયાના સંગથી અવિવેકથી પાપવાળો થાય છે. ઈન્દ્રિયોથી અંતઃકરણથી માયાના પંચવિષય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધમાં અજ્ઞાનથી રાગ થાય છે ત્યારે પાપ કરવા પ્રયત્ન કરે છે. ઈચ્છેલી વસ્તુ નથી મળતી એટલે દ્વેષ થાય છે. તેથી ધર્મનાશ કરનારા લોભ અને મોહથી તે જીવાત્મા દુઃખી થાય છે. અધર્મથી, અનેક દોષથી આત્મા અશાંતિવાળો થાય છે. તેથી આલોક પરલોકમાં સુખ પામતો નથી. વારંવાર અનેક યોનિમાં જન્મો ધરીને અતિ દુઃખી થાય છે. જ્યારે સત્સંગથી પુણ્યથી ધર્મથી નારાયણનો આશરો કરી સત્કાર્યો કરે છે. ત્યારે તે વિવેકથી જ્ઞાનથી માયાના સર્વે દુર્ગુણોને તજે છે અને સેવા, ધૂન, કિર્તન, તપ, યજ્ઞ, દાન, દેવ, પૂજા વગેરે અનંત પ્રભુ પ્રસન્નતાના

સાધનોથી સાધુ આચારવાળો થાય, ત્યારે આ જીવાત્મા શુધ્ધ ધર્મવાળો થાય છે ત્યારે આલોક, પરલોકમાં સુખ મેળવે છે.

હે રાજા, એ રીતે ધર્મફળ પ્રાપ્ત કરીને જીવાત્માને વિવેકજ્ઞાન પ્રગટે છે ત્યારે તેને માયિક પંચવિષયમાં અરૂચિ વૈરાગ્ય થાય છે અને પ્રભુમાં પ્રીતિ ભક્તિ થાય છે, ત્યારે તેને જગતના કોઈ વસ્તુ પદાર્થમાં મોહ થતો નથી. તેથી તેમાં તેને બંધન થતું નથી. પછી સત્પુરૂષના પ્રસંગથી રોજ મોક્ષ માટે પ્રયત્ન અભ્યાસ કરે છે. વ્યર્થવાર્તા પ્રસંગનો ત્યાગ કરી સતત બ્રહ્મચિંતન કરતો હોવાથી પરમમોક્ષ જે વૈકુંઠ ગોલોક અક્ષરધામ અને પરમધામને પ્રાપ્ત કરી, બ્રહ્મધરામાં સ્નાન કરી દિવ્યરૂપે શ્રીહરિ જેવો થાય છે. પછી ધામમાં દિવ્યરૂપે પ્રભુ પાસે રહી અનેક સ્વરૂપે અનંત દિવ્ય ભોગને ભોગવે છે. સર્વે રસ, સુગંધ, આનંદ, સુખ, પ્રભુ સાથે ભોગવે છે. સર્વ સિધ્ધિવાળો, ઐશ્વર્યવાળો થઈને પોતાના હાથમાં સર્વસૃષ્ટિને દેખે એવો સમર્થ થાય છે. તે મુક્ત જ્યાં જાય ત્યાં સર્વ સામર્થી સાથે હોય છે. તે મુક્તના સંગથી માયા સર્વે તત્વો દિવ્ય થાય છે. તો દેવ અને મનુષ્યની તો વાત જ શી કરવી. તે મુક્તના દર્શન-સ્પર્શથી સેવાથી, સંગથી, નરનારીઓ મુક્ત સ્થિતિ મેળવે છે.

માટે હે રાજા, માયાના દોષને જીતવા, ક્ષમાથી ક્રોધને જીતવો, ભોગ નહીં કરી કામને જીતવો. તપથી આહારને, વિવેકથી ભયને, આત્માના અભ્યાસથી મૃત્યુને, ધીરજથી ઈચ્છા દ્વેષ-મોહને, સંતોષથી લોભને, ધર્મથી મોક્ષને, અનિત્યથી સ્નેહને, ધ્યાનથી નિદ્રાને, મૌનથી વાણીને, વિદ્યાથી મનને, શાસ્ત્રોથી સંશયને, જ્ઞાનથી તમોગુણને, આત્મનિષ્ઠાથી જ્ઞાનને, પરમેશ્વરને આત્મા અર્પણ કરવાથી આત્માને જીતવો. ત્યારે માયાના સર્વદોષો નાશ પામીને બ્રહ્મલોકનો પ્રકાશ અને સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે, પરમાત્માનું વિજ્ઞાન વધે છે, અક્ષરપદથી પ્રાપ્તિ થાય છે. શ્રીહરિના આશ્રયથી ધામને પામવાનો આ માર્ગ નિર્વિઘ્ન છે. માટે હે રાજા, તૃષ્ણારોગનો ત્યાગ કરી સંતોષ, શાંતિ, ભક્તિ, સેવા સમર્પણ, ગુણ ગ્રહણ કરીને બ્રહ્મધામની પ્રાપ્તિ કરવી. મૃત્યુ કોઈની પણ રાહ જોતું નથી કે, કેટલું કામ કર્યું કેટલું બાકી છે. બ્રહ્મબળવાળો, ભક્તિબળવાળો મૃત્યુને તરી જાય છે. સત્સંગરૂપી વાહનમાં બેસીને પ્રભુને સારથી બનાવીને મૃત્યુને તરી પરમધામમાં જાય છે. માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણકમળનો આશ્રય કરી પરમ તૃપ્તિ મેળવવી.

અધ્યાય - ૨૫૨

❖ કેવું જ્ઞાન ધામની પ્રાપ્તિ કરાવે ? - જ્ઞાનરહિત હોય તેનો મોક્ષ કેમ થાય ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : કયું વ્રત, કેવો આચાર, કેવું જ્ઞાન પરમધામની પ્રાપ્તિ કરાવે છે ?

લોમશ ઋષિ કહે : ભક્તિ, વ્રત, સદાચાર, બ્રહ્મબોધ અને પરબ્રહ્મનો આશ્રય તે પરમધામમાં પહોંચાડે છે. અનર્થ-સ્વાર્થનો ત્યાગ કરી દોષથી રહિત થઈ માયિક સર્વ ઈચ્છાનો ત્યાગ કરે તે પરમધામમાં જાય. વાદ, તર્ક, અભિમાનનો ત્યાગ કરી સર્વનું હિત કરનારો પરમધામમાં જાય છે. માન-અપમાનમાં સમાન, નિંદાથી રહિત, આત્મામાં તૃપ્ત સદા શ્રીહરિમાં ધ્યાનમગ્ન સર્વ વેગને શાંત કરી ઉદાસ રહેનારો પરમધામમાં જાય છે.

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : ત્યાગી અને ગૃહસ્થ પરમપદ કેમ પામે ?

લોમશ ઋષિ કહે : ગૃહસ્થોને જ્યારે સમય મળે ત્યારે સાધુવૃત્તિથી ભગવાનની ભક્તિ કરે તો પરમપદને પામે અથવા પુત્ર-પૌત્રોને જોઈ તૃપ્તિ પામી. નિવૃત્તિ લઈને કાર્તિક, માગશર, મહા, ચૈત્ર, અષાઢ, શ્રાવણમાં સાધુ-સંન્યાસની દીક્ષા લઈને સતત શ્રીહરિનું ભજન અને આત્મજ્ઞાનથી પરમપદને પામે છે તથા તપથી કર્મથી, સ્વર્ગ અને બ્રહ્માદિક દેવો-ઈશ્વરોના પદને પ્રાપ્ત કરે છે. તથા તપ-ધર્મથી વૈકુંઠ, ગોલોક અને અનાદિશ્રીકૃષ્ણનારાયણને પણ પ્રાપ્ત કરે છે અથવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ કૃપાથી તેની પ્રત્યક્ષ ભક્તિ કરે તો પણ અનેક જન્મોના પાપ નષ્ટ થઈને શુધ્ધ થઈને બ્રહ્મલોકમાં જાય છે. તે પરબ્રહ્મના ચરણમાં ત્રણ પ્રકારની સૃષ્ટિઓ રહેલી છે. જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ અને બ્રહ્મસૃષ્ટિ આ ત્રણ સૃષ્ટિઓ પ્રભુ ચરણમાં રહેલી છે.

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : તે સૃષ્ટિમાં નિત્ય-અનિત્ય કઈ છે, જેને મુક્ત પુરૂષો જોઈ શકે છે. તે કહો.

લોમશ ઋષિ કહે : બ્રહ્મસૃષ્ટિ પાંચ પ્રકારની છે તે પરબ્રહ્મ અને તેની શક્તિઓ-અક્ષર બ્રહ્મ-મુક્તો મુક્તાનિઓ આ પાંચ બ્રહ્મસૃષ્ટિઓ છે. અવતારો, અવતારિણીઓ, વ્યુહો, પ્રકૃતિપુરૂષ, ભૂમાપુરુષ, મહાવિષ્ણુ, વૈરાજકોટી, સદાશિવ, ગોપગોપીઓ, પાર્ષદ, પાર્ષદાણીઓ આ દશ પ્રકારની ઈશ્વરસૃષ્ટિ છે. દેવો, સિધ્ધો, ઋષિઓ, પિતૃઓ, સુરા, અસુર, મનુષ્ય, પશુપક્ષી, કીટપતંગ, વૃક્ષવેલી, સ્થાવર આ દશ પ્રકારની જીવસૃષ્ટિ અસંખ્ય છે. જીવસૃષ્ટિના આત્માને તીર્થ-દેવ-ઈશ્વર-સંત અને અવતારના યોગથી ધર્મલાભથી તેની સદ્‌ગતીથી થાય છે. દૈત્યો-અસુરો પણ પ્રભુના યોગથી ભક્તિથી દૈવી થાય છે. તથા દાન, શ્રાધ્ધ, પુણ્ય, યોગાભ્યાસ, ભક્તિ, ઉપાસનાથી વૈષ્ણવ-શંભુગતિ-વૈરાજ-મહાવિષ્ણુ-પ્રકૃતિપુરૂષ-ભૂમાપુરૂષ-વ્યુહ-ગોપ-ગોપી-અવતાર- અવતારિણી-મુક્ત-મુક્તાનિની બ્રાહ્મિસ્થિતિ પ્રાપ્ત કરે છે.

હે અશ્વપાટલ રાજા, મનુષ્ય અધર્મનો આશ્રય કરે છે ત્યારે નીચ યોનિના જન્મને પામે છે અને મહાકષ્ટ પામે છે. માટે આત્મામાં અને બહાર રહેલા પ્રત્યક્ષ કૃષ્ણવલ્લભને ભજ તો બ્રહ્મગતિ પામીશ. ધનવાળા, ધન વિનાના, સંતાનવાળા, સંતાન વિનાના, રાજા, પ્રજા, નરનારીઓના સર્વની કર્મની ગતિ ભિન્ન છે. તે સર્વે દુઃખથી રક્ષણ કરવા એક શ્રીનારાયણ વિના કોઈ સમર્થ નથી. તેથી શાંતિ અને મોક્ષ આપનારા નારાયણનો આશ્રય કરવો. પ્રત્યક્ષ શ્રીહરિના આશ્રિતને અર્થ-કામ મૃત્યુ-કાળ બાધ કરી શકતા નથી.

અશ્વપાટલ રાજા કહે : તત્વજ્ઞાનથી રહિત હોય તેનો મોક્ષ કેમ થાય ?

લોમશ ઋષિ કહે : સંતસેવા, ગુરુસેવા, વૃધ્ધોની સેવા, દેવપૂજન, શાસ્ત્રશ્રવણ, માતા-પિતાની સેવા, પતિ સેવા, સતી સેવા, પુજ્યના આશીર્વાદો, શ્રીહરિનું ભજન સ્મરણ આ સર્વ કલ્યાણના સાધન છે. તેથી આળસપ્રમાદનો ત્યાગ કરી, પ્રભુની ભક્તિ કરીને આત્મભાવ, બ્રહ્મભાવ, મુક્તભાવને ગ્રહણ કરી જીવનયાત્રા ચલાવવી. જેથી તેને કોઈ વસ્તુ પદાર્થનું બંધન નહીં થાય.

અધ્યાય - ૨૫૩

❖ આ લોક-પરલોકમાં સુખી કેમ થવાય ? - કલ્યાણનું મૂળ સાધન કયું ? ❖

અશ્વપાટલ રાજાએ ફરી પૂછ્યું : આલોક અને પરલોકમાં સુખી કેમ થવાય અને મોક્ષ કેમ થાય, તે ઉપાય બતાવો.

લોમશ ઋષિ કહે : તૃપ્તિ વિનાનો મનુષ્ય જીવનયાત્રાનો રથ ચલાવે છે. તેમાં ભુખ-તરસ બે બળદ છે. શોક-મોહ બે પૈડા છે. આગળ-પાછળ સુખદુઃખ છે, મધ્યે વાસના રહેલી છે. ઈન્દ્રિયોરૂપી ચોરથી વારંવાર લુંટાય છે. તેથી સુખ, શાંતિરૂપી દ્રવ્યથી રહિત થઈને ક્લેશને પામે છે. તેથી વ્યવહારરૂપી બળદગાડાનો ત્યાગ કરી, આત્મરૂપ થઈ યોગીની જેમ પરમાર્થના કાર્ય કર. જેથી મુક્ત સ્થિતિ પ્રાપ્ત થાય. એવા તેજસ્વીને સંસારના કોઈ દોષ સ્પર્શતા નથી. આ માર્ગે સંતો, મહર્ષિઓ પ્રભુના કામ કરવાથી મેળવે છે. રાજાઓ કર્મથી, યોગીઓ ઉપાસનાથી, સ્ત્રીઓ શુદ્રો દાસ-દાસી વગેરે સેવાભાવનાથી આ લોક-પરલોકમાં સુખ અને મોક્ષ મેળવે છે. પંડિતો જ્ઞાનમાર્ગથી, ગાયો દૂધ દાનથી, વૃક્ષો ફળ દાનથી, મનુષ્યો ઉપકારથી, મુનીઓ નારાયણને ઉદ્દેશી વ્રત, યજ્ઞ, કરનારા, તે સર્વે સિધ્ધિ અને મુક્તિને પામે છે તથા સેવા, ભક્તિ, દાન, યજ્ઞ, તપ, વ્રત વડે અપૂજ્ય પણ પૂજ્યપણાને પામ્યા છે. શુકાચાર્ય, વિશ્વામિત્ર, વાલ્મિકી તપથી પૂજ્યપણાને પામ્યા છે. મહેનતથી મેળવેલું સુખકારી થાય છે. અન્યાયથી મેળવેલું સુવર્ણ પણ દુઃખ કરે છે. અન્યાયનું અન્ન ઊલટી કરે છે. અન્યાયનું ધન સર્વ નાશ કરે છે. અન્યાયથી નારી અપકીર્તિ અને મૃત્યુ કરનારી થાય છે. પૂર્વે બ્રહ્માએ સર્વધર્મ ઉત્પન્ન કરી સર્વના સુખ માટે સર્વને ધર્મથી રહેવા કહ્યું. તેથી ધર્મથી

સર્વે સુખી રહે છે. અને જ્યારે મનુષ્ય અજ્ઞાનથી, જડબુધ્ધિથી, અવિવેકથી સાર-અસારનો વિભાગ નથી કરતો અને સ્ત્રી, પુત્ર, બાંધવ, નોકર પંચવિષયમાં રચ્યો પચ્યો રહે છે. તેને માયાનું બંધન થાય છે અને દુઃખ પામી મોક્ષનો પણ પ્રયત્ન કરી શકતો નથી. સર્વે મનુષ્યો સૂર્ય, ચંદ્ર વગેરે સર્વે દેવો, ઈશ્વરો, સિધ્ધો, મહર્ષિઓ, સતી, સાધ્વીઓ, દાનવો, રાજાઓ, ગુરુઓ, સર્વે તપથી સિધ્ધિને પામ્યા છે, અને તપનું સુખ ફળ ભોગવે છે. તે સર્વ સુખમાં અસંતોષ છે, તે દુઃખનું કારણ અજ્ઞાન છે. માટે ચિંતામણિ તુલ્ય મનુષ્યદેહથી જે નરનારીઓ મોક્ષને અર્થે પ્રયત્ન નથી કરતા તેનો મનુષ્ય જન્મ નિષ્ફળ જાય છે.

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : એવું કલ્યાણનું મૂળ સાધન કયું છે જે ક્યારેય પણ નાશ ન પામે ?

લોમશ ઋષિ કહે : સંતપુરૂષની સેવા અને વૃધ્ધોના આશીર્વાદ તે કલ્યાણના મૂળ સાધન છે, જે નાશ નથી પામતા. તેથી તપ ભક્તિ, નારાયણનો આશ્રય, અભયદાન, આત્મા અર્પણ સર્વ થાય છે અને ક્યારે પણ મોક્ષસાધન નાશ થતા નથી. તપથી પ્રત્યક્ષ શ્રીહરિમાં મનની વૃત્તિ રાખવી તે અતિ ઉત્તમ છે. પ્રત્યક્ષની અનુભૂતિ-દર્શન થયા પછી અભયદાન પ્રાપ્ત થાય છે અને બીજાને પણ અભયદાન આપે છે તે આ લોક અને પરલોકમાં અક્ષય રહે છે, નાશ પામતો નથી, શાશ્વત અને નિર્ભય રહે છે. એવા તેજસ્વીને, જ્ઞાનીને, પંચવિષય પરાભવ કરી શકતા નથી. એ રીતે આત્માના કલ્યાણ માટે અને પરમાર્થમાં રહેલાને શ્રીહરિનો ભક્તિમાર્ગ સુગમ છે. હે રાજા, આ તને ગુપ્ત બ્રહ્મજ્ઞાન મોક્ષનું સાધન કહ્યું.

અધ્યાય - ૨૫૪

❖ સર્વ દેવો કયાં સાધનથી પ્રસન્ન થાય ? - કોની ઉપાસનાથી કેવી મુક્તિ થાય ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : ઈશ્વરોનું પૂજન કરનારા લોકમાં, અવતારોનું પૂજન કરનારા ધામમાં, બ્રહ્મનું પૂજન કરનારા બ્રહ્મલોકમાં જાય છે તો સર્વ દેવોને કયા સાધનથી પ્રસન્ન કરવા ?

લોમશ ઋષિ કહે : યજ્ઞથી, પૂજનથી, નૈવેદ્યથી, મંત્રથી, આરાધનાથી, વ્રતથી, સત્યથી, અહિંસાથી, શીલધર્મથી, આત્મસમર્પણથી, માનતાથી, શરણાગતિથી, દાનથી, સ્મરણથી, ઉત્સવથી અને કિર્તનથી દેવો પ્રસન્ન થઈને આ લોકમાં સ્વર્ગસુખ આપે છે. શ્રાધ્ધ, ઉદ્યાપન, પારાયણ, વેદાભ્યાસ, મંદિરમાં પ્રતિષ્ઠા પૂજા ઉત્સવથી ઈશ્વરો, પિતૃઓ પ્રસન્ન થાય છે. ભક્તિ આરાધનાથી, સેવા પૂજાથી, વ્રતથી, આજ્ઞાથી, અર્પણભાવથી તેની કથા શ્રવણ અનન્ય નિષ્ઠા એકતા, અનુવૃત્તિ, સ્મૃતિ તથા તેના ભક્તો નરનારીઓને ભોજન, સેવન, પૂજનથી અવતારો પ્રસન્ન થાય છે અને ઐશ્વર્ય આપી પોતાના ધામમાં લઈ જાય છે. અને હે રાજા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા તો સર્વોર્પણ ભક્તિથી પ્રસન્ન થાય છે.

વિશ્વાસથી, ન્યાસથી, દાસ ભાવથી, સ્થિર સેવાથી, અનુવૃત્તિથી, પૂજન ધ્યાન આત્માર્પણથી, ભાવનાથી, અતિ સ્નેહથી, ભાવથી આવા અનેક ઉપાયથી તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભને પ્રસન્ન કરવા તથા તેના ભક્તો, ભક્તાણીઓને પ્રસન્ન કરવા તથા પ્રાર્થના સ્તૂતિ કરવી કે, સર્વમાં અંતર્યામિપણે રહેલા કંભરાગોપાલ સૂત અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારી પર રાજી થાવ. હે હરેકૃષ્ણ, હે બાલકૃષ્ણ, હું તમારો છું. તમે આ લોક-પરલોકમાં મારું રક્ષણ કરજો. હે પ્રભુ મારી દૃષ્ટિમાં તમે અને સર્વ તમારું જ છે. આ રીતે ભગવદ્ દૃષ્ટિથી રહેનારા ભક્તોને માયિકદોષ બંધન કરતા નથી અને કૃપાળુ ભગવાન તેની પર પ્રસન્ન રહે છે અને તે ભક્ત મૃત્યુભયથી રહિત થઈને પરમધામમાં જાય છે. રાગદ્વેષવાળા અજ્ઞાનથી વીંટાએલા, ભાવના રહિત, પ્રભુને નહિં જાણનારા એવા આત્માઓ સ્વર્ગ અને મોક્ષ મેળવી શકતા નથી.

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : હે ગુરુ, આત્માના વિવેકથી મુક્તિ કેવી થાય છે ? શ્રીહરિની ઉપાસનાથી કેવી મુક્તિ થાય છે ? યોગાભ્યાસ - ધર્મથી અને ગુરુના આશ્રયથી કેવી મુક્તિ થાય છે તે કહો.

લોમશ ઋષિ કહે : ઈન્દ્રિયો, અંતઃકરણ, શરીર, સ્વભાવ, પ્રાણને પંચવિષયથી આત્માને જુદો ચૈતન્ય સચ્ચિદાનંદ જાણે, ત્યારે તેને કર્મક્ષયથી મુક્તિ મળે છે, અને શાંતિ પામે છે અને શ્રીહરિની ઉપાસના ભક્તિથી મુક્તિ મેળવી ધામમાં જાય ત્યારે બ્રહ્મધરામાં સ્નાન કરી, બ્રહ્મશરીર પ્રાપ્ત કરી શ્રીહરિના દિવ્ય આનંદ ભોગને ભોગવે છે. સર્વ ઐશ્વર્યવાળો શ્રીહરિના જેવો થાય છે. તે શ્રીહરિની ઉપાસનાથી શ્રેષ્ઠ મુક્તિ કહેલી છે. યોગીઓ યોગથી શ્રીકૃષ્ણની ઉપાસના કરે તો ધામને પામે છે અને ઈશ્વરોની ઉપાસના કરે તો વૈરાજ મહાવિષ્ણુ પ્રકૃતિપુરુષના ધામને, ઈશ્વરોને પ્રાપ્ત કરે છે અને અનેક સિધ્ધિઓ મેળવે છે અને ઈશ્વર જેવો થાય છે, તે યોગાભ્યાસથી મુક્તિ કહેલી છે. અને આલોકમાં ધર્મનું પાલન કરી સ્વર્ગ સત્યલોક વગેરે પ્રાપ્ત કરી પુણ્યનું માયા સુખ ભોગવી ફરી પૃથ્વીમાં જન્મ ધારણ કરે છે. જેમ ખેડૂ ખેતરમાં બીજ વાવી અન્નકણને મેળવી ખાય છે. ફરી વાવી ફરી ખાય, એમ ધર્મથી પુણ્ય પ્રાપ્ત કરી અધોગતિમાં જતો નથી. તેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, સર્વ જાતિ જો સર્વક્રિયામાં શ્રીહરિનું ધ્યાન, સ્મરણ, ભજન, ભક્તિ, ઉપાસના રાખે તો તે સર્વની ક્રિયા નિર્ગુણ થાય છે અને મોક્ષ અપાવે છે. શ્રીહરિ વિના કરેલું સર્વ નિષ્ફળ અને દુઃખ આપનારું થાય છે. તથા શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણના સાક્ષાત્ પ્રસંગથી તેના સંત પણ દિવ્ય થઈને અનેકનો મોક્ષ કરે છે. તેવા પ્રત્યક્ષ ભગવાનના સંબંધવાળા સંતપુરૂષ સદ્‌ગુરુમાં જેવી કુટુંબમાં પદાર્થ સંપત્તિમાં પ્રીતિ છે, તેવી પ્રીતિ કરવી તેથી પણ જીવાત્માનો મોક્ષ થાય છે અને પરમધામની પ્રાપ્તિ થાય છે.

અધ્યાય - ૨૫૫

❖ યોગનું બળ કેટલું છે ? - પરમધામ કેવું છે ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : યોગનું બળ કેટલું છે, જેથી મુક્ત થવાય છે અને અધવચ્ચે અટકી પણ જવાય છે ?

લોમશ ઋષિ કહે : શૌચ, તપ, દયા, અહિંસા, સત્ય, પ્રાણ, નિરોધવૃત્તિ, સ્થિર મનથી પણ ચોરી ન કરવી અને ધ્યાન કરવું. યોગીઓને જેટલો યોગનો અભ્યાસ તેટલું બળ અને સિધ્ધિ પ્રાપ્ત થાય છે. નિર્બળને માયાના દોષમાં રાગ થવાથી યોગ ભ્રષ્ટ થાય છે. માછલાં જેમ જાળને કાપી નાખે છે, તેમ યોગીઓ માયાજાળને કાપી બ્રહ્મગતિને પામે છે. જેમ લક્ષવેધિ બાણથી નિશાન વીંધે છે, તેમ યોગી એક ધ્યાનથી યોગ સાધિ અક્ષર પ્રાપ્તિ કરે છે. નટ જેમ એક ધ્યાનથી દોરી પર ચાલે છે તેમ યોગી એક શ્રીહરિનું જ ધ્યાન કરે છે. પરંતુ હે રાજા, યોગમાર્ગ બહુ કઠિન છે. યોગમાં જંગલમાં નારાયણના આશ્રય વિના કોઈ પણ પહોંચતું નથી. માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનમાં સર્વદોષ, રાગદ્વેષ, મદ, નિંદ્રા, પ્રમાદ આળસ, અહંતા, મમતા, આશા, તૃષ્ણા વગેરે શરીરના, ઈન્દ્રિયોના, મનના, સર્વદોષો અર્પણ કરવા અને તેનો આશ્રય કરી ભક્તિ કરવી જેથી તારો મોક્ષ થશે. પૂર્વે પણ ઋષિ-મુનિઓએ દેવોના, મનુષ્યોના, યક્ષોના, પશુ, પક્ષી સર્વના વિષયસુખને જાણી તેનો ત્યાગ કરી પરમેશ્વરને ભજીને માયાના પારને પામી ગયા છે.

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : અક્ષર કેવું છે. જ્યાં જઈને કોઈને પાછું આવવાનું થતું નથી અને ક્ષર શું છે, જ્યાંથી પાછા આવવું પડે છે ?

લોમશ ઋષિ કહે : પરબ્રહ્મ અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણને રહેવાનું ધામ, સર્વ સુખ, સર્વ ઐશ્વર્ય, સિધ્ધિ, સામર્થ્યથી પૂર્ણ ભરેલું જેમાં મુક્તો જ રહી શકે છે તેને પરમધામ કહે છે. તે ધામમાં ગયા પછી ત્યાંથી પાછા ફરવાનું થતું નથી. વૈકુંઠ અને ગોલોકથી પર એવા પરમધામમાં અવતારોના અનંતધામ રહેલા છે. તેમાં કરોડો નારાયણો અને નારાયણીઓ વાસ કરે છે, તે અક્ષરધામ મૂર્તિમાન છે. તે અક્ષરથી પર શ્રીહરિનું પરમધામ રહેલું છે, ત્યાં શ્રેષ્ઠ ગાજાસન પર અનાદિશ્રીકૃષ્ણનારાયણ અનંત મુક્તા-મુક્તાનિ સાથે વાસ કરે છે. જ્યાં અનંત શક્તિઓ, સિધ્ધિઓ રહેલી છે. જ્યાં નિત્યાનંદ ગુણાતીતાનંદ અનંત અનાદિમુક્તો વાસ કરે છે. જેના એક રોમનાં લેશ સુખથી અનંતધામ સુખ અને આનંદવાળા થાય છે.

હે રાજા, એવું અક્ષર પરમધામનું સુખ છે. તે અક્ષરના સુખથી સર્વે ઈશ્વરોના લોક, દેવો, માયાની સૃષ્ટિઓ આનંદવાળી છે. એવું તે અક્ષર માયા પાર રહેલું છે. તે શ્રીહરિની

ઈચ્છાથી, બ્રહ્મપુરૂષથી માયામાંથી થયેલી અનંત સૃષ્ટિઓ તે સર્વ બ્રહ્માંડોને ક્ષર કહેવાય છે. મહતત્ત્વ ત્રણ ગુણ વિદ્યા, અવિદ્યા, પુણ્ય, પાપવિધિ, અવિધિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય સર્વે માયામાં પણ રહેલું છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પંચતન્માત્રા ગ્રહણ કરવા. જ્ઞાન ઈન્દ્રિયો - કર્મેન્દ્રિયો વગેરે ચોવીસ તત્ત્વો દેહમાં રહેલા છે. તે સર્વેનાશપણા સ્વભાવવાળા હોવાથી તેને ક્ષર કહેલા છે. તેથી હે રાજા, ક્ષર એવા શરીર અને શરીર સંબંધી પંચ વિષયના ભોગ્ય પદાર્થો તેનો ત્યાગ કરી, અક્ષર એવા આત્મામાં પરમેશ્વર કંભરા ગોપાલ પુત્ર કૃષ્ણવલ્લભનું ધ્યાન કર. તે કુંકુમવાપીના ઈશ્વર ત્યાગી છે, સ્વામિ છે, સદ્‌ગુરુ છે, આચાર્ય છે તેનું ભજન કર.

લોમશ ઋષિના મુખથી પરબ્રહ્મની કથા સાંભળીને અશ્વપાટલ રાજા અતિ તૃપ્ત થયો અને પોતાના આત્મામાં કૃષ્ણવલ્લભનું સ્મરણ ચિંતવન કરતો અતિ આનંદવાળો થયો.

અધ્યાય - ૨૫૬

❖ જીવાત્મા સંસારને ત્યજી ધામમાં જવા પ્રયત્ન કેમ કરતો નથી ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : જીવાત્મા ક્ષર સંસારને તજી અક્ષરમાં જવા કેમ પ્રયત્ન કરતો નથી ?

લોમશ ઋષિ કહે : જીવાત્મા કર્મને આધિન થઈને પાપ પુણ્યથી પોતાને બાળક, યુવાન, વૃધ્ધ, નપુંસક માની કર્મ કરતો રહે છે અને તેના ફળ ભોગવતો રહે છે. તે કર્મ પાપ-પુણ્ય મિશ્રિતથી જીવ સાથે ચોંટી જડાઈ ગયા હોવાથી પોતાને નાતિ, જાતિ, જાડો, પાતળો, સુખી, દુઃખી માને છે. તે કર્મપાશથી બંધાઈને સુખ માટે, ભોગ માટે, વધારે મેળવવા તૃષ્ણાથી ભેગુ કરવા ચારેકોર દોડે છે. તેથી નવું કર્મ બાંધી રાગદ્વેષથી ક્ષર એવા સંસારને મુકી શકતો નથી. દેહ પરાયણ થઈને શરીર સંબંધી જ કર્મ કરી વારંવાર દેહધારણ કરી સુખદુઃખને પામે છે અને અજ્ઞાનથી, મોહથી સંસારનું બંધન વૃધ્ધિ પામે છે. એવી રીતે હજારો જન્મ ધારણ કરવા છતાં તેની સંસારથી મુક્તિ થતી નથી. પુણ્યકર્મથી દેવ અને માનવ જન્મ ધારણ કરે છે અને સ્વર્ગ અને પૃથ્વિના શારીરિક પંચવિષયના ભોગને ભોગવે છે. પાપકર્મ કરીને દૈત્ય, દાનવ, માનવ, યજ્ઞ, રાક્ષસ, સ્થળચર, વનચર, ભૂચર, ખેચું, જળચર, વગેરે પશુ, પક્ષી, કીટ, પતંગ, વૃક્ષ વેલીના અનંત જન્મમાં દુઃખને ભોગવે છે. એટલે અજ્ઞાનથી ક્ષર એવા સંસારમાંથી નીકળી શકતો નથી. તેમાં જો સદ્‌ગુરુ મળે, શાસ્ત્રોનો અભ્યાસ કરે, સત્સંગ કરે, શ્રીહરિની કથા સાંભળે, સંતપુરૂષની સેવા મળે તો પ્રભુ કૃપાથી તેના આત્મામાં મુક્ત સમાન વર્તન થવા લાગે ત્યારે શ્રીહરિનું ધ્યાન ભક્તિ કરી આત્માને પરમાત્મામાં જોડે, ત્યારે અક્ષર-બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરે છે. માટે જ્યાં સુધી શ્રીહરિનો આશ્રય અને સત્સંગ કરતો નથી ત્યાં સુધી સંસારનો લય થતો નથી. તેથી તપથી,

જ્ઞાનથી, વિવેકથી આત્માને શરીરથી જુદો માની અમાયિક જ્ઞાનથી સત્પુરૂષના માર્ગે ચાલે છે ત્યારે પ્રભુકૃપાથી આત્મા, અનાત્માનો વિવેક થવાથી મુક્ત-સ્થિતિ પ્રાપ્ત કરે છે. પછી તેને શ્રીહરિ વિના કોઈપણ વસ્તુ પદાર્થ પંચવિષયમાં પ્રીતિ થતી નથી. અને અતી પશ્ચાતાપ કરે છે કે, અરે મેં અત્યાર સુધી મોહથી, તૃષ્ણાથી, અજ્ઞાનથી, ભગવાનને નહીં જાણીને માયામાં, કર્મમાં બંધાઈને કાળને આધિન થયો, છેતરાયો. હવે હું સદ્‌ગુરુ અને શ્રીહરિની કૃપાથી વિવેકવાળો થયો. હવે હું શ્રીહરિની દૃઢ ભક્તિ કરી પરમપદને પામીશ. હે રાજા, જીવાત્માને જ્યારે આવું વિવેકજ્ઞાન થાય છે ત્યારે તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનું આચરણ કરે છે ત્યારે તેને કાળ, કર્મ, માયાનો ભય રહેતો નથી.

ન્યાયવાળાને, દોષ રહિતને, પરોપકારીને, સંતસેવા કરનારને, વિરક્તને, સહન કરનારને, શાંત તપસ્વી સેવકને, આલોક પરલોકમાં ભય રહેતો નથી. એવો જ્ઞાની અને ભક્તિવાળો આત્મા પાપ, પુણ્યથી રહિત થઈને, જન્મમૃત્યુથી રહિત થઈને, નિર્લેપ થકો માયાપાર અક્ષરગતિને પામે છે. એવો મુક્ત થયેલો આત્મા અગ્નિથી જેમ ચૂલો લેપાતો નથી, પાણીથી કમળને લેપ લાગતો નથી. તેમ સંસારમાં તેને માયાનો લેપ લાગતો નથી. નટ જેમ તેલપાત્ર ભરીને દોરડા પર ચાલે છે અને એક ધ્યાનથી તેલને ઢોળાવા દેતો નથી. તેમ જ્ઞાની યોગી ભક્ત એક ધ્યાન પરમાત્મામાં રાખીને સંસાર પાર ઉતરે છે. તેમ હે રાજા, તું પણ સર્વ સંસારના માયિક પંચવિષયના પદાર્થમાંથી ચિત્તવૃત્તિ પાછી વાળી આત્મામાં એક પરમાત્માને જ ધારીને ચિંતવન કર્યા કર. તો તું પણ શાંતિને પામીશ.

અધ્યાય - ૨૫૭

❖ આત્મા દેહથી કઈ રીતે નીકળે છે ? - કોની ઉપાસનાથી ક્યાં ધામની પ્રાપ્તિ ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : પાપપુણ્યથી રહિત થયેલો શુધ્ધ આત્મા દેહથી કઈ રીતે નીકળે છે અને ક્યાં જાય છે ?

લોમશ ઋષિ કહે : યોગ, તપ, ભક્તિ, પુણ્ય, પાપ, કર્મ, માયા કે વાસનાના બળથી આ જીવાત્મા શરીરના જે ભાગમાંથી નીકળે છે, તે દેવલોકને પામે છે. આત્મા પગમાંથી નીકળે તો વિષ્ણુલોકને પામે છે. પીંડીમાંથી નીકળે તો વસુને પામે. સાથળમાંથી નીકળે તો પ્રજાપતિને પામે. ગુદાથી નીકળે તો મિત્ર દેવને પામે. લિંગ કે યોનિમાંથી નીકળે તો સત્યલોકને પામે. પેડુમાંથી નીકળે તો મેરુના સ્થાનને પામે. નાભીમાંથી નીકળે તો સ્વર્ગમાં જાય. પડખામાંથી નીકળે તો મરૂતના લોકને પામે. હાથથી નીકળે તો ઈન્દ્રલોકને પામે. છાતીમાંથી નીકળે તો રુદ્રલોકમાં જાય. ડોકમાંથી નીકળે તો મનુષ્યલોકને પામે. મુખથી નીકળે તો વિશ્વંદેવને પામે. કાનમાંથી નીકળે તો દિશાના દેવને પામે. નાકથી નીકળે તો વાયુલોકને પામે. નેત્રથી નીકળે તો સૂર્ય ચંદ્રને પામે. ગંડસ્થળથી નીકળે તો અગ્નિલોકને

પામે. ભૃકુટીમાંથી નીકળે તો અશ્વિનીકુમારને પામે. લલાટમાંથી નીકળે તો પિતૃલોકને પામે. અને જો મસ્તકના બ્રહ્મરંધ્રમાંથી નીકળે તો સુષુમ્ણા માર્ગે સનાતન બ્રહ્મલોકને પામે છે.

હે રાજા, આત્મા ઉપાસના બળથી જીવાત્મા પાપ-પુણ્યને ભેદી અને ઉર્ધ્વગતિમાં જાય છે. તેમાં શિવની ઉપાસનાવાળા કૈલાશમાં જાય છે. વિષ્ણુની ઉપાસનાવાળા શ્વેત દ્વિપને પામે છે. નરનારાયણની ભક્તિથી બદ્રિકાશ્રમમાં જાય છે. યજ્ઞ કરનારા સ્વર્ગમાં જાય છે. પિતૃભક્ત પિતૃલોકને, બ્રહ્મચર્યથી સિધ્ધલોકને, તપથી સત્યલોકને પામે છે. મહાવિષ્ણુની ઉપાસનાથી વૈકુંઠને પામે છે. નારાયણની ભક્તિથી મહાવૈકુંઠ, રાધાકૃષ્ણની ઉપાસનાથી ગોલોકને પામે છે. માયા-પ્રકૃતિને આદ્યાશક્તિની ઉપાસનાથી માયાના આઠ આવરણમાં ગતિ થાય છે. ભૂમાપુરૂષની ઉપાસનાથી અવ્યાકૃતધામમાં જાય છે. વાસુદેવની ભક્તિથી અમૃતધામને પામે છે. અવતારોની ઉપાસનાથી તે તેને પામે છે. અક્ષરની ઉપાસનાથી અક્ષરધામને પામે છે. પરબ્રહ્મની ઉપાસનાથી પરમધામને પામે છે. ઉપાસના ભક્તિ વિના તામસી કર્મથી દૈત્ય, દાનવ, રાક્ષસ અને પશુ પક્ષીના જન્મને પામે છે. રાજસી ધર્મથી શ્રીમંત, દેવ, વસુ, ગાંધર્વ, લોકપાલ, સ્વર્ગ વગેરેને પામે છે. સાત્વિક કર્મથી સાધુ બ્રાહ્મણ થાય છે. અને ગૃહસ્થાશ્રમમાં રહેલા જો જ્ઞાનાગ્નિથી સર્વકર્મને બાળી નાખે તો સંન્યાસીની જેમ પરમગતિને પામે છે.

અધ્યાય - ૨૫૮

❖ આનર્ત રાજા અને કુશલા દેવીનો જ્ઞાનરૂપી સંવાદ ❖

લોમશ ઋષિ કહે : પૂર્વે કૃષ્ણભક્ત આનર્ત સૌરાષ્ટ્રનો રાજા હતો. તેની પાસે કુશલા નામે યોગીની આવી પોતાના યોગ બળથી રાજાના શરીરમાં પ્રવેશ કરી રાજસભાવ ઉત્પન્ન કરવા લાગી. આનર્ત રાજાએ પણ નારાયણના અંશ પત્નીવૃત દ્વિજ પાસેથી સાંખ્ય-યોગનું જ્ઞાન સિધ્ધ કર્યું હોવાથી કુશલા યોગીનીને કહ્યું, મારા ચૈતન્ય આત્મામાં પરબ્રહ્મની ભક્તિ અને જ્ઞાન રહેલા હોવાથી તું મારા મનને કે શરીરને જરા પણ ચલાયમાન કરી શકે તેમ નથી. મારા ગુરુના આશીર્વાદથી મને વિવેકજ્ઞાન થવાથી મારામાં રાગનો અભાવ છે. તેથી મેં વૈરાગ્યથી મોક્ષસિધ્ધિ મેળવી છે. તેથી મારામાં અજ્ઞાનરૂપી કારણબીજ નાશ થવાથી તું આ શરીરને શસ્ત્રથી કાપે અથવા ચંદન ચર્ચે તે બંને મારે સમાન છે. માયિક પદાર્થના નાશવંતપણાથી મને કચરો અને કંચન સમાન લાગે છે. સંતપુરૂષોના સમાગમથી મને રાજ્ય કરવા છતાં નિર્લેપપણું રહે છે. કર્મનો ન્યાસ મેં પરમાત્માની ભક્તિમાં કરેલો છે. તેથી હું ગૃહસ્થ હોવા છતાં સંન્યાસીની જેમ રહી શકું છું. માટે કોઈ પર્ણકુટીમાં રહી દંડ, કમંડલુ ધારણ કરે, કોઈ મહેલમાં રહી છત્ર ચામર ધારણ કરે તે તો આશ્રમનો યોગ્ય ચિહ્નો છે. પણ જ્ઞાન અને ભક્તિ વિના સંન્યાસ, ભગવા વસ્ત્ર, જટા સર્વ વ્યર્થ છે અથવા ગૃહસ્થના સુખ જોઈ તેમાં મોહ પામે તે પણ વ્યર્થ છે.

ભક્ત આર્નતરાજાની જ્ઞાનવાર્તા સાંભળી કુશલા યોગિનીએ બીજો પ્રશ્ન પૂછ્યો : તું મને સ્ત્રી રૂપે દેખે છે અને જ્ઞાન સ્થિતિની વાત કરે છે. જ્યાં સુધી મને સ્ત્રીપુરૂષમાં ચૈતન્યનો સમાન ભાવ થયો નથી, ત્યાં સુધી તને હું મુક્ત કેમ માનું ?

આર્નત રાજા કહે : હે કુશલાદેવી, જેમ વાદળા અને પાણી જુદાં જુદાં છે. લોટ અને પથ્થર જુદાં છે, એમ જેણે જાણી લીધું તેને જડ એવી માયાના ચોવીશ તત્ત્વોથી બંધાયેલા દેહમાં ક્યારે પણ પ્રીતિ થતી નથી. પણ ચેતન એવો આત્મા, શરીરમાં રહેલો હોવાથી સ્ત્રીપુરૂષનો વ્યવહાર તથા સર્વે પદાર્થ સંબંધી વ્યવહાર, રાજ્ય વ્યવહાર, કુટુંબ વ્યવહાર કરવા છતાં અસંગી રહે છે. જ્ઞાની આત્મા ગૃહસ્થાશ્રમમાં રહે કે ત્યાગ માર્ગમાં રહે બંને સમાન છે. પોતાના આત્મામાં રહેલા તથા બીજાના આત્મામાં રહેલા અંતર્યામીને પરમાત્માને જાણી લીધા તે કોઈની સાથે રાગ-દ્વેષ કરતો નથી. કોઈની સાથે મિત્રતા-શત્રુતા કરતો નથી. સદા પરોપરકારી થઈને યોગી, બ્રહ્મનિષ્ઠ સંતપુરૂષો, જ્ઞાની પુરૂષોનો સંગ નિત્ય કર્યા જ કરે છે. અને પરમાત્માની ભક્તિ રસમાં તરબોળ રહે છે. તેવો જ્ઞાની ભક્તાત્મા ક્યારે પણ વૃથા વાણી વાદ-વિવાદ કરતા નથી, વૃથા પરિશ્રમ કરતા નથી. સદા આત્મતૃપ્તિના આનંદમાં જ રહે છે. એવો જ્ઞાની રાજા હોય, તેને ક્યારે પણ એમ થતું નથી, અરે મારું રાજ્ય-ધન નાશ પામ્યું, અરે મારું પશુધન નષ્ટ થયું. મારા મોલ હીમથી બળી ગયા. ખેતર પક્ષી ખાઈ ગયા. ચોર લૂંટી ગયા. વાણીથી મારું અપમાન કર્યું. શત્રુઓએ મને ગાદી પરથી ઉતારી મારી સ્વતંત્રતા લઈ લીધી. ઈત્યાદિક અનંત પ્રકારના આલોકમાં સુખ-દુઃખ જ્ઞાની ભક્તાત્માને ક્યારે પણ સ્પર્શતા નથી. તેથી હું એ રીતે રહીને સંત સમાગમ નિત્ય કરીને પ્રભુભક્તિ કરૂં છું.

આર્નત રાજાનું વિવેકજ્ઞાન સાંભળી અને ભક્તિભાવ જોઈને પ્રસન્ન થયેલી કુશલાદેવી કહે : રાજા, હું વાદ-વિવાદ કરવા નથી આવી, હું તો તારી પ્રભુ પ્રત્યે કેટલી પૂર્ણતા છે તે જોવા આવી છું. તું સંસારમાં જેમ કમળ રહે તેમ રહે છે. પણ હું તો જ્યાં યોગીઓ પણ દર્શને આવે છે. એવા અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં રહું છું. જ્યાં લોમશ ઋષિ અનેક યોગીઓને પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પ્રત્યક્ષ જ્ઞાન આપી પ્રભુના દર્શન કરાવીને પરમધામમાં મોકલે છે. માટે હે રાજા, તું પણ તે બ્રહ્મધરામાં અશ્વપટસરોવરમાં સ્નાન કરી પ્રત્યક્ષ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરીને પરમગતિને પ્રાપ્ત કર.

આર્નત રાજા કુશલાદેવીની યોગની પરાકાષ્ઠા અને પ્રત્યક્ષ ભગવાનને વિષે પરાકાષ્ઠાની ભક્તિ જોઈને, તેની સાથે કુંકુમવાપીક્ષેત્ર આવી, અશ્વપટસરોવરમાં સ્નાન કર્યું. ત્યાં આર્નત તીર્થ તથા કુશલાતીર્થ થયેલું છે. લોમશ ઋષિ કહે, હે અશ્વપાટલ રાજા આ તને આર્નત અને કુશલાદેવીની બ્રહ્મકથા કહી, તે સાંભળશે તે બ્રહ્મપદને પામશે.

અધ્યાય - ૨૫૯

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ દ્વારા શિષ્ય સ્વયંપ્રકાશને મોક્ષ ઉપદેશ ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : સ્વયંપ્રકાશને તીવ્ર વૈરાગ્ય કેમ થયો ?

લોમશ ઋષિ કહે : સ્વયંપ્રકાશ પૂર્વના તપસ્વી ભક્તિવાળા વામનનો અવતાર હતા. એકવાર નારાયણ ઘરે ન્હાવા આવ્યા. નાહીને વામન ધ્યાન કરવા બેઠા. ધ્યાનમાં પોતાનું મૂળરૂપ અને ચીન્હોવાળા અવતારી શ્રીમન્નારાયણના દર્શન કરી સ્તુતિ કરવા લાગ્યા કે, હે સ્વામી હે સર્વ અવતારોના ધારણ કરનારા તમે સર્વના નિયંતા છો, મારા હૃદયમાં જ વિરાજમાન છો, હે કૃપાસિંધુ તમારા દર્શનથી હું કૃતાર્થ થયો છું. સ્વયંપ્રકાશની સ્તૂતીથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને સ્વયંપ્રકાશને સંસાર ચંદ્ર, ઈશ્વરો, દેવો, બ્રહ્મમુક્તો, અનેક ધામો, અનેક સૃષ્ટિઓનું દર્શન કરાવી વરદાન આપ્યું, તને મારા વિના બીજે ક્યાંય પ્રીતિ નહિં થાય એવો વૈરાગ્ય આપું છું એમ કહીને અદૃશ્ય થયા. ત્યારથી વામન સ્વયંપ્રકાશયોગી નામે પ્રસિધ્ધ થઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણના માનસપુત્ર શિષ્યપણાને પામી અખંડ બ્રહ્મચારી રહી અશ્વપટસરોવરકાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં વાસ કર્યો અને શ્રીહરિની કૃપાથી તપ ત્યાગવાળા ધર્મજ્ઞાનવાળા યોગી થઈને ઐશ્વર્ય પામી અનેકના કલ્યાણ કરવા સમર્થ થયા. સ્વયંપ્રકાશના સદ્‌ગુણ જોઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો કે, હે પુત્ર, તું ક્યારેય પણ બ્રહ્મવ્રતનો ત્યાગ કરતો નહિં. સદા મારી ભક્તિ કરજે. સર્વથી અસંગી રહેજે. જે સ્વર્ગસુખ અને મોક્ષ મેળવવાના સાધનરૂપ મનુષ્યજન્મને જાણતો નથી, જે પ્રયત્નો કરતો નથી અને જ્યાં ત્યાં દોડે છે, તેને વિદ્વાનોએ જડ અને અજ્ઞાની કહેલા છે. પુણ્ય અને પાપથી હજારો જન્મોમાં માતા-પિતા, પત્ની-પુત્રો ભેગાં થયા. સ્નેહબંધન થયું. કાળથી, ભયથી જુદાં થયા ત્યારે કોણ કોના માટે. ચેતન આત્માને અર્થે, પરોપકાર અર્થે મેં શું કર્યું, તે વિચાર કરે તો સર્વ સ્વાર્થના જ સગાં છે. તેથી હે પુત્ર વૈરાગ્યને ગ્રહણ કરી જ્ઞાન દીપક પ્રગટ કરી શ્રીહરિની ભક્તિ કરી પરમપદને પ્રાપ્ત કરજે.

લોમશ ઋષિ કહે : હે રાજા, આ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણે સ્વયંપ્રકાશયોગીને મોક્ષનો ઉપદેશ આપી દિવ્યદેહે કુંકુમવાપીમાં વાસ આપ્યો. ત્યાં અશ્વપટ સરોવરકાંઠે સ્વયંપ્રકાશતીર્થ થયેલું છે.

અધ્યાય - ૨૬૦

❖ યોગી કઈ રીતે પરમગતિને પામે ? ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : યોગીને પાપ અને પુણ્ય તે ભોગવવું પડે છે ?

લોમશ ઋષિ કહે : યોગી પુણ્ય ભોગવી પછી મોક્ષમાં જાય છે. જો પુણ્ય અને પાપ શ્રીહરિને અર્પણ કરે તો તેનો ધામમાં નિવાસ થાય છે. દોષવાળું, પાપવાળુ, કર્મ પણ જો ભગવાનને અર્પણ કરે તો તે કર્મ અમાયિક થાય છે. પુણ્ય કાર્ય કર્યા પછી તે કર્મફળને ભોગવવાની ઈચ્છા રાખે તો દેવ, ઈશ્વર અને મનુષ્યની ઉચનીચ ગતિ ભોગવે છે. પુણ્ય નહી કરનારો, પરોપકાર નહી કરનારો, પાપી, વીંછી અને સર્પના જન્મને પામે છે. પુણ્ય કરનારો દેવ, ઈશ્વર અને સાધુ થાય છે. પૂર્વે શ્વેત રાજાને અન્નજલના દાન નહીં દેવાથી સ્વર્ગ ન મળ્યું. પછી નારદના કહેવાથી તેના પુત્રે શ્રાધ્ધ કર્યું તેથી તેને અન્નજળ પ્રાપ્ત થયું. એ રીતે સર્વે આત્માઓ પોતાના કરેલા પુણ્યપાપના કર્મને ભોગવે છે. ગુરુની સેવાથી, તપથી, ઈન્દ્રિયો નિગ્રહથી માનવો સિધ્ધીને પામે છે. તેમા ગુરુની કૃપા વિના, જ્ઞાનવિજ્ઞાન વિના, યોગ વિના, સેવા વિના મોક્ષ દુર્લભ છે. માટે હે રાજા માન અપમાનમાં, સમવિષમમાં, સ્તૂતિ નિંદામાં, સુવર્ણ અને લોઢામાં, પ્રિય અને અપ્રિયમાં, સુખ અને દુઃખમાં જ્યારે સમાન ભાવ થાય છે, ત્યારે તે યોગી સર્વકર્મને કરતો નિર્લેપ રહીને બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી પરમગતિને પામે છે.

અધ્યાય - ૨૬૧

❖ પરબ્રહ્મ પરમધામાધિપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા ❖

અશ્વપાટલ રાજાએ પૂછ્યું : હે ગુરુ, મને પ્રત્યક્ષ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા કહો. જે પરમેશ્વર સર્વનું શાસન કરે છે. જેનું સર્વે ભજન કરે છે. તે પ્રભુનો બોધ કહો.

લોમશ ઋષિ કહે : હે રાજા, વેદનાપારને પામેલા વિદ્વાનો એકાંતિક ભક્તો તે શ્રીહરિના અવતારો તેના ચરિત્રો- લીલા - ક્રિયા અને નામ સર્વે જાણે છે. બીજા કોઈ જાણી શકતા નથી. તે પરબ્રહ્મની સર્વ સૃષ્ટિઓ થયેલી છે. તેમાં પોતે રહેલા છે. તેથી તેમને આદિ દેવ કહેલા છે. સર્વે ગુણ, વિભૂતિ, ઐશ્વર્યો, શ્રી, દિવ્યવેશ, રચના, વાણી તેમાં રહેલા છે તે સર્વેને આપનારા છે તેથી તેમને પરમેશ્વર કહેલા છે. કર્મથી પાપ દુર્ગુણ દોષ અજ્ઞાનનો નાશ કરીને જ્ઞાનસુખ આપનારા માયા પાર શાશ્વત બ્રહ્મપદ આપનારા છે તેથી તેમને અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે છે. માયાથી પર અક્ષરના નિયંતા હોવાથી તેમને અક્ષરાતીત કહે છે. સર્વના દુઃખ હરનારા તેમને હરિ કહે છે. સર્વમાં વાસ કરવાથી તેમને વાસુદેવ કહે છે. માયાના પતિ હોવાથી તેમને માધવ કહે છે. તપ-ભક્તિથી ઈંદ્રિયોનું દામન કરનારા

જનોને ઉર્ધ્વગતિ આપનારા તેમને દામોદર કહે છે. સર્વે અવતારો તેના કેશ અંશ હોવાથી તેમને કેશવ કહે છે. યોગીઓ જેમાં રમે છે, આનંદ મેળવે છે તેથી તેમને રામ કહે છે. હે રાજા, એ રીતે ગુણકર્મ અને યોગથી અનંત નામવાળા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું તું ભજન કર. તે પ્રભુ કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલા છે. એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, બાલકૃષ્ણ, હરિકૃષ્ણ, પુરૂષોત્તમ, સત્પુરુષોના, મુક્તોના, બ્રહ્મપ્રિયાના, ભક્તોના સર્વના પતિ એવા શ્રીહરિનું ભજનભક્તિ સેવા કરી પ્રાપ્ત કર.

રાજા કહે : હે ગુરુ આવી કથા, આવો બોધ, આવું અમૃત અને પ્રત્યક્ષ અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન મને આપ્યા. હવે હું કૃતાર્થ અને પૂર્ણકામ થયો છું અને તે પ્રત્યક્ષ શ્રીહરિને મારા આત્મામાં જ દેખું છું એમ કહીને રાજાએ લોમશ ઋષિ ને દંડવત્ પ્રણામ કર્યા.

લોમશ ઋષિ કહે : હે રાજા, સર્વે દેવો ઈશ્વરો, ઋષિમુનિઓ તે પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું જ ભજન કરે છે. સર્વે યોગશાસ્ત્રો, વેદ, યજ્ઞો, તપ, સત્ય, પુણ્ય, પ્રવૃત્તિ તે પરબ્રહ્મ પરાયણ જ છે. પંચભૂત પંચતન્માત્રા કાળ, કૃતિ, કીર્તિ, દેવતા, ભૂતિ, લીલા, ત્યાગ, શુભક્રિયા સર્વે પરબ્રહ્મ પરાયણ જ છે. સર્વે તત્વનું તત્ત્વ આ કુંકુમવાપીના ઈશ્વર અનાદિશ્રીકૃષ્ણનારાયણ એકાંતિક ભક્તોને સુખ આપનારા પોતે જ છે. તે પ્રભુપૂર્વે કલ્પમાં સત્યુગમાં સ્વર્ણરેખા નદીતટે, નારાયણ ધરે, દેવોને, પિતૃઓને, વિપ્રોને, ઋષિઓને, યજ્ઞધર્મ સમજાવતા હતા અને પ્રર્વતાવતા હતા તેજ ભગવાને પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન કરેલું છે. જેમાં ભક્તો પરબ્રહ્મપરાયણ રહે છે. સર્વે વર્ણો વૈષ્ણવો થઈને અક્ષરપદને પામે છે. સર્વે નરનારીઓ વ્યવહાર કરવા છતાં પ્રભુભક્તિ કરી વૈકુંઠ, ગોલોક અને બદ્રિકાશ્રમ ધામમાં જાય છે. પરંતુ જે અજ્ઞાનથી ભગવાનને ભૂલી જાય છે. તેને શ્રીહરિ પોતાની ઈચ્છાથી ત્યાગ કરતા નથી. તે જીવાત્મા માયાના સ્વભાવવાળો હોવાથી માયાબધ્ધ બ્રહ્માદિ દેવોમાં, માનવોમાં વારંવાર જન્મધારણ કરતો નથી. પણ જયારે શુધ્ધ સાત્વિક ભાવથી શ્રીહરિની, સંતભક્તોની સેવા કરે છે તથા અન્નજળની પ્રસાદિ જમે છે ત્યારે તે જીવાત્મા શુધ્ધ બુધ્ધિ થઈને માયાના ભાવથી રહિત થાય છે અને નિર્ગુણ થઈને અક્ષરપદને પ્રાપ્ત કરે છે. એમ કહીને લોમશ ઋષિ અશ્વપાટલ રાજાને સાથે લઈને અશ્વપટ સરોવરના સોમતીર્થમાં સ્નાન કરવા આવ્યા.

અધ્યાય - ૨૬૨

❖ બાલપ્રભુ દ્વારા સીતા-રામરૂપે ભાણવીર્ય રાજાની રક્ષા ❖

અશ્વપાટલ રાજએ પૂછ્યું : ગુરુ, સોમતીર્થ ક્યારે થયું ?

લોમશ ઋષિ કહે : શેત્રુજ્ય ગોપનાથનો રાજા ભાણવીર્ય હતો. તે રામકૃષ્ણનું ભજન કરી ધર્મથી પ્રજાનું પાલન કરતો. એકવાર ભાલદેશનો રાજા ક્ષમાભૃત સૈન્ય લઈ યુધ્ધ કરવા આવ્યો અને કહેવડાવ્યું મારી સાથે યુધ્ધ કર અથવા રાજય આપી દે. ભાણરાજાએ ધર્મનો નીતિનો ભક્તિનો બોધ ઘણો આપ્યો. છતાં તે શત્રુરાજા માન્યો નહીં ને કહ્યું ધર્મનો બોધ કરવો તે ક્ષત્રિયોનું કામ નથી. ધર્મનો ઉપદેશ તો દુર્બળ વિપ્રો, ઋષિ-મુનિઓ આપે, ક્ષત્રિયો તો બળથી યુધ્ધ કરી રાજય મેળવે.

ભાણભક્ત રાજા કહે : આ રાજય રામનું છે, મારું નથી. યુધ્ધ કરી મનુષ્યની હિંસા કરવી તે પાપ છે. માટે તૃષ્ણા તજી ભગવાન ભજી લે. જેથી તારું અને પ્રજાનું સારું થાય. શત્રુરાજા કહે, ઈશ્વર છે જ નહીં. યુધ્ધ કર કાં શરણે થા. નહીં તો તને પકડીને કેદ કરીશ. ભાણભક્ત રાજા કહે, પરમેશ્વરે સર્વને માટે સર્વ નિર્માણ કરેલું છે. પાપ-પુણ્ય, સ્વર્ગ મોક્ષ સર્વે પ્રભુએ બનાવ્યું છે. તો નીતિથી રાજય કરી પ્રભુની ભક્તિ કરી મોક્ષ મેળવી લે. શત્રુરાજા કહે, રાજાનો ધર્મ મોક્ષમાર્ગ અને જ્ઞાનમાર્ગ ત્રણેય જુદા છે માટે તું રાજય આપી દે. એમ કહી સર્વને કેદ કરી રાજય લઈ લીધું. ભાણવીર્ય કુટુંબ સાથે બાલકૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે, એમ ભજન કરવા લાગ્યા. ભક્તિથી વશ થયેલા લક્ષ્મીનારાયણ સીતા સાથે રામરૂપે અશ્વપટ સરોવર આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણને સાથે લઈ શત્રુરાજા ક્ષમાભૃત સાથે યુધ્ધ કરી તેને બાંધીને ભાણવીર્ય ભક્તરાજાને રાજય પાછું અપાવ્યું. ભક્તરાજાએ રામસીતાએ દર્શન આપી અશ્વપટ સરોવર કુંકુમવાપી આવી ત્યાં વાસ કર્યો તે રામતીર્થ સીતાતીર્થ થયેલું છે. પછી લોમશ ઋષિએ ભાણ ભક્તરાજાનો, કુટુંબનો અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. તે ભાણતીર્થ થયેલું છે.

અધ્યાય - ૨૬૩

❖ બાલપ્રભુ અને સૂર્યદેવ દ્વારા ઉર્જવૃતની કોઢના રોગથી મુક્તિ ❖

પૂર્વે સ્તંભપુરમાં રાજયનો કર્મચારી ઉર્જવૃત નામે કાયસ્થ હતો. લેખ લખવાનું કામ કરતો. ખોટા લેખ લખી ધન ભેગું કર્યું તેથી કોઢનો રોગી થયો. દવા કરવા છતાં રોગ મટ્યો નહીં. ત્યારે પ્રભુનો જપ કરતો તીર્થ કરવા નીકળ્યો. દ્વારિકા, સોમનાથ, સરસ્વતી તીર્થ કર્યા પણ રોગ ન મટ્યો. માટે પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો કે, હે રામ, હે કૃષ્ણ મેં પાપ કર્યું છે તેથી મને રોગ થયો હવે મારું રક્ષણ કરો, રોગ નાશ કરો. એમ પ્રાર્થના કરી

ત્યાં પ્રભુ વિપ્રવેશે આવી કહે, "નમો બ્રહ્મ સાવિત્રે તે કુષ્ઠહંત્રે નમો નમઃ" આ સૂર્યમંત્રનો જપ કર. તેથી ઉર્જવૃત જપ કરવા બેસી ગયો. ત્યાં તેજસ્વી સૂર્યનારાયણે આવી દર્શન દઈ કહે અશ્વપટ સરોવરમાં સ્નાન કરી એક લાખ સૂર્યમંત્રનો જપ કરવાથી તારું પ્રાયશ્ચિત થશે અને રોગ નષ્ટ થશે. માટે અક્ષરધામ તુલ્ય કુંકુમવાપી ક્ષેત્ર જઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આશ્રય કરી ભજન અને મંત્ર જપ કરજે. ઉર્જવૃત અશ્વપટસરોવર આવી સ્નાન કરી આંકડાના વૃક્ષ નીચે જપ કરવા બેસી ગયો. એકવીશ દિવસે જપ પૂરા થયા અને સૂર્યનારાયણ અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ બંને તેજસ્વી બાળસ્વરૂપે આવી દર્શન આપી સ્પર્શ કરી તેનો રોગ નષ્ટ કર્યો. ઉર્જવૃતે ચરણમાં પડી નમસ્કાર કર્યા. સૂર્યે કહ્યું, તું અહીં મારું મંદિર કરાવજે. અહિં જે સ્નાન કરી દાન કરશે અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરશે તે કોઢના રોગથી મુક્ત થશે. ત્યાં સર્વરોગને નાશ કરનારું સૂર્ય તીર્થ થયેલું છે. પછી તે કાયસ્થે સૂર્ય આજ્ઞાથી ત્યાં સૂર્યમંદિર કરાવી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી અક્ષરધામમાં ગયો.

અધ્યાય - ૨૬૪

❖ બાલપ્રભુના મંત્રના પ્રતાપથી મુંગો શાર્ગધર બોલતો થયો ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, ઋષિ શૃંગધર વિપ્રનો પુત્ર શાર્ગધર જન્મથી મુંગો હતો. તે પૂર્વજન્મમાં દંડકારણ્યમાં વાસ કરતો શુદ્ર હતો, હિંસા કરતો. તેણે એકવાર ગોદાવરી કાંઠે મૃગની હત્યા કરી. મૃગનું તીર્થમાં મરણ થવાથી તે એક શીંગડાના ચિન્હવાળો શૃંગધર વિપ્ર થયો અને તે શુદ્ર હિંસક તેનો પુત્ર જડ જેવો અને જન્મથી જ મુંગો થયો. તેના પિતાએ તેને જનોઈ આપી, તેને માટે ઘણા જપ, તપ, તીર્થ કર્યા, તો પણ પુત્ર બોલતો ન થયો. પછી તે અન્ન, જળનો ત્યાગ કરી તપમાં બેસી ગયો. દશ વર્ષે આકાશવાણી સાંભળી તારા અને તારા પુત્રના પૂર્વ જન્મના અતિ પાપ તે જપ અને તપ કરવાથી નાશ પામ્યા છે. હવે તું અશ્વપટ સરોવર કુંકુમવાપી તીર્થમાં જા. ત્યાં "અનાદિશ્રીકૃષ્ણનારાયણ" આ મંત્રનો જપ કરજે. આકાશવાણી સાંભળીને પિતા મુંગા પુત્રને લઈને, મુક્તો, ભક્તો દેવ, દેવીઓથી સેવાયેલી કુંકુમવાપી આવ્યા. અશ્વપટ સરોવરમાં સ્નાન કરી લોમશ ઋષિ પાસે આવી પગે લાગી સેવા કરી મંત્ર જપ કરવા લાગ્યો. ત્યાં કાર્તિક સુદ બારસે સવારમાં લક્ષ્મી સાથે હયગ્રીવ ભગવાનને હાથમાં વેદને ધારણ કરી દર્શન દીધા અને કહ્યું બોલ તારી શું ઈચ્છા છે ?

શાર્ગધર કહે : હે પ્રભુ, લોમશ ઋષિના આશીર્વાદથી અને તમારા દર્શનથી મારું મુંગાપણું બંધ થયું. મને વાણી પ્રાપ્ત થઈ. હવે મને વિદ્યા આપો, જેથી હું પિતૃ ઋણથી મુક્ત થાઉં. ભગવાન કહે, તથાસ્તુ. એમ કહી અદૃશ્ય થયા. તે શાર્ગધર મહાન વિદ્વાન થયો અને ઔષધિ જ્ઞાનની સંહિતા રચી. હે રાજા, ત્યાં શાર્ગધરતીર્થ થયેલું છે. ત્યાં સ્નાન દાન કરવાથી જીવાત્માનો મોક્ષ થાય છે.

અધ્યાય - ૨૬૫

❖ બાલપ્રભુની ભક્તિ દ્વારા પાષ્ણીરદ શુદ્રના સર્વે પાપ નષ્ટ ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, પૂર્વે ભાદર નદી કાંઠે પાષ્ણીરદ શુદ્ર બકરા રાખી જીવન નિર્વાહ કરતો. તેમાં વિયાંયેલી બકરીના બચ્ચાં નારી જાતિના રાખીને નરજાતિના બચ્ચાને વાડ્યમાં ફેંકી દેતો. ત્યાં બચ્ચાને હિંસક જનાવર ખાઈ જતા. તે બચ્ચાઓ શાપ આપતા તું નિર્વંશ રહીશ. તેથી તેના પુત્ર અને પત્ની મરણ પામ્યા માટે પશુઓ રાખીને તેનું પુત્રની જેમ પાલન કરવું. એકવાર ચોર લુંટારા આવીને તે પાષ્ણીરદના સર્વે બકરા લઈ ગયા. તેથી તે અતિ દુઃખી થયો. અતિપાપથી તેને ક્ષય રોગ થયો. તેથી ભગવાનનું ભજન કરવા લાગ્યો. રામ કૃષ્ણ, હરે કૃષ્ણ બાલકૃષ્ણ હરે હરે એમ ભજન કરતો હતો ત્યાં ભક્તમંડળી અશ્વપટ સરોવરતીર્થમાં જતી હતી. તેની સાથે કુંકુમવાપી આવ્યો.

ત્યાં અશ્વપટસરોવરમાં સ્નાન કરી, લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વંચાતી હતી તે સાંભળી. તેમાં આવ્યું કે, અનાદિશ્રીકૃષ્ણનારાયણના એકસો આઠ મંત્ર જપ કરવાથી સર્વ દુઃખનો નાશ થાય છે. સત્સંગથી સંતની સેવાથી પ્રભુભક્તિથી દુઃખનો રોગ નાશ થાય છે. તે શુદ્ર ઉચ્ચે સ્વરે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવા લાગ્યો. સંતની પ્રસાદી જમવાથી, કથા સાંભળવાથી, ધૂન કિર્તનથી તેના સર્વે પાપ નષ્ટ થયા. અનાદિશ્રીકૃષ્ણનારાયણની ઈચ્છાથી નારદે ત્યાં તેની પાસે આવી દર્શન આપ્યા. પ્રસાદી જળ પાયું અને તેનો રોગ નાશ કર્યો પછી નારદજી અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શને ગયા. પ્રભુએ નારદજીને કાશી શીવરાજને ત્યાં દુઃખહા લક્ષ્મીના લગ્ન નક્કી કરવા માટે તેને ઘરે મોકલ્યા. હે રાજા, ત્યાં અશ્વપટ સરોવરમાં નારદ તીર્થ થયેલું છે.

અધ્યાય - ૨૬૬

❖ બાલપ્રભુએ વિપ્ર ધર્મસુમંતુને ચિતામાંથી બેઠો કરી નવજીવન આપ્યું ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, પૂર્વે અર્કપુરીમાં શ્વેતવ્યાસનો શિષ્ય ધર્મસુમંતુ વેદ ભણીને લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચતો અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવા ભક્તિ કરતો. એકવાર અશ્વપટ સરોવરમાં સ્નાન કરવા જતા રસ્તામાં સર્પ કરડ્યો એટલે વિપ્રે પ્રાણાયામ કરી, સર્પને બોલાવી કહ્યું, તે મને શા માટે દંશ દીધો અને તું કોણ છો ? સર્પ કહે, હું આ ગામનો શાર્દુલચંદ્ર રાજા હતો. ધર્મકર્મથી રહિત નાસ્તિક સર્વની નિંદા અપમાન કરનારો હતો. એકવાર તું યજ્ઞ માટે મારી પાસે દ્રવ્ય માગવા આવ્યો. મે તિરસ્કાર કરી કાઢી મુક્યો. તે શાપ આપ્યો તું સર્પ થા, તેથી હું સર્પયોનિને પામ્યો છું અને વેરથી તને દંશ દીધો. તે હું જાણું છું, તું જાણતો નથી. હવે મારો ઉદ્ધાર કર.

ધર્મસુમંતુ કહે : સર્વે દેહધારીઓ કર્મથી પાપથી, તૃષ્ણાથી, સ્વભાવથી, અનેક જન્મોને પામે છે. પણ જ્યારે બ્રહ્મનિષ્ઠ સાધુ, બ્રાહ્મણોનો આશ્રય કરી ભગવાનનું ભજન કરે છે, ત્યારે તેનો મોક્ષ થાય છે. એમ કહીને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી પાણી છાંટી સર્પ દેહથી તેનો મોક્ષ કર્યો. ધર્મસુમંતુએ પણ દેહત્યાગ કર્યો તેથી તેની પત્ની આવીને અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્વેતવ્યાસનું સ્મરણ કર્યું. પ્રભુએ પ્રત્યક્ષ આવી શ્રીકૃષ્ણવલ્લભરૂપે દર્શન આપી ચિતામાંથી બ્રાહ્મણને બેઠો કર્યો. પતિ-પત્ની બંનેએ પ્રભુના દર્શન કર્યા. ત્યાં અશ્વપટ સરોવરમાં શ્વેતવ્યાસતીર્થ થયેલું છે.

અધ્યાય - ૨૬૭

❖ બાલપ્રભુની કૃપાથી રક્ષાંગાર રાજા અને સત્યારાણી મોક્ષભાગી થયા ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, સૌરાષ્ટ્રમાં સ્વર્ણપતનો રાજા રક્ષાંગાર અને તેની રાણી ધર્મથી પ્રજાપાલન કરી પ્રભુની સદા ભક્તિ પરાયણ રહેતા. રાણી ફળફૂલથી કૃષ્ણનું પૂજન કરી નિત્ય સાધુ, સાધ્વીઓ, વિપ્ર અતિથિઓને ભોજન આપતી. એકવાર મહાલક્ષ્મીએ રાણીને સ્વપ્નમાં દેખાડ્યું કે, મ્લેચ્છ રાજા સૈન્ય લઈને રાજ્ય લેવા આવ્યો. રાજા યુધ્ધમાં ગયો અને મરી ગયો. રાણીએ જાગીને સ્વપ્નની વાત રાજાને કરી. રાણીએ અમંગલ નાશ માટે ગણપતિનું પૂજન કર્યું. ગ્રહશાંતિ કરાવીને મહાલક્ષ્મીનું પૂજન કર્યું. તેથી મહાલક્ષ્મીને પ્રસન્ન થઈ કહ્યું, રાજા ગઢ બહાર યુધ્ધ કરવા જશે તો તેનું મૃત્યુ થશે.

રાણીએ રાજાને કહ્યું : તમે ગઢની અંદર રહેશો તો તમારો જય થશે અને બહાર જશો તો મૃત્યુ થશે. ત્યાં શસ્ત્રો વાહનો લઈને મ્લેચ્છો યુધ્ધ કરવા આવ્યા. કપટ કરીને કીલ્લામાં જઈ યુધ્ધ કરવા લાગ્યા. રાજા, રાણીનું વચન ભૂલી, યુધ્ધ કરતો બહાર ગયો ત્યાં મ્લેચ્છોએ મારી નાખ્યો. સતી રાણી પૂજામાં બેઠી હતી ત્યાં પગમાંથી કંકુ ખર્યું. એટલે તરત બહાર આવી ત્યાં સાંભળ્યું રાજાનું મૃત્યું થયું. પછી રાણી રાજાના શરીરને લઈને અશ્વપટ સરોવર આવી સૂર્યને અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરી કે, હે પ્રભુ હું મારા પતિ સાથે શરીરમાંથી અગ્નિ પ્રગટાવી સાથે મરી જાવ છું. હે સર્વપતિ, હે આત્મપતિ તમને નમો નમઃ રાણીની પ્રાર્થના સાંભળી અનાદિશ્રીકૃષ્ણનારાયણે લક્ષ્મી સાથે દર્શન આપી કહ્યું, તું તારા પતિ સાથે સ્વર્ગમાં સુખ ભોગવી અંતે અક્ષરધામમાં જઈશ. એમ કહીને અદેશ્ય થયા. સતી રાણીએ ત્યાં દેહત્યાગ કર્યો. ત્યાં અશ્વપટ સરોવરમાં સતીતીર્થ થયેલું છે. ત્યાં સ્નાનદાન કરવાથી જીવાત્માનો મોક્ષ થાય છે.

અધ્યાય - ૨૬૮

❖ પ્રબોધ ઋષિના ઉપદેશથી અમોહાક્ષ રાજાનો કુંકુમવાપીમાં મોક્ષ ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, પૂર્વે હિમાલયમાં અમોહાક્ષ રાજા હતો. તેના ગુરુ પ્રબોધ ઋષિએ રાજાને, રાજકુટુંબને શાસ્ત્રનું જ્ઞાન, કથાવાર્તા ભક્તિ સત્સંગ કરાવી ભક્ત બનાવ્યા. તેથી રાજા-રાજકુટુંબ ગુરુને પ્રભુ માની પૂજતા. રાજાએ કહ્યું, કે, હે ગુરુ તમે સદા અમારી સાથે મહેલમાં વાસ કરો. ગુરુ કહે : રાજા સાંભળ, ત્યાગી અને ગૃહસ્થના ધર્મ પ્રભુએ શાસ્ત્રમાં લખ્યા છે તે કહું છું.

સાધુને પવિત્રપણે રહેવું, ક્ષમા રાખવી, અપમાન સહન કરવું. સાધુ ભીક્ષા માગે, ગૃહસ્થને ઉદ્યમ કરી મેળવવાનું. રાજાઓને યજ્ઞ કરી દાન કરવાનું, ધર્મથી પ્રજાનું પાલન કરી પુણ્ય પ્રાપ્ત કરવાનું. સાધુને જુના વસ્ત્રો પહેરવા, વનમાં તપસ્વિ જીવન ગાળવું, આત્મનિષ્ઠા રાખવી, અલ્પઆહાર કરવો, આ સાધુના ધર્મ ગૃહસ્થને દૂષણ રૂપ છે. સાધુ મોક્ષ ધર્મમાં રહેલા છે. ગૃહસ્થો સ્વર્ગસુખ આપે અને ભોગવે છે. એ રીતે હે રાજા, સાધુના ગૃહસ્થોના ધર્મ જુદા છે. તેથી હું તારા મહેલમાં તારી સાથે ન રહી શકું. તમારે અને અમારે જ્ઞાનમાં પણ જુદાપણું રહે છે. ગૃહસ્થોને આ મારું રાજ્ય, મારી પ્રજા, નોકર, મારા પત્ની પુત્ર, મારું કુટુંબ, મારું સૈન્ય, વાહન, સંપત્તિ, મારા ખેતરવાડી, બગીચા, હું બળવાળો, રૂપવાળો, હું મોટો, હું સત્તાવાળો, હું સુખી, હું દુઃખી. હે રાજા, ગૃહસ્થોને આ અહંતા, મમતા જીવાત્માની સાથે જડાઈ ગઈ છે. અને અમારે સાધુને મારે રાજ્ય, કુટુંબ, સતા, ખેતરવાડી કાંઈ છે જ નહીં તેથી અહં મમતારૂપી જીવાત્માની સાથે જડાઈ ગઈ છે. અજ્ઞાન રહે જ ક્યાં ? માટે સાધુને ભગવાનમાં સ્નેહ અને જગતમાં વૈરાગ્ય, ગૃહસ્થને કુટુંબમાં સ્નેહ અને સ્થિતિ. સાધુ એકવાર આહાર કરનારા, ગૃહસ્થ ઘણો આહાર કરનારા. ગૃહસ્થને આરામગતિ અને સાધુને રામગતિ. હે રાજા, એ રીતે ગૃહસ્થની નીચી સ્થિતિ છે અને સાધુની ઉર્ધ્વગતિ છે. માટે હે રાજા, તમારે ગૃહસ્થોને ભગવાન અને સાધુમાં સ્નેહ રાખવો, પણ અમારે તો ભગવાનમાં સ્નેહ રાખીને જગતમાં વૈરાગ્ય રાખવો જ પડે.

અમોહાક્ષ રાજા કહે : ગુરુ, તો અમને પૂર્ણબ્રહ્મના દર્શન કેમ થાય ?

પ્રબોધ ઋષિ કહે : માયાના સર્વદોષ દુર્ગુણનો નાશ થાય ત્યારે ભગવાન દર્શન આપે છે. રાજા કહે, હે ગુરુ તમે કૃપા કરી અમને પ્રત્યક્ષ ભગવાનના દર્શન કરાવો. પ્રબોધ ઋષિ કહે, અમારા જેવા અસંખ્ય ઋષિમુનિઓ અવતારો જે પરબ્રહ્મની ઉપાસના ભક્તિ કરે છે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણના પ્રત્યક્ષ દર્શન કરવા હોય તો હું તને કૃપાથી કહું છું કે, તે પ્રભુ અત્યારે અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલા છે. તેના દર્શન કરવા જા.

એમ કહીને પ્રબોધ ઋષિ વનમાં ગયા. અમોહાક્ષ રાજા તુરંત કુંકુમવાપી આવી અશ્વપટ સરોવરમાં સ્નાન કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરી પોતાના ગુરુ પ્રબોધની મૂર્તિ સ્થાપી ભજન કરી અને ધામમાં ગયો. લોમશ ઋષિ કહે, રાજા ત્યાં બુધ્ધતીર્થ થયેલું છે. ત્યાં સ્નાન, દાન, જપ, તપ કરવાથી પાપીઓનો પણ મોક્ષ થાય છે. પછી લોમશ ઋષિ અશ્વપાટલ રાજાને લક્ષ્મીનારાયણતીર્થમાં લઈ ગયા.

અધ્યાય - ૨૬૯

❖ બાલપ્રભુના લક્ષ્મીનારાયણરૂપે અભયાક્ષ રાજાને દર્શન ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, પૂર્વે અભયાક્ષ પંચાલ દેશના રાજા હતા. તે ધર્મપાલન કરી ભગવાનની ભક્તિ પરાયણ રહેતા. જેને ઘરે સાધુ, સાધ્વી, અતિથિઓ રોજ ભોજન કરી તૃપ્તિ પામતા. તે રાજાને ત્યાં સાક્ષાત નારાયણ સાધુરૂપે વસતા હતા. લક્ષ્મી અને રાધાજી સાધ્વીરૂપે વાસ કરતી હતી. જેને દેવદેવીઓ અને માનવો જાણી શકતા નહીં. પણ દિવ્ય દૃષ્ટિવાળા મુનીઓ જાણતા. રાજા પુરુષોત્તમ નારાયણની સેવા કરી મુનીના મુખથી કથા જ્ઞાનવાર્તા સાંભળતા. પ્રજા સર્વે પણ સુખી અને ભક્તિવાળી હતી. તેના રાજ્યમાં કોઈ પણ મનુષ્ય સ્નાન પૂજા રહિત ન હતો. કંઠી, તીલક, ચાંદલા વિનાનો કોઈ ન હતો. સર્વવસ્તુ પદાર્થ ભોજન ભગવાનને અર્પણ કરી પછી ગ્રહણ કરતાં એવા આત્મનિવેદી સર્વે ભક્તો હતા. તેના રાજ્યમાં પશુપક્ષીઓ પણ ભગવાનના દર્શનથી ભગવાનની વાણી બોલતા.

તે રાજા એકવાર સાધુ-વિપ્રો સાથે ધૂન કિર્તન કરતા અશ્વપટ સરોવર આવ્યા. ત્યાં સર્વ તીર્થોના દર્શન કરી લોમશ ઋષિના આશ્રમમાં આવ્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણે મંદિરે આવી પ્રભુની પૂજા કરી માતાપિતાને પગે લાગી પ્રસાદીજલ પીધું. પછી રાજાને વિષ્ણુયાગ કરવાની ઈચ્છા થતાં, લોમશ ઋષિને વાત કરી. લોમશ ઋષિએ વિપ્રોને બોલાવી યજ્ઞ કરાવ્યો. રાજાએ યજ્ઞમાં સાધુ વિપ્રોને જમાડી અનેક દાન આપ્યા. યજ્ઞ પૂર્ણાહુતિમાં સાક્ષાત લક્ષ્મીનારાયણ ભગવાને ચતુર્ભૂજ દર્શન આપ્યા. રાજા તથા સર્વેજનો દર્શન કરી આશ્ચર્ય પામ્યા. પછી લક્ષ્મીનારાયણ ભગવાને રાજાને કહ્યું, તું અહીં મારું મંદિર કરાવી, લક્ષ્મી સાથે મારી પ્રતિષ્ઠા કરાવજે અને તું સાધુ-દીક્ષા ગ્રહણ કરી મારી પૂજા કરજે. એમ કહીને પ્રભુ અદૃશ્ય થયા. પછી રાજાએ ઉપવાસથી દેહશુધ્ધિ કરી મુંડન કરાવી સ્વયંપ્રકાશ ઋષિ પાસેથી ત્યાગી દીક્ષા ગ્રહણ કરી "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" મંત્ર ગ્રહણ કરી, ભગવા વસ્ત્ર ધારણ કરી, અધોક્ષજપ્રકાશ નામ ધારણ કરી અશ્વપટસરોવર કાંઠે લક્ષ્મીનારાયણનું મંદિર કરાવી પ્રતિષ્ઠા કરાવી, પોતે સેવા ભક્તિ કરવા લાગ્યા. લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, તે આ

લક્ષ્મીનારાયણ તીર્થ, દીક્ષાતીર્થ કહેવાય છે, ત્યાં બારેમાસ તીર્થવાસીજનો આવી દાન, પુણ્ય, જપ, તપ, યજ્ઞ, બ્રહ્મભોજન કરાવે છે. તેને અક્ષયફળ થાય છે. એવું સાંભળીને અશ્વપાટલ રાજાએ ત્યાં કુટુંબ સાથે સ્નાન કરી લક્ષ્મીનારાયણના દર્શન કર્યા. ત્યાં શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં કેશવાદિ ચૌદ મૂર્તિના દર્શન થયા અને ફરી પાછા લીન થયા.

અશ્વપાટલ રાજાએ અતિ આશ્ચર્ય પામી અને કહ્યું, ગુરુ મને આવા દર્શન કેમ થયા ? લોમશ ઋષિ કહે : જ્યાં પરબ્રહ્મ પ્રગટ હોય, જ્યાં તેના ભક્તો વાસ કરતા હોય, તે તીર્થ દિવ્ય છે. અને ભુક્તિ-મુક્તિ આપનારું છે. પછી લોમશ ઋષિ રાજાને મહાવિષ્ણુ તીર્થ તથા પુરૂષોત્તમ તીર્થમાં લઈને ગયા અને તેની કથા કહેવા લાગ્યા.

અધ્યાય - ૨૭૦

❖ દેવાણી ભક્ત - બ્રહ્મસ્તંભ ઋષિ - અમરી કન્યા અને કુષ્યવાલની કથા ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, પૂર્વે ઉજળા ગામના દેવાણી ખેડુ વાડીમાં જ રહેતા અને ખેતી કરતા. ફળફુલ, શાકભાજી ભગવાનને અર્પણ કરી શ્રીહરિનું ભજન કરતા. એકવાર ચોમાસામાં રાત્રિ-દિવસ અતિવૃષ્ટિ થવાથી ચારેકોર પાણી ભરાઈ ગયું. દેવાણી ભક્ત એક વૃક્ષ પર ચડી ગયા. વૃક્ષો પડી ગયા. પાણીમાં વૃક્ષો તણાવા લાગ્યા. પણ તે ભક્ત શ્રીહરિનું સ્મરણ ભજન કરતા એક વૃક્ષ પર બેસી રહ્યા. વૃક્ષ તણાતું અશ્વપટ સરોવરમાં આવ્યું. ભક્ત સ્તુતિ કરવા લાગ્યા, હે પ્રભુ તમે સર્વની રક્ષા કરો છો. કમળને જળ ઉપર રાખો છો. હે પ્રભુ મારું રક્ષણ કરો. ત્યાં બાલકૃષ્ણ ચતુર્ભૂજ સ્વરૂપે આવી દેવાણી ભક્તને પાણીમાંથી બહાર કાઢી, વસ્ત્રો અને ભોજન આપ્યા. અને તેને ઘેર પહોંચાડ્યા. પછી તે ભક્તો અશ્વપટ સરોવરકાંઠે મંદિર કરી વિષ્ણુની પ્રતિષ્ઠા કરી ત્યાં વિષ્ણુતીર્થ થયેલું છે.

ભદ્રાયનપુરમાં બ્રહ્મસ્તંભ ઋષિ વાસ કરતા. તે આત્મનિષ્ઠ અને પુરૂષોત્તમમાં ધ્યાન પરાયણ રહેતાં. તે સર્વ સિધ્ધિવાળા હતા. તેમણે એક વર્ષ સુધી તપ કરી અશ્વપટ સરોવર આવી સ્નાન કરી આંબાના વૃક્ષ નીચે ધ્યાન કરવા બેઠા. ત્યાં પ્રત્યક્ષ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ દર્શન દીધા. ઋષિ ત્યાં પર્ણકુટી બાંધીને રહ્યા. ત્યાં પુરૂષોત્તમતીર્થ અને બ્રહ્મસ્તંભતીર્થ થયેલા છે. ત્યાં સ્નાન, દાન કરવાથી જપ, પૂજા કરવાથી જીવાત્મા ભુક્તિ અને મુક્તિ પામે છે. પૂર્વે દેવમૂળભક્તની કન્યા અમરી તેણે પ્રભુ પ્રાપ્તિ માટે અશ્વપટસરોવર કાંઠે દુષ્કર તપ કરી શ્રીહરિનો જપ કરતા કરતા અન્નજળનો ત્યાગ કર્યો. તેના તપથી પ્રસન્ન થયેલા મહાવિષ્ણુએ ત્યાં આવી દર્શન આપ્યા અને કહ્યું, શું ઈચ્છા છે ? અમરી કહે, હે પ્રભુ તમે મારા પતિ થાવ. મહાવિષ્ણુ કહે, અત્યારે હું અહિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન પાસે રહું છું. તું તેનું ભજન પૂજન કર એટલે હું તારો પતિ થઈશ. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને લોમશ ઋષિ આવી તે અમરી કન્યાના મહાવિષ્ણુ સાથે લગ્ન કરાવ્યા. ત્યાં મહાવિષ્ણુ તીર્થ થયેલું છે.

કુપ્યવાલ નામે કઠીયારો હરિકૃષ્ણનું ભજન કરી સાધુ સંતની સેવા કરતો ત્યાં વનમાં એકવાર ભગવાન સનત્કુમાર આવ્યા અને એક હાથી કઠીયારાને મારવા દોડતો જોઈને કહ્યું, તું કઠીયારાને શું કામ મારે છે ? હાથી કહે, પૂર્વ જન્મમાં હું કચ્છ દેશનો રાજા હતો. આ કઠીયારો મારો પુરોહિત હતો. મારુ શાસન તેને નહીં સહવાથી, મને શાપ આપ્યો તું વનમાં હાથી થા. મેં તેને શાપ આપ્યો, તું વનમાં કઠીયારો થા. માટે આજ એને મારીને વેર વાળવું છે. સનત્કુમાર ભગવાન કહે, વેર વાળવાથી, મનુષ્ય હત્યા કરવાથી, તને ફળ શું થવાનું છે. હું ભગવાન તારી પાસે આવ્યો છું. તો મંત્ર ગ્રહણ કરી દેહત્યાગ કરી, પરમપદ પ્રાપ્ત કર. હાથી કહે, પ્રભુ જો તમે મારું કલ્યાણ કરતા હો તો મારો સંસારથી ઉધ્ધાર કરો. પછી સનત્કુમાર ભગવાને વૃક્ષને હાથીને કઠીયારાને મંત્ર આપી તેના કલ્યાણ કર્યાં. કઠીયારાએ અશ્વપટ સરોવરકાંઠે પર્ણ કુટી બનાવીને સનત્કુમાર ભગવાનની સ્થાપના કરી ત્યાં સનત્કુમારતીર્થ, હસ્તિતીર્થ, કાષ્ઠહારતીર્થ થયેલા છે. ત્યાં સ્નાન દાન કરવાથી જીવાત્માઓનો મોક્ષ થાય છે.

અધ્યાય - ૨૭૧

❖ કુંકુમવિપ્ર - સતીશા ચારણ - વણીકપત્ની અને ચૈત્યબ્રહ્મ વિપ્રની કથા ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, કુંકુમ નામે વિપ્ર મહા શિવભક્ત હતો. વીસ વર્ષ સુધી ભક્તિ કરવાથી શંકરે પ્રસન્ન થઈ દર્શન દઈને કહ્યું કે, વિપ્ર તારે શું ઈચ્છા છે ? વિપ્ર કહે, દેવ મને મોક્ષ આપો. શંકર કહે, તને કૈલાસધામમાં જવાની ઈચ્છા હોય તો હું લઈ જાઉં. તેથી પર ગોલોકમાં જવાની ઈચ્છા હોય તો હાથમાં મોરલીવાળા રાધિકા પતિ શ્રીકૃષ્ણનું ભજન કર. અનો તેથી પર પરમધામમાં જવાની ઈચ્છા હોય તો અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમનું ભજન કર. વિપ્ર કહે, સર્વથી પર પરમધામમાં જવાનું સાધન શું છે તે કહો. શંકર કહે, "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા." એ મંત્ર ગ્રહણ કરી તેનું સ્મરણ ભજન તપ કર. એમ કહી શંકર અદૃશ્ય થયા. તો વિપ્ર શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી પરમધામમાં ગયો. ત્યાં કુંકુમેશ્વરતીર્થ થયું છે.

અશ્વપટ સરોવરકાંઠે ચારણ કુટુંબમાં એક સતીશા ચારણ હતી. તે ગાયોનું પાલન કરતી અને શિવ ભક્તિ કરતી હતી. એકવાર પાંચ ચોર આવી સતીશાને એકલી જાણી લાજ લુંટવા તૈયાર કરી ત્યાં સતીશાએ દુર્ગાની પ્રાર્થના કરી. તરત દુર્ગામાતા સિંહ પર બેસી હાથમાં તલવાર લઈ આવી. સર્વચોરને મારી નાખ્યા અને સતીશા ચારણીની રક્ષા કરી, તેને સાથે લઈ અશ્વપટસરોવર આવી પાણી પીને અદૃશ્ય થયા. સતીશાએ ત્યાં દુર્ગા મંદિર કરાવ્યું. તે દુર્ગાતીર્થ થયું છે.

હે રાજા, કુંકુમવાપીમાં એક વણીક પત્ની એકવાર બાલકૃષ્ણને રમાડવા ગઈ. કંભરાલક્ષ્મીના ઘરમાંથી દશ રૂપિયાની ચોરી કરી ઘેર આવી ઘડામાં મુક્યા. સંક્રાતિએ દાન દેવા, રૂપિયા લેવા, જ્યાં ઘડામાં હાથ નાખ્યો. ત્યાં ઘડામાં હાથ ચોંટી ગયો અને ઘડો જમીન સાથે ચોંટી ગયો. બહુ મહેનત કરી પણ હાથ ઘડા બહાર ન નીકળ્યો. ત્યારે ઘડામાંથી અવાજ આવ્યો, મારું મંદિર કર તો હાથ છુટ્ટો થાય. એવી વાણી સાથે ચતુર્ભૂજ લક્ષ્મીએ દર્શન દીધા. તરત હાથ છુટ્ટો થયો. લક્ષ્મી અદૃશ્ય થયા પછી લોમશ ઋષિને બોલાવી લક્ષ્મીનું મંદિર કરાવ્યું, ત્યાં લક્ષ્મીતીર્થ થયું છે.

એક ચૈત્યબ્રહ્મ નામે વિપ્ર ધર્મ કર્મથી રહિત, નિંદક, ચોરી કરનારો, દારૂ પીનારો, પરસ્ત્રીનો સંગ કરનારો, ચાંડાલસમાન વર્તન કરનારો હતો. એકવાર તેને ત્યાં સંતપુરૂષ આવ્યા. તેમને વિપ્રે તિરસ્કાર કરી કાઢી મુક્યા. સંતપુરૂષે અતિ પાપી જાણી દંડ દેવા યમદૂતને બોલાવી દંડ અપાવ્યો, તે વિપ્ર ક્ષમા માગવા લાગ્યો. સંતે ક્ષમા આપી, યમદૂત ગયા પછી તે વિપ્રે પોતાના ઉધ્ધાર માટે લોમશ ઋષિના આશ્રમે આવી પ્રાર્થના કરી. લોમશ ઋષિએ એક વર્ષ સુધી ચાંદ્રાયણ વ્રત કરવાનું પ્રાયશ્ચિત દીધું અને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર આપી શાલગ્રામ પૂજવા આપ્યા. તે વિપ્ર અશ્વપટ સરોવરકાંઠે શાલગ્રામ પધરાવીને જપ કરતો. ઘણા વર્ષો પછી શાલગ્રામે વિષ્ણુરૂપે દર્શન આપ્યા. સાથે તુલસીરૂપે લક્ષ્મી હતા. વિપ્રને કહ્યું, તું અહીં તુલસી મંદિર તથા મારું શાલગ્રામ મંદિર કરજે. પછી તું ધામમાં જઈશ. એમ કહીને વિષ્ણુ ભગવાન અદૃશ્ય થયા. ત્યાં વિષ્ણુતીર્થ થયું છે. ત્યાં તુલસી દિવ્ય સ્વરૂપે બીરાજેલા છે. ત્યાં તુલસી વિવાહ કરવાથી સ્નાન દાન કરવાથી સ્વર્ગ ભુક્તિ મુક્તિ સર્વ પ્રાપ્ત થાય છે. અશ્વપાટલ રાજાએ તે સર્વ તીર્થોમાં સ્નાન કરી દાન દીધા અને દંડવત પ્રદક્ષિણા કરી.

અધ્યાય - ૨૭૨

❖ ગોપાલકૃષ્ણનું તપ - અશ્વપટ સરોવર ઉત્પત્તિ - અશ્વપાટલ રાજાની ત્યાગીદીક્ષા ❖

લોમશ ઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, પૂર્વે કુંકુમવાપીનાં નરનારાયણ તીર્થમાં ગોપાલકૃષ્ણે સો વર્ષ સુધી દારૂણ તપ કર્યું. ત્યારે નરનારાયણ ભગવાન હરિકૃષ્ણ પ્રસન્ન થઈને કહે કે, મહાવિષ્ણુ તમે તપ શા માટે કરો છો. તમારે શું ઈચ્છા છે ?

પિતા ગોપાલકૃષ્ણ કહે : દેવોના પિતૃના માનવોના પશુ પક્ષીના સર્વના કલ્યાણ માટે હે પ્રભુ તમે મારા પુત્રો રૂપે થાવ. તે ચાર નારાયણો કંભરાલક્ષ્મીના બાળકરૂપે થયા. તેમાં નારાયણ તે મોટા ભગવાન ભાઈ થયા. નર તે પોપટભાઈ થયા. કૃષ્ણ તે અક્ષરાધિપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભ થયા. હરિ તે વલ્લભભાઈ થયા. હે અશ્વપાટલ રાજા, જ્યાં ગોપાલકૃષ્ણે તપ કર્યુ ત્યાં અશ્વપટસરોવરકાંઠે નરનારાયણ હરિ અને કૃષ્ણ સર્વતીર્થોમાં

ઉત્તમ તીર્થ થયું છે. તે બ્રહ્મતીર્થ કહેવાય છે. તથા સર્વ યજ્ઞનું ફળ અહીં જ્ઞાન પૂજન કરવાથી થાય છે.

અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ, આ અશ્વપટ સરોવર તીર્થરૂપે ક્યારે થયું ? લોમશ ઋષિ કહે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વના કલ્યાણ માટે પૃથ્વી પર માનવરૂપે થવાના હતા ત્યારે સર્વે મુક્તો, અવતારો, નારાયણો, ઈશ્વરો, મુક્તાનિઓ, દેવ-દેવીઓ, પિતૃઓ, સર્વે કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રભુ પાસે વાસ કરવા આવ્યા. ત્યારે પરમધામમાં બ્રહ્મપત્ની માણિકી તે પૃથ્વી પર બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારી ઘોડીરૂપે વાહનરૂપે થઈ. અને તે જ્યાં વ્યાઘ્રારણ્યમાં ફરી ત્યાં ત્યાં અશ્વપટ સરોવર નામે તીર્થ પ્રસિધ્ધ થયું. અને તે અશ્વપટ સરોવરમાં પરમધામમાંથી દિવ્ય બ્રહ્મધરાઓ આવી જલરૂપે નિવાસ કર્યો. હે રાજા, તે આ માણિકી તીર્થ થયું છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણની સાથે રાધા, લક્ષ્મી, પાર્વતી, પદ્મા, રમા, જયા, રતિ, લલીતા, પદ્મીની, રંભા, માણિકી, શ્રી સરસ્વતિ, ગંગા, દુર્ગા, સાવિત્રી, સંજ્ઞા, યમૂના, રોહિણી, મંજુલા, સગુણા, હંસા, હેમા, શાંતિ, પુષ્પા, મનુ, કસ્તુરી, દેવી, ચંપા, અંબા વગેરે કરોડો બ્રહ્મપત્નીઓ આવી ત્યાં વાસ કર્યો તથા સર્વે નદીઓ સરોવરો તીર્થો સમુદ્રો તે સર્વે અશ્વપટ સરોવર આવી વાસ કર્યો. જ્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભ વાસ કરતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણના પ્રાગટ્ય દિવસે શ્રીકૃષ્ણ ગોપ, ગોપીઓ ત્યાં આવવાથી તે તીર્થો થયા છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, વૈરાટનારાયણ અનંત બ્રહ્માંડોનું સર્જન કરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરે છે કે, હે હરિ પુરુષોત્તમ નારાયણ મારા બ્રહ્માંડમાં પધારી તમે ધર્મ અને વ્યવહારની સર્વે સ્થાપના કરો. તે પ્રભુ શ્રીહરિ સર્વે બ્રહ્માંડોમાં પ્રગટ થઈ દેવો માનવોના ધર્મ સ્થાપન કરી દૈત્યો દાનવોનો નાશ કરી, વેદ, યજ્ઞ, દીક્ષા, સાધુના ધર્મ સ્થાપન કરે છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન સેવા વિના કોઈની પરમધામમાં ગતિ થતી નથી. સર્વના ધર્મો પ્રભુ પોતે સ્થાપન કરે છે. તે પ્રભુની સાથે દિવ્ય ઐશ્વર્ય મુક્તો, મુક્તાનિઓ સર્વ આવે છે. જેનાથી અનંત કૃષ્ણ પ્રગટ થાય છે, તે આ કંભરાપુત્ર બાલકૃષ્ણવલ્લભ કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલા છે. અશ્વપાટલ રાજા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આવો મહિમા સાંભળી જાણીને રાજ્યનો મોહ છોડી લોમશ ઋષિ પાસે ત્યાગી દીક્ષા ગ્રહણ કરીને ચિત્પ્રકાશ નામ ધારણ કર્યું.

અધ્યાય - ૨૭૩

❖ બાલપ્રભુ દ્વારા સાધુધર્મો - સુક્ષ્મધર્મો - સ્થૂળધર્મો અને મોક્ષધર્મોનું જ્ઞાન ❖

શ્રીકૃષ્ણ કહે : રાધા, ચિત્પ્રકાશથી પ્રેરાયેલા પાંચસો ઋષિઓ લોમશ ઋષિ પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર દીક્ષા લઈને બાલકૃષ્ણપ્રભુના પ્રત્યક્ષ દર્શન કરી આનંદ પામ્યા. પછી રાણીએ તથા પાંચસો સ્ત્રીભક્તોએ પણ ભગવા વસ્ત્ર ધારણ કરી ત્યાગી દીક્ષા લઈ પ્રભુના દર્શન કર્યા ત્યાં સાધુ-સાધ્વી તીર્થ થયું છે. પછી સર્વએ પ્રભુને સાધુધર્મો પૂછ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વને સાધુ ધર્મ કહેવા લાગ્યા, સ્થૂળ દેહમાં સૂક્ષ્મ દેહ રહ્યો છે. તેમા વાસનારૂપે કારણ શરીર-સ્વભાવ-અજ્ઞાન રહેલું છે. તેમાં જીવ રહ્યો છે. તેમાં સાક્ષી બ્રહ્મરૂપે નિર્ગુણ-નિર્લેપ રહ્યા છે. તેને જાણીને બ્રહ્મભાવે વર્તે તો પરબ્રહ્મના આનંદને ભોગવે, માટે સાધુએ જપ તપ અને સહનશક્તિથી દેહને વશ કરી માયિક પ્રવૃત્તિથી રહિત થઈ, સેવાભક્તિથી, વિવેકજ્ઞાનથી તથા આહારને-પ્રાણને નિયમમાં કરીને સુખ દુઃખમાં સમાન રહીને, માયિક દોષોનો ત્યાગ કરી, અહંમમતાથી રહિત થઈને, સર્વાર્પણ બ્રહ્માર્પણ કરીને નિર્ગુણ સ્થિતિ પ્રાપ્ત કરવી.

જેવી રીતે અક્ષરમાં માયાની સૃષ્ટિનો પ્રવેશ નથી, તેમ બ્રહ્મનિષ્ઠ થયેલા સંતને માયા સ્પર્શ બંધન કરતો નથી. અને પોતાના આત્મામાં રહેલા પરમાત્માના સાક્ષાત્કારથી માયાના સર્વદોષ દુર્ગુણો લય પામે છે. જે રીતે જીભ મધના રસને ગ્રહણ કરી આનંદ પામે છે, તે રીતે અંતઃનેત્ર અંદર રહેલા બ્રહ્મના આનંદને મેળવે છે. આવી સ્થિતિને પામેલા સાધુ નારાયણ સ્વરૂપ છે. તે નારદ, શંભુ, સનત્કુમાર, શેષ, લોમશ ઋષિ, લક્ષ્મી, બ્રહ્મપત્નીઓ, ગરૂડ વગેરે સર્વ નારાયણના સ્વરૂપો કહેવાય છે. આ કુંકુમવાપીમાં મારા ગુણ, ઐશ્વર્ય, વિભૂતિ, સિધ્ધિઓ, શક્તિઓ, તેજ વાસ કરે છે તથા સાધુ, સાધ્વીઓ તે મારા જ સ્વરૂપો છે.

પછી સાધુઓએ પૂછ્યું : હે પ્રભુ, આ તમારાથી સુક્ષ્મધર્મો અમે જાણ્યા, હવે સ્થૂળધર્મો કહો. પરબ્રહ્મ કહે, જ્યારે સાધુ દીક્ષા લ્યે ત્યારે દેહ નરનો હોય કે નારીનો, તેણે દેહના દોષોને તજવા અને ગુણગ્રહણ કરવા. સવારમાં આળસ-પ્રમાદનો ત્યાગ કરીને સ્નાનથી દેહશુધ્ધિ કરી પ્રભુનું ધ્યાનભજન કરવું. નૈવેદ્ય અર્પણ કરી, આરતી સ્તૂતિ કરવા. પછી ભીક્ષા માગવી અથવા પ્રભુનો થાળ કરવો. અતિ આહાર ન કરવો. શ્રીહરિની શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસભાવે, સખાભાવ, આત્મનિવેદન આ નવ પ્રકારે ભક્તિ કરવી. વૃથાવાદ, વિવાદ કરવો નહીં. શરીર, વાણી, મનથી હિંસા નિંદા કરવી નહી. સર્વનું હિત અને મોક્ષ થાય માટે મારા દીક્ષામંત્રો આપવા. સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવો. આશ્રિતોને મારી સ્નેહભક્તિ કરાવી મારા ધામમાં મોકલવા. સદા મારું ધ્યાન, મનન અને ઉપાસના કરવી. નારીઓને પણ જ્ઞાન અને મોક્ષ દાન આપવા. મોક્ષમાં વિઘ્ન કરે

તેવા વ્યસનો ન કરવા. મને પતિભાવે ભજવો. હું સર્વનો પતિ છું. હે સાધુ, સાધ્વીઓ આ તમને મોક્ષધર્મ કહ્યા. પછી સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા, આરતી કરી અશ્વપટ સરોવરમાં જઈ ત્યાં વાસ કર્યો.

અધ્યાય - ૨૭૪ થી ૩૦૦

❖ કુંકુમવાપી નિવાસી શ્રીબાલકૃષ્ણ પ્રભુ સાથે કાશી નિવાસી દુઃખહા લક્ષ્મીના લગ્નોત્સવની દિવ્ય કથા ❖

શ્રીબાલકૃષ્ણ પ્રભુના ચાર કરોડ, ચાર લાખ, પંચાવન હજાર, છસ્સો બાવીસ (૪,૦૪,૫૫,૬૨૨) રાજકન્યાઓ સાથે લગ્નોત્સવની દિવ્ય અને ભવ્ય કથા

શ્રીકૃષ્ણ કહે : રાધા, કાશી ગયેલા નારદજી કુંકુમવાપીમાં આવી બાલપ્રભુ અને માતાપિતાને દંડવત્ કરી લગ્નપત્રિકા આપી. સર્વકુશળ સમાચાર કહ્યા. ગોપાલકૃષ્ણ પિતાએ લગ્નપત્રિકા વધાવી નારદની પૂજા કરી. નારદજીએ કહ્યું, લગ્નનું મુહૂર્ત માગશર સુદ ચતુર્થીનું આવ્યું છે એમ જણાવ્યું.

બાલકૃષ્ણપ્રભુ પ્રસન્ન થઈને નારદને દૂધપાક ભોજન કરાવી, તૃપ્ત કર્યા. પિતાએ કન્યાના ગુણ અને લક્ષણો કેવા છે તેમ પૂછ્યું. નારદ કહે, શિવેશ્વર અને પાર્વતીની પુત્રી લક્ષ્મી તેના હું શું વખાણ કરુ. તે દિવ્ય અને તેજસ્વી છે. શાંત તપસ્વિ છે. ચિહ્નોથી યુક્ત છે. તેની પાસે સર્વ દેવીઓના રૂપ ઝાંખા પડી જાય. તે લક્ષ્મી તમારા બાલકૃષ્ણ પરબ્રહ્મને જ યોગ્ય છે. તેના લલાટમાં બાણ બીંદુની રેખા છે. હૃદયમાં વિષ્ણુ રેખા ચિહ્નો છે. ડાબા સાથળમાં પાદુકાનું ચિહ્ન છે. જમણા ચરણમાં શંખ, નૌકા, વિમાન, ગદા મત્સ્ય, શિખર, મગર, નાગરવેલીના ચિહ્નો છે. ડાબા ચરણમાં ઉર્ધ્વરેખા, યવ, છત્ર, કમળ, ધજા, અંકુશ, કળશ, શ્રીફળ તથા દશ આંગળીમાં ચક્રના ચિહ્નો છે. જમણા હાથમાં ધ્વજ, મત્સ્ય, બંશી, સ્વસ્તિક, ધનુષ, કમળ, કળશ, માલા, દીપ, ચામર, રેખા છે. હે ગોપાલકૃષ્ણ ત્રિલોકીમાં લક્ષ્મી વિના આટલા ચિહ્નો કોઈને ન હોય માટે સાક્ષાત લક્ષ્મીનો અવતાર છે અને તમારા પુત્ર સાક્ષાત પરમેશ્વર છે. તેને માટે તે લક્ષ્મી તપ કરે છે, તેને હેમશાલાયન ઋષિ તથા હનુમાન જાણે છે. શ્રીહરિએ વરદાન આપેલું છે. તેથી દેવગુરુ બૃહસ્પતિ પણ આવ્યા છે, માટે આ લક્ષ્મીનારાયણની જોડના દર્શન કરી સર્વધન્ય થશે. તેથી તમે ધન્ય છો, શિવ-પાર્વતી ધન્ય છે. કુંકુમવાપી અને કાશી ધન્ય છે, બૃહસ્પતિ નારદ ધન્ય છે અને ચતુર્થી તિથિ પણ ધન્ય છે. પછી નારદ શ્રીહરિને લક્ષ્મીનું વૃતાંત ગુણ લક્ષણ કહેવા લાગ્યા.

નારદજી કહે : પ્રભુ, હું કાશી શિવપાર્વતીને ત્યાં ગયો. તેની પુત્રી લક્ષ્મી તથા માતાપિતાએ પૂજન કર્યું. તે દુઃખહા લક્ષ્મી અલૌકિક રૂપ ગુણેયુક્ત, દિવ્ય તેજસ્વી સર્વકલાથી

યુક્ત, સર્વ વિદ્યાથી ભરેલી, ઘટા છટાવાળી, સાત્વિકપણે રહેનારી, સંતોષી, પવિત્ર, મધુરવાણી બોલનારી, એવી તે લક્ષ્મી, સર્વગુણે સંપન્ન છે. હરે કૃષ્ણ હરે કૃષ્ણ, બાલકૃષ્ણ હરે હરે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ બ્રહ્મપતે હરે હરે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામિન્ કાંતકૃષ્ણ હરે હરે, એ રીતે ભજન કરી વિરામ પામી પછી નારદજી લક્ષ્મીને ઓળખાણ આપી કહેવા લાગ્યા. જેને ઘેર સંતના પગલા થાય છે તેના મહાન ભાગ્ય છે. સંતપુરૂષોની સેવાથી જનો સર્વપ્રકારે સુખી થાય છે. ધર્મ, ભક્તિ, તપથી, સંતપુરૂષોની સેવા મળે છે. વ્રત, દયા, અનુગ્રહથી સંત સેવા મળે છે. તીર્થ કરનારા, દાન આપનારા, કથા સાંભળનારા, આત્મકલ્યાણને ઈચ્છનારાને સંતનો લાભ મળે છે. નારદજીની અમૃતવાણીનો ઉપદેશ સાંભળી શિવપાર્વતી પોતાની પુત્રી લક્ષ્મીને કહે, બેટા નારદજીને ભોજનપાનથી સેવા કરી આશીર્વાદ પ્રાપ્ત કર. લક્ષ્મીએ નારદજીને આસન આપી પૂજન કરી, ભોજન કરાવ્યું. નારદજી પણ કન્યારૂપે રહેલા લક્ષ્મીમાં સર્વ ગુણ અને લક્ષણો અને ચિહ્નોના દર્શન કરી આનંદ પામ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, નારદજીના કહેવાથી શિવેશ્વર-પાર્વતીએ બૃહસ્પતિને બોલાવી લક્ષ્મીનું મન જાણી માગશર સુદ ચોથની લગ્નની મંગલપત્રિકા લખી. સર્વ સાથે મળીને ગોળ-ધાણા ખાધા. એ રીતે માતા કંભરાલક્ષ્મી પિતા ગોપાલકૃષ્ણ અને અનાદિશ્રીકૃષ્ણનારાયણના પુછવાથી નારદજીએ કન્યા લક્ષ્મીના સર્વગુણ અને વૃતાંત કહ્યા. એજ રીતે શિવેશ્વર પાર્વતીના પુછવાથી નારદજીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણના અનંતગુણો-ઐશ્વર્યનું વર્ણન કર્યું. પછી નારદજીને માતા કંભરાલક્ષ્મીએ કહ્યું કે, એ લક્ષ્મી અને મારા બાલકૃષ્ણના લગ્ન શીઘ્ર થાય એવી હું ઈચ્છા રાખું છું એમ સાંભળીને માતા અને બહેન સંતુષ્ઠા પ્રસન્ન થયા પછી બૃહસ્પતિ અને નારદના આગમનથી બાલકૃષ્ણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના લગ્ન થવાના જાણી સર્વે કન્યાઓ મંગલગીતો ગાવા લાગી. સર્વે બ્રહ્મપત્નીઓ, કૃષ્ણપ્રિયાઓ, વિપ્રકન્યાઓ, ક્ષત્રિય, વૈશ્યપત્નીઓ, ગોપીઓ, સાધ્વીઓ, બ્રહ્મચારણીઓ, દેવીઓ કુંકુમવાપીની સર્વનારીઓ, ઋષિપત્નીઓ સર્વે તથા કંભરાલક્ષ્મી અશ્વપટ સરોવર આવી સ્નાન કરી શ્રીહરિના લગ્ન નિમિત્તે મંગલગીતો ગાવા લાગી. પછી બાલકૃષ્ણનું પૂજન કરી નારદ-બૃહસ્પતિનું પૂજન કર્યું.

નારદ-બૃહસ્પતિના આશ્ચર્ય સમાચારથી સૌરાષ્ટ્રમાં ઘેરઘેર ખબર પડવાથી ચારેકોરથી ભક્તજનો શ્રીહરિના લગ્નોત્સવ જાણીને અતિ આનંદથી આવવા લાગ્યા. સર્વ નરનારીઓ નૃત્ય કરી વાજીંત્રો વગાડી ગાવા લાગ્યા. સર્વેજનો પોતાની કળા બતાવવા લાગ્યા. નારદજી અને બૃહસ્પતિ સર્વને આશીર્વાદ આપતા સર્વને કહેવા લાગ્યા. લક્ષ્મીના ધન્યભાગ્ય છે કે જેના પતિ પરબ્રહ્મ થશે. પછી દેવગુરુ બૃહસ્પતિના કહેવાથી પિતાએ લગ્નપત્રીકા

લખી બૃહસ્પતિને આપી તેમાં લખ્યું, કુંકુમવાપીમાં પિતા ગોપાલકૃષ્ણ અને માતા કંભરાલક્ષ્મીને ત્યાં પ્રગટેલા સાક્ષાત પરમેશ્વર બાલકૃષ્ણ શ્રીહરિને નમસ્કાર કરૂં છું. જેના યજ્ઞવ્રત્ત તપ, દાન, પુણ્યના સમુદાય હોય તેને આ પ્રભુના દર્શન થાય છે. જે પ્રભુના દર્શન કરવા રાજાઓ દેવો, ઈશ્વરો, અવતારો, ચરણે શીશ નમાવે છે એવા અક્ષરપતિને નમસ્કાર. એવા બાલકૃષ્ણને યોગ્ય જાણી હું પાર્વતી પતિ શિવેશ્વર મારી કન્યાનું દાન આપું છું. જે લક્ષ્મી શ્રીહરિના ધામમાંથી અહીં શંકરને ત્યાં પ્રગટ થયા તે લક્ષ્મીનું કન્યાદાન વિધિ માગશર સુદ ચોથને દિવસે કાશીમાં - વરણામાં રાખેલો છે. તો લગ્નોત્સવમાં સર્વ દેવો, ઈશ્વરો, અવતારો, ઋષિ-મુનિઓ, માનવો, સર્વ આવશે. તેનું કલ્યાણ થશે. એ રીતે ગોપાલકૃષ્ણએ લખેલી કંકોત્રી બૃહસ્પતિએ અનેક ઉપમાવાળી કંકોત્રી શિવેશ્વરને આપી. ગોપાલકૃષ્ણ, કંભરાલક્ષ્મી, બાલકૃષ્ણ, લોમશ ઋષિ, સર્વનું માંગલ્ય કહ્યું. સાંભળી શિવેશ્વર પ્રસન્ન થઈને બૃહસ્પતિને કહે, ભગવાન મારે ત્યાં પધારશે તેથી ત્રિલોકીમાંથી મહેમાનો આવશે, સેવાનો લાભ મળશે, તમારા જેવા ગુરુ છે, કૃષ્ણ જેવા પતિ છે, મોહમાયા જેવી સૃષ્ટિ મારી છે, હું પોતે શંકરનો અવતાર છું, હનુમાન ગણપતિ જેવા પુત્રો છે, કરોડો અબજો સેવકો છે, પછી મારે શું બાકી રહ્યું. એમ કહીને શિવેશ્વર બૃહસ્પતિને ભોજન કરાવી મંડપની તૈયારી કરાવવા લાગ્યા. અને દૂતોને ત્રિલોકીમાં આમંત્રણપત્રિકા સાથે મોકલ્યા. અહીં કુંકુમવાપી ક્ષેત્રમાં શ્રીકૃષ્ણનારાયણના વાજીંત્રો સાથે મંગલ ગીતો સ્ત્રીઓ ગાવા લાગી. પુરના શેરી, દરવાજા, ચોક, શણગારવાથી, ધામની સમાન શોભા દેખાતી હતી.

તે સમયે પરમધામમાંથી એક મુક્ત આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમસ્કાર કરી મંડપરૂપે થઈને દિવ્ય અલૌકિક શોભાને ધારણ કરતા હતો. તે મહામંડપમાં ક્યાંક મહામુક્તો, મુક્તાણીઓ, તો ક્યાંય અવતારો ગોલોકધામ દેખાતા હતા. કોઈ ઠેકાણે વૈકુંઠ, અવ્યાકૃત, કૈલાશધામ દેખાતા હતા. ક્યાંક સૃષ્ટિઓ, ઈશ્વરો, દિગ્પાળ, દેવો, વસુઓ, મહર્ષિઓ, દેવીઓ, સ્થાવર, જંગમ, સૃષ્ટિનું દર્શન થતું જોઈને, સર્વે આશ્ચર્ય પામતા હતા. ચિત્ર-વિચીત્ર અનેક શોભાવાળા સિધ્ધિઓવાળો તેજસ્વી મણિથી શોભાયમાન એવો દિવ્ય મહામંડપ ક્યાંય પણ જોયેલો નહીં હોવાથી કોઈ વર્ણન કરવા સમર્થ થતું નહીં.

રાધાએ પૂછ્યું : હે કૃષ્ણ, લગ્નમંડપમાં માણેકસ્તંભ - ગણેશ - કળશ સ્થાપન શા માટે કરે છે ? કુળદેવ માતૃકા વિષ્ણુનું સ્થાપન કેમ કરે છે. તેનું કારણ - ફળ કહો.

શ્રીકૃષ્ણ કહે : માણેકસ્તંભનું સ્થાપન-પૂજન કરવાથી ગૃહસ્થને ઈન્દ્ર સમાન સમૃધ્ધિ મળે છે. અગ્નિ સમાન તેજસ્વી થાય છે અને ગાયનું દુજાણુ રસકસથી સુખી રહે છે. જ્યાં માણેકસ્તંભ વાસ કરે છે. ત્યાં લક્ષ્મીનારાયણ ભગવાન વાસ કરે છે. પિતૃની પ્રસન્નતા રહે છે. રાક્ષસોની ક્રૂર દૃષ્ટિ થતી નથી. કળશ, પૂજનથી સર્વ તીર્થોની પૂજા થાય છે અને વાસ

થાય છે. તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો વાસ રહે છે. ગણેશ સ્થાપન પૂજનથી સર્વે વિઘ્નોનો નાશ થાય છે અને ગૃહસ્થોને રિધ્ધિ-સિધ્ધિ પ્રાપ્ત થાય છે. ગણપતિ લાડું જમીને આશીર્વાદ આપે છે. મારી પૂજા કરનારને વાહન-સંપત્તિ-પશુ-ધન-પુત્ર પ્રાપ્તિ થાય છે. તે ગણેશ પૂજાનું ફળ છે. માતૃકા પૂજનથી શંકરની ચોસઠ જોગણીઓ ઋષિ પત્નીઓ છઠ્ઠી દેવી વગેરે માતૃકાઓ દંપતીનું રક્ષણ કરી વંશવૃધ્ધિ કરે છે. તથા પૃથ્વી, જળ, અગ્નિથી રક્ષા કરે છે. વિષ્ણુનું સ્થાપન પૂજન કરવાથી વિષ્ણુ ગૃહને વૈકુંઠ સમાન બનાવીને ભક્તિ આપે છે, ધર્મજ્ઞાન આપી દંપતી કુટુંબનું ચક્રથી રક્ષણ કરી કલ્યાણ કરે છે અને મંડપનું પૂજન કરવાથી સર્વદેવોનો વાસ થાય છે. સર્વ શુભ કાર્યનું કારણ મંડપ હોવાથી મંડપ પૂજન કરવાથી સર્વદેવોનું પૂજન થાય છે તથા જ્યાં સર્વતો ભદ્ર મંડપ પુરીને કૃષ્ણનું પૂજન થાય છે. ત્યાં સર્વે અવતારો-ઈશ્વરો-દેવો, દેવીઓનું ઋષિ, પિતૃઓનું, સર્વનું પૂજન થઈ જાય છે તેથી જ્યાં માંગલિક કાર્યો થતા હોય ત્યાં પરમેશ્વર શ્રીહરિનું પૂજન કરવું તેથી ઋષિ-પિતૃઓનું સર્વનું પૂજન થઈ જાય છે. તેથી જ્યાં માંગલિક કાર્યો થતાં હોય ત્યાં પરમેશ્વર શ્રીહરિનું પૂજન કરવું. તેથી સર્વનું પૂજન થયું ગણાય છે. હે રાધા, કન્યાદાન સમાન પુણ્ય નથી. જેના આધારે આ ત્રિલોકીની સ્થિતિ રહે છે. રાજ્ય વિના રાજા કહેવાતો નથી. પત્ની વિના પતિ કહેવાતો નથી. શ્રીકૃષ્ણ કહે : રાધા, આ તને સર્વનું ફળ કહ્યું. હવે મારા પુત્ર શંકર તેની પુત્રી લક્ષ્મી તેનું સાક્ષાત અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પાણી ગ્રહણ કરશે. તે સાંભળીને રાધાજીએ પણ ગોલોકમાં પોતાના આવાસમાં શ્રીબાલકૃષ્ણ પ્રભુનો મહામંડપ બનાવ્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, દશ યોજનના વિસ્તારવાળો દશ યોજન ઊંચો સૂર્ય સમાન તેજસ્વી તે મહામંડપ હજારો સુવર્ણ કળશોથી શોભતો હતો. ચારેકોર મુક્ત, મુક્તાનીઓ, કલ્પવૃક્ષ-વેલીઓ હતી. ઘી, દહીં, દૂધ, અમૃત, સરબતના ઘડાઓ ભરેલા હતા. સ્નાન શાલા, શૃંગાર શાલા, ભોજન શાલા, વિશ્રામશાલા, દિવ્યસુખશૈયા, વિલાસ શાલા, ઉતારાઓ વગેરે અનેક અનેક રચનાઓ હતી. બાળકો, યુવાનો, વૃધ્ધો, સ્ત્રી, પુરૂષો સર્વેને આનંદ આપનારો તે મહામંડપ હતો. હે રાધા, કોઈ બ્રહ્માંડ, કોઈ સૃષ્ટિઓમાં, કોઈ ધામોમાં એવો મહામંડપ જોયો નથી. તે મંડપને જોઈને તેનું વર્ણન સાંભળનાર પણ મુક્ત સ્થિતિને પામે છે. તે મુક્તમંડપના મણિઓમાંથી તેજ એટલું બધું નીકળતું હતું કે રાત્રિનો અંધકાર ક્યાંય દેખાતો જ નહીં. તે મહામંડપમાં પિતા ગોપાલકૃષ્ણ, લોમશ ઋષિને સ્વયંપ્રકાશને બોલાવી લગ્નપત્રિકા લખવાનું મુહૂર્ત પૂછતા હતા.

પછી ગણેશનું, વિષ્ણુનુ પૂજન કરી સર્વલોકમાં આમંત્રણ આપવા કંકોત્રી લખતા હતા, સર્વ અવતારોના ઈશ્વર બ્રહ્મધામના પતિ શ્રીહરિ અમારું મંગલ કરો. બ્રહ્મસ્વરૂપીણી રાધા, રમા, નારાયણી, વાસુદેવી, શીવા, લક્ષ્મી, સાવિત્રી, સરસ્વતિ સર્વે અમારું મંગલ

કરો. અવતારો, વ્યુહો, રૂદ્રો, વસુઓ, આદિત્યો, દેવો, પિતૃઓ સર્વે અમારું મંગલ કરો. કાશીમાં રહેલા શંકરની પુત્રી લક્ષ્મી સાથે માગશર સુદ ચોથના થતા મારા પુત્ર બાલકૃષ્ણના લગ્નમાં સર્વે પધારજો. માગશર સુદ ત્રીજે જાન પ્રયાણ થશે. તો સર્વે કુંકુમવાપી ક્ષેત્રમાં અક્ષરવાસી ધામવાસી બ્રહ્મસૃષ્ટિ સર્વે ઈશ્વરો, દેવો, રાજાઓ, જીવસૃષ્ટિ સર્વે આવજો. તમારા સર્વના દર્શનથી ઈચ્છાવાળા અમો ભગવાન, પોપટ, વલ્લભ વગેરે પરિવાર પ્રતિક્ષા કરીએ છીએ. એ રીતે ગોપાલકૃષ્ણે કંકોત્રી લખીને સર્વે સૃષ્ટિઓમાં મોકલી. મુક્તોને અક્ષરધામમાં મોકલી. ઋષિઓને બ્રહ્માંડમાં મોકલી. નારદ વગેરેને ઈશ્વરલોકમાં મોકલી. પછી મંડપમાં આવેલા રાજાઓ શ્રીમંતોને, વિપ્રો, ભક્તોને, વૈશ્યો, દાસદાસીઓને, કાર્યકરોને, આવેલા મહેમાનોને દૂધપાક, મિષ્ટાન્ન, ભોજન કરાવી મુખવાસ આપતા હતા. વાજીંત્રો વાગતા હતા. સ્ત્રીઓ મંગલ ગીતો ગાતી, બાલકૃષ્ણને વધાવતી હતી. ચારેકોર જમો જમો, આપો આપો, સત્કાર ગ્રહણ કરો એવું જ સંભળાતું હતું. પછી સંધ્યા સમયે શ્રીહરિની આરતી કરી ગાંધર્વો ગાવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. સંગીતવાળા વાજીંત્રો વગાડવા લાગ્યા. કેટલાક રાસ રમવા લાગ્યા. મલ્લો પોતાની કલા બતાવવા લાગ્યા. સૂત માગધો બંધિજનો સ્તૂતિ કરતા હતા. કવિઓ નવા કાવ્યો સંભળાવતા હતા. લક્ષ્મીનારાયણ સંહિતાની કથાઓ થતી હતી. પછી ગોપાલકૃષ્ણે સર્વને પારિતોષિકો - ઈનામો ભેટ આપ્યા. સોના, રૂપીયા, મણિ, મોતી, હીરા, રત્નોના હાર, વસ્ત્ર, આભૂષણો વગેરે અનેક વસ્તુઓ સર્વને આપી. પછી સર્વે રાત્રિ નિંદ્રા કરી સવારે જાગી પ્રાતઃ કર્મ નિત્ય વિધિ કરી. બાલકૃષ્ણનું પૂજન કરી સૂર્ય, ગણેશ, શંકર, વિપ્ર, ગાય, કન્યા, સર્વનું પૂજન કરી ફરીથી બાલકૃષ્ણને પંચામૃતથી તીર્થજલથી સ્નાન કરાવી, સુગંધી દ્રવ્યોથી પીઠી ચોળતા હતા.

ત્યાં આકાશમાર્ગેથી વિમાનો આવ્યા. સર્વદેવોનું સ્વાગત સ્વયંપ્રકાશ તથા સંતુષ્કાએ કર્યું. પછી સર્વની પંક્તિ કરી. ભોજન પીરસ્યા. દૂધપાક, પેંડા, જલેબી, મલાઈ, માખણ, ઘી, પૂરણપોળી, ભજીયા, ઘેબર, માલપૂડા, લાડું, ખાજાં, મોહનથાળ, મેસુબ અનેક પ્રકારના શાક વગેરે જેને જે ભાવે તે જમતા હતા. પછી સર્વે ધામના વાસી ત્યાં આવવા લાગ્યા. અક્ષરધામના મુક્તો, અવતારો, ઈશ્વરો, સિધ્ધો, મહર્ષિઓ, બ્રહ્મધારીઓ, સંતો, મુનિઓ, પિતૃઓ આવવા લાગ્યા. સતીઓ, સાધ્વીઓ, વૈરાગીઓ, યોગિનીઓ, માતૃકાઓ, દેવીઓ આવ્યા. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, મંડલના વાસીઓ, બ્રહ્મપુત્રીઓ, સર્વ પર્વતવાસી, બ્રહ્માંડવાસી, સ્થળચર, જલચર, વ્યોમચર સર્વ આવ્યા. યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, વૈનાયક, વૈષ્ણવ ભક્તો સર્વે આવ્યા. નદી, સમુદ્રો, પર્વતો, તીર્થો, સ્થાવર જંગમ, સર્વ આવ્યા. દક્ષિણ દેશ, પૂર્વદેશ, પ્રાગ્યજ્યોતિષ, ઉષ્ણાલયદેશ, બ્રહ્મદેશ, પિંગદેશ, રાશીયાન, હિમદેશ, કાશ્મીર, ઉરલદેશ, કીંપુરૂષ, કેતુમાલ, આરકત, અબ્રિકત, આરાર્તિ, ઉત્તરકુરૂ, કેનાટક, બ્રાહ્મિલ, હારિતક, અમરિક, માક્ષિક, અરજસ્ક તથા સમુદ્ર દ્વિપોના રાજાઓ બાલકૃષ્ણના લગ્નોત્સવમાં

સેવકો સાથે આવતા હતા. સૌ કહેતાં હતા કે, અનાદિશ્રીકૃષ્ણનારાયણના લગ્ન શિવપુત્રી લક્ષ્મી સાથે થશે અને લક્ષ્મીનારાયણના દર્શન થશે. સર્વના દર્શન થશે. પાપીઓ, કેદીઓ, યમદૂતો કહે આપણને મુક્તિ મળશે. વિપ્રો, સંતો કહે આપણને દાન મળશે, દરિદ્ર કહે ધન મળશે, દાસવર્ગ કહે પારિતોષિકો મળશે, હિંસા કરનારા કહે આ અઠવાડિયામાં હિંસા નથી કરવી. દેવો કહે કે, આઠ દિવસ સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું. એવી રીતે સૌ અનાદિશ્રીકૃષ્ણનારાયણના લગ્નોત્સવમાં પોતાના વિચારો કહેતા હતા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, માગશર સુદ ત્રીજને દિવસે બ્રાહ્મમુહૂર્તમાં મંગલ ધ્વનિ સાથે સૌ જાગ્રત થઈ સ્નાનપૂજન કરી વિપ્રો, મહર્ષિઓ, આશીર્વચનો બોલતા હતા. પછી ગણેશપૂજન-કળશપૂજન-નાંદિશ્રાધ્ધ-ગુરુનું પૂજન-કુળદેવ પૂજન વગેરે વિધિ કરતા હતા. પછી સર્વે મહેમાનોને ભોજન કરાવી બપોર પછી કરોડો ભક્તજનોને જાનમાં સાથે લેવા વિમાનો તૈયાર કરતા હતા. હે રાધા, તે સમયે આકાશવાણી થઈ જેઓને પોતાની કન્યાનું દાન બાલકૃષ્ણને કરવું હોય તેઓ પોતાની કન્યાને સાથે લઈ કાશી જવા માટે જાનમાં આવે. આજે જાનનું મંગલ પ્રયાણ થશે. ત્યાં વેદવિધિથી અગ્નિને પ્રદક્ષિણા કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રાણીગ્રહણ કરશે. આકાશવાણી સાંભળી સર્વે પિતા માતા કુટુંબ સાથે જાનમાં આવવા તૈયાર થયા. લોમશ ઋષિ, મહર્ષિ, સંતો સર્વે તૈયાર થયા. તે સમયે આકાશમાં શુકનો થવા લાગ્યા. ગાયોને દૂધસ્રાવ થવા લાગ્યા. ગુરુઓ આશીર્વાદ આપવા લાગ્યા. ગોપાલકૃષ્ણે અનેક દાન આપ્યા. બ્રહ્મપત્નીઓએ બાલકૃષ્ણ વરરાજાને વસ્ત્ર આભૂષણોથી શણગાર્યા. માતા કંભરાલક્ષ્મીએ તિલક, ચાંદલો કર્યો. તે સમયે રણંમમ, સ્વર્ણાગદપ, લક્ષ્મણ વગેરે રાજાઓ જાનમાં આવવા તૈયાર થયા. ચૌદ હજાર મેઘનાદી કન્યા. છઠ્ઠી દેવી, દીવાળી, તલાજા, કામધેનુ, કન્યા, વસુમતી, આંજતી, ક્રોધના, ધરાપુત્રીઓ, સૂચિ, વનદેવીઓ, બ્રહ્માની પુત્રીઓ, દમનાદિ, કંકતાલી વગેરે લોમશ ઋષિના આશ્રમમાં રહેલી કરોડો કન્યાઓ લોમશ ઋષિ તથા બાલકૃષ્ણની આજ્ઞાથી જાનમાં આવવા તૈયાર થઈ તથા પિતૃકન્યા, દૈત્યકન્યાઓ, નાગકન્યાઓ, સર્વ બ્રહ્માંડવાસી કન્યા તૈયાર થઈને વિમાનમાં બેઠા તેમજ અનાદિશ્રીકૃષ્ણનારાયણ માણિકી, શ્રી, રમા, લક્ષ્મી, પદ્મા, અંબા, હંસા, સગુણા, મંજુલા વગેરે એકસો ચુમાલીશ બ્રહ્મપત્નીઓ સાથે વિમાનમાં બેઠા.

તે સમયે શિબિરાજા સો કન્યા સાથે વિમાનમાં બેઠો. થંકુટ પચાસ કન્યા સાથે, વિરજાર સો કન્યા સાથે, શક્તિઅક્ષિ સાઈઠ કન્યા સાથે, કાલીમાશ બસ્સો કન્યા સાથે, ઉરલકેતુ રાજા ત્રીસ કન્યા સાથે, કૃથક પાંચ કન્યા સાથે, પૃથુરાજ વીશ કન્યા સાથે, ઉષ્ટ્રાલ દશ કન્યા સાથે, હંકાર પાંચ કન્યા સાથે, જયકાષ્ઠલ પાંચ કન્યા સાથે, તિરાણ છ કન્યા સાથે, આલ્વીનર પાંચ કન્યા સાથે, જીનવર્ધી સાત કન્યા સાથે, અલ્પકેતુ સાત કન્યા સાથે, જયકૃષ્ણ

એક કન્યા સાથે, પરિશાન એકવીસ કન્યાઓને સાથે, ઈંદુરાય બે કન્યા સાથે, મૃદાંડ પંદર કન્યા સાથે, ગંડરાજા નવ કન્યા સાથે, લીનોર્ણ ચાર કન્યા સાથે, બૃહ્દશર અગિયાર કન્યા સાથે, બલલીન ચાલીશ કન્યા સાથે, વરસિંહ પાંચ કન્યા સાથે, રાયગામલ પાંચ કન્યા સાથે, ફેનતંતુ બે કન્યા સાથે, સ્તોકહોમ એક કન્યા સાથે, કાષ્ઠયાન એક કન્યા સાથે, કોલક એક કન્યા સાથે, રાયકિન્નર પચાસ કન્યા સાથે, રોકીશ્વર એકવીસ કન્યા સાથે, રણજીત વીસ કન્યા સાથે, વાકક્ષક ત્રણ કન્યા સાથે, મારીશ ત્રણ કન્યા સાથે, બલેશ્વર ત્રણ કન્યા સાથે, લંબાર છ કન્યા સાથે, નવાર્ક સાત કન્યા સાથે, હુંડેશ નવ કન્યા સાથે, કુવેશ એક કન્યા સાથે, કાલી મંડલી ચાર કન્યા સાથે, વનજેલેશ પાંચ કન્યા સાથે, પારાવાર ત્રણ કન્યા સાથે, કોટીશ્વર, સતીશ, ત્રેતાકર્કશ, આંડજરા, બાલ્યરજ, સોમન, ઉરૂગવાક્ષ, પરાંગવૃત, ઈશાન પાન, રાયપતિ વગેરે દેશ વિદેશના રાજાઓ પોતાની કન્યા અનાદિશ્રીકૃષ્ણનારાયણને અર્પણ કરવા અને કાશીની યાત્રા કરવા પોતાના વિમાનમાં બેસી કુંકુમવાપી આવ્યા. લોમશ ઋષિ સાથે વિમાનમાં કૃષ્ણ પત્નીઓ કન્યાઓ મંગલા, લલીતા, રેવા, સરસ્વતી, ભાર્ગવી, રમા, ગંગા, જયા, દયા, ભક્તિ, મુક્તિ, એકાદશી, રતિ, સતી, કામ, દૂધા, તુલસી, કમલા, વિરજા, મૂર્તિ, ગોમતી, સ્વર્ણ, રેખા, નંદિની, વનિતા, મોહિની, દોલા, પુષ્પા, પ્રીતિ, કલાવતી, માધવી, બદરી, ચંપા, કુશલા, મનુ, મણિ, શાંતિ, શાંતા, રમા, હૈમી, ઉજ્જી, વીજી વગેરે વિમાનમાં બેઠી તથા સર્વે અવતારો ચતુર્વ્યૂહ, ઈશ્વરો, દેવો, દેવીઓ, ઋષિ-મુનિઓ સર્વ સૃષ્ટિવાસીઓ પોતાના વિમાનમાં બેસી કુંકુમવાપી આવ્યા. પછી ગોપાલકૃષ્ણ વાજીંત્રો વગાડી પ્રયાણ સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય જય એમ જયકાર કરતા વિમાનમાં બેસી સૌ કાશી જવા નીકળ્યા. રાજસ્થાન કૌશલ, પ્રયાગતીર્થ થઈ કાશી આવ્યા.

તેજસ્વી શ્રીહરિનું વિમાન જોઈ અનેક જાન જોઈને શિવેશ્વર અને કાશીવાસી સર્વે ઉત્સાહથી અનેક પ્રકારના વાજીંત્રો લઈને જાનનું સામૈયું કરવા આવ્યા. શંકરે વિશ્વકર્મા પાસે, ગંગા કાંઠે વરણા પાસે દશયોજનના વિસ્તારમાં શિવપુર પાર્વતીપૂર, કૈલાશ અને વૈકુંઠ ધામ સમાન રચના કરાવતા હતા. તથા વિશયોજનના મહામંડપમાં સર્વેના ઉતારા સર્વે સગવડતાવાળા હતા. સાતમાળની હવેલીઓ, બાગ, બગીચાઓ, દાસ, દાસીઓ, સુખ શય્યાઓ, દરેક ગૃહમાં રસ, મધ, ઘી, દહીં, દૂધ અમૃત વગેરે સુવિધાઓ. તે મહામંડપમાં સ્નાન શાલા, શૃંગારશાલા, પાઠશાલા, પેટાશાલા, શાંતિશાલા, રતિશાલા, નિદ્રાશાલા, વૃદ્ધશાલા, શૌચશાલા, સભાશાલા, વિહારશાલા વગેરે અનેક રચના-સગવડતાથી યુક્ત હતા. ત્યાં કોઈ વાતની-વસ્તુની કમી ન હતી. સર્વે જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, દેવસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિના ઉતારા પણ ભિન્ન ભિન્ન હતા. નવીન રચના, જળમાં સ્થળ, સ્થળમાં જળ દેખાતા હતા. જળમાં તેજ પૃથ્વી, આકાશ દેખાતા હતા. આવા શિવપુરની રચના જોઈને અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જાનના જનો આશ્ચર્ય પામતા હતા. તેજ રીતે પાર્વતીપુરની રચના હતી.

ત્યાં કન્યા પક્ષના મહેમાનોના ઉતારા હતા. તેમાં શંકરના પિતા, કૃષ્ણ ભગવાન, ગોલોકધામ સાથે અનંત ગોપ ગોપાંગનાઓ સાથે વાસ કર્યો હતો તથા યમરાજા-મહાકાળ સંકર્ષણ વગેરે અનેક અવતારો ઈશ્વરો વગેરે ત્યાં હાજર હતા. શ્રીકૃષ્ણ કહે : રાધા, આવું અદ્‌ભુત કાર્ય જોઈને જાનના જનો આશ્ચર્ય પામ્યા. હે રાધા, જ્યાં કુમારી કન્યા સાક્ષાત લક્ષ્મી હોય, જ્યાં કુમાર બાલકૃષ્ણ વરરાજા હોય, જ્યાં હું કૃષ્ણ હોઉં જ્યાં સંકર્ષણ સ્વરૂપ શિવ હોય, જ્યાં વિષ્ણુ, મહા વિષ્ણુ અને સાક્ષાત્ પરમેશ્વર બાલકૃષ્ણ હોય, ત્યાં કોઈ વાતનું આશ્ચર્ય શું હોય? લક્ષ્મીનારાયણના લગ્નમાં સર્વે ત્યાં દેખાતું હતું.

શ્રીકૃષ્ણ કહે : રાધા, વૈકુંઠ સમાન દેખાતા તેજસ્વી મોટા મોટા ઉદ્યાનોમાં સર્વે વિમાનો ઉતાર્યાં. બાલકૃષ્ણનું વિમાન, મુક્તોના ઈશ્વરોના ઋષિમુનિઓના દેવો પિતૃઓના વિમાનો તે કૈલાશ ભૂમિમાં ઉતાર્યા. ત્યાં રાજમાર્ગ ઉપર રહેલા અનંતધામથી આવેલા ગાંધર્વો અનેક પ્રકારના વાજીંત્રો વગાડવા લાગ્યા. તે સમયે જેટલા વિમાનો હતા તેટલા રૂપ શંકર અને બૃહસ્પતિએ ધારણ કરીને સર્વનું યથાયોગ્ય સન્માન કર્યું. તે આશ્ચર્ય જોઈને બાલકૃષ્ણ પ્રભુ પણ અનેક સ્વરૂપ ધારણ કરી સર્વે વિમાનમાં બેસી ગયા. જેથી આત્મનિવેદી ભક્તો સર્વે સત્કાર બાલકૃષ્ણ ભગવાનને અર્પણ કરી. પછી જ પોતે ગ્રહણ કરતા હતા. શંકરે સર્વભાવથી પરબ્રહ્મ કૃષ્ણની પૂજા કરી. કુશળ સમાચાર પૂછ્યા. શ્રીહરિ પૂજા આશીર્વાદ ગ્રહણ કરી અદૃશ્ય થઈ, પોતાના વિમાનમાં આવ્યા. શંકર અને બૃહસ્પતિએ સર્વ મહેમાનોને ચોખા, પુષ્પ, કંકુથી વધાવી પરસ્પર કુશળ સમાચાર પુછ્યા. રાધિકા, પાર્વતી, દુર્ગા, દેવીઓએ કંભરાલક્ષ્મીનું સર્વસ્ત્રીઓનું કન્યાઓનું સ્વાગત કરી કુશળ સમાચાર પુછ્યા. દેવોએ દેવોનું, ઈશ્વરોએ ઈશ્વરોનું, મુક્તોએ મુક્તોનું. રાજાઓએ રાજાઓનું, પ્રજાએ પ્રજાનું, ઋષિઓએ ઋષિઓનું, નારીઓએ નારીઓનું, કન્યાઓએ કન્યાઓનું સન્માન કર્યું અને કુશળ સમાચાર પૂછ્યું. પછી શંકરે કહ્યું કે, હું ધન્ય છું કે સ્વયં ભગવાન મારે ઘેર પધાર્યાં. આકાશીનગરી ધન્ય છે. સતી પાર્વતી ધન્ય છે. લક્ષ્મી ધન્ય છે. હું ધન્ય છું. કે મારે ઘેર આજે મુક્તો, વાસુદેવાદિ અવતારો, સંતો પધાર્યા છે. મારા મહેમાનોને ધન્ય છે. વૃક્ષવેલી, જીવજંતુ, કીટ, પતંગ સર્વને ધન્ય છે કે જેને પુરુષોત્તમ નારાયણનો યોગ-દર્શન થશે. આજ મારા સર્વગણો પરમ વૈષ્ણવ થયા. આજ મારું શિવનામ, કલ્યાણકારી સાર્થક થયું. એમ કહીને શંકરના ત્રણ નેત્રમાંથી પ્રેમના આંસુ સારવા લાગ્યા. તે જોઈને આશ્ચર્ય પામેલા ગોપાલકૃષ્ણ કહે, આજ અમે પણ ધન્ય છીએ કે, મહાકાળ સ્વરૂપ સંકર્ષણરૂપ શંકર તમારા અમને દર્શન થયા. મારા ધન્ય ભાગ્ય છે કે, મારા પુત્ર બાલકૃષ્ણ જગતજનની લક્ષ્મીને પ્રાપ્ત કરશે. પછી કંભરાલક્ષ્મીએ તથા સતી પાર્વતીએ પરસ્પર એકબીજાના ધન્ય ભાગ્ય માન્યા.

પાર્વતી કહે : પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણના આગમનથી આ કાશી મોક્ષધામ બનશે. આજ મારો જન્મ સફળ થયો. જે મારે ઘેર બ્રહ્મપત્નીઓ, દેવીઓ, મુક્તો, સંતો, ભક્તો, સર્વલોકવાસી પધાર્યાં. તથા પાર્વતી પુત્રો બંને ભાઈઓ જય અને ચંદ્ર તે પણ ધન્ય ભાગ્ય માનતા હતા. પછી સર્વ જાનના મહેમાનો શિવપુરમાં ગયા. જ્યાં સર્વેના ઉતારા હતા. સર્વે મહેમાનો ઉતારાઓ જોઈને આશ્ચર્ય પામી બોલતા હતા કે, કાશીમાં કૈલાશધામ ઉતાર્યું છે કે શું ? એવા સર્વ ઉતારામાં મહેમાનોએ વાસ કર્યો. રાજાના ઉતારામાં રાજાઓએ, દેવોના આવાસોમાં દેવોએ, ઈશ્વરોના આવાસોમાં ઈશ્વરોએ, ઋષિઓના આવાસોમાં ઋષિઓએ, મુક્તોના આવાસોમાં મુક્તોએ, સ્ત્રીઓના આવાસોમાં સ્ત્રીઓએ, કન્યાઓના આવાસોમાં કન્યાઓએ, શ્રીહરિના આવાસમાં શ્રીહરિએ ઉતારો કર્યો. ત્રિલોકીવાસીએ પણ યથાયોગ્ય પોતાના ઉતારા કર્યા. શિવેશ્વર શંકરે સર્વને ભોજન કરાવી રાત્રીએ સૌને વિશ્રામ કરાવ્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, માગશર સુદ ચોથને દિવસે કાશીમાં વૈકુંઠ સમાન શિવપુરમાં બ્રાહ્મમુહુર્તમાં સંગીતના મંગલ ધ્વની સાથે સર્વે મહેમાનો જાગી નિત્ય કર્મ કરી શ્રીહરિની પૂજા કરી. કન્યાઓના મંગલ ગીતો થવા લાગ્યા. ચારેકોર રંગોળી તોરણોથી ધજા પતાકાથી શોભા અપાર હતી. પછી શિવપુત્રી લક્ષ્મી સખી કન્યાઓ સાથે દુર્ગાપુજા કરવા ગયા. ષોડ્શોપચારથી પૂજન કર્યું અને કહ્યું, હે માતા ભગવાન સાથે તથા મારા વિવાહમાં કાંઈ વિઘ્ન ન થાય, હું રોજ તારા દર્શને આવીશ. દુર્ગામાતાએ હસીને આશીર્વાદ આપ્યા. પછી લક્ષ્મી કુળદેવ શિવાંશ, વાયુપુત્ર હનુમાનના દર્શને ગયા. સીંદૂરથી પૂજન કરી વડા-મિષ્ટાન્ન ધરી પ્રાર્થના કરી, હે ભાઈ બાલકૃષ્ણની સાથે મારા વિવાહમાં રક્ષા કરજો. હનુમાન કહે : બહેન, અખંડ સૌભાગ્યવાળી થા. પછી લક્ષ્મી વિશ્વેશ્વર શંકરના દર્શને ગયા. પંચામૃતથી સ્નાન કરાવી, પૂજન, આરતી કરી, નૈવેદ્ય ધરી, આશીર્વાદ પ્રાપ્ત કરી. માતા અન્નપૂર્ણાને દર્શને ગયા, ત્યાંથી અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ મેળવી પછી ગણેશ, સરસ્વતિ, ગંગા, પંચગંગા, ધર્મદેવના સ્થાને જઈ પૂજન કરી આશીર્વાદ લઈ આવાસે આવી. સખી કન્યાઓને ભોજન કરાવ્યા. સર્વે જાનના મહેમાનોને, કાશી શહેરના નરનારી સર્વેને મિષ્ટાન્ન, ભોજન કરાવ્યા. કરોડો અબજો ઈશ્વરો, દેવો, માનવોને ભોજનમાં મેસુબ, મોહનથાળ, અડદીયા, મોતિયા, ચૂરમાના લાડુ, દૂધપાક, બાસુંદી, પુરી, પુરણપોરી, સૂતરફેણી, બરફી, પેંડા, બીરંજ, જલેબી, ખાજા, માલપૂડા, બુંદી, લાડું, ઘેબર, શીખંડ, જાંબુ, સેવ ગાંઠિયા, ભજીયા, દાળભાત, અનેક પ્રકારના શાક, અથાણા તથા ફળફૂલ, ફરાળના સાત્વિક રાજસી ભોજનથી સર્વ મહેમાનોને તૃપ્ત કર્યા પછી બાલકૃષ્ણ શંકરની દઢતા જોવા કૃષ્ણરૂપે શંકર પાસે જઈ કહે. આ બાલકૃષ્ણ પત્નીવ્રત દ્વિજનો પુત્ર છે, વિપ્ર છે, ભિક્ષુક છે તેને અનેક પત્નીઓ છે. તે વિપ્ર આપણે ક્ષત્રિયને યોગ્ય નથી માટે આને કન્યા ન દેવાય. શંકર કૃષ્ણને કહે, આ બાલકૃષ્ણ સ્વયં પરબ્રહ્મ છે. તે રાજાના મહારાજા મારી પાસે કન્યા ભીક્ષા માટે આવ્યા છે

તે યશ, લાભ, કિર્તી માટે મારે કન્યાદાન આપવું છે. જાતિ તો દેહનો છે. મારી પુત્રી બ્રાહ્મી છે. તે બ્રહ્મને આપવી છે. તે બ્રહ્મ પુરૂષોત્તમ સર્વ આત્માના પતિ છે. તેમને તે સાપત્ન્ય એટલે અનેક પત્નીપણું છે જ નહીં તે તો નિર્ગુણ છે. માયાના બંધનને તોડનારા, સાધુ વર્તનવાળા, કપટ-રાગદ્વેષથી પર છે. એટલે મારી પુત્રી લક્ષ્મી મેં તેમને આપી છે. અને તે બાલકૃષ્ણના પિતા ગોપાલકૃષ્ણ પણ વૈશ્ય છે અને કૃષ્ણ પણ ગોપાલ વૈશ્ય છે અને તમે કૃષ્ણ પણ ગોપાલવૈશ્ય છો, તેથી પણ જાતિ મેળ છે અને શરણે આવેલાનું રક્ષણ કરનારા તે પ્રભુ બાલકૃષ્ણ છે. તેથી ક્ષત્રિય પણ કહેવાય તો પણ જાતિ મેળ થાય છે. આવું ન્યાય-નીતિવાળા શંકરના વચનો સાંભળી શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને બહુ સારૂં કર્યું, એમ કહીને શ્રીકૃષ્ણ રાધાજીનું રૂપ લઈને, સતી પાર્વતીની દૃઢતા જોવા પાર્વતી પાસે ગયા. સતીએ આસન આપી આદરસત્કારથી રાધાજીને બેસાડ્યા. રાધાજી કહે : માતા તેને કહેવાય, જે પુત્રીનું સદાહિત કલ્યાણ કરે, માટે હું તને રહસ્ય કહેવા આવી છું કે હે પુત્રી પાર્વતી, પોતાની પુત્રીનું કેવળ કન્યાદાન જ કરવું એમ નથી પણ તેના સુખનો પણ વિચાર કરવો જોઈએ. કારણ કે, નારીવર્ગને મહાદુઃખ એ કે સપત્ની (શોક્ય)નું પહેલું દુઃખ છે.

રાધાજી કહે : પાર્વતી, મેં સાંભળ્યું છે કે, આ બાલકૃષ્ણને અનેક પત્નીઓ છે. બહુપત્નીવાળો સ્ત્રીને સુખ આપી શકતો નથી. આ તારા જમાઈ વિપ્ર ખેતીનું કર્મ કરે છે. તેની પાસે ગામ, વાડી, ખેતર, વેપાર કાંઈ નથી. ભિક્ષુકવ્રતથી જીવે છે. તે નારદના કહેવાથી તારી કન્યાની લક્ષ્મીનું વાગ્દાન કર્યું, પણ લક્ષ્મી દુઃખી થશે. પત્ની વિનાના, ધનવાળા, રૂપગુણવાળા, ગૌધન સંપત્તિવાળા, સ્ત્રીને દેવી માની સુખ આપનારા એવા કુમારોને કન્યા અપાય.

રાધાજીના વચનો સાંભળી પાર્વતી કહે : મા, આ બાલકૃષ્ણ સનાતન પરબ્રહ્મ પૂર્ણ આનંદનો સાગર છે. સર્વગુણે સંપન્ન છે. તે પ્રભુથી જ સર્વ સૃષ્ટિનું સર્જન થાય છે. તે પ્રભુએ જ કુબેરને ધન પતિપદ આપેલું છે, તેને જેટલી પત્નીઓ છે તેટલા રૂપને ધારણ કરે છે. જેના એક કિરણમાં અસંખ્ય અવતારો, ઈશ્વરો લોકપાલો પ્રગટે છે. જેની માતા સ્વયં મહાલક્ષ્મી છે. પિતા સ્વયં મહાવિષ્ણુ છે તેનો શું અપૂર્ણ હોય. તેના હાથમાં મત્સ્ય, ધ્વજ, ધનુષ, બાણ, ત્રિશુલ, સ્વસ્તિક, ચક્રોના ચિહ્નો છે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણપુરુષોત્તમને પ્રાપ્ત કરવા મારી પુત્રી લક્ષ્મીએ બાલ અવસ્થામાં હનુમાન આશ્રમમાં તપ કરી વરદાન પ્રાપ્ત કર્યું છે. પાર્વતીનું કહેવું સાંભળી, રાધાજી દૃઢતા જોઈ આશીર્વાદ આપી અદૃશ્ય થયા. પછી બાલકૃષ્ણ પ્રભુ વિપ્રનું રૂપ લઈ લક્ષ્મી પાસે આવી કહે, રાજપુત્રી સાંભળ. મેં સાંભળ્યું છે કે પરણવા આવ્યો છે તે બ્રાહ્મણ ભિક્ષુક છે, માછીમાર છે માટે તે તને યોગ્ય નથી. તું તો ઈન્દ્રાણી, રોહિણી, સંજ્ઞા, સ્વાહા, સાવિત્રી, કુબેરાણી સમાન છો. માટે હે પુત્રી, દૂર દેશના ભિક્ષુકને તું ન પરણતી. વિપ્રના વચનો

સાંભળી લક્ષ્મી કહે, ભૂદેવ તમે પૂજ્ય છો પણ ફરી જો આવું બોલશો તો દંડપાત્ર થશો. માટે તમે જ્યાંથી આવ્યા છો ત્યાં પાછા ચાલ્યા જાવ. તે બાલકૃષ્ણ ભિક્ષુક હોય કે ગમે તેવા હોય પણ મેં પહેલા પરીક્ષા કરી, પછી જ અંગિકાર કર્યા છે. તે સર્વભૌમ મહારાજા ત્રિલોકીના પતિ છે. વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે. ભક્તિવાળા સર્વ આત્માના પતિ છે તેથી તે પ્રભુ મારા લગ્નમંડપમાં મારી સાથે ફેરા ફરશે તેની સાથે તેની પત્નીઓ પણ મારી પાછળ ફરશે તેનું મને ગૌરવ છે. જે પ્રભુના વશમાં ઈન્દ્રાદિ, બ્રહ્માદિ દેવો, વૈરાજાદિ ઈશ્વરો, વાસુદેવાદિ ચતુર્વ્યુહ, અવતારો રહે છે તે પ્રભુ કૃપા કરી લોકના ઉધ્ધાર માટે કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણ ને ઘેર પ્રગટ થયા છે. તે પરમાત્મા નિર્લેપ છે. સર્વના સાક્ષી છે. સર્વવ્યાપી છે. અંતર્યામી છે. તે પરમાત્મામાં હું આત્માથી સમર્પિત થયેલી છું અને વિધાતાએ પણ મારી ભાગ્યરેખા આવી જ લખેલી છે. હે વિપ્ર તે પ્રભુને ઈન્દ્ર બ્રહ્મા પણ જાણી શકતા નથી, યોગીઓ પણ જેને ધ્યાનમાં જોઈ શકતા નથી. વાણી પણ તે પ્રભુનું વર્ણન કરી શકતી નથી. ઋષિ, મુનિઓ સાધુ, સાધ્વીઓ પણ જેના પારને પામી શકતા નથી. તો હે વિપ્ર, હું બાલીકા લક્ષ્મી, તેના ગુણોનું વર્ણન ક્યાંથી કરી શકું. માટે મેં તો મનથી તે પતિ ધારી લીધા છે. સ્થૂળદેહનો વ્યવહાર સ્થૂળદાન માટે છે. માટે હે વિપ્ર તે કૃષ્ણવલ્લભ અનાદિશ્રીકૃષ્ણનારાયણના તે દર્શન નથી કર્યા. ત્યાં સુધી તું એવું બોલે છે, માટે જા પહેલા દર્શન કર. લક્ષ્મીના વચનો સાંભળી તેની દૃઢતા જોઈ પ્રસન્ન થયેલા પ્રભુ લક્ષ્મીને પોતાના નામવાળી વીંટી આપી અને વસ્ત્ર અલંકારોથી શોભતું ચતુર્ભૂજ દર્શન આપ્યું. તેથી લક્ષ્મી પ્રભુના પગમાં પડ્યા. આત્મનિવેદી ભક્તિવાળાને ભગવાન વશ છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, માગશર સુદ ચોથને દિવસે બપોર પછી ગોપાલકૃષ્ણ, મહેમાનો શ્રીમંતો સાથે, દેવો રાજાઓ સાથે, સૌભાગ્યવતી સ્ત્રીઓ પાસે, સોનાચાંદીના થાળમાં લક્ષ્મી કન્યાને માટે દિવ્ય વસ્ત્ર અંલકારો તૈયાર કરાવતા હતા. અનેક રંગોવાળી બુટ્ટાદાર સુવર્ણના તારવાળી સાડી, ઘાઘરી, પોલકું તથા રેશમી વસ્ત્રો, મખમલના સેંકડો વસ્ત્રો, અત્તર, તેલ, ફુલેલ સુંગધી ચંદન, કસ્તુરી, કેશન, કાજલ, કેશ પ્રસાધનો, સિંદુર, નખરંગ તથા સોનાની વીંટીઓ, વેઢ, સુવર્ણના હીરા-નંગ જડીત, તથા પોંચો, બાજુબંધ, સોનાના કડા, બંગડી, બુટીયા, સોનાનો ટુપીયો, મગમાળા, હાર, સોનાનો કંદોરો, સોનાની નથ હીરા જડીત, ટીબકડી તથા મસ્કના કેશ અંબોડાના અલંકારો, હીરા મોતી, રત્નોના હાર, પગની ઘુઘરીવાળી ઝાંઝરી, વેઢ વગેરે અનેક અલંકારો તૈયાર કરાવી વાજીંત્રો અને કન્યાઓના મંગલગીતો સાથે શિવેશ્વરને ઘેર લક્ષ્મી કન્યાને આવાસે આવ્યા.

ગોપાલકૃષ્ણ વગેરે સર્વે મહેમાનો સર્વ સામગ્રી આપી મંગલ માટે અલ્પ મિષ્ટાન્ન, તાંબુલ, પાન, મુખવાસ ગ્રહણ કરી પોતાને ઉતારે આવ્યા. પછી ચોથે પ્રહરે સાંજને સમયે,

સર્વે સુખી કન્યાઓ લક્ષ્મીને વસ્ત્ર અલંકારોના શણગાર કરતી હતી. પછી પિતા ગોપાલકૃષ્ણ પણ વરરાજાને તૈયાર કરતા હતા તથા ચાર દાંતવાળા ધોળા હાથીને, ચિત્ર વિચીત્ર રંગથી શોભાયમાન કરી, તેની પર સોનાની અંબાડી મુકી, સૌની આગળ રાખ્યો. પછી મુક્તો માટે હાથી અને ગરૂડો સ્મરણ કરતાં જ ત્યાં આવ્યા. સર્વને શણગારી જાનના વાહનમાં રાખ્યા. પછી અશ્વોરથ, પોઠીયા, ઊંટ, હંસ, મેના, ચાતક, સિંહ, શરભ, મૃગ, મદાર જે દેવના જે વાહન હતા તે વાહન શણગારી પોતાને યોગ્ય એવા શણગાર ધારણ કરી જાનમાં જવા તૈયાર થયા. આકાશમાં પાણીમાં પૃથ્વીમાં ચાલનારા સર્વે તૈયાર થયા. તે સમયે ધજા, ડંકા, નિશાન, છત્ર, ચામર, વાજીંત્રો વગાડનારા, નૃત્ય કરનારા સર્વે નરનારીઓ, લગ્નને યોગ્ય પહેરવેશ ધારણ કરી બાલકૃષ્ણની જાનમાં જોડાઈ ગયા હતા. તે સમયે દેશ-વિદેશની ચૌદલોકનીવાસીની અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં આકર્ષણ પામેલી બાલકૃષ્ણ શ્રીહરિને વરવા ઈચ્છતિ ચાર કરોડ કન્યાઓ તેના માતા-પિતા સાથે સખીઓ સાથે શણગાર સજી શ્રીહરિ સાથે અગ્નિ પ્રદક્ષિણા કરવા ત્યાં આવી હતી. ચોથે પ્રહરે શણગાર સજી. શ્રીહરિ શિવપૂરથી નીકળી કાશીમાં રાજમાર્ગ પર ફર્યાં. કરોડો નરનારીઓ ચંદન, પુષ્પ, કંકુ, ચોખાથી વધાવતા હતા. કાશી વિશ્વનાથના દર્શન કરી ગંગાજલ પાન કરી, સો યોજનના કૈલાશ મંડપ પાસે આવ્યા. ઊનના રેશમના મખમલના આસનોથી ગીત વાજીંત્ર નૃત્યથી, દૂરદર્શન, દૂરશ્રવણ, દૂરસ્પર્શથી સંકલ્પ વાહનોથી, અનેક પ્રકારની વિજળીઓથી, આકાશમાં જેટલાં તારાઓ તેટલા મણિઓથી, આવી અનેક શોભાથી તે મહામંડપ શોભતો હતો. તથા સર્વે સૃષ્ટિવાસીઓના આસનોની રચના વિશ્વકર્માએ કરી હતી. કાશીનગરીના જનો કહેતા હતા. આવો મહોત્સવ થયો નથી, અને થશે પણ નહી. તે સમયે વિરભદ્રગણ આકાશમાં મંગલ વાક્યો ઉચ્ચારતા હતા. લગ્ન મહોત્સવમાં આવો, પરમાત્માનું દર્શન કરો. તે સમયે ઋગ્વેદ દરવાજે ઉભા રહીને કૃષ્ણની જાનને જોતા હતા. પાર્વતી પણ મહેલની અગાશીમાં જઈને જાનના અસંખ્ય માનવો-દેવો-ઋષિમુનિઓને જોઈ સ્તબ્ધ જડ જેવા થઈ ગયા. એ રીતે જાનની અને મહામંડપની શોભાનું વર્ણન કર્યું.

પાર્વતીએ જાનમાં કરોડો નારીઓને જોઈને ઋગ્વેદને પૂછ્યું, મારી પુત્રીના લગ્નમાં મહેમાનોની જાનમાં આગળ કોણ કોણ છે, તે મને ઓળખાવો. ઋગ્વેદ કહે જુઓ. મા સૌની આગળ અલંકારોથી શોભતા ચતુર્ભૂજ નારાયણ, મંગલગીતો ગાતા સરસ્વતિ અને શારદા હંસ વાહન પર બેસીને આવે છે. તેની સાથે વૈકુંઠના દિવ્ય વાજીંત્રો વાગે છે. તે ત્રિલોકીમાં સંભળાય છે. તેની પાછળ શ્યામકર્ણ ધોળા ઘોડા પર બેસી અક્ષરમુક્તો ડંકા, નિશાન વગાડતા આવે છે. તેની પાછળ વિષ્ણુના સેવકો રૂપિયા ઉડાડતા આવે છે. તેની પાછળ રાસ રમતા કિર્તન કરતા હજારો વૈષ્ણવ ભક્તો આવે છે. તેની પાછળ કિર્તન કરતી હજારો સ્ત્રી ભક્તો ચાલી આવે છે. તેની પાછળ શિબિકામાં ઋષિ-મુનિઓ આવે છે. તેની પાછળ બંસી વગાડતા

નવયુવાનો, પાર્ષદો આવે છે. તેની પાછળ પોઠિયાના વાહનો પર રુદ્ર ગણ, સેવકો, ભૂતપ્રેત, પિશાચ તથા સર્વે તીર્થો મૂર્તિમાન તથા કરોડો દેવીઓ, તેની પાછળ સૌરાષ્ટ્રના લાખો ભક્તો, તેની પાછળ સૂર્ય, ચંદ્ર, અગ્નિ જેવા તેજસ્વી દેવો પોતાના વાહન પર બેસી આવે છે. તેની પાછળ પાતાલવાસી દૈત્યો, દાનવો, રાક્ષસો આવે છે, તેની પાછળ વિદ્યાધરો, ચારણો, ગાંધર્વો, કિન્નરો આવે છે. તેની પાછળ વેદમંત્રો બોલનારા વિપ્રો આવે છે. તેની પાછળ પૃથ્વીના રાજાઓ પોતાની કન્યાઓ સાથે આવે છે. જુમાસેલ્મા, શિબિ, થકુંટ, વીરજાર, શક્તિઅક્ષી, કાલીમાશ, ઉરલકેતુ, કથક, ઉષ્ટ્રાલ, હંકાર, જયકાષ્ઠલ, તીરાણ, અલ્વીનર, જીનવર્ધ્ધિ, અલ્પકેતુ, જયકૃષ્ણ, પરિશાન, મુદ્રાંડ, ગંડ, લીનોર્ણ, બૃહદશર, બલલીન, બરસિંહ, રાયગામલ, ફેનતંતુ, સ્તોકહોમ, કાષ્ઠયાન આ સર્વે રાજાઓ કેનાટક અને અમરી પ્રદેશના પોતાના દેશની સંપત્તિ અને કન્યાઓ લઈને જાનમાં સાથે આવે છે તથા ઉત્તર કુરૂ દેશના રાજાઓ શોકીશ્વર, રણજીત, વાકક્ષક, મારીશ, બાલેશ્વર, લંબાર, નવાર્ક, હુંડેશ, કુપેશ તે સર્વે છત્રવાળા દાસદાસીઓ સાથે વાજીંત્રો સાથે કન્યા લઈને આવે છે. તથા દક્ષિણ કુરૂ દેશના કીલીમંડલી, વનજેલેશ, પારાવાર પીબ, કોટીશ્વર, સતીશ, ત્રેતાકર્કશ, આંડજરા, બાલ્યરજ, સોમન, ઉરૂ, ગવાક્ષ, પરાંગવૃત, ઈશાનપાન, રાયપતિ, શાવદીન, બાલેશ્વર આ સર્વે રાજાઓ પોતાની કન્યાઓ સાથે આવે છે. હે માતા પાર્વતી તમારી પુત્રી લક્ષ્મીના લગ્નમાં હજારો, લાખો વિમાનો અને વાહનો તમારે આંગણે આવે છે તથા ઈન્દ્ર, સૂર્ય, કુબેર, વાયુ, અગ્નિ, બુધ, શુક્ર વગેરે દેવો પોતાના વિમાનમાં બેસીને આવે છે. જુઓ માતા ત્યાર પછી હજાર મુખવાળા વૈરાજ બ્રહ્મા, વિષ્ણુ આવે છે. ભૂમાપુરૂષ, અનિરૂધ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ, વાસુદેવ, પ્રકૃતિપુરૂષ વગેરે પોતાના વિમાનમાં પાર્ષદો સાથે આવે છે. ત્યારપછી હે માતા - મત્સ્યપ, કુર્મ, નૃસિંહ, વરાહ, હંસ, હરિ, કપિલ, પૃથુ, દત્તાત્રેય, ઋષભ, વામન, પરશુરામ, યજ્ઞ, રામ, કુમાર, હયગ્રીવ નારદ, વ્યાસ, બુધ્ધ, ધન્વંતરી. આ સર્વે અવતારો, વિમાનમાં પાર્ષદો સાથે આવે છે. હે માતા બ્રહ્મપત્નીઓ રાધા, લક્ષ્મી, રમા, પદ્માવતી, શ્રી, માણિકી, માધવી, સગુણા, હંસા, દયા, શાંતા, અંબા, ચંપા, હૈમી, મુક્તિદેવી, લલિતા, જયા તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણના સર્વે કુટુંબીઓ આવે છે. ત્યારપછી અતિશય શોભાવાળા આ દિવ્ય, તેજસ્વી વિમાનમાં બેઠેલા સર્વ અવતારોના કારણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણ કૃષ્ણવલ્લભ આવે છે. હે માતા, તારા ભાગ્યનો કોઈ પાર નથી. પાર્વતી કહે, મારું પરમભાગ્ય છે કે મને બાલકૃષ્ણ ભગવાન મળ્યા. મારી લક્ષ્મીના મહાન ભાગ્ય છે કે સર્વે ઈશ્વરો મારે ઘેર આવ્યા. એમ કહીને પાર્વતી જાનનું સન્માન કરવા મંડપમાં આવ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અતિ તેજસ્વી દિવ્ય, અલૌકિક, કામદેવને મોહ પમાડે એવું અમૃત ભરેલું અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણનું રૂપ જોઈને કરોડો નર-નારીઓ સ્થિર થઈ જતા. દેવો, ઈશ્વરો લીન થઈ સમાધિ પામી જતા. તો સાધુ, યોગી, પાર્ષદો, મુક્તો,

મુક્તાણીઓની શું વાત કરવી. કિન્નરી, ગાંધર્વી, અપ્સરાઓ, વિદ્યાધરીઓ, સાધ્વી, યોગીનીઓ, સંન્યાસીનીઓ, બ્રહ્મચારીણીઓ પણ બાલકૃષ્ણનું રૂપ જોઈને મોહ પામતી હતી. કોઈ કોઈ તો પ્રભુએ પહેરેલા હીરામોતી મણિરત્નોના હાર જોઈને આશ્ચર્ય પામતા હતા. કેટલાક પ્રભુના અવયવો જોઈને, કેટલાક શ્રીહરિના અંગોઅંગ જોઈને, કેટલાક બાલકૃષ્ણના વસ્ત્ર અલંકારો જોઈને, કેટલાક પ્રભુના ચિહ્નો જોઈને સ્થિર થઈ જતા હતા. તે સમયે શ્રીહરિએ ધારણ કરેલા સુવર્ણના મુગુટ-કુંડળોને જોઈને તથા સોનાનો ટુપીયો, સોનાની કંઠી, મગમાળા, સોનાના હાર કંદોરો, બાજુબંધ સોનાના કડા, પોચી, વેઢ, વીંટીઓ, સોનાના તોડા, ઘુઘરી ધારણ કરેલા શ્રીહરિને જોઈને સર્વે નરનારીઓ અતિ આશ્ચર્ય પામી મુગ્ધ મોહ પામતા હતા. રંગેલા હાથ અને પગના નખને જોઈને તથા ધારણ કરેલા અનેક પ્રકારના પુષ્પોના હારને જોઈને સર્વે સમાધિ પામી જતા હતા.

હાથી ઉપર સોનાની અંબાડી પર બેઠેલા શ્રીહરિ મહામંડપને દરવાજે આવ્યા. ત્યાં બાલકૃષ્ણના દર્શનથી અતિ મોહ પામેલી આનંદ પામેલી, સર્વે સ્ત્રીઓએ વરરાજા બાલકૃષ્ણ શ્રીહરિના દર્શન કરી મંત્રમુગ્ધ થઈ. સર્વે લોકો જય જયકાર કરતા હતા. ત્યારે અનેક પ્રકારના મધુરા વાજીંત્રો વાગવા લાગ્યા. ભાવને જાણનારા ભગવાન, તે સમયે ત્યાં સર્વેને અનેક સ્વરૂપે દર્શન આપ્યા. અક્ષરધામના મુક્તોને પુરૂષોત્તમ સ્વરૂપે દર્શન આપ્યા. ગોલોકધામના ગોપ-ગોપીઓને કૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યા. પાર્ષદોને નારાયણ સ્વરૂપે દર્શન આપ્યા અને સર્વે ઈશ્વરોને વાસુદેવ સ્વરૂપે દર્શન આપ્યા. સિધ્ધ પુરૂષોને અને સાધુઓને વિષ્ણુ સ્વરૂપે દર્શન આપ્યા. ઋષિઓ અને મહર્ષિઓને બ્રહ્મારૂપે દર્શન આપ્યા. સર્વે દેવોને ક્ષીર સાગરમાં રહેલા શેષશાયી સ્વરૂપે દર્શન આપ્યા. મનુષ્યોને નરનારાયણરૂપે દર્શન આપ્યા. તથા પાતાલવાસીઓને શ્વેતપ્રભુ સ્વરૂપે દર્શન આપ્યા. સર્વે નરનારીઓને કામદેવરૂપે દર્શન આપ્યા. સર્વે કન્યાઓને વરમાળાને ધારણ કરતા સ્વામી સ્વરૂપે દર્શન આપ્યા. પૂજ્યવર્ગને બાલકૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યા. ભક્તોને મોક્ષ આપનારા ભગવાનરૂપે દર્શન આપ્યા. સર્વે નરને ચતુર્ભૂજ નારાયણ સ્વરૂપે દર્શન આપ્યા. એ રીતે સર્વે દેહધારીઓને શ્રીહરિએ ભિન્ન સ્વરૂપે દર્શન આપ્યા. પછી દરવાજે રહેલા બૃહસ્પતિ વગેરે બ્રાહ્મણોએ તથા શ્રીમંતોએ શ્રીહરિની પૂજા કરી. સર્વે બ્રાહ્મણો વેદમંત્રનો ઘોષ કરવા લાગ્યા. હે રાધા, હું શ્રીકૃષ્ણ પણ ત્યાં હતો અને શ્રીહરિને મેં નમસ્કાર કર્યા. બૃહસ્પતિ કરોડો વિપ્રો સાથે અનેક પ્રકારની પૂજાસામગ્રી લઈને ત્યાં ઊભા હતા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, બૃહસ્પતિએ શ્રીહરિની કંકુ ચોખાથી પૂજા કરી, પુષ્પહાર પહેરાવ્યો. સ્ત્રીઓએ ચોખાથી વધાવ્યા. અનેક શોભાને ધારણ કરતા શ્રીહરિને જોઈને દેવકન્યા, ઈશ્વરકન્યા, રાજકન્યા, મુનિકન્યા, નાગકન્યા સ્થિર થઈ જતી અને લક્ષ્મીનું

ધન્યભાગ્ય માનતી. પછી શિવેશ્વરે હરિ પાસે આવી પ્રણામ કર્યા. તે સમયે ગાંધર્વો ગાવા લાગ્યા, નર્તકો નૃત્ય કરવા લાગ્યા, સંગીતવાળા વાજીંત્રો બજાવવા લાગ્યા. પાર્વતીએ આવી વરરાજા બાલકૃષ્ણને અક્ષતથી વધાવી, દુઃખણા લીધા. તીર્થજળથી ચરણ ધોઈ ચંદન, કંકુ, અક્ષત, દૂર્વા, સુગંધી દ્રવ્યોથી શ્રીહરિની પૂજા કરી. પછી થોડીવાર ઉતારે વિશ્રામ કરી ભોજન જળપાન કર્યા. તે સમયે કરોડો કન્યાઓ શણગાર સજી તૈયાર થતી હતી અને વાટ જોતી હતી કે, જ્યારે શ્રીકૃષ્ણનારાયણ લક્ષ્મીનું દાન પાણીગ્રહણ કરશે. ત્યારે અમારું પાણીગ્રહણ કરશે.

સર્વે સખીઓ લક્ષ્મીને શણગારતી હતી. અક્ષત કંકુથી હાથ પણ રંગ્યા. રંગથી નખ રંગ્યા. ભાલમાં કેસર, ચંદન, કંકુ લગાવ્યા. હોઠ રંગ્યા, આંજણ નેત્રોમાં આંજ્યું. સુંગધી તેલ કેશમાં નાખી માથું ઓળી અંબોળો વાળ્યો પછી તેને અનેક પુષ્પોથી, વેણીથી શણગાર્યો. મસ્તકમાં સૂર્ય, ચંદ્ર, કાંતમણિ મુક્યા. સોનાનો મુગટ, કુંડળો પહેરાવ્યા. હીરાજડીત સોનાની નથ, ચીબુક, ટીબકડી લગાવી. કાનના ઘરેણાં પહેરાવ્યા. રેશમી સોનાના તારવાળી સાડી, ઘાઘરી, પોલકું ધારણ કરાવ્યા. વીંટીઓ તથા સોનાની સાંકળીયુક્ત પોંચો પહેરાવ્યો. કેડમાં સોનાનો કંદોરો ધારણ કરાવ્યો. સોનાનો ટુપીયો, ચેન, કંઠી, મગમાળા નાના મોટા સોનાના હાર પહેરાવ્યા. તથા હીરામોતી, મણિરત્નોના હાર પહેરાવ્યા. સોનાના બાજુબંધ, બંગડીઓ પહેરાવી, પગમાં સોનાના કાંબા, કડલા, ઘૂઘરીવાળા ઝાંઝર પહેરાવ્યા. એ રીતે સખીઓએ વર્ણન ન થઈ શકે એટલા અલંકારોથી લક્ષ્મીજીને શણગાર્યા. તે સમયે વાજીંત્રો વાગવા લાગ્યા. ત્યારે વરરાજા બાલકૃષ્ણ શ્રીહરિ માતા-પિતા સાથે, લોમશાદિ ઋષિઓ, કુટુંબીજનો, રાજાઓ, મુક્તો, ઈશ્વરો, દેવો, બ્રાહ્મણો સાથે કૈલાશ મંડપમાં પધાર્યાં. શિવેશ્વર પણ બૃહસ્પતિ સાથે તથા કૈલાશવાસી મહેમાનો સાથે સંકર્ષણાદિ ઈશ્વરો, પાર્ષદો, અવતારો, પુરોહિત, બ્રાહ્મણો ગણો સાથે આવી અનેક શોભાવાળા બાલકૃષ્ણની પૂજા કરી, બ્રાહ્મણોએ વેદમંત્રોથી શ્રીહરિને વધાવ્યા. તે સમયે બાલકૃષ્ણ ભગવાને આજ્ઞા આપી, અત્યારે મને અર્પણ થયેલી સર્વે કન્યાઓ શણગાર સજી તૈયાર થઈ આ લગ્નમંડપમાં આવો. તમારા સર્વેનું પાણીગ્રહણ વિધિ આ લક્ષ્મીની સાથે જ થશે. માટે સર્વે કન્યાઓ પોતાના માતાપિતા સાથે આ શિવેશ્વર કન્યાદાનની વિધિમાં સર્વનો વિધિ થઈ જશે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, તે સમયે કરોડો, અબજો કન્યાઓ કૃષ્ણ સાથે લગ્ન કરવા તૈયાર થઈ. તે મહાન ચમત્કાર દેખાતો હતો. પછી શિવેશ્વરે લગ્નવિધિ કર્મકાંડ શરૂ કરાવ્યો. શિવેશ્વર શ્રીહરિનો મહિમા જાણીને કહેવા લાગ્યા, આજ મારા ધન્ય ભાગ્ય છે. આજ મારો જન્મ અને જીવન સફળ થયા. જે મારે ઘેર પુરૂષોત્તમ પધાર્યાં. આજ મારી સર્વ ક્રિયા સફળ થઈ. આજ મારા કરોડો જન્મોના કર્મોનો લય થયો. જે શ્રીહરિનું મુનિઓ સતત ધ્યાન કરે

છે, જે સર્વકર્મફળ પ્રદાતા છે તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમેશ્વર પ્રભુએ મારે આંગણે આવી મારું ગૃહ તીર્થરૂપ બનાવ્યું છે તે કલ્પો સુધી તીર્થરૂપ રહેશે. જે સનાતન પ્રભુ જ્યોતિરૂપે, અંતર્યામીરૂપે ન દેખાય એવા શ્રીહરિ આજ નેત્રોથી દેખાય છે, તે પ્રભુને વારંવાર નમસ્કાર.

શ્રીકૃષ્ણ કહે : રાધા, એવી રીતે શિવેશ્વરે શ્રીહરિની સ્તૂતિ કરી, ચરણ ધોઈ, પૂજન કરી, ભાલમાં તિલક ચાંદલો કર્યો. સુગંધી અત્તર છાટ્યા. પાર્વતીએ પારિજાતના પુષ્પનો હાર શ્રીહરિને પહેરાવ્યો. શિવેશ્વરે સોનાનો મુગટ, કુંડળ, હાર, બાજુબંધ, કડા, વીંટીઓ વગેરે અર્પણ કરી સુવર્ણ સિંહાસન અર્પણ કર્યું. પછી આરતી, પુષ્પાંજલિ કરી. શ્રીહરિના ચરણમાં નમસ્કાર કર્યા. પછી પાર્વતી અને લક્ષ્મીએ ચંદન પુષ્પથી પૂજા કરી, પગે લાગ્યા. પછી સુવર્ણરત્નો, રૂપિયા વગેરે સર્વે વસ્તુ ત્યાં મુકી ખજાનાની ચાવી અર્પણ કરી તથા કલમ, તર્કટી, વેલણ, મુશલ, માર્જની, ધ્વીં, શૃંખલા, કીલક, લાકડી વગેરે શ્રીહરિને માથેથી ઉતારી પાસે મુક્યા તથા શંખ, ચંદ્ર, ગદા, પદ્મ, ઢાલ, દોરી, કળશ, દર્પણ, દાંતીયો, થાળી, વાટકો, અન્નજળ, ફળ ફૂલ, શાક વગેરે સર્વ શ્રીહરિની માથેથી ઉતારી પાસે મુક્યા અને પાંચવાર દુખણા લીધા. પછી બે કોડિયા ભેગા કરી દોરી વીંટી ત્યાં મુકેલા, તેની પર પગ દઈ ભાંગી, સર્વ વિઘ્નો નાશ કરી અગ્નિકુંડ પાસે સિંહાસન પર બેઠા. કુંડમંડપ, માતૃકા, દેવતા, ગણેશ, ગુરુ સર્વને નમસ્કાર કર્યા. શિવપાર્વતીએ ચોખાથી વરરાજાને વધાવ્યા.

ત્યાં સખી કન્યાઓ ગીત ગાતી લક્ષ્મીને લગ્નમંડપમાં લાવ્યા, ત્યાં વાજીંત્રો વાગવા લાગ્યા. બ્રાહ્મણો વેદમંત્રનો ધ્વનિ કરવા લાગ્યા. લક્ષ્મી, પતિસ્વામી, શ્રીહરિને નમસ્કાર કરી. સર્વેને નમસ્કાર કરી વરરાજા બાલકૃષ્ણની ડાબી બાજુ બેઠા. તે સમયે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. શ્રીહરિએ લક્ષ્મીને અમીછાંટણાં કર્યા. ત્યારે સર્વ કન્યાઓના મસ્તક પર અમીછાંટણાંનો અભિષેક થયો. તે સમયે લોમશ ઋષિ અને બૃહસ્પતિએ માગશર સુદ ચોથને દિવસે કન્યાદાનની સિધ્ધિ માટે ગણેશનું પૂજન કર્યું તથા વિષ્ણુ, રૂદ્ર, માતૃમંડપ, ગૃહદેવનું, યોગીનું, સર્વે ઈશ્વરોનું પૂજન કર્યું તથા અગ્નિ દુર્ગા હનુમાન વગેરેનું પૂજન કર્યું. પછી લક્ષ્મીએ પુષ્પની વરમાળા શ્રીહરિને પહેરાવી લલાટમાં તિલક ચાંદલો કરી, ચોખા ચોડી પગે લાગી અને કહ્યું કે, સ્વામી હું તમારી છું. એમ કહી લક્ષ્મી પોતાને આસને બેઠા. તેજસ્વી શ્રીહરિએ લક્ષ્મીને ભાલમાં કંકુનો ચાંદલો કરી માથે સિંદુરથી મંગલ કર્યું. ત્યારે બંને પુરોહિત ગુરુઓ દાનમંત્રો બોલીને બંનેને મીંઢોળ બાંધીને બંનેના વસ્ત્રની છેડાછેડી બાંધતા હતા. વરવધુના કંઠમાં પુષ્પમાળા પહેરાવતા હતા.

તે સમયે સર્વેકન્યાઓ પોતાની પાસે શ્રીહરિ નહી હોવાથી એક ક્ષણ ચિંતામાં પડી ગઈ. ત્યારે બાલકૃષ્ણ પ્રભુએ ચમત્કાર બતાવ્યો, કરોડો, અબજો, સ્વરૂપો ધારણ કરી દરેક

કન્યા પાસે, જેમ લક્ષ્મી પાસે વિધિ થયો, તેજ રીતે સર્વકન્યાઓની વરમાળા અંગીકાર કરી. લોમશ ઋષિ અને બૃહસ્પતિ તે પણ તેટલા જ સ્વરૂપે વિધિ કરતા જોઈને લક્ષ્મીના માતા-પિતા શિવપાર્વતી શ્રીહરિનું ઐશ્વર્ય જોઈને વારંવાર વંદન કરતા હતા. તે સર્વે કન્યાના માતા-પિતા ત્યાં કન્યાદાન માટે હાજર હતા. જે કન્યાઓના માતા પિતા મરણ પામ્યા હતા તેઓ પણ પ્રભુએ સ્મરણ કરવાથી ત્યાં આવ્યા. તે જોઈ લોમશ ઋષિ બૃહસ્પતિ વગેરે સર્વે આશ્ચર્ય પામી કહેવા લાગ્યા. આવો ચમત્કાર પૂર્વે થયો નથી, અને થશે પણ નહીં. સર્વેએ પોતાની કન્યાનો હાથ વેદમંત્રોના વિધિથી બાલકૃષ્ણના હાથમાં આપ્યો. શિવેશ્વરે પણ પોતાની કન્યા લક્ષ્મીનો હાથ અનાદિશ્રીકૃષ્ણનારાયણના જમણા હાથમાં આપી અને કહ્યું, અગ્નિની સાક્ષીએ અને ગણેશ અને ભૂમિની સાનિધ્યમાં હું કન્યાદાન કરું છું. બાલકૃષ્ણ પ્રભુ પણ સ્વસ્તિ, તમારું કલ્યાણ થાવ. એમ બોલી લક્ષ્મીને ગ્રહણ કર્યા. તે સમયે શિવેશ્વર દિવ્ય ભાવમાં આવી હાથમાં ડમરું લઈ નૃત્ય કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, શિવેશ્વર નૃત્ય કરી પછી સ્તૂતિ કરવા લાગ્યા, સર્વજગતના સાક્ષી સૃષ્ટિના ચલાવનારા, પરમધામમાં વાસ કરનારા, કરોડો કન્યાના સંકલ્પપૂર્ણ કરનારા એવા પુરૂષોત્તમ નારાયણ આજ મારે ઘેર વાસ કરવાથી મારે ત્યાં શાશ્વત યજ્ઞ થયો. હે પ્રભુ, તમે નાનામાં નાના છો. મોટામાં મોટા છો. તમે અનંતરૂપે રહેલા છો. તમે સર્વથી પર છો. સર્વના સ્વામિ છો. અમારા સર્વેના મોક્ષને માટે તમે અહીં આવ્યા છો. એવા હે બાલકૃષ્ણ હું તમારે શરણે આવું છું. તમને વારંવાર નમસ્કાર. એ પ્રમાણે સ્તૂતિ કરી શિવેશ્વર બાલકૃષ્ણ પ્રભુને ભેટો આપી વિમાન, છત્ર, ચામર, દંડ, અક્ષયપાત્ર, મણિરત્નો, કામધેનુ, અશ્વો, શય્યા વગેરે ગૃહની સર્વ સામગ્રી ભેટ આપી. પછી રાજાઓએ પણ શ્રીહરિને સુવર્ણ, હીરામોતીના હાર, રૂપિયાના ખજાના, સિંહાસન વગેરે આપ્યા હતા. વાસુદેવે શ્રીહરિને મુગટ, ગજાસન આપ્યું. મહાવિષ્ણુએ વિમાન આપ્યું, વૈરાટનારાયણે સોનાના કુંડળ-છત્ર આપ્યા. બ્રહ્માએ કલ્પ ઘડો, વિષ્ણુએ ચક્ર, પિતૃઓએ સોનાના પાત્રો આપ્યા. દેવોએ અમૃત આપ્યું, દિક્પાલોએ સુવર્ણ આપ્યું, સાગરોએ મોતી આપ્યાં, વૃક્ષોએ રસ આપ્યા. સર્વે રાજાઓએ હાથી, ઘોડા, ગાયો, બળદ, દાસદાસી શ્રીહરિને આપ્યા. કન્યાપક્ષમાં રહેલા સર્વેએ લક્ષ્મીને ભેટ આપી. શ્રીકૃષ્ણે હજાર ગોપીઓ ભેટ આપી. સંકર્ષણે મુગટ, સદાશિવે રત્નહાર, મહાકાળે સાડી આપી. રૂદ્રોએ સુવર્ણ અલંકારો, કુબેરે સિંહાસન, લોકપાલોએ દ્રવ્ય, શેષનારાયણે મણિઓ ભૂતપ્રેતોએ વસ્ત્રો, સર્વે નરનારીઓએ યથાયોગ્ય લક્ષ્મીને ભેટ આપી. એ રીતે દાનભેટ આપ્યા. પછી લક્ષ્મી કન્યાના માતા-પિતાએ હાથમાં પાણી લઈ બોલ્યા, પરબ્રહ્મ જેનું ગોત્ર છે, શામવેદવાળા, પત્નીવૃત શાખાના, ગોપાલકૃષ્ણના પુત્ર બાલકૃષ્ણને હું શિવેશ્વર શ્રીકૃષ્ણના ગોત્રનો સદાશિવ શાખાનો, રૂદ્ર કાળ યમ આ ત્રણ પ્રવરવાળો ઋગ્વેદી હું મારી કન્યા લક્ષ્મી, અગ્નિની સાક્ષીએ અર્પણ કરું છું. એમ કહીને પાણી પૃથ્વી પર મૂક્યું એ રીતે સર્વે કન્યાઓના માતા-પિતાએ

ડાંગર વગેરે હોમદ્રવ્યોથી હવન કર્યો. પછી વરવધુ પરસ્પર મધુપર્ક પ્રસાદ એકબીજાના મુખમાં આપ્યા. તે સમયે રાધા, લક્ષ્મી, શ્રીરમા, માણિકી, પદ્માવતી આ છ મુખ્ય સતી સાથે શ્રીકૃષ્ણે અગ્નિ પ્રદક્ષિણા કરી. ત્યારે હેમંતે રમા અને પદ્માવતી નારાયણને અર્પણ કરી. પ્રભુએ તેની સાથે ધામવાસી એકસો ચુમાલીશ કન્યાઓ સાથે અગ્નિ પ્રદક્ષિણાઓ કરી તથા બ્રહ્મકન્યાઓ, ઈશકન્યાઓ, રાજકન્યાઓ, લોકકન્યાઓ તે સર્વે સાથે શ્રીહરિએ અગ્નિ પ્રદક્ષિણા કરી પછી સર્વેને પરસ્પર મિષ્ટાન્ન, કોળિયો આપી પ્રસન્ન કર્યા. એ રીતે અનાદી શ્રીકૃષ્ણનારાયણના બાલકૃષ્ણ શ્રીહરિએ કરોડો અબજો સ્વરૂપો ધારણ કરીને સર્વે કન્યાઓના પાણી ગ્રહણ કરી સંકલ્પ પૂર્ણ કર્યા.

શ્રીરાધાએ પૂછ્યું : હે કૃષ્ણ, જે જે કન્યાઓ બાલકૃષ્ણને પરણી તે કોની કન્યાઓ હતી ? તે કથા કહો. જે કથા સાંભળીને જનો માયાથી મુક્ત બને. શ્રીકૃષ્ણ કહે, અનાદિશ્રીકૃષ્ણનારાયણની જાનમાં જે દેશ-વિદેશના રાજાઓ આવ્યા હતા, તેણે પોતાની કન્યાઓ શ્રીહરિ સાથે પરણાવી તથા સર્વે દેવો, ઈશ્વરો, લોકપાલો, દિક્પાલો, વિદ્યાધરો, ગાંધર્વો, પિતૃઓ, પાતાલવાસી દૈત્યો, દાનવો, રાક્ષસોએ પણ પોતાની કન્યાઓ બાલકૃષ્ણને પરણાવી તથા ચૌદલોકના વાસી જે શ્રીહરિની જાનમાં આવ્યા હતા તેણે પોતાની કન્યાઓના બાલકૃષ્ણ સાથે વિવાહ કર્યા. એ પ્રમાણે કાશીમાં શિવપાર્વતીને આંગણે અનાદિશ્રીકૃષ્ણનારાયણે અગ્નિની સાક્ષીએ સર્વેકન્યાઓને ગ્રહણ કરી.

શ્રીકૃષ્ણ કહે : રાધા, તે સર્વે પ્રભુની પત્નીઓ પૃથ્વી પર પ્રભુને પ્રાપ્ત કરવા માટે જ આવેલી હતી. કાશીમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જેણે આશ્રય કર્યો. જેણે દીક્ષામંત્ર ગ્રહણ કર્યો. તેને કાળ સ્પર્શી શકતો નથી. કાશીમાં થયેલો બાલકૃષ્ણનો વિવાહ ત્રિલોકમાં પ્રકાશ કરે છે. શિવપુત્રી લક્ષ્મી, દિશાપુત્રી પદ્માવતી, સૂર્યપુત્રી પ્રભા, કલ્પવૃક્ષ પુત્રી શ્રી, ક્ષીરસમુદ્રપુત્રી રમા તથા અક્ષરની પુત્રી માણિકી સતી તે સર્વે શ્રીહરિને પતિભાવે પામીને પૃથ્વી પર આ સમયે ધન્ય બની. સર્વ સૌભાગ્યવાળી થઈ. તે સમયે શિવેશ્વરના ભક્ત ધેનુપાલે પણ ત્રણ કન્યા બાલકૃષ્ણને અર્પણ કરી, અનેક ભેટ આપી. પછી બૃહસ્પતિએ તથા ગુરુ લોમશ ઋષિએ ગૃહસ્થ ધર્મ સમજાવ્યા. પતિ-પત્નીના શરીર બે, મન અને વિચાર એક, એકબીજાના સુખદુઃખમાં સહભાગી થવું. ઈશ્વર સમાન પતિને માની પતિવ્રત્તાની ભક્તિ કરવી. સપત્ની (શોક્ય)નો ભાવ પરસ્પર લાવવો નહીં. સપત્નીઓ એ સર્વે બહેનો છે. એમ રહેવું. આ સ્ત્રીઓનો શ્રેષ્ઠ ધર્મ છે. એમ કહીને લોમશ ઋષિએ સર્વેને દાભડાથી પાણીની અંજલિ છાંટી. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન તથા કન્યાઓએ ગુરુને સુવર્ણ રત્નોની દક્ષિણા આપી. પછી લોમશ ઋષિએ અગ્નિદેવના યજ્ઞકર્મનું વિસર્જન કર્યું. શ્રીહરિએ પણ પોતાના અને સ્વરૂપો સંકેલી લીધા તથા પાર્વતી પોતાની પુત્રીને લક્ષ્મીને લઈ આવ્યા. તથા

સર્વે કન્યાના માતા-પિતાઓ પણ કન્યાને લાવ્યા. તે સમયે વિશ્વકર્માએ નવા આવાસોની ગોલોકધામ સમાન રચના કરી તેમાં શ્રીહરિ, સર્વે પત્નીઓ સાથે ભોજનપાન કર્યા. પછી શિવપાર્વતીએ સર્વે મહેમાનોને અનેક પ્રકારના મિષ્ટાન્નો અતિ પ્રેમપૂર્વક જમાડી તૃપ્ત કર્યા. પછી રાત્રે નૃત્ય, ખેલ, વાદ્યો, મલ્લ યુધ્ધ, કલા, નાટક વગેરે અનેક પ્રસંગો મનોરંજનના કર્યાં. પછી સર્વે મહેમાનોએ રાત્રીએ વિશ્રામ કર્યો. બાલકૃષ્ણ પ્રભુ પણ અનેક સ્વરૂપો ધારણ કરી સર્વે પત્નીઓની સેવા અંગિકાર કરતા હતા.

શ્રીરાધાએ પૂછ્યું : હે કૃષ્ણ, શ્રીહરિને પરણેલી તથા પૂર્વેની કેટલી કન્યાઓ રતિગૃહમાં હતી. શ્રીકૃષ્ણ કહે, સર્વે કન્યાઓના માતાપિતાએ જે કન્યાઓ અર્પણ કરેલી તેની સંખ્યા (૪૦૪૫૫૬૨૨) ચાર કરોડ, ચાર લાખ, પંચાવન હજાર છસ્સો બાવીશ હતી તથા ત્રિલોકમાંથી આવેલી અબજો કન્યાઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણના રતિગૃહમાં શયનમાં સાથે હતી. પછી માગશર સુદ પાંચમે સવારે શ્રીહરિ મંગલધ્વની સાથે વેદ સ્તોત્રથી ભાટ, ચારણ, બંદીની સ્તૂતીથી જાગી, નિત્ય કર્મ કરી, વૃધ્ધ પૂજ્યોને નમસ્કાર કરી, આશીર્વાદ લઈ નગરમાં ફરવા ગયા. નગરયાત્રામાં ગીત-વાજીંત્રો સાથે અબીલ, ગુલાલ, કંકુ, ચોખાથી પૂજાતા વધાવતા પુષ્પહારો, દ્રવ્યો, દાન, પૂજા ગ્રહણ કરતા. આખા કાશીનગરમાં ફરીને, ફુલદેવી દુર્ગાના દર્શન કરી, હનુમાનના દર્શન કરી, કાશી વિશ્વનાથ જ્યોતીર્લિંગના દર્શન કરી, અન્નપૂર્ણા દેવિના દર્શન કરી, ગણેશના દર્શન કરી, પંચગંગા કાંઠે ધર્મદેવનું પૂજન દર્શન કરી, બિંદુ માધવતીર્થના દર્શન કર્યા. પછી ગંગામાં દીપદાન કરી સુવર્ણદાન કર્યું. ત્યાં લોમશ ઋષિએ છેડાછેડી છોડી નાખી. ગીત વાજીંત્રો સાથે સર્વે નરનારીઓ પાછા વળ્યા. તે સમયે કાશીનગરીના નરનારીજનો શ્રીકૃષ્ણનારાયણમાં મોહ પામી બોલતા હતા, આ કૃપાનિધિ ભગવાનના દર્શન આપણને ફરીથી ક્યારે થશે ? આ લોકમાં દુર્લભ માનવજન્મ પામી પ્રભુ ન મેળવ્યા તો ભવબંધન તુટતા નથી. અનેક જન્મોના પુણ્યોથી આ કન્યાઓએ પરમેશ્વર પ્રાપ્ત કર્યાં છે. જે પ્રભુ પુણ્યથી ભક્તિથી પ્રાપ્ત થાય છે તેથી આપણે રહિત છીએ. ઈશ્વરથી વંદન કરાયેલી, હે નારાયણ પત્નીઓ, તમને જે શ્રીહરિ મળ્યા છે, તેને પ્રાર્થના કરજો. અમને પણ ક્યારેક ગ્રહણ કરે. એ રીતે કાશીના નરનારીઓ બોલતા હતા. સ્તૂતિ કરતા હતા અને શ્રીહરિને પુષ્પ અક્ષતથી વધાવતા હતા. તે સમયે કાશીની હજારો ગણિકાઓ પરબ્રહ્મની પૂજા કરી વધાવતી હતી. ત્રણ ચાર ગણિકાની કન્યાઓ પ્રભુમાં મોહ પામી, માતાની આજ્ઞાથી તે કન્યાઓએ પ્રભુને વરમાળા પહેરાવી.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાને કૃપા કરી તેને ગ્રહણ કરી. પછી શિવપાર્વતીએ સર્વે મહેમાનોને ભક્ષ્ય ભોજન લેહ્ય, ચોસ્ય, મિષ્ટાન્ન, દૂધપાક વગેરે ભોજન કરાવી કાશીના નરનારીજનોને તથા અનાથભિક્ષુક સર્વેને ભોજન કરાવ્યા. અનેક દાન-દક્ષિણાઓ આપી.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ કાશીના સર્વે કલાવિંદોને, સેવા કરનારાને, કર્મચારીઓને અનેક પારિતોષિકો અને ધન આપ્યા તથા દેશવિદેશથી રાજાઓ આવ્યા હતા તેણે પણ ધન, પાત્ર, વસ્ત્ર વગેરે આપ્યા. બાલકૃષ્ણ પ્રભુએ વિશ્વકર્માને સુવર્ણ હાર આપ્યો. શિવેશ્વરને દિવ્ય સિંહાસન આપ્યું. કૈલાશમાં મંડપને મુગટ આપ્યો, બૃહસ્પતિને સર્વસ્વદાન આપ્યું. બપોર પછી બાલકૃષ્ણ સર્વ સાથે ગંગાતીર્થમાં સ્નાન કરવા ગયા. ત્યાં શંકરે વિપ્ર વેશે આવી ભિક્ષા માંગી, પ્રભુએ લાખ મુદ્રા આપી. શંકરે ફરી ભિક્ષા માંગી, પ્રભુએ તુલસીમાળા આપી. શંકરે ફરી ત્રીજીવાર ભીક્ષા માંગી, પછી શ્રીહરિએ પોતાની મૂર્તિ આપી રાજી કર્યા. શંકરે શ્રીહરિને વિનંતી કરી કે, હે પ્રભુ તમે અહિં વરણાં કાંઠે પંચગંગા નદી તટે અદૃશ્યરૂપે તીર્થ કરવા માટે વાસ કરો. શ્રીહરિ કહે, તથાસ્તું. તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન માગશર સુદ ચોથ અને પાંચમે બ્રહ્મપત્નીઓ સાથે દર વર્ષે પંચગંગામાં સ્નાન કરવા આવે છે. તેથી ત્યાં સ્નાન દાન કરનારાનો મોક્ષ થાય છે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, માગશર સુદ પાંચમે બપોર પછી જાનને વિદાય સમયે શિવેશ્વરે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી પ્રાર્થના કરી કે, હે પ્રભુ અમારાથી તમારી સેવામાં કાંઈ ન્યુન રહ્યું હોય ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો. એમ કહીને ગળગળા થઈ ગયા. શિવેશ્વરે ગોપાલકૃષ્ણને કહ્યું, આ મારી પુત્રી લક્ષ્મી, તમારી પુત્રી જાણજો. ભૂલચૂક માફ કરજો તથા સર્વેની ક્ષમા માંગી અને કુંકુમવાપી પહોંચી કુશળ સમાચાર લખજો. એમ કહીને એકબીજા પરસ્પર ભેટ્યા. પછી પાર્વતી વગેરે માતાએ પણ એજ રીતે માતા કંભરાલક્ષ્મીને સર્વે સ્ત્રીઓનું સન્માન પૂજન કરી ક્ષમા માગી અને કહ્યું મારી પુત્રી તમારી પુત્રી જાણજો. એમ કહી ક્ષમાયાચના કરી તથા જય, ચંદ્ર, ધેનુપાલ વગેરેએ પણ ક્ષમાયાચના કરી. કન્યાપક્ષના સર્વે રૂદ્ર શંકર, શેષ, મહાકાળ, સંકર્ષણ, યમ, યક્ષ, સ્કંદ, ગણેશ વગેરે પરસ્પર મળી, વિદાય સમયે વિમાનમાં બેસવા સર્વે કન્યાઓના માતા-પિતાને પગે લાગી, વિયોગના દુ:ખથી રોવા લાગી.

પાર્વતી કહે : પુત્રી, તારા વિના અમે કેમ જીવશું. પછી પ્રભુની સાથે સર્વે વિમાનમાં બેઠા. વિમાન આકાશમાં પશ્ચિમ દિશામાં ચાલ્યું. શિવેશ્વર કહે : પ્રભુ, લક્ષ્મી તમે લઈ ગયા, અમારો મોક્ષ કરજો. બાલકૃષ્ણ પ્રભુ કહે, એક વર્ષ પછી મારું સ્મરણ કરજો, તમને મોક્ષમાં લઈ જઈશ. મારી જન્મજયંતિ આશો વદ આઠમે સર્વને બોલાવીશ. સર્વે કુંકુમવાપી આવજો. એમ કહીને શ્રીહરિ વગેરે સર્વે વિમાનમાં આકાશ માર્ગે પ્રયાગ આવી ત્રિવેણીમાં સ્નાન કરી. સાંજે કુંકુમવાપી આવ્યા. અશ્વપટ સરોવર કાંઠે વિમાન ઉતાર્યું. વાજીંત્રો વાગવા લાગ્યા. જયજયકાર શબ્દો થવા લાગ્યા. શાવદીના મહાકાલીમાતા તથા ખેતરપાળ વગેરે મહાઆનંદ પામ્યા. દેવો, મુક્તો, તીર્થો પ્રજા સર્વે જયકાર બોલી શ્રીહરિને સર્વને વધાવ્યા. ગોપાલકૃષ્ણ,

કંભરાલક્ષ્મી, સંતુષ્ઠા, અમરીદેવી, લક્ષ્મી વગેરે સર્વે બ્રહ્મપત્નીઓ વિમાનમાંથી ઉતર્યા. અક્ષરબ્રહ્મે બ્રહ્મપત્નીઓ માટે નવા આવાસો નિર્માણ કર્યાં. તેમાં લક્ષ્મીએ તથા ચાર કરોડ ચાર લાખ પંચાવન હજાર છસ્સો બાવીશ બ્રહ્મપત્નીઓએ મંગલ પ્રવેશ કરી ગણેશપૂજન કર્યું. મંડપનું, દેવનું, ગુરુનું, બ્રાહ્મણોનું પૂજન કર્યું. પછી ગોપાલકૃષ્ણે સર્વે મહેમાનોને ભોજનપાન કરાવ્યા. પછી પ્રજાને કર્મચારી, દાસદાસીઓને સાધુ બ્રાહ્મણોને ભોજન કરાવી દાન, દક્ષિણાઓ ભેટ, પારિતોષિકો સૌને યથા યોગ્ય આપ્યા. પછી સર્વેએ રાત્રિએ વિશ્રામ કર્યો. સર્વે બ્રહ્મપત્નીઓને પરબ્રહ્મ પરમાત્માએ નિજાનંદ, મહાનંદ, સમાધિ, આનંદ આપ્યો. જે સુખ પાસે શરદ રાત્રિનું સુખ લવ જેટલું થતું હતું. પછી માગશર સુદ છઠને દિવસે શિવેશ્વરે - કાશીમાં સર્વે મહેમાનોને યથાયોગ્ય પારિતોષિકો આપ્યા અને પછી સર્વને વિદાય આપી. પછી શિવપુરમાં કૈલાશધામ વગેરે જે મહામંડપની રચના કરી હતી તે સર્વે અદૃશ્ય થઈ. સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતા સૌ પોતપોતાના સ્થાનમાં ગયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, કુંકુમવાપીમાં માગશર સુદ છઠને દિવસે મંગલગીત વાજીંત્ર સાથે સર્વે જાગી નિત્યકર્મ કરી. શ્રીહરિની સર્વે પત્નીઓએ પૂજા, મંત્ર સ્તોત્ર પાઠમાળા જપ કરી શ્રીહરિનું પૂજન કરી વૃધ્ધોને નમસ્કાર કર્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ સર્વે પત્નીઓને સર્વે મંત્રો આપ્યા. "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્‌ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીહરિઃ શરણં મમ" "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે, સ્વાહા" "બાલકૃષ્ણ પરબ્રહ્મ મમવૈ શાશ્વતઃ પતિ પીતાબંધુ સુહ્યન્મિત્ર રક્ષકઃ પાલકોસ્તુ સઃ" વગેરે શરણમંત્ર, રક્ષણ મંત્ર, બ્રહ્મમંત્ર, સમર્પણમંત્ર, આત્મનિવેદન મંત્ર તથા જ્ઞાનમંત્ર આપ્યા. પરબ્રહ્મની પત્નીઓ પણ પરબ્રહ્મ સ્વરૂપ જ છે. જે નરનારીઓ બાલકૃષ્ણ અને તેની પત્નીઓની ભક્તિ કરે છે. તે સર્વે નિર્ગુણ થાય છે અને મોક્ષને પામે છે. પછી માતા કંભરા પુત્રવધુઓને જોવા આવ્યા. લક્ષ્મી વગેરે સર્વે પ્રભુપત્નીઓ માતાને પગે લાગી. માતાએ અખંડ શાશ્વત સૌભાગ્યવતીના આશીર્વાદ આપ્યા. પછી ગોપાલકૃષ્ણે સર્વ મહેમાનોને દૂધપાક મીષ્ટાન્ન ભોજન કરાવ્યા. પછી શ્રીહરિ સર્વે પત્નીઓ સાથે વન, બગીચામાં ફરવા નીકળ્યા. ઉત્તર દિશામાં શાલવન, બીલ્વવન, પલાશવન, ચંદનવન, દેવદારૂવન, તુલસીવન, ચંદનવન વગેરે જોયા તથા પૂર્વે દિશામાં વૃંદાવન કર્ણિકા, આમ્રવન, કુંદવન, સ્થલપદ્મ, અશોકવન, કમલ, પારિજાત, કદંબના વનમાં ફર્યા. પછી દક્ષિણ દિશામાં લોમશ ઋષિ આશ્રમો જોયા તથા જંબીર, નાળિયેરના વનો જોયા. પશ્ચિમમાં કદળીવન, બદ્રીવન, બકુલ, જાંબુવન, સીતાફળ વન જોઈ સાંજે અશ્વપટસરોવર આવી સંધ્યા વંદન કર્મ કરી, સર્વે કુટુંબ સાથે ભોજન કર્યું.

તે સમયે સ્વર્ગની દ્યુનામે દેવીએ, બૃહસ્પતિના મુખેથી શ્રીહરિના કાશીમાં કરોડો કન્યા સાથે વિવાહ થયા એવું આશ્ચર્ય સાંભળીને, શ્રીહરિનું ઐશ્વર્ય બળયોગ જોવા કુંકુમવાપી આવી. દ્વારપાળ, છડીદારે પ્રભુની આજ્ઞાથી તે દેવીને દિવ્યમહેલમાં આવવા દીધી. તે દેવીએ પણ કરોડોરૂપ ધારણ કરીને સર્વે પત્નીઓના મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં લક્ષ્મી સાથે શ્રીહરિને હિંડોળામાં ઝુલતાં જોયા. માણિકીને ઘેર જગદીશને જમતા જોયા. પદ્મવર્ત ગૃહમાં ઢોલીયા પર બેઠેલા પ્રભુને જોયા. રમાને આવાસે દૂધ પીતા, રાધાને ઘેર શય્યામાં રહેલા, શ્રીને ત્યાં દ્યુત રમતા, કુંશલાને આંગણે જમતા, સરસ્વતિને ત્યાં ગાતા, ગંગાને મહેલે પગચંપી કરાવતાં. વિરજાને ત્યાં વિહાર કરતા. દુર્ગાગૃહે હસતા, શારદા મંદિરે માળા જપતા, કાશી રાજકન્યાઓ ત્યાં કૃષ્ણને શણગારતા, આજનાભિઓને ત્યાં ઐતિહાસિક વાર્તા કરતા. એકસો ત્રીશ અશનાદિ પત્નીઓ સાથે કલાવાર્તા કરતા, ઉષ્ટ્રાલ દેશની નારીઓને ત્યાં બાલકૃષ્ણને પંચામૃતથી સ્નાન કરાવતા. પ્રાચિન દેશની પત્નીઓને ત્યાં હરિને હસાવતા. રશિયા પ્રદેશની નારીઓને ત્યાં પ્રભુને રાજી કરતા. કિંપુરૂષ ખંડની સ્ત્રીઓ સાથે શ્રીહરિ સંગીતમગ્ન હતા. કેતુમાલ ખંડની સ્ત્રીઓ પ્રભુને રાજ પહેરવેશ ધારણ કરાવતી હતી. અમરી પ્રદેશની પત્નીઓ સાથે નારાયણને નૃત્ય કરતા જોયા. હારિતીની નારીઓથી વીંટાઈને પ્રભુને બેઠેલા જોયા. બ્રાહ્મિલ દેશની પત્નીઓ સાથે પૂજામાં બેઠેલા પ્રભુને જોયાં. અબ્રિકત દેશની સ્ત્રીઓ સાથે પ્રભુ તાલી વગાડી ગાતા હતા. પિતૃકન્યાઓ સાથે પ્રભુ શ્રાધ્ધક્રિયા કરતા જોયાં. પ્રભુને કોઈ ઠેકાણે નૃત્ય કરતાં, કોઈ ઠેકાણે પ્રેમભાવે સ્પર્શ કરતા, કોઈ ઠેકાણે યોગીની જેમ ધ્યાનમાં બેઠેલા, કોઈ ઠેકાણે નિંદ્રા કરતા, કોઈ ઠેકાણે શિક્ષા આપતા, કોઈ ઠેકાણે પત્નીઓનું મન પૂરવા પૂષ્પમાળા ગુંથતા હતા, કોઈ ઠેકાણે ગૃહ પ્રવેશ કરતાં, કોઈ ઠેકાણે અગ્નિથી તાપતા, કોઈ ઠેકાણે પત્ની સાથે વેશભૂષા કરતા, કોઈ ઠેકાણે દર્પણમાં મુખ દેખાડતા, કોઈ ઠેકાણે પત્નીને નેત્રમાં કાજલ આંજતા, કોઈ ઠેકાણે ભાલે પત્રી લગાવતા, કોઈ ઠેકાણે પગે રંગ ચોપડતા, કોઈ ઠેકાણે સ્નેહથી ભેટતા, કોઈ ઠેકાણે ભોજન કરાવતા, કોઈ ઠેકાણે મુખવાસ આપતા, કોઈ ઠેકાણે રાજાધિરાજપણે આસને બેઠેલા, કોઈ ઠેકાણે નેત્રની સાનથી પત્નીને બોલાવતા, કોઈ ઠેકાણે પત્ર લખતા, કોઈ ઠેકાણે ગૂઢ ચેષ્ટા કરતા. આવી રીતે અનેક પ્રકારની ક્રિયા, જુદી જુદી લીલાઓ, સર્વે પત્નીઓની સાથે કરતા. તે સ્વર્ગની દ્યુ દેવીએ શ્રીકૃષ્ણનારાયણને જોઈને દર્શન કરી અતિ આશ્ચર્ય પામી અને પ્રેમપૂર્વક પ્રભુની પૂજા પત્નીઓ સાથે કરી પછી લક્ષ્મી વગેરે પ્રભુપત્નીઓએ દ્યુ દેવીને ભોજન પાન કરાવી પુષ્પહાર પારિતોષિક આપી સત્કાર કર્યો. તે સ્વર્ગની દ્યુ દેવી સ્વર્ગમાં, સત્યલોકમાં, ઈશ્વરોના લોકમાં, ક્યાંય પણ સમૃધ્ધિ ન હોય તેવી સમૃદ્ધિ, ઐશ્વર્ય, સુવર્ણપાત્રો, હિરામણિ વગેરે અનેક સામગ્રી જોઈને મહાઆશ્ચર્ય પામી. પછી તે સ્વર્ગની દ્યુ દેવીને શ્રીહરિમાં અતિ પ્રીતિ થવાથી પ્રભુએ તેનો સંકલ્પ પૂર્ણ કર્યો.

શ્રીકૃષ્ણ કહે : રાધા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન બ્રહ્મમુહૂર્તમાં મંગલસ્તૂતીથી જાગી નિત્ય વિધિ કરી સર્વે પત્નીઓને કહ્યું, તમે સર્વે મારાયોગથી દિવ્ય થયા છો. સર્વે માયાના ભાવથી રહિત થઈને મારું ધ્યાન કરો. શ્રીહરિની આજ્ઞાથી સર્વ બ્રહ્મપ્રિયાઓ ધ્યાનમાં બેઠી. ત્યાં પોતાના હૃદયમાં સમાધિમાં અતિશય તેજમાં સ્વામિનાથ શ્રીહરિના દર્શન કર્યાં. તે શ્રીહરિ સાથે વિમાનમાં બેસી સમાધિમાં સ્વર્ગલોકમાં સર્વ દેવોસ્થાન જોઈને પુણ્યશાળીના પિતૃલોકમાં ગયા. ત્યાંથી સ્વામિ સાથે સત્યલોકમાં ગયા, ત્યાંના નિવાસીઓએ સત્કાર કર્યો. ત્યાંથી પૃથ્વી અને જળનું આવરણ ભેદી તેજના આવરણમાં રહેતા વૈકુંઠધામમાં ગયા, ત્યાં સીતારામ આદિ કે પ્રભુપત્નીઓનું સ્વાગત કર્યું. શ્રીરામાદિત્યે પરમાત્માનું સ્વાગત કર્યું. ત્યાંથી વાયુ, આકાશ, અહંકાર, મહત્વના આવરણની ઉપર વૈરાટ નારાયણના ધામમાં ગયા, ત્યાં વૈરાટનારાયણે કૃષ્ણનારાયણની પૂજા કરી, વૈરાટ પત્નીઓએ પ્રભુપત્નીઓની પૂજા કરી. ત્યાંથી આગળ મહાવિષ્ણુના લોકમાં ગયા, જ્યાં ગોપાલકૃષ્ણ અને કંભરાલક્ષ્મી બિરાજે છે, ત્યાં માતા-પિતાની પૂજા કરી આશીર્વાદ લઈ, શ્રીહરિ સાથે વિમાનમાં બેસી ભૂમાપુરૂષના લોકમાં આવ્યા. ભૂમાપુરુષે શ્રીહરિની તથા સર્વની પૂજા કરી. ત્યાંથી વાસુદેવનારાયણના અમૃતધામમાં આવ્યા, ત્યાં વાસુદેવ નારાયણની પત્નીઓએ સર્વેનો સત્કાર કર્યો. વાસુદેવનારાયણ શ્રીહરિને સર્વેને અમૃતભોજન કરાવ્યા અને પૂજા કરી. ત્યાંથી આગળ શ્રીહરિએ સર્વે અવતારોના ધામના દર્શન કરાવીને પોતાના અક્ષર-પરમધામનું દર્શન કરાવ્યું. ત્યાં રહેલા બ્રહ્મધરામાં સ્નાન કરાવીને સર્વે પત્નીઓને પોતાની મૂર્તિમાં લીન કરવાથી તે સર્વે બ્રહ્મપ્રિયાઓ દિવ્ય સારૂપ્ય સર્વે આવરણથી રહિત પરબ્રહ્મ પુરૂષોત્તમરૂપે થઈ ગઈ. રૂપગુણધર્મ સ્વભાવ ઐશ્વર્યથી સર્વે શ્રીહરિ સમાન થઈ ગઈ. કુંકુમવાપીમાં રહેલા તેના શરીરો પણ માયિક ભાવથી રહિત થયા. એકરસ આનંદવાળા જ્ઞાનવાળા અક્ષર બ્રહ્મરૂપે તેજોમય બ્રાહ્મિ સ્થિતિને પામેલા અનંત મુક્તાનિઓથી સેવાયેલા શ્રીકૃષ્ણનારાયણને જોયા. શ્રીહરિએ પોતાના જેવા ઐશ્વર્યવાળા નિત્યાનંદવાળા મુક્તો-મુક્તાનિના કરોડો મંડલોના દર્શન કરાવ્યા. વિચિત્ર બગીચાઓ, વિચિત્ર મંદિરો - આવાસો, સંપત્તિ દિવ્ય કલ્પમણિ કૌસ્તુભમણિઓ બતાવ્યા. પ્રભુ પોતાની મૂર્તિમાંથી નીકળતા કિરણો ચારેકોર રહેલા મુક્ત મંડલોને સુખ તૃપ્તિ અને આનંદ આપતા હતા, રતિ, પ્રીતિ, હર્ષ અને સંકલ્પ પૂર્ણ કરતા હતા. ત્યાં સેવા કરવા યોગ્ય અનેક પ્રકારની વિહારશાલા અનાદિશ્રીકૃષ્ણનારાયણથી વ્યાપ્ત હતી. ત્યાં સર્વે બ્રહ્મપ્રિયાઓને પરબ્રહ્મનું આનંદમય ભોજન કરાવીને રહસ્યમુક્તો, અનાદિમુક્તો, મહામુક્તો, મુક્તો, મુકતાનીઓની પૂજા અંગીકાર કરી, શ્રીહરિ અક્ષર-પરમધામથી ગોલોકધામ આવ્યા. શ્રીકૃષ્ણએ પુરુષોત્તમનું સ્વાગત કર્યું. રાધા આદીએ બ્રહ્મ પત્નીનું સન્માન કરી દૂધપાક ભોજન કરાવી શણગાર અર્પણ કર્યા, ત્યાંથી શ્રીહરિ વૈકુંઠ ધામમાં આવ્યા. ત્યાં કમલા, ભાર્ગવી, વિકુંઠા, લક્ષ્મીનારાયણે શ્રીહરિની પૂજા સ્તૂતિ કરી.

ત્યાંથી શ્રીહરિ સદા શિવના કૈલાસધામમાં આવ્યા. ત્યાં પાર્વતી, દુર્ગા વગેરે દેવીઓ તથા ગણોએ શ્રીહરિનું પૂજન કર્યું. ત્યાંથી શ્રીહરિ સર્વે પત્નીઓ સાથે મહામાયાનું ધામ, પ્રકૃતિ પુરૂષના લોકમાં આવ્યા. ત્યાં માયિક કન્યાઓએ માયિક વસ્તુથી બ્રહ્મપ્રિયાનું પૂજન કર્યું. સર્વને ભોજન પાન, વસ્ત્ર, આભૂષણો ભેટ આપ્યા. મહામાયાએ શ્રીહરિની સેવા કરી. તે મહામાયા સર્વેશ્વરી, રાજરાજેશ્વરી હતી. ત્યાંથી શ્રીહરિ વિષ્ણુના ધામમાં આવ્યા. ત્યાં સર્વેને ભોજન કરાવી આરતી, પૂજન કર્યું. ત્યાંથી શ્રીહરિ સો, હજાર, લાખ, કરોડ, મસ્તકવાળા વિષ્ણુના લોકમાં તથા અબ્જો નેત્રોવાળા શંભુના લોકમાં તથા પરાર્ધમુખવાળા, બ્રહ્માના લોકમાં આવ્યા અને એટલા જ મુખવાળા બતાવ્યા. તે સર્વેએ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી. પછી શ્રીહરિએ સૂર્ય-ચંદ્રના લોક બતાવ્યા. ત્યાંથી ધર્મરાજાની યમપૂરી બતાવી. તેમાં બ્રહ્મપ્રિયાઓને જોવાનું મન ન થયું. તેથી શ્રીહરિ ત્યાંથી સર્વેને કુંકુમવાપી ક્ષેત્રમાં લાવ્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, દિવ્ય પરમધામની સમાધીમાંથી સર્વે બ્રહ્મપ્રિયાઓ જાગીને જોયું તો પોતાના શરીરો પણ દિવ્યપણાને પામ્યા હતા. આવરણરહિત, માયાના ગુણ ભૂખતરસથી રહિત, દિવ્ય વેષભૂષાવાળા, મહાઆનંદવાળા, સમર્થ બાલકૃષ્ણ જેવા થઈ ગયા. એ રીતે સર્વ પ્રભુપત્નીઓ દિવ્ય પતિને પામીને દિવ્ય થઈ, વધુ મટીને મુક્ત સ્થિતિને પામી ગઈ. પછી તેઓને પૃથ્વી જળનું આવરણ રહેતું નહી. નદી, સમુદ્ર, વૃષ્ટિ, હિમ તેઓનો પરાભવ કરી શકતા નહીં. તેઓ વડવાનળ, વીજળી, સૂર્ય, ચંદ્રના લોકમાં જવા સમર્થ થયા. તે બ્રહ્મપત્નીઓને નિદ્રા, આળસ પરાભવ કરતા નહીં, તેના શરીરમાં રોગ રહેવા સમર્થ ન થતા. દૂરશ્રવણ, દૂરદર્શન, દૂરઆલાપ, મનનું જાણવું, સુક્ષ્મ થવું, વિશાળ થવું, સર્વ સંકલ્પ પૂર્ણ કરવા, સર્વને વશ કરવા, કરોડો સ્વરૂપો ધારણ કરવા, બ્રહ્માંડમાં ફરવું વગેરે અનેક સિધ્ધિઓ બાલકૃષ્ણની કૃપાથી પ્રાપ્ત થઈ. એ રીતે સર્વે બ્રહ્મપ્રિયાઓ માયાના ભાવથી રહિત થઈને શ્રીહરિની સેવા કરતી હતી. પછી પિતા ગોપાલકૃષ્ણ તથા માતા કંભરાલક્ષ્મી વગેરે કુટુંબીજનોએ સર્વે મહેમાનોને મિષ્ટાન્ન-ભોજન કરાવી અતિ પ્રસન્ન કર્યા. સર્વે મહેમાનોએ વિદાય સમયે કહ્યું કે, હવે અમને તમારા દર્શન તથા બાલકૃષ્ણના દર્શન ક્યારે થશે ? માતા-પિતા કહે, ફરીથી પણ તમને ભગવાનનો યોગ થશે. પછી ગોપાલકૃષ્ણે સર્વે કર્મચારી દાસદાસીઓને ધનપારિતોષિકો આપી રાજી કર્યા. સર્વને યથા યોગ્યદાન ભેટ, વસ્ત્ર, અલંકારો વગેરે આપ્યા. સર્વે મહેમાનો પોતાના સ્થાને જવા તૈયાર થયા અને બોલવા લાગ્યા કે, ગોપાલકૃષ્ણ તમારું સ્વસ્તિ થાવ, કન્યાઓનું સ્વસ્તિ થાવ, સર્વનું કુશલ થાવ. એમ કહેતા પરસ્પર ભેટીને વિમાનમાં બેસી, સર્વે અવતારો વ્યુહો, ઈશ્વરો, દેવો, પિતૃઓ, સિધ્ધો, મહર્ષિઓ, માનવો, સર્વે બ્રહ્માંડ વાસીઓ સ્વસ્થાનમાં ગયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા, સર્વે કન્યાઓના માતા-પિતાએ અતિ વિરહથી શ્રીહરિને કહ્યું, કન્યાને અમારી સાથે મોકલો. એક માસ પછી કન્યાને મોકલી દેશું. દયાળું શ્રીહરિએ સર્વ પત્નીઓને માતા-પિતા સાથે જવાની આજ્ઞા આપી. સર્વપત્નીઓ પતિની પૂજા કરી વિમાનમાં બેસી પોતાના દેશમાં જતી હતી. તે સમયે ઋતુઓ, ધર્મદેવ, નર, પૃથ્વી, મુક્ત, પીઠિકા, સુદર્શનચક્ર, માણેક સ્તંભ અને ગણેશ આ નવ પ્રભુ પત્નીઓના દર્શને આવ્યા. સર્વેને આશીર્વાદ આપ્યા. અશ્વપટ સરોવરકાંઠે સર્વે બ્રહ્મપ્રિયાઓએ શ્રીહરિ અને લોમશ ઋષિ ઉપર પુષ્પવૃષ્ટિ કરી પ્રણામ કર્યા. બ્રહ્મપ્રિયાઓને શ્રીહરિનો વિયોગ સહન ન થવાથી બાલકૃષ્ણપ્રભુ અદૃશ્યરૂપે તેમની સાથે ગયા. એક ક્ષણમાં કુંકુમવાપી શૂન્ય જેવી થઈ ગઈ. શ્રીહરિની આજ્ઞાથી મુક્તરૂપ મહામંડપ અદૃશ્ય થયો. પછી કાશીના શિવેશ્વરની પુત્રી લક્ષ્મી હજારો દાસીઓ હોવા છતાં શ્રીહરિની સર્વ સેવા મન, વચન, કર્મથી જાતે જ કરતા. દંતધાવન, અંગમર્દન, સ્નાન, વસ્ત્ર, આભૂષણો ધરાવવા કેશમાર્જન, ભોજન, પાન, મુખવાસ, વસ્ત્ર ધોવા, શય્યા વગેરે સર્વે સેવા લક્ષ્મી પ્રેમભાવથી કરતા. તો પણ બાલકૃષ્ણ સર્વ પ્રત્યે સમાન ભાવ રાખતા. એમ કરતાં પુષ્પ દોલોત્સવ આવ્યો. પછી ચાતુર્માસના ઉત્સવો કર્યા.

ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આસો વદી આઠમનો જન્મજયંતિનો મહામહોત્સવ આવ્યો. બ્રહ્મપત્નીઓ સર્વે પિતૃગૃહથી પ્રભુ શ્રીહરિ પાસે આવી ગઈ. સોળમાં જન્મોત્સવમાં રાજાઓ મહેમાનો સર્વકન્યાઓના માતાપિતા સર્વ સૃષ્ટિનિવાસી આવ્યા. આઠમને સવારે શ્રીહરિને મંગલસ્નાન કરાવી, વેષભૂષા, શણગાર કર્યો. પછી સર્વે સભામાં બેઠા. લોમશ ઋષિએ પૂજા, સ્તૂતિ કરી, આશીર્વાદ આપ્યા. પછી સર્વે રાજાઓએ શ્રીહરિની પૂજા કરી. રાજાધિરાજરૂપે શોભતા પરમેશ્વર સર્વને દાન આપતા હતા. હાથી, અશ્વો, ગાયો, ભેંસો, બળદ, ઊંટ, વાહન, ખેતરવાડી, ધન, સુવર્ણ વગેરેના દાન આપતા હતા. ગીતો ગવાતા હતાં. વાજીંત્રો વાગતા હતા. પછી મધ્યાહને સર્વને ભોજનપાન કરાવ્યા. અતિથિઓને અન્ન, વસ્ત્ર, દાન, આપ્યા. રાત્રે ઉત્સવ, કિર્તનો, સંગીત, રાસ, નૃત્ય, નાટ્ય, કવિના કાવ્યો, સાધુના ઉપદેશો વગેરે ઉત્સવો થયા. તે ઉત્સવમાં કાશીથી શિવેશ્વર તથા ધેનુપાલ આવ્યા હતા. જન્મોત્સવ પૂર્ણ થયા પછી શ્રીહરિ પાસે રોકાયા. તેમણે પ્રભુને પ્રશ્ન પૂછ્યો કે, મોક્ષનું સાધન શું ? શ્રીહરિ કહે, જે સંતો માયાના ભાવથી રહિત છે, તેના સમાગમથી - સેવાથી જીવાત્માનો મોક્ષ થાય છે. મારી સતત ભક્તિ ઉપાસના કરનારા મોક્ષને મેળવે છે. કાળ, કર્મ, ધર્મ, માયા, જ્ઞાન સર્વે મારી શક્તિઓ છે. એમ મને જાણીને મારો આશ્રય કરે છે તે માયામાંથી મુકાય છે. શરીરથી વાણીથી મનથી વસ્તુઓથી મને પૂજે છે તે માયામાંથી મુકાય છે. મારો સ્પર્શ, મારો રસ, મારા કિર્તન, મને જુવે, મને સુંઘે, મને સાંભળે, મારી પાસે આવે, સેવા કરે, મને ચિંતવે, મારું ધ્યાન કરે, મારો આનંદ લ્યે, મને આત્મામાં ધારે મને ભેટી મને પ્રત્યક્ષને સર્વસ્વ અર્પણ કરે. આ રીતે મારા સર્વયોગથી જીવાત્માં મોક્ષમાં જાય

છે. રમવું-ફરવું, આહાર-વિહાર, જાગવું-સૂવું, પ્રવૃત્તિ-નિવૃત્તિ, નૃત્ય સર્વે મારામય કરવાથી જીવાત્મા મોક્ષને મેળવે છે. શ્રીહરિનો દિવ્ય ઉપદેશ સાંભળી શિવેશ્વર ધેનુપાલ, જય, ચંદ્ર વગેરે શ્રીહરિની મૂર્તિમાં ધ્યાન પરાયણ થયા.

શ્રીકૃષ્ણ કહે : રાધા - શિવેશ્વર, ધેનુપાલ, જય, ચંદ્ર, આ ચાર શ્રીહરિનું ધ્યાન કરતા દિવ્યપણાને પામી ગયા. તરત શ્રીહરિ વિમાન લઈને આવ્યા. એના એજ દિવ્યદેહે વિમાનમાં બેસાડીને શિવેશ્વરને કૈલાશમાં અને ધેનુપાલ, જય, ચંદ્ર આ ત્રણને વૈકુંઠ ધામમાં લઈ ગયા. અને લક્ષ્મીના શાપથી મુક્ત કર્યા. તે સમયે આકાશમાં દેવોના દુદુંભીઓ વાગવા લાગ્યા. તે જોઈને અને સાંભળીને સર્વેજનો આશ્ચર્ય પામ્યા. પછી શ્રીહરિએ તથા લક્ષ્મીએ ઉત્તર ક્રિયા, દાન વિધિ, શ્રાધ્ધ વગેરે કર્યાં. ગાયોને ઘાસ, બ્રાહ્મણોને ભોજન કરાવી, દાન આપ્યા. પછી શ્રીહરિ સર્વે પત્નીઓ સાથે ભોજન કર્યા.

શ્રીકૃષ્ણ કહે : રાધા - આ અનાદિશ્રીકૃષ્ણનારાયણની આ સોળ વર્ષની લીલાઓ શાંતિ અને મુક્તિ આપનારી છે. આ લક્ષ્મીનારાયણ સંહિતાના શ્રાવણથી, અક્ષયફળ, બ્રહ્મપૂજાફળ થાય છે. આ પુરૂષોત્તમનો યોગ સર્વે અવતારોનો યોગ, સર્વજ્ઞાનનો યોગ, સર્વ સૌભાગ્ય આપનારો યોગ છે, ત્રેતા સંતાન નામે આ લક્ષ્મીનારાયણ સંહિતાનું શ્રવણ, સર્વવૃત, દાનયજ્ઞ, પુણ્ય, કર્મ, તપદીક્ષા, ત્યાગ, ધર્મ અને સંન્યાસ ધર્મ, સર્વનું ફળ આપનારું છે.

લક્ષ્મીનારાયણ સંહિતા મારું હૃદય છે. સર્વે પ્રતિષ્ઠાના ફળને આપનારી, સર્વે સેવાના ફળને આપનારી, સર્વે વિદ્યાના ફળને આપનારી, પતિવ્રતા સતીધર્મના ફળને આપનારી, સર્વે વાસનાનો નાશ કરનારી, સર્વે ભોગ-સમૃધ્ધિ આપનારી, લક્ષ્મીનારાયણ સંહિતાની કથા છે. જેનું શ્રવણ કરવાથી પાપ બળે છે, પુણ્ય મળે છે, નિષ્કામ કર્મ વધે છે. આ લક્ષ્મીનારાયણ સંહિતા ઘરમાં વસાવવાથી કાળ માયાનો નાશ થાય છે. તેના શ્રવણથી શ્રીહરિ સ્વયં આત્મામાં વાસ કરે છે, મનુષ્ય લક્ષ્મી અને બ્રહ્મ શક્તિવાળો થાય છે અને પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરે છે. લક્ષ્મીનાસંહિતાની કથા, પારાયણ, પુરશ્ચરણ કરાવવાથી અસદ્‌ગતીમાં ગયેલાનો તથા ભૂતાદિનો મોક્ષ થાય છે. દુઃખ દારિદ્ર નાશ પામે છે, ધન, સંપત્તિ અને વંશવૃધ્ધિ થાય છે. લક્ષ્મીનારાયણ સંહિતાનો આ એક ભાગ કોઈ ભણશે, કોઈ પૂજા કરશે, કથા કરશે, ત્યાં કૃષ્ણનારાયણ, બ્રહ્મપ્રિયાઓ, મુક્તમંડળ, હું કૃષ્ણ, સર્વે નારાયણો અને ઈશ્વરો વાસ કરશે. આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચનારાની નરનારીઓએ વસ્ત્ર આભૂષણોથી પૂજા કરીને યથાશક્તિ દાન આપવા, તેથી માયા નાશ પામશે. શ્રીકૃષ્ણ કહે : રાધા, આ લક્ષ્મીનારાયણ સંહિતાના ત્રેતા સંતાનના શ્રવણથી નારી રાધાના પદને પામશે અને પુરૂષ શ્રીકૃષ્ણના પદને પામશે.

શ્રીકૃષ્ણ કહે : રાધા, આ ત્રેતા સંતાનનાં બીજા ભાગમાં રાજાની, યજ્ઞોની, ભક્તોની સ્ત્રીઓની તીર્થોની કથા છે તે મોક્ષ આપનારી છે. આ કથા ભણવાથી વાંચવાથી સાંભળવાથી સ્મરણ કરવાથી ઘરમાં રાખવાથી ભુક્તિ અને મુક્તિ આપનારી છે. પરબ્રહ્મ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમારા સર્વનું મંગલ કલ્યાણ કરો. આ લક્ષ્મીનારાયણ સંહિતા કથા વાંચનાર વક્તા વ્યાસ શ્રીકૃષ્ણવલ્લભસ્વામિનું સ્વરૂપ છે. એમ માની તેમની પૂજા કરવી અને કથા સાંભળનારા શ્રોતાઓએ દિવ્યબુધ્ધિથી ભક્તિપૂર્વક સુવર્ણ, રત્ન,હીરા, મોતી, હાથી, અશ્વ, ગાયો, વિમાન, વાહન, મહેલ, વાડી વગેરેના દાન આપવા. દાન આપનારો ધનસંપત્તિ પત્નીપુત્ર રાજય વગેરેમાં સર્વ સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. સર્વે વિદ્યાઓથી ભરેલું, બ્રહ્મ પ્રાપ્તિ કરાવનારૂં, આ ત્રેતા સંતાન વિજય પામે છે. આ લક્ષ્મીનારાયણ સંહિતાના શ્રવણથી સર્વ દુઃખનો નાશ થાય છે. સર્વ પ્રકારની સિધ્ધિ અને શાંતિ આપે છે. આ કથા શ્રવણથી વિદ્યાદાન, ભૂમીદાન, કન્યાદાન, સુવર્ણદાનનું ફળ મળે છે તથા મોક્ષદાન-અભયદાનનું ફળ મળે છે. કંભરા ગોપાલબાલ સર્વના સ્વામી, સતીના ઈશ્વર, સંતના રૂપમાં રહેલા પરમાત્મા જય પામે છે. આ લક્ષ્મીનારાયણ સંહિતાના ત્રેતા સંતાન માટે બીજા ભાગના અધ્યાય (૩૦૦) ત્રણસો છે. શ્લોક (૩૨૨૫૪) બત્રીસ હજાર બસ્સો ચોપન છે. તે સર્વે પરબ્રહ્મમાં અર્પણ કર્યા છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના દ્વિતીય ભાગ - ત્રેતાયુગ સંતાન - સંક્ષિપ્ત ગુજરાતી પૂર્ણ.

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય.
શ્રીશ્વેતાયન વ્યાસ મહાપ્રભુની જય. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.
શ્રીકંભરાગોપાલ બાલની જય. શ્રીબાલકૃષ્ણ લાલજી મહારાજની જય.
શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય. શ્રીહરિ શરણાગતિ મંડળની જય.
શ્રીવિઘ્નવિનાયકદેવની જય. શ્રીકષ્ટભંજનદેવની જય.
શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની જય.



શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - દ્વાપરયુગ સંતાન - ભાગ-૩ - સંક્ષિપ્ત ગુજરાતી

અધ્યાય - ૧ થી ૩૮

❖ બ્રહ્માના એકાવનમાં વારાહકલ્પમાં તેમજ બ્રહ્માના ત્રેપન વર્ષોમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુના અવતારોનું વારંવાર પ્રાગટ્ય ❖

શ્રીનારાયણી બોલ્યા : ધ્વજ, ધનુષ્ય, ચક્ર આદી ચિહ્નો ધારણ કરનારા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમોને કોટી કોટી નમસ્કાર. કરોડો અબજો બ્રહ્મપ્રિયાના સ્વામિને તમને નમો નમઃ. હે પ્રભુ તમને ભજીને નર-નારીઓ પરમધામમાં જાય છે તેમજ ગોલોકમાં, વૈકુંઠમાં, શ્વેતદ્વિપમાં, અમૃતધામમાં વગેરે ધામોને પામે છે. તમને ભજીને પ્રકૃતિપુરુષ, પ્રધાનપુરુષ, મહાવિષ્ણુ, વૈરાટનારાયણ, બ્રહ્માદિ દેવતાઓ અનેક પ્રકારની મોટાઈ પામે છે. માટે તમારાથી સૃષ્ટિકાળ ગણતરી જાણવા ઈચ્છુ છું.

પુરુષોત્તમ નારાયણ કહેવા લાગ્યા : હે નારાયણીશ્રી સાંભળો, અક્ષરધામમાં અનંત બ્રહ્મસૃષ્ટિઓ રહી છે. જ્યારે ઈશ્વરસૃષ્ટિ તથા જીવસૃષ્ટિ ન હતી ત્યારે મારી છાયારૂપે રહેલી માયાને તથા મહાકાળરૂપે રહેલા મારા સંકલ્પને મેં ઈચ્છાથી પ્રેરણા કરી તે પ્રકૃતિપુરુષ થયા. તેના પ્રધાનપુરુષ યુગલ થયા. તેના કરોડો મહાવિષ્ણુ થયા. તેના અનંત વૈરાટો ઈશ્વરો થયા. તેના બ્રહ્માદિક દેવો થયા. તેનાથી ઈન્દ્રાદિક દેવો થયા. તેનાથી મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષવેલી વગેરે થયા. તેમજ સ્વર્ગ, મૃત્યુ, પાતાલ, ત્રિલોકીના દેવ થયા. બ્રહ્માના સો વર્ષ થાય ત્યારે વૈરાટનો એક દિવસ થાય. વૈરાટના સો વર્ષ થાય ત્યારે મહાવિષ્ણુનો એક દિવસ થાય. મહાવિષ્ણુના સો વર્ષ થાય ત્યારે પ્રધાનપુરુષનો એક દિવસ થાય. પ્રધાનપુરુષના સો વર્ષ થાય ત્યારે પ્રકૃતિપુરુષનો એક દિવસ થાય. પ્રકૃતિપુરુષના સો વર્ષ થાય ત્યારે વૈકુંઠનો એક દિવસ થાય. એવા વૈકુંઠ ગોલોકનો લય થાય ત્યારે પરમધામના પતિ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના આંખનો એક પલકારો થાય ત્યારે પ્રકૃતિપુરુષની અરધી આવરદા થાય. હાલમાં આ બ્રહ્માંડમાં વૈરાટ બ્રહ્માનું પ૩મું વર્ષ ચાલે છે. તેમાં અવતારી પુરુષોત્તમ એવો હું મારો પ૩મો અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામનો અવતાર છે. મારા નાના-મોટા અવતારની ગણતરી કરવા કોઈ શક્તિમાન છે જ નહીં. તેને હું જાણું છું. મારી ઈચ્છાથી મારા એક જ કિરણમાં અનંત સૃષ્ટિઓ થાય છે.

દ્વાપર યુગના દ્વિતીય અધ્યાયમાં વૈરાટ બ્રહ્માના બાવન વર્ષના નામ, ૧૪ મનુના નામ તથા ૪૪ કલ્પના નામોનો ઉલ્લેખ છે.

હે નારાયણી, હવે હું વૈરાટ બ્રહ્મના એક વર્ષમાં મારો એક અવતાર થયો તે તમને કહું છું.

બ્રહ્માના પ્રથમ વર્ષે - રોહીણ અંડોદર નામનો અસુર આખા બ્રહ્માંડને ગળી ગયો. તેનો નાશ કરવા માં અનાદિશ્રીદ્યુનારાયણ અવતાર ધારણ કરીને અસુરનો નાશ કરી સ્વર્ગની રક્ષા કરી.

બ્રહ્માના બીજે વર્ષે - મેરુ પર્વત પોતાના ભારથી નીચે રસાતાળમાં જવા માંડ્યો. તેને ધારણ કરવાને માટે મે અનાદિશ્રીમેરુનારાયણ અવતાર ધારણ કર્યો હતો.

બ્રહ્માના ત્રીજે વર્ષે - સૂર્યના અતિ તાપથી તપતા ત્રિલોકને તથા સૂર્યને શાંત કરવા માં અનાદિશ્રીવિષ્ણુનારાયણ અવતાર ધારણ કર્યો હતો.

બ્રહ્માના ચોથે વર્ષે - ચંદ્રને વિઘ્ન કરતો ધુમ્ર અસુર તેનો નાશ કરવા માં અનાદિ શ્રીદેવનારાયણ અવતાર ધારણ કરી અસુરનો નાશ કરી ચંદ્રની રક્ષા કરી.

બ્રહ્માના પાંચમાં વર્ષે - યજ્ઞની સામગ્રી વિષ્યાન્ન વગેરેનું રક્ષણ કરવા માં અનાદિશ્રીયજ્ઞનારાયણ અવતાર ધારણ કર્યો હતો.

બ્રહ્માના છઠ્ઠા વર્ષે - રૂદ્રની તમોગુણી સૃષ્ટિનું શાસન કરવા માં અનાદિશ્રીબ્રહ્મનારાયણ અવતાર ધારણ કર્યો હતો.

બ્રહ્માનાં સાતમાં વર્ષે - દેવતાઓના શાસન માટે માં અનાદિશ્રીઆદિત્યનારાયણ અવતાર ધારણ કર્યો હતો.

બ્રહ્માના આઠમાં વર્ષે - પૃથ્વી પર સર્પો વધી જવાથી માં અનાદિશ્રીગરુત્મનારાયણ અવતાર ધારણ કર્યો હતો. તે વખતે તું લક્ષ્મી શેષ પુત્રી આનંતિ નામની હતી તે શેષે મને આપી.

બ્રહ્માના નવમાં વર્ષે - ચલદેવના વંશમાં ધ્રુવની અચળતા માટે માં અનાદિશ્રીઆર્ષનારાયણ અવતાર ધારણ કર્યો હતો. ત્યારે તું આર્ય પદ્મનાભે હતી.

બ્રહ્માના દશમાં વર્ષે - ધ્રુવપુત્ર ધ્રુર્વનંદ તપ કરી દાન કરી યજ્ઞ કરી રુદ્રનું વરદાન મેળવી અપરાભવ થયો. તેણે અત્યાચાર આદર્યો. તેના પરાભવ માટે તેનું શાસન કરવા માં અનાદિશ્રીપ્રાજ્ઞનારાયણ અવતાર ધારણ કરી થુરાનંદનું શાસન કર્યું. અને તેની પુત્રી તું લક્ષ્મી તારો સ્વયંવર થયો. તેમાં હું તને (જ્યોત્સના કુમારી)ને પરણ્યો હતો. તેથી ધ્રુર્વનંદ દૈત્ય દાનવ અસુરનો પક્ષ લઈ લડવા આવ્યો. ત્યારે સુદર્શન ચક્રથી શ્રીહરિએ તે સર્વનો નાશ કરી ધ્રુર્વનંદનો મોક્ષ કર્યો. ત્રિલોકીનું રાજ્ય દેવતાઓને આપ્યું.

બ્રહ્માના અગિયારમાં વર્ષે - નૈષ્ઠિક સાધુ બ્રહ્મચારીના ધર્મસ્થાપન માટે મેં અનાદિશ્રીવીરનારાયણ અવતાર ધારણ કર્યો હતો. ત્યારે તું શાર્દુલિકાશ્રી નામે હતી.

બ્રહ્માના બારમાં વર્ષે - શોણભદ્ર વણિક ધર્મવાળો મારી ભક્તિ કરનારો તેણે યજ્ઞ કર્યો. તેમાં હજારો સંતો વિપ્રોને જમાડ્યા. અકસ્માતે યજ્ઞકુંડમાંથી અગ્નિ મંડપમાં ચારેકોર વ્યાપી ગયો. તેમાં પંચાવન હજાર માણસો મરી ગયા. વણિકે પ્રાર્થના કરી ત્યારે મેં અનાદિ શ્રી ભદ્રનારાયણ અવતાર ધારણ કરી બળેલાઓનો ઉદ્ધાર કર્યો. ત્યારે તું તે વૈશ્યપુત્રી, સુભદ્રાશ્રી નામે હતી.

બ્રહ્માના તેરમાં વર્ષે - તુંગભદ્રાસન યોગી ધર્મકર્મ પરાયણ અતિધ્યાન પરાયણ હોવાથી તેમજ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ભક્ત હોવાથી સર્વ તેને સિદ્ધિઓ પ્રાપ્ત કરી. આકાશમાં ગ્રહ, નક્ષત્રો અને સૂર્યની ગતિ અટકાવીને પોતાના આશ્રમ, જંગલ સર્વે પૃથ્વીમાં અંધકાર કરી દીધો. તેથી સર્વ દેવોએ સર્વે પુરુષોત્તમ નારાયણને પ્રાર્થના કરી. હે પ્રભુ, અંધકારમાં ભૂત, પ્રેત, પિશાચો, દૈત્યો, રાક્ષસો વગેરેનું બળ, વૃદ્ધિ પામશે માટે રક્ષણ કરો. ત્યારે હું દેવતાઓની પ્રાર્થના સાંભળીને અનાદિશ્રીહરિનારાયણ અવતાર ધારણ કરી દેવોને સાથે લઈ તુંગભદ્રાસન યોગીના આશ્રમે ગયા. તે યોગીએ મારું પૂજન, વંદન કરી સ્તુતિ કરી, પ્રાર્થના કરી. હે પ્રભુ, મારી પુત્રી સર્વભદ્રા (લક્ષ્મી)ને ગ્રહણ કરો અને મારા ઘરજમાઈ રહો. પ્રભુએ પ્રાર્થના સ્વીકારી લગ્ન કર્યા અને ત્યાં રહ્યા. પછી તે યોગીએ ગ્રહ નક્ષત્રો સૂર્યની ગતિ શરૂ કરી.

બ્રહ્માના ચૌદમાં વર્ષે - બ્રહ્માના સાથળમાંથી થયેલો કોશસ્તેન નામનો રાક્ષસ તેણે પૃથ્વીની સર્વે ચીજો નષ્ટ કરી. તેનો નાશ કરવા મેં અનાદિશ્રીબિજનારાયણ અવતાર ધારણ કરી તે રાક્ષસનો નાશ કર્યો અને સ્વર્ગની રક્ષા કરી. ત્યારે તું સ્વતંત્ર શ્રી નામે મારા શરીરમાં વાસ કરનારી હતી.

બ્રહ્માના પંદરમાં વર્ષે - ધર્મવ્રત વિપ્ર અતિ જપ, તપ, ધ્યાનભક્તિ પરાયણ રહેતો. આત્મનિવેદી, બ્રહ્મનિષ્ઠ તો વિપ્રના એકસો દશ પુત્રો મોક્ષમાં ગયા પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરી. હે પ્રભુએ એક પુત્ર દિર્ઘજીવી આપો. પ્રભુ પ્રસન્ન થઈ દર્શન દઈને કહ્યું, એક દીર્ઘજીવી પુત્ર આપ્યા પછી હું તમારે ત્યાં તમારી દંપતીની ભક્તિથી પ્રગટ થઈશ. તે હું તે વિપ્રને ત્યાં અનાદિશ્રીવરનારાયણ થયો. ત્યારે તું દેવવ્રત વિપ્ર પુત્રી જયાલક્ષ્મી નામે હતી. તે વિપ્રે મને પરણાવી. આ રીતે તેનો મોક્ષ કર્યો.

બ્રહ્માના સોળમાં વર્ષે - બ્રહ્માના પુત્ર સંસાર નહીં કરી આર્ષકુમાર તથા પુત્રી સુદર્શિની તેણે અતિ તપ કરી જપયજ્ઞ કરી ભક્તિ કરી બંને ભાઈ-બહેને બ્રહ્મચર્યનું પાલન કર્યું. એક સમયે સુદર્શિની ધ્યાનમગ્ન હતી. તેનો સ્પર્શ કરવા શુક્રાચાર્ય આવ્યા. સુદર્શિની યોગીએ

કહ્યું. તું મારા વ્રતમાં વિઘ્ન કરવા આવ્યો માટે જા ભસ્મ થઈ જા. શુક્રાચાર્ય ભસ્મ થયા. સુદર્શિની યોગિનીએ બીજી યોગિનીઓના બ્રહ્મચર્યના રક્ષણને માટે બીજીવાર શાપ આપ્યો કે, આ પૃથ્વીમાં કોઈ નર રહે જ નહીં. સર્વે નર નારીઓ થઈ જાવ. તરત જ સર્વે નર નારીઓ થઈ ગયા. સ્વર્ગથી દેવતાઓ અને ત્રિલોકીથી જે કોઈ દેવ પૃથ્વી પર આવે તે સર્વે નારી બની જઈ પરસ્પર હાસ્યપાત્ર બનતા, સતીનો શાપ નિવારવા કોઈ પૃથ્વી પર આવતું નહીં. યમદૂતો આવ્યા તે નારી બની ગયા. ઈશ્વરો આવ્યા તે નારી બની ગયા. અહો શું બ્રહ્મતેજનું સામર્થ્ય એમ સર્વે કહેવા લાગ્યા. તે સમયે શ્રીકૃષ્ણ આવ્યા તો પણ રાધાસખી થયા. વૈકુંઠથી નારાયણ આવ્યા તે નારાયણી થયા. બદ્રીકાશ્રમથી નરનારાયણ આવ્યા તે નારી નારાયણી થયા. શંકર આવ્યા તે શાંકરી થયા. સર્વે ભગવાન પરસ્પર હસી કહે, આ સુદર્શિનીએ સર્વ જગત નારીમય કર્યું. પછી સર્વે ઈશ્વરો, અવતારોના પ્રાર્થનાથી મેં ત્રિલોકીના અવિચળ સ્ત્રી-પુરુષો, ધર્મ-મર્યાદાનું રક્ષણ કરવા અનાદિશ્રીસ્ત્રીપુંનારાયણ અવતાર ધારણ કર્યો. ત્યારે તું સુદર્શિની નામે હતી.

બ્રહ્માના સત્તરમાં વર્ષે - માકર દૈત્યનો નાશ કરવા મેં અનાદિશ્રીજલનારાયણ અવતાર ધારણ કરી તે દૈત્યનો નાશ કરી પ્રજાને સુખી કરી ત્યારે તું લક્ષ્મી જલનારાયણી હતી.

બ્રહ્માના અઢારમાં વર્ષે - વષટકાર વિપ્ર દંપતી મારું અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા તેથી દ્વેષીઓ તેનો વિરોધ કરતા હતા. માટે તે ગામ છોડી જંગલમાં ગયા ત્યાં તપસ્વી થઈ ભક્તિ કરતા હતા. તેને મેં લક્ષ્મીનારાયણ સ્વરૂપે દર્શન આપી કહ્યું, હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈશ. ત્યારે સાધુધર્મ દીક્ષા લોપ થયો હતો. તેના સ્થાપન માટે મેં અનાદિશ્રીશીલનારાયણ અવતાર ધારણ કરી સાધુ ધર્મદીક્ષા વિગેરે સ્થાપન કર્યા. તે સમયે મેં મૌન, અપરિગ્રહ, નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિસ્નેહ, રાગદ્વેષ રહિત ધર્મપાલન કરી સાધુનું રક્ષણ કર્યું.

બ્રહ્માના ઓગણીસમાં વર્ષે - વ્યાઘ્રાનલાસુરનો નાશ કરવા મેં અનાદિશ્રીવાર્ધીનારાયણ અવતાર ધારણ કરી તે અસુરનો નાશ કર્યો.

બ્રહ્માના વીસમાં વર્ષે - સવારે બ્રહ્માએ નાહીને વિચાર્યું, આજ તો મારા જેવી સૃષ્ટિ કરું. ચાર મોઢાવાળી સૃષ્ટિ રચી. ઈશ્વરો, દેવો, દૈત્યો, રાક્ષસો દાનવો, માનવો બધા ચાર મોઢાવાળા થયા. પછી ઋષિની સભા થઈ તેમાં ચર્ચા થઈ, આપણે પરમાત્માને કેવા વર્ણન કરવા. ઘણા વાદ-વિવાદ થયા. નિર્ણય ન થયો ત્યારે તે સભામાં અનાદિશ્રીકૃષ્ણનારાયણે પ્રગટ થઈ પોતાના દિવ્ય દર્શન બધાને આપ્યા. એક મસ્તક, બે હાથ, બે પગ, યુવાન સ્વરૂપ, વસ્ત્ર અલંકારોથી શોભતાં દર્શન કરી બધા આનંદ પામ્યા. તે સમયે પુરુષોત્તમ નારાયણ બોલ્યા : હું કૃષ્ણવંશ બ્રહ્માને ત્યાં જન્મ ધારણ કરીશ. હે લક્ષ્મીજી, મેં ત્યારે યુવા

અનાદિશ્રીચતુર્મુખનારાયણ અવતાર ધારણ કર્યો. ત્યારે તું પ્રજ્ઞાક્ષીકી રમા નામે હતી. આ રીતે બ્રહ્માના એક વર્ષમાં મારો અનાદિશ્રીકૃષ્ણનારાયણનો અવતાર થયેલો છે. બ્રહ્માના દિવસ-દિવસ પ્રત્યે જે અંશ, કળા, આવેશ, અવતાર, વિભૂતી પ્રગટ થાય છે, તેની તો સંખ્યા જ નથી.

બ્રહ્માના એકવીસમાં વર્ષે - પુણ્યરાત વિપ્ર તેની પત્ની રાધાનિકા તે સર્વે મનુષ્યોના કલ્યાણને માટે તપ કરતા, તેની ઇચ્છા પૂરી કરવા અનાદિશ્રીકૃષ્ણનારાયણે દર્શન આપી કહ્યું, વરદાન માંગો. દંપતી બંનેએ અભયદાન ભક્તિ અને તમો કાયમ પાસે રહો, એ માગ્યું. ત્યારે હુ અનાદિશ્રીપુરુષોત્તમનારાયણ ત્યાં પ્રગટ થઈ મન્વંતર સુધી રહ્યો.

બ્રહ્માના બાવીસમાં વર્ષે - રક્ષાલય ચારણ સંત યોગિની ચારણી અનેક દાનો આપતાં હતા અને ભગવાનની ભક્તિ કરતા હતા. દાનમાં અન્નથી ઉત્તમ વસ્ત્રદાન, તેથી ઉત્તમ ધનદાન, તેથી ઉત્તમ ગૌદાન, તેથી ઉત્તમ કન્યાદાન, તેથી ઉત્તમ પુત્રદાન, તેથી ઉત્તમ ખેતરવાડી દાન, તેથી ઉત્તમ આરોગ્યદાન, તેથી ઉત્તમ જીવનપયોગી દરેક વસ્તુદાન, તેથી ઉત્તમ પુણ્યદાન, તેથી ઉત્તમ જ્ઞાનદાન, તેથી અર્થાત સર્વથી અધિક ઉત્તમ શ્રેષ્ઠ ભક્તિદાન છે. તે પ્રમાણે તે ચારણ દંપતી દાન, પુણ્ય, ભક્તિ કરતા તેને તિર્થ કરવા હું ચારણ દંપતીને ત્યાં અનાદિશ્રીતિર્થનારાયણ થયો. ત્યારે તું રક્તધનની પુત્રી થઈ મને પરણી, ત્યારે તું લક્ષ્મીરત્ન નારાયણી હતી.

બ્રહ્માના ત્રેવીસમાં વર્ષે - બધા બ્રાહ્મણો કેવળ ધર્મ કર્મકાંડી શુષ્ક જ્ઞાનવાળા હતા. ભક્તિ ઉપાસના રહિત હતા. ત્યારે દુબળા થયેલા ભક્તિ દેવી ધર્મદેવ સાથે પુરુષોત્તમ નારાયણ પાસે આવ્યા અને કહ્યું, પ્રભુભક્તિ વિના મોક્ષ નથી, તમે પ્રગટ થશો તો ભક્તિ થશે. તેથી પ્રભુએ શંકરને પૃથ્વી પર મોકલ્યા. શંકર-પાર્વતી વસ્ત્ર વિના જોગીનો વેશ લઈ બ્રાહ્મણો પાસે ગયા. બ્રાહ્મણોએ શંકરને ખૂબ માર્યા. તેથી સતીએ શાપ આપ્યો, તમે કેવળ ધર્મ-કર્મ જાણો છો પણ સંત, યોગી, ભક્તોનો મહિમા જાણતા નથી. માટે જાવ બધાં મરી જાવ. વિપ્ર પત્નીઓએ પ્રભુ પાસે પ્રાર્થના કરી, હે પ્રભુ હવે અમે કેમ જીવીએ. પ્રભુએ કહ્યું : જેને તમે માર્યા છે, તેની પૂજા કરો. ત્યારબાદ બધાંએ શંકરની પૂજા આરતી, સ્તુતિ કરી. તેથી તે શાપથી રહિત થયા. ત્યારે મારો અનાદિશ્રીજીવનારાયણ અવતાર થયો.

બ્રહ્માના ચોવીસમાં વર્ષે - વેદ જાણનારા વિપ્રો, દેવતાઓ, પિતૃઓ સંન્યાસીઓ બધા મોક્ષ વિચાર માટે ભેગા થયા. શ્રીહરિ એકલા છે કે યુગલ-સગુણ છે કે નિર્ગુણ-મૂર્તિમાન છે કે અમુર્ત-અગ્નિરૂપ છે કે આદિત્યરૂપ છે. બ્રહ્મા બોલ્યા યુગલ છે. મહર્ષિઓ બોલ્યા પરથી પર એક છે. દેવો બોલ્યા સગુણ છે. યતિઓ બોલ્યા નિર્ગુણ છે. સેવા કરનારા બોલ્યા મૂર્તિમાન છે. વિષ્ણુ બોલ્યા, આ શંકર યથાર્થ કહેશે. શંકરે કહ્યું, થોડી વાર ધ્યાન કરો.

સર્વેએ ધ્યાન કર્યું. ત્યાં દિવ્યતેજનો પર્વત દેખાયો તેમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અર્ધનારીશ્વર રૂપે દેખાયા. અર્ધશિખા, અર્ધઅંબોળો, અર્ધતિલક, અર્ધચંદ્રક, એક કમંડળ, એક એરિંગ, એક બાજુ દાઢી, બીજી બાજુ નથડી, એક જમણું સ્તન, આ રીતે આખા શરીરમાં અર્ધું શરીર જમણું પુરુષનું અને ડાબુ સ્ત્રીનું સ્વરૂપ જોઈ બ્રહ્માએ પ્રાર્થના કરી, હે અનાદિ અર્ધશ્રીશ્વરનારાયણ તમે લોકના કલ્યાણ માટે આ બંને સ્વરૂપે પૃથ્વી પર ઉપાસના ભક્તિ માટે કાયમ વાસ કરો. બ્રહ્માની પ્રાર્થના સાંભળી અનાદિશ્રીકૃષ્ણનારાયણ બોલ્યા, જે ભક્ત જે સ્વરૂપે મને ઉપાસે છે તે સ્વરૂપે હું તેને દર્શન આપું છું.

બ્રહ્માના પચ્ચીસમાં વર્ષે - પિતૃઓનો મારો નિશ્ચય દૃઢ કરાવવા મે શ્રીઅર્ધપિતૃનારાયણ અવતાર ધારણ કર્યો.

બ્રહ્માના છવ્વીસમાં વર્ષે - મારી લક્ષ્મીરૂપ તુલસી તથા પીપળારૂપે મારી ભક્તિ પ્રવર્તાવવા મારો અનાદિશ્રીપ્લક્ષનારાયણ અવતાર થયો.

બ્રહ્માના સત્તાવીસમાં વર્ષે - અનેક માંસ પ્રિય વિપ્રો રાજા પાસે યજ્ઞો કરાવતા હતાં. તેમાં પશુ તથા નરમેધ વગેરે હિંસામય યજ્ઞો જોઈને હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ યતિ સ્વરૂપે ત્યાં ગયો અને અહિંસામય યજ્ઞનું જ્ઞાન આપ્યું. તો પણ તે તામસી વિપ્રો માન્યા નહીં. ત્યારે મેં ઐશ્વર્ય બતાવી અનેક આયુધો વડે તે સર્વે તામસીઓને શરીરે વજ્ર પ્રહાર કર્યો. ત્યારે મારુ તે અનાદિશ્રીપુંસ્ત્વનારાયણ સ્વરૂપ જોઈ સૌ સ્તુતિ કરવા લાગ્યા. એ રીતે મેં ભક્તોની રક્ષા કરી.

બ્રહ્માના અઠ્ઠાવીસમાં વર્ષે - ધર્મ, દાન, પુણ્યપરાયણ સૂર્યવર્ચા રાજાને તેની રાણીએ કહ્યું, તમે અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું મંદિર કરાવો. તો આપણો અને અનેક જીવાત્માનો મોક્ષ થાય. દાનથી સ્વર્ગ મળે પણ મોક્ષ ન મળે. મંદિર કરાવવાથી ભગવાનની રાત્રી-દિવસ અનેક પ્રકારની સેવા કરીને મનુષ્યો મોક્ષભાગી બને છે. તેથી તે રાજાએ સુશોભિત મંદિર કરી મૂર્તિપ્રતિષ્ઠા કરી ત્યારે હું પુરુષોત્તમનારાયણ પોતે અનાદિશ્રીશ્યામનારાયણ થયો હતો. ત્યારે તું વરશ્રી નામની લક્ષ્મી હતી.

બ્રહ્માના ઓગણત્રીસમાં વર્ષે - બ્રહ્માના ગુપ્ત રોમમાંથી માયુરકઅસુર પીંછાવાળો, ચાંચવાળો થયો. તે તપ કરી સિદ્ધિ મેળવી ત્રિલોકીનો રાજા થયો. તેણે જપ, તપ, યોગ, યજ્ઞ, ધર્મ, કર્મ, બંધ કરાવ્યું. સર્વ સ્થળે ગતિ કરતો અતિ ત્રાસ વર્તાવતો. તેથી દેવોએ સ્તુતિ કરી ત્યારે મેં તે અસુરનો નાશ કરવા મે અનાદિશ્રીરાજનારાયણ અવતાર ધારી તેનો નાશ કર્યો. ત્યારે મેં સર્વે સત્કાર્યો ચાલુ કરાવી મહાન યજ્ઞ કરાવ્યો. તેમાં ૧૦ હજાર સાધુઓ, ૧૦ હજાર સાધ્વીઓ, ૧૦ હજાર વિપ્રો, ૧૦ હજાર યજ્ઞ કરનારા, ૧૦ હજાર અનાથો, ૧૦ હજાર ગરીબો, ૧૦ હજાર યોગી વ્રત, તપ, જપ કરનારા વિપ્રોને જમાડ્યા. ત્યારે તું રાજશ્રી હતી.

બ્રહ્માના ત્રીસમાં વર્ષે - દેવસખી વિપ્રને ત્યાં લક્ષ્મી પુત્રીરૂપે આવ્યા તેને વરવા પ્રસવણ અસુર આવ્યો અને કહ્યું, હું વિષ્ણુ છું. તારી પુત્રી લક્ષ્મી મને આપ. એમ કહીને માયાવી વિદ્યા પ્રસારી કામબાણ, મોહ વગેરે ફેંક્યાં. ત્યારે લક્ષ્મીએ તે બાણના કામને ભસ્મ કર્યો. ત્યારે સર્વે દેવોએ કામને સજીવન કરવાની પ્રાર્થના કરી, ત્યારે મેં અનાદિશ્રીબ્રહ્મચારીનારાયણ અવતાર ધારણ કરી, તે અસુરનો નાશ કરી, તે દેવસખા વગેરે પાંચ ભાઈઓ તેની પુત્રી લક્ષ્મી તેનો ધર્મ વગેરેની રક્ષા કરી મારી ભક્તિ કરાવી અંતે પરમધામમાં લઈ ગયો અને નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરાવ્યું. ત્યારે તું નિષ્ઠીકીશ્રિયા નામે હતી.

બ્રહ્માના એકત્રીસમાં વર્ષે - બ્રહ્માના મળમાંથી હલ્લકાસુર થયો. તેણે તપ કરીને બ્રહ્માની પાસે અપ્રતિહત શક્તિ માંગી, પ્રભુએ આપી. તે અસુરે ત્રિલોકીને જીતી શંકર પાસે જઈને કહ્યું, તમે મેરુપર્વત ચાલ્યા જાવ. કૈલાસ, સતી મને લાવો શંકરે ત્રિશૂલથી યુદ્ધ કર્યું પણ જીત્યા નહીં. હલ્લકાસુરે આયુધ શક્તિ ફેંકી શંકરને ભાવ વિનાના કરી દીધા. ત્યારે મે અનાદિશ્રીશિવનારાયણ અવતાર ધારણ કરી શંકરની રક્ષા કરી. તે હલ્લકાસુર અસુર શરણે આવ્યો. તેને યમપુરીમાં નરકમાં મોકલ્યો. ત્યારે તું શિવનારાયણી હતી.

બ્રહ્માના બત્રીસમાં વર્ષે - કુબેરનો યક્ષ ત્રિલોકીમાં ફરતો યમપુરી ગયો. ત્યાં મરી ગયો. કુબેરે તે જાણ્યું. તેથી યમને મારી પોતાના સેવકને લઈ આવ્યો. યમે પાતાલમાં નીરૂતી રાક્ષસની સહાય કરી કુબેર સાથે લડાઈ કરી. દેવતાઓ અને રાક્ષસોનું ભયંકર યુદ્ધ થયું. યમરાજે કુબેરને મારી નાખ્યો. તેના સેવકની સ્તુતિથી મેં અનાદિશ્રીસ્વર્ણનારાયણ અવતાર ધારણ કરી કુબેરને સજીવન કર્યો. ત્યારે તું કાનકી લક્ષ્મી હતી.

બ્રહ્માના તેત્રીસમાં વર્ષે - મેરુની પૂર્વે જ્વાલા અરુણાચલમાંથી અગ્નિ પ્રગટાવ્યો. તેમાં કરોડો માનવો, હાથી, ગજ વગેરે પશુઓ બળી ગયા. ત્યાં ચાર ગાઉનું સ્વામીનગર હતું. ત્યાં બ્રહ્માના સાધુ-સંન્યાસીઓ રહેતા હતા. તે બધાનું રક્ષણ કરવા તેની સ્તુતિ પ્રાર્થના સાંભળીને મેં અનાદિશ્રીસ્વામિનારાયણ અવતાર ધારણ કરીને બધાનું રક્ષણ કર્યું હતું. બ્રહ્મધરામાંથી એક ટીપું નાખી અગ્નિને શાંત કરી બધાને જીવતા કર્યા હતા. ત્યારે મેં પૃથ્વી પર મારું અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીસ્વામિનારાયણ નામનું ભજન કરાવ્યું હતું. ત્યારે તું લક્ષ્મી સ્વામિનીશ્રી હતી.

બ્રહ્માના ચોત્રીસમાં વર્ષે - નિર્વાતીકા બ્રાહ્મણી દંપતી અતિ ગરીબ પણ અતિ ભક્તિવાળા. પણ પુત્ર વિનાના તેને ત્યાં લક્ષ્મીજી પુત્રીરૂપે જન્મ્યાં. તેની ભક્તિથી પ્રસન્ન થઈ મેં અનાદિશ્રીસાવનનારાયણ અવતાર ધારણ કરી લક્ષ્મી તારી સાથે લગ્ન કર્યાં અને બ્રાહ્મણ દંપત્તીને દર્શન આપી સુખી કરી અંતે ધામમાં મોકલ્યા.

બ્રહ્માના પાંત્રીસમાં વર્ષે - અંશુક્રમથ રાજા-રાણી અતિ ભક્તિ તથા ધર્મ, જપ, તપ, દાન, પુણ્ય વગેરે સત્કાર્યો કરતા તથા સાધુમાં ભગવાન રહ્યા છે, એમ માની જમાડતા સેવાપૂજા કરતા. સાધુ ભગવાનની મૂર્તિ છે, મોક્ષ આપનારા છે એમ માની કાયમ તેને જમાડતા. તેને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે દર્શન દેવા સાધુરૂપે અનેક સાધુ-સાધ્વીનું મંડળ લઈ ત્યાં આવ્યા. ધૂન, કીર્તન કર્યા. મંદિરમાં મૂર્તિ પાસે નૃત્ય કર્યું. તે સમયે રાજા-રાણીને દિવ્ય સ્વરૂપે લક્ષ્મીનારાયણના દર્શન થયાં. સ્તુતિ કરી, અમારી પ્રજાના રાજાના કુટુંબના અહોભાગ્ય અમારે ત્યાં લક્ષ્મીનારાયણ તથા દિવ્ય સંતમંડળે દર્શન આપ્યા. એ રીતે મેં અનાદિશ્રીસાધુનારાયણ અવતાર ધારણ કર્યો. ત્યારે તું સાધ્વી નારાયણી હતી.

બ્રહ્માના છત્રીસમાં વર્ષે - કુંભાર વીરણનો પુત્ર ભક્ત હરિપ્રથ તે નાનપણથી ધૂન, કિર્તન કરતો. સાધુ યોગીમાં પ્રીતિવાળો મોટો થયો. સંસારની અસારતાનો ખ્યાલ આવ્યો. સાધુને સંગે જ્ઞાની થયો. એક દિવસે પવિત્ર વિષ્ણુપદી નદીમાં સંતમંડળી સહિત હરિપ્રથ ભક્ત સ્નાન કરતો હતો. ત્યારે વણીશાલ મનુ રાજા પોતે સેવકો સહિત ન્હાવા આવ્યા. ત્યારે રાજાએ કહેવડાવ્યું. અમે નાહી લઈએ પછી તમે સ્નાન કરજો. ભક્તો કહ્યું, અમે પણ સ્નાન કરવા આવ્યા છીએ તમે ક્યાં આડા આવ્યા. સેવકોએ ક્રોધ કરી રાજાના કહેવાથી ત્યાંથી કુંભારોને તથા સાધુને કાઢી મૂક્યા. ત્યાં હરિપ્રથે શાપ આપ્યો. તારો રાજા મરી જાવ. મનુરાજા મરી ગયો. દેવતાઓમાં હાહાકાર થયો. સર્વે પ્રાર્થના કરી. લક્ષ્મીનારાયણ ત્યાં આવ્યા કહ્યું, હું તો ભક્તને આધીન છું. તમો તે ભક્ત પાસે જઈ પ્રાર્થના કરો, ત્યારે સર્વે દેવો તથા સેવકો હરિપ્રથ ભક્ત પાસે સાધુ પાસે આવ્યા. ક્ષમા માગી. સાધુએ હરિપ્રથ ભક્તો પ્રભુને સંભારી પ્રસાદીનું પાણી છાંટ્યું. રાજા તરત બેઠો થયો. ત્યારે મારો અનાદિશ્રીભક્તનારાયણ અવતાર થયો. ત્યારે તું કુંભિકા નારાયણી હતી.

બ્રહ્માના સાડત્રીસમાં વર્ષે - વર્મધર રાજા શિકારે ગયો. અજહારિત ઋષિના આશ્રમમાં આવ્યો. પગે ન લાગ્યો. ઊલટું આશ્રમના બગીચામાં અશ્વ, હાથી, ઊંટ બાંધી નુકસાન કર્યું. ઋષિએ સમજાવવા છતાં ન માન્યો. રાજા કહે - જંગલ મારું, પ્રજા મારી, બધું મારું. આ સાંભળી ઋષિએ શાપ આપ્યો, ઘોડો થઈ જા. તેથી રાજા ઘોડો થઈ ગયો, સર્વેએ રાણીએ ઋષિની પ્રાર્થના કરી. ઋષિએ કહ્યું, તારો પુત્ર અશ્વમેધ યજ્ઞ કરશે. તેને અંતે અવભૃથ સ્નાન કરશે. ત્યારે રાજા ઘોડામાંથી મનુષ્ય થશે. અશ્વમેધ યજ્ઞ તેના પુત્ર ધર્મધરે પોતાના પિતાના મોક્ષને માટે કર્યો. યજ્ઞને અંતે મેં અનાદિશ્રીમેઘનારાયણ અવતાર ધારણ કરી તેને દર્શન આપ્યા તથા તેના પિતાનો ઉદ્ધાર કર્યો. ત્યારે તું લક્ષ્મી મેઘાવતી નામે હતી.

બ્રહ્માના આડત્રીસમાં વર્ષે - અનાલાસુર થયો. તેણે પૃથ્વીમાં દ્રવ્ય, કવ્ય, સર્વે અન્ન-જલ વગેરે કાંઈ રહેવા ન દીધું. ત્યારે સર્વે દેવો, મનુષ્યો, ઋષિઓએ બ્રહ્માને કહ્યું. બ્રહ્માએ

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો પ્રાર્થના કરી ત્યારે મેં અનાદિશ્રીવન્હિનારાયણ અવતાર ધારણ કરી તેને ભસ્મ કરી, સર્વેને જીવતદાન આપ્યું. ત્યારે તું પાર્થિવીશ્રી હતી.

બ્રહ્માના ઓગણચાલીસમાં વર્ષે - મહાસુર રસાદ થયો. તે તપ કરી શંકરને પ્રસન્ન કરી સર્વ રસ ભક્ષી થયો. સ્વર્ગ-પૃથ્વીના સર્વે રસનું ભક્ષણ કરી ગયો. દેવો, ઋષિઓ, માનવોએ પ્રભુને પ્રાર્થના કરી. ત્યારે મેં અનાદિશ્રીરસનારાયણ અવતાર ધારણ કરીને અસુરનો નાશ કર્યો. સર્વેને સુખિયા કર્યા. ફરીથી રસ ઉત્પતિ થઈ. ત્યારે તું રસલક્ષ્મી હતી.

બ્રહ્માના ચાલીસમાં વર્ષે - બ્રહ્મચિત્રધર રાજા-રાણી શોભાલિકાને ત્યાં તું લક્ષ્મી સુંધાક્ષિણી નામે થઈ. તારા સ્વયંવરમાં હું ચક્રનારાયણ આવ્યો. તે વરમાળા પહેરાવી. ત્યારે દશ હજાર દૈત્યરાજાઓ વિરોધમાં પડ્યા. તેને મેં ચક્રથી કાપી નાખ્યા.

બ્રહ્માના એકતાલીસમાં વર્ષે - સત્યુગનો ધર્મ સ્થાપવા હું દ્રાવણ વિપ્રને ત્યાં ચતુર્ભુજ જન્મધારણ કરી અનાદિશ્રીસત્યનારાયણ થયો અને અસુરોનો નાશ કર્યો અને પૃથ્વીમાં મારું ભજન કરાવી અનેકનો મોક્ષ કર્યો. ત્યારે તું વિજયાશ્રી હતી.

બ્રહ્માના બેતાલીસમાં વર્ષે - પૃથ્વીના ખંડ કર્યા ત્યારે પર્વતો પાંખોવાળા ઇચ્છારૂપ ગતિવાળા હતા. તેને સ્થિર રાખવા દેવોએ ઈન્દ્રને કહ્યું. ત્યાં તો બધા પર્વતો આકાશમાં ઉડી દેવતાઓ ઉપર પડવા લાગ્યા. ત્યારે સર્વે દેવોએ અનાદિ પુરુષોત્તમ નારાયણની પ્રાર્થના કરી. ત્યારે મેં અનાદિશ્રીહિરણ્યનારાયણ અવતાર ધારણ કરી સર્વે પર્વતોને સ્થિર કર્યા. પાંખરહિત કર્યા ત્યારે તું હિરણ્યમયી હતી.

બ્રહ્માના તેતાલીસમાં વર્ષે - અનન્ય ભક્ત વિપ્ર નિરંજન અતિ તપ, ધર્મ, યજ્ઞ, જપ, ભક્તિ કરનારો નિરાહાર રહેતો. તેને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છતાં ભક્તિ જ કરતો તેથી વિષ્ણુએ દર્શન આપ્યા. નિરંજને કહ્યું, તમારાથી પર કોઈ છે. વિષ્ણુએ કહ્યું, મહાવિષ્ણુ છે. નિરંજને તેને ભક્તિથી રાજી કર્યા. મહાવિષ્ણુએ પ્રત્યક્ષ દર્શન દીધા. નિરંજને પૂછયું, તમારાથી કોઈ પર છે. મહાવિષ્ણુએ કહ્યું - ભૂમાપુરુષ, વાસુદેવ-કૃષ્ણ ઘણાં છે. નિરંજને બધાની ભક્તિ કરી રાજી કરી, દર્શન કર્યા. પછી વાસુદેવ ભગવાને કહ્યું, પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સર્વેથી પર છે. નિરંજને અનાદિશ્રીકૃષ્ણનારાયણની અતી ભક્તિ કરી એટલે હું તપસ્વી એવા નિરંજનને ત્યાં અનાદિશ્રીનૈરંજનીનારાયણ પ્રગટ થયો અને મારું ભજન કરાવી અનેકનો મોક્ષ કર્યો. ત્યારે તું નિષ્કિંચની નારાયણી હતી.

બ્રહ્માના ચુમ્માલીસમાં વર્ષે - પુણ્યવંતી બ્રાહ્મણી પતિપરાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરનારી હતી. જપ, તપ કરતી તેને પુત્રની ઇચ્છા થઈ. ઘણો સમય થયે પુત્ર ન થવાથી બ્રહ્માને શાપ આપ્યો, જડ થઈ જા. બ્રહ્મા જડ જેવા થઈ

ગયા. તેથી બધાં દેવો શંકર, વિષ્ણુ વગેરેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરી. ત્યારે મેં પ્રગટ થઈ દેવોને તથા વિપ્ર દંપતીને દર્શન દીધા. તે પુણ્યવંતીએ મને પુત્ર તરીકે માંગ્યો. તેને ત્યાં હું અનાદિશ્રીપુણ્યનારાયણ થયો.

બ્રહ્માના પિસ્તાલીસમાં વર્ષે - સ્વર્ગમાં- સત્યલોકમાં સર્વે અપ્સરાઓએ વિચાર કર્યો. સર્વે રીતે સુખી કોણ કરી શકે ? તો સર્વે સુખના નિધિ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ રીતે સુખી કરી શકે માટે તેને પતિ તરીકે સ્વીકારવા. તેથી તે અપ્સરાઓએ તપ કર્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થઈ બોલ્યા, તમે સર્વે પૃથ્વી પર જન્મ ધારણ કરો. પછી હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ બૃહદ રાજાને ત્યાં અનાદિશ્રીબૃહન્નનારાયણ પ્રગટ થયો. અને સમ્રાટ રાજા થઈ કરોડો અપ્સરાઓના સંકલ્પ પૂરા કર્યા.

બ્રહ્માના છેતાલીસમાં વર્ષે - ત્રેતાયુગમાં ધર્મ શિથિલ થવા લાગ્યો. ત્યારે મે અનાદિશ્રીગુરુનારાયણ રૂપે પ્રગટ થઈને ત્રેતાયુગ પર્યંત રહીને ઋષિ, મહર્ષિઓને ધર્મ-કર્મના યજ્ઞમાં વેદાભ્યાસમાં સ્થિર કર્યા.

બ્રહ્માના સુડતાલીસમાં વર્ષે - બૃહદ્ધર્મા રાજા ભક્ત હતો. તેણે ૬ સોમયાગ કર્યા. તેમાં કરોડો સંતો વિપ્રો, ઋષિ-મુનિઓને, અનાથ ગરીબોને તથા દેવતાઓને અતિ તૃપ્ત કર્યા. ત્યારે પોતે સર્વ ધન-પૃથ્વી દાનમાં આપી દીધી. તેથી મેં પ્રગટ થઈ દર્શન દીધા. રાજા-રાણીએ કહ્યું, પ્રભુ અમને સાધુ દીક્ષા આપો. ત્યારે મેં અનાદિશ્રીમહાયાર્યનારાયણ અવતાર ધારણ કરી. રાજા-રાણીને દીક્ષા આપી. તે જોઈને લાખો વિપ્રોએ પણ સાધુ દીક્ષા લીધી.

બ્રહ્માના અડતાલીસમાં વર્ષે - રુદ્રના પડખામાંથી જન્મેલો વિદ્યુતસ્ત્રાવ રાક્ષસ તપ કરી શંકરને પ્રસન્ન કરી સૂર્ય-ચંદ્ર અગ્નિ સર્વેથી તેજસ્વી થવાનું વરદાન પ્રાપ્ત કરી ત્રિલોકી જીતીને વશ કરી. તેથી સર્વે દેવો હાહાકાર કરવા લાગ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ, પ્રાર્થના કરી ત્યારે હું અનાદિશ્રીમહાવિદ્યુન્નનારાયણ પ્રગટ થઈ તે રાક્ષસનો નાશ કરી. ત્રિલોકીને સુખી કરી. અનેકને મારું ભજન કરાવી મોક્ષ આપ્યો. ત્યારે તું લક્ષ્મી વૈદ્યુતીશ્રી હતી.

બ્રહ્માના ઓગણપચાસમાં વર્ષે - મધુભક્ષ દૈત્યનો નાશ કરવા મેં અનાદિશ્રીમધુનારાયણ અવતાર ધારણ કરી દૈત્યોનો નાશ કરી દેવોને સુખી કર્યા. ત્યારે તું માધવીશ્રી હતી.

બ્રહ્માના પચાસમાં વર્ષે - કળિયુગમાં મનુષ્યો સર્વે સર્વભક્ષી પાપ કરનારા, ધર્મ, કર્મરહિત ક્રુર હિંસા પરાયણ હતા. યજ્ઞ, ધર્મ, કર્મ સ્થાપવા તથા સાધુ-બ્રાહ્મણ, ગાયોનું રક્ષણ કરવા મે અનાદિશ્રીનાથનારાયણે પ્રગટ થઈને સર્વેને સુખી કર્યા. અર્ધા યુગ સુધી રહીને અનેકનું કલ્યાણ કર્યું. ત્યારે તું ધનુમતી નામે હતી.

બ્રહ્માના એકાવનમાં વર્ષે - બ્રહ્માના સ્વર્ણ ઉત્સવમાં ત્રિલોકીના દેવ આવ્યા. ત્યારે મેં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ પોતે અનાદિશ્રીવિષ્ણુનારાયણ પ્રગટ થઈ બ્રહ્માદિક દેવોને સુખી કર્યા. ત્યારે તું વિભ્વીશ્રી હતી.

બ્રહ્માના બાવનમાં વર્ષે - બ્રહ્માની સભામાં સર્વે દેવો ઋષિમુનિઓ વિચાર કરવા લાગ્યા. સર્વે સત્કાર્યોના ફળ શું ? ત્યારે દેવતાઓએ સ્વર્ગ આદી સ્થાનો બતાવ્યા અને ઋષિ-મુનિ-સંતોએ સર્વે સત્કાર્યોના ફળરૂપે ભગવાનને બતાવ્યા. ત્યારે કિર્તન સ્તુતિ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રસન્ન કર્યા. ત્યારે મે અનાદિશ્રીમોક્ષનારાયણે પ્રગટ થઈને બધાને દર્શન આપ્યા. ત્યારે તું મુક્તિ નામે હતી.

બ્રહ્માના ત્રેપનમાં વર્ષે - વારાહકલ્પમાં મનુના પહેલા દિવસે વર્તમાન સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું શિવરાત્રી શ્રી સહિત અક્ષરધામ તુલ્ય જે અશ્વપટ સરોવર તીરે કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલો છું. માતા કંભરાલક્ષ્મી, પિતા ગોપાલકૃષ્ણના અતિ તીવ્ર તપ ને ભક્તિથી ખેંચાઈને તથા કરોડો, અબજો ભક્તોના ગોપીઓના સંકલ્પ પુરા કરવા માટે મેં અવતાર ધારણ કરેલો છે. તથા મારા અવતારો મત્સ્ય, વરાહ, કચ્છ, નૃસિંહ, કપીલ, હયગ્રીવ, હંસ, વામન, નારદ, વાસુદેવ, હરિ, દત્તાત્રેય, પરશુરામ, ઋષભ, પૃથુ, યજ્ઞ, કુમાર, રામ, વ્યાસ, ધન્વન્તરી, બુધ, કૃષ્ણ, કલ્કી, મોહિની, હરિ, કૃષ્ણ, નર, નારાયણ, આદિ અનંત અવતારો મારા થયા અને થશે. તેને હું જાણું છું. તું લક્ષ્મી કે બીજા કોઈ જાણી શકતા નથી. વૈરાટ બ્રહ્માના દરેક વર્ષે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું એકવાર પ્રગટ થાવ છું અને વૈરાજ બ્રહ્માના દરેક દિવસના અવતારો અંશકલા, આવેશ, વિભૂતિનો કોઈ પાર જ નથી. હવે પછી આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથાનો વક્તા શ્વેત કૃષ્ણનારાયણ શ્વેત કૃષ્ણાયન મુનિ થશે.

અધ્યાય - ૩૯ થી ૪૪

❖ લોકકલ્યાણ કેમ થાય ? - પતિવ્રતા સ્ત્રીઓના ધર્મ અને મહાત્મય ❖

એક સમયે સર્વે ઋષિઓ લોકના કલ્યાણ માટે તપ કરતા નરનારાયણ ભગવાનના દર્શન કરવા ગયા. ત્યાં નરનારાયણના દર્શન કરી, પૂજન કરી, આસને બેસી લોકોનું કલ્યાણ કેમ થાય તે પૂછ્યું. નરનારાયણ ભગવાન બોલ્યા. જ્યારે જીવાત્મા રાગદ્વેષનો ત્યાગ કરી સાત્ત્વિકપણે ઈશ્વર, આરાધના, દેવપૂજન, દાન, પુણ્ય, ધર્મ, કર્મ વગેરે સત્કર્મ કરે છે ત્યારે તેની ઉપર ભગવાનની પ્રસન્નતા થાય છે. તેથી તે જીવાત્માના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે પોતાનો આત્મા નિર્મળ બને છે. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન કરે છે ત્યારે તેને પ્રત્યક્ષ દર્શન થાય છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલા સર્વે સ્ત્રીઓ તેમણે મર્યાદા ધર્મનું પાલન કરી પતિમાં પરમેશ્વર રહ્યા છે. કુટુંબમાં પ્રભુ રહ્યા છે. એમ માની આત્મપતિ, સર્વપતિ, મુક્તપતિ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજનભક્તિ કરવા. જેને પ્રગટ પ્રભુ મળ્યા હોય તેને તો પોતાનું જીવન ભક્તિમય બનાવવું. વાણીથી કોઈનું અપમાન ન કરવું. કઠોર વાણી ન બોલવી તથા પુણ્ય પ્રાપ્તિ માટે પવિત્ર દિવસે સાધુ-બ્રાહ્મણો જમાડવા. દાન આપવા. અતિથી, ગરીબોને જમાડવા, બાળકોને જમાડવા. અન્ન, વસ્ત્ર વગેરે દાન આપવા. એકાદશી વગેરે વ્રતો આદરપૂર્વક કરવા. પ્રગટ ભગવાનના ઉત્સવના દિવસે ભજન-ભક્તિ વિશેષ કરવા. ધર્મ સદાચારનું પાલન કરવું. નાહી ધોઈ પવિત્રપણે રહેવું. ગ્રહણ સમયે જમવું નહીં. દક્ષિણ તથા પશ્ચિમ દિશા સન્મુખ ન સૂવું.

નવા નવા અન્ન પ્રભુને અર્પણ કરી રાજી કરવા. નવા શાક-ચીભડાં, કાકડી વગેરે તથા ફળો ભગવાનને અર્પણ કરવા. યથાશક્તિ મેવા-મીઠાઈ પણ ભગવાનને ધરવા. દૂધ, દહીં, ઘી, માખણ, મિષ્ટાન્નો, ફરસાણ વગેરે ભગવાનને અન્નકોટ ધરીને ગ્રહણ કરનારો નિર્ગુણ થાય છે. સદાચારનું પાલન કરવું. રજસ્વલાપણું ગુપ્ત ન રાખવું. સંધ્યા સમયે મંદવાડ વિના સૂવું નહીં તથા સંધ્યા સમયે ફરવા જવું નહીં. હલકી સ્ત્રીઓનો પ્રસંગ તજવો. હિંસક પશુ, નદીઓ, રાજાના માણસો, શિંગવાળા પશુનો વિશ્વાસ ન કરવો. પતિવ્રતા સ્ત્રીને અપમાન, વિરહ, કરજ, દુષ્ટ સેવન, દારિદ્રય અને કજિયો આ છ વાના વિના અગ્નિએ બાળનારા છે. તેથી તેનાથી દૂર રહેવું.

જે ઘરમાં પતિવ્રતા સ્ત્રી હોય તે ઘર પણ તિર્થમય થાય છે. તેનું કુટુંબ પણ બ્રહ્મમય થાય છે. તે સતી પતિવ્રતા સ્ત્રી તેણે પોતાનો પતિ પરદેશ હોય ત્યારે આભૂષણો ન ધરવા. રસકસ ન ખાવા. પૃથ્વી પર સૂવું વગેરે તપ કરવું.

સતી પતિવ્રતા સ્ત્રીનું તેજ સૂર્ય-ચંદ્ર અગ્નિ પણ સહન કરી શકતા નથી. બ્રહ્મવ્રતવાળી પુરુષોત્તમને ભજનારી આવી સ્ત્રી અનેક જન્મના પાપોને બાળી નાખે છે અને મને પામે છે. તે પતિવ્રતા સ્ત્રીથી રોગ પણ દૂર ભાગે છે. એવી પતિવ્રતા સ્ત્રીના દર્શન દેવતાઓ પણ ઈચ્છે છે.

અધ્યાય - ૪૫, ૪૬

❖ નિર્ગુણ ભક્તિયોગ કોને કહેવાય અને તે કેમ પ્રાપ્ત થાય ? ❖

નારાયણી લક્ષ્મી પૂછે છે : હે પુરુષોત્તમ, નિર્ગુણ ભક્તિયોગ કોને કહેવાય અને તે કેમ પ્રાપ્ત થાય ? પુરુષોત્તમ કહે : સર્વે મનુષ્યો સાત્ત્વિક કર્મ દાન પુણ્ય સત્કર્મ કરીને સ્વર્ગની પ્રાપ્તિ કરે છે. રાજસી યજ્ઞો વગેરે કરીને આલોકની મોટાઈ શ્રીમંતપણું વગેરે પામે છે તથા તામસીક કર્મ કરીને અધોગતિને પામી જમપુરીમાં જઈ ચોરાશીમાં ભમે છે.

જીતેન્દ્રીય સન્યાસીઓ સત્યલોકમાં જાય છે. અષ્ટાંગ યોગવાળા મહર-જનલોકમાં જાય છે. યજ્ઞ કરનારા ઈન્દ્રપદ પામે છે. દાનો આપનારા ચંદ્રલોકમાં, વ્રત કરનારા સૂર્યલોકમાં, વિષ્ણુ ભક્તિ કરનારા વૈકુંઠમાં જાય છે. શંકરની ભક્તિ કરનારા કૈલાસમાં, પૃથ્વી આદિની ઉપાસના કરનારા આવરણમાં, કુબેરની ઉપાસના કરનારા કુબેરલોકમાં, ઈશ્વરોને પૂજનારા ઈશ્વરોના લોકમાં, સાધુ વૈકુંઠમાં, પંચાગ્નિ તપસ્વી સૂર્યલોકમાં, પાપીઓ યમપુરીમાં, ક્રૂર કર્મ કરનારા રાક્ષસો થાય છે. વાસનાવાળા પિશાચીઓ થાય. પૃથ્વી, વાડી, ખેતર દાન કરનારા સમ્રાટ રાજા થાય. ધર્મનો નાશ કરનારા દાનવો થાય, અધર્મીઓ દૈત્યો થાય, અતિક્રોધી સર્પો થાય, પાણીનો નાશ કરનારા પાણીના જંતુ થાય છે. આ રીતે સર્વે જીવો પોતાના કર્મફળ ભોગવે છે. પ્રભુના ભક્તો ભક્તિ કરતા સર્વકર્મ નિષ્કામ કરવાથી ફળની ઈચ્છાથી રહિત થઈ સર્વકર્મ ભગવાનને અર્પણ કરવાથી નિર્ગુણ કહેવાય છે. તે નિર્ગુણ ભક્તિ પ્રત્યક્ષ ભગવાન અથવા પ્રત્યક્ષના સંતોથી પ્રાપ્ત થાય છે.

પુરુષોત્તમ યોગ થવાથી પ્રભુની પ્રેમથી પૂજા, અર્ચન આદી નવધા ભક્તિ કરવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવો હું મારી સવારથી સાંજ સુધીની જે ભક્તિસેવા તે આત્મનિવેદી ભક્તોએ કરવી. તેનો વિધિ - પ્રભુને સવારમાં જગાડવા, દંતધાવન, અત્તર, તેલ, ફૂલો, સુગંધી ચંદન તેલથી માલિશ કરી નવરાવવા, પિળું પિતાંબર પહેરાવવું, પિળું પિતાંબર ઓઢાડવું, સોનાનો મુગટ, કુંડળો, ટુપિયો, કંઠી, ચેન હાર, મોતીના હાર, હિરાનો હાર, કંદોરો, સોનાના બાજુબંધ, કડા-પોચી, વેઢ, વીંટીઓ, સોનાના તોડા, મોજડી વગેરે ધારણ કરાવવા. સોનાના સિંહાસનમાં પધરાવી ધૂપ-દીપ અગરબત્તી, અત્તર, ચંદન વગેરે કરવા તથા ભગવાનને દૂધ, કેસરિયા પેંડા, મિષ્ટાન્ન સર્વે ધરાવવા, પછી આરતી ઉતારી પ્રદક્ષિણા-દંડવત્ત કરી પ્રગટ પ્રભુ પાસે માફી માંગવી હે પ્રભુ, મારી પૂજામાં કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો. પછી આત્મનિવેદી તે ભક્તો અનાદિશ્રીકૃષ્ણનારાયણના ધૂન-કિર્તન, કથા-વાર્તા કરી દિવસ નિર્ગમન કરવો. પાંચ વાર માનસી પૂજા કહ્યા પ્રમાણે કરવી. સાંજે ભગવાનને સોનાના છપ્પર પલંગમાં રેશમના ગાદલામાં પોઢાડવા, મચ્છરદાની બાંધવી, પ્રભુની પગચંપી કરવી. આ રીતે ભગવાનના આત્મનિવેદી ભક્તો ભગવાનની સેવા-પૂજા ભક્તિ કરવી. ભગવાનને અર્પણ કર્યા વિના પોતાના ઉપયોગમાં કોઈ પણ વસ્તુ લેવી નહીં. આવા ભક્ત દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખી નિષ્કામ ભાવથી ભક્તિ કરે છે, તેવા ભક્તની સર્વે ક્રિયા અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મારી ભક્તિથી નિર્ગુણ થાય છે.

અધ્યાય - ૪૭, ૪૮

❖ અષ્ટાંગયોગ અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં કઈ રીતે સિદ્ધ કરવો ? ❖

પરબ્રહ્મયોગ તે પોતે કરેલી દરેક ક્રિયા પરમાત્માને અર્પણ કરવી અને સાધ્વી સતીએ આઠ સોપાન સિદ્ધ કરવા. તેમાં આહારની શુદ્ધિ, દેહ શુદ્ધિ, ઈન્દ્રિય શુદ્ધિ, અંતઃકરણ શુદ્ધિ, આત્મશુદ્ધિ, પરમાત્માની ધારણા, પ્રગટ પ્રભુનું ધ્યાન, લગ્નતા એકપણું. જે રીતે પતિવ્રતા સતી સ્ત્રીને પતિ સિવાય બીજે ક્યાંય હેત થતું નથી તેમ તેવા ભક્તને ભગવાન સિવાય બીજે હેત થતું નથી. મારી પ્રસાદી જમવાથી આહારશુદ્ધિ થાય છે. મારી દીક્ષા લેવાથી દેહશુદ્ધિ થાય છે. દરેક ઇન્દ્રિયોને મારી સેવાભક્તિ પરાયણ રાખવાથી ઇન્દ્રિય શુદ્ધિ થાય છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તેમાં સંકલ્પ ભગવાનના જ કરવા. ચિંતવન ભગવાનનું જ કરવું. બુદ્ધિમાં નિશ્ચય ભગવાનનો, અહંકાર પણ દાસપણાનો તે અંતઃકરણ શુદ્ધિ, આત્મા મને અર્પણ કરવાથી આત્મશુદ્ધિ. જીવાત્માને સિંહાસન બનાવીને તેમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવો હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેનું ધ્યાન-ધારણા, એકતાનતા, લગ્નતા, જ્ઞાનપ્રવાહ, ચૈતન્ય પ્રવાહ, વૃતિ સર્વે શ્રીહરિમાં એકમેક રસમસ થઈને શાશ્વત આનંદનો અનુભવ કરવો તે સમાધિ આઠમી પરમમુક્તિ સ્થિતિ. બાહ્યસ્થિતિ તે સુખ, તૃપ્તિ, સંતોષ, તૂર્યવસ્થા નિજાનંદ કહેવાય છે. તેને પુનરાવૃત્તિ થતી નથી. આવી રીતે અષ્ટાંગ યોગ અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં સિદ્ધ કરવો. આવા ભક્તને શબ્દબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, કરણબ્રહ્મ, આત્મબળ, પરબ્રહ્મ બધું એકરૂપે થઈ જાય છે. હે લક્ષ્મી, આ અધ્યાયનો કોઈ પાઠ કરશે, કોઈ સાંભળશે તે પણ પ્રત્યક્ષ ભગવાનના ઐક્યપણાને પામશે.

આવી રીતે જે નારી સર્વે ક્રિયામાં તેમજ સંસારના દરેક કામકાજમાં ભગવાનને સાથે રાખે છે. તેને આત્મસ્થિતિ અક્ષરસ્થિતિ પ્રાપ્ત થાય છે અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો અખંડ રાજીપો મેળવે છે.

અધ્યાય - ૪૯

❖ પુણ્ય રહિત મુમુક્ષુએ શું કરવું અને કેમ વર્તવું ? ❖

લક્ષ્મીજી પૂછે છે : મુમુક્ષુ પુણ્ય રહિત હોય તેણે શું કરવું ? કેવી રીતે વર્તવું ? પુરુષોત્તમ નારાયણ બોલ્યા, પ્રથમ શરણ મંત્ર લેવો. "કાલમાયાપાપકર્મશત્રુયામ્ય કૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામી પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" વગેરે મંત્રો ગ્રહણ કરી સકામ ભાવથી સર્વે વ્રત, જપ, તપ, નિયમ, દાન, પુણ્ય કરવા જેથી ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય. પછી પ્રાપ્ત થયેલા સાધન-સામગ્રીથી ભગવાનની પૂજા કરવી તેથી પ્રભુમાં પ્રીતિ થાય તથા ભક્ત,

સંતતિર્થ, ગુરુતિર્થ કરવા તેથી અજ્ઞાનરૂપી અંધારાનો નાશ થાય. જ્ઞાનરૂપી પ્રકાશ આપે તેને ગુરુ કહ્યા છે. એવા ગુરુ બ્રહ્મનિષ્ઠ, એકાંતિક, પરમ એકાંતિક સદ્‌ગુરુનો સમાગમ કરવો.

અધ્યાય - ૫૦ થી ૬૨

❖ ગુરુ મહાત્મ્ય ❖ સંત, ગુરુની સેવાથી કલ્યાણની કથાઓ ❖
❖ વ્રત, તપ, જપ કરવામાં અશક્ત હોય તેણે કલ્યાણ માટે શું કરવું ? ❖

વ્રત, તપ, જપ કરવામાં અશક્ત હોય તેણે કલ્યાણ માટે શું કરવું ? જપ, તપમાં અશક્ત હોય તેણે ગાય, વિપ્ર, સાધુ, ગુરુની સેવા કરવી. બ્રહ્માના ભૃગુ તેના ચ્યવન ઋષિ તે દિવોદાસ પાસે ગયા. દિવોદાસ રાજા ગંગા કાંઠે રહેતો હતો. તેની કન્યા દિવ્યદેવી ચિત્રસેન રાજાને આપી ફેરા ફર્યા. પહેલાં મંડપમાં વર મરી ગયો. બીજી વાર પણ તેમ બન્યું. આવી રીતે ૨૧ વરરાજા મરી ગયા. દિવોદાસ રાજાએ ચ્યવન ઋષિને કારણ પૂછ્યું. ઋષિએ કહ્યું, તારી કન્યા પૂર્વે વણિક પત્ની હતી. તે પતિનો તિરસ્કાર કરતી, કલેશ-કજીયા વારંવાર કરવાથી વણિકે કાઢી મૂકી. તે સ્ત્રી જ્યાં ત્યાં ફરી જેવું-તેવું હલકું કામ કરીને નિર્વાહ કરતી. તેણે અનેક સ્ત્રીઓના પોતાના સ્વભાવ પ્રમાણે ઘર ભાંગ્યા. તેનું આ ફળ પરિણામ છે. તે સ્ત્રીએ એકવાર એક સિદ્ધગતિવાળા સાધુને જમાડ્યા. તેના પુણ્યે તો રાજકુંવરી થઈ. પછી તે રાજા દિવોદાસ તથા રાજકુટુંબે ચ્યવનઋષિ પાસેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લીધો અને ગુરુસેવા કરી પૂનમનું લક્ષ્મીનારાયણ વ્રત કર્યું. તે ભક્તિ અને પુણ્યથી તે રાજકુમારી દિવ્યાદેવીનો ગ્રહસ્થાશ્રમ શરૂ થયો. આ રીતે ગુરુસેવા-ગુરુતિર્થ કહેલું છે.

પૂર્વે સુબાહુ નામના રાજાએ સોના-ચાંદી, હીરા, માણેક, રત્નો, પૃથ્વી, હાથી, અશ્વ, ગાયો વગેરે અનેક દાનો કર્યા પણ અન્ન, જલનું દાન ન કર્યું. હું રાજા થઈને આવું હલકું દાન કેમ આપું ? એમ માનીને ન આપ્યું. તેના દેહનો અંત આવ્યો. સ્વર્ગમાં ગયો. બધું મળ્યું પણ અન્ન, જલ ન મળ્યાં તેથી દુઃખી થયો. માટે જ્યાં પોતાનો અગ્નિસંસ્કાર થયેલો ત્યાં આવી રાખ ચાટતો. તેને જંગલમાં વામદેવ ઋષિ મળ્યા. તેમને રાજાએ પોતાનું દુઃખ કહ્યું. ઋષિએ રાજાના હાથમાં જલ આપ્યું, મંત્ર આપ્યો અને પોતાનું પુણ્ય આપ્યું. તેને પ્રતાપે તે રાજા તૃપ્તિ પામી ભગવાનની ભક્તિ કરી મોક્ષમાં ગયો. આ રીતે ગુરુતિર્થ કહેલું છે.

પૂર્વે નૃહુર્ષ રાજા પણ વશિષ્ઠ ઋષિના આશિર્વાદથી સમૃદ્ધિ તથા રાજપદ, ઈન્દ્રપદ પામેલો હતો. માટે ગૃહસ્થ સ્ત્રી-પુરુષોએ ધર્મપ્રિય, હરિપ્રિય, સાધુપ્રિય, નારાયણપ્રિય, તપપ્રિય, બ્રહ્મપ્રિય, કૃષ્ણપ્રિય, વિભુપ્રિય, આત્મપ્રિય અને અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રિય થવું.

પૂર્વે ખવાસ કુટુંબ વિષ્ણુદાસ ભક્ત હતો. તેની કન્યા લિલાવતીએ એક દિવસ ઉંદરના બચ્ચાને તેની મા થી વિખૂટા પાડ્યા. તેથી બચ્ચાએ શાપ આપ્યો કે, તારી પણ અમારા જેવી સ્થિતિ થશે. તે કન્યાને મલેચ્છ ઉપાડી ગયો. તેની સાથે વ્યવહાર કર્યો. ત્યાંથી તે ગણિકાને ત્યાં ગઈ. ગણિકાને રોગ થયો હતો. ખવાસ કન્યાએ કહ્યું, અમારા ગુરુ રોગ મટાડી દેશે. તે સર્વે ખવાસ કુટુંબ ગુરુ પાસે આવ્યા. ગુરુ પાસે મંત્ર લીધો. વ્રત-નિયમ લીધાં. તે ગુરુ પ્રતાપે રોગ મટવાની સાથે ભવરોગ પણ મટી ગયો. આ રીતે હજારો જીવાત્માઓ ગુરુ પ્રતાપે તેમજ પ્રગટ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિના પ્રતાપે તરી ગયા છે.

સૌરાષ્ટ્રમાં ઉપલેટામાં અંત્યજ દંપતી ચૈતન્યશીલ ગુરુની સેવાથી ગુરુનો ઉપદેશ - આ શરીર નરકની ખાણ છે. બધાને નરક ચૂંથાવે છે. આ શરીરથી જો ભગવાનની ભક્તિ સંત-ભક્તોની સેવા ન થઈ તો ૮૪ લાખ જાતના દેહમાં નરક જ ચૂંથવાના છે. આવો ઉપદેશ સાંભળી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લઈ ભજન કરી, અંતે ગુરુની સાથે વિમાનમાં બેસી ધામમાં ગયા. આવો ગુરુ મહિમા કહેલો છે.

સમુદ્રમાં જંતુ ઘણા રહે છે પણ વહાણ વિના કોઈ તારી શકે નહી. તેમ પૃથ્વી પર મનુષ્યો ઘણા છે પણ ગુરુ વિના કોઈ તારી શકે નહીં. આકાશમાં તારાઓ ઘણાં છે. પણ ચંદ્ર સૂર્ય વિના પ્રકાશ કરી શકે નહીં તેમ ગુરુ વિના અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરનારા કોઈ નથી. મૂર્તિ, તિર્થ, પ્રતિમા, જ્ઞાન તિર્થ પુસ્તિકા બંનેનો આધાર સદ્‌ગુરુ તે મહાતિર્થ છે. દેવ મંત્ર યજ્ઞ કરતા પણ ગુરુતિર્થ મહાન છે. જેની ક્રિયા ભગવાનમય જેનું વર્તન ભગવાનમય તે ગુરુ હરિસ્વરૂપ જાણવા. તે ગુરુઓની ગુરુવાણીઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણના યોગે મોક્ષ આપનારી છે.

તે મસ્તક સાર્થક જે ભગવાન સંતને નમ્યું. તે નેત્ર સાર્થક જેણે ભગવાન સંતના દર્શન કર્યાં તે કાન સાર્થક કહેવાય જે કાનથી ભગવાન-સંતોની કથા કિર્તનો સંભળાયા. તેની નાસિકા સાર્થક જેણે ભગવાન-સંતને ચડેલા પુષ્પની સુગંધ લીધી. તે જીભ સાર્થક જે જીભે ભગવાનના જે પ્રસાદ ગ્રહણ કર્યા ભગવાન-સંતના ગુણગાન ગાયા. ભગવાનની પ્રસાદીનો આસ્વાદ લીધો. તે હાથ સાર્થક જે હાથે ભગવાન સંત ગુરુભક્તોની સેવા થઈ. તે પગ સાર્થક જે પગે કરી ભગવાનના કામ થયા, પ્રદક્ષિણા થઈ, સંતોના દર્શન કરવા જાય, કથાવાર્તા સાંભળવા જાય, સેવાના કાર્ય કરવા જાય. તે શરીર સાર્થક જે શરીરથી ભગવાન-સંતગુરુને દંડવત્ થયા તથા સેવા થઈ. એવા ભક્તનું સર્વસ્વ અર્પણ ભગવાનને થયું.

પૂર્વે કૌશિક નામનો ગાયક વિષ્ણુ મંદિરમાં ગાતો હતો. તેના પચાસ શિષ્યો હતા. તે સર્વે પણ ગાતા હતા. તેને માલવ વૈશ્ય ભક્ત જમવાનું આપતો. તેને કૌશિક નકલિંગના

રાજાએ બોલાવ્યો. મારા ગુણગાન કર. કૌશિકે ના પાડી. હું ભગવાન સિવાય કોઈના ગુણ ગાતો નથી. રાજાએ પોતાના દેશમાંથી તેને કાઢી મૂક્યા. તે સર્વે કૌશિક ગાયકો બદ્રીનારાયણ જઈને ભગવાનના ગુણ ગાઈને મોક્ષે ગયા.

પૂર્વે નારદજી ગાનવિદ્યા પ્રાપ્ત કરવા ગાનબંધુ ગાંધર્વ પાસે ગયા. ૬૦ હજાર વર્ષ સુધી ગાનવિદ્યા શીખ્યા. પછી નારદજીએ કહ્યું, શું આપું ? ગાનબંધુએ કહ્યું, તમે સંત છો, ગુરુ છો, ભગવાનનું ધામ આપો. પછી નારદજીએ મંત્ર આપ્યો, તપ કરવાનું કહ્યું. ગાનબંધુએ તપ કર્યું તેથી વિષ્ણુએ પ્રસન્ન થઈને કહ્યું, વરદાન માંગ. ગાનબંધુએ કહ્યું, હું તમારું વાહન થાઉ. તે ગરૂડ થયા. પણ ગુરુ નારદના પ્રતાપે સંતોષ થયો.

પૂર્વે સૌરાષ્ટ્રમાં ગોંડલ ગામમાં જીષ્ણુશક્તિ રાજા સ્વર્ગે ગયો. તેની રાણી ચિદંબરા રાજ્ય કરતી અનાદિશ્રીકૃષ્ણનારાયણને પતિ માની પૂજા, સેવા, ધૂન-કિર્તન કરતી. એકવાર અનાદિશ્રીકૃષ્ણનારાયણ ઈન્દ્રનું રૂપ લઈને આવ્યા. રાણીને કહ્યું, ચાલ સ્વર્ગમાં તને વિમાન, મહેલ, ખાન-પાન, દાસ-દાસી સર્વે આપું. રાણીએ કહ્યું, મારે ભગવાનના ધામ સિવાય કાંઈ નથી જોઈતું. સ્વર્ગનું બધુ સુખ નાશવંત છે. રાણીનું વાકય સાંભળી અનાદિશ્રીકૃષ્ણનારાયણે શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ દિવ્ય દર્શન દીધાં. લક્ષ્મી સાથે હતાં. દર્શન કરી રાણીએ સ્તુતિ કરી. હે પ્રભુ, તમારી ભક્તિ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. ભગવાને રાજી થઈને તેની રક્ષા માટે ગદા આપી. એક દિવસ સમુદ્રનો ભદ્રક નામે રાક્ષસ વૈષ્ણવનો વેશ લઈને રાણીને છેતરવા આવ્યો. રાણીને વિશ્વાસમાં લાવી રાત્રે ખભે ઉપાડીને આકાશમાં ચાલતો થયો. રાણીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરી, તરત જ રક્ષામાં રહેલી ગદા યાદ આવી. ગદા રાક્ષસના માથામાં મારી તેથી રાક્ષસ મરી ગયો. ભગવાને રાણીને મહેલમાં મૂકી દીધી. પછી તે રાક્ષસનું સૈન્ય હતું તે સર્વેને ભગવાનની ગદાએ નાશ કર્યો.

ચિદંબરા રાણી ગદેશ્વર નામના યોગી બ્રહ્મચારીને પોતાનું રાજ્ય આપી ધામમાં ગઈ. તે યોગીએ એક લાખ વર્ષ રાજ્ય કરી પ્રજા વૈષ્ણવી કરી.

"બાલકૃષ્ણ પરબ્રહ્મ મમવૈ શાશ્વતઃ પતિ પિતાબંધુ સૃહદમિત્રં રક્ષકઃ પાલકોસ્તું સઃ" "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામિ શ્રીહરિ શરણં મમ, શ્રીહરિ શરણં મમ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શરણં મમ," તેમજ શ્રીકૃષ્ણ, વાસુદેવ, રાધા-કૃષ્ણ, ૐ નારાયણ, લક્ષ્મીનારાયણ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ વગેરે અનેક મંત્રો પ્રગટ પ્રભુના છે. તેનો જપ કરે તે મોક્ષ ગતિમાં જાય છે.

અધ્યાય - ૬૩ થી ૭૨

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો કલ્યાણકારી ઉપદેશ ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે છે : મારો કામ નારકી નથી. મારો ક્રોધ ઘાતકી નથી. મારો લોભ પાપવાળો નથી. મારો મોહ છેતરનારો નથી. મારો મદ બંધન કરનારો નથી. મારી મશ્કરી ધર્મથી રહિત નથી. મારું અશ્લીલ અઘટિત નથી. મારા સર્વે ચરિત્રો માનુષી, અમાનુષી સર્વે દિવ્ય છે. સ્નાન, ધ્યાન, પૂજા, સેવા, પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ કરનારા સાધુ-સાધ્વી મારા તિર્થરૂપ છે. તેવા ગુરુતિર્થની અનાવરણ સેવા મારી પ્રાપ્તિને માટે કરવી.

કાશીમાં આઠ યુગ વાસ કરે અને એક દિવસ ગુરુનું પૂજન કરે, સરખું પુણ્ય. ગુરુ જ્યાં વસે ત્યાં સર્વે દેવો ઈશ્વરો વાસ કરે છે. ગુરુચરણ વારી એકવાર પીવે તેને પંચગવ્ય હજારવાર પીધા જેટલું પુણ્ય મળે, જેણે ગુરુને દૂધ-સાકર, મિષ્ટાન્ન જમાડ્યા તેણે પ્રગટ પ્રભુને જમાડ્યા માટે ત્રિલોકીમાં ગુરુ છે તે તારનારા છે. જેની પાસે ગુરુ હોય જેણે ગુરુને સેવ્યા હોય, તેની પાસે યમદૂતો આવતા નથી. તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મને પરમગુરુ માનીને પૂજવો, ભજવો, તે ભજનારા બધાં નર-નારી નારાયણ સ્વરૂપ છે. તે મારા યોગને પામેલી બધી બ્રહ્મપ્રિયા દિવ્યા છે. બ્રહ્મરૂપા છે. મોક્ષ આપનારી છે. આ અધ્યાય કોઈ વાંચશે અથવા સાંભળશે તે સર્વે મોક્ષભાગી બનશે.

પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે છે : હે લક્ષ્મી, રાત્રિ-દિવસ મારામાં મન વાળી મારો વિરહ સહન નહિ કરનારી અતિશય પ્રીતિવાળી ભક્તિ મેં શ્રેષ્ઠ કહેલી છે તે ભક્તિ ત્રણ પ્રકારની છે. આત્મા વડે ભક્તિ કરવી તે ઉત્તમ કહેલી છે. મન-અંતઃકરણથી ભક્તિ તે મધ્યમાં કહેલી છે. શરીરથી ભક્તિ તે કનિષ્ઠ કહેલી છે. મુક્તોની ભક્તિ આત્માથી હોય છે. યોગીઓની ભક્તિ મનથી હોય છે. અજ્ઞાનીઓની ભક્તિ શરીરથી હોય છે. સર્વે ભક્તિ મોક્ષ આપનારી છે. આત્મભક્તિથી શ્રેષ્ઠ સુખ મળે છે. માનસી ભક્તિથી મધ્યમ સુખ મળે છે. શરીરની ભક્તિથી સ્વાસ્થ્ય સુખ મળે છે. આત્માથી બ્રહ્મભાવનો આનંદ, મનથી દિવ્ય આનંદ, શરીરની ભક્તિથી ક્રિયાનો આનંદ મળે છે. સ્વાર્થપરાયણ ભક્તિ તામસી છે. ભગવાન અને સ્વાર્થ બંને સાથે રાખે છે. તે રાજસી ભક્તિ છે. કેવળ શ્રીહરિની પ્રસન્નતાર્થે ભક્તિ તે સાત્ત્વિકી છે. ગુરુભક્તિ, હરિભક્તિ સમાન કહેલી છે. તરત જ ફળ આપનારી ભક્તિ ગુરુભક્તિ કહેલી છે.

ભક્તિવાળી સ્ત્રીઓથી સર્વે દેવતાઓ, ઈશ્વરો સંતોષ પામી પ્રસન્ન થાય છે. સંતો આશીર્વાદ આપે છે, કલ્યાણ કરે છે, ભક્તિવાળી નારીને રાધા-લક્ષ્મી, શારદા, કમલા, કાંતા, શ્રી રમા, પદ્મા માનેલી છે. ગમે તે જ્ઞાતિની હોય પરબ્રહ્મની ભક્તિવાળી મુક્તાનિકા થાય

છે. તેવી ભક્તિવાળી સ્ત્રીઓના આશીર્વાદથી બ્રહ્મહત્યાના પાપો નાશ પામે છે. તરસી જેમ પાણીને, ભૂખી જેમ અન્નને, ઠંડીથી જેમ અગ્નિને ઈચ્છે છે, ભય પામેલી રક્ષણને, લોભવાળી દ્રવ્યને, પુત્રની ઇચ્છાવાળી પુત્રને ઈચ્છે છે, તેમ રાત્રિ-દિવસ મને સંભારનારી નારાયણી થાય છે. પ્રેમી આત્માના હૃદયમાં જ હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ રહેલો છું. મને જે જાણતા નથી તે ગધેડાના માથે ચંદનની પોઠ હોય તેણે જાણી શકતો નથી, તેમ મૃગો જેમ બહારના રસને સૂંઘે છે પણ પોતામાં રહેલી કસ્તુરીની ગંધને જાણતા નથી તેમ અજ્ઞાનીઓ પણ મને જાણી શકતા નથી, તે બહાર વૃત્તિવાળા છે. સર્પે પીધેલું દૂધ જેમ ઝેર થાય છે તેમ શઠ મૂર્ખ અજ્ઞાનીની સ્વાર્થી ભક્તિ, ભગવાનની પાસેથી સંપત્તિ અથવા સિદ્ધિ પ્રાપ્ત થયા પછી અભિમાનથી ઝેરરૂપ બને છે. ભગવાનને મૂકી દે છે. તેથી તેનો મોક્ષ બગડે છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું જ્યાં પ્રગટ થાવ છું ત્યારે આવી નિષ્કામ ભક્તિ સુગમ થાય છે. માટે પ્રગટ ગુરુરૂપ હરિ વિના નિર્ગુણ, નિષ્કામ ભક્તિ થતી નથી. આવો નિર્ગુણ ભક્ત નિષ્કામ ભાવે અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરતો, સંસારમાં નિર્લેપ રહે એવો ભક્ત જ્યારે ભગવાનના બ્રહ્મરસને પ્રાપ્ત કરે છે, ત્યારે સંસાર તેને ખારો લાગે છે. જ્યારે ભક્તિ રસને જાણે છે, ત્યારે બધું ઝેર જેવું લાગે છે. જ્યારે સેવારસ જાણે છે ત્યારે રાજ્ય તેને મળ સમાન લાગે છે. જ્યારે મારું મૂલ્ય જાણે છે ત્યારે બધું કચરા જેવું લાગે છે. જેમ પગમાં જોડા પહેરવાથી કાંટા લાગતા નથી તેમ બધું કર્મ ભગવાનને અર્પણ કરવાથી સંસારબંધન કરતો નથી. બુદ્ધિ બ્રહ્મવિદ્યાવાળી હોય તો તેમાં માયા લય પામે છે. માયાવાળી બુદ્ધિ હોય તો જન્મ-મરણ અપાવનારી થાય છે. માટે શ્રીહરિની ભક્તિ વિના મનુષ્ય શરીર મળને જ વહન કરનાર છે, જેમ ચોરાસી લાખ જાતના દેહને વહન કરે છે. તેથી ભગવાનની ભક્તિ વિના આત્મશાંતિ મળતી નથી તથા મોક્ષ પણ મળતો નથી.

દેશી-વિદેશી, શૈદ્રિ, જંગલી, ભીલ, દરિદ્રી, ઘીવરી, મલેચ્છી, અંત્યજની કોઈ પણ નારી ભગવાનને જે સ્વરૂપે ભજે તે સર્વે અંતે મને પામે છે. માટે આ દેહે કરીને પુરુષ બધે મળે છે, પુરુષોત્તમ દુર્લભ છે. નારી બધે મળે છે, નારાયણી દુર્લભ છે. ગૃહ બધાંને મળે પણ અક્ષર દુર્લભ છે. માટે મને સર્વ અર્પણ કરવાથી હું સુલભ થાવ છું.

લક્ષ્મી કહે છે : હે ભગવાન, મેં વધૂગીતા તમારે મુખે સાંભળી તે મોક્ષ આપનારી પ્રભુની પ્રાપ્તિ કરાવનારી છે. હવે તમારા મંત્રો સાંભળવા ઈચ્છું છું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે, મારા નામમાં મંત્રો અને અવતારો રહેલા છે. અ-મત્સ્યરૂપ, ન-નરસિંહ, દ-વરાહરૂપ, શ-હયગ્રીવરૂપ, ક-કૃષ્ણ, ણ-વામન, ન-પરશુરામ, ર-રામ, ય-બુધ્ધ, ણ-કલ્કિનાશક એ રીતે મારા અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામમાં અવતારો રહેલા છે તથા લક્ષ્મીનારાયણ, શ્રીમન્નારાયણ આ બધા મંત્રો મારા જ છે. જે રીતે ગોલોકવાસી, શ્રીકૃષ્ણ પૃથ્વી પર સુલભ

થયા. તે જ રીતે પરમધામમાં રહેલો હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ સુલભ થયો છું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રી પુરુષોત્તમ મેં શ્રીકૃષ્ણવલ્લભ સ્વરૂપ ધારણ કરેલું છે. તે મંત્ર ગ્રહણ કરવામાં કોઈ વિધિ કરવાની જરૂર નથી. કોઈ પણ જ્ઞાતિના તે મંત્ર ગ્રહણ કરી શકે છે. તે મંત્ર "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્‌ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીહરિઃ શરણં મમ".

ધર્મ વૈરાગ્યવાળા, વિદ્વાન, ભક્તિપરાયણ, વેદના રહસ્યને જાણનારા પરબ્રહ્મના સંપ્રદાયવાળા, બ્રહ્મવિદ્યામાં નિષ્ણાંત, મંત્રજપ કરનારા સાધુ-સાધ્વી, સતી વિપ્રને ગુરુ જાણવા. સદાચાર, ભક્તિ શાસન કરનારા બ્રહ્મ આપનારા આચાર્ય ગુરુને શરણે જવું. એજ રીતે શંખ, ચક્ર, ગદા, પદ્મ આદી ચિહ્નો ધારણ કરવા તથા ઊર્ધ્વપુંડ તિલક તે મારું ચરણ છે, મધ્યે ચાંદલો તે લક્ષ્મીજી છે.

પરબ્રહ્મનો સંપ્રદાય હોય તેનો આચાર્ય સમ્રાટ કહેવાય છે. ન્યુન મંત્રના આપનારા ન્યુન કહેવાય છે. મેં મારા સંપ્રદાયમાં આચાર્ય તરીકે ગુરુ તથા ઉપદ્રષ્ટા મંત્ર આપનારા સ્વયંપ્રકાશ ભગવાન મેં સ્થાપન કરેલા છે. (ૐ) અ - અક્ષરબ્રહ્મ, ઉ - મુક્તકોટી, મ - અવતારો આ ત્રણે સ્વરૂપે હું પુરુષોત્તમ રહેલો છું. અ - બ્રહ્મસૃષ્ટિ, ઉ - ઈશ્વરસૃષ્ટિ, મ - જીવસૃષ્ટિ. આ ત્રણ સ્વરૂપે પણ હું પુરુષોત્તમ રહેલો છું. મહામંત્ર - ગુઢાર્થ જ્ઞાન પ્રાપ્તિ કહી છે. તે ગ્રહણ કરવી.

પરબ્રહ્મની ઈચ્છાથી માયાની પ્રાર્થનાથી એક ભાગના ચોથા ભાગમાં માયામયી સૃષ્ટિ થઈ છે. ત્રણ ભાગમાં મારી દિવ્ય બ્રહ્મમય વિભૂતિઓ, સૃષ્ટિઓ રહેલી છે. માટે મારા ભક્તો તેણે અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારા આજ્ઞામૃત મંત્ર, અમૃત, ભક્તિરસ, સેવારસ, મુક્તિરસ પીવા. બ્રહ્મરસ, હાસ્યરસ, પ્રિયરસ, સ્નેહરસ, આત્મરસ, યોગરસ, સર્વે રસ પીવા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરનારાનો મોક્ષ થાય છે. ત્યાં રોગ આવતા નથી. નવનિધિ હાજર રહે છે. સર્વે ઐશ્વર્યો આવે છે. ધન-ધાન્યથી સુખી રહે છે. કાળ પડતો નથી. અકાળે મરણ થતું નથી. સર્વે ક્રિયામાં મારું ભજન કરનારાને ભક્તિ પરાયણ રહેનારાને ગૃહ વૈકુંઠ તુલ્ય ભાસે છે.

અધ્યાય - ૭૩

❖ કુરુક્ષેત્ર તીર્થની કથા ❖

યયાતિ રાજાના ઉપદેશથી પ્રજા સર્વે વૈષ્ણવ થઈ તેથી વિષ્ણુદૂતો યમદૂતોને પાસે આવવા દેતા નહિ. તેથી યમરાજ, વિષ્ણુ અને બ્રહ્મા પાસે ગયા. બધાએ ઈન્દ્રને કહ્યું. ઈન્દ્રએ યયાતિને કહ્યું, તું સ્વર્ગમાં ચાલ તને અર્ધું ઈન્દ્રપદ આપું.

યયાતિએ પૂછ્યું : માનવલોક અને સ્વર્ગલોકમાં શું ફેર છે ? ત્યાં પણ પંચવિષય, અહીં પણ માયામય પંચવિષય છે. મારે તો નિત્ય હરિરસ પીવો છે. ભજનનો આનંદ લેવો છે. આત્માની તૃપ્તિ બ્રહ્માનંદ જોઈએ છે. જો આ બધુ સ્વર્ગમાં હોય તો ત્યાં આવું. ઈન્દ્રે કહ્યું, ત્યાં તો શરીરના ભોગવિલાસ છે. પછી સર્વે ઈશ્વરો, બ્રહ્મા, વિષ્ણુએ કહ્યું, રાજા સૃષ્ટિનો ક્રમ વિખાય નહીં માટે તું મારા ધામ વૈકુંઠમાં ચાલ. પછી બ્રહ્માએ રતિ પુત્રી બિંદુમતી રાજાની સેવામાં આપી. રાજા તેના મોહમાં પડ્યો. રાજાને વૃદ્ધતા આવી તો પણ પુત્ર પાસે યૌવન માગ્યું. પુત્રોએ ના પાડી. એક પુત્ર કુરુ તે પોતાનું યૌવન પિતા યયાતિને આપી હિમાલય તપ કરવા ગયો. ત્યાં ખેતી કરી અન્નક્ષેત્ર ચાલુ કર્યું. તે કુરુક્ષેત્ર તિર્થથી પ્રસિદ્ધ થયું. યયાતિ પોતાના પુત્રોને રાજય સોંપી ભગવાનની ભક્તિ કરી અંતે વૈકુંઠ ધામમાં ગયો.

અધ્યાય - ૭૪, ૭૫, ૭૬

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ કેમ પ્રસન્ન થાય ? ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે છે : હે લક્ષ્મી, હવે હું મુક્તિ અને દિવ્યતા આપનારું જે રહસ્ય છે તે કહું છું. હું કેમ પ્રસન્ન થાવ ? તો જેણે સંતોનું પૂજન કર્યું, જમાડ્યા, તેણે મારું પૂજન કરી મને જમાડ્યો. તે જ રીતે ધર્મવાળી, ભક્તિવાળી સાધ્વીની સેવા સ્ત્રી-ભક્તોએ લક્ષ્મી સ્વરૂપ માનીને કરવી. જેણે સાધુ-સાધ્વીને, સેવ્યા, તેના સર્વે પાપો બ્રહ્મહત્યાદિ સર્વનાશ પામે છે. જેને ત્યાં સંતો જમે છે, ત્યાં સર્વે દેવો પિતૃઓ જમે છે. દતાત્રેય, કપીલ, ઋષભ, શુક, નારદ વગેરે સંતરૂપે રહેલા ગુરુઓને ભગવાન જ કહેલા છે. રંતિ દેવરાજ સંક્રાંતિમાં પૃથ્વીનું દાન વસિષ્ઠને આપી મોક્ષમાં ગયા. મહાભાગવત ભક્ત અંબરીશ યજ્ઞમાં બ્રાહ્મણોને દાન આપી બ્રહ્મલોક ગયા. પૂર્વે અવતાર થયા તેણે પણ દાનો કર્યા છે માટે પ્રભુની પ્રસન્નતા અર્થે દાન આપવા. આ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું પ્રસન્ન થાવ છું.

જીવાત્મા તપ, જપ, દાન, નિયમ વગેરે તથા અનેક પ્રકારના દાન આપી અનેક ફળ મેળવે છે પણ અંતર્યામી પરમાત્મા મને સંભારીને દાન આપે તો હું ધામમાં લઈ જાઉં.

અનાથો તથા બાળકોને જમાડવા. આઠ વર્ષ સુધીના બાળકોનું હૃદય, માયા કપટથી રહિત હોય છે. હુ સાધુની જેમ બાળકોમાં પણ હું રહું છું. માટે તેને જમાડીને રાજી રાખવા. એકલો સત્વગુણ હોય તેને બ્રાહ્મણ, સાધુ, સાધ્વી, ગુરુ કે એકાંતિક ભક્ત કહેવાય છે. જેનામાં રજોગુણ, તમોગુણ હોય તેને ક્ષત્રીય કહેવાય છે. સત્વ રજોગુણ હોય તેને વૈશ્ય કહેવાય છે અને તમોગુણ વિશેષ હોય તેને શૂદ્ર કહેવાય તથા અતિ તમોગુણ હોય તેને ઘાતકી કહેવાય છે. તે સર્વે મારા યોગથી નર નારાયણ જેવા થાય છે. નારી નારાયણી થાય છે. માટે માયાના દોષનો ત્યાગ કરી સાધુગુણે યુક્ત થાય તે સત્પથે-પરમધામમાં જાય છે.

અધ્યાય - ૭૭, ૭૮, ૭૯

❖ સાધ્વી સ્ત્રી હોય તે પતિવ્રતા કેમ કહેવાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : જે સ્ત્રી સાધ્વી હોય તે પતિવ્રતા કેમ કહેવાય ? આ લોકમાં તેને કેમ રહેવું ? ભગવાને કહ્યું : ૐ નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણાયપતયે સ્વાહા, આ દીક્ષા મંત્રથી પોતાના આત્માના પતિ ભગવાનને માનીને કાયમ સર્વે પ્રકારે પૂજવા. પતિ એવા ભગવાનમાં સર્વ સુખ હોમવા. કામના, ભોગ-વિલાસ, ઐશ્વર્ય આદિક માયીક સુખનો ત્યાગ કરીને પ્રભુને પ્રસન્ન કરનારી ધર્મ ભાગિની થાય છે. મારામય થઈને મારી નવધા ભક્તિ કરવી. શરીર ઈન્દ્રિયો, અંતઃકરણથી ભગવાનની સેવાભક્તિ કરી પોતાના આત્મામાં ભગવાનને ધારવા. સર્વક્રિયાઓ ભગવાન સંબંધી જ કરવી.

ચંદ્રિકા ગોપી ગોવાલણ પોતાનો પતિ સ્વર્ગમાં ગયા પછી ભગવાનને પતિ માની પૂજા કરી ભક્તિ કરી અતિથિ સેવા કરી સ્વર્ગમાં ગઈ. ત્યાં પતિ સાથે રહી પછી સત્યલોક પછી વૈકુંઠ પછી અક્ષરધામમાં ગઈ. એવી રીતે ભગવાનને પતિ માની જે સ્ત્રી ભક્તિ કરે છે તે ધામમાં જાય છે.

પૂર્વે કંડાયન ઋષિપુત્રી બ્રહ્મપૃથા તે હરિપ્રથમ રાજાની પત્ની થઈ. સંસારની ઈચ્છા નહીં હોવા છતાં પિતાનો આજ્ઞાધર્મ સ્વીકારી ગૃહસ્થાશ્રમ કર્યો સાધુ-સાધ્વીની સેવા કરી ભગવાનની ભક્તિ કરીને સ્વર્ગમાં ગયા પછી ધામમાં ગઈ.

અધ્યાય - ૮૦, ૮૧

❖ લોમશ આશ્રમમાં પાંચસો સાધુનો વાસ ❖

સર્વે સદ્‌ગુણયુક્ત નિષ્પરિગ્રહ, શુદ્ધપણે રહેનારા તિર્થો કહેલા છે. ત્યાગમાં પ્રીતિવાળા, ભક્તિવાળા, અંદર-બહાર પવિત્રપણે રહેનારા ગયેલાનો શોક કરતા નથી. પાસે હોય તેમાં અહ્‌મ રાખતા નથી. દેહથી નિષ્કિંચન, મનથી પ્રસન્ન, જ્ઞાનથી પવિત્ર આ ત્રણ આત્માના તિર્થો કહેલા છે. આવા દેહથી પર સ્થિતિએ વર્તનારા સાધુની સેવાથી આયુષ્ય યશ-કીર્તિ, સંપત્તિ તથા મોક્ષ મળે છે.

પૂર્વે લોમશ ઋષિએ કીડાને રાજાનો જન્મ આપ્યો પછી ભગવદ્‌ભક્ત વૈષ્ણવ બનાવી મોક્ષ કર્યો. શતાનંદ વિનોદિની બ્રાહ્મણ દંપતી દશ હજાર વર્ષ તપ કરી ભગવાનની ભક્તિ કરતા. તેને પહેલો પુત્ર થયો તે સાધુ કર્યો તેનું નામ મુક્તાયન. બીજો પુત્ર થયો તેને સાધુ કર્યો તે બ્રહ્માયન કવિ. ત્રીજો પુત્ર થયો તેને સાધુ કર્યો તે પ્રેમાયન કિર્તન કવિ થયા. એવી રીતે પાંચસો સાધુ કર્યા. પછી વિનોદિનીએ કહ્યું. એક પુત્ર સંસારવંશકર્તા માટે રાખો તે પુત્ર થયો તે વિશ્વાયન. તે મહાભાગવત ભક્ત થયો. તે લોમશ આશ્રમમાં રહ્યો. પાંચસો સાધુ પણ લોમશ આશ્રમમાં રહ્યા.

અધ્યાય - ૮૨

❖ નીચ વર્ણની સ્ત્રીઓ સદ્‌ગતિ કઈ રીતે પામે ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ, સ્વૈરિણી, કામિની, પુશ્ચલી આ ત્રણ પ્રકારની સ્ત્રીઓ તેની સદ્‌ગતિ કઈ રીતે થાય તે કહો. અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : હે લક્ષ્મી, સાંભળો સંત તે અગ્નિસમાન છે. સંત તિર્થ છે. સંત દેવના દેવ છે. સંત અમૃત-સંત ધર્મ છે. સંત સ્વયં ભગવાન છે. તે સંતના ચરણ સ્પર્શથી તેના દર્શનથી તેના પ્રસાદથી પાપના સમુદાય નાશ પામે છે. ઘાસની ગંજીમાં અગ્નિકણ પડવાથી બળી જાય છે. તેમ સંતના યોગથી પાપના સમુદાય પણ બળી જાય છે. માટે સંતને નમસ્કાર, ભોજન, સ્નાન શ્રીહરિની કથાશ્રવણ વગેરે ભક્તિ કરવાથી તે નીચ વર્ણની સ્ત્રીઓ પણ સદ્‌ગતિ પામે છે. આ મારું ગુપ્ત રહસ્ય કહ્યું. પૂર્વે કાશીમાં ગંગાકાંઠે વસ્ત્ર વિનાના વાત્સ્યાય મુનિ બેઠા હતા. ત્યાં ગણિકાઓ આવી. અતિ તેજસ્વી ઋષિનો કામભાવે સ્પર્શ કર્યો પણ નિષ્કામી યોગીના સ્પર્શથી ગણિકાઓ પણ રજોગુણથી રહિત થઈ ગઈ. ઋષિએ તેઓનું કલ્યાણ કર્યું.

અધ્યાય - ૮૩

❖ કયાં સદ્‌ગુણોથી સાધુ ભગવાન કહેવાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : કયાં સદ્‌ગુણોથી સાધુ ભગવાન કહેવાય ? ભગવાને કહ્યું : ક્ષમાવાળા, વૈરાગ્ય, શાંત, અપરિગ્રહ, આત્મનિષ્ઠાવાળા, સર્વસ્વ ભગવાનને અર્પણ કરનારા, નિર્બંધન માયાના દાસ નહિ થનારા, દેહ ઈંન્દ્રિયોને પોષણ થાય તેટલું જ ગ્રહણ કરનારા, અહંમતારહિત, મનથી નિર્મળ રહેનારા, પરોપકાર કરનારા, મોક્ષ માર્ગ બતાવનારા, સર્વે વૃત્તિઓને મારામાં રાખનારા, આવા સંત સદા ભગવાન સમાન માનવા. તેને ભગવા વસ્ત્રની જરૂર રહેતી નથી. બાહ્ય ચિહ્નો ધારણ કરવાની જરૂર નથી.

શરીરથી ભોગશૂન્ય આ સાધુતાનું એક પગથિયું. ઈન્દ્રિય રાગશુન્ય આ બીજું પગથીયું. અંતઃકરણને વશમાં રાખે આ ત્રીજું પગથિયું. આત્માને ભગવાનમાં અર્પણ રાખે આ ચોથું પગથિયું. જ્ઞાનમાં મારી મૂર્તિમાં વાસ આપે આ પાંચમું પગથિયું, મોક્ષ માટે જ પ્રયત્ન કરે આ છઠ્ઠું પગથિયું. તૂર્યાવસ્થામાં રહેનારા બ્રહ્માકારે વર્તનારા બ્રહ્મદૃષ્ટિથી જોનારા આ સાતમું અંતિમ પગથિયું. આવા સંત ગુરુ બ્રહ્મનિષ્ઠને ભગવાન સમાન કહેલા છે. તે જ રીતે સાધ્વીને પણ નારાયણી સમાન કહેલી છે. દેહ-ઈન્દ્રિયોના સુખને ઇચ્છનારા ત્યાગીઓને મધ્યમ કહેલા છે. સર્વથા રાગયુક્ત મારી દીક્ષાવાળા છતાં સ્વાર્થપરાયણ પરાણે ત્યાગ માર્ગમાં રહેલા તેને કનિષ્ઠ સાધુ-સાધ્વી કહેલા છે. જેમ ખેડુ સારી જમીન હોય તો ફળ મેળવી શકે છે. તેમ શ્રેષ્ઠ ઉત્તમ એવા પરમ એકાંતિક બ્રહ્મનિષ્ઠ ગુરુથી મુમુક્ષુઓ મોક્ષરૂપી ફળ મેળવી શકે છે.

અધ્યાય - ૮૪, ૮૫

❖ સંતનો સમાગમ ન મળે તેનો મોક્ષ કેમ થાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : જે મનુષ્યોને સંતનો સમાગમ ન મળે તેનો મોક્ષ કઈ રીતે થાય ? ભગવાને કહ્યું : જેને સંત ન મળે તે મનુષ્યને માતા-પિતાને તિર્થ માની સેવા પરાયણ થવું તથા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવું અથવા ધૂન-કિર્તન કરનારા ભક્તમંડળમાં રહેવું તે પણ સાધુ કહેલા છે. શાસ્ત્રના શ્રવણથી વૃદ્ધોના વાક્યોથી પણ મહાપુણ્ય થાય છે. આવી રીતે ભગવાનનું ભજન કરનારા મુમુક્ષુઓને સાધુ-સાધ્વીઓ કહ્યા છે. મારું નામ ભજન કરનારા તે રાજા હોય, અધિકારી હોય, પ્રજા ગમે તે વર્ણના હોય. તે સર્વે સાધુ કહ્યાં છે. જેમ વૃક્ષ-વેલીને પાણી મળે અને પ્રફૂલ્લિત થાય તેમ ભક્તને સાધુ મળેને આનંદ થાય તે મોક્ષમાં જાય. જેમ રાજાની આજ્ઞામાં નોકર રહે છે. તેમ સાધુઆજ્ઞામાં ભક્તે રહેવું.

પૂર્વે વૃષાયન સાધુને શરણે ચકલી આવી તેની પાછળ બાજ પક્ષી આવ્યું. ઋષિને કહ્યું, ચકલીભાર માંસ આપો એટલે ચાલ્યો જાઉં. ત્યારે ઋષિએ પોતાના શરીરમાંથી માસ આપ્યું. એવી રીતે શરણે આવેલાનું રક્ષણ કરનારા અભયદાન આપનારાને સંત કહ્યાં છે.

અધ્યાય - ૮૬

❖ અભિમાનીનું કલ્યાણ કેમ થાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : ધનના મદવાળા, શરીરના ગર્વવાળા તેનું પરમ કલ્યાણ કેમ થાય ? ભગવાને કહ્યું : આ લોક-પરલોકમાં સુખ ઈચ્છતા હોય તેણે સાધુની સેવા કરવી. શાસ્ત્ર ભણેલા હોય તેને અનેક પ્રકારના દાન આપી સેવા કરવી. બ્રહ્મતેજવાળા સાધુની સેવા કરી તેણે બધા યજ્ઞો કર્યા, તેણે દેવતાઓને-પિતૃઓને રાજી કર્યા. સાધુ જે સ્થળે વિચરતા હોય ત્યાં યમદૂતો આવી શકતા નથી. ચિત્રકેતુ રાજાની રાણી માલતી તેણે ચિત્રકેતુને પૂછ્યું, તમે સમ્રાટ ત્રિલોકીમાં પ્રસિદ્ધ કેમ છો. રાજાએ કહ્યું કે, હું ઋષિ-મુનિ, તપસ્વીની સેવા કરું છું. સાધુનો સમાગમ કરું છું. સત્સંગભક્તિ કરું છું. તેથી ભગવાન રાજી છે એટલે ભગવાનને લઈને ત્રિલોકીમાં પ્રસિદ્ધ છું.

અધ્યાય - ૮૭ થી ૯૦

❖ બ્રાહ્મણ, ગૃહસ્થ અને સાધુમાંથી શ્રેષ્ઠ કોણ ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : બ્રહ્માના પુત્રો બ્રાહ્મણો શ્રેષ્ઠ છે કે, ગૃહસ્થો શ્રેષ્ઠ છે કે, વૈરાગ્યવાળા સાધુ શ્રેષ્ઠ છે ? પુરુષોત્તમ નારાયણે કહ્યું : સકામ કરતા નિષ્કામી શ્રેષ્ઠ છે. સ્ત્રીવાળા ગૃહસ્થો કરતા ત્યાગી સાધુ કામ, ક્રોધ, લોભ, મોહ વિનાના માયાથી રહિત એવા

યતિઓ શ્રેષ્ઠ છે. માટે ત્યાગાશ્રમથી ગૃહસ્થાશ્રમ નીચો છે. વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ. આશ્રમમાં સાધુ શ્રેષ્ઠ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ગૃહસ્થ, વનિતા, બ્રહ્મચારી સર્વેથી સાધુ શ્રેષ્ઠ છે. તે જ રીતે મહાભાગવત ભક્તો ગૃહસ્થો પણ સાધુ જ છે. માટે હે લક્ષ્મી, મને ગૃહસ્થાશ્રમ જરાય ગમતો નથી. પણ ભક્તાણીની ઇચ્છા પૂરી કરવા માટે હું ગૃહી થાવ છું. ભક્તોની ઇચ્છા પૂરી કરવી આ મારી પ્રતિજ્ઞા છે. એક સમયે વિષ્ણુ ૧૦૦૦ વર્ષ તપ કરતા હતા. લક્ષ્મીએ પૂછ્યું, તપ શા માટે કરો છો ? વિષ્ણુએ કહ્યું, તપથી સાધુપણું રહે છે. નારીસ્પર્શ થતો નથી. સિદ્ધિ પણ તપથી પ્રાપ્ત થાય છે. લક્ષ્મી કહે, તમે તો નિર્દોષ છો. પ્રાકૃત જીવની જેમ કેમ દોષ બતાવો છો. વિષ્ણુએ કહ્યું, ચાલો વૈકુંઠમાં. ગયા ત્યાં, નારાયણ સાધુની પૂજા કરતા હતા. ત્યાં દર્શન કરી ગોલોકમાં ગયા. ત્યાં શ્રીકૃષ્ણ સાધુની પૂજા કરતા હતા. ત્યાં દર્શન કરી પરમધામમાં ગયા ત્યાં પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાધુની પૂજા કરતા હતા. માટે બ્રહ્મચર્યવાળા સાધુ શ્રેષ્ઠ છે. તેઓ મને હૃદયમાં રાખી અન્ય મુમુક્ષુઓને મારું સ્વરૂપ ઓળખાવી મોક્ષ માર્ગે ચડાવે છે.

ગૃહસ્થાશ્રમમાં પણ શાસ્ત્રની મર્યાદા પ્રમાણે રહેનારા ગૃહસ્થોને પણ સાધુ કહેવાય છે. ખોટું બોલનારા, ચોરી કરનારા, ખોટી સાક્ષી પૂરનારા, છેતરનારા, સાધુ બ્રાહ્મણ વેદ સતી પતિવ્રતાની નિંદા કરનારા, માયાના દોષવાળા તે નરકગામી થાય છે. ભક્તિમાં વિઘ્ન કરનારા, પૂજાહીન, દેવહીન, ભક્તિહીન તે નરકગામી બને છે.

સંતની-જ્ઞાનીની દૃષ્ટિમાં આ જગતમાં બધું દુઃખ રૂપ જ છે. સુખ દેખાય છે તે પણ દુઃખમિશ્રિત જ છે. ખેડુ આખો દિવસ કામ કરી સાંજે રોટલો ખાઈને વાડીએ ઝુંપડામાં પાથર્યા વિના સૂઈ જતો. તે વાણીયાએ જોયું. તેથી દયા કરીને ૧૦૦ રૂપિયા આપ્યા. ખેડુ બીજે દિવસે કામે ગયો પણ ધ્યાન રૂપિયામાં ઘરે આવી જમીનમાં દાટ્યા પણ ધ્યાન રૂપિયામાં રહે. કામ ઓછું થયું. ખાવાનું ભાવે નહિ. નિંદર આવે નહિ. બીજે દિવસે રૂપિયા વાણીયાને આપી કહ્યું, આને તો મારું સુખ હરામ કરી દીધું માટે સુખ સંતોષમાં છે, સંપત્તિમાં નહિ.

ગુરુસેવા કરનારા, દાનવાળા, દેવના ભક્તો સ્વર્ગને પામે છે. સ્વાર્થથી, સ્નેહથી, લોભથી, જ્ઞાનથી સંબંધસહવાસથી પણ ભક્તો સ્વર્ગને પામે છે. દેવની પ્રસાદી જમનારા, ધર્મશાળા મંદિર વગેરે કરનારા સ્વર્ગને પામે છે. વૃક્ષ વાવનારા, કૂવા-તળાવ વાવો કરાવનારા સ્વર્ગને પામે છે. અન્ન, વસ્ત્ર આપનારા ગામનું રક્ષણ કરનારા આશ્રયે આવેલાનું રક્ષણ કરનારા સ્વર્ગને પામે છે.

અધ્યાય - ૯૧ થી ૯૪

❖ સંતના યોગ વિના પાપીનો ઉદ્ધાર કેમ થાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : અતિ પાપી, ઘાતકી હોય તેને સંતનો યોગ ન થાય તો તેનો ઉદ્ધાર કેમ થાય ? ભગવાને કહ્યું : કુંભમેળામાં સ્નાન કરવાથી, ઉત્તમ તિર્થ કુંકુમવાપી, અશ્વપટ સરોવર, નારાયણ ધરો, ગોમતી તિર્થમાં સ્નાન કરવાથી તેનો ઉદ્ધાર થાય છે. જ્યાં ભગવાનના અવતારો ફર્યા હોય તે તિર્થમાં જ્યાં ભગવાન તથા સંતો ન્હાયા હોય તે તિર્થમાં, નદીમાં, તળાવ, સમુદ્રમાં ન્હાવાથી તે પાપીનો પણ ઉદ્ધાર થાય છે. એવા ભારતના સર્વ તિર્થો પવિત્ર કરનારા છે.

કર્મથી નીચ થઈ, પતીત થઈને પાછા સત્કર્મથી તપથી, યજ્ઞથી પૂર્વેના બ્રાહ્મણો તથા રાજાઓ શુદ્ધ થયેલા છે.

અનેક પ્રકારના બળથી બ્રહ્મબળ સર્વેથી અધિક છે. પૂર્વે સૌરાષ્ટ્રમાં દેવ શર્મા વિપ્ર પોતાની પત્ની રુચિને પોતાના શિષ્ય વિપુલને રક્ષણ માટે સોંપી પોતે ચાતુર્માસ અશ્વપટ સરોવર તપ કરવા ઈચ્છા કરી. વિપુલને ભલામણ કરી જો રુચિ રૂપવાળી છે. તેથી ઈન્દ્ર અનેકરૂપ લઈને છેતરવા આવે છે. તેથી ગુર્વાણીનું ધ્યાન રાખજે. ગુરુ ગયા પછી ઈન્દ્ર અનેક માયા કરી કપટ કરી યુવાન બની રુચિને છેતરવા આવ્યો. વિપુલ યોગકળા કરીને રુચિના શરીરમાં પ્રવેશી કહેવા લાગ્યો. હે ઈન્દ્ર તું ક્યારે પણ આ આશ્રમમાં આવીશ તો બાળીને ભસ્મ કરી દઈશ. ઈન્દ્ર જતો રહ્યો, પછી કોઈ દિવસ આવ્યો નહીં. ગુરુએ આવીને વિપુલને આશીર્વાદ આપ્યા.

વિશ્વામિત્રની કૃપા, તપ વડે સત્યવ્રત-ત્રિશંકુ સદેહે સ્વર્ગમાં ગયો તે સાધુનો પ્રતાપ. માટે સાધુના આશીર્વાદથી આલોક-પરલોક બંને સુધરે છે.

અધ્યાય - ૯૫

❖ શુભ કાર્યોમાં, આપત્તકાળમાં સ્ત્રીઓએ કયો મંત્ર જપવો ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે પ્રભુ, સ્ત્રીઓએ હંમેશાં કયાં મંત્રનો જાપ કરવો ? તથા દરેક શુભ કાર્યોમાં કયો જપ કરવો ? તથા આપત્તકાળમાં અનિષ્ઠમાં કયો જપ કરવો ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : હે લક્ષ્મી સાંભળો, શાંતિ આપનારો, પુષ્ટિ કરનારો, વિઘ્ન નાશ કરનારો, રક્ષા કરનારો, જે જપ કરવાથી શરીરધારી સર્વ પાપથી મુકાઈ છે. તે આ મારા આ સ્ત્રોતનો પાઠ કરવો.

નમઃ શ્રીપરમેશાય નમોઅક્ષરાધિપાય ચ, નમો મુક્તાધિનાથાય નમો બ્રહ્મપ્રિયાજુષે. હરિપ્રિયાદિપતયે નમો નમોઅવતારીણે, નમો અનાદિકૃષ્ણનારાયણાય પરમાત્મને નમઃ ઈશ્વરનાથાયેશ્વરીણીસ્વામિને નમઃ, નમો વ્યૂહાધિનાથાય વૈષ્ણવીસ્વામિને નમઃ નમો નારાયણીશાય શ્રીલક્ષ્મીશાય તે નમઃ, નમોઅંતર્યામિણે વેદનિધયે તે નમો નમઃ નમઃ સહસ્ત્રશીર્ષાયાઅસંખ્યનામ્ને ચ તે નમઃ, વિષ્ણવે શંભવેઅજાય ત્રિરુપાય ચ તે નમઃ આદિત્યેભ્યો નમશ્ચાપિ વસુભ્યશ્ચ નમો નમઃ, અશ્વિભ્યાં ચ નમઃ સર્વસુરેભ્યશ્ચ નમો નમઃ યજ્ઞદેવેભ્ય એવાઅપિ કાલાય મૃત્યવે નમઃ, વિશ્વદેવેભ્ય એવાપિ પિતૃભ્યશ્ચ નમો નમઃ સિદ્ધેભ્યશ્ચ મુનિભ્યશ્ચ સાધુભ્યશ્ચ નમો મુહુઃ, ગણેશ્વરેભ્યઃ સર્વેભ્યઃ પાર્ષદેભ્યો નમો નમઃ સાધ્વીભ્યશ્ચ સતીભ્યશ્ચ દેવીભ્યશ્ચ નમો નમઃ, માતૃભ્યશ્ચ જનકેભ્યો વૃદ્ધેભ્યશ્ચ નમો નમઃ વિપ્રભ્યઃ પૂજ્યવર્ગેભ્યસ્તીર્થેભ્યશ્ચ નમો નમઃ, કંભરાયૈ મહાલક્ષ્મીયૈ સંતુષ્ટાયૈ નમો નમઃ માણિક્યાયૈ પ્રભાવત્યૈ પ્રજ્ઞાયૈ ચ નમો નમઃ, લક્ષ્મ્યૈ શ્રિયૈ રાધિકાયૈ કમલાયૈ નમો નમઃ શ્રીમદ્ગોપાલકૃષ્ણાય તે મહાવિષ્ણવે નમઃ, સપ્તર્ષિભ્યો માનવેભ્યો બ્રાહ્મણેભ્યો નમો નમઃ ચમત્કારિપુરુષેભ્યઃ સદ્ગુરુભ્યો નમો નમઃ, ધર્માય ભક્તયૈ કૃષ્ણાય હરયે ચ નમો નમઃ નરાય તત્પૂર્વજાય વૃષજેભ્યો નમો નમઃ, દિકપાલેભ્યઃ સમસ્તેભ્યો લોકપાલેભ્ય આનમઃ ગુરુભ્યો મોક્ષદેભ્યશ્ચ શાંતિદેભ્યો નમો નમઃ, પાલકેભ્યઃ પવિત્રેભ્યઃ પાવનેભ્યો નમો નમઃ પાવકેભ્યશ્ચ તત્વેભ્યશ્ચઐશ્વર્યેભ્યો નમો નમઃ, સર્વાભ્યો બ્રહ્મવિદ્યાભ્યો મુક્તિદાભ્યો નમો નમઃ ગુર્વીભ્યઃ કામધેનુભ્યઃ સભ્દ્યો મુહુર્નમો નમઃ, તાપસેભ્યઃ શીલધર્મિભ્યો યોગિભ્યો નમો નમઃ સર્વાત્મને અનાદિશ્રીકૃષ્ણનારાયણાય તે નમઃ, સ્વતઃપ્રકાશરુપાય મન્ત્રાણાં નિધયે નમઃ

આ રીતે મારા નામના મંત્રોનો સવાર-સાંજ જ્યારે સમય મળે ત્યારે જપ કરવો. આ મંત્રો (બ્રહ્મશર) બાણની સમાન છે. સર્વે વિઘ્નોથી રક્ષણ કરનારા છે.

સાધુજનોની સેવા કરવી, સાધુના આશીર્વાદ નિષ્ફળ જતા નથી. પૂર્વે બ્રહ્માના માનસપુત્ર પ્રણત બ્રહ્મઋષિની સેવા કશ્યપ કરતા હતા. એક દિવસ ઋષિએ કહ્યું, મને દૂધપાક જમાડ. કશ્યપે દુધપાક બનાવીને જમાડ્યો. વધેલો દૂધપાક ઋષિએ કશ્યપના તથા તેની પત્ની અદિતીને શરીરે ચોપડીને કહે, મને તેડી ખંભે નાખી ગામમાં ફેરવો. દંપતીએ તેવી સેવા કરી. ઋષિએ આશીર્વાદ આપ્યા. તું દેવોની માતા થઈશ. તારે ત્યાં ભગવાન પ્રગટ થશે.

અધ્યાય - ૯૬ થી ૯૯

❖ સંત, સતી, ધર્મ અને શ્રીહરિ આ બધામાં શ્રેષ્ઠ કોણ ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : સંત, સતી, ધર્મ અને શ્રીહરિ આ બધામાં શ્રેષ્ઠ કોણ ? ભગવાને કહ્યું : ભક્તિવાળા નિર્વાસનિક શીલવ્રતવાળા એવા સંતો જ શ્રેષ્ઠ છે. એવા સંતની સેવા મળી તેને ભગવાનની સેવા મળી તેમ માનવું. સતી-સાધ્વીની સેવાથી પણ મનુષ્યનું કલ્યાણ થાય છે. તથા પ્રત્યક્ષ એવા ભગવાનમાં આ ચૌદ પ્રકારો ચમત્કારમાં લય પામે છે. પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-શબ્દ-અર્થાપતિ-ઉપલબ્ધિ-સંભવ - ઈતિહાસ-ચેષ્ટા-મૌન-અભિવિતિ-સ્વપ્ન-દૈવ-માનસ આ સર્વે પ્રત્યક્ષ ભગવાનનાં ચમત્કારમાં લય પામે છે. માટે આલોકમાં મનુષ્યરૂપે રહેલા ભગવાનનો નિશ્ચય તે શાસ્ત્ર પ્રમાણે કરવો.

સિંહારણ્યમાં ગોકર્ણ નામે ઋષિ વાસ કરતા હોવાથી ગોકર્ણ તિર્થ થયેલું છે. તે તિર્થમાં આલંબાયન નામના ઋષિએ લાખો માનવોને અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીપુરુષોત્તમ, રાધાપતિ, લક્ષ્મીપતિ એવું ભજન કરાવીને મોક્ષ કર્યો હતો.

ગંગા કાંઠે બેઠેલા વૈષ્ણવ સાધુને એક રાક્ષસ ભૂખ્યો, તરસ્યો ખાવા આવ્યો. તેને સાધુએ પાણી છાંટી પવિત્ર કરી દીધો અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી સ્વર્ગની પ્રાપ્તિ કરાવી પછી તેનો મોક્ષ કર્યો.

સત્પુરુષનાં મુખમાંથી નીકળેલી વાણી પવિત્ર જ છે. સંતવાણી તે વેદ સમાન છે. સંતો ક્યારે પણ અર્થ વિનાની વાણી બોલતા નથી. લક્ષ્મી કહે, હું સંતની આજ્ઞાકારી છું. જ્યાં તમારા સંતો-સાધ્વી, પતિવ્રતા ભક્તો વાસ કરે છે ત્યાં જ મને રહેવું ગમે છે. તેના યોગમાં હું પણ સાર્થક થાવ છું. જ્યાં પાપી પુરુષો વાસ કરે છે. ત્યાં મને લક્ષ્મીને રહેવું પણ ગમતું નથી.

અધ્યાય - ૧૦૦

❖ ભગવાનનું પૃથ્વી પર અવતાર ધારણ કરવાનું કારણ શું ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે પ્રભુ, હે કૃપાસિંધુ સંતોના ધન તમે મુક્તોના જીવનરૂપ છો. તમે આ પૃથ્વી પર અવતાર ધારણ કરો છો તેનું કારણ શું ? પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : હે લક્ષ્મી સાંભળો. મારે પૃથ્વી પર અવતાર ધારણ કરવાનું કારણ એક મારી કૃપા, બીજી મારી ઈચ્છા, ત્રીજું કારણ અવતાર ધારણ કરવાનું નિમિત્ત પૂર્વે બાર મહાયુદ્ધો થયા. તેમાં દેવોના રક્ષણને માટે દૈત્યોના નાશ માટે મારે જુદા જુદા અવતારો ધારણ કરવા પડ્યા. પૂર્વે હિરણ્યકશીપુ, દશ કરોડ, બોતેર લાખ, એંશી હજાર વર્ષ ત્રિલોકીનો રાજા સમ્રાટ રહ્યો. ત્યાર પછી તેનો પુત્ર પ્રહલાદ પણ દશ યુગ સુધી

ત્રિલોકીનો રાજા રહ્યો. બલિરાજા દસ કરોડ ત્રીસ લાખ આઠ હજાર વર્ષ ત્રિલોકીનો રાજા રહ્યો. આ ત્રણે ઇન્દ્ર પ્રસિદ્ધ છે. ૧. સંગ્રામ નૃસિંહ-હિરણ્યકશીપુનો તથા ૨. વરાહ-હિરણ્યાક્ષનો, ૩. અમૃતમંથન, ૪. વિરોચન, ૫. તારકાસુરનો સંગ્રામ, ૬. આડીબજંભને વિષ્ણુએ માર્યા, ૭. ત્રિપુરાસુરનો, ૮. અંધકાસુરનો, ૯. વિપ્રચીતનો, ૧૦. વૃત્રાસુરનો, ૧૧. રજીના દૈત્યો માર્યા, ૧૨. ષંડ અમર્કને માર્યા. આ બધામાં વિષ્ણુ સહાય કરનારા હતા. દેવોનું જોર વધ્યું ત્યારે દૈત્યગુરુ શુકાચાર્ય દૈત્યોને પોતાની માતા ખ્યાતિદેવીના રક્ષણ માટે આશ્રમમાં રાખ્યા અને પોતે તપ કરવા ગયા. તે સમયે ઇન્દ્ર વગેરે દેવો, દૈત્યોને મારવા આવ્યા. દૈત્યો ભય પામીને આશ્રમમાં ગયા. ત્યારે ભૃગુ પત્ની પતિવ્રતા ખ્યાતિદેવીએ પતિવ્રતાના પ્રભાવથી ઇન્દ્ર વગેરે દેવોને જડ જેવા બનાવી દીધા. ત્યારે દેવોએ વિષ્ણુની સ્તુતિ કરી. વિષ્ણુએ સુદર્શન ચક્રથી ખ્યાતિદેવીનું મસ્તક કાપી નાખ્યું. ભૃગુ ઋષિએ કહ્યું, કે તું જેમ પતિવ્રતા હતી તેમ જો હું પત્નીવ્રત વાળો હોઉં તો તું સજીવન થા. એમ કહીને પાણીની અંજલિ છાંટી તરત હતા તેવા ખ્યાતિદેવી સજીવન થયા. ભૃગુએ વિષ્ણુને શાપ આપ્યો કે, તમે વારંવાર મનુષ્યજન્મ ધારણ કરી સ્ત્રી વિયોગવાળા થાવ. પછી શાંત થઈ. ભૃગુ ઋષિ કહે, મારે ત્યાં જમતા જાવ. વિષ્ણુ કહે, તમારે ત્યાં લક્ષ્મી પુત્રીરૂપે જન્મ લેશે ત્યારે હું તેને પરણવા આવીશ. ત્યારે હું અને લક્ષ્મી સાથે જમીશું. આ રીતે મારા અવતારોની કોઈ ગણત્રી જ નથી. ક્યારેક દેવોના કામ માટે, ક્યારેક સ્ત્રીઓના કામ માટે, ક્યારેક લોકકલ્યાણ માટે, ક્યારેક યુગ પરિવર્તન થાય ત્યારે આવા કાંઈક નિમિત્તે અવતાર ધારણ કરું છું. દેવના યોગે દેવ થાય છે. સાધુના યોગે સાધુ થાય છે. મારા યોગે મારો ભક્ત મારા જેવો થાય છે. નરનારાયણના યોગે નરનારાયણ બને છે. નારી નારાયણી બને છે. મુક્તાનિકા રમા અને પદ્માવતી જેવી બને છે.

અધ્યાય - ૧૦૧

❖ પુરુષોત્તમ નારાયણની મુક્તાનિકા રમા-પદ્માવતી કોણ હતી ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે ભગવાન, રમા-પદ્માવતી કોણ હતી તો કહો. અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : પૂર્વે સૂર્યને સરાણે ચડાવીને વિશ્વકર્માએ સરખા કર્યા. ત્યારે તેજસ્વી સૂર્યને જોઈને દીશકન્યાએ સૂર્ય પાસે આવી કામ સુખની યાચના કરી. સૂર્યએ કહ્યું : મને ભોગમાં ઇચ્છા નથી. તારે પુત્ર જોઈતો હોય તો આપું દીશ કન્યાએ કહ્યું, મારે ગર્ભની ઇચ્છા નથી. સૂર્યએ કહ્યું, જ્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ગોપાલકૃષ્ણ-કંભરામાતાના પુત્રપણે પૃથ્વી પર પ્રગટ થશે ત્યારે તારો સંકલ્પ સત્ય થશે.પછી વિશ્વકર્મા કહે, તમે મારા જમાઈ છો પણ મારા પુત્ર થાવ. ત્યારે સૂર્યએ કહ્યું કે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થશે ત્યારે તમારો સંકલ્પ પૂરો થશે. તે વિશ્વકર્મા વાલજી શિલ્પી થયા તેના પુત્ર નાનજી શિલ્પી સૂર્યનો

અવતાર હતા. દીશકન્યા તે અંબામાતા, મનોજીતવા પુત્રી તે દંપતીથી પાંચ પુત્રીઓ થઈ મોટા પદ્માવતી, રમા નાના તે બંને બહેનો પૂર્વે બ્રહ્માના પુત્રી હતા. તેણે પુરુષોત્તમ માસની તેરસનું વ્રત કરવાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ હતી. ફરી પાછા ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવા કરવા માટે પૃથ્વી પર પદ્માવતી રમા જન્મ્યા તેમજ ધામમાં રહેનારા મારા પાર્ષદો હેમંત અને ભગવાન નિત્ય મારી સેવા પરાયણ રહેનારા જન્મ્યા. ત્યારપછી ત્રણ કન્યાઓ તે માલતી, હંસા, સગુણા તે સર્વ દેવ કન્યા જન્મી તે વૈકુંઠની સખીઓ હતી. હે લક્ષ્મીજી, આ પદ્માવતી અને રમાનું વૃત્તાંત તમને કહ્યું. જેવી રીતે જયા, લલિતા, શ્રીમાણિકી અને તું લક્ષ્મી તેવી જ રીતે આ મારી પ્રિયા છે. એ રીતે મારી અનંત જન્મોની કરોડો અબજો બ્રહ્મપ્રિયાઓ છે.

અધ્યાય - ૧૦૨

❖ જીવાત્મા પ્રેતપણાને પામ્યો હોય તેનો ઉદ્ધાર કેમ થાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : જેને સાધુનો યોગ ન થાય અને પ્રેતપણાને પામ્યો હોય તેનો ઉદ્ધાર ક્યારે થાય ? ભગવાને કહ્યું : જ્યારે સાધુનો યોગ ન થાય ત્યારે મંદિરમાં-મઢમાં, આશ્રમમાં, ગાયનું દાન કરવું અથવા વિપ્રને ગૌદાન કરવું. તે ગાય દૂઝણી હોવી જોઈએ. વાછડી સહિત ગૌદાન કરવાથી વિશેષ પુણ્ય થાય. ગાયમાં બધા દેવતાઓનો વાસ રહેલો છે માટે વિધિપૂર્વક પૂજન કરી ગૌદાન કરવું. અનેક પ્રકારના નાના, મોટાં પાપો જાણ્યે-અજાણ્યે થઈ જાય. તેના પ્રાયશ્ચિત માટે પંચગવ્ય એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ પીવું તથા ગૌમૂત્ર- છાણ તે પણ પીવા તેમાં લક્ષ્મીનો વાસ છે. અનેક પ્રકારના દાનોના પુણ્ય ગાયના દાનથી થાય છે.

એક પુષ્કસ નામે શૂદ્ર દારૂ પીનારો, માંસ ખાનારો, ચોરી કરનારો તે જંગલમાં મરી ગયો. તેને યમદૂતો લઈ ગયા. તેની પત્નીએ તિર્થમાં ગૌદાન કર્યું. તે પુણ્યે પ્રતાપે સ્વર્ગમાં ગયો. માટે ગાયની સેવા કરવી. ગૌશાળામાં વાસ કરવો. ગાયની આરાધના, પૂજા કરવી તેથી ભગવાન પ્રસન્ન થાય છે.

અધ્યાય - ૧૦૩

❖ કઈ તિથિમાં કયું દાન આપવાથી શું પ્રાપ્તિ થાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : કઈ તિથિમાં કયું દાન આપવાથી શું પ્રાપ્તિ થાય છે ? ભગવાને કહ્યું : પડવાને દિવસે સાધુ, અતિથિ, બ્રાહ્મણને ભોજન આપી દાન આપવાથી સારી પત્ની મળે, બીજને દિવસે જમાડવાથી સારી કન્યા મળે, ત્રીજને દિવસે જમાડવાથી સારો પતિ મળે, ચોથને દિવસે જમાડવાથી અશ્વવાહન મળે, પાંચમે દિવસે જમાડવાથી સત્પુત્ર મળે,

છઠ્ઠને દિવસે જમાડવાથી બલસંપત્તિ મળે, સાતમને દિવસે જમાડવાથી ખેતરવાડી મળે, આઠમને દિવસે જમાડવાથી દ્રવ્ય મળે, નોમને દિવસે જમાડવાથી વાહનો મળે, દશમને દિવસે જમાડવાથી કામધેનુ ગાય મળે, એકાદશીને દિવસે જમાડવાથી રૂપિયા મળે, બારસને દિવસે જમાડવાથી સુવર્ણ મળે, તેરસને દિવસે જમાડવાથી રાજા થાય, ચૌદશને દિવસે જમાડવાથી સામ્રાજ્ય મળે, પૂનમને દિવસે જમાડવાથી ચમત્કારી થાય, અમાસને દિવસે જમાડવાથી સર્વ સંકલ્પ પૂર્ણ થાય તથા ભગવાનના અવતારો તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતિમાં દાન કરવાથી મોક્ષ મળે તથા સર્વ નક્ષત્રોમાં જમાડવાથી દાન દેવાથી અક્ષયપુણ્ય મળે છે.

અધ્યાય - ૧૦૪ થી ૧૦૭

❖ નરશાય ચોર-કુંદધર્મા કન્યા-શંભલવાર શુદ્ર અને દેવાનીક કલ્યાણબાપાની કથા ❖

પૂર્વ વનમાં વસતા ચક્રભાસ સાધુની પાસે નરશાય નામનો ચોર આવ્યો. સાધુએ તેને પાણી પાયું. તેથી ચોરનું ચિત્ત નિર્મળ થયું. તેણે સાધુને પૂછ્યું. પાપનો નાશ કઈ રીતે થાય ? સાધુએ કહ્યું, ચોરકર્મ મૂકીને ભગવાન ભજવા, વનમાં ફળફુલ અને જે મળે તે ખાઈને પ્રભુ ભજવા. સાધુનું વચન માનીને તે ચોરે પોતાનું કર્મ છોડી દીધું અને ભજન કરી સાધુની સર્વ રીતે સેવા કરતો. તેથી તેને લક્ષ્મીએ દર્શન આપી કહ્યું, તું ચાલ વૈકુંઠમાં. તે ચોર લક્ષ્મી સાથે વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયો.

પૂર્વે જાંઘલામખ ક્ષત્રિય રાજા નાની ઉંમરની કન્યા કુંદધર્માને પરણ્યો. તેની સાથે વ્યવહાર કરવા ગયો. તેની પત્નીએ કહ્યું, હજી હું રજોગુણમાં નથી માટે શરીરસેવા નહિ કરું. રાજા નહિ માની સ્પર્શ કરવા ગયો ત્યાં રાણીના સ્પર્શથી બળવા લાગ્યો. રાજાને તરત ભાન થયું. તેથી રાણીને પ્રાર્થના કરી રાજી કરી. માટે યોગ્ય ઉંમર વિના ક્યારેય પણ કન્યાને જ્યાં ત્યાં પરણાવવી નહીં.

નીચલી જાતિના હોય ગમે તે કર્મ કરતાં હોય પણ સાધુના યોગ પ્રસંગ સમાગમથી ઉદ્ધાર થાય છે. શાસ્ત્રમાં પોતાનો પુત્ર તે ઔરસ કહેલો છે. ૧. પોતાની પત્નીમાં બીજાથી જન્માવેલો તે પરજન્ય. ૨. બીજાની પત્નીમાં જન્માવેલો, ૩. જન્મથી કોઈએ શિષ્ય તરીકે આપેલો મોટો કર્યો તે. ૪. દત્તક લીધેલો. ૫. વેચાતો લીધેલો, ૬. અપરિણીતમાં જન્માવેલો, ૭. મનથી માનેલો આ રીતે અનેક પ્રકારના પુત્રો કહેવાય છે. આવા કેટલાય પુત્રો તથા પત્નીવાળો શંભલવાર શૂદ્ર તેની સાધુએ ભક્તિ કરાવી તપ કરાવી મોક્ષ કર્યો.

અશ્વપટ સરોવરને કાંઠે રહેતા દેવાનીક કલ્યાણ બાપા તથા સેજીમાને ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રી ચિહ્ન યોગી રૂપે આવ્યા. બંને દંપતીએ સ્નાન, પૂજન, વંદન, સેવાભક્તિ, જમાડવા, દૂધ પાવા વગેરેની સેવા કરી. યોગીએ આશીર્વાદ આપી પોતાનું

અનાદિ સ્વરૂપનું દર્શન કરાવ્યું અને કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું તમારા વંશમાં અવતાર ધારણ કરીશ. એમ કહીને સર્વે ધામના દર્શન કરાવ્યા. ભૂમાપુરુષ તથા તેની લક્ષ્મી તેને ત્યાં ગોપાલકૃષ્ણ (મહાવિષ્ણુ) થયા. તથા પ્રેમમયી મિષ્ટાદેવીને ત્યાં કંભરાલક્ષ્મી (મહાલક્ષ્મી) થયા. તે સર્વે નારાયણના અંશો હતા.

અધ્યાય - ૧૦૮ થી ૧૧૧

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણના હજાર મંત્રોનું મહાત્મ્ય - ફળ પ્રાપ્તિ અને કથા ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે ભગવાન, સંસારમાં ડૂબેલાને ક્યો જપ ઉત્તમ છે ? અનાથોને ક્યું શરણ સારું છે ? આપત્તકાળને નાશ કરનારું પાપોને બાળનારું, વાસના બાળનારું, શું સાધન છે ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : પુરુષોત્તમ નારાયણ એવો હું તે મારા એક હજાર મહામંત્રોનું પુરુષોત્તમ સામસ્ત્રોત તે સર્વે સુખ આપનારૂં છે.

અન્નનું દાન આપનારો સ્વર્ગમાં ઉત્તમ ભોગ પ્રાપ્ત કરે છે. પાણીદાતા અમૃત મેળવે છે. દેવની સેવાથી સિદ્ધલોક, દીપદાનથી દિવ્યદૃષ્ટિ, અરીસા દાનથી વૈરાજલોક, કન્યાદાનથી સ્વર્ગ, ગૌદાનથી વસુલોક, ભૂમિદાનથી અવ્યાકૃતધામ, છત્રદાનથી કૈલાસ, ફળવાળા વૃક્ષના દાનથી અમૃતપદની પ્રાપ્તિ થાય છે. સર્વે પ્રકારના દાન આપનારો પુરુષોત્તમને સંભારીને દાન આપે તો સર્વે ફળ પ્રાપ્ત કરી અંતે પરમધામને પામે.

પહેલું દાન સાધુને દેવું, બીજું દાન બ્રહ્મ જાણનારને, ત્રીજું અનાથને, ચોથું દાન બ્રાહ્મણોને, પાંચમું નારીને, છઠ્ઠું બાળકોને, સાતમું દાન દાસ-દાસીઓને દેવું. દરેક દાનમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણને સંભારવાથી દાતા અક્ષયફળ પામે છે.

દીર્ઘશીલ નામે બ્રાહ્મણ અનેક પ્રકારના દાન કરતો તે પુરુષોત્તમસામ નામનો સ્તોત્ર પાઠ કરીને પરમધામમાં ગયો. તેના નામવાળો બીજો દીર્ઘશીલ બ્રાહ્મણ તે પાપી નિંદક, અધર્મી હતો. તે મરીને યમપુરીમાં ગયો. પરંતુ તેણે પુરુષોત્તમસામ સ્તોત્રનો પાઠ કરેલો તેથી ધર્મરાજાએ તેને છોડી મૂક્યો અને પૃથ્વી પર લાંબો સમય વાસ કરી ભગવાનની ભક્તિ કરી પરમધામમાં ગયો.

અધ્યાય - ૧૧૨ થી ૧૧૮

❖ બ્રહ્મસતી બ્રાહ્મણી - વૈવર્ત રાજા - શેમપાદ પશુપાલ અને ભંડાસુરની કથા ❖

સોમનાથ તિર્થમાં બ્રહ્મસતી નામે બ્રાહ્મણી હતી. તે ત્યાગ વૈરાગ્ય તપ ભક્તિવાળી યોગિની હતી. તેને એક દિવસ સ્થંડીલ ઘોષ નામે દૈત્યે ઉપાડીને સમુદ્રના બેટમાં લઈ જઈ ભોગવી. પછી દૈત્યે પૂછ્યું, તું કેમ બોલતી નથી કે નથી શોક કરતી ? તે યોગિની કહે, તેં તારા દેહના સુખ માટે મારા દેહને ભોગવ્યો પણ દેહ દુ:ખરૂપ છે, આત્મા કોઈથી ભોગવી

શકાતો નથી. હું પરાધીન હતી એટલે શોક થયો. પણ જ્ઞાનનો વિચાર કર્યો તો શોક મટી ગયો. આ સાંભળી દૈત્યે પોતાના કર્મ માટે માફી માંગી અને પ્રાયશ્ચિત કરી તપ કરી અંતે કૈલાસમાં ગયો. યોગિનીએ વિચાર કર્યો કે, હવે મારે કેમ રહેવું ? તેણે કિરીટી યોગીને પૂછ્યું. યોગીએ કહ્યું, લગ્ન કરી લે. તે યોગિનીએ યોગિ સાથે લગ્ન કરી શિવ-પાર્વતીની સેવા કરી અંતે કૈલાસમાં ગયા.

અનેક પ્રકારના તપનું ફળ તે ભક્તિ. ભક્તિનું ફળ તે મોક્ષ. વૈવર્ત રાજાની નાસ્તિકતાને લઈને અસદ્‌ગતિ થઈ. પોતાની પત્નીમાં પોતે જ પુત્ર થયો. પછી આસ્તિક ભાવે ભક્તિકર્મ કરી મોક્ષમાં ગયો.

ઓઝત કાંઠે શેમપાદ પશુપાલ રહેતો હતો. તે હિંસા કરતો, ચોરી કરતો. તેનો દીકરો વૃષંગમ તે પણ પિતા સાથે હિંસા કરતો. એક દિવસ મૃગ માર્યા પછી તેને વિચાર આવ્યો. પેટને માટે આટલું બધું પાપ કરવું પડે છે, હવે કોઈ દિવસ ન કરવું. તે વૃષંગમ સોમનાથ ગયો. ત્યાં તિર્થમાં ન્હાયો અને શંકરની પ્રાર્થના કરી, પાપ બદલ માફી માંગી. ત્યાં તેની પાસે સાધુ આવ્યા. તેને "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ" મંત્ર આપી કહ્યું, આ મંત્રનો જપ કરજે. તે કાયમ ભજન કરીને ધામમાં ગયો.

કામદેવની ભસ્મમાંથી ભંડાસુર થયો. તેનો નાશ કરવા દેવોએ વિષ્ણુને પ્રાર્થના કરી. વિષ્ણુએ કહ્યું, તમે ઈન્દ્રપ્રસ્થમાં યજ્ઞ કરો. તે યજ્ઞમાં લક્ષ્મીજી પ્રગટ થશે. તે અસુરને મારશે. દેવોએ ઈન્દ્રપ્રસ્થમાં યજ્ઞ કર્યો. તેમાં લલિતાલક્ષ્મી પ્રગટ થયાં. તેમાં અસુર મોહ પામ્યો અને વરવા ગયો. લલિતાએ કહ્યું, તું મને જીતી લે એટલે તને વરુ. અસુરે લડાઈ કરી. વિષ્ણુએ આપેલા આયુધોથી લક્ષ્મીએ અસુરનો નાશ કરવા લડાઈ કરી. તે સમયે લલિતા મહાવિષ્ણુના પક્ષમાં કેટલીય દેવીઓ શંકરની દાસીઓ ગણિકાઓ વગેરેએ આવી પરસ્પર ભયંકર લડાઈ કરી. દેવીઓએ ભંડાસુરના સૈન્યનો નાશ કર્યો.

અધ્યાય - ૧૧૯ થી ૧૨૨

❖ શ્રીમહાલક્ષ્મી સ્ત્રોત, મંત્ર અને જાપફળ ❖

લલિતાલક્ષ્મીએ દશાવતાર સ્તોત્રનો મંત્ર બોલીને ભંડાસુરના સેનાપતિનો નાશ કર્યો. પછી લક્ષ્મીનારાયણ અસ્ત્રથી ભંડાસુરનો નાશ કર્યો ત્યારે સર્વે દેવોએ આવીને સ્તુતિ કરી. હજારો દેવીઓએ આવીને લલિતા મહાલક્ષ્મીની પૂજા કરી.

મહાલક્ષ્મીના આ સ્તોત્ર પાઠથી સર્વ મનોરથની સિદ્ધિ થાય છે.

ૐ અનાદિ પરબ્રહ્મેશ્વર્યૈ શિરસિ મે નમઃ, ૐ શ્રીકૃષ્ણ નારાયણ્યૈ ભાલે ચ મે નમઃ ૐ અનાદિ વાસુદેવીલક્ષ્મ્યૈ મે નેત્રયોર્નમઃ, ૐ અનાદિ બ્રહ્મલક્ષ્મ્યૈ મુખે મે તે નમો નમઃ

ૐ અનાદિ કંભરાલક્ષ્મ્યૈ ચ કંઠેસ્તુ મે નમઃ, ૐ અનાદિ મહાલક્ષ્મ્યૈ હૃદયે મેં ચ તે નમઃ
ૐ અનાદિ શ્રીનરાયણ્યૈ નમસ્તે મમોદરે, ૐ અનાદિ વૈષ્ણવ્યૈ તે નાભૌ મમ નમો નમઃ
ૐ અનાદિ લલિતાયૈ જઘને તે ચ મે નમઃ, ૐ અનાદિ શ્રિયૈ ચાસ્તુ નમઃ સકથ્નોશ્ચ મે સદા
ૐ અનાદિ કમલાયૈ નમો જાન્વોશ્ચ મેસ્તુ તે, ૐ અનાદિ રમાયૈ તે નમોસ્તુ પાદયોર્મમઃ
ૐ અનાદિ હરિણ્યૈ તે કરયોર્મે નમોસ્તુ તે, ૐ અનાદિ મહામાત્રે સર્વતસ્તે નમો નમઃ
ૐ અનાદિ પદ્માયૈ દ્વિહસ્તતલયોસ્તે નમઃ, ૐ અનાદિ રક્ષિત્ર્યૈ તે પૃષ્ઠદેશે નમો નમઃ
ૐ અનાદિ હિરણ્યાયૈ રમ્યાંગેષુ ચ તે નમઃ, ૐ અનાદિ સુવર્ણાયૈ ભાગ્યરેખાસુ તે નમઃ
ૐ અનાદિ કુમાર્યૈ તે શીલધર્મે નમો નમઃ, ૐ અનાદિ જનન્યૈ તે સર્વાંગેષુ નમો નમઃ

આ પ્રમાણે સ્તોત્ર મંત્રો બોલી ન્યાસ કરી મહાલક્ષ્મીનું વસ્ત્ર, આભૂષણો, અલંકારોવાળું તેજસ્વી, દિવ્ય સ્વરૂપનું ધ્યાન કરીને ષોડશોપચારથી પૂજા કરવાથી ભક્તોના સર્વ સંકલ્પો પૂર્ણ થાય છે.

તે લલિતા મહાલક્ષ્મીનો મંત્ર "ૐ મહાલક્ષ્મી મહામાયા મહાનારાયણ્યૈ કમલવાસિન્યૈ મહાવિષ્ણુપ્રિયાયૈ નમઃ, ૐ શ્રીં હ્રીં ક્લીં ણીં મ્લીં ષ્ણીં મહાપાત્રે પુરુષાર્થ વર્ષિણ્યૈ સ્વાહા" આ મંત્ર ફલપ્રાપ્તિ માટે જપવો. તે મહાલક્ષ્મી શીવકાંચીમાં તથા વિષ્ણુકાંચીમાં બે સ્વરૂપે વસે છે. મહાલક્ષ્મીના ૧૩૫ બીજા પણ નામો છે. તેનો જાપ કરીને ગુરુની પુજા-વંદના કરવી.

સર્વ તિર્થોમાં ગુરુ તિર્થ મહાન છે. માતૃતિર્થ, પિતૃ તિર્થ, સાસુ-પતિ તિર્થ, સતી તિર્થ, પ્રિયા તિર્થ, દેવ તિર્થ, જડ-ચેતન તિર્થ, અર્ચા તિર્થ, યજ્ઞ તિર્થ, વ્રત તિર્થ, તપ તિર્થ, જ્ઞાન તિર્થ, યોગ તિર્થ, દેવ તિર્થ, પરોપકારીદિ તિર્થો તે સર્વેથી ગુરુ તિર્થ તો મહાન છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મેં આ ગુરુ તિર્થ સર્વોત્તમ પ્રમાણ કરેલ છે. સતી તિર્થ, સાધુ તિર્થ અને પરમેશ્વર તિર્થ આ ત્રણ તિર્થો ગુરુમાં વસે છે.

પુત્રી પ્રાપ્તિ માટે કન્યા દાન કરવું તથા લક્ષ્મી દાન કરવું તથા પુત્રીવ્રત તે માઘ વદ-પાંચમની તિથિએ વ્રત કરવું. મહાલક્ષ્મીનું પૂજન કરી યથાશક્તિ દાન આપવું. કોઈ રોગી, ગર્ભિણી, ગરીબ, અનાથ તેને દાન આપવાથી આશીર્વાદ મળે છે.

અધ્યાય - ૧૨૩, ૧૨૪

❖ સર્વ વિઘ્નોને નાશ કરનારૂં "સાધુસેવા વ્રત"નું મહાત્મ્ય ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે કાન્ત, હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વે વિઘ્નોને નાશ કરનારું સર્વ આપત્તકાળને હટાવનારું, સર્વે ભાગ્ય વધારનારું, સર્વે પાપોને નાશ કરનારું એવું શ્રેષ્ઠ

વ્રત કયું છે ? ભગવાને કહ્યું : બધાં વ્રતોમાં મહાન વ્રત, તે સાધુવ્રત છે. દાસ્ય સેવા, સર્વે સાધન આપનારું છે. સર્વે કલ્યાણ કરનારું, સર્વે દુઃખનો નાશ કરનારું, સર્વે પુણ્યવાળું, સર્વે યજ્ઞવાળું, નિત્ય સાધુ પૂજાવ્રત તે મહાન છે. સવારમાં દર્શન કરવા તે દર્શનવ્રત, પગ દાબવા તે પાદસેવાવ્રત. સવારમાં દૂધ-ભોજન તે ભોજનવ્રત, ફળ-ફૂલ આપવા તે ફળ અર્પણવ્રત, અનાજ આપવું તે અન્નવ્રત, શેરડી-શાકભાજી આપવા તે શાક અર્પણવ્રત, સ્નાન કરાવવું તે સ્નાનવ્રત.

જે જે વસ્તુ પોતાની યથાશક્તિ પ્રમાણે આપવી તે સાધુને અર્પણવ્રત તથા તેટલો સાધુ સત્સંગ કર્યો કહેવાય. તે સર્વે ઈચ્છિત ફળને આપનારું વ્રત તે સાધુવ્રત છે તથા પોતાના શરીરનાં કાંઈ રોગ, ઉપાધી આવે અથવા કુટુંબમાં કોઈ રોગ આદી આપતકાળ આવે તો માનતા કરવી. હું મંદિરમાં ૧-૨-૩-૫-૭ દિવસ સેવા કરીશ. કોઈ પણ વિઘ્ન આવે, કોઈ દુઃખ આવે તો માનતા કરવી કે હું ૧૫ દિવસ, ૧ મહિનો સાધુ આશ્રમમાં સેવા કરીશ. સાધુ સેવાવ્રત સમાન બીજું કોઈ વ્રત પૃથ્વી પર નથી. સાધુના આશીર્વાદથી ગમે તેવા દુઃખ હોય તે નાશ પામે છે.

ગાય, ભેંસ, બકરાં વગેરે દૂઝણાં ઢોર દોહવામાં વિઘ્ન થાય ત્યારે સાધુ પગરજને ઢોર ઉપર ફેરવવી અને માનતા કરવી એક દિવસનું દૂધ સાધુ આશ્રમમાં આપીશ. પશુને કાંઈ પીડા થાય ત્યારે માનતા કરવી, મોલમાં જંતુરોગ આવે ત્યારે માનતા કરવી કે, મંદિરમાં હું સાધુભોજન કરાવીશ, હરિ-કીર્તન ધૂન કરાવીશ.

અનેક પ્રકારના રોગ છે, અનેક દુઃખો છે અનેક વિઘ્નો છે. તેમાંથી કાંઈ પણ દુઃખ આવે તો મંદિરમાં સાધુ-આશ્રમમાં સેવાની માનતા કરવી કે, ૨ દિવસ, ૫ દિવસ, ૧૫ દિવસ, ૧ મહિનો મંદિરમાં સેવા કરવી. અન્ન વસ્ત્રથી સમૃદ્ધિથી સાધુની સેવા કરવી તો સર્વે દુઃખો નાશ પામે, સર્વે વિઘ્નો નાશ પામે.

અધ્યાય - ૧૨૫ થી ૧૩૨

❖ દાનનાં પ્રકાર તેમજ દાનનું મહાત્મ્ય ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે છે : હે લક્ષ્મી, હવે હું તમને મહાદાનના પ્રકારો કહું છું. સર્વ પ્રથમ ન્યાયથી મેળવેલી સંપત્તિનું દાન તે ઉત્તમ કહેવાય છે. તુલા-પુરુષદાન, હીરણ્ય-ગર્ભદાન, બ્રહ્માંડદાન, કલ્પ-પાદ્યદાન, હજાર ગાયોનું દાન, સોનાની ગાયનું દાન, સોનાના અશ્વનું દાન, સોનાનો અશ્વરથદાન, સોનાના હાથીનું દાન, સોનાનો સિંહદાન, ભૂમિદાન, વિશ્વચક્ર દાન, કલ્પલતા દાન, સપ્ત સાગરદાન, રત્નધેનુદાન, મહાભૂત ઘટદાન, આ સોળ મહાદાનો હજારો વિઘ્નોને નાશ કરનારા, સ્વર્ગ આપનારા છે. આ લોકમાં કોઈ એવી વસ્તુ નથી જે પ્રાપ્ત ન થાય. જીવાત્મા અંતે ભગવાનના ધામમાં ઉપાસના પ્રમાણે સૂર્ય

જેવા તેજસ્વી વિમાનમાં બેસી વૈકુંઠ-ગોલોક, અમૃતધામ, શ્વેતદ્વિપ, અક્ષરધામ, પરમધામ વગેરે સ્થાનને પામે છે.

તુલા પુરુષદાન કરનારો સ્વર્ગને પામી ફરી દાન કરી મોક્ષપદને મેળવે છે. મહાદાન, હીરણ્ય ગર્ભદાન તથા બ્રહ્માંડ દાન ષોડશોપચારથી સોનાની ધર્મદેવની મૂર્તિ કરી વિધિથી પૂજન કરી દાન કરનારો સ્વર્ગને પામી ફરી દાન કરી મોક્ષ મેળવે છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને ઉદ્દેશી કલ્પવૃક્ષનું દાન કરનારો વૈરાજપદ પ્રાપ્ત કરી અંતે અક્ષરપદને તથા ગૌસહસ્ત્ર દાનના પુણ્યને પામે છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ તથા મહાલક્ષ્મીને ઉદ્દેશીને સોનાની ગાય, સોનાનો અશ્વ, સોનાના રથનું દાન કરનારો ભગવાનનો રાજીપો મેળવી અંતે પરમધામે જાય છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને સંભારીને સોનાનો હાથી, સોનાનો સિંહ, ભૂમિદાન કરનારો અનેકગણુ પુણ્ય મેળવી અંતે ગોલોક તથા અક્ષરધામને પામે છે. આ સર્વે દાનવિધિમાં મહા મંડપ કરાવીને સર્વે દેવ-ઈશ્વરો, અવતારો વગેરેનું આહવાન કરાવી, યજ્ઞ કરાવી તેમાં સાધુ-સાધ્વી, સતી, બ્રાહ્મણ, અનાથ ગરીબ બાળકોને જમાડવા, દાન દેવા.

એક કિલોનું સોનાનું સુદર્શન ચક્ર કરાવીને મહાદાન કરવું અથવા તેથી અડધા ભારનું અથવા તેથી ચોથા ભાગનું ચક્ર કરાવીને દાનમાં આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમે પ્રસન્ન થાવ. આવો સંકલ્પ કરનાર ઈચ્છીત ફળને પામી અંતે પરમધામને પામે છે અને પરમાત્માના શાશ્વત આનંદનો અનુભવ કરે છે.

સોનાનું વૃક્ષ, સોનાની વેલ, સોનાના દરેક અલંકારોના દાનો તથા સર્વે દાનો જીવનદાન, શરણાગત દાન, અભયદાન, જ્ઞાનદાન, દેહદાન, વિજ્ઞાનદાન, મુક્તિદાન, ગૃહદાન, ઘીદાન, ધર્મવંશવૃદ્ધિ માટે બીજદાન. આવા અનેક પ્રકારના દાનો મંદિરમાં આશ્રમમાં સંતને, દેવ-દેવીને, ગુરુને, સાધુ-સાધ્વીને આપવાથી ભગવાનની પ્રસન્નતા થાય છે. અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે.

સપ્તસાગર, મહાદાન, રત્નની ગાય બનાવીને દાન આપવું તથા બધા અનાજના પાત્રો ગોળી હાંડા, ગાગર, ઘડા, કળશ વગેરે ભરીને દાન કરવા અનેક પ્રકારના દાન મહાફળ આપનારા છે. તે આ લોકમાં સુખી રાખે છે.

અધ્યાય - ૧૩૩, ૧૩૪

❖ દાન માટે ઉત્તમ દિવસ કયો ? - ગ્રહોની શાંતિ માટેનો ઉપાય ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : અનેક પ્રકારના દાનો કયા દિવસે કરવા ઉત્તમ છે ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : આસો વદ આઠમ મારી જન્મજયંતિને દિવસે દાન ઉત્તમ

ફળ આપનારું છે તથા ભગવાનના અવતારની જે તિથિઓ તે દિવસે દાન દેવા ઉત્તમ છે. તથા સર્વે તિથિઓ દાન માટે સારી છે.

કોઈના જીવનમાં ગ્રહપીડા હોય તો ગ્રહશાંતિ માટે ઘરમાં "અનાદિશ્રીકૃષ્ણનારાયણ" મહામંત્રનું ભજન કરવું અથવા ઘરમાં યજ્ઞકુંડ કરી તેમાં તલની આહુતિ આપી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય સ્વાહા" આ મંત્રનો યથાશક્તિ એક લાખ, પાંચ લાખ અથવા એક કરોડનો હોમ કરવો જેથી ગ્રહપીડા શાંત થાય છે.

પૂર્વે લોહાંગાર વણિક માળવા દેશમાં રહેતો, તે રાજાનો વિશ્વાસુ ખજાનચી હતો. તેને શનિગ્રહ દુષ્ટ સ્થાને આવ્યો તેથી વણિકનું બધું લૂંટાઈ ગયું. તેને અમૃષાયન ગુરુ મળ્યા. તેમણે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન તથા એક લાખ મંત્રનો યજ્ઞમાં હોમ કરાવીને ગ્રહપીડાની શાંતિ કરાવી. જેથી પહેલાંની જેમ જ વણિક સુખી થયો.

અધ્યાય - ૧૩૫ થી ૧૪૦

❖ મહાલક્ષ્મીના વ્રતોની વિધિ અને મહાત્મ્ય ❖

મહાલક્ષ્મીની પ્રતિમા પધરાવીને ગૃહયજ્ઞમાં મહાલક્ષ્મીના બસો નામની શાંતિપૂજા, હવનમાં આહુતિ વગેરે કરી મહાલક્ષ્મીનું મંડળ પુરવું.

પૂર્વે અચ્છોદા નામની પિતૃકન્યા મહાલક્ષ્મીના બસો નામ જપીને પિતૃના તથા મહાલક્ષ્મીના આશીર્વાદ મેળવીને વસુરાજાના વીર્યથી માછલીમાં ઉત્પન્ન થઈ, સત્યવતી થઈ. પરાશર ઋષિનો સંગ પામીને વ્યાસ ભગવાનની માતા થઈ અને અચ્છોદા નામે નદી તિર્થરૂપે થઈ આ રીતે લક્ષ્મી શાંતિવ્રતથી તે પિતૃકન્યા તરી ગઈ.

સૌભાગ્ય વધારવા લક્ષ્મીનારાયણની સુવર્ણની મૂર્તિ બનાવીને શય્યામાં સુવારીને સાધુ-બ્રાહ્મણને દાન આપવુ તે સૌભાગ્યશયન વ્રત કહેવાય છે.

ઘટલક્ષ્મી વ્રત કરવાથી સર્વ મંગલ કાર્યો થાય છે.

માઘ સુદ-બારસના લલિતાવ્રતમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાથે લક્ષ્મીનું પૂજન કરવું. પંચામૃતથી લક્ષ્મીને સ્નાન કરાવી, પૂજા કરી, વસ્ત્ર આભૂષણો, ધૂપ-દીપ, નૈવેદ્ય અર્પણ કરી સાધુ-બ્રાહ્મણોને જમાડીને દાન આપવા. તેવી જ રીતે અષાઢ સુદ પડવે અર્ધનંદ લક્ષ્મીવ્રત કરવું. તેવી જ રીતે રમા નારાયણનું વ્રત શ્રાવણ સુદ પડવે કરવું. તેવી જ રીતે શારદાવ્રત ભાદરવે પડવે કરવું. તેવી જ રીતે કલ્યાણી કમલાવ્રત આસો સુદ પડવે કરવું. તેવી જ રીતે આસો સુદ-બારસે વિસોક લલિતા દ્વાદશીવ્રત કરવું. આ સર્વે વ્રતો કરવાથી શાંતિ અને સર્વ સંપત્તિ મળે છે તેમજ શોક નાશ પામે છે.

વ્રત કરનારે એકટાણું જમવું પછી વ્રત પૂરું થાય ત્યારે મંડળ પૂરાવી સાધુ-સાધ્વી, બ્રાહ્મણ સતી, અનાથ, ગરીબ, અતિથિ બાળકોને ભોજન કરાવી શક્તિ પ્રમાણે દાન આપવા. વ્રત કરનાર સકામ હોય તો આ લોકમાં સંપત્તિ મળે અને નિષ્કામ હોય તો પરમધામમાં જાય.

પૂર્વે ભીલ જંગલમાં રહેતો હતો. તે એક દિવસ કમળના ફૂલ વેચવા ગયો પણ ફૂલ ન વેચાયા તેથી મંદિરમાં અર્પણ કર્યા. તે દિવસ માઘ સુદ-બારસનો હતો. ખાવા ન મળ્યું. ઉપવાસ થયો. જાગરણ થયું. તે પુણ્યે બીજા જન્મમાં પુષ્કરવાહન રાજા થયો. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી મોક્ષમાં ગયો.

અધ્યાય - ૧૪૧

❖ વ્રત કરવામાં અશક્ત હોય તેનું કલ્યાણ કેમ થાય ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : જે વ્રત કરવા અશક્ત હોય એવા વૃદ્ધ બાળકો સ્ત્રીઓ, રોગી, પશુ-પક્ષીનું કલ્યાણ કેમ થાય ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : મારું ભજન કરવાથી ગોવિંદ, માધવ, હરિકૃષ્ણ, શ્રીમન્નારાયણ, બાલકૃષ્ણ, બ્રહ્મપ્રિયાપતિ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ આવા અનેક નામનું ભજન કરવાથી તથા અશ્વપટ સરોવર તિર્થ, કુંકુમવાપી ક્ષેત્રનો ગુણ લેવાથી અથવા લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવાથી તેમજ સાંભળવાથી મુક્તિ થાય છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું બીજે સ્વરૂપે લક્ષ્મીનારાયણ સંહિતા રૂપે પૃથ્વી પર રહેલો છું.

અધ્યાય - ૧૪૨, ૧૪૩, ૧૪૪

❖ ચાર યુગનાં ધર્મોનું વર્ણન ❖

સત્યુગના ધર્મો મોક્ષ આપનારા છે. ત્રેતા યુગના ધર્મો ઐશ્વર્ય આપનારા છે. દ્વાપર યુગના ધર્મો પાપના સ્પર્શવાળા છે. તેથી હું યુગે યુગે પ્રગટ થઈને યુગના ધર્મસ્થાપન કરું છું. સત્યયુગમાં વગર વાવ્યે બધું થતું, ત્રેતામાં વાવે ત્યારે થાતું, દ્વાપરમાં વાવે ત્યારે અડધું થાતું. સત્યુગમાં એક હાથ પાણી નીચું, ત્રેતામાં પાંચ હાથ પાણી નીચું, દ્વાપરમાં પચાસ હાથ પાણી નીચું. સત્યુગમાં આઠ તાલ ઊંચા માનવી, ત્રેતામાં છ તાલ ઊંચા માનવી, દ્વાપરમાં ચાર તાલ ઊંચા, કળીયુગમાં પાંચ હાથ ઊંચા માનવી.

કાળધર્મ સતી સાધ્વી ફેરવી શકે છે. દોષધર્મ સાધુ ફેરવી શકે છે. દેશધર્મ આચાર્ય ફેરવી શકે છે. પ્રજાધર્મ રાજા ફેરવી શકે છે. યતિધર્મ અવતારો ફેરવી શકે છે. કન્યાધર્મ પ્રતિષ્ઠિત ફેરવી શકે છે. વર્ણધર્મ આગેવાનો ફેરવી શકે છે. શરણઆશ્રયધર્મ ત્યાગી વિદેહીજનો ફેરવી શકે છે. માનસધર્મ આકર્ષિત પુરુષો ફેરવી શકે છે. સત્પુરુષો જ્યાં હોય ત્યાં સત્યુગના ધર્મ વર્તે છે. સત્વ-રજ ભેગા હોય તો તેત્રા, રજ-તમ ભેગા હોય તો દ્વાપર, તમોગુણ હોય તો કળિયુગ. સત્યુગમાં યજ્ઞ અને તપ કરવાથી મોક્ષ મળે, ત્રેતાયુગમાં જપ

કરવાથી મોક્ષ મળે, દ્વાપરયુગમાં સેવા કરવાથી મોક્ષ મળે અને કળિયુગમાં કેવળ ભગવાનના નામ-કિર્તન કરવાથી મોક્ષ મળે. બધા યુગમાં એક ગુણ મહાન તે ભગવાનના નામ-કિર્તન કરવાથી મોક્ષ મળે છે.

અધ્યાય - ૧૪૫

❖ ભગવાનનું નામ-સંકિર્તન કઈ રીતે કરવું ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે નારાયણ, તમારું નામ-કિર્તન કઈ રીતે કરવું ? પુરુષોત્તમનારાયણે કહ્યું : વાજિંત્ર સાથે અથવા સંગીતના તાલ વગાડીને અથવા નૃત્ય કરતા અથવા પગે ઘૂઘરા બાંધીને અનેક પ્રકારે ભગવાનના ધૂન-કિર્તન થઈ શકે છે. તેમાં મુખ્ય કારણ સ્નેહ, હેત, પ્રેમ સાથે ભગવાનની પ્રસન્નતા માટે ધૂન-કિર્તન કરવા અથવા સંત ભક્ત મંડળને રાજી કરવા ગાવા, પરંતુ જગતરંજન માટે એકલા અથવા કેવળ જીવિકા માટે ન ગાવા.

પૂર્વે ધામમાં નારદે મારી પાસે સભામાં ગાવણું કર્યું. ત્યારે મેં કહ્યું : તમે નારાયણી લક્ષ્મીજી પાસે સંગીત શીખો ત્યારે નારદ લક્ષ્મીજી પાસે સંગીત શીખી ભગવાનની પાસે ગાવણું કરતા હતા. પ્રભુએ પ્રસન્ન થઈને વસ્ત્ર અલંકારો, સુદર્શન ચક્ર, ઐશ્વર્ય આપ્યું તથા કહ્યું, આજથી તમે મારા અંશ અવતાર છો. ત્યારથી નારદજીની અવતારમાં ગણતરી થાય છે. તે લક્ષ્મીજી પાસે સરસ્વતીએ પ્રસંશા કરી કે, આવું નારદ જેવું સરસ ગાનારું કોઈ નથી. તે નારદજીના સંગીત ગુરુ-લક્ષ્મીજી થયા અને ભગવાને ધામમાં નારદને લક્ષ્મીના સંગીત શાળાના દિવ્ય દર્શન કરાવ્યાં.

અધ્યાય - ૧૪૬ થી ૧૫૦

❖ દૈવીકોપ, દુષ્ટ સ્વપ્ન અને ઉપદ્રવોનું નિવારણ ❖

દૈવીકોપ આકાશના ઉત્પાતો, પૃથ્વીના ઉત્પાતો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉંદર વગેરે પ્રજાનો અનેક પ્રકારના દુ:ખથી રક્ષણ માટે શાંતિકર્મ કરવું તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન ધૂન, કિર્તન, જપ વગેરે કરવા જેથી દૈવીકોપ શાંત થાય.

અનેક પ્રકારના રોગ, મોલમાં રોગ, ગ્રહ-નક્ષત્રો ખરવા, હીમ પડવા, વિદેશથી ભય વગેરે દેશ-દુ:ખ આવે ત્યારે દેવતાઓની માતા યોગીની સતી, સાધ્વીના પૂજન કરવા તથા રાધા-લક્ષ્મી, પ્રભા, પાર્વતી તથા કાશીનિવાસી દુ:ખહાલક્ષ્મી મહાલક્ષ્મીનું પૂજન કરવું તથા બાળકોને ભોજન આપવાં તેમજ અનેક પ્રકારના દાનો આપવા.

દુષ્ટ સ્વપ્ન આવે અને અપશુકનો થાય તો ગ્રહયજ્ઞ તલ હોમી, હવન કરવો તથા વાસુદેવ, હરિકૃષ્ણ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવું ભજન કરવું તથા સાધુ-બ્રાહ્મણોને જમાડીને દાન આપવા તથા ગાયત્રી મંત્રોનો જપ કરવો તેથી દુષ્ટ સ્વપ્નનું નિવારણ થાય.

અનેક પ્રકારના તમોગુણના સ્વપ્નો દેખાય અને મન અશાંતિવાળું, ઉદ્વેગવાળું થાય તે સ્વપ્નો અપશુકનવાળા દુષ્ટ ગણાય. જે સ્વપ્નો સાત્ત્વિક, રાજસી દેખાય, મન શાંતિ પામે, આનંદવાળું થાય તે સ્વપ્નો શુકનવાળા સારાં લાભદાયી ગણાય છે. અથવા શુભ કામે જવા સમયે અપશુકન થાય. અથવા દુષ્ટ સ્વપ્ન આવ્યું હોય તો અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી સાધુ-બ્રાહ્મણોને જમાડીને દાન દેવા.

વન-પર્વત, જંગલ નિર્જન સ્થાનમાં રહેનારાને ઉપદ્રવ થાય ત્યારે હનુમાનજીના સ્મરણપૂજનથી દુઃખ નાશ પામે છે. સર્વે મહાન ભક્તોમાં તરત જ સહાય કરે એવા રામભક્ત હનુમાનજી છે, જે સર્વે કષ્ટમાં તરત જ સહાય કરનારા છે. તે ભક્તિ વિના ધૂપમાત્રથી રાજી થઈને ભૂત-પ્રેત, પિશાચને, ડાકિની, શાકીની સર્વેને ભગાડીને શાંતિ આપે છે. એવા પરોપકારી હનુમાનજી છે. તેઓ નિષ્કામ, નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી તેનાથી સર્વે ભૂત-પ્રેત ભાગી જાય. તે હનુમાનજીનો "ૐ નમો હનુમતે દુઃખભંજનાય સુખં કુરુ ફટ્ સ્વાહા" મંત્રજાપ તથા પૂજન કરી થાળ ધરીને પ્રાર્થના કરવી તેથી સર્વે આસુરી વિઘ્નો નાશ પામે છે.

અધ્યાય - ૧૫૧, ૧૫૨, ૧૫૩

❖ અનેક પાપોનું નિવારણ ❖ નવનિધિના નામ અને તેનો ઉપયોગ ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : બ્રહ્મહત્યા, સુરાપાન, સોનાની ચોરી, પતિવ્રતા સતી વ્રત ભંગ તથા તેનો સંગ આ પાંચ મહાપાપ તથા અનેક પ્રકારના જે બીજા પાપો છે તેનું નિવારણ તથા નિષ્પાપી કેમ થવાય તથા પાપીનો ઉદ્ધાર કઈ રીતે થાય ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : અશ્વપટ સરોવર કુંકુમવાપી તિર્થમાં ન્હાવાથી દર્શનથી તેના પાપ નાશ થાય છે તથા ઉદ્ધાર થાય છે તથા નર્મદા-સોમનાથ, દ્વારકા, નારાયણધરો, સ્વર્ણરેખા, ગોમતી, ભદ્રાવતી, ગોદાવરી વગેરે ભારતની બધી પવિત્ર નદી તિર્થોમાં સ્નાન કરી દાન કરવાથી તે પાપીનો ઉદ્ધાર થાય છે તથા તે તિર્થોમાં દાનો આપવાથી નવ-નિધિઓ પ્રાપ્ત થાય છે.

તે નવ નિધિના નામ તથા તેનો ઉપયોગ : પદ્મ, મહાપદ્મ, મકર, કચ્છપ, મુકુંદ, નીલ, નંદ, શંખ, મહાશંખ આ નવનિધિ છે. તેમાં દીન-ગરીબને દાનમાં વપરાય તે પદ્મ કહેલો છે. મહાશંખ નિધિવાળો હોય તે લોભી હોય તે દાનમાં વપરાતો નથી. સાધુ-સાધ્વી, ભક્તો, બ્રહ્મનિષ્ઠને માટે વાપરે તથા પોતાના નિર્વાહ પુરતું રાખીને યજ્ઞ મંદિરમાં બધુ દાનમાં આપી દે તે દાતા મહાપદ્મવાળો કહેલો છે. કંકાસ-કજિયાથી મેળવેલું સ્વાર્થમાં જ વાપરનારા દાન નહીં કરનારા, તે મકર નિધિવાળો કહેલો છે તથા લોભી થઈ વધારવાનો પ્રયત્ન કરે આયુધો બનાવીને દ્રવ્યનો નાશ કરે તે પણ મકર નિધિવાળો કહેલો છે. અતિ પ્રયત્નથી મેળવેલું ખાય નહિ, વાપરે નહિ, કોઈને આપે નહિ, કોઈનો વિશ્વાસ કરે નહિ, દાટી દે, ખજાનામાં મૂકી દે, મરે ત્યારે બીજાને કામ આવે કાં રાજા લઈ જાય, ચોર અથવા

બીજા લોકો લઈ જાય તે કચ્છપ નિધિ કહેલો છે. નાચગાન, વ્યસન, વૈશ્યા ભાંડ-ભવાઈમાં વાપરે તે મુકુંદ નિધિ કહેલો છે. કુટુંબ માટે સ્વાર્થ, પરમાર્થ માટે વાપરે તેને નંદ-નિધિ કહેલો છે. વાવ-તળાવ, બગીચા, વૃક્ષો વગેરે માટે વાપરે તેને નીલ નિધિ કહેલો છે. કેવળ પોતે એકલો જ ખાય, કુટુંબ માટે પણ ન વાપરે તે શંખ, કુટુંબમાં થોડું વાપરીને સર્વે પરોપકાર અર્થે જ વાપરે તેને મહાશંખ નિધિ કહેલો છે. તિર્થો માટે, સંતો માટે વાપરે તે સર્વ પાપ થકી મુકાઈને ભગવાનની ભક્તિ પામે છે.

અધર્મ, હિંસા, પાપ, અવગુણ, અસદ્‌ગુણો, અપવિત્રતા, રાગદ્વેષ વગેરે માયાના દોષો છે તથા ધર્મપત્ની ભક્તિમાતા, તેના પુત્ર ભગવાન તેના બધા સદ્‌ગુણો તેનાથી જીવનો ઉદ્ધાર થાય છે. અધર્મથી સર્વે હાની થાય છે. જેને વૈરાગ્ય ન હોય, આત્મા-પરમાત્માનું જ્ઞાન ન હોય, સંસારના પદાર્થમાં પ્રીતિ હોય તેને સાધુ ન થવું.

અધ્યાય - ૧૫૪ થી ૧૫૮

❖ કુંભારકન્યા સરોજિનીની સેવાભક્તિ દ્વારા મુક્તિ ❖

કુંભારકન્યા સરોજિનીના ચાર પતિ મૃત્યુ પામ્યા. પછી કુટુંબના માણસોએ સરોજિનીને કાઢી મૂકી. તે જંગલમાં ગઈ ત્યાં સતીશ્વરી યોગિનીનો આશ્રમ હતો ત્યાં આવી. સતીશ્વરી યોગિનીએ સર્વ વૃત્તાંત જાણી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પતિશ્ચમે" આપ્યો. તે ત્રીસ હજાર જાપ કરી શુદ્ધ થઈ. પછી સરોજિનીએ યોગિનીને પૂછ્યું, મારા ચાર પતિ મરણ કેમ પામ્યા ? યોગિનીએ કહ્યું, તું પૂર્વજન્મમાં શૂદ્ર હતી. બકરાં કાપીને વેચતી. તેનું પાપ તારે ભોગવવું પડ્યું. પછી તે કુંભાર સ્ત્રી-ગુરુની સેવા કરી સાધ્વી સેવાભક્તિ કરીને અંતે ભગવાનના ધામમા લક્ષ્મી સ્વરૂપે મુક્તિ પામી.

અધ્યાય - ૧૫૯, ૧૬૦

❖ પ્રભુનું લક્ષ્મીજી સાથે અનેક તીર્થોને પાવન કરી કુંકુમવાપીમાં આગમન ❖

નારાયણીશ્રી એવા લક્ષ્મીજી અનાદિશ્રીકૃષ્ણનારાયણને પુરુષોત્તમને કહ્યું : હે પ્રભુ, તમારા મુખથી ઘણી કથાઓ સાંભળી. હવે તમારી સાથે વિમાનમાં બેસી તિર્થો કરવા છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ સર્વેને કહેવા લાગ્યા કે, સર્વે બ્રહ્મપત્નીઓ, હરિપ્રિયાઓ તૈયાર થાવ. હિમાલય જવું છે.

સૌ તૈયાર થઈ વિમાનમાં બેસીને સૌરાષ્ટ્ર, કચ્છ, નારાયણસરોવર ગુજરાતના તિર્થો કરી, સિંધુ નદી ઓળંગી હિમાલયમાં આવ્યા. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણે કરોડો સ્વરૂપ ધારણ કરી બ્રહ્મપત્નીઓ સાથે ગંગા નદીમાં સ્નાન કર્યું. ગંગાને પવિત્ર કરીને અનેક ઋષિ-મુનિઓના દર્શન કરતાં પૃથ્વી પર ફરતાં હિમગિરિ ઉતર્યા ત્યાં મેના હિમાલયે સ્વાગત કર્યું.

હિમાલયે કરેલી પૂજા-ગ્રહણ કરી પ્રભુ ત્યાંથી કેદારેશ્વર ગયા ત્યાંથી કૈલાસ ગયા. ત્યાંથી માનસરોવર ગયા, ત્યાંથી હનુમાન પર્વત ત્યાંથી કાશી ત્યાંથી વિંધ્યપર્વત ત્યાંથી સાતપુડા પર્વત, ત્યાંથી ભૃગુ કચ્છ, નર્મદા ત્યાંથી ગોપનાથ વગેરે સર્વે તિર્થો પાવન કરી સર્વે દેવ, ઈશ્વરોની પૂજા ગ્રહણ કરી કુંકુમવાપી આવ્યા, જમ્યાં, વિરામ કર્યો.

અધ્યાય - ૧૬૧, ૧૬૨, ૧૬૩

❖ હીરા-મોતી - માણેક-રત્નો શેમાંથી થયા ? ❖

બ્રહ્મપત્નીઓએ પૂછ્યું : હે પ્રભુ, હીરામોતી માણેક રત્નો શેમાંથી થયા. પુરુષોત્તમ નારાયણે કહ્યું : પૂર્વે લલિતા લક્ષ્મીના શ્રીપુર ધામમાં લક્ષ્મીના દર્શને સખીઓ આવતી. એકવાર ઉત્સવના એક દિવસે હજારો સખીઓ લક્ષ્મીના દર્શને પૂજાની સામગ્રી લઈને આવતી હતી. દરવાજે પ્રભુના પાર્ષદો બલ-પ્રબલ ઊભા હતા. દર્શનમાં ભીડ થઈ. જેથી એકબીજાના ધક્કા લાગવા માંડ્યા. પ્રબલ પાર્ષદ તે હાથ જોડીને કહે, ધીમે ચાલો, શાંતિથી જાવ. અને બલ પાર્ષદ મોટો તે સખીઓના ધક્કા લાગવાથી ક્રોધી થઈ સામા ધક્કા મારી કહેવા લાગ્યો. સરખા ચાલો પણ ધક્કા એવા લાગ્યા બંને પાર્ષદો પડી ગયા. બલ સામા ધક્કા મારવા માંડ્યો. જયા સખીએ શાપ આપ્યો કે, જા પૃથ્વી પર દૈત્ય થા, ક્રોધનું ફળ ભોગવ. બલ પાર્ષદે પણ શાપ આપ્યો. તું પણ પૃથ્વી પર જા. લક્ષ્મીજી આવ્યાં. બંનેને શાંત કર્યા અને કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પૃથ્વી પર પ્રગટ થવાના છે. હું પણ ત્યાં જન્મ ધારણ કરીશ. તું અને આ પાર્ષદ તે પૃથ્વી પર જન્મ લેશે. તે બલ કશ્યપનો પુત્ર થઈ સો વર્ષ મેરુ પર્વત પર તપ કરી વિષ્ણુને પ્રસન્ન કર્યા. વિષ્ણુએ સુદર્શન ચક્ર આપ્યું. તે ચક્રના પ્રતાપે સ્વર્ગ, મૃત્યુ, પાતાલ ત્રિલોકીનો રાજા થયો. સર્વે દેવતાઓને વશ કર્યા. પછી દેવો સર્વે વિષ્ણુ પાસે ગયા અને પ્રાર્થના કરી.

વિષ્ણુએ કહ્યું, તમે યજ્ઞ કરો તેમાં બલ દૈત્યને હોમ કરવા માટે સમીધરૂપે માગી લેજો. ત્યારે દેવો બલ પાસે ગયા કહ્યું આપણે દેવો દૈત્યો સાથે મળી યજ્ઞ કરીએ પણ તેમાં તમે એક વચનથી બંધાવ તો અમે માગીએ. બલપાર્ષદે કહ્યું જે માગો તે આપું. દેવોએ કહ્યું યજ્ઞમાં તમારો દેહ હોમવા માટે આપો. બલપાર્ષદે કહ્યું, બહુ સારું. હું ભગવાનનો ભક્ત છું. ભગવાન-ગુરુ માટે આ શરીર કામ આવે એથી વધારે શું. દેવોએ યજ્ઞ કર્યો. બલ પર્વત જેવું શરીર ધારણ કરી યજ્ઞ પાસે બેઠો. દેવો બલની પૂજાવિધિ કરી કાપી, હોમવા લાગ્યા. તે વખતે યજ્ઞકુંડમાં બલના હોમાયેલા શરીરમાં હીરા, મોતી, રત્નો અનેક પ્રકારના મણિઓ નીકળવા લાગ્યા. તે દેવો સર્વે પોતાના વિમાનમાં ભરી સ્વર્ગમાં લઈ જતા હતા. તે સર્વે દેવોના વિમાનોમાંથી તે રત્નો મણિઓ વનમાં, પર્વત પર, જંગલમાં, ખાણોમાં, નદીઓમાં, સમુદ્રમાં, પૃથ્વી પર ચારેકોર પડતાં હતા. તે આ ભગવાનના પાર્ષદ બલ તેના હોમ કરાયેલા

શરીરમાંથી અવયવમાંથી-યજ્ઞકુંડમાંથી સર્વે રત્નો, વજ્રમણી, મુક્તામણી, પદ્મરાગમણી, મરકતમણિ, નિલમણી, વૈદુર્યમણિ, પુષ્પરાગમણિ, કર્કેતનમણિ, ભીષ્મપુલકમણિ, રુધિરમણિ, સ્કૂટીમણિ, વિક્રમમણિ વગેરે થયા.

અધ્યાય - ૧૬૪

❖ ચૌદ મન્વંતરોમાં પ્રભુના અવતારોનું વર્ણન ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : હે નારાયણ, ચૌદ મન્વંતરોમાં તમારા કયા અવતારો થયા ? પુરુષોત્તમ નારાયણે કહ્યું : પૂર્વે બાસ્કલી દૈત્યને મારવા વિષ્ણુ અવતાર ધારણ કરી તે દૈત્ય મારી ઋષિ-મુનિ દેવોને સુખી કર્યા. પછી પુરૂકૃસર દૈત્યને મારવા ગજનારાયણ અવતાર ધારણ કરી દૈત્યને મારી બધાને સુખી કર્યા. પ્રલંબ દાનવને મારવા મેં મત્સ્ય અવતાર ધારણ કરી દાનવને માર્યો. ભીમરથ દૈત્યને મારવા કચ્છપ અવતાર ધારણ કરી તે અસુરને માર્યો. શાંત શત્રુ અસુરને મારવા હંસ અવતાર ધારણ કરી અસુરને માર્યો. મહાકાલ દૈત્યને મારવા મેં હયગ્રીવ અવતાર ધારણ કર્યો. હીરણ્યાક્ષ દૈત્યને મેં મારવા વરાહ અવતાર ધારણ કર્યો. બલિ પાસેથી ત્રિલોકીનું રાજય લઈ ઈન્દ્રને આપ્યું ત્યારે મેં વામન અવતાર ધારણ કર્યો. કાલકાક્ષક દૈત્યને મારવા મેં પદ્મનાભ અવતાર ધારણ કર્યો. બલિ શત્રુ મહાસુરને મારવા મેં હરિરૂપ અવતાર ધારણ કર્યો. દશગ્રીવ દૈત્યને મારવા મેં સ્ત્રી શ્રીરૂપ અવતારધારણ કર્યો. તારકાસુર દૈત્યને મારવા મેં નપુંસક હરિઅવતાર ધારણ કર્યો. ત્યારપછી જગતના નપુંસકો થયા. હવે ટીટીભદૈત્ય થશે તેને મારવા હું મયૂર અવતાર ધારણ કરીશ. ચૌદમાં મનુમાં શુચિ મહાસુર ઈન્દ્ર થઈને બધાને હેરાન કરશે ત્યારે હું સુદર્શનધારી અવતાર ધારણ કરીને તે શુચી અસુરનો ચક્રથી નાશ કરીશ. આવા મારા અનંત અવતારો થયા અને થશે, કાર્ય કરવા અવતારોની કોઈ સંખ્યા જ નથી.

અધ્યાય - ૧૬૫

❖ આ લોક-પરલોકમાં સુખી થવા શું કરવું ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : મનુષ્યે જીવતા શું કરવું, જેથી આ લોક-પરલોકમાં સુખી થવાય ? પુરુષોત્તમ નારાયણે કહ્યું : મારી પૂજા, પિતૃપૂજા, દેવપૂજા, દાન જે પોતાના હાથે કર્યું હોય તે આ લોક-પરલોકમાં સુખદાયક થાય છે. મંદિરમાં, સાધુઆશ્રમમાં, વિદ્યાલયમાં, યજ્ઞભૂમિમાં, નદી, પર્વત, તિર્થોમાં જડ-ચેતન તિર્થોમાં, સ્વગૃહમાં, બાળ- યુવાન-વૃદ્ધપણામાં મરણ સમયે ભણેલ, અભણ, ચાર વર્ણના આશ્રમીઓએ ત્યાગીઓએ પરબ્રહ્મ શ્રીહરિને નિત્ય નૈવેદ્ય ધરવું તે શ્રાદ્ધ કહેવાય છે. પ્રભુને શ્રદ્ધાપૂર્વક ભક્તિભાવથી જમાડવા તે શ્રાદ્ધ કહેવાય છે. યથાશક્તિ છપ્પન ભોગ ધરાવવા. પ્રભુને અન્નકૂટ કરાવવા. નિત્ય રાજભોગ કરવા-કરાવવા. તેનું ફળ અક્ષરધામ, ગોલોક, વૈકુંઠ, શ્રીપુર, શ્વેતદ્વિપ, અમૃતધામ, અવ્યાકૃતધામ,

પરમધામ વગેરે ભગવાનના ધામમાં અક્ષયસુખ પામે છે. ભગવાનના મંદિરમાં ઉપયોગી વાસણો, વસ્ત્ર, આભૂષણો, અલંકારો સમયઋતુના ફળફૂલ, મેવા, મિઠાઈ, મુખવાસ, તેલ, અત્તર, સુગંધી પાન, ચંદન વગેરે અનાદિ શ્રીકૃષ્ણનારાયણને સ્વહસ્તે અર્પણ કરી પ્રગટ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી.

અધ્યાય - ૧૬૬

❖ સંસારરૂપી ઝેર અમૃત કેમ થાય ? ❖

લક્ષ્મીજી પૂછ્યું : સંસારમાં ઝેર અને અમૃત બંને રસ છે, તે ઝેર અમૃત કેમ થાય ? પુરુષોત્તમ નારાયણે કહ્યું : પૂર્વે સમુદ્રમંથનમાં ઝેર નીકળ્યું તે શંકરે પીને કહ્યું, આ ઝેર પચાવી શકે પણ સંસારરૂપી ઝેરને પચાવવું તે કઠણ છે. બે સ્વરૂપે રહેલો સંસાર ઝેરરૂપ છે. મૂર્તિમાન અને અમૃત. તેમાં મૂર્તિમાન સંસાર તે ગૃહસ્થ અને અમૃત તે વાસના. તૃષ્ણારૂપે સંસાર તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ પાંચ વિષયરૂપે પ્રવર્ત્યા તેમાં રાગ, દ્વેષ અને કામ મુખ્ય ઝેર છે. તેથી મોહ થાય છે તે પણ ઝેર વિષ છે. જીભ, ઉદર, શિશ્નને વિશે અતિ ઈચ્છા તે કાલકૂટ નામનું ઝેર છે. તે ઝેરને અમૃત સમાન કરવું હોય સંસારરૂપી ઝેરને મટાડવું હોય તો અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આશરો, શરણાગતિ મંત્ર તેનું ભજન ભક્તિ, ભગવાનનો પ્રસાદ, ભગવાન સંબંધી પંચવિષયનું ગ્રહણ કરવું. સંતનો સમાગમ, નવધા ભક્તિ, સેવા, શાસ્ત્રો શ્રવણ, આત્મચિંતન, ધ્યાન પૂજા વગેરે કરવાથી સંસારરૂપી ઝેર અમૃત સમાન બને છે. ગોપીઓ જેમ ગાયત્રીપણાને પામી છે, યોગીઓ જેમ ઐશ્વર્ય વડે બ્રહ્મને પામે છે. તેમ ભક્તો ભગવાન સંગે ધામમાં જાય છે. લક્ષ્મી જેમ હૃદયમાં વાસ કરે છે તેમ ભક્ત ધામમાં વાસ કરે છે. માયા જેમ શ્રીહરિમાં લીન થાય છે તેમ ભક્તો ભગવાનમાં લીન થાય છે.

અધ્યાય - ૧૬૭, ૧૬૮

❖ ભક્તોએ આપત્કાળમાં શું કરવું ? ❖

લક્ષ્મીજીએ પૂછ્યું : ભક્તોનો આપત્કાળ આવે ત્યારે શું કરવું ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : વ્રત ન કરી શકે, અજ્ઞાની અશક્ત હોય તેણે અવતારો, ઈશ્વરો, સાધુ ભગવંત, ભક્તોને સંભારીને સ્તુતિ કરવી. એકાગ્ર મન કરીને આ સ્તવનસ્તૂતિ સ્તોત્ર બોલવું, હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારું રક્ષણ કરો.

નમો અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્માને તથા મુક્ત અક્ષરના નાથને નમો નમઃ નાનામાં નાના મોટામાં મોટા હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારું સંકટ નાશ કરો. હે અંતર્યામી અવતારો ઈશ્વરોમાં રહેલા ૨૪ તત્ત્વોમાં રહેલા મારું રક્ષણ કરો. હે વ્યાપક સ્વરૂપે રહેલા જડ-ચેતન સર્વમાં રહેલા મારું સંકટ નાશ કરો. હે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ

અનાદિશ્રીકૃષ્ણનારાયણ મુક્તપતિ, બ્રહ્માપ્રિયાપતિ, હે અવતારપતિ, હે ભક્તપતિ, હે સર્વપતિ મારું રક્ષણ કરો. આ પ્રમાણે સ્તુતિ કરવાથી દુઃખ નાશ પામે છે. આ સ્તોત્રનો પાઠ કરનારને સર્વે તિર્થોનું ફળ મળે છે. તથા સર્વે ઈચ્છા સંકલ્પ પૂરા થાય છે.

સર્વ પાપોને નાશ કરનારું, પુણ્ય આપનારું તે યજ્ઞ કરી કન્યાદાન આપવું. સંતો, બ્રાહ્મણોને જમાડવા, ભિક્ષુકોને જમાડવા, દાન આપવાં, બાળકોને, અનાથોને જમાડવા આવી રીતે વિધિપૂર્વક કન્યાદાન કરનારને કોટી યજ્ઞ ફળ થાય છે. તથા વિદ્વાન સાધુ-સાધ્વીના વસ્ત્ર ધોવા, વાસણ સાફ કરવા તે સેવા પણ મહાફળ આપનારી છે.

અધ્યાય - ૧૬૯ થી ૧૭૨

❖ સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરવાનો લાભ ❖

મૃત્યુનું મુખ્ય કારણ વાસના છે તેથી જન્મ તેથી કર્મ તેથી મૃત્યુ તેમાં સર્વેમાં અહંકાર તે કામ કરે છે. ભાવાયન સાધુ સર્વે વૃતિ સંકેલી ધ્યાનમાં બેસી ગયો. ત્યાં અહંકાર પુરુષ આવ્યા અને કહે, તું મને કાઢી નહીં શકે. હું સત્વ રજ તમના સર્વે કાર્યોમાં રહેલો છું. ભાવાયન સાધુ કહે, હું આત્મારૂપે વર્તું છું. તે આત્મા પણ પરમાત્માને અર્પણ કર્યો છે. તેથી મારું કાંઇ નથી માટે હું શેનો અહંકાર કરું. માટે આ રીતે સર્વે સત્કર્મો તથા અસત્કર્મો પરમાત્માને અર્પણ કરવાથી નિષ્પાપ, નિર્મળ, નિર્ગુણ થવાય છે.

અશ્વપટ સરોવર કાંઠે બેઠેલા ચિદાનંદ યોગીને માનસમુનિ વંદન કરતા હતા. ચિદાનંદ યોગી બોલ્યા : આ લોકમાં મનુષ્યો સ્વર્ગ જેવા કરોડો સુખ માટે દાન-પુણ્ય કરે છે. તે જો પ્રગટ ભગવાનને સંભારીને નિષ્કામ ભાવે સત્કાર્યો કરે તો તે દાન-પુણ્ય-મનુષ્યોને મોક્ષ અને શાશ્વત શાંતિ શાશ્વત સુખ અપાવે છે.

પુણ્ય, સાધુસેવા, ગુરુસેવા, આશીર્વાદો, દાન, બ્રહ્મચર્ય, તપ, યોગાભ્યાસ ભજન, ઔષધસેવા, અહિંસાથી યુક્ત નિષ્પાપ ભોજન, સતી, માતા, ધર્મ વગેરે તિર્થો તેમજ વૈરાગ્ય, બ્રહ્માર્પણ આવા અનેક પુણ્યકાર્યો આયુષ્યને વધારનારા છે. તેથી વિપરીત વર્તે મર્યાદા બહાર રહે તો આયુષ્ય ક્ષય થાય છે. તથા જીવનમાં થતા એવા શુભ-અશુભ કર્મોને પરમાત્માને અર્પણ કરી પાપ-પુણ્યથી રહિત થાય, સ્થૂળ સુક્ષ્મ દેહના અભિમાનને રહિત થાય ત્યારે આત્મા-પરમાત્માના જ્ઞાનથી વાસના, લિંગદેહનો ક્ષય થાય છે. બ્રહ્માનંદના પ્રવાહથી અજ્ઞાનરૂપી કારણ શરીરનો નાશ થાય ત્યારે સ્વચ્છ, તેજસ્વી, દિવ્ય એવો આત્મા પરમધામમાં રહી શકે છે. તે માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જે પ્રગટ મળ્યા છે. તેનું ભજન ભક્તિ સેવા ઉપાસના કરવી તથા બ્રહ્મનિષ્ઠ સાધુ-સાધ્વી, પતિવ્રતા સતી યોગિની માતા-પિતાના આશીર્વાદો લેવા તથા સદા ભક્ત મંડળમાં રહી કથા-કિર્તન, કહેવા સાંભળવા, તો આ જન્મે જ મુક્ત બનીને ધામને પામે છે.

પરબ્રહ્મની ઉપાસના અને બ્રહ્મવિદ્યાથી અવિદ્યાનો લય થાય. શ્રીહરિનો મહિમા સહિત ચિંતન તે પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે. સુવર્ણ જેમ ઘસવાથી, કાપવાથી, તપાવવાથી દિપવાથી આ ચાર પ્રકારે શુદ્ધ થાય છે, તે જ રીતે આત્મા સત્સંગ, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ આ ચાર પ્રકારે શુદ્ધ થાય છે. સત્સંગથી ગુણ આવે. વિજ્ઞાનથી સંસ્કાર વધે. વૈરાગ્યથી વાસનાનો ક્ષય થાય, સ્નેહભક્તિથી શ્રીહરિમાં ચોંટવાનું થાય અને માયાથી છૂટું પડવાનું થાય. આવો ભક્ત થાય તેમાં હું વાસ કરું છું. હું જ્યાં જેમાં વાસ કરું છું, ત્યાં માયા રહેતી નથી. તેથી મારા ભક્તમાં માયા છે જ નહિ. મારો ભક્ત મારા સિવાય બીજું ચિંતવન કરતો જ નથી.

અધ્યાય - ૧૭૩ થી ૧૭૭

❖ શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં મન માયા તરફ કેમ જાય છે ? ❖

શ્રુતિફલાએ પતિ સદ્‌વિદ્યાયન ઋષિને પૂછયું : તમારા સંગથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે જાણવા છતાં મારું મન માયા તરફ કેમ જાય છે ? સદ્‌વિદ્યાયન ઋષિએ કહ્યું : મારી જેમ આત્મનિષ્ઠાવાળી થા, દેહભાવને ભૂલી જા તો મન માયામાં ન જાય. જ્યાં સુધી હું પુરુષ છું, સ્ત્રી છું, આવું ભાન રહે છે ત્યાં સુધી ખાનપાન, ભોગ, વૈભવમાં સર્વે પદાર્થમાં મન રહે છે, એનું જ નામ સંસાર. સંસારને મટાડવા માટે આત્મનિષ્ઠા અતિ દૃઢ કરવી. હું કર્તા નથી, અથવા પોતાના શરીર, ઈન્દ્રીયો, અંતઃકરણથી થતા વ્યાપારો તે સર્વેમાં પ્રગટ પ્રભુને સાથે રાખવા અર્થાત્ સર્વે કર્મો પ્રભુને અર્પણ કરવા, તેને કહેવાય નિષ્કામ સમર્પણ વિધિ, તેનાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

ઈન્દ્રિયો દરેક પોતાના કામ કરે છે. અંતઃકરણ એનું કામ કરે છે. શરીર પણ એનું કામ કરે છે. પણ અંદર રહેલો આત્મા સર્વે ક્રિયા કરતો થકો નિર્લેપ રહે તો મુક્તિ ધર્મમાં વર્તે. શુભ-અશુભ, કર્મ ભોગ ભોગવવા છતાં જો પરમાત્માની ભક્તિ કરે તો પરબ્રહ્મની પ્રાપ્તિ થાય. ફલપ્રાપ્તિ પણ પ્રગટ પ્રભુને અર્પણ કરે તો દિવ્યતાનો અનુભવ કરી નિત્ય મુક્ત સ્થિતિએ વર્તે અને પરમધામની પ્રાપ્તિ આ લોકમાં જ મેળલી લ્યે.

સંસારરૂપી સમુદ્રમાં ઈન્દ્રિયો રૂપી ઝુંડથી બચવું. તરંગોરૂપી અંતઃકરણથી બચવું. પંચવિષયના આહારરૂપી માછલાથી દૂર રહેવું. શોક અને હર્ષરૂપી પવનના ઝપાટામાં ન આવવું. કામ, ક્રોધરૂપી મગરોથી ચેતતા રહેવું. મોહરૂપી ભમરીમાં ન પડવું, રાગ દ્વેષરૂપી ચક્કરમાં ન પડવું, પુણ્ય પાપ કર્મના થુંબડામાં ન અટવાઈ જવું. આ બધો વિચાર કરી શરીરરૂપી નાવને ગુરુરૂપી ખલાસીને સોંપી દેવો. જેથી ગુરૂ સંસાર સમુદ્ર પાર ઉતારી દે અને બ્રહ્મસ્થલીમાં પહોંચાડી દે. જ્યાં માયાનો પ્રવેશ નથી, શ્રીહરિ સિવાય બીજું કાંઈ દેખાય જ નહી. માટે બધું ભગવાનમય કરી રાખવું. તો આ લોક રૂક્ષ જેવો થઈ જાય.

સુખ-સંતોષ, આનંદ, પ્રકાશ, ઉદારતા, નિર્ભય, શ્રદ્ધા, ક્ષમા, ધીરજ, સત્ય, દયા, સરળતા, ત્યાગ, વૈરાગ્ય, સાધુવૃત્તિ વગેરે સદ્‌ગુણો તે સાત્વિક વૃત્તિ છે. સંતાપ, દુઃખ, શૌર્ય, નિંદા, સ્તૂતિ, ઈર્ષ્યા-રાગ, પ્રશંસા, સેવા, ધર્મ, અર્થ, માન, માયા, સ્નેહ, જુગાર, દાન દેવું, દાન લેવું, આલોક-પરલોકની અતિ ઈચ્છા રાખવી તે રાજસવૃત્તિ છે. મોહ, ભય, લોભ, અજ્ઞાન, રાગ, નાસ્તિકતા, અભિમાન, વૈરવૃત્તિ, પરવશયતા નાશ, ભાંગફોડ કરવી આવા અનેક દુર્ગુણો તે તામસી વૃત્તિ છે. આ ત્રણ મનુષ્યોમાં પ્રવર્તે છે. દાનવો, દૈત્યો, રાક્ષસો, પિશાચો, અસુરો, ભૂત-પ્રેત તે સર્વે ક્રૂર હિંસાવાળા, માસ ભક્ષણ કરનારા, અપેય પિનારા, અખાદ્ય ખાનારા તે સર્વે ચોરાસીમાં ભમ્યા કરે છે. તે અતિ તામસી છે.

પરબ્રહ્મ પરમાત્માએ આ જીવના કલ્યાણને માટે અધિભૂત, પંચભૂત, શરીર, અધ્યાત્મ, ઈન્દ્રિયો, અધિદેવ તેના દેવતાઓ વગેરે રચી આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. જીવાત્મા ભગવાનના તે કાર્યને જોઈ ભગવાનનો આશરો ભક્તિ કરે અને સર્વે ભગવાનને અર્પણ કરે તો માયા માથે પગ દઈને પરમધામમાં જાય.

અધ્યાય - ૧૭૮ થી ૧૮૧

❖ ભિક્ષાયનઋષિ, વિધવા નિત્યાશ્રયી, વાઘજી ભગત અને વિરાલ વૈશ્યની કથા ❖

ભિક્ષાયનઋષિ તેની પત્ની અયાચિત અંજલિ તે દંપતી અશ્વપટ સરોવર કાંઠે વાસ કરતા, નિત્ય મારું અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન, પૂજન, વંદન, ભક્તિ સેવા, ધૂપ-દીપ આરતી વગેરે અનેક પ્રકારની સેવાભક્તિ કરતા. ઋષિ પત્નીએ પૂછયું : ગૃહસ્થોનો મોક્ષ કઈ રીતે થાય ? ઋષિએ કહ્યું : મનુષ્ય અન્ન-પાન, ભોજન, વસ્ત્ર, આભૂષણ, પશુ, વાહન વગેરે સર્વે મંદિરમાં અર્પણ કરવું. જે જે વસ્તુ પદાર્થ પોતે ઉપયોગમાં લ્યે તે સર્વે પરમાત્માને અર્પણ કરીને વાપરવાથી તે સર્વે નિર્ગુણ થાય છે. બંધનથી રહિત થાય છે અને મોક્ષ અપાવનારી છે.

પૂર્વે ભાવુકપુરના વૈશ્ય વિધવા નિત્યાશ્રયી તથા તેનો પુત્ર સુકેશી તે ભક્તિ કરતા, કથા સાંભળવા જતા. કથાશ્રવણથી સર્વે સદ્‌ગુણો આવે છે. કથા દ્વારા મા-દીકરો શ્રીહરિમાં અતિપ્રિતીવાળા થયા. અનાદિશ્રીકૃષ્ણનારાયણની તામ્રપત્રમાં મૂર્તિ કરાવી. પ્રભુને પતિ માની પૂજનસેવા, ભજન કરતા માળા ફેરવતા. તુલસીપત્ર, ફળફુલ તથા નૈવેદ્ય ધરી અને પ્રસાદી જમતા તેને પ્રત્યક્ષ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણે દર્શન આપી મોક્ષ કર્યો.

માયાપુરમાં વાઘજી ભગત નાનપણથી સાધુ યતિ વૈષ્ણવોમાં પ્રીતિવાળો. દર્શન સેવા કરે, વસ્ત્ર ધોવે, વાસણ માંજે, પગ દાબે વગેરે સેવા કરી આશીર્વાદ મેળવે. એક વાર બાળસ્વભાવથી પ્રભુના ઘરેણાંની લોભથી ચોરી કરી. તે સોનાની ચોરીના પાપે આંગળીમાં કોઢ થયો. તેથી વિચાર કરવા લાગ્યો, મેં સાધુની સેવા કરી છતાં મને આવો રોગ કેમ થયો ?

ત્યાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથામાં આવ્યું, સોનાની ચોરી કરે તેને કોઢ થાય. તેનું પ્રાયશ્ચિત તે બ્રહ્મચર્ય વ્રત, બ્રહ્મકૃચ્છ વ્રત કરવાથી પાપથી રહિત થાય. પહેલે દિવસે ખેરના પાંદડા પાણીમાં ઉકાળીને પીવું, બીજે દિવસે ખાખરાના, ત્રીજે દિવસે બીલીપત્રના, ચોથે દિવસે કમળપત્રના, પાંચમે દિવસે ઉમરાના, છઠ્ઠે દિવસે દાભડો, સાતમે દિવસે ઉપવાસ કરવો. તે વ્રત કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવું. વાઘજીએ આ રીતે વ્રત કરી પ્રભુની સ્તુતિ પ્રાર્થના કરી. ત્યારે મેં દર્શન દીધા અને કહ્યું, સોનાનું ઘરેણું લાવ. તેણે મને પહેરાવ્યું તરત તે સાધુની પાસે પ્રભુની મૂર્તિ હતી તેના કંઠમાં ઘરેણું પહોંચી ગયું. આ રીતે તે બાળક વાઘજી કોઢના રોગથી રહિત થયો.

માજુષ્ઠ ગામનો વિરાલ વૈશ્ય અન્ન, વસ્ત્રનો વેપાર કરે. સુખી હતો પણ ક્ષયનો રોગી થયો. રોગ મટ્યો નહિ માટે અશ્વપટ સરોવર કાંઠે અક્ષયઘાટ છે ત્યાં આવ્યો, સ્નાન કર્યું, બ્રાહ્મણોને જમાડી દાન આપ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કર્યુ. તેથી તેની પાસે હું વિપ્રરૂપે ગયો, તેણે પૂછ્યું હું દાન પુણ્ય કરું છું, આ જન્મમાં મેં પાપ કર્યા નથી તો મને રોગ કેમ થયો ? મેં કહ્યું, પૂર્વ જન્મમાં તું સાબરમતી નદી કાંઠે મંદિરમાં પૂજારી ગંગેશ્વર હતો. ત્યાં કણબી વિધવા સ્ત્રી પોતાની વાડી, ખેતર, ઢોરાં મંદિરમાં અર્પણ કરી મંદિરમાં રહેતી, સેવા કરતી હતી. તું પૂજારી જમવા, જમાડવામાં પક્ષપાત કરતો. એક વખત બહુ વૃષ્ટિ થઈ, નદીમાં પાણી વધ્યું, મંદિરમાં પાણી આવ્યું બધાં મંદિર ઉપર ચડી ગયા. પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા તે સમયે હું રક્ષા કરવા આવ્યો. ત્યાં તે કણબી સ્ત્રીને વિકાર ભાવે બથ ભરી એટલે હું રક્ષણ કર્યા વિના ચાલ્યો ગયો. તે તું વિરાલ વૈશ્ય થયો. કણબી વિધવા તારી પત્ની થઈ. ઢોર હતાં તે તારા છોકરા થયા. હવે તું મારું ભજન કરે છે, મારો મંત્ર લીધો છે, તે મારો આશરો શરણાગતિ લીધી છે. તેથી તારો-તારી પત્ની અને પરિવારનો મોક્ષ થશે.

અધ્યાય - ૧૮૨, ૧૮૩, ૧૮૪

❖ રાજા પૃથ્વીધર, સાગર ભક્ત અને વૃકણદેવ ભક્તની કથા ❖

ધર્મવાળો કર્ણપુરનો પૃથ્વીધર રાજા પૃથ્વી પર સાધુ, બ્રાહ્મણોને જમાડતો, દાન આપતો, અનાથ ગરીબ વિધવાઓને દાન આપતો તેમજ મારી અનાદિશ્રીકૃષ્ણનારાયણની લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરાવી મારું ભજન કરતો. તેની રાણી મિત્રવિદાંતે પણ મારી ભક્ત હતી. તેને પુત્ર થયો. પણ જન્માધરકુમાર જન્મથી જ અંધ હતો. પુત્રને દેખતો કરવા માટે તેમણે ઘણા દાન કર્યા, પુણ્ય કર્યા, દિપદાન કર્યા પરંતુ ફળ પ્રાપ્ત થયું નહીં. તે રાજાએ વલ્કલ ધારણ કરી પોતાના બગીચામાં જ વૃક્ષ નીચે એક વર્ષ સુધી માળા ફેરવી મારી સ્તુતિ, પ્રાર્થના કરી. હે પ્રભુ, હે હરિ તમે ભક્તના દુઃખ હરનારા છો માટે જ તમારું નામ

હરિ છે. તો મારું દુઃખ કેમ નથી હરતા ? તે સમયે યોગીનું રૂપ લઈ હું તેની પાસે ગયો. રાજાએ સ્વાગત કર્યું. પગે લાગ્યો. સ્તુતિ કરી કે, તમારું દર્શન થયું. અહોભાગ્ય સાધુના દર્શનથી પાપ નાશ પામે છે. પછી રાજાએ પોતાના પુત્રનું દુઃખ કહ્યું. ત્યારે મેં તે અંધપુત્રના પૂર્વ જન્મનું વૃતાંત કહ્યું, તે પૂર્વે તપસ્વી હતો. નર્મદા કાંઠે શુકલ તિર્થમાં વાસ કરતો. એકવખત તું રાજા-રાણી ત્યાં તિર્થમાં દર્શન કરી તપસ્વીને પગે લાગીને પુત્રના આશીર્વાદ માગ્યા. ત્યારે તપસ્વીએ આશીર્વાદ આપ્યા પરંતુ તેની દૃષ્ટિમાં રાણીનું રૂપ જોઈને વિકાર થયો. તે દેહ મૂકીને તારો પુત્ર થયો. હવે હું પ્રસાદીનું જલ આપું તે તેના નેત્ર પર છાંટજે તેથી તે દેખતો થશે. તું અને તારો પુત્ર મારા ભક્ત હોવાથી હું તને દર્શન દેવા આવ્યો છું. એમ કહી મેં દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યું તથા "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" એ મંત્ર આપ્યો અને કહ્યું, મારું ભજન કરજે. અંતે તારો અને પરિવારનો મોક્ષ થશે.

એકવાર પાલિતાણાનો રાજા શિકારે ગયો. જંગલમાં સાગર ભક્ત હતો. તેને રાજાએ પૂછ્યું, અહીં મૃગ છે ? સાગરે ના પાડી અને હિંસા ન થાય તે માટે જ્યાં મૃગ ન હતા ત્યાં મોકલ્યો. રાજા રખડી રખડીને થાકી ગયો. શિકાર ન થયો. તેથી રાજાએ સાગર ભક્ત પાસે આવી પકડી તેને મારીને પગ ભાંગી નાખ્યા. સાગર ભક્તે ભગવાનની પ્રાર્થના કરી, હે ભગવાન મેં તો હિંસા નહીં કરાવીને ધર્મનું રક્ષણ કર્યું તો પણ મને આવો દંડ કેમ મળ્યો ? એમ કહીને રડવા લાગ્યો. ત્યારે હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ વૈદ્યનો વેશ લઈ તેની પાસે ગયો અને દવા આપી સાજો કર્યો. પછી તેનું પૂર્વેનું વૃત્તાંત કહ્યું. તું પૂર્વે શ્રીનગરના રાજાના હાથીનો રખેવાળ હતો. એક દિવસ હાથી ગાંડો થયો તેને પકડવા તે તેના પગમાં ખીલા માર્યા. તે પાપે અત્યારે આ રાજાએ તારા પગ ભાંગ્યા. હવે તું મારો ભક્ત છો તેથી ભજન કરજે. તારું દુઃખ દૂર થશે અને કલ્યાણ થશે.

ભક્ત વૃકણદેવ તેનો રાજા ભાવસુર નાસ્તિક હતો. રાજા ભગતને કહે, તું ભજન કરે છે છતાં ગરીબ અને ઠુંઠો છો અને હું ભજન નથી કરતો છતાં રાજા છું, સુખી છું. ભક્ત કહે, પ્રારબ્ધ તો બધાને ભોગવવા જ પડે છે. પછી ભક્તે ભગવાનને પ્રાર્થના કરી. હે ભગવાન, તમે રાજાનો ગર્વ અભિમાન ઉતારો. ભક્તની પ્રાર્થના સાંભળી હું તરત જ ત્યાં ગયો. ભક્તને દર્શન દઈ કુબ્જાને સીધી કરી તેમ તેના બેય હાથ ઠુઠા હતા તેને સીધા કરી દીધા. ભક્તે ભગવાનને પુછ્યું. મને ઠુઠો કેમ કર્યો ? ભગવાન કહે પૂર્વે તું નટ હતો. એક વાંદરાને તે લાકડી મારી હાથ ભાંગ્યા તે પાપે તું ઠુઠો થયો. માટે કરેલા કર્મ તો ભોગવવા જ પડે. પછી ભક્તે રાજા પાસે જઈને હાથ બતાવીને સર્વે વૃત્તાંત કહ્યું. રાજાએ પણ આશ્ચર્યથી જોઈને ભક્ત પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લીધો. "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" રાજા ભજન કરવા લાગ્યો. ભગવાને પણ શંખ, ચક્ર, ગદા, પદ્મ સાથે

ચતુર્ભુજરૂપે લક્ષ્મી સાથે રાજાને દર્શન દીધા. રાજા દર્શન કરી પોતાની નાસ્તિકતાનો ત્યાગ કરી ભક્ત થયો. પ્રજાને પણ ધર્મી બનાવી.

અધ્યાય - ૧૮૫ થી ૧૮૯

❖ ગાંડો મંજુલકેશ, શુદ્ર બાણાંગર, મોચી ભૂતાદન અને શંકુધર ચોરની કથા ❖

ગાંડા મંજુલકેશ ભક્તે પવિત્ર એક બ્રાહ્મણ પાસે લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરાવી. તેને જમવા બોલાવ્યો. જમવામાં અશુદ્ધિ જાણી મંજુલકેશે બ્રાહ્મણને શાપ આપ્યો. પછી બ્રાહ્મણે ભગવાનની પ્રાર્થના કરી તેથી શાપનું નિવારણ થયું અને તે ગાંડો મંજુલકેશ તથા તે બ્રાહ્મણ મોક્ષ પામ્યા.

વૈરાઢ્યનો શુદ્ર બાણાંગણ દારૂ બનાવતો- વેચતો. એક વખત યાત્રિકો સાથે ગિરનારની પરિક્રમા કરવા ગયો. ત્યાં પણ દારૂ વેચતો. ઘણા ભૈરવના ઉપાસકો ત્યાં દારૂ પીતા. તે બાણાંગણ ભક્ત ધૂન-કિર્તન કરતો ત્યાં અનેક સંતો ઉપદેશ આપતા કે, તિર્થો કરવા તેથી કલ્યાણ થાય. તિર્થ બે પ્રકારના છે. સ્થાવર અને જંગમ. સ્થાવર તિર્થ - નદી, તળાવ, કૂવા, મંદિર, મૂર્તિ વગેરે છે. માતા-પિતા, પતિ, સતી, ઋષિ આ સર્વે જંગમ તિર્થો છે. સર્વે તિર્થોમાં ઉત્તમ તિર્થ સાધ્વી, યતિ, સંત-સાધુ છે. સાધુના શરીરમાં અવતાર ઈશ્વર દેવો સર્વે સાત્ત્વિક તત્ત્વો નિવાસ કરે છે. સાધુ ભગવાનની મૂર્તિ છે. ભગતને સંતરૂપે ભગવાન મળ્યા. માટે ભગતે કહ્યું, હું દારૂ વેંચુ છું, પીઉં છું. ભગવાન કહે, હવે દારૂ ન વેચતો, ન પીતો અને બ્રહ્મચર્યવ્રત કરી પ્રાયશ્ચિત કર. પછી શુદ્ધ કરી પ્રભુએ તેને મંત્ર આપી તેનો મોક્ષ કર્યો.

ધવલપુરમાં મોચી ભક્ત ભૂતાદન હતો. તેણે એક વખત નદીમાં ગાય તણાતી હતી તેને દોરડું બાંધી કાઢી. તેથી ગાયે તેને મૂંગા આશીર્વાદ આપ્યા. તે પ્રતાપે તેને એક જગ્યાએ ખોદકામ કરતા તાંબાનો ઘડો સુવર્ણથી ભરેલો મળ્યો તેથી સુખી થઈ હંમેશા ધૂન-ભજન કરતો. તેણે કથા બેસાડી તેમાં આવ્યું કે, દારૂ પીવો નહીં, માંસ ખાવું નહીં. વ્યભિચાર કરવો નહીં. કરે તો યમપુરીમાં જવું પડે. ચોરાસીમાં ભટકવું પડે. તે સમયે સાલાયન સાધુએ આવી બધાને ઉપદેશ આપ્યો, ભગવાન ન ભજે તે બધા ચર્મકાર મોચી જ છે. ચામડાના ગર્ભમાં રહ્યા ચામડીને તેલ લગાવ્યું. ચર્મને સજાવટ કરી શરીરનું જે કામ છે તે સર્વે ચર્મનું જ છે. બ્રહ્મા પણ ચર્મકાર છે. માટે અંદર રહેલા જીવ આત્મા તેનો મોક્ષ કરી લેવો. ચર્મ શરીર ખોખું અહીં પડ્યું રહેશે. પછી બધા ચર્મકારોએ તો સાધુ પાસે "ૐ નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" એ મંત્ર લઈ ભજન કરતા. તે ભક્તોએ અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્રમાં મંદિર કરી, ભજન કરી મોક્ષમાં ગયાં.

શંકુધર ચોરને સુમંતુ ઋષિએ ઉપદેશ આપી પ્રાયશ્ચિત કરાવી, યજ્ઞ કરાવી, મંત્ર આપી, ભજન કરાવી મોક્ષ કર્યો.

સંત પુરુષના જે ગુણ ગ્રહણ કરે છે તે તરી જાય છે. અવગુણ ગ્રહણ કરે છે તે સંસારમાં ડૂબે છે. માટે સદ્‌ગુણ લેવા. સંત સમાગમ છે તે ચિંતમણિ તુલ્ય છે તેથી સર્વે પ્રાપ્તિ થાય છે. આલોક, પરલોકમાં કુટુંબ વગેરે સર્વે સુખી રહીને અંતે પ્રગટ ભગવાનના પરમધામની પ્રાપ્તિ થાય છે.

અધ્યાય - ૧૯૦ થી ૧૯૩

❖ વનેચંદ વણિક, ધનિષ્ઠકોષ વિપ્ર અને વાટાસિનોરના રાજાની કથા ❖

મહારાષ્ટ્રના ભક્તોનો સંઘ કુંકુમવાપી તિર્થ કરવા તથા સોમનાથ, ગિરનાર, નારાયણધરો વગેરે તિર્થો કરવા સૌરાષ્ટ્રમાં આવ્યા. ગોપનાથ તિર્થ કરી. સિંહારણ્ય ગીરમાં આવ્યા ત્યાં લૂંટારા મળ્યા. તે સંઘને લૂંટવા માંડ્યા. તે સંઘમાં આગેવાન વણિક વનેચંદ તેનું કુટુંબ મારું ભક્ત હતું. સાધુ સેવાવાળું હતું. તેણે મારી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના કરી. હે ભગવાન, હે હરિ તમે પૂર્વે ઘણા ભક્તોની રક્ષા કરી છે. તેમ અત્યારે અમારી રક્ષા કરો. પૂર્વે અસુરો, દૈત્યો, દાનવો, રાક્ષસોના નાશ માટે અવતારો ધારણ કરી. દેવતાઓને, ઈશ્વરોને, સાધુ, ઋષિ-મુનિઓને, મનુષ્યોને સુખી કર્યા છે. હે પ્રભુ, અમે તમારે પ્રગટને શરણે આવ્યા છીએ હે બાલકૃષ્ણ કૃપા કરી અમારું રક્ષણ કરો.

સંઘની, ભક્તની, વનેચંદપત્ની સુખાદેવીની સ્તુતિ સાંભળી મેં તરત જ રાજ-સિપાઈનો વેશ લઈને અનેક સ્વરૂપ ધારણ કરી લૂંટારાનો નાશ કર્યો. ભક્તો, સંઘનું, યાત્રિકોનું રક્ષણ કર્યું. જેની જે વસ્તુ હતી તે અપાવીને એ દ્રવ્ય બધાને આશ્ચર્યમય લાગ્યું. તે સમયે બધાને દિવ્ય દર્શન આપી બધાને મંત્રો આપ્યા. "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામી પતિશ્ચમે" સર્વે ભજન કરતાં કુંકુમવાપી ક્ષેત્ર આવ્યા. દર્શન કર્યા, દાન આપ્યા. પછી તે દ્વારકા, જામનગર થઈને મહારાષ્ટ્ર ગયા. તે સર્વે ભક્તો અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી અંતે પરમધામને પામ્યા.

પૂર્વે ધનિષ્ઠકોષ વિપ્ર હતો. તે ધર્મવાળો, યજ્ઞ, કર્મકાંડ કરનારો, સંપત્તિવાળો સુખી રાજમાન્ય હતો. રાજા પણ તેનો મિત્ર સહાય કરનારો હતો. તે બંને ગણિકાને ત્યાં જવા માંડ્યા. નાચગાન, ભોગ, વ્યસન વધી ગયા. વિપ્રપત્ની અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તાણી હતી. તેણે પ્રભુને પ્રાર્થના કરી હે પ્રગટ પ્રભુ હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારા પતિ તથા રાજા તમારા ભક્ત છે. તેને તમે કુમાર્ગેથી પાછા વાળો. હું તમારા માટે પારણું કરી તેમાં તમને પધરાવી વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી પૂજા, આરતી કરીશ. એક વર્ષ સુધી એકટાણું જમીશ. સાધુ, બ્રાહ્મણોને જમાડી દાન આપીશ. એ પ્રમાણે સ્તુતિ કરી તથા પતિ સંસ્કારવ્રત નિમિત્તે યજ્ઞ કરાવ્યો. તેમાં સાધુ, સાધ્વી, બ્રાહ્મણો, અતિથિ, ગરીબો, વૈષ્ણવ ભક્તો જમતા હતા. તે સમયે

હું નારાયણ ઋષિનું રૂપ લઈને યજ્ઞમાં ગયો. તેણે મને જમાડ્યો. પૂજા કરી. મેં આશીર્વાદ આપ્યા. આ યજ્ઞ કરાવનારનો સંકલ્પ પૂર્ણ થાય. ત્યાં ગણિકાના મહેલમાં ભૂકંપ થયો, મહેલ પડી ગયો. ગણિકા મરી ગઈ તે વખતે રાજા તથા વિપ્ર પણ ત્યાં હતાં. તે બચી ગયા. તેના હાથ, પગ ભાંગ્યા. તેણે જાણ્યું આપણે ભગવાનના ભક્ત હતા. તેથી પ્રગટ પ્રભુએ આપણી રક્ષા કરી. ઘરે આવી જાણ્યું. વિપ્ર પત્નીની પ્રાર્થનાથી બાલકૃષ્ણ પ્રભુએ રક્ષા કરી. પછી ઋષિરૂપે રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણે પોતે રાજા અને વિપ્રને હાથે પગે હાથનો સ્પર્શ કરી સાજા કર્યા. અંતે પ્રભુએ તે રાજા વિપ્ર કુટુંબને ભજન કરાવી મોક્ષ કર્યો.

વાટાસિનોરનો રાજા નાસ્તિક હતો. તે યજ્ઞ, દાન, પુણ્ય, સાધુ, બ્રાહ્મણ મંદિર દેવ બધું ખોટું છે એમ બોલતો. તેથી મરીને રાક્ષસ થઈ જંગલમાં રખડતો હતો. તેની પત્ની કુંદનદેવી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પરમ ભક્તાણી હતી. તેને સ્વપ્નમાં પોતાનો પતિ દેખાયો તેણે પ્રગટ પ્રભુને પ્રાર્થના કરી. તેથી ભગવાને તેને દર્શન આપી, તેના પતિને રાક્ષસમાંથી મુક્તિ અપાવી.

અધ્યાય - ૧૯૪ થી ૧૯૮

❖ ચક્રધર રાજા, હર્ષુલ ભક્ત, શાણધર ભક્ત અને નીંબ ભક્તની કથા ❖

વિરામનગરનો રાજા ચક્રધર તથા તેનો પ્રધાન દેવવિશ્રામ તે પ્રજાપાલન ધર્મવાળા હતા. તેના ગામમાં બહુચરાના ભક્તો આવ્યા. તેણે ૧૦,૦૦૦ રૂપિયા રાજા-પ્રધાન પાસે માગ્યા. રાજાએ એક હજાર આપ્યા. નપુંસકોએ મલીન મંત્રોથી રાજા-પ્રધાનને મૂર્છિત કર્યા. રાજા-પ્રધાન જાગ્યા ત્યારે નપુંસક આગેવાન સ્ત્રીની હત્યા પોતાના સૈનિક પાસે કરાવી. એટલે બધા ભાગી ગયા. ગામમાં હાહાકાર થયો. રાજા, પ્રધાન સ્ત્રી હત્યારા છે. બંનેએ પ્રાયશ્ચિત કર્યું તો પણ પ્રજા હત્યારા છે, એમ બોલતી. રાજાએ શાસ્ત્રો જાણનારા વિપ્રો, વૃદ્ધોની સભા બોલાવીને કહ્યું કે, ન્યાય કરો. વૃદ્ધ શાસ્ત્રીઓ બોલ્યા કે, અગ્નિ લગાડનારો, ઝેર આપનારો, શસ્ત્ર ઉગામેલો, મંત્ર અભિચારવાળો, શાપ આપનારો, શત્રુને સહાય કરનારો. આ છ જણા આર્તતાયી શત્રુ છે. તેને મારવામાં પાપ નથી. તેથી રાજા, પ્રધાન નિર્દોષ છે. છતાં તે બંને દાન-પૂજન જપ વગેરે કરી શુદ્ધ થયા છે. પછી રાજા-પ્રધાને સાધુ, બ્રાહ્મણના કહેવાથી યજ્ઞ કર્યો. તેમાં સાક્ષાત શ્રીહરિ આવી દર્શન આપી પાપની નિવૃત્તિ કરાવી. પછી તે ભક્તિ કરી ધામમાં ગયા.

મયૂરપુરીનો માળી હર્ષુલ ભક્તે પહેલી પત્નીથી પુત્ર નહિ થવાથી બીજી પત્ની કરી. બીજી પત્નીને પુત્ર થયો. પહેલી પત્નીએ ઈર્ષ્યાથી છોકરાને ઝેર આપી મારી નાખ્યો. માટે બધા રોવા માંડ્યા. પહેલી પત્નીને બહુ જ દુઃખ થયું તેથી પ્રભુને પ્રાર્થના કરી, હે પ્રભુ મારી ભૂલ થઈ મને માફ કરો. તે સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાધુ રૂપે આવી પૂછ્યું શું

થયું, શું કામ રોવો છો ? સર્વેએ પુત્રના મરણની વાત કહી. પહેલી પત્નીએ સાધુની સેવા કરી નિષ્કપટપણે પોતાનું પાપ જાહેર કર્યું. પછી ભગવાને તે બધાને પોતાનો મંત્ર આપ્યો. તથા બાળકને મંત્ર આપી પ્રસાદી જલ પાઈને જીવિત કર્યો. સર્વે આનંદમાં આવી ગયા. પછી પ્રભુએ પહેલી પત્નીને પણ આશીર્વાદ આપ્યા કે, તને પણ પુત્ર થશે. એ રીતે પોતાના ભક્તના અપરાધ ભગવાન માફ કરે છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાધુરૂપે હર્ષુલ ભક્તને તથા તેની બંને પત્નીને ઉપદેશ આપ્યો કે, સાધુની સેવાથી આશીર્વાદ મળે છે. આ લોક-પરલોકમાં સુખી થવાય છે. પછી સર્વે ભક્તો ભક્તિ કરીને અંતે ભગવાનના ધામમાં ગયા.

કોટીનાર ગામના શાણધર ખેડૂત ભક્તને વૃદ્ધાવસ્થામાં ગળતા કોઢનો રોગ થયો. તેના પુત્રો સેવા કરી કંટાળ્યા. સર્વેએ ભેગા થઈ નક્કી કર્યું, આ ભાભાને સમુદ્રમાં પધરાવી દેવો. પછી ગાડામાં બેસાડી દ્વારકા સમુદ્રે લઈ જઈને છોકરાઓએ પિતાને કહ્યું. સંપત્તિ ક્યાંય મૂકી, દાટી હોય તો કહો. ભાભાએ કહ્યું, ચૂલાની આગુણમાં લાખ રૂપિયા દાટ્યા છે. છોકરા બાપાને સમુદ્રમાં નાખી ઘરે આવ્યા. પ્રાયશ્ચિતમાં પિતાના પૈસે યજ્ઞ કર્યો, દાન કર્યા. સમુદ્રમાં શાણધર ભક્તે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કર્યું. તેથી પ્રગટ પ્રભુએ આવી દર્શન આપી સ્પર્શથી રોગ મટાડી ભક્તને તેને ઘરે પહોંચાડ્યો. સર્વે કુટુંબને દર્શન આપ્યા, મંત્રો આપ્યા, પોતાનું ભજન અને કાયમ સાધુની સેવા કરવાનું કહ્યું. પછી ભક્તે પૂછ્યુ, પ્રભુ મને આવો રોગ કેમ થયો ? પ્રભુએ કહ્યું, પૂર્વ જન્મમાં તે વાછડાના વૃષણનો ઉચ્છેદ કર્યો તે પાપે આ રોગ થયો.

નીંબ ભક્ત પૂર્વ જન્મમાં સાથીને વેતન ઓછું આપતા તે મરીને સાંઢ થયો. ભક્ત પાસે લેણું બાકી હતું. ભક્તને દેખીને મારવા દોડ્યો. સાંજે મંદિરે જતા લાકડી પાસે ન હતી. ત્યાં સાંઢ સામે મળ્યો. તેણે માથું મારવાની તૈયારી કરી ત્યાં ભગતે પથ્થર જોરથી ફેરવી માથામાં માર્યો. તેથી સાંઢ મરી ગયો. તેથી ભક્તે દાન, પુણ્ય, ધૂન, ભજન વગેરે પ્રાયશ્ચિત કર્યા. પછી તે સાંઢ ભક્તનો પુત્ર થયો લેણું લેવા આવ્યો. પણ ભગવાનનો જ્ઞાની ભક્ત થયો. પ્રગટ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આશરો કરી, ભક્તિ કરી ધામમાં ગયો.

શાસ્ત્ર કહે છે : આર્તતાયી શત્રુને મારવામાં પાપ નથી. ડાઢવાળા શિંગાળા પશુનો, શસ્ત્રવાળાનો વિશ્વાસ ન કરવો. ચોર ભૂખ્યા, તરસ્યા ગાંડાનો વિશ્વાસ ન કરવો. અગ્નિનો, પાણીનો, સ્વાર્થીનો, વેશ્યાનો વિશ્વાસ ન કરવો. રોગી, ત્યાગી, ભિક્ષુક, મૂર્ખનો વિશ્વાસ ન કરવો, આળસુ, અધર્મી, નાસ્તિક, તામસીનો વિશ્વાસ ન કરવો. જુગારીનો, વાણંદનો, દારૂ પિનારાનો, અવગુણીયાનો, વિવાદીતનો, કાણાનો, લંગડાનો વિશ્વાસ ન કરવો. પર્વતનો, કાદવનો, અજ્ઞાન વૈદ્યનો, અજ્ઞાત ઔષધનો, શત્રુએ આપેલા ભોજનનો, અતિ ક્રોધીનો, સીમમાં ફરનારાનો વિશ્વાસ ન કરવો.

અધ્યાય - ૧૯૯

❖ પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો દિવ્ય ઉપદેશ ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણ કહે છે : હે લક્ષ્મી, મારા એકાન્તિક ભક્તોએ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવી, સાંભળવી. મારી ભક્તિના પ્રકારો મોક્ષ આપનારા છે. દેહાત્મ બુદ્ધિ હોય તો બ્રહ્મ બુદ્ધિ કરવી. દેહથી જુદા આત્મામાં મને બાલકૃષ્ણને જોવો મારી સાથે રમવું. જેવી રીતે ધામમાં બ્રહ્મપ્રિયાઓ મુક્ત રહેલા છે. તે જ રીતે અહીં પૃથ્વી પર રહેલા પ્રત્યક્ષ ભગવાન તથા એકાંતિક ભક્તો મુક્તોમાં મુક્તાનીમાં જેને મનુષ્યભાવ થાય છે તેને ભક્તિમાં સંસારમાં વિઘ્ન આવે છે. બ્રહ્મા, પાર્વતીને જોઈને મોહ પામ્યા. શંકર મોહિની રૂપ મારામાં મોહ પામ્યા. નારદે દેહરૂપે જોયું પરણ્યાનું મન થયું. માટે શુક સનકાદિકની જેમ બ્રહ્મભાવ કરવો. માટે મારા ભક્તોએ મારામાં અતિ હેત કરવું તો માયામાંથી હેત ટળે. સર્વે ઇન્દ્રિયો અંતઃકરણની વૃત્તિઓનો મારામાં નિરોધ કરવો. પ્રેમથી મારી મૂર્તિમાં વાસ કરવો તો માયાનો આત્મામાં પ્રવેશ ના થાય. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મને દિવ્ય જાણે એટલે બ્રહ્મસ્થિતિ થઈ ગઈ જાણવી. જેટલો મારો પ્રત્યક્ષ મહિમા જાણે છે તેટલો આત્મામાં પ્રકાશ થાય છે. પછી મારી કૃપાથી તે પ્રકાશવૃદ્ધિને પામી બ્રહ્મરૂપે દેખાય છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ તથા તેના સંતો મળે તો જ વાસના ટળે, મોક્ષ મળે. જ્યારે મારા ભક્તને મારામાં જ એકવૃત્તિ થાય છે. ત્યારે તેને સંસારના કોઈ પદાર્થમાં પ્રીતિ થતી નથી. તેથી અત્યારે હું કૃપા સાધ્ય થયો છું. તેથી મારા ભાગવત ભક્તો સેવા, નિષ્ઠાવાળા તથા બ્રહ્મનિષ્ઠાવાળા થયા છે.

અધ્યાય - ૨૦૦ થી ૨૦૪

❖ ભાંડ ભક્ત, રાયણ ભક્ત, વ્રતદી ભક્ત, દરજી ભક્ત અને કઠિયારાની કથા ❖

ભાંડીરપુરમાં શૂદ્ર કાલીંદર ભાંડ ભક્ત ગાયક હતો. તે સંગીત વિશારદ હતો. પણ ભગવાન સિવાય ગુણ ગાતો નહીં. રાજા પ્રજાભક્તોને ત્યાં જાય પણ ભગવાન વિના બીજું ગાતો નહીં. સાધુ, સાધ્વી, સતીને પૂજન નમસ્કાર કરતો. તેનું મંડળ પણ બધા સ્ત્રી, પુરુષો ભગવાનના ગુણગાન, નાચગાન, નૃત્ય વગેરે કરતા. તેને હું રાધા-લક્ષ્મીયુક્ત મારા દિવ્ય સ્વરૂપનું દર્શન આપવા ગયો. વસ્ત્ર, અલંકારો, ફૂલહારોથી શોભતા દિવ્ય દર્શન આપ્યું.ગાયક ભક્ત મંડળે મારી સ્તુતિ કરી. પૂર્વ સંસ્કારથી હૃદય, આત્મા નિર્મળ થાય છે. તેને મારું પ્રત્યક્ષ દર્શન થાય છે. કાલિંદરે કમલાયન સાધુને પૂછ્યું, આત્યંતિક કલ્યાણ કેમ થાય ? સાધુએ કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લેવાથી તેનું ભજન કિર્તન કરવાથી આત્યંતિક કલ્યાણ થાય છે.

આખોટક ગામના પાદરમાં સદાવ્રતમાં સાધુ જમી વૃક્ષની નીચે એઠું અન્ન, પાણી નાખતાં, તેને પશુ, પક્ષી ચાટી જાતા. એક મોરલો સાધુની પ્રસાદી જમીને મરીને હારીતક શૂદ્ર પત્ની કસ્તુરીને ત્યાં ગર્ભમાં આવ્યો. આઠ માસ થયા. તેને ત્યાં ભાવાયન ઋષિ આવ્યા. તેમને જમાડ્યા, સેવા કરી ભક્તે પૂછ્યું : મારી પત્નીના ગર્ભમાં બાળક છે કે બાલિકા તે ભક્ત થશે કે ભોગી. લાંબુ જીવશે કે ટૂંકું ? ભાવાયન ઋષિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધ્યાન કરી કહે, આ બાળક પૂર્વ સંસ્કારવાળો જન્મશે તે મહાન ભક્ત થશે. કેટલાય મુમુક્ષુઓનું કલ્યાણ કરશે. એમ કહી ઋષિ ચાલ્યા ગયા. બાળક જન્મ્યો મોટો થયો ત્યારથી પ્રત્યક્ષ ભગવાનની ધૂન-કિર્તન, ભજન, ભક્તિ, ભગવાન પાસે નાચવું, પૂજા કરવી, સાધુ-ભક્તોની સેવા કરવી વગેરેમાં પ્રીતિવાળો મહાન ભક્ત થયો. ત્યાં ભાવાયન ઋષિ આવી તેને અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પતિશ્ચમે મંત્ર આપ્યો. પછી રાયણ ભક્ત નૃત્ય મંડળી રચીને સાધુ-ભક્તો, નૃત્ય કરી ભગવાનની ભક્તિ કરતા. તે રાયણ ભક્તની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીહરિએ પ્રત્યક્ષ દર્શન આપી તેનો અને ભક્ત મંડળનો મોક્ષ કર્યો.

નાકીરાલ ગામનો વૈશ્ય ગાયક ભક્ત વ્રતદીં હતો. તેને ઘણા શિષ્યો હતા. તેને એક ભજન મંડળી રચી. તેને જ્યાં બોલાવે ત્યાં ધૂન-ભજન કરવા જાય. લીંબડીના રાજા પુંડ્રવર્મા તેણે વ્રતદીંને બોલાવી પોતાના ઉત્સવમાં ગાવાનું કહ્યું, ભક્ત મંડળે કહ્યું અમે ભગવાન અને ભક્તો વિના કોઈના ગુણ ગાતા નથી. રાજા રાજી થઈને કહે, તમો મારે ત્યાં આવો ભજન-ધૂન કરો મારો મહેલ પવિત્ર કરો. વ્રતદીં પોતાની ભજન મંડળી લઈને રાજા પાસે આવ્યો. રાજા ભક્તને પગે લાગ્યો અને કહ્યું, મને મંત્ર આપી વૈષ્ણવી દીક્ષા આપો. વ્રતદીં ગાયક ભક્તે રાજકુટુંબને મંત્ર "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" મંત્ર આપ્યો. બધાને મંત્ર આપી ભક્તો બનાવ્યા. રાજાએ બાલકૃષ્ણની મૂર્તિ ભક્ત પાસેથી લીધી. સિંહાસનમાં સ્થાપી. વસ્ત્ર, આભૂષણોથી પૂજા, આરતી, સ્તુતિ કરી. પછી વ્રતદીં ગાયન કરવા લાગ્યો કે, દેહી કૃષ્ણ, દેહી કૃષ્ણ દર્શન સુદેહી. ભક્ત મંડળે ધૂન-કિર્તન, ભજન, સ્તુતિ પ્રેમપૂર્વક કરી ત્યાં મેં પ્રગટ થઈ બધાને દિવ્યરૂપે દર્શન આપ્યા. વસ્ત્ર, અલંકારોથી શોભતું લક્ષ્મી-રાધાયુક્ત દર્શન આપીને પરમધામના દર્શન કરાવ્યા પછી સર્વે પ્રગટ પ્રભુનું ભજન કરી અંતે મોક્ષને પામ્યા.

ધુરીલા ગામે દરજી ભગત મનો સર્વ અર્પણ કરીને ગ્રહણ કરી મારું અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતો. તેના નોકરનો સંચામાં હાથ આવી ગયો. તેથી સર્વે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા. તરત જ મેં ત્યાં પ્રગટ થઈ દર્શન આપી સ્પર્શ કરી હાથ સાજો કર્યો. તે તુલવાયી ભક્તે પૂછ્યું, હે ભગવાન તમારું ધામ કેવું છે ? મેં કૃપા કરીને ભક્તને કહ્યું. કરોડો દેવતાઓના સ્થાનો, કરોડો ઈશ્વરોના સ્થાનો તથા અવતારોના સર્વે

ધામોથી સર્વથી પર અને દિવ્ય તેજોમય જેનું વર્ણન કોઈ ન કરી શકે એવા પરમધામમાં હું રહું છું. પરબ્રહ્મ પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મારા અનંત અવતારો, જીવાત્માના આત્યંતિક કલ્યાણ માટે થાય છે. જે મારી ભક્તિ કરશે તથા મારા સાધુની સર્વ પ્રકારે સેવા કરશે, તેની અનુવૃતિમાં રહેશે તેમજ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચશે, સાંભળશે. તે મુક્ત સ્થિતિને પામીને અંતે પરમધામમાં જશે. આ રીતે અંતે તે દરજી ભક્ત પણ મોક્ષમાં ગયો.

નીસાર ગામનો કઠિયારો જંગલમાંથી લાકડા કાપી ગુજરાન ચલાવતો પણ ભગવાનનું નામ ભજન કરતો. તેને વનમાં સાધુરૂપે ભગવાન મળ્યા, મંત્ર આપી ભજન કરાવી મોક્ષમાં મોકલ્યો.

અધ્યાય - ૨૦૫, ૨૦૬, ૨૦૭

❖ વેપારી વાત્સલ્યધીર, શૂદ્ર તિલકરંગ અને શુરવીર નાથભક્તની કથા ❖

નાગશાલાનો વૈશ્ય વેપારી વાત્સલ્યધીર સાધુ બ્રાહ્મણને માનતો, પૂજતો, દાન, પુણ્ય કરતો. ગાયને ઘાસ વગેરે ઘણી સેવા કરતો. મંદિર, ધર્મશાળા, વૃક્ષો, તળાવ પરબ વગેરે ધર્મના સત્કાર્યો કરતો. તે સમજતો કે, પૂર્વે આપ્યું છે તો આ જન્મે મળ્યું છે. અત્યારે આપશું તો ફરી મળશે. સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતો તેની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન ત્યાં સાધુરૂપે આવ્યા. વણિક ભક્તે તેમને સ્નાન કરાવ્યું. ભોજન કરાવ્યું, પૂજન કર્યું. પછી સાધુરૂપે રહેલા શ્રીહરિએ ઉપદેશ આપ્યો કે, ભગવાનના ભક્તોએ આ સંસારમાં વિવેકથી રહેવું. જેમ પૂર્વજન્મમાં કુટુંબને અજ્ઞાનથી જાણતા નથી તેથી તેમાં પ્રીતિ થતી નથી. તેવી જ રીતે જ્ઞાનથી આ આત્માનો કોઈ સગો નથી. સાચા સગા આત્માના શ્રીહરિ તથા શ્રીહરિને ઓળખાવનારા સાધુ સત્પુરુષો છે. આત્માને મા-બાપ નથી, ભાઈ-બહેન નથી. પતિ-પત્ની નથી. સર્વે દેહના સંબંધી છે. તે દેહની સાથે વ્યવહાર રાખી આત્માને જુદો માની અખંડ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન, ચિંતવન, મનન ધ્યાન કરવું તો આ લોકમાં ભગવાનના ભક્તો સદાય સુખી રહે. આ રીતે પ્રભુએ વણિક અને તેની પત્ની મંજુલિકાને ઉપદેશ આપી દિવ્ય દર્શન આપ્યા.

વનમાં રહેતો શૂદ્ર તિલકરંગ તેના પત્ની બંને શંકરની ભક્તિ કરે. શંકરને અભિષેક કરી બિલીપત્રો ચડાવે, પૂજન કરે તેને ત્યાં શંકર સાધુરૂપે આવ્યા. તેમની ભક્તે પૂજા કરી જમાડીને પૂછ્યું, ક્યાં જવું છે ? શંકરે કહ્યું, જ્યાં મારા ભક્તો મને સંભારે ત્યાં જાવું છે. હું તિર્થમાં, સત્સંગમાં, સાધુમાં, યજ્ઞમાં, જ્ઞાનમાં, મંદિરમાં, નદીમાં ફરું છું, રહું છું. એમ કહીને દંપતીને "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" મંત્ર આપ્યો. પછી નારાયણની ઉપાસના ભક્તિ કરાવીને પરમ મુક્તિ અપાવી.

લોમશ ક્ષેત્રમાં કુંકુમવાપીમાં નાજોભક્ત શુરવીર સીમનું રક્ષણ કરે. સીમમાં રહે, વાડી, ખેતર, મોલખાણું સાચવે. રાત્રી-દિવસ રામ રામ, કૃષ્ણ કૃષ્ણ ભજન કરે. મોસમ સમયે ખળામાં અનાજના ઢગલા પડ્યા હતા. તે શેત્રુંજય પર્વતમાં લુંટારા અમરાપુર બાજુથી આવ્યા. ૨૦ લુંટારા અનાજ ભરવા માંડ્યા. નાજોભક્ત કહે, તમે સાચા માતા-પિતાના હો તો મને જીતીને અનાજ લઈ જાઓ. એમ કહી એકલો ભક્ત ૨૦ લુંટારાની સાથે લડવા લાગ્યો. બધાને મારી નાખ્યા. એકવીસમો છેલ્લો મારતા રામ રામ બોલવા લાગ્યો. તેની પાસે ભક્તે જઈને ભગવાનને પ્રાર્થના કરી. હે ભગવાન આ તમારો છે. તેનું તમે રક્ષણ કરજો. તે સમયે હું ત્યાં ગયો અને હાથનો સ્પર્શ કરી તે ચોર ભક્તને જીવતો કર્યો. બીજા બધાને ભક્તની પ્રાર્થનાથી પ્રભુએ વિમાનમાં બેસાડી સ્વર્ગમાં મોકલ્યા. પછી ભગવાને ભક્તને કહ્યું, મનુષ્ય નીતિથી ન રહેતો તેને યમપુરીના દુઃખો તથા ૮૪ લાખ જાતના જન્મના દુઃખો ભોગવવા પડે છે. અનાજની ચોરી કરે તે ઊંદર થાય. ઘી-દૂધની ચોરી કરે તે બિલાડો થાય. શાકભાજીની ચોરી કરે તે મોરલો થાય. વસ્ત્રોની ચોરીથી પાડો થાય. ફળફૂલની ચોરીથી વાંદરો થાય. સોનું-ઝવેરાતની ચોરીથી રીંછ થાય. પાણીની ચોરીથી જંતુ થાય. સ્ત્રી-પુત્રનું અપહરણ કરે તે નપુંસક થાય. વાજિંત્રની ચોરીથી ભાંડનટ થાય. વિશ્વાસઘાત કરનારા નારડા, કરચલા થાય. અપહરણ કરનારા ઘોડા થાય, કરજ કરનારો બળદ થાય. નિંદા કરનારા મૂંગા થાય, અતિ કામી પુરુષો તથા કામી સ્ત્રીઓ પિશાચ થાય. છેતરનારા ભિક્ષુક થાય. દેવધન ખાનારા કાગડા થાય કુલને નાશ કરનારો નોળિયો, સ્ત્રી હત્યારો રાક્ષસ. ભક્તિમાં વિઘ્ન કરનારો નારકી થાય નિર્વંશ થાય, દારૂ પીનારો મુત્રકીટક થાય, ઝેર ખાનારો વીંછી થાય. ક્રોધી સર્પ થાય. આ રીતે અનેક જન્મોમાં દુઃખી થાય છે. ભગવાને તેના ભક્તને તથા ચોરભક્તને મંત્ર આપી ભક્તિ કરાવી અંતે મોક્ષગતીમાં મોકલ્યા.

અધ્યાય - ૨૦૮, ૨૦૯, ૨૧૦

❖ સાગર-સારિકા, મેર સારંગ ભક્ત અને ખારવા પુસ્કસની કથા ❖

મહી નદી કાંઠે મહાશારી ગામના વનમાં ભીલભક્ત સાગર નામે તથા તેની પત્ની સારિકા તે દંપતી વનમાં ફળફૂલ, અનકણ, કંદમૂળ જે મળે તે ખાતા. કૃષ્ણ કૃષ્ણ, નારાયણ ભજન કરતા. દેહયાત્રા ચલાવતા હતા. મજુરી કરતાં હતાં. એક દિવસ એકાદશીએ કાંઈ ખાવાનું ન મળ્યું. ભજન કર્યું. ભૂખ્યા નિંદર ન આવી જાગરણ થયું. સવારે ભાજી કરી ભગવાનને ધરી ખાધી. ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ હું શેઠનું રૂપ લઈને ઘઉંનું ગાડું ભરી ભક્તને ઘરે ગયો. તેણે મને પાણી પાયું અને પૂછ્યું, ક્યાંથી આવો છો ? ક્યાં રહો છો ? તમારું શું નામ છે ? ભગવાને કહ્યું, મારું નામ હરિકૃષ્ણ છે. હું અક્ષરધામમાં રહું છું. ભક્ત મંડળ મારું કુટુંબ છે. પ્રભુએ પૂછયું તમે આજીવિકા કેમ ચલાવો છો ? ભક્તે કહ્યું,

ક્યારેક અનાજ મળે, ક્યારેક ભાજી ખાઈ લઈએ. લાખ, કરોડો રૂપિયા શું કરવા છે. ભજન થાય છે. આ સાંભળીને પ્રભુ રાજી થયા અને ઘઉં ગાડું આપ્યું અને કહ્યું, આ ઘઉંને કોઠીમાં નાખી ઢાંકણું ઢાંકી સાણેથી અનાજ કાઢી ખાજો અને સૌને ખવરાવજો. આ રીતે દર્શન આપી પ્રભુ અદૃશ્ય થયા.

સાગર-સારિકા ભક્તો રોજ સાધુ-સાધ્વી અતિથી ગરીબ બધાને જમાડવા લાગ્યો. સદાવ્રત જેવું થયું. ત્યાં દુર્વાસા ઋષિ દશ હજાર શિષ્યો લઈ આવ્યા. ભક્તોએ સત્કાર કર્યો પણ આટલા બધાંને જમાડવા કેમ ? ઘરમાં જઈ પ્રાર્થના કરી. તેથી પ્રભુ લક્ષ્મીને લઈ આવ્યા. લક્ષ્મી પાસે પાંચ રોટલી કરાવી મેં હાથમાં લઈ બધાને પાંચ પીરસી, જમાડી અદૃશ્ય થયો. દુર્વાસાએ જમી આશીર્વાદ આપ્યા કે, તમારું સદાવ્રત શ્રદ્ધા, ભક્તિ, પુણ્ય રોટલી, ભાજીપાત્ર બધું અક્ષય થાઓ.

પ્રભુપ્રસાદ મળે છે એવું સાંભળીને વાલખીલ્ય ઋષિઓ ૮૮,૦૦૦ આવ્યા. ભક્તે ભગવાનને યાદ કર્યા. પ્રભુ લક્ષ્મી સાથે પધાર્યા રોટલી દસ લક્ષ્મીજી પાસે કરાવી. બધાને દશ રોટલી પીરસી જમાડી, આશીર્વાદ આપી ગયાં. ત્યાં કૈલાસમાં શંકરે ધ્યાનમાં જોયું. તેથી દશ લાખ ગણને લઈ જોગી જટાવાળા થઈ આવ્યા. ભગત પ્રસાદ આપો. દંપતી ભક્ત વિચારે આટલા બધાં ક્યાંથી આવ્યા ? પણ બાલકૃષ્ણ પ્રભુને યાદ કર્યા. તરત પ્રભુ લક્ષ્મી સાથે આવી લક્ષ્મી પાસે ૧૦૦ રોટલી કરાવી. બધાને પીરસી જમાડી અદૃશ્ય થયા. રોટલી ૧૦૦ વધી તે પ્રસાદીરૂપે દંપતી જમ્યા. શંકર પણ પ્રભુનો મહિમા વિચારી આશ્ચર્ય પામતા હતા. ત્યાં બ્રહ્માએ જાણ્યું, પ્રભુનો પ્રસાદ મળે છે. તેથી કરોડો સિદ્ધોને સાથે લઈ ભક્તને ઘરે આવ્યા. ભક્તે ભગવાનને સંભાર્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ બ્રહ્મપ્રિયાઓ સાથે લઈને આવ્યા. રોટલી એક હજાર કરાવી. બ્રહ્મા વગેરે બધાને પીરસી જમાડી ભક્તને દર્શન આપી અદૃશ્ય થયા. આ રીતે ભગવાને પોતે ભજન કરતા, ભક્તને રોટી પાત્ર, ભાજીપાત્ર, જલપાત્ર અક્ષય કર્યા. ભક્તના દેહ પર્યંત રહ્યા પછી તે દંપતીને અંતે શ્રીહરિએ દર્શન આપી પરમધામમાં લઈ ગયા. તે સ્થાનનું મહીસારીનગરી નામ પડ્યું. ત્યાંના રાજા ગોધરસુરીએ કોઠી વગેરે સર્વે પાત્રો પોતાને આધીન કર્યા. પરંતુ કોઠીનો તે ચમત્કાર થયો તે થયો પછી જોવા ના મળ્યો.

ભુધરીનો મેર માલધારી પશુપાલન કરતો. જંગલમાં રહેતો. હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, બાલકૃષ્ણ એમ ભજન કરતો. એક સમયે કેટલાય સિંહ આવી ગર્જના કરવા લાગ્યા. સારંગભક્ત તથા તેની પત્ની બંને પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા, હે પ્રભુ તમે ઘણા ભક્તોની રક્ષા કરી છે એ અમારી પણ રક્ષા કરો. તરત જ મેં કેશરી સિંહનું રૂપ લઈ વનમાંથી બધા સિંહને હટાવીને ગાયો, ભેંસોની રક્ષા કરી અને ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી બંને ભક્ત

દંપતીને દર્શન આપ્યા. મંત્ર આપ્યો, ઉપદેશ આપ્યો. મારી ભક્તિ કરાવી અંતે પરમધામની પ્રાપ્તિ કરાવી.

સમુદ્ર કાંઠે ખારવો પુસ્કસ રહેતો તે વહાણ ચલાવીને નિર્વાહ કરતો. એક દિવસ બ્રહ્માયન ઋષિ સાધુ વહાણમાં બેઠાં. પુસ્કસે તેના દર્શન કર્યા, શાંતિ થઈ. સાધુએ કહ્યું, ગમે તે જ્ઞાતી હોય ગમે તે કામ કરતા હોય તે જો પરમેશ્વરને સંભારે તો આલોક-પરલોકમાં સુખી થાય છે. પુસ્કસ સાધુને પોતાને ઘરે લઈ ગયો, જમાડ્યા, પૂજન કર્યું. સાધુએ આખા કુટુંબને વૈષ્ણવી મંત્ર આપ્યો. ભજન, ભક્તિ કરાવી અંતે મોક્ષમાં મોકલ્યો.

અધ્યાય - ૨૧૧ થી ૨૧૪

❖ કપિક્ષય ચાંડાલ, નાલીકર લુહાર, મંગળદેવ મોચી અને હરિદાસ સુતારની કથા ❖

ગિરનારની તળેટીમાં કપિક્ષય નામે ચાંડાલ રહેતો હતો. તે વનમાં પશુને મારતો. એક દિવસ લાલ વાંદરાને બાણ મારતો હતો. ત્યાં વાંદરો બોલ્યો. સાંભળ, પછી મારજે. તું પૂર્વે બ્રાહ્મણ હતો પણ વ્યભિચારી હતો તથા હિંસક હતો. તેથી તારો આ જન્મ ચાંડાલનો આવ્યો છે. હજી તું આવું પાપ કરીશ તો તારી ગતિ કેવી થશે માટે સાધુની સેવા કરી ભગવાનનું ભજન કરી મનુષ્યજન્મ સુધારી લે. ચાંડાલે પૂછ્યું, તું કોણ છો ? તને આટલું બધું જ્ઞાન કેમ છે ? વાંદરો બોલ્યો, અમે સ્વર્ગના દેવ છીએ. પુણ્ય ખલાસ થાય એટલે સ્વર્ગમાં ના રહી શકીએ. અહીં તિર્થમાં નારાયણધરો, દામોકુંડમાં પાણી પીને ફળ, ફૂલ ખાઈ, ઈશ્વરનું સ્મરણ કરીએ છીએ. તારે કલ્યાણ કરવું હોય તો અશ્વપટ સરોવર કાંઠે લોમશઋષિ પાસે જા. ચાંડાલ કુંકુમવાપી ગયો. લોમશ ઋષિ પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લીધો. ઉપદેશ ગ્રહણ કર્યો. સત્પુરુષના સંગથી ચાંડાલ વિપ્રપણાને પામ્યો. સત્પુરુષના સંગથી મૂર્ખ પંડિત બને છે. સત્પુરુષની પ્રસન્નતાથી પાપી પુણ્યશાળી બને છે. સંતપુરુષના પ્રસાદથી રંક રાજા બને છે. તે ચાંડાલ કુટુંબ સહિત પ્રગટ પ્રભુની ભજન ભક્તિ કરી મોક્ષમાં ગયો.

વક્રનદનો લુહાર નાલીકર તે ધમાણને લક્ષ્મી માને, અગ્નિને નારાયણ માને, સાંકળને માળા માની લક્ષ્મીનારાયણનું ભજન કરે, અને લોઢાના ખેતીનાં સાધનો બનાવે. રોજ રાત્રે ધૂન-ભજન કરે. એક વખત તેની ભક્તિ વધારવા મેં મારી મૂર્તિમાં તેજ બતાવી સમાવી દીધું. તેથી ભગત વધારે ભક્તિ કરવા લાગ્યો. એક વખત સાધુનું રૂપ લઈ લક્ષ્મીને રામકી બનાવી, ગરૂડને બાળ બનાવીને તે લુહાર ભક્ત પાસે ગયા. તે ભક્તે સર્વ પ્રકારે સેવા કરી જમાડ્યા. મેં તેને મનુષ્ય જન્મની દુર્લભતા કહી. ત્યાં બાળકે મળ કર્યો તેને લુહારપત્ની કુંદનિકાએ ધોઈ સાફ કર્યું. તે જોઈ હું અતિ પ્રસન્ન થયો. તેથી તેને શંખચક્ર ગદા પદ્મ, ચતુર્ભુજ લક્ષ્મીનારાયણ સ્વરૂપે ગરૂડ પર બેસી દિવ્ય દર્શન દીધું. તે દંપતી ભક્ત ભક્તિ કરી. અંતે વિમાનમાં બેસી મોક્ષમાં ગયા.

દ્રોણપુરીનો મંગલદેવ મોચી ચામડાં વેચવાનું કામ કરે. ભગવાનની ભક્તિ કરે, પ્રાર્થના કરે. હે પ્રભુ અમને આવો નીચ જન્મ આપ્યો. અમે ક્યાંય જઈ શકીએ નહિ. ચામડા પર રાધા-કૃષ્ણ, લક્ષ્મીનારાયણ નામ લખે. રાત્રે ધૂન-કિર્તન, કથા-વાર્તા, ઉત્સવ, જાગરણ વગેરે કરી ભગવાનને રાજી કરે. એક સમયે આસો સુદ શરદપૂનમના ઉત્સવમાં ચોકમાં રાસ-કિર્તન થતા હતા. દૂધ-પૌંઆનો થાળ ભગવાનને ધર્યો હતો. તે સમયે બધાનું ધ્યાન કિર્તન-રાસમાં હતું. ત્યાં સર્પ આવી દૂધ-પૌંઆ થોડું પીને ચાલ્યો ગયો. કોઈનું ધ્યાન ગયું નહીં. રાત્રે ઉત્સવ પૂરો થયો બધાએ પ્રસાદી લીધી. ઝેર મસ્તકમાં ચડ્યું. મૂર્છાથી બધા સૂઈ ગયા. તે વખતે હું સાધુરૂપે ઔષધની પેટી લઈને ત્યાં ગયો. બધાને રસ પાયો, પાણી છાંટ્યું, સ્પર્શ કર્યો. બધા નિંદ્રામાંથી બેઠા થયા હોય તેમ લાગ્યું. સવારે સાધુને ભોજન આપીને પૂછ્યું, ભક્તને વિઘ્ન કેમ આવે છે ? સાધુએ કહ્યું, ભક્તિની દૃઢતા કરાવવા માટે ભગવાન પરીક્ષા કરે છે. આપત્તકાળે ભક્તને શ્રીહરિનું સ્મરણ વધારે થાય છે. એમ કહી બધાંને "ૐ નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય સ્વાહા" મંત્ર આપી બધાને ભજન કરાવીને મોક્ષ કર્યો.

રંગમતી નદી કાંઠે હરીદાસ સુતાર કામ કરે. ખુરશી, કબાટ, ખાટલા જે કરે તે પર ભગવાનના નામ લખે તથા રાધા-કૃષ્ણ, લક્ષ્મીનારાયણ અને અનાદિશ્રીકૃષ્ણનારાયણની માણકીએ સહિત કાષ્ઠની મૂર્તિ બનાવે તથા ૨૪ અવતારોની મૂર્તિ બનાવે તેમજ ધ્યાન કરે, ભજન-ભક્તિ કરે. એકવાર રાજાએ તેની પાસે આવીને કહ્યું, તું કહે તેટલા પૈસા આપું મારી મૂર્તિ બનાવ. સુતાર ભક્તે ના પાડી કહે, હું ભગવાન વિના કોઈની મૂર્તિ બનાવતો નથી. જો બનાવું તો ભક્તિમાંથી પડી જાવ. ભક્તની આવી દૃઢતા જાણી મેં તેને દર્શન આપી કુટુંબ સહિત મોક્ષ કર્યો.

અધ્યાય - ૨૧૫ થી ૨૧૮

❖ દામશીલાદ ભક્ત, સંજયદેવ શિલ્પી, સંભર ચિત્રકાર અને મોતીશ્વર વેપારીની કથા ❖

પુરુષોત્તમ નારાયણ કહે છે : હે લક્ષ્મી, ભક્તોની પાવન કથા સાંભળવાથી ઈંન્દ્રિયો અંતઃકરણની વૃત્તિઓ ભગવાનનાં સ્વરૂપમાં રહે છે. પથ્થરની ખાણમાં દામશીલાદ પોતાના નોકરો પાસે પથ્થરો કઢાવતો હતો. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ભક્ત હતો. તેથી બાલકૃષ્ણ, હરેકૃષ્ણ ભજન કરતો, કરાવતો ને ઉપદેશ આપતો. ભગવાનના શરણ ભજન વિના વ્યર્થ જીવન થવા દેવું નહીં. એક વખત ભેખડ પડી. નોકરો દબાયા, દામશીલાદ ભક્તે પ્રાર્થના કરી. હે પ્રગટ પ્રભુ તમે અનેકની સહાય કરી છે, બુડતા તાર્યા છે. જંગલમાં લૂંટાતા રક્ષણ કર્યું છે. અમારું રક્ષણ કરો. પ્રગટ પ્રભુએ તરત જ આવી બધાને બચાવ્યા. બધાને દર્શન આપી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ" મંત્ર ઉપદેશ આપી અદૃશ્ય થયા. આ રીતે હું મારા ભક્તનું અનેક દુઃખોથી રક્ષણ કરી અંતે મોક્ષમાં લઈ જાવ છું.

કતકપરાનો સંજયદેવ શિલ્પી દેવ, ઋષિ, મનુષ્યની મૂર્તિ પથ્થરમાં બનાવતો તે ભક્ત ભગવાનની પૂજા, વંદન, ધૂપ-દીપ, આરતી, નૈવેદ્ય ધરી ભજન કરતો. એક વખત રસ્તે જતા ત્યાં સામે ગાંડો હાથી મળ્યો. સુંઢથી સંજયભક્તને પછાડી દીધો. તરત જ બાલકૃષ્ણ પ્રભુ વિપ્રરૂપે આવી સ્પર્શ કરી સારું કરી દર્શન આપી અદૃશ્યા થયા. આવી રીતે હે લક્ષ્મી મારા ભક્તનું હું ખબર ન પડે તેમ અનેક સ્વરૂપે આવી રક્ષા કરું છું. મારો ભક્ત મને સંભારે ત્યારે હું હાજર જ રહું છું પણ ક્યારેક મને ભૂલી જાય છે એટલે દુઃખ, વિઘ્ન આપત્તકાળ આવે છે.

સંભર ચિત્રકાર અનેક પ્રકારની મૂર્તિઓ ચીતરતો. એક વખત શ્રીહરિની મૂર્તિ ચીતરી વસ્ત્ર, આભૂષણોથી સુશોભિત કરી. તે મૂર્તિમાં તેનું મન ચોંટી ગયું. રાત્રી-દિવસ, ધૂન-કિર્તન કરતા, મૂર્તિ સાંભરે. તેને અનાદિશ્રીકૃષ્ણનારાયણે દિવ્ય સ્વરૂપે આવી દર્શન દીધા. અનેક ચિહ્નોના દર્શન કરાવ્યા. ભક્તે પોતાને ધન્ય માની પ્રાર્થના કરી. હે પ્રભુ આ સ્વરૂપ મને કાયમ દેખાય. પ્રભુ કહે, આ સ્વરૂપ દિવ્ય જો દેખાય તો શરીરથી કાંઈ કામ કરી શકે નહીં. મારી ભક્તિ કરી મારો ભક્ત અંતે પરમધામમાં આવું દિવ્ય સ્વરૂપનું દર્શન કરી પાસે રહે છે.

ઝરણા કોલસાની ખાણના વેપારી મોતીશ્વર તે પોતાના નોકરોને કામકાજની સાથે ભગવાનના ધૂન-ભજન કરાવે. ઉપદેશ કરે કે, શરીરનું કાર્ય જુદું છે. આત્માનું કાર્ય જુદું છે. શરીર, કુટુંબનિર્વાહ, વ્યવહાર, કામ કરવું. આત્માના કલ્યાણ માટે સંતસમાગમ, ભગવાનની ભક્તિ, પૂજા, સેવા-દાન પુણ્ય વગેરે કરી ભગવાનને સાધુને પ્રસન્ન કરી લેવા તો ચોરાસીના ચક્કરમાં ન પડવું પડે. આ પ્રમાણે બધા કર્મચારીઓને ઉપદેશ આપી જ્ઞાનીભક્તો બનાવ્યા. એક વખત કોલસાની ખાણમાં ભીંતમાંથી નદી સ્વરૂપે પાણી નીકળ્યું. ખાણમાં ભરાઈ ગયું. બધા ડૂબવા લાગ્યા અને ભગવાનનું ભજન કરવા લાગ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરવા લાગ્યા. તે સમયે બાલકૃષ્ણ એવો હું ત્યાં પ્રગટ થઈ સુદર્શન ચક્રથી બધું પાણી સૂકવી નાખ્યું. બધાની રક્ષા કરી અને બધાને દિવ્ય દર્શન આપી અદૃશ્ય થયો. હે લક્ષ્મી, આમ મારા ભક્તોની રક્ષામાં જ હું રહેલો છું.

અધ્યાય - ૨૧૯ થી ૨૨૨

❖ ચક્રધર શૂદ્ર, વાટધર ભક્ત, શિવવિજય શિલ્પી અને ભરવાડ ભક્તની કથા ❖

પુરુષોત્તમ નારાયણ કહે છે : પીંજલ ગામનો ચક્રધર શૂદ્ર હિંસક હતો. તે વનમાં શિકારે ગયો. પૌતિમાસી ઋષિ તથા તેની પત્ની તે બંને મૃગલાના રૂપે તપ કરતાં હતાં. ચક્રધરે બાણનું નિશાન લીધું. ત્યાં ઋષિ બોલ્યા, શા માટે હિંસા કરે છે. ભગવાને મનુષ્યને જન્મ આપ્યો, તો મોક્ષની ઇચ્છા કેમ નથી કરતો ? શૂદ્ર કહે, મને તો વિષય-વાસના, ખાવાની

તૃષ્ણા છે તે કેમ મટે ? ઋષિ કહે, તને મંત્ર આપું તેનું ભજન કરજે. એમ કહીને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા" મંત્ર આપી ભજન કરાવ્યું. ઉપદેશ આપ્યો. ચોરી કરતો નહીં, હિંસા કરતો નહીં, તુલસીપત્ર, ફળફૂલ જે મળે તે પરમેશ્વરને અર્પણ કરી પ્રસાદ લેજે, ભજન કરજે. આ રીતે ઋષિના સમાગમથી હિંસા, પાપ ત્યજી ભક્તિ કરી ચક્રધર વૈકુંઠમાં ગયો.

સંભલ ગામમાં વાટધર નામે આત્મનિવેદી ભક્ત હતો. તે રાજાનો સેવક હતો. પણ તેને ચાડી કરવાનો સ્વભાવ હતો. રાજાની વાત રાણીને, રાણીની વાત રાજાને કરતો. એક વખત સંક્રાંતિને દિવસે રાણીએ વાટધર પાસે સાધુ-બ્રાહ્મણોને અતિથિઓ, ગરીબોને જમાડીને વધારે દાન દીધું. તે વાટધરે રાજાને કહ્યું, રાણીએ બહુ આપી દીધું. રાજા ક્રોધ કરીને રાણીને કહે, મને પૂછ્યા વિના કેમ દાન દીધું. એમ કહીને રાણી, વાટધર વગેરેને જેલમાં પૂર્યા. અઠવાડિયું થયું. રાણી અને વાટધરે પ્રભુની પ્રાર્થના કરી. હે પ્રભુ અમે તમારા ભક્ત છીએ. વગર વાંકે જેલ દુઃખ શા માટે ? ભગવાને પ્રાર્થના સાંભળી જેલમાં દર્શન દીધા અને દૂધ પાયું પછી બીજે સ્વરૂપે બ્રાહ્મણ થઈ રાજા પાસે ગયો. કુશળ પૂછ્યા. રાજાએ વૃતાંત કહ્યો. મેં કહ્યું સ્ત્રી છે, પરતંત્ર પણ દાનમાં સ્વતંત્ર છે. ભક્તિ કરી અનેક દાનો આપી સ્ત્રી પોતાના પતિનો ઉદ્ધાર કરે છે. આ શાસ્ત્રનો સિદ્ધાંત છે. માટે રાણીને સર્વને જેલમુક્ત કરો. પછી બધાને દિવ્ય દર્શન આપી અદૃશ્ય થયો. આ રીતે મેં બધાનું રક્ષણ કરી ઉદ્ધાર કર્યો.

તક્ષશિલામાં શિવવિજય શિલ્પી હતો. તે ભક્ત મહેલ, મંદિર, હવેલી વગેરે બનાવતો હતો. તેને ઘરે વૃષપર્વ ઋષિ આવ્યા. શિવવિજયે તેમને આસન આપ્યું. પૂજન કર્યું. જમાડ્યા, સેવા કરી. ઋષિએ કહ્યું : મનુષ્ય જન્મમાં સર્વ પતિ આત્મપતિ, મુક્તપતિ એવા પરમેશ્વરનું નામ ભજન ન કર્યું. તેણે આ લોકમાં કાંઈ નથી કર્યું. માટે સંત-ભક્તોની સેવા કથા-ગુણગાન પ્રસાદ જમી, ભગવાનની ભક્તિ કરવી. સંતનો દ્વેષ કરનારા, ઈર્ષ્યાવાળા માની કપટી નિંદકો નરકમાં જાય છે. દુર્ગુણોનો ત્યાગ કરી સદ્‌ગુણ ગ્રહણ કરી સ્વધર્મનું પાલન કરી ભગવાનના ભક્તો ભગવાનના ધામમાં જાય છે. માટે સંતરૂપે રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંત્રનું શરણું લઈ ભજન કર તો તારું કલ્યાણ થશે. તે શિલ્પી ભક્ત ઋષિ પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લઈ ભક્તિ કરી મોક્ષમાં ગયો.

ચંદ્રપ્રભા નદી કાંઠે ઉધમ ભરવાડ ભક્ત હતો. તે ઘેટાં, બકરાં ચારતો, સાધુ સાધ્વીને દૂધ પાતો, સેવા-સત્કાર કરતો. ભેખમાં ભગવાન છે એમ માની સેવાભક્તિ કરતો. એક દિવસ તેને ઘરે વીસ સાધુ સાધ્વી-યોગિનીઓ કૃષ્ણની ભક્તાણીઓ આવી નાહી પૂજા કરી. હરિકૃષ્ણનું ભજન કર્યું. નૈવેદ્ય ધરી પ્રભુને જમાડી, પ્રસાદ જમ્યા. સાંજે ધૂન-કિર્તન, કથા-વાર્તા કર્યા, ઉપદેશ કર્યો. ગોપીઓ જેમ કૃષ્ણને ભજી તરી ગઈ તેમ તમે પણ પ્રગટ

ભગવાનની ભક્તિ કરી તમારું કલ્યાણ કરી લ્યો. યોગિની સતીશ્વરીએ લક્ષ્મીનારાયણ સંહિતાની વાતો કરી કે, ભગવાનના ભક્ત હોય તેણે ભગવાન સંબંધી કામકાજ કરવા, પ્રભુના પંચવિષયના રાગી થવું પણ માયિક પંચવિષયમાં સંસારમાં ક્યારેય પ્રીતિ કરવી નહીં. તે ભરવાડ કુટુંબે સાધુ-સાધ્વીની સેવાભક્તિ કરી મોક્ષ મેળવ્યો.

અધ્યાય - ૨૨૩ થી ૨૨૬

❖ દિર્ઘરવ, સંગરજાદવ, રત્નપાલ ભક્ત અને ગદાર્દન વૈદ્યની કથા ❖

પુરુષોત્તમ નારાયણ કહે છે : મારવાડમાં દિર્ઘરવ નામનો ઊંટિયાવાળો હતો. તે આબુ યાત્રા કરવા ગયો. ત્યાં રામાયણ સાધુ મળ્યા. તેણે મંત્ર, ઉપદેશ આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરાવી મોક્ષ કર્યો.

સંગરજાદવ તે પશુ-પક્ષીને મારી વેંચતો તેને સુકલાયન સાધુએ હિંસા તજાવી ભગવત્ પ્રાપ્તિ કરાવી.

લૂણી નદીકાંઠે રત્નપાલ નામે ભક્ત હતો. તે હજાર ગધેડા રાખી દેશ-દેશાંતરમાં ફરતો. તેને રસ્તામાં નૃસિંહસ્વામિ ભેગા થયા. રત્નપાલ ભક્તે સાધુનો સત્કાર કરી પગે લાગ્યો, જમાડ્યા પછી સાધુએ કહ્યું : માણસ જો શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ, સેવા ન કરે તો તેનું સર્વે કામ નિષ્ફળ થાય છે. જેમ ગધેડો ચંદનના લાકડાંના ભારને વહન કરે છે પણ તેની સુગંધ તથા કિંમત તે જાણતો નથી, તેમ આત્મામાં રહેલા પરમાત્માને જાણતો નથી, ભક્તિરસ લેતો નથી તે પણ ગધેડા સમાન છે. ગધેડા ગામમાં, સીમમાં રખડે ને ખાય. આ શરીરધારી ઘરમાં પંચવિષય ભોગવે, ખાય બેય સરખું. 'ખ' એટલે ઈન્દ્રિયો 'ર' એમાં રમણ કરે એટલે ખર. કેવળ માયિક પંચવિષય ભોગવે તે ખર - ગધેડો. 'ન'-નારાયણમાં 'ર'-રમે તે નર. માટે સર્વ પ્રકારે સાધુની સેવા કરી ભગવાનની ભક્તિ કરી લેવી. જેથી મનુષ્યજન્મ સફળ થાય. બાળ, યૌવન, વૃદ્ધ સ્ત્રી-પુરુષ સર્વેએ ભગવાનને બધું અર્પણ કરવું. પ્રાર્થના કરવી હે ભગવાન આ બ્રહ્માંડ તમારું, તત્ત્વો તમારા ખાવા-પીવાના, રહેવાના, જોવાના, ભોગવવાના, સર્વે તમારા કરેલા થયા છે. સર્વે સર્જન તમે કર્યું છે. આમાં મારું કાંઈ નથી. આમ અહંતા, મમતાથી રહિત થઈ, આત્મરૂપ થઈ પરમાત્માને અખંડ સંભાર્યા રાખે તો તેને આ ઝેરરૂપ સંસાર હોવા છતાં અમૃત સમાન લાગે છે. આનું નામ મુક્તિ સ્થિતિ. આવો અમૃત સમાન પ્રગટ ભગવાનના સાધુનો ઉપદેશ સાંભળી તે શૂદ્ર ભક્ત કુટુંબ અતિ રાજી થયું. પછી સાધુએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી વૈષ્ણવો બનાવ્યા. ભગવાનની ભક્તિ કરાવી.

એક વખત અનાદિશ્રીકૃષ્ણનારાયણ મેં પોતે ગરૂડને ગધેડો બનાવી તે પર બેસીને તેને દર્શન દીધા. તો ભક્તોએ મારું પૂજન કરી, દંડવત્, સ્તુતિ કરી, હે રાસભવાહન,

હે ગરૂડવાહન અમને મોક્ષપદ આપો. હું દર્શન આપી અદૃશ્ય થયો. અંતે તે ભક્તો મને સંભારીને પરમધામમાં ગયા.

આજી નદી કાંઠે જીરદુર્ગમાં વિપ્ર વૈદ્ય ગદાર્દન કુટુંબ સહિત રહેતો. માંદાની ચિકિત્સા કરી, દવા આપી રોગ મટાડતો. તે પ્રસિદ્ધ પૈસાવાળો થયો. નારાયણ કૃષ્ણને પ્રભુને સંભારીને દવા આપતો પરંતુ ભયંકર એવા રોગો માટે તેને જીવહિંસા કરીને, દવા બનાવવી પડતી. આ રીતે કરોડો જીવ હિંસા થઈ. તે જીવ-જંતુને તેલમાં ઉકાળી દવા બનાવે. તે જંતુ મારવા ટાણે શાપ આપે. તે પાપે તેને અતિ તાવ આવ્યો. કેટલા ઔષધ કર્યા મટે નહીં. બીજા વૈદ્યો આવ્યા. યમપુરી જેવું દુઃખ આ શરીરે દેખાયું. મારી પ્રાર્થના કરે. હું પણ તેના હૃદયમાં જ બેઠો હતો પરંતુ શાપની પીડા ભોગવવી જ પડે. એ રીતે દસ વર્ષ સુધી માંદો રહ્યો જે જીવહિંસા કરી દવા બનાવી હતી તે જીવકીડા તેના શરીરને ખાવા લાગ્યા. તેના છ પુત્રો પણ મરણ પામ્યા. સાત પુત્રીઓ તે વિધવા થઈ. આ રીતે નિર્વંશ રહ્યો. પછી પોતાના ભાઈને બોલાવી બધું ધન આપી દીધું. પછી મરણ પામ્યો. તેની પત્ની મુકુંદિની પતિવ્રતા હતી. કૃષ્ણભક્તા હતી. તે રૂદન કરી પ્રાર્થના કરવા લાગી. હે પ્રભુ, કાં મારા પતિને જીવતો કરો કાં મને તેની સાથે મોકલી દો. પ્રગટ પ્રભુએ પ્રાર્થના સાંભળી. તે વૈદ્યને ઠાઠડીમાંથી બેઠો કર્યો, સ્પર્શ કરી નિરોગી કર્યો. ત્યાં યમદૂતો કહે, પ્રભુ કાં અમને લઈ જવા દો કાં તમે લઈ જાવ. પ્રભુએ બંનેને દંપતીને સત્યલોકમાં મોકલ્યા, કાળાંતરે તે પરમપદને પામ્યા.

અધ્યાય - ૨૨૭ થી ૨૩૦

❖ દેશ્યાવન, હર્ષધર્મ, રૂટાણકી તેમજ ધીરપર્વની કથા ❖

પુરુષોત્તમ નારાયણ કહે : પશુ-પક્ષી, નાગ-નોળિયો રાખી ખેલ કરનારા દેશ્યાવન મદારીને અમર સાધુએ મંત્રોપદેશ આપીને ભક્તિ કરાવી મોક્ષ કર્યો. શરીર ઘર ભોગપદાર્થો બધા ખેલ રંગભૂમિ અને મરણ તે ખેલનો અંત તેને સુધારે તે સાચો નટ.

પાર્વતીપુરમાં હર્ષધર્મ નાપિત ભક્ત, તેની પત્ની નિગનિકા તે બંને વિષ્ણુભક્ત પરાયણ હતા. હંમેશા ધૂન-કિર્તન, ભજન કથા-વાર્તા, પૂજા સાધુસેવા વગેરે ધાર્મિક કાર્ય કરે, તેને પાંચ પુત્ર, પાંચ પુત્રી હતા. તે ગામનો રાજા સ્વર્ણધન્વા હતો. નાપિત દંપતી રાજા-રાણીના સેવક હતા. એક દિવસ સાધુનું મંડળ ભક્તને ત્યાં આવ્યું. તેના માટે રસોઈ કરી તેમાં વાર લાગી, પછી જમ્યા, ધૂન-કિર્તન કર્યા. જે ગૃહસ્થને ત્યાં અતિથિ સાધુ જમે છે ત્યાં હંમેશા લક્ષ્મીનારાણય અનાદિશ્રીકૃષ્ણનારાયણનો વાસ રહે છે. સાધુ-સાધ્વીની સેવામાં મોડું થયું. વાણંદ પત્ની રાણીની સેવા કરવા જતી તે રાણી ક્રોધિત થઈ હજુ આવી નહીં. કાલે નોકરીમાંથી રજા આપી જેલમાં નાખી દઉં. ત્યાં પ્રગટ પ્રભુએ વિચાર કર્યો. મારા ભક્તને વગર વાંકે જેલ પડશે એમ વિચારી વાણંદ પત્નીનું રૂપ લઈ રાણી પાસે આવી

સેવા કરી. ઉપદેશ કર્યો, સાધુની ગુરુની સેવા કરવી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવું વગેરે કહીને અદશ્ય થયા. પેલી વાણંદ પત્ની જલ્દી કાર્ય પતાવી રાણી પાસે આવી મોડું થવા બદલ માફી માગી, રાણીએ કહ્યું. હમણાં સેવા કરી ગઈ. પાછી આવી માફી માગે છે. જા ચાલી જા, સુવા દે મને. પેલી આશ્ચર્ય પામીને ઘરે ગઈ. ત્યાં પોતાના જેવી જ સ્ત્રીને દેખીને પૂછ્યું, તું કોણ છો ? પ્રભુએ કહ્યું હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે છું. આજે તારા માટે સ્ત્રીનું (લક્ષ્મી)નું રૂપ લીધું છે. તમે બધાં મારા ભક્ત કુટુંબ છો. તેથી દર્શન દેવા આવ્યો છું. બધા ભગવાનના દિવ્ય દર્શન સેવા સ્પર્શ કરી પરમ આનંદ પામ્યા. કાળાંતરે નાપિત ભક્તકુટુંબ પરમધામના અધિકારી થયા. હે લક્ષ્મી, આ અધ્યાયનો કોઈ પાઠ કરશે, વાંચશે, સાંભળશે તે પણ ઈચ્છેલા સર્વે પદાર્થો તે પામી મારી ભક્તિ કરી અંતે પરમધામને પામશે.

ગિરનારના જંગલમાં આયર સ્ત્રી ભક્તા રૂટાણકી હતી. તે પૂર્વ જન્મમાં ગોપનાથ તિર્થમાં ઘીવરી હતી. તે વહાણ હાંકતી. એક વખત ચૈતન્ય સાધુ તે વહાણમાં બેઠાં, ઘીવરીએ દર્શન કર્યા. સાધુએ ઉપદેશ આપ્યો, આ શરીર પણ વહાણ છે તેમાં આત્મા બેઠો છે. તે ગુરુને કર્ણધાર બનાવે તો સંસાર સમુદ્ર તરી જાય. માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણ આચાર્ય કૃષ્ણવલ્લભનું ભજન કરે તો ભવસાગર પાર ઉતરશે. શરીર સ્ત્રીનું હોય કે પુરુષનું હોય કે નપુંસક હોય જાતિથી પણ ગમે તે હોય પણ સર્વ વ્યાપી પરમેશ્વરને ભજે તો આ જન્મે અથવા બીજે જન્મે જરૂર મોક્ષ થાય. માછલા ખાનારી તે ઘીવરી સાધુના દર્શનથી સત્સંગથી ભગવાનના નામથી બીજે જન્મે જાતી સ્મરણ આયરાણી ઘણી ભેંસોવાળી રૂણાટકી થઈ તે પૂર્વ સંસ્કારથી ભક્તિવાળી બાળ બ્રહ્મચારીણી યોગિની રહી. સાધુ-સાધ્વીની સેવા કરતી.

એક વખત અર્ધરાત્રીએ આયસકંડલ દૈત્યે તેને ઉપાડી આકાશ માર્ગે જંગલમાં લઈ એક વૃક્ષ નીચે બેસાડી. મહા સાધ્વી તે ભગવાનની પ્રાર્થના કરવા લાગી. હે પ્રભુ, મેં તમને પતિ તરીકે ગ્રહણ કર્યા છે. હું તમારી હોઉં તો, તમે મારા હો તો મારું રક્ષણ કરજો. તમારા સાધુ-સાધ્વીની સેવા કરી હોય, તમારી ભક્તિ કરી હોય તો મારું રક્ષણ કરજો. ઘરે સાધુ-સાધ્વી, કુટુંબ બધા સૂતાં હતાં. ભેંસો ભાંભરવાથી જાગ્યા રૂણાટકીને શોધવા લાગ્યા. ત્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ હું ગરૂડ પર બેસી વનમાં ગયો. ચક્રથી દૈત્યને કાપી. તેનું તેજ મારામાં લય કરી રૂણાટકીને ગરૂડ પર બેસાડીને ઘરે લાવ્યો. બધાને દિવ્ય દર્શન આપ્યા. બધાને મંત્રોપદેશ આપ્યો. દૂધ પી, પ્રસાદી આપી અદશ્ય થયો. તે સૌ અંતે મોક્ષે ગયા. હે લક્ષ્મી, તે આયરાણી મારી પત્ની તારામંડળમાં છે.

ધીરપર્વ માછીમારે આખું જીવન માછલી મારી. એકવાર ચોમાસામાં નદીનાં પૂરમાં, પશુ, માનવો તણાયા તેનું રક્ષણ કર્યું. તે પ્રતાપે બીજે જન્મે વિપ્ર થઈ ભગવાનની ભક્તિ કરી સદ્‌ગતિને પામ્યો.

અધ્યાય - ૨૩૧ થી ૨૩૫

❖ જલ્લાદ, જ્વાલાપ્રસાદ, લવાદન, વિખંડલ અને જીર્ણોદભવ ખેડુની કથા ❖

શૂળી આપનારો જલ્લાદ તેની પત્ની, ભક્તિવાળી હોવાથી બંને દંપતી પ્રભુની ભક્તિ કરી ધામમાં ગયા.

જ્વાલાપ્રસાદ દંપતીનો તથા હજારો ભક્તોનો નારાયણાયન સાધુએ ભક્તિ કરાવીને મોક્ષ કર્યો.

વ્યભિચાર કરતા રાજાને ઝેરથી મારનાર લવાદન મંત્રીને સાધુએ સેવાભક્તિથી પાપરહિત કર્યો. રાણી પ્રધાન પ્રજાને બચાવ્યા.

મહી નદી કાંઠે ક્ષત્રિય વીખંડલ વર્મા રાજા હતો. વેષમાં યમદૂત જેવો. દયામાં ધર્મ જેવો. બોધમાં બૃહસ્પતિ જેવો. ભક્તમાં ગરૂડ જેવો. સર્વસ્વ અર્પણ ભાવે ભગવાનની ભક્તિ કરતો. તેની પત્ની પતિવ્રતા ભક્તિવાળી હતી. બંને પ્રભુની પૂજા, આરતી, સ્તુતિ, નૈવેદ્ય ધરીને જમતાં તેમજ અમારાથી અજાણે અપરાધ થઈ જાય તો માફ કરજો, એમ પ્રાર્થના કરતા. તેને ત્યાં કીં શુકાયન સાધુ આવ્યા. રાજાએ આદર-સત્કાર કરી આસન આપ્યું. પૂજા, સેવા, કરી જમાડ્યા. સાધુએ માનવજન્મની દુર્લભતા કહીને ભગવાન ભજવાનું કહ્યું અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો પછી બંને ભગવાનની ભક્તિ કરી પ્રસન્નતા પ્રાપ્ત કરતા હતા. તેને પ્રગટ પ્રભુ સાક્ષાત દર્શન આપી ધામમાં લઈ ગયા.

જીર્ણોદભવ ખેડુ કુટુંબનો ચૈતન્યહાયનિ સાધુના મંત્રોપદેશથી પ્રગટની ભક્તિથી મોક્ષ થયો.

અધ્યાય - ૨૩૬

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સત્તર, અઢાર અને ઓગણીસમો જન્મજયંતિ મહોત્સવ ❖

પુરુષોત્તમ નારાયણ કહે છે : મારો સત્તરમો જન્મજયંતિ મહોત્સવ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન સંકર્ષણ વાસુદેવ આ ચતુર્વ્યુહ ધામોમાં ઉજવશે. તથા લક્ષ્મી કુંકુમવાપી ક્ષેત્રમાં કાલે મારો જન્મજયંતિ ઉત્સવ ઉજવવા ઈશ્વરો આવશે. માટે તમે સેવિકાઓ તૈયાર રહેજો. પ્રભુ આજ્ઞાથી લક્ષ્મીઓ, બ્રહ્મપત્નીઓ સેવામાં લાગી ગઈ. સભાની દેવીએ સભા તૈયાર કરી. શૃંગારદેવીએ શૃંગાર તૈયાર કર્યા. ધામદેવીએ પ્રકાશ કર્યા. વનદેવીએ બગીચા તૈયાર કર્યા. રસદેવીએ રસો તૈયાર કર્યા. ગંધદેવીએ સુગંધો તૈયાર કર્યા. સરસ્વતીએ ગાયનો તૈયાર કર્યા. અન્નપૂર્ણા દેવીએ સર્વ મિષ્ટાન્નો તૈયાર કર્યા. કલ્પલતા દેવીએ વૃક્ષવેલી પત્ર પુષ્પ વનસ્પતિ તૈયાર કરી. ભૂદેવીએ શય્યાઓ તૈયાર કરી. વાયુએ વાહનો તૈયાર કર્યા. લલિતાશ્રી મહાલક્ષ્મી દાસીઓ સહિત આવી સેવા યથા યોગ્ય કરતી. યજ્ઞનારાયણે યજ્ઞમંડપને તૈયાર કર્યો. ઔષધી દેવી

લાકડાં લાવી. મુક્તો સર્વે સેવામાં તૈયાર હતા. તે સમયે અનિરુદ્ધ પ્રદ્યુમ્ન સંકર્ષણ વાસુદેવ આ ચતુર્વ્યુહ આવ્યા. અવતારો આવ્યા. શંકર આદિ મહાસેનાપતિઓ આવ્યા. નારાયણો, રુદ્રો, બ્રહ્મા, વિષ્ણુ, સિદ્ધલોકો, ઈશ્વરાણી, પાર્ષદો, રાધા-સખીઓ, રમાસખીઓ, બ્રહ્માસખીઓ, વૈરાજ, હિરણ્ય પુરુષ, માયાતત્ત્વો સર્વે આવ્યા. દેવ-દેવી, પિતૃ લોકપાલો, ઋષિઓ, સાધુ, સાધ્વીઓ વિપ્રો, ભક્તો, માનવો સર્વે આવ્યા. પૃથ્વીના સર્વે જડ-ચેતન તત્ત્વો સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણના સત્તરમાં જન્મજયંતિ મહોત્સવમાં આવ્યા. પુરુષોત્તમ માસે મહાભેરી વગાડીને સર્વેનું સન્માન કર્યું.

તે સર્વેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ચંદન, પુષ્પ, અબિલ, ગુલાલ, કંકુ, અંતર સુગંધીમાન દ્રવ્યોથી પૂજા કરી, આરતી ઉતારી સ્તુતિ કરી ભેટ ધરતા હતા. લોમશ આદિ ઋષિઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણને આશીર્વાદ આપતા હતા. ચીરંજીવો અનેકનું કલ્યાણ કરો. પછી સર્વેને જમાડી આદર સત્કાર કરી વિદાય આપી. આ રીતે સત્તરમો જન્મજયંતી મહોત્સવ કુંકુમવાપી ક્ષેત્રમાં અવતારો, મુક્તો, ઈશ્વરો, દેવ-દેવી, ઋષિ, મુનિ, સાધુ, સાધ્વીઓ યોગિનીઓ, ભક્તો, ભક્તાણીઓએ સર્વએ મહાઉત્સવ ઉજવ્યો.

શ્રીબાલકૃષ્ણ પ્રભુનો અઢારમો તેમજ ઓગણીસમો જન્મજયંતિ મહોત્સવ ઉત્તમ ધામધૂમો વડે ઉજવાયો હતો. તેમાં સર્વ સૃષ્ટિઓના રાજાઓ, દેવો, ઈશ્વરો, પ્રજાઓ પણ આવ્યા હતા. અનેક પેટાઉત્સવો, મહાદાનો, મંત્રજપો, હોમહવનો, દક્ષિણાઓ વગેરે થયા-અપાયા હતા, ઉત્સવવિસર્જન કરાયો હતો.

અધ્યાય - ૨૩૭

❖ દ્વાપરયુગ સંતાન કથાશ્રવણ, વાંચન તેમજ દાનનું મહાત્મ્ય ❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે છે : હે લક્ષ્મી, આ દ્વાપર સંહિતામાં મારા વર્ણન કરેલા છે તે ચરિત્રોનો કરનારો હું, ધરનારો હું અને લેખક હું છું. આ લક્ષ્મીનારાયણ સંહિતાની પારાયણ જે કરશે તે સર્વે સંપત્તિ પામશે. સોનાનો ગરૂડ બનાવી તે પર લક્ષ્મીનારાયણ સંહિતા રાખી દાન કરનારને પૃથ્વીદાનનું ફળ મળશે. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથામાં જે દાન આપશે તે સર્વ દાનનું ફળ પ્રાપ્ત કરશે.

આ દ્વાપરયુગ ખંડની કથા સપ્તાહ, પાક્ષિક, માસિક પારાયણ કરાવવી. વક્તાને યથાશક્તિ દાન કરવું. સાધુ-સાધ્વી, વિપ્રો અનાથ ગરીબ બાળકોને ભોજન કરાવવા. આ લક્ષ્મીનારાયણ સંહિતા તે મારી મૂર્તિ છે તેથી તેની પોથી નગરયાત્રા કરાવવી. તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવો હું શ્રીકૃષ્ણનારાયણ સર્વના હૃદયમાં રાધા-લક્ષ્મી પતિ પદ્માવતી શ્રીમાણિકીપતિ પ્રજ્ઞામુક્તાપતિ સર્વના અંતર આત્મામાં પ્રકાશમાન થાઉં છું.

"ૐ નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" આ મંત્રનો એકલાખ વાર જાપ કરશે અથવા યજ્ઞ કરી આ મંત્રનો દશાંશ હોમ કરશે તેને હું દર્શન આપીશ.

મારી મૂર્તિમાં હેત, પ્રીતિ થાય તે માટે મારી દિવ્ય અલૌકિક મૂર્તિનું ધ્યાન સદા મારા ભક્તોએ કરતા જ રહેવું. ધ્યાનમાં પોતાના હૃદયમાં અથવા બહાર અથવા પરમધામમાં સોનાના સિંહાસનમાં પુરુષોત્તમ નારાયણને પધરાવી પીળાં પિતાંબર ખેસ પહેરાવીને. સોનાનો મુગટ, કુંડળ ધારણ કરાવવા, સોનાનો ટુપિયો સોનાની કંઠી, સોનાનો ચેન, સોનાની મગમાળા, સોનાના નાના-મોટા હાર, હીરા-મોતીના હાર, સોનાનો કંદોરો, સોનાના બાજુબંધ, સોનાના કડા, સોનાની પોંચી, સોનાની વેઢ, સોનાની વીંટીઓ, સોનાના તોડાં, ઘૂઘરીવાળા સોનાની ચાખડી. આ રીતે વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવી પ્રગટ પ્રભુને ધૂપ-દીપ, અગરબત્તી, અત્તર, ચંદન, કેશર, સુગંધીમાન દ્રવ્યોથી પૂજા કરી. આરતી ઉતારી દંડવત્ પ્રણામ વંદન, સ્તુતિ કરી અપરાધ ક્ષમા માંગવી કે, હે ભગવાન, હે પ્રાણપતિ, હે આત્માપતિ, હે મુક્તપતિ, હે સર્વપતિ મારી પૂજામાં કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો. શરીરથી, વાણીથી, મનથી, ઈન્દ્રિયોથી, બુદ્ધિથી સ્વભાવથી જાણ્યે-અજાણ્યે જે કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો તેમજ તમારામાં તથા તમારા સંતભક્તોમાં સ્નેહ થજો.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના તૃતીય ભાગ - દ્વાપરયુગ સંતાન - સંક્ષિપ્ત ગુજરાતી પૂર્ણ.

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય.
શ્રીશ્વેતાયન વ્યાસ મહાપ્રભુની જય. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.
શ્રીકંભરાગોપાલ બાલની જય. શ્રીબાલકૃષ્ણ લાલજી મહારાજની જય.
શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય. શ્રીહરિ શરણાગતિ મંડળની જય.
શ્રીવિઘ્નવિનાયકદેવની જય. શ્રીકષ્ટભંજનદેવની જય.
શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની જય.

卐 卐 卐

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - તિષ્યયુગ સંતાન - ભાગ-૪ - સંક્ષિપ્ત ગુજરાતી

અધ્યાય - ૧, ૨, 3

❖ નરનારાયણ, બદ્રીકાશ્રમ, બદ્રીવૃક્ષ અને હિમાલય ઉત્પત્તિ કથા ❖

શ્રીશ્વેતાયન વ્યાસ કહે છે : અસંખ્ય ચરિત્રોના ધારણ કરનારા બાલકૃષ્ણને નમો નમઃ જડ ચૈતન્યમાં રહેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ જે ભગવાન જગતના જીવના, આલોક-પરલોકના કલ્યાણને માટે નરનારાયણ સ્વરૂપ ધારણ કરી બ્રહ્મચર્યનું પાલન કરી તપ કરી સર્વને સુખ આપે છે અને જે લક્ષ્મી નારાયણ સ્વરૂપ માણિકી છે. તેજ બદ્રીરૂપે રહીને નારાયણને સેવે છે. તે બદ્રી નરનારાયણ ભગવાનને પ્રશ્નો પૂછે છે અને નરનારાયણ ભગવાન બદ્રીને અનાદિશ્રીકૃષ્ણનારાયણની કથા કહે છે.

હિમાલયમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહા ભાગવત ભક્ત બદર નામે હતો. તે ચૌદ લોકમાં ગતિ કરતો હતો. તેને ત્યાં હંમેશા બ્રહ્મસભા સત્સંગ થતો. તે ઋષિ-મુનિઓ, સાધુ, સાધ્વી, યોગી, યતિઓ, વિપ્રોની પૂજા કરી જમાડતો, દાન આપતો. એક વખત હેમાનલ નામનો અસુર ઘણા દૈત્યોને લઈ યુદ્ધ કરવા આવ્યો. બદરરાજાએ હરાવી દીધો તો પણ પાછો આવ્યો. બદરરાજાની સહાયમાં દેવો હતા. તેમાં ચંદ્રમાંએ તે બદરરાજાને ચંદ્રકાંત મણિ આપ્યો અને કહ્યું, વિમાનમાં બેસી આકાશમાં જઈ સ્તુતિ કરજે એટલે તેમાંથી બરફના કણો નીકળશે. રાજાએ તે પ્રમાણે કર્યું. તે બરફના કણોથી હેમાનલ અસુર દૈત્યો સર્વે દબાઈ ગયા. ત્યાં દટાઈ ગયા. તે બરફના કણોનો સમુદાય ઢગલા તે આજ હિમાલય પર્વત છે. પછી બદર રાજાની સ્તુતિ પ્રાર્થનાથી ચૌદ લોકવાસી દેવો, સિદ્ધો, ગાંધર્વો, ઋષિ, મુનિઓએ ત્યાં વાસ કર્યો. ત્યાં દિવ્ય ઔષધીઓ દેવોએ વાવી અને પૃથ્વી પર સ્વર્ગ બનાવીને સર્વ દેવોએ ત્યાં વાસ કર્યો.

તે હેમાનલ અસુર બરફ નીચેથી ફરી ઊભો થઈ બદર રાજા તથા દેવોની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે દેવોએ તથા રાજાએ ભગવાન કૃષ્ણવલ્લભને સંભાર્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણે આવીને રાજાને કહ્યું, આ અસુરે દશ હજાર વર્ષ તપ કરીને મને પ્રસન્ન કર્યો હતો. તેણે વરદાન માગ્યું હતું કે,દેવો દાનવો મને કોઈ ન મારી શકે. હું તમારી સંપત્તિમાં લક્ષ્મીમાં મોહ પામ્યો છું. માટે લક્ષ્મી વિના મને કોઈ ન મારી શકે. તેથી હે રાજા તું મારી બ્રહ્મપત્ની લક્ષ્મીની આરાધના કરી બોલાવ તેને હાથે આ અસુર મરશે. રાજાએ લક્ષ્મીની સ્તુતિ કરી. લક્ષ્મી આવ્યા. દિવ્ય તેજસ્વી સ્વરૂપે આવેલા લક્ષ્મીએ કહ્યું, હે પ્રભુ હું તમારી આજ્ઞામાં જ રહેલી છું. આજ્ઞા કરો, શું કામ કરું ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું,

આ અસુરનો નાશ કરવા તું લક્ષ્મી અહીં રહે. ત્યારે લક્ષ્મીએ કહ્યું, હું પતિવ્રતા છું. તમારા વિના કેમ રહું ? પ્રભુએ કહ્યું, તું બોરડીના વૃક્ષનો દેહધારણ કરી તારા પગ નીચે આ અસુરને દબાવીને મારી નાખ અને તારા કાંટાઓથી સર્વે દૈત્યોનો નાશ કરી નાખ. લક્ષ્મીજીએ ભગવાનની આજ્ઞા પ્રમાણે બદ્રીનું શરીર ધારણ કરી અસુરોનો નાશ કર્યો. પછી ભગવાને કહ્યું, હું ધર્મપુત્ર નરનારાયણરૂપે પ્રગટ થઈ તારા વૃક્ષ નીચે તપ કરી. બ્રહ્મચર્યનું પાલન કરી ભક્તોના કલ્યાણ માટે બદ્રીકાશ્રમમાં વાસ કરીશ. બદરરાજા બોરરૂપે થયો. બીજરૂપે નર થયા. મૂળ બદ્રીકાશ્રમ દૂર છે. મુક્તો વિના ત્યાં ગતિ નથી.

અધ્યાય - ૪, ૫

❖ બદરરાજા બોરરૂપે અને પ્રભુના અંશ નર બીજરૂપે થયા ❖

બદ્રીશ્વરીએ પૂછ્યું : હે નરનારાયણ, બદરરાજા બોરરૂપે કેમ થયો ? નરનારાયણ કહે : બદરરાજા આત્મનિવેદી ભક્ત હતો. તેણે વિચાર કર્યો. સંપત્તિ, પદાર્થ, વસ્તુ બધું ભગવાન માટે કર્યું. પણ આ દેહ કાંઈ ઉપયોગનો નહીં. જે ઈન્દ્રિયો અંતઃકરણ ભગવાનના ઉપયોગમાં ન આવે તે છીદ્રો સમાન છે. એમ માની પોતાના પુત્ર વિશાલને રાજ્ય સોંપીને તપ કરી ભગવાનની અતિ ભક્તિ વડે તેના દેહનો રસ કરીને બોરડીના મૂળમાં ગયો. તેના બોર થયા. તે બોરને પ્રસાદી માની દેવો ઋષિ-મુનિઓ, સાધુઓ, યોગી, યતિઓ જમવા આવ્યા. નારાયણ પણ બોરની પ્રસાદી આપતા. તે સર્વે એક બોર જમે તેને એક વર્ષ સુધી તૃપ્તી રહેતી, ભૂખ ન લાગતી. તે બદરરાજા આ રીતે અતિ ભક્તિ કરીને નરનારાયણ તથા લક્ષ્મીજીની કૃપાથી પુત્રરૂપે બોર ફળરૂપે થયો.

નરનારાયણ કહે છે : હે બદ્રીશ્વરી, જે રીતે બદર રાજા બોરપણાને ભક્તિ કરીને પામ્યો. તેવી જ રીતે મારા અંશરૂપે રહેલા નર તે બોરના બીજપણાને પામીને બધાને તૃપ્તિ આપનારા થયા.

અધ્યાય - ૬, ૭

❖ સુશીલ વિપ્રના પિતાની મુક્તિ - દારાભાગ્ય રાજાને પ્રભુસેવાનું ફળ ❖

બદ્રીશ્વરીએ પૂછ્યું : હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ, નરનારાયણ અહીંના ભક્તની કથા કહો. નરનારાયણ કહે : પુલહાશ્રમમાં ગંડકી નદીકાંઠે મુક્તનાથ નગરમાં સુશીલ વિપ્ર હતો. તેનો પિતા પ્રેત થયો હતો. તેનું શ્રાદ્ધ તર્પણ બદ્રીકાશ્રમમાં કરવાથી તેની મુક્તિ થઈ.

નરનારાયણ કહે : સુશીલ વિપ્ર લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરતો. તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ તથા બદ્રીકાશ્રમનો મહિમા સાંભળી દારાભાગ્ય રાજા તથા તેનું કુટુંબ બદ્રીકાશ્રમ યાત્રાએ ગયા. તે રાજા રસ્તામાં સાધુ, વિપ્રો, યોગીઓને જમાડતો,

દાન આપતો હતો. તેની પરીક્ષા કરવા નરનારાયણ, બદ્રી ત્રણે સાધુનું રૂપ લઈને યાત્રા સંઘમાં ભેગાં ભળ્યાં. રસ્તામાં સાધુ-સાધ્વી બેને તાવ આવ્યો. યાત્રિકો આવી સેવા કરવા લાગ્યા. રાજાએ પણ આવી સેવા કરી. સાજા ન થયા.

રાજા કહે : આ સાધુ-સાધ્વી સાજા થાય તો જ આપણે આગળ જવું. સાધુ સાક્ષાત તીર્થ છે. ભગવાન સમાન છે. રાત્રિમાં અતિશય ઠંડીથી તે બંને મરણ પામ્યા. રાજા વગેરે પ્રાર્થના કરવા લાગ્યા. હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ, હે બદ્રીનારાયણ જો તમે આને જીવતા નહીં કરો તો અમે પણ પ્રાણ ત્યાગ કરીશું. એમ કહી રાજા ખડકેલી તે ચિતામાં અગ્નિમાં પડ્યો. તરત અગ્નિ ઠંડો થયો. નરનારાયણ, બદ્રી, દિવ્ય ચતુર્ભુજ દર્શન આપી. બધાને વિમાનમાં બેસાડી બદ્રીકાશ્રમ પહોંચાડ્યા. ૧૫ દિવસ રહ્યાં. નરનારાયણ બદ્રીના બધાએ દિવ્ય દર્શન કર્યા. તે સમયે એક વિપ્ર તપ કરતો તેને એક દિવ્ય કન્યા આવી બોર આપીને અદૃશ્ય થઈ ગઈ.

અધ્યાય - ૮, ૯

❖ ધર્મયશ વિપ્રના પુત્ર નિકામદેવ દ્વારા બાલયોગિનીને આશ્રય ❖

બદ્રીશ્વરીએ પૂછ્યું : નરનારાયણ, તે વિપ્ર કોણ હતો ? નરનારાયણે કહ્યું : લુણી ગામનો બ્રહ્મદેવ વિપ્ર નિત્ય શ્રીકૃષ્ણનું પૂજન, ભજન, ભક્તિ કરતો ધર્મયશ હતો. તેને પુત્ર ન હોવાથી બદ્રીકાશ્રમ જઈ તપ કરવા ગયો. બે મહિના તપ કર્યું. પછી બદ્રીની સ્તુતિ કરી. હે બદ્રીશ્વરી મારી પર પ્રસન્ન થાવ. આ રીતે તેની પત્ની પણ પ્રાર્થના કરતી અને સાધુ-સાધ્વીને, કન્યા, કુમારોને ભોજન, દાન આપતી. એ રીતે એક માસ સુધી બદ્રીવ્રત આકાશવાણીના કહેવાથી કર્યું. વ્રતને અંતે બદ્રીવૃક્ષમાંથી કન્યા રૂપે લક્ષ્મીજી આવીને એક બોર બ્રહ્મદેવને આપ્યું. એક બોર તેની પત્ની વિશદાક્ષીને આપ્યું અને કહ્યું, આ એક બોરથી તને પુત્ર પ્રાપ્ત થશે. બીજો બોર પુત્રવધૂ માટે રાખજે. પુત્રીનો વંશ તે બાદરવંશ કહેવાશે. પછી તે દંપતી વરદાન પ્રાપ્ત કરી યાત્રા કરતા લુણી ગામે આવ્યા.

નરનારાયણ કહે છે : તે બ્રહ્મદેવને નિકામદેવ પુત્ર થયો. તેને ધૂની ગામે પરણાવ્યો. ઘરજમાઈ રહ્યો. તેની પત્ની સુરેશ્વરી તે દાન કરતી, અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પૂજા, ભક્તિ કરતી. તેને ત્યાં સાક્ષાત લક્ષ્મીજી, બદ્રી નવ વર્ષની કન્યાનું રૂપ લઈ આવ્યા અને કહ્યું, હે માતા મારું કોઈ રક્ષણ કરનારું નથી. માતા-પિતા રહિત છું, મને તમે રાખશો ? સુરેશ્વરી કહે, ઘરનું સર્વ કામ કરજે હું તને દીકરીની જેમ રાખીશ. તે કન્યા ત્યાં રહી મોટી થઈ વિવાહ વિષે પૂછ્યું, તે બાલ યોગિનીએ કહ્યું, મને જરા પણ વિકૃતિ છે નહિ. હે માતા-પિતા આ મનુષ્ય દેહ ભગવાને મોક્ષને માટે આપ્યો છે પણ માયિક પંચવિષયમાં જન્માંતરમાં રખડવા માટે નહીં. પંચવિષય તો બધા જન્મોમાં ભોગવ્યા જ છે. તેને ભોગવવાથી તેનો

અંત આવતો નથી. માટે હું તો અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરીને ભગવાનને વરીશ અને તપવ્રત કરીશ. પૂર્વે બ્રહ્માએ પણ તપથી ભગવાનને રાજી કર્યા છે. નારદ સનકાદિ પણ તપે કરીને રાજી કરે છે.

અધ્યાય - ૧૦, ૧૧, ૧૨

❖ બાલયોગિની દ્વારા નારીઓને મહાભાગવત ધર્મનું જ્ઞાન ❖

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, તે બાલયોગિનીની વાત સાંભળી માતા સુરેશ્વરી ફરી પુછવા લાગી. અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાપ્તિ કેમ થાય ? બાલયોગિની કહે : તે પ્રભુ અતિ સ્નેહથી, સેવાથી દાસપણાથી મળે છે અને ભક્તને વશ થાય છે. તે ભગવાનને સર્વ અર્પણ કરવું. ઈન્દ્રિયો અંતઃકરણથી સંભારવા, હૃદયમાં ધારવા. કામ, મોહ, મદ, ઉત્સવ, રમણ, હાસ્ય, શારીરિક ક્રિયા બધી પ્રભુમય બનાવવાથી તે બાલકૃષ્ણ પ્રગટ પ્રભુ રાજી થાય છે. તથા પ્રભુના સંતોની સેવાથી ભક્તને આશીર્વાદ મળે છે. જે રૂપમાં હરિ ન હોય તે રૂપ ન જોવું. જે ગંધમાં ભગવાન ન હોય તે ગંધ ન લેવી. જે સ્પર્શમાં કૃષ્ણ ન હોય તે સ્પર્શ ન કરવો. જે સ્વાદમાં પ્રભુ ન હોય તે સ્વાદ ન લેવો. જે આનંદમાં ભગવાન ન હોય તે આનંદ ન લેવો. આવી રીતે આત્મનિષ્ઠાવાળી થઈને લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળે તો અનાદિશ્રીકૃષ્ણનારાયણની દૃઢ ભક્તિવાળી થાય. તેને મુક્તાની કહી છે.

નરનારાયણ કહે : સુરેશ્વરીએ પૂછયું, કન્યાએ દાસપણું કેવી રીતે કરવું ? બાલયોગિની કહે, અનાદિશ્રીકૃષ્ણનારાયણને આત્મદાન કરવું. ચિતદાન, સર્વે ઈન્દ્રિયોનું દાન, પ્રાણદાન, દેહદાન, સર્વદાન પ્રભુને કરવું. એવી પ્રગટ પ્રભુની દાસી ભગવાન વિના બીજા માર્ગે ચાલવા પણ સમર્થ થતી નથી. માટે એ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણને મેં પતિ માન્યા છે. મારા આત્મામાં હું નિરંતર તેમને દેખું છું. તેથી તે ભગવાનને પ્રસન્ન કરવા ગુરુસેવા, સંતસેવા, સાધુ-સાધ્વીની સેવા, ભક્તો-ભક્તાણીની સેવા કરવી. સર્વપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ જેમાં મુક્તો બ્રહ્મ અવતારો વાસ કરે છે તે પ્રગટ પ્રભુને ભજવા.

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી સાંભળો. લક્ષ્મીસ્વરૂપ તે બાલયોગિની તેની માતા સુરેશ્વરીને કહેવા લાગી. જે બ્રહ્મપત્ની છે તે પોતાના ઈન્દ્રિયોની અંતઃકરણની વૃતિ આત્મપતિ ભગવાન સન્મુખ રાખે છે. જેમ ચુંબક લોઢાને ચોંટી રહે છે તેમ. જે કેવળ માયિક પંચવિષયમાં રહે છે તે માયા સ્ત્રી જાણવી. માયિક વિકાર જેને થતા નથી, તે યોગિની સાધ્વી કહી છે અને જેના દર્શનથી માયિક વિકાર સંકલ્પ પણ નષ્ટ થઈ જાય તેને મુક્તાનીકા, લક્ષ્મી સ્વરૂપ, બ્રહ્મપ્રિયા, હરિપ્રિયા કહી છે. તે સ્થિતિ પ્રગટ ભગવાન પૃથ્વી પર હોય ત્યારે તેની દૃષ્ટિ કૃપાથી થાય છે. તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણ પ્રભુની દાસભાવે-પતિવ્રતા ભાવે ભક્તિ કરવી.

પક્ષી બે પાંખ વિના જેમ આકાશમાં ઊડી શકતું નથી. તેમ મૂર્તિમાં ચોંટવા માટે દાસપણું અને પતિવ્રતા બે પાંખો છે. તેમાં દાસપણામાં સર્વ આજ્ઞાપાલન પણ પોતાના સ્વાર્થ માટે હોય છે. જ્યારે પતિવ્રતાપણાની ભક્તિમાં સર્વસ્વ પ્રભુને અર્પણ કરવાનું હોય છે. દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, આત્મા અવસ્થા મારું કાંઈ છે જ નહિ. તો દેહ સંબંધી પદાર્થમાં પોતાપણું રહે જ ક્યાંથી ! તે સ્થિતિ સંતના યોગથી, ગુરુના યોગથી, શ્રીહરિના યોગથી થાય છે. અનેક જન્મના પુણ્યભક્તિ ભેગા થાય ત્યારે રાધા-રમા, શ્રી, માણિકી, પદ્મા, લક્ષ્મી સમાન મુક્તાની થવાય છે અને વૈકુંઠ, ગોલોક, અક્ષરધામ, પરમધામની મુક્તિસ્થિતિ પ્રાપ્ત થાય છે. આ રીતે નારીઓએ મહાભાગવત ધર્મ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે પાળવા.

અધ્યાય - ૧૩, ૧૪, ૧૫

❖ વિષય, વાસના, સંકલ્પના નાશનો ઉપાય તેમજ પરબ્રહ્મનો મહિમા ❖

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં અતી સ્નેહ થવાથી પરમ શાંતિ થાય છે. કર્મબંધનથી જીવ કયારેક નર-નારી, નપુંસક થઈ પૃથ્વી પર, પાણીમાં, આકાશમાં ફર્યા જ કરે છે તેનો અંત આવતો જ નથી. પણ જ્યારે પ્રભુ કૃપા કરી મનુષ્ય જન્મ આપે ત્યારે તો અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિના બીજે ક્યાંય પ્રીતિ કરવી નહી, જીવ બાંધવો નહિ. તો જેમ શેકેલું બીજ વાવે પણ ઉગે નહીં. તેમ તેવી જ રીતે શરીરથી, ઈન્દ્રિયોથી, અંતઃકરણથી થતા કર્મો પ્રત્યક્ષ ભગવાનને અર્પણ કરવાથી તે કર્મો, ક્રિયા, કામકાજ, ભક્ત આત્માને બંધન કરતા નથી. પ્રગટ ભગવાનના પ્રસંગથી કર્મ નિર્ગુણ બની જન્મ અપાવનારા થતા નથી. તેની વાસના સમી જાય છે. સંકલ્પ ઇચ્છાઓ નાશ પામે છે. વિષયો દેખાતા નથી.

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, વૈષ્ણવ કુટુંબમાં જેનો જન્મ થયો તેને તો અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભક્તો તથા વૈષ્ણવ ભક્તોમાં સાધુ-સાધ્વીમાં જ હેત ભક્તિ કરવી. શ્રીહરિ માટે લોકલજ્જાનો ત્યાગ કરી ભક્તમંડળમાં પ્રગટ ભગવાન શ્રીહરિના શ્રીકૃષ્ણવલ્લભના આ ચાર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, કથાવાર્તા, ધૂન-કિર્તન ઉત્સવ કરવા. સ્ત્રી ભક્તોએ સાધ્વી સ્ત્રી ભક્તોમાં બ્રહ્મપત્નીની ભાવના કરીને સર્વ પ્રકારે સેવા કરવાથી વૈષ્ણવી રાધા-રમાતુલ્ય થાય છે. જેના હૃદયમાં કૃષ્ણ જેવી ભાવના વૈષ્ણવી સ્ત્રી ભક્તોમાં થાય. તેને શુભ-અશુભ ક્રિયા સ્પર્શતી નથી. માટે હે માતા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ નરનારાયણ તેના વિના બીજા કોઈ પુરુષમાં મને પ્રીતિ થતી નથી. તે બદ્રીનાથ પ્રભુની હું પત્ની લક્ષ્મી જે બદ્રીરૂપે હતી તે તારે ત્યાં કન્યારૂપે આવી છું. માતા સુરેશ્વરી પણ લક્ષ્મીરૂપ કન્યા પ્રાપ્ત થઈ તેથી પોતાના કુટુંબનું મહાભાગ્ય માનવા લાગી. પોતાના કુટુંબને ધન્ય ધન્ય માનવા લાગી.

બાલયોગિની કહે : હે માતા, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેમાંથી સર્વે અવતારો પ્રગટ થાય છે, તેમાંથી ઈશ્વરો પ્રગટ થાય છે. તેથી પ્રધાનપુરુષ તેથી મહાવિષ્ણુ તેથી વૈરાટ તેથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તેથી ઈન્દ્રાદિક દેવોને, દેવીઓ, ઋષિ-મુનિઓ, માનવો, પશુ, પક્ષી, જીવ-જંતુ, વૃક્ષવેલી તે સર્વે પરબ્રહ્મના એક સુખના બિંદુથી અનેક બ્રહ્માંડો, સુખિયા થાય તો તે પરમાત્માનું શાશ્વત દિવ્ય અલૌકિક સુખ કેવું હશે ? તે પ્રગટ પ્રભુને પામીને ભક્તોએ માયિક પંચવિષયના સુખની આશા તજવી. અને તે પરબ્રહ્મના સુખનો વિચાર કરવો.

અધ્યાય - ૧૬

❖ નાગ્નમુખી ચારણ બાઈ અને દેવલપત્ની વિનોદિનિ મુક્તાની બની ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ગિરનારની તળેટીમાં નાગ્નમુખી ચારણી રહેતી. તે વિધવા અને સંતાન વિનાની હતી. તેને ભેંસો હતી. દૂધ વગેરે વેંચી નિર્વાહ કરતી. તે એકવાર વિચારવા લાગી, ઘણા જન્મમાં પતિ કર્યા તેનો અંત આવ્યો જ નથી. પતિ, છોકરા પંચવિષય આ બધા જન્મમાં મળે છે. પણ હવે પછી જન્મ ન લેવો પડે એટલા માટે પ્રભુનું નામ, ભજન કરી સાધુની સેવા કરી લઉં. તે રોજ સાધુ-સાધ્વીને દૂધ પાતી, જમાડતી, સેવા કરતી. કાયમ સદાવ્રત ચાલુ કર્યું. સંત મંડળ, ભક્તમંડળમાં જઈ ધૂન-કિર્તન, ભજન, ભક્તિ, કથાવાર્તા કર્યા જ કરે. તેની સતત ભક્તિથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ લક્ષ્મીજીને સાથે લઈને સાધુ-સાધ્વીનું રૂપ લઈ તે ચારણી ભક્તાણીને ત્યાં આવ્યા. ભક્તાણીએ ગરમ પાણીથી તેમને નવડાવ્યા, સેવા કરી, દૂધ-સાકર પાયા, જમાડ્યા, પગ દાબ્યા. રાત્રીએ સૌ પોઢી ગયા ત્યારે અનાદિ શ્રીકૃષ્ણનારાયણે તેને પોતાનું દિવ્ય અલૌકિક તેજસ્વી દર્શન આપ્યું અને કહ્યું, તે મારા ભક્તો સાધુ-સાધ્વીની સેવા કરી તેથી હું રાજી થઈ દર્શન દેવા આવ્યો છું. ચારણી ભક્તાણીએ પ્રભુનું સર્વ પ્રકારનું સુખ લીધું. સવારે પ્રભુએ પૂછ્યું, બોલ તારી શી ઈચ્છા છે ? ચારણીએ કહ્યું, પ્રભુ આ ભેંસોએ સહિત મને તમારા ધામમાં તેડી જાવ. પ્રગટ પ્રભુએ વિમાનમાં બેસાડી અક્ષરમાં બ્રહ્મધરામાં સ્નાન કરાવી મુક્તાની રૂપ આપી ધામમાં વાસ આપ્યો.

નરનારાયણે દેવલપત્ની વિનોદિનીને હાસ્યરસની વાર્તા કરી. તે બધાનું મનોરંજન કરતી. રાજા, શ્રીમંત તેને બોલાવી સભામાં મનોરંજન કરાવતા. આ રીતે તે ઈનામો મેળવતી. તેને ઘરે એક વખત સાધુ-સાધ્વીનું મંડળ આવ્યું. તેણે સત્કાર કર્યો. જમાડ્યા, વસ્ત્રદાન કર્યા. રાત્રે ધૂન-ભજન થયા. સંતોએ ભગવાનની વાતો કરી, મનુષ્ય જન્મમાં ભગવાન ભજી લેવા તે સાંભળીને વિનોદિએ પૂછ્યું, ભગવાનમાં પ્રીતિ કેમ થાય ? સાધુએ કહ્યું : ગુરુ પાસેથી મંત્ર લઈને પહેલી સેવાભક્તિ, બીજી નવધાભક્તિ, ત્રીજી આત્મનિવેદન સર્વે સમર્પણ

ભક્તિ કરવાથી મનુષ્ય મોક્ષગતિમાં જાય છે. પછી તે વિનોદિએ બ્રહ્માયન સાધુ પાસેથી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાણયઃ સ્વામિ પતિશ્ચમે" આ મંત્ર લઈ મૂર્તિ લઈ ગુરુમાં વિશ્વાસ રાખી અતિ સ્નેહથી પ્રગટ પ્રભુની નવધા ભક્તિ કરવા લાગી. જે રીતે સભામાં મનોરંજન કરતી તેજ રીતે ભગવાનની સાથે વર્તવા લાગી. તેની ભક્તિથી પ્રસન્ન થયેલા પરબ્રહ્મ પરમાત્મા પોતે સખીરૂપ ધારણ કરી દિવ્ય અલૌકિક દર્શન આપી તેને મોક્ષમાં લઈ ગયા. આ રીતે ગુરુના યોગે પણ પરબ્રહ્મના રસની પ્રાપ્તિ થાય છે.

અધ્યાય - ૧૭, ૧૮

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સત્તરમો જન્મજયંતિ મહોત્સવ ❖

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણના સત્તરમાં જન્મજયંતી મહોત્સવમાં મહુવા બંદરનો બાહુલક બહુરૂપી તથા તેની પત્ની લીલાવતી તે સર્વે તિર્થો કરતાં અશ્વપટ સરોવર, કુંકુમવાપી આવ્યા. ત્યાં લોમશઋષિ પાસેથી મંત્ર લઈ લક્ષ્મીનારાયણ સંહિતા સાંભળતા હતા. રાત્રે તે દંપતીએ અનેક પ્રકારના વેશ ધારણ કરી નૃત્ય કરી બાલકૃષ્ણને રાજી કર્યા. પ્રભુએ તેને મણિ, રત્નો આપી પોતાનું દિવ્ય દર્શન કરાવ્યું. તે બંનેએ પ્રભુની પૂજા, આરતી, સ્તુતિ કરી. પછી સર્વે ઋષિ, મુનિઓ, સાધુ, ભક્તોએ પ્રગટ પ્રભુની આરતી ઉતારી, સ્તુતિ કરી. પછી પ્રભુએ બધાને પોતાનો મહાપ્રસાદ જમાડ્યો. આ રીતે પોતામાં જે કળા હોય તે પણ ભગવાનને બતાવી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરીને ભક્ત નિર્ગુણ થઈ જાય છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણના સત્તરમાં જન્મજયંતિ મહોત્સવમાં ભદ્રનો માલીયાન માળી અને મલ્લિકા દંપતી સર્વે તિર્થો કરી અશ્વપટ સરોવર, કુંકુમવાપી આવ્યા. ત્યાં પુષ્પોના શણગાર કરી દિવ્ય મૂર્તિઓને ધરાવતા હતો. તે સેવાથી રાજી થયેલા પ્રગટ પ્રભુ તે દંપતીને દિવ્ય દર્શન આપ્ય અને પરમધામમાં લઈ જઈ અનંત મુક્ત-મુક્તાણીના દર્શન કરાવ્યા. બ્રહ્માનંદનો અનુભવ કરાવ્યો. પોતાની મૂર્તિનો મહાઆનંદ આપ્યો. આ રીતે પ્રગટ પ્રભુએ તે માળી દંપતીને સેવાનું અતિ સુખ આપી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" આપી ભજન કરવા કહ્યું. તે દંપતી ભક્તિ કરી અંતે પરમધામને પામ્યા.

અધ્યાય - ૧૯, ૨૦, ૨૧

❖ બાલયોગિની દ્વારા માતા સુરેશ્વરીને જ્ઞાન-ઉપદેશ ❖

બાલયોગિની માતા સુરેશ્વરીને કહે છે : જેવો મોહ શરીરમાં ઈન્દ્રિયોમાં છે, સ્ત્રીમાં, પુત્રમાં છે, પતિમાં, કુટુંબમાં છે. જીવિકામાં પદાર્થમાં છે, તેવો મોહ-હેત શ્રીહરિમાં, નરનારીઓએ કરવો. રસિક ભક્ત હોય તેણે ગુરુમાં, સત્પુરુષમાં, શ્રીહરિમાં રસીકભક્તિ

કરવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણને ભજીને અવતાર અવતારી જેવા, ઈશ્વર ઈશ્વરાણી જેવા, ગોપ-ગોપી જેવા, પાર્ષદો દાસ-દાસીઓ જેવા થાય છે. દેવલોક, બ્રહ્મલોક, સર્વેલોક, દેવીલોક, પરીલોક, સર્વે શ્રીહરિએ જ સુખને માટે નિર્માણ કરેલા છે. પણ સર્વ સુખના નિધિ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે જ છે તેવું જાણનારને એકાંતિક ભક્ત નિર્ગુણ, નિર્વિકલ્પ સમાધિવાળો પરબ્રહ્મના રસાસ્વાદવાળો કહ્યો છે.

જેમ નદીઓ સમુદ્રમાં ભળી જાય છે. પતંગિયા હેતરૂપી તેજમાં પોતાના પ્રાણ અર્પી દે છે. શૂરવીર રણમાં લડવા પ્રીતિવાળો થાય છે. સતી, પતિમાં ઓતપ્રોત બની જાય છે. કૃષ્ણમાં ગોપીઓ જેમ પ્રીતિવાળી હતી. તેવી જ રીતે એક રસ પરિપૂર્ણ પરબ્રહ્મ પરમાત્મામાં પોતાના આત્માને લીન કરી રાખે છે. તે સહજાનંદના બધા આનંદો અક્ષરમુક્ત થઈને ભોગવે છે.

બાલયોગિની કહે છે : હે માતા, ત્યાગીના યોગીના ધર્મો બધા ભગવાનમાં અર્પણ કરવા. ગૃહસ્થોના, સાધુના, દાસ-દાસીના, તે સર્વે જ્યારે સર્વ ધર્મના આશ્રીય એવા ભગવાનનો આશરો કરે ત્યારે શોભે છે. ભોગ-વિલાસ સર્વે ભગવાનમાં, ભગવા વસ્ત્ર સર્વે ભગવાનમાં, વર્ણઆશ્રમ સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં અર્પણ કરી શ્રદ્ધાયુક્ત થઈ મારી ભક્તિ કરવી. તેનો અલ્પ ન હોય તો પણ તેને હું પંડિત માનું છું. પ્રત્યક્ષ પરમાત્માને ન જાણે તે નરનારી બુદ્ધિશાળી હોય તો પણ તેને બુદ્ધિહિન જાણું છું. સર્વકર્તા પરમાત્મા છે તે નિર્દોષ છે. એમ જે જાણે છે તે નિર્દોષ છે. આત્મનિષ્ઠાવાળી નારીને પુનઃર્જન્મ નથી. શ્રીહરિમાં પ્રીતિવાળીને મૃત્યુ પાશ નથી. સંતપુરુષોના દર્શન કરનારી તેને વ્યાધિઓ આવતી નથી. ભક્તિ સેવાવાળીને જમનો ભય નરક નથી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ તે સર્વના સ્વામિ છે. વાસુદેવાધી, વ્યૂહ, કૃષ્ણ, પૂર્ણ અંશ, પરશુરામાદિ, આવેશ-પૃથુ આદિ અંશો, સનકાદિક, સૂર્યાદિ, વિભૂતિ, નારાયણ, વિભવ મૂર્તિઓ, અર્ચાઅવતાર તે સર્વે પરબ્રહ્મના અન્વયવાળા હોવાથી પરબ્રહ્મ સમાન છે.

અધ્યાય - ૨૨, ૨૩

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાથે બાલયોગિની (લક્ષ્મી)ના વિવાહ ❖

સાક્ષાત લક્ષ્મી બદ્રી બાલયોગિની કહે છે : હે માતા, હવે હું તમને ક્રિયાયોગ તે ભક્તિયોગ કઈ રીતે થાય તે કહું છું સાંભળો. શરીરની સર્વે ક્રિયા, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, અંતઃકરણ વગેરેના જે કામ તે સર્વેને ભગવાનમય કરી દેવા તે ક્રિયાયોગ ભક્તિયોગ થઈ જાય છે. નેત્રથી ભગવાન તથા સંતના દર્શન, કાનથી ભગવાન તથા સંતની કથા, નાસિકાથી ભગવાન તથા સંતની સુગંધ, જીભથી ભગવાન તથા સંતના ગુણાનુવાદ તથા મહાપ્રસાદ, ત્વચાથી ભગવાન તથા સંતનો સ્પર્શ, હાથથી ભગવાન તથા સંતની સેવા, પગથી ભગવાન તથા સંતની પ્રદક્ષિણા સેવા, મનથી શ્રીહરિનું મનન, ચિત્તથી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું જ

ચિંતવન, બુદ્ધિથી બાલકૃષ્ણનો જ નિશ્ચય, અહંકાર હું શ્રીહરિનો ભક્ત છું. આવી રીતે ક્રિયાયોગથી ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભ સ્વામિને હું વરેલી છું. માટે હે માતા, મારે પરપુરુષ સાથે લગ્ન નથી કરવા.

પૂર્વે દિર્ઘીકા યોગિની હતી. તે યોગબળથી ઇન્દ્રની સભામાં જતી. તેના ગયા પછી આસન પાણી છાંટી શુદ્ધ કરતા તેથી કન્યાએ કારણ પૂછ્યું. કન્યા અશુદ્ધ કહેવાય. લગ્ન કરે ત્યારે શુદ્ધ થાય. તેથી દિર્ઘીકાએ ઋષિ સાથે લગ્ન કર્યા. માટે હે માતા તારી આજ્ઞા પાળવા માટે હું પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ જે અશ્વપટ સરોવર કાંઠે, કુંકુમવાપી ક્ષેત્રમાં કંભરાગોપાલને ત્યાં બાલકૃષ્ણ સ્વરૂપે પ્રગટ થયેલા છે તેની સાથે લગ્ન વિવાહ કરીશ. પુત્રી બાલયોગિનીની આવી પરાભક્તિ, આત્મા પરમાત્માનું જ્ઞાન, માયીક પંચવિષયમાં વૈરાગ્ય વગેરે સાધ્વી દશા જોઈ આશ્ચર્ય પામી. તેને પુત્રીમાં સાક્ષાત્ લક્ષ્મીજીના દર્શન થયા. તેમાં પ્રગટ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન થયા. ત્યારપછી બાલયોગિની ધ્યાન મગ્ન થઈ ગઈ. ત્યાં અતી તેજસ્વી અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામિના દિવ્ય દર્શન થયા.

પ્રભુ બોલ્યા, પ્રિયે તારે શું ઇચ્છા છે ? બાલયોગિની કહે : પ્રભુ મારા માતા-પિતાનું વચન સત્ય કરવા વિધિપૂર્વક અગ્નિની સાક્ષીએ મને ગ્રહણ કરી મારા પતિ થાવ. પ્રભુએ કહ્યું, તથાસ્તું. બાલયોગિનીએ માતા-પિતાને કહ્યું, પ્રભુ પધાર્યા છે. જાણીને આનંદ થયો. આસન આપ્યું, પૂજન કર્યું. માતા-પિતાને પ્રભુનું દિવ્ય ચતુર્ભુજ દર્શન થયું. તેમણે પૂજન વંદન, આરતી સ્તૂતિ કરી. પછી પ્રભુ માનવરૂપે થયા. દંપતીએ કન્યાનું વાગ્દાન કરી વિનંતી કરી કે, વિવાહ કરવા વેલા પધારજો. ત્યાર પછી અષાઢ સુદ-૪ના દિવસે જાન આવશે. એવા સમાચાર લઈને કુંકુમવાપીથી બ્રાહ્મણ ધૂની ગામે નિકામદેવને ત્યાં આવ્યો. તે દંપતી પણ લગ્નકંકોત્રી લખી કુંકુમવાપી મોકલતા હતા. કંભરામાતા ગોપાલપિતા લગ્ન કંકોત્રીને વધાવીને બ્રાહ્મણને દાન આપતા હતા. પછી અશ્વપટ સરોવરમાં લોમશઋષિની સાથે સ્નાન કરીને અનાદિશ્રીકૃષ્ણનારાયણને પીઠી ચોળતા હતા. સર્વે મહેમાનોને જમાડીને જાનમાં જવાની તૈયારી કરતા હતા. ઋષિ-મુનિઓ, સાધુઓ, આશીર્વાદ આપતા હતા. જાનમાં ભક્તો, સાધુઓ, બ્રહ્મપ્રિયાઓ, મહેમાનો સર્વે હતા. તો સર્વે અષાઢ સુદ-ત્રીજે તૈયારી કરી કુંકુમવાપીથી પ્રસ્થાન કર્યું. ધૂની ગામે પહોંચી નદીકાંઠે બગીચામાં ઉતારો કર્યો. નિકામદેવ - સુરેશ્વરીને સમાચાર મળ્યા કે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ વરરાજા જાનમાં પધાર્યા છે. તેથી વાજતે-ગાજતે સામૈયું કરી લાવ્યા. ભક્ષ્ય-ભોજ્ય, લેહ્યચોસ્ય મિષ્ટાનો જાનને, મહેમાનોને જમાડ્યા. તે સમયે સર્વે વૈકુંઠ સમાન શોભા દેખાતી હતી.

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, તે સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણની ઇચ્છાથી અને બાલયોગિનીના સંકલ્પથી ગોલોકથી દૂધ, દહીં, ઘી, માખણ આવ્યા. વૈકુંઠથી શાકો આવ્યા.

શ્રીપુરથી મિષ્ટાન્ન, ભોજન આવ્યા. ક્ષીર સમુદ્રમાંથી દૂધ આવ્યું. બદ્રીકાશ્રમથી ફળો આવ્યા. સૂર્યલોકમાંથી ચટણી આવી. ચંદ્રલોકમાંથી શીખંડ આવ્યો. હિરણ્યલોકથી ઠામવાસણ આવ્યા. શ્રીપુરધામથી આસન-પાથારણા આવ્યા. વિષ્ણુલોકથી સર્વે શણગાર આવ્યો. કોઈ દિવસ ન જોયું હોય, ન સાંભળ્યું હોય, એવું બધું ત્યાં દેખાતું હતું. જાનમાં દશ હજાર ભક્ત મહેમાનો હતા. તે સર્વેને જમાડીને મુખવાસ આપી વિશ્રાંતી કરાવી.

વરરાજા અનાદિશ્રીકૃષ્ણનારાયણને શણગાર્યા. સોનાનો મુગટ, હિરામણીઓથી જડીત, સોનાના કુંડળ, તિલક, ચાંદલો, નેત્રમાં કાજળ, સોનાનો ટુપીયો, સોનાની કંઠી, સોનાનો ચેન, સોનાની મગમાળા, સોનાના હાર નાના-મોટાં, હીરા-મોતીના હાર, સોનાનો કંદોરો, ગુલાબનો હાર, સોનાનો બાજુબંધ, કડા, પોંચી, સોનાની વેઢ, વીંટીઓ, સોનાના ઘુઘરીવાળા તોડા, સોનાની મોજડી વગેરેથી પ્રગટ પ્રભુને શણગારી ચાર દાંતવાળા શ્વેત હાથી પર સોનાની અંબાડીમાં બેસાડીને ચંદન પુષ્પથી ચોખા અબીલ-ગુલાલથી વધાવતા ગીતો ગવાતા લગ્નમંડપમાં લાવ્યા અને સોનાના સિંહાસને બેસાડ્યા.

તે સમયે લક્ષ્મીરૂપ બાલયોગિનીને પણ તેની સખીઓ વસ્ત્ર, આભૂષણ, અલંકારોથી લક્ષ્મીસમાન શોભાડતી હતી. કેશરચંદનથી સ્નાન કરાવી, સોનાની બુટ્ટાધાર ઘાઘરી પહેરાવી, સુવર્ણ તારવાળી સાડી પહેરાવી. ચોલી કુચલી વગેરે પહેરાવ્યા. કેશ-અંબોડો, વેણી, સોનાનો મોળીયો, મુકુટ-કુંડળ, કંકુ, ચાંદલો, નથડી, ટીબકડી, નેત્ર આંજણ તથા સોનાનો ટુપીયો, સોનાના ચેન, કંઠી, મગમાળા, હાર, કંદોરો, બાજુબંધ, લોકિટ, પોંચી, વેઢ, વિંટીઓ, ઝાંઝર વગેરે આભૂષણો ધરાવી હાથ-પગ મુખ વગેરે રંગતા હતા. આ રીતે કન્યા બાલયોગિનીને તૈયાર કરી લગ્નમંડપમાં લાવી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ડાબી બાજુ બેસાડતા હતા. બ્રાહ્મણે ગણેશપૂજન, અગ્નિપૂજન, કામફળ બાંધ્યું. બાલયોગિની કન્યાને હાથે બાલકૃષ્ણને વરમાળા પહેરાવી. બાલકૃષ્ણના હાથે બાલયોગિનીને પુષ્પમાળા પહેરાવી. પિતાએ બાલયોગિનીનો હાથ બાલકૃષ્ણના હાથમાં મૂકી કન્યાદાન કર્યું. વિપ્રોએ આશીર્વાદ આપ્યા. અગ્નિને ચાર ફેરા ફર્યા. બાલયોગિનીના માતા-પિતાએ કરિયાવર દાન કર્યા તેમજ અનાદિશ્રીકૃષ્ણનારાયણના માતા-પિતાએ પણ દાન આપ્યા. આ રીતે લક્ષ્મીનારાયણનો વિવાહ પૂરો થયો. અને લગ્નમંડપની શોભા પણ બધી અદૃશ્ય થઈ ગઈ. પછી બાલકૃષ્ણ પ્રભુ ભક્ત સાધુ-સાધ્વી મહેમાનોની જાન લઈને કુંકુમવાપી પધાર્યા.

અધ્યાય - ૨૪, ૨૫

❖ જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કેમ થાય ? ❖

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, એકવાર નિકામદેવે પ્રભુને પ્રશ્ન પૂછ્યો. જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કેમ થાય ? પ્રભુએ કહ્યું, ભક્તને મોક્ષ સુલભ છે. દુર્ભાગ્યને દુર્લભ છે.

સાક્ષાત પ્રભુના યોગથી આત્મા ભવબંધનથી મુકાય છે. સત્પુરુષનો સમાગમ, સાધુ-સાધ્વીની સેવા શ્રીહરિની પ્રાપ્તિ કરાવે છે. જેને શ્રીહરિની પ્રાપ્તિ થઈ તેને મોક્ષને માટે કાંઈ સાધન કરવું પડતું નથી. સંસારરૂપી વૃક્ષનું મૂળ વાસના છે. મમતા એ પડ છે. અહં એ અંકુર છે. શાખા એ ખેતરવાડી ઘર છે. પાંદડાઓ એ સ્ત્રી-પુરુષો છે. ફળ એ સુખ-દુઃખ છે. તે સંસારને મટાડવા પ્રત્યક્ષ ભગવાનનો મહિમા અને સ્વરૂપજ્ઞાન જાણવું કે, હું વિપ્ર નથી મારી કોઈ જ્ઞાતિ નથી. હું આત્મા પરમાત્માનો અંશ છું. આવું જ્યારે જાણે છે ત્યારે માયાના કાર્યથી લોપાતો નથી. જ્ઞાનરૂપી અગ્નિથી આત્મા તેજસ્વી થાય છે. અગ્નિથી જેમ લાકડા બળી જાય છે તેમ જ્ઞાનાગ્નિથી સર્વે કર્મો બળી જાય છે. મારો ભક્ત મને પાપ-પુણ્ય અર્પણ કરી મોક્ષ મેળવે છે. હું બ્રહ્મ છું, પરબ્રહ્મમાં ચોંટેલો છું. આ જ્ઞાન કાયમ રહે તો આત્મા સ્થૂળ-સૂક્ષ્મથી જુદો મનાય. આત્મા પંચવિષય અને ઈન્દ્રિયોથી જુદો પડે તો દિવ્યતાનો અનુભવ થાય. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મારી ભક્તિ, સેવા, ઉપાસના, ધ્યાન, કિર્તન સ્તુતિ વ્રત તે કરવાથી હું સુલભ છું. અને હું જેને સાક્ષાત મળ્યો તેનું આત્યંતિક કલ્યાણ થઈ ગયું. તેને તો સદા મારી મૂર્તિ સંભારી રાખવી.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : હે નિકામદેવ, સર્વે અવતારોનો અવતારી હું છું. સર્વે વાસુદેવનો વાસુદેવ હું છું. સર્વે શ્રીકૃષ્ણનો શ્રીકૃષ્ણ હું છું. સર્વે ભગવાનનો ભગવાન અનંત મુકતોનો સ્વામી હું છું. અનંત અક્ષરોનો, અનંત મહાપુરુષોનો પુરુષોત્તમ હું છું. ઈશ્વરોનો ઈશ્વર હું છું. અનંત વિભૂતી અંશકલા આવેશ તે હું છું. સાધુ-સાધ્વીમાં ઉત્તમ હું છું. સર્વ સૃષ્ટિપાલન કરનારાનો નિયામક હું છું. સર્વે આનંદ ઉત્સવનો ખજાનો હું છું. જે કાંઈ રમણીય દેખાય તે સર્વે હું છું. સર્વે અમૃતનો સાગર હું છું. સર્વે આકર્ષણમાં દિવ્ય આકર્ષણ હું છું. સર્વે તૃપ્તિનો આપનારો હું છું. સર્વે મનોરથોનો પૂરનારો હું છું. સર્વે શણગારોના ધામ હું છું. સર્વે સ્નેહનો આપનારો હું છું. રતિકામમાં તૃપ્તિ હું છું. આત્મ બળવાળાની શાંતિ હું છું. અનાથોનો નાથ હું છું. પતિમાં પતિ હું છું, સર્વે સૌભાગ્ય સમૃદ્ધિનો ખજાનો હું છું. આ રીતે જડચેતનમાં જે દેખાય છે તે સર્વમાં અંતર્યામી શક્તિએ રહીને હું સર્વેનું નિયમન કરું છું.

અધ્યાય - ૨૬, ૨૭

❖ વિશિષ્ટ બ્રહ્માદ્વૈત સિદ્ધાંતનું જ્ઞાન ❖ નિકામદેવ વિપ્રદંપતીનો મોક્ષ ❖

નિકામદેવ કહે છે : હે પ્રભુ, તમે વિશિષ્ટ બ્રહ્માદ્વૈત સિદ્ધાંતનું જ્ઞાન મને સમજાવો. પ્રભુ કહે, સ્થૂળ માયા કાર્યરૂપે રહેલી છે. સૂક્ષ્મ માયા ત્રણ ગુણરૂપે રહેલી છે. તે બંનેમાં વિશિષ્ટ બ્રહ્મ છે. સ્થૂળ આત્મા, સર્વ કર્મફળ ભોગવનારો સુક્ષ્મ આત્મા કર્મ ભોગ રહિત છે. તે બંનેમાં વિશિષ્ટ બ્રહ્મ છે તથા વ્યાપક તેજરૂપે રહેલું તથા ધામ, સચ્ચિદાનંદ રૂપે રહેલું જે અક્ષર તેમાં જે વિશિષ્ટ બ્રહ્મ રહેલો છે તે એક છે અને તે હું પોતે પરબ્રહ્મ

પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ છું. હું એક જ છું. મારા જેવો બીજો કોઈ નથી. જીવ વિશિષ્ટ, ઈશ્વર વિશિષ્ટ, માયા વિશિષ્ટ, બ્રહ્મ વિશિષ્ટ પરબ્રહ્મ તે હું સર્વેમાં એક જ રહેલો છું. તે વિશિષ્ટ બ્રહ્માદ્વૈત તે હું કુંકુમવાપી ધામમાં પ્રગટ થયેલો અનાદિશ્રીકૃષ્ણનારાયણ છું. મારા યોગથી મારા દર્શન સેવાથી પરમધામની પ્રાપ્તિ થાય છે. આમ કહીને પ્રભુએ નિકામદેવને પરમધામનું દર્શન કરાવ્યું. ત્યાં અનંત મુકત મુક્તાનિકા બ્રહ્મપત્નીઓ બાલયોગિનીઓ વગેરે બતાવ્યા. પછી નિકામદેવ યોગ વિશે પ્રશ્ન પૂછતા હતા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું, મારી પૂજા ધ્યાન કરી તપતિર્થ વ્રતદાન સર્વે મારામાં અર્પણ કરવું. તે મારો યોગ ધામ અપાવનારો છે અને નિર્ભય છે. જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં તથા દરેક શુભ-અશુભ કામમાં મારું સતત અનુસંધાન તે મારા સ્મરણયોગથી અશુભ પણ શુભ થઈ જાય છે. જેના હૃદયમાં મારું સતત સ્મરણ છે. તેને હંમેશા શાંતિ, સુખ, આનંદ, લાભ, યશ, ધન બધું પ્રાપ્ત થાય છે. શૂદ્ર કે ચાંડાલને પણ મારી ભક્તિ હોય તો તેને હું વિપ્રથી વિશેષ જાણું છું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસેથી આવો બ્રહ્મ ઉપદેશ સાંભળી નિકામદેવ રાજી થઈ નાચવા લાગ્યા. મને પરબ્રહ્મ ભગવાન મળ્યા. હવે મારે કાંઈ કરવું બાકી નથી. એમ કહીને પ્રત્યક્ષ પ્રભુની પૂજા, સ્તૂતિ કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એકરૂપે, બહુરૂપે રહેલા પરમધામમાં અનેક ધામોમાં રહેલા સર્વે અવતારને ધારણ કરનારા મુકત વિના તમને કોઈ જાણી શકતું નથી. એવા તમને નમસ્કાર.

નરનારાયણ કહે : હે બદ્રિશ્વરી, નિકામદેવ પત્ની સુરેશ્વરી ત્યાં આવી, પ્રભુના દિવ્ય તેજોમય દર્શન તેમજ મુકત-મુક્તાની, હરિપ્રિયા, રાધા-રમા, અનંતલક્ષ્મી, બાલયોગિની વગેરેનાં દર્શન કરી મહા આનંદ પામી. પછી અનેક ધામોના દર્શન થયા. અક્ષરક્ષેત્ર કુંકુમવાપી અશ્વપટ સરોવરના દર્શન થયા. સર્વેધામોમાં એક અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન થયા. તેથી સુરેશ્વરીએ સ્તુતિ કરી કે, અનેક ધામોમાં રહેલા અનેક અવતારોને ધારણ કરનારા પરમધામના પતિ તમને નમસ્કાર. પછી પ્રગટ પ્રભુ એ વિપ્ર દંપતીને શરીર ત્યજાવી ધામમાં લઈ ગયા.

અધ્યાય - ૨૮, ૨૯, ૩૦

❖ ઘીવર દંપતી, કુમળી સગરાણી અને વિષલાણી મોચીની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ભદ્રાવતી નદી કાંઠે ઘીવર માછલા મારતો, ખાતો, વેંચતો. એક દિવસ તેની પત્નીને માછલાએ કહ્યું, અમને પકડી મારીશ નહીં. અમે ઋષિઓ છીએ. તેણે પૂછ્યું, અહીં કેમ રહો છો ? માછલાએ કહ્યું, અમે અહીં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્નાન કરવા આવે છે તેના દર્શનસ્પર્શ પ્રસાદી જમીએ છીએ. અહીં જંગલમાં વન રાક્ષસના ભયથી પાણીમાં માછલા થઈને રહ્યા છીએ. એ તે માછલારૂપે રહેલા પીપઠાયન ઋષિએ

માછીમાર દંપતીને "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" મંત્ર આપી ઉપદેશ આપી હિંસા તજાવી. તે દંપતી અશ્વપટ સરોવરમાં સ્નાન કરી પ્રગટ પ્રભુના દર્શન કરવા કુંકુમવાપી ગયા. ત્યાં લોમશ ઋષિના દર્શન કર્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા. ભજન કરી શાપમુક્ત થયા. અંતે ધામમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, વિભાવરીપુરીમાં સગર જાતિની કુમળી પાંચ વર્ષની હતી. તેના મા-બાપ મરી ગયાં તેથી કુટુંબમાં કોઈ ન હતું માટે તે બ્રાહ્મણ દંપતીને ત્યાં મોટી થઈ. યુવાન થતાં તેને ખબર પડી કે, હું સગર છું. તેથી સગરવાડામાં બેસવા જાતી. તેના પાલક માતા-પિતાએ કહ્યું, તારે માતા-પિતાની સેવા કરવી જોઈએ. જે પુત્રી જન્મદાત્રી અથવા પાલક માતાની સેવા ન કરે તે કૃતઘ્ની છે. જે માતાનું અપમાન કરે, કજિયો કરે, ઘરની વાત બહાર કરે. વિધિ નિષેધ નહીં ગણીને બીજે પરણે તે કૃતઘ્ની છે. પત્ની થઈ પતિની સેવા ન કરે તે કૃતઘ્ની છે. જે સાસુ-વહુમાં સ્નેહ નથી કરતી તે કૃતઘ્ની છે. બાળકોને ભોજનમાં પક્ષપાત કરે તે કૃતઘ્ની છે. અન્ન, ધન, વસ્ત્ર વગેરે આપી ઉપકાર કરેલાને ભૂલી જાય તે કૃતઘ્ની છે. તે સગરી વિપ્રનું નહીં માની સગરને પરણી તેથી પુત્રો થયા. પછી ક્ષયરોગવાળી થઈ, રોગ મટે નહિ તેથી પુત્રને લોમશ ઋષિ પાસે મોકલ્યો. ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી પ્રભુનું ચરણામૃત પાણી આપ્યું. તેથી રોગ રહિત થઈ. પછી આખું કુટુંબ પ્રગટ પ્રભુનું આશ્રિત થયું. અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી અંતે ધામમાં ગઈ.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ધવલ ગામે મોચી વિષલાણી બધાને છેતરીને કુટુંબ નિર્વાહ કરતી. એક વખત ગામમાં સંત મંડળ આવ્યું. વિષલાણી યોગિનીનો વેષ લઈ પ્રસાદ લેવા પહોંચી ગઈ. પરંતુ પ્રભુના પ્રસાદથી સંતના દર્શન-સ્પર્શથી તેની બુદ્ધિ નિર્મળ થઈ. સંતોનો ઉપદેશ સાંભળ્યો. તેથી પોતાના કાર્યનો પસ્તાવો થયો. સંતને પૂછ્યું, મારો મોક્ષ કેમ થાય ? સંતે કહ્યું : અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ગ્રહણ કરી, ભગવા વસ્ત્ર પહેરી, જટા રાખી અશ્વપટ સરોવર તિર્થમાં જા. ત્યાં પ્રગટ પ્રભુના દર્શન કરીશ, ભજન કરીશ તો તારો મોક્ષ થશે. સંતે કહ્યું, તો મંત્ર લઈ તિર્થે જઈ દર્શન કરી અનાદિશ્રીકૃષ્ણવલ્લભનું ભજન કરી, વાસના દોષથી રહિત થઈ ધામમાં જઈશ. પ્રભુએ મનુષ્ય જન્મ આપ્યો તો પ્રભુને ન ભજયા, તે પ્રભુને છેતર્યા. મનુષ્ય જન્મથી મોક્ષ ન મેળવ્યો તે પોતે આત્માને છેતર્યો. સાધુ-સાધ્વીના મંડળમાં રહીને સાધુને જ છેતરે. બાળક-બાળકી, નારી, ધન તેને હરી જાય તે છેતર્યા. દ્રવ્ય હોમને ધર્મકાર્યમાં ન વાપરે તો છેતરાયો. ત્યાગી થઈને ગૃહસ્થનો વંશ રાખે તેણે સંસારને છેતર્યો. આવા બધા દુર્ગુણોવાળાને પ્રત્યક્ષ ભગવાન કાં તેના સંતો સુધારે છે અને પ્રભુને માર્ગે ચડાવે છે.

અધ્યાય - ૩૧

❖ સુરદેવાયન સાધુનો ઉપદેશ - સર્વશ્રેષ્ઠ અવતાર કયો ? ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ઓજત કાંઠે મા-દીકરી રહે. મા ગંગા વિધવા ટોપલા વેચી નિર્વાહ કરે. એકવાર પુત્રી રમા અને મા ગંગા જુનાગઢ દર્શને ગયા. દામોદર કુંડમાં ન્હાયા. સાધુ-સાધ્વીના દર્શન કર્યા. પછી સુરદેવાયન સાધુને પૂછ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન જુનાગઢ તિર્થમાં બિરાજે છે તેનો મને મહીમા કહો. સાધુએ કહ્યું, વામન અવતારથી શ્રેષ્ઠ નરનારાયણ ભગવાન, તેનાથી શ્રેષ્ઠ શ્વેતદ્વીપ વાસી કમલાનારાયણ, તેનાથી શ્રેષ્ઠ ક્ષીરસમુદ્રવાસી શેષનારાયણ, તેનાથી શ્રેષ્ઠ જળના આવરણમાં રહેલા વૈકુંઠના વાસી વિષ્ણુ ભગવાન, તેનાથી શ્રેષ્ઠ શ્રીપુરના મહાવિષ્ણુ, મહાલક્ષ્મી જે કુંકુમવાપીમાં કંભરામાતા ગોપાલપિતા થયા. જેને ઘરે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ્યા. તે મહાવિષ્ણુથી શ્રેષ્ઠ ભુમાપુરુષ જે અવ્યાકૃતધામમાં રહે છે, જે ઈશ્વરોના ન્યાય આપનારા છે. તેનાથી પર વાસુદેવ ભગવાન જે અમૃતધામમાં રમા સાથે રહે છે, તેનાથી પર વૈકુંઠમાં લક્ષ્મીનારાયણ જેના નામથી આ સંહિતા થઈ છે. તેનાથી પર રાધા-કૃષ્ણ ભગવાન છે, જે અસંખ્ય ગોપગોપીઓ ગાયો સેવા પરાયણ છે અને ગોલોકમાં બંસી ધારણ કરી અનેક ભક્તોના કલ્યાણ કરનારા છે. એવી રીતે બાવીસ ધામો બીજા છે અને કરોડો સાકેત આદિધામો છે. તે સર્વેથી પર અનંત અપાર પરમધામમાં સ્વયં શ્રીહરિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વે અવતારોના પતિ મુક્તપતિ, મુક્તાનિકાપતિ, માણિકીપતિ જેની સમાન કોઈ નથી. તે શ્રીહરિની આજ્ઞામાં સર્વે અવતારો રહે છે. જે ભગવાને જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ બનાવી છે. સર્વ અવતારો તે પરબ્રહ્મની સંકલ્પમૂર્તિ છે. એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ સૌરાષ્ટ્રમાં ગોપાલકૃષ્ણ કંભરાલક્ષ્મીને ત્યાં બાળક થઈને બાલકૃષ્ણ સ્વરૂપે રહે છે. તેથી આપણે ગિરનારની પ્રદક્ષિણા કરીને તે પ્રભુના દર્શન કરવા કુંકુમવાપી તિર્થે જશું. આ રીતે સાધુના મુખેથી મહિમા સાંભળી મા-દીકરી કાર્તિક પૂર્ણિમા પછી સાધુ-સાધ્વીના મંડળ સાથે અશ્વપટ સરોવર ગયા. ત્યાં લોમશ ઋષિ પાસે મંત્રોપદેશ લઈ અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંદિરે ગયાં. દર્શન કર્યા. ધ્યાનમગ્ન થયા. અનાદિશ્રીકૃષ્ણનારાયણે બધાને દિવ્ય અલૌકિક દર્શન આપ્યા. તે સમયે ગંગાએ પોતાની દીકરી રમાને શ્રીહરિની પાસે લક્ષ્મીતુલ્ય દર્શન કરી આનંદ પામી.

અધ્યાય - ૩૨

❖ પ્રભુકૃપાથી કુંભાર દંપતીને પુત્રપ્રાપ્તિ ❖ આરતીનું ફળ શું ? ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ફણા ગામે કુંભાર રણથંભ અને સુનારીણી ભક્ત માટીના વાસણો બનાવી તેમાં ભગવાનના નામ લખી વેચે. ભગવાનને નૈવેદ્ય ધરી જમે.

સાધુને જમાડી સેવા કરે. એક વખત આરાયણ સાધુ ત્યાં આવ્યા. તેમને જમાડ્યા, સેવા કરી. સાધુએ પૂછ્યું, ઘર સૂનું કેમ છે ? ભગતે કહ્યું, પુત્ર નથી તમે આશીર્વાદ આપો. સાધુએ કહ્યું, તમે અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરો છો તેથી તમારે ત્યાં ચંદ્ર પોતે જન્મ લેશે. તેથી તેનું નામ ચંદ્રસ્તંબ રાખજો. એમ આશીર્વાદ આપી સાધુ ગયા. કુંભાર ભક્ત દંપતી રાજી થયા. જતે સમયે પુત્ર થયો. મોટો થયો. તે ભગત સંઘની સાથે પોતાના કુટુંબને લઈ તિર્થ કરતા માઘ પૂર્ણિમામાં અશ્વપટ સરોવરમાં સ્નાન કરી સાંજે આરતી કરતા હતા.

બદ્રીશ્વરીએ પૂછ્યું : આરતીનું ફળ શું ? નરનારાયણ ભગવાન કહે : ગાયના ઘીમાં કરેલી એક વાટથી આરતી ઉતારે તો ઈન્દ્રપદ પામે છે. ત્રણ વાટોથી સૂર્યપદ, પાંચ વાટોથી બૃહસ્પતિપદ, સાત વાટોથી બ્રહ્મનાપદ, નવ વાટોથી શિવપદ, અગિયાર વાટોથી વૈરાજ્યપદ, તેર વાટોથી હિરણ્યપદ, પંદર વાટોથી ભૂમાપદ, એકાવન વાટોથી વાસુદેવ ધામ, એકસો વાટોથી વૈકુંઠધામ, બસ્સો એક વાટોથી આરતી ઉતારે તો ગોલોકમાં શ્રીકૃષ્ણની સેવા કરે, પાંચસો એક વાટોથી આરતી ઉતારે તો અક્ષરધામની પ્રાપ્તિ થાય છે, એક હજાર એક વાટોથી આરતી ઉતારે તો પરમધામમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણાર્વિંદની સેવા દાસ-દાસી થઈને કરે અને તાદાત્મ્ય યોગ પામી સર્વે આનંદનો ભોક્તા થાય. એ રીતે સર્વે અવતારો, ઈશ્વરો, દેવો, બધા પરબ્રહ્મની આરતી ઉતારી મોક્ષને પામ્યા છે. પછી તે ભગત પોતાના પુત્રને લોમશઋષિ પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર અપાવી કંઠી બંધાવી, પ્રગટ પ્રભુના દર્શન કરી મહાન ભક્ત થયા.

અધ્યાય - ૩૩, ૩૪, ૩૫

❖ હેમસુધા સોની, વિદ્રુમણી ભક્તાણી અને માલવાણી ચાંડાલીની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, નર્મદા કાંઠે માણેકપુરની સોની હેમસુધા અનાદિશ્રીકૃષ્ણનારાયણનો આશ્રય કરીને બાલકૃષ્ણ, હરેકૃષ્ણ ભજન કરતી. એક વર્ષે દુકાળ પડ્યો ત્યારે તેણે પ્રગટ પ્રભુને પ્રાર્થના કરી. પ્રભુએ દર્શન આપી કોઠીને સ્પર્શ કરી અદ્રશ્ય થયા પછી તે ભક્તબાઈએ સદાવ્રત ચાલુ કર્યું. અસંખ્ય માનવો પ્રસાદી અન્ન જમી, બીજબળ પામ્યા. પછી પ્રગટ પ્રભુનો આશ્રય કરીને ભજન કરી અંતે મોક્ષને પામ્યા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ધનધ્રુ ગામે વિદ્રુમણી ભક્તાણી શિબિકા ચલાવી રાજા, શ્રીમંતોને બેસાડી માળા ફેરવતી. એક વખત એક સાધુ રાધાયનને બેસાડ્યા. સાધુ રાજી થયા. આશીર્વાદ આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો અને કહ્યું, આ મંત્રનું ભજન કરજે. તે સતત ભજન કરવા લાગી. તેથી તેની સ્થિતિ, દૃષ્ટિ નિરાવરણ થઈ ગઈ. તે વિદ્રુમણી ભક્તાણીએ હજારો મુમુક્ષુઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરાવી દિવ્યતા આપી મોક્ષ માર્ગે મોકલ્યા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, માલવ ગામે માલવાણી ચાંડાલી શબને દાહ આપતી વિચાર કરવા લાગી. આમને આમ કેટલાય વર્ષો ચાલ્યા ગયા. હું પણ ચાલી જઈશ. સાથે કોઈ નથી આવતું. પાપ અને પુણ્ય સાથે રહે છે. માટે પુણ્ય કરી લઉં. એમ વિચારી સાધુ-સેવા પૂજન કરતી. એક વખત ધર્મદેવતા સાધ્વી બનીને ત્યાં આવ્યા. માલવાણીએ કહ્યું, હું અપવિત્ર છું. શબ દાહ કર્યો છે. રજસ્વાલા છું. સાધ્વીએ કહ્યું, આસન, પાણી, તુલસી, તલ દે, તે અભડાતા નથી. માલવાણીએ તે દીધું તેથી સાધ્વીએ પ્રસન્ન થઈ દિવ્ય દર્શન આપી "અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" આ મંત્ર આપ્યો. તે માલવાણી જપવા લાગી. તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણે દર્શન દીધાને કહ્યું, તામસી કર્મ તજી દે, સાત્ત્વિક કર્મ કર, ચાલ અશ્વપટ સરોવર. પછી તેણે કુંકુમવાપી ક્ષેત્રમાં વિમાનમાં બેસી અશ્વપટ સરોવરમાં સ્નાન કરી ત્યાં વાસ કર્યો પછી કુટુંબ સહિત ધામમાં ગઈ.

અધ્યાય - ૩૬ થી ૩૯

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો વીસમો જન્મજંયતિ મહોત્સવ ❖
❖ કારેલીકા શૂદ્રી, ગોમીત શૂદ્રી અને કનકામગદાની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, કરલા ગામની કારેલીકા શૂદ્રી તેનો પતિ, પાંચ પુત્રીઓ, પુત્રો સર્વે શેરીઓ વાળે. હિતાંજલી ઋષિ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરે તે બધાં સાંભળે. તેમાં શૂદ્રી કુટુંબને કથામાં અતિ હેત થવાથી સંસારનો મોહ મટી ગયો. તે બધાને ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" આ નામ મંત્રનો જાપ કરતા, કથા સાંભળતા શૂદ્રી કુટુંબ જનકરાજાની જેમ વિદેહી બની ગયા. તેમને સમજણ આવી ગઈ કે, એકબીજાના ઋણાનુંબંધથી આપણે કુટુંબમાં ભેગા થયા છીએ. આ શરીર મારું નથી. ઈન્દ્રિયો અંતઃકરણ સૂક્ષ્મદેહ કારણ શરીર અજ્ઞાન હું નથી. ચોવીસ તત્ત્વોથી જુદો ચૈતન્ય આત્મા તે હું છું. નિર્મોહિના સંગથી પશુ-પક્ષી, વૃક્ષો પણ નિર્મોહી થઈ જાય તો વૈષ્ણવોની વાત શું કરવી.

એક વખત તેની પાંચ પુત્રીઓ વનમાં બોર લેવા ગઈ. ત્યાં આશ્રમમાં બદ્રીકાયન ઋષિ જોયા. ઋષિએ પરીક્ષા કરવા પોતાનું રૂપ યૌવન બતાવ્યું. દીકરીઓએ નમસ્કાર કર્યા. પણ રજોગુણનો ભાવ ન થયો. ત્યારે ઋષિ તેના પાંચ ભાઈ પાસે જઈ કહે, બહુ અનિષ્ટ થયું. વનમાં રાક્ષસો તમારી બેનોને હરણ કરી સમુદ્રમાં લઈ ગયા છે. આ સાંભળી પાંચે ભાઈઓ ઋષિને નમસ્કાર કરી કહે, તમારા આશ્રમમાં રાક્ષસો આવ્યા હોય તો તમારે સંગે તે પણ ઋષિ બની ગયા હોય અને અમારી બહેનોના ભાગ્યકર્મમાં હતું તે મળી ગયું. પણ

તમે સંસારથી વિરક્ત થઈ આટલો બધો અફસોસ કેમ કરો છો ? કન્યા તો પારકું ધન છે, તે ગમે ત્યાં જવાનું જ હોય. ઋષિ વિચારવા લાગ્યા. આ પણ નિર્મોહી લાગે છે. પછી ઋષિ કન્યાઓની માતા કારેલી પાસે ગયા. તેની માતા કહે, જે પોતાના આત્માનો ઉદ્ધારનો વિચાર નથી કરતો તેનો ખરખરો કરવો. કુટુંબમાં ક્યારે ભેગા થાય, ક્યારે નોખા પડે તેની કોઈને ખબર નથી માટે ઋષિ શોક, ખેદ, દુઃખ આપણું એ કહેવાય કે, જે ભગવાને મનુષ્યજન્મ આપ્યો એમાં ભગવાનને ન ઓળખ્યા, ન ભજ્યા, ન સતપુરુષોનો સમાગમ કર્યો, ન શાસ્ત્રોની કથા સાંભળી તો અફસોસ થાય.

કન્યાઓની માતાનું વાક્ય સાંભળી ઋષિ અતિ પ્રસન્ન થયા. તમે સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણના આત્મનિવેદી મહાભાગવત ભક્તો છો, જ્ઞાની છો. નિર્ગુણ છો, નિર્લેપ છો, નિર્મોહી છો. તમારી ભક્તિ જોઈ હું આશીર્વાદ આપું છું. તેથી સર્વે કુટુંબ અંતે પ્રત્યક્ષ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી પરમધામમાં ગયા.

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, કૃષ્ણા નદી કાંઠે બૈજવાડાની શૂદ્ર જાતીની ગોમતી લોઢાના યંત્રો બનાવવા ભઠ્ઠીનું કામ કરતી. તો ધર્મપરાયણ દાન, પુણ્ય કરતી. અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિપરાયણ હતી. પણ ભઠ્ઠીના કામમાં થતા પાપથી તેને ક્ષયરોગ થયો. આખા કુટુંબને ક્ષયરોગ થયો. તેથી તેણે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાર્થના સ્તુતિ કરી. પ્રગટ પ્રભુ કૃષ્ણાયન સાધુ બની સાધુની મંડળી લઈ ગોમતીની ઘરે ગયા. તેણે ભક્તોનો સત્કાર કર્યો, જમાડ્યા, પૂજા કરી. પછી પ્રભુએ પોતાના પગ ધોઈને બધાને પાણી પાયું તેથી બધાનો રોગ મૂર્તિમાન નીકળી ગયો. પછી પ્રભુએ "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" આ મંત્ર આપી પોતાની મૂર્તિ આપી, પોતાનું દિવ્ય દર્શન આપી અદ્રશ્ય થયા. તે ગોમતીનું કુટુંબ અનાદિશ્રીકૃષ્ણનારાયણના વીસમાં જન્મજયંતી મહોત્સવમાં કુંકુમવાપી આવ્યા. ત્યાં પ્રભુના દર્શન-પૂજા કરી પોતાના ગામે ગયા. પ્રભુનું ભજન કરી અંતે ધામમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ધુતારપુરની કનકામગદા ચામઠા જાતીની નવા-જૂના બળદો લેવા-વેચવાનો ધંધો કરતી. પણ તેના ખોટું બોલી છેતરવાનું પાપ વધારે થતું. તે સાધુને પૂજતી, ભગવાનને માનતી. તે સાધુએ આપેલા "ૐ અનાદી શ્રીકૃષ્ણનારાયણઃ સ્વામીને સ્વાહા" મંત્રનો ભજન કરતી. ગુરુમાં ભગવાન રહ્યાં છે. ગુરુ દેવ છે, ઈશ્વર છે, પરબ્રહ્મ છે એમ માની ભજન કરતી. ગુરુને પોતાનું પાપ જણાવતી. ચોર લોકો પેટ માટે કુટુંબ માટે ચોરી પાપ કરે છે. પરંતુ જો ગુરુને નિષ્કપટભાવે કહે તો ગુરુ મંત્રઉપદેશ આપી તેનો આ લોક, પરલોક બંનો સુધારે છે. કનકામગદાની ભક્તિથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાધુનું રૂપ લઈ તેને ત્યાં ગયાં. ભક્તાણીએ પૂજન કર્યું, જમાડ્યા. પ્રગટ પ્રભુએ રાજી થઈ તેને પોતાનું દિવ્ય દર્શન આપી મોક્ષ કર્યો.

અધ્યાય - ૪૦ થી ૪૫

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો એકવીસમો જન્મજંયતિ મહોત્સવ ❖

❖ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા દ્વારા રાયહરિ રાજા અને દાસી ભાણવાણીનો મોક્ષ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, સિંધુ નદી કાંઠે શર્કરાનગરમાં રાયહરિ રાજાની દાસી ભાણવાણી હતી. તે દ્યુત ક્રિડામાં, જુગાર રમવામાં, પાસા નાખવામાં કુશળ હતી. કોઈને જીતવા ન દે. રાજા દર વર્ષે બધા રાજાઓને ભેગા કરી રમાડતો. એકવાર તેણે ઉત્સવ પ્રસંગે રાજાઓને બોલાવી જુગાર રમવા બેસાડ્યા. તે વખતે હયોદરનો રાજા કોટીરાય હરિરાય સામે રમવા બેઠો. રાયહરિ તરફથી ભાણવાણી પાસા નાખતી હતી. રમતમાં પહેલા કોટીરાય જીતી ગયો. પછી ભાણવાણી પાસા નાખીને કોટીરાયને હરાવી દે.કોટીરાય બધું હારી ગયો. રાજમહેલ, સમૃદ્ધિ, સેના, વાહનો, ખજાનો બધું હારી ગયા પછી કોટીરાયે પોતાની પત્ની પતિવ્રતા સતી દિનેશ્વરીને રમતમાં હોડમાં મૂકી. તેની સામે રાયહરિએ પોતાની પત્ની દિનેશ્વરીને મૂકી. ભાણવાણીએ પાસા ફેંકી કહ્યું : રાયહરિ જીતી ગયો અને કોટીરાય રાજ્ય, સમૃદ્ધિ, રત્નો અને પત્ની વિનાનો ભિખારી થઈ ગયો. તે વખતે કોટીરાયની પત્ની સતી ચંદ્રેશ્વરીએ ભાણવાણીને શાપ આપ્યો કે, તું કોઢવાળી, ક્ષયરોગી, ગાંડી, વિષ્ટા ખાનારી થા. રાયહરિ પણ રાક્ષસ થાવ. તેની સાથે તું પણ વનમાં રખડી દુ:ખ ભોગવ. રાયહરિ પત્ની દિનેશ્વરીએ ચંદ્રેશ્વરીને પ્રાર્થના કરી, માફી માંગી. કૃપા કરો હું તમારી દાસી થાવ પણ મારા પતિને શાપથી મુક્ત કરો.

ચંદ્રેશ્વરીએ કહ્યું, શાપ મિથ્યા ન થાય. પરંતુ મારું વચન માનો તો પ્રભુ કૃપા કરે તો સારું થાય. તો હવેથી જુગાર રમવો બંધ કરો તથા તમારા પતિ તથા ભાણવાણીનો ઉદ્ધાર કરવા સત્પુરુષની સેવા વિના બીજું કોઈ સાધન નથી. તો તમે એક વર્ષ સુધી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા બેસાડો. તેમાં સાધુ-સાધ્વીઓ, યોગીઓ, બ્રહ્મચારીઓ આવશે. સત્સંગ કરાવશે, જમશે, આશીર્વાદ આપશે ત્યારે શાપ નિવારણ થશે. કોટીરાય રાજાએ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા બેસાડવા મંડપ તૈયાર કરાવ્યો. રસશાલા, પાકશાલા તૈયાર કરાવી. અશ્વપટ સરોવર કુંકુમવાપી તિર્થ સૌરાષ્ટ્ર તિર્થના સંતો, ભક્તો કથામાં આવવા લાગ્યા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, સિંધુ નદીકાંઠે શર્કરાનગરમાં લક્ષ્મીનારાયણ સંહિતા કથા શરૂ થઈ તે હું કહું સાંભળો. અષાઢ સુદ એકાદશીએ લક્ષ્મીનારાયણ સંહિતા કથાનો પ્રારંભ થયો. પહેલેથી સાધુ, વિપ્રો, ભક્તો, દેશ વિદેશથી આવી ગયા. સંહિતા પાઠ કરનારા તથા જપ કરનારા બ્રાહ્મણો હતા. મુખ્ય વક્તા વ્યાસાસને ભગવાન સ્વયંપ્રકાશ

લક્ષ્મીનારાયણ સંહિતાનો વિધિ ગુરુ લોમશ ઋષિ પાસે કરાવતા હતા. અબિલ-ગુલાલ, કંકુ-અક્ષતથી લોમશ ઋષિ વક્તાની પૂજા કરતા હતા. તે સમયે સાક્ષાત લક્ષ્મીના દર્શન થતા હતા તથા સભામાં મુક્તો-મુક્તાની અવતારો ઈશ્વરો, ઈશ્વરાણીઓ, દેવ-દેવીઓ, ઋષિ-મુનિઓના દર્શન થતા હતા. સભા અક્ષરધામ તુલ્ય શોભતી હતી. ત્યારે પરમાત્માના શિષ્ય ભગવાન સ્વયં પ્રકાશ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંગલાચરણનો શ્લોક બોલ્યા. "શ્રીમદ્ બ્રહ્મપુરાધિષોડક્ષરપતિઃ સર્વાવતારેશ્વરો, મુક્તબ્રહ્મનિષેવિતાંડઘ્રિ યુગલો રાધારમેશેશ્વરઃ યશ્ચાડસંખ્યનારાયણધિ વસતિ, શ્રીકૃષ્ણ કૃષ્ણેશ્વરઃ સોડયં કૃષ્ણનારાયણોડસ્તુ સુખદઃ સૌરાષ્ટ્ર ધામેશ્વરઃ" અર્થ - સર્વ અવતારોના અવતારી અક્ષરધામના અધિપતિ જે મુક્ત અને બ્રહ્મથી સેવાયેલા છે, જેના ચરણ રાધા-રમા, લક્ષ્મી, ઈશ્વર, અસંખ્ય નારાયણો વાસ કરે છે. અનંત કૃષ્ણના કૃષ્ણ સૌરાષ્ટ્ર ધામના ઈશ્વર તે આ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અમોને સુખકારી થાવ. જે પ્રગટ પ્રભુએ પૃથ્વીમાં વિચરી દૈત્યોનો નાશ કરી અનેક રાજાઓનો મોક્ષ કર્યો. કરોડો, અબજો સતી સાધ્વીઓના પતિ, નરનારીઓના પાપને બાળીને જીવાત્માઓનું કલ્યાણ કરનારા, જે લક્ષ્મીનારાયણ સંહિતાનું દૈવત છે. એવા કુંકુમવાપીના સૂર્ય જય પામો.

આ રીતે મંગલાચરણ કરી વક્તા સ્વયંપ્રકાશે લક્ષ્મીનારાયણ સંહિતાને નમસ્કાર કરી, કંભરાલક્ષ્મીને ગોપાલકૃષ્ણને નમસ્કાર કરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણને હૃદયમાં રાખી કથા વાંચવાનો આરંભ કર્યો. કથાના મધ્યે, અંતે અનાદિશ્રીકૃષ્ણનારાયણના ધૂન-કિર્તન થતા હતા. રાયહરિ, ભાણવાણી વગેરે પ્રેતો કથા સાંભળીને પ્રસાદી અન્ન, જલ ગ્રહણ કરતા હતા. તે સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણે પોતાના એકવીસમાં જન્મજયંતિ મહોત્સવમાં પોતાનું એક સ્વરૂપ કુંકુમવાપી રાખી. બીજે સ્વરૂપે ત્યાં વિમાનમાં બેસી તે કથા મંડપમાં બધાને દિવ્ય દર્શન આપ્યા. બધાએ પ્રભુને અબીલ-ગુલાલ, કંકુ, અક્ષતથી વધાવ્યા, પૂજા કરી, આરતી, સ્તુતિ કરી. ચંદ્રેશ્વરી, દિનેશ્વરીએ પણ પ્રભુને ચાંદલો કરી હાર પહેરાવી પૂજા કરી.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ તે કથા મંડપમાં ઉપદેશ આપ્યો. હે ભક્તો, હું તમારી ઉપર કૃપા કરીને અક્ષરધામથી અહીં માનવરૂપ ધરીને તમને સુખ, લાભ આપવા આવ્યો છું. જે લક્ષ્મીનારાયણ સંહિતા કથા વાંચશે, સાંભળશે તેનો હું ઉદ્ધાર કરીશ. કર્મફળમાં બંધનનું નિયમ છે. પણ મારી કૃપાનો કોઈ નિયમ નથી. કૃપા અને પ્રસન્નતાથી જ કલ્યાણ થાય છે. લક્ષ્મીનારાયણ સંહિતા, સાધુ તથા પ્રતિમા આ ત્રણે મારી મૂર્તિઓ છે. ભક્તિ, ઉપાસના તથા દીક્ષા આ ત્રણે સ્વરૂપ મારા છે. તે છ સ્વરૂપે હું સદા રહેલો છું. જે મને જેવી રીતે ભજે છે તેને હું તેવી રીતે દર્શન આપું છું. જે પત્નીમાં લક્ષ્મીને દેખે છે. પતિમાં નારાયણ દેખે છે. પુત્રોમાં મારા પાર્ષદોને દેખે છે તે ઘરને હું અક્ષર માની વાસ કરું છું. મારી આજ્ઞાથી ભક્ત પ્રવૃતિમાં હોય કે નિવૃત્તિમાં તે મારામાં જ

વાસ કરે છે. પછી સાતમની સાંજે ધૂન, કિર્તન, જાગરણ કરી આસો વદ-આઠમ બ્રહ્મમુહૂર્તમાં સર્વે અવતારો, ઈશ્વરો, મુક્તો-મુક્તાનીઓ, લક્ષ્મી, દેવો, સિદ્ધો વગેરે પૂજા કરી, આરતી કરી, સ્તૂતિ કરીને ગયા. પછી સર્વેજનો ત્યાં પ્રગટ પ્રભુની પૂજા કરવા આવ્યા. ષોડ્શોપચારથી પૂજા કરી, આરતી કરી, સ્તૂતિ કરી. પછી રાજા-રાણી પૂજા કરવા આવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણને સોનાનો મુગટ, કુંડળ, ટુપિયો, કંઠી, ચેન, મગમાળા, હાર, હીરા મોતીના હાર, કંદોરો વગેરે ધારણ કરાવ્યા. સોનાના બાજુબંધ, કડા, પોંચી, વેઢ, વિંટીઓ, સોનાના તોડા, ઘૂઘરીવાળા સોનાની ચાખડી પહેરાવી. પુષ્પોના હાર, અતર, સુગંધીમાન ચંદન, કેશર-કસ્તુરીથી પૂજા કરી. મહા આરતી ઉતારી.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, તે સમયે દિનેશ્વરી પોતાનો પતિ રાયહરિ તથા ભાણવાણી શાપથી રાક્ષસ જેવા થયેલા તેની ઉપર કૃપા, દયા કરવા પ્રભુને પ્રાર્થના કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણે કોટીરાય રાજાનો કહ્યું, તમે બંને શાપિતને અહીં લાવો. રાયહરિ તથા ભાણવાણીનો પ્રભુ પાસો લાવ્યા. બાલકૃષ્ણ પ્રભુએ તો બંનોનો "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" મંત્ર આપી પોતાનું ચરણામૃત પાયું. બંને માનવઆકૃતિમાં દિવ્યપણાને પામ્યા, શાપમુકત થયા. પછી સિંધુ પ્રદેશના લાખો માનવોને દર્શન, સ્પર્શ આપવા માટે ભગવાને લાખો સ્વરૂપ ધારણ કરી બધાને મંત્ર આપ્યા. "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" આ મંત્ર આપી ઉપદેશ આપ્યો કે, જે ગૃહસ્થના ઘરમાં પ્રભુની પૂજા થતી હોય તે નર-નારી, સાધુ-સાધ્વી છે. જે રાજા-રાણી ભગવાનની, સાધુની પૂજા કરે તો તે રાજા-રાણી પણ સાધુ-સાધ્વી છે. ધનવાનો જો શ્રીહરિને સેવે તો સાધુ છે. નારાયણરૂપી ધન જેની પાસે છે તે સાધુ, શ્રીહરિ પાસે જેનું આસન તે સાધુ, શ્વાસ લેતા ભગવાનને સંભારે તે સાધુ, દરેક ક્રિયામાં પ્રભુને પાસે રાખે તે સાધુ. પછી કથાના વક્તા સ્વયંપ્રકાશ આશીર્વાદ આપતા કહે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમારી પર પ્રસન્ન થાઓ. તમારા કામકાજ બધા ભગવાનમય બનો. આ સાંભળી સર્વજનો બાલકૃષ્ણની જય, અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય, અનાદિ ભગવાનની જય હો. એમ જય જયકાર કરવા લાગ્યા.

બદ્રીશ્વર પૂછે છે : હે નરનારાયણ પ્રભુ, બીજે સ્વરૂપે ભગવાન કુંકુમવાપી હતા ત્યાં ઉત્સવ કેવો થયો ? નરનારાયણ કહે : અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે અનેક સ્વરૂપે થયા અને લોમશઋષિ સ્વયંપ્રકાશ વગેરેએ અનેક સ્વરૂપ ધારણ કર્યા. પ્રભુના જન્મજયંતિ મહોત્સવમાં ધામધામના વાસી, અવતારો, પાર્ષદો, મુક્તો, ઈશ્વરો, દેવો સર્વે આવી સવારમાં અભિષેક કરી વસ્ત્ર, અલંકારો ધારણ કરાવી, ચંદન, પુષ્પોથી પૂજા કરી, આરતી ઉતારતા

હતા તથા સૌરાષ્ટ્રના ભક્તો પણ પ્રગટ પ્રભુની મહાપૂજા કરી આરતી ઉતારી સ્તૂતિ કરતા હતા.

પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વત્ર રહેલા છે, જે ભક્ત ભગવાનને સંભારે તેની પાસે જ ભગવાન રહે છે. ભક્ત સદાચારી હોય કે દૂરાચારી હોય, નર-નારી નપુંસક ગમે તે હોય, દેવ-દૈત્ય, રાક્ષસ, નાગ, પક્ષી, પશુ ગમે તે હોય પણ સતત ભગવાનનું નામ સ્મરણ કરનારા પાસે ભગવાન રહે છે, ભક્ત ભગવાનને પ્રિય છે, ભક્ત પ્રભુને પ્યારો છે. આ પૃથ્વીમાં કરોડો પ્રકારના કામકાજ કળાઓ છે. તે સર્વે જાણે પણ જો તેને પ્રભુની ભક્તિ હોય તો તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. આખા બ્રહ્માંડનું જાણે પણ જો ભગવાનની ભક્તિ ન હોય, સેવા રહિત હોય તો તેની ઉપર પ્રભુ પ્રસન્ન થતા નથી. આ રીતે લોમશ ઋષિએ સર્વને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો અને ઉપદેશ આપ્યો કે, પ્રગટ પ્રભુનું ભજન કરજો, હૃદયમાં રાખજો, તમારું કલ્યાણ થશે.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, નોમને દિવસે સિંધુ પ્રદેશના રાજાઓએ, પ્રજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી અનેક ભેટો મૂકી, પછી લક્ષ્મીનારાયણ સંહિતાના વક્તાનું પૂજન કરી, આરતી ઉતારી ત્યાં કચ્છ દેશના રાજા માધવરાય આવ્યા. તેણે પોતાને ત્યાં પધારવા પ્રાર્થના કરી. પ્રભુએ ભૂજને પવિત્ર કરવા વિમાનમાં બેસી નારાયણ સરોવરમાં સ્નાન કરી, પવિત્ર કર્યું. ત્યાં શંકર-પાર્વતી દર્શને આવ્યા. પ્રભુને દંડવત, નમસ્કાર કર્યા. પ્રભુ બોલ્યા, આજથી આ લક્ષ્મીનારાયણ સંહિતા, શ્રીસરથી પ્રસિદ્ધ થશે તથા કોટીશ્વર-વિષ્ણુ, શિવ, સરસ્વતી વગેરેના તિર્થો કર્યા. તથા શબલાશ્વ હર્ષશ્વ આ બ્રહ્માના માનસ પુત્રોનો મોક્ષ કરી ભૂજ માધવરાય રાજાના કુટુંબને પવિત્ર કરી મંત્રોપદેશ આપી કલ્યાણકારી કુંકુમવાપી પધાર્યા.

અધ્યાય - ૪૬

❖ ઘોતિકા કંસારી, કુંભારભક્ત કુટુંબ અને રંજનકોવિદ નાટ્યકારની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ઘોતિકા કંસારી તે કથા મંડપ કાયમ વાળી વ્યાસાસન પાથરતી. તે હરે કૃષ્ણ, બાલકૃષ્ણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ, પુરુષોત્તમ એમ ભજન કરતી. લક્ષ્મીનારાયણ સંહિતા કથાના શ્રવણથી તથા પૂજનથી તથા વ્યાસની સેવાથી એકાદશીને દિવસે ધૂન-કિર્તન કરતી હતી. તે સમયે વિમાન આવ્યું. તેમાં બસી ઘોતિકા ધામમાં ગઈ.

લક્ષ્મીનારાયણ સંહિતાની કથામાં કુંભારભક્ત કુટુંબ બધાને પાણી પાતા હતા. એકાદશીએ સાંજે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ધૂન-ભજન કરતા હતા. પ્રભુ પોતે વિમાન લઈને આવ્યા. તે બધા કુંભાર ભક્તના સ્થૂળ દેહને દિવ્ય બનાવી વિમાનમાં બેસાડી ધામમાં લઈ

ગયા. સોની સ્ત્રી અંબાલિકા તથા વિનોદિ એકાદશીએ રાત જાગરણ કરી કિર્તન કરતા હતા. પ્રભુ વિમાન લઈ આવ્યા. તેના સ્થૂળ દેહ અદૃશ્ય થયા, દિવ્ય દેહે વિમાનમાં બેસી રાધા, રમા સમાન બની બંને ધામમાં ગઈ.

બારસને દિવસે સવારે રંજનકોવિદ નાટ્યકારે લક્ષ્મીનારાયણ સંહિતાની પૂજા કરી, આરતી કરી ત્યાં તેને સમાધિ થઈ અને તે ધામમાં ગયો.

રામસુંદર વિપ્રે લક્ષ્મીનારાયણ સંહિતા અને વ્યાસની સ્તુતિ કરી, ત્યાં તેના પ્રાણ બ્રહ્મરંધ્રમાંથી નીકળી ગયા અને તે ધામમાં ગયો.

અધ્યાય - ૪૭, ૪૮

❖ ક્ષારપુરના રાજા-રાણી, સોમિકા ગણિકા તેમજ મદ્યપાની મિષ્ટાશવની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ક્ષારપુરના રાજા-રાણી તથા તેની હજારો પ્રજા કાર્તિક સુદ બારસે સવારે લક્ષ્મીનારાયણ સંહિતાની વ્યાસની પૂજા કરી સ્વયંપ્રકાશ વ્યાસ પાસેથી "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમઃ" મંત્ર લઈ માળા ફેરવતા હતા. તેમણે કથા સાંભળી, આરતી કરી, પ્રસાદી લીધી ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પણ વિમાન લઈ આવ્યા અને કહ્યું, જેને ધામમાં આવવું હોય તે તૈયાર થઈ જાવ. રાજા-રાણી, હજારો પ્રજા તે સર્વે વિમાનમાં બેસી ધામમાં ગયા. જે ભગવાન ક્રિયાસાધ્ય છે તે આજે કૃપાસાધ્ય થયા છે.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, શંકરાપુરની ગણિકા સોમિકા તેની પાંચ પુત્રી તથા બીજી ગણિકાઓ સર્વે લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળી પછી લોમશ ઋષિ પાસેથી એકટાણું જમવું તથા મદ્યમાંસના ત્યાગનો નિયમ લીધો, પછી લોમશ ઋષિએ તેમને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ પતયે સ્વાહા" મંત્ર આપ્યો. તેનું ભજન-ભક્તિ કરી શુદ્ધ થઈ તે ગણિકાઓ સ્તુતિ કરવા લાગી, હે પ્રભુ અમને તમારા ધામમાં લઈ જાઓ. પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી. પોષ સુદ-એકાદશીએ વિમાન લઈ આવ્યા અને ગણિકાઓને ધામમાં લઈ ગયા. (પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણાં, ગીધ ગણિકા કપીવૃંદ કોટી)

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, બિલ્વપત્રનો મિષ્ટાસવ દારૂ વેચનારો, પીનારો તેના કુટુંબ સહિત કથામાં આવતો હતો. તેને રસ્તામાં લૂંટારાઓએ લૂંટી લીધો. તેથી પાછા ઘરે જવાનો વિચાર કરી વૃક્ષ નીચે બેઠો. ભગવાનની સ્તૂતિ કરી. હે પ્રભુ, અમે તમારે દર્શને આવતા રસ્તે લૂંટાયા. હવે રક્ષા કરો. તે સમયે અનાદિશ્રીકૃષ્ણનારાયણ શેઠનું રૂપ લઈ સાથે ઊંટ, ઘોડા રસાલા સાથે આવ્યા અને જમવાનું આપ્યું અને પૂછ્યું ક્યાં જવું છે. મિષ્ટાસવ કહે, કથામાં જવું છે. શેઠ કહે, અમારે પણ કથામાં જવું છે. માટે ચાલો. અમારી

સાથે શેઠે બધાને ખાવા-પીવામાં સાચવ્યા. શર્કરાનગરમાં આવ્યા પછી શેઠ કહે, હવે તમે જાવ. અમે નિરાંતે વિશ્રામ કરીને આવશું. મિષ્ટાસવે જોયું ત્યાં ઊંટ, ઘોડા, રસાલો શેઠ કોઈ ન મળે. તે મિષ્ટાસવ કુટુંબ સહિત કથા મંડપમાં જઈને લક્ષ્મીનારાયણ સંહિતાની પૂજા કરીને વ્યાસની પૂજા કરી, કથા સાંભળી, આરતી ઉતારી પ્રસાદ જમ્યા. લોમશઋષિ પાસે "અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" મંત્ર લીધો અને ભજન કરવા લાગ્યા. સેવા કરતા પ્રભુને પ્રાર્થના કરી, હે પ્રગટ પ્રભુ અમે મહાપાપી છીએ, તમારે શરણે આવ્યા છીએ. અમારો ઉદ્ધાર કરજો, તમે શરણાગતના રક્ષણ કરનારા છો. સ્તુતિથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ તરત જ કૃપા કરી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. ત્યાં સર્વે ભક્તોને દર્શન થયા અને બોલ્યા, અહો પ્રભુ તમારી દયાથી પાપીનો પણ ઉદ્ધાર થયો.

અધ્યાય - ૪૯, ૫૦, ૫૧

❖ યાસ્કવાદ - ગંડવાતા, શુદ્રી દ્વિવદંતી અને સુરપ્રસાદ વિપ્રની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, કાલાંત ગામના યાસ્કવાદ અને તેની પત્ની ગંડવાતા. તે લોઢાના યંત્રો બનાવતા હતા. તેણે કથાની વાત સાંભળીને ત્યાં દર્શને જવા વિચાર કર્યો. કુટુંબને, ગામના સંઘને બોલાવી કથામાં જવા તૈયાર કર્યા. રસ્તામાં ભજન કરતા, કથા મંડપમાં પહોંચ્યા. ત્યાં લક્ષ્મીનારાયણ સંહિતાની પૂજા કરી. વ્યાસ સ્વયંપ્રકાશની પૂજા કરી, આરતી ઉતારી, કથા સાંભળી. પ્રસાદ, ચરણામૃત જમ્યા. લોમશઋષિ પાસે "બાલકૃષ્ણ પરબ્રહ્મ મમવૈ શાશ્વતપતિ, પિતા બંધુ સૃહદમિત્ર રક્ષકઃ પાલકોસ્તુસઃ" મંત્ર ગ્રહણ કરી ભજન કરતા તેમજ કથામાં સંહિતામાં, જપમાં રહેલા સાધુ-સાધ્વી, બ્રાહ્મણ, બ્રહ્મચારી, યતિ, સન્યાસી, અતિથિ ગરીબોને બધાને જમાડી દાન કરતા હતા. તેની ભક્તિથી પ્રસન્ન થયેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિમાન લાવી તે દંપતીને તથા હજારો સંઘના ભક્તો અને નર-નારીઓને દિવ્ય સ્વરૂપ ધારણ કરાવી પરમધામમાં લઈ ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, શર્કરાનગરમાં શૂદ્રી દ્વિવદંતી વિપ્ર, સાધુ, ગુરુ, યતિ, બ્રહ્મચારી, અતિથિ, મંદિર બધાની નિંદા કરતી તેથી તેના પતિએ કહ્યું, તું લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વંચાય છે, ત્યાં જા. જેથી તારી બુદ્ધિ સારી થાય અને કોઈની નિંદા કરી તો જમના દૂતો તેને ખૂબ દંડ દેશે. સ્ત્રી કહે, કથા ખોટી, ખોટા જમ દેખાતા નથી. માટે એ તો બિવરાવવાની વાતો છે. ત્યાં તો તરત જ જમદૂતો દેખાયા. કાળા પર્વત જેવાં, મોટાં માથાવાળા હાથમાં લોઢાના હથિયારો મારવા માટે આવ્યા. તે સ્ત્રી જોઈને જ ભયભિત થઈ, ઝાડો, પેશાબ થઈ ગયો. રાડો પાડવા લાગી. યમદૂતોએ માર માર્યો. શૂદ્રી બધાની નિંદા શું કામ કરે છે ? ત્યાં ભક્તો હતા તેને જોયું અને દ્વિવદંતીને કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિનારાયણ ભજન કર તો જમથી મુકાઈશ. તેણે ભજન કર્યું.

તેથી યમદૂતો ચાલ્યા ગયા. ત્યારે તેણે જાણ્યું કે, જેના નામમાં બળ ચમત્કાર આટલો છે તો તેની કથામાં કેટલું ઐશ્વર્ય હશે. પછી તે કથામાં ગઈ. એક માસ કથા સાંભળી, મંત્રોપદેશ લીધો પછી ધૂન, ભજન, સેવા, ભક્તિ, નિયમ, ધર્મપાલન કરીને ભગવાનને રાજી કર્યા. તેથી પ્રભુ કૃપા કરી ધામમાં લઈ ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ખનીપુરમાં એક વિપ્ર વૃદ્ધ માતા-પિતાના પુત્ર સુરપ્રસાદે માતા-પિતાની સેવા ન કરી. તેથી તેને ગુરુ પાસે ભણવા મૂક્યો. ત્યાં વિદ્યા તો ભણ્યો પણ અભિમાન આવ્યું. મારા જેવો પંડિત કોઈ નથી, ગુરુ પણ મારા જેટલું નથી ભણ્યા. અભિમાન સાત્વિક બુદ્ધિનો નાશ કરી ભક્તિ માર્ગથી પાડી નાખે છે. તેણે તામસી બુદ્ધિથી ગુરુની હત્યા કરી નાખી. એકસો સ્ત્રીની હત્યા કરે તે ગુરુહત્યા સમાન પાપ થાય. સો માછલાં મારે તો એક બાળહત્યા સમાન પાપ થાય. સો વૃક્ષ કાપે તો એક માછલાની હત્યા સમાન પાપ થાય. સો ખડના થુંબડા કાપે તો એક વૃક્ષ કાપ્યા સમાન પાપ થાય. ગુરુહત્યા સમાન કોઈ પાપ છે જ નહિ. ગુરુ આલોક-પરલોક બંને સુધારનારા છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, રિદ્ધિ-સિદ્ધિ સર્વ આપનારા છે. ગુરુથી પરબ્રહ્મ અલગ રહી શકતા નથી. તે સુરપ્રસાદ વિપ્ર વનમાં રખડતો કથામાં આવ્યો. બધા સંતો, ભક્તો, ઋષિમુનિઓના દર્શન થયા. બુદ્ધિ નિર્મળ થઈ. લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળી. લોમશ ઋષિ પાસે પોતાનું વૃત્તાંત નિષ્કપટપણે કહ્યું. લોમશ ઋષિએ "ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" મંત્ર આપ્યો અને બ્રહ્મકુર્ચવ્રત પ્રાયશ્ચિતમાં કરવાનું કહ્યું. તેણે સાત દિવસ વ્રત કર્યું. રાત્રી-દિવસ ભજન-ભક્તિ કર્યા. માઘ સુદી એકાદશીએ સાંજે વ્યાસની પૂજા કરી ધૂન-કિર્તન કરતો હતો ત્યાં તેને સમાધી થઈ ગઈ. દેહ પડી ગયો ત્યાં વિમાન આવ્યું તેમાં બેસીને ધામમાં ગયો. જોનારા ભક્તો બોલવા લાગ્યા, અહો પ્રભુ તમારી કૃપાનો કોઈ પાર નથી.

અધ્યાય - ૫૨ થી ૫૫

❖ નાગવિક્રમ રાજા, શાલમિત્ર રાજા અને યુદ્ધપતનના રાજાની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, વિક્રમપુરનો રાજા નાગવિક્રમ હતો. તે આસ્તિક હતો પણ બધી લડાઈમાં હાર્યો. માનતા કરવા છતાં હાર્યો. એટલે નાસ્તિક થયો. દેવ-મંદિર, સાધુ, ધર્મશાસ્ત્રો, વ્રત, નિયમ બધું ખોટું છે. એમ કહી પોતાના વિસ યોદ્ધા લઈ લડવા ગયો. ત્યાં શાર્દુલ રાજાએ બધાને પકડીને જેલમાં રાખ્યા. તે બધા લડાઈમાં ઘાયલ થયા હતા. બધાનો દ્રોહ, નિંદા કરી તેના પરિણામે કોઈ લુલા, લંગડા થયા. તે બધા જેલમાંથી છૂટીને કથામાં ગયા. લોમશ ઋષિ પાસેથી મંત્રોપદેશ લઈ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી પ્રસાદી, ચરણામૃત લઈ નિષ્પાપ થઈ અંતે ધામમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, શાલમિત્ર રાજા ધર્મપરાયણ, ભક્તિવાળો હતો. તેણે દરેક મંદિરોમાં આજીવિકા બાંધી હતી. એકવાર દેવપૂજા બરાબર થાય છે કે કેમ તે જોવા નીકળ્યો ? કોઈ મંદિરે વિધિ પ્રમાણે પૂજા થતી હતી. કોઈ મંદિરમાં પૂજારી વિધિ નિષેધની કોઈ મર્યાદામાં ન હતા.

જે પુજારી પવિત્ર રહી મંદિર સાફ રાખે ત્યાં દેવનો વાસ રહે છે. જ્યાં નિસ્વાર્થ ભાવે પૂજા થાય, ભક્તને શાંતિ અને સુખ થાય, જ્યાં ધૂન-કિર્તન, સત્સંગ, પૂજા, આરતી સમય પ્રમાણે રાજભોગ થાય ત્યાં દેવો વાસ કરે છે. સમય ઋતુ પ્રમાણે ફળ, મેવા, મીઠાઈ, વસ્ત્ર, વાઘા, ઘરેણા, ફૂલ શણગાર વગેરે થાય, ત્યાં દેવો વાસ કરે છે. જ્યાં મદ્યમાંસ ભોજન થતા હોય, જ્યાં વિધિ નિષેધ ન હોય ત્યાં દેવો વાસ કરતા નથી. જ્યાં પવિત્રતા નથી જ્યાં સમય પ્રમાણે સેવા થતી નથી. ભગવાનના ઉપયોગી પાત્રો સાફ રહેતા નથી. જ્યાં આદર ભાવના સત્કાર નથી ત્યાં દેવો વાસ કરતા નથી.

તે રાજાએ જ્યાં પૂજા-નિયમથી થતી નહીં ત્યાં તે મંદિરની બ્રાહ્મણ આજીવિકાવ્રત બંધ કરી તે પાપે રાજાને જલોદરનો રોગ થયો. દવા કરી છતાં મટે નહિ. તેણે કથાનો મહિમા સાંભળ્યો. તેથી ત્યાં જઈ લક્ષ્મીનારાયણ સંહિતાની વ્યાસની પૂજા કરી, કથા સાંભળી. લોમશ ઋષિ પાસે મંત્ર લીધો. કથાના અંતે ભોજન પ્રસાદ લીધો. ધૂન-કિર્તન કર્યા. સંતો ભક્તોને જમાડ્યા. દાન-પુણ્ય કર્યા તેથી રોગ નષ્ટ થયો. ત્યારબાદ પોતાના પુત્રને ગાદી આપી. રાજા-રાણી પ્રગટ પ્રભુની ભક્તિ કરી ફાગણ સુદ-એકાદશીએ ધામમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, પોતાને સાસરો ન થવું પડે અને પુત્રને સાળો ન થવું પડે તેથી યુદ્ધપુરના રાજાએ પોતાની કન્યાને ઝેર આપ્યું મારી નાખી. તે જ સમયે જીવનાયન સાધુ આવ્યા. તેમણે જોળીમાંથી ગુટીકા કાઢી દવા આપી ઝેર ઉતાર્યું પછી સાધુએ રાજાને કહ્યું : કન્યા હત્યાનું પાપ તને લાગશે. ત્યાં તો યમદૂતો આવ્યા. રાજાને મારવા માંડ્યા. રાણીએ સાધુના ચરણ પકડી પ્રાર્થના કરી, તમે ભગવાન છો માટે મારા પતિને યમદૂતથી છોડાવો. સાધુએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. ધૂન કરવા કહ્યું. પછી રાજા-રાણીએ નામ સ્મરણ કર્યું. તેથી યમદૂતો ચાલ્યા ગયા. આ રીતે સાધુના સંગથી રાજા પાપથી યમદૂતોથી મુકાયો.

તે સાધુના ચમત્કારથી ગામના બધા જનો આવ્યા. સાધુએ બધાને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ઉપદેશ આપ્યો. હરેકૃષ્ણ બાલકૃષ્ણ સ્વામિનારાયણ પ્રભુ ધૂન કરાવી કહ્યું કે, મનુષ્ય જન્મમાં મોક્ષ મેળવી લેવો. અત્યારે લક્ષ્મીનારાયણ સંહિતાની કથા દ્વારા લાખો માનવોનો મોક્ષ થાય છે. માટે સર્વેને કલ્યાણ કરવું હોય તો ચાલો કથામાં. તે સાધુની આજ્ઞાથી રાજા-રાણી, પ્રજા સર્વે ધૂન કરતા સિંધુમાં સ્નાન કરી, કથા મંડપમાં

આવ્યા. ત્યાં લક્ષ્મીનારાયણ સંહિતાની પૂજા કરી. વ્યાસની પૂજા કરી, સર્વે ઋષિ-મુનિઓના દર્શન કર્યા. પછી તે રાજાએ ત્યાં યજ્ઞ કર્યો. દાન આપ્યા. સર્વે સંત ભક્તો ઋષિ-મુનિઓને જમાડ્યા. પછી તે રાજા-રાણીએ મોટા પુત્ર નાગવિક્રમને ગાદી આપી અને એક કુમાર, એક કુમારીને ત્યાગી દીક્ષા આપી સ્વયંપ્રકાશયોગી પાસે રાખ્યા. પછી રાજા-રાણી પ્રગટ પ્રભુની ભક્તિ કરી ફાગણ સુદ એકદશીએ ધામમાં ગયા.

અધ્યાય - ૫૬, ૫૭, ૫૮

❖ અનંગવલ્લરી ગણિકા, ષંઢવૃજ નપુંસક, યવસંઘ હિંસકની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, શર્કરાપુરની અનંગવલ્લરી ગણિકા હતી. તે ગર્ભ હણનારી, બાળહત્યા કરનારી, મહાપાપી હતી. તે કથાના ચમત્કારો સાંભળી કથા મંડપમાં જઈને બધા વૈષ્ણવ ભક્તોના દર્શન કર્યા. કથા સાંભળીને લોમશ ઋષિને પોતાનું પાપ કહ્યું. લોમશ ઋષિએ બ્રહ્મકુર્ચ વ્રત સાત દિવસ કરવા કહ્યું. તેણે વ્રત કરી એક માસ સેવા કરી. લોમશ ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. ગણિકાએ કહ્યું, સ્ત્રીઓનો મોક્ષ ભગવાન કે ગુરુ વિના કોઈ ન કરી શકે. માટે ગુરુ મારા જેવી બસ્સો છે, તેનો પણ તમે મોક્ષ કરો. પછી લોમશ ઋષિ પાસે બસ્સો ગણિકાને બોલાવી મંત્રોપદેશ અપાવી ભક્તિ કરીને અંતે પ્રગટ પ્રભુના પ્રતાપે ગણિકા ધામમાં ગઈ. આ રીતે પ્રગટ ભક્તિ અપરંપાર છે.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, શર્કરાનગરમાં ષંઢવૃજ નામે એકસો નપુંસકોનો ગુરુ હતો. તેણે કથાનો મહિમા સાંભળ્યો. તેથી સર્વે કથામાં આવી તાલી બજાવી, વાજિંત્ર વગાડી નાચવા લાગ્યા. ધૂન કરી સર્વેને રાજી કર્યા. પછી લક્ષ્મીનારાયણ સંહિતાની વ્યાસની લોમશ ઋષિની પૂજા કરી પછી ષંઢે પૂછ્યું, આવો જન્મ કેવા કર્મથી મળે છે ? લોમશ ઋષિએ કહ્યું, કોઈની રતિક્રિડાનો ભંગ કરવાથી, વાછડાને બળદ બનાવવાથી, અભિચાર કરનારને, ગર્ભ હણનારને, લિંગભંગને બંધ કરનારને ષંઢના જન્મને પામે છે. પછી લોમશ ઋષિએ બધાને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. બધા પ્રગટ ભગવાનનું ભજન કરી દિવ્યતાને પામ્યા. કથા સાંભળી ભક્તિવાળા થયા. તેની પર પ્રસન્ન થયેલા ભગવાન વિમાન લઈને મુક્ત સ્વરૂપો ધારણ કરી ધામમાં લઈ ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, કરાંચીપુરમાં યવસંઘ હિંસક ગાયનો ઘાતકી કુકડા, ઈંડા ખાનારો કથાની વાત સાંભળીને સભામંડપમાં આવીને વ્યાસની પૂજા કરી લક્ષ્મીનારાયણ સંહિતાની પૂજા કરી. તે સમયે તેને કથાના વક્તા વ્યાસમાં લક્ષ્મી અને નારાયણના દર્શન થયા. પછી કથા સાંભળી કથાને અંતે પ્રસાદી ભોજન લઈ તેણે લોમશઋષિ પાસે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લીધો. લોમશઋષિએ તેને બ્રહ્મકુર્ચવ્રત કરવાનું કહ્યું. તે વ્રત કરી પવિત્ર થયો. પછી ભક્તિ કરી ભગવાનના ધામમાં ગયો.

અધ્યાય - ૫૯, ૬૦, ૬૧

❖ ભંડશીલ ભાંડ, હરિવીર મલ્લ, નાગાદ વાદીની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, દ્વારમૃતપુરમાં ભંડશીલ દોઢસો ભાંડનો મોટેરો હતો. તે આવો કથાનો ચમત્કાર જોઈને બધા ભાંડને લઈ કથામાં આવ્યો. સભામાં નૃત્ય કર્યું. કિર્તન કર્યા, કથા સાંભળી બધા સંતો, ભક્તોના દર્શન કર્યા. લોમશ ઋષિએ બધાને "ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા" મંત્ર આપ્યો. સૌએ ચૈત્રવદી એકાદશીએ જાગરણ કરી કિર્તન ઉત્સવ કર્યો. રાત્રે બધાને સ્વપ્ન આવ્યું. અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિમાન લઈ આવ્યા. બધાને દિવ્ય દર્શન થયા. સવારે લોમશ ઋષિએ કહ્યું, તમે બધા નિષ્પાપ થયા. તમારી ભક્તિથી ભગવાન પ્રસન્ન થયા. પછી તે ભાંડ ભક્તોને બારસને દિવસે પ્રગટ પ્રભુએ દિવ્ય ગતિ આપી.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, શ્રીકારનગરમાં હરિવીર આદી પાંચસો મલ્લો હતા. તે કથાનો દિવ્ય અલૌકિક મહિમા સાંભળીને સર્વે કથામાં દર્શને આવ્યા. લક્ષ્મીનારાયણ સંહિતા વ્યાસની લોમશઋષિની પૂજા કરી કથા સાંભળી. પ્રસાદ-ભોજન લીધા. સંતો-ભક્તોની સેવા કરી. ચૈત્ર અમાસે પ્રગટ પ્રભુ વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. તે કથામાં શિકારી તથા કિરવણ વાઘરી તે સંતો ઋષિમુનિ, ભક્તોને દાતણ પાણી આપતો તથા માટી લાવી આપતો. તેને લોમશ ઋષિ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી ભજન ભક્તિ કરાવતા હતા. તે બધા ભક્તોને કથા-શ્રવણના પુણ્યથી, સેવાથી, ભક્તિથી પ્રગટ પ્રભુ પ્રસન્ન થઈને વિમાનમાં બેસાડીને ધામમાં લઈ ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, લીનક્ષાર ગામનો નાગાદ નામે વાદી તથા તેનું કુટુંબ તે કથા મંડપ પાસે ખેલ કરીને કમાણી કરતો. એક દિવસ સભામાં બધાને સર્પ, નોળીયાની લડાઈ બતાવી. તેથી સાધુએ વાદીને પ્રસાદી આપી જમાડ્યો તેથી બુદ્ધિ નિર્મળ થઈ માટે રોજ કથા સાંભળી લક્ષ્મીનારાયણ સંહિતા વ્યાસની લોમશ ઋષિની સંતોની પૂજા કરતો. પછી લોમશ ઋષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. ભજન કરાવી મોક્ષમાં મોકલ્યો.

એક વ્યાયામ તથા પશુ-પક્ષીના ખેલ બતાવનારો કથા શ્રવણથી, સાધુની સેવા કરી લોમશ ઋષિ પાસેથી મંત્ર લઈ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરી મોક્ષમાં ગયો.

અધ્યાય - ૬૨, ૬૩

❖ વિલાસદેવ વિપ્ર, પ્રધાન વિપ્ર અને ધર્મભટ્ટ વિપ્રની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, લાલાખાનપુરનો વિપ્ર વિલાસદેવ, રાજાનો પ્રધાન હતો. તેણે પ્રજા પાસેથી અનિતીથી લાંચ લઈ લાખો રૂપિયા ભેગા કર્યા, પણ લોભી હતો તેથી દાન-પુણ્ય વ્રત કાંઈ કરતો નહિ. એક દિવસ તેનું ધન ઘરમાં વીંછી થઈ ચાલવા માંડ્યું. તેથી વિપ્ર કુટુંબને ઘરનો ત્યાગ કરવો પડ્યો. પછી ઘણો અફસોસ થયો. અરે, મેં અન્યાયથી ધન મેળવ્યું પણ ધર્મકાર્યમાં ન વાપર્યું, ન ખાધુ ન પીધું, ન ખાવા દીધું. અંતે નાશ થયું. હવે શું કરવું ? તેણે લક્ષ્મીનારાયણ સંહિતાની કથાની વાત સાંભળી. હવે તો ત્યાં જઈને આત્માનું શ્રેય કરી દઉં. એમ વિચારી કુટુંબ સહિત કથામાં આવ્યો. ત્યાં લક્ષ્મીનારાયણ સંહિતાની વ્યાસની કેસર-ચંદન, પુષ્પહાર, વસ્ત્ર, આભૂષણોથી પૂજા કરી, આરતી ઉતારી સંતો, ઋષિ-મુનિઓની પૂજા કરી બધાને જમાડ્યા, દાન કર્યા. કથા સાંભળીને તેને શાંતિ થઈ ગઈ. સ્થાનના મહિમાથી માયાજાળ લીન થઈ ગઈ. દર્શનના મહિમાથી મનનો મેલ ધોવાઈ ગયો. સત્પુરુષોના મહિમાથી વાસના લય પામી ગઈ. તેથી વિપ્ર કુટુંબને ત્યાગી દીક્ષા લેવાની ઇચ્છા થઈ. તેથી વ્યાસ સ્વયંપ્રકાશને કહ્યું. પછી વ્યાસે ત્યાગી દીક્ષાના મંત્રો આપ્યા. "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" એ ત્યાગી દીક્ષાના મંત્રો આપી તુલસી, કંઠી, માળા, જનોઈ આપી. પુરુષોને ભગવા ધોતિયા, ચાદરો આપ્યા અને સ્ત્રીઓને ભગવી સાડી, ઘાઘરી, પોલકું વગેરે આપ્યા તથા ઉપદેશ આપ્યો કે, ઉપવાસ તપ શ્રેષ્ઠ છે. તેથી શ્રેષ્ઠ બ્રહ્મચર્ય છે તેથી શ્રેષ્ઠ પ્રગટ પ્રભુની સેવા-ભક્તિ છે તે પરમધામ અપાવનારી છે. બ્રહ્મચર્યથી કામનાનો લય દોષનો નાશ કરવો. વાસનાનો લય થાય ત્યારે જીવાત્મા ચોરાસી અને જમપુરીથી મુકાય. અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરે ત્યારે મહાભાગવત ભક્ત બને. આ રીતે તે વિપ્ર કુટુંબ ત્યાગી દીક્ષા લઈ પ્રગટ પ્રભુની ભક્તિ કરી અંતે ધામમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, મહીરાયપુરીમાં પ્રધાન વિપ્ર અધર્મી, સર્વભક્ષી પ્રજાનું શોષણ કરતો. તેથી પ્રજા વિપ્ર જ્ઞાતિ પોતાનું કુટુંબ તેને ધિક્કારવા લાગ્યા. તે વૃદ્ધ થયો, અતિરોગી થયો તેથી કુટુંબ સહિત કથામાં આવ્યો. ત્યાં લક્ષ્મીનારાયણ સંહિતા વ્યાસની લોમશ ઋષિની પૂજા કરી લોમશ ઋષિ પાસેથી શરણમંત્ર, રક્ષણમંત્ર, બ્રહ્મમંત્ર, સર્વસમર્પણ મંત્ર, આત્મનિવેદી મંત્રો લઈ બ્રહ્મકૃર્ચવ્રત કર્યું અને પંચગવ્ય પીધું. કથા શ્રવણ કરી, ભોજન પ્રસાદ લીધો. પછી ભજન કરી ભગવાનનાં ધામમાં ગયો.

દર્દરપુરનો વિપ્ર ધર્મભટ, શિલયાનિ બંને દંપતી ધર્મવાળા, ભક્તિપરાયણ હતા. તે બંને હાથી લઈને કથામાં આવ્યા. વ્યાસને લોમશ ઋષિને હાથી પર બેસાડ્યા. પોતે લોમશ ઋષિને ચામર ઢોળતો હતો. શિલયાની વ્યાસને ચામર ઢોળતી હતી. તે દંપતીએ લક્ષ્મીનારાયણ સંહિતા વ્યાસની લોમશ ઋષિની પૂજા કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લીધો અને સંતો, ભક્તો, ઋષિમુનિઓને અતિથિને જમાડીને દાન આપ્યા પછી વ્યાસની લક્ષ્મીનારાયણ સંહિતાની આરતી ઉતારી સ્તૂતિ કરી, ભક્તિ કરી ચૈત્ર વદી બારસના દિવસે ધામમાં ગયા.

અધ્યાય - ૬૪ થી ૬૮

❖ મુકુંદ સાવિત્ર, વિશાલ વૈશ્ય, ચોર, ગોવાળ અને ભરવાડની કથા ❖

નરનારાયણ કહે છે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણ, તેની કથા, વ્યાસ લોમશ ઋષિ, સંતો, ભક્તોનો મહિમા કેટલો છે. જેના દર્શન, સ્પર્શ, પ્રસાદી, ચરણામૃતથી પાપી જીવ પણ પાવન થઈ પરમધામના અધિકારી થાય છે.

પ્રસેવન ગામનો ન્યાયાધીશ મુકુંદ સાવિત્ર તે પ્રજાના બંને પક્ષમાંથી લાંચ લેતો. એવા પાપથી તેને પક્ષઘાત થયો. તેણે કથા મહિમા સાંભળ્યો. તેથી કુટુંબ સહિત ત્યાં ગયો. લક્ષ્મીનારાયણ સંહિતાની વ્યાસની પૂજા કરી. આરતી ઉતારી, ત્યાં તેનો રોગ નષ્ટ થયો. તેણે તારત દંડવત કર્યા, સ્તુતિ કરી. લોમશ ઋષિ પાસે મંત્ર લીધો. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો લોમશ ઋષિએ ઉપદેશ આપ્યો કે, બધાનો ન્યાય કર્યો. પણ પોતાના આત્માનો ન્યાય ન કર્યો તો કાંઈ ન કર્યું. વાદ-વિવાદ કરી બધાને રાજી કર્યા પણ પ્રભુને પ્રસન્ન ન કર્યા તો કાંઈ ન કર્યું. સંપત્તિ, કુટુંબ, યશ, અધિકાર બધું મેળવ્યું પણ આત્મકલ્યાણ ન મેળવ્યું તો કાંઈ ન મેળવ્યું. આ ઉપદેશ ગ્રહણ કરી તે કુટુંબ પ્રગટ ભગવાનની ભક્તિ કરીને ધામમાં ગયું.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, સાકરદાનો વૈશ્ય વિશાલ રેળલેખ તાંબાના પતરા પર, વસ્ત્ર પર, તાડપત્ર પર લખતો.એ એક દિવસ ઘરમાં બેઠો હતો. ત્યાં કૂતરું આવી દૂધ પી એઠું કર્યું. તેણે લાકડી મારી તો કૂતરું મરી ગયું. તે બધાએ જોયું. તેથી પ્રાયશ્ચિત કરવાનું કહ્યું કે, એક માસ કથા સાંભળી, દાન, પુણ્ય, સાધુ ભોજન કરાવો તો પાપ ટળે. તેથી કુટુંબ સહિત કથામાં આવ્યા તથા કાયસ્થો આવ્યા તથા શાહવિલાપન રાજા કુટુંબ સહિત આવ્યા. તે બધાએ આવી લક્ષ્મીનારાયણ સંહિતાની વ્યાસની લોમશઋષિની પૂજા કરી, આરતી કરી, કથામાં બેઠા. કથાને અંતે ભોજન, પ્રસાદ લીધો. લોમશ ઋષિએ તે બધાને મંત્રો અને ઉપદેશ આપી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ધૂન, ભજન, ભક્તિ કરાવ્યા. તેની ભક્તિથી પ્રસન્ન થયેલા પ્રગટ પ્રભુ તેના પાપ બાળીને ચૈત્ર સુદ બારસના દિવસે વિમાન લઈને આવ્યા અને પરમધામમાં લઈ ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, દંડારણી ગામના હિંસક ચોર લોકો મરીને ગીધડાના જન્મને પામ્યા હતા. તે વડલા નીચે રહેતા, તે લક્ષ્મીનારાયણ સંહિતાની કથાના વ્યાસ લોમશ ઋષિ અને સ્વયંપ્રકાશ વગેરે સંતોની એઠી પ્રસાદી પતરાવળાની એઠી પ્રસાદી ગીધ ખાઈને ગીધના દેહ છોડી દિવ્ય દેહ ધારણ કરી વૈકુંઠમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ગાયો ચારનારો ગોવાળ દૂધની ચોરીથી બિલાડો થયો. કઠોલ વણિક વસ્ત્ર ચોરીથી શિયાળ થયેલો. તે સંતોની ઉચ્છીષ્ઠ પ્રસાદી જમી નિષ્પાપ થઈને સ્વર્ગમાં ગયા. ત્યાં શર્કરાનગરના બસ્સો કર્મચારીઓ તે કથા-શ્રવણથી, સંતોની સેવાથી, પ્રસાદીથી, ભક્તિવાળા થયા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ દિવ્ય વિમાન લઈને આવ્યા. બધાને પાણી છાંટી દિવ્ય દેહ ધારણ કરાવી ધામમાં લઈ ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, ગુંદા ગામનો ભરવાડ, બકરા ચારતો અને હિંસા કરતો અને તેમજ કોઈના ખેતરમાં ચારી જતો તેથી મરીને શકરો થયો. બકરા મરીને બધા ચકલા થયા. તે વૃક્ષમાં રહેતા અને કથામાં રહેલા સંતો-ભક્તોની એઠી પ્રસાદી જમી સ્વર્ગમાં ગયા. પછી લક્ષ્મીનારાયણ સંહિતાની કથાના શ્રવણથી મોક્ષમાં ગયા.

અધ્યાય - ૬૯, ૭૦, ૭૧

❖ સથવારા - લૂંટારા, કુશલા દાસી, સંઘવાટ શુદ્ર, સાગરદાન બારોટ અને કીરતાર ભાટની કથા ❖

નરનારાયણ ભગવાન કહે : હે બદ્રીશ્વરી, દશ સથવારા કપાસનો વેપાર કરતાં. તેમણે પોતાના શેઠને ગળે ટૂંપો દઈ મારી નાખી તેની સંપત્તિ લઈ લીધી. તે પાપે યમપુરીમાં દુઃખ ભોગવી દશ સથવારા હોલાના દેહને પામ્યા તથા કોળી જ્ઞાતિના લૂંટારા હતા. તે ચોરી કરી. મદ્યમાંસ ખાનારા, પરસ્ત્રીગમન કરનારા તે મરીને કાગડા થયા. તે સો કાગડા તથા હોલાઓ વ્યાસ સંતોની એઠી પ્રસાદી જમી દિવ્ય દેહને પામ્યા. પછી વ્યાસ સ્વયંપ્રકાશે અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. તે ધૂન-કિર્તન કરી કથા સાંભળી વ્યાસના આશીર્વાદથી વૈશાખ સુદ-ત્રીજના દિવસે ચતુર્ભુજ દેહ ધારણ કરી વૈકુંઠધામમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, રાયહરિની દાસી કુશલા તે ચોરી કરવાના સ્વભાવથી મરીને ગરોળી થઈ તથા સંઘવાટ શૂદ્ર તે બત્રીસ શૂદ્રો, ચોર લૂંટારાનો ઉપરી હતો. તે મરીને ઊંદરો થયા. તે સર્વ કથા મંડપમાં સંતો, ઋષિ મુનિઓની પ્રસાદી એઠી ખાઈને દિવ્ય દેહ પામ્યા. પછી કથા શ્રવણ કરીને લક્ષ્મીનારાયણ સંહિતા વ્યાસ લોમશ ઋષિની પૂજા આરતી કરી, મંત્ર લઈ ધૂન કરતા હતાં. જયા કૃષ્ણ, પ્રભા કૃષ્ણ, લલિતા કૃષ્ણ, પદ્મા કૃષ્ણ, રાધા લક્ષ્મીપતિ "અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે" એમ ભજન કરતા હતા તેથી તેને પ્રગટ પ્રભુ ધામમાં તેડી ગયા. અહો શું કથાનો ચમત્કાર, પ્રસાદીનો શું મહિમા કે જેના પ્રતાપથી જીવ-જંતુ, કીટ, પતંગ, પશુ-પક્ષી બધા દિવ્ય બની જાય છે.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અચ્છોદર ગામનો સાગરદાન બારોટ તે ઈતિહાસ કથા કહીને, ધર્મ-કર્મનો ઉપદેશ આપતો. પણ પોતે ધર્મપાલન કરતો નહિ, તે પાપે મરીને નોળિયો થયો. તે સંતોની એઠી પ્રસાદી જમી દેવ થયો. તેણે લોમશ ઋષિને પૂછ્યું, અમૃતધામની પ્રાપ્તિ કેમ થાય ? લોમશ ઋષિએ કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ગ્રહણ કરવાથી અને તેની કથા શ્રવણ, સંતોની સેવા, પ્રસાદી જમવાથી, ભક્તિ કરવાથી ધામ મળે છે. તે દેવ રોજ એ પ્રમાણે સત્સંગ સેવા કરી ધામમાં ગયો.

કીરતાર ભાટ તે આખા જગતના ગુણગાન ગાતો ગાતો કથામાં આવ્યો. ત્યાં કથાના વ્યાસના સંત ભક્તોના ગુણ ગાયા તેથી ભગવાનના ગુરુ લોમશ ઋષિએ તેને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો. પછી તે કથામાં સેવા કરી, વૈશાખ સુદ એકાદશીએ ધામમાં ગયો.

અધ્યાય - ૭૨ થી ૭૬

❖ દેવમતી વિપ્ર, વજવિક્રમ રાજા, સમાબ્ધિસિંહ રાજા અને હર્ષનયન-સૌરભની કથા ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, વિક્રમનગરમાં દેવમતી વિપ્ર અર્ધજ્યોતિષ જાણતો. તેથી સાચું, ખોટું કહેતો. પાપે તેને કંઠમાળનો રોગ થયો. જીભ ટૂંકી થઈ. અધંદગ્ધ અર્ધુ જાણનારો સુખી થતો નથી. જેની વાણીમાં અસત્ય, જેના હૃદયમાં મલીનતા, જેના કર્મ સારા નહિ, તે નારકી થાય. ૧. શરીરમાં રોગ ૨. દુઃખ અન્ન, વસ્ત્ર ન મળે, ૩. દુષ્ટ પત્ની, ૪. પતિ દુષ્ટ, ૫. કુટુંબમાં કજીયો, ૬. ગામમાં દેશમાં શત્રુઓ, ૭. રાજદંડ, ૮. તૃષ્ણા વાસના, ૯. જ્યાં ત્યાં અપમાન, ૧૦. દરિદ્રતા, ૧૧. અર્ધદગ્ધતા, ૧૨. શરીર નરકતુલ્ય, ૧૩. ઈન્દ્રિયો, ૧૪. અપવિત્રપણું, ૧૫. ખાવા-પીવાનું ભાન નહિ, ૧૬. પશુની જેમ હજારો દુઃખો તે બધા નરક જેવા છે. તે વિપ્ર પત્ની સહિત કથામાં આવ્યો. પત્નીએ પતિનું દુઃખ લોમશ ઋષિને કહ્યું. તેથી લોમશ ઋષિએ તેને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો, પ્રભુનો પ્રસાદ આપ્યો તેથી તરત તેનો રોગ નષ્ટ થયો. તે પ્રગટ પ્રભુના પ્રતાપે ભક્તિ કરી સેવા કરી અંતે પરમધામમાં ગયો.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, વજવિક્રમ રાજાને તેના ધર્મનિષ્ઠ, ભક્તિવાળા બંદીજન જયમાન કવિએ રાજાને કહ્યું, અત્યારે શર્કરાનગરમાં અવતારી પુરુષોત્તમ નારાયણ સર્વપતિ મુક્તપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની લક્ષ્મીનારાયણની કથા થાય છે તે સાંભળવા જઈએ. આ સાંભળી રાજા રાજી થયો અને કહ્યું, તારા જેવા કવિ તો ગુરુ સમાન છે. તે મને સાચો રસ્તો બતાવ્યો. પછી રાજા-રાણી, કુટુંબ, કવિ, કર્મચારી, હજારો લોકો, નરનારીઓ ધૂન-કિર્તન કરતા, તિર્થમાં સ્નાન કરી વ્યાસની લોમશ ઋષિની પૂજા, આરતી કરી ભેટ મૂકી. પછી બધાએ લોમશ ઋષિ પાસેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર લીધો. ત્યારબાદ કથા શ્રવણ, સેવા ભક્તિ કરી જેઠ વદ-પાંચમે ધામમાં ગયા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, પંચનદના સમાબ્ધિસિંહ રાજાને તેના સારથીએ પ્રગટ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી કથામાં જવાનું કહ્યું. તેથી રાજા કુટુંબ સહિત કથામાં ગયો. ત્યાં સ્વયંપ્રકાશ વ્યાસ અને લોમશ ઋષિની પૂજા-આરતી કરી, ભેટ મૂકી, કથા શ્રવણ કરી, પ્રસાદ ભોજન જમી, કૃષ્ણવલ્લભનું પૂજન કરી વૈષ્ણવ બની ધામમાં ગયો.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, પંજાબનો હર્ષનયન માગધ તે કથામાં આવ્યો. ત્યાં તેણે વ્યાસની પૂજા કરી મંત્ર લીધો. અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી તથા યોગીદાસ સૌરભ સાવિત્ર પાનવાળો ભાવસાર તે સર્વે કથા શ્રવણ કરી સેવાભક્તિ કરી, પ્રસાદ ભોજન જમીને ધામમાં ગયો.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, બ્રહ્માનો માનસપુત્ર સ્વર્ણાસ્તરણ તથા ચિત્રબર્હ ગાંધર્વ તથા કીં પુરુષ કિન્નરો, ચારણો, સિદ્ધો, દૈવી પુરુષો સર્વે વિમાનમાં ફરવા નીકળ્યા. રસ્તામાં કથાનો સભામંડપ જોયો અને ત્યાં આવ્યા. અષાઢ વદ-એકાદશીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણના શિષ્ય સ્વયંપ્રકાશ વ્યાસ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચતા હતા. ત્યાં સર્વે દેવોએ મુગટ ઉતારી નમસ્કાર કરી પૂજા કરી, આરતી ઉતારી પછી વ્યાસ પાસેથી મંત્ર લઈ પ્રગટ પ્રભુનું ભજન કરતા પોતાના સ્થાનમાં ગયા. અંતે મોક્ષમાં ગયા.

અધ્યાય - ૭૭, ૭૮

❖ શર્કરાનગરમાં શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા કથાની પૂર્ણાહુતિ ❖

નરનારાયણ કહે : બદ્રીશ્વરી, શર્કરાનગરમાં લક્ષ્મીનારાયણ સંહિતાની કથામાં દેશ-વિદેશના રાજાઓ પ્રજા સહિત આવતા હતા. સાક્ષાત પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા, કથા શ્રવણ કરવા, સંતો ભક્તોના દર્શન કરવા લાખો ભક્તો આવતા હતા. રાજા રાયહરિ, રાજા કોટીરાય, લોમશ ઋષિ, વ્યાસ વગેરે બધાનો સત્કાર કરતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ અસંખ્ય રૂપ ધારણ કરી ભક્તોની સેવા કરતા હતા તથા લક્ષ્મી, રાધા, રમા, શ્રી, માણીકી, માધવી, મંગલા, મંજુલા, રેવા, સગુણા, સરસ્વતી, ગંગાભક્તિ સતી મુક્તિ એકાદશી રતિ, દયા, તુલસી, કામગા, શાંતા, કમલા, વિરજા, હેમા, હંસા, મૂર્તિ, ગોમતી, અન્નપૂર્ણા, જયા, દુર્ગા, લલિતા, સવિતા, સંતોષી, કલા, બદ્રી, ચંપા, મૌક્તિ, ષષ્ઠિ, શ્વેતા, રક્તા વગેરે બ્રહ્માપ્રિયાઓ સિદ્ધિઓ, દેવીઓ ત્યાં સેવામાં હાજર હતી. અષાઢ સુદ એકાદશીએ ચૌદલોકના વાસી ઈશ્વરો-ઈશ્વરાણીઓ તેના પાર્ષદો, દેવો-દેવીઓ, તેના દાસ-દાસીઓ વગેરે અનાદિશ્રીકૃષ્ણનારાયણના પ્રત્યક્ષ દર્શન કરી પોતાને ધન્ય ભાગ્ય માનતા હતા. તથા ત્યાં આવેલા સંતો, ભક્તો, ઋષિમુનિઓ, યતિ, સંન્યાસીઓ, ત્યાગી, બ્રહ્મચારીઓ તેના દર્શન કરી આનંદ પામતા હતા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અષાઢ સુદ એકાદશીએ કથાની પૂર્ણાહૂતિ હોવાથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પ્રભુને બ્રહ્મપત્નીઓ, વસ્ત્ર-આભૂષણોથી શણગારતા હતા. કથાના વક્તા વ્યાસ સ્વયંપ્રકાશ હાથી ઉપર બેસી સભામંડપમાં આવતા હતા. ઈશ્વરો, દેવતાઓ, દેવીઓ, રાજાઓ, બ્રાહ્મણો, વૈષ્ણવો, સાધુ-સાધ્વી, અતિથિઓ, લાખો ભક્તો, સભામાં હાજર થઈ ગયા. એક મુહૂર્ત સુધી કથા વાંચ્યા પછી પૂર્ણાહુતિ કરી. લક્ષ્મીનારાયણ સંહિતાના વ્યાસાસને બિરાજેલા સ્વયંપ્રકાશનું પહેલું પૂજન અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ કર્યું. ત્યાર પછી કોટીરાય, હરિરાય, જેણે કથાનું આયોજન કર્યું, તે રાજાએ વ્યાસની પૂજા કરી, ભેટ ધરી. સોના-રૂપાના હાર, હીરા-મોતીના હાર પહેરાવી, આરતી ઉતારી, પછી સર્વે રાજાઓ અનેક પ્રકારની ભેટ મૂકી પૂજા કરી આરતી ઉતારતા હતા. દેવતાઓ, ઈશ્વરો પણ અનેક ભેટો મૂકી આરતી ઉતારતા હતા. તે સમયે રાજાઓ અનેક પ્રકારના દાન પ્રગટ પ્રભુને રાજી કરવા આપતા હતા.

તે લક્ષ્મીનારાયણ સંહિતાની કથામાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધા-કૃષ્ણ, નરનારાયણ, વાસુદેવનારાયણ, શેષનારાયણ, ત્યાં આવી કથા સાંભળનારાઓને આશીર્વાદો આપતા હતા. અને કહેતા હતા આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સર્વ તિર્થરૂપ, સર્વે ધર્મરૂપ, સર્વજ્ઞાનયુક્ત સર્વે અવતારને ધારણ કરનારી, સર્વ સ્તોત્રવાળી, સર્વની રક્ષા કરનારી, સર્વની ઈચ્છા પૂરી કરી મોક્ષ આપનારી છે. આ રીતે પ્રભુએ કથાની પૂર્ણાહુતિ કરી પદ્માવતી સાથે યજ્ઞમાં બેસી નાળિયેર હોમીને અનેક રૂપો ધારણ કરી રાજાના મહેલોમાં પધરામણી કરી.

અધ્યાય - ૭૯

❖ દેશ-વિદેશના અનેક રાજાઓની પ્રાર્થનાથી પ્રભુની સર્વેના રાજ્યમાં પધરામણી ❖

બદ્રીશ્વરએ પૂછ્યું : હે નરનારાયણ પ્રભુ, શર્કરાનગરમાં કથા પૂર્ણાહુતિ પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ક્યાં પધાર્યા ? નરનારાયણ ભગવાને કહ્યું, અષાઢ સુદ-બારસે પદ્માવતી સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણ હાથી ઉપર બેસી સભામાં પધાર્યા. સ્વયંપ્રકાશ વ્યાસ લોમશઋષિ સભામાં આવી બધાને આશીર્વાદ આપી, વિદાય આપતા હતા. રાયહરિ તથા કોટીરાય રાજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરી કહ્યું, પ્રભુ તમે અહીં કથામાં આવ્યા તેથી આ ભૂમી પવિત્ર થઈ. અનેક જીવાત્માઓનાં કલ્યાણ થયા. પછી તે રાજાએ સાધુ-સાધ્વીઓ, ઋષિ-મુનિઓ, યતિ, સંન્યાસી, ત્યાગી, બ્રહ્મચારીઓ, સાંખ્ય યોગિનીઓને, વિપ્રોને, અતિથીઓને, અનાથ, ગરીબોને અનેક પ્રકારના દાનો પ્રગટ પ્રભુની પ્રસન્નતા માટે આપ્યા. ઈશ્વરો, દેવો, પિતૃઓ, પાતાલવાસીઓ, પ્રભુની આજ્ઞા લઈ જવા તૈયાર થઈ પ્રાર્થના કરી કે, પ્રભુ અમારા લોકમાં ક્યારે પધારશો. અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું, કાલાંતરે

આવશું. પછી બધા ચૌદ લોકનાવાસી પોતાના સ્થાનમાં ગયા. તે સમયે દેશાંતરોથી રાજાઓ આવ્યા હતા. તો બધાએ પોતાના દેશમાં પધારવા પ્રગટ પ્રભુને પ્રાર્થના કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે વ્યાસ સ્વયંપ્રકાશ, લોમશ ઋષિ, ગોપાલકૃષ્ણ, કંભરાલક્ષ્મી વગેરેના અનેક સ્વરૂપો ધારણ કરી વિમાનમાં બેસી બધા દેશમાં અનેક સ્વરૂપે પધરામણી કરી. બધા રાજા પ્રજાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણ ધોઈ પાણી પીધું, પૂજા-આરતી કરી, ભેટો મૂકી, પ્રગટ પ્રભુએ બધાને શરણે રક્ષણ, બ્રહ્મભાવ, આત્મનિવેદન, સર્વ સામર્પણ મંત્રો આપ્યાં "શરણં શ્રીકૃષ્ણનારાયણોસ્તુ મમ સર્વદા, કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્ભયાત્, શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ, બ્રહ્માહં અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભક્તોસ્મિ શાશ્વત, બાલકૃષ્ણાય વિદ્મહે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ધીમહિ તન્નઃ શ્રીશઃ પ્રચોદયાત્" વગેરે મંત્રો બધાને આપી તુલસી કંઠી પહેરાવી અને ચિહ્નવાળો પોતાનો જમણો હાથ બધાના મસ્તક પર મૂકી આશીર્વાદ આપ્યા પછી વિમાનમાં બેસી કુંકુમવાપી પધાર્યા. ભક્તોએ સ્વાગત કર્યું. લક્ષ્મીનારાયણ સંહિતા કથા, ઉત્સવોના અધ્યાયો જે વાંચશે, સાંભળશે તે સર્વ સિદ્ધિને પ્રાપ્ત કરશે.

અધ્યાય - ૮૦ થી ૮૫

❖ પ્રભુની સહાયથી નંદીભીલ રાજા સાથેના યુદ્ધમાં નાગવિક્રમ રાજાનો વિજય ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, યુદ્ધપુરનો રાજા નાગવિક્રમ તેણે યજ્ઞ કર્યો. તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાર્વતી, પ્રભા બંને પત્નીઓ તથા સંતુષ્ટા બેનને સાથે લઈને યજ્ઞમાં ગયા. પ્રભુ પોતે બ્રહ્મા થયા તથા સંતો હોમ, હવન કરતા. યજ્ઞ કરી અવભૃથસ્નાન લુની નદીમાં કરતા હતા. ત્યાં હજારો પ્રેત આવ્યા. તે પ્રભુ પ્રસાદીનું જલ પીને દિવ્ય થયા. તે બધા વાવાઝોડામાં રણમાં મરેલા વણિકો હતા.

શ્રાવણ સુદ-એકાદશીએ યજ્ઞ કર્યો. બારસના દિવસે બધાને ભોજન જમાડી દાન દીધા. ત્યાં યમુના કાંઠાનો નંદી ભીલ આવી કહે, રાજય, યુદ્ધ, ખંડણી આ ત્રણમાંથી એક આપ.

જેને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ નથી તે તૃષ્ણાવાળો છે અને જેણે તૃષ્ણા શાંત ન કરી તે પશુ સમાન છે. તે નંદી ભીલ પોતાને રાજય હોવા છતાં નાગવિક્રમ પાસે આવ્યો. નાગવિક્રમને અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ અધર્મી રાજાનો નાશ કરવા લડાઈ કરવા આજ્ઞા કરી. તે સમયે લડાઈ કરવા આવેલા નંદી ભીલને ઘણા અપશુકનો થયા, છતાં પાછો ન વળ્યો. પોતાને રણમાંથી ભાગતા સ્વપ્નમાં જોયો, રથ ભાંગી ગયેલો જોયો, લાકડાનો ઢગલો જોયો, લાલ વસ્ત્રવાળી સ્ત્રી છાતી કૂટતી હતી વગેરે અપશુકનો જોયા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞાથી નાગવિક્રમ સૈન્ય તૈયાર કરી લડવા માટે નીકળ્યો. સાથે આગળ અનાદિશ્રીકૃષ્ણનારાયણ હતા તે પ્રભુના દર્શન કરી નંદી ભીલના ગુરુ અગ્નિરાત ઋષિએ કહ્યું, તેની સાથે પ્રગટ પ્રભુ છે. તારી પાસે દસ ગણું સૈન્ય હોવા છતાં તું તેને હરાવી નહીં શકે. નાગવિક્રમથી તારું રાજ્ય દસ ગણું છે માટે તૃષ્ણા ત્યજી પ્રગટ પ્રભુના દર્શન કરી આશીર્વાદ મેળવી કલ્યાણ કરી લે. ગુરુનું વાક્ય મિથ્યા થતું નથી. માટે ગુરુનું માની પ્રભુને શરણે થઈ જા. અગ્નિરાત ગુરુનું વચન સાંભળી નંદી ભીલ કહે, ગુરુ યજ્ઞ શરૂ કર્યા પછી બંધ થતો નથી. આ રણ યજ્ઞમાં હું પ્રભુને શસ્ત્રરૂપી પુષ્પ ચડાવીશ, આયુધોની આહુતિ આપીશ. હું પ્રભુને ઓળખું છું. મારું કલ્યાણ જ થવાનું છે. એમ કહીને યુદ્ધનો શંખ ફૂંક્યો. આકાશમાં દેવોએ આવી પુષ્પવૃષ્ટિ કરી પ્રભુને આયુધો આપ્યા.

રૂદ્રકાળ મૃત્યુએ પ્રભુ પાસે આવી આજ્ઞા માંગી. પ્રભુએ તેમને નાગવિક્રમના રથ પર રહી સહાય કરવા કહ્યું. સામ સામા અસ્ત્ર, શસ્ત્ર, બાણ, પાશ, તોમર ભાલા, શક્તિઓ વગેરેનો ઉપયોગ કરી લડતા હતા. રણસંગ્રામ ભયંકર થયો. નાગવિક્રમે અનાદિશ્રીકૃષ્ણનારાયણની કૃપાથી નંદી ભીલના ઘાત વજ્ર, ઈન્દ્રધ્વજ, હરિતવજ્ર, સેનાપતિ ત્રણ સહિત ત્રીસ હજાર યોદ્ધાઓનો નાશ કર્યો.

અડધા સૈન્યનો નાશ થયો. ત્યાં અગ્નિરાત ગુરુએ નંદી ભીલને કહ્યું, તું હવે પરાજય સ્વીકારી પ્રભુને શરણે જા. પરંતુ નંદી ભીલ માન્યો નહીં. નંદી ભીલે સ્ત્રીસૂત મંત્રવાળું અસ્ત્ર ફેંક્યું ત્યારે પ્રભુએ દુર્ગા અસ્ત્ર ફેંક્યું. તે દુર્ગાઓએ નંદી ભીલના સ્ત્રી અસ્ત્રોનો નાશ કર્યો તેમજ બીજા છ સેનાપતિ સહિત આઠ હજાર સૈન્યનો નાશ કર્યો. ત્યારે ગુરુએ નંદી ભીલને કહ્યું, તું નાગવિક્રમને નહિ મારી શકે. તેની સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે. તેના રથ પર રૂદ્રકાળ મૃત્યુ રહેલા છે. તે દિવ્ય અસ્ત્રોનો ઉપયોગ કરી તારા સૈન્યને સાફ કરી દેશે.

અંતે ગુરુનું વચન નહીં માની. નંદી ભીલ નાગવિક્રમને મારવા દોડ્યો. તે સમયે પ્રભુની આજ્ઞાથી મહાકાળે તલવારથી નંદી ભીલના હાથ, પગ કાપી શક્તિથી છાતી ભેદી નાખી. તે સમયે નંદી ભીલ ત્યાં પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. હે પ્રભુ, જો મેં તમને સાક્ષાત અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમધામના પતિ જાણ્યા હોય તો પ્રભુ મને સદ્‌ગતિ આપજો. કુંકુમવાપીમાં કંભરાલક્ષ્મી, ગોપાલકૃષ્ણના પુત્રપણાને પામેલા અનેક આત્માઓનો ઉદ્ધાર કરનારા, પાપીનું પણ કલ્યાણ કરનારા, તમોને નમસ્કાર. મુક્તપતિ, મુક્તાનિકાપતિ, બ્રહ્મપ્રિયાપતિ, અવતારપતિ, સર્વપતિ, આત્મપતિ એવા તમોને નમસ્કાર. નંદી ભીલની સ્તુતિ સાંભળી અનાદિશ્રીકૃષ્ણનારાયણ તરત જ રથ નીચે ઉતરી તેની પાસે આવ્યા. દિવ્યસ્વરૂપે દર્શન આપ્યા. નંદી ભીલના મુખમાં પાણી મૂક્યું. નંદી ભીલ પ્રગટ પ્રભુનું પ્રસાદીનું જલ પીને દેહ ત્યજી વિમાનમાં બેસી પરમધામમાં ગયો. પછી પ્રભુએ નંદી ભીલની રાજધાની

દિલાવરી નાગવિક્રમને આપી. સામ્રાજ્યનો અભિષેક કર્યો, મુકુટ પહેરાવ્યો. નાગવિક્રમે યુદ્ધમાં મરેલાનું કલ્યાણ કરવા યજ્ઞ કર્યો. તેમાં સાધુ-સાધ્વી, ઋષિ-મુનિઓ, અનાથ વગેરે જમાડી દાન આપ્યા. પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિમાનમાં બેસી કુંકુમવાપી પધાર્યા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, પ્રજ્ઞા પદ્માવતીએ પ્રભુને પૂછ્યું, હે પ્રભુ નંદી ભીલના નગરનું નામ દિલાવરી કેમ પડ્યું ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : નંદી ભીલ પત્ની દિલાવરી સતી હતી. મારી ભક્તા હતી તે પોતાનો પતિ યુદ્ધમાં મરી ગયો ત્યારે મારી પૂજામાં રહેલી મૂર્તિનો મુગટ, છત્ર પડી ગયા ત્યારે બધુ જાણી અને મારી સ્તુતિ કરી તેથી મેં તરત જ દર્શન આપી સાંત્વના આપી. તેણે મારી પૂજા, આરતી કરી કહ્યું, હે પ્રભુ મને પણ તમારા ધામમાં લઈ જાવ. તેની પુત્રીઓ પાંચ તેણે પણ મારી પૂજા, આરતી કરી ધામમાં લઈ જવા પ્રાર્થના કરી. તેથી મેં તે બધાને વિમાનમાં બેસાડી પરમધામમાં મોકલ્યા.

અધ્યાય - ૮૬

❖ ગૃહસ્થ ધર્મ અનેક દોષવાળો છે છતાં તેનો મોક્ષ કેવી રીતે થાય ? ❖

પ્રજ્ઞા પદ્માવતીએ પૂછ્યું : હે ભગવાન, ગૃહસ્થ ધર્મ સ્ત્રીવાળો, કામના દોષ, તૃષ્ણાવાળો છે છતાં તેનો મોક્ષ કેવી રીતે થાય ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : મેં જ્યારે સૃષ્ટિ માટે અક્ષરબ્રહ્મને આજ્ઞા કરી ત્યારે મારી આજ્ઞા તે મૂર્તિમાન શક્તિ તે રાધા, રમા, શ્રી, લક્ષ્મી, માણીકી, લલિતા, માધવી, કમલા વગેરે અસંખ્ય લક્ષ્મીઓ તે બધી મારી આજ્ઞામાં રહી મારી ભક્તિ કરે છે. તેવી જ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણની આજ્ઞામાં રહીને ભક્તિ કરનારાને સંસારનું બંધન થતું નથી. મારી આજ્ઞામાં નહીં વર્તી મારી ભક્તિ ન કરે તેને સંસારનું બંધન થાય છે. આજ્ઞા છે તે નારીનો પતિવ્રતા ધર્મ છે તે બ્રહ્મલોકમાં પહોંચાડે છે. તે જ રીતે પત્નીવ્રતમાં રહેલો નર બ્રહ્મલોકને પામે છે. જે ધર્મવાળા, જ્ઞાનવાળા, ધીરજવાળા, સંતોષી, બ્રહ્મવિદ્યાવાળા તેવા આત્મશક્તિવાળા નરનારીઓને માયા, વિકારો નડતા નથી, વાસના રહેતી નથી, બંધન થતું નથી.

અધ્યાય - ૮૭, ૮૮, ૮૯

❖ ત્યાગી અને ગૃહી બંનેમાં કયાં ગુણ અને દોષો છે ? ❖

પ્રજ્ઞા, પદ્માવતીએ પૂછ્યું : હે ભગવાન, વેદમાં, લોકમાં, ગૃહસ્થાશ્રમ કરતા ત્યાગાશ્રમ શ્રેષ્ઠ કહેલો છે તો ગૃહીમાં કયા દોષ છે, ત્યાગીમાં કયા ગુણ છે અથવા ત્યાગીમાં શું દોષ છે અને ગૃહીમાં શું ગુણ છે, જે રીતે પુરુષને સ્ત્રી બંધન કરે છે તેજ રીતે સ્ત્રીને પુરુષ બંધન કરે છે કે નહિ. ગૃહી ત્યાગીમાં શ્રેષ્ઠ મોક્ષ કેનો કહેલો છે ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : તમે સારું પૂછ્યું. જે જાણીને મુમુક્ષુઓ મોક્ષ ભાગી બનશે.

ગૃહસ્થાશ્રમ બોરડીના કાંટા જેવો વક્ર અને કઠિન છે, ત્યાગાશ્રમ સરળ છે. ગૃહસ્થાશ્રમ બંધન કરનારો છે, ત્યાગાશ્રમ બંધનરહિત છે. ત્યાગાશ્રમ સરલ છતાં સમુદ્ર જેવો ઊંડાણવાળો છે, ગૃહસ્થાશ્રમ તેવો નથી. ગૃહસ્થાશ્રમમાં પુર્નજન્મ છે, ત્યાં પુર્નઃજન્મથી ગૃહી ડૂબી જાય છે. જ્યારે ત્યાગી ડૂબતો નથી, સ્ત્રી વિનાનો તરે છે. સ્ત્રીમાં ડૂબેલો માયામાં ડૂબે છે. માટે ધરા છે તે કાંટાવાળી વેલ છે, ઝેરવાળા મિષ્ટાન્ન જેવી છે. પહેલા સ્નેહ બતાવી મોક્ષ માર્ગથી પાડી નાખે છે એટલે વૈરાગીઓ સ્ત્રીને ત્યજી વનમાં જાય છે.

હવે જે ગૃહીને બંધન ન થાય તે કહું છું. જે ગૃહી ભગવાનની પૂજા નથી કરતા, સાધુ-સાધ્વીની સેવા, અતિથિ ગરીબોની સેવા, માતા-પિતાની સેવા, વૃદ્ધ-વડીલોની સેવા નથી કરતા, અભ્યાગતોને દાન, પુણ્ય નથી કરતા. મારા ભક્ત, મારા ધર્મ, સતી, બ્રાહ્મણ, ગાયને પૂજતા નથી તે સ્વાર્થપરાયણ, પરોપકાર રહિત, ગૃહી હીનમાર્ગવાળા છે. જેના ઘરમાં સત્પુરુષના પગલા નથી, દેવમંદિર નથી, નૈવેદ્ય થતું નથી તે ઘર સ્મશાન તુલ્ય છે. જે ઘરમાં ભગવાનની ભક્તિ નથી, દેવ પિતૃનું ઋણ ચુકવાતું નથી તે ઘર નરક સમાન છે. કંઠની પેષણી, ચૂલ્લી, ઉદકુંભી, માર્જની, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, રાગદ્વેષ આવા અનેક દોષો રોગ, ભૂખ, તરસ, દરીદ્રતા વગેરે દુઃખો ગૃહસ્થાશ્રમમાં રહેલા છે. માટે ત્યાગાશ્રમ આ બધાં બંધનથી રહિત છે માટે શ્રેષ્ઠ છે. ગૃહીને માયારસ, ત્યાગીને ભગવાનનો રસ તેથી ત્યાગીને જીવનમરણમાં સમાન બુદ્ધિ છે. દોષ શૂન્ય હોવાથી ત્યાગીઓ મોક્ષ આપનારા છે.

નરનારી બાળક માટે ગર્ભદાન કરે તો સાધુ-સાધ્વી કહેલા છે. ભગવાનની ભક્તિ પરાયણ ધર્મવાળા શાસ્ત્રની આજ્ઞા, સંત સમાગમ વિશેષ રાખનારા ગૃહસ્થોને મુક્ત સમાન કહેલા છે. બ્રહ્મચર્યનું પાલન કરી આત્મચિંતન, હિંસાચોરીથી રહિત, પ્રાપ્તિમાં સંતોષ, આંતર બાહ્ય શુદ્ધિ, સર્વકર્મ બ્રહ્મને અર્પણ કરનારા આવા અનેક સદ્‌ગુણવાળા ગૃહસ્થોને નરનારીને મુક્તો કહેલા છે. જે ઘરમાં બાળકો, અનાથ, સાધુ-સાધ્વી, અતિથિ, ગરીબો, પશુ-પક્ષીઓ આશાથી આવે છે, અને શાંતિ પામીને જાય તે ઘર શ્રેષ્ઠ છે. ગૃહી એટલા માટે શ્રેષ્ઠ છે કે, ત્યાં નારી વંશ આપનારી છે, વંશ વધારનારી છે. આ રીતે સૃષ્ટિની સ્થિતિ જાળવનારી છે. માટે નારી ને નારાયણી કહેલી છે. જે ઘરમાં ભગવાન અને નારીનું સન્માન, પૂજન થાય છે ત્યાં સર્વ દેવો સર્વ સમૃદ્ધિ વાસ કરે છે ને ત્યાં સંતપુરુષો અને ભગવાન કાયમ ત્યાં આવીને દર્શન આપે છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : ગૃહસ્થોને જીવનમાં અર્ધુ, અર્ધાનું અર્ધુ. પચીસ વર્ષ અથવા બાર વર્ષ, છ વર્ષ બ્રહ્મચર્યનું પાલન કરવું. અથવા એક માસ બ્રહ્મચર્ય પાલન કરવું. તે મોક્ષ આપનારું છે. ધર્મ-અધર્મ ન જાણતો હોય તેણે આજ્ઞા પરાયણ રહેવું. જે ઘરમાં

દેવ પૂજા, સાધુ પૂજન, ભોજન થાય જેને ત્યાં બ્રહ્મકથા થાય તે ઘર મોક્ષમંદિર છે. જ્યારે ત્યાગાશ્રમ શુષ્ક છે. વૃક્ષ નીચે વાસ કરનારા, જટાવલ્કલ ધારણ કરનારા, ભૂખ તરસ સહન કરનારા, આત્મા અમૃતમાં ડૂબેલા, ફળફૂલ ખાનારા, જ્યાં સ્ત્રીનું દેવીનું સન્માન નથી એવા રૂક્ષ ત્યાગાશ્રમમાં બંધન શેનું થાય. ત્યાગાશ્રમમાં શ્રેષ્ઠતા એ છે કે, જે કાર્ય કરે તે બધું શ્રીહરિને અર્પણ. એને પોતાનું પારકું નથી. ચોરીનો ભય નથી. દેહમાં રોગની ચિંતા પણ નથી. બ્રહ્મધ્યાનમાં રહેનારા, ભક્તિ વિના વ્યર્થ સમય નહિ ગાળનારા, સાધુના જ કુટુંબ મંડળવાળા આવા ગુરુઓ, સાધુઓ, સાધ્વીઓ, બ્રહ્મચારીઓ, ત્યાગીઓ, સર્વેનું કલ્યાણ કરનારા છે. ભગવાનના ભજન વિના એકલો ત્યાગ શ્રેષ્ઠ નથી. ભક્તિ ઉપાસના વિનાનો ત્યાગ પથ્થર જેવો છે. સેવા-ધ્યાન, જ્ઞાન વિના ત્યાગ અગ્નિ જેવો છે. ગુરુની આજ્ઞા વિના ત્યાગ વૈરાગ્ય અગ્નિ જેવા છે. તે નિષ્ફળ છે. ત્યાગીને ધ્યાન ભૂષણ છે તેમ ગૃહીને દાન ભૂષણ છે.

ગૃહસ્થોમાં લોકેષ્ણા, પુત્રેષ્ણા, વિતેષ્ણા છે તેથી તે સંસારમાં ડૂબેલો છે. સાધુને ભગવાન વિના બીજું પ્રિય ન રાખવું. ઘર, કુટુંબ, ગામ, ધનસંપત્તિનો ત્યાગ કરીને શિષ્યોમાં મકાનમાં, આશ્રમમાં, ધનમાં, મઠમાં બંધાયો તો તે ત્યાગી સંસારમાં ડૂબ્યો. ભક્તજનોને ઉપદેશ આપી દ્રવ્યની અતિ ઇચ્છા રાખે તે સંસારમાં ડૂબ્યો. ત્યાગી થઈ ગૃહસ્થોની સ્વાર્થવૃત્તિથી સેવા કરે, તે સંસારમાં ડૂબ્યો. આશ્રમમાં, મઠમાં, મંદિરમાં, બધું ધન, સમૃદ્ધિ, વાહનો, વાડી, ખેતર હોવા છતાં ભગવાન વિના મારું કાંઈ નથી. તેમ માનનારો ત્યાગી સંસારમાં ક્યારેય ડૂબતો નથી. આવા બ્રહ્મનિષ્ઠ ત્યાગીને મારી આજ્ઞામાં રહેનારને સંસાર બાધ કરતો નથી. દેવતાઓ, ઈશ્વરો, અવતારો, મુક્તો, બ્રહ્મસ્થિતિવાળા સાધુઓ, સાધ્વીઓ, સતીઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી આજ્ઞામાં રહેવાથી તેઓની ભોગ સંપત્તિ નિર્ગુણ થાય છે. જે રીતે શ્રીહરિ નિર્ગુણ છે. તે જ રીતે શ્રીહરિની આજ્ઞામાં રહેનારા સંતો પણ નિર્ગુણ જ છે. નારી, પુરુષને મોક્ષમાં વિઘ્ન કરનારી હોય તો તે બંધન કરે. પુરુષ, નારીને મોક્ષમાં વિઘ્ન કરે તો તે બંધન કરનારો છે. પતિવ્રતા સ્ત્રી અને પત્નીવ્રત પુરુષને સંસારનું બંધન થતું નથી. શાસ્ત્ર, સંત, ગુરુ અને શ્રીહરિની અતિ સેવા થાય તો ગૃહસ્થાશ્રમીને મોક્ષમાં કાંઈ કરવું બાકી રહે નહીં.

અધ્યાય - ૯૦

❖ વ્રત-નિયમ, તીર્થયાત્રા ન કરી શકે તેનો ઉદ્ધાર કેમ થાય ? ❖

પ્રજ્ઞા, પદ્માવતીએ પૂછ્યું : હે ભગવાન, જે સત્સંગ, ભજન, તિર્થયાત્રા, વ્રત, નિયમ, સાધુઓને બ્રહ્મભોજન કાંઈ ન કરતો હોય તેનો ઉદ્ધાર કેમ થાય ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : જે ગૌદાન કરે તેણે સર્વદાન કર્યા. ગૌદાન યમદૂત ભયથી રક્ષણ કરે છે, પિતૃનો ઉદ્ધાર કરે છે, વંશ વધારે છે, સ્વર્ગ આપે છે, સંપત્તિ અને મોક્ષ આપે છે. ગૌદાન કર્યું તેણે

પૃથ્વીનું અને લક્ષ્મી સર્વે રસનું દાન કર્યું છે. ગાયમાં સર્વ દેવો વાસ કરે છે તેથી ગાયનું પૂજન કરવું. ગાયનું વિધિપૂર્વક પૂજન કરી મંદિરમાં ગુરુને, સાધુના આશ્રમમાં દાન કરવાથી સર્વ પુરુષાર્થની સિદ્ધિ થાય છે.

અધ્યાય - ૯૧

❖ ગૌદાન કરવા અસમર્થ હોય તેણે મોક્ષ માટે શું કરવું ? ❖

પ્રજ્ઞા, પદ્માવતીએ પૂછ્યું : હે ભગવાન, ગૌદાન કરવા અસમર્થ હોય તેણે શું કરવું ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : શરીરથી, વાણીથી, મનથી, સત્પુરુષની સેવા કરવી. તેમના દર્શન, સ્પર્શ, શરીર દાબવું, દાસપણું, નમસ્કાર, પ્રદક્ષિણા, દંડવત્, વખાણ, સ્તૂતિ કથા-શ્રવણ, પ્રસાદ, સુગંધ, ભેટવું, વાહનમાં ફેરવવા, સ્નાન કરાવવા, વસ્ત્રો ધોવા, પધરામણી, પૂજન, ભોજન, રસકસ આપવા. અન્ન, વસ્ત્ર, ફલ, ફૂલ, શાકભાજી, ઔષધ, લાકડા, પાણી માટે જે કાઈ વસ્તુ સંતને આપી તે બધું સત્સંગ કરવા બરોબર થાય છે. તેથી શ્રીહરિ પ્રસન્ન થાય છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહે : સાધુની બધી સેવા પવિત્ર છે. સાધુના દાંત, નખ, કેશ બધા પાપને નાશ કરે છે. સંત સમાગમ આધિ, વ્યાધિ, ઉપાધીનો નાશ કરે છે. સાધુમાં સ્નેહ બ્રહ્મલાભ આપનારો છે. સાધુનું શરીર પવિત્ર છે. સાધુની શીખામાં ગોલોકની વીરજા નદી રહેલી છે. બ્રહ્મરંધ્રમાં બ્રહ્મધરો છે. લલાટમાં વૈકુંઠ, ભાલ મધ્યે શ્રીપુર, પાંપણોમાં અમૃતધામ, અવ્યાકૃત ધામ, કાનમાં મહાવિષ્ણુ વૈરાટ, નેત્રમાં સૂર્ય-ચંદ્ર, નાસિકામાં મરૂતદેવો, હોઠમાં અમૃત, જીભમાં વેદ, મુખમાં અગ્નિ, વાણીમાં સરસ્વતી, રૂપમાં લક્ષ્મી, કંઠમાં બ્રહ્મવિદ્યા, હૃદયમાં બ્રહ્મ, આત્મામાં પ્રરબ્રહ્મ, છાતીમાં ધર્મ, પીઠમાં પિતૃ, પડખામાં બ્રહ્મ રુદ્ર, રહ્યાં છે, ઉદરમાં અન્નપૂર્ણા, નાભીમાં સ્વર્ગ, જાંઘમાં ગણેશ, ગુપ્તાંગમાં ઐશ્વર્ય, કેડ્યમાં પૃથ્વી, નિતંબમાં અસ્ત-ઉદય, ભૂજામાં દિશાદેવ, નખમાં નક્ષત્રો, સંત શરીરના રોમમાં સર્વતિર્થો વાસ કરે છે. સાધુની અનુવૃતિમાં કલ્પવૃક્ષ, કામદુધા ચિંતામણી સર્વ રહેલા છે. સાથળમાં શીલાદ-પ્રહલાદ, ગોઠણમાં બલિ-વામન, પિંડીમાં નાગલોક, ચરણમાં શેષ-કશ્યપ રહેલા છે. સંતમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ હું રહેલો છું. તેથી જે વસ્તુ સંતને અર્પણ કરી તે પુરુષોત્તમ નારાયણને અર્પણ થઈ ગઈ.

અધ્યાય - ૯૨

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો બાવીસમો જન્મજંયતિ મહોત્સવ ❖

માધવી અને પ્રજ્ઞાએ કહ્યું : પ્રભુ તમારો બાવીસમો જન્મજયંતી મહોત્સવ આવે તો તે ઉજવવાની આજ્ઞા આપો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પ્રભુએ જન્મજયંતી ઉજવવાની

આજ્ઞા આપી. ગોપાલકૃષ્ણ પિતાએ મંડપ તૈયાર કરાવ્યો. લોમશ ઋષિએ યજ્ઞની તૈયારી કરી. બ્રહ્મપત્નીઓ રસોડામાં પકવાનો તૈયાર કરતા હતા. મોટાભાઈ ભગવાન, શુક, સંતુષ્ટાબેન સર્વેનું સ્વાગત કરતા હતા. દેશાંતરોથી ભક્તો ભગવાનના દર્શને આવ્યા. અષ્ટમીની સવારે માતા કંભરાલક્ષ્મીએ પુત્ર શ્રીહરિને તિલક, ચાંદલો કર્યા. બહેને ચોખા ચોડ્યા. પિતાએ શ્રીહરિને સુવર્ણ માળા પહેરાવી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ મંડપમાં આવ્યા. લોમશ ઋષિએ હાર પહેરાવી આશીર્વાદ આપ્યા.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશે સોનાનો મુગટ, કુંડળ, હાર ધરાવ્યા. ઈન્દ્રાદિક દેવોએ હાર પહેરાવી પૂજા કરી સનકાદિક, નારદ વગેરે ઋષિઓ હાર પહેરાવી પૂજા કરતા હતા. ચૌદ લોકના વાસી બધાએ આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી. બ્રહ્મપત્નીઓ સર્વે પ્રગટ પ્રભુની પૂજા ભાલમાં તિલક, ચાંદલો કરતા હતા. સતી-સાધ્વી આશીર્વાદ આપતા હતા કે, ચિરંજીવો બધાને આનંદ આપો. પછી સર્વેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની આરતી ઉતારી. પ્રભુએ વૃદ્ધોને નમસ્કાર કરી સર્વેને આશીર્વાદ આપ્યા કે, સર્વે સુખી થાઓ. વંશ વિસ્તારવાળા, યશ કિર્તીવાળા થાવ. પછી બપોરે બધાને જમાડ્યા, મુખવાસ આપ્યા. બપોર પછી સૌ પોતાના સ્થાનમાં ગયા. પરંતુ બ્રહ્મા રોકાયા તે સમયે આશ્ચર્ય થયું. વર્ધમાનનો રાજા પુરંજય તેને સ્વપ્નમાં યમદૂત દેખાયા. તે યમપૂરીમાં લઈ ગયા.

ધર્મરાજાએ તેને દંડ આપ્યો અને કહ્યું, તે બીજાના સ્ત્રી-છોકરા ધન લીધા છે તેથી તામીસ્ત્રનરકમાં પડ, હિંસા કરી છે તેથી મહાશૈરવમાં પડ, પશુ-પક્ષી માર્યા છે તેથી કુંભીપાકમાં પડ. આવા અનેક પાપોના અનેક કુંડમાં નાખ્યો. પછી તે સ્વપ્નમાંથી જાગી વિચારવા લાગ્યો કે, આવુ દુષ્ટ સ્વપ્ન કેમ આવ્યું ? તેથી પ્રભુને પૂછ્યું. શ્રીહરિએ કહ્યું, તે પૂર્વે પાપ બહુ કરેલું તે સ્વપ્નમાં ભોગવ્યું. હવે આયુષ્ય બાકી નથી. એમ કહી પ્રભુએ પોતાનો મંત્ર "ૐ નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" આપીને કહ્યું, રાજા અશ્વપટ સરોવરે નાહીને દાન આપીને તું પરમધામમાં જઈશ. તે પુરંજય રાજા અશ્વપટ સરોવરમાં સ્નાન કરી પોતાના નોકરોને શિક્ષણ આપી દેહ ત્યજી ધામમાં ગયો. રાજાના સેવકો અગ્નિસંસ્કાર કરી પછી પ્રભુ પાસે આવ્યા. બધાએ મંત્રો લીધા. ધૂન-કિર્તન કરી સૌ પોતાના સ્થાને ગયા.

અધ્યાય - ૯૩ થી ૯૬

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુની ચૌદ લોકમાં પધરામણી ❖

પદ્માવતીએ પૂછ્યું : હે ભગવાન, તમારા ઉત્સવના અંતે બ્રહ્મા કેમ રોકાયાં ? અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : શર્કરાનગરમાં કથામાં આવેલા બધાએ પ્રભુને પોતાના રાજ્યમાં પધારવા આમંત્રણ આપ્યું હતું. માટે બ્રહ્મા પણ આમંત્રણ આપવા રોકાયા હતા. બ્રહ્માએ

પ્રભુને કહ્યું, હે પ્રભુ તમે સત્યલોકમાં પધારી અન્નકોટનો ઉત્સવ કરો. તો સાવિત્રી, ગાયત્રીને તેમજ ત્યાંના વાસીઓને તમારી સેવાનો લાભ મળે. તેથી પ્રભુએ કહ્યું, સારૂ. પછી આસો વદ એકાદશીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ પ્રિયાઓ સાથે સંતુષ્ટાબેન, દાસ-દાસીઓને લઈને સો યોજનના વિસ્તારવાળા વૈકુંઠ તુલ્ય વિમાનમાં બેઠા, બીજે સ્વરૂપે બ્રહ્મા-લોમશઋષિ સાથે બેઠા. એક મુહૂર્તમાં સત્યલોકમાં પહોંચી ગયા. બધા દેવોને ખબર પડી તેથી તેઓએ પણ ત્યાં પહોંચી સત્યલોકને શણગારી દીધો. બ્રહ્મા, સાવિત્રી, ગાયત્રી, દેવો, પિતૃઓ, ઋષિ, મુનિઓ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની આરતી ઉતારી પૂજા કરી ભેટ મુકતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણે ત્યાં દિવાળી અને અન્નકુટનો ઉત્સવ ધામધૂમથી કર્યો. સત્યલોકમાં પ્રગટ પ્રભુ પોતાની મૂર્તિનું અલૌકીક સુખ આપીને તપલોકમાં આવ્યા.

નરનારાયણ કહે : બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણ માગસરમાં વિમાનમાં બેસીને સત્યલોકમાંથી પૂજા ગ્રહણ કરીને તપલોકમાં આવ્યા. અર્યમા વગેરે પિતૃદેવોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની કેસર-ચંદનથી પૂજા કરી. મણિરત્નો, હીરામોતીના, સોના-ચાંદીના હાર પહેરાવી, આરતી ઉતારી, સ્તૂતિ કરી ભેટ મુકતા હતા. તપ, યજ્ઞ અને બ્રહ્મચર્યનું પાલન કરીને તપલોકમાં રહેલા સિદ્ધ પુરુષોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી સ્તુતિ કરતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણે બધાને "ૐ નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા" આ મંત્ર આપીને મોક્ષમાં મોકલીને ત્યાંથી જનલોકમાં આવ્યા.

તપલોકમાંથી પ્રભુ પોષ માસમાં જનલોકમાં આવ્યા. ત્યાં યજ્ઞ, દાન કરીને જનલોકમાં રહેલા સાધ્યદેવોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની વસ્ત્ર, આભૂષણો, અલંકારો ધારણ કરાવી પૂજા કરી, આરતી ઉતારી, સ્તુતિ કરી. પછી બ્રહ્મપ્રિયાઓની વસ્ત્ર, અલંકારોથી પૂજા કરી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ તે સાધ્યદેવોને અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંત્રો આપી ચિહ્ન યુક્ત સ્વહસ્ત તેઓના મસ્તક પર મૂકીને કલ્યાણ કર્યાં.

ત્યાંથી વિમાનમાં બેસીને માઘમાસમાં મહરલોકમાં ગયા. ત્યાં બ્રહ્માના માનસપુત્રો અને રૂદ્રાણીઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા, આરતી, સ્તુતિ કરીને પછી રૂદ્રએ તાંડવ નૃત્ય કરીને પ્રગટ પ્રભુને રાજી કર્યા. પ્રગટ પ્રભુએ તે બધાને અનાદિશ્રીકૃષ્ણનારાયણના મંત્રથી કલ્યાણ કરીને ધ્રુવના સ્વર્ગમાં આવ્યા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ફાગણ માસમાં ધ્રુવના સ્વર્ગમાં આવ્યા. ભક્ત રાજા ધ્રુવે પોતાની પત્ની શાશ્વતી સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણની વસ્ત્ર, આભૂષણોથી લક્ષ્મીઓ સહિત પૂજા, આરતી કરી, સ્તૂતિ કરી. પ્રગટ પ્રભુ બધાને આશીર્વાદ આપી સાત ઋષિના લોકમાં આવ્યા. ત્યાં વસિષ્ઠ, પુલહ, પુલસ્ત્ય, ક્રતુ, ભૃગુ, અંગીરા, મરીચી, અત્રી વગેરે ઋષિઓએ પોતાના વંશ સહિત અનાદિશ્રીકૃષ્ણનારાયણની વેદમંત્રોથી પૂજા કરી હાર પહેરાવી, આરતી

ઉતારી, સ્તૂતિ કરી, ભોજન કરાવ્યા. પ્રભુ આશીર્વાદ આપી ત્યાંથી કૃતુનાલોકમાં ત્યાંથી શનિલોકમાં, પૂજા ગ્રહણ કરી, ગુરુલોકમાં પૂજા ગ્રહણ કરી. બૃહસ્પતિને આશીર્વાદ મંત્ર આપી ત્યાંથી શુક્ર લોકમાં, ત્યાંથી મંગળ, ત્યાંથી બુધલોકથી, સૂર્ય લોકમાં આવ્યા. સૂર્યે પત્ની સહિત અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા વસ્ત્ર આભૂષણોથી કરી. ત્યાંથી ચંદ્રલોકમાં પૂજા ગ્રહણ કરી. ત્યાંથી સ્વર્ગમાં ઈન્દ્ર આદી દેવોની પૂજા સેવા ગ્રહણ કરી તેમજ યમ વરૂણ, ઈશાન વગેરે દેવોની સેવા અંગીકાર કરી મેરુ પર્વત પર આવ્યા. ત્યાં પ્રિયવ્રત ઉતાનપાદ ધર્મદેવ, સિદ્ધો, ચારણો, ગાંધર્વો, વિદ્યાધરો સર્વે દેવોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની વસ્ત્ર અલંકારોથી પૂજા સેવા કરી આરતી ઉતારી.

અધ્યાય - ૯૭

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ત્રેવીસમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, જેઠ માસમાં કુંકુમવાપી પધારેલા પ્રભુ અનેકને આનંદ આપતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ત્રેવીસમો જન્મજયંતિ મહોત્સવ આવ્યો. લોમશ ઋષિએ પ્રભુને આશીર્વાદ આપ્યા. પ્રજ્ઞા, પદ્માવતી, રાધા-લક્ષ્મી વગેરે બ્રહ્મપત્નીઓ પ્રગટ પ્રભુની પૂજા કરી, આરતી ઉતારી. પછી સ્વયંપ્રકાશ વગેરે મુની તેમજ હેમંત આદી પાર્ષદોએ કેસર-ચંદન, પુષ્પ હારોથી પૂજા કરી, આરતી ઉતારી સ્તુતિ કરી. પછી પાતાલવાસીઓએ પૂજા કરી, પ્રાર્થના કરી કે, પ્રભુ અમારે ત્યાં પધારી અમારો લોક પાવન કરો. તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતાના ભક્તો, મુક્તોના બે સ્વરૂપો બનાવી, વિમાનમાં બેસી અતલ-વિતલ લોકમાં માગશર માસમાં આવ્યા. નમુચી, પ્રહલાદ આદી દૈત્યભક્તોએ શ્રીહરિની વસ્ત્ર આભૂષણોથી પૂજા આરતી કરી. ત્યાંથી પોષમાં સુતલોક, ત્યાંથી માઘમાં તલાતલ આવ્યા. તે લોકના વાસીએ પ્રગટ પ્રભુની પૂજા આરતી કરી, ભેટ મૂકી. ત્યાંથી ફાગણમાં મહાતલમાં આવ્યા ત્યાં અનંત સર્પોએ પૂજ્યા આરતી કરી. ભેટ મૂકી. ત્યાંથી ચૈત્રમાં રસાતલ ગયા. ત્યાં બલિરાજાએ પૂજા આરતી કરી, ભેટ મૂકી, મંત્ર લીધો. ત્યાંથી વૈશાખમાં પાતાલમાં આવ્યા. ત્યાં શેષનારાયણ અનેક સર્પો સાથે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા, આરતી કરી. પ્રભુએ તેમને મંત્રો આપ્યા. ત્યાંથી ક્ષીર સાગરમાં વિષ્ણુ પાસે ગયા. જેઠ માસમાં લક્ષ્મીનારાયણે પ્રગટ પ્રભુને દૂધપાક જમાડીને પૂજા આરતી કરી. અષાઢમાં શ્વેતદ્વીપ ગયા, ત્યાં કમલાનારાયણ તથા શ્વેતમુક્તોએ પ્રગટ પ્રભુની પૂજા આરતી કરી. ત્યાંથી શ્રાવણમાં બદ્રીકાશ્રમમાં આવ્યા. ત્યાંથી નરનારાયણ બદ્રી, તનુ, આદી ઋષિઓ તપસ્વીઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણ ધોઈ પાણી પીધું. ત્યાંથી વારણસી, પ્રયાગરાજમાં સ્નાન કરી, સૌરાષ્ટ્રમાં કુંકુમવાપી પધાર્યા.

અધ્યાય - ૯૮

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ચોવીસમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ચોવીસમો જન્મજયંતી મહોત્સવ આવ્યો. લોમશ ઋષિ માતા-પિતા ઋષિઓએ પ્રભુને આશીર્વાદ આપ્યા. તે જન્મજયંતિ મહોત્સવમાં આવેલા ચૌદ લોકનાવાસીઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા, આરતી કરી. ત્યાં સાત દ્વીપના રાજાઓએ પ્રભુને પ્રાર્થના કરી કે, અમારે ત્યાં પધારો. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ ભક્તો-મુક્તોના બે બે સ્વરૂપો ધારણ કરાવી એક સ્વરૂપ કુંકુમવાપીમાં રાખીને બીજે સ્વરૂપે વિમાનમાં બધાને બેસાડીને જંબુદ્વીપમાં આવ્યા. ત્યાં અગ્નિધ્રઋષિએ પોતાના પરિવાર સહિત પ્રભુની પૂજા કરી.

ત્યાંથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ કીંપુરૂષ ખંડમાં ગયા, ત્યાં હેમકુટ રાજાએ પૂજા કરી. ત્યાંથી ઈલાવ્રત ખંડમાં ગયા. ત્યાંથી નીલાચલ ખંડમાં ગયા, ત્યાં કુરૂરાજાએ પૂજા કરી. ત્યાંથી ભુદ્રાશ્વ ખંડમાં ગયા. ત્યાંથી કેતુમાલ ખંડમાં ગયા, ત્યાં વૈષ્ણવ ભક્તોએ પૂજા કરી. ત્યાંથી પ્લક્ષદ્વીપ ગયા. ત્યાંથી પોષ માસમાં શાલ્મલી દ્વીપ આવ્યા. ત્યાંના રાજા જીમુતે રત્નો, મણિના હાર પહેરાવી, પૂજા કરી. ત્યાંથી માઘ માસે કૃશદ્વિપ આવ્યા, ત્યાંના રાજાની પૂજા ગ્રહણ કરી ક્રોંચદ્વીપ આવ્યા. ફાગણમાં દ્યુતિમાન રાજાએ પૂજા કરી. ત્યાંથી ચૈત્રમાં શાકદ્વિપ આવ્યા, ત્યાં હવ્ય રાજાએ કુટુંબ સહિત પ્રભુની પૂજા કરી, ભેટ મૂકી, મંત્ર ગ્રહણ કર્યા. ત્યાંથી વૈશાખમાં પુષ્કર દ્વીપ આવ્યા, ત્યાં સવન રાજાએ ભોજન કરાવી પૂજા આરતી કરી. ત્યાંથી જેઠ માસમાં લોકાલોક પર્વત પર ફરીને દર્શન આપી અષાઢે કુંકુમવાપી પધાર્યા. ચાતુર્માસમાં ત્યાં રહ્યાં.

અધ્યાય - ૯૯

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો પચ્ચીસમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો પચ્ચીસમો જન્મજયંતિ મહોત્સવ આવ્યો. અષ્ટમીએ સવારે મુક્તો, અવતારો, ઈશ્વરો, દેવો, પિતૃઓ, ઋષિ-મુનિઓ, માનવો-દાનવો સર્વેએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી, આરતી ઉતારી, સ્તુતિ કરી. દાસ-દાસી, પાર્ષદો, ગણિકાએ સર્વેએ પૂજા કરી, આરતી ઉતારી. ગોપાલકૃષ્ણ પિતાએ ભેટમાં આવેલી સર્વે વસ્તુ દાનમાં આપી. તે સમયે વૈરાટ આદી ઈશ્વરોએ ત્યાં આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરી પોતાના લોકમાં પધારવાનું કહ્યું, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પ્રભુ બ્રહ્મપ્રિયાઓ, મુક્તો, ભક્તો, લોમશ ઋષિને તૈયાર થઈ આસો વદ-એકાદશીએ વિમાનમાં બેસી ઉપડ્યા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ એક મુહૂર્તમાં સત્યલોક પાર મહાતેજમાં વૈરાટ લોકમાં પહોંચ્યા. ત્યાં પ્રજા સહિત વૈરાટે પ્રભુની પૂજા કરી આરતી કરી. તેના પુત્રો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તેને પ્રભુની પૂજા કરી. ત્યાં ચાર મુખવાળા, આઠ મુખવાળા, સો, હજાર, લાખ, કરોડ મુખવાળા બ્રહ્મા તથા એક નેત્રવાળા શિવ, ત્રિનેત્ર, એકાવનસો, નવસો નવાણું, હજારો, લાખ, કરોડ નેત્રવાળા શિવ તથા આઠ ભૂજાવાળા વિષ્ણુ સો હજાર, લાખ, કરોડ ભૂજાવાળા વિષ્ણુ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા, આરતી કરીને કારતક, માગશર, પોષમાં પોતાના લોકમાં ૧૪ લોક, ૨૮, ૫૬ લોકમાં પ્રભુને પધરાવતા હતા. દિવ્ય ભોજનો જમાડતા હતા. મહા માસમાં હિરણ્ય ધામમાં મહાવિષ્ણુ અને મહાલક્ષ્મી તે સમયે માતા-પિતા, મહાવિષ્ણુ, મહાલક્ષ્મીમાં અદૃશ્ય થતા હતા અને પુત્રરૂપ શ્રીહરિની પૂજા કરતા હતા. ત્યાંથી શ્રીહરિ શ્રીપુરમાં આવ્યા. ત્યાં લલિતા લક્ષ્મીએ સખીઓ સહિત અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા, આરતી કરી. ત્યાંથી પ્રભુ ફાગણમાં ભૂમા પુરુષના અવ્યાકૃત ધામમાં પધાર્યા. રમા ભૂમાનારાયણે પ્રગટ પ્રભુને એક માસ રોકીને સેવા કરી, અલૌકિક દિવ્ય સુખ લીધું, અનેક ભેટો ધરી, પૂજા આરતી કરી. ત્યાંથી શ્રીહરિ વાસુદેવનાં અમૃતધામમાં પધાર્યા. ચૈત્રમાં અનિરૂદ્ધ પ્રદ્યુમ્ન સંકર્ષણ અનંત વૈષ્ણવ ભક્તો સહિત અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્વાગત કરી જમાડ્યા, પૂજા, આરતી કરી. ત્યાંથી પ્રગટ પ્રભુ વૈશાખમાં શ્રીકૃષ્ણના ગોલોક ધામમાં પધાર્યા. શ્રીકૃષ્ણે પરકૃષ્ણની પૂજા કરી. રાધા આદિ અસંખ્ય બ્રહ્મપ્રિયાઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા, આરતી કરી. અબજો ગોપ-ગોપીઓએ શ્રીહરિની પૂજા કરી. તે સમયે શ્રીકૃષ્ણ સ્તૂતિ કરતા હતા કે, અમે બધા અવતારો તમારામાંથી પ્રગટ થયા છીએ. આ રાધા શક્તિ તે પણ તમારી મૂર્તિમાં રહેલી છે. એવા હે પરમ પિતા તમને નમસ્કાર. તમારી આજ્ઞામાં અમો રહેલા છીએ.

ચૈત્ર માસમાં પ્રભુએ અન્ય ૨૪ અવતારો, મત્સ્ય, કુર્મ, વરાહ, કપિલ, હરિ, પૃથુ, દત્તાત્રેય, હંસ, નૃસિંહ, ઋષભ, વામન, પરશુરામ, યજ્ઞ, રામકુમાર, હયગ્રીવ, નારદ, વ્યાસ, બુદ્ધ વગેરેના ધામોમાં જઈ સૌની પૂજા ગ્રહણ કરી વૈશાખમાં વૈકુંઠમાં પધાર્યા. ત્યાં લક્ષ્મીનારાયણે સ્વાગત કર્યું. પાર્ષદ-પાર્ષદાણીઓ, બ્રહ્મપત્નીઓએ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી. સોનાનો મુગટ, કુંડળ, ટુંપીયો, કંઠી, ચેન, મગમાળા, હાર, હીરા-મોતીના હાર, બાજુબંધ, કડાં, પોંચી, વેઢ, વીંટીઓ, તોળાં, ઘુઘરીવાળા વગેરે પ્રભુને ધરાવીને કેસર-ચંદન, અબીલ-ગુલાલ, કંકુ-ચોખા અત્તરથી પૂજા કરી, આરતી કરતા હતા. ત્યાંથી શ્રીહરિ પ્રકૃતિપુરૂષ, મહામાયાના લોકમાં આવ્યા. ત્યાં પ્રધાનપુરુષ વગેરે પૂજા કરતા હતા. ત્યાંથી સદાશિવના લોકમાં પધાર્યા. ત્યાંથી કૈલાશ જઈ પૂજા કરીને ત્યાંથી ઉપર તેજના આવરણમાં રહેલા વૈકુંઠધામમાં અષાઢ માસમાં પધાર્યા. ત્યાં રહેલા પદ્મનારાયણ તથા આવરણોના ઈશ્વરો અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરતા હતા. ત્યાંથી પ્રગટ પ્રભુએ કમુર્હુતમાં સત્યલોકમાં ત્યાંથી એક મુર્હુતમાં પૃથ્વી પર કુંકુમવાપી પધાર્યા. આવી રીતે પ્રગટ

પ્રભુએ પોતાની કરોડો, અબજો પત્નીઓને અવતારોના ધામો, ઈશ્વરોના સ્થાનો, દેવોના સ્થાનો, દ્વિપો, સમુદ્રો, પર્વતો, પૃથ્વીમાં ફેરવી તેના મનોરથ પૂર્ણ કર્યા. ચાતુર્માસ પૂરો થયો ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ૨૬મો જન્મજયંતી મહોત્સવ આવ્યો.

અધ્યાય - ૧૦૦, ૧૦૧

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો છવ્વીસમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણના છવ્વીસમાં જન્મજયંતિ મહોત્સવમાં લોમશ ઋષિ, સાધુ-સાધ્વી, મુક્તો, ભક્તોએ પૂજા કરી આરતી કરી. પછી પ્રગટ પ્રભુએ બ્રહ્મપ્રિયાઓને સૌરાષ્ટ્રના નદી, પર્વત, અરણ્ય પર્વતો વગેરે તિર્થો કરાવ્યા. ગોમતી, શેત્રુંજી, ઓજત, હીરણ, ભદ્રાવતી, નારાયણધરો, સ્વર્ણરેખા, વ્યાઘ્રારણ્ય, રૈવતાચળ વગેરે તિર્થો કરી કુંકુમવાપી આવ્યા. પ્રગટ પ્રભુના દર્શન કરવા આવતી નારીઓ, નાના બાળકોને પ્રભુને પગે લગાડીને આશીર્વાદ મેળવતી હતી. તે જોઈને પ્રગટ પ્રભુની પત્નીઓને વિચાર થયો. પુત્ર-પુત્રી વિનાનું જીવન મીઠા વિનાના ભોજન જેવું છે. શ્રીહરિને બધી બ્રહ્મપ્રિયાઓએ પ્રાર્થના કરી, હે પ્રભુ અમને પુત્રની ઈચ્છા થાય છે, તો પુત્ર આપો.

બ્રહ્મપ્રિયાઓ પ્રભુને કહે, હે ભગવાન તમોએ અમને બધા ધામો, સ્થાનો, લોક બતાવ્યા. ત્યાં બધા પુત્રવાળા છે. તો અમને પુત્ર-પુત્રીની ઈચ્છા રહે છે. આ લોકમાં જે ઘરમાં ગર્ભવતી નારી નથી, પ્રસૂતિ નથી, સ્તનપાન કરનારું નથી, કાલી ભાષા નથી, માતા-પિતા શબ્દ નથી, પુત્ર-પુત્રી શબ્દ નથી. બાળકના પગલાં-પારણું નથી, તે ઘર ડાકીની પ્રેતગૃહ જેવું અથવા સંન્યાસીના આશ્રમ જેવું લાગે છે.

બધી બ્રહ્મપત્નીઓની, પુત્ર-પુત્રીની ઈચ્છા જાણીને શ્રીહરિએ કહ્યું, એક પુત્ર - વધુ પુત્રીઓ તો સારું નહીં. એક પુત્રી - વધુ પુત્રો તે પણ સારું નહીં. એક પુત્ર, એક પુત્રી આપીશ જેથી તમારો સંકલ્પ પૂર્ણ થાય. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પુરૂષોત્તમ નારાયણ એવો હું મારા માનસ પુત્ર ગોલોકમાં કૃષ્ણ તથા રાધા છે. વાસુદેવ આદી ચતુર્વ્યુહ છે. વૈકુંઠમાં લક્ષ્મીનારાયણ છે, શ્વેતદ્વીપમાં રમાનારાયણ છે, ક્ષીર સમુદ્રમાં લલિતાનારાયણ છે. તે બધી માનસ સૃષ્ટિઓ છે. તે જ રીતે ધામ, અવતારો, ઈશ્વરોની તે સંકલ્પસૃષ્ટિ શ્રેષ્ઠ છે. સ્પર્શસૃષ્ટિ, યોગી-તપસ્વીઓની છે. દર્શનસૃષ્ટિ, દેવો-પિતૃઓની છે. મૈથુનીસૃષ્ટિ મનુષ્યો, પશુ, પક્ષીની છે. સત્યુગમાં સંકલ્પસૃષ્ટિ, ત્રેતાયુગમાં દર્શનસૃષ્ટિ, દ્વાપરમાં સ્પર્શસૃષ્ટિ, કલીમાં મૈથુનીસૃષ્ટિ છે.

પ્રભુએ પોતાની બ્રહ્મપત્નીઓને કહ્યું, સત્યુગની અને અવતારોની સંકલ્પ સૃષ્ટિ પ્રમાણે તમને પુત્ર-પુત્રી આપું જેથી ગર્ભસૂતક લાગે જ નહીં. માટે એક વર્ષ પયોવ્રત કરો. આ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણે તે બ્રહ્મપત્નીનો સંકલ્પ પૂર્ણ કરવા માનસપુત્ર-પુત્રી આપ્યાં, જે સૂર્ય જેવા તેજસ્વી માતા-પિતા સમાન ગુણરૂપ ઐશ્વર્યવાળા હતા, પ્રગટ પ્રભુની આ દિવ્ય

સૃષ્ટિ જોઈને ઋષિઓ આશીર્વાદ આપતા હતા. શ્રીહરિ સાધુ- બ્રાહ્મણોને, ઋષિ-મુનિઓને, અતિથિઓને, અનાથ બાળકોને, ગરીબોને જમાડીને અનેક પ્રકારના દાન આપતા હતા. લોમશ ઋષિ નામકરણ સંસ્કાર કરતા હતા.

અધ્યાય - ૧૦૨

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણની આઠ બ્રહ્મપત્નીના પુત્ર અને પુત્રીના નામો ❖

કાશીના સુખહા લક્ષ્મીના પુત્ર મુકુંદ વિક્રમ, પુત્રી મુક્તિબાલા. લક્ષ્મીનો પુત્ર વાસુદેવ, પુત્રી દિવ્ય વાસવી. શ્રીનો પુત્ર રાસકૃષ્ણ - પુત્રી રાસેશ્વરી, પ્રભાનો પુત્ર પ્રભુ - પુત્રી બ્રહ્મકાંતિ, પાશવતીનો પુત્ર અનંત - પુત્રી બૃહતીશ્વરી, લલિતાનો પુત્ર લાલ - પુત્રી લીલેશ્વરી, જયાનો પુત્ર વિજય - પુત્રી વિજયેશી, માણીકીનો પુત્ર કૌસ્તુભમણી - પુત્રી મણીશ્વરી, કમલાનો પુત્ર પદ્મનાભ - પુત્રી નભોવતી, રમાનો પુત્ર રામ - પુત્રી રામાયણી, રાધાનો પુત્ર રાય - પુત્રી ઋદ્ધિચ્યા, નારાયણીનો પુત્ર નર - પુત્રી નરોતમી, જોષ્ટ્રી પુત્ર સ્વપ્રકાશ - પુત્રી વિવેકીની.

અનાદિશ્રીકૃષ્ણનારાયણની બીજી અન્ય પત્નીના નામો- બ્રાહ્મી, ભાગવતી, ધામા, સરસ્વતી, મંગલા, માનસા, રેવા, ભક્તિ, ગંગા, રતિ, કૃતિ, મુક્તિ, એકાદશી, પુન્યા, કામદુધા, તુલસી, સતી, મૂર્તિ, ગોમતી, સ્વર્ણરેખા, નંદીની, સાવિત્રી, વીરજા, દુર્ગા, દોલા, પુષ્પા, કલાવતી, બદરી, માધવી, પંપાષષ્ઠી, પ્રીતિ, ઋતધ્વજી, કુશલા, કાશીકા, ચાંદ્રી મણિ, જયોત્સના, પ્રભાવતી, આરસા, સુરસાનંદા, હનુકાંચની, હરિણી, વિશ્વા, વિતસ્તિ, રસીકા, સુપર્ણા, હીરણ્યમયી, પૃભૃતિ કરીણી, પદ્મા, સરોજીની, પિંગલા, પૂર્ણિમા, વલ્લભા, કાષ્ર્ણી, જોષ્ટ્રી, પદ્મિની, સુદુધા, યોગિની, વિદ્યોતિની, શાંતિ, માલતી, રક્તા, ઉશ્કમા, વૈશ્વી, દેવતા, કુમુદા, શિવા, તરલા, રેણુમિશ્રા, કાનકી, નલીની, પરી, સુનંદા, કલીકા, સાધ્વી, સુધા, અંબા, પ્રકૃતિ, શમી, શ્યામા, બાલા, મંજુલા, પલ્લવી, વલ્લભી, ઈશ્વરી, મોઘવતી, વેદી, શ્વેતા, વૈષ્ણવી, માલીની, રતવા, અમરી, ચારણી, શીલા, જયોત્સના, દુગ્ધા આ સો પત્નીના નામો આ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણની બ્રહ્મપ્રિયાઓ મુખ્ય આઠ પછી ચાર પછી એકસો પછી લાખો, કરોડો, અબજો છે. દેશ-વિદેશની ૧૪ લોકના બ્રહ્માંડોની પત્નીઓ તે ગણવી બુદ્ધિ અને કલ્પનાથી પર છે. આ દિવ્ય અધ્યાય કોઈ વાંચશે-સાંભળશે તે દિવ્યતાને પામશે.

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણના અનેક પ્રસંગોમાં, અનેક વિઘ્નોમાં અનેક દેશ-વિદેશના દૈત્યને મારી તેની પત્નીઓ તથા કન્યાઓને શ્રીહરિને શરણે લીધી હતી. તે બધી કન્યાઓ લોમશ ઋષિના આશ્રમમાં રહેતી હતી. અનાદિશ્રીકૃષ્ણનારાયણે તે બધી કરોડો કન્યાઓ સાથે દિવ્ય લગ્ન કર્યા હતા. તેના બધા પુત્ર-પુત્રીઓને સંસ્કાર વિદ્યાભ્યાસ, યજ્ઞો, કર્મકાંડો, ૬૪ કળા વગેરેનું જ્ઞાન લોમશઋષિ આપતા હતા.

અધ્યાય - ૧૦૩, ૧૦૪

❖ દ્વાપરયુગ, ત્રેતાયુગ, સત્યુગ અને કળીયુગની સ્થિતિનું વર્ણન ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, સત્યુગમાં મનુષ્યોના સંકલ્પો સફળ થતા. ઘરે ઘરે કામદુધા ગાયો હતી, સંકલ્પ સૃષ્ટિ હતી. બીજ સવારે વાવે બપોરે ઊગે. વૃક્ષ બધા રસવાળા, બધા લાખ વર્ષની આવરદાવાળા, અધ્યાત્મ ચિંતનવાળા હતા. નારીઓ ચંચળ ભાવથી રહિત હતી. રજસ્વલાપણું હતું જ નહિ. રાગદ્વેષ રહિત, નિત્ય તૃપ્તિવાળા, ઈચ્છા મૃત્યુ, ઈચ્છારૂપ ધારણ કરનારા, આ રીત સત્યુગે હતી. ત્રેતાયુગમાં ધર્મ તપ, યજ્ઞ, દાન ત્રણે પગે રહેતો, સત્ય ન રહ્યું, અસત્યના પ્રવેશથી સંકલ્પો નબળા થયા, બધા વૃક્ષ નીચે વાસ કરવા માંડ્યા. પૃથ્વીના ભાગ પડવા લાગ્યા. યુગલનો નિયમ ન રહ્યો. પરાધીન થયા. કર્મ પ્રમાણે અન્ન, વસ્ત્ર મળે. ખેતર ખેડીને અન્ન મળે. સ્પર્શ સૃષ્ટિ થઈ. વિવાહ બંધન થયું. ગર્ભથી બાળક થવા લાગ્યા. વાવે તો જ ઊગે. આ રીત ત્રેતાયુગની હતી. દ્વાપરયુગમાં બધા વ્યાપારથી જીવનારા થયા. નાના મોટા ગામો થયા. નોકર, દાસ-દાસી થયા. ચોરી, દગા, પ્રપંચ શરૂ થયા. વાવેલું પણ અડધું ઊગે, વરસાદ થાય તો જ ઊગે. લૂંટારા થયા તેને માટે દંડ નિયમ થયા. દ્વાપરને અંતે ગઢ થયા. સુખ અલ્પ, દુઃખ વધુ, અકાળે મરણ, દુષ્કાળ પડવા માંડ્યા. બધા વિશ્વાસ રહિત થયા. પ્રયત્નો અર્ધા સફળ થયા. યજ્ઞ નાશ પામ્યા. ત્રેતાયુગમાં દશહજારની આયુષ્યવાળા હતા તે દ્વાપરમાં એક હજાર વર્ષની આયુષ્યવાળા થયા.

દ્વાપરને અંતે કળીયુગની શરૂઆત થઈ. ત્યારે મોટા ભાગે તો લોકો મદ્યમાંસ, મૈથુન પરાયણ થતા ગયા. ઘરમાં ચોરી વધી, રોગ વધ્યા, કલેશ વધ્યા, દંપતી કલેશ, મોટાનું અપમાન, અસત્યવાણી, પ્રયત્ન વિના ધન મેળવનારા થયા, કળીયુગમાં અધર્મ વંશની વૃદ્ધિ, ધર્મવંશની હાની થશે. કન્યા વિક્રયવાળા થશે. એકવર્ણ સાથે ખાનારા-પીનારા થશે. કળીયુગમાં કોઈ પણ ખાવા-પીવાની વસ્તુમાં સ્પર્શદોષ રહેશે નહિ. સાધુ-ગુરુદેવમાં નાસ્તિક ભાવ આવશે તથા દામ્પત્યજીવન સુખી નહી રહે. પતિવ્રતા અને પત્નીવ્રતનો લોપ થશે, ચોકમાં બેસનારા થશે, બજારમાં ભોજન કરનારા થશે.

કળીયુગના પાંચ હજાર વર્ષ થશે ત્યારે તિર્થોનો લોપ થશે. નદીઓમાં પાણી વેંત જેટલું રહેશે, સ્ત્રીઓ આઠ વર્ષ ગર્ભવાળી થશે, ચાલીશે મૃત્યુ થશે, વરકન્યા ઈચ્છા પ્રમાણે વરસે, રજસ્વલાનું પાલન નહીં રહે, અશુદ્ધ ગણશે જ નહીં. કળીયુગમાં જાતિ નહિ રહે. માતા-પિતા નામ માત્રથી રહેશે. બધા સ્વેચ્છાએ ફરશે. ગુપ્તાંગો દેખાય એવા વસ્ત્ર પહેરશે. સ્ત્રી રાજ્ય થશે. પુરુષનું પરાધીનપણું રહેશે. પ્રત્યક્ષ દેખાય તેટલું માનશે. હિંસા વધશે, બાળ-હત્યા, સ્ત્રી હત્યા વધશે. ઉચ્ચ જ્ઞાતિના ધર્મલોપ કરશે. નીચ જ્ઞાતિના ધર્મપાલન કરશે. એક પત્નીવ્રત નહિ રહે, નીચ વર્ણને દરવાજે શ્રેષ્ઠવર્ણ નોકરી કરતા હશે. લોકો નિંદાપરાયણ થશે.

કળીયુગના દશ હજાર વર્ષ થશે ત્યારે મંદિરોનો લય થવા લાગશે. પંદર હજાર વર્ષ થશે ત્યારે સોળ વર્ષનું આયુષ્ય થઈ જશે. છ માસે પ્રસૂતિ, ચાર વર્ષે યુવાન, બાર વર્ષે વૃદ્ધ થશે, ચોર ચોરનું લઈ જશે. તે સમયે દાનનો લોપ થશે. અંતે પ્રજા દૈત્ય, દાનવ, રાક્ષસના સ્વભાવવાળી થશે. કળીયુગમાં નિષ્કામીપણું નહિ રહે. કળીયુગમાં કોઈ નિયમ, ધર્મ રહેશે જ નહીં. કેવળ ભગવાનનું નામ લેનારા હશે. સત્યુગમાં સોળ વર્ષે, ત્રેતામાં એક વર્ષે, દ્વાપરમાં છ મહિને, કળીયુગમાં એક દિવસે પ્રભુની સેવાભક્તિની સિદ્ધી પ્રાપ્ત થશે, આટલો કળીયુગમાં ગુણ છે.

નરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, કળીયુગમાં કાળ, બળ બધે પ્રવર્તી જશે. દેવતાઓનું દૈવત મંદ, ઋષિઓનું તપ ઐશ્વર્ય મંદ, સતીનું સતીત્વ મંદ, યોગિની શક્તિ મંદ, ઈશ્વરોનું તેજ મંદ, બ્રાહ્મણોનું તેજ વિલિન થશે. મંત્રોનું બળ શિથિલ, જપ, તપ, યજ્ઞ, વ્રત તેના ફળ ઓછા થઈ જાશે. તિર્થો નષ્ટ થશે. સાધુના સદ્‌ગુણ ઓછા થશે. જ્ઞાનનું ફળ શાંતિ નહિ મળે. કળીયુગમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ પણ ઓછા કામ આપશે. બધે આશા તૃષ્ણા રહેશે. દીક્ષા-ભિક્ષા, શીક્ષા, નષ્ટ થશે. સ્વાર્થપરાયણતા, વ્યવહારમાં કયાંય પરોપકાર, સત્યવાણી બોલનારા ભાગ્યે જ હશે. સંપમાં સત્કાર્યમાં પાછળ રહેશે. કથા સાંભળનારા ઓછા થશે. માનતા વધશે, ભક્તિ ઓછી થશે, ગ્રહણ બધું કરશે પણ ત્યાગ ઓછું કરશે, અસત્પુરુષોનું સન્માન થશે, સત્પુરુષોનો અનાદર થશે, ઈન્દ્રિયોનું રંજન, કુટુંબમાં ઉદ્વેગ, નિંદ્રા ઓછી, સ્વપ્ન વધારે, વૈદ્યો વધશે. ધુમ્રપાન, ગાલીવાદ વધશે, કેશ કબરી વાળની જ શોભા રહેશે. શિક્ષામાં નાટ્ય શાળા વધશે. આગગાડીમાં મુસાફરી કરી સત્વહીન ભોજન કરનારા, લોહી વેચનારા, પશુ જેવા થશે. મનમાં બીજું, કહેવામાં બીજુ, નરનારીઓ ચિત્ર-વિચિત્ર કપડાં પહેરવાથી ભાન રહિત ઓળખાશે નહીં. રાત્રી-દિવસ કામકાજ કરવા છતાં પુરી ધન પ્રાપ્તિ નહીં થાય.

કળીયુગમાં હજારો દોષ હોવા છતાં એક ગુણ મહાન છે, તે ભગવાનના નામ-કિર્તનથી મોક્ષ મળશે, ભગવાનનું પ્રસાદીનું જલ અને ભગવાનનું સ્મરણ મોક્ષ આપનારું થશે. જેવા તેવા પણ ભગવા વસ્ત્રવાળા સાધુ, જીવાત્માનું કલ્યાણ કરશે, કારણ કે તે કૃષ્ણને ખોળે બેઠેલા હશે, ઘર-કુટુંબ, ગામ, ખેતર, સ્ત્રી બધું ભગવાનને અર્પણ કર્યું હશે, પોતાનો દેહ પણ ભગવાનને અર્પણ કર્યો હશે માટે કળીયુગમાં શરીરનો આચાર-અશુદ્ધ હોવા છતાં શ્રીહરિના સંતને શરણે જવાથી પાપીનો પણ ઉદ્ધાર થશે.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, કળીયુગને અંતે નદી-તળાવ, સરોવર, તિર્થો નહીં રહે. મંદિરો નહીં રહે ત્યારે ભગવા વસ્ત્ર ધારણ કરનારા સાધુના દર્શનથી, સ્પર્શથી, જમાડવાથી, સેવાથી, ચરણરજથી પગ ધોઈ પાણી પીવાથી, મન વાણી, શરીરથી સેવા

કરનારા, મનુષ્યો શુદ્ધ થશે. અનાદિશ્રીકૃષ્ણનારાયણના સંતોનો આશ્રય કરવાથી, સેવા કરવાથી તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું નામ-કિર્તન કરવાથી મોક્ષ થશે. આ સરળ ઉપાય હશે.

અધ્યાય - ૧૦૫, ૧૦૬

❖ સનત્‌મુનીએ અધર્મી માયાપાલ રાજાને ધર્મરાજાના દંડથી મુક્ત કર્યો ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, પૂર્વ કામરૂપ દેશમાં માયાપાલ રાજા મહાઅધર્મી થયો. યજ્ઞ, જપ, તપ, વ્રત, નિયમ, ધર્મ, કર્મ, મંદિર, પૂજા, દાન, સત્કર્મ બંધ કરાવી અતિ અનાચારી થયો. તે દારૂ, માંસ, ચોરી, લૂંટ-ફાટ, વ્યભિચાર, જુગાર, વ્યસનો વગેરેમાં રચ્યો રહેતો તેથી દેશમાં દુષ્કાળો પડવા માંડ્યા. તેથી પાપીની સાથે પુણ્યશાળી પણ દુઃખ પામ્યા. ત્યારે બ્રહ્માની માનસપુત્રી બ્રહ્મનદીએ બ્રહ્મા પાસે આવીને દુઃખ કહ્યું. ત્યારે બ્રહ્માએ સનત્‌મુનીને કહ્યું, શું કરશું ? સનત્‌મુની કહ્યું, તે રાજા દંડ પાત્ર છે. તેને દંડ દેવો જોઈએ. એમ કહી બ્રહ્માની માનસપુત્રી કામાક્ષીદેવીને કહ્યું, તમે દંડ આપી પછી અનુગ્રહ કરજો. કામાક્ષીદેવીએ યમદૂતને મોકલ્યો. યમદૂત માયાપાલને પકડીને યમપુરીમાં લઈ ગયા. જેટલા પાપ કર્યા હતા તેટલા નરકના કુંડમાં નાખ્યો. હિંસક પશુએ ફાડી ખાધો, લોઢાના યંત્રોમાં પીસાવ્યો, વૈતરણીમાં વહાવ્યો, મળમૂત્ર પાયા. આવા અનેક દુઃખોથી માયાપાલ રાજા દુઃખી થયો. પછી કામાક્ષીદેવીએ સનત્‌મુનીને સંભાર્યા. ત્યાં તરત જ દેવ-ઋષિ આવ્યા પછી યમદૂત ચાલ્યા ગયા. રાજાએ કહ્યું, હવેથી હું ક્યારે પણ પાપ નહિ કરું. તેજસ્વી સનત્‌મુનીને જોઈ ધર્મદેવ પગે લાગ્યા અને પૂછ્યું, આવા પાપીને તમે છોડવા શા માટે આવ્યા ?

સનત્ મુનીએ કહ્યું : સંત પુરુષનું હૃદય નવનીત સમાન કોમળ હોય છે. રાજાનું દુઃખ હું દેખી શક્યો નહિ તેથી અહીં આવી રાજાને દુઃખ મુક્ત કર્યો.

ધર્મરાજા કહે : હે સનત્‌મુની, બધા પાપથી જીવ છૂટી શકે પણ વિશ્વાસઘાત કરનારો, દેવ, ગુરુ, સાધુ, બ્રાહ્મણનો દ્રોહ કરનારો પ્રાયશ્ચિતથી પણ છૂટી શકતો નથી. તેથી આ રાજાને એક વર્ષ સુધી આવો દંડ દેવો પડશે. સનત્‌મુનીએ કહ્યું : ધર્મરાજા, જે રીતે તમે પાપીઓને દંડ આપવા નિમાયેલા છો. તે જ રીતે અમને બ્રહ્માએ પાપીઓને છોડાવવા માટે નિર્માણ કર્યા છે. ધર્મરાજા કહે, પાપ ભોગવ્યા વિના શુદ્ધિ થતી નથી. રાજાના પાપ આપવા કોને ? સનત્‌મુનીએ રાજાની રાણીને બોલાવીને કહ્યું, રાજાના પાપ લ્યો તો રાજા યમપુરીના દુઃખ મુક્ત થાય. રાણી કહે, રાજાના પાપે મારા પુત્ર-પુત્રીઓ એકસો મરી ગયા. હું રોગવાળી થઈ માટે રાજાના પાપ હું ન લઉં. પુણ્ય હોય તો લઉં. પછી ધર્મરાજાએ સનત્‌મુનીને કહ્યું, તમે રાજાના પાપ લઈ લ્યો. મુનીએ પાણીની અંજલી ભરી રાજાના પાપ લઈ ભયમુક્ત કર્યો. તેથી ધર્મરાજા સનત્‌મુનીની પૂજા કરી. ત્યાં બીજા નારકી જીવો પણ સનતમુનીને કહે, અમને

પણ યમપુરીમાંથી છોડાવો. સનત્‌મુનીએ બધાને "કાલમાયાપાપકર્મશત્રુયામ્યકૃહદ્‌ભયાત્‌, શુલમીનધ્વજ ધનુષ્યચક્રસ્વસ્તિકવાન્‌ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામિ પતિશ્ચમે, શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ" આ મંત્ર આપી ધૂન કરાવી. બાલકૃષ્ણ પરંબ્રહ્મ હરે કૃષ્ણ નારાયણ આ નામ સાંભળી યમદૂતો ભાગ્યા. સનત્‌મુનીએ બધા નારકી જીવોને પાણી છાંટી સ્વર્ગમાં મોકલ્યા. પછી સનત્‌મુનીએ રાજા પાસે યજ્ઞ કરાવ્યો. તેમાં સાધુ-સાધ્વી, યતિ, યોગી, બ્રહ્મચારી, સંન્યાસી, બ્રાહ્મણોને જમાડીને દાન આપીને ખજાનામાં પાપી ધન હતું તે ખાલી કર્યું. સાધુના પુણ્ય પ્રતાપે રાજા-રાણીના રોગ મટ્યા. પ્રજા સુખી થઈ. સનત્‌મુની પ્રજાને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી સત્યલોકમાં ગયા.

અધ્યાય - ૧૦૭, ૧૦૮

❖ કળીયુગના અંતે સત્યુગની સ્થાપના માટે શ્રીહરિનું પ્રાગટ્ય ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, કળીયુગમાં કોઈ ઠંડા પાણીએ સ્નાન નહીં કરે. ગરમ પાણીથી કોક સ્નાન કરશે. ત્યાગીમાં ભસ્મ સ્નાન રહેશે. મુખ ધોયું એટલે શુદ્ધિ, દેવપૂજામાં પાણી, આચમનમાં ચા, પ્રભુને નૈવેદ્ય માનસી, ચૂલામાં અગ્નિ તે યજ્ઞ, મહિને કે વર્ષે શ્રીફળ ધરે એટલે નૈવેદ્ય થશે. પ્રભુને દંડવત, નમસ્કાર, જયનાદ, સ્તૂતિ બંધ થશે. સાયંપૂજા બગીચામાં - નાટકમાં થશે, મળત્યાગ પછી સ્નાન બંધ થશે, પાણીથી હાથ પગની શુદ્ધિ થશે, પ્રાયશ્ચિત બંધ થશે, સૂર્યપવનથી શુદ્ધિ થશે. સૂતક નહીં રહે. જન્મ-મરણમાં વ્રતનો ત્યાગ થશે, વ્યસનોનું સન્માન થશે, એકટાણું જમવાનું નહિ થશે, એક પત્નીવ્રત નહીં થશે. ગમે તે વસ્તુને અડવામાં સ્પર્શદોષ ગણશે જ નહીં. મદ્યમાંસને અશુદ્ધિ નહીં ગણે. લસણ-ડુંગળી પવિત્ર ગણાશે. રાત્રે યંત્રો ચાલુ રહેશે. સૂર્યોદય પછી જાગશે. દેવકર્મ, પિતૃકર્મ, ધર્મકર્મ બધું બંધ થશે. તે સમયે સેવા, અર્પણ, ભક્તિ, ધ્યાન, દાન, કિર્તન અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન આ છ સાધનોથી મોક્ષ થશે.

બદ્રીશ્વરીએ પૂછ્યું : હે પ્રભુ, કળીયુગ પુરો થયા પછી કેવી સ્થિતિ રહેશે ? નરનારાયણ ભગવાને કહ્યું : કળીયુગને અંતે સત્યુગના ધર્મસ્થાપન માટે મારે અવતાર ધારણ કરવો પડશે. ત્યારે તું લક્ષ્મી તલવાર રૂપે થઈશ. નર અશ્વરૂપે થશે. ત્યારે ધર્મપુત્ર વિષ્ણુ વિપ્રને ત્યાં પ્રગટ થઈને હું શ્વેત અશ્વ પર બેસી પૃથ્વી પર ફરીને પાપીઓનો નાશ કરીશ. મારું વાયુસ્પર્શ જેને થશે તે પણ પવિત્ર થશે. ત્યારે સાધુના, સાધ્વીના, દેવ મંદિરોના, આશ્રમોના સતી, તપસ્વીઓના ધર્મો હું પ્રકાશમાં લાવીશ. એક જ વર્ષમાં હું સત્યુગનું સ્થાપન કરીશ. મારા ભક્તો જે સત્યુગી હશે તે જ રહેશે. પૃથ્વી, વૃક્ષો, ઔષધીઓ, ગાયો, બધા રસકસવાળા થશે. મારા લાખો માનસપુત્રો, અધર્મીઓનો નાશ કરશે. જ્યારે ચંદ્ર, સૂર્ય, બ્રહસ્પતિ એક રાશિમાં ભેગા થશે ત્યારે સત્યુગ માનેલો છે. સત્ય, તપ, યજ્ઞ, દાન આ

ધર્મના ચાર પગ છે તે સત્યુગમાં શરૂ થશે ત્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું સત્યુગના ધર્મ અને ઉપાસના પ્રવર્તાવી સવા લાખ વર્ષ સુધી આ પૃથ્વી પર રહીશ.

અધ્યાય - ૧૦૯, ૧૧૦, ૧૧૧

❖ પ્રભુએ દિલાવરીનું રાજ્ય નાગવિક્રમ રાજાના પુત્ર મુકુંદવિક્રમને આપ્યું ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ભક્ત દિલાવરીનો રાજા નાગવિક્રમ અને તેની પત્ની હસ્તિમાલીની ભારતના તિર્થો કરવા નીકળ્યા. સર્વે તિર્થોમાં ફરીને અશ્વપટ સરોવર કાંઠે કુંકુમવાપી ક્ષેત્ર તિર્થમાં આવ્યો. ત્યાં લોમશ ઋષિને નમસ્કાર કરી, અશ્વપટ સરોવરમાં સ્નાન કરી, ગજાસને બેઠેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિની ષોડશોપચારે પૂજા કરી, આરતી કરી. પછી પ્રભુએ પ્રસાદ આપ્યો. તે જમીને રાજા-રાણી સૂતા ત્યાં સ્વપ્ન થયું. તેમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશના દર્શન કર્યા. ૧૪ લોક જોયાં. સત્યલોકની બ્રહ્મસભા વૈરાજ, બદ્રીકાશ્રમ, નરનારાયણ ભગવાનના દર્શન કર્યા. પ્રકૃતિ પુરુષધામ, અમૃતધામ, વૈકુંઠ, ગોલોક ધામના દર્શન કરી અક્ષરધામનાં દર્શન કર્યા. પરમધામના પતિ પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા. સોળ વર્ષના તેજસ્વી મુક્તોએ પૂજેલા રાધા-લક્ષ્મી, પદ્માવતી, પ્રજ્ઞા, માણિકીથી સેવાયેલા જેના એક રોમમાં કરોડો સૂર્યના તેજ સમાઈ જાય એવા દિવ્ય વસ્ત્ર, અલંકારોથી શોભતા અલૌકીક દર્શન રાજા-રાણીને થયા. સ્વપ્નમાંથી સવારે જાગ્યા પણ રાજા-રાણીને જગતમાં પદાર્થમાં ક્યાંય ચિત્ત ચોંટે નહીં એવી બ્રહ્મસ્થિતિ થઈ ગઈ. રાજાના નોકરે પ્રભુને કહ્યું કૃપા કરો. અમારા રાજા ચિત્તભ્રમ થઈ ગયા છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : નાગવિક્રમ રાજા-રાણીને ચિત્તભ્રમ, ઉન્મતતા, ભૂત-પિશાચનો પ્રવેશ નથી. કોઈએ મંત્રચોટ નથી કરી. પરંતુ પરમધામમાં મારું દિવ્ય દર્શન થવાથી આ લોકમાં કાંઈ ગમતું નથી. આ બંનેના ઈન્દ્રિયો અંતઃકરણ શરીર કર્મધર્મ દૃષ્ટિ સર્વે દિવ્ય બની ગયા છે તેથી માયામય જગત બધું નરક જેવું લાગે છે. આ બંનેના બ્રહ્માંડમાં અંદર બહાર જવા માટે અનાવરણ સ્થિતિ થઈ ગઈ છે.

પછી તો રાજાએ પોતાના નોકરોને અનાદિશ્રીકૃષ્ણનારાયણનો મહિમા કહ્યો. આ પ્રગટપ્રભુ સર્વે અવતારોના અવતારી સર્વે ધામના ધામી છે. તેના તમને દર્શન થયા તે મહાભાગ્ય. આ રાજ્ય મારું નથી. કુટુંબ, સંપતિ, શરીર કાંઈ મારું નથી. મારે તો પ્રભુના ચરણમાં વાસ કરવો છે. શાશ્વત મુક્તિ જોઈએ છીએ. એમ કહીને રાજા-રાણીએ હાથમાં પાણી લઈ રાજ્ય અનાદિશ્રીકૃષ્ણનારાયણને અર્પણ કર્યું. પછી પ્રભુ પાસે ત્યાગી દીક્ષા લીધી. રાજાએ ત્રિવિક્રમાયન અને રાણીએ શ્રીમાલીકાયની નામ ધારણ કર્યા. રાજાના સેવકો હજારો તેણે પણ ત્યાગી દીક્ષા ગ્રહણ કરી. તે સર્વે અશ્વપટ સરોવર કાંઠે વાસ કરતા હતા. પછી સ્વયંપ્રકાશ તેમને પોતાના આશ્રમમાં વાસ કરાવી અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરાવતા.

પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણે દિલાવરીનું રાજ્ય નાગવિક્રમના મોટા પુત્ર મુકુંદવિક્રમને આપતા હતા. તેનો રાજ્યાભિષેક કરવા માટે શ્રીહરિ બધા સંતો, ભક્તો, ઋષિ-મુનિઓ, માતા-પિતા, બ્રહ્મ પત્નીઓને પોતાની સાથે આવવા તૈયાર કરતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ૧૪ લોકમાં આમંત્રણ પત્રીકા મોકલતા હતા. પ્રગટ પ્રભુ ત્યાં જઈને મંડપની તૈયારી કરાવતા હતા. લોમશ ઋષિ યજ્ઞની તૈયારી કરાવતા હતા. ધર્મશાળા, ઉતારા, બગીચા, વિશ્રામ સ્થાનો તૈયાર કરાવતા હતા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણના આમંત્રણથી સર્વે અવતારો મુક્તો, ઈશ્વરો, દેવો, દેવીઓ, યક્ષો, સિદ્ધો, ચારણ, ગાંધર્વો, વિદ્યાધર, દાનવો, રાક્ષસો આવ્યા. બધાનો પ્રભુએ યથાયોગ્ય સત્કાર કર્યો. પછી સર્વે તિર્થોના જલથી મુકુંદવિક્રમ રાજાનો લોમશાદિ ઋષિઓએ અભિષેક કર્યો. પછી રાજમુકુટ પહેરાવ્યો. પછી લોમશઋષિએ બધા આયુધોની પૂજા, રસકસના સર્વ દેવોની પૂજા કરાવી. તે સમયે સર્વે અવતારો, મુક્તો, ઈશ્વરો, દેવો રાજાને અનેક ભેટો આપતા હતા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે મુકુંદ વિક્રમ રાજાને પ્રસન્ન થઈને ચક્ર આપી કહ્યું, આ ચક્ર રાજ્યના શાસનને નહિ માને તેને દંડ આપશે. પછી યજ્ઞ પુર્ણાહૂતિ કરી. બધાને ભોજનો જમાડી સાધુ વિપ્રોને દાન આપતા હતા. પછી સૌ પોતાના સ્થાનમાં ગયા. અનાદિશ્રીકૃષ્ણનારાયણ માતા-પિતા કુટુંબ સાથે કુંકુમવાપી પધાર્યા. પ્રગટ પ્રભુની કૃપાથી તે રાજા ધર્મથી રાજ્ય ચલાવી પ્રજામાં પ્રગટ પ્રભુની ભક્તિ કરાવતો હતો.

અધ્યાય - ૧૧૨, ૧૧૩

❖ મુકુંદવિક્રમ રાજા દ્વારા દિલાવરીના રાજ્યમાં પ્રભુના પુત્રોની નિયુક્તિ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, મુકુંદવિક્રમ રાજાએ રાજ્યના યમુના તટે મહામંદિર કરાવીને તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રતિમા પધરાવી પોતે જ પૂજા, આરતી કરતો હતો. શરીરથી, મનથી, ઈન્દ્રિયોથી, અંતઃકરણથી અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જ ભક્તિ કરતો. રાજ્યમાં સમગ્ર કામમાં પ્રભુને ક્યારેય પણ ભૂલતો નહીં. રાજ્યમાં પ્રજામાં ઘરે ઘરે પ્રભુની પૂજા થતી. કંઠી, તુલસીની માળા વિનાનો કોઈ મનુષ્ય ન હતો. સાંજે હંમેશા લક્ષ્મીનારાયણ સંહિતાની કથા થતી. તે રાજાની પત્ની મુક્તિબાલેશ્વરી તે પણ પતિવ્રતા સતી હતી. તે પણ પતિને સાથે ભક્તિમય જીવન ગાળતી. તે સુખદા લક્ષ્મીનો પુત્ર મુકુંદવિક્રમ તેણે રાજ્યમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, જ્ઞાન, દાન, યજ્ઞો એટલા સત્કર્મ પ્રવર્તાવ્યા કે, પૃથ્વી પર વૈકુંઠ, ગોલોક હોય ને શું એવું ભાન બધાને થતું હતું.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, પ્રભુનો પુત્ર મુકુંદવિક્રમ રાજા બીજા પ્રભુના પુત્રોને યથાયોગ્ય નિયુક્તિ કરતો હતો. શ્રીના પુત્ર રાસકૃષ્ણને ઉપપ્રધાન નિમ્યો. લક્ષ્મીપુત્ર

વાસુદેવને મંત્રી, પ્રજ્ઞાપુત્ર બ્રહ્મપ્રભુને સેનાપતિ, પદ્માવતીપુત્ર અનંતને જેલર, લલિતાપુત્ર લાલેશ્વરને રાષ્ટ્રપ્રમુખ, રમાપુત્ર રામસાક્ષીને વિદ્યાધ્યક્ષ, રાધાપુત્ર રાયકેશીને કોષાધ્યક્ષ, જયાપુત્ર વિજયને ઉપમંત્રી, માણિકીપુત્ર કૌસ્તુભમણિને ન્યાયાધીશ, કમલાપુત્ર પદ્મનાભને સભાધ્યક્ષ, નારાયણીપુત્ર નરદેવને ઉપસેનાપતિ, બ્રાહ્મીપુત્ર બ્રહ્મરાતને રાજ્યગોર, ભાગવતીપુત્ર ભર્ગને યજ્ઞ કાર્યમાં. આ રીતે પ્રગટ પ્રભુના પુત્રોને અધિકારપદે નિયુક્ત કર્યા.

અધ્યાય - ૧૧૪ થી ૧૧૭

❖ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના દિવ્ય પરમધામનું વર્ણન ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, એક સમયે મુકુંદવિક્રમ રાજા-રાણી અને સેવકો વગેરે અશ્વપટ સરોવર કુંકુમવાપી પ્રગટ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવ્યા. પૂજા, આરતી કરી. ત્યાં બધાની સમાધી થઈ. તેમાં પરમધામનું દર્શન થયું. જાગ્યા પછી પરસ્પર વાત કરવા લાગ્યા. તે સાંભળી શ્રીહરિની બીજી પત્નીઓએ પ્રભુને પ્રાર્થના કરી. હે ભગવાન, અમને દેવો, અવતારો, ઈશ્વરોના બધા સ્થાનો બતાવ્યા પણ પરમધામનું દર્શન કરાવ્યું નથી. અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે, તે પરમધામનું દર્શન કર્યા પછી આ લોકમાં આવવું ગમતું નથી. તેમજ રહેવું પણ ગમતું નથી. પ્રજ્ઞાવતી કહે, પ્રભુ તમે બધું બતાવવા સમર્થ છો તો કૃપા કરો. શ્રીહરિએ કહ્યું, બધી બ્રહ્મપ્રિયાઓ તૈયાર થાઓ. પ્રગટ પ્રભુએ અક્ષરમુક્તોને સંભાર્યા. મુક્તો અસંખ્ય વિમાનો લાવ્યા તે બધા આવરણે રહિત હતા. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. પ્રગટ પ્રભુએ માતા-પિતા, કુટુંબ સહિત બ્રહ્મપત્નીઓ, પુત્રો, લોમશાદિ ઋષિઓ, સાધુ-સાધ્વીઓ, સતીઓ, દાસ-દાસીઓને બધાને કોટી, અબજોને વિમાનમાં બેસાડી ઉપડ્યા. બ્રહ્માંડને પાર કરી, આઠ આવરણને ભેદી ઈશ્વરોના ધામોને ઉલ્લંઘી અક્ષરધામના પ્રદેશમાં શરદપૂર્ણિમા તિથિએ પહોંચ્યા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ અક્ષરધામના બ્રહ્મધરામાં બધાને સ્નાન કરાવી દિવ્ય બ્રહ્મમય શરીરો બનાવ્યા. ઐશ્વર્યગુણ સિદ્ધિ શક્તિયુક્ત બધાના શરીરો સચ્ચિદાનંદ થઈ ગયા. શ્રીહરિ ત્યાંથી બધાને લઈને પોતાના પરમધામમાં આવ્યા. દિવ્ય અપાર તેજ જોઈને બધા સ્તબ્ધ થયા. પ્રભુએ પોતે બધા મુક્તોમાં પ્રવેશ કરી પોતાની શક્તિ મૂકી ધામને યોગ્ય કર્યા. બધા મુક્તો એક જ સ્વરૂપ પુરુષોત્તમરૂપ બની ગયા.

બ્રહ્મપ્રિયાઓએ પૂછ્યું : બધા નરભાવને કેમ પામ્યા ? અનાદિશ્રીકૃષ્ણનારાયણે કહ્યું : માયા જે પ્રકૃતિ કહેલી છે. તે મારી શક્તિ રાધા છે તે કૃષ્ણની પત્ની છે. તે રાધાને મારા મુક્તો નવધાભક્તિથી પૂજવા લાગ્યા. ત્યારે મેં મારામાંથી કૃષ્ણનું સ્વરૂપ પ્રગટ કરીને ગોલોકમાં વસાવ્યું અને મુક્તોને વશ કરવા માટે બીજે સ્વરૂપે ત્યાં વાસ કર્યો. અનંત મુક્તોને સુખ આપવા માટે મૂળ રૂપ અક્ષરમાં રાખ્યું, તેથી જ પ્રકૃતિ હોય કે બ્રહ્મપ્રિયા હોય,

કૃષ્ણપ્રિયા હોય કે અવતારીણી તો બધી મારા પરમધામમાં આવે ત્યારે નર બની અનાદિશ્રીકૃષ્ણનારાયણ જેવા સ્વરૂપો ધારણ કરી અક્ષરધામમાં વિચરે છે. આ મારો નિયમ શાશ્વત છે. તેને કોઈ ફેરવી ન શકે. તો પણ રાધાએ પ્રાર્થના કરી. હે પુરુષોત્તમ નારાયણ મારી ઇચ્છા પ્રમાણે તમારી મૂર્તિની સેવા આપો. પુરુષોત્તમ નારાયણે કહ્યું : તું બીજા મુક્તો ન દેખે તેમ મારી મૂર્તિમાં પ્રવેશી ઇચ્છા પ્રમાણે સેવા કર પરંતુ નારીરૂપ પરમધામમાં મુક્તો પાસે નહિ. જેથી અતિ આકર્ષણથી ઉપાસના બીજી ન થાય તે માટે બ્રહ્મપ્રિયાઓ મારી મૂર્તિમાં પ્રવેશી સુખ લ્યે છે અને મુક્તો પણ ઇચ્છારૂપ ધારણ કરી મારી મૂર્તિનું સુખ લ્યે છે. પરસ્પર મુક્તો પણ મારી મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા જ નથી. આ બધી મારી લીલા અપરંપાર છે.

ત્યાંથી બધા બ્રહ્મમુક્તો આગળ ગયા. ત્યાં બ્રહ્મરસનો સમુદ્ર હજારો યોજનનો જોયો. જે રસ મુક્તોને શાશ્વત આનંદ આપે છે. અનેક રૂપ ધારણ કરનારા, પાંખવાળા મુક્તો આકાશમાં વિહાર કરતા હતા તે જોઈને આગળ ગયા. કરોડો સૂર્યસમાન તેજસ્વી, કરોડો વિમાનો, વિશ્રામશાલાઓ, કરોડો ગૃહથી શોભતો અક્ષરપ્રદેશ જોયો ત્યાં સંકલ્પ યંત્રોવાળા વિમાનો શોભતા હતા. મહાદિવ્ય વૃક્ષોથી યુક્ત બગીચાઓ તથા દ્વિપ-ઉપદ્વિપ શોભતા હતા. હીરા, રત્ન, મણિના પગથિયાથી શોભતા વિશ્રામસ્થાનો તેમજ અસંખ્ય નગરોને જોતા હતા. આગળ દિવ્ય વનો-ઉપવનો જોતા દિવ્ય સુગંધી પત્રો અમૃતમિષ્ટ નેત્રોને ઠંડક આપતા હતા. ફળફૂલોને જોઈ અતિ આનંદ પામતા હતા. અમૃતસમાન સ્વાદુ ફળવાળા અનેક વૃક્ષોને તથા અનેક પુષ્પોના વૃક્ષો જોઈને તે બધા મુક્તોના સ્વરૂપો અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવા કરવા માટે અસંખ્યરૂપે થયા છે તે જાણી અતિ આશ્ચર્ય થયું. અહો અહો કરવા લાગ્યા.

પદ્મરાગ મણિ, કર્કેતક મણિ, વૈદુર્ય, મરકત, પુષ્પરાગ, શિખર, ભિષ્મક, વિક્રમ મણિઓના પર્વતો ચિંતામણી, પારસમણી વગેરેના પર્વતો, સિદ્ધ મુક્તોના નિવાસો, ગાંધર્વ મુક્તોના નિવાસો, કલામુક્તો, સાધુમુક્તો, કર્મમુક્તો, ભક્તિમુક્તો વગેરે મુક્તોના આવાસો જોઈ દિવ્ય આનંદ પ્રાપ્ત કરતા હતા તથા બ્રહ્મસલીલ, અનેક દિવ્ય પક્ષીઓના રૂપ તે પણ મુક્તો જ હતા. લાખો દિપમાલાઓની પંક્તિ શોભી રહી હતી, તે પણ મુક્તો હતા. બ્રહ્મસરોવર, બ્રહ્મપુરુષો, મુક્તાનિકા નૃત્ય કરતા હતા. દિવ્યગઢથી યુક્ત દરવાજાઓ, અનેક મણિરત્નોવાળા, થાંભલાવાળા સભામંડપ, દશલાખ યોજન વિશાલ દિવ્ય તે મંડપને જોઈને અલૌકીક આનંદ પ્રાપ્ત કરતા હતા. કલ્પવૃક્ષ, કલ્પવેલ, કલ્પપત્રો કલ્પસ્તબકો અક્ષયપાત્રો વગેરે ગણત્રી ન થઈ શકે તેટલા તેવા દશ્યો જોઈ સૌ આશ્ચર્યા પામતા હતા.

બધા મુક્તોના રૂપ, ગુણ, ઐશ્વર્ય, તેજ, સામર્થી અનાદિશ્રીકૃષ્ણનારાયણ જેવા જ બાલકૃષ્ણ જેવા જ રૂપ જોઈને બ્રહ્મપત્નીઓ અતિ આશ્ચર્ય પામી. વિમાનમાં રહીને ફરતા

પ્રભુના પત્નીઓ દિવ્ય રાસમંડળ લાખ યોજનના વિસ્તારવાળા જોતા હતા. ત્યાં પરમ મુક્તોના નિવાસો હતા. કરોડો, અબજો મુક્તાનિકાઓ વિહાર મંડળમાં શ્રીહરિની સેવા કરતી. મુક્તો પોતાના નિવાસમાં પુરુષોત્તમ નારાયણને દિવ્ય ભોજનપાન, સુખશય્યા, શણગાર વગેરેથી હંમેશા શ્રીહરિની સેવા કરતા હતા. જ્યાં કામદુધા ગાયો, ઇચ્છા પ્રમાણે દૂધ આપનારી જોઈ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ બધા દિવ્ય જોયા. સ્નાનશાલા, રસશાલા, ભોજયશાલા, દ્રવ્યશાલા, નાટ્યશાલા, દૃશ્યશાલા, ગીતશાલા, નૃત્યશાલા, વેશશાલા, શ્રૃંગારશાલા આવા કરોડો વિહાર મંડળોથી શોભતા નગરોને જોઈ સૌ દિવ્ય આનંદ પામ્યા. તે અક્ષરધામમાં એક એક મણિમાં સૃષ્ટિઓ દેખાતી હતી. મણિમાં ગોલોક, વૈકુંઠ વગેરે દેખાતા હતા. મણિમાં વાસુદેવાધી વ્યૂહ અવતારો દેખાતા હતા. આવા બધા મુક્તોના અનાદિશ્રીકૃષ્ણનારાયણ જેવા રૂપ જોઈને સૌ ભાન ભૂલી ગયા. આ પુરુષોત્તમ નારાયણ હશે, એમ તર્ક કરવા લાગ્યા. બ્રહ્મપત્નીઓ અતિ આશ્ચર્ય પામી. આ રીતે પ્રગટ પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણની કૃપાથી બ્રહ્મપ્રિયાઓ વિમાનમાં બેસી પરમધામમાં શ્રીહરિનું વિહાર મંડળ, અનાદિ મુક્તોના નગરો, અક્ષર બ્રહ્મમહોલ સભામંડપ વગેરે જોઈ દિવ્ય આનંદ પામ્યા.

પરમધામમાં પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિશ્રીકૃષ્ણનારાયણના આઠ દિવ્યગઢ પ્રદેશમાં અનાદિ મુક્તોની વસ્તી, તેના ઐશ્વર્યો, તેના રહસ્યો. તેનું વર્ણન ઉપનીષદને જાણનારા તે પણ યથાર્થ વર્ણન કરી શકતા નહી. ઉપર અનંત, મધ્યમમાં અનંત, નીચે અનંત, ચારેકોર સમસ્ત સુખના ધામ જોઈ સૌ અતિ આશ્ચર્ય પામ્યા. ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય, તેના પર્વતો, પીવાના સમસ્ત અમૃતો. બધા અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાંથી નીકળતા રસો તૃપ્તિ પમાડતા હતા. રસ, દહીં, દૂધ, ઘી, ધૃત, પાન, વારી, મધુ, શિલ, ઉષ્ણ, સ્વાદ વગેરે મહાઆનંદ આપનારા હતા.

ત્યાંથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ બ્રહ્મપ્રિયાઓને વિમાનમાં આગળ લઈ ગયા. જ્યાં અનાદિ મુક્તોની વસ્તી, રહસ્ય મુક્તોની વસ્તી, તાદાત્મ્ય મુક્તોની વસ્તી તથા અદૃશ્ય મુક્તો કે જે મુક્તો અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ વિના બીજા કોઈને દેખતા જ નથી. પરબ્રહ્મના જ ધ્યાન પરાયણ આસ્વાદના ભોક્તા. ત્યાં બધું અનાદિશ્રીકૃષ્ણનારાયણમય જ હતું. વન-પર્વત બધું શ્રીહરિ સ્વરૂપ, નદી, વાડી, બગીચા સર્વ શ્રીહરિ સ્વરૂપ. ગામ, શહેર સર્વે કૃષ્ણની મૂર્તિઓ. મહેલ, મંડપ બધા શ્રીહરિ સ્વરૂપ. મુક્તાનિકા શક્તિઓ સર્વે હરિ સ્વરૂપ. વસ્ત્ર, આભૂષણો, અલંકારો, શણગારો, આયુધો સર્વે પરબ્રહ્મ સ્વરૂપ. એ રીતે પરમધામમાં બધું પરબ્રહ્મ સ્વરૂપ જ છે. ત્યાં મુક્તો પોતાના આત્મામાં જ પરબ્રહ્મને જોઈને અનંત સુખને ભોગવે છે. આ રીતે પરબ્રહ્મ અન્વયપણે રહ્યા છે. તે પરબ્રહ્મવિદ્યા બ્રહ્માંડમાં પણ રહી છે. તે પરબ્રહ્મવિદ્યા ઉપનિષદ વડે જાણે, તેને

ભણે, તો મુક્ત થાય છે. મુક્ત અનાદિ થાય છે. અનાદિમુક્ત, રહસ્યમુક્ત થાય છે. રહસ્યમુક્ત, તાદાત્મ્યમુક્ત થાય છે. તે તાદાત્મ્યમુક્ત પરબ્રહ્મતાને પામે છે. તેને જોવાનું, જાણવાનું, પ્રાપ્ત કરવાનું કાંઈ બાકી રહેતું નથી. પ્રગટ પ્રભુને બ્રહ્મપ્રિયાઓને સૌને દિવ્ય દૃષ્ટિ આપી એટલે તે ત્યાં રહેલા મુક્તોને ઓળખી શક્યા. એકબીજાના કુટુંબોના મા-બાપ, પુત્રો-પુત્રી વગેરે મુક્તો થઈને પરમધામમાં રહેલા હતા. પરમધામમાં સ્વરૂપ બે હોવા છતાં બ્રહ્મ અને પરબ્રહ્મનું એકપણું હતું.

અધ્યાય - ૧૧૮, ૧૧૯, ૧૨૦

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો સત્યાવીશ અને અઠ્યાવીશમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણની જન્મજયંતિ, આસો વદ-આઠમે આવી ત્યારે બ્રહ્મપ્રિયાઓએ સભામંડપમાં ગાજાસને વિરાજેલા અનાદિશ્રીકૃષ્ણનારાયણની ષોડ્શોપચારથી પૂજા કરી, મુક્તો-મુક્તાનિકાઓએ પૂજા કરી, આરતી કરી, સૌ જયકાર કરતા હતાં. તે પરમધામમાં રંગમહોલ, સભામહોલ, વાસમહોલ, પૂજા મહોલ, શૈય્યા મહોલ, શ્રેષ્ઠ મંદિર મહોલ, સ્નાન મહોલ, ખેલ મહોલ, શાંતિ મહોલ, શ્રૃંગાર મહોલ, ભોજન મહોલ, પૂજા મહોલ, સર્વાગમ મહોલ, ભક્ત સેવા મહોલ, રહસ્યમુક્તાનિ મહોલ, પટાંગના મહા મુક્તાનિ મહોલ, અંતઃપુર મહોલ આ સોળ મહોલમાં ઉત્તમ રંગમહોલમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વે સુખનાધામ એવા સોળ વર્ષના બ્રહ્માસને વિરાજમાન હતા. બ્રહ્મપ્રિયાઓએ આ સોળ મહોલમાં અનુક્રમથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતાના પતિ પ્રગટ પ્રભુને સ્નાન કરાવી, વસ્ત્ર, અલંકારો ધારણ કરાવીને, પૂજા, આરતી કરી ભોજન કરાવી. વસ્ત્રો, અલંકારો ધારણ કરાવીને પૂજા, આરતી કરી, ખેલ કરાવી, સેવા કરીને અતિ તૃપ્તિ દિવ્ય આનંદ પ્રાપ્ત કરતા હતાં. આ રીતે બ્રહ્મપત્નીઓના મનોરથો પૂર્ણ કરીને અનાદિશ્રીકૃષ્ણનારાયણ માણિકી, પ્રજ્ઞા, પદ્માવતી, લક્ષ્મી, લોમશ ઋષિ, સ્વયંપ્રકાશ વગેરેને વિમાનમાં બેસાડી એક મુહૂર્તમાં કુંકુમવાપી આવી અશ્વપટ સરોવરમાં પાણી પીધું. ભક્તોએ આ સાતને નિત્ય સંભારવા. પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ત્રણ શક્તિઓ તો જ્ઞાનશક્તિ-પ્રજ્ઞા, ઇચ્છાશક્તિ-લક્ષ્મી, પ્રિયાશક્તિ-પદ્માવતી, શાશ્વતીશક્તિ-માણિકી, સ્વયંપ્રકાશ, લોમશ ઋષિ, બ્રહ્મશીલતા. જે આ સાત મૂર્તિઓને સ્થાપશે, પૂજશે તે સર્વે સિદ્ધિને પ્રાપ્ત કરશે.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, પરમધામમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક મુક્ત, એક ભગવાન એ રીતે રહે છે. એ રીતે અસંખ્ય મુક્તો સાથે મૂર્તિ પણ અસંખ્ય છે. તેમાં શ્રીહરિની મૂર્તિમાં સૃષ્ટિ તો શ્રેષ્ઠ તાદાત્મ્ય સૃષ્ટિ, બીજી પરમધામમાં રહસ્ય મુક્તોની સૃષ્ટિ, ત્રીજી પરમધામમાં મહામુક્તોની સૃષ્ટિ, ચોથી

પરમધામમાં આઠગઢમાં રહેલી મુક્તોની સૃષ્ટિ, પાંચમી અક્ષરમાં અક્ષરમુક્તોની સૃષ્ટિ, છઠ્ઠી અવતારોની ધામમયી સૃષ્ટિ, સાતમી ઈશ્વરોની સત્વમયી સૃષ્ટિ, આઠમી ત્રીગુણી માયામયી સૃષ્ટિ, નવમી બ્રહ્મા, વિષ્ણુ, શંકરની સૃષ્ટિ, દસમી સિદ્ધકોટીની સાધુમયી સૃષ્ટિ, અગિયારમી પિતૃઓની સૃષ્ટિ, બારમી સ્વર્ગના દેવોની સૃષ્ટિ, તેરમી ઋષિ-માનવોની સૃષ્ટિ, ચૌદમી પશુ-પક્ષીની સૃષ્ટિ, પંદરમી વૃક્ષ-વેલીની સૃષ્ટિ, સોળમી ગુણધર્મની સૃષ્ટિ આ સર્વે સૃષ્ટિના પ્રેરક અનાદિ પુરુષોત્તમ પરબ્રહ્મ તે સર્વના નિયંતા અંતર્યામી અન્વય વ્યતિરેકપણે રહેલાં સર્વસાક્ષી મોક્ષ આપનારા ભક્તને સુખ આપનારા, ધર્મ સ્થાપન માટે અવતાર ધારણ કરનારા એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણને જાણે ત્યારે જગતથી વૈરાગ્ય પામી પરમપદને પામે.

તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પ્રભુ ચાતુર્માસ, કુંકુમવાપીમાં નિવાસ કર્યો અઠ્યાવીશમો જન્મજયંતિ મહોત્સવ આવ્યો. ત્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પોતે અનેક ધામોમાંથી ભેટ આવેલી વસ્તુઓ સાધુ-બ્રાહ્મણોને દાનમાં આપી દેતા હતા. શ્રીમંત કુટુંબ પોતાના જીવનમાં ન વાપરી શકે તેટલું દાન શ્રીહરિ આપતા હતા. દાન લેનાર પણ પ્રસાદીની વસ્તુ જાણી દાન લેતા હતા. સર્વે દાન લેનાર અંતે વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં ગયા. પ્રગટ પ્રભુના જન્મજયંતિ મહોત્સવમાં સર્વેલોકના વાસી આવી અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી આરતી કરતા હતા. ઋષિ-મુનિઓ, સંતો, ભક્તો પણ પૂજા આરતી કરી મૂર્તિનું અલૌકિક સુખ લેતા હતા. એવા સર્વે દુઃખને હરનારા સુખને આપનારા કૃષ્ણવલ્લભ સ્વામી નિજ ભવનમાં વિરાજતા હતા.

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, મહાશાંત બ્રહ્મવ્રત ધારણ કરનારા એવા શ્રીહરિકૃષ્ણ વાનપ્રસ્થ ગ્રહણ કરી ઋષિ-સંત મંડળમાં રહેતા હતા. સ્વસ્વરૂપમાં રહેતા હતા ત્યારે અનેક સિદ્ધો દર્શને આવતા. આધ્યાત્મિક કથા-વાર્તા કરતા ત્યારે અનેક મુમુક્ષુઓ દીક્ષા ગ્રહણ કરી પરમપદને પામ્યા. ત્યાર પછી અનાદિશ્રીકૃષ્ણનારાયણે લોમશ ઋષિથી મહાદીક્ષા કાર્તિક સુદ-એકાદશીએ ગ્રહણ કરી. જેના દર્શનથી, સ્પર્શથી, પ્રસાદીથી, આશ્લેષનથી, ચરણામૃતથી અનેકનો ઉદ્ધાર થાય તે પ્રભુ પણ આ લોકની શાસ્ત્રપ્રણાલી મર્યાદા રાખવા માટે મનુષ્ય નાટ્ય કરે છે. પરબ્રહ્મ પોતે સાધુરૂપે હતા. તે મહાદીક્ષાથી સ્વામિનારાયણ કૃષ્ણવલ્લભતાને પામ્યા. સર્વના સ્વામિ હતા તે સ્વામિ થયા. તે સમયે લક્ષ્મીજી પણ પ્રભુના શરીરથી જુદા થઈ ભગવા વસ્ત્રો ધારણ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરતા હતા. મુક્તોને પૂજેલા નિર્લેપ રહેનારા એવા તમોને નમસ્કાર.

અધ્યાય - ૧૨૧

❖ શ્રીબાલકૃષ્ણ પ્રભુનો ઓગણત્રીસ અને ત્રીસમો જન્મજયંતિ મહોત્સવ ❖

શ્રીનરનારાયણ કહે : હે બદ્રીશ્વરી, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ પ્રજ્ઞા અને પાશવતીને હૃદયમાં વાસ આપી એક સ્વરૂપે કુંકુમવાપીમાં વાસ કર્યો. બીજે સાધુ સ્વરૂપે ભારતના બધા તિર્થોમાં ફરી પવિત્ર કરી પોતાના ઓગણત્રીસમાં જન્મજયંતિ મહોત્સવમાં કુંકુમવાપી આવી ગયા. તો ઉત્સવમાં દેશ-દેશાંતરોથી લાખો ભક્તો આવ્યા. અનાદિશ્રીકૃષ્ણનારાયણના દિવ્ય દર્શન કરી. પૂજા, આરતી કરી સ્તુતિ કરતા હતા. તેવી જ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણના ત્રીસમાં જન્મજયંતિ મહોત્સવમાં દેશાંતરોમાંથી લાખો સાધુ-સાધ્વીઓ, ભક્તો આવી ઉત્સવ ઉજવતા હતા. પ્રગટ પ્રભુ પૃથ્વી પર હોય ત્યારે સત્યયુગની જ પ્રવૃતિ હોય. ત્રેતા, દ્વાપર કે કળીયુગ હોય પણ શ્રીહરિના યુગથી સત્યુગ વર્તે છે. પ્રગટ પ્રભુ જ્યારે પૃથ્વી પર હોય ત્યારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થની સિદ્ધિ થાય છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એક લાખ, પચ્ચીસ હજાર, પાંચસો વર્ષ પૃથ્વી પર રહી એના એ જ શરીરે પરમધામમાં પધાર્યા. દિવ્ય સ્વરૂપે કુંકુમવાપીમાં મૂર્તિ રૂપે બિરાજે છે. સાધુઓને, સાધ્વીઓને સાધુરૂપે દર્શન આપે છે. યોગીઓને ધ્યાનમાં દેખાય છે. મુક્તોને ધામમાં દેખાય છે. ભક્તોને સ્નેહવશ થઈ હૃદયમાં-આત્મામાં દેખાય છે. તે પ્રગટ પ્રભુનું ભજન કરવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે.

અધ્યાય - ૧૨૨

❖ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના શ્રવણ, વાંચન, પૂજન અને દાનનું મહાત્મ્ય ❖

શ્રીશ્વેતાયન વ્યાસ પ્રભુ કહે : લક્ષ્મીનારાયણ સંહિતાની કથાશ્રવણથી ભક્ત અભક્ત સર્વે જીવનો ઉદ્ધાર થાય છે.

આ લક્ષ્મીનારાયણ સંહિતા ચાર ભાગમાં છે.

એક કૃતયુગ સંતાન (અધ્યાય-૫૯૦), બીજો ત્રેતા સંતાન (અધ્યાય-૩૦૦), ત્રીજો દ્વાપર સંતાન (અધ્યાય-૨૩૭) અને ચોથો તિષ્ય સંતાન (અધ્યાય-૧૨૩).

આ રીતે સંહિતામાં કુલ અધ્યાયો ૧૨૫૦ છે. કુલ શ્લોકો ૧,૨૬,૦૦૦ છે.

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની લક્ષ્મીનારાયણ સંહિતાની કથાના ચાર ભાગ અથવા એક ભાગ અથવા એક અધ્યાય અથવા એક શ્લોક વાંચશે કે શ્રવણ કરશે તેના સર્વ સંકલ્પ પૂર્ણ થશે અને અંતે પરમપદને પામશે. પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના કંઠમાંથી આવીર્ભાવ પામેલી આ લક્ષ્મીનારાયણ સંહિતાનું પૂજન

કરશે તે નારાયણને પામશે. રાધાની સમાન સંપત્તિ આપનારી, ગંગાની જેમ પાપનો નાશ કરનારી, શંકરની જેમ સુખકારી, ગણેશની જેમ વિઘ્નો નાશ કરનારી, હનુમાનની જેમ મહા શક્તિ આપનારી, કામધેનુની જેમ સર્વ સંકલ્પ પૂરનારી, કલ્પવૃક્ષ સમાન, ચિંતામણી સમાન, વજામણી સમાન, વાસના તોડનારી, સર્વે વ્રતથી ભરપુર, અનાદિશ્રીકૃષ્ણનારાયણની શબ્દમૂર્તિ એવી આ લક્ષ્મીનારાયણ સંહિતા લાખો અશ્વમેઘ યજ્ઞના ફળને આપનારી છે. લાખો વિષ્ણુયાગના ફળને આપનારી છે. આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવાથી, શ્રવણથી, પૂજનથી આ બ્રહ્માંડનું દાન કર્યું હોય તેટલું ફળ થાય છે. તથા તેને બ્રહ્માંડમાં કાંઈ પણ અપ્રાપ્ત રહેતું નથી.

શ્રીશ્વેતાયન વ્યાસ પ્રભુ કહે : સત્યુગમાં તપથી, ત્રેતામાં યજ્ઞથી, દ્વાપરમાં દાનથી, કળીયુગમાં કિર્તનથી કલ્યાણ થાય છે. કૃતયુગ સંતાન સામર્થીવાળું, ત્રેતાયુગ સંતાન દિવ્ય ચરિત્રોવાળું, દ્વાપર સંતાન દિવ્ય લીલાથી ભરપૂર, તિષ્ય સંતાન શરણે આવેલાને તારનારુ છે. તેથી આ તિસ્ય સંતાન ભણવાથી, વાંચવાથી, સાંભળવાથી, પૂજવાથી, ઘરમાં રાખવાથી, સ્મરણ કરવાથી પણ તારનારુ છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણની સુવર્ણની પ્રતિમા કરી આ લક્ષ્મીનારાયણ સંહિતા ચોથા ભાગનું દાન ભક્તિવાળા વિદ્વાન, સાધુ-બ્રાહ્મણને આપવું. પોતાની શક્તિ પ્રમાણે વાંચનારને સમગ્ર દાન આપવા. દાન આપનારો સર્વ ભોગને પ્રાપ્ત કરી અંતે પરમપદને પામે છે. આ તિષ્ય સંતાનનો પાઠ કરવાથી કળીયુગના દોષો પીડા કરી શકતા નથી.

શ્રીશ્વેતાયન વ્યાસ પ્રભુ કહે : જેને આ લોકમાં ભક્તિ, મુક્તિ બંને મેળવવું હોય તેને આ લક્ષ્મીનારાયણ સંહિતા તથા માસ પારાયણ કરાવવા અથવા બે માસ પારાયણ, છ માસ પારાયણ અથવા વાર્ષિક પારાયણ કરાવી, સાંભળવી અથવા સ્વયં વાંચવી. ૧૦૮ પારાયણ કરવી, ભક્તિવાળા સાધુ-સાધ્વીઓએ ભેગા થઈને સંહિતાનું પુરશ્ચરણ કરવું, કરાવવું. નિત્ય સાધુ-સાધ્વી, બ્રાહ્મણોને, બાળકોને, અનાથ અતિથિઓને જમાડવા. નિત્ય અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરવું. સભા મંડપની રચના કરી, સુશોભિત માંડવી કરવી. લક્ષ્મીનારાયણ સંહિતા તથા વ્યાસ વક્તાનું પૂજન કરવું. રોજના વાચનના શ્લોકોનો દશાંશ હોમ કરવો. તે માટે યજ્ઞ કુંડની રચના કરવી. કથાની પુર્ણાહૂતિમાં લક્ષ્મીનારાયણ સંહિતાનું વસ્ત્ર વીટી દાન કરવું તથા શક્તિ પ્રમાણે વ્યાસ વક્તાની પૂજા કરી, આરતી ઉતારી, રાજી થાય તેટલું દાન આપવું. લક્ષ્મીનારાયણ સંહિતાનું દાન કરનારો કાર્તિકમાં દાન કરે તો બ્રહ્મા થાય છે. માગશરમાં દાન કરે તો નારાયણ સમાન થાય છે. પોષમાં દાનથી શંકર, માઘમાં દાનથી વિષ્ણુ, ફાગણમાં દાનથી કુબેર, ચૈત્રમાં દાનથી સૂર્ય દેવતા, વૈશાખમાં દાનથી ધ્રુવ, જેઠમાં દાનથી વૈરાટ, અષાઢમાં દાનથી સદાશિવ, શ્રાવણમાં દાનથી મહાવિષ્ણુ, ભાદરવામાં

દાનથી મહેન્દ્ર, આસોમાં દાનથી બૃહસ્પતિ, અધિક માસે દાનથી વાસુદેવ સમાન થાય છે. સ્ત્રીભક્તો લક્ષ્મીનારાયણ સંહિતાનું દાન આપે તો રાધા, રમા, લક્ષ્મી, માધવી સમાન ભક્તિવાળી થાય છે.

અધ્યાય - ૧૨૩

❖ લક્ષ્મીનારાયણ સંહિતાનો કન્યારૂપે આવિર્ભાવ તથા સંહિતાને પ્રભુના વરદાનો ❖

આ પૃથ્વી ધન્ય છે. ભરતખંડના નર-નારીને ધન્ય છે. જેના કર્તા-હર્તા-ધર્તા, ભર્તા સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે. નારાયણે લક્ષ્મીજીને પહેલો ખંડ, કૃતયુગ સંતાનની કથા સંભળાવી. કૃષ્ણરૂપે રાધાજીને બીજો ખંડ, ત્રેતા સંતાનની કથા સંભળાવી, પુરુષોત્તમરૂપે નારાયણીશ્રીને ત્રીજો ખંડ, દ્વાપર સંતાનની કથા સંભળાવી. નરનારાયણરૂપે બદ્રીશ્વરીને ચોથો ખંડ, તિસ્ય સંતાનની કથા સંભળાવી. લક્ષ્મી સ્વરૂપ બદ્રીએ આટલી કથા સાંભળી ત્યારે અદ્‌ભુત તેજમાં નવયૌવના, વસ્ત્ર અલંકારોથી શોભાયમાન, તેજસ્વી કન્યા જોઈ. ચારેય હાથમાં લક્ષ્મીનારાયણ સંહિતાના ચાર પુસ્તકો ધારણ કરેલા સાક્ષાત લક્ષ્મી સંહિતારૂપે આવી. નરનારાયણ ભગવાને તેમને આદર, સત્કાર, આસન આપ્યું.

લક્ષ્મીરૂપ કન્યા બોલી : હું લક્ષ્મીનારાયણ સંહિતા છું, પુરુષોત્તમની છું. અનાદિશ્રીકૃષ્ણનારાયણના અંગમાંથી પ્રગટ થયેલી છું. હું ચાર પુસ્તકોને ચાર હાથમાં ધારણ કરનારી, ચાર યુગરૂપી સંતાનવાળી, ચાર વેદની માતા છું. હું બદ્રીકાશ્રમ, વૈકુંઠ, ગોલોક, પરમધામ આ ચાર ધામવાળી છું. હું નરનારાયણ, લક્ષ્મીનારાયણ, વાસુદેવનારાયણ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ આ ચાર નારાયણવાળી છું. હું બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ આ ચાર આશ્રમવાળી છું. હું ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર સાધનવાળી છું. હું ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યવાળી છું. હું તપ યજ્ઞ, દાન, જપ આ ચાર પગવાળી છું. હું સાલોંક્ય, સાષ્ટિ, સારૂપ્ય, સામિપ્ય આ ચાર મુક્તિવાળી છું. તે હું લક્ષ્મીનારાયણ સંહિતા, ચાર નારાયણની પૂજા કરવા આવી છું. એમ કહી પુષ્પમાળાથી રાધા-કૃષ્ણની પૂજા કરી, પછી લક્ષ્મીનારાયણની પૂજા કરી, પછી નરનારાયણની પૂજા કરી, પછી નારાયણશ્રી સહિત પુરુષોત્તમના ભાલમાં કંકુ-ચોખા, ચંદનની પૂજા કરી, સ્તુતિ કરી કે, હે પરમધામમાં વિચરતા અનેક મુક્તોથી પૂજાયેલા, સેવાયેલા અનેક બ્રહ્મપ્રિયાના પતિ, પોતાના ભક્તોના મનોરથને પૂર્ણ કરનારા એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ, હરિકૃષ્ણ મારા હૃદયમાં હંમેશા નિવાસ કરો.

આ પ્રમાણે લક્ષ્મીનારાયણ સંહિતાએ ચાર નારાયણની સ્તુતિ કરી તેથી ચારેય નારાયણો પ્રસન્ન થયા અને સંહિતાને વરદાન આપ્યા કે, તું અમારા મુખમાંથી નીકળી છો

માટે રાધા, લક્ષ્મી, શ્રી બદ્રીસમાન છો. હે સંહિતા તું મોક્ષ આપનારી છો. હે સંહિતા તારો પાઠ કરનારા, વાંચનારા, સાંભળનારના સર્વે સંકલ્પને તું પૂર્ણ કરીશ. નિષ્કામ ભક્તને પરમપદને પ્રાપ્ત કરાવીશ.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના લેખક પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ જય પામો.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના ચતુર્થ ભાગ - તિષ્યયુગ સંતાન - સંક્ષિપ્ત ગુજરાતી પૂર્ણ.

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય.
શ્રીશ્વેતાયન વ્યાસ મહાપ્રભુની જય. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.
શ્રીકંભરાગોપાલ બાલની જય. શ્રીબાલકૃષ્ણ લાલજી મહારાજની જય.
શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય. શ્રીહરિ શરણાગતિ મંડળની જય.
શ્રીવિઘ્નવિનાયકદેવની જય. શ્રીકષ્ટભંજનદેવની જય.
શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની જય.

卐 卐 卐

મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત અધ્યાયોની વિષયસુચી

૧. કૃતયુગ સંતાન

વૈકુંઠમાં શ્રીલક્ષ્મીનારાયણની ભક્તસભામાં નારદજીનો કીર્તિન-ભક્તિ દ્વારા દ્રવિતભાવ, તથા લીન ભાવ, બ્રહ્મલોક, વૈકુંઠલોક, ગોલોક વગેરેમાં પણ દ્રવિતભાવી ભક્તિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશોનો આવિર્ભાવ; દિવ્યલિંગ તેજ પ્રવાહ આદિ કથા. કાલ વ્યવસ્થા, માનસસૃષ્ટિ, દેવ દેવી, સતી સાધ્વી વિદ્યા, જયંતિ આદિ રાધા આરાધન આદિ સૃષ્ટિ, પતિવ્રતા તથા પત્નીવ્રત દિવ્યસૃષ્ટિ. ઋણાનુબંધી સૃષ્ટિ, સોમનાથમાં ચંદ્ર તપશ્ચર્યા, ક્ષય વ્યાધિ પરિહાર, વિશ્વરુપ, વૃત્ર, ઈન્દ્ર, વારાહ અવતાર હિરણ્યાક્ષ, રૈવતનૃપ, અશ્વપટ સરોવર તીર્થ, ખટવાંગ, લક્ષ્મીનારાયણ આવિર્ભાવ, વર્હિષાંગદ, વ્યાસ, ધારણા, ધ્યાન, વિભૂતિઓ, સર્પસત્ર, સૂર્યસંજ્ઞા, યમરાજ યમુના મનુ, યમસ્થાન, કર્મફલ, કમલાલક્ષણ, પ્રેતકર્મકાંડ, દાનફલ, મુક્તિસાધન, નારાયણબલિ, ધન્વંતરી, ચંદ્રવંશ, કાશીસ્થ દિવોદાસ, યોગિનીઓ, ગણ-ગણેશ, શકુનાદિ સપ્તાહ કથા, ઉર્વશી કથા, દુર્વાસાકથા, સમુદ્રમંથન, મોહિની, શંકરોદિત પુત્રવ્રત, કાર્તિકેય, તારકાસુર, ગણેશ, હસ્તિમસ્તકતા, ક્ષેમલાભ, નરનારાયણ, શીલવ્રત, બદરિકાશ્રમ, વૈષ્ણવતા, ષોડશવિધ ભક્તિ, શરણાગતિ અક્ષરબ્રહ્મધામ, ગોલોક રચના, મહાવૈકુંઠ રચના, શ્વેતદ્વીપ, ક્ષીર સાગર, વૈષ્ણવ શૈવ ધર્મ, હયગ્રીવ, મત્સ્યાવતાર, જય વિજય, સનકાદિ, હિરણ્યકશિપુ, પ્રહલાદ માતાને નારદ ઉપદેશ, નરસિંહ આવિર્ભાવ, રેવતાચલ, દામોદર, બલિરાજા, વામન, યજ્ઞ, ત્રિપાદભૂમિયાચના, નિગ્રહ, ઈન્દ્રને સ્વર્ગદાન, પયોવ્રત, સ્વર્ણરેખા નદી, યોગિની, શકુન, દાન કૃચ્છ્ર, ઈન્દ્રેશ્વર, રેવતાચલ આગમન, દેવતીર્થ આગમન, તુલસી, હરિવાસર, લક્ષ્મીનિવાસ રેવતી, આનર્ત, પિતૃગણ, પત્નીવ્રત વિપ્ર તીર્થયાત્રા.

નારાયણધરામાં શ્રાધ્ધ, મોહિની, મધુકૈટભ, રંભાસુર, મહિષાસુર, મહાકાલી, અષ્ટ મહર્ષિ, શુંભ નિશુંભ, કૌશિકી, ચંડમુંડ, વિભાવરી દેવીઓના સૈન્ય બ્રહ્મઐક્ય બોધ, ગોપગોપી પાર્વતી શિવા, સતી જયંતિ કૈલાસ, શિવ, સતી શંભૂ ઉદ્વાહ, દિવ્યતા, દક્ષયજ્ઞ, સતીલય, વીરભદ્ર, મેના ધન્યા કલાવતી, શિવા સીતા રાધા, સ્તુતિઓ, ચમત્કાર આદિ, મંગલગ્રહ, શંકર ગોલોકગતિ, વિષ્ણુમોહિની, હનુમાન, કામદાહ, પાર્વતી પ્રાવિર્ભાવ, ઉદ્વાહ, કાલીતપ ગૌરી, શંકર લિંગપાત, ધાતુ સ્વર્ણાદિ, નારદ ઉપબૃંહણ, નારદ વૈષ્ણવંતા, નારદશીલાદિ, માર્કન્ડેય ચિરજીવિતા, નારદ તપ, કાશ્યપીય પ્રજા, કલ્પમનુયુગ ધર્માદિ.

દ્વારિકા, શર્યાતિ, આનર્ત, સૌરાષ્ટ્ર, ગોમતી ચક્રતીર્થ આદિ, નૃગરાજ, રુકિમણી, ગોપીતલાવ, ષડત્રિંશત તીર્થ', પટ્ટરાજ્ઞી પૂજા, મોક્ષ, શંખોધ્ધાર, એકાદશી વ્રત વિસ્તાર, તીર્થ સમુહ, મુરદાનવ નાશ, વિવિધ એકાદશી વ્રત, ૨૬ એકાદશી વિધિ, ઉદ્યાપન, વાર્ષિક તિથિ વ્રતાદિ, વાર્ષિક વ્રતોત્સવ, અવતાર વ્રત, દેવવ્રત, રુક્માંગદ ધમાંગદ, મોહિની, વેધાતિથિ, શ્રી પુરુષોત્તમ માસ, બ્રહ્માના દુંદુભિ ઘંટ વગેરે અપત્ય, અગ્નિદેવતાં, ભક્તિદેવી-ધર્મદેવ એમનાથી હરિકૃષ્ણ નારાયણ નર આવિર્ભાવ, વ્રતોના ફળવાળુ દેવીઓની ઈષ્ટ પ્રાપ્તિવાળુ વૈદિક અનેક આખ્યાન, પુરુષોત્તમ માસના ત્રીસેય દિવસોનુ વ્રત, બ્રહ્મલોકમાં પણ ઉદ્યાપન વગેરે મહોત્સવ, જાલંધર અને વૃંદાનું અદભુત આખ્યાન, તુલસીવિવાહ કથા, તુલસી શંખચૂડ અને શાલીગ્રામ કથાઓ.

ગંડકી, શાલિગ્રામ કથા, ઋષિકેશ કથા, મથુરા ક્ષેત્રનું વિશાળ વર્ણન, અનેક આખ્યાન, જલદાન, યામ્ય ચક્રનું વિવિધ વર્ણન, પતિવ્રતાઓનું અનેક આખ્યાન, અલર્ક તથા મદાલસા, વૈંકુઠાદિ શ્રી નિવાસ, પદ્મિની, સુવર્ણમુખરી, તોંડમાનૂ, તીર્થ, શુકતપ, નારદ, મરુત્તમ, વશિષ્ઠ ત્રિશંકુ, અધર્મ દુઃસહ, કલહા, નાગલક્ષ્મી, અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીકંભરા, ચતુર્યુગધર્મ, ભારદ્વાજ પત્ની, બ્રહ્મપ્રિયાઓ, શબરી, પમ્પા, ઋષભવંશ, મહીસાગર, સૌરાષ્ટ્ર, ચોલરાજ, વિષ્ણુદાસ, ગોકુલકન્યકા, ગોપિકા, વીરબાહુ કાલિન્દી, ઉધ્ધવ, સત્યવ્રતનૃપ, બ્રાહ્મણીનું ઉર્વશીત્વ, અલૂંબુષા, મહાલક્ષ્મી પ્રાકટ્ય, સેતુબંધ, ધર્મારણ્ય ધર્મતપ, વધિની દેવવૃક્ષો, રાજસૂય, ચંદ્રતારા, પાર્વતી, શબર દંપતી, વારવનિતા, બંદૂલા, વિન્ધ્યાદિ, લોપામુદ્રા, આગસ્ત્ય, જમદગ્નિ રેણુકા.

પરશુરામ, રામયુધ્ધ, વૈશ્વાનર, સ્ત્રી પાવિત્ર્ય, દ્રૌપદી, કદ્રૂ વિનતાપણ, દિવોદાસ, ધૂતપાપા, સપ્તર્ષિ પત્ન્યઃ, નગિની, પારાવત દંપતી, પૌલોમી, કદલી દુર્વાસા ત્વષ્ટા કાશી વ્યાસ ભિક્ષા, વાલ્મીકિ, રજસ્વલાત્વ, અનસૂયા, રોહિણી, ઋષિશૃંગ, લોમશ ઋષિ, ધન્વંતરિ પ્રયોગ, રાસમંડલ, કૃષ્ણ, ચમત્કારપુર, માધવી લક્ષ્મી, મહાલક્ષ્મી, અંબા વૃધ્ધા, અજાપાલ, ૬૮ તીર્થ, રેવતી, કર્ણોત્પલા, કામદેવ, યાજ્ઞવલ્કય, સૂર્યૈસ્તંભન, જાબાલિ, કૃષ્ણદ્વૈપાયન, તિલોત્તમા, વિશ્વામિત્ર, સાભ્રમતી, પિપ્પલાદ, હાટકેશ્વરક્ષેત્ર, શ્રીકૃષ્ણનારાયણ આતિથ્ય, પુલસ્ત્ય વિશ્વાવસુ, અષ્ટષષ્ઠિ માતૃકાગણ, ૬૮ કુળદેવીઓ, નાગમતી, મોહિની, શંકરગર્વહરણ, અંધકાસુર, ઈન્દ્રદ્યુમ્ન, અશ્વપટ્ટ સરોવર લોમશ આશ્રમ, કુંકુમવાપીક્ષેત્ર, ભગવદ્ધામ - નિસર્ગતા, કપિલ અશ્વશિરા, ધર્મવ્યાધ, વિશાલરાજ વિશાલા, સ્વપ્નફળ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ જયંતિ ઉત્સવ, પ્રભાસ તીર્થ દાન, અનેકતીર્થ, તલસ્વી તીર્થ, નંદરાજા, આરુણિ, સત્યતપા જ્ઞાનોપદેશ, દેવિકા, ચ્યવન, કુબેર ગુરુમહિમા, ગુપ્ત પ્રયાગ, ઉન્નત તીર્થ, જાલેશ્વર, આપસ્તમ્બ, ભીમનાથ, દ્વારિકા ચમત્કાર, અર્બુદાચલ, ગૌતમસૌદાસ,

ઉત્તંક કેદાર, હૃષીકેશ, વિન્ધ્યાચલી, પિંડારક, મુદ્ગલ, ત્રિપુષ્કર, શંકરનું ભારતીય ગગનમાં ભ્રમણ, નર્મદા, તાપી, સરસ્વતી, સાલંકાયન ગંડકી, જાલેશ્વર, ઓંકાર, કપિલાધેનુ, ગાલવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પૂજન, દ્વાદશીઓનું વ્રત, મુચુકુંદ, હરિશ્ચંદ્ર, માયાદર્શન ભિલ્લી, રૈભ્ય, નકુલસર્પિણી કુમાર, કન્યા, નર્મદક્ષેત્ર તીર્થવૃંદ, અપરાધ, અશોકવાટીકા, શુકલતીર્થ.

ભાગવતી દિક્ષા, વારાહતીર્થ, દાતારોનું ફળ, પરાશર તીર્થ, ચતુર્દશ સહસ્રદેવતા, પુરુષોત્તમ ક્ષેત્ર, માર્કન્ડેય, જગન્નાથપુરી, ઈન્દ્રદ્યુમ્ન મહામંદિર, મહાસરોવર મહાજલયાત્રા, મહારથયાત્રા, મૂર્તિદિવ્યતા, અવભૃથસ્નાન, રથપૂજા, પ્રાણપ્રતિષ્ઠા, મહાવેદી, દ્વાદર્શયાત્રા, અસદ્યોનિઓ જેવી કે પ્રેતો, દાનવો, રાક્ષસો વગેરેના ઉધ્ધાર તથા અનેક ચમત્કારોથી ભરપુર આ પ્રથમ કૃતયુગ સંતાન ખંડ અનેક તીર્થ સંભૃત ધર્મ જ્ઞાન મર્યાદા તથા ભક્તિ સંભૃત છે. સંક્ષિપ્ત નામોથી વર્ણવવામાં આવેલા વિષયો વ્યક્તિઓ, તીર્થો, પવિત્ર સ્થાનોના અનેક વિસ્તારથી ચમત્કાર તથા મુક્તિ વગેરે ગ્રંથના પહેલા ખંડમાં વર્ણવ્યા છે.

૨. ત્રેતાયુગ સંતાન

આ દ્વિતીય ખંડમાં હિરણ્યકોશના ઈંડાના ટુકડાઓથી હિરણ્ય કુર્ચ તથા હિરણ્યાક્ષની ઉત્પત્તિ, સંકર્ષણ દ્વારા નાશ, મેરુથી દક્ષિણ પાષાણાત્મક પૃથ્વીપરિરુપ, ભગવાનનું લોમશ ક્ષેત્રમાં પ્રાગટ્ય, જયંતિ ઉત્સવદાન વગેરે, ષષ્ઠી દેવીએ કરેલી રક્ષા, સૂતક પુરુષ, નામકરણ, સાણાસુર નાશ, પ્રેંખા રોહણ, તલાજા રાક્ષસી નાશ, દુગ્ધ પાનોત્સવ, ગોરુપરાક્ષસી નાશ, ગૃહનિષ્ક્રમણ, ચંદ્રદર્શન, ભૂમિઉપવેશન, ચમત્કાર, કર્ણવેધ, અશ્વિનીકુમાર તીર્થ, અન્નપ્રાશન, વનદેવતા, વસ્તુગ્રહ, દમનક દૈત્ય નાશ, રાક્ષસણી યુધ્ધ, શરણાગતિ, એકાદશી પાતિવ્રત્ય સેવા, શંત્રુજ્યસ્થ કંકતાલયુધ્ધ, પિતૃતર્પણ, દ્વિતીયમહોત્સવ નારકિમોક્ષ, જયંતિ ઉત્સવ, પ્રહ્લાદ નારાયણ યુધ્ધ, ચૌલ સંસ્કાર, પુષ્પદોલમહ, સાલમાલાસુર નાશ, યજ્ઞ સૂત્રોત્સવ, સુકેશિ, અશૂન્ય શયનવ્રત, શિવપુણ્યક વ્રત, તૃતીય મહોત્સવ, સ્વસ્તિક મોક્ષ ચતુર્થ મહોત્સવ, શાવદીનાકાલીની બાલબલિ અર્પણથી રક્ષા, દેવીપશુબલિ, રક્ષા, સહરિ, લોમશ આશ્રમ આગમન, પયોવ્રત, શ્વેત કેતુ મર્યાદા, ઉતથ્ય બૃહસ્પતિ ભાર્યા, બાલગ્રહ પૂજા, વલ્લી વ્યાઘ્રા સુરનાશ, પંચમ મહોત્સવ, ગાંધર્વ સમાજ, દાલભ્યબક ચમત્કાર, અર્ધ નરનારીશ્વર નાટ્ય, વિદ્યારંભ, વરાટક દૈત્યનાશ, ડક્કરનાશ, રાક્ષસયોનિથી ઋષિઓનો ઉધ્ધાર, શંકરલિંગ પાત કથા, ષષ્ઠ મહોત્સવ, દેવાયન ચાંડાલ ઉધ્ધાર. ઉર્જવ્રત કથા દર્શન તીર્થ વગેરે, કંથાધર, હડ્ડકાયિની કથા, ઉધ્ધાર, રણગમયજ્ઞ, સપ્તમ મહોત્સવ, લક્ષ્મણાર્ય, માત્રા ગસ્કર રાક્ષસ માજાંબિકા દેવી, રક્ષણ, સુષુમ્ણાદિ, શુક્ર વિશ્વકર્માદિ કથા.

અબ્રિકતમેં બ્રહ્મ વિમાનેન યુધ્ધ, વિવેક અવિવેક જ્ઞાન, દૈત્યનારી યુધ્ધ, કલ્પ વલ્લિકાઃ, મૃત્તોધ્ધાર, મરુદેવોત્પતિ, યમરાજ, અરબદૂત, બકદાનરક્ષા, અરવવંશઃ, રક્તબીજાસુર, પ્રેતમુક્તિ, ધીરવીર સરોવર, વૃષ્ટિ રક્ષણ, સ્તમ્ભખાન, પૂરથી માનવ સંઘાત રક્ષા, સોમનાથ આદિ ભ્રમણ, રક્ષાસ્તોત્ર, રુગ્ણરક્ષા, અષ્ટમ મહોત્સવ, નર્મદામાં વસુમેઘ રક્ષા, ગોપનાથ તીર્થ, યજ્ઞોપવીત, પરાવિદ્યોપદેશ, દિવ્યદર્શન, પૂર્વ સ્વભાવ, જયામઘ, જ્ઞાનમ્, સુધના ભક્તમોક્ષ ત્ર્યષ્ટકારાન્ત્યજમુક્તિ, ષટ્શત વિપ્રબાલ રક્ષા, હિરણ્યકેશી, તાપી, ઘોર પ્રતિગ્રહમાં રક્ષા.

અશ્વિનીકુમાર આગમન, કપિલ ભગવાન, દશમ મહોત્સવ, બલેશ્વર જયધ્વજ, વિશ્વામિત્રોપદેશ, નારાયણસર, પુલસ્ત્યોક્ત યુગધર્મ, અક્ષરક્ષેત્ર માહાત્મ્ય, સહયાદ્રિ, અધર્મ જીવ, સનત્કુમારોકત અશ્વપટ્ટસર માહાત્મ્ય, અગિયારમો મહોત્સવ, બદરિકાશ્રમ, મહામારી, રક્ષા, વાસુદેવગીતા, વિશિષ્ટાદ્વૈતદ્વૈત વિજ્ઞાન, વિભૂતિ, વ્યૂહ સ્વયંપ્રકાશતીર્થ, ઉષ્ણાલય રક્ષા, હેમશાલ રક્ષા, ચક્રવાકી માર્જારી વૃત્તાંત, માર્જારિકાનું બાલરક્ષણ, ગંડકી, માતા મહિમા, મહાવૈકુંઠ ધેનપાલ, કૃષ્ણાદિ આવિર્ભાવ, નીપદેશે શિવાદિ પ્રાગટ્ય, તપ, ભગવાન દ્વારા ચક્રવાકીને શિખર પર જલપાન, વરણાનદી, કાશી વિશ્વનાથ, અન્નપૂરણા, ઉષ્ણાલયતીર્થ, બારમ મહોત્સવ, પિતૃ કન્યાઓ, કિંપુરુષખંડ, રાક્ષસ ઉપદ્રવ, યુધ્ધ, પ્રાગજ્યોતિષ યજ્ઞ, દૈત્ય સમૂહનાશ, ઋષિ વ્યવસ્થા, અર્યમા, બ્રહ્મપુત્રિકા તીર્થીકરણ, યજ્ઞભૂમિલાશહાપુરી, ભક્તિ, આત્મબોધ, ભૂતાસન, નગ્નપર્વત, સુંદરવન, પુષ્પદોલ મહોત્સવ, તેરમો મહોત્સવ, શરભમોક્ષ, દત્તાત્રેયતીર્થ, પવમાન, ચૌદમો મહોત્સવ, યમપુર, દેવાયતન મહર્ષિ, યામ્ય મોક્ષણમ્.

કિંપુરુષખંડમાં રાશિયાન પ્રદેશમાં દેવાયતન વગેરે ૧૨ મહર્ષિઓનું ગમન, મંત્રદાન, બાલકૃષ્ણસરોવરતટમાં દ્વિતીય યજ્ઞ, શિબિદેવ રાજ્ય, ઉપદેશ, તૃતીય યજ્ઞ પ્રસ્તાવ, થર્કૂટસ્થરાજ્યમાં દ્વિકલસરોવરતટમાં દ્વિતીય યજ્ઞ, મંત્ર ઉપદેશ વગેરે પ્રેતોનો ઉધ્ધાર, રાજનીતિ ઉપદેશ, વીરજાનૂપરારાજ્યમાં ઓબી રાત્રીશા સંગમવીચ તૃતીય યાગ; શકત્યક્ષિનૂપરાજ્યમાં ચતુર્થ વિષ્ણુયાગ અવભૃથા મંત્રદાન; પંચમ યજ્ઞ અર્થે કાલિમાબ્ધિ પ્રતિ પ્રયાણ, પિશાચિની મોક્ષ, કાલિમેશ રાજ્યમાં પંચમ યજ્ઞ કર્યો, અનેક દ્વિપોમાં ભ્રમણ, સાધુલાલાસન વગેરે પાંચ હજાર મુમુક્ષુઓ ને સાધુ દીક્ષા, લાલાસન સાધુનું ઉત્તર કુરુમા જવું, શૂરજાર દંપતિનો મોક્ષ.

ભગવાનનું અશ્વપટ્ટ સરોવરમાં આગમન, દેવાયતન દેવાલયરુપમાં બિરાજમાન, મંદિરોની પ્રસાદ મૂળથી ધ્વજારોહણ સુધીની રચના, દેવમૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ, વાસ્તુપુરુષ, આચાર્ય વગેરેની વરણી કલશસ્થાપના, શ્રાધ્ધ, કર્મકાંડ, દક્ષિણા, સંભાર, ત્રિસૂત્રી વેષ્ટન, ૬૪ યોગિનીઓ, ૫૦ ક્ષેત્રપાલ, સ્તમ્ભ તોરણ વગેરે દેવતાઓનું પૂજન, ગ્રહલોકપાલ, દ્વારપાલ

આદિનું પૂજન, આહુતિઓ હોમ, બલિ, યૂપ, પ્રતિમાઓ, નેત્રોજન, દાન પૂર્ણાહૂતિ, ચરુપ્રસાદિ, સિંહાસન, આરતી તથા સ્વસ્તિ શાંતિ આશીર્વાદ અંતે અવભૃથની વિદાય. જીર્ણોધ્ધાર વગેરે.

ધનભેદનો મોક્ષ, વોઢુને કપિલદર્શન, ધ્રુવિશ્રામનું સિંહથી રક્ષણ, નીલકર્ણનું પૂરથી રક્ષણ, કેતુમાલમાં ગમન, ગાંગેયોનો ઉદ્‌ભવ, યજ્ઞની ઉદ્‌ઘોષણા, મંડપ આદિ, ભગવાનનું વિમાનમાં પ્રસ્થાન, યજ્ઞ પૂર્ણ વિધિથી સંપન્ન કર્યો, મહિમા, અવભથકુમાર પ્રત્યક્ષ, તૃપ્તિકુમારી, કુમારીને કુમારદાન, ઉરલકેતુ રાજધાની મોક્ષિકામાં ભગવાને પ્રસ્થાન કર્યુ, સંપ્રદાયનું જ્ઞાનદાન, કથક રાજધાની ઓંકારેષ્ટામાં ગમન, શુભકાળ વગેરેનું વર્ણન, નક્ષત્ર વગેરે બળ, યોગ મુહૂર્ત વગેરે પંચાગ ઉપાંગ વિવેચન, જ્યોતિષ વિજ્ઞાન, ગ્રહ, યુતિ, લગ્ન વગેરે. પૃથુરાજધાની જરસ્થલીમાં જઈ ઉપદેશ કર્યો, ૨૬ રાજાઓને પૂર્વજન્મનું જ્ઞાન કરાવ્યું, ઋષિ મનુ સૂર્ય આદિ.

ઉષ્ટાય રાષ્ટ્રમાં આગમન, હંકાર કાષ્ઠલ રાજાના રાજ્યોમાં વિમાનથી પ્રવાસ કરીને તીરાણ રાજધાનીમાં આગમન, તીરાણપુરીમાં વિધસાશિત્વ ઉપદેશ, અલ્મીનર રાજ્યમાં આગમન, અર્થશ્રીનગરીમાં રાક્ષસની મુક્તિ કરીને જિનવર્ધિરાજાની રાજધાનીમાં ગમન, રામપુરીને પાવન કરી અપિનાયાદિમાં ગમન, આ સ્થળે રાક્ષસોનો નાશ તથા સુદર્શનથી પર્વતને સળગાવ્યો, સંગમરમરનું હોવું, મૃતકોને જીવતા કર્યા, રવિ મહિમા, અલ્પકેતુરાજાની જીવની નગરીમાં ગમન, સ્વેષ્ટ જરર્ષિ પ્રદેશોમાં જયકૃષ્ણવ રાજાની વરમાનગરીમાં ગમન, પૂજા લઈને ફેરુનરદેશોમાં પરીશાન રાજાના રાજ્યમાં પરીશાના નગરીમાં રાજસૌધમાં પધારવું, અહીં ઉપદેશ કરવો.

પરીજરાષ્ટ્રમાં ગમન, ઈન્દ્રુરાય રાષ્ટ્રમાં વાયુનાનગરીમાં પધારવું, ઈન્દ્રિરાનદીમાં સ્નાન, મુદ્રાંડ રાષ્ટ્રમાં ગમન, મદ્રિટા નગરીમાં પધારવું, ઉપદેશ, શૈવાલનગરીમાં પધારીને પૂર્તગંડર્ષિપ્રદેશોમાં ગંડરાજના લીશાવનપત્તનમાં પધારવું, લીશવનામાં ભ્રમણ કરી લીનોર્ણરાષ્ટ્રમાં વારુણી નગરીમાં ફરવું, ત્યારે બૃહચ્છરરાજાના રાજ્યમાં જવું, ધીવરા નગરીમાં પધારવું, ત્યારે અંગરાજની મિલિન્દાનગરીમાં પધારવું, પછી બલલીનરાજાના રાષ્ટ્રમાં ગમન, શ્રીહરિનું વાલીના નગરીમા પધારવું, એના પછી વાલીશા નદીમાં જવું, વરસિંહ રાજાની પૂજા સ્વીકારીને રાયગામલ રાષ્ટ્રમાં ગમન, ત્યાં રિગા નગરીમાં પૂજન પ્રાપ્ત કરીને ફેનતંતુનૃપરાજ્યમાં ત્રિનયા નગરીમાં ઉતરવું, ઉપદેશ તથા પૂજન બાદ સ્તોકહોમના રાજ્યમાં ઉમાનગરીમાં પધારવું, ત્યારપછી કાષ્ઠયાનનૃપના રાજ્યમાં જવું, તુન્નવાયાપુરીમાં ઉપદેશ આપીને કોલકરાજાના રાજ્યમાં પધારવું, મુરમાષા નગરીમાં ભ્રમણ કરી પૂજા બાદ ગાંગેય કન્યા નદીઓમાં સ્નાન કર્યા બાદ દિનમાનાર્ક રાજાના ખંડમાં ગરિમાદેશની અપરાના વિકાપુરીમાં ઉતરવું, વિમાન માર્ગે ભ્રમણ કરી કેનાટક પ્રદેશોમાં વિનિપાર સરોવર તટમાં

ઉતારો કરવો, કેનાટકોમાં યજ્ઞ કરવા માટે મંગલ પત્રિકા મોકલવી, દશ રાજાઓનું સમ્માન કરી મંડપ માટે સાધનસામગ્રી એકઠી કરવી, મણિસેવાપુરીમાં યજ્ઞપતનમાં વિશ્રામ લઈ રાયકિન્નટરાજા રચિત સુવર્ણમૂર્તિનું દર્શન, રાયરોકીશ્વર રાજાના રાષ્ટ્રમાં સ્ફુર્તિનારી નગરીમાં પધારવું, આ દેશમાં ફરીને યજ્ઞભૂમિમાં પધારવું, હરિઅંશ સ્વપ્રકાશ પ્રભુનું સર્વદૃષ્ટત્વ, મહીયાનોનું આવવું, ભગવાનનું પધારવું, દેવ સ્થાપના, ઋષિકૃત દેવપૂજા, દેહશુધ્ધિ, અગ્નિ સ્થાપના, આહૂતિ આપવી, દાન-દક્ષિણા.

ત્યારબાદ રાયરણજિતના રાષ્ટ્રમાં પધારવું મીનાર્ક કૃષ્ણનગરીમાં પૂજા સ્વીકારી, પછી રાયવાકક્ષ રાજાના રાષ્ટ્રમાં ગમન, દ્વિનસ્ક તથા મિલ્વિલમાં ઉપદેશ આપી યજ્ઞભૂમિમાં પધારવું, રાયમારીષ રાષ્ટ્રમાં આલીસ્મર દ્વીપમાં ગમન, ઋધ્ધીશાપુરીમાં ભ્રમણ કરીને કાશીના મીલવીલ વગેરે દ્વિપોને પવિત્ર કરીને મખ ભૂમીમાં આવવું, ત્યારપછી રાયબલેશ્વર રાજાના રાષ્ટ્રમાં દ્વૈપાયન દ્વીપમાં વાયુ ફેનાપુરીમાં પૂજાનો સ્વીકાર તથા ઉપદેશ કર્યો, મહાપુર્ણાહુતિ, તૃપ્તિ, પરિહાર, આશીર્વાદ, અવભૃથ, પારિતોષિક ત્યારબાદ રાયલંબારરાજાના રાષ્ટ્રમાં પધારવું, કિમુવક્રાનગરીમાં ફરવું, ત્યારબાદ યજ્ઞસ્થલીમાં પધારી સભામાં આશીર્વાદ આપી વિદાય લેવી.

ત્યારબાદ રાયનવાકભૂપના રાષ્ટ્રમાં ચિંચાગોપૂરિની નગરીમાં ફરવું, પછી સ્વર્લતિકાપુરીમાં પધારવું, ત્યારબાદ રાયહંડેશ્વરરાજાના રાષ્ટ્રમાં માક્ષિકા નગરીમાં ભ્રમણ કરી ઉપદેશ આપવો પછી રાયકૂપેશરાજાના રાષ્ટ્રમાં પધારવું, હવાના નગરીમાં પૂજન પ્રાપ્ત કરી કાલિમંડલીનરાજાની વિગોષ્ઠિકા નગરીમાં વિશ્રામ લેવો.

પછી વનજવાલા રાષ્ટ્રમાં પધારવું, સાનુજ્યોષ્ટીનગરીમાં પૂજન પ્રાપ્ત કરી ગતૈનસ રાષ્ટ્રમાં પધારવું, કાયની નગરીમાં સત્કાર થયો પછી રાજા મહાલયમાં ઉપદેશ દઈ કોટિશ્વર રાજાની પેયિસ્થાનગરીમાં ગમન, સત્કાર બાદ પારુપરાષ્ટ્રમાં સંચાલાનગરીમાં વિશ્રામ લઈ ફાન્કલાશીનગરીમાં ઉપદેશ આપી આંડજરાનૃપરાષ્ટ્રમાં પધારવું, આંતઃપ્રાગસ્થાનગરીમાં પધારવું, ઉપદેશ આપવો, સત્કાર પ્રાપ્ત કરવો, ત્યારે ભગવાનના બાલ્ય રજોનૃપના રાષ્ટ્રમાં મંત્રિણાંગાનગરીમાં પધારવું, બાદમાં રાયસોમનરાજાના રાષ્ટ્રમાં વાયુમાનાનગરીમાં પધારવું, સ્વાગત લઈને રાજારાયપતિના રાજ્યમાં ફરીને આર્ષજતનું રાજ્યમાં તથા ઉરોગમનરાજ્યમાં જવું, ઉરુગવાક્ષનૃપે સન્માન કર્યુ, ત્યારબાદ રાયગ્રામાનગરીમાં ફરવું, ઉપદેશ આપીને પરાંગવૃતરાજાના પારાવાત રાજ્યમાં પધારવું, આશાસના નગરીમાં ફરીને ઉપદેશ પછી બ્રાહ્મીલ રાષ્ટ્રમાં યજ્ઞસ્થલીમાં જવું યજ્ઞકાર્ય કરવું, દાન દેવું, પરિહાર પછી ઉપદેશ આપવો, સર્વાત્મકત્વનું ભાન કરાવવું, ઉત્સવ કરવો યજ્ઞની પૂર્ણાહુતિ પછી આમ્રજાન્યાદિ સપ્ત સરિતાઓમાં અવભૃથ, તીર્થાટન કરવું.

ત્યારબાદ રાજારાયપતિના રાષ્ટ્રમાં વ્યેનોજ રાશાપુરીમાં જવું, પિતૃપિંડ જલદાન, બાદમાં લાપલાત્રીપુરીમાં જવું, વિદ્યુન્મણિની રક્ષા નવજીવ દ્વીપમાં દૈત્યોનો નાશ કરવો, કામ નાયક ગણને રાજય દેવું, દ્વિનેદિષ્ઠપુરને પાવન કરીને ઉષ્ણાલયમાં ત્રાસમાન દ્વીપમાં વૃન્દારુકામાં જઈને સિંહલ દ્વીપમાં જઈને પમ્પાસર થઈને કુંકુમવાપીમાં પધારવું, શરદપૂર્ણિમાનો રાસ રમવો, પંદરમાં જયંતિ ઉત્સવ કરવો, તામસાક્ષિચંડાલનો મોક્ષ, ધનલક્ષ્મી પૂજન, બર્બૂર રાજાને વૃક્ષના જન્મથી મોક્ષ કરવો, શંકર પૂજન, દીપોત્સવ, શારદાપૂજન, મહામારી રોગથી જનતાની રક્ષા, દત્તાત્રેય તીર્થ, અન્નકુટોત્સવ, પુંડરીકરાજાને હંસરુપદર્શન, હંસતીર્થે, ચોલરાજાને નૃસિંહ દર્શને, નૃસિંહ તીર્થ, વીતિહોત્ર યોગેશ્વરને ઋર્ષભરુપમાં દર્શન, ઋષભતીર્થ, પતંજલિચમસ વૈવસ્વત સંકષર્ણ શેષઆદિ મંદિર અને તીર્થ, પંકિલ ઋષિ, વામન પાદાંગુષ્ઠ સ્પર્શ, વામનતીર્થ, હૈમકલ્ગિ રાજાને પરશુરામ દર્શન પરશુરામ તીર્થ, અશ્વપાટલ રાજાને સોમયાગ, લોમશ ઉપદેશ, પ્રવર્ગ્ય હવન, ઉદ્યાપન, પ્રાતઃ સવનાદિ, પૂર્ણાહુતિ અવભૃથ.

લોમશગીતામાં શ્રધ્ધાનો ઉપદેશ, ત્યાગમાર્ગ ત્રિવર્ગ પુણ્યપાપ મોક્ષ, દોષનાથ, અક્ષરગતિ સાધન, ગાર્હસ્થ્ય સંન્યાસ, સર્ગ શ્રેયઃ, અભ્યુદય, તીષણ, વિવેક, ઉપાસના યોગ ધર્મ, ક્ષર અક્ષરધામ ગતિઓ, ય દેહનિષ્કાંતિ સન્ધાસ વિચાર, આનર્ત કુશલા સંવાદ.

સંત સમાગમ, ત્રિવિક્રમને અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાપ્તિ યોગીજન સત્કાર્યફલ દેવભાર્ગ-દાન, ભગવદ્બોધદાન, પરબ્રહ્મ પરાયણતા, રામાદિત્યતીર્થ, ભાણવીર્યભક્ત, ઉર્જવૃત કાયસ્થનું કુષ્ઠરોગનાશ, સૂર્યતીર્થ, મુંગા બ્રાહ્મણને બોલતો કર્યો, શાઙ્ગર્ધર સંહિતા, અશ્વશર તીર્થ, અજાપાલનો ક્ષયરોગનો નાશ, નારદતીર્થ, અર્કપુરી રાજાનો સર્પયોનિથી ઉધ્ધાર, બ્રાહ્મણને સર્પવિષથી મુક્તિ અપાવી જીવનની રક્ષા કરી, સતીતીર્થ.

સૌરાષ્ટ્રમાં સ્વર્ણપત્તનમાં રક્ષાંગરક રાણિકાની રક્ષા, અશ્વપટ્ટ સરમાં સતી તીર્થ. અમોહાક્ષ રાજાને પરબ્રહ્મપ્રાપ્તિ, બુધ્ધ તીર્થ. અભયાક્ષરાજાની ત્યાગી દીક્ષા, લક્ષ્મી તીર્થ, નારાયણ તીર્થ, દેવાનીક કર્ષુકની જળથી રક્ષા, વિષ્ણુ તીર્થ, બ્રહ્મસ્તમ્બ રાજાને પુરુષોત્તમ પ્રાપ્તિ, પુરુષોત્તમ તીર્થ. અમરીદેવીને મહાવિષ્ણુ પ્રાપ્તિ, મહાવિષ્ણુ તીર્થ, કુપ્યવાલની ગજથી રક્ષા, સનતકુમાર તીર્થ, કુંકુમેશ્વર તીર્થ, સતીશા તીર્થ, દુર્ગાતીર્થ, ધનેશ્વરી તીર્થ, ચૈત્ય તીર્થ, શાલિગ્રામ તીર્થ, નરનારાયણ તીર્થ, માણિક્યા તીર્થ, અશ્વપાટ્ટલવૃતાન્ત, સાધુદીક્ષાદિ, મંત્રદીક્ષા જ્ઞાન, શિવરાજપત્ર, બૃહસ્પતિ નારદ, લોમશ ગોપાલકૃષ્ણ, શિવાલક્ષ્મી મહિમા, રહસ્યધર્મ, મંગલ મંડપ, મહામુક્ત સ્વરૂપ, ઉત્સવ, દેવપૂજન, બાલકૃષ્ણ પ્રભુનુ દર્શન, શ્રૃંગાર, વિમાન આદિ ભ્રમર્ણ, વાંજિત્રોત્સવ, શિવનગરી જાનકીનગરી કૈલાસ, શંકર સમ્માન, કુલદેવતાર્હણ, મડંપ, ચંદ્રશાલા, શ્રૃગમંત્રોચ્ચારણ જપ, ભગવાનમાં વૃત્તિ, મધુપર્કાદિ સત્કાર, દાનલક્ષ્મી, અગ્નિહવન, ધર્મોપદેશ, ગંગાતીર્થ, મંત્રગ્રહણ, ગૃહધર્મ, લોમશ ઉપદેશ, સોળમો મહોત્સવ, ઉતરાયણ દાન, ત્રેતાધર્મ, ભાગવતધર્મ પાલન.

૩. દ્વાપરયુગ સંતાન

નારાયણી સ્તુતિ. સૃષ્ટિકાલ ગણના. બ્રહ્માના બાવન વર્ષોના નામ અંતિમ ૪૦ કલ્પ વિભૂતિ આદિ. અનાદિશ્રીદ્યુનારાયણ સ્વર્ગ ની રક્ષા કરી. અનાદિશ્રીમેરુનારાયણ મેરુ ધારણ કર્યો. અનાદિશ્રીવિષ્ણુનારાયણ રવિનું શાતન કર્યુ. અનાદિશ્રીદેવનારાયે ચંદ્રની રક્ષા કરી. અનાદિશ્રીયજ્ઞનારાયણે અધ્વર રક્ષા કરી. અનાદિશ્રીબ્રહ્મનારાયણે રુદ્રોનું શાસન કર્યુ. અનાદિશ્રીઆદિત્યનારાયણે દેવોની ગાદી નિયમિત બનાવી. અનાદિશ્રીગુરુત્મન્નારાયણે સર્પશાસન કર્યુ. અનાદિશ્રીઆર્ષનારાયણે ધ્રુવદેવ સ્થિર કર્યા. અનાદિશ્રીપ્રાજ્ઞનારાયણે થુરાનંદને શાસિત કર્યો. અનાદિશ્રીપ્રાજ્ઞનારાયણ જ્યોત્સના કૃત માલા વગેરે અર્પણ કર્યા. અનાદિશ્રીનૈષ્ઠિકવીરનારાયણે સાધુ ધર્મ સ્થાપિત કર્યો. અનાદિશ્રીભદ્રનારાયણે દગ્ધ પ્રેતોનો મોક્ષ કર્યો. અનાદિશ્રીભદ્રનારાયણે તંગભદ્રાના સૂર્યગતિનિરોધ મિટાવ્યો. અનાદિશ્રીબીજનારાયણે કોશસ્તેન રાક્ષસને મારીને બીજ રક્ષા કરી. ધર્મવ્રત ભવનમાં શ્રીવરનારાયણનું પ્રાકટય. સુદર્શની શાપથી સ્ત્રીરુપમાં ફેરવાયેલની રક્ષા માટે અનાદિસ્ત્રીપુંનારાયણનું પ્રાકટય. અનાદિશ્રીજલનારાયણે માકરાદિ દૈત્યોનો નાશ કર્યો. અનાદિશ્રીશીલનારાયણે સન્તશીલ સ્થાપના કરી. અનાદિશ્રીવાર્ધિનારાયણે વ્યાઘ્રાનલનો નાશ કર્યો. અનાદિશ્રીશીલચતુર્મુખનારાયણે સૃષ્ટિ રચના કરી. અનાદિશ્રીપુરષોત્તમ નારાયણે પુણ્યવ્રાતની મનોકામના પુરી કરી. અનાદિશ્રીતીર્થનારાયણે તીર્થ કર્યા. અનાદિશ્રીજીવનારાયણે ભક્તિનું પ્રવર્તન કર્યુ. અનાદિશ્રીઅર્ધશ્રીશનારાયણે અર્ધશ્રીશ્વર દેખાડ્યું. અનાદિશ્રીઅર્ધપિતૃનારાયણે પિતૃલોક તૃપ્ત કર્યો. અનાદિશ્રીપ્લક્ષનારાયણે પીપળાનું પૂજન ચલાવ્યું. અનાદિશ્રીપુંનારાયણે નરમેઘમાં ભક્તોની રક્ષા કરી.

અનાદિશ્રીશ્યામનારાયણે વડલો પ્રકટ કર્યો. અનાદિશ્રીરાજનારાયણે માયરકઅસુરનો નાશ કર્યો. અનાદિશ્રીબ્રહ્મચારીનારાયણે નૈષ્ઠિક વ્રત ચલાવ્યું. અનાદિશ્રીશિવનારાયણે હલ્લકાસુરનો નાશ કર્યો. અનાદિશ્રીસ્વર્ણનારાયણે કુબેરને સાજીવન કર્યો. અનાદિશ્રીસ્વામિનારાયણે જ્વાળામુખીથી પ્રજાની રક્ષા કરી. અનાદિશ્રીસાવનનારાયણે નિર્વાણિકાના ઘર પુત્રતા લીધી. અનાદિશ્રીસાધુનારાયણે અંશુકમથ રાજાનું પુત્રધન લીધું. અનાદિશ્રીભક્તનારાયણે વર્મિશાલમનુને જીવાડ્યો. અનાદિશ્રીમેઘનારાયણે અશ્વયોનિમાં રહેલા વર્મધર રાજાનો મોક્ષ કર્યો. અનાદિશ્રીવલ્ગિનારાયણે આનદલાદને માર્યો. અનાદિશ્રીરસનારાયણે ઈલોદરને માર્યો. અનાદિશ્રીચક્રનારાયણે દૈત્યનાશ કર્યો.

અનાદિશ્રીસત્યનારાયણે સત્યુગ ધર્મની સ્થાપના કરી. અનાદિશ્રીહિરણ્યનારાયણે પર્વતોને સ્થિર કર્યો. અનાદિશ્રીનૈરંજનીનારાયણે ભક્તોની રક્ષા કરી. અનાદિશ્રીપુણ્યનારાયણે

પુણ્યવતીના શાપનું નિવારણ કર્યું. અનાદિશ્રીબૃહદ્બ્રહ્મનારાયણે અપ્સરાઓની કામના પુરી કરી. અનાદિશ્રીગુરુનારાયણે બ્રહ્મવિદ્યા આપી. અનાદિશ્રીઆચાર્યનારાયણે સાધ્વી મહાદીક્ષા પ્રવૃત્ત કરી. અનાદિશ્રીમહાવિદ્યુન્નારાયણે વિજળી છોડતા રાક્ષસોનો નાશ કર્યો. અનાદિશ્રીમધુનારાયણે મધુભક્ષી રાક્ષસોને નાશ કર્યો. અનાદિશ્રીનારાયણે ગાયોને મારતા રાક્ષસોનો નાશ કર્યો. અનાદિશ્રીવિભુનારાયણે સુવર્ણ મહોત્સવમાં પ્રાગટ્ય કર્યુ. અનાદિશ્રીમોક્ષનારાયણે મુક્તિશ્રીનો વિસ્તાર કર્યો.

અનાદિશ્રીકૃષ્ણનારાયણે વાઙમય સુમૂર્ત કર્યો. બદરિકાશ્રમમાં મહર્ષિઓને પરબ્રહ્મદર્શન, વધુગીતામાં ગૃહિણી કર્તવ્યનો ઉપદેશ, વધુટીધર્મ, સદાચાર, મર્યાદા, સતીસામર્થ્ય નિર્ગુણ ભક્તિ, પુરુષોત્તમ યોગ, પરબ્રહ્મયોગ, તાદાત્મ્ય યોગ, લક્ષ્મીનારાયણ વ્રત, ગુરુતીર્થ, દિવ્યાદેવી મોક્ષ, ગુરુચરણ મહાતીર્થ, પુણ્યદિન, ગ્રહશાંતિ આદિ, લક્ષકોટિ જપ હોમ, એનુ ફળ, મહાલક્ષ્મી નામ સ્તોત્ર, પ્રતિમા, પિતૃકન્યાઓ સૌભાગ્યશયનવ્રત, ઘટલક્ષ્મી વ્રત, માંગલ્ય વ્રત, સાંખ્યયોગી વ્રત, રસવ્રત, આર્દ્રાનંદવ્રત, શારદેય વ્રત, કમલાવ્રત, લાલનવ્રત, ચક્રવર્તિ ચિહ્ન, ૬૧ વ્રત વર્ણન. લોમશ તીર્થમાં મોક્ષ, કાલમૃત્યુંજય મંત્ર જપ, દ્વાપરધર્મ, પરિવર્તન, ગીતસંગીતમાં સ્વરગ્રામ મૂર્છના આદિ, ઉત્પાત્ત શાંતિ.

દુષ્ટ સ્વપ્નઆદિ શાંતિ, શુભશકુન સ્વપ્ન આદિ, હનુમંતપ્રતિષ્ઠા ધનવિનિયોગ, ધર્મવંશ, દુઃસહ વંશ, શુભનક્ષત્ર આદિનું ફળ, સરોજિનીની સતીશ્વરી સેવાથી દિવ્યતા, અષ્ટમનું કથા, તેરમી સુધી મનુકથા, રુચિ પ્રજાપતિ, ચૌદમો મનુ, બ્રહ્મપ્રિયાઓની સાથે ભગવાનનો હિમાલય પ્રવાસ, ભારતવીક્ષણ, લોમશ આશ્રમમાં આગમન, રત્નની ઉત્પતિ, વિભિન્ન મણિ શ્રેષ્ઠ, ભગવાનના ૧૪ અવતારોનું પ્રયોજન, જીવિત શ્રાધ્ધવિધિ, સંસારવિષય નિવૃત્તિ ઉપાય, આપત્વ્યપોહ સ્તોત્ર, કૃષ્ણાર્પણસંન્યાસ, મૃત્યુકારણ, મુક્તિધર્મ, સંવાદ, દેહપ્રાપ્તિત્યાગનું કારણ, માયાલય, ધામપ્રાપણ, નૈષ્કર્મ્ય, શુભાશુભયોગ, સારુપ્યાદિ લાભ, તરણોપાય, અધ્યાત્મ આદિ નિરુપણ, શ્રીહરિ અર્પણ ક્રિયા, અનાથોનો મોક્ષ, સુવર્ણચોરનો મોક્ષ, ચારણનો ગ્રામયાજકનો વિરાલકા રોગનાશ મોક્ષ, પૃથ્વીધર પુત્ર જન્માંધને દૃષ્ટિ આપી, સાગરશુદંક પાંગળાને પગ દેવો, વૃકણદેવની વકણતા નાશ કરી, ઉન્મત્ત પાશુપતેશનો મોક્ષ, મધુકારનો સંત સંગતિથી મોક્ષ, ચર્મકારને ધેનુરક્ષણ ફળ, શંકુધર ચોરનો મોક્ષ, મહાસૌરાષ્ટ્રીય સંઘની લુંટારુ ટોળીથી રક્ષા, સ્તોત્ર, યુધ્ધેપુર રાજાના વેશ્યાગમન દોષથી મુક્તિ, બ્રહ્મધ્ન રાજા રાક્ષસનો કુંદનદેવી ભક્તિદ્વારા મોક્ષ, દેવવિશ્રામ અમાત્યનો સ્ત્રી હત્યા પાપ નિવારણ, મરેલ હર્ષુલાપુત્રએ સાધુએ જીવિત કર્યો, શાર્ણધર કર્ષકનો રોગનાશ નિમ્બદેવની વૃષભ હત્યા પાપથી મુક્તિ, ભક્તોનું ઐશ્વર્ય, કાલીદંર ભાંડનો મોક્ષ, રાયણદેવ નર્તકને ગર્ભમાંજ વિજ્ઞાન આપવું, વ્રતર્દિગાયક ભક્ત દ્વારા પુંડ્રવર્મ રાજાનો મોક્ષ, તુલવાયિનો ભક્તિ દ્વારા મોક્ષ, મંગલ કાષ્ઠહારને સાધુરુપ ભગવાન પ્રાપ્ત.

વાત્સલ્યધીર, તિલકરંગ, નાંજ, સાગરકિરાત, સારંગહૂણ, યજ્ઞરાધ પુષ્કસ કપિક્ષય ચાંડાલ, નાલીકર લોહકાર, મંગલદીન ચર્મકાર, હરિદાસ રથકાર, શિલાહાર, શિલ્પિ સંજયદેવ, ચિત્રકાર સંભરદેવ, મૌક્તિકેશિ ખનિકાર વગેરેનું આપત્તિથી રક્ષણ તથા મોક્ષ, ચક્રધર લુબ્ધક, પિશુનખવાસ વાટધર, પ્રાસાદ શિલ્પી શિવ જય, જાલકારી સંગરયાદસ્ક, ઉદ્યમથી ભરવાટ, ઉષ્ટ્રપાલ દીર્ઘરવા, રાસભપાલ રત્નપ્રભ, ગદાર્દનેશ વૈદ્ય, કીશપાલ દેશ્યાવન, હર્ષધર્મનાપિત, રુટાણની ધીવરી, મત્સ્યમાર ધીરપર્વા, શૂલીપ્રદ તારાદર્શ, અંગારી જ્વાલાપ્રસાદ, ગરદ લવાયન, શસ્ત્રધારી વિખંડલ, કૃષીકાર જીર્ણભવનો ભગવાને સ્વભક્તિ દ્વારા સાધુસમાગમ દ્વારા નિષ્પાપ કરી મોક્ષ કર્યો. અનાદિશ્રીકૃષ્ણનારાયણનો સત્તરમો મહોત્સવ.

૪. તિષ્યયુગ સંતાન

શ્રીનરનારાયણ બદરિ આદિનું માહાત્મ્ય, બદરરાજાએ બદરિકાશ્રમ નામ રાખ્યું, ચંદ્રપ્રદત્ત શીતમણિ રાખવાથી શીતવાર્ધિમાં હિમાલયનું હોવું. હેમાનત અગ્નિનો ઉપદ્રવ, રાક્ષસનાથ અર્થે શ્રીમાણિક્યાનું બદરીપણુ, તીર્થરુપતા, બદરનૃપની ભક્તિ દ્વારા રસરુપતા, દેવોનું બદર ફલ રુપતા, નરકોબીજ રુપતા, પ્રેતરુપથી સુશીલ વિપ્રનો ઉધ્ધાર, દારભાગ્યરાજાનો વિશાલામાં મોક્ષ, બ્રહ્મદેવ વિપ્રનો બે બદરફલોથી પુત્ર પુત્રીલાભ, બાલયોગિની ગીતામાં સુરેશ્વરીને બાલયોગિની પુત્રી કૃત ઉપદેશ, દાસ્ય, ભાગવત ધર્મ, બાલયોગધર્મ, વૈષ્ણવીત્વ, પરબ્રહ્મ પ્રેમરસ, નાગ્નમુખી ચારણીનો મોક્ષ, વિનોદિની દેવલકીનો સંત દ્વારા મોક્ષ, બાહુલક લીલાવતીનો ચમત્કાર, ભગવાનનો યોગ, મલ્લિકામાલિનીનો મોક્ષ, શ્રીકૃષ્ણકાન્તોપાસના, શાશ્વત બાલધર્મ, બાલયોગિનીનો દ્વિતીર્યાશ્રમ.

ભગવાનની પ્રાપ્તિ, નિકામદેવનો મોક્ષ, વિશિષ્ટાડદ્વેતાડદ્વેત પરબ્રહ્મ યોગ નિરુપણ, નિર્ભયયોગોપદેશ, સ્તવન, સર્વધામ દર્શન, નિગડભ્રમ કૈવતોનો મોક્ષ, કુથલી સગરાનીનો રાજયક્ષ્મ રોગ નાશ મોક્ષ, વંચયિત્રી વિષલાણીનો સંતસેવાથી મોક્ષ, કટકર્ત્રી ગંગાંજના તથા રમાંજનોનો સત્સંગથી મોક્ષ, રણસ્તમ્બકુંભહારનો ચંદ્ર જન્મ, હેમ સુધા સ્વર્ણકારિણીનો ભક્તિ દ્વારા અખૂટ અન્નસત્ર, ભગવાનનો અઢારમો મહોત્સવ, વિષ્ટિનારી વિદ્રુમિણીનો ભક્તિસત્સંગથી મોક્ષ, ચાંડાલી માલવાનીનો ધર્મસેવાબલથી મોક્ષ, કારેલિકા શુદ્રાણીની પરીક્ષા તથા મોક્ષ, ભગવાનનો ઓગણીસમો મહોત્સવ.

યંત્રકર્ત્રી ગોમતીની સંતસેવાથી ક્ષયનાશ થયો, ચામઠી કનકંદાને સાધુરુપથી ભગવાનનું મળવું, મોક્ષ, સિંધુનદી તીરે જુગાર રમતા ભાણવણી રાયહરિ રાજાઓની ઉચ્છૃંખલતા, શ્રીલક્ષ્મીનારાયણની કથા સાંભળતા જ મોક્ષ, ભગવાનનો વીસમો જયંતિ ઉત્સવ,

શર્કરાનગરમાં સંહિતા કથા સમારોહમાં દેશ દેશાંતરથી લોકોનું આગમન, શ્રીહરિનો ઉપદેશ ઉત્સવ, સાધુત્વ વિવેચન, લોમશક્ષેત્રમાં પણ દિવ્યરુપથી એકવીસમો મહોત્સવ, લોમશનો ઉપદેશ, કચ્છના માધવરાયે ભગવાનની નારાયણ સરોવર તથા દેશમાં પધરામણી, લોમશક્ષેત્રમાં દિવ્યરુપથી આગમન તથા નિવાસ, વિદ્યોતા નામની વાસણ ઘડવાવાળી કંસારિણીનો કથા દ્વારા મોક્ષ, નટરાજ કુંભાર, સોની અંબાલિકા ધાતુઓ ઘડવાવાળી વિનોદિની, નટરંજન કોવિદ, કર્દય રામસુંદર વગેરેનો પણ મોક્ષ.

ક્ષીરોદવીરરાજા, સોમિકાગણિકા, મદ્યપ મિષ્ટાસવ, લુંટારાઓ, ચક્રિ યાસ્કવાદ, નિંદા કરનારા દ્વિર્વદન્તી, હત્યારાઓ, સુરપ્રસાદ વિપ્ર, દેવદ્રોહી નાગવિક્રમ ક્ષત્રિય, દેવજીવિકા હારક શાલમિત્ર રાજા, વિષ પીડિત યુધ્ધરાજકુટુંબ, વ્યવસાયી અનંગ વલ્લી, ષંઢ મંડલ, હત્યારો યવસંઘ, ભંડશીલ ભાંડ, ત્રિગાલવ ભવાયા, ક્ષુપદ નામની નાટકની અભિનેત્રી, હરિવીર્ય વગેરે મલ્લો, હર્ષલાલ વગેરે શિકારીઓ કીરવણ વગેરે વ્યાધો નાગદન મદારી, સારહાસ મંડલ, લુંચાદન વિલાસદેવ, દુરિતઘોષ પ્રધાન, ધર્મભર અમાત્ય, મુકુંદ સાવિત્ર ન્યાયાધીશ, લેખક વિશાલરેખ, કરણ બ્રાહ્મણ, શાહવિલાયન ક્ષત્રિય, દંડારણિ મતવાળો, ગીધ વગેરેનો કથાશ્રવણ તથા સાધુ પ્રસાદી ભોજન કરવાથી મોક્ષ.

ધેનુપાલ ગોપાલનો બિલાડીની યોનિથી, ઠક્કોલ વણિકનો યોનિથી, અજાપાલ ભરવાડનો જન્મથી, સાર્થવાટોનો કબુતર યોનિથી, કંકજાતિઓનો કાગડાયોનિથી, નાણકી ખવાસણી નો ગૃહ આખલા યોનિથી, સંઘવાટ શુદ્રોનો મૂષક યોનિથી મોક્ષ તથા સાગરદાન, વારુટ કીરતાર ભાટનો કથા શ્રવણ તથા સંત પ્રસાદિ ભોજન દ્વારા મુક્તિ. રતાંધળો દેવગતીશનો, બંદીજન જયમાનનો, વજ્રવિક્રમ રાજાનો, સર્પદ્રષ્ટ, સમ્રાબ્ધિસિંહનો કથા શ્રવણ નામધૂન તથા પ્રસાદી ભોજન દ્વારા મુક્તિ.

શ્રીહરિએ હર્ષનયન માગધ, યોગીદાસ, સૌરભ સાવિત્ર પાનવાળો, રંગીલ નામનો રંગારો ડમરુક વાદ્ય વગાડનારો, ચિલ્લરાય ભાવસારને મોક્ષ ગતિમાં મોકલ્યા, વિદ્યાધર, ગંધર્વ, કિન્નર, કિંપુરુષ, ચારણ, સિધ્ધ જે કોઈ કથામાં હાજર રહી ભક્તિ તરબોળ થયા એમનો મોક્ષ કર્યો, સમાપ્તિ ટાણે આવેલા જનસંઘોનો આભાર પ્રગટીકરણ, ત્યારબાદ ભક્તોના ઘેર ભગવાનની પધરામણીઓ.

પ્રતિષ્ઠાન સમાપ્તિ મહોત્સવ, લોમશ ક્ષેત્રે આગમન, નાગવિક્રમ રાજાનો સર્વમેધ યજ્ઞ, દેલાવરી રાજાથી નાગવિક્રમનું મહાયુધ્ધ, અતિરણ સંગ્રામ થયો, સેનાઓનો નાશ, નાગવિક્રમ રાજા પ્રતિ શરણાગતિ, વિમાની યુધ્ધ, ભગવાને નાગવિક્રમને દિલાવરી રાજાનું રાજ્ય સોંપ્યુ. ગૃહગીતામાં દિલાવરી રાણીનું રાજા પાછળ સતી થવું, મોક્ષ, શ્રેષ્ઠતા, કનિષ્ઠતા, ત્યાગ, ઉત્કૃષ્ટતા, મોક્ષ ઉપાય, ગુણ, દોષ, વિધિ, આજ્ઞા, બંધન, નિબંધન, ગો સેવા મોક્ષકારી છે,

સાધુસંગતિ મોક્ષ આપનાર, ભગવાનનો બાવીસમો મહોત્સવ. વર્ધમાનપુરમાં રાજાને સ્વપ્નમાં નરક ભોગ કષ્ટ તથા બાદમાં મુક્તિ, ભગવાનનુ વિમાન માર્ગે સત્યલોકમાં પહોંચવું, ત્યાથી પાછા તપોલોક, જનલોક, મહલોક, સ્વર્ગ, ભુવલોકમાં આગમન, પુજા વગેરે સત્કાર ગ્રહણ કરી લોમશક્ષેત્રમાં આવવું.

ભગવાનનો ત્રેવીશમો ઉત્સવ, સાંત પાતાલ, ક્ષીર સાગર, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમમાં આવવું, ચોવીશમો મહોત્સવ લોમશક્ષેત્રમાં કરવો જંબુ પ્લક્ષ આદિ સપ્ત દ્વીપોમાં ગમન, પચીસમો મહોત્સવ કુંકુમવાપીમાં કરવો. વૈરાજ વગેરે ઈશ્વરલોકમાં જવું, પુનઃ લોમશક્ષેત્રમાં પધારવું, છવ્વીસમો મહોત્સવ કરવો, સૌરાષ્ટ્રની નદીઓ, પર્વતો, જંગલો, ખાત અખાત, રણ, ખાડી વગેરે ઉપર વિમાનમાર્ગે ફરવું, ભગવાનની શક્તિઓ સુમૂર્ત થઈને પ્રજેચ્છા કરવા લાગી, ભગવાને સંકલ્પબળથી બધાના મનોરથ પૂર્ણ કર્યા, યુગલ અપત્યવર્ગોનો યુગલભાવ, બાલતિષ્યસ્વભાવ વગેરે, કલિદોષ સેવા, ગુણ, માયાપાલ રાજાને યામ્યંદંડ પછી સનતકુમારે કરેલુ રક્ષણ તથા મોક્ષ, કલિધર્મ વર્ણન, સેવા, અર્પણ, ભક્તિ, ધ્યાન, દાન, કીર્તન આ છ મોક્ષના સાધન.

કલ્પાન્તમાં રાત્રિ, કલ્પાદિમાભગવત્ પ્રાવિર્ભાવ, બ્રહ્મસૃષ્ટિ રાજનિર્માણ, દિલાવરીશ નાગવિક્રમનો કુંકુમવાપીમાં તીર્થ કરીને મોક્ષ, એનો પુત્ર મુકુંદવિક્રમનો રાજયાભિષેક ભગવત્પરાયણતા, ભગવાનની સતીઓને અક્ષરધામ દર્શન, વૈભવ અવલોકન, પરમધામમાં સત્યાવીશમો મહામહોત્સવ, અષ્ટમ દુર્ગ અંદર પરબ્રહ્મ મહોલ, સિંહાસન સભા, મુક્ત મડંલાદિ દર્શન. અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વરૂપમાં તાદાત્મ્યસૃષ્ટિ, લોમશ ક્ષેત્રમાં આગમન, મહાદાન, અઠ્ઠાવીસમો મહામહોત્સવ કર્યો, વાનપ્રસ્થતા, સાધુદીક્ષણ, શક્તિઓની સુક્ષ્મ અવસ્થાઓ, ભગવાનનું સાધુ યતિરુપથી તીર્થોમાં વિચરણ કરવું, લોમશ ક્ષેત્રમાં આગમન, ઓગણત્રીશમો મહામહોત્સવ કરવો, આ ઈતિહાસનું પુરશ્ચરણ વિધાન, સાર્વભૌમ મહાદાન, સંહિતા ધારણાનું મહાફળ, ભગવાન શ્રીનારાયણ, શ્રીકૃષ્ણનારાયણ, શ્રીપુરુષોત્તમનારાયણ, શ્રીનરનારાયણ સ્વરૂપો એ કન્યારુપ લક્ષ્મીનારાયણ સંહિતાને આપેલ વરદાનો, લક્ષ્મીનારાયણ સંહિતાનું કથા શ્રવણ ફળ તથા પારાયણ કરાવવાનું ફળ.

卐 卐 卐

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સ્વયં "શ્રીશ્વેતાયન સ્મૃતિ" શાસ્ત્રમાં આપેલ અભય વરદાન

ॐ परब्रह्माणे विश्वात्मनेऽन्तर्यामिणे नमः ।
अनादिश्रीकृष्णनारायण धर्ममूर्तये ।।१।।

ૐ પરબ્રહ્મ વિશ્વાત્મા અંતર્યામી ધર્મમૂર્તિ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમસ્કાર.
(શ્રીશ્વેતાયન સ્મૃતિ : અધ્યાય નં. ૫-શ્લોક નં. ૧)

अपि लोके दुराचारा भजन्ते परमेश्वरम् ।
अनन्यभाजस्ते सन्तो भूत्वा ब्रह्म प्रयान्ति ते ।।४३।।

मलिना मलिनाचारा मद्भक्ता मत्समर्पणाः ।
मद्योगाते हि मां यान्त्यनादिकृष्णनारायणम् ।।४४।।

अन्तिमं मानवं जन्म मत्प्रत्प्यंर्थ मया कृतम् ।
मदाश्रया मद्भक्ताये केऽपि यान्ति ममाऽक्षरम् ।।४५।।

नार्योनरा मयि स्निग्धा मम सर्वस्वदायिन ।
मम प्रसादभाजस्ते मां प्रयान्ति मदक्षरे ।।४६।।

લોકમાં દુરાચારી હોય છે, તે જો મને પરમેશ્વરનો ભજે તો, અનન્ય ભજનારાઓને સન્ત ગણાય છે અને બ્રહ્મધામને પામે છે. મલિન રહેતા હોય, આચારોમાં પણ મલિન હોય, પણ જો મારા ભક્ત થાય અને મારામાં બધું અર્પણ કરનારા થાય તો મારા યોગ-સંયોગથી તેઓ પણ મારા ધામમાં મને અનાદિશ્રીકૃષ્ણનારાયણને પામે છે. આ માનવ જન્મ તે સંસારમાં અંતિમ છે, તે મારી પ્રાપ્તિને માટે મેં રચ્યો છે, તેમાં મારા આશ્રયવાળા થાય એવા મારા ભક્ત કોઈપણ હોય તો પણ મારા અક્ષર-પરમધામને પામે છે. નારી કે નર મારામાં સ્નેહલગ્નિત થઈને મારામાં સર્વસ્વ સમર્પિત કરનારા થાય તો, મારી પ્રસન્નતાના પાત્ર થયા થકા તે મારા અક્ષર-પરમધામમાં મને પામે છે.

अहमुद्धारकृच्चास्मि जानन्तयेवं मदाश्रयम् ।
कृत्वा समर्प्य सर्वं स्वं प्रयान्त्येते मदक्षरम् ।।४७।।

गायका वादकाः शीलाडरक्षका गृहिणोडपरे ।
अपि मां मोक्षदं मत्वाडडश्रित्यमां यान्ति मत्पदम् ।।४८।।

अनादिश्रीकृष्णनारायणः श्वेतायनो डस्म्यहम् ।
मां भजित्वा प्रसाद्याडत्र यान्ति मद्धाम मत्पराः ।।४९।।

अहमुद्धारकर्ताडस्मि शास्त्रज्ञानप्रदोडस्मि च ।
विना साधनसम्पत्त्योद्धारकृच्चाडस्मि मच्छ्रयात् ।।५०।।

જે માણસો મને ઉદ્ધાર કરનારા જાણે છે, અને મારો આશ્રય કરે છે, તથા મારામાં સર્વાર્પણ રીતે વરતે છે, તો તે મારા પરમધામને પામે છે. ગાનારા, વગાડનારા, શીલવ્રત નહીં પાળનારા, એવા બીજાઓ પણ જો મને ઓળખીને મારો આશ્રય કરે તથા મને મોક્ષઆપનાર સમજે તો તે ગૃહસ્થ મારા ધામને પામે છે. હું શ્વેતાયન વ્યાસ અનાદિશ્રીકૃષ્ણનારાયણ છું, તો મને ભજીને પ્રસન્ન કરીને આંહી જ મત્પરાયણ થાય તે મારા ધામમાં જાય છે. હું શાસ્ત્ર દ્વારા જ્ઞાન આપનારો છું. તથા સર્વેનો ઉદ્ધાર કરનારો છું. મારા આશ્રય વિના બીજા સાધન સંપત્તિ ન હોય તો પણ મારા આશ્રયથી જ હું શરણાગતનો ઉધ્ધાર કરનાર છું.

(શ્રીશ્વેતાયન સ્મૃતિ : અધ્યાય નં ૫ - શ્લોક નં. ૪૩ થી ૫૦)

卐 卐 卐

❖ અનાદિશ્રીકૃષ્ણનારાયણસહસ્ત્રનામસ્તોત્ર ❖

નમામિ સૃષ્ટિત્રયસંવિધાયિને ભજામિકોટ્યર્બુદશક્તિશાલીને ।
ધ્યાયામિચાત્માન્તરસન્નિયામિનેઽર્પયામિસર્વસ્વમથાઽઽત્મવદિને ॥૧॥
નમોઽનન્તસ્વરુપાય નમોઽસંખ્યપ્રમૂર્તયે ।
નમો યુગલરુપાય નમઃ શ્રીપરમાત્મને ॥૨॥
નમોઽનાદિકૃષ્ણનારાયણાય સ્વામિને નમઃ ।
નમઃ શ્રીકમ્ભરાલક્ષ્મીગોપાલજનુષે નમઃ ॥૩॥
નમોઽનાથાધિનાથાય નમઃ કાન્તાકૃપાલવે ।
નમો ધર્માધિગોપ્ત્રે તે બાલકૃષ્ણાય તે નમઃ ॥૪॥
શિવરાજ્ઞીસ્વામિને તે નારાયણીશ્વરાય ચ ।
રમાપદ્માવતીશાય નારાયણાય તે નમઃ ॥ ૫ ॥
નમો બ્રહ્મપ્રિયેશાય શ્રીકૃષ્ણાય ચ તે નમઃ ।
સર્વજ્ઞદેશિકેશાયાચાર્યેશ્વરાય તે નમઃ ॥૬॥
સ્તવશ્ચાયં પઠિતશ્ચાર્પિતસ્ત્વયિ ફલાપ્તયે ।
સર્વદસ્ત્વં પાહિ કૃષ્ણનારાયણ નમો નમઃ ॥૭॥

卐 卐 卐

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણે જીવાત્માના મોક્ષને માટે મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં લખેલ ૨૧ મહામંત્રો

(૧) ઓમ્ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા ।
(૨) શરણં શ્રીકૃષ્ણનારાયણોસ્તુ મમ સર્વદા ।
(૩) કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહૃદ્ભયાત્ ।
શૂલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન અવ ।।
(૪) બ્રહ્માહં શ્રીકૃષ્ણનારાયણ ભક્તોસ્મિ શાશ્વતઃ ।
(૫) બ્રાહ્મયહં શ્રીકૃષ્ણનારાયણદાસી ભવામિ ઓમ્ ।
(૬) ઓમ્ નમઃ શ્રીકૃષ્ણાનારયણાય પતયે સ્વાહા ।
(૭) અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામી પતિશ્ચ મે ।
(૮) બાલકૃષ્ણઃ પરબ્રહ્મ મમ વૈ શાશ્વતઃ પતિઃ ।
પિતા બન્ધુઃ સુહન્મિત્રં રક્ષકઃ પોષકોસ્તુ સઃ ।।
(૯) બાલકૃષ્ણાય વિદ્મહેનાદિકૃષ્ણાય ધીમહિ ।
તન્નઃ શ્રીશઃ પ્રચોદયાત્ ।।
(૧૦) ઓમ્ શ્રીલક્ષ્મ્યૈ મહાલક્ષ્મ્યૈ દુઃખભંક્ત્યૈ શ્રિયૈ નમઃ ।
(૧૧) ઓમ્ માં શ્રીબાલકૃષ્ણાય સમર્પયામિ ઓમ્ નમઃ ।
(૧૨) કૃષ્ણનારાયણભક્તોહં શ્રીહરિઃ શરણં મમ ।
(૧૩) શ્રીકૃષ્ણો વલ્લભઃ સ્વામી શ્રી સ્વામી શરણં મમ ।
(૧૪) શ્રીકૃષ્ણઃ શ્રીહરિઃ સ્વામી શ્રીપતિઃ શરણં મમ ।
(૧૫) શ્રીકૃષ્ણો વૈષ્ણવાચાર્યઃ પ્રભુઃ પદ્માવતીપતિઃ ।
સ્વામી મે શાશ્વતઃ કાન્તસ્તસ્યાહં સ્વામિની પ્રિયા ।।
(૧૬) પ્રભુઃ કૃષ્ણઃ પારમેશઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
(૧૭) પ્રભુઃ કૃષ્ણઃ પાર્વણો નારાયણઃ શરણં મમ ।

(૧૮) કૃષ્ણનારાયણ કૃષ્ણનારાયણ નારાયણ
અનાદિશ્રીકૃષ્ણનારાયણ રાધારમાયણ ।
(૧૯) પ્રભો નારાયણ માધવીશ્રીનારાયણ પ્રભો ।
જયાનારાયણ શ્રીલલિતાનારાયણ વિભો ।।
(૨૦) કંભરાગોપાલલાલઃ સ્વામી પતિશ્ચ મામવ ।
(૨૧) શરણં મે બાલકૃષ્ણ ।

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય.
શ્રીશ્વેતાયન વ્યાસ મહાપ્રભુની જય. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.
શ્રીકંભરાગોપાલ બાલની જય. શ્રીબાલકૃષ્ણ લાલજી મહારાજની જય.
શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય. શ્રીહરિ શરણાગતિ મંડળની જય.
શ્રીવિઘ્નવિનાયકદેવની જય. શ્રીકષ્ટભંજનદેવની જય.
શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની જય.

***** 卐 卐 卐 *****

જૂનાગઢ મંદિરમાં નારણબાપાની કૃષ્ણપ્રકાશ સ્વામી સાથે પ્રથમ મુલાકાત શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા - પરચાનું શાસ્ત્ર છપાવવાનો શુભ સંકલ્પ

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના કૃપાપાત્ર શ્રીહરિશરણાગતિ મંડળના સર્વે ભક્તોને ભાવપૂર્વક મારા નારણભાઈ લાધાભાઈ ખોલીયાના સૌને જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ. જય સ્વામિનારાયણ...

હું ઈ.સ.૨૦૧૬ ની સાલમાં જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના તપોમૂર્તિ અ.નિ. સદ્‌ગુરૂ નિર્ગુણદાસજી સ્વામીની અક્ષરવાસ તિથિ નિમિત્તે રસોઈમાં ગયો ત્યારે શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પ્રસાદીના નિવાસસ્થાન બાલમુકુંદભુવનમાં દર્શન કરવા ગયો હતો. ત્યારે શાસ્ત્રીજીના શિષ્ય સદ્‌ગુરૂ શ્રીઆત્મપ્રકાશ સ્વામીજીએ "શાસ્ત્રીજીના દેવાણી પરિવારના અને મુળ કુંકાવાવના પોતાના શિષ્ય શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી" સાથે મારી મુલાકાત કરાવી અને મારો પરિચય આપતા કૃષ્ણપ્રકાશ સ્વામીને કહ્યું કે, "આ નારણબાપા મુળ જામવણથલીના વતની છે અને આપણા શાસ્ત્રીજી મહારાજના હેતવાળા ભક્ત છે. અને જે રીતે ગઢપુરમાં દાદાખાચરે ભગવાન સ્વામિનારાયણને મંદિર કરવા માટે પોતાની જમીન અર્પણ કરેલ ને જેથી શ્રીહરિ ગઢપુરને પોતાનું ઘર માનીને રહ્યાં ને ત્યાં શિખરબદ્ધ મંદિર બનાવ્યું. તેજ રીતે વર્ષો પહેલાં જામવણથલીમાં ભવ્ય શિખરબદ્ધ મંદિર કરવા માટે ફુલવાડીની જમીન શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા માટે આ નારણબાપાએ જ દાન કરેલી. જેથી હાલમાં ત્યાં મહારાજ ફુલવાડી પરમધામ મંદિરને પોતાનું ઘર માનીને પ્રગટ બીરાજમાન છે."

આ વાત સાંભળી શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી મને પ્રથમવાર મળીને ખુબ જ રાજી થયા અને કહ્યું કે, "નારણબાપા ! મહારાજને રાજી કરવા માટે બહુ મોટી સેવાનો લાભ લઈને તમે તો મોક્ષભાગી બન્યા જ છો. પણ તમારા કરેલા આ અમુલ્ય દાનથી તમારા સમસ્ત ખોલીયા પરિવારનું તેમજ તમારા પૂર્વજોનું પણ તમારા દ્વારા જરૂર કલ્યાણ થયું છે."

સ્વામીની આ વાત સાંભળી મને અંતરમાં ખુબ જ આનંદ અને શાંતિનો અનુભવ થયો. ત્યારબાદ મને સ્વામીએ પૂછ્યું કે, "નારણબાપા ! તમને શાસ્ત્રીજી મહારાજના ભગવાનપણાના પરચાના પણ ઘણા અનુભવ થયા હશે તે મને કહો." એટલે સ્વામીની આજ્ઞાથી મને જેટલા પરચાના અનુભવ યાદ હતા તે મેં એક પછી એક કહ્યાં. અને બધા પરચા સાંભળી સ્વામી ખુબ જ રાજી થયા. અને મને કહ્યું કે, "શાસ્ત્રીજી મહારાજે હયાતિમાં

ઘણા પ્રસાદીપત્રોમાં ભક્તોને આજ્ઞા કરી છે કે, અમારા પ્રગટ ભગવાનના પરચા લખવા, વાંચવા અને સાંભરવા જેથી અમે ખુબ જ રાજી થશું અને તમારું કલ્યાણ કરશું.''

સ્વામીએ આ વાત કરી મને કહ્યું કે, ''નારણબાપા ! તમારે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે તેમને વિશેષ રાજી કરવા માટે મને કહેલા તમારા અનુભવના બધા પરચા યાદ કરી સરસ રીતે લખી મને આપજો જેથી ભવિષ્યમાં શાસ્ત્રીજી મહારાજના પરચાના ગ્રંથમાં હું તમારા પરચાનો સમાવેશ કરી શકું. જેના માધ્યમથી અનેક ભક્તોને ફુલવાડીની પવિત્ર ભૂમિના મહિમાની સાથે તેનો સત્ય ઈતિહાસ પણ જાણવા મળે, સાથે શાસ્ત્રીજી મહારાજના પરચાના માધ્યમથી તેમનું ભગવાનપણું પણ જાણવા મળે.''

સ્વામીની આ વાત સાંભળી મેં સ્વામીને કહ્યું કે, ''હું વહેલામાં વહેલી તકે મારા પરચાઓનો અનુભવ તમને લખીને આપીશ. અને એ પરચાઓ ભલે તમે ભવિષ્યમાં ગ્રંથમાં છાપો પણ હાલમાં તો આ પરચાઓનું એક નાનકડું દિવ્ય શાસ્ત્ર મારા ખર્ચે છપાવીને મારે શાસ્ત્રીજી મહારાજના ભક્તોને ભેટમાં આપી રાજી કરવા છે.'' આ પ્રમાણે મેં વાત કરી ત્યારબાદ કૃષ્ણપ્રકાશ સ્વામીની આજ્ઞા પ્રમાણે મેં રાજકોટ મારા ઘરે જઈ શાસ્ત્રીજી મહારાજની પ્રતિમા સામે બેસી મેં અનુભવેલા પરચાઓ યાદ કરી અને મારી બુદ્ધિ પ્રમાણે તમામ પરચાઓ લખી એક બુક તૈયાર કરીને જૂનાગઢ જઈ સ્વામીને અર્પણ કરી અને કહ્યું કે, ''મારી એવી ઈચ્છા છે કે તમે અલગથી આ બુકને છપાવો જે ખર્ચ થાય તે સેવા હું આપીશ.'' સ્વામીએ મારી ઈચ્છાનું માન રાખી અને મને કહ્યું કે, ''આ બુક આપણે વહેલી તકે સરસ રીતે છપાવીશું. પછી છપાવીને બધાને ભેટમાં આપી.''

પછી શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામીએ છેલ્લા બે વર્ષમાં લાખો રૂપિયાના ખર્ચે ખુબ જ મહેનત કરી શાસ્ત્રીજી મહારાજનું જે નુતન સાહિત્ય છપાવ્યું હતું. તે નાના મોટા સાત શાસ્ત્રો તેમજ છ ઓડીયો સીડી મને રાજીખુશીથી ભેટમાં આપી. ત્યારબાદ મને જ્યાં શાસ્ત્રીજી મહારાજનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો છે તે શ્વેતાયનબાગની દિવ્યભૂમી પર દર્શનાર્થે લઈ ગયા. અને ત્યાં પણ લાખો રૂપિયાના ખર્ચે જે શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિ મંદિર તેમજ હરિભક્તોને રહેવા જમવાની સુવિધા માટે જે ઉતારાની વ્યવસ્થા કરી છે તે બધુંય બતાવ્યું.

શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા તેને ત્રીસ વર્ષ વ્યતિત થઈ ગયા પણ આટલા વર્ષોમાં અમુક કારણોસર જૂનાગઢ એ શાસ્ત્રીજી મહારાજની મહાપ્રસાદીની કર્મભૂમિ હોવા છતાયે ત્યાં કોઈપણ પ્રકારનો વિકાસ નહોતો થયો. પરંતુ માત્ર બે જ વર્ષના ટુંકા સમયગાળામાં આટલો બધો વિકાસ જોયા પછી મને મનમાં વિચાર આવ્યો કે, ''શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામીની ઉંમર નાની છે. પણ છતાયે રાત-દિન મહેનત કરી એમણે

જૂનાગઢનો સર્વપ્રકારે વિકાસ થાય સાથે મહારાજ તેમજ હરિભક્તો પણ ખુબ રાજી થાય માટે જે તનતોડ મહેનત કરી સફળતા પ્રાપ્ત કરી છે, તેની પાછળનું કારણ મહારાજની તેમના પર ખુબ જ મોટી કૃપાદૃષ્ટિ તેમજ રાજીપો જ હોઈ શકે નહીતર આ બધુ શક્ય નથી અને સ્વામી મહારાજના દિવ્ય દેવાણી કુળના છે. મહારાજના જ સંત પરંપરાના અંતિમ શિષ્ય છે. અને મહારાજના જ કાર્યો કરી રહ્યાં છે. આ દરેક બાબત શ્રીહરિશરણાગતિ મંડળને માટે અતિ પ્રસન્નતાની છે. અને માટે જ મહારાજના અનેક કાર્યો કરવા માટે ખરેખર શ્રીહરિશરણાગતિ મંડળ સ્વામીને સર્વપ્રકારે સાથસહકાર આપે એવી પણ મારી નમ્ર વિનંતી સાથે પ્રાર્થના છે...

અંતમાં આ નાનકડા શાસ્ત્રમાં શાસ્ત્રીજી મહારાજની દિવ્ય પ્રેરણા પ્રમાણે મારી બુદ્ધિ પ્રમાણે મેં સ્વયં અનુભવેલા પરચાઓનું વર્ણન કરેલ છે. જેની પાછળ કોઈ મોટાઈનું નહી પણ પણ માત્રને માત્ર જામવણથલી - ફુલવાડીધામનો મહિમા વધે તેમજ બીજા જીવોને શાસ્ત્રીજી મહારાજનું ભગવાનપણું સમજાઈ એજ શુદ્ધ હેતુથી આ શાસ્ત્ર છપાવ્યું છે. છતાય મારાથી કોઈ ભુલચુક થઈ હોય તો મારા પર કૃપાદૃષ્ટિ રાખી મને ક્ષમા કરવા સૌને વિનંતી સાથ જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ... જય સ્વામિનારાયણ...

લી. નારણભાઈ પ્રેમજીભાઈ ખોલીયા
(ગામઃજામવણથલી, હાલઃરાજકોટ)

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દ્વારા ભક્તરાજ શ્રી નારણભાઈ પ્રેમજીભાઈ ખોલીયાને થયેલા દિવ્ય પરચા

શ્રીહરિની કૃપાથી મારો જન્મ જામવણથલી ગામમાં ભક્તરાજ પ્રેમજીભાઈ ખોલીયાને ત્યાં થયો. અમારા પરિવાર પર ભગવાન સ્વામિનારાયણ તેમજ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અને વચનસિદ્ધ શ્રીનિર્ગુણદાસજી સ્વામીના ખુબ જ આશીર્વાદ રહ્યાં છે માટે જ એમને અંતરથી યાદ કરી દંડવત્ પ્રણામ કરી મને જે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ભગવાનપણાના પરચા ચમત્કારનો અનુભવ થયો છે તેનું હવેથી વર્ણન કરું છું.

શાસ્ત્રીજી મહારાજના પ્રથમ દર્શન તેમજ ગામ વણથલીની લીલા :-

હું નારણ પ્રેમજી ખોલિયા પહેલી વખત ૧૯૪૮માં પોરબંદરથી આફ્રિકા ગયો. બીજી વખત પાછો આવીને જામનગર બેડીબંદરથી ગયો. મારી સાથે જામવંથલીના બે-ત્રણ જણાં સાથે હતા, મંદિરની પ્રદક્ષિણાનું કામકાજ ચાલું હતું. શ્રાવણ માસનો વરસાદ બહુ હોવાથી અમારે બે-ત્રણ દિવસ રોકાવાનું થયું. અમોએ શાસ્ત્રીજી કૃષ્ણવલ્લભાચાર્યજીની દેખરેખ નીચે બે દિવસ કામ કર્યું, અને સત્સંગ પણ થયો. ત્યારથી હું શાસ્ત્રીજીના પરિચયમાં આવ્યો. આફ્રિકા જવાનું થયું ત્યારે શાસ્ત્રીજીને દંડવત્ કર્યાને અમોને કુમકુમનો ચાંદલો કરીને આશીર્વાદ આપ્યા.

આફ્રિકા ગયા પછી અમુક ટાઈમ થયો ત્યાં આફ્રિકામાં ભારત-પાકિસ્તાનની લડાઈ ચાલુ થઈ. ત્યારે માણસો ભાગાભાગી કરવા લાગ્યા એવી રીતે જો આફ્રિકામાં થાય તો દરિયા રસ્તા સિવાય જવાનો રસ્તો નથી. તે પણ સાત (૭) દિવસે દેશમાં પહોંચે આવો વિચાર કરીને હું ત્યાંથી આવતો રહ્યો, મેં જામવંથલી આવીને ખેતી ચાલુ કરી.

જામવંથલીના ગ્રામજનોએ શ્રાવણ માસની કથાનું આયોજન કર્યું. જામનગરથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને કથાનું આમંત્રણ આપ્યું. ગામની પાછળ કોઈ સત્સંગીનો વંડો હતો. તેમાં કથાનું સ્ટેજ અને મંડપ ગોઠવવામાં આવ્યો. દરરોજ સવાર-સાંજ કથા વંચાતી ને બપોરની કથાનો સમય થયો, મેં કહ્યું : બા હું શાસ્ત્રીજીના ઉતારે જાઉં છું. મારા બા કહે શાસ્ત્રીજી મહારાજ માટે ચા લેતો જા. મેં કંઈ ધ્યાન ના આપ્યું અને સીધો ઉતારે ગયો. ત્યાંજ શાસ્ત્રીજી કહે : નારણ ચા નો લેતો આવ્યો ? મેં કહ્યું : હમણાં જ લેતો

આવું, રસ્તામાં જતાં જ મારા બા ચા લઈને સામે મળ્યા. મેં શાસ્ત્રીજીને ચા આપ્યો. તો વાટકામાં લઈને પીધો ને કહે : ચા સરસ થયો છે. એમ કહી બીજીવાર લીધો ને થોડોક લોટામાં પાછો આપ્યો. મેં ઘરે જઈને મારા બાને ચા આપ્યો તો તે પણ વાટકામાં ચા લઈ કહે : શાસ્ત્રીજી મહારાજ ચા પીવો. એમ બોલીને પછે ચા પીતા. દરરોજ નિયમ પ્રમાણે કથા પૂરી થઈ ત્યાં સુધી બપોરનો ચા અમારા ઘરનો પીધો.

ગામ વણથલીની કથામાં વરસાદથી રક્ષા :-

વણથલી કથામાં સાંજે આરતીનો ચડાવો કરીને વધારે પૈસા બોલે તે આરતી ઉતારે. તે પૈસા જમણવારમાં ઉપયોગમાં લેવાતા. શ્રાવણ મહિનો વરસાદની સિઝન એટલે એક દિવસ એવો અનરાધાર વરસાદ પડતો આવે બધાને થયું કે આજે વરસાદના લીધે કથા બંધ રહેશે. પણ બન્યું એવું કે, શાસ્ત્રીજીએ કથા બંધ કરી ધૂન ચાલુ કરી દીધી ને શાસ્ત્રીજી લાંબા હાથ કરી, આકાશ સામે નજર કરીને બોલ્યા : 'મેઘરાજા આ બાજુ નહીં, સીધા ચાલ્યા જાજો. સભાખંડમાંથી થોડે દૂર પાણી પાણી થઈ ગયું પણ સભાખંડમાં એક છાંટો પણ પડ્યો નહીં. આ નજરો નજર પરચો જોઈને બધા ઊભા થઈ ગયા ને શાસ્ત્રીજી મહારાજની જય બોલાવીને પાછી કથા ચાલુ થઈ ગઈ.

ઝાડમાં રહેલા પ્રેતનો મોક્ષ કર્યો :-

શાસ્ત્રીજી રાત્રે ૯ વાગ્યાની કથા પૂરી કરી કહે, અમારે દિશાએ જવું છે. ચાર-પાંચ ભક્તો કહે સ્વામી ચાલો નદીએ જઈ આવીએ. શાસ્ત્રીજી નદીએ પહોંચ્યાં ત્યાં એક નાનકડા ઝાડ પાસે ઊભા રહી ગયા. શાસ્ત્રીજી એક ભક્તને કહે આ પાણીનો લોટો ભરીને આ ઝાડવાને પાણીથી છાલક મારો. એટલે ભગતે પાણીની ઝાલક મારી સાથે લોટો પણ હાથમાંથી છૂટી ગયોને ઝબકારાની સાથે પ્રેત તેમાંથી જતું રહ્યું. એ ભગતને ટાઢ ચડી ગઈ ને લોટો બીજા ભગતે લઈ લીધો અને શાસ્ત્રીજીને કહે સ્વામી અહીં બૈરાઓ કપડાં ધોવા આવે છે અને છોકરાવ ધૂબાકા મારીને ન્હાય છે. એટલે આ ઘૂનાને ધૂબકીયા નામથી ઓળખાય છે. દર વરસે અહીં એક જણનો ભોગ લેવાય છે, થોડો વખત જતાં એ પ્રેતવાળું ઝાડ પણ સૂકાઈ ગયું.

કથામાં રસોઈ ઘટવાને બદલે વધી પડી :-

શ્રાવણ મહિનાની કથાનો છેલ્લો દિવસ હતો. તેથી બધી બાજુ હરિભક્તો આવેલા. પૂના, મુંબઈ, સૂરત તથા ગ્રામજનોને બપોરે જમવાનું હતું. જમણવાર ઘટે નહીં એટલે

થોડું થોડું પીરસજો એવી વાત શાસ્ત્રીજી પાસે ગઈ. શાસ્ત્રીજી કહે આ ધોતિયું લાડવાની ઉપર ઢાંકી દો અને બે હાથે પીરસો. થાળી ભરીને દીયો. સાંજે વાતમાંથી વાત થઈ કે સ્વામિ જમણવાર ઘટવાને બદલે ઘણું બધું વધી પડ્યું. શાસ્ત્રીજીએ વાત કરી, જેને શ્રાવણ મહિનાનું એકટાણું હોય તે બધાંએ બે ટાણાં જમવાનું છે. શંકર ભગવાન રાજી થશે કે આજે બે ટાણાં જમવા મલ્યું. ઘણાં ઘણાં લાડું વધ્યા તો કહે જે ફાળામાં પૈસા નોંધાવે તેમને પ્રસાદીના બે બે લાડુ આપો, તોય લાડું ન ખૂટ્યા. આ બીજો પરચો ગ્રામજનોએ જોયો. શાસ્ત્રીજીએ ગામમાં ઘરે ઘરે પધરામણી કરી.

પટેલબાપાને ચુડેલના પાશથી છોડાવ્યા :-

જામવંથલી શ્રાવણ માસની કથા પૂરી થઈ એટલે બાજુના ચાવડા ગામના હરિભક્તોએ કહ્યું, શાસ્ત્રીજી અમારા ગામમાં પધરામણી કરવા આવો. બીજા દિવસે બળદગાડું જોડીને સવારે ચાવડા ગામ ગયા, શાસ્ત્રીજી મને કહે નારણ તારા મામાના ઘરેથી એક થાળીમાં ભગવાનની મૂર્તિ પધરાવીને ઘરે ઘરે આગળ ચાલીને ધૂપ, દીવો પ્રગટાવીને તુરંત બીજે ઘરે એટલે બપોર થાય તે પહેલાં પધરામણી પૂરી થઈ જાય. લગભગ દરબારને, કણબી પટેલની વસ્તી છે થોડાક ઘર કડિયા જ્ઞાતિના છે. પધરામણી પુરી થઈ ત્યાં વાડીએથી પટેલબાપા આવ્યા તેમના ઘરવાળા મને કહે, ભાણુભાઈ તમારા મામા આવી ગયા, અમારું ઘર બાકી છે, તો અમો તેમને ઘરે ગયા. ધૂપ, દીવો, આરતી કરી ત્યાં પટેલબાપાનું જડબું (મોઢું) ત્રાંસુ થઈ ગયું અને ધ્રૂજવા લાગ્યા. શાસ્ત્રીજી કહે કેમ એમ કરે છે તેમના દીકરા કહે સ્વામીજી તેમને ચૂડેલનું પાસું છે. (ચુડેલ આવે છે) શાસ્ત્રી મને કહે નારણ એને જોરથી એક ઝાપટ માર, મેં કહ્યું : સ્વામી હું આ ગામનો ભાણેજ છું તે મારાથી વડીલ છે. મારા મામાને ઝાપટ ના મરાય. શાસ્ત્રીજી કહે : તારા મામા નથી આ તો તારા મામી છે. મેં મોઢાં ઉપર જોરથી ઝાપટ મારી તો મોઢું સીધું થઈ ગયું ને ચૂડેલ જતી રહી. પટેલબાપા કહે : સ્વામી હવે પાછી નો આવે એવા આશીર્વાદ આપો. ચાવડા ગામના તથા જામવંથલીના હરિભક્તોએ આ પરચો નજરોનજર જોયો.

ચૂડેલ તેમને કેમ આવી ? એક વખત તે રાતના વાડીએ જતા હતા. તેમને (ભૂંગળીની) તલપ લાગી પણ ચકમક ભૂલી ગયા. ચકમક એટલે રૂની પૂણી બે પથ્થર વચ્ચે રાખીને ઝટકો મારે એટલે અગ્નિ પ્રગટ થાય. રસ્તામાં કોઈએ અગ્નિ પ્રગટાવેલ છે, તેમ જાણીને અગ્નિ ચલમ ઉપર મૂકીને પાછો શ્વાસ લીધો એટલે ચૂડેલ પેટમાં જતી રહી. ઘણો વખત થયો હતો. લાડવા, પેંડા, મોહનથાળ, રૂપિયાના સિક્કા ખવરાવીને વાંસામાં જોરથી મૂક્કો મારીને જેવું ખાધું હોય તેવું જ બહાર કાઢતા. ખેતર વાડીએ

બપોરે જમવા દેવાનું મોડું થાય તો તેમના ઘરવાળાનું સ્વરૂપ ધારણ કરીને જમાડતા ને મૂક્કો મારીને પાછું બહાર કાઢતા ને અવાર-નવાર આવા ચરિત્ર કરતા.

બળદોએ પણ કર્યું આજ્ઞાનું પાલન :-

ચાવડા ગામના હરિભક્તો શાસ્ત્રીજીને ગામની બહાર સુધી મૂકવા આવ્યા. બીજા જામવંથલીના હરિભક્તો હતા તો ઝાઝા માણસો જોઈને બેય બળદ ભડકીને છૂટીને દૂર ભાગી ગયા. હાથમાં જ નો આવે પછી શાસ્ત્રીજી લાંબો હાથ કરી કહે, હાલો અમારે જામવંથલી જાવું છે, અમને ઠેકાણે પહોંચાડો. તો બંને બળદ આસ્તે આસ્તે આવીને ગાડા પાસે ઊભા રહી ગયા. આ પરચો પણ અમોએ નજરોનજર જોયો. શાસ્ત્રીજી ગાડામાં બેઠા પછી બધા હરિભક્તો શાસ્ત્રીજીની જય બોલાવીને છૂટા પડ્યા.

મનની ઈચ્છા જાણીને પેંડાનો પ્રસાદ આપ્યો :-

એક વખત હું પૂનાથી જામનગર દર્શન કરવા જતો હતો. ગાડીમાં અમારા ગામનો વણિક ભેગો થઈ ગયો તે પેંડા બનાવીને ગાડીમાં વેંચતો. મને કહે નારણભાઈ તમે સ્વામીજીના મંદિરે જાવ છો, મારે એક કિલો પેંડા પ્રસાદી માટે આપવા છે, પૈસા પછે આપજો. મેં કિલો પેંડા લીધા અને સંકલ્પ કર્યો કે શાસ્ત્રીજી મને પોતાના હાથથી પેંડા આપે. ગાડીમાં મુંબઈના માણસો હતા તેમને થયું કે પેંડા સારા છે તો બધાએ પેંડા લીધા અને આખો પેંડાનો ડબ્બો ખાલી થઈ ગયો. પેંડાવાળાને પરચો થયો કે આટલો વખત થયા મારા પેંડા આ પ્રમાણે વેંચાયા નથી. દરરોજ બે-ત્રણ કિલો પેંડા તો પાછા આવતા તે પણ મારી સાથે મંદિરે આવ્યો. મને કહે નારણભાઈ મારે પણ સ્વામીજીના દર્શન કરવા છે. મેડીના ઉતારે મારી સાથે આવ્યોને શાસ્ત્રીજીના દર્શન કર્યા. મેં શાસ્ત્રીજીને પેંડા આપ્યા તો તેમાંથી મને બે પેંડા ચોંટેલા હતા તે આપ્યા ને કહે એક પેંડો તારા સંકલ્પનો બીજો મારી પ્રસાદીનો. આ પ્રમાણે મને પણ પરચાનો અનુભવ થયો. જમવા ટાણે સ્વયંપ્રકાશ કોઠારીએ મને થાળી પીરસી. શાસ્ત્રીજી મારી પાસે બેઠાને તેની થાળીમાંથી મને પ્રસાદીની રોટલી મારી થાળીમાં નાખી. આ પ્રમાણે મને ઘણી વખત પરચો થયો પણ મનમાં ઘડ નહોતી બેસતી.

જામનગરથી જામવણથલી તરફ પ્રયાણ :-

જામનગર સ્વામિનારાયણ મંદિરની પ્રદક્ષિણાનું ઘૂમટનું કલરકામ ચાલું હતું. તેમાં ઘૂંમટમાં બ્રહ્મનિષ્ઠ સંતોની મૂર્તિ મૂકવામાં આવી તેમાં એકમાં શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનું

નામ લખ્યું. તો ટ્રસ્ટીઓ તથા સત્સંગીઓએ વિરોધ કર્યો. શાસ્ત્રીજી કહે, મંદિરનું કામ પૂરું કરીને અમારી રીતે રાજીનામું આપી દેશું, હું પૂના હતો. મારે અવાર-નવાર શાસ્ત્રીજી સાથે પત્ર વ્યવહાર ચાલુ હતો. મંદિરનું કામ પૂરું કરી મીટીંગ બોલાવીને શાસ્ત્રીજીએ રાજીનામું આપી દીધું.

પૂના મને શાસ્ત્રીજીનો વિગતવાર કાગળ આવ્યોને જે બીના બની તે જણાવ્યું. હવે નક્કી નથી ક્યારે ક્યાં જવાનું નક્કી થાય. મેં તુરંત પત્રમાં જણાવ્યું, સ્વામી જામવંથલીનું મંદિર સારું છે, સત્સંગ ઘણો સારો છે. અનુકૂળ આવે તો વિચાર કરી જોશો, શાસ્ત્રીજીને કંઈક મગજમાં બેઠું. જામવંથલીવાળાને ખબર પડી તો વાજતે-ગાજતે જામવંથલી લઈ આવ્યા. મેડી ઉપર રહેતાને પુસ્તક લખતા, મેં જણાવ્યું, સ્વામી તમારે જામવંથલી કાયમ રહેવાનું થશે તો ગામની બહાર નદી કાંઠે અમારી ફુલવાડી છે તે તમોને શ્રીકૃષ્ણાર્પણ કરશું.

પ્રેમજી લાધા ખોલીયાએ ફુલવાડીની ભૂમિ કૃષ્ણાર્પણ કરી :-

હું પૂનામાં હતો. પૂનામાં ડાયાભાઈ મકવાણા અને મારા બાપુજીને સંબંધ સારો એટલે અવારનવાર સત્સંગ કરતાં ને બંનેને સત્સંગનો મહિમા વધારે હતો. શાસ્ત્રીજી જામવંથલી આવવાના સમાચાર સાંભળી મારા બાપુજી તથા ડાયાભાઈ મકવાણા જામવંથલી આવ્યા. શાસ્ત્રીજી પાસે બંને સત્સંગી વાતો કરતા. કંઈક વાતમાંથી વાત આવી, શાસ્ત્રીજી કહે : સંતો સંસ્કૃત ભણવા બહાર જાય છે તો અમારે અહીં સંસ્કૃત વિદ્યાલય બનાવવી છે. અમારે પ્રેમજીભાઈની ફુલવાડીમાં વિચાર છે. ડાયાભાઈ કહે : પ્રેમજીકાકા આમાં કંઈ ખોટું નથી. બધાં સત્સંગીઓ પણ રાજી છે. મારા બાપુજી કહે : મારે છોકરાવને પૂછવું પડે. ત્યાં શાસ્ત્રીજીએ મારો પૂનાનો લખેલ કાગળ ડાયાભાઈના હાથમાં આપ્યો. તેને વાંચીને મારા બાપુજીને આપ્યો. ડાયાભાઈ કહે તમારે નારણભાઈને પૂછવું છે તો તેનો કાગળ પહેલેથી જ આવી ગયો. છે. બધાની ભલામણથી મારા બાપુજીએ શાસ્ત્રીજી મહારાજની જય બોલાવીને ફુલવાડીની જમીન કૃષ્ણાર્પણ (દાનમાં) આપવાનું નક્કી કર્યું. ફુલવાડીનો દસ્તાવેજ કરી દીધો. પછી તેમાં કૂવા ઉપર પાણીનો ટાંકો બનાવીને ઈલેક્ટ્રિક મોટર મૂકી નહાવા માટે પાણીની કુંડી બનાવી, ફુલવાડીમાં ચૂનાની ભઠ્ઠી નાખી. હરિભક્તો પાણાખાણમાંથી પાણ લઈ આવ્યા. ફુલવાડીમાં ફરતો વંડો કર્યો. એક મોટી ઓસરી ઉતારારૂમ બનાવ્યો. તેમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પધરાવવામાં આવી હતી.

શાસ્ત્રીજી પોતે કામકાજનું માર્ગદર્શન આપતા. મારા બાપુજીએ શાસ્ત્રીજીને વાત કરી કે સ્વામી ધંધા માટે કંઈક કરવું પડશે. શાસ્ત્રીજી કહે : ગામમાં માણસો બીજે દળાવવા જાય છે તો લોટ દળવાની ઘંટી ચાલુ કરી દો. એટલે રોકડ આવક ચાલુ થઈ

જાય. મારા બાપુજીએ ઘંટીની વ્યવસ્થા કરી. શાસ્ત્રીજીના હસ્તે ઉદ્‌ઘાટન કરાવ્યું તે ઘંટી પણ સારી ચાલતી હતી.

બ્રહ્મરાક્ષસનો મોક્ષ કર્યો :-

ફુલવાડીની પાછળ બ્રાહ્મણની સ્મશાન ભૂમિ છે. બાજુમાં વાડીની અંદર ઘણો વખત થયા એક તાડી ઊભી હતી. તેમાં ખલેલા બહુ આવતા. અમો ખલેલા માટે તાડીમાં પથ્થર મારીને ખલેલા ખેરતા તો ઘણી વખત તાડીમાંથી પથ્થર પાછો ન આવતો તેમાં વાયુ પ્રેત રહેતો હતો તે પથ્થર પકડી લેતો આ વાતની કોઈને ખબર નહોતી.

શાસ્ત્રીજી મારા બાપુને કહે, પ્રેમજીભાઈ આ તાડી પાડી નાખો. મારા બાપુ કહે : સ્વામી કંઈ નડતર નથી ભલે ઊભી, બે-ત્રણ વખત પાછું કહ્યું પણ ધ્યાન ન આપ્યું. એક વખત મને કહે નારણ આ તાડી કાલે તું અને ખત્રી બંને થઈ તાડી પાડી નાખજો. બપોરે હું અને ખત્રી કુહાડી લઈને આખી તાડી કાપી નાખી પણ પડે જ નહીં. મેં ખત્રીને કહ્યું : એક નાળું ને કોસની રાસડી બંને બાંધીને ખેંચવા માંડ્યા પણ પડે જ નહીં. બંનેએ વિચાર કર્યો કે જરાક પવનની ફણકી આવે ત્યારે જોર લગાવીને ખેંચીને શાસ્ત્રીજી મહારાજની જય બોલાવીને ભાગવાનું નહીંતર આપણાં માથે પડશે. આમ તાડી પડીને ત્રણ ટુકડા થઈ ગયા. એક ઉપરનો ભાગ સ્મશાન ભૂમિ પર પડ્યો. બીજો વાડીની એક વાડ ઉપર પડ્યો અને ત્રીજો એમને એમ ત્યાં જ રહ્યો. તેમાંથી જોરદાર અવાજ આવ્યો. હું... હું... હું... કરતો ફુલવાડીમાં મોટી આંબલી હતી ત્યાં ગયો. બીજા દિવસે બપોરે શાસ્ત્રીજી નાહીને આંબલીની છાયા નીચે બેઠા હતા, ત્યાં પ્રેત સફેદ કપડામાં માણસરૂપે શાસ્ત્રીજી સામે બે હાથ જોડી ઊભો રહ્યો, સ્વામી મારો ઉદ્ધાર કરો, શાસ્ત્રીજી કહે તું કોણ, તો કહે હું બ્રાહ્મણ હતો ને મુસલમાનની બાઈ સાથે સંબંધ કરેલ ને મૃત્યુ બાદ આ સ્મશાનભૂમિમાં મારી નનામી ખોલી એટલે હું મારા દેહમાંથી નીકળી વાયુપ્રેત થઈને ઘણો વખત થયા આ તાડીમાં રહેતો. શાસ્ત્રીજી કહે : આ વાડીનું રખોપું કરજે. કોઈને હેરાન કરતો નહીં, ને દેખાતો પણ નહીં નહિંતર આ ફુલવાડીમાં કોઈ આવશે નહીં.

શાસ્ત્રીજી કહે, તારે દેહ ત્યાગ પછી બદ્રિકાશ્રમમાં જઈ તપ કરવું પડશે. તપ પૂરું થયા પછી તારો જન્મ સત્સંગીના ઘેર થશે. ત્યારબાદ તારો ઉદ્ધાર થશે. ત્યાં મારા બાપુજી આવ્યા ને તાડી તથા વાયુપ્રેતની વાત કરી. પછે મોટી આંબલી તે પણ પડી ગઈ એટલે સામે વાડીમાં બીજી આંબલીમાં ગયો. તે પણ પડી ગઈ એટલે ઊગમણી બાજુ વાણિયાના ભાભાની ડેરી છે તે ખરાબાના કાંઠા ઉપર તે આંબલીમાં ઘણો વખત રહ્યો. ફુલવાડીની બાજુમાં જગ્યામાં રાજાશાહી વખતમાં ત્યાં ખેડૂતો અનાજ નકરું કરતા એટલે તેને

ખરાવાડના નામથી ઓળખાતી તે જગ્યા કોઈ લુહાણાની હતી. તે ઘણો વખત થયા પડતર હતી તો તે જગ્યા શાસ્ત્રીજીએ રૂ.૧૦,૦૦૦માં લઈ ફુલવાડી સાથે ભેળવી દીધી. બીજા દિવસે વાયુપ્રેતની વાત કરતા કહે : પ્રેમજીભાઈ અમારી આવરદા ૧૨૫ વરસની છે. પણ અમારે જ્યારે જવું હોય ત્યારે સ્વતંત્ર થતા ગમે ત્યારે જઈ શકી એવો અમારી પાસે અક્ષરધામનો પરવાનો છે.

કંકાવટી નદીમાં પાણી ન રહેવાનું કારણ :-

એક વખત ચોમાસુ હોવાથી અનરાધાર વરસાદ વરસતો હતો. કંકાવટી નદી પણ બે કાંઠે ભરપુર હતી. તેવામાં સામે કાંઠેથી પાવૈયાઓને ગામમાં આવવું હતું. પણ પાણીના હિસાબે વિચાર કરીને પોતાના ઘોડા નદીમાં નાખ્યા ને ઉપરથી જોરદાર પાણીનો રેલો આવ્યો ઘોડાને પાવૈયા માંડ માંડ બચ્યાને ત્યારે પાવૈયાઓએ શ્રાપ દીધો કે, "આજથી આ નદીમાં પાણી નહીં રહે." પહેલાં નદીમાં સામા ચોમાસા સુધી પાણી રહેતું. નદીમાં લાલ કંકુ જેવી માટી નીકળતી તેથી નદીનું નામ કંકાવટી કહે છે.

વણથલીમાં રહેલા પ્રસાદીના ચાર પથ્થરોનો ઈતિહાસ :-

કંકાવટી નદીમાં મોટા ચાર પથ્થર હતા. તેમાંથી એક તણાઈ ગયો ને ત્રણ પથ્થર હતા. તે તો પ્રસાદીના હતા. સ્વામિનારાયણ ભગવાન જ્યારે અલીયાપાડાથી ચાવડા ગામના રસ્તેથી રાતના જામવંથલી પધારેલા ત્યારે એક પથ્થર ઉપર પોતે બેઠા. બીજા ઉપર લાંબા પગ કર્યા, ત્રીજા ઉપર પાછળ હાથ ટેકવીને બેઠા એટલે ત્રણ પથ્થર પ્રસાદીના છે. આ પથ્થરથી થોડે દૂર ત્રણ તાડી હતી તેમાં ભૂત-પ્રેતનો વાસ હતો. આજુબાજુ કોઈ મળમૂત્ર કરવા બેસે તો તેમને દેખાતા અથવા કાળા કપડાવાળી બાઈ દેખાતી. આ રીતે પ્રસાદીના પથ્થરની રક્ષા કરી. ફુલવાડીની બાજુમાં પાણી જવાનો વોકળો હતો. ત્યાંથી તમાચરણને જાળીયા જવાનો રસ્તો હતો. રસ્તા ઉપર ફુલવાડીમાં જવા માટે નાની ઝાપલી હતી. તેની બાજુમાં વાવ જેવો કૂવો હતો. કૂવામાં ઉતરવા માટે છ થી સાત પગથિયાં હતાં. તેમાં ઉતરીને સ્વામિનારાયણ ભગવાને પાણી પીધું છે તેથી ફુલવાડીનો કૂવો પ્રસાદીનો છે.

શાસ્ત્રીજી ઘણી વખત કહેતા આ પથ્થર શાના છે ? બધા કહે, સ્વામી ! અહીં નનામી ઉતારીને શ્રીફળ વધેરી પછી સ્મશાને જાય એટલે તેને મસાણિયા પથ્થર કહે છે. આ ત્રણે પથ્થર પ્રસાદીના હોવાથી એક પથ્થર ગામમાં સ્વામિનારાયણ મંદિરમાં પધરાવેલ છે. બીજો ફુલવાડીમાં અને ત્રીજો હજુ તે જગ્યાએ જ નદીમાં જ પડેલો છે. ફુલવાડીનો

દસ્તાવેજ કર્યા પછી કોઈ બીજાનું મુખત્યારનામું કરી શ્રીહરિ શરણાગતિ મંડળ નામ રાખી ટ્રસ્ટ બનાવી શીખરબંધ મંદિરનું મુહૂર્ત કરેલ. મંદિરમાં શાસ્ત્રીજી આવ્યા પછી ધૂન-ભજન-કર્તન-કથાવાર્તા ને સત્સંગનો વધારો પણ થયો હતો. સાંજે આરતી બાદ નાના-નાના છોકરાઓ શાસ્ત્રીજી મહારાજની જય બોલાવતા, સમય જતાં મંદિરના કોઠારીને અનુકૂળ ન હોવાથી છોકરાઓને ધમકાવવા માંડ્યા. જો તમારે આવી જય બોલાવવી હોય તો મંદિરમાં ન આવવું. છતાં છોકરાઓએ જય બોલાવવાની ચાલુ રાખી. પછી કોઠારી અને અમુક વિરોધી સત્સંગીઓએ છોકરાઓને મંદિરમાં આવવાની મનાઈ કરી દીધી. તોય છોકરાઓ શેરીમાં જય બોલાવવા લાગ્યા. કોઠારી કહે, સ્વામી ! છોકરાવને જય બોલવાની ના પાડી છતાં જય બોલાવે છે. શાસ્ત્રીજી કહે : તમારા ને તમારા ગામના છે તો તમોને ઠીક લાગે તેમ કરો. કોઠારીએ સત્સંગીઓની મિટીંગ બોલાવીને શાસ્ત્રીજીને મંદિરમાં રહેવાની ના પાડી દીધી. પછી શાસ્ત્રીજી જૂનાગઢ મંદિરે કાયમ રહેવા માટે ચાલ્યા ગયા.

કંકાવટી નદી વહેતી કરવાનો કલ્યાણકારી સંકલ્પ :-

શાસ્ત્રીજીને ફુલવાડી એક અગત્યનું મોટું કામ કરવાનું હતું. પાતાળના બોરનું પાણી પોતાના મેળે આપોઆપ બહાર આવે. ફુલવાડીના કાંઠે નદી કાયમ વહે. પશુ-પક્ષીઓ પાણી પીવે, પિતૃકાર્ય થાય. સારડો ૫૦૦ ફૂટ ઉપર ગયો. નીચે કડક કાળો પથ્થર આવવાથી પાનું અંદર રહી ગયું તો કામ અધૂરું રહ્યું. બીજી વખત શાસ્ત્રીજીએ બોર માટે સરકારી અધિકારીઓને જાણીતા લાગતા-વળગતાઓથી વાતચીત કરી તો કોઈને અડચણરૂપ ન થાય ને ગામના માણસોને વાંધો ન હોય તેવી જગ્યા હોવી જોઈએ. શાસ્ત્રીજીએ વિગતવાર વાત કરી ગામની બહાર નદીના સામે કાંઠે ફુલવાડી અડચણરૂપ થાય તેમ નથી. એટલે વાત મંજૂર રાખી. મંદિરનું કામ છે તો સરકાર તરફથી જે કાંઈ મદદરૂપ થાય તો રાહત કરી આપીશું. સરકારી અધિકારીઓ સાથે વાતચીત કરતા થોડો વખત થઈ ગયો. પાતાળ બોરની વાતચીત ચાલુ થઈ ત્યાં મંદિરના સત્સંગીઓએ વાંધો ઉઠાવીને મંદિરમાં રહેવાની મના કરી દીધી અને ફુલવાડી પ્રત્યે પહેલેથી જ વાંધો હતો. પાતાળના બોરનું કામ આગળ ન વધવાથી શાસ્ત્રીજી કહે અમારે જૂનાગઢ દર્શન કરવા જવું છે. સૌ રાજી રહેજો. આવું નિમીત્ત કરીને શાસ્ત્રીજી પોતાના રહેઠાણે જૂનાગઢ રહેવાનું નક્કી કરી લીધું. પોતાના અમુક પુસ્તકો હતા તે પૂરા કરવા રાત-દિવસ બહુ જ મહેનત કરી.

કુંકાવાવ ગામના પાદરે મંદિર તેમજ મૂર્તિની સ્થાપના :-

શાસ્ત્રીજી કુંકાવાવના હતા તેથી ત્યાંના સરપંચે બસ સ્ટેન્ડની બાજુની જગ્યામાં ઓટો બનાવી શાસ્ત્રીજીની મૂર્તિ પધરાવીને તે જમીનનો કબજો લઈ લેવો આવા સમાચાર શાસ્ત્રીજી મળ્યા. જામવંથલીમાં ફુલવાડીમાં માસ્તર કરતા હરતા હતા તેના ઉપર વિગતવાર ભલામણ આવી ગામમાં કોઈ ધ્યાનમાં ન આવતા તે રાજકોટ અચાનક મને ભેગા થઈ ગયાં મને વિગતવાર વાત કરીને નારણભાઈ તમારી ઉપર શાસ્ત્રીજીનો રાજીપો ઘણો છે. તો તમારી સાથે એક માણસ લઈને તાત્કાલીક કુંકાવાવ જાઓ ને જેમ બને તેમ આ કામ દસ-પંદર દિવસમાં પૂરું કરવાનું છે. મને ખાત્રી છે કે તમો શાસ્ત્રીજીના રાજીપાથી આ કામ પૂરું કરશો, અમો કુંકાવાવ આવ્યા. સરપંચે વિગતવાર સમજાવી દીધું. રહેવા-જમવાનું ગામની બાજુમાં વાડીમાં એક માજી હતા તે રસોઈ બનાવીને જમાડતા. સરપંચ કહે અહીં ઘણા પૂછપરછ કરશે તો તમારે કહેવું અમને ખબર નથી. સરપંચને પૂછો. માસ્તર બે બે દિવસે આંટો મારતા ને સરપંચ પણ આવતા. ઓરસ-ચોરસ ૪ x ૪ ને ૨॥ ફૂટ ઊંચો ઓટો બનાવ્યો. તેના ઉપર શાસ્ત્રીજીની મૂર્તિ પધરાવવાની હતી. આગલા દિવસે બધી તૈયારી કરી બસ સ્ટેન્ડ રોડ ઉપર વાવટા બાંધીને શણગારવામાં આવ્યું. શાસ્ત્રીજીની મૂર્તિ વાજતે ગાજતે મંદિરમાંથી ગામમાં ફેરવીને જગ્યા ઉપર લઈ આવ્યા. મૂર્તિ પધરાવવાની તૈયારી કરતા હતા ત્યાં સમાચાર આવ્યા કે આ રસ્તેથી દ્વારકાપીઠના જગતગુરૂ શંકરાચાર્યજી નીકળવાના છે. રસ્તાનો શણગાર ને માણસોને જોઈ શંકરાચાર્યજી ઊભા રહ્યા ને સરપંચે વિગતવાર વાત કરી તો દશેક મિનિટ રોકાઈને થોડું પ્રવચન કર્યું. ગામ સમસ્ત તથા બહારથી પધારેલા હરિભક્તોને શરણાગતિ મંડળે પ્રસાદ લીધો. આસો વદ આઠમના દિવસે ધામધૂમથી શાસ્ત્રીજીની મૂર્તિ પધરાવી દીધી. અત્યારે તો છત થઈ ભરીને મોટો હોલ બનાવ્યો છે ને પ્રસાદીનું સ્થાન બની ગયું છે.

શાસ્ત્રીજી મહારાજની કૃપાથી મારે દુબઈ જવાનું થયું :-

ઘણા માણસો ધંધો કરવા દુબઈ જતા તો મારી સાથે કામ કરતા તે કહે ચાલો નારણભાઈ આપણે દુબઈ જાય. મેં કહ્યું, ત્યાં કોઈ તેડાવે તો જવાય. એ બધું તો મુંબઈના એજન્ટો કરી આપે. તેમાંથી ઘણાં જતા ને ઘણા ફસાય પણ જતા, ઘણા ખવાઈ જતા. અમુક પાસપોર્ટ પણ પાછા ન આપતા. હું કામ કરતો તે જોડીદારને સાથે સુતારી કામ કરતો ત્રણે જણાંએ નક્કી કર્યું. ઘણાં શાસ્ત્રીજીના આશીર્વાદ લેવા જતા તેમને સારી કંપનીમાં કામ મળતું. ને પગાર પણ સારો મળતો. લોકો શાસ્ત્રીજી ઉપર અમુક ભાગનો ધર્માદો કાઢી તે પૈસા ફુલવાડીના મંદિરમાં શીખરબદ્ધ મંદિરનું કામ ચાલતું તેના ઉપયોગમાં

લેવાતા. હું પણ શાસ્ત્રીજીના આશીર્વાદ લેવા ગયો. બપોરે તેમની બાજુમાં પ્રસાદી લેવા બેઠો તો તેમના થાળમાંથી મને પ્રસાદીની રોટલી આપી. શાસ્ત્રીજીની પગચંપી કરતો હતો. મેં કહ્યું સ્વામી દુબઈ જવું છે તો કહે કેમ મોડો પડ્યો ઘણાં બધાં ગયા. તેમના પૈસા પણ મંદિર નિર્માણ માટે આવે છે. મને કહે, જા તારો નંબર આવી ગયો. બીજા દિવસે હું જામનગર ગયો. ત્યાં મારા પૂ.સ.ગુ. નિર્ગુણજીવનદાસજી સ્વામી હતા. દર્શન કરવા ગયો, વાત કરી, સ્વામી દુબઈ જાવ છું. નિર્ગુણસ્વામીએ હાર પહેરાવી ચાંદલો કર્યો, આશીર્વાદ આપ્યા. કહે પરદેશ છે ધરમ નિયમમાં ખબરદાર થઈને રહેશો, ભજન કરજો, ભગવાનને સંભારીને રહેજો.

અમો મુંબઈ આવ્યા અવાર-નવાર બધાં ભેગા થાય તો કહે મને એકાદ મહિનો થયો પણ ક્યાંય જવાનું થતું નથી. દલાલ પૈસા ખાઈ જાય ને ભાગી જાય છે. કોઈ કહે અમે ઘણાં ઈન્ટરવ્યૂ દીધા પણ જવાનું થતું નથી. મેં તો સંતોના આશીર્વાદ મેળવેલ હતા. મને પૂરો ભરોસો હતો. બે-ચાર દિવસ ફરતા-ફરતા જાણીતા ભેગા થઈ ગયા. મને કહે ચાલો નારણભાઈ અમારી સાથે ઈન્ટરવ્યૂ દેવા. હું તેમની સાથે ગયો પણ લગભગ ૧૫૦ માણસોની લાઈન જોઈને મને થયું આમાં આપણો વારો છેલ્લો છે. તોય છતાં અમો લાઈનમાં ઊભા રહ્યા. તેમાં જેટલા ડોકટરી પાસ થાય તેમને લેવાના હતા. આગળ ઊભેલા લગભગ અડધાથી વધારે કંઈ બીમારીના હિસાબે નાપાસ થયા, અમારો વારો નજીક આવતો ગયો.

ડોકટર સખત હતો તેથી જેવી તેવી બીમારીવાળાને નાપાસ કરતો. પગથી માથા સુધી એક એક અંગની તપાસ કરતો, મારી આગળ ઊભેલામાં અમુક જણને લેવાના હતા. મેં તો મનોમન શાસ્ત્રીજી અને ગુરૂને યાદ કર્યાં. મારા આગળથી એક પાસ થયો બાકીના બધા નાપાસ થયા તેમાં મારો '૯૯'મો નંબર હતો. ડોકટર મારી તપાસ કરી કહે તમો તો ઘણા બધા તંદુરસ્ત છો, કોઈ બીમારી નથી, શરીર સારું છે અને હું પાસ થઈ ગયો.

હું બે વરસની મુસાફરી કરીને આવ્યો ને ફુલવાડીમાં પ્રમુખ મારી પાસે રાજકોટ પૈસાની ઉઘરાણી કરવા આવ્યા. મેં કહ્યું પૈસા આપું મને પહોંચ જોશે. મને ઘણાંએ કહ્યું હતું કે પૈસા મંદિરના નામે અંદરો અંદર ખવાઈ જાય છે. મેં તે વખતે પાંચ હજાર આપ્યાને કહ્યું પહોંચ જોશે મારે બે દિવસ પછી જવાનું છે. તો કહે તમારી પહોંચ શાસ્ત્રીજી પાસે પહોંચી જશે. બીજા પૈસા હું શાસ્ત્રીજીને જુનાગઢ મોકલી દઈશ.

હું અબુધાબીમાં હતો મને શાસ્ત્રીજીનો કાગળ આવ્યો કે તારા પૈસાની પહોંચ મળી ગઈ છે. તાપના હિસાબે ફુલવાડીમાં પ્રસાદીના ઓટા ઉપર ચરણાર્વિંદ પધરાવેલા છે

તેના ઉપર તારે છત્રી કરાવવાની છે. અમારા પગ બળ્યા કરે છે. હું બે વરસ પછી પાછો આવ્યો જૂનાગઢ દર્શન કરી વંથલી ગયો પ્રમુખ તથા માસ્તર કર્તાહર્તા હતા, તેમને મળ્યો. મારે પ્રસાદીના ઓટા ઉપર છત્રી કરાવવી છે તમો જે પ્રમાણે કહો તે રીતે કરાવી દઉં જે ખર્ચ થાય તે હું આપીશ. બંને જણાં કહે, તમારે કેટલા રૂપિયા ખર્ચવા છે અથવા અમો કહીએ તેટલા આપી દો. અમારી રીતે કરાવી લેશું. મેં પૈસા આપવાની ના પાડી અને મારાથી થોડો તોછડો જવાબ અપાઈ ગયો. મેં કહ્યું ફુલવાડી ક્યાં તમારા બાપની છે ? તો કહે એ અમોને ન કહેવું શાસ્ત્રીજી મહારાજને કહો. મેં વિગતવાર શાસ્ત્રીજી મહારાજને પત્ર લખ્યો તો શાસ્ત્રીજીએ વંથલી ભલામણ કરી મારો લખેલ પત્ર તેમના પત્ર સાથે પાછો મોકલ્યો તે બંને પત્ર પ્રમુખે દબાવી દીધા. મેં પણ ત્યાં જવાનું ઓછું કરી નાખ્યું. ગામના હરિભક્તોને ખબર પડી કે તમોને ડેરી બનાવવાની ના પાડી તમારું સભ્યમાં કે મંડળમાં નામ નથી. તો વાડી પાછી લઈ લ્યો. આવી વાત શાસ્ત્રીજી પાસે પહોંચી તે સમયમાં મારા મામાનો દિકરો દુબઈથી આવીને જૂનાગઢ દર્શન કરવા ગયો. શાસ્ત્રીજી કહે, તમારા રૂ.૧૦,૦૦૦ બાકી છે તો કહે મેં તો મોકલી દીધા છે. પહોંચ મારી પાસે છે તેને આવીને મારા બાપુજીને વાત કરી. પહોંચ લઈને બંને શાસ્ત્રીજી પાસે જૂનાગઢ ગયા પછી મારા બાપુજી પણ કડક થઈને કહે આમ થશે તો મંદિરનું કામ આગળ કેમ ચાલશે ? તમારે નો સંભાળવી હોય તો મારી ફુલવાડી પાછી આપી દો. શાસ્ત્રીજી કહે, પ્રેમજીભાઈ રૂપિયા તો જડી રહેશે કામ કરવાવાળા નહીં મળે જેમ ચાલે તેમ ચાલવા દો રૂપિયા માટે બે ઘર વધારે માગી લેશું.

મારા બાપુજી કહે, અમે ભૂમિદાન કર્યું તેનો લેખ ક્યારે લખશો ? તો શાસ્ત્રીજીએ કહ્યું, જેને જેને રૂપિયા લખાવ્યા છે તે બધાની નામાવલી અને તમારી ફુલવાડીનો લેખ મંદિર પૂરું થશે ત્યારે લખાઈ જશે. તમારા નામનો એક રૂમ અલગ રાખી તેમાં પ્રેમજી લાધા ખોલિયા સહકુટુંબની તકતી લખાવીને ફુલવાડીનું ભૂમિદાન કરેલ છે તે તમારા કુટુંબીજન આવે તેમાં તેને ઉતારા આપવામાં આવશે.

જૂનાગઢ મંદિરના સભામંડપમાં લાગેલ આગ :-

રાજકોટ મંદિરમાં કથા તથા મોટા પાયે સમૈયાનું આયોજન હતું. તેમાં દરેક દેશના સાધુ-સંતોને હરિભક્તો આ મોટા સમૈયાનો લાભ લેવા પધારેલા. કથાની પૂર્ણાહૂતિના દિવસે બપોરે (૧૨-૩૦) વાગ્યે બીડું હોમવાનું હતું. મંદિરના ચોકમાં મોટો હવનકુંડ બનાવેલો પ્રસાદ માટે મોટા કુંડ બનાવેલા એક કુંડમાં શીરો તથા બીજા કુંડમાં શાક ભરી દીધા. બીડું હોમીને બધાને પ્રસાદ લેવાનો હતો. શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી

તથા રાજકોટના જાણીતા શાસ્ત્રી વજુભાઈ તથા બીજા બ્રાહ્મણો મંત્રોચ્ચાર સાથે બીડું હોમાયા બાદ બધાએ પ્રસાદ લીધો. મંદિરમાં સાધુ-સંતો તથા હરિભક્તોથી ભરચક વાતાવરણ હતું. રાત્રે મોટો પ્રોગ્રામ હતો તેથી બધા આમ જ રોકાઈ ગયા. રાતનો પ્રોગ્રામ પૂરો થતા સમાચાર આવ્યા કે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં મોટા પાયે આગ લાગી છે. બધા સાધુ-સંતો, હરિભક્તો પોતાના વાહન લઈને કોઈ ભાડાની ટેક્સી કરીને પણ બધાં ત્યાં પહોંચી ગયા હતા. આગ ઓલવવા માટે જૂનાગઢને જેતપુરના ફાયરબ્રિગેડ પહોંચી ગયા હતા. જૂના લાડકાનો કાટમાળ હતો તેથી આગ ચારેબાજુ ફેલાઈ ગઈ આગ કાબુમાં ન આવાવથી ગોંડલના ફાયરબ્રિગેડની પણ મદદ લેવી પડી હતી. આગનું કામ પૂરું થયું ને આપણે જોઈએ તો આખું બધું કાળુંમેશ ભૂતિયા મહેલ જેવું થઈ ગયું.

શાસ્ત્રીજી રાજકોટ જ હતા હું સવારે દર્શન કરવા ગયો. ત્યાં મંદિર નીચે ભંડારમાં ઘણાં બધાં હરિભક્તો બેઠા હતા. હરિભક્તો કહે સ્વામી તમારું કંઈ બળ્યું છે ? શાસ્ત્રીજી કહે, જેનું બળવાનું હતું તે બધા રાતોરાત પહોંચી ગયા. શાસ્ત્રીજી કહે, અમો કઈ લાવ્યા નથી જે કંઈ લઈ જવાનું નથી બાળવાવાળાને જે બાળવું હતું તે બળી ગયું. અમોએ અત્યાર સુધી જે પુસ્તકો લખ્યા છે તે બચી ગયા. અમોએ મહારાજને પ્રાર્થના કરી તે સામેની બાજુ જવા આવવાનો લાકડાનો પુલ હતો તે સળગીને વચ્ચેથી પડી ગયો એટલે સામેની સાઈડ બચી ગઈ. મંદિરમાં જ્યાં જગ્યા હતી ત્યાં સંતોને રહેવા માટે નાની નાની પતરાની રૂમ બાંધી દીધી. કાટમાળ ઉપાડ્યો, કમિટીએ નક્કી કર્યું કે સંતો માટે ઉતારા બનાવવા નીચે એક રૂમ સંડાસ, બાથરૂમને સાથે ડેલીબંધ જગ્યા એક રૂમ ઉપર રસોડું, તેના ઉપર ત્રીજા માળે સિડી રૂમ સાથે એક રૂમ આ પ્રમાણે નક્કી કર્યુંને સિમેન્ટથી છત ભરવી નંબર પ્રમાણે સૌને સોંપી દેવાનું. બાકી કામ સંતોએ પોતાના ખર્ચે કરવું. સંતોની મિટીંગ થઈ કમિટીએ નંબરવાર ચિઠ્ઠી બનાવી બધાએ ચિઠ્ઠી લેવાની જે નંબર આવે તે એની રૂમ. નંબર પ્રમાણે રૂમ લેવામાં કોઈએ આનાકાની ન કરવી. નિર્ગુણજીવનદાસની સ્વામીને ૧૫ નંબરનો રૂમ મલ્યો. સંતોએ પોતપોતાના રૂમનો કબજો સંભાળી લીધો.

નિર્ગુણજીવન સ્વામીનો વારો જ્યારે જામવંથલી હતો ત્યારે સત્સંગીઓ પ્રત્યે વર્ચસ્વ સારું હતું. પોતે વચનામૃતની વાતો કરતા તેથી તેને કંઠસ્થ હતું. વચનામૃતના પ્રશ્નો પૂછો તો પોતે તુરત જ જવાબ આપતા. તેથી વચનામૃતના પગી કહેવાતા પોતે વચનસિદ્ધ પણ હતા. જામવંથલીના સત્સંગીઓને ત્યાં ઘણાંને દિકરા આપીને પારણાં બંધાવ્યા છે. જામવંથલીનાં સેવકોને કામ કરવાનું કહ્યું તો ત્યાંથી ત્રણ ચાર જણા આવ્યા. હું પણ રાજકોટ હતો મને કાગળ આવ્યો નારણભાઈ ટાઈમ હોય તો આપણાં મકાનનું કામ કરવાનું છે તો મારા સાથે વંથલીના ભાઈ હતા. મેં તેમને વાત કરી તો કહે મારા ગુરૂનો

પણ કાગળ આવ્યો છે. અમો બંનેએ નક્કી કર્યું બેયના ગુરૂનું કામ અરસપરસ કરવાનું. નિર્ગુણસ્વામીને ત્યાં બે-ત્રણ જણાં કામ કરતા હતા, મારી સાથે આવેલા ભાઈના ગુરૂનું કામ કરવા ગયા બે ત્રણ દિવસ કામ કર્યું ત્યાં સિમેન્ટ થઈ રહ્યો. સિમેન્ટની બંધી હતી કંટ્રોલમાં બે પાંચ ગુણી આપતા પછી નિર્ગુણસ્વામીને ત્યાં કામ કરવા ગયા ત્યાં બે દિવસ કામ કર્યું, ત્યાં પણ સિમેન્ટ થઈ રહ્યો કામ પૂરું થવા આવ્યું પણ પાંચેક ગુણીનું કામ બાકી રહી ગયું. સિમેન્ટનો મેળ ન થવાથી અમો સ્વામી પાસે રજા લેવા આવ્યા. ચોમાસું હોવાથી ધીમે ધીમે વરસાદ પણ ચાલુ હતો બધા ઊભા હતા ત્યાં કલેકટર લાડવાસાહેબ આવ્યા ને જૂનાગઢના કલેકટર હતા તે પહેલાં રાજકોટમાં હતાં. તેથી નિર્ગુણસ્વામીનો પરિચય સારો હતો. સ્વામી પાસે મંદિરે અવારનવાર આવતા. સ્વામી કહે, પાંચેક ગુણીનું કામ બાકી રહી ગયું છે. સિમેન્ટ નથી તેથી કારીગર ઘરે જાય છે. કલેક્ટર સાહેબ કહે, કોઈ જતા નહીં કામ પૂરું કરીને જશો. સાહેબ રેઈનકોટ પહેરી પોતાની જીપમાં હાઈવે પર ઉભા હતા. ત્યાં જે સિમેન્ટની ખટારો નીકળે તેની પાસેથી બે બે ગુણી મલી ગઈ ત્યાં કોઈ સાહેબનો ઓળખીતો મલ્યો ઊભો રહ્યો તેને વાત કરી તો કહે મંદિર માટે જોઈતી હોય તો બે ગુણી તમારા તરફથી એક ગુણી મારા તરફથી એટલે સાત ગુણીનો મેળ થઈ ગયો. પાંચ ગુણીનું કામ પૂરું થયું બે ગુણી વધી કામ પૂરું કરીને શાસ્ત્રીજી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીના રૂમે દર્શન કરવા ગયા થોડીવાર બેઠા કામ પૂરું થઈ ગયું. વાત પૂરી કરી તો શાસ્ત્રીજી કહે અમારા સંડાસ બાથરૂમમાં પાણી પડે છે. સિમેન્ટની તંગીના હિસાબે રહી ગયું છે. ટાઈલ્સની પેટીઓ પણ આવી ગઈ છે. મેં કહ્યું નિર્ગુણજીવન સ્વામી પાસે બે ગુણી વધી છે. શાસ્ત્રીજી કહે, સિમેન્ટની તંગી છે એટલે કોઈ પાસે મંગાય નહીં બધાને સિમેન્ટની જરૂર છે. મેં કહ્યું, સ્વામી તમારા આશીર્વાદ હોય તો એકાદ ગુણનું કરતો આવું. શાસ્ત્રીજી કહે, અમારા આશીર્વાદ તો તારી સાથે જ છે. મેં નિર્ગુણસ્વામીને વાત કરી તો કહે વરસાદના લીધે સિમેન્ટ જામી જશે તો બેય ગુણી લઈ જાઓ મેં આવીને શાસ્ત્રીજીને વાત કરી સ્વામી બે ગુણીનું થઈ ગયું તમારું કામ પૂરું કરી દઈએ.

ફુલવાડીમાં કાયમ પ્રગટ રહેવાનું વચન :-

એકવાર ઘણા સમયે હું જૂનાગઢ ગયો. દર્શન કરી દંડવત્ કર્યાને બેઠો તો શાસ્ત્રીજી કહે, "કેમ નારણ ! જાજા ટાઈમે ?" મેં કઈ જવાબ ન આપ્યો એટલે પોતે શાસ્ત્ર લખવાનું બંધ કરી બંને પગ લાંબા કર્યા. હું પગ ચંપી કરતો હતો ત્યાં મને કહે, "કેમ નારણ ! ફુલવાડી પાછી લેવાની વાત થાય છે. વાત સાચી ?" શાસ્ત્રીજીની વાત સાંભળી મારું હૈયું

ભરાઈ આવ્યું ને આંખમાંથી આંસુ ટપકવા માંડ્યા. મેં કહ્યું, "સ્વામી ! ફુલવાડી પાછી લેવાની તો વાત બાજુએ રહી, હું ફુલવાડીનું પાણી પણ નહી પીવું. ફુલવાડી શ્રીકૃષ્ણાર્પણ (દાન) કર્યા પછી પાછી ન લેવાય. ફુલવાડીનો લેખ તો અક્ષરધામના ચોપડે લખાઈ ગયો છે." શાસ્ત્રીજી મારા માથે હાથ મુકીને કહે, "નારણ ! ફુલવાડીમાં અમોએ તમને કાયમી રહેવાનું કહ્યું હતું પણ સમયને અનુકુળ ન હોવાથી જવું પડ્યું પણ તમારે એમ ન સમજવું કે અમો ત્યાં નથી. તમે ખોલીયા કુટુંબે પ્રેમથી ફુલવાડી અમને અર્પણ કરી છે માટે અમો કાયમી ફુલવાડીધામમાં બીરાજમાન રહી અનેક જીવોનું કલ્યાણ કરીશું." શાસ્ત્રીજીની આ વાત સાંભળી મને અંતરમાં ખુબ જ શાંતિ અને આનંદનો અનુભવ થયો.

શાસ્ત્રીજી મહારાજના અંતિમ દર્શન અને સ્વધામગમન લીલા :-

શાસ્ત્રીજીના દેહત્યાગના ત્રણ દિવસ પહેલાં હું જૂનાગઢ ગયો, બપોરે મેં તેમની બાજુમાં બેસી ભોજન કરેલું, તેમના થાળમાંથી મારી થાળીમાં પ્રસાદીની રોટલી આપી, ભોજન બાદ તેમના રૂમમાં પગચંપી કરતો હતો. મને કહે બેય હાથના ખંભા દુઃખે છે તો દાબી દે, થોડીવાર પછી કહે રાખો. મેં જવાની રજા માંગી તો કહે છેલ્લા દર્શન કરી લે મને થયું કે સુવાનો વખત થઈ ગયો છે તેથી એમ કહ્યું હશે પણ એ શબ્દોનો મર્મ હું ન સમજી શક્યો ત્રીજા દિવસે સમાચાર મળ્યા કે શાસ્ત્રીજીએ દેહત્યાગ કરી દીધો છે. મારી આંખમાંથી અફસોસની સાથે આંસુ પડી ગયા. ત્યારે મને મર્મનો અર્થ સમજાયો કે મને છેલ્લા દર્શન માટે શા માટે કહ્યું, દેહત્યાગની રાત્રે પોતે ૨ા-૩ વાગે મંદિર ઉપર પ્રદક્ષિણા કરતા હતા. ત્યારે મંદિરના વોચમેન (પગી)ને થયું અત્યારે ઉપર કોણ છે. તે ઉપર આવીને શાસ્ત્રીજીને પગે લાગીને કહે સ્વામીજી મંગળા આરતીને હજુ વાર છે. શાસ્ત્રીજી કહે પણ હવે અમારે જવાની વાર નથી. તે પણ મારી જેમ મર્મનો અર્થ સમજી ન શક્યો.

હેમંતભગત રાત-દિવસ ચોવીસ કલાક શાસ્ત્રીજીની સેવા કરતા તેથી શાસ્ત્રીજીને થયું હેમંત હશે તો મારે મારી રીતે સ્વતંત્ર થકા જવા માટે અવરોધ થાશે એટલે હેમંતભગતને કહે આ વસ્તુ અભેરાઈના માળીયામાં પડી છે તે લેતા આવો. ભગત ટેબલ લઈને લેવા ગયા. પગ છટકી ગયો પડ્યા હેઠા અને પગનો ગોળો ભાંગી ગયો. હોસ્પિટલમાં દાખલ કર્યા, શાસ્ત્રીજીને જવાનો રસ્તો થઈ ગયો. દેવપ્રકાશસ્વામી શાસ્ત્રીજીની સેવામાં હતા. શાસ્ત્રીજીએ સાડા ચાર વાગે નાહીને પોતાનું ધોતિયું ડોલ નીચે રાખી દીધું પૂજા કરી કાશી ભણતા એ વખતના ગરમ ધાબળી ઓઢીને સૂઈ ગયા.

દરરોજના નિયમ પ્રમાણે દેવસ્વામી ગરમપાણી કરીને બાથરૂમમાં રાખીને દરવાજાને ટકોર કરતા એટલે શાસ્ત્રીજી નહાવા જતા. આરતી થઈ એટલે દેવસ્વામી મંગળા આરતીમાં જતા રહ્યા. આવીને ટકોર કરી પણ કંઈ જવાબ ન મળતા દેવસ્વામીએ દરવાજો ખોલીને જોયું તો આ પ્રમાણે સ્થિતી જોઈને બધા સંતોને બોલાવી ભેગા કર્યાં. દરેક જગ્યાએ સમાચાર મોકલાવી દીધા. સંતો-ભક્તોને ખબર પડતાની સાથે આવવા માંડ્યા અચાનક હેમંતભગતને ખબર પડી. તેમને ઘણો જ અફસોસ થયો કે શાસ્ત્રીજી મને આવી સ્થિતિમાં મૂકીને ચાલ્યા ગયા. દર્શન કરવા માટે દરવાજાની સામે પાલખીમાં બેસાડવામાં આવ્યા હતા. અગ્નિસંસ્કાર માટે ક્યાં જવું એ વાતચીત થતી હતી ત્યાં તેમના મંડળના દેવસ્વામી કહે અમોએ વાડી લીધી છે. તે પ્રસાદીની વાડીમાં અગ્નિસંસ્કાર કર્યાં. સાંજનો સમય હતો એટલે કોઈએ કહ્યું કે હવે સૌ પોતપોતાની રીતે જઈ શકો છો. શાસ્ત્રીજીના હૃદયને અગ્નિ નહોતી લાગતી તેથી શ્રીહરિ શરણાગતિ મંડળે તે ભાગને વાસણમાં લઈ રાતોરાત વાહનમાં જામવંથલી ફુલવાડીમાં લઈ આવ્યા. શાસ્ત્રીજી ઘણીવાર કહેતા ફુલવાડી મારું હૃદય છે. તેથી તેની છાતીના હૃદય ભાગને ફુલવાડીમાં મધ્યશિખર નીચે પધરાવ્યું છે. શાસ્ત્રીજીનાં મંડળના કોઠારી સ્વયંપ્રકાશસ્વામી, આયતમપ્રકાશસ્વામી, દેવપ્રકાશસ્વામી, જ્ઞાનપ્રકાશસ્વામી, હેમંતભગત તથા શ્રી હરિ શરણાગતિમંડળના સભ્યો મળીને ડભાણવાળા શાસ્ત્રી જગતપ્રકાશદાસસ્વામી પાસે સત્સંગીજીવન પારાયણ કરાવી. જમણવાર રાખી શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો સ્મૃતિ મહોત્સવ પૂરો કર્યો.

કચ્છ-ભુજથી ખોલીયા પરિવારનું જામવણથલીની ફુલવાડીમાં આગમન - ઈતિહાસ :-

વર્ષો પહેલાં ફુલવાડીની જગ્યા પાંચાબાપા હરિજનની હતી. દુષ્કાળ પડ્યો ત્યારે જામસાહેબે પાંચાબાપાને તેના ગુજરાન માટે નદી કાંઠે જમીન આપી. તેમાં ગુજરાન ચલાવતા એ વખતમાં અત્યારની જેમ માર્કેટ ન હતા. વાડીમાં બકાલુ, રજકો, ગદબ, મકાઈ વાવતા ઘરે ઘરે દેવા જતા વાડીમાં જાત જાતના ફુલ વાવીને બગીચો બનાવતા તેથી વાડીનું નામ ફુલવાડી રાખવામાં આવેલ છે. અમારા કુટુંબના વંશજો લાધા ઝીણા ખોલિયા, વીરા ઝીણા ખોલિયા, બેચર ઝીણા ખોલિયા, કચ્છ ભુજ અંજારથી આવી જામનગરના રાજયમાં જામવંથલી ગામમાં રોકાયા એ વખતમાં રાજ્યો ઘણાં હતા પણ જામનગરના જામસાહેબ પોતાની પ્રજાને અનાજ આપતાને પ્રજાનું ધ્યાન રાખતા. તેમા લીલા રાતડી જાર, મઠ, ચણા અને બાજરી જેવો ચીજો આપતા ચણા તથા મઠ પલાળી શેકીને કોરડ કરતા લાલજારની ધાણી (ફગવા) કરીને ખાતા કોઈ પાસે જમવાનું ન હોય

તો અરસપરસ એકબીજાને આપતા. અમારા ખોલિયા કુટુંબનું નામ અમારા કૂળદેવી તથા સુરાપુરાદાદા અંજારમાં છે. કુલદેવી ખોડિયાર માતાના નામ પરથી ખોલિયા રાખવામાં આવ્યું છે. ખોલિયા કુટુંબના ત્રણે ભાઈઓ જામવંથલી રોકાઈ ગયા. પાંચાબાપાના વંશમાં કોઈ નહોતું. ઘડપણની અવસ્થા હોવાથી ફુલવાડીની જમીન વેંચવા મૂકી તેમાં નાની કૂઈ જેવો કૂવો હતો. પાંચાબાપા એક બળદનો કોસ ચલાવતા નાનો ચામડાનો કોસ ઉપર હાથથી ભાર દઈને એક બળદનો કોસ ચલાવતા.

જૂનાગઢથી ધર્માદાના વારામાં સંતો આવતા તે બધા સાંજે ફુલવાડીમાં નાહવા પધારતા. અમારા દાદા લાધાબાપા કોસબંધ કરી આંબલી નીચે બેસીને સંતો સાથે સત્સંગ કરતા. સંતોને શાકબકાલું આપતા. અમારું ખોલિયા કુટુંબ કચ્છ-ભુજ-અંજારથી આવીને જામવંથલીમાં રહ્યા હતા આ અમારો સત્સંગ નારણદાસ સ્વામીના વખતનો છે. નારણદાસ સ્વામી ઘરે પધરામણીએ આવ્યા ત્યારે કુમકુમનો ચાંદલો કરીને કહેલું કે, આ સત્સંગ તમારા વંશ પરંપરા જળવાય રહે એવા અમારા આશીર્વાદ છે.

દુષ્કાળની પરિસ્થિતિ હોઈ કોઈ પાસે પૈસા ન હતા છતાં અમારા કાકા લાધા ઝીણાએ પાંચાબાપાને કહ્યું પૈસા જેમ થાશે તેમ આપીશ એવી રીતે બોલી કરી ફુલવાડી લીધી પણ પાંચાબાપા કહે મારી એક શરત છે, આ ફુલવાડી મારું જીવન છે હું આમાં સુખી થયો છું. તમો પણ સુખી થાઓ. બીજાને વેંચો તો કોઈ સારા માણસને આપશો. જેથી આપણને ફુલવાડી ભૂમિના આશીર્વાદ મળે. આજે ત્રીજી પેઢીએ ખોલિયા કુટુંબે પણ આ ફુલવાડીની જમીન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને કૃષ્ણાર્પણ (દાનમાં) આપી. હાલમાં તે ભૂમિ પર દેવસ્થાનના ભવ્ય ત્રણ શીખરનું મંદિર બનાવવામાં આવ્યું છે. જામવંથલી ગામના દરવાજાની બહાર નીકળતા કંકાવટી નદીના સામા કાંઠે ભવ્ય શીખરબંધ મંદિરના દર્શન થાય છે. દેશ-વિદેશથી અનેક ભક્તો દર્શને આવે છે, અમારી ફુલવાડી મોટું તીર્થધામ બન્યું છે એનો અમારા ખોલિયા પરિવારના અંતરમાં ખુબ જ આનંદ છે. આ ભૂમિ દાન આપનાર, લેનાર અને મંદિર બનાવનાર ત્રણેના આશીર્વાદની પૂણ્ય ભૂમિ છે.

જામવંથલી ગામની બહાર કંકાવટી નદીના સામે કાંઠે પવિત્ર ભૂમિ ફૂલવાડીધામ મંદિરનું ભૂમિદાન ખોલિયા સહકુટુંબ પરિવારે જૂનાગઢ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને (દાન) શ્રીકૃષ્ણાર્પણ કરે છે.

ભક્તરાજ નારણભાઈ પ્રેમજીભાઈ ખોલિયા તથા દયાબેન નારણભાઈ ખોલિયાના જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ... જય શ્રીસ્વામિનારાયણ... (જામવંથલી-રાજકોટ)

❖ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતાના - યશસ્વી યજમાનશ્રીઓ ❖

* લાધાભાઈ ઝીણાભાઈ - પ્રેમબેન લાધાભાઈ
* વીરાભાઈ ઝીણાભાઈ - મીઠીબેન વીરાભાઈ
* બેચરભાઈ ઝીણાભાઈ - મુળીબેન બેચરભાઈ
* ડાયાભાઈ લાધાભાઈ - શાંતાબેન ડાયાભાઈ
* પ્રેમજીભાઈ લાધાભાઈ - રળીયાતબેન પ્રેમજીભાઈ
* મનજીભાઈ લાધાભાઈ - ગોમતીબેન મનજીભાઈ
* નારણભાઈ પ્રેમજીભાઈ - દયાબેન નારણભાઈ
* હરીભાઈ પ્રેમજીભાઈ - કાશીબેન હરીભાઈ
* રમેશભાઈ ડાયાભાઈ - ક્રિષ્નાબેન રમેશભાઈ
* રાજુભાઈ ડાયાભાઈ - શોભનાબેન રાજુભાઈ

શ્રી નારણભાઈ ખોલીયાનો સહકુટુંબ પરિવાર

* રસીલાબેન ભુપેન્દ્ર સોલંકી - રાજકોટ (રશ્મીન, પ્રતિક)
* વર્ષાબેન નરોત્તમ ગોહેલ - લેસ્ટર (લંડન) (મયુર, રચના)
* ઉષાબેન અશોક ગોહેલ - લેસ્ટર (લંડન) (જય)
* સુધાબેન મુકેશ સાપરીયા - બિલાસપુર (નયન, કિર્તી)
* નિલાબેન રશ્મિન કાચા - મોરબી (સાહિલ, ઉધ્વીતા)

શ્રી નારણભાઈ ખોલીયાના બહેનો

અમૃતબેન, કસ્તુરબેન, લીલાબેન, શાંતાબેન, પ્રભાબેન

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેમજ ભગવાન શ્રીસ્વામિનારાયણ અને સદ્‌ગુરૂ પૂજ્ય નિર્ગુણજીવનદાસજી સ્વામીના શિષ્ય ધર્મવીર, દાનવીર, શુરવીર તેમજ અક્ષરધામના મહામુક્ત એવા ભક્તરાજ શ્રી નારણભાઈ પ્રેમજીભાઈ ખોલીયાને સ્વામિનારાયણ સંપ્રદાય અને શ્રીહરિશરણાગતિ મંડળ તેમજ સનાતન ધર્મના અનેક કલ્યાણકારી માનવ સેવાના શુભકાર્યો કરવા બદલ ખોલીયા સમાજના ગૌરવ તરીકે તેમજ અભિનંદન કરતાં ધન્યતા અનુભવીયે છીએ.

GUJARAT STATE

BOMBAY STATE 20Rs.



અનુક્રમ નંબર 332

સ્ટેમ્પ કિંમત રૂ. 33-00 નંગ ૧૫૫ પેકી રૂ. ૨૦ નો નંગ ૧

સ્ટેમ્પ ખરીદનારનું નામ કડીયા પ્રેમજી લાધા રે. જામ:પંચલ

હસ્તે ..... કુંભાર્ય પ્રેમજી ..... રે. જામનગર

ખરીદનારની સહી કડીયા પ્રેમજી

તારીખ ૨૫/૦૪/૧૯૬૬

સ્ટેમ્પ વેન્ડર, જામનગર

અનુક્રમ નંબર ૧૨૬૭

સને ૧૯૬૬ ના મે ની

૨૬ મી તારીખે ૧૧ થી ૧૨

વાગ્યાની વચ્ચે જામનગરની

સબ-રજીસ્ટ્રી કચેરીમાં રજૂ કર્યો.

શ્રી કૃષ્ણકુમાર વલ્લભજી આચાર્ય

સહી દસ્તાવેજ કરનાર

સબ-રજીસ્ટ્રાર, જામનગર.

ટી પરીક્ષણ રે —રૂા. નયે

નોંધણીની ૭-૫૦

નકલ કરાવવાનું ૧-૫૦

કોલીયા ૧-૫૦

શેરાની ૦-૫૦

એકંદર ૮-૫૦

સબ-રજીસ્ટ્રાર, જામનગર.

ઉપર ૦-૩૪ ૨૬૬૮

બક્ષીસ આપનાર :— કડીયા પ્રેમજી લાધા
ઉ.વ. ૫૦ ધંધો ખેતી વતન
કડીયાકામ રે. જામવણથલી

બક્ષીસ લેનાર :— પૂજ્ય શાસ્ત્રીજી શ્રી કૃષ્ણવલ્લભ
આચાર્યજી ગુરુશ્રી બાલમુકુંદદાસજી
ઉ.વ. ૫૮ ધંધો ધર્મોપદેશ -
રે. જામવણથલી હે. સ્વામીનારાયણ
મંદિર

GUJARAT STATE 2 12Rs50nP



અનુક્રમ નંબર 332/2

સ્ટેમ્પ કિંમત રૂા. બારનંગ સાડા બાર પૈસા રૂા. ૧૨.૫૦ નો નંગ ૧

સ્ટેમ્પ ખરીદનારનું નામ કીરીટ [illegible] રે [illegible]

હસ્તે [illegible] રે [illegible]

ખરીદનારની સહી [illegible]

તારીખ ૨૫/૧૨/૧૯૯૬

જ. [illegible]
સ્ટેમ્પ વેન્ડર, [illegible]

- ૨ -

રે.સ. ૨-૩૭ તથા (૨) સ.નં. ૩૬૦ પૈ. ૦-૧૫ ગુંઠા ખરાબો

રે.સ. ૨-૩૮ વાળા કુલ જમીન પૈ. ૦-૩૪ ગુંઠા જે જમીન બાજુબાજુમાં છે તે ચારેકોના કુવા સહિત અને જમીનના પૂર્વે:- સ્મશાન છે. પશ્ચિમે:- ખરાબો છે. ઉત્તરે- સરકારી દક્ષિણે- ગાડામાર્ગ છે.

ઉપર જણાવેલ બંને નંબરોનો ખેતરનો બજારે મા કબજો અમોએ તમોને સોંપી આપેલ છે

તમોએ ઉપરોક્ત બક્ષીસ મેં આપેલ છે. તે સ્વીકાર્ય [illegible] વચ્ચે તમોએ સહી કરેલ છે

આ જમીન બંને પાડી મારી સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા તથા ખેડેકુકની છે. રેવન્યુ બાબતે મજકુર બંને નંબરો મારા નામે છે. અને મજકુર જમીનોનો કુંમારા મરજી મુજબ વ્યવસ્થા કરવા સંપૂર્ણ માલીક તથા કુકદાર કું શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયનો ધર્મ પાળવાનો કોઈ



ક્રમાંક નંબર 332/3

સ્ટેમ્પ કિંમત રૂા. ફક્ત પચાસ રૂા. ૦૦૫૦ નો નંબર એક

સ્ટેમ્પ ખરીદનારનું નામ ડી.કે. પ્રેમજી રે. જામનગર

હસ્તે ફકુભાઈ - પ્રેમજી રે. જામનગર

ખરીદનારની સહી ફકુભાઈ પ્રેમજી

કિ. ભાવ. મકવાણા
સ્ટેમ્પ વેન્ડર, જામનગર

- 3 -

તથા તમો મારા ગુરૂકુંઈ તમારા પ્રત્યે પૂજ્યભાવ કુંઈ તમોને બંને નંબરો ખેતરો મેં આજરોજ બક્ષીસ આપેલા છે.

આ બક્ષીસપત્ર મારે ઘારાસર રજીસ્ટર કરાવી દેવું છે.

આ બક્ષીસ કરેલ જમીનની કીંમત રોકડા ૭૫૦ ૦૦ કુંઈ આ દસ્તાવેજે બોમ્બે સ્ટેમ્પ એક્ટ ફરીયોજ્ટ કલમના આર્ટીકલ ૩૭ મુજબ ઘારાસર રૂા. ૩૨ ૦૦ ના સ્ટાંપ ઉપર લખવામાં આવેલ છે.

આ બક્ષીસપત્ર મેં મારી રાજખુશીથી ઢાંઢલ સમજી વિચારીને જોના કેંઈ લેખા આપેલ છે તે મારે મારા વંશવારસો તેને કબુલ મંજુર છે.

સંવંત ૨૦૨૦ના વૈશાખ વદ ૩ શુક્રવાર તા. ૨૬-૫-૧૯૬૪

અત્ર સહી
પ્રેમજી ગોધા સહી
દ: પોતે

અત્ર શાખ
ડુંગરભાઈ ભોજાભાઈ ઢાંઢલ
ફકીરભાઈ ભોજાભાઈ ઢાંઢલ

શ્રી ગુજરાત રાજ્યના શ્રી અમરાપુરધેલીના શ્રી સ્વામી-
નારાયણ મંદિરના રકુરી (અમરાપુરધેલ) પૂજ્ય ધર્મસ્વજી
શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી ગુરૂ શ્રી ઘનશ્યામ મુકુંદદાસજી ભેગ
લખી આપનાર અમરાપુરધેલીના રકુરી કડીયા પ્રેમજી
લાધા જત આ બક્ષીસપત્ર લખી આપે બંદાઉં છું કે:—
મારી સ્વતંત્ર માલકી, કબજા ભોગવટા તથા ખેડકુકની -
જમીન જે વણાધેલી ગામમાં નદીને કાંઠે ઉગમણી તરફ
(૧) સરવે નં. ૬૯૬ એ. ૦-૧૮ ગુંઠા આકાર રે. ૨ = ૩૭ તથા
(૨) સરવે નં. ૩૬૦ એ. ૦-૧૫ ગુંઠા આકાર રે. ૧ = ૩૧ વાળી
આવેલી છે. તે એ. ૦ = ૩૪ ગુંઠા તે માંહેના કુવા સહિત
તથા માંહેના અમારા સમાસ કુકો સાથે તેમાં મારો કે
મારા વંશવારસોનો કાંઈપણ હક, હિસ્સો, સંબંધ કે -
હોતો રાખ્યા સીવાય, તમો શ્રી સ્વામીનારાયણ
મંદિર, અમરાપુરધેલામાં રહેતા મારા ગુરૂ કાંઈ, તથા
તમારા હસ્તે મારો પૂજ્યભાવ કાંઈ તે પૂજ્યભાવથી
ફેરાઈને ઉપરોકત બંન્ને નંબરો જેનો કુદરીરા તથા
વર્ણન નીચે બતાવેલ છે. તે આજરોજ મેં તમોને
પોતાને બક્ષીસ આપેલ છે. અને તે બક્ષીસ તમોએ
સ્વીકાર્યા બદલ આ નીચે સહી કરી છે. અને આજના
દિવસથી તમો પોતે મજકુર બંન્ને નંબરોના સ્વતંત્ર
કુલમાલકે થયા છો.

બક્ષીસ આપેલ ખેતરો જમીનનો હુદદીરાનો વિગતઃ
ઉ) શ્રી ગુજરાત રાજ્યના અમલનગર કોસ્ટ્રીકટના સબ -
કોસ્ટ્રીકટ વણાધેલીના ગામ પટવારી જોની ઉગમણી -
દીશાએ નદીના કાંઠે (૧) સ. નં. ૬૯૬ એ. ૦-૧૮ ગુંઠા આકાર

ડુ બાકીસ રેવાકાંઠેથી

આકૃતિબદ્ધ વસ્તુસામાગ્રીની
સાક્ષીએ પંચક્યાસ.

મજકુર ઇસમ હાજર થતાં તેમને
તેમના ઘરેથી મળી આવેલ
તમામ મુદ્દામાલ – ચાંદીના સળીયા
તથા ચાંદીના – ચાંદીના સળીયા
તથા ચાંદીના ટુકડા
તા. ૨૮-૫-૧૯૬૮

ઉપરોક્ત મુદ્દામાલ બાબતે
મારા રૂબરૂ આકૃતિબદ્ધ વસ્તુસામાગ્રી
બાબતની સક્ષી પંચ પ્રેમજી
લાધાની સક્ષી પંચ કેવળની
રૂબરૂમાં મિયા બાદ પંચનામા
કરવાનો કામ કરાવી દઇ પોત

૧. મેં પ્રેમજી લાધા, અને મારા કુટુંબના કુલ
૫, ૨૨ વસ્તુ પકડી –

૨. આ કામે મારા કુટુંબ વસ્તુસામાગ્રીના મુદ્દામાલ
ચાંદીના ટુકડા ૨, ધર્મેન્દ્રભાઇના, ૫૮,
વજન વગેરે —

દસ્તાવેજ લખી આપનાર.
આ દસ્તાવેજ લખી આપ્યાનું
કબૂલ કરે છે.

(૧) પ્રેમજી લાધાની સહી
દઃ પોતે

(૨) આકૃતિબદ્ધ વસ્તુસામાગ્રીની
સહી દઃ પોતે

1. [illegible]

2. [illegible]

તેઓ મારે છે કે સારી રીતે
આપનાશ્રને તેઓ જાતે ઓળખે છે અને
તેમનાં ઓળખાણ આપે છે.

[illegible]

[illegible]

તા. 26 મે 1958

સબ-રજીસ્ટ્રાર, જામનગર.

૧ નંબરની બુકનાપૃષ્ઠ ૧ વોલ્યુમના
૩૯ થી ૩૦ પૃષ્ઠ ૧૧૯૨
નંબરે મેં.મો. તા. ૫-૬-૫૮

સબ-રજીસ્ટ્રાર જામનગર

● ભક્તોએ દરરોજ આ મહામંત્રોના જાપ કરી પ્રભુપૂજન કરવું. ●

● પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના મહામંત્રો ●

(૧) ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ
(૨) ૐ શ્રી કૃષ્ણનારાયણાય નમઃ
(૩) ૐ શ્રી હરિવરાય નમઃ
(૪) ૐ શ્રી બાલકૃષ્ણપ્રભવે નમઃ
(૫) ૐ શ્રી હરયે નમઃ
(૬) ૐ શ્રી પરનારાયણાય નમઃ
(૭) ૐ શ્રી પરપુરૂષોત્તમાય નમઃ
(૮) ૐ શ્રી વિદ્યામૂર્તિ ભગવતે નમઃ
(૯) ૐ શ્રી પુરૂષોત્તમ નારાયણાય નમઃ
(૧૦) ૐ શ્રી તપસ્વી મુનયે નમઃ
(૧૧) ૐ શ્રી ગોપીપતિ પ્રભવે નમઃ
(૧૨) ૐ શ્રી શ્વેતાયન વ્યાસાય નમઃ
(૧૩) ૐ શ્રી કૃષ્ણનારાયણ સ્વામિને નમઃ
(૧૪) ૐ શ્રી નારાયણાય નમઃ
(૧૫) ૐ શ્રી ભગવતે નમઃ
(૧૬) ૐ શ્રી ગોપાલકૃષ્ણ બાલાય નમઃ
(૧૭) ૐ શ્રી કંભરાત્મજાય નમઃ
(૧૮) ૐ શ્રી પરમપુરૂષાય નમઃ
(૧૯) ૐ શ્રી પરમપ્રિયાય નમઃ
(૨૦) ૐ શ્રી મહાપ્રભવે નમઃ
(૨૧) ૐ શ્રી જગન્નાથ સ્વામિને નમઃ
(૨૨) ૐ શ્રી રાધિકાકાંતાય નમઃ
(૨૩) ૐ શ્રી લક્ષ્મીપતયે નમઃ
(૨૪) ૐ શ્રી અનાદિ નારાયણાય નમઃ
(૨૫) ૐ શ્રી વલ્લભાય નમઃ
(૨૬) ૐ શ્રી આચાર્યાય નમઃ
(૨૭) ૐ શ્રી સ્વામિને નમઃ
(૨૮) ૐ શ્રી શક્તિપતયે નમઃ
(૨૯) ૐ શ્રી કૃષ્ણ મહાપ્રભવે નમઃ
(૩૦) ૐ શ્રી મહારાજાય નમઃ
(૩૧) ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ
(૩૨) ૐ શ્રી કૃષ્ણકાંતાય નમઃ

● જયનાદ ●

પરમધામાધિપતી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય
વિશ્વંભર શ્રીશ્વેતાયન વ્યાસ હરિની જય
શ્રી કંભરાગોપાલ બાલની જય
શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજની જય
શ્રી હરિ શરણાગતિ સંત મંડળની જય
શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા મહાધર્મ ગ્રંથની જય
શ્રી વિઘ્નવિનાયક દેવની જય
શ્રી કષ્ટભંજન દેવની જય

卐 卐 卐 卐 卐